''વિદુર નીતી ''

(વેદાંતાચાર્ય

પુરાણેતિહાસઆચાર્ય

રાકેશશાસ્ત્રી

વિરચિત

ચંદ્રાવલી ટીકા)

પ્રસ્તાવના

त्वमेव माता च पिता त्वमेव

त्वमेव बन्धु च सखा त्वमेव ।

त्वमेव विद्या द्रविणं त्वमेव

त्वमेव सर्वं ममदेव देव।।

(महाभारत/पांडवगीता, भागवत/स्कन्ध-११)

शरणागत पापपर्वतं

गण यित्वा न तदीयसङ्गुणम्।

अणुमप्यतुलं हि मन्य ते

सह जानन्द गुरुं भजे सदा

(गुरुभजन स्तोत्रम्)

મહાભારત ભારતીય સંસ્કૃતિનું સર્વસ્વ અને સંસ્કૃત સાહિત્યનો વિશ્વકોષ છે એક લાખ અને બસ્સો સત્તર (૧૦૦૨૭૧) શ્લોકમાં ભગવાન કૃષ્ણ દ્વૈપાયન વિરચિત આ એક જાજવલ્યમાનરત્ન સ્વરૂપ છે. આ ગ્રંથમાં તેઓએ કૌરવ પાંડવોના ભયાનક યુધ્ધના વર્ણનની સાથે સાથે ભારતીય સંસ્કૃતિનું સર્વસ્વ નષ્ટ થવાનું પણ વર્ણન કરેલું છે. આની વિશેષતા મહાભારત ગ્રંથ કારે પોતે જ લખી છે. 'જે મહાભારતમાં વર્ણિત છે તે જ સર્વત્ર છે અને જે આમા નથી તે ક્યાંય નથી-'यन्न भारते तन्न भारते'

આજ વિશ્વકોષ મહાભારતના ઉધોગપર્વના અન્તર્ગત પ્રજાગર પર્વથી લીધેલો અમૂલ્યરત્ન સ્વરૂપ 'વિદુરનીતિ' ગન્થ ભારતીય સંસ્કૃતિની રાજાનિતી, ધર્મનીતિ સાથે સમ્બન્ધ રાખવાવાળો અમૂલ્ય ગ્રંથ છે જેને મહાભારતમાં જ યમરાજજીના સાક્ષાત્ અવતાર એવા મહાત્મા વિદૂરજીએ પુત્ર મોહમાજ ગ્રસ્ત

સર્વેન્દ્રિયોથી અંધ ધૃતરાષ્ટ્રને આનો ઉપદેશ આપેલ પરંતુ 'मोहन्धता नैव पश्यन्ति' આ ઉક્તિ અનુસારે મોહાન્ધ ધૃતરાષ્ટ્ર તેનું આચરણ ન જ કર્યુ. જેને લઇ અર્થાત્ આ એક અવિવેકને લઇ ભવ્ય ભારતની સમસ્ત જાહોજલાલી અગ્નિમાં હુત દ્રવ્યની જેમ યુધ્ધમાં સ્વાહા થઇ ગઇ.

આમ તો ધૃતરાષ્ટ્ર વિદુરજીના જયેષ્ઠ ભ્રાતા હતા, પણ વિચાર તથા જ્ઞાન ગરિમામાં બન્ને વચ્ચે આકાશ પાતાળ નું અંતર હતું. વિદુરજી ભગવદ્ ભક્ત, ધર્મપરાયણ, કાર્ય અકાર્યના વિચાર પરાયણ, યુગ દૃષ્ટા અને નીતિ ઉપદેશક હતા. તે સામે ધૃતરાષ્ટ્ર સ્વાર્થ પરાયણ, મોહાન્ધ, દૈવના ભરોસે ચલાનારો, જન્મ તથા કર્મથી અન્ધ હતો. તે પોતાનો સ્વાર્થ સાધવા 'રાજધર્મ જ રાજાનું કર્તવ્ય છે' તે જ તે ભૂલી ગયો હતો. પોતાના પુત્ર મોહમાં હઠ કરનાર અન્યાયી દુર્યોધન દ્વારા પાંડવો પ્રત્યે કરેલા અન્યાયો અને અત્યાચારોને મૂક દર્શકની જેમ બેસી તેનું સમર્થન કરતો રહ્યો. સર્વત્ર શસક્તને બદલે સર્વત્ર અશક્તનો પરિચય આપ્યો. તેણ પુત્રને જોયો પણ પરિવારને નહિ. તેણે પુત્રની વાત માની રાષ્ટ્રને હિત કરનારી રાજનીતિની નહિ તેણે ગુરૂજનોની વાતનો અનાદર કરી ધુતકારીની વાતનો આદર કર્યો. ક્યારેય પોતાની અથવા લોક કલ્યાણની મંગલ કામના પણ ન કરી. અતઃ જીવિત રહ્યા સુધિ તેને પશ્ચાતાપ અને વિવસતા સિવાય કંઇ હાથમાં ન આવ્યું.

નીતિના અવતરણમાં મહાત્મા વિદુર ભૂલાય એવા નથી. મહાત્મા વિદુરના રૂમાં સાક્ષાત્ જીવાત્માઓના પાપ અને પુણ્યનો નિર્ણય કરનારા સંયમિનિપુરીના સ્વામી સૂર્યદેવના પુત્ર ધર્મરાજ જ માન્ડવ્ય ઋષિના શાપથી ધરાતલ પર શ્રી કૃષ્ણ દ્વૈપાયન ના તેજ થકી વિચિત્ર વિર્યની દાસી ના ગર્ભમાંથી અવતર્યા હતા. વિદુરજી જન્મથી ભલે દાસી પુત્ર હતા પરંતુ તેઓ કર્મથી કર્મયોગી, ધર્મથી

ધર્મયોગી અને પ્રખર રાજનીતિજ્ઞ હતા. દાસી પુત્ર હોય સર્વરીતે યોગ્ય હોવા છતાં ભલે તેઓને રાજ્યનો ભાર નહિ સોપાયો પરંતુ તેઓએ હંમેશા હસ્તિનાપુરનું હિત ચિંતન્ જ કર્યુ. તેઓનો અભિપ્રાય હંમેશા એક યુગદૃષ્ટાનો જ રહ્યો. ભગવાન શ્રીકૃષ્ણે પોતાના અવતારકાળ દરમ્યાન પોતે સર્વશક્તિમાન હોવાને કારણે જેવી પરિસ્થિતિ હતી તેજ પ્રમાણે કાર્ય કર્યુ તથા તેમાં જે બાધક હતા તેઓનો સંપૂર્ણ વિનાશ કર્યો. પણ મહાત્મા વિદુર એવું ન કરી શકયા પરંતુ તેઓએ પોતાની વાણી ને હંમેશા જાગૃત રાખી. રાજ્યનો તમેણે ક્યારેય મોહ ન કર્યો. જેથી તેઓએ ઉપેક્ષા તથા અપમાનનો પણ સામનો કરવો પડયો. છતાં તેઓએ સતત ન્યાયના પક્ષમાં જ પ્રયાસ કર્યો ફળની ઇચ્છા રાખ્યા વગર આ ધર્માત્મા કર્મયોગીનો પ્રયાસ સફળ ન થયો. એટલે તેઓ મહાભારતના પાંડવ અને કૌરવોના વિગ્રહ માં સંપૂર્ણ પણે નિર્દોષ છે. તેઓ પોતાના કર્મયોગથી બધાના આદાર ના પાત્ર બનેલા હતા. તેઓના આ સાર્વભોમ ગુણના જ પરિણામે ભાવિ ઇતિહાસ તેઓ સામે સદા નતમસ્તક રહ્યો છે.

એમાં કોઇ સંદેહ નથી કે વિદુર નીતિ મહાભારતનો એક ભાગ છે. ઉદ્યોગપર્વમાં (૩૩ થી ૪૦) આધ્યાયસુધિ આઠ અધ્યાય 'વિદુરનીતિ' ના નામથી જ ઓળખાય છે. આ વિદુર નીતિના અવતરણની કથા એવી છે કે દુર્યોધન આદી કૌરવ ભાઇઓએ અને તેમના મળતીયાઓએ પાંડવો ઉપર ભીમને વિષ આપવું, લાક્ષાગ્રહ દાહ, દ્યુતક્રીડા, દ્રૌપદિ વસ્ત્રાહરણ, વનપાસ, અજ્ઞાતવાસ ઇત્યાદિ બીજા પણ કેટકેટલા અત્યાચાર કરેલા, પિતૃ વિહિનતા તથા ધર્મપરાયણ હોવાથી પાંડવો તે બધા અત્યાચારો ચૂપચાપ સહન કરતા રહ્યા સમર્થ હોવા છતાં તેઓએ સામે પ્રતિકારની વાત પણ ન વિચારી પરંત, દ્યુતક્રીડામાં થએલા કરાર મુજબ બાર વર્ષનો વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસ સફળ રીતે પૂર્ણ કરી

તેઓનું ધરોહરના રૂપમાં કૌરવો પાસે રાખેલું પોતાનું રાજ્ય તેઓએ પરત માંગ્યુ. તેઓએ પ્રથમતો પાંચાલ નરેશ દ્રુપદના રાજપુરોહિતને મોકલ્યા પણ દુર્યોધનને પ્રસ્તાવ અમાન્ય કર્યો. તદન્તર ધૃતરાષ્ટ્રે સંજયને દૂત બનાવી યુધિષ્ઠિર પાસે મોકલ્યા સંજયે પાંડવો પાસે આવી ધૃતરાષ્ટ્રનો શુષ્ક સંદેશો પાંડવોને સંભળાવ્યો અને સંજય પાંડવોનો સંદેશો લઇ મધ્યરાત્રિએ હસ્તિનાપુર આવ્યો અને ધૃતરાષ્ટ્ર પાસે આવી પોતાના આવવાના સમાચાર તેઓને જણાવ્યા ધૃતરાષ્ટ્ર તેને પ્રેમથી આવકાર આપ્યો. સંજયે સંક્ષેપમાં તેઓને યુધિષ્ઠિરની બધી વૃત્તિઓ બતાવી ત્યારે ધૃતરાષ્ટ્રે કહ્યુ 'સંજય તુ પાંડવોનો સંદેશો સંભળાવ' ત્યારે સંજય બોલ્યો કે 'રાજન્! આ રાજકીય સંદેશો હોવાથી અમો સંદોશો રાજ સભામાં સંઘળાવીશ.' ધૃતરાષ્ટ્ર ને પ્રણામ કરી સંજય પોતાના નિવાસ સ્થાને ગયો.

ભવિષ્યમાં થનારા મહાભયાનક યુધ્ધના વિચારથી ધૃતરાષ્ટ્રની નિંદ્રા ઉડી ગઇ છે તેણે પોતાના સેવકને મોકલી વિદુરજીને પોતા પાસે બોલાવડાવે છે તે સમયે વિદુરજી આવી જે પ્રમાણે ધૃતરાષ્ટ્ર પ્રશ્ન કરે છે તેના ઉત્તરો વિદુરજી આપે છે તે સંવાદ જ મહાભારતમાં 'વિદુરનીતિ' તરીકે પ્રસિધ્ધ છે. વિદૂરનીતિ મહાભારત નો દેદિપ્યમાન અમૂલ્ય રત્ન છે. જે શાસ્ત્રને ભગવાન શ્રીહરિએ પીતાના આઠ અભિષ્ઠ સચ્છાસ્ત્રમાં 'नीतिश्च विदुरोदिता' (શિક્ષા. ૯૪) સ્વિકારેલું છે. આ નીતિમાં વ્યવહાર, નીતિ, સદાચાર, ધર્મ, સુખ દુઃખની પ્રાપ્તિમાં હેતુ, ત્યાજ્ય અને ગ્રાહ્ય ગુણો તથા કર્મોનો નિર્ણય, ત્યાગનો મહિમા, ન્યાયનું સ્વરૂપ, સત્ય, પરોપકાર, ક્ષમા, અહિંસા, મિત્ર લક્ષ્મણ, કૃતઘ્નની દુર્દશા, નિર્લોભિતાઆદિનું વિષદ વર્ણન કરવામાં આવ્યુ છે. આ ગ્રંથ અલ્પ શ્રુત (ઓછ ભણેલા), બહુશ્રુત, મુર્ખ, તરૂણ, વૃધ્ધ, બાળક, સ્ત્રી, પુરૂષ, શાસક, પ્રજા,

દરિદ્ર, ધનવાન, વિદ્યાર્થી, શિક્ષક, સેવાવ્રતી અને યુધ્ધ તથા શાંતિમય જીવન નિર્વાહ ઇચ્છનારા દરેક વ્યક્તિ માટે સમાન ઉપયોગી છે.

મહાત્મા વિદૂરજીએ ચિન્તિત તથા વિચલિત મનવાળા ધૃતરાષ્ટ્ર ને તેના કર્તવ્યના ઘણા માર્મિક અને સાર ગર્ભિત શબ્દોમાં ઉપદેશ આપેલો છે. પ્રસંગ વશ તેઓએ પંડિત અને મૂઢ મનુષ્યના લક્ષણ, બધ્ધિનું સ્વરૂપ તથા મહત્વ, સત્યધર્મ, ક્ષમા, વિદ્યા અને અહિંસાની પ્રશંસા, વાણીનો સદ્ ઉપયોગ, મનુખ્ય લોકના સુખદુ:ખ, રાજાના કર્તવ્ય, સદાચારની મહત્તા, સંઘ શક્તિની પ્રશંસા, શ્રેષ્ઠ આચાર સંહિતા, વિદ્યાર્થીના લક્ષણ તથા કર્તવ્યાકર્તવ્યનો સુંદર વિચાર કરેલો છે. આ નીતિનો પ્રત્યે શ્લોક (પ્રત્યેક વાક્ય) માનવને કલ્યાણ માટે પ્રવૃત્ત કરતો જોવાય છે.

પરંતુ આ વિદૂરનીતિનો પ્રધાન વિષય રાજનીતિ સાથે જ સંકળાયેલો છે રાજાને અલ્પમતિ, દીર્ઘસૂત્રી (થોડા કાર્યમાં વધુ સમય લેવો), શીઘ્રતા, અવિવેકપૂર્ણ નિર્ણય ક્યારેય ન લેવો, સ્ત્રીમાં આશક્તિ, ધુત, શિકાર, મદ્યપાન, વાણીની કઠોરતા, ધનનો દૂર ઉપયોગ કરવાવાળી વાતાનો પરિત્યાગ કરવો જે રાજા કામક્રોધનો ત્યાગ કરનાર, વિશેષજ્ઞ, શાસ્ત્રજ્ઞ, કર્મષ્ઠિ, સત્પાત્રમાં ધન આપનાર તથા શત્રુઓ સાથે ઉચિત વ્યવહાર કરનારો હોય છે તેનું સર્વત્ર સન્માન થાય છે રાજાએ સ્થિતિ, લાભ હાનિ, કોશ તથા દંડની આદિની માત્રાને જાણવી પરમ આવશ્યક છે અને એને જાણ્યા વગર રાજ્ય ક્યારેય પણ સ્થિર રહી શકતુ નથી. સ્વચ્છન્દતા રાજાની સ્થિરતામાં સૌથી મોટી અડચણ છે. રાજાએ વૃક્ષ પર લાગેલા પાકા ફળની જેમ જ પ્રજા પાસે કર લેવો જોઇએ. જે કાચા ફળને વૃક્ષ પરથી તોડે છે ને પાકા ફળનો રસ લઇ શકતો નથી અને વૃક્ષનો પણ નાશ કરે છે. રાજા આપ વ્યયનો સુદૃઢ નિશ્ચિય લઇને વિનિયોગના

હેતુથી સુયોગ્ય સહાયકોનો સંગ્રહ કરે. જેના પર વિશ્વાસ ન હોય તેનો તથા વધારે પડતા વિશ્વાસનો પણ વિશ્વાસ ન કરે કારણ કે વિશ્વાસ કરવાથી જ ભય ઉત્પન્ન થાય છે. 'न विश्वसेद विश्वस्ते मूलान्यपि निकृन्तति। विश्वासाद् भयमुत्पन्नं मूलान्यपि निकृन्तति॥ (विदुर-६/९)' આ ઉપરાંત રાજદૂત જે તેના (રાજાના) કર્ણ છે તેની નિયુક્તિમાં પણ પૂર્ણ સાવધાની રાખે.

રાજનીતિ ઉપરાંત ધર્મ અને સદાચારનો પ્રતિપાદક આ ગ્રન્થરત્ન કલ્યાણકારી સમજાનું હંમેશા હિત ચિંતન કરે છે અતઃ પોતાનું હિત ઇચ્છતા માનવે નિદ્રા-તન્દ્રા-ભય-ક્રોધ-આળસ-અકર્મણ્યતા અને દીર્ઘ સૂત્રતાને છોડી સત્ય-ધન-અનસૂયા-ક્ષમા અને ધૈર્ય આ ગુણોનો સંગ્રહ કરવાનો આદેશ આપે છે. આમ થોડા શબ્દોમાં નીતિકારે ગાગરમાં સાગર ભર્યાનું કાર્ય કરેલ છે.

ધર્મ મૂલક પ્રકતિવળાને લક્ષ્મી ક્યારેય ત્યાગ કરતી નથી. અને ક્યારેય તેની પાસેથી ઓછી થતી નથી. 'धर्म मूलां श्रियं प्राप्य न जहतिन होयते। (विदु-૨/૩૧)' ધર્મની રક્ષા સત્યથી અને સત્યથીજ સર્વ છે. આ પ્રકારનો વ્યાવહારિક વિચારો જ્ઞાન વિચાર બધાની સામે ઉપસ્થિત કરે છે. 'सदाचारः प्रथमः धर्मः' નો ઉલ્લેખ કરતા માનવને ધર્મમાં પ્રવૃત્ત કરવા આચારના કેટલાક ભેદ બતાવી ને તેનું આચરણ કરવાનો આગ્રહ કરે છે. કારણ કે ધન, ફલ, યશ ઇત્યાદિક તો આવે અને જાય છે પણ 'आचार हीनं न पुनन्तिवेदा। વેદ પણ આચારહીન મનુષ્યને પવિત્ર કરી શકતા નથી. (વિસિષ્ઠ સ્મૃતિ-૬/૩)' આ વિષય પર ગંભીર આગ્રહ પાઠકો સામે રાખેલો છે.

વિદુરનીતિ ભારતીય સંસ્કૃતિ અને માનવતાનો માનક (એક જાતનો છોડ) પ્રતિપાદક ગ્રંથ છે. ભારતીય સંસ્કૃતિની બધી વિશેષતાઓ આમા સમ્મલિત કરાય છે. ભારતીય સંસ્કૃતિ માનવતાનું નામાન્તરણ છે. જીવન મૂલ્યોને સુદૃઢ

કરવાવાળા અનેક વિચાર અનમોલ એવા ગજમોતી સમાન સર્વસ્થાનો પરવિખરાયને પડેલા દેખાય છે. આ અનમોલ ગજમોતીનું ચયન (સંગ્રહ) આનુ ગંભિરતાથી અધ્યયન કર્યા બાદ જ સંભવ છે, આ પ્રમાણે વિદુરનીતિ એ નીતિ શાસ્ત્ર નહિ પરંત ભારતીય સંસ્કૃતિના ધર્મ, અર્થ કામ અને મોક્ષ આ ચારેય પુરૂષાર્થ પ્રાપ્ત કરવાનું સાધન તથા અમૂલ્ય રત્નોના કોષ જેવો ભારતીય પરંપરાનો એક શ્રેષ્ઠાતિશ્રેષ્ઠ ગ્રન્થરત્ન છે અને એટલે માટેજ પરંબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણના અપરરાવતાર ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાને અત્યંત અભિષ્ટ એવા આઠ સચ્છાસ્ત્રમાં આને સ્થાન આપેલું છે. આ ઉપરાંત પોતાના આશ્રિતો પ્રત્યે ''प्रोक्ता विदुरनीतिः सागृहिणां त्यागिनां हिता। तामभ्यस्य ततो ज्ञेयः कार्या कार्य वनिर्णयः॥ सर्वषां नीति शास्त्राणां सारो वैदुरिकोनवः। तनैव वर्तमानानां युस्माकं सर्वतः सुखम॥ एतत्संशीलिनः क्यापि सन्तापैस्त्रिविधैरपि। पीडितुंनैव शक्यन्ते स्थिता व्यवहृतौ जनाः॥ एतदुक्त प्रकारेण वर्तमानाःक्रियास्वपि। पूयं भन्जतः श्रीकृष्णं सुखिनोऽत्रभविष्यथ ॥ વિદૂરનીતિ ગૃહિ તથા ત્યાગિજનોના પરમ હિતને જણાવે છે, તેનો અભ્યાસ કરનારને કાર્ય અકાર્યનો સમુચિત વિવેક જાણવામાં આવે છે, ધર્મનીતિને પ્રતિપાદન કરનારાં સમસ્ત શાસ્ત્રો મધ્યે વિદુરજીએ કહેલી નીતિ અમે સારતમ માની છે માટે તેમાં કહ્યા પ્રમાણે જ વર્તનારા તમોને સર્વપ્રકારે સુખ જ થાય. વ્યવહાર માર્ગમાં રહેતા પણ જનોની આ નીતિમાં કહેલા માર્ગ અનુસારે પ્રવર્તે તો તેઓ ક્યારેય પ્રણત્રિવિધતાપને પામતા જ નથી માટે તમો સર્વે વિદૂરનીતિમાં કહેલી રીતિએ વ્યવહાર ક્રિયામાં વર્તતા થકા પણ ભગવદ્ ભજનની સંપત્તિને લીધે આ લોક પરલોકમાં પરમ સુખી થશે. (સ.જી. ૩/૪૦/૧૩ થી ૧૬)'' આ પ્રમાણે કહી વિદૂરનીતિની પ્રશંસા કરી આ નીતિ પ્રમાણે જીવન વ્યતિત કરવાનો આગ્રહ કર્યો, અને આ શાસ્ત્રની કથા પણ દાદા ખાચરના દરબારમાં કરાવેલી

'ततश्चनागपञ्चम्यांनयं नर्युविदुरिकं हरि। श्रोतुमारम्भयामास भक्तानान्दयन्नृप॥ श्रावण्यां पौर्णमास्यां तं रक्षाबन्धोत्तरं हरिः। समाप्य वस्त्रभूषाद्यैस्तोषयामास वाचकम्॥ તે પછી ભગવાને નાગ પંચમીએ (શ્રાવણ શુક્લ પંચમી) ભક્તોને આનંદ આપવા વિદુરનીતિ સાંભળવાનો સમારંભ કર્યો અને શ્રાવણ પૂર્ણિમાએ રક્ષાબંધન કર્યા પછી વિદુરનીતિની સમાપ્તિ કરતાં તેના વક્તાને વસ્ત્ર વિભૂષણો વગેરે વડે અને દક્ષિણાવડેસંતુષ્ટ કર્યા (સ.જી. ૪/૧૦/૩૯-૪૦) શ્રીહરિની આ લીલીની નોંધ શતાનંદ સ્વામીએ પણ સર્વમંગળ સ્તોત્રમાં લીધી છે અને શ્રીહરિને 'विदुरनीति शास्त्र प्रशंसनः વિદુરનીતિ નામના શાસ્ત્રની બહુપ્રશંસા કરનારા (સર્વ/૧૪૨/૭૧૨) આ નામથી બિરદાવેલા છે.

આવા, આ શ્રીહરિ માન્ય નીતિરત્ન પર હું રાકેશ શાસ્ત્રી 'ચંદ્રાવલી ટીકા' લખી કિંચિત આને સમજાવવાનો પ્રયાસ કરૂ છ. આશા છે કે આ ટીકાના અભ્યાસથી મુમુક્ષુઓને આ નીતિ સમજવામાં સરળતા પડશે. વિદ્વાનો જો આ ટીકાનું અવલોકન કરશે તો માનશુ તેઓએ અમારા શ્રમને ઉચિત ન્યાય આપ્યો.

લિ.
નીતિનિપુણ પદ્રેણુ
શાસ્ત્રી રાકેશ

વિદુરજીનું જીવનચરિત્ર

મહાસાગરમાં જેમ અનેક પ્રકારનાં ઉત્તમ રત્નો સમાયેલા છે, તેમ મહાભારતમાં પણ અનેક ઉત્તમ પાત્રો દૃષ્ટિગોચર થાય છે. તે પૈકી પ્રભુપ્રેમી અને જ્ઞાની ભક્તોની પંક્તિમાં જેમણે સર્વોત્કૃષ્ટ સ્થાન સંપાદન કરેલું છે. એવા એક મહાત્મા વિદુરજી છે. તેમનો જન્મ દાસીના ગર્ભથી થયો હતો. જયારે સત્યવતીને ખ્યાલ આવ્યો કે વ્યાસ દ્વારા પોતાની પુત્રવધુઓ અંબિકા અને અંબાલિકાને વિષે ઉત્પન્ન થયેલા બન્ને પુત્રો ધૃતરાષ્ટ્ર અને પાંડુ શારીરિક રૂપથી અયુક્ત અને

અસ્વસ્થ હોવાને કારણે રાજસિંહાસન માટે અયોગ્ય છે. કારણ કે ધૃતરાષ્ટ્ર જન્માંધ અને પાંડુ પીળા અસ્વસ્થ હતા તેથી સત્યવતીએ ફરી એક વધુ પુત્ર માટે વ્યાસની પ્રાર્થના કરી અને ઋતુકાળ પ્રાપ્ત થતાં મોટી વધુ અંબિકાને ફરીથી ઋષિ પાસે નિયોજવામાં આવી. અંબિકાને મહર્ષિના પૂર્વનાં રૂપ ગુણ સંભારો આવ્યાં, એટલે ભયને લીધે તેણીએ સત્યવતીનું વચનપાળ્યું નહિ પણ પોતાની અપ્સરા જેવી દાસીને પોતાનાં વસ્ત્રાલંકારો સજાવીને વ્યાસજી પાસે મોક્લી અને તેજ દાસી વિદુરજીની માતા બની હતી.

મહાત્મા વિદુરજી સાક્ષાત્ યમરાજા (ધર્મ)નો અવતાર હતા. પૌરાણિક પ્રમાણથી જણાય કે પ્રાચીન યુગમાં માંડવ્ય નામના મહાન શાંત, તેજસ્વી, તપસ્વી, તિતિક્ષુ મુનિ હતા. તેઓ શમદમાદિ સાધનો દ્વારા મન અને ઈન્દ્રિઓને વશ કરી મૌનવ્રત ધારણ કરી પોતાના શરીરનું ભાન ભૂલી એક વૃક્ષ નીચે ઊંચા હાથ રાખી તપશ્ચર્યા કરતા હતા. એક્વાર કેટલાક ચોર લોકો રાજાનો ખજાનો તોડી ચોરીનો માલ લઈ માંડવ્ય ઋષિના આશ્રમમાં આવી ચઢયા. ચોરીનું ધન આશ્રમમાં જ દાટી દઈ તપસ્વીનો વેષ લઈ તપસ્યા કરવાનો ઢોંગ કરીને બેઠા. રાજાના સિપાઈઓએ ચોરોનો પીછો કર્યો અને તેઓ ઋષિના આશ્રમમાં જ આવી પહોંચ્યા. સિપાઈઓએ માંડવ્ય ઋષિને પૂછયું કે બ્રહ્મન્! આ બાજુ ચોરો આવ્યા હતા? પરંતુ ઋષિ મૌન હતા તેથી ઉત્તર ન આપ્યો એટલે વહેમ પડવાથી સિપાઈઓએ આશ્રમની ઝડતી લીધી. અને તપસ્વીનો ઢોંગ કરીને બેઠેલા ચોરો અને દ્રવ્યને પકડી પાડયાં. સિપાઈઓને શંકા થઈ કે આ ઋષિવેષમાં બેઠેલો ચોરોનો મોટો સરદાર છે અને તેથી જ તે દંભથી બોલતો નથી અને આપણને અવળે માર્ગે દોરવાનો પ્રયત્ન કરી રહ્યો છે. એમ વિચારી ચોરોની સાથે ઋષિને પણ પકડી રાજાની પાસે હાજર કર્યા, રાજાએ બધાને શૂળી ઉપર ચઢાવી મૃત્યુદંડ

દેવાની આજ્ઞા કરી. સિપાઈઓએ મહાતપસ્વીને ઓળખ્યા વિના જ ચોરોની સાથ ઋષિને પણ શૂળી ઉપર ચઢાવ્યા. ચોરો તો મૃત્યુ પામ્યા પણ માંડવ્ય ઋષિ તો પોતાના તપોબળથી જીવંત રહ્યા એટલે રાજાએ આ કોઈ મહાન ઋષિ છે એમ જાણી શૂળી ઉપરથી નીચે ઉતારી પ્રાર્થના કરી ક્ષમા માગી ઋષિએ રાજાને નિર્દોષ જાણી ક્ષમા કરી (ઋષિને શૂળી ઉપરથી ઉતાર્યા પણ શૂળીની અણિ પટમાં રહી ગઈ તેથી તે ઋષિ અણિમાંડવ્ય નામથી પણ ઓળખાય છે.) પરંતુ તુરત જ ઋષિએ યમરાજ પાસે જઈને પોતાને શૂળી ઉપર ચઢાવવાનું કારણ પૂછ્યું. યમરાજ કહે બ્રહ્મન! આપે બાલ્યાવસ્થામાં એક પતંગિયાને દર્ભની સળી ભોંકી હતી અને તેને જેટલું દુઃખ થયું હશે તેટલું દુઃખ આપને થયુ હશે. ઋષિએ પૂછ્યું, આ પાપ મેં ક્યારે કર્યું હતું? યમરાજ કહે કે બ્રહ્મન! આપની આયુષ્ય તે વખતે ૩ વર્ષની હતી. ત્યારે ઋષિએ કહ્યું 'પાંચ વર્ષની આયુષ્ય સુધી થયેલ પાપ બાળકને લાગતું નથી. તેનો દંડ પણ અપાતો નથી. એવો શાસ્ત્રોનો નિયમ છે. અને આજે તમે મને આ દંડ આપીને અન્યાય કર્યો છે.' શાસ્ત્રમર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે. માટે જાવ તમને હું શાપ આપું છું કે પૃથ્વી ઉપર તમે શુદ્ર યોનિમાં જન્મ ધારણ કરશો.' તે જ યમરાજાએ વિદુરજીના રૂપમાં દાસીના ગર્ભ થકી, પેટે જન્મ ધારણ કર્યો હતો.

મહાત્મા વિદુરજી મહારાજા ધૃતરાષ્ટ્ર અને પાંડુના ભાઈ હતા. દાસી પુત્ર હોવાને કારણે તેમને રાજયાધિકાર પ્રાપ્ત થયો ન હતો. પરંતુ મહારાજા પાંડુના વનમાં ગયા પછી જયારે ધૃતરાષ્ટ્ર હસ્તિનાપુરના રાજસિંહાસન ઉપર વિરાજયા ત્યારે વિદુરજી તેમના મંત્રી હતા. સંપૂર્ણ રાજયનો કારભાર વિદુરજી જ કરતા હતા, તેઓ નીતિજ્ઞ, કાર્યપટુ, બુદ્ધિમાન, મેધાવી અને બહુશ્રુત ભગવદ્‌ભક્ત હતા. રાજયમાં સર્વત્ર તેમની વિદ્વતા અને સદાચારની સર્વોત્તમ છાપ પડી હતી.

તેઓ હમેશાં ધર્મના પક્ષમાં રહી અધર્મનું ખંડન કરી ન્યાયનું મંડન કરતા હતા. આજે પણ ભગવાન શ્રીકૃષ્ણ સિવાયના અન્ય મહાભારતના પાત્રોમાં તુલના કરવા જઈએ તો સર્વશ્રેષ્ઠ વિદુરજી જ છે અને તેથી જ તેમને મહાન વિભૂતિનું બીરૂદ આપવું અસ્થાને ન ગણાય.

યદ્યપિ વિદુરજી દાસીપુત્ર હતા તથાપિ તેઓ અનોખી માટીના હતા. નિર્દોષ હતા. તેમણે ધર્મ અને ફરજનું પાલન કર્યું છે. જ્યારે પાંડવોને બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ થયો ત્યારે નીતિજ્ઞ વિદુરે કટાક્ષમાં ધૃતરાષ્ટ્રને કહ્યું હતું કે દુષ્ટપુત્ર દુર્યોધનના કહેવાથી ધાર્મિક અને સત્યવાદી પાંડવોને વનમાં મોકલ્યા તે સારું કર્યું નથી. અન્યાય કર્યો છે. વિદુરજી હમેશાં એવા જ પ્રયત્નમાં રહેતા કે મહારાજ ધર્મનું પાલન કરે. જયારે પુત્ર સ્નેહવશ થઈ ધૃતરાષ્ટ્ર પાંડવોને ક્લેશ પમાડવા અને તેમનું અહિત કરવા વિચારતા ત્યારે વિદુરજી તમને સમજાવવાનો પ્રયત્ન કરતા. સ્પષ્ટ વક્તા અને ન્યાયના સમર્થક હોવાને કારણે તેમને બહુ માનતા. પણ ધૃતરાષ્ટ્ર ધર્મરત પાંડુપુત્રો ઉપર સ્નેહ રાખતા હોવાથી દુર્યોધન બહુ બળી મરતો. જયારે દુરાત્મા દુર્યોધને લાક્ષાભવનમાં પાંડવોને બાળી નાખવાનું ષડયંત્ર રચ્યું ત્યારે વિદુરજીએ એમને બચાવવાની વ્યવસ્થા કરીને ગુપ્ત ભાષામાં સંદેશ મોકલીને યુધિષ્ઠિરને પ્રથમથી જ સાવધાન કરી દીધા હતા અને એ ભયંકર ગૃહમાંથી બચી જવાની યુક્તિ પણ બતાવી હતી. લાક્ષગૃહમાં સુરંગ બનાવવા માટે પાંડવોની પાસે ખનનના સાધનો વિદુરજીએ જ મોકળ્યા હતા, અન્યાય અને અધર્મનો વિરોધ કરવો એ વિદુરજીનો સ્વભાવ હતો તેથી ઘણી વખત તેમને દુર્જનોથી તિરસ્કૃત તથા પીડિત થવું પડતું. વિદુરજી દુર્યોધનના દુષ્કર્મોનો પ્રબળ વિરોધ કરતા હતા, વિદુરજીએ જ પાંડવોની સાથે દ્યૂતક્રીડા કરવા બાબતનો કૌરવોનો વિરોધ કર્યો હતો. દ્યુતક્રીડાના અવસર પર ધૃતરાષ્ટ્રને પણ ચેતવણી આપી હતી, જયારે કૌરવોએ ભરી સભામા દ્રૌપદીને અપમાનિત કરવાનો પ્રારંભ કર્યો ત્યારે પણ વિદુરજીએ

દુર્યોધન આદી નો ખૂબ વિરોધ કરેલો હતો. એક વખત દુર્યોધનના ભરમાવાથી ધૃતરાષ્ટ્રે વિદુરજીને કહી દીધું કે તમે હમેશાં મારી આગળ પાંડવોની જ પ્રશંસા કરો છો તો તેમની પાસે ચાલ્યા જાવ. તેથી વિદુરજી વનમાં પાંડવોની પાસે ચાલ્યા ગયા. તેમના ચાલ્યા ગયા પછી ધૃતરાષ્ટ્રને વિદુરજીની મહત્તાની ખબર પડી અને વિદુરજી વિના પોતાને અસહાય માનવા લાગ્યા. ત્યારે દૂત મોકલીને વિદુરજીને ફરી બોલાવ્યા. વિદુરજી તો માનાપમાનમાં સમદૃષ્ટિ હતા તેથી પાછા આવ્યા. ધૃતરાષ્ટ્રના પુત્રોની દુષ્ટ ભાવના દેખાડીને શ્રીકૃષ્ણને કૌરવોની સભામાં જવાની વિદુરજીએ ના પાડી હતી. શ્રીકૃષ્ણને કેદ કરવાની કૌરવાદિકના દુઃસાહસની ગંધ આવવાથી વિદુરજીએ ધૃતરાષ્ટ્રને ચેતવ્યા હતા, જયારે શ્રીકૃષ્ણ ભગવાન વિષ્ટિ કરવા દુર્યોધનને ત્યાં ગયા અને તેને બહુ સમજાવ્યો છતાં ન માન્યું ત્યારે તેના સ્વાગત-સત્કારનો અસ્વીકાર કરીને પોતાના ભક્ત વિદુરજીને ઘર જઈને તેમની ભાજી જમ્યા. શ્રીકૃષ્ણના ચાલ્યા ગયા પછી ભરી સભામાં વિદુરજી એકલા હતા. છતાં ત્યાં ધૃતરાષ્ટ્રને સમજાવ્યા કે- દુર્યોધન પાપી છે તેને કારણે જ કુળનો વિનાશ થતો દેખાય છે માટે તેને બાંધીને પાંડવોને સોંપી દો. દુર્યોધન તેથી ચીડાયો અને તેથી તેણે વિદુરજીને ન કહેવાના કઠોર વચનો કહ્યાં. વિદુરજીને તો યુદ્ધમાં કોઈ પક્ષ લેવાનો હતો જ નહિ તેથી તેઓ શસ્ત્રો છોડીને તીર્થાટન કરવા ચાલ્યા ગયા. અવધૂત વેશમાં તેઓ તીર્થોમાં ૩૬ વર્ષ સુધી ફર્યા. અંતમાં યમુના તટ પર તેમને ઉધ્ધવજીનો મેળાપ થયો તેમની પાસેથી મહાભારત યુદ્ધ, યદુ કુળનો ક્ષય તથા શ્રીકૃષ્ણના સ્વધામ ગમનના સમાચાર મળ્યા. શ્રીકૃષ્ણ ભગવાને સ્વધામ ગમન સમયે મહર્ષિ મૈત્રેયને વિદુરજીને ઉપદેશ કરવાની જે આજ્ઞા કરી હતી તે સમાચાર ઉધ્ધવજી પાસેથી સાંભળી વિદુરજી હરિદ્વાર ગયા. ત્યાં મૈત્રેજી ઋષિ પાસેથી ભગવાને ઉપદેશ કરેલા તત્ત્વજ્ઞાનને પામી ફરી હસ્તિનાપુર આવ્યા. વિદુરજી હસ્તિનાપુરમાં કેવળ મોટાભાઈ ધૃતરાષ્ટ્રને આત્મકલ્યાણનું પ્રદર્શન કરવા જ આવ્યા હતા. તેમના ઉપદેશથી ધૃતરાષ્ટ્ર અને ગાંધારીનો મોહ દૂર થઈ ગયો અને વિરક્ત થઈને વનમાં ચાલ્યા ગયા. વિદુરજી તો વિરક્ત જ હતા.

વનમાં જઈને તેમણે ભગવાનમાં ચિત્ત જોડી દઈને યોગીઓની પેઠે શરીરને છોડી દીધુ.

આવા વિદુરજીના સંબંધમાં તેઓના પિતા ભગવાનવેદ વ્યાસજી કહે છે 'बृहस्पर्तिवा देवेषु शुक्रो वाप्यसुरेषुच। न तथा बुद्धिसम्यन्नो यथा स पुरुषर्षभः॥ દેવતાઓમાં બૃહસ્પતિ અને અસુરોમાં શુક્રાચાર્ય પણ તેવા બુધ્ધિમાન નથી, જેવા પુરૂષ પ્રવર વિદૂરજી' (મહા/આશ્ર./૨૮/૧૨)

અનુક્રમણિકા

અધ્યાય ૧ લો		પ્રહ્લાદ પાસે વિરોચને પોતાની શરત જણાવી	(૨૦)
ઉપોદ્દ્ઘાત	(૧)	સુધન્વાનો ઉત્તમતા વિષે પ્રશ્ન	(૨૧)
પંડિતના લક્ષણ	(૨)	સારી મતિ સુખકારી છે	(૨૨)
મુર્ખના લક્ષણ	(૩)	કપટીની વહાર કોઇ કરતું નથી	(૨૩)
ક્રુરના લક્ષણ	(૪)	તજવાલાયક વસ્તુઓ	(૨૪)
બુદ્ધિની શક્તિ	(૫)	સાક્ષીમાં કોને લેવો નહિ	(૨૫)
એક પદાર્થનું વિવેચન	(૬)	માન ખાતર કરેલા કર્મનું ફળ	(૨૬)
બે પદાર્થનું વિવેચન	(૭)	બ્રહ્મહત્યારા કોને કહેવાય?	(૨૭)
ત્રણ પદાર્થનું વિવેચન	(૮)	પરીક્ષા કરવાના સાધનો	(૨૮)
ચાર પદાર્થોનું સેવન	(૯)	રૂપિયાદિનો નાશ કરનારી વસ્તુ	(૨૯)
પાંચ પદાર્થોનું વિવેચન	(૧૦)	સ્વર્ગ આપનારી આઠ વસ્તુઓ	(૩૦)
છ પદાર્થોનું વિવેચન	(૧૧)	ધર્મના આઠ માર્ગ	(૩૧)
સાત પદાર્થોનું વિવેચન	(૧૨)	સભા વગેરેની ઓળખણ	(૩૨)
આઠ પદાર્થોનું વિવેચન	(૧૩)	સ્વર્ગમાં લઇ જવારી દશ વસ્તુ	(૩૩)
નવ પદાર્થોનું વિવેચન	(૧૪)	પુણ્ય પાપનાં ફળ	(૩૪)
દશ પદાર્થોનું વિવેચન	(૧૫)	બુદ્ધિનાશનો હેતુ	(૩૫)
સુધન્વાએ પુત્રોને આપેલો ઉપદેશ	(૧૬)	સુમતિનું ફળ	(૩૬)
અધ્યાય ૨ જો		કોણ મહા આપત્તિમાં આવે છે?	(૩૭)
વાણી જ સુખ ને દુ:ખકર્તા છ	(૧૭)	પંડિત કોને જાણવો	(૩૮)
અધ્યાય ૩ જો		કામ ક્યારે કરવું, તેનો વિચાર	(૩૯)
સર્વથી વધારે ઉત્તમ શું	(૧૮)	પરિણામે વખાણ થાય છે.	(૪૦)
કેશિનીને પરણવા માટે સુધન્વા તથા વિરોચનનો સંવાદ	(૧૯)	પાપીના છિદ્રો વધારે ઉઘાડા પડે	(૪૧)

કોણ કોને શિક્ષા કરી શકે છે?	(૪૨)	સુખનો માર્ગ	(૬૩)
કોનું સ્વરૂપ જણાતું નથી.	(૪૩)	શાંતિનો માર્ગ	(૬૪)
કયો રાજા ઘણા કાળ સુધી રાજ્ય કરી શકે?	(૪૪)	જ્ઞાતિ સાથે વેર કરનારની દશા	(૬૫)
કયો માણસ કમાઇ શકે છે?	(૪૫)	જલમીને મળતુ ફળ	(૬૬)
અધ્યાય ૪ થો		એકલવાઇ સ્થિતિ	(૬૭)
સાધ્ય દેવોનો પ્રશ્ન	(૪૬)	મનુષ્યમાં મુખ્ય બે ગુણ	(૬૮)
અવશ્ય કરવા લાયક કર્મ	(૪૭)	ક્રોધનું સ્વરૂપ	(૬૯)
ક્ષમાશિલ પુણ્યભાગી થાય છે.	(૪૮)	રોગીની અવસ્થા	(૭૦)
સજ્જન ક્ષમાશીલ જ હોય	(૪૯)	સત્ય વસ્તુનો વિચાર	(૭૧)
જેવો સંગ તેવો રંગ	(૫૦)	**અધ્યાય ૫ મો**	
દેવતાઓ કોને ચહાય છે?	(૫૧)	સત્તર મૂર્ખોનો નરકવાસ	(૭૨)
ચાર જાતનું બોલવું	(૫૨)	ધર્મ એટલે શું?	(૭૩)
પુરુષ સ્વતંત્ર છે.	(૫૩)	કોણ કોનો નાશ કરે છે?	(૭૪)
વિષયનો ત્યાગ તે જ દુ:ખનો ત્યાગ	(૫૪)	આયુષ્ય ઘટવાનું કારણ	(૭૫)
ઉત્તમ પુરુષના લક્ષણો	(૫૫)	કોનો સંગ ન કરવો?	(૭૬)
મધ્યમ પુરુષના લક્ષણો	(૫૬)	સ્વર્ગમાં જનાર	(૭૭)
અધમ પુરુષોના લક્ષણો	(૫૭)	દુર્લભ માણસ	(૭૮)
કોનો સંગ કરવો	(૫૮)	જગારનો નિષેધ	(૭૯)
કોનો અપયશ થાય છે?	(૫૯)	હિતવચન	(૮૦)
કુળવાનના લક્ષણ	(૬૦)	દૂત કેવો જોઇએ	(૮૧)
મિત્રામિત્રનો વિચાર	(૬૧)	સામાન્ય નીતિ	(૮૨)
સંતાપના ફળ	(૬૨)	દશ લાભ	(૮૩)
છ લાભ	(૮૪)	ઘટાડો પણ ઉત્તમ	(૧૦૯)

કોને ઘરમાં આવવા દેવો નહિ?	(૮૫)	નિંદિત સંગ	(૧૧૦)
કોની યાચના કરવી નહિ?	(૮૬)	સંગ કરવા યોગ્ય	(૧૧૧)
સમાન્ય ઉપદેશ	(૮૭)	જ્ઞાતિજનો સાથે તરવું અને ડૂબવું	(૧૧૨)
શાંતિનું ફળ	(૮૮)	નીતિ	(૧૧૩)
ધનનું મૂળ ધર્મ	(૮૯)	મિત્રતાનું લક્ષણ	(૧૧૪)
પાંચ પ્રકારના બળ	(૯૦)	આયુષ્ય વર્ધક વસ્તુઓ	(૧૧૫)
સ્વતેજનો પ્રતાપ	(૯૧)	સુખકર વસ્તુઓ	(૧૧૬)
સંપ ત્યાં જંપ	(૯૨)	લક્ષ્મી ક્યાં જતી નથી?	(૧૧૭)
અધ્યાય ૬ ઠ્ઠો		લક્ષ્મીનિવાસ અને વેદાદિનું ફળ	(૧૧૮)
આતિથ્યને પાત્ર કોણ નથી?	(૯૩)	વૈભવનું મૂળ	(૧૧૯)
અતિથિ કોણ કહેવાય	(૯૪)	અવિશ્વાસ કરવા યોગ્ય વસ્તુ	(૧૨૦)
ન કરવા યોગ્ય અને કરવા યોગ્ય	(૯૫)	મનન કરવા યોગ્ય વસ્તુ	(૧૨૧)
જેનું જે કારણ તે તેમાં લય પામે	(૯૬)	**અધ્યાય -૮ મો**	
ગુપ્ત વિચાર કરવાના સ્થાનો	(૯૭)	સહજ શત્રુ	(૧૨૨)
મંત્રીની પરીક્ષા	(૯૮)	નાશ કરનાર વસ્તુ	(૧૨૩)
સુખદુ:ખના કારણ	(૯૯)	મંગળ વસ્તુઓ	(૧૨૪)
પૃથ્વી કોને વરે છે?	(૧૦૦)	અવિનાશીનો આશ્રમ	(૧૨૫)
કોણ કોની પરીક્ષા કરે છે?	(૧૦૧)	કોણ દુ:ખી થાય નહિ?	(૧૨૬)
સુખ સાધન	(૧૦૨)	યુધિષ્ઠિરને રાજ્યાસન ઉપર	(૧૨૭)
શત્રુ પણ મિત્ર થાય છે	(૧૦૩)	દૈવનું સામર્થ્ય	(૧૨૮)
ત્યાગ કરવા લાયક રાજા	(૧૦૪)		
કોને રાજી રાખવો	(૧૦૫)		
પંડિત	(૧૦૬)		
રહસ્ય	(૧૦૭)		
અધ્યાય ૭ મો			
મિત્ર	(૧૦૮)		

પ્રથમ અધ્યાય

वर्णिवेषरमणीयदर्शनं मन्दा ! हासरुचिराननाम्बुजनम् ।

पूजितं सुरनरोत्तमैर्मुदा धर्मनन्दनमहं विचिन्तये ॥

પ્રથમ અધ્યાય સાર

સંજયના વાક્યથી ઉદ્વિગ્ન ધૃતરાષ્ટ્ર દ્વારા દ્વારપાલના માધ્યમથી વિદુરજીને બોલાવવા, વિદુરજીનું આવવું દ્વારપાલ દ્વારા વિદુરજીના આવવાનો સંદેશો ધૃતરાષ્ટ્રને કહેવો, ધૃતરાષ્ટ્ર દ્વારા વિદુરજીને ધર્માનુકૂલ વચન સાંભળાવવા કહ્યું તેના પર વિદુરજીએ પ્રથમ ઉપદેશ આપ્યો- પંડિત તથા મુર્ખના લક્ષણ કહેવા, સુરેન્દ્ર ગીતાનો ઇતિહાસ અને રાજધર્મનો ઉપદેશ વર્ણવેલો છે, પ્રારંભમાં સંજય વિરાટનગરથી આવ્યાબાદ ધૃતરાષ્ટ્રને ખૂબ ખરી ખોટી સંભળાવી પોતાના ઘરે ગયા એટલે અત્યંત ઉદ્વિગ્ન થયેલો ધૃતરાષ્ટ્ર પોતાના સેવકને કહી વિદૂરજીને બોલાવવા મોકલે છે-

(૧) ઉપોદ્‌ઘાત

वैशाम्पायन उवाच ।

વૈશંપાયત બોલ્યા,

મહાભારત જેવા પંચમવેદની કથા પરિક્ષિતના પુત્ર જનમેજય રાજાને ભગવાન શ્રી વેદવ્યાસજીના શિષ્ય અને કૃષ્ણ યજર્વેદના આચાર્ય વૈશમ્પાયનજી સર્પયજ્ઞમાં સંભળાવે છે. વિદુરનીતિએ મહાભારતનો જ એક ભાગ છે એક પછી એક એમ ક્રમશ પર્વોની કથાનું રસપાન કરતા વૈશમ પાયન ઉદ્યોગપર્વમાં આવેલ વિદુરનીતિની કથા કહેવાનો આરંભ કરતા હોવાથી અહીં વૈશમ્પાયન ઉવાચ એમ કહ્યું છે.

શ્લો. ૧: द्वा:स्थं प्राह महाप्राज्ञो धृतराष्ट्रो महीपतिः।

विदुरं द्रष्टुमिच्छामि तमिहानय मा चिरम्॥

શ્લોકાર્થ : હે મહારાજ જનમેજય આજ્ઞાપ્રાપ્ત કરીને સંજયના ગયા બાદ મહાન વિદ્વાન રાજા ધૃતરાષ્ટ્રે દ્વારપાલને કહ્યુ અમો વિદુરને મળવા ઇચ્છીએ છીએ માટે તેને શીઘ્ર અહી બોલાવીને લાવો. (શ્લોક-૧)

ચ.ટી. : આ વિદુરનીતિનો સંબન્ધ પંચમવેદ એવા મહાભારત સાથે છે. દુર્યોધન દ્વારા દ્યુત ક્રીડા વનવાસ, લાક્ષાગૃહ સદયંત્ર તથા અનેકો દુર્નિતિઓ પછી પણ પાંડવોના પ્રતાપને જાણનાર ધૃતરાષ્ટ્ર સંજયને પાંડવો પાસે મોકલે છે. સંજયે ઉપલવ્યથી આવીને પાન્ડવોનો સંદેશો સંક્ષિપ્તમાં (તેઓ યુધ્ધમાં પ્રવૃત્ત થવા માંગતા નથી પણ પૂર્વ વત્ વ્યવસ્થાને માટે ઇન્દ્રપ્રસ્થાદિને પરત કરવાનું કહે છે. અન્યથા યુધ્ધથી તેઓ તમારૂ સ્વાગત કરવા તૈયાર છે. અર્થાત્ કુન્તિ પુત્રો ધૃતરાષ્ટ્રની સેવા કરવા પણ ઉદ્યુત છે તથા તેઓનું શસ્ત્રથી પણ થાય સ્વાગત કરવા તૈયાર છે.) સંભળાવ્યો. હાલના સમયમાં ધૃતરાષ્ટ્રે આ બેમાંથી એક વિકલ્પ નક્કી કરવાનો છે પરંતુ ચિન્તામગ્ન એવા ધૃતરાષ્ટ્ર કોઇ વિકલ્પ નક્કી કરી શકતા નથી એટલે તેઓ આ બાબતનો વિચાર વિમર્શ કરવા પોતાના નાના ભાઇ (કનિષ્ટભ્રાતા) અને હસ્તિનાપુરના મહામંત્રીને બોલાવવામાં માટે દ્વારપાલને મોકલે છે. (શ્લો-૧) હવે ધૃતરાષ્ટ્ર દ્વારા મોકલેલ દૂત વિદુરજી પાસે આવી ધૃતરાષ્ટ્રનો સંદેશો સંભળાવે છે તે કહેવાય છે-

શ્લો-૨ : प्रहितो धृतराष्ट्रेण दूतः क्षत्तारमब्रवीत्।

ईश्वरस्त्वां महाराजो महापजो दिद्दक्षति।

શ્લોકાર્થ : ધૃતરાષ્ટ્ર દ્વારા મોકલાયેલ દૂતે- દ્વારપાલને વિદુરજીના નિવાસ સ્થાને જઇ તેઓને કહ્યું ‘મહારાજ ધૃતરાષ્ટ્ર તમોને મળવા માંગે છે.’

ચં.ટી.: મહાભાગવત વિદુરજીનો જન્મ દાસીના ગર્ભ થકી થયો હતો. માન્ડવ્યઋષિના શાપને કારણે જીવાત્માઓના પાપ પુણ્યનો નિર્ણય કરનાર સંજ્ઞાપુત્ર ધર્મરાજ શુદ્રના રૂપમાં મહર્ષિ વ્યાસના તેજથી વિચિત્રવિર્યની ભાર્યા અમ્બિકાની દાસી થકી પ્રગટ થયા હતા. ગંગાપુત્ર દેવવ્રત ભીષ્મના આ શિષ્ય રાજનીતિના પ્રખર વિદ્વાન તત્ત્વવત્તા, તત્ત્વદૃષ્ટા તથા સમયને પેલે પાર જોનારા હતા અને સમય સમયે પાંડુ તથા ધૃતરાષ્ટ્રને નીતિની વાત પણ બતાવતા હતા. (શ્લો.૨) હવે દૂતનો સંદેશો સાંભળી વિદુરજી ધૃતરાષ્ટ્રના દ્વારે આવે તે વાત કહેવાય છે-

શ્લો-૩ : एवमुक्तस्तु विदुरः प्राप्य राजनिवेशनम्।

अब्रवीत् धृतराष्ट्राय द्वाःस्थंमां प्रति वेदय॥

શ્લોકાર્થ : દૂતના વચન સાંભળી વિદુરજી રાજમહેલમાં આવી દ્વારપાલ પ્રત્યે બોલ્યા, હે દ્વારપાલ! મહારાષ્ટ્ર ધૃતરાષ્ટ્રને અમારા આવવાની સૂચના આપો.

ચ.ટી. : રાજ તન્ત્રના સમયમાં રાજાઓના આદેશનું પાલન થતુ હતુ અતઃ વિદૂરજી રાજા ધૃતરાષ્ટ્રનો આદેશ પ્રાપ્ત થતા મધ્ય રાત્રીનો વેળાએ પણ રાજ ભવનમાં ઉપસ્થિત થયા. (શ્લો-૩) વિદુરજી આવ્યા તેનો સંદેશો આપવા દ્વારપાલ ધૃતરાષ્ટ્ર પાસે આવે છે તે વાત કહેવાય છે.

द्वाःस्थ उवाच / દ્વારપાલ બોલ્યો

શ્લો-૪ : विदुरोऽयमनु प्राप्तो राजेन्द्र तव शासनात्।

द्रष्टुमिच्छति ते पादौ किं करोतु प्रशा धिमाम्॥

શ્લોકાર્થ : હે મહારાજા ધૃતરાષ્ટ્ર! તમારી આજ્ઞાથી વિદુરજી અહી આવ્યા છે અને તેઓ તમારા ચરણમાં દર્શન કરવાની ઇચ્છા રાખે છે તો તે શું કરે, તે સંબન્ધિ આજ્ઞા આપો.

ચ.ટી. : દ્વારપાલ રાજમહેલમાં કેવલને કેવલ રાજાનો જ આજ્ઞા માન છે તેની આજ્ઞા વિના આવશ્યક તથા મહત્ત્વના કાર્યપણ રોકાય જાય છે અતઃ વિદુરજીના આવવાની અનુમતિ તે રાજા પાસે ગ્રહણ કરે છે. (શ્લો. ૪) હવે ધૃતરાષ્ટ્ર દ્વારપાલને વિદુરજીને અંદર બોલાવી લાવવાની આજ્ઞા આપે છે.

धृतराष्ट्र उवाच/ ધૃતરાષ્ટ્ર બોલ્યો

શ્લો-૫ : प्रवेशाय महापाज्ञं विदुरं दीर्घदर्शिनम्।

अहं हि विदुरस्यास्य नाकल्पो जातु दर्शने॥

શ્લોકાર્થ : મહાન વિદ્વાન દીર્ઘદર્શિ (ભાવીકાર્ય જાણનાર) વિદુર ને અંદર પ્રવેશ કરાવો કારણ કે અમોને વિદુરને મળવામાં ક્યારેય કોઇ બાધ નથી. અમો તેને હંમેશા મળવા ઇચ્છિએ છીએ.

ચ.ટી. : પ્રજ્ઞાચક્ષુ ધૃતરાષ્ટ્ર વિદુરજીની પ્રતિજ્ઞા તથા વિદ્વત્તાથી પરિચિત હતા. ભલે તેઓ સ્પષ્ટ વક્તા હતા છતાં નીતિ અને વ્યવહારની બાબતમાં તેઓ હંમેશા ગંગા પુત્ર ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, ધુતકુળશ કપટી શકુનિ તથા પોતાના દુર્યોધનાદિ દુષ્ટ પુત્રોનો ત્યાગ કરી કેવળ ને કેવળ વિદુરજીની જ સલાહ લેતા અને વિદુરજી ધૃતરાષ્ટ્રને હંમેશા તેઓનું હિત થાય એવી જ સલાહ આપતા. (શ્લો. ૫)હવે દ્વારપાલ આવી વિદુરજીને કક્ષમાં પ્રવેશવાનું કહે છે -

द्वा:स्थ उवाच/ દ્વારપાલ બોલ્યો

શ્લો-६ : प्रविशान्तः पुरं क्षत्तर्महाराजस्य धीमतः।

न हि ते दर्शनेऽकल्पो जातु राजाब्रविद्धिमाम्॥

શ્લોકાર્થ : ધૃતરાષ્ટ્રની આજ્ઞા મેળવીને દ્વારપાલે વિદુરજીને કહ્યું કે હે વિદુરજી! આપ બુધ્ધિમાન મહારાજ ધૃતરાષ્ટ્રના અતઃ પુરમાં પ્રવેશ કરો. રાજા ધૃતરાષ્ટ્રને તમને મળવાના ક્યારેય બાધા નથી.

ચ.ટી : ધૃતરાષ્ટ્ર ને અર્થ થાય છે 'धृतराष्ट्रं सुपाल्यतयायत्र' સારા રાજા વાળો દેશ' પરંતુ આ નામ આ પ્રજ્ઞાચક્ષુ માં ચરિતાર્થ થતું નથી. (શ્લો-૫) હવે વિદુરજી કક્ષમાં પ્રવેશ કરે છે તે વાત કહેવાય છે -

वैशम्यापन उवाच/ વૈશપાયન ઉવાચ

શ્લો-७ : ततः प्रविश्य विदुरो धृतराष्ट्र निवेशनम्।

अब्रवीत् प्रोञ्जलिवाक्यं चिन्तयान नराधिपम्॥

શ્લોકાર્થ : વૈશમ્યાયનજીએ જનમેજયને કહ્યું- તે પછી વિદુરજી ધૃતરાષ્ટ્રના ભવનમાં પ્રવેશ કરીને ચિન્તા કરનતા રાજાને હાથ જોડીને બોલ્યા

ચ.ટી : વૈશમ્યાયનજી આ મહાભારતની કથા પરીક્ષિતજીના પુત્ર જનમે જયને સંભળાવે છે. પરીક્ષિત અર્જન અને સુભદ્રાજીના પુત્ર અભિમન્યુના પુત્ર હતા. તેઓના લગ્ન પોતાના મામા ઉત્તરની પુત્રી 'ઇરાવતી' સાથે થયા હતા. જેના થકી તેઓને ચાર પુત્રો થયા હતા જેના નામ છે (૧) જન્મજય (૨) શ્રુતસેન (૩) ભીમસેન અને (૪) ઉગ્રસેન, તેમાં જનેમેજય વયે કરીને અને ગુણે કરીને

શ્રેષ્ઠ હોય તેઓને હસ્તિનાપુરના સિંહાસન પર બિરાજમાન કરો પરીક્ષિત, વિરક્ત થઇ ગયા હતા.

'विद्' ધાતુને 'कुरच' પ્રત્યય લાગવાથી વિદુર શબ્દ સિધ્ધ થયો છે જેનો અર્થ થાય છે 'બુદ્ધિમાન, મનીષી' આ નામ પ્રમાણે જ તેઓમાં ગુણ હતા. વિદુર શબ્દનો બીજો અર્થ 'જે ઘણા દૂર હોય' અને તેઓ વાસ્તરમાં કૌરવોના છળ કપટથી અતિશય દૂર પણ હતા. (શ્લો-૭) વિદુરજી પ્રવેશ કરી ધૃતરાષ્ટ્રને પોતાને આજ્ઞા આપવાનું કહે છે-

શ્લો-૮ : विदुरोऽहं महाप्राज्ञ संप्राप्तस्तव शासनात्।

यदि किञ्चन कर्त्तव्यमयमस्मि प्रशाधिमाम्॥

શ્લોકાર્થ : મહાપ્રાજ્ઞ! હું વિદુરજી તમારી આજ્ઞાથી અહીં આવ્યો છ જો કંઇ કાર્ય હોય તો તેની અમોને આજ્ઞા આપો અમો તે કાર્ય કરવા તૈયાર છીએ.

ચ.ટી : અહીં વિદુરજીએ ધૃતરાષ્ટ્ર માટે 'મહાપ્રાજ્ઞ' શબ્દનો પ્રયોગ કરેલો છે જેનો અર્થ 'મોટા વિદ્વાન, મોટા પંડિત થાય છે. પંડિતનો અર્થ થાય છે 'સત અસત્' ના વિવેકથી સમ્પન્ન પરંતુ આ શબ્દ ધૃતરાષ્ટ્રના અર્થમાં ચરિતાર્થ થતો નથી કારણ કે તેની મહત્વકાંક્ષાઓને લઇ યુધ્ધ હસ્તિનાપુરના દ્વારા ખટખટાવી રહ્યું છે. લાગે છે વિદુરજીએ વ્યંગમાં અહી ધૃતરાષ્ટ્રને 'મહાપ્રાજ્ઞ' કહ્યું છે. (શ્લો-૮) હવે ધૃતરાષ્ટ્ર વિદુરજી ને પોતાની વ્યથા ચાર શ્લોકથી કહીં પોતાને હિતકારી ઉપદેશ આપવા કહે છે.

धृतराष्ट्र उवाच/ ધૃતરાષ્ટ્ર બોલ્યા

શ્લો-૯ : सञ्जयो विदुरो प्राज्ञो गर्हयित्वा च मां गत:।

अजात रात्रो: श्चो वाक्यं सभामध्ये च वक्ष्यति॥

શ્લોકાર્થ : ધૃતરાષ્ટ્રે કહ્યું - હે વિદુર! બુદ્ધિમાન સંજય આવેલો અનેઅમોને સારૂ નરસુ કહીને ગયો છે કાલે પ્રાતઃ કાળે સભામાં તે અજાતશત્રુ (યુધિષ્ઠિર) નો સંદેશો સંભળાવશે.

ચ.ટી. : સંજય વિદ્વાન ગાવલ્યગણ નામના સૂતના પુત્ર છે. તેઓ ઘણા શાંત, શિષ્ટ, ગ્રાન-વિજ્ઞાન સમ્પન્ન, સદાચારી, નિર્ભય, સત્યવાદી, જિતેન્દ્રય, ધર્માત્મા, સત્યભાષી અને શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા. અર્જુનજી સાથે તેઓની બાળપણથી જ મિત્રતા હતી, એટલે માટે જ અર્જુનના એ અંતઃપુરમાં જ્યાં અભિમન્યુ અને નકુલ-સહદેવનો પ્રવેશ પણ નિષિધ્ધ હતો ત્યાં સંજયને પ્રવેશ કરવાનો અધિકાર હતો. મહર્ષિ વ્યાજી, સંજય, વિદુર અને ભીષ્મ આદી કેટલાક જ મહાનુભાવો હતા જે ભગવાન શ્રીકૃષ્ણના યથાર્થ સ્વરૂપને જાણનારા હતા. તેઓ હસ્તિનાપુર નરેશ રાજા ધૃતરાષ્ટ્રના મિત્ર, દૂત અને સારથી છે.

અહીં ધૃતરાષ્ટ્ર યુધિષ્ઠિરજીને 'અજ્ઞાતશત્રુ' તરીક સંબોધ્યા છે. જેનો અર્થ કરતા રઘુવીરજી મહારાજ કહે છે - 'પોતાનો અપકાર કરનારા વિષે પણ શત્રુ ભાવે રહિત' (સર્વમંગલ શ્લો-૫૭/૩૦૯- રઘુવીરજી મહારાજ કૃત ભાવપ્રબોધિનીટીકા) અને આ નામ તેઓમાં યથાર્થ રીતે ચરિતાર્થ થતું હતુ. દુર્યોધનાદિ દ્વારા કેટકેટલુ કષ્ટ અપાવવા છતાં યુધિષ્ઠિરજી તેઓ પ્રત્યે શત્રુ ભાવથી રહીત હતા એટલે ધૃતરાષ્ટ્ર જેવા ધુર્તે પણ તેઓને અજાતશત્રુ તરીકે સંબોધ્યા. (શ્લો. ૯)

શ્લો-૧૦ : तप्याद्य कुरुवीरस्य न विज्ञातं वचो मया।

तन्मे दहति गात्राणि तदकार्षी त्प्रजागरम्॥

શ્લોકાર્થ : આજ સુધી તે કુરૂવીર યુધિષ્ઠિરની વાતોને અમો સમજી શકતા નથી. એનાથી અમારૂ શરોર બળે છે તથા નીદ્રા પણ આવતી નથી અતઃ અત્યાર સુધી જાણીએ છીએ.

ચ.ટી. : અહીં 'પ્રજાગર ' શબ્દ ધૃતરાષ્ટ્ર માટે કહેવાયો છે. મનુષ્ટ મોહાદિ કારણોથી ચિન્તિત હોય છે અને તેને કારણે તેને સુખથી નિંદ્રા પણ આવતી નથી. ધૃતરાષ્ટ્ર પણ પુત્ર દુર્યોધન રૂપી મોહમાં ફસાયેલો છે. આમ મોહાદિકમાં ફસાયેલા હોવાથી ધૃતરાષ્ટ્રને નિદ્રા આવતી નથી.

આ ઉપરાંત અહીં યુધિષ્ઠિર માટે કરૂવીર શબ્દનો પ્રયોગ કરેલો છે. ''ચંદ્રવંશમાં અજામીઢ નામનો રાજા થયો હતો. તેના પ્રપૌત્રનું નામ 'કુરૂ' હતું. જેના નામ પરથી આ વંશ કુરૂ વંશ તરીકે ઓળખાયો એવા કુરૂ વંશમાં પ્રગટ થયા હોવાથી યુધિષ્ઠિરને કુરૂવીર તરીકે ઓળખાતા હતા.'' વીર શબ્દનો અર્થ થાય છે 'શૂર' યુધિષ્ઠિર મહારાજા ભલે ક્ષમાના માર્ગને અનુસરેલા છે પરંતુ તેઓ કાયર નથી, પરંતુ તેઓ એક વીર પુરૂષ છે અને સમયે સમયે તેઓએ પોતાની વિરતા પ્રતિપાદન કરેલી માટે ધૃતરાષ્ટ્રએ યુધિષ્ઠિર માટે 'કુરૂ વીર' શબ્દનો પ્રયોગ કરેલો છે. (શ્લો. ૧૦)

શ્લો-૧૧ : जाग्रतो दह्यमानस्य श्रयो यदनुपश्यति।

तद् ब्रूहित्वं हि नस्तात धर्मार्थ कुशलोह्यसि॥

શ્લોકાર્થ : હે તાત વિદુરજી ચિન્તાથી સળગી જાણતા રહેલા એવા મારા પર કૃપા કરીને અમારા કલ્યાણ માટે જે યોગ્ય હોય તે કહો, કારણ તમો ધર્મનો અર્થ કરવામાં કુશળ છો.

ચ.ટી. : જાણકાર મનુષ્ય જ સન્માર્ગનો ઉપદેશ આપી શકે છે. જેને પોતાને જાણકારી નથી તે ' स्वयं नष्टः परान् नाशयति– સ્વયં તો નષ્ટ થાય છે બીજાને પણ નષ્ટ કરે છે.' અતઃ અહીં વિદુરજીને વિશેષ ધર્માર્થ કુશળ બતાવેલા છે. સાથે જેની પાસે કંઇક ગ્રહણ કરવાની ઇચ્છા હોય તેની પ્રશંશા કરવી એ પણ લોકાચાર તથા શિષ્ટાચારનો વ્યવહાર છે. (શ્લો. ૧૧)

શ્લો-૧૨ : यतः प्राप्त सञ्जयः पाण्डवेभ्यो

न मे यथावन्मनसः प्रशान्तिः।

सर्वेन्द्रियाण्यप्रकृतिं गतानि किं

वक्ष्यतीत्येव मेऽद्य प्रचिन्ता॥

શ્લોકાર્થ : જ્યારથી સંજય પાંડવો (પાંડુના પુત્ર હોવાથી પાંડવો) પાસેથી આવ્યો છે તે સમયથી મારા મનમાં શાંતિ નથી. મારી સમસ્ત ઇન્દ્રિયો સિથિલ થઇ રહી છે. આવતી કાલે સંજય શું કહેશે તેની ચિંતા સતાવે છે.

ચ.ટી. : ચિન્તાની આગ ઘણી તીવ્ર હોય છે. મનુષ્ય ચિંતામાં પડતા કેવલને કેવલ ભયનો જ અનુભવ કરે છે અતઃ તેનાથી બચવા તે ઉપાય કરતો રહે છે. ધૃતરાષ્ટ્ર પણ ભાવી યુધ્ધના ભયથી વ્યાકુળ થઇ રહ્યા છે એટલે તેઓ પણ ભયથી બચવા વિદુરજીને ઉપાય પૂછી રહ્યા છે. (શ્લો. ૧૨) આ પ્રમાણે ધૃતરાષ્ટ્રે વિદુરજીને કહ્યુ ત્યારે વિદુરજી સૌ પ્રથમ બે શ્લોકથી જેને નિદ્રા આવતી નથી તેના લક્ષણ કહે છે.

विदुर उवाच/ વિદુરજી બોલ્યા

શ્લો-૧૩ : अभियुक्तं बलवता दुर्बलं हीन साधनम्।

हृतस्वं कामिनं चोरमाविशन्ति प्रजागराः॥

શ્લોકાર્થ : જે મનુષ્ય દુર્બલ તથા હીન સાધન હોવા છતા જેને બળવાન સાથે વિરોધ થાય છે તથા જેનું સર્વસ્વ હરાઇ ગયું હોય એવો મનુષ્ય, કામી અને જે ચોર હોય છે તેને જાગતા રહેવાનો રોગ લાગે છે.

ચ.ટો. : બલવાન સાથે વિરોધ થયા બાદ જે અલ્પશક્તિ યુક્ત હોય તેને ભયને કારણે નિદ્રા આવતી નથી. ચૌર્ય કાર્ય રાત્રીમાંજ સંભવે છે, કામી લોકો કામ જવરથી પિડત થતા હોવાથી રાત્રિમાં જાગતા હોય છે. અહી ધૃતરાષ્ટ્રનો પણ ધર્માચરણથી અતિશય બલવાન એવા પાંડવો સાથે વેરભાવ થયો છે માટે તેને રાત્રિમાં નિદ્રા આવતી નથી. (શ્લો. ૧૩)

શ્લો-૧૪ : कच्चिदेतै र्महादोषैर्न स्पृष्टोऽसि नराधिप।

कच्चिच्च परवित्तेषु गृध्यन्नं परितप्यसे।

શ્લોકાર્થ : હે મહારાજ! તમે ક્યાંક મહાદોષના સમ્પર્કમાં તો નથી આવી ગયાને? ક્યાંય બીજાના ધનમાં લોભ તમોને નથી આવ્યોને? જેને કારણે દુઃખી થઇ રહ્યા છો.

ચ.ટી. : મનુષ્ય લોભ અને મોહમાં આસક્ત થઇને વિવેક ખોઇ બેસે છે. વિવેક નાષ્ટ થતાં સાંસારિક કારણોથી દુઃખ થવું સ્ભાવિક છે એટલે વિદુરજી ધૃતરાષ્ટ્રને ઉપર્યુક્ત દોષો તરફ સંકેત કરે છે. આમજોવા જઇએ તો ધૃતરાષ્ટ્ર લોભ અને મોહરૂપી મહાદોષથી ત્રસ્ત થઇ ગયા છે. આ વાત મહાત્મા વિદુરજી સારીર ીતે જાણે છે, છતાં તેઓ અહીં ધૃતરાષ્ટ્રનો અભિપ્રાય જાણવા આ પ્રમાણે શંકા કરે છે (શ્લો. ૧૪) બીજાના ધનને હળપ કરીને બેઠેલા ધૃતરાષ્ટ્ર વિદુરજીની વાતથી વ્યથિત થઇ પુનઃ વિદુરજીને હિતકારી ઉપદેશ આપવાનું કહે છે.

धृतराष्ट्र उवाच/ धृतराष्ट्र બોલ્યા

શ્લો-૧૫ : श्रोतुमिच्छामि ते धर्म्यं परं नैःश्रेयसं वचः।

अस्मिन् राजर्षि वंशे हि त्वमेकः प्राज्ञ सम्मतः॥

શ્લોકાર્થ : ધૃતરાષ્ટ્ર બોલ્યા - હે વિદુરજી! અમો તમારી પાસેથી ધર્મયુક્ત તથા કલ્યાણ કારક વચનોને સાંભળવા માંગીએ છીએ કારણ કે આ રાજર્ષિ વંશમાં (ભરત રાજાના આ વંશમાં પ્રગટ થએલા બધા રાજા ઋષિ જેવું જીવન જીવતા હતા અર્થાત્ પોતાના મનને નિયમમાં રાખનારા હોવાથી રાજર્ષિ વંશમાં) એકમાત્ર તેમજ સર્વ સમ્મત વિદ્વાન છો અર્થાત્ વિદ્વાનો દ્વારા માન્ય છે.

ચ.ટી. : કોઇ વસ્તુ અથવા વ્યક્તિની માન્યતા ત્યારે જ થાય છે જ્યારે તેને વિદ્વાનો પણ સ્વિકાર કરે. વિદ્વાનોના અવલોકન વગર કોઇપણ કાર્ય અને વ્યક્તિની સફળતા મનાતી નથી. વિદુલજી પંડિતોના પણ પંડિત છે. તેઓના વચન સર્વગ્રાહ્ય છે. ધૃતરાષ્ટ્ર જાણે છે કે તે અમારી અને અમારા પુત્રોની કુનીતિથી સંપૂર્ણ વિરુધ્ધ છે અને અમારા શત્રુ પાંડવોના પક્ષમાં છે છતાં તેઓ સત્યવક્તા હોઇ અમોને કલ્યાણ કારક ઉપદેશ સંભળાવશે એટલે તેઓ વિદુરજી પાસે કલ્યાણ કારક ઉપદશ સાંભળવા માંગે છે. (શ્લો. ૧૫) હવે વિદુરજી ત્રણ શ્લોકથી ધૃતરાષ્ટ્રને પાંડવોનું રાજ્યપરત કરી દેવા ભલામણ કરે છે અને યુધિષ્ઠિરના ગુણોનું વર્ણન કરે છે.

विदूर उवाच / વિદુરજી બોલ્યા

શ્લો-૧૬ : राजलक्ष्ण सम्पन्नस्त्र लोक्यस्याधिपो भवेत्।

प्रत्येस्ते पेषित श्चव धृतराष्ट्र! युधिष्ठिरः॥

શ્લોકાર્થ : વિદુરજીએ કહ્યુ હે મહારાજ ધૃતરાષ્ટ્ર! બધા પ્રકારના રાજચિન્હોથી યુક્ત યુધિષ્ઠિર ત્રિલોકીના રાજા થઇ શકે છે તથા તમારા આજ્ઞાકારી પણ છે, પણ તમે તેને વનમાં મોકલી દીધા.

ચ.ટી. : યોગ્ય મનુષ્યનો ઉચિત સ્થાન પર ઉપયોગ થતા મણી જેમ સુવર્ણની વીંટીમાં જડતાં શોભે તેમ તે મળી કાંચનયોગ બને છે. પરંતુ તેનો ઉપયોગ ન થાય તો વાત બગડી જાય છે. આજ પરિસ્થિતિ ધૃતરાષ્ટ્રની છે. મહાભારતમાં ગંગાપુત્ર ભીષ્મ રાજાના લક્ષણ વર્ણવતા કહે છે. ' आत्मवाश्च जितक्रोधः शास्त्रार्थकृत निश्चयः॥ धर्मेचार्थे च कामे च मोक्षे च सततं। रतः त्रय्यां संवृत मन्त्रश्च राजा भवति मर्हति॥ જેણે પોતાનું મન વશ કરેલું છે, ક્રોધને જીતેલો છે, શાસ્ત્રનું નિશ્ચયાત્મક જ્ઞાન પ્રાપ્ત કરેલું છે તથા જે ચાર પુરૂષાર્થના પ્રયત્નમાં રત છે. જેને ચારેય વેદોનું જ્ઞાન છે આ ઉપરાંત જે પોતાના ગુપ્ત વિચાર બીજા પર પ્રગટ થવા દેતો નથી તે રાજા થવાને લાયક છે. (મહા. શાન્તિ/૫૭/૧૩-૧૪) આમાં કહેલા બધા જ ગુણો યુધિષ્ઠિરમાં જોવા મળે છે છતાં તેઓને દ્યુતમાં કપટથી હરાવી વન મોકલી જેમાં રાજા થવા માટેના કોઇ ગુણ નથી એવા અયોગ્ય પોતાના પુત્રને ધૃતરાષ્ટ્ર રાજા બનાવવા ઇચ્છે છે આમ અહીં વિદુરજી ધૃતરાષ્ટ્ર ને તેના અયોગ્ય વિચાર તરફ સંકેત કરે છે. (શ્લો. ૧૬).

શ્લો-૧૭ : विपरीत तरश्च त्वं भागधेये न सम्मतः।

अर्चिषां प्रक्षयाच्चैव धर्मात्मा धर्मकोविदः॥

શ્લોકાર્થ : હે ધૃતરાષ્ટ્ર! ધર્માત્મા અને ધર્મને જાણતા હોવા છતા પણ નેત્રોમાં ચેતનતા ન હોવાને કારણે તમે યુધિષ્ઠિરથી વિપરિત થઇ ગયા તતા તેનુ રાજ્ય આપવા પણ સંમત ન થયા.

ચ.ટી. : દુર્યોધનના અત્યાચારોનો ધૃતરાષ્ટ્ર રાજા અને મહાપ્રાજ્ઞ હોવાથી તેના પર ઉચિત અનુચિતનો વિચાર કરી શકતા હતા પરંતુ પુત્ર મોહે તથા રાજ્યના લોભે તેઓને નેત્રહિનની સાથે જ્ઞાનહિન પણ બનાવી દિધા. ધુતક્રિડામાં થયેલી શરત મુજબ પાંડવો બાર વર્ષ અને એક વર્ષ અજ્ઞાતવાસ પૂર્ણ કરી ચૂકેલા વિરાટના યુધ્ધમાં જ્યારે કૌરવ પાંડવોનો સામનો થયો ત્યારે પાંડવોનો અજ્ઞાતવાસ પૂર્ણ ચૂકેલો હતો. 'अतीत समये काले प्रियां भार्या मनिन्दिताम्। તે સમયે પાંડવોનો અજ્ઞાતવાસ પૂર્ણ થઇ ચૂકેલો હતો. (મહા. વિરા/૩૬/૧૦)' પ્રાયઃ બધા ગણિત શાસ્ત્રી આ બાબતમાં એક મત હતા છતાં દુર્યોધન એક જ વાત કહેતો હતો. 'અમ પાંડવોનો અજ્ઞાત્ વાસ ભંગ કરલો હોય તેઓએ ધુતમાં થયેલી શરત મુજબ પુન:બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ સ્વિકાર કરી લેવો જોઇએ અને ધૃતરાષ્ટ્ર બધુ જાણતા હોવા છતાં દુર્યોધનની હામા હા મેળવતા હતા અને તેને લઇ પાંડવોનો પૈત્રિક ભાગ આપવા તૈયાર થતા નથી. (શ્લો. ૧૭).

શ્લો-૧૮ : आनृशंस्वादनुक्रोशाद् धर्मात् सत्यात् पराक्रमात्।

गुरुत्वात् त्वयि सम्प्रेक्ष्य बहन् क्लेशांस्तितिक्षते॥

શ્લોકાર્થ : યુધિષ્ઠિરમાં ક્રૂરતાનો અભાવ, દયાલુતા, ધર્મ, સત્ય, પરાક્રમ આ બધા ગુણોથી યુક્ત તમારામાં ગુરૂભાવ રાખવા છતાં પણ ઘણા કલેશોને તેઓ સહન કરે છે.

ચ.ટી. : યદ્યપિ વિદુરજીનો સમ્બન્ધ યુધિષ્ઠિર તથા દુર્યોધન બન્ને પ્રત્યે સમાન જ હતો 'भवन्ति भव्येषुहि पक्षपाताः' અનુસાર સદ્‌ગુણો પ્રતિ ઢળાવ હોવો સ્વાભાવિક છે. યુધિષ્ઠિર આદો પાંડવો પ્રત્યે થય રહેલા અત્યાચારોને વિદુરજી ધૃતરાષ્ટ્ર ને સ્મણ કરાવીને ઉચિત અનુચિત બતાવે છે. ભગવાન વેદ વ્યાસજી

કહે છે... 'युधिष्ठिरो धर्ममयो महाद्रुमः, स्कन्धोऽर्जुनो भीमसेनोऽस्य शाखाः। माद्रीसुतौ पुष्पफल समुद्रे, मलंकृष्ण(त्वहं) ब्रह्म, च ब्राह्मणाश्च॥- યુધિષ્ઠિર ધર્મમય વિશાલ વૃક્ષ છે, અજનસ્કન્ધ છે, ભીમસેન શાખા છે અને માદ્રીનંદન એના સમૃદ્ર પુષ્પફલ છે, શ્રી કૃષ્ણવેદ અને બ્રાહ્મણ જ આ વૃક્ષ નું મૂળ છે.' (મહાભારત/આદિ/૧/૧૧૧) (શ્લો. ૧૮).

આ પ્રમાણે નીતિ કાર યુધિષ્ઠિરના ગુણ વર્ણવ્યા બાદ ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધન અને તેઓના મિત્રોના દુર્ગુણો વર્ણાવતા ધૃતરાષ્ટ્રને કહે છે-

શ્લો-૧૯ : दुर्योधने सौबले च कर्णे दुःशासने तथा।

एतेष्वैश्वर्य मधाय कथं त्वं भूतिमिच्छासि॥

શ્લોકાર્થ : તમો દુર્યોધન, શકુનિ, કર્ણ અને દુઃશાસનના ઉપર રાજ્ય ભારને સોપીને રાજ્યની ઉન્નતિ કેમ ઇચ્છા છે?

ચ.ટી. : યોગ્ય વ્યક્તિ ઉપર ઉત્તરદાયિત્વ રહેવાથી ઉન્નતિની કામના કરી શકાય. અયોગ્ય તો હંમેશા અયોગ્યતાની વાત વિચારીને પોતાની અને બીજાની અકલ્યાણતા જ વિચારે છે. અહીં પણ એવું જ છે. દુર્યોધને અને તેના સમ્બન્ધિઓએ દુર્ગણોની ખાણ હોય કેવલ ને કેવલ પોતાના સ્વાર્થ સાધવામાં જ તત્પર રહેતા હતા. જ્યારે પાંડવો સદ્‌ગુણોની નિધિ હોય તેઓ નું જીવન કેવલ પરાર્થે જ હત. હસ્તિનાપુરના રાજા ધૃતરાષ્ટ્ર એ કેવલ નેત્રથી જ અંધ ન હતા તેઓ સર્વ ઇન્દ્રિઓથી અને મનાદિ તામસવૃત્તિઓથી આચ્છાદિ થઇ તમો ગુણી દુર્યોધન પર રાજ્યના ભાર નાખી રાજ્યની ઉન્નતિ કરવા ઇચ્છે છે. ભગવાન વેદ વ્યાસજી રૂપક દ્વારા આનું વર્ણન કરતા કહે છે 'दुर्योधनो मन्युमयो महाद्रुमः स्कन्धः कर्ण शकुनिस्तस्य शाखाः। દુર્યોધન ક્રોધમય વિશાલ વૃક્ષ છે, કર્ણ સ્કંધ, શકુની

શાખા, દુ:શાસન સમૃધ્ધ પુષ્પ અને ફલ છે અને અજ્ઞાનિ ધૃતરાષ્ટ્ર જ આનૂ મૂળ છે. (મહા/આદી/૧/૧૧૦) (શ્લો. ૧૯). હવે વિદુરજી સર્વપ્રથમ પંડિતોના લક્ષ્મણ પંદર શ્લોકથી કહે છે-

(૨) પંડિતોનાં લક્ષ્મણ

શ્લો-૨૦ : आत्माज्ञानं समारम्भस्तितिक्षा धर्म नित्यता।

यमर्थां नापकर्षन्ति स वै पण्डित उच्यते॥

શ્લોકાર્થ : આત્મજ્ઞાનાનુસાર ઉધોગ કરવો દુ:ખ સહન કરવાની ક્ષમતા રાખવી, ધર્માનુંરાગની સાથે જેને પુરૂષાર્થ ચ્યુત કરી શકતો નથી તે જ પંડિત છે.

ચ.ટી. : મનુષ્યોના કેટલાક વિશિષ્ટ અને કેટલાક સામાન્ય ગુણ હોય છે. પુરૂપાર્થને વશી ભૂત થવું સ્વાભાવિક છે, પણ ઉત્તમ મનુષ્ય તેના ભાગ કરી દે છે તથા આત્મજ્ઞાનને અનુકૂળ કાર્ય અને દુ:ખ સહન કરવાની ક્ષમતા સાથે ધર્માનુરાગ રાખે છે. (શ્લો-૨૦)

શ્લો-૨૧ : निषवते प्रशस्तानि निन्दितानि न सेवते।

अनास्तिक: श्रद्दधान एतत् पण्डित लक्षणम्॥

શ્લોકાર્થ : સારા ગુણોનું સેવન કરવુ અશુભ કર્મોનો ત્યાગ કરવો આસ્તિકતા તથા શ્રધ્ધાવાન હોવું આ પંડિતના લક્ષણ છે.

ચ.ટી. : સત તથા અસતનો વિવેક કરનારાને પંડિત કહે છે : તે કઈ કઈ વસ્તુમાં હોવો જોઈએ તેનું વર્ણન ઉપર કરેલું છે. (૨૧)

શ્લો-૨૨ : क्रोधो हर्षश्च दर्पश्च ह्रोस्तम्भो मान्यमानिता ।

यमर्थान् नापकर्षन्ति स वै पण्डित उच्यते ॥

<u>શ્લોકાર્થ :</u> ક્રોધ (કામના ભંગ થતા ચિત્તમાં અનિષ્ટ કરવાનો વિકાર) હર્ષ (કામના પૂર્ણ થતા સુખનો અનુભવ) અહંકાર (દેહ દ્રવ્ય વિદ્યાદિક પોતા પાસે હોય તેનો ગર્વ) લજ્જા (શ્રેષ્ઠ ચરિત્ર-મર્યાદા) ઉદ્દન્ડતા (શાસ્ત્ર વિરૂદ્ધ સ્વચ્છંદતા) આ પુરુષાર્થ જેને આકર્ષિત કરતા નથી તે મનુષ્ય પંડિત છે.

<u>ચ.ટી. :</u> જગતમાં કોઈ કંઈક અનિષ્ટ કરે તો ક્રોધ થવો એ ઉચિત છે તથા કામના પૂર્ણ થતા હર્ષ થવો એ પણ સ્વાભાવિક છે, તેમ કંઈક વિશિષ્ટ પદાર્થ પ્રાપ્ત થતા તેનો અહંકાર થવો એ પણ સ્વાભાવિક છે. આ ઉપરાંત આલોક પરલોકમાં અપકીર્તિના ભયથી લજ્જા રહેવો પણ સ્વાભાવિક છે તથા ઐશ્વર્ય, ધન અને રૂપના મદથી નલ કુબેરનો જેમ ઉદ્દન્ડતા આવવી એ પણ યોગ્ય સ્થાને છે પણ ઐશ્વર્ય, ધન વિદ્યા અને રૂપ અથવા કંઈ પણ હોવા છતા ઉપરોક્ત વસ્તુને આધિન ન થવું તે જ પંડિતપણાનું ચિહ્ન છે. (શ્લો-૨૨)

<u>(શ્લો-૨૩) :</u> यस्य कृत्यं न जानन्ति मन्त्रं वा मन्त्रितं परे।

कृतमेवास्य जानन्ति स वै पण्डित उच्यते॥

<u>શ્લોકાર્થ:</u> અન્ય લોકો જેના કહેલા કામને ગોપનીય મન્ત્રને અને તેના ફળને કાર્યની પહેલા જાણતા નથી પરંતુ કાર્યસમાપ્ત થયા બાદ જ જાણે છે તે પંડિત છે.

<u>ચ.ટી. :</u> મનુષ્યે કોઈપણ કાર્યનો આરંભ કરતા પૂર્વે તેની યોજના ગુપ્ત રાખવી. જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હોય તને મનમાં જ રાખવું. પણ તેનો પ્રકાશ કોઈની સન્મુખ પણ કરવો નહિ. આ ઉપરાંત ગોપનિય મંત્ર અને તેના ફળને પણ ગુપ્ત રાખવું કારણ કે આની ગુપ્તતા રાખવામાં ન આવે અને દરેક સન્મુખ તેનો પ્રકાશ કરવામાં આવે અને કાર્ય પૂર્ણ ન થાય તો જગતમાં ઉપહાસનું પાત્ર બનવું પડે અને તેમાં પણ આરંભ કરેલા કાર્યને કોઈ જાણી જાય તો તેમાં તે વિઘ્ન ઉત્પન્ન

કરી શકે છે માટે આ બાબતને ગુપ્ત રાખનારો જ વાસ્તવમાં પંડિત છે. આચાર્ય ચાણક્ય કહે છે. मनसा चिन्तितं कार्यं वाचा नैव प्रकाशयेत। मन्त्रेण रक्षयेद् गुढं कार्येचाऽपि नियोजयेत्॥ જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હોય તેનું ગોપનિય મંત્ર સમાન રક્ષણ કરો. કોઈને કહ્યા વગર તે કાર્ય પ્રારંભ કરી દો અને પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને કોઈને કહો નહિ. (ચાણક્ય નીતિ દર્પણ/૨૧૭) (શ્લો:૨૩)

(શ્લો:૨૪) : यस्य कृत्यं न विघ्नन्सि शीतमुष्णं भयं रति: ।

समृध्धि समृध्धिर्वा स वै पण्डित उच्यते ॥

શ્લોકાર્થ : જેને શીતલતા, ઉષ્ણતા, ભય અને રતિ વિધ્ન ઉપસ્થિત નથી કરતા સમૃદ્ધિ તથા અભાવના સમયમાં કોઈ અન્તર પડતું નથી તેજ પંડિત કહેવાય છે.

ચ.ટી. : મહાન પુરુષોની દરેક કાળમાં એક સરખો સ્થિતિ હોય છે. તેઓમાં કોઈ પણ અવસ્થામાં વિકૃતિ જોવા મળતી નથી. सम्य तो च विपत्तो च महातामेकरूपता – મહાપુરુષોની સ્થિતિ સમ્પત્તિ એ વિપત્તિમાં એક રૂપ હોય છે. આવા જ પુરુષોને ગીતામાં સમાત્મા કહ્યા છે અને આવા પુરુષોના જ હૃદયમાં પરમાત્મા સમ્યકરૂપે સ્થિતિ કરીને રહે છે. जितात्मन: प्रशान्तस्य परमात्मा समाहित: । शीताष्ण सुखदु:खषु तथा मानापमानया: ॥ – શીત, ઉષ્ણ, સુખ, દુ:ખ અને માન અપમાનમાં જેનો આત્મા (મન) જીતાયેલો છે તે પ્રશાન્ત પુરૂષના મનમાં જ ભગવાન સમાહિત (સમ્યક રૂપથી સ્થિત) રહે છે. (ગીતા/૬/૭) (શ્લો:૪)

(શ્લો:૨૫) : यस्य संसारिणी प्रज्ञा धर्मार्थविनु वर्तते ।

कामादय वृणी ते च: स वै पण्डित उच्यते ॥

શ્લોકાર્થ : જેની સાંસારિક બુદ્ધિ ધર્મ તથા અર્થનું જ અનુગમન કરે છે. જે કામને છોડી ધર્માર્થરૂપ પુરુષાર્થને જ વરણ કરે છે. તેજ પંડિત કહેવાય છે.

ચ.ટી. : જે મનુષ્યોની સાંસારિક બુદ્ધિ આલોક પરલોક સમ્બન્ધિ વિવિધ કામનાઓ છોડી ફક્ત ધર્મ તથા નીતિયુક્ત અર્થ પ્રાપ્તિ માટે જ વરણ કરાયેલી છે તે જ પંડિત છે. મનુ મહારાજ કહે છે. धर्मः सतां हितः पुंसां धर्मश्चैवाश्रयः सताम्। धर्माल्लकोकास्त्रयत प्रवृत्तः मस्तान ब्रवृन्ताः सचराचरः॥ ધર્મ જ સતપુરુષોનું હિત છે, ધર્મ જ સતપુરુષોનો આશ્રય છે. ત્યાં લગી કે ત્રિલોક અને ચરાચર પ્રાણી પણ ધર્મથી જ સંચાલિત થાય છે. (મનુસ્મૃતિ) धर्मात् सुखं च ज्ञान च यस्मादुभयमाप्नयात्। तस्मात् सर्वं परित्यज्य विद्वान धर्मं समाचरत् ॥ ધર્મથી જ સુખ તથા જ્ઞાન બંને પ્રાપ્ત થાય છે. એટલે બધું છોડીને વિદ્વાન (પંડિતે) ધર્મનું જ આચરણ કરવું જોઈએ. (સ્કન્ધ પુરાણ) (શ્લો-૨૫)

શ્લોઃ૨૬ : यथाशक्ति चिकीर्षन्ति यथाशक्ति च कुर्वते।

न किञ्चदवमन्यन्ते नराः पण्डित बुद्धयः ॥

શ્લોકાર્થ : જે પોતાની શક્તિ પ્રમાણે કાર્ય કરવા ઈચ્છે અને પોતાની શક્તિ પ્રમાણે જ કાર્ય કરે છે, જે કોઈનું અપમાન કરતો નથી તે જ પંડિત મનાય છે.

ચ.ટી. : પોતાની શક્તિ અને આવડત પ્રમાણે કાર્યમાં પ્રવૃત્ત થનારને સફળતા અવશ્ય પ્રાપ્ત થાય છે પરંતુ જે કાર્ય કરવામાં પોતાનો દક્ષતા અને સમર્થતા ન હોય અને છતા કોઈક કાર્યમાં પ્રવૃત્ત થાય તો તેને નિષ્ફળતા તો પ્રાપ્ત થાય જ છે પરંતુ આવા મનુષ્યો બીજાનું પણ અનિષ્ટ કરતા જોવા મળે છ માટે પંડિતો કોઈ પણ કાર્યમાં પોતાની દક્ષતા અને સામર્થ્યતા વિચારીને જ કાર્યમાં પ્રવૃત્ત થાય છે. આ ઉપરાંત જે દ્રવ્ય ગુણ ઇત્યાદિકથી ન્યૂન હોય છતા તેનું પણ અપમાન કરતા નથી કારણ કે તેઓની દૃષ્ટિમાં સમતા હોય છે. (શ્લો:૨૬)

શ્લો:૨૭ क्षिप्रं विजानाति चिरं श्रुणोति

विज्ञाय चार्थं भजते न कामात।

नासम्पृष्टो व्युपमुड्क्ते परार्थे

तत् प्रज्ञानं प्रथमं पण्डितस्य ॥

શ્લોકાર્થ : પંડિત કોઈ પણ વાતને તરત સમજી જાય છે છતાં તે ઘણીવાર સામાનું બોલવું ધરિજથી સાંભળે છે, પુરૂપાર્થને જાણોને સેવન કરે છે, કામથી નહિ. કોઈ પણ વાત પુછ્યા વગર કહેતા નથી. બીજાના વિષયમાં વાત કરતા નથી જેનો આવો સ્વભાવ હોય તે પંડિત છે.

ચ.ટી. : જેઓ પંડિત હોય છે તેઓ આત્મજ્ઞાની, વ્યવહારવિદ અને પરમાર્થ ચિંતક હોય છે. તથા તેઓ પોતાના ધર્મની ક્યારેય ઉપેક્ષા કરતા નથી. આ ઉપરાંત કોઈ વાત સાંભળતા તેનો વિષય સંબંધ કયા વિષય સાથે છે ત પણ શીઘ્ર સમજી જાય છે. છતાં તે વાતને લાંબો સમય સાંભળતા રહે છે આવા સ્વભાવવાળા પંડિત છે. (શ્લો:૨૭)

શ્લો:૨૮ ना प्राप्यमभिवाछन्ति नष्टं नच्छन्ति शोचितुम् ।

आपत्सु च न मुह्यन्ति नराः पण्डित बुद्धयः ॥

શ્લોકાર્થ : પંડિત લોકો જે વસ્તુ અપ્રાપ્ય છે તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા નથી કરતા નષ્ટ થયેલી વસ્તુનો શોક કરતા નથી તથા વિપત્તિ આવતા ભય પામતા નથી.

ચ.ટી. : વૈદાદિક શાસ્ત્ર પ્રમાણે ક્ષણભંગુર સંસારમાં કોઈ વસ્તુ સ્થિર નથી. ह्यनित्यतामेव विचिन्तयनः। જગતની અનિત્યતાનો વિચાર કરો (માર્કન્ડેય

પુરાણ/અ-૨૯/૩૭) અતઃ અસ્થિર વસ્તુઓનો ઈચ્છા કરવી, તેને માટે શોક કરવો યોગ્ય નથી. આપત્તિ તો સંસારમાં બધા પર આવે જ છે, તેણે તો દેવતાઓને પણ છોડેલા નથી. અતઃ આ બધી વસ્તુઓની સમીક્ષા કરી પંડિતો કોઈ પણ પરિસ્થિતિમાં પોતાનો શાંતિનો ભંગ કરતા નથી. પંડિતોને યથાર્થ રીતે વિદિત હોય છે કે સંપૂર્ણ જગત પરિણામ શીલ (નાશવંત) છે અને નાશવત જગત માટે શોક કરવાથી ધૈર્ય, શાસ્ત્રજ્ઞાન લુપ્ત થઈ જાય છે. शोको नाशयते धैर्यं शेको नाशयते श्रुतम्। शोकोनाश यते सर्वं नास्ति शोक समो रियु: ॥ (વાલ્મિકી રામાયણ /૨/૬૨/૧૫) અર્થાત શોક ધૈર્ય, શાસ્ત્ર જ્ઞાનનો નાશ કરે છે, શોક સંપૂર્ણ નાશ કરે છે શોક સમાન કોઈ શત્રુ નથી. (શ્લો:૨૮)

શ્લો:૨૯ निश्चत्य य: प्रक्रमते नान्तर्वसति कर्मण: ।

अवन्ध्यकाको वश्यात्मा स वे पण्डित उच्यते ॥

શ્લોકાર્થ : જે કોઈ કાર્યનો નિશ્ચય કરીને આરંભ કરે છે, આરંભ કરેલા કાર્યને મધ્યમાં ત્યાગ કરતા નથી તથા સમયને વ્યર્થ ન વિતાવનારા આત્મસંયમિ પંડિત કહેવાય છે.

ચ.ટી. : प्रारभ्य उत्तम जना: न परित्यजन्ति - શ્રેષ્ઠ મનુષ્યો કોઈ કાર્યનો આરંભ કરીને તેનો ત્યાગ કરતા નથી તેઓ કાર્યની સમાપ્તિ બાદ જ વિશ્રામ પામે છે. આયુષ્યનો એક ક્ષણ પણ કરોડો રૂપિયા આપવા છતાં પુનઃ લાવી શકાતો નથી. જો તેને વ્યર્થ વિતાવી તો મનુષ્ય જીવનમાં તેનું શું મૂલ્ય? અતઃ પંતિડો વ્યર્થ સમય વિતાવતા નથી. दीर्घदर्शी सदा च स्यात्.... चिरकारी भवेन्न...। દુરદર્શી બનો પણ દીર્ઘ સૂત્રી નહી!' ભર્તુ, હરિ પણ કહે છે. 'विघ्नै:पुन: पुनरपि प्रति हन्यमान: प्रारभ्यतूत्तम जना न परित्यनन्ति। ઉત્તમ પુરુષો દ્વારા વિચલિત કરવા છતાં આરંભેલા

કાર્યને પૂર્ણ કર્યા વગર તેમાંથી હાથ પાછો ખેંચતા નથી (નીતિશતક/શ્લોક-૨૭) આવા મનુષ્યોને દેવતાઓ પણ સહાય કરે છે. જેમ વેદ ભગવાન કહે છે 'न ऋते श्रान्तस्य सख्याय देवा:-જે કઠોર પરિશ્રમ કરે છે તેની જ સહાયતા દેવતાઓ કરે છે.' (ઋગ્વેદ-૪/૪/૧૨) અને સફળતા પણ આવાને જ પ્રાપ્ત થાય છે. 'अंतन्द्रासोऽवका अश्रविष्ठा:- અપ્રમાદી અને ઘોર પરિશ્રમિઓને જ સફળતા પ્રાપ્ત થાય છે. (ઋગ્વેદ-૪/૪/૧૨)

શ્લો:30 आर्य कर्माणि रज्यन्ते भूति कर्माणि कर्वते।

हितं च नाभ्यसूयन्ति पण्डिता भरतर्षभ॥

શ્લોકાર્થ : હે ભારત શ્રેષ્ઠ! પંડિતો શ્રેષ્ઠ કાર્યમાં જ પ્રેમ કરે છે, ઉન્નતિના કાર્ય કરેલ છે અને તે પોતાનું હિત કરનારામાં દોષ જોતાં નથી.

ચ.ટી. : મતિમાન મનુષ્યો જે કાર્યો કરવાથી આ લોકમાં તથા પરલોકમાં નિ:શ્રયશની પ્રાપ્તિ થાય એવા જ શાસ્ત્રોક્ત કર્મોમાં પ્રવૃત્ત થતા હોય છે તથા જે કાર્ય કરવાથી પોતાનું અને સમાજ નું હિત થતું હોય તેવા કાર્યમાં પ્રવૃત્ત થતા હોય છે. આ ઉપરાંત આવા શ્રેષ્ઠ મનુષ્ય પોતાનું હિત કરનારાઓમાં ક્યારેય દુર્ગુણ જોતા નથી ભલે પરપક્ષના લોકો તેનું હિત કરવા કટુ વચનથી તેનું તાડન કરતા હોય પરંતુ આવા કટુ વચન પણ પોતાનું હિત કરનારા હોવાથી તેઓ તેને અમૃત સમજ ગણતા હોય છે ભગવાન સ્વામિનારાયણ કહે છે 'ભવાનને સંત ત જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને પણ તે વચનને વિષે સંશય કરે નહિ.' (ગ.પ્ર.૧૬)

આનાથી વિપરીત જે અજ્ઞાનિ મનુષ્ય છે તે તો પોતાનું હિત કનારા મનુષ્યમાં પણ દુર્ગુણો જ જોતો હોય છે. આ સમ્બન્ધમા નીતિકાર ની સન્મુખ

બિરાજી નીતિનું શ્રવણ કરનાર ધૃતરાષ્ટ્રનું દૃષ્ટાંત જ પર્યાપ્ત છે. વિદુરજી આચાર્ય દ્રોણ, આચાર્ય કૃપ, ભીષ્મપિતામહ તથા ગાંધારીએ હંમેશા ધૃતરાષ્ટ્રનું હિત જ ઇચ્છેલું, તેઓએ વારંવાર દુર્યોધનની દુષ્ટતાથી તેઓને સાવધાન કરેલા પરંતુ ધૃતરાષ્ટ્રએ પુત્ર મોહમાં અંધ બની તેઓની હિતકારી વાણીની પણ ઉપેક્ષા કરેલી જેના પરિણામે મહાભારતના યુધ્ધમાં ધૃતરાષ્ટ્રનો સંપૂર્ણ પરિવાર કાળના મુખમાં જતો રહ્યો. ઇતિહાસકારોએ આમા ધૃતરાષ્ટ્ર ને જ જવાબદાર ઠરાવ્યા હતા. (શ્લો-૩૦)

શ્લો:૩૧ न हृष्यत्यात्म सम्माने नावमानेन तप्यते।

गङ्गे हृद इवाक्षोभ्य: य: स पण्डित उच्यते॥

શ્લોકાર્થ : આત્મ સન્માન થતા જેના હૃદયમાં હર્ષ થતો નથી તથા અપમાન થતા જેને કષ્ટ થતું નથી ગંગાના સરોવર (માનસરોવર)ની જેમ હંમેશા ક્ષોભરહિત રહે છે તે જ પંડિત કહેવાય છે.

ચ.ટી. : આત્મા અનાત્માના વિવેકથી સંપન્ન એવા મહાત્માઓને માન અપમાનમાં સમતા હોય છે. બ્રહ્માજીની સભામાં દક્ષ પ્રજાપિતએ ભગવાન શંકરનું કટુવાણીથી ઘોર અપમાન કરી યજ્ઞમાંથી તઓનો ભાગ શુધ્ધ કાઢી નાખ્યો છતાપણ ભગવાન શંકરને તેનો સહેજ પણ શોક ન હતો અને પૂવર્નની જેમજ પોતાની સ્થિતિ પર સ્થિત રહ્યા કારણ કે તેઓ માન અપમાન હર્ષ શોકથી પર હતા. તેજ પ્રમાણે દુર્યોધ્ધને ભરી સભામાં વિદૂરજીનું 'આ કુટિલ દાસી પુત્ર જેમના ટુકડા ખાઇને જીવે છે તેમનો જ વિરોધો થઇ શત્રુનું કામ સાધવા માંગે છે, માટે એના પ્રાણ ન લો પણ તેને અમારા નગરમાંથી તરત બહાર કાઢી મૂકો.' આ પ્રમાણે કહી ઘણું અપમાન કર્યુ છતા, વિદુરજી માન અપમાનમાં સમહતા તેઓના મનમાં

કોઇ પણ જાતનો વિકાસ ઉત્પન્ન ન થયો. આ મારૂ આ તારૂ માન અપમાન તો અજ્ઞાનિ મનુષ્યો જેને પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી તેને હોય કે પણ જે આત્મજ્ઞાનિ છે તેઓ તો માન અપમાનમાં સમ હોય છે અને આવા જ મનુષ્ય હૃદયમાં ભગવવાનો વાસ હોય છે જેમ ગીતામાં કહ્યુ છે - 'जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः। शीतोष्ण सुखदुःखेषु तथा मानपमानयोः॥ શિતઉષ્ણ, સુખદુઃખ, માન અપમાનમાં જેનો આત્મા (મન) જીતાયેલો છે તે પ્રશાન્ત પુરૂષના મનમા જ ભગવાન સમાહિત (સમ્યક્ પ્રમાણે સ્થિત) રહે છે.' (ગીતા /૬/૭) શ્લો-૩૧)

શ્લોઃ૩૨ तत्त्वज्ञः सर्वभूतानां योगज्ञः सर्वकर्मणाम्।

उपायज्ञो मनुष्याणां नरः पण्डित उच्यते॥

શ્લોકાર્થ : વસ્તુતઃ બધા ભૌતિક પદાર્થોનાં તત્વને જાણવાવાળો બધા કર્મોની-કાર્યોની યુક્તિને જાણવાવાળો અને બધા મનુષ્યના ઉપાયને જાણવાવાળો પંડિત કહેવાય છે.

ચ.ટી. : 'विद्वान को सबा कछु और कुछ का सबकुछ मालुम होना चाहिये' આ હિન્દી ભાષામાં કહેવાયેલી ઉક્તિ મુકજ જેને બધા વિષયો વિષે કંઇક જ્ઞાન હોય તેજ વાસ્તવમાં પંડિત છે. જેથી સાર અસારનો નિર્ણય કરી શકે અને જેના દ્વારા અન્ય જનો પણ સારાસારનો વિવેકને જાણી શકે. (શ્લો-૩૨)

શ્લોઃ33 प्रवृत्तवान् विचित्रकथअहवान् प्रतिभाऊवान्।

आशुग्रथस्य वक्ता च यः स पण्डित उच्यते॥

શ્લોકાર્થ : ધારાપ્રવાહ અને અલૌકિક શૈલીમાં બોલવાવાળો પ્રતિભાવ સમ્પન્ન, તર્ક વિતર્ક કરવાવાળો, શિઘ્ર જ કોઇ ગ્રંથના વિષયમાં બોલવાવાળો હોય તે પંડિત કહેવાય છે.

ચ.ટી.: સ્કન્ધ પુરાણમાં વાણીના ગુણ તથા દોષનું વર્ણન કરતા કાર્તિકય કહે છે કે- 'अपेतार्थमभिन्नार्थमवृत्तं तथा विक्रम्। अश्कलक्ष्णंचापि संदिग्धंपदान्ते गुरु चाक्षरम्॥ पराङमुखमुखं यच्चअनृतं चाप्यसंस्कृतम्। विरुद्ध येत्त्रिवर्गेण न्यूनं कष्टातिशब्दकम्॥ व्युत्क्रमाभिहृतं तच्चं सशेषं चाप्य हेतुकम्। निष्कारणं च वाग्दो दोषान् बुद्धिजान् श्रृणुत्वं च यान॥ અર્થાત્ અપેતાર્થ (નિરર્થક શબ્દ જાલ) અર્થાત્ નિરર્થક વાણી બોલવી એ વાક્યનો પ્રથમ દોષ છે, અનેક વાક્યોમાં એક જ ભાવને વારંવાર અનુવૃત્તિ કરતા જવું એ વાણીનો દ્વિતિય દોષ છે. ગ્રામ્ય-અસુધ્ધ, અશ્લીલ વાણીનો પ્રયોગ એ વાણીનો તૃતિય દોષ છે. તેજ પ્રમાણે આવશ્કતાથી વધ, કહેવું, ઘણા વિસ્તારથી કહેવું, કટુવચન કહેવું, સંદિગ્ધ વાણીમાં કહેવું, દીર્ઘાન્ત પદોચ્ચારણ કરવું, શ્રોતાર્થ પરાંગમુખ થઇને બોલવું, અસત્ય બોલવું, ત્રિવર્ગ અથવા ચતુરવર્ગ (ધર્મ-અર્થ-કામ -મોક્ષ) થી વિરુધ્ધ બોલવું, કર્ણકટુ અને કઠિનતાથી ઉચ્ચારણ કરવા યોગ્ય શબ્દોને કહેવા, અવળા સવળા ઢંગથી- વિપર્યસ્ત ક્રમથી કહેવું, અત્યન્ત ન્યૂન અર્થાત્ આવશ્યકતાથી ઘણું ન્યૂન કહેવાની ચેષ્ટા કરવી, જેનાથી શ્રોતા કંઇ સમઝી જ ન શકે, એવી અને નિષ્કારણ, નિષ્પ્રયોજન, નિરર્ગલ વાણી કહેવી આ વાણીના અઢાર દોષ કહ્યા છે. (સ્કંધ/માહેશ્વર/૨/૪૫/૬૮-૭૨)

તે જ પ્રમાણે 'श्लेषः प्रसादः समता माधुर्य सुकुमारता। अर्थव्यक्तिस्तथा कान्तिरुदारत्वमुदात्तता॥ ओजस्तथान्यदौर्जित्यं प्रेयानथ सुशब्दता। तद्त्समाधि सौक्ष्म्यं च गाम्भीमर्थ विस्तरः॥ संक्षेपसम्मितत्वं च भाविकत्वं तथागतिः। रीतिरूक्तिस्तया

प्रौढिः.....॥ અર્થાત્ શ્લેષ (સુશિતષ્ટપદોનું હોવું તે શ્લેષ), પ્રસાદ (પ્રસિધ્ધ અર્થવાળા સુપ્રસિધ્ધ સ્પષ્ટ શબ્દ પ્રયોગ ને પ્રસાદ), સમતા (પ્રસ્કૃત વર્ણોનો પ્રયોગ સમતા), મધુરતા (પૃથક્ પદોનો પ્રયોગ માધુર્ય), સૌકુમાર્ય (અનિષ્ઠર અક્ષરોના પ્રયોગ સુકુમારતા), અર્થની સુસ્પષ્ટતા (પૂર્વવાક્યતા એ અર્થ વ્યક્તિ), કાન્તિ (વાણીની ઉજ્જવલતા), ઉદારતા (વિકટાક્ષરોનો યથાર્થરીતે પ્રયોગ ઉદારતા), ઉદાત્તતા (વિશેષણોનો પ્રયોગ ઉદાત્તતા) ઓજ (સમાસયુક્ત સંક્ષિપ્ત પદોનો પ્રયોગ ઓજ), ઉર્જસ્વલતા (ગાઢ પદબન્ધ ઔર્જિત્ય), પ્રિયતા (ચાદ્રક્તિ તથા પ્રિયકથનનું નામ પ્રેય), શ્રેષ્ઠ શબ્દ (સંજ્ઞા તથા ક્રિયા શબ્દનો સમુચિત પ્રયોગ સુશબ્દતા), સમાધિ (ચેતનમાં અચેતનનો અચેતનમાં ચેતન ધર્મનો આરોપ નામનો ગુણ સમાધિ), સક્ષ્મતા, ગમ્ભિરતા, અર્થની વ્યાપકતા, સંક્ષિપ્તમાં ઘણું કહેવાની શૈલી, ભાવિકતા (ભાવથી કથન ભાવિકતા), ગતિ (આરોહવરોહનું નામ ગતિ), રીતિ (ઉપક્રમનો નિર્વાહ)ઉક્તિ (વિશેષ કથનનું નામ ઉક્તિ) અને પ્રૌઢિ (વિચિત્ર મહત્ત્વનું નામ પ્રૌઢિ)'' આ પ્રમાણે વાણીના ત્રેવિશ ગુણો બતાવેલા છે.

આ પમાણે ત્રેવિશ ગુણ અને અઢાર દોષોથી રહિત વાળીનું ઉચ્ચારણ કરનારા જ વાસ્તવિક રીત પંડિત છે આ બાબતમાં હનુમાનજી મહારાજનું દૃષ્ટાંત દૃષ્ટવ્ય છે. વાત એવી હતી કે- ભક્ત મતિ શબરીના નિદશથી સર્વજ્ઞ ભવાન શ્રીરામ સુગ્રીવને મળવા માટે ઋષ્યમુખ પર્વત પર આવતા હતા. સુગ્રીવ તો આ પ્રમાણે કિરાટ વેશ ધારી બે નવયુવકોને પર્વત શિખર પર ચઢતા જોઇ, ' આ બન્ને બાલિના મોકલેલા હોય અવશ્ય મને મોતને ઘાત ઉતારશે' ભય પામી હનુમાનજીને તેઓ પાસે મોકલે છે હનુમાનજી બ્રાહ્મણનો વેશ ધારણ કરી પ્રભુ પાસે આવે છે અને તેઓ પ્રભુ શ્રીરામ અને લક્ષ્મણ સાથે એવી મધુરવાણીમાં વાત

કરે છે કે વાર્તાલાપના અંતે ભગવાન શ્રીરામ લક્ષ્મણજીને કહે છે. ''नानृग्वेदविनीतस्य नायजुर्वेद धारिणः। नासामवेद विदुषः। शक्यमेवं विभाषितम्॥ नूनं व्याकरणंकृत्स्न बहुधाश्रुतम्। बह्व्याहरतानेन न किंचिदपशब्दितम्॥ न मुखेनत्रयोश्चापि ललाते च भ्रुवोस्तया। अन्येष्वपिवचर्वेषु दोषः संवदितिः क्वचित्॥ अविस्तर मसदिग्धमविलम्बित मव्यथम्। उरः स्थंकण्डगं वाक्यं वर्तते मध्यमस्वरम्॥ संस्कारक्रमसम्पन्नामद्भुताम् विलमिब्ताम्। उच्चास्यति कल्याणी वाचं हृयहर्षिणोम्। अनया चित्रया वाचा त्रिस्थान व्यञ्जनस्थया। कस्य नाराध्यते चित्तमुद्वतासेरेरेपि॥ જેને ઋગ્વેદની શિક્ષા ન મળી હોય, યજવેદનો અભ્યાસ ન કરેલો હોય તથા જે સામવેદનો વિદ્વાન ન હોય તે આ પ્રકારે સુંદરભાષામાં વાત કરી શકતો નથી. નિશ્ચય જ આણે સંપૂર્ણ વ્યાકરણનો કેટલીવાર સ્વાધ્યાય કરેલો છે. કારણ ઘણી વાત બોલવા છતા આના મુખમાંથી કોઇ અશુદ્ધિ નિકળી નથી. સમ્ભાષણ સમયે આના મુખ, નેત્ર, લલાત, ભ્રકુતિ તથા શરીરના અન્ય અંગોમાં કોઇ દોષ પ્રગટ થયો નથી. આણ થોડામાં ઘણી સ્પષ્ટતાથી પોતાનો અભિપ્રાય જણાવેલો છે. તેને સમજવામાં ક્યાંય સંદેહ થતો નથી. આણે અટકી અટકીને અથવા શબ્દો તથા અક્ષરોને તોડી મરોડીને કોઇ એવા વાક્યનું ઉચ્ચારણ કર્યુ નથી જે સાંભળવામાં કર્ણકટુ હોય. આની વાણી હૃદયમાં મધ્યમાં રૂપથો સ્થિત છે અને કંઠમાં વૈખરી રૂપથી પ્રગટ થાય છે. અતઃ બોલતા સમયે આનો ધ્વનિ નથી તો બહુ મંદ કે નથી દીર્ઘ પણ મધ્યમાં સ્વરમાં વાર્તા કરી છે. આ સંસ્કાર (શુધ્ધવાણી), કર્મથી (શબ્દ ઉચ્ચારણની શાસ્ત્રીય પધ્ધતિ) સપ્યન, અદ્ભુત, અવિલમ્બિત (ધારાપ્રવાહથી બોલવું) તથા હૃદયને આનંદ પ્રદાન કરવાવાળી કલ્યામયી વાણીનું ઉચ્ચારણ કરે છે. હૃદય, કન્ઠ અને મુર્ધાઆત્રણ સ્થાનો દ્વારા સ્પષ્ટ રૂપથી અભિવ્યક્ત થવાવાળી આની આ વિચિત્રવાણીને સાંભળીને કોનું ચિત્ત પ્રસન્ન ન થાય. વધ

કરવા માટે તલવાર, ઉઠાવેલા શત્રુનું હૃદય પણ આ અદ્‌ભુતવાણીથી બદલાય જાય છે. (વાલ્મિકી રામાયણ/કિષ્કિંધાકાંડ/સર્ગ-૪/શ્લો-૨૮-૩૩)/ચ'' શુધ્ધવાળી ઉચ્ચારણ કરવાનું ફળ પણ શ્રેષ્ઠ છે જેમ ગંગાપુત્ર ભીષ્મ કહે છે ''श्लक्ष्णां वाणी निराबाधां मधुरा पापवर्जिताम्। स्वाग तेनाभि भाषन्ते ते नरा: स्वर्गगामिन:'' જે સ્નિગ્ધ, મધુર, બાધા રહિત અને પાપ શૂન્ય તથા સ્વાગત સત્કારના ભાવથી યુક્તવાણી બોલે છે તે માનવ સ્વર્ગલોકમાં જાય છે. (મહાભારત /અનુષ્ઠાન પર્વ/અ. ૧૪૪/શ્લો-૨૮) (શ્લો-૩૩)

શ્લો:૩૪ श्रुतं प्रजानुगं यस्य प्रज्ञा चैव श्रुतानुगा।

असम्भिन्नार्यमर्याद: पण्डिताख्यांलभत स: ॥

શ્લોકાર્થ : જેનો વિદ્યાશાસ્ત્રાદિ બુધ્ધિનું જ અનુગમન કરે છે અને જેની બુધ્ધિ વિદ્યા શ્રતા મહાજનોની મર્યાદાનું ઉલ્લંઘન કરતી નથી તેને પંડિતની પદવી પ્રાપ્ત થાય છે.

ચ.ટી. પંડીતોની જાતિ નથી પણ તેઓમાં ગુણોનો સમાવેશ હોય છે. જેઓમાં ઉપરોક્ત નિર્દેશ કરલા ગુણો હોય છે તે મનુષ્ય શાસ્ત્રોમાં આપ્તપુરૂષોએ બતાવેલી મર્યાદાનું ઉલ્લંઘન ન કરતા પરલોકમાં અધોગતિ અને આ લોકમાં અપકીર્તિના ભયથી શિષ્ટ પુરૂષોના માર્ગનુજ અનુશરણ કરે છે અને જેથી તેઓ આ લોક અને પરલોકમાં પણ સુખો થાય છે. કહ્યું પણ છે. 'ये पालयन्ति मनुजा: सरछास्त्रप्रतिपादितान्। सदाचारान सदातेऽत्र परत्र च महासुखा: ॥ અને શ્રીમદ્ ભાવગત પુરાણઆદિશસ્છાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આ આદિ સદાચાર તેમને જે મનુષ્ય પામે છે તે આ લોક પરલોકમાં સુખી

થાય છે. (શિક્ષાપત્રી શ્લો-૮) (શ્લોક-૩૪) હવે દશ શ્લોકથી મુર્ખના લક્ષણ કહે છે -

મુર્ખના લક્ષણ

શ્લો:૩૫ अश्रुतश्च समुन्नद्धो दरिद्रश्च महामनाः ।

अर्थांश्चाकर्मणा प्रेप्सुर्मूढ इत्युच्यते बुधः ॥

શ્લોકાર્થ : વગર શાસ્ત્ર ભણેલા છતાં અહંકારી, દરિદ્ર હોવા છતાં પોતાને શ્રેષ્ઠ માનનારા, કર્મ કર્યા વગર ધન મેળવવાની ઇચ્છા રાખનારાને વિદ્વાનો મૂર્ખ ખહે છે.

ચ.ટી. પંદર શ્લોકથી પંડિતોના લક્ષ્મણ બતાવ્યા હવે મુર્ખના લક્ષણ બતાવવાનો આરંભ કરે છે. મુર્ખમાં પરસ્પર વિરુધ્ધ ધર્મ દેખાય છે તે સ્વયં પ્રમાદને કારણે વિદ્યાથી વંચિત રહે છે પરંતુ દરેક પદાર્થ પર પોતાની વિદ્વત્તા હોય એવો અહં ધરાવે છે, દરિદ્ર હોવા છતાં ધનવાનોના જેવું આચરણ કરે છે, અજગરની જેમ ઉધમ કર્યા વિના અધિકાધિક ધન મેળવવાની સ્પૃહા કરે છે, આવા લક્ષણ જેમાં હોય તે મુર્ખ શિરોમણી કહેવાય છે. વસ્તુતાએ ઉધમ વગર મનુષ્યને કંઇપણ પ્રાપ્ત થતું નથી કહ્યુ પણ છે 'उद्य मेन हि कार्याणि सिध्यन्ति न मनोरथः ॥ न हि सुप्तस्यसिंहस्य प्रविशन्ते मुखे मृगाः ॥ ઉધમથી જ ખરેખર કાર્ય સિધ્ધ થાય છે પણ મનોરથ કરવાથી નહિ, જેમ સૂતેલા સિંહના મુખમાં હરણો પ્રવેશતા નથી (૩૫)

શ્લો:૩૬ स्वमर्थं यः परित्यज्य परार्थमनुतिष्ठति ।

मिथ्या चरति मित्रार्थे यश्च मूढःस उच्यते ॥

શ્લોકાર્થ : જે પોતાના કર્તવ્ય કર્મનો ત્યાગ કરી બીજાના કાર્ય કરનાર તથા જે મિત્રો માટે મિથ્યા ચરણ કરે છે તે મુર્ખ છે.

ચ.ટી. મુર્ખ મનુષ્ય પોતાના કર્તવ્ય કર્મનો ત્યાગ કરી અન્યના કાર્યમાં જોડાય જાય છે. જેમ ગંધાર નરેશ શકુનિ પોતાના સમૃધ્ધ એવા ગંધાર રાજ્યનો ત્યાગ કરી હસ્તિનાપુરમાં પોતાના દોહિત્ર (ભાણેજ) ની ઉન્નતિ માટે રહ્યા હતા તો તે વિદુરજીની દૃષ્ટિએ મુર્ખ છે તથા જે હંમેશા પોતાનું હિત ઇચ્છનારા મિત્ર સાથે પણ વિશ્વાસઘાત કરે છે તે મૂર્ખ છે. જેમ ભગવાન શ્રીકૃષ્ણ દુર્યોધન સાથે અર્જનજી જેવો જ મિત્ર ભાવનો સંબન્ધ રાખતા હતા. દુર્યોધન આદિ ભાઇઓ અને પાંડવો સાથે થનારા સંભવિત યુધ્ધમાં પણ તેઓએ બન્નેની સરખી રીતે સહાયતા કરી પરંતુ તેઓ મધ્યે થનારા સંભવિત યુધ્ધને ટાળવા ભગવાન શ્રીકૃષ્ણ શાંતિ દૂત બની હસ્તિનાપુર આવી દુર્યોધનને સમજાવતા હતા ત્યારે દુર્યોધને તેઓની ઉચિત સલાહને પણ અનુચિત માની અને તે ભગવાન શ્રીકૃષ્ણને જ બંદિ બનાવવા તૈયાર થયો. આમ મિત્રની સાથે જે મિથ્યાચાર કરવા તત્પર થનાર દુર્યોધન મુર્ખતો છે જ પણ વિશ્વાસઘાતી હોય મહાપાત કી પણ છે કહ્યુ પણ છે 'सम हापतकी भूमौ यो विश्वास्यान्यमर्दये- જે વિશ્વાસ આપીને અન્યનું અનિષ્ટ કરે છે તે મહાપાતકી છે.' (શિક્ષાપત્રી/અર્થ દીપિકાટીકા/શ્લો-૭૭) (શ્લો-૩૬)

શ્લો:૩૭ अकामान् कामयति य: कामयानात् परित्यजेत्।

बलवन्तं च यो द्वेष्टि तमाहुर्मूढ चेतसाम्॥

શ્લોકાર્થ : જે વસ્તુ પ્રાપ્ત થવાની નથી તેની સ્પૃહા રાખે છે, સ્નેહ કરનારાનો ત્યાગ કરે દે છે, તથા પોતાથી બળવાન સાથે વેર કરે છે તેને પંડિતો મૂઢ બુધ્ધિવાળો કહે છે.

ચ.ટી. જે વર્તમાનથી સતોષ પામતો નથી અને ભવિષ્યની ચિંતા કરે છે, પ્રાપ્ત વસ્તુથી સંતોષ પામતો નથી તથા જે અપ્રાપ્ત વસ્તુને પ્રાપ્ત કરવા માટે વલખા મારતો રહે છે તથા ધૃતરાષ્ટ્રની જેમ પોતાને સ્નેહ કરનારા વિદુરજીનો ત્યાગ કરે છે અને અધર્મિ દુર્યોધનની જેમ ધર્મબળથી બલવાન એવા પાંડવો સાથે વેર કરે છે આવા મનુષ્ય મુર્ખ હોય શિઘ્ર નષ્ટ પામે છે. આચાર્ય ચાણક્ય કહે છે. 'अनालोक्य व्ययं कर्ता ह्यनाथः कलहप्रियः। आतुर सर्वक्षेत्रेषु नरःशीघ्रं विनश्यति। જે મનુષ્ય વગર વિચાર્યે પહોચ કરતા વધુ ખર્ચ કરે છે, જેનું કોઇ સંરક્ષણ ન હોવા છતાં લડાઇ ઝઘડા કરે છે તથા બધા ક્ષેત્રમાં ચંચુપાત કરવા ઉતાવળો રહે છે તે મનુષ્ય શીઘ્ર નષ્ટ પામે છે.' (ચાણક્યનીતિ/૧૨/૧૭) (શ્લો-૩૭)

શ્લો:૩૮ अमित्रं कुरुते मित्रं मित्रं द्वष्टि हिनस्ति च।

कर्म चारभते दुष्टं तमाहुर्मूढचेतसाम्॥

શ્લોકાર્થ : જે શત્રુને, મિત્ર બનાવે છે, જે મિત્ર સાથે દ્વેષ કરે છે તથા તેની હિંસા કરે છે અને જ દુષ્ટ કર્મનો આરંભ કરે છે તેને પંડિત મુર્ખ બુધ્ધિ કહે છે.

ચ.ટી. શત્રુ ક્યારેય મિત્ર બની શકતો નથી જો તે કોઇ કારણવશ બની જાય તો પણ સમય આવતા ત અનિષ્ઠ જ કરે છે અથવા તે સમયની રાહ જોતા અનિષ્ટ કરવા તત્પર થાય છે. માટે શત્રુ ક્યારેય મિત્ર બની શકતો નથી તથા જે મિત્રોને પોતાનો ક્રિયા દ્વારા દુઃખ આપે છે આવા મનુષ્ય નીતિકારની દૃષ્ટિમાં મુર્ખ

છે. કહ્યુ પણ છે 'दुर्जनेन समं सख्यं प्रीतिं चापि न कारयेत्। उष्णो दहति चाङ्गारः शीतः कृष्णायते करम्॥ અર્થાત્ દુષ્ટપુરુષોની મિત્રતા કયારેય ન કરવી તથા તેઓ સાથે સ્નેહ પણ ન કરવો કારણ કે જેમ સળગેલો કોલસો સ્પર્શ કરનારના હાથ કાળા કરે છે.' (હિતોપદેશ/મિત્રલાભ/શ્લો-૮૦) 'सुहृदां हितकामानां भाषितं न श्रृणोतियः पिपत् संनिहिता यस्य नरः शत्रुनन्दनः॥ જે મનુષ્યો પોતાનું હિત ઇચ્છનારા મિત્રના વચન પણ સાંભળતા નથી તેઓ પોતાના શત્રુનું પોષણ કરનાર છે.' (હિતોપદેશ/મિત્રલાભ/શ્લો-૭૪)

આ ઉપરાંત 'सूक्ष्मजन्तुद्रोहफलमप्यन्धकूपाख्यनरकप्राप्तिः। જે મનુષ્ય આ લોકમાં માંકડ આદિ જીવોની હિંસા કરે છે એ એનો દ્રોહ કરવાને લીધે અંધ કૂપ નામના નરકમાં પડે છે.' (શિક્ષા/અર્થ/શ્લો-૧૧) જેમ પ્રાચિન બર્હિરાજા હિંસામય યજ્ઞ કરવાથી નરકમાં પડવા તૈયાર થયો હતો પરંતુ નારજીના સત્સંગથી તેઓ આ કાર્યથી નિવૃત્ત થયા હતા. (શ્રીમદ્ ભાગવત/૪/૨૮) તથા 'धमादपेतं यत्कर्म यद्यपि स्यान्महफलम्। न तत्कुर्वीत मेधावी न ताद्धितामिहोच्यते॥ ધર્મ રહિત કામ લૌકિક દૃષ્ટિથી ભલે ઘણું લાભકારી હોય પણ બુધ્ધિમાન પુરૂષ તેવું કામ ન કરે, કારણ કે આ જગતમાં તે કામને હિતકારી કહ્યું નથી (મહા/શાંતિ/૨૯૩/૮) આમ દુષ્ટકર્મનો આરંભ અનિષ્ઠકારી હોવાથી પંડિતો તેનો આરંભ કરતા નથી પરંતુ દુર્યોધન જેવા મુર્ખ લોકો હંમેશા પૂર્વ ઉત્તરનું વિચાર્યા વિના દુષ્ટકાર્યમાં જ પ્રવૃત્ત થાય છે અને તેને લઇ તેઓ આમૂળ કાળનો ગ્રાસ થઇ જાય છ એટલે નીતિકાર આવાઓને મુર્ખ કહે છે . (શ્લો-૩૮)

શ્લો:૩૯ संसारयति कृत्यानि सर्वत्र विचिकत्सते।

चिरं कुरोति क्षिप्रार्थे स मूढा भरतर्षभ॥

<u>શ્લોકાર્થ :</u> હે ભરત શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્ર જે પોતાના કાર્યોને વ્યર્થ જ વધારે છે, બધા પર સંદેહ કરે છે, શીઘ્ર કરવા યોગ્ય કાર્યમાં વિલંબ કરે છે તે મૂર્ખ છે.

<u>ચ.ટી.</u> આવશ્યક, ઉચિત અને સમય પ્રમાણે પોતાના કર્તવ્ય કર્મો કરવા જોઇએ. અસમયમાં કરેલું કોઇપણ કાર્ય ફલદાયિ થવાને બદલે પ્રત્યવાય આપનારૂ થાય છે. જેમ દેવી ભાગવતમાં કહ્યુ છે 'प्रात: संध्यां सनक्षत्रां मध्याह्ने मध्य भास्करम्॥ ससूर्यां पश्चिमां संध्यां तिस्त्र: संध्या उपासते॥ આમ પ્રાતઃ કાળમા તારા રહેતા થકા, મધ્યાહન કાળમાં જ્યારે સૂર્ય ગગનતળના મધ્યમાં હોય, અને સાયંકાળે સૂર્યાસ્ત સમય પહેલા સંધ્યા કરવાનું વિધાન છે. (દેવી ભાગ-૧૧/૧૬/૨-૩) તેનાથી વિપરીત આકાળનું ઉલ્લંઘન કરી જો સંધ્યા કરવામાં આવે તો તે વધ્યા સ્ત્રી સમાન હોય છે. 'अकाले सवितासाच संध्या वन्ध्या वधूरिव' (मित्रकल्य)

તે જ પ્રમાણે મનુષ્યે એક સમયે એક જ કાર્યમાં આરૂઢ થવું બીજા કાર્યમાં પ્રવેશ કરતા પ્રથમ કાર્યને સમાપ્ત કરી દેવું. જો બધા કાર્ય એક સાથે કરાશે તો એકપણ કાર્ય પૂર્ણ ન થતા કાર્ય કરનાર તેના ફળથી વંચિત રહેશે. તેમ મનુષ્યે દરેકની ઉપર સશય ન કરવો કારણ કે દરેક ઉપર શંકા કરનારા ને ક્યાંતો બધા ત્યાગ કરી દે છે અથવા આવા મનુષ્યનું પતન થાય છે તે કહ્યુ પણ છે 'संशयान्मा विनश्यति સંશય ગ્રસ્ત વ્યક્તિનું પતન થાય છે. (ગીતા/૪/૪૦)

આ ઉપરાંત મનુષ્યે ધર્મ સંબન્ધિ કાર્ય તેની ભવાના થતા શીઘ્ર જ સંપાદન કરવું તેમાં વિલંબ ક્યારેય પણ ન કરવો કારણ કે મૃત્યુ કોઇની રાહ જોતું નથી કે આણ ધર્મ સંબન્ધિ કાર્ય કર્યુ છે કે હજી તે કામ બાકી છે- 'नहि प्रतोक्षते मृत्यु: कृतं यास्य वा वृतम्। મહા.શાં. ૧૭૫/૧૫) (શ્લો-૩૯)

શ્લોઃ૪૦ श्राध्धं पितृभ्यो न ददाति दैवतानि च नार्चति।

सहृन मित्रं न लभते तेमाहुर्मढ चेतसम्।

શ્લોકાર્થ : જે પિતરોનું શ્રાધ્ધ કરતો નથો. દેવતાઓનું પૂજન કરતો નથી અને પ્રિય તથા હિતકારી મિત્ર બનાવતો નથી તેને મૂર્ખ કહેવાય છે.

ચ.ટી. જન્મતાજ મનુષ્ય ત્રણ ઋણથી યુક્ત હોય છે (૧) દેવ ઋણ (૨) પિતૃ ઋણ, (૩) ઋષિ ઋણ તેમાં દેવતાઓએ સાક્ષાત્ નારાયણ ના જ અંગો છે. 'देवा नारायण: अङ्गजा' (भाग) પૂજીત દેવતા મનુષ્યોને મનોવાંછિત વસ્તુઓ પ્રદાન કરે છે. માટે તેઓની પૂજા દરેક કાર્યમાં કરવી જોઇએ. 'पञ्चदैव त्यमित्युकृतं सर्वकर्मसु पूजयेत्' (मत्स्यपुराण) અપૂજીત દેવતાઓ કાર્યમાં વિધ્ન કરવા માટે ઉપસ્થિત થાય છે. જેમ દેવો અને દાનવો સમુદ્ર મંથન કરતા હતા ત્યાર વિધ્ન વિનાયકનું પૂજન ન કરવાથી મંદરાચલ પર્વત સમુદ્રમાં ડૂબવા લાગેલો ત્યારે ભગવાન શ્રીહરિએ જોયું છે કે આ બધુ વિધ્નેશનું જ કારસ્તાન છે. 'विलोक्य विघ्नेश विधिं तदेश्वरो' (भाग-૮/૭/૮) માટે દેવોનું પૂજન અને તેઓને હવ્ય પ્રદાન કરવાથી તેઓના ઋણમાંથી મુક્ત થવાય છે. તેમ શ્રાધ્ધ આદિ કરવાથી તૃપ્ત થએલા પિતૃઓ મનુષ્યની બધી ઇચ્છા પૂર્ણ કરે છે અને આ શ્રાધ્ધાદિ અપૂજિત પિતૃઓ માનવના રક્તનું શોષણ કરે છે. 'अतर्पिता: शरीराद्रुधिरं पिबन्ति માટે પિતૃઓના ઋણમાંથી મુક્ત થવા શ્રાધ્ધ અવશ્ય કરવું. તેજ પ્રમાણે ઋષિઓના ઋણમાંથી ઉધ્ધાર વંશ પરમ્પરાનો નિર્વાહ અને શાસ્ત્રના અધ્યયનથી થાય છે. માટે માનવે આ ત્રણ ઋણમાંથી મુક્ત થવાનો પ્રયાશ કરવો આ ત્રણ ઋણમાંથી મુક્ત ન થનારાથી અધોગતિ થાય છે કહ્યુ પણ છે 'देवं पित्र्यं यथाशक्तिं यो नाचरति मूढधी:। क्षोणपुण्य: पतत्येव रोरवे स न संशय:॥ પોતાની આવક પ્રમાણે જ

મૂઢ બુધ્ધિવાળો મનુષ્ય દેવ સમ્બન્ધિ તથા પિતૃ સમ્બન્ધિકર્મ કરતો નથી તેનુ પુણ્ય નાશ પામે છે અને તે રૌરવ નરકમાં પડે છે એમાં સંશય નથી. (શિક્ષાપત્રી/અર્થદીપિકા/શ્લો-૧૩૮)

તે જ પ્રમાણે મનુષ્યે આપત્કાળમાં પણ પોતાની સાથે રહી સહાય કરનાર અને પોતાન્ હિત કરનારને જ પોતાનો મિત્ર બનાવવો કહ્યુ પણ છે. 'पापान्निवारयति योजयते हिताय गुह्यं च गूहतिगुणान्प्रकटी करोति। आपद्गतं च न जहाति ददाति काले सन्मित्र लक्षणामिदं प्रवदन्तिः सन्तः॥ પાપમાંથી રોકે, કલ્યાણકારી આચરવામાં પ્રવૃત્તિ કરાવે, ગુપ્ત વાતોને છૂપાવે, ગુણોને જાહેર કરે, વિપત્તિમાં આવેલા મિત્રને ત્યાગ ન કરે, અને યોગ્ય સમયે ધન થી પણ સહાય કરે સંત લોકો આને સારા મિત્રના લક્ષણ કહે છે. આમ આમા કહ્યા પ્રમાણે હિતકારી મિત્ર ન બનાવનારો નીતિકારની દૃષ્ટિએ મૂર્ખ છ. (શ્લો-૪૦)

શ્લો:૪૧ अनाहूतः प्रविशति अमृष्टो बहु भाषते।

अविश्वस्तेति मूढचतां नराधमः॥

શ્લોકાર્થ : મુર્ખ બુદ્ધિવાળો નરાધમ મનુષ્ય બોલાવ્યા વગર પ્રવેશ કરે છે. વગર બોલ્યે બોલે છે તથા અવિશ્વસ્તર પર પણ વિશ્વાસ કરે છે.

ચ.ટી. કોઇના ઘરે બોલાવ્યા વિના વારેવારે જવાથી મનુષ્ય અનાદરનું પાત્ર થાય છે. કહ્યુ પણ છે 'अति परिचयादवज्ञा सतत गमनादनादरो भवति। કોઇ સાથે વધારે પરિચય કરવાથી મનુષ્યની અવગણના થાય છે તથા વારંવાર કોઇના ઘરે પૂછયા વિના જવાથી અનાદર થાય છે.' તથા 'नापृष्टं कस्यचित ब्रूयात- વગર પૂછયે કોઇની સાથે, બોલવું નહિ.' પરંતુ દુષ્ટોનું હૃદય અને વ્યવહાર આનાથી ભિન્ન હોય છે તેની પાસે પોતાનો કોઇ સિધ્ધાંત હોતો નથી તેઓનો બીજાના

કાર્યમાં હંમેશા વિઘ્ન કરવાનો સ્વભાવ હોય છે એટલે જ માટે મહાકવિ કાલિદાસ મુર્ખના લક્ષણ ગણાવવા કહે છે. 'द्वाभ्यामतृतियो – બે મનુષ્યોની વાતમાં મધ્યે બોલનારો મૂર્ખ છે.' આ ઉપરાંત જેના પર વિશ્વાસ ન કરી શકાય એવા મનુષ્યો પર અત્યધિક વિશ્વાસ કરવાથી મનુષ્ય પોતાના વિનાસને નિમંત્રિત કરે છે. જેમ માતા કૈકય મંથરાની વાત પર વિશ્વાસ કરી વરદાનના રૂપમાં શ્રીરામને વનવાસ આપતી હતી જેને કારણે તેઓ જ્યાં સુધિ જીવિત રહ્યા ત્યાં સુધી શ્રીરામને બાદ કરતા બધાના ઉપેક્ષાનું પાત્ર બન્યા હતા. કહ્યુ પણ છે 'न विश्वसेद विश्वस्ते विश्वस्ते नीति विश्वसेत् । विश्वासाद् भयमुत्पन्नमपि मूलानि कृन्तति॥ જે વિશ્વાસ પાત્રન હોય તેના પર વિશ્વાસ ન કરવો કારણ વિશ્વાસથી ઉત્પન્ન થયેલો ભય મૂળથી નાશ કરે છે.' (મહા/શાન્તિ/૧૩૮/૧૪૪-૧૪૫) (શ્લો-૪૧)

શ્લો:૪૨ परं क्षपति दोषेण वर्त्तमान: स्वयं तथा।

यश्च क्रुध्यत्यनी शान: स च मूढतमो नर: ॥

શ્લોકાર્થ : જે બીજાના દોષ જોઇને તેની નિંદા કરે છે, છતા પોતે જ તેવું દોષમય વર્તન રાખે છે અને જે અસમર્થ છતાં ક્રોધ કરે છે તે પુરૂષ મૂર્ખના શિરોમણિ છે.

ચ.ટી. ગુણ અને દોષ એ સિક્કાની બે બાજ જેવા છે. એક પરમ તત્વ પરમાત્માને બાદ કરતા કોઇપણ મનુષ્યમાં આ બે બાબતો વિદ્યમાન રહે છે એવો કોઇ મનુષ્ય નથી જેમાં કેવલ ગુણ જ હોય અને દુર્ગણ ન હોય તેજ પ્રમાણે એવો પણ કોઇ માનવ નથી કે જેમાં કેવલ દોષ જ હોય કોઇ ગુણ ન હોય. વ્યક્તિ એ હંમેશા અન્યના ગુણ જ જોવા જોઇએ પણ દોષ નહી. દોષ જોવા જ હોય તો પોતાની અંદર રહેલા દોષ, જઓ પરંતુ મુર્ખ લોકોને દુર્યોધનની જેમ કેવલ

પોતામાં ગણ જોઇ બીજામાં દોષ જોઇ તેની નિંદા છતા હોય છે નીતિકારની દૃષ્ટિમાં આ પ્રકારના મનુષ્ય મુર્ખ શિરોમણી છે. તેમ નીતિકાર કહે છે 'અસમર્થ છતા ક્રોધ કરનાર પણ મુર્ખ છે' કારણ કે સામર્થ્ય વગર ક્રોધ કરનાર મનુષ્યપ પર શત્રુ હાવી થઇ જાય છ અને તેનું પતન થાય છે માટે સામર્થ્ય પ્રમાણે જ કોપ કરનારો જ બુદ્ધિમાન છે. (શ્લો-૪૨)

શ્લો:૪૩ आत्मनो बलमज्ञाय धमार्थ परिवर्जितम्।

अलभ्वामिच्छनैष्कर्म्यान्मूढ बुद्धिरिहोच्यते॥

શ્લોકાર્થ : વળી જે ધર્મ તથા અર્થથી રહિત એવા પોતાના બળને જાણતો નથી અને માત્ર હાથપગ જોડી રાખીને અલભ્ય વસ્તુની ઇચ્છા કરેછે, તેને આ લોકમાં મૂઢ બુધ્ધિવાળો કહેવામાં આવે છે.

ચ.ટી. 'उद्येमन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः॥ न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगः॥ અર્થાત્ ઉધમથી જ કાર્ય સફળ થાય છે પણ મનોરથ થી નહિ. જેમ સૂતેલા સિહના મુખમાં મૃગો પ્રવેશ કરતા નથી' મનુષ્યમાંથી કેટલાયે લોકો ભાગ્ય પર ભરોસો રાખી પુરૂષાર્થથી પરાંગ મુખ થઇ જાય છે. આવા લોકો ભાગ્ય અને પુરૂષાર્થને ભિન્ન-ભિન્ન સમઝે છે અને એટલે માટે તેઓ કહેતા ફરે છે કે, 'ભાગ્યમાં હશે તો બધુ મળી જશે અને ભાગ્યમાં નહિ હોય તો કંઇ નહિ મળે.' આવા લોકો કોઇ કાર્યમાં પરિશ્રમ કરવાનો બદલે ભાગ્યની બાબતમાં વિચારતા રહે છે. જ્યારે બીજી બાજ પરિશ્રિમ કરનારો વ્યક્તિ પૂર્ણ લગનીથો પરિશ્રમ કરવાને કારણે આગળ વધતો રહે છે અને પોતાને ઇપ્સિતએવા ફળને પ્રાપ્ત કરી લે છે એટલે માટે બીજી બધી વાતોનો અને મનોરથોનો પણ ત્યાગ કરી જેને પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેને પ્રાપ્ત કરવા માટે કમર કરી જોડાઇ

જવું, કહ્યુ પણ છે 'योजनानां सहस्रं तु शनैर्गच्छेत् यिपीलिका॥ आगच्छन वैनतयोपि पदमेकं न गच्छति॥ અર્થાત્ જો પિપીલિકા (કીડી) ચાલવાનો પ્રારંભ કરે તો એક હજાર કોશ પણ ચાલી શકે છે પણ જો ગરૂડ પોતાના સ્થાને થી ચલાયમાન ન થાય તો તે એક પગ પણ આગળ વધી શકતો નથી. (શ્લો-૪૩)

શ્લો:૪૪ अशिष्यं शास्ति यो राजन्यश्च शून्य मपासते।

कदर्यं भजते यश्च तमाहुर्मूढ चेतसम्॥

શ્લોકાર્થ : જે અનધિકારી શિષ્યોને ઉપદેશ આપે છે, અમૂર્તિની ઉપાસના કરે છે તથા કાયરતા પૂર્ણ કર્મ કરે છે તે મૂઢ ચિતવાળો છે.

ચ.ટી. પરીક્ષા લીધા વિના અને શિષ્યત્વ સ્વિકાર્ય વિના કોઇને ક્યાંય પણ જ્ઞાન ન આપવું કહ્યુ પણ છે 'सद बुध्धिः साधुसेवीसम चितरितस्तत्त्व बोधाभिलाषो शुश्रषुस्त्यक्तभानः प्रणिपतन परः प्रश्नकाल प्रतीक्षः। शान्तोदान्तोऽनसूयः शरणमुपगतः शास्त्र विश्वासशाली शिष्यः प्राप्त परीक्षां कृतविदभिमतांतत्त्वतः। शिक्षणीयः॥ અર્થાત્ સદ્બુદ્ધિ, સાધુસેવી, જેનું ચરિત્ર શુધ્ધ હોય, તત્ત્વજીજ્ઞાસુ, ગુરૂની સેવા કરનાર, માનનો ત્યાગ કરનાર, ગુરૂપ્રપત્તિ, ગુરૂના વચનમાં વિશ્વાસ, પ્રણિપાત, અનસૂયા ગૂરૂમાં દેવ બુધ્ધિ રાખનાર, આવા જેનામાં ગુણો હોય તે પરીક્ષા લઇ તેને તત્વજ્ઞાનની શિક્ષા આપવી.' બીજે પણ 'द्वादशास ब्रह्मचर्य परंपश्चात्ते उपदिशानि – બાર વર્ષ બ્રહ્મચર્ય પામ્યા બાદ ઉપદેશ આપવો. આમ, શિષ્ટ ને અધિકારી જાણીને જ ઉપદેશ આપવો તેમજ જે અમૂર્તની- નિરાકારની ઉપાસના કરવાથી પણ ભ્રાંત ચિત્ત છે 'કારણ અવ્યક્ત' - અમૂર્તમાં આસક્ત ચિત્તવાળાને કલેશ અધિક પડે છે. 'फलशोऽधिक तरस्तेषामव्यक्तासक्त चेतसाम्। (ગીતા ૧૨/૫)'

આ ઉપરાંત જે અર્ધરાત્રીને વિષે ગાઢ નિદ્રાથી ઘેરાયેલા પાંચલ વીરો અને પાંડવ પુત્રોની હત્યા કરી કાયરતા પૂર્ણ કર્મ કરનાર અશ્વથ્થામાં જેવા પણ નીતિ કારની દૃષ્ટિએ મૂઢ ચિતવાળો છે. (શ્લો-૪૪) પુનઃ નીતિકાર એક શ્લોકથી પંડિતનું વક્ષાણ કહે છે -

શ્લોઃ૪૫ अर्थं महांत मासाद्य विद्यामैश्वर्यमेव वा।

विचरत्यसृमुन्नद्धो यःस पण्डित उच्यते॥

શ્લોકાર્થ : મહાન (મોટા) અર્થ, વિદ્યા અથવા ઐશ્વર્ય મેળવી ને પણ જે ઉધ્ધતાઇ રહિત વિચરે છે, તે પંડિત કહેવાય છે. (શ્લો-૪૫)

ચ.ટી. : જીવનને સુખી બનાવવામાં માટે અનેકો ગુણોની આવશ્યકતા હોય છે. સેવા, પ્રેમ, નમ્રતા, દયા, સહાનુભૂતિ, સમર્પણ ઇત્યાદિ પરંતુ એક દોષ એવો છે જેનું નામ છે અહંકાર. ત આ બધા જ ગુણોનો વિનાશ કરી દે છે પરિણામ એ હોય છે કે અહંકારી વ્યક્તિ કોઇની સાથે પણ હળીમળી રહી શકતો નથી, જીવનના વાસ્તવિક આનંદથી દૂર રહે છે અને હંમેશા અહંકારના નશામાં ઉન્મત્ત રહે છે તે પોતાના અને અન્યના તનાવને વૃધ્ધિ પમાડતો હોય છે. જ્યારે નિરાભિમાનિ અભિમાનનો ત્યાગ કરી બધા સાથે નમ્રતા અને પ્રેમથી રહી એક બીજાની સુખ અને સમૃધ્ધિ ને વૃધ્ધિ પમાડતો હોય છે ગોસ્મીજી કહે છે. 'પ્રભુતા પાઇ કાહિ મદનાહિ । પ્રભુતા પ્રાપ્ત થયા બાદ અભિમાન થાય છે.' (રામ.મા./બાલ.) પરંતુ પંડિત લોકો બધુ પ્રાપ્ત કરવા છતા નિર્લિપ્ત રહે છે અને કર્તવ્ય બુધ્ધિથી વ્યવહારનો નિર્વાહ કરે છે. આજ તેઓની ખાસ વિશેષતા છે.(શ્લોક-૪૫) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને ક્રુરના લક્ષણ છે.

(૪) ક્રુરના લક્ષણ

શ્લો:૪૬ एक: सम्पन्न मश्नाति वस्ते वासश्च शोभनम्।

योऽसं बिभज्य भृत्येभ्य: को नृशंसतरस्तत: ॥

શ્લોકાર્થ : જે મનુષ્ય પોતાના નોકરોમાં સુંદર વસ્ત્ર, સુસ્વાદુ અન્ન ને વહેચ્યા વિના એકાકી ઉપભોગ કરે છે તેનાથી ક્રુર કોણ હોય?

ચ.ટી. : મનુષ્ય હંમેશા સારી સારી વસ્તુઓ એકબીજાને વહેંચી ને જ ઉભોગમાં લેવી જે અન્યને મુકી એકાકી જ ઉપભોગ કરનારો તો ચોર છે અને અંતે પાપમય યોનિને પામે છે. કહ્યુ પણ છે - 'भुंजते ते त्वघं पापा ये पंचत्यात्मकारणात्- જેઓ ફકત પોતાને માટે અન્ન રાંધે તે પાપીઓ પાપને ભોગવે છે અર્થાત્ અધોગતિને પામે છે (ગીતા/૩/૧૩) (શ્લોક-૪૬) હવે નીતિકાર એક પાપ કરે અને ફળ બધા ભોગવે કે તેનું વર્ણન કરે છે-

શ્લો:૪૭ एक: पापानि करुते फलं भुङ्क्वत महाजन: ।

भोक्तारो विप्र मुच्यन्ते, कर्ता दोषेण लिप्यते ॥

શ્લોકાર્થ : એકાકી પાપ કરે છે, પણ તેનું ફળ ઘણા ભોગવે છે, ફળ ભોગવનાર દોષ મુક્ત થઇ જાય છે પણ કર્તા દોષોનો ભાગીદાર થાય છે.

ચ.ટી. : કોઇ એક મનુષ્ય પાપ એકાકી કરે છે અને તેનું ફળ તેની સાથે રહેનારાને પણ ભોગવવું પડે છે. આ સમ્બન્ધમાં મહાભારતમાં અક કથા આવે છે. વાત એમ હતી કે અષ્ટવસુઓમાંના એક દ્યો નામના વસુ આકાશમાં પોતાની પ્રયસિઓ સાથે વિહાર કરતા હતા એવામાં તેઓ વશિષ્ટ ઋષિના આશ્રમ પાસે આવ્યા તે સમયે ઋષિ કંદમૂળ સમિધા અર્થે વનમાં ગયા હતા અને આશ્રમમાં કોઇ હતુ નહી કેવલ હોમધેન નન્દિની જ ત્યાં હતી. તેને જોઇ દ્યો ની પ્રેયસી આ

અતિસુંદર ગાયને જોઇ આશ્ચર્યચકિત થઇ પોતાના પ્રિયતમ્ પ્રત્યે બોલી ''સ્વામી, આ ગાય કેટલી સુંદર છે માટે કૃપા કરી અમારે માટે આ ગાય લાવી આપો મૃત્યુ લોકમાં ઉશીનરરાજાની પુત્રી 'જિતવતી' મારી પ્રિય સખી છે તેને આ ગાય હું ભેટમાં આપવા માંગુ છ.'' તેની વિનંતી સાંભળી આ દ્યો નામના વસુએ વશિષ્ટજીને પુછયા વગર જ ગાયનું અપહરણ કરી લીધુ અને તેને લઇ તેઓ વસુ લોકમાં સિધારી ગયા.

તદન્તર વશિષ્ટજી આશ્રમમાં આવ્યા. આવી તેઓએ જોયું કે નંદની આશ્રમમાં નથી એટલે તેઓ વનમાં ચારે બાજ તેની શોધખોળ કરવા લાગ્યા પરંતુ નન્દનિનો ક્યાંય પત્તો ન મળતા વશિષ્ટજી એ ધ્યાન લગાવી યોગ દૃષ્ટિથી જોયું તો તેઓ બધો વાતથી વિદિત થયા એટલે તેઓ બધા જ વસુદેવતાઓને શાપ આપતા બોલ્યા કે 'હે વસુઓ! તમેએ અમારી ગાયનું અપહરણ કરેલુ છે માટે તમારા બધાએ 'વસુ લોકનો ત્યાગ કરી ભૂતલ ઉપર મનુષ્ય લોકમાં જન્મ લઇ કષ્ટ ભોગવવા પડશે.'

તે પછી આઠેય વસુઓને વશિષ્ટજીના શાપના સમાચાર પ્રાપ્ત થયા એટલે તેઓ બધા વશિષ્ટ ઋષિના આશ્રમ પર આવ્યા અને તેમના ચરણોમાં પડી પોતાના અપરાધની ક્ષમા માંગી અને તેમના પ્રત્યે બોલ્યા 'હે ભગવાન્, અમારા બધામાંથી કેવલ દ્યો નામના વસુએ જ આપની ગાયનું અપહરણ કરેલું છે તો તેના અપરાધને લઇ તમોએ અમને બદાને પણ શાપ આપ્યો માટે કૃપા કરી આપ આપના શાપને મિથ્યા કરવાની કૃપા કરો.'

વસુઓની વિનંતી સાંભળી વશિષ્ટનું ઋષિ હૃદય કરૂણાથી ભરપાઇ ગયું અને તેઓ વસુઓ પર અનુગ્રહ કરતા બોલ્યા 'હે વસુ દેવતાઓ અમારો શાપ તો મિથ્યા ન થશે, તમારે બધાએ ધરાતલ પર જન્મતો લવો જ પડસે પણ તમારો

જન્મ થતા જ તમો આ મૃત્યુ લોકથી મુક્ત થઇ તમારા વસુ નામના દેહને પ્રાપ્ત કરી લેશો પણ જેણે અમારી ગાયનું અપહરણ કરેલું છે એ દ્યો નામના વસુને અહીં ધરાતલ પર દીર્ઘકાળ પર્યન્ત નિવાસ કરીને રહેવું પડશે અને મનુષ્ય લોકના કષ્ટ ભોગવવા પડસે.' આમ કહી બ્રહ્માજીના પુત્ર વશિષ્ટ મુનિ શાંત થઇ ગયા અને બધા વસ્ દેવો મહર્ષિને પ્રમાણ કરી પોતાના લોકમાં સિધાવ્યા.

તે પછી આ વસુદેવતા માતા ગંગા પાસે આવ્યા અને તેઓને વશિષ્ટ ઋષિના શાપની બધી વાત વિસ્તારપૂર્વક કરી અને તેઓને પ્રાર્થના કરતા બોલ્યા કે 'દેવી તમારા ગર્ભ થકી જન્મ લઇ એ એટલી કૃપા કરો.'

વસુદેવોની આ પ્રમાણે વિનંતી સાંભળ માતા ગંગાએ તેઓને 'તથાસ્તુ' કહ્યું અને વસુદેવતા શન્તનુ થકી એક પછી એક ગંગાજીના ગર્ભમાં પધાર્યા. ગંગાજી જેવા તેઓ જન્મ લેતા તેવા જ તેમને ગંગાજળમાં વિલિન કરી તેઓને શાપથી મુક્ત કરતા હતા. આમ એક પછી એ સાત વસુઓને તેઓએ શાપથી મુક્ત કર્યા પરંતુ જેણે વશિષ્ટ ઋષિની ગાયનું અપહરણ કરેલું તે દ્યો નામાના વસુ ગંગાજીના ગર્ભથી જન્મ ગ્રહણ કરી જેવા ગંગાજી તેઓને શાપથી મુક્ત કરતા જતા હતા, ત્યાંજ ગંગાજીના પતિ હસ્તિનાપુર નરેશ તેઓને આમ કરતા અટકાવ્યા અને તે અષ્ટમ વસુ જ ગંગાપુત્ર દેવવ્રત ભીષ્મ હતા. જેઓએ દીઘંકાળ સુધી ધરાતલ પર રહી અપાર કષ્ટ ભોગવવા પડયા. (મહા/આદિ./અ ૯૯) આમ દ્યો નામના વસુએ કરેલા અપરાધનું ફલ બાકીના સાત વસુઅએ પણ ભોગવવું પડયું સાત જણાતો ફલ ભોગવી શીઘ્ર મુક્ત થઇ ગયા પણ અપરાધ કર્તા જે હતા તેણે અપાર કષ્ટનો અનુભવ કરવો પડયો. અહીં નીતિકાર પણ ધૃતરાષ્ટ્રને સાવધાન કરવા ગુઢાર્થમાં કહે છે કે 'તમારા અધર્મી પુત્ર દુર્યોધનના પાપની સજા

સમસ્ત કુરૂકુળે ભોગવવી પડસે માટે પુત્ર પરના મમત્વનો ત્યાગ કરી તેનો ત્યાગ કરો. (શ્લોક-૪૭) હવે નીતિકાર બળ અને બુદ્ધિમાં બુધ્ધની શ્રષ્ઠતા બતાવે છે.

(૫) બુધ્ધિની શક્તિ

શ્લો:૪૮ एकं हन्यान्न वा हन्यादिषुर्मक्तो धनुष्मता।

बुध्धि बुध्धिमतोत्सृष्या हन्याद्रराष्ट्रं सराजकम्॥

શ્લોકાર્થ : ધનુષ્યધારી દ્વારા છોડાયેલું એક બાણ એકનો વધ કરે કે ન કરે પરંતુ બુધ્ધિમાન દ્વારા પયોગ કરાયેલી બુધ્ધિ રાજા સહિત રાષ્ટ્રને નાશ કરે છે.

ચ.ટી. : બલવાન નું બલ એક મનુષ્ય પર જ ઘાત પ્રતિઘાત કરે છે પણ બુધ્ધિ બળનો પ્રભાવ અને ઘાત તથા પ્રતિઘાત શક્તિ ઘણી ભયાનક અને નાશક હોય છે. જે કાર્ય શારીરિક બળવાળા માટે અશક્ય હોય છે તે બુધ્ધિ બળના પ્રભાવથી ઘણું સરળ અને સંભવ થાય છે. જેમ મહાબલશાળી ઘનનંદે શરીરથી દુર્બળ પણ બુધ્ધિથી પ્રબલ એવા ચાણક્ય વિષ્ણુનું ગુપ્તનું ઘોર અપમાન કયું અને તેઓને શિખાથી પકડી પોતાના રાજ દરબારથી બહાર કઢાવી મૂકયા. ચાણક્ય પણ જતા જતા ઘનનંદ સમક્ષ પ્રતિજ્ઞા કરતા ગયા કે જ્યાં સુધી ‘નંદવંશને સમાપ્ત ન કરી દઇશ ત્યાં સુધિ મારી શિખાને ગાંઠ ન બાંધિશ.’ એ સમયમાં ભારતવર્ષમાં મગધનું રાજ્ય અતિબળવાન અને સમૃધ્ધ હતુ જેનો યુધ્ધમાં મકાબલો કરવો એ સિકંદર જેવા વીર યોધ્ધાના સમર્થ્યથી પણ પર હતુ. પરંતુ ચાણક્ય એ પોતાની બુધ્ધિના બળથી સમસ્ત મગધની પ્રજાને ઘનનંદ વિરુધ્ધ કરી દઇ અને તેના સૈનિકોને પણ ઘનનંદ વિરૂધ્ધ ઉકશાવી તેને રાજ્ય રચુત કરી દીધો તેમ એક સિંહે જંગલમાં ઘણી ઉપદ્રવ કરે તો આયેદિન પોતાની ક્ષુધા શાંત કરવામાટે કેલકાએ પશુઓનો ઘાત કરી નાંખતો તેના આ કાર્યથી

બધા પશુઓ ત્રાસિ ગયા હતા. આ વનમાં એક સસલુ રહેતું હતે તે શરીરથી તો દુર્બળ હતુ પણ બુધ્ધિથી અત્યંત વૃધ્ધ હતુ તેણે આ સિંહને પાઠ ભણાવવાનું નક્કી કર્યુ.

એક દિવસની વાત છે તે આ સિંહ પાસે પાસે આવ્યો અને તેને વિનય પૂર્વક પ્રણામ કરી કહ્યું 'રાજન્! તમારા રહેતા એક બીજો સિંહ જંગલમાં આવેલો છે અને તે તમારી સત્તા સ્વિકારવા તૈયાર નથી,' સસલાની વાત સાંભળી સિંહ વક્ર દૃષ્ટિથી તેની સામું જોઇ બોલ્યો કે, 'એ સિંહ ક્યાં છે સસલું બોલ્યું અક મહારાજ આવો આવો તમોને એના નિવાસ સ્થાને લઇ જઇએ. સસલુ આગળ આગળ અને સિંહ તેની પાછળ ચાલવા લાગ્યો અને સસલુ તેને લઇને એક જલ પરિપૂર્ણ ઊંડા કૂવા પાસે લાવ્યુ, અને સિંહને કહ્યું 'પેલો સિંહ આ કૂવામાં છે.' સિંહે જલ પરિપૂર્ણ કૂવામાં જેયું તો જળમાં પોતાના જ પ્રતિબિંબને અન્ય સિંહ માની તેને મારવા છલાંગ મારી અને જળમાં ડૂબી તે મૃત્યુ પામ્યો. આમ નિર્બળ સસલાએ પોતાની બુધ્ધિના બળથી બળવાન એવા સિંહને કાળના મુખમાં ઢકેલી દીધો. કહ્યુ પણ છે, 'बध्धियस्य बलं तस्य निर्बुद्धस्तुकृतो बलम्। वने सिंहोमदोन्मत्तः शसकेन निपतितः॥ જેના પાસે બુધ્ધિરૂપી ધન છે, તેજ સાચો બળવાન છે. બુધ્ધિહિનનું બલ પણ નિરર્થક છે, કારણ બુધ્ધિ હોય તો જ બળનો ઉપયોગ કરી શકાય છે. બુધ્ધિના બળથી એક અહંકારિ સિંહને સસલાએ કૂવામાં પાડી મોતને ઘાત ઉતારી દીધો (ચાણક્ય નોતિ/૧૦/૧૬) (શ્લોક-૪૮) હવે નીતિકાર બુધ્ધિ દ્વારા સત્ અસત્ નો નિર્ણય કરવાનો ઉપદશ આપે છે-

શ્લોઃ૪૯ एकया द्द विनिश्चत्य त्रींश्चतुर्भिर्वशेकुरु।

यञ्च जित्वा विदित्वा षट् सप्त हित्वासुखी भव॥

<u>શ્લોકાર્થ :</u> એક બુધ્ધિથી કર્તવ્ય અકર્તવ્યનો નિશ્ચર્ય કરી તથા રાજ નીતિના ચાર અંગો દ્વારા શત્ર-મિત્ર અને ઉદાસિનને વશમાં કરી પંચ ઇન્દ્રિયોને વશમાં કરીને રાજનીતિના છ અંગો દ્વારા સાત પ્રકારના વ્યસનોને ત્યાગ કરી સુખી થાવ.

<u>ચ.ટી. :</u> આ એકજ શ્લોકમાં વિદૂરજીએ 'ગાગરમાં સાગર' ની કહેવત યથાર્થપણે ચરિતાર્ત કરી છે. તેઓ ધૃતરાષ્ટ્રને કહે છે- એક બુધ્ધિથી કર્તવ્ય અકર્તવ્યનો નિશ્ચય કરી રાજનીતિના ચાર અંગો (સામ, દામ, દંડ અને ભેદ આ ચાર અંગો) દ્વારા ત્રણને (શત્રુ, મિત્ર અને ઉદાસિન-તટસ્થ આ ત્રણને) વશમાં કરો તથા પાંચને વશકરી (શ્રોત, ત્વક્, સરના, ઘ્રાણ, ચક્ષું આ પાંચ જ્ઞાનેન્દ્રિયને વશ કરી) તથા રાજનીતિના છ અંગો (સન્ધિ,વિગ્રહ, યાનદ્વધિભાવ, સમાશ્રય, આસન) ન જાણી તથા સાતનો ત્યાગ કરી (રાજાએ - વ્યભિચારી, ધુત, મધ, મૃગયા, કઠોર વચન, દંડની કઠોરતા, અન્યાયથી ધનનું ઉપાર્જન આ સાત વ્યસનનો ત્યાગ કરવાનું મનુ મહારાજે કહ્યું છે એ સાતનો ત્યાગ કરી) સુખી થાવ. આ બધી વસ્તુઓની જરૂરિયાત કોઇના પણ જીવનમાં આવી શકે છે તથા આના દ્વારા કોઇને પણ લાભ તથા હાનિ થઇ શકે છે એટલે વિદુરજી દ્વારા ગણાવેલી વસ્તુથી કોઇનું પણ કલ્યાણ શઇ શકે છે.

આધ્યાત્મ રીતે આનો અર્થ આ રીતે થઇ શકે છે કે એક બુધ્ધિ, વડે બે નિત્ય અને અનિત્ય વસ્તુનો નિશ્ચય કરી ત્રણ કામ, ક્રોધ અને લોભને ચાર શમ, દમ, ઉપરામ તથા શ્રધ્ધા વડે વશ કરો અને પાંચજ્ઞાને ઇન્દ્રિયોને જીતી, છ ક્ષુધા, તૃષા, શોક, મોહ, જરા તથા મૃત્યુનું સ્વરૂપ ઓળખીને, સાત પાંચ જ્ઞાનેન્દ્રિયો,' મન અને બુધ્ધિનો ત્યાગ કરી સુખ થાઓ. કહ્યુ પણ છે. 'यदा पञ्चावतिष्ठन्ते ज्ञानानि मनसासह। बुध्धिश्च न विचष्टे तमाहु: परमांगतिम्॥ અર્થાત્

જયારે પંચજ્ઞાનેન્દ્રિયો પરમાત્મા સન્મુખ મનની સાથે સારી રીતે સ્થિર થઇ જાય છે અને બુધ્ધિ પણ વિરુધ્ધ ચેષ્ટા કરતી નથી એવા પ્રકારની ઇન્દ્રિય ધારણરૂપ સ્થિતિને યોગિઓપરમગતિ કહે છે એવી સ્થિતિ પરમગતિનું સાધન હોવાથી પરમગતિ છે, (કઠોપનિષદ/૨/૩/૧૦) (શ્લોક-૪૯) હવે નીતિકાર ગુપ્ત મંત્રણઃ પ્રકાશિત થવામાં હાનિનો ઉપદેશ આપે છે-

શ્લોઃ૫૦   एकं विषरसो हन्ति शस्त्रेणकश्च वध्यते ।

सराष्ट्रं सप्रज हन्ति राजानं मन्त्र विप्लवः ॥

શ્લોકાર્થ : વિશ ભક્ષણ કરવાથી એક મનુષ્ય જ મૃત્યુ પામે છે, શસ્ત્ર દ્વારા એકની જ હત્યા થાય છે પણ મન્ત્રણા (ગુપ્તવાત) નો પ્રચાર થતા સંપૂણ રાષ્ટ્રની સાથે પ્રજા અને રાજાનો નાશ થઇ જાય છે.

ચ.ટી. : મનુષ્ય જો વિષ ભક્ષણ કરે તો તેનાથી તે એકાકી જ મૃત્યુ પામે છે પરંતુ બીજાને કોઇ ક્ષતિ થતી નથી. તેમ શસ્ત્રનો પરસ્પર ઘાત થતા એકનો જ હત્યા થાય છ પણ જો મંત્રણા (ગુપ્તવાત) નો પ્રચાર થાય તો સંપૂર્ણ રાષ્ટ્રની સાથે પ્રજા અને રાષ્ટ્રાધ્યક્ષનો પણ સંપૂર્ણ નાશ થઇ જાય છે માટે મંત્રણા કરવાનું સ્થાન સુરક્ષિત કોઇ સાંભળી ન શકે એવું અને પશુ પક્ષીના પ્રવેશથી પણ રહિત હોવું જોઇએ એવું રાજનીતિજ્ઞોએ નિશ્ચિત કરેલું છે. આ ઉપરાંત એક સ્થાન પર પર મંત્રણા ન કરવી સ્થાનો બદલતા રહેવું તથા પૂર્વ નિર્ધારિત સ્થાનને પણ બદલવાની વાત રાજનીતિજ્ઞોએ કહી છે જેથી મંત્રણાની ગોપનિયતા જળવાઇ રહે. રાજનીતિજ્ઞોએ તો ખુલ્લી જગ્યાઓમાં જ મંત્રણા કરવાની કહી છે જેથી દૂર દૂર સુધિ કોઇ ગુપ્ત રહીને મંત્રણા સાંભળતું હોય તો ખબર પડી જાય. કારણ કે કોશની (ખજાનાની) ગુપ્તતા કરતા પણ મંત્રણાની ગોપનિયતા મહત્વની હોય છે. મંત્રણાની ગોપનિયતાનો પ્રચાર થઇ જતા મહત્વના કાર્ય પણ નષ્ટ થઇ જાય છે

કહ્યું પણ છે 'मंत्र विस्त्रावी कार्यं नाशयति- ગુપ્ત મંત્રણા નો પ્રસાર થવાથી કાર્ય નષ્ટ થઇ જાય છ. (ચાણક્ય સૂઙ્ગ-૨૪) માટે જ રાજને જાણ ભેદુઓ, ગુપ્તચરો તથા ઉચ્છ્રૃંખલ મંત્રીઓથી સાધવાન રહેવાનું કહ્યું છે.

મંત્રણા પણ બે પ્રકારની છે. (૧) નજીકના ભવિષ્યમાં કાર્ય કરવાની જેમાં નજીકના સમયમાંજ કાર્ય કરવાના હોય તેના પ્રસરણની શક્યતા ઓછી હોય છે અને (૨) દૂરના ભવિષ્યની યોજના- આ મંત્રણા દૂરના ભવિષ્યને વિચારી કરાયેલી હોય છે અને તેથી આવી મંત્રણા ભંગ થવાનો સંભવ હોય છે કારણ કે દીર્ઘકાળ સુધી વાતને ગુપ્ત રાખવી કઠણ હોય છે કહ્યું પણ છે- 'प्रमादाद् द्विषता वशमुपयास्यति। પ્રમાદ કરવાથી શત્રુઓ સુધી વાત પહોંચી જાય છે. જેથી યોજના નષ્ટ થાય (ચાણક્ય સૂત્ર-૨૫) અને યોજના નષ્ટ થતા રાષ્ટ્ર સહિત પ્રજા અને રાષ્ટ્રાધ્યક્ષનો પણ નાશ થાય છે કહ્યુ પણ છે 'यो मन्त्र स्वामिनो भिधात्साचिव्ये सन्नि योजितः। सहत्वातृकार्यं तत्स्वयं च नरकं व्रजेत॥ येन यस्य कृतो भेदः सचिवेन महिपतेः। तेना शस्त्र वधस्तस्य कृत इत्याह नारदः॥ જે મંત્રીના પદપર આરૂઢ થઇ મંત્ર ભેદ કરે છે, તે રાજના કાર્યને નષ્ટ કરી સ્વયં નરકગામી થાય છે જે મંત્રીએ જે રાજાનો મંત્ર ભેદ કરી દીધે તેણે વગર શસ્ત્રે જ તેનો વધ કરી દીધો એવું નારદજીએ કહ્યું છે.' (પંચતંત્ર/મિત્રભેદ/શ્લો-૨૯૫-૨૯૬)(શ્લો-૫૦)હવે નીતિકાર બ શ્લોકથી એક પદાર્થનું વિવેચન કરી અંતે સત્યની મહત્તા બતાવે છે -

(૬) એક પદાર્થનું વિવેચન

શ્લો: ૫૧ एक स्वाद् न भुञ्जत एक श्चार्थन्न चिन्तयेत्।

एको न गच्छेदध्वानं नैकः सुप्तेषु जागृयात्॥

<u>શ્લોકાર્થ :</u> એકાકી સુસ્વાદુ ભોજન ક્યારેય ન કરવું ક્યારેય મહત્વના વિષયો પર વિચાર એકાકી ન કરવો. એકાકી માર્ગમાં ક્યારેય ન ચાલવું અને ઘણાં સૂતા હોય ત્યાં એકાકીએ જાગતા બેસવું નહિ.

<u>ચ.ટી. :</u> સ્વાદિષ્ટ ભોજનનો આનંદ એકાકી ક્યારે ન માણવો દેવતા મિતૃ, પૌષ્યવર્ગ ઇત્યાદિકને અર્પણ કરી ગ્રહણ કરવું કહ્યુ પણ છે - 'वथा कुसर संयाव पाप सापूपमेव च। ..... देवान्नानिह्वीं षि च॥ દેવતાઓ અને પિતૃઓને અર્પણ કર્યા વિના ખીર, શીરો અને માલપૂવા નહિ ખાવા જોઇએ.' (મનુસ્મૃતિ/અ-૫/શ્લો-૭)

તમે ગંભીર વિષયો પર એકાકી વિચાર ક્યારેય ન કરવો કારણ કે ક્યારેક એકાકી વિચાર કરવાથી મહત્વની ચર્ચાનો વિષય છટી જાય છે માટે આચાર્ય ચાણક્ય મંત્રણામાં એક કરતા વધારે વ્યક્તિઓના સમાવેશનો આગ્રહ રાખે છે. - 'त्रयानामेक वाक्ये सम्प्रत्ययः' (ચાણક્ય સૂત્ર-૩)

તે જ પ્રમાણે મનુષ્યે માર્ગમાં એકાકી ગમન ક્યારેય ન કરવું કારણ કે એકાકી ગમન કરવાથી મુષ્યમાં નિરશતા આવી જાય છે સમૂહમાં યાત્ર કરવાથી આનંદ મળે છે ગૌતમ ઋષિ કૃત્યુ ચિંતામણીમાં કહે છે - 'सूर्यास्तमय कालान्नाध्वानं गच्छेन्नैको न वृषलै रह न कासृत्या ग्रामं प्रविशे- સૂર્યાસ્ત પછી માર્ગે એકલા (એકાકી) ચાલવું નહિ, દુષ્ટાત્મા મનુષ્ય સાથે ચાલવું નહિ, નિંદિત અથવા ગુપ્ત માર્ગેથી ચાલવું નહિ.

આ ઉપરાંત નીતિકાર કહે છે 'ઘણા સૂતા હોય ત્યાં એકાકીએ જાગતા બેસવું નહિ.' નીતિકારની આ વાતને શુક્રાચાર્યજીએ પણ અનુમતિ આપી છે. - 'नैकः सुप्तेषु जागृयात्-અનેક લોકોની વચ્ચે એકલાએ જાણતા ન રહેવું

(શુક્રનીતિ/ ૩/૫૪) કારણ કે બધા સૂતા હોય અને એકાકી જાગ્રત રહેવાથી કોઇ લાભ નથી. (શ્લોક-૫૧)

શ્લો: ૫૨ एकमेवा द्वितीयं तद् तद् राजन् नावबुद्धयसे।

सत्यं स्वर्गस्य सोपानं पारावारस्य नैरिव॥

શ્લોકાર્થ : રાજન, સમુદ્ર ને પાર કરવો નૈકા દ્વારા જ શક્ય છે તે પ્રમાણે સ્વર્ગના સોપાન (દાદર) સ્વરૂપ સત્ય જ એકમાત્ર સાધન છે પણ તેને તમે જાણતા નથી.

ચ.ટી. : 'सत्यमेव जयते नानृतम् – સત્યનો જ જય થાય છે અસત્યનો નહિ' (મુંડકોપનિષદ્ -૩/૧/૬) પરંતુ સંસારમાં અતિશય આશક્ત ધૃતરાષ્ટ્ર જેવા દુર્બુધ્ધિ મનુષ્ય તેને જાણી શકતા નથી અન્તમાં સત્યની જ પ્રતિષ્ઠા થાય છે પણ ત્યાં સુધિમાં તો સંપૂર્ણ સમય વ્યતિત થઇ ગયો હોય છે. માટે સત્યને જ સર્વોપરિ માનીને લક્ષ્ય નિર્ધાર કરવો જોઇએ. આચાર્ય ચાણક્ય કહે છે- 'सत्य धार्यते पृथ्वी सत्ये तपते रवि:। सत्येन वाति वायुश्चसर्वं सत्ये प्रतिष्ठितम् ॥ પૃથ્વીમાં જે કંઇ સ્થિર છે તે સત્ય છે તેના આધાર પર પૃથ્વિ ટકેલી છે. સત્યથી સૂર્ય તપે છે. સત્યના બલ પર વાયુ વહે છે. બધુ સત્ય પર જ આધારિત છે. (ચાણક્ય નીતિ-૫/૧૯) વેદો પણ કહે છે- 'सत्यं बृहग्रं तमदृ दीक्षा तपो ब्रह्म यज्ञः पृथिवीं धारयन्ति। – સત્ય ઋત-પ્રાકૃતિક નિયમ, દીક્ષા, તપ, બ્રહ્મ, યજ્ઞ આ બધા પૃથ્વિને રસાતળમાં જતા રોકી રાખે છે. (અથર્વવેદ-૧૨/૧/૧) 'सत्यमे वानृशंसं च राजवृत्त सनातनम्। तस्मात् सत्यात्मकं राज्यं सत्यलोक: प्रतिष्ठित:॥ સત્યનું પાલન કરવું અને દયા કરવી એજ રાજાનો પ્રધાન ધર્મ છે, તેનો સનાતન આચાર છે. અતઃ રાજ્ય સત્ય સ્વરૂપ છે. સત્યમાં જ સંપૂર્ણ જગત પ્રતિષ્ઠિત છે. (વાલ્મિકીરામા. ૨/૧૦૯/૧૦)' 'सत्यमेवेश्वरो

लोके सत्येधर्मः सदाश्रितः। सत्य मूलानि सर्वाणि सत्यान्नास्ति परं पदम्॥ જગતમાં સત્ય જ ઇશ્વર છે, સદા સત્યના આધાર પર ધર્મની સ્થિતિ રહે છે. સત્ય બધાની જળ છે. સત્યથી બીજ કોઇ પરમ પદ નથી.' (વા. રામા. ૨/૧૦૯/૧૩) (શ્લો-૫૨) હવે નીતિકાર ત્રણ શ્લોકથી ક્ષમાનો મહિમા કહે છે.

શ્લોઃ ૫૩ एकः क्षमावतां दोषो द्वितीयो नोपपद्यते।

यदेनं क्षमया युक्त मशक्तं मन्यते जनः॥

શ્લોકાર્થ : ક્ષમાવાન પુરુષોમાં એક જ દોષ હોય છે, બીજો દોષ તેનામાં ઘટતો નથી, કેમ કે ક્ષમાવાન મનુષ્યોને લોકો અશક્ત માને છે બીજા દોષ તેમાં કોઇ દેખાતા નથી.

ચ.ટી. : 'क्षमा विरस्य भूषणम् - ક્ષમા શૂરવિરોનું ભૂષણ છે, - ' न तितिक्षा सममस्ति साधनम्- તિતિક્ષા- સહન શક્તિ સમાન બીજ સાધન નથી' આ સહન શક્તિ નિર્બળનું બળ અને બળવાનોનું ભૂષણ છે. આ તિતિક્ષાના બળ પર જ મોટા મોટા અને ક્રુર સત્વો પર પણ વિજય પમાય છે. આ સમ્બન્ધમાં પરમ રસિક એવા મહાકવિ જયદેવજી ના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. જેથી આ વિષય યથાર્થ રીતે જાણી શકાશે. વાત એવી હતી કે જયદેવ કવિ ભગવાનશ્રી કૃષ્ણના અનન્ય ભક્ત હતા. તેમન પત્નિ પદ્માવતિ પણ પતિવ્રતાના ધર્મને પાળતા થકા જયદેવજીની જેમ જ અનન્યભાવે ભગવાનનું સ્મરણ કરતા હતા. એક સમય તેઓ પોતાની પત્નીને 'કેન્દુબિલ્વ' નામના પોતાના ગામાં છોડી પોતે એકાકી તીર્થ યાત્રા કરવા નિકળા પોતે વેદવેદાંગના પારગામિ વિદ્ધાન હોવાથી એક રાજાએ તેમનું ઘણું સન્માન કરી કેટલાક મહિના પોતાને ત્યાં રાખ્યા અને ચાલતા સમયે તેઓની ઇચ્છા ન હતી છતાય રાજાએ

તેઓને ઘણું ધન પ્રદાન કર્યું. ધનને લઇ જયદેવજી પોતાના ગામ આવતા હતા. માર્ગમાં કેટલા ડાકુઓએ જયદવ પર આક્રમણ કરી તેનું સમસ્ત ધન લૂંટી તેમના હાથ પણ કાપી નાખી તેમને એક અંધારિયા કૂવામાં ફેંકી દીધા. જયદેવજી તો આને પણ ભગવાનનું પરમ મંગલ વિધાન માની કૂવામાં રહ્યા થકા ઉચ્ચ સ્વરે ભગવાનનું કિર્તન કરવા લાગ્યા. થોડા સમય પછી ત્યાંથી ગૌડ દેશના રાજા લક્ષ્મણ સેનાજીની સવારી પસાર થઇ. કૂવામાંથી ભગવાનના કીર્તનની ધ્વનિ સાંભળી રાજાએ સેવકોને તપાસ કરવા કહ્યું. સેવકોએ પરિશ્રમ કરી જયદેવને કૂવામાંથી બહાર કાઢયા અને તેઓ જયદેવજીને પોતાની સાથે ગોડ દેશ લઇ ગયા અને ત્યાં તેઓનો ઇલાજ કરાવ્યો.

શ્રી જયદેવજીની વિદ્વત્તા અને તેમના શ્રીકૃષ્ણ પ્રેમનો પરિચય પ્રાપ્ત કરી રાજાને ઘણી પ્રસન્નતા થઇ અને તેમના લોકોત્તર ગુણોને જોઇ તેઓ જયદેવના શિષ્ય થઇ ગયા. રાજાએ હાથપગ કાપનારા દસ્યુ લોકોના નામ તથા આકૃતિ પૂછી. જયદેવ નામ સરનામુ તો જાણતા ન હતા તેઓની આકૃતિનું વર્ણન પણ એટલે માટે ન કર્યું કે કદાચ રાજકર્મચારી તેઓને પકડી તેઓનું તાડન કરશે. ચિકિત્સાથી જયદેવના ઘાવ રુઝાઇ ગયા. રાજાએ તેઓને પોતાની પંચરત્ન સભાના પ્રધાન બનાવી દધી અને સર્વાધ્યક્ષતાનો સમ્પૂર્ણ ભાર તેઓને સોંપી દીધો. થોડા દિવસ પછી તેમના પત્ની પદ્માવતી પણ શ્રી રાધામાધવની યુગલ મૂર્તિને લઇ પતિની પાસે ચાલી આવ્યા. રાજા બધી રીતે ધનાદિ અર્પણ કરી જયદેવજીનું સન્માન કરવા ઇચ્છતા હતા. પરંતુ ધન-માનના વિતરાગી જયદેવ કેવલ સામાન્ય ખર્ચ સિવાય કંઇપણ ગ્રહણ કરતા નહી. એક સમયે રાજમહેલમાં કોઇ મહોત્વ હતો. તેમાં પ્રસાદ ગ્રહણ કરવા હજારો દરિદ્ર ભુક્ષુકો, અતિથિ, બ્રાહ્મણો, સાધુ આદિ આવેલા હતા તેમાં કાળ વિપરિત ચાલતો હોવાથી પેતા ચાર

ડાકુઓ જેણે જયદેવજીના હાથપગ કાપી અંધારિયા કૂવામાં નાંખી દીધા હતા તેઓ પણ સાધુનો વેશ ધારી આવેલા હતા. ડાકુઓને ક્યાં ખબર હતી કે અમોએ જેને મૃત સમઝેલા તે જ અહિ સર્વાધિક્ષ છે. ડાકુઓએ દૂરથી જ જયદેવજીને જોયા અને તેઓને હાથપગથી રહિત જોઇ તેઓ શીઘ્ર તેઓને ઓળખી ગયા. તેઓ જયદેવ થકી ભય પામી ત્યાંથી પલાયન થવા જતા હતા, તેવા જ જયદેવજીની દૃષ્ટિ તેમના પર પડી ક્ષમા શિલ જયદેવ તો તેઓને જોતાજ એવા આનંદમાં આવી ગયા કે જાણે ઘણા દિવસેના એકબીજાથી દૂર થયેલા બન્ધુઓ એકબીજાને જોઇ આનંદ પામે છે. જયદેવજી મનોમન વિચારવા લાગ્યા આ લોકોને ધનની આવશ્યકતા હશે. રાજા અમોને નિત્ય ધન લેવા માટે પ્રાર્થના કરે છે, આજે આ લોકોને કંઇ ધન અપાવી દઇએ તો તેઓને ઘણો સંતોષ થશે.'

જયદેવજીએ રાજાને 'રાજન્ અમારા કેટલાક પૂર્વના મિત્રો આવેલા છે, તો કૃપા કરી આપ તેઓને થોડુ ધન પ્રદાન કરો. જયદેવજીને કહેવાની વાર હતી, રાજાએ પેલા ચાર સાધ્ બનેલા ડાકુઓને પોતાની સમિપ બોલાવ્યા અને તેમની ઇચ્છા મુજબ તેઓને ઘણુ ધન અર્પણ કરી ભોજન આદીથી તૃપ્ત કરી પ્રેમ પૂર્વક વિદાય કર્યા, ધનનો ભાર વધુ હોવાથી જયદેવજીએ માર્ગમાં તેઓની સુરક્ષા માટે એક ડરોગાનો સાથે ચાર સિપાઇઓ મોકલ્યા માર્ગમાં ડરોગાએ આટલુ ધન આપવાનું કારણ પુછયું. ત્યારે પેલા પાપ બુધ્ધિ ડાકુઓએ ઇશ્વરના ન્યાય અને ભયને ભૂલાવી કહ્યું ''ડારોગાજી! તમારા આ અધ્યક્ષ જયદેવજી અને અમો બધા એક રાજ્યમાં સાથે કાર્ય કરતા હતા અમો ચાર અધ્યક્ષ હતા અને જયદેવ અમારી આજ્ઞા નીચે કાર્ય કરતો હતો, એક દીવસ આ જયદેવે એવું દુષ્કર્મ કયું જેને લઇ રાજાએ આનો શિરોચ્છેદ કરવાની અમોને આજ્ઞા આપી , પરંતુ તે સમયે અમોએ દયા કરી આને બચાવી લીધો અને તેના હાથ-પગ કપાવી છોડી

મૂક્યો. અમે કદાચ એનો ભેદ પ્રગટ કરી ન દઇએ એટલે માટે ભયથી વિહવળ થઇ અમોને તેણે આટલું ધન આપ્યું છે.

આ ચારેય દુષ્ટો આટલુ જ બોલતા ધરતી ફાટી ગઇ અને તે ચારેય જીવતા તેમાં દતાઇ ગયા. રાજ કર્મચારી તો આ જોઇ આશ્ચર્ય પામ્યા અને બધુ ધન લઇ રાજા પાસે આવ્યા અને તેમને બધી વાત રાજાને કરી રાજાએ જયદેવજીને બોલાવી બધી વાત કરી. એટલામાં એક આશ્ચર્યકારી ઘટના બની, જયદેવજીના કપાયેલા હાથપગ પુનઃ જેવા હતા તેવા થઇ ગયા. (ભક્ત ચરિત્રાંક/પૃષ્ઠ-૪૮૮ થી ૪૯૦). અહી આ જયદેવજીના ચરિત્રમા જયદેવજીની ક્ષમાના દર્શન થાય છે, જયદેવજી ઇચ્છતે તો પેલા સાધુ બનેલા ચારેય ડાકૂઓ જેણે તેઓના હાથપગ કાપી નાંખેલા તેને રાજા પાસે સજા અપાવી શકતે પમ તેણે તેઓના અપરાધને ક્ષમા કર્યા પણ જયદેવજીના આ ક્ષમાગુણને પણ પેલા ડાકૂ તેમની નિર્બળતા સમજતા હતા અને તેને લઇ રાજકર્મચારીઓ પાસે નિર્દોષ જયદેવના દોષો કહેતા હતા. તેઓના આ અપરાધની સજા, તેઓને પ્રાપ્ત થઇ ગઇ. ક્ષમાવંતાના મહિમા વર્ણવતા નિષ્કુળાનંદ સ્વામી કહે છે. 'એવા ક્ષમાવાન કોણ હોય, સાચા જન તેને જાણિએ, ખરી ક્ષમા રાખે મનમાં' (ધિરજાખ્યાન-કડવું/૫૯-૬૦) 'ક્ષમવંત સન્ત અસંખ્ય સુખ ભોગવે, પામે દુઃખ ક્ષમાની ખોટવાળા, સોનુ રૂપ જેમ સહે ઘણા ઘાવનેરે જોઇને કાચને વળી રખવાલા, રૂપા સોનાના ભૂષણ સહ્યેરી ફરે, તે તો અંગે અંગમાં શોભા આપે, કાચ ભાંગે તો કામ આવે નહિરે, કટકા કોઇનું તન કાપે.' (ધિરજાખ્યાન/ પદ-૧૫/૧-૨) અહીં નીતિકાર ધૃતરાષ્ટ્રને ગૂઢાર્થમાં સંકેત કરે છે કે તમો પણ ક્ષમાના મૂર્તિમાન સ્વરૂપ યુધિષ્ઠિરને અશક્ત માનો છો અને વારંવાર તેઓનું અનિષ્ટ કરવા પ્રવૃત્તિ થાવ છો પણ યુધિષ્ટિર ક્ષમા રૂપી ધર્મને આસરેલા હોવાથી તમારો અપરાધ તે સહન કરે છે. (શ્લો-૫૩)

શ્લોઃ ૫૪ सोऽस्य दोषो न मन्तव्यः क्षमा हि परंबलम्।

क्षमा गुणो ह्यशक्तानां शक्तानां भूषणं क्षमा॥

શ્લોકાર્થ : પરંતુ ક્ષમાવાન્ (ઉપરના શ્લોકમાં કહેલો જે લોકો ક્ષમા આપવાથી તેને અશક્ત માને છે) ની ક્ષમાને દોષ ન માનવો જોઇએ કારણ ક્ષમા અસમર્થનું બળ અને સમર્થનું ભૂષણ છે.

ચ.ટી. : ઉપર કહ્યા પ્રમાણે બધાને જ ક્ષમા આપવી એ તેનો દોષ નથી. શા માટે? એટલા માટે કે દુર્બળ હોય અને તેનું શક્તિમાન કંઇક અનિષ્ટ કરે તો દુર્બળ હોવાથી તે બળવાનનું કંઇ અનિષ્ટ કરી શકતા નથી. એટલે ઔપચારિક રીતે તેણે બળશાળીને ક્ષમા આપી પણ વાસ્તવિક રીતે નહિ. અર્થાત્ બલવાનનો સામનો નહિ કરી શકવાને કારણે દુર્બળને માટે ક્ષમા બળરૂપ છે. પરંતુ સામર્થ્યવાનનો કોઇ દુબળ અપરાધ કરે અને છતા તે તેને ક્ષમા આપે તો તેને માટે ક્ષમા એ ભૂષણરૂપ છે આ સમ્બન્ધમાં એક બે દ્રષ્ટાંતો અવલોકન કરવા યોગ્ય છે.

એક સમયે મુક્તાનંદ સ્વામી અમદાવાદ જઇને શહેર બહાર ઉતર્યા, સાથે બીજા ઘણા સંતો હતા, હંમેશા કરાતી કથા વાર્તા સાંભળવા ઘણા શહેરના મુમુક્ષું લોકો આવતા અને મતપંથનો ત્યાગ કરીને સત્સંગી થયા. આ જોઇને બળી ઉઠેલા મત્સરી ભેખધારીઓએ ભેગા થઇને વિચાર કર્યો જે સ્વામિનારાયણના સાધુઓ આપણા શિષ્યોને સમઝાવીને વાળી લે છે, માટે એમાં જે મોટા મોટા અધિકારી મુક્તાનંદાદિ છે તમને પ્રથમ મરાવી નાખીએ તો નચિંત સુખી થઇએ. પછી મુક્ત મુનિને પ્રસાદીના મિષથી હલાહલ વિષ આપ્યું. પરંતુ શ્રી હરિએ રક્ષા કરી જે તે પ્રસાદી મુખમાંજ મુકી નહિ. જેનો સ્પર્શ થવા માત્રથી દેહ રહે નહિ એવું આકરૂ ઝેર ચંદનમાં ઘસેલું હતુ તે મુનિના અંગમાં ચર્ચ્યું. તેમાં પણ ભગવાને

સહાય કરવાથી કશી આચ આવી નહિ. પરંતુ જે અર્ચનાર હતો તેના હાથની ખાલ ઉતરી ગઇ અને જેણે નજરે જોયું હતુ તેના નેત્રનું તેજ ક્ષીણ થઇ ગયું (ભક્ત ચિંતામણી/પ્ર. ૧૩૫) બીજો પણ એક પ્રસંગ તેમના જીવનનો નિહાળવા યોગ્ય છે વાત એમ હતી કે એક સમયે સ્વામી ચાલિસ જેટલા સંતોને લઇ વિચરણ કરતા હતા અને ફરતા ફરતા તેઓ ધાંગધ્રા પધાર્યા. આ ધાંગધ્રામાં ભેખધારીઓનો ઘણો ઉપદ્રવ અને તેઓ બધા સ્વામિનારાયણના સંતો પ્રત્યે તો વિશેષ દ્વેષ ધરાવતા. સંતો ધાંગધ્રા ના માર્ગ પર જતા હતા ત્યાં સામેથી બે ભેખધારી પોતાના હસ્તમાં લાકડી, તલવાર, ચિપીઓ વિગેરે હથિયાર ધારીને આવતા હતા સંતો તો કોઇપણ જાતના ભય વગર નિર્ભય થઇને આગળ વધ્યા ત્યારે આ બન્ને જણા સમિપ આવી કંઇપણ વાક વગર સંતો પર લાઠી વરસાવવા લાગ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામી તેઓ પ્રત્યે બોલ્યા ‘ભાઇ, આ સંતોને શા માટે મારો છો, આ બધામાં મુખ્ય અમે છીએ તમારે મારવા હોય તો અમને મારો.’ સ્વામીની વાત સાંભળી પેલાએ ભેખદારી અન્ય સંતોને મૂકી મુક્તાનંદ સ્વામીની તાડિત કરવા લાગ્યા અને એટલા માર્યા કે સ્વામી લોહી-લુહાણ થઇ ગયા. ત્યારે સ્વામીની સાથે દેવીવાળા મગ્નિ રામ-અદ્વૈતાનંદ નામના સંત પણ હતા તેઓ સ્વામી પાસે આવ્યા અને બોલ્યા ‘સ્વામી હજ પણ તાંત્રિક મંત્ર ભૂલેલો નથી કેવલ તમો હા પાડો તો આ બન્નેના માથા એકબીજા સાથે ભટકાવી યમાલયમાં મોકલી આપું, ત્યારે ક્ષમાની મૂર્તિ એવા મુક્ત મુનિ એ ના પાડી . તે પછી સ્વામીના મંડળમાં એક સંત હતા તેઓ પેલા ભેખધારીઓ પ્રત્યે બોલ્યા ‘બાવાજી, આ તમારા હથિયારો જે નીચે મૂકેલા છે એ અહીંથી લઇ લો, કારણ કે આ મંડળીમાં કેટલાક ક્ષત્રિણ વર્ણના છે. તેઓ જો તેઓના ધર્મનું પાલન કરવા તૈયર થઇ જશે તો તમારા માથા કાપી નાંખશે’ સંતની વાત સાંભળી પેલા બે જણા તો

પલાયન થઇ ગયા. ત્યારે સંતોએ સ્વામીને ઉભા કર્યા. આ પ્રમાણે માર મારવા છતા ક્ષમાની મૂર્તિ એવા સ્વામીના મનમાં તેઓ પ્રત્યે કોઇ દુર્ભાવ પણ ન હતો. મંજ કેશાનંદ સ્વામી મંજદેશાનંદ કાવ્યમાં આવેલ નંદમાળા નામના ગ્રંથમાં મુક્તાનંદ સ્વામીના પૂર્ણ જન્મનો ઉલ્લેખ કરતા કહે છે 'મોટા મુક્તાનંદ સ્વામી બુધ્ધિવાન, કવિને તપસ્વી હૃદયે હરિધ્યાન । ત્યાગ્યું તન સુખ પ્રેમી અતિપુરા, સદાહરિભક્ત કર્યાશિરા ॥ નારદમુનિ આપે ધરી અવતાર, મુક્તાનંદ નામે થયા નિરધાર । (ચોપાઇ-૯) આમ મુક્તાનંદ સ્વામીએ સાક્ષાત નારદજીનો અવતાર હોઇ પૂર્વજન્મની જ તપસ્યાદિથી પરિપૂર્ણ હતા જેઓ એક સંકલ્પમાત્રથી આ બે ભેખદારીને નલ કૂબેરની જેમ શાપ આપી જડવૃક્ષ બનાવી શકતે પણ ક્ષમાની મૂર્તિ તેઓને ભેખધારીનો માર પણ સહન કર્યો અને તેઓને મનોમન ક્ષમા આપી માટે સમર્થ માટે ક્ષમાએ ભૂષણરૂપ છે એ યોગ્ય જ છે તે તેમના ચરિત્ર પરથી દૃષ્ટિગોચર થાય છે માટે જ ભુર્તહરિ કહે છે 'क्षन्तिश्चे त्कवचेन किं किमरिभि: । જો મનુષ્ય પાસે ક્ષમા જ છે તો કવચની શું આવશ્યકતા? (શ્લો-૨૧) (શ્લો-૫૪)

શ્લોઃ ૫૫ क्षमा वशी कृतिर्लोके क्षमया किं न साध्यते।

शान्तिखड्गः करे यस्य किं करिष्यति दुर्जनः ॥

શ્લોકાર્થ : લોમાં ક્ષમા બધાને વશ કરે છે. ક્ષમા દ્વારા કઇ વસ્તુ સિધ્ધ થતી નથી? જેના હસ્તમાં શાંતિ રૂપી ખડગ છે તેનું દુર્જન શું કરી શકવાના?

ચ.ટી. : ક્ષમા એક એવું અપૂર્વ અસ્ત્ર છે જેના દ્વારા મનુષ્યના બધાજ કાર્યની સિધ્ધિ થઇ શકે છે. ક્ષમા રૂપી અસ્ત્ર દિર્ગકાલીન શત્રુને પણ દુર્બળ બનાવી દે છે આ સમ્બન્ધમાં મહાભારતમાં આવતું વશિષ્ટ અને વિશ્વામિત્રનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે.

ગાધીપુત્ર કૌશિક વિશ્વમિત્ર પોતાના પિતા વનમાં ગયા બાદ ધરાતલના એક ચક્રી શાસક થયા એક સમયે તેઓ વનમાં પોતાની ચતુરંગી સેના સાથ આખટ કરવા પધારેલા અને ફરતા ફરતા તેઓ પોતાના સંપૂર્ણ સૈન્ય, આમાત્ય ઇત્યાદિ સાથે મહર્ષિ વશિષ્ટ ઋષિના આશ્રમમાં પધાર્યા વશિષ્ટ ઋષિના આશ્રમમાં કામધેનું ગાય બિરાજતી હોવાથી તેઓએ ગાધીનંદનનું રાજ રીતિ અનુસાર આતિથ્ય સત્કાર કર્યું. વિશ્વામિત્રજી તો વસિષ્ટ જી નો વૈભવ જોઇ આશ્ચર્ય ચકિત થઇ ગયા પોતાના ગુપ્તચરો દ્વારા તપાસ કરાવતા ખબર પડી કે વસિષ્ટ ઋષિના આશ્રમમાં કામધેનું ગાય છે તેનો આ બધો પ્રતાપ છે. ગાંધિનંદન વિનિત ભાવે વશિષ્ટ ઋષિ પાસે આવ્યા અને તેમની પાસે કામધેનું ની યાચના કરવા લાગ્યા અને બદલામાં ધરાતલનું સંપૂર્ણ રાજપાટ આપવા તૈયાર થયા પરંતુ વશિષ્ટજી એ કહેયું 'રાજન્ આ અમારી હોમધેનું છે આનાતી અમારી સમસ્ત યજ્ઞ ક્રિયા સંપાદિત થાય છે. માટે અમને ક્ષમા કરો. .

વશિષ્ટ ઋષિની વાત સાંભળી વિશ્વામિત્રે પોતાના સેવકોને આજ્ઞા કરી કે 'કામધેનુ ને પોતાના રાજ્યમાં લઇ જાવ.' સ્વામીની આજ્ઞા થતાં, સેવકો કામધેનુ ને બળજબરીથી ખેચીને લઇ જવા લાગ્યા. કામધેનું કાતર નેત્રોથી વશિષ્ટજી ને રક્ષા માટે પોકારવા લાગી પરંતુ અહિંસા ધર્મને આશ્રેલા વશિષ્ટજીએ પોતાની અસસમર્થતા બતાવી અને કામધેનુ ને પોતાની રક્ષા સ્વયંમ જ કરવા વિનંતિ કરી. વશિષ્ટજી ની વિનંતી સાંભળી કામધેનું એ સંકલ્પ કરતા જ આ શ્રીઅંગમાંતી ખસ, યવન, પુલકશ ઇત્યાતિ જાતિના હજારો હજાર યોધ્ધા પ્રગટ કર્યા. જેઓએ જઇ વિશ્વામિત્રની સમસ્ત સેનાને કાળ ના મુખમાં હોમી દીઢી. આ પ્રમાણે પોતાના પરાજયથી હતાશ થયેલા વિશ્વામિત્ર ત્યાંથી પોતાના રાજ્યમાં પરત જવાને બદલે 'તપસ્યા દ્વારા દિવ્યાસ્ત્રો પ્રાપ્ત કરી વશિષ્ટ ને પરાજિત

કરવા' એમ મનોમન નક્કિ કરી વનમાં આવ્યા અને તેઓ ભગવાન શિવને ઉદ્દેશી ઘોર તપસ્યામાં લીન થઇ ગયા ઘણા વર્ષોની ઉગ્ર તપસ્યા બાદ જ્યારે ભગવાન શંકર તેની સન્મુખ પ્રગટ થયા ત્યારે ગાંધી નંદન તેઓના ચરણોમાં પડી ગયા અને પ્રભુ પાસે દિવ્યાસ્ત્રોની માંગણી કરી. ભગવાન શંકરે પણ પોતા પાસે જે અસ્ત્રો શસ્ત્રો હતા તે તેઓને પ્રદાન કર્યા અને તેને ધારણ કરી ગાંધી નંદન વશિષ્ટ ઋષિના આશ્રમ પર આવ્યા અને તેમને યુધ્ધ માટે ચુનોતિ આપી ત્યારે વશિષ્ટજી ગાંધી નંદનનો અહંકાર દૂર કરવા કેવલ એક દંડ ધારણ કરી તેઓ પાસે ઉપસ્થિત થયા.

તદન્તર ગાંધી નંદન અને વશિષ્ટજી વચ્ચે યુધ્ધનો પ્રારંભ થયો વિશ્વામિત્રજી જે જે અસ્ત્રનો પ્રયોગ કરે તે બધા જ અસ્ત્રને વશિષ્ટજી કેવલ એક દંડથી નિવારણ કરી દેતા. અંતે જ્યારે વિશ્વામિત્રના બધા અસ્ત્ર સમાપ્ત થઇ ગયા ત્યારે તેઓ હતાસ થઇ બ્રહ્મબળની શ્રષ્ઠતા અને ક્ષત્રિય બળની કનિષ્ટતાને વિચારતા મનોમન બ્રહ્મત્વ પ્રાપ્ત કરવાનો નિશ્ચય કરી યુધ્ધથી નિવૃત્ત થઇ વનમાં આવ્યા અને અતિઘોર તપસ્યામાં લીન થઇ ગયા. તેઓના માર્ગમાં એક બે વિઘ્નો પણ આવ્યા પણ તેઓ પોતાના લક્ષ્યથી વચિલિત ન થયા અને અંતે બ્રહ્માજી એ પ્રગટ થઇ તેઓને બ્રાહ્મણ બ્રહ્મર્ષિ ઘોષિત કર્યા. પરંતુ તેઓનો અહંકાર નિવૃત્ત થયો ન હોવાથી વશિષ્ટ તેઓનો રાજર્ષિ તરીકે જ સંબોધતા હતા. જેથી વિશ્વામિત્ર ક્રોધિત થયા અને તેમણે વશિષ્ટજીના સો પુત્રોને એક રાક્ષસ દ્વારા મરાવી નંખાવ્યા. વશિષ્ટજી બધુ જાણવા છતા પણ શાન્ત રહ્યા. ત્યારે વિશ્વામિત્રજી 'હું વશિષ્ટજીને જ મોતને ઘાત ઉતારી દઇસ.' એમ તેઓ પ્રતિહિંસાની સિમા સુધી પહોંચી ગયા. સન્મુખ આક્રમણ કરી કેટલીયએ વખત વિશ્વામિત્રજી પરાજિત થઇ ચૂકેલા હતા. એટલે રાત્રિને વિશે અસ્ત્ર શસ્ત્ર લઇને

વશિષ્ટજીના આશ્રમ માં આવ્યા અને કોઇ જોઇ ન લે એ રીતે આશ્રમમાં પ્રવેશી વશિષ્ટજીની પર્ણકૂટિની પાછળ આવી ઉભા રહ્યા.

પૂર્ણિમાની રાત્રિ, નિર્મળગગન, શુભ્ર જ્યોત્સનાનો વિસ્તર, કુસુમિત કાનન, પ્રકૃતિ શાન્ત થઇ રહી હતી. મહર્ષિ વશિષ્ટ પોતાની પત્ની અરૂન્ધતિ સાથે પર્ણકૂટિની બહાર એક વેદિકા પર બિરાજમાન હતા. 'કેટલી સ્વચ્છનિર્મળ જ્યોત્સના છે' અરૂન્ધતીજી બોલ્યા, 'આ ચન્દ્રિકા દિશાઓને એજ પ્રકારે ઉજ્જવલ કરી રહી છે, જે પ્રમાણે હમણા વિશ્વમિત્રજીની તપસ્યાનું તેજ, ઘણી સાન્ત અને મધુરવાણીમાં વશિષ્ટજી બોલ્યા 'વિશ્વામિત્રની તપસ્યાનું તેજ' પર્ણકૂટિની પાછળ છૂપાયેલ મનુષ્ય સ્તબ્ધ થઇ ગયો. 'એકાન્તમાં પોતાની પત્નીને પોતાના જ શત્રુનો મહિમા એજ સત્ય દ્વારા પ્રગટ કરી રહ્યા છે માટે આ તો મહાત્મા અને તેની જ હસ્તાનો સંકલ્પ લઇ રાત્રિમાં ચોરની જેમ છૂપાઇને આવનારો હું પુરૂષાધમ'

મહાત્માના હ્રદયનો પરિચર મળતા જ પ્રતિહિંસા પૂર્ણ હ્રદયમાં પરિવર્તન થયું. વિશ્વામિત્ર અસ્ત્ર શસ્ત્ર ફેકી દોડતા આવ્યા અને વિશષ્ટના ચરણમાં પડી ગયા. મહર્ષિ વશિષ્ટજી વેદી પરથી ઉભા થયા અને પોતાના ચરણમાં પડેલા વ્યક્તિને ઉભા થવા કહ્યું મહર્ષિ વિશ્વામિત્ર પોતાના અપરાધ માટે ક્ષમા માંગતા હતા વશિષ્ટજી વિશ્વામિત્ર સ્વરને ઓળખી ગયા અને પોતાના ચરણમાં પડેલા વિશ્વામિત્રને પોતાના બાહુથી ઉઠાવતા થકા બોલ્યા 'ઉભા થાવ બ્રહ્મર્ષિ' આજે વિશ્વામિત્રે શસ્ત્રનો ત્યાગ કર્યો, તેમનો અહંકાર સમાપ્ત થઇ ગયો તેઓ વાસ્તમાં હવે બ્રહ્મર્ષિ થઇ ગયા.

આમ અહીં આ ચરિત્રમાં પણ પોતાના સો પુત્રોના હત્યા કરનારા વિશ્વામિત્રને ક્ષમા કરનારા વશિષ્ટજીન પોતાના દીર્ઘકાલિન શત્રુ પણ વશ થઇ

ગયા માટે જ યુધિષ્ઠિર મહારાજ દ્રોપદીજી ને કહે છે 'क्षमा धर्मः क्षमा यज्ञः क्षमा वेदाः क्षमा श्रुतम्। य एवदेवं जानानि सर्वं क्षन्तुमर्हति॥ – ક્ષમા ધર્મ છે, ક્ષમા જ યજ્ઞ છે, ક્ષમા વેદ છે, ક્ષમા શાસ્ત્ર છે આ પ્રમાણે ક્ષમાના સ્વરૂપને જાણવાવાળો બધાને ક્ષમા જ કરે છે. (મહા/વન/૨૯/૩૬) क्षमा ब्रह्म क्षमा सत्यं क्षमाभूतं च भावि च। क्षमा तपःक्षमा शौचं क्षमायेदं धृतं जगत्। ક્ષમા બ્રહ્મ છે, ક્ષમા ભૂત છે, ભવિષ્ય છે, તપ, શૌચ, સત્ય બધુ ક્ષમા છે. આમ સમસ્ત જગતને ક્ષમાએ જ ધારણ કરેલું છે.' (મહા/વન/૨૯/૩૭) क्षमा तेजस्विनां तेजः क्षमा ब्रह्म तपस्विनाम्। क्षमां सत्त्वं सत्यवतां क्षमा यज्ञाः क्षमा समः॥ तां क्षमां तादृशीं कृष्णे कषम स्मद्विधस्त्यजेत्। यस्यां ब्रह्म च सत्यं च यज्ञा लौकाश्च धिष्ठिताः॥ क्षन्तव्यमेव सततं पुरूकण विजानता। यदाहि क्षमते सर्वं ब्रह्म सम्यद्यते पदा॥ તેજસ્વિઓનું તેજ, તપસ્વિઓનું બ્રહ્મ, સત્યવાદિઓનું સત્ય, યાજ્ઞિકોનું યજ્ઞ તથા મનને વશમાં કરવાવાળાની શાંતિ પણ ક્ષમા છે. જે ક્ષમાના બળ પર સત્ય, બ્રહ્મ, યજ્ઞ, પવિત્ર લોક સ્થિત છે તે ક્ષમાને હું કેવી રીતે ત્યાગ કરૂ. તપસ્વિઓ, જ્ઞાનિઓ, કર્મિઓને જે ગતિ મળે છે તેનાથી પણ ઉત્તમ ગતિ ક્ષમાવાળાને મળે છે. જે બધી રીતે ક્ષમાને ધારણ કરે છે તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે માટે બધાએ હંમેશા ક્ષમાશિલ બનવું જોઇએ. (મહાભારત/વન/અ.૨૯/ ૪૦ થી ૪૨. આ પ્રમાણે ક્ષમાનો મહિમાં કહ્યો.) (શ્લો-૫૫)

આ પ્રમાણે ક્ષમાવાળાનો મહિમા કહ્યા બાદ હવે નીતિકાર વિદૂરજી ક્ષમા રહિત મનુષ્યની વાત કરતા ધૃતરાષ્ટ્રને કહે છે -

શ્લોઃ ૫૬ अतृणे पतितो वह्नि स्वयमेवो पशाम्यति।

अक्षमावान् परं दोषैरात्मानं चैव योजयेत्॥

શ્લોકાર્થ : જેમ ઘાસ વગરના સ્થાનમાં પ્રજ્વાલિત થયેલો અગ્નિ શિઘ્ર જ શાંત થઇ જાય છે. તેમ ક્ષમા રહિત પુરૂષ બીજાને અને પોતાને પણ દોષનો ભાગી બનાવે છે.

ચ.ટી. : જેમ અગ્નિ સતત પ્રજ્વલિત રહે એટલે માટે કાષ્ટ તથા તૃણની (ઘાસની) આવશ્યકતા હોય છે તેના આભાવમાં તે શાંત ઇ જાય છે. તેમ ક્ષમાવાન મનુષ્યની સમિપ દુર્જનનો ક્રોધ પણ આપમેળે શાંત થઇ જાય છે. કારણ કે તેના ક્રોધ રૂપી અગ્નિ પર ક્ષમા રૂપી જલનું સિંચન થવાથી ક્રોધ શાંત થઇ જાય છે પરંતુ ક્ષમા રહિત મનુષ્ય તો પોતે તો કષ્ટનો ભાગી થાય છે. પણ પોતાની સાથે રહેલા બધાને જ દોષના ભાગી બનાવે છે. આવા મનુષ્યો અંતે અપાર કષ્ટનો અનુભવ કરે છે જેમ દુર્યોધન અને દક્ષ પ્રજાપતિએ કરલો.

વાત એવી હતી દુર્યોધન આદી દુષ્ટોએ પાંડવ ભાઇઓમા મધ્યમ પાંડવ ભીમસેનને વિષ આપી મોતને ઘાત ઉતારી દેવાનો પ્રયાસ કર્યો, ભીમસેનની શૈયા પર વિષધર સર્પ છોડયો માતા કુંતા સહિત બધા ભાઇઓને લાક્ષાગૃહમાં જીવતા બાળી નાખવાનો પ્રયાસ કર્યો છતાં પાંડવો ક્ષમા રૂપી ધર્મને આશ્રેલા હોય દુર્યોધન આદીના બધા અપરાધ તેઓએ ક્ષમા કરેલા. પરંતુ રાજસૂર્ય યજ્ઞમાં ભીમસેન બોલે છે 'धृतराष्ट्रात्मज-धृतराष्ट्र पुत्र અર્થાત્ અંધના તો અંધ જ (મહા/સભા/૫/૩૫)

ભીમસેનની આ વાણી દુર્યોધન હૃદયને વિદિર્ણ કરી દે છે અને પછી દ્યુત ક્રિડામાં તે પાંડવોનું બધ્ પડાવી લે છે, દ્રૌપદી નું માન મર્દન કરી બધાને વનમાં મોકલો દે છે અને વનવાસ બાદ પણ તે પાંડવોને તેનો દાય ભાગ આપવાની સ્પષ્ટ મનાઇ કરે છે અને પછી કુરૂક્ષેત્રના મેદાનમાં બન્ને પક્ષો વચ્ચે ભયંકર યુધ્ધ થયું અને તેમાં દુર્યોધન સહિત તેના બધા સમ્બન્ધિઓ કાળના મુખમાં જતા

રહ્યા. જો દુર્યોધન પાંડવોની જેમ ક્ષમાવ્રતને અપનાવતે તો તેના સમ્બન્ધિઓ સહિત તેનો આ પ્રમાણે અંત ન આવતે પણ તેના શબ્દ કોષમાં ક્ષમા નામનો શબ્દ જ ન હતો. જેને લઇ તેણે ગંગા પુત્ર ભિષ્મ સહિત બધાને દોષના ભાગી બનાવ્યા.

બીજો પ્રસંગ દક્ષ પ્રજાપતિનો છે. જેમ દક્ષ પ્રજાપતિ બ્રહ્માજીની સભામાં પધાર્યા અને તેના સન્માનમાં બધા દેવો પોતાના સ્થાન પરથી ઉભા થઇ તેને આદર આપતા હતા પરંતુ બ્રહ્માજી તેના પિતા હોવાથી અને ભગવાન શંકર શ્રીમન્નારાયણના ધ્યાનમાં લીન હોવાથો તેઓ તેનો આદાર ન કરી શક્યા. જેને લઇ દક્ષઆમાં પોતાનું અપમાન જોતો હતો અને તેને લઇ દક્ષે શિવજીને ન કહેવાના વચન કહ્યા અને તેમનો યજ્ઞમાંથી ભાગ શુધ્ધા કાઢી નાંખ્યો છતાં પણ ભગવાન શંકરના મુખ પર તે બાબતનો કોઇ શોક ન હતો તેઓએ દક્ષના આ અપરાધની સામું કંઇ ધ્યાન આપ્યુ નહી અને તેઓ ત્યાંથી શ્રીહરિનું સ્મરણ કરતા કરતા જતા રહ્યા. પરંતુ દક્ષ પ્રજાપતિ અહીથી જ ન અટકયો તેણે શીવજીના ભાગ વગરના યજ્ઞનો પ્રારંભ કર્યો તે યજ્ઞમાં કેવલ ભગવાન શ્રીમન્નારાયણ અને બ્રહ્માજી ને બાદ કરતા બધા જ દેવો તથા ઋષિઓ પધાર્યા શિવજી સાથે તો તેને સ્વાભાવિક દ્વેષ હતો એટલે તેઓને આમંત્રણ આપવાનો તો કોઇ પ્રશ્ન જ ન હતો છતાં શિવજીના અર્ધાગનિ અને દક્ષપ્રજાપતિના પુત્રી નિમંત્રણ મળ્યા વગર યજ્ઞમાં પધાર્યા અને ત્યાં બધા દેવોના ભાગને તેઓએ જોયા પણ પોતાના પતિ માટે કોઇ સ્થાન ન જોતા તેઓએ ક્રોધાયમાન થઇ પોતાના દેહને અગ્નિ દેવને સમપર્તિત કરી દીધો. જેને લઇ ભગવાન શંકર અતિશય ક્રોધાયમાન થયા અને તેમણે પોતાની જટામાંથી વિરભદ્રને પ્રગટ કર્યો, અને તેના દ્વારા સમસ્ત યજ્ઞન તેના યજમાન અને ઋત્વિજ સહિત નષ્ટ કરાવ્યો.

તે યજ્ઞમાં વિરભદ્રે યજ્ઞપશુની જેમ દક્ષ પ્રજાપતિ નું મસ્તક તેના શરીર પરથી ઉખાડી દક્ષિણાગ્નિમાં હોમિ દીધુ. આ ઉપરાંત વિરભદ્રે પૂષાના બત્રિશ દાત, ભગદેવતાના નેત્રો ભંગ કરી ધીધા, ભૃગુ ઋષિની દાઢી મુછ ખેંચી નથી, તથા સરસ્વતિની નાશિકા વિચ્છેદ કરી દીધી, ઉપરાંત વશિષ્ટ કશ્યપ, ભૃગુ, અંગિરાને શ્રી મહાદેવજી દ્વારા દેહપાતનો શાપ અપાયો, ઇન્દ્રાદિક દેવોના અંગો ભંગ કરાયા, આમ એક ક્ષમા ગુણ વિહિન બ્રહ્માપુત્ર અહંકારી દક્ષને લઇ તના પોતાના સહિત બીજા બધાને અનિષ્ટના ભાગી થવું પડયું. (શ્લો-૫૬) હવ નીતિકાર ધર્મ, ક્ષમાં વિદ્યા અને અહિંસાનો મહિમા ગાય છે.

શ્લો: ૫૭ एको धर्म: परंश्रेय: क्षमैका शान्ति रुत्तमा।

विद्वैका परमा तप्तिरहिंसैका सुखावह ॥

શ્લોકાર્થ : એક માત્ર ધર્મજ પરમ કલ્યાણકારી છે, એક માત્ર ક્ષમા શાન્તિનો ઉપાય છે એક માત્ર વિદ્યા જ સંતોષ આપનારો છેઅને એક માત્ર અહિંસા જ સુખ આપનારી છે.

ચ.ટી. : ધર્મા ચરણ કરનારા નું જ આ લોક પરલોકમાં નિઃ શ્રેયસ થાય છે કહ્યુ પણ છે- ‘न जातु कामन्न भयान्न लोभाद् , धर्म जह्याज्जी वितस्यापि हेतो:। नित्यो धर्म: सुख दु:ख त्वनित्ये जीवो नित्यो हेतरस्य त्वनित्य:। त्यक्त्वानित्यं प्रतिष्ठिस्वनित्ये संतष्य त्वं तोष परो हि लाभ:। વિદુરજીની દૃષ્ટિમાં આચરણ જ સર્વોપરી છે. કામના, ભય, તથા આ જીવનને માટે પણ ક્યારે ધર્મનો ત્યાગ ન કરવો. કારણ ધર્મ નિત્ય છે અને સુખ, દુઃખ અનિત્ય છે. જીવ નિત્ય છે પણ તેનો હેતુ (અવિદ્યા) અનિત્ય છે માટે અનિત્યને છોડોને નિત્યમાં સ્થિત થવું જોઇએ તથા સંતોષ ધારણ કરવો જોઇએ કારણ સંતોષ જ સૌથી મોટો લાભ છે.

(વિદૂરનીતિ/૮/૧૨-૧૩) ભગવાન શ્રીહરિ પણ કહે છે. 'ये पालयन्ति मनुजाः सच्छास्त्र प्रतिपादितान् सदाचार सदा तऽत्र परत्र च महासुखाः ॥ જે મનુષ્યો સચ્છશસ્ત્રોમાં કહેલા સદાચારને સદાય પાળે તે આ લોક તથા પરલોકમાં મહાસુખી થાય છે.' (શિક્ષા/ શ્લોઃ-૮) મનુ મહારાજ પણ 'आचाराल्लभते ह्यायराचारादीपिस्ताः प्रजाः आचाराद्धनमक्षप्यमाचारो हन्त्यलक्षमणम्॥ સદાચારથી જ દીર્ઘ આયુ, મનોવાંચ્છિત સંતાન અને અક્ષય ધનની પ્રાપ્તિ થાય છે અને સદાચારથી જ અકલ્યાણકારી લક્ષણો (અવગુણો) નો નાશ થાય છે. (મનુ./૪/૧૫૬)

તે જ પ્રમાણે નીતિકારની દૃષ્ટિમાં એક ક્ષમા છે તે જ શાંતિનો ઉપાય છે. આ સમ્બન્ધમાં નીતિકારના જ રૂપ એવા યુધિષ્ઠિર મહારાજના જીવનનો એક પ્રસંગ અવલોકરન કરવા યોગ્ય છે વાત એવી હતી કે ધુતક્રિડામાં થયેલા નિયમ મુજબ પાંડવ ભાઇઓ કામ્યકવનમાં પોતાના દુઃખ ભર્યા દિવસો વ્યતિત કરતા હતા એક સમયની વાત છે પાંડવો દ્રૌપદીની સાથે રાત્રીને વિશે બિરાજમાન હતા ત્યારે દ્રૌપદીજી જયેષ્ટ પાંડવ એવા યુધિષ્ઠિરજી પ્રત્યે બોલ્યા 'સ્વામી, અમો દ્રુપદની કન્યા, તમારા બધાની પટરાણી, ધ્રુષ્ટધુમ્ન જેવા પરમવિરની ભગિનિ છીએ. અમોને વનમાં અત્યંત કષ્ટ સહન કરતા જોઇ તથા તમારા કનિષ્ટ ભ્રાતાઓને અત્યંત દારૂણ દુઃખ સહન કરતા જોઇને પણ તમોને ધૃતરાષ્ટ્ર પુત્રો પર ક્રોધ નથી આવતો આથી જણાય છે કે તમારામાં ક્રોધ તથા તેજનો અભાવ છે. પણ દેવ જે મનુષ્યમાં તેજ તથા ક્રોધનો અભાવ છે તથા જે ક્રોધના પાત્ર પર પણ ક્રોધ કરતો નથી તે તો ક્ષત્રિય કહેવાને યોગ્ય નથી. જેનાથી અજ્ઞાન થી કે અજાણતા અપરાધ થયો હોય અથવા અપરાધ કરીને જે ક્ષમાપ્રાર્થી થયો હોય તેને ક્ષમા કરવો એ ક્ષત્રિય ધર્મ છે પરંતુ જે જાણી જોઇ ને વારેવારે અપરાધ કરતો હોય તેને ક્ષમા કરવો તે ક્ષત્રિય ધર્મ નથી ધૃતરાષ્ટ્ર પુત્રો પણ જાણી જોઇને

વારંવાર આપણું અનિષ્ટ કરે છે માટે તેઓ ક્ષમાને પાત્ર નથી પણ ક્રોધને પાત્ર છે એટલે તેઓને ઉચિત દંડ મળવો જ જોઇએ.' દ્રૌપદીજીની વાત સાંભળી યુધિષ્ઠિર જી બોલ્યા, ''પ્રિયે! આપવનું કહેવું સત્ય છે પણ જે મનુષ્ય ક્રોધ ના પાત્રને પણ ક્ષમા કરી દે છે તે પોતાને તથા સામેવાળાને મોટા સંકટમાંથી ઉગારી લે છે- आत्मानं च परांश्चैव त्रायते महतोभयात्। क्रुध्यन्तम प्रतिकृध्य न द्वयोरेष चिकित्सकः।। ક્રોધના આવેશમાં આવેલો મનુષ્ય તો બધા પાપોને કરે છે તે પોતાના ગુરૂ જનોનો પણ નાશ કરી નાંખે છે, શ્રેષ્ઠ પુરૂષોનો તિરસ્કાર કરે છે ક્રોધીપુત્ર પિતાને, પત્નિ પતિને પણ મોતને ઘાત ઉતારી દે છે. ક્રોધીને કર્તવ્ય અકર્તવ્યનું જ્ઞાન રહેતું નથી, તે જે ઇચ્છે તે અનર્થ કરે છે. તેને વાચ્ય અવાચ્યનો પણ વિવેક રહેતો નથી- तं क्रोधं वर्जितं धीरैः कथमस्मद्विधश्चेत। एतद् द्रौपदि संधाय न मे मन्यु प्रवर्धते॥ वाच्य वाच्ये हि कुपितो न प्रजानाति कर्हिचित्। नाकार्यमस्तिकृद्धस्य नावाच्यं विद्यत तथा॥ (वनपर्व/महा/ २९/५,८,९) અતઃ ભામિનિ! તમોજ બતાવો આવા મહા અનર્થોનું મૂળ આ ક્રોધને અમો કેવી રીતે આશ્રય આપીએ. ક્રોધને તેજ માનવું એ તો મુર્ખતા છે. દ્રૌપદિ! 'અને જ્યાં ક્રોધ રહે છે ત્યાં તેજ રહેતું નથી.' એવો જ્ઞાનિઓનો તથા મારો મત છે. જેનામા ક્રોધ નથી તથા જે ક્રોધ આવતા પણ તેને સમાવી દે છે તેને જ તેજસ્વી કરહેવાય છે, નહી કે ક્રોધીને તેજસ્વિ કહેવાય. જે ક્રોધના પાત્રને પણ ક્ષમા કરે છે તે જ શાંતિનો અનુભવ કરે છે અને સનાતન ભગવાનના ધામને પામે છે.'' ધર્મરાજ યુધિષ્ઠિરની આ વાત સાંભળી દ્રૌપદીજી પણ શાંત થઇ ગયા. યુધિષ્ઠિર મહારાજના આ સ્વભાવને લઇ તેઓ શત્રુના પણ પ્રિય થયા હતા સ્વયં દુર્યોધનને પણ યુધિષ્ઠિર મહારાજ પર રંચ માત્ર દ્વેષ ન હતો. ભગવાનશ્રી હરિ પણ યુધિષ્ઠિર મહારાજના સ્વભાવ વિષે કહે છે 'રાજા યુધિષ્ઠિરનું હજારો ગાઉમાં રાજ્ય હતુ તોય પણ સાધુતા રાખી હતી અને ડારા

દેનારા તો ભીમસેન જેવા હજારો હોય ને વારીઓ તોય પણ તે કર્યા વિનાનું રહેવાય નહિ, માટે તીખા સ્વભાવવાળાની તો કાંઇ ખોટ નથી, એ વાતો ઘણાય હોય પણ સાધુ થવું એ જ ઘણ દુર્લભ છે. (વિ.મૃ.ત./ ગઢડા પ્રથમ/૬૯)

અહી નીતિકાર વિદ્યાની શ્રેષ્ઠતા બતાવતા કહે છે કે 'એક વિદ્યા છે તે જ સતોષ આપનાર છે' કારણ કે વિદ્યાથી મનુષ્યને જટલો તૃપ્તિ-સંતોષ થાય છે એવો ઇતર કશાથી થતો નથી. વિદ્યવાનનો બધે જ આદર થાય છે. 'विद्वान सर्वत्र पूज्यते' વિદ્યા જેવું કોઇ સુખ પણ નથી. 'विद्यानाम नरस्य रुपमधिकं प्रच्छन्नगुप्तं धनम् विद्याभोगकारी यश: सुखकारी विद्यागुरुणां गुरः। विद्या बंधुजनो विदेश गमने विद्या परा देवता विद्या राजसु पूजिता न तु धनं विद्याविहीन: पशु:॥ વિદ્યા મનુષ્યનું સાચુ સ્વરૂપ છે તે ગુપ્ત દાટેલું ધન છે. વિદ્યા ભોગન યશને સુખને આપનારી છે તે વિદ્યા ગુરુઓની પણ ગુરૂ છે. વિદ્યા વિદેશ જતી વખતે બંધુ સમાન છે. વિદ્યા શ્રેષ્ઠ દેવતા છે, વિદ્યા રાજાઓ દ્વારા પૂજાય છે નહિ કે ધન કારણ કે વિદ્યા વગરનો મનુષ્ય પશુ સમાન છે.' 'नास्ति विद्या समो बन्धुर्नास्ति विद्यासम: सुहृद्। नास्ति विद्यासमं वित्तं नास्ति विद्यासमं सुखम्॥ વિદ્યાના જેવો કોઇ બન્ધુ નથી, વિદ્યા જેવો કોઇ સાચો મિત્ર નથી, વિદ્યા સમાન કોઇ ધન નથી, વિદ્યા જેવું કોઇ સુખ નથી.' આચાર્ય ચાણક્ય કહે છે. 'विद्वान् प्रशस्यते लोके विद्वान् सर्वत्र गौरवम्। विद्यया लभते सर्वं विद्या सर्वत्र पूज्यते॥ વિદ્વાન મનુષ્ય જ પ્રશંસા કરતા યોગ્ય છે, તેનું બધે ગૌરવ વધે છે વિદ્યારૂપી ધનથી બધુ પ્રાપ્ત થાય છે. વિદ્યા બધે પૂજાય છે.' (ચાણક્યનીતિ ૮/૨૦)

આ ઉપરાંત નીતિકાર અહીં અહિંસાને સુખ આપનારી કહે છે, કારણ કે માંસ અને મદિરાનો ત્યાગ એ બ્રહ્મચર્યથી પણ શ્રેષ્ઠ છે. જે અન્યને ભયથી મુક્ત કરે છે તેને હિંસક પશુઓ પણ ક્ષતિ કરી શકતા નથી. 'नैतादृश: पगे धर्मो नृणां

सद्धर्म मिच्छताम्। न्यासो दन्दस्य भूतेषु मनोवाक्कायजस्य च॥ પ્રાણીને વિષે મન કર્મ અને વચન વડે કરીને હિંસાનો ત્યાગ કરે છે એના જેવા સદ્ધર્મને ઇચ્છનાર પુરૂષનો બીજો કોઇ ધર્મ નથી.' (શિક્ષા/અર્થ/૧૨) આચાર્ય ચાણક્યા પણ 'अहिंसा लक्षणो धर्मः- જેમાં નિર્દોષપ્રાણિનો હિંસા ન થતી હોય, જેમાં ધાર્મિક વિધિઓમાં કે પરમેશ્વરને પ્રસન્ન કરવા માટે પ્રાણિઓના બલિદાન અપાતા ન હોય, જેમાં હિતકારી અને નિર્દોષ પ્રાણિઓની રક્ષા અને પોષણ થતું હતો તેવા ધર્મને વિશેષ મહત્વ આપવું.' (ચાણક્ય સૂત્ર-૫૬૧) (શ્લો. ૫૭) હવે નીતિકાર બે પદાર્થના વિવેચન દ્વારા રાજા અને બ્રાહ્મણને કર્તવ્યનો ઉપદેશ આપે છે.

(૭) બે પદાર્થોનું વિવેચન

શ્લોઃ ૫૮ द्वाविमौ ग्रसते भूमिः सूर्पा बिलशयानिव।

राजानं चा विरो द्वारं ब्राह्मणं चाप्रयासिनम्।।

શ્લોકાર્થ : દરમાં રહેલા ઉંદર ને જેમ સર્પ કળી જાય છે. તેમ પૃથ્વી શત્રુની સાથે વિરોધ ન કરનારા રાજાને અને પ્રવાસ ન કરનારા બ્રાહ્મમ એ બેને ગળી જાય છે.

ચ.ટી. : સર્પ ક્યારેય પણ પોતાનું રહેઠાણ બનાવતો નથી, તે અન્યના રહેઠાણમાં રહીને જ તેના ઘરનો કબજો જમાવે છે અને તે ઘરમાં ડરમાં રહેનારો જીવ જેવો પોતાના ઘરમાં આવે તેવો જ તે તેનું ભક્ષણ કરી જાય છે તેજ પ્રમાણે શત્રુ પણ પોતાનો વિરોધ ન કરનારાનું અસ્તિ્વ સમાપ્ત કરી દે છે માટે પોતાનું હિત ઇચ્છનારા રાજાએ શત્રુની ક્યારે ઉપેક્ષા ન કરવી અન્યથા શત્રુ હાવી થઇ જતા રાજનું અસ્તિત્વ સમાપ્ત થઇ જાય. આ સંબન્ધમાં પાંડવોનું દૃષ્ટાંત જ પર્યાપ્ત છે. તેઓના જન્મજાત શત્રુ એવા દુર્યોધને પાંડવોને પોતાના માર્ગમાંથી

હટાવવા અનેકો ઉપાય કર્યા છતાં ભગવાન શ્રી કૃષ્ણના શરણાગત એવા તેઓએ જ બધાના જ સંકટોમાંથી હેમખેમ બચી ગયા. તે પછી પાંડવોની વધતી જતી ઉન્નતિ જોઇ ઇર્ષ્યા ની અગ્નિ થી આવૃત્ત થએલા દુર્યોધને કપટ ધુતક્રિડા માં પાંડવોની સમસ્ત સમ્પત્તિ પડાવી લીધી અને ધુતમાં થયેલી શરત મુજબ પાંડવો બાર વર્ષ વનવાસ અને એક વર્ષ અજ્ઞાત વાસ ભોગવવા માટે વનમાં ગયા બાર વર્ષ વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસ પૂર્ણ કર્યાબાદ જ્યારે દુર્યોધન પાસે ધરોહરના રૂપમાં રહેલું પોતાનું રાજ્ય પરત માંગ્યું ત્યારે દુર્યોધને તેઓને યુધ્ધ કર્યા વિના રાજ્ય આપવાની સ્પષ્ટ મનાઇ કરી. આવા સમયમાં જો પાંડવો દુર્યોધનની ઉપેક્ષા કરી દે તો પાંડવો પર દુર્યોધન હાવી થઇ જાય અને તેઓનું અસ્તિત્વ પણ સમાપ્ત કરી દે. એટલે તેઓએ દુર્યોધનની યુધ્ધ રૂપી ચૂનોતિનો સ્વિકાર કર્યો અને કુરૂક્ષેત્રના મેદાનમાં તેઓએ દુર્યોધનને તેના સમસ્ત પરિવાર સહિત કાળના મુખમાં મોકલી દીધો. પરંતુ રાજાએ શત્રુ સાથે વિરોધ કરતા પૂર્વે પોતે જીતેન્દ્રિય થવું, ત્યારબાદ મંત્રીઓને જીતવા તે પછી પોતે જેનું ભરણ પોષણ કરે છે એવા સેવકો તથા સમ્બન્ધિઓને જીતવા. તદ્ ઉપરાંત સદ્ગુણોથી પ્રજાને જીવતી અને તે પછી શત્રુ સાથે વિરોધ કરવો. આ બાબત માર્કન્ડેય પુરાણ (૨૭/-૪-૧૧) માં અલર્ક મહારાજના સંવાદમાં સ્પષ્ટપણે કહેવાય છે. આ પ્રમાણેના ગુણો કેળવ્યા બાદ જ શત્રુઓ સાથે વિરોધ કરલો. આ પ્રમાણેના ગુણો કેળવ્યા વગર રાજા શત્રુ સાથે વિરોધ કરે તો રાજાનું અવશ્ય પતન થાય છે. આ બધા જ ગુણો પાંડવોમાં હતા પણ દુર્યોધનનો તેમાં અભાવ હતો એટલે તેનું પતન થયું.

તેમ નીતિકાર બ્રાહ્મણને એક સ્થાન પર બેસીને રહી સતત વિચરણ કરવાની શિખામણ આપે છે કારણ કે બ્રાહ્મણ વેદને ધારણ કરે છે. તેણે તેના

જ્ઞાન દ્વારા અજ્ઞાનિ મનુષ્ય ને સદ્‌માર્ગનો પથિક બનાવવાનો છે. જો તે ફરી ફરી લોકોને જ્ઞાનોપદેશ ન કરે તો રાષ્ટ્રની પ્રજા અજ્ઞાન રૂપ અંધકારમાં ગરકાવ થઇ જશે. વળી બ્રાહ્મણ પ્રવાસથી ભય પામે તો બ્રાહ્મણત્વથી ચ્યુત થઇ જાય છે. કારણ બ્રાહ્મણનું શરીર એ શુદ્ર કામના પૂર્ણ કરવા નથી પણ જ્ઞાન, તપસ્યા અને અનન્તસુખની પ્રાપ્તિ માટે છે. આ સંબન્ધમાં આદી જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીનું જીવન તથા વિષ્ણુ ગુપ્ત ચાણક્યનું જીવન દૃષ્ટાંત રૂપ છે. કહેવાય છે કે આદી શંકરાચાર્યજીનું આ ધરાતલ પર પ્રાગટય થયું ત્યારે ભારત ભૂમિ બૌધ્ધ અને જૈન જેવા અવેદિક વાદોથી ગ્રસ્ત થઇ ચૂકી હતી બધા જ લોકો સનાતન વૈદિક માર્ગનો ત્યાગ કરી બુધ્ધ અને જૈનોના શરણમાં જઇ રહ્યા હતા. તેવા સમયે આદ્યશંકરાચાર્યે સંપૂર્ણ ભારત ભૂમિનું ભ્રમણ કરી બુધ્ધ અને જૈનોને શાસ્ત્રાર્થમાં પરાસ્ત કરી તેઓને ભારત ભૂમિથી બાહર મોકલી દીધા. આદી જગદ્‌ગુરૂ વર્ણેકરીને બ્રાહ્મણ હતા તેમ આચાર્ય ચાણક્યે પણ પોતાની માતૃભૂમિને વિદેશી આક્રાન્તાઓથી ભય પામેલી જોઇ સમ્પૂર્ણ ભારત ભ્રમણ કરી દરેક જનપદોના રાજાનું માર્ગદર્શન કરી તેઓને એક જૂથ કરી વિદેશી આક્રાન્તાઓને આ આર્યાવ્રત થકી દૂર કર્યા આચાર્ય ચાણક્ય પણ જન્મે કરીને બ્રાહ્મણ હતા. તેઓના વિચરણ નુંજ પરિણામ હતુ કે જેથી વિદેશી આક્રાન્તાઓ આ ભારત ભૂમિ થી દૂર થયા હતા વેદો પણ આવા લોકોની પ્રશંસા કરતા કહે છે- 'प्रियं अतिथि गृणीषणि- જેઓ ફરી ફરી ધર્મોપદેશ કરે છે તે પ્રશંસનીય છે. (અથર્વ/૧/૫/૫૪) અને બ્રાહ્મણો જ રાષ્ટ્રમાં નવિન કે નલિન ચેતનાનો સંચાર કહે છે. વેદ પણ કહે છે. 'वयं राष्ट्रे जागृयाम् पुरोहिताः। પુરોહિતો રાષ્ટ્રને જાગૃત કરે છે.' (યજર્વેદ) (શ્લો-૫૮) હવે નીતિકાર કયા બે કર્મ કરવાથી મનુષ્ય આલોકમાં વિશેષ શોભે છે તે કહે છે -

શ્લોઃ ૫૯ द्वे कर्मणी नरः कुवन्नस्मिंल्लाकोके विराचते।

अब्रुवन्परुपं किञ्चिदसतोऽनर्चयंस्तथा॥

શ્લોકાર્થ : કઠોર વાણી ન બોલવી અને દુષ્ટની પુજા ન કરવી એ બે કર્મો કરનારો મનુષ્ય આ લોકમાં વિશેષપણે શોભે છે.

ચ.ટી. : વેદ ભગવાન કહે છે 'अन्यो अन्यस्यै वल्गुवदन्त- પરસ્પર મધુર વચન બોલો' (અથર્વ/૩/૩૦/૬) 'अस्य सनृताविरप्शी गोमती मही- એવી વાણી બોલો જેથી બધાનું હિત થાય' (ઋગ/૧/૩/૯/૮) 'धूयासं मधु संदेशः- મધુરતાની મૂર્તિમાન પ્રતિમા બનો.' (યજર્વેદ). મનુષ્યોએ હંમેશા પ્રિય બોલવું જોઇએ તેના દ્વારા બધા મનુષ્ય સંતુષ્ટ થાય છે. અતઃ પ્રિયવાણીનું જ ઉચ્ચારણ કરવું. સદ્ શતાનંદ સ્વામી કહે છે. 'सत्यां वाचमहिंसा च वेददनपवादिनीम्। कुल्कापेताम पुरुषामनुशंसामपैशुनाम् तथा व्रर्जयदुशतीं वाचं हिंसायुक्तां मन स्तदा॥ સત્ય અહિંસા વાળી, કોઇના પર અપવાદ વિનાની અને શાઠયતાએ રહિત કઠોરતાએ રહિત અને ચાડી ચુગલીથી રહિત એવી વાણી બોલવી. કઠોર વાણી હિંસાયુક્ત અને મનને ક્ષોભ કરે એવી વાણી ન બોલવી.' (શિક્ષાપત્રી/અર્થદીપિકાટીકા) મહાદેવ પુત્ર સ્કન્દ કહે છે- 'स्तयं ब्र्यात प्रियं ब्रूयान्न ब्रूयात् सत्यम प्रियम्। प्रियं च नानृतं ब्रूयाद्वेष धर्मो विघोयते॥ સત્ય બોલો, પ્રિય પણ અસત્ય હોય તે ન બોલો આ ધર્મ વેદશાસ્ત્ર દ્વારા વિહિત છે. આ સમ્બન્ધમાં મુક્તાનંદ સ્વામી અને સીતાજીના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. એક સમયની વાત છે શ્રીજી મહારાજ વડતાલ ગામમાં સભા ભરીને બિરાજમાન હતા તે સમયે ત્યાં કેટલાક વૈરાગીઓ હસ્તમાં શસ્ત્રો ધારણ કરી બધાનો ઘાત કરવા માટે આવ્યા. શ્રીજી મહારાજે સાપ પણ મર અને લાઠી પણ તુટે નહી એવી સામ નીતિ અપનાવી

મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. મુક્તાનંદ સ્વામીએ ત્યાં આવી પોતાની મધુર વાણી દ્વારા આવેલા વૈરાગીઓનો સત્કાર કર્યો અને તેમના પ્રત્યે બોલ્યા. ''આતો વૈકુંઠ નાથના પાષંદ આવ્યા છે. આમની પૂજા કરી પાકા સિધા આપી તૃપ્ત કરો. ત્યારબાદ તેઓન પાકા સિધા આપી તૃપ્ત કર્યા સાથે પહેરામણીઓ આપી પ્રસન્ન કર્યા. આ પ્રમાણે મુક્તાનંદ સ્વામી દ્વારા સામનીતિના પ્રયોગથી જેઓ વેરબુદ્ધિથી અનિષ્ટ કરવા આવેલા તેઓ પણ સ્વામીના મધુર વચનો સાંભળી શાંત થઇ ગયા અને જતા જતા બોલ્યા 'સ્વામી, વાસ્તવમાં વૈકુંઠનાથના પાર્ષદો તો તમારા જેવા સંતો છે અમો તો ધર્મરાજના પાર્ષદો છીએ.' આમ મધુરવાણીના પ્રતાપથી મનુષ્યો મોટી વિપત્તિઓથી પણ મુક્ત થાય છે.

તેમ કઠોરવાળીમાં સંભાષણ કરવાથી માનવને અકારણ વિપત્તિઓ પણ ઉપસ્થિત થાય છે. જેમ માયારૂપી મૃગને પકડવા ગયેલા શ્રીરામની પકડમાં તે મૃગ ન આવ્યું ત્યારે તેઓએ મૃગને લક્ષ્ય કરી બાણ છોડયું બાણ વાગતા જ માયામૃગ બનેલ મારિચ પોતાના મૂળ રૂપમાં આવી 'હા લક્ષ્મણ હા લક્ષ્મણ' કહેતા મૃત્યુ પામ્યો. મારિચના સ્વરની ધ્વનિ સિતાજીના કાનમાં સંભળાય અને તેઓ સમજ્યાં શ્રોરામ અવશ્ય કોઇ વિપત્તિમાં પડેલા છે એટલે તેઓએ લક્ષ્મણજીને શ્રીરામની સહાયતા કરવા માટે જવા કહ્યું. લક્ષ્મણજીએ સીતાજીને શ્રીરામના પ્રભાવની વાત કરી ધીરજ રાખવા જણાવ્યું. પણ આકુળ વ્યાકુળ થયેલા સીતાજી ધિરજ ધારણ ન કરી શકયા અને વારંવાર લક્ષ્મણનીજીને શ્રીરામની સહાયતા કરવા માટે જવા આગ્રહ કર્યો. પરંતુ લક્ષ્મણજીએ તેઓને એકાકી મૂકો જવાની સ્પષ્ટ મનાઇ કરી. ત્યારે ક્રધ્ધ થએલા સીતાજી લક્ષ્મણજી પ્રત્યે બોલ્યા ''અનાર્ય! નિર્દયો! ક્રુર કર્મા! કુલાંગર! હું તને ઘણી સારી રીતે જાણું છ. શ્રો રામ કોઇ મોટો વિપત્તિમાં પડી જાય એજ તો તને પ્રિય છે એટલે માટે જ તો તુ રામ પર સંકટ આવેલ જોઇ આ

પ્રમાણેની વાત કરી રહ્યો છે. લક્ષ્મણ! તારા જેવા ક્રુર અને સદાગુપ્ત શત્રુના મનમાં આ પ્રમાણેનો પાપ પૂર્ણ હોવો એ કોઇ આશ્ચર્યની વાત નથી તુ ઘણો ઘણો દુષ્ટ છે, શ્રીરામને એકાકી વનમાં આવતા જોઇ અમને પ્રાપ્ત કરવાના ભાવે છપાવીને જ તુ અહી અમારી સાથે આવેલો લાગે છે અથવા એ પણ સંભવ છે કે ભરત જ તને મોકલ્યો હોય? પરંતુ સુમિત્રાકુમાર! તારો અને ભરતનો તે મનોરથ ક્યારેય પણ સિધ્ધ નહિ થઇ શકશે. નીલકમલ સમાન શ્યામ સુંદર કમલ નયન શ્રીરામને પતિરૂપમાં પ્રાપ્ત કરી હું બીજા કોઇ ક્ષુદ્ર પુરૂષની કામના કેવી રીતે કરી શકું? સુમિત્રા કુમાર! હું તારી સામેજ મારા દેહનો ત્યાગ કરી દઇશ પરંતુ શ્રીરામ વગર એકક્ષણ પણ આ ભૂતલ પર જીવિત ન રહોશ.'' (વાલ્મિકી રામાયણ/અરણ્ય/ ૪૫/૨૧ થી ૨૫) આ પ્રમાણેના સીતાજીના અત્યંત કટુ વચન સાંભળી લક્ષ્મણજી વિચલિત થઇ ગયા અને પૂર્ણકૂટિની ચારેય બાજ એક રેખા દોરી સીતાજીને તે રેખા નહી ઓળંગવાની આજ્ઞા આપી. શ્રીરામની સહાય કરવા વનમાંગ યા અને તે તકનો લાભ ઉઠાવી રાવણ સોતાજી પાસે સંન્યાસિનું રૂપ લઇ ભિક્ષા માંગવા આવ્યો અને સીતાજી જેવા લક્ષ્મણ રેખા નું ઉલ્લંઘન કરી ભિક્ષા આપવા ગયા ત્યાંજ રાવણ પોતાના મૂળ રૂપમાં આવી ગયો અને સીતાજીનું અપહરણ કરી તેઓને લંકા લઇ ગયો. આ બધી ઘટના બનવામાં સીતાજીની કઠોરવાણી જ જવાબદાર હતી માટે ક્યારેય કઠોર વાણીમાં સંભાષણ ન જ કરવું. મહાભારતમાં ગંગાપુત્ર ભિષ્મજી કહે છે. 'नारुन्तुदः स्यान्न नृशंसवादी न होनतः परम्भ्या ददीत। ययास्या वाचा पर उद्विजेत न तो वदेदरूशती पापलोक्याम्॥ पापसायका वद नान्निष्पन्ति यैराहतः शोचति रात्र्यहानि। परस्य वामर्मसु ये पतन्तितान् पण्डितो नाव सृजते परेषु॥ બીજાને મર્મસ્થાન પર આઘાત ન કરવો, ક્રૂરતા પૂર્વક વાત ન બોલવું, બીજાને નીચે ન જોવડાવવું. જે કહેવાથી અન્યને ઉદ્વેગ થાય

એવું ખરાબ વાત પાપીઓના લોકમાં લઇ જાય છે અતઃ આવી વાત ક્યારેય ન બોલવી વચનરૂપી બાણ મુખમાંથી નીકળતા જેનાથી ઘવાયેલો મનુષ્ય રાત દિવસ શોકમાં પડેલો રહે છે. અતઃ જે બીજાના મર્મ સ્થાન પર આઘાત કરે છે એવા વચન બીજા પ્રત્યે ક્યારેય ન કહેવા.' (મહા/અનુ/૧૦૪/૩૧-૩૨)

આ ઉપરાંત નીતિકાર અહીં દુર્જનનું સમ્માન કરવાનો સ્પષ્ટ નિષેધ કરે છે. કારણ કે જેમ સર્પને પયઃ પાન કરાવવાથી તે તેના બદલામાં વિષજ આપે છે તેમ દુર્જનોના સમ્માનથી અનર્થ જ પ્રાપ્ત થાય છે. અતઃ જાણતા અજાણતા પણ તેનો ક્યારે આદર સત્કાર ન જ કરવો જેમ ભર્તુહરિ કહે છે. 'दुर्जनः परिहर्तव्यो विद्ययाऽलङ्क कृतोऽपिसन्। मणिना भूषितः सर्पः किमसौ न भयङ्करः॥ વિદ્યાર્થી સુશોભિત હોય તો પણ દુર્જન ત્યાગ કરવા યોગ્ય છે જેમ સર્પમણિથી સુશોભિત હોવા છતાં ભયંકર નથી?' (નીતિશતક/૫૩) વ્યાજી પણ કહે છે. 'त्यजदुर्जन संसर्ग-મનુષ્યે દુર્જનના સંગનો ત્યાગ કરવો' (ગરૂડ પુરાણ/આચાર/૧૦૮/૨૬) આ સમ્બન્ધમાં યુધિષ્ઠિરજીના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વનવાસ દરમ્યાન એક દિવસ દુર્યોધન આદીભાઇઓ પાંડવોને હેરાન કરવા ઘોષયાત્રાના નિમિત્તે વનમાં આવ્યા તે સમયે સ્વર્ગલોકમાં ગંધવો પણ પોતાના નાયક ચિત્રસેનની સાથે કામ્યકવનમાં વિહાર કરવા આવેલા કંઇ કારણ વશાત્ દ્ર્યોધન આદી ભાઇઓ સાથે ગંધવોનો વિવાદ થયો જેને લઇ તેઓ બન્ને શસ્ત્ર ધારણ કરી યુધ્ધ કરવા લાગ્યા જેમા દુર્યોધનના પક્ષનો પરાજય થયો અને ગંધર્વોએ દુર્યોધન આદી ભાઇઓને બંદી બનાવી દીધા એટલે દુર્યોધનના કેટલાક સેવકો મહારાજ યુધિષ્ઠિર પાસે આવ્યા અને તેઓ પાસે સહાય માટે પ્રાર્થના કરી તે સમયે યુધિષ્ઠિર જાણતા હતા કે દુર્યોધન આદી ભાઇઓએ તેઓનું ખૂબ અનિષ્ટ કરેવું છે છતાં તેઓએ ભીમ તથા અજંનને દુર્યોધનની સહાય માટે

મોકલ્યા અને તેઓએ ગંધર્વોને યુધ્ધમાં પરાજિત કરી દુર્યોધનને કેદમાંથી મુક્ત કર્યો મુક્ત થયેલો દુર્યોધન યુધિષ્ઠિર મહારાજ પાસે આવ્યો અને પોતાના અપરાધ બદલ ક્ષમા યાચના કરવા લાગ્યો. યુધિષ્ઠિરે તેને સસમ્માન પાછો મોકલ્યો. પરંતુ પુનઃ આસુરી તત્વોના ભરમાવાથી તે પુનઃ પાંડવોના દ્રોહ પરાયણ થયો માટે જ આચાર્ય ચાણક્ય કહે છે. 'नमन्त्यपि तुलाकोटि: कूपोदकक्षयं करोति! જેમ ઢેકવો નમીને કૂપનું જળ ઓછ કરે છે તમ દુર્જન વ્યક્તિ પણ નમન કરીને હાનિ જ પહોંચાડે છે. (ચાણક્ય સૂત્ર-૧૭૪) પહેલાના સમયમાં કૂપમાંથી પાણી કાઢતાં ઢેકવાની રચના કરવામાં આવતી. એક તરફ લાંબા લાકડાની ડોલ અને બીજી તરફ વજનિયા બાંધવામાં આવતાં લાકડાના માપ પ્રમાણે અડાલાક પર ગોઠવીને પછી ડોલવાળો ભાગ કૂવામાં મુકાવવામાં આવે તો ઝુકેલા ભાગમાં બાંધેલી ડોલમાં જળ ભરાઇ જતું. પછી બીજા છેડે બાંધેલા વજનિયાથી ડોલવાળો છેડો ઉંચો થઇ જાય અને થાળામાં ડોલનું પાણી આવો જતું. આ રીત પાણી આખો દિવસ ઉલેચવાનું કાર્ય થયા કરતું. આચાર્ય ચાણક્ય કહે છે કે જેમ તુલાકોટિ ઢેકવો વારંવાર નમન કરી કૂવાનું જળ સિમિત કરી દે છે તેમ દુર્જનો પણ સજ્જનો આગળ વારંવાર નમન કરી પોતાનું કાર્ય કઢાવી લેતા હોય છે માટે તેઓના આવા નમનથી પ્રભાવિત ન થવું પણ તેઓનો ત્યાગ કરવો એજ ઉચિત છે. (શ્લો-૫૯) હવે નીતિકાર કયા બે પ્રકારના પુરૂષ બીજા પર વિશ્વાસ કરતા નથી તેનું વિવેચન કરે છ -

<u>**શ્લોઃ ૬૦**</u> द्वाविमौ पुरुष व्याघ्र परप्रत्ययकरिणौ।

स्त्रिय: कामित कामिन्यो लोक: पूजित: पूजक: ॥

શ્લોકાર્થ : હે પુરૂષ સિંહ! ધૃતરાષ્ટ્ર! આ સંસારમાં બે પ્રકારના મનુષ્યો બીજા પર વિશ્વાસ કરનારા છે. પ્રથમ બીજી સ્ત્રી દ્વારા સ્નેહ કરાતા પુરુષને સ્નેહ કરતી સ્ત્રી અને બીજા પૂજીત મનષ્યની પૂજા કરવાવાળો પુરુષ.

ચ.ટી. : આ બન્નેમાં પોતાનો વિવેક રહેતો નથી, અતઃ પોતાના બલબુદ્ધિનો સહારો છોડી કેવલ બીજાના કહેલા વચનો પર જ વિશ્વાસ કરી લે છે. અતઃ મૂઢ સમાન પર પ્રત્યયનેય બુદ્ધિ કહેવાય છે. આ સંબન્ધમાં એક બે દ્રષ્ટાન્તો અવલોકન કરવા યોગ્ય છે. મહા રાણાસાંગાના પુત્ર અન ચિત્તોડના મહારાણા ઉદયસિંહજીને ત્રણ પટરાણીઓ હતી. પ્રથમ પત્નીનું નામ જયવંતાબાઇ, મંજલી પત્નીનું નામ સજ્જાબાઇ અને તૃતીય પત્નીનું નામ ધીરબાઇ હતુ. જયવંતાબાઇ થકી હિન્દુ પતિ મહારાણાપ્રતાપનો જન્મ થયો હતો. સજ્જાબાઇ થકી શક્તિસિંહ અને વિક્રમસિંહનો અને ધીરબાઇ થકી જગમાલસિંહ, ચાંદકુવર અને માંકનવરનો જન્મ થયો હતો. ઉદયસિંહના બધા પુત્રોમાં પ્રતાપસિંહ અદમ્ય સાહસથી યુક્ત, સ્વમાની અને સદાચાર સમ્પન્ન હતા. શક્તિસિંહ પણ મહારાણાપ્રતાપને જ અનુશરનારા હતા. ચિત્તોડની સમસ્ત પ્રજાનો પ્રતાપસિંહ પર અને પ્રતાપસિંહનો પ્રજા પર ઘણો સ્નેહ હતો. પ્રજા પણ એવું ઇચ્છતિ હતી ક ઉદયસિંહ પછી પ્રતાપ જ ચિત્તોડના ઉત્તરાધિકારી બને. પરંતુ ઉદયસિંહની ત્રીજી રાણી એવું ઇચ્છતિ હતી કે ઉદયસિંહ પછી મારો પુત્ર જગમાલસિંહ ચિત્તોડનો ઉત્તરાધિકારી બને. ઉદયસિંહ પણ એવું ઇચ્છતા હતા કે પ્રતાપ જ ચિત્તોડના અધિપતિ બને. પરંતુ ઉદયસિંહ ધીરબાઇની રૂપ માધુરી પર અત્યંત આશક્ત હતા અને તેની હામાં હા કરનારા હતા એટલે તેઓએ ઉદયસિંહને પ્રતાપસિંહને બદલે પોતાના પુત્ર જગમાલ ને ચિત્તોડના અધિપતિ તરીકે નિયુક્ત કરવાનું કહ્યુ તેઓની વાત સાંભળી મોહાન્ધ ઉદયસિંહે પ્રતાપના સ્થાન પર જગલાને ચિત્તોડના

અધિપતિ તરીકે નિયુક્ત કર્યા. પ્રતાપ, શક્તિસિંહ, રાજાના મત્રીઓ, સમસ્ત પ્રજા જાણતી હતી કે ઉદયસિંહ નો આ નિર્ણય અયોગ્ય છે છતા તેઓ બધાએ ઉદયસિંહના નિર્ણય સામે કોઇ વિરોધ ન દર્શાવ્યો.

તદન્તર ઉદયસિંહના નિધન બાદ જગમાલસિંહ ચિત્તોડની ગાદી પર બિરાજમાન થયા. પરંતુ આ કાયરે ઉદયસિંહના જ કટ્ટર શત્રુ એવા જલાલુદ્દિન અકબર સાથે હાથ મેળવી લીધો. જેને લઇ ચિત્તોડની સમસ્ત પ્રજા, મંત્રિઓ, સેનાપતિ સહિત સમસ્ત સૈન્ય તેની વિરુધ્ધ થઇ ગયું અને તેને લઇ તેઓ બધાએ બળવો કર્યો. જગમાલસિંહ ચિત્તોડ છોડી પલાયન થઇ ગયા અને મંત્રીઓ અને સમસ્ત પ્રજાએ પ્રતાપસિંહને મેવાડની ગાદો પર બિજાજમાન કર્યા. આમ એક સ્ત્રીની વાતમાં વિશ્વાસ કરી ઉદયસિંહ એક અનઅધિકારી અયોગ્ય વ્યક્તિને ચિત્તોડનો અધિપિત બનાવ્યો જેને લઇ તેના આ કાર્યની અદ્યાપિ નિંદા થાય છે.

તેજ પ્રમાણે દુર્યોધન દ્વારા સત્કાર કરાયેલ અંગરાજ કર્ણની વિરતા પર વિશ્વાસ કરી ધૃતરાષ્ટ્રે પાંડવોને તેનો દાયભાગ આપવાની સ્પષ્ટમનાઇ કરી દીધી. કર્ણ દિવ્ય કવચ અને કુંડળથી સજ્જ હતો. જે કવચને કોઇપણ દિવ્યાસ્ત્ર ભદી શકતુ ન હતુ. પરંતુ દેવરાજ ઇન્દ્ર એ તેના કવચ અને કુંડળ બ્રાહ્મણ વેશે આવી દાનમાં માંગી લીધા વળી કણ કપટ કરી પરશુરામજી પાસે વિદ્યા ગ્રહણ કરી હતી એટલે એના ગુરુના શાપના ભાગી પણ તેણે બનવું પડેલ. આ ઉપરાંત કર્ણથી અજાણતાથી એક ગાયનો વધ પણ થયો હતો. જેને લઇ ગાયના સ્વામો એવા બ્રાહ્મણે તેને શાપી આપેલો. છતાં પણ દુર્યોધન અને ધૃતરાષ્ટ્રે તેના પર વિશ્વાસ કરી પાંડવો સાથે યુધ્ધ કરવા તૈયાર થયા કારણ કે તેઓ કર્ણની આ બધી વાતથી અજાણ હતા અને એના પરિણામ સ્વરૂપ યુધ્ધના અંતિમ સમયમાં ગુરુપરશુરામનો શાપ ‘જ્યારે તુ તારા જીવનનું મહત્વનું યુધ્ધ કરતો હશે ત્યારે

અમે અર્પણ કરેલી વિદ્યા તને કંઇ કામ ન આવશે.' તથા પેલા બ્રાહેમણે આપેલો શાપ 'તું જ્યારે તારા જીવનનું મહત્વનું યુધ્ધ લડતો હશે ત્યારે ધરાદેવી તારા રથના પૈંડાને પોતામાં સમાવી લેશે ફલીભૂત થઇ ગયો અને કૌરવો યુધ્ધ હારી ગયા. માટે ઇતર મનુષ્ય દ્વારા પૂજિત થયેલા મનુષ્યની વાત પર ક્યારેય વિશ્વાસ ન કરવો કારણ તે તેની વાસ્તવિકતાથી અજાણ હોય છે. (શ્લો.-૬૦) હવે નીતિકાર સંસારમાં બે કંટક સમાન પુરુષનું વર્ણન કરે છે.

શ્લોઃ ૬૧ द्वाविमौ कंटकौ तीक्ष्णौ शरीर परिशोषिणौ।

यश्चाधनः कामयते यश्च कुप्यत्यनीश्वरः ॥

શ્લોકાર્થ : જે નિર્ધન રહેતા ધનની કામના કરે છે અને અસમર્થ હોવા છતાં ક્રોધ કરે છે. આ બન્ને સંસારવમાં શરીરને શોષી નાખનાર તીક્ષ્ણ કંટટ સમાન છે.

ચ.ટી. : નિર્ધન હોવા છતાં ધનવાનોના જેવું આજરણ કરનારાનું જીવન નિરર્થક છે. આચાર્ય ચાણક્ય કહે છે. - 'आगमै यस्य चत्वारिनिर्गमे यञ्च वारिषट्। स विस्तृत व्ययो नूनं धर्मभ्रष्टो भवेद्रु द्रुत॥ - આવક કરતા ખર્ચ ઓછ રાખવું એજ બુદ્ધિ માની છે. જેને આવક ચારની હોય અને ખર્ચ પાંચ કે છ નું હોય તે વિશેષ ખર્ચવાળો અવશ્ય ધર્મથી ભ્રષ્ટ થાય છે. (ચાણક્યનીતિ દર્પણ) 'यत स्तत उपानीय व्ययं कुर्वन्ति भूरि ये। धनिकोप जाते विषमश्नन्ति ते ततः॥ જે મનુષ્ય અહિં તહિથી વસ્તુઓ લાવીને ખોટુ ખર્ચ ખરે છે તેઓને જ્યારે ધનિકોનો ઉપદ્રવ થાય છે ત્યારે વિષ ભક્ષણ કરી મૃત્યુનું વરણ કરવું પડે છે.' (કામંદક નીતિ શાસ્ત્ર) 'आयद्रव्यानुसारण व्ययः कार्या हि सर्वथा। अन्यथा तु महादुःखंभवेदित्यवधार्यताम्॥ પોતાની જેટલી ઉપજ હોય તેને અનુશરીને જ હંમેશા ખર્ચ કરવું તે ઉપરાંત ન

કરવો અને જે ઉપજ કરતા વધારે ખર્ચ કરે છે. તેને મોટું દુઃખ થાય છે.' (શિક્ષાપત્રી/૧૪૫)

આ ઉપરાંત જે અસમર્થ હોવા છતાં ક્રોધ કરે છે તેનો તે ક્રોધ નિરર્થક છે. કારણ કે તેના તે ક્રોધ કરે છે તેનો તે ક્રોધ નિરર્થક છે. કારણ કે તેના તે ક્રોધનું કોઇ ફળ નથી. આ સંબન્ધમાં વિરાટ નરેશ ઉત્તરનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. વાત અવો હતી કે ધુતમા થયેલી શરત મુજબ પાંડવો બાર વર્ષ વનમાં વિતાવી તેરમુ વર્ષ અજ્ઞાતવાસમાં વિરાટ નરેશને ત્યાં તેઓના મત્સ્ય દેશમાં વિતાવતા હતા તે સમય દરમ્યાન સરેન્દ્રિનાવેશમાં રહેલી દ્રૌપદી પર કુદૃષ્ટિ કરવા બદલ કિચર નામનો મત્સ્ય નરેશનો સાળો અને સેનાપતિ ભીમસેનના હાથે વીરગતિને પ્રાપ્ત થયો આ સમાચાર ગુપ્તચરો દ્વારા દુર્યોધન આદિને પ્રાપ્ત થયા એટલે તેઓને શંકા થઇ કે કિચર વધની યોગ્યતા કેવલ 'બલરામજી, ગંગાપુત્ર ભિષ્મ, આચાર્ય દ્રૌણ, અંગરાજ કર્ણ, દુર્યોધન અને ભીમસેન આટલા લોકોમાં જ છે તેમાં દુર્યોધન, કર્ણ, આચાર્ય દ્રૌણ અને ગંગાપુત્ર ભિષ્મ તો અહીં હસ્તિનાપુરમાં ઉપસ્થિત છે અને બલરામજી પણ હાલમાં દ્વારકા નગરીમાં બિરાજમાન છે તો આ પાંચ જણાએ તો કિચકનો વધ કરેલો નથી તો કિચરનો વધ જરૂર ભીમસેને જ કરેલો હોવો જોઇએ'. આ પ્રમાણે વિચારીને તેઓ બધા પોતાના સૈન્યને સજ્જ કરી મત્સ્યદેશ આવ્યા અને તેઓએ મત્સ્ય દેશને ચારે બાજથી ઘેરી લીધુ. તે સમયે મત્સ્ય દેશ પર ત્રિર્ગત નરેશ રાજા સુશર્માએ પણ આક્રમણ કરેલુ એટલે વિરાટ નરેશ અને તેમની સમસ્ત સૈન્ય શક્તિ તેની સાથે યુધ્ધમાં રોકાયેલી એટલે રાજ્યમાં વિરાટ નરેશના પુત્ર ઉત્તર સિવાય કોઇપણ ઉપસ્થિત હતુ નહિ અને ગુપ્તચરે આવી તેને કૌરવોના આક્રમણના સમાચાર આપ્યા. તે સમયે ઉત્તર સ્ત્રીઓની મધ્યે બીરાજમાન હતો.

ગુપ્તચરની વાત સાંભળી ક્રોધ કરતો થકો ઉત્તર બોલ્યો 'અમારૂ ધનુષ તો ઘણુ મજબૂત છે પણ અમારા ઘોડાને હાંકનાર સારથી અમન યોગ્ય મળે તો અવશ્ય અમો કુરૂસેનાને અમારા રાજ્યની સીમા થકી બહાર ખડેડી દઇએ પરંતુ આ સમયે અમન અવા કોઇ મનુષ્યની ખબર નથી કે જે અમારા ઘોડાને હાંકો શકે.' ઉત્તરની વાત સાંભળી સૈરદ્રી બનેલા દ્રૌપદીજી બોલ્યા 'રાજકુમાર! તમો બૃહન્નલાને સારથી તરીકે લઇ જાવ કારણ કે તેઓ અનેકો વખતે મોટા મોટા યુધ્ધમાં અજનજીના સારથી તરીકે નિયુક્ત થઇ ચૂકેલા છે.' સૈરન્દ્રિની વાત સાંભળી મોટી ડિંગ મારનારા ઉત્તરને હસુ આવ્યું કે સૈરન્દ્રિ એક નપ઼સકને અમારા સારથી નિયુક્ત કરવાનું કહે છે. પરંતુ સૈરેન્દ્રીના આગ્રહથી ઉત્તર બૃહન્નલાને સારથી તરીકે લઇ જવા તૈયાર થયો. સેવકોએ ઉત્તરનો રથ તૈયાર કર્યો અને બૃહન્નલા તથા ઉત્તર રથ પર સવાર થઇ નગરની બહાર આવ્યા. પરંતુ કુરૂકુળ ની મહાસાગર સમાન સેના અને તેમા મહાતિમન્ગલ જેવા ગંગાપુત્ર ભિષ્ય, દ્રૌણ, કૃપ ઇત્યાદિ યૌધ્ધાઓને જોઇ ઉત્તર ભયથી વિહવળ થઇ ગયો અને તે અસ્ત્ર શસ્ત્ર રથ ઇથ્યાદિનો ત્યાગ કરી પગપાળા જ રણ મેદાન છોડી ભાગવા લાગ્યો. તેને જોઇ બૃહન્નલા બનેલ અજને તેને ધિરજ આપી પોતાનો વાસ્વવિક પરિચય આપ્યો અને તેને સારથીના સ્થાને નિયુક્ત કરી પોતે રથીના સ્થાન પર બિરાજમાન થઇ યુધ્ધ કરવા લાગ્યા અને થોડા જ સમયમાં સમસ્ત કુરુસેનાને હરાવી કુરુસેનાએ વિરાટ નરેશનું જે ગોધન હરણ કરલું તેને લાવી ઉત્તરને અર્પણ કર્યુ (મહાભારત/વિરાટ્ પર્વ/અ-૩૫ થી .....) આમ પોતે અસમર્થ હોય ક્યારેય ક્રોધ ન કરવો અન્યથા વિરાટ નરેશ ઉત્તર જેવી અવસ્થા પ્રાપ્ત થાય.

(શ્લો-૬૧) હવે બે પુરૂષો પોતાના કર્મથી શોભતા નથી. તેનું વર્ણન કરાય છે.

શ્લોઃ ૬૨ द्वाविमौ न विराजते विपरीतेन कर्मणा।

गृहस्थश्च निरारम्भः कार्य वांश्चैव भिक्षुकः॥

શ્લોકાર્થ : આ બે પોતાના વિપરીત કાર્યોથી શોભતા નથી. ગૃહસ્થ થઇને નિરૂદ્યોગી રહેનાર અને સંન્યાસિ થઇને કર્મોમાં લિપ્ત રહેનાર (શ્લો-૬૨)

ચ.ટી. : ગહસ્થા શ્રમમાં રહેલો મનુષ્ય ઉદ્યમથી રહિત છે તો આવો મનુષ્ય વિચારણીય છે કારણ કે મનુઆદિ ધર્મ શાસ્ત્રજ્ઞોએ ગૃહસ્થ થકી જ બાકીના બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ, સંન્યાસ આશ્રયનું પોષણ કહ્યું છે. જો ગૃહસ્થાશ્રમિ જ ઉદ્યમ રહિત થઇ જસે તોબાકીના આશ્રમોનું પોષણ કોણ કરશે? ભગવાનશ્રી હરિ પણ કહે છે. 'यथा शक्त्युद्यमः कार्यो निजवर्णा श्रमोचितः। પોતાના વર્ણાશ્રમને ઘટતિ એવો જે ઉદ્યમ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો.' (શિક્ષા/૧૪૦) 'पृणन्नापरिवणन्नीमभिष्यात। ન કમાનારા ત્યાગી કરતા કમાઇને દાન કરનારા ગૃહસ્થ શ્રષ્ઠ છે.' (ઋગવેદ-૧૦/૧૧૭/૭)

તે જ પ્રમાણે સન્યાસિ આશ્રમ ગ્રહણ કરનાર સંન્યાસિનો પ્રધાન ધર્મ છે કેવલ ને કેવલ ભગવાનનું સ્મરણ. જો સેન્યસિ ભગવત્ સ્મરણનો ત્યાગ કરી ગૃહસ્થની જેમ ધન કમાવવાના ઉદ્યોગમાં આરૂઢ થઇ જાવ તો તે પોતાના પથ પરથી ભ્રષ્ટ થઇ જશે અને આવા વ્યક્તિના દર્શનથી પણ મનુષ્ય પાપથી લિપ્ત થઇ જાય છે. 'भूमिर्गावो हिरण्यं च यते र्यस्य परिग्रहः। तादृशं करमलं द्दष्ट्वा सचैलौ जलमाविशेत्॥ ભૂમિ, ગાય અને સુવર્ણનો સંગ્રહ કરનાર સંન્યાસિને જોઇ લેવા માત્રથી પાપશુદ્ધિ ને માટે વસ્ત્ર સાથે સ્થાન કરવું જોઇએ.'(યતિધર્મસંગ્રહ) ભગવાનશ્રી હરિ પણ કહે છે. 'ત્યાગી થઇને ગૃહસ્થને ભોગવવા યોગ્ય ભોગની ઇચ્છા રાખે છે તે ખડ ખાય છે.' (કારિવ.મૃત-૨) 'य श्रद्धा धन काम्या

क्रव्यादासमासते। જે શ્રધ્ધા ભક્તિને છોડી તૃષ્ણામાં ફસાઇ જાય છે તેઓ નાશની તૈયાર કરી રહ્યા છે.' (અથર્વ/૧૨/૨/૫૧) માટે ગૃહસ્થે અને સંન્યાસિ પોત પોતાના આશ્રમ અનુસાર જ વર્તવું પણ પર ધર્મનું આચરણ ન કરવું કારણ કે 'पर धर्म भयावह: આમા કહ્યા મુજબ પર ધર્મનું આચારણ ભય આપનાર છે માટે પોતાના સ્વધર્મમાં વર્તવું એજ હિતાવહ છે. 'श्रयान्स्वधमा विगुण: परधर्मोत्स्वनुष्ठितात्। स्वभाव नियतं कर्मकुर्वन्नाप्नोति किल्बिषम्॥ સારી રીતે આચરવામાં આવેલ બીજાના ધર્મ કરતા ગુણ વિનાનો છતા પણ પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે, કેમ કે સ્વભાવથી નિયત થયેલું સ્વધર્મ રૂપી કર્મ કરતો મનુષ્ય પાપને પામતો નથી.' (ગીતા/૧૮/૪૭)

આ સંબન્ધમાં એક બે દ્રષ્ટાંત અવલોકન કરીએ. જેમ કુરૂક્ષેત્ર ના મેદાનમાં કૌરવો પાંડવોની વાહિની આવીને સામસામે આવીને ઉભી હતી. બન્ને સેનાઓમાં પોતાના ભિષ્મ આદિ સમ્બન્ધિઓને ઉભેલા જોઇ અજ઼ંનજી વ્યાહ્મોહથી ગ્રસ્ત થઇ ગયા અને એ એટલી હદે કે અજ઼ંન જી ક્ષતિયધર્મનો ત્યાગ કરી સંન્યાસિઓના નિવૃત્તિ માર્ગને અપનાવવા તૈયાર થયા. તે સમયે ભગવાન શ્રીકૃષ્ણએ તેઓને તેઓના સ્વધર્મ સમ્બન્ધિ યોગ્ય ઉપદશ આપી પરધર્મનું આચરણ કરતા અટકાવ્યા હતા. આ ઉપરાંત ઉધ્ધ સંપ્રદાયમાં પણ એક ચરિત્ર જોવા મળે છે. જેમા એક સંન્યાસિએ ગૃહસ્થ ધર્મમાં આરૂઢ થયા હતા. જેને લઇ તણે સંન્યાસની દીક્ષા ત્યાગ કરવી પડી હતી. વાત એમ હતી કે- અમદાવાદ પાસે આવેલ ખોખરા મેમદાવાદમાં રહેતા વૈરાગી બાવાઓએ ભગવાન સ્વામિનારાયણના સંતોને ખૂબ તાડન કર્યા. એટલે સંતો, બ્રાહ્મણો અને ગાયની રક્ષા કરવાનો પોતાનો ધર્મ માનનારા સુરાખાચર આદિ ભક્તો હથિયાર સજ્જ કરી વૈરાગિઓ પર ટૂટી પડયા. આ પ્રમાણે સૂરાખાચર આદી ભક્તોને લડતા

જોઇ પરમ હંસોમાના એક વેરાભાઇ જેઓ વર્ણે કરીને ક્ષત્રિય હતા તેઓને પણ શૂરાતન ચઢયું અને તેઓ પણ ખડગ લઇ વૈરાગિઓ પર ટૂટી પડયા અને કેટલાયે જણાને યમપુરીના અધિકારી બનાવી દીધા અને પોતો પણ એક કાન ગુમાવો દોધો. ઢીંગાણું પૂર્ણ થયા બાદ જ્યારે શ્રીજી મહારાજે વેરાભાઇને પૂછયું 'વેરાભાઇ, આ કાન કેમ કરતા કપાયો?' ત્યારે વેરાભાઇએ બધી વાત વિસ્તારથી કહી. ત્યારે શ્રીહરિ બોલ્યા 'વેરાભાઇ, આતો તમો પરમ હંસના ધર્મથી વિપરીત આચેણ કર્યુ માટે હવે તમો આ પરમ હંસનો વેશ ઉતારી શ્વેત વસ્ત્ર ધારણ કરો. આમ એક પરમ હંસનો ઉત્તર વેશ ઉતારી વેરાભાઇએ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા. આમ પર ધર્મનું આવરણ કરવાથી વેરાભાઇએ સંન્યાસાશ્રમનો ત્યાગ કરવો પડયો (શ્લો-૬૨) હવે બે સ્વર્ગથી ઉપર રહેનારું વર્ણન કરાય છે.

શ્લો: ૬૩ द्वाविमौ पुरुषो राजन् स्वगस्योपरि तिष्ठत:।

प्रभुश्च क्षमया युक्तो दरिद्रश्च प्रदानवान्॥

શ્લોકાર્થ : આ બે પુરૂષો સર્વગથી પણ ઉપર રહે છે. સામર્થ્ય રહેવા છતાં ક્ષમા પ્રદાન કરનાર તથા દરિદ્ર હોવા છતાં પણ દાન કરનાર.

ચ.ટી. સર્વ શક્તિ સમ્પન્ન હોય અને તેનામા ક્ષમા નામનો ગુણ હોય તો તે દેવ બની જાય છે અને આવા મનુષ્ય પર બધા સ્નેહ અને શ્રધ્ધા રાખે છે. ક્ષમા આગળ કોઇપણ અપરાધ ટકી શકતો નથી. આ સમ્બન્ધમાં એક ચરિત્ર દૃષ્ટવ્ય છે. વાત એવી હતી કે ભગવાનશ્રી રામ લક્ષ્મણ અને માતા જાનકીજી વનવાસ દરમ્યાન દંડકારણ્યમાં આવેલા પંચવતિના નામના સ્થાનમાં નિવાસ કરીને રહેતા હતા. એક દિવસની વાત છે અને ભગવાન શ્રીરામની માતા જાનકીના ખોળામાં મસ્તક મૂકી સૂતા હતા. તેવા સમયમાં દેવરાજ ઇન્દ્રનો પુત્ર જયંત માતા જાનકીના

રૂપ પર આસક્ત થઇ કાગડાનું રૂપ ધારણ કરી સીતાજીની સમિપમાં આવ્યો. તેણે તેઓના વક્ષઃ સ્થળમાં પોતાની તિક્ષણ ચાંચથી પ્રહાર કર્યો. જથી માતા સિતાજીના વક્ષઃ સ્થળમાંથી રૂધિરની ધારા વહેવા લાગી. પતિની નિંદ્રામાં ખલેલ ન પહોંચે એટલે માટે એઓ આ કષ્ટ સહન કરતા રહ્યા પરંતુ જ્યારે લોહીની ધારા પ્રવાહ વહેતો થકો ભરવાન શ્રીરામના અંગને સ્પર્શ કરે છે ત્યારે ભગવાન જાગ્રત થાય છે અને જએ છે તો સીતાજીના વક્ષઃ સ્થળમાંથી લોહી વહી રહ્યું છે અને તેઓના નેત્રો આશ્રુઓ થી વ્યાપ્ત છે. ભગવાનશ્રી રામે ચહુકોર દ્રષ્ટિ ફેરવી જોયું તો સામે રહેવા વૃક્ષ પર એક કાગળો બેઠેલો છે. તેણે જ આ કાર્ય કરેલ છે એમ મનોમન નિશ્ચય કરી તેઓએ એક દર્ભની સળી હસ્તમાં ગ્રહણ કરી અને તેને બ્રહ્માસ્ત્રના મંત્રથી અભિમંત્રિત કરી કાગરૂપ ધારી જયંત પર છોડી દીધ. બ્રહ્માસ્ત્રને પોતાની તરફ આવતું જોઇ જયંત ત્યાંથી પલાયન થઇ ગયો. તે જ્યાં જ્યાં બ્રહ્માસ્ત્રથી છૂટકારો મેળવવા જેના શરણમાં જતો તે બધા જ રામના અમોઘ બ્રહ્માસ્ત્ર ને જોઇ તેની ઉપેક્ષા કરી દેતા એટલે અંતે થાકી હારી તે શ્રીરામના શરણમાં આવ્યો અને પોતાના અપરાધ બદલ સીતારામની ક્ષમાં માંગવા લાગ્યો. પ્રભુ શ્રીરામે પણ તેને પોતાના શરણમાં આવેલો જોઇમાતા સીતાના કહેવાથી ક્ષમા કરી દીધી. શ્રી યામુનાચાર્યજી આ સમસ્ત પ્રસંગનું વર્ણન કરતા કહે છે. ‘रघुवीर यदभूस्तवं लादृशो वायसस्य प्रणात इति दयालुर्यच्चवैद्यस्य कृष्ण:। प्रति भवमपराद्धर्मुग्ध सायुज्यदोऽभूर्वद किम पदमागस्तस्य तेऽस्ति क्षमाया:॥ (स्तोत्ररत्न) આમ સર્વસમર્થ એવા ભગવાન શ્રી રામના આ ચરિત્રમાં તેઓની ક્ષમા અને કરૂણાના દર્શન થાય છે કહ્યુ પણ છે. ‘क्षमा विरस्य भूषणम्– ક્ષમાએ વીરોનું ભૂષણ છે.

તેમ નીતિકાર દરિદ્ર હોવા છતાં દાન કરનારાની શ્રીષ્ઠતા કહે છે કારણ કે ધનની સંકિર્ણતા હોવા છતાં અન્યનો ઉપકાર કરવાની ભાવનાવાળો મનુષ્ય

લોકો દ્વારા પૂજિત થઇ પરમ પદને પ્રાપ્ત કરે છે. આ સંબન્ધમાં રતિંદેવ રાજાનું ચરિત્ર દૃષ્ટાંત રૂપ છે. ચન્દ્રવંશમાં પ્રગટ થએલા રતિંદેવ રાજા સપ્તદ્વિપવતી પૃથ્વિના એકછત્રિ શાસક હતા. એક સમયે ધરાવત પર ભયંકર અકાળ-દુષ્કાર પડયો . રંતિદેવજીએ પોતાની સમસ્ત સંપત્તિ પ્રજાના હિતમાં લગાવો દીધી લોકોને અન્ન ધનનું દાન કરતા તેઓની સમસ્ત સંપત્તિ સમાપ્ત થઇ ગઇ અને એક સમય એવો આવ્યો કે સ્વયં તેઓને અને તેમના પરિવારને ઉવપાસો કરવા પડયા અને આમ ઉપવાસ કરતા થકા લાગલગાટ અડતાલીસ દિવસ વ્યતિત થઇ ગયા. ઓગણપચાસમાં દિવસે તેઓના પરિવારને થોડી ખીર, ઘી, શીરો અને જળની પ્રાપ્તિ થઇ. તેઓનો પરિવાર મોટા સંકટમાં હતો. ક્ષુધા અને તૃષાથી તેઓ બધા ધ્રુજી રહ્યા હતાં. પરંતુ જ્યાં તે લોકો ભોજન કરવાનું વિચારતા હતા ત્યાંજ અતિથિના રૂપમાં એક બ્રાહ્મણ આવીને તેઓના દ્વાર પર ઉભા રહ્યા. રન્તિદેવજી બધામાં ભગવાનનાં જ દર્શન કરતા હતા તેથી તેઓએ ખૂબ શ્રધ્ધાથી, આદર પૂર્વક તે અન્નમાંથી બ્રાહ્મણ ને ભોજન કરાવ્યું. બ્રહ્મ દેવતા ભોજન કરી જતાં રહ્યા. હવે વધેલા અન્નન રન્તિદેવના પરિવાર અંદરો અંદર વહેંચી લીધું અને ભોજન કરવા તૈયાર થયા તેજ સમયમાં બીજો એક શુદ્ર મનુષ્ય આવી ઉભો રહ્યો. રન્તિદેવે ભગવાનનું સ્મરણ કરતાં રહીને તે વધેલા અન્નમાંથી પણ થોડો ભાગ શુદ્રના રૂપમાં આવેલા અતિથિને અર્પણ કર્યો. જ્યારે શુદ્ર તુપ્ત થઇને પોતાના માર્ગ પર જતો રહ્યો. ત્યારે એક ચાંડાલ કેટલાક શ્વાનાન લઇ ત્યાં આવ્યો, અને રાજા પ્રત્યે બોલ્યો 'રાજન્! અમોને કંઇક ખાવા માટે આપો' રન્તિદેવે ખૂબ જ આદરભાવતી જે કંઇ બચ્યુ હતું તે બધું જ તેને અર્પણ કર્યુ અને ભગવન્મય થઇ તેમણે શ્વાન અને તેમના સ્વામીને નમસ્કાર કર્યા હવે માત્ર જળ જ બચ્યુ હતુ. તેઓ આપસમાં વહેંચીને તે જળ પીવાનું વિચારતા હતા ત્યાં

પુનઃ એક ચાંડાળ આવી પહોંચ્યો તેણે કહ્યું રાજન્ 'અમોને જળ આપો' ચાંડાળની તે કરૂણાભરી વાણી જે બોલતાં પણ અત્યંત દુઃખનો અનુભવ કરી રહ્યો હતો તે સાંભળીને રન્તિ દેવ કરૂણાથી અત્યંત સંતપ્ત થઇ ગયા અને આ પ્રમાણે અમૃત મય વચન કહેવા લાગ્યા ''અમો ભગવાનની પાસે આઠેય સિધ્ધિઓથી યુક્ત પર ગતિ ઇચ્છતા નથી, અમો ઇચ્છિએ તો માત્ર એ જ કે અમો બધા જ પ્રાણીઓના હ્દયમાં સ્થિત થઇ જઇએ અને તેમનું બધુ દુઃખ અમો જ સહન કરીએ જેથી બીજા કોઇ પ્રાણીઓને દુઃખ ન થાય, આ દીન પ્રાણી જળ પાન કરી જીવવા ઇચ્છતો હતો, જળ આપો દેવાથી તેના જીવનની રક્ષા થઇ ગઇ. હવે અમારી ભૂખ તરસની પીડા શરીરની શિથિલતા, દીનતા, ગ્લાનિ, શોક, વિષાદ અને મોહ એ બધાં જ ચાલ્યા ગયાં અને અમો સુખી થઇ ગયા.' આ પ્રમાણે કહીને તે બચેલું જળ પણ તે ચંડાળને આપી દીધું. જો કે જળ વિના તે પોતે મૃત થઇ રહ્યા હતા, છતાં સ્વભાવથી જ તેમનું હ્દય એટલું કરૂણાપૂર્ણ હતું કે તે પોતાને રોકી ન શક્યા. તેઓના આવા ધૈર્યની કોઇ સીમા ન હતી. આ અતિથિઓ વાસ્તવમાં ભગવાનની રચેલી માયાના જ જદા જદા રૂપ હતા. પરીક્ષા પૂરી થયા પછી પોતાના ભક્તોની અભિલાષા પૂરી કરનારા ત્રિભુવનના સ્વામી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણ તેમની સામે પ્રગટ થ ગયા, રન્તિદેવે તેઓના ચરણોમાં નમસ્કાર કર્યા. તેમને કશું લવું તો હતુ નહિ. ભગવાનની કૃપાથી તે આશક્તિ અને સ્પૃહાથી પણ રહિત થઇ ગયા તથા પરમ પ્રેમમય ભક્તિભાવથી પોતાના મનને ભગવાન વાસુદેવમાં તન્મય કરી દીધું કશુ માંગ્યુ નહિ. (શ્રીમદ્ ભાગવત/૯/૨૧) આમ અતિશય વિકટ પરિસ્થિતિમાં ઉપસ્થિત થવા છતાં અન્ન દાતા રતિંદેવી પોતાના સ્વભાવથી ચ્યુત થયા નહી અને એટલે જ તેઓ ત્રિદેવો

ના કૃપાપાત્ર બન્યા. (શ્લો-૬૩) હવે ન્યાયથી પ્રાપ્ત થતાં ધનનો બે રૂપે દુરૂપયોગ થાય છે તેનું વર્ણન કરાય છે.

શ્લો: ૬૪ न्यायार्जितस्य द्रव्यस्य बोद्धव्यो द्वावतिक्रमौ।

अपात्रे प्रति पतिश्च पात्रे चाप्रतिपादनम्।

શ્લોકાર્થ : ન્યાયથી મેળવેલા ધનનો બે રીતે દુરૂપયોગ થાય છે અપાત્રમાં દાન આપવું અને પાત્રમાં દાન નહિ આપવું.

ચ.ટી. પાત્રમાં દાન આપવાથી સહસ્ર ગણુ અધિક ફળ મળે છે તે પ્રમાણે અપાત્રમાં દાન આપવાથી મનુષ્ય અધોગતિ ને પ્રાપ્ત થાય છે. આ સમ્બન્ધમાં એક બે ચરિત્ર અવલોકન કરીએ જેથી આ વાત દ્રઢ થશે વાત એવી હતી કે પ્રહલાદ પૌત્ર બલીરાજા પોતાના પૂર્વ જન્મમાં બ્રાહ્મણ હતા પરંતુ બ્રાહ્મણના બધા ધર્મોથી પરાંગ મુખ થઇ અધર્મમાં પ્રવૃત્ત થઇ એક વેશ્યામાં અત્યાશક્ત થઇ ગયા હતા અને તેણે પોતાની સમસ્ત સંપત્તિ વેશ્યાના ચરણમાં ધરી દીધી. તેઓ જે માર્ગ પરથી વેશ્યાના ઘરે જતા હતા તે માર્ગમાં એક મંદિરમાં આવતું હતુ અને તે મંદિર એક સંત નિત્ય કથા કરતા હતા. આ બ્રાહ્મણ જ્યારે પણ મંદિર પાસેથી પસાર થતો ત્યારે કથાના શબ્દો કર્ણમાં પ્રવેશ ન કરે એટલા માટે તે કર્ણને બંધ કરી દેતો. એક દિવસની વાત છે તેઓ મંદિર પાસેથી પસાર થતા હતા ત્યાં કંઇક ઠેસ લાગવાથી તેઓ ગબડી પડયા એટલે તેઓના કર્ણ દ્વાર જે તેઓએ ઢાંકેલા હતા તે ખૂલી ગયા અને તેમાં કથાના શબ્દો 'મનુષ્યનો અંતિમ સમય હોય ને જો તે મનથી પણ પોતાની સમસ્ત સંપત્તિ ભગવાન શંકરના ચરણોમાં સમર્પણ કરી દે તો તેની શ્રેષ્ઠ ગતિ થાય' પ્રવેશ કરી ગયા અને મનન અને નિદિધ્યાસ પણ થઇ ગયા.

તદન્તર આ વાતને ઘણો કાળ વ્યતિત થઇ ગયો. એક દિવસની વાત છે આ બ્રાહ્મણ પોતાના હસ્તમાં કમળ પુષ્પની માળા લઇ વેશ્યાને અર્પણ કરવાઉતાવળો થકો તેના ઘર તરફ જતો હતો પરંતુ માર્ગમાં ઠેસ વાગવાથી તે પડી ગયો અને તેનુ મસ્તક એક શીલા સાથે અઠડાયું અને તેમાંથી રક્તની ધારા વહેવા લાગી તેને ખ્યાલ આવી ગયોકે હમે મારો દેહ નહિ રહે. એને પેલા કથાના શબ્દ યાદ આવી ગયા. પોતા પાસે જેટલી ધન સંપત્તિ હતી તે તો તેણે વેશ્યાના ચરણાં અર્પણ કરી દીધી હતી કેવલ એક માળા હતી જે તે વશેયાને અર્પણ કરવા જતો હતો તે માળા મરતા મરતા મનથી તેણે ભગવાન શંકરના ચરણમાં સમર્પિત કરી દીધી.

આ તરફ તેના દુષ્ટ કર્મોને લઇ યમરાજાના સેવકો તેને લેવા આવ્યા અને તેને યમરાજ સન્મુખ ઉપસ્થિત કર્યો યમરાજે પોતાના સેવક ચિત્રગુપ્ત ને કહ્યું ‘આના પાપ પુણ્યનો હિસાબ બતાવો.’ ત્યારે ચિત્રગુપ્ત બોલ્યા કે, ‘પ્રભુ! આને તેના પૂર્વ કર્મો પ્રમાણે બ્રાહ્મણનો દેહ પ્રાપ્ત થયો હતો પણ આણે એનો ઉપભોગ અધર્મમાં કર્યો અને શાસ્ત્રમાં કહેવા બધા કુકર્મોથી તે યુક્ત થયો છે પરંતુ અંતગાળે તેના દ્વારા એક સત્કર્મ થયું છે તેણે મનોમન પુષ્પની માળા ભગવાનને સમપિંત કરી છે.’

પોતાના સેવકોની વાત સાંભળી યમરાજ બોલ્યા ‘રે દુષ્ટ તારે પ્રથમ પુણ્ય કર્મોનો ઉપભોગ કરવો છે કે પાપ કર્મોનો? ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો ‘પ્રભ,! મારા પુણ્યના પ્રતાપે અમોને શાની પ્રાપ્તિ થશે? ત્યારે યમરાજ બોલ્યા ‘તારા પુણ્ય પ્રતાપને લઇ એક ઘડો માટે તને ઇન્દ્ર પદની પ્રાપ્તિ થાય છે.’ ત્યારે તે બોલ્યો કે ‘‘પાપનું ફળ તો દીર્ઘ કાળ પર્યન્ત ભોગવવાનું છે માટે પ્રથમ પુણ્યના ફળનો ઉપભોગ કરી લેશું એટલે યમરાજે પોતાના સેવકોને આજ્ઞાન કરી કે ‘આને લઇ

જઇ ઇન્દ્રના પદ પર આરૂઢ કરો' સેવકોએ જઇ ઇન્દ્ર દેવને બધી વાત કરી એટલે ઇન્દ્ર દેવે ઇન્દ્રાસન રિક્ત (ખાલી) કરી દીધુ અને તેના પર આ બ્રાહ્મણ આરૂઢ થઇ ગયો. ઇન્દ્રપદ પર બિરાજમાન થયા બાદ આ વિચારવા લાગ્યો કે 'જો કેવલ મનથી ભગવાન શંકરને માળા અર્પણ કરવા માત્રથી અમોને એક ઘડી માટે ઇન્દ્રની પ્રાપ્તિ થઇ જતી હોય તો સાક્ષાત્ કોઇપણ વસ્તુ દાન કરવાથી તેનું કેટલુ ફળ પ્રાપ્ત થશે?' આમ વિચારી આ પોતાના અધિકારમાં આવેલી સ્વર્ગની બધી જ વસ્તુઓનું બધાને દાન કરવા લાગ્યો તેણે વશિષ્ટને કામધેનું ગાય, અત્રિને પારિજાત વૃક્ષ, વિશ્વામિત્રજીને ઐરાવત હાથી આ ઉપરાંત સ્વર્ગમાં બીજી પણ જે કોઇ અમૂલ્ય વસ્તુઓ હતી તે બધી જ વસ્તુ તેણે યોગ્ય વ્યક્તિને દાન કરી દીધી. એવા સમયમાં તેના કાળનો અવધિ સમાપ્ત થઇ જતા યમરાજના પાર્ષદો તેને લેવા માટે આવ્યા. એટલે બધાજ ઋષિઓ મધ્યમાં ઉભા રહી યમરાજના સેવકો પ્રત્યે બોલ્યા 'ઇન્દ્રનો અધિકાર પ્રાપ્ત થયા બાદ આણે જે જે વસ્તુઓનું દાન કર્યુ તેને લઇ આના બધા જ પાપ કર્મો સમાપ્ત થઇ ગયા છે માટે આ હવે યમા લયના કષ્ટ સહન કરવાનો અધિકાર નથી.' ઋષિઓની વાતમાં સાંભળી યમદૂતોએ જઇ યમરાજને બધી વાત કહી સંભળાવી યમરાજે પણ જોયું કે યોગ્ય પાત્રને દાન કરવા માત્રથી આના તો બધા જ પાપ સમાપ્ત થઇ ગયા છે તે પછી આ બ્રાહ્મણનું સ્વર્ગમાંથી પતન થયુ અને તે તેના બીજા જન્મમાં પ્રહલાદજીના પૌત્ર બલી રૂપે પ્રગટ થયો આમ સત્પાત્રને દાન આપવાથી મનુષ્ય મોટા કષ્ટથી મુકાય છે. (સ્કંધપુરાણ) દાનનું લક્ષણ કરતા વ્યાસજી કહે છે 'यद्य दिष्टं भवेत् स्वस्थ न्याय प्राप्तं च यद् भवेत्। तत्तद्गुणवते देयामित्ये तद्दान लक्षणम्॥ જે જે પોતાને પ્રિય વસ્તુ હોય અને જે ન્યાયથી મેળવેલી હોય તે ગુણવાન સત્તપાત્રની અર્પણ કરવી તે દાન કહેવાય(ભવિ.પુ./બ્રા/૧૭૨/૨૨) સત્

પાત્રનું લક્ષણ કરતા યમરાજ કહે છે. 'स्वाध्यायवान्नियमवांस्तपस्वी ध्यानपिच्चयः। क्षान्तोदान्तः सत्यवादी विप्रः पात्रामिहोच्यते॥ જે વિપ્રમાં સ્વાધ્યાય નિયમ, તપ, ઇશ્વરધ્યાન, ક્ષમા, ઇન્દ્રિયદમન અને સત્યવાદી પણ આટલા સદ્‌ગુણ તેને અહીંયા સત્પાત્ર કહેલ છે.' (યમ સ્મૃતિ) આવા સત્પાત્રને આપેલા દાનનું ફળ અનંત ઘણું કહ્યું છે. જેમ સ્કન્ધ કહે છે 'पात्र मित्र विनीतेषु दीनानाथोपकारिषु। मातापितृगुरुष्वेतन्नवकेदत्तमक्षयम्॥ સત્પાત્ર, મિત્ર, વિવેકી, દીન, અનાથ, ઉપકારક, માતાપિતા, ગુરુ આ નવને આપેલું દાન અક્ષય થાય છે.' (સ્કન્ધ/કાશી/૪૦/૮૧)

તે જ પ્રમાણે અપાત્રને દાન આપવાથી દાતાને તે દાનનું કદીપણ ફળ પ્રાપ્ત થતુંન થી આવા મનુષ્યને અપાયેલુ દાન નિષ્ફળ થઇ જાય છે જેમ સ્કન્ધ કહે છે. 'निष्फलं नवसूत्सृष्टं चाटचारणतस्करे। कुवैध कितवे धूर्ते शठे मल्ले च बन्दिनि॥ ચાટ (ઉંદર ની જેમ કુકમારી કોટરનાર), ચારણ, વૈદ્ય, જગારીને ઘબે ધન હરનારો, ધુતારો, ઉદ્દડ, મલ્લ, મિથ્યા પ્રશંસા કરનારો અને બંદી આ નવને અપાયેલું દાન નિષ્ફળ થઇ જાય છે.' (સ્કંદ/કાશિ/૪૦/૮૨) આ સંબન્ધમાં એક ચરિત્ર અવલોકન કરા યોગ્ય છે- વાત એવી હતી કે એક નગરમાં એક શેઠ રહેતા હતા તેઓએ કથામાં એક મહાત્માના મુખે એવું સાંભળેવું કે 'દાન આપવાથી આ લોક પરલોકમાં સુખી થવાય છે.' પણ તે દાન કેવા પાત્રને આપવું જોઇ તેની તેઓને ખબર ન હતી.

એક દિવસની વાત છે એ માછિમાર શેઠ પાસે આવ્યો અને તેમને ધન માટે આજીજી કરવા લાગ્યો. શેઠે મહત્માના મુખ થકી જે સાંભળેલ હતું તે પ્રમાણે માછીમારને ધનનું દાન કર્યુ. આ તરફ પેલા માછીમારે શેઠે આપેલા ધનથી એક જાળ ખરીદી અને તેના દ્વારા તે માછલા મારવા લાગ્યો. આ તરફ દાન આપનારા

શેઠનો વ્યપાર ધીરેધીરે નફામાંથી નુકશાન તરફ જવા લાગ્યો. શેઠે આ બાબતમાં ઘણો વિચાર કર્યો પણ તઓને કંઇ ફણ સમઝણ પડતી ન હતી. પોતે ઇમાનદારીથી વેપાર કરતા હોવા છતાં આમ કેમ?

એક દિવસની વાત છે પેલા માહાત્મા શેઠના ઘરે આવેલા. શેઠે તેઓનું યથોચિત આતિથ્ય કર્યુ અને એકાંતમાં તેઓને શેઠે બધી વાત કરી. મહાત્મા વાસ્તમાં મહાત્મા હતા. તેઓએ શેઠને કહ્યું 'તમોએ થોડા દિવસ પૂર્વે કોઇને દાન કરેલું? શેઠ કહ્યું 'હા, અમોએ એક માછીમારને ધનનું દાન કરેલું.' ત્યારે મહાત્માએ કહ્યું 'શેઠ, તે માછીમારે તમોએ આપેલા ધનથી પોતાની આજીવીકા ચલાવવા જાળ લઇ લીધી છે અને તેના દ્વારા તે નિત્ય માછલાઓને મારે છે. તેનું પાપ તેને લાગે જ છે સાથે તમોને પણ લાગે છે. માટે જઇને તેની પાસેથી જાળ લઇ લો. તમારો વ્યાપાર પુનઃ પૂર્વવત્ થઇ જશે. ત્યારપછી શેઠ મહાત્માના કહ્યા પ્રમાણે માછીમાર પાસે આવ્યા અને તેની પાસેથી જાળ લઇ લીધી. તે પછી થોડા સમયમાં શેઠનો વ્યાપાર પુનઃ પૂર્વવત્ થઇ ગયો માટે અપાત્રને ધનનું દાન ક્યારેય ન કરવું. વૃધ્ધ પરાશર કહે છે 'पुण्य स्थानेषु यद्त्तं वृथा दानं प्रकोर्तितम्। आरुढ पतिते चैव अन्ययोपर्जितं च येत्॥ व्यर्थ ब्राह्मणे दानं पतिते तस्करे तथा। ग़्रोरप्रीति जनके कृतघ्ने ग्रामयाजके। ब्रह्मबन्धौ च यद्त्त वषलीपतौ। वेदविक्रयिणे चैव यस्य चोपपतिगृहे॥ स्त्रीजिते चैव यद्दत्तं व्यालग्राहे तथैव च परि चारके च यद्त्तं वथा दानानि षोडरा॥ જ્યાં ધાર્મિક ક્રિયાઓ વ્યાપારિ દૃષ્ટિથી થતી હોય ત્યાં આપેલું દાન વ્યર્થ છે ધાર્મિક દૃષ્ટિએ અતિ ઉંચે ચઢીને પતિત થનાર અન્યાયથી સંપાદન કરેલું ધન, બ્રાહ્મણ સિવાય નાને આપેલું દાન, પતિતને, ચોરને, અને ગુરૂને અપ્રસન્ન પકડનારને, શુદ્રસ્ત્રીને પરણેલા બ્રાહ્મણને, વેદ વેચનારાને, જેના ઘરમાં ઉપપતિ (પ્રથમ સ્ત્રીનો પતિ) સ્ત્રી થી જિતાયેલા પુરૂષને, સર્પ પકડનારને અને ચાકરી

કરનારને આ ઉપર ગણેલા સોળ ને આપેલું દાન નિષ્ફળ જાય છે. (વૃધ્ધપરાશર સ્મૃતિ/૧૦/૩૧૭ થી ૩૨૦)

આ દાન પર ચાર પ્રકારનું છે (૧) ધ્રુવ દાન- જેમ સાર્વજનિક કાર્યો જેવા કે બાગ બગિચા, ધર્મશાળા ઇત્યાદિ બનાવવા માટે અપાયેલું દાન (૨) ત્રિકદાન-નિત્યદાન- જેનિત્ય દાન અપાય તે નિત્યદાન (૩) કામ્યદાન- કોઇક ઇચ્છાની પૂર્તિ માટે કરવામાં આવતુદાન કામ્યદાન (૪) નૈમિત્તિક દાન- જે ગ્રહણ, સંક્રાંતિ વગેરે સમયે કરાયેલુ દાન કાલાપેક્ષદાન, શ્રાધ્ધા વિગેરે ક્રિયાઓથી જોડાયેલું દાન ક્રિયાપેક્ષ દાન અને વિદ્યા પ્રાપ્તિ અને અન્ય સંસ્કાર વગેરે ગુણોની અપેક્ષાએ કરવામાં આવતું દાન ગુણોપેક્ષ નૈમિતિકદાન કહેવાય છે આમ નૈમિત્તિક દાનમાં ત્રણ વિભાગ છે. -

પાત્રમાં દાનનો વિનિયોગ ન કરનારા લોભી જનનું ધન ન તો પોતાના ઉપયોગમાં આવે છે અને ન તો બીજાના ઉપભોગમાં આવે છે. આવા કૃપણ લોભી મનુષ્યની સંપતિ કોઇક અન્ય જન જ ઉપયોગ કરે છે. જેમ મધમાખી પાસેથી તેનું મધ કોઇક બીજો જ લઇ જાય છે - ' न देयं नोप भोग्यं च लुब्ध र्यद दु:खसञ्चितम्। भुंक्ते तच्चान्यो मधु हेवार्थ विन्मधु॥ (भाग/११/८/१५) (શ્લો-૬૪) હવે બ મનુષ્યને ગળામાં પથ્થર બાંધી ડૂબાડી દેવાની વાત કરાય છે.

શ્લોઃ ૬૫ द्वावम्भाज्ञि निवेष्टवयौ गले बद्धवां दृढा शिलाम्।

धनवन्तमदातारं दरिद्रं चातषस्विनम् ॥

શ્લોકાર્થ : આ બેને ગળામાં શિલા બાંધીને જળમાં ડૂબાડી દેવા. જે ધનવાન થઇને પણ દાન ન કરનાર અને દરિદ્ર થઇને કષ્ટ સહન કરવાની ક્ષમતા રાખતો નથી.

ચ.ટી. ધનવાન હોય તેઓએ અવશ્ય દાન પરાયણ થવું. ધનવાન કેવલ ધનસંગ્રહ પરાયણ રહે અને તેનો સત્ પાત્રમાં વિનિયોગ ન કરે તો તે રાજા દ્વારા સજાને પાત્ર થાય છે. જેમ નારદજી કહે છે. 'दिव्यंभौम चान्तरिक्षं वित्तमच्युत निर्मितम्। तत् सर्वमुपभुंन्जान एतत् कुर्यात् स्वतो बुध:॥ यावदु मियेत इरं तावत् स्वत्वं हिदेहिनाम्। अधिकं योऽभिमन्यत स स्तेनो दण्ड मर्हति॥ અર્થાત્ વારસદાર વગેરે દ્વારા થતા ધાન્યાદિ પદાર્થો પૃથ્વિમાંથી ઉત્પન્ન થતુ સુવર્ણ વગેરે, અચાનક પ્રાપ્ત થતું દ્રવ્ય વગરે તથા અન્ય બધા પ્રકારની ધન સંપત્તિ ભગવાને જ આપેલા છે એમ સમજી બુદ્ધિમાન મનુષ્યે પ્રારબ્ધ અનુસાર તેમનો ઉપભોગ કરતા રહેવું પણ સંચયન કરવો તથા સંતોની સેવા વગેરેમાં ધનને પ્રયોજવું. મનુષ્યનો અધિકાર માત્ર એટલા જ ધન પર છે કે જેટલાથી તેમની ભૂખ મટે એના કરતા વધુ સંપત્તિ જે પોતાની માને છે તે ચોર છે તેને સજા મળવી જોઇએ. (શ્રી. ભાગ/૭/૧૪/૭-૮) આ સંદર્ભમાં એક ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. વાત એમ હતી કે ઉજ્જૈન નગરીમાં કદર્ય નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. ખેતી તથા વ્યારાપર દ્વારા તેણે ઘણી સંપત્તિ ભેગી કરી હતી. પરંતુ આ બ્રાહ્મણ અત્યંત કૃપણ, લોભી, ક્રૂર તથા કામી અને ક્રોધી હતો. તેની પાસે આટ આટલી સંપત્તિ હોવા છતાં તેમે ક્યારેય ન તો ધન નો પોતા માટે કે ન તો પોતાના પરિવાર માટે અથવા તો સત્ કર્મ માટે તેનો ઉપયોગ કર્યો. તેના આવા લોભી સ્વભાવથી તેના સમ્બન્ધિઓ, નોકર, ચાકર, પત્નિ, બાળકો બધા દુ:ખી રહેતા હતા અને મનમાન મનમાં તેનું અનિષ્ઠ થાય તેવું ચિંતન કરતા હતા ઘરના બધા જ તેને પ્રિય લાગે એવો વ્યવહાર તેની સાથે કરતા ન હતા. તે આ લોક પરલોક બન્નેથી વંચિત થઇ ગયો હતો અને કેવલ યક્ષોની જેમ જ ધનની ચોકી કરતો હતો. આ કંદર્ય પોતાના ધનથી ન ધર્મ કાર્ય કરતો કે ન તો તેને સ્વયં ભોગવતો કે ન તો બીજાને ભોગવવા દેતો. ઘણા

દિવસ આ પ્રમાણે જીવન વ્યતિત કર્યા બાદ એક દિવસ દૈવી પ્રકોપથી તે આવૃત્ત થઇ ગયો. કારણ ધન હોવા છતાં જે જીવાત્મા ધર્મ કાર્ય ન કરે તેના પર દૈવી પ્રકોપ થાય જ છે. દૈવી પ્રકોપ થતા ગણા પરિશ્રમથી મેળવેલું ધન જે તેના પૂર્વ પુણ્યના આશ્રયથી ટકેલું હતુ. તે નષ્ટ થયું. તેનું કેટલુક ધન તેના પરિવારના લોકોએ લઇ લીધું. કેટલુક ચોર લોકો ચોરી ગયા. કેટલુક દૈવી પ્રકોપથી આગ લાગતા નષ્ટ થઇ ગયું અને જે પણ કંઇ બચેલું હતુ તે રાજાએ કરના રૂપમાં લઇ લીધુ. અને તેને ભિક્ષુક-ભિખારી બનાવી દીધો. આમ ધનનો ઉપયોગ નહિ તો પોતાના ભોગ માટે કે નહિ તો ધર્મ કાર્ય માટે ઉપયોગ કરનારા કદર્યના ધનની ધર્મશાસ્ત્ર પ્રમાણે ત્રિજી ગતિ નાશ કહી છે તે જ પ્રમાણે તેના ધનની પણ ત્રિજી ગતિ થઇ શ્રીમન્નારાયણ ગરૂડજીને કહે છે. 'न देवेभ्यो न विप्रेभ्यो बन्धुभ्यो न चात्मनि। कदर्प स्य धनं यातित्वग्नितस्कराजसु॥ કદર્ય સમાન કૃપણ મનુષ્યનું ધન દેવ, વિપ્ર, ભાઇઓના કામમાં કે પોતાના કામમાં પણ આવતું નથી. અગ્નિ, ચોર તથા રાજા દ્વારા તેનું હરણ થાય છે.' (ગરૂડ/૧૦૯/૨૧)

તે જ પ્રમાણે ધનના અભાવ ગ્રસ્ત મનુષ્યમાં કષ્ટ સહન કરવાની ક્ષમતા હોવી જોઇએ. જો તેમાં દરિદ્રતાનું કષ્ટ સહન કરવાની ક્ષમતા ન હોય અને જે ધન તેને પ્રાપ્ત થવાનું નથી તેનું ચિંતન કરતો થકો અન્યનું સુખ જોઇને દુઃખી થતો રહે તો તેનું એક દિવસ અવશ્ય પતન થશે. સુખ સમ્પત્તિ રૂપ અનુકુળ કાળ અને દરિદ્રતા રૂપ વિપરિત કાળતો દરેક મનુષ્યની સામે આવતો જ રહે છે. તેમા જે જ્ઞાનિજન છે તે વિપરિત કાળનો સમય ભગવાનની ઇચ્છા અથવા પોતાનું પ્રારબ્ધ એમ સમઝી પસન્નતા પૂર્વક વ્યક્તિ કરતો હોય છે અને અજ્ઞાનિ વિપરિત કાળ અશ્રિુપાત કરતા થકો વિતાવતો હોય છે પણ પ્રારબ્ધ પ્રમાણે તે ભોગવવ્ તો પડે જ છે. આમ સુખ અને દુઃખ તો રથના ચક્રમાં બાંધેલા આરા

સમાન છે એક પછી બીજ આવતુ જ રહે છે. જેમ વ્યાસજી કહે છે. 'सुखस्थान नन्तरं दु:ख। दु:ख स्थानन्तरं सुखम्। पर्यापेणोपसपन्ते नरं नेमिमराइव॥ મનુષ્ય પાસે સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ ક્રમશઃ આવતું જ રહે છે જેમ રથના ચક્રમાં બાંધેલા આરા આમ તેમ ફરે છે -(મહા/વન/૨૬૨/૪૯) માટે દરિદ્રતા જોઇને ક્યારેય નિરાશ ન થવું પરંતુ વિપત્તિરૂપ દરિદ્રતાને વૈકુંઠનાથ ભગવાનનો મહાપ્રસાદ સમઝી ધૈર્યપૂર્વક યુધિષ્ઠિર, રન્તિદેવ, સત્યવાન તથા ધર્મદેવ ભક્તિ માતાની જેમ સહન કરવી. પંચતંત્રમાં કહ્યુ છે. 'विपदी धैर्यम्- વિપત્તિના સમયમાં મનુષ્યએ ધૈર્ય ધારણ કરવું (શ્લો-૬૫) હવે જે બે મનુષ્ય સુર્ય મંડળનું ભેદન કરી ઊર્દ્વગતિ પામે છે તેનું વર્ણન કરાય છે.

શ્લોઃ ૬૬ द्वाविमौ पुरुषो व्याघ्र सूर्यमण्डलभदिनौ।

परिव्राङ्ग्योग युक्तश्चरणे चाभिमुखो हत:॥

શ્લોકાર્થ : હે પુરૂષસિંહ ધૃતરાષ્ટ્ર! આ બે મનુષ્ય સૂર્યમન્ડળનું ઉલ્લંઘન કરીને ઊર્દ્વગતિને પ્રાપ્ત કરે છે અર્થાત્ મુક્ત થાય છે (૧) યોગ યુક્ત સન્યાસિ અને (૨) યુધ્ધ ભૂમિમા સામે મુખે મૃત્યને ભેટનાર.

ચ.ટી. : ભગવાન શ્રી કૃષ્ણએ જેને શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કન્ધમાં પોતાની વિભૂત તરીકે ગણાવેલો છે. એવા સંન્યાસાશ્રમ 'आश्रमाणमहंतुर्यो - આશ્રમોમાં સંન્યાસાશ્રમ (ભાગ./૧૧/૧૬/૧૯) સ્વિકારનારો મનુષ્ય જે પણ કંઇ કામ્યકર્મો હોય તેનો ત્યાગ કરી હંમેશા ભગવત્ ચિંતનમાં લવલીન રહેતો હોવાથી અને શરીર તથા શરીરના સમ્બન્ધિ તરફથી સમસ્ત આસક્તિનો ત્યાગ કરી તૈલધારાવત ભગવત્ ચિંતન પરાયણ હોવાથી તેનો દેહપાત થતા ભગવાનમાં પ્રવેશ થાય છે. કહ્યુ પણ છે 'एवं स्मृत्युक्त धर्मेभ्य: न चलद्यो यति: क्वचित्।

सप्राप्नुयाद ब्रह्मलोकं यतीनामभिवाञ्छितम्॥ भक्त्या भगवत: साकं समाचरति यो यति: सन्यास धर्मानेतान्वै प्राप्नोति स पदं हरे:॥ જે યતિ સ્મૃતિમાં કહેલા ધર્મો થકી કદાપિ ચલાયમાન થતો નથી. (ચલાયમાનથતા પ્રાયશ્ચિત આદી કરે છે.) તે યતિ યતિઓને જે બ્રહ્મલોક ઇપ્સિત ફળપણ કહ્યો છે તે લોકોને પામે છે જે યતિ પરમાત્મા માં ભક્તિની સાથે ઉક્ત સંન્યાસધર્મને આચરે છે તે તો હરિના પરમ પદને પામે છે. (સ.જી. ૫/૪૧/૪૦-૪૧). આ સંબન્ધમાં ઋષભ દેવનું ચરિત્ર અવલોકનિય છે. ઋષભ દેવજીએ સાક્ષાત્ પરમાત્મા નો અવતાર હતા. મુમુક્ષુને પરમહંસ ધર્મનો ઉપદેશ આપવા તેઓ ધ્રુવજીના વંશમાં પ્રગટ થએલા રાજર્ષિ નાભિની પત્ની મરૂદેવી થકી પ્રગટ થયા હતા. વયસ્ક થતા નાભિએ તેઓનો ધરાતલના એક છત્રી શાસક તરીકે અભિષેક કર્યો અને પોતે વનમાં પધાર્યા તે પછી ઋષભદેવજીએ ઇન્દ્ર પુત્રી જયંતિ સાથે લગ્ન કર્યા અને જેના થકી તેઓએ પોતા સમાન સો પુત્ર પ્રગટ કર્યા તેમાંથી નવપુત્રોનો સંસાર થી વિક્ત થઇ પરમહંસ થઇ ગયા. જેઓ નવ યોગેશ્વરના નામથી ઓળખાય છે. એકિયાસી પુત્રો તપશ્ચર્યા કરી ક્ષત્રિયમાંથી બ્રાહ્મણ થઇ ગયા અને ભરત આદિદશ પુત્રોને તેઓએ દશ ભાગમાં પૃથ્વી વહેંચી દીધી અને તે પછી રાજપાટ પુત્ર કલત્ર તથા વસ્ત્ર શૃધ્ધાંનો પણ ત્યાગ કરી મુખમાં પાષાણ રાખી ઉન્મત્તની જેમ ધરાતલ પર સ્વચ્છંદ રીતે વિચરણ કરવા લાગ્યા. કોઇ માન આપે કે અપમાન કરે, કોઇ અપશબ્દ (ગાળ) દે મારે ધુળ નાખે કે કાકરો નાંખે તેની પણ તેઓ પરવા કરતા ન હતા તેઓની સ્થિતિ સર્વ જગ્યાએ સમહતી તેઓ કેવલ પોતાના સ્વરૂપમાં જ રમણ કરતા હતા અને બ્રહ્મ ચિંતનમાં એટલા મસ્ત થઇ ગયા હતા કે પોતાનો દેહ દાવાનળમાં દુગ્ધ થઇ ગયો તેની પણ તેઓને ખબર ન રહી. (શ્રી ભાગવત/ સ્કન્ધ-૫) શ્રુતિ ભગવતી પરમ હંસના લક્ષણો બતાવતા કહે છે 'यथा जात रुप

धरोनिद्वन्द्वो निष्परिग्रहस्तत्व ब्रह्म मार्गे सम्यक सम्पन्नः शुद्धमानसः प्राण सन्धारणार्थं यथोवतकाल विमुक्तो भैक्षमाचरन्नुद रुपात्रेण लाभालाभौ समा भूत्वा शून्यागार देवगृह तृण कूट वल्मीक वृक्ष मूल कुला लशा लाग्नि होत्र नदी पुलिनगिरि कुहरकन्दाकोटर निर्झर स्थण्डिलष्वनिके तवास्यप्रमुत्तो निर्ममः। शुक्ल ध्यान परायणोऽध्यात्मनिष्ठोऽशुभकर्म निर्मूल नपरः सन्न्यासे देहत्यागं करोति स परमहंसो नाम॥ જન્મ સમયમા જેવું શરીર હોય અર્થાત્ દીગંબર રહે, ઠંડી ગરમી સુખ દુઃખ માન અપમાન આદિ દ્વન્દ્વોથી પરવર્તે છે. કોઇ વસ્તુનો સંગ્રહ કરતા નથી. તત્ત્વ ને પામવા રૂપ મોક્ષ માર્ગમાં સ્થિત જેનું મન શુધ્ધ હોય છે, પ્રાણોના (જીવનના) નિર્વાહ માટે વિહિત સમયે નિર્બંધ રીતે ભિક્ષા વૃત્તિ કરે, ઉદર જ પાત્ર, ભિક્ષા મળે કે ન મળે બન્નેમાં સમાન વૃત્તિ હોય છે. ઉજ્જડ ઘર, દેવ મંદિર, ઘાસની પર્ણ કૂટી, રાફડો, વૃક્ષનું મૂળ, કુંભારનું ઘર, અગ્નિહોત્ર શાળા, નદીનો કિનારો, પહાડમાં કોઇ જાળ કે ગુફા, વૃક્ષનું પોલાણ, નિઝરણા વચ્ચેનો બકડો, આગણાવેલી કોઇપણ જગ્યાએ થોડા સમય રોકાય, કોઇ સ્થળે પોતાનો કાયમી નિવાસ કરીને ન રહે સતત સાવધાન રહે, ક્યાય મમત્વ ન રાખે, પરમાત્માના સતત ધ્યાન પરાયણ રહે, અન્તરાત્મા સન્મુખ વૃત્તિ રાખે, એ શુભ કર્મોને નિર્મૂળ કરે તે પરમહંસ કહેવાય'' (જાબાલ ઉપનિષદ્-૬) આમ, ઉપર કહ્યા એવા તમામ લક્ષણો ઋષભદેવ ભગવાનમાં તથા જડ ભરતમાં જોવા મળતા હતા. આથી તેઓ ઊર્ધ્વગતિને પામ્યા.

તે જે પ્રમાણે ક્ષત્રિય ધર્મની રક્ષા કરવા માટે રણ મેદાનમાં શત્રુ સાથે યુધ્ધ કરતા વિરગતિને પામે છે તે પણ અર્ચિમાર્ગે કરી પરમપદને પામે છે કહ્યુ પણ છે 'धर्म्याद्धियुद्धाच्छ्रेयोऽन्यत्क्षतियस्य न विद्यते। यद्दच्छया चोपपन्नं स्वर्गद्वारम पावृतम्। सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युध्धमी दृशम्॥ ધર્મ યુધ્ધ કરતા ક્ષત્રિયો માટે બીજ

કલ્યાણ કંઇ છે જ નહિ. દેવ ઇચ્છાથી આવી મળેલ સ્વર્ગના ઉઘાડા દ્વાર જેવું આ યુધ્ધ જે ક્ષત્રિયો ને મળે છે તે ભાગ્યશાળી છે.' (ભગવદ્ ગીતા/૨/૩૧-૩૨) 'गवार्थे देश विध्वंसे देव तीर्थ विपत्सु च। आत्मनं सम्परित्यज्य स्वर्गवासं लभन्ति ते॥ ब्रह्मणार्थे च गुर्वर्थे स्त्रीणां बालवधेषु च/ प्राण त्यागवशे यस्य स वमोक्षमवाप्नुयते॥ ગૌરક્ષાના સમયે તથા દેશ-વિધ્વંશ, દેવતા અને તીર્થો ઉપર આપત્તિ પડતા પોતાના પ્રાણ ત્યાગ કરવાવાળા પ્રાણો સ્વર્ગમાં વાસ કરે છે. જે બ્રાહ્મણ, ગુરૂ, સ્ત્રી, તથા બાળકોની રક્ષામાં પોતાના પ્રાણ ત્યાગ કરનાર, બધા બન્ધનોથી મુક્ત થઇ મોક્ષ પામેલ છે.' (ગરૂડ/ઉત્તર/૩૮/૧૨, ૧૪) 'तेऽपियस्मात् प्रभावेण हताः क्षत्रियपङ्गवाः। सम्प्राप्तास्ते गतिं पुण्यां तस्मान्मा सौच पुत्रक॥ ક્ષત્રિય યોનિ માં કેટલાએ મનુષ્યોએ યુધ્ધમાં પ્રાણ ત્યાગ કરી તેને તે ઉત્તમ ગતિની પ્રાપ્તિ થઇ. તે જ પ્રમાણે જે પ્રધાન પ્રધાન ક્ષત્રિય પોતાની શક્તિનો પરિચય આપતા થકા રણ ભૂમિમાં વીરગતિના પ્રાપ્ત થયા છે, તેઓ પણ પુણ્યમયિ ગતિને પ્રાપ્ત થયા છે માટે તેઓ માટે તમારે શોક કરવો યોગ્ય નથી. (મહા /અનુ/૧૧૯/૧૫)' આ સમ્બન્ધમાં એક દૃષ્ટાંત અવલોકન કરવાયોગ્ય છે જેથી આ વિષમ દૃઢ થશે. વાત એવી હતી કે ગુંદાળી ગામમાં બે કાઠી ભક્તોના ઘરે બે સંતો પધારેલા હતા. તે સમયે આ બે ક્ષત્રિય ભાઇ ખેતરે ગયા હતા. એટલે એમની માતાએ સંતોની સરભરા કરી સંતોને રસોઇ બનાવવા માટે સિધુ આપ્યુ અને સંતો રસોઇ બનાવતા હતા હવે સંતો ગામમાં પધાર્યા છે આ બાબતના સમાચાર ગામધણીને મળ્યા આ ગામધણી ભવાન સ્વામિનારાયણ અને તેમના સંતોને ઘણો દ્વેષ હતો એટલે તેતો ક્રોધાઇમાન થઇને ઘરે આવ્યા. તે સમયે સંતો રસોઇ બનાવી ઠાકોરજીને સામગ્રી સમર્પિત કરી શેષ પ્રસાદી ગ્રહણ કરવાની તૈયારી કરતા હતા ત્યાંજ આ દુષ્ટ આવ્યો અને સંતોને બાહુ વડે પકડી ગામની બહાર લઇ જઇ

અપમાનિત કરી કાઢી મુકતો હતો. ડોશી એ તેને ઘણા કાલાવાલા કર્યા કે 'સંતોને પ્રસાદ તો ગ્રહણ કરી લેવા દો' પણ આ ઉદ્ધતે તેની વાત પર કંઇ ધ્યાને આપ્યુ નહી. દોશી રડતા રહ્યા અને દુષ્ટે સંતોને અપમાનિત કરી ગામ બહાર કાઢી મુકયા. સંતોને તો માન અપમાન સમ હતુ તેઓને તેનું પણહિત થાય એવી ભગવાનને પ્રાર્થના કરી જતા રહ્યા.

તદન્તર થોડા સમય પછી આ ડોશીના પુત્રો ખેતરેથી ઘરે આવ્યા અને તેઓએ પોતાની માતાને રડતા જોયા એટલે સ્વાભાવિક રીતે તેઓએ પુછયું 'માતા કેમ રડો છો?' ત્યારે તેમની માતાએ તે બન્નેને વિસ્તારીને બધી વાત કરી એટલે આ બન્ને ભાઇઓ ક્રોધાઇમાન થયા અને તેઓએ મનોમન આ ગામધણીને પાઠ ભણાવવાનું નક્કી કર્યુ, તે પછી આ બન્ને પોતાની માતા પ્રત્યે બોલ્યા 'મા, તમો ઘરનો બધો સામાન ભેગો કરી દુર્ગપુર જાવ, અમો બન્ને તમોને પાછાળથી આવી મળશું.' આમ કહી તેઓએ માતાને દુર્ગપુર રવાના કર્યા અને આ બન્ને હથિયાર ધારણ કરી ગામધણીના ઘરે આવ્યા તે સમયે આ ધુર્ત બહાજ જ તેના બે ત્રણ માણસો સાથે બેઠેલો હતો અને આ બધા બેઠા બેઠા હુકો ગગળાવતા હતા. આ બન્ને કોઠીઓ ત્યાં આવ્યા એટલે ગામધણી તેઓ બન્નેનો ઉપહાસ કરતો થકો તાલ ઠોકવા લાગ્યો. આ બન્નેને સંતોના અપમાન કર્યાની રીસમાં હતી જ અને તેમા પાછા આ દુષ્ટે તેઓનો ઉપહાસ કર્યો એટલે આ બન્નેએ ક્રોધાયમાન થઇ ગામ ધણી સહિત ત્યાં બેઠેલા બધાના મસ્તક કાપી નાખ્યા અને આ બન્ને ગામ છોડી ચાલતા થયા.

તે પછી ગામધણીના સમ્બન્ધિઓનેઆ વાતના સમાચાર મળ્યા એટલે તેઓ બધા હથિયાર ધારણ કરી આ બન્નેની પાછળ દોડયા અને થોડે દૂર જતા આ બન્ને કાઠો ભાઇઓનો તેમને ભેટો થયો ત્યાં તેઓ વચ્ચે યુધ્ધ થયું. એક

તરફ કેવલ આ બે ભાઇઓ અને બીજી બાજ ઘણા માણસો હતા છતા આ બન્ને ભાઇઓએ શૂરવીરતાથી આ બધાનો સામનો કર્યો અને અનેક જણને મોતને ઘાત ઉતારતા થકા પોતે પણ વીરગતિને પામ્યા. આમ સંતોનો પક્ષ લઇ લડવા બદલ આ બન્ને ભાઇને અંત કાળે ભગવાન શ્રીહરિ લેવા આવ્યા અને તેઓ બન્નેને પોતાના ધામમાં લઇ ગયા. (શ્લો.૬૬) હવે નીતિકાર ત્રણ પદાર્થનું વિવેચન કરે છે.

(૮) ત્રણ પદાર્થોનું વિવેચન

શ્લો: ૬૭ त्रयोपाया मनुष्याणां श्रूयन्ते भरतर्षभ।

कनीयान्मध्यम: श्रेष्ठ इति वेद विदो विदु: ॥

શ્લોકાર્થ : હે ભરતર્ષભ ધૃતરાષ્ટ્ર! આ સંસારમાં મનુષ્યની કાર્ય સિધ્ધિ માટે ત્રણ ઉપાય બતાવાયેલા છે જેમાં ઉત્તમ, મધ્યમ અને અધમ કહેવાય છે એવું વેદને જાણનારારા કહે છે.

ચ.ટી. : આ સંસારમાં ત્રણ પ્રકારના મનુષ્યો માટે તેઓના સાત્વિકાદિક ભેદ પ્રમાણે ત્રણ પ્રકારના ઉપાય કહેલા જોવા મળે છે. જે પ્રકૃતિ નો ગુણ મનુષ્યમાં પ્રધાન પણે વર્તતો હોય તે જ પ્રમાણેનો ઉપાય પણ તેવા જ શાસ્ત્રમાં કહેલો જોવા મળે છે. આ સંબન્ધમાં ભગવાન સ્વામિ નારાયણ કહે છે. 'જેનામાં, સત્વગુણની અધિકતા હોય તો જ તેણે ધ્યાન ધારણ માટે પ્રયત્ન કરવો તેનાથી જ તેનું કલ્યાણ થાય છે. જ્યારે જેનામાં રજો ગુણ વર્તતો હોય ને તે જો એકાગ્ર થઇને ભગવાનનું ધ્યાન કરવા જાય તો થાય નહિ માટે એવાએ તો આત્મનિષ્ઠા તથા ભગવાનના માહાત્મ્યનું બળ રાખવું અને રજોગુણ તમો ગુણ વર્તતા હોય તેને ધ્યાન ધારણા અર્થે આગ્રહ રાખવો નહિ અને જેવું બની આવે તેવું ભજન સ્મરણ

કરવું ને દેહે કરીને ભગવાનની તથા સંતની પરિચર્યા શ્રધ્ધાએ સહિત કરવી ને પોતાના ધર્મમાં રહી પોતાને પૂરણ કામ માનવું. (સારંગપુર વ.મૃત/૯)

આ સમ્બન્ધમાં ઉધ્ધવ સંપ્રદાયના એક ભક્ત ઉકાખાચરના જીવનનો એક પ્રસગ અવલોન કરવા યોગ્ય છે. વાત એમ હતી કે ઉકાખાચર ઉધ્ધવસંપ્રદાયના આશ્રિત થયા બાદ ધ્યાન ધારણના અભ્યાસ પરાયણ થયા પણ જ્યારે તેઓ ધ્યાન ધરવા બેસતા ત્યારે રજોગુણ અને તમો ગુણનો વેગથી મન ધ્યાનમાં સ્થિર થતું જ નહિ એટલે તેઓએ આ સમ્બન્ધમાં ભગવાન શ્રી હરિને વાત કરી એટલે ભગવાન શ્રીહરિ એ તેઓને ધ્યાન કરતા અટકાવ્યા અને કહ્યું 'તમા સંતો-હરિ ભક્તોની જેવી થાય તેવી સેવા કરો તેમાંથી જ તમારૂ કલ્યાણ છે.' તે પછી ઉકાખાચરે ભગવાન શ્રીહરિની આજ્ઞા શીરો ધાર્ય કરી તેઓ સંતોની સેવામાં જોડાઇ ગયા અને આમને આમ સંતોની સેવા કરવાના પ્રતાપથી તેઓની જે મલિન વાસના હતી તે બધી જ વાસના નિવૃત્ત થઇ ગઇ.

આ શ્લોકનો બીજી રીતે પણ અર્થ થઇ શકે છે કે મનુષ્યોને સ્વાધિન કરવા માટે ત્રણ પ્રકારના ઉપાય વેદવેત્તાઓ જાણે છે તેમાં ઉત્તમ ઉપાય સામ છે અર્થાત્ સમજાવીને વશ કરવા એ ઉત્તમ ઉપાય છે. મધ્યમ ઉપાય છે દાન તથા ભેદ અર્થાત્ ધનાદિસંપત્તિ આપો પોતાને વશ કરવા કે તેના મિત્ર વચ્ચે ભેદભાવ પડાવી તેઓને નિર્બળ બનાવી વસ કરવા અને કનિષ્ટ ઉપાય છે દંડ અર્થાત્ દંડ આથી સ્વાધિન કરવા પરંતુ આ ત્રણેય ઉપાયોમાં સામ સર્વ શ્રેષ્ઠ છે. જ્યાં સુધિ સામનીતિથી કાર્ય પૂર્ણ થતું હોય તો તેનો જ પ્રયોગ કરવો જો સામનીતિ થી કાર્ય સિધ્ધ ન થાય તો દાન અને ભેદ નીતિનો પ્રયોગ કરવો અને જ્યારે આ ત્રણેય ઉપાયો નિષ્ફળ થઇ જાય તો જ દંડ નીતિનો પ્રયોગ કરવો. આ સામાદિ ચારમાં ઉત્તરોત્તર શ્રેષ્ઠતા એટલે માટે છે કારણ કે પ્રથમના ત્રણમાં હિસા નહિવત છે

જ્યારે ચતુર્થ એવા દંડમાં હિંસાની શક્યતા છે માટે તેની શ્રેષ્ઠતા છે. (શ્લો-૬૭) હવ નીતિકાર ત્રણ પ્રકારના મનુષ્યને ત્રણ પ્રકારના કાર્યમાં નિયુક્ત કરવાનો ઉપદેશ આપે છે.

શ્લોઃ ૬૮ त्रिविधाः पुरुषा राजन्नुत्तमाधममध्यमाः।

नयो जयद् यथावत् तांस्त्रि विधोष्वेन कर्मस॥

શ્લોકાર્થ : હે રાજન! ઉત્તમ, અધમ અને મધ્યમ ત્રણ પ્રકારના મનુષ્યો હોય છે આ ત્રણને ત્રણ પ્રકારના કર્મોમાં યથા યોગ્ય નિયુક્ત કરવા જોઇએ.

ચ.ટી. : ગુણો અનુસાર કાર્ય કરનારા મનુષ્યની તે તે કાર્યમાં દક્ષતા હોય છે અતઃ તેઓની પ્રકૃત્તિથી વિદિત થઇ તેઓને તે તે કાર્યમાં નિયુક્ત કરવા જોઇએ. ધાર્મિક પણું આદિ જે મનુષ્યમાં જેવા હોય તેને વિચારીને તેના ગુણોને અનુસાર જ મનુષ્યને તે તે કાર્યમાં નિયોજવા પણ તેનાથી વિપરીત રીતે નહિ કહ્યુ પણ છે 'धर्मकृत्येषु धर्म ज्ञानर्थ कृत्येषु पण्डितान। स्त्रीषक्लीबान्नियुञ्जीत नीचान्नीचेषु कर्मसु॥ રાજાએ ધર્મના કાર્યમાં ધર્મજ્ઞ ને યોજવા, આર્થિક કાર્યમાં અર્થના નિષ્ણાન્તોને મૂકવા, સ્ત્રીઓની સુરક્ષા માટે નપુંસકોને યોજવા અને નિમ્ન કાર્યોમાં નીચે મનુષ્યોને યોજવા' (મહા/વન/૧૫૦/૪૬) 'यादशौर्य गुणैर्युक्त स्तादृशे स तु कर्माणि। योजनीयो विचार्यैव नान्यथा तु कदाचन॥ અને જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો (શિક્ષા/શ્લો-૬૬)

આ સંબંધમા મહાભારતમાં આવતા યુધિષ્ઠિરના રાજસૂર્ય યજ્ઞનું દૃષ્ટાંત અવલોકન કરવા યોગ્ય છે. યુધિષ્ઠિર મહારાજે ધરાતલના સમસ્ત રાજાઓને જીતિ લઇ જ્યારે તેઓ રાજસૂર્ય યજ્ઞ કરવા તૈયાર થયા ત્યારે રાજસૂર્ય યજ્ઞમાં

આવેલા દુર્યોધન આદિને તેઓને તે તે કાર્યની દક્ષતા અનુસાર ભગવાન શ્રી કૃષ્ણ તે તે કાયમાં નિયોજતા હતા તેઓએ ભીમસેનને પાકશાળાના અધ્યક્ષ નિયુક્ત કર્યા કારણ કે તેઓને ભોજનમાં ઘણી રૂચિ હતી. અંગ રાજ કર્ણને દાનાધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા કારણકે અંગરાજ કર્ણની તે કાર્યમાં દક્ષતા હતા, દ્ર્યોધનને કાશાધ્યક્ષ પદે નિયુક્ત કરાવ્યા કારણ કે તેના હસ્તમાં પદ્મનું ચિહન હતુ અને જેના હસ્તમાં પદ્મનું ચિહ્ન હોય તે જે પણ કંઇ વસ્તુ પદાર્થ આપે તે વસ્તુ પદાર્થ પાંચ ઘણી થઇ પુનઃ તેની પાસે આવે દુર્યોધન આ બાબતથી અજ્ઞાત હતો પણ સર્વજ્ઞ ભગવાન આ વાત જાણતા હતા એટલે માટે તેઓએ દુર્યોધનને તે કાર્યમાં નિયુક્ત કર્યો હતો. અજનજીને આવેલા રાજાઓની સારસંભારે લેવાની સેવા સોપાઇ હતી કારણ કે અજનજી સ્વભાવથી જ સરળ પ્રકૃતિના હોવાથી તેઓ તે કાર્યમાં યોગ્ય હતા આ પ્રમાણે બીજા ભિષ્મ, દ્રોણ, વિદૂરજી ઇત્યાદિને તે તે સેવામાં યોજી સાક્ષાત્ ભગવાન શ્રી કૃષ્ણ બ્રાહ્મણોના પાદ પ્રક્ષાલનની સેવા અને તેઓની ઉચિછ્ષ્ટ પત્રાવળી ઉઠાવવાની સેવમાં નિયુક્ત થયા હતા કારણ કે તેઓ બ્રાહ્મણોને જ પોતાના આરાધ્યદેવ માનતા હતા એટલે તેઓ તે કાર્યને યોગ્ય હતા.

આવો જ એક પ્રસંગ આચાર્ય શ્રેષ્ઠ રઘુવીરજી મહારાજના જીવનનો છે જ્યારે તેઓઓ વરતાલમાં સત્સંગિ જીવનની છાવણી કરવાનું નક્કી કર્યુ ત્યારે તેઓએ પણ પોતાના શિષ્યોને તેઓની કાર્ય કરવાની દક્ષતાનો વિચાર કરી તેઓ બધાને આપે તે તે કાર્યમાં નિયોજેલા હતા. જેમ કે ઉત્સવના આરંભમાં મોટા અક્ષરાનંદ મુનિ તથા નારાયણાનંદ નામના બ્રહ્મચારી બન્ને ગુરૂવર શ્રીરઘુવીરાચાર્યની આજ્ઞાથી દેશાન્તરથી આવેલા બ્રહ્મચારી તથા સાધુ સમૂહોને રહેવાના સ્થાનો યથા યોગ્ય આપવામાં તત્પર થયાં. દેશાન્તરથી આવેલા હજારો

મુનિગણો, વર્ણિઓ તથા પાર્ષદો અક્ષરાનંદ સ્વામી તથા નારાયણાનંદ બ્રહ્મચારી ની આજ્ઞાથી શ્રી લક્ષ્મીનારાયણ દેવના મંદિરની સમિપમાં, મંદિરની પશ્ચિમ તથા ઉત્તર દિશામાં રહેલી હવેલીમાં આનંદપૂર્વક નિવાસ કરતા હતા.

શ્રી રઘુવીરાચાર્યે નડિયાદના નાગર બ્રાહ્મણ દાનતરામ તથા ડભાણના ઉદિચ્યચ બ્રાહ્મણ કરૂણાશંકર એ બન્નેને આ ઉત્સવમાં આવેલા ગૃહસ્થ જનોની સ્ત્રીઓને ઉતારા આપવાની આજ્ઞા કરી. એ બન્ને દ્વિજોની સંમતિથી બીજા ઘણા બ્રાહ્મણો વનમાળી મોહનરામ વગેરે પણ હરિભક્તોને નિવાસ આપવાના કાર્ય માં સર્વદા ઉદ્યમે યુક્ત થયા. દાનતરામ વગેર બ્રાહ્મણો દેશાન્તરથી આવેલા પુરૂષો તથા સ્ત્રીઓને વરતાલ નગરમાં યથા યોગ્ય ઉતારા કરાવતા હતા. આ પ્રમાણે પ્રવીણ દાનતરામ તથા અન્ય બ્રાહ્મણોએ મંદિરના પૂર્વભાગમાં લાંબી અને પહોળી ઉત્તમ ધર્મ શાળાઓમાં હજારો મનુષ્યો તથા સ્ત્રીઓને નિવાસ કરાવ્યો.

શાંતિ કરનાર પવિત્ર સત્સંગિ જીવનની કથામૃતના પાન કરાવાની ઇચ્છાવાળા કેટલાક સત્સંગી ભક્તજનો વરતાલ ના શાખા નગરો જોળ, સંજાયા, બામરોલી વગેરેમાં નિવાસ કરતા હતા. માધવાનંદ બ્રહ્મચારી આદી અન્યવર્ણિ સમુદાય સમગ્રપાઠ કાર્યમાં અગ્રેસર હતા. તેઓ બ્રહ્મચારીઓના સમૂહને તથા બ્રાહ્મણોની રસોઇની યોજનામાં માર્ગદર્શન આપતા રહ. પાક કરવામાં અગ્રેસર નારાયણ દાસ સાધુ, સમગ્ર મુનિઓ, પુરૂષોત્તમ દાસ વગેરે સાધુઓને પાક તૈયાર કરવામાં યથાયોગ્ય યોજના કરતા હતા તે સમયે હરિલાલ નામના વણિકની દ્રવ્ય આપવા લેવા રૂપ કાર્યમાં આચાર્યશ્રીએ યોજના કરી હતી. તે કાર્યમાં તે તત્પર રહતા. વળી શિવચંદ્ર તથા ગોવર્ધનદાસ નામના વણિકોને મોદી ખાનાના કાર્યમાં આચાર્યે નિયુક્ત કર્યા હતા, સુંદર સ્પષ્ટ અક્ષર લખવામાં પ્રવીણ હસન

નામના ભક્ત દેશાંતરમાં પત્રો લખીને મોકલવા તથા સુંદર પાક સિધ્ધિને માટે સામગ્રીઓ લાવવાનું કાર્ય દરરોજ કરતા હતા.

ભક્ત હરિ ભાઇને રઘુવીરજી મહારાજે લોકોને ઇચ્છિત ધન આપીને સદા સુખી કરવા માટે નિયુક્ત કર્યા. તે સમયે વરતાલ નગરમાં બ્રાહ્મણાદિક સત્સંગીઓ માટેના સેંકડો રસોડા થયા હતાં. તથા સત્સંગી જનોનો ભારે સમૂહ ભેળો થયો હતો એટલે આચાર્યશ્રીએ નાથજી ભક્ત, હુકજીભાઇ તથા સજીવ ભક્ત વગેરે પાર્ષદોને ભક્તજનોને શાક તથા લાકડાં, રસોઇના વાસણો વગેરે ઘટે તેમ હંમેશા આપવાની સેવામાં નિયોજેલા સુવર્ણનીછડી ઝાલનારા પ્રભુદાસ ભક્ત આચાર્યની પ્રેરણાથી ભક્તોને કાંઇ ઔષધિની જરૂર પડે તો તે આપવાની સેવામાં નિયુક્ત કરાયા હતા. (હરીલીલા કલ્પતરૂ/૧/૬) આમ આચાર્યએ તે તે ભક્તજનને તેના ગુણ અનુસાર તે તે કાર્યમાં નિયુક્ત કરેલા. માટે જે મનુષ્ય જેવા ગુણવાળો હોય તેને તેના ગુણાનુસાર કાર્યમાં યોજવો જેથી કાર્ય સફળ થાય. (શ્લો: ૬૦ હવે કયા દોષ વિનાશ કરનારા છે તે કહે છે.

શ્લોઃ ૬૯ त्रय एवाधना राजन् भार्या दासस्तथा सुत: ।

यत्ते समधिगच्छन्ति चस्य ते तस्य तद्धनम् ॥

શ્લોકાર્થ : હે રાજન! ત્રણ મનુષ્યો ધનના અધિકારી નથી પત્ની દાસ- નોકર અને પુત્ર તે જે પણ કંઇ પ્રાપ્ત કરે તે ધન તેઓ જના હોય તેનું છે.

ચ.ટી. : પત્નીએ પતિની અર્ધાંગિન હોવાથી તેનું જે પણ કંઇ છે તે બધુ તેના પતિનું જ હોય છે. 'आत्मा वा जायते पुत्र' આમા કહ્યા પ્રમાણે પિતા પોતે જ પુત્ર રૂપે પ્રગટ થતો હોવાથી, તે જે પણ કંઇ ઉપાર્જન કરે છે તે સ્વાભાવિક રીતે પિતાનું હોય છ, તેમ દાસ પોતાની સ્વતંત્રતા ઘુમાવી ચૂકેલો હોવાથી તે જે પણ

કઇક ઉપાર્જન કરે છે તે રાજા હરિશચંદ્રજીની જેમ મુલ્ય આપી લેનારા તેના સ્વામીન્ જ હોય છે. તેમ હે ધૃતરાષ્ટ્ર! દુર્યોધનનું પ્રાગટ્ય પણ તમારા થકી જ થયું છે એટલ તેણે જે પાંડવોનું રાજ્ય કપટ કરી લઇ લીધુ છે તે રાજ્ય તમો તેઓને પાછ આપી દો. કારણ કે દુર્યોધનની સમસ્ત સંપત્તિ પર તમારો અધિકાર છે. એમ વિદૂરજી ગૂઢાથમાં ધૃતરાષ્ટ્રને કહી રહ્યા છે. (શ્લો. ૬૯) હવે નીતિકાર વિસ્તારકારી ત્રણ દોષોનું વર્ણન કરે છે. -

શ્લોઃ ૭૦ हरणं च परस्वानां परदाराभिमर्शनम्।

सुहृश्च परित्यागस्त्रयो दोषा क्षयावहा: ॥

શ્લોકાર્થ : અન્ય ના ધનનું અપહરણ કરવું, અન્યની સ્ત્રી સાથે સમ્બન્ધ રાખવો, તથા સાચા મિત્રોનો પરિત્યાગ કરવો (સમ્બન્ધિનો પરિત્યાગ કરવો) આ ત્રણ દોષ વિનાશકારી છે.

ચ.ટી. : કેટલીક વાતો એવી છે જે જીવન માટે દુઃખદાયી હોય છે જેમ બીજાના ધનનું અપહરણ કરવું. ધનનું અપહરણ એ ચોરી છે જેનાથી પરસ્પર વિરોધ થઇ અનિષ્ટની પ્રાપ્તિ થાય છે. આ સંદર્ભમાં મહાભારતમાં આવતુ શંખ લિખિતનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. ધર્મ શાસ્ત્રના પ્રણેતા શંખ અને લિખિત એ બન્ને સગા ભાઇ હતા એક સમયની વાત છે લિખિત ઋષિ શંખ ઋષિ ને મળવા માટે તેઓના આશ્રમમાં આવ્યા. તે સમયે શંખ ઋષિ કોઇ કાર્ય નિમિત્તે બહાર ગયા હતા. એટલે આશ્રમમાં કોઇ હતુ નહિ. તે સમયે લિખિત ક્ષુધાથી પિડિત હતા. એટલે તેઓએ આશ્રમમાં ઉગતા વૃક્ષો પરથી થોડા ફળ પાડયા અને તેનું ભક્ષણ કરવા લાગ્યા. એવા સમયમાં શંખ ઋષિ આશ્રમમાં આવ્યા. તેઓએ જોયું લિખિત ઋષિ આવેલા છે અને તેઓ ફળાહાર કરી રહ્યા છે. શંખને આવેલા

જોઇ લિખિત તેઓ પાસે આવ્યા અને તેઓને વંદન કર્યા અને તેઓના કુશળ સમાચાર પુછ્યા.

તદન્તર શંખે લિખિતને પુછ્યું 'ભ્રાતા, આપ આ ફળ ક્યાંથી લાવ્યા?' ત્યારે લિખિત બોલ્યા 'ભ્રાતા, તમારા જ આશ્રમમાંથી ગ્રહણ કર્યા તેઓની વાત સાંભળી શંખ બોલ્યા 'ભ્રાતા, તમોએ અમારી આજ્ઞા વગર આ ફળ લીધા એ તો ચોરી કરી કહેવાય, માટે આપ આનું પ્રાયશ્ચિત કર કરો.' શંખની વાત સાંભળી લિખિતને પોતાની ભૂલ સમજાય એટલે તેઓ ત્યાંથી તે સ્થાનના રાજા પાસે આવ્યા. એકાએક લિખિત ઋષિને આવેલા જોઇ રાજાએ સેવકોન તેઓ માટે પાદ્ય તથા અર્ઘ્ય લાવવા કહ્યુ. ત્યારે લિખિતે રાજાનેકહ્યું 'રાજન, પાદ્ય અર્ઘ્ય રહેવા દો આજે એક અપરાધિ તમારી પાસે તેના અપરાધનો દંડ લેવા માટે ઉપસ્થિત થયો છે.' રાજા તો લિખિત ઋષિની વાત સાંભળી આશ્ચર્ય પામી ગયા કે 'ધર્મશાસ્ત્રનું પ્રણયન કરનારાથી અપરાધ?' લિખિતે બધી વાત વિસ્તારીને કહી સંભળાવી. ઋષિની વાત સાંભળી રાજા બોલ્યા ''પ્રભુ! આપે જ ધર્મ શાસ્ત્રનું પ્રણયન કરેલુ છે અને આપ જ ભૂલી ગયા? ધર્મશાસ્ત્રો તો કહે છે -'तथैव सप्तमे भक्ते भक्तानि षडनरनता। अश्वस्तन विधानेन हर्तव्य हीनकर्मण: । છ ટંક- ત્રણ દિવસ અન્ન પ્રાપ્ત ન થયું હોય અને સાતમે ટંકે - ચર્તુથ દિવેસ પણ મળવાની સંભાવના ન હોય તો બ્રાહ્મણ સિવાય અન્ય વર્ણના ખેતરમાંથી ખાવા માટેની વસ્તુ લેવી. પણ અશ્વસ્તન વિધાનનથી અર્થાત્ વળતે દિવસે ખાવા માટે ન બચે તે રીતે લેવી.'' રાજાની વાત સાંભળી લિખિત બોલ્યા 'રાજન, મનુ મહારાજનું આ વચન તો જે ત્રણ દિવસનો ક્ષુધાતુર હોય તેને માટે છે પણ અમો ત્રણ દિવસના ક્ષુધાતર હતા માટે તમો ઇશ્વરના પ્રતિક રૂપે ધરાતલ પર બિરાજમાન છો એટલે અમોને અમારા અપરાધ બદલ શિક્ષા કરો.

મુનિની આ પ્રમાણેની આગ્રહપૂર્ણ વાણી સાંભળી રાજાએ પોતાના સેવકોને આજ્ઞા કરી 'तृणं वा यदी वा काष्ठं पुष्प वायदि वा फलम्। अनापृच्छन् हि गृहणान्ते हस्तच्छेदनमर्हती॥ ઘાસનું તણખલું, કાષ્ટ, પુષ્પકે ફળજો તેના ધણીની આજ્ઞા સિવાય કોઇ લઇ તે તો તે લેનારાના હાથ કાપી નાખવા આ પ્રમાણે ધર્મ શાસ્ત્રના વચન હોવાથી લિખિત ઋષિના બન્ને હાથો નો વિચ્છેદ કરો. રાજાની આજ્ઞા થતા સેવકોએ લિખિત ઋષિના હાથ કાપી નાખ્યા. તે પછી કપાયેલા હાથ વાળા અને જેમના મુખ પર ચોરીના પાપની સજા મળવાથી પ્રસન્નતા ઝલકી રહી છે એવા લિખિત ઋષિ શંખ ઋષિ પાસે આવ્યા. તે સમયે શંખ તેમની ધર્મ નિષ્ઠાની પ્રસન્ન થઇ તેઓ પ્રત્યે બોલ્યા 'લિખિત, આ તો ધર્મ ઉલ્લંઘનનો દંડ છે, હવે તમો નહો જઇ વિધિવત દેવતા અને પિતરોનું તર્પણ કરો અને ભવિષ્યમાં ક્યારેય અર્ધમમાં મનન લગાવતાં તે પછી લિખિતે શંખની વાત સાંભળી નદીમાં જઇ ડૂબકી મારી કે તેઓના હાથ પૂર્વવત થઇ ગયા. લિખિતે આવી શંખન સજીવન થયેલા પોતાના હાથ બતાવ્યા અને તેઓ પ્રત્યે બોલ્યા 'ભ્રાતા! આમ કેમ થયું? ત્યારે શંખ બોલ્યા 'અમે તમારા હાથ પૂર્વવત થઇ જાય એ માટે દેવોને પ્રાર્થના કરી હતી.' ત્યારે લિખિત બોલ્યા 'તો પછી અમારા હાથ કેમ કપાવડાવ્યા?' શંખ બોલ્યા 'લિખિત આપણે ધર્મ શાસ્ત્રના પ્રણેતા છીએ, જો આપણે જ ધર્મ મર્યાદાનું અતિક્રમણ કરીએ તો બીજા પાસેથી શુ અપેક્ષા રાખીએ? માટે ધર્મનો ઉચ્ચ આદર્શ પ્રસ્થાપિત કરવામાટે તમારા હાથ કપાવ્યા અને જ્યારે તમો તે પાપનું પ્રાયશ્ચિત કરી ચૂકયાં ત્યારે પુનઃ તેને પૂર્વવત કરી દીધા.' માટે જ ગંગા પુત્ર ભિષ્મ કહે છે 'न हर्तव्यं परधनमिति धर्मः सनातन। આપત્તિ હોવા છતાં વિચાર કરીને મનુષ્યે મનવાણી અને શરીરથી પારકુ ધન ન લેવું' (મહા/ અનુ./ ૧૪૪/૩૨) માટે અન્યનું ધન ક્યારે ગ્રહણ ન કરવું અન્યથા અનિષ્ટની પ્રાપ્તિ થાય છે.

તે જ પ્રમાણે અન્ય સ્ત્રીની સાથે કુચેષ્ટા કરનારા મનુષ્યની આ લોકમાં અપકીર્તિ તથા પરલોકમાં દુર્ગતિ થાય કહ્યુ પણ છે- 'परदारा न गन्ताव्या: सर्व वर्णेषु क्वचित्॥ न हीदृशमनायुष्यं लोके किञ्चन विद्वते! यादृशं पुरुषस्पेह परदारो पसेवनम्॥ यावन्तो रोमकूपाः स्युः स्त्रीणा गात्रेषु निर्मिताः। तावद् वष सहस्राणि नरकं पर्युपासते॥ બધા જ વર્ણોમાં ક્યારેય પરસ્ત્રી સંગ કરવો જ નહિ કારણ કે વ્યભિચારથી પુરુષની આયુષ્યને જેટલી હાની થાય છે તેટલી હાની આ લોકમાં બીજા કોઇ પાપ થી થતી નથી. સ્ત્રીના શરીરમાં જેટલા રામકૂપ હોય છે તેટલા વર્ષ પર્યન્ત (હજાર વર્ષ) તે સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર પુરૂપને નરકનું દુઃખ ભોગવવું પડે છે.' (મહાભારત/આનુ /૧૦૪/૨૦ થી ૨૨) 'देवार्त्विक्स्नातकाचार्यराज्ञां छायां परस्त्रियाः। नाक्रामेद्रक्नविण्यमूत्रष्ठीवनोद्वर्तनादि च॥ દેવ, ઋત્વિક, સનાતક, આચાર્ય રાજા અને પરસ્ત્રી આટલાની છાયાને પણ ઓળંગવી નહિ અને રૂધિર, વિષ્ઠા, મૂત્ર,, થૂકેલા તથા ઓકેલા ને પણ ઓળંગવું નહી' (યાજ્ઞ. સ્મૃતિ૧/૧૫૨) 'व्यभिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्चमां श्रितैः। અમારા આશ્રિત જે પુરૂપ તથા સ્ત્રીઓએ વ્યભિચાર ન કરવો' (શિક્ષા/શ્લો-૧૮) આ સંદર્ભમાં વાલ્મિકી રામાયણમાં આવતો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. આ પ્રસંગ મહાભારતમાં પણ આવે છે વાત એમ હતી કે પરમપિતા બ્રહ્માજીએ સમસ્ત જગતમાંથી સારસાર વસ્તુ ગ્રહણ કરી એક કન્યાનું નિર્માણ કર્યુ. દોષ રહિત હોવાથી બ્રહ્માજી એ એનું નામ 'અહલ્યા' રાખ્યું, દેવો દાનવો બધા જ એવું ઇચ્છતા હતા કે આ કન્યા અમોને પ્રાપ્ત થાય. પણ બ્રહ્માજીએ આ કન્યાને કોઇને ન આપી તેન ગોતમ ઋષિ પાસે ધરોહરના રૂપમાં તેમના આશ્રમમાં રાખી. ગૌતમ ઋષિ એક જીતેન્દ્રિય પુરૂપ હતા. લાગલગાટ કેટલાએ વર્ષો સુધી અહલ્યા તેઓના આશ્રમમાં રહી છતા ગૌતમ ઋષિએ તેનો સામુ નેત્ર ઉઠાવીને જોયું પણ નહિ. તેઓની અદ્‌ભૂત સંયમ

નિષ્ઠા જોઇ એક દિવસ બ્રહ્માજી તેઓના આશ્રમ પર પધાર્યા સાથે ઇન્દ્રાદિક દેવો પણ હતા. પિતામહને પોતાના આશ્રમ પર આવેલા જોઇ ગૌતમે પાદ્ય અર્ઘ્યથી તેમનું આતિથ્ય કર્યુ તે પછી બ્રહ્માજી બધા દેવોને સંભળાવતા થકા બોલ્યા 'જે પણ કોઇ વ્યક્તિ પૃથ્વીની પરિક્રમા કરી પ્રથમ અમારી પાસે આવશે તેના લગ્ન અમો અહલ્યા સાથે કરાવશુ.'

બ્રહ્માજીનું બોલવું પર્યાપ્ત હતુ બધા દેવતાઓ અહલ્યા આપણે પ્રાપ્ત થાય એવા ઉદ્દેશ્યથી પોત પોતાના વાહન પર બેસી પૃથ્વિની પરિક્રમા કરવા રવાના થયા. બધા ગયા પણ ગૌતમ ઋષિ ત્યાં આશ્રમ માં જ રોકાઇ રહ્યા તેઓએ જોયું કે 'આશ્રમમાં એક નવ પ્રસુતા ગાય એક વત્સને પ્રસવ કરી રહી છે અને ગાયનું બચ્ચુ તેની યોની માંથી બહાર નીકળી રહ્યુ છે, આવી અવસ્થા વાળી ગાયની પરિક્રમાં કરી લેવાથી પણ પૃથ્વિની પરિક્રમા પૂર્ણ થઇ જાય. આમ વિચારી ગૌતમ તે ગાયની પરીક્રમા કરી અને તેઓ બ્રહ્માજી પાસે ઉપસ્થિત થયા અને તેઓને બધી વાત કરી. બ્રહ્માજીએ પણ તેઓની વાત સાંભળી અહલ્યાના લગ્ન ગૌતમ સાથે કરાવી દીધા. તે પછી દેવરાજ ઇન્દ્ર પૃથ્વિની પરિક્રમા કરી પ્રથમ આવ્યા તેઓએ જોયું કે અહલ્યા તો ગૌતમ ઋષિને વરી ચૂક્યા છે. બ્રહ્માજીએ તે પછી તેઓને બધી વાત કરી એટલે ઇન્દ્ર દેવ હતાશ થઇ ગયા અને સ્વર્ગમાં જતાં રહ્યા પરંતુ અહલ્યાના સૌદર્યથી જેનું મન કામનાથી મથાઇ ચૂકેલું છે એવા તેઓ અહલ્યાને કોઇપણ રીતે પ્રાપ્ત કરવાનું વિચારી રહ્યા હતા પરંતુ તેઓ ગૌતમના તપોબળથી ઘણા ભયભીત હતા.

તદન્તર તેઓઅ અહલ્યાને પ્રાપ્ત કરવા માટે એક યુક્તિ કરી અને તે યોજનમાં તેણે ચંદ્ર દેવને પણ સમ્મલિત કરી દીધા તે પછી એક દિવસ ચંદ્ર દેવ મધ્યરાત્રિએ કકડાનું રૂપ ધારણ કરી ગૌતમ ઋષિના આશ્રમ પાસે આવ્યા અને

ઉચ્ચ શ્વરે પોતાના સ્વરનો ઉદ્દઘોષ કરવા લાગ્યા. કુકડાના સ્વરની આ ધ્વનિ ગૌતમ ઋષિએ સાંભળી એટલે તેઓ બ્રહ્મમર્હૂતનો સમય જાણી ઉભા થઇ પોતાના સ્નાનાદિ નિત્ય કર્મ કરવા ગોદાવરી નદી પર ગયા અને જેવા તેઓ સ્નાન કરવા જતા હતા તેવા જ વરૂણના દૂતોએ તેઓને અટકાવ્યા અને કહ્યું 'ઋષિ, હજ બ્રહ્મ મુહૂર્તની વાર છે. અત્યાર તો મધ્યરાત્રિનો સમય છે માટે આપ પાછા જાવ.' વરૂણ પાર્ષદોની વાત સાંભળી ગૌતમ ઋષિ આશ્ચર્યચકિત થઇ ગયા અને પુનઃ આશ્રમમાં આવ્યા.

હવે આ તરફ ગૌતમ ઋષિ જેવા આશ્રમમાંથી ગયા તેવા જ ઇન્દ્રદેવ ગૌતમ ઋષિનું રૂપ ધારણ કરી અહલ્યા પાસે આવ્યા પોતા પાસે ગૌતમનું રૂપ ધારણ કરીને આવેલા ઇન્દ્રને અહલ્યાએ પોતાના પતિવ્રત્ય ધર્મના પ્રભાવથી ઓળખી લીધા. પરંતુ જ્યારે ઇન્દ્ર દેવે તેની પાસે પ્રણયની ઇચ્છા કરી અને 'ત્રિલોકોના અધિપતિ દેવરાજ ઇન્દ્ર મારી પાસે પ્રણયની ઇચ્છા રાખે છે.' ત્યારે અહલ્યા પણ તેની સાથે રમણ કરવા તૈયાર થઇ ગઇ.

તદન્તર જેની ઇચ્છા પૂર્ણ થઇ છે એવા દેવરાજ ઇન્દ્ર જેવા આશ્રમની બહાર જતા હતા ત્યાં જ ગૌતમ ઋષિ આશ્રમમાં આવ્યા અને તેઓએ પોતાનું રૂપ ધારણ કરેલા દેવરાજ ઇન્દ્રને જોયા. ગૌતમ ઋષિ એ પોતાની તપસ્યાના પ્રભાવથી દેવરાજ અને અહલ્યાની કરતુત જાણી લીધી એટલે તેઓ ક્રોધાઇમાન થઇ દેવરાજ ઇન્દ્રને શાપ આપતા બોલ્યા 'ર દુષ્ટ, તારા બન્ને અંડ કોષ હમણા જ ખરી પડે અર્થાત્ તુ અંડકોષથી રહિત થઇ જા.' તે પછી ગૌતમ અહલ્યા પ્રત્યે બોલ્યા 'ર દુષ્ટા, તારી પણ આ કાર્યમાં સ્વિકૃતિ હતી માટે તુ પણ જડ એવા પથ્થરનો દેહ પ્રાપ્ત કરી અહી આજ આશ્રમમાં નિવાસ કર.' આ પ્રમાણે શાપ આપી ગૌતમ બ્રહ્મલોકમાં સિધારી ગયા અને દેવરાજ ઇન્દ્ર અંડકોષથી રહિત થઇ

ગયા અને અહલ્યા પથ્થર રૂપે પરિણમી. આમ વ્યભિચાર કરનારા વ્યક્તિનું અવશ્ય પતન થાય છે.

તેમ નિતિકાર હિતેચ્છ સુહ્દનો ત્યાગ કરવાની પણ મનાઇ કરે છે કારણ કે પોતાના સુહ્દ પોતાની અંગત બાબતોથી પરિચિત હોય છે અને તેનો ત્યાગ કરાતા તે જો પોતાના શત્રુ પાસે પોતાનો ભેદ ખોલી દે તો તેને લઇ બલસાળી વ્યક્તિનું પણ પતન થાય છે. જેમ રાવણ દ્વારા અપમાનિત થએલા વિભિષણ રામચંદ્રના પક્ષમાં જઇ ભળી ગયા અને તેઓ જ અપરાજિત વીર ઇન્દ્રજીત અને રાવણની મૃત્યુના કારણ બનેલા એટલે માટે મનુષ્યને સાવધાન કરતા આચાર્ય કહે છે 'न विश्वसेत् कु मित्रे च मित्रे चापि न विश्वसेत्। कदाचित कुपितं मित्रं सर्वं गुह्यं प्रकाशयेत्॥ કુમિત્ર પર તો કદાચિત વિશ્વાસ ન કરવો અને મિત્ર પર પણ વિશ્વાસ ન કરવો. કારણ કે રૂષ્ટ થતા વિશ્વાસ કરતા મૈત્રીના સમયમાં બતાવેલા અંગત રહસ્યો પણ સ્પષ્ટ કરી દે છે.'' (ચાણક્ય નીતિ) માટે આ ત્રણ દોષોથી બચવું (શ્લો-૭૦) હવે નીતિકાર કામાદિ ત્રણ દોષોનો ત્યાગ કવાનું કહે છે-

શ્લો: ૭૧ त्रिविधं नरकस्यद द्वारं नाशनमात्मनः।

काम: क्रोधस्तथा लोभस्तस्मादेतत् त्रयं त्येजत्॥

શ્લોકાર્થ : કામ, ક્રોધ અને લોભ આ આત્માનો નાશ કરવાવાળા નરક ના દ્વાર છે માટે આ ત્રણનો પરિત્યાગ કરવો.

ચ.ટી. : લોભથી કામના જાગે છે, કામના જાગૃત થતા અને તેનો ભંગ થતા ક્રોધ ઉત્પન્ન થાય છે અને ક્રોધી મનુષ્ય સ્વ કાર્યમાં પ્રવૃત્ત થાય છે અને જેથી મનુષ્યનું પતન થાય છે. સંસારમાં જે પણ કંઇક પાપ થાય છે તે આ ત્રણને વશીભૂત થવાથી જ થાય છે. આ સંબન્ધમાં રામાયણના ઉત્તરકાંડમાં આવતું

વશિષ્ટ ઋષિનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે- પૂર્વે સૂર્યવંશમાં એક નીમિ નામનો રાજા થઇ ગયો હતો. તેણે યજ્ઞ કરવા માટે ઋત્વિજ તરીકે પોતાના કુલગુરૂ વશિષ્ટજી ની નિયુક્તિ કરી પણ વશિષ્ટજી એ કહ્યું 'રાજન્! તમારા યજ્ઞ પહેલા, દેવરાજ ઇન્દ્રે અમોને એમના યજ્ઞ માટે વરણ કરેલું છે માટે, અમો એમનો યજ્ઞ કરાવીને આવીએ પછી તમારો યજ્ઞ કરાવશું' આમ કહી વશિષ્ટજી અમરાવતી નગરી માં પધાર્યા.

પોતના ગુરૂ વશિષ્ટજીના ગયા બાદ નીમિ રાજાએ દેહન ક્ષણ ભંગુર જાણી યજ્ઞમાં ગૌતમ, ભૃગુ ઇત્યાદિ ઋત્વિજોને યજ્ઞ માટે વરણ કર્યા. તે પછી ઇન્દ્ર દેવનો યજ્ઞ પૂર્ણ કર્યા બાદ વશિષ્ટ ઋષી પાછા આવ્યા ત્યારે નિમિ રાજાએ યજ્ઞમાં બીજા ઋત્વિજોને નિયેજેલા જોયા એટલે ધનના લોભને લઇ તેઓ નિમિરાજા પર કોપાયમાન થયા અને તેઓને શાપ આપતા બોલ્યા 'રે દુષ્ટ! તુ પંડિતપણા ના અભિમાન વાળો છે માટે તારો દેહ હમણા જ પડી જાવ.'

આ પ્રમાણે ગુરૂનું ઉગ્રવચન સાંભળી નિમિ રાજાએ પણ દેહની ક્ષણ ભંગુરતાનો વિચાર કર્યા વગર વશિષ્ટ ઋષિએ વગર વિચાર્યે શાપ આપ્યો છે એમ જાણી ગુરૂ ને પણ શાપ આપતા તેઓ પ્રત્યે બોલ્યા 'હે ગુરો! આપે પણ લોભને લીધે ધર્મતત્વને વિસ્મૃત કરી શાપ આપ્યો છે માટે તમારો દેહ પણ પડી જાવ, આ પ્રમાણે પરસ્પર શાપ અપાતા બન્ને જણાનો દેહ પડી ગયો. આ તરફ નિમિરાજાએ તો યજ્ઞમાં વર કરેલા ઋત્વિજોની કૃપાથી દરેક પ્રાણીના નેત્રમાં વાસ પ્રાપ્ત કર્યો. જ્યારે વશિષ્ટજીએ તો મિત્ર વરૂણના, વિર્ય થકી ઉર્વશી વેશ્યાના પુત્ર રૂપે પ્રગટ થયા અને વેશ્યા પુત્ર કહેવાયા આમ લોભ નામના દોષથી સ્વયંભૂ બ્રહ્માના આયોનિજ પુત્ર બ્રહ્મર્ષિ વશિષ્ટનું પતન થયું. માટે જ ભગવાન શ્રીહરિ

કહે છે, 'लोभः नाशस्य कारणम् - લોભનાશનું કારણ છે.' (સ.જી. ૨/૨૨) 'लोभात् पापं प्रवर्तते ॥ લોભથી પાપ વધે છે.' (મહા/શાંતિ/ ૧૫૮/૨)

તે જ પ્રમાણે મનુષ્યમાં લોભનો ઉદય થતા કામ ઉદય થાય છે અને કામના ઉદય થતા માનવ સત્ અસત્ ના વિવેકથી રહિત થઇ ન કરવા યોગ્ય કર્મમાં પ્રવૃત્ત થાય છે અને અંતે નષ્ટ પ્રાય થઇ જાય છે જેમ નહુષરાજા નષ્ટ પ્રાય થઇ ગયા હતા. વાત એવો હતી કે રાજર્ષિ યયાતિના પિતા અને ભગવાન શંકરની પુત્રી અશોક સુંદરના પતિ નહુષ ઇન્દ્રે કરેલી બ્રહ્મ હત્યાના કારણે ગુપ્તવાસમાં નિવાસ કરતા ઇન્દ્રના સ્થાને ત્રિલોકીના અધિપતિ તરીકે દેવો દ્વારા નિયુક્ત થયા ઇન્દ્ર દેવનો સમસ્ત પરિકર તેઓની સેવા દેવરાજ ઇન્દ્રની જેમ કરવા લાગ્યો પણ કહ્યુ છે ને કે 'પ્રભુતા પાઇ જાહિમદ નાહીં' નહુપ પણ ઉત્મત્ત થઇ ગયો તે મનોમન વિચારવા લાગ્યો કે, 'સ્વર્ગના બધા લોકો અમારી સેવામાં ઉપસ્થિત થાય છે. તો ઇન્દ્રાણિ કેમ નહિ? તેણે પ્રથમ તો ઇન્દ્રાણી ને પ્રેમથી સમઝાવી પરંતુ તેણે સેવામાં આવવાની સ્પષ્ટ રૂપે મનાઇ કરી એટલે આણે બળજરરી કરવા માંડી એટલે ઇન્દ્રાણી બૃહસ્પતિજીના શરણમાં ગઇ અને તેઓને નહુસની બધી વાત કરી.

ઇન્દ્રાણીની વાત સાંભળી બૃહસ્પતિજી તેને લઇ માનસરોવર આવ્યા જ્યાં ઇન્દ્રદેવ બ્રહ્મહત્યાના પ્રકોપથી બચવા કમળની નાળમાં ગુપ્ત રીતે વાસ કરતા હતા. તેઓએ ત્યાં આવી બધી વાત દેવરાજ ને કરી અને દેવરાજે તેઓને એક ઉપાય બતાવ્યો અને તે ઉપાય સાંભળી તેઓ પુનઃ અમરાવતી પુરી પ્રત્ય પધાર્યા અને તે પછી ઇન્દ્રાણી એ નહુષને બોલાવી કહ્યું 'પ્રિયે! આપનો પ્રસ્તાવ અમો સ્વિકાર કરીએ છીએ આપ પણ એવી સવારી પર અસવાર થઇ અમારી પાસે

આવો કે જે સવારી પર સવાર થઇ આજસુધી કોઇ આવ્યું ન હોય.' નહુષે ઇન્દ્રાણીની વાત સાંભળી કહ્યું 'ભલે'.

તે પછી આ કામાન્ધે ભૃગુ, અગસ્ત્ય આદિ સપર્ષિઓને પોતાની પાલકીમાં જોડયા અને તેના પર સવાર થઇ તે ઇન્દ્રાણી પાસે જતો હતો. આ સપ્તર્ષિ તપશ્ચર્યાને કારણે અતિશય કૃશકાય થયા હોય મંદગતિએ ચાલતા હતા પરંતુ જેનું મન ઇન્દ્રાણિમાં જ રમેલું છ એવો આ કામાન્ધ ઋષિઓને શીઘ્ર ગતિ કરવા 'સર્પ શીઘ્ર ચાલા શીઘ્ર ચાલો' એમ બોલી સપ્તર્ષિઓમાના અન્યતમ એવા અગસ્ત્ય ઋષિ પર પાદથી પ્રહાર કરવા લાગ્યો. તેની આ પ્રમાણેની અશિષ્ટતા જોઇ અગસ્ત્યઋષિ કુપિત થઇ ગયા અને બોલ્યા 'નિર્લજ્જ આ પ્રમાણે અનાર્ય જેવી ક્રિયા કરનાર તુ સ્વર્ગમાંથી પતિત થઇ સર્પ યોનિને પામ.' આમ શાપ આપતા નહુષ તુરંત સ્વર્ગમાંથી પતિ થઇ સર્પ યોનિને પામ્યો. આમ કામી મનુષ્ય પોતાની કુચેષ્ટાઓને કારણે ઉચ્ચપદ પરથી પણ નીચા પદવીને પામે છે. (મહાભરત)

તે જ પ્રમાણે કામના ભંગ થતા મનુષ્યમાં ક્રોધનો આવિર્ભાવ થાય છે અને ક્રોધી મનુષ્ય પણ પોતાની સ્થિતિ પરથી પતિત થાય છે. આ સંબન્ધમાં વિશ્વામિત્રનું ચરિત્ર અવલોકનનિય છે. વાત એમ હતી કે, વિશ્વામિત્રજીની પ્રથમ તપસ્યા તો મેનકાએ ભંગ કરી પરંતુ તેઓ પુનઃ તપસ્યામાં આરૂઢ થયા આ વખતે મુનિની તપસ્યા ભંગ કરવા દેવરાજ ઇન્દ્રે રંભા નામની અપ્સરાને યોજી. રંભા પણ મેનકાની જેમ મુનિ પાસે આવી પોતાના હાવ ભાવથી મુનિના મનને પોતાના તરફ આકર્ષિત કરવા પ્રયત્ન કરવા લાગી એટલે મહર્ષિ કુપિત થયા અને તેને કુરૂપ થઇ જવાનો શાપ આપ્યો. શાપ તો આપ્યો પણ રંભા પર ક્રોધ કરવાથી ઋષિની તપસ્યા ક્ષિણ થઇ ગઇ. આમ ક્રોધ કરવાથી મનષ્યે ઘણા

કાળથી ઉપાર્જિત કરેલ તપ ઇત્યાદિ નષ્ટ થઇ જાય છે. આ ચરિત્રમાં પણ વિશ્વામિત્રજી ક્ષત્રિયમાંથી બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરવાની કામનાથી તરસ્યા કરી રહ્યા હતા. પરંતુ પોતાની કામનામાં રંભા વિઘ્ન કરનારી જોઇ ઋષિ કુપિત થયા અને તેને શાપ આપ્યો અને જેને પરિણામે મુનિએ પોતાની તપસ્યાથી હાથ ધોવા પડયા માટે જ ભગવાન શ્રી કૃષ્ણ કહે છે 'त्रिविधं नरक स्यैतद् द्वार नाशनमात्मानः। कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत्॥ કામ ક્રોધ અને લોભ આ નકરના ત્રણ દ્વાર છે આત્માનું પતન કરનાર છે. માટે આ ત્રણેયને ત્યાગ કરવા જોઇએ'. (ગીતા/૧૬/૨૧) 'काम एष रजोगुण समुद्भवः। महाशनो महापाप्मा विद्वेयनमिह वैरिमम्॥ धूमेना व्रियते वह्निर्यथादर्शो मलेन च। यथोल्बनावतोगर्भस्तथा तेनेदमावृतम्॥ आवृतं ज्ञानमतन ज्ञानिनो नित्य वैरिणा। कामरुपेकोन्तेय दुष्पुरेणानकेन च॥ इन्द्रियाणि मनौ बुद्धिरस्याधिष्ठानमुच्यते। एतर्विमोहयत्येष ज्ञानमावृत्यदेहिनम्॥ રજોગુણથી ઉત્પન્ન થયેલા આ કામે જ ક્રોધ છે આ ઘણુ ખાવા વાળો અર્થાત્ ભોગથી ક્યારેય તૃપ્ત ન થનાર અને મોટો પાપી છે, આને જ તુ આ વિષયમાં શત્રુ જાણ. જે પ્રકારે ધુમાડાથી અગ્નિ અને મેલથી દર્પણ ઢંકાઇ જાય છે તથા જેમ વિષ આપવાથી ગર્ભ ઢંકાઇ જાય છે તેમ કામ દ્વારા જ્ઞાન ઢંકાઇ જાય છે અને હે અર્જન! આ અગ્નિ સમાન ક્યારેય ન પૂર્ણ થતા કામરૂપ જ્ઞાનિઓના નિત્ય શત્રુ દ્વારા મનુષ્યનું જ્ઞાન ઢંકાયેલ છે ઇન્દ્રિયો મન અને બુધ્ધિ આ બધાઓના નિવાસ સ્થાન છે, આ ઇન્દ્રિયો આદિ દ્વારા જ જ્ઞાન ને ધાકી દઇને જીવાત્મા ને મોહિત કરી દે છે. (ગીતા/3/૩૭ થી ૪૦) શ્રી વલ્લભાચાર્યજી કહે છે. 'कामेन कर्मनाशः अस्ति, क्रोधेन ज्ञाननाशम् अस्ति, लोभेन भक्ति नाशः अस्ति॥ કામનાથી સત્ કર્મ નષ્ઠ થઇ જાય છે, ક્રોધ કરવાથી જ્ઞાન નાશ થાય છે અને લોભ કરવાથી ભક્તિ નષ્ટ થાય છે.' નિષ્કુળાનંદ સ્વામી કહે છે. 'જેનું કામ કાપી લીધુ નાક, લોભે લઇ લીધી

લાજ..... એવા પાપીનું સ્પર્શતા અંગ, પુણ્ય જાય પોતા તણું ...... એવા જન જીવતા જરૂર મુવા છે.' માની લેજો દેખી દુર્ગંધ ને રહેજો દૂર, આભડ છેડ એતો છે જોર (નિષ્કુળાનંદ કાવ્ય/ચોસઠપદી/પદ ૧ થી ૪) ભગવાનશ્રી હરિ પણ ''અને ક્રોધ કેવો છે તો જેવું હડકાયુ કુતરૂ હોય તેવો છે જેમ હડકાયા કૂતરાનો લાડ જે ઢોર અથવા મનષ્ય જેને અડે તે હડકાયા કૂતારની પેઠે ડાચિયો નાખીને સંતના માર્ગ થકી પડી જાય છે, અને ક્રોધ કેવો છે તો જેવો કસાઇ, આરબ, ભાવર (શિકારી), વાઘ, દીપડો, કાળો સર્પ તે જેમ સર્વને બિવરાવે છે અને બીજાના પ્રાણને હરી લે છે તેવો ક્રોધછે તે પણ સૌને બિવરાવે છે..... અને ક્રોધ જેના દેહમાં આવે તે જો સંત હોય તો પણ તેને વિરૂપ કરી નાંખે છે.' (વ.મૃત લોયા-૧) માટે આ નકરના દ્વાર રૂપ ત્રણેયનો ત્યાગ કરવો એ માજ માનવનું હિત છે. (શ્લો-૭૧) હવે નીતિકાર વર આદી ત્રણ પ્રાપ્ત થવાની અપેક્ષાએ શત્રુથી મુક્ત થવાની શ્રેષ્ઠતા બતાવે છે-

શ્લો: ૭૨ वर प्रदान राज्य च पुत्रजन्म च भारत।

शत्रोश्च मोक्षणं कृच्छ्रात् त्रीणि चैकं चतत्समम्॥

શ્લોકાર્થ : હે ભારત! વર પ્રાપ્ત કરવો, રાજ્ય પ્રાપ્ત કરવું અને પુત્રનો જન્મ થવો આ ત્રણ એક બાજ અને શત્રુથી મુક્ત થવું એક તરફ આ ત્રણ એક તરફ અને શત્રુથી મુક્ત થવું એક સમાન છે.

ચ.ટી. : સુખનો સમય ભોગવવામાં શીઘ્ર વ્યતિત થઇ જાય છે. પણ દુઃખનો સમય શીઘ્ર વ્યતિત થતો નથી. વર પ્રાપ્તિ રાજ્ય પ્રાપ્તિ અને પુત્ર જન્મ એ સુખ કારક છે. અતઃ આનાથી આનંદની પ્રાપ્તિ થાય છે. પરંતુ શત્રુ થકી જીવનના કષ્ટની પ્રાપ્તિ થાય છે તેના થકી મુક્તિ મેળવવી એ તો એનાથી પણ વધુ સુખકર

છે. એટલે એની તુલનામાં આ ત્રણ આવતા નથી. આના સંદર્ભમાં મહાભારત ના વનપર્વમાં આવતું સત્યવાન સાવિત્રીનું જીવન અવલોકન કરવા યોગ્ય છે.

વાત એવી હતી કે મદ્ર દેશના ધર્માત્મા રાજા અશ્વ પતિ ને માતા સરસ્વતિની કૃપાથી સાવિત્રી નામની એક કન્યાની પ્રાપ્તિ થઇ. જગતમાં તેના સમાન ગુણવાન તથા રૂપવાન કન્યા કોઇપણ ન હતી. સાવિત્રી જ્યારે વયસ્ક થઇ ત્યારે તેના પિતા અશ્વપતિ એ તેના લગ્ન કરવાનું વિચાર્યુ પરંતુ સાવિત્રીમાં જેવા ગુણ હતા તે પ્રમાણે તેના અનુરૂપ કોઇ યુવક તેઓએ શોધવા છતા પણ પ્રાપ્ત થયો નહિ. એટલે અંતે હારી થાકી તેઓએ સ્વયં જ સાવિત્રીને પોતાના અનુરૂપ પતિ શોધવા માટ આજ્ઞા કરી. પિતા ની આજ્ઞા થતા સાવિત્રો પોતાની સાથે મંત્રી તથા કેટલાક વૃધ્ધ પુરૂષોને લઇ પૃથ્વિ પર ભ્રમણ કરવા લાગી, અને ભ્રમણ કરતા તેને પોતાને ગુણ અને સ્વભાવતી શ્રેષ્ઠ એવા શાલ્વ દેશના ધર્માત્મારાજા દ્યુમત્સેનના પુત્ર 'સત્યવાન' પોતાના માટે ઉચિત દેખાયા અને સાવિત્રીએ આવી પોતાના પિતાને બધી વાત કરી.

પોતાની પુત્રીની વાત સાંભળી અશ્વપતિ સાવિત્રી પ્રત્યે બોલ્યા 'બેટા! શાલ્વ દેશના અધિપતિ દ્યુમત્સેન તો તેઓના શત્રુ દ્વારા રાજ્યં ચ્યુત કરાયા છે અને તેઓ પોતાની ધર્મ પત્ની અને પુત્ર સત્યવાન સાથે વનમાં નિવાસ કરીને રહે છે, માટે તેઓના પુત્ર સત્યવાન સાથે વિવાહ કરવાથી તો તને કેવલને કેવલ દુઃખની જ પ્રાપ્ત થશે.

અશ્વપતિ આ પ્રમાણે સાવિત્રીને કહેતા હતા તેવા જ સમયમાં ત્રિલોકમાં સ્વચ્છંદ રૂપે વિચરણ કરતા નારદજી મદ્ર દેશના અધિપતિ અશ્વપતિના ઘરે પધાર્યા. પોતાના ઘરે પધારેલા નારદજીનું અશ્વપતિએ પાદ્ય અર્ધ્ય ઇત્યાદિથી યથોચિત આતિથ્ય કર્યુ તે પછી અશ્વપતિ એ નારદજીને બધી વાત કરી એટલે

ભૂતભવિષ્યને જાણનાર નારદજી સાાવિત્રીને ઉદ્દેશની બોલ્યા- ‘સાવિત્રી! જેની સાથેનું લગ્ન કરવાનું વિચારે છે તે સત્યવાન ગુણકરીને બધી રીતે તારે યોગ્ય છે પરંતુ તેનામાં એક દોષ છે જે તેના બધા ગુણોને ઢાંકી દે છે તે એ છે કે સત્યવાનનું આયુષ્ય ફક્ત એક વર્ષનું જ શેષ રહ્યું છે એક વર્ષ બાદે તેનું મૃત્યુ છે તો આવા અલ્પાયુ વાળા પુરૂષ સાથે લગ્ન કરી તને અંતે કેવળને કેવળ દુ:ખની જ પ્રાપ્તિ થશે.’

નારદજીની વાત સાંળભી અશ્વપતિએ પણ સાવિત્રીને ખૂબ સમઝાવી પણ સાવિત્રી પોતાના નિર્ણય પર અટલ જ રહી અને અંતે હારી અશ્વપતિઅ બ્રહ્મવિવાહથી સાવિત્રીના લગ્ન દ્યુમત્સેનના પુત્ર સત્યવાનની સાથે કરાવ્યા. લગ્ન થયા બાદ સત્યવાન અને સાવિત્રીના દિવસો આનંદમાં વ્યતિત થતા હતા પણ જેમ જેમ સત્યવાનનો નિર્ધારિત થયેલો મૃત્યુનો સમય સમિપ આવતો ગયો તેમ તેમ સાવિત્રીની ચિંતા વધવા લાગી અને તે દિવસ આવી ગયો જ્યારે સત્યવાન નું મૃત્યુ થવાનું હતુ. તે દિવસે સત્યવાન પ્રાત:કાળે ઉભો થઇ પોતાના નિત્ય કર્મથી પરવારી યજ્ઞ માટે સમિધા લેવા વનમાં જતો હતો. તેને જતા જોઇ સાવિત્રી પણ તેની સાથે વનમાં જવા તૈયાર થઇ સત્યવાને તેને સમજાવી છતાં પણ તે સત્યવાન સાથે વનમાં ગઇ.

તદન્તર મધ્યાહ્નનો સમય થવા આવ્યો સત્યવાને સમિધાની એક ગાંસડી બાંધી અને લઇને જેવો તે આશ્રમમાં આવવા નીકળ્યો ત્યાંજ તેના મસ્તકમાં અચાનક અસહ્ય પીડા થવા લાગી એટલે તે સાવિત્રીના ખોળામાં મસ્તક મુકી વડના વૃક્ષની નીચે સૂઇ ગયો. તેવા સમયમાં તેના આયુની મર્યાદા પૂર્ણ થતા સ્વયં યમરાજ તેને લેવા માટે તેની પાસે આવ્યા અને તેઓએ પાસનાખી સત્યવાન ના સૂક્ષ્મ દેહને તેના શરીરમાંથી બહાર કાઢયો અને તેને લઇને યમરાજ યમાલય

તરફ ચાલીને નીકળ્યા. આ પ્રમાણે યમરાજને પોતાના પતિને યમાલય તરફ લઇ જતા જોઇ સાવિત્રી પણ પોતાના પાતિવ્રત્યના પ્રભાવથી તેની પાછળ ચાલવા લાગી. ત્યારે યમરાજ તેન તેની સાથે ન આવવા જણાવ્યું અને તે માટે યમરાજે સાવિત્રીને પ્રલોભન આપતા વરદાન માંગવા જણાવ્યું. ત્યારે સાવિત્રીએ વરદાન માંગતા કહ્યુ 'દેવ! મારાસ્વસુર જે નેત્રહીન છે તેને નેત્રની પ્રાપ્તિ થાય અને તેઓનું રાજ્ય તેમને પુનઃ પ્રાપ્ત થાય' યમરાજ કહે 'ભલે', તે પછી યમરાજ પુનઃ સત્યવાનને લઇને ચાલવા લાગ્યા. એટલે સાવિત્રી પણ તેઓની પાછળ આવી. એટલે યમરાજે તેને બીજી વખત વરદાન માંગવા કહ્યું. ત્યારે સાવિત્રી બોલી 'દેવ, મારા પિતાને કોઇ પુત્ર નથી તો તેઓને એકસો પુત્ર થાય' એવું વરદાન આપો.' યમરાજે કહ્યું 'તથાસ્તુ' પણ સત્યવાન ને ક્યારે ન આપુ. તે પછી યમરાજ પુનઃ સત્યવાનને લઇ સંયમિની પુરીમાં જવા લાગ્યા એટલે સાવિત્રી તેઓની પાછળ ચાલવા લાગી. યમરાજે તેને ભાર દઇ પાછા વળવા જણાવ્યુ અને બદલામાં એક વધુ વર માંગવા જણાવ્યું. ત્યારે સાવિત્રી બોલી 'દેવ, અમોને સો દિકરા થાય' ત્યારે યમરાજ બોલ્યા 'તથાસ્તુ' એટલે સાવિત્રી પુનઃ યમરાજ પ્રત્યે બોલી 'દેવ, આપે અમોને સો પુત્ર થાય એવું વરદાન આપ્યુ પણ તે મારા પતિ સત્યવાન વગર તો શક્ય જ નથી.' આમ યમરાજ પોતે જ આપેલા વરદાનની જાળમાં ફસાઇ ગયા એટલે તેઓએ સત્યવાનને યમપાસમાંથી મુક્ત કર્યો અને તેને દીર્ઘ આયુ પ્રદાન કરી તેઓ યમાલયમાં ગયા.

તદન્તર સત્યવાન જાણે દીર્ઘ નિદ્રામાંથી જાગ્રત થયો હોય એમ જાગ્રત થયો સાવિત્રીએ સત્યવાનને બધી વાત વિસ્તારીને કહી અને તે પછી તેઓ બન્ને પુનઃ આશ્રમમાં આવ્યા અને સમય જતા યમરાજે આપેલા બધા વરદાનો ફલીભૂત થયા.

આમ અહી સાવિત્રીના ચરિત્રમાં યમરાજ સાવિત્રી ને પ્રથમ વરદાન રૂપમાં તેના શ્વસુરનું રાજ્ય, દ્વિતિય વરદાન માં પોતાના પિતાને સો પુત્રો અને પોતાને સો પુત્રનું વરદાન આપે છે છતા સાવિત્રીને એટલો આનંદ ન થયો જેટલો આનંદ તેને પોતાના પતિ સત્યવાનને યમરાજરૂપી શત્રુ થકી મુકાવવાથી થયો હતો. (શ્લો-૭૨) હવે નીતિકાર શરણાગતનો ત્યાગ નહિ કરવાનો ઉપદેશ આપે છે.

શ્લો: ૭૩ भक्तं भजमानं च तवास्मीति च वादिनम्।

त्रीनेतांश्छरणं प्राप्तान् विषमेऽपिन सन्त्यजेत्॥

શ્લોકાર્થ : ભક્ત, સેવક તથા હું તમારે છ આ પ્રમાણે કહેનાર એ ત્રણ જો શરણે આવ્યા હોય, તો પોતાની વિષમ સ્થિતિમાં પણ તેમનો ત્યાગ કરવો નહિ.

ચ.ટી. : શરણાગતની રક્ષા કરવી એ મહા પુરૂષોએ સનાતન ધર્મ કહ્યો છે. જેમ વાલ્મિકીજી કહે છે 'सुकदैव प्रपन्नाय तवास्मीति च याचते। अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम॥ જે એક વખત મારા શરણમાં આવી હે પ્રભુ! અમો તમારા છીએ એ પ્રમાણે કહી એમને રક્ષા માટે પ્રાર્થના કરે છે, તેને અમો સમસ્ત પ્રાણિઓ થકી અભય કરી દઇએ છીએ. એવું અમારૂ સદાને માટેનું વ્રત છે'. (વા. રામા/યુધ્ધ/૧૮/૩૩) આ પ્રમાણે શ્રીરામ સ્વમુખે શરણાગતની રક્ષા કરવાનું કહે છે અને પૂર્વે થયેલા મહા પુરૂષોએ આ ધર્મને પોતાના પ્રાણની આહુતિ આપીને પણ રક્ષણ કરેલો. આ સંબન્ધમાં ઇતિહાસમાં કેટલાક દૃષ્ટાંતો જોવા મળે છે જેનું અવલોકન કરવાથી આ વિષયની દઢતા થશે.

પૂર્વે શિબી નામનો એક શરણાગત પ્રતિપાલક રાજા થયો હતો જેની કીર્તિ સ્વર્ગલોક સુધી વ્યાપેલો હતી એટલે દેવતાઓમાં અન્યતમ એવા દેવરાજ ઇન્દ્ર રાજાની પરિક્ષા લેવાનું વિચાર્યુ એટલે તેઓએ એક બાજનું રૂપ લીધુ અને

અગ્નિએ કપોતનું રૂપ લીધુ અને બાજ કબૂતરનો શિકાર કરવા કબૂતરની પાછળ પડયુ. કબુતર બાજથી બચવા ઉડતુ ઉડતુ શિબિરાજાની પાસે આવ્યું તે સમયે રાજા શિબિ રાજદરબારમાં સિંહાસન પર બિરાજમાન હતા અને તે આવી શિબિરાજાની ગોદમાં બેસી ગયું. બાજ પણ કપોતનું ભક્ષણ કરવા શિબિરાજા પાસે ધસ્યુ પણ શિબિરાજાએ તેને આ કાર્ય કરતા અટકાવ્યુ અને કહ્યુ 'બાજ, આ કપોટ મારૂ શરણાગત છે.' ત્યારે બાજ બોલ્યુ 'એ મારો આહાર છે.' શિબિ બોલ્યા 'બાજ! શરણાગતનો જે ત્યાગ કરે છે તેની અધોગતિ થાય છે.' ત્યારે બાજે કહ્યું 'રાજન! તો પછી અમારા શરીરના જેટલુ તમારા શરીરનું માંસ આપો.' રાજાએ કહ્યુ ભલે.

તે પછી રાજાએ એક તરાજ મંગાવ્યુ અને એક પલડામાં બાજ ને મૂકી બીજા પલડામાં પોતાના શરીરનું માંસ કાપી કાપી મુકવા લાગ્યા રાજાએ પોતાના શરીરનું કેટલુ એ માંસ કાઢીને ત્રાજવામાં મુકયુ પણ જે પલડામાં બાજ બેઠેલુ હતુ તે પલડુ ઊંચુ થતુ જ ન હતુ અંતે રાજા સશરીર પલડામાં બેસી ગયા અને કથોતવતો પોતાનું શરીર બાજને અર્પણ કરી દીધુ. રાજાની આવી નિષ્ઠા જોઇ બાજ અને કપોત પોતાના મૂળ રૂપમાં આવી ગયા તેઓની શરણાગતી રૂપ ધર્મની નિષ્ઠાથી ઇન્દ્રદેવ અત્યંત પ્રસન્ન થતા, તેઓએ રાજાના શરીર પર પોતાના અમૃતમય કરનો સ્પર્શ કર્યો એટલે રાજાનું શરીર પુનઃ જેવું હતુ તેવું થઇ ગયુ. તદન્તર સવર્ગમાંથી એક સુવર્ણમય વિમાન આવીને ઉપસ્થિત થયુ. દેવોની પ્રાર્થનાથી સશરીર રાજા તે વિમાનમાં બિરાજમાન થઇ સ્વર્ગમાં ગયા. (મહા/અનું/અ.૩૨) કહ્યુ પણ છે. 'शरणार्थं महाफलम् શરણાગતની રક્ષા કરવાથી મહાફળની પ્રાપ્તિ થાય છે.' (મહા./અનુ/અ.૩૨/૩)

શ્રી રામના જીવન ચરિત્રમાં પણ આવો એક પ્રસંગ જોવા મળે છે. વાત એવી હતી કે ભગવાન શ્રીરામના શરણપન્ન વિભિષણ એક દિવસ પુષ્પક વિમાનમાં સવાર થઇ પોતાના આરાધ્ય એવા ભગવાન શ્રીરંગનાથ માટે પુષ્પોની શોધ કરતા હતા. માર્ગમાં તેઓને એક ઉદ્યાન જોવામાં આવ્યો. ઉદ્યાનમાં સુંદર પુષ્પો લહેરાતા હતા એટલે વિભિષણ ઠાકોરજીની સેવા માટે પુષ્પો લેવા માટે ઉદ્યાનમાં પ્રવેશ્યા તે સ્થાનમાં એક તપસ્વિ બ્રાહ્મણ તપસ્યા કરતા હતા. નિયમ પ્રમાણે વિભિષણજીએ તપસ્વિને પુષ્પ ગ્રહણ કરવા માટે પુછયું પણ તપસ્વિ ધ્યાનસ્થ હતા એટલે કંઇ બોલી ન શકયા એટલે થોડા ગર્વમાં લંકાધિ પતિથી તપસ્વિ બ્રાહ્મણને જરા ચરણ સ્પર્શ થઇ ગયો અને જેવો લંકાપતિનો ચરણ સ્પર્શ થતા જ પેલા બ્રાહ્મણનો દેહ પાત થઇ ગયો. એકાએક આ પ્રમાણેની ઘટના ઘટીત થવાથી વિભિષણજી તો ભય પામી ગયા એવા સમયમાં તે ઉદ્યાનમાં બીજા પણ કેટલાક તપસ્વિઓ તપસ્યા કરતા હતા તેઓ બધા પણ ત્યાં ભેગા થઇ ગયા અને વિભિષણને મારમારી એક ગુફામાં બંધ કરી દીધા ત્યારબાદ વિપ્રોએ આ બાબતના સમાચાર ભગવાન શ્રીરામને મોકલ્યા. સમાચાર પ્રાપ્ત થતા ભગવાન શ્રીરામ ત્યાં પધાર્યા અને આવીને જોયું તો વિભિષણ અત્યંત દયનિયસ્થિતિમાં છે. બ્રહ્મ હત્યા કરનારાને પ્રાણદંડ આપવો પડે અને તે પણ પોતાના શરણાગત ભક્તને એટલે શું કરવું? ભગવાન શ્રીરામ વિચારમાં પડી ગયા.

તદન્તર ભગવાન શ્રીરામ બે હાથ જોડી બ્રાહ્મણો પ્રત્યે બોલ્યા 'ભૂદેવો! આપ જાણો છો કે વિભિષણ અમારા શરણાગત છે અમોએ એને અભયદાન આપેલુ છે માટે આપ એના અપરાધ ક્ષમા કરો અને તેના વતી અમોને દંડિત કરો' ભગવાન શ્રીરામના આ પ્રમાણે ના વચનો શ્રવણ કરી બ્રાહ્મણો તો સ્તબ્ધ થઇ ગયા. ભગવાન શ્રીરામ પુનઃ બોલ્યા 'દેવો! વિભિષણ અમારા સેવક છે અને

સેવક કરેલો અપરાધ સ્વામીએ જ કરેલો ગણાય માટે વિભિષણ વતી તમો અમોને દંડીત કરો.'

ભગવાન શ્રીરામની વાત સાંભળી તપસ્વિ બ્રાહ્મણો બોલ્યા 'પ્રભુ! આપ એક મુધાભિષિક્ત રાજા છો, તમારા દ્વારા શાસિત ધરાતલ પર ચારેય વર્ણના મનુષ્ય અસુરોના ઉપદ્રવથી રહિત યર્થાથ પણે ધર્મનું આચરણ કરે છે આપશ્રીને દંડિત કરવા એના કરતા તો અમો વિભિષણને ક્ષમા કરીએ એ જ ઉચિત છે' આમ કહી બ્રાહ્મણોએ વિભિષણને મુક્ત કર્યા. તે પછી ભગવાન શ્રીરામ વિભિષણને અજાણતાથી થયેલી બ્રહ્મહત્યાનું યથા યોગ્ય પાયશ્ચિત બતાવી અયોધ્યા પધાર્યા.(આનંદ રામાયણ) આમ ભગવાન શ્રીરામે પોતાના શરણાગત વિભિષણજીની સંકતના સમયે પણ રક્ષા કરી. ભલે તેઓએ અપરાધ કરેલો છતા ભગવાને તેનો ત્યાગ ન કર્યો કારણ કે 'भक्त त्यागं प्राहुरत्यन्त पापं तुल्यं लोके ब्रह्मव ध्याकृतेन। આ વચનાનુસાર શરણાગતનો ત્યાગ કરવાથી બ્રહ્મ હત્યા સમાન પાપ લાગે છે (મહા./મહાપ્રસ્થાન પર્વ/૩/૧૧)

અજનજી અને સુભદ્રાજીના જીવનમાં પણ આવોજ એક પ્રસંગ ઘટેલો જેમાં તેઓએ પણ શરણાગતની રક્ષા કરી હતી. પ્રસંગ એવો હતો કે એક સમયે મહર્ષિગાલવ સંધ્યાવંદન કરતા હતા અનેતેના અંગ ભૂત સૂર્યને અર્ધ્યદાન કરતા હતા. તેઓ જેવા અંજલિ ભરીને સૂર્યને અર્ધ્ય આપતા હતા. ત્યાં જ આકાશ માર્ગે જતા ચિત્રસેન નામના ગંધર્વે અજાણતાથી તેઓની અંજલિમાં પિકદાન કર્યુ. જેથી મુનિને અતિ ક્રોધ આવ્યો. તેઓ ત્યાંથી દ્વારકા આવ્યા અને ચિત્રસેનની બધી કરતૂત ભગવાન શ્રીકૃષ્ણને નિવેદિત કરી. ઋષિની વાત સાંભળી 'नमो ब्रह्मण्य देव નામ ધારી ભગવાને પ્રતિજ્ઞા કરી કે, ગાલવ ઋષિ સાથે આ પ્રમાણેનું કૃત્ય કરનાર ચિત્રલેન મારા દ્વાર વધ્ય થશે.'

તદન્તર આ વાતના સમાચાર ભગવાનના મન એવા નારદજી ને પ્રાપ્ત થયા એટલે તેઓ શિઘ્રતિ શિઘ્ર સ્વર્ગમાં આવ્યા અને તેઓએ ચિત્રસેનને આ બધી વાત કરી અને તેઓના કૃત્યની જાણ કરતા કહ્યું 'તમોએ અજાણતાથી વિમાનમાંથી બેઠા બેઠા મુખના મળનો ત્યાગ કરેલો તે મળ ગાલવ ઋષિની અંજલિમાં જઇ પડેલી અને તેઓએ તમારા આ કૃત્યની જાણ શ્રીકૃષ્ણને કરી અને તેઓએ તમારા વધની પ્રતિજ્ઞા કરી છે.' નારદજીની વાત સાંભળી ચિત્રસેન ગંધર્વે નારદજીને આ સંકતમાંથી ઉગારવાનો ઉપાય પૂછયો ત્યારે નારદજી બોલ્યા 'ચિત્રસેન અમારી સાથે યમુના તટ પર ચાલો અને ત્યાં પ્રાતઃ કાળે એક સ્ત્રી આવશે તેના પગ પકડી લેજો અને જ્યાં સુધી અભયદાન ન આપે ત્યાં સુધિ ચરણ છોડતા નહિ.' આ પ્રમાણે ચિત્રસેનને સમઝાવી તેઓને નારદજીએ યમુનાતટ પર મોકલ્યા.

તે પછી નારદજી ઇન્દ્રપ્રસ્થ આવ્યા અને અર્જનજીના મહેલમાં ગયા તે સમયે સુભદ્રાજી મહેલમાં ઉપસ્થિત હતા. નારદજીને આવતા જોઇ સુભદ્રાજીએ આગળ જઇ નારદજીને આવકાર આપ્યો. તેઓનું યથોચિત અતિથ્ય કર્યુ. ત્યારબાદ સ્વસ્થ થયેલા નારદજી બોલ્યા 'બેટા! આવતી કાલનો દિવસ ઘણો શુભ છે અને તેમા પણ પ્રાતઃ કાળે બ્રહ્મ મુહૂર્તની વેળામાં જો યમુનાજીમાં વિધિવત સ્નાન કરવામાં આવે તો તેને અક્ષય પુણ્યની પ્રાપ્તિ થશે.' માટે તમો પણ કાલે બ્રહ્મ મુહૂર્તમાં સ્નાન કરવા યમુના તટ પર જજો.' નારદજીની વાત સાંભળી સુભદ્રાજી બોલ્યા 'ભલે દેવર્ષિજી અમો અવશ્ય જશુ.'

તદન્તર બીજા દિવસે સુભદ્રાજી બ્રહ્મ મુહૂર્તમાં ઉભા થઇ પોતાની કેટલીક સખીઓને સાથે લઇ યમુનાજીમાં સ્નાન કરવા પધાર્યા અને ત્યાં વિધિવત સ્નાન કરી પુન પોતાના મહેલમાં જવા તૈયાર થયા ત્યાં જ નારજીએ જે પ્રમાણે

ચિત્રસેનને કહ્યું હતુ તેજ પ્રમાણે તેણે આવી સુભદ્રાજીના પગ પકડી લીધા અને તે ઉચ્ચ સ્વર ચોધાર આસુએ રડવા લાગ્યો. તેને રડતા જોઇ દયાળુ સ્વભાવના સુભદ્રાજીએ તેને સાત્વના આપતા ઉભા થવા કહ્યું પણ ચિત્રસેને અભયદાન આપ્યા વગર પગ છોડવાની ના પાડી એટલે સુભદ્રાએ ચિત્રસેનને અભયદાન આપ્યુ. અભયદાન અપાતા ચિત્રસેન ઉભા થઇ તેણે બધી વાત વિસ્તારથી સુભદ્રાજીને કહી. વાત સાંભળી સુભદ્રાજી પણ વિચારમાં પડી ગયા પણ હવે તેઓ પોતાના શરણાપન્ન એવા ચિત્રસેનને અભયદાન આપી ચૂકેલા હતા એટલે તેઓએ ચિત્રસેનને ધૈર્ય બંધાવી પોતાની સાથે મહેલમાં લઇ આવ્યા. અને આવી અર્જનને બધી વાત કરી અર્જનજીએ પણ ચિત્રસેનને ધૈય બંધાવી પોતાની પાસે રાખ્યા.

આ તરફ ચિત્રસેન અર્જનજીના શરણમાં ગયો છે અને તેને પાર્થે અભયદાન આપેલું છે એટલે શ્રીકૃષ્ણે નારજીને અર્જનજીને સમઝાવવા ઇન્દ્રપ્રસ્થ મોકલ્યા પરંતુ અર્જનજીએ નારદજીને સ્પષ્ટ કહી દીધું કે ‘અમો સર્વ રીતે શ્રીકૃષ્ણના શરણાપન્ન છીએ અને તેઓએજ અમોને ગીતામાં ક્ષત્રિય ધર્મ બતાવેલા છે તેનાથી અમો પરાંગમુખ ન થઇ શકીએ અને અમોને પણ તેઓનું જ બળ છે અને તેમના જ બળ પર અમોએ ચિત્રસેનને આશ્રય આપેલો છે.’ નારદજીના મુખથી આ વાત સાંભળી યાદવો અને પાંદવો રણમેદાનમાં સામસામુ આવી ગયા. ધમાશાન યુધ્ધનો પ્રારંભ થયો. બેમાંથી એકપક્ષનો પણ પગ વધતો કે ઘટતો દેખાતો નહતો. તે પછી ભગવાને પોતાનું સનાતન આયુધ સુદર્શન ચક્ર અર્જન પર ચલાવ્યુ એટલે અર્જને તેનું નિવારણ કરવા માટે શિવજીના સનાતન આયુધને ચલાવ્યુ આ બન્ને અમોઘ અસ્ત્ર હતા. તેની ઉલકાથી જગત ત્રાહિ ત્રાહિ પોકરવા લાગ્યુ, જગત પ્રલય તરફ જવા લાગ્યુ એટલે ભગવાન શંકર ત્યાં પ્રગટ

થયા અને તેઓએ ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું 'તમો તો ભક્તો માટે ભક્ત વત્સલ છો અને ભક્તો માટે તમારી પ્રતિજ્ઞા ત્યાગ કરો છો, માટે પ્રભુ! હવે આ લીલાની સમાપ્તિ કરો.'

ભગવાન શંકરની વાત સાંભળી ભગવાનશ્રી કૃષ્ણ યુધ્ધથી નિવૃત્ત થયા અને અર્જનજીને પ્રેમથી ભેટી પડયા અને ચિત્રસેનને તેઓએ અભયદાન આપ્યુ. આ જોઇ ગાલવ ઋષિ અતિશય ક્રોધાયમાન થયા અને બોલ્યા 'હવે અમો અમારૂ સામર્થ્ય બતાવી ચિત્રસેન સહિત તમને બધાને મોતને ઘાત ઉતારી દઉ છ.' એમ બોલી ગાલવ ઋષિ જેવા કમંડળમાંથી જળ કાઢી બધાને શાપ આપવા માટે જતા હતા ત્યાંજ સુભદ્રાજી બોલ્યા 'જો અમો શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત હોયએ અને અમારૂ અર્જન પ્રતિ પાતિવ્રત્ય પૂર્ણ હોય તો આ જળઋષિના હાથમાંથી પૃથ્વી પર પડે નહિ' અને તેમ જ થયું. ગાલવ ઋષિ લજ્જીત થઇ ગયા અને પોતાના આશ્રમમાં જતા રહ્યા ચિત્રસેન પણ ભગવાન પાસે પોતાની ભૂલની ક્ષમા માંગી અને તેઓ સ્વર્ગમાં ગયા આમ ચિત્રસેન ને શરણ આપતા અર્જનજીએ પોતાના આરાધ્ય સાથે પણયુધ્ધ કરવું પડેલું છતાં તેમણે શરણાગતનો ત્યાગ ન કર્યો.

મહારાણા પ્રતાપના પરદાદા મહારાણા હમિરના જીવનમાં પણ આવોજ એક પ્રસંગ બનેલો જેમાં તેઓએ પોતાના પ્રાણની આહુતિ આપીને પણ એક શરણાગત યવનની રક્ષા કરી હતી. વાત એવી હતી કે એક વખત દિલ્હીનો દુષ્ટ, કામપિશાચ બાદશાહ અલાઉદ્દિન ખિલજી નો એક સરદાર નાના સરખા ગુનામાં આવતા બાદશાહે તેને મૃત્યુ દંડની સજા આપી. પરંતુ તે મંગળ નામનો સરદાર કેમય કરી નજર ચૂકવી ત્યાંથી પલાયન થઇ ગયો અને તે રાજસ્થાન જઇ પહોચ્યો. ત્યારે રાજસ્થાનમાં આવેલ ચિત્તોડમાં રાણા હમિરનું શાસન હતુ. મંગળ તેઓના શરણાપન્ન થયો અને રાણા હમિરે તેને અભયદાન આપ્યું. આ

તરફ અગાઉદ્દિનને સમાચાર પ્રાપ્ત થયા કે, 'મંગળને રાણા હમિરે અભયદાન આપેલું છે' એટલે તેણે પોતાના દૂત દ્વારા રાણા હમિરને મંગળન સુપ્રત કરવા જણાવ્યું પરંતુ રાણાએ દૂતને પોતાની શરણાગત પાલનનો પ્રતિજ્ઞા જણાવી.

રાણા હમિરની વાત સાંભળી અલાઉદ્દિને પોતાનું લશ્કર મોકલ્યું બન્ને સેનાઓ વચ્ચે ધમાસાન ચુધ્ધનો પ્રારંભ થયો. અલાઉદ્દિનની સેનાને રાણા હમિરની સેના મચક આપતી ન હતી. લાગલગાટ પાંચ વર્ષ પર્યન્ટ ચુધ્ધ ચાલતુ રહ્યુ. હવે ચિત્તોડગઢમાં અન્ન સમાપ્ત થવા આવ્યુ આ બાજ રાજપુતો મંગળને કોઇપણ ભોગે આપવા તૈયાર નથી એટલે સ્વયં મંગળે જ અલાઉદ્દિન પાસે જવા વિચાર્યુ. રાણા હમિરને આ વાતના સમાચાર પ્રાપ્ત થયા એટલે તેઓ મંગળ પાસે આવ્યા અને તેને આશ્વાસન આપતા બોલ્યા 'મંગળ, એક ક્ષત્રિય તમોને શરણ આપેલું છે, જ્યાં સુધિ અમારો શ્વાસ ચાલે છે ત્યાં સુધિ અલાઉદ્દિન પાસે જવા ન દઇશુ.'

તે પછી રાજપુતો એ કેસરીયા કર્યો અને રાજપુત રમણીઓએ પોતાનો દેહ દેહ અગ્નિને સમર્પિત કરી દીધો. રાણા હમિરે પોતાના અંતિમ શ્વાસ સુધિ સરદાર મંગળની રક્ષા કરી અને અંતે તેઓ લડતા લડતા વિરગતિને પામ્યા. મંગલ સરદાર પકડાઇ ગયો. અલાઉદ્દિને તેને પુછયું 'તન મુક્ત કરૂ તોતુ શું કરશે?' સરદાર બોલ્યો 'હમિરની સંતાનને દિલ્હીના તખ્ત પર બેસાડવા જીવનભર તલવાર ઉઠાવી તારી સાથે લડતો રહીશ.' ક્રૂર અલાઉદ્દિન તેને જીવતો છોડી શકવાનો હતો? તેણે તેનો શિરચ્છેદ કરાવી દીધો. આ મંગળ મુસલમાન જાતિનો હતો છતા રાણા હમિરે શરણે આવેલા તેની રક્ષા પોતાનું સમસ્ત રાજ્ય, પરિવાર, સૈનિકોની આહુતિ આપીને પણ કરી કારણ કે તેઓ શરણાગત ધર્મને જાણનારા હતા.

આશ્રિતરક્ષા રૂપી ધર્મ યુધિષ્ઠિરના જીવનમાં પણ જોવા મળે છે વાત એવી હતો કે શ્રી કૃષ્ણ ચન્દ્રની લીલા સંવરણના સમાચાર પ્રાપ્ત થતા ધર્મરાજે પરિક્ષિતનું રાજતિલક કર્યુ પોતાનો રાજકીય પહેરવેશ ત્યાગ કર્યો અને અગ્નિને આત્મસાત કરી મૌનવ્રત ધારણ કરી રાજભવનનો ત્યાગ કરી તેઓ ચાલી નીકળ્યા. યુધિષ્ઠિર મહારાજને ઉત્તર દિશા તરફ ગમન કરતા જોઇ શેષ ચાર પાંડવ ભાઇઓ અને દ્રૌપદી પણ તેઓનું અનુગમન કરતા થકા તેઓની પાછળ પાછળ ચાલવા લાગ્યા. ન ભોજન, ન જલ અને ન તો કોઇની તરફ જોવુ, ધર્મરાજ મૌન ધારણ કરી ચાલતા હતા. પગમાં કાંટા વાગતા હતા, તેમાં ઘા પડી ગયા છતા તેઓએ તે તરફ ધ્યાન ન આપ્યુ વિશ્રામ પણ ક્યાય કર્યો નહિ. હસ્તિનાપુરથી ગંગાના કિનારે કિનારે હરિદ્વાર ઋષિકેશ અને આગળ ચાલતા ગયા. તે પછી તેઓએ અલકનંદાનો કિનારો પકડી લીધો. બદ્રીનાથ પછાળી છૂટી ગયુ. સતોપથ પાર કરી સ્વર્ગારોહણની દિવ્ય ભૂમિ આવી. દ્રૌપદી, નકુલ, સહદેવ અર્જન, ભીમ ક્રમશઃ પડતા ગયા. જે જ્યાં પડયા તે ત્યાંથી ઉભા ન થયા. યુધિષ્ઠિર ન ઉભા રહેતા કે ન તો પડનારા ભાઇઓની સામે જોતા હતા. જે જ્યાં પડયા તેને અલકનંદાએ આત્મસાત કરી લીધા.

ભીમ સૌથી અંતમાં પડયા યુધિષ્ઠિર સ્વર્ગારોહણના ઉચ્ચતમ શિખર પર ચતુઃસ્તમ્ભ પર્વતોના મધ્યે જ્યાં નારાયણ પર્વતના ચરણોમાં અલકનન્દા તથા ભગીરથીના મૂળ હિમસ્તોત્ર (ગ્રેશિયર) પ્રારમ્ભ થાઇ છે ત્યાં પહોચ્યા. તે સમયે પણ યુધિષ્ઠિર એકાકીન હતા, તેની પાછળ પાછળ હસ્તિનાપુર થી એક કુતરો ચાલતો આવતો હતો અને તે હજ પણ તેની સાથે હતો. તેઓ સમાન જ તે ક્ષુધા, પિયાસા, વિશ્રામ ત્યાગ કરી નિરન્તર તેઓનો અનુગામો બનેલો હતો.

'આપ વિમાનમાં બિરાજમાન થાવ' એકાએક દેવરાજ ઇન્દ્ર વિમાન લઇ તે દિવ્ય ભૂમિ પર ઉતાર્યા અને, તેઓએ મહારાજ યુધિષ્ઠિરને સશરીર સ્વર્ગમાં આવવા કહ્યું.'

'આપ ધર્મજ્ઞ છો, આપે આવી વાત નહિ કહેવી જોઇએ શ્વાન અપવિત્ર પ્રાણી છે, સ્વર્ગમાં તેનો પ્રવેશ સમ્ભવ નથી. તેણે અમારા દર્શન કરી લીધા એજ એને માટે પર્યાપ્ત છે.' દેવરાજ શ્વાનને વિમાનમાં બેસાડવા માંગતા નથી. તેઓની વાત સાંભળી યુધિષ્ઠિર બોલ્યા- 'આ મારો આશ્રિત છે, મારા પ્રત્યે ભક્તિને કારણે જ આ આટલો દૂર સુધિ મારી સાથે આવેલો છે, આશ્રિતોનો ત્યાગ એ અધર્મ છે, અમો આનો ત્યાગ કરીને સ્વર્ગમાં નહિ આવીએ.

ઇન્દ્ર દેવ યુધિષ્ઠિર મહારાજને સમઝાવ્યા 'સ્વર્ગની પ્રાપ્તિ તો પુણ્યનું ફળ છે. જો આ શ્વાન પુણ્યત્મા જ હતે તો આ અધમ યોનિમાં જન્મ જ કેમ લેતે?' 'સ્વર્ગ જવા માટે આન પુણ્ય જ જોઇ એને?' યુધિષ્ઠિર મહારાજે સ્થિર સ્વરમાં કહ્યું 'અમો અમારા અડધા સત્કર્મો આને અર્પણ કરીએ છીએ.' 'યુધિષ્ઠિર તમો ધન્ય છો.' કુતરાનો દેહ ત્યાગ કરી ત્યાં ધર્મરાજ પ્રગટ થઇ ગયા. (મહાભારત/મહાપ્ર./અ.૩) કહ્યુ પણ છે 'भक्तानामे नुरक्ताना माश्रितानां चरक्षिता। दयावान् सवभूतेषु परत्र सुखमेधते॥ જે મનુષ્ય પોતાના ભક્ત, પ્રેમી અને શરણાગત પુરુષોની રક્ષા કરે છે, તથા બધા પ્રાણિઓ પર દયા રાખે છે તે પરલોકમાં સુખ પામે છે (મહા/અનુ/૩૨/૩૫) (શ્લો-૭૩) હવે રાજાએ ક્યાં ચાર જણાનો ત્યાગ કરવો તેનો ઉપદેશ આપે છે.

(૯) <u>ચાર પદાર્થોનું સેવન</u>

શ્લો: ૭૪ चत्वारि राजा तु महाबलेन वर्ज्यान्याहु: पण्डितस्तानिविद्यात्। अल्यज्ञै: सहमन्त्रं न कर्यान्न दीर्धसूत्रै रक्षसैश्चारणैश्च॥

શ્લોકાર્થ : મહાબલી રાજાએ આ ચારનો ત્યાગ કરવો જોઇએ અર્થાત્ તેઓ સાથે મંત્રણા નહિ કરવી જોઇએ.એવું પંડિત લોકો કહે છે (૧) અલ્પજ્ઞ સાથે (૨) વિલમ્બથી કાર્ય કરનારા સાથે, (૩) ઉતાવળથી કાર્ય કરનાર અને (૪) ભાટ સાથે મંત્રણા ન કરવી.

ચ.ટી. : મંત્રણાથી સમસ્તરાજય કાર્યાન્વિત હોય છે પરંતુ કહેલા લોકો સાથે મંત્રણા કરતા કોઇપણ નિર્ણય યથાર્થ લેવાતો નથી સાથે આવા મનુષ્યો સાથે મંત્રણા કરવાથી મંત્ર રહસ્ય ખૂલતા અનર્થની સમ્ભાવના વધી જાય છે. અતઃ પંક લગાવી પ્રક્ષાલન કરતા તેને શરીર પર લગાવવો જ યોગ્ય નથી. કહ્યુ પણ છે.' अल्पप्रज्ञैर्दीर्ध सूत्रौरलसैरबलै: सह। मन्त्रं न कुर्यान्नृपतिर्निद्रा तन्द्रां जयेत् तथा॥ જે અલ્પપ્રજ્ઞાવાળા દીર્ઘસૂત્ર- શિઘ્ર કરવાના કાર્યમાં વિલંબ કરનાર હોય, આળસુ પ્રકૃતિના હોય અને જેઓ મનોબળથી રહિત હોય તેમની સાથે રાજાએ મંત્રણા કદાપિ ન કરવી તથા રાજા આળસ તથા નિદ્રાનો ત્યાગ કરે- (સ.જી. ૫/૨૫/૭) ચાણક્ય પણ 'અભમિમાની, નિદ્રાવસ્થામાં બબડનાર, વેશ્યાગામી, ગુપ્ત રહી વાત સાંભળનારો, પોતાની વ્યર્થ પ્રસંશા કરનારો, મદિરાપાન કરનારો વગેરે મનુષ્યો મંત્રણા ને પ્રકટ કરી દેનારા હોવાથી તેમને મંત્રણામાં ન યોજવા. (ચાણક્યરાજનીતિ) વાલ્મિકીજી પણ મંત્રણામાં ફક્ત એવા વ્યક્તિને સામેલ કરવા જે લાંચ લેતા નહોય, પિતાપિતા મહના સમયથી કાર્ય કરવા આપવા હોય તથા બાહ્ય તથા આંતરથી પવિત્ર અને શ્દ્ધ હોય. આ પ્રમાણે કહે છે (વા.રામા- ૭૪) રહે નીતિકાર ગૃહસ્થના ઘરમાં કંઇ ચાર વસ્તુ હંમેશા હોવી જોઇએ તે કહે છે.

શ્લોઃ ૭૫ चत्वारि ते तात गृहे वसन्तु

श्रियाभिजुष्टस्य गृहस्थ धर्म।

बद्धोज्ञातिरवसन्नः कुलीनः।

सखादरिद्रो भगिनी चानपत्या॥

શ્લોકાર્થ : હે તાત! ગૃહસ્થ ધર્મમાં સ્થિત એવા તમારા ઘરમાં આ ચાર વાતો હંમેશા રહેવી જોઇએ (૧) પરિવારમાં વૃધ્ધ મનુષ્ય, (૨) ઉચ્ચકુળમાં ઉત્પન્ન દુઃખી મનુષ્ય, (૩) ધનહીન મિત્ર અને (૪) નિસ્સન્તાન બહેન

ચ.ટી. : ગંગાપુત્ર ભિષ્મ કહે છે 'नित्यं वृद्धोपसेविनः। નિત્ય વૃધ્ધ પાસે જઇને બેસવું' (મહા/ઉદ્યો/૩૯/૭૪) 'चिरं वृद्धानुपासीत चिरमन्यास्य पूजयेत्। દીર્ઘકાળ સુધી વૃધ્ધોનો સંગ કરી, ચિરકાળ પર્યન્ત વૃધ્ધોની સેવામાં રહેવું. (મહા./શાન્તિ/-૨૬૬/૭૫) કારણ કે વૃધ્ધ પુરૂષ કુળના આચારથી પરિચિત હોય છે માટે તેઓનો વાસ પોતાના ગૃહમાં અત્યંત ઉપયોગી થઇ પડે છે. જેમ ધૃતરાષ્ટ્રના મહેલમાં નિવાસ કરીને રહેતા કૃપાચાર્ય તેઓને સમય સમય પર કુળના આચારનો ઉપદેશ કરી તેઓને ધર્મમાર્ગમાં જોડતા હતા. તેમ પોતાના ગૃહમાં નિવાસ કરીને રહેતા કુલિન વ્યક્તિ દુઃખી હોવા છતા ક્યારેય અહિત ચિંતન કરતા નથી. જેમ ઉચ્ચ કુળ એવા ભારદ્વાજ ઋષિના કુળમાં જન્મેલા દ્રોણાચાર્ય દ્રૂપદથી અપમાનિત થઇ ધૃતરાષ્ટ્રને ત્યાં આશરો પામેલા હતા. તેઓ કૌરવો પાંડવોને અસ્ત્ર શસ્ત્ર વિદ્યા શિખવતા હતા. કૌરવો હંમેશા અન્ન ધનાદિકથી તેઓનો સત્કાર કરતા હતા અને સમય આવતા દ્રોણાચાર્ય જાણતા હતા કે કૌરવ પાંડવો મધ્યે થતા યુધ્ધમાં કૌરવો અધર્મ પક્ષમાં છે છતા તેઓના ઋણાનું બંધી હોવાથી દ્રોણાચાર્ય તેઓના જ પક્ષમાં યુધ્ધ લડતા થકા વિરગતિને પામ્યા હતા.

તેજ પ્રમાણે ધનહિન મિત્ર પણ પોતાનું હિત ચિંતક જ હોય છે અને સમય આવતા તે પોતાનો અર્થ પ્રાણની આહુતિ પણ આપી દે છે. આ સમ્બન્ધમાં દુર્યોધનના મિત્ર કર્ણનું પાત્ર દૃષ્ટાન્ત રૂપ છે. બધા જ લોકોથી અપમાનિત થયેલા કર્ણનો હાથ દુર્યોધને ગ્રહણ કરી તેને અંગ દેશનો અધિપતિ બનાવેલો અને સમય આવતા કર્ણએ કૌરવો પાડવો મધ્યે થતા યુધ્ધમાં દુર્યોધન વતી યુધ્ધ કરી તેને અર્થે પોતાના પ્રાણની આહુતિ આપી હતી. આ ઉપરાંત નિ:સન્તાન ભગિની પોતાના ભ્રાતાનું હિત ચિન્તન અને તેના આવશ્યક કાર્યને સંપાદન કરવામાં સમય વ્યતિત કરતી હોય છે માટે તે પણ ગૃહસ્થના ઘરમાં રહેવી જરૂરી છે. જેમ ઉત્તમરાજાની ભગિની જયાબા જેઓના લગ્ન કુંડળ રિયાશતના રાજકુમાર હથિયા પટગર સાથ થયા હતા પરંતુ એક યુધ્ધમાં હથિયા પટગર વિરગતિ ને પામ્યા એટલે વૈધવ્ય ધર્મને પ્રાપ્ત થએલા જયા બા પુન: ઉત્તમરાજાના ઘરે આવી નિવાસ કરતા હતા. તેઓ પણ હંમેશા ઉત્તમરાજાનું હિત થાય એટલા માટે સમય સમય પર તેઓનું માર્ગદર્શન કરી તેઓની સંપત્તિ ભગવાનના અર્થે ઉપયોગમાં આવે એવો સલાહ આવતા (આ બાબત સ.જી.પ્ર. ૩ માં સ્પષ્ટ રીતે જોવા મળે છે.) (શ્લો-૭૫) હવે વિદુરજી તત્કાળ ફળ આપનાર ચાર વસ્તુનું વર્ણન કરે છે.

<u>શ્લો: ૭૬</u> चत्वारि हि महाराज साद्यस्कानि बहस्पतिः।

पृच्छतेत्रिदरोन्द्राय तानी मानि निबोध मे॥

<u>શ્લોકાર્થ :</u> હે મહારાજ! ઇન્દ્રના પુછવાથી તઓને બૃહસ્પતિએ જે ચાર વાતોને તત્કાળ ફળ આપનારી બતાવેલી છે તેને સાંભળો.

<u>ચ.ટી :-</u> દેવતાઓના ગુરૂ બૃહસ્પતિ પ્રજાપતિ અંગિરાજીના સુપુત્ર છે અને દેવતાઓની વિનંતીથી તેઓએ દેવતાઓના ગુરૂ થવાનું સ્વિકારેલું. તેઓએ શિષ્ય

ઇન્દ્રના પુછવાથી જે વાતો તત્કાળ ફળ આપનારી હતી તે બતાવેલી છે તે વાતો અમો સ્પષ્ટરૂપે બતાવીએ છીએ. આનાથી આ કથનની પ્રમાણિકતા તથા આ વાત પરંપરાથી પ્રાપ્ત છે એમ સ્પષ્ટ છે. (શ્લો-૭૬) હવે વિદુરજી તત્કાલ ફળ આપનારા એવા ચારનું વિધાન કરે છે-

શ્લો: ૭૭ चत्वारि हि महाराज साधस्कानि बहस्पतिः।

विनयं कृत विद्यानां विनाशं पापकर्मणाम्।।

શ્લોકાર્થ : દેવતાઓનો સંકલ્પ, બુધ્ધિમાનોનો પ્રભાવ, વિદ્વાનોની વિનમ્રતા અને પાપ કર્મોનો વિનાશ એ સદ્ય (તતકાલ) ફળ આપનાર છે.

ચ.ટી. : ભગવાન શ્રીમન્નારાયણના અંગ ભૂત દેવતાઓમાં એવું સામર્થ્ય હોય છે કે તેઓ જે પણ કંઇક સંકલ્પ કરે છે તે તત્કાળ ફલ આપનાર થાય છે આ સમ્બન્ધમાં ઉપમન્યુનું ચરિત્ર અવલોકરન કરવા યોગ્ય છે, ઉપમન્યુ બાલ્યાવસ્થામાં એક દિવસ પોતાના મામાના ઘરે ગયો હતો અને ત્યાં એક દિવસ તેણે ગાયના દુગ્ધનું પાન કર્યુ. તે સમયે તેઓના મામાના દિકરાએ ઇર્ષ્યાવશ તેના કરતા પણ ઉત્તમ ગાયના દૂધનું પાન કર્યુ. આ પ્રમાણે તેને ઉત્તમ ગાયના દુગ્ધનું પાન કરતો જોઇ ઉપમન્યુ એ પણ પોતાની માતાને ઉત્તમ દૂગ્ધ આપવા જણાવ્યું. ત્યારે તેઓની માતા પોતાની નિર્ધનતાનો વિચાર કરી દુઃખી થઇ પણ પછી વિચાર કરી અન્નનો પિસેલો લોટ પાણીમાં મેળવી ઉપમન્યુને પાન કરવા માટે આપે છે પરંતુ ઉપમન્યુ તો પ્રથમ જ દૂધનો આસ્વાદ લઇ ચૂકેલો હતો એટલે તેણે શ્રેષ્ઠમ દૂધ માટે જીદ કરી તેને જીદ કરતો જોઇ તેની માતા બોલી કે 'બેટા શ્રેષ્ઠતમ દુગ્ધની ઇચ્છા હોય તો તુ ભગવાન શંકરની ઉપાસના કર અને તેઓની કૃપા થતા તેને ચારેય પુરૂષાર્થની સિધ્ધિ થશે.'

આ પ્રમાણે માતાની વાત સાંભળી ઉપમન્યુ માતાને પગે લાગી દુગ્ધનો કટોરો નહિ પણ દૂગ્ધનો સમુદ્ર જ લેવા માટે શીવજીની આરાધના કરવા વનમાં ગયો અને કઠિન તપસ્યા કરવા લાગ્યો. આમ તપસ્યા કરતા ઘણો કાળ વ્યતિત થયો ત્યારે ભક્તની ભક્તિથી દ્રવિત થયેલા ભગવાન શંકર દેવરાજ ઇન્દ્રનું રૂપ ધારણ કરી ઉપમન્યુની પરીક્ષા લેવા તેની પાસે આવ્યા અને ઉપમન્યુ ને તપસ્યામાંથી પતિત કરવા તેઓ સ્વયં સ્વમુખે પોતાની શંકરની નિંદા કરવા લાગ્યા. આ પ્રમાણે દેવરાજ ઇન્દ્ર દ્વારા પોતાના આરાધ્યદેવની નિંદા સાંભળી ઉપમન્યુ અત્યન્ત ક્રોધાયમાન થયા અને પોતાના આરાધ્યની નિંદા સાંભળવાથી પોતે પોતાનું શરીર પ્રજ્વલિત કરવા શરીરમાં અગ્નિધારણ કરતા હતા અને દેવરાજ ઇન્દ્રને મોતને ઘાત ઉતારવા અથર્વાસ્ત્ર ધારણ કરતા હતા.

ઉપમન્યુને આ પ્રમાણે કરતો જોઇ ભગવાન શંકર પોતાના મૂળ રૂપમાં પ્રગટ થઇ ગયા અને તેઓએ આ બન્ને અસ્ત્રોનું નિવારણ કરી દીધુ અને ભગવાન શંકરના સંકલ્પ કરવા માત્રથી જ ઉપમન્યુની ચારે બાજ હજારો દૂધની ધારાવાળો ક્ષીર સાગર, મધુનો સમુદ્ર, દધિનો સાગર, ઘૃતનો સમુદ્ર, ફળ અને મીઠાઇ મેવા મિષ્ટાનના પહાડો ઉપસ્થિત થઇ ગયા આમ ભગવાન શંકરની કૃપાથી ઉપમમન્યુને અતુલનિય ઐશ્વર્ય પ્રાપ્ત થયેલું (લીંગપુરાણ/ અ. ૧૭૦ આમ કેવલ દેવાધિદેવ ભગવાન શંકરના સંકલ્પમાત્રથી ઉપમ્યુને સદ્ય મનોવાંછિત વસ્તુની પ્રાપ્તિ થઇ.)

તેજ પ્રમાણે બુધ્ધિમાનો ના દ્વારા કરાયેલો ઉપાય પણ શિઘ્ર ફળ આપનાર છે આ સમ્બન્ધમાં પાંડવોના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવો હતી કે મહાભારતના યુધ્ધનો પ્રારંભ થઇ ગયો હતો. દુર્યોધનના કટુ વચનો 'તમો પાંડવો પક્ષપાત કરતા થકા યુધ્ધ કરો છો' આવા મર્મઘાતી

વચનોથી ઘવાયને ગંગાપુત્રે પ્રતિજ્ઞા કરી. 'કાલે અમો પાંડવોને પરલોક વાસી બનાવી દેશુ.' આ બાબતના સમાચાર ગુપ્તચરો દ્વારા યુધિષ્ઠિર આદી પાંડવોને પ્રાપ્ત થયા. સમાચાર પ્રાપ્ત થતા પાંડવો આકુળ વ્યાકુળ થઇ ગયા. મહારાણી દ્રૌપદીજીએ શ્રી કૃષ્ણને વાત કરી ભગવાને કહ્યું 'પિતા મહે પ્રતિજ્ઞા લીધી છે, તો તે સત્ય કરશે અમો આ બાબતમાં અસમર્થ છીએ.' ભગવાને કોરો ઉત્તર આપી દીધો પરંતુ ભગવાને કહ્યું 'એક ઉપાય છે, દ્રૌપદી તુ ચૂપચાપ મારી પાછળ આવ અને ભીષ્મજીના શિબિરમા જઇ તેમનો આશીર્વાદ પ્રાપ્ત કર.'

ભગવાન શ્રીકૃષ્ણની વાત સાંભળી દ્રૌપદી ભગવાનની પાછળ ચલતા થયા. તે સમયે દ્રૌપદીજીએ પોતાના પગમાં રત્ન જડિટ મોજડી પહેલી. ભગવાન દ્રૌપદી પ્રત્યે બોલ્યા 'કૃષ્ણે! તારી રત્ન જડિટ મોજરી ઉતારીને અમને આપી દે.' દ્રૌપદીએ મોંજડી ઉતારી દીધી ભગવાને તે મોજડી લઇ પોતાની ઉત્તરીય વસ્ત્રમાં લપેટી દીધી અને પછી પાછળ પાછળ આવવા કહ્યુ દ્રૌપદી આજ્ઞાનું પાલન કરતા તેમની પાછળ ગયા. ગંગા પુત્ર ભીષ્મના શિબિરમાં સાધુ, બ્રાહ્મણ અને પતિવ્રતા સ્ત્રીઓન કોઇપણ રોક ટોક વગર આવવાની આજ્ઞા હતી. ગંગાપુત્ર ધ્યાનસ્થ હતા દ્રૌપદી અંદર ગયા અને પિતામહ ના ચરણોન મસ્તકથી સ્પર્શ કર્યો. ભીષ્મજીએ જાણ્યું 'હમણા જ દુર્યોધન આવીને ગયો છે એટલે એની રાણી ભાનુમતિ ચરણ સ્પર્શ કરવા આવી હશ' પિતામળ આશીર્વાદ આપતા બોલ્યા. 'સૌભાગ્યવતી ભવ'. ત્યારે દ્રૌપદીજી બોલ્યા 'પિતામહ, મારા પતિઓન મારવાની પ્રતિજ્ઞા લીધી અને અમને સૌભાગ્યવતીનો આશીર્વાદ આપ્યો. આપતો ક્યારેય પણ અસત્ય બોલતા નથી.'

દ્રૌપદીની વાત સાંભળી પિતામહે પોતાના નેત્રો ઉઘાડયા અને તેઓ બોલ્યા 'દ્રૌપદી બેટા' તુ અહીં કેવી રીતે? અમો તો સમજ્યા કે દુર્યોધનની પત્નિ

ભાનુમતિ ચરણ સ્પર્શ કરવા આવી હશે એટલે તેને સૌભાગ્ય વતી ભવનો આશીર્વાદ આપ્યો, પણ તને અહીં લાવ્યું કોણ? તું કોની સાથે આવી? શ્રી કૃષ્ણ વગર આ કાર્ય કોઇ ન કરી શકે, બતાવ તે છે ક્યાં?' પણ દ્રૌપદીએ શ્રીકૃષ્ણ દ્વાર પર છે એમ ન કહ્યું. ગંગા પુત્રે જઇને જોયું તો દ્વાર પર બગલમાં દ્રોપદીની મોજડી લઇને શ્રીકૃષ્ણ ઉભા છે. ભીષ્મજી ચરણોમાં પડી રડવા લગ્યા. ભગવાને કહ્યું 'આવતી કાલે પાંડવોને મારશો તો દ્રૌપદી સૌભાગ્યવતી થઇ રહી.' તે પછી ભીષ્મજી હાથ પકડીને ભગવાનને શિબિરમાં લાવ્યા અને પાદ્ય અર્ધ્યથી તેઓની પૂજા કરી અને પોતાના સ્વમુખે તેઓએ પોતાને યુધ્ધમાંથી વિરક્ત કરી દેવાનો ઉપાય બતાવ્યો. આમ બુધ્ધિમાન કૃષ્ણ દ્વારા કરાયેલો ઉપાય પાંડવોને શિઘ્ર ફળ આપનારો થયો. કહ્યું પણ છે 'बुध्धिर्यस्यबलं तस्य- જે વ્યક્તિ પાસે બુધ્ધિ રૂપી બલ છે તે જ સાચો બળવાન છે. (ચાણક્યનીતિ/૧૦/૧૬)

તે જ પ્રમાણે વિદ્વાનો ની વિનમ્રતા પણ તેને શિઘ્ર મહત ફલનો ભાગી બનાવે છે. આ સમ્બન્ધમાં યુધિષ્ઠિર મહારાજના જીવનનો એક પ્રસંગ અવલોન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે, કરૂક્ષેત્ર ના મેદાનમાં કૌરવો પાંડવોની સેના યુધ્ધ માટે સજ્જ હતી શંખ ધ્વનિની પ્રતિક્ષા થઇ રહી હતી. તેવા સમય ધર્મરાજ યુધિષ્ઠિર પોતાનું કવચ અને અસ્ત્રશસ્ત્રો ભૂમિ પર મૂકી રથ પરથી ઉતરી પગપાળા જ ભોષ્મ પિતા તરફ ચાલવા લાગ્યા. પોતાના મોટાભાઇને આમ કરતા જોઇ બાકીના ચારે ભાઇઓ અને શ્રી કૃષ્ણ પણ ભોષ્મ પિતામહ તરફ ચાલવા લાગ્યા. બધાના પૃછવા છતાં યુધિષ્ઠિરે 'તમો ક્યાં જાવ છો' તેનો કંઇ ઉત્તર ન આપ્યો આ તરફ બધા અંદરો અંદર વાત કરવા લાગ્યા કે 'પાંડવો ગંગા પુત્ર ભીષ્મ આદીથી ભય પામી આપણા શરણાં આવી રહ્યા છે.'

તે પછી વિનયશીલ યુધિષ્ઠિર ગંગાપુત્ર ભીષ્મની સમિપમાં આવી વિનય પૂર્વક તેઓને પ્રણામ કરી તેઓ પાસે યુધ્ધ કરવાની આજ્ઞા માંગવા લાગ્યા. તેઓનો આ પ્રમાણેનો વિનય વિવકે જોઇ ગંગા પુત્ર ભીષ્મ તેઓને વિજયશ્રીનો આશીર્વાદ આપી બોલ્યા 'યુધિષ્ઠિર જો તમો અમારી આજ્ઞા વગર યુધ્ધમાં પ્રવૃત્ત થતે તો અમો અવશ્ય તમોને પરાજયનો શાપ આવી દેતે.' તે પછી પાંડવો ક્રમશઃ પોતાના ગુરુ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય અને પોતાના માતુલ શલ્ય પાસે જઇ તેઓ પાસે તેમની સાથે યુધ્ધ કરવાની આજ્ઞા માંગતા હતા અને બધા એ તેઓનો વિનય જોઇને તેઓ બધાને વિજયશ્રીનો આશીર્વાદ આપતા હતા અને તે સમયે તેઓ બધાએ જ પોતાને રણભૂમિમાંથી નિવૃત્ત કરવાનો ઉપાય પણ પાંડવોને બતાવી દીધો. (મહા/ભીષ્મ/અ-૪૭) આમ યુધિષ્ઠિર જેવા વિદ્યાવિનયિ મહાપુરૂષની વિનમ્રતાના પ્રતાપે જ ભીષ્મ આદિના હ્દયમાં તેઓ પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ થઇ જેથી તેઓ બધાએ પાંડવોને વિજયશ્રીના આશીર્વાદ આપ્યા અને પોતાને રણભૂમિમાંથી હટાવવાનો ઉપાય પણ બતાવ્યો, જેથી પાંડવોને મહાભારતના યુધ્ધમાં વિજયની પ્રાપ્તિ થઇ હતી. આમ વિદ્વાનોની વિનમ્રતાએ શીઘ્ર મહત્ ફલ આપ છે એ યુધિષ્ઠિરના જીવનમાં યથાર્થ ચરિત્રાર્થ થાય છે.

આ ઉપરાંત જેનુ મન ભગવાનની આરાધનામાં આરૂઢ થયેલુ છે તેઓના અનંત જન્મોના પાપ ક્ષણ ભરમાં નષ્ટ થઇ જાય છે પછી તેના મનમાં પાપનો વિચાર કય રીતે આવી શકે? ભગવાન વિષ્ણુની આરાધાના વિષયાન્ધ મનુષ્યોના પણ સંપૂર્ણ દુઃખને નાશ કરનારી થાય છે. તે ભોગ તથા મોક્ષ આપનારી પણ છે જે મનુષ્ય કોઇ ના સંગથી, સ્નેહથી, ભયથી, લોભથી અથવા અજ્ઞાનથી પણ ભગવાનની ઉપાસના કરે છે તે સુખનો ભાગી થાય છે. 'अकाल मृत्यु शमनं सर्व व्याधि विनाशकम्। सर्व दुःखो परामनं हरि पादोदकं स्मृतम्। જે ભવાન વિષ્ણુના

ચરણોદકનું એક બુંદ પણ પાન કરી લે છે તે બધા તીર્થોમાં સ્નાન કરી ચૂકેલો છે, તે ભગવાનને અત્યંત પ્રિય થાય છે. ભગવાન વિષ્ણુનું ચરણોદક અકાલ મૃત્યુનું નિવારણ કરનાર, સમસ્ત રોગોનો નાશ કરનાર અને બધા દુઃખોની શાંતિ કરવાવાળુ મનાય છે.' આ સંબંધમાં પણ વિજ્ઞ પુરૂષો એક પ્રાચિન ઇતિહાસ કહે છે.

વાત એવી હતી કે પ્રાચિન સત્યુગમાં એક 'ગુલિક' નામનો પ્રસિધ્ધ વ્યાધ હતો તેનું મન હંમેશા પરાયી સ્ત્રી તથા ધનમાં આસક્ત હતુ. બધાની નિંદા કરવી તથા જીવ જન્તુઓને કષ્ટ આપવું તે તેનો સ્વાભાવિક ધર્મ હતો તેણે સેકડો ગો બ્રાહ્મણોની હત્યા કરી હતી. આ ઉપરાંત ભગવાનની સંપત્તિ તથા બીજાનું ધનલૂંટવા માટે તે હંમેશા તૈયાર રહેતો હતો. તેણે ખૂબ મોટા મોટા પાપ કરેલા હતા. જીવ જંતુઓ માટે તો જાણે તે યમરાજ હતો. એક દિવસની વાત છે આ પાપી સૌવિર દેસમાં ગયો આ દેશ સંપૂર્ણ અશ્ચર્યથી પૂર્ણ થયો. તેના ઉપવનમાં ભગવાન વિષ્ણુનું એક મોટી તથા સુંદર મંદિર હતુ. તેમા મોટા મોટા સુવર્ણના કળશો લાગેલા હતા તેને જોઇ વ્યાધને ઘણી પ્રસન્નતા થઇ તેણે મનોમન નિશ્ચય કર્યો કેઆ કળશો ચોરી લેવા. આ પ્રમાણે નિશ્ચયકરી તે મંદિર આવ્યો ત્યાં તેણે એક ઉત્તમ બ્રાહ્મણના દર્શન કર્યા જેનું નામ 'ઉત્તંગ' હતુ તેઓ ત્યાં ભગવાનની સેવા કરતા હતા. વ્યાધે તેને પોતાની ચોરોમાં વિઘ્ન કરતા જાણ્યા. તે ભગવાનનું સંપૂર્ણ ધન હરિ લેવા માંગતો હતો. તેણે હાથમાં તલવાર લીધેલી હતી એટલે તે ઉત્તંગ મુનિને મારવા તૈયાર થયો. તેણે મુનિને જમીન પર ચટ્ટાપાડી દીધા અને તેમની છાતીને એગ પગથી દબાવી એક હાથથી તેઓની જટા પકડી તેઓ પર જ્યાં તલવારનો વાર કરવા જતો હતો ત્યાંજ મહર્ષિ ઉત્તંગ બોલ્યા અરે તુ અમને વ્યર્થમાં શા માટે મારે છે અમો તો નિરપરાધિ છીએ તમારો કયો અપરાધ કર્યો

છે, લોકમાં તો શક્તિ શાળી મનુષ્ય અપરાધિને દંડ આપે છે પરંતુ સજ્જન પુરૂષો પાપીઓને પણ આકારણ ક્ષતિ પહોંચાડતા નથી. સાધુ પુરૂષ તો જે પોતાનું અનિષ્ટ કરે છે તેઓનું પણ હિત કરે છે, તુ બધાને મોતને ઘાત ઉતારી લોકોનું ધન હરી લઇ તારા પરિવારનું પોષણ કરે છે, પરંતુ અંત સમયમાં મનુષ્યો બધાને છોડી એકાકી જ પરલોકમાં જાય છે. અનીતિ કરી લાવેલા ધનને તેના પરિવારના લોકો તો હર્ષ પૂર્વક ઉપભોગ કરે છે પરંતુ પરલોકમાં દુઃખ તો કેવલ તેને જ પ્રાપ્ત થાય છે.''

આ પ્રમાણે મહર્ષિની વાત સાંભળી ગુલીક ઉત્તંગ ઋષિને છોડી દીધા. ત્યારબાદ તે ભયથી વ્યાકળુ થઇ મુનિ પાસે વારંવાર ક્ષમા યાચના કરવા લાગ્યો. મુનિના ક્ષણ ભરના સત્સંગ તથા ભગવાનના શ્રીવિગ્રહના સામિપ્યથી તેના બધા પાપ તત્કાળ સમાપ્ત થઇ ગયા તેને તેના કરેલા કર્મો પર ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો તે મુનિ પ્રત્યે બોલ્યો 'હે મુનિવર! અમોએ બહુ પાપ કર્યા છે, પરંતુ આપ જેવા મહાત્માના દર્શન માત્રથી મારા સંપૂર્ણ પાપ સમાપ્ત થઇ ગયા પરંતુ મુને! અમારો ઉધ્ધાર કેવી રીતે થશે? હું કોના શરણમાં જાવ પૂર્વ જન્મમાં કરેલા પાપને કારણે અમારા વ્યાધના કુળમાં જન્મ થયો. અને આ જન્મમાં ઘણા પાપ મારાથી થયા છે.'' આમ અત્યંત પશ્ચાતાપથી આંતરિક અગ્નિ (દુઃખ)થી તેણે પોતાનો દેહ ત્યાગ કર્યો. વ્યાધને મૃત પામેલો જોઇ મુનિ ઉત્તંગે તેના આખા શરીર પર ભગવાનના ચરણોદકનો છંતકાવ કર્યો. ભગવાનના ચરણોદકના સ્પર્શથી તેના બધા પાપ બળી ગયા અને તે દિવ્ય શરીર યુક્ત થઇ મુનિને નમસ્કાર કરી ભગવાનના ધામમાં ગયો. આમ ભગવાનના ભક્તનો ક્ષણવાર સત્સંગ તથા ભગવાનનું ચરણો દક શરીરમાં મળવાથી ગુલીક બધા પાપોથી મુક્ત થઇ ભગવાનના ધામમાં ગયો. (શ્રી નારદપુરણા/ પૂર્વ/ પ્રથમ/અ-૩૭)આમ,

ભગવાનના ભક્તોનો સંગ અને ભગવાનનો સમ્બન્ધ તતકાલ પાપથી મુક્ત કરનાર છે કહ્યું પણ છે 'महापापोपपापानां नाशनं मुक्ति दायकम्। दिव्य लीला शरीरस्य हेतु भूतं सुधामयम्॥ ભગવદ્ પ્રસાદ રૂપી ઔષધિ મહાપાપ અને ઉપપાપને નષ્ટ કરે છે, મુક્તિ પ્રદાન કરે છે અને તે દિવ્યલીલા શરીરને માટે અમૃતમય કારણ છે.' (શાંડિલ્યસંહિતા/શ્લો-૧૮) 'चान्द्रायण सहस्रस्य विष्णोनैवेद्यभक्षणे। फलं भवति पापघ्नमविद्याग्रन्थिनाशनम्॥ વિષ્ણુના નૈવેદ્ય ભક્ષણથી સહસ્રચાન્દ્રાયણવ્રતનું, તથા પાપઘ્ન, અવિદ્યા, ગન્થિભેદન કરનારૂ ફળ મળે છે.' (શાન્ડિલ્ય /શ્લો-૨૭) આમ ઉપરોક્ત દૃષ્ટાંતોનું અવલોકન કરતા નીતિકાર સાક્ષાત્ યમરાજજીનો અવતાર એવા વિદૂરજી આ શ્લોકમાં જે પણ કંઇ કહે છે તે અક્ષરેક્ષર સત્ય છે. માટે આ બાબતમાં શંકાનો કોઇ અવકાશ નથી. (શ્લો-૭૭) હવે નીતિકાર ચારવાતો ભયને દૂર કરનારી તથા ભયઆપનારી કહે છે-

શ્લો: ૭૮ चत्वारि कर्माण्य भयङ्कराणि

भयं प्रयच्छन्त्ययथा कृतानि।

मानाग्निहोत्रमुत मानमौनं

मानेनाधीत मुत मान यज्ञः।

શ્લોકાર્થ : આ ચાર વાતો ભયને દૂર કરવાવાળી છે. પણ તેને અનુચિત પ્રયોગથી ભયદાયક પણ થાય છે. જેમ સન્માન પૂર્વક કરાયેલો અગ્નિ હોત્ર, માન પૂર્વક કરાયેલુ મૌનાવ લમ્બન, આદર પૂર્વક કરાયેલુ અધ્યયન તથા સ્વાધ્યાય અને વિધિ પૂર્વક કરાયેલું યજ્ઞાનુષ્ઠાન.

ચ.ટી. : વિધિ પૂર્વક કરાયેલુ કર્મ લાભદાયક છે અતઃ આ ચારેય નું વિધિ પૂર્વક અનુષ્ટાન કરવું અન્યથા તેનું વિપરીત ફળ પણ મળે છે જેમ 'અગ્નિહોત્ર

કરવાથી અંદર તથા બહારના શત્રુઓ નષ્ટ પામે છે- 'अग्निहोत्रेण प्रणुदे सपत्नान्- (અથર્વ/૯/૨/૬) પરંતુ આમા તૃતિ રહી જવાથી એજ વિપરીત ફલ પ્રદાન કરે છે. જેમ ત્વષ્ટા ઋષિને પ્રાપ્ત થયુ હતું. વાત એવી હતી કે ત્વષ્ટા પ્રજાપતિના પુત્ર વિશ્વરૂપને દેવતાઓએ દેવગુરૂ બૃહસ્પતિની અનુપસ્થિતિમાં દેવતાઓના પુહોહિત તરીકે નિયુક્ત કર્યા પરંતુ આ વિશ્વરૂપનું નનિહાલ-મોસાળ અસુળકુળમાં હતુ જેથી અસુરોના કહેવાથી તે અસુરોને પણ દેવતાઓની અનદેખિમા ચોરી છૂપિ યજ્ઞ ભાગ આપી દેતા હતા. આ વાતની જાણ દેવરાજ ઇન્દ્રને થઇ એટલે તેઓએ વિશ્વરૂપનો શિરોચ્છેદ કરી દીધો. આ પ્રમાણે પોતાના પુત્રને મોતને ઘાત ઉતારેલો જોઇ ત્વષ્ટા અતિશય ક્રોધાયમાન થયા અને તેઓએ દક્ષિણ અગ્નિમાં અભિચાર મંત્રથી 'હે ઇન્દ્ર શત્રુ! તમારી અભિવૃધ્ધિ થાઓ અને શિઘ્રાતિશિઘ્ર તમો શત્રુનો વધ કરો- 'इन्द्रशत्रो विवर्धस्व, माचिरं जहि विद्विषम्' આહૂતિ આપી પરંતુ 'इन्द्र शत्रो' શબ્દ ઉદાત્ત ગણવામાં આવ્યો હોવાથી (इ ઉદાત છે) 'બહુવ્રીહિ સમાસમાં સ્વભાવિક ઉદાત્તવાળું પૂર્વપદ હોય છે-'बहुव्रीहौ प्रकृत्या पूर्वपदम्' (પા.સૂ. ૬/૨/૧) એમ સ્મૃતિ હોવાથી બહુવીહી સમાસનું લક્ષણ આવી પડવાને કારણે ઇન્દ્ર જ તેનો શત્રુ(કાપનારો) થયો. 'शद्-કાપવું મંત્ર બોલતાં 'शत्रो ' નો અત્યં સ્વર 'ओ' ઉદાત કરીને- ભાર મૂકીને બોલતાં પષ્ઠી તત્પુરૂષ સમાસ થાય જેથી ઇન્દ્રના કાપનારો એમ અર્થ થાય. ત્વષ્ટાનો સ્વર ભંગ થવાથી આદ્યપદ 'इ' ઉદાત્ત લેવાયું. અર્થાત્ ત્વષ્ટાથી 'ओ' ઉદાત્ત લેવાને બદલે 'इ' ઉદાત્ત લેવાય ગયો અને જેને લઇ ઇન્દ્ર દ્વારા કાપનરો પુત્ર દક્ષિણા અગ્નિમાંથી વૃત્રાસુરના રૂપમાં પ્રગટ થયો અને ઇન્દ્રના વજ દ્વારા તેનો નાશ થયો હતો. આમ અગ્નિ હોત્રની એક અગ્નિ દક્ષિણાગ્નિમાં વિપરીત સ્વરના ઉચ્ચારણથી આહુતિ આપવાથી ત્વષ્ટા પ્રજાપતિને ઇન્દ્રને કાપનાર પુત્રને બદલે ઇન્દ્ર થકી કાપનારો પુત્ર પ્રાપ્ત થયો.

તે જ પ્રમાણે સમય સંજોગ જોઇને ઘણી વખત મૌન ધારણ કરવાથી વાદવિવાદ ઉભો થતો નથી. મૌન રહેવું કઠિન છે પરંતુ તેનું પરિણામ શ્રેષ્ઠ હોય છે. આચાર્ય ચાણક્ય કહે છે. ''मौने च कलहो नास्ति- મૌન રહેવાથી કલહનાશ પામે છે.' (ચાણક્ત નીતિ/અ-૩/૧૧) સમસ્ત અનર્થ પરપરા ને દગ્ધ બીજ કરવાને માટે આપણા શાસ્ત્રોમાં મૌનને વ્રતની સંજ્ઞા આપી છે 'एवं प्राप्नोति पुण्येन मौने नाज्ञां महामुने-મૌન વ્રતનું પાલન કરવાથી આવ્યાહત આજ્ઞા શક્તિ પ્રાપ્ત થાય છે.' (વરાહ/૨૦૭/૩૮) આચાર્ય શંકર તો મૌનની બ્રહ્મ પ્રાપ્તિનું સાધન બતાવે છે. ''मौनेन ब्रह्म प्राप्ति- મૌનથી બ્રહ્મ પ્રાપ્તિ થાય છે.' ભર્તુહરિ નીતિશતક માં स्वायत्तमे कान्तगुर्णं विधात्रा विनिर्मितं छादनमज्ञतायाः विशेषतः सर्ववि‍दां समाजे विभूषणं मौनमपण्डितानाम्॥ વિધાતા દ્વારા બનાવાયેલા મૌન માં અનેક ગુણ છે આને કોઇનાથી માંગવું પડતુ નથી. જેને ઇચ્છે તેને પોતાને સ્વાધીન રહેવાવાળી વસ્તુઓને કામમાં લાવી શકે છે. મૂર્ખોની મૂર્ખતા માટે આચ્છાદન સ્વરૂપ આ મૌન વિદ્યાનોની સભામાં આભૂષણ છે.'' (શ્લો-૭) આ વચનથી મૌનને ભૂષણ ગણાવે છે.

પરંતુ ધર્મનું ઉલ્લંઘન થતું હોય ત્યારે મૌન ધારણ કરીને બેસી રહી અધર્મને જોતા રહેવું તે અધર્મમાં સમ્મતિનું લક્ષણ છે. ''मौनं सम्मति लक्षणम् તે સ્થાને ક્યાંતો અધર્મનો પ્રતિકાર કરવો અન્યથા તે સ્થાનનો ત્યાગ કરી અન્યત્ર જતા રહેવું અન્યથા મનુષ્ય તે અધર્મમાં ભાગી થાય છે જેમ કૌરવ અને પાંડવો મધ્યે થતી ધુતક્રિડામાં પાંડવો ધુતમાં પોતાના રાજ્યને પોતાને તથા પોતાની ધર્મપત્ની ને પણ હારી ગયા અને તે સમયે દુર્યોધનના આદેશથી દુ:શાસન રજસ્વલા અવસ્થામાં રહેલી રાજરાણી દ્રોપદીને બાલથી પકડી ઘસડીને ધુતક્રિડા ભવનમાં ઉપસ્થિત કરે છે. તે સમયે મહાત્મા વિદુર અને દુર્યોધનના કનિષ્ટ

ભ્રાતા વિકર્ણ ને બાદ કરતા સમસ્ત સભા આ અધર્મને મૂક બનીને નિહાળતો રહે છે આ સભામાં ગંગાપુત્ર ભિષ્મ અને આચાર્ય દ્રોણ જેવા સમર્થ મહાપુરૂષો ઉપસ્થિત હતા. તેઓ ધારતે તો આ અધર્મ ને અટકાવી શકતે, પરંતુ તેઓ 'દુર્યોધન કદાચ અમારૂ અપમાન ન કરી દે' એ આશયથી મૌન રહ્યા અને તેના પરિણામ સ્વરૂપે ગંગાપુત્ર ભીષ્મ એ મહાભારતના યુધ્ધમાં બાણોની શૈયાપર સુવું પડયું અને આચાર્ય દ્રોણનું અકાલમાં મૃત્યુ થયું અને બીજા બધાને પણ અધર્મને જોવાને કારણ મહાભારતના યુધ્ધની અગ્નિમાં હોમાવવું પડયું.

અમુક સ્થાનો પર મૌન ઘણું મોટું તથા દિવ્ય ભૂષણ પણ સિધ્ધ થાય છે અને આ વાણીના મૌન થી મહાત્માઓ આશ્ચર્યજનક મહનિય કાર્યો પણ સમ્પન્ન કરેલા છે. જેમ અગિયારમી સતાબ્દિનાં બીજા ચરણની વાત છે. સમ્રાટ હેનરી દ્વિતિય કેટલાક દિવસો માટે ઇટાલી ગયા હતા. તેઓએ સંત રોનાલ્ડને સમ્માન પૂર્વક પોતાની રાજધાનીમાં (રાજ્યસભામાં) પધારવા માટે નિમંત્રણ આપ્યું. પરંતુ સંત રોનાલ્ડે સમ્રાટના નિમંત્રણનો અસ્વિકાર કર્યો. સમ્રાટે તેઓને રાજ્ય સભામાં લાવવા માટે ઘણા પ્રયત્ન કર્યા અને અંતે કેટલાક શિષ્યો તથા ભક્તોના આગ્રહન વશ થઇ સંત રોનાલ્ડો સમ્રાટની સભામાં પધાર્યા તેઓના સન્માનમાં સમ્રાટ સહિત બધા સભાસદો પોત પોતાના સ્થાનેથી ઉભા થઇ ગયા સંત રોનાલ્ડે સભામાં આસન ગ્રહણ કરતા સમસ્ત સભામાં દિવ્યતા અને શાંતિ છવાઇ ગઇ. સમ્રાટે સંતનું અભિવાદન કરતા કહ્યું 'અમારી સૌથી મોટી ઇચ્છાએ જ છે કે અમારો આત્મા પણ તમારી જેમ ભગવાનના ચરણાર વિંદમાં સમર્પિત રહે.'

સભામાં બિરાજમાન બધાને એમ હતુ કે સંત કંઇક કહેશે પરંતુ તેઓને નિતાન્ત મૌન જોઇને બધા આશ્ચર્યચકિત થઇ ગયા સમ્રાટે વિચાર્યુ 'સંત મૌન બનીને જાણે અમારી પ્રાર્થના સ્વિકારતા હોય' સંતના મૌનમાં એવી સહજ

પવિત્રતા હતી કે સમ્રાટના મનમાં એ કલ્પના પણ ન આવી કે સંતનું આ આચરણ અભિમાન યુક્ત છે અને મારા પ્રતિ તેઓના મનમાં ઉપેક્ષાનો ભાવ છે. પરંતુ સમ્રાટે આ સંતના મૂળમાં સંતનો વિનમ્રતા અને કૃપા સમજી સમ્રાટ ને સંતના મૌન ધારણ કરવાથી ઘણી પ્રસન્નતા થઇ (સતકથા અંક પૃષ્ઠ-૪૧૦/ગીતા પ્રેસ) આમ મૌનમાં અદ્‌ભુત શક્તિ છે જે બીજાને પણ શાત કરી દે છે. માટે આદાર સહિત મૌનનું પાલન કરવું.

તેથી જ રીતે શાસ્ત્ર અધ્યતન માટે પણ ઘણો પરિશ્રમ કરવો પડે છે અને પરિશ્રમ કરનારાને વિશ્રામ કવો. જે સુખ અને આરામ ઇચ્છે તેણે વિદ્યા પ્રાપ્ત કરવાની ઇચ્છાનો ત્યાગ કરવો. કારણ કે સુખ અને આરામ ઇચ્છનારાને વિદ્યા પ્રાપ્ત થતી નથી વિદ્યા પ્રાપ્તિ અર્થે કઠોર પરિ્શ્રમ કરવો પડે છે અને સુખ તથા આરામનો ત્યાગ કરવો પડે છે. આચાર્ય ચાણક્ય કહે છે '' सुखार्थी वा त्यजेद् विद्यां विद्यार्थी वा त्यजेत् सुखम्। सुखार्थिन:कुतो विद्या विद्यार्थिन: कुतो सुखम्॥ જો મોજ શોખ માણવા હોય તો અભ્યાસનો ત્યાગ કરવો અને વિદ્યા પ્રાપ્ત કરવો હોય તો એશ આરામનો ત્યાગ કરવો જોઇએ કારણ કે જેને મોજશોખની ઇચ્છા હોય તેને ક્યારેય વિદ્યા પ્રાપ્તિ થતી નથી. વિદ્યા પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેને ક્યારેય વિશ્રામ કરવો નહિ.' (ચાણક્યનીતિ/અ.૧૦/૩) 'सुखार्थिन: कुतो विद्याकुतो विद्यार्थिन: सुखम्। सुखार्थी वा त्यजेद् विद्यां विद्यार्थी वा त्यजेत् सुखम्। સુખની ઇચ્છાવાળાને વિદ્યા ક્યાથો, વિદ્યાર્થીને સુખ ક્યાંથી, સુખાર્થી વિદ્યાનો ત્યાગ કરે, જ્યારે વિદ્યાર્થ સુખનો ત્યાગ કરે- 'पठतौ नास्ति मूर्खत्वं- જે અધ્યયન કરે છે તે મૂર્ખ રહેતો નથી 'आलस्य कुतो विद्या अविद्यस्य कुतो धनम्। આળશુને વિદ્યા ક્યાંથી અજ્ઞાનિને ધન ક્યાંથી.

આ સન્દર્ભમાં વેદોમાં આવતું નચિકેતાનું આખ્યાન અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે વાજશ્રવાના પુત્ર ઉદ્દાલકે વિશ્વજીત નામના મહાન યજ્ઞમાં પોતાની સમસ્ત સંપત્તિ દાનમાં આપી દીધી. પણ તે સમયે યજ્ઞમાં નિંત્રયેલા ઋત્વિજોને દક્ષિણના રૂપમાં સારી નરસી બધી જ ગાયો અપાય રહી હતી. તે સમયે પિતાજીના મંગળની રક્ષા માટે પોતાના અનિષ્ટની આશંકા હોવા છતાં પણ નચિકેતાએ પોતાના પિતાને કહ્યું ''હે પિતાજી, અમો પણ તમારૂ ધન જ છીએ તો તમો અમોને કોને આપશો' પુત્રની વાત સાંભળી ઉદ્દાલક કંઇ ઉત્તર ન આપ્યો. એટલે નચિકેતાએ પુનઃ પિતાને આજ પ્રમાણે પુછયું પણ કંઇ ઉત્તર ન મળતા નચિકેતાએ ત્રિજી વખત ઉદ્દાલક ને પુછયું એટલે તેઓ ક્રોધિત થઇ ગયા અને નચિકેતા પ્રત્યે બોલ્યા 'હે પુત્ર! અમો તને યમરાજને અર્પણ કરીએ છીએ.

પિતાના આ પ્રમાણેના ઉત્તરથી નચિકેતા વિચલિત ન થયો આ માટે તે પ્રથમથી જ તૈયાર હતો. તે પોતાના પિતા પ્રત્યે બોલ્યો 'ભલે પિતાજી' તદન્તર નચિકેત યમરાજના ઘરે આવ્યો. તે સમયે યમરાજા કોઇ કાર્ય પ્રસંગે અન્ય સ્થાન પર ગયા હતા એટલે ત્રણ દિવસ પર્યન્ત તેમના ઘર દ્વાર પર ક્ષુધા તૃષાને સહન કરતા થકા તેમની રાહ જોતા થકા ઉભો રહ્યો. તે પછી યમરાજ પોતાના નિવાસ સ્થાન એવો સંયમિનીપુરીમાં આવ્યા અને તેઓને પોતાના સેવકો દ્વારા સમચાર પ્રાપ્ત થયા કે 'દ્વાર પર ત્રણ દિવસથી ક્ષુધાતૃષાથી યુક્ત એક બ્રાહ્મણ બાળક આવીને ઉભો છે.' પોતાના સેવકોની વાત સાંભળી યમરાજ કાંપી ઉઠયા અને દોડતા દોડતા નચિકેતા પાસે આવ્યા અને પોતાના સેવકોએ કરેલા અપરાધ બદલ તેઓની ક્ષમા માંગી.

તદન્તર યમરાજે નચિકેતાને પોતાના ઘરમાં પધરાવ્યા અને પાદ્ય અર્ધ્ય અર્પણ કરી તેઓની પૂજા કરી અને તેમના પ્રત્યે બોલ્યા 'દેવ, આપ અમારા દ્વાર

પર ત્રણ દિવસ પર્યન્ત ક્ષુધા તૃષા થી યક્ત રહ્યા છો, એટલે આપ અમારી પાસે ત્રણ વદરાન માંગો.' યમરાજની વાત સાંભળી નચિકેતા પ્રથમ વરદાન માંગતા તેઓ પ્રત્યે બોલ્યા 'અમારા પિતાજી અમારા પર પ્રસન્ન થાય' યમરાજે કહ્યુ 'તથાસ્તુ' તે પછી બીજો વર માંગતા નચિકેતા બોલ્યા 'સ્વર્ગના સાધન ભૂત અગ્નિ આપ યથાર્થ જાણો છો, એ અગ્નિને જાણીને જ બધા અમૃતત્વને પ્રાપ્ત કરે છે તેને અમો જાણવા ઇચ્છિએ છીએ. આ મારો દ્વિતિય વર છે.' નચિકેતાની પ્રાર્થના સાંભળી યમરાજે તેને અગ્નિ માટે જેવો અને જેટલી ઇટો જોઇએ તથા યજ્ઞકુંડનું નિર્માણ કેવી રીતે થાય આ ઉપરાંત યજ્ઞની બીજી સામગ્રી અગ્નિ ચયન કરવાની વિધિ વગેરે બતાવતા હતા. તે પછી નચિકેતા ત્રીજા વરના રૂપમાં 'આત્મ તત્ત્વ (બ્રહ્મવિદ્યા) જાણવાની ઇચ્છા યમરાજ પાસે વ્યક્ત કરી.' નચિકેતાની આ માંગણી પર યમરાજ થોડા સંકોચવા લાગ્યા કારણ કે આત્મ વિદ્યા એ કોઇ સાધારણ વિદ્યા નથી. તેઓએ નચિકેતાને બ્રહ્મ વિદ્યાની દુર્લભતા બતાવી અને ત્રીજા વરના બદલામાં સુરોને પણ દર્લુભ એવી અપ્સરા, દીર્ઘકાળ પર્યત્ન સ્થાયિ ભોગ સ્થાન ભોગ સામગ્રી ઇત્યાદિ આપવાનું પ્રલોભન આપ્યું. પણ નચિકેતા પોતાના નિશ્ચયથી ડગમગ્યા નહિ.

તે પછી નચિકાતેને ઉત્તમ અધિકારી જાણી તેના વિવેક વૈરાગ્યી પ્રશંસા કરી યમરાજે નચિકેતા સન્મુખ શ્રેય-પ્રેય અને વિદ્યા અવિદ્યાનું સંપૂર્ણ વર્ણન કર્યુ આ પ્રમાણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી નચિકેતા મૃત્યુ રહિત અને સવ પ્રકારના વિકારથી રહિત થઇ ગયા આમ આદરપૂર્વક કરેલા અધ્યયનથી નચિકેતા કાયમને માટે જન્મ મરણના ફેરામાંથી મુક્ત થઇ ગયા. (શ્રી કઠોપનિષદ્ અધ્યાય ૧ તથા ૨) તેમ આધાર રહિત વિદ્યા અધ્યયનું ફળ ભયાનક પણ હોય છ જેમ બૃહસ્પતિના શિષ્ય વરતન્તુને વિદ્યાધયન દરમ્યાન આશિષ્ટાચાર ના પરિણામે

ગુરૂના શાપના ભાજી થવું પડેલું. વાત એવી હતી કે એક સમયે ગુરૂ બૃહસ્પતિ વરતન્તુને વિધા અધ્યયન કરાવતા હતા તે સમયે વરતન્તુ ગુરૂ બૃહસ્પતિ સન્મુખ પગ પસારીને બેઠા તેઓના આ પ્રમાણેના અનાચારથી ગુરુદેવ બૃહસ્પતિ અતિ ક્રોધાયમાન થઇ ગયા અને તે ને શાપ આપતા બોલ્યા 'રે અજ્ઞાનિ આમ અમારી સામે બળદની જેમ પગ પ્રસારીને બેસે છે માટે તુ બળદ થઇ જા' આ પ્રમાણે શાપ આપવાથી વરતન્તુ બળદ થઇ ગયો અને બંગ દેશમાં આવ્યો અને ત્યાં અસુરો સાથે રહેવાને કારણે તે અસુર થયો અને તેનું નામ અરિષ્ટાસુર થયુ. જે અરિષ્ટાસુર કંસથી પ્રેરણાથી ભગવાનને મારવા વ્રજમાં આવ્યો જેનો ભગવાન શ્રીકૃષ્ણે ઉધ્ધાર કર્યો. (શ્રીગર્ગસંહિતા/માધુર્ય/૨૪/૧૪-૨૩) ભગવાન વેદ વ્યાસજી કહે છે 'अशुश्रूषा त्वराश्लाघा विद्यया: शत्र वस्त्रय:- ગુરૂની સેવા ન કરવી, ગંભિરતા વિના અતિ ઉતાવળ કરવી અને પોતાની પ્રસંશા કરવી આ વિદ્યાના ત્રણ શત્રુ છે.' (મહા.ઉ/૪૦/૪) 'आलस्यं मदमौहौ च चापलं गोष्ठिरेव च। स्तब्धता चाभिमानित्वं तथाऽत्यागित्वमेव च। एते वै सप्तदोषस्तु सदा विद्यार्थीनां मत:॥ આળસ, મદ, મોહ, ચંચળતા, વાતો કરવાની ટેવ અહંકારિપણુ અને સ્વાર્થ છોડવો આ સાત વિદ્યાર્થીઓ માટે દોષ છે. (મહા/ઉદ્યો/૪૦/૫)

આ ઉપરાંત નીતિકાર કહે છે વિધિપૂર્વક કરેલું યજ્ઞાનુષ્ઠાન પણ ભય દૂર કરે છે અને તેનો અનુચિત પ્રયોગ ભય દાયક પણ થાય છે આ સમ્બન્ધમાં અક્રૂરજી અને કાશિરાજ સુદક્ષિણ નું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. વાત એવો હતી કે સૂર્ય દેવની કૃપાથી સત્રાજીત નામના યાદવને સ્યમન્તકમણિની પ્રાપ્તિ થઇ હતી આ મણિ નિત્ય બે ભાર સુવર્ણ પ્રદાન કરતો હતો. ભગવાન શ્રીકૃષ્ણે સત્રાજીત ને આ મણી રાજા ઉગ્રેસન આપી દેવા જણાવ્યુ પણ સત્રાજિતે ભગવાનની આ વાતનો સ્પષ્ટરૂપે અસ્વિકાર કર્યો. એક દિવસની વાત છે આ

સત્રજિતનો ભાઇ પ્રસેન મણિને ગળામાં પહેરી અશ્વ પર સવાર થઇ વન વિહાર કરવા વનમાં ગયો અને ત્યા દુર્ગા દેવીના વાહન એવા સિંહે તેના પર હુમલો કરી તેને મોતને ઘાત ઉતારી દીધો તે પછી આ સિંહને ઋક્ષરાજ જાંબુવને મારી નાખ્યો અને તેનો પાસે રહેલો મણી લઇ લીધો.

આ તરફ પ્રસેન ઘરે પાછો ન આવ્યો એટલે સત્રાજિતે ભવાન શ્રીકૃષ્ણ પર મણી ચોરવાનું મિથ્યા કલંક લગાવ્યુ. એટલે ભગવાન શ્રીકૃષ્ણ મણિની શોધ કરવા પ્રસેનના પગલે પગલે ગયા અને ત્યાં તેઓએ પ્રસેન અને તેના અશ્વને મૃત પામેલા જોયા અને પછીની મણિની શોધ કરતા તેમણી જાંબુવંતજી પાસે મળી આવ્યો. તેમની સાથ યુધ્ધ કરી તે મણિ લઇ શ્રીકૃષ્ણ દ્વારકા આવ્યા અને બધી વાત સાંભળી સત્રાજિત પોતાના કારણો પર પશ્ચાતાપ કરવા લાગ્યો અને પછી શ્રીકૃષ્ણ ને પ્રસન્ન કરવા પોતાની કન્યા રત્ન સત્યભામા ના લગ્ન તેઓ સાથે કર્યા. પરંતુ સુત્રાજિતનો આ ક્રિયા અક્રૂરજી અને કૃતવર્માને યોગ્ય ન લાગી અને તેઓએ શતધન્વા નામના યાદવને ભરમાવી સત્રાજિતને નિંદ્રાવસ્થામાંજ મોતને ઘાત ઉતારાવી દીધો.

શતધન્વાએ જ્યારે સત્રાજિતને મોતને ઘાત ઉતાર્યો તે સમયે શ્રીકૃષ્ણ હસ્તિનાપુર ગયા હતા એટલે સત્યભામાએ હસ્તિનાપુર આવી બધીવાત તેઓને કરી સત્યભામાની વાત સાંભળી શ્રીકૃષ્ણે શતધન્વાને મૃત્યુદંડ આપવાની પ્રતિજ્ઞા કરી જે વાતના સમાચાર શતધન્વાને મળતા સ્યમન્તકમણિ અક્રુરજીને આપી તે દ્વારકા છોડી ભાગી ગયો. શતધન્વાના પલાયન થવાના સમાચાર ભગવાની શ્રીકૃષ્ણ ને મળતા તેઓએ શતધન્વાનો પીછો કરી તેને મોતને ઘાત ઉતારી દીધો. આ તરફ અક્રૂરજીએ જાણ્યું કે, શ્રીકૃષ્ણે શતધન્વાને મોતને ઘાત ઉતારી દીધો.' એટલે તેઓ મણિ લઇને કાશી જતા રહ્યા અને ત્યાં યજ્ઞની દીક્ષા લઇ

અખંડ યજ્ઞ પરાયણ થઇ ગયા. અક્રૂરજી એ વાતથી વિદિત હતા કે, 'યજ્ઞમાં દિક્ષિત થયેલાઓનો વધ કરનારાને બ્રહ્મ હત્યાનું પાપ લાગે છે.' એટલે તેઓ અખંડ યજ્ઞ કરતા રહ્યા જેથી શ્રીકૃષ્ણ તેઓને મારી ન શકયા આમ વિધિપૂર્વક લાગલગાટ યજ્ઞ કરવાને કારણે અક્રૂરજી શ્રીકૃષ્ણ દ્વારા અવધ્ય રહ્યા પરંતુ પાછળથી દ્વારકામાં અતિશય ઉત્પાત થતા તેઓને પુનઃ દ્વારકા બોલાવવામાં આવ્યા. આમ યજ્ઞાનુષ્ઠાન મૃત્યુરૂપી ભયથી પણ બચાવે છે. (વાયુ /ઉત્તરાર્ધ/અ.૩૪)

તેજ પ્રમાણે યજ્ઞાનુષ્ઠાન વિપરીત ભાવનાથી કરવાથી તે યજમાન નો જ નાશ કરનાર થાય છે. જેમ કાશિ નરેશ સુદક્ષિણ નો નાશ થયો હતો. વાત એવી હતી કે પૌન્ડ્રક(મિથ્યાવાસુદેવ) સાથેના યુદ્ધમાં કાશીરાજ સુદક્ષિણના પિતા શ્રીકૃષ્ણના હાથે વીરગતિને પામતા હતા એટલે સુદક્ષિણે પ્રતિજ્ઞા કરી કે 'મારા પિતાનો વધ કરનારાનો હું અવશ્ય વધ કરીશ.' આ પ્રમાણેની પ્રતિજ્ઞા કરી તેણે ભગવાન શંકરની આરાધના કરી. આરાધનાથી પ્રસન્ન થયેલા. આસુતોષ ભગવાને તેને વરદાન માંગવા કહ્યુ. ત્યારે તેણે વરદાનના રૂપમાં પોતાના પિતાનો વિનાશ કરનારાનો વિનાશ થાય એવા વરની યાચના કરી તેની વાત સાંભળી ભગવાન શંકરે તેને દક્ષિણાગ્નિમાં અભિચાર મંત્રોથી આહુતિ આપવાનું કહ્યુ પણ સાથે સાથે તેને સાવધાન કરતા જણાવ્યુ કે જે પણ કોઇ બ્રાહ્મણ ભક્ત હોય તેના પર આ પ્રયોગ કરવામાં આવતા તે નિષ્ફળ જશે આટલી વાત સમઝાવી ભગવાન શંકર અંતરધાન થઇ ગયા.

તદન્તર સુદક્ષિણે બ્રાહ્મણોને બોલાવી ભગવાન શંકરના આદેશ મુજબ યજ્ઞનો પ્રારંભ કરાવ્યો અને દક્ષિણાગ્નિમાં અભિચાર મંત્રોથી આહૂતિ આપી. જેને લઇ યજ્ઞમાંથી પ્રલયકાળાના અગ્નિ સમાન એક તેજસ્વિ શક્તિશાળી પુરૂષ

પ્રગટ થયો અને સુદક્ષિણ દ્વારા નિર્દેશ અપાતા તે હસ્તમાં ત્રિશુલ ધારણ કરી શ્રીકૃષ્ણ નો વધ કરવા દ્વારકાપુરી તરફ દોડયો. તેણ દ્વારકા આવેલો જોઇ દ્વારકાવાશીઓ ખૂબ ભયભીત થઇ ગયા. તેઓ બધાનો ભય નિવારવા ભગવાન શ્રીકૃષ્ણે તેના પર સુદર્શન ચક્ર ચલાવ્યું. જેનાથી ભયા પામી તે પાછો આવ્યો અને તેણે યજ્ઞના ઋત્વિજો સહીત સુદક્ષિણ અને તેના સહૃદોનો નાશ કર્યો. (શ્રીમદ્ ભાવગત/૧૦/૬૬)- અહી ભગવાન શંકરની સ્પષ્ટપણે મનાઇ હોવા છતા બ્રાહ્મણોને પોતાના આરાધ્યદેવ 'नमो ब्राह्मण्य देव માનનારા ભગવાની શ્રીકૃષ્ણ પર સુદક્ષિણે અભિચારનો પ્રયોગ કર્યો જેને લઇ તે પોતાના સુહૃદો સહિત કાળના મુખમાં પ્રવેશી ગયો આમ યજ્ઞાનુંષ્ઠાન તેની મર્યાદા વિરુધ્ધ કરવાથી તેનું પરિણામ વિપરીત આવે છે. માટે યજ્ઞાદિ ક્રિયા કરવામાં સાવધાન રહેવું.

આ પ્રમાણે ઉપરોક્ત દૃષ્ટાંતોનું અવલોકન કરતા નીતિકારે અહીં જે પણ કહ્યુ છે તે અક્ષરશઃ સત્ય છે. (શ્લો-૭૮) હવે નીતિકાર ચાર પદાર્થના વિવેચન બાદ પાંચ પદાર્થોનું વિવેચન કર્યા કરતા ધૃતરાષ્ટ્ર ને કહે છે- તેમાં નીતિકાર માતા પિતા આદી પાંચની નિત્ય સેવા કરવાનું વિધાન કરે છે-

(૧૦) પાંચ પદાર્થોનું વિવેચન

શ્લોઃ ૭૯ पञ्चाग्नयो मनुष्येण परिचर्याः प्रयत्नतः ।

पिता माताग्निरात्मा च गुरूश्च भरतम ॥

શ્લોકાર્થ : હે ધૃતરાષ્ટ્ર! મનુષ્યે આ પાંચ અગ્નિઓની પરિચર્યા હંમેશા ખુબ સાવધાની પૂર્વક કરવી જોઇએ (૧) માતા, (૨) પિતા (૩) અગ્નિ (૪) આત્મા (૫) ગુરૂ

ચ.ટી. : અગ્નિના અભાવમાં મનુષ્યોના આવશ્યક કર્મો થઇ શકતા નથી અને તેનો દૂર ઉપયોગ અને તેની સેવમાં અસાવધાની અનેકો સમસ્યા પ્રગટ કરી

શકે છે. માતા, પિતા, અગ્નિ, આત્મા અને ગુરૂ આ પાંચ અતિ તેજસ્વિ મનાયા છે એટલે તેઓ સાથે ખૂબ સાવધાની પૂર્વક વ્યવહાર કરવો જાઇએ. અન્યથા ભયંકર આપદાઓનો સામનો કરવો પડે છે માટે તેઓની ખૂબ સાવધાની પૂર્વક સેવા કરવી. આ સમ્બન્ધમાં કેટલાક દૃષ્ટાંતો અવલોકન કરવા યોગ્ય છે જેથી આ વિષયની સ્પષ્ટતા થશે.

વાત એવી હતી કે, પૂર્વે દ્વારકા નગરીમાં એક શિવશર્મા નામનો બ્રાહ્મણ રહેતો હતો. ત યોગ શાસ્ત્રનો પારંગત વિદ્વાન હતો. સમસ્ત સિદ્ધિ તેને પ્રાપ્ત થઇ હતી. તેને 'યજ્ઞશર્મા, વેદ શર્મા, ધર્મશર્મા, વિષ્ણુશર્મા અને સોમશર્મા નામના પાંચ પુત્રો હતા તેઓ બધા તપસ્વી તથા પિતૃ ભક્ત હતા. એક દિવસ શિવશર્માએ પોતાના પુત્રોની પિતૃભક્તિની પરીક્ષા લેવાનો વિચાર કર્યો. તેઓ યોગી તો હતા જ એટલે તેઓએ માયાનો પ્રયોગ કર્યો. પાંચેય પુત્રોની સન્મુખ તેઓની માતા દારૂણ જવરથી પિડીત થઇ, કોઇપણ ઉપચાર કામમાં ન આવતા અંતે તે પરલોક વાસી થઇ. વિવશ થઇ પિતાને સમાચાર આપ્યા. પિતા તો પરીક્ષા કરતા હતા. તેઓએ યજ્ઞશર્માને આજ્ઞા આપી કે 'તમો તમારી માતાના ખંડ ખંડ જેટલા ટુકડા કરી આમ ત ફેંકી દો' આજ્ઞાકારી પુત્રએ પિતાની આજ્ઞાનું પાલન કર્યું.

તે પછી પિતાએ વેદશર્માને કહ્યં 'પુત્ર! અમોએ એક સ્ત્રીને જોઇ છે તેના વગર અમો રહી શકીએ એમ નથી માટે તમો અમારે માટ તેને પ્રસન્ન કરી અહી બોલાવી લાવ.' વેદશર્માએ પિતાની આજ્ઞા શિરોધાર્ય કરી તે નારી પાસે આવ્યા અને તેને પોતાના પિતાની વિહવળતા જણાવી. તે સ્ત્રીએ વેદશર્માની પ્રાર્થનાને અસ્વિકાર કરી કહ્યુ 'તમારા પિતા વૃધ્ધ તથા રોગી છે તેઓના મુખમાંથી તો કફ નીકળતો રહે છે, માટે અમો તેની સાથે વિવાહ કરવા ઇચ્છા નથી, અમો તો

તમને સ્નેહ કરીએ છીએ કારણ તમો રૂપવાન તથા નો યોવનથી સમ્પન્ન છો, આપ જેમ કહેશો તેમ અમો કરીશું.' વેદશર્મા તો તેની વાત સાંભળી આશ્ચર્યચકિત થઇ ગયો અને તેના પ્રત્યે બોલ્યો 'દેવી, તમો અમારી માતા સમાન છો, પોતાના પુત્ર સાથ આ પ્રમાણેની વાત કરવી તમારે યોગ્ય નથી, વળી અમારાથી કોઇ અપરાધ પણ થયો નથી જેથી આપ આવી અનુચિતે વાત કરો. અમો તમોને પ્રાર્થના કરીએ છીએ કે તમો અમારા પિતાનું વરણ કરી લો આપ જે ઇચ્છસો તે અમો તમોને અર્પણ કરીશું.

વેદશર્માની વાત સાંભળી પેલી સ્ત્રી બોલી 'જો અમે જ હોય તો સમસ્ત દેવતાઓને અમારી સન્મુખ ઉપસ્થિત કરો અમો તેઓના દર્શન કરવા ઇચ્છિીએ છીએ.' વેદશર્માએ પોતાની તપસ્યાના બળથી બધા દેવોનું ત્યાં આહવાન કર્યુ એટલે બધા દેવો ત્યાં ઉપસ્થિત થયા. દેવોના આવવાથી સમસ્ત વાતાવરણ પવિત્ર થઇ ગયુ. દેવોએ વેદશર્માનો આદર કરી તેઓને વરદાન માંગવા કહ્યુ. ત્યારે વેદશર્માએ પિતાના ચરણમાં નિર્મળ પ્રેમ માગ્યો. વરદાન આપી દેવતાઓ અંતરધાન થયા. છતા તે સ્ત્રી તેના પિતાને વરવા તૈયાર ન થઇ અને વેદશર્મા પ્રત્યે બોલી, 'વેદશર્મા, આનાથી તો કેવળ તારી તપસ્યાના બળની પરિક્ષા થઇ, દેવતાઓ સાથે મારે કોઇ લેવા દેવા નથી, જો વાસ્તવમાં તમો તમારા પિતા સાથે મારા લગ્ન કરાવવા માંગતા હોય તો તમારૂ મસ્તક તમારા હાથે કાપી અમોને આપીદો.'

સ્ત્રીની વાત સાંભળો વેદશર્માએ પ્રસન્નવદને પોતાનું મસ્તક કાપી આપી દીઘુ તે પછી તે સ્ત્રી વેદશર્માનું મસ્તક લઇ તેના પિતા પાસે આવી અને બોલી 'આ બધામાં વેદશર્મા જ ધન્ય છે જેણે પિતા માટે શરીરનો ત્યાગ કર્યો. પિતાએ વેદશર્મા ના તે મસ્તકને ધર્મશર્માને આપતા કહ્યુ 'દિકરા, તારાભાઇનું આ મસ્તક

લઇને તેને જીવિત કરી દ' ધર્મશર્માએ પિતાની આજ્ઞા થતા ધર્મરાજનું આવાહન કર્યુ, ધર્મરાજાએ આવીને કહ્યું 'ધર્મશર્મા તમારી શી ઇચ્છા છે?' ધર્મશર્મા બોલ્યા 'જો મારી પિતૃ ભક્તિ સાચી હોય તો આ મારો ભાઇ વેદશર્મા તત્કાળ જીવિત થાય.' ધર્મરાજે તરત જ તેના ભાઇને જીવિત કરી દીધો. તે પછી ધર્મરાજ તેને પિતૃભક્તિનું વરદાન આપી અંતરધાન થઇ ગયા.

વેદશર્માએ જીવિત થઇને જોયું કે ન તો પેલી સ્ત્રી હતી કે ન પિતા હતા. તેણ પોતાના ભાઇઓને પછી બધી વાત જણી અને તેઓ બંને પોતાના પિતા પાસે આવ્યા. ત્યાં આવીને જોયું તો પોતાના પિતા ચિંતિત અવસ્થામાં બેઠા છે. તેઓએ પિતાને વંદન કર્યા. તે પછી પિતાએ પોતાની પાસે અંજલિ બાંધી ઉભા રહેલા પોતાના પુત્ર વિષ્ણુશર્માને કહ્યુ 'બેટા, અમો અસ્વસ્થ છીએ, અમૃતપાન વગર અમો સ્વસ્થ થઇ શકીએ તેમ નથી, માટે તમો અમારા માટે દેવલોકમાંથી અમૃત લઇ આવો.' પિતાની આજ્ઞા થતાં વિષ્ણુશર્મા એ યોગનો આશ્રય લઇ સ્વર્ગલોક તરફ પ્રયાણ કર્યુ. પરંતુ દેવતાઓ અકારણ અમૃતકુંભ વિષ્ણુશર્મા ને કેમ આપે? તેઓએ વિષ્ણુશર્મા જ માર્ગથી આવતા હતા તે માર્ગ પર તેને પ્રલોભન પમાડવા મેનકા અપ્સરાને મોકલી. મેનકાએ પોતાની માયા ફેલાવી એટલે તેની સુંદરતાથી સમસ્ત વાતાવરણ પ્રફુલ્લિત થઇ ગયું. તે સુશોભિત હિંડોળા પર ઝુલતી હતી. વિષ્ણુશર્માની દૃષ્ટિ તેના પર પડી છતાં પણ તેની બુધ્ધિ પર તેનો કોઇ પ્રભાવ ન પડયો તે તેનો ત્યાગ કરી આગળ વધી ગયો. હવે આ પ્રમાણે પોતાની ઉપેક્ષા થયેલી જોઇ મેનકા તેની પાછળ પડી. તેણે દિનતા ભરેલા શબ્દમાં વિષ્ણુશર્મા પાસે પ્રયણની યાચના કરી. પરંતુ પિતૃભક્ત વિષ્ણુશર્મા પર તેનો કોઇ પ્રભાવ ન પડયો અને તે આગળ વધી ગયા. તે પછી ઇન્દ્રદેવે બીજા પણ અનેકો વિઘ્નો તેના માર્ગમાં ઉપસ્થિત કર્યા. ઇન્દ્રની આ ક્રિયાથી વિષ્ણુશર્મા ક્રોધાયમાન થઇ ગયા.

તેઓ ઇન્દ્રને તેના સ્થાન પરથી ભ્રષ્ટ કરી બીજા ઇન્દ્રને બિરાજમાન કરવાનું વિચારવા લાગ્યા.

વિષ્ણુશર્માનો આ વિચાર દેવરાજે જાણી લીધો અને તેઓ અમૃત કુંભ લઇ વિષ્ણુશર્મા સન્મુખ ઉપસ્થિત થઇ ગયા અને આદર પૂર્વક તેઓએ અમૃતકુંભ વિષ્ણુશર્માના હસ્તમાં મુકયો. વિષ્ણુશર્મા કળશ લઇ પોતાના પિતા પાસે આવ્યા અને તે કળશ તેઓએ પોતાના પિતાના હસ્તમાં મુકયો. પિતા શિવશર્મા ઘણા પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા 'હે પુત્રો! અમો તમારા બધાની સેવાથી અત્યન્ત પ્રસન્ન થયા છીએ માટે આપ અમારી પાસે કંઇક વરદાન માંગો, ત્યારે પુત્રો બોલ્યા 'પિતાજી, અમો અમારી માતાને જીવિત જોવા માંગીએ છીએ' પુત્રોની વાત સાંભલી યોગી શિવશર્માએ જ્યાં પોતાની ભાર્યાનું આવાહન કર્યુ ત્યાંજ તેઓ ત્યાં ઉપસ્થિત થયા અને તેઓ પોતાના પુત્રો પ્રત્યે બોલ્યા 'પુત્રો! તમારા જેવા પુત્રને પ્રાપ્ત કરી અમો ધન્ય ભાગી થયા છીએ ન જાણે અમોએ કયુ પુણ્ય કર્યુ હશે કે જેને લઇ અમોને તમારા જેવા પુત્રો પ્રાપ્ત થયા.'

તે પછી પિતાએ પ્રસન્ન થઇને તેઓને બાજ વરદાન માંગવા કહ્યું ત્યારે પુત્રોએ પિતા પાસે ભગવાન શ્રીહરિના લોકમાં જવાન્ વરદાન માંગ્યું. ત્યાજ પરમાત્મા પધાર્યા અને તેના બધા પુત્રો સહિત શિવશર્મા અને તેઓની પત્નિને શ્રીહરિએ પોતાના ધમમાં પધારવા કહ્યું. પરંતુ શિવશર્માએ પોતાના કનિષ્ઠ પુત્ર સોમશર્માને બાદ કરતા બાકીના ચાર પુત્રને શ્રીહરિ સાથે મોકલ્યા અને પોતે પોતાની ભાર્યા સહિત અહીજ રોકાયા.

તદન્તર શિવશર્માએ પોતના કનિષ્ટ પુત્ર સોમશર્માની પરીક્ષા લેવાનો વિચાર કર્યો એક દિવસની વાત છે તેઓ પોતાના પુત્ર પ્રત્યે બોલ્યા 'બેટા, તુ અમારા પર સ્નેહ તો સ્વાભાવિક રીતે રાખ છે એટલે અમો તને એક કાર્ય

સોપીએ છીએ, અમૃતથી ભરેલા આ ઘડાને તુ સાચવી રાખ, અમો હાલમાં તીર્થયાત્રા કરવા માટે જઇએ છીએ.' તે પછી તેઓ તીર્થ યાત્રા કરવા રવાના થયા અને સોમશર્મા અમૃત કુંભની રક્ષા કરવા લાગ્યા. દશ વર્ષ પછી તેના માતાપિતા પાછા આવ્યા. પિતાએ પોતાની માયાથી પોતાના આખા શરીરે કોઢ ઉત્પન્ન કરી દીધો હતો. આ જોઇ સોમશર્મા ઘણા દુ:ખી થયા તેણે પોતાના પિતાને કહ્યુ, 'પિતાજી તમો તો વિષ્ણુ તુલ્ય છો તો આ રોગ તમોને કેવી રીતે થયો.' ત્યારે પિતાજી બોલ્યા 'પ્રારબ્ધ તો બધાએ ભોગવવું જ પડે માટે કોઇ પૂર્વ જન્મનું જ કોઇ પાપ હશે તે અત્યારે પ્રગટ થયું હોય એમ લાગે છે.'

આ પ્રમાણે પોતાના માતાપિતાને કષ્ટમાં જોઇ સોમશર્માને ઘણુ દુ:ખ થયુ. તેઓ ખ્બ ખંત પૂર્વક માતા-પિતાની સેવા કરવા લાગ્યા પોતાના હસ્તે ભોજન બનાવી તેઓને જમાડતા, તેઓના મળ મૂત્ર સાફ કરતા, નિર્મળ શૈયા બનાવી તેઓને સૂવડાવતા, ઇત્યાદિ સેવા કરવા છતા પિતા શિવશર્મા તેમની સાથે કઠોર વ્યવહાર કરતા અને સોમશર્માને તાડિત પણ કરતા. આ પ્રમાણેનો વ્યવહાર કરતા હોવા છતા સોમશર્મા પોતાના પિતા પર સ્નેહ જ રાખતા હતા. તેઓ પિતા ના કઠોર વર્તાવને પણ પ્રેમ સમઝતા હતા. તેઓના વર્તનમાં હંમેશા મધુરતા જ રહેતી.

તે પછી પિતા શિવશર્માએ વિચાર્યુ 'આટ આટલુ કષ્ટ આપવા છતાં સોમ શર્મા મારા પર સ્નેહ જ રાખે છે એટલે તે પિતૃ સેવાની પરીક્ષામાં તો ઉત્તીર્ણ થયો, માટે લાવ હવે તેની તપસ્યાની પરીક્ષા પણ લઇ લવ.' શિવશર્માએ પુત્ર પર માયાનો પ્રયોગ કર્યો તેઓને અમૃતનો જે ઘડો સાચવવા માટે આપ્યો હતો તેમાંથી શિવ શર્માએ અમૃતને અદૃશ્ય કરી દીધુ. તે પછી તેઓ પોતાના પુત્ર પ્રત્યો હોલ્યા 'બેટા તને જે અમૃતનો ઘડો સાચવવા માટે આપલો હતો તે ઘડો વાલ, કિંચિંત

અમૃત પાન કરી અમો સ્વસ્થ થઇએ.' પિતાની આજ્ઞા થતા સોમશર્મા અમૃતનો કુંભ લેવા ગયો. પરંતુ તેઓએ જોયું ઘટમાં અમૃતનું ટીપુ પણ નથી. એટલે તે નિરાશ થઇ ગયો અને તેણે પોતાની તપસ્યાના બળનો આશ્રય લીધો અને તે બોલ્યો 'અમે જીવનમાં જો નિશ્ચલ તપસ્યા કરી હોય અને ધર્મનું અક્ષુણ્ણ આચારણ કર્યુ હોય તો આ ઘટ અમૃતથી પૂર્ણ થઇ જાય.' આટલું બોલતા જ ઘડો અમૃતથી ભરાઇ ગયો.

તદન્તર સોમશર્મા અમૃતનો કુંભ લઇ પોતાના પિતા પાસે આવ્યો અને તેઓના ચરણોમાં અમૃતકુંભ નિવદન કર્યો. પરંતુ શિવશર્મા તો અમૃતપાન કર્યા વિના જ સ્વસ્થ થઇ ગયા પિતાને સ્વસ્થ થએલા જોઇ સોમશર્મા અત્યન્ત પ્રસન્ન થયા માતા પિતા પણ તેઓની પિતૃભક્તિથી અત્યંત પ્રસન્ન થયા તથા તેની તપસ્યાથી પણ સંતુષ્ટ થઇ તેને ખૂબ આશીર્વાદ આપ્યા એવા સમયમાં વિષ્ણુ લોમાંથી એક વિમાન આવ્યું તેમાં ત્રણેય જણ બિરાજમાં થઇ ભગવત્ ધામમાં પધાર્યા આમ માતા પિતાની સેવાના ફલ રૂપે શિવશર્માના ચારેય પુત્રો પરમગતિને પામ્યા (પદમપુરાણ)

જે પ્રમાણે માતા પિતાની સેવા કરવાથી સદ્ગતિ થાય છે તેમ તેઓની ઉપેક્ષા કરવાથી માનવની અધોગતિ પણ થાય છે જેમ ધુંધુ કારીની થઇ હતી. વાત એવી હતી કે- તુંગ ભદ્રા નદીના કિનારે એક નગરમાં વેદવેદાંગ નો પારંગત પંડિત રહેતો હતો. તેનું નામ 'આત્મદેવ' હતુ. તે ધન સંપત્તિથી તો સમૃદ્ધ હતો પણ સંતતિથી રહિત હતો તેને લઇને તે હંમેશા દુઃખી રહેતો હતો. ઘણા ઉપાયો કરવા છતાં જ્યારે તેને કોઇ સંતતિ ની પ્રાપ્તિ ન થઇ ત્યારે ત ઘરનો ત્યાગ કરી વનમાં ગયો. ત્યાં તેને એક સંન્યાસિનો ભેટો થયો અન વિનિત ભાવે તે સન્યાસિના શરણાપન્ન થયો ત્યારે સન્યાસિએ તેને કૃપા કરી

એક ફળ આપ્યુ કે 'આ ફળ તારી પત્નીને ખવડાવજે જેથી તને પુત્ર અવશ્ય થશે.' આત્મદેવે ઘરે આવીને ફળ પોતાની પત્ની 'ધુંધલી' ને અર્પણ કર્યુ. પરંતુ ધુંધલી એ પુત્રને ગર્ભમાં ધારણ કરવાથી થતી પીડા તથા તેન પાલન કરવામાં આવતા કષ્ટનો વિચાર કરી પોતાની દુબધ્ધિને લઇ તે ફળ ગાયને ખવડાદી દીધુ અને પોતાની ભગિનિના કહેવાથી 'મારૂ બાળક જે મારા ગર્ભમાં છે તેનો જન્મ થાય તે બાળક હુ તને અર્પણ કરીશ, અને બદલામાં તુ અમોને થોડુ ધન પ્રદાન કરજે. ' આ પ્રમાણે પરસ્પર સંધી કરી દીધી.

તદન્તર સમય વ્યતિત થતા ધુંધલીની બહેને એક બાળને જન્મ આપ્યો અને તે બાળક તેણે આત્મદેવની નજર ચૂકાવી ધુંધલીને અર્પણ કર્યો અને ધુંધલીએ આત્મદેવને કહ્યું 'સ્વામી ભગવાનની કૃપાથી અમોએ એક બાળકને જન્મ આપ્યો છે.' પોતાની પત્નીના મુખથી આ શુભ સમાચાર શ્રવણ કરી આત્મદેવ અતિ પ્રસન્ન થયા અને તેણે બાળકના જાત કર્માદિ સંસ્કાર કર્યા અને ધુંધલી ના કહેવાથી તેનું 'ધંધુકારી' નામ રાખ્યુ. આ તરફ ધુંધલીએ જે ફળ ગાય ને ખવડાવી દીધેલું તેણે પણ એક બાળને જન્મ આપ્યો તેનો આકાર તો મનુષ્યના જેવો હતો પણ તેના કર્ણ ગાયના કર્ણ જેવા હોવાથી આત્મદેવે તેના પણ જતકર્માદિ સંસ્કાર કરી તેનું નામ 'ગોકર્ણ' રાખ્યુ. આ બંન્નેમાં ગોકર્ણ વયસ્ક થતા વેદવેગાંદનો પંડિત થયો અને દંધુકારી મહાખલ થયો. તેણે બ્રાહ્મણ ધર્મને તિલાંજલી આપી એ પોતાના માતા પિતાની સમસ્ત સંપત્તિ મદ્યપાન, વ્યભિચાર અને દ્યુત જેવા કુમાર્ગે જોડી દીધી. આમ કરતા પિતાની સમસ્ત સમ્પતિ ધુંધકારીએ સમાપ્ત કરી દીધી. આત્મદેવ ધુંધકારીના આ વ્યવહારથી અતિ દુ:ખિ થયા અને ગોકર્ણના ઉપદેશથી તેઓ ઘરનો ત્યાગ કરી વનમાં જતા

રહ્યા. પિતાના જવાથી ગોકર્ણ પણ ઘરનો ત્યાગ કરી તીર્થયાત્રા કરવા માટે જતા રહ્યા.

પિતાના વનમાં ગયા બાદ ધુન્ધુકારી ધન માટે તેની માતાને ખૂબ ત્રાસ આપવા લાગ્યો અને માતા ધુંધલી દ્વારા ધનને ન અપાતે તે તેનું તાડન પર કરવા લાગ્યો. જેથી દુઃખી થઇ ધુંધલી એ કૂવામાં પડી પોતાના દેહનો પાત કરી દીધો. માતા પિતા પરલોક વાસી પછી તો ધુંધુકારી સ્વતંત્ર થઇ ગયો અને તેણે ઘરમાં પાંચ વેશ્યાને લાવી રાખી. ધુંધુકારી કેટલાએ સ્થાનોમાંથી ધનચોરી લાવી તે વેશ્યાઓને પ્રસન્ન કરવા લાગ્યો. એક દિવસ આ વેશ્યાઓએ તેની પાસે ઘરેણાની માંગણી કરી. એટલે ધુંધુકારી એ એક રાજાનો ખજાનો લૂંટી લાવી વેશ્યાઓના ચરણોમાં ધર્યુ, ધન જોઇ વેશ્યા તો પ્રસન્ન થઇ પણ તે મનમાંને મનમાં વિચારવા લાગી કે 'જો આ વાતની ખબર રાજાને પડ શે તો તે ધુંધાકારીની સાથે આપણને પણ શૂળી પર ચઢાવી દેશે' એટલે તે રાત્રી એ નિદ્રાધીન થએલા ધુંધીકારીને નિદ્રાવસ્થામાં જ મોતને ઘાત ઉતારી દીધો અને તેને તેના જ ઘરમાં દાંટી દઇ તેઓ બધી ધન લઇ પલાયન થઇ ગઇ. ધુંધુકારી માતા પિતા ઇત્યાદિક ને કષ્ટ આપવાને કારણે ભયંકાર પિશાચ યોનિને પામ્યા. (શ્રી. ભાગ/માહા./અ-૪-૫)ભગવાન શંકરના પુત્ર કાર્તિકેય કહે છે 'पितोर्गुरोश्चशुश्रूषाकर्तव्या श्रद्धया कर्तव्या, श्रद्धयाऽन्वहम्। यथाशक्ति न तां कुर्याद्यः स यास्यति रैरवम्॥ માતા પિતા અને ગુરૂની સેવા પ્રતિ દિન શ્રધ્ધાથી કરવી જે મનુષ્ય યથા શક્તિ સેવા નહિ કરે તો તે રોરવ નરકમાં જાય છે.' (સ્કન્ધપુરાણ) 'यं माता पितारौ क्लेशं सहेते सम्भवे नृणाम्। न तस्य निष्कृति: शक्या वक्तुं वर्षशतैरपि॥ तपोर्नित्यं प्रियं कुर्यादा चार्यस्य च सर्वदा। तेष्वेव त्रिषु तप्तेषु तप: सर्व समाप्यते। तेषां त्रयाणां शुश्रूषा परमं तप: सर्वे समाप्यते। तेषां त्रयाणां शश्रूषा परमं तपउच्चते। त एव हि

त्रयो वेदास्ते एवोक्तास्त्रयोऽग्नयः॥ બાળકને જન્મ આપી લાલન પાલનમાં માતા પિતાને જે કષ્ઠ સહન કરવું પડે છે તેનો બદલો તે બાળક વયસ્ક થયા પછી સેકડો વર્ષ સુધી સેવા કરીને પણ વાળી શકતો નથી. માટે બ્રહ્મચારીએ માતાપિતા તથા આચાર્યનું નિત્ય મન ગમતું કરવું. તે ત્રણયને સંતોષ આવાથી સમસ્ત તપ પૂર્ણ થાય છે કારણ આ ત્રણની સેવા કરવીએ પરમ તપ કહેવાય છે. તેઓ જ ત્રણ વેદ અને ત્રણ અગ્નિ છે. (મનુ/અ.૨/૨૨૭ થી ૨૨૯) ભગવાન શ્રીકૃષ્ણ સ્વમુખે કહે છે 'सवार्थ सनम्भवो देहो जनितः पोषितो यतः। न तयो र्याति निर्वेशं पित्रोर्मत्यः शतापुषा॥ यस्तयोरात्मनः। कल्प आत्मान्त च धनेन च। वृत्तिं न दद्यातं प्रेत्य स्वमासं खादयन्ति हि॥ मातरं पितरं वृद्ध भार्यां साध्वीं सुतं शिशुम्। गुरुं विप्रंप्रपन्न च कल्पोऽब्रिभ्रच्छ्र सन्मृतः॥ જેમનાથી સર્વપુરુષાથ ને આપનારૂ આ શરીર ઉત્પન્ન થાય અને પોષાય છે તે માતા પિતાનો બદલો મનુષ્ય સૈકડો વર્ષોના આયુષ્યથી પણ વાળી શકતો નથો, જે પુત્ર શરીર અને ધનથી સમર્થ હોવા છતા માતા પિતાનુ પોષણ કરતો નથી તેના મરણ પછી પરલોકમાં તેનું જ માંસ યમદૂતો તેને ભક્ષણ કરાવે છે. જે મનુષ્ય માતા, પિતા વૃધ્ધ કુટુંબીઓનું, સતી પત્નિનું, બાળક પુત્રનું, ગુરૂનું, બ્રાહ્મણનું, શરણાગતનું પોષણ કરતો નથી તો તે જીવતો છતા મૃત છે.' (ભાગ-૧૦/૪૫/૫ થી ૭) 'पुत्राणांहिपरोधर्मः पितृशूश्रूषणंसताम्। માતાપિતાની સેવા કરવી એ જ સત પુત્રનો ધર્મ છે. (ભાગ/૬/૭/૨૮) શ્રી હરિ પણ ' यावज्जवीं च शुश्रूषा कार्यामातुःपितुर्गरोः। અમારા આશ્રિતોએ માતા, પિતા અને ગુરુ તેની સેવા જીવનને પર્યન્ત કરવી.' (શિક્ષા/૧૩૯)

જેમ માતાપિતાની સેવાનો મહિમા શાસ્ત્રોમાં જોવા મળે છે તેમ ગુરૂની સેવાનો પણ મહિમા છે. ગુરૂની સેવાથી જીવાત્માના અજ્ઞાન અંધકારનો નાશ થાય છે અને જ્ઞાનરૂપિ પ્રકાશનું પ્રાગટ્ય થાય છે. આ સમ્બન્ધમાં કેટલાક દૃષ્ટાંતો

અવલોકન કરવા યોગ્ય છે. જે દૃષ્ટાંતોનું અવલોકન કરતા એ વાત વિદિત થશે કે કેવલ ગુરૂની સેવા કવા માત્રથી શિષ્ય ના અજ્ઞાન રૂપિ અજ્ઞાનનો નાશ થયો હતો. આદી જગદ્ગુરૂ શ્રી શંકરાચાર્યજીના એક શિષ્યનું નામ હતુ 'તોટક' જેઓ થોડા મન્દ બુધ્ધિના હતા. ગુરુ પદમપાદાદિ શિષ્યોની સાથે તેને પણ પાઠ આપતા પરંતુ તેને પાઠ વિદિત જ ન રહે. પરંતુ તેનામા એક ગુણ ઘણો મોટો હતો તેને આચાર્યની સેવાનો ખૂબ મહિમાં એટલે તેઓ આચાર્યની સેવામાં જ સંલગ્ન રહેતા ગુરૂ શૈયા ત્યાગ કરે તે પૂર્વે તેઓ શૈયા ત્યાગ કરી દેતા અને ગુરૂ માટે દાતણ તથા ઉષ્ણજળ, બહિર્ભૂમિ જવા માટે જળ માટી વગેરે તૈયાર કરી દેતા, તેઓ ગુરૂ પાસે બેસતા ત્યારે ક્યારે જંભાઇ લેતા નહી, તેઓ સામે પગપસારીને બેસતા નહિ ગુરૂ આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નહિ. તેઓ સાથે બહુ બોલતા નહિ માર્ગમાં ચાલતી વેળા એ પણ ગુરૂની પાછળ પાછળ જ ચાલતા ત્યારે આગળ ચાલતા નહિ. ગુરૂ ઉભા હોય તો ઉભા રહેતા ગુરૂ કંઇક કહે તો વિનય પૂર્વક સાંભળતા તથા જે ગુરૂની નિન્દા કરતા હોય તેની પાસે ક્યારેય જતા નહિ.

એક સમયની વાત હતી તોટક ગુરૂના વસ્ત્ર ધોવા માટે નદી તટ પર ગયા હતા તે સમયે આચાર્ય તેઓની આવવાની પ્રતિક્ષા કરતા થતા પ્રવચનમાં વિલમ્બ કરતા હતા. જ્યારે પદ્મપાદે તેઓને પ્રવચનમાં વિલમ્બ કરવાનું કારણ પુછ્યું ત્યારે આચાર્યે તોટકની અનુપસ્થિતિનું કારણ બતાવ્યું ત્યારે પદમપાદે દિવાલ તરફ સંકેત કરી ગુરૂને કહ્યું 'મન્દબુધ્ધિ, શાસ્ત્રનો અનધિકારી, જડ શિષ્ય માટે આપ પ્રતિક્ષા કેમ કરો છો.' પછી આચાર્યે પોતાના એક શિષ્યને તોટકને બોલાવી લાવવા કહ્યુ. આ તરફ ગુરુ એ માતા સરસ્વતીને આજ્ઞા કરી કે 'આપ તોટકની વાણીમાં બિરાજમાન થાવ' આજ્ઞા થતા માતા સરસ્વતિ તોટકની વાણીમાં બિરાજમાન થયા. એટલે તોટક તત્કાલ સમસ્ત વિદ્યાથી અલંકૃત થઇ ગયા. તે

પછી પેલો શિષ્ય નદી તટ પર તોટકને બોલાવવા માટે આવ્યો આવી તેણે જોયું કે 'તોટક તો એ વેદ મંત્રોનું ઉચ્ચારણ કરી રહ્યો છે જે વેદમંત્રોનો પાઠ ગુરૂએ અદ્યાપિ અમોને કરાવ્યો નથી.' તે પછી જ્યારે આચાર્યે ચાર દિશામાં ચાર પીઢોની પ્રતિષ્ઠા કરી ત્યારે તેમાથી એક પીઠ જ્યોતિષપીઠ પર તોટકાચાર્યની નિયુક્તિ કરી. (શંકરદિગ્વિજય /સર્ગ-૧૨) કહ્યુ પણ છે ' तुष्टे गुरौ तुष्यति देवतागणो- ગુરૂ પ્રસન્ન થતા દેવતા ઓ પ્રસન્ન થાય છે.'(શંકરદિગ્વિજય/૧૦/૧૦૨) ' सुरनरयु तमण्डमीशमाया वृतमिदमावरणैः समेतमस्ति। अत इवनहि कोऽपि मोक्षदाता प्रकट हरिंगुरुमन्तरा सदैव॥ પૃથ્વીથી અનંત બ્રહ્માંડ પુરૂષોત્તમ ભગવાનની માયાથી આવૃત્ત પામી બંધાએલું છે. માટે આ જગતમાં પ્રગટ શ્રી હરિરૂપ ગુરૂવિના બીજે કોઇપણ આત્યંતિક કલ્યાણ કરવા સમર્થ નથી (વિભૂતિનારાયણ ઉપનિષદ્/૮/૬)'

આવું જ એક ચરિત્ર સુદામાં અને શ્રીકૃષ્ણના જીવનમાં પણ જોવા મળે છે. વાત એવો હતી કે ભગવાન શ્રીકૃષ્ણ અને સુદામાં ઉજ્જૈન નગરીમાં ક્ષિપ્રાનદીના કિનારે આવેલા સાંદિપનિ ઋષિના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરતા હતા. ત્યારે તેઓ બન્ને એક દિવસ ગુરૂમાતાની આજ્ઞાથી આપરહણ કાળમાં વનમાં લાકડા લેવા માટે ગયા. ત્યાં અચાનક જ વિજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસવા લાગ્યો, સંધ્યા પણ થવા આવી હતી એટલે અંધારૂ પણ થઇ ગયુ હોય આશ્રમમાં પાછા વળવું અશક્ય હોવાથી કૃષ્ણ સુદામાં એક વૃક્ષ પર ચઢી ગયા એકતો મૂશળધાર વરસાદ વરસતો હતો અને પવન પણ ખૂબ વાઇ રહ્યો હતો એટલે બન્ને જણા શિતને કારણે ઠરઠર ધ્રુજતા હતા. આમને આમ તેઓએ આખી રાત્રિ વ્યતિત કરી પ્રાતઃ કાળ થતા ગુરૂ શાંડિપનિ તેઓને શોધતા થકા વનમાં આવ્યા. ત્યારે તેઓ બન્ને લાકડાનો ભારો ઉચકી સામે આવતા દેખાયા

ગુરૂને પોતાની સન્મુખ આવતા જોઇ બન્ને ભાઇઓ દોડયા અને ગુરૂના ચરણમાં પડી ગયા ગુરૂએ તેઓને ઉઠાવી હ્દયે લગાવ્યા અને બન્ને પ્રત્ય બોલ્યા 'પુત્રો, તમાએ અમારે માટ ઘણું કષ્ટ વેઠયું. જે શરીર લોકોને અત્યંત પ્રિય હોય છે તે શરીરની પણ અમારી સેવા માટે પરવા ન કરી અને સેવાથી અમોને પ્રસન્ન કર્યા છે. ઉત્તમ શિષ્યોનું એજ કર્તવ્ય છે કે 'વિશુધ્ધ ભાવથી સેવા કરીને ગુરૂને પ્રસન્ન કરવા, આ રીતે ગુરૂ સેવાથી જ બધા પુરૂષાર્થો સિધ્ધ થાય છે.' આમ સેવાથી પ્રસન્ન થઇ ગુરૂ તેઓ બન્નેને આશીર્વાદ આપતા બોલ્યા 'જાવ તમારી બધી ઇચ્છાઓ પૂર્ણ થશે અને એમોએ જે તમોને વેદાભ્યાસ કરાવ્યો છે તે તમોને ચરિતાર્થ થશે અને તમારા વેદાભ્યાસનું તમો પૂર્ણ ફળ પામશો. આમ કેવલ ગુરૂના આશીર્વાદથી શ્રીકૃષ્ણ અને સુદામાને સમસ્ત વેદાર્થનું જ્ઞાન શ્રતા તેઓની બધી જ કામનાઓ સિધ્ધ થઇ. (ભાગ. ૧૦/૮૦) ભગવાન શ્રીકૃષ્ણ કહે છે 'स वै सत्कर्मणासाक्षात् द्विजाते रिहसम्भवः। आद्योऽङ्गायत्राश्रमिणां यथाऽहंज्ञानदोगुरुः। नन्वर्थ कोविदा ब्रह्मन् वर्णाश्रमवताविह। ये मया गुरुणा वाचा तरन्त्यञ्जो भवार्णवम॥ नाहमिज्या प्रजापतिभ्यां तपसोपशमेन वा। तुष्येयं सर्व भूतात्मा गुरुशुश्रूषया यथा। ગુરૂની સમિપે રહીને તેનો ઉપદેશ જીવનમાં ઉતારીને મુમુક્ષુઓ આત્મતત્વ પ્રાપ્તકરી સંસારને પાર કરે છે. જે જન્મ આપનાર પ્રથમ ગુરૂ છે ઉપનયન આપી વેદાભ્યાસ કરાવનાર બીજા ગુરૂ છે, બ્રહ્મ વિદ્યા ભણાવનાર ત્રીજા ગુરૂ છે.આ ત્રણેય પૂજનિય છે પણ બ્રહ્મવિદ્યા આપનાર ગુરૂ તો ભગવાનનું સ્વરૂપ છે, આ લોકામાં ચારેય વર્ણના, ચાર આશ્રમી ઓને ગુરૂને જ પરમાત્મારૂપ માનીને ગુરુ શાસ્ત્ર અનુસાર જે ઉપદેશ આપે તે પ્રમાણે જ જીવન વ્યતિત કરવું એ જ સિધ્ધાંત છે. આમ જીવન જીવનાર પ્રયત્ન વિના સંસાર પાર થાય છે પ્રાણી માત્રાના અંતર્યામી પરમાત્મા છે

તે પરમાત્મા ગુરૂની સેવા કરવાથી પ્રસન્ન થાય છે. યજ્ઞ, બ્રહ્મચર્ય, તપ, ગૃહસ્થ ધર્મ પાલન આ બધા કરતા ગુરૂની લેવા શ્રષ્ઠ છે.' (ભાગ./૧૦/૮૦/૩૨ થી ૩૪)

જે પ્રમાણે ગુરૂની સેવાથી માનવને અભિષ્ઠ અર્થની પ્રાપ્તિ થાય છે તેમ ગુરૂની અપ્રસન્નતાથી તથા તેમના અપમાનથી માનવનું પતન પણ થાય છે. જેમ અંગરાજ કર્ણ, પરશુરામજી પાસે શસ્ત્ર વિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કરવા ગયા. તે સમયે તેઓ પોતે એક બ્રાહ્મણ છે એવો પરિચય આપી વિદ્યાદયન કરતા હતા. પરશુરામ બ્રાહ્મણ સિવાય બીજા કોઇને વિદ્યાદયન કરાવતા ન હતા. કર્ણે ધનુવિદ્યા પુરી લગનતાથી પરશ્ુરામજી પાસેથી પ્રાપ્ત કરી. એક સમયની વાત છે ગુરૂ પરશુરામ કર્ણની ગોદમાં મસ્તક મૂકી સૂતા હતા. એવા સમયમાં એક ભમરો કર્ણના ખોળામાં ચઢી ગયો અને તઓના પગ કોટરવા લાગ્યો ગુરૂની નિદ્રા ભંગ ન થાય એટલે કર્ણ તે કષ્ટ ને સહન કરતો રહ્યો. પરંતુ જ્યારે તેના પગમાંથી વહી રહેલુ રક્ત વહેતુ વહેતુ પરશુરામજી પાસે ગયુ અને પરશુરામજીને પોતાની પીઢમાં કંઇક ભીના પણાનો અનુભવ થયો એટલે તેઓ નિદ્રામાંથી જાગી ગયા અને સરમસ્ત ઘટના તેઓને જાણવામાં આવી. એટલે તેઓ ક્રોધાયમાન થઇ કર્ણ પ્રત્યે બોલ્યા 'કર્ણ, તુ બ્રાહ્મણ નથી, કારણ કે બ્રાહ્મણ આટલી પીડા સહન ન કરી શકે, માટે તુ ક્ષત્રિય છે.'

ગુરૂની વાત સાંભળી કર્ણ બોલ્યો 'પ્રભુ, અમો એક સૂત જાતીના છીએ, પણ બ્રાહ્મણ નથી' એટલે પરશુરામજી બોલ્યા 'કર્ણ, તે અમારી પાસે કપટ કરી વિદ્યા ગ્રહણ કરી છે, માટે અમો તને શાપ આપીએ છીએ કે અમારી શિખાવેલી સમસ્ત વિદ્યામાંથી અમોએ તને જે અમોઘ એવું ભાર્ગવાસ્ત્ર આપેલુ છે તે તને તારા મહત્વના યુધ્ધ પ્રસંગે વિશરાઇ જશે.' અને થયુ પણ એવું જ કર્ણ જ્યારે કુરૂક્ષેત્રના મેદાનમાં સત્તરમાં દિવસે અર્જુનજી સાથે મહત્ત્વનું યુધ્ધ કરતો હતો

ત્યારે તે ભાર્ગવાસ્ત્રના મંત્રો, ને વિશરી ગયો અન તેજ સમયે તેનું અર્જનના દિવ્યાસ્ત્રથી મૃત્યુ થયું. (મહાભારત)આમ ગુરુ સાથે કપટ કરવાથી તેઓની થયેલી અપ્રસન્નતાથી કર્ણ જેવો અજેય યોધ્ધા પણ ધરાસઇ થઇ ગયો.

ઇન્દ્રદેવને પણ ગુરૂના અપમાન કરવાના કારણે પણ સ્વર્ગ થકી ચ્યુત થવું પડેલું. વાત એમ હતી કે એક સમયની વાત છે પોતાના ઐશ્વર્યથી અતિ ગર્વિત એવા દેવરાજ ઇન્દ્રની સભામાં તેઓના ગુરૂ બૃહસ્પતિજી આવ્યા. પણ આદર આપવા યોગ્ય એવા ગુરૂનો ન તો ઇન્દ્રે કંઇ સત્કાર કર્યો કે ન તો તેઓને ગુરૂના સન્માનમાં બે વાક્ય પણ કહ્યા. જેથી રૃષ્ટ થએલા ગુરુ ઇન્દ્રદેવનો ત્યાગ કરી પોતાના ઘરે જતા રહ્યા. આ પ્રમાણે પોતની વર્તણુકથી ગુરૂને અતિશય નારાજ કરેલા દેવરાજ અતિશય ગ્લાની પામી ગયા અને શિઘ્રાતિશિઘ્ર બૃહસ્પતિને મનાવવા માટે તેઓના ગૃહપ્રતિ ગયા. પરંતુ બૃહસ્પતિ પોતાના યોગબળથી અંતરધાન થઇ ગયા આ તરફ અસુરોએ જાણ્યુ કે ગુરૂ બૃહસ્પતિએ દવોનો ત્યાગ કરી દીધો છે એટલે ગુરૂના માર્ગદર્શન વગરના દેવો પર અસુરોએ આક્રમણ કર્યું અને ઇન્દ્રાદિ દેવોને પરાજિત કરી તેઓને સ્વર્ગમાંથો ચ્યુત કરી દીધા. આ પ્રમાણે દેવ ગુરૂ બૃહસ્પતિની અવહેલના કરવાના પરિણાણે દેવતાઓ દારૂણ દુઃખને પામતા હતા. (શ્રીમદ્ ભાગવત/સ્કંધ/૭/અ-૭)

રામચરિત્રમાનસના વક્તા કાકભુશંડિજી કેટલાએ જન્મોપૂર્વે એક શુદ્ર યોનિમાં અયોધ્યામાં પ્રગટ થયા હતા અને એક સમયે અયોધ્યામાં અકાળ પડવાથો તેઓ અયોધ્યાનો ત્યાગ કરી ઉજ્જૈન આવ્યા અને એક શિવ ભક્ત બ્રાહ્મણની સેવામાં રહ્યા. તેની સેવાથી પ્રસન્ન થઇ તેને યોગ્ય અધિકારી જાણી બ્રાહ્મણે તેને પંચાક્ષર શિવમંત્રની દીક્ષા આપી. પરંતુ આશુદ્ર શિવમાર્ગમાં દિક્ષિત થયો હોય વિષ્ણુ અને તેના ભક્ત સાથે ઘણો દ્વેષ રાખતો હતો. પરંતુ તેના ગુરૂ

એક સાચા સાધુ હતા તેઓ શિવ અને નારાયણમાં કોઇ ભેદ રાખતા ન હતા અને તેને પણ તેની આ વૃત્તિથી ઘણી વખત રૂપકો આપતા પણ આ ઉદ્ધત તેઓની વાત પર કંઇ ધ્યાન આપતી નહિ.

એક સમયની વાત હતી આ શુદ્ર શિવાલયમાં બેઠો થકો પંચાક્ષર મંત્રનો જપ કરતો હતો તેવા સમયમાં તેને શિવમંત્રની દિક્ષા આપનારા ગુરૂ શિવાલયમાં પધાર્યા. પરંતુ આણ અહંકાર વશ ન તો ગુરૂનો આદર કર્યો કે ન તો તેઓને કંઇ આવકાર આપ્યો. ગુરૂજીને શિષ્યના આ દુર્વ્યવહારથી મનમાં કોઇ ગ્લાની ન થઇ પરંતુ જે મંદિરમાં બેઠો હતો તે મંદિરમા બિરાજમાન જગદ્ ગુરૂ ભગવાન શંકરથી તેનો આ અશિષ્ટાચાર સહન નથયો અને તેજ સમયે આકાશવાણી થઇ અને તેને તેના આ અશિષ્ટાચાર બદલ શાપ આપતા તેઓ બોલ્યા 'રે દુષ્ટ, તારી આ અવિવેક અમને રૂચિકર નથી, જે મૂર્ખ લોકો ગુરૂ તરફ ઇર્ષા સેવે છે, તેઓ યુગોયુગો પર્યન્ત નરકના અધિકારી થાય છે અને ત્યાંથી તે સર્પાદિઅતિ તામસ યોનિમાં જન્મ ધારણ કરે છે, તુ પણ તારા ગુરૂની સન્મુખ અજગરની જેમ પડી રહે છે, માટે તુ સર્પ થઇ વૃક્ષની બખોલમાં જઇ પડ.' ભગવાન શંકરનો આ શાપ સાંભળો આતો અતિશય ભય પામી શિવજીની પાતાના અપરાધ બદલ ક્ષમા માંગવા લાગ્યો. પણ શિવજીએ તેની વાત પર કંઇ ધ્યાન ન આપ્યુ ત્યારે તેના ગુરૂ શિવજીને પોતાના શિષ્યના અપરાધ ક્ષમા કરવા વિનંતી કરવા લાગ્યા. ગુરૂની વિનંતીથી શિવજી પ્રસન્ન થયા અને તેમના પ્રત્યે બોલ્યા કે 'બ્રાહ્મણ દેવતા, અમારો શાપ તો મિથ્યા ન થશે પણ આજે યોનિમાં જન્મ ધારણ કરશે તેમાં તેને કોઇ જાતનું કષ્ટ ન થશે અને મરણ વેળા એ પણ કોઇ કષ્ટ ન થશે અને તે તે યોનિમાં પણ તેને મારી સ્મૃતિ રહેશે.' તે પછી આ શુદ્ર વિભિન્ન

યોનિમાં જન્મ ધારણ કરતો હતો. (રામચરિત્રમાનસ/ઉત્તરકાંડ) આમ ગુરૂનું અપમાન અતિ કષ્ટ આપનાર થાય છે.

તે જ પ્રમાણે મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી જે માનવ દેવદુર્લભ એવા માનવ દેહથી પોતાના પરમ નિઃશ્રેયસથી બહિર્મુખ રહી જગતના મિથ્યા પ્રપંચમાં અતિ આસક્ત થઇ બ્રાહ્મ તત્ત્વથી પરાંગમુખ રહે છે તેઓ પોતે જ પોતાના આત્માની હત્યા કરનારા છે. જેમ શ્રુતિ ભગવદી કહે છે 'असुर्या नाम ते लोका अन्धेन तमसावृत्ताः ताँस्ते प्रेत्या भिगच्छन्तिये के चात्महनो जनाः ॥ અર્થાત્ અસુરોના ઉપભોગ માટે પ્રસિધ્ધ ગાઢ અન્ધકારવાળા નાના પ્રકારની યોનિઓ તેમજ નરકરૂપ લોક છે. તેઓ મૃત્યુ પામી વારંવાર તે લોકને પામે છે ક્યા તેજનો? કે જેઓ બ્રહ્મજ્ઞાન રહિત છે તેઓ વારંવાર પોતાના આત્માને સંસારરૂપી વનમાં જન્મ મરણ રૂપી ક્લેશને પમાડે છે. માટે આત્મા હત્યારા કહેવાયા છે.'(ઇશાવાસ્ય/મંત્ર-૩) 'उद्धरे दात्मनात्मानं नात्मानमवसादयेत्। आत्मैव ह्यात्मनो बन्धरात्मैव रिपरात्मनः। મનુષ્ય આત્મા (મન)થી આત્માનો ઉધાર કરે. આત્માને અધોગતિના માર્ગ પર ન લઇ જાય કારણ કે આત્મા (મન) જ આત્માનો બંધુ તથા શત્રુ છે.' (ગીતા/અ.૬/શ્લો-૫) ' बन्धुरात्मात्मनस्तस्ययेनात्मैवात्मनाजितः। अनात्म नस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत्॥ જેણે આત્મા દ્વારા આત્માને (મનને) જીતી લીધ છે નિસ્સન્દેહ તેનુ મન તેનુ મિત્ર છે પણ જેણે આત્મા(મન) ને જીતેલુ નથી તેનું મન શત્રુની જેમ શત્રુતા માં રહે છે.' (ગીતા/૬/૯) આ સંબન્ધમાં અજામિલનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે.

કાન્યકુબ્જ પ્રદેશમાં અજામિલ નામનો એક વેદાદિ શાસ્ત્રોનો પારગામી, સદાચારી, જીતેન્દ્રિય, ગુરૂ- અતિથિ અને વૃધ્ધોનો સેવક, અગ્નિહોત્રી એવો પવિત્ર બ્રાહ્મણ નિવાસ કરીને રહેતો હતો. એક દિવસ આ અજામિલ દેવપૂજા

તથા યજ્ઞ નિમિત્તે દર્ભ પુષ્પો અને સમિધા લેવા માટે વનમાં ગયો હતો અને તેને લઇ તે ઘરે આવતો હતો. આ અજામિલ જે માર્ગથી ઘરે આવતો હતો તે માર્ગમાં એક વેશ્યાલય પણ હતુ. ત્યા એક વેશ્યા એક કામી પુરૂષ સામે મદિરાના નશામાં ઉત્મત્ત થઇ ક્રિડા કરી રહી હતો. તે માર્ગ પરથી આવતા અજામિલની દ્રષ્ટિ આ બન્ને વિષયાશક્તો પર પડી પણ તેણે પોતાની દ્રષ્ટિને પાછી વાળી લીધી. પરંતુ તે બન્ને કામાંધો જે કામક્રિડા કરતા હતા તેનુ ચિત્ર તેના માનસપત્તલ પર છવાઇ ગયું. તેણે તે ચિત્રમાનસપત્તલ પરથી મિટાવવાનો અથાગ પ્રયાસ કર્યો પરંતુ અંતે તે પોતાના મન પાસે હારી ગયો અને તે પેલી વેશ્યાની રૂપ માધુરિમાં આશક્ત થઇ તેના ઘરે જવા લાગ્યો. વેશ્યા તો ધનની પૂજારી હતી તેણે અજામિલનું સ્વાગત કર્યુ તે પછી અજામિલે તો પોતાના સમસ્ત ધર્મ કર્મોને તિલાંજલિ આપી દીધા અને બધા જ દુર્ગુણોને અપનાવી લીધા તેણે પોતાની પતિવ્રતા ભાર્યાને પણ ઘરમાંથી કાઢ મૂકી અને વેશ્યાને ઘરમાં લાવી રાખી. તેની આ ક્રિયાથી માતા પિતા પણ ઉદ્વિગ્ન થઇ ગયા અને તેનો ત્યાગ કરી વનમાં જતા રહ્યા.

અજામિલ સર્વ પ્રકારે વેશ્યાને આધિન થઇ ગયો. તેને પ્રસન્ન કરવા તેણે પોતાની સમસ્ત સંપત્તિ તેના ચરણામા ધરી દીધી. ધનના અભાવમાં ચોરી, લૂંટફાટ, ધુત ઇત્યાદિ કુમાર્ગથી ધનનું ઉપાર્જન કરી વેશ્યાના ચરણમાં ધરવા લાગ્યો તેણે વેશ્યા થકી દશ પુત્રો ઉત્પન્ન કર્યા અને તેમાં દશમાં પુત્રનું નામ સંતોના કહેવાથી 'નારાયણ' રાખેલું અજામિલ તેને ખૂબ સ્નેહ કરતો હતો. તે પોતાની દરેક ક્રિયામાં તેને સાથે જ રાખતો હતો આમ એક સદાચારી અધમ બ્રાહ્મણના આયુષ્યનો ઘણો ખરો ભાગ કુકર્મમાં વ્યતિત થઇ ગયો અને તેનો અંત કાળ આવતા યમરાજના દૂતો તેને લેવા માટે આવ્યા અને તેના ભયંકર વેશથી ભય પામી અજામિલ પોતના પ્રિય પુત્રનું નામ બોલી ઉઠયો 'નારાયણ ધાજે,

નારાયણ ધાજે' આ પ્રમાણે અંતકાળે ભયવશ પોતાના પુત્રનું નામ ઉચ્ચાકરણ કરતા ભગવાનના પાર્ષદો ત્યાં ઉપસ્થિત થયા અને તેઓ એ યમદૂતોને કહ્યુ ' અજામિલ તમારી સાથે જવાને યોગ્ય નથી, તેણે અંતકાળે અમારા સ્વામીનું નામ ઉચ્ચારણ કરેલું છે.' યમદૂતે કહ્યું 'આણે એના જીવનમાં એટલા કુકર્મો કરેલા છે કે આનો કોટી કોટી વર્ષોની નરક યાતનાથી પણ છૂટકારો થવાનો નથી માટે તમો એક બાજ જતા રહો અમોને અમારા સ્વામીની આજ્ઞાનું પાલન કરવા દો.' પરંતુ ભગવાનના પાર્ષદો આગળ તેઓનું કંઇ ચાલ્યુ નહી અને અંતે તેઓ નિરાશ થઇ સંપમિનિપુરીમાં જતા રહ્યા અને ભગવાનના પાર્ષદો પણ વૈકુંઠ લોકમાં જતા રહ્યા. અજામિલ ભગવાનના પાર્ષદો અને યમદૂતોનો સંવાદ સાંભળતો હતો. તેઓ બધા ગયા પછી તેને પોતાની કરણી પર ઘણો પસ્તાવો થયો. તે પછી તેણે બધી વસ્તુનો ત્યાગ કરી દીધો અને તે હરિ દ્વારા જતો રહ્યો અને ત્યાં સદાચાર મય જીવન વ્યતિત કરતા થકા તે એકાગ્રમનથી ભગવાનનું સ્મરણ કરવા લાગ્યો. જેને લઇ તે નિષ્પાપ થઇ દેહાન્તે ભગવાનના પાર્ષદો સાથ પરમાત્માના ધામમાં ગયો (ભાગ/૬/અ-૧-૨) આમ અહી આ ચરિત્રમાં અજામિલ પોતાના આત્માની યથાર્થપણે પરિચર્ચા ન કરી તો તેને અંતકાળે યમદૂતો લેવા આવ્યા અને જ્યારે તે આત્માની યથાર્થ પણે પરિચર્ચા પરાયણ થયો તો તેને અંતે ભગવાનના પાર્ષદો ભગવાનના ધામમાં લઇ ગયા. કહ્યુ પણ છે 'लब्ध्वा जन्मामरप्रार्थ्यं मानुष्यं तद द्विजाग्यताम। तदनादृत्यं य स्वार्थं घ्नन्ति यान्त्यशभां गतिम्॥ દેવો દ્વારા પણ પ્રાર્થનીય એવો મનુષ્ય જન્મ પામીને અને તેમાં પણ બ્રાહ્મણ ત્વ પામીને, તે મનુષ્યત્વ અને દ્વિજત્વનો અનાદર કરીને જેઓ આત્માનું હિત કરતા નથી તેઓ અશુભગતિને પામેલ છે.' (ભાગ/૧૧/૨૩/૨૨)

તેમ અગ્નિ પરિચર્યાપણ ઉચિત રીતે કરવામાં ન આવે તો તે અનિષ્ટ કરનાર થાય છે અને વિધિ વિધાન પૂર્વ કરવામાં આવે તો તે શ્રેય કરનાર થાય છે. આ સંબંધમાં સત્સંગિ જીવનમાં આવતુ જગજીવનનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે એક સમય ભગવાન શ્રીહરિ ભુજનગર પધારલા. તે સમયે ભુજનગરના રાજાના દિવાન જગજીવન યજ્ઞ કરતા હતા અને તેના આગ્રહથી શ્રીહરિ તેઓના યજ્ઞમાં પધાર્યા તે સમયે શ્રીહરિએ જોયું કે 'યજ્ઞમાં હોમવા માટે ઘણા બકરાઓ (અજો) લાવવામાં આવ્યા છે.' શ્રીહરિએ જગજીવન અને તેમના ભાઇઓ તથા ઋત્વિજોને શાસ્ત્રના વચનો નું પ્રમાણ આપી સમજાવ્યું કે 'વેદોમાં યજ્ઞમાં હિસોનું પ્રતિપાદન નથી કરાયુ અને જે કરાયું છે તે કેવ હિસાના સંચોચ માટે છે.'

ભગવાન શ્રીહરિની વાત સાંભળો જગ જીવન તથા તેના ભાઇઓ અને યજ્ઞમાં બિરાજમાન ઋત્વિજોએ વેદોના પ્રમાણો આપી 'યજ્ઞમાં અજથી હોમ કરવો' એવું કહી ભગવાન શ્રીહરિ નો વિરોઘ કર્યો. તેઓની વાત સાંભળી ભગવાન શ્રીહરિએ શાસ્ત્રોના પ્રમાણ આપી અજનો અર્થ ત્રણ વર્ષ જૂની ડાંગર કર્યો છતા જગજીવન અને તેના સહચરો માનવા તૈયાર ન થયા એટલે ભગવાન શ્રીહરિ તેઓનો યજ્ઞ ત્યાગ કરી જતા રહ્યા અને જગજીવન આદી હિસામય યજ્ઞ કરવા તત્પર થયા. આ તરફ યજ્ઞમાં હિંસા થતી જોઇને ભુજના રાજા ક્રોધિત થયા અને તેઓએ પોતાના સૈનિકોને યજ્ઞ બંધ કરાવવા મોકલ્યા પણ જગજીવન અને તેના ભાઇઓએ રાજ સૈનિકોનો આદેશ ન માન્યો અને કોપ પામેલા સૈનિકોએ જગજીવન તેના ભાઇઓ અને ઋત્વિજોને ઉગ્ર શબ્દમાં યજ્ઞ બંધ કરવાનો આદેશ આપ્યો તે જગજીવન અને તેના સહચરો હથિયાર ધારણ કરી રાજ સૈનિકોનો પ્રતિકાર કરવા તૈયાર થયા એટલે અતિકોપ પામેલા રાજ

સૈનિકોએ જગજીવનને મોતને ઘાત ઉતારી દઇ ઋત્વિજોન પણ ઘાત કરી યજ્ઞનો વિધ્વંશ કરી દીધો. આમ શાસ્ત્રના વચનોનો મન મન્યો અર્થ કરી યજ્ઞમાં અજથો હોમ કરવા તત્પર થયેલા જગજીવનનો તેના સહચરો સહિત ધ્વંશ થયો. (સ.જી.પ્ર. ૨/૧૯- આમ અગ્નિની યથાર્થ રીતે પરિચર્યા ન કરવા પરિણામે જગજીવન કાળનો ગ્રાસ થઇ ગયો. વેદ ક્યારેય હિંસાનું પ્રતિપાદન કરતો નથી એવું શ્રીહરિએ સ.જી. ૨/૧૯ માં તથા રઘુવીરજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક-૧૨ નાભાષ્યમાં શાસ્ત્રો ના પ્રણોથી પ્રતિપાદન કરેલુ છે તે તે થકી દૃષ્ટવ્ય છે.)

તેમ યજ્ઞની શાસ્ત્રોક્ત રીતી પ્રમાણે પરિચર્યા કરવામાં આવે તેના થકી માનવ યથાર્થ ફળથો પણ લાભાન્વિત થાય છે. જેમ મહારાજ દશરથ લાભાન્વિત થયા હતા અને તઓને લાભ કરાવનારા હતા એકલશ્રૃંગિ. વાત એવી હતી કે એક શૃંગીઋષિનું પ્રાગટ્ય એક મૃગી થકી થયું હતુ. એક અપ્સરાના દર્શન માત્રથી વિભાન્ડક મુનિનુ રેત સ્ખલિત થઇ ગયુ અને તેને એક મૃગીએ ગ્રહણ કરી લીધુ જેને લઇ સમય જતા મૃગીના ગર્ભ થકી એકકલશૃંગી નો જન્મ થયો અને સમજતા થયા બાદ તેઓ પોતાના પિતાની સાથે જ તપસ્યામાં આરૂઢ થઇ ગયા.

આ તરફ તેઓ જે રાજાના રાજ્યમાં નિવાસ કરીને રહેતા હતા તે રાજા રોમપાદથો બ્રાહ્મણોનો અપરાધ થઇ ગયો અને જેને લઇ દેવરાજ ઇન્દ્રે તેઓના રાજ્યમાં વરસાદ પાડવાનું બંધ કરી દીધુ. તે પછી પુરોહિતના કહેવાથી વેશ્યાઓ છલ કરી એકલશૃંગિને રોમપાદના રાજ્ય લઇ આવી ત્યારે મુનિના પ્રદાર્પણથી જ ઇન્દ્રદેવે રોમપાદના રાજ્યમાં વૃષ્ટિ કરી અને રોમપાદ રાજાએ પોતાની કન્યા શાન્તા જેનું પ્રાગટ્ય દશરથ અને સુમિત્રા થકી થયું હતુ જેને દશરથ રાજાએ પોતાના પરમ મિત્ર રામર્પાદ ને દત્તક આપી હતી તેને અકલશૃંગિને દાન કરી.

આ બાજ અયોધ્યા નરેશ ચક્રવર્તિ સમ્રાટ મહારાજા દશરથને અનેકો પત્નિ હોવા છતા વંશવૃધ્ધિ કરનાર કોઇપણ સંતાન ન થયું ત્યારે વશિષ્ઠ ઋષિની સલાહતી દશરથે ઋષિ અકલશૃંગિને પોતાના રાજ્યમાં આમંત્રિત કર્યા અને જ્યારે ઋષિએ રાજા દશરથ પાસે પુત્ર કામેસ્તિ યજ્ઞ કરાવ્યો ત્યારે સ્વયં અગ્નિ દેવ યજ્ઞ કુંડમાંથી ખોરનું પત્ર લઇ પ્રગટ થયા અને તે પાત્ર તેઓએ દશરથ રાજાને પ્રદાન કર્યુ અને તે ખીરનું ભક્ષણ કરવાથી દશરથ રાજાની ત્રણેય પત્ની અન્તવર્ત્નિી થઇ અને સમય જતા તેઓ થકી ચાર સર્વ ગુણ સમ્પન્ન પુત્રો પ્રગટ થયા. આમ, અગ્નિની યથાર્થ રીતે પરિચર્યા કરવાના પરિણામ રૂપે દશરથજીના ઘરે સાક્ષાત પરમાત્માનું પ્રાગટય થયું. (વા. રામા./બાલકાંડ) (શ્લો-૭૯) હવે નીતિકાર દેવતા આદી પાંચની પૂજાથી વિશેષ યશની પ્રાપ્તિ નું વિધાન કરે છે.

શ્લો: ૮૦ पञ्चैव पूजयंल्लोके यश: प्राप्नोति केवलम्।

देवान् पितृन् मनुष्यांश्च भिक्षुनतिथि पञ्चमान्॥

શ્લોકાર્થ : આ સંસારમાં આ પાંચની પૂજાથી વિશેષ યશની પ્રાપ્તિ થાય છે તે છે દેવતા, પિતર, મનુષ્ય, યાચક અને પાંચમાં અતિથિ ને સમજવા જોઇએ.

ચ.ટી. : યશ મળે છે કર્તવ્ય નિષ્ઠાથી અને સદાચારથી અતઃ આ બધાનો સત્કાર કરવાથી આલોક પરલોકમાં યશ ઉપરાંત સુખની પ્રાપ્તિ થાય છે જેમ ચ્યવન ઋષિને પ્રાપ્ત થઇ હતી. વાત એવી હતી મહર્ષિ ચ્યવન ભૃગુઋષિના પુત્ર રત્ન હતા અને દીર્ઘકાળથી તપસ્યામાં લીન હતા. એક સમયની વાત છે રાજા શર્યાતિ પોતાના પરિવાર અને સૈન્ય સાથે વિચરણ કરતા ચ્યવન ઋષિના આશ્રમમાં આવ્યા તે સમયે તેઓની કન્યા સુકન્યા પણ તેઓની સાથે હતી. રાજા અને તેમના સૈન્યએ આશ્રમમાં પડાવ નાખ્યો એટલે સુકન્યા ચ્યવન ઋષિના

નયન રમ્ય આશ્રમનું નિરિક્ષણ કરતી થકી એક વૃક્ષ પાસે આવો. જે વૃક્ષ પાસે એક મૃત્તિકાનો ઢગલો હતો અને તે ઢગલામાં બે છિદ્રો હતા અને તેમા બે વસ્તુ ચમકતી હતી. સુકન્યા ચંચળ સ્વભાવની હતી, એટલે તેણે પેલી બન્ને ચમકતી વસ્તુને માટીના ઢગલામાંથી કાઢવા માટે બિલ્વપત્રના કાટાઓ છિદ્રોમાં ખોપી દીધા. કાંટાથી ચમકતી વસ્તુને વિંધી નાખવાથી અચાનક તેમાંથી રક્તની ધારા વહેવા લાગી.

આ પ્રમાણે જ્યારે સુકન્યા દ્વારા કૃત્યુ થયું એટલે ચ્યવન મુનિએ સંકલ્પ કર્યો ત્યાંજ આશ્રમમાં રહેલા બધાના મળમૂત્રો રોકાઇ ગયા અને બધાના શરીરમાં કષ્ટ થવા લાગ્યુ. આ પ્રમાણે બધાના મૂળમત્રો રોકાઇ જતા રાજા શર્યાતિને શંકા થઇ કે 'અહીં આશ્રમમાં તપસ્યા કરતા કોઇકે ચ્યવન ઋષિનો અવશ્ય અપરાધ કરેલો છે.' પુછપરછ કરતા સુકન્યાએ જે કૃત્ય કર્યુ હતુ તે તેણે પોતાના પિતાને જણાવ્યુ અને બધાએ જઇને ચ્યવન ઋષિની આ અપરાધ બદલ ક્ષમા માંગી ઋષિએ બધાના અપરાધો ને તો ક્ષમા કર્યા પરંતુ ઋષિએ શર્યાતિને કહ્યું 'તમારી કન્યાના લગ્ન અમારી સાથે કરો.' રાજાએ ઋષિના શાપના ભયથો ઇચ્છા ન હોવા છતા પોતાની કન્યારત્ન સુકન્યાના લગ્ન શરીરથી અતિવૃધ્ધ એવા ચ્યવન ઋષિ સાથે કરાવ્યા. લગ્નબાદ સુકન્યા ચ્યવન ઋષિની ઘણો પ્રેમ પૂર્વક સેવા કરવા લાગી. પતિને માટે સ્નાન માટે જલ, ભોજન માટે કંડ મૂળ, યજ્ઞ માટે સમિધા લાવવી વગેરે કાર્ય તે પ્રેમપૂર્વક કરતી હતી. પતિ સવામાં તે ક્યારેય પ્રમાદ કરી નહતી.

અક સમયની વાત છે સુકન્યા નદીએ સ્નાન કરવા ગઇ હતી તે સમયે આકાશ માર્ગે વિચરણ કરતા અશ્વનિકુમારો ની દૃષ્ટિ તેના પર પડી એટલે તેઓ આકાશમાંથી ભૂતલ પર આવ્યા. તેઓ સુકન્યા પાસે આવ્યા અને તેને પોતાનો

પરિચય આપ્યો. સુકન્યાએ પણ પોતાનો પરિચય આપ્યો. અશ્વિનિકુમાર તેના સૌન્દર્ય પર મુગ્ધ થઇ ગયા અને તેના રૂપના વખાણ અને તેના પતિ ચ્યવન ઋષિના રૂપની નિંદા કરવા લાગ્યા પોતાના પતિની નિંદા સાંભળી સુકન્યા ક્રોધિત થઇ ગય અને તેણે અશ્વિનિકુમાર ને આમ કરતા અટકાવ્યા અશ્વિનિકુમારો પણ તેનાથી ભય પામવા લાગ્યા કે 'આ શાપ ન આપી દે' પરંતુ અશ્વિનિકુમારો તો સુકુન્યાના પતિવ્રત ધર્મની પરીક્ષા લેવા આવેલા તેઓએ સુકન્યાની ક્ષમા માંગી અને તેઓ બધા ચ્યવન ઋષિ પાસે આવ્યા.

સુકન્યા દ્વારા સમાચાર મળતા ચ્યવન ઋષિ એ તેઓનો સત્કાર કર્યો. અને તેના બદલામાં જ્યારે અશ્વિનિકુમારો એ ચ્યવન ઋષિને વરદાન માંગવા કહ્યું ત્યારે ઋષિએ વરદાનના રૂપમાં પોતાના નેત્રોની જ્યોતિ અને કામદેના જેવું રૂપ માંગ્યુ. એટલે અશ્વિનિકુમારો એ તેઓન સમિપના તળાવમાં સ્નાન કરવા જણાવ્યુ. દેવોની વાત સાંભળી ચ્યવન ઋષિએ તળાવમાં જઇ ડૂબકી મારી તો તેઓના નેત્રની જ્યોતિ સાથે અતિશય કમનિયરૂપ તેઓને પ્રાપ્ત થયુ. નેત્રોની જ્યોતિ અને સુંદર રૂપ પ્રાપ્ત થવાથી અતિશય પ્રસન્ન થએલા ચ્યવન ઋષિએ પણ કુમાર ને વરદાન માંગવા જણાવ્યા ત્યારે કુમારો બોલ્યા 'અમો દેવતાઆ વૈદ્ય હોવાથી દેવરાજ ઇન્દ્રે અમોને યજ્ઞ ભાગથી વંચિત રાખેલા છે, અને બધાને એવો આદેશ આપેલો છે કે જે પણ કોઇ અશ્વિનિકુમારોને યજ્ઞ ભાગ આપશે તે અમારા દ્વારા વધ્ય થશે માટે કૃપા કરી આપ અમોને યજ્ઞ ભાગથી યુક્ત કરો.'

તેઓની યાચના સાંભળી ચ્યવન ઋષિ એ કહ્યું 'તથાસ્તુ' તદન્તર ચ્યવન ઋષિએ યજ્ઞનો પ્રારંભ કર્યો અને જ્યાં તેઓ અશ્વિનિકુમારને યજ્ઞ ભાગ આપવા તૈયાર થયા ત્યાંજ દવરાજ ઇન્દ્રે પ્રગટ થઇ ઋષિને આ કાર્ય કરતા અટકાવ્યા

પણ ઋષિએ દેવરાજ ઇન્દ્રની વાતને અનદેખી કરી એટલ દેવરાજ ઇન્દ્ર ક્રોધાયમાન થયા અને વજ ધારણ કરી મુનિનો ઘાત કરવા તત્પર થયા એટલે મુનિએ પોતાની તપસ્યાના બળથી ઇન્દ્રની ભુજાને વજ સહિત સ્તંભિત કરી દીધી અંતે દેવરાજ ઇન્દ્રે અશ્વનિકુમારોનો યજ્ઞ ભાગ માન્ય રાખ્યો ત્યારે મહર્ષિએ તેઓને મુક્ત કર્યા (મહાભારત) આમ અશ્વનિકુમારોને યજ્ઞ ભાગ અર્પણ કરવાથી મહર્ષિ ચ્યવનનો યશ અદ્યાપિ પૃથ્વિ તળ પર અક્ષુણ છે.

શિવપુરાણમાં કથા આવે છે કે એક સમયે ભગવાન વિષ્ણુ દેવાધિ દેવ મહાદેવનું પૂજન કરવા કાશીમાં આવેલા મણોકર્ણિકા ઘાત ઉપર પધાર્યા. સ્નાન કરી તેઓએ એક હજાર કમળ પુષ્પોથી મહાદેવનું પૂજન કરવાનો સંકલ્પ કર્યો. ભગવાન શકરનો અભિષેક કર્યા બાદ ભગવાન વિષ્ણુ એક હજાર કમળ પુષ્પોથી મહાદેવનું પૂજન કરવા તત્પર થયા, ત્યારે રૂદ્રદેવે વિષ્ણુની પરિક્ષા કરવા એક હજાર કમળમાંથી એક કમળ લુપ્ત કરી દીધું. આમ એક કમળ ઓછ થઇ જતા ભગવાન વિષ્ણુએ પોતાના નેત્રને જેને શાસ્ત્રમાં કમળદળની ઉપમા અપાય છે તેને કાઢીને જવા તેઓ શીવલિંગ પર ચઢાવવા તત્પર થયા ત્યાંજ ભગવાન શંકર ત્યાં પ્રગટ થયા અને શ્રી વિષ્ણુને વરદાન માંગવા કહ્યુ. ત્યારે તેઓએ વરદાનના રૂમાં કરોડો સૂર્યના પ્રકાશ સરખુ ચક્ર માગ્યુ અને મહાદેવે તે તેઓને પ્રદાન કર્યુ જે સુદર્શન ચક્ર આયુધરાજ તરીકે ઓળખાય છે. (શિવપુરાણ) આમ શંકરના પૂજનથી ભગવાન વિષ્ણુને નિર્મળ યશની પ્રાપ્તિ થઇ.

પિતરોના પૂજન વરદાનથી પણ મનુષ્ય આલોક પરલોકમાં સુખ સમૃધ્ધિ પ્રાપ્ત કરે છે. આ સમ્બન્ધમાં મત્સ્ય પુરાણમાં આવતી એક કથા અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે- મરિચિના વંશજ દેવતાઓ જે સ્થાનમાં પિતૃગણ નિત્યનિવાસ કરી ને રહે છે એવા સોમપદના નામથી વિખ્યાત તીર્થમાં

પિતરોનું ધ્યાન કરતા થકા નિવાસ કરી ને રહેતા હતા. જે પિતરો અગ્નિસ્વાત્તના નામથી વિખ્યાત છે. પિતરોના આ પરમ પવિત્ર સ્થાન પાસેથી એક 'અચ્છોસ' નામની પવિત્ર નદો પ્રવાહિત થઇ વહી રહી છે તે નદી તે પિતરોની માનસી કન્યા છે. પૂર્વકાળમાં આ કન્યાએ એક સહસ્ર દિવ્યવર્ષ તપ કરેલું. આ તપનું ફળ આપવા પિતૃઓ તેની પાસે આવ્યા. તેઓ બધા દિવ્ય રૂપધારી હતા. આ બધા પિતરોમાં એક 'અમાવસુ' નામના પિતર હતા. તેઓને જોઇ પિતરોની કન્યા અચ્છેદ્યાનું મન ચંચળ થઇ ગયુ અને તેણે અમાવસુને પોતાની સાથે રહેવા જણાવ્યુ.

અચ્છેદ્યાની વાત સાંભળી અમાવસુએ તેનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો, તેના આ ધૈર્યથો જ તીથિઓમાં અંતિમ તીથિ અમાવાસ્યા થઇ જે પિતરોને ખૂબ પ્રિય છે. આમ પોતાની તપસ્યાથી ભ્રષ્ટ થએલી અચ્છેદ્યા ખૂબ લજ્જા પામી. તેની તપસ્યા તો તેની આકુચેષ્ટાથી સમાપ્ત થઇ ગઇ એટલે પિતરોએ તેને સાન્તવાના આપતા કહ્યુ ''હે પુત્રી, હવે પછીના જન્મમાં તુ તારી તપસ્યાનું પૂર્ણ ફળ પ્રાપ્ત કરશે. અઠ્ઠાવિશમાં કલિદ્વાપરની સંધિમાં તુ મસ્યયોનિમાં પ્રગટ થશે અને તારા થકી પરાશર મહર્ષિ દ્વારા સાક્ષાત્ ભગવાનનું પ્રાગટ્ય થશે. તે પછી તારા લગ્ન ચંદ્રવંશી મહાવીર શંતનુ સાથે થશે અને તારા થકી બે પુત્રો ચિત્રાંગદ અને વિચિત્ર વિર્યનો જન્મ થશે. તે પછી તારા મૃત્યુ બાદ તારો પ્રૌષ્ઠપદી (ભાદરવા સુદી પુનમ અને પોષ કૃષ્ણ અષ્ટમી)માં અષ્ટકાના રૂપમાં પિતૃલોકમાં જન્મ થશે અને તારી અષ્ટકા નામથો વિખ્યાતી થશે.''

તદન્તર આ કન્યાનો જન્મ ઉપચિર વસુ થકી થયો હતો તેના જન્મની કથા એવી હતી કે એક દિવસ મહારાજ ઉપરિચિર જંગલમાં શિકાર કરવા ગયેલા. શિકાર કરવા ગયેલા તેઓ એક મૃગ નો શિકાર કરવા દૂર વન પ્રદેશમાં

જતા રહ્યા પણ તે મૃગ હાથમાં આવ્યુ નહિ એટલે અતિશ્રમિત થઇ તેઓ એક વૃક્ષની નીચે આવી બેઠા તે સમયે તેઓને પોતાની પ્રાણ પ્યારિ પત્નિની યાદ આવી અને તેઓનું મન તેણીની રૂપ માધુરીનું ચિંતન કરતા કામથી વિહવળ થઇ ગયુ અને તેઓનુ શુક્ર સ્ખલિત થઇ ગયુ. રાજા પોતાના વિર્યને નિષ્ફળ જવા દેવા માંગતા ન હતા એટલે તેઓએ પોતાના વિર્યને એક પડિયમાં મુકી પક્ષિઓની ભાષા જાણનારા તેઓએ એક બાજ પક્ષિને પોતની સમિપ બોલાવ્યુ અને તે પડિયો બાજ પક્ષીને આપી બધુ સમઝાવી પોતાની પત્નિને આપવા મોકલ્યુ પણ માર્ગમાં તે કંઇક માસનો ટુકડો લઇ જતો હશે એવું જાણી એક બીજા બાજે તેના પર જપત મારી અને જપત મારતા જ બાજના મુખમાંથી પડિયો છૂટી એક નદીમાં પડી ગયો અને તે પડિયામાં જે વિર્ય હતુ તે એક મત્સ્ય પાન કરી ગઇ. સમય જતા તેને ગર્ભ રહ્યો.

તદન્તર કેલટાક ધિમર લોકોએ મત્સ્ય પકડા જાળ નદીમાં બિછાવેલી તે જાળમાં આ મત્સ્ય આવી ગયુ. ધીમર લોકોએ જ્યારે આ મોટા મત્સ્યના ચિરા કર્યા ત્યારે તેના ઉદરમાં તેઓએ એક કન્યા અને કુમારને જોયા અને તેઓ આ બન્ને બાળકોને રાજા પાસે લાવ્યા અને તેઓને બધી વાત કરી. રાજા એ કુંવરને તો પોતા પાસે રાખ્યો અન કન્યાને ધિમરને અર્પણ કરી. કુંવરનું લાલન પાલન કરી તે જ્યારે વયસ્ક થયો ત્યારે રાજાએ તેને પોતાના ઉત્તરાધિકારી નિયુક્ત કર્યો અને સમય જતા તે મત્સ્ય દેશનો અધિપતિ થયો અને પેલી કન્યા ધિમરો દ્વારા પાળી પોસી મોટી કરાય જેનું નામ ‘મત્સ્યગંધા’ હતુ અને તેના થકી મહર્ષિ પરાશરના તેજ થકો ભગવાનવેદ વ્યાસનું પ્રાગટ્ય થયું અને અંતે તેના લગ્ન હસ્તિનાપુર નરેશ સમ્રાટ શન્તનું સાથે થયા અને સમય જતા મત્સ્યગંધા દેહનો ત્યાગ કરી પિતૃલોકમાં ગઇ અને ત્યાં તે અષ્ટકા નામથી વિખ્યાત થઇ. (મત્સ્ય

પુરાણ/અ. ૫૫ તથા મહાભારત/આદિપર્વ) આમ, પિતૃઓની કૃપાથી અચ્છેદાને નિર્મળ યશની પ્રાપ્તિ થઇ. મનુ મહારાજ કહે છે- ''आयुः पुत्रान् यशः स्वर्गंकीर्तिं पुष्टिबलं श्रियम्। पशून् सोख्यं धनं धान्यं प्राप्नुयात्पितृ पूजनात्॥ आयुः प्रजाधनं वित्तं स्वर्गं मोक्षं सुखानि च। प्रयच्छन्ति तथा राज्यं प्रीतानृणां पितामहाः॥ પિતરોને પિંડ દાન કરવાથો ગૃહસ્થ દીર્ઘાયુ, પુત્રપુત્રાદિ, યશ, સ્વર્ગ, પુષ્ટિ, બલ લક્ષ્મી, પશુ, સુખ સાધન તથા ધન ધાન્યાદિની પ્રાપ્તિ કરે છે એટલું જ પણ નહિ પણ પિતરોની કૃપાથી બધા પ્રકારની સમૃધ્ધિ, સૌભાગ્ય, રાજ્ય તથા મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે.' (મનુસ્મૃતિ/)

આ સમ્બન્ધમાં સ્કન્ધ પુરાણમાં એક ચરિત્ર આવે છે વાત એવી હતી કે એક વખત મહારાજ કરન્ધમ્ મહાકાલના દર્શન કરવા માટે ગયા. કરન્ધમ પોતાના ઘરે આવ્યા એટલે મહાકાલે તેઓનો શાસ્ત્રોક્ત રીતે યથોચિત આતિથ્ય સત્કાર કરી તેઓને કરન્ધમે પ્રશ્ન પૂછયો કે 'પિતરોને જે જલ આપવામાં આવે છે તે જલ તો અહીં જળમાં મળી જાય છે. પછી તે પિતરોને કેવી રીતે પ્રાપ્ત થાય? તેજ પ્રમાણે શ્રાધ્ધમાં તેઓને પિંડ આપવામાં આવે છે તે તો અહીંજ પડી રહે છે તો તેઓને કેવી રીતે મળે? અને સ્વપ્નમાં પણ કોઇ વખત દેખાય છે કે પિતરો આપણી પાસ શ્રાધ્ધની યાચના કરે છે. માટે કૃપા કરી અમારી આ શંકાનું સમાધાન કરો.'

આ પ્રમાણે કરન્ધમના પુછવાથી મહાકાલ બોલ્યા- 'કરન્ધ પિતરોની યોનિજ એવા પ્રકારની છે જે દૂરદેશથી કહેલી વાત દૂર દેશમાં રહી કરેલી પૂજા અર્ચા, સ્તુતિ તથા ત્રણેય કાળની વાતો તેઓ જાણી લે છે અને ત્યાં ઉપસ્થિત થઇ જાય છે. તેઓનું શરીર પંચ ભૂતનું નહિ પણ પંચ તન્માત્રા તથા અંતઃ કરણનું બનેલું હોય છે. એટલે આ લોકોને સ્થૂલ ભોગની આવશ્યકતા નથી.'

તે પછી કરન્ધમે પુનઃ પ્રશ્ન કર્યો કે, 'પિતરો તો તેના કર્મ પ્રમાણે સ્વર્ગ અથવા નરકમાં ગયા હોય છે તો પછી તેઓ શ્રાધ્ધ કર્તાને ચારેય પુરૂષાર્થ કેવી રીતે આપે છે, જેઓ સ્વયં કર્મ બંધનમાં છે તે બંધનમાંથી કેવી રીતે મુક્ત કરાવે? તથા જે પોતે નરક આદિ દુઃખ માં છે તે શ્રાધ્ધ કરનારને સુખી કેવી રીતે કરી શકે?'

તેઓની શંકના સમાધાનમાં મહાકાલ બોલ્યા- 'કરન્ધમ! પિતરો સાત પ્રકારના છે. દેવતા, અસૂર, યક્ષ આ ત્રણ અમૂર્ત પિતરો તથા ચારવર્ણોના ચાર મૂર્ત પિતરો. આ નિત્યપિતરો છે. તેઓ કર્મને આધિન નથી, તેઓ બધુ જ આપવા સમર્થ છે. આ પિતરોના પણ એકવિશ ગુણ છે તે બધા તૃપ્ત થઇને શ્રાધ્ધ કરવાનારના પિતરો જે પણ કોઇ યોનિમાં હોય તેને તૃપ્ત કરે છે.'

તે પછી, કરન્ધમ બોલ્યા 'પ્રભુ! ભૂત, પ્રેત, દેવતા, અગ્નિ, પિતર બધા માટે અલગ અલગ બલી શા માટે અપાય છે એક સાથે કેમ નહિ?

ત્યારે મહાકાલ બોલ્યા- 'કરન્ધમ્, દરેક માટે જદા જદા નિયમ છે. દ્વાર પર બેઠેલા શ્વાન ને જે પ્રકારે અન્ન પ્રદાન કરાય છે તે એક સમ્બન્ધિ મનુષ્યને ન અપાય તે જ પ્રમાણે જેમ ભૂતાદિને અપાય તેમ દેવતાઓને ન અપાય નહિતો તેઓ ગ્રહણ નથી કરતા. શ્રધ્ધા વગર અપાયેલું ભલે પવિત્ર હોય છતા તેઓ ગ્રહણ કરતા નથી આ ઉપરાંત મંત્ર બોલ્યા વગર પણ તેઓ ગ્રહણ કરતા નથી.'

તેઓની વાત સાંભલી કરન્ધમ્ પુનઃ બોલ્યા 'દેવ! જે દેવતા તથા પિતરોને દાન તથા પિંડ છે તે તલ તથા કુશ અક્ષત સાથે કેમ અપાય છે.'

મહાકાલ બોલ્યા- પ્રથમ જે દાન દેવતા પિતરોને ઉદ્દેશીને અપાતુ તે દાન અસુરો મધ્યમા જ લઇ લેતા હતા. આ જોઇ દેવતા એ આ બાબતમા બ્રહ્માજીને ફરિયાદ કરી ત્યારે બ્રહ્માજીએ પિતરોને આપેલા પદાર્થો સાથે તલ, જલ, કુશ

તથા દેવતાઓએ આપેલા પદાર્થો સાથે અક્ષત, જલ, કુશનો પ્રયોગ કરવો જેથી અસૂરો તેને લઇ ન શકે એવું દેવતાઓને કહ્યુ. એટલે તે સમયથી દાન આપતી વેળાએ દાન સાથે આ બધી વસ્તુ રાખવાની પ્રથાનો પ્રારંભ થયો. આ પ્રમાણે કરન્ધમની બધી શંકાઓ દૂર થઇ તેઓ ઘરે ગયા અને તે પ્રમાણે કાર્યમાં આરૂઢ થયા જેથી તેઓ પર પિતરોએ પોતાની કૃપા વરશાવી (સ્કન્ધપુરાણ/માહેશ્વરખંડ, કુમાર ખંડ/અ. ૩૫, ૩૬) માટે જ શંખ લિખિત કહે છે ' प्रजां पृष्ठी यशः स्त्वर्गमारोग्यं च धनं तथा। नृणां श्राद्धः सदा प्रीता प्रयच्छन्ति पितामहाः॥ શ્રાધ્ધ દ્વારા પ્રસન્ન પિતૃગણ મનુષ્યને સદા ઉત્તમ સંતાન, પૃષ્ટિ, યશ, સ્વર્ગ, આરોગ્ય તથા શ્રેષ્ઠ ધન પ્રદાન કરે છે.' (શંકલિખિત સ્મૃતિ)'

તે જ પ્રમાણે કોઇપણ રોગી મનુષ્ય કે અસ્ત્ર શસ્ત્રથી ઘવાયેલા મનુષ્યની અથવા તૃષા ક્ષુધાથી પિડિત મનુ્યની લેવા કરવાથી મહદ્ ફલની પ્રાપ્તિ થાય છે. યાજ્ઞવલ્કય કહે છે ' श्रान्त संवाहनं रोगि परिचर्या सुरार्चनम्। पादशौचं द्विजोच्छिष्मार्जनं ग्रोप्रदानवत्॥ થાકેલા પ્રવાસિને વાહન આપવું, રોગી મનુષ્યોની સેવા કરવી, દેવતાઓની પૂજા કરવી, દ્વિજોના ચરણ ધોવા અને તેઓ અન્ન ગ્રહણ કર્યા બાદ પાત્રોને અને તે સ્થાનને સ્વચ્છ કરવું આ બધુ ગોદાન આપ્યા જેટલું પુણ્ય રૂપ છે (યાજ્ઞ./૧/૨૦૯). આ સંબન્ધમાં એક બે દૃષ્ટાંતો અવલોકન કરવા યોગ્ય છે. એક સમયની વાત છે ધામણ ગામમાં બહુ મોટો દુષ્કાળ પડયો. મનુષ્ય તથા પશ, પક્ષી અન્ન વગર તડપી તડપી ને કાળના મુખમાં હોમાવા લાગ્યા. ગામમાં એક 'માણકોજી' નામના સજ્જન રહેતા હતા તેઓ ધન ધાન્યથીઅતિ સમ્પન્ન હતા. લોકોની આ દયનિય અવસ્થા જોઇ તેઓનું હૃદય દ્રવિત થઇ ગયુ. તેઓએ પોતાના ધનધાન્યના કોઠાર લોકો માટે ખુલ્લા મુકી દીધા. જોત જોતામાં થોડા દિવસોમાં અન્નધન સમાપ્ત થઇ ગયુ. તેઓએ પોતાની પત્ની પુત્રવધ્ના

ઘરેણાઓને વેચી દુઃખી મનુષ્યોની અન્ન દ્વારા સહાય કરી. તે છતા મનુષ્યો અન્ન માટે તેઓના ઘર પ્રતિ આવતા ગયા. અંતે અન્ન પણ ખૂટી ગયું.

તે પછી માણેકોજીએ વિચાર્યુ 'અન્ન માટે વનમાં જઇ લાકડા કાપી લાવી ક્ષુધાતુરની સેવા કરવી' અને તેઓ વનમાંથી લાકડા કાપી લોકોનું અન્નથી પોષણ કરવા લાગ્યા તેઓ નિત્ય વનમાં જતા લાકડા કાપી લેવી તેના ત્રણ પૈસા લઇ ઘરે આપતા. તેમાંથી એક પૈસો ભગવાનને અર્પણ કરતા બીજા પૈસાથી ભગવાન માટે નૈવેદ્ય માટે સામગ્રી લાવતા અને ત્રીજા પૈસાથી લોટ વગેરે અકાલ પિડીતોને આપવા લાવતા. તેઓની આવી સ્થિતિ જોઇને કોઇ તેમના ઘરે ભિક્ષા માંગવા જતુ નહિ. માણકોજી લોકોના આ પ્રમાણેના વ્યવહારથી અત્યંત દુઃખી થયા. પરંતુ જગતના કર્તાહર્તાથી આ દૃશ્ય જોવાયું નહિ. તેઓ બ્રાહ્મણનું રૂપ લઇને સ્વયં તેઓની પાસેઆવ્યા. માણકોજીએ તેઓને પ્રેમથી ભિક્ષા આપી અને કહ્યુ 'પ્રભુ! આજે આટલું જ છે, ક્ષમા કરજો' બ્રાહ્મણ રૂપ ધારી પરમાત્મા તે અન્ન મંદિરમાં લાવ્યા તે પછી સાક્ષાત્ અન્નપુર્ણા માતા લક્ષ્મીજી પણ 'અમોને પણ ઘણી ભૂખ લાગી છે.' એમ વિચારીને તેઓ પણ બ્રાહ્મણીનું રૂપ લઇ ત્યાં પધાર્યા. માણકોજી પણ તે સમયે બ્રાહ્મણ રૂપ ધારી ભગવાન સાથે મંદિરમાં આવેલા. બ્રાહ્મણે તે લોટની ત્રણ બાટી બનાવી તેમાંથી એકનો સ્વયં ભોગ લગાવ્યો, બીજી બ્રાહ્મણી બનેલા લક્ષ્મીને આપી અને ત્રીજી માણકોજીને આપી. આમ માણકોજી અકાલ પિડીતોની સેવાને સાફલ્યમાની ખૂબ આનંદ પામ્યા (ગોરખપુર પ્રકાશિત /સત્ કથા અંક/પૃષ્ઠ-૩૦૭) મહર્ષિ પરાશરજી કહે છે ' रोगाग्निशस्त्राद्यातंस्य प्राणिनो दययाऽन्वहम्। कार्यासेवायथा शक्ति भष ज्यान्नोदकादिभि॥ રોગી, દાઝેલોઅને શસ્ત્રથો ઘવાયેલો દુઃખી મનુષ્યની સેવા દયાળુંથઇ પ્રતિદિન યથાશક્તિ ઔષધ, ભોજન, જળ વગેરેથી કરવી.' (પરાશરસ્મૃતિ)

બીજી એક કથા રામકૃષ્ણ પરમહંસના શિષ્ય નાગ મહાશયના સમ્બન્ધમાં જોવા મળે છે. નાગ મહાશય રામકૃષ્ણ પરમહંસના શિષ્ય અને શ્રી વિવેકાનંદ સ્વામીના ગુરૂ ભાઇ હતા. તેઓને માનવ સેવા અતિરૂચિ એટલે માટે તેઓ ગુરૂના પણ અતિ પ્રિયપાત્ર થયા હતા. એક સમયની વાત છે નાગમહાશયે એક ગરીબ મનુષ્યને પોતાની પર્ણકૂટીમાં ભૂમિ પર એકાકી પડેલા જોયો. તેઓ પોતાના ઘરે આવ્યાઅને ઘરેથી એક ગોદળી લઇ આવ્યા અને તે રોગી મનુષ્યને તેના પર સુવાડ્યો. આ ઉપરાંત એક દિવસ એક રોગીને તેઓને શીતકાળમાં ઠંડીથી અતિશય ધ્રુજતો જોયો એટલે નાગ મહાશયે પોતે ઓઢેલી ઉનની ગોદડી ઉતારી પેલા ભાઇને ઓઢાડી દીધી અને રાતભર તેની પાસે બેસી તેની સેવા કરવા લાગ્યા એક સમયે કલકત્તામાં ભયકર પ્લેગનો રોગ થયો, આ મહામારીના સમયમાં એક નાગ મહાશય ને બાદ કરતા કોઇપણ મનુષ્ય ગરીબોની વસ્તીમાં જવા તૈયાર ન હતા. તેઓ એક દિવસ ત્યાં ગયા તો તેઓએ ત્યાં એક ઝુપડીમાં મરણાસન્ન વ્યક્તિ ને રૂદન કરતો જોયો. નાગમહાશય તેઓની સમિપમાં આવ્યા અને તેને આશ્વાસન આપ્યુ. ત્યારે રોગી બોલ્યો ‘મહારાજ, મરા ભાગ્યમાં બે બુંદ ગંગાજળ પણ નથી. અમોને એવો કોઇ નથી જે ગંગા કિનાર સુધિ લઇ જાય.’

તેઓની વાત સાંભળી નામ મહાશય બોલ્યા ‘ભાઇ તમો રડો નહિ અમો તમોને લઇ જઇએ છીએ.’ આમ કહી નાગ મહાશયે તેઓને ખભા પર ઉઠાવ્યા અને ગંગા કિનારે લઇ ગયા. જ્યાં સુધિ તેઓન શરીર છૂટયું નહિ ત્યાં સુધિ તેઓને ગોદમાં બેસાડી રાખ્યા અને તેનું શરીર છૂટયા બાદ મૃતકનો અંતિમ સંસ્કાર કરી ઘરે આવ્યા. તઓના આ સ્વભાવને લઇ નાગ મહાશય પોતાના ગુરૂ સહિત બધાના પ્રિય થયા હતા અને તેઓની કીર્તિ આજેય પણ ચિરંજીવિ છે.

ભિક્ષુકની પૂજા કરવાથી પણ માનવ આ લોક પરલોકમાં સુખનો ભાજી થાય છે. આ સમ્બન્ધમાં આચાર્ય શંકર ભગવદ્ પાદના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. એક સમયની વાત હતી ગુરૂકુળમાં નિવાસ દરમ્યાન આપ બ્રહ્મ ચારીના ધર્મ પ્રમાણે ભિક્ષાતન માટે એક નિર્ધન બ્રાહ્મણને ત્યાં આવી પહોંચ્યા બ્રાહ્મણ પત્નિએ આચાર્યને સંબોધન કરતા આદર પૂર્વક કહ્યુ કે 'પ્રભુ, અમો વાસ્તવમાં પુણ્ય શિલ છિએ જેને તમારા જેવા મહાપુરૂષની સેવા કરવાનો લાભ પ્રાપ્ત થયો પરંતુ અમારો જન્મ વ્યર્થ છે કારણ કે નિતાન્ત નિર્ધન હોવાને કારણે એક વિદ્યાર્થીને ભિક્ષા આપવા પણ અમો સમર્થ નથો ભાગ્ય એ નિર્ધન બનાવી અમોને થગી લીધા છે.'

આ પ્રમાણના દિનતા ભરેલા વચન બોલી બ્રાહ્મણી એ આચાર્યના ભિક્ષા પાત્રમાં ફક્ત એક આમળુ મુક્યુ. તેની આ દશા જોઇ આચાર્યનું હ્દય દ્રવિત થઇ ગયુ. તેઓએ તેની દરિદ્રતા દૂર કરવા માટે ત્યાં ઉભા ઉભા જ જગત જનની મા લક્ષ્મી જીની સ્તુતિ કરી અને તે સ્તુતિ થી પ્રસન્ન થઇ માતાએ બ્રાહ્મણીના ઘરને સુવર્ણના આમળાથી ભરી દીધુ. આમ બ્રાહ્મણીએ યાચક શંકરની પોતાની સ્થિતિ પ્રમાણે સેવા કરી તો ભિક્ષુક શંકરે પણ તેના પર કૃપા કરી સુવર્ણના આમળાની વૃષ્ટિ લક્ષ્મીજી પાસે કરાવી. (શંકર દિગ્વિજય/સગ-૪) કહ્યુ પણ છે 'न केवलं दान परा जयन्ति भूर्लोकमेकं पुरुष प्रवीश:। जयन्ति ते राज सरेन्द्र लोकं सुदुर्जयं यो विबुधा धिवास:॥ ધન પરાયણ પુરૂષ ફક્ત આ ભૂતલને પોતાના વશમા નથી કરતો પ્રત્યુત તે અત્યંત દુર્જય દેવરાજ ઇન્દ્રના લોકને પણ જીતી લે છે. (મત્સ્યપુરાણ/૨૨૪/૮)

આ ઉપરાંત ધર્મ સ્વરૂપ અતિથિની સેવા કરવાથી પણ માનવને વિશુધ્ધ યશની પ્રાપ્તિ થાય છે આ સમ્બન્ધમાં ભગવાન શ્રીકૃષ્ણ અને કપોતના જીવનનો

એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવો હતી કે મહર્ષિ દુર્વાસા પોતાના ક્રોધને માટે ત્રણેય લોકમાં પ્રસિધ્ધ છે તેઓ એક દિવસ ચિર વસ્ત્ર, દંડ ક્રમંડલ ધારણ કરી ત્રણેય લોકમાં ફરી ફરી સભાઓમાં, માર્ગો પર ઉચ્ચ સ્વરમાં બૂમો પાડતા રહેતા હતા કે 'અમો અત્રિપુત્ર દુર્વાસા છીએ અને પોતાના નિવાસ સ્થાનને શોધિયે છીએ. જે અમોને પોતાના ગૃહમાં નિવાસ કરવાની ઇચ્છા રાખતા હોય તે પોતાની ઇચ્છા વ્યક્ત કરે. પરંતુ સહેજ પણ અપરાધ થતા અમોને ક્રોધ આવે છે માટે જે અમોને આશ્રય આપવા માંગતા હોય તેણે આ વાત ધ્યાન રાખવી અને ખૂબ સાવધાની પૂર્વક રહેવું પડશે.' આ પ્રમાણે ઉચ્ચારણ કરતા દુર્વાસા દેવલોક, નાગલોક, મનુષ્ય લોક, સર્વત્ર ફરી આવ્યા પણ કોઇપણ આ વિપત્તિને સ્વિકારવા તૈયાર ન હતા.

તદન્તર દુર્વાસા ફરતા ફરતા દ્વારકા આવ્યા અને ભગવાન શ્રીકૃષ્ણના કર્ણમાં દુર્વાસાનો પોકાર સંભળાયો એટલે તેઓએ મહર્ષિ દુર્વાસાને બોલાવ્યા અને તેઓનો સત્કાર કરી ઉચિત આવાસમાં ઠરાવ્યા પરંતુ આપ મહાત્માનો રહેવાનો ઢંગ કંઇક અલગ જ પ્રકારનો હતો. ક્યારેક તેઓ હજારો મનુષ્યનું ભોજન એકાકી જ ગ્રહણ કરી જતા. ક્યારેક બહાર નિકળી જતા કેટલાઓ દિવસ પર્યન્તઆવતા જ નહિ. કોઇક સમયે તેઓ ઉચ્ચ સ્વરે કરીને હસતા તો ક્યારેક રડતા હતા. એક દિવસ તેઓ પોતાના રહેવાના આવાસમાં જઇ પોતાના સૂવાના ગાદલા, ગોદડા, શૈય્યાને આગ લગાડી ભાગતા ભાગતા ભગવાન પાસે આવ્યા અને બોલ્યા 'વાસુદેવ, અમો અત્યારે ખિર ખાવા માંગીએ છીએ અમોને ખીર આપો.'

દુર્વાશા ઋષિની વાત સાંભળી સર્વજ્ઞ એવા ભગવાન શ્રી કૃષ્ણે પ્રથમથી જ બધી વસ્તુ બનાવી તૈયાર રાખી હતી અને તે તેઓએ દુર્વાસા પાસે ઉપસ્થિત કરી

એટલે દુર્વાસા ગરમા ગરમ ખીરનું ભોજન કરવા લાગ્યા અને વધેલી ઉરિછષ્ટ ખીર વાસુદેવ શ્રીકૃષ્ણને અર્પણ કરી અને કહ્યુ 'આને તમારા શરીર પર મળીદો (ચોપડી દો). ભગવાન શ્રીકૃષ્ણે પણ તેમની આજ્ઞાનું પાલન કરતા થકા પોતાના સમસ્ત શ્રી અંગ પર ખિર ચોપડી દીધી. પરંતુ ભગવાને કેવલ પોતાના ચરણતલમાં તે ખિરનો લેપ ન લગાવ્યો. તે પછી સમિપમાં ઉભા રહેલા રૂક્મિણીજી પ્રત્યે દુર્વાસા બોલ્યા 'તમો પણ આ ખીર તમારા શ્રી અંગ પર લગાવી દો' દુર્વાસાજીની આજ્ઞા થતા તેઓએ પણ પોતાના શરીર પર ખીર ચોપડી દીધી.

તદન્તર દુર્વાસાજીએ શ્રીકૃષ્ણને એક રથ લાવવા માટે કહ્યુ. તેઓની આજ્ઞા મુજબ રથ આવી ઉપસ્થિત થયો એટલે દુર્વાસાએ શ્રીકૃષ્ણ રૂક્મિણીજીને ઘોડાના સ્થાને જોડાઇ જવા કહ્યુ આજ્ઞા મુજબ તેઓ બન્ને રથમાં જોડાઇ ગયા અને દુર્વાસા રથ પર હાથમાં ચાબુક લઇને બેઠા અને તેઓને રથ ખેંચવા જણાવ્યું. આજ્ઞા થતા ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્મિણી રથ ખેંચવા લાગ્યા. અને મહર્ષિ તેઓ પર ચાબુકનો પ્રહાર કરવા લાગ્યા બન્ને દંપતિઓ ચૂપચાપ બધુ સહન કરતા રહ્યા. પરંતુ તેઓની આ દશા જોઇ યાદવો ખૂબ દુ:ખી થઇ ગયા. રથ ખેંચતા ખેંચતા રૂક્મિણીજી વારે વારે પડી જતા હતા છતા પણ દુર્વાસા તેઓની પરવા ન કરતા હતા. અન્તમાં રથને ખેંચવામાં સર્વથા અસમર્થ રૂક્મિણીજી મૂર્છા ખાઇ ઢળી પડયા. એટલે દુર્વાસા ઋષિ રથમાંથી નીચે ઉતર્યા અને દક્ષિણ દિશા તરફ ચાલતા થયા. ભગવાનેતેઓને દક્ષિણ દિશા તરફ જતા જોઇ તેઓ પણ તેમની પાછળ જવા લાગ્યા અને તેમના પ્રત્યે બોલ્યા ''પ્રભુ! અમારા પર પ્રસન્ન થાવ.''

શ્રીકૃષ્ણની વાત સાંભળી દુર્વાસા ઋષિ બોલ્યા 'શ્રીકૃષ્ણ, તે ક્રોધને જીતી લીધો છે. તારો કોઇ અપરાધ અમોને દેખાતો નથી. અમો તારા પર પ્રસન્ન થયા

છીએ. તારી કીર્તિનો વિસ્તાર થાય. તારી જે પણ કંઇક વસ્તુ અમે સળગાવી દીધે છે તે તને તેજ રૂપમાં પાછી મળશે. અમારા દ્વારા એંઠી ખીર તારા શરીર પર લગાવાતા હવે તને મૃત્યુનો ભય રહેશે નહિ. તુ જ્યાં સુધિ જીવિત રહેવા માંગશે ત્યાં સુધિ તુ જીવન ધારણ કરી શકશે. પણ બેટા! તે તારા પગના તળીયાના ભાગમાં ખીર ન લગાડી? તારી આ ક્રિયા અમોને આશ્ચર્યકારી લાગી માટે તારા પગના નીચેનો ભાગ નિર્ભય ન થશે.''

આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણને અનેકો આશીવાદ આપી દુર્વાસા રૂક્મિણી પ્રત્યે બોલ્યા 'કલ્યાણી, તારા શરીરને વૃધ્ધાવસ્થા, રોગ, અક્રાન્તિનો સ્પર્શ થશે નહિ અને તુ દરેક સ્ત્રીમાં યશ તથા શ્રેષ્ઠતા પ્રાપ્ત કરશે. તારા શરીર માંથી હંમેશા સુગંધ નિકળતી રહેશે. અને અન્તમાં તુ ભગવાનના ધામમાં જશ.' આ પ્રમાણે આશીર્વાદ આપી દુર્વાસા અન્તરધાન થઇ ગયા. ત્યારબાદ તેઓ બન્ને ઘરે આવ્યા . મહર્ષિના આ કાર્યથી બધા આશ્ચર્ય પામ્યા અને ભગવાનના આતિથ્યની પ્રશંસા કરવા લાગ્યા (મહાભારત/અનુ./અ.૧૫૯) મહર્ષિ પરાશર કહે છે ' येनार्चितोऽतिथि: प्रीत्या तेन सम्प्रीणितो हरि જેણે પ્રેમથી અતિથિની પૂજા કરી હોય તો માનો તેણે ભગવાન શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી.' (પરાશરસ્મૃતિ)

પુરાણોમાં એવું ચરિત્રણ પણ આવે છે જેમાં અતિથિ સત્કાર કરનારાએ પોતાના પ્રાણની આહુતિના ભોગે પણ અતિથ્યનું પૂજન કરેલું. વાત એવી હતી કે એક વ્યાઘ ભયાનક વનમાં શિકાર કરતા સમયે પથ્થર, પાણી અને વાયુના થપેડાથી અત્યન્ત દુર્ગતિમાં પડી ગયો કેટલેક દૂર જતા તેની દૃષ્ટિમાં એક વૃક્ષ આવ્યુ તેની છાયામાં જતા તેને કંઇક આરામ મળ્યો એટલે તેને તેના પરિવારની

ચિંતા સતાવવા લાગી આ તરફ સૂર્યાસ્ત પણ થઇ ગયો હતો. શીત ઋતુનો સમય હોવાથી ઠંડીની લઇ વ્યાઘનું શરીર પણ હિમ જેવું થઇ ગયુ હતુ.

હવે જે વૃક્ષ નીચે આ વ્યાઘ બેઠો હતો તે વૃક્ષ પર એક કપોત પોતાની કપોતિની ચિંતા કરતો રહેતો હતો. તેની પત્ની વનમાં ચારો ચરવા ગઇ હતી તે હજ સુધિ આવી ન હતી વસ્તુતા એ તે વૃક્ષ નીચે બેઠેલા વ્યાઘના પિંજરામાં કેદ હતી કપોત તેના ન આવવાથી વિલાપ કરતો હતોે ત્યારે પિંજરામાં બેઠેલી તેની પત્ની તેના પ્રત્યે બોલી ‘નાથ હું પિંજરામાં કેદ છ, તમો મારી ચિંતા છોડો અને અતિથિ ધર્મનું પાલન કરો. આ વ્યાઘ ક્ષુધા અને ઠંડીને લઇને વ્યાકુળ થઇ રહ્યો છે. આ સાંજના સમયે આપણે ઘરે આવેલો છે. આ શત્રુ છે તે છતા અતિથિ છ તેનો સત્કાર કરો, એણે મને પિંજરામાં કેદ કરી છે તે તો મારા જ કોઇ પૂર્વ કર્મ અનુસાર છે. આમા આનો કોઇ વાંક નથી. તમો તમારી ધર્મમયી બુધ્ધિ સ્થિર કરો. અતિથિના રૂપમાં દેવતા તથા પિતરો જ પધારતા હોય છે- અતિથિ સત્કારથી બધાનો સત્કાર થઇ જાય છે જો ગૃહસ્થના ઘરેથી અતિથિ નિરાશ થઇને જતો રહે તો દેવતા તથા પિતરો પણ નિરાશ થઇને જતા રહે છે.

કપોત પોતાની પત્નિની ધર્મયુક્ત વાણીથી પ્રભાવિત થયો તેને તેના ધર્મનું સ્મરણ થયું. તેણે વ્યાઘને જઇને કહ્યું ‘તમો અમારા ઘરે અતિથિ તરીકે પધાર્યા છો, અમારો ધર્મ છે કે અમો અમારા પ્રાણ આપીને પણ આપની સેવા કરીએ. અત્યારે આપ ક્ષુધા અને શીતથી પિડીત થઇ રહ્યા છો થોડો સમય રાહ જઓ.’ આમ કહી કપોત કોઇ સ્થાનેથી સળગતી લાકડી લઇ આવ્યો અને તે લાકડીને સમીપમાં પડેલા લાકડાના ઢગલા પર મૂકી. થોડી વારમાં આગ પ્રજ્વલિત થઇ ગઇ જેથી વ્યાઘની ઠંડી દૂર થઇ ગઇ. તે પછી વ્યાઘની ક્ષુધા શાંત કરવા કપોતે વ્યાઘની પરિક્રમા કરી અને પોતે અગ્નિમાં પ્રવેશી ગયો. આ દૃશ્યથી વ્યાઘ તો

સ્તબ્ધ થઇ ગયો અને પોતાની જાતને ધિક્કારવા લાગ્યો. ત્યારબાદ તેણે કપોતીને પિંજરામાંથી મુક્ત કરી. કપોતીએ પોતાના પતિનું અનુગમન કર્યુ મૃત્યુબાદ બન્નેના દેવતાઇ શરીર થઇ ગયા અને તેઓ બન્ને સ્વર્ગલોકમાં ગયા. આમ અતિથિ સત્કારથો ભગવાન શ્રીકૃષ્ણ અને કપોતની કીર્તિ આજે પણ ચિરંજીવિ છે. (બ્રહ્મપુરાણ) કહ્યુ પણ છે. 'अधना अपिते धन्याः सावधो गृहमेधिनः। यद्गृहा ह्यर्हवर्याम्बु तृण भूमीश्वरावशः॥ व्यालालयद्रुमा वै तेऽप्यरिक्ताखिलसम्पदः। यद्रुहास्तीर्थपादीपपादतीर्थविवर्जीता॥ પૃથુરાજા બોલ્યા જેના ઘરે આપ સનકાદિ સમાન મહાપુરૂષો જળ, તૃણ, ભૂમિ, ઘરધણી કે સેવક આમાંથી કોઇને પણ સેવાના રૂપમાં સ્વિકારે છે તો તે ગૃહસ્થ નિર્ધન હોવા છતાં ધન્યભાગી છે.' (ભાગ/૪/૨૨/૧૦-૧૧) (શ્લો-૮૦) હવે વિદુરજી માનવ જ્યાંજ્યા જાય ત્યાં મિત્ર આદી પાંચ મળતા રહે છે તેનું વિધાન કરે છે-

શ્લો: ૮૧ पञ्च त्वानुगमिष्यन्ति यत्र तत्र गमिष्यसि।

मित्राव्यमित्रा मध्यस्था उपजोव्योप जीविनः॥

શ્લોકાર્થ : હે ધૃતરાષ્ટ્ર! આપ જ્યાં જ્યાં જશો ત્યાં આ પાંચ જણા તમારી પાછળ આવશે. મિત્ર, શત્રુ, તટસ્થ, શરણ આપવાવાળા અને શરણમાં રહેવા વાળા.

ચ.ટી. : આ પાંચ જણા જીવનમાં સર્વત્ર પ્રાપ્ત થાય છે. કારણ શત્રુ મિત્ર અને ઉદાસિન આ વ્યવહારથી ઉત્પન્ન થાય છે. વ્યવહાર હોવો સ્વભાવિક છે તેમ શરણ્ય અને શરણાગત થવું પણ સ્વાભિાવિક છે. આ બાબત ભગવાન શ્રીરામના જીવનના દૃષ્ટાંતથી સ્પષ્ટ થાય છે. જેમ ભગવાન શ્રીરામ અયોધ્યામાં નિવાસ કરતા હતા. ત્યારે ગૃહરાજા (ભીલ) જે જાતિએ કરીને અતિ નિકૃષ્ટ હતો છતા શ્રીરામે તેને અપનાવી પોતાનો મિત્ર બનાવ્યો અને એજ ગૃહજારાએ વનવાસ

દરમ્યાન પોતાનું સર્વસ્વ પોતાના મિત્ર શ્રીરામના ચરણારવિંદમાં ન્યોછાવર કરી દીધુ. તેમ વનવાસ દરમ્યાન સુગ્રિવના રૂપમાં શ્રીરામને મિત્રની પ્રાપ્તિ પણ થઇ.

તેમ શ્રીરામ અયોધ્યામાં વાસ કરીને રહેતા હતા ત્યારે તેઓને શત્રુના રૂપમાં મંથરાની પ્રાપ્તિ થઇ કે જેની કુમંત્રણાથી તેઓએ વનવાસ પ્રાપ્ત થયો અને વનવાસ દરમ્યાન શત્રુના રૂપમાં રાવણની પ્રાપ્તિ થઇ કે જે તેઓની ભાર્યાનું અપહરણ કરી લંકા લઇ ગયો.

તેમ અયોધ્યાવાસ દરમ્યાન શ્રીરામને વિશ્વામિત્રજી પોતાની સાથે પોતાના યજ્ઞની રક્ષા કરવા માટે દશરથ રાજા પાસે માંગવા આવ્યા અને દશરથજી એ તેઓની સ્પષ્ટ રીતે મનાઇ કરી ત્યારે વશિષ્ટજીએ મધ્યસ્થિ થઇ શ્રીરામને વિશ્વામિત્ર ને સુપ્રત કર્યા. વનવાસ દરમ્યાન ભરતજી શ્રીરામને પુનઃ અયોધ્યા આવી રાજ્ય સ્વિકારવા આગ્રહ કરતા હતા. ત્યારે ત્યાં ઉપસ્થિત મહારાજ જનક પર શ્રીરામે આ બાબતનો નિર્ણય છોડયો ત્યાર મહારાજા જનકે શ્રીરામની મનોદશા જોઇ ભરતજી ને પોતાના આગ્રહને ત્યાગ કરવા જણાવ્યું.

તેજ પ્રમાણે શ્રીરામ અયોધ્યામાં હતા ત્યારે સંપૂર્ણ રીતે તેઓ પોતાના પિતાને આધિન રહ્યા હતા અને વનવાસ દરમ્યાન જ્યારે તેઓની ભાર્યાને રાવણ હરી ગયો ત્યારે સુગ્રીવ જેવા મિત્રએ તેઓને શરણ આપી.

આ ઉપરાંત અયોધ્યા વાસ દરમ્યાન શ્રી જાનકીજી અને લક્ષ્મણજી તેઓના શરણાગત તઇને રહેતા હતા તો વનવાસ દરમ્યાન રાક્ષસ રાજ રાવણથી અપમાનિત તેમના જ કનિષ્ટ ભ્રાતા વિભિષણ શ્રીરામના શરમાં રહેનારા હતા.

આમ નીતિકારના કહેવા મુજબ 'મિત્ર, શત્રુ, તટસ્થ, શરણ આપવાળા અને શરણમાં રહેવાવાળા એ જ્યાં જાય ત્યાં પાછળ આવશે.' આ વાત ભગવાન શ્રીરામના ચરિત્રનું અવલોકન કરતા સ્પષ્ટ પણે પ્રતિત થતી જોવા મળે છે.

(શ્લો-૮૦) હવે નીતિકાર પંચ ઇન્દ્રિયોમાંથી એક ઇન્દ્રિય પણ કુમાર્ગે જાય તો તેના પતન વિશે કહે છે-

શ્લો: ૮૨ पञ्चेन्द्रियस्य मर्त्यस्य छिद्रं चेदेकमिन्द्रियम्।

ततोऽस्य सवति प्रज्ञा दृतेः पात्रादिवो दृकम्॥

શ્લોકાર્થ : મનુષ્યની પંચઇન્દ્રિઓમાંથી જો એક પણ છિદ્ર રૂપ હોય તો તેની બુધ્ધિ સમાપ્ત થઇ જાય છે. જેમ ચામડાના પાત્રમાં છિદ્ર પડતા બધુ જળ નિકળી જાય છે.

ચ.ટી. : જલ જેમાં રાખવામા આવે તે મસક કહેવાય છે. તે ચામડા ના પાત્રમાં કોઇક સ્થાનમાં છિદ્ર હોય તો બધુ જલ તમાંથી બહાર વહી જાય. તેજ પ્રમાણે મનુષ્યની ચક્ષુરાદિ દશેય ઇન્દ્રિયમાંથી કોઇ એક ઇન્દ્રિય પણ પોતાના વશમાં ન હોય તો તેની બુધ્ધિ નષ્ટ થય જાય છે અને બુધ્ધિ નષ્ટ થતા મનુષ્યનું પતન થાય છે. આ સમ્બન્ધમાં ભગવાન શ્રીકૃષ્ણ ઉધ્ધવજીને કહે છે. ''दृष्ट्वा स्त्रियं देवमायां तद्भावरजितेन्द्रियः प्रलोभितः पतन्यन्धे तमस्यग्नौ पतङ्गवत्॥ જેમ પતંગિયુ મોહવશ અગ્નિના રૂપમાં આસક્ત થયને બળો મરે છે તે જ પ્રમાણે અજિતેન્દ્રિય વ્યક્તિ દેવ માયા રૂપી સ્ત્રીને જોઇને તેના મોહમાં ફસાઇને અંધકારમય ધોર નરકમાં જાય છે. (ભાગ-૧૧/૮/૭), नाधिगच्छेत् स्त्रियं प्राज्ञःकर्हिचिन्मृत्युमात्मनः। बलाधिकैः सहन्येत गजैरन्यैर्गजो यथा॥ સ્પર્શ સુખમાં લોભાઇ હાથણીમાં આશક્ત હાથી બીજા બળવાન હાથી દ્વારા મરાય છે તે પ્રમાણે મનુષ્ય પણ સ્પર્શ સુખમાં આશક્ત થઇ મૃત્યુનો શિકાર બને છે. (ભાગ-૧૧/૮/૧૪), जिह्वयाति प्रभाथिन्याजनो रसविमोहितः। मृत्युमृच्छत्यसद् बुद्धिर्मीनस्तुबडिशैर्यथा॥ માસથી લપેટાયેલા લોખંડના કાંટાઓથી વિંધાઇને જેમ

માછલી મૃત્યુ પામે છે, તેમ મનને અતિશય વલોવી નાખનારી દુર્જય જીહ્વાને કારણે સ્વાદથી મોહિત થએલો દુર્બુદ્ધિ મનુષ્ય મરણ પામે છે. (ભાગ-૧૧/૮/૧૯) मधुकरो विशिष्टगन्धलोभेनैक स्मिन्नेव पद्म वसन्नस्तमयसमय मुकुलिते तस्मिन्बध्यते॥ મધુકર -ભમરો પુષ્પોની ગંધ લેવામાં આસક્ત થઇ કમળમાં બેસી જાય છે. રાત્રી પડતા કમળ બંધ થાય છે. જે ભમરો લાકડાને વેરી દે છે તે કમળની ગંધ ગ્રહણમાં એટલો આસક્ત થઇ જાય છે કે તેને છોડવા પણ તૈયાર થતો નથી. અને તેવામાં કોઇ હાથી આવી કમળને પગ તળે કચડી નાંખે છે. આમ, ભમરો ગંધમાં આસક્ત થઇ પોતાના વિનાશને આમંત્રિત કરે છે. (ભાગ-૧૧/૮/૯-શ્રીધર સ્વામી કૃત ભાવાર્થ દીપિકાટીકા) 'बद्धान्मृगयोर्गीतमोहितात्- હરણ શિકારી ના મધુર ગીતોમાં મોહિત થઇ પકડાય જાય છે.'(ભાગ-૧૧/૮/૧૭)'' આમ અહી કહ્યા પ્રમાણે પતંગીયુ, હાથી, મત્સ્ય, મધુકર, અને હરણ કેવલ એક વિષયમાં આશક્ત થવાથી પોતાના મૃત્યુને નિમંત્રણ આપે છે. જ્યારે મનુષ્ય તો પાંચેય વિષયમાં આશક્ત થઇ જાય છે તો તેની શી ગતિ થશે? માટે અહીં નીતિકાર ઇન્દ્રિયોને નિમંત્રણ કરવાનું કહે છે.

ભગવાન વેદ વ્યાસજી પણ કહે છે ' वाचं यच्छमनोयच्छप्राणं मच्छेन्द्रियाणि च। आत्मानमात्मना यच्छ न भूयः कल्पसेऽध्वने॥ વાણી, મન, પ્રાણો અને બીજી ઇન્દ્રિયો બધાને વશ કરવા સદ્ વિચારોથી બુધ્ધિને વશ કરવી. જો આ રીતે જીતેન્દ્રિય થઇ જવાય તો સંસારરૂપ કુમાર્ગમાં ભટકણ મટી જાય.' (ભાગ-૧૧/૧૬/૪૨)' 'बन्ध इन्द्रियविक्षेपो मोक्ष एषां च संयमः - માયિક પંચ વિષય માં ઇન્દ્રિયોનું દોડવું તેજ બંધન છે અને તે ઇન્દ્રિયોનો સમય તેમજ મોક્ષ છે.' (ભાગ/૧૧/૧૮/૨૨) 'इन्द्रियाण्येव सर्वाणि जेतव्यानि प्रयत्नतः। साधाना धर्मशीलेन भश्यत्येवान्यथा पथः॥ ધર્મચારી સજ્જન પ્રયત્ન પૂર્વક ઇન્દ્રિયોને જીતવો, જો તે ન

જીતાય તો સન્માર્ગથી પડી જવાય છે.' (મહા. ભા. વન. /૨૧૧/૧૯) 'इन्द्रियाण्येव तत् सर्वं यत्सर्गनरकावुभौ। निगृहीत विसृष्टानिस्वर्गाय नरकाय च॥ વશ કરાયેલી ઇન્દ્રિયો સ્વર્ગ આપે છે અને વિષયોમા છૂટી મૂકેલી ઇન્દ્રિયો નરકમાં લઇ જાય છે.

ભગવાન સ્વામિનારાયણ કહે છે 'सत्संगमिन्द्रियायाममसत्यागं च यः पुमान्: नाचरिष्यति मे भूत्वा मम तस्य च द्रता॥. ब्रह्मराक्षसतां चापि स प्राप्स्यति न संशयः। જે પુરૂષ અમારો થઇને સત્સંગ, ઇન્દ્રિયોની નિગ્રહ તથા દૂરાચારિ જનોનો ત્યાગ કરતો નથી, તો તેને અને અમારે ઘણુ દૂર પણું થઇ જશે અને સત્સંગ આદિ થી રહિત પુરૂષ બ્રહ્મરાક્ષસની યોનીને પણ પામશે(હરિવાક્ય સુધા સિંધુ/૧૮/૫૨-૫૩) માટે ઇન્દ્રિયોને ક્યારેય પણ જગતસંબન્ધિ વિષયોમાં છૂટી ન મૂકવી. (શ્લો-૮૨)

આ પ્રમાણે પાંચ પદાર્થોનું વિવેચન કર્યા બાદ નીતિકાર હવે છ પદાર્થોનું વિવેચન કરે છે-

(૧૧) છ પદાર્થોનું વિવેચન

શ્લોઃ ૮૩ षड् दोषाः पुरुषेणह हातव्या भूति मिच्छता।

निद्रा तन्द्राभयं क्रोध आलसस्य दीर्घसूत्रता॥

શ્લોકાર્થ : આ સંસારમાં કલ્યાણને ઇચ્છતા મનુષ્યે આ છ દોષોનો ત્યાગ કરવો (૧) નિદ્રા (૨) તન્દ્રા (૩) ભય (૪) ક્રોધ (૫) આળસ અને (૬) દીર્ઘ સૂત્રતા

ચ.ટી. : શરીર સ્થિત આ છ દોષો મનુષ્યના મહાન શત્રુ છે. આના ઉપર વિજય મેળવવાથી અવશ્ય મનુષ્યનું આલોક પરલોકમાં કલ્યાણ થાય છે. આ દોષોને આધિન થતા જેમ શત્રુ અવસર પ્રાપ્ત કરીને પોતાના વિરોધીઓને મોતને ઘાત ઉતારે છે તેમ મનુષ્યો પણ આ દોષને વશ થઇ સ્વયં નષ્ટ થઇ જાય છે. આ સમ્બન્ધમાં કેટલાક દૃષ્ટાંત અવલોકન કરવા યોગ્ય છે. સમસ્ત ભૂમંડલના એક

છત્રિ શાસ્ક બ્રહ્માજીના સાક્ષત્ પુત્ર એવા અયોનિજ સ્વયં ભૂવમનુ પોતાનો મન્વન્તર કાળ પૂર્ણ થતા સમસ્ત ઐશ્વર્યનો ત્યાગ કરી પોતાની પત્ની શતરૂપાજી સાથે તપસ્યા કરવા નૈમિષારણ્ય માં પધાર્યા એક દિવસની વાત છે તેઓ ભગવાનની સ્તુતિ કરતા હતા તેવા સમયમાં તેઓને નિદ્રા આવી ગઇ. આ પ્રમાણે તેઓને નિદ્રાવસ્થામાં અચેત થઇ બબળતા જોઇને ક્ષુધાતુર રાક્ષસો તેઓને ભરખી જવા તેમની સમિપમાં ધસી ગયા. આ પ્રમાણે મનુ મહારાજને મારવા આવતા જોઇ અન્તર્યામી નારાયણે પ્રગટ થઇ તે અસુરોનો સંહાર કર્યો.)ભાગ-૮/૧/૧-૧૬) આથી સાધકે ન્દ્રિાને જીતવી જોઇએ કહ્યુ પણ છે.... 'निद्रां सत्य निषेवया- સાત્વિક ભોજન સ્થાન, સંગ, વગેરેના સેવનથી નિદ્રાને જીતવી' (ભાગ-૭/૧૫/૨૪)

તેજ પ્રમાણે આળસ એ મનુષ્યના જીવનનો એક મહાન શત્રુ છે- ' आलस्यं मनुष्यशरीणाम् महारीपु:' આ સન્દર્ભમાં મહાભારતમાં આવતુ એક ઉંટનું દૃષ્ટાંત અવલોકન કરવા યોગ્ય છે. એક ઘોર અરણ્યમાં એક ઉંટ રહેતો હતો તેને તેના પૂર્વ જન્મની બધો વાત યાદ હતી. ઉંટનો મલિન દેહ હોવા છતાં તે નિત્ય તપસ્યામાં રટ રહેતો હતો. તેની અતિ કથિન તપસ્યાને નિહાળી પરમ પિતા બ્રહ્માજી તેના પર પ્રસણ્ન થયા અને તેની સમિપમા આવ્યા અને તેને વર માંગવા માટે કહ્યુ ઉંટે કહ્યુ 'ભગવન! આપ પ્રસણ્ન થયા હોય તો અમોને એ વર આપો જેથી મારી ડોક દીર્ઘ -લાંબી થઇ જાય અને મારે ભોજન માટે આમતેમ ભટકવું ન પડે. મારી ડોક એટલી લાંબી થઇ જાય કે અમો અહીં બેઠા બેઠા જ સો યોજન દૂરની વસ્તુઓને પણ ગ્રહણ કરી શકીએ.' તેની વાત સાંભળી તેને તે પ્રમાણેનું વરદાન આપી બ્રહ્માજી પોતાના લોકમાં સિધારી ગયા. વર પ્રાપ્ત કરી ઉંટ ઘણુ પ્રસણ્ન થયુ પછી તો તે તેના સ્થાન પર બેઠા બેઠા જ પોતાની સો યોજન લાંબી

ડોક ફેરવી ભોજન પ્રાપ્ત કરી લેતો. દૈવવસ આ મૂર્ખ ઉંટે એવો વર માંગ્યો કે જેથી તે મૂર્તિમંત આળસુ બની ગયો. કંઇપણ કાર્ય કરવું તેને ઉચિત લાગતુ ન હતુ બેઠા બેઠા જ બધો વસ્તુઓ પ્રાપ્ત થઇ જવાથી તેનો પુરૂષાર્થ લુપ્ત થઇ ગયો. આમને આમ કેટલોક સમય વ્યતિત થઇ ગયો. એક દિવસની વાત છે આ ઉંટ અન્નની શોધમાં પોતાની સો યોજન લાંબી ડોક આમ તેમ દૂર દેશમાં ફેરવતો હતો. ત્યાં અકસ્માત જોરથી પવન વાવા લાગ્યો અને મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો. તે સમયે ઉંટ પોતાની ગ્રીવાને એક ગુફમાં નાખો ચારો ચરતો હતો તે જ સમયમાં એક શિયાળ અને તેની પત્નિ ક્ષુધાતૃષાતી વ્યાકુળ વર્ષાથી બચવા માટે આ ગુફામાં પ્રવેશ્યા. માંસ ભોજી શિયાળ ક્ષુધાથી પિડીત હતો ત્યાં તેની નજર આ ઉંટની ગ્રીવા પર પડી એટલે આ શિયાળ દંપતિ ઉંટની ગ્રીવાને કાપી કાપી તેનું તાજ માંસ ભક્ષણ કરવા લાગ્યા.

આ તરફ સો યોજનદૂર પ્રદેશમાં બેઠેલા ઉંટને જ્યારે પોતાની ગ્રોવા વિદિર્ણ થવાનું દુઃખ અનુભવમાં આવ્યુ ત્યારે તે પોતાની ગ્રીવા પાછી ખેંચવાનો પ્રયાસ કરવા લાગ્યો. પણ લાંબી ગરદન પાછી ખેંચવાનું સંભવ ન હોવાથી ગરદન કપાતા ઉંટનું અકાળમાં મૃત્યુ થયું. માટે મનુષ્યે આળસનો ત્યાગ કરવો અને હંમેશ પુરૂષાર્થી રહેવું. આળસ પ્રમાદથી દૂર રહેનારો મનુષ્ય સદા સફળતા પ્રાપ્ત કરે છે. જે મનુષ્ય જીતેન્દ્રિય અને દક્ષ છે તેનો જ સદા વિજય થાય છે. અને તે સદા પ્રયત્નમાં સફળ થાય છે. લૌકિક કાર્યોમાં પ્રમાદથી દુષ્પરિણામ આવે છે. સાધનાના ક્ષેત્રમાં તો આળસ એક મહાન શત્રુ છે માટે વેદોમાં પ્રમાદ ન કરવાની નીતિનો ઉપદેશ અપાયો છે 'मा प्रमादितव्यम्- પ્રમાદ ક્યારેય ન કરવો (તૈતિરીય ઉપનિષ..../શિક્ષાવલ્લી) માટે કોઇપણ ક્ષેત્રમાં આળસનો ત્યાગ કરવો એજ સિધ્ધાંત વાત છે. (મહા./શાંતિ/અ.૧૧૨)

તે જ પ્રમાણે તંદ્રા (શરીરમાં ઇન્દ્રિયોની શિથિલ થવાની અવસ્થા) ગ્રસ્ત મનુષ્ય ભલે તે અપરાજિત હોય છતાં તેના પતનનું કારણ બને છે. આ અવસ્થામાં મનુષ્યમાં વ્યાકુળતા ઘણી હોય છે ઇન્દ્રિયોમાં જ્ઞાન રહેતુ નથી, શરીર ભારી જણાય છે, જીહ્વા પણ લડખડાતી હોય છે આ સમ્બન્ધમાં દ્રોણા ચાર્યજીના જીવનનો પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે વાત એવી હતી કે કુરૂક્ષેત્રના સમરાંગણમાં પંદરમાં દિવસના યુધ્ધમાં મધ્યમ પાંડવ દ્વારા અસ્વથામાના મૃત્યુ ના સમાચાર સાંભળી તેની સત્યતા માટે આચાર્ય યુધિષ્ઠિર મહારાજ પાસે આવે છે અને જ્યારે યુધિષ્ઠિર દ્વારા પણ આ બાબતનું સમર્થન થતા દ્રોણાચાર્યની સમસ્ત ઇન્દ્રિયો શિથિલ પડી ગઇ, યુધ્ધ કરવાનો ઉત્સાહ નષ્ટ થઇ ગયો અને અસ્ત્ર શસ્ત્ર ત્યાગ કરી તેઓ ધ્યાનસ્થ થઇ ગયા અને એજ અવસ્થામાં દ્રુપદપુત્ર ધ્રુષ્ટધ્યુમ્ન દ્વારા તેઓનો વધ કરાયો. દ્રોણ સારી રીતે જાણતા હતા કે અશ્વથ્થામાં ચિરંજીવી છે છતા તેઓ અશ્વથ્થામા ના મૃત્યુના સમાચાર સાંભળી શોક મગ્ન થઇ અકારણ કાળનો ગ્રાસ બની ગયા માટે જ ભગવાન શ્રીહરિ કહે છે. उत्साहवान्भवेन्नित्यं शैथिल्यंतु परित्यजेत्। સાધક નિત્ય ઉત્સાહિત થાય અન આળસ થતા શૈથિલ્યતાને (તન્દ્રાને) ત્યાગ કરે' (સ.જી. ૫/૫૬/૨૮)

તેમ ભય રૂપી દોષની નિવૃત્તિ તત્ત્વજ્ઞાનથી જાય છે. ' भयं तत्त्वावमर्शनात्' (ભાગ. ૭/૧૫/૨૨) આ સંદર્ભમાં પરિક્ષિત મહારાજા દૃષ્ટાંત રૂપ છે. જેઓને વિપ્રશ્રૃંગી બાળકના શાપ વશ તક્ષક નાગ ડંસ દેવાનો હતો. તેઓનું મૃત્યુ સમિપ હતુ એટલે સમસ્ત વ્યાપારથી નિવૃત્ત થઇ ગંગા કિનારે આવેલા સુખતાલ તીર્થમાં તેઓ વ્યાસ પુત્ર શુકદેવજીના મુખે ભાગવતનો કથારૂપી અમૃતનું પાન કરતા હતા એક પછી એક ભગવાનની લીલા અને તત્ત્વજ્ઞાનના ઉપદેશ દ્વારા શુક્રમુનિએ પરિક્ષિતના હ્દયમાંથી મૃત્યુનો ભય નિવૃત્ત કરી દીધો અને સાતમાં

દિવસે અંતિમ ઉપદેશ આપતા થતા તેઓ પરિક્ષિત પ્રત્યે બોલ્યા- ''હે પરિક્ષિત! હ્ મરીશ આ તારી પશુ બુધ્ધિ નો ત્યાગ કર. શરોર નષ્ટ થાય છે આત્મા તો નથી ઉત્પન્ન થતો કે નથી મરતો. તુ શરીર નથી જેમ સ્વપ્નમાં મસ્તક કપાવવું, મરવું આદી સ્વપ્ન શરીરનું થાય છે આત્માનું નહિ. તેમ જન્મ તથા મરણ પાંચ ભૌતિક શરીરનું થાય છે પણ આત્માનું નહિ આત્મા તો અજર અમર છે. જેમ ઘટ ભંગ થતા તેની અંદરનો આકાશ મહાકાશમાં મળી જાય છે તેજ પ્રમાણે શરીરનો પાત થતા જીવાત્મા પરમાત્માને પ્રાપ્ત કરે છે. મન છે તેજ દેહ, ગુણો અને કર્મની સૃષ્ટિ કરે છે, તે મનને માયા બનાવે છે. જેનાથી જીવ સંસાર ચક્રમાં ફરતો રહે છે. જેમ દીપક તેલ, બત્તી અને અગ્નિના સંયોગથી બનેલો રહે છે ત્યાં સુધિ દિપકની સ્થિતિ રહે છે, તેમ ત્રિગુણ દ્વારા જ દેહ જન્ય સંસાર બનેલો છે. આત્મા એ ભક્ત અને અભક્તથી ભિન્ન છે. સ્વયં પ્રકાશ છે તે પરમાત્મા જેવો છે તથા આકાશની જેમ દેહાદિનો આધાર છે. આ પ્રમાણે પરમાત્મા ચિન્તન દ્વારા તુ આવિર્ભૂત ગુણાષ્ટક આત્માના સ્વરૂપનું ચિંતન કર. બ્રાહ્મણના વાક્યથી પ્રેરીત તક્ષક તને સળગાવશે નહિ. તુ પરમાત્મા વાચક છે. પરમાત્મા મૃત્યુના પણ મૃત્યુ છે. તુ તારા આત્મા ને પરમાત્મામાં સમાહિત કરીને પોતાના બ્રહ્માત્મક, પરમધામ સ્વરૂપ આત્માનું ચિંતન કર. તક્ષક નાગ કેવલ તારા શરીરને જ પોતાના વિષથી બાળશે પણ આત્મા ને નહિ.''

આ પ્રમાણેનો પોતાના ગુરૂ શુકદેવજીનો ઉપદેશ શ્રવણ કરી પરિક્ષિત બોલ્યા ''હે પ્રભુ! ભગવાન શ્રીકૃષ્ણના ચરિત્રવાળુ આ પુરાણ તમોએ અમોને સંભળાવ્યુ. તમોએ આપેલા ઉપદેશથી મને હવે તક્ષક રૂપી મૃત્યુનો કોઇ ભય રહ્યો નથી. હવે અમો પરમ શાંતિ ને પ્રાપ્ત કરી ચૂકેલા છીએ. અમારૂ અજ્ઞાન નષ્ટ થઇ ચૂકેલું છે અને અમો જ્ઞાન વિજ્ઞાન નિષ્ઠ થઇ ચૂકેલા છીએ.''

તદન્તર શુકદેવજી વિદાય થયા અને પરિક્ષિતે બધી બાજથી પોતાની ઇન્દ્રિયોની વૃત્તિ સંકેલી લીધી અને ભગવાન શ્રીકૃષ્ણમાં જોડી દીધી. આમ શુકદેવજીના ઉપદેશથી પરિક્ષિત મહારાજનો બધો ભય દૂર થયો અને તેઓ પરમપદને પામ્યા (શ્રીમદ્ ભાગવત/૧૨/૫ ,૬)

તે જ પ્રમાણે ક્રોધ મનુષ્ય પાસેથી સત્ અસત્ નો વિવેક છીનવી લે છે. ક્રોધના આવેશવાળો મનુષ્ય ન કરવા યોગ્ય કાર્યમાં પણ પ્રવૃત્ત થાય છે. ભગવાન શ્રીમન્નારાયણની અંતરંગ સેવિકા પણ ક્રોધના આવેશથી પોતાની સ્થિતિ પરથી ચલાયમાન થઇ ગય હતી. દેવી ભાગવતમાં કથા આવે છે તે પ્રમાણે ગંગાજી, સરસ્વતી અને લક્ષ્મીજી એ ભગવાનની સનાતન પત્નીઓ છે. એક સમયની વાત છે સરસ્વતી ને સંદેહ થયો કે ‘ભગવાન અમારા કરતા ગંગાજી ને વધુ સ્નેહ કરે છે.’ ત્યારે સરસ્વતી ભગવાન શ્રીહરિને કટુવચન કહેવા લાગ્યા. તે પછી તેઓ ગંગાજી પર ક્રોધિત થઇ તેઓને પણ કઠોરવાણીથી તાડિત કરવા લાગ્યા. ત્યારે ત્યાં ઉપસ્થિત શાન્ત સ્વરૂપા ક્ષમામયિ લક્ષમીજી એ સરસ્વતીને આમ કરતા અટકાવ્યા. તેઓના આ વ્યવહાર પર સરસ્વતીએ લક્ષ્મીજીને ગંગાનો પક્ષ લેનારા માન્ય અને ક્રોધના આવેશમાં તેઓ લક્ષ્મીજી પ્રત્યે શાપ આપતા બોલ્યા ‘તમે ગંગાજી નો પક્ષ લો છે માટે અમો તમોને શાપ આપીએ છીએ કે આપ વૃક્ષ રૂપ તથા નદી રૂપમાં જાવ.’ લક્ષ્મીજીએ સરસ્વતીનો શાપ સાંભળ્યો અને પોતે સમર્થ હોવા છતા પણ સરસ્વતીને શાપ આપવાની વાતનો બાજ પર રહી તેઓના મનમા સરસ્વતી ના આ કૃત્ય પર થોડો પણ ક્રોધ ન આવ્યો. તેઓ ત્યાં જ શાંતપણે બેસી ગયા અને સરસ્વતીના હસ્તને પોતાના હસ્તમાં પકડી લીધો.

આ પ્રમાણે કોઇપણ કારણ વગર સરસ્વતીએ લક્ષ્મીજીને શાપ આપ્યો તે ગંગાજીથી જોવાયુ નહિ તેઓ ક્રોધિત થઇ સરસ્વતી પ્રત્યે બોલ્યા ‘તુ પણ વૈકુંઠ

લોકમાંથી પતિત થઇ મનુષ્ય લોકમાં જઇ નદી રૂપ ધારણ કર' આ પ્રમાણેની ગંગાજીની કઠોર વાણી સાંભળી સરસ્વતી પણ ક્રોધાયમાન થઇ ગંગાજીને શાપ આપતા બોલ્યા 'ગંગા, તુ પણ ધરાતલ પર જઇને નદીરૂપ ધારણ કર અને બધાના પાપ તાપ ગ્રહણ કર.'

તેઓ પરસ્પર આ પ્રકારે એકબીજાને શાપ આપી શાંત થઇ ગયા ત્યાંજ ભગવાન શ્રીહરિ એકાએક તેઓની મધ્યમાં પ્રગટ થયા સર્વજ્ઞ ભગવાને તેઓની સમસ્ત વાત જાણી લીધી અને શાપનું મુખ્ય કારણ જાણી પ્રભ, તે સમય પ્રમાણે વાત કરતા લક્ષ્મીજી પ્રત્યે બોલ્યા ''પ્રિય, તમો તમારી એક કલાથી ધરાતલ પર બિરાજમાન રાજા ધર્મ ધ્વજને ત્યાં પધારો, મારાજ અંશથી ઉત્પણ્ન શંખ ચૂડ તમારૂ પાણી ગ્રહણ કરશે. ત્યારબાદ તમો પુનઃ અમોને પ્રાપ્ત થશો. ભારત વર્ષમાં આપ 'તુલસી' ના નામથી પ્રસિધ્ધિ પામશો. પરંતુ હાલના સમયમાં આપ સરસ્વતીના શાપથી નદી રૂપ ધારણ કરી ભારત વર્ષમાં પધારો.'' આ પ્રમાણે ભગવાન શ્રીનારાયણની વાત સાંભળી માતા લક્ષ્મી નદી રૂપ ધારણ કરી ધરાતલ પર પધાર્યા જે નદી 'પદમાવતી' નદી છે.

તદન્તર ભગવાન શ્રીહરિ ગંગાજી પ્રત્યે બોલ્યા ''દેવી, તમો પણ તમારા એક અંશથી ધરાલત પર પધારો ભગીરથની તપસ્યા દ્વારા તમો બ્રહ્મ લોકમાંથી ધરાતલ પર પધારશો અને ત્યા પાપીઓના પાપને પ્રક્ષાલન કરતા થકા 'ભાગીરથી! ના નામથી પ્રસિધ્ધ થશો. સમુદ્રએ મારો જ અંશ છે. અમારી આજ્ઞા પ્રમાણે આપ તેઓના પત્ની બની જાવ.''

તે પછી પ્રભુ સરસ્વતીને સંબંધતા બોલ્યા ''પ્રિયે! તમો ગંગાના શાપથી પોતાના એક કલાથી ભારતમાં જાવ, તથા તમો તમારા પૂર્ણ અંશથી બ્રહ્માજી પાસે જય તેમને પતિ રૂપે સ્વિકાર કરો.'' તે પછી શ્રીહરિ પુનઃ ગંગાજી પ્રત્યે બોલ્યા

''પ્રિયે તમો પણ તમારા પૂર્ણ અંશથી શિવજી પાસે જાવ કેવલ આ લક્ષ્મીજી જ અમારી પાસે પૂર્ણ અંશથી રહેશે. કારણ કે આમનો સ્વભાવ પરમ શાંત છે, તે ક્યારે ક્રોધ કરતા નથી, તેઓનો અમારા પર ઘણો ભાવ છે.'' આ પ્રમાણે સરસ્વતી તથા ગંગાજી એ સાક્ષાત્ ભગવાનના પત્ની હોવા છતાં પણ ક્રોધ કરવાથી ભગવાનના ધામમાંથી ચ્યુત થયા અને તેઓએ બીજાને પોતાના પતિ કરવા પડયા માટે જ શ્રી વલ્લભાચાર્યે કહે છે ' क्रोधेन ज्ञाननासम्अस्ति। ક્રોધથી જ્ઞાન નાશ પામે છે.' ગંગાપુત્ર ભીષ્મ કહે છે ' चिरं धारयते शेषं चिर कर्म नियच्छति। पश्चात्तापकरं कर्म न किं चिदुपपद्यते॥ જે દીર્ઘકાળ પર્યન્ત ક્રોધને પોતાની અંદર જ દબાવી રાખતો અને ક્રોધ પૂર્વક કરવાવાળા કર્મને દીર્ઘકાળ રોકી રાખે છે તેના દ્વારા કોઇ એવું કાર્ય બનતું નથી જે પશ્ચાતાપ કરનારૂ હોય. (મહા/શાન્તિ/૨૬૬/૭૪) બ્રહ્માપુત્ર સ્વાયંભૂ મનુ પણ કહે છે ' संयच्छ रोषं भद्रं ते प्रतीपं श्रेयसां परम्। श्रुतेन भूयसा राजन्न गदेन यथामयम्॥ येनो पसृष्टात्पुरुषाल्लोक उद्विजते भृशम्। न बुधस्तद्वशं गच्छेदिच्छन्न भयात्मनः॥ ઔષધથી જેમ રોગ શાંત કરાય છે તેમ અમારા આ ઉપદેશના વચનોને શ્રવણ કરી કલ્યાણના વિરોધી આક્રોધને હે ધ્રુવ! તમો શાંત કરો, તમારૂ મંગળ થાવ. ક્રોધી મનુષ્યથી બધાને ભય લાગે છે. જે બુધ્ધિમાન મનુષ્ય પોતાને અને બીજાને નિર્ભય કરવા ઇચ્છતો હોય તેણે ક્રોધને વશ થવું જોઇએ નહિ.' (ભાગ/૪/૧૧/૩૧-૩૨)

તેજ પ્રમાણે જે મનુષ્ય પ્રત્યેક કાર્યમાં અનાવશ્યક વિલમ્બ કરે છે તેને 'દીર્ઘસૂત્રી' કહેવાય છે આવા દીર્ઘસૂત્રી મનુષ્યોના કોઇપણ કાર્ય સિધ્ધ થતા નથી અને ક્યારેક એવું પણ બને છે કે આવા દીર્ઘસૂત્રીઓના પ્રાણ પણ સંકતમાં પડી જાય છે. આ સંબંધમાં મહાભારતમાં આવેલી ત્રણ મત્સ્યોની કથા અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે કોઇ એક સ્થાન પર એક તળાવ હતુ. તે

તળાવ ઘણું ઉંડું ન હતુ, એ તળાવમાં ઘણી માછલીઓ તથા ત્રણ મહામત્સ્યો રહેતા હતા. તેઓ એકબીજાના પરમ મિત્રો હતા. તેઓ બધા એક સાથે જ હરતા ફરતા હતા. આ ત્રણેય ના નામ તેના ગુણ, કર્મ તથા સ્વભાવ પ્રમાણે હતા. પ્રથમ મત્સ્યનું નામ 'અનાગતવિધાતા (દીર્ઘદર્શી) હતુ. જે સંકતમાં પડતા પૂર્વે જે પોતાની રક્ષાનો ઉપાય કરી લે તે અનાગત વિધાતા કહેવાય છે. બીજાનું નામ 'પ્રત્યુત્પન્ન મતિ (તત્કાલપ્રજ્ઞ)' હતુ જે ઉચિત સમયે પોતાની રક્ષાનો ઉપાય વિચારી લે તેને પ્રત્યુત્પન્નમતિ કહે છ. ત્રીજા મત્સ્યનું નામ હતુ 'દીર્ઘસૂત્રી' જે કર્તવ્ય (કરવાયોગ્ય) કર્મમાં અનાવશ્યક વિલમ્બ કરે તે દીર્ઘસૂત્રી કહેવાય છે. તે ત્રણેય જણા પોતાના સ્વભાવ પ્રમાણે તળાવમાં નિવાસ કરતા હતા.

એક દિવસની વાત છે કેટલાક માછિમારો એ મસ્ય પકડવા તળાવની ચારે બાજ નાની નાની નાળિયો બનાવી દીધી જેથી તળાવનું પાણી ચારે બાજથી બહાર વહેવા લાગ્યું. આ જોઇને તે ત્રણેય મિત્રોમાનો એક અનાગત વિધાતા જે દૂરદર્શી હતો તે પોતાના બે મિત્રો પ્રત્યે બોલ્યો ''ભાઇઓ જઓ આપણા માટે એક મોટું સંકટ ઉપસ્થિત થયું છે. તળાવમાંથી જળ ધીરે ધીરે ઓછ થવા માંડેલું છે અને થોડા સમયમાં બધુ પાણી બહાર વહી જતા માછી મારો આપણને પકડી લેશે. એટલે કેમેય કરી આપણે અહીથી જતા રહીએ. કારણ કે નીતિમાં કહ્યા પ્રમાણે 'સંકત ઉપસ્થિત થતા પહેલા જ તેને સમાપ્ત કરી દેવું જેથી તે સંકતમાં પડતો નથી.' જો તમોને અમારી વાત ઉચિત લાગે તો આપણે અન્ય જલાશયમાં જતા રહીએ.''

અનાગત વિધાતાની વાત સાંભળી દીર્ઘસૂત્રી બોલ્યો ''મિત્ર! તુ વાત તો યોગ્ય કહે છે પરંતુ અમારો વિચાર તો એવો છે કે જળ ધીરે ધીરે વહી રહ્યુ છે અતઃ ઉતાવળ કરવાની કંઇ જરૂર નથી. જ્યારે સમય આવશે ત્યારે જોઇ લેશું.''

દીઘસૂત્રી ની વાત સાંભળી પ્રત્યુન્નમતિ બોલ્યો ''મિત્ર દીઘંદર્શી! તારી વાત તો યોગ્ય છે, પરંતુ અમારી પ્રતિભાતો એવી છ કે જ્યારે સંકતકાળ ઉપસ્થિત થાય ત્યારે મારી બુધ્ધિ ઉચિતસમય પર તત્કાલ નિર્ણય લઇ લે છે, ક્યારેય ભૂલ થતી નથી.''

આ પ્રમાણે પોતાના બન્ને મિત્રોની વાત અનાગત વિધાતાને યોગ્ય ન લાગી અતઃ તે તો તળાવનો ત્યાગ કરી અન્ય તળાવમાં જતો રહ્યો અને ત્યાં સુખ પૂર્વક રહેવા લાગ્યો. આ તરફ માછીમારોએ જોયું તળાવમાં જળ ઓછ થઇ ગયું છે ત્યારે તેઓએ જાળ નાખો માછીઓ પકડી લીધી આ તરફ દીઘ સૂત્રી નામનો મત્સ્ય પણ સમયની પ્રતિક્ષા કરવાને કારણે જાળમાં ફસાઇ ગયો અને પ્રત્યુત્પન્નમતિ સંકતકાળ ઉપસ્થિત થતા, તેણે યુક્તિથી કામ લીધ. તેણે યુક્તિથી જાળને બહારથી પકડી લીધી તેથી માછોમારો ને લાગ્યુ કે આ પણ જાળમાં ફસાઇ ગયો છે. માછી મારો દ્વારા જાળ ખેંચાતા પ્રત્યુત્પન્નમતિ પણ જાળની બહાર આવી ગયો. માછીમારો તેના બુધ્ધિચાતુર્યને જાણી શકયા નહિ તેઓ જાળ ઉઠાવી બીજા જળાશય પાસે ગયા અને ત્યાં જળાશયના જળ દ્વારા મત્સ્યોને ધોવા લાગ્યા. પ્રત્યુત્પન્ન મતિ પણ આ અવસરની રાહ જોતો હતો. માછિમારોએ જેવી જાળ પાણીમાં ડૂબાડી કે તેજ ક્ષણે તેણે પોતાના મુખમાં પકડેલી જાળને છોડી દીધી અને શીઘ્ર જ તે ઉંડા જળમાં અદૃશ્ય થઇ ગયો આમ અનાગત વિધાતાએ તો શંકત આવતા પૂર્વે જ પોતાને બચાવી લીધા હતા. પ્રત્યુત્પન્નમતિ એ અવસર આવતા પોતાની બુધ્ધિ ચાતુર્યથી પોતાને સુરક્ષિત કરી લીધા અને બન્ને જણા સુખના ભાગી થયા. પરંતુ ત્રીજો દીર્ઘસૂત્રી જે શિઘ્ર કરવા યોગ્ય કાર્યમાં અકારણ મોડું કરતો રહ્યો તે અન્ય મત્સ્યોની જેમ માછિમારોનો ખોરાક બની ગયો. (મહાભારત/શાન્તિ/૧૩૭)

ઉપરોક્ત દીર્ઘસૂત્રી ની જેમ જે મનુષ્ય મોહવસ પ્રમાદમાં પડી પોતાના મસ્તક પર આવેલા કાળની ઉપેક્ષા કરી દે છે તે દીર્ઘસૂત્રીની જેમ નષ્ટ થઇ જાય છે. આ ઉપરાંત જે માનવ પોતાને ઘણો બુધ્ધિશાળી અને કાર્યકુશળ સમઝી અભિમાનમાં પડેલો રહે છે તો તેનું જીવન પણ સંશયમાં પડી જાય છે જેમ પ્રત્યુત્પન્નમતિવાળા મત્સ્યના પ્રાણ સંકત માં પડેલા હતા. કદાચિત તેની યુક્ત માછિમારોને વિદિત થઇ જતે તો તેના પ્રાણ સંકતમાં પડી જતે. અતઃ આ ચરિત્ર એ વાત બતાવે છે કે જ્યાં સુધિમાં કાળ ઉપસ્થિત ન થાય ત્યાં સુધિમાં આપણે આપણા કલ્યાણપથ ને પ્રશસ્ત બનાવી લેવું જોઇએ. આ જ શ્રેય કર માર્ગ છે. પ્રત્યુત્પન્નમતિની જેમ અવસરની પ્રતિક્ષા ન કરવી. કારણ આ માર્ગ સંશયાત્મક છે. પ્રથમ અનાગતવિધાતાનો માર્ગ જ ઉત્તમ છે. બીજો પ્રત્યુત્પન્ન મતિનો માર્ગ મધ્યમ છે. પણ આનાથી વિપરીત દીઘસૂત્રી મત્સ્યની નીતિનું અનુકરણ કરવાથી માનવ આલોક પરલોક બન્નેમાં દારૂ કષ્ટનો ભોગી થાય છે. માટે દૂરદર્શી બનવાનું છે ફણ દીર્ઘસૂત્રી નહી. શુક્રાચાર્યજી પણ કહે છે 'दिर्घदर्शी सदा च स्यात्... चिरकारी भवेन्नहि। દુરદર્શી હંમેશા બનો પણ દીઘસૂત્રી નહિ.' (શુક્નીતિ/૩/૬૯)

(શ્લો-૮૩) હવે નીતિકાર ત્યાગવા યોગ્ય છ નું વિધાન બે શ્લોકથી કરે છે-

શ્લોઃ ૮૪ षडिमान् पुरुषो जह्याद् भिन्ना नावमिवार्णवे।

अप्रवक्तारमाचार्यमन धीयानमृत्विजम्।

શ્લોઃ ૮૫ अरक्षितारं राजानं भार्यां चाप्रियवादीनाम्।

ग्रामकामं च गोपालं वनकामं च नापितम्।

શ્લોકાર્થ : મનુષ્યોએ આ છ નો સમુદ્ર માં છિદ્ર પડેલી હોળની જેમ ત્યાગ કરી દેવો (૧) ન બોલનારા આચાર્યનો (૨) મંત્રન બોલનારા ઋત્વિજનો (૩) રક્ષણ

ન કરનારા રાજાનો (૪) કટુવચન બોલનારી સ્ત્રીનો (૫) ગામમાં રહેનારા ગોવાળનો (૬) વનમા રહેવાની ઇચ્છાવાળા નાઇનો (હજામનો)

ચ.ટી. : જેની જ્યાં આવશ્યકતા હોય અને તે ત્યાં ન રહે તો એવી સ્થિતિમાં વ્યવસ્થા કેવી રીતે રહેશે? અર્થાત્ જેનું જે કામ છે તે તેને ન કરે તો તે સમયે અવ્યવસ્થા થઇ જશે એટલે માટે નીતિકારે આ બધી વસ્તુને ત્યાગ કરવાની કહી છે. આચાર્ય વિષ્ણુગુપ્ત ચાણક્ય પણ કહે છે 'त्यजेद्धर्मंक्ष्याहीनं विद्याहीनं गुरूं त्यजेत्। त्यजेत् कोधीमुखींभार्यां निःस्नेहान् बान्धवांस्त्यजेत्॥ દયા તથા મમતા વિનાનો ધર્મ વિદ્યા હીન ગુરૂ, સદાય ક્રોધ કરતી પત્ની અને પ્રેમ કે સ્નેહ વિનાના સગાસમ્બન્ધિઓ આ ચારનો વહેલી ટકે ત્યાગ કરવામાં જ ભલાઇ છે.' (ચાણક્યનીતિ/૪/૫૧)

ગુરૂ એટલે વિદ્યાનું ધામ જે ગુરૂ પાસે વિદ્યા જ ન હોય તે પોતાના શિષ્ટોને શુ ઉપદેશ આપે ? વિદ્યાહીન ગુરૂ સમાજ માટે કલંક છે. તે શિષ્યોના ભવિષ્યને અંધકારમય બનાવ્યા સિવાય કંઇ જ કરશે નહિ. માટે આવા ગુરૂનો ત્યાગ કરવો એજ ઉચિત છે. કહ્યુ પણ છે 'गुरोरप्यव लिप्तस्य कार्याकार्यमजानतः। उत्पर्थपन्नस्य मनु त्यागं समब्रवीत्॥ અવલિપ્ત (ગર્વ વડે અંધ) કાર્યઅકાર્ય ના વિવેક રહિત, શાસ્ત્ર વિહિત સ્વધર્મના ઉલ્લંઘન રૂપ કુમાર્ગને પામેલા તેવા વિવેક રહિત શાસ્ત્રના આચરણથી રહિત ગુરૂનો ત્યાગ કરવો.'(સ.જી. ૫/૩/૬૬)

તેમ યજ્ઞ માટે નિયુક્ત કરેલો ઋત્વિજ જો મંત્રોચ્ચારણ ન કરે તો તેનો ત્યાગ કરવો જ હિતાવહ છે. કારણ કે દેવતા ઓ મંત્રને આધિન છે અને મંત્ર એ ઋત્વિજને આધિન હોય છે. જે મંત્રના જે દવતા હોય તેને ઉદ્દેશી અગ્નિમાં આહુતિ આપવામાં આવે છે તે આહુતિ તે દેવતા ને પ્રાપ્ત થાય છે અને તે દેવતા યજમાનને વાંચ્છિત ફળની પ્રાપ્તિ અથા સંકતનો નાથ કરનારા થાય છે. પરંતુ

ઋત્વિજ મંત્ર જ ન બોલે તો મંત્રને આધિન દેવતાઓ આહુતિ કેવી રીતે સ્વિકારે અને આહુતિ ન સ્વિકારનારા દેવતાઓનું યજમાનનું હિત કેવી રીતે કરી શકે? માટે આવા ઋત્વિજનો ત્યાગ કરવો એજ ઉચિત છે.

તે જ પ્રમાણે જે દેશનો રાજા ગુણવાન તથા ધૈર્ય પરાયણ હોય, ધર્મ નીતિનો આશ્રય કરીને રહેલો હોય ત્યાં સ્ત્રી, પુત્ર, મિત્ર સમ્બન્ધિ તતા દેશ બધા જ ઉત્તમ ગુણથી સંપન્ન હોય છે. પણ જે રાજધર્મને જાણતો નથી અથવા ધર્મથી બહિર્મુખ છે ત રાજાના અત્યાચારથી પ્રજાનો નાશ થાય છે રાજા પોતે જ ધર્મ, અર્થ, કામ આ ત્રણનું મૂળ છે અતઃ તેણે સાવધાનથો પૂર્વક પ્રજાનું પાલન કરવું કહ્યુ પણ છે. 'यत्र विश्वास: स देशो यत्र जीव्यते॥ દુષ્ટ ભાર્યા, દુષ્ઠ પુત્ર, કુટિલ રાજા, દુષ્ટ મિત્ર, દુષિત સમ્બન્ધિ અને દુષ્ઠ દેશને દૂરથી જ ત્યજી દેવા યોગ્ય છે.' (મહા.સા./૧૩૯/૩૬) 'अथयेषाम धर्मज्ञो राजा भवति नास्तिक:। न ते सुखम् प्रबुध्यन्ति न सुखं प्रस्वपन्ति च। सदा भवन्ति चोद्विग्नास्तस्य दुरचरितैर्नरा:। योगक्षेम हि वहवोराष्ट्रं नास्य विशन्ति तत्॥ જેનો રાજા ધર્મને નથી જાણતો અને નાસ્તિક છે, તેની પ્રજા ક્યારેય સુખેથી સુઇ શકતી નથી તથા સુખથી જાગી પણ શકતી નથી પણ તે રાજાના દુરાચરથી હંમેશા ઉદ્વિગ્ન રહે છે. આવા રાજાના રાજ્યમાં યોગક્ષેમ પ્રાપ્ત થતો નથી. આવા રાજાનો ત્યાગ કરવો.' (મહા/અનુ./૬૨/૪૧-૪૨) આ સન્દર્ભમાં ભોજરાજ કંશ દ્રષ્ટાન્ત રૂપ છે. કે જેના ત્રાસથી અતિ ત્રસ્ત થયેલા યાદવો મથુરા જનપદનો ત્યાગ કરી કરૂ, પાંચાલ, કેકય, શાલ્વ, વિદર્ભ, નિષધ, વિદેહ અને કોશલ વગેરે દેશમાં જઇને વશ્યા. (શ્રીભાગ /સ્કં/૧૦/૨/૩-૪)

તેમ નીતિકાર કટુ વચન બોલનારી નારીનો પણ ત્યાગ કરવાનું કહે છે અને આપ્ત પુરૂષો એ આ પ્રમાણેનું આચરણ કરેલુ પણ જોવા મળે છે. શેષાવતાર

રામાનુજચાર્યજીના લગ્ન થયા બાદ તેઓનું વૈવાહિક જીવન સુખપૂર્ણ ન હતુ. પોતાની પત્ની 'રક્ષકામ્બા' સાથે તેઓને હંમેશા મતભેદ રહેતો હતો. એક દિવસની વાત હતી શ્રીરામાનુજાચાર્યે શરીર તેલ ચોળવા માટે તે કળામાં કુશળ કોઇક વૈષ્ણવને પોતાને ઘરે બોલાવ્યો હતો. ક્ષુધા અને પિપાસાથી અતિ દુર્બળ થઇ ગયેલા તે વૈષ્ણવને દેખી દયાર્દ્ર થઇ ગયેલા આચાર્યે પોતાની પત્ની રક્ષકામ્બા ને કાંઇ ભક્ષ્ય કરવાની વસ્તુ ઘરમાં હોય તો તે આ વૈષ્ણવને આપવા માટે કહ્યુ. ત્યારે પત્નીએ તેઓના વચનની ઉપેક્ષા કરીને કહ્યું કે 'ઘરમાં ખાવાની કોઇ વસ્તુ તૈયાર પડી નથી.' તેના વચનમાં વિશ્વાસ નહિ આવવાથી આચાર્યે જાતે ઉભા થઇ ભોજનાલયમાં તપાસ કરી ત્યારે ભોજનાલયમાં ભક્ષણ કરવા યોગ્ય વસ્તુઓ હતી. એટલે તે વસ્તુ લઇ તેઓએ આવેલા વૈષ્ણવને ભોજન કરાવ્યુ અને પછી મનથી ખૂબ નારાજ થઇને તેઓની પત્નીને ખૂબ ઠપકો આપ્યો.

તેઓની પત્નીએ તો આચાર્યના વચનને કંઇપણ ગણકાર્યા વિના નહિ અને તેઓતો ઘટ લઇન કુવે પાણી ભરવા જતા રહ્યા. બરાબર આજ સમયે આચાર્યના ગુરૂ શ્રીમહાપૂર્ણાચાર્યની પત્ની પણ કૂવે પાણી ભરવા આવેલા કુવામાં ઘડા ડૂબાડીને બન્ને જણા કૂવામાંથી ઘડાને ખેચવા લાગ્યા. તે સમયે શ્રીમહાપૂર્ણાચાર્યના પત્નીના ઘડાના પાણીના છાંટા રક્ષામ્બાના ઘડા ઉપર પડયા આથી રક્ષામ્બાએ ક્રોધાઇમાન થઇ શ્રી મહાપૂર્ણાચાર્યના પત્નીને ઘણા તુચ્છકાર ભર્યા કટુવચન કહ્યા અને તેમના પ્રત્યે બોલ્યા કે 'જાતિ, કુળ, શીલ, વિદ્વત્તા અને ધન સંપત્તિની દૃષ્ટિ એ અમે ઉચ્ચ છીએ અને તમો તો અમારાથી બધી રીતે નીચ છો. તો તારા પાણીના છાંટા પડવાથી મારૂ જળ અશુદ્ધ થઇ ગયું.

આમ જોવા જાય તો શ્રી મહાપૂર્ણાચાર્યજીની જેમ જ તેમની પત્ની પણ રક્ષકાંબાને માટે પૂજનીય હતી એટલે તેના પાણીના છાંતા ઊડવાથી તો

રક્ષકાંબાએ પ્રસન્ન થવું જોઇએ કારણ કે આચાર્ય રામાનુજ તો શ્રી મહાપૂર્ણાચાર્યજીના ચરણામૃત આદી ને પ્રાપ્ત કરી પોતાને અહોભાગ્ય માનતા હતા. બન્ને સ્ત્રીઓના એક બીજા પ્રત્યેના કટુવચન સાંભળી શ્રીમહાપૂર્ણાચાર્યજી અતિદુઃખી થઇ ગયા. તેમણે વિચાર્યુ કે 'આ બાબતે રામાનુજાચાર્ય તો મનમાં દુઃખી થશે જ,'' એટલે તેઓ તેજ દિવસે પોતાના પરિવારને સાથે લઇ કાંચીપુરીથી શ્રીરંગ ક્ષેત્ર જવા માટે રવાના થયા.

આ તરફ રામાનુજ પોતાના નિત્ય નિયમ મુજબ શ્રી મહાપર્ણાચાર્યજીના ઘરે ગયા. પણ ગુરૂના પરિવાર વગરના ખાલી ઘરને જોઇને તેઓ અતિ દુઃખી થયા. આડોશ પાડોશ ના લોકો કોઇ સ્પષ્ટ કારણ બતાવી ન શક્યા પણ તેઓ એટલુ બોલ્યા કે 'આપની અને મહાપૂર્ણ સ્વામીની જે ભાર્યા મધ્યે કંઇક કલહ થયેલો જે લઇ દુઃખી થએલા શ્રી મહાપર્ણાચાર્ય શ્રી રંગમ ચાલ્યા ગયા હશે.' આ પ્રમાણેના સમાચાર સાંભળી રામાનુજ ઘરે આવ્યા અને પોતાની પત્નીને ઠપકો આપતા બોલ્યા 'હું આ તારો દુષ્ટ સ્વભાવ ક્યારેય સહન નહિ કરૂ આથી તુ તારા પિતાને ઘરે જતી રહે. મારા હ્દયમાં તારા માટે કોઇ સ્થાન નથી. અમો અત્યારેજ તારો ત્યાગ કરીએ છીએ.' પતિના આવા કઠોર વચન સાંભળી રક્ષકાંબા ભયભીત થઇ કાંપવા લાગી. તેની આ પ્રમાણેની અવસ્થા જોઇ રમાનુજનો ક્રોધ કંઇક શાંત થયો, પરંતુ તેઓ પત્નીને પોતાની સાધનામાં વિધ્નરૂપ માનવા લાગ્યા. તેમજ તેના પરિત્યાગનો યોગ્ય અને સરળ ઉપાય વિચારવા લાગ્યા.

એક સમયની વાત છે આચાર્ય ભગવાનની સેવા કરતા હતા. તે સમયમાં એક ક્ષુધાતુર બ્રાહ્મણ તેઓના દ્વાર પર આવ્યો અને તેણે ભિક્ષા માટે શાદ કર્યો આચાર્યની દૃષ્ટિમાં તો અતિથિ ભગવાન રૂપ હતો. તેણે ક્ષુધાતુર બ્રાહ્મણને કહ્યુ

''અમો અત્યારે ભગવાનની સેવામાં વ્યસ્ત છીએ માટે તમારી સાથે ઘરે આવી શકીએ તેમ નથી માટે આપ અમારા ઘરે જાવ અને અમારા પત્નીને કહેજો કે 'તમારા પતિ એ અમોને ભોજન કરવા મોકલેલા છે.'' તેઓની વાત સાંભળી બ્રાહ્મણ તેમના ઘરે આવ્યો અને તઓને રામાનુજે જેમ કહ્યુ હતુ તેમ કહ્યુ. ત્યારે રક્ષકાંબાએ કહ્યુ કે- 'મારી પાસે તમોને ભોજન આપવા યોગ્ય કંઇ નથી એટલે આપ આપને મોકલનારા તે દયાસાગરની પાસે જાવ' તેઓની વાત સાંભળી બ્રાહ્મણ રામાનુજ પાસે આવ્યો અને દુઃખી મનથી બધુ વૃત્તાંત રામાનુજને કહી સંભળાવ્યુ.

તેઓની વાત સાંભળી રામાનુજે પોતાના સારરીયા તરફથી એક બનાવટી પત્ર લખ્યો. તેનાં ઉપર હળદર નાંખીને ફળ આદી આપી પેલા બ્રાહ્મણને કહ્યું કે 'તમે અમારી પત્ની પાસે જાઓ અને તેમને કહેજો કે 'અમો તમારા પિયરમાંથી આવેલા છે અને તમને લઇ જવાને ફળ, વસ્ત્ર તથા પત્ર આદિક લાવ્યા છીએ.' પછી તે બ્રાહ્મણે રામાનુજના કહ્યા પ્રમાણે બધુ કર્યુ. પોતાના પતિની કુટિલાને સમજ્યા વિના જ રક્ષકાંબાએ તે બ્રાહ્મણ પર વિશ્વાસ કરી લીધો અને પોતાના માતા પિતા વિગેરેની કુશળતા પુછી અને વસ્ત્ર, ફળ, હળદળ અને પત્ર વિગેરે ગ્રહણ કરી લીધા. તે પછી પેલા બ્રાહ્મણે કહ્યુ કે 'તમારા કનિષ્ટ ભ્રાતાના વિવાહ કરવાના છે, એટલે તે લોકોએ તમને બોલાવ્યા છે.' બ્રાહ્મણની વાત સાંભળી રક્ષકાંબાએ પ્રસન્ન થઇ બ્રાહ્મણને સારી રીતે ભોજન કરાવ્યું.

તદન્તર રામાનુજ ઘરે આવ્યા એટલે રક્ષકાંબાએ તેઓને બધી વાત કરી એટલે રામાનુજ તો આ બધી ઘટનાથી અપરિચિત હોય તેમ વર્ત્યા. ઔપચારિક રીતે તેઓએ બ્રાહ્મણ થકી બધી વિગત જાણીને તેણે રક્ષકાંબા ને કહ્યુ 'આ વખતે તમને જે ગમે તે વસ્ત્રો અને ઘરેણા લઇને ઘરે જાઓ અને થોડા દિવસ

પછી આવજો.' પતિની અનુમતિ પ્રાપ્ત થતા જરૂર પુરતો સામાન અને થોડા સેવકોને લઇ રક્ષકાંબા પોતાના પિતાને ઘરે ગયા અને જેવા તેઓ ગયા તેવા જ રામાનુજે ભગવાન વરદરાજની આજ્ઞાથી સંન્યાસાશ્રમ ગ્રહણ કરી લીધો. (શ્રીપ્રપન્નામૃતમ્/અ-૧૨-૧૩)

તેજ પ્રમાણે બ્રાહ્મણનો ધર્મ અધ્યયન કરવું કરાવવું, ક્ષત્રિઓએ પ્રજાનું રક્ષણ કરવું, વૈશ્યોએ કૃષિવાણિજ્ય અને શુદ્રોઅ દ્વિજમાત્રની સેવા કરવી આ વર્ણવ્યવસ્થા ભગવાને સંસારના અભ્યુદય અને નિઃશ્રેયસ માટે દરેક મનુષ્યના ગુણ જોઇ સ્થિર કરેલી છે. 'चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्म विभागशः' (ગીતા/૪/૧૩) ભગવાને નિર્માણ કરેલી આ વર્ણમર્યાદાનું ઉલ્લંઘન કરવાથી સમાજનો વ્યવહાર અસ્તવ્યસ્ત થય જાય છે. ગાયોને ચરાવનારો ગોવાળ પોતાના વ્યવસાયનો ત્યાગ કરી હંમેશને માટે ગામમાં વસવાટ કરતા લાગશે તો પશુપાલન રૂપી કર્મ કોણ કરે? કારણકે ગોવાળે પશુઓને ચરાવવાના હોવાથી તે બહુધા વનમાં રહે તેજ તેને માટે ઉચિત હોય છે. તેમ નાઇ(વાળંદ) નું કાર્ય ક્ષૌર કર્મ કરવાનું છે તે શહેરનો ત્યાગ કરી વનમાં રહેવા તૈયાર થાય તો વનમાં તે તેના વ્યવસાય અનુસાર કાર્યથી વંચિત રહે માટે તેને માટે શહેર જ ઉચિત છે અને ગોવાળ માટે વન. આ સંદર્ભમાં ઉત્તર રામ ચરિત માં આવતુ શમ્બૂકનુ ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે.

એક સમયની વાત છે રામ રાજ્યમાં નિવાસ કરીને રહેતા એક બ્રાહ્મણનો પુત્ર અચાનક પરલોક વાસી થઇ ગયો. બ્રાહ્મણે પોતાના પુત્રનું શબ લાવી રાજ દ્વાર પર મુકયુ અને તે કરૂણ ક્રન્દન કરતા બોલ્યો 'અમારા પરિવારમાં કોઇ દુરાચારી નથી, એટલે રાજાના અપરાધતી મારા પુત્રનું મૃત્યુ થયું છે.' તદન્તર દેવર્ષિ નારદજી દ્વારા ભગવાન શ્રીરામ ને સમાચાર પ્રાપ્ત થયા કે 'શમ્બૂક નામનો

એક ક્ષુદ્ર પોતાના સેવા રૂપિ કાર્યને તિલાંજલિ આપી કઠોર તપસ્યામાં આરૂઢ થયો છે તે એક વૃક્ષની ડાળી પર પગ લટકાવી મુખ જમીન પર રાખી નીચે અગ્નિ પ્રકટાવી તપ કરે છે.' શાસ્ત્રોમાં શુદ્રને કઠોર તપસ્યા કરવાની મનાઇ છે. છતા આ શુદ્ર પોતાના સેવા રૂપી ધર્મનો ત્યાગ કરી તપસ્યામાં પ્રવૃત્ત થયો છે એમ જાણી શ્રીરામ તેની પાસે આવ્યા અને તેને તપસ્યામાંથી નિવૃત્ત થવા આજ્ઞા કરી પરંતુ શ્રી રામના વચનનો તેણે અનાદર કર્યો એટલે શ્રીરામે નન્દક નામના ખડગથી આનો શિરોચ્છેદ કરી દીધો અને જ્યાં આનો શિરોચ્છેદ થયો ત્યાં જ પેલા બ્રાહ્મણનો પુત્ર જીવિત થઇ ગયો. કોઇક શંકાકાર એવી શંકા કરે કે 'શુદ્રના તપ કરવાથી બ્રાહ્મણ બાળક મૃત્યુ કેવી રીતે પામ્યો?' તો રામના રાજ્યમાં સર્વ પ્રજા વર્ણાશ્રમ પ્રમાણે પોતાના ધર્મમાં વર્તતી હતી. બ્રાહ્મણ સ્વમાર્ગ અનુસાર જ્ઞાનમાર્ગમાં અગ્રસર હતા. ક્ષત્રિયો ગાય તથા પ્રજાની રક્ષા પરાયણ હતા. વશ્ય કૃષિ અને ગોપાલન કર્મમાં નિયુક્ત હતા. જ્યારે શુદ્ર રાષ્ટ્ર સેવાના કાર્યમાં યોજાયેલા હતા. આ શમ્બૂક નામનો શુદ્ર અયોધ્યા નગરીની સ્વાસ્થરક્ષાનો અધિકારી હતો. ઘણા સેવકો તેના હાથ નીચે કાર્યરત હતા અને તેના નિર્દેશ અનુસાર અયોધ્યાની સાફ સફાઇ કરતા હતા.

એક દિવસની વાત છે આ શમ્બુક કોઇપણ ને સૂચિત કર્યા વિના ગહન વનમાં તપ કરવા જતો રહ્યો. આ તરફ સ્વાસ્થ વિભાગનો અધ્યક્ષ જ કોઇને કહ્યા મુક્યા વગર જ જતો રહ્યો તો તેના નિર્દેશાનુસાર સાફ સફાઇ કરારા સેવકો કાર્ય કેવી રીતે કરે? એટલે બધા નિરંકુશ થઇ ગયા અને તેને કારણે સમસ્ત અયોધ્યાનગરી ગન્દકીથી ખદબદ થઇ ગઇ અને તેને લઇ મચ્છર માખીનો ઉપદ્રવ થતા મહામારીનો ઉપદ્રવ થયો અને તેમાં આ બ્રાહ્મણનો બાળક મૃત્યુ પામ્યો આ બાબતની શોધખોળ કરતા સમાચાર મળ્યા કે 'આ બધુ શમ્બુકની

અનુપસ્થિતિમાં થયુ છે અને તેને લઇ તેના હાથ નીચે કાર્ય કરતા સેવકો સ્વચ્છંદિ થઇ ગયા છે એટલે અયોધ્યાની સાફ-સફાઇ પર પુરતુ ધ્યાન અપાયું નથી એટલે રોગચાળો ફાટી નીકળતા આ ઘટના બનવા પામી છે.

ગુપ્તચરો દ્વારા આ સમાચાર મળતા વિશિષ્ટ ઋષિશ્રી રામ પ્રત્યે બોલ્યા 'રાજન્, જે મૂર્ખ વ્યક્તિગત સ્વાર્થ માટે પોતાના ધર્મ નો ત્યાગ કરી બીજાને કષ્ટ પહોંચાડે છે તે દંડને યોગ્ય છે, જ્યાં એકનો વધ કરવાથી બાકીનાનો ઉદ્ધાર તતો હોય તો તેનો વધ કરવામાં દોષ નથી.' તે પછી રામજી વનમાં ગયા પ્રથમ તો શમ્બૂકને સમજાવતા શ્રી રામે સામનીતિથી કામ લીધુ પણ જ્યારે શ્રીરામની વાતને તેણે અમાન્ય કરી ત્યારે શ્રીરામે તેનો વધ કર્યો. કારણ કે તેના પોતાના વ્યક્તિગત સ્વાર્થથી કેટલાએ મનુષ્યો પીડા પામતા હતા અને મૃત્યુ બાદ પણ આ શમ્બૂક દિવ્યરૂપ ધારણ કરી ભગવાનના દિવ્ય ધામમાં જ ગયો. માટે શંકા અસ્થાને છે (ઉત્તમરામચરિતનાટક/દ્વિતીયઅંક) માટે ભગવાને બનાવેલી વ્યવસ્થાનો ભંગ ક્યારેય પણ ત્યાગ ન કરવો અને જે આ વ્યવસ્થાનો ભંગ કરે તો તેનો ત્યાગ કરવો એ જ ઉચિત છે. (શ્લો-૮૪, ૮૫) હવે છ ગુણોને ક્યારે પણ ત્યાગ ન કરવાન્ વિધાન કરે છે-

શ્લોઃ ૮૬ षडेव तु गुणाः पुंसां न हातव्याः कदाचन।

सत्यं दानमनालस्यमनसूया क्षमा धृति ॥

શ્લોકાર્થ : આ છ ગુણોને પુરૂષોએ ક્યારેય ત્યાગ ન કરવા (૧) સત્ય બોલવું (૨) દાન આપવુ (૩) આળસ ન કરવી (૪) દ્વેષ નહિ રાખવો (૫) ક્ષમા કરવી (૭) ધૈર્ય-ધીરજ રાખવી.

ચ.ટી. : ગુણોના સંગ્રહથી જ લોક કલ્યાણ અને પોતાનું કલ્યાણ થાય છે. શ્રુતિ અને સ્મૃતિઓમાં સત્યનો ઘણો મહિમાં ગવાયો છે. જેમકે વેદ ભગવાન કહે

છે 'सत्यमेव जयति नानृतं सत्येन पन्था विततो देवयानः॥ येना क्रमन्त्पृषयो ह्याप्तकामा यत्र तत् सत्यस्य परमं निधानम्॥ સત્યથો જ જય થાય છે, અસત્યથી નહિ સત્યધર્મથી જ બ્રહ્મલોકની પ્રાપ્તિનો વિસ્તૃતિમાર્ગ (દેવયાનમાર્ગ) પ્રગટ થાય છે. જેના દ્વારા આપ્તકામ મહર્ષિગણ તે પરમધામમાં જાય છે, જ્યાં સત્યના પરમ આશ્રય પરમાત્મા અનાવૃત્ત રૂપથી સ્થિત છે.' (અથર્વવેદ/મુન્ડુકઉપ./૩/૨/૩) સ્મૃતિપણ 'नास्ति सत्यात् परो धर्मो नानृतात् पातकं परम्॥ સૌથી મોટો ધર્મ સત્ય છે અને સૌથી મોટુ પાપ અસત્ય છે.' (મહા/અનુ. /અ.૧૪૧) ' सत्ये लोकः प्रतिष्ठितः સત્યમાંજ સંપૂર્ણ જગત પ્રતિષ્ઠિત છે.' (વા. સામા./અયો./૧૦૯/૧૦)

સત્યના સન્દર્ભમાં પદ્મ પુરાણમાં આવતી નંદા ગાયનું ચરિત્ર અવલોક્ન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે એક સમયે કેટલાક ગોવાળોએ ગોચર ભૂમિ અને જળની સુવિધા જોઇને સરસ્વતિ નદીની આસપાસ પોતાના રહેવા માટે પોતાના ગોષ્ઠોનું નિર્માણ કર્યુ. તેઓ બધા પાસે અપાર ગોધન હતુ. તેઓ બધાએ ગોષ્ટની સાથે પોતાના ઘરોનું પણ નિર્માણ કર્યુ. ગોવાળો ચારે બાજથી ગોશાળની રક્ષા કરતા હતા ગાયો પણ ઘાસને જોઇ અત્યંત પ્રસન્ન થઇ. આ બધી ગાયોમાં એક 'નંદા' નામની ગાય હતી. જે ઘણી હ્રષ્ટ પુષ્ટ હતી. તે હંમેશા પ્રસન્ન રહેતી હતી તથા બધી ગાયોમાં નિર્ભય થઇ આગળ ચાલતી હતી. એક દિવસ આ નંદા પોતાના ઝુંડથી છૂટી પડી ગય અને માર્ગ ભૂલી જતા એક વાઘની સમિપ જઇ પહોંચી. ગાયને જોઇ વાઘ તેનું ભક્ષણ કરવા તેના પર ટૂટી પડયો. ત્યારે નંદાન પોતાના નાના બાળકની યાદ આવી. બાળકની યાદ આવતા જ તેના નેત્રોમાંથી આંસુની ધારા વહેવા લાગી. આ જોઇ વાઘ બોલ્યો 'તારી આયું સમાપ્ત થઇ હોવાથી જ તો તુ મારી પાસે આવી છે, હવે શોક શા માટે કરે છે.'

વાઘની વાત સાંભળો નંદા બોલી 'વાઘ, અમોને અમારા જીવનની ચિંતા નથી પરંતુ અમો અમારા બાળ માટે ચિંતિત છીએ. તે હજ ખૂબ નાનો છે. તે હજ તૃણ પણ ભક્ષણ કરતો નથી. મારા ન રહેતા તેની શુ દશા થશે? હું તેને સ્તન પાન કરાવવા માંગુ છ. જો તમે અમોને થોડો સમય આપશો તો અમો તેને સ્તન પાન કરાવી તેને હિતનો બોધ આપી આવુ. ત્યારબાદ તમો અમારૂ ભક્ષણ કરજો.' ત્યારે વાઘે નન્દાની વાત અનસુની કરી દીધી. તે પછી નંદા એ ઘણા સોગંધો ખાય વાઘને જવા આજીજી કરી અને તે સોગંધનો પ્રભાવ વાઘ પર પડયો અને તેણે નંદાને જવા માટે આજ્ઞા આપી.

વાઘની આજ્ઞા થતા નન્દા ઉતાવણી ગતિથી પોતાના વત્સ પાસે આવી દૂરદેશથી જ તેણે પોતાના વત્સના રંભાવાની પોકાર સાંભળી એટલે તે અત્યંત ઉતાવળી ગતિએ વત્સ પાસે આવી અને તેને સ્નેહ કરતા નેત્રમાંથી અશ્રુ વહેવડાવવા લાગી. ત્યારે તેના બાળકે તેને રૂદન કરવાનું કારણ પુછ્યું ત્યારે નંદાએ તેને બધી વાત કહી અને તેના પ્રત્યે બોલી 'બેટા, અમો સત્યની રક્ષા કરવા માટે પુનઃ વાઘ પાસે જશું.'

પોતાની માતાની વાત સાંભળી તેના બાળકે પણ તેની સાથે આવવાની વાત કરી. પણ નંદાએ તેને ના પાડી અને તેને ધર્મ પર અટલ રહેવાનો બોધ આપ્યો અને તે પોતાની માતા, સખીઓ, ગોપ ગોપીઓને મળી તે પુનઃ વાઘ પાસ જવા રવાના થઇ. તેની સખીઓને તેના આ નિર્ણય અયોગ્ય લાગ્યો. તેઓ બધો નન્દા પ્રત્યે બોલી 'પોતાની રક્ષા માટે સપથ અને સત્યની દુહાઇ આપવી એક કર્તવ્ય છે. એટલે તે પ્રાણ રક્ષા માટે તે યોગ્ય કરેલું છે માટે હવે તુ તારો નિર્ણય બદલ અને તેની પાસે જવાનું રહેવા દે.'

તેઓની વાત સાભળો નન્દા બોલી ''અન્યના પ્રાણ બચાવવા અસત્ય બોલવું પાપ નથી પણ પોતાને બચાવવા અસત્ય બોલવું પાપ છે. અમો સત્યની રક્ષા કરવા માગીએ છીએ કારણ કે સત્ય જ ઉત્તમ તપ છે.' ત્યારબાદ નંદા બધાને છોડી વાઘની પાસે આવી. તેનો વત્સ પણ તેની પાછળ આવ્યો અને વાઘ તથા પોતાની માતા નન્દાની મધ્યમાં આવી ઉભો રહી અને વાઘ પ્રત્યે હોલ્યો, 'વાઘ મામા, આપ અમારો પણ આહાર કરી જાવ પણ અમારી માતાને મુક્ત કરી દો.' ત્યારે નનંદા વાઘ પ્રત્યે બોલી. 'વાઘ, અમો સત્ય ધર્મનું પાલન કરવા તારી પાસે આવેલા છીએ, હવે તમો અમારૂ ભક્ષણ કરો' વાઘ પણ નન્દા ની સત્યનિષ્ઠા જોઇ અતિ પસન્ન થયો અને તેના પ્રત્યે બોલ્યો ''નંદા તારી શપતસાંભળીને અમો પણ કૌતુહલમાં પડી ગયા હતા કે આ જઇને પાછી આવશે જ નહિ. એટલે સત્યની પરિક્ષા માટે જ અમોએ તને જવા દીધેલી હતી. અમો તારી અંદર સત્ય જોવા માંગતા હતા. જે અમોએ જોઇ લીધું, માટે આજથી તું મારી બહેન અને તારો દિકરો એ મારો ભાણેજ. અમો તારી સત્યનિષ્ઠાનું સ્વાગત કરીએ છીએ. તારી ધર્મનિષ્ઠાએ અમારૂ પણ જીવન પરિવર્તન કરી દીધુ. હવે અમો પણ હિંસાવૃત્તિ છોડી અહિંસા ધર્મ અપનાવીએ છીએ.'' તે પછી વાઘે નંદાને પોતાને હિતોપદેશ આપવા માટે કહ્યુ.

ત્યારે નંદા બોલી 'જે લોકોને અભય દાને આપે છે તે બધા ભયથી મુક્ત થઇ પરમાત્માને પ્રાપ્ત કરે છે.'' તેના આ વચન શ્રવણ કરી વાઘને પોતાના પૂર્વ જન્મનું વૃત્તાંત સ્મરણ આવ્યુ. તે નંદા પ્રત્યે બોલ્યો ''બહેન, અમો પૂર્વ જન્મમાં એક રાજા હતા અને તે રાજના દેહમાં શિકાર દરમ્યાન અમારાથી એક અપરાધ થયો હતો. અમારાથી એક સ્તનપાન કરાવતી મૃગલીનો વધ થઇ ગયો હતો અને તેના શાપથી અમો આ જન્મમાં વ્યાગ્રની યોની પામેલા છીએ. વાઘની યોનિમાં

અમો અમારૂ પૂર્વ વૃત્તાંત ભૂલી ગયા હતા પરંતુ તારા સંઘથી અમોને તે યાદ આવી ગયું.''

તે પછી વાઘે નન્દાને તેનું નામ સંભળાવવા કહ્યુ જેવું એણે તેને પોતાનું નામ સંભળાવ્યુ કે તરત તેણે પોતાના વાઘના દેહનો ત્યાગ કર્યો અને તે પુનઃ રાજાના દેહમાં આવી ગયો. તેવા સમયે નંદાના સત્ય પર આકૃષ્ટ થઇને ધર્મરાજ ત્યાં પ્રગટ થયા અને વરદાન માંગવા કહ્યુ. ત્યારે નંદાએ ધર્મરાજ પાસે ત્રણ વર (૧) અમો અમારા બાળક સાથે પરમપદ પામીએ (૨) આ સ્થાન તીર્થ બની જાય (૩) અહીં સરસ્વતી નદી છે તેનું નામ મારા નામથી 'નન્દા' પડી જાય'' તે પછી ધર્મરાજે તેને ત્રણ વર પ્રદાન કર્યા અને તે પોતાના પુત્ર સાથે દિવ્યલોકમાં જતી રહી અને વાઘમાંથી રાજા બનેલો પ્રભંજન પોતાના રાજ્યમાં જતો રહ્યો. માટે સત્યરૂપી ધર્મનો ક્યારેય ત્યાગ ન કરવો. (પદમપુરાણ)

તેજ પ્રમાણે દાન આપનારાનો યશ તેને મૃત્યુબાદ પણ ચિરંજીવી રાખે છે. આ સમ્બન્ધમાં સંર્યૂ અને કુંતાજીના પુત્ર કર્ણરાજાનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. કર્ણનું મૂળ નામ 'વસુષેણ' હતુ. તે માતાના ગર્ભ થકી જ કવચ અને કુંડળ ધારણ કરી પ્રગટ થયા હતા. તેઓનું કવચ તેના શરીરની સાથે ચર્મની જેમ જડાયેલું હતુ જે કવચ કોઇપણ અસ્ત્ર શસ્ત્રથી અભેદ્ય હતુ તેઓનું શરીર જેમ જેમ વૃધ્ધિ પામતુ ગયુ તેમતેમ કવચ અને કુંડળ પર વધતા ગયા જ્યાં સુધિ તેના શરીર પર કવચ કુંડળ હતા ત્યાં સુધિ તેનું મૃત્ય અશક્ય હતુ અર્જુનજીના કર્ણ પ્રતિસ્પર્ધક હતા. બધા જ જાણતા હતા કે સમરાંગણમાં અર્જનજીનો મુકાબલો કર્ણ જ કરી શકે એમ હતો. કૌરવ પાંડવો વચ્ચેનું યુધ્ધ અનિવાર્ય હતુ પાંડવ મહારથીઓને કર્ણની ચિન્તા હતી. ધર્મરાજ યુધિષ્ઠિરને કર્ણની બાબતમાં ઘણી બેચેની હતી. અન્તમાં ધર્મરાજ યુધિષ્ઠિર પાસે દેવરાજ ઇન્દ્રએ સંદેશો

મોકલાવ્યો 'કર્ણની અજેયતા સમાપ્ત કરવા અમે યુક્તિ કરી લીધી છે તમો ચિન્તા ન કરો.'

તદન્તર એક દિવસ અચાનક કર્ણએ રાત્રીમાં સ્વપ્નમાં એક તેજોમય બ્રાહ્મણના દર્શન કર્યા. તે બ્રાહ્મણ તેને ઉદ્દેશીને બોલ્યા 'કર્ણ, અમો તારી પાસે એક વરદાન માગીએ છીએ, બેટા, કોઇ તારી પાસે તારા કવચ કે કુંડળ માંગે તો તુ તેને ક્યારેય ન આવતો' તેઓની વાત સાંભળી કર્ણ બોલ્યો 'દેવ! કોઇ મારી પાસે કંઇક યાચના કરે અને અમો તેની યાચના અસ્વિકાર કરીએ એ અશક્ય છે? ત્યારે સ્વપ્નમાં જ તે બ્રાહ્મણે તેને કહ્યું 'બેટા! અમો તારા પિતા સૂર્ય છીએ, દેવરાજ ઇન્દ્ર તને બ્રાહ્મણરૂપે ઠવગા માટે આવશે' કર્ણએ કહ્યુ - 'દેવ, આપ અમારા પિતા અને આરાધ્યદેવ છો, અમો તમોને પ્રણામ કરીએ છીએ. પરંતુ આપ અમોને ક્ષમા કરજો. ઇન્દ્રદેવ અથવા અન્ય કોઇપણ અમારી પાસે આવીને યાચના કરતા કંઇક માંગે અને તેનો અમો અસ્વિકાર કરીએ એ અશક્ય છે.' સૂર્ય કર્ણની વાત સાંભળી અદૃશ્ય શઇ ગયા તેઓને પોતાના અકલ્પનીય પુત્ર પર ગર્વ હતો.

તે પછી બીજા દિવસે ઇન્દ્ર બ્રાહ્મણનું રૂપ ધારણ કરી કર્ણ પાસે આવ્યા અને કર્ણને કહ્યું 'કર્ણ, અમો જે કંઇક તમારી પાસે માંગીએ તે આપવાનું અમોને વચન આપો તોજ તે વસ્તુ માગીએ' કર્ણે કહ્યું 'ભૂદેવ! આજ પર્યન્ત અમોએ કોઇપણ બ્રાહ્મણને નિરાશ કર્યો નથી, અમો તમોને વચન આપીએ છીએ કે આપ જે કંઇક માંગશો તે અવશ્ય પ્રદાન કરીશું.' ઇન્દ્રદેવે કર્ણના શરીર પર જે કવચ તથા કુંડળ જન્મથી જ હતા તે જ દાનમાં માંગ્યા કર્ણે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તલવાર ઉઠાવી અને શરીરની ચામડી પોતાના હાથથી કાપીને રક્તથી ભિંજાયેલા કુંડ અને કવચ બ્રાહ્મણના ચરણમાં અર્પણ કર્યા. બદલામાં ઇન્દ્રએ

આશીવાર્દ આપતા કહ્યું 'કર્ણ, તારૂ રૂપ કુરૂપ નહિ થાય' પરંતુ દેવરાજ કોઇની પાસે દાન લઇને તેને કંઇ પણ આપ્યા વિના સ્વર્ગમાં જઇ કેવી રીતે શકે? એટલે તેઓએ કર્ણને પોતાની અમોઘ શક્તિ આપી અને તેઓ સ્વર્ગમાં જતા રહ્યા.

તદન્તર મહાભારતનું યુધ્ધ થયું સત્તરમાં દિવસના યુધ્ધમાં કર્ણ રણમેદાનમાં ધરાશાયી થયા પાંડવોના શિબિરમાં આનંદોત્સવ હતો. આવા સમયમાં એક ભગવાન શ્રીકૃષ્ણ જ ખિન્ન દેખાતા હતા અને તેઓ વારેવારે કર્ણની પ્રશંસા કરતા હતા કે 'આજે ધરાતલ પરની એક સાચો દાની જવાની તૈયારી કરી રહ્યો છે.' ધર્મરાજ યુધિષ્ઠિર માટે કોઇના ધર્માચરણની પ્રશંસા સાંભળવીએ સમ્માન્ય હતી પણ અર્જન માટે પોતાના પ્રતિસ્પર્ધિની પ્રશંસા સાંભળવીએ અયોગ્ય હતી. તેઓ શ્રીકૃષ્ણની વાતથી ખિન્ન થઇ ગયા એટલે શ્રીકૃષ્ણ તેમના પ્રત્યે બોલ્યા 'ધનંજય તને મારી વાત અયુક્તિપૂર્ણ જણાય છે. એક કામ કર તુ મારી સાથે ચાલ અને દૂરથી જો, મહાદાની કર્ણ હજ પણ પરલોક વાસી થયા નથી. તેની દાન શિલતા હજ પણ જોઇલે.

રાત્રી થઇ ગયેલી રણ ભૂમિમાં ગીધોનું સામ્રજય સ્થપાઇ ગયું હતુ જ્યાં જ્યાં રડવા કકળવાનો શોર થઇ રહ્યો હતો. શસ્ત્રોના ખંડ, બાણના ટુકડા, લાશોના ઢગલાથી યુધ્ધભૂમિ પણ ભયંકર દેખાતી હતી. શ્રીકૃષ્ણે અર્જનને થોડા દૂર ઉભા રાખ્યા અને પોતે બ્રાહ્મણ રૂપ ધારણ કરી અંગરાજ કર્ણ પાસે આવ્યા અને તેને બોલવવા લાગ્યા 'હે મહાદાની કર્ણ' કર્ણ આ પોકાર સાંભળ્યો અને તેઓ બોલ્યા 'અમોને કોણે બોલાવ્યા' કર્ણે મસ્તક ઉઠાવ્યુ બ્રાહ્મણ તેની પાસે આવ્યો અને તેના પ્રત્યે બોલ્યો 'અમો ઘણી આશા લઇ તમારી પાસે આવેલા છીએ, અમોને થોડા સુવર્ણની ઇચ્છા છે' કર્ણે કહ્યું 'બ્રાહ્મણ દેવ, તમો અમારા ઘરે જાવ અમારી ધર્મપત્ની તમોને ઉચિતમાત્રામાં સુવર્ણ પ્રદાન કરશે.' આ સાંભળી બ્રાહ્મણ ક્રોધિત

થઇ બોલ્યા 'જો ન આપવું હોય તો કંઇ નહિ, અમે જઇએ છીએ' ત્યારે કર્ણે કંઇક વિચારીને કહ્યું 'દેવ, મારી દંતાવલીમાં સૂવર્ણ જડેલું છે તેને આપ કાઢી લો' ત્યારે બ્રાહ્મણ બોલ્યા 'આમ બોલતા તમને લજ્જા નથી આવતી કારણ કે કોઇક જીવિત મનુષ્યના મુખમાંથી સુવર્ણ ન કઢાય' ત્યારે કર્ણે આમતેમ જોયુ અને સમીપમાં એક મોટો પથ્થર પડેલો જોયો કર્ણ શરીરને ઘસડતા ઘસડતા ત્યાં ગયો અને પથ્થર પર પોતાનું મુખ પછાડયુ મુખ પછાડતા તેના સુવર્ણના દાંત ટૂટી ગયા અને તે દાંત બ્રાહ્મણને આપતા કહ્યુ 'દેવ, આને રાખો' ત્યારે બ્રાહ્મણ બોલ્યા 'કર્ણ રક્તથી ભિંજેલા આ દાનને અમો કેવી રીતે સ્વિકાર કરીએ?' ત્યારે કર્ણ ઘસડાતા ઘસડાતા પોતાના ધનુષ પાસે ગયા કેમેય કરી માથાને દબાવી ધનુષ પર પણછ ચઢાવી તેના પર વરૂણાસ્ત્રનું સંધાન કરી જળ પ્રકટ કર્યુ અને સુવર્ણને પ્રક્ષાલન કરી બુધ્ધીપૂર્વક બ્રાહ્મણને આપવા તૈયાર થયો ત્યાં જ જગન્નાથ ભગવાન પોતાના મૂળ રૂપમાં આપી ગયા અને તેઓને વરદાન માંગવા કહ્યુ દૂર ઉભેલા અર્જનથી કર્ણની આ ક્રિયા જોઇ લજજીત થઇ ગયા. કર્ણે એટલુ જ બોલ્યા 'ત્રિભુવન પતિ દેહ ત્યાગતા સમયે અમારી સન્મુખ આવી ઉપસ્થિત થયા છે તો હવે માંગવાનું શું હોય? કર્ણે પોતાના ભૌતિક દેહનો ભગવાનના ચરણમાં ત્યાગ કર્યો. આવા દાનીઓને ધન્યવાદ કે જેનો યશ આજે પણ પૃથ્વિ પર ગવાય છે. શ્રુતિ ભગવદી કહે છે 'दणिणावन्तो अमृतं भजन्ते-ધનશીલ ઉદાર હૃદય સજ્જન અમૃતનો ઉપભોગ કરે છે.' (ઋગ્વેદ/૧૦/૧૨૫/૬) સ્મૃતિ પણ કહે છે 'गो भूतिल लहिरण्यादि पात्रे दातव्यमर्चितम्। વિદ્વાનપાત્રને ગાય, પૃથ્વી, તલ, સુવર્ણ વગેરે આદર સત્કાર કરી દાન આપવું. (યાજ્ઞ-૧/૨૦૧)

તેમ મનુષ્યે મહત્ કાર્યની સિધ્ધિ માટે આળસ પ્રમાદનો ત્યાગ કરવો કારણ કે આળસુ મનુષ્ય નથી તો આ લોકમાં સુખી થતો કે નથી તો પરલોકમાં

સુખી થતો તે ધન અને વિદ્યા થી પણવંચિત રહે છે. 'आलसस्य कुतो विद्या अविद्यास्य कुतो धनम्। अधनस्य कुतो मित्रम्! अमित्रस्य कृतः सुखम्॥ આળસુને વિદ્યા ક્યાંથી, અજ્ઞાનિ ધન ક્યાંથી, દરિદ્રને મિત્ર ક્યાંથી અને મિત્ર વગરનાને સુખ ક્યાંથી?' ગીતાકાર આળસયુક્ત માનવને તામસિ કહે છે. 'अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः। विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते॥ અયુક્ત, પ્રાકૃત સ્તબ્ધ (જડ), શઠ, નૈષ્કૃતિ, આળશુ, વિષાદી અને દીર્ઘસૂત્રી આ જેમાં હોય તે તામસ કર્તા કહેવાય છે.' (ગીતા/૧૮/૨૮)

તેજ પ્રમાણે દ્વેષ યુક્ત મનુષ્યનું મન પ્રાયઃ ઉદ્વિધ્નજ રહતુ હોય છે. ક્ષણ માત્ર પણ શાંતિ પામતો નથી અને અંતે દંડવક્ર અને શિશુપાલની જેમ કાળનો ગ્રાસ બની જાય છે. મહાભારતના આદિપર્વ અને શ્રીમદ્ ભાગવતના દશમા સ્કન્ધમાં કથા આવે છે કે શિશુપાલ અને દંતવક્ર જે દિવસથી સમઝતા થયા તે દિવસથી ભગવાન શ્રીકૃષ્ણ સાથે વેરભાવ રાખતા હતા. એક એવો દિવસ કે કોઇ એવું સ્થાન ન હતુ જ્યાં તેઓ શ્રીકૃષ્ણનું અપમાન કરવાનું ચૂકયા હોય. યુધિષ્ઠિર મહારાજે કરેલા રાજસૂર્ય યજ્ઞમાં પણ અગ્રપૂજાના સમયમાં બધા દેવો, ઋષિઓ અને મનુષ્યોએ શ્રીકૃષ્ણની અગ્રપૂજા કરવાનું ઠરાવ્યુ. ત્યારે પણ શિશુપાલ સભામાં ઉભા થઇ દ્વેષવત શ્રીકૃષ્ણના ગુણમાં પણ દોષારોપણ કરતો થકો અપશબ્દ બોલવા લાગ્યો અને તેને કારણે શ્રીકૃષ્ણ દ્વારા તેનો શિરોચ્છેદ કરાયો. માટે જ શ્રુતિ કહે છે 'माक्रुधः ક્રોધ ન કરો' (અથર્વ/૧૧/૨/૨૦) 'ते हेलो वरुण नमोभिः ક્રોધને નમ્રતાથી જીતો' (ઋગ-૧/૪૬/૬/૧૪) 'आरे द्वेषांसि जनुतर्दधाम् દ્વેષનો ત્યાગ કરવો જ ઉચિત છે.' (ઋગ ૫/૪૫/૫) દ્વેષ રહિત મનુષ્ય જ સંસારથી મુક્ત થાય છે. 'ज्ञेयः स नित्य संन्यासी योन यो न द्वष्टि नकाङ्क्षति। निद्वन्द्वो हि महाबाहो सुखं बन्धात् प्रमुच्यते॥ જે પુરૂષ કોઇની સાથે દ્વેષ કરતો નથી

તથા કોઇ વસ્તુની ઇચ્છા રાખતો નથી તેને હંમેશા સંન્યાસી જ સમજવો જોઇએ. કારણ કે રાગ દ્વેષાદિ દ્વન્દ્વોથી રહિત પુરૂષ સુખ પૂર્વક સંસાર બન્ધનથી મુક્ત થાય છે.' (ગીતા-૫/૩)

તેમ જેની પાસે ક્ષમા રૂપિ કવચ છે. તેને અન્ય કવચની જરૂર નથી કારણ કે ક્ષમારૂપિ કવચ ધારણ કરનારાને અન્ય કવચની અપેક્ષા રહેતી નથી. આ સંબંધમાં ભક્તાગ્ર ગણ્ય એકનાથજીના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે દક્ષિણમાં પંઢરપુર નગરમાં ગોદાવરી સ્નાનના માર્ગે એક જ ગલી પડતી હતી. તે ગલીમાં એક પઠાણ રહેતો હતો. માર્ગમાં સ્નાન કરવા આવનારા હિન્દૂઓને તે ખૂબ હેરાન કરતો હતો. શ્રી એકનાથ મહારાજ તે જ માર્ગે નિત્ય ગોદાવરીમાં સ્નાન કરવા જતા હતા તે પઠાણ આમને પણ ખૂબ હેરાન કરતો હતો. બીજા બધાતો તેના આ વર્તનથી તેને ખિજવાતા પણ ક્ષમાનો મૂર્તિ એકનાથજી તેના આ વર્તન પર કંઇ ધ્યાન આપતા નહિ.

એક દિવસની વાત છે. એકનાથજી સ્નાન કરી આવતા હતા ત્યાં જ પેલો પઠાણ તેઓ પર ઠુકયો એટલે એકનાથજી પુનઃ ગોદાવરી માં સ્નાન કરવા પધાર્યા સ્નાન કરી પાછા આવતા પુનઃ પેલા પઠાણ તેમના પર ઠુકયો. એકનાથજી પુનઃ ગોદાવરીમાં સ્નાન કરવા પધાર્યા તે પછી પુનઃ સ્થાન કરી એકનાથજી પધાર્યા ત્યારે પઠાણ પુનઃ તેઓ પર ઠુકયો એકનાથજી પુનઃ સ્નાન કરવા પધાર્યા. પઠાણ મનોમન વિચારવા લાગ્યો કે 'આ સાધુ કેમ ક્રોધ કરતો નથી?' પઠાણ એકનાથજીની પાછળ પડી ગયો કે 'આને આજે ક્રોધ કરાવીને જ રહીશ' તે પછી તો એ સ્નાન કરીને આવતા એકનાથ પર પુનઃ થૂકયો અને એકનાથ સ્નાન કરવા પધાર્યા આમ યવન એકસો આઠ વખત થૂકયો અને એકનાથજી એકસો આઠ વખત સ્નાન કરવા પધાર્યા અંતમાં ક્ષમાની મૂર્તિ

એકનાથજીનો વિજય થયો પઠાણને પોતાના કાર્ય પર લજ્જા આવી. તે એકનાથજીના ચરણમાં પડી ગયો 'તમો ખુદાના સાચા ભક્ત છો અમોન ક્ષમા કરો આજથી અમો કોઇને હેરાન ન કરીએ.'

તેની વાત સાંભળી એકનાથજી બોલ્યા 'એમા ક્ષમા કરવાની શી વાત છે, તમારી કૃપાથી અમને આજે ગોદાવરજીમાં એકસોને આઠ વખત સ્નાન કરવાનું પુણ્ય પ્રાપ્ત થયું' આમ કહી એકનાથજીએતેને ક્ષમા કર્યો જેથી એક ચૂડાંત દુર્જન સજ્જન બની ગયો માટે ક્ષમાથી દુર્જન પણ સજ્જન બની ગયો આમ ક્ષમાથી દુર્જન પણ સજ્જન બની જાય છે. કહ્યુ પણ છે 'तिरस्कृता विप्रलब्धा:शप्ता: हता अपि नास्य तत् प्रति कुर्वन्ति तद्भक्ता: प्रभवोऽपि हि॥ ભગવાનના ભક્તોમાં પ્રતિષોધ લેવાની શકિત હોય છે, તે છતા તેઓએ બીજાએ કરેલા અપમાન, દગાબાજી, ગાલી ગલોચ, આક્ષેપ અને મારપીટનો કોઇ પ્રતિશોધ લેતા નથી અર્થાત્ તેઓ ક્ષમાશિલ હોય છે. (ભાગ ૧/૧૮/૧૮) મનુ મહારાજ તો ધર્મના દશ લક્ષણમાં ક્ષમાને પણ સ્થાન આપે છે. 'धृति: क्षमादमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रह:। धीर्विद्यासत्यक्रोधोदशकं धर्मलक्षणम्॥ ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, ઇન્દ્રિય નિગ્રહ, ધીઃ, વિદ્યા, સત્ય, અક્રોધ અને સૌચ આ દશ ધર્મના લક્ષણ છે (મનુ. ૬/૧૨)'

આ ઉપરાંત ધૈર્ય (ધિરજ) નામના ગુણથી મનુષ્ય કઠિનમાં કઠિન લક્ષ્ય પણ પ્રાપ્ત કરી શકે છે અને કષ્ટમાં પડવા છતાં પણ વિષાદ પામતા નથી જેમ રાહુગ્રસ્ત ચન્દ્ર વિપત્તિમાં પડવા છતા પણ પુનઃ ઉદિત થાય છે. 'धारा: कष्टमनु पाप्य न भवन्ति विषादिन:। प्रविश्ष वदनं राहो: किं नोदिति पुन: शशी॥' ધ્રુવજીનું ચરિત્રપણ આ સમ્બન્ધમાં દિશા નિર્દેશ કરનાર છે. ધ્રુવજીનો જન્મ સ્વાયંભૂ મનુના જ્યેષ્ટ પુત્ર ઉત્તાનપાદ થકી તેમની જયેષ્ઠ પત્ની સુનીતિ ના ગર્ભ થકી ગોવત્સ દ્વાદશીના વ્રતના પ્રભાવથી ગાયના આશીર્વાદથી થયો હતો. એક સમયે

પિતાના અંકમાં બેસવા જતા ઓરમાન માતા દ્વારા અપમાનિત થતા અતિ દુઃખી થઇ પોતાની માતા સુનીતિના નિર્દેશથી પરમપિતા પરમાત્માને તપસ્યાથી પ્રસન્ન કરવા વનમાં જતા હતા માર્ગમાં તેઓને પોતાના પિતામહઃ દેવર્ષિ નારદજીનો ભેટો થયો નારદજીએ ધ્રુવજી થકી બધી વાત જાણી ત્યારે તેઓએ ધ્રુવજીની ધિરજના જોવો ધ્રુવ સન્મુખ વનમાં પડતા અનેકો કષ્ટોની વાત કરી. પરંતુ ધ્રુવજી પોતાની ધિરજતાથી ડગ્યા નહિ એટલે તેઓની ધિરજતા જોઇ નારજીએ ધ્રુવજીને કૃપા કરી ભગવાનના ધ્યાનની વિધિ તથા દ્વાદશાક્ષર મંત્રની દિક્ષા આપી અને તેઓને મથુરામાં આવેલા મધુવન નામના સ્થાન વિશેષમાં મોકલ્યા કે જ્યાં અખંડ ભગવાન બિરાજમાન છે.

તે સ્થાનમાં જઇ ધ્રુવજી ભગવાનના ધ્યાનમાં મગ્ન થઇ ગયા તે સમયે તેઓને તેમની ધિરજથી ડગાવવા જંગલના જંગલી પશુ, ભૂત, પ્રેત, પિશાચ પાસે આવી તેના કર્ણમાં ક્રૂર ઉચ્ચારણ કરે, મારો કાપો ખાઇ જાવ એવી બૂમ પાડે છતા ધ્રુવજી પર તેની કોઇ અસર થતી ન હતી ધ્રુવજીના તપનો એવો પ્રભાવ હતો કે તેઓ જ્યારે એક પગે ઉભા રહી તપ કરતા ત્યારે ધરા એક બાજ નમી પડતી અને બીજો પગ બદલતા ત્યારે પૃથ્વી તે તરફ નમી પડતી હતી. તેઓના તપથી ધરા ધ્રુજવા લાગી. ઇન્દ્રાદિ દિગ્પાલો ભય પામવા લાગ્યા. ઇન્દ્રાદિ દેવોએ ધ્રુવને તપમાંથી વિચલિત કરવા અનેકો ઉપાયો કર્યા છતા ધ્રુવજીને તેની ધિરજ થકી ડગાવવા સમર્થ થયા નહી આ પ્રમાણેની ધિરજ જોઇ અંતે પરમાત્મા તેઓને દર્શન આપી તેને અવિચલ પદની પ્રાપ્તિ કરાવતા હતા જે પદની પ્રાપ્તિ આજ સુધી કોઇને થઇ ન હતી. આમ જે મનુષ્યોમાં ધિરજ નામનો ગુણ હોય છે તે મોટામા મોટા લક્ષ્યને પણ પ્રાપ્ત કરો શકે છે કહ્યુ પણ છે. 'रागद्वेष विनिर्मुक्त सर्वभूत हितेरतः। दृढबोधश्च सगच्छेत् परमं पदम्॥ રાગદ્વેષથી વિમુક્ત થવું, બધા

પ્રાણીઓના હિતમાં રત રહેવું બ્રહ્મજ્ઞાન વિષયક બોધ દૃઢ થવો અને ધૈર્યવાન થવું આ ચાર સોપાન પરમ પદની પ્રાપ્તિના છે.' (ભાગ-૧૧/૨/૨૪) ગીતાકારતો 'तेज: क्षमाधृतिः शौचमद्रोहो नातिमानिता। भवन्ति संपटं दैवीमभिजातस्य भारत॥ તેજ, ક્ષમા, ધિરજતા, પવિત્રતા, અદ્રોહ, આપ બડાઇ રહિતતાએ દૈવી સમ્પત્તિમાં જન્મેલાને પ્રાપ્ત થાય છે.' (ગીતા-૧૬/૩) આ વચનથી ધિરજ ગુણને દૈવીસંપદાવાળો ગણાવે છે. (શ્લો-૮૬) હવે માનવ સંસારમાં સુખી કેવી રીતે થાય તેના ઉપાયની તિક્રાર બતાવે છે-

<u>**શ્લો-૮૭**</u> अर्थागमो नित्यमरोगिता च

प्रिय व भार्या प्रियवादिनी च।

वश्यश्च पुत्रोऽर्थकरी च

विद्या षड्र जीव लोकस्य सुखानि राजन्॥

<u>**શ્લોકાર્થ :**</u> હે રાજન! આ સંસારમાં આ છ દ્વારા સુખ મળે છે (૧) ધન પ્રાપ્ત થવું (૨) નિત્ય નિરોગી રહેવું (૩) પોતાને પ્રિય અને (૪) પ્રિયવાદિની પત્ની (૫) આજ્ઞાકારી પુત્ર તથા (૬) દ્રવ્ય આપનારી વિદ્યાનું જ્ઞાન હોવું.

<u>**ચ.ટી. :**</u> વસ્તુતાએ આ દારૂણમય સંસારમાં સ્વર્ગ જેવું સુખ આ છ થી જ પ્રાપ્ત થાય છે. ચાણક્ય પણ કહે છે 'यस्य पुत्रो वशीभूतो भार्या छन्दानुगामिनी। विभवे यश्च संतुष्टस्तस्य स्वर्ग इहैव हि। જેનો પુત્ર પોતાના વશમાં હોય, સ્ત્રી આજ્ઞાકારી હોય તથા જેને પોતાની પ્રાપ્ત કરેલી સંપત્તી પર સંતોષ હોય તેને માટે સ્વર્ગ અહીં જ છે' (ચાણક્યનીતિ/૨/૩) 'यदि रामा यदि च रमा यदि तनयो विनयगुणोपेतः। तनयो तनोत्पत्तिः सुखर नगरे किमाधिक्यम्॥ ઘરમાં સ્વરૂપવાન સતી અને પતિવ્રતા સ્ત્રી, ધનસંપત્તિ, વિવેકી પુત્ર અને પૌત્ર, પૌત્રી હોય તો સ્વર્ગમાં

મળતા સુખથી વધારે સુખની પ્રાપ્તિ થાય છે.' (ચાણક્ય/૧૭/૧૯) 'सानन्दं सदनं सदनं सुताश्च सुधियः कान्ता प्रियालापिनी इच्छापूर्ति धनं स्वयोषितिरतिः स्वाऽऽज्ञापराः सेवका। आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्नपानं गृहेसाधोःसङ्गमुपासते च सततं धन्यो गृहस्थाऽऽश्रमः॥ જે મનુષ્યના ઘરમાં આનંદ મંગળનું વાતાવરણ પ્રવર્તતુ હોય, સંતાન બુધ્ધિશાળી હોય, પત્ની મૃદુશાળી હો, પોતે ઉધમી હોય, જેની પાસે પ્રામાણિકતાથી કમાયેલુ ધન હોય, ઉત્તમ મિત્રો હોય, પોતાની પત્નિ પ્રત્યે પ્રેમ અને આદર ધરાવતો હોય. તેમજ જેના સેવકો આજ્ઞાપાલક હોય, જેના ઘરમાં અતિથિને આદર અપાયછે. ઇશ્વરની આરાધના કરાય છે. ઘરમાં નિત્ય સ્વાદિષ્ટ ભોજન અને મધુર પીણાની વ્યવસ્થા હોય જે ગૃહસ્થને હંમેશા સજ્જન પુરૂષોનો સંગ કરવાની તક મળે છે તે ધન્ય થઇ જાય છે અને પ્રશંસાને પાત્ર બને છે.' (ચાણક્ય/૧૨/૧)

આ સન્દર્ભમાં ભગવાન શ્રીરામનું જીવન દૃષ્ટાંત રૂપ છે. ભગવાન શ્રીરામચંદ્રજી અયોધ્યાના રાજા તો હતા જ પણ સાથે સાથે સમસ્ત સપ્તદ્વિપ વતિ પૃથ્વિના એક માત્ર શાસક હતા. 'ભૂમિ સપ્ત સાગર મેખલા /એક ભૂપ રઘુપતિ કોસલા (રામચ.મા./૭/૨૨/૧)' તેઓના રાજ્યમાં વૃક્ષો માંગતા જ અમૃત ટપકાવતા હતા ગાયો જેટલું જોઇએ એટલું દુગ્ધ પ્રદાન કરતી હતી. પૃથ્વિ હંમેશા ખેતી સંપન્ન રહેતી હતી. 'લતા બિટપ માંગે મધુ ચવહી, મન ભાવતો ઘેનુ પય સવહી/ સસિ સંપન્ન સદા રહ ધરની ॥ (રામ માનસ ૭/૨૩/૫-૬- આથી શ્રીરામને ધનની પાપ્તિ કહી.), તેઓના રાજ્યમાં પ્રજાને દૈહિક, દૈવિક અને ભૌતિક તાપ સલાવતાન હતા 'દૈહિક દૈવિક ભૌતિક તાપા, રામરાજ નહિ કાહુહિ બ્યાપા' (રામ. માન./૭/૨૧/૧- શરીરની નિરોગિતા) રામ રાજ્યમાં સ્ત્રીઓ મન વચન અને ક્રિયાથી પતિનું હિત કરનારી હતી. 'તે મન વચન ક્રમ પતિ

હિતકારી' (રામ. માનસ-૭/૨૨/૮- પ્રિય પત્નિ પત્નિ મધુર ભાષિણી) રામ રાજ્યમાં ધનની વર્ષા કરતા પર્વતો એ રત્નોની ખામો પ્રગટ કરી દીધી. 'પ્રગટીં' ગિરિન્હ બિબિધ માનિખાના' (રામ. માન. ૭/૨૩/૭ અર્થકારી વિધા) તથા રામ રાજ્યમાં પુત્રો હંમેશા પિતાના આજ્ઞાકારી અને હંમેશા તેઓના હિતમાં તત્પર રહેનારા હતા. (શ્લો-૮૭) હવે નીતિકાર કામક્રોધાદિ છને વશ કરવાનું કહે છે -

શ્લો-૮૮ षण्यामात्मनि नित्यानामैश्वर्यं योऽधिगच्छति।

न स पापैः कृतोऽनर्थैयुज्यते विजितेन्द्रियः॥

શ્લોકાર્થ : જો મનુષ્ય મનમાં નિત્ય વર્તમાન છ ઐશ્વર્ય (કામ, ક્રોધ, મોહ, લોભ, મદ, માત્સર્ય) ને પોતાના વશમાં કરી લે છે તે જીતેન્દ્રિય પુરૂષ પાપોથી લેપાતો નથી, તો અનર્થાથી કેવી રીતે યુક્ત થઇ શકે?

ચ.ટી. : જે મનુષ્ય આ છ દોષોને જીતી લે છે તે માયાના બન્ધનથી તથા પોપાથી મુક્ત થાય છે. નીતિકાર આગળ કહી ગયા છે. 'षड्दोषाः पुरूषेणेह हातव्या भूतिमिच्छता। निन्द्रा तन्द्रा भयं क्रोध आलस्यं दीर्घ सूत्रता॥ કલ્યાણન કામના રાખવાવાળા પુરૂષે નિદ્રા, તન્દ્રા ભય, ક્રોધ, આળસ તથા દીર્ઘ સૂત્રતા આ છ દોષોને ત્યાગ કરવા (વિ. નીતિ.૧/૮૩) ગીતાકાર કહે છે. 'त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः। कामः क्रोधास्तथालोभस्तस्मादेतत् त्रयं त्यजेत्॥ કામ, ક્રોધ તથા લોભ આ ત્રણ નરકના દ્વાર આત્માનો નાશ કરનારા અર્થાત્ નરકમાં લઇ જનારા છે માટે તેનો ત્યાગ કરવો જોઇએ. (ગીતા ૧૬/૨૧) 'जितेन्द्रियमनो बुद्धिर्मुनिर्मोक्षपरायणः विगतेच्छाभय क्रोधो य सदामुक्त एव सः॥ જેણે પોતાના ઇન્દ્રિય ગણને અને મન બુધ્ધિને જીતી લીધા છે, જે નિષ્પ્રયોજન બોલતો નથી, મુક્તિને માર્ગે જે પ્રયત્ન પૂર્વક ગતિ કરી રહ્યો છે જેને પંચ વિષયમાં રાગ નથી, કોઇપણ

જાતનો ભય નથી તથા ક્રોધ નથી આવો સાધક હંમેશા મુક્ત જ છે.(ગીતા/૫/૨૮) વ્યાસજી કહે છે 'तपोमूलमिदं सर्वं यन्नां विप्रानृपृच्छ। इन्द्रियाण्येव सयम्य तपोभवति नान्यथा॥ इन्द्रियाण्येव तत्सर्वं यत्स्वर्गनरकायबभौ निगृहीतविसृष्टानि स्वर्गाय नरकाय च॥ इन्द्रियाणां प्रसङ्गेन दोषमृच्छत्यसंशयम्। सन्नियम्य तु तान्येव ततः सिद्धिमवाप्नुयात्॥ षण्णामात्मनि नित्यानमैश्वर्यं योऽधिगच्छति नास पापैः कुतोऽनर्थैयुज्यते विजितेन्द्रियः॥ બધાનું મૂળ તપસ છે અને તપ ઇન્દ્રિયોના સંયમથી થાય છે બીજી રીતે નહિ. સ્વર્ગ કે નરક જે કાંઇ છે તે બધુ ઇન્દ્રિય જ છે. વશ કરેલી ઇન્દ્રિયો સ્વર્ગ આપે છે અને વિષયોમાં છૂટી મૂકેલી ઇન્દ્રિયો નરકમાં લઇ જાય છે. સત્ય યોગનો વિધિ આજ છે કે મને સહિત ઇન્દ્રિયોને વશમાં રાખવી તે તપ છે અને વશમાં ન રાખે તો નરકનું દ્વાર છે. ઇન્દ્રયાસક્તિને લીધે મનુષ્યોમાં નિઃસંદેહ દુર્ગુણો આવીને રહે છે પરંતુ જો ઇન્દ્રિયો ને વશ કરી લેવામાં આવે તો તેને સિધ્ધિ પ્રાપ્ત થાય છે. પંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠુમન મનુષ્યના શરીરમાં જ રહે છે. તેના પર જે અધિકાર મેળવે છે તે જીનેન્દ્રિય પુરૂષ ક્યારેય પાપ કરતો નથી. જો પાપ કરતો નથી તો તેની સાથે જોડાયેલા બીજા અનર્થો તો તેનાથી થાય જ કેમ?' (મહા. ભા. /વન/૨૧૯/૧૮, ૧૯, ૨૧, ૨૨) આ સંબન્ધમાં કુંતિપુત્ર નરાવતાર અર્જુનજીના જીવનનો એક પ્રસંગે અવલોકન કરવા યોગ્ય છે.

વાત એવી હતી કે ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞાનથી અર્જુનજી દિવ્યાસ્ત્રોની પ્રાપ્તિને અર્થે સ્વર્ગમાં ઇન્દ્રદેવ પાસે આવેલા. ત્યાં એક દિવસ તેઓ અપ્સરાઓમાં શ્રેષ્ઠ ઉર્વશીનું નૃત્ય નિરખવામા એક્લીન થઇ ગયા નૃત્ય પૂર્ણ થયા બાદ દેવરાજ ઇન્દ્રને થયું કે 'અર્જુનજી ઉર્વશી પર આશક્ત થઇ ગયા લાગે છે એટલે ઉર્વશીને તેઓની સેવા મોકલું' તે પછી દેવરાજે ઉર્વશીને અર્જુનજીની સેવામાં ઉપસ્થિત થવા આજ્ઞા કરી એટલે ઉર્વશી રાત્રીને વિશે અર્જુનજીના મહેલમાં આવી અને

પોતાના હાવભાવથી અર્જનજીના મનને પોતાના તરફ આકર્ષિત કરવાનો પ્રયાસ કરવા લાગી. પરંતુ અર્જનજી એક જીતેન્દ્રિય પુરૂષ હતા તેઓએ ઉર્વશીના પ્રસ્તાવનો સ્પષ્ટ રૂપે અસ્વિકાર કરી દીધો એટલે ઉર્વશી બોલી 'પાર્થ, તો તમો અમારૂ નૃત્યુ જોવામાં આશક્ત થઇ એકીતશે અમારી સન્મખુ કેમ જોતા હતા.' ત્યારે અર્જનજી બોલ્યા 'દેવી, અમે તમારા નૃત્ય પર કે સૌન્દર્ય પર આકૃષ્ટ થયા ન હતા પરંતુ અમો તમને જોતા થકા એવો વિચાર કરતા હતા કે આપના વિવાહ પૂર્વે અમારા વંશ ધર પુરૂરવા સાથે થયા હતા એટલે આપ સંબંધમાં અમારી માતા સમાન છો એ વિચારથી અમો આપની સામે જોતા હતા' અર્જનજીનો ઉત્તર સાંભળી ઉર્વશિ સ્તબ્ધ થઇ ગયા' (મહા./વન પર્વ) આમ અર્જનજીએ ઉર્વશિ રૂપે આવેલા પાપને દૃઢ મનોબળથી જીતી લીધુ અને તેઓ અનર્થથી બચી ગયા. દેવર્ષિ નારદજી શ્રીમદ્ ભાગવતમાં આ અનર્થોને જીતવાના ઉપાય બતાવતા કહે છે 'असङ्कल्याज्जयेत्कामं क्रोधंकामाविविर्जनात्। अर्थानर्थेक्षया लोभं भयं तत्त्वावमर्शनात्॥ आन्वीक्षिवयाशोकमोहौ दम्भं महरुपासया। योगान्तरायान्मौनेन हिंसा कायाद्यनीहया॥ હે યુધિષ્ઠિર, સંકલ્પનો ત્યાગ કરી કામને જીતવો, કામનાઓ ને તજીને ક્રોધને, ધનમાં અનર્થ સમજીલોભને જીતવો. તાત્ત્વિક વિચારથી ભયને તજી દેવો. આધ્યાત્મવિદ્યાથી શોક અને મોહને જીતવા, સત્સંગથી દંભને તજવો, મૌન રાખીને યોગના વિઘ્નને અને શરીરના તથા પ્રાણાદિને નિષ્ક્રિય કરીને હિંસા ઉપર વિજય મેળવવો' (ભાગ-૭/૧૫/૨૨-૨૩) (શ્લો-૮૮) હવે નીતિકાર, છ પ્રકારના મનુષ્યને પોતાની આજીવિકા કેવી રીતે ચલાવે છે તેનું વર્ણન બે શ્લોકથી કરેલ....

શ્લો-૮૯ षडिमे षट्सु जीवन्ति सप्तमो नोपलभ्यते।

चौरा: पमत्ते जीवन्ति व्यधितेषु चिकित्सका:॥

શ્લો-૯૦ प्रमदा: कामयानेषु यजमानेषु याजका: ।

राजा विवदमानेषु नित्यं मेर्खेषु पण्डिडता: ॥

શ્લોકાર્થ : છ પ્રકારના મનુષ્યો છ પ્રકારના મનુષ્યોથી પોતાની જીવિકા ચલાવે છે. સાતમો પ્રકાર ઉપલબ્ધ નથી. જેમ ચોર અસાવધાન પુરૂષોથી, વૈદ્ય રોગીથી, મદવાળી સ્ત્રિઓ કામી પુરૂષોથી, પુરોહિત યજમાનોથી, વિવાદ કરનારાથી રાજાઓ, અને મૂર્ખથી વિદ્વાન મનુષ્ય પોતાની આજીવિકા ચલાવે છે.

ચ.ટી. : હીરાની મહત્તા સમાન પથ્થરોમાં જ થાય છે. જો બધા પથ્થરો હીરા જેવા થઇ જાય તો હીરાની શી મહત્તા રહી જાય તેજ પ્રમાણે ઉપર બતાવેલ છ વસ્તુઓનું મહત્ત્વ સમાન તથા બહુતાયત વસ્તુઓની વચ્ચે ગણાવેલ છે (શ્લો-૮૮,૮૯) હવે નીતિકાર છ વસ્તુની દેરેખન રાખવાથી તે નષ્ટ થાય છે તેનું વર્ણન કરે છે -

શ્લોક-૯૧ षडिमानि विनश्यन्ति मुहूर्तमनवेक्षणात् ।

गाव: सेवाकृषिभार्या विद्या वृषलसङ्गति: ॥

શ્લોકાર્થ : આ છ ક્ષણભર જો દેખરેખ રાખવામાં નહિ આવે તો નષ્ટ થાય છે. ગાય, સેવા, ખેતી, સ્ત્રી, વિદ્યા અને નીચ પુરૂષો સાથેનો સંગ.

ચ.ટી.: જે પશુઓને આપણે ઉપભોગમાં લઇએ છીએ તેને ઉચિત પોષણની જવાબદારી પણ આપણી હોય છે. એ મૂક પ્રાણીની સારસંભાળ, તેને ઉચિત આહાર અર્પણ કરવો, જળ અર્પણ કરવું ઇત્યાદિક જેને જેની જરૂરિઆત જે સમયે જેટલી માત્રામાં હોય તેને યોગ્ય સમય પર અપાય ત્યારે જ તેની સાર સંબાળ લીધી ગણાય. પરંતુ તેની પાસે પોતાનો સ્વાર્થ સિધ્ધ થઇ ગયા બાદ તેનું પોષણ કરવામાં ન આવે તો તેના હ્દયમાંથી નિકળી પીડાથી તેના સ્વામીની

બધીજ સમૃદ્ધિનષ્ટ થઇ જાય છે. જેમ ભગવાન શંકર કહે છે ‘क्षुधातृषाती व्रदंशविषम स्थानसीदताम्। पशूनामेव नि:श्वासऋद्धि: सर्वा विनश्यति॥ तृषिता: पशवौ बद्धा: कन्याचापिरजस्वला। देवताश्चसानिर्माल्या हनन्ति पुण्यं पराकृतम्॥ ક્ષુધા, તૃષા, તીવ્રડાંસ અને ઉબડખાબ જગ્યાને લીધે કષ્ટ પામતા પશુઓના નિશા સાથી તેના સ્વામીની બધીજ સમૃધ્ધિનો નાશ થાય છે. જે ઘરમાં તરસ્યા પશુ બાંધેલ હોય, કન્યા રજસ્વલા રહેતી હોય અને પૂજ્યા વિનાની દેવ પ્રતિમા હોય તો તે ઘરધણીના પૂર્વે કરેલા પુણ્યોનો પણ નાશ કરી દે છે (પદમ/વાતા./૩૦/૨૩)

તે જ પ્રમાણે સેવારૂપ ધર્મ પણ એવો છે કે જેમા ક્ષણવાર પણ ત્રુટિ આવે તો તેમા વિઘ્ન આવે છે જમ દશમસ્કન્ધમાં એક પ્રસંગ આવે છે- એક દિવસ ભગવાન શ્રીકૃષ્ણના જન્મ નક્ષત્ર ને દિવસે યસોદાજી શ્રીકૃષ્ણને એક શકટ (ગાડા) નીચે પલનામાં સુવાડી તે પ્રસંગે પોતાના ઘરે આવેલા મહેમાનોની સારસંભારમાં લાગી ગયા. થોડા સમય પછી શ્રીકૃષ્ણ જાગ્યા અને સ્તનપાન કરવા રૂડન કરવા લાગ્યા. તે દિવસ માતા યશોદા આવેલા સગાસમ્બન્ધિઓની સાર સંભાળ લેવામાં એટલા વ્યસ્ત થઇ ગયા કે પોતાના લાલાને સ્તનપાન કરાવવાનું જ ભૂલી ગયા કાર્યમાં વ્યસ્ત થઇ ગયેલા માતાને લાલાના રડવાનો અવાજ પણ ન સંભળાયો. આ તરફ ભગવાને રડતા રડતા ગાડા પર લાત મારી એટલે લાત મારતા જ ગાડુ પડી ગયુ અને તેમાં રહેલી બધી દૂધ દહીની સામગ્રી ધોળાઇ ગઇ. ત્યારબાદ યશોદાજી એ બાળ શ્રીકૃષ્ણને લઇને સ્તનપાન કરાવ્યુ આ ગાડા પર કંસ દ્વારા મોકલાયેલ શકતા સુર નામનો દૈત્ય આવીને બેઠેલો અને ભગવાનના પાદ પ્રહારથી તે મૃત્યુ પામ્યો (ભાગ-૧૦/૭) આમ ભગવાનની સેવા મુકી જગતના લોકોની સાર સંભાર લેવા જનારાઓને વિપત્તિઓનો સામનો કરવો પડે છે.

તેમ બ્રહ્માવર્તમાં નિવાસ કરીને રહેતી આર્ય સંસ્કૃતિનો પ્રધાન વ્યવસાય કૃષિ છે. બ્રહ્માવર્તમાં રહેતી પ્રજા વર્ષ દરમ્યાન શિયાળામાં તથા ચોમાસામાં બે પાક લે છે પરંતુ આમા ચોમાસુ પાક ઉપર વિશેષ આધાર રહે છે. શિયાળુ પાક તો કૂવો, નહેર વગેરની સગવડ જ્યાં હોય તેનાથી જ લઇ શકાય છે. વૃષ્ટિનો આધાર પ્રાકૃતિક નિયમો પર છે. એટલે વૃષ્ટિ ન પણ થાય. વૃષ્ટિની અનિયમિતતાથી કે વત્તી ઓછી વૃષ્ટિથી પાકની ઉત્પત્તિમાં નિયમિતતા રહેતી નથી માટે ખેડવા માટેની જમીન કેવી છે તે જોઇને તે જમીન કેવું બિયારણ વાવવું કેટલુ ખાતર નાખવું વિગેરે નિર્ણય પરાસર મહર્ષિએ પોતાની સ્મૃતિમાં કરેલો છે તે પછી ઉગેલી ફસલ પાકોને જીવ જંતુથી તથા પશુ પક્ષિ ઇત્યાદિકથી પણ રક્ષવાની કે તેને માટે અથર્વ વેદમાં અભિચાર મંત્રો આપેલા છે તેના દ્વારા ખેતીની રક્ષા કરવાની છે. જો આ પ્રમાણે રક્ષા ન થાય તો કુરૂપ જનપદ જેવી પરિસ્થિતિ પ્રગટ થાય છે. વાત એવી હતી કે એક સમયે કુરૂષ દેશ પર ટિડિડયોએ (બરફમા કરાએ) આક્રમણ કર્યુ અને તેઓના આક્રમણને કારણે કુરૂષ દેશની ખેતી તો નષ્ટ થઇ જ ગઇ પણ સાથે સાથે તો જનપદ પણ નષ્ટ નાબુદ થઇ ગયા (છાન્દોગ્ય ઉપનિષદ-૧/૧૦/૧)

તેજ પ્રમાણે સ્ત્રી જેને હંમેશા પુરૂષોને આધિન રહેવાની શાસ્ત્રકારોએ આજ્ઞા કરી છે તેને થોડા સમય માટે પણ સ્વતંત્રતા આપવામાં આવશે અથવા તે પોતે શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન કરી સ્વેચ્છાચારિ થશે તો અવશ્ય તેનું પતન થશે આ સંબંધમાં ઉગ્રસેનની પત્ની અને કંસની માતાના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. એક સમયની વાત છે કંસની માતા રજસ્વલા હતી, ત્યારે સૃષ્ટિ સૌંદર્ય જોવાનું કૌતુક થવાથી તે સખીઓ સાથે સુયામુન નામનો પર્વત જોવા ગઇ તે પર્વતની શોભા કામને ઉદ્દિપ્ત કરનારી હતી એટલે તેની સૌદર્યતા જોઇ તથા

ત્યાં ઉપસ્થિત કિન્નરોના ગાયનને સાંભળી તેનામાં સ્વાભાવિક રહેલી કામવાસના જાગ્રત થઇ ગઇ. તેવા સમયમાં દૈવયોગથી સોભનો રાજા શ્રીમાન્ દુર્મિલ દાનવ તે સ્થળે આવી ચઢયો અને તેની નજર દૂર સખીઓ સાથે ક્રિડા કરતી રાણી પર પડી અને તેનું સૌંદર્ય જોઇ દુર્મિલ કામવાસનાથી પિડિત થવા લાગ્યો એટલે ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનારા આ દુર્મિલ દાનવ ઉગ્રસેનનું રૂપ લઇ રાણી પાસે આવ્યો. આ પ્રમાણે એકાએક પોતાના પતિ ઉગ્રસેનને પોતાની સમિપ આવેલા જોઇ રાણી પ્રસન્ન થઇ.

તદન્તર ઉગ્રસેન રૂપ ધારી દુર્મિલે રાણીનો હસ્ત જોયો તે સમયે રાણી પણ કામરૂપી જવરથી પિડા પામતી હતી અને દુર્મિલ પણ કામરૂપી જવરથી પીડા પામતો હતો. એટલે રાણી અને આ દાનવ એકાન્તમાં જઇ રતી ક્રિડામાં મગ્ન થઇ ગયા. પરંતુ સમાગમ વેળાએ રાણીને વિદિત થઇ ગયુ એટલે તે ઉભી થઇ દુર્મિલને ઉગ્ર ભાષામાં ધમકાવવા લાગી. પરંતુ આતો પોતાનું કાર્ય પૂર્ણ કરી પલાયન થઇ ગયો. અને સમય જતા આ રાણીના ગર્ભ થકી (દુર્મિલ દાનવે સ્થાપેલા ગર્ભ થકી) કંસ પ્રગટ થયો. જે દુર્મિલના માર્ગ પર જ ચાલનારો હતો. (હરિવંશ/ વિષ્ણુપર્વ/અ-૨૮) આ પ્રમાણે રજસ્વલા અવસ્થામાં સ્ત્રીઓ એકાન્તવાસનું સેવન કરવાનું હોય છે છતા તેની પરવાન કરી ઉગ્રસેનની પત્નિ ગૃહત્યાગ કરી વિચરણ કરવા નીકળી તો તે ભ્રષ્ટ થઇ ગઇ. માટે જ વૃધ્ધ પરાશર કહે છે 'पिता रक्षति कौमारे भर्ता रक्षिति यौवने। वार्धके पुत्रपौत्राद्यानास्ति स्त्रीणांस्वतन्त्रता॥ કુમાર અવસ્થામાં સ્ત્રીની રક્ષા પિતા કરે, યુવા અવસ્થામાં પતિ કરે, અને વૃધ્ધાવસ્થાામં પુત્ર પૌત્રાદિક કરે. સ્ત્રીના જીવનમાં સ્વતંત્રતા ન હોવી જોઇએ.' (વૃધ્ધ પરાશર અ/૬/૫૯) 'पिताभर्ता सुतेनापि ने च्छा द्विरहमात्मनः। एषा हि विरहेणस्त्री गर्हिता स्यात्कुलद्वये॥ બાલ્યવયમાં યવાનિમાં કે પિતા, પતિ કે પુત્ર વિના

એકાકી રહેવાનો વિચાર સ્ત્રીએ ન કરવો પિતા કે પતિ વિના તથા નિકટના સગા વિના જો એકાકી સ્ત્રી રહે તો પિયરીયા અને સાસરિયા બન્ને કુળમાં નિંદાને પાત્ર બને છે.' (મનુસ્મૃતિ/અ.૫./૧૪૯) ચાણક્ય પણ કહે છે 'स्त्री भ्रमन्ति विनश्यन्ति। ઠેર ઠેર ફરતી સ્ત્રી નષ્ટ પામે છે.' (ચાણક્યનીતિ/૬/૪) એટલે ભગવાન સ્વામિનારાયણ મર્યાદા બાંધતા કહે છે. 'आज्ञायां पितृपित्रादे र्वृत्यं स्वातन्त्र्यतो न तु। સ્ત્રીઓએ પોતાના પિતા પુત્રાદિકની આજ્ઞામાં વર્તવું પણ સ્વતંત્ર નહિ.' (શિક્ષાપત્રી/શ્લો-૧૬૩)

તે જ પ્રમાણે વિદ્યા ત્રિપક્ષ પર્યન્ત અભ્યાસ કરવામાં ન આવે તો તે વિદ્યા નષ્ટ થઇ જાય છે. આચાર્ય ચાણક્ય કહે છે. 'आलस्योपहताविद्या -આળસથી વિદ્યા નાશ પામે છે.' (ચાણક્યનીતિ/૫/૯) શ્રુતિ પણ કહે છે 'स्वाध्यायान मा प्रमद- સ્વાધ્યાયમાં પ્રમાદ નહિ (કારણ આળસ કરવાથી વિદ્યા નષ્ટ થઇ જાય છે. તૌતિરિયઉપ./ શિક્ષા.) 'इन्द्रियाणां प्रसङ्गेन दोषमृच्छत्य संशयम्। संनियम्य तु तान्येव ततः सिद्धिं नियच्छति॥ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થઇને મનુષ્ય અવશ્ય દોષનો ભાગિ બને છે. આ ઇન્દ્રિયોને વશમાં કરીને જ મનુષ્ય સિધ્ધિ (વિદ્યાદિક) પ્રાપ્ત કરે છે.' (મનુ. ૨/૯૩) આ સમ્બન્ધમાં વિષ્ણુપુરાણમાં આવતુ નિદાદાનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે- બ્રહ્માજીના માનસ પુત્ર ઋભુએ વીર નગરમાં નિવાસ કરીને રહેતા 'નિદાઘ' ને અધિકારી જાણી અદ્દૈત બ્રહ્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો. પરંતુ નિદાઘની હજ સુધિ અદ્વૈત તત્ત્વમાં નિષ્ઠા પરિપૂર્ણ ન થઇ હતી એટલે તે ગુરૂએ આપેલા ઉપદેશને ભૂલી ગયો એટલે ગુરૂએ પુનઃ તેની પાસે આવી તેને અદ્વૈત તત્ત્વનું જ્ઞાન કરાવ્યુ તે પછી નિદાઘ માયાના પ્રપંચમાં લીન થઇ તે જ્ઞાન ભૂલી ગયો એટલે ગુરૂ પુનઃ તેની પાસે જઇ તેને માયાના પ્રપંચમાંથી ઉગારી અદ્વૈત તત્ત્વનું જ્ઞાન કરાવે છે જે ગ્રહણ કરી નિદાઘ તેને આત્મસાત કરી

પરમાત્માની પ્રાપ્તિ કરી લે છે. (વિષ્ણુપુરાણ /અંસ-૨/અ. ૧૫-૧૬) આમ વિદ્યાનો વારંવાર અભ્યાસ ન કરવાથી વિદ્યાનષ્ટ થઇ જાય છે. નિદાઘનું દૃષ્ટાંત આમાં પ્રમાણ છે.

તેમ નીચ પ્રૂષોનો સંગ કરવાથી તેના બધા જ દુગુર્ણઓ તેમાં પ્રવેશ થઇ જાય છે. ભલે તે પુરૂષ સજ્જન હોય છતા પણ નિચ પુરૂષોના સંપર્કથી તે તેના જેવો થઇ જાય છે. આ સમ્બન્ધમાં પદમપુરાણમાં આવતુ સુનિતા પુત્ર વેનનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે ધ્રુવના પ્રપોત્ર ઉલ્મુકના પુત્ર અંગ ધરાતલના એક ચક્રી શાસક થયા બાદ તેઓના લગ્ન ગંધર્વ વિધિથી મૃત્યુની કન્યા 'સુનીતા' સાથે થયા અને તેના દ્વારા તેઓને એક પુત્રની પ્રાપ્તિ થઇ જેનું નામ હતુ 'વેન' વેન જ્યારે સમઝતા થયા ત્યારે પિતા અંગે તેઓ વિધિવત યજ્ઞોપવિત સંસ્કાર કર્યો અને વેન વેદાદિ શાસ્ત્રનો અભ્યાસ કરવા ગુરૂકુલમાં ગયો. ત્યાં વેદવેદાંગનો અભ્યાસ કરી ગુણ સહિત ધનુર્વેદનું પણ અધ્યયન કરી મેધાવી એવો તે વિદ્યાઓનો પાર પામ્યો, એટલુ જ નહિ પણ તે શિષ્ટાચારથી પણ સંપન્ન થયો અને જે પ્રમાણે ઇન્દ્ર સ્વર્ગમાં સુશોભિત થાય છે તેમ વેન પણ સર્વ તેજથી યુક્ત તથા મહાજ્ઞાની થઇ પોતાની બુધ્ધિ અને બલ વડે પ્રકાશિત થયો. અને તેને સંપૂર્ણ સદ્ગુણોથી યુક્ત જોઇને અંગ તથા ઋષિમુનિઓએ તેનો સમસ્ત ભૂમંડલના એકચક્રિ સાશક તરીકે અભિષેક કર્યો.

આ તરફ રાજ્યારૂઢ થયા બાદ વેન સુચારૂ રૂપથી ધર્મ પૂર્વક પ્રજાનું પાલન કરવા લાગ્યો અને જેને લઇ તે સમસ્ત ભૂતલ પર પ્રજાપાલક તરીકે ઓળખાવા લાગ્યો. તેના રાજ્યમાં પ્રજા સુખેથી ધર્મપૂર્વક પોતાનું જીવન વ્યતિત કરતી હતી. વેને ધર્મથી પ્રજાને રાજી કરી, તેથી પ્રજા મહાત્મા વેનનો રાજ્ય પ્રભાવ પણ વખાણો રહી હતી અને તેના રાજ્યમાં ધર્મના ભાવો પણ વ્યવસ્થિત ચાલતા હતા.

પરંતુ એખ દિવસ તેમની રાજસભામાં એક વેદધર્મ વિરુધ્ધ આચરણ કરનારો આર્હત(જૈન) મતનો અનુયાયિ તેની પાસે આવ્યો અને વેનને તેણે પોતાના મતનો ઉપદેશ આપ્યો અને તેના સંગને કારણે વેન જેવો ધર્માત્મા મનુષ્ય પણ તેના રંગમા રંગાઇ ગયો અને પોતાના સનાતન ધર્મનો ત્યાગ કરી પાખંડ એવા આર્હત ધર્મનું આચરણ કરાવવા લાગ્યો. અને જેને લઇ તેણે સપ્તર્ષિઓના કોપના ભોગ બનવું પડયુ અને તે અકાળમાં કાળનો કોળિયો બની ગયો. (પદમપુરાણ/ભૂમિ/અ. ૩૬, ૩૭) માટે જ ભગવાન સ્વામિનારાયણ કહે છે 'गेयंयशः सदा विष्णोस्तदी यानां च भक्तिः। सङ्गसतां सदा कार्यो हर्य भक्तस्य न क्वचित्॥ વિષ્ણુ તથા તેમના ભક્તોનું યશ ગાન કરવું, સંતોનો સંગ સદાય કરવો પણ હરિના અભક્તોનો સંગ ક્યારેય ન કરવો'. (સ.જી. ૨/૭/૨૦) 'એક દ્રવ્યાદિકનો લોભ, તથા સ્ત્રીને વિશે બેઠા ઉઠયાની વાસના તથા રસને વિષે જિહ્વાની આસક્તિ તથા દેહાભિમાન, તથા કુસંગીમાં હેત રહી જાય તથા સમ્બન્ધિમાં હેત હોય એને કોઇ દિવસ જીવતે તથા મરીને પણ સુખ નથી.' (ગં.અં. -૩૮) ભર્તુ હરિ કહે છે 'दुर्जनः परिहर्तव्यो विद्ययाऽलङ्क कृतोऽपि सन्। मणिनाभूषितः सर्प किमसौ न भयङ्करः॥ વિદ્યાથી સુશોભિત હોય, તો પણ દુર્જન ત્યાગ કરવા યોગ્ય છે. સર્પમણીથી સુશોભિત હોય છે, માટે શું ભયંકર નથી.' (નીતિશતક/શ્લો-૫૨)' 'उद्भासिताशिखिलखलस्य विशृङ्खुद्धलस्य, प्राग्जाताविस्तृत निजाधमकर्मवृत्तेः। दैवादवाप्तविभवस्य गुणद्विषोऽस्य, नीचस्य गोचरगतैः सुखामास्यते कैः॥ જેણે પોતાની સંપૂર્ણ દુર્જનતા બહેલાવી છે, જે નિરંકુશ છે, જેના પૂર્વજન્મમાં કરેલા અધમ કર્મોની વૃત્તિ આ વખતે વિસ્તાર પામેલી છે. જેને પ્રારબ્ધ વશાત્ વૈભવપ્રાપ્ત કર્યો છે અને જે ગુણનો દ્વેષ કરે છે. તેવા આ નીચ પુરૂષને પાલવ પડેલો કયો મનુષ્ય સુખ પૂર્વક બેશે? (નીતીશતક/શ્લો-૫૯ માટે આવા પુરૂષનો

સંગ ત્યાગ કરવો) માર્કન્ડેયજી કહે છે 'नोदवृत्तोन्मत्तमतैश्चनाविनी तैश्च पण्डितः। गच्चेत मैत्रीं नाशीलैर्न च चौर्यादिदूषितैः। न चातिव्यय शीलैश्च न लुब्धैर्नातिवैरिभिः। नानृतकैस्तथा क्रूरैः सहासीत कदाचन। सार्धन बलिभिः कार्यान निःस्वैर्न च निन्दितैः। न सर्वशङ्किभिर्नित्यं न च दैवपरैर्नृभिः॥ જે સ્વભાવથી જ હીનવર્તનના હોય, મદીરા આદિ વ્યવસનથી કે રોગથી જેમાં ઉન્મત્તપણુ આવી ગયુ હોય કે આવતું હોય, મિથ્યાગર્વથી જે ઉધ્ધત થયેલા હોય તથા અવિનયી હોય, આવા મનષ્યોની સાથે બુધ્ધિશાળી તથા વિવેક મનુષ્યોએ મિત્રતા ન કરવી. તેમજ ચરિત્ર ભ્રષ્ટ, ચોરી આદી દુર્ગુણોથી ભરેલા, અતિખર્ચ કરનારા, અત્યંત લોભી, જેને ઝાઝા શત્રુ હોય, મન વચન કર્મથી અસત્ય પરાયણ તથા અતિ ક્રૂર હોય, આવા મનુષ્યોની સાથે ક્યારે બેઠ ઉઠ ન રાખવી. પોતાથી વધારે બલવાન, અત્યંત નિર્ધન, લોકોમાં ખરાબ રીતે વગોવાયેલી, સર્વત્ર શંકાના સ્વભાવવાળો અને હંમેશા ભાગ્ય આધારે રહેનારા (પુરૂષાર્થહીન) મનુષ્યોનો વધારે સંગ ન કરવો. (માર્કન્ડેય પુરાણ/અ-૩૪/૮૭ થી ૮૯) ભવગાન વેદ વ્યાસજી કહે છે 'बुद्धिश्चहीयते पुंसां नीचैः सहसमागमात्। મનુષ્યને જો નીચ મનુષ્યનો સમાગમ થાય તો તેની બુધ્ધિ હીન થઇ જાય છે.' (મહા.વન/૧/૩૦) સ્કન્ધ કહે છે 'याद्रशां यस्य सङ्गस्याच्छास्त्राणां वा नृणामपि। बुद्धिःस्यात्तादशी तस्य कार्योऽतो नासतां हि सः॥ જે મનુષ્યને જેવા શાસ્ત્ર જેવા મનુષ્યનો સમાગમ થાય, તે મનુષ્યની તેવી બુધ્ધિ થઇ જાય છે માટે અસત્ શાસ્ત્ર તથા અસત્ પુરૂષનો સંગ ન કરવો.' (સ્કન્ધ/વૈ/વા.મા./ ૨૦/૪૨) શતાનંદ સ્વામી પણ કહે છે. 'स्त्रौणानामतिलुब्धानांकौलनास्तिक पापिनाम्। शुष्कज्ञान वत्तां चापि सङ्गकार्यो न कुत्रचित्॥ જેઓ સ્ત્રી લંપત હોય, જેઓ અતિ લોભી હોય, જેઓ કોલમતાના હોય, જેઓ નાસ્તિક હોય, જેઓ મહાપાતકી હોય તથા જેઓ શુષ્કજ્ઞાનિ હોય

તેઓ સર્વનો સંગ ક્યારે ન પણ ન કરવો.' (સ.જી. ૪/૪૬/૫૭) (શ્લો-૯૧) હવે નીતિકાર બે શ્લોકથી છ એવા મનુષ્યનું વર્ણન કરે છે, જે કાર્ય પૂર્ણ થયા બાદ ઉપકારીની અવગાણના કહે છે.

શ્લોક-૯૨ षडेते ह्यवमन्यन्ते नित्यं पूर्वोपकारिणम्।

आचार्य शिक्षिताः शिष्यः कृतदाराश्च मातरम्।।

શ્લોક-૯૩ नारी विगतकामस्तु कृतार्थश्च प्रयोजकम्।

नावं निस्तीर्णकान्तारा आतुराश्च चिकित्सतकम्।।

શ્લોકાર્થ : આ છ પોતાના પૂર્વ ઉપકારીની અવમાનતા (અવગણના) કરે છે. શિક્ષા સમાપ્ત થયા બાદ શિષ્ય પોતાના ગુરૂની, વિવાહ કરેલી દિકરી પોતાની માતાની, કામવાસના પૂર્ણ થયા બાદ પુરૂષ સ્ત્રીની, કાર્ય પુર્ણ થયા બાદ તેમાં સહાય કરનાર સહાયકની, દુર્ગમનદીની ધારાઓને પાર કર્યા બાદ નાવની અને રોગનું નિદાન થયા બાદ રોગી વૈદ્યની.

ચ.ટી.: આ વચનો નીતિકારી ઘણા અનુભવ કર્યા બાદ કહ્યા છે. કારણ કે મનુષ્ય ત્યાં સુધિ જ કોઇની અપેક્ષા રાખે છે જ્યાં સુધિ તેના કાર્ય રૂપ સ્વાર્થની પૂર્તિ ન થાય. સ્વાર્થ સિધ્ધ થઇ ગયા બાદ તે સહાય કરનારાની ઉપેક્ષા કરી દે છે આજ સંસારનો નિયમ છે તેને જ વિદૂરજીએ અહીં બતાવવાનો પ્રયત્ન કરેલો છે. ભગવાન શ્રી કૃષ્ણ પણ આ બાબતનું સમર્થન કરતા કહે છે. 'निस्स्वं त्यजन्ति गणिका अकल्पंनृपतिं प्रजाः। अधीतविद्या आचार्यमृत्विजोदत्तदक्षिणम्॥ खगावीतफलं वृक्षं भुक्त्वा चातिथयो गृहम्। दग्धं मृगास्तथारण्यं जारो भुक्त्वा रतां स्त्रियम्॥ ગણિકાનિર્ધનને, પ્રજાઓ અસમર્થ રાજાને, જેણે વિદ્યા પ્રાપ્ત કરી લીધી છે તે વિદ્યાર્થી આચાર્યને અને ઋત્વિજ જેના દ્વારા દક્ષિણા આપી દેવામાં આવી છે તે

યજમાન ને ત્યાગી દે છે. પક્ષીઓ જેના પર ફળ નથી રહ્યા તે વૃક્ષને, અતિથિઓ ભોજન કરી લીધા પછી ઘરને, પશુઓ જેમાં આગ લાગી છે તે વનને અને જાર પુરૂષ ભોગ ભોગવી લીધા પછી પોતાનામાં અનુરાગવાળી હોય તો પણ તે સ્ત્રીને છોડી દે છે.' (ભાગ ૧૦/૪૭/૭-૮) (શ્લો-૯૨) હવે નીતિકાર જીવ લોકના છ પ્રકારના સુખનું વર્ણન કરે છે-

શ્લોક-૯૪ आरोग्यमानृण्यम विप्रवास:

सिद्धिर्मनुष्यै: सह सम्प्रयोग: ।

स्वप्रत्य यावृत्तिर भीतवास:

षड् जीव लोकस्य सुखानी राजन् ॥

શ્લોકાર્થ : હે રાજન! નિરોગી રહેવું, ઋણી ન રહેવું, વિદેશમાં વાસ ન કરવો, સજ્જનોનો સંગ, પોતાને આશ્રિત આજીવિકા, નિર્ભય (નિડર) થઇને રહેવું આ છ જીવલોકના સુખ છે.

ચ.ટી.: નીતિકાર ઉપરોક્ત ગણાવેલી વસ્તુઓથી યુક્ત મનુષ્યને સુખી કહે છે અને તે વસ્તુઓથી રહિત મનુષ્યને દુઃખી માને છે. શ્રુતિ કહે છે 'स्वयं तन्वं वर्धस्व- શરીરને બળવાન બનાવો' (ઋગવેદ-૭/૮/૫) 'अश्मानं तन्वंकृधि- શરીરને પથ્થર જેવું સુદૃઢ બનાવો' (અથર્વ/૧/૨/૨) આચાર્ય ચાણક્ય કહે છે 'शाकेन रोगा वर्धन्ते पयसावर्धते तनु: । धृतेन वर्धते वीर्य मांसान्मासां प्रवर्धते ॥ શાકભાજી આરોગવાથી રોગ (ધોયા વગરના), દૂધના સેવનથી શરીર, ધૃતના સેવનથી વિર્ય અને માંસના સેવનથી માંસ વધે છે- (ચાણક્યનીતિ/૧૦/૧૨૦ અહી ઘીના (ધૃતના) સેવનથી વિર્ય શરીરમાં વધતા શરીર નિરોગી બને છે.) આચાર્ય શિષ્યને શિક્ષા આપતા કહે છે 'कुशलान्न प्रमदितव्यम्- આરોગ્યાદિ શરીરની

કુશળતામાં પ્રમાદ ન કરવો જોઇએ.' (તૈતિસ્ચિ-૧/૧૧/૧) 'अरिष्टाः स्याम तन्वा सुधीशः –અમે શરીરથી નિરોગિ રહીએ તથા ઉત્તમ વીર બનીએ' (એવી દેવનિ પ્રાર્થના કરવાની વેદ ભગવાને આજ્ઞા આપી છે) આ સમ્બન્ધમાં કાર્તીવીર્ય અજંન દૃષ્ટાંત રૂપ છે. ભાગવતકાર કહે છે 'पञ्चाशीति सहस्त्राणि हयव्याहत बलः समाः। સહસ્ત્ર બાહુ અજંને પંચ્યાશી હજાર વર્ષ પર્યન્ત છએ ઇન્દ્રિયોના અખૂત વિષયો ભોગવ્યા હતા. પરંતુ ન તો તેના શરીરનું બળ ક્ષીણ થયું અને ન તેણે ક્યારેય એવું કહ્યું કે મારી સંપત્તિનો નાશ થઇ જશે. (ભાગ-/૯/૨૩/૨૬) આમ નિરોગી રહવું એ પણ આ જીવલોકનું એક સુખ જ છે. એમ સ્પષ્ટ થયું.

તે જ પ્રમાણે વેદ ભગવાન કહે છે 'अनृणो क्वामि- કોઇના ઋણીના બનો' (અર્થ-૬/૧૧૭/૧) 'अनृणाःस्याम- દેવાદાર ન બનો (યજ/૩૨) કારણ કે કોઇની પાસે ધન ઋણ લીધુ હોય તો ધનનો ધણી તો બહુ કઠિન ચિતવાળો હોય છે. તેઓ કરજદારની જ્ઞાન નિષ્ઠા કે ભક્તિ નિષ્ઠાથી પરિતોષ પામતો નથી. પરંતુ પોતે આપેલા ધનને પાછ લેવા વડે જ પ્રસન્ન થાય છે. તેઓ ધન પાછ લીધા વીના 'અર્થમાં અનેક અનર્થો રહ્યા છે.' તેવા ઉપદેશાદિક વડે ક્યારેય પણ ગૃહદ્વાર થકી પોતાના જ ઘેર પાછા વળતા નથી. પ્રાણાપતિને પામેલા કદાચિત્ કરજ કરે છે કારણ તેનાથી પ્રાણનું રક્ષણ થાય તે થકી અન્યત્ર ધર્માદિ કાર્ય કરવાની બુધ્ધિથી પણ ક્યારેય કરજ કરવું નહી. કરે તો દુઃખની સાથે જોડાય છે. કારણ કે લોકમાં દેણદારે દીધેલા દુઃખથી બીજ અધિક દુઃખ પણ કોઇ નથી એજ મહાદુઃખ છે. વસ્તુતા એ તો પ્રાણાપત્તીમાં પણ કરજ કરવુ એ યોગ્ય નથી ભગવાની શ્રીહરિ આ સન્દર્ભમાં કહે છે કે- 'पञ्जमेऽहनि षष्ठे वा शाकपत्राशनं वरम्। नतूत्तमर्णकदनं नृपतेरपि कर्हिचित्॥ પાચમે કે છઠ્ઠે દિવસે પણ ડોડી આદિક શાકપત્ર ના ભક્ષણથી ક્ષુધાની નિવૃત્તિ કરવી શ્રેષ્ઠ છે પણ જેમાં દેણદારનો

અધિક ઉપદ્રવ હોય એવું મિષ્ટાન્ન ભોજન પણ શ્રેષ્ઠ નથી. રાજાને પણ એમ છે તો બીજાની ક્યાં વાત કરવી?' (સ.જી.૩/૪/૩૬) 'तस्मात् गृहस्थैर्मद् भक्तैर्धर्मऽपि स्वीय शक्तितः। कर्तव्यो न त्वृणं कृत्वाकेनचिन्नृप! कर्हिचित्॥ હે નૃપ! મારા ભક્ત સમસ્ત ગૃહસ્થોએ ધર્મ કાર્ય પણ યથા સંપત્તિ કરવું. કોઇપણ ગૃહસ્થ ભક્તો ક્યારેય પણ કરજ કરીને ધર્મ કાર્ય ન જ કરવું' (સ.જી. ૩/૪/૪૭) ' न तु कार्यं ऋणं क्वचित्- કોઇનું કરજ તો ક્યારેય ન કરવું. (શિક્ષા/૧૨૫) સ્કન્ધ કહે છે. 'नाधमर्ण्य समंदुःख गृहणामिह किञ्चने- ગૃહસ્થને કરજ ના જેવું કોઇ બીજ દુઃખ નથી' (સ્કં.પુ.)કૃત્ય ચિંતામણીમાં કહ્યું છે 'अग्निहोत्री तपस्वी चत्रृणवन्म्रियतेयदि। अग्निहोत्रं तपश्चैव सर्वं तद्धानिनो भवेत्। ऋणंये न प्रयच्छन्ति प्रमादादनुपायतः धनदातु स्तदीयं स्यत्पुण्यं चात्र पुराऽर्जित॥ અગ્નિહોત્રી અને તપસ્વી કરજ ચૂકવ્યા પૂર્વે જ મરણ પામે તો તેના કરેલા અગ્નિહોત્ર અને તપ બધુ લેણિયાટને જતુ રહે છે. જે કરજદાર પ્રમાદથી કે વિષમ પરિસ્થિતિને લીધે જો કરજ ચૂકવતો નથી તો તેનું પૂર્વે કરેલું બધુ જ પૂણ્ય ધન આપનારને મળી જાય છે.' (કૃત્યચિંતામણી)

કોઇના ઋણિ ન થવા વિષે ઉધ્ધવ સંપ્રદાયના વાર્તા સાહિત્યમાં આવતુ સામજીભાઇનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. મેમકા ગામમા રહેતા સામજી ભક્ત વ્યવહારે ખૂબ દુર્બળ હતા પરંતુ સત્સંગી બહુ સારા હતા. તેઓના માથે ઋણ થઇ જવાથી અને લેણદારોની સતત ઉઘરાણીથી એક દિવસ રાત્રીને વિશે તેઓ ઘરનો ત્યાગ કરી જતા રહ્યા અને કાઠિયાવાડમાં 'ચોરવીર' નામે ગામે જઇને રહ્યા અને ત્યાં ખૂબ પરિશ્રમ કરી પૈસા ભાગી કરી એક વણિક પાસે ભેંસ ખરીદી. તે પછી તે ભેંસનું મણ જેટલું ઘી ભેગુ થયું એટલે તેને વેચવા તેઓ દુર્ગપુર આવ્યા અને ઘી નું કુડલું ગામમાં એક ઘરમાં મૂકી શ્રીહરિના દર્શન કરવા દાદાખાંચરના દરબારમાં આવ્યા તે સમયે મહારાજ સંતોની પંક્તિમાં

સંતોને લાડુ પિરસતા હતા. તે જોઇ સામજીભાઇને વિચાર આવ્યો ક 'અમારી પાસે મણ જેટલું ઘી છે તેની સંતોને રસોઇ આપુ તો સારૂં. ત્યારે તેઓ ત્યાં ઉભેલા હરજી ઠક્કર પ્રત્યે બોલ્યા 'હરજીભાઇ, જો મહારાજ હા પાડે તો અમારે સંતોને ઘી ની રસોઇ આપવી છે, મારી પાસે એક મણ ઘી છે.' ત્યારે હરજી ઠક્કરે મહારાજને વાત કરી. ત્યારે સર્વજ્ઞ એવા ભગવાને હરજી ભક્તને કહ્યું 'હરજીભાઇ, એ ભક્ત દરિદ્ર છે તેઓને ઘૃત વેચી અન્ન લેવાનું રહશે માટે તેઓની રસોઇ લેવાની ના પાડો.'

તદન્તર સામજીભાઇ ભગવાન શ્રીહરિ પાસે આવ્યા અને બોલ્યા 'હે પ્રભુ! મારો વ્યવહાર તો જેમ તેમ ચાલ્યો જશે પણ આવો અવસર અમને ફરી નહિ મળે, માટે અમારા પર પ્રસન્ન થઇને રસોઇની હા પાડો.' ત્યારે હરિએ વિચાર કરી કહ્યું 'ભલે ઘી લાવો સંતોને જમાડીએ' તે પછી બીજે દિવસે રસોઇ કરાવી સંતોને જમાડી તૃપ્ત કર્યા. તે પછી સામજી ભાઇ ખાલી કુંડલી લઇ ઘરે આવ્યા. તેઓને ઘરે આવેલા જાણી તેઓના લેણદારો તાકીદે તેઓના પૈસા લેવા આવ્યા. એટલે તેઓએ માંડીને બધી વાત કહી આજીજી કરી દેણદારોને પાછી મોકલ્યા. તે પછી સામજી પટેલ પાસે જે ચાર બળદ હતા તેના દ્વારા ખેડ કરી ત્યારે તેના પરિણાણે ખેતરમાંથી ત્રણસો મણ અનાજનો પાક થયો અને તેના દ્વારા તેઓએ પોતાનું બધુ દેવું ચૂકવું. આમ વ્યવહારે દુર્બળ હોવા છતાં ભગવાન અને સંતો માટે ઘી ની રસોઇ આપવાથી શ્રીહરિએ પણ તેઓને ખેતરમાં એટલું અનાજ ઉગાડયું કે જેથી તેઓ પોતાના સમસ્ત ઋણથી મુક્ત થયા. (હરિચરિત્ર ચિંતામણી-વાર્તા- ૩૭૮)અહીં આ ચરિત્રમાં પણ સામજી પટેલ એકાંતિક ભક્ત હતા છતા પણ દેવાદાર થયા તેઓના લેણદાવોએ તેમની ધર્મનિષ્ઠા ઇત્યાદિ પર ધ્યાન ન આપતા તેઓ પાસે દ્રવ્યની ઉઘરાણી કરતા હતા અને જેને લઇ તેઓએ

ગૃહનો ત્યાગ કરવો પડયો માટે ઋણ ક્યારેય ન કરવું. વેદ ભગવાન કહે છે 'જે ઋણ મુક્ત છે તેની જ મુક્તિ થાય છે- सर्वान्पथोअनृणाआक्षिपेन' (यजुर्वेद-३२)

તેમ નીતિકાર પરદેશમાં વાસ ન કરવો એ પણ આલોકનું સુખ માને છે કારણ જે માનવ જે દેશમાં જઇ વાસ કરે છે તે માનવ તે દેશની સંસ્કૃતિના રંગે રંગાઇ જાય છે. તેની અંદર રહેલા પોતાની રાષ્ટ્રના સંસ્કારને બદલે તે તે દેશના સંસ્કારો પ્રગટ થઇ જાય છે જેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત આપણી આર્ય સંસ્કૃતિના માનવોમાં જોવા મળે છે. આર્ય સંસ્કૃતિનો મનુષ્ય જે દિવસથી સમુદ્ર પાસ આવેલ દેશોમાં આવા ગમન કતો થયો તે દિવસથી તેણે ભૂતલની સાર્વભૌમ આર્ય સંસ્કૃતિને તિલાંજલી આપી દીધી અને તે પશ્ચિમી સંસ્કૃતિના રંગે રંગાઇ ગયો. જે પશ્ચિમિ સંસ્કૃતિમાં કેવલ ભૌતિક સુખ ઉપર જ બહુધા વિચાર કરવામાં આવેલો છે. જે આર્ય સંસ્કૃતિમાં મનુષ્ય દેહની દુલભતા તથા ધર્માનુસાર આચરણ કરી સંસારના આવાગમનથી મુક્ત થવાની વાત કરવામાં આવી છે તે સંસ્કૃતિને તિલાંજલી આપી કેવલ ઇન્દ્રિયોને તૃપ્ત કરવા માટે આર્ય પુરૂષ પશ્ચિમની સંસ્કૃતિના માનવોની જેમ વિષયોની પાછળ લંપત થઇને ફરતો જોવા મળે છે. આ બધુ જ પરદેશમાં વાસ કરવાનું જ પરિણામ છ.

બીજપણ એક કારણ છે કે પરદેશમાં પાસ કરનારાને તે દેશનું વાતાવરણ તેના શરીરને અનુકૂળ ન હોય તો અસાધ્ય રોગથી ગ્રસ્ત થવું પડે છે અને કદાચ સમય સંજોગ પ્રમાણે પરદેશમાં વાસ કરવો આવશ્યક હોય. તો તેવા દેશમાં જઇને વાસ કરવાનો છે કે જે દશ ધર્મયુક્ત હોય યાજ્ઞ વલ્કય કહે છે 'यस्मिन्देशे मृगः कृष्णास्तस्मिन्धर्मान्निबोधतः -જે દેશમાં કૃષ્ણ સાર મૃગ સ્વચ્છંદ વિચરણ કરતા હોય તે દેશમાં ધર્મનું અનુષ્ઠાન થાય છે.' (યાજ્ઞ/આચા./શ્લો-૨- આથી આવા દેશમાં જ જઇને વાસ કરવો એમ અધ્યાહથી કહેવાયું છે.)

તેજ પ્રમાણે નીતિકાર અહી સજ્જનોનો સંગ કરવો એ પણ આલોકન્ સુખ કહે છે. કારણ કે સજ્જનોના સંગથી માનવા આ લોક પરલોકમાં સુખી થાય છે. તથા અજ્ઞાનથી મુક્ત થાય છે અને તેમા સત્ અસત્નો વિવેક ઉદય થાય છે. જેમાં ગંગાપુત્ર ભીષ્મ કહે છે 'चिरमन्वास्य विदुषांश्चिरं शिष्टान् निषेव्य च। चिरं विनीय चात्मानं चिरं यात्यनवज्ञताम्॥ અધિક સમય સુધિ વિદ્વાનોનો સંગ કરતો અધિક સમય સુધિ શિષ્ટ પુરૂષો ની સેવામાં રહેવું, અધિક સમય સુધિ પોતાના મનને વશમાં રાખવું આનાથી મનુષ્ય ચિરકાલ સુધિ અવજ્ઞા નહિ પણ સન્માનનો ભાગી થાય છે.' (મહા. શાન્તિ/૨૬૬/૭૬) 'चिरं वृद्धानुपासोन् विचमन्वास्य पूजयेत्। चिरं धर्मं निषेवेत कुर्याच्चान्वेषणं चिरम्॥ ચિર કાલ સુધિ વૃધ્ધોની સેવા કરવી, દીર્ઘકાળ પર્યન્ત સુધિ તેઓનો સંગ કરવો, તથા તેની પૂજા કરવી ચિરકાલ સુધિ ધર્મનું સેવન કરવું અને દીર્ઘકાળ સુધિ તેનું અનુસંધાન રાખવું' (મહાશાન્તિ/૨૬૬/૭૪) 'जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं मोनोन्नतिं दिशति पापमपाकरोति। चेत: प्रसादयति दिक्षु तनोति कीर्तिं सत्संगति: कथय किं न करोति पुंसाम्॥ સત્સંગ બુધ્ધિની જડતાને નષ્ટ કરે છે. પાણીમાં સત્યતાને સમાવિષ્ટ કરીને માનને વધારે છે તથા સર્વત્ર યશને ફેલાવે છે અતઃ કયું કાર્ય સત્સંગતિ દ્વારા સિધ્ધ થતુ નથી અર્થાત્ બધુ જ થાય છે' (નીતિશતક /શ્લો-૨૩)પંચતંત્રમાં વિષ્ણુ શર્મા કહે છે. 'महाजनस्य सम्पर्क: कस्य नोन्नतिकारक:। पद्मपत्रस्थितं तोयं धत्ते मुक्ताफलश्रियम्॥ જેમ પદમ પત્ર પર સ્થિત જળ મુક્તા ફળની આત્માને પ્રાપ્ત કરી લે છે તેમ ઉત્તમ સંગતિથી પણ દુર્જનપણ સજ્જન બની જાય છે (પંચતંત્ર-૩/૬૦) ગરૂડપુરાણમાં શ્રીમન્નારાયણ કહે છે 'सद्भिः संङ्ग प्रकुर्वीत सिद्धिकाम: सदा नर:। नासद्भिरिहलोकाय परलोकाय वा हितम्॥ સિધ્ધિની કામના રાખવાવાળા મનુષ્યોએ સજ્જનો ની સંગતિ કરવી જોઇએ. અસજ્જનોની સંગતિ ન તો આ લોકમાં ન

પરલોકમાં. માટે ઉભયલોક વિનાશક અસજ્જનોનો સંસર્ગ ત્યાગ કરવો.' (ગરૂડ/૧૦૮/૨) ભગવાન વેદ વ્યાસજી કહે છે. 'बुद्धिश्च हीयते पुंसा नीचैः सह समागमात्। मद्यमैर्मध्यतांयाति श्रेष्ठतां याति चोत्तमैः॥ જે મનુષ્ય નીચે મનુષ્યનો સંગ કરે તો તેની બુધ્ધિ હિન થઇ જાય છે, જો મધ્યમ પુરૂષનો સમાગમ કરે તો તેની બુધ્ધિ મધ્યમ થઇ જાય છે પરંતુ શ્રેષ્ઠ પુરૂષનો સંગ કરે તો તેની બુધ્ધિ શ્રેષ્ઠ થઇ જાય છે.' (મહા.વન/૧/૩૦)

આ સંબંધમાં વાલ્મિકી રામાયણમાં આવતુ રત્નાકર બ્રાહ્મણ નું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. રત્નાકર બ્રાહ્મણ પ્રચેતાના અગિયારમાં પુત્ર હતા. પરંતુ લડકપણમાં દસ્યુઓ દ્વારા તેઓનું અપહરણ કરાયુ હોય તેઓના સંસર્ગા વશ આ પવિત્ર બ્રાહ્મણે પણ દસ્યુઓનો જ વ્યવસાઇ અપનાવી લીધા અને તે એક ક્રૂર ડાકુ -દસ્યુ બની ગયો. જન્મથી જ તે અશિક્ષિત હતો એટલે તેણે પોતાનું તથા પોતાના પરિવારના પોષણ માાટે એક ભયંકર માર્ગ અપનાવ્યો. ગાઢ વનમાં જવાના માર્ગમાં જ તેણે પોતાનો ડેરો જમાવેલો. જે પણ કોઇ યાત્રી ત્યાંથી નીકળે તેને તે વગર વિચાર્યે લૂંટી લેતો અને તેને મોતને ઘાત ઉતારી દેતો, તે એપણ વિચારતો નહિ કે 'આ કર્મ કરવાથી મને લાભ થશે કે હાનિ' તેણે પોતાના જીવનમાં એટલા દ્વિજોની હત્યા કરેલી તે દ્વિજોના યજ્ઞોપવિતથી સાડા સાત બળદગાળા ભરાઇ ગયા હતા. તેની આ પ્રમાણેની બર્બરતાને લીધે યાત્રીઓ માટે આ માર્ગ મત્યુ દ્વારા બની ગયો હતો.

જ્યારે દેવર્ષિ નાદજીને યાત્રિઓની વિપત્તિની વાત સભળાય ત્યારે તેઓનું હ્દય કરૂણાથી દ્રવિત થઇ ગયુ અને તેઓ સ્વયં તે માર્ગ પર ચાલી નીકળ્યા જે માર્ગ પર આ ડાકુ રહેતો હતો. નારદજી ને આવેલા જોઇ રત્નકાર ડાકુ શસ્ત્ર લઇ નારદજી પર હુમલો કરવા તૈયાર થયો પણ નારદજીને ભય શાનો તેઓ રત્નાકર

પ્રત્યે બોલ્યા 'ભાઇ તુ વ્યર્થમાં ક્રોધ કરે છે, શસ્ત્ર ઉઠાવવાથી શો લાભ? અમે તારૂ તો કોઇ અનિષ્ટ કરેલું નથી, તુ ઇચ્છે છે શું?' રત્નાકારે કહ્યું 'અમને તારા પ્રાણ જોઇએ છે તથા તારી પાસે જે પણ કંઇ હોય તે અમોને આપી દે' નારદજી બોલ્યા 'કોઇપણ માનવની હત્યા વગર અને લુટયા વિના પણ વનમાં વૃક્ષ પર ઉગેલા ફળ ફળાદિ થી પણ તુ તારા ઉદરની પૂર્તિ કરી શકે છે.' ત્યારે ડાકૂ કહે 'તો પછી અમારા માતા પિતા ઇત્યાદિનું પાલન કોણ કરશે?' તેની વાત સાંભળી નારદજી બોલ્યા 'ભાઇ તુ જેને માટે પાપ કરે છે તે બધા તે કરેલા પાપમાં ભાગ નથી લેવાના તારા પાપનું ફળ તો તારે એકાકી એ જ ભોગવવાનું રહેશે.' ડાકૂએ કહ્યું 'એ કેવી રીતે બને? જે મારા પાપના કમાએલા ધનનો ઉપભોગ કરે છે તે મારા પાપમાં પણ ભાગતો લેશેજ' નારદજી બોલ્યા 'ભાઇ, તુ ઘણો ભોળો છે, પાપના ફળમાં કોઇ ભાગી હોતું નથી, તને જો મારી વાત પર વિશ્વાસ ન હોય તો ઘરે જઇને તારા સમ્બન્ધિઓને પૂછી જો.'

નારદજીની વાત સાંભળી રત્નાકાર બોલ્યો 'બાવાજી, તમો અમને મૂર્ખ બનાવવા માંગો છો, અમે ઘરે ઝઇએ અને તમો અહીથી પલાયન થઇ જાવ' નારજી એ કહ્યું 'ભાઇ, અમો અહીં જ ઉભા રહીશું તને જો વિશ્વાસ ન હોય તો આ સમિપના વૃક્ષ સાથે અમોને બાંધી દે અને પછી ઘરે જઇને પુછી આવ.' તે પછી ડાકૂએ નારદજીને એક મજબૂર દોરડાથી વૃક્ષ સાથે નારદજીને બાંધી દીધા અને તે ઘરે પોતાના પરિવારના સભ્યોને પુછવા ગયો અને ત્યાં જઇ તે પોતાના સમ્બન્ધિઓ પ્રત્યે બોલ્યો 'અમો યાત્રીઓની હત્યા કરી જે પણ કંઇક લાવીએ છીએ તે પાપમાં તમો ભાગી ખરા કે નહિ.'

તેની વાત સાંભળી તેના પિતા બોલ્યા 'અમોએ બાળપણથી તારૂ લાલન પાલન કરેલું છે હવે અમારી વૃધ્ધ અવસ્થા આવેલી છે તારૂ કર્તવ્ય છે અમારૂ

લાલન પાલન કરવાનું તુ તે ધન ક્યાંથી લાવે છે એ અમારે જોવાનું નથી તારા પાપ પુણ્યમાં અમો કેવી રીતે ભાગિદાર ગણાઇએ?' આ સાંભળી રત્નાકાર માતા પાસે આવ્યો અને માતા થકી પણ પિતાના જેવો જ ઉત્તર પ્રાપ્ત થયો. ત્યારબાદ તે પોતાની ભાર્યા પાસે આવ્યો અને તેને પણ માતા પિતાની જેમ જ પ્રશ્ન કર્યો. ત્યારે તેની પત્નીએ કહ્યું 'સ્વામી, અમારૂ કર્તવ્ય છે કે તમારી અને તમારા ઘરના વડિલોની સેવા કરવાની અને અમો અમારૂ કર્તવ્ય પૂર્ણ કરીએ છીએ અને તમારૂ કર્તવ્ય અમારી રક્ષા તથા ભરણ પોષણ કરવાનું છે. આ પોષણ કરવા તમો ધન કેવી રીતે લાવો છે તે તમારે જોવાનું છે. તમો તે ધન પાપથી કમાઇને લાવો તેમાં અમારે સો સમ્બન્ધ? અમો તેમાં ભાગી કેવી રીતે થઇએ?' તે પથી રત્નાકાર પોતાના આત્મજો -બાળકો પાસે આવ્યો અને તેઓ પણ તે જ વાત પુછી ત્યારે બાળકો બોલ્યા 'પિતાજી, અમે હજ નાના છીએ એટલે અમારૂ ભરણપોષણ કરવાની જવાબદારી તમારી છે અમો જ્યારે વયસ્ક થઇ જશુ ત્યારે તમારૂ ભરણ પોષણ કરીશું પણ અમો તમારા પાપમાં ભાગીદાર કેવી રીતે થઇએ.?'

આ પ્રમાણે પોતાના પરિવારની વાત સાંભળી ડાકૂ નિરાશ થઇ ગયો, કોઇપણ તેણે કરેલા પાપનું ફળ ભોગવવા માટે તૈયાર ન હતુ. ત શીઘ્ર ઘરનો ત્યાગ કરી વનમાં નારદજી પાસે આવ્યો અને તેઓને બંધનથી મુક્ત કરી તેમના ચરણમાં પડી ગયો. રત્નાકરે નારદજીને પોતાના પાપનું પ્રાયશ્ચિત પુછતા તેને નારદજીએ રામમંત્રી ની દીક્ષા આપી અને તેનો જપ કરવાની આજ્ઞા આપી. પરંતુ રત્નાકર તેના નિષ્ઠુર હૃદય અને અશુધ્ધ અંતઃ કરણમાં ભગવાનનું સીધુ નામ બોલવામાં પણ સમર્થ ન હતો એટલે નારદજીએ તેને 'મરા મરા' નો જપ કરવાનું કહ્યુ અને રત્નાકર ને સ્થાન પર બેસીને જ નારદજીએ જપ કરવાનું કહ્યું દિવસો મહિનાઓ વર્ષો શદીઓ વ્યતિત થઇ ગઇ રત્નાકરના શરીરને કોડાઓએ કોટરી

ખાધુ, તેના પર વલ્મિક (રાફડો) જામી ગયો. તેની તપસ્યાથી સૃષ્ટિ કરતાને આશ્ચર્ય થયું તે હંસવાહન સ્વયં ત્યાં પધાર્યા અને કમંડલમાંથી જળ કાઢીને તેઓએ તેના પર પ્રક્ષાલિત કર્યુ. જળ પ્રક્ષાલિત થતા તે વલ્મિકમાંથી જે પુરૂષ ઉભા થયા તે હવે પૂર્વનો રત્નાકાર બ્રાહ્મણ પરિવર્તિત થઇ ચૂક્યો હતો તેનું સંપૂર્ણ શરીર દિવ્ય થઇ ગયું હતુ. આ સસાર જેને 'ડાકુ રત્નાકાર' ના નામથી જાણતો હતો તે જ નારજીના સત્સંગથી વિલ્મકમાંથી નીકળવાને કારણે 'મહર્ષિ વાલ્મિકી' કહેવાયા. તે જ મહાપુરૂષ આ જગતના આદિ કવિ હતા જેઓ સામાયણ મહાકાવ્યની રચના ભગવાન શ્રીરામના પ્રાગટ્ય પૂર્વે કરી દીધી. આમ ક્રૂર રત્નાકાર ડાકૂ કેવલ થોડા સમયના સત્સગને લઇ આદિ કવિ થઇ ગયા અને આલોક પરલોક બન્નેમાં સુખને પામ્યા. (વાલ્મિક રામાયણ) આમ સત્પુરૂષોના સંગથી ગુણહીન સદ્‌ગુણ સમ્પન્ન, ક્રૂર હ્દય સહ્દય, અધર્માત્મા ધર્માત્મા, પાપી પુણ્ય કર્મા, અજ્ઞાનિ જ્ઞાની અને કલંકીપણ નિષ્કલંકી થઇ જાય છે માટે મનષ્યે હંમેશા સદ્‌ગુણ સંપન્ન પુરૂષો સાથે જ મિત્રતા કરવી જોઇએ અને સત્પુરૂષો દ્વારા આચરિત વ્યવહારને જ પોતે અપનાવવો જોઇએ એમા જ જીવનની સફળતા છે. તેનાથી વિપરિત અસત્ જનનો સંગ કરવાથી તેની સાથે મિત્રતા કરવાથી અને તેણે બતાવેલા માર્ગ પર આરૂઢ થવાથી અધઃ પતન થાય છે. જે મહાન પુરૂષોનો સંગ કરે છે તે પોતે પણ મહાન બને છે તેના આશ્રયમાં રહેનારા બીજાને પણ આશ્રય આપવાવાળા બની જાય છે. ઋગ્વેદની (૪/૧૬/૧૦) ઋચામાં આવે છે. 'आ दस्यु घ्रा मनसः याह्यस्तं भवत् ते कुत्सः सख्ये निकामः। स्वे यौनौ निषदतं सख्याविवां चिकित्सदृतचिद्धनारी॥ રાજર્ષીરૂરૂના કૃત્સનામવાળો એક પુત્ર હતો એક સમયે આ કૃત્સ સંગામમાં શત્રુઓ દ્વારા પરાજિત કરાયો. તે સમયે અશક્ત રૂરૂએ શત્રુઓને માટે મહાન્ દેવ ઇન્દ્રનું આવાહન કર્યુ. દેવરાજ તેમના ઘરે

આવ્યા અને આવીને રૂરૂના બધા શત્રુઓને યમરાજના અતિથિ બનાવી દીધા. તે પછી રૂરૂ તથા ઇન્દ્ર વચ્ચે ગાઢ મૈત્રી પ્રેમ થઇ ગયો. રૂરૂને દેવરાજ પોતાના સ્વર્ગમાં લઇ ગયા અને પોતાના જ જેવી રૂપ સંપત્તિ ધનાદિક સંપન્ન કરી દીધા. તે બન્ને એક સમાન દેખાવા લાગ્યા. એક સરખા રૂપ, વસ્ત્ર, અલંકાર ઇત્યાદિ તેઓનું એક સમાન હતુ.

આ તરફ દેવરાજ ઇન્દ્રની પત્નિ સચિ રાજ પ્રસાદમાં આવી, તો તે બે ઇન્દ્રને જોઇને સંદેહમાં પડી ગય કે 'આ બેમાંથી વાસ્તવિક ઇન્દ્ર કોણ છે?' આ કથાનું તાત્પર્ય એટલુ જ છે કે 'સામાન્ય મનુષ્ય યોનિમાં પ્રગટ થએલા રૂએ મહાન ઇન્દ્ર સાથે મિત્રતા કરી, તેનો સંગ કર્યો તો તે ઇન્દ્રના જેવા થઇ ગયા. તેનું પરાક્રમ, વૈભવ, ઐશ્વર્ય, ઇન્દ્રની જેમ મહાન બની ગયું. અતઃ કલ્યાણ કામી મનુષ્યોએ મહાન બનવું હોય તો સજ્જન પુરૂષોનો જ સંગ કરવો. કારણ સજ્જનો નો સંગ કલ્યાણકારી હોય છે જે આ લોક પરલોક બન્નેને શ્રેય કર કરનાર થાય છે.

તેજ પ્રમાણે નીતિકાર પોતાને આધિન જીવિકા વૃત્તિ હોવી પણ આ લોકનું સુખ માને છે કારણ કે કોઇને પરવશ થઇને (દાસ થઇને) રહેવું એ તો નરક સમાન દુ:ખદાયિ છે. કારણ કે કોઇને પરવશ રહેવુ એ બીજાની કૃપા પર જીવેલા ગણાય. સ્વતંત્રા એ સુખ રૂપ છે અને પરાધિનતા એ દુઃખ રૂપ છે. પરાધિન પ્રાણી પોતાની સ્વતંત્રતા ગુમાવી દે છે અને દાસતા જેવું કોઇ દુઃખ નથી આચાર્ય ચાણક્ય કહે છે 'कष्टं च खलु मूर्खत्वं कष्टं च खलु यौवनम्। कष्टा तकष्टतरं चैवं परगेहनि वासनम्॥ મર્ખતા દુ:ખદાયક છે, યૌવન પણ દુ:ખદાયક છે, પરંતુ બીજાના ઘરે રહેસું એટલે પરવશ થવું તે તો સૌથી વધારે કષ્ટ દાયક બાબત

છે.' મલિરત્ન માળા ગ્રંથમાં શિષ્યના પુછવાથી 'નરક શું છે? તો 'પરવશતા જ નકર છે' એમ આદી શંકરાચાર્યજી ઉત્તરમાં કહે છે.

આ સમ્બન્ધમાં ઇસપ નીતિ કથામાં એક કથા આવે છે. જે અવલોકન કરવા યોગ્ય છે કથા એવી છે કે- એક ખૂબ હ્ષ્ટ પુષ્ટ શ્વાન (કૂતરો) ની સાથે એક ક્ષુધાથી અત્યંત પિડિત કૃશકાય શરીરવાળા વાઘનો ભેટો થયો, પ્રથમ પરિચય થયા ગયા બાદ વાઘ શ્વાન ને કહ્યું 'ભાઇ, એક વાત તો બતાવ તુ આટલો બધો હ્સ્ત પુસ્ત કેમ છે? તુ પ્રિતિદિન શુ ભક્ષણ કરે છે? અને તેની પ્રાપ્તિ તને કેવી રીતે થાય છે? હું તો દિવસભર આમ તેમ ફરૂ છ છતા મને ભર પેટ ભોજન મળતું નથી. કોઇક દિવસ તો મારે ઉપવાસ પણ કરવો પડે છે. અન્નના અભાવમાં મારૂ શરીર પણ અતિ કૃશ થઇ ગયું છે.'

વ્યાગ્રની વાત સાંભળી શ્વાન બોલ્યા- 'ભાઇ, અમે જે કરીએ તે તમો પણ કરો તો તમને પણ સારૂ સારૂ ભોજન પ્રાપ્ત થશે. ત્યારે વ્યાગ્ર બોલ્યો 'ભાઇ, મારે તે માટે શું કરવું પડશે? ત્યારે શ્વાન બોલ્યો 'બીજ કંઇ નહિ, કેવલ રાત્રીના સમયમાં અમારા સ્વામીના પ્રાસાદની ચોકી કરવી પડશે. વાઘે કહ્યું 'બસ આટલુ જ, આટલુ તો અમો કરી શકશુ કારણ કે અમો અન્નને માટે વન વન ફરતા રહીએ છીએ, વર્ષા તથા ગ્રીષ્મ ઋતુમાં ઘણુ કષ્ટ પ્રાપ્ત કરતા રહીએ છીએ. હવે વધારે કષ્ટ સહન થતું નથી. જો ગ્રીષ્મ તથા વર્ષાઋતુમાં ઘરમાં રહેવા મળે અને ભરપેટ ભોજન પ્રાપ્ત થઇ જાય. ત્યારે તો અમારા પ્રાણ બચી જાય.' ત્યારે શ્વાન બોલ્યો 'તો પછી આપ અમારી સાથે ચાલો, અમો તમારી બધી વ્યવસ્થા કરી દઇશું.'

ત્યારબાદ વાઘ કૂતરાની સાથે ચાલતો થયો. થોડા આગળ જતા વાઘે કુતરાના કંઠમાં એક ચિહ્ન જેયું. ત્યારે તે સમ્બન્ધમાં જીજ્ઞાસા થતા તે શ્વાન પ્રત્યે

બોલ્યો 'મિત્ર, તારા કંઠમાં આ ચિહ્ન સેનુ છે.' શ્વાન કહ્યું 'એ તો કાંઇ નથી' વાઘે કહ્યુ 'મિત્ર બતાવતો ખરો આ ડાઘ શેનો છે?' ત્યારે કૂતરાએ કહ્યુ 'એ તો પટ્ટાનો ડાગ છે' વાઘે કહ્યું 'પટ્ટો શું છે?' કૂતરાએ કહ્યું 'અમારા સ્વામી અમારા કંઠમાં પટ્ટો બાંધી તેમાં સાકળ નાખી આખો દિવસ અમને બાંધીને રાખે છે.' ત્યારે વાઘ બોલ્યો 'મિત્ર, તો તુ ઇચ્છાનુસાર હરી ફરી પણ ન શકે કેમ?' ત્યારે શ્વાન બોલ્યો 'એવી વાત નથી, ભલે અમારા સ્વામી દિવસે અમોને બાંધી રાખે પણ રાત્રે તો અમોને છોડી દે છે, તે સમયે અમો પ્રસન્નતાથી હરિ ફરી શકીએ છીએ. આ ઉપરાંત અમારા સ્વામી અમારી કેટલી સાર સંભાર રાખે છે. અમોને સ્નાન કરાવે છે અને ક્યારેક તો અમારા સ્વામી અમારા શરીર પર પ્રમથી હાથ ફેરવી અમોને સ્નેહ પણ કરે છે. માટે જરા વિચાર અમો કેટલા સુખી છીએ.'

તેની આ પ્રમાણેની વાત સાંભળી વાઘ બોલ્યો 'ભાઇ તારૂ સુખ તને અર્પણ અમારે આવા સુખની કંઇ અપેક્ષા નથી. અત્યંત પરાધિન થઇને રાજસુખ ભોગવવા કરતા સ્વાધીન રહીને ક્ષુધાનું કષ્ટ સહન કરવું એ અમોને યોગ્ય લાગે છે માટે હવે તુ તારા માર્ગ પર પ્રયાણ કર.' આમ કહી વાઘ વન તરફ રવાના થયો. આમ પોતાને આધિન આધિન જીવિકા વૃત્તિએ વાઘના જેવી છે અને પરાધિન જીવિકાવૃત્તિ એ શ્વાન જેવી છે. ભગવાન શ્રીમન્નારાયણ ગરૂડને કહે છે 'सर्वं परवशं दु:खं सर्वमात्मवशं सुखम्। एतद्विद्यात्समासेन लक्षणं सुखदु:खयो:॥ જે બીજાને આધિન છે તે જ દુ:ખી છે જે પોતાને આધિન છે તે જ બધા સુખરૂપ છે. આજ સુખદુ:ખનું લક્ષણ સંક્ષેપમાં કહેવાયું છે. (ગરૂડપુરાણ/૧૧૩/૬૦)

તેમ ભય રહીત જીવન જીવવું એ પણ આ લોકનું એક પ્રકારનું સુખ જ છે કારણ કે ભયપામીને જીવન યાપન કરનારો ક્ષણે ક્ષણ કાળનો ગ્રાસ થતો રહે છે જ્યારે ભય રહિત જીવન યાપન કરનારો ચિરંજીવિ રહે છે. આ સમ્બન્ધમાં કંસનું

જીવન ચરિત્ર દૃષ્ટાંત રૂપ છે કહેવાય કે જ્યારથી કંસને આકાશવાણી દ્વારા એ વાત કહેવાય કે 'દેવકીના આઠમો ગર્ભ તારા મૃત્યુનું કારણ બનશે.' તે દિવસથી કંસ કાળથી ભય પામતો રહેતો હતો. તેને નિત્ય પોતાની સન્મુખ હસ્તમાં ચક્ર ધારણ કરી પોતાને મારવા કાળરૂપ ભગવાનના જ દર્શન થતાં હતા. આમ કાળરૂપ ભગવાનથી અત્યંત ભયભીત થએલો કંસ ન તો સુખ પૂર્વક અન્ન ગ્રહણ કરી શકતો અને ન તો સુખ પૂર્વક નિદ્રા લઇ શકતો. કારણ કે સ્વપ્નાવસ્થામાં પણ તેને કાળ રૂપ ભગવાનના દર્શન થતા હતા. (ભાગ/સ્કં-૧૦) તેનાથી સાવ વિપરિત એવા પરિક્ષિત ને જ્યારથી સમાચાર પ્રાપ્ત થયા કે 'શૃંગી ઋષિએ તેને શાપ આપેલો છે અને સાત દિવસમાં તક્ષક નાગના કરડવાથી તેનું મૃત્યુ છે' ત્યારે પરિક્ષિત પોતાના મૃત્યુથી ભય ન પાન્યા પરંતુ નિર્ભય થઇ મૃત્યુનો સામનો કર્યો અને સાત દિવસમાં સાક્ષાત્ શંકરાવતાર શુકદેવજીના મુખ થકી શ્રીમદ્ ભાવગતની કથા શ્રવણ કરી પોતાનું પરમ નિઃશ્રયસ કરી લીધુ માટે નીતિકારનું માનવું છે કે નિર્ભય થઇને જીવન વ્યતિત કરવું એ પણ આ લોકનું સુખ છે (શ્લો-૯૪) હવે નીતિકાર છ હંમેશા દુઃખી રહેનારા મનુષ્યોનું વર્ણન કરે છે-

શ્લોક-૯૫ ईर्ष्या घृणी न संतुष्टः क्रोधनो नित्यशङ्कितः ।

परभाग्योपजीवी च षडते नित्यदुःखिता: ॥

શ્લોકાર્થ : ઇર્ષ્યાળુ, ઘૃણા કરવાવાળા, અસંતોષિ, ક્રોધ કરનારો, હંમેશા, શંકા કરવાવાળો અને બીજાના ભાગ્યથી જીવવાવાળો આ છ હંમેશા દુઃખી રહે છે. (શ્લો-૯૫)

ચ.ટી.: જે પ્રકારે આ સંસારમાં સ્વાભાવિક સુખ મનાય છે તેજ પ્રમાણે સ્વાભિાવિક દુઃખ પણ હોય છે અત આ છ ના આધાર પર સંસાર જીવન વિતાવનારો હંમેશા દુઃખી રહે છે તેમાં પણ ઇર્ષ્યા કરનાર માનવ ત્રણેય કાળમાં

દુ:ખથી પિડાતો જોવા મળે છે. ઇર્ષ્યાળુથી અન્યનો ઉત્કર્ષ અસહ્ય થઇ જાય છે. આ સન્દર્ભમાં નીતિકાર જેને ઉપદેશ આપે છે એના જ પુત્ર દુર્યોધનના જીવનનો એક પ્રસંગ અવલોન કરવા યોગ્ય છે. મહારાજા યુધિષ્ઠિરે સમસ્ત ભૂમંડલ પર દિગ્વિજય કરી રાજસૂર્ય યજ્ઞનોનો આરંભ કર્યો અને તે યજ્ઞમાં તેઓએ ભૂમંડલના સમસ્ત રાજાઓને નિમંત્રિત કર્યા. આવનારા તે તે દેશના રાજાઓ યુધિષ્ઠિરને ભેટના રૂપમાં વિભિન્ન વસ્તુઓ આપતા હતા અને તે ભેટ ગ્રહણ કરવા કોશાધ્યક્ષ તરીકે દુર્યોધનની નિયુક્તિ કરવામાં આવી હતી. પાંડવોની રાજલક્ષ્મીથી સંતપ્ત થઇ તેવુ જ ચિંતન કરતા દુર્યોધનનના મનમાં પાપ પૂર્ણ વિચાર ઉદય થયો એ જોઇને કે કુંતિપુત્રો અત્યંત પ્રસન્ન છે, ભૂમંડળના બધા રજા તેઓને આધિન છે તથા સમસ્ત જગત તેઓનું હિત ઇચ્છે છે' દુર્યાધનનું મુખ મલિન થઇ ગયું તે ખાતા પિતા બેસતા સૂતા નાના પ્રકારના વિચારોથી ચિન્તાતુર રહેતો તે એકાકીજ પરમબુધ્ધિમાન ધર્મરાજ યુધિષ્ઠિરની અલૌકિક સભા તથા અનુપમ લક્ષ્મીના વિષયમાં જ વિચાર કરતો હતો આ સમયે ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધન ઉત્તમત્ત (પાગલ) થઇ રહ્યો હતો. શકુની દ્વારા તેની આ દશા વિષે વારંવાર પૂછવા છતા તે કાંઇ ઉત્તર આપતો ન હતો. તન આવી નાના પ્રકારની ચિંતાથી ગ્રસ્ત થએલો જોઇ શકુનિ તેના પ્રત્યે બોલ્યો 'દુર્યોધન તને ક્યાંથી આ દુ:ખનું કારણ પ્રાપ્ત થયું જેનાથી તુ આટલો બધો ચિંતાતુર છે?'

શકુનિની વાત સાંભળી દુર્યોધન શકુનિ પ્રત્યે બોલ્યો 'મામાજી અમ જોયુ કે શ્વેતવાહન અર્જન ના અસ્ત્ર શસ્ત્ર કૌશલથી જીતેલી આ સમસ્ત પૃથ્વી યુધિષ્ઠિરના વશમાં આવી ગય. મહારાજા યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ એવી રીતે સંપન્ન થયો જેમ દેવતાઓમાં દેવરાજ ઇન્દ્રનો રાજસૂય યજ્ઞ પૂર્ણ થયેલો. આ જોઇને હું દિવસ રાત્રી ઇર્ષ્યામાં ભરાયેલો એવી રીતે સળગી રહ્યો છ કે જેમ ગ્રીષ્મ

ઋતુમાં થોડુ જળ સૂર્યના તાપથી સૂકાય જાય છે. જેવી રીતે કર આપવાવાળા અનેક વેપારી વૈશ્ય નાના પ્રકારના રત્નોની ભેટ લઇને રાજા પાસે ઉપસ્થિત થાય છે તેજ પ્રકારે અનેક રાજાઓ અનેક પ્રકારની ઉત્તમ ભેટ લઇને રાજા યુધિષ્ઠર પાસે તેની સેવામાં ઉપસ્થિત હતા. રાજા યુધિષ્ઠિર પાસે પ્રાપ્ત થયેલી પ્રકાશમયી રાજલક્ષ્મીને જોઇને હું ઇર્ષ્યાવશ બળી રહ્યો છ. યદ્યપી મારી આ દુરાવસ્થા ઉચિત નથી.'' આ પ્રાણે કહી દ્ર્યોધન પુનઃ શકુનિ પ્રત્યે બોલ્યો કે ''મામા હું આગમાં પ્રવેશ કરી શરીર અથવા જળમાં ડૂબી ને મૃત્યુ પામીશ પણ આ પાન્ડવોની ઉન્નતિ જોઇને હું જિવિત રહેવા માંગતો નથી. યુધિષ્ઠિરની રાજલક્ષ્મીને તેઓની દિવ્ય સભાને તથા તેઓની સભામાં જલને સ્થળ અને સ્થળને જળ સમઝીને મારાથી જે ભૂલ થયેલી અને ત્યારે તેઓએ મારો જે ઉપહાસ કરેલો તેનેહું સહન કરી શકતો નથી. આ રાજલક્ષ્મી તથા મારો ઉપહાસ થયેલો જોઇ હું વારંવાર દુઃખી થઇ મનમાને મનમાં સળગી રહ્યો છ. માટે હે મામા, અમોને આપ મરવાની આજ્ઞા આપો કારણ કે મારાથી તેઓની ઉન્નતિ જોવાતી નથી અને ઇર્ષ્યાની આગમાં હું સળગી રહ્યો છ.'' (મહાભારત/સભાપર્વ-દ્યુતપર્વ/અ.૪૭)

ઉપરના પ્રસંગ પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે દુર્યોધન પાસે હસ્તિનાપુરનું સમૃધ્ધ રાજ્ય હતુ, તેનો વૈભવ પણ યુધિષ્ઠિર કરતા ન્યૂન ન રહતો તે છતા દુર્યોધન યુધિષ્ઠિર ની ઉન્નતિ જોઇને મનોમન ઇર્ષ્યાવશ દુઃખી થતો હોય અને એને લઇ તે પોતાની રાજલક્ષ્મીનો પણ ઉપભોગ કરી શકતો ન હોય માટે જ કહ્યું છે કે 'यथोत मम्रुषो मन एग्वेर्षोमृत मनः ઇર્ષ્યાળુનું અંતઃકરણ પ્રાયઃ મૃતપ્રાયઃ બની જાય છે.' (અથર્વવેદ /૬/૧૮/૨) 'एतामेतस्योर्ष्या मुद्राग्निमिव शमय- ઇર્ષ્યાના અગ્નિને શાન્ત કરો અર્થાત્ ઇર્ષ્યાળુ પોતાના દ્વેષમા જ બળે છે.' (અથર્વ/૭/૪૫/૨) ભગવાન શ્રીહરિ કહે છે 'कामक्रोध छल क्रुधान्। माणेर्ष्या

मत्सराणां च त्यागो भवति सर्वथा॥ स्याद प्रतिहताकृष्णे भक्तिः सप्रेम येषु च। तेष्वेव सर्वदा नूनं संप्रसीदति स प्रभुः॥ त्याज्येषु दोषेषु मत्सरो च उदीरितः। सर्वेषां सविकाराणामाधार इति मे मतम्॥ જેમનામાં કામ, ક્રોધ, લોભ, છળકપટ, ક્રોધ, માન, ઇર્ષ્યા અને મત્સર આદિ દોષોનો સર્વથા અભાવ હોય છે અને ભગવાનશ્રીહરિ વિષે અબાધ ભક્તિ જેમને વિષે હોય છે તેવા ભક્તો પર જ ભગવાન શ્રીહરિ સર્વદા પ્રસન્ન રહે છે. ત્યાગ કરવા યોગ્ય બધા દોષોમાં પણ જે મત્સરરૂપ દોષ (ઇર્ષ્યાનો જ એક પ્રકાર મત્સર રૂપી દોષ) બધા જ વિકરોનો હેતુ છે એવું અમારૂ માનવું છે. (હરિવાક્ય સુધા સિંધુ /તરંગ ૧૦૨/ ૧૨ થી ૧૪) ઇર્ષ્યા કરાવથી લક્ષ્મીનો પણ નાશ થાય છે એમ ગંગાપુત્ર ભિષ્મજી 'श्रीयंरक्षेच्च मत्सरात्' (મહા.શા. ૩૨૯/૧૧) આ વચનથી કહે છે વિહારી લાલજી મહારાજ કહે છે ''પરોપકારીજન જેહ હોય, તે સર્વને દે સુખદાન તોય । જ્યારે અદેખો જન સાંભળે છે, બહુ તેના દિલમાં બળે છે ॥ પર્જન્ય તો પોષણકારી હોય, તે સર્વને જીવનદાસ દેય । સૌ વૃક્ષ વેલી પ્રફુલીત થાય, જોઇ જવાસાબળીને સૂકાય ॥ જો સૂર્ય ઉગે સુખ સર્વ પામે, પ્રત્યક્ષ દીસે સહુ ઠામઠામે । ઉલૂક જવેલા ઇરષા જ ધારે, જાણે જશે આ રવિ અસ્ત ક્યારે ॥ પ્રકાશ પેખી શુભ ચંદ્ર કેરો, આનંદ સૌને ઉપજે ઘણેરો । ચોરી કર્યાની ઉરવૃત્તિ આણે, તે ચંદ્રને શત્રુ સમાન જાણે ॥ હંસો સ્વભાવે સુખથી ફરે છે, બહુ અદેખાઇ બગો ફરે છે । ભલે રહ્યા તે મનમાં મુંજાય, ન હંશને કાંઇ કરી શકાય ॥ વિદ્વાનને માન જહા મળે છે, મુર્ખા અદેયાઇ કરી બળે છે । વિદ્વાન તેનું ન કશુ બગાડે, તથાપિ તે દુઃખ દિલ લગાડે ॥'' (હરિલીલામૃતમ્/૭/૪૫-૫૦) આમ ઇર્ષ્યા કરનારો હંમેશા દુઃખી જ રહે છે અને તે આ લોક પરલોક બન્નેથી ભ્રષ્ટ થવાથી ઉભય ભ્રષ્ટ થાય છે.

તેજ પ્રમાણે માનવ દરેક પર ઘૃણા (કૃપા) કતો રહે તો વદારે પડતી કૃપા પણ અમુક સમયે કષ્ટ આપનારી થાય છ આ સમ્બન્ધમાં શ્રીમદ્ ભાગવતમાં એક તથા આવે છે વાત એવી હતી કે, ભગવાન શંકર એક સમયે વૃક્રાસુર નામના દૈત્યને વરદાન આપી સંકતમાં પડી ગયા. ભગવાન શંકર તથા બ્રહ્માજી શીઘ્ર જ લોકો પર કૃપા કરે છે તેઓ તેમની કરાયેલી આરાધનાથી શીઘ્ર જ વરદાન આપી દે છે. શકુનિના પુત્ર નું નામ વૃકાસુર હતુ. એક દિવસ ક્યાંક જતા નારદજીને તેણે પુછયું કે, 'દેવર્ષિજી ત્રિલોકોના ત્રણ પ્રધાન દેવોમાં શિઘ્રતાથી પ્રસન્ન થવાવાળા કોણ છે?' નારદજીએ તેને ભગવાના શંકરની આરાધના કરવા જણાવ્યું. વૃકાસુર તેઓની આરાધના કરવા કેદાર ક્ષેત્રમાં આવ્યો અને અગ્નિને જ ભગવાન શંકરનું મ્ખ માની પોતાના એક એક અંગ કાપી અગ્નિને સમર્પિત કરવા લાગ્યો . જ્યારે તેણે જોયું કે ભગવાન શંકર આટલુ કરવા છતા પ્રસન્ન થતા નથી એટલે તેણે પોતાનું મસ્તક કાપી યજ્ઞમાં હોવાનું વિચાર્યુ.

આ તરફ વૃકાસુરને પોતાનું મસ્તક કાપિને યજ્ઞમાં હોમવા તૈયાર થયેલો જોઇ ભોળાનાથ પ્રગટ થયા અને વૃકાસુર નો હાથ પકડી લીધો. ભગવાન શંકરનો સ્પર્શ થતા જ વૃકાસુર ના બધા અંગો પૂર્વવત થઇ ગયા. તેની ભક્તિથી પ્રસન્ન થઇ ભગવાન શંકરે તેને વરદાન માંગવા જણાવ્યું. ત્યારે વૃકાસુર બોલ્યો 'પ્રભુ! અમો જેના મસ્તક પર હાથ મુકીએ તેનું મૃત્યુ થાય' ભગવાન શંકરે તેને તે વરદાન આપી દીધુ.

વરદાન આપ્યા બાદ આ ઘોર કામીની દૃષ્ટિ પાર્વતિજી પર પડી એટલે મનોમન પાર્વતીજીની ઇચ્છા કરવા લાગ્યો અને એટલે માટે ભગવાન શંકર પરજ પોતાનો હાથ મુકવા તેમની પાછળ દોડયો. પોતાને મારવા આવતો જોઇ ભગવાન શંકર વૃકાસુરથી ભય પામી તેઓ ત્યાંથી પલાયન થઇ ગયા. ભગવાન શંકરને

પલાયન થયેલા જોઇ વૃકાસર તેઓની પાછળ દોડયો. ભગવાન શંકર જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં વૃકાસર તેઓની પાછળ ગયો. અન્તે થાકી હારી તેઓ વૈકુંઠલોકમાં આવ્યા. ત્યાં બિરાજમાન ભગવાન વિષ્ણુએ જોયું કે ભોળાનાથ અત્યાધિક દુ:ખી છે. સર્વજ્ઞ ભગવાને બધી વાત જાણી લીધી અને સ્વઇચ્છાથી તેઓએ એક અતિ સુંદર વામન બ્રહ્મચારીનું રૂપ ધારણ કર્યુ અને તેઓ વકાસુર આવતો હતો તે માર્ગ પર ગયા તે માર્ગ પર વૃકાસુર દોડતો આવતો હતો. બટુ વામને તેને ઉભો રાખ્યો અને તેના પ્રત્યે બોલ્યા 'અસુર રાજ, તમો આમ દોદતા દોદતા શીઘ્ર ક્યાં જાવ છો. શ્રમને કારણે આપ અત્યંત પિડીત થયા લાગો છો, માટે થોડી વાર વિશ્રામ કરો તમારા શરીરનું ધ્યાન તો રાખો. અમારા જાણવા માટે આપ આપની ચિંતાનું કારણ બતાવો સંસારમાં હંમેશા કોઇએ પણ પોતાની સહાય માટે કોઇકને સહાયક બનાવવો જોઇએ. કારણ કે ઘણા કાર્યો સહાયકોથી જ સિધ્ધ થાય છે.'

બટુરૂપ ધારણ કરેલા ભગવાન વિષ્ણુની, અમૃતમય વાણીથી વૃકાસુર થોડો સમય તેઓ પાસે ઉભો રહ્યો. ત્યારબાદ તેણે પોતાની આરાધના, ભગવાન શંકર દ્વારા વરદાનની પ્રાપ્તિ તથા પોતાના દોડવાનું કારણ બધુ ભગવાનને બતાવ્યુ. તેની વાત સાંભળી ભગવાન વિષ્ણુ બોલ્યા- 'અસુરરાજ! અમોને તો શંકરની વાત પર સહેજ પણ વિશ્વાસ નથી, કારણ કે તેઓના જ સસરાએ તેઓને શાપ આપેલો છે જેથી તઓ પિશાચ પણાને પામેલા ઓના સ્વામી થયા છે અને છતા તમોને તેમની વાત પર વિશ્વાસ હોય તો વરદાનની સત્યતા માટે તમો સ્વયમ્ જ તમારા મસ્તક પર હાથ મૂકો.'

ભગવાન વિષ્ણુની મોહક વાતથી મોહ પામી વૃકાસુરે પોતે પોતાના માથા પર પોતાનો હાથ મુકયો અને હાથ મુકતા જ વૃકાસુર કાળના મુખમાં જતો રહ્યો.

(શ્રીમદ્ ભાગવત/૧૦/૮૮) આમ વધારે પડતી કૃપા -ઘૃણા કરવાવાળાને દુઃખનો પણ સામનો કરવો પડે છે. બીજ દૃષ્ટાંત હિરણ્યકશિપુનું છે તથા રાવણનું છે જેને કૃપા કરી બ્રહ્માજીએ વરદાન આપ્યું એટલે તેઓ ઉચ્છુખલ થઇ પોતાને અને ત્રિલોકીને પણ પિડા આપતા હોય છે. માટે વધારે પડતી કૃપા કરનારો સ્વયમ તો કષ્ટ પામે જ છે પણ અન્યને પણ કષ્ટ પહોંચાડે છે માટે વધારે પડતી કૃપા પણ ન કરવી.

તેમ કહેવત છે કે 'સંતોષિ નર સદા સુખી,' ત્રિલોકીની સંપત્તિ હોય, સુંદર પત્ની હોય, આજ્ઞાકારી સેવકો હોવા છતાં મનુષ્યમાં સંતોષનો અભાવ હોય તો તે પણ દુઃખમાં જ પડેલો હોય છે. આ સન્દર્ભમાં દેવરાજ ઇન્દ્રનું ચરિત્ર અવલોકનીય છે. તેની પાસે પણ ઉપરોક્ત બધી સામગ્રી હતી છતાં અહલ્યાના રૂપ પર મોહિત થઇ કષ્ટમાં પડતો હતો. વાત એવી હતી કે સૃષ્ટિ રચનારા બ્રહ્માજીએ સમસ્ત જગતમાંથી સારવાર વસ્તુ ગ્રહણ કરી એક કન્યાનું નિર્માણ કર્યુ અને તે કન્યાનું નામ 'અહલ્યા' રાખ્યુ. કન્યાના રૂપની આગળ ત્રિલોકમાં કોઇ સ્ત્રીનું રૂપ સૂર્ય આગળ ખદ્યોત જેવું હતું. દરેક મનુષ્ય તથા દેવતાઓ એ ઇચ્છતા હતા કે આ કન્યા અમને પ્રાપ્ત થાય પરંતુ બ્રહ્માજીએ શરત રાખી કે 'જે પણ કોઇ વ્યક્તિ પૃથ્વીની ત્રણ પરિક્રમા કરીને પ્રથમ આ નારી પાસે આવશે તેને અમો આ કન્યા પ્રદાન કરશું.'

બ્રહ્માજીની વાત સાંભળી બધા જ કન્યા અમોને પ્રાપ્ત થાય એ આશાથી ધરાતલની પરિક્રમા કરવા માટે રવાના થયા. આ તરફ મહર્ષિ ગૌતમને પણ કોઇએ પણ આ સમાચાર આપ્યા એટલે તેઓ પણ પૃથ્વિની પરિક્રમા કરવા માટેરવાના થયા. મહર્ષિ ગૌતમ પૃથ્વીની પરિક્રમા કરતા હતા ત્યાં એક સ્થાન પર તેઓએ જોયું કે એક ગર્ભવતી ગાય ગર્ભમાંથી વાછરડાનો પ્રસવ કરી રહી છે.

વાછરડાનું મુખ ગાયની યોનીમાંથી બહાર છે અને તેનું બાકીનું શરીર ગર્ભની અંદર છે. આ દૃશ્ય જોઇ ગૌતમઋષિને જ્ઞાત થયું કે 'ગાયના ગર્ભમાંથી જ્યારે વત્સ બહાર નિકળતું હોય અને તે સમય તેનું મુખ બહાર હોય તથા તેનું બાકીનું શરીર અંદર હોય આવી દ્વિમુખી ગાયની તે સમયે જો પરિક્રમા કરવામાં આવે તો તેને સમસ્ત પૃથ્વીની પરિક્રમા કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે.'

ગૌતમ ઋષિને આ વાતનું જ્ઞાન થતા તેઓએ તે ગાયની સાત પરિક્રમા કરી અને તેઓ બ્રહ્માજી પાસે ઉપસ્થિત થયા અને પોતે જે કાર્ય કરેલુ હતુ તે બ્રહ્માજીને કહ્યું અને બ્રહ્માજીએ તેમના આ કાર્યની પ્રશંસા કરી કન્યારત્ન અહલ્યાના લગ્ન ગૌતમ ઋષિ સાથે કરાવી દીધા. આ તરફ સમસ્ત દેવતાઓમાં પ્રથમ દેવતા ઇન્દ્ર દેવ પૃથ્વીની પરીક્રમા કરી સર્વપ્રથમ આવ્યા. પરંતુ આવીને તેઓએ જોયુ તો બ્રહ્માજીએ અહલ્યાના લગ્ન ગૌતમ સાથે કરાવી દીધા છે. ઇન્દ્રદેવે બ્રહ્માજીને આ સમ્બન્ધમાં પછયુ. ત્યારે બ્રહ્માજીએ બધી વાત કરી. આ વાત સાંભળી ઇન્દ્રદેવ ખૂબ શોકમાં પડી ગયાં. મહર્ષિ ગૌતમ કન્યાને લઇ આશ્રમ પર આવ્યા ને કન્યા પણ પોતાના પાતિવ્રત ધર્મથી ગૌતમ ઋષિને તનમનથી ખૂબ સેવા કરતી હતી પરંતુ જેની પાસે સચિ જેવી ત્રિલોક સુંદરી પત્ની હતી, ત્રિલોકીનો વૈભવ હતો મેનકા ઉર્વસી જેવી અપ્સરાઓ જેના રાજ દરબારમાં નૃત્ય કરતી હતી એવો અસંતુષ્ટ ઇન્દ્ર અહલ્યા પોતાને પ્રાપ્ત ન થવાથી ખુબ દુઃખી થતો અને અહલ્યાને કોઇ પણ ભોગે પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવા લાગ્યો પણ તે મહર્ષિ ગૌતમની ઉગ્ર તપસ્યાથી ભય પામતો હતો કે જો બળજબરી પૂર્વક અહલ્યાને લેવાનો પ્રયત્ન કરશું તો ગૌતમ ઋષિના શાપનો ભોગ બનવું પડશે. તેથી તેણે એક યોજના બનાવી અને તેણે પોતાની યોજનામાં ચંદ્રને પણ સમ્મલિત કરી લીધો.

તદન્તર ચંદ્ર કુકડાનું રૂપ ધારણ કરી મધ્યરાત્રીના સમયે તે ગૌતમ ઋષિના આશ્રમ પર આવ્યો અને તે ઉચ્ચ સ્વરે સાદ કરવા લાગ્યો. કુકડાનો ધ્વનિ સાંભળી ગૌતમ ઋષિ સમજ્યા કે બ્રહ્મ મુહૂર્ત થયું લાગે છે એટલે તેઓ સ્નાન કરવા નદી તટ પર ગયા. જેવા ગૌતમ ઋષિ આશ્રમમાંથી બહાર ગયા તેવા જ દેવરાજ ઇન્દ્ર ગૌતમ મુનિનો વૃેશ ધારણ કરીને આશ્રમમાં આવ્યા અને અહલ્યા પ્રત્યે બોલ્યા 'સદા સાવધાન રહેવાવારી સુંદરી, રતિની ઇચ્છાવાળા પ્રાર્થી પુરૂષો ઋતુકાળની પણ પ્રતિક્ષા કરતા નથી. સુંદર કટિ પ્રદેશ વાળી સુંદરી હું ઇન્દ્ર તારી સાથે સમાગામ કરવા માંગુ છ.' મહર્ષિ ગૌતમનો વેષ ધારણ કરીને આવેલા ઇન્દ્ર દેવને ઓળખી જવા છતાં તે દુર્બુધ્ધિ સ્ત્રી 'અહો! દેવરાજ ઇન્દ્ર અમને સ્નેહ કરે છે' આ કૈતૂહલવશ તેની સાથ સમાગમનો નિશ્ચય કરી તેઓનો પ્રસ્તાવ સ્વિકાર કર્યો. રતિ પશ્ચાત અહલ્યા દેવરાજ ઇન્દ્રથી સંતુષ્ટ થઇ તેમના પ્રત્યે બોલી 'સુરશ્રેષ્ઠ! હું તમારા સમાગમ થી કૃતાર્થ થઇ ગઇ. પ્રભુ! હવે તમો અહીથી શિઘ્ર પ્રસ્થાન કરો. કારણ કે મારા પતિ મહર્ષિ ગૌતમ આવતા જ હશે. તેના દુર્ધષ કોઇથી તમારી અને મારી બન્નેની રક્ષા કરો' તેની વાત સાંભળી ઇન્દ્ર બોલ્યા 'જેવી તમારી ઇચ્છા.'

આ તરફ જેવા ઇન્દ્ર દેવ અહલ્યા સાથે સમાગમ કરીને પર્ણ કૂટીને બહાર નીકળ્યા તેવાજ આશ્રમમાં પ્રવેશ કરતા દેદિપ્યમાન બ્રહ્મતેજથી સંપન્ન ગૌતમ ઋષિની દૃષ્ટિ ઇન્દ્ર દેવ પર પડી તેઓ પોતાની કરણીથી ભય પામી થરથર ધ્રુજવા લાગ્યા. મહર્ષિ ગૌતમે પોતાના તપોબળથી પોતાનો વેષ ધારણ કરનારા ઇન્દ્રને ઓળખી લીધા અને તેની કરણી પણ જાણી લીધી. એવામાં અહલ્યા પણ ત્યાં આવી પહોંચી મહર્ષિએ તેના પણ પાપને જાણી લીધુ એટલે મહર્ષિ તેઓ બન્ને પર ક્રોધાઇમાન થઇ પ્રથમ ઇન્દ્રને શાપ આપતા બોલ્યા કે 'રે દુર્મતે! તે અમારૂ

રૂપ લઇને જે ન કરવા યોગ્ય કર્મ કરેલુ છે જેને લઇ તું અંડકોષ રહિત થઇ જશે.' તે પછી તેઓ અહલ્યા પ્રત્યે બોલ્યા 'રે દુરાચારિણી! તુ પણ હજારો વર્ષ પર્યન્ત અહીં જ પથ્થરની શિલા બનીને પડી રહે તુ બધાને જોઇ શકશે પણ તને કોઇ જોઇ શકશે નહિ.' આમ શાપ આપી ગૌતમ ઋષિ બ્રહ્મલોકમાં જતા રહ્યા. (વાલ્મિકી રામાયણ/બાલકાંડ) આમ અસંતુષ્ટ એવી અહલ્યા અને ઇન્દ્રને પોતાની અસંતુષ્ટતાના કારણે મહર્ષિ ગૌતમના ભયાનક સામનો કરવો પડયો. કહ્યુ પણ છે કે 'असन्तुष्टस्य विप्रस्य तजोविद्या तपो यश:। स्रवतन्तीन्द्रिय लौल्येन ज्ञानं चैवावकीर्यते॥ कामस्यान्तं च क्षत्तड्भ्यां क्रोधस्यैतत्फलोदयात्। जनो याति न लोभस्य जित्वा भुक्त्वादिशो भुव:॥ पण्डिता बहवो राजन्बहुज्ञा: संशयच्छिद:। सदसस्य तपोऽप्येक असन्तोषात् पतन्यध:॥ જે બ્રાહ્મણે સંતોષી નથી, ઇન્દ્રિયોની લોલુપતાને કારણે તેના તેજ, વિદ્યા, તપસ્યા અને યશ ક્ષણ થય જાય છે. તે વિવેક પણ ખોઇ બેશે છે. ભૂખ તથા તરત નિવૃત્ત થતા, ખાવા પિવાની કામનાનો અન્ત આવે છે. ક્રોધ પણ પોતાનું કાર્ય કરી શાન્ત થઇ જાય છે. પણ આ માનવ પૃથ્વિની સમસ્ત દિશાઓ જીતી લે અને ઉપભોગ કરી લે તો પણ લોભનો અંત આવતો નથી અનેક વિષયોના જ્ઞાતા, શંકાઓનું સમાધાન કરીને ચિત્તમાં શાસ્ત્રોક્ત અર્થને યથાર્થ બેસાદી દેનારા અને વિદ્વાનોની સભાના સભાપતિઓ પણ અસન્તોષને કારણે પડી જાય છે.' (ભાગ ૧/૧૫/૧૯ થી ૨૧) 'यावान्तो विषया: प्रेष्ठा स्त्रिलोक्यामजितेन्द्रियम्। न शक्नुवन्ति ते सर्वे प्रतिपूरि पितुनृप॥ त्रिभि: क्रमैरसंतुष्टोद्विपेनापि न पूर्यते। नववर्ष समेतेन सप्तद्वीप वरेच्छया॥ सप्तद्विपाधिपतयो नृपावैन्य गदादय:। अर्थै कामैर्गतानान्तं तृष्णाया इति नृश्रुतम्॥ यद्दच्छयोपपन्नेन संतुष्टो वर्तते सुखम्। नासंतष्टस्त्रिभिलोके अजितात्मोपसादितै:॥ વામન ભગવાન બલિરાજા પ્રત્યે બોલ્યા હે રાજન! સંસારમાં બધા જ પંચ વિષય એક મનુષ્યની કામના પૂર્ણ કરવા સમર્થ

નથી.'જો તે સંતોષિ ન હોય તો. જે ત્રણ પગ ભૂમિથી સંતોષ નથી પામતો તેને નવદ્રિપ આપવાથી પણ તેને સંતોષ ન થાય એમ સાંભળ્યું છે કે પૃથ્ગય રાજા સાત દ્રિપના અધિપતિ હતા છતા તેઓ તૃષ્ણાનો પાર ન પામી શક્યા. જે કંઇ પ્રારબ્ધથી મળે એમાં સન્તુષ્ટ માનનારો પોતાનું જીવન સુખથી વ્યતિત કરે છે પરંતુ પોતાની ઇન્દ્રિઓને વશમાં ન રાખવાવાળો ત્રણ લોકોનું રાજ્ય પ્રાપ્ત કરવા છતા દુઃખ પામે છે અસંતોષ ને કારણે.'' (ભાગ ૮/૧૯/૨૧ થી ૨૪) 'न वित्तेन तर्पणीयो मनुष्यः મનુષ્ય ધનથી ક્યારેય સંતુષ્ટ થતો નથી' (કઠ.ઉ.૧/૧/૨૭) માટે જ આદી શંકરાચાર્યજી કહે છે. 'विधिवशात् प्राप्तेन संतुष्टाताम्- મનુષ્યને નિયતિવશ જે પ્રાપ્ત થાય તેમાં સંતુષ્ટ રહે.' (સાધન પંચક/શ્લો-૧૬) વ્યાસજી કહે છે 'अन्तो नास्ति पियासायाः संतोषः परमं सुखम्। तस्मात्संतोषमेवेह परंचश्यन्ति पण्डिताः॥ તૃષ્ણાનો ક્યાય અંત નથી સંતોષ જ પરમ સુખ છે. અતઃ વિદ્વાન પુરૂષ આ સંસારમાં સર્વશ્રેષ્ઠ મનાય છે.' (મહા.વન. ૨/૪૬)

તેજ પ્રમાણે નીતિકાર ક્રોધ ને પણ દુઃખનું કારણ બતાવે છે કારણ કે ક્રોધ કરવાથી મનુષ્યના જ્ઞાન અને તપનો નાશ થાય છે ક્રોધના ત્યાગથી મનુષ્ય શોકથી રહિત થાય છે આ સંદર્ભમાં ઉત્તાનપાદ આત્મજ પરમ ભાગવત ધ્રુવના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે વાત એવી હતી કે મહારાજ ઉત્તાનપાદ વિરક્ત થઇ તપસ્યા કરવા વનમાં ગયા એટલે સમસ્ત ભૂમંડલના ધ્રુવજી એક ચક્રી શાસક થયા. એક સમયની વાત છે. સરૂચિનો પત્ર અને ધ્રુવનો સૌતેલો ભાઇ 'ઉત્તમ' વનમાં આખેટ કરવા ગયો હતો અને ત્યાં કોઇ યક્ષ સાથે યુધ્ધ કરતા તેનું મૃત્યુ થયું પોતાના પુત્રના મૃત્યુના સમાચાર મળતા તેની માતા સુરૂચિ તો પાગલ થઇ ગઇ અને દોડતી દોડતી જંગલ તરફ ગઇ પણ ત્યાં જંગલમાં જ દાવાનળમાં તેનું શરીર બળીને ભસ્મ થઇ ગયુ.

આ તરફ પોતાના ભાઇના મૃત્યુના સમાચાર મળતા સમ્રાટ ધ્રુવ અતિશય ક્રોધાયમાન થયા અને તેઓએ ભગવાન શ્રીમન્નારાયણનું સનાતન આયુધ શારંગ ધનુષ હાથમાં ધારણ કર્યુ અને એકાકીજ રથમાં સવાર થઇ યક્ષોની નગરી અલકાપુરી પાસે તેઓ આવ્યા અને ત્યાં આવી યક્ષોને લલકારતા થતા પોતાનો દિવ્ય શંખનો ઘોષ કર્યો. શંખની ધ્વનિ સાંભળતા જ સદા યુધ્ધ માટે તત્પર રહેનારા યક્ષો લાખોની સંખ્યામાં નગરીની બહાર નીકળ્યા અને ધ્રુવજી પર ટૂટી પડયા. ભયંકર યુધ્ધનો આરંભ થયો. હજારો યક્ષો ધ્રુવના બાણથી ધરાસાયી થવા લાગ્યા. જ્યારે હજારો યક્ષો યમરાજને આધિન થયા એટલે યક્ષોએ ધ્રુવ સામે માયાનો પ્રયોગ કર્યો. ધ્રુવને એવું ભાસવા લાગ્યુ કે ચારે બાજ અગ્નિ પ્રજ્વલીત થઇ ગયો પ્રલયનો સમુદ્ર દિશાઓને ડૂબાડવા લાગ્યો સેકડો પર્વત આકાશમાંથી પડવા લાગ્યા અપાર અસ્ત્ર શસ્ત્ર,નાના પ્રકારના હિંસક જીવજંતુ પણ પોતાનું મુખ ફાડીને ધ્રુવ તરફ દોડતા આવ્યા લાગ્યા. પણ ધ્રુવને આનો કોઇ ભય ન હતો. કાળ પણ તેનું કંઇ અનિષ્ટ કરી શકે કે? અંતમાં યક્ષોની માયાને નષ્ટ કરવા માટે ધ્રુવજીએ નારાયણાસ્ત્રનો પ્રયોગ કર્યો. અસ્ત્રપ્રયોગ થથા તેમાંથી લાખો તેજસ્વિ બાણો પ્રકટ થયા અને લાખો યક્ષોને મોતને ઘાટ ઉતારવા લાગ્યા, યક્ષએ ઉપદેવતા છે અમાનવ હોવાથી અતિ બળવાન છે, માયાવી છે પણ આજે તેઓનો સામનો એવા માનવ સાથે હતો જે શ્રીમન્નારાયણ ના અત્યંત કૃપા હતા. જેનું કાળપણ કંઇ અનિષ્ટ કરી શકતુ ન હતુ. બિચારા યક્ષો ધ્રુવની ક્રોધાગ્નિ માં પતંગીયાઓની જેમ બળીને ભસ્મ થવા લાગ્યા પણ આ સંહાર યોગ્ય ન હતો.

તદન્તર પ્રજાધીશ મનુ આકાશમાં પ્રકટ થયા અને તેઓ ધ્રુવન સંબોધિ બોલ્યા ''બેટા ધ્રુવ, તમો આ નારાયણાસ્ત્રનો ઉપસંહાર કરી લો, તારા જેવા

પરમ ભાગવત માટે આ ક્રોધ ઉચિત નથી. તે તો એ અવસ્થામાં ભગવાનની આરાધના કરી હતી કે જે અવસ્થામાં આ બાબતમાં વિચારવું પણ કઠિન છે. ભગવાન તો પ્રાણીઓ પર કૃપા કરવાથી પ્રસન્ન થાય છે. શરીરના મોહમા એક બીજા પર શત્રુતા તો પશુઓ કરે છે બેટા, તે તારા એક ભાઇના મૃત્યુનું વેર વાળવા લાખોની સંખ્યામાં યક્ષોનો સંહાર કર્યો. ભગવાન શંકર ના કૃપાપાત્ર લોકેશ્વર કુબેરનો ક્રોધ તારા પર પડે છે તે પહેલા તુ તેઓને પ્રસન્ન કર.'

આ તરફ પિતામહ મનુની વાત માની ધ્રુવજીએ નારાયણાસ્ત્રનો ઉપસહાર કરી લીધો. અને પોતાના ક્રોધને શાન્ત કર્યો. ક્રોધ શાન્ત થતા જ યક્ષરાજ કુબેર ત્યાં પ્રગટ થયા અને તેને આ કાર્ય બદલ ક્ષમા આપી અને ભગવાનની અખંડસ્મૃતિનું વરદાન આપ્યુ. આમ ક્રોધ કરનાર હંમેશા દુ:ખી જ રહે છે. ધ્રુવજી જેવા પરમ ભાગવત પણ જો ક્રોધિત થયા તો તેઓના જ્ઞાનનો પણ હ્રાસ થયો. અને જે અદ્વૈતમાં રમણ કરનાર હતા તેની પણ દ્વૈત દૃષ્ટિ થઇ ગઇ માટે ક્રોધ ક્યારેય ન કરવો. (ભાગ/સ્કંધ. ૪) કહ્યુ પણ છે 'भक्त नारायणस्येह क्रोधाख्यो बलवान् रिपुः । सर्वयैव विजेतव्यः सकृतक्षयकारणम्॥ रोगितस्य समक्रोधो यं र्यदशतिदेहिनम्। तं तं विरुपयित्यैव दुर्दशा नयतिद्रुतम्॥ यदा विष्टात्सत्तोऽपीह कालसर्पादिवापरे। विभ्यत्यन्यप्राणाहरं तं त्यजन् सुखमाऽभवेत् किं मुमुक्षोरहितं न वा॥ तमुवाच पुनः स्वामी दुष्टो दोष्द्रयं न हि त्यजेत्॥ उपशल्पेऽपि हुंकारं कुर्वन् व्याधः पुरौकसाम। अमारकोऽपि सर्वेषां यथाऽत्येव भयंकरः॥ यथा वाऽत्रैव सदसि भुजंगः कश्चनापतेत्। अदशन्नपि सर्वेषां भयेन द्रवको भवेत्॥ अल्पकोऽपि यथा क्रोधा न परं मारयन्नपि भीतिप्रदो भवेदेव सोऽपि त्या ज्यस्ततोऽन्यवत्॥ ભગવાન શ્રીહરિ બોલ્યા હે સંતો, આ લોકમાં ભગવાનના ભક્તોએ બળવાન એવા ક્રોધરૂપ શત્રુ સર્વ પ્રકારે જીતવો જોઇએ. કારણ કે ક્રોધ સુકૃતમાત્રનો નાશનો કરનારો છે. રાગી કુતરા

જેવો ક્રોધી જેને ડંશે તે તે પુરૂષને વિરૂપ બનાવી તત્કાળ દુર્દશા પમાડે છે. જે ક્રોધનો આવેશ થવાથી કાળ સર્પની જેમ સંત થકી પણ અન્ય જનો ભય પામે છે. બીજાના પ્રાણને હરનારા તે ક્રોધનો ત્યાગ કરનાર જન સુખી થાય છે ત્યારે શુકમુનિ શ્રીજી મહારાજ પ્રત્યે બોલ્યા- હે મહારાજ! તે ક્રોધ થોડો પણ હૃદયમાં ઉત્પન્ન થયો હોય અને વિદિત થાય ત્યારે આત્મજ્ઞાનથી નાશ પામે. તો તે ક્રોધ મુમુક્ષુનું થોડું અહિત કરે કે ન કરે? ત્યારે શ્રીહરિ બોલ્યા કે દુષ્ટ દુષ્ટ પણુ ત્યાગ ન જ કરે. તેમાં દૃષ્ટાંત છે જે જેમ કોઇ વાઘ ગામની ભાગોળે આવી ને હોંકારો કરે ભલે તે કોઇને મારતો ન હોય છતાં પણ ભય પામે છે અને બધાને દોડાવે છે. તેવી જ રીતે થોડો પણ ક્રોધ ભલે બીજાને મારતો નથી છતા પણ વાઘ કે સર્પની માફક બીજાને ભય ઉપજાવે છે. માટે તેનો પણ સર્વથા ત્યાગ કરવો જોઇએ.'' (હરિવાક્ય સુધા સિંધુ./ત-૧૦૯/)

આ સન્દર્ભમાં બીજી પણ એક કથા અવલોકન કરવા યોગ્ય છે કથા એવી છે કે એક નગરમાં રાજ કરનારા નરેશ ને પક્ષી પાળવાનો ખૂબ શોખ હતો પોતાના પાળેલા પક્ષીઓમાં એક ચરોર પક્ષી તેને એટલું પ્રિય હતુ કે તે પક્ષીને રાજા હંમેશા પોતાની પાસે જ રાખતા હતા અને તેઓ કશે પણ જતા તેને સાથે લઇને જ જતા. એક દિવસની વાત હતી રાજા વનમાં શિકાર કરવા ગયા હતા. તેઓનો અશ્વ બીજા તેના સાથીઓથી દૂર અલગ નીકળો ગયો. શિકાર માટે આમતેમ ભટકતા રાજા ક્ષુધા અને પિપાસાથી અતિ કષ્ટ પામવા લાગ્યો. તેવા સમયમાં રાજાની દૃષ્ટિ એક પહાડ પર પડી જે પહાડપર થી ટીપી ટીપુ પાણી પડી રહ્યુ હતુ. રાજા તુરંત ત્યા ગયો અને પોતા પાસે રાખેલુ જલપાન કરવાનું પાત્ર ત્યાં મુકયુ થોડા સમયમાં જલથી જલ પાત્ર ભરાય ગયું અને જ્યાં રાજા ત પાત્ર લઇ જલ પાન કરવાન જતો હતો ત્યાંજ રાજાના ખભા પર બેઠેલું ચકોર પક્ષી

ઉડયું અને રાજાના હાથમાંથી પિવાનું પાણી તેને પાંખ મારીને નીચે પાડી દીધું. આનાથી રાજા ક્રોધાયમાન થયો પણ તે છતા બીજા વખત જલપાન કરવા પાત્ર પાછ તે પહાળની શિલા પર મુકયું પુનઃ જલપાત્ર ભરાઇ ગયુ અને ત પાન કરવા જતો હતો ત્યાં પુનઃ પેલા ચકોર પક્ષીએ પોતાની પાંખો દ્વારા તે પાત્રને નીચે પાડી દીધુ. આનાથી રાજા ખૂબ ક્રોધે ભરાયો અને નીતિમાં કહ્યા પ્રમાણે 'ક્ષુધા તૃષાથી પિડા પામેલો ધર્મ અધર્મ જાણતો નથી' તેજ પ્રમાણે જે ચકોર પક્ષિ રાજાને અત્યંત પ્રિય હતુ તેજ પક્ષિને રાજાએ ક્રોધમાં આવી મોતને ઘાત ઉતારી દીધુ. ચકોરને મારી રાજાની દૃષ્ટિ બે પહાળની સંધિમાંથી જતા પાણી ટપકતુ હતુ ત્યાં પડી. ત્યા એક મૃત સર્પ દબાએલો હતો અને તેના શરીર પરથી થઇને તે જલ પડતુ હતુ. આ જોતા રાજા બધુ સમઝી ગયો તે પોતાની કરણી પર ખૂબ પશ્ચાતાપ કરવા લાગ્યો અને બોલ્યા 'હાય! જલપાન કરીને અમો મૃત ન પામીએ એટલે માટે મારા ચકોર પક્ષીએ બે વખત મારા હાથમાં રહેલા જલ પાત્રને ફેંકી દીધું હતુ. પરંતુ અમોએ ક્રોધ કરીને તેને જ મોતને ઘાત ઉતારી દીધું. એટલે માટે જ કહ્યું છે ''क्रोधोत्पत्तौ हि क्रोधस्य फलं गृहणाति मूढ धीः। स शोचति तु किं पश्चात् पक्षीघात्क भूष वत्॥ '' જે મુર્ખ મનુષ્ય ક્રોધ ઉત્પન્ન થતા પણ તેને દબાવી શકતો નથી. તેને ક્રોધનું ફળ ભોગવવું પડે છે. જેમ ચકોરને મારનાર રાજાએ દુઃખ ભોગવવું પડયુ પાછળથી પશ્ચાતાપ કરવાથી શો લાભ?'' (સતકથાઅંક /પ્રકાશ-૩૪૪/ગોરખપુર ગીતાપ્રેસ)

એક વધુ કથા આ સન્દર્ભમાં અવલોકન કરવા યોગ્ય છે. એક સંત એક વખત પોતાના એક અનુયાયીની સમિપમાં બેઠેલા હતા ત્યાં અચાનક કોઇ એક વ્યક્તિ ત્યાં આવ્યો અને તે વ્યક્તિ સંત પાસે બેઠેલા વ્યક્તિને દુર્વચન કહેવા લાગ્યો. તે પુરૂષે કેટલો સમય તો તેને દુર્વચન કહ્યા પણ અંતમાં તેને પણ ક્રોધ

આવી ગયો અને તે પણ તેને દુર્વચન બોલવા લાગ્યો આ જોઇ તેની પાસે બેઠેલા સંત ઉભા થઇ જવા તૈયાર થયા. ત્યારે તેની પાસે બેઠેલા અનુયાયિ સંત પ્રત્યે બોલ્યા ‘બેટા, જ્યાં સુધિ તમો મૌન હતા ત્યાં સુધિ દેવતાઓ તમારા વતી ઉત્તર આપતા હતા પણ તમો જ્યાં સામુ અપશબ્દ બોલવા લાગ્યા ત્યારે તમારી અંદર દેવતાને બદલે ક્રોધનો પ્રવશ થયો અને ક્રોધ તો અસુર છે અને જેનામાં અસુરનો પ્રવેશ થાય તે દુઃખી થાય એટલે અમો જઇએ છીએ’ આમ ક્રોધ કરનાર એ અસુર હોય છે અને તે હંમેશા દુઃખી જ થતા રહે છે. (સંતતથા અંક/પૃષ્ઠ-૪૭૭) તે માટે જ નિષ્કુળાનંદ સ્વામી કહે છે ‘ વિશવસા એહ વાત છે, તમે સાંભળો સહુ જ નરે! અંતરશત્રુ અજિત છે । પળે પળે પાડે છે વિઘન રે ॥ સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, એણે લીધી છે સહુની લાજ રે । દેવ દાનવ માનવ મુનિ, એણે રોળિયો સુરરાજરે ॥ નિર્દોષ જન કોઇ નજરે, નથી આવતા નિરાધાર રે । કામ ક્રોધ લોભ મોહમાં, સહુએ બે ભર્યા અપાર રે ॥ એવા અવગુણ અવલોકીને, હરિ કરે કે નું કલ્યાણ રે । નિષ્કુળાનંદ તૈયેનાથરે, હાલો પડયો પરમાણ રે’’ (હરિબળગીતા/૫૯-૧) ‘‘ભવ બ્રહ્માને આવી ગઇ ભૂલજી, ખરી ખોવાણી લાજ અમૂલજી । ત્યારે સુર અસુરના શિયા શૂલજી, અંતર અરિ આગે ન રહી કેની ફૂલ જી ॥ અંતર શત્રુ અજિત છે’, પડે પડે પાળે છે ફેર । હંમેશ હરિ ભક્ત પણું, રેવા ન દિયે કોય વેર ॥’ ક્ષણ ક્ષણમાં ખોટા ખરા, ઘણાઘણા ઘડે છે ઘાટ । તેણે કરી ત્રિલોકમાં, નાનામોટા એક વાટ ॥ કામ ક્રોધ લોભે વળી, લીધીનહિ કેની લાજ । ઓશિયાળી સહુ અંતરે, રહેનર અમર સુરરાજ ॥ વિકટ છે એહ વારતા, હરિ ભક્ત રેવું હમેશ । દાદા ન લાગે દલમાં, કામક્રોધ લોભનો લેશ ॥ મોટા મેશના મંદિરમાં, વસું શ્વેત વસન । લાગે નહિ મેશ લુગડે, એવાતો કોઇ જન ॥ વેલો મોડો થાય વણાસ ॥ અદોષ રહેવું એહથી, એવી સુણી નહિ કોઇ રીતે ।

નિષ્કાનંદ એ નવું નથી, સહુ વિચારી જૂનો ચિત્ત ॥'' (હબિળગીતા/કડવું-૧૪) ભગવાન સ્વામિનારાયણ કહે છે. '' मानमूलो महान्दोष: क्रोधाख्योऽत्रप्रवर्तते। योभस्मसात्करो त्याशु। दान व्रत तपोयमान्॥ वाच्यावाच्याविवेकश्च मर्यादाभेदनं यत:। भवत्यवध्यघातश्चस्वात्महत्यापि निश्चितम्॥ स्वजनानां गुरुणां च येन नाश: सतामपि। जायतेऽकार्यकरित्वं यतश्चापि दुरुक्तय:॥ માન ભંગથી ક્રોધ નામનો દોષ પ્રવર્તે છે. જે ક્રોધથી બહુકાળે સંપન્ન કરેલા દાન, વ્રત, તપ નિયમમય સુચરિતોને તત્ક્ષણ ભસ્મ કરી દે છે. કેવળ સુકૃતનો નાશ કરે છે એઠલું જ નહિ પણ પ્રબળ પાપને ઉપજાવે છે. ક્રોધથી ધર્મ અધર્મનો વિવેક નષ્ટ થાય છે તથા ગુરૂજનોની મર્યાદાનો પણ ભંગ થાય છે. અવધ્યમાં વધ્ય બુધ્ધિ ઉત્પન્ન થાય છે. સ્વજન ગુરૂજનો આદિકનો વિનાશ સંતોનું પિડન, આશ્રમથી અનુચિત આચરણ, દુર્વચન, વગેરેનું આચરણ થાય છે.' (સ.જી. ૪/૬૬/૧ થી૩)

તે જ પ્રમાણે નીતિકાર હંમેશા તર્ક-શંકા કરનારા ને પણ દુઃખી રહેનારો કહે છે. કારણ કે તર્ક કરવાવાળા મનુષ્ય અશ્રધ્ધાળુ હોય છે તેઓની મતિ પ્રાકૃત શિક્ષાએ રહિત હોવાથી અન્ય પુરૂષોની વાતનો તેઓ આદર કરતા નથી અને એટલે માટે તેઓ હંમેશા સંશય ગ્રસ્ત જ રહે છે અને આમ સંશય ગ્રસ્ત હોવાથી તેઓની ઉન્નતિ પણ શક્ય નથી. પૃથક પૃથક વાતોને સાંભળવાથી 'આ યોગ્ય છે કે આ યોગ્ય છે?' આ રીતે સંદેહ યુક્ત પુરૂષનું નામ સંશયાત્મા છે. પારમાર્થીક માર્ગ પર ચાલવાવાળા સાધકમાં શંસય ઉત્પન્ન થવો સ્વાભાવિક છે કેમ કે તે કોઇક વિષયને વાચશે તો કંઇક સમજશે અને કંઇક નહિ પણ સમઝે જે વિષયને કંઇ નથી સમઝતા તે વિષયમાં સંશય થતો નથી. અને જે વિષયને પુરો સમઝે છે તે વિષયમાં સંશય થતો નથી પરંતુ સંશય હંમેશા અપૂર્ણ જ્ઞાનમાં જ ઉત્પન્ન થાય છે. આને જ અજ્ઞાન કહેવાય છે. સંશયનું ઉત્પન્ન થવું એ

હાનિકારક નથી પરંતુ સંશયને નિવારણ કરવા કોઇ ચેષ્ટા ન કરી મૂઢની જેમ બેસી રહેવું એ હાનિ કારક છે. સંશયને નિવારણ ન કરવાથી તે સંશય સિધ્ધાંતના રૂપમાં પ્રતિષ્ઠિત થાય છે અને તેને લઇ મનુષ્ય વિચારે છે કે 'પારમાર્થિક માર્ગમાં સર્વ કંઇ આડંબર છે.' આ પ્રમાણે નિશ્ચિત કરી તે પરમાર્થના માંર્ગમાંથી ભ્રષ્ટ થઇ પ્રચંડ તાર્કિક એવો નાસ્તિક બની જાય છે અને તેનું પતન થાય છે માટે પોતાના અંતરમાં કોઇ બાબતમાં સંશય હોય તો સાધકને તે સંશય અનિષ્કારી લાગવો જોઇએ. અને અનિષ્ટકારી લાગતા તેનુ નિવારણ કરવા જીજ્ઞાસા પ્રગટ થતા કોઇક મહાત્મા દ્વારા સંશય વિનાશક જ્ઞાનની પ્રાપ્તિ થતા તે પરમાર્થના માર્ગથી ભ્રષ્ટ ન થશે. પરંતુ તે માહાત્માઓ પર શ્રધ્ધા હોવી જરૂરી છે અન્યથા તેઓના વચન પર પણ સંશય કરનારાઓને અતિ કષ્ટનો સામનો કરવો પડે છે જેમ દક્ષપુત્રી સતિ અને લોમશ ઋષિના શિષ્યને કરવો પડેલો.

વાત એવી હતી કે ત્રેતાયુગનો સમય હતો અને એક દિવસ ભગવાન શંકર માતા સતિને લઇને અગત્સ્ય ઋષિના આશ્રમમાં ભગવાન શ્રીરામની કથા સાંભળવા ગયા હતા અને કથા શ્રવણ કર્યા બાદ તેઓ બન્ને પુનઃ કૈલાસ તરફ આવતા હતા ત્યાંજ તેઓએ પોતાના આરાધ્ય દેવ શ્રી રઘુનાથજીને જોયા. જેથી તેઓના હ્દયમાં ઘણો આનંદ થયો. શ્રી રામ શોભાના સમુદ્ર હતા. તેઓએ શ્રીરામને નેત્રભરી જોયાઅને એકાએક તેમના મુખથકી શબ્દો નિકળ્યા 'જય સચ્ચિદાનંદ જગતપાવન' તે પછી તેઓ સતિ સાથે ચાલતા થયા. સતીને ભગવાન શંકરની આ પ્રમાણેની ક્રિયા જોઇ સન્દેહ થયો તેઓ વિચારવા લાગ્યા કે 'શંકરજી તો સમસ્ત જગતના વંદનિય છે, દેવતા, મનુષ્ય, ઋષિ બધા તેઓને મસ્તક નમાવે છે તો તેઓએ પત્નિ વિયોગમાં આકુળ વ્યાકુળ ફરતા એક

રાજકુમારને સચ્ચિદાનંદ પરમધામ કહીને નમસ્કાર કેમ કર્યા? અને તેની શોભા જોઇને આટલા પ્રેમમગ્ન કેમ થઇ ગયા કે અત્યાર સુધિ તેમના હૃદયમાં પ્રીતિ રોકાવાવા છતા રોકાતી નથી. જે બ્રહ્મ સર્વત્ર વ્યાપક, માયારહિત અજન્મા, અગોચર, ઇચ્છારહિત અને ભૂદ શૂન્ય છે. જેને વેદ પણ જાણી શકતા નથી તે શુ દેહ ધારણ કરી મનુષ્ય બની શકે? દેવતાઓના હિત માટે જે મનુષ્ય શરીર ધારણ કરનાર વિષ્ણુ છે તે પણ શીવજીની જેમ સર્વજ્ઞ છે? તે શુ અજ્ઞાનીની જેમ સર્વત્ર સ્ત્રીને શોધતા ફરે? પરંતુ શીવજી પોતે સર્વજ્ઞ હોવા છતા તેઓને સચ્ચિદાનંદ કહી સંબોધ્યા. તેઓની વાત અસત્ય તો ન જ હોય.''

આ પ્રકારે સતીના મનમાં મહાન સંદેહ ઉત્પન્ન થયો યદ્યપિ પ્રગટમાં તો તેઓ ભગવાન શંકર પ્રત્યે કંઇ ન બોલ્યા પણ શીવજી વધુ સમઝી ગયા. તેઓએ સતીને સમઝાવીને કહ્યું 'સમસ્ત બ્રહ્માડોના અધિપતિ, માયાપતિ, નિત્ય, પરમ, સ્વતંત્ર, બ્રહ્મરૂપ મારા ઇષ્ટદેવ શ્રીરામે જ પોતાના ભક્તોના હિત માટે સ્વ ઇચ્છાથી રઘુકુલરત્ન થઇને અવતાર લીધો છે.' પરંતુ સતીના મનમાં શીવજીનો ઉપદેશ સ્થિર ન થયો. ત્યારે શીવજી તો મનમાને મનમા ભગવાનની માયાનું બળ જાણી હસતા હસતા બોલ્યા ''જો તમારા મનમાં વધારે શંકા હોય તો જઇને પરીક્ષા કેમ નથી લેતા? જ્યાં સુધી તમો જઇને આવશો નહિ ત્યાં સુધી અમો અહી આ વડની છાયામાં બેઠેલા છીએ.'' ભોળા દાક્ષાયણી પર ભગવાનની માયાનો પ્રભાવ પડેલો હતો તેઓ પતિની આજ્ઞા લઇ જતા રહ્યા.

આ તરફ ભગવાન શંકર અનુમાન કરવા લાગ્યા કે 'આજે સતીનું કલ્યાણ નથી. અમારા સમઝાવવા છતા જ્યારે આનો સંદેહ દૂર થતો નથી તો વિધાતા જ વિપરીત છે. આમા ભલાઇ નથી. જે શ્રીરામનું વિચારેલું છે.' તે જ થશે એ પ્રમાણે વિચાર કરી, તેઓ શ્રીરામ નામનો જપ કરવા લાગ્યા. આ તરફ

સતીએ ખૂબ વિચાર કર્યા બાદ સીતાજીનું રૂપ ધારણ કરી શ્રીરામની પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો અને તે સીતાજીન્ રૂપ ધારણ કરી ભગવાન શ્રીરામ અને લક્ષ્મણ જે માર્ગ આવતા હતા તે માર્ગ પર આગળ ચાલવા લાગ્યા. લક્ષ્મણજી સીતાને આવતા જોઇ આશ્ચર્ય ચકિત થઇ ગયા. જેના સ્મરણ માત્રથી અજ્ઞાનનો નાશ થઇ જાય છે તે ભગવાન શ્રીરામે બધી વાત મનોમન જાણી લીધી અને મનોમન તેઓ પોતાની માયાના બળનો વિચાર કરી પ્રશંસા કરવા લાગ્યા અને સીતાનો વેષ ધારણ કરીને આવેલા સતીને પ્રણામ કરતા હતા અને તેઓને પોતાના કુળનો પરિચર આપ્યો અને કહ્યું 'માતે! મારા પિતા ચંન્દ્રમૌલેશ્વર ક્યાં ?? અને તમો તેઓનો ત્યાગ કરી એકાકી વનમાં કેમ વિચરો છો? આ વાત સાંભળી સતીજી સ્તબ્ધ થઇ ગયા અને ભયભીત પામેલા તેઓ ભગવાન શંકર પાસે જતા રહ્યા. ત્યારે તેઓ હ્દયમાં ચિંતા કરવા લાગ્યા. ''અરે અમારાથી આ કેવી ભૂલ થઇ ગઇ કે મારા સ્વામીનું (શીવનું) કહેલુ ન માન્યુ અને મારૂ પોતાનું અજ્ઞાન રામચંદ્ર પર આરોપિત કર્યુ હવે અમો શીવને શું કહેશુ?

તદન્તર વારંવાર સતીજી શ્રીરામના ચરણમાં વંદન કરી જ્યાં શીવજી બિરાજમાન હતા ત્યાં આવ્યા ત્યારે શીવજીએ સતીને કુશળ સમાચાર પુછયા સતીએ ભયના કારણે શીવજીને કંઇ કહ્યુ નહી પરંતુ શિવજીએ ધ્યાન લગાવી સતીજીએ જે પરાક્રમ કરેલું તે જાણી લીધુ અને તેને લઇ તેઓ અત્યંત દુઃખી થયા અને તેઓએ મનોમન નિર્ણય કર્યો કે 'હવે આ શરીરથી અમો સતી પર પત્નીના જેવો સ્નેહ રાખશુ તો ભક્તિમાર્ગનો લોપ થશે અને તે અત્યંત મહાન અન્યાય ગણાશે. સતી અત્યંત પરમ પવિત્ર છે તેનો ત્યાગ પણ ન કરી શકાય અને તેને પતિનો પ્રેમ આપવો તે પણ પાપ છે.' આવું વિચારી તેઓ બન્ને શ્રીરામના ગુણગાન કરતા કૈલાસ તરફ ચાલ્યા. તેઓનો આ નિર્ણય જોઇ આકાશવાણી થઇ

'મહેશ્વર! તમારી જય થાવ, તમોએ ભક્તિનેખૂબ દ્રઢતા પ્રદાન કરી છે, તમારા સિવાય આવી દ્રઢ પ્રતિજ્ઞા કોણ કરી શકે, કેવલ તમો જ શ્રીરામચંદ્રજીના અનન્ય ભક્ત છો.' સતીએ પણ આ આકાશવાણી સાંભળી અને તેઓએ મહાદેવજીને વારંવાર કહ્યું 'તમોએ કંઇ પ્રતિજ્ઞા લીધિ તે કહો' પરંતુ ભગવાન શંકરે તેઓને કંઇ કહ્યુ નહિ. પરંતુ સતીએ અનુમાન પૂર્વક જાણી લીધુ કે 'શીવજી ત્રિકાલદર્શી સર્વજ્ઞ છે તેઓએ અમારૂ સર્વકૃત્ય જાણી લીધુ છે.' તેઓ મનોમન પશ્ચાતાપ કરવા લાગ્યા કે 'અમોએ શીવજી સાથે કપટ કર્યુ. સ્ત્રી સ્વભાવથી જ મૂર્ખ તથા બેસમજ હોય છે.' તેઓ પોતાના કાર્યને યાદ કરી હ્રદયમાં ઘણી ચિતા કરવા લાગ્યા. તેઓ સમઝી ગયા કે 'શીવજીએ મારો ત્યાગ કરી દીધો છે' ત્યાગનો વિચાર કરતા જ સતીજી ખૂબ આકુળવ્યાકુળ થઇ ગયા હતા.

તદન્તર ભગવાન શંકર સતીજી પ્રત્યે શ્રીરામના ચરિત્રોનું ગાન કરતા થતા કૈલાસમાં આવ્યા અને ત્યાં આવી પોતાની પ્રતિજ્ઞા યાદ કરી વડના વૃક્ષનીનીચે આસન લગાવી અખંડ સમાધિમાં લીન થઇ ગયા. સતીજી કૈલાસમાં એકાકી જીવન વ્યતિત કરવા લાગ્યા. સતીના મનમાં પોતાના કાર્ય બદલ અત્યંત પસ્તાવો થતો હતો. તેઓનો એકએક દિવસ યુગના જેવો વ્યતિત થતો હતો અને આ દુઃખના સમુદ્રને પાર કરવાનો કોઇ ઉપાય તેઓને દેખાતો ન હતો. આ પ્રમાણે દક્ષકુમારની સતીના દારૂણ દુઃખની કોઇ સિમા ન હતી. તેઓ રાત દિવસ ચિંતાની આગમાં જ જીવવા લાગ્યા અને આ જ અવસ્થામાં તેઓના સત્ત્યાસી હજાર વર્ષ વ્યતિત થઇ ગયા ત્યારબાદ શિવજીની સમાધિ ખૂલી. તેઓ સ્પષ્ટ વાણીમાં રામ રામ ઉચ્ચારણ કરતા હતા શિવજીને સમાધિમાંથી જાગેલા જાણી સતીજી તેઓ પાસે આવ્યા અને તેમના ચરણમાં મસ્તક નમાવ્યુ. શિવજીએ તેઓની પાસે બેસવાને બદલે સામે બેસવા માટે આસન આપ્યુ અને તેઓ સતીને

રસમય કથા સંભળાવવા લાગ્યા. તેઓએ સતીના હૃદયને શાંત કરવાનો પ્રયાસ કર્યો. જેથી સતીનું હૃદય કંઇક અંશે શીતળ થયું.

તદન્તર એક સમયે પ્રજાપતિ બ્રહ્માજીએ યજ્ઞનું આયોજન કર્યું. બધાને તેમા નિમંત્રણ હતુ. ભગવાન શંકર પણ યજ્ઞમાં પધાર્યા હતા. તેવા સમયમાં તે યજ્ઞમાં બધા પ્રજાપતિઓના શિરમોર દક્ષ પ્રજાપિત પધાર્યા. બ્રહ્માજી અને શ્રીરામના ધ્યાનમાં મગ્ન ભવાન શંકરને બાદ કરતા બધાજ તેના સન્માનમાં પોત પોતાના સ્થાનક પરથી ઉભા થઇ ગયા. બ્રહ્માજી તો દક્ષના પિતા હોવાથી તેઓને દક્ષ પજાપતિ પગે લાગ્યા. સમ્બન્ધ પ્રમાણે દક્ષની કન્યા સતીના લગ્ન શંકરજી સાથે થયા હોવાથી શંકર દક્ષના જમાઇ હતા એટલે પોતાના જમાઇને આમ બેઠેલા જોઇ શિવ તત્ત્વથી અનભિજ્ઞ દક્ષ પણ વાસ્તમાં અદક્ષ ભરી સભામાં ઉભો થઇ શંકરની નિંદા કરવા લાગ્યો. પરંતુ ભગવાન શંકર દ્વારા કંઇ ઉત્તર ન અપાતા દક્ષ વધ, ક્રોધિત થયો અને ભગવાન શંકરને શાપ આપતો થકો તેઓનો યજ્ઞમાંથી ભાગ કાઢી નાખ્યો. ભગવાન શંકર કંઇપણ ઉત્તર આપ્યા વિના ત્યાંથી ચાલતા થયા.

તદન્તર ભગવાન શંકરના ભાગ વગરનો યજ્ઞ કરવા કોઇપણ તૈયાર ન થયુ. ત્યારે દક્ષે જાતે જ શંકરના ભાગ વગરના યજ્ઞનો પ્રારંભ કર્યો. તેમાં સૌ પ્રથમ તેણે વાજપેય નામનો યજ્ઞ કર્યો અને તે પછી બૃહસ્પતિ સવ નામના યજ્ઞનું આયોજ તેણે હરિદ્વાર કનખલ ક્ષેત્રમાં કર્યુ અને તે યજ્ઞમાં ભગવાન શંકર અને સતીને બાદ કરતા સમસ્ત દેવી દેવતાને દક્ષે નિમંત્રણ પાઠવેલુ. યજ્ઞના સમાચાર સાંભળી સતીપણ યજ્ઞમાં જવા તૈયાર થયા ભગવાન શંકરે તેઓને યજ્ઞમાં જતા અટકાવ્યા. પરંતુ સતી ભગવાન શંકરની આજ્ઞાને અવગણી યજ્ઞમાં જવા રવાના થયા અને ત્યાં આવી તેઓએ જોયું કે યજ્ઞમાં કેવલ ભગવાન શંકર ને બાદ

કરતા બધા દેવોનું સ્થાન છે. દક્ષે અપશબ્દ બોલી સતીની સામે શંકરનું અપમાન કર્યુ તથા સતીનું પણ અપમાન કર્યુ. પરંતુ સતીને પોતાના અપમાનની પર્વા ન હતી પણ ભગવાન શંકર માટે યજ્ઞમાં કોઇ સ્થાન ન હોવાથી તેઓ અત્યંતદુ:ખી થયા અને કુપિત થઇ દક્ષને અત્યંત ઉગ્રભાષામાં ઠપકો આપ્યો અને પોતાના પિતાને પોતાના પતિની નિંદા તથા અપમાન કરનારા જાણી તેઓ થકી પ્રગટ થયેલા આ દેહને જ સમાપ્ત કરવા વિચારવા લાગ્યા અને પોતાના સંકલ્પને ચરિત્રાર્થ કરવા સતી એ પોતાના શરીરમાં અગ્નિની ધારણ કરી અને ભગવાન શંકરના ચરણનું સ્મરણ કરતા તેઓએ પોતાના દેહને યોગાગ્નિમાં બાળીને ભસ્મ કરી દીધો. (શ્રીરામ ચરિત માનસ/બાલકાંડ)

આમ ફક્ત એક ભગવાન શ્રીરામના માનુષ્ય ચરિત્ર પર સંશય થવાથી અને સીતાજીનું રૂપ ધારણ કરી તેઓની પરીક્ષા લેવાના ફલ રૂપે સતી ભગવાન શંકર દ્વારા ત્યક્ત કરાયા અને અંતે મહાકષ્ટને પામતા હતા.

બીજ એક ચરિત્ર લોમશ ઋષિના શિષ્યનું છે. લોમશ ઋષિ પાસે એક બ્રાહ્મણ બાળક વિદ્યાનો અભ્યાસ કરતો હતો. લોમશ ઋષિ એવી ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત થઇ ગયા હતા કે તેઓની દૃષ્ટિમાં સમ્પૂર્ણ ચરાચર એક અદ્વૈત તત્ત્વમય જ હતુ જ્યારે શિષ્યની દૃષ્ટિએ પ્રમાણેની ન હોવાથી ગુરૂજી જ્યારે અદ્વૈત બ્રહ્મનું પ્રતિપાદન કરતા ત્યારે તે સંશય કરતો. આમ વારંવાર સંશય કરવાને કારણે લોમશ ઋષિ કૃપિત થઇ ગયા અને શિષ્યને શાપ આપતા બોલ્યા 'રે દુષ્ટ, આમ મધ્યે કાકા કરી સંશય કરતો રહે છે માટે જા તુ કાક પક્ષીનો યોનિ પ્રાપ્ત કર.' આમ બોલતા જ તે બ્રાહ્મણ કાક યોનિને પ્રાપ્ત કરતો હતો (રામચરિત માનસ/ઉત્તરકાંડ)

આ પ્રમાણે વેદ શાસ્ત્ર અને માહાપુરૂષોના વચન પર તથા તેઓએ બતાવેલા સાધન પર સંશય કરવાને કારણે મનુષ્ય કોઇપણ પ્રકારે પોતાના કર્તવ્યનો નિર્શ્ચય કરી શકતો નથી. દરેક બાબતમાં કુતર્ક કરવાને કારણે માનવ પોતાના જીવનને વ્યર્થમાં જ ખોવી નાંખે છે અને માનવજીવનના પરં લાભથી વંચિત રહે છે. માટે જ ગીતાકાર કહે છે. 'अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति। नायं लोकोस्ति न परो न सुखं संशयात्मनः॥ વિવેકહીન અને શ્રધ્ધારહિત સંશય યુક્ત મનુષ્ય પરમાર્થથી અવશ્ય ભ્રષ્ટ થઇ જાય છે આવા સંશય યુક્ત મનુષ્યને આ લોકમાં અને પરલોકમાં પણ સુખ નથી'' (ગીતા/૪/૪૦)

તેમ જે મનુષ્યો હંમેશા બીજાના ભાગ્યથી જીવતો હોય તે હંમેશા દુઃખથી પિડાય છે. જેમ મત્સ્ય ભગવાન કહે છે - 'नालसाः प्राप्नुवन्त्यर्थान्न च दैव परायणाः। तस्मात् सर्वप्रयत्नेन पौरुषे यत्नमाचरेत्॥ त्यक्त्वाऽलसान् दैव परान् मनुष्यानुत्थान युक्तान् पुरुषान् हि लक्ष्मीः। अन्विष्य यत्नाद्वृणुयान्नृपेन्द्र तस्मात् सदोत्थानवता हि भाव्यम्॥ આળસુ અને ભાગ્યપર નિર્ભર રહેવાવાળા પુરૂષોને અર્થની પ્રાપ્તિ થતી નથી. એટલે બધા પ્રયત્નોથી પુરૂષાર્થ કરવામાં જ તત્પર રહેવું જોઇએ. લક્ષ્મી ભાગ્ય પર ભરોસો રાખવાવાળા અને આળકુ પુરૂષોને છોડીને પુરૂષાર્થ કરવાવાળા પુરૂષોને યત્ન પૂર્વક શોધીને વરણ કરે છે. એટલે સર્વથા પુરૂષાર્થ શીલ રહેવું જોઇએ.' (મત્સ્યપુરાણ/૨૨૨/૧૧-૧૨ આથી બીજાના ભાગ્ય પર નિર્ભર રહેવા કરતા પુરૂષાર્થની શ્રેષ્ઠતા પ્રતિપાદન કરી.) શ્રીમન્નારાયણ પણ ગરૂડજીને કહે છે. 'सर्वं परवशं दुःखं सर्वं आत्मवशं सुखम्। एतद् विद्यात् समासेनलक्षणं सुखदुःखयोः॥ પારકાપર આધાર રાખવો એ સર્વ દુઃખ સમાન છે. પોતાના પર આધાર રાખવો સુખ છે. આ રીતે સુખ દુઃખનું લક્ષણ છે.'' (ગરૂડપુરાણ/૧૧૩/૬૦૦) 'पौरुषात् जायते सिद्धिः पौरुषात् धीमताम् क्रमः। दैवम् आश्वासनं मात्रं

दु:खपेलवबुद्धिषु॥ પુરૂષાર્થથી સિધ્ધિ પ્રાપ્ત થાય છે પુરૂષાર્થ થી બુધ્ધિ વધે છે. દુખ:થી પિડાતા કોમળ બુધ્ધિવાળા મનુષ્યો માટે દૈવ આશ્વાસન માત્ર છે.'' (સુભાષિત) માટે જે માનવ બિજાના ભાગ્યે જીવન વ્યતિત કરનારી છે તે આ લોક અને પરલોક બન્નેમાં કષ્ટ ભાગી થાય છે માટે હંમેશા પુરૂષાર્થ કરવામાં તત્પર રહેવું. પુરૂષાર્થ કરનારાને જ પરમાત્મા સહાયરૂપ થાય છે. ગોસ્વામીજી કહે છે. 'પરાધિનકો સ્વપ્ને સુખ નાહિ'(રામ માનસ.) શ્રુતિ પણ કહે છે 'मीत्वाकेषिद् वियमान्-પરાધિનના બંધનમાં ન બંધાવો' (અથર્વ-૭/૧૭૭/૧) 'अग्नेरार्ध महते सौभगाय-ઐશ્વર્ય ઉત્સાહીના પગ ચૂમ છે' (અથર્વ/૭/૩૩/૧૦) ભગવાન વેદ વ્યાસજી કહે છે 'सर्वं कर्मेदमायन्तं विधाते दैवमानुषे। तयोर्दैवमचिन्त्यं च पौरुषे विद्यते क्रिया॥ જીવનમાં બધા કાર્ય દૈવ-ભાગ્ય અને પૌરૂપ આ બન્નેના અધિકારમાં રહે છે આ બન્નેમાં ભાગ્ય તો અચિન્ત્ય છે પણ પૌરપમાં ક્રિયા વિદ્યમાન રહે છે.' (મત્સ્યપુરાણ/૨૨૦/૪૬) (શ્લો-૯૬) હવે નીતિકાર રાજાએ ત્યાગવા યોગ્ય સાત દોષનું વર્ણન બે શ્લોકથી કરે છે.

(૧૨) સાત પદાર્થોનું વિવેચન :-

શ્લોક-૯૬ सप्त दोषाः सदाराजा हातत्या व्यसनोदयाः।

प्रायशो यैर्विनश्यन्ति कृतमूला अपीश्वराः।

શ્લોક-૯૭ स्त्रियोऽक्षा मृगयापानं वाक्यारुषं च पञ्चमन्।

महच्च दवड पारुष्यमर्थ दूषणमेव च॥

શ્લોકાર્થ : સ્ત્રિઓમાં આસક્તિ, જગાર, શિકાર, મદ્યપાન, વાણીની કઠોરતા, અત્યંત કઠોર દંડ, તથા ધનનો દૂરોપયોગ કરવો આ સાત વિના શકારી દોષ રાજાએ સર્વથા ત્યાગ કરી દેવા જોઇએ. આનાથી સમર્થ રાજા પણ નષ્ટ થાય છે.

ચ.ટી.: રાજાને જેમ બધા સુખ પ્રાપ્ત થવાથી તે રાજા કહેવાય છે, તેજ પ્રમાણે થોડી પણ અસાવધાની ઉત્પન્ન થાય છે જેને કારણે રાજા સાથે સમસ્ત રાષ્ટ્રનો પણ વિનાશ થાય છે. આજ પ્રસંગમાં આ સાત દોષ ગણાવેલા છે. જેના ત્યાગથી રાજા સુખી થાય છે અને તે દોષો ગ્રહણ કરવાથી રાજા અતિશય કષ્ટનો અનુભવ કરે છે. મહાભારતમાં ગંગાપુત્ર ભિષ્મ યુધિષ્ઠિર પ્રત્યે રાજધર્મનું વર્ણન કરતા કહે છે. 'चरेद्धर्मानकटुको मुञ्चेत् स्नेहं न चास्तिकः। अनृशंसश्चरेदर्थं चरेत्काममनुद्धतः। प्रियं ब्रूयादकृपणः शूरः स्यादविकत्यनः। दातानापन्नवर्षी स्यात्प्रगल्भः स्यादनिष्ठुरः॥ स्न्दधीत न चानर्थैर्विगृहणीयान्न बन्धुभिः। नाभक्तं चारयच्चारं कुर्यात् कार्यमपीडया॥ अर्थं बूयान्न चासात्सु गुणान् ब्रूमान्न चात्मनः। सादद्यान्न च साधुभ्यो नासत्पुरुषमाश्रेयेत्॥ नापरीक्ष्य नयेदण्डं न च मन्त्रं प्रकाशयेत्। विसृजेन्न च लुब्धेभ्यो विश्वसेन्नापकारिषु॥ अनोर्षुगुप्तदारः स्याच्चोक्षः स्यादघणीनृपः। स्यित्रः सेवेतंनात्यर्थं मुष्टं भुज्जीत नाहितम्॥ आस्तब्धः पूजयन्मा न्यान्गुरुन् सेवेद मायया। अर्चेद्देवान दम्भेन श्रिय मिच्छेदकुत्सिताम्॥ सेवेत प्रणयं हित्वा दक्षः स्यान्न त्वकालवित्। सान्त्वयेन्न च मोक्षाय अनुगृहणन्न चाक्षिपेत्। प्रहरेन्न त्वविज्ञाय हत्वा शत्रून्न शोचयेत्। क्रोधं कुर्यान्न चाकस्मान्मृदुः स्यान्नापकोरिषु॥ રાજાએ ધર્મનું પાલન કરવું પરંતુ કડવાસ આવવા દેવી નહિ. આસ્તિક થઇને પ્રેમ ભર્યો વ્યવહાર કરવો, ક્રૂરતા વિના જ અર્થ સંપાદન કરવો, મર્યાદામાં રહીને વિષયો ભોગવવા, દીનતા દેખાડયા વિના પ્રિય વચન બોલવું, શૂરવીર થવું પણ નિરર્થક વચન ન બોલવું, દાન કરવું પણ કુપાત્રમાં નહિ. સાહસી બનવું પણ નિષ્ઠુર ન બનવું, દુષ્ટો સાથે મેળાપન રાખવો, સ્વજનો સાથે વિવાદ ન કરવો, જે વફાદાર ન હોય તેવાને ગુપ્તચરન રાખવા, કોઇને પિડા આપ્યા વગર કાર્ય કરવું કરાવવું, દુષ્ટો આગળ પોતાના કાર્યની વાત ન કરવી સ્વમુખે પોતાના ગુણ ન કહેવા, સજ્જનોનું ધન પડાવી ન લેવું,

નીચ મનુષ્યનો આશ્રય ન લેવો અપરાધની પૂરેપૂરી તપાસ કર્યા વીના કોઇને ઉતાવળે દંડ ન આપવો. ગુપ મંત્રણાને જાહેર ન કરવી, લોભી મનુષ્યને ધન ન આપવું, જેણે અપકાર કરેલો હોય તેનો વિશ્વાસ કરવો, ઇર્ષ્યા રહો ત થઇ પોતાના પત્ની રક્ષા કરવી. રાજાએ સ્વયં પવિત્ર રહેવું પણ કોઇના પર દુર્ભાવ ન રાખવો. સ્ત્રીઓનું અધિક સેવન ન કરવું. શુધ્ધ સ્વાદિષ્ટ ભોજન કરવું પણ અહિત કર ભોજન ન કરવું. ઉદંડતાનો ત્યાગ કરી વિનિત ભાવે ગુરૂજનોનો આદર સત્કાર કરવો, નિષ્કપટભાવે તેઓની સેવા કરવી. દંભ રહિત થઇને દેવોની પૂજા કરવી, અનિંદિત રીતે ધન સંપત્તિને મેળવવા ઇચ્છવું. હઠ છોડીને પ્રેમને જાળવવો, કાર્યકુશળ થવું પણ સમયને ઓળખવો. દુઃખી મનુષ્યથી છૂટવા તેણે ખોટું આશ્વાસન ન આપવું કોઇની ઉપર કૃપા કરતી વેળાએ આક્ષેપ ન કરવો, વગર ઓળખ્યે કોઇના પર પ્રહાર ન કરવો. શત્રુઓને મારી શોક ન કરવો, પૂરતા કારણ વગર અકસ્માત કોઇના પર ક્રોધ ન કરવો કોમળ રહેવું પણ પોતાના અપકાર કરનારા પાસે કોમળ ન થવું.' (મહા.શા.૭૦/૩ થી ૧૧) આ પ્રમાણેના ગુણો રાજાએ પોતામા ધારણ કરવા જોઇએ. પરંતુ ધુતક્રિયા મદ્યપાન ઇત્યાદિ દોષોને પોતામાં ધારણ ન કરવા અન્યથા તે પોતાના સ્થાન પરથી ચ્યુત થઇ જશે. ભૂતકાળમાં એવા કેટલાએ રાજાઓ થઇ ગયા જેઓ દુર્ગુણોથી ગ્રસ્ત થવાથી પોતાના રાજ્ય પરથી ચ્યુત થઇ ગયા હતા.

સ્ત્રીઓમાં અત્યંત આસક્ત થવાને કારણે ધૃતરાષ્ટ્ર ના જ પિતા વિચિત્રવિર્ય અકાળે મૃત્યુનો ગ્રાસ બની ગયા હતા. વાત એવી હતી ગંગા પુત્ર ભીષ્મે કાશી રાજે યોજે સ્વયંવરમાથી પોતાના ભાઇ વિચિત્રવિર્યને માટે કાશીરાની કન્યા અમ્બિકા અને અમ્બાલિકાનું અપહરણ કરી તેને હસ્તિનાપુર લઇ આવ્યા અને પોતાના ભાઇ વિચિત્રવિર્યના લગ્ન તેની સાથે કરાવ્યા. કાશીરાજની બન્ને

કન્યા રૂપરૂપનો અંબાર હતી. વિચિત્રવિર્યનું રૂપ પણ અશ્વનિકુમારના સમાન હતુ. તેઓ દેવતા જેવા પરાક્રમી હતા. એકાન્તમાં તેઓમાં બધી નારીના મનને મોહિત કરવાની શક્તિ હતી. રાજા વિચિત્રવિર્ય પોતાના રાજકાજને તિલાંજલી આપી દીધી અને લાગલગાત સાતવર્ષ પર્યન્ત તેની સાથે ભોગભોગવવામાં આશક્ત રહ્યા. અતઃ અસંયમને કારણે તેઓ યુવાવસ્થામાં જ રાજ્યક્ષમા(ક્ષયરોગ) નો ગ્રાસ બની ગયા. ગંગાપુત્ર આદિ સગા સમ્બન્ધિઓએ શ્રેષ્ઠ વૈદ્યોને બોલાવી વિચિત્રવિર્યના રોગ નિવારણાર્થે બધા પ્રયત્નો કર્યા છતા જેમ સૂર્ય અસ્તાનચળને પામી જાય તેજ પ્રકારે વિચિત્રવિર્ય પરલોકવાસી થઇ ગયા. આમ સ્ત્રીઓમાં અત્યંત આસક્તિને કારણે ભરતકુળના એક રાજનું અકાળમાં મૃત્યુ થયુ હતુ. માટે જ મત્સ્ય ભગવાન કહે છે. 'मृगया पानमक्षांश्च वर्जयेन् पृथिवीपति। एतांस्तु सेवामानास्तु विनिष्टाः पृथिवीक्षितः॥ बहवो नृपशार्दूल तेषां संख्या न विद्यते॥ રાજાએ શિકાર, મદ્યપાન તથા ધૂત ક્રિડા ઇત્યાદિનો પરિત્યાગ કરવો કારણ પૂર્વકાળમાં તેના સેવનથી ઘણા રાજા નષ્ટ થઇ ગયેલા છે. જેની ગણના કરી શકાતા નથી. રાજાએ કટુ વચન, કઠોર દંડ આ બે કર્મ નહિ કરવા જોઇએ તથા પરોક્ષમાં કોઇની નીંદા પણ ન કરવી.' (મત્સ્યપુરાણ/૨૨૦/૮, ૧૦) કામા સક્ત વ્યક્તિઓ સમય પર પોતાના કર્તવ્ય કમર્થથી પણ બહિમુર્ખ રહેતા હોય છે. ભગવાનશ્રી રામ કહે છે. 'कालातिपातोधर्मार्थपीडा स्त्री व्यसनाद् भवेत्। સ્ત્રી સમ્બન્ધિ, વ્યસનથી પ્રત્યેક કર્મમાં ઘણો વધુ વિલમ્બ થાય છે, યોગ્ય સમય પર કોઇ કાર્ય થવું નથી. ધર્મ તથા અર્થને પણ હાની પહોંચે છે.' (અગ્નિપુરાણ/૨૪૦) ચાણક્ય પણ કહે છે. 'न कामासक्तस्य कार्यानुष्ठानम्- કામાસક્ત એટલે લંપટ વ્યક્તિ સમયપર કર્તવ્ય કરી શકતો નથી' (ચાણક્યસૂત્ર-૭૪)

તે જ પ્રમાણે રાજા માટે દ્યુતનામનું વ્યસન પણ તેના પતનનું કારણ બને છે. તે માટે મહાભારતમાં બે રાજાઓના આખ્યાન આવે છે જેઓ જગારના વ્યસનથી નષ્ટ પ્રાય થયા હતા તેમાં એક મહારાજા યુધિષ્ઠિર છે અને બીજા રાજા નલ હતા. યુધિષ્ઠિર મહારાજ ધૃતરાષ્ટ્રના નિમંત્રણથી હસ્તિનાપુર દ્યુત ક્રિડા રમવા પધાર્યા તે સમયે ભીષ્મ તથા વિદૂરજીની મનાઇ હોવા છતા તેઓ દ્યુત રમવા બેઠા અને જગારમાં એક પછી એક દાવ ખેલતા તેઓ સમસ્ત ભૂમંડલનું રાજ્ય, પોતા સહિત પોતાના ચારેય ભાઇઓન અને પોતાની પત્ની સુધ્ધાને પણ દાવ પર લગાવી હારી ગયા. આમ થોડા સમય પૂર્વે જેઓ સમસ્ત ભૂમંડળના એક છત્રી સમ્રાટ હતા તેઓ થોડા જ કલાકોમાં દ્યુતમાં કંગાળ થઇ ગયા. તેમ વિદર્ભ દેશના અધિપતિની પુત્રી દમયંતિના સ્વામી નિષેધ દેશના રાજા નલ એક દિવસ પોતાના સગાભાઇ પુસ્કરના નિમંત્રણથી તેની સાથે દ્યૂત રમવામાં પ્રવૃત્ત થયા ખેલનો પ્રારંભ ઘયો. તે દિવેસે નલનું ભાગ્ય પ્રતિકૂળ હતુ એટલે તેઓ એક પછી એક દાવ લગાવતા ગયા અને હારતા ગયા તેઓના હાથમાંથી સુવર્ણ, રજત, રથ, વાહન, રાજ્ય બધુ નીકળી ગયુ. પ્રજા અને મંત્રીઓના અનુરોધથી દમયંતીએ નલ રાજાને વારંવાર દ્યુત સમાપ્ત કરતા કહ્યું છતાં તેનો પ્રયાસ નિષ્ફળ રહ્યો અને નલ રાજા દ્યુતમાં પોતાની સમસ્ત સંપત્તિ હારી ગયા અને ફક્ત પહેરેલા વસ્ત્રે તેઓ દમયંતી સાથે વનમાં જતા રહ્યા. (મહાભારત)

આમ એક સમયના અત્યંત વૈભવ સંપન્ન રાજા દ્યુત રમવાના વ્યસનના કારણે કંગાળતા પ્રાપ્ત કરી ભિક્ષાવૃત્તિથી જીવન નિર્વાહ કરવા માટે વિવશ થયા. માટે જ ભગવાન શ્રીરામ કહે છે. 'धर्मार्थ प्राणनाशादि द्यूते स्यात्कलहादिकम् દ્યૂતમાં ધર્મ, અર્થ અને પ્રાણોના નાશ આદિ દોષ રહેલા છે તેનાથી કલહ આદિની પણ સંભાવના રહે છે માટે રાજાએ દ્યુત ક્યારે પણ ન રવું.' (અગ્નિપુરાણ/૨૪૦)

આચાર્ય ચાણક્ય કહે છે 'नास्ति कार्यं द्यूत प्रवृत्तस्य- ધુતમાં વ્યસ્ત રહેનારો રાજા પોતાના કર્તવ્યો કરી શકતો નથી.' (ચાણક્ય સૂત્ર-૭૧)

તેજ પ્રમાણે ભગવાન શ્રીરામ કહે છે. 'यानत्पातः पिपासा क्षुन्मृगयातोऽरितः क्षयः। દોડતાયાન (અશ્વઆદિ)થી પડવું, ક્ષુધા તૃષાના કષ્ટને પામવું આ બધા દોષોમૃગયા- શિકારથી પ્રાપ્ત થાય છે. કોઇ ગુપ્ત રૂપે રહેલા શત્રુ દ્વારા મોતને ઘાત ઉતારી નાખવાની સંભાવના રહે છે માટે રાજાએ મૃગયા ન ખેલવી' (અગ્નિ/અ. ૨૪૦) આ સન્દર્ભ મહાભારતમાં આવતી અંગરાજ કર્ણની કથા અવલોકન કરવા યોગ્ય છે. એક સમયે અંગરાજ કર્ણ વનમાં આખેટ કરતા હતા. ત્યાં તેઓની નજર એ મૃગ પર પડી અને તઓએ શરસંધાન કરી તેના પર બાણ છોડયું પરંતુ મુગે કર્ણરાજાનું બાણ ચુકાવી દીધુ અને જેને લઇ એ બાણ એક ગાયને લાગ્યુ અને બાણ લાગતા જ ગાય મૃત્યુ પામી આ ગાય એક અગ્નિહોત્રી બ્રાહ્મણની હતી. કર્ણરાજા ત્યાં આવ્યા તેણે જોયું બ્રાહ્મણ ગાય પાસે કલ્પાંત કરતો હતો કર્ણરાજાએ અજાણતામાં થયેલા પોતાના આ અપરાધ બદલ બ્રાહ્મણની ક્ષમા માંગી. બ્રાહ્મણે કહ્યું 'રાજન્ આ ગાય દ્વારા મારા અગ્નિહોત્રના કાર્ય સંપાદન થતા હતા, માટે આપ અમારી ગાયને જીવિત કરી આપો.' કર્ણરાજાએ આ ગાયના બદલામાં બીજી કેટલીક ગાય બ્રાહ્મણને આપવા કહ્યું. પરંતુ બ્રાહ્મણે મનાઇ કરી અને તે પોતાની જીદ પર સ્થિત રહ્યો. અંતમાં ક્રોધે ભરાઇ બ્રાહ્મણ કર્ણરાજાને શાપ આપતા બોલ્યો 'રે દુષ્ટ! જેને તુ જીવિત કરી શકતો નથી તેનો પ્રાણ લેવાનો તને કોઇ અધિકાર નથી માટે હું તને શાપ આપુ છ જે સમય પર તુ તારા જીવનનું મહત્વનું યુધ્ધ કરતો હશે તે સમયે ધરાદેવી તારા રથના પૈંડાને પોતામાં સમાવી લેશે અને એવી જ અવસ્થામાં તારૂ મૃત્યુ થશે.' અને બ્રાહ્મણનો શાપ મહાભારતના યુધ્ધમાં સત્તરમાં દિવસે ફલિભૂત થયો

જ્યારે કર્ણ અર્જન સાથે પોતાના જીવનનું અતિમહત્વનું યુધ્ધ લડતો હતો અને તે સમયે ભૂમિ તેના રથનું પૈડું પોતામાં સમાવી લે છે અને રથનું પૈંડુ ભૂમિમાંથી કાઢવા કર્ણરાજા અસ્ત્ર શસ્ત્ર ત્યાગ કરી રથમાંથી નીચે ઉતરે છે અને એવીજ અવસ્થામાં તે અર્જુનના હાથે વીર ગતીને પામે છે. આમ એક મૃગયાના વ્યસનના કારણે અજાણતામાં થએલી ગૌ હત્યા ના કારણે અજેય યોધ્ધા કર્ણરાજાએ પણ શાપના ભાગી થવું પડયું અને તે શાપના કારણે જ તેનું મૃત્યુ થયું માટે જ આચાર્ય ચાણક્ય કહે છે 'मृगया परस्य धमार्थौ विनश्यता: શિકારી વ્યક્તિ ધર્મ અને કર્તવ્ય બન્નેનો નાશ કરી બેશે છે. - જ્યારે ત્યારે રાજા અકારણ આખેટ કરવા વનમાં નીકળી પડે અને વન્ય જીવોનો નિર્દયતા પૂર્વક નાશ કરે તો તેનો ધર્મ નષ્ટ થઇ જાય છે સાથે સાથે મહત્વનો સમય શિકારમાં ફાળવવાથી કર્તવ્ય કર્મનો પણ નાશ થઇ જાય. આ રીતે ધર્મ અને અર્થ બન્નેનો નાશ થઇ જતા વ્યસનથી દૂર રહેવું.' (ચાણક્ય સૂત્ર-૭૨)

તેજ પ્રમાણે 'अनृतंनैव वक्तव्यं नृपेणचिर जी विना॥ सत्यं शौचं दया क्षान्तिरार्जवं मधुरं वच:। द्विजगोयति सद् भक्ति:सप्तैत शुभदा गुणा:॥ निद्रा लस्यं मद्ययानं द्यूतं वाराङ्गनारति:। अतिक्रीडाऽतिमृगया सप्तदोषा नृपस्य च॥ રાજાના શુભદાયક એવા સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા સ્વભામાં કોમળતા, મધુરવાણી તથા ગાય બ્રાહ્મણ સંત તથા સજ્જનો પર શ્રધ્ધા આ શુભ ગુણ છે તેમ અધિક નિદ્રા, આળસ, મદ્યપાન, દ્યુત, વેશ્યાઓમા પ્રેમ, વધારે પડતી ક્રિડા અને વધારે પડતી મૃગયા આ રાજાના સાત દોષ છે.' (આનંદ રામાયણ/રાજ્યકાંડ /અ. ૧૬/શ્લો- ૪-૬-૭) આ સપ્ત ગુણ અને સપ્ત દોષમાં મદ્યપાન કરવું એ રાજા માટે બહુ મોટો દોષ છે મન બુધ્ધિની અસ્વસ્થતા વ્યસન, લંપટતા અને કુસંગથી થતી રહે છે એમા એ આ ત્રણનું મૂળ વ્યસન જ છે એટલે રાજાએ નિર્વ્યસની જીવન વ્યતિત કરવું જોઇએ.

જેથી હંમેશા મન બુધ્ધિ સ્વસ્થ રાખી શકાય. સાથે સાથે મંત્રીઓ અધિકારીઓ અને પ્રજાને આદર્શતા પણ આપી શકાય. મદિરાપાન કરનારો રાજા ગમે તે સમયે અયોગ્ય પ્રલાપ કરી શકે છે અને ગમે તે સમયે અસત્ય નિર્ણય લઇ શકે છે. માટે રાજાએ વ્યસનથી હંમેશા દૂર જ રહેવું. આ સન્દર્ભમાં યાદવોનું દૃષ્ટાંત અવલોન કરવા યોગ્ય છે.

વાત એવી હતી કે એક સમયે દ્વારકામાં અનેક પ્રકારના ઉત્પાતો થતા જોઇ ભગવાન શ્રીકૃષ્ણે બધા યાદવોને પ્રભાત ક્ષેત્રમાં જવા માટે અનુરોધ કર્યો. શ્રીકૃષ્ણની વાતને બધાએ અનુમોદન આપી બધા અનેક પ્રકારના વાહનો પર સવાર થઇ પ્રભાત ક્ષેત્રમાં આવ્યા. ત્યાં આવી બધાએ વિધિપૂર્વક સ્નાન કરી બ્રાહ્મણોને અન્ન જલ દાન દક્ષિણાથી અતિશય તૃપ્ત કર્યા અને પછી ભગવાન શ્રીકૃષ્ણ, બલરામજીને બાદ કરતા બધા મદ્યપાનમાં આરૂઢ થયા. મૈરેય નામની મદિરા પાન કરી બધા ઉન્મત્ત થઇ એકબીજાનો ઉપહાસ કરવા લાગ્યા. તેમાં સાત્યકિ કૃતવર્મા તરફી ઉંગલી નિર્દેશ કરી બધાને સંભળાવતા બોલ્યા ‘મિત્રો! આપણા આ યાદવ વંશમાં આપણી મધ્યે એક કાયર પણ બેઠેલો છે. જેણે મધ્યરાત્રિએ અર્ધનમૃતાવસ્થામાં સૂતેલા પાંડવપક્ષના યોધ્ધાઓને મોતને ઘાત ઉતારી દીધેલા, તે આ કૃતવર્મા છે. આ પ્રમાણે સાત્યકિની વાત સાંભળી બધા લોકો કૃતવર્માનો ઉપહાસ કરવા લાગ્યા.

સાત્યકિની વાત સાંભળી કૃતવર્મા રોષે ભરાયા અને સાત્યકિને ઉગ્રભાષામાં ઠપકો આપતા બોલ્યા ‘સાત્યકિ! તારા મુખતી આ વાત યોગ્ય લાગતી નથી એજ મહાભારતના યુધ્ધમાં તેર માં દિવસના યુદ્ધમાં તારૂ અને ભૂરી શ્રવાનું યુધ્ધ ચાલતુ હતુ, ત્યારે ભૂરીશ્રવા તારા પર હાવી થઇ જતા અર્જુને મધ્યમાં આવી ભૂરીશ્રવાનો જમણો હાથ કાપી નાખ્યો જેથી હતાશ થઇ ભૂરીશ્રવા

અસ્ત્ર શસ્ત્ર ત્યાગ કરી ધ્યાનસ્થ થઇ ગયા તેવી અવસ્થામાં તે કાયરે તેનો શિરોચ્છેદ કરલો તો તારાથી મોટો કોઇ કાયર હોઇ શકે?'' આ પ્રમાણે કૃતવર્માની વાત સાંભળી કૃતવર્માના ભાઇઓ સાત્યકિ તરફ ઉંગલી નિર્દેશ કરી તેનો ઉપહાસ કરવા લાગ્યા. આ પ્રમાણે પોતાનો ઉપહાસ થતો જોઇ સાત્યકિ અત્યંત રોષમાં ભરાયા અને રોષમાં ને રોષમાં તેઓ એ પોતાનું ખડત ઉઠાવ્યુ અને તેણે દશ ડગલા દૂર બેઠા કૃતવર્માનું શિશ તેના ધડથી અલગ કરી દીધું.

આ પ્રમાણે પોતાના ભાઇનો વધ થએલો જોઇ કૃતવર્માના ભાઇઓ સાત્યકિને મારવા દોડયા એટલે તેને બચાવવા પ્રદ્યુમ્ન વચ્ચે પડયા પરંતુ કૃતવર્માના ભાઇઓની સંખ્યા વધુ હોવાથી તેઓ બધાએ સાત્યકિ અને પ્રદ્યુમ્નને મોતને ઘાત ઉતારી દીધા. સાત્યકિ અને પ્રદ્યુમ્નનો વધ થએલો જોઇ તેઓના સમ્બન્ધિઓ કૃતવર્માના ભાઇઓને મારવા દોડતા અને પછી તો કેટલાક યાદવો કૃતવર્મા ના સમ્બન્ધિના પક્ષમાં અને કેટલાક પરપક્ષમાં જોડાઇ ગયા. અસ્ત્ર શસ્ત્રોની તો ઉણપ તેઓ પાસે હતી નહિ એટલે તેઓનો તે સંગ્રામ મહાયુધ્ધમાં પરિણિત થઇ ગયો તે સમયે ભગવાન શ્રીકૃષ્ણે અને બલરામજીએ તેઓને રોકવાનો પ્રયાસ કર્યો તો તેઓ બદા તેઓને મારવા દોડયા અને તેઓ બન્ને પણ તે સંગ્રામમમાં જોડાઇ ગયાઅ ને બધાને કાળના મુખમાં મોકલવા લાગ્યા લડતા લડતા તેઓના અસ્ત્ર શસ્ત્ર સમાપ્ત થઇ ગયા એટલે તેઓ બધાએ સમુદ્રના તટ પર ઉગેલી એરકા નામની વનસ્પતિ ઉઠાવી. જે હાથમાં લેતા મુદ્દ્ગરનું રૂપ ધારણ કરતી હતી અને તેના દ્વારા છપ્પન કરોડ યાદવ પરસ્પર લડી કાળના મુખમાં જતા રહ્યા (મહાભારત/મૌસલ પર્વ) આમ એક મદિર પાનના વ્યસનને કારણે અજેય એવું યદુકુળ પણ પરસ્પર લડી કાળના મુખમાં જતુ રહ્યું. મદિરાપાન કરવાથી મનુષ્યને સત્ અસત્ નો વિવેક રહેતો નથી માટે રાજાએ તો આનો

દૂરથી જ ત્યાગ કરવો. અગ્નિપુરાણમાં ભગવાન શ્રીરામ લક્ષ્મણજીને કહે છે ‘पानदोषान् प्राणनाशः कार्याकार्यविनिश्चयः– મદ્યપાનના વ્યસનથી પ્રાણનો નાશ થાય છે. મદ્યપાનના નશામાં કર્તવ્ય અકર્તવ્યનો નિશ્ચય થતો નથી.’(અગ્નિ-૨૪૦)

તેમ રાજાએ કોઇના પ્રત્યે અત્યંત કઠોર વચનનો પ્રયોગ પણન કરવો કારણ કે અતિ કઠોર વચન બોલનારા રાજાનો નાશ થએલો જોવા મળે છે માટે રાજાએ હંમેશા મધુર, હિતકારી, પ્રિય તથા સત્ય વચન જ બોલવું જોઇએ. કોમળતાનો અત્યન્ત અભાવ અથવા કઠોરતાનું નામ જ પારૂષ છે. કોઇના પ્રત્યે અપશબ્દ હોલવા, કટુવચન કહેવું, તાણા મારવા, ઉદ્વેગકારી વચન બોલવું આદિ વાણીની કઠોરતા અથવા વાક્ય પારૂષ્ય છે. વિનયનો અભાવ, શરીરની કઠોરતા તથા ક્ષમા અને દયાની વિરુધ્ધ પ્રતિ હિંસા અને ક્રૂરતાના ભાવને મનની કઠોરતા કહે છે. કઠોર વચન વિષ પામેલા બાણ સમાન હોય છે. જે બાણ શરીરને સ્પર્શ થતા તેની પીડા શરીર તથા મન બન્ને ને થાય છે તેના કરતા વધારે પીડા બીજાના પ્રત્યે કઠોર વચન બોલવાથી થાય છે. અતઃ વાણીનો પ્રયોગ અત્યંત વિચારીને અને સાવધાનીથી કરવો. વાણીમાં સરસ્વતી રહેલી છે. અપશબ્દ બોલવાથી વાણીશ્વરી દેવી પણ કોપ પામે છે અને તેનું પરિણામ પણ બોલનારાનેજ ભોગવવું પડે છે. આ સંદર્ભમાં ઇતિહાસ પુરાણોમાં વેદોમાં ઘણા દૃષ્ટાંતો છે જેમ કે ઋગ્વેદમાં કથા આવે છે. વર્ચી નામનો એક અસુર હતો તે અસુરોનો રાજા હતો. તે નિત્ય દિવસ-રાત દેવરાજ ઇન્દ્ર માટે કઠોર વચનનો પ્રયોગ કરતો હતો. તે સર્વથા અસહ્ય હતુ તેનાથી એક દિવસ દેવરાજ ઇન્દ્ર કુપિત થઇ ગયા અને પોતાના વજથી તેઓએ વર્ચી અને તેના પુત્ર પૌત્ર અને ભુત્યાદિ સર્વેને યમસદનમાં મોકલી દીધા. આમ વેદમાં બતાવવામાં આવ્યુ છે કે- વાણીની કઠોરતાથી મહાન અનિષ્ટ થાય છે. અતઃ પ્રિય લાગે અને સત્યથી પૂર્ણ

વાણીનો જ પ્રયોગ કરવો. 'अध्वर्य वोय: शतं शम्बरस्य पुरो विभेदाश्मनेव पूर्वा: । यो वर्चिन: शतमिन्द्र: सहस्रमपावमद् भरता सोममस्मै ॥ (ऋग्वेद/२/१४/६) આવી જ કથા શ્રીમદ્ ભાગવતમાં પણ આવે છે. વાત એવી હતી પાંડવોએ સમસ્ત ભૂમંડના રાજાઓને જીતી લઇ રાજ સૂય યજ્ઞનો આરંભ કર્યો. યજ્ઞની પૂર્ણાહુતિ થયા બાદ યજ્ઞમાં અગ્ર પૂજા કોની કરવી તે બાબતમાં બધા પોત પોતાના અભિપ્રાય રજૂ કરવા લાગ્યા. ત્યારે પાંડવોમાના એક એવા માધરી નંદન સહદેવ ઉભા થઇને બોલ્યા કે 'યદુવંશી શિરોમણી ભગવાન શ્રીકૃષ્ણ જ સમસ્ત સદસ્યોમાં શ્રેષ્ઠ છે અને અગ્ર પૂજાને યોગ્ય છે કારણ કે તેઓ જ સમસ્ત દેવાના રૂપમાં સ્થિત છે તથા સમસ્ત ધન, કાળ આ બદ્દુ શ્રીકૃષ્ણનું જ સ્વરૂપ છે. બધા યજ્ઞ શ્રીકૃષ્ણ સ્વરૂપ જ છે, તેઓ જ અગ્નિ આહુતિ તથા મંત્ર સ્વરૂપ છે. તેઓની કૃપાથી જ મનુષ્ય સમસ્ત પુરૂષાર્થોનું સમ્પાદન કરે છે.

આ પ્રમાણે સહદેવજી કહીને મૌન થઇ ગયા એટલે સભામાં ઉપસ્થિત બધા સદસ્યોએ સહદેવની વાતને એક સ્વરે અુમોદન આપ્યુ. યુધિષ્ઠિરજીએ યજ્ઞમાં આવેલા બધાનો અભિપ્રાય જાણ્યો ત્યારે તેઓને સહદેવનો વાત સાંભળી અત્યંત પ્રસન્ન થાય અને તેઓ આનંદમગ્ન થઇ દ્રૌપદી સાથે ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરવા લાગ્યા. આજ સભામાં ચેદી દેશનો રાજા શિશુપાલ પોતાના આસાન પર બેઠો બેઠો ભગવાનના ગુણો સાંભળતો હતો. જ્યારે તેનાથી ભગવાનના ગુણો સાંભળવા અસહ્ય થઇ ગયા ત્યારે તે પોતાના આસાન પરથી ઉભો થઇ ભગવાન શ્રીકૃષ્ણને લક્ષ્ય બનાવી કઠોર વાણીમાં ભગવાનને કટુ વચન બોલવા લાગ્યો તે બોલ્યો. ''આ સભામાં અનેક જ્ઞાન સમ્પન્ન મહાપુરૂષ ભિષ્મ, દ્રૌણ ઇત્યાદિ ઉપસ્થિત છે તેઓની અગ્રપૂજા મૂકીને આ કુલ કલંક ગોવાળશ્રી કૃષ્ણની પૂજા કેવી રીતે થાય? કારણ કે આનો કોઇ વર્ણ નથી કે નથી કોઇ આશ્રમ. આ

લૌકિક તથા વૈદિક મર્યાદાનું ઉલ્લંઘન કરીને મનફાવે તેમ આચરણ કરે છે. આ પવિત્ર મથુરા પુરીનો ત્યાગ કરી સમુદ્રની અંદર દુર્ગબનાવીને વસે છે જ્યારે તે દુર્ગની બહાર નીકળે છે ત્યારે લોકોને ફક્ત હેરાન જ કરે છે.''.

આમ શીશુપાલે સભા મધ્યે ભગવાન શ્રીકૃષ્ણને ઘણા કટુ વચનો કહ્યા અને એટલેથી ન અટકતા તે ઢાલ તલવાર લઇને ભગવાન શ્રીકૃષ્ણ પર વાર કરવા તૈયાર થયો. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે સાવધાન થઇ પોતાના સુદર્શન ચક્રથી તેનું મસ્તક કાપી નાંખ્યુ આમ કટુવચન અનેકઠોરવાણીમાં પ્રલાપ કરવાના પરિણાણે ચેદિ રાજા શીશુપાલે મૃત્યુનું વરણ કરવું પડયું. માટે જ ભગવાન શ્રીરામ કહે છે. 'राजा स व्यसनो हन्याद्राजकार्याणि यानिच। वाग्दण्डयोश्च पारुष्यमर्थदूषणमेव च॥ पानं स्त्री मृगया द्यूतं व्यसनानि महीपतेः॥ જો રાજા વ્યસનિ હોય તો સમસ્ત રાજ કાર્યોને નષ્ટ કરી દે છે. કઠોર વચન બોલી બીજાને દુઃખ પહોંચાડવું અત્યંત કઠોર દંડ આપવો, અર્થદૂષણ (વાણી દ્વારા પ્રથમ કહેંલી વસ્તુ ન આપવી, ચોરી આદી દ્વારા ધનનો નાશ થવો તથા પ્રાપ્ત થયેલા ધનનો ત્યાગ કરવો), મદિરાપાન, સ્ત્રી વિષયક આસક્તિ, શિકાર રમવામાં અત્યંત આશક્તિ રહેવી અને ધુત ક્રિડા આ રાજાના વ્યસન છે.' (જે રાજામાં આ વ્યસનો હોય છે તે ચક્રવર્તી રાજા હોય તો પણ તેનો નાશ થાય છે- અગ્નિપુરાણ/૨૪૦)

તેમ દંડ મનુષ્ય માત્રને નિશ્ચિતરૂપમાં નિયમન માં રાખે છે. પરંતુ બુધ્ધિમાન રાજાએ સમ્યકરૂપથી તે દંડનીતિનો પ્રયોગ ધર્મશાસ્ત્રનુસાર પુરોહિત આદિકની સાથે પૂર્વા પર વિચાર કરીને કરવો. રાજાએ પોતાના દેશમાં અથવા પારકા દેશમાં વાન પ્રસ્થાશ્રમિ, ધર્મશીલ, મમતારહિત, પરિગ્રહ હીન ધર્મ શાસ્ત્ર પ્રવિણ વિદ્વાન પુરૂષોની પરિષદ્ દ્વારા યથા યોગ્ય વિચાર કરી દંડ નીતિનો પ્રયોગ કરવો જોઇએ. બધા આશ્રમ ધર્મના મનુષ્યો, બ્રહ્મચારી, પૂજ્યગુરૂ, મહાપુરૂષ તથા

પોતાના ધર્મમાં સ્થિતિ રહેવાવાળા કોઇપણ એવો નથી જે રાજા દ્વારા દંડનીય ન હોય પરંતુ અદંડનીય પુરૂષોને દંડ આપવો તથા દંડનોય પુરૂષની ઉપેક્ષા કરવી તથા દરેકને માટે એક સમાન દંડ ઘોષિત કરનાર રાજા નષ્ટ થઇ જાય છે અને પરલોકમાં નારકીય ગતિ પ્રાપ્ત કરે છે. જેમ મત્સ્ય ભગવાન કહે છે 'अदण्यान् दण्डयन् राजा दण्डयांश्चैवाव्यदण्डयन्। इह राज्यात् परिभ्रष्टो नरकं च प्रपद्यते॥ (મત્સ્ય પુ. ૨૨૫/૬) આચાર્ય ચાણક્ય પણ કહે છે 'दण्ड पारुष्यात् सर्वजनद्वेष्योभवति - દંડનો અતિશય દુરૂપયોગ કરનાર રાજા બધાનો અણમાનિતો થઇ જાય છે.' (ચાણક્ય સૂત્ર-૭૬) 'तीक्ष्णदण्ड: सर्वैरुद्वेजनी भवति- જે રાજા તીક્ષ્ણ દંડ આપતો રહે છે તે બધાને ઉદ્વેગ પમાડે છે.' (ચા. સૂત્ર-૧૪૩) આ સન્દર્ભમાં અંગપુત્ર વેન રાજાનું ચરિત્ર દૃષ્ટાંત રૂપ છે. ધ્રુવજીના વંશમાં અંગ નામનો રાજા થયો હતો. પોતાના પુત્ર વેનના કૃત્યોથી કષ્ટ પામી અંગ જગદ પ્રત્યેની તમામ આશક્તિનો ત્યાગ કરી વનમાં જતા રહ્યા એટલે રાજ્યાસનરિક્ત થતા સપ્તર્ષિઓની ઇચ્છા ન હોવા છતાં વેનની માતાના આગ્રહને વશ થઇ તેઓએ વેનનો ધરાતલના એક છત્રિ શાસક તરીકે અભિષેક કર્યો. વેન એ અત્યંત ક્રૂર શાસક હતો. તેના શાસન કાળ દરમ્યાન કોઇ પણ પ્રજા સામાન્યમાં સામાન્ય અપરાધ કરે કે કોઇ મોટો અપરાધ કરે તેની એક જ સજા હતી મૃત્યુદંડ. આવા ક્રુર દંડથી ચોર, ડાકૂં, લૂટારાઓ તો શાંત થઇ ગયા પણ પ્રજા અત્યન્ત ઉદ્વિગ્ન થઇ ગય. આ ઉપરાંત તેણે ધરાવત પર યજ્ઞ, દાન, હોમ કરવાની પણ મનાઇ કરાવી દીધી. વેન એટલો ઉધ્ધત થઇ ગયો હતો કે મહાપુરૂષોનું પણ અપમાન કરવા લાગ્યો. તેની વર્તણૂકથી સપ્તર્ષિઓએ તેનો વિરોધ કર્યો અને તેને સામનીતિથી સમઝાવવાનો પ્રયાસ કર્યો પરંતુ તેણે ઋષિઓની વાતની પણ અવગણના કરી એટલે ક્રોધે ભરાયેલ ઋષિઓઅ કેવળ હુંકાર માત્રથી તેને બાળીને ભષ્યમ કરી

દીધો. આમ અત્યંત ક્રૂર દંડ આપનારા વેન અકાલમાં કાળના મુખમાં હોમાય ગયો. માટે રાજાએ ક્યારે પણ અલ્પ અપરાધ માટે અપરાધિને કઠોર દંડ ન આપવો.

બીજો એક પ્રસંગ ઉદ્ધવ સંપ્રદાયના માન્ય પ્રબંધ એવા હરિલીલામૃતમાં વાસુર ખાચરના સમ્બન્ધમાં જોવા મળે છે. ભોયરા નગરના અધિપતિ વાસુ ખાચરે પોતાના નગરમાં ઘોષણા કરાવી હતી કે 'જે પણ કાંઇ ચોર ચોરી કરતા પકડાશે તેના ગોથણ ભંગાવી નાંખવામાં આવશે' અને એને લઇ કોઇ મનુષ્ય અલ્પપણ ચોરી કરતો પકડાય તો વાસુ ખાચર મુદગરથી તેના ગોથણ તોડાવી નાખતો. એક સમયની વાત છે ભગવાન સ્વામિનારાયણના અનન્ય ભક્ત એવાનાજા ભક્ક કોઇ કાર્ય અર્થે ભોયરાગામ પધારેલા. વાસુરખાતર સાથે તેને મેળ મેળાપ સારો એટલે તેઓએ વાસુર ખાતચરને ભગવાન શ્રીહરિના પ્રતાપની વાત કરી. નાજા ભક્તની વાત સાંભળી વાસુર ખાચર બોલ્યા 'નાજા ભગત! જો તમારા ભગવાન સ્વામિનારાયણ વાસ્તમાં જ ભગવાન હોય તો ભગવાનનો તો એવો સ્વભાવ છે કે પોતાનો ભક્ત જ્યાં તેઓને પોકારે ત્યાં તેઓ ઉપસ્થિત થઇ જાય માટે કાલે પ્રાતઃ કાળે જો તારા ભગવાન અહી અમને દર્શન આપવા આવે તો તે વાસ્તવમાં ભગવાન કહેવાશે અને જો તેઓ નહિ આવે તો અમો તારા ગોથણ ભંગાવી નાખશું.'

વાસુર ખાચરની વાત સાંકળી નાજા ભગત ભક્ત સંકતહરણ ભક્ત વત્સલ, વરૂણાવલય પોતાના આરાધ્યને પોકારવા લાગ્યા અને પ્રાતઃ કાળ થતા દૂર પ્રદેશમાં રહેલા ભગવાન શ્રીહરિ ત્યાં ઉપસ્થિત થયા પ્રભુને આવેલા જોઇ નાજા ભક્તે તેઓના ચરણમાં પોતાનું મસ્તક મુકી દીધુ અને સર્વજ્ઞ ભગવાનને બધી વાત કરી. તે પછી નાજા ભકત શ્રીહરિને લઇ વાસુર ખાચર પાસે આવ્યા

ભગવાન શ્રીહરિ જ્યારે દરબારમાં આવતા હતા ત્યારે તેઓએ કર્ણમાં ગોઠણ તોડવાની અતિપિડા પામેલા લોકોને કરૂણ ક્રંદન સંભળાયો ત્યારે બધુ જાણતા હોવા છતાં શ્રીહરિએ નાજા ભક્તને આનું કારણ પુછયું. ત્યારે નાજા ભક્ત શ્રીહરિ પ્રત્યે બોલ્યા ‘અહીના રાજાએ એવો દંડ પવર્તાવેલો છે કે જે પણ કોઇ ચોર ચોરી કરતા પકડાય એટલે તેના બન્ને ઢીંચણ ભાંગી નાંખવા અને આમ ઢીંચણ ભાંગી જવાથી ચોર લોકો કરૂણ ક્રંદન કરી રહ્યા છે.

નાજા ભક્તની વાત સાંભળી દયાળુ શ્રીહરિ દરબારમાં વાસુર ખાચર પાસે આવ્યા. શ્રીહરિને આવેલા જોઇઆ દુષ્ટ અતિ પ્રસન્ન થયો અને શ્રીહરિના ચરણમાં પડયો અને શ્રીહરિ પ્રત્યે બોલ્યા ‘પ્રભુ! જો આપ અહી નઆવતે તો અમો નાજા ભક્તના ઢીંચણ ભાંગી નાખતે. મહારાજ, અમારા રાજ્યમાં અમે એવો દંડ પ્રવર્ત્તાવેલો છે કે જે કોઇ ચોર ચોરી કરે તેના અમો ઢીંચણ ભંગાવી નાખશું અને તેના પરિણામે અમારા રાજ્યમાં મારા ભયથી કોઇ ચોરી કરતા નથી.’

તેની વાત સાંભળી શ્રીહરિ તેના પ્રત્યે બોલ્યા ‘રાજન્! જેવો અપરાધ અપરાધી કરે તેવો અપરાધ તથા તેના આયુષ્ય અને શારીરિક ક્ષમતા જોઇને તેને અપરાધ અનુસાર દંડ આપવો જોઇએ. જે રાજા પોતાના મનમાં આવે એ પ્રમાણે દંડનું વિધાન કરે છે તે આલોક પરલોક બન્નેમાં કષ્ટનો ભાગી થાય છે’ આમ કહી શ્રીહરિએ તેને સમાધિ કરાવી અને સમાધિમાં તેને નરકના દર્શન કરાવ્યા અને યમદૂતો તેને મુદ્ગરથી તાડન કરવા લાગ્યા અને તેના પ્રત્યે બોલ્યા ‘કોઇપણ જાતનો વિચાર કર્યા વગર મન ફાવે તેમ આ રાજા અપરાધિઓને દંડ આપે છે માટે આને મારો’ આ પ્રમાણે જમ દ્વારા અતિશય તાડન થએલો તે સમાધિમાંથી બહાર આવ્યો અને ભગવાનના ચરણમાં પડયો

અને હવે પછી આવો આકરો દંડ કોઇને ન આપવાની પ્રતિજ્ઞા કરી. (હરિલીલામૃતમ્-૭/૨૦) ભગવાન શ્રીહરિ કહે છે- 'रुद्र स्वरुपो दण्डोऽयम धर्मेण प्रवर्तित:। यदितर्हिविनाशाय राज्ञ एव प्रर्वते॥ धर्मेण स प्रयुक्तश्चशिक्षार्थं यदि तर्हिस:। नि:सपत्नं वर्धयति राज्यं धार्मिकं भूपते: ॥ દંડ રૂદ્ર ભગવાને ધર્મ રક્ષા માટે પ્રવર્તાવેલો છે તે દંડને રાજા અધર્મથી પ્રવર્તાવેતો તે રાજાના જ કુળાદિકનો નાશ કરે છે. પ્રજાશિક્ષાર્થે શુભરીતે પ્રયોજ્યો હોય તો આ ધાર્મિક ભૂપતિનું રાજ્ય વૈર વર્જીત વૃધ્ધિ પામે છે.' (સ.જી. ૫/૨૭/૭-૮) વિહારી લાલજી મહારાજ કહે છે- 'કરે અપરાધ જે જન જેવો, તે પ્રમાણે તેને દંડ દેવો । તે તો છે રાજનીતિનો ધર્મ, પણ સમજવો તેનો તેહનો મર્મ ॥ જગ જગની જદી જદી રીત, ધર્મ શાસ્ત્રમાં છે તે વિદીત ॥ તે પ્રમાણે કરે નૃપ ન્યાય, તો તે રાજાને પાપ ન થાય । મન કલ્પિત જે દંડ કરે છે, નૃપુ તે જમપુર વિચરે છે.॥ (હરિલીલામૃતમ્/૭/૧૯/૩૮ થી ૪૦)

તે જ પ્રમાણે રાજાએ પ્રજા દ્વારા કરના રૂપમાં આપવામાં આવેલા ધનનો સદ્માર્ગે જ ઉપયોગ કરવો પણ ક્યારે અસદ્ માર્ગે તેનો ઉપયોગ ન કરવો કારણ કે એ પણ એક અર્થદૂષણ છે. મત્સ્ય ભગવાન કહે છે 'अर्थस्य दूषणं राजा द्विप्रकारं विवर्जयेत्। अथानां दूषणं चैकतथार्थेषु च दूषणम्॥ प्राकाराणां समुच्छेदो दुर्गादीनाम सत् क्रिया। अर्थानां दूषणं प्रोक्तं विप्रकीर्णत्वमेव च॥ अदेशकाले यद्दानमपात्रे दानमेव च। अर्थेषु दूषणं प्रोक्तमसत्कर्म प्रवर्तनाम्॥ રાજાએ બે પ્રકારના અર્થ દોષથી બચવું જોઇએ (૧) અર્થદોષ (૨) અર્થ સમ્બન્ધિ દોષ તેમાં પોતાના દુર્ગના પરકોટાના તથા મૂળદુર્ગ આદીની ઉપેક્ષા અને અસ્ત વ્યસ્તતા આ અર્થના દૂષણ કહેવાય છે. તેમ અયોગ્ય દેશ અને અયોગ્ય સમયે અપાયેલું દાન અને અસત્ કર્મનો પ્રચાર આ અર્થ સમ્બન્ધિ દોષ કહેવાય છે.' (મત્સ્યપુરાણ/૨૨૦/૧૧ થી ૧૩) ભગવાનશ્રી હરિ કહે છે. 'मृगयाहन्वा दिवास्वाप्न: परीवादमदस्त्रिय:। तैर्यत्रिकं

सुरापानं पैशुन्यं द्रोह साहसे॥ वाग्दन्दयोश्च पारुष्ये ईर्ष्याऽसूयाऽर्थ दूषणम्। त्यजेदष्टादशैतानि व्यसनानि नृपोऽर्थवित्। गणः कामज आद्यानि दशान्यान्यष्टकोपजः। उभो गणौ निरयदौ ज्ञात्वा सज्जेत नैतयोः॥ મૃગયા, પાસા વડે રમત, દિવા નિદ્રા, પરિવાદ (બીજાની નિંદામાં તત્પરતા)' મદ, સ્ત્રીલોલપતા, ગીતનૃત્યવાદ્યનું સેવન (તૌર્યત્રિક), સુરાપાન, ચાડીયાપણુ, દ્રોહ, સાહસ, વાક્પારૂષ્ય, દંડપારૂષ્ય, ઇર્ષ્યા, અસુયા, અર્થદૂષણ આ અઢાર વ્યસનોને સ્વાર્થ સિધ્ધિને સમજનારો રાજા ત્યાગ કરે છે.' (સ.જી. ૫/૨૨/૬-૭) (શ્લો-૯૬, ૯૭) હવે નીતિકાર જેનો વિનાસ થવાનો હોય તેના લક્ષણો ત્રણ શ્લોક થી કહે છે.

(૧૩) આઠ પદાર્થોનું વિવેચન :-

શ્લોક-૯૮ अष्टौपूर्व निमित्तानि नरस्यविन शिष्यतः।

ब्राह्मणान्प्रथमं द्रुष्टि ब्राह्मणैश्चविरुध्यते॥

શ્લોક-૯૯ ब्राह्मण स्वानि चादत्ते ब्राह्मणांश्चजिघांसति।

रमते निन्दया चैषां प्रशंशां नाभिनन्दति॥

શ્લોક-૧૦૦ नैनान् स्मरति कृत्येषु याचितश्चाभ्य सूयति।

एतान् दोषन्नरः प्राज्ञोबुद्धयेद्बुद्ध्वा विवर्जयेत्॥

શ્લોકાર્થ : જે મનુષ્યનો વિનાશ થવાનો હોય તેમાં આ આઠ લક્ષણ જોવા મળે છે (૧) તે બ્રાહ્મણો સાથે મનથી દ્વેષ કરે છે. (૨) બ્રાહ્મણો સાથે વિરોધ કરે છે. (૩) બ્રાહ્મણોના ધનનું અપહરણ કરે છે. (૪) બ્રાહ્મણોને મારવાનો પ્રયાસ કરે છે. (૫) બ્રાહ્મણોની નિન્દાથી પ્રશન્ન થાય છે. (૬) બ્રાહ્મણોની પ્રશંસાને ઇચ્છતો નથી. (૭) ઉચિત અવસર પર બ્રાહ્મણોનું સ્મરણ કરતો નથી. (૮) બ્રાહ્મણો

યાચના કરે તો તેની સાથે અસૂયા કરે છે. અતઃ બુદ્ધિમાન મનુષ્યો આ દોષને સમજી વિચારીને ત્યાગ કરે છે.

ચ.ટી.: જે માનવ નું પતન થવાનું હોય તે પોતાનાથી શ્રેષ્ઠ વ્યક્તિનું અનિષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે. તેમાં બ્રાહ્મણ પ્રધાન છે. બ્રાહ્મણનું અનિષ્ટ કરનારા તેનું અપમાન કરનારા ભલે સર્વ શક્તિ સંપન્ન હોય છતા તેઓનું પતન થાય છે. તેમ બ્રાહ્મણનો ઉપહાસ કરવાને લીધે સર્વશક્તિમાન યદુકુળનો પણ વિનાશ થયો હતો. વાત એવી હતી કે, એક દિવસ યદુવંશના કેટલાક ઉચ્છૃંખલ બાળકો ક્રિડા કરવા માટે ઉપવનમાં ગયા હતા. તે ઉપવનમાં નારદ, દુર્વાસા, ભૃગુ ઇત્યાદિ મહર્ષિઓ પણ ઉપસ્થિત હતા. ત સમયે યદુવંશી બાળકોને મહર્ષિઓનો ઉપહાસ કરવાનું સુઝયુ એટલે તેઓએ સામ્બને સ્ત્રીનું રૂપ ધારણ કરાવી મહર્ષિઓની સન્મુખ ઉપસ્થિત કર્યો અને તે મુનિઓ પ્રત્યે બોલ્યા 'હે મુનિઓ! આ સ્ત્રી અન્તર્વત્નિ (ગર્ભવતિ) છે તો કૃપા કરીને આપ કહો કે આને પુત્ર થશે કે પુત્રી.'

બાળકોની વાત સાંભળી તે મહર્ષિઓમાના એક દુર્વાસાએ ધ્યાન લગાડીને જોયુ તો આ બાળકો બધા સાંબને સ્ત્રીનો વેષ ધારણ કરાવી અમારો ઉપહાસ કરવા માટે અહીં આવેલા છે એટલે દુર્વાસા ઋષિ ક્રોધાયમાન થઇ તેઓ બધા પ્રત્યે બોલ્યા 'હે દુષ્ટો! આ સ્ત્રિ ન તો પુત્રને જન્મ આપશે કે ન પુત્રીને એ એક મુશળને જન્મ આપશે અને જેના દ્વારા તમારા સમસ્ત કુળનો વિધ્વંશ થઇ જશે.' તે પછી પેલા બાળકોએ જટપટ સાંબના વસ્ત્ર ઉતાર્યા તો તેના ઉદર થકી એક મુસળ પ્રગટ થયુ તે લઇને તેઓ બધા રાજા ઉગ્રસેન પાસે ઉપસ્થિ થતા અને તેમને બધી વાત કરી. ઉગ્રસેને તે મુસળને ઘસાવી નંઘાવી તેનો ચૂરો સમુદ્રમાં નંખાવી દીધો અને તે મુસળનો નાનો ટુકડો વઘ્યો હતો તેને પણ સમુદ્રમાં નંખાવી

દીધો. જેને એક માછલી ગળી ગઇ. તે માછલીને એક જરાનામના વ્યાધે પકડી અને તેને કાપતા તેના પેટમાંથી મુસળનો ટુકડો નિકળ્યો જેને તેણે પોતાના બાણના અગ્રભાગ પર લગાવી દીધો.

તદન્તર બ્રાહ્મણોના શાપને લીધે દ્વારકામાં અનેકો ઉપદ્રવ થવા લાગ્યા એટલે તે ઉપદ્રવની શાંતિને અર્થે યદુવંશીઓ પ્રભાસ ક્ષેત્રમાં પધાર્યા. ત્યાં ચંદ્રમૌલેશ્વરનું પૂજન કરી બ્રાહ્મણ આદિને અન્નજળ આદિથી તૃપ્ત કરી બધા વારૂણી મદિરા પાન કરવામાં આશક્ત થયા અને મદિરા પાનથી ઉન્મત્ત થએલા તેઓ એકબીજાનો ઉપહાસ કરવા લાગ્યા અને પછી અસ્ત્ર શસ્ત્ર લઇ પરસ્પર યુધ્ધમાં પ્રવૃત્ત થયા અને એકબીજાનો કચ્ચરઘાણ વાળવા લાગ્યા આમને આમ લડતા લડતા તેઓના અસ્ત્ર શસ્ત્ર સમાપ્ત થઇ ગયા એટલે પેલો મુશળનો સૂરો જે ઉગ્રસેને સમુદ્રમાં ફેકાવી દીધી હતો તે કિનાર પર આવી એરકા નામની ઘાસના રૂપમાં પરિણિત થયો હતો તેને હાથમાં લઇ તેનાથી એકબીજા પર પ્રહાર કરવા લાગ્યા. એરકા ઘાસહાથમાં આવતા મદ્ગરનું રૂપ ધારણ કરી લેતી. તેના દ્વારા યાદવો એકબીજા પર પ્રહાર કરી કાળના મુખમાં હોમાય ગયા આમ બ્રાહ્મણોનો ઉપહાસ કરવાના ફલ રૂપે યદુકુળ કાળના મુખમાં હોમાય ગયું.

અહીં પણ યદુકુળનો વિનાશ થવાનો હતો ત્યારે તેઓ બધા પણ બ્રાહ્મણોના દ્વેષ પરાયણ તથા બ્રાહ્મણોના વિરોધ પરાયણ થયા હતા અને તેને લઇ તેઓનું સમસ્ત કુળ કાળના મુખમાં હોમાય ગયુ.

કાર્તવીર્ય અર્જનનું ચરિત્ર પણ આવું જ છે ચક્રવર્તી સમ્રાટ અર્જન જ્યારે ધરાતલનો એક છત્રિ શાસક હતો ત્યારે તે સમય ના ક્ષત્રિયો પણ બ્રાહ્મણો સાથે દ્વેષ અને વિરોધ પરાયણ થયા હતા કાર્તવીર્ય અર્જને તો મહર્ષિ જમદગ્નિની હોમ ધેનુ નુ પણ અપહરણ કરી લીધુ હતુ અને તેને પાછી લાવવા જતા પરશુરામને

મારવાનો પણ પ્રયાશ કર્યો અને જેને લઇ પરશુરામજીની ક્રોધાગ્નિમાં કાર્તવીર્ય અર્જનનું સમસ્ત કુળ સસૈન્ય સહિત બળીને ખાખ થઇ ગયું.

દક્ષ પ્રજાપતિનો વિનાશ પણ બ્રાહ્મણની ઉપેક્ષા અપમાનનું જ પરિણામ હતુ એક સમયે પ્રજાપતિ બ્રહ્માજીના યજ્ઞમાં મોટા મોટા દેવતાઓ પધારેલા હતા. ભગવાન શંકર પણ પોતાના ગણો સાથે ત્યાં પધારેલા. ભગવાન શંકરનું પ્રાગટ્ય બ્રહ્માજી થકી થયું હોય બ્રહ્માજી બ્રાહ્મણ હોવાથી ભગવાન શંકર પણ બ્રાહ્મણ હતા. એવા સમયમાં બ્રહ્મપુર દક્ષ સભામાં પધાર્યા એટલે બધા દેવોએ પોત પોતાના સ્થાનેથી ઉભા થઇ તેનો આદર સત્કાર કર્યો તે સમયે બ્રહ્માજી પિતા હોવાથી અને ભગવાન શંકર શ્રીરામના ધ્યાન પરાયણ હોવાથી ઉભા ન થયા. બ્રહ્માજી તો પિતા હોય તેના સન્માનમાં ઉભા ન થાય એ સ્વાભાવિક છે પણ ભગવાન શંકર પોતાના જમાત્રા હોય આ પ્રમાણે પોતાની ઉપેક્ષા કરતા જોઇ દક્ષ ભરી સભામાં ભગવાન શંકર પ્રત્યે દ્વેષ કરતો થકો તેઓના આચરણની નિંદા કરવા લાગ્યો. તેને આ પ્રમાણે નિંદા કરતો જોઇ ભૃગુજી મુછ પર હાથ ફેરવી દક્ષની વાતનું સમર્થન કરતા લાગ્યા. ભગદેવતા આંખનો ઇશારો કરી દક્ષને પ્રરણા કરવા લાગ્યા અને પુંસા દાત બતાવી હાસ્ય કરવા લાગ્યા (બ્રાહ્મણની નિંદાથી પ્રસન્નતા)

દક્ષ પ્રજાપતિ આટલેથી જન અટકતા ભગવાન શંકરને શાપ આપી તેઓનો યજ્ઞમાંથી ભાગ કાઢી નાખયો (બ્રાહ્મણને મારવાનો પ્રયાસ) ભગવાન શંકરના યજ્ઞ ભાગ વગરનો યજ્ઞ કરવા માટે કોઇ તૈયાર ન હોય ભારત વર્ષમાં આવેલ કનખલ ક્ષેત્રમાં તે જાત જ ભગવાન શંકરના યજ્ઞ ભાગ વગરનો યજ્ઞ કરવા તૈયાર થયો. જે યજ્ઞમાં તેણે બધા જ દેવોને નિમંત્રણ આપ્યુ પણ ભગવાન શંકરને દ્વેષવશ આમંત્રણ ન આપ્યુ. (ઉચિત સમય પર બ્રાહ્મણ અગ્રગણ્ય એવા

શંકરની ઉપેક્ષા અને તેમની સાથે વિરોધ હોય તેઓને યજ્ઞ ભાગથી વંચિત રાખ્યા એટલે તેના ધનનું અપહરણ)

તદન્તર આ યજ્ઞમાં શંકરના અર્ધાંગિનિ માતા સતી નિમંત્રણ ન હોવા છતાં યજ્ઞમાં પધાર્યા અને ત્યાં ભગવાન શંરની ઉપેક્ષા થએલી જોય માતા સતી દેહનો ત્યાગ કરતા હતા. ભગવાન શંકરને જ્યાં નારજી દ્વારા આ સમાચાર પ્રાપ્ત થયા એટલે તેઓ અત્યંત કુપિત થયા અને પોતાની જટા પછાડી તેનાથી વીરભદ્રને પ્રગટ કર્યો અને તેને દક્ષના યજ્ઞનો વિધ્વંશ કરવાની આજ્ઞા આપી. વીરભદ્ર શીવ ગણોને લઇ દક્ષના યજ્ઞમાં આવ્યો અને તેણે સમસ્ત યજ્ઞનો વિધ્વંશ કરી દક્ષના મસ્તકને કાપી તેને યજ્ઞની દક્ષિણાગ્નિમાં હોમી દીધુ અને તે પછી બ્રહ્માજીની સભામાં શંકર નીંદા સાંભળી અટ્ટહાસ્ય કરનારા પુંસાના વીરભદ્રે બત્રીશ દાંત તોડી નાખ્યા, ભગદેવતા તે સમયે દક્ષને ઇશારો કરતો હતો તેના નેત્રો ફોડી નાખ્યા અને ભૃગુઋષિ તે સમયે દક્ષને દાઢી મુંછ પર હાથ ફેરવી ઉક્સાવતા હતા તેની દાઢી મુછ ખેંચી નાંખી. આમ વિપ્રાગ્રણ્ય મહાદેવની નીંદા કરવાના ફળરૂપે તેમની સાથે વિરોધ કરવાથી, તેમનો ભાગ અપહરણ કરવાથી, ઉચિત સમય પર તેમને નિમંત્રણ ન આપવાથી અને તેમની સાથે દ્વેષ કરવાથી બ્રહ્મા પુત્ર દક્ષ, ભૃગુ તથા કશ્યપ પુત્ર પુંસા અને ભગ દેવતાએ ત્રણેયનો વિનાશ થયો. (ભાગવત/સ્કંધ-૪) માટે ભગવાન શ્રીહરિ કહે છે ‘दुर्वेदा वा सुवेदा वा प्राकृताः संस्कृताम्या। ब्राह्मणा नावमन्तव्या भस्मच्छन्ना इवाग्नयः॥ બ્રાહ્મણ દુર્વેદ(અભણ), સુવેદો (વિદ્વાન), વેદ ભણવનારો હોય પ્રાકૃત કે સંસ્કૃત વેદાર્થ જ્ઞાને રહિત હોય કે વેદાર્થ જ્ઞાને સહિત હોય તે બ્રાહ્મણ ભસ્મથી ઢંકાયેલા નિગૂઢ તેજસ્વી અગ્નિઓની પેઠે ગુપ્ત બ્રહ્મતેજથી સંપન્ન હોવાથી અવજ્ઞા કરવા યોગ્ય નથી.’ (સ.જિ. ૨/૪૯/૪૮) વેદ ભગવાન કહે છે. ‘ब्रह्माणं यत्र हिंसन्ति तद राष्ट्रं दुच्छुना–

જ્યાં બ્રાહ્મણોની ઉપેક્ષા થાય છે તે રાષ્ટ્ર દુઃખી થાય છે. (અથર્વ-૫/૧૯૮)) 'न ब्राह्मणस्य गां जग्ध्वाराष्ट्रे जागर कश्चन- જ્યાં બ્રાહ્મણોનો તિરસ્કાર થાય છે ત્યાં સુખ શાંતિ રહેતી નથી.' આચાર્ય ચાણક્ય કહે છે 'ब्रह्मद्वेषात् कलक्षयः - બ્રાહ્મણનો દ્વેષ કરવાથી કુળનો નાશ થઇ જાય છે.' (ચાણક્ય નીતિ દર્પણ/૧૦/૧૧) મહર્ષિ યાજ્ઞ વક્કય કહે છે 'वेदादि निन्दायास्तु ब्रह्महत्यासमत्वमप्युक्तं योगीश्वरेण- गुरुणामध्यधिक्षेपो वेद निन्दा सुहृद्वधः॥ વેદ તથા બ્રાહ્મણઆદિની નિંદા, મિત્રનો વધ, ભણેલા વેદનો નાશ આ બધા બ્રહ્મ હત્યા સમાન પાપ છે.' (યાજ્ઞ વલ્કય સ્મૃતિ/અ-૩/૨૨૮) સદ્ શતાનંદ સ્વામી કહે છે- 'न स जातो जनिष्यन् वा पृथिव्यामिहकश्चन। यो ब्राह्मण विरोधेन सुखं जीवितु मुत्सहेत्॥ જે જન બ્રાહ્મણોની સાથે વિરોધ કરીને ભૂમિમાં સ્વયં સુખેથી જીવવાનો આગ્રહ રાખે એવો કોઇ પુરૂષ થયો જ નથી અને થશે પણ નહિ અર્થાત્ બ્રાહ્મણોની સાથે વિરોધ કરીને સુખ ભોગવની ઇચ્છા આ જગતમાં દુર્ઘટ છે.' (સ.જિ. ૨/૪૯/૧૯) ભગવાનશ્રીકૃષ્ણ પણ કહે છે 'नाहं हलाहलमन्ये विषं यस्य प्रतिक्रिया। ब्रह्मस्वं हि विषं प्रोक्तं नास्य प्रतिविधिर्भुव॥ हिनस्ति विषमत्तारं वह्निरद्भिः प्रशाम्यति। कुलं समूलं दहति ब्रह्मस्त्वारणिपावक॥ ब्रह्मस्वं दुरनुज्ञातं भुक्तं हन्ति त्रिपूरूषम्। હળાહળને કેટલાક વિષમાને છે હું તેને વિષ માનતો નથી કારણ કે તેની પ્રતિક્રિયાનો ઉપાય છે. પણ બ્રાહ્મણનું ધન તેને હું વિષ માનુ છ કે જેની કોઇ પ્રતિક્રિયાનો ઉપાય ભૂમિમાં નથી. વિષ તથા વહિન થકી વિપ્રનું ધન બહુ ઉગ્ર છે કારણ કે વિષ તો કેવળ ખાનારાને જ હણે છે. પરંતુ આ બ્રાહ્મણ ધનરૂપ વિષ તો કુળને સમૂળ મારે છે. અગ્નિ તો જળથી પ્રશાંત થાય છે, બ્રાહ્મણ ધન હરણ રૂપી અરણિ થકી ઉત્પન્ન થયેલો પાપ રૂપ અગ્નિ તો તેના પ્રશમનનો ઉપાય નહિ હોવાથી કુળને સમુળ બાળે છે. બ્રાહ્મણ ધન બરાબર અનુસાનહિ

આપેલુ જો ઉપભોગમાં ગ્રહણ કરે તો તે ત્રણ પુરૂષને (પોતાને પુત્રને અને પૌત્રને) હણે છે. જો હઠથી કે બળાત લઇને ભોગવ્યુ હોય ત્યારે દશ પૂર્વના અને દશ પછીના અને પોતે એક એમ મળીને એકવીશ પુરૂષોને હણે છે.' (ભાગવત-૧૦/૬૪) હવે નીતિકાર ત્રણ શ્લોકથી હર્ષ આપનારની આઠ બાબતનું વર્ણન કરે છે-

શ્લોક-૧૦૧ अष्ट विमानि हर्षस्य नवनीतानि भारत।

वर्तमानानि दृश्यन्ते तान्येव स्वसुखान्यपि॥

શ્લોક-૧૦૨ समागमश्च सखिभिर्महांश्चैव धनागम:।

पुत्रेण च परिष्वङ्ग सन्नि पातश्च मथुने।

શ્લોક-૧૦૩ समये च प्रियालाप: सन्निपातश्च मैथुने।

अभिप्रेतस्य लाभश्च पूजा च जन संसदि॥

શ્લોકાર્થ : હે ભરતકુળમાં ઉત્પન્ન ધૃતરાષ્ટ્ર! આ આઠ હર્ષમાં માખણની જેમ સારરૂપ છે (૧) મિત્રો સાથે મેળાપ (૨) મહાન ધનની પ્રાપ્તિ (૩) પુત્રને પ્રેમથી મળવું (૪) મૈથુનમાં બન્નેની સાથે નિવૃત્ત (૫) પર પ્રિય સાથે વાર્તાલાપ (૬) સ્વસમુદાયમાં ઉન્નતિ (૭) ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ (૮)જન સમાજમાં સન્માન.

ચ.ટી.: સ્વવર્ગમાં ઉન્નતિ અને સન્માન પ્રાપ્ત કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે. અતઃ તે સુખ પણ સુખ નથી જેને બંધુ વર્ગ ઉપભોગ ન કરી શકે અને શત્રુ જોઇને સન્તાપ ન પામે એટલે સ્વર્ગમાં જ લાભ હાની થવી તે સુખ દુઃખનું કારણ બને છે. જેમ મહાભારતમાં આવે છે કે ભીમસેન આદિ ચારો ભાઇઓની સાથે યુધિષ્ઠિર પ્રજા પર અનુગ્રહ રાખીને બધા વર્ણોના લોકોને સંતુષ્ટ રાખતા હતા. યુધિષ્ઠિર કોઇનો પણ વિરોધ ન કરીને બધાના હિતમાં લાગેલા રહેતા હતા.

બધાને જ સંતુષ્ટ તથા પ્રસન્ન કરતા હતા. કોષ ખોલીને બધાને ખુલ્લે હાથે દાન અપાતુ હતુ. 'કોઇના પર બળનો પ્રયોગ ન કરવો ધર્મ! તુ ધન્ય છે.' ઇત્યાદિ વાતો સિવાય યુધિષ્ઠિરના મુખમાંથી કોઇ વાત સંભળાતી જ ન હતી. તેઓના આવા વર્તનને કારણે સમસ્ત જગત તેઓને પ્રતિ એવો અનુરાગ રાખતા હતા કે જેમ પુત્ર પિતાના પ્રતિ અનુરક્ત થાય છે. યુધિષ્ઠિર કોઇપણ મનુષ્ય સાથે દ્વેષ ભાવ ન રખતા હોવાથી લોકો તેને અજાત શત્રુ કહેતા હતા. (જન સમાજમા સન્માન/મહા. સભાપર્વ/અ.૩૩)

તેમ પાંડવો પર કૃપા કરવા અને તેઓના રાજસૂય યજ્ઞમાં તેઓને સહાય થવા ભગવાન શ્રીકૃષ્ણ સપરિવાર ઇન્દ્ર પ્રસ્થ પધાર્યા યુધિષ્ઠિરને સમાચાર પ્રાપ્ત થયા કે શ્રીકૃષ્ણ પધારેલા છે ત્યારે તેઓના રોમરોમમાં આનંદ છવાઇ ગયો અને તેઓના દર્શન કરી મહારાજા યુધિષ્ઠિર ગદ્ગ ગદ્ગ થઇ ગયા અને તેઓને હૃદયથી લાગવી દીધા. (મિત્રને મળતા હર્ષનો અનુભવ)

તે પછી ભગવાન શ્રીકૃષ્ણનો યથોચિત આતિથ્ય સત્કાર કર્યા બાદ શ્રીકૃષ્ણને ઉચિત સમય પર પોતાના અત્યંત સ્નેહી તથા હિતેચ્છ જાણી યુધિષ્ઠિર મહારાજ ભગવાન શ્રીકૃષ્ણને પોતાના મનની વાત જણાવતા તેમના પ્રત્યે બોલ્યા ''હે ગોવિંદ! અમો સર્વશ્રેષ્ઠ મહારાજ સૂયયજ્ઞ દ્વારા તમારૂ અને તમારા પરમપાવન વિભૂતિ સ્વરૂપ દેવતાઓનું યજન કરવા ઇચ્છછ. પ્રભુ! તમારા ચરણ કમળની પાદુકાઓ સમસ્ત અમંગળોનો નાશ કરનાર છે. જે લોકો નિરન્તર તેની સેવા કરે છે, તેનું ધ્યાન કરે છે તેજ વાસ્તવમાં પવિત્રાત્મા છે.... દેવતાઓના આરાધ્યદેવ અમો ઇચ્છિએ છીએ કે સંસારી લોકો તમારી સેવાનો પ્રભાવ જએ પ્રભુ! કરૂવંશી અને સૃંજયવંશીમાં જે લોકો તમારૂ ભજન કરતા નથી તેનું અન્તર તમે સ્વયં જઇલો'' યુધિષ્ઠિર મહારાજની વાત સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણ

બોલ્યા ''હે શત્રુ વિજયી! તમારો નિશ્ચય ઘણો ઉત્તમ છે. રાજસૂયયજ્ઞ કરવાથી તમારી મંગળ કીર્તિનો વિસ્તાર થશે. તમારો આ યજ્ઞ અને, ઋષિઓ, દેવતાઓ તથા સમસ્ત પ્રાણીને અભિષ્ટ છે. મહારાજ! પૃથ્વિના સમસ્ત નરપતિઓને જીતી સમસ્ત પૃથ્વિ પોતાના વંશમાં કરી યજ્ઞોચિત સમસ્ત સામગ્રી એકત્રીત કરી આ મહાયજ્ઞનું અનુષ્ઠાન કરો. તમારા ચારેય ભાઇઓ દેવતાઓના અંશ છે તેઓ ઘણાવીર છે અને તમો પણ ધર્માત્મા છો.'' ભવાન શ્રીકૃષ્ણની વાત સાંભળી યુધિષ્ઠિરનું હ્દય આનંદથી ભરાય ગયુ. તેમનું મુખ પ્રફુલ્લિત થઇ ગયું. (સમય પર પ્રિય સાથે વાર્તાલાપ)

તે પછી મહારાજ યુધિષ્ઠિરે પોતાના ભાઇઓને દિગ્વિજય કરવાની આજ્ઞા આપી ભગવાન શ્રીકૃષ્ણે તેઓમાં પોતાની શક્તિનો સંચાર કર્યો. ચારેય ભાઇઓ સેના લઇ ચારેય દિશામાં ગયા અને ત્યાં રહેલા બધા રાજાઓને પરાજિત કરી યજ્ઞ માટે અપાર ધનરાશી લાવી યુધિષ્ઠિરજીના ચરણોમાં સમપર્તિત કરી. (મહાન ધનની પ્રાપ્તિ)

આટ આટલુ ધન મળવા છતાં જ્યારે યુધિષ્ઠિરને એવા સમાચાર પ્રાપ્ત થયા કે જરાસંઘ જીતાયો નથી ત્યારે તેઓ શોકમાં ગરકાવ થઇ ગયા. તે પછી ભગવાન શ્રીકૃષ્ણે તેઓને શાન્તવના આપી તેઓ સ્વયં, અજર્ન અને ભીમ સાથે બ્રાહ્મણનો વેષ ધારણ કરી જરાસંઘની રાજધાની મગધ પધાર્યા અને ત્યાં જરાસંઘનું આતિથ્ય સ્વિકાર કરી તેના દ્વારા ભિક્ષા માંગવાનું કહેતા ભગવાને ભીક્ષામાં તેની પાસે દ્વન્દ્વ યુધ્ધની ભિક્ષા માંગી. જરાસંગ બ્રાહ્મણ ભક્ત હતો તે જાણતો હતો કે મારી સામે મારો પૂર્વ શત્રુ શ્રીકૃષ્ણ જ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી ભીક્ષા માંગવા આવેલો છે છતા તેણે તેને દ્વન્દ્વ યુધ્ધની ભિક્ષા આપી અને પોતાના સમાન બળવાળા ભીમસેન સાથે તે દ્વન્દ્વ યુધ્ધ લડવા માટે તૈયાર થયો

હતો અને લાગલગાત અઠ્ઠાવિસ દિવસ પર્યન્ત દ્વન્દ્વ યુધ્ધ લડતા અંતે ભગવાન શ્રીકૃષ્ણે ભીમસેમાં પોતાની શક્તિનો સંચાર કર્યો શક્તિનો સંચાર થતા ભીમસેનના બળની વૃધ્ધિ થઇ અને પછી તેણે જરાસંઘન બે ગુદાની મધ્યમાંથી ચિરી નાંખી તેને કાળના મુખમાં મોકલી દીધો અને તે પછી જરાસંઘના દિકરા સહદેવને મગધના રાજ સિંહાસન પર બિરાજમાન કરી ભગવાન શ્રીકૃષ્ણ અર્જન અને ભીમસેનને સાથે લઇ ઇન્દ્રપ્રસ્થ પધાર્યા અને યુધિષ્ઠિર મહારાજને જરાસંઘના વધના સમાચાર સંભળાવ્યા એટલે યુધિષ્ઠિર મહારાજે પોતાની રાજસૂર્ય યજ્ઞ કરવાની ઇચ્છા પૂર્ણ માની (ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ) અને તેઓ બધાને જરાસંઘને પરાજિત કરીને આવેલા જોઇ યુધિષ્ઠિર મહારાજે પોતાના નાના ભાઇઓ જે પોતના પુત્ર સમાન હતા તેઓને પ્રેમ પૂર્વક મળતા હતા. (પુત્રન પ્રેમથી મળવું)

તદન્તર ઋષિઓએ મહારાજા યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞની દીક્ષા આપી પ્રાચિન કાળમાં જેમ વરૂણ દેવતાના યજ્ઞમાં જેવી જાહોજલાલી હતી તેવી જ મહારાજા યુધિષ્ઠિરના યજ્ઞમાં હતી. તેઓના યજ્ઞમાં બ્રહ્માજી તથા ભગવાન શંકર સહિત સમસ્ત દેવતાઓ પધારેલા હતા. આ ઉપરાંત યક્ષ, રાક્ષસ, કિન્નર, પૃથ્વિ પરના સમસ્ત ભૂપાલો પોતાના પરિવાર સાથે પધારેલા હતા. બધાએ કોઇપણ જાતના કૌતુહલ વગર એ વાત સ્વિકારી હતી કે 'રાજસૂર્ય યજ્ઞ કરવોએ યુધિષ્ઠિર માટે યોગ્ય જ છે, કારણ કે ભગવાન શ્રી કૃષ્ણના ભક્ત માટે આ પ્રમાણે કરવું કાંઇ મોટી વાત નથી.' આ રાજસૂર્ય યજ્ઞમાં સમસ્ત રાજાઓ યુધિષ્ઠિર મહારાજને અનેકો પ્રકારની ભેટો અર્પણ કરતા હતા અને તેને માટે કેટલાએ લોકો કટારમાં ઉભા હતા. જેને જોઇ દુર્યોધન મનોમન ઇર્ષ્યા કરતો હતો. (સ્વસમુદાયમાં ઉતણ્નતિ)

તેમ સ્ત્રી અને પુરૂષ મૈથુનમાં પ્રવૃત્ત હોય અને તેઓનું શુક્ર જો એક સાથે સ્ખલિત થાય તો તે એક સર્વશ્રેષ્ઠ મૈથુન છે. આ સંબંધમાં ગીત ગોવિંદમાં જયદેવ કવિ રાધાકૃષ્ણની રતિક્રિડાનું વર્ણન કરતા રાધાજીનો પોતાની સખી સાથેનો સંવાદ વર્ણવતા કહે છે. 'रति सुख समय रसाल्सया दरमुकुलितनयन सरोजम्। निः सहनिपतित तनुलतया मधुसूदन मुदित मनोजम्॥' આ શ્લોકની ટીકા કરતા રસિક પ્રિયકાર કહે છે 'रतिसुखेति। रति सुखसमये द्वयोरेककालं रेतः कणक्षरणसमये योरसः तदेकाग्रीभावस्तेने अलसामन्थरा॥' અર્થાત્ રાધાજી પોતાની સખીને કહે છે કે જ્યારે રતિકાળમાં અમારા બન્નેનું જો સમકાળ માં રેતકણ ક્ષરણ થતુ હતુ તે સમયે રતિ જન્ય સુખના અનુભવ જન્ય આનંદને કારણે હું આળસ પામતી હતી. (ગીત ગોવિંદ કાવ્ય/સર્ગ-૨/૮- મૈથુનમાં એક સાથે નિવૃત્તિ) આમ નીતિકારની દૃષ્ટિમાં આ આઠ માખણની જેમ સારરૂપ હોય એ ઉપરોક્ત દૃષ્ટાંત પરથી સ્પષ્ટ થાય છે. (શ્લો-૧૦૧ થી ૧૦૩) હવે નીતિકાર યશ વધારનારા આ છ ગુણોનું વર્ણન કરે છે.

શ્લોક-૧૦૪ अष्टौ गुणाः पुरूषं दीपयन्ति प्रज्ञा चकौल्यं च दमः श्रुतं च।

पराक्रमश्चाबहुभाषिता च दानं येथा शक्ति कृतज्ञतो च॥

શ્લોકાર્થ : આ આઠ ગુણ મનુષ્યના યશને વિસ્તારે છે બુધ્ધિ, કુળ, જ્ઞાન, ઇન્દ્રિય સંયમ, પરાક્રમ, મૌન-ઓછ બોલવું, યથાશક્તિ દાન આપવું તથા કૃતજ્ઞ થવું.

ય.દી.: ''ગુણ પૂજાવે સબ જક્તમાં, ગુણ બઢાવત માન જ્યા મેં જેતો ગુણ રહે, તાહિ તેવો સનમાન' (નિ. કાવ્ય/ગુણ ગ્રાહક/દોહો-૩) જગમાં યશનો વિસ્તાર કરનાર ગુણ જ છે માટે પ્રયત્ન કરીને ગુણ જ સંપાદન કરવા જોઇએ. 'गुणाः पूजा स्थानं' 'गुणाः कुर्वन्ति दूतत्वं 'गणन स्पृहणीयः स्यात् 'गुणै गौरवमायाति'

'निगुण: केन पूज्यते ? ' સ્થાવર જંગમ સર્વ વસ્તુઓમાં શુભાસભ પ્રિયાપ્રિયગુણો રહ્યા છે. શુક, હંસ, મેના, કોયલોએ કોઇને કશુ આપી દીધુ નથી પણ તેનો શબ્દ શ્રવણ કરી બધાને હર્ષ થાય છે તેજ પ્રમાણે યુવક તથા ગર્દભાદિકે કોઇનું કશુ લીધુ નથી પણ તેનો શબ્દ સાંભળીને સર્વ કોઇ સખેદ અનાદર કરે છે. 'किं वा लोके कोकिले नोपनीतं को या गर्दभ स्थापराध:' માટે જેનામા ગુણ હોય તે જ વ્યક્તિ સંસારમાંથી ગયા બાદ પણ તેનામા રહેલા ગુણ દ્વારા મેળવેલો યશ તેને હંમેશને માટે ચિરંજીવી રાખે છે. આ સમ્બન્ધમાં ભગવાનશ્રીરામનું જીવન ચિરત્ર વિચારણીય છે.

ભગવાન શ્રીમન્નારાયણે મનુષ્યને મનુષ્ય ધર્મનો બોધ આપવા માટે ઇશ્વાકુવંશમાં અવતાર ધારણ કરેલો. આ કૂળ સૂર્યપુત્ર વૈવસ્તવ મનુ મહારાજનું હતુ. જે કુળમાં કાકુસ્થ નામના રાજા થયા હતા જેણે દેવા સુરસંગ્રામમાં દેવોના રાજા ઇન્દ્રને વૃષભ બનાવી તેની ખુંદ પર (કકુસ્થ પર) સવાર થઇ અસુરોનો સંહાર કરેલો એટલે તે રાજા કકુસ્થ કહેવાયા અને તે કુળમાં શ્રીમન્નારાયણ રામ રૂપે પ્રગટ થયા એટલે રામ ''કાકુસ્થ'' કહેવાયા અને એજ કુળમાં કામધેનુની પુત્રી સુરભી ગાયની સેવા કરવાને લીધે દીલિપ રાજાને ત્યાં રઘુ નામના પ્રાગટ્ય થયુ અને જેના સર્વોત્તમ ગુણોને લઇ ઇશ્વાકુકુળએ રઘુકુળના નામથી વિખ્યાત થયું અને તે કુળમાં જન્મ ધારણ કરવાથી ભગવાન શ્રીરામનું એક નામ 'રાઘવ' પડયું. આવા સર્વોત્તમ કુળમાં ભગવાન શ્રીરામનું પ્રાગટય થવાથી રઘુકુળનો યશ તથા ભગવાન શ્રીરામનો યશ પણ વૃધ્ધિ પામ્યો.

શ્રીરામે પોતાના અવતાર કાળ દરમ્યાન તાડકા, મારીચ સુબાહું, ખર દુષણ, અહિમહિરાવણ, કુંભકર્ણ, રાવણ, ઉપરાંત બાલી જેવા અજેય યોધ્ધાને ધરાશયી કરી દોધા હતા. આ પ્રમાણેના પરાક્રમને લઇ આનંદ રામાયણમાં

શ્રીવાલ્મિકીજી આનંદરામાયણ (૧૫/૩૦) માં 'मरुद् गणानगण्यं स्तुषितांस्तोषयन् गुणैः' આ વચનથી શ્રીરામના પરાક્રમને મુરૂદ્ ગણોથી પણ શ્રેષ્ઠ કહે છે. ગીતાકાર પણ 'राम शस्त्रभृतामहम्- શસ્ત્ર ધારણ કરનારાઓમાં હું રામ છ.' (ગીતા-૧૦/૩૧)

ભગવાન શ્રીરામચંદ્રજીએ અગિયાર હજાર વર્ષ પર્યન્ત ધરાતલ પર રહી ધરાતલનું સાશન સુચારૂરૂપથી ચલાવ્યુ અને અનેકાનેક અશ્વમેઘ યજ્ઞો કર્યા અને તે યજ્ઞમાં ફક્ત પોતાના શ્રીઅંગ પર ધારણ કરેલા વસ્ત્રો બાદ કરતા તથા સીતાજીએ પોતાના શરીર પર ધારણ કરેલા આભુષણોને બાદ કરતા શ્રીરામે પોતાની સમસ્ત સંપત્તિ દાન કરી દીધી હતી. જેમ ભગવાન વેદવ્યાસજી કહે છે ' भगवानात्मनाऽऽत्मानं राम उत्तम कल्पकैः। सर्वदेवमयं देवमीज आचार्यवान्मखैः॥ होत्रेऽददाद् विशं प्राचीं ब्रह्मणेदक्षिणां प्रभुः। अध्वर्यवे प्रतीचीं च उदीची सामगाय सः। आचार्याय ददौ शेषां यावती भूस्तदन्तरा। मन्यमान इदं कृत्स्नं ब्राह्मणोऽर्हति निस्पृहः॥ ભગવાન શ્રીરામે ગુરૂ વશિષ્ટજીને પોતાના આચાર્ય બનાવી ઉત્તમ સામગ્રીઓથી યુક્ત યજ્ઞો દ્વારા પોતાના સર્વ દેવ સ્વરૂપ સ્વયં પ્રકાશ આત્માનું યજન કર્યુ તેઓએ હોતાને પૂર્વ દિશા, બ્રહ્માને દક્ષિણ દિસા, અધ્વર્યુને પશ્ચિમ દિશા અને ઉદ્ ગાતાને ઉત્તર દિશા આપી. તેની મધ્યમાં જે ભૂમિ વધી તે આચાર્યને આપી. તેઓનો એ નિશ્ચય હતો કે સંપૂર્ણ ભૂમંડળનો અધિકારી એક નિઃસ્પૃહ બ્રાહ્મણ જ છે. આ રીતે સમસ્ત ભૂમંડળનું દાન કરીને તેઓએ પોતાના વસ્ત્ર અને અલંકાર જ પોતા પાસે રાખ્યા એ પ્રમાણે મહારાણી સિતા પાસે પણ ફક્ત માંગલિક વસ્ત્ર તથા આભૂપણો જ રહ્યા.'' (ભાગ-૯/૧ થી ૩) (ભગવાન શ્રીરામની દાન શિલતા)

ભગવાન શ્રીરામનો ઇન્દ્રિય સંયમ હતો તે પણ અજોડ હતો. જેના રૂપની તુલના ત્રિલોકીમાં કોઇ કરી શકતું ન હતુ એવા રૂપરૂપના અંબાર સમાન સીતા જેમની પત્ની હતી છતા શ્રીરામે તેઓ થકી કેવળ બે બાળકો જ પ્રગટ કરેલા આજ શ્રીરામની જીતેન્દ્રિયતા-સંયમતાને સૂચવે છે. ગૃહસ્થાશ્રમ અને તેમા પણ રાજાનો વૈભવ જ્યાં પંચવિષયની સાતિશયતા હોય છે ત્યાં રહીને ઇન્દ્રિય સંયમ રાખવો એ અત્યંત કથિન હોય છે. આ ઉપરાંત વનવાસ દરમ્યાન સીતાજી તેઓની સાથે હતા છતાપણ તેઓએ ચૌદ વર્ષ પર્યન્ત તપસ્વિ જીવન જીવી પોતાની ઇન્દ્રિયો પર સંયમ રાખેલો. વનવાસ દરમ્યાન એક સમયે રાવણની બહેન સૂર્પણખા અપ્સરાનું રૂપ ધારણ કરી ભગવાન શ્રીરામ પાસે આવી અને ભગવાન શ્રીરામ પાસે તેણે લગ્નનો પ્રસ્તાવ મુકયો પરંતુ શ્રીરામનું મન કામદેવને પણ મોહ પમાડનારી સુર્પણખાને જોઇને પણ વિચલિત ન થયું અને તેઓએ સુર્પણખાનો પ્રસ્તાવ અસ્વિકાર કરી દીધો હતો. તે ઉપરાંત આનંદ રામાયણમાં વાલ્મિકીજી કહે છે કે- કૃષ્ણાવતારમાં જે ભગવાની શ્રીકૃષ્ણની સોળ હજાર એકસો રાણીઓ હતી તે રામાવતાર સમયે દૂન્દૂભી નામના રાક્ષસની કેદમાં હતી અને શ્રીરામે તે બધી કન્યાઓનો (દૂન્દૂભી રાક્ષસની કેદમાંથી) ઉધ્ધાર કરેલો અને તે સોળ હજાર એકસો કન્યા જ્યારે શ્રીરામની રૂપમાધુરી પર મોહિત થઇ અને શ્રીરામ પ્રત્યે પ્રણયની યાચના કરવા લાગી ત્યારે એકપત્ની વ્રતધારી શ્રીરામે તેના પ્રસ્તાવનો અશ્વિકાર કર્યો. આ ચરિત્રમાં પણ ભગવાન શ્રીરામના સંયમની પરાકાષ્ટા જોવા મળે છે. ભગવાન વેદ વ્યાસજી કહે છે ' एक पत्नीव्रत धरो राजर्षि चरित: शुचि:। स्वधर्मं गृहमेधीय शिक्षयन् प्रश्रयावनतासती॥ ભગવાન શ્રીરામે એક પત્ની વ્રત ધારણ કરી રાખેલું. તેઓનું ચરિત્ર અત્યંત પવિત્ર અને રાજર્ષિઓનો જેવું હતુ. તેઓ ગૃહસ્થ ધર્મની શિક્ષા આપવા માટે તે ધર્મનું સ્વયં

આચરણ કરતા હતા.' (ભાગ. ૯/૧૦/૫૫) ' तस्मिन् स भगवान् रामःस्निग्धया प्रिययेष्टया। रेमे स्वाराममधीराणामृषभः सीतयाकिल॥ ભગવાન શ્રીરામ આત્મારામ અને જીતેન્દ્રિયોના શિરોમણી હતા. તે મહેલમાં તેઓ પોતાની પ્રાણપ્રિયા પ્રેમમયી પત્ની સીતાજીની સાથે વિહાર કરતા હતાં (ભાગ-૯/૧૦/૩૫) (શ્રીરામનો ઇન્દ્રિય સંયમ)

ભગવાન શ્રીરામની કૃતજ્ઞતાના પણ રામાયણમાં પદે પદે જોવા મળે છે. જેમાં લંકાધિપતિ દશગ્રીવ રાવણ માતા સીતાનું અપહરણ કરી લઇ જતો હતો ત્યારે ઉંમરથી અને શક્તિથી વૃધ્ધ એવા જટાયું રાવણનો માર્ગ રોકે છે. જટાયુ જાણતા હતા કે પોતે શક્તિ અને સામર્થ્યથી રાવણ કરતા ન્યૂન છે અને યુધ્ધમાં તેનો સામનો ન કરી શકશે છતા તેઓ રાવણ સાથે યુધ્ધ કરવા તૈયાર થયા અને પ્રથમ તો વાક્બાણોથી અને પછી ચંચુ પ્રહારથી તેઓએ રાવણને ક્ષત વિક્ષત કરી દીધો અને અંતે રાવણ દ્વારા ચંદ્રહાસ ખડગ દ્વારા તેની બંને પાંખ કપાય ત્યારે તે ઢગલો થઇને ઢળી પડયા. જ્યારે ભગવાન શ્રીરામજી સીતાજીને શોધતા થકા તેઓની પાસે આવ્યા ત્યારે જયયુજીએ શ્રીરામને રાવણની બધી કરતૂત બતાવી. ભગવાનશ્રી રામે જટાયુને પોતાની ગોદમા લઇ તેના પર પોતાનો અભય કર પધરાવ્યો જેથી જટાયુની બધી પીડા દૂર થઇ અને તેઓએ રામની ગોદમાં પોતાનો દેહનો ત્યાગ કર્યો. ભગવાન શ્રીરામે જાણ્યુ કે જટાયુ એ મારી ભાર્યા સીતાને માટે જ પોતાના પ્રાણની આહુતી આપી છે એટલે તેઓએ જટાયુનો અગ્નિ સંસ્કાર પોતાના વરદ હસ્તે કર્યો અને તેઓને એ અવિશળ ધામના અધિકારી બનાવ્યા છે જે ધામમાં મોટા મોટા યોગી મહાત્મા જાય છે. આ ઉપરાંત જે વાનરોએ કોઇપણ જાતના સ્વાર્થ વગર લંકાના યુધ્ધમાં પોતાના પ્રાણની આહુતિ આપી હતી તે વાનરોને પણ શ્રીરામે યુધ્ધ પૂર્ણ થયા બાદ દેવરાજ ઇન્દ્ર

પાસેથી અમૃત મંગાવી તે બધા પર છંટકાવ કરાવી તે મૃત વાનરોને પણ જીવિત કર્યા અને જ્યારે બધા વાનરોને લઇ શ્રીરામ અયોધ્યા પધાર્યા ત્યારે અયોધ્યમાં પણ ઘણા દિવસો સુધી તેઓને રાખી અંતે યથાયોગ્ય ઉપહાર આપી પોતાની અખંડ સ્મૃતિ રહેશે એવા આશીર્વાદ આપી બધાને વિદાય કર્યા. આમ ભગવાન શ્રીરામે પોતાના ઉપયોગમાં આવેલા જટાયુને પરમપદ અને વાનરોને પોતાની ભક્તિ પ્રદાન કરી તેઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી.

મૌન નામનો ગુણ પણ ભગવાન શ્રીરામના જીવનમાં યથાર્થ રીતે જોવા મળે છે. ભગવાન શ્રીરામ ક્યારેય કોઇના બોલાવ્યા વિના બોલતા જ ન હતા. ક્યારેય વ્યર્થ વાતો કરતા ન હતા, વધારે પડતા પોતાના આત્મામાં જ રમણ કરતા હતા. પરંતુ જ્યારે ધર્મનો ઉપદેશ આપવો હોય ત્યારે તેઓની વાણી શ્રવણ કરી બધા મુગ્ધ થઇ જતા આ બાબત રામચરિત માનસના ઉત્તરકાંડમાં સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થાય છે કે જ્યારે ભગવાન શ્રીરામ રાજ્યાભિષેક થયા બાદ પોતાની પ્રજાને ધર્મોપદેશ આપે છે. જે શ્રવણ કર્યા બાદ સમસ્ત પ્રજા પોતાની પ્રસન્નતા વ્યક્ત કરે છે. (અહીં નીતિકાર ‘મૌન રહેનારાને યશની પ્રાપ્તિ થાય છે.’ એમ કહે છે. તેનો અર્થ એવો નથી કે ફક્ત વાણીને વિરામ આપવો વાસ્તવિક મૌન તો એ છે કે ધર્મસંબંધિ વાત સિવાય કોઇ વાતનું ઉચ્ચારણ ન કરવું અને આ ગુણ ભગવાન શ્રીરામમાં તે તે પ્રસંગમાં રામાયણમાં જોવા મળે છે.)

ભગવાન શ્રીરામચંદ્રજીની બુધ્ધિ કૌશલતા તેઓના રાજ્ય સંચાલતમાં જોવા મળે છે. એક રાજાએ પોતાની પ્રજા સાથે કેવો વ્યવહાર કરવો, કેવી રીતે યોગ્યા યોગ્યનો વિચાર કરી અપરાધિને દંડ આપવો, પ્રજા પાસે કર કેટલો લેવો, શત્રુ સાથે આમાત્ય સાથે, સહ્દો સાથે રાજાએ કેવી રીતે વર્તાવ કરવો તેનું દર્શન રામ રાજ્યમાં થાય છે. કેવા લક્ષણ વાળા મનુષ્યને મંત્રી, દૂત તથા ગુપ્તચર પદ પર

નિયુક્ત કરવા આ બધુ રામ રાજ્યમાં જોવા મળે છે. રાજનીતિમાં રોજાના જેવા લક્ષણો કહ્યા છે તે બધા જ લક્ષણો ભગવાન શ્રીરામમાં જોવા મળતા હતા અને તે મુજબ તેઓએ પોતાના રાજ્યની વ્યવસ્થા કરી હતી. આ બધુ શ્રીરામની બુધ્ધિ ચાતુર્યતાનુ જ પરિણામ હતુ. ભગવાન શ્રીરામ પોતાના રાજ્યનું સંચાલન એટલુ કુશળતાથી કરતા હતા કે તેઓના રાજ્યમાં સમસ્ત પ્રજા હંમેશા આનંદમાં જ રહેતી હતી. રામ રાજ્યમાં ક્યાય ચોરી થતી ન હતી, કોઇ પરસ્પર વિવાદ કરતુ ન હતુ. કોઇ કોઇની નીંદા કરતુ ન હતુ કોઇ કોઇનાથી ભયભીત ન હતુ. રામ રાજ્યમાં કોઇ શત્રુ ન હતુ સેના વિવિધ પ્રકારના વાહનોથી પરીપૂર્ણ હતી. તેઓના રાજ્યમાં ઋષિગણ હ્રષ્ટ પુષ્ટ હતા. પ્રજા ધન ધાન્યથી પરિપૂર્ણ હતી. રાજ્યમાં નિરંતર ઇષ્ટાપૂર્ત કર્મો થતા રહેતા હતા. ખેતરો ધાન્ય પૂર્ણ હતા. તે સમયે દેશ સુખી હતો પ્રજા પ્રસન્ન હતી, રહેવાનું ઉત્તમ હતુ. ગૌધન અધિક હતુ. સમસ્ત રાજ્ય દેવાલયોથી ભરેલું હતુ. સમસ્ત રાજ્ય સારા સારા પુષ્પો તથા ફળ આપનારા ઉધાનોથી પૂર્ણ હતા. હંમેશા વહેવાવાળી કેટલીએ નદીઓ રાજ્યમાં વહેતી હતી. રામ રાજ્યમાં બધા મનુષ્યો કુલીન હતા તે સમયે કોઇ કોઇની સાથે અન્યાય કરતા ન હતા. પ્રજા પાસે ધનની વિપુલતા હતા સ્ત્રીઓમાં લજ્જા હતી. પ્રજા કુટિલતાથી રહિત હતી. તે સમયના બધા મનુષ્યો સાત્વિક હતા. મનુષ્યો ધન માટે આંધળા ન હતા. રાજપુરૂષોમાં અન્યાય દેખાતો ન હતો પ્રજા માનસિક પીડાથી રહિત હતી. મનુષ્યમાં દુર્બળતા ન હતી ફક્ત સાત્વિક ભાવ ઉદય થતા લોકોને કંપ થતો પણ ભયથી નહિ, દુર્બલતા પાપ થી જ હતી સુકૃતથી કોઇ વસ્તુ અલભ્ય ન હતી. ઉન્મત્ત હાથી ઓજ હતા, મનુષ્યો નહિ. વૃક્ષોમાં જ કાંટા હતા મનુષ્યોમાં નહિ. ફક્ત શિવ ભક્ત માટે જ દંડનો ત્યાગ કરાયેલો બીજા માટે નહિ. પ્રજા માં કોઇ માર્ગણ (ભિખારી) ન હતુ. આવા ગુણવાન દેશમાં રામ રાજ્ય

કરતા હતા. આ બધુ રામની બુધ્ધિ ચાતુર્યતાનું જ પરિણામ હતુ. જેથી આજે પણ લોકો રામ રાજ્યની જ પ્રશંસા કરે છે. (આનંદ રામાયણ/રાજ્યકાંડ/ સર્ગ-૧૫-રામની બુધ્ધિ)

રામની જ્ઞાનની પણ કોઇ તુલના કરી શકે એમ ન હતુ વેદોના તાત્પર્યાર્થને કેવલ તેઓજ જાણતા હતા એટલે માટે તેઓને 'वेदविद' તરીકે સંબોધાયા છે અને પોતાના અવતાર કાળ દરમ્યાન અધિકારી મનુષ્યોને શાસ્ત્રના ગૂઢ રહસ્યોનો ખુલાસો પણ તેઓએ કરેલો. જેમ આનંદ રામાયણમાં પોતાના પિતા દશરથના કહેવાથી શ્રીરામે સ્વયં સ્વમુખે તેઓને પરમાર્થનો ઉપદેશ કરેલો. શ્રીરામ દશરથને કહે છે ''પિતાજી, અજ્ઞાનિ લોકો જ આ સંસારને નિત્ય સમઝે છે. આત્મા કમળ ના પત્રની જેમ આ માયાના પ્રપંચથી રહિત શુધ્ધ છે. માટે સમસ્ત દેહ, ગેહ, પુત્ર, સ્ત્રી આદીકમાંથી મમતાને દૂર કરી આ સમસ્ત સંસારને ચિદ્દ્યન બ્રહ્મથી અભિન્ન નારાયણ સ્વરૂપ જાણો અને તે ઇશ્વર ને જ સર્વત્ર વ્યાપ્ત જઓ જેથી તમો આ ભવ સંસારથી મુક્ત થશો.'' અને મહારાજા દશરથે તેમજ કર્યુ જેથી તેઓ આ ભવ સંકતથી તરી પરમાત્માના ધામમાં ગયા. (આનંદ રામાયણ /સર્ગ-૫/સારકાન્ડ/) ભગવાનશ્રી રામ શબરી પર અનુગ્રહ કરવા માટે તેઓના આશ્રમમાં પધાર્યા અને તેઓના આતિથ્યને સ્વિકાર્યા બાદ ભગવાનશ્રી રામ તેને ભક્તિ તત્વનો ઉપદેશ આપે છે અને અંતમાં ભગવાન કહે છે- ''આ નવ પ્રકારની ભક્તિમાંથી એક પ્રકારની ભક્તિ પણ જેને પ્રાપ્ત થઇ હોય તેજ સ્ત્રી પુરૂષ અમને પ્રિય છે. તથા મારા દર્શનના પ્રથમ ફળરૂપે પરમ અનુરૂપ ફળને પામી જીવ પોતાના સ્વરૂપને પ્રાપ્ત થાય છે.'' આ પ્રમાણે શબરીને નિમિત્ત બનાવી પ્રભુશ્રી રામે મનુષ્ય માત્રને પોતાની પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો (રામચરિતમાનસ/અરણ્ય/-૩૬) ભગવાન શ્રીરામ બાલીનો વધ કર્યા બાદ બાલી

ભગવાન શ્રીરામ પર આક્ષેપ કરતા કહે છે ''તમોએ ધર્મનું સ્થાપન કરવા અવતાર લીધો છે, છતા આપે પારધીની જેમ છપાઇને મને શા માટે માર્યો? અમો તમોને વેરી જણાયા અને સુગ્રીવ પ્રીય? તમોએ કયા દુર્ગુણને જોઇ મારા પર બાણ ચલાવ્યું? આ પ્રમાણે જ્યારે બાલી આક્ષેપ કરે છે ત્યારે ભગવાન શ્રીરામ તેનો ઉત્તર આપતા બોલ્યા ''રે અજ્ઞાનિ! સાંભળ નાનાભાઇની પત્ની બહેન, પુત્રવધુ, પત્ની અને પોતાની દીકરી એ ચાર સમાન છે. જે માનવ આ ચારમાંથી કોઇની તરફ કુદૃષ્ટિ કરે તો તેનો વધ કરવામાં કોઇ પાપ નથી.'' શ્રીરામના આવા ધર્મયુક્ત વચન સાંભળી વાલી જેવા બલ બુધ્ધિથી વીર પણ શ્રીરામ પ્રત્યે બોલ્યો કે, 'હે શ્રીરામ! તમારી પાસે મારી કોઇ ચતુરાઇ ચાલે એમ નથી.' (રામચરિતમાનસ/કિષ્કં/૯, ૧૦) શ્રીરામ અયોધ્યાના સિંહાસન પર બિરાજમાન થયા બાદ પોતાની પ્રજાને ઉપદેશ આપતા બોલ્યા ''આ મનુષ્ય જન્મ મોટા ભાગ્યથી મળેલો છે જે દેહ દેવતાઓને પણ દુર્લભ છે તે મનુષ્ય દેહ પ્રાપ્ત કરી તેનું ફળ વિષય સુખ કે સ્વર્ગ સુખ નથી કારણ કે તે સુખતો નાશવંત અલ્પ કાળનું છે માટે જે માનવ મનુષ્ય દેહ પ્રાપ્ત કરી વિષયોમાં મન લગાવે છે તે અજ્ઞાનિઓ અમૃત ત્યાગ કરી વિષનું ગ્રહણ કરે છે જે આલોક પરલોગમાં સુખ પામવા ઇચ્છતા હોય તે અમારા વચન શ્રવણ કરી તે વચનને દૃઢતા પૂર્વક પકડી રાખજો. હે ભાઇ! અમારી ભક્તિનો માર્ગ સુલભ તથા સુખદાયક છે અને તેને જ શાસ્ત્રમાં વખાણાયેલો છે. જ્ઞાન અગમ છે અને તેને પ્રાપ્ત કરવામાં અનેક વિઘ્નો પણ આવે છે તેનું સાધન પણ કઠણ છે તથા તેમાં મનને માટે આધાર નથી ઘણા કષ્ટ ઉઠાવીને કોઇક જ કદાર તેને પામી શકે તો પણ ભક્તિ રહિત હોવાથી મને પ્રિય નથી. ભક્તિ સ્વતંત્ર છે. તથા બધા સુખની ખાણ છે છતા તે સત્સંગ વગર પ્રાપ્ત કરી શકતી નથી. અને પુણ્યના સંચય વગર સંત સમાગામ મળતો નથી

માટે સત્સંગથી જ જન્મ મરણ નિવૃત્ત થાય છે. જેને સદાય સત્સંગનો જ સંસર્ગ છે અને તેમાં જ સ્નેહ છે તથા જેના મનના બધા વિષય, તથા સ્વર્ગ અને મુક્તિ સુધ્ધા ભક્તિ આગળ તણખલા સમાન છે. જે ભક્તિના પક્ષે હઠ કરે છે પણ બીજા મતનું ખંડન કરતો નથી તેમજ જેણે બધી જાતના કુતર્ગો દૂર કરી દીધા છે જે મારા ગુણ અને મારા નામમાં રસ હોય તેમજ અહંમમત્વથી પર હોય તેનું સુખતો તેજ જાણે જે પરમાનંદ રાશિને પ્રાપ્ત છે.'' આ પ્રમાણેના ભગવાન શ્રીરામના જ્ઞાન યુક્ત અમૃત વચન શ્રવણ કરી બધા શ્રીરામના ચરણોમાં પડી ગયા. (રામમાનસ /ઉત્તર/૪૬) ભગવાન શ્રીરામચંદ્રમાં રાજનીતિનું પણ જ્ઞાન અઘાત હતુ. જેનું વર્ણન તેઓએ લક્ષ્મણજી પ્રતિ અગ્નિ પુરાણમાં કરેલું છે. આ પ્રસંગ અગ્નિપુરાણ (અ-૨૩૮ થી ૨૪૨ માં) તથા વાલ્મિકી રામાયણ અયોધ્યા કાંડ (સર્ગ-૧૦૦) માં તથા આનંદ રામાયણ રાજ્ય કાન્ડના ઉત્તરાધ (સર્ગ-૧૬) માં આવે છે. જેમાં ભગવાને સચિવ કેવા હોવો જોઇએ, પુરોહિત કેવા હોવા જોઇએ, સામ- દામ- દંડ-ભેદનીતિનું વર્ણન તથા જનપદ દુર્ગ કેવો હોવો જોઇએ, મિત્રના લક્ષણ, રાજાના લક્ષણ, રાજાના સેવકોના લક્ષણ, સંધિના ભેદ, દૂતના ગુણો, ગુપ્તચરોના લક્ષણો, રાજાના વ્યસન, તીર્થોના લક્ષણ, છ ઉપાયોનું વર્ણન વિગેરેનું વિશદ વર્ણન ભગવાન શ્રીરામે કરેલું જોવા મળે છે. આ જોતા સ્પષ્ટપણે વિદિત થાય છે કે રામ જેવા રાજનીતિજ્ઞ પણ કોઇ નથી. ભગવાનશ્રી રામે જે રાજનીતિનું વર્ણન કરેલુ છે તે અક્ષરે અક્ષર તેમના જીવનમાં ચરિત્રાર્થ હતી. ભગવાનશ્રીરામે બ્રહ્મ વિદ્યાનું પણ વર્ણન હનુમાનજી સન્મુખ કરેલનું જોવા મળે છે. આ સમસ્ત વર્ણન અથર્વ વેદમાં રામ ઉત્તર તાપનિય ઉપનિષદ્માં જોવા મળે છે. જેમાં તેઓએ પોતાના સ્તોત્ર પાઠ, રામગીતીના પાઠનું માહાત્મ્ય વર્ણવેલુ છે. મુક્તિકોપ નિષદ્માં હનુમાનજીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીરામે ઉપનિષદોનો મહિમા,

ઉપનિષદોના નામ, બે પુરૂષાર્થ શાસ્ત્ર વિરુધ્ધ તથા શાસ્ત્ર અનુકૂળ પુરૂષાર્થનું વર્ણન, વાસનાનું સ્વરૂપ, શુભાશુભ વાસનાના ત્યાગનું વિવેચન, સમ્પ્રજ્ઞાત અસમ્પ્રજ્ઞાત સમાધિ નુંવર્ણન, જીવન મુક્તિ નિર્વાણ મુક્તિ, તથા અંતમાં ભગવાન દ્વારા ઉપનિષદનો સાર એજ છે કે '' बद्धो हि वासनाबद्धो मोक्षः स्यादवासनाक्षयः । वासनां सम्परित्यज्य मोक्षार्थित्वमपित्यज ॥ જે વાસનાથી બંધાએલો છે તેજ બધ્ધ છે અને વાસનાનો ત્યાગ જ મોક્ષ છે. અતઃ એવ વાસનાઓનો સમ્યક્ રૂપથી પરિત્યાગ કરી મોક્ષ પ્રાપ્તિની વાસનાનો પણ ત્યાગ કરવો.'' આમ આ બધા શાસ્ત્રોમાં તે તે અધિકારીઓને અપાયેલા ઉપદેશ પરથી સ્પષ્ટપણે પ્રતિત થાય છે કે રામ જેટલા શાસ્ત્રમાં પારંગત પણ કોઇ ન હતુ માટે જ તેઓની સ્તુતિ કરતા વેદો તથા પુરાણો તેમને 'સર્વજ્ઞ' કહે છે તે યોગ્ય જ છે.

આમ, નીતિકારે કહેલા બુધ્ધિકુળ ઇત્યાદિ આઠેય લક્ષણો શ્રીરામના ચરિત્રમાં જોવા મળે છે અને આઠેય ગુણના કારણે શ્રીરામનો યશ એટલો વિસ્તાર પામેલો છે કે તેઓના યશનું કોઇ ઉલ્લંઘન કરી શકતુ નથી. આચાર્ય ચાણક્ય કહે છે. 'काष्टं कल्पतरुः सुमेरु रचलश्चिन्तामणिः प्रस्तरः सूर्यस्तीव्रकरः शशीक्षयकरः क्षारो हि वारां निधिः । कामो नष्टतनुर्बलिदितिसुतोनित्यं पशुः कामगौर्नैतांस्ते तुलयामि भो रघुपते कस्योपमा दीयते ॥ કલ્પવૃક્ષ, જે બધાની ઇચ્છા પૂર્ણ કરે છે તે કાષ્ઠનું હોય છે, સુમરૂ એક પર્વત છે, ચિંતામણી માત્ર એક પથ્થર છે, સર્યુ પ્રચંડ કિરણોવાળો છે, ચંદ્રમાની કળાક્ષીણ થતી રહે છે, સમુદ્ર ખારો હોય છે, કામદેવનું કોઇ શરીર જ નથી, દાનવીર બલી હકીકતમાં એક દૈત્ય છે, કામધેનુ એટલે કે દરેકની ઇચ્છા પૂરતી કરનાર ગાય એક પશુ જ છે. હું આ બધાને મક્તો નથી અર્થાત્ તમારી સમકક્ષ નથી સમઝતો. હેરામ પ્રભુ! તમારી તુલના અમો કોની સાથે કરીએ- શ્રીરામની તુલનાં ફક્ત રામ સાથે જ થઇ શકે.' (ચાણક્યનીતિ

દર્પણ /અ. ૧૨/૧૫) ભગવાન વેદ વ્યાસજી કહે છે. 'यस्यमलं नृप सदस्सु यशोऽधुनापि, गायन्त्यघघ्नमृषयोदिगिभेन्द्रपट्टम्। ભગવાનશ્રી રામનો નિર્મળ યશ સમસ્ત પાપોને નષ્ટ કરવાવાળો છે તે યશ એટલો ફેલાઇ ગયો કે દિગ્ગજોનું શ્યામલ શરીર પણ તેની ઉજ્જવળતાથી પ્રકાશિત થઇ ઉઠયું' (ભાગવત/૯/૧૧/૨૧) (શ્લો-૧૦૪) હવે નીતિકાર શરીર રૂપી ઘરને જાણવાની વાત કરે છે-

(૧૪) નવપદાર્થનું વિવેચન

શ્લોક-૧૦૫ नवद्वार मिदं वेश्म त्रिस्थूणं पञ्चसाक्षिकम्।

क्षेत्रज्ञा धिष्ठितं विद्वान् यो वेदस परःकवि॥

શ્લોકાર્થ : જે વિદ્વાન નવદ્વારાવાળા, ત્રણ પાયાવાળા, પાંચ સાક્ષિઓ વાળા જીવાત્માના નિવાસ સ્થાન રૂપ આ શરીર રૂપી ઘરને જાણે છે તે શ્રેષ્ટ જ્ઞાનિ છે.

ચ.ટી. : પ્રસ્થાન ત્રથી માં શરીરને જીવાત્માનું નિવાસ સ્થાન બતાવેલું છે. આના જ્ઞાનથી અંડથી લઇને બ્રહ્માંડ પર્યન્તનું જ્ઞાન થાય છે. એટલે જ શરીરરૂપી ક્ષેત્રનું જ્ઞાન ધરાવનારનારેન પરમજ્ઞાની તથા પરમહંસ કહેવાય છે. જેમ યમરાજ નચિકેતાને કહે છે. 'त्रिणाचिकेतस्त्रयमेतद विदित्वा य एवं विद्वाश्चिनुते नाचि केतम्। स मृत्युपाशान्पुरतः प्रबोद्य शोकातिगो मोदते स्वर्गलोके॥ જે અગ્નિ સ્વરૂપ, આત્મસ્વરૂપ અને પરમાત્મા સ્વરૂપ એ ત્રણને શાસ્ત્રથી જાણીને તે પ્રમાણે ચિન્તન કરનારો નચિકેતા અગ્નિનું અનુષ્ઠાન કરે છે તે અનુષ્ઠાન કરનારો મૃત્યુના પાશરૂપ રાગદ્વેષાદિકને શરીરના નાશ થતા પૂર્વે ત્યાગ કરીને નિરતિશય સુખમય દિવ્યલોકમાં શોકથી તરી આનંદને પામે છે.' (કઠ. ઉ.૧/૧/૧૮) ભગવાનશ્રી કૃષ્ણ અમજનને કહે છે- 'इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते। एतेद्यो वेत्ति तंप्राहुः

क्षेत्रज्ञ इति तद्विदः॥ क्षेत्रज्ञं चापिमां विद्धि सर्वक्षेत्रेषु भारत। क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतंमम॥ હે કૌન્તેય! આ શરીર ક્ષેત્ર કહેવાય છે એ ક્ષેત્રને જે જાણે છે, તેને આત્માનું સ્વરૂપ જાણનારાઓ ક્ષેત્રજ્ઞ કહે છે. હે ભારત! વળી સર્વ ક્ષેત્રમાં ક્ષેત્રજ્ઞ પણ મને જ જાણ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બેઉનું જે જ્ઞાન જ ખરૂ જ્ઞાન છે.' (ગીતા/૧૩/૨-૩) 'आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु। बुद्धिं तु सारथीं विद्धिमनः प्रग्रह्यमेव च॥ इन्द्रियाणि ह्यानाहुर्विषयांस्तेषु गोचरान्। आत्मेन्द्रियमनोयुक्तं भाक्तेत्याहुर्मनषिणः॥ यस्त्व विज्ञानवान्भवत्ययुक्तेन मनसा सदा। तस्येन्द्रियाणिवश्यानि द्रुष्टाश्वाइव सारथेः॥ यस्तु विज्ञानवान्भवति युक्तेन मनसा सदा तस्येन्द्रियाणि वस्यानि् शदश्वा इव सारथेः॥ યમરાજ નચિકેતા પ્રત્યે બોલ્યા તમો આત્માનો રથનો સ્વામી જાણો, શરીરને રથ જાણો, તથા બુધ્ધિને રથને હાકનાર સારથિ જાણો. અને મનને જ લગામ જાણો બુધ્ધિ શાળી પુરૂષો ઇન્દ્રિયને ઘોડા કહે છે અને વિષયોને ઘોડાને ચાલાવાનો માર્ગ કહે છે તેમજ શરીર ઇન્દ્રિયો અને મન આ સર્વની સાથે રહેનારો જીવાત્મા જ ભોક્તા છે એમ કહે છે. રથી વિવેકથી રહિત છે એ હેતુ માટે વશમા નહિ એવા ચંચળ મનથી હંમેશા જણાતા તેની ઇન્દ્રિયો વશમાં રહેતી નથી. જેમ અસાવધાન સારથિને દુષ્ટ ઘોડાઓ વશમા નથી તેમ વશમાં નથી. પરંતુ જે સારી બુધ્ધિવાળો વશમાં કરાયેલા મનથી જણાતો થાય છે તેની ઇન્દ્રિયો સાવધાન સારથિના ઘોડાની પેઠે વશમાં થાય છે.' (કઠ.ઉ/૧/૩/૩ થી ૬) 'तमेव विद्वान् न विभाय मृत्यो :- તે આત્માને જાણી લેવાથી મનુષ્ય મૃત્યુથી ભય પામતો નથી.' (અથર્વ/૧૦/૮/૪૪)

આ સન્દર્ભમાં મહારાજા જનકનું જીવન ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. રાજા નીમિના શરીરને મંથ કરતા જે કુમાર પ્રગટ થયો તેનું નામ 'જનક' પડયું. માતાના દેહથી ઉત્પન્ન ન થવાને કારણે 'વિદેહ' અને મન્થમથી ઉત્પન્ન થવાને

કારણે 'મૈથિલ તરીકે તેઓ સંબોધાયા. નીતિકાર દ્વારા કહેવાયેલા પ્રમાણે જનકરાજા નવ દ્વારવાળા (નવછિદ્રવાળા) ત્રણ પાયાવાળા (ત્રણગુણવાળા) પાંચ સાક્ષિઓ વાળા (પંચજ્ઞાનેન્દ્રિયવાળા) આ શરીરને તેઓ પોતાના ગુરૂયાજ્ઞવલ્યની કૃપાથી જાણતા હતા. ગુરૂકૃપાથી જનક રાજા પૂર્ણરૂપે આત્મજ્ઞાનિ થયા હતા. રાજ્યમાં રહેવા છતા તેઓનું જીવન ઋષિ જેવું હતુ. તેઓની કીર્તિની વાર્તા શુકદેવજી જેવા પરહંસે પણ સાંભળી અને પોતાના પિતા વ્યાસજીની આજ્ઞાથી તેઓ રાજર્ષિજનક પાસે શિષ્ય ભાવે ઉપસ્થિત થયા. શિષ્યની યોગ્યતા જોઇ રાજર્ષિ જનકે તેઓને આત્મા પરમાત્માના જ્ઞાનનો ઉપદેશ આપ્યો. ઘણા દિવસ પર્યન્ત શુકદેવજી મિથિલા નગરીમાં જનક રાજાના મહેલમાં નિવાસ કરી ને રહ્યા.

એક દિવસ રાત્રીના સમયે શુકદેવજીએ એક આશ્ચર્ય જનક ઘટના જોઇ. તેઓ મધ્યરાત્રીએ જળપાન કરવા માટે ઉભા થયા અને જળપાન કરી પોતાના કક્ષ તરફ જતા હતા ત્યાંજ તેઓની દૃષ્ટિ જનક રાજાના શયનકક્ષ પર પડી. શયન કક્ષમાં મહારાજા જનક પોતાની પત્ની સાથે શયન કરતા હતા. તે સમયે જનક રાજાનો એક હાથ પોતાની પત્નીના વક્ષઃ સ્થળ પર હતો અને બીજો બાથ સમીપમાં રાખેલી સગળી પર હતો અને તે હાથ અગ્નિમાં બળતો હતો. શુકદેવજી આ દૃશ્ય જોઇ આશ્ચર્ય પામ્યા અને પ્રાતઃ કાળે આ બાબતમાં તેઓએ રાજા જનકને પુછયું ત્યારે રાજા જનકે તેનો ખુલાસો કરતા જણાવ્યું 'મારી પત્નીના વક્ષઃ સ્થળ પર હાથ મુકવો અને અગ્નિ પર હાથ મૂકવો એ મારે માટે સમાન છે. કારણ કે મારા ગુરૂ યાજ્ઞ વલ્કયની કૃપાથી અમને પૂર્ણ રૂપે આત્મ જ્ઞાન પ્રાપ્ત થયું છે. જનકની વાત સાંભળી શુકદેવજી અતિ સંતોષ પામ્યા આવી જ એક ઘટના તેઓના જીવનમાં ઘટેલી જોવા મળે છે અને જે ઘટના અવલોકન કરતા એ

વાત સ્પષ્ટ થશે કે રાજર્ષિ જનક વાસ્તવમાં આત્મા અનાત્માના વિવેકને જાણતા હતા.

વાત એવી હતી કે મહારાજા જનક નિત્ય યાજ્ઞવલ્ક્યની પાસે સત્સંગ કરવા માટે આવતા હાત એક દિવસ યોગીયાજ્ઞ વલ્કયે તઓની પરિક્ષા કરતા થતા પોતાની યોગશક્તિ એવી માયા રચી કે જાણે મિથિલા નગરી ભડતે બળવા લાગી. જનકના સેવકો દોડતા દોડતા જનક રાજા પાસે આવ્યા તે સમયે જનક પોતાના ગુરૂનું પ્રવચન શ્રવણ કરતા હતા. સેવકો જનકરાજા પ્રત્યે બોલ્યા 'રાજન્! આપની મિથિલા નગરી ભળકે બળી રહી છે' સેવકોની વાત સાંભળી આત્મજ્ઞાની જનક એજ સ્થિતિમાં બેસી રહ્યા જાણે કંઇ થયું જ નથી. યાજ્ઞવલ્કયે જ્યારે જનક ને કહ્યું 'રાજન્! તમારી મિથિલા નગરી બળે છે જવું નથી.' ત્યારે રાજર્ષિ જનક બોલ્યા 'मिथिलायाम् प्रदिप्तानाम् न मे दह्याति किंच्चन- મિથિલા નગરી બળે છે એમા અમારૂ કંઇ બળતુ નથી' રાજા જનક ગુરૂ કૃપાથી એ વાત યથાર્થ રીતે જાણતા હતા કે આ મારૂ સામ્રાજ્ય આદી બળે છે એમા મારૂ કંઇ બળતુ નથી મારા આત્મા સાથે આનો કોઇ સમ્બન્ધ નથી. આમ આ ચરિત્ર પરથી એ વાત સ્પષ્ટ પણે વિદિત થાય છે કે રાજર્ષિ જનક ક્ષેત્ર ક્ષેત્રજ્ઞના સ્વરૂપને યથાર્થ પણે જાણતા હતા માટે અધાપિ તેઓની કીર્તિ એક પરમજ્ઞાનિ તરીકે ચિરંજીવી છે. (શ્લોક -૧૦૫) હવે નીતિકાર દશ પ્રકારના એવા મનુષ્યનું વર્ણન કરે છે. જે ધર્મને જાણતા નથી.

(૧૫) દશ પદાર્થનું વિવેચન

શ્લોક-૧૦૬ दश धर्मं न जानन्ति धृतराष्ट्र! निबोधतान्।

मत्त: प्रमत्त: उन्मत्त: श्रान्त: कृद्धो बुभुक्षित: ॥

શ્લોક-૧૦૭ त्वरमाणश्च लुब्धश्च भीत: काभी च ते दश।

तस्मादेते षु सर्वेषु न प्रसज्जेत पण्डित: ॥

શ્લોકાર્થ : મહારાજ ધૃતરાષ્ટ્ર! દશ પ્રકારના લોકો ધર્મના વિષયમાં જાણતા નથી. તેઓ વિશે સાંભળો (૧) નશામાં ચૂર (૨) અસાવધાન (૩) પાગલ (૪) થાકેલો (૫) ક્રોધી (૬) ક્ષુધા પિડીત (૭) ઉતાવળો (૮) લોભી (૯) ભય પામેલો (૧૦) કામી તેથી પંડિતે આમાંના કોઇની પણ સંગતિ કરવી નહિ.

ચ.ટી. : ઉપર ગણાવેલા દશ લોકોમાં વિવેકનો અભાવ હોય છે એટલે માટે તેઓ ધર્મનો વિચાર કરવામાં અસમર્થ હોય છે. ધર્મનું પાલન અને જ્ઞાન વિવેક શીલ પ્રાણી જ કરી શકે છે માટે ઉપર ગણાવેલા માનવમાં જ્ઞાનિઓએ આસક્તિ ન વધારવી હવે તેઓ વિશે સંક્ષિપ્તમાં વિચાર કરીએ.

(૧) નશામાં ચૂર :- જે મનુષ્યો મદીરા આદિક વ્યનમાં ઉન્મત્ત થઇ સ્વેર રૂપે વર્તતા હોય છે તેઓમાં ધર્મ અધર્મ, સત્ અસત્ નો વિવેક રહતો નથી. આ સમ્બન્ધમાં શ્રીમદ્ ભાગવતમાં આવતા નલ કૂબેર અને મણિગ્રીવનું ચરિત્ર દૃષ્ટાંત રૂપ છે. નલકૂબેર અને મણિગ્રીવ એ કૂબેરના પુત્ર તથા ભગવાન શંકરના અનુચરો હતા. એક સમયની વાત છે. આ બન્ને મદિરાના નશમાં ઉત્તમત્ત થઇ નગ્ન અવસ્થામાં પોતાની પ્રેયસિઓ સાથે ગંગામાં જળ ક્રીડા કરતા હતા. આમ જોવા જઇએ તો શાસ્ત્રાજ્ઞા પ્રમાણે નગ્ન સ્નાન કરવાની મનાઇ છે. પરંતુ મદિરાના નશામાં આ બન્ને જણા ઉન્મત્ત થઇ ગયા હતા તેઓને ધર્મ અધર્મનું પણ જ્ઞાન રહ્યુ ન હતુ. તેવા સમયમાં તે સ્થાન પર દેવર્ષી નારદજી પધાર્યા. નારદજીને જોઇને અપ્સરાઓએ તો ઝટપટ પોતાના વસ્ત્ર ધારણ કરી લીધા. પણ આ બન્ન મદિરના નશામાં ભાન ભૂલી ગયા હતા કે તેઓ નગ્ન અવસ્થામાં છે અને તેઓની સન્મુખ સુરાસુરવંદિત પરમ ભાગવત્ દેવર્ષિ નારદ

ઉભા છે. નારદજીના સ્વાગત સત્કારની વાતો તો એક બાજ રહી તેઓ નારદજીની સન્મુખ પણ નગ્ન અવસ્થામાં જ રહ્યા અર્થાત્ તેઓએ નારદજીની સન્મુખ વસ્ત્ર પરિધાન કરવાનું પણ વિચાર્યુ નહિ.

તેઓ બન્નેનો આ પ્રમાણેનો અવિવેક જોઇ દેવર્ષિ નારદજી તેઓ પર શાપ રૂપ અનુગ્રહ કરતા બોલ્યા 'જે દુષ્ટ શ્રીમદથી અંધ બની જાય છે તેઓના નેત્રોમાં જ્યોતિ નાખવા માટે દારિદ્ર જ સર્વોત્તમ અંજન છે. દરિદ્ર જ એ જોઇ શકે છે કે અન્ય પ્રાણીઓ પોતાના જેવા જ છે. દરિદ્ર જ અહંકાર રહિત હોય છે. તેમાં કોઇ પ્રકારનો અહંકાર હોતો નથી. દરિદ્ર હિંસા કરતો નથી. તમો બન્ને ધનપતિ લોક પાલ કુબેરના પુત્રો હવે મદોન્મત્ત હોવાથી તમોને એ પણ ખબર નથી કે અમો નગ્ન છીએ માટે તમો બન્ને સ્થાવરની યોનિમાજ જવાને યોગ્ય છે જેથી તમો પુનઃ આવા પ્રકારનો અનર્થ ન કરી શકો.'' આમ શાપ આપતા જ નલકૂબેર અને મણીગ્રીવ બન્ને યમલાર્જુન નામના વૃક્ષ થઇ ગોકુળમાં પડયા. આ પ્રમાણે મદિરાના નશામાં મદોન્મત્ત થવાથી કૂબેરના પુત્રોને ધર્માધર્મનો પણ વિવેક રહ્યો નહિ જેથી તેઓએ નારદજી જેવા સંતની મર્યાદા જળમાં નગ્ન સ્નાન કરી લોપી જેના પરિણામ સ્વરૂપે તેઓ બન્નેને નારદજીના શાપનો ભોગ બની અતિ તામસ એવી વૃક્ષની યોનિમાં દેહ ધારણ કરવો પડયો. શાસ્ત્રમાં સ્પષ્ટ પણે આજ્ઞા આપવામાં આવી છે 'न भक्ष्यं मादकं किञ्चिच्चित विभ्रम कृद्धित-જે કોઇ પદાર્થ બુધ્ધિમાં ભ્રાંતિ ઉત્પન્ન કરે તો તે પદાર્થ ભ્રક્ષણ ન કરવા'. (શિક્ષા. અર્થ. /શ્લો-૧૮) 'व्यननं मनागपि बाधते-થોડું પણ વ્યસન હાનિકારક બને છે. (ચાણક્યસૂત્ર-૨૫૩)

(૨) <u>અસાવધાન :-</u> સાધક મનુષ્યે એક ક્ષણ માટે અસાવધાન ન રહેવું કારણ કે ક્ષણ માટે પણ અસાવધાન રહેનારાને અનિષ્ટતા વહોરવાનો પ્રસંગ

આવે છે. આ સમ્બન્ધમાં જગત સૃષ્ટા બ્રહ્માજીના જીવનનું એક ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. જેઓ ક્ષણવાર માટે અસાવધાન થયા તો ધર્માધર્મના વિવેકથી શૂન્ય થઇ ગયા. વાત એવી હતી કે એક સમયે કામદેવે બ્રહ્માજી પર પોતાનું સંમોહન બાણ ચલાવ્યું જેથી બ્રહ્માજી વિચલિત થઇ ગયા અને પોતાની પુત્રી સરસ્વતીનું રૂપ જોઇ તેના પર મોહીત થઇ તેની સાથે સમાગમ કરવા માટે દોડયા પોતાના પિતાને સમાગમ કરવા આવતા જોઇ સરસ્વતીજી હરણીનું રૂપ ધારણ કરી પલાયન થઇ ગયા. એટલે બહ્માજી પણ હરણનું રૂપ ધારણ કરી તેને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી તેની પાછળ દોડયા.

આ પ્રમાણે પોતાની પુત્રીને જ પામવાની ઇચ્છાથી બ્રહ્માજીને આમ હરણનું રૂપ લઇને દોડતા જોઇને તેઓના પુત્રોએ તેમને ઠપકો આપ્યો. જેથી બ્રહ્માજીને પોતાના આ કૃત્ય પર ઘણી લજ્જા આવી અને તેઓએ પોતાના દેહનો ત્યાગ કર્યો. આ પ્રમાણે બ્રહ્માજી થોડા સમય માટે અસાવધાન રહ્યા તો જેના થકી જેનો જન્મ થયો છે એવી પોતાની પુત્રી સરસ્વતી સાથે જ લજ્જા છોડી મૈથુનમાં પ્રવૃત્ત થવા ગયા માટે સાધકે હંમેશા વિચાર દ્વારા પોતાની ઇન્દ્રિયોને વિષય થકી પરિવર્તિત કરી પોતાની અંદર રહેલા આત્મા અને પરમાત્મામા સ્થિર કરવી. જો આમ ન કરે તો પોતાની ઇન્દ્રિયોને જગત સમ્બન્ધિ પંચ વિષયમાં છૂટી મૂકી દેવામાં આવે તો તે સાધક ધર્માધર્મના વિવેકથી શૂન્ય થઇ જશે. જેમ બ્રહ્માજી થોડો સમય પણ અસાવધાન રહ્યા તો પોતાની પુત્રીનું મુખ નિરખવાથી તેના સૌદર્યથી આકૃષ્ટ થઇ ધર્માધર્મના વિવેકથી શૂન્ય થઇ તેની સાથે સમાગમ કરવા દોડયા. માટે સાધવે ક્યારેય પણ અસાવધાન ન રહેવું. ભગવાન સ્વામિનારાયણ કહે છે. ''શિવબ્રહ્માના જેવા કોઇ સમર્થ નહિ એતો નારદ જેવાના પણ ગુરૂ છે અને જેવા બ્રહ્મસ્વરૂપે વર્તે છે તેવું તો બીજાને વર્તવું કઠણ છે તો પણ દેશકાળ,

ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને ધ્યાન એ આઠ જો ભુંડા થયા તો તેને યોગે કરીને એ શિવબ્રહ્મા જેવાને પણ અંતમાં અતિશય દુઃખ થયું માટે ગમે તેવો નિર્ગુણ હોય ન આત્મ સત્તાએ રહેતો હોય ને જો તેને ભુંડા દેશ કાળાદિકનો યોગ થાય તો તેને જરૂર અંતરમાં દુઃખ થાય માટે મોટા પુરૂષની બાંધેલી મર્યાદા ને લોપીને કોઇ સુખી થતો નથી.'' (વ.મૃ.ત.ગ.મ. ૫૧)

(૩) પાગલ :- જે માનવ ઉન્મત્ત થઇ ગયો હોય તે પણ ધર્માધર્મને જાણતો નથી. જેમ કે નાભીના પુત્ર ઋષભદેવજી પોતાના જયેષ્ઠ પુત્ર ભરતને તથા બીજા પોતાના પુત્રોને સમસ્ત ભૂમંડળના રાજ્ય પર અભિષેક કરી સ્વયમ્ અવધૂતનો વેશ ધારણ કરી રાજ્ય તથા સ્ત્રી પુત્રાદિકરનો ત્યાગ કરી નિવૃત્તીમાર્ગના પરમહંસોને તેમનો ધર્મ શિખવાડવા દિગંબર તથા અસંગ થઇ ધરાતલ પર વિચરવા લાગ્યા. તેઓએ પોતાનો વેશ ઉન્મત્તેના જેવો બનાવી દીધો. તેઓ હંમેશા મૌન રહેતા કોઇની સાથે વાત કરતા ન હતા અને જ્યાં ત્યાં વિચરણ કરતા રહેતા હતા. કોઇ તેમનું તાડન કરે, અપશબ્દ બોલે છતા પણ તેઓ તેનો કંઇ પ્રત્યુત્તર આપતા ન હતા. તેઓ પૂર્ણ રીતે દેહ પ્રત્યેની અહં મમતાથી મુક્ત થઇ ગયા હતા. તેઓનું મૂખ મંડળ પર હંમેશા પ્રસન્નતા છવાયેલી રહેતી પણ શરીર હંમેશા ધૂળથી આચ્છાદિત રહેતુ હતું. જ્યારે ઋષભદેવજીએ વિચાર્યું કે લોક સમ્પર્કનો યોગ પોતાની સાધનાના માર્ગમાં બાધ છે એટલે તેઓએ અજગર વૃત્તિ અપનાવી લીધી. તેઓ સુતા સુતા જ આહાર ગ્રહણ કરતા તથા મળ મૂત્રનો ત્યાગ પણ સૂતા સૂતા કરતા અને પોતના મળમાજ તેઓ આળોતા હતા. આમ ઋષભદેવ ભગવાનની સ્થિતિ ઉન્મત્ત -પાગલના જેવી હતી. તેઓની ક્રિયા આમ જોવા જઇએ તો વેદની મર્યાદાથી વિરુધ્ધ હતી. પણ તેઓ એવી સ્થિતિ પર વર્તતા હતા કે ત્યાં તેઓને ધર્મ અધર્મનો કોઇ સંબંધ જ ન હતો. તેઓએ જે

ક્રિયા કરી તેનું આચરણ જ્ઞાનિઓએ ક્યારેય ન કરવું. કારણ કે સમર્થ પુરૂષો વેદની મર્યાદાથી ઉપરવત્ જઇને વર્તે છતા તેઓને તેઓ દોષ સ્પર્શ કરી શકતો નથી. 'तेजीयसां न दोषाय वह्नेः सर्वभुजोयया। અતિ તેજસ્વીજનોને ધર્મનું ઉલ્લંઘન કરવા રૂપ પાપ એ દોષાવહ બનતું નથી, જેમ સર્વનું ભક્ષણ કરનારા અગ્નિને દોષ લાગતો નથી. (ભાગ-૧૦/૩૩/૩૦) ગોસ્વામીજી પણ કહે છે 'સમરથકો નહિ દોષ ગોસાઇ, રવિપાવક સુરસરિ કી નાઇ' (રામ ચરિત માનસ) પરંતુ તેઓના આચરણ પ્રમાણે સાધરણ મનુષ્ય જો આચરણ કરે તો તે મનુષ્યનું અવશ્ય પોતાના માર્ગ થકી પતન થાય છે.

(૪) <u>થાકેલો :-</u> કોઇ કાર્યથી અતિ શ્રમિત થએલો મનુષ્ય પણ કાર્યાકાર્યના વિવેકથી શૂન્ય હોય છે આ પ્રકારનો માનવ ન કરવાનું કાર્ય પણ કરી બેસે. આ સંબંધમાં પરિક્ષિત મહારાજનું ચરિત્ર એ દૃષ્ટાંત રૂપ છે. એક સમયે પરીક્ષિત મહારાજ વનમાં શિકાર કરવા માટે પધારેલા. વનમાં મૃગની પાછળ દોડતા તેઓ ખૂબ થાકી ગયા તેઓ ક્ષુધા પિપ્રાસાથી પણ અતી કષ્ટ પામતા હતા અને આવી અવસ્થામાં તેઓ શમીક ઋષિના આશ્રમમાં આવ્યા તે સમયે મહર્ષિ સમાધિમાં સ્થિત હતા. તેમને બાહાર ભિતરનું કોઇ જ્ઞાન હતુ. એવા સમયમાં પરીક્ષિત આશ્રમમાં આવ્યા અને ઋષિપાસે તેઓએ જળની ચાયના કરી પરંતુ ઋષિ સમાધિમાં હતા એટલે તેઓએ પરીક્ષિતનો કોઇ આદર સત્કાર ન કર્યો. રાજાનો ઋષિના આ પ્રમાણેના વ્યવહારમાં પોતાનો આનાદર જણાયો તેઓ થાકેલા તો હતા અને ક્ષુધા પિયાસાએ તેઓની વિવેક શક્તિ હરી લીધી એટલે તેઓને ધર્માધર્મની સૂઝ રહી નહી. તેઓએ ઋષિની સમિપમાં જ એક મૃત સર્પ પહેલો હતો જોયો તેને ધનુષની નોકથી ઉઠાવી ઋષિના ગળામાં મૂકી દીધો અને ત્યાંથી તેઓ પોતાના રાજ્ય હસ્તિનાપુરમાં આવ્યા આતરફ સમિક ઋષિના પુત્ર

શ્રૃંગીઋષિને કોઇકે રાજાની આ કરતુતની જાણ કરી. એટલે શ્રૃંગીઋષિ એ ક્રોધાયમાન થઇને પરીક્ષિત ને શાપ આફતા કહ્યું 'જે રાજાએ મારા નિર્દોષ પિતાના કંઠમાં સર્પ આરોપણ કરેલો છે તે રાજાનું આજથી સાતમાં દિવસે તક્ષકનાગના કરડવાથી મૃત્યુ થશે' અને એમ જ થયું સાતમાં દિવસે મહારાજ પરીક્ષિતનું સર્પના કરડવાથી મૃત્યુ થયું.

૫) <u>ક્રોધી :-</u> જે મનુષ્ય ક્રોધના આવેશથી આવૃત્ત હોય છે તે મનુષ્યમાં ઉચિત અનુચિતનો વિવેક રહેતો નથી. આવો માનવ ન કરવા યોગ્ય કાર્યપણ કરી દે છે અને પછી તે કાર્ય બદલ પશ્ચાતાપ કરે છે. આ સમ્બન્ધમાં રાવણના જીવનું એક ચરિત્ર અવલોકન કરવા જેવું છે. વાલ્મિકી રામાયણ ઉત્તરકાંડમાં એક પ્રસંગ આવે છે. એ સમયે લંકાધિ પતિ રાક્ષસરાજ રાવણે પાતાળ લોક પર હુમલો કર્યો અને ત્યાં નિવાસ કરીને રહેતા 'કાલકય'નામના દૈત્યોનો વધ કરી દીધો. આ કાલકેય નામના દૈત્યોમાં રાવણનો બનેવી અને સૂપર્ણખાનો પતિ પણ હતો તેને પણ રાવણે કાળના મુખમાં હોમી દીધો. પતિના મૃત્યુના સમાચાર મળતા સુર્પણખા ભાઇ રાવણ પાસે આવી અને હૈયાફાત રૂદન કરતા થકા રાવણને ઉગ્રભાષમાં થપકો આપતા બોલી 'રાવણ તુ મારો સગો ભાઇ હોવા છતા તે પોતાના વરદ હસ્તે પોતાની બહેનને જ વિધવા બનાવી દીધી. મારો પતિ તો તારો બનેવી હતો, શું તારે તારા બનેવીની પણ રક્ષા ન કરવી જોઇએ? શું તેને મારવો ઉચિત હતો?' ત્યારે રાવણે તેને શાન્ત્વના આપતા કહ્યું 'બહેન! હવે તુ રડવાનું બંધ કર અમો દાન, માન અને અનુગ્રહ દ્વારા તને સંતોષ રાખવાનો પ્રયાસ કરીશ. બહેન જે સમયે કાલકેય દૈત્યો સાથે મારૂ યુધ્ધ ચાલતુ હતુ તે સમયે હું ક્રોધમાં ઉન્મત્ત થઇ ગયો હતો. મારૂ ચિત્ત ઠેકાણે ન હતુ. અમારૂ લક્ષ્ય એટલુ જ હતુ કે મારે કાલકેય દૈત્યો પર વિજય પ્રાપ્ત કરવો. રણમેદાનમાં યુધ્ધ

દરમ્યાન અમને પોતાનું કે પારકાનું જ્ઞાન જ ન રહ્યું. અમો રણોન્મદ થઇને પ્રહાર કરતા હતા એટલે એ સમયે અમો તારા પતિને પણ ઓળખી ન શક્યા અને એજ કારણથી યુધ્ધમાં અમારી સન્મુખ તારા પતિ આવ્યા તો તેને પણ અમો ઓળખી ન શક્યા અને ક્રોધના આવેશમાં અમારા હાથે તેનો વધ થયો.' આમ ક્રોધના આવેશથી રાવણે પોતાના બનેવીને જ મારી પોતાની દીકરી સમાન બહેનને વિધવા બનાવી દીધી. (વા.રા.ઉત્તર/-૨૪)

(૬) <u>ક્ષુધાપિડીત :-</u> ક્ષુધા પિયાસાના કષ્ટથી પિડા પામેલા માનવમાં પણ સત્ અસત્નો વિવેક રહેતો નથી. આવા મનુષ્યના મનમાં તે સમયે એક જ વિચાર હોય છે કે 'કેમેય કરીને મારી જઠારાગ્નિને તૃપ્ત કરૂ' અને તેવા વિચારમાં તેને ધર્મા ધર્મનો વિવેક પણ રહેતો નથી. આ સન્દર્ભમાં આનંદ રામાયણમાં એક કથા આવે છે ત કથા અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે - એક સમયે ભગવાન શ્રીરામ સભા કરીને બેઠા હતા તેવામાં દ્વાર પર એક શ્વાનનો રડવાનો સ્વરશ્રી રામના કાનમાં પડયો. શ્વાનનું રૂદન સાંભળી શ્રીરામે લક્ષ્મણજીને જોવા માટે મોકલ્યા લક્ષ્મણજી દ્વાર પર આવ્યા અને તેઓએ જોયુ તો એક કૂતરો રડતો હતો. લક્ષ્મણજી એ તેને દૂર ભગાવી દીધો. બીજા દિવસે પણ રામ સભા ભરી બિરાજમાન હતા ત્યાં પુનઃ શ્રીરામને શ્વાનના રૂડનનો ધ્વનિ સંભળાયો એટલે પ્રભુએ લક્ષ્મણજીને જોવા મોકલ્યા. લક્ષ્મણજીએ આવીને જોયું તો એજ કૂતરો દ્વાર પર રૂદન કરી રહ્યો હતો. લક્ષ્મણજીએ પુનઃ તેને ભગાડી મૂકયો. ત્રીજે દિવસે પુનઃ શ્રીરામ દરબાર ભરીને બેઠા હતા ત્યાં પુનઃ શ્રીરામના કર્ણમાં શ્વાનના રૂદનનો ધ્વનિ સંભળાયો એટલે તેઓ લક્ષ્મણજી પ્રત્યે બોલ્યા 'લક્ષ્મણ! જે પણ કોઇ રૂદન કરતું હોય તેને શીઘ્ર લઇને અહીં આવો.' પ્રભુની આજ્ઞા થતા લક્ષ્મણજી દ્વાર પર ગયા અને તેઓ પેલા શ્વાનને

લઇને દરબારમાં આવ્યા. એટલે સર્વજ્ઞ ભગવાન શ્રીરામ શ્વાન પ્રત્યે બોલ્યા 'શ્વાન તુ રૂડન કેમ કરે છે? તને ક્યું કષ્ટ પડયુ છે જેથી તુ આમ રૂડન કરે છે? તને જે પણ કંઇ કષ્ટ હોય તે કહે અમો ઇચ્છિએ છીએ કે અમારા રાજ્યમાં કોઇને પણ કષ્ટ ન પડે બધા જ સુખ શાંતિથી રહે.'

આ પ્રમાણે પ્રભુની વાત સાંભળી કૂતરો ભગવાન શ્રીરામને પ્રણામ કરી હર્ષિત થઇ તેમના પ્રત્યે બોલ્યો 'હે દયાનિધિ! મારા દ્વારા કોઇ અપરાધ થયો ન હોવા છતાં એક સંન્યાસિ દ્વારા હું પથ્થરથી તાકિત થયો અને મારો પગ ક્ષતિગ્રસ્ત થયો એટલે આ દુ:ખથી દુ:ખી થઇ અમો રૂદન કરીએ છીએ.' શ્વાનની વાત સાંભળી શ્રીરામે પોતાના સેવકોને મોકલી શ્વાને કહેલા સંન્યાસિને બોલાવી મંગાવ્યો. સંન્યાસિ આવ્યો એટલે શ્રીરામે તેને પ્રણામ કરી પુછ્યુ 'સ્વામી, આ શ્વાને એવો તે કયો અપરાધ કર્યો કે તમોએ તેનો પગ ક્ષતિગ્રસ્ત કર્યો.' પ્રભુની વાત સાંભળી સંન્યાસિ બોલ્યો 'રાજન્! અમો ભિક્ષાન્ન લઇને જતા ત્યારે આ શ્વાને મારા ભિક્ષાન્નનો સ્પર્શ કર્યો. તે સમય મધ્યાહનનો હતો અને અમો ક્ષુધાથી અતિ કષ્ટ પામતા હતા. આપ શાસ્ત્રને જાણો છો ભિક્ષાન્નને પશુમાં અધમ એવો શ્વાન સ્પર્શ કરે તો તે બધુ અન્ન ફેકી દેવું પડે. એકતો આમેય અમો ક્ષુધાથી પિડાતા હતા અને વધારામાં કૂતરાએ અમારા અન્નને અભડાવી દીધુ એટલે ક્ષુધાના કષ્ટથી અમો વિવેક ખોઇ બેઠા અને પથ્થર લઇ શ્વાન ને માર્યો જેથી તેનો પગ ક્ષતિગ્રસ્ત થઇ ગયો.''

યતિની વાત સાંભળી ભગવાન શ્રીરામ બોલ્યા ''સ્વામી! આ શ્વાન તો એક જ્ઞાન વિહિન પશુ છે. એણે તો પોતાનો ભક્ષપદાર્થ જોઇને તમારા અન્નના પાત્રનો સ્પર્શ કરેલો તો આમા તો અમો કોઇ દોષ જોતા નથી. આ તો શ્વાનની સ્વાભાવિક પ્રકૃતિ છે એટલે આપ જ આના અપરાધિ છો.'' આ પ્રમાણે કહી

શ્રીરામ શ્વાન પ્રત્યે બોલ્યા 'શ્વાન! આ સન્યાસિ તારો અપરાધી છે અમો તને અધિકાર આપીએ છીએ તુ આને ઉચિત દંડ આપ.' શ્રીરામના વચન શ્રવણ કરી શ્વાન શ્રીરામ પ્રત્યે બોલ્યો 'પ્રભુ! આને કોઇ શિવાલયનો મહંત બનાવી દો' રામે શ્વાનની વાત સાંભલી સંન્યાસિને સુદર વસ્ત્ર ચંદન પુષ્પાહાર થી સુશોભિત કરી પાલખિમાં બિરાજમાન કરી અયોધ્યમાં આવેલા એક શિવાલયનો મહંત બનાવી દીધો. યતિનો આમાં પોતાનો ભાગ્યોદય માનવા લાગ્યો અને ત્યાંથી વિદાય થયો.

તદન્તર સભામાં બેઠેલા મંત્રીઓ તો શ્વાનના આ ન્યાયથી આશ્ચર્યમાં પડી ગયા અને તે સમયે શ્રીરામ પ્રત્યે બોલ્યા કે 'પ્રભુ! શ્વાને આવો ન્યાય કેમ આપ્યો?' ત્યારે શ્રીરામ બોલ્યા કે 'આનું કારણ તમો જ શ્વાનને પુછો.' ત્યારે શ્વાન બધા પ્રત્યે બોલ્યો 'कृषिसज्जात धान्यौ धखलसम्मानकारिणः। शिवालयमठाशमदान ग्रामधिकारिणः॥ अनाथ स्त्री बाल वित्त हारिणः क्रूरनिः स्वानाः। गोविप्र शिववित्तस्य हरिणोऽन्याय कारिणः॥ नृपगेहेप्रविष्टानां याचकानां निवारणः। परद्रव्यापहर्त्तारः प्रायश्चित्ताधिकारिणः। विप्रभोजनद्रव्यस्य होम द्रव्यस्यहारिणः। बहुद्रव्याप हर्तारश्चैते सर्वेऽन्यजन्मनि॥ ખેતરમાં ઉત્પન્ન અન્ન રાખવાવાળા, શિવાલય, મઠ, બગીચો દાન ગ્રામ આ સ્થાનનો અધિપતિ, અનાથ સ્ત્રી, અનાથ બાળકોના ધનને અપહરણ કરવામાં અપશબ્દ (ગાળ) બોલનાર, ગાય બ્રાહ્મણ અને શિવ માટે અર્પેલા ધનને હરણ કરનાર, અન્યાય કરનાર, રાજાના ગૃહ પ્રત્યે આવેલા યાચકને પલાયન કરનાર, પ્રાયશ્ચિત કરેલા ધનને ગ્રહણ કરનાર, બ્રહ્મ ભોજન માટે સંગ્રહ કરાયેલી સામગ્રી ચોરનાર, અધર્મ પૂર્વક ધન ભેગુ કરનાર આ બધા દેહ ત્યાગ કરી બીજા જન્મમાં શ્વાનની યોનિને પામે છે.' આ પ્રમાણે અમારા દ્વારા કહેવાયેલી આ વાત સત્ય છે કારણ કે અમો પણ પૂર્વ જન્મમાં એક મઠના અધિપતિ હતા અને ત્યાં અનીતિથી ધન ગ્રહણ કરવાના ફળ રૂપે મારે આ

જન્મમાં શ્વાનની યોનિમાં આવવું પડયુ. અત્યારે મારો અપરાધ કરનારાને મઠનો અધિપતિ બનાવ્યો તે પણ ત્યાં અનિતિ કરશે અને જન્મમાન્તરમાં તે પણ શ્વાનની યોનિને પ્રાપ્ત થશે. અને થયું પણ એવું જ પેલો મઠના અધિપતિ બનેલો તે પણ અધર્મથી ધન એકઠું કરવાના ફળરૂપે બીજા જન્મમાં શ્વાનની યોનિ પામતો હતો અને પેલો શ્વાન તે અંતે અયોધ્યામાં દેહ ત્યાગ કરી શ્રીરામની કૃપાથી તેમના ધામનો અધિકારી બનતો હતો. (આનંદ રામાયણ/રાજ્યકાંડ/પૂર્વાધ/સર્ગ-૧૦) આમ ક્ષુધાતુર સંન્યાસિ પોતાની ક્ષુધાના કષ્ટથી વ્યથિથ થઇ કૂતરાનો અપરાધ કરી બેઠો જેના ફળરૂપે તેને બીજા જન્મમાં શ્વાન થવું પડયું. આચાર્ય ચાણકણ પણ કહે છે 'नास्त्यभक्ष्यं क्षुधित्तस्य- ક્ષુધાતુરમાટે કોઇ વસ્તુ અભક્ષ્ય નથી તે ધર્માધર્મનો વિચાર કરતો નથી.' (ચા.સૂ. ૨૭૯)

(૭) <u>ઉતાવળો :-</u> કોઇપણ કાર્યમાં ઉતાવળ કરનાર ધર્માધર્મના વિચારથી રહિત હોય છે. આ સન્દર્ભમાં બલિરાજનાં પુત્ર 'મન્દગતિ' નું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. મન્દગતિ સમસ્ત શસ્ત્ર ધારિઓમાં શ્રેષ્ઠ હતો. તથા તેનામાં એક લાખ હાથીનું બળ હતુ એક દિવસ ભગવાન શ્રીરંગની યાત્રા કરવા માટે તે ઘરેથી નીકળ્યો અને લોકોના સમુહમાં જોડાઇ ગયો. મન્દગતિ ઉન્મત્ત થયો હોય હાથિની જેમ ઉતાવળી ગતિએ લોકોને કચરડો આગળ વધતો હતો. માર્ગમાં ઉતાવળી ગતિથી ચાલતા તેની ભુજાની ઠપાતથી વૃધ્ધ 'ત્રિત' નામના મુનિ પડી ગયા. આ પ્રમાણે મન્દગતિની ઠપાતથી પડી ગયેલા ત્રિત મુનિ ક્રોધાઇમાન થઇ ગયા અને તેને શાપ આપતા થકા બોલ્યા 'મન્દગતિ! તુ રંગનાથની યાત્રામાં આમ મર્યાદાનું ઉલ્લંઘન કરતો લોકોને તારા પાદતળે ક્ષતિગ્રસ્ત કરતો જાય છે, માટે તુ તો હાથીની યોનિમાં જવાને લાયક છે માટે જા હાથી થઇ જા.' આમ શાપ

આપતા મન્દગતિ 'કુવલયાપિડ' નામનો હાથી થય ગયો. જેનો ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા મથુરામાં કંસના અખાડામાં પ્રવેશતા ઉધ્ધાર કરાયો હતો. (ગર્ગસંહિતા/મથુરાખંડ/અ.૧૧) આમ અતિશય ઉતાવળી ગતિએ ચાલતા મન્દગતિ જો વિવેક ભૂલ્યો તો તેણે ઋષિના શાપના ભાગી થવું પડયુ.

(૮) <u>લોભી :-</u> 'लोभः नाशस्य कारणम्- લોભ જ વિનાશનું કારણ છે.' લોભરૂપી દુર્ગુણ એ બધા દુર્ગુઓમાં પ્રધાન છે. અર્થમાં આશક્ત થએલો માનવ નીમ્નમાં નીમ્ન પ્રવૃત્તિ કરતા પણ સંકોચ પામતો નથી. આ સંદર્ભમાં વાલ્મિકી રામાયણમાં આવતા વશિષ્ટ ઋષિના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એી હતી કે વૈવસ્વત મનુનો નિમિ નામનો એક આત્માઅનાત્મના વિવેકથી સંપન્ન પુત્ર હતો. એક દિવસ તેણે યજ્ઞ કરવા માટે પોતાના કુળગુરૂ વશિષ્ટજીને ઋત્વિજ તરીકે વર્યા. વરણ કરેલા વશિષ્ટ મુનિએ તેને 'તથાસ્તુ' કહી નિમિને યજ્ઞ સામગ્રી સંપાદન કરવામાટે કહ્યુ અને પછી તેના પ્રત્યે બોલ્યા 'રાજન્! તમારા યજ્ઞનો પ્રારંભ પૂર્વે જ ઇન્દ્ર દેવે અમારૂ યજ્ઞ કરવા માટે વરણ કરેલુ છે તો પ્રથમ અમો ઇન્દ્રનો યજ્ઞ કરાવી તે પછી તમારો યજ્ઞ કરાવશુ માટે તમો થોડ સમય અમારી રાહ જઓ.' એમ કહી વશિષ્ટ મુનિ ઇન્દ્ર દેવનો યજ્ઞ કરાવવા તેઓના લોકમાં ગયા. આ તરફ રાજા નિમિ એ દેહને ક્ષણ ભંગુર માની ધર્મમાં ત્વરાને લીધે બીજા વરણ કરેલા ગૌતમ આદી વિપ્રો પાસે ઉત્તમ યજ્ઞ કરાવવાનો પ્રારંભ કર્યો. એટલાકમાં વશિષ્ટ ઋષિ ઇન્દ્રનો યજ્ઞ કરાવી પાછા આવ્યા અને જોયુ તો પોતાનો શિષ્ય નિમિ અન્ય ઋત્વિજોનું વરણ કરી યજ્ઞ કરાવી રહ્યો છે એ જોય ધનના લોભને લઇને તેઓ કુપિત થઇ ગયા અને નિમિ પ્રત્યે બોલ્યા, 'પંડિત પણાના અભિમાનવાળા તારો દેહ આજ ક્ષણમાં પડી જાવ.' આ પ્રમાણે શાપ આપી વિરામ પામેલા. નિમિ પણ કુપિત થઇ ગયા અને ગુરૂને

શાપ આપતા બોલ્યા 'ગુરૂદેવ! તમોએ લોભને લઇ ધર્મતત્વને વિસ્મૃત કરી અકારણ અમોને શાપ આપ્યો માટે તમારો દેહ પણ હમણા જ પડી જાવ.'

આ પ્રમાણે બન્ને જણા પરસ્પર શાપ આપી મૃત્યુ પામ્યા તે સમયે નિમિરાજાના યજ્ઞમાં ઋત્વિજ પણે વરેલા ગૌતમ આદિ વિપ્રો એ યજ્ઞમાં આવાહન કરેલા દેવતાઓને પ્રાર્થના કરતા દેવોના પ્રસાદથી નિમિ રાજા જીવિત થયા પરંતુ તેઓને પોતાના દેહમાં અરૂચિ હોવાથી વિદેહ થઇને દવોના અનુગ્રહથી જનોના નેત્રમાં ઉન્મેષ નિમેષના પ્રવર્તક પણે રહ્યા. અને વશિષ્ટમુનિ તો નિમિરાજાના શાપના કારણે મિત્ર વરૂણના વીર્યના નિમિત્ત ભૂત ઉર્વશી વેશ્યાના પુત્ર ભાવને પામીને 'વેશ્યાસુત' પણે વિખ્યાત પામ્યા. આ રીતે સૂર્યવંશના આચાર્ય તથા સ્વાયંભૂ બ્રહ્માજીના પુત્ર વશિષ્ટજી લોભવશતા પરાભવને પામ્યા હતા. આમ જેના ચિત્ત પર લોભ રૂપી અંતઃ શત્રૂએ અધિકાર કરી લીધો છે તે ધર્માધર્મ જોતો નથી. જેમ વશિષ્ટજી જેવા ધર્માગ્રેસર હોય ધર્મનું સૂક્ષ્મ તત્ત્વ જાણનારા હતા જેઓએ પણ જાણતા હતા કે 'દેહ ક્ષણ ભંગુર છે એટલે ધર્મ સંબન્ધિ કાર્ય તત્કાળ કરવું છતા નિમિરાજાને મૂકી તેઓ ઇન્દ્રનો યજ્ઞ કરાવવા માટે ગયા અને નિમિરાજાએ યજ્ઞ કરવા બીજા ઋત્વિજોનું વરણ કર્યુ ત્યારે તેઓએ નિમિરાજાને શાપ આપ્યો અને નિમિરાજાએ તેઓને શાપ આપ્યો અને જેને લઇ તેઓએ પોતાના દેહનો ત્યાગ કરવો પડયો અને તેઓ મિત્ર વરૂણના ઘરે ઉર્વશિ થકી પ્રગટ થઇ વેશ્યાસુત કહેવાયા (વા. રામાયણ/ઉત્તરકાંડ)

(૯) <u>ભય પામેલો :-</u> અતિશય ભય પામેલો માનવ કાર્ય અકાર્ય, સત્ય અસત્યના વિવેકથી રહિત હોય છે જેમ દેવકી તથા વસુદેવના લગ્ન થયા બાદ વિદાયના પ્રસંગે ભોજરાજ કંસ સ્વયમ તેઓના રથની રાશ હાથમાં લઇ તેઓને વળાવવા માટે જતો હતો ત્યારે માર્ગમાં આકાશવાળી તેને સંબોધિને કહેવા લાગી

'જે દેવકીને તું વળાવવા માટે જઇ રહ્યો છે તેજ દેવકીનો આઠમો ગર્ભ તારો નાશ કરશે' આકાશવાણી સાંભળી કંસે ખડગ કાઢી દેવકીનો વધ કરવા તત્પર થયો. પરંતુ તે સમયે વસુદેવજીએ સામ નીતિથી કામ લઇ તેને તે કાર્યથી અટકાવ્યો અને તેને વચન આપ્યુ કે 'આ દેવકી થકી જે પણ કોઇ સતાન પ્રગટ થશે એ બધી જ અમો તને સુપ્રત કરી દઇશું.' કંસને વસુદેવજીની સત્ય નિષ્ઠા પર પૂર્ણ વિશ્વાસ હતો એટલે તે દેવકીને મારતા અટકયો.

તદન્તર જે દિવસથી આકાશવાણીએ કહ્યુ હતુ કે, ' હે કંસ દેવકીનો આઠમો સંતાન તારો વધ કરશે' તે દિવસથી કંસ એટલે ભયભીત થઇ ગયો હતો કે તેને અખડ એવો જ ભાસ થતો હતો કે કાળ સ્વરૂપ ભગવાન વિષ્ણુ મારો વધ કરવા મારી સન્મુખ જ ઉપસ્થિત છે. તેને લઇ તે સુખ પૂર્વક ન તો નિદ્રા લઇ શકતો હતો કે ન ભોજન કરી શકતો હતો. આ તરફ દેવજીના ગર્ભ થકી જેમ જેમ સંતાનો પ્રગટ થતા ગયા તેમ તેમ કંસ તેનો વધ કરતો ગયો. કંસ જાણતો હતો કે જન્મ થયેલા બાળકો મારા ભાણેજ-દોહિત્ર છે અને તેનો વધ કરવો અધર્મ છે છતા તેણે દેવકીના છ સંતાનોનો ભયવસાત વધ કરી દીધો. આ પ્રમાણે ભય પામેલો કંસ ધર્માધર્મથી શૂન્ય થઇ જવાથી પોતાના જ દોહિત્રના વધ પરાયણ થયો.

(૧૦) <u>કામી :-</u> જે માનવના મન પર કામ સવાર થઇ ગયો હોય તે પોતાની કામના પૂર્તિ અર્થે નિમ્નમા નિમ્ન ક્રિયા કરવા માટે પણ તત્પર થઇ જાય છે આ સન્દર્ભમાં દક્ષપુત્રી અને કશ્યપની જયેષ્ઠ ભાર્યા દિતિજીના જીવનનો એક પ્રસંગ અવલોન કરવા યોગ્ય છે. એક સમયની વાત હતી સન્ધ્યાનો સમય હતો અને કામથી અતિશય વ્યથિત થયેલી દિતિ મહર્ષિ કશ્યપ પાસે આવી. તે સમયે કશ્યપ ઋષિસાયંકાળના નિત્ય નિયમ કરતા હતા. દિતિ ત્યાં જઇ મહર્ષિ કશ્યપ પ્રત્યે

બોલી. 'હે પ્રભુ! અત્યારે કામદેવે મને પોતાને આધિન કરી દીધી છે, મારી સૌતોની સમૃધ્ધિને જોઇને હુ મનોમન અત્યંત દુઃખી થાવ છ. તેઓને અનેક સંતાન છે. માટે આપ અમારા પર કૃપા કરો કારણ કે આપ જેવા તેજસ્વિ પુરૂષની સમિપમાં આવવું એ ક્યારેય વ્યર્થ જતુ નથી.'

તે સમયે કશ્યપ ઋષિ જાણી ગયા કે મારી પત્ની દિતિનું મન કામદેવે વશ કરી લીધુ છે. તેઓએ દિતિને અનેકો પ્રકારે સમજાવવાનો પ્રયાસ કર્યો કે 'અત્યારે સંધ્યા સમય છે અને ગગનતળમાં અનેકો નિશાચરોનો વિચરણનો સમય છે માટે થોડો સમય રાહ જઓ.' પરંતુ કશ્યપ ઋષિના સમજાવવા જતા કામ જેના પર આરૂઘ થઇ ગયેલો છે એવી દિતિ માન્યા નહિ અને નિર્લજ્જ થઇ વેશ્યાની જેમ કશ્યપજીના અધો વસ્ત્રને પકડી લીધુ એટલે કશ્યપજી આને વિધાતાનું પરમ વિધાન જાણી દિતિને લઇ એકાંતમાં ગયા અને તેની સાથે સમાગમ કર્યો. આમ સંધ્યાવેલામાં દિતિ સહવાસમાં પ્રવૃત્ત થયા જેના ફળ રૂપે તેના ગર્ભમાં બે અસુરો હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષે પ્રવેશ કર્યો અને સમય જતા તેઓ પ્રગટ થયા અને સમસ્ત જગતને કષ્ટ પહોંચાડવા લાગ્યા. (ભાવ-૩/૧૪) આમ અહી કામથી ગ્રસ્ત થયેલી દિતિ જે વિદુષિ હોવા છતા ધર્માધર્મના વિવેકથી શૂન્ય થઇ જવાથી ન કરવા યોગ્યમાં પણ પ્રવૃત્ત થઇ. માટે નીતિકાર અહીં સ્પષ્ટ રીતે આ દશનો સંગ કરવાની મનાઇ કરે છે. કારણ કે આવા લોકોનો સંગ કરવાથી માનવનું અવશ્ય પતન થાય છે. માટે પોતાનું પરમહિત ઇચ્છનારા મનુષ્યે આવા ધર્માધર્મ વિવેક શૂન્યોનો સંગ કયારેય પણ ન જ કરવો. (શ્લોક-૧૦૭) હવે નીતિકાર અસુર રાજાએ પોતાના પુત્રને આપેલ ઉપદેશનું વર્ણન કરે છે -

(૧૬) સુધન્વાએ પુત્રોને આપેલો ઉપદેશ

શ્લોક-૧૦૮ अत्रैवादाहरन्तीममितिहासं पुरातनम्।

पुत्रार्थमसुरेन्द्रेण गीर्त चैव सुधन्वना॥

શ્લોકાર્થ : આ વિષયમાં અસુરરાજા સુધન્વના એ પોતાના પુત્રને જે પ્રાચિન ઇતિહાસ કહ્યો છે, તેઆ પ્રમાણે છે.

ચ.ટી. : ઇતિહાસ તથા પુરાણ દ્વારા યથાર્થ વસ્તુનું સમાધાન તથા સમર્થન કરાય છે એટલે વિદુરજી ધૃતરાષ્ટ્રને પ્રાચિન ઇતિહાસ દ્વારા પ્રસ્તુત વિષયને દ્રઢ કરાવે છે. (શ્લો-૧૦૯) હવે નીતિકાર કયા લક્ષણવાળા રાજાને બધા પ્રણામ કરે છે તેનું વર્ણન કરે છે.

શ્લોક-૧૦૯ य: काममन्यू प्रजहाति राजापात्रे प्रतिष्ठापयते धनंच।

विशे षविच्छ्रुतवान् क्षिप्रकारी तं सर्वलोक: कुरुते प्रमाणम्

શ્લોકાર્થ : જે રાજા કામ તથા ક્રોધનો ત્યાગ કરે છે, સુપાત્રને ધન આપે છે, કાર્યની ઉંચ નિચતાને જાણે છે, શાસ્ત્રનું જ્ઞાન ધરાવે છે અને પોતે વિચારેલા કાર્યને શિઘ્ર પૂર્ણ કરે છે તેને બધાને પ્રમાણે રૂપ માને છે.

ચ.ટી. : આ શ્લોક માં પ્રયુક્ત મન્યુ શબ્દના વિષયમાં વિચાર કરવાનો આવશ્યક છે. કારણ મન્યુનો જ પર્યાય શબ્દ ક્રોધ છે. પણ આ બન્ને શબ્દમાં પર્યાપ્ત અન્તર છે. ક્રોધના આવેશને પોતાની અંદર જ આત્મસાત કરી લેવો તેને બહાર પ્રદર્શિત ન કરવો તેને મન્યુ કહેવાય છે. પણ ક્રોધના આવેશમાં મનુષ્ય પોતાનો વિવેક ત્યાગ કરી દે છે. અતઃ ક્રોધની અપેક્ષાએ મન્યુ શ્રેષ્ઠ છે. જવો 'शक्योऽस्य मन्युर्भवता विनेतुं गा: कोटिश: स्पर्शयता घटोघ्नी॥' (રઘુવંશ/૨/૪૯) નીતિકારે અહીં રાજાના ગુણોનું વર્ણન કરેલુ છે આ પ્રમાણેના ગુણો જે રાજામાં

હોય તે રાજાને તેની પ્રજાતો નમસ્કાર કરે જ છે પરંતુ તેના વિરોધી પણ તેનું સન્મુખ નતમસ્તક થઇ જાય છે. આ પ્રમાણેના રાજાનો કીર્તિ તેના પરલોક ગમન બાદ પણ તેને ચિરંજીવી રાખે છે. આ સંબંધમાં ભગવાન શ્રીરામના જીવનના કેટલા અંશો અવલોકન કરવા યોગ્ય છે. તેમા સર્વ પ્રથમ કામ અને ક્રોધની વાત કરીએ. ભગવાન શ્રીરામ માતા પિતાની આજ્ઞાનું પાલન કરવા ચૌદ વર્ષ દંડકારણ્યમાં વાસ કરતા હતા તે સમય દરમ્યાન એક દિવસ રાવણની બહેન શૂર્પણખા રામ સાથે પ્રણયની યાચના વશ સુંદર યુવતીનું રૂપ ધારણ કરી આવી પરંતુ એક પત્ની વ્રતધારી શ્રીરામે સુર્પણખાનો પ્રસ્તાવ અસ્વિકાર કર્યો કારણ શ્રીરામ એક માતા સીતાને બાદ કરતા જગતની સમસ્ત સ્ત્રીઓમાં માતાની ભાવના રાખતા હતા. (રામ.માનસ) બીજો એક પ્રસંગ આનંદ રામાયણમાં આવે છે. એક સમયે મહારાજા રામ અયોધ્યામાં બિરાજમાન હતા તે સમયે પિંગળા નામની વારાંગના ભગવાન શ્રીરામના રૂપથી મોહિત થઇ કામ બાણથી પિડાઇ ભગવાન શ્રીરામા પાસે પ્રણયની ઇચ્છાથી આવે છે. પરંતુ ભગવાન શ્રીરામચંદ્ર તેને શાન્તવના આપતા બોલ્યા 'હે પિંગળે! આ અવતારમાં અમો એક પત્ની વ્રત ધારણ કરીને રહ્યા છીએ એટલે આ અવતારમાતો તારો પ્રસ્તાવ અમો અસ્વિકાર કરીએ છીએ પરંતુ હવે પછીના કૃષ્ણાવતારમાં અમો તારો સ્વિકાર કરશું.' અને આજ પિંગળા તેના બીજા જન્મમાં મથુરમાં કુબ્જાના રૂપમાં જન્મ ધારણ કરે છે અને તે સમયે ભગવાનશ્રી કૃષ્ણ તેનો સ્વિકાર કરે છે (આનંદરામા./વિલાસકાંડ/સર્ગ-૮) ત્રીજો પ્રસંગ એજ આનંદ રામાયણમાં જોવા મળે છે કે એક સમયે અયોધ્યામાં નિવાસ કરીને રહેતી સૌ જેટલી યુવતી સ્ત્રીઓ કામબાળથી વિહવળ થઇ શ્રીરામના રૂપ પર આસક્ત થઇ પ્રણયની કામનાથી શ્રીરામ પાસે આવે છે અને ભગવાન શ્રીરામ ને પોતાનો સ્વિકાર કરવા અનુનય

વિનંતી કરે છે ત્યારે ભગવાન શ્રીરામપુનઃ પિંગળા વારાંગનાને જે પ્રમાણે ઉત્તર આપેલો તેજ પ્રમાણે તે સો કન્યાઓને ઉત્તર આપતા બોલ્યા 'હે કન્યાઓ! આ અવતારમાં અમો એક પત્નીવ્રત ધારણ કરીને રહ્યા છીએ માટે આ અવતારમાં તો અમો તમારો અસ્વિકાર કરશુ પરંતુ જ્યારે અમો કૃષ્ણાવતાર ધારણ કરીને આવશુ ત્યારે તમો બધી કન્યાઓ જદી જદી રાજકુમારીઓના રૂપમાં પ્રગટ થશો અને ભૌમાસુર નામનો દૈત્ય તમારૂ અપહરણ કરી તમોને હરી લાવશે ત્યારે તેઓને મોતને ગાત ઉતારી તમારો ઉધ્ધાર કરી તમારો પ્રસ્તાવ સ્વિકાર કરશુ.' અને કૃષ્ણાવતારમાં તેઓએ આ કન્યાને આપેલું વચન પૂર્ણ કરેલું (આનંદ રામા./રાજ્ય-પૂર્વાર્ધ/સર્ગ-૪) આનંદ રામાયણમાં એક વધુ ચરિત્ર શ્રીરામની બાબતમાં જોવા મળે છે એક દિવસ રામચંદ્રજી મથુરા પધાર્ય હતા ત્યાં યમુના પુલિન પર રાત્રિને વિશે તેઓ શયન કરતા હતા. ત્યારે યમરાજાની ભગિની યમુના લગ્ન કરવાના ઉદ્દેશ્યથી શ્રીરામ પાસે આવી. ત્યારે ભગવાન શ્રીરામ યમુનાજી પ્રત્યે બોલ્યા 'આ અવતારમાં તો અમે એક પત્ની વ્રત ધારી રહ્યા છે માટે કૃષ્ણાવતારમાં અમો સ્વયં અહી આવી તમારો કર ગ્રહણ કરશુ.' અને આ વચન મુજબ કૃષ્ણાવતારમાં ભગવાન શ્રીકૃષ્ણ ત્યાં આવી યમુના સાથે લગ્ન કરે છે. (આનંદરામા. રાજ્યકાંડ/પૂર્વાધ-સર્ગ-૧૨) આમ અહીં આ ચરિત્રમાં ભગવાન શ્રીરામની નિષ્કામતા સ્પષ્ટરીતે પ્રતિત થાય છે.

- વનવાસ દરમ્યાન એક સમયે ભગવાન શ્રીરામ પંચવતીમાં માતા સીતાના ખોળામાં મસ્તક મૂકીને સૂતા હતા તે સમયે ઇન્દ્રનો પુત્ર જયંત સીતાજીના રૂપ પર આસક્ત થઇ કાગડાનું રૂપ ધારણ કરી સાતાજીના હુદયને પોતાની ચંચુથી વિદિર્ણ કરે છે. જેથી માતાના હ્દયમાંથી રક્તની ધારા વહેવા લાગી પોતાના સ્વામીની નીદ્રા ભંગ ન થાય એટલે માટે સીતાજીએ દુઃખને

સહન કરતા રહ્યા. જ્યારે હ્રદયમાંથી રક્તની ધારા શ્રીરામ ઉપર પડી એટલે ભગવાન જાગ્રત થયા. સીતાજી તો કંઇ બોલ્યા નહિ પણ સીતાજીને અને દુષ્ટ જયંતને જોઇ પ્રભુ બધી વાત સમઝી ગયા એટલે તેઓએ એક દર્ભની સળી લઇ તેને બ્રહ્માસ્ત્રથી અભિમંત્રી કરી જયંત પર છોડી. ભગવાન શ્રીરામના બ્રહ્માસ્ત્રથી ભય પામી જયંત ત્યાંથી પલાયન થઇ ગયો. બ્રહ્માસ્ત્રથી બચવા જયંત જે જે દેવના શરણમાં ગયો તે બધાએ જ તેને રામના બ્રહ્માસ્ત્રને જોઇ શરણ આપવાની સ્પષ્ટ મનાઇ કરી અંતે બધાને પડતા મૂકી જયંત ભગવાન શ્રીરામના શરણમાં આવ્યો એટલે પોતાના શરણમાં આવેલા જયંતને સીતાજીના કહેવાથી શ્રીરામે ક્ષમા કર્યો. (રામ. માનસ/વા.રામા./ અરણ્ય) અહી ઇન્દ્રપુત્ર જયંતે મહાઅપરાધ કરેલો છતા શ્રીરામે પોતાના ક્રોધનો ત્યાગ કરી તેને અભયદાન આપ્યુ. આમ અહીં શ્રીરામની અક્રોધતા દેખાય છે.

- શ્રીરામે વશિષ્ટ ઋષિને આચાર્ય તરીકે નિયુક્ત કરી ઉત્તમ સામગ્રી દ્વારા પોતે જ પોતાના સર્વદેવ મય સ્વરૂપનું ક્રતુશ્રેષ્ઠ અશ્વમેઘ દ્વારા યજન કર્યુ અને તે યજ્ઞમાં કેવલ પોતાના શ્રીઅંગ પર રહેલા વસ્ત્ર અને માતા જાનકીના અંગ પર હેલા આભૂષણોને બાદ કરતા પોતાના આરાધ્ય દેવ એવા બ્રાહ્મણોને સમસ્ત ધરાતલનું રાજ્યદાનમાં અર્પણ કરી દીધુ. પરંતુ બ્રાહ્મણોએ પણ શ્રીરામની દાનશીલતા જોઇ તે સમ્પૂર્ણ રાજ્ય શ્રીરામને સ્નેહ પૂર્વક સમર્પણ કરી દીધુ. આમ અહીં શ્રીરામની દાનવીરતા પ્રતિત થાય છે.

- શ્રીરામ કાર્યની ઉચનિચતાને પણ યથાર્થ પણે જાણતા હતા. સિતાજીનું અપહરણ કરનાર રાવણના આ શાસ્ત્ર વિરુધ્ધ કાર્યમાં દશગ્રીવ ના

નિમિત્તથી સમસ્ત રાક્ષસ જાતિ પોતાની ક્રોધાગ્નિમાં હોમાય ન જાય એટલે યુધ્ધ રોકવા શ્રીરામે વારંવાર પ્રયાસ કર્યા. છતા રાવણને સમઝાવવાના બધા પ્રયાસો વિફળ જતાં અંતે તેની સાથે યુધ્ધ કરવાનો રામે નિર્ણય લીધો અને આ કાર્ય માટે રામની સેનામાં રહેલા બધાએ તેમના આ નિર્ણયનું સમર્થન કર્યુ. આમ અહીં રામની કાર્યને પરખવાની ઉંચનીચતા સ્પષ્ટપણે જોવા મળે છે.

- શ્રીરામના જ્ઞાનની અગાઢતાનો પરિચય પણ આનંદ રામાયણમાં જોવા મળે છે કે જ્યારે શ્રીરામને સાક્ષાત્ પ્રરબ્રહ્મ પરમાત્મા જાણી તેમની કૌશલ્યાદિ ત્રણેય માતા તેઓ પાસે પરમ તત્ત્વનો ઉપદેશ લેવા આવે છે. તે સમયે શ્રીરામ તેઓને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપે છે અને તેને લઇ તેઓની માતા બધા પ્રપંચને તિલાંજલિ આપી શ્રીરામના સ્વરૂપમાં સ્થિત થઇ જાય છે.

- શ્રીરામ માતા પિતાની આજ્ઞાનું પાલન કરવા ક્ષણનો પણ વિલંબ કર્યા વિના વન તરફ પ્રયાણ કરે છે. કારણ તેઓ જાણતા હતા કે માતા પિતાની આજ્ઞાનું પાલન કરવું એ જ પુત્ર ધર્મ છે અને શ્રીરામના આ કાર્યની બધા જ મુક્ત કંઠે પ્રશંસા કરી આમ શ્રીરામમાં આ પ્રમાણેના ગુણોને જોય તેઓના વચનોને બધા પ્રમાણરૂપ માનતા હતા.

- જે પ્રમાણેના ગુણ ભગવાનશ્રીરામમાં જોવા મળે છે તે બધા જ ગુણો શ્રીકૃષ્ણમાં પણ જોવા મળે છે. દુર્વાસાજી એક સમય વ્રજમાં પધાર્યા હતા અને યમનાની સામે પાર એક વનમાં બિરાજમાન હતા તે સમયે ભગવાન શ્રીકૃષ્ણે ગોપીઓને આજ્ઞા કરી કે 'મારા ગુરૂ યમુનાની પેલે પાર આવેલા છે તમો બધા અન્ન લઇ તેઓને તૃપ્ત કરવા માટે જાવ.' તે સમયે ગોપીઓ

ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે બોલી 'પ્રભુ! હમણા યમુનાજીમા પુર આવેલુ છે તો સામે પાર કેવી રીતે જઇએ.' ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું 'યમુનાજીને જઇને કહેજો કે શ્રીકૃષ્ણ ભગવાન જો સદા બ્રહ્મચારી હોય તો માર્ગ આપજો.' ગોપીઓ તો શ્રીકૃષ્ણની વાત સાંભળી આશ્ચર્ય ચકિત થઇ ગઇ પરંતુ તેઓએ જઇ યમુનાજીને શ્રીકૃષ્ણ ભગવાને જેમ કહ્યુ હતુ તેમ કહ્યુ એટલે યમુનાજીએ જવા માટે માર્ગ આપી દીધો. તે પછી હજારોની સંખ્યામાં થાળ લઇને આવેલી બધી ગોપીઓના થાળ દુર્વાસાજી જમી ગયા. એટલે ગોપીઓ દુર્વાસા પ્રત્યે બોલી 'પ્રભુ! હવે અમારે પુનઃ વ્રજમાં જવું છે અને યમુનાજીમાં પુર આવેલુ છે તો પાછા કેવી રીતે જઇએ.' ત્યારે દુર્વાસા બોલ્યા કે 'તમો આવ્યા ત્યારે કેવી રીતે આવ્યા હતા?' ત્યારે ગોપીઓએ દુર્વાસાને પોતે કેવી રીતે આવેલા તે બધી વાત કરી તે સાંભળી દુર્વાસા બોલ્યા કે 'હવે જઇને યમુનાજીને કહેજો કે દુર્વાસા સદૈવ ઉપવાસી હોય તો માર્ગ દેજો.' ત્યારે ગોપીઓએ જઇને આમ કહ્યુ એટલે યમનાજીએ માર્ગ આપી દીધો.'એટલે ગોપીઓ દ્વ્ર્વાસા પાસે આવી અને બોલી 'અમારી સાથે નિત્ય વિહાર કરનાર શ્રીકૃષ્ણ બ્રહ્મચારી કેવી રીતે? અને બધી ગોપીઓનો થાળ જમી જનાર આપ દુર્વાસા ઋષિ ઉપવાસી કેવી રીતે?' ત્યારે દુર્વાસા તેઓ પ્રત્યે બોલ્યા 'હે ગોપીઓ! તમારી ઇચ્છાથી તમારી સાથે રમણ કરનારા એ પરમાત્મા ઊર્ધ્વરેતા બ્રહ્મચારી જ છે અને અમો તો વિશ્વાત્મા જે અમારા હ્રુદયમાં રહ્યા છે તેને તૃપ્ત કરતા થતા નિત્ય ઉપવાસી જ છીએ.' આમ સ્ત્રીઓની મધ્યમાં રહીને તેમની સાથે રમણ કરતા થકા શ્રીકૃષ્ણ ઊર્ધ્વરેતા બ્રહ્મચારી હતા. એટલે માટે જ શ્રી વલ્લભાચાર્યજીએ ભગવાન શ્રીહરિને 'योषितांविर:' તરીકે સંબોધ્યા છે (ગોપાલ પૂર્વતાપાનિયોપનિષદ્)

તે જ પ્રમાણે પરીક્ષિત અશ્વથ્થામાં બ્રહ્માસ્ત્ર થી દગ્ધ થઇ મૃત પ્રગટ થયા ત્યારે ભગવાનશ્રી કૃષ્ણ સૂતીકા ગૃહમાં પ્રવેશ્યા અને આચમન કરી પ્રતિજ્ઞા કરતા બોલ્યા કે ‘જો કંસ તથા કેશિ આદી દૈત્યનો વધ અમે કોઇપણ જાતના દ્વેષ ભાવથી રહિત થઇને કર્યો હોય તો પરીક્ષિત જીવિત થઇ જાય’ અને પરીક્ષિત જીવિત થઇ ગયા. (મહાભારત)આમ દ્વારકાધિશ શ્રીકૃષ્ણમાં કામક્રોધનો અભાવ જોવા મળે છે.

- શ્રીમદ્ ભાગવતના સિત્તેરમાં અધ્યાયમાં ભગવાન વેદવ્યાસજી કહે છે કે ‘ભગવાન શ્રીકૃષ્ણ નિત્ય જેની શિંગડીઓમાં સુવર્ણ અને પગ ની ખરીઓમાં ચાંદી મઢવામાં આવી છે એવી તેર હજાર ચોરાશી ગાયનું દાન કરતા હતા.’ સુદામા જેવા બ્રાહ્મણ અર્પણ કરેલ બે મુઠ્ઠી પૌવાના બદલામાં તેને અતુલ સંપત્તિ પ્રદાન કરતા હતા આમ અહીં શ્રીકૃષ્ણની દાનશીલતા જોવા મળે છે.

- કાર્યની ઉચનીતતાનો વિચાર કરવામાં પણ શ્રીકૃષ્ણ અત્યંત નિપુણ હતા જેનું ઉદાહરણ મહાભારતના યુધ્ધ પૂર્વે જોવા મળે છે કે જ્યારે સમાધાનની સમસ્ત મંત્રણા સમાપ્ત થઇ ગઇ અને બંને પક્ષના યોધ્ધાઓ યુધ્ધ કરવા માટે ઉત્સાહિત થયા હતા. અને અનેકો મનુષ્યોનો આ યુધ્ધ રૂપી અગ્નિમાં હોમ થવાનો હતો ત્યારે નિર્દોષ મનનુષ્યોનો યુધ્ધ રૂપિ યજ્ઞમાં હોમ ન થાય એટલે માટે શ્રીકૃષ્ણે આથાગ પ્રયત્નો કર્યા પોતે એક રાજા હોવા છતા કૌરવો પાંડવો મધ્યે શાંતિ થાય એટલે માટે શાંતિદૂત બની હસ્તિનાપુર પધાર્યા પરંતુ બધુ વ્યર્થ રહ્યુ. અંતે ભેદ નીતિનો આશ્રય લઇ કર્ણને તેનો યથાર્થ પરિચર આપી તેને પાંડવોના પક્ષે યુધ્ધ કરવા માટે પ્રેરણા કરી પરંતુ તે પ્રયાસ પણ વ્યર્થ નીવડયો આમ યુધ્ધ રોકવા માટે શ્રી કૃષ્ણે

અનેકો પ્રયાસ કર્યા છતાં જ્યારે તેઓને સફળતા ન મળી ત્યારે તેઓએ અંતે પાંડવોને કૌરવો સામે દંડ નીતિનો પ્રયોગ કરવા જણાવ્યુ. આમ અહીં શ્રીકૃષ્ણમાં કાર્ય અકાર્યની ઉચનીચતાનું જ્ઞાન યથાર્થ હતુ એ જોવા મળે છે.

- ભગવાન શ્રી કૃષ્ણમાં શાસ્ત્ર જ્ઞાન કેવું હતુ તે તો તેઓએ પોતાના શ્રીમુખે કહેલી શ્રીમદ્ ભગવદ્ ગીતાના અવલોકન પરથી થાય છે કે જેને માટે ભવાન વેદ વ્યાસજી કહે છે 'सर्व शास्त्र मयी गीता -ગીતા સર્વશાસ્ત્ર મયી છે અર્થાત્ ગીતા બધા શાસ્ત્રોનો સાર છે.' (મહા.ભીષ્મ/૪૩/૨) તથા શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કન્ધમાં ભગવાન શ્રીકૃષ્ણે પોતાના સ્વમુખે ઉદ્ધવજીને ભાગવત ધર્મનો ઉપદેશ આપેલ છે જે જ્ઞાનનું અવલોકન કરતા સ્પષ્ટ થાય છે કે શ્રીકૃષ્ણમાં જ્ઞાન પર કેવું ચરમસિમાનું હતું.
- કર્તવ્યકર્મને શીઘ્રતાથી પૂર્ણ કરવા આ ગુણ પણ શ્રીકૃષ્ણના જીવનમાં તે તે સ્થાનો પર જોવા મળે છે. જેમ મગધરાજ જરાસંઘ દ્વારા કેદ કરાયેલા રાજાઓના દૂતે આવી શ્રીકૃષ્ણને જરાસંઘના બધા જ કુકૃત્યની વાત કરી એટલે જે કાર્ય અર્થે ભગવાને આધારતલ પર અવચાર લીધેલો તે કાર્ય શીઘ્ર પૂર્ણ કરવા તેઓ ભીમસેન અને અજનજી સાથે લઇ જરાસંઘ પાસે આવ્યા અને તેને દ્વન્દ્વ યુધ્ધમાં લલકારી તેનો ભીમસેન પાસે વધ કરાવી રાજાઓને તેની કેદમાંથી મુક્ત કર્યા તથા ભૌમાસુરના ત્રાસથી અત્યંત કષ્ટ પામતા દેવતાઓએ આવી શ્રીકૃષ્ણને ભૌમાસુર થકી પ્રાપ્ત થતા કષ્ટની વાત કરી ત્યારે તેના કષ્ટ થકી દેવો તથા લોકોનું રક્ષણ કરવા શ્રીકૃષ્ણ સત્યભામાને સાથે લઇ ગરૂડ પર સવાર થઇ ભૌમાસુરની રાજધાની પ્રાગજ્યોતિષપુરમાં આવ્યા અને ત્યાં આવી ભૌમાસુરના સમસ્ત

દુર્ગોનો નાશ કરી મુરનામના સેનાપતિ સહિત ભૌમાસુરનો વધ કરી દેવોને તેના કષ્ટ થકી મુક્ત કર્યા. આમ આ ચરિત્રોમાં શ્રીકૃષ્ણના કર્તવ્યકર્મો પૂર્ણ કરવાની શિઘ્રતાના દર્શન થાય છે. આમ નીતિકારે બતાવેલા બધા જ ગુણો ભગવાન શ્રીકૃષ્ણમાં જોવા મળતા હોય તેઓના વચનોને બધા જ પ્રમાણરૂપ માનતા હતા અને અદ્યાપિ માને છે.

- જે પ્રમાણે ભગવાન શ્રીરામ અને કૃષ્ણમાં જે પણ કોઇ ગુણ જોવામાં આવે છે તે તમામ ગુણ પ્રગટ પ્રમાણ ભગવાનશ્રી હરિમાં પણ જોવા મળે છે શ્રીહરિ પણ કેટલીયે વખત એકાંતમાં સ્ત્રીઓના સંસર્ગમાં આવવા છતા પણ પોતાના બ્રહ્મચર્યવ્રતથી ક્યારેય ચ્યુત થયા ન હતા જેને લઇ સર્વ મંગલ સ્તોત્રમ્ માં શતાનંદ સ્વામીએ શ્રીહરિને 'ऊर्ध्वरेता ब्रह्मचारी' (સ.મ.શ્લો-૪૨) કહે છે તથા કેટલીયે વખત આસુરી પ્રકૃતિ ના લોકો દ્વારા અકારણ ઉપદ્રવો થવા છતા શ્રીહરિમાં તેઓ પ્રત્યે દ્વેષનો અભાવ હતો એટલે શતાનંદ સ્વામી તેઓને 'जितक्रोधः' (સ.મં. શ્લો-૩૧) કહે છે.

- દાન શીલતા પણ શ્રીહરિમાં અત્યાધિક જોવા મળતી હતી કે જ્યારે કોઇ દરીદ્ર વ્યક્તિ જોઇ તત્કાલ તેઓ દ્રવિત થઇ જતા અને પોતા પાસે કોઇ કીંમતી વસ્તુ હોય તેને પણ આપવામાં અચકાતા નહી. આ વાત સંપ્રદાયના તે તે ગ્રંથોમાં તે તે પ્રસંગે જોવા મળે છે એટલે માટે સર્વમંગલ સ્તોત્રમાં શતાનંદ સ્વામી શ્રીહરિને 'दानसूरः' (સ. મં. ૧૩૭) તરીકે સંબોધે છે.

- કોઇપણ કાર્યનો પ્રારંભ કરતા પૂર્વે શ્રીહરિ તેના શુભાશુભ પરિણામ પર પૂર્ણ વિચાર કરતા અને પછી જ કાર્ય કરવાનો આરંભ કરતા માટે જ સર્વ

મંગલ સ્તોત્રમાં સદ્ શતાનંદ મુનિ શ્રીહરિને ‘विचारवान्’ (સર્વ. શ્લો-૫૨) આવા મંગલ નામથી સંબોધે છે.

- શાસ્ત્રજ્ઞાનની પણ કેટલી અગાધતા હતી તથા વિરોધી સાથે શાસ્ત્રાર્થ કરવાની વાક પટુતા હતી તે તો કાશીમાં અદ્વૈતવાદી પંડિતો સાથે કરેલા શાસ્ત્રાર્થમાં (જૂઓ હરિદિગ્વિજય/ઉ.૯, ૧૦) તથા જેતલ પુરમાં કિચક સાથે થયેલા શાસ્ત્રાર્થમાં (જૂઓ સ.જી. પ્ર. ૨/૪૫ થી ૪૭) તથા વત્તપત્તનમાં થયેલા શાસ્ત્રાર્થમાં (જઓ હરિદિ./ઉલ્લાસ- ૪૪-૪૫) જ્યાં વાદીઓએ પુછેલા અતિકૂત પ્રશ્નના ઉત્તરો આપી તેઓને શાંત કરેલા ત્યાં જોવા મળે છે જેથી સર્વ મંગલસ્તોત્રમાં સદ્ શતાનંદ સ્વામી શ્રીહરિને ‘स्वप्रताप पराभूत विद्वद्वैरिकृतानति’ (સર્વ. શ્લો-૧૭૪) આવા નામથી સંબોધે છે.

- નિત્યકર્માદિક કરવામાં પણ શ્રીહરિને કેટલો આદર હતો કે મોટા મોટા ઉત્સવ સમૈયા હોય કે ગમે એટલી વિકટ પરીસ્થિતિ ઉપસ્થિત થઇ હોય છતા પણ શ્રીહરિ પોતાના આશ્રમને ઉચિત એવા કર્મો કરવાનું ક્યારેય ચૂકતા નહિ. માટે સર્વમંગલ સ્તોત્રમાં સદ્. શતાનંદ સ્વામીશ્રીહરિને ‘नित्य कर्मादरः (સર્વ. શ્લો. ૧૭૮) આ નામથી સંબોધેલા છે. આ પમાણેના અનેકાનેક ગુણોથી અલંકૃત શ્રીહરિના બધાજ વચનો પ્રમાણ ભૂત મનાય છે. કહ્યુ પણ છે ‘वाग्मी प्रगल्भः स्मृतिमानुदग्रोबलवानवशी। नेता दण्डस्य निपुणः कृतविद्यः स्ववग्रहः॥ पराभियोग प्रसहः सर्व दृष्टप्रतिक्रियः। परच्छिद्रान्ववेक्षी च संधिविग्रह तत्त्ववित्॥ गूढ मन्त्र प्रचारश्च देशकाल विभाग वित्। आदाता सम्यगर्थनां विनियोक्ता च पात्रवित्॥ क्रोध लोभ भयद्राहस्तम्भचापलवर्जितः। परोपतापपैशुन्यमात्सर्येर्ष्यानृता तिगः॥

वृद्धोपदेशसम्पन्नः श्लक्ष्णो मधुर दर्शनः। गुणानुरागीमितवागात्मसम्पद् गुणा स्मृताः॥ એક રાજામાં આવા ગુણ હોવા જોઇએ વાગ્મી (ઉત્તમ વક્તા લલીત, મધુર અને અલ્પાક્ષરો દ્વારા ઘણા અર્થોનું પ્રતિપાદન કરવાવાળો) પ્રગલ્લભ (સભામાબધાને નિગૃહીત કરીને નિર્ણય બોલનાર) સ્મૃતિવાન (સ્વભાવતઃ કોઇ વાતને નભૂલનારો.) ઉદગ્ર(ઉંચા કદવાળો) બળવાન (શારીરિક બળથી સમ્પન્ન અને યુદ્ધ આદિમાં સમર્થ) વશી (જીતેન્દ્રિય) દન્ડ નેતા (ચતુરંગિણી સેનાને યોગ્ય રીતે સંચાલિત કરવામાં સમર્થ), નિપુણ (વ્યવહાર કુશળ), કૃતવિદ્ય, (શાસ્ત્રીય વિદ્યામાં સમ્પન્ન) સ્વગ્રહ (પ્રમાદથી અનુચિત કર્મમાં પ્રવૃત્ત થવા છતા ત્યાંથી સુખપૂર્વક નિવૃત્ત થવા વાળા)પરાભિયોગ પ્રસહ (શત્રુઓ દ્વારા છેડાયેલા યુદ્ધાદિક કષ્ટને દૃઢતા પૂર્વક સહન કરવામા સમર્થ) સર્વદૃષ્ટપ્રતિક્રિય (બધા પ્રકારના સંકટોના નિવારણમાં અમોઘ ઉપાયને તત્કાળ જાણવાવાળો) પરિચ્છિદ્રાન્વેક્ષી (ગુપ્તચર આદિ દ્વારા શત્રુઓના છિદ્રોનું અન્વેશણ કરનાર, સંધિવિગ્રહ તત્વવિત્ (પોતાની તથા શત્રુની અવસ્થા તથા બલાબલ ભેદને જોઇને સંધિ વિગ્રહ આદિ છ ગુણોના પ્રયોગની રીત અને સમયને યોગ્ય રીતે જાણનારો) ગઢમંત્ર પ્રચાર (મન્ત્રણા અને તેના પ્રયોગને ગુપ્ત રાખનાર) દેશકાળ વિભાગવિત્ (કયા પ્રકારની સેના કયા કાળમાં વિજય પામશે આ બાબતોને જાણનારો) આદાના સમ્યગર્થાનામ્ (પ્રજા આદિથી ન્યાય પૂર્વક ધન લેનાર), વિનિયોક્તા (ધનને ઉચિત તથા ઉત્તમ કાર્યમાં લગાવનાર), પાત્રવિત્ (સત્પાત્રનું જ્ઞાન રાખનાર)ક્રોધ, લોભ ભય, દ્રોહ, સ્તમ્ભ (માન), ચપળતા (વગર વિચાર્યે કાર્ય કરવું) આ દોષથી દૂર રહેનાર પૈશુન્ય (ફુટ પડાવનાર), માત્સર્ય, ઇર્ષ્યા, અમૃત આ દુર્ગુણોને જીતનાર,

વૃધ્ધોના ઉપદેશને માની ચાલનાર, શ્લક્ષ્ય (મધુરભાષી), મધુર દર્શન (સોમ્ય દેખાવનાર) ગુણાનુરાગી, મીત્તભાષી, આ રાજામાં હોવા લાયક ગુણ છે, તેવા ગુણયુક્ત પુરૂષના જ વચનો પ્રજા પ્રમાણ પણે પરીગ્રહે છે.' (અગ્નિપુરાણ/૨૩૮) (શ્લો-૧૦૯) હવે નીતિકાર કયા રજાને સમગ્ર લક્ષ્મી સેવે છે તેનું વર્ણન કરે છે.

શ્લોક-૧૧૦ जानाति विश्वास यितुं मनुष्यान्

विज्ञात दोषेषु दधाति दण्दम्।

जानाति मात्रां च तथा क्षमां च

तं तादृशं श्रीर्जुषते समग्रा॥

શ્લોકાર્થ : જે રાજા મનુષ્યોને વિશ્વાસમાં લેવાનું જાણે છે, જે જેમના અપરાધ જાણવામાં આવ્યા હોય તેમને દંડ કરે છે અને જે અપરાધ અનુસાર શિક્ષા તથા ક્ષમા કરવાનું જાણે છે, તે રાજાને સમગ્ર લક્ષ્મી સેવે છે.

ચ.ટી. : લક્ષ્મી વિવેક સમ્પન્ન મનુષ્ય પાસે દીર્ઘકાળ પર્યન્ત ઉપસ્થિત રહે છે. અવિવેકી અને ક્ષિપ્રકારી (ઉતાવળા) મનુષ્ય પાસેથી શીઘ્ર જતી રહે છે. સાથે તે મનુષ્યનો લોકોમાં ઉપહાસ પણ થાય છે. આ સન્દર્ભમાં રઘુકુલ ભૂષણ રાજા રામનું ચરિત્ર દ્રષ્ટાંત રૂપ છે કે જેઓના રાજ્યમાં સંસારના બધા લોકો આનંદમાં રહેતા હતા. રાજ્ય શત્રુઓથી રહિત હતુ. તથા વાહન અને સૈન્યથી પૂર્ણ હતુ. તે સમયે સમસ્ત દેશ સુખી હતો. પ્રજા પ્રસન્ન હતી. તેઓનું આચરણ ધર્મમય હતુ. બધા લોકો કુલની હતા ક્યાય અન્યાય થતો ન હતો. પ્રજા કુટીલતાથી રહીત હતી. રામ રાજ્યમાં પ્રજાના ઉદ્વેગ રહેતો ન હતો. રામ રાજ્યમાં દંડ કેવળ સંન્યાસિઓના હાથમાં જ હતો. કારણ કે સમસ્ત પ્રજા ધર્મમાં રહેતા હોવાથી

દંડાધ્યક્ષ કોઇને દંડ આપી શકતા ન હતા કદાચ કોઇ અપરાધ કરે પણ તો તેને ઉચિત અનુચિતનો વિચાર કરી દંડ અપાતો. શત્રુઓના સમાજને શ્રીરામે યમરાજની જેમ બાંધી દીધા હતા. સજ્જન મનુષ્યોને ધનની સહાય કરી શ્રીરામ સ્વયં રાજરાજ કુબેર બની ગયા હતા. શત્રુને ભય ઉપજાવવા રૂદ્ર બનતા હતા. શ્રીરામ પોતાના પરાક્રમથી મરૂદ્‌ગણને પણ પરાજીત કરી દેતા હતા. પ્રજામાં કોઇ પ્રકારની વિપત્તી ન હતી. રાજ્યમાં કોઇ અસાધ્ય રોગથી ગ્રસ્ત ન હતા તેમ પ્રજામાં કોઇપણ પ્રકારની વિપત્તિ દેખાતી ન હતી. રાજારામ પ્રજાનું પાલન કરવામાં દત્તચિત્ત રહેતા અને કોશાગારના ધનની બ્રાહ્મણોને પ્રસન્ન રાખતા હતા. રામરાજ્યની પ્રજા હ્રષ્ટ પુષ્ટ રહેતી હતી. રાજ્યમાં કોઇ નિર્ધન ન હતુ. દરેક જાતિના લોકો હ્રષ્ટ પુષ્ટ દેખાતા હતા તથા શિકારી અને સૈનિકો સિવાય બધાજ વખાણવા લાયક કર્મોમાં આરૂઢ રહેતા. રામના રાજ્યમાં નાના મોટા બધા મર્યાદામાં દેખાતા હતા. આ ઉપરાંત જ્યારે પ્રજામાં માતા સિતાજીના ચરિત્ર વિશે લોકાપવાદ થતા શ્રીરામે પોતાના પ્રાણ પ્રિય સીતાજીનો પણ ત્યાગ કર્યો. શ્રી રામના આવા કાર્યોને જોઇને અયોધ્યાની સમસ્ત પ્રજા વિધાતાને શ્રીરામના લાંબા આયુષ્ય અને તેમના સુખીત્વની પ્રાર્થના કરતી રહેતી. આમ શ્રીરામે પોતાના રાજ્ય સંચાલનથી પોતા માટે પ્રજામાં વિશ્વાસ ઉત્પન્ન કરેલો.

તેજ પ્રમણે ઇન્દ્રનો પુત્ર જયંત માતા જાનકીના રૂપ પર મોહિત થઇ કાગડાનું રૂપ લઇ તેમના સ્તનને વિદિર્ણ કરે છે એટલે શ્રીરામ તેના પર ક્રુધ્ધ થઇ તેનો વધ કરવા તેના પર બ્રહ્માસ્ત્ર છોડે છે જેનાથી બચવા જયંત દરેક દેવોના શરણામાં જવા છતા કોઇ તેને અભયદાન આપતુ નથી ત્યારે હારી થાકી અંતે શ્રીરામના શરણમાં જઇ તે પોતાના અપરાધ બદલ ક્ષમા માંગે છે. ત્યારે જાનકીજીના કહેવાથી શ્રીરામ તેના જઘન્ય અપરાધને ક્ષમા કરી દે છે પરંતુ

શ્રીરામના ધનુષમાંથી છટેલું બાણ એ લક્ષ્યનો ભેદ કર્યા વગર પાછ ક્યારેય આવતુ નથી એટલે શ્રીરામે જયંતને એખ નેત્રમાં બે નેત્રની જોવાની શક્તિ આપી તેના એકનેત્રને વિદિર્ણ કરી દીધુ આમ રામે ઉચિત અનુચિતને ધ્યાનમાં લઇ જયંતને દંડ આપેલો (રામચરિત્ર માનસ/અરણ્યકાંડ)

આ ઉપરાંત આનંદ રામાયણમાં એક પ્રસંગ આવે છે જેમા પણ શ્રીરામની ન્યાય શિલતા સ્પષ્ટપણે પ્રતિત થાય છે. વાત એવી હતી કે એક ગીધ અને ઘુવડ પરસ્પર વિવાદ કરતા રામ પાસે ન્યાય માંગવા આવ્યા. ભગવાન શ્રીરામ તેમના પ્રત્યે બોલ્યા કે 'તમો બન્ન પરસ્પર વિવાદ કેમ કરો છો? તમારા વિવાદનું કારણ બતાવો ત્યારે ઉલુકે(ઘુવડે) શ્રીરામને ઉદ્દેશીને કહ્યું ''અમે વૃક્ષપર નિવાસ કરવા માટે એક ઘર બનાવ્યુ. કાર્યવસાત માટે તે સ્થાનનો ત્યાગ કરી અન્ય સ્થાન પર જવું પડયું અને આ ગીધે મારા સ્થાન પર કબ્જો જમાવી દીધો. હવે માંગવા છતા એ મારૂ નિવાસ સ્થાન મને પરત કરવો નથી.'

ઉલકની વાત શ્રવણ કરી ગીધ શ્રીરામ પ્રત્યે બોલ્યો કે ''પ્રભુ! પહેલા અમો તે વૃક્ષ પર નિવાસ કરીને રહેતા હતા અને અમો થોડો સમય માટે અન્ય સ્થાનકે ગયા ત્યારે આ ઉલુકે અમારા સ્થાન પર કબ્જો જમાવી દીધો. અને જ્યારે ઉલુકે તે સ્થાન છોડી અન્ય સ્થાનક પર ગયો એટલે અમો પુનઃ અમારા સ્થાન પર આવી ગયા હવે આ ઉલુક પાછો આવી અમારી સાથે સ્થાન બાબતમાં વિવાદ કરે છે. માટે હ પ્રભુ! આપના વંશમાં કોઇ પાતકી થયોનથી તો હવે આ બાબતમાં આપ જ ન્યાય કરો.''

તેઓની વાત સાંભળી શ્રીરામ તેઓ પ્રત્યે બોલ્યા કે 'તમે બન્ને એ જ્યારે રહેવા માટે તે વૃક્ષ પર નિવાસ સ્થાન બનાવ્યુ તેમાં સાક્ષી કોઇ છે?'' આ પ્રમાણે શ્રીરામ દ્વારા પુછવામાં આવતા તેઓ બન્ને ચૂપ થઇ ગયા કારણ કે તેઓ બન્ને

પાસે સાક્ષીનો અભાવ હતો. ત્યારે શ્રીરામ સભામાં બેઠેલા તેઓના આમાત્યો પ્રત્યે બોલ્યા 'હે મંત્રિઓ! આ વિવાદનો શો ન્યાય છે? કોને આ બન્નેમાંથી તે વૃક્ષ પર રહેલુ નિવાસ સ્થાન આપવું?' શ્રીરામના આ પ્રશ્નનો કોઇ પાસે ઉત્તર ન હતો કોઇ વ્યક્તિથી આ પ્રશ્નનું સમાધાન ન થયુ. ત્યારે રામે ઉલુકને કહ્યું 'ઉલુક! તે તારા રહેવા માટે વૃક્ષ પર ઘર ક્યારે બનાવ્યુ?' ત્યારે ઉલુક બોલ્યો કે 'પ્રભુ! જ્યારે આ પૃથ્વીની રચના થઇ ત્યારે અમે અમારૂ ઘર બનાવ્યું' તે પછી શ્રીરામે ગીધ પ્રત્યે બોલ્યા, 'ગીધ તે તારા રહેવા માટે વૃક્ષ પર ઘર ક્યારે બનાવ્યું?' તારે ગીધ બોલ્યો 'હે પ્રભુ! જ્યારે આ પૃથ્વી જલમય હતી ત્યારે અમારા દ્વારા તે વૃક્ષ ઉપર ઘર બનાવાયું.'.

આ પ્રમાણે જ્યારે ગીધે કહ્યુ ત્યારે રામ ગીધ પ્રત્યે બોલ્યા 'જ્યારે પૃથ્વી જલમય હતી ત્યારે વૃક્ષ કોના સહારે તકેલું હતું? કોઇના આધારે નહિ માટે તારી વાત અસત્ય છે એટલે તું વ્યર્થમાં ઉલુકને સતાવે છે. તારા જેવા તો નિંદાને પાત્ર છે. તે પછી શ્રીરામે પોતાના સેવકોને આજ્ઞા કરી કે આ દુષ્ટને પકડી લો અને શૂલી પર ચઢાવી દો. રામની આજ્ઞા થતા સેવકોએ ગીધને પકડી લીધો અને તેને શૂલી પર ચઢાવી દીધો. પરંતુ કૃપાળુ પ્રભુએ તેને પણ પોતાનું ધામ પ્રદાન કર્યુ. (આનંદ રામાયણ/રાજ્ય- પૂર્વાર્ધ/ સર્ગ-૧૦). આ પ્રમાણે જે રાજા દંડ આપવાની માત્રા તથા ક્ષમા જાણે છે તેની સેવામાં સંપૂર્ણ લક્ષ્મી ચાલી આવે છે જેમ શ્રીરામની સેવામાં સીતાજી જેઓ સાક્ષાત્ મહાલક્ષ્મી રૂપે હતા તે આવીને બિરાજેલા હતા. શુક્રાચાર્યજી કહે છે. 'यत्रनी नीतिबलेचोभे तत्रश्री सर्वतोमुखी। જે રાજા પાસે નીતિ તથા બળ એ બન્ને છે તેની પાસે બધેથી લક્ષ્મી આવે છે.' (શુક્રનીતિ-૧/૧૭) (શ્લો-૧૧૦) હવે નીતિકાર વીર રાજાના લક્ષણ કહે છે.

શ્લોક-૧૧૧ सुदुर्बलं नावजानाति कञ्चित्

युक्तोरिपुंसेवते बुद्धिपूर्वम्।

न विग्रहं रोचयते बलस्थै:

काले च यो विक्रमते स धीर: ॥

શ્લોકાર્થ : જે રાજા કોઇ દુર્બળનો તિરસ્કાર કરતો નથી, સાવધાની પૂર્વક શત્રુ સાથે બુધ્ધિ પૂર્વક વ્યવહાર કરે છે, જે બળવાનો ની સાથે યુધ્ધ કરવાને ઇચ્છતો નથી અને યોગ્ય સમયે પરાક્રમ બતાવે છે તે જ વીર છે.

ચ.ટી. : રાજનીતિના નિયમો પ્રમાણે સન્ધિ, વિગ્રહ અને વ્યવહાર કરવો રાજા માટે ઉચિત હોય છે. કેવલ શક્તિ દ્વારા રાજ્યકાર્ય ક્યારેય પણ સુસ્થિર થઇ શકતુ નથી. માટે રાજનીતિમાં ષડ્અંગોને ધ્યાનમાંમાં રાખીને કાર્ય કરવું સર્વદા ઉચિત થઇ શકે છે. આ સન્દર્ભમાં યુધિષ્ઠિર રાજાની રાજનીતિ અવલોકન કરવા યોગ્ય છે. જેમ પાંડવો દુર્યોધન અને શકુનિની કપટ જાળમાં ફસાઇ દ્યુત ક્રિડામાં પોતાનું સર્વસ્વ હારી ગયા અને દ્યુતમાં થયેલા કરાર મુજબ તેઓ બધા વનમાં આવી સુખ પૂર્વક પોતાનું જીવન વ્યતિત કરતા હતા. ત્યારે દુર્યોધન આદી ઘોષયાત્રાના નિમિત્તે પાંડવોની સ્થિતિ પર ઠઠા મશ્કરી કરવા વનમાં આવે છે. તે સમયે ચિત્રસેન આદિ ગંધર્વો પણ પોતાની પ્રિયતમાઓ સાથે વિહાર કરવા માટે કામ્યક વનમાં પધારેલા હતા અને કોઇક કારણવશાત કૌરવો અને ગંધર્વ મધ્યે કલહ થયો અને તે કલહ યુધ્ધમાં પરિણિત થયો અને ગંધવોએ યુવરાજ દુર્યોધનને બંદી બનાવી દીધો. તે સમયે દુર્યોધનના સેવકો યુધિષ્ઠિરજી પાસે આવ્યા અને તેઓની સહાય માંગી. દુર્યોધન બંદી બનાવાયો એ સમાચાર સાંભળી મહારાજ યુધિષ્ઠિરે તેની ઉપેક્ષા કરવાને બદલે અજન અને ભીમ સેનને

આજ્ઞા કરી દુર્યોધનને ગંધર્વોની કેદમાંથી મુક્ત કરવા મોકલ્યા તે સમયે અર્જનઆદિ ભાઇઓએ દુર્યોધનની સહાય કરવાની સ્પષ્ટ રીતે મનાઇ કરી. ત્યારે યુધિષ્ઠિર તેઓ પ્રત્યે બોલ્યા 'ભાઇઓ! આપણા ભાઇ ભાઇઓ વચ્ચે જે વમનસ્ય છે તે તો છે જ પણ જ્યારે આપણા ભાઇઓને કોઇ અન્ય શત્રુ આવી કષ્ટ આપે ત્યારે આપણે બધાએ ભેગા થઇ તેનો સામનો કરવો એ જ નીતિ છે.' આ પ્રમાણે અર્જન આદિને નીતિ યુક્ત ઉપદેશ આપી તેઓને દુર્યોધનને મુક્ત કરવા મોકલ્યા અને અર્જન આદિ ભાઇઓએ દુર્યોધન આદીને કેદથી મુક્ત કરાવ્યા. આમ યુધિષ્ઠિર મહારાજે પોતાના શરણે આવેલા મહાપરાધી દુર્યોધન જેવાનો પણ તિરસ્કાર કરવાને બદલે તેની સહાય કરી. (મહાભારત/વનપર્વ- દુર્બળના તિરસ્કારથી રહિતતા અહી જોવા મળે છે.)

પાંડવોના ઐશ્વર્યથી અતિશય દાહ પામેલા દુર્યોધને દ્યુત ક્રીડામાં પાંડવોની સમસ્ત સમ્પત્તિ કપટ કરો હરી લઇ તેઓને અપમાનિત કરી રાજ્યથી ચ્યુત કર્યા. તે સમયે પાંડવો યુધ્ધ કળામાં સંપૂર્ણ રીતે નિપુણ હોવા છતાં પાંડવોએ તે સમયે કૌરવો સાથે યુધ્ધ ટાળ્યું. કારણ કે તે સમયે કૌરવો ધન ધાન્ય અને સહાયકોથી પૂર્ણ હોય બલિષ્ટ હતા. જ્યારે પાંડવો ધન ધાન્ય અને સહાયકોથી પણ ન્યૂન હતા. અને એવા સમયમાં જો તેઓ કૌરવો સાથે યુધ્ધની ઘોષણા કરતે તો અવશ્ય પરાજીત થતે એટલે દ્રૌપદી અને ભીમ આદી ભાઇઓએ યુધિષ્ઠિર મહારાજને વારંવાર યુધ્ધ માટે પ્રેરણા કરવા છતા મહારાજ યુધિષ્ઠિર યુધ્ધને ટાળતા રહ્યા (બળવાન સાથે યુધ્ધ ઇચ્છતો નથી.)

દ્યુતમાં થએલા કરાર મુજબ પાંડવોએ બાર વર્ષ વનમાં અને એક વર્ષ અજ્ઞાતવાસમાં સફળતા પૂર્વક પૂર્ણ કર્યુ છતા દુર્યોધન પાંડવોનું રાજ્ય તેઓને પરત કરવા તૈયાર ન થયો ત્યારે પાંડવોના બધા સહાયકો કૌરવો સાથે યુધ્ધ

કરવા યુધિષ્ઠિરને પ્રેરણા કરતા હતા તે સમયે યુધિષ્ઠિર ક્યારેય ઇચ્છતા ન હતા કે એક પૃથ્વીના શાસન માટે યુધ્ધમાં મોટી જાનહાની થાય તેઓએ ભગવાન શ્રીકૃષ્ણને શાંતિદૂત તરીકે ધૃતરાષ્ટ્રની પાસે મોકલ્યા અને ત્યાં ભગવાનશ્રી કૃષ્ણ દ્વારા સામ, દામ અને ભેદ નીતિનો પ્રયોગ કરી દુર્યોધનને અને તેના સહાયકોને સમજાવવાનો પ્રયાસ કરાયો પરંતુ દુર્યોધન દ્વારા શ્રીકૃષ્ણની બધી માંગણીની ઉપેક્ષા કરાય. (અહીં યુધિષ્ઠિરે સાવધાની પૂર્વક શત્રુ સાથે બુધ્ધિ પૂર્વક વ્યવહાર કરેલો જણાય છે.) અને જ્યારે શાંતિના બધા જ પ્રયાસો વિફળ નિવડયા ત્યારે શત્રુ સન્મુખ પરાક્રમ કરવાનો સમય આવી ગયો જાણી અને પોતે પણ હવે સહાયકોથી પૂર્ણ હોય યુધિષ્ઠિર મહારાજે કૌરવો સાથે યુધ્ધની ઘોષણા કરી અને તે પોતાના સહાયકોની અહાયતાથી અઢાર જ દિવસમાં યુધિષ્ઠિર મહારાજે કૌરવોની સમસ્ત વાહિનીને કાળના મુખમાં મોકલી દીધી. આમ યોગ્ય સમયે પરાક્રમ બતાવી યુધિષ્ઠિર મહારાજે પોતાને વાસ્તવમાં વીર સિધ્ધ કરી દીધા કહ્યુ પણ છે. 'वशीभवेयुश्चेन्नैव त्रिभि: सामादिभिद्विष:। तथायुद्धं प्रकुर्वीत राजा धर्मेण निभय:।। साम्नादानेन भेदेन स्वबुद्धया वशयेद्रिपून्। कालेनाप्यति दीर्घण सद्योयुद्धं तु नाचरेत्॥ વિચાર્યા વગર એકદમ યુધ્ધ ન કરવું કારણ સંગ્રામમાં જય પરાજય સંદિગ્ધ છે. સમાદિ ત્રણ ઉપયો વડે રિપુઓ વશન થાય તો ધર્મથી નિર્ભય પણે યુધ્ધ કરે દીર્ઘકાળે કરીને પણ સામાદિ ઉપાયો વડે વેરીઓ વશ થાય તો તેમને બુધ્ધિથી વશ કરીલે'' (સ.જી. ૫/૨૪-૧૬-૧૭- આથી શત્રુને સામનીતિથી વશ કરવાનું કહ્યુ.) 'अञ्जुलिशपथं सान्त्वं प्रणम्य शिरसा वदेत। अश्रुप्रमाजनं चैवकर्तव्यं भूतिमिच्छता॥ बहेदमित्रं स्कन्धेन यावत्कालस्य पर्यय:। प्राप्तकालं तु विज्ञाय भिन्धाद् घटमिवाश्मनि॥ ઐશ્વર્ય ઇચ્છનાર રાજા અવસર જોઇને શત્રુની સાથે હાથ જોડે, સોગંદ ખાવા આશ્વાસન આપવું અને ચરણમાં નમીને વાતચીત કરવી એટલું જ

નહિ, તેને ધિરજ આપી તેના આંસુ પણ લુછવા. જ્યાં સુધી સમય પોતાને અનુકૂળ ન થઇ જાય ત્યાં સુધી શત્રુને ખભા પર બેસાડીને જવું પડે તો તે પણ કરવું. પરંત, સમય અનુકુળ આવે ત્યારે તેને એવી રીતે નષ્ટ કરે જેમ ઘડાને પથ્થર મારી ફોડી નાખવામાં આવે'' (મહા.શાન્તિ /૧૪૦) યોગ્ય સમયે પરાક્રમને પ્રગટ કરી શત્રુને સમાપ્ત કરવો)' 'परस्पराप कारणे पुंसां भवति विग्रहः। आत्मनोऽभ्युदया काङ्क्षी पीड्यमानः परेण वा। देशकालबलोपेतः प्रारसभेतेहविग्रहम्॥ એકબીજાનું અનિષ્ટ કરવાથી મનુષ્યમાં વિગ્રહ થાય છે. રાજાએ પોતાના અભ્યુદયની ઇચ્છાથી અથવા શત્રુથી પિડીત થઇને જે દેશકાળની અનુકૂળતા અને સૈન્ય શક્તિથી સંપન્ન હોય તો વિગ્રહ કરવો. (અગ્નિ /અ-૨૪૦- આથી દેશકાળની અનુકૂળતા ઇત્યાદિ જોઇને વિગ્રહ કરવાનું કહ્યું.) 'ह्रीयमानः सन्धिं कुर्वीत- જો રોજા પોતે દુર્બળ હોય તો તેણે પ્રબળ સાથે સંધિ કરવી જોઇએ.'' (ચાણક્ય સૂત્ર-૫૨) 'बलवान् हीनेन विग्रहणीयात् - બળવાન રાજાએ નિર્બળ રાજા પર આક્રમણ ન કરવું'' (ચાણક્ય સૂત્ર-૫૫) 'न न्यायसा समेन वा- પોતાની સમાન કક્ષાના અથવા પોતાનાથી વધુ બળવાન રાજા સાથે યુધ્ધ કરવું નહિ.'' (ચાણક્ય સૂત્ર-૫૬) 'गजपादयुद्धमिव बलविग्रहः- પોતાનાથી બળવાન રાજા સાથે યુધ્ધ એ હાથી તથા મનુષ્યતના જેવું યુધ્ધ હોય છે.'' (આથી સંધિ, વિગ્રહ વગેરેનો નિર્ણય બલાબલનો વિચાર કરીને કરવો.) (શ્લો-૧૧૧) હવે નીતિકાર કયા રાજના શત્રુ પરાજિત થાય છે તેના લક્ષણ કહે છે -

શ્લોક-૧૧૨ प्राप्य पदं न व्यथते कदाचित्

उद्योगमन्विच्छति चाप्रमत्तः।

दुःखं च काले सहते महात्मा

धुरन्धरस्तस्व जिताः सपत्नाः॥

શ્લોકાર્થ : હે રાજન્! જે મનુષ્ય વિપત્તિ આવતા છતા દુઃખી થતો નથી સાવધાની પૂર્વક ઉદ્યોગને આશ્રય લે છે અને સમય પડતા દુઃખ સહન કરે છે તેજ પોતાના કાર્યોને સ્વયં કરવા સમર્થ થાય છે. તેના શત્રુ પરાજિત થાય છે.

ચ.ટી. : સુખ દુઃખમાં એક રૂપતા રહેવી તે શ્રેષ્ઠ પુરૂષનું લક્ષણ છે તથા વિપત્તિના સમયે ધૈર્ય ધારણ કરવું અને અભ્યુદયના સમયે ક્ષમા પ્રદાન કરવી આ બધુ શ્રેષ્ઠ પુરૂષોના વ્યવહાર દ્વારા દેખાય છે. નીતિકાર વિદુરજી પણ તે તરફ જ સંકેત કરે છે. કહ્યુ પણ છે 'सुखं प्राप्त न संहृष्येन्न दुःखं प्राप्य संज्वरेत्। - સુખને પામીને હર્ષન પામવો દુઃખને પામીને શોક સંતાપ ન કરવો. અર્થાત્ સુખદુઃખમાં સમસ્થિતિ રાખવી' (મહા. અનુ. -૧૪૫) 'न प्रहृष्येत् प्रियं प्राप्य नोद्विजेत् प्राप्य चाप्रियम्। स्थिर बुद्धिरसम्भूढो ब्रह्माविद् ब्रह्मणिस्थिरः ॥ જે મનુષ્ય પ્રિયને પ્રાપ્ત કરીને હર્ષિત થતો નથી અને અપ્રિયને પ્રાપ્ત કરી ઉદ્વિગ્ન થતો નથી તે જ સ્થિર બુધ્ધિ મોહ રહિત પુરૂષ પરમાત્મામા સ્થિત છે.' (ગીતા/અ-૫/૨૦) 'व्यसने वार्थकृच्छे वा भये वा जीवितान्तगे। विम्रशंश्चस्वयाबुद्धया धृतिमान नावसीदति ॥ શોકમાં, આર્થિક સંકટમાં અથવા પ્રાણાન્તકારી ભય ઉપસ્થિત થતા પણ જે પોતાની બુધ્ધિથી દુઃખ નિવારણના ઉપાયનો વિચાર કરી ધૈર્ય ધારણ કરે છે તેને કષ્ટ ઉઠાવવું પડતુ નથી.' (વાલ્મિકી. રામા. ૪/૭/૯) 'यमर्थसिद्धः परमा नमोहयेत् तथैव काले व्यसनं न मोहयेत्। सुखं च दुःखं च तथैव मध्यमं निषेवते यः स धुरंधरो नरः ॥ જેને ઉત્તમ અર્થસિધ્ધ મોહમાં નાખી શકતી નથી તેમ જે ક્યારેક સંકટ ઉપસ્થિત થવા છતા વિવેક અને ધૈર્યથી વિચલિત થતો નથી. દુઃખ અને સુખ બંનેના મધ્યની અવસ્થાને સમાન ભાવથી સેવન કરે છે, તેજ મહાન કાર્યભારને સંભાળનાર શ્રેષ્ઠ પુરૂષ મનાયો છે.' (મહાશાન્તિ/-૨૨૬/૧૬) 'धाराः कष्टमनु प्राप्य न भवन्ति विषादिनः । प्रविश्य वदनं राहोः किं नोदेति पुनः शशी ॥ ધીરપુરૂષો કષ્ટમાં

પડવા છતા વિષાદ કરતા નથી. શુ રાહુથી ગ્રસ્ત ચંદ્ર પાછો ઉદિત થતો નથી' (ગરૂડપુ./૧૧૨/૧૫) 'योगस्थः कुरु कर्माणि सङ्गत्यक्त्वा धनंजय। सिद्धि सिद्धयोः समो भूत्वा समत्वंयोग उच्यते॥ હે ધનંજય! તું આસક્તિ ત્યજીને તથા સિધ્ધિ અને અસિધ્ધિમાં સમબુધ્ધિં રાખીને યોગમાં સ્થિત થઇ કર્તવ્ય કર્મકર સમત્વએ જ યોગ કહેવાય છે.' (ગીતા-૨/૪૮) 'दुःखेष्वनु द्विग्नमनाः सुखेषु विगत स्पृहः। वीतरागभयक्रोधः स्थितिधीर्मुनिरुच्यत॥ દુઃખોની પ્રાપ્તિ થતા જેમના મનમાં ઉદ્વેગ થતો નથી, સુખ મળતા જે સંપૂર્ણ પણે નિઃસ્પૃહ હોય છે તથા જેના રાગ,ભય અને ક્રોધ નાશ પામ્યા છે, એવો મુનિ સ્થિર બુધ્ધિ કહેવાય છે.' (ગીતા/૨/૫૬) ' यः सर्वत्रानभिस्नेहस् तत्तत्प्राप्य शभाशभम्। नाभिनन्दति न द्वष्टितस्य प्रज्ञा प्रतिष्ठता॥ तत्तष्ठिता॥ જે પુરૂષ સર્વત્ર સ્નેહ રહિત થયેલો તેને શુભ કે અશુભ વસ્તુ પામીને પ્રસન્ન થતો નથી કે દ્વેષ કરતો નથી. તેની બુધ્ધિ સ્થિર છે.' (ગીતા/૨/૫૭) આ સન્દર્ભમાં મહાભારતમાં આવતા યુધિષ્ઠિર મહારાજના જીવનના પ્રસંગો અવલોકન કરવા યોગ્ય છે. જ્યારે કૌરવો પાંડવો વચ્ચે દ્યુત ક્રીડાનો આરંભ થયો એ પૂર્વે મહારાજ યુધિષ્ઠિર સંપૂર્ણ ઘરાવતના એક છત્રી સાશક હતા. પરંતુ થોડાક જ કાળમાં તેઓ પોતાનું સર્વસ્વ હારી ગયા અને દ્યુતક્રિડામાં કરવામાં આવેલા કરાર મુજબ તેઓ વલ્કલ વસ્ત્ર ધારણ કરી પોતાના સુહ્દો સાથે વનમાં જઇને વશવાત કરતા હતા. જે યુધિષ્ઠિર મહારાજના આશ્રયમાં એક લાખ સ્નાતક બ્રાહ્મણોનું પોષણ થતું હતુ તેજ મહારાજ આજે વન પ્રદેશમાં એક પર્ણકૂતિ બનાવી નિવાસ કરતા હતા. જે મહારાજ યુધિષ્ઠિરના ઐશ્વર્ય જોઇને દેવતાઓપણ ઇર્ષ્યા કરતા હતા તે ચક્રવર્તી સમ્રાટ ભિક્ષાન્નથી પોતાનો નિર્વાહ કરતા હતા છતા યુધિષ્ઠિર મહારાજના મુખ પર કોઇપણ પ્રકારનો શોક ન હતો. જેવા તેઓ હજારો સેવકો દ્વારા સેવા કાયેલા રાજ્યમાં નિવાસ કરીને રહેતા હતા

તેટલી જ પ્રસન્નતાથી વનમાં વાસ કરીને રહેતા હતા અને ત્યાં રહેતા થતા તેઓ હંમેશા ધર્મનો સંગ્રહ કરવાના ઉદ્યોગમાં જ લાગેલા રહેતા વનવાસ દરમ્યાન દ્રૌપદી અને ભીમ આદી પાંડવો દ્વારા વારંવાર યુધ્ધ માટે ઉત્સાહિત કરાતા અને વનમાં આવતા કષ્ટ વીશે કહેવાતા છતા યુધિષ્ઠિર ધીરજતા પૂર્વક બધા કષ્ટને સહન કરતા રહ્યા. વનનું કષ્ટ ભોગવ્યા બાદ દ્યુતક્રીડામાં થયેલા કરાર મુજબ યુધિષ્ઠિર આદી પાંડવો વિરાટ રાજાને ત્યાં મત્સ્ય દેસમાં અજ્ઞાત વાસમાં દિવસો વિતાવતા હતા અને તે સમયે એક સમયના ચક્રવર્તી સમ્રાટ યુધિષ્ઠિર મહારાજ વિરાટ રાજાને ત્યાં રાજાની પાસે કંકનું કાર્ય (દ્યુત ક્રીડા રમનાર-શિખવનારાનું કાર્ય) કરે છે. આમ અપાર કષ્ટને પ્રાપ્ત કરી અંતે યુધિષ્ઠિર રાજા એ પરિશ્રમ કરી પોતે પાછા યુધ્ધ કરવા જેટલી શક્તિ સંપન્ન કરી કુરૂક્ષેત્રના મેદાનમાં કૌરવોને પરસ્ત કરી પોતાનું ગુમાવેલું રાજ્ય પરત મેળવ્યું. આમ નીતિકારે અહી કહ્યા મુજ કે ‘જે મનુષ્ય વિપત્તિ આવતા દુઃખી થતોનથી, સાવધાની પૂર્વક ઉદ્યોગનો આશ્રય લે છે અને સમય પડતા કષ્ટ સહન કરે છે તે પોતના કાર્યોને સ્વયં કરવા સમર્થ થાય છે. તેના શત્રુ પરાજિત થાય છે.’ તે યુધિષ્ઠિરના જીવનમાં યથાર્થપણે ચરિતાર્થ થાય છે. (શ્લોક- ૧૧૨) હવે વિદુરજી હંમેશા સુખી રહેનારા મનુષ્યના લક્ષણ કહે છે-

<u>શ્લોક-૧૧૩</u> अनर्थकं विप्रवासं गुहेभ्य :

पापै: सन्धि परदारा भिमर्शय।

दम्भं स्तैन्यं पैशुन्यं मद्य पानं

न सेवते सुखी सदैव॥

શ્લોકાર્થ : જે વ્યર્થ ઘરની બહાર જતો નથી, દુષ્ઠો સાથે મેળાપ કરતો નથી, અન્યનો સ્ત્રી સાથે સમ્બન્ધ રાખતો નથી, પાખંડી, ચોરી, પિશુનતા(ચાડિયાપણુ) તથા મધપાન કરતો નથી તે હંમેશા સુખી રહે છે.

ચ.ટી. : હંમેશા સુખી તેજ રહી શકે છે જે અનીતિના માર્ગ પર ચાલતો નથી, વ્યભિચાર શ્રતા મિથ્યા પ્રવૃત્તિમાં ફસાતો નથી. જીવનના ઉદ્દેશ્યને નિયમિત કરતા રહેતા શુભ કાર્યોમાં પ્રવૃત્ત રહે છે હવે ક્રમશઃ આનો વિચાર કરીએ.

(૧) વ્યર્થ ઘરની બહાર જવું નથી :-

ભગવાન સ્વામિનારાયણ કહે છે 'चतुष्पथं चैत्यतरुं श्मशानो पवनाभि च। दुष्ट स्त्री सन्निकर्ष च वर्जयेन्निशि सर्वदा॥ સર્વદા રાત્રિએ ચતુષ્પાદ, ઉદ્દેશવૃક્ષ, શ્મસાન અને બગિચાને પરહર તથા દુષ્ટસ્ત્રીના સામીપ્યનો પણ પરિત્યાગ કરવો (સ.જી. ૫/૧૮/૭૫), મહર્ષિ પરાશર વિષ્ણુપુરાણ (૩/૧૨/૧૩) માં પણ આજ વાત આ પ્રમાણે કહે છે અને મનુ મહારાજ મનુસ્મૃતિ (અ.૭/૪૭ થી ૫૦) માં 'मृगयाऽक्षो दिवास्वाप: परिवाद: स्त्रियो मद:। तौर्यत्रिकं वृथा त्याग: कामनो दशको गुण:॥ पैशुन्यं साहसं द्रोह ईर्ष्याऽसूयाऽर्थ दूषणम्। શિકાર, ધુત, દિવાન્દ્રિા, સ્ત્રી સાથે ચર્ચા, મદ્ય પાનથી વિકાર થાય તે, તૌર્યત્રિક એટલે કે સંગીત વાજીંત્ર અને નૃત્ય તથા વૃથાભટકવું એ દશ કામને ઉત્પન્ન કરનારો સમુહ છે તથા ચાડીચાપણું, સાહસ, દ્રોહ, ઇર્ષ્યા, અસૂયા, ધનને માટે દૂષણ દેવું, કઠોરવાણી અને કઠોરતા એ ક્રોધને ઉત્પન્ન કરનારો સમહુહ છે' આ વચનથી નીતિકારે કહેલા બધાને દોષ રૂપ કહે છે. અને આવા દૂષણથી યુક્ત મનુષ્ય હંમેશા કષ્ટનો ભાજી થાય છે. જેમ સૂર્પણખા થઇ હતી.

વાત એવી હતી કે માતા-પિતાની આજ્ઞાવશ ભગવાનશ્રી રામ, લક્ષ્મણ અને માતા સીતા દંડકારણ્યમાં નિવાસ કરી વનમાસના દિવસો વિતાવતા હતા. એક દિવસની વાત છે લંકાધિપતિ રાવણ ની ભગિનિ શૂર્પણખા રખડતી રખડતી શ્રીરામના નિવાસ સ્થાન પર આવી પહોચી અને શ્રીરામના દર્શન કરી તેના રૂપ પર મોહિત થઇ શ્રીરામની સમિપ આવી પોતાનો તથા પોતાના કૂળનો પરિચય આપતા બોલી ''હું સમસ્ત પ્રાણિઓના મનમાં ભય ઉત્પન્ન કરતી થકી એકાકી જ વનમાં વિચરતી રહુ છ, મારા ભાઇનું નામ રાવણ છે તે તેનું નામ સાંભળ્યું હશે. તુ એક સુંદર નવયુવક છે અને હુ પણ એક નવયુવતી છ તો તુ મને તારી ભાર્યાના રૂપમાં જો.'

સુર્પણખાની વાત સાંભળી ભગવાનશ્રી રામ હસવા લાગ્યા અને તેને ઉદ્દેશી બોલ્યા 'દેવી! અમો તો વિવાહિત છીએ અને એક પત્નીવ્રત ધારીને રહ્યા છે માટે તમો અમારા ભાઇ લક્ષ્મણ પાસે જાવ અમારા ભાઇ લક્ષ્મણ શીલવાન અને દેખાવમાં પણ અત્યંત સુંદર છે. તેઓને પત્ની ઇચ્છા હશે તો તેઓ તમારો સ્વિકાર અવશ્ય કરશે.'

ભગવાન શ્રીરામની વાત સાંભળી કામથી અત્યંત પિડીત થએલી સૂર્પણખા લક્ષ્મણજી પાસે આવો અને તેઓ પાસે પ્રણયની યાચન કરવા લાગી. ત્યારે લક્ષ્મણજી બોલ્યા 'દેવી! અમો તો શ્રીરામજીના દાસ છીએ, તો તમો અમારી ભાર્યા બની દાસી બનવા માંગો છો? માટે તમો અમારા જયેષ્ઠ ભ્રાતા પાસે જ જાવ.' તે પછી સૂર્પણખા પુનઃ શ્રીરામ પાસે આવી અને તેઓને લક્ષ્મણજીની વાત સંભળાવી અને તે રામ પ્રત્યે બોલી, 'તમો બંને ભાઈ મારા જેવી સુંદરીનો પ્રસ્તાવ અસ્વિકાર કરો છો તેનું કારણ આ પાસે બેઠેલી તારી પત્ની સીતા જ લાગે છે અતઃ એને હું મારી સૌત સમજ છ. તો તેને મોતને ઘાત ઉતારી હું તારી સાથે

સુખથી વિચરણ કરીશ, આમ કહી સૂર્પણખા સીતાજીને ખાવા માટે ધસી. એટલે શ્રીરામે લક્ષ્મણજીને આજ્ઞા કરી સૂર્પણખાના નાક કાન કપાવી નંખાવી તેને કુરૂપ બનાવી દીધી. તે પછી પોતાના અપમાનનો પ્રતિષોધ લેવા સુર્પણખા પોતાના ભાઇ ખર દુષણ પાસે આવી અને તેને પોતાની બધી વાત કરી એટલે ખર દુષણે રાક્ષસોની સેના લઇ શ્રીરામ લક્ષ્મણ પર આક્રમણ કર્યુ અને તે સમયે એકાકી રામે જ ખરદુષણ સહિત તેની સંપૂર્ણ સેનાને કાળના મુખમાં હોમી દીધી. તદન્તર સૂર્પણખા રાવણ પાસે આવી અને તેને બધી વાત કરી. રાક્ષસ રાજે મામા મારિચની સહાયતાથી સૌ પ્રથમ સીતાજીનું અપહરણ કર્યુ જેથી શ્રીરામે સુગ્રીવઆદી વાનરોની મદદથી સેતુ નિર્માણ કરી લંકા પર ચઢાઇ કરી રાવણને તેના અનુચરો સહિત યમલોક નો અતિથિ બનાવી દીધો. આમ રાવણ આદિના વિનાશનું કારણ સુર્પણખાનું વ્યર્થ ભટકવું એજ નક્કી થાય છે.

બીજ એક ચરિત્ર કંસની માતાનું જોવા મળે છે. વાત એવી હતી કે એક સમયે કંસની માતા રજસ્વલા અવસ્થામાં પોતાની સખીઓ સાથે સયામુન પર્વત પર વિચરણ કરવા ગઇ. તે સમયે સૌભના રાજા દુર્મિલનામના દાનવની દૃષ્ટિ તેના પર પડી અને તેનું રૂપ જોઇ દુર્મિલ દાનવ કામથી વિહવળ થઇ ગયો. અને ઉગ્રસેનનું રૂપ ધારણ કરી તે કંસની માતા પાસે આવ્યો. પોતાના પતિને એકાએક ત્યા આવેલા જોઇ તે આશ્ચર્ય ચકિત થઇ ગઇ અને તે પછી ઉગ્રસેન રૂપ ધારી દુર્મિલ દનાવ તેણીનો હાથ પકડી તેને સમાગમની ઇચ્છાથી ગુફામાં લઇ આવ્યો. તેઓ બન્ને રતિક્રિડામાં રત હતા ત્યારે કંસની માતેને પોતાના પતિમાં કંઇક વિશેષ ગૌરવનો અનુભવ થયો એટલે એ સમાગમનથી સુફાળી ઉભી થઇ ગઇ પણ એ પહેલા તો આ દુર્મિલ દાનવનું તેજ એના ગર્ભમાં પ્રવેશિ ચૂકેલું. તદન્તર કંસની માતાના કહેવાથી દુર્મિલ પોતાના મૂળ રૂપમાં આવ્યો. કંસની

માતાએ તેને ખૂબ થબકો આપ્યો પરંતુ દુર્મિલ દાનવ પોતાનું કાર્ય પૂર્ણ કરી જતો રહ્યો અને તે પછી નવ મહિના પૂર્ણ થયા એટલે ઉગ્રસેનના પત્નીએ એક અતિ ભયંકર અસુરને જન્મ આપ્યો જેનુંનામ હતુ કંસ (હરિવંશ/વિષ્ણુપર્વ/અ. ૨૮) આમ વ્યર્થ ઘરની બહાર જવાનું ફળ ઉગ્રસેનની પત્નીને પ્રાપ્ત થયું માટે કાર્યવગર ઘરની બહાર ન જવું.

(૨) <u>દુષ્ટો સાથે મેળાપ કરવો નહિ :-</u>

માર્કન્ડેયજી કહે છે 'नोद्वृत्तोन्मत्तमत्तैश्च नाविनी तैश्च पण्डित:। गच्छेत मैत्रीं नाशीलैर्नच चौर्यादिदूषितै: ॥ न चातिव्ययशीलेश्च न लब्धैर्नातिवैरिभि:। नानृतकैस्तथाक्रुरै: सहासीत कदाचन ॥ सार्धं न बलिभि: काया न नि:स्वैर्न च निन्दितै:। न सर्वशङ्किभिर्नित्य न च दैवपरैर्नृभि: ॥ જે સ્વભાવથી જ હીન વર્તનના હોય, મદિરા આદિ વ્યસનથી કે રોગથી જેમાં ઉત્મત્તપણું આવતું હોય, મિથ્યાગર્વથી જે ઉધ્ધત થયેલો હોય તથા અવિનયી હોય, આવા લોકોની સાથે વિવેકી ડાહ્યા મનુષ્યે મિત્રતા ન કરવી. તેમજ ચરિત્ર ભ્રષ્ટ ચોરી આદી દુર્ગુણોથી ભરેલા, અતિ ખર્ચ કરનારા, અત્યંત લોભી, જેને બીજા શત્રુ હોય, મન વચન કર્મથો અસત્ય પરાયણ તથા અતિ ક્રૂર આવા લોકોની સાથે ક્યારેય બેઠ ઉઠન રાખવી. પોતાનાથી વધારે બળવાન, અત્યંત નિર્ધન, લોકમાં અત્યંત ખરાબ રીતે વગોવાયેલ, સર્વત્ર શંકાના સ્વભાવવાળા, પુરૂષાર્થ હિન આવા મનુષ્યનો વધારે પડતો સંપર્કન રાખવો કારણ કે ઉપર કહ્યા તેવા મનુષ્યો સાથે મૈંત્રી, બેઠ ઉઠનો સંબંધ રાખિએ તો તેના બધા દુર્ગુણો સંગ કરનારામાં આવે છે.' (માર્કન્ડેય પુરાણ/૩૪/ ૮૭ થી ૮૯), ગંગાપુત્ર કહે છે 'यदि सन्तं सेवते यद्य सन्तं तपस्विनं यदि वा स्तेनमेव। वासो यथा रङ्ग वशं प्रयाति तथा स तेषां वशमभ्युपैति॥ કોઇ મનુષ્ય સજ્જનતાનો સમાગમ કરે કે દુર્જનનો કોઇ તપસ્વિની સેવા કરે કે ચોરના સંપર્કમાં રહે, શ્વેત વસ્ત્ર જેવા

સંપર્કમાં આવે તેવું રંગાઇ જાય છે તેમ મનુષ્ય પણ જેવાની સાથે તેવો થઇ જાય છે.' (મહાશાંતિ/૩૦૦/૩૩)

આ સંદર્ભમાં એક બે દૃષ્ટાંત અવલોકન કરવા યોગ્ય છે. એક રાજા અશ્વ પરસવાર થઇને વનમાં એકાકી વિચરણ કરવા માટે નિકળ્યો. ફરતા ફરતા જ્યારે તે ભીલોની વસ્તીમાંથી પસાર થયો ત્યારે એક ભીલની પર્ણકૂટીની બહાર પિંજરામાં બેઠેલો પોપટ બોલ્યો 'દોડો, પકડો, આને લૂંટી લો, મારી નાખો.' ત્યારે રાજા સમઝી ગયો કે આ ડાકૂઓની વસ્તી છે એણે પોતાનો ઘોળો પુરપાટ દોડાવી મૂક્યો. ડાકૂઓ તેની પાછળ દોડયા પણ રાજા ઘણો દૂર નીકળી ગયો. અતઃ હતાશ થઇને તેઓ પાછા ફરી ગયા આગળ જતા રાજા મુનિઓના આશ્રમમાં આવ્યા એક મુનિની પર્ણકૂટીના દ્વાર પર પિંજરામાં બાંધેલ પોપટ રાજાને જોઇ બોલ્યો 'આવો મહારાજ! તમારૂ સ્વાગત છે, અરે અતિથિ પધાર્યા છે અર્ઘ્ય લાવો, પાદ્ય લાવો, આશન લાવો' પોપટની ધ્વનિ શ્રવણ કરી ઋષિઓ પર્ણકૂટીની બહાર આવ્યા અને રાજાનું યથોચિત આતિથ્ય કર્યુ.

તદન્તર અતિથિ સત્કારથી સંતુષ્ટ થએલા રાજા ઋષિઓ પ્રત્યે બોલ્યા 'પ્રભુ! એક જ જાતિના પક્ષીઓના સ્વભાવમાં આમ અંતર કેમ?' ત્યારે મુનિ વતી પાંજરામાં બેઠેલો પોપટ બોલ્યો ''રાજન! પેલા ભીલોની વસ્તીમાં રહેલો પોપટ અને હુ બન્ને એક માતા-પિતાના પુત્રો છીએ. પરંતુ એકને ડાકુ લઇ ગયા જે હિસક ડાકૂઓની વાત શ્રવણ કરવાને લઇ હિંસક વાણી ઉચ્ચારણ કરવા લાગ્યો અને અમો સંતોની સાથે રહી સંતોની જેવી વાણી ઉચ્ચારીયે છીએ.'' આમ દુર્જન અને સજ્જનના સંગથી પ્રાણીમાં ગુણદોસ આવે છે. (સત્કથાઅંક/પૃષ્ઠ-૫૩૨)

બીજ એક ચરિત્ર હિતો પરદેશમાં આવે છે કથા એવી છે કે ભગવાન મહાકાલેશ્વરની નગરી ઉજ્જયિનીના માર્ગમાં પાકડાનું એક વિશાળ વૃક્ષ હતુ તેના પર અનેક પક્ષીઓ પોતાનો માળો બનાવી રહેતા હતા તેમાં એક હંસ પણ નિવાસ કરતો હતો અને તે પોતાના સરળ સ્વભાવને કારણે દરેક પક્ષીને આદરનુ પાત્ર બનેલો. પરંતુ એક દુષ્ટ કાગળો આ હંસ સાથે ઘણી ઇર્ષ્યા કરતો હતો. એક દિવસની વાત હતી કોઇ એક યાત્રી તે માર્ગથી જતો હતો. તેના શરીર પર મૂલ્યવાન વસ્ત્ર તથા ખભા પર ધનુષબાણ હતા. ગ્રીષ્મ ઋતુના પ્રચંડ તાપથી વ્યાકુળ થઇ જવાથી યાત્રીએ વૃક્ષની સઘન છાયા જોઇ તે ત્યાં વિશ્રામ કરવા આવ્યો. વૃક્ષની સઘન છાયામાં સૂતાજ યાત્રી નિદ્રાને વશ થઇ ગયો. થોડી જ વારમાં સૂર્યનો પ્રકાશ પાંદડાની વચ્ચેથી તેના મુખ પર પડવા લાગ્યો. પરોપકારી એવા હંસે જ્યારે જોયું કે આ પથિકના મુખ પર સૂર્યના કિરણો પડે છે ત્યારે તેણે કરૂણાવશ પોતાની પાંખો ફેલાવી પથિકના મુખ પર છાયા કરી જેથી તેને સુખની પ્રાપ્તિ થઇ અને તે સુખ પૂર્વક નિદ્રાધિનિ થઇ ગયો. પરંતુ નીદ્રાવસ્થામાં તેનું મુખ ખુલી ગયું, તે જ સમયે કાગળો પણ ઉડતો આવી હંસ પાસે આવીને બેઠો. સાધુ સ્વભાવના હંસે તેને આદર પૂર્વક પોતાની પાસે બેસાડી તેની કુશળતા પુછી. પરંતુ કાગડો તો સ્વભાવથી જ દુષ્ટ પ્રકૃતિનો હતો એટલે હંસને પથિક પર છાયા કરેલી જોઇ તે મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યો 'જો હું આ પથિક પર બીટ કરીને પયાન થઇ જાવ તો આ યાત્રી જાગૃત થઇ જશે અને પાંખ ફેલાવી બેઠેલા હંસને જ પોતા પર બીટ કરેલી માની તેનું અનિષ્ટ કરશે. જેથી હું હંસ થકી મુક્તિ મેળવીશ કારણ જ્યાં સુધી આ હંસ રહેશે ત્યાં સુધી બધા તેનો આદર કરશે.'

આ પ્રમાણે વિચાર કરી આ દુષ્ટે પથિકના મુખમાં બીટ કરી અને તે ઉડી ગયો. મુખમાં બીટ પડવાથી પેલો પથિક જબકી જાગી ઉઠયો અને તેણે વૃક્ષ પર જોયું તો હંસ પાખો ફેલાવીને બેઠો હતો પથિકને એમ કે આ હંસે જ મારા પર બીટ કરી છે એણે ધનુષ પર બાળ ચઢાવ્યું અને એક જ બાણે હંસના પ્રાણ હરી લીધા. બિચારો હંસ દુષ્ટ કાગડાના ક્ષણ માત્રના સંગથી કાળનો ગ્રાસ બની ગયો માટે જ કહેવાયું છે. 'न स्थातव्यं न गन्तव्यं दुर्जने न समं क्वचित्। અર્થાત્ દુષ્ટની સાથે ક્યાંય જવું પણ નહિ.' (હતોપદેશ/વિગ્રહ) શુક્રાચાર્યજી કહે છે 'त्यजेद् दुर्जन संगतम्- દુર્જનોના સંગનો ત્યાગ કરવો જોઇએ' (શુકનીતિ ૧/૧૬૩) ભગવાન વેદ વ્યાસજી કહે છે 'मोहजालस्य योनिर्हिमूढैरेव समागमः। अहन्यहनि धर्मस्य योनिः साधु समगमः॥ મુર્ખોનો સંગ જ મોહ જાળની ઉત્પત્તિનું કારણ છે તથા પ્રતિદિન સાધુ પુરૂષોને સંગ ધર્મમાં પ્રવૃત્તિ કરવાવાળો છે.' (મહા /વન/૧/૨૫) આચાર્ય ચાણક્ય કહે છે 'त्यजदुर्जन संसर्ग भजसाधु समागम्- દુર્જનોની સંગતિનો ત્યાગ કરવો. સાધુઓનો સમાગમ કરવો.' (ચા.ની.દર્પ. ૧૪/૨૦) ભગવાન શ્રમન્નારાયણ કહે છે 'सद्भिरासीत सततं सद्भिः कुर्वीत सङ्गतिम्। सद्भिर्विवादं मैत्री च नासिद्भिः किञ्चिदाचरेत्॥ સર્વદા સજ્જનો નો સંગ કરવો તેનીજ સંગતિ કરવી જોઇએ. વિવાહ તથા મૈત્રી સમ્બન્ધ પણ સજ્જનો સાથે જ કરવો, પરંતુ દર્જન સાથે કંઇ પણ નહિ કરવું જોઇએ (ગરૂડ/૧૧૩/૧૩) 'दुर्जनः परिहर्तव्यो विद्यपाऽलङ् कृतोःपि सन्। मणिना भूषितः सर्प कमिसौ न भयङ्करः॥ વિદ્યા વિભૂષિત હોવા છતા પણ દુર્જનનો પરિત્યાગ કરી દેવો જોઇએ. કારણકે મણિથી અલંકૃત હોવા છતા સર્પ ભયંકર જ હોય છે.' (ગરૂડ/૧૧૨/૧૫) તુલસીસાદજી કહે છે 'કો ન કુસંગતિ પાઇ ન સાઇ । રહીએ ન નીચ મતે ચતુરાઇ ॥ કુસંગમાં પડી કોઇનો પણ નાશ થઇ શકે છે. નીચના મત પ્રમણે ચાલવામાં ચતુરાઇ નથી (રામચરિતમાનસ

/અયોધ્યા/ ૪૮/૮) 'બુધ નહિં કરહિં અધમ કર સંગા । બુધ્ધિશાળી લોકો અધમનો સંગ કરતા નથી.' (રામ. માનસ./૭/૧૦૬/૭)

(૩) વ્યભિચારી :-

મનુ મહારાજ કહે છે 'व्यभिचारत्त भर्तुः स्त्री लोके प्राप्नोति निन्द्यताम्। शृगाल्योनिमाप्नोति पापरोगैश्चपीड्यते॥ જે સ્ત્રી પતિનો ત્યાગ કરીને વ્યભિચારમાં પ્રવૃત્તથાય છે તે જગતમાં નિંદાપાત્ર થાય છે અને મૃત્યુ પામ્યા બાદ શૃંગલાની યોનિમાં અવતરે છે અને પાપ રૂપ રોગથી પીડાય છે.' (મનુસ્મૃતિ/૫/૧૬૪) ભાગવતકાર કહે છે 'व्यभिचारफलं तप्तसूर्मिनरक प्राप्तिरेवेत्युक्तम्। વ્યભિચારનું ફળતો તપ્ત કૂર્મિ નરકની પ્રાપ્તિ છે. (ભાગ. સ્કં. ૫) વાલ્મિકીજી કહે છે ' यो कामेनान्य पुरुषं योषाऽभिसरति क्वचित्। सा खरि सप्त जन्मानि निरयान्तेऽतिरुग्भवे॥ જે સ્ત્રી પતિ સિવાયના પુરૂષ સાથે કામવાસનાથી વ્યભિચાર કરે તો તેની ગતિ નરકવાસ છે અને નરકવાસ ભોગવ્યા બાદ સાત જન્મ સુધિ ગધેડી થાય છે અને અત્યંત રોગી થવું પડે છે.' (વા. રામા.) 'परस्वानां च हरणं परदाराभिमर्शनम्। सुहृदामति शङ्का च त्रयो दोषाः क्षयावहाः॥ બીજાના ધનનું અપહરણ પરસ્ત્રી સાથે સંસર્ગ (વ્યભિચાર) અને પોતાનો સમ્બન્ધિઓ પ્રતિ ઘોર અવિશ્વાસ આ ત્રણ દોષ જીવનનો નાશ કરનાર છે.' (વા.રામા. ૬/૮૭/૨૪) ભગવાન વેદ વ્યાસજી કહે છે- 'सचिन्वान्मेवैनं कामनामवितृप्तकम्- કામવાસનાની સંતુષ્ટિ ક્યારેય થતી નથી તેથી અતૃપ્ત અવસ્થામાં જ તેને કાળ લઇને જતો રહે છે.' (મહા શાન્તિ/૨૭૭/૧૮) માટે ગીતાકાર ધર્મ વિરુધ્ધ કામને 'त्रिविधं नरकस्येदं द्वारंनाश नमात्मनः। कामः क्रोधस्तथा लोभस्तमादेतत् त्रयं त्यजेत्'॥ કામ ક્રોધ તથા લોભ આ ત્રણ નકરના દ્વારા આત્માનો નાશ કરવાવા અર્થાત્ નરકમાં લઇ જવાવાળા છે.'

(ગીતા/૧૬/૨૧) આ વચનથી નકરનું દ્વાર કહે છે. અને વાસ્તવમાં જે પણ કોઇ મનુષ્ય કે દેવ આ પ્રવૃત્તિમાં આરૂઢ થયા હતા તેઓ અત્યંત કષ્ટના ભાજી થયા હતા. જેમ નહુષ કષ્ટનો ભાજી થયો હતો.

વાત એવી હતી પૂર્વે વૃત્રાસુર ના વધથી થએલી બ્રહ્મ હત્યાથી પીડા પામેલ શચી પતિ ઇન્દ્ર માનસ સરોવરમાં કમળમાં (કમળનાળના તંતુમા) ગુપ્તપણે રહ્યો હતો એટલે ત્રિલોકી અનીશ્વર થતાં થયેલી અરાજકતામાં ભય આવવાની આશંકાથી સર્વ દેવતાઓએ મહર્ષિઓની સાથે વિચાર કરી આયુનો પુત્ર અને ભગવાન શંકરના જામાત્રા નહુષ નરાધિપને વિદ્યા તપ યોગ બળથી ઇન્દ્ર ના આસને યોગ્ય માનીને સુરાધિ પતિપણામાં અભિષેક કરતા હતા. ધર્મવત્સળ નહુષ નરપતિ પણ ઇન્દ્રાસનને પામીને ધર્મથી ત્રિલોકનું પાલન કરવા લાગ્યો. ઇન્દ્રના સર્વે અનુચરો, સર્વે ગંધર્વો, સર્વે અપ્સરાઓ અને સમસ્ત સમૃદ્ધિઓ તે નહુષ નરપાળની જ ઇન્દ્ર ભાવથી ઉપાસના કરવા લાગી આ પ્રકારે એક ઇન્દ્રાણી વિના ઇન્દ્રસંબન્ધિ સર્વ વૈભવે સંપન્ન છે. તથાપિ ઇન્દ્રાણીના અલાભથી અતૃપ્ત એવો નહુષરાજા સચીને સમીપે જઇ ‘હે કમળ લોચન! ઇન્દ્ર પદવમાં રહેલા મને તુ વર્ય’ એમ કહેવા લાગ્યો.

તે વછી ધર્મ તત્ત્વને જાણનારી ઇન્દ્રાણીએ તેને કહ્યુ કે ‘તમો ધર્મ તત્ત્વને જાણનારા છો તો નિર્લજ્જપણે પર સ્ત્રીનું પ્રદાર્પણ કરવાને યોગ્ય નથી. માટે હે કલ્યાણ! મને એકલીને ત્યાગ કરી ઇન્દ્રપદના સુખને સુખેથી ભોગવો.’ આ પ્રકારે ઇન્દ્રાણીએ બહુધા બોધ આપવા છતાં પણ મદોધ્ધત, કામ વેગથી તથા વ્યાકુળ મનવાળા નહુષે શચીનું વચન ન જ માન્યુ આવા વિષમ સમયમાં કોઇપણ ઉપાયથી પાતિવ્રત્યનું પરિરક્ષણ કરવા ઇચ્છતી ઇન્દ્રાણીએ નહુષને સમય સમુચિત એક વખત કહ્યું કે ‘હે ભદ્ર! હમણા હું કાંઇક વ્રત પરાયણ છ તો

તે વ્રતને અંતે તમોને નિશ્ચે વરીશ, હમણાં સ્વસ્થાનમાં જાઓ' આ પ્રકારે કહેલા નહુષરાજા શચીના વચનથી જાણે મનોરથ પ્રાપ્ત થયો હોય એમ માનીને સ્વસ્થાન માંગયો.

તદન્તર ઇન્દ્રાણીતો ગુરૂ બૃહસ્પતિના ઉપદેશથી 'ઉપશ્રુતિ! એવા નામથી પ્રખ્યાત કોઇ પણ દેવની પૂજા કરી તેના અનુગ્રહથી પતિ ઇન્દ્રને એકાંત સ્થળમાં મળીને તેણી એ નહુષ રાજાનું સમસ્ત દુશ્ચરિત નિવેદન કર્યું તે પછી ઇન્દ્રે કોઇપણ યુક્તિ યુક્ત ઉપાયનો બોધ દીધેલી ઇન્દ્રાણી સ્વર્ગલોકમાં પાછી આવી ફરી પોતા પાસે આવેલા નહુષ રાજા પ્રત્યે હસતી હસતી એમ બોલી કે 'હે રાજન! તમારો મનોરથ હું નિશ્ચે પરિપૂર્ણ કરીશ મુખ્ય મહર્ષિઓએ ઉપાડેલા અપૂર્વ-ઇન્દ્રપદને અસાધારણ એવા વાહનમાં બેસીને મને વરવા વાસ્તે આ સ્થાનમાં આવો.'

આ પ્રકારે ઇન્દ્રાણીએ કહેલો નૃપનહુષકામવેગને લીધે ધર્મ માર્ગ થકી ભ્રષ્ટ થતાં સત્વર મહામુનિઓને ઉપાડનારા તરીકે જોડીને તેઓએ ઉપાડેલી શિબિકા (પાલખી કે મેના) માં બેસીને ઇન્દ્રાણીના અંતઃ પુર તરફ ચાલ્યો શિબિકામાં બિરાજમાન નહુષને વહન કરનારા મુનિમાં ધીરે ધીરે ચાલતા અગસ્ત્ય મુનિ જોઇને કામવેગ થી વિભ્રાંત ચિત્તવાળો નહુષરાજા સર્પ સર્પ- જલદી ચાલો જલદી ચાલો એમ કહેતાં કહેતા વિવેક વિનિષ્ટ થએલો હોવાથી ક્રોધથી મુનિને લાતો વડે પ્રહાર કરવા લાગ્યો તે સમયમાં તત્કાળ તેના ઉપર ક્રોધ પામેલા અગસ્ત્ય મુનિએ કુમાર્ગમાં પ્રવર્તતા તે રાજાને 'હે પાપાત્મન્! તું જ આ ક્ષણમાં જ ભૂતળમાં મહાસર્પ (અજગર) થઇને પડચ' એમ શાપ આપ્યો. આ પ્રકારે અગસ્ત્ય મુનિએ શાપ આપેલો. નહુષ તત્ક્ષણ સર્પ ભાવને પામીને ભૂતળનાં પડયો અને મહા કષ્ટને પામ્યો. (મહાભારત)

બીજો એક પ્રસંગ કલીકાલનો છે. વાત એવી હતી કે મગધના પ્રાન્તમાં માહી નદીના તટ પર વનમાં એક 'ઉદ્ રામપુત્ર' નામના મહાત્મા રહેતા હતા. તેઓ ઉચ્ચ કોટીના મહાત્મા અને સિધ્ધ પુરુષ હતા. તેઓ પોતાની યોગ સિધ્ધિ માટે પ્રસિધ્ધ હતા. નરેશ્વરના નિમંત્રણથી તેઓ નિત્ય આકાશ માર્ગે ઉડીને ભિક્ષા માંગવા તેઓના મહેલમાં આવતા હતા. માગધપતિ આવા ઉચ્ચકોટીના સંયમી મહાપુરૂષનું યથાશક્તિ સન્માન કરતા હતા. 'આજે અમારે નગર બહાર જવાનું છે રાજ પ્રસાદમાં એવો કોઇ નથી કે જે ઉદ્ રામપુત્ર ને ભિક્ષા આપી શકે.' મહાત્માનો આવવાનો સમય થઇ ગયો છે. મગધાધિપતિએ પોતાની એક દાસીને મહાત્માના સ્વાગત સત્કારનું કાર્ય સોપ્યુ તે દાસી અત્યંત શુધ્ધ આચરણ વાળી તો હતી જ પણ સાથે સાથે અલ્પ વયસ્કા તથા અત્યંત રૂપવતી પણ હતી. દાસીએ મગધ પતિને પ્રણામ કર્યા અને મગધ પતિનો રથ ઘણા વેઘથી રાજ્ય મહેલની બહાર નિકળી રાજપથ પુર અદૃશ્ય થઇ ગયો.

'સ્વાગત છે મહારાજ!' દાસીએ યોગ સિધ્ધિથી રાજ પ્રાંગણમાં આકાશમાર્ગથી આવેલા તપસ્વી ઉદ્દરામપુત્રનું સ્વાગત કર્યુ. વાણી તો અમૃત રસથી સંપૂર્ણ આપ્લાવિત છે. મહાત્માએ આસન ગ્રહણ કર્યુ અને મહાત્મા ભોજન ગ્રહણ કરવા લાગ્યા. દાસી તેઓની સેવમાં હતી. દાસીએ આગ્રહ કરી ભોજન કરાવ્યુ. ભોજન કરતા કરતા મહાત્માની દૃષ્ટિ દાસીના અત્યંત મનોહર રૂપ પર પડીઅને તેઓ દાસીની કમનીય કાયા પર મુગ્ધ થઇ ગયા. દાસી સંકોચમાં પડી ગય. તદન્તર યોગીએ આકાશમાર્ગથી ઉડી તપોવન જવાનો પ્રયાસ કર્યો પરંતુ તેઓની શક્તિ કુંઠિત થઇ ગઇ. તેઓ લજ્જાથી અત્યંત ગ્લાની પામી ગયા.

તે પછી તેઓ દાસી પ્રત્યે બોલ્યા. 'દાસી! આજે અમારે આકાશ માર્ગથી ઉડીને જવું નથી માટે રાજ્યમાં દોષણા કરાવી દો કે સંન્યાસિ ઉદ્દરામપુત્ર અસંખ્ય

નાગરિકોને પોતાના દર્શનથી તૃપ્ત કરશે અને તેઓની ચિરકાળની પિપાશા શાંત કરશે.' મહાત્મા એ વાતને બદલી નાખી. રાજ્યપથ પર અગણિત લોકોએ અચાનક પગપાળા ચાલીને દર્શન આપતા મહાત્માના જયનાદથી ગગન તળને પ્રકમ્પિત કરી દીધું. મહાત્મા પોતાના આશ્રમ પર્યન્ત પગવાળા જ ગયા. તેઓની યોગ શક્તિ સમાપ્ત થઇ ગઇ હતી. કેવલ એક ક્ષણ માટે યુવતીનું રૂપ જોવા માત્રથી અને તેના પર આશક્ત થવાથી આવું પરિણામ આવ્યું. તેઓનું તપોબળ નષ્ટ થઇ ગયુ હતુ. કારણ એક સંન્યાસિ હોવા છતાં થોડી ક્ષણ માટે એકાન્તમાં યુવતી સાથે વાતચિત કરી તથા તેના પર આશક્ત થઇ જવાથી ઘણા દિવસની દબાયેલી વાસનાની આગ પ્રજ્વલિત થઇ ગય. નારીના નરપર સૌદર્યને જોઇને તેઓનું આત્મબળ ક્ષીણ પડી ગયુ. તે પછી મહાત્મા મગધ રાજા પ્રસાદમાં આકાશમાર્ગથી ક્યારેય પણ આવી શકયા નહિ કારણ તેઓ સંયમના માર્ગથી ચ્યુત થઇ ગયા હતા. (સત્ કથા અંક/ પૃષ્ઠ-૨૫૯-૨૬૦) માટે અન્યની સ્ત્રીમાં આશક્ત થવાથી નહુષ અને ઉદ્દરામ પુત્રની જેમ કષ્ટના ભાજી થવાય છે કહ્યુ પણ છે. 'परदारा न गन्तव्याः सर्ववर्णेषु कर्हिचित्। नही दृशमनायुष्यं लोके किञ्चन विद्यते। यादृशं पुरुषस्येह परदारो पसेवनम्॥ यावन्तो रोमकूपाःस्यूः स्त्रीणां गात्रेषु निर्मिताः। तावद् वर्ष सहस्राणि नरकं पर्यपासते॥ બધાજ વર્ણોમાં ક્યારે પર સ્ત્રી સંગ વર્જ્ય જ છે. કારણ કે વ્યભિચારથી પુરૂષને જેટલી હાની થાય છે તેટલી હાની આલોકમાં બીજા કોઇ પાપથી થતી નથી. સ્ત્રીના શરીરમાં જેટલા જેટલા રોમકૂપ હોય તેટલા હજાર વર્ષ પર્યન્ત સ્ત્રી સાથે વ્યભિચારી કરનારા પુરૂષને નરકમાં ભોગવવા પડે છે.' (મહા.આ. ૧૦૪/૨૦૨૨)

પરદાશમાં આસક્ત થવાથી એકાન્તિક ભગવદ્ ફક્તો પણ પોતાના માર્ગમાંથી ચ્યુત થઇ ગયા હતા આ સમ્બન્ધમાં શ્રી વિપ્રનારાયણનું ચરિત્ર અવલોકનીય છે.

વાત એવી હતી કે રામાનુજ સંપ્રદાયમાં અલવારોની પરંપરામાં એક વિપ્રનારાયણ નામના અલવાર થઇ ગયા તેઓ બ્રાહ્મણ વર્ણમાં પ્રગટ થયા હતા સાંગો પાંગ વેદધ્યાયન પૂર્ણ કરી પોતાને સમસ્ત વેદવેદાંગ ઉપનિષદ્ ના સારભૂત ભગવાન શ્રીમન્નારાયણના ચરણાર વિંદમાં સર્વતો ભાવથી અર્થાત્ અનન્ય ભાવથી સમર્પિત કરી દેવાની ઇચ્છા કરી તેઓ ભગવાનને પ્રાર્થના કરતા કે 'હે પ્રભુ! અમોને તમારી કૃપા સન્મુખ ઇન્દ્રનું પદ પણ જોઇતુ નથી. બસ કેવલ । જન્મમાં અને હવે પછી અન્ય જન્મોમાં પણ અમોને તમારા ચરણની સેવા મળતી રહે'. આ પ્રમાણે મનોમન પ્રાર્થના કરતા થતા તેઓ શ્રીરંગ ક્ષેત્ર માંગયા અને ત્યાં મંદિરની ચારે બાજ એક સુંદર બગીચાનું નિર્માણ કર્યુ અને તેમાંથી પુષ્પ ચૂંટી લાવી તેના હાર બનાવી ભગવાન રંગનાથને અર્પણ કરતા હતા તેઓ સ્વયં તો એક વૃક્ષ નીચે સામાન્ય પર્ણ કુટી બનાવી રહેતા હતા અને ભગવાન શ્રીરંગના પ્રસાદથી જ પોતાનો નિર્વાહ કરતા હતા. સંસાર તેઓની દૃષ્ટિમાં જાણે હતો જ નહીં ભગવાન શ્રીરંગજ તેઓના સર્વેસર્વા હતા. તેઓ કહેતા હતા કે 'અહી! જ્યારે જ્યારે હું ભગવાનને શેંષશૈયાપર સૂટેલા જોઉં છ, ત્યારે મારૂ શરીર પ્રેમવિહવલ થઇ જાય છે.' તેઓ જ્યારે આ પ્રમાણે ભગવાનના ધ્યાન ભજનમાં લીન હતા ત્યારે ભગવાને પણ કદાચિત તેઓને શુધ્ધ કરવા અને તેઓની વાસનાઓને ક્ષય કરવા માટે તેઓની એક વખત કઠિન પરીક્ષા લીધી.

શ્રી રંગ ક્ષેત્રમાં એક ઘણી રૂપવતી વારાંગના રહેતી હતી જેના સૌન્દર્ય પર રાજા પણ મુગ્ધ હતા તેનુ નામ 'દેવદેવી' હતુ એક દિવસની વાત છે તે પોતાની

બહેનને લઇને વિપ્ર નારાયણના બગિચામાં આવી અને ત્યાંની પ્રાકૃતિક શોભા જોઇ ને બન્ને આશ્ચર્યચકિત થઇ ગઇ એકાએક દેવદેવીની દૃષ્ટિવિપ્રનારાયણ પર પડી તેઓ ભગવાનનું નામ લેતા લેતા તુલસી વૃક્ષો ને સિંચતા હતા તેઓ પોતાની ધૂનમાં એટલા મસ્ત હતા કે તેઓએ દેવદેવીની સામે આંખ ઉઠાવીને જોયું પણ નહી તેઓની આ પ્રમાણેની ઉપેક્ષાથી દેવદેવીને મનમાં અત્યંત ગ્લાની થઇ તે વિચારવા ગાલી કે 'મારા જે અનુપમ સૌદર્ય પર રાજા લોકો પણ મુગ્ધ છે, પણ આ તપસ્વિ યુવાન મારી સામુ આંખ ઉઠાવીને જોવા પણ તૈયાર નથી'. તેણે તે વાત પોતાની બહેનને કરી ત્યારે તેની બહેન બોલી કે જેનું ચિત્ત અખિલ સૌદર્યના ભંડાર એવા ભગવાન શ્રીમન્નારાયણના ચરણકમળોમાં આસક્ત હોય તે શુ નારીના ધૃણિત રૂપ પર ક્યારેય આસક્ત થઇ શકે?' અને જો આસક્ત થાય તો? જો આસક્ત થાય તો હું છ મહિના સુધી તારી દાસી થઇ તારી સેવા કરીશ અને ન થાય તો હું છ મહિના સુધી તારી દાશી થઇ સેવા કરીશ.

આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી દેવદેવી પોતાના ઘરે આવી અને પોતાના બધા અલંકારો ઉતારી સાદા વસ્ત્ર ધારણ કરી તથા વૈષ્ણવી તિલક ધારણ કરી શ્રી વિપ્રનારાયણની પાસે આવી બોલી કે 'ભગવાન! મારા પ્રાચિન પાપોને કારણે મારો જન્મ વેશ્યાના વંશમાં થયો છે, હવે મારી માતા ઇચ્છે છે કે હું સર્વ સામાન્ય પુરૂષોની સ્ત્રી બનીને રહુ અને તેનાથકી ધન ગ્રહણ કરી તેને કામના પૂર્તિ કરૂ, પણ પ્રભો! હવે હુ મારા આત્માને અપવિત્ર કરવા માંગતી નથી, તથા તેને પતિત પણ કરવા ઇચ્છતી નથી જો હું મારી માતાની આજ્ઞાનું પાલન કરૂ તો હું ક્યા લોકમાં જઇશ તે મને સ્પષ્ટ પણે પ્રતીત થાય છે, શ્રીમાન શાસ્ત્રોનો નિર્ણય એ છે કે 'દશ સૂનિ સમા ચક્રી, દશ ચક્રી સમો ધ્વજી ॥ દશ ધ્વજી સમા વેશ્યા ॥' અર્થાત્ દશકૃતિઓ સમાન એક ચક્રી હોય છે, દશ ચક્રિઓ સમાન એક ધ્વજી

હોય છે અને દશ ધ્વજી સમાન એક વેશ્યા હોય છે અતઃ ભગવાન હુ તમારા શરણમાં આવેલુ છે માટે મને આશરો આપો. આપ જે જે સેવા કરાવનો આદેશ આપશો તે તે સેવા અમો કરશુ, અને જ્યારે તમો ભિક્ષા માંગવા માટે અન્યત્ર જશો ત્યારે તમારા ઉધાનની રક્ષાપણ કરશુ. તથા આપ જે પણ કંઇ ભગવાનને ભોગ અર્પણ કરી સ્વયં પ્રસાદ ગ્રહણ કરી જે પણ કંઇ ઉચ્છિષ્ટ અમોને આપશો તે ગ્રહણ કરી અમો સંતોષ માનશુ અથવા જંગલી ફળો અથવા કંદ મૂળ પાંદડા ઇત્યાદિનું સેવન કરીને અમો અમારો નિર્વાહ કરી લેશુ પણ અમારો ત્યાગ ન કરશો અમારી રક્ષા કરો.''

દેવદેવીના ઉપર્યુક્ત વચન સાંભળી મુનિએ તેને પોતાના ઘરે રહેવાની અનુમતિ આપી તે પછી દેવદેવી બન્ને સમય સ્નાનાદિથી પરવારી વિપ્રનારાયણના ચરણોની વંદના કરતી અને તેઓની આજ્ઞા પ્રમાણે કાર્યોનું સંપાદન કરવા લાગી. આ પ્રમાણે પોતાના બધા આવશ્યક કાર્યોને સફળતા પૂર્વક કરતી થકી દેવદેવી મુનિનું મન પોતા તરફ આકર્ષિત કરવાનો પ્રયાસ કરવા લાગી. વિપ્રનારાયણ પણ ભિક્ષાનો ભગવાનને ભોગ લાવી સ્વતંત્ર પ્રસાદ ગ્રહણ કરી વધેલો પ્રસાદ દેવદેવીને આપતા. જેને પામી દેવદેવી સન્તુષ્ટ થઇ જતી, આ પ્રમાણે ભગવાનના પ્રસાદને ગ્રહણ કરવાને લઇ દેવદેવીનું શરીર નિત્ય પ્રતિ કાન્તિમાય થવા લાગ્યુ.

દેવદેવી નિત્ય શ્રીવિપ્રનારાયણની સેવામાં તલ્લીન રહેતી તેમાની આજ્ઞાનુંસાર તુલસી અને પુષ્પોના છોડને વાવતી અને સીંચન પણ કરતી, તેઓ ભિક્ષા માંગવા જાય ત્યારે ઉધાનની રક્ષા પણ કરતી વિપ્રનારાયણ તો તેની સામુ જોતા પણ નહી એટલે દેવદેવી મનમાને મનમાં નિરાશ થઇ પોતાના કાર્યની સિધ્ધિ માટે ભગવાન શ્રીરંગનાથને પ્રાર્થના કરવા લાગી 'હે દયાળુ! દેવદેવી!

ભગવાન રંગનાથ આપ મારા પર પ્રસન્ન થાવ આ ભાગવતોત્તમ તો મને એટલો પણ પ્રેમ કરતા નથી જેટલો કોઇ પુષ્પ અથવા તુલસી છોળને કરે છે. અમે તો કામ વગર જ પ્રતિજ્ઞા કરી લીધી, ભાગવતોને તો મારા સમાન સ્ત્રિઓ ક્યારેય પણ ક્ષોભ પમાડી શકતી નથી. અમે લાગલગાત છે મારા સુધી વિપ્રનારાયણની સેવા કરી છતા એક વખત પણ તેઓએ મારી સામું આંખ ઉઠાવીને જોયુ પણ નથી. અમાવસ્યા જેવી અન્ધકારમય રાત્રીમાં પણ હું તેમની પર્ણકૂટીની બહાર એકાકી અનાથની જેમ પડી રહે છે, છતા તેઓ મારી પરવા કરતા નથી ભગવન્! મારી પ્રતિજ્ઞા સફળ થવાનું કોઇ લક્ષણ દેખાતું નથી માટે હવે આપ જ કેવલ મારા શરણ છો.'

દેવદેવીની વિનંતી સાંભળી ભગવાન સંતુષ્ટ થયા અને તેઓ વિચારવા લાગ્યા કે, 'દેવદેવીની પ્રતિજ્ઞા પૂર્ણ કરી દેવી જોઇએ' તેને માટે ભગવાને જ સ્વયં આત્મ સ્વરૂપનો તિરોધાન કરી નાના પ્રકારની વિચિત્ર ઘટનાઓને ઘટિત કરવાવાળી સમર્થ પોતાની માયાને પ્રેરણા કરી.

વર્ષાઋતુ આવી ગઇ. એક દિવસ જ્યારે મુનિ વિપ્રનારાયણજી દિવસભર ભગવાનની સેવા કરી રાત્રીના સમયે ભીક્ષામાંગીને લાવેલી સામગ્રીઓનો ભગવાનને ભોગ લગાવી સ્વયં તેમનો પ્રસાદ ગ્રહણ કરી અવશિષ્ટ અન્ન દેવદેવીને આપી સૂતા હતા. ત્યારે એકાએક આકાશ માં ચારેબાજ વાદળ છવાઇ ગયા, વિજળીઓ ચમકવા લાગી અને વાદળો ની ગડગડાહટ સાથે જોરથી વરસાદ વરસવા લાગ્યો વાયુ વેગની સાથે વર્ષાના બિંદુઓ તીવ્ર આઘાત કરવા લાગ્યા, છતાપણ દેવદેવી આ બધુ સહન કરતી ભગવાનનું નામ સ્મરણ કરતી થતી આશ્રામ ની બહાર પડી રહી દેવદેવીના કષ્ટોની અનુભૂતિ કરી શ્રી વપ્રનારાયણજીએ તેને કુટિયાની અંદર આવી જવા કહ્યુ અને એક સ્થાન પર

તેને સૂવા માટે કહ્યું. મુનિની આજ્ઞા મળતા જ તે પોતાને ધન્ય ભાગી માનતા તેણે કુટિયામાં પ્રવેશ કર્યો અને અનુનય વિનંતી કરતી થતી કે મુનિના પગ દબાવવા લાગી.

શાસ્ત્રો નારીને અંગાર સમાન અને પુરૂષને ઘી સમાન કહી તે બન્નેના સાન્નિધ્યનો નિષેધ કરે છ. છતાં પણ વેદ-વેદાંત જ્ઞાન સમ્પન્ન મુનિ શિવ-બ્રહ્મા ઇત્યાદિકને પણ મોહિત કરી દેનારી માયાના પ્રભાવથી દેવદેવીના સંશ્લેષણથી વિપ્ર બચી ન શકયા. પોતાની મધુર અને આકર્ષક વાણિઓથી વિપ્રનારાયણને આકર્ષિત કરતી થકી દેવદેવીએ પ્રેમપૂર્વક તેઓ સાથે શયન કર્યુ.

નારીના સંસર્ગથી સદા બચવાનો પ્રયત્ન કરવો જોઇએ તેની સમપિમાં પહોચતા જ પુરૂષનું ચિત્ત ચંચલ થઇ જાય છે ત્યાં સુધિ કે વિશ્વામિત્ર જેવા ઋષિ મહાત્મા જે ઉર્ધ્વરેતા થઇ ચૂકેલા હતા, પણ નારીના સાન્નિધ્યને કારણે તેઓ પણ ગલિતેન્દ્ર થઇ ગયા. શ્રી વિપ્રનારાયણ પણ દેવદેવીનું પ્રાણીગ્રહણ કરી તેની સાથે દીર્ઘ કાલ સુધી સપ્રેમ રમણ કરતા રહ્યા. આ પ્રમાણે દેવદેવીએ અનેક પ્રકારના મનમોહક વિભ્રમોથી વિપ્રનારાયણ ને પોતાના વશવતી બનાવી તેને પોતાના ઘર લઇ ગઇ. એલીવેણીને એ બતાવવા માટે વિપ્રનારાયણને ઘરે લઇ ગઇ કે 'તેણે વિપ્ર નારાયણને વશ કરી લીધા છે અને તેણે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી' તે પછી વિપ્રનારાયણ તો ભગવાન રંગનાથની બધી સેવાને અને સન્ધ્યાવંદનાદિ નિત્ય-નૈમિત્તિક તથા પ્રાયશ્ચિત કર્મોને પડતા મૂકી કેવલ દેવદેવીની સૌન્દર્ય સુધાનું રસપાન કરવામાં સદૈવ મગ્ન થઇ ગયા.

તદન્તર સદા દેવદેવીની સૌન્દર્ય સુધાનું પાન કરતા થતા મુનિશ્રી વિપ્રનારાયણ તેના ઘરે આનંદ પૂર્વક રહેવા લાગ્યા પણ વેશ્યા દેવદેવી અને વિપ્રનારાયણના માર્ગની પ્રબલ બાધિક દેવદેવીની માતાએ જ્યારે જોયુ કે

'વિપ્રનારાયણ પાસે ધન રહ્યુ નથી' ત્યારે ઘણી નિર્દયતા પૂર્વક તેઓને તેણે ઘરની બહાર કાઢી મૂક્યા. તે રાત્રિએ દેવદેવીના વિયોગથી વ્યાકુળ વિપ્રનારાયણ તેના ઘરના દરવાજાની બહાર ચાદરથી પોતાનું મુખ ઢાકી પડી રહ્યા, તે સમયે તેઓને પોતાના કર્મોને માટે અને દેવદેવીના વિયોગને કારણે ઘણી માનસિક સંવેદના થઇ રહી હતી.

તે દિવસે નિશીય કાળમાં જ્યારે સમસ્ત સંસાર નિદ્રાધિન હતો ત્યારે પોતાની નગરીનું નિરીક્ષણ કરવા માટે પોતાની પ્રાણ વલ્લભા ભગવતી લક્ષ્મીજીની સાથે પરમ પુરૂષોત્તમ ભગવાન શ્રીરંગનાથ નિકળ્યા તો તેઓએ તે સમયે વેશ્યાના ઘર દ્વાર પર અનાથની જેમ અત્યન્ત લજ્જિત રૂપમાં મુનિશ્રી વિપ્રનારાયણને સૂતેલા જોઇ જગન્માતા લક્ષ્મીજીએ વિપ્રનારાયણનો પરિચર પૂર્વક વૃત્તાન્ત જાણવાની ઇચ્છાથી શ્રીરંગનાથજીને પુછ્યું કે 'આ વ્યક્તિ કોણ છેજે આ પ્રમાણે રાત્રીના સમયે વેશ્યાના દરવાજા પર ચાદરથી પોતાનું મુખ ઢાંકી અનાથની જેમ સૂતેલો જોવા મળે છે?' પોતાની પરમપ્રયેસી ભગવતી શ્રીલક્ષ્મીજીની આ વાણી સાંભળો શ્રી ભગવાન બોલ્યા કે 'પ્રિય! આ એજ આપણો પ્રિય ભક્ત વિપ્રનારાયણ છે, જે નિત્ય આપણે બધાને મનોહર પુષ્પો અને તુલસીની માળાઓ અર્પિત કરતો હતો, પણ વિપ્રનારાયણ મારી જ માયાથી ભ્રમિત થઇ પોતાના બધા વર્ણાશ્રમ કૃત્યોનો ત્યાગ કરી વેશ્યાનો ભક્ત બની ગયો છે, પણ ધનના અભાવમાં આજે તે વેશ્યાથી જ નિરાદ્રિત થઇ તેના વિયોજથી વ્યાકુળ થઇ તેના દરવાજા પર જ સૂઇ રહ્યો છે.'

પોતાના ભક્તનું આ પ્રમાણે પતન સાંભળી જગ્ન્માતા શ્રી લક્ષ્મીજી ભગવાન પ્રત્યે બોલ્યા- 'ભગવાન! હવે આપ આપના આ ભક્તને લીલાનો વિષય ન બનાવી પુનઃ પોતા તરફ પ્રવૃત્ત કરો.'

શ્રીલક્ષ્મીજીની વાત સાંભળી ભગવાને એક વિચિત્ર લીલા કરી શ્રીરંગનાથજીના મંદિરમાં પાંચ સુવર્ણના ઘડામાં જે પ્રમુખપાત્ર હતુ તેને લઇ ભગવાન એક દાસ બાળકનો વેષ બનાવી દેવદેવીના દ્વાર પર આવ્યા અને તેઓએ દરવાજો ખખડાવ્યો. દેવદેવીએ તેનો પરિચય પુછ્યો તો તે બોલ્યો કે 'મારૂ નામ રંગદાસ છે, અને હુ વિપ્રનારાયણજીનો સેવક છ તેઓએ તમારે માટે આ પાત્ર મોકલાવેલું છે.' દેવદેવીએ સેવકની વાત સાંભળી તે પાત્ર લઇ લીધુ અને તેને કહ્યું 'તું જઇને વિપ્ર નારાયણને મારી પાસે મોકલ' તદન્તર રંગદાસે શ્રી વિપ્રનારાયણ ને દેવદેવીની પાસે મોકલી તેઓ ભગવતી લક્ષ્મીજી સાથે જઇ શેષશય્યા પર આવી આરામ કરવા લાગ્યા.

આ તરફ રાત્રી વ્યતિત થયા બાદ પ્રાતઃ કાલમાં જ્યારે મંદિરના અર્ચકો એ તે પાત્રને ગાયબ જોયુ. ત્યારે તેઓ આ અદ્‌ભૂત ઘટનાથી આશ્ચર્ય પામી ગયા તથા આખા મંદિરમાં આવાત પ્રસરી ગઇ. ઘણી શોધખોળ કરતા પણ પાત્ર ન મળ્યુ ત્યારે આ ઘટનાની જાણ ચોલ રાજને કરવામાં આવી, અને રાજ્યના કર્મચારીઓએ આવી મંદિરના કર્મચારિઓને ઘણુ કષ્ટ આપ્યુ અને અન્તમાં તેઓને નિર્દોષ માની છોડી દીધા. તે પછી પાત્ર કોની પાસે છે. તેની ભાળ મેળવવા ગુપ્તચરોને નિયુક્ત કરવામાં આવ્યા. તેવા સમયમાં દેવદેવીની સેવિકા તે પાત્ર લઇને પનઘટ પર જલ ભરવા માટે આવી, તેન તે પાત્રની સાથે આવેલી જોઇ રાજ્યના કર્મચારિઓએ તેના પતિને પકડી તેને તાડન કરવા લાગ્યા. પોતાના પતિને તાડિત થતા જોઇ સેવિકાએ પાત્ર સબન્ધિ બધી વાત રાજ્યના કર્મચારીઓને કરી અને તેને એપણ કહ્યું કે 'વિપ્રનારાયણ જેણે આ સ્વર્ણઘટ દેવદેવીને આપેલી હતો. તેઓ અદ્યાપિ દેવદેવીના ઘરે તેની સાથે કામ પરાધીન થઇને નિવાસ કરો છે.'

તદન્તર સિપાઇઓ દેવદેવી અને વિપ્રનારાયણને પકડી ચોલ રાજાની પાસે લાવ્યા. ચોરીના અભિયોગમાં પકડીને લવાયેલી દેવદેવીએ ચોલ રાજાને કહ્યું કે 'આ સુવર્ણનો ઘટ શ્રી વિપ્રનારાયણે જ પોતાના રંગદાસ નામના સેવકના હાથે મોકલેલો હતો.' તેની વાત સાંભળી વિપ્રનારાયણ બોલ્યા કે, 'હુ તો અકિંચિન વ્યક્તિ છ, મારો કોઇ સેવક નથી, અને ન તો હું આ સુવર્ણના કળશ બાબતમાં કંઇ જાણું છ.' આ પ્રમાણે બંનેને પરસ્પર વિવાદ કરતા જોઇ ચોલ રાજાએ બન્ને પ્રત્યે ધિક્કાર પૂર્ણ વચનો કહ્યા અને વિપ્રનારાયણને તેઓએ દુઃખદ કારાગારમાં બંધ કરી દીધા અને દેવદેવીને પણ ઉચિત દંડ આપવાની ઇચ્છાથી તેને પોતાના કર્મચારીઓ દ્વારા નજરબંધ કરી દીધી.

આ તરફ મધ્યરાત્રી થવા આવી હતી, સંસારના બધા પ્રાણિઓ ને નિદ્રાદેવીએ પોતાને આધિન કરી લીધા હતા, પરંતુ વાત્સલ્ય ગુણ પ્રધાન જગજનની ભગવતી લક્ષ્મીજી સમસ્ત કલ્યાગુણ સાગર ભગવાનની સેવા સાદર કરવા લાગ્યા. ભગવાન પણ દિવસ ભર પોતાના ભક્તોની રક્ષા કરતા શ્રમિત હોવા છતાં પણ પોતાની પ્રાણપ્રિયાના સ્નેહ અને માધુર્ય સુધાનું પાન કરવામાં તત્પર હોય ને પણ નિદ્રાધિન થઇ ન શક્યા. ભગવાનની અનુકૂલ પ્રવૃત્તિ ને જોઇ જગન્માતા લક્ષ્મીજી તેઓ પ્રત્યે બોલ્યા કે 'પ્રભુ! વિપ્રનારાયણ આપનો પહેલાનો ભક્ત છે અને આપનીજ સ્વરૂપ તિરોધાન માયાના પ્રાબાલ્યને કારણે તે વેશ્યાનો ભક્ત બની અસહ્ય કષ્ટ પામી રહ્યો છે. અતઃ હવે તમો તેને પોતાની લીલાનો વિષય ન બનાવી શીઘ્ર જ તેને પોતાની સન્મુખ કરો.'

ભગવતી લક્ષ્મીજીની વાત્સલ્ય સભર પ્રાર્થના સાંભળી ભગવાન રંગનાથે ચોલ રાજને સ્વપ્નમાં આદેશ આવ્યો કે 'તે સુવર્ણનો ઘટ અમો એ જ અમારી

માયાથી અપહૃત કરી દેવદેવીના ઘરે પહોંચાડેલો હતો, વિપ્રનારાયણએ મારો પુત્ર છે, અતઃ શીઘ્ર જ તેઓને બંદિખાનામાંથી મુક્ત કરો.'

આ તરફ પ્રાતઃ કાળ થતા જ જાગૃત થઇ રાજાએ મંત્રીઓ સાથે મંત્રણા કરી શ્રી વિપ્રનારાયણને મુક્ત કરી તેઓ પાસે ક્ષમાયાચના કરી. કારાગામાથી મુક્ત થયા બાદ વિપ્રનારાયણના જ્ઞાનચક્ષુ ખુલી ગયા અને વેદવેદાન્તના પારગામિ વિદ્વાનોને પુછી પોતાના પાપનો ઉપાય કાઢયો કે 'આ મહાન કુકૃત્યથી મુક્ત થવા માટે ભગવાનના ભક્ત વૈષ્ણવોની ચરણરજ ગ્રહણ કરવી જોઇએ, કારણ કે તેતો ભગવાનની ચરણરજ કરતા પણ અધિક પવિત્ર કરનાર છે, જે ભગવાનના ભક્તોનું ચરણોદક પોતાના મસ્તક પર ચઢાવે છે, તેને બધાજ તીર્થોમા સ્નાન કર્યાનું ફલ પ્રાપ્ત થઇ જાય છે.'

શ્રી વિપ્રનારાયણજીએ પોતાના પાપોનું પ્રાયશ્ચિત ભગવાનના ભક્તોની ચરણરજ લઇ અને તેને ભગવાનની ચરણ રજ કરતા પણ વધુ પાવન માની એટલે વિપ્રનારાયણ તે દિવસથી 'શ્રી ભક્તાઘ્રિણુ સૂરિ' ના નામથી પ્રસિધ્ધ થયા અને તેઓ પોતાના જ્ઞાન અને ભકિતની પરાકાષ્ઠા પર પહોંચી બાર અલવાર એક અવતાર તરીકે પ્રસિધ્ધ થયા.

શ્રી વિપ્રનારાયણની આ પરમાવસ્થા જોઇ દેવદેવીએ પણ પોતાનો વેશ્યાવૃત્તિનો ત્યાગ કરી દીધો અને તે શ્રીરંગનાથ ભગવાનના મંદિરમાં આવી અને તેમની સેવામાં જોડાઇ ગઇ અને અંતે તે પણ ભગવાનના ધમમાં ગઇ (પ્રપન્નામૃત) આમ એક વેશ્યામાં આશક્ત થવાથી વિપ્ર નારાયણનું પતન થયું હતુ. શ્રીમદ્ ભાગવતમાં શુકદેવજી કહે છે 'यस्तित्वह वा अगम्यां स्यिमगम्यं वा पुरुषं पोषिदभिगच्छति तावमुत्र कशया ताडयन्तस्तिग्मया सूर्म्या लोहमय्या पुरूषमालिङ्गयन्ति स्त्रियं च पुरुषमध्या सर्म्या॥ આ લોક માં જો કોઇ પુરુષ અગમ્ય સ્ત્રી સાથે સંભોગ

કરે છે અથવા કોઇ સ્ત્રી અગમ્ય પુરુષ સાથે વ્યભિચાર કરે છે તો તેને યમદૂતો તપ્ત સૂર્મિ નામના નરકમાં લઇ જઇને તેને ચાબૂકથી મારે છે અને પુરૂષને તપાવેલી લોખંડની સ્ત્રી સાથે અને સ્ત્રીને તપાવેલા પુરૂષ સાથે આલિંગન કરાવે છે.' (ભાગ. ૫/૨૬/૨૦) 'एवमेवान्ध तामिस्त्रे यस्तु वञ्चयित्वा पुरुषं दारादीनुपयुङ्क्ते यत्र शरीरी निपात्यमानो यातनास्थो वेदनयानष्टमतिनाष्टदृष्टिश्च भवति तथा वनस्पति र्वश्च्यमान मूलस्त स्मादन्धतामिस्त्रं तमपदिशन्ति॥ જે પુરૂષ કોઇ બીજાન ધોખો આપીને તેની સ્ત્રી આદીને ભોગવે છે તે અન્ધતામિસ્ત્ર નરકમાં પડે છે ત્યાં યાતનાઓમાં પડીને જડમાંથી કપાયેલા વૃક્ષની જેમ વેદનાથી મરાયેલો પોતાની યાદ શક્તિ પણ ખોઇ બેસે છે. એટલે જ આનું નામ અંધઃ તામિસ્ર પડેલું છે.' (ભાગ-૫/૨૬/૯) 'यस्त्वि हवा अगम्यां स्त्रि यमगम्यं वा पुरूषं योषिदभिगच्छति तावमुत्र कशया ताडयन्त स्तिग्मया सूर्म्या लोहमय्या पुरुषमालिङ्गन्ति स्त्रियं च पुरूषरुपया सूर्म्या॥ यस्त्विह वै सर्वाभिगमस्तम मुत्र निरये वर्तमानं वज्र कण्टकशाल्म लीमारोप्य निष्कषन्ति॥ જો કોઇ પુરૂષ આ લોકમાં અગમનીયા સ્ત્રી સાથે સંભોગ કરે છે અથવા કોઇ સ્ત્રી અગમનીય પુરૂષ સાથે વ્યભિચાર કરે છે તો યમદૂતો તેને તપ્તસૂર્મિ નામના નરકમાં લઇ જઇને કોરડાઓથી મારે છે તથા પુરૂષને તપાવેલા લોઢાની સ્ત્રીમૂર્તિ સાથે અને સ્ત્રીને તપાવેલા લોઢાની પુરૂષ પ્રતિમા સાથે આલિંગન કરાવે છે. જે મનુષ્ય આ લોકમાં પુશુ વગેરે સૌ કોઇની સાથે વ્યભિચાર કરે છે તેને તેના મૃત્યુ પછી યમદૂતો વજકંટકશાલ્મલી નામના નરકમાં નાખે છે અને વ્રજ જેવા કઠોર અકાંટાવાળા શીમળાના વૃક્ષ પર ચઢાવીને નીચે તરફ ફેંકે છે.'' (શ્રી ભાગ. ૫/૨૬/૨૦-૨૧) 'राजन्य वेश्यहा वाके तथैव गुरुतल्पगः। तप्त कुण्डे स्वसृगामी हन्ति राजभयंश्च यः॥ જે ગુરૂ પત્ની સાથે વ્યભિચાર કરે છે પોતાની બહેન સાથે મૈથુન કરે છે તથા રાજાના દૂતનો ઘાત કરે છે તે માનવ તપ્ત કુંભનામના નરકમાં જાય

છે.'' (વિષ્ણુપુરાણ/૨/૬/૧૦) 'स्नुषां सुतां चापि गत्वा अवमन्ता गुरुणां यो यश्चाक्रोष्टानराधम: ॥ જે પુરૂષ પોતાની પુત્રી તથા પુત્રવધુ સાથે વ્યભિચાર કરે છે તે મહા જ્વાલ નામના નરકમાં જાય છે. (વિ.પુ. ૨/૬/૧૨)

(૪) પાખંડ :- શ્રી શુકદેવજી કહે છે- 'यस्त्विह वै निजवेदयथादनापद्यगत: पाखडं चोपगतस्तमसितपत्रवनं प्रवेश्य कशया प्रहरन्ति यत्र हासा वितस्ततो धावमान उभवतो धारस्तालवनासि पत्रैश्छिद्यमान सर्वाङ्गो हा हतोऽस्मीति परमता वेदनया मूच्छिर्त: पदेपदे निपतति स्वधर्महा पाखण्डानुगतं फलं भुङ्क्ते॥ જે કોઇ માનવ કોઇ પણ પ્રકારની આપત્તી આવ્યા વગર પોતાના વૈદિક માર્ગનો ત્યાગ કરી પાખંડ, ધર્મનો આશ્રય કરે છે તેને યમ દૂતો અસિપત્રવન નામના નરકમાં લઇ જાય છે અને ત્યાં તેને કોડાથી માર મારે છે. જ્યારે તે મારથી બચવા આમતેમ દોડવા લાગે છે, ત્યારે તેના બધા અંગો તાલવનમાં તલવાર સમાન ધારવાળા પાંદડાથી જેની બન્ને બાજ ધાર હોય છે ટૂક ટૂક થવા માંગે છે. ત્યારે તે અત્યંત વેદનાથી હું મરી રહ્યો છે એમ અત્યંત આક્રંડ કરતો પદપદ પર મુર્છિત થઇ જાય છે. પોતાના ધર્મને છોડી આ પ્રકારે પાખંડ માર્ગનો આશ્રય કરનારા આ પ્રમાણે પોતાના પાપકર્મનું ફળ ભોગવે છે.' (ભાગ. ૫/૨૬/૧૫)

પાખંડ ધર્મનું આચરણ કરનાર હંમેશા કષ્ટનો જ ભાજી થાય છે અને થયા પણ છે જેમાં કેટલાય દૃષ્ટાંત અવલોકન કરવા યોગ્ય છે. આદિરાજ મહારાજા પૃથુ કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે અશ્વમેઘ યજ્ઞના માધ્યમથી તેમનું આરાધન કરતા હતા. એક પછી એક તેમના નવ્વાણું યજ્ઞો પૂર્ણ થયા અને જ્યારે સોમો યજ્ઞ તેઓ કરતા હતા ત્યારે ઇન્દ્રદેવ તેઓના યજ્ઞમાં વિઘ્ન કરવા ઉપસ્થિત થયા. ઇદ્રનું એક નામ 'સતક્રતુ' છે તેઓ સિવાય અન્ય કોઇ સો યજ્ઞ કરી શતક્રતુ થઇ જાય તેને તેઓ સહન કેવી રીતે કરી શકે. તેઓ એ પાખંડથી

અનેક પ્રકારના વેશ બનાવી અનેકો વખત યજ્ઞના ઘોડાને ચોરી લીધો. મહર્ષિ અત્રિના આદેશથી પૃથુ પુત્ર 'વિજિતાશ્વ' વારેવારે ઇન્દ્ર દેવ પાસેથી ઘોડો છોડાવી આવતા હતા. આ પ્રમાણેનો અનેકો વખત પાખંડ વેશનો આશ્રય લઇ ઇન્દ્ર દેવ પર પૃથુરાજા ક્રોધાયમાન થઇ ગયા અને સ્વયં તેઓને દંડ આપવા તૈયાર થયા.

આ પ્રમાણે પૃથુરાજાને યજ્ઞમાંથી ઉભા થઇ ઇન્દ્રદેવને દંડ આપવા તૈયાર થએલા જોઇ અત્રિઆદિ ઋત્વિજો તેમના પ્રત્યે બોલ્યા 'રાજન! યજ્ઞમાં દિક્ષિત યજમાન કોઇને દંડીત ન કરી શકે એવી મર્યાદા બંધાયેલી છે માટે આપ ક્રોધ ન કરો અમો આહુતિ આપી ઇન્દ્રને જ આ યજ્ઞમાં આવાહન કરી ભષ્મ કરી નાખશું.' તે પછી ઋત્વિજો ઇન્દ્રનો હોમ કરવા જેવા યજ્ઞમાં આહૂતિ નાખવા તૈયાર થયા ત્યાં યજ્ઞમાં બ્રહ્માજી તેઓ મધ્યે પ્રગટ થયા અને પૃથુ રાજાને સંબોધિ બોલ્યા 'રાજન! તમારે સો અશ્વમેઘ યજ્ઞ કરી ઇન્દ્ર તો થવું નથી, તમો તો ભગવાનના ભક્ત છો અને મોક્ષની ઇચ્છા રાખો છો માટે તમો આ યજ્ઞની સમાપ્તિ કરો. દેવરાજ ઇન્દ્ર પર આપ ક્રોધ કરો એ તમારા જેવા ભક્ત માટે ઉચિત નથી.'

બ્રહ્માજીની વાત સાંભળી પૃથુરાજાએ યજ્ઞની સમાપ્તિ કરી. તેમની નમ્રતા તથા સહન શિલતાથી તેઓના યજ્ઞમાં ભગવાનશ્રી હરિ ઇન્દ્રને લઇને પ્રગટ થયા. ઇન્દ્રદેવ ઘણા લજ્જિત હતા. તેઓ પૃથુરાજાના ચરણમાં પડી ગયા અને પોતાના અપરાધ બદલ તેઓ પાસે ક્ષમા યાચના કરી. (ભાગ ૪/૧૯) આમ પાખંડનો આશ્રય લઇ યજ્ઞનો ઘોડો ચોરનાર ઇન્દ્રને ઋષિઓ બાળી નાખવા તૈયાર થયા હતા. માટે પાખંડ કરનાર કષ્ટ પામતો હોવાથી તેનાથી દૂર રહેવું.

શ્રીરામ ચરિત માનસના લંકાકાંડમાં એક ચરિત્ર આવે છે જેમાં કાલનેમિ રાક્ષસ પણ પાખંડ કરવાના પરિણામે હનુમાનજીના હાથે કાળના મુખમાં જતો

રહ્યો હતો. વાત એવી હતી કે ઇન્દ્રજીતની શક્તિથી મુર્છિત થએલા લક્ષ્મણજી માટે વૈદ્ય રાજ સુષણના નિર્દેશથી હનુમાનજી સંજીવની ઔષધિ લેવા હિમાચલ પર ગયા હતા રાવણને આ વાતના સમાચાર મળતા. તેણે કાલનેમિ રાક્ષસ ને હનુમાનજીને રોકવા હનુમાનજીની પાછળ મોકલ્યો. કાલનેમિ રાક્ષસ હિમાલય પર આવ્યો અને એક બાવલોને કિનારે પોતાની માયા શક્તિથો આશ્રય બનાવી પોતે પણ માયાથી સાધુનુ રૂપ ધારણ કરી શ્રીરામ નામનો ઉચ્ચ સ્વરે ઘોષ કરતો થકો ત્યાં બેઠો. એવા સમયમાં હનુમાનજી ત્યાંથી પસાર થયા અને તેઓના કાનમાં રામનામનો ધ્વનિ સંભળાયો. એટલે તેઓ પેલા ઋષિ બનીને બેઠેલા કાલ નેમિ પાસેઆવ્યા અને ઋષિને પ્રણામ કર્યા અને તે હનુમાનજીને રામના ગુણોની કથા કહેવા લાગ્યો કે 'હાલમાં રામ રાવણનું મોટુ યુધ્ધ ચાલી રહ્યુ છે, તેમાં રામનો જય થશે, એમાં સંશય નથી હે ભાઇ! અમો અહીં બેઠા બેઠા બધું દેખિયે છોએ, અમને જ્ઞાનદ્રષ્ટિનું બળ અધિક છે.' હનુમાનજીએ ઋષિ પાસે જળ માંગતા, ઋષિ એ કમંડલ આપ્યુ ત્યારે હનુમાનજી બોલ્યા કે 'આટલા થોડા જળથી અમને તૃપ્તિ નહીં થાય' ત્યારે પાખંડી ઋષિ બોલ્યા કે 'શ્રીમાન! આપ આ પાસેના તળાવમાં સ્નાન અને જળપાન કરી આવો એટલે અમો તમને દીક્ષા આપોએ કે જેથી તમને જ્ઞાન પ્રાપ્ત થાય.' હનુમાનજી 'ભલે' એમ કહી ત્યાંથી તળાવ ભણી ગયા.

આ તરફ હનુમાનજી જેવા તળાવમાં પ્રવેશ્યા કે તરત જ એક મગરીએ તેઓનો પગ પકડી લીધો પરંતુ કપિ શ્રેષ્ઠે તેને પોતાના પાદ તળે કચડી મારી નાખી, એટલે તે તો એક દેવાંગનાના રૂપને પામી અને હનુમાનજી પ્રત્યે બોલી 'કપિ શ્રેષ્ઠ! અમો તમારા દર્શનથી નિષ્પાપ થઇ ગયા. અમને દુર્વાસા મુનિએ શાપ આપેલો તે મટી ગયો આશ્રમમમાં બેઠેલો મુનિ છે તે મુનિ નથી પણ ભયંકર

રાક્ષસ છે, આ મારા વચનને સત્ય માનજો.' આમ કહી અપ્સરા સવર્ગમાં જતી રહી એટલે હનુમાનજી તરત જ કામનેમિ ની પાસે આવ્યા અને તેના પ્રત્યે બોલ્યા 'હે મુનિ શ્રેષ્ઠ! પ્રથમ ગુરૂ દક્ષિણા લ્યો, તે પછીથી આપ અમને મંત્ર આપજો' તે પછી હનમાનજીએ પાખંડ વેશ ધારણ કરનારા કાલનેમિના ગળામા પૂંછડું વીટાળ્યુ અને તેને એવો તો પછાડયો કે તો તેણે તરત જ પ્રાણ છોડી ગયો. (રામ.માન /લંકા. આમ પાખંડ કરનારાએ મૃત્યુનુ મુખ પણ જોવું પડે છે.)

કરૂષ દેશના રાજા પૌન્ડ્રકે ભગવાન શંકરની કૃપાથી શ્રીકૃષ્ણ ના જેવું ચતુર્ભુજ રૂપ પ્રાપ્ત કરેલું. જેવી ભગવાનની ચાર ભુજા તથા ચારભજામાં શંખ ચક્રાદિચાર આયુધો તથા વક્ષઃ સ્થલમાં શ્રીવત્સનું ચિહ્ન હોય છે તેવું તેને પણ હતુ. અને બીજા બધા વસ્ત્ર અલંકાર આદિ બનાવતી ધારણ કરેલા એવો પૌન્ડ્રક પોતાને સાક્ષાત્ વાસુદેવ માનવા લાગેલો એક સમયની વાત પૌન્ડ્રકે પોતાના દૂતને દ્વારકા મોકલ્યો અને દૂત દ્વારકા આવી રાજ દરબારમાં બેઠેલા ભગવાન શ્રીકૃષ્ણને પૌન્ડકનો સંદેશો સંભળાવતા બોલ્યો- ''હે વાસુદેવ કૃષ્ણ! આ ધરાતલ પર અમો એક જ વાસુદેવ કૃષ્ણ છીએ, અમારાથી ભિન્ન બીજો કોઇ વાસુદેવ નથી. પ્રાણીઓ પર કૃપા કરવા અમો જ ધરાતલ પર અવતરેલા છીએ. હે કૃષ્ણ! તે તો જઠમુઠ વાસુદેવનું રૂપ ધારણ કરેલુ છે માટે હવે તેને છોડી દે. તે મુર્ખતાવશ અમારો વેશ ધારણ કરેલો છે તેને હવે તુ છોડી દે, અને અમારા શરણમાં આવી જા. અને જો તુ અમારી વાત નહિ માને તો અમારી સાથે તારે યુધ્ધ કરવું પડશે અને તે યુધ્ધમાં અમો અમારા અસ્ત્રશસ્ત્ર તારા પર છોડીશું.''

આ પ્રમાણે દૂતે કહ્યું ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અને રાજદરબારમાં રહેલા બધા લોકો ઠહાકામારી હસવા લાગ્યા અને પછી ભગવાન શ્રીકૃષ્ણે દૂતને કહ્યુ તૂ જઇને તારા સ્વામોને કહેજે કે ''રે પૌંડ્રક તે અમને અમારા અસ્ત્ર શસ્ત્ર

છોડવાનું કહ્યુ છે તો અમો અમારા અસ્ત્ર શસ્ત્ર તમારા પર છોડશુ અને માત્ર તારા પર જ નહી, તારાએ બધા સાથીઓ પર છોડસુ કે જેના ઉકસાવવાથી તુ આ પ્રમાણે બહેકી ગયો છો તે વખતે મૂર્ખ! તુ કંક, ગીધ, બકવગેરે માંસ ભક્ષી પક્ષીઓથી ઘેરાયેલો, મુખ ઢાંકીને પૃથ્વી પર સુઇ જઇશ, ત્યારે તુ કૂતરાઓને શરણ જઇશ, એટલે અગ્નિ સંસ્કાર પણ પામીશ નહિ.''

તે પછી દૂત જઇને શ્રીકૃષ્ણનો સંદેશો પૌંડ્રકને સંભળાવ્યો. આ તરફ શ્રીકૃષ્ણે પોતાની સેના સજ્જ કરી કાશીનગરી પર આક્રમણ કર્યું. તે સમયે આ પાખંડી કાશિના રાજા પાસે રહેતો હતો. શ્રીકૃષ્ણ ના આક્રમણના સમાચાર સાંભળી પૌંડ્રક બેઅક્ષૌહિણી સેના લઇને નગરની બહાર નીકળ્યો તે સમયે કાશી રાજ પણ પૌંડ્રક ની સહાય કરવા ત્રણ અક્ષૌહિણી સેના લઇને રણ મેદાનમાં આવ્યો અને તે સમયે રણ મેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણે પોતાના બધા અસ્ત્ર શસ્ત્ર પૌંડ્રક પર છોડી તેને તેના સહાયકો સાથે કાળના મુખમાં મોકલી દીધો. (ભાગ-૧૦/૬૬) આમ, પાખંડ આચરનારાએ ભયાનક કષ્ટનો સામનો કરવો પડે છે. રાજનીતિમાં તો પાખંડીને બે ઘણો દંડ કરવાનો કહ્યો છે 'दम्भस्य द्विगुणोदन्दः' ભગવાન શ્રીહરિ કહે છે. ''જે બાઇ ભાઇ હોય અને તેની કોરનું એમ જાણ્યામાં આવે કે આતો ઉપરથી દંભે કરીને ભગવાનની ભકિત કરે છે પણ સાચો ભગવાનનો ભક્ત નથી તો તેને દેખીને મન રાજી ન થાય ને તેની સાથે સુવાણ પણ ન થાય'' (ગ.મ.પ.મૃ.૩૮)

(૫) <u>ચોરી :-</u> ગંગાપુત્ર ભીષ્મ કહે છે- 'न हर्तव्य परधनमितिधर्मसनातन। પારકુ ધન ચોરવું નહિ એજ સનાતન ધર્મ છે.' (મહા.ભાશાં./૨૬૦/૧૨) 'अरण्ये विजने न्यस्तं परस्वं दुश्यते यदा। मनसाऽपि न गृहणन्ति त नराः स्वर्गगामिनः॥ નિર્જન જંગલામાં પડેલું ધન જો દેખાય છતા પણ મનુષ્ય તેને ગ્રહણ ન કરે. આ પ્રમાણે

કરનાર સ્વર્ગને પામે છે'. (મહા.અનુ. /૧૪૪/૩૧) ભગવાન શ્રીહરિ કહે છે 'स्तेनकर्म न कर्तव्यं धर्मार्थिमपि केनचित्। स स्वामि काष्ट पुष्पादि न ग्राह्यं तदनाज्ञया॥ અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઇએ ચોરનું કર્મ ન કરવું અને ધણિયાતાનુ જે કાષ્ટ પુષ્પ આદિક વસ્તુ તે તેના ધણોની આજ્ઞા વગર ન લેવું' (શિક્ષા. ૧૭) મનુ મહારાજે તો ચૌર્યકર્મ કરનારાએ પોતાની શુધ્ધિ અર્થે તપ્તકૃચ્છ વ્રત કરવાનું વિધાન કરેલું છે. 'कृमि की कीटवयो हत्या मद्यानुगत भोजनम्। फल पुष्पेन्धनस्तेयं मलिनी करणं स्मृतम् मलिनी करणेचापि तप्त कृच्छं विशोधनम् ॥ સૂક્ષમ જંતુ, કીડા, પક્ષીની હત્યા, મદિરાથી મિશ્રિત અન્ન, ફળ ફૂલ કે કાષ્ટની ચોરી આ બધા પાપને મલિનિ કરણ કહ્યા છે. તેનાથી શુધ્ધ થવા માટે તપ્તકૃચ્છવ્રત કરવું.' (મનુસ્મૃતિ/૧૧/૭૦) મહર્ષિગૌતમ ચોરી કરનારાના હસ્તોનો છેદ કરવાનું કહે છે. 'तृणं वा यदि वाकाष्ठं पुष्पं वां यदि वा फलम् अनापृच्छन् हि गृहणानो हस्तच्छेदनमर्हती॥ ઘાસનું તરણું, કાષ્ટ, પુષ્પ કે ફળ જો તેના સ્વામીની આજ્ઞા સિવાય કોઇ લે, તો તે લેનારાના હસ્ત કાપી નાંખવા' (ગૌતમ સ્મૃતિ) આ સંબંધમાં ઇન્દ્રના પુત્ર જયંત અને પુષ્પદંત નામના ગંધર્વનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છ.

વાત એવી હતી કે અન્તરવેદીમાં કોઇ ઘણો બુધ્ધિશાળી માળી રહેતો હતો. તેનું નામ 'રવિ' હતુ. તેણે એક તુલસીનો બગિચો લગાવેલો અને તે બગિચાનું નામ 'વૃંદાવન' રાખેલું. બગિચામાં તુલસી ઉપરાંત બીજા પણ ભાતભાતના મોગરો, ચંપો, ગુલાબ વિગેરે પુષ્પો રોપેલા, તથા બાગની ફરતે ઉંચી દિવાલ પણ બનાવેલી જેથી બાગમાં કોઇ પ્રવેશ ન કરી શકે તથા રવિમાળીએ તે જ બગિચામાં પોતાનું ઘર પણ બનાવેલુ અને એ ઘર એવો રીતે બનાવેલું કે કોઇપણ મનુષ્ય બાગમાં પ્રવેશ કરવા આવે તો તેણે ઘરમાં થઇને જ જવું પડે. તે

સિવાય બાગમાં પ્રવેશ કરવાનો કોઇ માર્ગ ન હતો. આ માળી પ્રતિદિન પોતાની ભાર્યા સાથે બાગમાંથી ફૂલોનો સંગ્રહ કરી લાવી તેની માળાઓ તૈયાર કરતો અને તેમાંથી કેટલીક માળા ભગવાન નૃસિંહને અર્પણ કરતો હતો. કેટલીક બ્રાહ્મણોને અર્પણ કરતો તથા કેટલીક માળાઓને વિક્રય કરી પોતાના પરિવારનું પોષણ કરતો હતો. એક સમયની વાત છે ઇન્દ્રપુત્ર જયંત તેની નજર આ બાગ પર પડી અને તેમાં રહેલા પુષ્પોની સુગંધથી આકર્ષાય તે આ બાગમાં આવ્યો અને પુષ્પની ચોરી કરી જતો રહ્યો તે પછીથી પ્રતિદિન પુષ્પોની સુગંધથી આકર્ષાય તે બાગમાં આવતો અને પુષ્પ ચોરી કરી જતો રહેતો.

આ તરફ નિત્ય પુષ્પોની ચોરી થતી જોઇ રવિમાળીને ચિંતા થઇ. તે વિચારવા લાગ્યો કે ' આ બાગના ફરતે પણ ઉંચી દિવાલ છે તો ચોર બાગમાં આવી કેવી રીતે શકે? માટે આજે રાત્રે અમો જાગતા રહીએ અને જોઇએ પુષ્પ કોણ ચોરી કરી જાય છે.' આ પ્રમાણે મનોમન નક્કી કરી માળી બગિચામાં એક સ્થાનમાં છપાઇ ગયો. જયંત નિત્યની જેમ બગિચામાં આવ્યો અને કુલ ચોરીન જતો રહ્યો. પણ રવિને ખબર ન પડી એટલે એ ખુબ દુઃખી થયો. તે પછી બીજે દિવસે રાત્રીએ સાક્ષાત્ નૃસિંહ ભગવાન તેના સ્વપ્નમાં આવ્યા અને તેના પ્રત્યે બોલ્યા 'હે પુત્ર! તુ શીઘ્ર ઉભો થા અને મારા પર ચઢાવેલા પુષ્પો ને લઇ આખા બગિચામાં ચારે બાજ મુકી દે દુષ્ટ ઇન્દ્ર પુત્ર જયંતને આનાથી બીજો રોકવાનો કોઇ ઉપાય નથી.'

તદન્તર સ્વપ્નમાં નૃસિંહ ભગવાનની આજ્ઞાનુસાર રવિએ બગિચાની ચારેય બાજ ભગવાનને અર્પણ કરેલ નિર્માલ્ય બીછાવી દીધા. નિત્યના ક્રમ મુજબ જયંત પુષ્પ લેવા માટે બગિચારમાં પ્રવેશ્યો અને તે અજાણતાથી ભગવાન નૃસિંહના નિર્માલ્યનું ઉલ્લંઘન કરી ગયો અને પષ્પની ચોરી કરી એ જેવો રથ પર

સવાર થવા ગયો ત્યાંજ તેની રથ પર ચઢવાની શક્તિ સમાપ્ત થઇ ગઇ. ત્યારે તેના સારથિએ કહ્યું 'દેવ! ભગવાન નૃસિંહના નિર્માલ્યનું ઉલ્લંઘન કરવાના પાપને કારણે તમારી રથ પર ચઢવાની શક્તિ કુંઠિત થઇ ગઇ છે. અમો તો હવે સ્વર્ગલોકમાં જઇએ છી પરંતુ તમો હવે ધરાવત પર જ રહો અને આપ પાપના પ્રાયશ્ચિત રૂપે કરૂક્ષેત્રમાં જાવ અને ત્યાં પરશુરામ ભગવાનના અશ્વમેઘ યજ્ઞમાં જઇ બાર વર્ષ પર્યંત બ્રાહ્મણોની સેવા કરો જેથી આપ આ પાપમાંથી મુક્ત થશો.' આમ કહી જયંતનો સારથિ સ્વર્ગમાં જતો રહ્યો અને જયંત પરશુરામના યજ્ઞમાં આવ્યો અને ત્યાં બાર વર્ષ પર્યન્ત બ્રાહ્મણોની સેવા કરવાથી બ્રાહ્મણોની કૃપાથી તે પુનઃ સ્વર્ગલોકમાં ગયો. (નૃસિંહ પુરાણ/અ-૨૮) આપમ ચોરી કરવાના પાપથી ત્રિલોકાધિપતિ દેવરાજ ઇન્દ્રનો પુત્ર પણ કષ્ટને પ્રાપ્ત થતો હતો માટે જ વેદ ભગવાન કહે છે 'अपतु सर्वंयत् पापम्- બધા પ્રકારના દુષ્કર્મોમાંથી બચો' (અથર્વ/૧૦/૧/૧૦) 'प्रपततः पापि लक्ष्मि- પાપની કમાણીનો ત્યાગ કરવો'(અથર્વ /૭/૧૧/૫૧) 'न स्तेय मद्धि- ચોરીનું ધન ન વાપરો' (અથર્વ/૧૪/૧/૫૭) વાલ્મિકીજી કહે છે- 'मातवत् परदारेषु परद्रव्येषु लोष्टवत्। आत्मवत् सर्व भूतेषु य पश्यन्ति स पण्डितः॥ પરાયિ સ્ત્રીમાં જેની માતૃવત દૃષ્ટિ છે, પરાયા ધનમાં જેની માટીના જેવી દૃષ્ટિ છે જે બધા પ્રાણીઓને આત્મ તુલ્ય સમજે છે તે પંડિત છે.' 'परस्वानां च हरणं परदाराभिमर्शमिम्। सुहृदामति शङ्का च त्रयो दोषाः क्षयावहः॥ અન્યના ધનનું અપહરણ, પરસ્ત્રી સાથે સંસર્ગ અને પોતાનું હિત ઇચ્છનાર સગા સમ્બન્ધિ પર અવિશ્વાસ આ ત્રણ દોષ જીવને નાશ કરનારા છે.' (વાલ્મિકીરામા.-૬/૮૭/૨૩) 'परद्रव्य परद्रोह पर निन्दा परस्त्रिषु। नालम्बते मनो यस्य तस्य चित्तं प्रसीदति॥ જેને શાન્તિની અપેક્ષા છે તે કેવી રીતે પ્રાપ્ત થાય? તો જેનું

મન પર દ્રવ્ય, પરદ્રોહ પરનિન્દા તથા પરસ્ત્રીઓ પર આધારિત નથી તેને ચિત્તનો પ્રસાદ પ્રાપ્ત થાય છે.' (આદિ. જ.ગુ. શંકરાચાર્ય)

સ્કન્ધ પુરાણમાં પુષ્પદંત નામના ગંધર્વની કથા આવે છે. પુષ્પદંતએ ભગવાન શંકરનો અનુચર હતો. તે નિત્ય પ્રાતઃ કાળ એક રાજાના ઉપવનમાં જઇ પુષ્પોની ચોરી કરી લાવતો ઉપવનનો સ્વામી રાજા ફૂલની ચોરી થઇ જવાથી માળી પર ક્રોધ ભરાઇ તેને સજા કરતો માળીઓ દિવસ રાત ઉપવનની ચોકી કરવા છતા ફૂલ તોડનારા ચોરનો કોઇ પત્તો લાગતો ન હતો. અંતે તેઓ બધાને એ બાબતનો નિશ્ચય થઇ ગયો કે 'ફૂલો ચોરનારો ચોર જ્યારે ફૂલ ચોરવા ઉપવનમાં આવે છે ત્યારે કોઇ વિશેષ શક્તિ અદૃશ્ય થઇ ઉપવનમાં પ્રવેશ કરે છે અને ફૂલ ચોરીને પલાયન થઇ જાય છે.'

તદન્તર રાજાના મંત્રીએ આ સમસ્યાનું સમાધાન કાઢયું સર્વ સમ્મતિથી એ નિર્ણય કરાયો કે 'ઉપવનની ચારે બાજ શીવ નિર્માલ્ય બિછાવી દેવા, જેવો ચોર શીવ નિર્માલ્યનું ઉલ્લંઘન કરશે તેવી જ ચોરની અદૃશ્ય થવાની શક્તિ કુંઠિત થઇ જશે.' અને મંત્રીની સલાહ પ્રમાણે જ બધી વ્યવસ્થા કરાય. તે પછી નિત્યના ક્રમ મુજબ પુષ્પદંત પુષ્પની ચોરી કરવા માટે જેવો બાગમાં પ્રવેશ્યો ત્યાં જ તેનાથી શીવ નિર્માલ્યનું ઉલ્લંઘન થઇ ગયુ અને તેને લઇ તેની અદૃશ્ય રહેવાની શક્તિ લુપ્ત થઇ ગઇ અને શક્તિ અદૃશ્ય થતા તે બધાને દૃષ્ટિ ગોચર થવા લાગ્યો જને લઇ રાજાના સેવકોએ તેને બંદી બનાવી લીધો અને તેને કારાગામમાં નાખી દીધો.

તે પછી પુષ્પદંતને ખબર પડી કે 'ઉદ્યાનમાં પુષ્પની ચોરી કરવા જતા મારો પગ ભગવાન શંકરના નિર્માલ્ય પર પડી ગયો અને એ નિર્માલ્યનું ઉલ્લંઘન કરવાને લઇને મારી અદૃશ્ય રહેવાની વિદ્યા લુપ્ત થઇ ગઇ છે' તે પોતાના આ

અપરાધને ક્ષમા કરાવવા અને ભગવાન આશુતોષને પ્રસન્ન કરવા કારાગારમાં જ ભગવાન શંકરનું સ્તવન કરવા લાગ્યો. પુષ્પદંતના મુખમાંથી પ્રગટ થએલો આ સ્તોત્ર 'शिवमहिम्नस्तोत्रम्' ના નામથી ઓળખાયો અને આ સ્તવનથી પ્રસન્ન થયેલા પ્રભુ ભક્તની સહાય કરવા માટે કૈલાસમાંથી દોડી આવ્યા અને પ્રભુના દર્શનથી જ પુષ્પદંતના બધા અપરાધો સમાપ્ત થયા. ભગવાન શંકરે ભક્તને અભયદાન આપ્યુ. અને બીજા દિવસે રાજાને આ વાતના સમાચાર મળ્યા ત્યારે તેઓ ઉતાવળા પુષ્પદંતની પાસે આવ્યા અને તેઓ પુષ્પદંતના દર્શનથી કૃતાર્થ થયા અને શ્રીમહાદેવના અનન્ય ભક્ત એવા તેઓને આદર સહિત કારાગારમાંથી મુક્ત કર્યા. આ પ્રમાણે પુષ્પદંત ભલે ભગવાન સંકરનો અનન્ય ભક્ત હતો પરંતુ પુષ્પની ચોરી કરવાને કારણે તેને પણ અમુક કાળ માટે કષ્ટ તો ભોગવવું પડયુ માટે ચોરી કરનારો હંમેશા કષ્ટનો ભાજી થાય છે. આવા મનુષ્યો આ લોકમાતો કષ્ટને પામે જ છે પરંતુ પરલોકમાં પણ દારૂણ કષ્ટને ભોગવે છે. જેમ શ્રી શુકદેવજી કહે છે- 'ये त्विह वै दस्यवोऽग्निदागरदाग्रामान् सार्थान् वा विलुम्पन्ति राजनो राजभय वा ताश्चा पि हि परेत्य यमदूता वज्रदंष्ट्रा: श्वान: सप्त शतानिविंशतिश्च सरभर्स खादन्ति॥ જે કોઇ ચોર અથવા રાજા કે રાજાના સેવકો આ લોકમાં કોઇના ઘરને આગ લગાવે કે વિષ આવે છે અથવા ગામમા કે વ્યાપારીઓમાં લૂંટ ચલાવે છે. તેઓને મૃત્યુબાદ સારમેયાદન નામના નરકમાં વજના દાઢવાળા સાતસો વિસ યમદૂતો કૂતરા બની વેગથી કાપવા લાગે છે. (ભાગ-૫/૨૬/૨૭) 'य स्त्विह वैस्ते येन बलाद्वाहिरण्य रत्नादिनि ब्राह्मणस्य वापहरत्यन्यस्यवाना पदि पुरुषस्तममुत्र राजन् यमपुरुषा अयस्मयैरग्नि पिण्डै:सन्दंशैस्त्वचि निष्कृषन्ति॥ આ લોકમાં જે વ્યક્તિ ચોરી અથવા બળજબરીથી બ્રાહ્મણના અથવા આપત્તિનો સમયન હોવા છતા પણ કોઇ બીજા પુરૂષના સુવર્ણ અને રત્નાદિકનું

અપહરણ કરે તેને મૃત્યુબાદ યમદૂતો સન્દશ નામના નકરમાં લઇ જઇને તપાવેલા લોખંડના ગોળાથી દઝાડે છે અને સાણસીથી તેની ચામડી ખચે છે.' (ભાગ.૫/૨૬/૧૯) પરાશર મુનિ કહે છે 'चोरे विलोह पतति मर्यादादूषणकस्तथा। જે મનુષ્ય ચોરી કરે છે તથા મર્યાદાનો ત્યાગ કરે છે તે વિમોહ નામના નરકમાં પડે છે.' (વિ.પુરાણ /૨/૬/૧૪)

(૬) <u>પિશુનતા- ચાડિયાપણું :-</u>

મહર્ષિ પરાશર કહે છે 'मार्जारकुकुटच्छगश्चव राहविहङ्गामान्। पोषयन्नरकं याति तमेव द्विजसत्तम॥ रङ्गोपजीवी कैवर्तः कुण्डाशीगदस्तथा। सूची महिष कश्चैव पर्वकारी च यो द्विजः॥ જે મનુષ્ય કોઇની ચાડી ચૂગલી કરે છે, ભેંસ પાડા પર આજીવિકા ચલાવે છે અથવા પોતાની સ્ત્રી પાસે વ્યભિચાર કરાવે છે. પર્વનો દિવસ હોવા છતા પર્વની ક્રિયા કરાવે છે અથવા પર્વના દિવસો પણ પોતાની સ્ત્રી સાથે મૈથુન કરે છે તથા જે પારકા ઘર સળગાવે છે. મિત્રનો નાશ કરે છે, પક્ષિઓ પર આજીવિકા ચલાવે છે અથવા જ્યોતિષ પર આજીવિકા ચલાવે છે, તથા જે આખા ગામને યજ્ઞ કરાવે છે અર્થાત દરકેનો પરોહિત થાય છે અને જે સોમરસ વિક્રય કરે છે તે રૂધિરાંશ નામના નરકમાં પડે છે.' (વિ.પુ. ૨/૬/૨૧-૨૨) આચાર્ય ચાણક્ય કહે છે 'किं पिशुनता यद्यस्ति किं पातकैः। ચાડી ખોરી કે બીજાની પંચાત કરવાથી મોટું પાપ કોઇ હોઇ શકે જ નહિ' (ચાણ. નીતિ. ૧૭/૪) આ સન્દર્ભમાં સૂર્ય અને ચંદ્રનું દૃષ્ટાંત અવલોકન કરવા યોગ્ય છે.

વાત એવી હતી કે કશ્યપ ઋષિના પુત્રો દેવો અને દાનવો એ ભેગામળી સમુદ્રનું મંથન કરી સમુદ્રમાંથી ચૌદ રત્નો પ્રાપ્ત કર્યા. તેર રત્નો તો બધાએ પરસ્પર વહેંચી લીધા. પરંતુ ચૌદમું રત્ન અમૃત જ્યારે સમુદ્રમાંથી પ્રગટ થયું ત્યારે તે અમૃત કુંભ લઇને અસુરો પલાયન થઇ ગયા ત્યારે ભગવાન શ્રીમન્

નારાયણે મોહિની રૂપ ધારણ કરી અસુરોને મોહિત કરી તેઓ પાસેથી અમૃત કુંભ લઇ ક્ષિર સાગરના કિનારે પંક્તિ બધ્ધ બેઠેલા સુરાસરમાંથી અસુરોને પોતાના હાવભાવથી મોહિત કરી દેવોને અમૃત પાન કરાવવા લાગ્યા. મોહિની નારાયણ દ્વારા આ પ્રમાણે દેવતાઓને અમૃતપાન કરાવતા જોઇ રાહુની નજર મોહિનીના પગ ઉપર પડી. તેનો જમણો પગ પ્રથમ પડતો હતો એન જોઇ તેને નિશ્ચય થઇ ગયો કે આ કોઇ સ્ત્રી નથી પણ પુરૂપ છે. એટલે તે દેતવાનું રૂપ ધારણ કરી દેવતાની પંક્તિમાં બેઠાલા સૂર્ય અને ચંદ્રની મધમાં જઇને બેસી ગયો. ભગવાન મોહિની સર્વજ્ઞ છે તેઓ અમૃત પાન કરાવતા થતા રાહુ દૈત્ય પાસે આવ્યા અને બધુ જાણતા હોવા છતા પંક્તિ ભેદ ન કરતા તેઓ રાહુન પણ અમૃત પાન કરાવવા લાગ્યા. ત્યારે સૂર્ય અને ચંદ્રએ ચાડી કરી રાહુ દૈત્યનો બધો ભેદ સ્પષ્ટ કરી દીધો. એટલે ભગવાને પોતાના સુદર્શન ચક્ર વડે રાહુ દૈત્યનું મસ્તક કાપી નાખ્યુ. પરંતુ અમૃત પીને અમર થયેલો રાહુ દૈત્ય મૃત્યુ ન પામ્યો અને તેનું મસ્તક અને ધડ બન્ને અમર થઇ ગયા. રાહુના મસ્તકનું નામ તો રાહુ જ રહ્યુ અને ધડનું નામ કેતુ થયુ અને ભગવાને તેને ગ્રહમાં સ્થાન આપ્યુ છતા આજે પણ રાહુ સુર્ય અને ચંદ્ર એ ચાડી કરેલી તેનો પ્રતિષોધ લેવા અર્થાત્ તેનો ગ્રાસ કરવા તેની સમિપ આવે છે જે કાળ ગ્રહણના નામથી ઓળખાય છે અને આ કાળમાં સૂર્ય ચંદ્ર અતિશય દુર્બળ પડી જાય છે. આ બધુ જ તેઓની ચાટુ કારીતાનું પરિણામ છે મહર્ષિ શતાનંદ સ્વામી તો (શિક્ષાપત્રી અર્થદીપિકા શ્લો-૨૦૨) માં 'पैशुने तु निर्दयत्वापत्तिः स्यात' આ વચનથી પૈશુનતાને નિર્દયતારૂપ દોષે ગણાવે છે.

(૭) મદ્યપાન :-

મનુ મહારાજ કહે છે- 'सुरा वै मलमन्नानां पाप्मा च मलमुच्यते। तस्माद् ब्राह्मणराजन्यौ वैश्यश्च न सुरां पिबत्॥ गोडी माध्वी तथा पैष्टी विज्ञेया त्रिविधा सुरा। यथैवेका तथा सर्वा न पातव्या द्विजात्तमैः॥ સુરા અન્નનો મળ છે અને મળ તે પાપ રૂપ છે. તેથી બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યે સુરા ન પીવી. સુરા ગોળ, મદ અને લોટ આ ત્રણમાંથી અલગ અલગ રીતે બનતી હોવાથી ત્રણ પ્રકારની કહી છે. જેવો અક ત્યાજ્ય જ છે એવી જ ત્રણેય ત્યાજ છે. માટે દ્વિજન શ્રેષ્ઠોએ તે ન જ પીવી.' (મનુ/૧૧/૯૩-૯૪) દ્વિજન જે પીવી તો શુદ્ર અને અત્યજને પણ ન જ પીવી એમ જાણી લેવું) 'ब्रह्म हत्या सुरापानां स्तेयं गुर्वङ्गनागमः। महान्ति पापकान्याहुः सम्प्रयोगं च तैः सह॥ બ્રહ્મ હત્યા, સરાપાન, સુવર્ણની ચોરી, ગુરૂ સ્ત્રીનો સંગ આ ચાર અને તે ચારની સાથેનો આત્મિય સંબધ રાખવો તે પાંચ મહાપાપ કહ્યા છે.'(મનુ-૧૧/૫૪) ભગવાનશ્રી સ્વામિનારાયણ કહે છે 'न पेयं च सुरामद्य मपि देव निवेदितन्। અને ત્રણ પ્રકારની સુરા તથા અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાઓનું નૈવદ્ય હોય તો પણ ન પીવું.'' (શીક્ષા /શ્લો-૧૫) શતાનંદ સ્વામી કહે છે 'न भक्ष्यं मादकं किञ्चिच्चित विभ्रमकृद्वित। જે કોઇ વસ્તુ બુધ્ધિમાં ભ્રમ પેદા કરે તે વસ્તુ ભક્ષણ ન કરવી. (શીક્ષા. અર્થ. /શ્લો-૧૮) 'सुरापा मांसभक्षाश्च हिंसा ये ते किलासुराः। મદિરા પાન કરનાર અને માંસ ભક્ષણ કરનારો અસુર છે.' (શીક્ષા. અર્થ/શ્લો-૧૨) 'कैश्चिदिष्टदेवत्वेनाभिमताय काली भैरवादये निवेदितमपिसुरामद्यं। કોઇએ પોતાના ઇષ્ટ દેવના રૂપમાં માનેલા કાલિકા ભૈરવાદિને નિવેદનના રૂપમાં અર્પણ કરેલ ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય પાન ન કરવું.' (શિક્ષા.અર્થ. શ્લો-૧૫) મનું મહારાજ તો 'ब्रह्महत्या सुरापानं स्तेय गर्वङ्गनागमः।

महान्ति पापकान्याहु: सम्प्रयोगं च तैः सह॥ બ્રહ્મહત્યા, સુરાપાન સુવર્ણની ચોરી, ગુરૂ સ્ત્રીનો સંગ આ ચાર અને તે ચારેયની સાથેનો આત્મિય સંબંધ રાખવો તે આ પાંચ મહાપાપ કહ્યા છે' (મનુ. ૧૧/૫૪) આ વચનથી મદ્યપાન આદી પાંચને મહાપાપ ગણાવે છે અને વિજ્ઞાનેશ્વર પંડિત 'सुरापगुरुतल्पगौ चीर वलकलवाससौ द्वादशाब्दं ब्रह्महत्यावतं चरेयाताम् ॥ સુરાપાન કરનારા તથા ગુરૂ સ્ત્રીની સાથે વ્યભિચાર કરનારાએ બાર વર્ષ સુધી પ્રાયશ્ચિત વ્રત કરવું' (યાજ્ઞ. મીટાક્ષર) આ વચન થી ધર્મ શાસ્ત્રનો મત ઉદ્દ્ધુત કરતા મદ્યપાન કરનારાને બાર વર્ષ પર્યન્તનું પ્રાયશ્ચિત કરવાનું કહે છે. મહાભારતમાં શુક્રાચાર્ય જી કહે છે. 'यौ ब्राह्मणोऽद्य प्रभृतीह कश्चिन्मोहात्सुरां पास्यति मन्दबुद्धिः। अपेत धर्मा चैव सा स्यादस्मिंल्लोके गर्हितः स्यात्परे च॥ मया चतां विप्र धर्मो वितसीमां मर्यादा वै स्थापितां सर्वलोके। सन्तो विप्राः शुश्रुवांसो गुरुणांदवा लोकाश्चोपश्रृण्वन्तु सर्वे॥ હું આજથી બ્રાહ્મણ ધર્મની મર્યાદા બાંધ છુ, અમારી મર્યાદાને દેવતા અને શ્રેષ્ઠ બ્રાહ્મણ, જે પોતાથી મોટાઓની વાત સાંભળવા માંગતા હોય તે તથા અન્ય સમસ્ત પ્રાણી પણ સાંભળે જે મન્દબુદ્ધિ બ્રાહ્મણ અજાણતાથી પણ મદિરાપાન કરશે તેના સમસ્ત ધર્મનો નાશ થઇ જશે અને તેને બ્રહ્મ હત્યાનું પાપ લાગશે અને તે આલોક તથા પરલોકમાં નિન્દાને પ્રાપ્ત કરશે' (ભારત/આદી- ૭૬/૬૭-૬૮ આથી મંદિરાપાન કરનારાઆને બ્રહ્મહત્યાનું પાપ લાગશે એમ કહ્યું.) મહાભારતમાં ગંગા પુત્ર ભીષ્મ કહે છે 'धृतिं लज्जां च बुद्धि च पानं पीतं प्रणाशयेत्। तस्मान्नराः सम्भवन्ति निर्लज्जा निरपत्रया:॥ पानपस्तु सुरां पीत्वा तदा बुद्धि प्राणाशनात्। कार्याकार्यस्य चाज्ञानाद यथेष्टकरणात स्वयम् । विदुषाम विधेयत्वात् पाषमेवाभिपद्यते॥ પાન કરેલી મદીરા મનુષ્યના ધૈર્યનો નાશ કરે છે તથા તેની બુધ્ધી અને લજ્જાનો નાશ કરે છે. તેનાથી મનુષ્ય નિર્લજ્જ અને નિકૃષ્ટ થઇ જાય છે. મદિરાપાન કરવાવાળો મનુષ્ય તેને પાન કરી બુદ્ધિ

નાશ થતા કર્તવ્ય અને અકર્તવ્યના જ્ઞાનથી રહીત રહેવાથી, સ્વેચ્છાનુસાર કાર્ય કરવાથી તથા વિદ્વાનોની આજ્ઞાને અધિન ન રહેવાથી પાપને જ પ્રાપ્ત કરે છે.' (મહા/અનુ/અ.૧૪૫) 'परिभूतो भवल्लोके मद्यपो मित्रभेदक: सर्वकालमक: शुद्धश्च सर्वभक्षस्तथाभवेत्॥ गुरुनतिवदेन्मत्तः परदारान् प्रधर्षयेत्। संविदं कुरुते शौण्डेर्न श्रुणोति हितं क्वाचित्॥ મદિરાપાન કરનારો પુરૂષ જગતમાં અપમાનિત થાય છે, મિત્રમાં ફૂટ પાડે છે, અભક્ષ્ય ભક્ષણ કરે છે અને દરેક સમયે અશુધ્ધ રહે છે, તે ઉત્મત્ત થઇને ગુરૂ સાથે પણ શિષ્ટાચાર વિરુધ્ધ વાત કરે છે. પરાયી સ્ત્રીઓમાં બળાત્કાર કરે છે, ધૂતો અને જગારીઓની સાથે બેસીને સલાહ અને મંત્રણા કરે છે અને કોઇની પણ હિતકારી વાત સાંભળતો નથી.' (મહા/અનુ/અ.૧૪૫) 'न स्वप्नेन जयेन्निन्द्रां न कामेन स्त्रियं जयेत्। न चेन्धनर्ज येद् वह्नि न मद्येन तृषां जयेत्॥ વધારે પડતી નીદ્રા લેવાથી નિદ્રા પર વિજય સંભવ નથી. વધારે કામુક થઇ સ્ત્રી પર વિજય સંભવ નથી ઇંધન (ઘી) નાંખીને અગ્નિને હોલવવો સંભવ નથી. તેમ મદ્યપાન કરી તૃષા પર વિજય મેળવવો સંભવ નથી.' (મહાભારત) 'यो यजेताश्वमेधन मासिमासि यतव्रतः। वर्जयेन्मधु मांसं च सममेतद्युधिष्ठिर॥ યજ્ઞ કરીને પરમેશ્વરની આરાધના કરતો હોય અને બીજો કોઇ પુરૂષ મદ્ય તથા માંસનો બધીજ રીતે ત્યાગ કરતો હોય, તો તે બંને સમાન ગણાય છે.' (મહાભા. આ. ૧૧૫/૧૦) 'ददतियजतेचापि तपस्वी च भवत्यपि मधुमांस निवृत्तयेति प्राह चैव बृहस्पति॥ આચાર્ય બૃહસ્પતિ કહે છે- જે પુરૂષ મદિરા તથા માંસને ક્યારેય ભક્ષણ કરતો નથી તો તે પુરૂષ સારૂ દાન કરનારો, યજ્ઞ કરનારો તથા શ્રેષ્ઠ તપસ્વી ગણાય છે.' (મહા.ભા.આ./૧૧૫/૧૫) દેવો અને દાવનોએ ભેગા મળી સમુદ્રમાં મંથનનો આરંભ કર્યો ત્યારે સમુદ્રમાંથી સુરાદેવી પ્રગટ થયા તે સુરાદેવીને શ્રીહરિ આજ્ઞાથી અસુરોએ ગ્રહણ કરી 'अद्वारुणी देवी कन्या कमल लोचना। असुरा

जगृहस्तांव हरेरनुमतेन ते॥' (ભાગ. ૮/૮/૩૦) અને જ્યારે પૃથુ રાજાએ પૃથ્વીનું દોહન કરાવ્યું ત્યારે ગોરૂપ ધારી પૃથ્વીમાંથી પ્રહલાદજીને વાછરડો બનાવી લોહમય પાત્રમાં મદિરા અને આસવરૂપ દૂધ દોહ્યુ 'दैतेया दानवा वत्सं प्रहलादमसुरर्षभम्। विधायादूदुहन्क्षीरमयः पात्रे सुरासवम्॥ ' (ભાગ. ૪/૧૮/૧૬- આમ સુરાએ અસુરોનું અન્ન હોય અસરોએ પ્રહલાદજી પાસે તેનું દોહન કરાવ્યું.) સ.જી. માં ભગવાન શ્રીહરિ કહે છે. 'ब्राह्मणः क्षत्रियो वैश्यः सुरांपिबति चेत्सकृत। अकामतः स तु सुमानार्द्रवासा द्विजान्तिके। लोहे पात्रे वह्नि वर्णां सुराकृत्वा पिबत्स्वयम्। तेनैव प्रात्रेणततो मृतः शुद्धिमवाप्नुयात्॥ બ્રાહ્મણ ક્ષત્રિય કે વૈશ્ય અજાણતાથી એક વખત સુરાપાન કરે તો તે પરિષદ વિપ્રોની સમિપ જઇ જળથી ભીના વસ્ત્રોવાળો થઇ લોહમયપાત્રમાં પ્રતપાવેલી અગ્નિ જેવી લાલચોળ સુરાને તેના તેજ પાત્રથી સ્વયં પાન કરે તેવા સુરાપાનથી મરણ પામતા વિશુધ્ધિને પામે છે.' (સ.જી. ૫/૪૪/૨૫) શુકદેવજી કહે છે 'यस्त्विह वै विप्रो राजन्यो वैश्यो वा सोम पीथस्तत्कलत्रं वा सुरांव्रतस्याऽपि वा पिबति प्रमादतस् तेषां निरयं नीतानामुरसि पदाऽऽक्रम्यास्येवह्निनाद्रवमाणं कार्ष्णायसं निषिञ्चन्ति॥ જે બ્રાહ્મણ અથવા બ્રાહ્મણી અથવા વ્રતમાં સ્થિત કોઇ પણ પ્રમાદવશ મદ્યપાન કરે છે, ક્ષત્રિય તથા વૈશ્ય સોમપાન કરે છે (ક્ષત્રિય તથા વૈશ્યને સોમપાન કરવાનો શાસ્ત્રમાં નિષેધ કરાયો છે.) તેઓને યમદૂત અયઃપાન નામના નરકમાં લઇ જઇ તેની છાપી પર પગ મૂકી તેના મુખમાં અગ્નિથી ઓગાળેલા લોખંડનો રસ નાખે છે.' (ભાગ.૫/૨૬/૨૯) માટે મદિરાનું ક્યારે પાન કરવું નહિ. મદિરા પાન કરનારાઓમાં સત્ અસત્ નો વિવેક રહેતો પણ નથી અને તેવી ઉન્મત્તાવસ્થામાં તે ન કરવા યોગ્ય કાર્યમાં પણ પ્રવૃત્ત થઇ જાય છે. જેમ સાત્યકિ થયો હતો.

વાત એવી હતી કે જે દિવસથી દુર્વાસા આદી ઋષિઓએ યદૂવંશીઓને શાપ આપ્યો તે દિવસથી ભગવાન શ્રીકૃષ્ણે દ્વારકામાં મદિરાપાન કરવા પર પ્રતિબંધ લગાવી દીધો હતો. તે પહેલા ઉધ્ધવજી, વસુદેવજી ઇત્યાદિ યદુવંશીઓને બાદ કરતા મોટેભાગના બધા યદુવંશીઓના ઘરમાં મદિરા બનાવવામાં આવતી હતી અને મદિરા બનાવવા પર અને પાન કરવા પર પ્રતિબંધ મૂકાતા ભગવાન શ્રીકૃષ્ણ બધાના દ્વેષનું પાત્ર બનેતા હતા. તદન્તર દ્વારકામાં થતા ઉપદ્રવને જોઇ તે ઉપદ્રવની શાંતિને અર્થે બધા યાદવો પ્રભાત ક્ષેત્રમાં પધાર્યા અને ત્યા બધાએ અન્ન ધન વસ્ત્રથી બ્રાહ્મણોની ખૂબ સર્ભરા કરી અને તે પછી બધા વારૂણી મદિરાપાન કરવા તૈયાર થયા અને મદિરાપાનથી ઉન્મત્ત થએલા તેઓ બધા પરસ્પર એકબીજાનો ઉપહાસ કરવા લાગ્યા અને એકબીજાનાઉપહાસથી અતિ ખિન્ન થએલા તેઓ બધા એક બીજાનુ અપશબ્દ બોલી તાડન કરવા લાગ્યા અને અંતે એટલેથી પણ ન અટકતા બધા બે દલમાં વહેંચાય જઇ હથિયાર ધારણ કરી પરસ્પર યુધ્ધમાં પ્રવૃત્ત થયા. બળદેવજી અને ભગવાનશ્રી કષ્ણે તેઓને આમ કરતા અટકાવ્યા તો તેઓ બધા તેઓ બન્નેના ઘાત કરવા દોડયા અને અંતે ભગવાન શ્રીકૃષ્ણ અને બળદેવજી પણ અસ્ત્ર શસ્ત્ર ધારણ કરી રણમેદાનમાં ઉતરી પડા અને થોડા જ સમયમાં બધા જ યદુવંશીઓ પરસ્પર લડી કાળના મુખમાં ઢકેલાઇ ગયા. (મહાભા. /મૈસલ પર્વ) આમ મદ્યપાન કરવાના વ્યસનને લઇને યદુવંશીઓ જે ધરાતલ પર અજેય હતા તેઓ પણ પરસ્પર લડી કાળના મુખમાં હોમાય ગયા માટે ક્યારેય પણ મદ્યપાન ન કરવું મદ્યપાન ન કરનાર હંમેશા આલોક પરલોક બન્નેમાં સખના ભાજી થાય છે. આમ નીતિકારે અહીં જે આ સાત ગણાવેલા છે તેનો ત્યાગ કરનારો હંમેશા સુખી રહે છે. (શ્લો-૧૧૩ હવે નીતિકાર જ્ઞાનિનું લક્ષણ કહે છે -

શ્લો -૧૧૪ न संरम्भेणारभते त्रिवर्गमाकारितः संसति तत्त्वमेव।

न मित्रार्थे रोचयेत विवादं नापूजिताः कप्यतित्ताप्यमूढः ॥

શ્લોકાર્થ : જે શિઘ્રતા પૂર્વક ત્રિવર્ગ (ધર્મ અર્થ અને કામ) નો આરંભ કરોત નથી, કંઇક પુછતા સત્યવાત જ બતાવે છે, મિત્ર માટે વિવાદ કરતો નથી તથા અસમ્માન થતા પણ ક્રોધિત થતો નથી તેજ જ્ઞાનિ કહેવાય છે.

ચ.ટી. : મનુષ્યના જીવનના ચાર પુરૂષાર્થો છે તેમાં પ્રથમ પુરૂષાર્થ ધર્મ, દ્વિતીય પુરૂષાર્થ અર્થ અને તૃતીય પુરૂષાર્થ કામ છે તથા અંતિમ પુરૂષાર્થ મોક્ષ છે. મનુષ્યે આ પુરૂષાર્થનો પ્રારંભ ખૂબ વિચારીને કરવો જોઇએ. કોઇપણ કાર્યમાં શિઘ્રતા તેનું પરિણાણ કાર્યથી વિપરીત જ આવે છે. અને દીર્ઘ કાળ પર્યતન્ત કાર્યપર વિચાર કરી તે કાર્યમાં પ્રવૃત્ત થતા તેનું પરિણામ હંમેશા શુભ જ આવે છે આ સન્દર્ભમાં મહાભારતમાં આવતા ચિરકારીનું દૃષ્ટાંત અવલોકન કરવા યોગ્ય છે.

મહર્ષિ ગૌતમનો એક મહાજ્ઞાની પુત્ર હતો તેનું નામ હતુ 'ચિરકારી' તે કોઇપણ કાર્ય કરે તેના પર પૂર્ણરૂપે દીર્ઘકાળ પર્યન્ત વિચાર કરતો રહેતો એટલે અન્ નામ ચિરકારી પડી ગયેલું કાર્ય પર દીર્ઘકાળ પર્યન્ત લાંબો વિચાર કરવાને કારણે લોકો તેને આળસુ તથા મન્દ બુધ્ધિ કહેતા હતા. એક દિવસની વાત છે મહર્ષિ ગૌતમની પત્ની દ્વારા એક મહાન અપરાધ થઇ ગયો. જ્યારે ઋષિને તેના અપરાધની જાણ થઇ ત્યારે તેઓ પોતાની પત્ની પર કુપિત થયા અને પોતાના પુત્ર ચિરકારીને આજ્ઞા આપતા બોલ્યા કે 'બેટા ચિરકારી! તારી માતાને તુ મોતને ઘાટ ઉતારી નાખ.' આમ કહી તેઓ વનમાં જતા રહ્યા. ચિરકારી પણ પિતાની વાત સાંભળી 'એવમસ્તુ' કહી પિતાજીની આજ્ઞાને સ્વિકાર કરતો હતો.

તદન્તર ચિરકારી પોતાના સ્વભાવ પ્રમાણે વિચાર કરવા લાગ્યો કે ''એક તરફ પિતાની આજ્ઞા છે અને બીજી તરફ માતાનો વધ છે. પિતાની આજ્ઞાનું પાલન કરવું એ પુત્રનો ધર્મ છે અને માતાની રક્ષા કરવી એ પણ પુત્રનો ધર્મ છે. અતઃ અમો કયું કર્મ કરીએ. કયો ઉપાય કરીએ જેથી પિતાની આજ્ઞાનું પણ પાલન થાય અને માતાનો વધ થતો પણ અટલે. ધર્મ પાલન કરવામાં મારા પર આ મહાન ધર્મ સંકટ ઉપસ્થિત થયું છે. માતાનો વધ કરી કોઇ પુત્ર પુત્ર કહેવાય? અને પિતાની આજ્ઞાની અવહેલના કરવા થી કયો પુત્ર પોતાની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે? જે માતાએ અમોને જન્મ આપ્યો ઉછેરીને મોટો કર્યો તેનો વધ અમો કેવી રીતે કરી શકીએ? અને જો વધ ન કરીએ તો પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે.'' આમ વિચાર કરતા કરતા ચિરકારીને ક્યારેક માતાનો પક્ષ ઉચિત લાગતો તો ક્યારેક પિતાનો આમને આમ વિલમ્બ કરવાના સ્વભાવને લઇ ચિરકારીનો ઘણો સમય વ્યતિત થઇ ગયો. અર્થાત્ તે આમને આમ વિચારતો જ રહ્યો.

આ તરફ પોતાના પુત્રને પોતાની પત્નીનો વધ કરવાની આજ્ઞા આપી આથી ગૌતમ વનમાં ગયા પણ જ્યારે તેઓનો ક્રોધ શાંત થયો ત્યારે તેઓને પોતાના આ પ્રમાણેના અનુચિત નિર્ણયનો વિચાર કરી ઘણા સંતપ્ત થયા એટલ જ નહિ તેઓ પત્નિ વધની કલ્પના કરીને પણ રૂડન કરતા થતા બોલ્યા 'અહો! આજે અમારા અવિવકે મોટો અનર્થ કરી નાખ્યો અમારી ભાર્યા તો સર્વથા નિર્દોશ છે. અમોએ જ પ્રમાદવશ પતિવ્રતા ભાર્યાનો વધ કરવાની પુત્રને આજ્ઞા આપી તેનો વધ કરાવી નાખ્યો. હવે આ પાપથી અમારો ઉદ્ધાર કેવી રીતે થશે?' તદન્તર ગૌતમે પોતાના પુત્રના સ્વભાવનું સ્મરણ કરી વિચાર કર્યો 'જો આજે મારા પુત્રએ તેના સ્વભાવ પ્રમાણે કાર્ય કરવામાં વિલમ્બ કરેલો હશે તો અમો સ્ત્રી

રહ્યાના પાપથી બચી જઇશું'. પછી તેઓ પોતાના પુત્રને સંબોધીને કહેવા લાગ્યા- 'બેટા ચિરકારી તારૂ મંગળ થાવ જો આજ પણ તે તારા સ્વભાવનું અનુશરણ કરેલું હશે તો તારૂ નામ ચિરકારી યથાથં થશે. બેટા! આજે વિલંબ કરીને તુ વાસ્તરમાં ચિરકારી બન અને પોતાની માતાની રક્ષા કરીને પોતાને પણ મહા ભયાનક માતૃ વધના પાપથી બચાવ.'

આ પ્રમાણે વિચારી ગૌતમ ઋષિ ઘણો સમય વનમાં રહી ન શકયા અને વાયુ વેગે ઘરે આવ્યા. તેઓનું મન અનેક આશંકાઓથી ઘેરાયેલુ હતુ. જ્યારે તેઓ આશ્રમની સમિપ પહોચ્યા તો ત્યાં તેમણે પોતાના પુત્ર ચિરકારીને ઉભેલો જોયો. ચિરકારી દોડીને હાથમાં રાખેલું શસ્ત્ર ફેકી દઇને પિતાના ચરણમાં પડી પિતા પ્રત્યે બોલ્યો 'હે તાત! અમારાથી તમારી આજ્ઞાનું ઉલ્લંઘન થયું છે માટે અમોને ક્ષમા કરો.' એટલામાં જ ગૌતમ ઋષિ જોયું પોતાની પત્ની ત્યાં જ ઉભી છે જે પોતાની કરણી પર અતિ લજ્જીત છે. ગૌતમ ઋષિની પ્રસન્નતાની કોઇ સીમા ન હતી તેઓએ પોતાના પુત્ર ચિરકારીને હ્દયે લગાવી દીધો અને કહ્યું 'બેટા! આજે તારા ચિરકારી સ્વભાવથી આપણે બધા મોટા અપરાધથી બચી ગયા. અમારા દ્વારા તને વગર વિચાર્યે જે આજ્ઞા અપાયેલી તેને તુ શીઘ્ર પાલન કરતે તો મહાન અનર્થ થઇ જતે. દિકરા તારૂ કલ્યાણ થાય તુ દીર્ઘકાળ પર્યન્ત જીવિત રહે.' તે પછી ગૌતમ ઋષિ સારી રીતે વિચાર કરી તેજ કાર્ય કરવું કલ્યાણકારી છે આ વાતને બતાવતા નીતિનો સુંદર ઉપદેશ આપતા બોલ્યા 'चिरेण मित्रं बध्वनीयाच्चिरेण च कृतंत्यजत्। चिरेण हिकृतं मित्रं चिरंधारणमर्हति॥ ચિરકાળ સુધિ યથાર્થ વિચાર કરીને કોઇની સાથે મિત્રતા જોડવી જોઇએ અને જેની સાથે મિત્રતા કરી હોય તેનો અચાનક ત્યાગ ન કરવો. જો ત્યાગ કરવામાં આવશ્યકતા પડી જાય તો તેના પરિણામ પર ચિરકાળ સુધી વિચાર કરવો

જોઇએ. ચિરકાળ પર્યન્ત વિચાર કરીને બનાવેલા મિત્રની મૈત્રી દીર્ઘકાળ પર્યન્ત ટકી રહે છે' (મહાશાન્તિ/૨૬૬/૬૯) 'रागे दर्पे च माने च द्रोहे पापे च कर्मणि। अप्रिये चैव कर्तव्ये चिरकारी पशस्यते॥ અધાર્મિક કાર્ય રાગ, દર્પ, અભિમાન, દ્રોહ, પાપાચરણ અને કોઇનું અપ્રિય કરવામાં જે વિલમ્બ કરે છે તેની શાસ્ત્રો પ્રસંસા કરે છે.' (મહા.શાન્તિ /૨૬૬/૭૦) 'बन्धुनां सहृदां चैव भृत्यानां स्त्री जनस्य च। अव्यक्तष्वपराधेषु चिरकारी प्रशस्यते॥ જે બન્ધુ સહૃદો, સેવકો અને સ્ત્રિઓના ગુપ્ત અપરાધોના વિષયમાં કોઇ નિર્ણય કરવામાં શીઘ્રતા ન કરી દીર્ઘકાળ પર્યન્ત યથાર્થ વિચાર કરે છે તેની પ્રશંસા કરાય છે.'(મહા /શાન્તિ/૨૬૬/૭૧) 'चिरंधारयतेराषं चिरं कर्म नियच्छति। पश्चात्तापकरं कर्म न किंचिदुपपद्यते॥ જે ચિરકાલ સુધિ ક્રોધને પોતાની અંદર દીર્ઘ કાળ પર્યન્ત રોકી રાખે છે અને ક્રોધતા પૂર્વક કરાયેલા કર્મને પોતાની અંદર લાંબો સમય રોકી રાખે છે તેના દ્વારા કોઇ કર્મ એવું નથી બનતુ તે પશ્ચાતાપન, કારણ બને' (મહા./શાન્તિ/૨૬૬/૭૪) 'चिरं वृद्धानुपासीत चिरन्मन्वास्य पूजयेत्। चिरंधर्मं निषेवेत कुर्याच्चान्वेषणं चिरन॥ ચિરકાલ પર્યન્ત વૃધ્ધોની પિરચર્યા કરવી, દીર્ઘકાળ પર્યન્ત વૃધ્ધોનો સંગ કરવો, દીર્ઘ કાળ પર્યન્ત ધર્મનું સેવન કરવું અને દીર્ઘકાળ પર્યન્ત તેનું અનુસંધાન રાખવું.' (મહા.શાન્તિ/૨૬૬/૭૫) 'चिहं मन्वास्य विदुषश्चिरं शिष्टान् निषेव्य च। चिरं विनीय चात्मानं चिरं या त्यनवज्ञाताम॥ અધિક સમય સુધિ વિદ્વાનોનો સંગ કરવો, ચિરકાળ પર્યન્ત સુધિ શિષ્ટ પુરૂષોની સેવા કરવી, ચિરકાળ પર્યન્ત મનને વશમાં રાખવું, એટલે મનુષ્ય ચિરકાલ પર્યન્ત મનુષ્ય અવજ્ઞાનો નહિ પણ સન્માનનો ભાગી થાય છે.' (મહા.શાન્તિ/૨૬૬/૭૬) આ પ્રમાણે નીતિનો ઉપદેશ આપીને ગૌતમ ઋષિએ પોતાના પુત્રને આશ્વાસન આપ્યું અને ઘણા કાળ પર્યન્ત આશ્રમમમાં તપનું અનુષ્ટાન કરતા રહી પરમ ધામમાં ગયા. માટે ત્રિવર્ગનો

આરંભ ક્યારેય પણ શિઘ્રતા પૂર્વક ન કરવો. તે આ ચિરકારીના દૃષ્ટાંતથી સમજાય છે.

તમ નીતિકાર અહીં હંમેશા સત્ય બોલવાનું જ કહે છે કારણ કે વેદનો સાર સત્ય જ છે અને એટલે જ માટે વેદ ભગવાન 'सत्यं वद' હંમેશા સત્ય જ બોવલાની શિક્ષા આપે છે. વાલ્મિકીજી કહે છે 'ऋषयश्चैव देवश्च सत्यमेव हि मेनिरे। सत्यवादी हि लोके स्मिन् परं गच्छति त्वाक्षयम॥ ઋષિઓ અને દેવતાઓએ સત્યનો આદર કરેલો છે. આ લોકમાં સત્ય ભાષણ કરવાવાળો મનુષ્ય અક્ષય ધામ (ભગવાનના ધામ)ને પ્રાપ્ત કરે છે.' (વાલ્મિ. રામા. ૨/૧૦૯/૧૧) 'सत्यमेवेश्वरो लोके सत्ये धर्मः सदाश्रितः। सत्य मूलानि सर्वाणि सत्यान्नास्ति परं पदम्॥ જગતમાં સદા સત્યના આધાર પર જ ધર્મની સ્થિતિ છે સત્ય જ બધાની જડ અર્થાત્ મૂળ છે. સત્યથી વધારે બીજ કોઇ પરમ પદ નથી.' (વા.રામા. ૨/૧૦૯/૨૩).

આ સન્દર્ભમાં પુરાણોમાં તથા વેદોમાં ઘણી કથાઓ આવેલી છે. જેમ કે વેદોમાં સત્ય વચનનો ઘણો મહિમા ગવાયો છે. વેદોનો આદેશ છે કે સત્યની રક્ષા માટે કેટલું એ કષ્ટ સહન કરવું પડે તો તે કષ્ટની પરવા ન કરવી કારણ કે 'सत्यमेव जय ते नानृम् –સત્યનો જ જય થાય છે અસત્યનો નહિ.' અસત્ય વચન અસત્ય ભાષણ અથવા અસત્ય વ્યવહાર ક્યારે સ્થાયિ રહેતો નથી અને તે શ્રેયકારી પણ નથી હોતો તેનાથી કેવલ પાપ જ પ્રાપ્ત થાય છે. મિથ્યા ભાષણથી હંમેશા વિરત જ રહેવું ગમે તેટલું કષ્ટ પડે આપત્તી પડે પરંતુ ક્યારેય સત્યના માર્ગથી વિચલિત થવું જાઇએ નહિ. ઋગ્વેદના ૭૧ માં સૂક્તમાં ના નાભાનેદિષ્ઠ ની સત્ય મર્યાદાની કથા આવે છે તે અનુસાર નાભાનેદિષ્ઠ ના ભાઇઓએ પોતાની સંપત્તિમાંથે તેને કાંઇપણ ભાગ આપ્યો નહિ. ત્યારે તે પિતાની પાસે આવી

કહેવા લાગ્યો કે 'પિતાજી તમો અમારે માટે અમારા ભાગની વ્યવસ્થા કરો. કારણ કે અમારા ભાઇઓએ તો અમોને સમ્પત્તિમાંથી કોઇ ભાગ આપ્યો નથી.'

પોતાના પુત્રની વાત સાંભળી પિતા બોલ્યા 'વત્સ! તે માટે તુ દુઃખી ન થા કારણ કે તને તો ઘણો મોટો ભાગ મળવાનો છે . અંગિરા ઋષિએ પૃષ્ઠાહ પર્યન્ત એક યાગનું અનુષ્ઠાન કરેલુ છે જેનાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. તે જ્યારે સ્વર્ગમાં જશે ત્યારે તેઓ પાસે રહેલી હજારો ગાયો તને આપી જશે. અતઃ તું દુઃખી ન થા' તદન્તર નાભાનેદિષ્ઠ અંગિરા ઋષિ પાસે ગયા અને તેઓના પિતાએ જે વાત કહી હતી તે વાત તેણે અગિરા ઋષિને કરી અને તે વાતની અંગિરા ઋષિ એ સંમત્તિ આપી અને જ્યારે યજ્ઞની પુર્ણાહુતી થઇ અને અંગિરા ઋષિ સ્વર્ગમાં જવા તૈયાર થયા અને ગોધન નાભાનેદિષ્ઠ ને આપવા તૈયાર થયા. તે જ સમયે યજ્ઞમાં એક કૃષ્ણ શવા નામનો પુરૂષ આવ્યો. આ પુરૂષ બીજો કોઇ નહિ પણ સાક્ષાત્ રૂદ્ર દેવ હતા. રૂદ્ર દેવ નાભાને દિષ્ટ પ્રત્યે બોલ્યા 'હે બ્રાહ્મણ! આ યજ્ઞાવશિષ્ટ ભાગ અમારો છે માટે આને ગ્રહણ ન કરો.'

આ પ્રમાણેની રૂદ્ર દેવની વાણી સાંભળી નાભાનેદિષ્ઠ બોલ્યો 'દેવ! આ ભાગ અમારો છે કારણ અંગિરા ઋષિએ અમોને પ્રદાન કરેલો છે.' ત્યારે રૂદ્ર દેવ બોલ્યા 'જો એવી વાત છે તો તમો તમારા પિતાજીને જઇ પુછો' ત્યારે નાભાને દિષ્ટ પિતાજી પાસે આવ્યા અને તેમના પ્રત્યે બોલ્યા કે 'યજ્ઞ અવશિષ્ટ સંપદા કૌની હોય છે.' ત્યારે પિતાજી ઉત્તર આપતા બોલ્યા કે 'બેટા! યજ્ઞ અવશિષ્ટ ભાગ રૂદ્ર દેવતાનો હોય છે' તે પછી નાભાને દિષ્ટ તે કૃષ્ણવર્ણ વાળા પુરૂષ પાસે આવ્યા અને તેમના પ્રત્યે બોલ્યા 'હે શ્રેષ્ઠ પુરૂષ! ક્ષમા કરજો આ ભાગ તમારો છે.' નાભાને દિષ્ટના કથનથી ભગવાન રૂદ્ર અત્યંત પ્રસન્ન થયા અને રૂદ્ર ભગવાનને પોતાનો યજ્ઞ અવશિષ્ટ ભાગ નાભાનેદિષ્ટને પરત કર્યો.

કદાચિત નાભાનેદિષ્ટ અસત્ય બોલતે તો તેમને સમ્પદા પ્રાપ્ત થતે અને ન તો તે રૂદ્રદેવનો કૃપા પ્રાપ્ત થતે પરંતુ તેઓ રૂદ્ર દેવના કોપના ભાજી થતે. માટે જ નીતિ મંજરીકાર કહે છે 'सत्यमेव सदाब्रूया दापत्कालेऽप्युपस्थिते। यस्माज्जाग्राहगाः सत्यान्नाभानेदिष्ठ श्वरात' (નીતિમંજરી/૮/૧૫૦)

આ સંદર્ભમાં બીજ પણ દૃષ્ટાંત નિહાળવા યોગ્ય છે જે દૃષ્ટાંત સૂર્યવંશના દેષિપ્યમાન સૂર્ય સત્યવાદિ રાજા હરિશચંદ્રનું છે કે જેણે સત્યને માટે પોતાના રાજપાટ બધાનો ત્યાગ કરેલો હતો. વાત એવી હતી કે મહર્ષિ વિશ્વામિત્રની કૃપાથી સશરીર સ્વર્ગમાં જનારા અને ત્યાંથી પાછા ધકેલાયેલા અને માર્ગમાં પૃથ્વી અને સ્વર્ગ મધ્યે સ્થિર રહેવાવાળા સત્યવત ત્રિશંક ને કોણ ઓળખતુ નથી. તેના જ પુત્ર રાજર્ષિ હરિશ્ચંદ્ર હતા. જેઓ વાસ્તવમાં જ સત્ય પથ ચાલનારા સૂર્યકુળના રત્ન હતા. તેઓ પ્રસિધ્ધદાની, ભગવદ્ ભક્ત તથા ધર્માત્મા હતા. તેઓની ધાર્મિકતાને કારણે તેમના રાજ્યમાં ક્યારેય દુકાળ પડતો નહતો, મહામારી જેવો અસાધ્ય રોગ તથા બીજા પણ દૈવિક કે ભૌતિક ઉત્પાત થતા ન હતા. પ્રજા સુખી હતી તથા પ્રસન્ન હતી તથા ધર્મ પરાયણ હતી. મહારાજા હરિશ્ચંદ્રની સત્યનિષ્ઠા ત્રણેય લોકમાં વિખ્યાત હતી. દેવર્ષી નારદજી દ્વારા હરિશ્ચંદ્રની પ્રશંસા સાંભળી દેવતાઓના અધિપતિ દેવરાજ ઇન્દ્રને તેઓ તરફ ઇર્ષ્યા નો ભાવ જાગ્રત થયો અને તેમની પરીક્ષા લેવા માટે દેવરાજે વિશ્વામિત્રને તૈયાર કર્યા.

વિશ્વામિત્રજીએ પોતાની તપસ્યાના પ્રભાવથી સ્વપ્નમાં રાજાની પાસે તેના સંપૂર્ણ રાજ્યને દાનમાં લઇ લીધુ અને બીજા દિવસે તેઓએ અયોધ્યા જઇને તેની માંગણી કરી. સત્યવાદી રાજાએ સ્વપ્નમાં અપાયેલા દાનને પણ સત્ય માની લીધુ અને સંપૂર્ણ રાજ્ય વિશ્વમિત્રજીને સોંપી દીધુ હરિશ્ચંદ્રજી સપ્તદ્વિપવતી પૃથ્વિના

એક ચક્રોશાસક હતા. રાજ્ય દાનમાં અપાય ગયું શિવપુરાણ કહે છે. 'ધરાતલ પર રહેલી તથા ભગવાન શંકરના ત્રિશુલ પર સ્થિત અને તેઓના નિત્ય નિવાસથી પવિત્ર થયેલી કાશીનગરી ની ગણના પૃથ્વિના રાજ્યમાં થતી નથી એટલે હરિશ્ચંદ્રજી એ કાશી નગરી જવાનો નિશ્ચય કર્યો. ત્યારે ઋષિ વિશ્વામિત્રે તેઓને ઉદ્દેશીને કહ્યું 'રાજન્ આટલું વિશાલદાન તમોએ અમોને કૃષ્ણાર્પણ કર્યુ તો તે દાનની ફળ શ્રુતિ માટે અમોને કંઇક દક્ષિણા આપી પ્રસન્ન કરો. અતઃ જે રાજા કાલ સુધિ સંપૂર્ણ ભૂમંડળના એક ચક્રિ સમ્રાટ હતા તે આજે કંગાળ થઇ ગયા હતા તેઓ પાસે દક્ષિણા આપવા માટે એક ફૂટી કોળી પણ નહતી. તે છતા રાજાએ ઋષિને દક્ષિણા આપવાનું સ્વિકાર્યુ અને પોતાની પત્ની શૌબ્યા (તારામતિ) અને પુત્ર રોહિતની સાથે તેઓ કાશી આવ્યા.

કાશીમાં આવી રાજા હરિશ્ચંદ્ર પાસે દક્ષિણા આપવાનો બીજો કોઇ ઉપાય હતો નહિ એટલે પોતાની પત્ની શૌબ્યાને તેઓએ બ્રાહ્મણના ઘરે વેચી દીધી. તે સમયે બાળક રોહિત પણ શૌબ્યાની સાથે ગયો. વિશ્વામિત્રજી જેટલી દક્ષિણા ઇચ્છતા હતા તેટલી દક્ષિણા પત્નીને વેચવા છતાં પૂર્ણ ન થઇ એટલે રાજાએ સ્વયમન એક ચંડાળના હાથે વેચી દીધા અને ચંડાળ ના કહ્યા પ્રમાણ રાજા સ્મશાન પર કર ઉગરાવવામાં નિયુક્ત થયા. અને રાજાએ પોતાને વેચી દઇ વિશ્વામિત્રજીની દક્ષિણા પૂર્ણ કરી. સુવર્ણને અગ્નિમાં તપાવવામાં આવે તો તે બળતુ નથી પણ તેની ચળકાતમાં વૃધ્ધિ થાય છે તેજ પ્રમાણે સંકટમાં પડેલા ધર્માત્મા પુરૂષો સંકતથી ભય ન પામતા સંકતમાં પણ ધર્મનું પાલન કરે છે તેઓની ધર્મનિષ્ઠા વિપત્તિની અગ્નિમાં ભષ્મ થવાને બદલે વધુ ઉજ્જવળ બને છે અને વિશેષ રૂપથી ઉજ્જવળ બની ચમકવા લાગે છે. મહારાજા હરિશ્ચંદ્ર ચંડાળના સેવક થઇ ગયા. એક ચક્રવતિ સમ્રાટ શ્મસાનમાં રાત્રીના સમયે ચોકી

કરવાનું કાય કરવા માટે વિવશ થઇ ગયા. પરંતુ હરિશ્ચંદ્ર પોતાના ધૈર્ય પરથી ડગ્યા નહિ તેઓએ આમા પણ ભગવાનની ઇચ્છા જ સમઝી. મહારાણી શૌબ્યા આજે પતિવ્રતાના ધર્મનો નિર્વાહ કરવા માટે બ્રાહ્મણની દાસી બની ગયા. તેઓ તેમને ત્યાં નાનું મોટું કાર્ય કરવા લાગ્યા. જે રાજકુમાર રોહિતાશ્વના એક સંકેત પર તેઓ સાથે ચાલવા સકડો સેવકો સદા હાથ જોડી ઉપસ્થિત રહેતા હતા તેજ નાનો રાજકુમાર બાળક બ્રાહ્મણની આજ્ઞાને પાલન કરતો તથા બ્રાહ્મણના કટુ વચન પણ સાંભળતો હતો.

એક સમયની વાત છે રોહિતાશ્વ સન્ધ્યા સમ્યે બ્રાહ્મણની સેવા માટે ફૂલ તોડવા માટે બગીચામાં ગયો હતો અને ત્યાં તેને સપ ડંશ દીધો અને જેને લઇ તે પ્રાણહીન તથા ચેષ્ટા શૂન્ય થઇ ગયો. બિચારી શૌબ્યા જ્યારે મહારાણી હતી ત્યારે મહારાણી હતી પરંતુ અત્યારે તો તેનો એક માત્ર પુત્ર મૃત્યુ પામેલો હતો તેની સામે ન તો તેને કોઇ બે શબ્દ કહીને શાન્તવના આપનાર હતુ કે ન તો તેના પુત્રને સ્મશાન લઇ જનાર હતુ. રડતા રડતા તે બિચારી પોતાના પુત્રને લઇને તેની ઉત્તર ક્રિયા કરવા સ્મશાનમાં આવી. વિપત્તિનો અહીંજ અંત ન આવ્યો સ્મશાનના સ્વામીએ હરિશ્ચંદ્રને આદેશ આપેલો કે 'કર લીધા વીના કોઇપણ મનુષ્યને મૃત શરીર સળગાવવા ન દેવું.' શૌબ્યાનું રડવું સાંભળી હરિશ્ચંદ્ર તેની પાસે આવ્યા અને તેઓ શૌબ્યા પાસે કર માંગવા લાગ્યા. જે એક સમયે સમસ્ત ભૂમંડળની સામ્રાજ્ઞી હતી તેની પાસે પોતાના પુત્રના મૃત શરીરને આપવા માટે ફૂટી કોળી પણ ન હતી, માતા કર આપ્યા વગર પોતાના બાળકને અગ્નિમાં દાહ પણ આપી શકતી ન હતી. શૌબ્યાનું આક્રંદ સાંભળી હરિશ્ચંદ્રએ તેને ઓળખી લીધી. પિતા સન્મુખ પોતાના મૃત પુત્રનું શરીર કેટલી વિપરીત પરિસ્થિતિ, અને પિતાએ પોતાના પુત્રની ઉત્તરક્રિયા કરવા કર વસૂલ કરવાનો

હતો. કર વગર તો તેણે મૃત શરીરને દાહ ન કરવો એવી એમના સ્વામીની આજ્ઞા હતી. પરંતુ હરિશ્ચંદ્ર પોતાના ધર્મથી વિચલીત ન થયા. તેઓ શૌબ્યાને ઉદ્દેશીને બોલ્યા 'ભદ્રે! જે ધર્મ માટે અમોએ સર્વશ્વ નો ત્યાગ કર્યો, જે માટે અમો ચાંડાલનો વેશ ધારણ કરી તારી સન્મુખ ઉભા છીએ, જે ધર્મને અર્થે તમો દાસી થયા છો તે ધર્મનો અમો ક્યારેય ત્યાગ ન કરીએ માટે પ્રિયે! તમો અમોને અમારો ધર્મ પાળવામાં સહાય કરો!'' શૌબ્યા પતિવ્રતા હતી. પતીની ધર્મ રક્ષાને માટે જે શૌબ્યાએ સંપૂર્ણ પૃથ્વિના રાજયનો ત્યાગ કરી દાસી બનવાનું સ્વિકાર્યુ તે પતિના ધર્મનો અનાદર કરી શકે એ સમ્ભવ નથી પરંતુ આજે માતાની સામે પુત્રનું નિર્જીવ શરીર પડેલું હતુ અને એનો અગ્નિ સંસ્કાર કરવાનો હતો. પતિનો ધર્મ કર માંગી રહ્યો હતો અને તે આપવા માટે તેની પાસે કંઇ ન હતુ. અન્તમાં તે દેવીએ પોતાના પતિને ઉદ્દેશીને કહ્યુ ''નાથ! મારી પાસે બીજ વસ્ત્ર પણ નથી મારી પાસે ફક્ત આ મેલી સાડી છે જેને અમને ધારણ કરી છે. તેના આચળને ઢાળીને અમો અમારા પુત્રને અહીં સ્મશાનમાં દાહ કરવા લાવ્યા છીએ. તમારા પુત્રના શરીર પર કફન પણ નથી માટે તમો અમારી આ સાડીને જ અડધી ફાડીને કરના રૂપમાં ગ્રહણ કરો'' હરિશ્ચંદ્રે શૌબ્યાની આજ દશામાં તેની અડધી સાડી લેવાનું સ્વિકાર્યુ, જેથી શૌબ્યા સાડી ફાડવા માટે તૈયાર થયા. ત્યાંજ અનંત કોટી બ્રહ્માંડ નાયક સ્વયં ભગવાન શ્રીમન્નારાયણ ત્યાંજ પ્રગટ થઇ ગયા. સત્ય અને ધર્મ ભગવાનનું શરીર છે જ્યાં સત્ય અને ધર્મ ભગવાનનું શરીર છ જ્યાં સત્ય અને ધર્મ છે ત્યાંજ ભગવાન પ્રત્યક્ષ છે. દેવરાજ ઇન્દ્ર તથા વિશ્વામિત્રજી પણ દેવતાઓની સાથે ત્યાં પધાર્યા. ધર્મ એ સ્વયં પ્રગટ થઇને કહ્યું 'હું જ સ્વયં ચંડાલ બનેલો હતો.' ઇન્દ્રદેવે અમૃતવર્ષા કરી હરિશ્ચંદ્ર ના પુત્રને જીવિત કરી દીધો.

તદન્તર ભગવાન શ્રીહરિએ હરિશ્ચંદ્રજીને પોતાની દુર્લભ એવી ભક્તિનું વરદાન આપ્યું. દેવરાજ ઇન્દ્રે પોતાની પત્ની સાથે સશરીર હરિશ્ચંદ્રને સ્વર્ગમાં ચાલવાની પ્રાર્થના કરી. હરિશ્ચંદ્રજી બોલ્યા 'દેવરાજ! મારી પ્રજા અમારા વિયોગમાં આટલા દિવસ પર્યન્ત અત્યંત કષ્ટ પામી રહો હશે માટે અમો અમારી પ્રજાનો ત્યાગ કરી સ્વર્ગમાં આવવા તૈયાર નથી. હરિશ્ચંદ્રની વાત સાંભળી દેવરાજ બોલ્યા 'રાજન! આપના એટલા બધા સત્કર્મો છે કે તમો અનંતકાળ પર્યન્ત સ્વર્ગમાં વાસ કરશો. એ તો ભગવાનનું વિધાન છે. પ્રજાના કર્મ ભિન્ન ભિન્ન હોય છે. બધા એક સાથે સ્વર્ગમાં કેવી રીતે આવી શકે?' ત્યારે હરિશ્ચંદ્ર બોલ્યા -'દેવરાજ! અમો અમારૂ બધુ સત્કર્મ અમારી પ્રજાને અર્પણ કરીએ છીએ. અમો સ્વયં સ્વર્ગમાં આવવા તૈયાર નથી. પરંતુ અમારી પ્રજાને સ્વર્ગમાં લઇ જાવ. અમારી સમસ્ત પ્રજા સ્વર્ગમાં રહે અને અમો તે બધાવતી નરકનું દારૂણ દુ:ખ ભોગવવા તૈયાર છીએ.' (ધન્ય છે આવા પ્રજા પાલક રાજાને જેને પોતાની પ્રજાના કલ્યાણની કેટલી ચિંતા છે અને આજના રાજનેતા....?)

હરિશ્ચંદ્રજીની આ ઉદારતા, પ્રજાવત્સલતા જોઇને દેવતાઓ પણ સન્તુષ્ટ થઇ ગયા અને દેવતાઓ સમસ્ત અયોધ્યાવાશી ઓ સાથે હરિશ્ચંદ્રને સદેહે સ્વર્ગમાં લઇ ગયા પાછળથી વિશ્વામિત્રજીએ અયોધ્યાને પાછી વસાવી અને હરિશ્ચંદ્ર ના પુત્ર રોહિતાશ્વને તેઓએ અયોધ્યાના સિંહાસન પર બિરાજમાન કરી તેને સંપૂર્ણ ભૂમંડળના એક છત્રી શાસક બનાવ્યા. આમ રાજા હરિશ્ચંદ્રજીએ પોતાની સત્યનિષ્ઠાથી આલોકમાં ચિરસ્થાયિ કીર્તિની સાથે ભગવાનની કૃપાથી તેઓની દુર્લભ એવી પ્રેમ લક્ષણા ભક્તિ અને પરલોકમાં ભગવાનની પ્રાપ્તિ કરી આલોક અને પરલોક બન્ને સાર્થક કરી લીધા માટે જ વેદ ભગવાન સ્વમુખે કહે છે 'सत्यं वक्ष्यामि नानृतम्-અસત્યનહિ પરંતુ સત્ય જ

બોલો' (અથર્વ/મૃં.ઉ/૩૧/૫) 'इदममहनृतत् सत्य धुपैमि- અસત્યનો ત્યાગ કરી સત્ય જ ગ્રહણ કરવું' (યજુ /૧/૫- કારણ સત્યને ત્યાગ કરી અસત્યને અપનાવનારને અપયશ જ પ્રાપ્ત થાય છે.) - 'सत्यमेव जयते नानृतम् -સત્યનો જ જય થાય છે અસત્ય નો નહિ' (અથર્વ /મુ.ઉ. ૩/૧/૫) 'ऋतं वदन्तो अनृतंश्येम्। સત્યવાદીઓ અસત્યને અપનાવો નહિં (અથર્વ-૧૮/૧/૪ કારણ કે જે અસત્યને અપનાવે છે તે સર્વસ્વને ખોઇ બેસે છે.) 'दृंते दंहमाज्योक्रे संदशि जीव्यासम्॥ સત્ય અને ધર્મના માર્ગ પર દૃઢ રહો.' (યજ /કારણ કે ભય અને લાજે ધર્માત્માની દૃઢતાની કસોટી માટે આવ્યા જ કરે છે) 'शनः सत्यस्य पतयो भवन्तु -સત્યવ્રત ધારી જ સર્વત્ર સુખ શાંતિ ઉત્પન્ન કરે છે.' (અથર્વ/૧૯/૧૭/૧- પોતે સુખી રહેવું અને બીજાને સુખ આપવું એ કેવલ સત્યમાર્ગ દ્વારા જ સંભવી શકે છે.) 'सत्यस्य नावः सुक्रतमपीपरन्-ધર્માત્માને સત્યની નાવ જ પાર લગાવે છે.' (ત્રણ-૯/૭૩/૧) 'सत्यमूचुर्नरः एवा हिचक्रु :॥ પુરૂષોએ સત્યનું જ પ્રતિપાદન કરેલુ છે અને તેનુ જ આચરણ કરેલનું છે.' (ઋગ/૪/૩૩/૬) 'ऋतस्य पन्यां न तरन्ति दुष्कृतः। સત્યના માર્ગને દુષ્કર્મી પાર નથી કરી શકતા' (ઋગ-૯/૭૩/૬) 'ऋता वृधौ ऋतस्पृशौ बृहन्तं क्रतुं ऋतेन आशाये। સત્યને વધારનારા, સત્યને સ્પર્શ કરવાવાળા, સસત્યથી જ મહાન કાર્ય કરે છે.' (સામવેદ) 'स हि सत्ये य पूर्वेद् चिद् देवासश्चिपमाधिरे। होतारंमन्द्रजिह्वमित् सुदीतिभिर्वि भावसुम॥ સત્ય તે જ છે જે ઉજ્જવળ છે, વાણીને પ્રકાશ કરે છે અને જેને પૂર્વકાળમાં થએલા વિદ્વાન ઉજ્જવળ પ્રકાશથી પ્રકાશિત કરે છે.' (ઋગ-૫/૨૫/૨) 'सविज्ञानं विकितुषे जनायसच्चा सच्च वचसी परपृधाते। तथोर्यत् सत्यं यतरदृजी यस्तदित् सोमोक्षति हन्त्यासत्॥ ઉત્તમ જ્ઞાનના અનુસન્ધનની ઇચ્છા રાખવાવાળા વ્યક્તિની સામે સત્ય

અને અસત્ય બંને પ્રકારના વચન પરસ્પર સ્પર્ધા કરતા ઉપસ્થિત થાય છે તેમાંથી જે સત્ય છે તે વધારે સરળ છે શાંતિની કામના કરવા મનુષ્ય તેને જ પસંદ કરે છે અને અસત્યનો પરિત્યાગ કરે છે. (ઋગવેદ-૭/૧૦૪/૧૨) 'सा मा सत्योक्तिः परिपातु विश्वतो द्यावो च यत्र ततनन्नहानि च। विश्वमन्यन्ति विशतेयदे जति विश्वाहापो विश्वाहोदेति सूर्यः॥ તે સત્ય કથન, અમારી બધી બાજથી રક્ષા કરે જેના દ્વારા દિવસ અને રાત્રિનો બધો દિશામાં વિસ્તાર થાય છે તથા આ વિશ્વ અન્યમાં નિવિષ્ટ થાય છે. જેની પ્રેરણાથી સૂર્ય ઉદિત થાય છે અને જળ નિરંતર વહે છે. ' (ઋગવેદ-૧૦/૩૭/૨) 'प्राणो ह सत्य वादिनमुत्तमे लोक आदधत्। પ્રાણ સત્ય બોલવાવાળાને શ્રેષ્ઠ લોકમાં પ્રતિષ્ઠિત કરે છે.' (અથર્વ/૧૧/૪/૧૧)

તેજ પ્રમાણેનો જન્મ તથા મૃત્યુ સગાસમ્બન્ધિ, વિવાહ તેના પૂર્વકર્માનુસાર પરમાત્માએ પ્રથમથી જ નક્કી કરેલા હોય છે પંરતુ મિત્રતા મનુષ્ય ગુણ જોઇને કરે છે એટલે મિત્રથી મનુષ્યનું હિત કરનાર અન્ય કોઇ નથી અને એટલે માટે શાસ્ત્રોમાં સગા સમ્બન્ધિઓ કરતા શ્રેષ્ઠ મિત્ર માટે પ્રાર્થના કરવામાં આવી છે. જેમ કે 'दते दूण्हमा मित्रस्य मा चक्षुसा सर्वाणि भूतानि समीक्षन्ताम्। मित्रस्योहं चक्षुसा सर्वाणि भूतानि समीक्ष। मित्रस्य चक्षुसा समीक्षामहे॥ હે દૃતે! સર્વજનો દ્વારા આદરણીય પ્રાર્થનીય અનન્તાનંદનિધે ભગવન! તમો અમારા દુર્ગુણાદિનું નિવારણ કરીને અમને મૈત્ર્યાદિ સદ્‌ભાવથી યુક્ત બનાવી દો. મનુષ્યાદિ વિવિધ સમસ્ત પ્રાણિવર્ગ અમને મિત્રની દૃષ્ટિથી જવે પણ શત્રુની દૃષ્ટિથી નહિ આવી અમો પ્રાર્થના કરીએ છીએ. અમો બધાને મિત્રની સુખકર હિતકર પ્રિય દૃષ્ટિથી નિરખિયા રહોએ. આ અમારી વ્યક્તિગત પ્રતિજ્ઞા છે અને અમો બધા માનવ એકબીજને મીત્રની દૃષ્ટિથી જોતા રહીએ. આ અમારા બધાનો સમષ્ટિ પ્રતિજ્ઞા છે. અર્થાત્ અમો સમસ્ત માનવાદિ પ્રાણીવર્ગને આત્મવત્ પ્રિય માનીએ ફક્ત

પ્રિયજનહિ પણ તેઓનું હિત કરનાર તથા સુખ આપનાર બનીએ અને તેઓ પણ અમોને પ્રિય માને અને અમારા પ્રતિ હિતકર અને સુખકર બની રહે. (શુ.યજ.૩૬/૧૮) 'सर्वाआशामम मित्रं भवन्तु' સમસ્ત દિશાઓમાં અવસ્થિત નિખિલ માનવાદિ પ્રાણી અમારા મિત્ર-હિતકારી જ બની રહે' (અથર્વ-૧૨/૧/૧૮) 'अस पन्नाः प्रदिशो मे भवन्तु न वै त्वाद्विष्मोअभयं नो अस्तु। સમસ્ત પ્રદેશમાં અવસ્થિત લોકો અમારા પ્રત્યે સંતાપ અને ઉપદ્રવના બીજ ભૂત શત્રુ ભાવથી રહિત થાય તમારા તથા અન્ય બીજા કોઇના પણ પ્રત્યે દ્વેષ ભાવથો રહિત રહિએ તથા પ્રેમ અને સદ્ ભાવથી યુક્ત રહિએ' (અથર્વ-૧૯/૧૪/૧) 'यः सखासुशेवः अद्वयुः। જે ઉત્તમ મિત્ર, ઉત્તમ પ્રકારથી સેવાને યોગ્ય તથા સારો વ્યવહાર કરનારો છે તે ઉત્તમ હોય છે.'(સામ/૭૪૯) 'मित्रस्यहं चक्षुषा सर्वाणि भूतानिसमीक्षे। मित्रस्य चक्षुसा समीक्षामहे॥ મારી દૃષ્ટિને દૃઢ કરો, બધા પ્રાણી અમને મિત્રની દૃષ્ટિથી જએ, અમો પણ બધા પ્રાણીઓને મિત્રની દૃષ્ટિથી જોઇએ અને બીજા બધા પણ અમોને મિત્રતાની દૃષ્ટિથી જએ.' (યજ/૩૬/૧૮)

ઇતિહાસ અને પુરાણોમાં એવા કેટલાયે દૃષ્ટાંતો જોવા મળે છે કે જેમાં મિત્રએ પોતાનું અનિષ્ટ કરીને મિત્ર નું પ્રિય કરેલું. જમ ચૈતન્ય મહાપ્રુભએ કરેલુ. વાત એવી હતી કે ચૈતન્ય મહાપ્રભુ ચોવિષ વર્ષની અવસ્થા સુધી ગૃહસ્થાશ્રમી રહ્યા ત્યારે તેઓનું નામ 'નિમાઇ' પંડિત હતુ, અને ન્યાય દર્શનના તેઓ મહાન પંડિત હતા. એક સમયે આવા ન્યાય શાસ્ત્ર પર એક અપૂર્વગ્રંથની રચના કરી જેને જોઇને આપના મિત્રને ઘણી ઇર્ષ્યા થઇ. કારણ કે આપના મિત્રને ભય હતો કે આપનો આ ગ્રંથ પ્રકાશમાં આવતા પોતે રચેલો ગ્રંથ એ અનાદરને પ્રાપ્ત થશે એની આ પ્રમાણેની દશા જોઇને ચૈતન્ય દેવે પોતે રચેલા ગ્રંથને ગંગાજીને અર્પણ

કરી દીધો. તેઓ એવું ઇચ્છતા હતા કે અમારી અને અમારા મિત્ર વચ્ચે ક્યારેય પણ વિવાદ ન થાય. (ચૈતન્ય ચરિત્રામૃતમ્)

મહાભારતમાં આવતા કર્ણના પાત્રામં પણ શ્રેષ્ઠ મિત્રની ઝાંખી જોવા મળે છે. પાંડવો બાર વર્ષનો વનવાસ અને એકવર્ષનો અજ્ઞાતવાસ પૂર્ણ કરી દ્યુતમાં થએલા કરાર મુજબ કૌરવો પાસે ઘરોહરના રૂપમાં મૂકેલ પોતાનું રાજ્ય પાછ માંગે છે પણ દુર્યોધન યુદ્ધ કર્યા વિના રાજ્ય પરત કરવાની સ્પષ્ટ મનાઇ કરે છે એટલે ઉપલવ્ય નગરમાં પાંડવો પોતાના પક્ષના વીરોને એકત્રીત કરી રહ્યા હતા. ભાઇઓમા વિગ્ર ન થાય અને મહાસંહાર રોકાઇ જાય એટલા માટે શ્રીકૃષ્ણ પાંડવો તરફથી શાન્તિ દૂર બનીને હસ્તિનાપુર પધાર્યા, તેઓએ દુર્યોધનને સમઝાવવાનો ઘણો પ્રયાસ કર્યો. પણ જ્યારે દુર્યોધને સ્પષ્ટ શબ્દમાં કહ્યું કે 'યુદ્ધ વગર તો સોઇની અણી જેટલી જમીન પણ હું પાંડવોને આપવાનો નથી.' વાસુદેવનો સંધિ પ્રસ્તાવ નિષ્ફળ રહ્યો. તેઓને વળાવવા ભીષ્મ વિદૂર આદિ જેટલા લોકો નગરને બહાર સુધી આવેલા તેઓ બધાને શ્રીકૃષ્ણે પાછા મોકલ્યા પરંતુ અંગરાજ કર્ણને શ્રીકૃષ્ણે બોલાવી પોતાના રથ પર બેસાડયા. કર્ણરાજાનો ખાલી રથ લઇ તેમનો સારથી તેમની પાછળ પાછળ આવતો હતો.

પોતાના રથ ઉપર બેસાડી ભગવાનશ્રી કૃષ્ણે આદર પૂર્વક કર્ણ સાથે વાર્તાલાપ કરતા તેઓને કહ્યુ -''હે વૃષસેન! તમો વીર છે વિચારશીલ છો, ધર્મના તત્વને જાણનારા છો માટે આજે અમો તમને એક ગુપ્ત વાત બતાવીએ છીએ. તમો અધિરથ સૂતના પુત્ર નથી પણ તમો તો પાંડવોની જનની માતા કુંતીના પુત્ર છો એટલે આપ પાંડવોના જયેષ્ઠ ભ્રાતા છો કારણ ભગવાન સૂર્ય દ્વારા તમો પાંડવોની માતા કુંતી થકી કન્યાવસ્થામાં જ પ્રગટ થયા હતા.'' ભગવાનની વાત સાંભળી કર્ણનું શીશ નમી ગયુ. તેઓ મસ્તક નમાવી શ્રીકૃષ્ણની વાતને

સાંભળતા રહ્યા તે પછી વાસુદેવે તેઓના ખભા પર હાથ રાખી રહ્યુ ''વૃષસેન! તમો યધિષ્ઠિરના મોટા ભાઇ છો. દુર્યોધન અન્યાય કરી રહ્યો છે અને તે તમારા બળ પર જ પાંડવો સાથે યુધ્ધ કરવા તત્પર થયો છે માટે તમો તેનો ત્યાગ કરી અમારા પક્ષમાં આવી યુધ્ધ કરો. આવતી કાલે જ અમો બધા તમારો રાજ્યભિષેક કરશુ. યુધિષ્ઠિર તમારા યુવરાજ બનશે. પાંડવો તમારી પાછળ ચાલશે. અમો તમારૂ અભિવાદન કરશુ તમારા સહિત જ્યારે છ પાંડવો ઉભા રહેશે ત્યારે ત્રિલોકમાં તમારી સન્મુખ ઉભા રહેવાની કોઇની શક્તિ ન રહશે.

શ્રી કૃષ્ણની વાત સાંભળી કર્ણ થોડુ હસ્યા અને પછી બોલ્યા- 'હે વસુદેવ! અમો જાણીએ છીએ કે અમો માતા કુંતિના પુત્ર છીએ તથા સુર્યદેવ અમારા પિતા છે અને અમો ધર્મતઃ પાંડવ છીએ. પરંતુ દુર્યોધને હંમેશા મારો વિશ્વાસ કરેલો છે. જે સમયે બધા અમારી ઉપેક્ષા કરતા હતા ત્યારે દુર્યોધને કોઇપણ જાતના સ્વાર્થ વગર અમારો હાથ ઝાલેલો. અમારા પણ દુર્યોધનના અનેકો ઉપકાર છે. અમારા બળ પર જ તેણે આ યુધ્ધ રૂપી મહાયજ્ઞનું આયોજન કરેલું છે. પ્રભુ! આવા સમયમાં અમો કોઇપણ પ્રકારને દુર્યોધનનો વિશ્વાસ ઘાત નહિ કરીએ. માટે આપ અમોને આજ્ઞા આપો જેથી અમો દુર્યોધનના પક્ષમાં રહી યુધ્ધ કરી શકીએ. જે થવાનું છે તે તમારી ઇચ્છા પ્રમાણે થવાનું જ છે પણ ક્ષત્રિયવીર પલંગ પર સૂતા સૂતા પ્રાણ ત્યાગ ન કરે પણ યુધ્ધમાં વીરગતિ પ્રાપ્ત કરે એવી મારી ઇચ્છા છે.'

કર્ણની વાત સાંભળી ભગવાન બોલ્યા કે 'રાધેય, તમો અમારા આ ભવ્ય પ્રસ્તાવની પણ ઉપેક્ષા કરો છો, તો તમારી ઇચ્છા પરંતુ યુધ્ધ તો થશે જ' પ્રભુએ રથને ઉભો રાખ્યો રથ પરથી ઉતરતા પહેલા કર્ણ બોલ્યો 'વાસુદેવ! અમારી એક પ્રાર્થના છે તે તમો અવશ્ય સ્વિકાર કરો અમો માતા કુન્તિાના પુત્ર છીએ આ વાત તમો ગુપ્ત રાખજો. કારણ કે યુધિષ્ઠિર ધર્માત્મા છે તેને આ વાત વિદિત થશે તો

તે જયેષ્ઠ ભ્રાતા એવા અમોને રાજ્ય અર્પણ કરી દેશે અને અમો તે રાજ્ય દુર્યોધનને આપી દઇશું. કારણ અમો દુર્યોધનના પક્ષમાં રહીને જ યુધ્ધ કરશુ પરંતુ અમો ઇચ્છિએ છીએ કે ધર્મનો વિજય થાય અને ધર્માત્મા પાંડવ તેનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરે. જ્યાં તમો છો તે પક્ષનો જ વિજય નિશ્ચિત છે. તે છતાં કૃપા કરી અમારો આ અનુરોધ આપ સ્વિકાર કરો.''

તે પછી કર્ણ ભગવાનના રથ પરથી ઉતરી પોતાના રથ ઉપર બેસી હસ્તિનાપુર જતો રહ્યો. સંધિ કરવાનાં પ્રયત્નમાં લાગેલા શ્રીકૃષ્ણના બધા પ્રયત્નો નિષ્ફળ થયા. હવે યુધ્ધ નિશ્ચિત થઇ ગયું. યુધ્ધ ક્યારે થવાનું તે તિથિ પણ નિશ્ચિત થઇ ગઇ. દેવી કુન્તિની વ્યાકુળતા વધી ગઇ, કારણ કર્ણ પોતાના ભાઇઓ સાથે યુધ્ધ કરવા તત્પર થયો છે. દુર્યોધન કર્ણના બળપર જ વિશ્વાસ રાખી યુધ્ધ કરવા જઇ રહ્યો છે. અન્તમાં દેવી કુન્તિ કર્ણને સમજાવવા માટે એકાકી જ તેની પાસે આવ્યા. તે સમયે કર્ણ ગંગાજીમાં ઉભો ઉભો સૂર્ય સન્મુખ સૂર્ય ઉપસ્થાન કરતો હતો. કુંતાજીને થોડો સમય પ્રતિક્ષા કરવી પડી. સૂર્યની આરાધના કાર્ય બાદ કર્ણએ જોયુ માતા કુન્તિ આવેલા છે તે કુન્તાજી પાસે આવ્યો અને પોતાનો પરિચય આપતા થકો તેમના ચરણમાં વંદન કરે છે. કુંતાજીના નેત્ર ભરાઇ ગયા અને તેઓ સંકોચ પૂર્વક બોલ્યા 'બેટા! મારી સન્મુખ તો તુ પોતાનો સૂત પુત્ર ન કહે. અમો તો તને કંઇક અનુરોધ કરવા આવેલા છીએ તુ અધિરથ સૂતનો પુત્ર નથી પરંતુ ભુવન ભાસ્કર ભગવાન સૂર્ય તથા મારો પુત્ર છે. અમો તારી માતા છીએ અને પાંડવો તારા સગા ભાઇ છે માટે તુ તારા ભાઇઓ સાથે યુધ્ધ કરવાનું ટાળ.'

કુંતાજીની વાત સાંભળી કર્ણ બોલ્યો 'માતા, આજે અમને ક્ષમા કરજો કરાણ કે અમો કર્તવ્યથી વિવશ છીએ. પરંતુ અમો તમોને વચન આપીએ છીએ

કે કેવળ અર્જનને બાદ કરતા અમો કોઇપણ પાંડવનો વધ ન કરશુ. મારા અન્ય ભાઇ મારી સન્મુખ આવશે તો પણ અમો તેઓનો વધ ન કરશુ. તમારા પાંચ પુત્રો સુરક્ષિત જ રહેશે. જો અર્જન વીરગિતને પ્રાપ્ત થશે તો અમો અને અમો વીર ગતિને પ્રાપ્ત થશુ તો અર્જન રહેશે. તમારે અમારે અમારૂ આ વચન સ્મરણ રાખવું.' દેવી કુન્તિ કર્ણને આશીર્વાદ આપી પાછા આવ્યા.

પિતામહ ભીષ્મ હંમેશા કર્ણનો તિરસ્કાર કરતા રહેતા હતા. યુધ્ધના આરંભમાં મહારથી, અતિરથી વીરોની ગણના કરતા સમયે ભીષ્મજીએ કર્ણને અર્ધરથી કહીને સંબોધ્યો. આ પ્રમાણે ના વચનથી ખિન્ન થએલા કર્ણએ પ્રતિજ્ઞા લીધી કે 'જ્યા સુધી ગંગાપુત્ર ભીષ્મ સેનાના પ્રધાન સેનાપતિ રહેશે ત્યાં સુધી તે યુધ્ધથી વિરક્ત રહેશે.' દશમાં દિવસે ગંગાપુત્ર ધરાશયિ થયા તે રાત્રિએ કર્ણ પોતાના ગુરૂભાઇ ગંગાપુત્રની પાસે આવ્યો અને તેઓનું અભિવાનદ કરતા બોલ્યો 'હે ગંગાપુત્ર, સદા તમારી સાથે ધૃષ્ટતા કરનાર સૂતપુત્ર કર્ણ તમારા ચરણમાં વંદન કરે છે.' ગંગાપુત્રે તેને પોતાની સમિપ બોલ્વાયો અને સ્નેહ પૂર્વક ગદ્ ગદ્ વાણીમાં તેના પ્રત્યે બોલ્યા ''બેટા કર્ણ! અમો જાણીએ છીએ કે તુ શૂરવીર છે, અદ્ભૂત વીર છે અને શ્રેષ્ઠ મહારથી છે. તુ જ્ઞાની છે. પરંતુ તારો ઉત્સાહ ભંગ કરવા માટે અમો તન અર્ધરથી કહીને સંબોધતા હતા. કારણ કે દુર્યોધન તારાજ બળ ઉપર આ યુધ્ધ રૂપી યજ્ઞને આરંભ કરવા ઉધ્યુત થયો છે. જો તુ યુધ્ધ કરવામાં ઉત્સાહ ન બનાવતે તો દુર્યોધન યુધ્ધ માટે ઉત્સાહ જન બતાવતે. બેટા! હું કોઇપણ પ્રકારે આ યુધ્ધમાં થતો સંહાર રોકવા માંગતો હતો પરંતુ જે થવાનું છે તે થઇને જ રહેશે. પરંતુ તારા પ્રત્યે અમારા મનમાં કોઇપણ પ્રકારનો દુર્ભાવ નથી અમારી વાતને તું મનમાં રાખતો નહિ.''

આ પ્રમાણે કર્ણને પિતા મહે કહ્યું અને કર્ણ મસ્તક ઝુકાવી બધી વાત શ્રવણ કરતો રહ્યો. અંતે પિતામહ બોલ્યા. ''બેટા! હું તો બલી પર ચઢી જ ચૂક્યો છ. પરંતુ તુ ઇચ્છે તો હજ આ યુધ્ધ માં થતો સંહાર અટકાવી શકે છે. અમો તને એક રહસ્યની વાત બતાવીએ છીએ તુ અધિરથ સૂતનો પુત્ર નથી પરંતુ તુ સુર્યદેવ અને કુન્તાનો પુત્ર છે અને પાંડવોનો જયેષ્ઠ ભ્રાતા છે, માટે તુ દુરાત્મા દુર્યોધનનો સાથ ત્યાગ કરી ધર્માત્મા એવા તારા ભ્રાતાઓનો સાથ આપ.''

ગંગાપુત્રની વાત સાંભળી કર્ણ બોલ્યો ''પિતામહ! આપ જે કહો છે એ બધી જ વાત અમો પ્રથમથી જ જાણીએ છીએ. પરંતુ દુર્યોધન અમારો મિત્ર છે, તેણ કોઇપણ જાતના સ્વાર્થ વગર અમારી સાથે મિત્રતાનો વ્યવહાર કરેલો છે. અમારા પર ઉપકાર કરનારા મિત્રનો અમો વિશ્વાસઘાત કેવી રીતે કરી શકીએ? તેને આ યુધ્ધમાં કેવલ મારો જ વિશ્વાસ છે. આવી પરિસ્થિતિમાં અને સંકતમાં અમો તેનો ત્યાગ કેવી રીતે કરી શકીએ. માટે કૃપા કરી અમોને દુર્યોધનના પક્ષમાં યુધ્ધ કરવાની આજ્ઞા આપો. કૌરવ પક્ષમાં યુધ્ધ કરતા કરતા જ અમો એક શૂરવીર ની જેમ દેહ ત્યાગ કરવા માંગીએ છીએ.''

કર્ણની વાત સાંભળી પિતામહ કર્ણને આશીર્વાદ આપતા આપતા બોલ્યા 'વત્સ! તારી કામના પૂર્ણ થાય, તુ ઉત્સાહ પૂર્વક દુર્યોધનના પક્ષમાં યુધ્ધ કર અને તારા કર્તવ્યનું પાલન કર. (મહાભારત /ઉદ્યોગ/ અ-૧૪૦ થી ૧૪૬, અધ્યાય-૧૨૨) કર્મ ધારતે તો પોતાને પાંડવોના જયેષ્ઠ ભ્રાતા બતાવી પાંડવોના પક્ષમાં જઇ હસ્તિનાપુરની ગાદી પર બેસી શકતે. પણ તેણે પોતાને જીવન ભર સાથ આપનારા પોતાના પરમ મિત્ર દુર્યોધનનો ત્યાગ ન કર્યો અને મિત્રના પક્ષના જ યુધ્ધ કરતા જ તે વીરગતિને પામ્યો માટે નીતિકારે જે પ્રમાણે અહીં કહ્યુ છે કે

'જે મિત્ર સાથે વિવાદ કરતો તે જ જ્ઞાની છે' તે કર્ણના ચરિત્રને જેતો યથાર્થ જ છે.

તે જ પ્રમાણે જે માન અપનામમાં, સુખદુઃખમાં, હાનિ લાભમાં સમ છે અને ત્રિગુણમય દેયથી પર વર્તે છે તે જ વાસ્તવમાં જ્ઞાનિ છે. ગંગાપુત્ર ભીષ્મ કહે છે. 'सुखं प्राप्य न सहृष्यन्न दुःखं प्राप्य संज्वरेत्। સુખ દુઃખમાં સમબુદ્ધિ (સ્થિર બુદ્ધિ) રહેવું વિચલિત ન થવું.' (મહા.અનુ. ૧૪૫)ભગવાન વેદ વ્યાજી કહે છે 'ज्ञानं तत्वार्थ सम्बोधः शमश्चित्त प्रशान्तता। दया सर्वसुखैषि त्वमार्जवं समचित्तता॥ પરમાર્થ તત્ત્વનો યથાર્થ બોધ જ જ્ઞાન છે, ચિત્તની શાન્તિ જ શમ છે, બધાના સુખની કામના રાખી એજ દયા છે. અને સમચિત્તે રહેવું એજ સરળતા છે.' (મહા.વન. ૩૧૯/૯૦) ભગવાન શ્રી કૃષ્ણ કહે છે 'प्रजाहाति मदाकामान् सर्वान् पार्थ मनोगतान्। आत्मन्येवात्मना तुष्टः स्थित प्रज्ञस्तदोच्यते॥ જે વખતે આ પુરૂષ મનમાં રહેલી સઘલી કામનાઓને સમ્યક રીતે ત્યાગ કરે છે અને આત્માથી આત્મા જ સંતુષ્ટ રહે છે ત્યારે તે સ્થિત પ્રજ્ઞ કહેવાય છે.' (ગીતા-૨/૫૫) 'यः सर्वत्रामभिस्नेहेस्तत्तत्प्राप्यशुभाशुभम्। नाभि नन्दति न द्वष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता॥ જે મનુષ્ય સર્વત્ર સ્નેહ રહિત થએલો તે તે શુભ કે અશુભ વસ્તુ પામીને પ્રસન્ન થતો નથી કે નથી દ્વેષ કરતો તેની બુદ્ધિ સ્થિર છે.' (ગીતા/૨/૫૮) 'जितात्मन : प्रशान्तस्य परमात्मा समाहितः। शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः॥ ઠંડી ગરમીમાં સુખ દુઃખમાં તથા માન અપમાનમાં જેના અંતઃ કરણની વૃત્તિઓ સમ્યક્ રીતે શાંત છે, એવા સ્વાધિન આત્મવાળા મનુષ્યના જ્ઞાનમાં સચ્ચિદાનંદ પરમાત્મા સમ્યક્ પ્રકારે સ્થિત છે. એટલે કે એના જ્ઞાનમાં પરમાત્મા સિવાય બીજ કશુ છે જ નહિ. અર્થાત્ શીત, ઉષ્ણ, સુખ દુઃખ અને માન અપમાનથી જે જીતાત્મા છે જેનું મન વિકાર રહિત છે એવા જ પ્રશાન્ત પુરૂષના મનમાં પરમાત્મા સમ્યક્ રીતે

સ્થિત થાય છે.' (ગીતા-૬/૭) 'ज्ञानि विज्ञान तृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः। युक्त इत्युच्यते योगी समलोष्टारम काञ्चनः॥ જેનો આત્મા (મન) જ્ઞાન વિજ્ઞાનથી તૃપ્ત છે, જે કૂટસ્થ છે, વિજિતેન્દ્રિય છે અને માટી, પથ્થર અને સુવર્ણને સમાન સમઝનારો છ તે માનવ જ યોગયુક્ત કહેવાય છે અર્થાત્ જે જ્ઞાન વિજ્ઞાનથી તૃપ્તાત્મા છે, આત્મ સ્વરૂપ વિષયક જ્ઞાનથી અને તેના પ્રકૃતિ- વિલક્ષણ આકાર વિષયક વિજ્ઞાન થી જેનું મન તૃપ્ત છે જે કૂટસ્થ છે. જે દવાદિ અવસ્થામાં રહેવા છતા સર્વ સાધારણ જ્ઞાનની એકાકારરૂપ આત્મામાં સ્થિત છે તથા તે માટે જ તે વિજિતેન્દ્રિય છે અને માટી, પથ્થર અને સુવર્ણમાં જેની સમબુધ્ધિ છ, પ્રકૃતિ સંસર્ગથી રહિત શુધ્ધાત્મા સ્વરૂપમાં સ્થિત થઇ જવાને કારણે વિભિન્ન પ્રાકૃત વસ્તુઓમાં ભોગ્ય બુધ્ધિનો અભાવ થઇ જવાને કારણે મોટી, સુવર્ણ અને પથ્થરમાં જેવનું એક જેવું જ પ્રયોજન છે. તેજ ખરેખર યોગ યુક્ત જ્ઞાનિ કહેવાય છે. (ગીતા-૬/૮)

આ સન્દર્ભમાં શ્રીમદ્ ભાગવતમાં આવતા માં આવતુ એકતિતિક્ષુ બ્રાહ્મણનું દ્રષ્ટાંત અવલોકન કરવા યોગ્ય છે. પ્રાચિન કાળમાં ઉજ્જૈનમાં એક બ્રાહ્મણ રહેતો હતો. ખેતી, વ્યાપાર આદિ અનક રીતે તેણે ઘણી સંપત્તી એકઠી કરેલી હતી. પરંતુ આટલી સંપત્તી હોવા છતાં તે મહા કૃપણ અને લોભી તથા ક્રોધી હતો. તેમે પોતાના જીવનમાં પોતાના બાન્ધવો તથા અતિથિઓનો પાણીથી પણ સત્કાર કયારેય ન કરેલો. તે એકાકી જ પોતાના ઘરમાં રહેતો હતો. તેની કૃપણતા અને દુષ્ટતાને જોઇને કોઇપણ તેનો આદર સત્કાર કરતુ ન હતુ અર્થાત્ તેને અનુકૂળ કોઇ વ્યવહાર કરતુ ન હતુ. સ્ત્રી પુત્ર તથા બાંધવ બધા તેની વિપરીત રહેતા હતા. તેના આ લોક પરલોક બન્ને બગડી ચૂકેલા હતા. તે યક્ષની સમાન જ ધનની રક્ષા કરતો હતો. ઘણા દિવસો પછી પંચ મહાયજ્ઞના અધિકારી દેવતાઓ

તેના પર નારાજ થઇ ગયા. તે દેવતાઓની ઉપેક્ષા કરવાથી જ તેની સમસ્ત સમ્પત્તી નષ્ટ થઇ ગય. કેટલુક ધન તેના કુટુંબીઓએ લઇ લીધુ. કેટલું ક આગમાં બળી ગયુ, કટલુક શાસન કરનારા રાજાએ દંડના રૂપમાં તેની પાસેથી હડપ કરી લીધુ. તેની સમ્પત્તી સમાપ્ત થઇ ગય તે ધનનું ન ત તેણે દાન કર્યુ અને ન તો તેનો ઉપયોગ કર્યો તેના બધા સમ્બન્ધિઓ તેનાથી નારાજ થઇ ગયા હતા. ચિન્તા કરતા કરતા તેને સંસાર પરથી વૈરાગ્ય થઇ ગયો તે વિચારવા લાગ્યો કે ''જે ધનથો નથી અમારા દ્વારા કોઇ ધર્મ કાર્ય થયુ કે ન તો તેનાથી કાંઇપણ સુખ ભોગવાયું. તે દાન કરવાથી પણ શું? એ જોયાવ છે કે કૃપણ વ્યક્તિને ધનથી કાંઇપણ સુખ મળતુ નથી તે તો ધન કમાઇ તેની રક્ષા કરવાની ચિન્તિત રહ્યા છે. અને મૃત્યુ પામતા પરલોકમાં તેને નરક આદિમાં થી જ નિવાસ થાય છે જે પ્રમાણ નાનામા નાનું છિદ્ર પણ શરીરની મનો હરતાને નષ્ટ કરે છે તે જ પ્રમાણે થોડો પણ લોભ યશસ્વીના યશ ને નષ્ટ કરે છે. મનુષ્ય બધા અનર્થોને ધનના લોભમાં જ ત્યાગ કરે છે અતઃ કલ્યાણ કારીઓએ પરમાર્થ વિરોધી ધનનો પરિત્યાગ કરવો જોઇએ. ધન અને કૃપણ પુરૂષના બધા સગા સંબંધી પરાયા થઇ જાય છે. અમો જોઇએ છીએ કે મોટા મોટા જ્ઞાની મહાત્માઓ પણ ધનના ચક્કરમાં પડી નષ્ટ થઇ જાય છે. નિશ્ચય જ ભગવાને અમારા પર કૃપા કરી છે. જેથી મારૂ મન વૈરાગ્યને પામી ગયુ હવે અમો અમારૂ શેષ જીવન આત્મ લાભમાં વ્યતિત કરશું.

તે પછી તે બ્રાહ્મણ મૌન થઇ ગયો. તેણે સંન્યાસ ગ્રહણ કરી લીધો. તે નગરમાં ભીક્ષા લેવા એવી રીતે જતો કે તેને કોઇ ઓળખી ન શકે. તે શરીરથી વૃધ્ધ થઇ ગયો હતો. લોકો તેનું નાના પ્રકારે અપમાન કરતા હતા. ઘણા પ્રકારે તેને સતાવતા હતા. ઘણા માનવો તેને અપશબ્દ પણ બોલતા તો કોઇ તેનું તાડન

કરતા હતા પણ આ બ્રાહ્મણ તેનો કોઇ પ્રતિકાર કરતો ન હતો. તે એમ જ સમઝતો હતો કે આ મારા કોઇ પૂર્વ કર્મનું જ ફળ છે. અતઃ તે કંઇપણ બોલતો નહિ. ચૂપચાપ બધુ સહન જ કરતો. તે વિચારતો હતો આજે સુખ દુઃખ આવે છે તે ફક્ત મનનો ધર્મ છે. અતઃ તેનાથી માનવે દુઃખી ન થવું અને મનને ભગવાનમાં જ લગાવવું. મહાન ઋષિઓએ આજ પરમ નિષ્ઠાને અપનાવી છે. મનુષ્ય મુક્તિ અને પ્રેમપ્રદાન કરવાવાળા શ્રી ભગવાનના ચરણોની સેવા કરીને જ અપાર અજ્ઞાન સાગરથી પાર થાય છે.'' આ પ્રમાણે વિચારી તે હંમેશા મૌન જ રહેતો અને બધુ સુખ દુઃખ ને સહન જ કરતો. અનેકો કષ્ટ આવવા છતા તે કષ્ટથી વિચલિત થતો નહિ (શ્રીમદ્ ભાગવત- ૧૧/૨૩) આ પ્રમાણે જે માન અપમાન સુખ-દુઃખ ને સમભાવતી ગ્રહણ કરે છે તે જ વાસ્તવમાં જ્ઞાનિ છે. (શ્લોક- ૧૧૪) હવે નીતિકાર કને મનુષ્ય બધે જ પ્રશંસા પામે છે તેના લક્ષણ કહે છે -

શ્લો-૧૧૫ नयोऽभ्यसूयत्यनुकम्यते च न दुर्बलः प्रातिभाव्यं करोति।

नात्र्याह किञ्चित्क्षमते विवादं सर्वत्र तादृग्लमते प्रशसाम्॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય કોઇની નિંદા કરતો નથી, દુર્બળ જાણી વિવાદ કરતો નથી, વધુ પડતુ બોલતો નથી, વિવાદ સહન કરી લે છે આવો વ્યક્તિ બધે જ પ્રશંસા પ્રાપ્ત કરે છે.'

ચટી :- ઓછુ બોલવું અને સહનશીલ રહેવુ અને સાથે પ્રશંસા અને નિંદાથી સુખી અને દુઃખી ન થનાર એક જ શ્રેષ્ઠ પુરૂષનું લક્ષણ છે આ સન્દર્ભમાં વિષ્ણુપુરાણમાં આવતુ રાજર્ષી ભરતનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. રાજર્ષિ ભરત ભગવાન ઋષભ દેવજીના પુત્ર હતા અને પિતાજીના દ્વારા આપવામાં આવેલા રાજ્ય તથા સગા સબંધીને કાળનું ભક્ષણ જાણી એકાન્તમાં તશ્ચર્યા

કરવા માટે પુલહાશ્રમમાં આવ્યા પરંતુ ત્યાં તેઓના માર્ગમાં એક મૃગ શાવકે વિઘ્ન ઉપસ્થિત કર્યું અને અંતકાળે તે મૃગની સ્મૃતિ અવિરત થવાથી તેઓ બીજી જન્મે મૃગ રૂપે અવતર્યા અને થોડા સમય બાદ મૃગનો દેહ ત્યાગ કરી તેઓ ત્રીજા જન્મમાં અંગિરશ ગોત્રના સદાચારી બ્રાહ્મણને ત્યાં પ્રગટ થયા. જન્મતા સાથે જ તેઓને પોતાના પૂર્વ જન્મનું જ્ઞાન હતુ. આ જન્મમાં પણ તેઓને પૂર્વ જન્મની જેમ બધુ જ જ્ઞાન હતુ. એટલે તેઓ પોતાના આત્માને પ્રકૃતિથી પર પરમ શુધ્ધ સ્વરૂપે જોતા હતા અને સમસ્ત જગતને તેઓ શુધ્ધ બ્રહ્મ સ્વરૂપે જ જોતા હતા. પિતાએ યજ્ઞોપવિતનો સમય આવતા તેઓનો યજ્ઞોપવિત સંસ્કાર કર્યો અને વેદાધ્યાયન કરાવવાનો પ્રારંભ કર્યો. પરંત, ભરતજીનું મન વેદાધ્યયનમાં લાગતુ ન હતુ. કારણ કે પિતાજી તેઓને જે કંઇ ભણાવતા તે તે તેઓને પ્રથમથી જ જ્ઞાત હતુ. એટલે તેઓએ વેદાધ્યયનમાં રૂચિ ન બતાવી. અંતે પિતાજી થાકી ગયા અને તેઓએ ભરતજીને ભણાવવાનું છોડી દીધુ. અને પોતાના આ પુત્રની ચિંતામાં જ તેઓ પરલોક વાસી થઇ ગયા અને તેમની માતા પણ પતિ પાછળ સતિ થઇ ગઇ.

માતા પરલોક વાસી થઇ ગયા બાદ ભરતજી હવે સ્વતંત્ર થઇ ગયા. તેઓને કોઇક વ્યક્તિ બોલાવે ત્યારે તેઓ જાણી જોઇને કંઇક અસ્પષ્ટ વાણીમાં તેને ઉત્તર આપતા. જેથી તેઓને જડ જાણી પછી કોઇ બોલાવતુ પણ નહિ. વળી પોતાનું શરીર પણ તેઓ મેલથો ખરડાયેલુ જ રહેવા દેતા. કપડા પણ મેલા જ પહેરતા તેથી બધા નગરના લોકો તેમને તિરસ્કાર કરતા હતા. 'લોકાદ્વાર કરવામાં આવેલું સન્માન યોગ સંપત્તિનો ખૂબ જ નાશ કરે છે અને લોકો દ્વારા અપમાનિત થયેલો યોગી જ ઉત્તમ યોગ સિદ્ધિ પ્રાપ્ત કરે છે.' એવા બ્રહ્માજીના વચનોનો તે મહાબુધ્ધિમાન વિચાર કરતા રહેતા અને તેથી જ લોકોમાં પોતે જડ તથા ઉન્મત્ત આકાર જ બતાવતા હતા. વળી શાસ્ત્રમાં નિરૂપણ કરેલા 'तस्मा

च्चरेत व योगी सतां धर्ममदूषयन्। जना यथाऽवमन्येरन् गच्छेयुर्नैव संगतिम्। भुङ क्ते कुल्माषवादया दिशाकं वन्यफलं कणान्। यद् यदाप्नोति सुबह्तदन्ते काल संयमम्॥ આજ કારણે યોગીએ સજ્જનોના ધર્મને દોષ ન લાગાડતાં એવી રીતે ફરવું જોઇએ કે જેથી લોતો તેની અવગણના અપમાન કરે તેમજ કોઇપણ તેનો સંગ ન કરે, તેમજ એવા યોગીએ વડાં વગેરે શાકા ભક્ષણ કરવા, જંગલી ફળ ખાવા તથા દાણા જે કંઇ મળી આવે, તે તે ખૂબમાની, સંતોષ પૂર્વક ખાઇ લેવું અને તે પણ સૌની પાછળ, સમયનો નિયમ રાખ્યા વગર જ અથવા જે કંઇ મળે તેને ઘણુ માની લઇ યથેષ્ઠ ખાઇ લેવું અને સમય પસાર કરવો.' (વિ.પુ. ૨/૧૩/૪૪-૪૫) આ વચનનો વિચાર કરી તેઓ લોકમાં પોતાને જડ તથા ઉત્મત્ત જેવા જ બતાવતા.

પિતા પરલોકવાસિ થયા બાદ તેમના ભાઇઓ, ભત્રીજાઓ તેઓ પાસે ખેતરનું કામ કરાવતા હતા અને તેના બદલામાં સાધારણ અન્ન આપી તેઓનું પોષણ કરતા હતા. છતાં સંતોષને લઇ તેમના અવયવો વૃષભની જેમ પુષ્ટ હતા. એક દિવસની વાત છે ભરતજી ધરાતલ પર સ્વચ્છંદ રીતે વિચરણ કરતા હતા ત્યાં સૌવીર દેશનો અધિપતિ રહુગુણ રાજા કપિલ ઋષિના આશ્રમમાં સાંખ્ય તત્ત્વનો બોધ લેવા માટે પાલખી પર સવાર થઇને જતો હતો. પરંતુ પાલખી ઉચકવાના કહારોમાંથી એક કહાર ક્યાંક પલાયન થઇ ગયો એટલે રાજાના સેવકો પાલખી ઉચકનારા કહારને શોધતા હતા ત્યાં જ તેમની દૃષ્ટિ આ હૃષ્ટ પુષ્ટ ભરતજી આવ્યા. રાજાના મનુષ્યોને કોઇપણ જાતની પડતાલ વગર ભરતજીને પાલખી ઉચકવાના કામમાં લગાવી દીધા. આમ જોવા જઇએ તો ભરતજી આ કાર્યને સહેજ પણ યોગ્ય ન હતા તે છતાં 'પોતાનું જ કોઇ પૂર્વ

જન્મનું પાપ હશે તેને લઇ આ કાર્ય માટે કરવું પડે છે.' આમ, વિચારી ભરતજી આ નિમ્ન કાર્ય પણ હર્ષભેર કરવા લાગ્યા.

તે પાલખી ઉચકવાના સમયે આ જ્ઞાનિ શિરોમણી પોતાના પાદ તળ નીચે કોઇ જીવ જંતુ આવી ન જાય તેવા ઇરાદાથી ભરતજીના ચાર હાથ અથવા ગાડાની ધૂંસરી જેટલી જમીન જોતા જોતા ધીરે ધીરે ચાલતા હતા. આથી તે પાલખીની ગતિ એક સરખી ન રહી. તે જોઇ પાલખીમાં બેઠેલા રહુગુણ રાજાએ પાલખી ઉપાડતા કહારોને ઉદ્દેશની કહ્યુ, 'અરે, તમો બધા અસમાન ગતિથી કેમ ચાલો છો, સરખા ચાલો' આ પ્રમાણે રાજાએ કહ્યુ છતા પણ પાલખી તો એમની એમ જ ચાલવા લાગી. રાજાએ વારંવાર કહ્યુ એટલે રાજાના કહાર બોલ્યો 'રાજન્! અમો તો બરાબર ચાલીએ છીએ પરંતુ આ નવો આવેલો કહાર બરાબર ચાલતો નથી.' ત્યારે રાજા બોલ્યો 'રે, તે અમારી પાલખી તો હજ થોડો સમય જ ઉપાડી છે, અને તેવામાં તુ થાકી ગયો? શરીરથી તો પુષ્ટ છે, છતા આટલા પરિશ્રમ તું સહન કરી શકતો નથી?'

રહુગણની વાત સાંભળી જડ ભરત બોલ્યા ''રાજન્! હુ પુષ્ટ નથી, અમોએ તમારી પાલખી ઉપાડી નથી હે રાજન્! હું શ્રમતિ થતો નથી. અમને પરિશ્રમ થયો નથી તથા અમારે તમોને ઉચકવા એ પણ યોગ્ય નથી. રાજન્ તમોએ જે પ્રત્યક્ષ જોયું હોય તે અમોને કહો, તે પછી જ તમારે બળવાન તથા નિર્બળ એ વિશેષણ કહવું જોઇએ. તમોએ અમોને કહ્યુ કે 'તે હમણા થોડા સમય પહેલા તો પાલખી ઉપાડી છે' પરંતુ તમારા આ વચન જ અસત્ય છે, માટે અમારા વચન શ્રવણ કરો બે પગ જમીન પર છે, બે પગની ઉપર જંઘા છે, બે જંઘા ઉપર બે સાથળ છે તે સાથળોને આધારે ઉદર રહ્યુ છે, એ ઉદરના આધારે વક્ષઃ સ્થળ છે અને વક્ષઃ સ્થલના આધારે હસ્ત અને ખાંધ રહો છે અને આ ખાંધ પર

પાલખી રહી છે. આમા અમને પોતાનો કયો આખો ભાર કરાયો છે વળી પાલખીમાં તમારૂ જે શરીર બીરાજમાન છે તેમાં તમો હું એવો વ્યવહાર કરો છે તે વ્યવહાર અસત્ય છે. હે રાજા! હું અને તુ આ બીજાને પંચભૂતો ઉપાડી રહ્યા છે અને એ ભૂતવર્ગ પણ ગુણોના પ્રવાહમાં પડી રહ્યો છ. વળી હે રાજા! બહારના જે ગુણો છે તે કર્મોને વશ રહેનારા છે અને સઘળા પ્રાણીઓમાં જે કર્મો રહ્યા છે તે અવિદ્યાથી એકત્રિત થયા છે. આત્મા તો શુધ્ધ અવિનાશી, નિર્વિકારી, શાંત, નિર્ગુણ તથા પ્રકૃતિથી પર રહેલો છે. એ આત્માની વૃધ્ધિ કે પૃષ્ટતા અથવા કુશતા ક દુર્બળતા કદી થતી જોવા મળતી નથી. વળી તે આત્મા દરેક જીવમાં એક જ છે. હે રાજા! એ રીતે આત્માની વૃધ્ધિ કે પુષ્ટિ નથી. તેમજ તેની હાનિ કે દુર્બળતા નથી તો 'તુ પુષ્ઠ છે' એમ તમોએ કંઇ યુક્તિ થી કહ્યુ જમીન, પગ, જંઘા, કેડ, સાથળ અને પેટ આદિ અવયવો ઉપર રહેલી આ ખાંધ ઉપર જો આ પાલખી રહી છે, છતા તેનો ભાર અમને અથવા અમારા આત્માને જો લાગતો હોય તો તે ભાર તમારી સાથે પણ સરખો જ થાય. તમોને પણ તે ભાર લાગવો જ જોઇએ. કારણ તમારો આત્મા અને અમારો આત્મા એ ભિન્ન નથી. વળી આ પાલખીનો ભાર તેજ પ્રમાણે અન્ય જીવને પણ લાગવો જોઇએ. કારણ દરેક જીવ પ્રાણી માત્રનો આત્મા એક સરખો જ છે. વળી હે રાજા! પ્રકૃતિના કાર્યોથી સાથે આત્માની એકતા છે જ નહિ, તો મારે કયો અતિશય મોટો ભાર ઉપાડવો ? વળી જે દ્રવ્યથી આ પાલખી બની છે તેજ દ્રવ્યથી આ ભૂતવર્ગ બનેલો છે તો આના ઉપર તારી મારી કે સમસ્ત આજીવોની મમતા છે તે કેમ બંધાય છે? એ મમતા કરાય જ કઇ રીતે?!! આટલું બોલી જડ બ્રાહ્મણ મૌન થઇ ગયા.

આ પ્રમાણેની વાણી સાંભળી મુમુક્ષુ એવા રહુગુણ રાજા એકદમ પાલખી પરથી નીચે ઉતરી પડયા અને તેઓ બ્રાહ્મણના ચરણમાં પડી ગયા અને બોલ્યા

'હે બ્રાહ્મણ! કૃપા કરી પાલખી છોડી દો, આ પ્રમાણેનું જડ સ્વરૂપ ધારણ કરી છદ્‌મવેશ ધારણ કરી ફરનારા આપ કોણ છો? શુ આપ ઋષભદેવ કે દત્તાત્રેયજી છો કે જેની પાસે અમો સાંખ્ય શાસ્ત્રનો ઉપદેશ ગ્રાહણ કરવા માટે જઇએ છીએ એ કપિલ ભગવાન છો?

રહૂગુણની વાણી સાંભળી બ્રાહ્મણ બોલ્યા- હે રાજન્! હું કોણ છ અમ તો કહી શકાય તેમ નથી અને દરેકની દરેક સ્થળે આવવાની જે ક્રિયા છે તે કર્મફળના ઉપભોગ નિમિત્તે જ હોય છે એ કર્મફળ રૂપ સુખ દુ:ખનો ઉપભોગ પણ દેશ કાલાદિક થી જ પ્રાપ્ત થનાર છે અને ધર્મ અધર્મથી ઉત્પન્ન થતા તે સુખ દુ:ખના ભોગને બોગવવા માટે જ જીવ દેહાદિને પામે છે. હે રાજા! દરેક જીવને દરે ઠેકાણે આવવામાં કારણપણ તે ધર્મ અધર્મ જ હોય છે, તો અમારૂ આવવાનું કારણ તમો કેમ પુછો છો?'

બ્રાહ્મણની વાત સાંભળી રાજા બોલ્યા-''દરેક કાર્યમાં કારણ ધર્મ અધર્મ બેજ હોય છે અને તે ધર્મ અધર્મના ફળનો ઉપયોગ કરવા માટે જ જીવને દેહ તથા દેશાંતર એટલે જદા જદા પ્રદેશોની પ્રાપ્તિ થાય છે. એ તો નક્કી જ છે અને તે અમો જાણીએ જ છીએ. પરંતુ પોતાના સંબંધમાં આપ જે કહો છો કે 'હું કોણ છ એ કહેવું શક્ય નથી! તો તે કેમ કહી શકાય? તે સાંભળવાની અમોને ઇચ્છા. હે બ્રાહ્મણ! જે પોતે હોય છે તને જ 'તે અમુક હું છ' એમ કેમ ન કહી શકાય? હે બ્રાહ્મણ! 'આ હું છ' એમ પોતાના વિષે કહેવામાં દોષ જણાતો નથી. અર્થાત્ જે આત્મા સ્વાનુભાવ સિધ્ધ છે તેને 'તારૂ, મારૂ હું, તુ' એમ કેમ કહી શકાય? પોતાને હુ રૂપે જણાવવા શી હરકત છે? અહંકાર કે ગર્વ કરવો હોય અથવા વ્યર્થ 'હું હું! કહ્યા કરવું હોય તો તે દોષ યુક્ત ગણાય''.

રહુગુણની વાત સાંભળી બ્રાહ્મણ દેવ બોલ્યા -આત્મા વિષે 'अहं ' અથવા 'હું' શબ્દનો પ્રયોગ કરવો તે દોષ યુક્ત નથી તેમાં આત્માનું જ્ઞાન અથવા આત્મ વિષ, 'અહં' જે કરાય છે તે દોષયુક્ત છે જે નહિ. પરંતુ અનાત્મા માં એટલે જે આત્મા નથો તેમાં આત્માનું જ્ઞાન અથવા જે આત્મા નથી તેને આત્મા સમજી લેવો અને તેને ઉદ્દેશી 'હું' એવો પ્રયોગ કરવો એજ તો ભ્રમણા છે. જેમ કે હે રાજા 'अहं-હું' જે એમ બોલે છે તે તો જીભ, દંત અને તાળવ્ છે ને? તો તે જીભ વગરે ને 'अहं- હું' શબ્દથી કહી શકાય નહિ. 'अहं' શબ્દનો અર્થ કંઇ જીભ વગેરે થતો નથી એ તો વાણીને બોલવામાં જ કારણ છે. (કદાચ તમે કહો કે એ તો બરાબર છે કે જીભ વગેરે તે વાણી બોલવામાં કારણ છે પણ હું જીવ વગેરેને કહ્યો જ નથી પણ હું શબ્દનો બોલનારી જે વાણી છે તે જ 'હું' શબ્દના અર્થ રૂપે છે તો તે સામે કહેવાનું કે) જીવ વગેરે કારણો દ્વારા આ વાણી હું છ એમ પોતે બોલે છે ખરી. તો પણ એ વાણી હું નથી. એમ પણ બોલે છે તો તો એ વાણી જો 'હું' શબ્દના અર્થ રૂપ હોય તો તે એમ કહેવાને યોગ્ય જ ન હોય (એટલે હું નથી એમ પણ બોલે છે તેથી સિધ્ધ થાય છે કે 'તે વાણી તો ઇન્દ્રિયો જ છે હું શબ્દના અર્થ રૂપ નથી) તેજ રીતે મસ્તક, હાથ વગેર લક્ષણવાળું આ શરીર પુરૂષથી પૃથક્ અથવા જદુ જ છે. હે રાજન્! અમારાથી પૃથક અન્ય કોઇ હોય તો તો ' આ હું અને આ બીજો' એમ કહી શકાય ખરૂ. પણ સઘળા શરોરમાં એક પુરૂષ અથવા આત્મા રહ્યો છે તો તમે કોણ છો? એવો પ્રશ્ન અને 'તે હું છ એવો ઉત્તર કરવો અ બન્ને વ્યર્થ છે. એટલે એવો પ્રશ્ન તથા ઉત્તર થઇ શકે તેમ નથી. હે રાજા! તું રાજા છે, આ પાલખી ઉપાડીને અમો તારી આગળ ચાલીએ છીએ અને આ લોક તારો છ આમ કહેવું તે પણ અસત્ય જ છે. જેમ પાલખી પ્રથમ વૃક્ષ રૂપે હતી તે પછી એ વૃક્ષ કેટલા કાળે સૂકાઇ જતા લાકડું કહેવાયું હતુ. તે પછી તે

લાકડું જ જેના પર તમો બેઠા છો તે પાલખી કહેવાય છે તો હે રાજા! આની વૃક્ષ સંજ્ઞા ક્યાં ગઇ? અને લાકડુ એવું નામ ક્યાં ગયું? આ તમારા સેવકો હાલમાં તમોને એમ નથી કહેતા આ રાજા વૃક્ષ પર બેઠા છે. પરંતુ બધાએ અત્યારે એમ જ કહે છે કે આ રાજા પાલખી પર બેઠા છે. આ પાલખીન પાલખી નામ પણ અસત્ય છે. કારણ કે આ પાલખી એ અમુક આકાર રૂપે રચાયેલો લાકડાનો જ સમુહ છે તો હે રાજા! આપ તપાસ કરો કે આમા લાકડાથી ભીન્ન પાલખી કઇ? એજ પ્રમાણે આ તારૂ રાજ છત્ર અને તેમાં રહેલી સઘળી સળી છે. એમના અલગ અલગ પણાનો તુ વિચાર કર એજ પ્રમાણે આ ન્યાય તારા તથા અમારામાં વિચારી જો (તારૂ શરીર તે 'તુ' નથી અને મારૂ શરીર તે 'હું' નથી એ જ રીતે શરીરના હાથપગ વગેરે અવયવો 'તુ' કે 'હું' નથી) આજ રીતે આ પુરૂષ, સ્ત્રી, બાળક, ગાય, ઘોડો, હાથી, પક્ષી કે વૃક્ષ આ બધા લૌકિક નામો પણ કર્મ રૂપ કારણ વાળા તે તે શરીરમાં જ જોવા મળે છે. અર્થાત્ સમજણ યોગ્ય છે કે કોઇપણ વસ્તુ પુરૂષ નથી, દેવ નથી, મનુષ્ય નથી, પશુ નથી, કે વૃક્ષ નથી એ બધા જદી જદી આકૃતિવાળા શરીર જ છે.

જેઓનું મૂળ ઉત્પત્તિ કારણ જીવોના કર્મો જ છે. એ પ્રમાણે લોકોમાં રાજાએ નામની વસ્તુ છે અથવા રાજાનો યોધ્ધા કે સિપાઇ એ નામની વસ્તુ છે અથવા એવી જ બીજી જે વસ્તુ છે તે બધી હે રાજા! સત્ય નથી. કેવળ કલ્પના મય અસત્ય જ છે. જે કાળાં તરે પણ બીજી સંજ્ઞાન પામે અથવા જદા જદા પરિણામે કદી ન થાય તેજ સત્ય વસ્તુ કહેવાય છે. પરંતુ હે રાજન! જે વસ્તુ જદા જદા પરિણામ રૂપે થયા કરતી હોય તે કંઇ વસ્તુ કહેવાય? જેમકે હે રાજન! તું લોકોનો રાજે છે, તારા પિતાનો પુત્ર છે, શત્રુનો શત્રુ છે, પત્નીનો પતિ છે અને પુત્રનો પિતા છે તો અમો તમોને આમાથી કોના કહીએ ? આ તારૂ મસ્તક તે શું

'તુ' છે અથવા તારૂં આ મસ્તક શું તારૂ છે? તેમ જ તારૂ ઉદર અથવા ચરણ વગેરે શું 'તુ' છે? અથવા હે રાજા! આ અવયવોમાં તારૂ પોતાનું શું થઇ 'હું કોણ છ?' એ વિષે વિચાર કર. આમ વાસ્તવિક દૃષ્ટિએ આ બધુ દૃશ્ય પરિણામશીલ છે અને કેવળ એક જ તત્ત્વ સત્યરૂપે રહ્યુ છે તો 'આ હું છ! એમ અલગ કરવા યોગ્ય વસ્તુને હું કંઇ રીતે તારી આગળ કહી શકુ?'

જડ ભરતનું આવું વાક્ય સાંભળી રહુગણ બોલ્યા ''હે ભગવાન! આપના આ સત્ય વચન સાંભળી અમારી વૃત્તિ ભમી જાય છે. હે બ્રાહ્મણ! વિવેક પૂર્વકનું આ વિજ્ઞાન સમગ્ર પ્રાણીઓમાં સાક્ષી તરીકે આપે દર્શાવ્યુ છે તે પ્રકૃતિથી પર મહત્વ (પરંબ્રહ્મ) જ બતાવ્યું છે. એમાં સંશય નથી. પરંતુ જે આપે કહ્યુ કે હું પાલખી ઉપાડનાર નથી અને પાલખી અમારા પર નથી કમ કે શરીર આ પાલખી ઉપર રહ્યુ છે તે શરીર આપણાથી ભિન્ન છે. વળી પ્રાણી માત્રની પ્રવૃત્તિ ગુણોથી પ્રવૃત્ત થાય છે એમાં આપણે શું કરી શકીએ છીએ? કંઇ જ નહિ એ આપે મને શું કહ્યું? હે પરમાર્થને જામનારા આ આપનું વચન અમારા કર્ણમાં પડતાં અમારૂ મન વ્યાકુળ થાય છે કેમ કે શાસ્ત્રના સિધ્ધાંતથી કંઇક જુદુજ આપ કહો છો. એમ જાણતા અને સંદેહ થાય છે કેમ કે શાસ્ત્રના સિધ્ધાંત રૂપે પ્રતિપાદન કરાયેલા પરમાર્થ તત્વને જાણવામાં અમોને ઘણી આતુરતા છે. અમો તો ભગવાન કપિલને 'પરમાર્થ તત્ત્વ શું છે?' એ વિશે પુછવા જતા હતા. તેવામાં દૈવ ઇચ્છાથી માર્ગમાં આપનો ભટો થઇ ગયો તેથી હવે આપ કૃપા કરીને અમોને પરમાર્થ તત્ત્વ વિશે કહો.''

આ પ્રમાણે રહહુગુણીની પ્રાર્થના સાંભળી બ્રાહ્મણ બોલ્યા હે રાજન! આગળ તો તમોએ કહ્યું હતું કે 'પરમાર્થ તત્વ જાણવા મારૂ મન આ તરફ દોડે છે.' તો પુનઃ તમો આમ કેમ પૂછો છો? તમારે પરમાર્થ જાણવાની ઇચ્છા કે શ્રેય

જાણવાની જરૂર છે. કારણ કે પરમાર્થ અને શ્રેય ને એક જ જાણતા હોય તો તમારી આ ગંભીર ભૂલ છે. કારણ કે જેટલા શ્રેય છે તે બધાજ આ પરમાર્થ રૂપ અર્થ વાળા છે. અર્થાત્ જેટલા શ્રેય છે તેઓનો સત્ય અર્થ તો અપરમાર્થ જ છે. તેઓમાં પરમાર્થ રૂપ અર્થ હોતો નથી. હે રાજા! જે મનુષ્ય દેવતાનું આરાધન કરી ધન સંપત્તિ ઇચ્છે છે અથવા પુત્રને કે રાજ્યને ઇચ્છે છે તેનું એ શ્રેય નથી. યજ્ઞ રૂપ કર્મ જે સ્વર્ગલોક રૂપ ફળ આપનાર છે તે પણ શ્રેય ગણાય છે. પણ તે જ યજ્ઞ જો ફળ નિમિત્તે ન હોય એટલે ફળના સંકલ્પ રહિત હોય અને નિષ્કામ ભાવે હોય તો તે ઉપર જણાવેલા શ્રેય કરતા પણ મુખ્ય છે. હે રાજન! યોગરૂપ યોગીઓએ સર્વકાળ પરમાત્માનું ધ્યાન કરવું જોઇએ. તે પણ શ્રેય છે. પરંતુ તે જ ધ્યાન ન કરનાર યોગીની જો તે પરમાત્મા સાથે એકતા સિધ્ધ થાય તો તે ઉત્તમ છે તો તે ઉત્તમ છે. આમ ઉત્તરોત્તર શ્રેષ્ઠ એવા શ્રેય અનેક છે સેકડો અને હજાર છે. પરંતુ તે બધામાં પરમાર્થ નથી. પરતુ અપરમાર્થ જ છે તે અપમાર્થ તમો હવે અમારી પાસેથી શ્રવણ કરો. ધન જો પરમાર્થ હોય તો ધર્મ માટે લોકો તેનો ત્યાગ કેમ કરે છે? તેમજ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટે તે ધનનો ખર્ચ શા માટે કરે છે? એ ઉપરથી જણાય છે કે ધન પરમાર્થ નથી. હે રાજા! પુત્ર જો પરમાર્થ કહેવાય તો તે પણ અન્યનો એટલે પિતાનો પરમાર્થ છે. એટલે તે પણ યથાર્થ રીતે પરમાર્થ નથી કેમકે એ રીતે તેનો પિતા તેનો પિતા એમ ક્યાંય તે પરમાર્થ અટકે જ નહિ તેથી ત્રણે જગતમાં ક્યાંય અપરમાર્થ જ ન રહે એવા પરમાર્થનો ક્યાંય છડો જ ન મળે. વળી આ પુત્ર રૂપ પરમાર્થમાં બધા જ કર્મો કારણના પરમાર્થ થાય પુત્રો રૂપી કાર્યો જ પિતારૂપી કારણના પરમાર્થ બને એવા પરમાર્થ આ જગતમાં ક્યાંય જોવા મળતા નથી. એ તો લોક તથા વેદ વિરુધ્ધ છે. લોકમાં કાર્યોનો પરમાર્થ કારણ ગણાય છે અને વેદમાં પણ 'वाचारं भणं विकारो नामधेयं

मृत्तिकेव्येय सत्यम्। નામ રૂપ વિકાર એ તો વાણીનો આરંભ છે. માટી માંથી બનતાં વાસણો એ તો વાણીની માત્રા જ કહેવાય છે, એ બધામાં માટી એ જ તેઓનું મૂળ છે.' આ પ્રમાણે કહેવાયેલા વચનનો પણ વિરોધ આવે છે.

અહીં ઉપર જણાવેલ રાજ્યાદિકની પ્રાપ્તિ જો પરમાર્થ કહેવાય તો આ લોકમાં પરમાર્થો હોય અને નહિ પણ હોય એવું બંને એટલે એવા પરમાથો આવે ને જાય તેથી આગમપાપી બની નાશવંત જ થાય છે તેથી પરમાર્થ કહેવાય જ નહિ. કદાર વેદોદ્ધારા થતું યજ્ઞ કર્મ તમને પરમાર્થ તરીકે જો માન્ય હોય તો તે વિષે પણ અમો તમોને કહીએ છીએ તેને તમો શ્રવણ કરો. હે રાજા! કારણભૂત અથવા ખાસ અસાધારણ કારણરૂપ માટી માંથી જે ઘટ વગેરે કાર્ય ઉત્પન્ન કરાય છે. તે તેના કારણ માટીને જ અનુસરતુ હોવાથી તે માટીમય જ ગણાય છે. તે જ પ્રમાણે નાશવંત દ્રવ્યો સમિધા, ધૃત, દર્ભ વિગેરે દ્વારા સિધ્ધ કરાતી યજ્ઞાદિક ક્રિયા પણ તેના એ કારણો નાશવંત પણાથી નાશવંત જ હોય છે. અર્થાત્ નાશવંત ક્રિયારૂપ યજ્ઞાદિથી પ્રાપ્ત થતાં સ્વર્ગાદિક ફળ પણ એકંદર નાશવંત જ હોવાથી તે યજ્ઞાદિક પણ પરમાર્થ ન કહેવાય. પરમાર્થ તો તેજ કહેવાય જે નાશવંત ન હોય એમ પ્રાજ્ઞ વિદ્વાનો સ્વિકારે છે. પરંતુ યજ્ઞાદિકથી પ્રાપ્ત થતું સ્વર્ગાદિક ફળ તો નાશવંત હોય છે એમાં સંદેહ નથી કેમ કે તે નાશવંત દ્રવ્યોથી સિધ્ધ કરેલા યજ્ઞાદિક દ્વારા સિધ્ધ કરેલુ હોય છે. (એટલે તે નાશવંત ફળ પરમાર્થ ન કહેવાય) હા એ વાત સત્ય છે કે જે કર્મ નિષ્કામ ભાવથી કરાયેલું હોય તે સ્વર્ગાદિક નાશવંત ફળ ન આપતા તે મુક્તિનું સાધન હોવાથી કેવળ સાધન જ છે. તેનું સાધ્ય ભલે મુક્તિ હોય પણ તે પોતે સાધન રૂપ છે તેથી જે સાધન હોય તે પરમાર્થ હોય જ નહિ. હે રાજા! આત્માનું ધ્યાન, તે જો કે પરમાર્થના અથ તરીકે શબ્દથી કહેવાય છે પણ તે આત્મ ધ્યાન બીજાથી

ભેદકારી છે. એટલે દેહાદિથી આત્માનો ભેદ પાડી તેને દેહાદિ થી પૃથક્ સ્વરૂપ ધ્યેય તરીકે ધ્યાનમાં આત્માને સ્વિકારેલ હોય છે. તેથી તેવા ભેદવાળું તે આત્મ ધ્યાન પણ (ભેદ વિષય વાળુ હોય) પરમાર્થ નથી. કારણ કે ભેદવાળુ તો મિથ્યા મનાય છે. એમાં પરમાત્મા અને આત્માની એકતા કરવી તે પરમાર્થ મનાય (એવો એક મત છે) પરંતુ સત્ય રીતે તો શરીર શરીરી ભાવે એક તા મૂલથી જ છે. તે કરવાની જરૂરી ક્યાં છે? માટે તે એકતા કરવાનો પ્રયત્ન જ અસત્ય છે. જે દ્રવ્ય પૃથક્ જ હોય તે પૃથક્ દ્રવ્ય એક થઇ શકતુ નથી (જેમ ઘડો છે તેને કપડું કહી શકાતુ નથી. એટલે જે દ્રવ્ય ભિન્ન છે તે તો ભિન્ન જ રહેવાનું પણ આત્મા અને પરમાત્મા એ જ્ઞાન દ્રવ્યે કરીને ક્યાં ભિન્ન છે? તે તે એક જ્ઞાન દ્રવ્ય જ છે, તો પછી શરીર શરીર ભાવથો જો તેઓ બન્ન અભિન્ન જ છે તો તેની એકતા કરવા શા માટે ફાંફા મારવા પડે છે? એટલે તે ફાંફાં મારવાએ ખરી રીતે પરમાર્થ નથી માટે હે રાજા! એ બધા શ્રેષ્ઠ છે. (તે પરમાર્થ નથી) એ નક્કી છે. ત્યારે હે રાજા! જે પરમાર્થ છે તેને તમો સંક્ષિપ્તમાં શ્રવણ કરો. એક સજાતીય ભેદ રહિત (આકાશ જેવા) વ્યાપી એટલે પ્રાપ્ત કરવાના પ્રદેશથી રહિત સમાન- એક સરખો એટલે અમુક કોઇ રાગદ્વૈષાદિથી રહિત અને તેથી જ પ્રકૃતિ પર એટલે જન્મ વૃધ્ધિ થતા નાશથી રહિત અથવા સર્વમાં રહેલ છતાં તેના ધર્મોથી સંબંધ નહિ પામનારો, સર્વા કૃષ્ટ જ્ઞાનમય (ક્ષણિક જ્ઞાન) શૂન્ય અને તેથી જ હે રાજા! તે આત્મા નામ, જાતિ આદિ સાથેના મિથ્યા સંબંધોથી કદી સંબંધ પામતો નથી કે પામસે નહિ. આ વાતે આત્મા પોતાના તથા બીજાના દેહમાં રહ્યો છે, છતાં તે વિષેનું જે એકમય વિજ્ઞાન છે તે જ પરમાર્થ છે (સ્વયં પ્રકાશ અને અમાપ તે એક જ આત્મા વસ્તુ બધામાં એક સ્વરૂપે સર્વકાળે રહેલો છે. એમ જ સમજવું તે જ પરમાર્થ છે એ આત્મતત્ત્વ બધે જ જદો-જદો દેખાય છે તે તો ભ્રાંતિ છે.

વાસ્તવમાં એક પરમાત્મા જ દરેકની અંદર વ્યાપિને રહ્યા છે.) માટે જે લોકો દ્વૈતદર્શન કરનારા છે. તેઓ સત્યવસ્તુ જોતા જ નથી એટલે તેઓ પરમાર્થ જોઇ શકતા નથી. જેમ વાયુ અભેદ સ્વરૂપે વ્યાપક છે છતાં વાંસળીના જદા જદા છિદ્રોમાં તેવા વાયુનો પ્રવેશ થવાથો તે એક જ વાયુ ષડ્જ આદિ જદા જદા સ્વરોની સંજ્ઞાવાળો થાય છે અને જદા જદુ નાદોનાં નામ ધારણ કરે છે તે જ પ્રમાણે તે મહાન આત્મા પોતે એક જ સ્વરૂપે સર્વ વ્યાપી છે છતાં જદાં જદાં શરીરમાં પ્રવેશી જદી જદી દેવ મનુષ્યાદિ સંજ્ઞાવાળો થાય છે માટે તે ઉપાધિઓના સંબંધથી જ આત્મા જાણે ભેદવાળો હોય, તેવો કેવળ ભ્રાંતિથી જ ભાસે છે. એટલે આત્માનું એકપણું છે જ છતાં જ દેવમનુષ્યાદિ ભેદ ભાસે છે, તે તો આત્માથી જદા બહારના કર્મોથી ઉત્પન્ન થયેલા છે તે તે કર્મોએ કરેલ આવરણથી જ તે દેવાદિ ભેદનો આશ્રય કરાતો હોય તેમ અસત્ય ભાસે છે. ખરી રીતે તો એ દેવાદિરૂપ ભેદ આત્મામાં છે જ નહિ તેથી આત્મા પોતે તો સર્વ કાળ તે અવિદ્યાથી થતા દેવમષ્યાદિ શરીર રૂપ આવરણોથી સર્વકાળે રહિત છે. તે જ પ્રમાણે ધર્મને જાણનારા હે રાજા! તું પણ પોતાના આત્માને સર્વમાં રહેલો જાણી આત્માને શત્રુને સગા કુટુંબીઓને પણ એક સરખા આત્મ સ્વરૂપવાળા જાણ. જેમ એકનું એક આકાસ શ્વેત, શ્યામ, નીલ વિગેરે જદા જદા રંગવાળુ ભ્રાંતિથી દેખાય છે તે જ પ્રમાણે ભ્રાંતિયુક્ત દૃષ્ટિવાળા લોકો એક જ આત્મા પોતાની ભ્રાંતિને લઇને અલગ અલગ જએ છે. આ જગતમાં જે કાંઇ છે તે બધું એક પરમાત્મામાં જ છે. અને તે પરમાત્મા અચ્યુત છે અથવા પોતાના મૂળ સ્વરૂપથી કદી ભ્રષ્ટ થતા નથી. તેઓ સર્વથા નિર્વિકાર અને અવિનાશી છે. તેનાથી જદુ બીજ કંઇ છે જ નહિ. એજ આત્મા હું અને તે તમો છો અને આ બધુ પણ તે આત્મા સ્વરૂપ જ છે માટે આ મિથ્યા ભેદ દૃષ્ટિનો તથા મોહનો ત્યાગ કરો.

આ પ્રમાણે રહુગુણ રાજાને પરમાર્થ તત્ત્વનો ઉપદેશ આપી જડ ભારત પોતાના માર્ગે જતા રહ્યા. સૌવિર દેશના રાજા રહુગણે પણ આ પ્રમાણે પરમાર્થ તત્ત્વોનો ઉપદેશ શ્રવણ કરી પોતાનો ભેદ દૃષ્ટિનો ત્યાગ કરી દીધો અને તેઓએ પરમાર્થ દૃષ્ટિનો આશ્રય લીધો અને સમય જતા રહુગુણ રાજા અને જડ ભરત બન્નેને પરમપદની પ્રાપ્તિ થઇ. આ પ્રમાણે નીતિકારે અહીં કહ્યા પ્રમાણ ભરતજી સમસ્ત જગતમાં એક જ પરમતત્ત્વનો અનુભવ કરતા હોય કોઇની નીંદા કરતા ન હતા, કોઇની સાથે વાદ વિવાદ કરતા ન હતા કારણ તેઓની દૃષ્ટિમાં દ્વૈતનો અભાવ હતો. તેઓ લોકોના માન અપમાન સુખ દુઃખને સહન કરતા હતા. કારણકે તેઓ એવું જ વિચારતા હતા કે 'અમારા જ કોઇ પૂર્વ કર્મને કારણે જ આ બધી ઉપાધી આવે છે' એટલે તેઓ તેનો કંઇપણ પ્રતિકાર કરતા નહિ. માટે કેટલો એ કાળ વ્યતિત થવા છતા અદ્યાપિ લોકમાં ભરતજીની કીર્તિ છવાયેલી છે. આવાજ મનુષ્ય પરમપદના અધિકારી થાય છે. ભગવાન દત્તાત્રેય શ્રી કાર્તિક સ્વામીને કહે છે 'रागद्वेषविनिमुक्तः सव भूत हिते रतः। दृढ बोधेश्च धीरश्च सु गच्छेत् परमं पदम्॥ જે રાગ અને દ્વેષથી મુક્ત થાય છે, બધા પ્રાણીઓના હિતમાં જ રત રહે છે તથા બ્રહ્મજ્ઞાન વિષયક બોધને દૃઢ કરવો અને ધૈર્યવાન થવું એ પરમદ પ્રાપ્તિના ચારણ સોપાન છે.' (અવધૂત ગીતા-૨૨૪) 'निर्ममो निरंहकारो नियेगि क्षेम आत्मवान। निराश निर्गुणः शान्तो निराशवतो निराश्रयः॥ आत्म सङ्गी च तत्त्वज्ञो मुच्यते नात्र संशयः॥ મમતા અને અહંકારથી રહિત થઇ જવું યોગ ક્ષેમની ચિંતા ન કરવી, મન પર વિજય પ્રાપ્ત કરવો. જે નિષ્કામ, નિર્ગુણ, શાંત, અનાશક્ત, નિરાશ્રય આત્મ પરાયણ અને તત્ત્વનો જ્ઞાતા હોય તજ મુક્ત થાય છે. એમા સંશય નથી. (મહા. આશ્વ/અનુગીતા/ અ.૪૬/૪૪-૪૫) (શ્લોક-૧૧૫) હવે નીતિકાર કયો મનુષ્ય બધે સ્નેહ પામે છે તેના લક્ષણ કહે છે-

શ્લો-૧૧૬ 'यो नोद्धतं कुरुते जातु वेष

न पौरुषेणापि विकत्यतेऽन्त्यान्।

न मूर्च्छितः कटुकान्याह किञ्चित्प्रियं

सदा तं कुरुते जनो हि॥

શ્લોકાર્થ :- જે વ્યક્તિ મનુષ્યોને અનુચિત લાગે એવો વેષ ધારણ કરતો નથી. જે બળવાન થઇને પણ કોઇની નિંદા કરતો નથી. કોઇ દ્વારા કષ્ટ આપવા છતા તેના પર કટુ વચન ઉચ્ચારતો નથી એને બધા જ સ્નેહ કરે છે.

ચ.ટી. :- સમર્થ થઇને ઝરણા કરવા એ જ વીર પુરૂષનું ચિહ્ન છે તેમજ 'જે અન્ય દ્વારા કરાયેલી નીંદાને સહન કરે છે તે પુરૂષે સમસ્ત જગત પર વિજય પ્રાપ્ત કરી લીધો છે - यः परेषा नरो नित्य मतिवादां स्तितिक्षते। देवयानि विजानीहि तेन सर्वमिदं जगत्॥' (મહા. આદી./૭૯/૧) આ સન્દર્ભમાં શ્રીમદ્ ભાવતમાં દક્ષવિધ્વંશની કથા અવલોકન કરવા યોગ્ય છે.

એક સમયની વાત છે પ્રજાપતિ બ્રહ્માજીએ એક યજ્ઞનું આયોજ કરેલું અને તે યજ્ઞમાં મોટા મોટી ઋષિઓ તથા દેવતાઓ પધારેલા હતા. એવા સમયમાં સભામાં પોતાના તેજ થી દેદિપ્યમાન દક્ષ પ્રજાપતિ પધાર્યા. તેઓને આવેલા જોઇ બધા ઋષિઓ તથા દેવતાઓએ ઉભા થઇ પ્રણામાદિ દ્વારા તેઓનો સત્કાર કર્યો કેવલ બ્રહ્માજી અને ધ્યાનસ્થ ભગવાન શંકર આ બે દેવતાઓ જ તેના સન્માનમાં ઉભા ન થયા. બ્રહ્માજી તો દક્ષના પિતા હતા અને ભગવાન શંકર સમાધિ અવસ્થામાં હતા. તેઓ ક્યાં બેઠા ઠે તે પણ તેમને ખબર ન હતી સભામાં કોઇ આવ્યુ કોઇ ગયુ તેની પણ તેને ખબર ન હતી. દક્ષ પ્રજાપતિએ જોયું કે શંકર તેમના જમાઇ હોવા છતાં તેમણે ઉભા થઇને અમારૂ અભિવાદન કર્યુ નથી એટલે તેઓ તે વાતને સહન કરી શક્યા અને સભામાં બધાની વચ્ચે ઉભા થઇ બોલ્યા-

''સભાસદો! અમો કોઇ અજ્ઞાનથી અથવા દ્વેષથી આવાત કહેતા નથી પરંતુ શિષ્ટાચાર ની વાત કરીએ છીએ આ શંકર જે લોકોપાલોના યશને વિનિષ્ટ કરવાવાળો છે. આ અહંકારીએ સજ્જનોના માર્ગને દુષિત કરી દીધો છે વાનરના જેવા નેત્ર વાળાએ સત્પુરૂષોના સમાન મારી પવિત્ર સાવિત્રી જેવી મૃગયનની કન્યાનું અગ્નિ અને બ્રાહ્મણમની સામે પાણી ગ્રહણ કર્યુ જેથી આ ધર્મ પ્રમાણે મારા પુત્ર જેવો છે એટલે તેણે ઉભા થઇને મારૂ અભિવાદન કરવું ઉચિત હતુ પરંતુ આણે તો વાણીથી પણ મારૂ અભિવાદન ન કર્યુ. અને જેમ શુદ્ર ને કોઇ વેદ ભણાવે તે જ પ્રમાણે અમારી ઇચ્છા ન હોવા છતા ભાવીવશ આને અમે અમારી પુત્રી પરણાવી. આણે સતકર્મનો લોપ કરેલો છે. આ સદા અપવિત્ર રહે છે, ઘણો અહંકારી છે અને ધર્મની મર્યાદાનો ભંગ કરનાર છે. આ પ્રેતોના નિવાસ સ્થાન ભયંકર સ્મશાનમાં ભૂતપ્રેતની સાથે ફરતો રહે છે. ઉન્મત્તની જેમ વાળ વિખેરીને નંગ ધડંગ ભટકતો રહે છે. આ સમસ્ત શરોર પર ચિતાની ભસ્મ લગાડે છે. કંઠમાં ભૂતોને પહેરવા લાયક નરમુંડોની માળા ધારણ કરે છે અને શરીર પર હાડકાના આભૂષણો પહેરે છે. આ કેવલ નામનો શિવ છે પરતુ વાસ્તવમાં તો અમંગળ વેશવાળો અશિવ જ છે.''

દક્ષે આ પ્રમાણે ભગવાન શંકરને ઘણા મર્યાદા રહિત વચન કહ્યા તે છતાં સર્વસમર્થ ભગવાન શંકરે દક્ષના કોઇપણ વચનનો પતિકાર કર્યો નહિ. તેઓ પૂર્વવત્ નિશ્ચિલ ભાવથી બેસી રહ્યા. તેથી દક્ષ પ્રજાપતિ વધુ ક્રોધિત થયો અને તે હાથમાં જળ લઇ તેમને શાપ આપવા તૈયાર થયો અને બધાને સંભળાવતા બોલ્યો ' આ મહાદેવ બધા દેવોમાં અધમ છે, માટે આજથી આને અન્ય દેવતાની જેમ યજ્ઞમાં ભાગ પ્રાપ્ત ન થાય.' આમ કહી તે ક્રોધમાંને ક્રોધમાં સભાનો ત્યાગ કરી પોતાના ઘરે ગયો.

આ તરફ સાક્ષાત્ રૂદ્રાવતાર અને શંકરના અનુચરોમાં અગ્રગણ્ય નંદીશ્વરને આ શાપના સમાચાર મળ્યા ત્યારે તેઓ ઉપસ્થિત બ્રાહ્મણોને શાપ આપતા બોલ્યા કે ''જે આ મરણધર્મા શરીરમાં અભિમાન નહિ રાખનારા મહાદેવ સાથે દ્વેષ કરે છે તે ભેદ બુધ્ધિવાળો મૂર્ખ દક્ષ તત્ત્વજ્ઞાનથી બહિર્મુખ થઇ જાય અને વેદવાક્યથી મોહિત તથા વિવેક ભ્રષ્ટ થઇને વિષય સુખની ઇચ્છાથી કપટ ધર્મમય ગૃહસ્થાશ્રમમમાં જ આસક્ત રહી કર્મકાન્ડમાં જ રચ્યો પચ્યો રહે. તેની બુધ્ધિ દેહાદીમાં જ આત્મચિંતન કરવાવાળી છે તેના દ્વારા તે પોતાનું આત્મસ્વરૂપ ભૂલી જાય. આ સાક્ષાત્ પશુ સમાન છે માટે આનુમસ્તક પણ સ્ત્રી લંપત એવા બકરાનું થઇ જાય આ મૂર્ખ કર્મમયી અવિદ્યાને જ વિદ્યા સમજે છે એટલે આ અને જ લોકો ભગવાન શંકરનું અપમાન કરવાવાળા આ દુષ્ટની પાછળ ચલનારા છે તે જન્મો જન્મો સુધિ સંસાર ચક્રમાં પડેલા રહે. આ વેદવાણી રૂપલતા ફળ તથા શ્રુતિ રૂપ પુષ્પોથી સુશોભિત છે તેના કર્મફળ રૂપ મન મોહક ગ્રન્થથી આ બધાના ચિત્ત ક્ષુબ્ધ થઇ રહે. એનાથી જ આ બધા શંકર દ્રોહી કર્મોની જાળમાં ફસાઇ રહે. આ બ્રાહ્મણો ભક્ષ્યા ભક્ષ્યના વિચારને છોડીને ફક્ત ઉદર ભરવા માટે જ વિદ્યા તપ તથા ધન શરીર અને ઇન્દ્રિયોના સુખમાનીને તેના જ દાસ બની દુનિયામાં ભીખ માંગતા ફરે.''

આ પ્રમાણે નંદીશ્વરના મુખમાંથી આવો દુસ્કરશાપ નિકળતા ભૃગુજી એના બદલામાં શાપ આપતા બોલ્યા- ''જે લોકો શીવના ભક્તો છ તથા તે ભક્તોના ભક્ત છે તે બધા શાસ્ત્ર વિરુધ્ધ આચરણ કરનાર તથા પાખંડી છે, જે લોકો શોચાચારહીન, મન્દબુધ્ધિ, જટા રાખ અને હાડકાને ધારણ કરનારા છે તેઓ જ શૈવ સંપ્રદાયમાં દીક્ષિત થાય છે જેમાં સૂરા અને માંસ જ દેવતાઓ સમાન આદરણિય છે અરે તમે લોકો ધર્મ મર્યાદાના સંસ્થાપક અન વર્ણાશ્રમિઓના

રક્ષકવેદ અને બ્રાહ્મણોની નીંદા કરો છો એટલે જણાય છે તમોએ પાખંડનો આશ્રય લીધેલો છે. આ વેદ માર્ગ જ બધા માટે કલ્યાણકારી સનાતન માર્ગ છે. અગાઉ થઇ ગએલા મોટા પુરૂષો આ માર્ગ પર જ ચાલતા આવેલા છે તથા આનુ મૂળ ભગવાન વિષ્ણું જ છે. તમે લોકો સત્પુરૂષોના પરમ પવિત્ર અને સનાતન માર્ગ રૂપ વેદની નિંદા કરો છો તેથી તમે પણ તે પાખંડી ઓમાં જાવ, જેમાં ભૂતોના નાયક તમારા ઇષ્ટદેવ શીવ નિવાસ કરે છે.''

ભૃગુઋષિનો આ પ્રમાણેનો શાપ સાંભળી ભગવાન આશુતોષ કંઇક ખિન્ન થઇ ગયા અને પોતાના અનુચરો સાથે ત્યાંથી જતા રહ્યા આ પ્રમાણે દક્ષ દ્વારા ભગવાન શંકરની ભરી સભામાં નીંદા કરાય, તેઓને શાપ આપી યજ્ઞ ભાગ બંધ કરાવાયો છતા જેની દૃષ્ટિમાં શાપ અને વરદાન તથા માન અપમાન સમાન છે એવા ભગવાન સર્વ સમર્થ હોવા છતા ભૃગુઋષિ કે દક્ષનો કાંઇપણ પ્રતિકાર કરતા નથી.

તદન્તર આ વાતને ઘણો કાળ વ્યતિત થઇ ગયો ધરાતલ પર કોઇ પણ મનુષ્ય ભગવાન શંકરના ભાગ વગરનો યજ્ઞ કરવા તૈયાર નથી. એટલે દક્ષે જ હરિદ્વાર માં આવેલ કનખલ ક્ષેત્રમાં શીવના ભાગ વગરના યજ્ઞનો પ્રારભ કર્યો અને તે યજ્ઞમાં શીવજીના અર્ધાંગિની અને દક્ષના પુત્રી સતીદેવી નિમંત્રણ ન હોવા છતાં ગયા અને ત્યાં પોતાના પતિ શીવનું અપમાન જોઇ પોતાના દેહને યોગાગ્નિમાં બાળોને ભષ્મ કરતા હતા. શ્રીનારદજીના મુખથો આ પ્રમાણેના અશુભ સમાચાર સાંભળો ભગવાન શંકરે પોતાની જટામાંથી વીરભદ્રને પ્રગટ કરી તેને યજ્ઞ શાળામાં મોકલી દક્ષના યજ્ઞનો વિધ્વંશ કરાવ્યો કારણ તેઓ પોતાનું અપમાન તો સહન કરી ગયા પણ પોતાના ભક્ત એવા સતીનું દક્ષ અને અન્ય દેવતાઓએ અપમાન કર્યુ ત્યારે તે અપમાન તેઓ સહન ન કરી શક્યા

અને સમસ્ત યજ્ઞનો તેના ઋત્વિજો સહિત નાશ કરાવ્યો (ભાગવત-સ્કંધ-૪) માટે જ કહ્યુ છે- જે સુખ દુઃખ માન અપમાનમાં સમ રહે છે તેજ ખરેખર જ્ઞાની છે અને આવા જ્ઞાનિને જ ગીતકાર 'ज्ञानी ममात्मा' આ વચનથી પોતાના આત્મા કહે છે. આમ જે મનુષ્યની સમસ્ત ભૂત પ્રાણી માત્રમાં સમતા છે તેને તો ભગવાન પણ સ્નેહ કરે છે જેમ ભગવાન શ્રી કૃષ્ણ કહે છે 'शङ्करः परमात्माते प्रणेभ्योऽपि परः शिव। त्र्यम्बकं मम्मनाः शश्वन्नः प्रियो मे भवात्परः॥ न संवसामि गोलोके वैकुण्ठे तव वक्षसि। सदाशिवस्य हृदये निबद्धः प्रेम पाशतः॥ હે રાધા! શંકર મારો પરમ આત્મા છે, તે ત્રિલોચનમાં મારૂં મન સદાને માટે લાગેલું રહે છે. ભગવાન ભવથી વધારે મારે કોઇ પ્રિય નથી. રાધે! અમો ગોલોક કે વૈકુંઠમાં રહેતા નથી, કે નથી અમો તારા હૃદયમાં રહેતા પરંતુ અમો તો સદાશીવના પ્રેમ પાસમાં બંધાય તેઓની સમિપમાં જ રહીએ છીએ.' (બ્રહ્મવૈવર્તપુરાણ/ કૃષ્ણ જન્મખંડ/૩૬/ ૧૦૮ થી ૧૧૦) આમ જેનામા સમતા છે તેના પરમાત્મા સહિત બધા જ સ્નેહ કરે છે. (શ્લોક-૧૧૬) હવે નીતિકાર શ્રેષ્ઠ મનુષ્યના લક્ષણ કહે છે -

શ્લો-૧૧૭ न वेरमुद्द्वपयति प्रशान्तं

न दपमारोहति नास्तमति।

न दुर्गतोऽस्मीति करोत्यकार्य

तमार्यशीलं परमाहुरार्थः।

શ્લોકાર્થ : જે શત્રુતા શાંત થઇ જતા તેને પુનઃ વધારતો નથી, ગર્વ કરતો નથી, હીનતા બતાવતો નથી, 'હું વિપત્તિમાં છ' એમ વિચારી જે અધર્મમાં પ્રવૃત્ત થતો નથી આવા શ્રેષ્ઠ આચરણવાળા મનુષ્યોને આર્યજન શ્રેષ્ઠ કહે છે.

ચ.ટી. : નીતિકારે શ્રેષ્ઠ આચરણવાળા મનુષ્યના લક્ષણો બતાવેલા છે. આ બધા જ લક્ષણો યુધિષ્ઠિરમાં જોવા મળે છે. મહારાજા યુધિષ્ઠિર પાંચેય

પાંડવો તથા સો કૌરવ ભાઇઓમાં જેષ્ઠ હતા તેઓ સત્યવાદી, ધર્મમૂર્તિ, સરળ, વિનયી, મદમાન વર્જિત, દંભકામ ક્રોધ રહિત, દયાળુ, ગો બ્રાહ્મણ પ્રતિપાલક, મહાન વિદ્વાન જ્ઞાની, ધૈર્ય સમ્પન્ન, ક્ષમાશીલ, તપસ્વી, પ્રજાવત્સલ, માતૃ-પિતૃ ગુરૂભક્ત અને ભગવાન શ્રીકૃષ્ણના પરમપ્રેમી ભક્ત હતા. ધર્મના અંશથી પ્રગટ થયેલા હોવાતી તેઓ ધર્મના ગૂઢ રહસ્યને જાણનારા હતા. ધર્મ અને સત્યની સૂક્ષ્મતર ભાવનાઓનો જો કોઇ કૌરવ પાંડવ ભાઇમાં વિકાસ થયો હતો તો તે ધર્મરાજ યુધિષ્ઠિર માંજ થયો હતો. ઘણી ઘણી વિકટ પરિસ્થિતિ ઉપસ્થિત થવા છતાં તેઓએ સત્ય, ક્ષમાનો ક્યારેય પણ ત્યાગ કર્યો ન હતો. માતા દ્રોપદીનું દુષ્ટ દુ:શાસન વસ્ત્રાહરણ કરી રહ્યો હતો. ભીમ અને અર્જુન જેવા યોધ્ધાઓને કેવલ આંખનો ઇશારો પ્રાપ્ત થતા સમસ્ત કૌરવોને તેઓ યમલોકના અતિથિ બનાવી શકતા હતા. ભીમસેન દ્વારા વાક્ પ્રહાર કરવા છતા પણ યુધિષ્ઠિરજી સંકોચ વશ કંઇ બોલ્યા નહિ અને ધર્મરાજ ધર્મને માટે બધુ ચૂપચાપ સહન કરતા હતા.

વનવાસ દરમ્યાન દુર્યોધન પોતાનું ઐશ્વર્ય બતાવવા માટે અને પાંડવોનો ઉપહાસ કરવા માટે પોતાના ભાઇઓ અને મિત્રો સાથે દ્વૈતવનમાં આવેલો હતો અર્જુનના મિત્ર ચિત્રસેન ગંધર્વ કૌરવોનો દુષ્ટ ઇરાદો જાણી ગયા અને તેઓએ કંઇક નિમિત્તે દુર્યોધન સાથે વિવાદ કરી તેને કેદ કરી લીધો. યુધ્ધથી પલાયન થયેલા દુર્યોધનના સેવકો મહારાજા યુધિષ્ઠિરની પાસે આવ્યા અને તેઓએ દુર્યોધનને ચિત્રસેન ગંધર્વની કેદમાંથી છોડાવવા યુધિષ્ઠિરને વિનંતી કરી અને યુધિષ્ઠિર મહારાજે ભીમ તથા અર્જુનની મનાઇ હોવા છતાં તેઓને આજ્ઞા આપી દુર્યોધનને ચિત્રસેનની કેદમાંથી છોડાવવા માટે મોકલ્યા. વનવાસમાં દ્રોપદી તથા ભીમ આદી પાંડવો યુધિષ્ઠિર મહારાજને અનેકો વખત યુદ્ધ માટે ઉત્તેજીત કર્યા,

મુખમાં જે વચનો આવતા તે વચનો ધર્મરાજને સંભળાવતા છતા મહારાજ યુધિષ્ઠિર સત્ય તથા ધર્મ પર અટલ હતા.

વનવાસ ભોગવ્યાબાદ યુધિષ્ઠિર મહારાજે યુધ્ધ ટાળવા માટે અનેકો પ્રયાસ કર્યા ત્યાં સુધિ કે પોતાના આરાધ્ય એવા ભગવાન શ્રીકૃષ્ણને પણ શાંતિ દૂત બનાવી હસ્તિના પુર મોકલ્યા મહારાજ યુધિષ્ઠિર કાયર ન હતા પણ તેઓ એવું ક્યારે ઇચ્છતા ન હતા કે શાંત થઇ ગએલી શત્રુતા પાછી ઉદય થાય એટલે તેઓએ પોતાનું રાજ્ય જે દુર્યોધનની પાસે ધરોહરના રૂપમાં હતુ તે તેઓને પુનઃ પ્રાપ્ત થાય એટલે માટે સામનીતિનો પ્રયોગ કરેલો. (આમ યુધિષ્ઠિરજીમાં નીતિકારે કહેલો 'શત્રુતા શાંત થતા પુનઃ વધારતો નથી' આ ગુણ જોવા મળે છે.)

મહાભારતનું યુધ્ધ પૂર્ણ થયા બાદ યુધિષ્ઠિર મહારાજ સમસ્ત ધરાતલના એક ચક્રો શાસક થયા. દેવતાઓ પણ જે ઐશ્વર્યને પામવા લાલચિત રહેતા હતા તે સમસ્ત ઐશ્વર્ય ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી તેઓને પ્રાપ્ત થયું હતુ છતા તેઓ આ ઐશ્વર્યને કાળનું ભક્ષણ માનતા હતા અને પોતાના મનને ભગવાનના ચરણમાં યોજતા હતા અને તેને લઇ તેઓનો અહંકાર નામનો દોષ પણ નિવૃત્ત થઇ ગયો હતો.

ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધન દ્વારા કપટદ્યુતમાં યુધિષ્ઠિર મહારાજનું સમસ્ત ઐશ્વર્ય હરાય ગયુ અને દ્યુતમાં થએલા કરાર મુજબ તેઓ પોતાના ભાઇઓ અને પત્ની સાથે કામ્યક વનમાં ગયા અને ત્યાં વનવાસનું જીવન વિતાવવા લાગ્યા. યધિષ્ઠિર મહારાજના મામા એ વસુદેવજી હતા એટલ યાદવોની સમસ્ત શક્તિ પાડવોની સાથે હતી, યુધિષ્ઠિરના નાના કુંતી ભોજ જેવા શૂરવીર મહારાથી હતા અને યુધિષ્ઠિરજીના સસરા પાંચાલ નરેશ દ્રપદ તેઓ પર પ્રાણ ન્યોછાવર કરવા

તૈયાર રહેતા. યુધિષ્ઠિર મહારાજના ચારે ભાઇઓ જેઓએ રાજસૂય યજ્ઞમાં ભૂમંડલના સમસ્ત ભૂપતિઓને પરાજીત કરેલા. પરંતુ આટ આટલા સહાયક હોવા છતાં યુધિષ્ઠિર મહારાજે ક્યારેય કોઇની પાસે ‘હુ વિપત્તિમાં છ મારી સહાય કરો’ એવી વાણી પણ ઉચ્ચારી ન હતી. માટે જ શ્રીમદ્ ભાગવતમાં યુધિષ્ઠિર મહારાજને ‘અજાત શત્રુ’ ના નામથી સંબોધેલા છે. આ પ્રમાણેનું આચરણ કરનારાને જ આર્યજનો શ્રેષ્ઠ કહે છે એ યથાર્થ છે (શ્લો-૧૧૭) હવે નીતિકાર સજ્જનોમાં સદાચારી મનુષ્યનું વર્ણન કરે છે.

શ્લો-૧૧૮ न स्वे सुखे वै कुरुते प्रहर्ष

नान्यस्य दु:खे भवति प्रहृष्ट: ।

दत्वा न पश्चात्कुरुतेऽनुतापं

स कथ्यते सत्पुरुषार्थशील: ॥

શ્લોકાર્થ : જે મનુષ્ય પોતાના સુખમાં હર્ષિત થતો નથી, અન્યના દુ:ખના સમયમાં હર્ષિત થતો નથી, દાન આપ્યા બાદ સન્તાપી થતો નથી તે સજ્જનોમાં સદાચારી છે.

ચ.ટી.: નીતિકારે અહીં સજ્જન ના લક્ષણો કહેલા છે. આવા લક્ષણો જેમાં જોવા મળે તે જ વાસ્તવમાં સજ્જનોમાં સદાચારી છે આ સન્દર્ભમાં બલી રાજાનું જીવન અવલોકનીય છે. બલીરાજા પરમ ભાગવત પ્રહલાદજીના પૌત્ર અને વિદેહરાજ વિરોચનના પુત્ર હતા. એક સમયે દેવતા અને દાનવોએ એકત્રિત થઇ સમુદ્ર મંથન કર્યુ. અને મંથનના ફળ સ્વરૂપે જે દુર્લભ રત્નો પ્રગટ થયા એની વહેંચણી પર સરખા ભાગે કરી લીધી. પરંતુ મંથનના અંતે જ્યારે ધનવંતરી ભગવાન અમૃતનો કળશ લઇ પ્રગટ થયા તો તે કળશ ધનવંતરી ભગવાનના હાથમાંથી છીનવી લઇ અસુરો પલાયન થઇ ગયા પરંતુ ભગવાન શ્રીમન્નારાયણે

મોહિની રૂપ ધારણ કરી ચતુરાઇ પૂર્વક અસુરોને મોહ પમાડી બધુ અમૃત દેવાઓને પાન કરાવી દીધુ તે પછી અમૃત પાન કરીઅમર થયેલા અને બળવાન બનેલા દેવતાઓ અને અુસરો મધ્યે ક્ષીર સાગરના તટ પર ભયાનક સંગ્રામ થયો અને તે સંગ્રામમાં અસુરોનો ઘોર પરાજય થયો. અસ્રોના નાયક બલીરાજા પણ દેવરાજ ઇન્દ્રના હાથે વીરગતિ પામ્યા. પરંતુ અસુરોના ગુરૂ ભાર્ગવ શુક્રાચાર્ય મૃત સંજીવની વિદ્યા જાણતા હોવાથી તેઓ પોતાની વિદ્યાના પ્રયોગથી મૃત પામેલા અસુરોને જીવિત કરી દીધા. બલીરાજા પ્રથમથી જ બ્રાહ્મણ ભક્ત હતા અને હવે તો શુક્રાચાર્યે તેઓને જીવતદાન આપ્યુ એટલે તેઓ ઘણા ઉત્સાહ પૂર્વક પોતાના ગુરૂ શુક્રાચાર્યજીની સવા કરવા લાગ્યા અને શિષ્યની સેવાથી અત્યંત સંતુષ્ટ થએલા શ્ક્રાચાર્યે બલીરાજા પાસે વિશ્વજીત નામનો યજ્ઞ કરાવ્યો અને યજ્ઞની પૂર્ણાહૂતિના અંતે યજ્ઞકુંડમાંથી સ્વયં અગ્નિદેવ પ્રગટ થયા અને તેઓએ બલિરાજાને અશ્વથી સજ્જ એક દિવ્ય રથ, દિવ્ય ધનુષ, અક્ષય તુણિર અને અભેદ્ય કવચ પ્રદાન કર્યુ. ગુરૂદેવ શુક્રની આજ્ઞાથી બલિરાજા તેઓને પ્રણામ કરી રથ પર સવાર થયા અને તેઓએ સ્વર્ગ પર આક્રમણ કર્યુ. આ સમયમાં અસુરોનું તેજ દુર્ધશ હોવાથી દેવગુરૂ બ્રહસ્પતિની આજ્ઞાથી દેવતાઓ સ્વર્ગનો ત્યાગ કરી પલાયન થઇ ગયા. બલીરાજાનો સ્વર્ગ પર અધિકાર થઇ ગયો અને તેઓ ત્રિલોકીના એક છત્રી શાસક થઇ ગયા.

ત્રિલોકીના અધિપતિ થવા છતા પણ બલી રજાને પોતાની આ સમ્પત્તિ પર ક્યારે હર્ષ ન હતો. કારણ કે તેઓનું મન સુખ તથા દુઃખ માં હર્ષ તથા શોકમાં સમ હતુ. દેવતાઓને સ્વર્ગમાંથી પલાયન કરી ત્રિલોકીમાં એક ભિક્ષુકની જેમ ફરતા જોઇને પણ બલિરાજા ક્યારે હર્ષ પામતા ન હતા કારણ કે તેઓની દૃષ્ટિમાં જય-પરાજય, હર્ષ-શોક, વૈભવતા તથા દરિદ્રતા બધુ જ સમ હતુ. દેવતાઓની

અવનિતિ અને અસુરોની ઉન્નતિ જોઇને અદિતિ માતાને ઘણુ કષ્ટ થયું અને તેઓ દુઃખી હૃદયે પોતાના પતિ કશ્યપ ઋષિના શરણમાં ગયા અને તેઓને પોતાના પત્ર દેવતાઓનું કષ્ટ નિવેદન કર્યું. એટલે કશ્યપજીએ તેઓને સર્વકષ્ટ નિવારક પ્રયોવ્રતનો ઉપદેશ આપ્યો અને અદિતિએ વિધિવિધાન પૂર્વક પયોવ્રત દ્વારા ભગવાન શ્રીમન્નારાયણની આરાધના કરી. આરાધનાથી સંતુષ્ટ થએલા ભગવાન શ્રીહરિ અદિતિમાતા સન્મુખ પ્રગટ થતા અને તેઓના પ્રત્યે બોલ્યા ''માતે! જેના પર દેવતા તથા બ્રાહ્મણ પ્રસન્ન છે તથા જે ધર્મ પર સ્થિર છે તેની વિરુધ્ધ બળ પ્રયોગ સફળ થતુ નથી, ત્યાં તો વિરોધ કરીને કષ્ટ જ પ્રાપ્ત થાય છે. બલી ધર્માત્મા અને બ્રાહ્મણના પરમ ભક્ત છે, અમો પણ તેનો તિરસ્કાર કરી શકતા નથી. પરંતુ અમારી આરાધના ક્યારેય વ્યર્થ જતી નથી માટે અમો તમારી કોઇપણ ઇચ્છા પૂર્ણ કરીશું.''

અદિતિની ઇચ્છા હતી કે પ્રભુ અમારા ઘરે અમારા પુત્ર રૂપે પ્રગટ થાય. પ્રભુ અદિતિને આશીર્વાદ આપી તેના ઘરે પુત્ર રૂપે પ્રગટ થયા. મહર્ષિ કશ્યપે ઋષિઓને સાથે લઇ પોતાના ઘરે પ્રગટ થએલા વામન ભગવાનના બધા સંસ્કાર કર્યા અને ત્યાંથી ભગવાન ભીક્ષા માંગવા માટ બલીરાજના યજ્ઞમાં પધાર્યા તે સમયે બલીરાજા નર્મદા તટ પર આવેલા ભૃગુ કચ્છ (ભરૂચ) નામના નગરમાં અશ્વમેધ યજ્ઞ કરી રહ્યા હતા. નવ્વાણું યજ્ઞની પૂર્ણાહૂતિ થઇ ચૂકી હતી અને સોમાં યજ્ઞનો પ્રારંભ થઇ ચૂકેલો હતો. (અને તે સો માં અશ્વમેધ યજ્ઞમાં ગણપતિનું પૂંજન કરવાનું ભૂલી ગયા એટલે શ્રીગણેશ વામન ભગવાનના રૂપમાં વિઘ્ન કરવા ઉપસ્થિત થયેલા એવું ગણેશ પુરાણ માં કહેલું છે.) તે બધાએ યજ્ઞશાળાના દ્વાર પર જોયું એક સૂર્યસદૃશ તેજસ્વી બટુ બ્રહ્મચારી છત્રિ, પલાસનો દંડ તથા કમન્ડલ લઇને ભીક્ષા માંગવા ઉભો છે. બટુ બ્રહ્મચારીને જોઇ

બધા પોતપોતાના સ્થાન પરથી ઉભા થઇ ગયા. યજમાન બલિ દ્વાર પર આવ્યા અને સ્નેહ પૂર્વક તેમના ચરણમાં પ્રમાણ કરી તેઓનો કરગ્રહણ કરી પોતાની યજ્ઞશાળામાં પધરાવ્યા. સુવર્ણના સિંહાસન પર બિરાજમાન કરી તેના ચરણ ધોયા અને તેમનું પૂજન કરી બોલ્યા ''પ્રભુ! આપના આગમનથી અમો આજે કૃતાર્થ થઇ ગયા, અમારૂ કુળ ધન્ય થઇ ગયુ. આપ જે ઉદ્દેશ્યથી અહીં પધારેલા છો તે નિઃસંકોચ થઇને નિવેદન કરો.'

તે પછી વામન ભગવાને બલીની, તેના કુળની, તેના કુળમાં પ્રગટ થએલા શૂરવીરોની પ્રશંશા કરી તેઓ પાસે કેવળ ત્રણ ડગલા ભૂમી માંગી, બટુ બ્રહ્મચારીની વાત સાંભળી બલીરાજા મનોમન હસવા લાગ્યા અને બટુ બ્રહ્મચારીને વધુ ભૂમિ માંગવાનો આગ્રહ કર્યો. ત્યારે વામન ભગવાન બોલ્યા 'રાજન! તૃષ્ણાની તૃપ્તિતી કરાયેલ પણ થતી નથી મનુષ્યે પોતાના પ્રયોજનથી વધુ ઇચ્છા ક્યારે ન રાખવી. અન્યથા તેને ક્યારેય શાંતિ પ્રાપ્ત થતી નથી. જેની ભૂમિમાં તપ, જપ, આદિ કરાય છે તે ભૂસ્વામીને પણ તે તપ પાદિકનું ફળ મળે છે. અતઃ હું પોતા માટે કેવળ ત્રણ ડગલા જ ભૂમિ દાન માંગુ છ. અમોને આનાથી વધરેની ઇચ્છા નથી.'

તદન્તર બલી જ્યાં ભૂમિદાન કરવાનો સંકલ્પ કરવા તૈયાર થયા ત્યાં જ આચાર્ય શુક્રએ તેઓને આમ કરતા અટકાવ્યા અને તેમના પ્રત્યે બોલ્યા 'રાજન! આ બ્રહ્મચારીના રૂપમાં સાક્ષાત્ ભગવાન વિષ્ણુ છે અને આ બેજ ડગલામાં સમસ્ત ત્રિભુવનને માપી લેશે ત્રીજો પગ મુકવા માટે પણ સ્થાન નહિ રહેતા તમારો દાનનો સંકલ્પ પણ પૂર્ણ થશે નહિ અને તેના ફળરૂપે તમારે નરકમાં જવું પડશે.'

ગુરૂદેવના મુખથી આ પ્રમાણેની વાત સાંભળી બલીરાજા બોલ્યા ''ગુરૂદેવ! આપનું કહેવું સત્ય જ હશે પરંતુ ગૃહસ્થાશ્રમમાં સ્થિત પુરૂષ નાતે જ ધર્મ છે કે જેનાથી ત્રિવર્ગની પ્રાપ્તિ થાય અમો પરમ ભાગવત પ્રહલાદજી ના પૌત્ર છીએ અને એક વખત દાનનો સંકલ્પ કરી ચૂક્યા છીએ પછી અમે અમારા સત્ય વચનથી કેવી રીતે પરાંગમુખ થઇએ પ્રભુ! ધરાદેવીએ કહ્યુ છે કે 'અસત્યથી વધારે બીજો કોઇ અધર્મ નથી.' અમો બધુ સહન કરી શકીએ પણ અસત્ય સહન કરવા તૈયાર નથી. અમો નરકથી, દરિદ્રતાથી, દુ:ખના સમુદ્રથી અને પોતાના રાજ્યના નાશથી પણ ભય પામતા નથી. પરંતુ એક વખત બ્રાહ્મણને આપવાની પ્રતિજ્ઞા કરીને એને મનાઇ કરવાથી ભય પામીએ છીએ. આ સંસારમાં મૃત્યુ બાદ ધન આદો બધી વસ્તુઓ સાથ છોડી દે છે. જો તે ધનઆદિ દ્વારા બ્રાહ્મણોને સંતોષ ન કરાયા તો તેનો લાભ જ શુ? દધિચિ, શિબી આદિ મહાપુરૂષોએ પોતાના પરમપ્રિય દુસ્ત્યજ પ્રાણોનું દાન કરીને પણ પ્રાણીઓની ભલાઇ કરી છે તો પછી પૃથ્વિ આદિ વસ્તુઓને દાનમાં આપવામાં વિચાર શેનો કરવો? હે આચાર્ય! પૂર્વે મોટા મોટા દૈત્ય રાજાઓએ આ પૃથ્વીને ભોગવી છે પૃથ્વિ પર તેઓનો સામનો કરવા કોઇ શક્તિમાન નહતુ તેઓના લોક પરલોકને કાળ ભક્ષણ કરી ગયો. પરંતુ તેઓની પાવન કીર્તિ અત્યારે પણ ધરાતલ પર ચિરંજીવી છે. દેવ! એવા લોકો સંસારમાં ઘણા છે જે યુધ્ધમાં પીઠ ન બતાવી પોતાના પ્રાણોની બલિ આપી દે છે પરંતુ એવા લોકો ઘણા દુર્લભ છે જે સત્પાત્ર પ્રાપ્ત થતા શ્રધ્ધાની સાથે ધનનું દાન કરે છે. જે ઉદાર અને કરૂણાશીલ પુરૂષ અપાત્ર યાચકની કામના પૂર્ણ કરવા માટે દુર્ગતિ ભોગવે છે તો તે દુર્ગતિ પણ તેને માટે શોભાની વાત છે તો પછી તમારા જેવા બ્રહ્મ વેત્તા પુરૂષોને દાન કરવાથી દુ:ખ પ્રાપ્ત થાય તો એને માટે શું કહેવું? અટલે માટે અમો તે બ્રહ્મચારીનો અભિલાશા અવશ્ય પૂર્ણ કરશું. હે

મહર્ષે! વેદવિધિને જાળવાવાળા તમે લોકો ઘણા આદરથી જેની યજ્ઞ યાગાદિ દ્વારા આરાધના કરો છો તે વરદાન આપનારા ભગવાન વિષ્ણુ જ આ રૂપમાં હોય અથવા કોઇ અન્ય હોય અમો એની ઇચ્છા પ્રમાણે તેઓને પૃથ્વીનું દાન અવશ્ય કરશું જો અમારો અપરાધ ન હોવા છતા પણ જો તેઓ અમોને અધર્મ પૂર્વક બાંધશે તો પણ અમો તેઓનું અનિષ્ઠ ન કરશુ. કારણ કે તેઓ અમારા શત્રુ હોવા છતાં તેઓએ ભયભીત થઇને વામન બ્રાહ્મણનું રૂપ લીધું છે. જો આ બ્રાહ્મણ ભગવાન વિષ્ણુ જ હશે તો તેઓ પોતાનો યશ ક્યારેય નહિ ખોવશે. કારણ કે તેઓ પોતાની માંગેલી વસ્તુ લઇને જ રહેશે અમને યુધ્ધમાં હણીને પણ તેઓ અમારી પાસેથી પૃથ્વી લઇ શકે છે. અને જો કદાચ આ કોઇ અન્ય હશે તો તેઓ અમારા બાણથી ઘવાયેલા હંમેશને માટે રણભૂમિમાં સૂઇ જશે''

આ પ્રમાણે પોતાના ગુરૂને કહી બલિરાજા મૌન થઇ ગયા. શુક્રાચાર્યજીએ જોયું કે અમારો શિષ્ય ગુરૂ પ્રત્યે અશ્રધ્ધાળુ છે તથા અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે ત્યારે તેઓ અત્યંત ક્રોધાયમાન થયા અને દૈવની ઇચ્છાથી બલીરાજાને શાપ આપતા બોલ્યા 'રે મૂર્ખ! તુ તો અજ્ઞાનિ છે પરંતુ પોતાને બહુ મોટો પંડિત માને છે. તુ મારી ઉપેક્ષા કરી ગર્વ કરે છે અને અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે માટે જા અમો તને શાપ આપીએ છીએ કે તું તારી સમસ્ત સમ્પત્તિ ખોઇ બેશસે.'

રાજા બલિ ઘણા મોટા મહાત્મા હતા. પોતાના ગુરૂ દ્વારા શાપ આપવા છતાં પોતાના સત્યથી તેઓ વિચલિત ન થયા. તે પછી વિધિવત વામન ભગવાનની પૂજા કરી અને પોતે જાણે છે કે દાનનો સંકલ્પ કરી અમો અમારી સમસ્ત સંપત્તિથી વંચિત થઇ જશુ છતા બલિરાજાએ દાન આપવાનો સંકલ્પ કર્યો અને બલીરાજાએ તથા તેમના પત્નીએ વામન ભગવાના ચરણ ધોયા અને તેમના પાવન કારી જળને પોતાના મસ્તક પર પધરાવ્યું. આ સાથે જ આકાશમાં સ્થિત

દેવતા તથા સિધ્ધો તેમના આ અલૌકિક કાર્યની પ્રશંસા કરવા લાગ્યા અને તેઓ પર નન્દન વનના પુષ્પોની વર્ષા કરવા લાગ્યા. એક સાથે હજારો દંદુભિઓ વાગવા લાગી. સિધ્ધો, ચારણો, કિન્નરો ગાન કરવા લાગ્યા 'અહોધન્ય છે, આ ઉદાર શિરોમણી બલિને કે જેઓએ એવું કાર્ય કરેલું છે જે બીજા માટે અત્યંત કઠિન છે. જઓ તો ખરા તેણે જાણી જોઇને પોતાના શત્રુને ત્રણે લોક દાન કરી દોધા.'

તે પછી દાન કરતા જ ભગવાન વામન એ વિરાટ થઇ ગયા અને બે જ ડગલામાં તેઓએ સમસ્ત ત્રિલોકી માપી લીધી અને ત્રીજ ડગલુ મુકવાની જગા ન મળતા તેઓએ બલીરાજાને બાંધી દીધા અને જ્યારે બલિરાજાએ ત્રીજ પગલું મૂકવા પોતાનું શરીર અર્પણ કરી દીધુ ત્યારે તેની ભક્તિથી પ્રસન્ન થઇ તથા તેની ઉદારતા જોઇ ભગવાન હંમેશને માટે બલિરાજાના બંધમાં આવી તેના મહેલના દ્વારપાલ નિયુક્ત થઇ ગયા. (શ્રી ભાગવત ૮/અ-૧૮ થી ૨૨) આમ બલીરાજાને તેઓના ગુરૂએ સાવધાન કરેલા છતા પણ તેઓએ પોતાના ગુરૂના ગુરૂના વચનનો અવગણના કરી પોતે એક વખત દાન કરવાનો સંકલ્પ કરી તેનાથી સન્તપ્ત ન થયા અને પોતા સહિત પોતાનો પરિવાર અને પોતાન્ સંપૂર્ણ રાજ્ય ભગવાનને સમર્પિત કરી દીધુ. અને તેઓના આ સમર્પણ ભાવ જોઇને નિર્બંધન અને સ્વતંત્ર એવા પરમાત્મા તેઓની પ્રેમ રોપી દોરીથી બંધાઇ ગયા. બલીરાજાનો જન્મ અસુરકુળમાં થયો હતો પરંતુ તેઓનો આચાર દેવતાઓને પણ શરમાવે એવો હતો માટે આજે પણ પરમ ભાગવતોની ઘણના થાય છે ત્યારે બલી રાજાની ગણના અગ્રગણ્ય ભાગવત પુરૂષોમાં થાય છે. (શ્લો-૧૧૪) હવે કયો મનુષ્ય જન સમુદાયનો અધિપતિ બને છે તેના લક્ષણ નીતિકાર કહે છે-

શ્લોક- ૧૧૯ देशाचारान् समायाञ्जाति धर्मान्

बभूषते यः स परावरज्ञः ।

स यत्र तत्राभिगतः सदैव

महाजन स्याधिपत्यं करोति ॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય દેશના વ્યવહાર, લોકાચાર તથા જાતિઓના ધર્મને જાણવાની ઇચ્છા કરે છે તેને ઉત્તમ અને અધમનું જ્ઞાન હોય છે તે જ્યાં પણ જાય છે ત્યાં મહાન જન સમુદાય પર અધિપત્ય પ્રાપ્ત કરી લે છે.

ચ.ટી. :- વિદુરજીએ કહેલા આ નીતિ વચનના સંદર્ભમાં ભારતના ઇતિહાસમાં મૌર્ય વંશના સંસ્થાપક, નીતિ સમ્રાટ, યુગ પુરૂષ, રાષ્ટ્ર ભક્ત એવા વિષ્ણુ ગુપ્ત ચાણક્યનું દૃષ્ટાંત ઠીક બેસે છે ચંદ્રગુપ્ત મૌર્યના ગુરૂ ચાણક્યનો જન્મ મગધ દેશ (બિહાર) માં થયો હતો. તેમના પિતાનું નામ ચણક હતુ. જેઓ અર્થશાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન હતા. ચણક નું ગોત્ર કુટિલ હતુ અને કુટિલ ગોત્રમાં પ્રગટ થયા હોય ચાણક્યનું એક નામ કૈટિલ્ય પડેલું. બાળકનો જન્મ થયા બાદ તેના યથોચિત્ જાતકર્મ સંસ્કાર કર્યા બાદ પિતાજીએ સમય પર નામ કરણ સંસ્કાર તથા યજ્ઞોપવિત સંસ્કાર કરી તેઓને વેદાદિક શાસ્ત્રોની શક્ષાગ્રહણ કરવા ગુરૂના ઘરે મોકલ્યા.

ચાણક્યના જન્મ સમયે મગધ દેશના રાજ સિંહાસન પર નંદવંશના વંશજ એવા ધનાનંદ શાસનારૂઢ હતા. તેઓના શાસન કાળ દરમ્યાન પ્રજા એમના તથા તેમના અનુચરોના શાસનથી એટલી ત્રસ્ત હતી કે પ્રજાની જે કાંઇ ઉપજ હતી તેમાથી મોટા ભાગની રકમ તો તેઓએ કરના રૂપમાં રાજાને ચૂકવવી પડતી અને બાકીની રકમ પર રાજકોય અમલદાર તથા ચોર લૂટારૂઓ અધિકાર કરી લેતા અમલદાર અને લૂંટારૂઓના ત્રાસથી પ્રજા રાજા પાસે ન્યાય માંગવા જતી તો

તેઓને ન્યાય મળવાને બદલે સામેથી દંડ મળતો. રાજાના આ અત્યંત અધાર્મિક શાસનની સામે કોઇનો વિરોધ કરવાની શક્તિ ન હતી. કારણ કે જે કોઇ વિરોધ કરવા જતું તેને મૃત્યુદંડ આપવામાં આવતો. ધનનંદની આ અરાજકતા નો ચાણક્યના પિતા એ વિરોધ દર્શાવ્યો. તો ધનનંદે તેઓને કારવાસમાં મોકલી દીધા અને ત્યાંજ તેઓની હત્યા કરાવી દીધી. પિતાના મૃત્યુ બાદ ચાણક્યની માતા પણ પતિના વિયોગમાં પરલોકવાસી થઇ ગયા એટલે ચાણક્યે મગધ દેશનો ત્યાગ કર્યો અને વિદ્યાના અધ્યયન માટે તેઓ તક્ષશિલા આવ્યા અને ત્યાં રહી તેઓ વિદ્યાધ્યયન કરવા લાગ્યા. બાળકની તીવ્ર મેધા શક્તિ જોઇ આચાર્યો પણ દંગ રહી જતા. ઘણા વર્ષો પર્યન્ત વિદ્યા અભ્યાસ કરી ચાણક્ય વેદવેદાંગના પારગામિ વિદ્વાન થયા અને તેજ તક્ષશિલામાં તેઓ અર્થશાસ્ત્રના આચાર્ય તરીકે નિયુક્ત થયા.

એક સમયનો વાત હતુ ચાણક્યને પોતાની માતૃભૂમિની યાદ આવી એટલે તેઓ પોતાની માતૃભૂમિના દર્શન કરવા મગધ પધાર્યા. તે સમયે પણ પ્રજાની સ્થિતિ અત્યંત દયનિય હતી. ચાણક્ય ધનાનંદને રાજ્યની સ્થિતિ વિશે સાવધારન કરવા તેના દરબારમાં આવ્યા અને તેના પ્રત્યે બોલ્યા 'રાજન્! પ્રજા જેટલી ઉપજ કરે છે તેમાંથી અડધો ભાગ તો કરવેરાના રૂપમાં તમોને આપવો પડે છે અને બાકીનો ભાગ તમારા અનુચરો લૂંટી લે છે. એક તરફ કરનો બોજ અને બીજી તરફ તમારા અધિકારીઓની લૂંટ ફાટથી પ્રજા ત્રાહિમામ પોકારી ગઇ છે.'

ચાણક્ય વાત સાંભળી ધનનંદ બોલ્યો 'પ્રજા કર વેરો નહિ ભરે તો રાજતંત્ર કેવી રીતે ચાલ? પ્રજા કપટિ છે, તેને રાજાને એક ફૂટો કોળી આપવી નથી એટલે અમારા અધિકારીઓને બદનામ કરે છે,' ત્યારે ચાણક્ય બોલ્યા 'જો પ્રજા કરવેરો ન ભરતી હોય તો શાસન અધિકારીઓ અને તમે આટલા બધા

ભોગ વિલાસ ન કરી શકતા હોત. તમારો ભોગ વિલાસ, તમારો વૈભવ એ પ્રજાના કરવેરાના કારણે જ છે તે તમારે ભુલવું ન જોઇએ.' વિષ્ણુ ગુપ્તના વચન સાંભળી ધનાનંદ ક્રોધિત થઇ ગયો. તેને ચાણક્ય શત્રુ જેવા લાગ્યા એટલે તેણે પોતાના સૈનિકોને આદેશ આપ્યો કે 'આ બ્રાહ્મણને અત્યારેને અત્યારે જ અમારી નજર સમક્ષથી દૂર કરો અને તેને રાજ્યની સીમાં થકી બહાર કાઢી મૂકો. તે રાજાનું અન્ન ખાય છ પણ તેના હ્દયમાં પ્રજાનું હિત રહેલું છે તેની વફાદારી રાજા પ્રત્યે નથી પણ પ્રજા પ્રત્યે છે. આ તો પ્રજાને અમારા વિરુધ્ધ ઉશ્કેરે છે માટે આ આપણો મિત્ર નથી પણ શત્રુ છે.'

ધનાનંદની વાત સાંભળી ચાણક્ય બોલ્યા 'રાજન્! અમારા હ્દયમાં તમારૂ તથા તમારા નંદ વંશનું હિત છે એટલે જ તમોન સાવધાન કરીએ છોએ.' ત્યારે ધનનંદ બોલ્યો 'રે બ્રાહ્મણ! તુ અમને સાધવાન કરી રહ્યો છે, મગધ સમ્રાટ ધનનંદને? રાજ્યના સ્વામી રાજા છે કે પ્રજા? લાગે છે કે તુ ભૂલી ગયો છે તને યાદ અપાવવું પડશે. સૈનિકો આ મૂર્ખ અજ્ઞાનિ બ્રાહ્મણને ઉઠાવીને બહાર ફેંકી દો.' ધનનંદની આજ્ઞા થતા જ સૈનિકોએ ચાણક્યને શિખાથી પકડી બહાર ફેંકી દીધા. કારણ કે સૈનિકો પણ રાજા જેવા ઉધ્ધત જ હતા અને તેઓ પણ પ્રજાને તુચ્છ જ સમઝતા હતા. પરંતુ વિષ્ણુ ગુપ્ત પ્રજાજનો ન જ રાજ્યના સાચા પાલનહાર ગણતા હતા. પ્રજાના સુખને રાજાનું સુખ માનતા હતા તે ઉભા થઇ પોતાના ઘર તરફ જતા રહ્યા. પરંતુ ચાણક્યનું મન ધનાનંદના શાસનના વિચારમાં જ હતું તેઓ વિચારતા હતા કે 'હવે નંદ વંશના હાથમાં પ્રજા સુરક્ષિત નથી જે રાજ્યમાં રાજા પ્રજાનું રક્ષણ કરવાને બદલે તેનો ભક્ષક હોય ત્યાં વાસ કરવો ઉચિત નથી. પરંતુ માતૃભૂમિને તેના હાલ પર છોડી દેવી એ પણ ઉચિત નથી, પોતાના દેશ બાન્ધવોને અન્યાયમાં સડવા દેવા તે પણ યોગ્ય નથી.'

ઘરે આવીને ચાક્યએ નિર્ધાર કર્યો કે નંદનંદન નું નામો નિશાન મિટાવી દેવું. પરંતુ તેઓ એકાકી તો આ કાર્ય કરી શતે તેમ હતા નહિ પણ તેઓ એકાકી ન હતા તેઓ પાસે પોતાનું બુધ્ધિ ચાતુર્ય હતુ તેઓ પાસે સમસ્ત દેશનું વ્યવહારિક જ્ઞાન લોકાચાર તથા જાતિઓના ધર્મનું જ્ઞાન હતુ આ વાત તેઓએ રચેલી નીતિના 'मुर्खशिष्योपदे शेन दुष्ट पत्निभरणेन च। दुःखितैः सम्प्रयोगण पण्डितोऽप्यवसीदति॥ મૂર્ખ વ્યક્તિને ઉપદેશ આપવાથી, કુલટા સ્ત્રીનું ભરણ પોષણ કરવાથી અને દુઃખિયારાં લોકોની વ્યથા જોઇને વિદ્વાન પણ દુઃખી થાય છે.' (ચાણક્યનીતિ-૧/૪- જમ તેઓ મગધમાં પ્રજાને અત્યંત દુઃખી જોઇને ચાણક્ય જેવા વિદ્વાનનું મન પણ દુઃખી થઇ ગયું હતુ.) 'आपदर्थे धनं रक्षेद् दारान रक्षेद्धनैरपि। आत्मानं सततं रक्षेद् क्षरैरपि धनैरपि॥ વિપત્તિના સમયે લડયા ધનનો સંચય કરવો જોઇએ ધન કરતા પત્ની નું રક્ષણ કરવું જોઇએ. પરંતુ પોતાનો જ જીવ જોખમમાં હોય ત્યારે ધન અને પત્નીનું બલિદાન આપતા અચકાવવું જોઇએ નહિ.' (ચાણ. ની. ૧/૬) ' यस्मिन् देशे न सम्मानो न वृत्तिर्न च बान्धवाः। न च विद्याऽऽगमः कश्चित तं देश परिवर्जयेत्॥ જે દેશમાં માન સમ્માન ન મળે અને આજિવિકા ન મળે, જ્યાં કોઇ ભાંઇ-ભાંડુ રહેતા ન હો, અને વિદ્યા અભ્યાસ કરવો શક્ય ન હોય ત્યાં રહેવાનો કોઇ લાભ નથી. (ચાણ. ૧/૧૮) ' धनिकः श्रोत्रियो राजा नदी वैद्यस्तु पञ्चमः। पञ्चयत्र न विद्यन्ते न तत्र दिवसं वसेत्॥ જ્યાં કોઇ શેઠ, વેદ પાઠી, વિદ્વાન, રાજા અને કોઇ નદી ન હોય ત્યાં એક દિવસ પણ ન રહેવું' (ચાણ. ૧/૯) ' लाकयात्रा भयं लज्जा क्षणिण्यं त्यागशीलता। पञ्च पत्र न विद्यन्ते न कुर्यात् तत्र संस्थितम्॥ જે પ્રદેશમાં આજીવિકા ન મળે, જ્યાંની પ્રજાનો ભય, શરમ, ઉદારતા અને દાન કરવાની વૃત્તિ ન હોય તે પાંચ સ્થાનમાં વસવું નહિ.' (ચાણ. ૧/૧૦) 'जानीयात् प्रेषणेभृत्यान् बान्धवान् व्यसनाऽऽगमे। मित्रं

चाऽऽपत्ति कालेषु भार्यां च विभव क्षये।। કોઇ મહત્વપૂર્ણ કાર્ય દરમ્યાન સેવકન, દુ:ખ આવી પડતા સગા સંબન્ધિઓની, મુશ્કેલીમાં મિત્રની અને દરિદ્ર અવસ્થામાં પત્નિની કસોટી થાય છે.' (ચાણ-૧/૧૧) 'यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते। ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च॥ જે વ્યક્તિ નિશ્ચિત કાર્ય છોડી અનિશ્ચિત કાર્યપાછળ દોડે છે તે હાથમાં આવેલું કે પ્રાપ્ત થએલી વસ્તુ ગુમાવે છે.' (ચાણ-૧/૧૩) 'नखीनां च नदीनां च श्रुङ्गीणां शास्त्र पाणिनाम्। विश्वासो नैव कर्तव्य: स्त्रीषु राजकुलेषु च॥ લાંબા નખવાળા પ્રાણીઓ, નદીઓ,મોટા મોટા સિંગડાં વાળા પશુઓ, શસ્ત્ર ધારી માનવ, સ્ત્રીઓ અને રાજપરિવાર આ છ શક્તિ પર ક્યારે પણ આંધળો વિશ્વાસ ન કરવો.' 'विषादप्यमृत ग्राह्यममेध्यादपि काञ्चनम्! नीचारप्युत्तमा विद्या स्त्रीरत्नदुष्कुलादपि॥ અમૃત ઝેરમાં વીંટાયેલું હોય કે સુવર્ણ અશુધ્ધ ચીજ વસ્તુઓમાં હોય તો પણ તે ગ્રહણ કરવા યોગ્ય છે. ઉત્તમ વિદ્યા, કલા કે ગુણ કોઇ નીચ વ્યક્તિ પાસેથી મળે તો તેને ગ્રહણ કરવામાં કાંઇ ખોટું નથી તેજ રીતે નીચ કુળમાં ઉત્પન્ન થયેલી ગુણયુક્ત, સુશીલ, શ્રેષ્ઠ કન્યા રૂપી રત્ન પણ સ્વિકાર કરવો જોઇએ.' (ચાણ. ની ૧/૧૬) 'अनृत्तं साहसं माया मूर्खत्वमतिलुब्धता। अशौचत्वं निर्दयत्वं स्त्रीणां दोषा: स्वभावजा:॥ અસત્ય બોલવું, વિચાર્ય વગર કાર્યકરવું, દુ:સાહસ ખેડવું, છળકપટ કરવું, મૂર્ખતા, વધુ પડતો મોહ, ગંદકી, નિર્દયતા આ સ્વાભાવિક દોષ સ્ત્રીઓના છે.' (ચાણ. ની. ૨/૧) 'न विश्व सेत् कुमित्रे च मित्रे चाऽपि न विश्वसेत्। कदाचित् कुपितं मित्रंसर्वं गुह्यं प्रकाशयेत्॥ જે કુમિત્ર છે તેનો તો ક્યારેય વિશ્વાસ ન કરવો અને જે મિત્ર છે તેનો પણ વિશ્વાસ ન કરવો. કારણકે ક્યારેક ક્રોધમાં આવી મિત્ર પણ ગુપ્ત વાતો જાહેરમાં પ્રકાશિત કરી દે છે.' (ચાણ. નીતિ-૨/૬) 'आचार: कुलमारव्याति देशमाख्यति

भाषणम्। सम्भ्रमः स्नेहमाख्याति वपुराख्याति भोजनम्॥ મનુષ્યના આચારણથી તેના કુળની તેની બોલાથી દેશની, તેના આદર સત્કારથી પ્રેમનો અને શરીર જોઇયે આહાર વિહારની જાણ થાય છે.' (ચાણ. ૩/૨) 'अनभ्यासे विषंशास्त्रमजीर्णे भाजनं विषम्। दरिद्रस्य विषं गोष्ठी वृद्धस्य तरुणी विषम्॥ વ્યવહારિક જ્ઞાન વિના શાસ્ત્ર જ્ઞાન, પચતુ ન હોય તેવું ભોજન, નિર્ધન વ્યક્તિ માટે મેળાવડો, અને વૃધ્ધ માટે યુવાન સ્ત્રી વિષ સમાન છે.' (ચાણ-૪/૧૫) 'नराणां नापितो धूर्तः पक्षिणां चैव वायसः। चतुष्पदां श्रृंगालस्तु स्त्रीणां धूर्ता च मालिनी।। મનુષ્યોમાં વાળંદ સૌથી ચાલાક અને ચતુર હોય છે, પક્ષીઓમાં કાગડો, ચાર પગવાળામાં શિયાળ અને સ્ત્રીઓમાં માલણ બહુ ચાલાક હોય છે.' (ચાણ. ૫/૨૧) 'न पश्यति च जन्मान्धः कामान्धो नैव पश्यति। न पश्यति मदोन्मत्तो ह्यर्थी दोषान् न पश्यति॥ જન્મથી જ અંધ વ્યક્તિને કશુ દેખાતુ નથી, તેજ રીતે કામાંધ અને નશામાં ચૂર વ્યક્તિ પણ કંઇ જોઇ શકતો નથી. તમ સ્વાર્થી વ્યક્તિને પોતાના સ્વાર્થમાં કોઇ દોષ કેખાતો નથી.' (ચાણ. ૬/૭) 'शकटं पञ्चहस्तेन दशहस्तेन वाजिनम्। हस्ती शातहस्तेन देशत्यागेन दुर्जनम्॥ ગાડાથી પાંચ હાથ, ઘોડાથી દશ હાથ અને હાથી થી સો હાથ દૂર રહેવામાં જ ભલાઇ છે. દુષ્ટ માનવથી બચવા સ્થાનનો ત્યાગ કરવામાં પણ કાંઇ ખોટું નથી.' (ચાણ. ૭/૭) 'निर्गुणस्यहतं रुपं दुःशीलस्य हतं कुलम्। असिद्धस्य हता विद्या अभोगेन हतं धनम्॥ ગુણ હીનનું રૂપ, દુરાચારીનું કુળ અને અયોગ્ય વ્યક્તિની વિદ્યા નષ્ટ થાય છે. ધનનો યોગ્ય દિશામાં ઉપયોગ ન કરવાથી તેનો પણ નાશ થાય છે.' (ચાણ-૮/૧૬) ઇત્યાદિ વચનો પરથી સ્પષ્ટ થાય છે.

આ વચનો પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે આચાર્ય વિષ્ણુ ગુપ્તને વ્યવહારિક, લોકાચાર, અધમ તથા ઉત્તમ ઇત્યાદિનું જ્ઞાન કેટલું ઉચ્ચ કક્ષાનું

હતુ અને તેને લઇને જ તેઓ મહાન જન સમુદાય પર પોતાનું આધિપત્ય સ્થાપિ શકેલા. નંદ વંશના શાસનનો અંત લાવવાની પ્રતિજ્ઞા કરી ચાણક્ય મગધ ત્યાગ કરી જતા રહ્યા કહેવાય છે કે તે પછી ચાણક્યની મુલાકાત ચંદ્રગુપ્ત સાથે થઇ. ચંદ્રગુપ્ત લડાયક યોધ્ધા અને કુશળ સેના નાયક હતો તેની શક્તિ ચાણક્યએ પારખી લીધો તેઓએ વિચાર કર્યો કે 'મારી બુધ્ધિ અને ચંદ્ર ગુપ્તની શક્તિ એકત્રિત થઇ જાય તો નંદવંશનો નાશતો કરીજ શકાશે પણ સાથે સાથે ખંડખંડમાં વિભાજીત ભારત વર્ષને પણ અખંડિત કરી શકાશે.' તેથી ચાણક્ય અને ચંદ્રગુપ્ત વચ્ચે ગુરૂ શિષ્ટનો સંબંધ સ્થપાયો અને ચાણક્યે ચન્દ્ર ગુપ્તને સંપૂર્ણ રાજનીતિ, અસ્ત શસ્ત્રનું ઉત્કૃષ્ટજ્ઞાન, તથા દેશાચાર અને લોકાચારથી અવગત કરાવ્યો. તેના પરિણામે ચંદ્રગુપ્ત એક વિર યોધ્ધાની સાથે એક કુશળ સાશક તરીકે ઉભરી આવ્યો. ધીરે ધીરે ચાણક્યે નંદથી અસન્ટુષ્ટ લોકોને એકત્રિત કરવા માંડયા અને જ્યારે એક વિશાળ જન સમુદાય તેઓની સાથે થઇ ગયો એટલે સર્વ પ્રથમ તેઓએ પંજાબ અને સિંધ સર કર્યુ પંજાવ અને સિંધમાં તે સમયે ગ્રીક દેશના રાજા સિકંદરના ભાગમાં હતુ. તે સમયે સિકંદરના સામંત પંજાબ અને સિંધમાં રાજ કરતા હતા. ચંદ્રગુપ્ત અને ચાણક્ય પંજાબ અને સિંધને વિદેસી સુબાઓના હાથમાંથી મુક્ત કરાવવા રણે ચઢયા. ચાણક્યની કૂત નીતિએ પ્રજાના મનમાં રહેલી ચિનગારીને આંગ ચાંપી અને પ્રજાએ બળવો પોકાર્યો. બરાબર એજ સમયે ચાણક્યે ચંદ્રગુપ્ત ને વિદેશી સુબાઓ ઉપર આક્રમણ કરવાનો આદેશ આપ્યો. એટલે સુબાઓએ શરણા ગતિ સ્વિકારી લીધી અને તેઓ ભારત છોડી જતા રહ્યા.

તદન્તર ચાણક્યના આદેશથી ચંદ્રગુપ્તે મગધ પર આક્રમણ કર્યુ. ધનાનંદ પાસે સૈન્ય તો ચંદ્રગુપ્ત કરતા વિશાળ હતું પરંતુ પ્રજા તેનાથી વિરુધ્ધ હતી.

ચાણક્યે પ્રજાને ધનાનંદની વિરુધ્ધ પોતાની સાથે કરી લીધી. અને ધનનંદને તેના સગાસંબંધિ સહિત પરાસ્ત કરી તેના વંશનું નામનિશાન મિટાવી મગધની ગાદી પર ચંદ્રગુપ્ત ને રાજા તરીકે સ્થાપિત કર્યો. આ પ્રમાણે નીતિકારે કહ્યા પ્રમાણેના બધા જ ગુણો ચંદ્રગુપ્તના ગુરૂ આચાર્ય ચાણક્યમાં જોવા મળતા હતા અને તેને લઇ તત્કાલિન જન સમુદાય તેની સાથે થઇ ગયો અને તેઓની મદદથી ચાણક્યે દુષ્ટ એવા નંદવંશને સમાપ્ત કરી મગધની ગાદી પર નીતિ નિપુણ રાજાની સ્થાપના કરી. (શ્લો-૧૧૯)હવે નીતિકાર શ્રેષ્ઠ પુરૂષના લક્ષણ કહે છે -

શ્લોક- ૧૨૦ दम्भं मोहं मात्सयं पाप कृत्य

राजद्विष्टं पैशुनं पुग्वैश्य।

मत्तोतौन्मत्तैर्दुर्जनैश्चपि वादं

यः प्रज्ञावान् वर्जयेत् सप्रधानः ॥

શ્લોકાર્થ :- જે બુધ્ધિમાન મનુષ્ય દમ્ભ, મોહ, માત્સર્ય, પાપકર્મ, રાજદ્વેષ, ચુગલ ખોરી, સમુહ સાથે વેર, મદમસ્ત પાગલ અને દુર્જન સાથે વેર વિરોધ ત્યાગ કરે છે તે જ શ્રેષ્ઠ છે.

ચ.ટી. :- 'बहुभिर्न विरुद्धयेत' અનુશાર બુધ્ધિમાન ઘણાની સાથે વેર ભાવ રાખવાનું ઉચિત સમઝતા નથી. તેમ ઉપર નીતિકારે ગણાવેલા માનવો સાથે પણ વિરોધ કરવો એ યોગ્ય નથી. આ સંદર્ભમાં આ નિતિકારનું દૃષ્ટાંત જ અવલોકન કરવા યોગ્ય છે. વિદુરજી મહારાજ ધૃતરાષ્ટ્રના ભાઇ અને હસ્તિનાપુરના મહામંત્રી હતા. તેઓ હંમેશાએ જ પ્રયત્નમાં રહતા કે મહારાજ ધૃતરાષ્ટ્ર ધર્મનું પાલન કર. જ્યારે પણ પુત્ર સ્નેહ વસ ધૃતરાષ્ટ્ર પાંડવોને કલેશ આપતા ત્યારે વિદૂરજી તેઓને સમઝાવવાનો પ્રયાસ કરતા. સ્પષ્ટ વાદી અને ન્યાયનું સમર્થન કરવા છતા પણ ધૃતરાષ્ટ્ર તેઓનો ઘણો આદર કરતા હતા. દુર્યોધન હંમેશા

વિદૂરજી પ્રત્યે ઇર્ષ્યા ભાવ રાખતો હતો. ધર્મરત પાંડવો સાથે વિદૂરજી સ્નેહ રાખતા હતા. જ્યારે દુર્યોધને શકુનિની સલાહથી પાંડવોને લાક્ષાભવનમાં સળગાવી દેવાનું ષડયંત્ર રચ્યું. ત્યારે પણ પાંડવોને બચાવવાની વ્યવસ્થા વિદુરજી એ જ કરી હતી. ગુહ્યભાષામાં સંદેશો આપો તેઓએ યુધિષ્ઠિરને પ્રથમથી જ સાવધાન કરી દીધા અને તે લક્ષાગૃહમાંથી બચવાની યુક્તિ પણ તેઓએ જ બતાવી હતી. સજ્જનોને ન્યાય અને ધર્મ જ પ્રિય લાગે છે. અધર્મ અને અન્યાયનો વિરોધ કરવો એ તેઓનો સ્વભાવ છે. તેને માટે વિદૂરજીએ અનેકો વખત દુર્જનો થકી તિરસ્કાર તથા પિડીત થવું પડેલું. વિદૂરજીએ દુર્યોધનના દુષ્કર્મોનો પ્રબલ વિરોધ કરેલો. જ્યારે કૌરવોએ ભરી સભામાં દ્રોપદીને અપમાનિત કર્યા ત્યારે પણ વિદૂરજીએ ભરી સભામાં તેઓનો પ્રબલ વિરોધ કર્યો. પાંડવો વનવાસ ગયા બાદ દુર્યોધન અને તેના સહાયકો ની કાનભંભેરણીથી ધૃતરાષ્ટ્રે વિદૂરજીને અપમાનિત કરી કાઢી મુક્યા એટલે વિદૂરજી વનમાં પાડવો પાસે જતા રહ્યા. તેઓ ગયા બાદ ધૃતરાષ્ટ્ર ને વિદૂરજીની મહત્તા સમજાય એટલે તેણે વિદૂરજીને પાછા બોલાવ્યા. માન અપમાનમાં સમ બુધ્ધિવાળા વિદૂરજી પાછા આવ્યા.

તદન્તર કૌરવ પાંડવો મધ્યે થએલા કરાર મુજબ જ્યારે દુર્યોધને પાંડવોને યુધ્ધ કર્યા વીના તેઓનું રાજ્ય આપવાની સ્પષ્ટ મનાઇ કરી તથા ભગવાન શ્રીકૃષ્ણની શાંતિ મંત્રણા પણ નિષ્ફળ ગઇ ત્યારે વિદૂરજીએ ધૃતરાષ્ટ્ર ને નીતિનો ઉપદેશ આપી ઘણા સમજાવ્યા અને દુર્યોધનને બંદી બનાવી કેદ કરવામાટે કહ્યું. તે સમયે દુર્યોધન ઉપસ્થિત ન હતો પરંતુ તેને જ્યારે વિદૂરજી અને ધૃતરાષ્ટ્ર મધ્યે થયેલી વાતની ખબર પડી ત્યારે તે ઘણો ક્રોધિત થયો અને તેણે વિદૂરજીને ઘણા કઠોર વચન કહી અપમાનિત કર્યા વિદૂરજી સમર્થ હતા તેઓ ધારતે તો

દુર્યોધનના કટુ વચનોનો પ્રત્યુત્તર પોતાના દિવ્યાસ્ત્રથી આપી શકયા હોત. પરંતુ તેઓ આ શ્લોકમાં કહેલી પોતાની નીતિના વચનથી બંધાએલા હતા. એટલે તેઓ કાંઇપણ બોલ્યા નહિ અને પોતાના ધનુષ બાણનો રાજદ્વાર પર ત્યાગ કરી હસ્તિનાપુરને છોડી જતા રહ્યા. (ભાગવત-સ્કં./૧) ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે- ' ज्ञय: स नित्य संन्यासी यो न द्रष्टि न काङ्क्षति। निर्द्वन्द्वो महा बाहो सुखं बन्धात् प्रमुच्यते॥ જે પુરૂષ નથી કોઇની સાથે દ્વેષ કરતો અને નનથી કોઇની આકાંક્ષા રાખતો તેને સદા સંન્યાસી જ સમઝવો જોઇએ. કારણ કે રાગદ્વેષાદિ દ્વન્દ્વોથી રહિત પુરૂષ જ સુખ પૂર્વક સંસારથી મુક્ત થાય છે.' (ગીતા-૫/૩) (શ્લો-૧૨૦) હવે વિદૂરજી જે મનુષ્યની ઉન્નતિ દેવતાઓ સિધ્ધ કરે છે તેના લક્ષણ કહે છે-

<u>શ્લોક- ૧૨૧</u> दानं होमं दैवतं मङ्गलानि

प्रायश्चित्तान् विविधान् लोकवादान्।

एतानि य: कुरुते नैत्यकानि

तस्योत्थानं देवता राधयन्ति॥

<u>શ્લોકાર્થ :-</u> જે મનુષ્ય દાન, હોમ, દેવતાઓની પૂજા, શુભ કર્મ, પ્રાયશ્ચિત્ તથા વિવિધ પ્રકારથી સાંસારિક કૃત્યોને કરે છે તેની ઉન્નત્તિ દેવતાઓ સિધ્ધ કરે છે.

<u>ચ.ટી. :-</u> 'स्वल्पमप्यस्य धर्मस्य जायते महतो भयात्- અલ્પ પણ ધર્મનું આચરણ પ્રાણીને મોટા ભયથી બચાવે છે.' (ગીતા) આ ભગવદ્ વચન પ્રમાણે અલ્પ પણ ધર્મના આચરણથી માનવની મહાન વિપત્તિથી રક્ષા થાય છે અને તે રક્ષા ફણ ધર્મ જ કરે છે. 'धर्मोरक्षतिरक्षक:' સાથે ધર્મચારણથી મનુષ્યના અભ્યુદયની સિધ્ધિ પણ થાય છે. ગીતાકાર કહે છે. 'धर्म: पिता च माता च धर्मोनाथ: सुहृत तथा। धर्मो भ्राता सखा चैव धर्म: स्वामी परंतप॥ હે પરંતપ! ધર્મ જ જીવનો માતા, પિતા,

રક્ષક, સુહ્દ, ભ્રાતા, સખા અને સ્વામી છે. વાલ્મિકીજી કહે છે 'दानेन तपसाचैव सत्येनच दमेन च। ये धर्म मनुवर्तन्ते सस्नेहास्ते नराः स्वर्गगामिनः॥ જે દાન, તપસ્યા, સત્ય, ભાષણ અને ઇન્દ્રિય સંયમ દ્વારા નિરન્તર ધર્માચમરણમાં લાગેલો રહે છે તે મનુષ્ય સ્વર્ગગામી થાય છે. 'धर्मोहि परमो लोके धर्मे सत्य प्रतिष्ठितम्। સંસારમાં ધર્મ જ બધાથી શ્રેષ્ઠ છે. ધર્મમાં જ સત્યની પ્રતિષ્ઠા છે. (વા.રા.અ ૨૧/૪૧) 'सत्यं वद। धर्मं चर। સત્ય બોલો અને ધર્મનું ચારણ કરો.' (તૈતિ. ઉ. ૧/૧૧/૭) 'धर्मात् परं नास्त्यथो अबलीयान् बलीयाँ समार्शं सते, धर्मेण यथा राज्ञैवं यो वै स धर्मः सत्यं वै तत् तस्मात् सत्यं वदन्तमाहु धर्मं वदतीति धर्मं वा वदन्तं सत्यं वदतीति। ધર્મથી ઉત્કૃષ્ટ કંઇ પણ નથી. જે પ્રકારે રાજાની સહાયતાથી નિર્બળમાં પણ પ્રબળ શત્રુને જીતવાની મહાન શક્તિ આવી જાય છે, તે જ પ્રમાણે ધર્મ દ્વારા નિર્બળ પુરૂષ પણ બળવાન પુરૂષને જીતવાની ઇચ્છા કરવા લાગે છે. અતઃ ધર્મ જ સત્ય છે.' (બૃહદ્.ઉપ./૧/૪/૧૪) મનુમહારાજ કહે છે- 'धर्म एव हतो हन्ति धर्मो रक्षतिरक्षितः। तस्माद्धर्मा न हन्तव्यो मा नो धर्मोहतो वधीत्॥ અતિ ક્રમણ કરાએલા ધર્મ જ મનુષ્યને નષ્ટ કરે છે અને ધર્મ પાલ નથી રક્ષિત ધર્મ જ વ્યક્તિને સુરક્ષિત રાખે છે. 'અતઃ નષ્ટ કરાયેલો ધર્મ અમને નષ્ટ ન કરે' એવી ભાવનાથી ધર્મનો ત્યાગ ન કરવો. (મનુ. ૮/૧૫) 'एक एव सहृद्धर्मो निधनेऽप्यनुपातियः। शरिरेण सम राशं सर्वमन्यद्धि गच्छति॥ ધર્મ જ મનુષ્યનો એક એવો બન્ધુ છે જે મૃત્યુ થયા બાદ પણ તેનો સાથી તરીકે તેની સાથે રહે છે. અન્ય સ્ત્રી પુત્રાદિ તો શરીરમાંથી જીવ નિકળતા તેનો સાથ છોડી દે છે.' (મનુ.૮/૧૭) ભગવાન વેદ વ્યાસજી કહે છે- 'न जातु कामान्नभयन्न लोभाद् धर्मं त्यजेज्जीवित स्यापिहेतोः। नित्यो धर्मः सुखदुःखे त्वनित्य जीवो नित्यो हेतुरस्य त्वनित्यः॥ કામનાથી ભયથી, લોભથી અથા પ્રાણ બચાવવાને

માટે પણ ધર્મનો ત્યાગ ન કરવો. ધર્મ નિત્ય છે અને સુખ દુ:ખ અનિત્ય છે. એજ પ્રમાણે જીવાત્મા નિત્ય છ અને તેના બન્ધનનો હેતુ અનિત્ય છે.' (મહા/સ્વર્ગારોહણ/૫/૬૩) 'धर्मेमतिर्भवतु वः सततोत्थिताना सह्यक एव परलोकगतस्य बन्धुः। अर्थाः स्त्रियश्च निपुणै रपि सेव्यमाना नैवाप्तभवमुपयान्ति न च स्थिरत्वम्॥ તમે લોકો હંમેશા સંસારિક આસક્તિઓથી ઉપર ઉઠો અને તમારૂ મને હંમેશા ધર્મમમાં લાગેલું રહે. કારણ કે પરલોકમાં ગેએલા મનુષ્યનો બંધુ અને મિત્ર એક માત્ર ધર્મ છે. ચતુર મનુષ્ય પણ ધન અને સ્ત્રીઓનું સેવન કરે છે પણ તેઓને તેની શ્રેષ્ઠતા પર વિશ્વાસ હોતો નથી અને નથી તેને તેઓ સ્થિર માનતા. (મહા.આદિ. ૨ /૨૯૧) માતા જાનકી શ્રીરામને કહે છે 'धर्मादर्थः प्रभवति धर्मात् प्रभव ते सुखम्। धर्मेण लभते सर्वं धर्म सारमिदं जगत्। ધર્મનું જ આચરણ કરો પણ અર્ધમનું નહિ. હંમેશા સત્ય જ બોલો અસત્ય નહિ. દુદર્શી બનો ઉદાર બનો પણ સંકિર્ણ નહિ. જે પરાત્પર તત્વ છે તેના પર જ સદા દૃષ્ટિ રાખો તેના સિવાય કોઇના પર પણ દૃષ્ટિ ન રાખો' (વસિષ્ટ સ્મૃતિ/૩૦/૧) શુકદેવજી કહે છે. 'वर्णाश्रमाचारयुतयत् पमान्विन्दते परम्। સદાચાર પાળનાર મનુષ્ય જ જ્ઞાન અને ભક્તિમાં નિષ્ઠાવાળો બને છે.' (ભાગ -૭/૧૧/૨) શતાનંદ સ્વામી કહે છે. - 'एहिकं तु सुखं युत्तद्यच्चाप्यामुष्मिकं सुखम्। धर्मेणव तदाप्नोति धर्मभ्रष्टो विनिश्यति॥ જે કાંઇ લૌકિક સુખ હોય કે પરલૌકિક સુખ તે બધુ ધર્મ પાલનથી જ મળે છે. ધર્મ ભ્રષ્ટ મનુષ્યનો વિનાશ થાય છે.' (શિક્ષાપત્રી અર્થ દીપિકા શ્લોક-૭૩) 'अर्थकामौ लिप्समानो धर्ममेवादितश्चरेत। न हि धर्माद भवत्किञ्चिदुष्प्रापमिति मे मतिः॥ ધર્મ પ્રધાન કરીને ન પ્રાપ્ત થાય એવો કોઇપણ પુરૂષાર્થ નથી. અર્થ પુરુષાર્થ ધર્મ પાલન થી પ્રાપ્ત થાય છે એમ અમે અમારી મતિથી નિશ્ચય કરેલો છે તો અર્થકામની લિપ્સાવાળાએ પણ ધર્મનું જ આચરણ કરવું. (સ.જી. ૨/૧/૨૨) ભગવાન શ્રીહરિ

કરહે છે - 'धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षकः। कर्मणा मनसा वाचा ततोधर्मं चरेत्पुमान॥ नेकामान्न च संरम्भान्नोद्वेगान्न भयादपि। न हेतोजी वितस्यापि धर्मसत्यान्यो न लोभतः॥ લોકમાં કોઇક ને હણતો પણ નથી તેમ કોઇ કેનું રક્ષણ કરતો નથી. આ મને હણે છે આ મારૂ રક્ષણ કરે છે આવો કેવળ વૃથા જ પ્રવાદ પ્રવત્યો છે. ત્યારે કોણ હણે છે? અને કોણ રક્ષણ કરે છે? તો પુરૂષ પર હરે લો ધર્મ જ પોતાને પર હરનાર પુરૂષનો પ્રણાશ કરે છે અને પાળવા પણે પરિક્ષણ કરેલો ધર્મ જ પોતાને પાળનારા પુરૂષનું પરિરક્ષણ કરે છે. કેમ કે અર્થાનર્થની પ્રાપ્તિ અનુક્રમે ધર્માધર્મના સેવનથી થાય છે, માટે મનુષ્યે કાય, વાણી અને મનથી સર્વથા ધર્માચરણ જ કરવું. આ રીતે સર્વ પ્રકારે સત્ય, સુહૃત અને સંરક્ષક એવા ધર્મનો પુરૂષે કામવેગને લીધે કે ક્રોધવેગને લીધે કે કોઇ કારણથી થએલા ઉદ્વેગ ને લીધે કે કોઇએ કરેલી જીવિકા વૃત્તિ હરણાદિકના ભયને લીધે કે ધનાદિલબ્ધિના લોભને લીધે પણ પરિત્યાગ ન કરવો વધારેશુ કહેવું પણ પ્રાણ પરિરક્ષણ કરવા માટે પણ ધર્મનો ત્યાગ કરવો નહિ'. (સ.જી. ૨/૧/૨૮-૨૯) 'सीदन्नपि हि धर्मेण नाधर्मेयो जयेन्मनः। अधर्मिकाणां पापानामस्ठ पश्यन् विपर्ययम्॥ ધર્મનું અનુષ્ઠાન કરતાં અધર્મમાં જ પ્રધાનપણે પ્રવર્તેલા આસુર જનોના ઉપદ્રવથી મનોવાંછિત અન્ન વસ્ત્રાદિકની અપ્રાપ્તિનું દુરાંત દુઃખ પ્રાપ્ત થાય તથાપિ અધર્માચરણમાં પોતાના મનને જોડે નહિ એટલે અધર્માચરણનો સંકલ્પ પણ કરે નહિ કારણ કે ધર્મનો પરિત્યાગ કરીને અધર્મમાં પ્રવર્તેલો પુરૂષ તત્કાળ આ જ જન્મમાં મહાસંપત્તિનો નાશ અતિ દુઃખની પ્રાપ્તિ આદિ હાનિને પ્રાપ્ત કરતા પ્રત્યક્ષ દેખાય છે. એમ વિચારીને ધર્માચરણમાં ક્લેશ પડે તથાપિ અધર્મમાં મનને ન જોડવું.' (સ.જી. ૨/૧/૩૦) 'एकस्मिन्नप्यति क्रान्ते दिवसे धर्मवर्जिते। यो जीवति स भस्त्रेव श्वसितोति विदुर्बुधाः॥ એકપણ દિવસ ધર્મવર્જીત, ધર્માચરણ રહીત વ્યતીત

કરી જે પુરૂષ જીવે છે તે ધમણની પેઠે વ્યર્થ શ્વાસવાળો છે એટલે જે ધર્મરહિત જે જીવન વ્યર્થ છે એમ બુધ લોકો કહે છે.' (સ. જી. ૨/૧/૩૩) ''नावसीदति चेद्धर्मः कपालेनापि जीवता। आढयोऽस्मीत्येव मन्तव्यं धर्मवित्ता हिसाधवः॥ જો પોતાનો ધર્મ ન નાશ પામે એટલે યથાર્થ પળાય છે તો ભલે હાથમાં મૃત્તિકાનું પાત્ર ગ્રહણ કરીને ભિક્ષાવૃત્તિથી પ્રાણ ધારણ કરે અર્થાત્ નિર્ધન છે પણ તેણે હું ધનાઢ્ય છ એમ માનવું. એમ માનવું અયોગ્ય નથી સાધુ- ધર્મશીલ પુરૂષોને ધર્મ એજ ધન છે. અભિપ્રાય એવો છે કે કપાલથી જીવનારા અને રૂપાના પાત્રમાં છ રસે સહિત મિષ્ટાન્ન ને જમનારાઓને પણ જઠારાગ્નિનું પ્રશમન કરવું તે તુલ્ય જ છે એટલે બન્નેને સાધારણ છે. વિશેષ એ છે કે અવિવેકી પુરૂષો પૃથ્વીનો કોઇપણ વિકાર (સુવર્ણાદિ ધન) કે જેનો આત્મા સાથે સદા સંબંધ નથી અને અનર્થ કરનારો છે તેનાથી 'અમોજ ધનવાન છીએ! એમ અભિમાન કરે છે, વિવેકે પુરૂષો તે તેવા ધનથી 'અમો ધનાઘ્યક્ષ્ય છીએ' એમ અભિમાન કરતા નથી કિંતુ જીવની સાથે નિત્ય સંબંધ છે અને પરલોક ગતિમાં પણ જે સદા સાથે રહે છે અને શ્રેય પામડનારો જ છે એવા ધર્મે કરીને જ 'અમો ધનાઢ્ય છીએ' એમ અભિમાન કરે છે તો એમજ માનવું ઉચિત છે.'' (સ.જી. ૨/૧/૩૪) 'अर्थ सिध्धं परामिच्छन्नपि धर्मपरो भवेत। न हि धर्मादपैत्यर्थः स्वर्ग लोका दिवामृतम्॥ સામ્રાજ્યાદિક સર્વોત્કૃષ્ટ અર્થસિદ્ધિને ઇચ્છતો પણ ધર્મપરાયણ થાય, કારણ કે ધર્મ થકી અથ સિધ્ધ દૂરખસી જતા નથી. એટલે ધર્માચરણ કરતી વખતે અથની આકાંક્ષા ન કરી હોય તો પણ પોતે આવે જ છે. કારણ કે પૃથક્ રહી શકતો નથી જેમ સ્વર્ગલોકમાંથી અમૃત દૂર ખસી જતું નથી પણ તેની સાથ જ સદા રહે છે તેમ. એમ કહેવાથી જે કેવળ અર્થપરયાણ છે તેનો અધર્મથી પરભવ થાય છે અને તેથી તેના અર્થનો પણ નાશ થાય છે જે ધર્મ પરાયણ છે તેને ધર્મ અને અર્થ

બંનેની પ્રાપ્તિ થાય છે. (સ.જી. ૨/૧/૩૫) 'तस्माद्धर्मं सहायार्थं नित्यं सञ्चिनुयाच्छनैः। धर्मेण हि सहायेन तमस्तरति दुस्तरम्॥ અર્થ કામ કે મોક્ષની આકાંક્ષાવાળો પુરૂષ તેમાં સાધન પણે સ્વિકારેલા ઉપાયોની સહાયતા માટે ધર્મને ધીરે ધીરે ઉપાર્જન કરે. અજ્ઞાન રૂપ અપાર અંધકારપણું ધર્મરૂપ સહાયથી જ ગળી શકાય છ. જે જ્ઞાન અજ્ઞાન નિવર્તક પણે કહ્યું છે તેને પણ ધર્મની સાપેક્ષતા વેદમાં પણ 'यज्ञेन दानेन तपसाऽनाशकेन ब्राह्मणा विविदिषन्ति' આ વચનથી કહી છે.'' (સ.જી. ૨/૧/૩૬)

આ સન્દર્ભમાં એક કથા અવલોકન કરવા યોગ્ય છે, એક શહેરમાં એક ઘણો ધર્માત્મા રાજા રાજ્ય કરતો હતો. તેના દાન ધર્મનો પ્રવાહ ક્યારેય બંધ થતો ન હતો. એક દિવસની વાત છે તેના ઘરે એક સાધુ મહાત્મા પધાર્યા તેણે આવી રાજાને કહ્યું 'હે રાજન્! અમોને કંઇક આપો' રાજાએ કહ્યું પ્રભ્! અમો તમોને શું આપીએ?' ત્યારે મહાત્મા બોલ્યા 'રાજન્! ક્યાંતો બાર વર્ષ માટે તમારૂ રાજ્ય અમોને અર્પણ કરો અથવા તમોએ જે ધર્મકાર્ય કરેલા છે તેનું શ્રેય અમોને અર્પણ કરો'

મહાત્માની વાત સાંભળો રાજા પહેલા તો વિચારમાં પડી ગયા ત્યારબાદ સ્વસ્થ થઇ તેઓ મહાત્મા પ્રત્યે બોલ્યા 'પ્રભુ! અમો અમારૂ સંપૂર્ણ રાજ્ય તમોને અર્પણ કરીએ છીએ આપ સંભાળો' આમ કહી રાજા ત્યાંથી નીકળી ગયા અને ચાલતા ચાલતા માર્ગમાં એક ઉપવન આવ્યો તે ઉપવનમાં એક કૂપ હતો તથા ધર્મ શાળા પણ હતી. આ સ્થાન રાજાન ઘણું રૂચિકર લાગ્યું એટલે તેઓએ ત્યાં થોડું જળપાન કરી વિશ્રામ કર્યો, આજબાજ નજર કરતા તેઓન એક સુંદર અશ્વ જોવામાં આવ્યો તે અશ્વ પાસે બેસી એક સુંદર સ્ત્રી કરૂણ સ્વરે ક્રંદન કરતી હતી, રાજા સ્વભાવથી દયાળુ હતા એટલે તેઓ તેની પાસે આવ્યા અને તે સ્ત્રીને

રડવાનું કારણ પુછયુ. ત્યારે તે સ્ત્રી રાજા પ્રત્યે બોલી 'રાજન્! અમો એક રાજ કુમારી છીએ. અમારા માતા પિતા, ભ્રાતા તથા અન્ય સંબંધિઓને યુધ્ધમાં એક રાજાએ યમરાજના અતિથિ બનાવ્યા. અમો કોઇપણ રીતે પ્રાણ બચાવી પલાયન થઇ અહી આવ્યા છોએ માટે કૃપા કરી અમોને આશ્રય આપો કારણ હવે આપ જ અમારા આશ્રયદાતા છો.'

સ્ત્રીની વાત સાંભળી રાજા બોલ્યા 'ભલે ત્યારે, હવે આપ અશ્વારૂઢ થઇ અમારી સાથે ચાલો.' ત્યારે તે રાજકુમારી બોલી 'ના મહારાજ! આપ જ અશ્વ પર બેસી ચાલો, તમારી સાથે અમારાથી ઘોડા પર ન બેસાય' તે પછી તેઓ બંને ચાલતા ચાલતા એક નગરમાં આવ્યા. ત્યારે રાજકુમારી બોલી 'રાજન્! આપ નગરમાં પદારો અને એક સુંદર મકાન ભાડે રાખો.' તેની વાત સાંભલી રાજા બોલ્યા 'દેવી! અમારી પાસે ધન માત્રમાં તો એ ફૂટી કોડી પણ નથી. તો પછો મકાનની તો વાત કેવી રીતે કરાય?' ત્યારે રાજકુમારી બોલી 'રાજન્! ધનની આવશ્યકતા હોય તો અમારી પાસેથી ગ્રહણ કરો.' આ પ્રમાણ કહી રાજકુમારીએ દશ સોના મહોરો રાજાના હાથમાં મૂકી.

તદન્તર રાજા શહેરમાં ગયા અને એક મકાન ભાડે રાખી રાજકુમારીને લઇ શહેરમાં આવ્યા અને મકાનમાં રહેવા લાગ્યા. તે પછી રાજાબજારમાં ગયા અને પોતા માટે રાજકુમારી માટે અને ઘોડા માટે અન્ન લઇ ઘરે આવ્યા. રાજકુમારીએ બોજન તૈયાર કર્યુ અને રાજાને બોજન કરવા કહ્યુ ત્યારે રાજાએ કહ્યું તમો પ્રથમ ભોજન કરો' ત્યારે રાજકુમારીએ કહ્યું 'પ્રથમ તમો ભોજન ગ્રહણ કરો ત્યારપછી અમો કરશુ' તે પછી રાજાએ અન્ન ગ્રહણ કર્યુ અને પછી રાજકુમારીએ પણ ભોજન કર્યુ તે પછો બીજે દિવસે તે સ્ત્રીએ રાજાને કહ્યું કે 'રાજન્! તમને કષ્ટ પડતું લાગે છે, માટે આપ એક સેવકને રાખો' ત્યારે રાજા

બોલ્યા 'દેવી! અમારી પાસે ધનનો તો અભાવ છે અને આપતો રાજાના જેવી વાત કરો છો' ત્યારે તે સ્ત્રી બોલી 'રાજન્! તમે ચિંતા ન કરો અમો જો સ્ત્રી ન હતે તો અવશ્ય બધુ કાર્ય કરતે'. તમારે કશે જવાની જરૂર ન પડતે જ્યારે તમારે ધનની જરૂર પડે તો અવશ્ય અમારી પાસે માંગી લે જો.'

તદન્તર રાજકુમારીએ રાજાને ધન આપ્યુ. એટલે રાજા શહેરમાં જઇ એક નોકરને લઇ આવ્યા. તે પછી થોડા દિવસ વ્યતિત થયા એટલે પેલી સ્ત્રીએ રાજાને કહ્યું 'રાજન! મન પ્રફુલ્લિત કરવા માટે ક્યારેક ક્યારેક અહીંના રાજાના દરબારમાં જતા રહો અને ત્યાં જઇ ત્યાની વાતો પણ સાંભળતા રહો.' હવે રાજા નિત્ય દરબારમાં જવા લાગ્યા. તે રાજ્યના રાજા એવું સમઝતા હતા કે 'આ અમારા મંત્રીઓમાંથી જ કોઇના સમ્બન્ધિ હશે.' એટલે તેઓને દરબારમાં આવતા પણ કોઇ રોક્તું ન હતું. એક દિવસ રાજા અને મંત્રી વર્ગે અંદરો અંદર દરબારમાં આવતા રાજા વિષે વાતચિત કરી. તેઓ કોઇના સમ્બન્ધિ હતા નહિ. એટલે બધાને આશ્ચર્ય થયું. બીજે દિવસે રાજાએ તેઓનો પરિચય પુછયો. એટલે રાજાએ તે રાજાને બધી વાત કરી. તેની ધર્મ પ્રિયતાની વાત સાંભળી રાજા અત્યંત પ્રસન્ન થયા અને તેઓનું ઘણું સન્માન્ન કર્યુ તથા પોતાનો રાજ મુકુટ તેઓના મસ્તક પર મુકી દીધો અને તેઓનો પાઘ પોતાના મસ્તક પર મૂકી અને તેઓ સાથે મૈત્રીની પ્રતિજ્ઞા કરી પોતાના સિંહાસન પર બેસાડયા અને રાજાને પોતાના ઘરે પધારવાનું નિમંત્રણ આપ્યું.

તે પછી રાજા ઘરે આવ્યા અને તેઓએ સમસ્ત ઘટના રાજકુમારીને સંભળાવી એટલે રાજકુમારી બોલી 'રાજન! તમો આવતી કાલે નગરના રાજાને, સમસ્ત નગર વાસીઓને, રાજાના સમસ્ત પરિવારને તથા સમસ્ત મંત્રી વર્ગને આપણા ઘરે ભોજન કરવા નિમંત્રણ આપો.'' સ્ત્રીઓની વાત સાંભળી રાજા

બોલ્યા 'દેવી! આટલા બધા મનુષ્યને? આપણી પાસે ધન ક્યા છે?' દેવી બોલી 'આપ તેની ચિંતા ન કરો બધી વ્યવસ્થા થઇ જશે.' એટલે રાજા નગરના રાજાની પાસે આવ્યા અને બોલ્યો 'રાજન! આવતી કાલે તમારા પરિવાર સહિત, સમસ્ત મંત્રી મંડળ અને સમસ્ત પ્રજાજનને અમારે ત્યાં ભોજન કરવા માટે પધારવાનું છે.' રાજા તેઓની વાત સાંભળી આશ્ચર્ય ચકિત થઇ ગયા અને મનોમન વિચારવા લાગ્યા કે 'આણ કંઇ મદિરા તો પાન નથી કરીને?' પછી તેઓ તેના પ્રત્યે બોલ્યા 'ભલે'

તદન્તર રાત્રિએ રાજાએ પોતાના ગુપ્તચર મારફત ખબર કઢાવી તો ત્યાં કંઇપણ હતુ નહિ. આ તરફ આમંત્રણ આપનારાએ આમંત્રણતો આપ્યુ પણ ઘરમા કંઇ ન હોવાથી તેઓ આકુળ વ્યાકુળ થવા લાગ્યા એટલે રાજા રાજકુમારી પાસે આવી કહેવા લાગ્યા 'દેવી! તમોએ તો અમારી પ્રતિષ્ઠા દાવ પર લગાવી દીધી પ્રાતઃ કાળે આવનારા રાજાને શુ કહેશું?' ત્યારે રાજકુમારી બોલી 'રાજન! આપ ચિંતા ન કરો જો તમને ધીરજતા ન હોય તો જ્યાથી અમોને લાવેલા છો તે ઉદ્યાનમાં જઇને જઓ' તે પછી રાજા ઉદ્યાનમાં જોવા ગયા. ત્યાં જઇને તેઓએ જોયું તો સ્વર્ગના સમસ્ત દેવગણ પોતાના સેવકો સાથે ત્યાં કાર્ય કરવા માટે આવેલા. અનંત દિવ્ય ઐશ્વર્યથી તે ઉદ્યાન ભરાએલો હતો. પ્રાતઃ કાળમાં રાજા સહિત સમસ્ત નગરજનોને તેણે ભોજન કરાવ્યું. આ આશ્ચર્ય જોઇ બધા ચકિત થઇ ગયા ભોજન ઉપરાંત સમસ્ત દેવગણ અદૃશ્ય થઇ ગયા. ત્યારબાદ તે સ્ત્રીએ રાજાને કહ્યું 'તમોએ તે સાધુને કેટલા દિવસ માટે રાજ્ય આપ્યુ હતુ?' ત્યારે રાજાએ કાગળ કાઢી જોયું તો બાર વર્ષ પૂર્ણ થઇ ગયા હતા. ત્યારે તે સ્ત્રીઓ બોલી 'રાજન! હવે તમો તમારા ઘરે જાવ' ત્યારે રાજાએ કહ્યું 'દેવી! આપને ત્યાગ કરીને અમો કશે જવા માંગતા નથી' ત્યારે સ્ત્રી બોલી 'રાજન! આપ

અમને શુ સમઝો છો! અમો કંઇ સ્ત્રી નથી પરંતુ અમો તો તમારો ધર્મ છીએ. જ્યારે તમોએ અમારો ત્યાગ ન કર્યો તો અમો તમારો ત્યાગ કેવી રીતે કરીએ? જ્યારે આપ અમારો ત્યાગ ન કર્યો તો અમો પણ તમારો ત્યાગ શા માટે કરીએ એટલે અમો સ્ત્રી રૂપ ધારણ કરી તમારી સાથે રહ્યા અને તમોને રહેજ પણ કષ્ઠ ન પડવા દીધું. પરંતુ હવે તમારી જેવી ઇચ્છા.' (સંતકથા અંક/પૃષ્ઠ- ૫૦૭/ વાર્તા-૫૦૬) આમ નીતિકારે કહ્યા મુજબ જે ધર્મનું આચરણ કરે છે તેની દેવતા ઉન્નતિ કરે છે તે આ દૃષ્તાંટ પરથી ઠીક બેસે છે. (શ્લો-૧૨૧) હવે નીતિકાર વિદ્વાનની શ્રેષ્ઠ નીતિનું વર્ણન કરે છે. -

શ્લોક- ૧૨૨ समैं र्विवाह कुरुते न हीनैः

समैः सख्यं व्यवहारं कथा च।

गुणैर्विशिष्टांश्च पुरो दधाति

विपश्चितस्तस्य नयाः सुनिताः॥

શ્લોકાર્થ :- જે પોતાના સમાન લોકોની સાથે વિવાહ, મિત્રતા, વ્યવહાર તથા વાર્તાલાપ કરે છે તે વિદ્વાનની નીતિઓ શ્રેષ્ઠ છે.

ચ.ટી. :- ગરુડપુરાણમાં ભગવાન શ્રીમન્નારાયણ કહે છે 'समानकुल व्यसने च सख्यम्- અર્થાત્ વિવાહ અને મિત્રતા સમાન કુળ અને ગુણ ધરાવતા લોકો મધ્યે જ શોભે છે.' લૌકિકમાં મોટાભાગના લોકો પોતાના પુત્રપુત્રીના લગ્ન સમાન કુળમાં થાય એમજ ઇચ્છે છે તેની પાછળ રૂઢિચુસ્ત માનસિકતા જવાબદાર નથી પરંતુ વ્યવહારિક અભિગમ છે. સમાન કુળમાં પુરૂષ અને સ્ત્રીના વચ્ચે વિવાહ સંબંધ થાય તો તેઓ પોતાના પારંપારિક રીતિ રિવાજો અને સંસ્કારથી સારી રીતે પરિચિત હોય છે. તેઓ બંને એકબીજાના કુળમાં શિઘ્રતાથી ભળી જાય છે. વિવાહનો માપદંડ સૌંદર્ય કે આર્થિક સધ્ધરતા નથી. સૌદર્યના આકર્ષણ અને

આર્થિક સધ્ધરતાના મોહમાં અંજાઇને થએલા વિવાહ ક્યારેક સફળ પુરવાર થતા નથી. જેમ હરિશ્ચન્દ્રજીના પિતા સત્યવ્રતના ન થયા હતા.

વાત એવી હતી કે સૂર્યકુળમાં પ્રગટ થએલા અરૂણનો સત્યવ્રત નામનો પુત્ર હતો તેની પાસે અટૂટ સમ્પત્તિ હતી તેને લઇ તે સ્વેચ્છાચારી, કામી, મૂર્ખ અને અત્યંત લોભી થઇ ગયો. જ્યારે તે યુવાવસ્થામાં હતો ત્યારે તેણે એક લગ્નમંડપમાં લગ્ન ગ્રંથિથી જોડાતી રૂપવતી કન્યાનું અપહરણ કરી લીધુ સત્યવ્રત એને પોતાની ભાર્યા બનાવવા માંગતો હતો. પરંતુ સત્યવ્રત ક્ષત્રિય હતો અને પેલી સ્ત્રી વૈશ્ય હતી. એટલે તેની આ અધાર્મિક પ્રવૃત્તિ જોઇ તેના પિતા અરૂણે તેને રાજ્યમાંથી બહાર કાઢી મૂક્યો. (દેવી ભાગવત-૭/૧૦) આમ અસમાન કુળમાં વિવાહ સમ્બન્ધ જોડવાના ફળરૂપે સત્ય વ્રતે રાજ્યથી બહિર્મૂખ થવું પડયું. માટે આચાર્ય ચાણક્ય કહે છે 'वरयेत् कुल जां प्राज्ञो विरुपामपि कन्यकाम्। रुपवतींई न नीचस्य विवाहः सदृशे कुले॥ બુધ્ધિશાળી વ્યક્તિએ સૌદર્ય ધરાવતી પરંતુ કુળવાન કન્યા સાથે જ વિવાહ કરવા જોઇએ પોતાનાથી નીચા કુળમાં જન્મેલી કન્યા સુંદર અને સુશીલ હોય તો પણ તેણે તેનો ત્યાગ કરવો જોઇએ કારણ વિવાહ કુળમાં જ શોભે છે.' (ચાણ.નીતિ ૧/૧૪) ભગવાન નારાયણ કહે છે- 'सद्भिरासीत सततं सद्भिः कुर्वीन सङ्गतिम्। सद्भि र्विवाद मैत्रीं च नासद्भिः कञ्चिदाचरेत्॥ સર્વદા સજ્જનોની સાથે જ રહવું, તેઓની જ સંગતિ કરવી, વિવાહ તથા મૈત્રી પણ સજ્જનોની સાથે જ કરવી જોઇએ. દુર્જનો સાથે કંઇપણ ન કરવું જોઇએ.' (ગરૂડ-૧૧૩/૨) પરાશર ઋષિ કહે છે-'विवाहश्च तुल्यशीलैर्नपेष्यते। લગ્ન અને વિવાહ (વ્યવહાર) સદાસમાન વ્યક્તિઓની સાથે જ થવા જોઇએ.' (વષ્ણુ પુ. ૩/૧૨/૨૨) મનુમહારાજ તથા યાજ્ઞવલ્ક્ય કહે છે 'सवर्णाग्रे द्विजातीनां प्रशस्तादारकर्मणि। भर्तुः शरीर शुश्रूषां धर्मकार्यं च नैत्यकम्।

स्वासैवकुर्यात्सर्वेषांनास्वजातिः कथञ्चन॥ અર્થાત્ દ્વિજાતિઓને માટે પોતાની જાતિની કન્યા સાથે લગ્ન કવા જ ઉત્તમ માનવામાં આવેલ છે. પોતાની જાતિની કન્યા જ પતિની શારીરિક સેવા અને નિત્ય કરવામાં આવનારા ધર્મકાર્ય કરે.' (યાજ્ઞ: ૧/૮૮) તેજ પ્રમાણે વ્યવહાર, મિત્રતા અને વાર્તાલાપ પણ જાણી લેવા. (શ્લોક-૧૨૨) હવે વિદુરજી જેના સમસ્ત અનર્થો દુર થાય છે તે મનુષ્યના લક્ષણોનું વર્ણન કરે છે.

શ્લોક- ૧૨૩ मित्रं भुङ्क्त संवि भज्याश्रितेभ्यो

मितं स्वापित्यमितं कर्म कृत्वा।

ददात्य मित्रो ष्वपि याचित:।

संस्तमात्मवन्तं प्रजहत्यनर्था: ।।

શ્લોકાર્થ :- જે આશ્રિતોને વહેંચિને થોડુ જમે છે, ઘણુ કામ કરી થોડો સમય સુવે છે. યાચના કરતા શત્રુને પણ આદી છે, તેમનસ્વિના સમસ્ત અનર્થ દૂર થાય છે.

ચ.ટી. :- ભોજન કરવાની બાબતમાં ઋગ્વેદમાં કહ્યુ છે કે 'અન્યને શ્રધ્ધાપૂર્વક આપી અવશિષ્ટ ભાગ સ્વયંગ્રહણ કરવો જોઇએ.' એવું કદી પણ ન કરવું કે સ્વયં ભોજન ગ્રહણ કરી અન્યને ક્ષુધાતુર રાખવા આ શિક્ષામાં આતિથ્યની સાથે જ બીજાનો સાથે પ્રેમ, સદ્‌ભાવ, સમતા, દયા, પરોપકાર આદિનો ઉચ્ચ આદર્શ નિહિત છે. સત્પુરૂપ તથા સંતોનો એવો સ્વભાવ છે કે તેઓ અન્યને અર્પણ કર્યા વીના ક્યારેય અન્ન ગ્રહણ કરતા નથી. સત્પુરૂષો થકી પ્રાપ્ત અન્ન પ્રસાદ રૂપ થઇ જાય છે. દેવતાઓ, પિતરો અને મનુષ્યોને તેઓનો ભાગ ન આપી એકાકી જ ભોજન કરવાવાળો માનવા અત્યંત સ્વાર્થી હોય છે. તેનું તે અન્ન પુણ્ય રૂપે ન રહેતા પાપ રૂપે થાય છે. અતઃ તે પાપ જ

ભક્ષણ કરે છે. 'केवलाघ भवति केवलादी' (ऋग्वेद-१०/११७/६) આજ તથ્યથી સાવધાન કરવા ઋગ્વેદની ઋચા 'एकं चमसं चतुरः कणोतन तद् वा देवा अबुवन् तद् व आगमम्। सौधन्वना यद्येवा करिष्यथ साकं देवैर्याज्ञि यासो भविष्यथ॥' (ऋग-१/१६१/२) આ પ્રમાણે કહે છે.

નીતિ મંજરીમાં આ સન્દર્ભમાં એક સુંદર કથા આવે છે જે અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે પ્રાચિન સમયમાં અંગિરસ સુધન્વા નામના એક ઋષિ હતા. તેઓને ત્રણ પુત્ર હતા જેઓના નામ ઋભુ, વિમ્ભા તથા વાજ હતુ. આ ત્રણેય વ્યાસના શિષ્ય હતા. વાસએ તેઓને શિલ્પ શાસ્ત્ર, વાસ્તુ શાસ્ત્ર તથા સંરચના સમ્બન્ધિ સમસ્ત વિદ્યાઓનો ઉપદેશ આપ્યો. એટલે થોડા જ દિવસોમાં તેઓ બધા જ્ઞાનને, કલા આદિ સમસ્ત વિદ્યાઓમાં પારંગત થઇ ગયા એટલે તેઓ બધા કર્મો કરવામાં નિષ્ણાંત થઇ ગયા. તેઓએ દેવાતાઓને માટે અનેક પ્રકારના દિવ્યાસ્ત્રો, વાહનો તથા આયુધોનું નિર્માણ કર્યુ. તેઓના કાર્યથી દેવતાઓ તેમના પર ઘણા પ્રસન્ન થયા અને તેઓના અતિપ્રિય થઇ ગયા. આ ત્રણેય પોતાના માતા-પિતાના ઘણા ભક્ત હતા તથા ઘણા આજ્ઞા પાલક હતા. તેઓ તેમની ઘણી શ્રધ્ધા ભક્તિથી સેવા કરતા હતા. તેઓએ પોતાની તપશ્ચર્યાના બળતી પોતાના માતા-પિતાને યુવાન તથા સુંદર બનાવી દીધા. તેઓના આ કાર્યથી તેમના માતા-પિતા તેઓ પર ઘણા પ્રસન્ન થયા. તેઓ તેમને સૂર્ય સમાન તેજસ્વિ થવાનો વર આપ્યો. તેઓએ (ત્રણેય પુરૂષોએ) તબોપળથી એ મૃત ગાયને પણ સજીવન કરીને તેને નિત્ય દૂધ આપતી કરી દીધી.

તદન્તર તેઓએ અનેકો યજ્ઞનું આયોજન કર્યુ તથા તેઓએ અનેક સતકર્મો કર્યા. અતઃ તેઓએ પોતાના સત્ કર્મથી દેવત્વ પ્રાપ્ત કરી લીધુ અને તેઓ મનુષ્યમાંથી દેવકોટીમાં પ્રવેશ થઇ ગયા. પોતાના ગુરૂ ત્વષ્ટા થકી તેઓને

એક પાત્ર પ્રાપ્ત થયું હતુ. જેમાં રાખી સોમરસનું પાન કરાતુ હતુ. દેવકોટીમાં આ ત્રણેયની ગણના થતી હોવાથી તેઓને સોમરસ પાન કરવાનો અધિકાર પ્રાપ્ત થયો હતો. એક દિવસ તેઓ સોમપાન કરવા તૈયારી કરતા હતા. તે જ સમયે તેઓની પરિક્ષા લેવા માટે દેવતાઓએ અગ્નિદેવને તેઓની સમિપમાં મોકલ્યા. તે ત્રણને નુ રૂપ એક સમાન હતુ. જોવામાં તે ત્રણેય એક સમાન દેખાતા હતા. અતઃ અગ્નિ દેવતાએ પણ પોતાનું રૂપ ઋભુ દેવતા જેવું બનાવ્યું. તેઓને જોઇને પ્રથમ તો ઋભુદેવતા સંશક્તિ થઇ ગયા કે 'આ અમારા જેવા જ ચોથા કોણ છે? આ અમારા જયેષ્ઠ છે કે કનિષ્ઠ?' પરંતુ તે છતા બીજી જ ક્ષમાં તેઓએ તેને પોતાના ભાતૃરૂપથી સ્વિકાર કરી લીધા અને પોતાને ત્રણને બદલે ચાર સમઝવા લાગ્યા. અને તે દિવ્ય સોમપાનને ત્રણેય બદલે પોતાની સંચાર શક્તિથી ચાર બનાવી દીધા અને સોમરસના ચાર સમાન ભાગ કરી તેમાંથી પ્રથમ ભાગ ઋભુ બનેલા અગ્નિને પ્રદાન કર્યો અને શેષ ભાગ તેઓએ ગ્રહણ કર્યો પણ એકાકી નહિ. એટલે માટે જ તેઓ મહાન થઇ ગયા અને દેવતાઓમાં તેઓની મહાન પ્રતિષ્ઠા થઇ ગઇ. આમ દેવતાઓના ઉચ્ચ આદર્શને જીવનમાં ગ્રહણ કરવાથી મહાન શાન્તિ સંતોષ અને આનંદની પ્રાપ્તિ થાય છે અને ધીરેધીરે તેઓમાં દૈવી સંપાદનો સંનિવેષ થઇ જાય છે. આ આખ્યાનથી આપણે એ શિક્ષા મળે છે કે 'પોતાના જીવનમાં ત્યાગ અને અપરિગ્રહની પ્રતિષ્ઠા કરવી જોઇએ અને ધનનો ઉપયોગ તથા ઉત્તમ પદાર્થનો ઉપયોગ એકાકી ક્યારેય ન કરવો- 'भुञ्जते सन्तो भक्ष्यं प्राप्त सहग्निना। चतुरश्यमसान् कृत्वा तं सोममृभवःपपुः ॥ (नीतिमंजरी-१/१०) શુક્રચાર્યજી કહે છે- 'नैक सुखन सवत्र विस्त्रब्धो न च शङ्कितः। સુખનો ઉપયોગ એકાકી ન કરવો, ન બધા પર વિશ્વાસ કરવો અને બધા પર શંકા ન કરવી.' (શુકનીતિ-3/૧3) ભવાન વેદવ્યાસ કહ છે- 'पितृन् देवानृषीन्

विप्रानतिर्थीश्चनिराश्रयान्। यो नरः प्रीणयत्नन्नैस्तस्य पुण्यफलं महत्॥ જે દેવતાઓ, પિતરો, ઋષિઓ, બ્રાહ્મણો અતિથિઓ અને નિરાશ્રય મનુષ્યોને અન્નથી તૃપ્ત કરે છે તેઓને મહાન પુણ્યની પ્રાપ્તિ થાય છે.' (મહા.આશ્વ.૯૨) વેદ ભગવાન કહે છે, 'सहभक्षाः स्याय- હળીમળી ભોજન કરો' (અથર્વ/૬/૪/૭૧) 'केवलाघो भवति केवलादी-જે એકાકી ખાય છે તે પાપ ખાય છે'. (ઋગ-૧૦/૧૧૭/૬- માટે અન્ન વહેંચીને ખાવું) 'न द्रूद्धाजोयो गृह्व ददात्यन्नकामाय चरते कृशाय। अरमस्मै भवतियमाहूता उतापरीषु कृणुते सखायाम्॥ અન્નની કામના કરવા વાળો નિર્ધન યાચકોને જે અન્ન આપે છે તે જ વાસ્તવમાં ભોજન કરે છે આવા વ્યક્તિઓ પાસે વાસ્તવમાં પર્યાપ્ત અન્ન રહે છે અને સમય પડતા બોલાવવાથી તેની સહાય માટે તત્પર અનેકો મિત્રો ઉપસ્થિત થઇ જાય છે.' (ઋગ-૧૦/૧૧૭/૫) ગીતાચાર્ય કહે છે. 'इष्टान्भोगान्हि यो देवा दास्यन्ते यज्ञाभाविताः। तैर्दत्तान प्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव स॥ यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः। भुज्जत ते त्वघं पापा ये पचन्त्यात्मकारणाम्॥ યજ્ઞ વડે વૃદ્ધિ પામેલા દેવતાઓ તમને બધાને વણ માગ્યે જ ઇચ્છિત ભોગો અવશ્ય આપતા રહેશે, આ રીતે તે દેવતાઓ દ્વારા અપાએલા ભોગોને જે પુરૂપ તે દેવતાઓને નહિ આપી ને પોતે ભોગવે છે તે ચોર છે. યજ્ઞમાંથી વધેલા અન્નને આરોગનારા શ્રેષ્ઠ પુરૂષો પાપોથી મુક્ત થઇ જાય છે અને જે પાપી આ પોતાના શરીરના પોષણ માટે જ અન્ન રાંધે છે તે તો પાપને જ ભક્ષણ કરે છે. (ગીતા /૩/૧૨-૧૩)

સુભાષિતમાં કહ્યુ છે. 'उद्यमेन हि कार्याणि सिद्धयन्ति- ઉદ્યમ કરવાથી જ બધા કાર્યોની સિધ્ધિ થાય છે, આળસ અને નિદ્રા નો ત્યાગ કરવાથી જ મનુષ્ય મહદ લક્ષ્યની પ્રાપ્તિ કરી શકે છે આ સમ્બન્ધમાં અર્જનજીના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. પાંડવોએ કૌરવોના કપટ દ્યુતમાં પોતાનું

સમસ્ત ઐશ્વર્ય ગુમાવી દીધો અને ધુતમાં થયેલા કરાર મુજબ પાંચેડ પાંડવો અને દ્રોપદી બાર વર્ષ માટે વનવાસ ભોગવવા વિવશ થઇ ગયા. વનવાસ દરમ્યાન એક સમયે ભગવાન શ્રીકૃષ્ણ પાંડવોને મળવા કામ્યકવનમાં આવ્યા. અને ભાવિ યુધ્ધની તૈયારી અર્થે અર્જનજીને દિવ્યાસ્ત્રની પ્રાપ્તિ અર્થે દેવરાજ ઇન્દ્ર અને ભગવાન શંકરની તપસ્યા કરવાનું સૂચન કરે છે. ભગવાન આજ્ઞા પ્રમાણે અર્જનજી દિવ્યાસ્ત્રની પ્રાપ્તિ અર્થે તપસ્યા કરવા માટે ગન્ધમાદન પર્વત પર આવે છે અને પોતાનું મન તપસ્યામાં લગાવે છે. તે સમયે અર્જનજી અલ્પ સમય નિદ્રા લતા, અને બાકીનો સમય તેઓ કેવલ તપસ્યામાં જ વિતાવતા. અને તેને લઇ અલ્પકાળમાં તેઓને ભગવાન શંકરના દર્શન થયા અને તેઓની કૃપાથી અર્જનજીને પાશુપાતાસ્ત્ર સહિત બધા જ દિવ્યાસ્ત્રની પ્રાપ્તિ થઇ ગઇ અને તે દિવ્યાસ્ત્રને લઇ અર્જનજી એ કુરૂક્ષેત્રના મેદાનમાં કૌરવોને પરાજિત કર્યા. આમ અલ્પ સમય નીદ્રા લઇ વધારે સમય ઉદ્યમ કરનારા અર્જનજીના બધા ઉપદ્રવો નાશ થઇ ગયા.

એમાં સહેજ પણ સન્દેહ નથી કે માંગવાવાળા લોકો સ્વાર્થી હોય છે. તેઓમાં આપવાવાળાની કઠિનાઇનો વિચાર હોતો નથી. તેઓમાં એટલી સમઝણ હોય તો તે માંગે જ કેમ? તેજ પ્રમાણે દાતા પણ માંગવાવાળાની વિપત્તિ જોતો નથી. અન્યથા તેના મુખમાંથી નહિ શબ્દ નિકળે જ નહિ. શ્રી પ્રહલાદજીના પુત્ર અને બલીરાજાના પિતા વિરોચન એ પરમ બ્રાહ્મણ ભક્ત હતા. ઇન્દ્રદેવની સાથે જ બ્રહ્મલોક માં બ્રહ્મચર્ય પાળતા થકા બ્રહ્માજી પાસે તેઓએ નિવાસ કરેલો બ્રહ્મદેવ દ્વારા ઉપદેશ આપતા કરાયેલું તત્વજ્ઞાન યદ્યપિ વિરોચન યથાર્થ રૂપે ગ્રહણ ન કરી શક્યા છતા તઓની ધર્મમાં પૂર્ણ શ્રધ્ધા હતી. તથા વિરોચનનો ગુરૂ ભક્તિથી તેના ગુરૂ શુક્રાચાર્ય તેઓ પર પોતાનો વિશેષ કૃપાદૃષ્ટિ રાખતા

વરોચન દૈત્યાધિ પતિ થયા બાદ દૈત્યો, દાનવો અને અસરોનું બળ ઘણું વૃધ્ધિ પામી ગયુ. ઇન્દ્રને કોઇ માર્ગ મળતો ન હતો કે તે અસુરોને કેવી રીતે દબાવે. વિરોચને સ્વર્ગ પર અધિકાર કરવાની ઇચ્છા કરી એટલે ઇન્દ્રનો ભયપણ વધતો ગયો. ઇન્દ્ર જાણતા હતા કે ધર્માત્મા વિરોચન આપણા પર આક્રમણ કરશે તો આપણાથી તેનો સામનો નહિ થઇ શકશે.' એટલે અન્ત તેઓ પોતાના ગુરૂ બૃહસ્પતિના કહેવાથી વૃધ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી વિરોચનના ઘરે પધાર્યા બ્રાહ્મણોના પરમ ભક્ત અને ઉદાર શીરોમણી દૈત્યરાજે તેમનું સ્વાગત કર્યુ તેઓના ચરણ ધોયા અને પૂજા કરી તદન્તર બ્રાહ્મણ રૂપ ધારી ઇન્દ્રદેવે વિરોચનના દાનની તથા તેમનો ઉદારતાની ઘણી પ્રશંસા કરી. વિરોચને નમ્રતા પૂર્વક વૃધ્ધ બ્રાહ્મણને કહ્યુ કે તમારે જે કંઇપણ માંગવું હોય તે તમો સંકોચ છોડી તે માંગી દૈત્યરાજ વિરોચન પાસે બધી રીતે વાત પાકી કરી અને પછી તેમના પ્રત્યે બોલ્યા 'હે વિરોચન! અમારે તમારા આયુષ્યની ઇચ્છા છે' વાત એમ હતી કે 'જો વિરોચનને કોઇપણ પ્રકારે મોતને ઘાત ઉતારી દેવામાં આવે તો તેઓના ગુરૂ શુક્રાચાર્ય તેઓને સંજીવની બુટ્ટી દ્વારા જીવિત કરી દે એટલે વૃધ્ધ બ્રાહ્મણ બનેલાઇન્દ્રે તેની પાસે તેનું શરીર ન માંગતા તેનું આયુષ્ય માંગ્યુ' બ્રાહ્મણની વાત સાંભળી વિરોચનને ઘણી પ્રસન્નતા થઇ અનેતે બોલ્યા 'અમો ધન્ય ભાગી છીએ, અમારો જન્મ લેવાનો સફળ થઇ ગયો આજે અમારૂ જીવન એક બ્રાહ્મણે સ્વિકારી લીધુ. આનાથી વધારે બીજ શું હોય?.

ત પછી વિરોચને હાથમાં ખડગ ધારણ કર્યુ અને સ્વયં પાતાના હાથે પોતાનું મસ્તક કાપી ઇન્દ્ર દેવને અર્પણ કર્યુ. ઇન્દ્ર દેવ મસ્તક લઇને ભયના માર્યા શીઘ્ર સ્વર્ગમાં જતા રહ્યા. પરંતુ આ અપૂર્વ દાન આપી વિરોચન ભગવાનના ધામમાં જતા રહ્યા. ભગવાન શ્રીહરિએ તેઓને પોતાના નિત્ય સેવકોમાં સ્થાન

આપી દીધું. વિરોચન સમસ્ત વૃત્તાંત જાણતા હતા કે અમારી સામે વૃધ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ જે કરી મારા નિત્ય શત્રુ એવા દેવરાજ ઇન્દ્ર આવેલા છે છતાં પણ તેઓએ બ્રાહ્મણ રૂપ લઇ પોતા પાસે યાચના કરવા આવેલા પોતાના શત્રુને પોતાનું આયુષ્ય પણ આપો દીધુ. આમ ભલે વિરોચનના શરીરનો પાત થયો પણ તઓ હંમેશને માટે આ અનર્થ રૂપ સંસારમાંથી મુક્ત થઇ ભગવાનના ધામમાં જતા રહ્યા (શ્લો-૧૨૩) હવે નીતિકાર કયા પુરૂષના બધા કાર્યો સિધ્ધ થાય છે તેનું વર્ણન કરે છે-

શ્લો-૧૨૪ चिकीर्षितं विप्रकृतं च यस्य

नान्ये जना: कर्म जानन्ति किञ्चित्।

मन्त्रे गुप्ते सम्यगनुष्ठिते च

नाल्योऽप्यस्य च्यवते कश्चिद्‌र्थ: ॥

શ્લોકાર્થ :- જેના મનોરથો અને વિપરીત વાતોને અન્ય લોકો સહેજ પણ જાણી શકતા નથી, મન્ત્રથી ગોપનીયતાનું યથાર્થફણે અનુષ્ઠાન કરે છે તેઓનું અલ્પ પણ કાર્ય નષ્ઠ થતું નથી અર્થાત્ તેઓનું બધુ કાર્ય યથાર્થ પણે થાય છે.

ચ.ટી. :- મનની ગોપનિયતાથી કાર્યની સિધ્ધિ થાય છે અને મંત્રણા પ્રગટ થઇ જવાથી કાર્ય સિધ્ધિમાં વિઘ્ન આવે છે. આ સમ્બન્ધમાં એક બે ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. એક દિવસ નારદજી દ્વારકા પધાર્યા ભગવાન દ્વારા મનોચિત પૂજીત થઇ સુખાસને બેઠેલા નારદજીને ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોના સમાચાર પૂછયા ત્યારે નારદજી બોલ્યા કે 'પ્રભુ! પાંડવો હાલમાં રાજસૂય યજ્ઞથી તમારૂ યજન કરવાનું વિચારી રહ્યા છે તો આપ એઓની ઇચ્છા પૂર્ણ કરો.' નારજીની વાત સાંભળી ભગવાન શ્રીકૃષ્ણે ઉધ્ધવજીને બોલાવ્યા અને તેઓને

બધી વાત કરી તથા કહ્યુ 'હે ઉધ્ધવ! પાંડવો રાજસૂય યજ્ઞ કરવા માંગે છે અને તે માટે મારી સહાય માંગે છે તો અમારે શું કરવ્?'

ભગવાન શ્રીકૃષ્ણની વાત સાંભળી ઉધ્ધવજી તેઓની વાત નો પૂર્વાપર વિચાર કરી તેઓ પ્રત્યે બોલ્યા- ''હે પ્રભુ! દેવર્ષિ નારજીએ જે પ્રમાણે આપને કહ્યુ છે તે ઉચિત છે અને પાંડવો તમારા શરણાગત પણ છે માટે શરણાગતની રક્ષા કરવી એતો સનાતન ધર્મ છે પરંતુ પ્રભુ! રાજસૂય યજ્ઞ તે જ કરી શકે જે દશે દિશા પર વિજય પ્રાપ્ત કરે અને દશે દિશાઓને જીતતા પૂર્વે જરાસંઘને જીતવો આવશ્યક છે. કારણ કે એક જરાસંઘ જીવતા માત્રથી આપનો આ મહાન ઉદ્દેશ્ય સફળ થઇ જશે. સાથેસાથે તેના બંદીખાનામાં રહેલાએ હજારો રાજાઓની પણ મુક્તિ થઇ જશે અને તમારા સુયશનો પણ વિસ્તાર થશે. જરાસંઘ મોટા મોટા રાજને હરાવી ચૂક્યો છે અને તેનામાં દશ હજાર હાથીઓનું બળ છે. જો તેને હરાવી શકે તો તે કેવળ ભીમસેન. તેને દ્વન્દ્વ યુધ્ધમાં સામસામે જીતવો તેજ ઉચિત રહશે. જો તેની સાથે યુધ્ધ કરવા જશુ તો તેની સો અક્ષોહિણી સેનાના સામનો કરવો અશક્ય છે. જરાસંઘ બ્રાહ્મણ ભક્ત છે જો બ્રાહ્મણ તેની પાસે કંઇપણ યાચના કરે તો તે ક્યારેય પણ નિરાશ કરતો નથી માટે ભીમસેન બ્રાહ્મણના રૂપમાં જઇ તેની પાસે દ્વન્દ્વ યુધ્ધની ભીક્ષા માંગે અને ભગવાન્! તમારી ઉપસ્થિતિ ત્યાં હોય તો ભીનસેન જરાસંઘને અવશ્ય યુધ્ધમાં યમરાજનો અતિથિ બનાવશે અને જરાસંઘ મૃત્યુ પામતા તેની કેદમાં રહેલા બધા જ રાજાઓ મુક્ત થશે અને તેઓ તમારી વિશુધ્ધ કીર્તિન્ ગાન કરશે.''

ઉધ્ધવજીની આ વાતને ત્યાં બેઠેલા બધા યાદવો સહિત નારજીએ અનુમોદન આપ્યું તે પછી ભગવાન શ્રીકૃષ્ણ પોતાના સમસ્ત પરિવાર સાથે ઇન્દ્રપ્રસ્ત પધાર્યા. યુધિષ્ઠિર આદી ભાઇ દ્વારા યથોચિત સત્કાર કર્યા બાદ

એકાંતમાં બિરાજમાન યુધિષ્ઠિર મહારાજે પોતાના મનના મનોરથ ભગવાનને કહ્યા અને ભગવાન શ્રીકૃષ્ણે તેઓની વાતને સમર્થન આપ્યુ તે પછી ભગવાને અર્જન આદી ચાર ભાઇઓમાં પોતાની શક્તિનો સંચાર કર્યો અને તેમને ચારેય દિશામાં દિગ્વિજય કરવા મોકલ્યા. અને થોડા જ દિવસોાં એક જરાસંઘને બાદ કરતા સમસ્ત ભૂતલના બધા રાજાઓને જીતી અપાર ધનરાશિ લાવી યુધિષ્ઠિર મહારાજના ચરણોમાં મૂકી. પરંતુ જ્યારે યુધિષ્ઠિર રાજાને ખબર પડી કે 'હજ જરાસંઘ જીતાયો નથી' એટલે તેઓ શોકમાં પડી ગયો. તેવા સમયમાં ભગવાન શ્રીકૃષ્ણે પોતે અને ઉધ્ધવજીએ જે મંત્રણા કરી જરાસંઘને જીવતાનો ઉપાય નક્કી કર્યો હતો ને યુધિષ્ઠિર મહારાજને જણાવ્યો.

તદન્તર અર્જન, ભીમ અને ભગવાન શ્રીકૃષ્ણ બ્રાહ્મણ નો વેશ ધારણ કરી જરાસંઘની પાસે આવ્યા અને તેની પાસે દ્વન્દ્વ યુધ્ધની ભીક્ષા માંગી અને જરાસંઘે યુધ્ધના નિયમ મુજબ પોતાના સમાન પ્રતિસ્પર્ધી ભીમસેન સાથે દ્વન્દ્વ યુધ્ધ કરવાનો નિર્ણય કર્યો અને લાગ લગાત અઠ્ઠાવીસ દિવસ પર્યન્ત તેઓ મધ્યે દ્વન્દ્વ યુધ્ધ થતુ રહ્યુ અને અઠ્ઠાવીસમાં દિવસે ભીમસેન જરાસંઘ સાથે લડવામાં હતોત્સાહ થઇ ગયો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે તેનામા પોતાની શક્તિનો સંચાર કર્યો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણના સંકેતથી ભીમસેને જરાસંઘને બે પગલની મધ્યમાંથી ચિરી નાંખી તેના બે ટુકડા કરી નાખ્યાં અને તના વધ કરી તેઓ ત્રણેય યુધિષ્ઠિર મહારાજ પાસે આવ્યા અને તેઓને જરાસંઘના વધના સમાચાર આપ્યા એટલે યુધિષ્ઠિર મહારાજ અત્યંત પ્રસન્ન થયા અને હવે તેઓએ પોતાનો રાજસૂય યજ્ઞ પૂર્ણ થયેલો માન્યો. આમ જરાસંઘને મારવાની યોજના જો ગુપ્ત રાખી તો તેનો સરળતાથી વધ થઇ ગયો. પરંતુ તેયોજના જો પ્રકાશિત થઇ જતે તો જરાસંઘ સાવધાન થઇ જતે અને પછી તેનો વધ કરવો મુશ્કેલ પડતે માટે

મંત્રણા ગુપ્ત રાખવામાં આવતા તે અવશ્ય પાર પડે છે. આચાર્ય ચાણક્ય કહે છે- 'मन्त्र रक्षणे कार्य सिद्धिभर्वति- મન્ત્રનું રણક્ષ કરવાથી કાર્યની સિદ્ધિ થાય છે (ચાણક્યસૂત્ર-૨૩)

તે જ પ્રમાણે મંત્રણા કાર્યપાર પડતા પૂર્વે અન્ય સમક્ષ પ્રગટ થઇ જાય તો એનાથી વિપરીત પરિણામ પણ આવે છે આ સંબંધમાં ભગવાન શ્રીહરિના માતા-પિતાશ્રી ધર્મ દેવ ભક્તિ માતાના જીવનનો એક પ્રસંગે અવલોકન કરવા યોગ્ય છે. વાત એવો હતી કે અસુરોના ત્રાસથી સંતપ્ત થએલા ધર્મદેવ અને ભક્તિમાતા હનુમાનજીના નિર્દેશથી વૃંદાવન પધાર્યા અને ત્યાં તેઓનો મેળાપ દુર્વાસાના શાપથી ધરાતલપર પ્રગટ થએલા મરિચ્યાદિ મુનિઓ સાથે થયોઅને બધાએ પોતાના કષ્ટની વાત એકબીજાને કરી અને ત્યારપછી આ કષ્ટથી એક ભગવાન શ્રીકૃષ્ણ જ આપણી રક્ષા કરી શકે એમ છે એમ નક્કી કરી તેઓ બધા ભગવાનની આરાધના પરાયણ થયા કેટલાએ મહિનાના અંતે આરાધનાથી પ્રગટ થએલો પરમાત્મા તેઓનો સન્મુખ પ્રગટ થયા અને તેઓને અસુરોના કષ્ટ થતી મુકાવવા પોતે ધરાતપ પર પ્રગટ થવાનું વરદાન આપી અંતર્ધાન થયા.

તદન્તર અનુષ્ઠાનની પૂર્ણાહૂતિ કરી બધા મુનિઓ અને ધર્મ ભક્તિએ 'ભગવાન પ્રગટ થવાના છે વાત કોઇ સાથે પ્રગટ કરવી નહિ.' એ પ્રમાણે નક્કી કરી બધા પોત પોતાના સ્થાન પર જવા નીકળ્યા ધર્મ દેવ પોતાની ભાર્યા સાથે વૃંદાવનથી છપૈયા આવતા હતા ત્યારે માર્ગમાં રાત્રીને વિશે તેઓ ભૂલા પડી ગયા અને વિપરિત માર્ગ પર ચાલવા લાગ્યા. એવા સમયમાં તેઓ બન્નેને એક સાધુ જેવા મનુષ્ટનો ભેટો થયો એટલ ધર્મ દેવે તેને સાધુ જાણી બનેલુ બધુ વૃત્તાંત તેને કહ્યું. ધર્મદેવની વાત સાંભળી તે સાધુ ધર્મદેવ પ્રત્ય બોલ્યા 'હે ધર્મ! હું દુર્યોધનનો મિત્ર એવો અશ્વથ્થામા છ. દેવકીનંદન શ્રીકૃષ્ણે મારૂ અને મારા મિત્ર

દુર્યોધનનું ગણું અનિષ્ય કરેલું હતું. તેથી હું તે શ્રીકૃષ્ણ ને શાપ આપુ છ કે હવે પછી જ્યારે તે તમારા થકી પ્રગટ થશે અને જો હાથમાં હથિયાર ધારણ કરશે તો તે અવશ્ય પરાજીત થશે.'' આ પ્રમાણે અશ્વથ્થામાં શાપ આપી અદૃશ્ય થઇ ગયો અને ધર્મદેવ ભક્તિ માતા અત્યંત કષ્ટ પામ્યા. (સ.જી.પ્ર.૧)

આમ જે મંત્રણા ગુપ્ત રાખવાની હતી તે અન્ય સન્મુખ પ્રગટ કરી તો ધર્મદેવ ભક્તિમાતા પણ અત્યંત કષ્ટના ભાજી થયા. એમાં કોઇ શંકાને સ્થાન ન હતુ કે ભગવાને અસુરોન નષ્ટ કરવા માટે હથિયાર ધારણ કરવાની જરૂર જ નથી એતો કેવલ સંકલ્પ માત્રથી પણ તેઓને સમાપ્ત કરી શકે પરંતુ મંત્રણા ભંગ થતા ધર્મદેવ ભક્તિમાતાને કષ્ટ તો પડયુ જ માટે આચાર્ય ચાણક્ય કહે છે. 'मंत्र विस्त्रापी कार्यं नाशयति- ગુપ્ત મંત્રણાને પ્રકાશીત કરવાથી કાય નષ્ટ થઇ જાય છે.' (ચાણક્ય સૂત્ર-૨૪) (શ્લો-૧૨૪) હવે નીતિકાર પોતાના સમુદાયમાં સુશોભિત થનારા પુરૂષના લક્ષણો કહે છે.

<u>શ્લો-૧૨૫</u> य: सर्वभूति प्रशमे निविष्ट:

सत्यो मृदुर्मान कृच्छुद्ध भाव: ।

अतीव स ज्ञायते ज्ञातिमध्ये

महामणिर्जात्य इव प्रसन्न: ॥

<u>શ્લોકાર્થ :-</u> જે મનુષ્ય બધા પ્રમાણીઓને શાંતિ આપવામાં તત્પર, સત્ય બોલવાવાળો, કોમણ, બીજાનું સન્માન કરવાવાળો અને શુધ્ધ સ્વભાવનો હોય છે. તે ખાણમાંથી કાઢેલા ચમકતા રત્ન સમાન પોતાના સમયુદાયમાં શોભા પામે છે.

ચ.ટી. :- વિદૂરજી એ કહેલા આ બધાજ ગુણો ભગવાન શ્રીરામ અને ભગવાનશ્રી સ્વામિનારાયણમાં પરિદૃશ્યમાન થાય છે અને તેને લઇ તેઓ મુક્ત કે નિત્ય મુક્તરૂપ પોતાના સમુદાયમાં દેદિપ્યમાન રત્ન સમાન સુશોભિત થાય છે.

જેમ ભગવાન શ્રીરામ જાતિથી ઉચ્ચ કે નીચ, વર્ણથી ઉચ્ચ કે નીચ, આ વિદ્યાવાળા છે કે આ વિદ્યાહિન છે. આ વિત્તિવાળો છે કે વૃિત્તિ હીન છે, આ સંસ્કારવાળો છે કે આ સંસ્કાર રહિત છે ઇત્યાદિ કશોયે ભેદભાવ જોયા વીના શરણ્ય ભગવાને શરણાગત દેવ, દૈત્ય, મનુષ્ય, પશુ, પક્ષી આદિકને અભયદાન આપી તેઓની રક્ષા કરેલી એવુ રામાયણમાં 'सर्व लोक शरण्याव' (વા.રા. યુધ્ધ) આ વચનથી કહ્યુ છે ભગવાન શ્રીહરિ એ પણ મોટા મોટા પાપોથી સંયુક્ત એવા જોબનપગી, વેરાભાઇ, જોગીદાસ ખુમાણ, નાગપાલ વરૂ જેવા અનેકો મનુષ્યોને પોતાના ચરણ કમળોનો આશ્રય આપો તેઓને અનંતકાળ પર્યન્ત સાસ્વતિ શાંતિનો અનુભવ કરાવ્યો. (આથી શ્રી રામ અને શ્રીહરિનો શરણ્ય ગુણ કહ્યો.)

'अप्यहं जीवितं जह्या त्वां वा सीते सलक्ष्मणान्। न तु प्रतिज्ञा संश्रित्य ब्रह्मणेभ्यो विशेषतः॥' આ રામજીના વચન પ્રમાણે પ્રત્યક્ષ રક્ષણ પ્રતિજ્ઞા કરીને પછી તેનો ભંગ ન કરવાનો સ્વભાવ (ઉન્નત સ્વભાવ) એ રામનો જોવા મળે છે. આ ઉપરાંત પિતાના સત્યને અર્થે વનગમન, વિભિષણ તથા સુગ્રીવની રક્ષાની પ્રતિજ્ઞા કાળ સાથે વાર્તાલાપ કરતા મધ્યમાં કોઇ મંત્રણા ભંગ કરવા આવે તેને મૃત્યુદંડ ની પ્રતિજ્ઞા ઇત્યાદિ સત્ય પ્રતિજ્ઞા પાલન રૂપ ધર્મ પણ શ્રીરામના જીવનમાં જોવા મળે છે. શ્રીહરિના જીવનમાં પણ 'મારા જનને અંત કાળે, જરૂર મારરે આવવું । બિરૂદમારૂ એ ન બદલે, તે સર્વેજનને જણાવવું.' (ભ.ચિંત. ૬૮/૯) આ પ્રમાણે કરાયેલ સત્ય પ્રતિજ્ઞા અક્ષરેક્ષર પાલન કરાયેલી જોવા મળે છે એટલે માટે

સર્વમંગલ સ્તોત્રમાંથી શ્રી હરિને 'सत्य प्रतिज्ञ' આ નામથી સંબોધેલા છે. (આથી શ્રીરામ અને શ્રીહરિનો સત્ય પ્રતિજ્ઞા ગુણ કહ્યો.)

ભગવાનશ્રીરામનો સ્વભાવ એવો મૃદુ-કોમળ હતો કે અનંત અપરાધ કરનારો હોય તો પણ તેઓનો આશ્રય કરી શકતા હતા કોમળ સ્વભાવવાળો આશ્રય સર્વ કોઇ સુખેથી કરી શકે પણ કઠોર કુટિલ સ્વભાવવાળાનો નહિ. શ્રીરામ તો અનવધિ કોમળ સ્વભાવ હોવાથી તેમનો આશ્રય મહાપરાધિ પણ અસંશય કરી શકે છે. વાલ્મિકી રામાયણમા શ્રી સીતાજી આ વાત પોતાના સ્વમુખથી 'विदितः स हि धर्मज्ञः शरणागत वत्सलः। तेन मैत्री भवतु ते यदि जीवितुमिच्छसि॥' (रामा.सुं) રાવણને કહે છે અથવા અનન્ય આશ્રિતોનો વિયોગ સહન ન કરો શકે એવો કોમળ સ્વભાવ. શ્રીહરિમાં પણ આવો સ્વભાવ 'જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતુ નથી તેમજ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતુ નથી. અને એ ભક્તના હૃદયમાંથી આખ્યનું મટકું ભરીએ એટલી વાર પણ છેટે રહેતા નથી.' (કારી.૧૧) આથી શ્રીરામ અને શ્રીહરિનો મૃદુ સ્વભાવ કહ્યો.)

પોતાની મોટાઇને આગળ ધરીને કે અંતરાય રાખ્યા વગર જે દરેકનું સન્માન કરનારાઓ તો જગતમાં જજ જોવા મળે છે. ભગવાન શ્રીરામ ચંદ્રજીમાં આ ગુણ બહુધા જોવા મળે છે. જેમ ભગવાન શ્રીરામ વ્યાધ, વાનર, શબરી આદિક સર્વનું સન્માન કરનારા જોવા મળે છે તેજ પ્રમાણે ભગવાન શ્રીહરિમાં પણ આ ગુણ તે તે સ્થાન પર વિકસિત થએલો જોવા મળે છે. ભગવાન શ્રીહરિએ પણ પોતાથો અતિકનિષ્ટ એવા કાઠી, કોળી, કણબી, આહિર આદિક સાથે મેળાપ રાખ્યો હતો. (આથી શ્રીરામ અને શ્રીહરિનાં સૌશિલ્ય નામનો ગુણ કહ્યો.)

તેન 'शुद्धमपापविद्धम्' 'अपहतपाप्मा' 'स सर्वेभ्यः पाप्मभ्यः उदितः स शद्धः सर्वे शुद्धभ्यः' ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિમાં કહ્યા પ્રમાણે સદા સ્વતઃ શુધ્ધ અભાવપણુ તે સુચિતા કહેવાય અથવા આશ્રિતોના સંરક્ષણમાં પ્રત્યુપકારની અપેક્ષા નહિ રાખવારૂપ ભાવશુધ્ધિપણું તે સુચિતા કહેવાય અથવા 'पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्यो प्रयच्छति' આ વચનમાં કહ્યા પ્રમાણે પદાર્થની તાર તમ્યતાનો અનાદર કરીને કેવળ 'भक्त्याहमेक्या ग्राह्यः ઇત્યાદિકમાં કહ્યા પ્રમાણે ભક્તિથી જ પ્રસન્ન થવા પણ તે શુચિતા કહેવાય અને આ ગુણનો ભગવાનશ્રી રામચંદ્રમાં તે તે જગાએ શબરીના પ્રસંગમાં તથા વિભિષણની રક્ષાના પ્રસંગમાં જોવા મળેલ છે. તેમ ભગવાન સ્વામિનારાયણના જીવનમાં પણ આ ગુણ ગણો વિકસિત થએલો છે. જેમ જેતલપુરની વેશ્યાને શરણમાં લઇ તેના બનાવેલ અન્નને ગ્રહણ કરવું, સગ્રામભક્ત જેવા અન્ત્યજવર્ણના ભક્તના ઘરે જઇ તેને કૃતાર્થ કરવો, જીવણ ભક્તનો પ્રેમથી અપાયેલ મઠનો રોટલો અને ડોડીની ભાજી સ્નેહ પૂર્વક આરોગ્યો તથા મુક્તાનંદ સ્વામીની વિષ થતી રક્ષા કરવી, અખંડાનંદ વર્ણીની હિંસક એવા વ્યાગ્ર થકી રક્ષા કરવી નાજા ભક્તની પોકાર સાંભળી તેની પાસ શિઘ્ર ઉપસ્થિત થવું, આચાર્ય રઘુવીરની પુર થકી રક્ષા કરવી, વ્યાપકાનંદ સ્વામીના વચનથી વણિકને યવનના કષ્ટ થકી મૂકાવવો, દાદાખાચરની અનેકો કષ્ટ થકી રક્ષા કરવી ઇત્યાદિમાં શ્રીહરિના શુધ્ધ સ્વભાવનું દર્શન થાય છે. આચાર્ય મમ્મટ કાવ્ય પ્રકાશમાં કહે છે. 'रामादिवत् वर्तितव्यम् –શ્રીરામના જેવું આચરણ કરવું' આચાર્ય શુક્ર કહે છે 'न रामसदशो राजा पृथिव्यां नीति मानभूत॥ सुभृत्या तु यन्नीत्या वानरैरपि स्वीकृता। આ ધરાતલ પર શ્રીરામ સમાન કોઇ નીતિમાન રાજા થયો જ નથી. કારણ કે તેઓની નીતિદ્વારા વાનરોએ પણ યથાર્થપણે તેની ભૃત્યતા સ્વિકારી' (શુક્રનીતિ/૫/૫૭-૫૮)

આ પ્રમાણે મનુષ્ય ગુણથી જ મહાનતા પ્રાપ્ત કરે છે પણ સંપત્તિથી નહિ. મહાન સંપત્તિવાન હોય પણ તેનામાં ગુણ નથી તો તે અત્યંત તુચ્છ છે. આનાથી વિપરિત જે સંપત્તિથી રહિત છે પણ વિનય, વિવેક, સદાચાર, સંતોષ ઇત્યાદિ ગુણોથી સંપન્ન છે તો તે વાસ્તવિક રીતે સંપન્ન છે. અતઃ ધનાર્જનની અપેક્ષાએ ગુણાર્જન જ શ્રેષ્ઠ છે અને જીવનની સાર્થકતા પણ સાત્વિક ગુણોનું ઉપાર્જન કરવામાં જ છે. ઋગ્વેદની ઋચા (૭/૧૦૩/૧૦) માં કહ્યુ છે કે એક સમયે મહર્ષિ વશિષ્ટે ધનની યાચનાથી મન્ડુક દેવતાઓની ઉપાસના કરી અને ઉપસનાથી પ્રસન્ન થઇ મુન્ડુક દેવતાઓએ વશિષ્ટ ઋષિને ઘણી સંપત્તિ પ્રદાન કરી છતા પણ ગુણોથી શ્રેષ્ઠ જ કહેવાયા ધન સમ્પન્ન હોવા છતા પણ મન્ડૂક દેવતા ગુણ હિન હોવાને કારણે ક્ષુદ્ર બની રહ્યા અને ધનહીન પરંતુ ગુણોને કારણે વિશિષ્ટ ઋષિ શ્રેષ્ઠ જ રહ્યા. અતઃ ધનની અપેક્ષાએ ગુણોને જ વધારે મહત્વ આપવું જોઇએ. આ સન્દર્ભમાં નીતિમંજરીકાર કહે છે કે 'महत्वं धन तो नैव गुणतो वै महान् भवेत्। सीदज्ज्यायान वसिष्ठोऽभूद् मण्दूका धनिनिनोऽलपका:॥ ભુર્તુહરિ કહે છે- 'ऐश्वर्यस्यविभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो ज्ञानस्योपशमः श्रुतस्य विनयो वित्तस्य पात्रेव्ययः। अक्रोधस्तपसःक्षमावितुर्धर्मस्य निर्व्याजता सर्वेषामपि सर्वकारणमिदं शीलं परं भूषणम्॥ ઐશ્વર્યનું આભૂષણ સુજનતા, સૂરતાનું વાણી પર સંયમ, જ્ઞાનનું શાન્તિ, શાસ્ત્રજ્ઞાનનું નમ્રતા, ધનનું સત્પાત્રમાં દાન, તપસ્યાનું આભૂષણ ક્રોધનો અભાવ, સમર્થનું ક્ષમા, ધર્મનું આભૂષણ નિછ્છલતા છે. પરંતુ શીલ, અને સદાચાર તો બધાના કારણ સ્વરૂપ સર્વોત્કૃષ્ટ આભૂષણ છે.' (નીતિશતક/શ્લો-૮૩) આચાર્ય ચાણક્ય કહે છે. 'गुणाः सर्वत्र पूजयन्ते न महत्योऽपि सम्पदः। पूर्णेन्दः किं तथा वन्द्यो निष्कलङ्केण यथा कुशः॥ ગુણોની બધે જ પૂજા થાય છે પણ વિશાળ સંપત્તિની નહિ. શું કલંક-ગ્રહણ યુક્ત પૂર્ણ ચંદ્ર એ પ્રકારે વંદનીય થાય છે કે જે

પ્રકારે નિષ્કલંક બીજનો ચંદ્ર?' (ચા. નીતિ. ૧૬/૭) ગરૂડ પુરાણમાં શ્રીમન્નારાયણ કહે છે 'शीलं सर्वस्य भूषणम् શીલ બધાવનું ભૂષણ છે.' (ગરૂડ. ૧૧૩/૧૩) 'स जीवति गुणोयस्य धर्मो यस्य धर्मो यस्य स जीवति। गुण धर्मो विहीनो यो निष्फलं तस्य जीवनम्॥ તે જ માનવ વાસ્તવિક રીતે જીવે છે જેમાં ગુણધર્મો જીવિત રહે છે. જે ગુણ વિહિન છે તેનું જીવન નિષ્ફળ છે. (ગરૂડ. ૧૦૮/૧૭) ભર્તુહરિ કહે છે-'विपदिधैर्य मयाभ्युदये क्षमा सदपि वाक्पटुता युधिविक्रम:। यशसि चाभिरुचि तिर्व्यसनं श्रुतौ प्रकृति सिद्धमिदं हि महात्मनाम्॥ વિપત્તિમાં ધૈર્ય, અભ્યુદયમાં ક્ષમા, સભામાં વાક્પટુતા, યુધ્ધમાં પરાક્રમ કીર્તિમાં વિશેષઋચિ તથા વેદાધ્યયનમાં આસક્તિ આ મહાનુગુણ મહાપુરૂષોમાં સ્વભાવથી જ હોય છે (નીતિશતક-શ્લો-૬૩) આ પ્રમાણે જે માનવમાં ગુણો ઉત્કૃષ્ટ રૂપે પ્રકાશે છે તે મનુષ્ય ગગનતળમાં સૂર્યની જેમ પ્રકાશે છે. વેદોમાં પણ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરતા કહેવાયું છે 'विश्वानि देव सवितर्दुरितानि परासुव। यद्भद्रं तन्न आसुव॥ પરમાત્મા અમારા દુર્ગુણોને દૂર કરે અને સદ્ગુણોને અર્પણ કરે છે. (ય.જ. ૩૦/૩) (શ્લોક- ૧૨૫) હવે વિદુરજી અત્યધિક લજ્જાનો અનુભવ કરનારા મનુષ્યના પ્રભાવની વાત કરે છે.

શ્લો-૧૨૬ य: आत्मानाऽपत्रपते भश नर:।

स सर्वलोकस्य गुरुर्भवत्युत।

अनन्त तेजा: सुमना: समाहित:

स तेजसा सूर्य इवावभासते॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય સ્વયં જ અત્યધિક લજ્જાનો અનુભવ કરે છે તે પોતાના અસીમિત તેજ, શુધ્ધ હૃદય, એકાગ્રતાથી સમ્પન્ન થઇને સૂર્યની જેમ સુશોભિત થાય છે.

ચ.ટી. :- શ્રીમહાભારતના વનપર્વ અ. ૩૧૩ માં લજ્જાનો અર્થ કરતા મહારાજ યુધિષ્ઠિર યક્ષને કહે છે. 'લજ્જા એટલે અકર્તવ્યથી વિમુખ થવું અર્થાત્ અધર્મથી વિમુકત થવું' શ્રુતિ સ્મૃતિ આદી ગ્રંથોમાં જે કર્મ વિહિત છે જેને કરવાનો નિર્દેશ કરાયેલો છે તેજ કર્મ કરવા પરંતુ નિષિધ્ધ કર્મો ક્યારેય ન કરવા નિષિધ્ધ કર્મો કરવાથી સુખ પ્રાપ્ત થાય તો તે સુખ પણ પતનનું કારણ બને છે માટે પરિણામમાં દુઃખ રૂપ અને સુખની પ્રતિતિ આપવાવાળા કર્મોનો હંમેશા ત્યાગ કરવો જોઇએ. નિષિધ્ધ કર્મોમાં સુખ મનાય તો તે સુખ પણ અજ્ઞાનને કારણે જ છે. માટે જે પ્રતિફળ કર્મ છે તેનું આચરણ કરવું જ નહિ ભલે તે સુખદાયત કેમ ન હોય. કર્તવ્યકર્મ અને અકર્તવ્ય કર્મમાં શાસ્ત્રની મર્યાદા અને શાસ્ત્રનું પ્રમાણ જ સર્વોપરી છે. જેમ કે શાસ્ત્રોનો નિર્દેશ છે કે પર સ્ત્રી સંભોગ જનકાદિ સુખ અને વિષયેન્દ્રિય સંયોગ જન્ય બધા સુખ ક્ષણિક અને પતનકારી છે. અથઃ તે નિષિધ્ધ કર્મ છે, અનુક્ત છે છતા પણ સામાન્ય જન એને સુખકારી સમઝી પ્રવત્ત થાય છે અને પ્રવૃત્ત થનારાનું અવશ્ય પતન થાય છે.

આ સંબંધમાં ઋગ્વેદ (૧/૧૦૪/૫) માં આવતુ કુત્સ ઋષિનું ચરિત્ર અવલોકનિય છે. કુત્સનામના ઋષિને પરસ્ત્રીમાં સુખની પ્રતિતિ થઇ અને શાસ્ત્રનિષિધ્ધ કર્માચરણના પરિણામ સ્વરૂપે તે મહાન ઋષિ પણ અસ્પૃશ્ય થઇ ગયા એટલે માટે ક્યુ કર્મ સુખ રૂપ છે અને કયુ કર્મ દુઃખાનુંરૂપ છે તેમાં વેદાદિ શાસ્ત્રનો નિર્ણય જ સર્વોપરી છે સ્વયંની સુખાનું રૂપ અને દુઃખાનું રૂપ અનુભૂતિ મિથ્યા પણ થઇ શકે છે અતઃ શાસ્ત્રનું જ અવલંબન લેવું જોઇએ. ગીતાચાર્ય ભવાન શ્રીકૃષ્ણ શાસ્ત્ર મર્યાદાને સર્વોપરિ બતાવતા કહે છે. 'तस्माच्छास्त्रं प्रमाणं ते कार्या कार्यव्यवस्थितौ'

વેદ ભગવાનનો ત્યા સુધિ કહે છે કે, 'કલ્યાણકારી મનુષ્યે તો શ્રુતિ અને સ્મૃતિમાં કહેવાયેલા આચારનું જ પાલન કરવું જોઇએ તેનાથી જ તેને દવત્વની પ્રાપ્તિ થાય છે. તે મનુષ્ય હોવા છતાં દેવરૂપ જ છે.' તેનું આખ્યાન બતાવતા ઋગ્વેદ (૧/૧૦/૪) નો સ્પષ્ટ ઉદ્‌ઘોષ છે કે મહર્ષિ સુધન્વાના ત્રણ પુત્ર ઋભુ, યજવા અને વાજહતા તેઓ પોતે મનુષ્ય હોવા છતાં પોતના યજ્ઞાદિ વિહિત કર્માચરણથી સમ્પન્ન થઇને દેવાતાઓમાં પ્રતિષ્ઠિત થઇ ગયા માટે વદોક્ત સદાચારનો અતિ મહિમાં છે.

મનુષ્યમાત્રને સુખની અભિલાષા છે પણ સુખની પ્રાપ્તિ કેવળ ધર્માચરણથી જ થાય છે. અતઃ માનવે કોઇપણ પ્રકારે ધર્મનો ત્યાગ ક્યારેય ન કરવો. અધર્માચારી પાપિઓનો શીઘ્રનાશ થાય છે. ધર્માચરણથી કષ્ટને પ્રાપ્ત કરનાર મનુષ્યે ક્યારેય પણ અધર્મના મન ન લગાવવુ. વેદોનો સંદશ છે કે જો મનુષ્ય અધર્મમાં પ્રવૃત્ત થાય છે તો તેને માટે તૃણ પણ વ્રજ સમાન આયુધ બની વિનાશકારક બની જાય છે. વૈદિક ઋચા (૮/૧૪/૧૨) માં દૃષ્ટાંત આપીને બતાવાયુ છે કે પ્રાચિન કાળમાં ઇન્દ્રે દેવાસુર સંગ્રામમાં બધા અસુરોને જીતી લીધા. પરંતુ તેઓ નમુચિ દૈત્યને જીતવામાં સમર્થ ન થઇ શક્યા અને તેની સાથે યુધ્ધ કરતા ઇન્દ્રદેવ સ્વયં બંધનમાં પડી ગયા તે પછી નમુચિદૈત્યે દેવરાજ ઇન્દ્રને એક શર્ત પર મુક્ત કર્યા કે 'તે નમુચિન રાત્રિમાં ન દિવસમાં નભીની વસ્તુથી ન સૂકો વસ્તુથી તેને મારશે. આ શર્તનો દેવરાજ ઇન્દ્રે સ્વિકાર કર્યો. તદન્તર નમુચિ નામનો દૈત્ય અત્યંત અધર્મમાં પ્રવૃત્ત થયો એટલે ઇન્દ્રદેવે એક દિવસ સન્ધ્યા કાળના સમયે જળના ફેન (જે ફેન સુકુ પણ ન હતુ અને લીલું પણ ન હતુ તે ફેન) પોતાના વ્રજપર લગાવી તે વ્રદ્ધા નમુચિનું મસ્તક કાપી નાખુ. આ આખ્યાનથી એ વાત સ્પષ્ટ થાય છે કે જો નમુચિ દૈત્યે અધર્મમાં મનને લગાવ્યું તો

તેનું સામાન્ય ફેનથી પણ મૃત્યુ થયું. અતઃ કલ્યાણની કામની રાખનારા મનુષ્યે 'અધર્મા ચરણથી વિનાશ જ થશે.' એવું સમઝી ધર્મ જ આચરણ કરવું. નીતિ મંજરીકારણ પણ કહે છે. 'तृणं प्रजायते नृणामधर्मे धीर्यदा भवेत्। केनापि दृढ शक्रश्चिच्छेद नमुचे। शिर:॥' વાલ્મિકીજી કહે છે- 'धर्मो हि परमो लोके धर्मे सत्यं प्रतिष्ठितम् છે. સંસારમાં ધર્મ જ બધાથી શ્રેષ્ઠ છે ધર્મામાં જ સત્યની પ્રતિષ્ઠા છે. (વા. રામા. ૨/૨૧/૪૧) ભગવાન વેદ વ્યાસ કહે છે. 'धर्म मतिर्भवतु व: सततोत्थितानां स ह्येक एव परलोकगतस्य बन्धु:। अर्थास्त्रियश्च निपुणैरपि सेव्यामाना नैवाप्तभवमुप यान्ति न चस्थिरत्वम्॥ તમે લોકો હંમેશા સંસારીક આસક્તિઓથી ઉંચે ઉઠો અને તમારૂ મન હંમેશા ધર્મમાં જ લાગેલું રહે કારણ કે પરલોકમાં ગએલા જીવનો સહાયક અને મિત્ર એક માત્ર ધર્મ જ છે. ચતુર મનુષ્ય પણ ધન અને સ્ત્રીનું સેવન કરે જ છે પરંતુ તેઓ તેની શ્રેષ્ઠતાપર વિચાર કરતા નથી અને ન તો તેને ક્યારેય પણ સ્થિરિ માને છે.' (મહા.આદિ. ૨/૩૯૧) 'न जातु कामान्न भषान्न लोभाद् धर्मं त्येजज्जीवित स्यातिहेतो। नित्यो धर्म: सुखदु:खेत्यनित्ये जीवो नित्य हेतुरस्यत्व नित्य:॥ કામનાથી, ભયથી, લોભથી અથવા પ્રમાણ બચાવવા માટે પણ ધર્મનો ત્યાગ ન કરવો. ધર્મ નિત્ય છે અને સુખ દુઃખ અનિત્ય છ. તેજ પ્રમાણે જીવાત્મા નિત્ય છે અને તેના બન્ધનનો હેતુ અનિત્ય છે.' (મહા. સ્વર્ગા. ૫/૬૩) ગંગાપુત્ર ભીષ્મજી કહે છે. 'धर्मादि पेतंयत्कर्म यद्यपि स्वात्महाफलम। न तत्कुर्वीत मेघावी न तद्धितामिहोच्यते॥ ધર્મરહિત કામ લૌકિક દૃષ્ટિથી ભલે ઘણુ લાભકારી હોય પણ બુધ્ધિમાન પુરૂષે તેનું કાય ન કરે કારણ કે આ જગતમાં તે કાર્યને હિતકારી કહ્યું નથી. (મહા.શા. ૨૯૩/૮) વશિષ્ટ ઋષિ કહે છે. 'धर्मं चरत माऽधर्मं सत्यं वदत नानृतम्। दीर्घ पश्यतमां ह्रस्वं परं पश्यत माऽपरम् ॥ ધર્મનુ જ આચરણ

કરો, અધર્મનું નહિ. સદા સત્ય જ બોલો અસત્ય નહિ. દૂરદર્શી બનો ઉદાર બનો, સંકિર્ણ ન બનો જે પરાત્પર દીર્ઘ તત્ત્વ છે તેના પર જ સદા દૃષ્ટિ રાખો તેના સિવાય માયા પર અથવા બીજી કોઇ પણ વસ્તુ પર દૃષ્ટિ ન રાખો.' (વશિષ્ટ સ્મૃતિ-૩૦/૧) ભગવાન સ્વામિનારાયણ કહે છે. 'अपि भूरि फलं कर्म धर्मापेतं भवेद्यदि। आचार्यं तर्हि तन्नेव धर्मः सर्वार्थ दोऽस्ति हि॥ અને ઘણુ જે ફળ જેન વિષે એવું પણ જે કર્મ તે જો ધર્મ રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું કેમ જે ધર્મ છે તે જ સર્વ પુરૂષાર્થના આપનારો છે.' (શીક્ષા.શ્લો-૭૩) મનુ મહારાજ કહે છે- 'धर्मएव हतो हन्ति धर्मोरक्षिति रक्षितः। तेस्माद् धर्मो न हन्तव्यो मानो धर्मो हतो वधीत॥ ઉલ્લંઘન કરાયેલો ધર્મ જ વ્યક્તિને નષ્ટ કરી દે છે અને ધર્મપાલનથી રક્ષિત ધર્મ જ મનુષ્યને સુરક્ષિત રાખે છે. અતઃ નષ્ટ કરાએલો ધર્મ અમને નષ્ટ નહિ કરે એ ભાવથી ધર્મનો ત્યાગ ન કરવો.' (મનુસ્મૃતિ) 'धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः। तस्माद्धर्मो न हन्तव्योमानो धर्मो हतो वधीत्। જે મનુષ્ય ધર્મનુ ઉલ્લંઘન કરે છે તેને ધર્મ ક્યારેય ક્ષમા નથી કરતો તેનો સંપૂર્ણ નાશ કરી દે છે. પરંતુ જે ધર્મની રક્ષા કરે તેની ધર્મ પણ રક્ષા કરે છે.' (મનુ. ૮/૧૫) 'वेनो विनष्टोऽविनयान्नहषश्चैव पार्थिवः। सुदा पैजवनश्चैव समुखो निमिरेव च। पृथुस्तविनयाद्राज्यं प्राप्तवान मनुरेव च। कुबेरेश्च धनैश्चर्यं ब्राह्मण्यं चैव गाधिजः॥ પ્રાચિન કાળમાં રાજાવેન, સ્વર્ગમાં ઇન્દ્ર પદ પ્રાપ્ત કરનાર નહૂષ, વિજવનના પુત્ર સુદાસ, સુદાસનો પુત્ર સુમુખ અને નિમિ આદિ મોટામોટા રાજા મહારાજા ધર્મ નીતિના માર્ગથી ભ્રષ્ટ થઇને અધાર્મિક બની જવાને કારણે પતિત થઇ ગયા અર્થાત્ સર્વનાશને પ્રાપ્ત થઇ ગયા. પરંતુ રાજા પૃથુ, મહારાજા મનુ, કુબેર આદિ સત્યધર્મનું અનુષ્ઠાન કરવાવાળા હોવાથી અનેકદાસ દાસિઓ સહિત અતુલ ઐશ્વર્ય સંપન્ન થઇને રાજસિંહાસનને પ્રાપ્ત કરતા હતા. કુબેર ધનના સ્વામી

બન્યા. અતઃ મનુષ્યે ધર્મનો ત્યાગ ક્યારેય પણ ન કરવો.' (મનુસ્મૃતિ-૭/૪૧-૪૨) મહર્ષિ પરાશર પણ કહે છે. 'एहिकं तु सुखं यत्तद्यच्चाप्यमुष्मिकं सुखम्। धर्मेणैव तदाप्नोति धर्मभ्रष्ये विनश्यती॥ જે કાંઇ લૌકિક સુખ હોય કે પરલૌકિક સુખ તે બધુ ધર્મ પાળવાથી જ પ્રાપ્ત થાય છે. ધર્મભ્રષ્ટ મનુષ્યનો વિનાશ થાય છે. (પરાશરસ્મૃતિ)

આ સસન્દર્ભમાં મહાભારતમાં એક કથા આવે છે. પાંચ પાંડવોએ ભગવાન વેદવ્યાસજીની અનુમતિથો એ નિયમ લીધો કે 'જ્યારે એક ભાઇ દ્રૌપદી સાથે એકાન્તમાં બેઠો હોય ત્યારે અન્યએ ત્યાં ન જવું. અને જો કોઇ દ્રૌપદીનો એકાંતવાસ જોઇ લેશે તો તેણે તેના પ્રાયશ્ચિત અર્થે બાર વર્ષ માટે વનમાં જઇ વાસ કરવો' એક દિવસની વાત હતી કેટલાક લુટારૂઓ એક બ્રાહ્મણની ગાય લૂંટી પલાયન થઇ ગયા. બ્રાહ્મણે અર્જન પાસે આવી બધી વાત કરી. અર્જને તે બ્રાહ્મણને આશ્વાસન આપ્યુ. પરંતુ મશ્કેલી એ હતી કે જે ઘરમાં અર્જનના અસ્ત્ર શસ્ત્ર હતા તે ઘરમાં યુધિષ્ટિર મહારાજ દ્રૌપદી સાથે એકાંતમાં બેઠા હતા. અર્જને બ્રાહ્મણના ગોધનની અને યુધિષ્ઠિરના રાજધર્મની રક્ષા માટે ઘરમાં જઇને અસ્ત્રશસ્ત્ર લાવવાનું યોગ્ય સમજયું અને ઘરમાં જઇને અસ્ત્ર શસ્ત્ર લઇ આવ્યા અને બ્રાહ્મણના ગોધનને તેઓ લૂટારૂઓને મારી છોડાવી લાવ્યા.

તદન્તર પ્રાતઃકાળ અર્જનજી મહારાજા યુધિષ્ઠિર પાસે આવ્યા અને તેમના પ્રત્યે બોલ્યા 'મહારાજ! એકાન્તમાં તમો જ્યારે પાંચાલી સાથે બિરાજમાન હતા ત્યારે અમોએ પ્રવશ કરી નિયમ ભંગ કરેલો છે તો કરાયેલી પ્રતિજ્ઞા પ્રમાણે અમોને બાર વર્ષ માટે વનમાં રહેવાની આજ્ઞા આપો.' અર્જનજીની વાત સાંભળી યુધિષ્ઠિર મહારાજ અર્જનજી પ્રત્યે બોલ્યા. ''અર્જન! તે તો મારો રાજધર્મ બચાવેલો છે અને બ્રાહ્મણની ગાયની રક્ષા કરી તે તો તારા ધર્મની રક્ષા કરી છે.

આનાથી અમોને સહેજ પણ દુઃખ થયું નથી વળી મોટાભાઇ પોતાની પત્ની સાથે બેઠા હોય અને ત્યાં નાના ભાઇને જવામાં અપરાધ નથી. હા મોટાભાઇએ નાના ભાઇના એકાંત વાસમાં ન જવું એ ધર્મ છે માટે તારો ધર્મ લોપાયો નથી અને મારૂ અપમાન પણ થયું નથી. અતઃ તુ બાર વર્ષ માટે વનમાં જવાના વિચારનો ત્યાગ કર.''

મોટા ભાઇની વાત શ્રવણ કરી અર્જનજી બોલ્યા ''હે પ્રભુ! આપની જ તો સમ્મતિ છે કે ધર્મના પાલનમાં કંઇપણ બાહનુ ન બતાવવું તો અમો કયું બાહનું બનાવી ધર્મનો ત્યાગ કરીએ. કોઇપણ યુક્તિથી અમો અમારી સત્યપ્રતિજ્ઞાનો ભંગ ન કરશું.'' આ પ્રમાણે કહી અર્જનજી બાર વર્ષ માટે વનમાં જતા રહ્યા. (મહા.આદી) માટે જે મનુષ્ય ધર્મનું આચરણ કરી અધર્મથી દૂર રહે છે તે મનુષ્યની કીર્તિ યાવવત્તચંદ્ર દિવાકર સ્થિર રહે છે માટે હંમેશા ધર્મનું પાલન કરવું. (શ્લોક-૧૨૬) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને પાંડવો સાથે તેઓએ કરેલો વ્યવહાર યાદ અપાવે છે-

<u>શ્લો-૧૨૭</u> वने जाता: शापदग्धस्य राज्ञ: ।

पाण्डो: पुत्रा पञ्जेन्द्र कल्पा: ।

त्वयैव बाला वर्धिता: शिक्षिताश्च

तवादेशं पालयन्त्याम्बिकेय ॥

<u>શ્લોકાર્થ :-</u> હે ધૃતરાષ્ટ્ર! શાપથી બળી ગયેલા રાજા પાંડુના પાંચ પુત્ર પાંચ ઇન્દ્રના સમાન વનમાં ઉત્પન્ન થયેલા છે તેમજ તેઓને પાળી પોશી મોટા કરેલા છે તેઓ તમારી આજ્ઞાનું પાલન કરે છે.

<u>ચ.ટી. :-</u> નનુ 'રાજા પાંડુ શાપથી બળી ગયા?' એક સમયે રાજા પાંડુ વનમાં વિહાર કરવા ગયા હતા અને વિહાર દરમ્યાન શિકાર કરવામાં પ્રવૃત્ત થયા.

શિકાર કરવા ગયેલા તેઓએ વનમાં એક મૃગના જોડકાને જોયું. તે બન્ને પરસ્પર મૈથુન કરી રહ્યા હતા તેને જોતાં જ રાજા પાંડુએ તે બંને મૃગ અને મૃગીને પાંચ સુંદરબાણોથી વિંધી નાખ્યા. તેઓ મૃગ ન હતા પણ મૃગના રૂપમાં તપોધન ઋષિ મુનિ કિંડમ અને તેઓની ભાર્યા હતા. મનુષ્યના રૂપમાં ગર્ભધાન સંસ્કાર કરવામાં લજ્જાનો અનુભવ કરતા હોય તેઓ બન્ને મૃગનું રૂપ ધારણ કરી પરસ્પર સમાગમમાં પ્રવૃત્ત થયા હતા. તેઓ આજ અવસ્થામાં મહારાજા પાંડુ દ્વારા બાણથી વિંધાઇ ગયા અને બાણ વાગવાથી આક્રંદ કરી રહ્યા હતા. રાજા પાંડુએ જોયું કે આ બે મૃગ નથી પણ મહર્ષિ કિંદમ છે તેઓ પોતાના કૃત્ય પર અપાર પશ્ચાતાપ કરવા લાગ્યા. તેઓએ ઋષિને અનુનય વિનંતિ કરી પોતાના અપરાધ બદલ ક્ષમા યાચના કરી પરંતુ ઋષિ કિદમ મરતા મરતા રાજા પાંડુને શાપ આપતા બોલ્યા કે, 'રાજન! જેમ અમો બન્ન મૈથુન ક્રિયા કરતા મૃત્યુ પામીએ છીએ તેમ તમો પણ મૈથુનમાં આસક્ત થઇ સ્ત્રીનો સ્પર્શ કરતા જ મૃત્યુના શરણને પામશો.' આ પ્રમાણેનો શાપ આપી ઋષિ કિંદમ અત્યંત દુઃખથી પીડાયને બ્રહ્મલોક માં ગયા.

તદન્તર શાપથી દગ્ધ હ્દયવાળા પાંડુ દુઃખી અવસ્થા વાળા પોતાની ભાર્યાઓને લઇ હસ્તિનાપુર આવ્યા અને ઘટેલી બધી ઘટના તેઓએ પોતાના સંબંધિ એવા ગંગાપુત્ર ભીષ્મ આદિને કહી અને તે પછી સમસ્ત રાજપાટનો ત્યાગ કરી પોતાના સ્થાન પર પ્રજ્ઞાચક્ષુ એવા જયેષ્ઠ ભ્રાતા ધૃતરાષ્ટ્રનો હસ્તિનાપુર ના સિંહાસન પર અભિષેક કરો વાનપ્રસ્થાશ્રમને ગ્રહણ કરી પોતાની બન્ને ભાર્યા દેવી કુંતી અને માદ્રીને સાથે લઇ રાજા પાંડુ ગન્ધ માદન પર્વત પર આવ્યા અને પોતાના મનને તેઓ તપસ્યામાં લગાવતા હતા.

વાનપ્રસ્થાશ્રમમાં પણ રાજા પાંડુને એક વાતનું દુઃખ હંમેશા સતાવતુ રહેતુ કે 'પોતે પોતાના કર્મને લઇને સંતાન ઉત્પન્ન ન કરી શકશે' પોતાના સ્વામીને આ પ્રમાણે દુઃખી થએલા જોઇ દેવી કુંતી એક દિવસ પાંડુ પત્યે બોલી 'સ્વામી! મહર્ષિ દુર્વાસાની કૃપાથી તેઓએ અમને એક એવો મંત્ર આપેલો છે કે જેના ઉચ્ચારણથી જે દેવતાનું અમો અમારી પાસે આહવાન કરીએ તે તુરંત આવી અમોને એક પુત્ર પ્રદાન કરશે.' પોતાની ભાર્યાની વાત સાંભળી પાંડુરાજા પ્રસન્ન થયા અને તેઓએ દેવી કુંતીને મંત્રનો પ્રયોગ કરી ધર્મરાજનું આવાહન કરવા જણાવ્યું. ધર્મરાજાનું આવાહન કરતા ધર્મ શીઘ્ર કુંતીદેવી પાસે પ્રગટ થયા અને તેઓએ દેવી કુંતીને પોતા સમાન એક પુત્ર પ્રદાન કર્યો ધર્મ રાજાએ અર્પણ કરેલ પુત્રનું નામ પાંડુએ 'યુધિષ્ઠિર' રાખ્યુ અને તે પછી દેવી કુંતિએ મરૂતદેવનું આવાહન કર્યુ અને તેઓએ પ્રગટ થઇ તેઓને એક પુત્ર પ્રદાન કર્યો જેનું નામ 'ભીમસેન' રાખ્યુ અને તે પછી કુંતીદેવીએ ઇન્દ્રદેવનું આવાહન કર્યુ તો તેઓએ પણ પ્રગટ થઇ કુંતીદેવીને પોતાના સમાન એક પુત્ર પ્રદાન કર્યો. જેનું નામ 'અર્જન' રાખ્યું.

તદન્તર કુંતી દેવીએ તે મંત્ર પોતાની સૌત માદ્રીને શિખવાડયો અને માદ્રીએ એ મંત્ર દ્વારા અશ્વિનિ કુમારોનું આવાહન કર્યુ. એટલે તેઓ બન્નેએ પ્રગટ થઇ માદ્રી દેવીને બે પુત્રો પ્રદાન કર્યા જેનું નામ નકુળ અને સહદેવ રાખ્યું. આ તરફ દિવસો મહિના વર્ષો વિતવા લાગ્યા. પાંડવો ધીરે ધીરે મોટા થવા લાગ્યા. તેવા સમયમાં એક દુઃખ પૂર્ણ ઘટના ઘટી. એક દિવસ મહારાજા પાંડુ અને માદ્રી વનમાં એકાન્તમાં વિચરણ કરતા હતા તે સમયે માદ્રીએ સુંદર વસ્ત્ર ધારણ કરેલા હતા. તે યુવાવસ્થાથી યુક્ત હતી. તેણે પોતાના શરીર પર અત્યંત સુંદર અને જીણીસાડી પહેરેલી હતી. તેમાંથી તેના અંગો સ્પષ્ટ રીતે દેખાતા હતા

તેના અંગ પ્રત્યંગોને જોઇ પાંડુરાજાના મનમાં દબાયેલી કામવાસના દાવાગ્નિની જેમ પ્રજ્વલિત થઇ ગઇ મહારાજા પાંડુ પોતાના કામના વેગને રોકી ન શક્યા તેઓ પર કામદેવ સવાર થઇ ગયા અતઃ એકાન્તમાં પોતાની સાથે રહેલી માદ્રીને પાંડુરાજાએ કામભાવથી બળપૂર્વક પકડી લીધી. દેવી માદ્રી રાજાની પકડમાંથી છટવા માટે વારંવાર ચેષ્ટા કરવા લાગો. પરંતુ તે સફળ ન થઇ. પાંડુ એ વાત પણ ભૂલી ગયા કે પોતાને મહર્ષિ કિંડમનો શાપ છે તેઓ ભાવ પૂર્વક માદ્રીને પકડી તેની સાથે મૈથુનમાં પ્રવૃત્ત થયા પણ તેજ સમયમાં મહર્ષિ કિંડમના શાપથી દગ્ધ થએલા તઓ કાળના ગળામાં ડૂબી ગયા. પોતાના ભર્તાને પરલોકવાસી થયેલા જોઇ માદ્રી રાજાના શબને લીપટી વારંવાર રૂડન કરવા લાગો. એવા સમયમાં કુંતાજી પણ પોતાના પાંચેય બાળકોને લઇને ત્યાં આવી પહોચ્યા. તેઓએ જોયું પાંડુરાજા પરલોક સિધારી ગયા તેઓ પણ પાંડુના શબને વળગી ખૂબ કલ્પાન કરવા લાગ્યા. તપોવનમાં રહેતા બધા ઋષિમુનિઓ પણ ભેગા થઇ ગયા તેઓએ બધાને શાંતવાના આપી અને પાંડુના જયેષ્ઠ પુત્ર પાસે તેઓની ઉત્તરક્રિયા કરાવી. દેવી માદ્રીએ પાંડુની સાથે સહગમન કર્યુ.

તદન્તર બધા ઋષિઓ ભેગા થઇ માતા કુંતિ અને તેના પુત્રોને લઇ હસ્તિનાપુર આવ્યા અને ત્યાં આવી તેઓએ કુરૂકુળના વૃધ્ધ એવા ભીષ્મ, વિદૂર અને ધૃતરાષ્ટ્ર ને બધી વાત કરી અને મહારાજ પાંડુના પાંચેય પુત્રોને સુપ્રત કર્યા. રાજા ધૃતરાષ્ટ્ર તથા કુરૂકુળના વૃધ્ધો અચાનક પાંડુના પરલોકથી ઘણા દુઃખી થયા. તેઓએ પાંડવો તથા કુંતીને પોતાના મહેલમાં આશરો આપ્યો અને ધૃતરાષ્ટ્રે જ પાંડવોની ઉચિત શીક્ષા દીક્ષાનો પ્રારંભ કરી તેઓનું લાલન પાલન કર્યુ. (મહા. આદી પર્વ અ ૧૧૬ થી ૧૨૪)

વિદૂરજી ધૃતરાષ્ટ્રને સમજાવતા કહે છે મહારાજ! પાંડવો હંમેશા તમારી આજ્ઞાનું પાલન કરવા તત્પર રહે છે. તેઓ જાણતા હતા કે ધુતક્રિડામાં પ્રવૃત્ત થવાથી અમારૂ બધુ સમાપ્ત થઇ જસ છતા કવલ તમારી આજ્ઞાનું પાલન કરવા તેઓ ધુતક્રિડામાં પ્રવૃત્ત થયા અને પોતાનું સર્વસ્વ હારી ગયા. તેઓ હજપણ તમારી આજ્ઞામાં તત્પર છે આપ તેઓને જે પણ કંઇ ધર્મમય આજ્ઞા કરશો તેનું તેઓ અવશ્ય પાલન કરશે. (શ્લોક-૧૨૭) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને ભારપૂર્વક પાંડવોનું રાજ્ય આપી દવા સમઝાવે છે -

શ્લો-૧૨૮ प्रदायैतेषामुचितं तातराज्यं सुखी पुत्रैः सहितो मोदमानः ।

न देवतां नापि च मानुषाणां भविष्यसित्वं तर्कबीयोनरेन्द्र ॥

इतिमहाभारते उद्योगपर्वणि प्रजागर पर्वणि व्रिदुरनीति वाक्ये प्रथमो ध्यायः(१)

શ્લોકાર્થ :- હે રાજા ધૃતરાષ્ટ્ર! તેઓનું રાજ્ય તેમને આપી તમો તમારા પુત્રો સાથે સુખી થાવ એવું કરવાથી તમો ન દેવોમાં કે ન મનુષ્યમાં નિંદાને પાત્ર થશો. આ પ્રમાણે મહાભારતના ઉધોગ પર્વમાં આવેલ પ્રજાગર પર્વ અન્તર્ગત વિદૂરનીતિ વાક્યમાં પ્રથમાધ્યાય પૂર્ણ.

ચ.ટી. :- મહાભારતના ઉધોગપર્વ અન્તર્ગત પ્રજાગરપર્વમાં વિદૂર અને ધૃતરાષ્ટ્રના સંવાદનો આ તેવિસમા અધ્યાય છે. આમા વિદુરજીએ નીતિ, રીતી અને વ્યવહાર અનુકૂળ વચનો દ્વારા ધૃતરાષ્ટ્રને સમજાવી તેઓએ જે અન્યાય દ્વારા પાંડવોનું રાજ્ય હડપ કરી લીધુ છે તેને પાછ અપાવવા માંગે છે. અતઃ આમાં આ બધાનું સુંદર અને મનોહર નિરૂપણ કરાયેલ છે. (શ્લો-૧૨૮).

આ પ્રમાણે વિ. વેદાન્ત પુરણેતિહાચાર્ય શાસ્ત્રી રાકેશ કૃત મહાભારતના ઉધોગ પર્વ અન્તરગત પ્રજાગરપર્વમાં આવેલ વિદૂર નીતિના પ્રથમાધ્યાની ચંદ્રવલી ટીકા પૂર્ણ થાય છે.

-: દ્વિતિય અધ્યાય સાર :-

દ્વિતિયાધ્યાયમાં ધૃતરાષ્ટ્રનો પુનઃ પ્રશ્ન તથા આજ પ્રસંગમાં કર્ત્તવ્યાકર્ત્તવ્યના વિવેચન સમ્બન્ધિ પ્રશ્ન છે, અને તે પછી મહાત્મા વિદુરજી સર્વ સાધારણ ઉપયોગી સુંદર નીતિનું વિવેચન કરે છે. પુનઃ ધૃતરાષ્ટ્ર વિદુરજીને પોતાની બુધ્ધિ સન્માર્ગ પર સ્થિત થાય એટલે માટે હિતનો ઉપદેશ આપવા જણાવે છે-

(૧૭) વાણી જ સુખને દુઃખ કર્તા છે :-

શ્લો-૧ :- धृतराष्ट्र उवाच :- जाग्रतो दह्यमानस्य यत्कार्यमनुपश्यति।

तदब्रूहित्वं हि नस्तात धर्मार्थ कुशलो ह्यसि॥

શ્લોકાર્થ :- ધૃતરાષ્ટ્ર બોલ્યા- હે ભાઇ! તમો નિશ્ચેજ અમારા કુળમાં ધર્મ, અર્થ અને કામને જાણનારા છો એટલે ચિંતાથી સળગતા રહેતા એવો અમને જાગૃત કરવા યોગ્ય કર્મ બતાવો.

ચ.ટી :- મહાભારતના સમસ્ત પાત્રોમાં વિદૂરજી પરમજ્ઞાનિ તથા ભગવાન શ્રીકૃષ્ણના પરમપ્રેમી ભક્ત છે. તેઓ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ ધર્મ તત્ત્વને જાણનારા અને ધર્મનો ઉચિત નિર્ણય કરવામાં તત્પર હતા. એટલે માટે સર્વ પ્રકારે અંધ એવા ધૃતરાષ્ટ્ર વિદુરજીને પોતાના હિત માટે પુછે છ કારણ કે ધર્માર્થને જાણનારાઓ જ યોગ્ય માર્ગનો ઉપદેશ આપી શકે છે. (શ્લોક-૧)

શ્લો-૨ :- त्वं मा यथावत् विदुर प्रशाधि

प्रज्ञापूर्वं सर्वमजात शत्रोः।

यन्मन्मसे पृथ्यमदीन सत्वं

श्रेयस्करं ब्रूहि तद्व करुणाम्॥

<u>શ્લોકાર્થ :-</u> હે વિદુર! તમો તમારી બુધ્ધિથી યથાર્થ વિચારીને અમોને ઉપદેશ આપો. જે વાત યુધિષ્ઠિર માટે હિતકારી તથા કૌરવોને માટે શ્રેયસ્કર સમજો તે અવશ્ય અમોને બતાવો.

<u>ચ.ટી :-</u> પોતાના ધર્મનિષ્ઠ ભાઇ અને મિત્રનું વચન અવશ્ય કરણીય અને ગ્રાહ્ય હોય છે. આ સ્થિતિમાં વિદુરજી ધૃતરાષ્ટ્રના ભાઇ તો છે જ પણ સાથે સાથે તેમનું હિત થાય એટલે માટે તેઓને ઉપદેશ આપનારા મિત્ર પણ છે એટલે માટે ઉપદેશની આકાંક્ષા રાખવો ઉચિત જ જાણ પડે છે. (શ્લો-૨)

<u>શ્લો-૩:-</u> पाराशङ्की पापमेवानुपश्यन्

पृच्छामि त्वां व्याकुलेनात्मनाहम् ॥

कवे तन्वे ब्रूहि सर्वं यथावन्

मनीषितं सर्वमजातशत्रो: ॥

<u>શ્લોકાર્થ :-</u> હે મનીષી વિદુર! પાપની આકાંક્ષાવાળો હું સર્વત્ર અનિષ્ટ જ જોવ છ. અતઃ વ્યાકુળ ચિત્તવાળા અમો તમોને પુછિઅ છીએ કે યુધિષ્ટિરના અભિપ્રાયને યથાવત બતાવો.

<u>ચ.ટી. :-</u> અહીં ધૃતરાષ્ટ્રનું બોલવું યથાર્થ છે તેણે પોતાના જીવનમાં એવા કૃત્યો કરેલા છે કે જેનાં પરિણામ સ્વરૂપ તે સર્વ સ્થાનમાં પોતાનું અનિષ્ટ જ જએ છે કારણ કે તેના કુબુધ્ધિ પુત્રોએ પાંડવોનું જે અનિષ્ટ કરેલું હતુ તેમાં ધૃતરાષ્ટ્રની મુકસંમત્તિ હતી જ હવે તેઓનો અનુકૂળ સમય પૂર્ણ થઇ ચૂકેલો છે અને પાંડવોના અનુકૂળ સમયનો પ્રારંભ થઇ ચૂકેલો છે આજે ધર્મના કવચ એવા ભગવાન શ્રીકૃષ્ણની તેઓને પૂર્ણ સહાય કરી હતી. આમ પોતાના પુત્રો અને તેના સહાયકોના વિનાશનો સમય સમિપ આવી ચૂકેલો હોય ધૃતરાષ્ટ્ર વ્યાકળ ચિત્તવાળા થઇ ગયા છે તેઓ રાત્રિએ સુખ પૂર્વક નિદ્રા પણ લઇ શકતો ન

હોવાથો તેઓએ વિદુરજી જેવા પરમ જ્ઞાનિને પોતાની પાસે બોલાવી અજાત શત્રુ '(न जातः शत्रुर्यस्य तस्य) યુધિષ્ઠિરનો સમસ્ત અભિપ્રાય જવણાવવા કહ્યુ (શ્લોક-૩) ધૃતરાષ્ટ્રના કહેવાથી વિદુરજી તેઓને તેમના હિતની વાત કહેતા બોલ્યા.

શ્લો-૪:- विदर उवाच :-

शुभं वा यदि वा पापं द्वष्यं वा यदि प्रियम्।

अपृष्टस्तस्य तद् ब्रूयाद यस्य नेच्छेत्पभवम्।

શ્લોકાર્થ :- વિદુરજી બોલ્યાઃ મનુષ્ય જેનો પરાજય ઇચ્છે એને પણ પુછતા શુભ-અશુભ પ્રિય અને અપ્રિય એવી દ્વેષની વાત બતાવવી.

ચ.ટી. :- 'ना पृष्टः कस्यचिद् ब्रूयात्' અર્થાત્ વગર પુછ્યે કંઇ ન કહેવું પરંતુમહાત્મા વિદુર કહે છે કે પ્રિય ઇચ્છાવાળા મનુષ્ય માટે આ બાધિત નથી તેણે વગર પુછ્યે પણ લાભહાની પ્રિય અપ્રિય બધુ જ બતાવવું જોઇએ મહર્ષિ વાલ્મિકીજી કહે છે 'सुलभाः पुरुषा राजन् सततं प्रियवादिनः। अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता चदुर्लभः॥ રાજન્! સદા પ્રિય લાગવાવાળી મધુરવાળી કહેનારાઓ તો સુગમતાથી મળે છે. પરંતુ જે સાંભળવામાં અપ્રિય પણ પરિણામમાં હિતકર હોય એવી વાત કહેવાવાળા અને સાંભળવાવાળા દુર્લભ હોય છે. ' ये वृद्धवाक्यानि समाचरनि, श्रुत्वा दुरुवत्यान्यपि पूर्वतस्तु। स्निग्धानि पश्चान्नवनीतशद्वा, मोदन्ति त नात्र विचारमस्ति॥ आपद भुजंगदष्टस्य मन्त्र हीनस्य सर्वदा। वृद्धावाक्यौषधानूनं कुर्वन्ति किलनिर्विषम्। बृद्धवाक्यमृतं पीत्वा तदुक्त मनुमानत्य च। या तृप्तिजायते पुंसां सोमपाने कृतस्तया॥ પર્વમાં કઠોર પૂર્વક કહેવાયેલા અને પછી નવનીત સમાન સ્નિગ્ધ અને શધ્ધ વૃધ્ધ વાક્યોને શ્રવણ કરીને તે પ્રમાણે આચરણ કરવાવાળો નિઃસન્દેહ આનંદ પ્રાપ્ત કરે છે વૃધ્ધ વાક્ય રૂપ ઔષધિ આપત્તી રૂપી સર્પથી દંશિત મન્ત્રહીન પુરૂષોને વિષહીન બનાવી દે છે વૃધ્ધ વચન રૂપી અમૃતને પીવાથી તથા

તેઓના કહેવા પ્રમાણે આચરણ કરવાથી મનુષ્યને જે તૃપ્તિ થાય છે તેવી તૃપ્તિ સોમરસના પાન કરવાથી પણ મળતી નથી. (વામન- ૯૪/૬૫ થી ૬૭) ગોસ્વામી તુલસીદાસજી પણ કહે છે ‘વચન પરમ હિત સુનત કઠોરે, સુનહિ જે જહહિં તે નરપ્રભુ થોરે ॥ પ્રથમ બસોઠ પઠઉ સુનુનીતિ....॥ સાંભળવામાં કઠોર પરંતુ પરિણામમાં પરમહિતકારી વચન જે સાંભળનાર અને કહેનારા મનુષ્ય બહુ ઓછા હોય છે.’ (રામ.માન/લંબા/૯/૯ થી ૧૦)

આ સન્દર્ભમાં વાલ્મિકી રામાયણમાં આવતુ વિભિષણજીના જીવનનું એક ચરિત્ર અવલોકનીય છે. રાક્ષસ રાજ રાવણ ભગવાન શ્રીરામ અને લક્ષ્મણજી અનુપસ્થિતિમાં માતા સીતાનું અપહરણ કરી તેઓને લંકા લઇ આવ્યો. ત્યારે રાવણના અત્યંત હિતેચ્છ એવા વિભિષણજી તેઓને ઉદ્દેશોને બોલ્યા ‘રાજન! સીતાનામધારી વિશાલકાય મહાન સર્પને કોણે તમારા ગળામાં બાંધી દીધો. તેના હ્દયનો ભાગ જ તે સર્પનું શરીર છે, ચિંતા જ વિષ છે, સુંદર હસવું તેની તીખી ડાઢ છે અને પ્રત્યેક હાથની પાંચ આંગળી જ તેના પાંચ મસક છે. જ્યાં સુધી પર્વત શિખર સમાન ઉંચા વાનર જેના દાંતઅને નખ જ આયુધ છે લંકા પર ચઢાઇ નથી કરતા ત્યાં સુધીમાં તમો મિથિલેશ કુમારી સીતાને રામને સોંપી દો. જ્યાં સુધી રામચંદ્રના ચલાવેલા બાણ રાક્ષસ શિરોમણીઓના મસ્તક ન કાપે ત્યાં સુધીમાં તમો સીતા રામના હાથમાં સોંપી દો, રાજન! કુમ્ભકરણ, ઇન્દ્રજીત, મહાપાર્શ્વ, મહોદર, નિકુમ્ભ, કુમ્ભ અને અતિકાય કોઇપણ સમારંગણમાં શ્રી રઘુનાથજીની સામે ઉભો નહી રહી શકશે. જો સૂર્ય અથવા વાયુપણ તમારી રક્ષા કરે, ઇન્દ્ર અને યમ પણ તમોને તેઓની ગોદમાં સંતાદી દે અથવા તમો પાતાળમાં અથવા આકાશમાં સંતાઇ જાવ તોપણ શ્રીરામના હાથથો તમો જીવિત નહિ રહી શકશો.’’

આ પ્રમાણે વિભિષણની વાત સાંભળી પ્રહસ્ત બોલ્યો ''અમો દેવતાઓ અને દાનવોથો પણ નથી ડરતા ભય શુ વસ્તુ છે તે અમો જાણતા નથી અમોને યુધ્ધમાં યક્ષો કે ગંધર્વો, મોટા મોટા નાગો, પક્ષીઓ અને સર્પોથી પણ ભય નથી તો સમારંગણમાં એક મનુષ્ય એવા રાજકુમાર રામથી ભય કેમ થાય?''

વિભિષણ રાક્ષસ રાજ રાવણના સાચા હિતેષિ હતા તેઓની બુધ્ધિ ધર્મ અને કામમાં સારી રીતે પ્રવેશેલી હતી. તેઓ પ્રહસ્તાનાં અહિતકર વચન સાંભળી બોલ્યા ''પ્રહસ્ત! મહારાજ રાવણ, મહોદર, તુઅને કુંભકર્ણ રામ પ્રત્યે જે પણ કંઇ બંકવાદ કરી રહ્યા છો તે બધી તમારા કહેવાથી નહિ થશે. પ્રહસ્ત શ્રીરામ અર્થ વિશારદ છે. બધા જ કાર્યમા કુશળ છે. જેમ વગર જહાજ અથવા નૌકા વગર કોઇ મહાસાગર ને પાર કરી શકતો નથી. તેજ પ્રમાણે મારાથી, તારાથો અથવા સમસ્ત રાક્ષસોથી પણ રામનો વધ થવાનો સંભવ નથી. શ્રી રામધર્મને જ પ્રધાન વસ્તુ માને છે. તેઓનું પ્રાગટ્ય ઇશ્વાકુળમાં થયેલું છે તેઓ બધા કાર્ય કરવામાં સમર્થ અને મહાવીર છે. તેઓએ વિરાધ, કબન્દ અને વાલી જેવાને જણ રાવણને પરાસ્ત કરેલો છે તેવાને પણ યમલોક પહોંચાડી દીધા છે તો તારી ક્યાં વાત? પ્રહસ્ત હજ રામે ચલાવેલા દુર્જય અને તીખા બાણથી તારૂ શરીર વિદિર્ણ થયું નથી એટલે તું મોટે મોટેથી વાત કરે છે. પ્રહસ્ત શ્રીરામના વજની સમાન વેગવાળા બાણો છે તે પ્રાણોને અન્ત કરીને જ છોડે છે. શ્રી રઘુનાથજીના બાણો તારા શરીરને વીંધીને અંદર નથી ગયા એટલે તુ આમ અહંકારથી બોલે છે. રાવણ, મહાબલી, ત્રિશરા, કુંભકર્ણનો પુત્ર નિકુંભ તથા મેઘનાદ પણ સમારાંગણમાં ઇન્દ્ર જેવા રામનો વેગ સહન કરવા શક્તિમાન થશે નહિ. તથા દેવાન્તક, નરાન્તક, અતિકાય, મહાકાય, અતિરથ તથા પર્વત સમાન શક્તિસાળી અકમ્પન પણ યુદ્ધ ભૂમિમાં રઘુનાથની સન્મુખ ટકી શકશે નહિ.

વળી મહારાજ રાવણનો વાણી અને દંડની કઠોરતા, ધનની અપવ્યયતા, મદ્યપાન, સ્ત્રી, મૃગયા અને દ્યુત આ સાતેય વ્યસનોને વશીભૂત છે એટલે તેઓ વિચારીને કોઇપણ કાર્ય કરતા નથી એ સિવાય તેઓ સ્વભાવથી પણ કઠોર છે તથા રાક્ષસોના સર્વનાથ માટે જ તમારા જેવા શત્રુ તુલ્ય મિત્રની સેવામાં ઉપસ્થિત છે. અનંત શારીરિક બલથી સંપન્ન, સહસ્ર ફણાવાળા અને મહાબલશાલી ભયંકર નાગે આ રાજાને બળ પૂર્વક પોતાના શરીરમાં આવેષ્ટિત કરી દીધુ છે. તમો બધા જ એમને આ બંધનમાંથી બહાર કાઢી તેના પ્રાણ બચાવો. (અર્થાત્ રામચંદ્રજી સાથે વેર બાંધવું મહા સર્પથી આવિષ્ટ થવા સમાન છે) આ રાજાએ અત્યાર સુધિમાં તમારી બધી કામના પૂર્ણ કરી છે, તમે બધા તેઓનું હિત ઇચ્છનારા છો અતઃ જેવી રીતે ભયંકર બલશાલી ભૂતોથી ઘેરાયેલા પુરુષને તેમના આત્મીય જન તેની બતાલ રક્ષા કરે છે તે પ્રમાણે તમો બધા પણ એક મત થઇને અને આવશ્યકતા પડે તો આના વાળ પકડીને પણ તેને અનુચિત માર્ગ પર જતા રોકો. ઉત્તમ ચરિત્ર રૂપી જળથી પરિપૂર્ણ શ્રી રઘુનાથજી રૂપી સમુદ્ર આને ડૂબાડી ન દે. આવી દશામાં તમારે બધાએ મળીને આનો ઉધ્ધાર કરવો જોઇએ. અમો તો રાક્ષસો સહિત આ સમસ્ત નગરના તથા સહૃદો સહિત સ્વયં મહારાજના હિતને માટે પોતાની આજ પ્રમાણેની સહમતી આપીએ છીએ કે આ રાજા રાવણ શ્રીરામને સીતાજીને સોંપી દે. વાસ્તવમાં સાચો મંત્રી એ જ છે કે જે પોતાના અને શત્રુ પક્ષના બલપરાક્રમને સમઝીને તથા બંને પક્ષોની સ્થિતિ હાનિ અને વૃધ્ધિનો પોતાની બુધ્ધિ દ્વારા વિચાર કરીને સ્વામીના હિતને માટે હિતકારી વાત કહે''

રાવણના મસ્તક પર મૃત્યુ આવીને ભમતુ રહુ. તેથી તેણે ધર્મ યુક્ત વાત કહેનારા વિભિષણને કઠોરવાણીમાં ક્રોધિત થઇને કહ્યુ અમોને અગ્નિ, શસ્ત્ર,

પાશ આદિકનો ભય નથી પણ અમારે માટે તો પોતાના આર્થી ભાઇઓ જ ભયાનક અને આફતની વસ્તુ છે. તુ જ અમારો બધો ભેદ ખોલી દેશે. અતઃ બધા ભયોની અપેક્ષાએ અમને પોતાના જાતિ ભાઇઓથી પ્રાપ્ત દાવાવાળો ભય જ સૌથી વધારે કષ્ટદાયક છે. જેમ ગાયોમાં હવ્ય કવ્ય ની સંપત્તિ દૂધ હોય છે. સ્ત્રિઓમાં ચપળતા હોય છે બ્રાહ્મણોમાં તપસ્યા હોય છે તેજ પ્રમાણે જાતિ ભાઇઓથી ભય અવશ્ય પાપ્ત થાય છે. અતઃ સોમ્ય! આજે જે સમસ્ત સંસાર મારૂ સન્માન કરે છે અને અમો જે ઐશ્વર્યની યુક્ત, કુલીન અને શત્રુઓના મસ્તક પર સ્થિત છીએ તે બધી આને અભિષ્ટ નથી. જેમ કમળના પત્ર પર પડેલું જળનું ટીપું ત્યાં સ્થિર હેતુ નથી તેજ પ્રમાણે અનાર્યોના હ્દયમાં સૌહાર્દ ટકી શકતું નથી જેમ શરદ ઋતુમાં ગરજતા વાદળોથી પૃથ્વી ભીની થતી નથી. તે જ પ્રમાણે અનાર્યોના હ્દયમાં સ્નેહ જ નિતઆર્દ્રતા હોતી નથી. કુલ કલંક નિશાચર! તને ધિક્કાર છે. જો તારા સિવાય બીજા કોઇએ આવી વાત કરી હતે તો તે જ ક્ષણમાં તે તેના પ્રાણો ગુમાવી દેતે.''

વિભિષણ ન્યાય યુક્ત વાત કરી રહ્યા હતા ત સાંભળી રાવણે તેને કઠોર ભાષામાં ખૂબ કડવા વેણ કહ્યા તે સાંભળી પોતાના ચાર મંત્રીઓને લઇને વિભિષણ જતા રહ્યા. પરંતુ જતા જતા તેઓએ રાવણને ઉદ્દેશીને કહ્યુ ''રાજન્! તમારી બુધ્ધિ ભ્રમિત થઇ ગઇ છે, તમો ધર્મના માર્ગ પર આરૂઢ નથી. આમ તો તમો મારા જયેષ્ઠ ભ્રાતા છો એટલે પિતાનો જેમ આદરણિય છો. તેથીત મો અમોને જે ઇચ્છા આવે તેમ કહી શકો છો. પરંતુ અગ્રજ હોવા છતા તમારા કઠોર વચન અમો ક્યારેય સહન ન કરીશું. દશાનન જે અજિતેન્દ્રિય પુરૂષ કાળને વશ થઇ જાય છે તે હિતની કામનાથી કહેવાયેલા સુંદર નીતિ યુક્ત વચન પણ ગ્રહણ નથી કરતા રાજન્! સદા પ્રિય લાગવા વાળી સુંદર તથા મધુરવાણી કહેવાવાળા

મનુષ્યો તો ઘણા પ્રાપ્ત થઇ જશે પણ સાંભળવામાં અપ્રિય પણ પરિણામમાં હિતકારી હોય એવી વાત કહેનારા તથા સાંભળનારા પણ દુર્લભ હોય છે તમો સમસ્ત પ્રાણીઓના સંહાર કરવાવાળા કાળના વશમાં પડી ચૂક્યા છે. જે ઘરમાં આગ લાગી હોય તેની જેમ જ આપ નષ્ઠ થઇ રહ્યા છો. આવી દશામાં અમો તમારી ઉપેક્ષા કરવા માંગતા નથી એટલે માટે તમોને હિતની વાત કહીએ છીએ. શ્રીરામના સુવર્ણભૂષિત બાણ પ્રજ્વલિત અગ્નિ સમાન તેજસ્વિ અને સહન ન થાય એવા અસહ્ય છે. અમો રામના બાણ દ્વારા તમારૂ મૃત્યુ જોવા માંગતા નથી એટલે તમોને સમઝાવવાનો પ્રયત્ન કરીએ છીએ. કાળના વશમાં થતા ભલભલા શૂરવીર-બલવાન અને અસ્ત્રવેત્તા પણ નષ્ટ થઇ જાય છે. રાક્ષસ રાજ! અમો તમારૂ હિત ઇચ્છિએ છીએ એટલે જે કંઇપણ કહ્યું તે જો તમોને અયોગ્ય લાગ્યુ હોય તો અમોને ક્ષમા કરજો. તો આ રાક્ષસોથી યુક્ત આ લંકાપુરીની રક્ષા કરો. અમો તમારો ત્યાગ કરી જઇ રહ્યા છોએ.'' (વા. રામા. યુધ્ધકાંડ)

આ પ્રમાણે કહી વિભિષણજી રાવણનો ત્યાગ કરી જતા રહ્યા તે પછી તઓ રામના શરણમાં ગયા આ પ્રમાણે વિભિષણજી દ્વારા રાવણને હિતનો બોધ આપવા છતાં પણ દશાનને રામને સીતાજી સોપ્યા નહીં તો તેનું પરિણામ એ આવ્યું કે રામની ક્રોધાગ્નિમાં સમસ્ત રાક્ષસ જાતિ નામશેષ થઇ ગઇ. આ પ્રમાણે વિભિષણજી ક્યારે પણ એવું ઇચ્છતા ન હતા કે રાવણનો વિનાશ થાય માટે જ તેઓએ રાવણના હિતની ઇચ્છાથી જ તેને કઠોર વચનમાં હિતનો બોધ આપ્યો હતો. (શ્લો-૪) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને સમસ્ત કૌરવોનું હિત થાય એવો ઉપદેશ આપવાનો પ્રારંભ કરે છે.

શ્લો-૫:- तस्माद् वक्ष्यामि त राजन् हितं यत्स्यात् कुरून्प्रति।

वच: श्रेयस्करं धर्म्यं ब्रुवतस्तन्निबोध मे॥

શ્લોકાર્થ :- હે રાજન! જેનાથી સમસ્ત કૌરવોનું હિત થાય, તે જ વાત અમો આપને કહેંશુ અમારા દ્વારા કહેવાયેલા વચન ધર્મ યુક્ત હોવાને કારણે ઉપાદેય અને હિતકારી પણ છે.

ચ.ટી. :- ધર્મ રહિત વચન ક્યારેય શ્રવણ ન કરવા, ભલે તે વચન કેટલુંઅ શ્રેષ્ઠ કેમ ન હોય, પરંતુ વિદુરજીના વચન ધર્મયુક્ત હોવાને કારણે ઉપાદેય અને હિતકર હોવાથી જ્યારે જ્યારે કોઇ સમસ્યા ઉપસ્થિત થાય ત્યારે ધૃતરાષ્ટ્ર મંત્રણા કરવા માટે પોતાના દુર્યોધન આદી પુત્રોને તથા શકુનિ આદીને પણ ન બોલાવતા કેવલ ને કેવલ વિદુરજીનું જ આવાહન કરતા અને વિદુરજી પણ તેઓને હિતક ઉપદેશ જ આપતા હતા. હાલના સમયમાં પણ ધૃતરાષ્ટ્રની સન્મુખ સંજય પાંડવોનો સંદેશો લઇને આવેલો છે અને તે સંદેશો સાંભળતા પૂર્વે મધ્ય રાત્રિના સમયે યુધિષ્ઠિર મહારાજનો શો અભિપ્રાય હશે તે જાણવાના ઉદ્દ્દેશ્યથી ધૃતરાષ્ટ્ર વિદુરજીને બોલાવે છે અને વિદુરજી તેઓને તેમનું હિત થાય એવો ઉપદેશ આપી રહ્યા છે (શ્લો-૫) હવે વિદુરજી ધૃતરાષ્ટ્રને મિથ્યાકાર્યમાં મન ન લગાવવાનું કહે છે.

શ્લો-૬:- मिथ्यो पेतानि कर्माणि सिध्येयुर्यानि भारत।

अनुपाय प्रयुक्तानि मा स्म तेषु मनः कृथाः ॥

શ્લોકાર્થ :- હે ભારત! મિથ્યા ઉપાયોના પ્રયોગ દ્વારા જે કાર્ય સિદ્ધ થાય છે તે કાર્યમાં પોતાનું મન ક્યારેય ન લગાવવું.

ચ.ટી. :- મિથ્યા વચન પ્રિય હોય છે પણ હિતકારી ક્યારે નહિ અતઃ તેમાં મન ક્યારેય પણ લગાવવું નહિ. આ સન્દર્ભમાં શ્રીમદ્ ભાગવતમાં આવતું કંસનું ચરિત્ર અવલોકનિય છે. દેવકી અન વસુદેવજીના લગ્ન પ્રસંગે થયેલી આકાશવાણી મુજબ કંસે દેવકીના છ પુત્રોને મોતને ઘાત ઉતારી દીધા. સાતમાં

પુત્રને યોગમાયાએ દેવકીના ગર્ભમાંથી આકર્ષણ કરી રેવતીજીના ગર્ભમાં સ્થાપિત કરી દીધો. હવે જેના દ્વારા કંસનું મૃત્યુ થવાનું હતુ તે આઠમો બાળક પણ વસુદેવજી ભગવાનની ઇચ્છાથી ગોકુળમાં મૂકી અને ત્યાં યશોદાની કૂખે પ્રગટ થયેલી કન્યાને લઇને પુનઃ મથુરા આવી ગયા અને કંસને પુત્ર જન્મના સમાચાર મળતા તે બાળકને મારવા માટે આવી ચડયો અને બાળકીને જેવી લઇ શિલા પર પટકવા ગયો કે ત્યાં જે બાળકી કંસના હાથીમાંથી છટી આકાશમાં અષ્ટભુજ ધારણ કરી સ્થિતિ થઇ ગયા અને કંસને સંબોધી બોલી 'રે દુષ્ટ! તને મારનારો તો અન્ય સ્થાન પર પ્રગટ થઇ ચૂક્યો છે.' આમ કહી ત્યાથી અદૃશ્ય થઇ ગય.

તદન્તર કંસે આ બાબતમાં પરામર્શ કરવા પોતાના મંત્રીઓને બોલાવ્યા અને તેઓને બધી વાત કરી કંસના મંત્રી કંસ કરતા પણ ઉધ્ધત હતા તેઓ નીતિ નિપુણ ન હોય કંસની વાત સાંભલી તેના પ્રત્યે બોલ્યા ''ભોજરાજ! જો એવી વાત છે તો અમો આજે જ મોટા મોટા નગરોમાં, નાના નાના ગામોમાં આહિરોની વસ્તીમાં અને અન્ય સ્થાનોમાં જેટલા નાના બાળકો ઉત્પન્ન થયા હશે તે દશ દિવસના હોય ક ઓછા હોય બધાને જ મોતને ધાત ઉતારી દઇએ. સમર દેવગણ, ભિરૂદેવગણ યુધ્ધોધોગ કરવાથી શું કરશે? તે તો તમારા ધનુષની ટંકાર સાંભળી ને જ હંમેશા ગભરાય જાય છે. જે સમયે તમો રણભૂમીમાં બાણની વર્ષા કરો છો ત્યારે જ તે ગભરાઇને રણમેદાન છોડી ભાગી જાય છે અથવા તો દીન થઇને તમારા શરણમાં આવી જાય છે. તો પણ તે દેવતાઓની ઉપેક્ષા ન કરવી. એવો અમારી રાય છ કારણ કે તેઓ શત્રુ છે. જ્યારે મનુષ્યના શરીરમાં રોગ થાય છે અને તે રોગની ઉપેક્ષા કરવામાં આવે તો તે રોગ પોતાની જડ શરીરમાં સ્થાપિ દે છે. અને ત્યારબાદ તે અસાધ્ય થઇ જાય છે. તે જ પ્રમાણે જો શત્રુની ઉપેક્ષા કરવામાં આવે તો તે પોતાની શક્તિ મુજબ્ત કરી લે છ અને

પછી તેને પરાજિત કરવો મુશ્કેલ થાય છે. દેવતાઓની જડ ભગવાન વિષ્ણુ છે અને તેઓ ત્યાં રહે છે, જ્યાં સનાતન ધર્મ છે. સનાતન ધર્મની જડ વેદ, ગાય, બ્રાહ્મણ, તપસ્યા અને યજ્ઞ છે. જેમાં દક્ષિણા અપાય છે. એટલે ભોજરાજ! અમે લોકો વેદવાદી બ્રાહ્મણ, તપસ્વી યાજ્ઞિક અને યજ્ઞ માટે હવિષાદિ આપવાવાળી ગાયોના પૂર્ણ રૂપે નાથ કરી દઇએ.

આ પ્રમાણે મંત્રીઓની વાત સાંભળી કંસ તેણે કહેલી નીતિ ને જ અનુશર્યો તે પછી તેણે સૌ પ્રથમ પૂતના ને બાળકોનો ઘાત કરવા મોકલી અને પરમશક્તિશાળી પૂતનાનું વિષયુક્ત સ્તનપાન કરી શ્રીકૃષ્ણ તેને મોતના મુખમાં ધકેલી દીધી એટલે કંસને નિશ્ચય થઇ ગયો કે પોતાનો કાળ શ્રીકૃષ્ણના રૂપમાં વ્રજમાં રહે છે તે પછી તો તેણે શ્રીકૃષ્ણને મારવા માટે અઘાસુર, બકાસુર, કેશી, અરિષ્ટાસુર, પ્રલંબાસુર, વત્સાસુર, વ્યોમાસુર વગેરેને એક પછી એક મોકલ્યા પરંતુ કંસરાયે મોકલેલા બધા અસુરોને શ્રીકૃષણે કાળના મુખમાં મોકલી દીધા. તદન્તર દેવર્ષિ નારદજીના કહેવાથી કંશને એ વિદિત થયું કે 'શ્રીકૃષ્ણના હાથ થી જ તેનું મૃત્યુ છે' તેણે શ્રીકૃષ્ણને મથુરા બોલાવી લાવવા અક્રૂરજીને પોતા પાસે બોલ્વાયા અને તેમના પ્રત્યે તે બોલ્યો ''મિત્ર! તમો તો મોટા ઉદાર દાની છો, બધી રીતે અમારા આદરણિય છો માટે આજે અમોએ તમોનું એક મિત્ર ચિત કાર્ય કરવા માટે બોલાવેલા છે કારણ કે સમસ્ત યાદવોમાં તમારાથી વધારે મારૂ હિત કરનારો અન્ય કોઇને હું જોતો નથી. આ કામ ઘણું મોટું હોવાથી અમે તમારો આશ્રય લીધો છે. તમો નંદરાયજીના વ્રજમાં જાવ ત્યાં વસુદેવજીના બે પુત્રો છે. તેને રથ પર બેસાડીને અહીં મથુરા લઇ આવો અહોં આવતા જ અમો તેન અમારા સેવકો દ્વારા મરાવી નાખશું. કારણ કે ભગવાન વિષ્ણુના ભરોસે રહેવાવાળા દેવતાઓએ મારો કાળ તેના દ્વારા નિર્ધારિત કરેલો છે. એટલે

તમોએ બંનેને તથા નન્દાદિક ગાયોને મોટી મોટી ભેટ લઇ અહીં લઇ આવો અહીં તેઓ આવશે એટલે હું તન મારા કાળ જેવા કુવલયાપિડિત હાથી દ્વારા મરાવી નંખાવિશ. જો તે હાથિથી બચી જશે તો તેને વજની સમાન મજબૂત અને સ્ફૂર્તીવાળા પહેલવાન મુષ્ટિક અને ચાણુરના હાથથી મરાવી નાંખીશ. પછી તો તમો અને અમો સમસ્ત પૃથ્વીનું નિષ્કંટક રાજ કરીશું.''

આ પ્રમાણે કંસની વાણી સાંભળી અક્રુરજી તેનું કાર્ય સિધ્ધ કરવા વજમાં ગયા અને ત્યાંથી શ્રીકૃષ્ણ અને બલરામજીને મથુરા લઇ આવ્યા. પરંતુ અહીં થયું વિપરીત જે કંસ પોતાના અનુચરો દ્વારા શ્રીકૃષ્ણ અને બલરામને મરાવવા ઇચ્છતો હતો તે બધા જ અનુચરો સહિત કંસ શ્રીકૃષ્ણ બલરામ દ્વારા કાળના મુખમાં જતો રહ્યો. આમ ઉગ્રસેન પુત્ર કંસ પોતાનું કાર્ય મિથ્યા ઉપાયો દ્વારા સિધ્ધ કરવા જતો હતો પણ તેનું પરિણામ તેની યોજનાથી વિપરીત આવ્યુ અને તે પોતે જ પોતાના હાથે પોતાના પ્રાણને ગુમાવી બેઠો. માટે મનુષ્યો એ ક્યારેય પણ એવા મિથ્યા ઉપાયોનું અવલંબને ન લેવું કે જેનાથી કાર્યની સિધ્ધિ તો ન થાય પરંતુ કંસના જેવી પરિસ્થિતિ પ્રગટ થાય. (શ્લો-૬) હવે નિતીકાર કાર્યની અસિધ્ધિમાં શોક રવાની મનાઇ કરે છે.

શ્લો-૭:- तथैव योगविहितं यत्तु कर्म न सिध्यति।

उपाय युक्तं मेधावी न यत्र ग्लपयेन्मनः॥

શ્લોકાર્થ :- જો ઉક્ત પ્રકાર થી શુભ ઉપાયો દ્વારા સાવધાન પૂર્વ કરાયેલું કોઇ કાર્ય સિધ્ધ નહિ થાય તો બુધ્ધિમાન માનવે ત્યા ગ્લાનિ ન કરવી.

ચ.ટી. :- શુભ ઉપાય દ્વારા કરાએલું કાર્ય પણ ક્યારેક નષ્ટ થઇ જાય છે અને આવું કાર્ય પણ જો નષ્ટ થઇ જાય તો પણ માનવ ત સંબંધમાં ક્યારેય પણ શોક ન કરવો. કારણ કે એ પ્રમણેની સ્થિર બુધ્ધિવાળો જ વાસ્તવમાં

પરમાત્મામાં સ્થિત છે. કહ્યું પણ છે 'न प्रहृष्यत प्रियं प्राप्य नो द्विजेत् प्राप्य चा प्रियम्। स्थिर बुद्धि सम्मूढो ब्रह्मविद् ब्रह्मणि स्थितः॥ જે પુરૂષ પ્રિય ને પ્રાપ્ત થઇને હર્ષિત નથી થતો અને અપ્રિય પ્રાપ્ત કરીને ઉદ્વિગ્ન થતો નથી તે સ્થિર બુધ્ધિ છે. આવો સ્થિર બુધ્ધિ મોહરહિત બ્રહ્મવેત્તા પુરૂષ પરમાત્મામાં સ્થિત છે.' (ગીતા-૫/૨૦) 'सुखं प्राप्य न संहृष्यैन्न दुःखं प्राप्य संज्वरेत्॥ સુખ તથા દુઃખમાં સમ (સ્થિર બુધ્ધિ) બની રહેવું. પણ વિચલિત ન થવું. (મહા.અનુ. અ.૧૪૫) 'व्यसने वार्थकृच्छ्रे वा भये वा जीवितान्तगे। विमृशंश्चस्वया बुद्धया धृतिमान् नावसीदति॥ શોકમાં, આર્થિક સંકટમાં અથવા પ્રાણાન્તકારી ભય ઉપસ્થિત થતા જે પોતાની બુધ્ધિથી દુઃખ નિવારણના ઉપાયને વિચાર કરતા ધૈર્ય ધારણ કરે છે તેને કષ્ટ પડતું નથી.' (વા.રામા.૪/૭/૯) 'प्रिये नातिभशं हृष्येदप्रियेन न संज्वरेत्। न मुह्येदर्थ कच्छ्रेषु न च धर्मं॥ પોતાનું ભલુ થતા હર્ષિત થવું નહી, બરૂથતા ક્રોધિત થવું નહી, ધનાભાવ થતા મોહને વશી ભૂત થવું નહિ તથા ધર્મનો પરિત્યાગ કરવો નહિ.' (મહા.વન. ૨૦૭/૪૩) 'धीराः कष्ट मनुप्राप्य न भवन्ति विषादिनः। प्रविश्य वदनं राहोः किं नोदतिपुनः शशो॥ ધોર પુરૂષ કષ્ટમાં પડવા છતા શોક કરતા નથી. શુ રાહુ ગ્રસ્ત ચન્દ્ર પુનઃ ઉદિત થતો નથી. (ગરૂડપુરાણ/૧૧૧/૧૪)

આ સંબંધમાં વૃત્રાસુરના જીવનનો એક પ્રસંગે અવલોકન કરવા યોગ્ય છે. ત્વષ્ટાના પુત્ર વૃત્રાસુરે સાઠ હજાર વર્ષ પર્યન્ત તપસ્યા કરી અમિત શક્તિ સમ્પાદન કરી અને ત્રણે લોકોને જીતી લઇ તેના સમસ્ત ઐશ્વર્યનો ઉપભોગ તે કરવા લાગ્યા. વૃત્ર અસુર હતો. તેનું શરીર અસુર જેવું હતુ, પરંતુ તેનું હૃદય નિષ્પાપ હતુ તેમાં વૈરાગ્ય હતો અને ભગવાન પ્રત્યે નિર્મલ-નિષ્કામ પ્રેમ રૂપા ભક્તિ હતી. ભોગોની નશ્વરતા એને વિદિત હતી. એક સમયે સંજોગોવશ તેનો દેવતાઓના હાથે પરજાય થયો. ત્યારે અસુરોના ગુરૂ શુક્રાચાર્ય તેની પાસે

આવ્યા. તે સમયે આચાર્યને એ જોઇને આશ્ચર્ય હતુ કે વૃત્ર ના મુખ પર રાજ્ય ચ્યુત થવાનું તથા પરાજીત થવાનો કોઇ શોક ન હતો. તેઓએ તેનું કારણ પુછ્યુ.

ગુરૂના પુછવાથી તે મહાન અસુર આચાર્ય પ્રત્યે બોલ્યો કે ''ભગવાન! સત્ય અને તપના પ્રભાવથી અમો જીવોના જન્મ મૃત્યુ તથા સુખ દુઃખના રહસ્યને જાણી ગયા છીએ એટલે અમોને કોઇપણ અવસ્થામાં હર્ષ અથવા શોક ઉદિત થતો નથી. જીવ પોતાના કર્મો પ્રમાણે પુણ્યનું ફળ ભોગવવા સ્વર્ગમાં તથા પાપનું ફળ ભોગવવા નરકમાં જાય છે અને ત્યાંથી ફળ ભોગવતા બચેલા કર્મોના પરિણામ સ્વરૂપે તેને મનુષ્ય, પશુ, પક્ષી આદી યોનિઓમાં જન્મ લેવો પડે છે. મૃત્યુ પામી પુનઃ આ પ્રમાણે સ્વર્ગ નરકાદિમાં જાય છે. ભગવાને કૃપા કરી અમોને પોતાના તત્ત્વનું જ્ઞાન કરાવેલું છે, જેનાથી જીવોના આવાગમન તથા ભોગને મળવા ન મળવાથી અમને વિકાર થતો નથી. અમોએ ઘોર તપ કરી ઐશ્વર્ય પ્રાપ્ત કર્યુ અને પછી અમારા કર્મોથી જ એ નાશ પામ્યું પરંતુ અમોને એ ઐશ્વર્ય જવાનો કોઇ શોક નથી. ઇન્દ્ર સાથે યુધ્ધ કરતા સમયે અમોએ અમારા સ્વામીશ્રીહરિના દર્શન કર્યા. ભગવાનની કૃપાથી અને પૂર્વે કરેલા તપના અવશિષ્ટ પુણ્યના પ્રભાવથી અમારી બુધ્ધિ હજ શુધ્ધ છે. માટે આપ થકી અમો કેવલ એટલી પ્રાર્થના કરીએ છીએ કે કયા કર્મથી, કોઇ પણ પ્રકારથી અમોને ભગવાનની પ્રાપ્તિ થાય એવો ઉપાય કૃપા કરી અમોને બતાવો.''

આમ વૃત્રાસુરતને પોતાનું સમસ્ત ઐશ્વર્ય નષ્ટ થવા છતાં મનમાં તેની કોઇ ગ્લાની હતી નહિ. માટ મનુષ્યે પણ ક્યારે હાની થતા શોક ન કરવો અને લાભ થતા હર્ષિત ન થવું. સુખ દુઃખમાં હંમેશા સમ બુધ્ધિ રાખવી. એજ સ્થિત પ્રજ્ઞની

નિશાની છે. (શ્લો-૭) હવે નીતિકાર પ્રયોજનનો નિશ્ચય કરીને જ કાર્યમાં પ્રવૃત્ત થવાનું કહે છે પણ ઉતાવળથી નહિ-

શ્લો-૮:- अनुबन्धात् अपेक्षेत सानुबन्धेषु कर्मसु।

सम्प्रधार्य च कुर्वीत न वेगेन समाचरेत॥

શ્લોકાર્થ :- પ્રયોજનનો નિશ્ચય કરીને જ કોઇપણ કાર્યમાં પ્રવૃત્ત થવું જોઇએ. ઉતાવળા કોઇપણ કાર્ય નહિ કરવું.

ચ.ટી :- 'प्रयोजन मनुद्दिश्य मन्दोऽपि न प्रवर्तते।' પ્રયોજન વગર કોઇપણ કાર્યમાં પ્રવૃત્ત થવું નહિ અને પ્રયોજનની પણ સમિક્ષા કરવી કે તે કેટલું અપેક્ષિત છે. આ સન્દર્ભમાં પંચતંત્રમાં એક કથા આવે છે- વાત એવી હતી કે એક દિવસ એક વનમાં ખરનામનો સિંહ ક્ષુધાથી ઘણો પિડિત થયો. અને શિકારની શોધમાં તે આમતેમ ઘણુ ભટક્યો છતાં અંતે તેને નિરાશા જ હાથ લાગી. અન્તમાં સૂર્યાસ્તના સમયે તેને એક મોટી ગુફા દેખાય તે તે ગુફામાં પ્રવેશ્યો છતાં ત્યાં પણ તેને કાંઇ પ્રાપ્ત ન થયું . ત્યારે તેણે વિચાર કર્યો 'અવશ્ય આ ગુફા કોઇ પ્રાણીની લાગે છે માટે રાત્રીએ તે અવશ્ય અહીં આવશે. અતઃ અહી જ હું સંતાઇ રહું. તેના આવવાથી મારૂ કાર્ય સમાપ્ત થઇ જશે.'

તે આ પ્રમાણે વિચારતો હતો ત્યાંજ તે ગુફામાં રહેવાળો દધીપુચ્છ નામનો શિયાળ ત્યાં આવ્યો. તેણે જ્યારે જોયું કે સિંહના ચરણ ગુફા તરફ જઇ રહ્યા છે પણ તે ચરણ ગુફાની બહાર તરફ આવતા નથી ત્યારે તે વિચારવા લાગ્યો 'હે રામ! હવે તો અમો મરી ગયા કારણ કે આ ગુફાની અંદર સિંહ છે, હવે અમારે શું કરવું? આ વાતની સુનિશ્ચિતતા કેવી રીતે કરવી?' અન્તમાં ઘણો સમય વિચારતા તેને એક ઉપાય સુઝયો તે ગુફાને ઉદ્દેશીને બોલ્યો 'હે ગુફા! હે ગુફા! શુ તને સ્મરણ નથી કે આપણા બંને વચ્ચે એ નક્કી થયું છે કે અમો જ્યારે પણ

અહીં આવીએ ત્યારે તારે સ્વાગત પૂર્વક અમને બોલાવવા. પણ જો હવે તુ અમોને સ્વાગત પૂર્વક ન બોલાવે તો અમો અન્ય ગુફામાં જઇએ.'

આ પ્રમાણે શિયાળની વાત સાંભળી ગુફામાં સંતાએલો સિંહ વિચારવા લાગ્યો કે 'આ ગુફા સિયાળ સાથે વાત કરે છે, પણ આજે અમારા ભયથી આ બોલતી નથી એટલે અમો જ શિયાળને પ્રેમપૂર્વક બોલાવીએ અને તે જેવો આવે એટલે અમો તેનું ભક્ષણ કરી જઇશું. એવું વિચાર સિંહે શિયાળને ઉચ્ચ સ્વરે સાદ કરી બોલાવ્યો. ત્યાંજ સિંહની ભિષણ ગર્જનાથી ગુફા ગાજી ઉઠી અને વનના બધા પ્રાણીઓ પણ ભય પામી ગયા. ત્યારે શિયાળે પણ ભાગતા ભાગતા આ પ્રમાણેના શ્લોકનું ઉચ્ચારણ કર્યુ કે 'अनागतथः कुरुते स शोभते स शोच्यते यो न करोत्यनागतम्। वनेऽत्र संस्थस्य समागता जरा विलस्य वाणी न कदापि मे श्रुता॥ જે સાવધાન રહીને વિચાર પૂર્વક કાર્ય કરે છે તે તો શોભા પામે જ છે અને જે વગર વિચાર્યે કાર્ય કરે છે તે પાછળથી પશ્ચાતાપ કરે છે અને આ વનમાં રહેતા રહેતા જ વૃધ્ધ થઇ ગયા પણ અમોએ આજસુધિ ગુફાની બોલી સાંભળો નથી માટે અવશ્ય દાળમાં કંઇક કાળુ છે અર્થાત્ ગુફામાં સિંહ બેઠો છે.' (પંચતંત્ર/કાકોલૂકીય/૨૧૨) ભર્તુ હરિનીતિ શતકમાં કહે છે 'गुवदगुणवद्धाकुर्वताकार्यमादौ परिणति स्वधार्या यत्नतः पण्डितेन। अतिर भसकृतानां कर्मणामा विपत्तेर्भवति हृदयदाही शल्य तुल्यो विपाकः॥ સારૂ કે નરસુ કાર્ય કરતા ડાહ્યા મનુષ્યે પ્રથમથી જ તેના પરિણામનો વિચાર પ્રયત્ન પૂર્વક કરવો જોઇએ. અતિ ઉતાવળથી વગર વિચાર્યે કરેલા કર્મોનું પરિણામ મરણ પર્યન્ત હ્રદયને બાળનાર અને શૂળ સમાન નીવડે છે.' (નીતિશતક/શ્લો-૧૦૦) ભગવાના સ્વામિનારાયણના શિષ્ટ શતાનંદ સ્વામી કહે છે. 'कार्यं न सहसा किञ्चित्कार्यो– અને વિચાર્યા વગર તત્કાળ કોઇ કાર્ય ન કરવું (શિક્ષા-૩૬) ભગવાન

સ્વામીનારાયણના શિષ્ય શતાનંદ સ્વામી પણ કહે છે- 'अविचार्यं कारिणां महापदुपलब्धि दुर्शनाद्- વગર વિર્ચે કામ કરનારાને મોટી આપત્તિ આવતી હોય છે. (શિ.અર્થ-૩૬) હવે નીતિકાર વિચાર કરીને જ કાર્યનો આરંભ કરવો ન કરવાનો ઉપદેશ આપે છે.

શ્લો-૯:- अनुबन्धं च सम्प्रेक्ष्य विपाकं चैव कर्मणाम्।

उत्थानमात्मनश्चैवधीरः कुर्वीत वा न वा॥

શ્લોકાર્થ :- ધીર મનુષ્યોએ કર્મનો ઉદ્દેશ્ય, પરિણામ તથા પોતાની ઉન્નતિનો વિચાર કર્યા બાદ કાર્ય આરંભ કરવું કે ન કરવું.

ચ.ટી :- કોઇપણ બાબતે આગળ વધતા પૂર્વે સમઝુ મનુષ્યે દરેક પાસાનો વિચાર કરવો જોઇએ લાગણી કે ભાવનામાં વહીને કોઇપણ કાર્યમાં ઝંપલાવી ન દેવું, સફળતા નિષ્ફળતાનો વિચાર પ્રથમ કરવો જોઇએ નહિતો નિરાશા હતાશા કે છેતરપિંડીનો ભોગ બનવું પડે છે. કહ્યુ પણ છે.'ज्ञात्वा ज्ञात्वा च कर्माणि जनोऽयमनतिष्ठति। विदुष कर्मसिद्धिः स्यात् तथा नाविदुषो, भवेत् ॥ આ સંસારી મનુષ્ય સમજણ કે એસમજણમાં અનેક પ્રકારના કર્મ કરે છે. એમાં સમઝી વિચારીને કર્મ કરનાર મનુષ્યના કર્મ જેવા સફળ થાય છે એવા બે સમઝના નહિ' (ભાગ. ૧૦/૨૪/૬) આ સન્દર્ભમાં અજનજીના જીવનનો એક પ્રસંગઅવલોકન કરવા યોગ્ય છે.

વાત એવી હતી કે મહાભારતના દારૂણ સંગ્રામમાં કૌરવોની સમસ્ત સેના કાળનો ગ્રાસ બની ગઇ. દુર્યોધન પણ ભીમ સેનની ગદાથી ઘાયલ થઇ મરણ પથારીએ પડેલો. કૌરવોની સેનાના ત્રણ મહારથી અશ્વથ્થામાં, કૃપાચાર્ય અને કૃતવર્મા આ ત્રણ જ જીવિત હતા. તે સમયે આ ત્રણેયને દુર્યોધને આદેશ આપ્યો કે 'મને પાંડવોના શીશ કાપી બતાવો, મારે પાંડવોના કપાએલા મસ્તક જોવા છે.'

દુર્યોધનનો આદેશ થતા અશ્વથ્થામાં કૃપાચાર્ય અને કૃતવર્માએ મધ્યરાત્રિના સમયમાં પાંડવોના શિબિર પર હુમલો કર્યો અને તેઓની શેષ સેનાને નિદ્રાવસ્થામાં જ મોતને ઘાત ઉતારી દીધી. અને અંધારામાં અશ્વથ્થામાં ભૂલથી પાંડવોને બદલે દ્રૌપદીના પાંચ પુત્રોના મસ્તક કાપી દુર્યોધન પાસે ઉપસ્થિત થયો.

તદન્તર અશ્વથ્થામાંના આ કૃત્યની જાણ પાંડવોને થતા તેઓ બધા તેને જીવિત પકડા તેની પાછળ દોડયા અને ભવગાન વેદ વ્યાસના આશ્રમમાં છપાએલા અશ્વથ્થામાંને યુધ્ધમા પરાજિત કરી તેને દ્રૌપદી પાસે ઉપસ્થિત કરવામાં આવ્યો. આ પાપીને જોઇ ભગવાન શ્રીકૃષ્ણ અર્જનજી પ્રત્યે બોલ્યા ''હે અર્જન! આ બ્રાહ્મણાધમને બ્રાહ્મણ સમઝીને છોડી ન દેતા. આણે રાત્રીમાં સૂતેલા નિરાપરાધિ બાળકોની હત્યા કરી છે. ધર્મવેત્તા પુરૂષઅસાવધાન, ઉન્મત્ત, પાગલ, સૂતલા, બાળક, સ્ત્રી, વિવેક જ્ઞાન શૂન્ય, શરણાગત રથહીન અને ભયભીત શત્રુઓને મારતા નથી. પરંતુ જે દુષ્ટ અને ક્રુરપુરૂષ બીજાને મારીને પોતાના પ્રાણોનું પોષણ કરે છે તેને માટે તો તેનો વધ કરવો એજ કલ્યાણકારી છે. કારણ કે તેવી આદતથી તે જીવિત રહે તો તે વધારે પાપ કરતો રહે છે અને તે પાપોને લઇને તે નરકગામી થાય છ અને તે અમારી સન્મુખ જ દ્રૌપદીને પ્રતિજ્ઞા કરતા કહ્યું હતુ કે 'માનવતી! જેણે તારા પુત્રનો વધ કરેલો છે તેનું મસ્તક હું કાપી નાખીશ.' આ પાપી કુલાંગર આતતાથીએ તારા પુત્રનો વધ કરેલો છે અને પોતાના સ્વામી દુર્યોધનને પણ દુ:ખ પહોંચાડેલું છે, એટલે અર્જન તુ આનો વધ કર.''

ભગવાન શ્રીકૃષ્ણે અર્જનના ધર્મની પરીક્ષા લેવા માટે આ પ્રકારે વાત કરી હતી પરંતુ અર્જનનું હ્દય મહાન હતુ. યદપિ અશ્વથ્થામાએ તેમના પુત્રને મારી નાખેલા તો પણ અર્જનના મનમાં ગુરુ પુત્ર અશ્વથ્થામાને મારવાની ઇચ્છા ન

થઇ. ભલે અશ્વથ્થામાને મોતેને ઘાત ઉતારવાની આજ્ઞા ભગવાને આપેલી છતાં અર્જનજીએ ભગવાનની આ વાત પર ગંભીરતા પૂર્વક વિચાર કરીને નિર્ણય લીધો હતો. તેઓ જાણતા હતા કે ભલે અશ્વથ્થામાંએ મારા પુત્રને મારી નાખ્યા પણ તે ગુરુપુત્ર છે અને શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ગુરુપુત્ર ગુરુતુલ્ય કહેવાય અને ગુરૂની હત્યા કરવાના પાપનું કયું પ્રાયશ્ચિત કરવું તેનો શાસ્ત્રમાં ઉલ્લેખ નથી. માટે અર્જનજીએ ભગવાનની વાતને વિચારી ભગવાનની આજ્ઞાનું પાલન ન કર્યુ. ભગવાન શ્રીકૃષ્ણ પણ જાણતા હતા કે ગુરુપુત્રની હત્યા ન થાય પરંતુ ભગવાન શ્રીકૃષ્ણનો કેવલ અર્જનની પરીક્ષા લેવા માટે જ તેને આ પ્રમાણે આદશે આપતા હતા. અંતમાં ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞાથી અર્જનજીએ અશ્વથ્થામા ના શીશમાં રહેલો મણી કાઢી લઇ તેને અપમાનિત કરી કાઢી મુકયો (મહાભારત, ભાગવત) માટે કોઇપણ કાર્યનો આરંભ કરતા પૂર્વે બુધ્ધિમાને વિચાર કરીને જ કાર્યનો પ્રારંભ કરવો પણ ઉતાવળ ન કરવી ગંગાપુત્ર ભીષ્મ આ સંબંધમાં કહે છે 'चिरं धारयतेरोषं चिरंकर्म नियच्छति। पश्चात्तापकरं कर्म न किं चिदुपयद्यते॥ જે ચિરકાળ પર્યન્ત ક્રોધને પોતાની અંદર દબાવી રાખે છે અને ક્રોધપૂર્વક કરાયેલા કર્મને દીર્ઘકાળ પર્યન્ત રોકી રાખે છે તેના દ્વારા કોઇ કર્મ એવું બનતું નથી જે પશ્ચાતાપ કરવા યોગ્ય હોય' (મહા.શા.૨૬૬/૪૪) (શ્લોક-૯) હવે નીતિકાર ક્યો રાજા રાજ્યપર સ્થિત રહેતો નથી તેના લક્ષણ કહે છે.

શ્લો-૧૦:- य प्रमाणं न जानाति स्थान वृद्धौ तथा क्षये।

कोशे जनपदे दण्डे न सम राज्येऽवतिष्ठत॥

શ્લોકાર્થ :- જે રાજા સ્થાન (દુર્ગ), વૃધ્ધિ, હાનિ, કોશ, દેશ તથા સેના ના વિષયમાં જાણતો નથી તે રાજ્ય પર સ્થિત રહી શકતો નથી.

ચ.ટી :- દુર્ગ, વૃધ્ધિ, હાનિ, કોશ, દેશ તથા સેના આ રાજ્યના મુખ્ય અંગ છે. રાજાએ સાવધાની પૂર્વક ગુપ્તચરો દ્વારા તેના વિષયની જાણકારી રાખવી. જે રાજા આ અંગો તરફે બ ધ્યાન રહે છે તે શત્રુ દ્વારા અતિકાન્ત થઇ પોતાનું સ્થાયિત્વ ગુમાવી બેસે છે એટલે રાજાએ આ અંગો તરફ સતત સાવધાન રહેવું કારણ કે રઘુવંશના રાજા અગ્નિવર્ણ આ અંગોથી બે ધ્યાને થતા તેઓ કાળનો ભોગ બની ગયા હતા.

વાત એવી હતી કે રઘુવંશના 'સુદર્શન' પોતાના પુત્ર 'અગ્નિ વર્ણ' ને કોશલ જનપદના સિંહાસન પર આરૂઢ કરી પોતે તપસ્યા કરવા નૈમિષારણ્યમાં જતા રહ્યા. ત્યાં તપસ્યામાં મનને સ્થાપન કરી સમય જતા તેઓએ પરમાત્માને પ્રાપ્ત કરી લીધા. તદન્તર અગ્નિવર્ણે પિતા દ્વારા પ્રાપ્ત પૃથ્વી નું પાલન કરવામાં તત્પરતા કરી. તેને પૃથ્વીનું પાલન કરવામાં બહુ મુશ્કેલી ન પડી. કેટલાક દિવસ તો તેણે કુશળતા પૂર્વક રાજકાજ સંભાળ્યું પરંતુ તે પછી તે રાજ્યનો બધો ભાર મંત્રીઓ પર મૂકી એક કામુકની જેમ જીવન વ્યતિત કરવા લાગ્યો. નિત્ય નવા ઉત્સવોમાં જ સંલગ્ન રહી ક્ષણમાત્ર પણ રાજકાજ પર ધ્યાને આપતો ન હતો તે અખંડ ભોગ વિલાસ માજ રચ્યો પચ્યો રહે તો હંમેશા તે જનાના ખાનામાં જ રહેતો રહો અને તેનું મન સ્ત્રીઓ સાથે ક્રિડામાં જ આશક્ત રહેતું તેની પાસે બેજ વસ્તુ બેસવા લાયક હતી એક સ્ત્રી અને બીજી વિણા. તેના મનમાં હંમેશા નવી નવી વસ્તુ પ્રાપ્ત કરવાની જ ઇચ્છા રહેતી. અગ્નિવર્ણ એ રાજકાજને તો તિલાંજલિ આપી દીધી અને તે કેવલ ઇન્દ્રિયોને લાડ લડાવવામાં જ આશક્ત રહેતો તેનું પરિણામ એ આવ્યુ કે અગ્નિ વર્ણ ક્ષયરોગનો ભોગ બન્યો અને તેનું શરીર દિન પ્રતિદિન ગળવા લાગ્યુ. તેનું મન ભોગોથી વિરક્ત થઇ ગયુ. તેનામા એટલી પણ શક્તિ રહી ન હતી કે તે સેવકોના સહારા વગર ચાલી શકે અને

અંતે આ રઘુકુળનો રાજા અકાળમાં કાળનો ગ્રાસ બની ગયો. (રઘુવંશ મહાકાવ્ય/સર્ગ-૧૮) આમ રાજાના કર્તવ્ય કર્મથો બેધ્યાને એવા રઘુકુળ જેવા શ્રેષ્ઠ કુળના રાજા અગ્નિવર્ણનું પણ પતન થયું હતુ. અગ્નિપુરાણમાં ભગવાન શ્રીરામના લક્ષ્મણજી પ્રત્યે વચન છે કે 'राजा स व्यसनो हन्याद्राजकार्याणि यानि च। वाग्दण्ड योश्च पारुष्यमर्थद्षणमेवच॥ पानं स्त्री मृगया द्युतं व्यसनानि महीपते॥ જે રાજા વ્યસનિ હોય તો સમસ્ત રાજકાર્યને નષ્ટ કરી દે છે. કઠોર વચન બોલીને અન્યને દુ:ખ પહોંચાડવાનું, અત્યંત કઠોર દંડ આપવો, અર્થદૂષણ (વાણીદ્વારા કોઇ વસ્તુ આપવાનું વચન આપી તે વસ્તુ ન આપવી, આપેલી વસ્તુ પાછી લઇ લેવી, ચોરી આદી દ્વારા ધનનો નાશ થવો તથા પ્રાપ્ત થયેલા ધનનો ત્યાગ કરવો), મદિરાપાન, સ્ત્રી વિષયક આસક્તિ, શિકાર કરવામાં વધુ પડતી ત્વરા, અને દ્યુતની રમત આ રાજાના વ્યસન છે.' (અગ્નિ/અ-૨૪૦) આમ જે રાજા ઉપરોક્ત વ્યનમાં આસક્ત રહે અને રાજ્યના અંગોથી પરાંગ મુખ રહે તે રાજા ગમ એટલો સામર્થ્યશાળી હોવા છતા પતનન પામ છે.

ભારત વર્ષના અંતિમ હિન્દુ સમ્રાટ પૃથ્વી રાજા ચૌહાણનું પતન પણ આજ પ્રમાણે થયું હતુ. તે પણ વ્યસનમાં આશક્ત થઇન લઇ રાજ્યના અંગોથી બે ધ્યાન થયો ત્યારે ભારત વર્ષ સદોઓ પર્યન્ત યવનોના હાથમાં જતુ રહ્યું. વાત એવી હતી કે બારમી સદીમાં ભારતના બે રાજા દિલ્હી પતિ પૃથ્વિરાજ ચૌહાણ અને કન્નોજ પતિ જયચંદના મનમાં સાર્વભૌમ સમ્રાટ બનવાની તત્પરતા જાગી અને તેઓએ તે બાબતની તૈયારી પણ કરી લીધી એન, કારણ માત્ર એ જ હતુ કે 'પૃથ્વીરાજની વીરતા અને શાસન પર મુગ્ધ થઇને તેઓના નાના અનંગપાળે મૃત્યુવેળા એ દિલ્હીનું રાજ્ય પૃથ્વીરાજને સોંપી દીધું.' આ પ્રમાણે પૃથ્વિરાજની

સત્તા અજમેરની સાથે દિલ્હી પર પણ સ્થાપિત થઇ ગય અને પૃથ્વિરાજના માસિના દિકરા જયચંદ તેની સત્તા કેવલ કન્નોજ પર જ રહી.

ભારત માટે આ સમય અત્યંત વિકટ હતો વિદેશી આક્રાંતાઓ આ પવિત્ર ભૂમિ પર પોતાન્ આધિપત્ય સ્થાપવા માટે નિરંતર હુમલાઓ કરતા હતા. એ હુમલાવરોમાં એક એફઘાન સરદાર ઘોરી પણ હતો. આ તરફ જયચંદ પૃથ્વિરાજને નીચે પાડવા સેના સજ્જ કરવા લાગ્યો. જયચંદ પૃથ્વિરાજ ને સમ્રાટ માનવા તૈયાર ન હતો અને તે પોતાને સમ્રાટ ઘોષિત કરવા માંગતો હતો અને તેણે કેટલાક રાજાને પોતાની સાથે મેળવી દીધા અને તેણે રાજસૂય યજ્ઞનું આયોજન કર્યું અને આ યજ્ઞમાં તણે ભારતવર્ષના બદા રાજાને આમંત્રિત કર્યા પણ સમર સિંહ પૃથ્વિરાજને આમંત્રણ ન આપ્યું અને વધુમાં તેણે યજ્ઞ મંડપના દ્વાર પર પૃથ્વિરાજની પ્રતિમાં બનાવી દ્વાર પર દ્વારપાળ તરીકે રખાવી. જયચંદે ઘોષણા કરેલી કે 'આ રાજસૂય યજ્ઞમાં તેની બહેન સંયોગિતા સ્વયંવર કરશે.' પરંતુ સંયોગિતા પ્રથમથીજ મનોમન પૃથ્વિરાજને પોતાના પતિ માની ચૂકેલી. એટલે સ્વયંવરમાં વરમાળાસંયોગિતાએ પૃથ્વિરાજનો પ્રતિમાને પહરાવી. આ તરફ પૃથ્વિરાજ પણ છદ્મવેશમાં સ્વયંવરમાં આવેલા. તેઓ પણ સંયોગિતાનું સ્વયંવરમાંથી અપહરણ કરી તેને દિલ્હી લઇ આવ્યા. જે તેઓના માર્ગમાં આવ્યા તે યમરાજના અતિથિ થઇ ગયા.

તે પછી તો પૃથ્વિરાજ સંયોગિતાનો રૂપમાધુરીપર એટલો આશક્ત થઇ ગયો કે તેણે રાજકાજને તિલાંજલી આપી દીધી અને રાત દિવસ જનના ખાના માજ પડયો પાથર્યો રહેતો. આમને આમ ઘણો કાળ વ્યતિત થઇ ગયો, એક દિવસે અચાનક એક ઘટના બની પૃથ્વીરાજ જે હાથી પર બેસીને યુધ્ધ કરતા હતા તે હાથી એકાએક ઉન્મત્ત બની ગયો અને સમસ્ત દિલ્હીમાં ઉત્પાત્ત મચાવવા

લાગ્યો. કેટલાએ માનવોને તેણે મોતને ઘાત ઉતારી દીધા કેટલીએ દુકાનોને તેણે તહેસ નહેસ કરી દીધી. હાથીના ઉત્પાતની વાત પૃથ્વિરાજના મિત્ર અને સેનાપતિ 'ચામુંડરાય' ને પડી. એટલે મહાપરાક્રમિ ચામુંડરાય ગદા લઇ અશ્વપર સવાર થઇ જે માર્ગ પર હાથી આવતો હતો તે માર્ગ પર અત્યંત વેગ પૂર્વક અશ્વને દોડાવતા આવ્યા અને પોતાની સંપૂર્ણ શક્તિ લગાવી ઘોડા પર ઉછળી હાથી પર ગદાનો પ્રહાર કર્યો અને ગદાના એક જ પ્રહારથી હાથી કાળના મુખમાં જતો રહ્યો.

તે પછી પોતાના માનિતા હાથીના મૃત્યુના સમાચાર પૃથ્વિરાજ ને પ્રાપ્ત થયા એટલે તેઓએ ચામુંડરાયને પોતાની પાસે બોલાવ્યા અને ચામુંડરાયની કંઇપણ વાત સાંભળ્યા વગર જ તેને સેનાપતિ ના સ્થાનેથી બરતરફ કરી દીધા તે સમયે ચામુંડરાયે પણ જતા જતા પ્રતિજ્ઞા કરી કે 'હવે પછી તે જીવનમાં કોઇ દિવસ હથિયાર ધારણ ન કરશે.' તદન્તર પૃથ્વિરાજ તો પુનઃ પોતાના માર્ગ પર આરૂઘ થઇ ગયો અને રાજ્યની જવાબદારીથી પરાંગમુખ થઇ ગયો. રાજ્યના અંગત કાર્યો માટે મંત્રીઓ રાણીવાસમાં આવતા તો સનિક પૃથ્વીરાજના આદેશથી તેઓને પાછા મોકલી દેતા. આ તરફ જયચદની સહાયથી સંપૂર્ણ રીતે નષ્ઠ પ્રાય થઇ ગયેલો ઘોરી અઢારમી વખત ભારત પર આક્રમણ કરવા આવ્યો. પરંતુ પૃથ્વીરાજ વિષય ભોગમાં એટલો આશક્ત થઇ ગયો હતો ક તેણે રાજ્યની વ્યવસ્થા પરથી મુખ ફેરવો લીધુ હતુ. ઘોરીના સૈનિકો દિલ્હિમાં આવી લૂંટફાટ કરતા, સ્ત્રીઓનું અપહરણ કરી લઇ જતા, મકાનો સળગાવી દેતા પરંતુ રાજ્ય તરફથો તેઓની કોઇ સહાય કરવા તૈયાર ન હતુ એટલે પ્રજા રાજ્યનો ત્યાગ કરી પલાયન થવા લાગ્યા. અંતે પૃથ્વીરાજને સમાચાર મળ્યા એટલે તેણે સેનાને સજ્જ કરી સેનાપતિ ચામુંડરાયને સસમ્માન પાછા બોલાવવામાં આવ્યો તેઓ

કાષ્ટના શસ્ત્રો ધારણ કરી યુધ્ધ કરવા તૈયાર થયા. તરાયના રણમેદાનમાં મહાભયાનક સંગ્રામ થયો. પરંતુ અઢારમી વખતના યુધ્ધમાં પૃથ્વીરાજની પૂરતી તૈયારી ન હોવાથી પૃથ્વિરાજનો ઘોર પરાજય થયો અને ભારત દેશ પર યવનોના રાજ્યના પગલા મંડાયા. તે પછી ઘોરી પૃથ્વિરાજને બંદિ બનાવી અફઘાનિષ્ઠાન લઇ ગયો અને દિલ્હીના સિંહાસન પર પોતાના ગુલામ કુતબુદ્દિન ઐબક ને સ્થાપિત કરતો ગયો. આમ એક પૃથ્વિરાજની લાપરવાહીને લીધે હજારો વર્ષથી સ્વતંત્ર એવી ભારત ભૂમિ સદીઓ પર્યન્ત વિધર્મિઓના સકંજામાં આવી ગઇ માટે રાજાએ રાજ્યના અંગ પ્રત્યે સાવધાન રહેવું અન્યથા તેમાથી પરાંગમુખ થનારા રાજાનું અવશ્ય પતન થાય છે. આચાર્ય વિહારી લાલજી મહારાજ કહે છે. ''સર્વેનો રક્ષા કરવા જ રાજ, આપ્યુ પ્રભુએ નરનાથ રાજ । કરે નહી સંત તણી સહાય, તે રાયનું રાજ જરૂર જાય ॥ જો ભાવ ભુંડો ઉર ભૂપ આણે, સ્વપુત્ર પુત્રી સમ તે ન જાણે । કે લોભ લાવી લાંચ ખાય, તે રાયનું રાજ જરૂર જાય ॥ જાણે નહિ જે નૃપરાજ નીતિ, કે પાપકારી જન સાથ પ્રીતિ । અન્યાયથી દીન પ્રજા પિડાય, તે રાયનું રાજ જરૂર જાય ॥ જેને ઘણા મૂર્ખ મળે પ્રધાન, વિદ્વાનનું જયાં નહિ લેશ માન । બલિષ્ઠ તો જ્યાં અબળા ગણાય, તે રાયનું રાજ જરૂર જાય ॥ નરેશ દિસે વ્યસની વિશે, વસે નહિ ચિત્ત વિવેક લેશ । કુટુંબમાં નિત્ય કુસંપ થાય, તે રાયનું રાજ જરૂર જાય ॥ દિલે પ્રભ્નો ડર જે ન રાખે, સ્વેચ્છા પ્રમાણે મુખ શબ્દ ભાગે । સ્વચ્છંદ રીતે વરતે સદાય, તે રાય નું રાજ જરૂર જાય ॥ સદૈવ ત્યાં નીચ સલાહકાર, અકૃત્ય કે કૃત્ય નહીં વિચાર । ન દીર્ઘ દૃષ્ટિ કરી નીરખાય, તે રાયનું રાજ જરૂર જાય ॥ જાણે નહી જે ધન કેટલું છે, જાણે નહી જે બલ જેટલું છે । મિથ્યાભિમાની મનમાં સદાય, તે રાયનું રાજ જરૂર જાય.'' (હરિલીલામૃતમ્/૬/૧૪/૧૯-૨૬) આચાર્ય ચાણક્ય કહે છે- ''अरिवर्जा: प्रकृतय:

सप्तेताः स्वगुणोदयाः। उक्ता प्रत्यङ्गभूतास्ताः प्रकृता राजसम्पदः॥ सम्पादयत्य सम्पन्नाः प्रकृतीरात्मवान् नृपः। विवृद्धाश्चानुरक्ताश्च प्रकृतीर्हन्त्यनात्ववान्। ततःसदृष्टप्रकृतिश्चातुरन्तोऽप्यनात्मवान॥ हन्यते वा प्रकृत्तिभिर्याति वा द्विषतां वशम्॥ आत्मवांस्त्वल्पदशोऽपि मुक्तः प्रकृति सम्पदा। नयज्ञः पृथिवीं कृत्सनां जयत्येव नहीयते॥ શત્રુને બાદ કરીને બોલીએ તો ઉત્તમ ગુણોવાળા, પ્રકૃત્તિનાં સાતે તત્વો (સ્થાન, વૃધ્ધિ, હાની, કોશ, સેના, દેશ....) રાજ સંપત્ રૂપી એક જ શરીરના સાત અંગો સમઝવા. જે કોઇ રાજા ડાહ્યા હશે તે પોતાની પ્રકૃતિના આ અંગો જો અસંપણ્ણ (નિર્બળ અને સત્વહીન) હશે તો તેમને સંપણ્ણ બનાવી દશે. પરંતુ જો રાજા અનાત્મવાન (દ્રષ્ટ) હશે તો તે પોતાના રાજ્યમાં વિવૃધ્ધ અને અનુરક્ત અંગેનો નાશપણ કરી દેશે. આમ હોઇને જે કોઇ રાજા આત્મવાદ (સદ્ગુણોથી રહિત) હશે તે પોતે અધિરાજ હશે તો પણ તે પોતાની પ્રજાના કે પોતાના શત્રુના કોપનું ભક્ષ્ય થયા વિના નહિ રહી શકે, પરંતુ જો કોઇ રાજા આત્સવાન અને નીતિ શાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર હશે અને તે જો કદાચિત નાનુ રાજ્ય ધરાવનારા હશે, તો પણ તે પોતાની યક્ત પ્રકૃતિના પ્રભાવે કરીને અખિલ પૃથ્વીને જીતિ શકશે. એટલુ જ નહિ પરંતુ તેનો કદી પરાભવ થવાનો જ નથી.'' (કૌતિલ્ય અર્થ શાસ્ત્ર/ અધિકરણ-૬) (શ્લોક-૧૦) હવે વિદુરજી કયો રાજા રાજ્યને પ્રાપ્ત કરે છે તેના લક્ષણ કહે છે -

શ્લો-૧૧:- यस्त्वेतानि प्रमाणानि यथोक्तान्यनु पश्यति।

युक्तो धमार्थयोर्ज्ञाने स राज्यमधिगच्छति॥

શ્લોકાર્થ :- જે રાજા દુર્ગ, વૃધ્ધિ, હાનિ, કોશ, દેશ તથા સેના આ પ્રમાણોનો યથાર્થ રીતે જાણે છે અને ધર્મ અર્થ અને જ્ઞાનમાં લાગેલો રહે છે. તેજ રાજ્યને પ્રાપ્ત કરે છે.

ચ.ટી. :- જે રાજા દુર્ગ આદિ આ બધા અંગોને યથાર્થ પણે જાણે તે જ વાસ્તવમાં રાજ્યનો ઉત્તરાધિકારી થાય છે. જેમ દશરથ ના ચારેય પુત્રો એ શરીરમાંથી પ્રગટ થયેલી ચાર ભુજાઓની જેમ પુરૂષ શિરોમણી જેવા દશરથ રાજાને પ્રિય હતા. પરંતુ તેઓ બધામાં પણ મહાતેજસ્વિ શ્રીરામ બધાની અપેક્ષાએ વધુ ગુણવાન હોવાથી સમસ્ત પ્રાણિઓ માટે બ્રહ્માજીની માફક પિતાને માટે વિશેષ પ્રીતિવર્ધક હતા. શ્રીરામ ઘણા રૂપવાન અને પરાક્રમ હતા. તેઓ કોઇના દોષ જોતા ન હતા. સમસ્ત ભૂમંડલમાં તેમની સમાનતા કરનાર કોઇ ન હતુ તેઓ પોતાના ગુણથી દશરથ રાજા જેવા હતા. તેઓ હંમેશા શાંતિચિત્ત રહેતા અને શાન્ત્વના પૂર્વક મધુર વચન બોલતા હતા. જો કોઇ એમની સાથે કઠોર ભાષામાં વાત કરતા તો તેનો પણ પ્રતિ ઉત્તર આપતા ન હતા કોઇ તેમનો એક વખત ઉપકાર કરતા તો તેઓ તેમના એક વખતના ઉપકારથી પણ સંતુષ્ટ રહેતા હતા અને પોતાના મનને વશમાં રાખવાથી કોઇ તેમનો હજારો વખત અપરાધ કરવા છતાં તેના અપરાધને તેઓ યાદ રાખતા નહિ. અસ્ત્ર શસ્ત્રોના અભ્યાસને માટે યોગ્ય સમય કાઢયા બાદ અવસર કાઢીને તેઓ ભગવાન તથા મહાપુરૂષોના ચરિત્રને શ્રવણ કરવામાં, જ્ઞાનના ઉપાર્જનમાં, પોતાની અવસ્થામાં વૃધ્ધ પુરૂષો સાથે વાર્તાલાપમાં જ સમય વિતાવતા હતા અર્થાત્ તેઓ પાસે શિક્ષાગ્રહણ કરતા હતા. (આથી શ્રીરામની ધર્મ, અર્થ, અને કામનાં આશક્તિ કહી)

શ્રીરામ ઘણા બુધ્ધિમાન હતા, મધુર વચનો બોલતા હતા. પોતાની સમિપ આવેલ મનુષ્ય સાથ સ્વયં પહેલા વાત કરતા અને એવા મધુર વચનો પોતાના મુખથી બોલતા કે જેથી સામાવાળાને અત્યંત પ્રિય લાગે. બળ અને પરાક્રમથી સંપન્ન હોવા છતાં તેઓ અહંકારથી શૂન્ય હતા. અસત્ય વાત તો તેમના મુખથી પ્રગટ થતી જ ન હતી. તેઓ વિદ્વાન હતા અને હંમેશા સત્પુરૂષોનું સન્માન

કરનારા હતા. પ્રજા રામને અને રામ પ્રજાને ઘણો સ્નેહ કરતા હતા. તેઓ પરમ દયાળુ તથા જીતક્રોધ અને બ્રાહ્મણના પૂજારી હતી. તેઓમાં દિનદયાળુ પ્રત્યે ઘણી દયા હતા. તેઓ ધર્મના રહસ્યને જાણનારા, જીતેન્દ્રિય અને બહાર તથા અંદરથી પવિત્ર હતા. તેઓ પોતાના કુલોચિત આચાર, દયા, ઉદારતાઅને શરણાગતની રક્ષા કરવામાં જ લાગેલા રહેતા. શ્રીરામ પોતાના ક્ષત્રિય ધર્મને ઘણું મહત્વ આપતા હતા કારણ કે ક્ષત્રિય ધર્મના પાલનથી જ પરમધામની પ્રાપ્તિ થાય છે એવું તેઓ માનતા હતા અતઃ તેઓ તેમા જ સંલગ્ન રહેતા હતા.

શ્રીરામ શાસ્ત્ર વિરુધ્ધ કર્મથી હંમેશા ઉદાસ રહેતા, શાસ્ત્ર વિરુધ્ધ વાત સાંભળવાની તેઓને સહેજ પણ રૂચિ ન હતી. તેઓ પોતાના ન્યાય યુક્ત પક્ષના સમર્થનમાં એક પછી એક યુક્તિ આપતા હતા. તેઓનું શરીર નિરોગી તથા તરૂણ હતુ. તેઓ સારા વક્તા, સુંદર શરીરથી સુશોભિત તથા દેશકાળના તત્ત્વને સમઝનારા હતા. તેઓના દર્શન કરી એવું જણાતું હતુ કે વિધાતાએ સમસ્ત જગતમાંથી સારતત્ત્વ લઇને તેઓને પ્રગટ કરેલા હોય. રાજકુમાર રામ શ્રેષ્ઠ ગુણોથી યુક્ત હતા. તેઓ પોતાના સદ્‌ગુણથી પ્રજાને બહાર વિચરણ કરવાવાળા. પ્રાણ સમાન પ્રિય હતા. ભરતાગ્રજ શ્રીરામ સંપૂર્ણ વિદ્યાઓમાં પારંગત છ અંગો સહિત સમસ્ત વેદને જાણનારા તથા ધનુર્વિદ્યામાં તો પિતા દશરથ કરતા પણ ઉત્કૃષ્ટ હતા. શ્રીરામ કલ્યાણની જન્મ ભૂમિ, સાધુ, દૈન્યરહિત, સત્યવાદી અને સરળ હતા. ધર્મ અને અર્થના જ્ઞાતા એવા વિવૃધ્ધ બ્રાહ્મણો દ્વારા તેઓને શીક્ષા પ્રાપ્ત થઇ હતી. તેઓ ધર્મ, અર્થ અને કામના તત્વના સમયક્ જ્ઞાતા હતા. તેઓ સ્મરણશક્તિથી સંપન્ન અને પ્રતિભાશાળી હતા. શ્રીરામ લોક વ્યવહારના સમ્પાદનમાં સમર્થ અને સમયોચિત ધર્માચરણમાં કુશળ હતા તેઓ વિનયશીલ, પોતાના અભિપ્રાયને ગુપ્ત રાખનારા, મન્ત્રને ગુપ્ત રાખનારા તથા ઉત્તમ

સહાયકોથી સંપન્ન હતા. તેઓનો ક્રોધ તથા હર્ષ ક્યારે નિષ્ફળ જતો નથી. તેઓ વસ્તુઓના ત્યાગ અને સંગ્રહના સમયને યથાર્થ રૂપે જાણનારા હતા. ગુરૂજનો પ્રત્યે તેઓની દૃઢ ભક્તિ હતી. તેઓના મુખથી ક્યારેય દુર્વચન નિકળતા ન હતા તે ઓ આળસ અને પ્રમાદથી રહિત હતા. તથા પોતાના તથા પારકાના દોષને સારી રીતે જાણનારા હતા. તેઓ શાસ્ત્રના જ્ઞાતા, ઉપકારિઓ પ્રત્યે કતજ્ઞ તથા પુરૂષોના મનોભાવને જાણનારા હતા. યથાયોગ્ય નિગ્રહ તથા અનુગ્રહ કરવામાં ચતુર હતા. તેઓને સત્પુરૂષોનો સંગ્રહ અને પાલન તથા દુષ્ટ પુરૂષોનો નિગ્રહ ક્યારે કરવો તેનું યથાર્થ જ્ઞાન હતુ તથા શાસ્ત્રમાં વર્ણિત વ્યય કર્મોનું પણ તેઓને યથાર્થ જ્ઞાન હતુ. (આથી રામનું વૃધ્ધિ અને જ્ઞાન કહ્યું)

શ્રીરામને બધા પ્રકારના અસ્ત્ર સમૂહો તથા સંસ્કૃત પ્રાકૃત આદિ ભાષાઓથી મિશ્રિત નાટક આદીના જ્ઞાનમાં નિપુણ હતા. તેઓ અર્થ અને ધર્મનું પાલન કરતા રહેતા અને તેને અનુકૂળ જ કામનું સેવન કરતા હતા અને ક્યારેય આળસને પોતાની સમિપ આવવા દેતા નહિ.(શ્રીરામની ધર્મ અર્થ અને કામમાં આરૂઢતા કહી)

શ્રીરામ વિહારના ઉપયોગમાં આવવાવાળા સંગીત, વાદ્ય અને ચિત્રકારી આદિ શિલ્પોના પણ તેઓ વિશેષજ્ઞાતા હતા તથા તેઓને અર્થોના વિભાજનનું પણ યથાર્થ જ્ઞાન હતુ. તેઓ હાથી અને ઘોડા પર ચઢવાની તથા તેને વિવિધ પ્રકારે ચલાવવાની ક્રિયામાં પણ નિપુણ હતા શ્રીરામચંદ્રજી આ લોકમાં ધનુર્વેદના બધા વિદ્વાનોમાં સર્વ શ્રેષ્ઠ હતા અતિશય વીરો પણ તેઓનું સન્માન કરતા હતા તેઓ શત્રુ સેના પર આક્રમણ અને પ્રહાર કરવામાં કુશળ હતા. સેના સંચાલન કરવાની નીતિમાં પણ તેઓ વિશેષતા ધરાવતા હતા. (આથી શ્રીરામની સેના સંચાલનમાં કુશળતા કહી)

સંગ્રામમાં ક્રોધિત થઇને આવેલા સુરાસુર પણ તેઓને પરાસ્ત કરી શકતા ન હતા. તેઓમાં દોષ દૃષ્ટિનો સર્વથા અભાવ હતો. તેઓ ક્રોધને જીતી ચૂકેલા હતા અને તેઓમાં અહંકાર અને ઇર્ષ્યાનો અભાવ હતો. કોઇપણ પ્રાણી પ્રત્યે તેઓમાં ઉપેક્ષાનો અભાવ હતો તેઓ કાળને અવશ્ય હતા. આ પ્રમાણે ઉત્તમ ગુણોથી યુક્ત હોવાથી રાજકુમાર શ્રોરામ સમસ્ત પ્રજાઓ તથા ત્રણે લોકોના પ્રાણીઓ માટે આદરણિય હતા. તેઓ પોતાના ક્ષમા નામના ગુણથી પૃથ્વીને સમાન હતા. જેમ સૂર્યદેવ પોતાની કિરણોથી પ્રકાશિત થાય છે તેજ પ્રમાણે શ્રીરામ સમસ્ત પ્રજાઓને પ્રિય લાગતા હતા તથા પિતાની જેમ પ્રીતિને વધારનારા સદ્‌ગુણોથી સુશોભિત હતા. આવા સદાચાર સમ્પન્ન, અજેય પરાક્રમિ અને લોકપાલોના સમાન તેજસ્વિશ્રી રામચંદ્રજીને પૃથ્વિદેવી પોતાના સ્વામી બનાવવાની કામના કરતા હતા. પોતાના પુત્ર શ્રીરામના આવા અનુપમ ગુણોને જોઇ શત્રુઓને સંતાપ આપનારા દશરથ રાજાએ મનમાને મનમાં કંઇક વિચાર કર્યો તેઓ કે 'કોઇપણ પ્રકારે અમારી ઉપસ્થિતિમાંજ શ્રીરામ રાજા બની જાય, તેનો રાજ્યભિષેકથી પ્રાપ્ત થએલી આ પ્રસન્નતા અમને ક્યારે સુલભ થાય.' આમ રામમાં ઉપરોક્ત બધા સદ્‌ગુણો જોઇ દશરથ રાજાએ શ્રીરામને યુવરાજ બનાવવાનું વિચાર્યુ (વા.રામા. અયો. અ.૧) આ પ્રમાણે શ્રીરામ જેવા ગુણ જેમાં હોય તેવાને જ રાજ્યની પ્રાપ્તિ થાય છે. અહીં ગુઢાર્થમાં નીતિકાર ધૃતરાષ્ટ્રને કહે છે કે અમોએ જણાવેલા આ બધા ગુણો યુધિષ્ઠિર મહારાજમાં છે માટે એજ રાજા થવાને યોગ્ય છે. જ્યારે તમારો દુર્બુધ્ધિ પુત્ર દુર્યોધન આ બધા જ ગુણોથી રહિત હોય તે રાજા થવાને ક્યારેય યોગ્ય નથી.(શ્લોક-૧૧, હવે નીતિકાર ક્યાં રાજાની લક્ષ્મી નષ્ટ થઇ જાય છ તેના લક્ષણ કહે છે -

<u>**શ્લો-૧૨:-**</u> न राज्यं प्राप्तमित्येव वर्तितव्यमसाम्प्रतम्।

श्रिय ह्यविनयो हन्ति जरारुपमिवोत्तमम् ॥

શ્લોકાર્થ :- 'રાજ્ય પ્રાપ્ત થઇ ગયું' એવું જાણીને અનુચિત નહિ કરવું જોઇએ કારણ તેની રાજલક્ષ્મી તેવી રીતે જ નષ્ટ પામે છે જે પ્રમાણે વૃધ્ધાવસ્થા ઉત્તમરૂપને નષ્ટ કરી દે છે.

ચ.ટી :- અવિવેકી પાસે લક્ષ્મી સ્થાયિ નિવાસ કરીને રહેતી નથી. તે તેનો એવી રીતે ત્યાગ કરી દે છે. જેમ વૃધ્ધાવસ્થામાં અતિરૂપવાનનું સૌન્દર્ય નષ્ટ થઇ જાય છે. આ સંદર્ભમાં વિષ્ણુ પુરાણમાં આવતુ દેવરાજ ઇન્દ્રનું દૃષ્ટાંત અવલોકન કરવા યોગ્ય છે તે પણ અહંકારવશ પોતાના અવિવેકને કારણે પોતાની રાજલક્ષ્મીથી ચ્યુત થયા હતા.

વાત એવી હતી કે એક સમયે અત્રિ ઋષિના પુત્ર અને ભગવાન શંકરના અંશાવતાર મહર્ષિ દુર્વાસા ધરાતલ પર સ્વચ્છંદ પણે વિચરતા હતા. ત્યારે તેઓએ એક સ્થાન પર એક વિદ્યાધરીને જોઇ જેના હસ્તમાં એક દિવ્ય પુષ્પની માળા હતી. એ માળા દેવતાઇ કલ્પવૃક્ષના પુષ્પથી ગૂંથેલી હતી. આ પુષ્પની માળા એટલો સુગંધિમાન હતી કે તેની સુગંધથી સમસ્તવન પ્રદેશ સુવાસિત થતો હતો. ઉન્મત્ત જેવો વેષ ધારણ કરનારા દુર્વાસા ઋષિની દૃષ્ટિ તે સુંદર માળા પર પડી એટલે તેઓએ તે માળા વિદ્યાધરી પાસે માંગી. એટલે વિદ્યાધરીએ આદર સહિત તે માળા દુર્વાસા ને અર્પણ કરી. એટલે દુર્વાસા એ તે માળા લઇ પોતાના મસ્તક પર ધારણ કરી અને પછી તેઓ ધરાવત પર વિચરવા લાગ્યા. એવા જ સમયમાં ત્રિલોકાધિપતિ અને ઇન્દ્રાણિનો સ્વામી દેવરાજ ઇન્દ્ર મદોન્મત્ત ઐરાવત હાથી પર સવાર થઇ દુર્વાસા ઋષિની સન્મુખ આવતો હતો. દુર્વાસાની દૃષ્ટિ દેવરાજ ઇન્દ્ર પર પડી એટલે ઉન્મત્ત જેવા જણાતા દુર્વાસા ઋષિએ મદોન્મત ભમરા જેના પર રસની ઇચ્છાથી મંડરાય રહ્યા છે એવી તે માળા પોતાના મસ્તક પરથી ઉતારી

દેવરાજ ઇન્દ્ર તરફ ફેંકી. ત્યારે દેવરાજે તે માળા ગ્રહણ કરી તેને ઐરાવતના મસ્તક પર મૂકી દીધા. તે વખતે તે માળા કૈલાસના શિખર પર જાણે ગંગા સુશોભિત હોય તેવી શોભી રહી હતી. પછી ગર્વથી અંધકાર યુક્ત થયેલા નેત્રોવાળા ઐરાવત હાથીએ સુગંધથી આકર્ષિત એવી તે માળાને પોતાના ગંડસ્થળથી સુંઢ દ્વારા ગ્રહણ કરી અને તેને જમીન પર પછાડી દીધી અને તેને પોતાના પાદ તળમાં કચડી નાંખી.

પોતાની માળાનું આ પ્રમાણે અપમાન થતું જોઇ દુર્વાસા અત્યંત ક્રોધાયમાન થયા અને હાથ પ્રસારી દેવરાજ ઇન્દ્રને શાપ આપતા બોલ્યા ''રે દુષ્ટ! તુ ઐશ્વર્યના મદથી દુષ્ટાત્મા બની ગયો છે, ખૂબ અક્કડ બની ગયો છે ખરૂને. અમારા દ્વારા અપાયેલી આ માળા લક્ષ્મીના ધામરૂપ છે છતાં તેને તે રૂચિકર લાગતા નથી એટલું જ નહિ તે પ્રણામ પૂર્વક એટલું પણ ન કહ્યું કે 'આપની કૃપા અથવા પ્રસાદ રૂપ આ માળા છે.' ઉપરાંત હર્ષથી પ્રફુલ્લિત ગાલવાળા મસ્તકે આ માળા સ્વિકારી લઇને તે પોતાના મસ્તક પર પણ ન ચઢાવી અને ઉલટો તું તેનું અપમાન કરે છે માટે ઓ મૂઢ! તારી આ લક્ષ્મી તારો ત્યાગ કરી સમુદ્રનો આશ્રય કરે. રે અધમ! તુ અમને બીજા બ્રાહ્મણ જેવો સામાન્ય બ્રાહ્મણ માને છે ખરૂને? અને એજ કારણથી તુ મારૂ અપમાન કરે છે તથા અમોએ આપેલી માળાને તે જમીન પર ફેકો દીધી તે કારણથી તારૂ ત્રૈલોક્ય લક્ષ્મીવાળુ ઐશ્વર્ય નષ્ટ થશે. ઓ દેવરાજ! જે કોપાયમાન થતા સ્થાવર જંગમ ભયભીત થઇ જાય છે તે મારૂ તે અતિ ગર્વથી અપમાન કરેલું છે તેનું ફળ તને અવશ્ય મળશે.''

આ પ્રમાણે દુર્વાસા ઋષિએ શાપ આપતા જ દેવરાજ ઇન્દ્રની સમસ્ત લક્ષ્મી તેનો ત્યાગ કરી સમુદ્રના ગર્ભમાં જતી રહી આ પ્રમાણે દેવરાજ ઇન્દ્રે ધનના ઐશ્વર્યના મદમાં દુર્વાસાનું અપમાન કર્યુ તો તેઓના શાપથી ત્રિલોકિના અધિપતિ

હોવા છતા દેવરાજ ઇન્દ્રની સ્થિતિ એક દરિદ્રના જેવી થઇ ગઇ. માટે રાજ્ય રૂપિ ઐશ્વર્ય પ્રાપ્ત થવા છતાં પણ રાજાએ ક્યારે પણ અનુચિત કર્મમાં પોતાનુ મન લગાવવું અન્યથા તેઓની સ્થિતિ પણ દેવરાજ ઇન્દ્રના જેવી થશે. (વિ.પુરાણ/૧/૮) એટલે માટે મત્સ્ય ભગવાન વૈવસ્વત મનુને કહે છે. 'बहवोऽविनयाद् भ्रष्टा राजान: सपरिच्छदा: वन स्थाश्चैव राज्यानि विनयात् प्रतिपेदिरे॥ ઘણા રાજાઓ પોતાની ઉદ્દન્ડતાને કારણે પોતાના પરિજન અને અનુચરોની સાથે નષ્ટ થઇ ગયા છે અને અનેક વનસ્થ રાજાઓએ પોતાના વિનય સ્વભાવને કારણે પુનઃ રાજ્યશ્રીને પ્રાપ્ત કરેલ છે.' (મતસ્ય/૨૧૫/૫૩) માટે જ રાજનીતિમાં પણ રાજાને વ્યસનોથી બચવાની સલાહ અપાય છે. કારણ કે કેટલાએ રાજાઓ વ્યસનમાં ફસાઇને પોતાની રાજલક્ષ્મીને નષ્ટ પ્રાય કરી ચૂકેલા છે. જેનું દૃષ્ટાંત યુધિષ્ઠિર, ધનનંદ, પૃથ્વિરાજ ચૌહાણ, અગ્નિવર્ણ ઇત્યાદિના રૂપમાં જોવા મળે છે. (શ્લોક-૧૨)હવેનીતિકાર લોભ નામના દુર્ગુણને દૃષ્ટાંત દ્વારા સમજાવે છે.

શ્લો-૧૩:- भक्ष्योत्तम प्रतिच्छन्न मत्स्यो वाऽशमायसम्।

लोभाभियाती ग्रसते नानु बन्धमवेक्षते॥

શ્લોકાર્થ :- ઉત્તમ સ્વાદિષ્ટ વસ્તુઓથી ઢાંકેલા, લોઠાના કાંટાથી લોભમાં ફસાઇને માછલી તે ભક્ષણ કરી લે છે પણ તેના પરિણામને જોતી નથી.

ચ.ટી :- 'लोभ: पापस्य कारणम् ' અર્થાત્ લોભ દુઃખદ પરિણામ આપનારૂ છે. જ્યાં લોભથી કામ થાય છે તેનું પરિણામ અન્તમાં દુઃખ આપવાવાળું મનાય છે. એટલે માટે નીતિકાર લોભને ત્યાગ કરવાનું કહે છે. પુલસ્ત્ય ઋષિ કહે છે. '' लोभ: पापस्य बीजोऽयं मोहोमूलं च तस्य व। असत्य तस्य हि स्कन्धो महाशाखा सुविस्तरात्॥ मदकौटिल्यपत्राणि कुबुद्धया पुष्पित: सदा। अनृतंतस्य सौगन्ध्यं अज्ञानं फलमेव च॥ कुऽयं पाखण्ड चैराश्च क्रुरा: कूटाश्च पापिन:॥ पक्षिणो मोहवृक्षस्य

महाशाखासमाश्रिता:॥ अज्ञानं सुफलं तस्य रसोऽधर्म: फलस्यहि॥ भावोदकेन संवृद्धिस्तस्य श्रद्धाक्रतुप्रिया॥ अधर्मेष रसस्तस्यउत्क्लेदैर्मधुरायते। तादृशैश्च फलेश्चैव सकलो लोभ पादप:॥ तस्य छायां समाश्रित्य यो नर: परिवर्तते॥ फलानि तस्य सोऽश्नातिस्वपक्वानि दिने दिने॥ फलानां च रसनेपि अधर्मेण लु पोषित:। सुसंपुष्टो भवेन्मर्त्य: पतनाय प्रयच्छति॥ પાપનું બીજ લોભ છે, તેનું મૂળ મોહ છે- અસત્ય પાપ રૂપ વૃક્ષનું થડ છે અને તે થડમાંથી વિસ્તારવાળી મોટી શાખાઓ રૂપે ગર્વ તથા કુટિલતા રૂપ પાંદડાં પ્રગટ છે. વળી તે પાપ રૂપી વૃક્ષ દુષ્ટ બુધ્ધિથી સર્વકાળે પાપયુક્ત બને છે. તે પુષ્પોની સુગંધ અસત્યરૂપ છે તે વૃક્ષનું ફલ અજ્ઞાન પોતે છે. પાંખડી અને ચોર લોકોએ પાપ રૂપી વૃક્ષની વાડ રૂપ હોય છે. ક્રૂર અને ચોર લોકો તે મોહરૂપી વૃક્ષના આશ્રય કરી રહેલા પક્ષીઓ છે તેનું ફળ અજ્ઞાન જ હોય છે તે ફળનો રસ ખરેખર અધર્મ જ હોય છે. તે વૃક્ષની વૃધ્ધિ ભાવરૂપી જળથી થયેલી હોય છે અને યજ્ઞની શ્રધ્ધા જ તેની ઉત્તમ પુષ્ટિ રૂપ છે અધર્મોમાં રહેલ રસ, તે વૃક્ષની ભીનાશને લીધે મદુર હોય એવો જણાય છે અને તે લોભ રૂપી વૃક્ષ તેવા પ્રકારના ફળોને લીધે સફળ થાય છે. આવા વૃક્ષોની છાયાનો આશ્રય કરી જે મનુષ્ય પરિવર્તન પામ્યા કરે છે તેજ વૃક્ષનાં પ્રતિદિન આપો આપ પામેલા ફળોને ભોગવે છે. વળી તે આ વૃક્ષના ફળોના રસરૂપી અધર્મ વડે પણ પોષાયેલો જે મનુષ્ય પુષ્ટ બન્યો હોય તે પતન તરફ જાય છે.'' (પદમ/પાતાળ/અ.૮૭)

આ સન્દર્ભમાં પંચતંત્રમાં એક કથા આવે છે કથા એવી છે કે કોઇ એક તળાવના કિનારે અનેક જળ જંતુઓ સાથે એક બક રહેતો હતો. તે પોતાના યૌવન કાળમાં નિત્ય પ્રતિ અનેક માછલીઓને પોતાનો આહાર બનાવી જતો હતો. પરંતુ વૃધ્ધાવસ્થાને લઇ તેનામાં હવે પહેલા જેવી શક્તિ રહી ન હતી.

એટલે માટે તેણ ઘણી વખત ક્ષુધાનુ કષ્ટ સહન કરવું પડતુ હતુ. એક દિવસ તેણે મનોમન વિચાર કર્યો કે 'શારીરિક બળ ક્ષીણ થઇ જતા હવે મારે છળ કપટનો આશ્રય લેવો પડશે.' આમ વિચારી બગલાએ પ્રચાર અને પ્રસારનો પ્રારંભ ગર્યો અને તે બધા જળ જંતુઓને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે ' આ તળાવ તો શીઘ્રતી શીઘ્ર સુકાઇ જશે બધા જ જળજંતુ મૃત્યુ પામશે એટલા પ્રાણની રક્ષા માટે તમારે બધાએ અહીંથી થોડે દૂર એક વિશાળ તથા રમણીય તળાવ આવેલ છે તેમાં જવું જોઇએ.' તેના આ અસત્ય પ્રચારને સત્ય માનોએ બધા જ જળ જંતુ ભય પામી ગયા અને તે તળાવમાંથી જતા રહેવાનું વિચારવા લાગ્યા. જે જળ અને સ્થળ બંનેમાં વિચરણ કરનારા હતા તેઓ તો પ્રથમથી જ તળાવનો ત્યાગ કરી બગલાએ નિર્દેશ કરેલા તળવામાં જતા રહ્યા. પરંતુ બિચારી માછલીઓ ત તળાવમાંજ પડી રહી. તેઓએ બગલાને પ્રાર્થના કરી કે 'હે બક શ્રેષ્ઠ! તમારા બતાવેલા માર્ગનું અનુસરણ કરીને બીજા જળ જંતુ ઓ તો તમારા બતાવેલા માર્ગનું અનુસરણ કરીન તમારા બતાવેલા સ્થાને જઇ નિર્ભય થઇ ગયા. પરંતુ અમે તો તે સ્થાન પર જવા માટે અસમર્થ છીએ, તો કૃપા કરીને એવો ઉપાય કરો કે જેથી અમારા પ્રાણ બચી જાય.'

તેઓની વિનંતી સાંભળી બગલો બોલ્યો- 'દેવીઓ! આ બાબતમાં તમોએ અમારો વિશ્વાસ કરવો પડશે અમો એક એકને અમારી પીઠ ઉપર બેસાડો તીવ્ર વેગથી ઉડીને તે જળાશયમાં પહોંચાડી દઇશ. અને થોડા દિવસમાં તમો બધી જ તે તળાવમાં પહોચી જશો અમારા આ સત કર્મથી અમારા દ્વારા જે પાપાચરણ થયું છે તે પણ નિવૃત્ત થશે.'

આમ જોવામાં આવે તો બગલો એ માછલીઓનો સ્વાભાવિક શત્રુ હતો. પરંતુ આપત્તિકાળ અને તેની મધુરવાતથી માછલીઓએ તેની વાત માનવા વિવશ

થવું પડયું. હવે તો બગલાના દિવસો ફરી ગયા તે દુષ્ટાત્મા એક એક માછલીને લઇ જતો અને તેને મારીને ખાઇ જતો. એક દિવસ તળાવમાં માછલીઓના મધ્યે એક કેકડો દેખાયો તે દુષ્ટ બુધ્ધિ લોભી બગલાએ વિચાર્યુ કે 'પ્રતિદિન માછીઓનો આહાર કરી મન ભરાઇ ગયુ છે, અતઃ આજે કેકડાને ભક્ષણ કરી સ્વાદ બદલવો જોઇએ.' આ પ્રમાણે મનોમન નક્કી કરી લોભી બગલો કેકડા પ્રત્યે બોલ્યો 'ભાણેજ! ચાલ આજે તને જળાશયમાં પહોંચાડી દઉં' કેકડો તો પ્રસન્ન થઇને બગલાની પીઠ ઉપર બેસી ગયો થોડી ઉડાન બાદ કેકડો બોલ્યો ''મામા! જળાશય હજ કેટલું દૂર છે?' બગલાએ તેને પોતાના વશમાં જાણેલો જોઇ રહસ્યથી વાત બતાવતા કહ્યું 'અહીં કોઇ જળાશય નથી. આ કાર્ય તો અમારી વૃધ્ધાવસ્થામાં અમારી આજીવિકાનું કાર્ય છે. અમો પ્રતિદિન માછલીઓને લઇને તેને પથ્થર પર ફેંકી મોતને ઘાત ઉતારી તેનું ભક્ષણ કરી કરી મન ભરાઇ ગયું હતુ માટે હવે આજે તારો સ્વાદ માણસુ.'

મામાની વાત સાંભળો કેકડો બોલ્યો- 'મામા! આજે તારા પાપનો ઘડો ભરાય ગયો છે, હવે તે કરેલા તારા બધા કૃત્યને સ્મરણ કર અને યમલોકમાં જવાની તૈયારી કર.' આમ કહી કેકડાએ બગલાની કમળની નળી સમાન ઉજ્જવળ અને કોમળ ગરદન પોતાના તીક્ષ્ણ દાંતોથી દબાવવાનો પ્રારંભ કર્યો અને તણે બગલાને નિષ્પ્રાણ કરી દીધો. તે પછી તેની કપાએલી ગરદન મુખમાં લઇ તે તળાવ પર આવ્યો અને બગલાએ જે કૃત્ય કરેલું તે બધુ ત્યાના રહેનારાઓને કહ્યું. આ પ્રમાણે અતિ લોભ કરવાથી તે દુષ્ટ બગલો યમલોકનો અતિથિ થઇ ગયો. અતઃ લોભનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. કામ, ક્રોધ, લોભ અને મોહ આ મહાન શત્રુ છે. તે પતન કરવાવાળા છે. સાધન માર્ગમા તો આ પ્રબળ શત્રુ છે. નીતિન્ એ તથ્ય છે કે કલ્યાણ ઇચ્છિત મનુષ્યોએ આ શત્રુઓથી

હંમેશા બચીને રહેવું (પંચતંત્ર/મિત્રભેદ) મહારાજા યુધિષ્ઠિર યક્ષને કહે છે 'क्रोध: सुदुर्जय शत्रुर्लोलो व्यधिरनन्तक:। ક્રોધ મનુષ્યનો વૈરી છે લોભ અસીમ વ્યાધિ છે' (મહા/વન/અ. ૩૧૩/૧૨) ગંગા પુત્ર ભીષ્મ યુધિષ્ઠિરને કહે છે 'लोभात् पापं प्रवर्तते-લોભથી પાપ વધે છે.' (મહા/શાન્તિ/૧૫૮/૨) આચાર્ય ચાણક્ય પણ કહે છે- 'लोभश्चद गुणेन किं पिशुनता यद्यस्ति किं पातकै:। જે મનુષ્યમાં લોભ રૂપી દુર્ગુણ છે તો તેના બધા દુર્ગુણ તુચ્છ છે.' (ચાણક્યનીતિ/૧૭/૪)

આ સન્દર્ભમાં ઇસપ નીતિમાં આવતી કથા પણ અવલોન કરવા યોગ્ય છે વાત એવી હતી કે એક શ્વાન મુખમાં રોટલી લઇને નદી પાર કરતો હતો. નદીમાં સ્વચ્છ જળમાં પડતા પોતાના પ્રતિબિમ્બને તે અન્ય શ્વાન સમઝિ તે મનમાને મનમાં વિચાવા લાગ્યો કે 'જો આ શ્વાનની રોટલી પણ હું લઇ લેવ તો મારી પાસે બે રોટલી થઇ જશે.' આ પ્રમાણે લોભમાં પડીને તે શ્વાને જેવું મુખ પહોળુ કર્યુ તેવી જ તેના મુખમાં રહેલી રોટલી જળમાં પડી વહી ગઇ. આ ઘટનાથી શ્વાન સ્તબ્ધ થઇ ગયો અને થોડીવાર સુધી તે કાંઇ બોલ્યો નહિ અને પછી નદી પાર કરતા તે બોલ્યો કે 'જે લોકો લોભને વશી ભૂત થઇને કાલ્પનિક લાભની આશામાં દોડે છે તેની આવીજ સ્થિતિ થાય છે.' આ સન્દર્ભમાં એક કહેવત છે- 'આધી છોડ સારી કો ધાવે આધિ મિલન સારી પાવે'' (ઇસપની નીતિકથા)

પંચતંત્રમાં એક વધુ લોભ સંબંધિ દૃષ્ટાંત જોવા મળે છે. પ્રસંગ એવો હતો કે દક્ષિણના કોઇ એક વનમાં એક વૃધ્ધ વાઘ રહેતો હતો એક દિવસ તે સ્નાન કરી હાથમાં કુશ લઇને તળાવના કિનારે આવી કહેવા લાગ્યો 'રે રાહગીરો! આ સુવર્ણના કડાને અમારી પાસેથી ગ્રહણ કરો.' તેની આ પ્રમાણેની વાત સાંભળી ત્યાંથી પસાર થતા એક લોભી રાહગીરે વિચાર્યુ 'આજ ભાગ્યથી આ સુવર્ણનું કડુ અમને પ્રાપ્ત થશે, કારણ કે ભાગ્યથી જ બધુ પ્રાપ્ત થાય છે પરંતુ કોઇક

શંકાવાળા કાર્યને વગર વિચાર્યે ક્યારેય પણ ન કરવું. એટલે વાઘની વાતને અમો નિશ્ચિત કરી લઇએ.' એ પ્રમાણે વિચાર કરી તે તળાવના કિનારે આવી વાઘ પ્રત્યે બોલ્યો 'અરે વાઘ મામા! તમારા સોનાના કળા ક્યાં છે?' ત્યારે બે હાથ પ્રસારી વાઘે પોતાના કડા બતાવ્યા ત્યારે પેલા રાહગીરે કહ્યું 'મારા! તમો તો હિંસક વૃત્તિના છો તમારા પર વિશ્વાસ કેમ કરી શકાય?' ત્યારે વાઘ બોલ્યો ''રાહગીર! તમો યથાર્થ જ કહો છો પૂર્વ અવસ્થામાં અમો ખૂબ જ દુરાચારી હતા. અનેકો જીવોની હત્યા કરનારા હતા અને એજ પાપના પરિણામ સ્વરૂપે અમારો સમસ્ત પરિવાર કાળના મુખમાં જતો રહ્યો. અમો નિરવંશ થઇ ગયા એક દિવસ એક ધર્માત્માએ અમોને ઉપદેશ આપ્યો કે 'તુ દાન પુણ્ય કરતો રહે જેથી બધુ થીક થઇ જશે.' તેથી તે મહાત્માની વાત સાંભળી અમોએ હિંસા કરવાની છોડી દીધી છે અને પ્રતિદિન સ્નાન કહીને કંઇકને કંઇક દાન કરતા રહીએ છીએ. પરંતુ હવે અમે વૃધ્ધ થઇ ગયા છીએ અમારામાં હવે શક્તિ રહી નથી. અમારા દાંત તથા નખ પણ કમજોર થઇ ગયા છે. અતઃ અમારા થકી હવે કોઇને ભય નથી પણ કોણ જાણે આજે શું વાત છે કે આ સુવર્ણનું કડુ આપવા અમો કેટલાએ જણને બોલાવીએ છીએ પરંતુ કોઇ અમારી વાત સાંભળવા તૈયાર જ નથી. કારણ કે બધાને એકજ ભય રહે છે કે આ વાઘની પાસે જતા તે અમારૂ ભક્ષણ કરી લેશે એટલે કોઇ અમારી પાસે આવવા તૈયાર નથી. માટે હવે તમોજ આ તળાવમાં સ્નાન કરી આ સુવર્ણના કડાને ગ્રહણ કરો. જેથી અમારો શુભ સંકલ્પ પરિપૂર્ણ થાય.''

આ પ્રમાણે વાઘના કપટ ભર્યા તથા મધુર વચન સાંભલી તેનો વિશ્વાસ કરી જેવો પેલો રાહગીર તળાવમાં સ્નાન કરવા માટે પ્રવેશ કર્યો ત્યાં જ તે કાદવમાં ફસાઇ ગયો આ પ્રમાણે રાહગીરને કાદવમાં ફસાયેલો જોઇ વાઘ તેના

પ્રત્યે બોલ્યો 'ભાઇ! તમો તો કાદવમાં ફસાઇ ગયા પરંતુ ભય ન પામશો આપ ત્યાંજ ઉભા રહો, અમો હમણા જ તમોને કાદવમાંથી બહાર કાઢીએ છીએ.' આમ કહી વાઘ ધીરે ધીરે તેની પાસે ગયો અને તણે રાહગીરને ડબોચી લીધો અને તેનું ભક્ષણ કરી ગયો. ચાલાક વાઘ તો પોતાની યોજનામાં સફળ થઇ ગયો. પરંતુ લોભી રાહગીર લોભને વશીભૂત થઇને વાઘની મધુરતમ વાતોમાં ફસાઇ જઇ તેનો ગ્રાસ બની ગયો એટલે માટે નીતિની આ શિક્ષા ગ્રહણ કરવી કે 'લોભ ક્યારેય પણ કરવો જોઇએ નહિ અને વગર વિચાર્યે કોઇપણ કાર્ય ન કરવું જોઇએ.' (પંચતંત્ર/મિત્ર સાભ/ વિષ્ણુ શર્મા કૃત)

આવા જ બીજા પ્રસંગ મહાભારતમાં જોવા મળે છે. પ્રાચિન કાળમાં સૃંજય નામના એક રોજા હતા. દુર્ભાગ્યવશાત તેઓને સંતાનમાં કેવલ એક કન્યા હતી પત્ર પ્રાપ્તિની ઇચ્છાથી તેણે વેદજ્ઞ બ્રાહ્મણોની સેવા કરી. રાજાની સેવા સુશ્રુષાથી સંતુષ્ટ થઇને બ્રાહ્મણોએ તથા દેવર્ષિ નારદજીન રાજાએ પુત્ર થાય એટલે માટે પ્રાર્થના કરી. તે દિવસોમાં દેવર્ષિ નારજી સૃંજય રાજાના અતિથિ હતા. બ્રાહ્મણોની પ્રાર્થનાથી દ્રવિત થએલા નારદજીએ રાજાને કહ્યુ 'હે રાજન! તમો કેવા પુત્રને ઇચ્છો છો.!' ત્યારે રાજા સૃંજયના મનમાં લોભ જાગ્યો એટલે તેઓ દેવર્ષિન પ્રાર્થના કરતા બોલ્યા 'દેવર્ષિજી! તમો અમોને એવા પુત્રનું વરદાન આપો જે સુન્દર, સ્વસ્થ તથા ગુણવાન હોય. તથા તેના મળ, મુત્ર, થૂક, કફ આદિ સુવર્ણમય હોય દેવર્ષિ નારદે કંઇક વિચારીને 'એવમસ્તુ' કહ્યું.

તે પછી દેવર્ષિ નારદના વરદાન પ્રમાણે રાજાને થોડા જ સમયમાં એક પુત્રની પ્રાપ્તિ થય. રાજાએ પુત્રનું નામ 'સુવર્ણષ્ઠીવી' રાખ્યું હવે સૃંજયના ધનથી કાંઇ વાત જ ન હતી. તે બાળકના મલ મૂત્રાદિક બધુ સુવર્ણનું થઇ જતુ હતુ. રાજાએ પોતાના રાજ ભવનના બધા પાત્રો સુવર્ણના તથા આસનો પણ સુવર્ણના

બનાવી દીધા. તે પછી તો તેણે પોતાનું રાજભવન પણ સુવર્ણનું બનાવી દીધુ. તેમાં રહેલી દિવાલ થાંભલા તથા તેની છત બધુ જ સુવર્ણનું હતુ. તદન્તર રાજાના પુત્ર સુવર્ણષ્ઠીવીના સમાચાર સમસ્ત દેશમાં ફેલાય ગયા. દસ્યુઓએ પણ તે વાતના સમાચાર સાંભળ્યા. એટલે તેઓ બધાનો સમૂહ ભેગો થઇ સુવર્ણષ્ઠીવીનું અપહરણ કરવા તૈયાર થયો અને અવસર પ્રાપ્ત કરીને એક દિવસ દસ્યુઓ મહેલમાં પહોંચી ગયા અને ત્યાં જય તેઓએ બાળકનું અપરહરણ કરી લીધુ. વનમાં જઇ બધા દસ્યુઓ અંદરો અંદર રાજકુમાર માટે વિવાદ કરવા લાગ્યા દીર્ઘકાળ પર્યન્ત સુવણષ્ઠીવીને જીવિત રાખવો અશક્ય હતો એટલે બધાએ નિર્ણય તરીકે સુવર્ણષ્ઠીવીને મોટને ઘાટ ઉતારી જે સુવર્ણ પ્રાપ્ત થાય તેને બધાએ સસખે ભાગે વહેંચી લેવુ. આમ વિચારી તેઓ બધાએ નિર્દયતાથી સુવર્ણષ્ઠીવીના કટકા કરી નાખ્યા. પરંતુ તેઓ બધાને તેના શરીરમાંથી અંશ જેટલા પણ સુવર્ણની પ્રાપ્તિ થઇ નહિ. લોભને વશ થઇ રાજા સૃંજયે એવા પુત્રની દેવર્ષી નારદ પાસે પ્રાર્થના કરી કે જેની રક્ષા તેઓ પોતે પણ ન કરી શક્યા અને લોભને વશ થઇ દસ્યુઓ તેનું અપહરણ કરી ગયા અને તેની કરપિણ હત્યા કરી નાખી. પરંતુ તેઓ પણ પોતાના આ કૃત્યથી કેવળ પાપના જ ભાગી થયા તથા રાજાના ક્રોધ નો પણ ભોગ બન્યા તે પછી રાજાએ બધા દસ્યુઓને પોતાના સિપાયો દ્વારા પકડી મંગાવ્યા અને બધાને મોતને ઘાત ઉતારી દીધા (મહાભારત/દ્રોણ/અ. ૫૫) માટે લોભ ક્યારે પણ ન કરવો અને મહાપુરૂષોની સેવા કર્યા બાદ તેવી વસ્તુની યાચના ક્યારે ન કરવી કે જેથી તે વસ્તુ પોતાના દુ:ખનું કારણ બને ભગવાન વેદ વ્યાસજી કહે છે. ‘मातरं पितरं भातृन् सर्वांश्च सहृस्तथा। घ्नन्ति ह्यसुतयो लुब्धाराजानः प्रायशो भुवि॥ પૃથ્વિમાએ વાત પ્રાય: દેખાય છે કે પોતાના પ્રાણોનું પોષણ કરવાવાળો લોભી રાજા પોતાના સ્વાર્થ અર્થે માતા

પિતા, ભાઇ બન્ધુ અને પોતાના અત્યન્ત હિતૈષી ઇષ્ટમિત્રોની પણ હત્યા કરી નાંખે છે (શ્રીમદ ભાગ-૧૦/૧/૬૭) વિહારી લાલાજી મહારાજ કહે છે. ''લોભી પુરૂષ પેટ ભરીને ખાય, લોભી થકી પુણ્ય નહી કરાય । માંદો પડયાથી કદિ જીવ જાય, પૈસો નહિ ઓસડનો અપાય ॥ લોભી કને જો બહુ દ્રવ્ય હોય, ફરેજ થઇને અતિરંગ તોયો ચિંતા ધરે તે નિજ મૃત્યુ કાળે, રાખે ચિંતામાં બહુ કાષ્ટ બાળે ॥ લોભી ન જાણે મન પુણ્ય પાપ, જાણે મહિમાં ધનનો આમા! માખી તણો સંગ્રહ જેમ જાય, લોભી તણું દ્રવ્ય પછી લુંટાય ॥ લોભી ન રાખે દિલમાં દયાય, તે ક્રોધી કામી સરખો ગણાય । છે પાપનું મૂળ સદૈવ લોભ, છે છાપરૂ ધારક જેમ મોભ ॥ લોભી તણુ દ્રવ્ય કુમાર્ગ જાય, ચૌરાગ્નિ કે ભૂપ કચેરિ ખાય । માતા પિતાન નહિ લોભિપાળે, લોભિ પ્રજાનું પણ પેટ બાળે ॥ જોગિ જતીને જન લોભી સેવે, જાણે મન લે જડ બુધ્ધિ દેવે । જ્યાં લોભીયા લોક વસે ઘણાય, ત્યાં ધૂર્તકેરૂ ગુજરાન થાય'' (હરિલીલામૃતમ્/૩/૨૩/૨૫ થી ૩૩) ભગવાન સ્વામિનારાયણ પણ કહે છે, ''तत्राधर्मान्व वायस्था दोषाये लोभ संश्रिता: । आदितस्त निरुप्यन्तेहातव्या निखिला अपि॥ लोभ निष्ठा: सन्ति दोषा महान्तो निरयप्रदा: । अधिष्ठानं हि पापस्य लोभश्चाघ प्रवर्तक: ॥ लोभात्क्रोध: प्रभवति लोभात्काम: प्रवर्तते। लोभान् मोहश्चमाया च मानश्च परतन्त्रता॥ स्वकन्यादेवक्रयश्च नीचस्यापि गहेनृणाम्। लोभनैवहि वित्तादेर्मनुष्यस्य च विक्रय: ॥ अक्षमा ह्रोपरित्याग: श्री नाशो धर्म सङ्क्षय: । चिन्ताऽयकीर्तिदन्भश्च द्रोहो निन्दा च मत्सर: ॥ अत्यागश्चति तर्षश्चविकत्थाऽकार्यकारिता। अविश्वासस्तयाचौर्यंपरदाराभिमर्शनम। दैन्यसाहसयोर्वेगोमृत्युवेगश्चदारुण: । ईर्ष्याविगश्चबलवानिम्नप्यावेगश्च दुर्जय: ॥ रसवेगश्च दुर्वार्थ: सर्वं लोभात्प्रवर्तते। तस्मात् सर्वाणि पापानि लोभ मूलानि निश्चितम्॥ લોભ ખરેખર પુરૂષને પાપમાં પ્રવર્તાવે છે, લોભ થકી ઉપજીવનન પામીને પ્રવૃધ્ધા પામતા નરક પ્રાપક દોષ તો મોટામોટા છે. લોભ પાપ માત્રનું પ્રથમ અધિષ્ઠાન છે. જેમ

ભવનમાં નાના વિધ વસ્તુઓ રહી છે તેમ લોભમાં નાનાવિધ પાપો રહ્યા છે લોભ થકી ક્રોધ પ્રભવે છે. પ્રકર્ષથી થાય છે એટલે મર્યાદા મૂકીને ઉદ્ભવે છે, કેમ? તો લુબ્ધ જન અન્યાયથી પણ અર્થ સંગ્રહાર્થે પ્રવર્તતા હિતોપદેશકો ઉપર ફણ ક્રોધ કરે છે લોભ થકી કામ પ્રવર્તે છે- પ્રકર્ષથી થાય છે, એટલે વેળાને મૂકીને ઉછળે છે કેમ? તો લોભી જન દૃષ્ટમાત્ર અર્થને પોતા માટે કામે છે. લોભ થકી મોહ (વિપરીત જ્ઞાન) પ્રવર્તે છે કેમ? તો લોભી જન અર્થ તૃષ્ણાને વશ થતાં ગુરૂને અગુરૂ અને અદેય વસ્તુને દેય માને છે. લોભ થકી માયા પર વંચનાદિ પ્રવર્તે છે. લોભ થકી માન સમુદ્રભવે છે કેમ? તો લોભી જન અર્થાહાનિની શંકાને લીધે સંતોના સેવન થકો નિવૃત્ત થઇ પોતે જ પોતાને સર્વ કરતા વિજ્ઞાન સંપણ્ણ સર્વ કરતા મોટો જ્ઞાનિ માની બેસે છે, તેથી તેને અવસ્થાનમાં માનવૃધ્ધિ થાય થાય છે. લોભ થકી પરતંત્રતા પ્રવર્તે છે કેમ? તો લોભી નર અર્થનો દાસ થઇને સર્વ દાસ્ય અર્થ સંપાદકને સ્વર્ગ સુખ થકી પણ અધિક માની બેસે છે. વળી વિત્તાદિકતા લોભને લીધે જ પોતાની કન્યાને પણ નીચને ઘેર વેચીને લુબ્ધજનો ધન સંગ્રહે છે એ રીતે આ દોષ પણ લોભ થકી પ્રવર્તે છે લોભ થકી અક્ષમાં પ્રવર્તે છે કે કેમ? તો લોભી નર સમગ્ર સમૃધ્ધિ પોતાના એકલામાટે જ ઇચ્છીએને પરની સમૃદ્ધિ ન્યાચ્યા હોય તો પણ તેને સહન કરી શકતો નથી. લોભને લીધે લજ્જા ત્યાગ પ્રવર્તે છે કેમ? તો લોભીજન ધનાર્જનમાં પ્રવતતા જાતિ દેશકાળાદિકને અનુચિત પણ કર્મ કરતા લેશ પણ લજાતો નથી. લોભ થકી શ્રીનાશ થાય છે. લોભને લઇને દાન ભોગને નહિ કરનારા ધનનો તૃતિયા ગતિ નાશ પ્રસિધ્ધ જ છે. લોભને લઇને ધર્મનો સંક્ષય થાય છે કેમ? તો ક્ષણ પણ કાળ અર્થ સંપાદન થકી અન્ય શુભ કાર્યમાં જો જાય તો તેને વ્યર્થ સમઝતા લુબ્ધ જનને નિત્ય કર્મ કરવાનો સમય નહિ મળવાથી ધર્મનો સંક્ષય થાય છે. અન્યાયથી પણ અર્થ

સંગ્રહાર્થે પ્રયત્ન કરતા લુબ્ધને અધર્મની અભિવૃધ્ધિ થતાં ધર્મ ક્ષમ થાય છે આ વાત તો વિશેષ વ્યક્ત છે. ચિંતા પણ લોભ થકી પ્રવર્તે છે કેમ? તો તૃષ્ણિક જન નિરતર અર્થના સર્જનમાં અને રક્ષણમાં ચિંતાતુર જ રહ્યા કરે છે. લોભ થકી અપકીર્તિ થાય છે કેમ? તો લોલુપતાવાળો નર પરધનના આહરણ માટે વિવિધ દુરૂપાયો કરતા પોતાને અને કુળને પણ અપયશ થી કલંકિત કરી દે છે. લોભિઓનું કુત્રાપિ યશ દેખાતુ નથી. લોભ થકી દંભ પ્રવર્તે છે કેમ? તો અર્થ સંતાપ માટે લોભિયા બહુ જનો પોતાનું ધાર્મિક પણુ પ્રખ્યાપન કરવા ધર્માચરણનું નાટક કરે છે લોભ થકી દ્રોહ પ્રવર્તે છે કેમ? તો અર્થ તૃષ્ણાળુઓ મિત્ર દ્રોહ અને કતજ્ઞ દ્રોહને પણ ગણતા નથી આ અર્થ પ્રસિદ્ધ છે. લોભ થકી નિંદા પ્રવર્તે છે કેમ? તો લોભિષ્ટ નર વિનયાદિ ગણોથી અભ્યધિક ધનને સમઝતાં, દાતારોને પણ અવિવેકીઓના અગ્રસરો સમઝીને તેના તિરસ્કારમાં પ્રવર્તતાં ગુણિઓની નિંદા કરવામાં અભિમુખ થાય છે. આ લોભથી જ મત્સર-પરોત્કર્ષની અસહિષ્ણુતા પ્રવર્તે છે. લોભથી જ અત્યાગ પ્રવર્તે છે- આપત્તકાળમાં પણ અર્થનો ત્યાગ થઇ શકતો નથી. પ્રાણ પરિત્યાગ કરીને પણ અર્થના પરિક્ષણમાં પ્રવૃત્તિ લોભને લીધે થાય છે. લોભને લીધે અલક્ષ્યમાં પણ અતિતૃષ્ણા સમદ્ભવે છે. લોભ થકી વિકત્યા આત્મશ્લાઘા પ્રવર્તે છે કેમ? તો લોભી નર ધનાર્જનની કુશળતાને જ સર્વથી સમધિક કુશળતાને માનીને પોતાને તેવી કુશળતાથી બ્લાઘે છે. શ્લાઘે થકી અકાર્યને કરવાપણું પ્રવર્તે છે, આતો સુપ્રસિધ્ધ જ છે. પત્ની પુત્ર પ્રમુખ બન્ધુ જનોમાં પણ અવિશ્વાસ લોભને લીધે આવે છે. ધનાહરણ માટે પ્રવર્તેલો લોભીયો ચોરી થકી કે પરદારા પરિગ્રહ થકી ભય પામતો નથી કેવળ અર્થ લાભને જ દેખે છે. તો પરદારા પરિગ્રહમાં પણ પ્રીતિમાન થાય છે વળી લોલુપ જન સમુચિત વસ્ત્ર ભૂષણાદિકના ધારણમાં પણ પ્રીતિમાન થાય છે વળી લોલુપ જન સમુચિત વસ્ત્ર

ભૂષણાદિકના ધારણમાં પણ વ્યય થવાનો વિચારતા તે થકી ભય પામીને કન્યાદિ વડે કાળને કાઢતોથકો દૈન્યવેષને ધરે છે, તો આવો દૈન્યવેગ લોભ થકી પ્રવર્તે છે. દુર્ગમ દ્વિપાંતર આદિકમા જવાથી અર્થ લાભ થશે એમ વિચારીને લોભીનર પ્રાણોને પણ તૃણવત્ નહિ ગણીને દ્વિપાંતરમાં દોડે છે અવો સાહસવર્ગ લોભને લીધે ઉદ્ભવે છે કે 'જીવિશ તો રાજા દંડશે તેથી ધન નાશ થશે' એવી ઉત્પ્રેક્ષા કરીને કે 'જીવિત ત્યાગથી ધનની આવક થશે' એવી ઉત્પ્રક્ષા કરીને, લોભીયો જન, મરણ માટે પણ તૈયાર થઇ જાય છે તે આ દારૂણ મૃત્યુ વેગ લોભને લીધે થાય છ એ તો પ્રસિધ્ધ જ છે તો મિથ્યા વચન બોલીને લુબ્ધનર ધનને સંપાદન કરે છે દુર્વાર્ય રસાસ્વાદ વેગ લોભ થકી પરંપરાએ સમુદ્ર ભવે છે કેમ? તો લોભીનર પ્રતિદિન પ્રશન્નથી જ પોતાને તૃપ્ત કરતાં આજે આના ઘરે વિવાહ છે, આજે આના ઘરે ઉપનયન સંસ્કાર છે, આજે આના ઘરે સીમંત સંસ્કાર છે, ઇત્યાદિ ગણી રાખીને ત્યાંત્યાં જમતાં પ્રવૃધ્ધ રસાસ્વાદવાળો થાય છે. આજ રસા સ્વાદ દુર્જય પ્રશન્ન પ્રાશનથી પામતો છે. આ રીતે આ સર્વ દોષો લોભ થકી જ પ્રવર્તે છે. માટે સમસ્ત પાપો લોભ મૂળ જ છે એમ નિશ્ચયથી જાણવું'' (સ.જી. ૪/૬૨...) શ્રીવલ્લભાચાર્યજી કહે છે 'लोभेन भक्तिः नाशः स्यात्- લોભથી ભક્તિનો નાશ થાય છે.

લોભ સમ્બન્ધમાં એક વધુ પ્રસંગ ઇસમપ નીતિ કથામાં આવે છે જે અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે એક ખેડૂતના બગીચમાં દ્રાક્ષનું વૃક્ષ હતુ, તેમાં દર વર્ષે ઘણા મધુર ફળો લાગતા હતા. ખેડૂત ઘણો પરીશ્રમી હતો તથા સંતોષિ અને સત્યવાદી હતો. તેણે વિચાર્યુ કે 'બગીચો તો અમારા ઉદ્યમનું ફળ છે પરંતુ જમિન તો જમિન ધરની છે. આ ફળમાં તઓને પણ ભાગ મળવો જોઇએ. નહિ તો અમો ઇશ્વરને શુ મુખ બતાવીશુ?' આ પ્રમાણે વિચાર કરી

પ્રતિવર્ષ જમિનદારના ઘરે ખેડૂત કેટલીક મધુર દ્રાક્ષ મોકલવા લાગ્યો જમિનદાર વિચારવા લાગ્યો કે 'દ્રાક્ષનું વૃક્ષ તો મારી જમિન પર છે, એટલે કે દ્રાક્ષના વૃક્ષ પર કેવલ અમારો જ અધિકાર ગણાય તો અમો તે વૃક્ષને ઉખાડી અમારા બગિચામાં રોપિ દઇએ.' લોભના અંધકારમાં તે શુ કરી રહ્યો છે તેનું પણ તેને જ્ઞાન ન રહ્યુ. શાસ્ત્રમાં પણ કહેવાયું છે કે 'જેના પર લોભ નામનો શત્ર્ સવાર થઇ જાય છે તે ન કરવા યોગ્ય કાર્યમાં પર પ્રવૃત્ત થઇ જાય છે' જમિનદાર પર લોભ પૂર્ણ રીતે હાવી થઇ ગયો હતો તેણે પોતાના સેવકોને આજ્ઞા આપી કે 'દ્રાક્ષના વૃક્ષને ઉખેડી અમારા ઉદ્યાનમાં સ્થાપિ દો' સેવકોએ આજ્ઞાનું પાલન કર્યુ. બિચારો ખેડૂત તો અસહાય હતો તે કેવલ પશ્ચાતાપ સિવાય કરી પણ શુ શકે? સેવકોએ વૃક્ષ ઉખાડી જમિનદારના ઉદ્યાનમાં રોપી દીધુ પણ ફળ આપવાની વાત તો એક બાજ રહી વૃક્ષ સૂકાઇને ઠુંઠું થઇ ગયુ અને લોભના કીડાઓએ તેની ઉપાદેયતાને જળ મૂળથી ઉખાડી નાથી. (ઇસપની નીતિ કથા) માટે જ કહ્યુ છે કે 'लोभ मूलानि पापानि व्याधयो रसमूलकाः। स्नह मूलानि दुःखानि त्रयं त्यक्त्या सुखी भवेत्॥ લોભ એ પાપનું મૂળ છે, સ્વાદ રોગોનું મૂળ છે, સ્નેહ દુઃખોનું કારણ છે, ત્રણેયનો ત્યાગ કરી સુખી થાવ.' 'लोभश्चेदगुणेनकिं पिशुनता– મનુષ્યમાં લોભ જેવો કોઇ દુર્ગુણ નથી' 'लोभात क्रोधः प्रभवति लोभात् कामः प्रजायते। लोभान् मोहश्च नाशश्च लोभः पापस्य कारणम्॥ લોભથી ક્રોધ ઉત્પન્ન થાય છે, લોભથી કામ ઉત્પન્ન થાય છે, લોભથી મોહ ઉત્પન્ન થઇ માનવનું પતન થાય છે માટે લોભ પાપનું કારણ છે.' (શ્લોક-૧૩) હવે નીતિકાર કઇ વસ્તુ ભક્ષણ કરવી તે કહે છે -

શ્લોક- ૧૪ यच्छक्यं ग्रसितु ग्रस्त ग्रस्तं परिणमेच्चयत्।

हितं च परिणामे स्यात् तदाद्यं भूतिमिच्छता॥

શ્લોકાર્થ :- કલ્યાણ ઇચ્છાવાળાએ એવી જ વસ્તુ ભક્ષણ કરવી જોઇએ જે ભક્ષણ કરવા યોગ્ય હોય અને જે ભક્ષણ કરી શકાય તથા ભક્ષણ કર્યા બાદ પચી શકે તથા પચ્યા બાદ હિતકારી હોય.

ચ.ટી. :- ભોજન હલકુ અને હિતકારી કરવું જોઇએ. વધારે પડત, ભોજન પચવામાં કષ્ટ દાયક થઇ પડે છે અને સાથે હિતાવહ પણ નથી. આર્ય શાસ્ત્રોમાં યજ્ઞોની જેમ ભોજન વ્યાપારને પણ એક યજ્ઞ કહેવાયો છે. આ નિત્ય યજ્ઞના યજ્ઞેશ્વર ભગવાન વૈશ્વાનગર કહેવાયા છે. આ વાત ભગવાને પોતાના સ્વમુખે 'अहं वैश्वनरो भूत्वा प्राणिनां देहमाश्रितः प्राणापानसमान यक्तः। पचाम्यनं चतुर्विधम्॥ (गीता १५/१४)' આ વચનથી કહ્યુ છે. આમ પરમાત્મા વૈશ્વાનર (જઠરાગ્નિ) રૂપથી પ્રત્યેક પ્રાણીમાં સ્થિત થઇ પ્રાણ, અપાન, સમાન વાયુની સહાયતાથી ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોસ્ય આ ચાર પ્રકારના ભોજ્ય અન્નોને ભક્ષણ કરે છે. અતઃ આર્ય ભોજનથી ફક્ત ઉદરપૂર્તિ જ નહિ પણ ભગવાનનું યજન પણ થાય છ એટલે વેદાદિ શાસ્ત્રોમાં ભોજનની પવિત્રતા પર વિશેષ વિચાર કરાયેલો છે. આ સંબંધમાં સૌ પ્રથમ સ્થાનનો વિચાર કરવો જોઇએ અર્થાત્ કોઇપણ સ્થાનમાં બેસીને કે ઉભા ઉભા ક્યારેય પણ અન્ન ગ્રહણ કરવું નહિ કારણ કે અશુચિ સ્થાનમાં પૂજા કરવાથી કોઇ ફળ મળતુ નથી તથા પરમાત્માની પણ અપ્રસન્નતા થાય છે.

ભોજન કરવાનું સ્થાન પવિત્ર, એકાન્ત અને ગૌમય તથા જળથી શુધ્ધ કરાયેલું હોવું જોઇએ. બીજ સ્વયં નાહિ ધોઇ પવિત્ર થઇને ભોજન કરવું જોઇએ. કારણ અપવિત્ર શરીર અને અપવિત્ર મનથી જો ભગવાનની પૂજા કરાય તો તેનું ફળ પ્રાપ્ત થતું નથી. ત્રીજ જે વસ્તુથી પૂજા કરવાની હોય તે પવિત્ર અને સાત્વિક હોવી જોઇએ. કારણ કે અશુધ્ધ અને તામસિ વસ્તુઓથી ભગવાનની પૂજા ન

થાય. કારણ તેનાથી મન, બુધ્ધિ અને આત્મા કલુસિત થવાની સંભાવના રહે છે. અન્તતઃ ખાદ્ય દ્રવ્ય શ્ધ્ધ તથા સાત્વિક હોવું અત્યંતાવશ્યક છે. ચતુર્થ પૂજાના પદાર્થ જેની અંદર સંગ્રહ કરાય તે પાત્ર સ્વચ્છ તથા માંજેલ હોવા જોઇએ. તે કોઇ અપવિત્ર મનુષ્ય કે પશુ પક્ષીને સ્પર્શ કરેલું ન હોવું જોઇએ. કારણ પૂજા ના પુષ્પો-નૈવેદ્ય આદિ પદાર્થો નીચ અને પાપીને સ્પર્શ થતા તે પૂજાને યોગ્ય રહેતા નથી. એટલે પાપી અને નીચ જીવોનું અન્ન ક્યારેય ગ્રહણ ન કરવું. એટલે માટે આપણા પ્રાચિન ઋષિઓએ આહાર પર અત્યધિક વિચાર કરેલો છે તથા તેના સંબંધમાં નાના પ્રકારના આચારોનો નિર્ણય કરેલો છે. ભોજનના વિષયમાં મનુ મહારાજ કહે છે 'आयुष्यं प्राङ्‌मुखो भुङ्क्येयशस्यं दक्षिणामुखः॥ આયુની ઇચ્છા વાળાએ પૂર્વમુખ તથા યશની ઇચ્છાવાળાએ દક્ષિણા ભિમુખથઇને ભોજન કરવું' ભગવાન વેદ વ્યાસજીના પિતા પરાશર ઋષિ કહે છે 'प्राङण्मुखोदङन्मुखोअपि ભોજન હંમેશા પૂર્વ અથવા ઉત્તર મુખ રાખી કરવું.' (વિ.પુ. ૩/૧૧/૭૮), વશિષ્ટ ઋષિ કહે છે 'प्राङण्मुखन्नानि भुञ्जीत' (વશિષ્ટ સ્મૃતિ-૧૨/૧૫) વામન પુરાણમાં દક્ષિણ તથા પશ્ચિમ તરફ મુખરાખી ભોજન કરવાનો નિષેધ 'भुञ्जीत नैवेहच दक्षिणामुखो न च प्रतीच्यामभि भोजनीयम् ' (વામન-૧૪/૧૧) આ વચનથી કરાયો છે. કારણ કે દક્ષિણ દિશા તરફ મુખ રાખીને ભોજન કરવાથી તે ભોજનમાં રાક્ષસી પ્રભાવ આવી જાય છે. 'तद्वै रक्षांसि भुञ्जते' (પરાશર સ્મૃતિ) 'अप्रक्षालित पदास्तु यो भुङ्क्तेदक्षिणा मुखः। यो वेष्टितशिरा भुङ्क्त प्रेता भुञ्जिन्ति नित्यशः॥ જે પગ પ્રક્ષાલન કર્યા વગર અન્ન ગ્રહણ કરે છે, જે દક્ષિણ મુખ કરી જમે છે અને જે મસ્તક પર વસ્ત્ર વિંટાણી (મસ્તક ઢાંકી) જમે છે તેના તે અન્નને હંમેશા પ્રેતો જમે છે.' (સ્કન્ધ/પ્રભાસ/૨૧૬/૪૧)' यद् वेष्टितशिराभुङ्क्तेयद्भुङ्क्ते दक्षिणा मुखः। सोपानत्कश्चयद् भुङ्क्ते सर्वं विद्यात् तदासुरम्॥ જે વસ્ત્ર મસ્તક પર લપેટીને ભોજન

કરે છે, દક્ષિણ મુખ કરીને ભોજન ગ્રહણ કરે છે તથા પગરખા પહેરીને ભોજન ગ્રહણ કરે છે તેનું તે બધ્ અન્ન આસુરી સમઝવું જોઇએ.' (મહા.અનુ. ૯૦/૧૯) 'प्राच्यांनरो लभेदायुर्याम्यां प्रेतत्वमश्रुते। वरुणे च भवेद्रोगी आयुवितं तयोत्तरे। પૂર્વ તરફ મુખ રાખી અન્ન ગ્રહણ કરવાથી મનુષ્યની આયુ વધે છે, દક્ષિણ તરફ મુખ રાખી અન્ન ગ્રહણ કરવાથી પ્રેતત્વની પ્રાપ્તિ થાય છે, પશ્ચિમ તરફ મુખ રાખી અન્ન ગ્રહણ કરવાથી આયુ તથા ધનની પ્રાપ્તિ થાય છે.' (પદ્મ/સૃષ્ટિ/અ.૫૧/૧૨૮)

ભોજન કરતા પર્વે સ્નાન અને પૂજનથી પણ આજ્ઞા કરાય છે કારણ કે સ્નાન તથા પૂજનથી શરીર અને મનની પવિત્રતા વધે છે સ્નાન અને પૂજન વગર અન્ન ગ્રહણ કરવાની પણ મનાઇ કરાય છે. જેમ કહ્યુ છે ' अस्नात्वाशी मलं भुङ्क्ते अनपो पूयशोणितम्- નિરોગી શરીર રહેતા સ્નાન વગર અન્ન ગ્રહણ કરવું એ મળ ગ્રહણ કરવા બરાબર છે, અને જપ પૂર્ણ કર્યા વગર અન્ન ગ્રહણ કરવાથી પૂય-શોણિત ભોજનનો દોષ હોય છે એટલે સ્નાન બાદ જ ભોજન કરવું. 'पञ्चार्द्रो भोजनं कुर्यात् पाङमुखो मौनमास्थित: हस्तौ पादौ तथैवास्यमेषां पञ्चार्द्रता मता॥ બન્ને હાથ, બન્ને પગ અને મુખ ધોઇને, પૂર્વાભિમુખ થઇ, મૌનનું અવલમ્બરન કરીને ભોજન કરવું' મનુ મહારાજ કહે છે 'आर्द्रपादस्तु भुञ्जीत नार्द्रपादस्तुसंविशेत्। आर्द्रपादस्तु भुञ्जातानो दीघमायारवाप्नुयात्॥ જળથી ભીના પગથી ભોજન કરવુ પણ શયન ન કરવું ભીના પગ વડે ભોજન કરવાથી આયુષ્યની વૃધ્દ્ધિ થાય છે અને ભીના પગ લઇ શયન કરવાથી આયુષ્ય ઘટે છે.'

મહાભારતમાં ભગવાન વેદવ્યાસ 'एक वस्त्रोन भुञ्जीत' આ વચનથી એક વસ્ત્ર ધારણ કરીને ભોજન કરવાની મનાઇ કરે છે એટલે ભોજન કરતી વખતે અધો વસ્ત્ર અને ઉત્તરીય વસ્ત્ર અવશ્ય ધારણ કરવું.

આમ ઉપરોક્ત બતાવેલી રીત પ્રમાણે જ ભોજન કરવું. જો શરીર અસ્વસ્થ હોય તો ભીના કપડાથી શરીરને લુછી વસ્ત્ર બદલી લેવું અથવા માનસિક સ્નાન કરી લેવું. માનસિક સ્નાન, શ્રી વિષ્ણુ ભગવાનનું સ્મરણ કરીને 'હું પવિત્ર થયો છ,' એવી ભાવના કરવાથી થાય છે. ભોજન પૂર્વે ભોજન પદાર્થો ભગવાનને અર્પણ કરી તે પછી તેઓના શેષ પ્રસાદને ગ્રહણ કરવું. પ્રસાદ રૂપથી ભોજન પદાર્થનું સેવન કરવાથી અન્નમા અનુચિત આસક્તિ ઉત્પન્ન થતી નથી. જ્યારે સંસારમાં બધી જ વસ્તુ ભગવાને ઉત્પન્ન કરેલી છે ત્યારે તેને અર્પણ કર્યા વીના અન્ન ગ્રહણ કરવાથી નિસ્સંદે પ્રત્યવાય થી મુક્ત થવાય છે. ગીતાચાર્ય પણ સ્વ મુખે કહે છે. 'तैर्दत्तान्प्रदायैभ्यो यो भुङ्क्त स्तेन एव सः। દેવતાઓએ આપેલી વસ્તુ તેઓને અર્પણ કર્યા વગર જે ખાય છે તે ચોર છે.' (ગીતા/૩/૧૨) માટે ભગવાનને અર્પણ કરીને જ અન્ન ગ્રહણ કરવું.

ભક્ષણ કરવા યોગ્ય પદાર્થની પવિત્રતાપણ હોવી જોઇએ અને તે પદાર્થ સાત્વિક પણ હોવા જોઇએ. શ્રુતિ ભગવદી કહે છે 'अन्नमशितं त्रेधा विधियते तस्य य स्वविष्ठो धातुस्तत्पुरीषं भवति यो मध्यमस्तन्मांस योऽणिष्ठस्तन्मनः॥ ભક્ષ્ય અન્ન ત્રણ પ્રકારે થાય છે તેનો જે અત્યંત સ્થૂળ ભાગ હોય છે તે મળ થાય છે જે મધ્યમ ભાગ હોય છે તે માંસ થાય છે અને જે અત્યંત સૂક્ષ્મ ભાગ હોય તેનું મન થાય છે.' (છા.ઉ. ૬/૫/૧) 'दध्नः सोम्य मन्यमानस्य योऽणिमा स ऊर्ध्वः समुदोपति तत् सर्पिर्भवति। एवमेव खलुसोम्यान्नस्याश्य मानस्य योऽणिमा सऊर्ध्वः समुदीषति तन्मनो भवति॥ સૌમ્ય! મથાયેલા દહીનો જે સૂક્ષ્મ ભાગ છે તે ઉપર એકઠો થાય છે તે ઘત કહેવાય છે. તેજ પ્રમાણે હે સૌમ્ય! ભક્ષાણ કરાયેલા અન્નનો જે સૂક્ષ્મ ભાગ હોય છે તે સમ્યક્ પ્રકારે ઉપર આવી જાય છે તેનું મન થાય છે.' (છા.ઉ./૬/૬/૧-૨) અને એજ શ્રુતિ આગળ કહે છે- 'आहार शुद्धौ सत्वशुद्धिः सत्व शुद्धौ ध्रुवा

स्मृतिः स्मृति लम्भे सर्वग्रन्थीनां विप्रमोक्षेः ॥ આહાર શુધ્ધિથી અંતઃકરણ શુધ્ધ થાય છે. અંતઃકરણ શુધ્ધ થતાં અખંડ સ્મૃતિ રહે છે અને સ્મૃતિ શુધ્ધ થતા બધી ગ્રંથિઓનું (રજો ગુણ તમો ગુણાત્માક ગ્રંથિઓનું) મોચન થાય છે નાશ થાય છે.' અતઃ એ વાત સ્પષ્ટ થઇ કે અન્નના સાત્વિક આદી ગુણને અનુસારે જ મન પણ સાત્વિક આદી ભાવાપન્ન થશે.

સાધારણતઃ જોવા મળે છે કે અન્ન ગ્રહણ ન કરવાથી મન દુર્બળ થાય છે. ચિંતન શક્તિ નષ્ટ થાય છે. અન્ન ભક્ષણ કરવાથી મન સબળ થાય છે અને ચિંતન શક્તિ પ્રબળ થાય ચે અને તેજ અન્ન જો તામસિ હશે તો મન બુધ્ધિ અને શરીર તામસી થશે. જેનાથી બ્રહ્મચર્ય ધારણ અને સાધના આદિ અસમ્ભવ થઇ જશે. તેજ પ્રમાણે રાજસી અન્નથી પણ મન અને બુધ્ધિ ચંચળ થશે. અતઃ પવિત્ર અને સાત્વિક અન્ન જ ગ્રહણ કરવું જોઇએ. ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે છે. 'आयु: सत्त्व बलारोग्य सुखप्रीतिविवर्धनाः। रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्विक प्रियाः॥ कट्वम्ललवणात यष्पातीक्ष्णरुक्षविदाहिनः। आहारा राजसस्येष्टो दु:खशोकामयप्रदाः॥ यातयामं गतरसं पूति पर्युषितं च यत्। उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम्॥ આયુષ્ય, બુધ્ધિ, બળ, આરોગ્ય સુખ અને પ્રીતિ વધારનારા, રસયુક્ત, સ્નિગ્ધ, સ્થિર રહેનારા (જે પદાર્થોનો સાર ઘણા સમય સુધી શરીરમાં સ્થિર રહી શકે છે એવાઓજ ઉત્પન્ન કરનારા પદાર્થોને સ્થિર રહેનારા કહે છે) અને સ્વાતાવિક રીતે જ મનને પ્રિય લાગે એવા આહાર સાત્વિક મનુષ્યને પ્રિય હોય છે. કડવા, ખોટા, ખારા, ઘણા ઉષ્ણ, તીખા, ભૂંજેલા, દાહ ઉત્પન્ન કરનારા અને દુઃખ, ચિન્તા તથા રોગને જન્મ આપનારા આહારોરાજસી મનુષ્યને પ્રિય હોય છે. જે અન્ન અડધુ પકવ અને અડધુ અપક્વ, સુકાય ગયેલા રસનું, સ્વભાવે દુર્ગંધી, વાસી અને ઉચ્છિષ્ટ એવું તથા જે અપવિત્ર (માંસાહાર તથા

અધર્મથી કમાયલા દ્રવ્યનું અન્ન જે અપવિત્ર) પણ છે એવું ભોજન તામસી મનુષ્યને પ્રિય હોય છે. (ગીતા /૧૭/૮-૧૦) અતઃ રાજસ તામસ આહારનો ત્યાગ કરી સાત્વિક આહારનું જ સેવન કરવું જોઇએ. ધર્મ શાસ્ત્રોમાં પણ રાજસ તામસ આહારનો ત્યાગ કરી સાત્વિક આહાર પર ભાર મુકવામાં આવ્યો છે. જેમ મનુ મહારાજ કહે છે 'लशुनं गुञ्जनं चैव पलाण्डं कवकामिच। अभक्ष्याणि द्विजातीनाममेध्यप्रभवति च॥ લસણ, ગુંજન(લીલો લાંબો કાંડો), કાંડો, કવક (કુકુરમુત્તા) તથા વિષ્ઠાદિ અપવિત્ર વસ્તુથી ઉત્પન્ન શાકાદિ દ્વિજાત્તિઓ માટે સર્વથા અભક્ષ્ય છે.' (મનુ.૫/૫)

રાજસ અને તામસ પદાર્થો ભક્ષણ કરવાથી મન, બુધ્ધિ, શરીર, પ્રાણ, આત્મા આ બધુ જ મનિલ થઇ જાય છે અને બ્રહ્મચર્ય નાશ, પશુભાવ વૃધ્ધિ, કામવૃધ્ધિ, ચિત્તચાંચલ્ય, આદિ ઉત્પન્ન થઇને આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ એકાએક બંધ થઇ જાય છે. રાજસ, તામસ પદાર્થો ભક્ષણ કરવાથી શરીર આદી મલિન તો થાય જ છે પરંતુ રાજસ તામસ મનુષ્યના કરથી સ્પર્શ થયેલું અન્ન ગ્રહણ કરવાથી પણ અંતઃકરણ મલિન થઇ જાય છે. આ સન્દર્ભમાં ગંગાપુત્ર ભીષ્મનું દૃષ્ટાંત તથા એકલ શૃંગી ઋષિના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે.

વાત એવી હતી કૌરવો અને પાંડવો મધ્યે થનારા યુધ્ધમાં પરમ ભાગવત એવા દેવવ્રત ગંગાપુત્ર ભીષ્મજીએ દુર્યોધનના પક્ષમાં રહી યુધ્ધ કરવાની સ્પષ્ટ મનાઇ કરી દીધી. ગંગાપુત્રની આ વાતથી ઉદાસ થયેલો દુર્યોધન શકુનિ પાસે આવ્યો અને તેણે બધી વાત શકુનિને કહી સંભળાવી. વાત સાંભળી શકુનિ બોલ્યો 'દુર્યોધન! જો ગંગાપુત્રને આપણા પક્ષમાં યુધ્ધ કરવા તૈયાર કરવા હોય તો તેને પાપિષ્ટ મનુષ્યનું સ્પર્શ કરેલું અન્ન જમાડી દે ત્યારે દુર્યોધને પોતાના

સેવકોને આજ્ઞા કરી કે 'ગંગાપુત્ર ભીષ્મના મહેલમાં જે સીધુ સામાન જાય છે તે અમારી પાસે થઇને જાય.' દુર્યોધનની આજ્ઞા મુજબ બીજા દિવસે ગંગાપુત્ર ભીષ્મના મહેલમાં સીધી જતા પહેલા દુર્યોધનના કક્ષમાં આવ્યુ અને પાપી દુર્યોધનને તે સીધા પર પોતાની દ્રષ્ટિ કરી અને પછી પોતાના કરના સ્પર્શથી તેનો સ્પર્શ પણ કર્યો અને તે પછી તે સીધુ ગંગાપુત્ર ભીષ્મની પાસે મોકલ્યુ અને ગંગાપુત્ર એ દુર્યોધનના સ્પર્શ પામેલા સીધાની રસોઇ આરોગો ત્યાંજ તેઓની બુધ્ધિ મલિન થઇ ગઇ અને તે પછી તેઓએ પોતાની સન્મુખ દ્રૌપદીનું વસ્ત્રાહરણ થતું પણ જોયું પરંતુ પાપિષ્ટ અન્ન ભક્ષણ કરેલું હોવાથી તેઓ આ અધર્મનો વિરોધ પણ ન કરી શકયા અને અંતે દુર્યોધનના પક્ષમાં રહી પોતાના પરમ પ્રિય એવા ધર્માત્મા પાંડવોની સાથે યુધ્ધ કરવા માટે પણ તૈયાર થયા અને અંતે શરશૈયા પર પડતા પડતા જ મૃત્યુ પામ્યા.

બીજો પ્રસંગે એકલંશ્રંગી ઋષિનો છે. જે પણ પાપિષ્ટ મનુષ્યના હસ્તનું અન્ન ભક્ષણ કરવાના પરિણામે પોતાના બ્રહ્મચર્ય વ્રત થકી ભ્રષ્ટ થયા હતા. વાત એવી હતી કે અંગ દેશ ના અધિપતિ રોમપાદ રાજા એ યાચના કરતા કોઇક વિપ્રને કોઇક વસ્તુ આપવાની પ્રતિજ્ઞા કરી, પછી પોતાના પુરોહિતે પ્રતિષેધ કરતાં પ્રતિજ્ઞાને અનુસારે કર્યુ નહિ. કિંતુ 'નહિ આપું' એમ કહ્યું, રાજાના આ ધર્માતિલંઘનથી પુરના વિપ્રોએ તેનો પરિત્યાગ કર્યો એટલે તેના પુરનો ત્યાગ કરી વનમાં જતા રહ્યા. ઇન્દ્રે પણ આજ બ્રાહ્મણાપરાધને લીધે તેના દેશમાં વૃષ્ટિ કરી નહિ. અનાવૃષ્ઠિથી સમસ્ત પ્રજાઓ બહુ પીડા પામી. પ્રજાની પીડા નહિ સહન થતાં રાજાતો વૃષ્ટિ પ્રતિ બંધનું કારણ વૃધ્ધ મુનિઓને પુછવા વૃધ્ધ આમાત્યોને સાથે લઇને જ્યાં તપસ્વિ જનો બહુ રહે છે એવા વનમાં ગયો. વનમાં રાજાએ અતિ પ્રાર્થના પૂર્વક પુછેલા કોઇ મુનિવરે કહ્યુ કે ''બ્રાહ્મણો ના

અતિક્રમથી તમારા દેશમાં બહુકાળથી આનાવૃષ્ટિ અનવર્તે છે. માટે પ્રથમ વિપ્ર અપરાધનું પ્રાયશ્ચિત્ત કરી તે વિપ્રોને યથાપૂર્વ તમારા પુરમાં નિવાસ કરાવીને યથાયોગ્ય માન આપીને જીવિકાવૃત્તિ આપવા પૂર્વક પુજન કરો, વળી હે નૃપ! જેના પગલાં પડવાથી અતિવૃષ્ટિયાદિ ઇતિમાત્રની પ્રશાંતિ થઇ જાય એવા મહા મહિમાશાળી, નૈષ્ઠિકવ્રતિઓમાં શ્રેષ્ઠ, ઋષ્યશૃંગ નામના, તપસ્વિ બાળને કોઇપણ ઉપાયે તમારા દેશમાં લાવો. તેમના આવવાથી તમારા દેશમાં તત્કાળ વૃષ્ટિ થશે અને પ્રજાને સુખ થશે.'' આ પ્રકારે મુનિવરે કહેલો રાજા પ્રહર્ષપામી મુને નમસ્કાર કરી પોતાના પુરમાં પાછો આવ્યો.

રોમ પાદ રાજા રાજ્યમાં પાછા આવ્યા બાદ વિપ્રાપરાધનું પ્રાયશ્ચિત કરી યાથપૂર્વ વિપ્રોને પોતાના પત્તનમાં નિવાસ કરાવી, ઋષ્યશૃંગ મુનિને લાવવા માટે કોઇપણ વેશ્યાને મોકલી આ મુનિ મહાતપસ્વી પિતાની જ એક પરિચર્યા પરાયણ, જેમણે નગર કે નાગર કોઇ દિવસ દેખ્યાજ નથી જેમને મુનિમંડળ જ પ્રિય છે એવાને નગરમાં શી રીતે લાવી શકાય? એમ બહુ બહુ વિચાર કરી સરલ ઉપાય નહિ હાથ લાગતાં છેવટે છળથી પણ દેશ હિત માટે લાવવાની ઇચ્છાથી રાજાએ વારાંગના મોકલી. આ વેશ્યા રાજ શાસનને વશવર્તનારી હોવાતી તેણીએ મુનિને લાવવા માટે કોશિકી નદીના તીરમાં કોઇ પણ એક અદ્‌ભૂત આશ્રમ કર્યો. અને કૃત્રિમ -કુંડા આદિકમાં રોપી રોપી તેને જળ છાંટી નૂતન કરેલા પુષ્પ વૃક્ષાદિ વડે એક નૌકા અલંકાર કરી નદી તરવા તૈયાર કરી. તે પછી તે વેશ્યા 'વિભાંડક મુનિ આશ્રમ થકી અન્યત્રગયા છે' એમ ગુપ્તદૂત મુખથી જાણી. 'એકાકી મુનિ આશ્રમમાં હોવાથી તેઓને છેતરવાનો સમય છે.' એમ નિશ્ચય કરી મુનિની સમીપે આવી.

તે પછી રૂપ લાવણ્યે સંપન્ન, મહા અમૂલ્ય વસ્ત્ર વિભૂષણો વડે વિભૂષિત એવી આ વારાંગના મુનિને પ્રમાણ કરી તપાદિકમાં કુશળ પુછવા લાગી. 'આ સ્ત્રી છે આ પુરૂષ છે' એવા વિભાગને નહિ જાણતા આ મુનિએ તો તે વેશ્યાને 'આ કોઇ બ્રહ્મચારી છે.' એમ માનીને તેનું દર્ભાસન આદિક વડે મહર્ષિઓને સમુચિત એવું આતિથ્ય કરવાનો આરંભ કર્યો. અને સ્ત્રી પુરૂષ લિંગના અનભિજ્ઞ મુનિ તેને પુછવા માંડયા કે- તપે કરીને અગ્નિ જેવા પ્રકાશનમાન તમો કોણ છો? (તમારૂં ગોત્ર શું છે) અને તમારા પિતા અતિશય સુકૃતે સંપન્ન કોણ છે? અને આપનો આશ્રમ કયા વનમાં છે? આ જય છે કે કબરી (સ્ત્રીનો કેશ વિન્યાસી છે એવો વિભાગ મહિ જાણતા હોવાથી પોતાના અભ્યાસન અનુસરે ભો જટાભાર! એવું સંબોધન આપે છે - અહો!! તમારી જટાની મનોહરતા. આ પ્રકારે સ્ત્રી પુરૂષના વિવેક વિનાના ઋષિશ્રૃંગે જ્યારે વારાંગનાને કહ્યુ ત્યારે તે બોલી- 'હ મુને! કૌશિકી નદીના સામા તટમાં અમારો રમણીય આશ્રમ છે. આ આશ્રમ નૌકા વિના પામી શકાય એવો નથી. તમારા આ આશ્રમ થતી ત્રણ યોજન (બાર ગાઉ) દૂર દેશમાં વર્તે છે. હે બ્રાહ્મણ તમોએ તો અમો અભિવંદનીય નથી કિંતુ તમો મારે જ અભિવંદનીય અને આલિંગનીય છો. આવું વિપરીતપણું કેમ? એમ કહેતા હોય તો કહુ છ કે- હે મુને! મારૂ એવું વ્રત- નિયમ છે, માટે આ વિપરીત પ્રતીત થાય ત તથાપિ દોષ દાયક નથી'.

વેશ્યાનું વચન સત્ય જાણવાથી આ પ્રકારે ઠગાએલા મુનિ કહે છે- 'હે વર્ણિન્! મુનિ સમુચિત ભલ્લાતક ઇંગુદી આદિકમાં લાવેલા આ ફળો તમો જમો અને આ આણેલું તુંબી પાત્ર માં ભરેલું જળપાન કરો.' આ પ્રમાણે મુનિએ કહ્યું એટલે વેશ્યાએ તો મુનિએ આપેલા સર્વ ફળાદિક દૂર ફેંકી દીધા અને પોતા પાસે રહેલ ઘેબર, બરફી, પેંડા આદિક મિષ્ટાન્ન મુનિન આપ્યું. આ મુનિકુમાર પણ

વેશ્યાએ આપેલું કાંચનપાત્રમાં ભરેલું અત્યંત મિષ્ટરસે યુક્ત ભક્ષ્ય-જલેબી મોતીયા લાડુ આદિક જમીને તથા રત્નપાત્રમાં રહેલા સાકર રસ આદિકનું પાન કરીને પરમાનંદને પામ્યા અને તે સમયે રસાસ્વાદ બાદથી ઇન્દ્રિયોમાં ઉમ્માદ આવતાં બહુ હર્ષથી હસવા લાગ્યા અને વેશ્યાએ આપેલા સુગન્ધિ પુષ્પોને સુંઘીને પ્રકૃતિ વિપર્યાસ થતાં જાણે આ મુનિજ ન હોય એવા થઇ ગયા. તે પછી ઠગવામાં પ્રવિણ એવી વેશ્યા મુનિને ક્ષુભિતન્દ્રિય થએલા જાણીને વારેવારે તેમના અંગોને આલિંગન કરથી કરી મધુર ગાયન કરવા લાગી. આ પ્રકારે મનિના મનને વિકાર પામેલા જાણીને ફરથી પણ અતિશય આલિંગન કરી મુનિ મનને સ્વાધીન કરી જાણે મનોરથ પરિપૂર્ણ થયો હોય એમ મનમાં મહાહર્ષને પામી.

તે પછી છળ ધર્મમં પ્રવીણ એવો આ વારાંગના 'હવે વિભાંડક મુનિ આવશે' એવી આશંકાથી ભય પામીને 'મારે અગ્નિહોત્ર કરવાનો સમય વ્યતીત થઇ જાય છે.' એવા મિષથી મુનિને જોતી જોતી જલદી ત્યાંથી ચાલી ગઇ. એકલશ્રૃંગી તો રસાસ્વાદથી ચિત્તમાં વિકાસ પામતાં સ્વધર્મ થકી ભ્રષ્ટ થઇને તે વેશ્યાનું જ ચિંતન કરતાં કરતાં વિહવળ થતાં જાણે પ્રેતે પ્રવેશ કર્યો હોયને શું? એવા ઉન્મત થઇ ગયા. એટલાકમાં આશ્રમમાં આવેલા વિભાંડક મુનિ પોતના પુત્રને વિહવલ જોઇને 'હે પુત્ર! તું હમણાં પ્રવૃતિ વિપર્યાસને પામેલા જેવો કયા કારણથી થયો છ એમ પુછવા લાગ્યા.' પિતાએ પુછેલા પુત્ર ઋષિશૃંગ કહે છે. ''હે પિતઃ આ આપણા આશ્રમમાં કોઇ એક વર્ણિરાટ્ આવ્યા હતા. તે તો રૂપે કરીને સુવર્ણ સમાન, સમ-દીર્ઘ નહિ તેમ હ્રસ્વ નહિ એવી આકૃતિ વાળા, તેજસ્વી, શ્યામ જટાધારી, કમળ લોચન, કર્ણ મધુર સ્વરવાળા હતા. તે વર્ણિરાજના કંઠના નીચેના ભાગમાં બે પિંડો હતા. તેમનું ઉદર અતિશય કૃશ હતુ (સૂક્ષ્મ કટિવાળા) તેમણે બહુ પ્રકાશમાન વલ્કલ ધાર્યુ હતું અને દેવપુત્ર જેવા

અદ્‌ભૂત દર્શન હતા. આ વર્ણિરાજ મારા મુખને પોતાના મુખ સાથે અને મારા શરીરને પોતાના શરીર સાથે ગાઢ આલિંગન કરી મધુર ગાયન કરતા થતા મને અત્યંત આનંદ આપતા હતા. હે પિતઃ આ વર્ણિરાજ અતિ મધુર અપૂર્વ ભક્ષ્ય પદાર્થો અને અપૂર્વપેય પદાર્થો વડે મને અત્યંત તૃપ્ત કરી ગયા છે. તે વર્ણિ વચ વિના આ મારૂં સર્વ શરીર અતિશય બળે છે. માટે હે તાત! તેજ વર્ણિરાજના આશ્રમમાં સત્વર જઇને તેમની જ સાથે તપ કરવા ઇચ્છ છ.'

વિભાંડક મુનિ આવું પુત્રનું વચન સાંભળીને 'કોઇપણ છળધર્મિણી યુવતીએ છેતરવાથી આ ચિત્તભ્રમને પામ્યો છે.' એમ મનમાં જાણીને સ્વયં વિસ્મયાવિષ્ટ થઇ ગયા અને પુત્રને કોઇપણ ઉપાયથી તેવા વ્યામોહ થકી પાછા વાળવા વાસ્તે કાંઇક બોધ આપતા તેના પ્રત્યે બોલ્યા '' હે પુત્ર! આ વનમાં રાક્ષસો તપસ્વિઓના તપનો વિનાશ કરવા બહુ માયા રૂપો ધારીને ભમે છે અને તે ક્યારેક છેતરીને મુનિઓને ભક્ષણ કરી જાય છે. તો તમો તમારી સમીપે આવેલાને 'કોઇ મુનિ ભક્ષક હશે' એમ જાણો'' વિભાંડક મુનિ પુત્રને બોધ આપીને તે સ્ત્રીને ત્રણ દિવસ સુધિ વનમાં શોધતા રહ્યા પણ તે હાથ આવો નહિ. તે પછી કોઇ સમયે વિભાંડક મુનિ કાષ્ટ ફળ પુષ્પાદિ લેવા માટે આશ્રમમાંથી નીકળી ગયા એટલે વેશ્યા પ્રવશાવસર જાણીને ફરીથી એજ આશ્રમમાં નૂપુર તથા મેખળાના ખણખણાટ શબ્દથો મુનિના મનને હરતી થતી આવી પહોંચી. ઋષિ શૃંગમુનિ વેશ્યાને આવતી દૂરથી જ દેખીને અતિ હર્ષ પામીને સ્નેહથી તેની સન્મુખ દોડી આવી તેને આલિંગન કરવા લાગ્યા અને એમ બોલ્યા કે 'હે વર્ણિન્! મારા પિતા જેટલામાં આ આશ્રમમાં આવે નહિ તેટલાકમાં અહીંથી તમે તમારા રમણીય આશ્રમમાં લઇ જવાનો યોગ્ય છો. તમો મારા પ્રાણ વલ્લભ-પ્રાણ થકો પરમ પ્રિય છો.''

મુનિએ આ પ્રમાણે કહયું એટલે વેશ્યા અંતરમાં પ્રહર્ષ પામી મુનિને શીઘ્ર નાવમાં બેસાડી કૌશિકી નદી ઉતરી નગરમાં લઇ જઇ રાજાના અંત:પુરમાં પહોચાડીને 'આજ અમારો આશ્રમ છે' એમ બોલી. તે પછી પુરમાં રહેલી સ્ત્રિઓ મુનિને શૃંગાર રસમાં નૈપુષ્પ શિખવવા લાગી મુનિપણ સ્વધર્મનો પરિત્યાગ કરી શૃંગારિક શિક્ષામાં સમાશક્ત થઇ ગયા મુનિના આવવાથી જ તત્ક્ષણ લોકાપાદ રાજાના દેશમાં વૃષ્ટિ પણ થઇ અને પ્રજાએ પ્રહર્ષ પામી. તે પછી પ્રહર્ષ પામેલા લોમપાદ રાજાએ શાંતા નામની પોતાની કન્યા ઋષિશૃંગ ઋષિને આપી. (વા.રામા/બાલકાંડ સ.જી. ૨/૧૪) આ પ્રમાણે બ્રહ્મચર્યમાં પરિનિષ્ટ જગત્પૂજ્ય એવા પણ આ ઋષ્યશૃંગ મહર્ષિ સસાસ્વાદને લીધે પોતાના બૃહદ વ્રતમાંથી ભ્રષ્ટ થયા હતા.

જેમ સ્પર્શદોષથી અન્ન દુષિત થાય છ તેમ દૃષ્ટિ દોષથી પણ અન્ન દુષિત થાય છે. માટે શાસ્ત્રકારો 'हीनदीन क्षुधार्त्तानां षाषण्ड स्त्रैणरोगिणाम। कुक्कुटाहिशुनां दृष्टिर्भोजने नैव शोभना॥ નીચે, દુષ્ટ, ક્ષુધાતુર, પાખંડી, સ્ત્રૈણ, રોગી, મરઘા, સર્પ અને શ્વાનની- દૃષ્ટિ ભોજન પર પડવી ઉચિત નથી. તેઓની વિષ દૃષ્ટિ અન્નમાં સંક્રમિત થવાથી અજિર્ણ રોગ થાય છે.' આ વચનથી દુષિત પ્રાણીઓની દૃષ્ટિથી અન્નને બચાવવાની આજ્ઞા કરે છ. મનુ મહારાજ 'भ्रणघ्नावेक्षितं चैव संस्पृष्टमेव चाप्यु दक्तया। यतत् त्रिणावलीढं च शुनासस्पृष्टमेव च॥ ગર્ભ હત્યા કરનારાઓ દ્વારા જોવામાં આવેલું, રજસ્વલા સ્ત્રી દ્વારા સ્પશ કરાવામાં આવેલું, પક્ષી દ્વારા ખવાયેલુ અને કૂતરાં દ્વારા સ્પર્શ પામેલું અન્ન ભક્ષણ કરવું જોઇએ નહિ.' (મનુ. ૪/૨૦૮) યાજ્ઞવલ્ક્ય પણ ' शुक्तं पर्युबितोछिष्टं श्वस्पृष्टं पतितेक्षितम्॥ उदक्यास्पृष्ट सघुष्टं पर्यायान्नञ्च वर्जयेत। गौघ्रातं शुक्नोच्छिष्टं पदा स्पृष्टञ्चकामतः॥ કૂતરા દ્વારા સ્પર્શાયેલું, પતિત દ્વારા જોવામાં આવેલું, રજસ્વલાથી સ્પર્શાયેલું તથા અન્યના

નિમિત્તે રાખવામા આવેલું અન્ન ત્યજ્ય છે. ગાય દ્વારા સૂંઘાયેલું, પક્ષીઓ દ્વારા એઠું અને જાણી જોઇને પગથી સ્પર્શાયેલું અન્ન પણ ત્યાજ્ય છે.' (યાજ્ઞ.સ્મૃ. ૧/૧૬૬-૧૬) આ વચનથી આ બન્ને મહાત્માઓ દુષિત મનુષ્ય દ્વારા જોવાયેલા અન્નને ભક્ષણ કરવાની મનાઇ છે.

આ ઉપરાંત અધર્મના માર્ગથી ધન ઉપાર્જન કરનારાઓનું પણ અન્ન ભક્ષણ કરવાનો શાસ્ત્રકારોએ નિષેધ કરેલો છે કારણ આવા મનુષ્યનું અન્ન સાધુ પુરૂષની બુધ્ધિ પર પણ પોતાનો પ્રભાવ પાડવા વીના રહેતુ નથી. આ સમ્બન્ધમાં સદ્નિત્યાનંદ સ્વામીના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય ચે એક સમે સદ્. નિત્યાનંદ સ્વામી ઉમરેઠ એક પંડિત સાથે શાસ્ત્રાર્થ કરવા માટે આવેલા. નિત્યાનંદ સ્વામોમાં તક કરવાની શક્તિ એટલી પ્રબળ હતી કે કોઇપણ પ્રતિ પક્ષી તેમની સન્મુખ શાસ્ત્રાર્થમાં એક ઘડી પણ ટકી શકતો નહિ. પરંતુ આ પંડિત સાથે દશ દિવસ પર્યન્ત શાસ્ત્રાર્થ કરવા છતાં પ્રતિવાદિ પંડિત અજેય રહ્યો. તદન્તર દશમાં દિવસે રાત્રીને વિશે સદ્ ગોપાળાનંદ સ્વામી ઉમરેઠ પધાર્યા. ત્યારે નિત્યાનંદ સ્વામીએ બધી વાત સ્વામીને કરી.

સદ્ નિત્યાનંદ સ્વામીની વાત સાંભળી સ્વામીએ નેત્ર બંધ કરી ધ્યાને લગાવી જોયું અને પછી નિત્યાનંદ સ્વામી પ્રત્યે બોલ્યા- 'સ્વામી! તમારે માટે સિધુ સામાન આવે છે તે ક્યાંથી આવે છે.' ત્યારે સ્વામી બોલ્યા 'અહીંના નગરશેઠને ત્યાંથી આવે છે.' ત્યારે ગો. સ્વામી બોલ્યા 'અહીંના નગર શેઠનું અન્ન અધર્મમાગથી ઉપાર્જિત ધનનું છે માટે હવે ત્યાંથી અન્ન ગ્રહણ કરવાને બદલે કોઇ સાત્વિક મનુષ્યને ત્યાંથી સિધુ મંગાવો.' તે પછી સ્વામી માટે એક પવિત્ર બ્રાહ્મણને ત્યાંથી સિધુ મંગાવ્યું અને તે અન્ન ગ્રહણ કરાવી સ્વામી શાસ્રાથ માટે

ગયા અને એજ દિવસે પેલો પંડિત શાસ્ત્રાર્થમાં નિત્યાનંદ સ્વામી થકી પરાજિત થઇ ગયો.

ગુરૂનાનક દેવના જીવનનો એક પ્રસંગ પણ આ સંબંધમાં અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે- એક સમયે ગુરૂનાનકજી વિચરણ કરતા કરતા એક ગામમાં આવ્યા અને તે જ ગામમાં તેઓ રોકાઇ ગયા. તે દિવસે તે ગામમાં રહેતો એક લુહાર ગુરૂનાનકની સાધુતા તથા સચ્ચરિત્ર જોઇ તેઓની પાસે મકાઇના લોટની બનાવેલી રોટલી લઇને આવ્યો તે જ સમયમાં તે ગામમાં રહેતા એક જમિનદાર નાનકદેવજી પાસે ઉત્તમ પક્વાન બનાવી ને લાવ્યો. નાનકજીએ જમિનદારના પક્વાનની સામુ દૃષ્ટિ પણ ન કરી. અને પેલા લુહાર દ્વારા લવાયેલી બે મકાઇની રોટલી ગ્રહણ કરી જળ ગ્રહણ કર્યુ. જમિનદારને આ જોઇ ઘણું દુ:ખ થયું છે કે 'નાનકજીએ પોતા દ્વારા લેવાયેલા પક્વાનની સન્મુખ દૃષ્ટિ પણ ન કરી.' તેઓએ નાનકદેવને આ બાબતમાં કારણ પુછયું. તેની જીજ્ઞાસા જોઇન નાનકજી એ લુહાર જે રોટલી લાવેલો તેમાંથી એક ટુકડે અલગ મૂકી દીધો. તે તુકડાને તેઓએ હાથમાં લીધો અને બીજા હાથમાં જામિનાદર જે પકાન બનાવી લાવેલો તેમાંથી કેટલાક પક્વાન હાથમાં લીધા અને ત્યારબાદ તેઓએ પોતાના હાથમાં રહેલા પદાર્થને નિચવી નાખ્યા. ત્યારે લુહારના લાવેલા રોટલીના ટુકડામાંથી દૂધની ધારા વહેવા લાગી અને જમીનદાર જે પક્વાન લાવેલો તેમાંથી રક્તની ધારા વહેવા લાગી ત્યારે જમિનદારે નાનકદેવને આનું કારણ પુછયું.

જમિનદારની જીજ્ઞાસા જાણી નાનકજી તેના પ્રત્યે બોલ્યા ''બેટા! આજે દુધની ધારા જે લુહારની રોટલીમાંથી નીકળી તે લહારના પરિશ્રમથી મેળવેલા ધનમાંથી બનાવેલી રોટલીની છે એટલે તેનું અન્ન શુધ્ધ છે, તેમાં સાત્વિકતા છે અને તમારૂ અન્ન અન્ય લોકોને કષ્ટ આપી અન્યનો હક લઇને,

અપ્રામાણિકતાથી ઉપાર્જિત કરેલા ધનનું છે એટલે અન્ય જનનું રક્ત ચૂસીને લવાયેલા ધનનું આ અન્ન છે. એટલે માટે આ અન્ન રક્તાન્ન છે માટે અગ્રાહ્ય છે. આવું અન્ન ગ્રહણ કરવાથી મનુષ્યની પાપવૃત્તિ પ્રબળ થાય છે.'' (નાનકચરિત્ર) માટે ધર્મ શાસ્ત્રો કહે છે- 'गवाचान्नमुपाघ्रातं घुष्टान्नं च विशेषतः। गणान्नं गणिकान्नं च विदुषा च जुगुप्सितम्॥ ગાયના દ્વારા સુંગાયેલું કોઇને માટે જાહેર કરેલું અન્નને સમુહના અન્નને, વેશ્યાના અન્નને અને વિદ્વાન દ્વારા નિંદિત અન્નને નહિ ખાવું જોઇએ.' (મનુ-૪/૨૦૯) ' राजान्नं नर्तकान्नं च तक्ष्णोऽन्नं चर्मकारिणः। गणान्नं गणिकान्नं च षण्ढान्नं चैव वर्जयेत्॥ चक्रोप जीविरतकतस्करध्वजिनां तथा गान्धर्वलोहकारान्नं सूतकान्नं च वर्जयेत्॥ રાજા, નર્તક, સુથાર, ચમાર, સમુદાય, વેશ્યા અને નપુંસકના અન્નનો ત્યાગ કરવો જોઇએ. ઘાંચી, ધોબી, ચોર, મદીરા વિક્રય કરનાર, ગાયક, લુહાર તથા સૂતકના અન્નનો ત્યાગ કરવો જોઇએ. (કર્મપુ.ઉ.૭/૪-૫) 'कुलालचित्रकर्मान्नं वार्धृषेः पतितस्य च। यौन र्भवच्छत्रिकयोरभिशप्तस्य चैव हि॥ सुर्वणकारशैलूषव्याधबद्धा तुरस्य च। चिकित्सकस्य चैवान्नं पुश्चल्या दण्डिकस्य च॥ स्तेनास्तिकयोरन्नं देवतानिन्दकस्य च। सोमविक्रयणिश्चान्नं श्वपाकस्य विशेषतः। भार्याजितस्य चैवान्नं यस्य चोपपतिगृह। उकसृष्टस्य कुदयस्य तथैवोच्छिष्ट भोजिनः॥ કુંભાર, ચિત્રકાર, વ્યાજખાઉં, પતિત, બીજો પતિ સ્વીકારનાર સ્ત્રીના પુત્ર, નાઇ, અભિશાપગ્રસ્ત, સોની, નટ, શિકારી, કેદી, રોગી ચિકિત્સક, વ્યભિચારી સ્ત્રી, દંડધારી, ચોર, નાસ્તિક, દેવનિંદક, સોમ રસના વેચનારા, ચંડાળ, સ્ત્રીને વશીભૂત રહેનાર, સ્ત્રીના ઉપપતિને ઘરમાં રાખનારા, સમાજ દ્વારા ત્યજાયેલા, કંજૂસ અને એઠું ખાનારા મનુષ્યનું અન્ન ત્યાજય છે. (કૂર્મ/ઉ/૧૭-૬-૯, પદમ/સ્વર્ગ/૫૬/૬-૯ શ્રુતિ ભગવદી પણ કહે છે 'ध्वस्मन्वत् पाथः त्वासमभ्येतु। એવું અન્ન ભક્ષણ કરો જે

પાપની કમાણીનું ન હોય' (ત્રણ/૧૨/૧૧૮૦ કારણ પાપની કમાણીથી ગ્રહણ કરાલેયું અન્ન બુધ્ધિને વિપરિત કરી દે છે.) 'विश्वं समत्रिणं दह –સર્વભક્ષી લોકો રોગની આગમાં બળે છે.' (ત્રણ/૧/૩૬/૨/૧૪ - ભક્ષ્ય અભક્ષ્યનો વિવેક ન રાખનાર મનુષ્ય અસાધ્ય રોગ અને અલ્પ આયુષ્યને પામે છે) 'अनुष्व धं भोमआवावृधेशव:। જેવું અન્ન ખાઇએ તેવું મન થાય છે.' (ત્રણ/૧/૮૧/૪- સત્વગુણી ભોજનથી જ મનની સાત્વિકતા જળવાય છે.) આ પ્રમાણે શ્રુતિ સ્મૃતિઓ મનુષ્યને સાત્વિક આહાર કરવાની આજ્ઞા આપે છે. (શ્લો-૧૪) હવે નીતિકાર કયો મનુષ્ય ફળના રસને પ્રાપ્ત કરી શકતો નથી. તે કહે છે.

શ્લો-૧૫ :- वनस्पतेर पक्वानि फलानि प्रचिनोति य:।

स नाप्नोति रसं तेभ्यो बीजं चास्य विनस्यति॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય વૃક્ષથકી કાચા ફળોને તોડે છે, તે તેના થકી રસને પ્રાપ્ત કરી શકતો નથી. અને તે ફળના બીજને પણ નષ્ટ કરી નાખે છે.

ચ.ટી :- મનુષ્યે હંમેશા વૃક્ષથી પાકેલા ફળ જ ગ્રહણ કરવા. જેથી વૃક્ષ પર હરહંમેશા ફળો આવતા રહે તથા વૃક્ષ પણ પલ્લવોથી સંપન્ન રહે. આ સન્દર્ભમાં એક કથા અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે એક વ્યકિતએ પોતાના દ્રાક્ષના બગીચામાં અંજીરનું વૃક્ષ લગાવ્યુ. ઘણા દિવસ પર્યન્ત તેના પર ફળ ન આવ્યા. તેથી એક દિવસ તે નિરાશ થઇ બાગના માળી પ્રત્યે બોલ્યો કે 'આ વૃક્ષ નિરર્થક સિધ્ધ થયું છે, તેણે આ બગીચામાં આટલી જમિન નિરર્થકમાં જ ઘેરી લીધી છે. આમને આમ ત્રણવર્ષ વ્યતિત થઇ ગયા પરંતુ આ ઠુઠામાં એક પણ ફળ આવ્યુ નહિ માટે આને કાપી નાખો.'

આ પ્રમાણે બગીચાના સ્વામીની વાત સાંભળી માળી બોલ્યો 'પ્રભુ! તમો એક વર્ષ વધુ રાહ જુઓ. અમો આ વૃક્ષને યથાર્થ રીતે ખાતર અને જળથી

સિંચશુ. કદાચ આપણી એક વર્ષની પ્રતિક્ષા ફલવતી થાય અને આ ઠૂંઠામાં નવા પ્રાણ આવી જાય.'

માળીની વાત સાંભળી બગીચાનો સ્વામી બોલ્યો કે 'માળી, જો એક વર્ષમાં આના પર કોઇ પણ ફળ ન આવશે તો અમો અમારા હાથે આને કાપી નાખશું, માળીએ કહ્યું 'ભલે' માળીના વચન સાંભળી બગીચાના સ્વામીને આશા બંધાય અને પછી માળીએ ખૂબ જતન કરી વૃક્ષનું પાલન કર્યુ અને વર્ષ પછી તેના પર ફળ આવવા લાગ્યા. તે પછી માળીએ આવી પોતાના સ્વામીને વાત કરી. તેઓ બાગમાં આવ્યા અને તેઓએ જોયું તો વૃક્ષ પર ફળ લાગેલા. તે પછી તે માળી પ્રત્યે બોલ્યો 'માળી! ખરેખર પ્રતિક્ષા કરવાથી સફળતા પ્રાપ્ત થાય છે. જો આપણે વૃક્ષને નિરાશ થઇને ઉખેડી નાખતે તો આપણે ફળ પ્રાપ્ત થતે નહિ.' સિત્ કથા-અંક/વાર્તા-૬૮૬) (શ્લોક-૧૫) હવે નીતિકાર કયો મનુષ્ય ફળના પૂર્ણ રસને પ્રાપ્ત કરે છે તેનું વર્ણન કરે છે.

<u>શ્લો-૧૬ :-</u> यस्तु पक्वमुयादत्त काल परिणतं फलम।

फलात् रसं स लभते बीजाच्चैब फलं युन: ॥

<u>શ્લોકાર્થ :-</u> જે મનુષ્ય સમય આવતા પાકેલા ફળને પ્રાપ્ત કરે છે. તે ફળમાંથી રસ પ્રાપ્ત કરે છે. અને બીજમાંથી પુન: ફળને પ્રાપ્ત કરે છે.

<u>ચ.ટી :-</u> ધીરજના ફળ હંમેશા મધુર જ હોય છે. માનવે કોઇક કાર્ય પૂર્ણ કર્યા બાદ તેના ફળ માટે કયારેય પણ શીઘ્રતા ન કરવી. આમ્રવૃક્ષનું રોપણ વર્તમાન સમયમાં કરવામાં આવે તો તેના પર આમ્રફળ ઘણા વર્ષો બાદ ઉદય થાય છે. માટે જ કહેવાય છે કે 'ઉતાવળ આંબા ન પાકે' કોઇ પણ કાર્ય જો વ્યવસ્થિત રીતે પાર પાડવામાં આવે તો તે કાર્ય અવશ્ય ફળીભૂત થાય જ છે. આ સંબંધમાં આચાર્ય ચાણકય દ્રષ્ટાંત રૂપ છે. જેમ આચાર્ય ચાણકયે મગધરાજ

ધનાનંદના ત્રાસમાંથી પ્રજાને મુક્ત કરવા માટે એક યોજના બનાવેલી અને તે યોજના દ્વારા પોતાનું કાર્ય પાર પાડતા સમય પણ ઘણો વ્યતિત થયો અને અંતે તેઓન યોજના સફળ થઇ અને ધનાનંદના શાસનનો અંત આવ્યો અને મગધના સામ્રાજય પર તેઓએ મોર્યવંશીની સ્થાપના કરી અને આયુગ ભારતનો સુવર્ણયુગ થય ગયો. જેમાં ભારતે દરેક ક્ષેત્રમાં અત્યંત પ્રગટી કરી. ચંદ્રગુપ્ત અને ચાણક્યના પરલોક વાસી થયા બાદ આવનાર રાજાઓ પણ ચાણક્ય અને ચંદ્રગુપ્તે પ્રતિપાદન કરેલ અર્થનીતિને જ અનુસરેલા અને તેને લઇ તેઓ બધાને પણ વિપુલ માત્રમાં ધનધાન્યની પ્રાપ્તિ થઇ હતી.(શ્લોક-૧૬) હવે વિદુરજી રાજાએ પ્રજા પાસે કર કેવી રીતે ગ્રહણ કરવો તે કહે છે.

શ્લો -૧૭ :- यथा मधु समादत्ते रक्षन् पुष्पाणि षट्पदः ।

तद्वदर्थान्मनुष्येभ्य आद धादविहिंसया ॥

શ્લોકાર્થ :- જે પ્રકારે ભમરો પુષ્પોની રક્ષા કરતા રસનું (મધુનું) ગ્રહણ કરે છે તે પ્રકાર રાજાએ પણ કષ્ટ આપ્યા વીના કારાદિના રૂપમાં ધન ગ્રહણ કરવું.

ચ.ટી :- પ્રજાની પાસેથી કરના રૂપમાં ધનગ્રહણ કરી રાજાએ પ્રજાની સુવિધાને અર્થે તેના દ્વારા પ્રદત્ત ધનનો ઉપયોગ કરવો. પરંતુ રાજા દ્વારા નિયુક્ત કરવામાં આવેલ કર પ્રજાને કષ્ટ આપનારો ન હોવો જોઇએ. કર ગ્રહણ કરવાની પ્રક્રિયા સરળ હોય તો પ્રજાને કોઇપણ પ્રકારનું કષ્ટ ન થાય અન્થા જો તે કષ્ટ પ્રદ હોય તો પ્રજાનાં કરચોરી કરવાની પ્રવૃત્તિનો ઉદય થશે. જે--- પાલક માટે ઘાતક તથા રાજા સાન્મુખ ઉપદ્રવનું કારણ બનશે. ભગવાન શ્રી રામ અગ્નિ પુરાણમાં લક્ષ્મણજીને કહે છે. 'न्याये नार्जनमर्थस्य वर्धनं रक्षणं तथा। सत्पात्र प्रतिपत्तिश्च रानवृत्तं चतुविधम्॥ ન્યાયના દ્વારા ધનનું ઉપાર્જન કરવું. ઉપાર્જિત કરેલા ધનનો વ્યાપારાદિ દ્વારા વધારો કરવો, તેના દ્વારા સ્વજનોની અને

વરજનોની રક્ષા કરવી તથા તે ધનને સત્પાત્રમાં નિયોજવું. આ રાજાના ચાર પ્રકારના વ્યવહાર બતલાવેલા છે.' (અગ્નિ/અ.૨૩૯) શ્રીમદ્ ભાગવતમાં સૂતજી કહે છે 'यस्य राष्ट्रे प्रजाः सर्वास्त्रस्यन्ते साध्व साधुभिः। तस्य मत्तस्य नश्यन्ति कीर्तिरायुर्भगो गतिः॥ જે રાજાના રાજયમાં સાધુ પ્રજા અસાધુ જનોથી પીડિત થાય છે તે પ્રમાદી રાજાની કીર્તિ, ઐશ્વર્ય તથા સદ્ગતિનષ્ટ થાય છે' (ભાગ-૧/૧૭/૧૦) 'एष राज्ञां यरो धर्मो ह्यार्ताना मार्ति निग्रहः। રાજાઓનો પરમ ધર્મ એ જ છે કે તે દુ:ખિયાનું દુ:ખ દુર કરે' (ભાગ. ૧/૧૭/૧૧) મહર્ષિવાલ્મિકીજી કહે છે. 'अधर्मः सुमहानाथ भवेन् तस्य तुभुपतेः। यो हरेद् बलि षड्भागं न च रक्षत्रि पुत्रवत्॥ (वा.रामा ३/६/११) परकार्याणियो राजा न करोति दिने दिने। संवृत्तेनरके घोरे पतितो नात्र संशयः। (वा. रामा. ७/५३/६) અર્થાત્ જે રાજા પ્રજા પાસેથી કરનારૂપમાં ધન ગ્રહણ કરી. તેના બદલામાં ન તો પ્રજાને ન્યાય પ્રદાન કરે છે અને ન તો પ્રજાની પુત્રવત રક્ષા કરે છે. તે રાજા પાપી છે અને નિ:સન્દેહ આવો રાજા દારૂણ અતિદે નરકમાં જાય છે.

આ સન્દર્ભમાં ભારત વર્ષના એક રાજાનું દૃષ્ટાંત અવલોકન કરવા યોગ્ય છે. વાતએ સમયની છે કે જયારે બંગાળની ભૂમિ પર સિરાજુદ્દોલાન, સાશન હતુ. સિરાજદ્દોલાની અગાવ તેના પિતામહ અલીવર્દીખાન રાજય કરતા હતા. તેઓનો સમસ્ત સ્નેહ સિરાજ પર વર્ષતો હતો. તેનું પરિણામએ આવ્યુ કે સિરાજ ઉચ્છ્રૃંખલ થઇ ગયો અને અધર્મિ બની ગયો. પરંતુ તેના પાપ કર્મો અલીવર્દીખાને ધ્યાનમાં ન લીધા. તે પોતાના દાદાની જ ઉપસ્થિતિમાં અત્યંત વ્યભિચારી, દુરાચારી અને અનર્થકારી બની ગયો. તે માર્ગમાં આવતી બહુ, બેટીનું શિલ ભંગ કરવા લાગ્યો. પ્રજા તેના ત્રાસથી સંત્રસ્ત થઇ ગઇ. પરંતુ તે વિવશ હતી. દાદાના પરલોક ગમન બાદ સિરાજ બંગાળનો શાસક બન્યો અને તેનો ત્રાસ અસભ્ય

થઇ ગયો. નિત્યતે કન્યાઓને, વિવાહિત સ્ત્રીને પકડી મંગાવી તેની ઇચ્છાવિરૂધ્ધ પોતાની વાસના પૂર્તિ હેતુ વ્યભિચાર કરતો, પ્રજા પર અવનવા કરવેરા નાખતો. કરવેરા ન આપનારાને મુત્યુ દંડ આપતો. જેથી પ્રજામાં હાહાકાર મચી ગયો.

આ સિરાજ શાસનકાળ દરમ્યાન બંગાળમાં આવેલા મુર્શિદાબાદમાં એક મોટા શેઠ રહેતા હતા. તેઓનું નામ જગત શેઠ હતું. તેમને એક પુત્રી હતી. જેનું નામ અસામાન્યા હતુ. તે પોતાના ગુણોથી પણ અસામાન્યા હતી. તે સાધ્વી તો હતી જ પણ સાથે સાથે અત્યંત રૂપવતી પણ હતી. વીરતા તો તેના અંગ-અંગમાં ભરેલી હતી. તલવાર ચલાવવાનો કળામાં તો તેની સમાનતા કોઇ કરી શકતુ ન હતુ. સોળમાં વર્ષે જ તેના પિતા જગત શેઠે તેના લગ્ન નક્કી કરી દીધા. આ તરફ તેના સૌન્દર્યની પ્રશંસા સિરાજના કર્ણમાં સંભળાય. તે અસામાન્યને મળવા માટે આકુળ વ્યાકુળ થવા લાગ્યો. એક સમયે તે સ્ત્રીનો વેશ ધારણ કરી મુર્શિદાબાદ આવ્યો. અને આવી તે અસામાન્યના અંતઃ પુરમાં પ્રવેશ્યો. તેણે અસામાન્યાને પોતાની ભુજ પાસમાં જકડી લીધી. જેથી અસામાન્યા જોરજોરથી બમ પાડવા લાગી. તેની બુમ સાંભળી તેના પતિ અંતઃપુરમાં આવ્યા. તેણે અંતઃપુરમાં સ્ત્રીવેશ ધારી સિરાજને જોયો અને તેને પકડી ખૂબ તાડિત કર્યો. તે સિરાજનો શિરોચ્છેદ કરવા જ જતો હોત ત્યાં આ અધમ તેની પકડમાંથી પોતાને મુકત કરી શિઘ્રપલાયન થઇ ગયો.

સિરાજના મનમાં તેના આવા અપમાનથી અસામાન્યના પતિ પ્રતાપસિંહ પ્રતિ અગ્નિ પ્રજવલિત થઇ. તે ઘવાયેલા સર્વની જેમ ફુફાળા મારવા લાગ્યો અને તેણે ગુપ્ત રીતે અસામાન્યનાં પતિ પ્રતાપસિંહને મોતને ઘાત ઉતારવાની યોજના બનાવી. મનુષ્યના રૂપમાં કેટલાક નરાધમો આ કાર્ય કરવા તત્પર થયા. સિરાજે તેઓને આદેશ આપેલો કે 'તેનું મસ્તક કાપી રૂપાની પરાતમાં અસામાન્ય પાસે

મોકલી આપજો.' અને આ દુષ્ટોએ તેમજ કર્યું. અસામાન્યના પતિનું મસ્તક કપટથી કાપી રૂપાની થાળીમાં તેની પાસે મોકલી આપ્યું. પોતાના પતિનું કપાયેલું મસ્તક નિહાળી અસામાન્યા મુંછાખાયને ઢડી પડી. જાગૃતમાં આવતા તેની બુધ્ધિ ભ્રમિત થઇ ગઇ. તે ઉન્મત્તની જેમ રહેવા લાગી. કયારે રૂડન કરતી, કયારેરેક ગાતી, કયારેક હાસ્ય કરતી, કયારેક ઉચ્ચસ્વરે બુમરાણ કરતી, તો કયારેક મૌન થઇ જડ કાષ્ટની જેમ બેસી રહેતી અને ઘણું બોલવા છતા કોઇ ઉત્તર આપતી નહિ.

સિરાજના અધર્માચરણથી પ્રજા અત્યંત પિડીત થઇ ગય હતી. એટલે પ્રજાએ અંગ્રેજોની સહાયથી તેને રાજય ચ્યુટ કરવાનો નિર્ણય લીધો. પ્રજાએ બળવો કર્યો અંગ્રેજોએ બંગાળ પર આક્રમણ કર્યુ. તે સમયે પ્રજાની જેમ સૈન્યમાં પણ બળવો થયો. સિરાજનો સેનાપતિ મીરજાફર અંગ્રેજોની સાથે જઇને મળી ગયો અંગ્રેજોની અલ્પ સેનાએ સિરાજની વિશાળવાહિનિને પરાસ્ત કરી દીધી. અંગ્રેજોએ મીરજાફરને આગળ કરી બંગાળનું શાસન પોતાના હાથમાં લઇ લીધુ. મીરજાફર બંગાળનો નવાબ બન્યો અને તેણે પોતાના પુત્ર મુહમ્મદબેગને આદેશ આપી સિરાજને મોતને ઘાત ઉતારી દીધો. સિરાજના હાથ, પગ, મસ્તક આદિ અંગો તેના શરીરથી અલગ કરાવી દીધા. તેના કપાયેલા બધા અંગો હાથી પર રાખી. પ્રજાજનને બતાવવા થકા કબ્રસ્તાન લઇ જવાયા. તે સમયે શેઠ જગત પાવન પણ પોતાની પુત્રી અસામાન્યાને લઇને કબ્રસ્તાનમાં આ પાપીનું અંતિમ દૃશ્ય જોવા ઉપસ્થિત હતા. કપાએલા પ્રત્યેક અંગ રકતથી રંજિત હતા. સમસ્ત પ્રજા નેત્ર ફાડીને જોતી રહી અને આ દુરાચારીના મૃત્યુ પર સંતોષ વ્યકત કરતી હતી. (સત કથા અંક/વાર્તા-૩૪૦) આમ જે રાજા પ્રજા સાથે બર્બારતાનો

વ્યવહાર કરે છે તેની દશા સિરાજ જેવી થાય છે. માટે રાજાએ પ્રજાને કષ્ટ આપી ધનાદી ગ્રહણ ન કવું. (શ્લોક-૧૭) નીતિકાર પુનઃ અ જ વાત કહે છે.

શ્લોક-૧૮ : पुष्पं पुष्पं विचिन्वीत मूलच्छेदं न कारयेत।

मालाकार इवारामे न यथाङ्गार कारकः॥

શ્લોકાર્થ :- માળી જે પ્રકારે ઉદ્યાનમાં વૃક્ષો પરથી એક-એક પુષ્પ તોડે છે, પણ તેને મુળમાંથી કાપી નાખતો નથી તે જ પ્રમાણે રાજાએ પ્રજા પાસેથી ફૂલની જેમ કર ગ્રહણ કરવો. પરંતુ કોલસા બનાવનારાની જેમ જડથી કાપી નહિ નાખે.

ચ.ટી :- અહીં માળીનું દષ્ટાંત ઘણું યુકિત સંઘત છે. કારણ માળી ઉદ્યાનનું સિંચન કરે છે. વધારાના ઘાસને દૂર કરે છે. તથા ઉદ્યાનને યથાર્થ રીતે સંભાળી તેની વૃધ્ધિ કરે છે. તેજ પ્રમાણે રાજા પ્રજાની રક્ષા કરે છે. દુષ્ટોનું દમન કરે છે અને સાથે સાથે પ્રજાની ઉન્નતિ માટે સર્વવિઘ ઉપાય કરે છે. ભગવાન વેદ વ્યાસજી કહે છે. यथामधु सनादत्ते रक्षन् पुष्पाणि षद्पदः। तद् वदर्थान् मनुष्येभ्य आदद्यादवि हिंसथा॥ જેમ મધુમત્ત (ભ્રમર) પુષ્પોની રક્ષા કરતો થકી જ તેમાં રહેલા મધુને ગ્રહણ કરે છે તે જ પ્રકારે રાજા પણ પ્રજાને કષ્ટ આપ્યા વિના તેની પાસેથી ધન-કર, ગ્રહણ કર, (મહા.ઉદ્યો.અ.૪૭/૧૭) રાજયની રક્ષા માટે અર્થ સંગ્રહની આવશ્યકતા છે. અને એટલે જ માટે રાજા દ્વારા પ્રજા થકી કરગ્રહણ કરવાની વ્યવસ્થા કરાય છે. પરંતુ પ્રજા કરના ભારથી પીડિત ન થાય એ વાત પર વિશેષ ધ્યાન રાખીને જ રાજાએ પ્રજા થકી કર ગહણ કરવાનો છે. દુધ પ્રાપ્તિની આશાથી ગાયના આચળ વિદિર્ણ કરવાથી જેમ દુધ આપવાવાળી ગાયનો જ નાશ થઇ જાય છે. તેમ પ્રજાકર ભારથી પીડિત થતા સમસ્ત રાષ્ટ્રધ્વંસ થઇ જાય છે. नौधश्छिन्द्यात पयः धेन्याः क्षीरार्थी लभते पयः। एवं राष्ट्रमयोगेन पीडयमानं न वद्धते॥ (गरुड. अ-११७ સૂર્ય જે પ્રકાર જલને આકર્ષણ કરી જીવના ઉપકારર્થ તેને પુનઃ

વૃષ્ટિના રૂપમાં વરસાવે છે. તેમ રાષ્ટ્ર પાલકે પણ સૂર્યની જેમ કરગ્રહણ કરી પ્રજાના હિતાર્થે જ ગ્રહણ કરેલા ધનનો વ્યય કરવો એ જ ધર્મ સંગત છે. यर्जन्य इव भूतानामाधारः पृथ्वी यतिः'

શાસન પરમ્પરા કેવી હોવી જોઇએ આ બાબતનું વર્ણન કરતા હનુમાનજી કહે છે કે - 'उत्खातान् प्रतिरोपयन् कुसुनिर्ताश्चिन्वन् लघन् वर्धयन्, क्षुद्रान कण्टकिनो बहिर्निरसयन् विश्लेषयन्। अत्युच्चान्न मयन नताश्च शनकैरून्नामयन् भूतले मालाकार इव प्रयोगचतुरो राजा चिरंनन्दते॥ જેમ માળી નષ્ટ થયેલા વૃક્ષને પાછા રોપે છે, તે જ પ્રમાણે રાજાએ પણ દીનહીન પ્રજાજનો માટે યથાર્થ રીતે અન્ન, ધન, વસ્ત્ર તથા ભવન આદિની વ્યવસ્થા કરવી જોઇએ. શ્રી રામે સુગ્રીવ, વિભિષણ, વાનર, રીંછને આ પ્રમાણે વસાવ્યા.જે વૃક્ષોમાં ફળ ફૂલ વધારે હોય તેને ચૂંટીને ભાર ઓછો કરી નાના વૃક્ષોને વધારવાનો પ્રયાસ કરવો. શ્રી રામે આમ જ કર્યું કેવટ નિષાદ રાજાની સાથે ''રામકૃપાલ નિષાદ નેવાજ । પરિજન પ્રજાઉ ચહિઅ જસ રાજા ॥'' રાષ્ટ્રપાલક રાજાએ કાંટાથી દબાએલા નાના વૃક્ષોને કાંટામાંથી બહાર કાઢી જળ, ખાતર આપી તેને પુષ્ટ કરવાનો પ્રયાસ કરવો. રાજા ચંદ્રજીએ તેમ જ કર્યું 'સિયનિંદક અઘ ઓઘ નસાએ, લોક બિસોક બનાઇ બસાએ ॥'

જે વૃક્ષ વધારે મોટું હોય તેને અને તેને વધારે પણ વૃધ્ધિ પમાડવા માટે અને તેની સમિપના વધારે વિશાળ હોવાથી વૃધ્ધિ પામી ન શકયા હોય તેવા વૃક્ષ તેને કાઢી અલગ સ્થિાપિત કરી બંનેનું સંવર્ધન કરવું. જે વધારે ઉંચા હોય તેને થોડા જુકાવી દેવા, જે વધારે પડતા દબાયેલા હોય તેને કાષ્ટના સહારો આપી પૃથ્વી પર ઉભા રાખવા. ગુરુ વશિષ્ટ અને નિષાદરાજના મિલનના સમયે શ્રી રામના વ્યવહારમાં આ જોવા મળે છે. 'પ્રેમ પુલકિ કેવદ કહિ નામૂ, કીન્હ દૂરિતે દંડ પ્રનામુ ॥ રામ સખા રિષિ બરબસ ભેંટા, જનું મહિ લુઠત સનેહ સમેટા । એહિ

સમ નિપટ નીચ કોઉં નાહીં ॥ બહ વસિષ્ટ સમકો જગમાંહી, જહિ લેખિ લખન હું તે અધિક ॥ મિલ મુદિત મુનિ રાઉ, સો સીતાપતિ ભજન કો પ્રગટ પ્રતાપ પ્રભાઉ ॥'' ભરત અને વસિષ્ટજીની સાથે આવતા તે મિલન પ્રસંગમાં પણ આ વાત છે. 'લોક વેદ સબ ભાંતિ હિનીચા, જાસું છાંહછૂઇ લેઇઅ સીંચા । નેહિ ભરી અંક રામ લઘુ ભ્રાતિ, મિલત પ઼લક પરિપૂરિત ગાતા ॥' વશિષ્ટજી સાથે 'દેખિ દૂરિને કહિ નિજ નામૂ, કિન્હ મુની સહિ દંડ પ્રનામુ । જાનિ રામ પ્રિય દીન્હિ અસીસા ॥' સ્વયં નિષાટ રાજે આ મહાનતાનું કારણ બતાવતા કહ્યું 'રામ કીન્હ આપન જબ હીતે, ભયઉં ભુવન ભૂષન તબહીં તે ॥'

આ પ્રકારે માળીની જેમ રાજાએ તથા મંત્રી ગણોએ પ્રજની સુરક્ષા-સુવ્યવસ્થા પર ધ્યાન રાખવું જોઇએ. શુક્રાચાર્યજી કહે છે. 'अरक्षितारं नृपतिं ब्राह्मणं चातपस्विनाम्। चाप्रदाकारंदेवाघ्नन्ति त्यजन्त्यध: ॥ .જે રાજા પ્રજાની રક્ષા કરતો નથી. જે બ્રાહ્મણ તપસ્વી હોતો નથી અને જે ધનવાન દાન કરતો નથી. આવા મનુષ્યને દેવતા મોતને ઘાત ઉતારી દે છે તથા નીચે પાડી નાખે છે.'' (શુક્ર-નીતિ/૧/૧૨૦) અગ્નિ પુરાણ કહે છે 'किं यज्ञैस्तपसा तस्य प्रजा यस्य न रक्षिता:। सुरक्षिता: प्रज्ञा तस्य स्वर्ग स्तस्य गृहोपम: ॥ તેરાજાનો યજ્ઞ અને તપ શુ કામના અર્થાત્ તે કરવાથી શુ લાભ, જેની પ્રજા સુરક્ષિત નથી. જે રાજાની પ્રજા સુરક્ષિત છે તેને માટે ઘર પર જ સ્વર્ગ છે.' (અગ્નિ.અ.૮૭) આચાર્ય ચાણક્ય કહે છે. 'कुराजराज्येन कुत: प्रज्ञासुखम्, कुतोऽभिनिर्वृति:। कुदारदारैश्च कुतो गृहे रति: कुशिष्यमध्यापयत: कुतोयश: ॥ દુષ્ટ રાજાના રાજયમાં પ્રજા સુખી રહી શકતી નથી, દુષ્ટમિત્રને કારણે મનમાં શાંતિ આવી શકતી નથી. દુષ્ટ સ્ત્રીથી ઘરમાં સ્નેહ થતો નથી અને દુષ્ટ શિષ્યને વિદ્યાદાન કરવાથી યશ મળતો નથી' (ચાણક્ય નીતિ/૬/૧૪) 'पर धनानि निक्षेप्यु: केवलं स्वार्थम् – પારકા ધનને ગ્રહણ કરી

લેવાની વૃત્તિએ માત્ર સ્વાર્થ છે.' (ચાણક્ય સૂત્ર-૧૫૪) માટે રાજાએ માળીની જેમ જ પ્રજા પાસે કર ગ્રહણ કરવો. (શ્લો. ૧૮) હવે નીતિકાર કોઇપણ કાર્યના આરંભમાં લાભાલાભનો વિચાર કરવાનું કહે છે.

શ્લો-૧૯ किन्तु मे स्यादिदं कृत्वा किन्तु मे स्यादकुर्वतः ।

इति कर्माणि सन्चिन्त्य कुर्याद वापरुषो न वा ॥

શ્લોકાર્થ :- પ્રસ્તુત આ કાર્યનું સંપાદન કરવાથી અમોને લાભ થશે અથવા ન કરવાથી શુ હાની થશે અથવા ન કરવાથી શુ હાની થશે? આ પ્રકારના તારતમ્યનો વિચાર કરી મનુષ્ય ઉકત કાર્યને કરે અથવા ન કરે. પરંતુ કોઇપણ કાર્યનો આરંભ કરતા તેના ફળા ફળનો વિચાર કરવો.

ચ.ટી. :- અવિચારી કોઇપણ કાર્યનો આરંભ ન કરવો. પરંતુ તેનો બુધ્ધિથી વિચાર કરી વયોવૃધ્ધ, જ્ઞાનવૃધ્ધોનો અભિપ્રાય લઇ કાર્યમાં પ્રવૃત્ત થવું. જગતમાં એવું દેખાય છે કે વગર વિચાર્યે કાર્યનો પ્રારંભ કરવાથી મોટી વિપત્તિનો સામનો કરવો પડે છે. ભગવાન સ્વામિનારાયણ એટલે જ માટે માનવ માત્રને સાવધાન કરવા કહે છે. 'कार्यँ न सहसा- વિચાર્યા વગર તત્કાળ કોઇ કાર્ય કરવું નહિ' (શીક્ષા/શ્લો-૩૬), શુક્રાચાર્ય કહે છે. 'दीर्घदर्शी सदा च स्यात्.... चिरकारी भवेन्नहि। વ્યકિતએ હંમેશા દૂરદર્શી બનવું. યથાર્થ રીતે વિચાર કરીને કાર્ય કરવું. આળસુ તથા પ્રમાદી ન બનવું' વ્યાસજી કહે છે. 'सुमन्त्रिते सुनिक्रान्ते सुकृते सविचारिते। सिध्यन्त्यर्थाँ महाबाहो दैवं चात्र प्रदक्षिणम् ॥ હે મહાબાહો । સારી રીતે વિચાર વિમર્થ કરી પૂર્ણ પરાક્રમ પ્રકટ કરતા સુંદરરૂપે જે કાર્ય કરાય છે. તે સફળ થાય છે અને તેમાં દૈવ પણ અણુકૂળ રહે છે' (વનપર્વ/૩૬/૭) ભર્તુહરિ કહે છે 'गुणवद गुणावद्वा। कुर्वता कार्यमादौ परिणतिरवधार्या यत्नतः पण्डितेन। अतिरभ सकृतानां कर्मणामा विपत्त भवति हृदयदाही सल्य तुल्यो विपाकः ॥ સારૂ કે નરસુ કાર્ય કરતા

પૂર્વ ડાહ્યા મનુષ્યે પ્રથમથી જ તેના પરિણામનો વિચાર પ્રયત્ન પૂર્વક કરવો જોઇએ. અતિ ઉતાવળથી (વગર વિચાર્યે) કરેલા કાર્યનું પરિણામ મરણ પર્યન્ત હૃદયને બાળનાર અને શૂળ સમાન નીવડે છે' (નીતિશતક/ શ્લો-૧૦૦) 'कर्मापत्तं फलं पुंसांबुद्धिः कर्मानुसारिणी। तथापि सुविधा भाव्यं सुविचायंव कुर्वत॥ જોકે પુરૂષોને પોતાના પૂર્વ જન્મમાં કરેલા, કર્મો પ્રમાણે જ ફળ મળે છે અને બુધ્ધિ કર્માનુસાર જ પ્રવૃત્તિ છે. છતાં પણ બુધ્ધિમાન મનુષ્યે યથાર્થ પણે કોઇપણ કાર્ય વિચારીને જ કર્મ કરવું જોઇએ. (નીતિશતક/શ્લો-૯૦) માટે કોઇપણ કાર્ય વિચારીને જ કરવું (આ સંબંધનાં ગૌતમ પુત્ર ચિરકારીનું દૃષ્ટાંત પાછળ ટીકામાં આપી ચૂકેલા છે. તે ત્યાંથી દૃષ્ટવ્ય છે.)

તે જ પ્રમાણે મનુષ્યે ધર્મકાર્ય કરવામાં ક્યારેય પણ વિલંબ ન કરવો. કારણ કે આપ્ત પુરૂષોએ આ પંચભૂતના શરીરને જળના પરપોટા સમાનક્ષણ ભંગુર માનેલું છે. આગળની ક્ષણમાં જીવન બની રહેશે તેવું કોઇ પ્રમાણ નથી. અર્થાત્ પ્રાણધારી મનુષ્યનું શરીર પ્રતિક્ષણ વિનાશ તરફ જઇ રહ્યું છે. આગલી ક્ષણમાં શુ થશેએ પણ કોઇ જાણી શકતુ નથી. એટલે માટે મનુષ્યએ એ ચિંતન કરતા રહેવું કે કયા પ્રકારે કેવી રીતે કલ્યાણ થાય અને જયારે માનવને આત્મ કલ્યાણના સાધનની જાણ થાય ત્યારે શીઘ્ર જ તે સાધનમાં ભાગી જવું અને તે સાધન કે ધર્મ અને તેનું પાલન આવતી કાલ પર ક્યારેય ટાળવું નહિ. કાલે કરવા યોગ્ય કાર્યનું સમ્પાદન આજે જ પૂર્ણ કરી લેવું જે કાર્ય સાય કાળમાં કરવાનું હોય તેને પ્રાતઃ કાળમાં જ પૂર્ણ કરી લેવું કારણ મૃત્યુ કોઇની પ્રતિક્ષા કરતુ નથી કે આણે કાર્ય પૂર્ણ કરેલું છે કે પૂર્ણ કર્યું નથી. મનુષ્ય વિચાર કરતો રહે છે અને મૃત્યુ તેને લઇને જતું રહે છે. મન અત્યંત ચંચળ છે. એક ક્ષણમાં જ તેનો વિચાર પરિવર્તન થઇ જાય છે. અતઃ જે ક્ષણમાં મનમાં શ્રેષ્ઠ વિચાર ઉદ્‌ભવે

તે જ ક્ષણે તેને કાર્યરૂપમાં પરિણિત કરવાનો પ્રયત્ન કરવો. આ આશયને વ્યક્ત કરતી ત્રણ વેદનો એક ઋચા છે ' न नूनमस्तिनो श्वः कस्तद् वेद यददु भुतम्। अन्यस्य चित्तमभि संचरेण्यमुत्ता धातंविनश्यति' (ઋગ-૧/૧૭૦/૧)

આ ઋચામાં અન્ત ર્ભાવિત કથામાંએ બતલાવવામાં આવેલુ છે કે મહર્ષિ અગત્સ્યજીએ ઇન્દ્રના નિમિત્તે હવિ તૈયાર કરેલું પરંતુ દૈવવશ તેઓએ તે હવિ મરૂત દેવતાઓના નિમિત્તે વિનિયક્ત કરી દીધુ. તનાથી દેવરાજ દુઃખી થઇ ગયા અને કહેવા લાગ્યા. 'આજે તો અમને હવિ મળ્યું જ નહી, કાલે મળશે જ તેની શુ આશા કરી શકાય. જે આજે મળ્યું તે આવતી કાલે મળશે જ તેની શુ આશા કરી શકાય. જે આજે મળ્ય, કે આવતી કાલે મળશે જ એવું કોણ જાણી શકે છે. કાલનો કોઇ ભરોસો નથી. આજે અગસ્ય ઋષિએ અમારે માટે હવિનું નિર્માણ કરેલું પરંતુ બીજી જ ક્ષણમાં તેઓનો વિચાર પરિવર્તન થઇ ગયો અને હવિ તેઓએ મરૂત દેવતાઓને અર્પણ કરી દીધું. આવતી કાલે તેઓને હવિ પ્રદાન કરવાનો વિચાર જ ન થાય તો તે પણ અનિશ્ચિત છે, કે કાલે જીવિત રહેશુ કે નહિ. કારણ અસ્થિર બુધ્ધિવાળુ મન ચચળ હોય છે. એટલે માટે મનની ચંચળતા અને જીવનની ક્ષણ ભંગુરતા સમઝી સત્યસંકલ્પતાને તત્કાળજ સંપાદન કરવી જોઇએ. કારણ કાલ કોણે જોઇ છે. મૃત્યુની સાથે જેની મિત્રતા હોય અને જેણે અમૃતપાન કરી અમરતા પ્રાપ્ત કરી લીધી હોય તે જ કહી શકે છે કે 'હું કાલે રહી શકીશ આ વસ્તુ મને કાલે પ્રાપ્ત થશે' અતઃ વેદ બતાવે છે કે પ્રતિક્ષણ વિનાશને પ્રાપ્ત થઇ રહેલા જીવનની પ્રત્યેક ક્ષણનો સદ્ઉપયોગ કરવો જોઇએ. નીતિ મંજરીમાં આવાત ઘણી સુંદર રીતે બતાવાય છે. 'विलम्बं नाचरेद् धर्म चलं चित्तं विनश्यति। इन्द्रेणागस्त्यसंवाद एष धर्म उदाहृतः॥' મનુમહારાજ આ સંબંધમાં કહે છે. - धर्मस्यत्वरिता गतिरिति वाक्यात्क्षणान्तरे विपरीत बुद्ध्युदय सम्भवाच्च धर्मकार्यो

सहसापि कृते न हानि:॥ ધર્મની ગતિ ઉતાવળી કહેવાય છે. થોડીવારમાં વળી વિપરીત વિચારો થવા માંડે છ. એટલે ધાર્મિક કાર્ય ઉતાવળથી કરવામાં કોઇ હાનિ નથી' 'अजरामरवत्प्राज्ञो विद्यामर्थं च साधयेत्। गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत्॥ ડાહ્યા મનુષ્યે પોતાને અજરામર માની વિદ્યા તથા ધનનું ઉપાર્જન કરવું. પરંતુ કાળ મસ્તકના કશ પકડીને ઉભા જ છે. એમ ધારીને ધર્મનું પાલન કરવું જોઇએ. (મનુસ્મૃતિ) ગંગાપુત્ર ભીષ્મ કહે છે.' श्व: कार्यमद्य कुर्वीत पूर्वाह्ण चापराह्णिकम्। नहि प्रतीक्षते मृत्यु: कृतंवास्य न वा कृतम्॥ આવતી કાલે કરવા ધારેલું કાર્ય આજે જ કરવું. મધ્યાહન સમયે કરવા વિચારેલું ધર્મનું કાર્ય મધ્યાહન પૂર્વે જ કરી લેવું. કારણ કે મૃત્યુ કોઇની રાહ જોતુ નથી કે આણે કોઇ ધર્મ કાર્ય કર્યુ છ કે હજી તે બાકી છે (મહા. શાંતિ-૧૭૫/૧૫) માટે માનવે ધર્મ કાર્યને ક્યારેય પણ વિલંબથી કરવું નહિ.

આ સન્દર્ભમાં પાંડવોના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે એક સમયે ધર્મરાજ યુધિષ્ઠિરની સમિપમાં એક બ્રાહ્મણ યાચના કરવા માટે આવ્યો. તે સમયે યુધિષ્ઠિર મહારાજ રાજકાર્યમાં વ્યસ્ત હોવાથી તેઓ નમ્રતાપૂર્વક બ્રાહ્મણ પ્રત્યે બોલ્યા 'દેવ! આપ આવતી કાલે પધારજો તમારે અભિષ્ટ મનોરથ અવશ્ય પૂર્ણ કરશુ.' મહારાજની વાત સાંભળી બ્રાહ્મણ દેવતા જતા રહયા. તે સમયે ભીમસેન પણ સભામાં ઉપસ્થિત હતા. તેઓએ મહારાજનો વાત સાંભળી અને તેઓ સભામાંથી ઉભા થયા અને રાજ દરબારના દ્વાર પર આવ્યા અને ત્યાં મુકેલી દુંદીભિ જોરજોરથી વગાડવા લાગ્યા. તેઓએ સેવકોને પણ માંગલિક વાદ્ય વગાડવાની આજ્ઞા કરી. આમ અસમયમાં મંગલ વાદ્ય વાગતા સાંભળીને ધર્મરાજે પુછયું 'આજે આ અસમયમાં અચાનક મંગલ વાદ્ય કેમ વાગવા લાગ્યા.'

ધર્મરાજની વાત સાંભળી સેવકો બોલ્યા. 'આપના ભાઇ ભીમસેનની આજ્ઞાથી આ વાદ્ય વાગી રહ્યા છે.' યુધિષ્ઠિર મહારાજે ભીમસેનની આજ્ઞાથી આવાદ્ય વગાડવાનું કારણ પુછયું ત્યારે ભીમસેન બોલ્યા 'મહારાજ! આપ કાળ ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો એટલે માટે આ વાદ્ય વગાડીએ છીએ.' ભીમસેનની વાત સાંભળી યુધિષ્ઠિર મહારાજ બોલ્યા. 'ભીમસેન! આપ શુ વાત કરો છો. અમો એકાળ પર વિજય મેળવ્યા?' ત્યારે ભીમસેન બોલ્યા 'હા મહારાજ! જગતમાં આપ સત્ય બોલવાને માટે વિખ્યાત છો. તમારા મુખ થકી ક્યારેય પણ અસત્ય વાત નીકળતી નથી. તમારી પાસે યાચના કરતા બ્રાહ્મણને તમોએ આવતી કાલે આવવા જણવ્યુ માટે આપ આવતી કાલ પર્યન્ત જીવિત રહેવાના એમ તમોએ નિશ્ચિંત પણે માની લીધું. આમ કાળ પર વિજય પ્રાપ્ત કરવાને કારણે અમો માંગલિક વાદ્ય વગાડીએ છીએ.'

ભીમસેનની વાત સાંભળી યુધિષ્ઠિર મહારાજને પોતાની ભૂલ સમજાઇ તેઓ ભીમસેન પ્રત્યે બોલ્યા 'ભાઇ ભીમ તમોએ આજે અમોને યોગ્ય સમયે સચેત કરી દીધા. પુણ્યકાર્ય કાલ પર ટાળવું નહિ જોઇએ પુણ્ય કાર્યને બીજા દિવસ પર વાળવું એ ગંભિર ભૂલ છે. તમો જઇને પેલા બ્રાહ્મણ દેવતાને બોલતી લાવો.' આદેશ મળતા ભીમસેને સેવકો દ્વારા પેલા બ્રાહ્મણ દેવતાને બોલાવ્યા અને મહારાજા યુધિષ્ઠિરે તે બ્રાહ્મણની જરૂરીયાત પર્ણ કરી. આ ચરિત્ર પરથી એ જ્ઞાત થાય છે કે મનુષ્યે ધર્મકાર્યમાં અત્યંત શીઘ્રતા કરવી. ભગવાન શ્રીહરિ પણ શિક્ષાપત્રી શ્લો-૩૬ માં 'कार्यो धर्मस्तु सत्वरम् – ધર્મ સંબંધી જે કાર્ય તેનો તત્કાળ કરવ.' આ વચનથી ધર્મકાર્ય શીઘ્ર પૂણ કરવાની આજ્ઞા કરે છે. (શ્લો-૧૯) હવે નિતિકાર વ્યર્થ કાયનો આરંભ કરવાની મનાઇ કરે છે.

શ્લો-૨૦ :- अनारभ्या भवन्त्यर्था: केचिन्नित्यं तथाऽगता: ।

कृत: पुरूषकारो हि भवेद् पेषु निरर्थक: ॥

શ્લોકાર્થ :- કેટલાક વ્યર્થ કાર્ય છે. જે નિત્ય પ્રાપ્ત હોવાને કારણે આરંભ કરવા યોગ્ય નથી હોતા. કારણ કે તેને માટે કરાયેલો પુરૂષાર્થ પણ નિરર્થક હોય છે.

ચ.ટી. :- વ્યર્થ કાર્ય અને વ્યર્થ પરિશ્રમ કરવાથી ઇષ્ટસિધ્ધિની પ્રાપ્તિ થતી નથી. એટલે માટે સોદ્દેશ્ય અને સુકર્મ કરવા માટે પ્રયાસ કરવો જોઇએ. (આ સન્દર્ભમાં મહંમદ તગલખનું દૃષ્ટાંત વિચારવા યોગ્ય છ જે પાછળ આવી ગયું છે તે ત્યાંથી દૃષ્ટવ્ય છે.) (શ્લો-૨૦) હવે કઇ પ્રજા રાજાને પ્રેમ કરતી નથી. તેનું વર્ણન નીતિકાર કરે છે.

શ્લો-૨૧ :- प्रसादो निष्फलो यस्य क्रोधश्चापि निरर्थक: ।

न त भर्तारमिच्छान्ति षण्ढ प्रतिमिव स्त्रिय: ॥

શ્લોકાર્થ :- જેની પ્રસન્નતા નિષ્ફળ હોય તથા ક્રોધ પણ નિરર્થક હોય. એવા રાજાને પ્રજા પ્રેમ કરતી નથી. જેમ સ્ત્રીઓ નપુંસક મનુષ્યને પતિ બનાવવા ઇચ્છતિ નથી.

ચ.ટી. :- જે રાજાને યોગ્ય ગુણોથી રહિત હોય તેવા માનવને રાજા તરીકે નિયુકત કરવાથી રાષ્ટ્રમાં અસ્તવ્યસ્તતા સર્જાય છે અને જેથી પ્રજા પિડિત થાય છે અને પ્રજા તેવા રાજાને ત્યાગ કરવા ઇચ્છે છે. આ સન્દર્ભમાં એક કથા અવલોકન કરવા યોગ્ય છે. એક ભિક્ષુક અચાનક રાજા બની ગયો. કારણ કે તે દેશનો રાજા અપ્રજ હતો અને તેણે ઘોષણા કરી હતી કે 'તેના મૃત્યુ બાદ જે વ્યકિત પ્રાતઃ કાળે નગરના મુખ્યદ્વાર થકી પ્રથમ અંદર આવે તેને પોતાના સ્થાન પર રાજા તરીકે નિયુકત કરવો.' ભાગ્ય વશ નગરના પ્રવેશ દ્વાર થકી પ્રથમ પ્રવેશ એક ભિક્ષુકે કર્યો મંત્રીઓએ તેઓનું રાજ તિલક કર્યુ અને તેને રાજા તરીકે નિયુકત કર્યા.

પરંતુ ભિક્ષુક શુ જાણે રાજકાજ તેને આધિન રહેનારા સામન્ત રાજાઓએ તેઓને કર આપવાનું બંધ કરી દીધુ. મંત્રીઓ અને રાજસેવકો મન ધાર્યુ કરવા લાગ્યા જેથી પ્રજા અત્યંત સંત્રસ્ત થઇ ગઇ. રાજા કંઇ પણ નિર્ણય લેતા તે અનુભવ હીન હોવાથી તે બધા નિષ્ફળ જતા. તેથો રાજા વિરૂધ્ધ પ્રજામાં અસંતોષ વ્યાપિ ગયો. પ્રજાના અસંતોષને કારણે રાજા પણ ક્ષુબ્ધ થઇ ગયા. એક દિવસની વાત છે આ ભિક્ષુક બનેલા રાજાનો એક મિત્ર વિચરણ કરતો થકો તેની પાસે આવ્યો. રાજાન એકાન્તમાં બોલાવી મિત્રએ કહ્યું ''મિત્ર! તારા સૌભાગ્ય પર અમો તને વધાઇ પાઠવીએ છીએ. ત્યારે રાજા બોલ્યો 'મિત્ર! તુ મારા દુર્ભાગ્ય પર રડ અને ભગવાનને પ્રાર્થના કર કે આ વિપત્તિ થકી અમોને શિઘ્રમુકિત આપે. અમો જયારે ભિક્ષુક હતા ત્યારે ભિક્ષામાં અમોને જે કંઇ લખુ સુકુ મળતુ હતુ તેમાં મને સંતોષ હતો. પરંતુ અત્યારે તો અનેક ચિન્તાઓને કારણે અમો દુઃખી રહીએ છીએ અને યથાર્થ રીતે અમોને નિદ્રા પણ આવતી નથી'' (સત કથા અંક/વાર્તા-૭૫૮)

આમ અયોગ્ય રાજાને રાજયાસન પર આરૂઢ કરવાથી પ્રજા રાજાથી ઉધિગ્ન રહે છે. આ સંબંધમાં આચાર્ય ચાણકય કહે છે કે 'प्रभाव मन्त्रयो: प्रभाव: श्रेयान् । मन्त्र शक्ति सम्पन्नो हि वन्ध्यबुध्धिर प्रभावो भवति, मन्त्र कर्म चास्य निश्चितमप्रभावो गर्भ धान्यम वृष्टिरिवोपहन्ति इत्याचार्या: ॥ પ્રભાવ અને મંત્ર આ બેમાં પ્રભાવને વધારે લાભકારક ગણવો, કારણ કે કોઇપણ મંત્ર શકિત સમ્પન્ન રાજા જો પ્રભાવ યુકત નહિ હોય તો તે વાંઝણી બુધ્ધિવાળો ગણાશે. આવા રાજાનું મંત્રકર્મ જો નિશ્ચિત પણ હોય છતા પણ તેનામાં પ્રભાવનો અભાવ હોવાથી તે અવૃષ્ટિ કાળે પોતાના રસનું ઉદ્‌વમન કરનારા ધાન્યાંકુરોની પેઠે પોતાના રાજયને ખોઇ બેસે છે. (કૌટિલ્ય અર્થશાસ્ત્ર/અધિ.૯/અ-૧) રાજા કેવો હોવો ન

હોવો જોઇએ એ બાબતમાં ભગવાન સ્વામિનારાયણ કહે છે. 'नाति तीक्ष्णो नाति मुदर्भवेद्राजा विचक्षण:। वासन्तार्क इव श्री मान्प्रजानां हितकारक:॥ मदर्हि राजा सततं लङ्घयो भवति मानवै:। तीक्ष्णाच्चाद्विजते लोक: समवृत्तिस्ततो भवेत्॥ શ્રીમાન નીતિ નિપુણ નરેશે અતિ તિક્ષ્ણ સ્વભાવવાળા તેમજ અતિ મુદુ સ્ભાવવાળા ન જ થવું. કેમ તો અતિ તિક્ષ્ણ પ્રકૃતિ રાજા અસ્થાનમાં દંડ દેતા પ્રજાઓને દુ:ખદાયી થાય છે. જે અતિ કોમળ પ્રકૃતિવાળો હોય તે દંડયજનાના દંડનમાં અસમર્થતાને લીધે પ્રજાઓને દુ:ખી કરનારો થાય છે. અર્થાત્ દુ:ખ દેનારો જ થાય છે. માટે વસંત ઋતુનો સૂર્ય જ જેમ એમ અતિતીક્ષ્ણ નહિ તેમ અતિ મુદુ નહિ જ એવો રાજા પ્રજાઓનું હિત કરનારો થાય છે. કેમકે અતિ કોમળ શીલવાળાં નૃપિત્તને પ્રજાઓ ઉલ્લંઘન કરે છે. (રાજાના પ્રશાશનને વશ વર્તે નહિ) તેમજ અતિ ઉગ્ર પ્રકૃતિવાળા નૃપતી થકી લોકો સર્પથકી જ જેમ એમ અતિ ઉદ્વેગને પામે છે. તો સમવૃત્તિ વાળો જ (અતિ તીક્ષ્ણ નહિ તેમ અતિ મુદુ નહિ, યથોચિત તીક્ષ્ણત્વ મૃદુત્વ યુકત જ) રાજા લોકોનું હિત કરનારો થાય છે.'' (સ.જી. ૫/૨૨/૩-૪) મહા કવિ ભારવી પણ કહે છે. 'अवन्ध्य कोपस्य विहन्तुरापदो, भवन्ति वश्या: स्वयमेवदे हिन:। अमर्ष शून्यक्य जनस्य जन्तुना न जातहार्देन विदिषादर:॥ જે વ્યકિતનો ક્રોધ વ્યર્થ નથી જતો તે વ્યકિતની આપદા સ્વયં વશમાં થઇ જાય છે. ક્રોધ રહિત વ્યકિતની મિત્રતા અથવા દ્વષનો કોઇપણ પ્રાણી પર કોઇ પ્રભાવ પડતો નથી, ન કોઇ પ્રેમ દેખાતો અને ન કોઇ ભય પામતું. (કીરાતાર્જુન/૧/૩૩) (શ્લો-૨૧) હવે નીતિકાર કેવા કર્મનો આરંભ શીઘ્ર કરવો તે કહે છે.

<u>**શ્લો-૨૨ :-**</u> काश्चिदर्थान्नर: प्राज्ञो लघम्लान्महाफलान् ।

क्षिप्रमारभते कर्तुं न विघ्नयति तादृशान्॥

શ્લોકાર્થ :- જેનું સાધન નાનું પણ ફળ મહાન હોય એવા કર્મનો બુધ્ધિમાન મનુષ્ય શીઘ્ર જ આરંભ કરે છે. એવા પ્રકારના કર્મમાં વિઘ્ન પણ પડવા દેતા નથી.

ચ.ટી. :- અલ્પ સાધનથી મહત ફળની પ્રાપ્તિ થતી હોય એવા કર્મનો આરંભ કરવાથી મનુષ્ય ઉચિત લાભથી પણ લાભાન્વિત થાય જ છે. આ સમ્બન્ધમાં ભગવાન શ્રીકૃષ્ણના અવતાર કાળનું એક ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. એક દિવસ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના સમસ્ત પરિવાર સાથે ઇન્દ્ર પ્રસ્થ પધાર્યા. ભગવાન શ્રીકૃષ્ણને આવેલા જોઇ પાંડવોનું રોમેરોમ આનંદથી ખિલી ઉઠયું. તેઓ પોતાના આચાર્યો અને સ્વજનોને આગળ કરી ભગવાનના સ્વાગત સત્કાર માટે નગરની બહાર આવ્યા. ભગવાન શ્રીકૃષ્ણે જોયું મહારાજા યુધિષ્ઠરનું હ્દય સ્નેહાતિરેકથી ગદ્ગદ્ થઇ ગયુ છે. તેઓને ઘણા દિવસ પછી પોતાના પ્રિયતમ ભગવાનના દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું હતું. અતઃ તેઓ ભગવાનને વારંવાર હ્દયે લગાવવા લાગ્યા. ભગવાન શ્રીકૃષ્ણનો શ્રી વિગ્રહ ભગવતી લક્ષ્મીનું પવિત્ર અને એક માત્ર સ્થાન છે. રાજા યુધિષ્ઠિરે પોતાની બંને ભુજાઓથી તેનું આલિંગન કરી સમસ્ત પાપ તાપથી છુટકારો મેળવી લીધો તે પછી ભીમસેન, અર્જુને પોતાના મામાના દિકરાનું આલિંગન કર્યુ અને નકુલ તથા સહદેવે તેમના ચરણનો સ્પર્શ કર્યો અને તે પછી શ્રીકૃષ્ણને ધામધુમથી નગરમાં પધરાવ્યા. આવેલા શ્રીકૃષ્ણ અને તેમના પરિવારના બધા જનોને યુધિષ્ઠિરે યથા યોગ્ય ઉતારો કરાવ્યો.

તદન્તર એક દિવસ મહારાજા યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણ સમક્ષ રાજસૂય યજ્ઞ કરવાનો પ્રસ્તાવ મુકયો. યુધિષ્ઠિરની વાત સાંભળી શ્રીકૃષ્ણ બોલ્યા ''રાજન! રાજસૂય યજ્ઞ કરવાથી સમસ્ત લોકમાં તમારી કીર્તિનો વિસ્તાર થશે.

પરંતુ આ કાર્યમાં એક અડચણ છે તે અડચણ છે. જરાસંધ. જરાસંધ મોટા મોટા રાજાઓના પણ દાંતખાટા કરી ચૂક્યો છે. તે પોતે દશ હજાર હાથીનું બળ ધરાવે છે. સૌ અક્ષૌહિણી સેના લઇને જયારે તે યુધ્ધ કરવા નીકળશે ત્યારે તેને હરાવવો આસન નથી અને બીજુ તે બ્રાહ્મણોનો મોટો ભકત છે. જો કોઇ બ્રાહ્મણ તેની પાસે યાચના કરે તો તે તેને કયારેય નિરાશ કરતો નથી. માટે તેની પાસે બ્રાહ્મણ વેશે જઇને અમો અર્જુન અને ભીમસેન તેની પાસે દ્વન્દ્વ યુધ્ધની ભીક્ષા માંગસુ અને તે દ્વન્દ્વ યુધ્ધની ભીક્ષા આપી ભીમ સાથે દ્વન્દ્વ યુધ્ધ કરશે તો ભીમસેન તેને યુધ્ધમાં અવશ્ય પરાજિત કરી દેશે. અને એક જરાસંધ જીતાઇ જતા તમારુ રાજ સૂયયજ્ઞ કરવાનું આયોજન અવશ્ય પુર્ણ થઇ જશે.''

ભગવાન શ્રીકૃષ્ણનો આ પ્રસ્તાવ યુધિષ્ઠિર મહારાજે સ્વિકાર કર્યો અને પછી તેઓ ત્રણેય જણા બ્રાહ્મણનો વેશ ધારણ કરી મગધ દેશ આવ્યા અને ત્યાં આવો મગધ રાજ પાસે ભીક્ષામાં દ્વન્દ્વયુધ્ધની ભીક્ષા માંગી અને જરાસંધે પણ તેઓને દ્વન્દ્વયુધ્ધની ભીક્ષા આપી અને તે ત્રણમાંથી પોતાના સમાન બળવાળા ભીમસેન સાથે દ્વન્દ્વયુધ્ધ કરવાનું સ્વિકાર્યુ અને તેઓ બંને નગરની બહાર આવ્યા અને એકબીજા સાથે ભીડી ગયા. દીવસે તેઓ બંને દ્વન્દ્વયુધ્ધ કરતા અને રાત્રીને વીશે તેઓ મિત્રની જેમ રહેતા હતા. આમને આમ લડતા-લડતા સત્તાવીશ દીવસ વ્યતિત થઇ ગયા. અઠ્ઠાવીસમાં દિવસે ભીમસેન ભગવાન શ્રીકૃષ્ણ પાસે આવી બોલ્યા 'પ્રભુ! અમો યુધ્ધમાં જરાસંધને જીતી ન શકશુ.' તે પછી શ્રીકૃષ્ણે ભીમસેનને જરાસંધના મૃત્યુનો ઉપાય બતાવ્યો અને ભીમસેનમાં પોતાની શકિતનો સંચાર કર્યો એટલે ભીમસેને જરાસંધને દ્વન્દ્વયુધ્ધમાં નીચે પાડી તેને બે પગની મધ્યમાંથી ફાડી મોતને ઘાત ઉતારી દીધો. જરાસંધનો વધ થતા તેની કેદમાં રહેલા વીસ હજાર રાજાઓ કેદખાનામાંથી મુકત થયા અને

તેઓએ એક શૂરે યુધિષ્ઠિર મહારાજની આધિનતા સ્વિકારી. જેથી યુધિષ્ઠિર મહારાજનો રાજસૂય યજ્ઞનો સંકલ્પ પૂર્ણ થયો. આમ એક જરાસંધનો વધ થતા તેણે ભૌરવ યજ્ઞ કરવા માટે અકત્રિત કરેલા બધા રાજા તેની કેદમાંથ છુટી ગયા અને તેઓએ રાજા યુધિષ્ઠિરની આધિનતા સ્વિકારી જેથી યુધિષ્ઠિર મહારાજની અલ્પ પ્રયત્નથી મહત કાર્યની સિદ્ધિ થઇગઇ. કદાચ પાંડવો પૃથક્ર પૃથક્ર બધા રાજાને જીતવા જતે તો તેઓની કેટલીયે ધન અને બળશકિતનો વ્યય થતે પરંતુ જરાસંધનો વધ થતા પાંડવોને અલ્પ પ્રયાસથી મહત ફળની પ્રાપ્તિ થઇ ગઇ. (શ્લો-૨૨) હવે નીતિકાર કયા રાજાને પ્રજા પ્રેમ કરે છે તે કહે છે.

શ્લો-૨૩ :- ऋजु: पश्यति य: सर्वँ चक्षुषानुपिबन्निव।

आसीनमपि तूष्णीकमनुरज्यति तं प्रजा: ॥

શ્લોકાર્થ :- જે રાજા નેત્રથી યાન કરતા કોમળ દૃષ્ટિથી બધાને જુએ છે તેના મૌન રહેવા છતા પણ પ્રજા તેને પ્રેમ કરે છે.

શ્લો-૨૪ :- सुपुष्पित: स्यादकल: फलित: स्याद दुराग्रह: ।

सपक्व: पक्व शङ्का शो न तु शीर्येत कहिचित ॥

શ્લોકાર્થ-૨૪ :- જે વૃક્ષ ફૂલથી ભરેલું હોવા છતા ફળ રહિત હોય અને જે પાકયુ ન હોય છતાં પાકેલા જેવું જણાતું હોય, તે વૃક્ષ કદી નાશ પામતુ નથી.

ચ.ટી. :- રાજાએ પુષ્પ પલ્લવથી યુકત વૃક્ષની જેમ વાણી તથા નેત્રથી કૃપા વરસાવતા રહેવું. પરંતુ સેવકને ધનાદિ આપી વૃદ્ધિ ન પમાડવો, સફળ થવા છતાં એકદમ ફળ હાથમાં આવ્યુ જ નથી એમ રહેવું. અર્થાત્ સેવકને એકદમ વશ થઇ જવું નહિ. અને પોતાનામાં સામર્થ્ય નથી છતાં ઉપર ઉપરથી સામર્થ્ય શાળી છે એવા દેખાવવું એટલે તેનો કદાપિ નાશ થતો નથી. (શ્લો-૨૩, ૨૪) હવે નીતિકાર કયા રાજાથી પ્રજા પ્રસન્ન થાય છે તે કહે છે.

શ્લો-૨૫ :- चक्षुसा मनसा वाचा कर्मणा च चतुर्विधम् ।

प्रसादयति यो लोकं तं लोकोऽनु प्रस्तदृति ॥

શ્લોકાર્થ :- જે રાજા પોતાના નેત્ર, મન, વચન અને કર્મ આ ચારથી પોતાની પ્રજાને પ્રસન્ન કરે છે, પ્રજા તેનાથી જ પ્રસન્ન થાય છે.

ચ.ટી. :- પ્રજાનું પાલન પોષણ કરવું એજ રાજાનો પ્રધાન-ધર્મ છે. યથાર્થરૂપે રંજીત થયેલી પ્રજા પણ રાજા પર અત્યંત પ્રસન્ન રહે છે. આ સંદર્ભમાં ઇતિહાસમાં આવેલ રામ રાજય અવલોકન કરવા યોગ્ય છે. ભગવાન શ્રીરામ માતા-પિતાની આજ્ઞા વશ ચૌદ વર્ષ વનમાં રહ્યા બાદ પુનઃ અયોધ્યા પધાર્યા. તે પછી તેઓનો ઇશ્વાકુવંશની પવિત્ર ગાદી પર અભિષેક થયો. રાજા થયા બાદ શ્રીરામે જે કુશળતાથી રાજયનું સંચાલન કર્યુ તેનું વર્ણન કરતા મહર્ષિ વાસ્મિકીજી કહે છે કે ''શ્રીરામના રાજય શાસનકાળમાં કયારેય પણ વિધવાનો વિલાપ સંભળાતો ન હતો. સર્પ આદી દુષ્ટ જંતુઓનો ભય ન હતો અને રોગોની પણ આશંકા ન હતી. સંપૂર્ણ જગતમાં કયારેય કયાંય પણ ચોર અથવા લુટારાઓનું નામ નિશાન ન હતું. કોઇપણ મનુષ્ય અનર્થકારી કાર્યોમાં હાથ નાંખતો ન હતો. વૃધ્ધને બાળકની અન્ત્યેષ્ટિ ક્રીયા કરવી પડતી ન હતી. બધા જ લોકો હંમેશા પ્રસન્ન રહેતા હતા અને ધર્મ પરાયણ હતા. તથા શ્રીરામ પર જ વારંવાર દૃષ્ટિ રાખતા રહેતા કયારેય એકબીજાને કષ્ટ પહોંચાડતા ન હતા. શ્રીરામના શાસન કરતા સમયે બધા મનુષ્યો હજારો વર્ષ પર્યન્ત જીવિત રહેતા હતા. હજારો પુત્રોના તેઓ જનક થયા હતા અને તેઓને કોઇપણ પ્રકારનો રોગ થતો નહિ રામના રાજયકાળ દરમ્યાન પ્રજાવર્ગની અંદર ફકત રામ રામ એવી જ ચર્ચા થતી હતી. શ્રીરામના રાજયમાં વૃક્ષોની જડ હંમેશા મજબુત રહેતી તે વૃક્ષો હંમેશા ફુલો અને ફળોથી ભરપુર હતા. મેઘ પ્રજાની આવશ્યકતા મુજબ જળ વરસાવતા હતા. વાયુ

મન્દગતિથી ચાલતો હતો. જેનાથી તેનો સ્પર્શ સુખદ જણાતો હતો. બધા જ પોતાના વર્ણાશ્રમો ચિત કર્મોથી જ સંતોષિ હતા. અને બધા જ તેના પાલનમાં તત્પર રહેતા હતા. શ્રીરામના શાસનકાળમાં સમસ્ત પ્રજા ધર્મમાં તત્પર રહેતા હતા. પ્રજા અસત્ય બોલતી ન હતી. બધા જ લોકો ઉત્તમ લક્ષણોથી સંપન્ન હતા. અને બધાએ ધર્મનો આશ્રય લીધો હતો.'' (વા.રામા./યુધ્ધ/અ.૧૨૮)

ભવભુતિ ઉત્તરરામ ચરિત્રમાં કહે છે. ''ભગવાન શ્રીરામ અયોધ્યાના સિંહાસન પર બિરાજમાન થયા. પછી પ્રજામના ભાગ્યને શુ કહવું મહારાજ શ્રીરામે પ્રતિજ્ઞા કરી હતી કે ''स्नेहं दयां च सौख्यं च यदी वा जानकीमपि। आराधनाय लोकानां मुञ्चतो नास्ति मे व्यथा॥ પોતાની પ્રજાની ભલાઇ માટે પોતાના સમસ્ત સુખને ત્યાં સુધી કે સીતાને પણ પ્રસન્નતા પૂર્વક ત્યાગિ શકુ છું.' (ઉત્તરરામ ચરિત્રમ્/૧/૧૨)

લક્ષ્મણજીને વનમાં આવતા રોકતા સમયે ભગવાન શ્રીરામ સ્વમુખે કહે છે. 'જાસુ રાજ પ્રિય દુખારી । સો નૃપ અવસિ નરક અધિકારી ॥ અર્થાત્ જેના રાજયમાં પ્રજા દુ:ખ પામે છે. તે રાજા અવશ્ય નરકનો અધિકારી થાય છે.' (રામ.માન. અયો. ૭૧/૩) ભગવાને પ્રજાના હિતને માટે કેટલો ઉચ્ચ આદર્શ બતાવ્યો. ભગવાન શ્રીરામ પોતાની પજાને પુત્રની જેમ પાલન કરતા હતા. અને પ્રજા પણ રાજાને પિતા સમાન સમજતી હતી. શ્રીમદ્ ભાગવતમાં શુક્રદેવજી મહારાજ પણ ભગવાન શ્રીરામની પ્રજા વત્સલતાનું અત્યંત ભવ્ય વર્ણન કરતા કહે છે. 'प्रजाः स्वधर्मनिरता वर्णाश्रमगुणान्विताः। जुगोप पितृवद् रामो मेनिरे पितरं च तम्॥ પ્રજા ગણ પ્રસન્ન ચિત્ત થઇને પોતપોતાના વર્ણ તથા આશ્રમ પ્રમાણે ધર્મકાર્યમાં લાગેલા રહેતા. ભગવાન શ્રીરામ તેઓની રક્ષા તથા પાલન પિતા સમાન કરતા હતા. અને તેઓ પણ તેઓને પિતાની સમાન જ માનતા હતા.'

(ભાગ.૯/૧૦/૫૧) પ્રજા ગણ કહેતા હતા. 'न हि तद् भविता राष्ट्रं यत्र रामोन भूपतिः। तद् वन भविता राष्ट्र यत्र रामोनिवत्स्यति॥ શ્રીરામ જ્યા રાજા ન હોય, તે રાજય નહિ રહે જંગલ થઇ જશે તથા શ્રીરામ જયાં નિવાશ કરશે તે વન એક સ્વતંત્ર રાષ્ટ્ર બની જશે.' (વાલમિકી રામા./અયો./૩૭/૨૯) ગોસ્વામીજી પણ કહે છે.'અવઘ તહાઁ જહાઁ રામ નિવાસૂ, તહઁઇ દિવસુ જહં ભાનુ પ્રકાશુ । જયાં રામનો નિવાસ હોય એ સ્થળને જ અયોધ્યા સમજવું કેમકે જયાં સૂર્ય ઉદિત થાય છે ત્યાં જ દિવસ હોય છે.' (રામ./માન./અયો./૭૪/૨) કેમ ન હોય ભગવાન શ્રીરામ પ્રજાજનોને સ્વયં કહેતા કે 'જો હું પણ કંઇ અનીતિનું કાર્ય કરુ અથવા કરવા માટે કહુ તો ભયનો ત્યાગ કરી મને રોકવો - સુનહુ સકલ પુરજન મમ બાની, । કહઉઁ ન કહ મમતા ઉર આની ॥ નહિં અનીતિ નહિ કછુ પ્રભુ ભાઇ । સુનહુ કરહુ તો તુમ્હહિ સોહાઇ ॥ સોઇ સેવક પ્રિયતમ મમ સોઇ । મમ અનુશાસન માનૈ જોઇ ॥ જૌં અનિતી કછુ ભાષૌ ભાઇ । તૌ માહિ બરજાહુ ભય બિસરાઇ ॥'' (માનસ/ઉત્તર/૩/૬)' ત્યારે જતો રામ રાજયમાં શ્વાનને પણ ન્યાય મળતો હતો અને પ્રજાવર્ગ રાજાને પુછી શકતો હતો કે 'તેનો બાળક તેની પહેલા કેમ મૃત્યુ પામ્યો?' આમ થતા રાજા પણ પોતાને અપરાધી જ માનતા હતા. અને તેના દુ:ખ નિવારણનો પૂર્ણ પ્રયત્ન કરતા હતા. (જુઓ.વા.રામા.ઉત્તર. શમ્બુકનું ચરિત્ર)

ભગવાન શ્રીરામે પ્રજાની પ્રસન્નાર્થે પોતાની પ્રાણ પ્રિય પત્ની જે નિષ્કલંક હતી તથા પોતાના ભાઇ લક્ષ્મણનો કોઇપણ અપરાધ ન હોવા છતા કેવળ પોતાની પ્રતિજ્ઞા સત્ય કરવા ત્યાગ કરી દીધો.

શ્રી નારદજીના વચન છે કે ''જો કોઇ મુર્ખ મનુષ્ય કોઇ રાજાના રાજયમાં અધર્મ કે નિધ કર્મ કરે છ તો તેનું તે કાર્યને રાજાના અનેશ્વર્યનું કારણ બને છે. અને તે રાજાને પણ આ પ્રકારના અધર્મ ચરણને કારણે નરકમાં જવું પડે છે. તે

જ પ્રકારે જે રાજા ધર્મપૂર્વક પ્રજાન્ પાલન કરે છે તેને પ્રજાના વેદાધ્યયન, તપ અને શુભ કર્મોના પુણ્યનો છઠ્ઠો ભાગ પ્રાપ્ત થાય છે. રાજા પ્રજા પાસેથી કર પ્રજા પાલન તથા પ્રજાની રક્ષા માટે ગ્રહણ કરે છે. ન કે પોતાના સ્વાર્થની સિધ્ધિ અર્થે માટે રાજાના દોષથી જયારે પ્રજાનું વિધિવત્ પાલન થતુ નથી. ત્યારે તેણે આપત્તિનો સામનો કરવો પડે છે. રાજાના દુરાચારથી જ પ્રજાનું અકાળમા મૃત્યુ થાય છે.'' શ્રીરામના રાજયમાં ક્યારેય અકાલ મૃત્યુની વાત જોવાઇ કે સંભળાવ ન હતી. રામ રાજયમાં હજારો વર્ષોમાં ફકત એક વખત શમ્બુકના અપરાધથી બાળ મૃત્યુ થયું હતું. અને જયાં સુધિ તે બાળકને ભગવાન શ્રીરામે જીવિત ન કર્યો ત્યાં સુધી તેઓ શાંતિથી બેઠા નહિ.

ભગવાન શ્રીરામ વેદ શાસ્ત્રાનુંકુળ આચરણ કરતા હતા અને પ્રજાને પણ પોતાના આચરણ દ્વારા એ જ માર્ગ પર ચાલવાનો ઉપદેશ આપતા હતા. ભગવાને શ્રીરામનો આવતાર જ ધર્મ રક્ષા માટે થયો હતો. ગોસ્વામીજી કહે છે. ''જબ-જબ હોઇ ધર્મ કૈ હાની, બાઢહિં અસુર અધમ સ્વભિમાની । કશહિં અનીતિ જઇ નહિં બરની ॥ સીદહિં બિપ્ર ધેનુસુર ધરની । તબ તબ પ્રભુ ધરિ બિબિધ સરીરા, હરહિ કૃપાનિધિ સજજન પોરા ॥ (રામ.માન.૧/૧૨/૬-૮). રામ રાજયમાં બધા લોકો વર્ણાશ્રમ ધર્મમાં તત્પર થઇને સ્વધર્મનું આચરણ કરી સદા વેદ પ્રતિપાદિત માર્ગપર ચાલતા હતા. સુખથી રહેતા હતા, ન કયાય ભય હતો કે ન રોગ હતો. 'સબ નર કરહિં પરસ્પર પ્રીતિ, ચલહિં સ્વધર્મ નિરત શ્રુતિ નીતિ । ચારિઉ ચરન ધર્મ જગ માંહિ, પૂરિ રહા સપનેહુઁ અઘ નાહિ. ॥ (રામ.માનસ. ૭/૨૧/૨૩) તાત્પર્થ એ છે કે ધર્મ રામરાજયની આધાર શીલા હતી અને રામ સ્વયં અક્ષરેશ: ધર્મનું આચરણ કરતા હતા. ગોસ્વામીજી રામ રાજયની ભવ્યતાનું વર્ણન કરતા કહે છે. ''બયરૂ ન કર કાહ સન કોઇ, રામ પ્રતાપ વિષમતા ખોઇ ।'' શ્રીરામના

રાજયમાં કોઇ કોઇની સાથે વેર કરતું નથી, રામના પ્રતાપથી વિષમતા સમી ગયી છે.'' (માનસ-/ઉત્તર/૨૦/૪) ''દૈહિક દવિક ભૌતિક તાપ, રામ રાજ નહિ કાહુહિ બ્યાથા । રામ ભગતિ રત નર અસ નારી, સકલ પરમ ગતિ કે અધિકારી ॥ અલ્પ મત્યુ નહિ કવનિ ઉપીરા, સબ સુંદર સબ બિરાજ શરીરા । નહિ દરિદ્ર કોઉ દુ:ખીન દીના, નહિં કોઇ અબુધ ન તચ્છન હીના ॥ સબ નિદઁભ ધર્મરત પુની, ઉર ઉરુ નારિ ચતુર સબ ગુની । સબ ગુનગ્ય પંડિત સબ ગ્યાની, સબ કૃતગ્ય નહિં કપટ સયાની ॥ અર્થાત્ રામ રાજયમાં કોઇ દૈહિક, દૈવિક કે ભૌતિક તાપનથી, બધા જ મનુષ્યો એક બીજાને પ્રેમ કરે છે, પ્રેમ આપે છે અને પ્રેમ લે છે અને વેદોમાં વણવેલી નીતીમાં રહીને પોત પોતાના ધર્મનું પાલન કરે છે.. કોઇને પણનાની વયે અકાળે મૃત્યુ આવતુ નથી કે નથી કોઇ અન્ય વ્યથિત થતુ સૌના શરીર સુંદર તથા નિરોગી છે. કોઇ દરિદ્ર નથી. દુ:ખો કે દીન પણ નથી, કોઇ નથી મુર્ખ કે નથી સુખીલક્ષણેથી રહિત સૌ ધર્મ પરાયણ અને દંભથી રહિત છે. તથા પુણ્યાત્મા છે. પુરૂષ તથા સ્ત્રી સૌ કોઇ ચતુર તથા ગુણવાન છે. સૌ ગુણોનો આદર કરનાર તથા પંડિત છે. અને સૌ જ્ઞાની છે. સૌ કોઇ ઉપકારને વિસરનારા તથા કપટ ભરલી ચતુરાઇથી રહિત છે.'' (રામ.માન./ ઉત્તર/ ૭/૨૧/૧,૩,૪) ''સબ ઉદાર સબ પર ઉપકારી, બિપ્ર ચરન સેવક નરનારી । એક નારિવ્રત રત સબઝારી, ત મન બચ ક્રમ પતિ હિતકારી ॥ સૌ નર-નારી ઉદાર છે. પરોપકારી છે અને બ્રાહ્મણોનાં ચરણોના સેવક છે. સૌ પુરૂષો એક પત્ની વ્રતધારી છે અને એ જ રીતે બધી સ્ત્રીઓ પણ મન, વચન કે કર્મથી પતિનું હિતકારી છે (રા.મા.ઉ.૭/૨૨/૪) 'રામ રાજ નભગેસ સુનુસ ચરાચર જગમાંહી । કાલ કર્મ સુભાવગુનકૃત, દુ:ખ કાહુહિ નાહિં ॥ દંડ જતિન્હ કર ભેદ જહઁ નતંક નૃત્ય સમાજ । નતહુ મનહિ સુનિઅ અસ રામચંદ્ર કેં રાજ ॥ અર્થાત્

શ્રીરામના રાજયમાં જડ ચેતન એમ આખાય જગતમાં કાળ, કર્મ, સ્વભાવ અને ગુણોથી ઉત્પન્ન એવા દુ:ખ કોઇને મળ્યા નથી (અર્થાત્ તેના બંધનમાં કોઇ નથી.)'' શ્રીરામના રાજયમાં દંડતો કેવલ સંન્યાસિઓના હાથમાં જ હતો અને ભેદ છે તે તો નૃત્ય કરનારાઓના નગર સમાજમાં અને વિજય કેવળ મનનો જ કરવામાં સંભળાતો હતો. (અર્થાત્ રાજનીતિમાં શત્રુઓને જીતવા માટે તથા ચોર ડાકૂઓને દંડ આપવા માટે સામ, દામ, દંડ અને ભેદએ ચાર ઉપાયો આચરવામાં આવે છે. રામ રાજયમાં તો કોઇ શત્રુ જ નથી એટલે 'જીતો' શબ્દ માત્ર મનને જીતવા માટે જ ઉપયોગમાં લેવાય છે. કોઇ અપરાધ કરતા જ નથી. પછી દંડ કોને દેવામાં આવે? દંડ શબ્દ ફક્ત સંન્યાસિઓના હાથમાં રાખવાનાં આવતા દંડ માટે જ વપરાતો હતો. ઉપરાંત સૌ કોઇ અનુકૂળ હોવાથી ભેદનીતિની પણ જરૂર નથી. 'ભેદ' શબ્દ પણ એક માત્ર સુરતાલના ભેદ માટે જ ઉપયોગ લેવાય છે. - રામચરિતમાનસ/૭/૨૧-૨૨)

શ્રીરામ રાજયમાં પશુપક્ષી અને વૃક્ષ લતા પર દ્રષ્ટિપાત કરો ''ફુલહિં રહહિં, સદા તરૂ કાનન, રહહિં એક સંગ ગજ પંચાનન । ખગમૃગ સહજ બધરૂ બિસરાઇ ॥ સબહિ પરસ્પર પ્રીતિ બઢાઇ, કુંજહિં ખગમૃગનાનાવૃંદા । સભય અરહિં બન કરહિં અનંદા ॥ શીતલ સુરભિ પવન બહમંદા, ગુંજત અલિલ ચલિમકરંદા । લતા વિચ્ય માર્ગે મધુ ચવહીં, મન ભાવતો ધેનુપય સ્ત્રવહીં ॥ - રામના રાજયમાં વાડીઓનાં અને વનોનાં વૃક્ષો સર્વદા પુષ્પિત અને ફલિત રહેતા હતા. હાથિઓ અને સિંહો એક સ્થાનમાં મિત્રતાથી વિચરતા હતા અને પક્ષીઓ તથા મૃગો પોતપોતાની જાતિના સહજ વેરભાવથી મુક્ત થઇને પરસ્પર પ્રેમ કરતા હતા, પ્રેમમાં વધારો કરતાં હતાં. જાતજાતનાં પક્ષીઓ તથા પશુઓ મધુર શબ્દો કરી વનમાં નિર્ભય રીતે આનંદ સહિત વિચરતાં હતા. મંદ, સુગંધિત તથા

શીતળ વાયુ વાય છે. પુષ્પોમાંથી મકરંછ રસનું પાન કરી ગુંજાર કરતા ફરી રહ્યા હતા. લતાઓ તથા વૃક્ષો લોકોની ઇચ્છા મુજબ મધુર ફળો આપતા હતા, ગાયો મન ભવતાં દૂધ આપતી હતી.'' (રામા.માન./ઉત્ત/૨૩/૧-૩)

શ્રી રામના રાજયમાં સાગર અને નદી ''સરિ સંપન્ન સદા રહ ધરની, ત્રેતાઁ ભઇ કુત જુગ કૈ કરની । પ્રગટીં ગિરિન્હ બિબિધિ મનિખાની, જગદાતમાં ભૂપ જગજાની ॥ સરિતા સકલ બરહિં બરબારી, મીતલ અમલ સ્વાદ સુખકારી । સાગર નિજ મરજાહઁ રહહી, ડારાહિં રત્ન તટન્હિ નર લહડીં ॥ સરસિજ સંકુલ સકલ તડાગા, અતિ પ્રસન્ન દસ દિસા વિભાગા । બિધુ મહિ પૂર મયૂખન્હ રબિ તપ જેતનેહિ કાજ ॥ માર્ગે બારિદ દેહિં જલ રામચંદ્ર કે રાજ.... ॥ અર્થાત્ પૃથ્વી સર્વદા ધાન્યાદિકથી સંપન્ન રહેલી હતી. એ ત્રેતાયુગના સમયમાં પણ સત્તયુગની કરણી ચાીલી રહી હતી. જગતના આત્મા મહારાજા રામચંદ્રને પરમાત્મા જાણીને પર્વતો, અનેક પ્રકારનાં મણિઓની ખાણોને પ્રકટ કરતા હતા સઘળી નદીઓ શીતળ, નિર્મળ સ્વાદિષ્ટ તથા સુખ કરનારા ઉત્તમ જળને વહાવતી હતી. સમુદ્ર પોતાની મર્યાદામાં જ રહેતો હતો. અને મોજાથી રત્નો ફેકતો હતો કે જે રત્નો મનુષ્યો અનાયાસે જ લેતા હતા. સઘળા તળાવો, કમળોથી છવાયેલાં રહેતા હતાં અને દશેદિશાઓના વિમાનો અતિ પ્રસન્ન રહેતા હતા. એ રામ રાજયમાં ચંદ્ર પોતાના કિરણોના અમૃતથી પૃથ્વીને તૃપ્ત કરે છે. સૂર્ય જેટલી જરૂર હોય તેટલું જ તપે છે અને વાદળો લોકોને માગ્યા પ્રમાણે જ મેઘ વરસતે છ.'' (રામ. માન. ૭/૨૩/૩ થી ૫)

આ હતુ રામ રાજયનું ફળતુ-ફલતુ વિશાળ વૃક્ષ, જેની ધર્મરૂપી જડને સત્ય, પ્રેમ આદિના જળથી સ્વયં ભગવાન શ્રીરામે સિંચન કરેલું હતું. ધર્મ વગર રામ રાજયનું અસ્તિત્વ કયારેય પણ સમ્ભવ ન હતું. રામ રાજય, ધર્મ રાજય

અને ઇશ્વર રાજયમાં સહેજ પણ ભિન્નતા ન હતી' આ પ્રમાણે રામના રાજયની સ્થિતિ હતી. આ પ્રમાણે રામ પોતાના રાજકાજથી પ્રજાનું રંજન કરતા અને રામના રાજથી પ્રજા પણ ભગવાન શ્રીરામ પર અત્યંત પ્રસન્ન રહેતી (શ્લો-૨૫) હવેની નીતિકાર કેવા રાજાને પ્રજા ત્યાગ કરે છે તે કહે છે.

શ્લો-૨૬ :- यस्मात् त्रस्यन्ति भूतानि मृगव्याधान्मृगा इव ।

सागरान्तामपि महीं लबध्वा स परिहीयते ॥

શ્લોકાર્થ-૨૬ :- જે પ્રકારે શિકારીથી મૃગ ભયભીત રહે છે એ જ પ્રકારે જે રાજાથી પ્રજા ભયભીત રહે છે. તે સમુદ્ર પર્યન્ત પૃથ્વીનું રાજય મેળવવા છતા પ્રજા દ્વારા તેનો ત્યાગ કરી દેવાય છે.

ચ.ટી. :- ''राजा प्रकृति रञ्जनात् - જે પ્રજાનું રંજન કરે તે રાજા'' ''राजा प्रजाञ्जन लब्धवर्णः - જે શરણા ગતની રક્ષા કરે તે રાજા'' (રઘુ.વંશ.૬/૨૧) ''रञ्जिताश्च प्रजाः सर्वास्तेन राजेति शब्दते। જે પ્રજાનું રંજન કરતો હોવાથી રાજા શબ્દથી કહેવાય છે.'' ''यस्मिन् धर्मो विराजते तं राजानं प्रचक्षते - જેમાં ધર્મ રહેતો હોય તે રાજા કહેવાય છે.'' (મહા. શાંતિ/૯૦/૧૫) ''समीक्ष्यस धृतः सम्यक् सर्वा स्त्रञ्जतिप्रजाः। - જે સર્વગુણ સમ્પન્ન અને શકિતશાળી દંડનું પાલન સમ્યક્ રીતે કરે છે તે દંડનીતિનો સંચાલક જ રાજા કહેવાય'' (મનુ સ્મૃતિ/૭/૧૯) 'राजा' શબ્દ ''राजृदीप्तौ'' ધાતુને ''कनिन्'' પ્રત્યય કરવાથી બનેલો છે જેનો અર્થ ''પ્રતાપવાન તથા પ્રકાશિત થનારો થાય છે.''

આ પ્રમાણે પ્રજાને રંજન કરે તે જ વાસ્તવમાં રાજા કહેવાય છે પરંતુ જે રાજા પ્રજાને રંજિત કરવાને બદલે પ્રજાને જ કષ્ટ આપે છે. તેણે પ્રજાના કોપના ભાજી થવું પડે છે. આ સન્દર્ભમાં રાજા વેન, ધનનંદ અને સિરોજોદોલા દૃષ્ટાંતરૂપ છે. જેઓ પ્રજાને કષ્ટ આપવાના ફળરૂપે પ્રજાના કોપના ભાજી થઇ કાળનો ગ્રાસ

બનેલા હતા. કંસનું ચરિત્ર પણ આવું જ છે. પૂર્વે દેવાસુર સંગ્રામમાં ભગવાન વિષ્ણુના હાથે મૃત્યુ પામનાર કાલનેમિ અુસ્જ કંસનારૂપમાં ઉગ્રસેન અને પદ્માવતિ થકી પ્રગય થયો હતો. વયસ્ક થતા તેણે એકાકી સમસ્ત ભુતલના બધા રાજાઓને પરાજીત કરી દીધા અને તે પૃથ્વીનું એક ચક્રી શાસન કરવા લાગ્યો. આકાશવાણી થકી જયારે તેને એ વાતની ખબર પડી કે દેવકીનો આઠમો પુત્ર તેના મૃત્યુનો કારણ છે તે પ્રથમ તો દેવકીને મારવા તૈયાર થયો. પરંતુ વસુદેવની સામનીનિએ તેને તે કાર્ય કરતા અટકાવ્યો. પરંતુ દેવર્ષિનારદે આવી તેને કહ્યુઁ ''કંસ! વ્રજમાં રહેવાવાળા નન્દ ગોપજનો અન તેમની જે સ્ત્રીઓ છે વાસુદેવ વગેરે વૃષ્ણિઓ, દેવકી વગેરે યદુવંશની સ્ત્રીઓ અને નન્દ વસુદેવ બન્નેના જ્ઞાતિ ભાઇઓ અને સગા-સંબંધીઓ બધા જ દેવતાઓ છે. જે અત્યારે તમારી સેવા કરી રહ્યા છે તે પણ દેવતાઓ છે.'' નારજીએ એવું પણ કહ્યું કે ''દૈત્યોને કારણે પૃથ્વીનો ભાર વધી ગયો છે. તેથી દૈત્યોના વધની દેવતાઓ તરફથી આ વ્યવસ્થિત યોજના છે.''

જયારે દેવર્ષી નારદ આટલું કહી ચાલ્યા ગયા. ત્યારે કંસે એવો નિશ્ચય કરી લીધો કે યદુવંશીઓ દેવતા છે અને દેવકીના ગર્ભથી વિષ્ણુ ભગવાન જ મારો વધ કરવા માટે પ્રગટ થવાના છે. તેથી તેણે સર્વ પ્રથમ દેવકી અને વસુદેવને સાંકળથી બાંધીના કારા ગૃહમાં પુરી દીધા અને તે બન્નેથી જે જે પુત્રો થતા ગયા તેમને તે મારતો ગયો. તેને દરેક વખતે એવી શંકા રહેતી હતી કે કયાંય વિષ્ણુ જ તો આ બાળકના રૂપમાં આવ્યો નહી હોય! કંસ જાણતો હતો કે હું પહેલાં કાલનેમિ અસુર હતો અને વિષ્ણુએ મને મારી નાખ્યો હતો. આવું વિચારીને કંસે યદુવંશીઓ સાથે ઉગ્ર વિરોધ કરવાનો નિશ્ચય કરી લીધો. કંસ અત્યંત બળવાન હતો. તેણે યદુ, ભોજ અને અંધક વંશના સ્વામી અને પોતાના પિતા ઉગ્રસેનને

કેદ કરી લીધા અને શૂરસેન દેશનું રાજય તે પોતે કરવા લાગ્યો. તથા જરાસંઘ આદી દૈત્ય રાજાની સહાયતાથી તે યદુવંશીઓનો નાશ કરવા લાગ્યો જેથી તે લોકો ભયભીત થઇને કુરૂ, પાંચાલ, કેકય, શાલ્વ, વિદર્ભ, નિષેધ, વિદેહ અને કોસલ વગેરે દેશોમાં જઇને રહેવા લાગ્યા. (ભાગ. ૧૦/૨-૩) અહીં કંસ પણ ધરાતલનો એક છત્રી શાસક હતો પરંતુ તેનું શાસન અત્યંત કઠોર હોવાથી ભયભીત થતી પ્રજા તેનો ત્યાગ કરી અન્ય સ્થાનમાં જઇ રહેવા લાગી. માટે જ શ્રુતિ ભગવદી કહે છે. ''सभ्य: सभां मे पाहि ये च सभ्या: सभासद:। त्वमिन्द्रा: परूहूत विश्वमायुवर्यश्नवत्। રાજ સભાની રક્ષા થવી જોઇએ. સભામાં સભાસદ્ સુસંસ્કૃત હોય સત્યને ધર્મની રક્ષા કરે, બીજા શબ્દમાં જો સભાસદ્ પોતાના સ્વાર્થને વશીભૂત થઇ રાજાના અનુચિત કાર્યનો વિરોધન કરે તો રાજાના હાથે શકિતનું કેન્દ્રિય કરણ થશે અને પ્રજા પીડા પામશે અને પિડા પામેલી પ્રજા પછી રાજાનો પણ નાશ કરી શકે છે.'' (અથર્વવેદ/૧૯/૫૫/૫-૬) ભગવાન શ્રીહરિ પણ કહે છે. ''यत्राबलस्ताडय मानस्त्रातारं नाधिगच्छति। तत्र राज्ञ: सदस्यानां मूलच्छेदो भवेद् ध्रुवम्॥ જે રાજાના દેશમાં દુર્બળ જન બળગર્વિષ્ઠ બીજાએ તાડન કરતાં રક્ષકને પામતાં નથી તે દેશમાં તે અપરાધથી રાજા અને સભાસદોનો સમૂળ વંશ વિનાશ નિશ્ચે થઇ જાય'' (સ.જી.૫/૨૭/૪૧) (શ્લો-૨૬) હવે નીતિકાર કેવો રાજા નષ્ટ પામે છે તે કહે છે.

<u>શ્લો-૨૭ :-</u> पितृथैतामहं राज्यं प्राप्तवान् स्वेन कर्मणा।

वायुर भमिवासाद्य भ्रंशयत्यनये स्थित: ॥

<u>શ્લોકાર્થ :-</u> પૈતૃક રાજયને પ્રાપ્ત થયેલો રાજા અનીતિ પર ચાલીને પોતાના કુકર્મથી એવી રીતે નષ્ટ કરાય છે. જેમ વાયુ વડે મેઘને છિન્ન ભિન્ન કરાય છે.

ચ.ટી. :- કેટલાએ ઘનઘોર વાદળ કેમ ન હોય, તીવ્ર ગતિથી વાયુ ચાલતા ક્ષણમાજ તે છિન્ન ભિન્ન થઇ જાય છે. તે જ પ્રકારે અનીતિ પર ચાલવાવાળો રાજા નષ્ટ થઇ જાય છે. અહીં નીતિકાર ધૃત રાષ્ટ્રને ગુઢાર્થમાં કહે છે કે તમને પણ હસ્તિના પુરનું રાજય પતૃક સંપત્તિના રૂપમાં પ્રાપ્ત થયું છે અને તમો પણ અનીતિના માર્ગ પર ચાલશો તો તમારા આ કુકર્મો છે. તમો પણ પોતાના પરિવાર સહિત નષ્ટ થઇ જશો. માટે પાંડવોનો પૈતૃક ભાગ તેઓને પરત કરી દો. ભગવાન વેદવ્યાસજી કહે છે ''एष राज्ञां परो धर्मो ह्यार्तानामार्ति निग्रहः । રાજાઓનો પરમ ધર્મ એ જ છે તે દુખિઓના દુઃખને દૂર કરે.'' (ભાગ.૧/૧૭/૧૭) (શ્લો-૨૭) હવે કેવા રાજાનું રાજય વૃદ્ધિ પામે છે તે કહે છે.

શ્લો-૨૮ :- धर्ममाचरतो राज्ञः सद्भिश्चरितमादितः ।

वसुधा वसुसम्पूर्णा वर्धते भूतिवर्धिनी ॥

શ્લોકાર્થ :- સજજન પુરૂષો દ્વારા કરાયેલા ધર્માચરણને જે રાજા આચરે છે તે રાજયની ભૂમિ ધનધાન્યથી પરિપૂર્ણ થઇને વૃદ્ધિને પ્રાપ્ત થશે તથા રાજય પણ વૃદ્ધિને પામશે.

ચ.ટી. :- અહી નીતિકારનો ધૃતરાષ્દ્રને કહેવાનો આશય એવો છે કે મહારાજા યુધિષ્ઠિર રામના આદર્શ પર ચાલનારા છે અને એને લઇને તેઓએ ખાંદવ વનને ઇન્દ્ર પ્રસ્થના રૂપમાં પરિવર્તત કરી સમ્પૂર્ણ ધરાતલના તેઓ એક છત્રી સાશક થયા. જયારે તમારા પુત્રો અને તમો આપ્ત પુરૂષના માર્ગનો ત્યાગ કરી અધર્મના માર્ગને અનુસરેલા છે. માટે પાંડવોની વૃદ્ધિ અને તમારો હ્રાસ થતો રહે છે. (શ્લો-૨૮) હવે કેવા રાજાનું રાજય નષ્ટ થાય છે તે કહેવાય છે.

શ્લો-૨૯ :- अथ सन्त्यजतो धर्ममधर्म चानुतिष्ठतः ।

प्रति संवेष्टत भूमिरग्नौ चर्माहितं यथा ॥

<u>શ્લોકાર્થ :-</u> જે રાજા ધર્મનો ત્યાગ કરી દે છે અને અધર્મનું આચરણ કરે છે. તેના રાજયની ભૂમિ અગ્નિમાં રાખેલા સામડાની જેમ સંકુચિત થઇ જાય છે.

<u>ચ.ટી. :-</u> રાજયનો વિસ્તાર ન્યાય પ્રિયતા અને ધર્મા ચરણથી થાય છે. અન્યાય પર ચાલવા વાળા રાજા કેટલો પણ શકિતશાળી કેમ ન હોય તેનું રાજય તેના સહિત ચક્રવતિ સમ્રાટ વેન, ધૃતરાષ્ટ્ર પુત્રો દુર્યોધન અને મગધ સમ્રાટ ધનાનદની જેમ સમાપ્ત થઇ જાય છે માટે રાજાએ હંમેશા ધર્મના માર્ગ પર જ સ્થિત રહેવું (શ્લો-૨૯) હવે નીતિકાર રાજાને પોતાના રાજયનો ઉન્નતિ માટે શુ કરવું તે કહે છે.

<u>શ્લો-૩૦ :-</u> य एव यत्न: क्रियते परराष्ट्रमिर्दने।

स एव यत्न: कर्तव्य: स्वराष्ट्र परिपालने॥

<u>શ્લોકાર્થ :-</u> જે રાજા બીજાના રાજયને નષ્ટકરવા માટે પ્રયત્ન કરે છે. તે જ પ્રયત્ન તેણે પોતાના રાજયના વિકાસ માટે કરવો જોઇએ.

<u>ચ.ટી. :-</u> અનુકૂળ તથા પ્રતિકૂળ બે પ્રકારના કાર્યો હોય છે. શત્રુ માટે પ્રતિકૂળ તથા મિત્રો માટે અનુકૂળ પ્રયાસ કરવો જોઇએ. જે રાજા કેવળ પ્રતિકૂળ પ્રયાસ કરે છે. તેના રાજયનો વિકાસ તો થતો જ નથી. પણ અન્યના રાજયના વિનાશમાં જ તેની સમસ્ત શકિતનો ઉપયોગ થાય છે. માટે આ પ્રમાણેનું આચરણ રાજાએ કયારેય ન કરવું. આ સન્દર્ભમાં વિશ્વના ઇતિહાસમાં ગ્રીક સમ્રાટ સિકંદરનું ચરિત્ર દૃષ્ટાંત રૂપ છે. સિકંદરનો જન્મ ગ્રીકમાં આવેલ મેસિડોનિયામાં થયો હતો. તેના પિતા ગ્રીકના રાજા હતા. જન્મ થયા બાદ કંઇ સમજતા થતા તેના પિતાએ સિકંદરને એરિસ્ટોટલ નામના ગુરૂ પાસે વિદ્યા અધ્યયન માટે મૂકયો. ગુરુ પાસે રાજનીતિ તથા યુધ્ધકળાનો અભ્યાસ કર્યા બાદ જયારે તેની આયુ ૨૦ વીસ વર્ષની હતી ત્યારે તેના પિતા સંસારનો ત્યાગ કરી

પરલોક વાસી થયા એટલે મંત્રી ગણોએ ભેગા મળી સિકંદરનો ગ્રીકના સિંહાસન પર અભિષેક કર્યો સિકંદર એક મહત્વકાંક્ષી વ્યકિત હતો. તેની ઇચ્છા સમસ્ત વિશ્વ પર રાજ કરવાની હતી. એટલે તે સમસ્ત વિશ્વને જીતવા માટે પોતાના વિશાળ સૈન્ય સમૂહ લઇ મેસિડોનિયાથી નિકળ્યો અને થોડા વર્ષમાંનો તેણે સમસ્ત યુરોપને પોતાને આધિન કરી લીધું.

તે પછી સિકંદરે એશિયા ખંડ પર આક્રમણ કર્યું ને તેના ઘણા ખરા દેશોને પોતાને આધિન કરી તેણે પરંપવિત્ર એવા ભારત વર્ષ પર આક્રમણ કર્યું. ભારતના સિમાડાના પ્રદેશમાં રહેતા રાજાઓની સાથે સંધિ કરી. તેણે પંચનદ-પંજાબના રાજા પોરસને કપટ દ્વારા યુધ્ધમાં પરાસ્ત કરી તેને પોતાને આધિન કરી ભારત વર્ષના અત્યંત બલિષ્ટ અને સમૃધ્ધ રાજય એવા મગધ પર આક્રમણ કરવાનું વિચાર્યું. પરંતુ તેની આ મુરાદ પૂર્ણ થાયએ પૂર્વે જ તે સમયના ભારત વર્ષના દેશ ભકત કૂટનીતિ નિપૂણ એવા ચાણકયે પોતાના ગુપ્તચરો દ્વારા તેના અન્નમાં વિષમિશ્રિત કરાવી તેને કાળના મુખમાં મોકલી આપ્યો સિકંદર જયારે મૃત્યુ પામ્યો ત્યારે તેની આયુ કેવલ બત્રીસ વર્ષની હતી. એટલે વીસ વર્ષની આયુમાં તેણે પોતાના વિજય અભિમાનનો પ્રારંભ કર્યો અને સનત બાર વર્ષ પર્યન્ત તે પ્રતિપક્ષિઓ સાથે યુધ્ધ કરતો રહ્યો. અને અંતે તે મૃત્યુ પામ્યો. કહેવાનું તાત્પર્ય એ છે કે સિકંદરે જેટલો સમય અન્ય સાથે યુધ્ધ કરવામાં વીતાવ્યો એટલો જ સમય તે પોતાના રાજયની ઉન્નતિમાં વિતાવ તે તો તેનું રાજય સમુધ્ધ થતે. સતત બાર વર્ષ પર્યન્ત યુધ્ધ લડવા છતા ન તો સિકંદરના પોતાના રાજયનો વિકાસ થયો અને ન તો તે પોતે રાજય સંબંધિ કોઇ સુખનો ઉપભોગ કરવા પામ્યો અને અંતે જતા કુતનીતિથી મૃત્યુનો ગ્રાસ બની ગયો. માટે નીતિકારના કહ્યા મુજબ રાજાએ હંમેશા એવા કાર્યમાં પ્રયત્ન શિલ રહેવું કે જેથી

પોતાના રાજયની ઉન્નતિ થાય અને પ્રજા સુખી થાય. (શ્લો-૩૦) હવે નીતિકાર રાજાને ધર્મપૂર્વક રાજ્ય કરવાનો ઉપદેશ આપે છે.

શ્લો. ૩૧ :- धर्मेण राज्यं विन्दते धर्मेण परिपालयेत् ।

धर्ममूलां श्रियं प्राप्य न जहातिन होयते ॥

શ્લોકાર્થ :- રાજાએ ધર્મ પ્રમાણે જ રાજય કરવું, ધર્મ પ્રમાણે જ રાજયની રક્ષા કરવી. કારણ ધર્મ મૂલક રાજ લક્ષ્મીને પ્રાપ્ત કર્યા બાદ તે લક્ષ્મી રાજાનો પરિત્યાગ કરતી નથી.

ચ.ટી. :- ધર્મ માનવમાત્રથી સુસ્થિર છે. ધર્મા ચરણ કરતા પ્રારંભમાં કષ્ટનો અનુભવ થાય છે પણ અંતમાં ધર્મનો જ જય થાય છે. ''यतो धर्मः ततो जयः'' એટલે માટે ધર્માચરણથી જ સાંસારિક વ્યવહાર નિર્વાહ થાય છે. માટે રાજાએ ધર્માચિરણ કરવું અને પ્રજા પાસે પણ ધર્માચરણ કરાવવું. જે રાજા પોતે ધર્મા ચરણ કરી પ્રજા પાસે ધર્માચરણ કરાવે છે તેના રાજયનો ત્યાગ કરી લક્ષ્મી અન્યત્ર કયાંય પણ જતા નથી. આ સન્દર્ભમાં બલિરાજાના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે.

એક સમય દેવાસુર સંગ્રામમમાં અસુરોનો પરાજય થયો. અને બલીરાજા રણ મેદાનમાંથી પરાંગ મુખ થઇ જતા રહ્યા. અને એક નિર્જન ઘરમાં ગધેડાનું રૂપ ધારણ કરી રહેવા લાગ્યા. દેવરાજ ઇન્દ્ર પોતાના શત્રુને શોધતા તે સ્થાન પર આવ્યા અને આવીને તેઓએ જોયુ કે પોતાનો શત્રુ ખરનું રૂપ ધારણ કરી ત્યાં ઉપસ્થિત છે. એટલે દેવરાજ તેની સાથે કાંઇક વાત કરવા લાગ્યા. બલિરાજાએ ઇન્દ્રને તત્ત્વ જ્ઞાનનો ઉપદેશ આપતા થકા તેને કાળની મહત્તા બતાવી. તેઓ બંને આ પ્રમાણે વાત કરતા હતા ત્યાં જ બલિરાજાના શરીરમાંથી એક અત્યંત દિવ્ય સ્ત્રી નીકળી. દેવરાજ ઇન્દ્રએ પણ તે સ્ત્રીને નીકળતા જોઇ બલિરાજાને તે

સંબંધમાં પુછ્યું. ત્યારે બલિરાજા બોલ્યાં ''તમો સ્વયં તેને તે બાબતમાં પુછો'' ત્યારે દેવરાજ તે દેવી પ્રત્યે બોલ્યા ''દેવી! તમો કોણ છો અને આ અસુરનો ત્યાગ કરી અમારી પાસે કેમ આવી રહ્યા છો.?''

દેવરાજની વાણી સાંભળી તે પ્રભામયિ શક્તિ બોલી ''હે દેવરાજ! ન તો અમોને વિરોચન જાણતા હતા ન તેમના પુત્ર બલિ. પંડિતો અમોને દુસ્સહા, વિધિત્સા, ભૂતી, શ્રી અને લક્ષ્મીના નામથી સંબોધે છે. તમો તથા અન્ય દેવતાઓ પણ અમોને જાણતા નથી.'' તેઓની આ પ્રમાણેની વાત સાંભળી આશ્ચર્ય પામેલા ઇન્દ્ર દેવ તે દેવી પ્રત્યે બોલ્યા. ''દેવી! તમો ઘણા દિવસ પર્યન્ત અસુરરાજ બાલિ પાસે રહ્યા પણ હવે બંલીમાં કયા દોષ અને મારામાં કયા ગુણ જોઇ અમારી પાસે આવ્યા છો?'' લક્ષ્મીજી બોલ્યા ''દેવેન્દ્ર! અમોને એક સ્થાનથી અન્ય સ્થાન પર ધાતા-વિધાતા કોઇપણ હટાવી શકતુ નથી. કાળના પ્રભાવથી જ અમો એકનો ત્યાગ કરીને અન્યની પાસે જઇએ છીએ. એટલે માટે તમો બલીનો અનાદર ન કરો.'' ત્યારે દેવ રાજ બોલ્યા 'હે સુન્દરી! તો હવે તમો અસુરો પાસે રહેવા કેમ માંગતા નથી.?‘

દેવન્દ્રની વાત સાંભળી લક્ષ્મીજી બોલ્યા - ''દેવેન્દ્ર! જયાં સત્ય, દાન, વ્રત, તપ, પરાક્રમ તથા ધર્મ રહે છે ત્યાં જ અમો વાસ કરીને રહીએ છીએ.'' હાલના સમયમાં અસુરો આ બધાથી બહિર્મુખ થઇ ગયા છે. તેઓ પહેલા સત્યવાદી, જીતેન્દ્રિય અને બ્રાહ્મણોના હિતૈશી હતા. પરંતુ અત્યારે તેઓ બ્રાહ્મણો સાથે ઇર્ષ્યા કરવા લાગ્યા છે. આ ઉપરાંત તેઓ અપવિત્ર હાથ થી ઘીનો સ્પર્શ કરે છે. અભક્ષ્ય પદાર્થોનો આહાર કરે છે. તથા ધર્મની મર્યાદાનો ત્યાગ કરી મનમાં આવે તેમ વર્તે છે. પહેલા તેઓ ઉપવાસ અને તપમાં આરૂઢ રહતા હતા. પ્રતિદિન સૂર્યોદય પૂર્વે જાગૃત થતા હતા અને રાત્રીમાં ક્યારે દહીં અને સત્તૂનો

આહાર કરતા ન હતા. રાત્રીના અર્ધ પ્રહરમાં જ તેઓ શયન કરતા હતા અને ક્યારેય દિવસમાં તો નિદ્રા લેતા જ ન હતા. દીન, અનાથ, વૃધ્ધ, દુર્બળ, રોગી અને સ્ત્રીયો પર દયા કરતા હતા. તથા તેઓ માટે અન્ન વસ્ત્રની વ્યવસ્થા કરતા હતા. વ્યાકુળ, વિષાદગ્રસ્ત, ભયભીત, રોગી, દુર્બળ, પીડિત તથા જેનું સર્વસ્વ લૂંટાઇ ગયુ છે. તેને હંમેશા સાંત્વના આપતા હતા અને તેમની સહાય કરતા હતા. પહેલા તેઓ કાર્યના સમયે પરસ્પર અનુકૂળ રહીને ગુરુજનો તથા જ્ઞાન વૃધ્ધોની સેવામાં સદા દત્તચિત્ત રહેતા હતા. તેઓ ઉત્તમ ભોજન બનાવીને એકાકી ગ્રહણ કરતા ન હતા. પણ પ્રથમ અન્ય જનને અર્પણ કરી અને પછી શેષ પ્રસાદ ગ્રહણ કરતા હતા. બધા પ્રાણીઓને પોતાના સમાવ સમજીને તેના પર દયા કરતા હતા. ચતુર, સરલતા, ઉત્સાહ, નિરહંકારતા, સૌહાર્દ, ક્ષમા, સત્ય દાન, તપ, પવિત્રતા, દયા, કોમળ વાણી, અને મિત્રો સાથે ગાઢપ્રેમ - આ બધા ગુણો તેઓમાં નિત્ય રહેતા હતા. નિદ્રા-આલસ્ય, અપ્રસન્નતા, દોષ દૃષ્ટિ, અવિવેક, અસંતોષ અને કામના આ બધા દુર્ગુણો તેઓને સ્પર્શ કરી શકતા ન હતા. પણ હાલના સમયમાં તેઓની સમસ્ત ક્રિયા શાસ્ત્રથી વિપરિત જોવા મળે છે. ધર્મને તો તેઓએ તિલાંજલિ આપી દીધી છે. અને તેઓ બધા કામ ક્રોધને વશીભૂત રહે છે. મોટા પુરૂષોની સભામાં આગુણહીન દૈત્યો તેમનો દોષ કાઢી (ગુણમાં પણ દોષ કાઢી) તેમની હાંસી (ઉપહાસ) ઉડાવતા રહે છે. વૃધ્ધો આવવા છતા આ બધા તેમના આસન પરથી ઉઠતા નથી સ્ત્રી પતિની અને પુત્ર પિતાની આજ્ઞા માનતા નથી. માતા, પિતા, વૃધ્ધ આચાર્ય, અતિથિ અને ગુરુઓનો આદર તેઓમાંથી ઉઠો ગયો છે. સંતાનોના ઉચિત લાલન પાલન પર તેઓ ધ્યાન આપતા નથી. તેઓના રસોઇ આપણ હવે પવિત્ર રહેતા નથી. તેઓના બાળકો આશા બાંધીને જોયા કરે છે. અને દૈત્ય લોકો ભક્ષણ કરવાની સામગ્રી એકાકી જ જમી જાય છે. આ બધા

પશુઓને પોતાના ઘરમાં બાંધે છે. અને તેને ચારો તથા જળ પણ આપતા નથી. આ બધા સૂર્યોદય પર્યન્ત સૂતા રહે છે અને પ્રભાતને પણ રાત્રિ સમજે છે. પ્રાય: દિવસ અને રાત્રી તેઓના ઘરમાં કજીયો જ થતા રહે છે. હવે તેઓને ત્યાં વર્ણ શંકર સંતાન થવા લાગી છે. વેદવેત્તા બ્રાહ્મણો અને મુર્ખોને તેઓ એક સમાન આદર અથવા અનાદર કરે છે. તેઓ પોતાના પૂર્વજો દ્વારા બ્રાહ્મણોને અપાયેલી જાગીરો નાસ્તિકતાને લઇને પાછી લઇ રહ્યા છે. શિષ્યો હવે ગુરૂઓ પાસે સેવા કરાવે છે. પત્ની-પતિ પર શાસન કરે છે. અને તેમનું નામ લઇ લઇને બોલાવે છે. સંક્ષેપ્તમાં આ બધા કતદિન, નાસ્તિક, પાપા ચારી અને સ્વૈરી બની ગયા છે એટલે તેઓના મુખ પર પહેલા જેવું તેજ રહ્યું નથી. માટે દેવરાજ! અમોએ પણ નિશ્ચય કર્યો છે કે હવે અમો આ લોકના ઘરનો ત્યાગ કરી દઇએ. અને એટલે અમો દૈત્યોનો ત્યાગ કરી તમારી સમિપ આવેલા છીએ અમોને સ્વિકાર કરો. જયાં અમો નિવાસ કરીને રહેશુ ત્યાં જ આશા, શ્રધ્ધા, ધૃતિ, ક્ષાન્તિ, વિજિત, સંતતિ, ક્ષમા અને જયા આ આઠ દેવીઓ પણ અમારી સાથે નિવાસ કરીને રહેશે. અમારી સાથે આ દેવીઓ પણ અસુરોનો ત્યાગ કરીને આવી છે. તમો દેવતાઓનું મન હવે ધર્મ માર્ગમાં આરૂઢ થયું હોવાથી હવે અમો તમારે ત્યાં આવીને નિવાસ કરશું.

તે પછી ઇન્દ્રએ તે લક્ષ્મીજીનો આદર સત્કાર કર્યો સમસ્ત દેવવૃંદ પણ તેમના દર્શન કરવા ત્યાં ઉપસ્થિત થયા. તે પછી બધા પાછા સ્વર્ગમાં આવ્યા. નારદજીએ લક્ષ્મીજીના સ્વર્ગીય આગમનની સભામાં પ્રશંસા કરી. એક સાથે પુન: બધાએ વાજીંત્રો વગાડીને તથા એક સાથે પુષ્પોનો તથા અમૃતનો વર્ષાદ વરસાવ્યો. તે પછી સમસ્ત સંસાર ધર્મ તથા સુખમય થઇ ગયો. (મહા. શાંન્તિ/અ. ૨૨૪ થી ૨૨૮) આમ આ કથા પરથી એ વાત સ્પષ્ટ થાય છે. જો રાજા કે પ્રજા

ધર્મ માર્ગ પ્રમાણે વર્તતો તેના રાજયમાં ચિરકાળ પર્યન્ત લક્ષ્મીજી સ્થિર થઇને રહે અને જો તેઓ અધર્મમાં આરૂઢ થાય તો લક્ષ્મીજી શીઘ્ર તેઓનો ત્યાગ કરી દે છે. જેમ બલિરાજાનો ત્યાગ કરેલો. માટે જ ભર્તુહરિ રાજાઓને ઉદેશીને કહે છે. ''राजन् दधुक्षसि यदि क्षितिधेनु मेनां तेनाद्य वत्समिव लोकममु पुषाण। तस्मिंश्च सम्यगनिशं परिपोष्यमाणे नानाफलैः फलति कलपकतेव भूमिः॥ જો પૃથ્વિ રૂપિણી ગાયને દોહવાની ઇચ્છા કરો તો પ્રજાવર્ગન્ વાછરડાની જેમ પોષણ (અર્થાત્ ધર્મપ્રમાણે પાલન કરો જે રાજાનો પ્રધાન ધર્મ છે) પ્રજાનું પાલન પોષણ કરવાથી જ પૃથ્વી કલ્પલત્તાની જેમ અનેક પ્રકારના ફળ આપે છે.'' (નીતિશતક-૪૬) આ સન્દર્ભમાં વેન રાજા અને તેમના પુત્ર પૃથુનું ચરિત્ર પણ અવલોકન કરવા યોગ્ય છે. અધર્મી અને સ્વેચ્છા ચારી રાજા વેનના શાસન કાળમાં અસંતોષનો સ્થિતિ છવાઇ ગઇ હતી. ધરા શકિત હીન થઇ ગઇ હતો. અન્ન અને ઓષધાદિક પદાર્થ લપ્તપ્રાય થઇ ગયા સર્વત્ર ત્રાહિ ત્રાહિનો આર્તનાદ સંભળાતો હતો. જયારે સમાજમાં દુરા ચરણથી અતિશયતા પરમ શિખર પર પહોંચી ગઇ. ત્યારે પ્રકૃતિ નિશ્ચય જ કંઇ પણ પ્રબંધ કરી દે છે. જયારે રાવણના અહંકારની માત્ર વધી ગઇ, ત્યારે રાજધાની લંકા સહિત તેનો સર્વનાથ થઇ ગયો. અભિમાન ચરમ સીમા પર પહોંચી જતા કૌરવોનો સર્વનાશ થયો અને રાજા બલિને પોતાની દાન શીલતા માટે ગર્વ થયો ત્યારે તેણે પણ બંધનમાં પડવું પડયું. કહેવાયુ પણ છે. ''अतिदर्पे हता लङ्का ह्यतिमाने च कौरवाः। अतिदोन बलिर्बद्धः सर्वमत्यन्तगर्हितम्॥ '' આવી જ અવસ્થા આવી જતા વનનો સંહાર થયા બાદ પ્રજા વત્સલ સદાચારી નીતિમાન રાજા પૃથુના હાથમાં શાસનાધિકાર આવ્યો. તેઓનું રાજ તિલક થયું. પૃથુનું અશેષ આચરણ પ્રજા તાન્ત્રિક હતુ. પ્રજાની સુખ સુવિધા માટે પૃથુ સંપૂર્ણ વ્યવસ્થા કરતા હતા. સમસ્ત રાજયમાં પ્રસણ્ણતા અને અદ્ભુત શાન્તિ છવાયેલી

હતી. દુઃખ અને દરિદ્રતાનું ક્યાંય નામ નિશાન ન હતુ. આનંદને આનંદની જ અનુભૂતિ થતી હતી. પૃથ્વિ પતિરાજા પૃથુદ્વારા શાસિત પૃથ્વિ પોતાની 'વસુંધરા' નામથી ચરિતાર્થ થવા લાગી. તેમાંથી વિવિધ પ્રકારના અન્ન પ્રચુર માત્રમાં ઉપજવા લાગ્યા. વૃક્ષો લતાઓ વિવિધ પ્રકારના સુસ્વાદુ ફળો અને પુષ્પોને આપવા લાગ્યા. ગોદુગ્ધાદિગવ્ય પદાર્થોનું બાહુલ્ય થઇ ગયું. આવી અવસ્થા જોઇને પૃથુ રાજા પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યા. તત્કાલીન સર્વકામ દુધાપૃથ્વિ પ્રતિ તેનો પુત્રીના સમાન સ્નેહ થઇ ગયો. અતઃ તેઓએ કન્યાના રૂપમાં પૃથ્વિને સ્વિકારી. પૃથુ રાજાએ પૂર્વથી અવ્યવ સ્થિત આકૃતિવાળી ઉબડ ખાબડ સમસ્ત પૃથ્વિન પ્રાયઃ સમતલ કરી દીધી. પ્રજા જન માટે તેઓએ જયાં ત્યાં યથા યોગ્ય નિવાસ સ્થાનની વ્યવસ્થા કરી દીધી. તેઓએ અનેક ગામ, નગર, દુર્ગ, ઘોષ, પશુઓને રહેવાના સ્થાન, સૈનિકોને રહેવાની છાવણી, ખાણ, ખેડુતોના ગામ અને પહોડાની તળેટીઓના ગામોને વસાવ્યા. તથા પ્રજાની શિક્ષા, દીક્ષા આદિકની બધી જ સુવ્યવસ્થા કરી દીધી. તેઓની પૂર્વે આ ભૂમંડલ પર પુર ગ્રામાદિકનો વિભાગ ન હતો. બધા જ લોકો પોત પોતાને જયાં યોગ્ય લાગે ત્યાં રહેતા હતા. આ પ્રમાણે અધર્મ પ્રમાણે વર્તનાર વેન રાજા રાજલક્ષ્મીથી ચ્યુત થઇ કાળના મુખમા જતા રહ્યા. જયારે તેમના જ પુત્ર પૃથુ ધર્મમાર્ગનું અવલંબન કરી રહ્યા. તો તેઓના રાજયમાં લક્ષ્મીજી પોતાની પૂર્ણ કળાઓથી ખીલી ઉઠયા માટે રાજાએ પોતાના રાજયની વૃધ્ધિને અર્થે ધર્મમાં પોતે વર્તવું અને પ્રજાને પણ ધર્મમાં વર્તાવવો. (શ્લો. ૩૧) હવે નીતિકાર બાળક આદી થકી પણ હિતકારી ઉપદેશ ગ્રહણ કરવાનું કહે છે.

<u>શ્લો. ૩૨ :-</u> अप्युन्मतात् प्रलयता बालाच्च परि जल्यत: ।

सर्वत: सारमादधात् अरमभ्य इव काञ्जनम् ॥

શ્લોકાર્થ :- જેમ પથ્થરોથી સુવર્ણ ગ્રહણ કરવામાં આવે છે. તે જ પ્રકારે ઉન્મત્ત, પ્રલાપ કરવાવાળા, બાળક અને વાચાળ પાસેથી પણ સારભૂત અંશ ગ્રહણ કરવો.

ચ.ટી. :- ''बालादपि सुभाषितं ग्राह्यम्'' અર્થાત્ બાળક પાસેથી પણ સારી વાત ગ્રહણ કરવી જોઇએ. આ સન્દર્ભમાં ચાણક્યજીના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાતએ સમયની છે કે જ્યારે આચાર્ય ચાણક્ય ચંદ્રગુપ્ત અને તેના સાથિઓ મગધ સમ્રાટ ધનાનંદના ત્રાસથી મગધને મુક્ત કરવા તેની સાથે યુધ્ધે ચઢેલા હતા. અનેકો વખત સૈન્ય શક્તિ ભેગી કરી તેઓએ મગધ પર હુમલો કર્યો. પરંતુ દરેક વખતે તેઓએ પરાજયનો સ્વાદ રાખવો પડેલો. કારણ કે ધનાનંદની સૈન્ય શક્તિચંદ્ર ગુપ્ત કરતા અનેક ઘણી હતી.

એક સમયની વાત હતી ચાણક્ય, ચંદ્રગુપ્ત અને તેઓના કેટલાક સાથીઓ એક સ્થળ પર જતા હતા અને રાત્રિ પડતા તેઓ એક ગામમાં એક વૃધ્ધના ઘરે રોકાયા. વૃધ્ધાએ પોતાના ઘરે આવેલા અતિથિઓનું યથોચિત અતિથ્ય કર્યુ અને ભોજન તૈયાર થયું ત્યારે બધાને ભોજન કરવા બોલાવ્યા. ચાણક્ય અને ચંદ્રગુપ્ત આદી ભોજન કરવા માટે આવ્યા. તેઓ સાથે પેલી વૃધ્ધાનો બાળક પણ આવ્યો બધા અન્ન ગ્રહણ કરતા હતા. વૃધ્ધાએ બધાને માટે દાળ-ભાત ઇત્યાદી બનાવેલા. તે સમયે પેલી પૃધ્ધાના બાળકે અન્ય સામગ્રી ગ્રહણ કરવાને બદલે પિરસેલા ગરમ દાળ-ભાતમાં હાથ નાંખ્યો. દાળ-ભાત ગરમ હોવાથી બાળકનો હાથ દાઝી ગયો અને તે રૂદન કરવા લાગ્યો ત્યારે તે વૃધ્ધા બાળક પ્રત્યે બોલી ''બેટા! તુ પણ પેલા ચાણક્ય અને ચંદ્રગુપ્ત જેવો જ છે. તેઓ પણ મગધની આજુબાજુમાં રહેલા નિર્બળ પ્રાંતોને એકબાજુ મૂકી મધ્યમાં

રહેલા મગધ પર આક્રમણ કરે છે જેને લઇ તેઓને પરાજયનો સામનો કરવો પડે છે અને તુ પણ થાળીમાં રહેલા શીતલ પદાર્થોને મુકી મધ્યમાં મુકેલા ઉષ્ણ એવા દાળ-ભાતને ગ્રહણ કરવા જાય છે.'' તે સમયે ચાણક્ય ત્યાં જ બેઠા હતા તેઓએ બેઠા બેઠા વિચાર કર્યો કે ''આ વૃધ્ધાની વાત પૂર્ણરૂપે સત્ય છે. આપણે પણ મગધની આજુબાજુના પ્રદેશોને એક બાજુ મૂકી મધ્યમાં રહેલા મગધ પર આક્રમણ કરીએ છીએ. માટે પ્રથમ મગધની આજુબાજુ રહેલા પ્રદેશોને જીતી પછી મગધ પર આક્રમણ કરીએ.''

તદન્તર ચાણક્યે પોતાની યોજના બદલી અન તેઓએ મગધની આજુબાજુના પ્રદેશો પર આક્રમણ કરી તેને જીતી અંતમાં મગધ પર આક્રમણ કરી ધનાનંદને પરાસ્ત કર્યો. આ પ્રમાણે પ્રલાપ કરવાવાળી વૃધ્ધા દ્વારા બાળકને અપાયેલા ઉપદેશથી ચાણક્યને પોતાની ભૂલ સમજાય અને તેઓએ પોતાની યોજના બદલી મગધ રાજને પ્રરાસ્ત કર્યો. ચાણક્ય સૂત્રમાં પણ તેઓએ ''बालादप्यर्थं जातं श्रुणुयात् - નાના બાળકની પણ હિતકારી વાતને સાંભળવી'' (ચાણક્ય સૂત્ર-૧૬૭) આ વચનથી આ પ્રસંગનો ઉલ્લેખ કરેલો છે.

દત્તાત્રેયજીના જીવનમાં પણ આવો એક પ્રસંગ બનેલો અને તેઓએ બાળક પાસેથી પણ શીક્ષાગ્રહણ કરેલી. આ પ્રસંગનું વર્ણન કરતા તેઓ યદુ રાજાને કહે છે - '' न मे मानवमानौ स्तो न चिन्ता गेहेपत्रिणाम्। आत्मरतिर्विचसमीह बालवत्॥ ..यो विभुग्धो जडो बालो यो गुणेभ्यः परं गतः॥ હે રાજન! અમોને માન અથવા અપમાનનું કોઇ ધ્યાન નથી. તથા ઘર અને પરિવારવાળાઓને જે ચિંતા થાય છે તે અમોને નથી. અમો અમારા આત્મામાં જ રમણ કરીએ છીએ. અને પોતાની સાથે જ ક્રીડા કરીએ છીએ. આશિક્ષા અમોને બાળક થકી પ્રાપ્ત થઇ છે. એટલે માટે અમો બાળકની જેમજ આનંદમાં રહીએ છીએ. આ જગતમાં એજ પ્રકારનાં

વ્યક્તિ નિશ્ચિત અને પરમાનંદમાં મગ્ન રહે છે. એક ભોળો ભાળો અબોધનાનો બાળક અને બીજો જે ગુણાતીત થયો છે તે.'' (ભાગ-૧૧/૯/૩-૪) માટે બાળક થકી પણ ગુણ ગ્રહણ કરવો (શ્લો. ૩૨) હવે નીતિકાર શિલોચ્છન વૃત્તિનું દૃષ્ટાંત આપી દરેકમાંથી સારગ્રહણ કરવાનું કહે છે.

શ્લો. ૩૩ :- सु व्याहृतानि शुक्तानि सुकृतानि ततस्ततः।

सञ्चिन्वन् धीर आसीत् शिलहारी शिलं यथा॥

શ્લોકાર્થ :- જેમ શીલવૃત્તિથી જીવિકા ચલાવવાળ તપસ્વી એક એક શાકના પાંદડાને ભેગા કરીને જીવન વિતાવે છે. તે જ પ્રકારે ધીર મનુષ્યે ભાવપૂર્ણ વચનો, સુક્તિઓ અને સત્ કર્મેનો જયાં ત્યાંથી સંગ્રહ કરવો જોઇએ.

ચ.ટી. :- પ્રાચિન કાળમાં તપસ્વી બ્રાહ્મણો બે પ્રકારના હતા એક શીલવૃત્તિથી જીવન યાપન કરનારા અને બોજા ઉચ્છવૃત્તિથી જીવનવૃત્તિ નિભાવનારા હતા. તેમાં બજારમાંમંડળી ઉઠી જતા શાક પત્તા ભેગા કરી અથવા દાણા ભેગા કરી જીવિકા ચલાવનારા ઉચ્છવૃત્તિના, અને ખેતરમાંથી ફસલ કપાયા બાદ જે દાણા રહી જાય તેને લાવી જીવન યાપન કરનારા શીલવૃત્તિવાળા કહેવાય છે. આ બંને વૃત્તિવાળા જે પ્રમાણે કણ કણ ભેગા કરી જીવિકાવૃત્તિ ચલાવે છે તે જ પ્રમાણે મનુષ્યોએ પણ સત્ કર્મોનો અર્થાત્ ધર્મનો સંગ્રહ કરવો જોઇએ. કારણ કે ધર્મ છે તે જ પરલોકમાં સહાયભૂત થનાર છે. (શ્લોક. ૩૩) હવે નીતિકાર કોણ કોનાથી જુએ છે તે કહે છે. -

શ્લો. ૩૪ :- गन्धेन गावः पश्यन्ति वेदै पश्यन्ति ब्राह्मणः।

चारैः पश्यन्ति राजानश्चक्षु र्भ्यामितरे जनाः॥

શ્લોકાર્થ :- ગાયો ગન્ધથી જુએ છે. બ્રાહ્મણો વેદથી જુએ છે. રાજા ગુપ્ત ચરોથી અને અન્ય સાધારણ લોકો ચક્ષુથી જુએ છે.

<u>ચ.ટી. :-</u> નેત્રોથી જોવું એ રાજા માટે સંભવનથી કારણ કે વિસ્તૃત રાજયની સમસ્ત બાબતોનું જ્ઞાન રાખવું એ કેવી રીતે શકય હોય? એટલે માટે રાજાએ ગુપ્તચરો દ્વારા પ્રજાના વિષયમાં જાણવું જોઇએ. મત્સ્ય ભગવાન કહે છે. ''राज्यस्य मूलमेता वद् या राज्ञश्चाररदर्शिता। चाराणामपि यत्नेनराज्ञा कार्यँ परीक्षणम्॥ रागापरागौ भृत्यानां जनस्य च गुणागुणान्। सर्व राजां चरायतं तेषु यत्नपरो भवेत्॥ રાજયના મૂળ આધાર ગુપ્તચરોની યથાર્થરૂપે પરીક્ષા કરવી જોઇએ. રાજયમાં અનુચરોનો પ્રેમ અને વેર તથા પ્રજાના ગુણ અને અવગુણ રાજાના આ બધા કાર્ય ગુપ્તતરો પર જ નિર્ભર છે. અતઃ તેઓ પ્રતિયત્ન શીલ રહેવું જોઇએ. (મત્સ્ય પુરાણ ૨૧૫/૯૮-૯૬) ગુપ્તચર કેવા નિયુકત કરવા તે સંબંધમાં મત્સ્ય ભગવાન કહે છે ''स्वके देश परदेश ज्ञानशीलान् विचक्षणान्। अनाहायन् क्लेश सहान नियज्जीत तथा चरान्॥ जनस्याविदितान् सौम्यांस्तथा ज्ञातान् परस्परम्। वणिजा मन्त्र कुशलान सांवत्सर चिकित्सकान्। तथा प्रवानिकारांश्चारान् राजा नियोजयेत्॥ પોતાના દેશમાં કે પરાયા દેશમાં જ્ઞાની, નિપુણ, નિર્લોભ અન કષ્ટ સહિષ્ણુ ગુપ્તચરોને નિયુકત કરવા જોઇએ. જેને સાધારણ પ્રજા ઓળખતી ન હોય. જે દેખાવમાં સરળ હોય. જે એકબીજાથી અપરિચિત હોય. તથા વણિક, મંત્રી, જયોતિષી, વૈદ્ય અને સંન્યાસીના વેશમાં ભ્રમણ કરનાર હોય રાજાએ આવા ગુપ્તચરોને નિયુકત કરવા જોઇએ'' (મસ્યપુ. ૨૧૫/૯૧-૯૨) ભગવાન શ્રીહરિ પણ ''पर राष्ट्रे स्थापनीया बुद्धि युक्ति विचक्षणाः। तत्र त्यवृत्तज्ञानार्थं दधात्तेद्वेतनं सहः॥ બુધ્ધિ અને યુકિતથી સંપન્ન વિચક્ષણ, વિશ્વાસ પાત્ર એવા પુરૂષોને પર રાષ્ટ્રમાં ત્યાંનું વિવિધવૃત્તાંત્ જાણવા માટે ગુપ્તપણે નિયોજે અને તેઓને પ્રસન્ન રાખવા અન્યજનન જાણે તેમ વેતન આવે (સ.જી. ૫/૨૩/૩૮).

આ સન્દર્ભમાં ભગવાન શ્રી રામના જીવનનું એક ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે, ભગવાન શ્રી રામ હંમેશા પોતાના પુત્રની જેમ પોતાની પ્રજાનું પાલન કરતા હતા ને પોતાની પ્રજા પોતાના વ્યવહારથી સંતુષ્ટ છે કે નહિ તે જાણવા માટે હંમેશા વિશ્વશીનય ગુપ્તચરોને તેઓ મધ્યે નિયુકત કરતા અને એકાંતમાં તેઓને મળી પ્રજાના હાલ-ચાલ પુછતા હતા. એક સમયની વાત છે. ભગવાન શ્રી રામ પોતાના ભદ્રનામના ગુપ્તચર સાથે એકાંતમાં વાતચિત કરતા તેના પ્રત્યે બોલ્યા ''ભદ્ર! આજકાલ નગર અને રાજયમાં કંઇ વાતની ચર્ચા વિશેષ રૂપથી થાય છે? નગર તથા જનપદના લોકો અમારી બાબતમાં સીતા, ભરત, લક્ષ્મણ, શત્રુદન તથા માતા કૈકેયના વિષયમાં શુ શુ વાત કરે છે.? કારણ કે રાજા જો આચાર વિચારથી હીન હોય તો તે પોતાના રાજયમાં તથા વનમાં (ઋષિ મુનિઓના આશ્રમમાં) પણ નીન્દાનો વિષય બને છે. સર્વત્ર તેની અપકીર્તિની ચર્ચા થયા કરે છે.

ભગવાન શ્રીરામની વાત સાંભળી ભદ્ર બોલ્યો - ''મહારાજ! આજકાલ પુરવાસિઓમાં તમારે લઇન હંમેશા સારી જ ચર્ચા જ થયા કરે છે. સોમ્ય પુરૂષોત્તમ! દશગ્રીવ વધ સમબન્ધિ જે આપનો વિજય છે તેને લઇને લોકો નગરમાં વધુ વાતો કરે છે.''

ભદ્રની વાત શ્રવણકરી ભગવાન શ્રીરામ પ્રસન્ન થઇ તેના પ્રત્યે બોલ્યા. ''ભદ્ર! પુરાવાસીઓ અમારા સંબંધમાં કંઇ કંઇ શુભ વાત તથા અશુભ વાત કરે છે તે યથાર્થ રૂપથી પૂર્ણતઃ બતાવ આ સમયમાં તેઓની શુભ વાત સાંભળી જેને તે ઓ શુભ માને છે તેનું આચરણ અમો અવશ્ય કશુ અને જેને તેઓ અશુભ માને છે. તેનો ત્યાગ અમ અવશ્ય કરશુ. તુ વિશ્વાસ યોગ્ય હોવાથી તે વાત નિશ્ચિંત તથા કોઇપણ પ્રકારના ભય વગર બતાવ.''

મહારાજા શ્રી રામની વાત સાંભળી ભદ્ર બોલ્યા - ''રાજન! સાંભળો, પુરવાસી મનુષ્યો ચાર રસ્તામાં, બજારમાં, માર્ગમાં, વન તથા ઉપવનમાં પણ તમારા વિષયમાં કહે છે કે મહારાજા શ્રીરામે સમુદ્ર પર સેતુ નિર્માણ કરી જે દુ:સહ કર્મ કર્યુ તેવું કર્મ તો પૂર્વે થયેલા કોઇ દેવતાઓએ કે દાનવોએ પણ કરેલું નથી રાક્ષસો સહિત રીછ અને વાનરો પણ તેઓના વશમાં કરાયા, પરંતુ એક વાત બટકે છે. યુધ્ધમાં રાવણને મારી સીતાજીને ઘરે લઇ આવ્યા. તેઓ બધાના મનમાં સીતાજીના ચરિત્રને લઇને શંકા છે.''

ભદ્રની વાત સાંભળી શ્રી રામ બોલ્યા ''કેવી શંકા છે?'' ત્યારે ભદ્ર બોલ્યો - ''રાજન! પ્રજા કહે છે દશગ્રીવ રાવણ દ્વારા સીતાજીને ગોદમાં ઉઠાવીં લંકા લઇ જવાય અને તેણે ત્યાં તેને પોતાના અંત:પુરના ક્રીડા કાનનમાં રાખી. આ પ્રમાણે રાક્ષસના વશમાં તે ઘણા દિવસ રહી છતા શ્રીરામ તેની સાથે ધૃણા કેમ કરતા નથી? હવે આપણે પણ સ્ત્રીઓની આ પ્રમાણેની ક્રીયા સહન કરવી પડશે. કારણ જેવું આચરણ રાજા કરે છે તેવું જ આચરણ પ્રજા પણ કરે છે. રાજન! આ પ્રકારે સમસ્ત નગર અને જનપદમાં પુરવાસી મનુષ્ય ઘણી ન સાંભળવા યોગ્ય વાત તમારી અને સીતાજી સંબંધમાં કરે છે.'' આ પ્રમાણે ગુપ્તચર દ્વારા પોતા સંબંધિ અને પોતાની નિર્દોષ ભાર્યા સંબંધિ વાત સાંભળી શ્રીરામે પ્રજાના હિત માટે પોતાની ધર્મપત્ની સીતાનો ત્યાગ કર્યો. (વા.રામા.)

તે જ પ્રમાણે પરમાત્માએ ગાયની નાસિકા ઇન્દ્રિયમાં એવી શકિત મૂકી છે કે જેથી કોઇ પણ વસ્તુ તેની સન્મુખ ઉપસ્થિત થાય તો તે તેને નાસિકા ઇન્દ્રિયથી સુંગીને તેનો નિર્ણય કરી લે છે. વિદ્વાન બ્રાહ્મણોના હસ્તમાં શાસ્ત્રો હોય છે એટલે કે સારા નરસાનો નિર્ણય તેઓ શાસ્ત્ર અનુસાર કરે છે અને જન

સાધારણ તો નેત્ર ઇન્દ્રિયોથી જુએ એ તો યોગ્ય જ છે. (શ્લો. ૩૪) હવે નિતિકાર લાભ આપનારનું કષ્ટ પણ સહન કરવાનું કહે છે.

શ્લો. ૩૫ :- भूयांसं लभते क्लेशं या गोर्भवति दुर्दुहा।

अथ या सदहा राजन् नैव तां वितदन्त्यपि॥

શ્લોકાર્થ :- હે રાજન! જે ગાય કઠિનાયની દૂધ આપે છે, તે અત્યધિક દ:ખને પામે છે. જે સરળતાથી દૂધ આપે છે તેને કોઇ કષ્ટ આપતુ નથી.

ચ.ટી. :- દૂધ આપતી ગાયોની લાત પણ સહન કરી શકાય અને તેની સાર સંભાર પણ સારી રીતે રખાય છે. પરંતુ જે ગાય દૂધ નથી આપતી તેને ચારો પણ યથાર્થ માત્રમાં પ્રાપ્ત થતો નથી. ભાવાર્થ એ છે કે જેના થકી લાભપ્રાપ્ત થતો હોય તેની વાતો પણ સહન કરે છે અન્યથા દૂરથી જ ત્યાગ કરી દે છે. (શ્લો. ૩૫) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને ગુઢાર્થમાં પાંડવોનું લાલન પાલન કરવાનો ઉપદેશ આપે છે.

શ્લો. ૩૬ :- यद तप्तं प्रणमति न तत् सन्तापयन्त्यपि।

यश्च स्वयं न तं दारू न तत् सन्नमयन्त्यपि॥

શ્લોકાર્થ :- જે ધાતુ તપાવ્યા વગર વળી જાય છે તેને ગરમ ન કરવું તેમ જે કાષ્ટ સ્વયં જુકેલું હોય તેને કોઇ જુકાવતું નથી.

ચ.ટી. :- અહીં કાષ્ટ અને ધાતુનું દૃષ્ટાંત આપી વિદુરજી ધૃતરાષ્ટ્રને ગુઢાર્થમાં એવુ કહી રહ્યા છે કે પાંડવો સ્વયં નમ્ર અને તમારી આજ્ઞા પ્રમાણે વર્તનારા છે અતઃ તેઓને સન્તપ્ત કરવાની આવશ્યકતા નથી. ન્યાયોચિત પ્રક્રિયાથી તેઓને પ્રસન્ન કરી તેઓનું લાલન પાલન કરો. (શ્લો. ૩૬) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને બળવાન પાસે ઝુકી જવાનો ઉપદેશ આપે છે.

શ્લો. ૩૭ : एतयोपमया धीरः सन्नमेत बलीयसे।

इन्द्राय स प्रणमते नमते यो बलीयसे ॥

શ્લોકાર્થ :- આ દૃષ્ટાંતથી ધીર પુરૂષે બળવાન સામે ઝુકી જવું જોઇએ. જે બળવાન સામે ઝુકે છે તે ઇન્દ્રદેવને પ્રણામ કરે છે.

ચ.ટી. :- દેવરાજ ઇન્દ્ર દેવરાજ તો છે પણ સાથે સાથે બળવાનોના પણ સ્વામી છે. અતઃ બળવાનની સન્મુખ ઝુકવું એટલે દેવરાજ ઇન્દ્રને પ્રણામ કર્યા બરાબર છે. દેવતાને પ્રણામ કરવામાં કોઇ દોષ નથી. અહી નીતિકાર ધૃતરાષ્ટ્રને સાંકેતિક ભાષામાં એવું કહે છે કે પાંડવો ધર્મનું આચરણ કરવાથી આંતરિર રીતે પણ બળવાન છે અને યાદવો, પાંચાલો, ઇત્યાદિની સહાયથી તેઓ બહારથી પણ બળવાન છે. કદાચિત યુધ્ધનો અવશર આવશે તો તમારા પુત્રનો પરાજય નિશ્ચિત છે. માટે તેઓનું ધરોહરના રૂપમાં રહેલું રાજય તેઓને પરત કરી દો. અને તેઓ સાથે સંધિ કરી લો. તેઓ બળવાન છે એટલે તેઓ પાસે તમો ઝુકી જશો તો પણ દેવરાજ ઇન્દ્ર પાસે જ ઝુકેલા ગણાશો. (શ્લો. ૩૭) હવ નીતિકાર ધૃતરાષ્ટ્રને કોણ કોના રક્ષક છે તે કહે છે.

શ્લો. ૩૮ :- पर्जन्यनाथा: पशवो राजानो मन्त्रिवान्धवा: ।

पतयो बान्धवा: स्त्रीणां ब्राह्मणा वेद बान्धवा: ॥

શ્લોકાર્થ :- મેઘ પશુઓના રક્ષક હોય છે. રાજાના રક્ષક મંત્રી હોય છે. સ્ત્રીયોના રક્ષક તેના પતિઓ હોય છે. અને બ્રાહ્મણો વેદના રક્ષક હોય છે.

ચ.ટી. :- મેઘ વરસતા જ અન્નાદિકની ઉત્પતિ થાય છે અને તેના દ્વારા પ્રાણિ માત્રનું પોષણ થાય છે. અને તેના અભાવમાં જીવપ્રાણિ માત્રની રક્ષા થવી અશક્ય છે. માટે જળને જીવન કહ્યું છે.

મહર્ષિ વાલ્મિકીજી કહે છે. मन्त्रो विजय मूलं हि सज्ञां भवति राघव! અર્થાત્ શ્રેષ્ઠ મંત્રણા જ રાજાઓના વિજયનું મૂળ કારણ છે. (વા.રામા. ૨/૧૦૦/૧૬)

''सहस्त्रा व्यापि मूर्खाणां यद्युयास्ते महीपति:। अथवाप्ययुतान्येव नास्ति तेषु सहायता॥ एकोऽप्यमात्यो मेधावी शुरोदक्षो विचक्षण:। राजानं राज पुत्रं वा प्रापयेन्महतीं श्रियम्॥ જો રાજા હજાર અથવા દસ હજાર મૂર્ખાઓને પોતાની પાસે રાખી લે તો પણ તેઓને ઉચિત સમયે તેમના થકી કોઇ સહાયતા મળતી નથી. પરંતુ જો એક મન્ત્રી પણ મેઘાવી, શૂરવીર, ચતુર અને નીતિજ્ઞ હોય તો તે રાજા અથવા રાજકુમારને ઘણી સમ્પત્તિની પ્રાપ્ત કરાવી શકે છે.'' વસ્તુતાએ મન્ત્ર શકિતએ રાજ દર્શનનું એક એવું મહત્ત્વપૂર્ણ અંગ છે કે જેની ઉપેક્ષાથી રાષ્ટ્રની જેટલી ક્ષતિ થાય છે. તેટલી કદાચિત કોઇ અન્ય વાતથી થતી નથી. રામાયણમાં આવેલ મારૂતિના પાત્ર પર દૃષ્ટિ કરીએ તો શ્રીરામ અને સુગ્રીવની મહાનવિપત્તિથી છુટકારો મેળવવામાં અને એવા દુર્ધર્ષ રાજનીતિના પ્રકાંડ વિદ્યા અને વિશ્વને રડાવનારા રાવણના પતનનું અનુસંધાન કરવામાં આવે તો તેમા હનુમાનજીની વિચક્ષણ મંત્રણા જ હતો. વાલ્મિકી રામાયણમાં વાલ્મિકીજીએ હનુમાનજીની વિવેક શકિત વાક્ પટુતા, પરાક્રમ, નિર્ણયશકિત, પ્રત્યુત્પન્નમતિ, દૂરદર્શિતા અને બાહરી ચેષ્ટાઓથી જ મનના ભાવોને જાણી લેવાની અદ્દભૂત શકિતનો વિશેષ ઉલ્લેખ કરેલો છે. જેના બળ પર પ્રથમ મિલનમાં જ શ્રીરામ અને લક્ષ્મણે જોઇને એ વાતનું અનુમાન કરી લીધુ કે ''જેના સહાયકો આવા નર શ્રેષ્ઠ હોય તેના કષ્ટનું પૂર્ણ નિવારણ થઇ શકશે.'' સુગીવ પણ ઋષ્યમૂક પર્વત પરથી શ્રીરામ લક્ષ્મણને જુએ છે. પરંતુ તેઓ તેઓ બંનેને શત્રુપક્ષથી મોકલેલ બાલિના મિત્ર માને છે. અને ભયના મારેલા થરથર કાંપવા લાગે છે. જયારે ઋષ્યમુખ પર્વત પર તેને કોઇનો ભય ન હતો. શ્રીરામ અને લક્ષ્મણના સંબંધમાં સુગીવ કહે છે - ''મારા મનમાં સંદેહ છે કે આ બંને શ્રેષ્ઠ પુરૂષ અમારા ભાઇ બાલી દ્વારા મોકલાયેલા છે. કારણ કે રાજાના ઘણા મિત્રો હોય છે. અતઃ તેઓ પર એકાએક વિશ્વાસ કરવો

યોગ્ય નથી. પ્રાણી માત્રએ છજમવેષમાં વિચરવાવાળા શત્રુઓને વિશેષરૂપથી ઓળખવાની ચેષ્ટા કરવી જોઇએ. કારણ કે તઓ બીજા પર પોતાનો વિશ્વાસ જમાવી દે છે. પરંતુ સ્વયં કોઇનો વિશ્વાસ કરતા નથી અને અવસર પ્રાપ્ત થતા જ તે વિશ્વાસી મનષ્ય પર પ્રહાર કરી દે છે. અને બાલી આકાર્યમાં ઘણો કુશળ છે. અતઃ કપિશ્રેષ્ઠ! તમો એક સાધરણ પુરૂષની જેમ ત્યાં જાઓ અને તેમની ચેષ્ટાઓ, રૂપ, વાતચિત તથા તેમના આચરણથી તે બંનેનો યથાર્થ પરિચય પ્રાપ્ત કરો.'' હનુમાનજી સુગ્રીવના સ્વાભાવિક સચિવ હતા. તેઓ તેમની વિપણ્ણાવસ્થાથી ક્ષુબ્ધ હતા. તથા તેમને ઢાઢસ તથા આશ્વાસન આપતા બોલ્યા - ''સૌમ્ય! તમોને દુષ્ટાત્મ બાલીથી અહીં કોઇપણ પ્રકારનો ભય નથી. જો તે અહીં આવશે તો તમે પણ જાણો છો કે તેને ઋષિએ આપલા શાપ પ્રમાણે તેના મસ્તકના સેંકડો ટૂકડા થઇજશે. બુધ્ધિ અને વિજ્ઞાનના બળથી તમો બીજાની ચેષ્ટાઓ અને મનોભાવને સમજવા બાદ જ તમારૂ આવશ્યકામ કરો. કારણ જે રાજા બુધ્ધિના બળનો આશ્રય લેતો નથી, તે સંપૂર્ણ પ્રજાનો શાસક હોતો નથી.''

સુગ્રીવ તરફથી હનુમાનજીએ સ્વતઃ મૈત્રીનો પ્રસ્તાવ રાખી પોતાની દૂરદર્શિતા અને કાર્ય - કુશળતાનો પરિચય આપ્યો. શ્રીરામ લક્ષ્મણ તેમના સમ ભાષણની કળાથી પ્રભાવિત થઇને સુગ્રીવ પ્રત્યે આકૃષ્ટ થઇ શકયા હતા. એટલું જ નહિ, હનુમાનજીએ સુગ્રીવની દયનીય અવસ્થાનું એવી રીતે વર્ણન કર્યુ કે શ્રીરામે સુગ્રીવ સાથે મૈત્રી સ્થાપિત કરી તેના કષ્ટ નિવારણને અર્થે બલિનો વધ પણ કરી દીધો અને કિષ્કિન્ધાના રાજ સિંહા સન પર તેને પ્રતિષ્ઠિત પણ કરી દીધા.

ઉપર્યુકત પ્રમાણના આધાર પરથી એવું સ્પષ્ટ રીતે કહી શકાય કે શ્રી હનુમાનજી જેવા સચિવોત્તમના મહાન પ્રયાસોથી જ સુગ્રીવને ખોવાયેલુ રાજય,

પત્ની રુમા અને પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત થઇ હતી રામાયણના અનુશિલનથીએ વાતનો પણ સંકેત મળે છે કે સુગ્રીવમાં દૃઢત્તા, વચન પાલન અને રાજયધર્માનુસાર મિત્રરાષ્ટ્રને અપાયેલા વચનોને પૂર્ણ કરવાની તત્પરતા ન હતી. જયાં તેના સંકટનું નિવારણ દૂર થયું ત્યાં તો તે કિષ્કીંધાના રાજમહેલમાં પહોચ્યો અને રામને આપેલા વચનને વિશારી ગયા. કંચન, કામિની અને રાજ સુખે તેઓન પોતાના કર્તવ્યથી વિમુખ કરી દીધા હતા. આવી સ્થિતિમાં સમસ્ત ગુણનીધિ હનુમાનજીએ એક શ્રેષ્ઠ રાજનીતિજ્ઞ પ્રમાણે પોતાની ચતુરતાનો પરિચય આપ્યો. તેઓએ સુગ્રીવને મન્ત્રી શિરોમણી અથવા સચિવોત્તમના દાયિત્વનો પરિચય આપતા કહ્યું. ''नियुक्तैर्मन्त्रिभिर्वाच्यो ह्यवश्यं पार्थिवो हितम्। इत एव भयं त्यक्त्वा ब्रुवीम्यवधृतं वच॥ રાજયની ભલાઇના કામ પર નિયુક્તથયેલા મન્ત્રીઓનું એ કર્તવ્ય છે કે રાજાને તેમની હિતની વાત અવશ્ય બતાવે અતઃ એવ અમો ભયનો ત્યાગ કરી તમારો નિશ્ચિત વિચારો બતાવોએ છોએ. (વા.રામા. ૪/૩૨/૧૮) સમયનું જ્ઞાન રાખનારાઓમાં શ્રેષ્ઠ કવિરાજ! માતા સીતાની શોધ-ખોળ કરવામાં તમોએ જે સમય નિર્ધારિત કરેલો તેનો તમોએ આ પ્રમાદમાં પડી જવાને કારણે ભૂલાવો દીધો છે. જુઓ આ સુંદર શરદઋતુનો આરંભ થઇ ગયો છે. રાજાઓ માટે વિજય યાત્રાની તૈયારી કરવાનો સમય આવી ગયો છે. પરંતુ આપને તેની ખબર નથી તેનાથી સ્પષ્ટ થાય છે કે તમો પ્રમાદમાં પડી ગયા છો. અને એટલે જ માટે સુમિત્રા પુત્ર લક્ષ્મણ અહીં આવેલા છે. મહાત્મા રામચંદ્રજીની પત્નીનું અપહરણ થઇ ગયુ છે. તેનાથી તેઓ ઘણા દુઃખી છે. અતઃ લક્ષ્મણજીના મુખથી તેઓના કઠોર વચનો પણ સાંભળવા પડે તો તે તમારે ચુપચાપ સહન કરી લેવા જોઇએ. કારણ તમારા તરફથી અપરાધ થયો છે. હાથ જોડીને લક્ષ્મણજીને પ્રસન્ન કરવા સિવાય તમારૂ અમો બીજુ કોઇ કર્તવ્ય જોતા

નથી. જેન પાછળથી હાથ જોડીને મનાવવા પડે તેવા પુરૂષને ક્રોધિત કરવોએ જરાયે ઉચિત નથી. વિશેષતઃ તે પુરૂષ જે મિત્રએ કરેલા પૂર્વેના ઉપકારને યાદ કરતો હોય અને કૃતજ્ઞ હોય તે વાતનું અધિક ધ્યાન રાખે. શ્રીરામ અને લક્ષ્મણના આદેશની તમારે મનથી પણ ઉપેક્ષા કરવી જોઇએ નહિ. શ્રીરામના અલૌકિક બળનું જ્ઞાન તો આપને છે જ. (વા.રામા. ૪/૩૨/૧૨-૨૨)

પ્રાયઃ દેખાય છે કે રાજયનું પતન મન્ત્રીની સમ્યક્ મંત્રણા ન આપવાથી અને રોગીનું મરણ ચિકિત્સકની ઉપેક્ષાથી થઇ જાય છે. આ નીતિ પરક સિધ્ધાંતનું વિવેચન ગોસ્વામી તુલસીદાસજીએ આ પ્રકારે કરેલું છે- ''સચિવ વૈદ ગુરૂ કાનિ જોં, પ્રિયબોલહિં ભય આસ । રાજ ધર્મ તન તીનિ કર, હોઇ બેગિહીંનાસ ॥'' (રા.ચ.માન.૫/૨૭) હમુનામજીએ ભય રહિત થઇને સુગ્રીવને એક યોગ્ય મન્ત્રી સમાન ઉચિત સલાહ આપી. આવી શ્રેષ્ઠ મંત્રણા તો સ્વયં રાજનીતિના પ્રકાંડ પંડિત એવા રાવણને પણ તેણા મંત્રીઓએ પણ આપેલી નહિ આ દોષનું ઉદઘાતન કરતા મહિર્ષ વાલ્મિકીએ ટિપ્પણી કરે છે. ''सुलभाः पुरूषाराजन् सततं प्रियवादिनः अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः ॥ સદા પ્રિય લાગવાવાળી મધુર મધુર વાતો કહેવાવાળા તો સુગમતાથી મળી આવે છે પરંતુ જે સાંભળવામાં અપ્રિય તથા પરિણામમા, હિતકારી હોય, એવી વાત કહેનાર તથા સાંભળનાર દુર્લભ હોય છે. (વા. રામા. ૬/૧૬/૨૧) મહર્ષિ વાલ્મિકીએ હનુમાનજીની મંત્રણાના કાર્યનું દિગ્દર્શન કરાવતા કહ્યું છે ''તેઓ શાસ્ત્રના નિશ્ચત સિધ્ધાન્તોને જાણનારા હતા. ક્યારે શુ કરવું ન કરવું જોઇએ તે વાતનું તેઓને યથાર્થ જ્ઞાન હતુ.'' જયારે હનુમાનજીએ જોયું કે સુગ્રીવ પોતાની પ્રયોજન સિધ્ધિ પર ધર્મ અને અર્થના સંગ્રહમાં શિથિલતા બતાવી રહ્યા છે અને યુવતી સ્ત્રીઓ સાથે ક્રીડા કરવામાં રચ્યા-પચ્યા રહે છે. ત્યારે તેઓને સ્વેચ્છાચારી થતા

રોકવા માટે હનુમાનજી સુગ્રીવને સત્ય ને લાભદાયક ધર્મ અને અર્થથી યુક્ત વચન કહેતા બોલ્યા ''राज्यं प्राप्तं यशश्चैव कौली श्रीरामवर्धिता॥ मित्राणां संग्रहः शेषस्तद भवान कर्तुमर्हति। यो हि मित्रैषु कालज्ञः सततं साधु वर्तते॥ तस्य राज्यं च कीर्तिश्च प्रतापश्चापि वर्धते। यस्यकोशश्च मित्रीण्यात्मा च भूमिप॥ सामान्येतानि सर्वाणि सराज्यं महदश्नत॥ રાજન્! તમોએ રાજય અને યશ પ્રાપ્ત કરી લીધા તથા કુળ પરંપરાથી આવતી લક્ષ્મીને પણ વૃધ્ધિ પમાડી, પરંતુ હજુ મિત્રોને આપવા વાળુ કાર્ય શેષ રહ્યુ છે તેને તમારે અત્યારે પૂર્ણ કરવું જોઇએ. જે રાજા ''કયારે પ્રત્યુપકાર કરવો જોઇએ'' આ વાત જાણીને મિત્રો પ્રત્યે હંમેશા સાધુ જેવો વર્તાવ કરે છે. તેમનું રાજય યશ, તથા પ્રતાપની વૃધ્ધિ થાય છે. રાજન! જે રાજયનો કોશ, સેના, દંડ, મિત્ર અને પોતાનુ શરીર બધુ જ સમાનરૂપે તેઓના વશમાં ન હોય, તે વિશાળ રાજયનું પાલન તથા પોષણ અને ઉપભોગ કરી શકતા નથી'' (વા.રામા.૪/૨૯/૯-૧૧)

શ્રી હનુમાનજીએ સામનીતિ પ્રમાણે આગળ પણ પરામર્શ આપતા કહ્યું ''તમો સદાચારની સંપન્ન અને નિત્યધર્મના માર્ગ પર સ્થિત છો. અતઃ મિત્રના કાર્યને સફળ બનાવવાની પ્રતિજ્ઞા તમોએ કરેલી, તેને યથોચિત રૂપથી પૂર્ણ કરો. કારણ કે કાર્ય સાધવાનો ઉપયુક્ત સમય વ્યતિત થઇ જતા જે મિત્રના કાર્યમાં આરૂઢ થાય છે. તે મોટામાં મોટા કાર્યો સિધ્ધ કરીને પણ મિત્રના પ્રયોજનને સિધ્ધ કરવાવાળો મનાતો નથી. માટે શત્રુદમન! શ્રીરામ આપના પરમ મિત્ર છે. તેમના કાર્યનો સમય વ્યતિત થતા રહે છે માટે તમારે સીતાજીની શોધ કરાવવી જોઇએ. શ્રીરામ સમયનું જ્ઞાન રાખે છે, તેઓને તેમના કાર્યની સિધ્ધિ માટે શીઘ્રતા છે તે છતા તેઓ તમારે આધિન રહેલા છે. તેઓ સંકોચ વશ તમને કંઇ કહી શકતા નથી કે તેમના કાર્યનો સમય વ્યતિત થઇ રહ્યો છે. તેઓ ચિરકાળ

પર્યન્ત મિત્રતા નિભાવવા વાળા છે. તથા તમારા અભ્યદ્દયમાં પણ હેતુ છે. તેઓ તમારૂ કાર્ય પણ સિધ્ધ કરી ચૂક્યા છે, હવે તમારે તેઓનું કાર્ય સિધ્ધ કરવું જોઇએ. જો તેમના કહ્યા પહેલા આપણે કાર્યનો આરંભ કરી દઇએ તો સમય વિતેલો નહિ મનાય. અતઃ હવે પરાક્રમી વાનરોને આજ્ઞા આપવામાં વિલંબ કરવોએ ઉચિત નથી. તમોને સ્મરણહસે, શ્રીરામને બાલીના પ્રાણ લેવામાં સહેજ પણ સંકોચ થયો ન હતો. તેઓ તમારૂ પ્રિય કાર્ય કરી ચૂકેલા છે. અતઃ હવે આપણે વિદેહ કુમારી સીતાની આ ભૂતલ પર ક ગગન તળમાં પણ શોધ કરવાનો આરંભ કરીએ.''

ઉપર્યુક્ત તથ્યથી સ્પષ્ટ થાય છે કે હનુમાનજીએ અનુભવ કરેલો કે એક પક્ષે તો પોતાનાં વચનોનું પાલન કરેલું પરંતુ બીજો પક્ષ તેમનાથી અત્યંત ઉદાશીન થઇ ગયો છે, ત્યાં જ તેઓએ સુગ્રીવને સામ, દામ, ભેદ અને દંડનીતિથી યથાર્થ રીતે સમઝાવી તેમને કર્તવ્યનું ભાન કરાવેલું. ''ઇહા પવન સુત હ્દર્યં બિચારા, રામ કાજુ સુગ્રીર્વં બિસારા । નિકટ જાઇ નન્હિસિરુ નાવા, ચારિહુ બિધિ તેહિ કહિ સમુઝાવા ॥'' (રામ.માન. ૪/૧૯/૧-૨) તે પછી હનુમાનજીની વાત સાંભળી સુગ્રીવે વાનરોને બોલાવવાનો આદેશ આપ્યો અને સાથે સાથે કહ્યું ''બધી જગ્યાએ પ્રચારિત કરી દો કે જે વાનર પંદર દિવસની અંદર કિષ્કિન્ધા ન આવશે તેને પ્રાણ દંડ આપવામાં આવશે.'' આ પ્રમાણે આદેશ આપી સુગ્રીવ પોતાના અંતઃ પુરમાં ગયા એટલે હનુમાનજીની મંત્રણ પર પણ સુગ્રીવ શ્રીરામ પ્રતિ કરાયેલા સંકલ્પ પર દૃઢ રહ્યા નહિ તેના આ વ્યવહાર પર રામજીએ લક્ષ્મણજીને ઉદ્દ્બોધિને સુગ્રીવને ભય બતાવી માર્ગ પર લાવવા પ્રેરિત કર્યા. આ આકસ્મિત ભયને જોઇને સુગ્રીવ અત્યંત ભવાતુર થઇ ગયા અને તેઓએ તરત જ પોતાના મંત્રી પરિષદ પાસે એ પ્રસ્તાવ રાખ્યો કે ''ક્યું

કારણ છે કે શ્રીરામનું કાર્ય કરવા છતા તેઓ અમારા પર ક્રોધિત થયા? શું કોઇએ અમારા વિષે કંઇક વિરૂધ્ધ વાત કરીને તેઓની કાન ભંભેરણી તો નથી કરીને?''

આ પ્રમાણેની સુગ્રીવની વાત સાંભળી હનુમાનજી બોલ્યા ''શ્રીરામે લોકાપવાદની પરવા કર્યા વગર તમારૂ પ્રિય કાર્ય કરેલુ છે.'' અતઃ નિસ્સંદેહ તેઓ તમારા પર કુપિત નથી. તેઓએ લક્ષ્મણજીને તમારી પાસે મોકલ્યા છે. તે તમારા પ્રતિ તેઓને પ્રેમ સમજીને જ મોકલેલા છે. એ જ કારણ છે.'' આ પ્રમાણે સગ્રીવે હનુમાનજી સાથે પરામર્શ કરી સિતાજીને શોધવાના અભિયાનમાં શીઘ્રતા બતાવી. અન્યથા જો હનુમાનજીના પરામર્શ વગર તે પોતાની સ્વૈરવૃત્તિમાં પ્રવૃત્ત રહેતેતો સુગ્રીવે શ્રીરામ તથા લક્ષ્મણના ક્રોપના- ભાજી બનવું પડતે. માટે નીતિકારે જે પ્રમાણે કહ્યું કે ''રાજાના રક્ષક મંત્રી હોય છે.'' તે ઉચિત છે.

તેજ પ્રમાણે મહર્ષિ યાજ્ઞવલ્કય કહે છે. ''रक्षेत्कन्यां पिता विन्नां पतिः पुत्रास्तु वार्धक। अभावे ज्ञातयस्तषां स्वातन्त्र्यं न क्वचित्स्त्रियाः॥ पितृमातृसुत भ्रातुश्वश्रुशुरमातुलैः। हीना नस्याद्विना भर्ता र्गहणीयाऽन्यथा भवेत्॥ સ્ત્રી કન્યા અવસ્થામાં હોય ત્યારે તેની રક્ષા પિતા કરે, યુવાનીમાં તેની રક્ષા પતિ કરે અને વૃધ્ધા વસ્થામાં પુત્ર કરે આમાંથી કોઇ ન હોય તો તેની રક્ષા જ્ઞાનિજનો કરે. પણ સ્ત્રીએ કોઇપણ અવસ્થામાં સ્વતંત્ર પણે ન રહેવું'' (યાજ્ઞ-સ્મૃતિ-૧/૮૫-૮૬) આ શ્લોકની વ્યાખ્યા કરતા વિજ્ઞાનેશ્વર પંડિત કહે છે. ''पाणिग्रहणात्प्राक पिता। कन्यामकार्य करणाद्ररक्षेत्। तत ऊर्ध्वं विन्नां परिणीतां भर्ता। तदभावे पुत्राः। वृध्धभावे च। तेषामुक्तानामभावे ज्ञातयः। तद भावे राज्ञा। पक्षद्वया वसाने तु राजाभर्ता प्रभुः स्त्रियाः। વિવાહ થયા પૂર્વે કન્યાને કોઇ અકાર્ય કરવાથી પિતા બચાવે, તે પછી વિવાહિત સ્ત્રીને તેનો પતિ સાચવે, પતિ જયારે ન હોય ત્યારે અને વૃધ્ધાવસ્થામાં તો પુત્રો સાચવે કહ્યા એવા સંબંધિઓ ન હોય તો

તેની રક્ષા જ્ઞાતિજનોએ કરવી અને પિયરીયા કે સાસરિયા કોઇ ન હોય ત્યારે તો સ્ત્રીઓની રક્ષા રાજાએ કરવી.'' મનુ મહારાજ પણ કહે છે. '' बालया वो युवत्या या वध्धया वापि योषिता। न स्वातन्त्र्येण कर्तव्यं किञ्चत्कार्यं गृहेष्वपि॥ બાલ્ય વયમાં, યુવાવસ્થામાં કે વૃધ્ધાવસ્થામાં પણ સ્ત્રાઓએ પોતાના ઘરનું કોઇ કાર્ય સ્વતંત્ર ન કરવું તથા પોતાના પિતા પતિ કે પુત્ર વિના એકાકી રહેવાનો વિચાર શુધ્ધા ન કરવો.'' (મનુસ્મૃતિ. ૫/૧૪૭)

સ્વતંત્રપણ રહેનારી સ્ત્રીમાં ઉચ્છખલતા આવતી હોવાથી શાસ્ત્ર કારોએ તેની રક્ષા કરવાની આજ્ઞા આપી છે. આ સન્દર્ભમાં પદમ પુરાણા આવતુ જીવંતિ વેશ્યાનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. પૂર્વે સત્યુગમાં એક પરશુનામનો પવિત્ર વૈશ્ય હતો. તે વૈશ્યોના કુળમાં શ્રેષ્ઠ હતો અને સમસ્ત ગુણોથી યુકત હતો. તે વૈશ્ય દૈવયોગથી યુવાવસ્થામાં જ ઉધરસ, શ્વાસ વિગેરે રોગથી પીડાઇને મૃત્યુ પામ્યો. તેની નવુવાન પત્ની જીવંતી સ્વામી મૃત્યુ પામતા પોતાના પિતાને ઘરે જતી રહી. તદન્તર જીવંતી યુવાનીના મત્તથી ગર્વિત થઇ પોતાના સંબંધિઓએ વાળવા છતા જાર કર્મમાં આ રૂઢ થઇ. જાર પુરૂષોના અનુરાગવાની નવયૌવા એવી તેણે ઘરના કામકાજ ને વ્રત નિયમોનો ત્યાગ કરી દીધો. તે ઉન્નત સ્તનવાળી અને સ઼દર સાથળવાળી જીવંતી કામથી અંધ બની ગઇ હતી. તેણે કયારેય ધર્મ માર્ગ જોયો ન હતો. આવી દુશ્ચરિતા પુત્રીને જોઇને ધર્મનિષ્ઠ તેના પિતા અપકીર્તિથી ભય પામી ગયા અને અત્યંત ક્રોધિત થઇ તેના પ્રત્યે બોલ્યા ''હે દુષ્ય! પાપિણી! સર્વદોષ વિનાના એવા મારા કુળમાં જન્મોને તુ આવું દુષ્કૃત્ય કમ કરે છે? જો તારૂ ચિત્ત પાપમાં જ લાગેલુ હોય તો તું મારા ઘરનો ત્યાગ કરી અન્યત્ર જતી રહે. અમારા આદેશાનુસાર તારે ચાલવું જ નથી તો પછી તુ અહી રહે છે શા માટે?''

આ પ્રમાણે પિતાના કહેવાથી ક્રોધથી લાલચોળ નેત્રવાળી તે પિતાના ઘરનો ત્યાગ કરી જતી રહી. અને વેશ્યાલયમાં જઇ વશ્યાવૃત્તિથી પોતાની આજીવિકા ચલાવવા લાગી. અને સમય જતા તેનો અંતકાળ આવતા તેના દુષ્ટકૃત્યના પરિણામે તને યમદૂતો લેવા માટે આવતા હતા. (પદમ/ક્રિયા./અ-૧૫). અહીં કહેવાનું તત્પર્થ એ છે કે જીવંતી નામની સ્ત્રી જો સ્વતંત્ર બની તેના પર તેના પિતા આદિ કોઇનું સ્વામિત્વ ન હતુ તો તેને પરિણામે તે સ્વચ્છંદ બની ગઇ અને જારકર્મ કરવા લાગી. અને પરિણામે તેને યમદૂતો લેવા આવ્યા. માટે સ્ત્રીએ ક્યારેય પણ સ્વતંત્ર ન રહેવું. પણ કોઇને કોઇની આજ્ઞામાં રહીને જ જીવન વિતાવવું અન્યથા તેનું પરિણામ વિપરીત આવે છે. ભગવાન શ્રીરામ કહે છે. - ''व्रतोप्रवासनिरता या नारी परमोत्तमा। भर्तारं नानुवर्तेत सा च पायगतिर्भवेत्॥ જે નારી જાતિ અને ગુણોની દૃષ્ટિએ પરમ ઉત્તમ છે અને સદાવ્રત તથા ઉપવાસમાંજ તત્પર રહે છે. તે પણ જો પોતાના પતિને અનુકૂળ રહીને તેની સેવા ન કરે તો તેને પાપીઓની ગતિ પ્રાપ્ત થાય છે.'' (વા.રામા. ૨/૨૪/૨૫-૨૬) ''भर्नु:शुश्रूषया नार लभते स्वर्गमुत्तमम्। अपि या निर्नमरस्कारा निवृत्ता देव पूजानात्॥ દેવતાઓની પૂજા વંદનાથી દૂર રહેવા છતા જે સ્ત્રી પોતાના સ્વામીની સેવામાં લાગી રહે છે તે તેની સેવાના પ્રભાવથી ઉત્તમ સ્વર્ગલોકને પ્રાપ્ત કરે છે.'' (વા.રામા. ૨/૨૪/૨૬-૨૭) ''न पिता नात्मजो वात्मा न माता न सखीजन:। इह प्रेत्य च नारीणां पतिरे को गति: सदा॥ નારીને માટે આ લોક અને પરલોકમાં એક માત્ર પતિ જ સદા આશ્રય આપનારો છે. પિતા, માતા, પુત્ર, સખિઓ તથા પોતાનું આ શરીર પણ તેનું યથાર્થ સહાયક નથી.'' (વા.રામા. અયો. ૩૯/૩૦) ''मितं ददाति हि पिता मितं भ्राता मितं सुत:। अमितस्य तु दातारं भर्तारं कान पूजयेत्॥ પિતા, ભ્રાતા અને પુત્ર આ પરિચિત સુખ પ્રદાન કરે છે. પરંતુ પતિ અપરિમિત સ્ખના દાતા છે. તેની સેવાથી

આ લોક પરલોક બન્નેમાં કલ્યાણ થાય છે. અતઃ એવી કંઇ સ્ત્રી હશે જે પતિનો સત્કાર ન કરે. (વા.રા.અ. ૨/૩૯/૩૦) શ્રુતિ ભગવદી કહે છે. ''ब्राह्मणेन निष्कारणं षड्ङ्गेन वेदोध्येतव्यो ज्ञेयः। બ્રાહ્મણે કોઇપણ કારણ વિચાર્યા સિવાય જ છ અંગો સહિત વેદોનું અધ્યયન કરવું અને તેનું જ્ઞાન મેળવવું'' મહર્ષિ પતંજલીએ પણ મહાભાષ્યમાં ''निष्कारणं षडङ्गोवेदोऽध्येयो ज्ञेयश्च.'' આ વચનથી આ બાબતનું સમર્થન કરેલું છે. કારણ કે વેદના અધ્યયનથી જ બ્રાહ્મણ મનુષ્યનું આ લોક પરલોકમાં શ્રેય કરી શકશે. એટલે માટે શ્રુતિ સ્મૃતિઓએ બ્રાહ્મણોને નિષ્કારણ વેદ ભણવાની આજ્ઞા કરી છે. ભગવાન પૃથુ કહે છે. ''यद् ब्रह्म नित्यं विरजं सनातनं श्रद्धातपोमङ्गलमौन संयमैः समाधिना विभ्रतिहार्थदृष्यते यत्रेदमादर्श इवाव भासते॥ तेषामहं पादसरोजरेणु मार्यां वहेयाधिकिरीटमायुः। यं नित्यदा विभ्रत आशुपापं नश्यत्यमु सर्वगुणा भजन्ति॥ સભ્યગણ! જે પ્રકારે સ્વચ્છ દર્પણમાં પ્રતિબિંબનું ભાન થાય છે. તે જ પ્રકારે જેમાં આ સંપૂર્ણ પ્રપંચનું યથાર્થ જ્ઞાન થાય છે. તે નિત્ય શુધ્ધ અને સનાતન વેદનું જ પરમાર્થ તત્ત્વની ઉપલબ્ધિ માટે શ્રધ્ધા, તપ, મંગલમય આચરણ, સ્વાધ્યાય વિરોધી વાર્તાલાપનો ત્યાગ, સંયમ અને સમાધિના અભ્યાસ દ્વારા ધારણા કરે છે. તે બ્રાહ્મણોના ચરણ કમળની રજ અમો પણ આયુષ્ય પર્યન્ત અમારામુકુંટ પર ધારણ કરીએ છીએ. કારણ તેને હંમેશા મસ્તક પર ધારણ કરતા રહેવાથી મનુષ્યના સમસ્ત પાપ તત્કાળ નષ્ટ થઇ જાય છે અને સમસ્ત ગુણ તેમની સેવા કરવા લાગે છે.'' (ભાગ. ૪/૨૧/૪૨-૪૩) મનુ મહારાજ તો વેદની રક્ષા ન કરનારા બ્રાહ્મણને અત્યંત નિંદિત માનતા કહે છે. ''योऽनधीत्य द्विजो वेद मन्यत्र कुरुते श्रमम्। स जीवन्नेव शूद्रत्वमाशु गच्छति सान्वयः॥ જે દ્વિજ વેદાધ્યયન વિના અન્ય વિદ્યા ભણવામાં શ્રમ કરે છે, તે જીવિત જ દાસતાને પ્રાપ્ત થઇ જાય છે. માત્ર તે જ નહિ તેની સંતતિ પણ દાસતાની

ભાવનાથી ગ્રસ્ત થઇ જાય છે.' (મનુસ્મૃતિ-૨/૧૬૮) માટે બ્રાહ્મણે અન્ય વિદ્યાઓનો ત્યાગ કરી વેદનું અધ્યયન કરવું. કારણ કે- વેદથી જ પરમ ધર્મ અને અપરધર્મ એવા યજ્ઞયાગાદિકનું જ્ઞાન થાય છે અને એ નિશ્ચિત સિધ્ધાંત છે કે ધર્મનું મૂળ કેવળ શબ્દ પ્રમાણ જ છે અને એના મૂળ બ્રાહ્મણ છે કારણ કે તેઓ વેદ સંપ્રદાયના પ્રવર્તક હોવાથી નીતિકાર અહીં બ્રાહ્મણોને વેદના રક્ષક રહે છે. (શ્લો. ૩૮) હવે નીતિકાર કોની કોનાથી રક્ષા થાય છે તે કહે છે-

શ્લો. ૩૯ :- सत्येन रक्ष्यते धर्मो विद्या योगेन रक्ष्यते ।

मजया रक्ष्यतेरूपं कुलं वृत्तेन रक्ष्यते ॥

શ્લોકાર્થ :- સત્ય દ્વારા ધર્મની રક્ષા થાય છે. યોગથી વિદ્યાની રક્ષા થાય છે. સ્વચ્છતાથી સૌન્દર્યની રક્ષા થાય છે. ઉત્તમા ચરણથી વંશની રક્ષા થાય છે.

ચ.ટી. :- ભગવાન શંકર કહે છે. ''नास्ति सत्यात् परो धर्मो नानृतात् चातकं परम्। સૌથી મોટો ધર્મ સત્ય છે અને સૌથી મોટું પાપ અસત્ય છે.'' આચાર્ય ચાણક્ય કહે છે. ''सत्येन धार्यते पृथ्वी सत्येन तपते रवि:। सत्येन वाति वायुश्च सर्वं सत्ये प्रतिष्ठितम्॥ પૃથ્વી પર જે કંઇ સ્થાયિ છે તો તે સત્ય છે. તેના બળ પર જ પૃથ્વી ટકેલી છે. સત્યથી સૂર્ય તપે છે. સત્યના બળ પર વાયુ પ્રવાહમાન થાય છે. તાત્પર્થએ છે કે બધુ સત્ય પર જ આધારિત છે.'' (ચાણ.નીતિ. ૫/૧૯) ભીષ્મજી કહે છે. ''सत्येना पद्यतेऽमृतम् -સત્યથી અમરત્ત્વ પ્રાપ્ત થાય છે.'' (મહા.શા. ૧૭૫/૩૦) ભગવાન વેદ વ્યાસ કહે છે ''सत्ये प्रतिष्ठता लोकाधर्म: धर्म: सत्ये प्रतिष्ठित:। उदधि: सत्य वाक्येन मर्यादा न विलङ्घयते॥ સત્યના આધારે આ બધા લોકો ટકી રહ્યા છે અને સત્યના કારણે ધર્મ પ્રતિષ્ઠા પામ્યો છે અને સત્યના કારણે જ સમુદ્ર મર્યાદાને ઓળંગતો નથી. (પદમ/પુરાણ/સૃષ્ટિ/અ.૧૮) ''विष्णवे पृथिवीं दत्वा बलि: पातालमाश्रित: वचनोऽपि बलिबद्ध: सत्यवाक्यं न चात्यजत्॥ બલી

રાજાએ વામન ભગવાનને સમસ્ત પૃથ્વિનું દાન કરી (સત્ય વચન વાળીને) પોતે રસાતળમાં વાસ કર્યો હતો આ પ્રમાણે ભગવાન વિષ્ણુએ બલિરાજાને બાંધ્યા હતા પણ સત્યવચનનો ત્યાગ કર્યો ન હતો.'' (પદમ/સૃષ્ટિ/અ.૧૮) ''प्रवर्धमानः शैलेन्द्रः शतृशृङ्गाः समृत्थितः। सत्येन संस्थितोः प्रबन्धंनातिवर्तते॥ પર્વતોનો ઇન્દ્ર વિંધ્યાચલ છે તે અતિશય વૃધ્ધિ પામતો હતો અને હજારો શિખરો દ્વારા ખૂબ ઉંચે જઇ રહ્યો હતો, ત્યારે સત્યના બળથી તે વિંધ્યપર્વત સ્થિર થઇ ઉભો રહ્યો હતો અને વર્તમાન કાળમાં પણ પોતાની મર્યાદા ઓળંગી નથી'' (પદમ/સૃષ્ટિ/અ.૧૮) ''अश्वमघ सहस्रं च सत्यं च तुलया धृतम्। अश्वमेघ सहस्राद्धि सत्यमेव विशिष्यते॥ એક બાજુ એક હજાર સહસ અશ્વમેઘ યજ્ઞ અને એક બાજુ સત્ય, આ બંનેને પૃથક્ પૃથક્ ત્રાજવામાં મૂકી જોખવામાં આવ્યા. ત્યારે ખરેખર અશ્વમેઘ કરતાં સત્યરૂપી ધર્મનું પલ્લુ જ નમ્યુ હતું.'' (પદમ.પ્.સૃ.અ. ૧૮) ''सत्यं साधुफलं श्रुतं च परमं क्लेशादिभिर्वर्जितम्। साधुनां निकटं सतां कुलधनं सर्वाश्रमाणां फलम्॥ स्वाधीनं च सुदुर्लभं च जगतः साधारणं भूषणम्। यन्म्लेच्छोऽप्य भिधार्थं गच्छति दिवं तत्पज्यते वा कथम्॥ સત્યનું ફળ ઉત્તમ હોય છે. એ સત્ય પરમ શ્રેષ્ઠ તરીકે પ્રખ્યાત થયુ છે અને ક્લેશ આદિથો રહિત છે. વળીએ સત્ય સજ્જનોની સમીપે જ હોય છે અને સત્પુરૂષોના કુળમાં ધન ગણાય છે. એટલું જ નહિ પણ એ સત્ય બધાયે આશ્રમોનું એક ફળ છે. જો કે સત્ય સ્વાધિન છે, છતાયે અતિશય દુર્લભ છે તેમજ આ ખાયે જગતનું ભૂષણ છે એટલું જ નહિ પણ તે સત્યને ધારણ કરીને કોઇ મ્લેચ્છ પણ સ્વર્ગમાં જાય છે તો એવા તે સત્યનો ત્યાગ કેમ કરી શકાય.'' (પદમ/સૃષ્ટિ/અ.૧૮)

આ સત્યરૂપ ધર્મના સંદર્ભમાં પદમ પુરાણમાં આ વતી એક કથા અવલોકન કરવા યોગ્ય છે. વાત એમ હતી કે એક સમયે ગોવાળોએ ગોચર

ભૂમિ અને જળની સુવિધા જોઇને સરસ્વતી નદીની સમિપમાં પોતાનો મુકામ કર્યો. તેઓ બધા પાસ ગાયનું એક મોટું ઝુંડ હતુ. તેઓએ ગાયોને રહેવામાં ગોષ્ઠ બનાવ્યા અને પોતાના રહેવા માટે ઘરો બનાવ્યા. ગોવાળો ચારેબાજુથી ગાયોની રક્ષા કરતા હતા. ગાયો પણ ઘાસ મળવાથી ઘણી પ્રસન્ન હતી. આ બધી ગાયોના ઝુંડમાં એક હ્રષ્ટપુષ્ટ એવી નન્દાનામની ગાય હતી. તે હંમેશા પ્રસન્ન રહેતો હતી અને બધી ગાયોની આગળ નિર્ભય થઇને ચાલતી હતી. એક દિવસની વાત હતી આ નંદા ગાય પોતાના ઝુંડથી પૃથક્ થઇ ગઇ અને એ ત્યાં પહોંચી ગઇ જયાં એક વાઘ શિકારીની શોધમાં મુખ પહોળુ કરી ભ્રમણ કરતો હતો. વાઘે નંદાને જોઇ એટલે તે નંદા પર તરત જ તૂટી પડયો. બિચારી નંદા તો ખૂબ વિલાપ કરવા લાગી. તેને પોતાના નાના વત્સની યાદ આવી તેના બાળકનો જન્મ હજુ થોડા સમય પહેલા જ થયો હતો. બાળકની યાદ આવતા તેના નેત્રો અશ્રુથી વ્યાપ્ત થઇ ગયા.

તેને આ પ્રમાણે નેત્રમાંથી અશ્રુ વહાવતી જોય વાઘ બોલ્યો 'લાગે છે તારૂ આયુષ્ય હવે સમાપ્ત થવા આવેલું છે ત્યારે જ તો તુ મારી સન્મુખ ઉપસ્થિત થઇ છે. તો પછી શોક શા માટે કરે છે' વાઘની વાત સાંભળી નંદા બોલી ''પ્રભુ! અમારો અપરાધ ક્ષમા કરો. અમો અમારા નાના બાળક માટે શોક કરીએ છીએ. તે હજુ ઘણો નાનો છે, તેનો હજુ થોડા સમય પહેલા જ જન્મ થયો. તે અમને પ્રાણ કરતા પણ વધુ પ્રિય છે હજુ તો તે ઘાસ પણ ભક્ષણ કરતો નથી. અમારા ન રહેતા તેની શી દશા થશે? અમો તેને સ્તનપાન કરાવવા માંગીએ છીએ. અને તેને દુલાર કરવા માંગીએ છીએ માટે કૃપા કરી અમોને થોડા સમય માટે મુકત કરો. અમો અમારા બાળકને સ્નેહ કરી તેને હિતોપદેશ આપી તરત પાછા આવશુ અને તે પછી તમો અમારૂ નિરાંતે ભક્ષણ કરજો.''

ક્ષુધાતુર વાઘે તો નંદાની વાત તરફ સહેજે ધ્યાન આપ્યુ નહિ. ત્યારે નંદાએ ઘણા ઘણા સોગંધ ખાધા ત્યારે તે સોગંધનો પ્રભાવ વાઘ ઉપર પડયો અને તેણે નંદાને પાછી જવાની આજ્ઞા આપી એટલે નંદા શીઘ્રાતિ શીઘ્ર પોતાના બાળક પાસે આવી દૂરથી જ તેણે પોતાના બાળકનો રંભાવાનો અવાજ સાંભળ્યો. હવે તેની ઉતાવળ વધી ગઇ. તે દોડતી દોડતી પોતાના બાળક પાસે આવી. બાળકને જોઇ તેના નેત્રોમાંથી આંસુ વહેવા લાગ્યા. તેને અશ્રુ વહાવતી જોઇ તેનો બાળક બોલ્યો ''મા, તુ તો નિત્ય પ્રસન્ન રહે છે અને આજે રૂડન કેમ કરે છે.?'' બાળકની વાત સાંભળી નંદાએ તેને પોતાની આપવીતી કહી સંભળાવી અને અન્તમાં કહ્યું ''બેટા હવે મને દુ:ખ એટલે માટે છે કે હવે પછી અમો તને જોઇ ન શકીશુ, અમે વાઘને પાછા આવવાના સોગંધ આપીને આવ્યા છીએ. તે સત્યની રક્ષા કરવા માટે મારે તેની પાસે પાછુ જવું પડશે.'' તેની આ પ્રમાણેની વાત સાંભળી તેનો બાળક બોલ્યો - ''માં! તારી સાથે હું પણ આવીશ જો વાઘ મને મારી નાખશે તો મને તે ઉત્તમગતિની પ્રાપ્તિ થશે જે માતૃ ભકત પુત્રોને પ્રાપ્ત થાય છે.'' પરંતુ નંદાએ પોતાના પુત્રને સંસારમાં કેવી રીતે રહેવું તેનો ઉપદેશ આપ્યો અને ધર્મ પર સ્થિત રહેવા માટે ભાર મુકયો

તદન્તર પુત્રને સ્નેહ કર્યા બાદ નન્દાએ પોતાની માતા, સખિઓ, અને ગોપ-ગોપિઓનું અભિવાદન કર્યુ અને વાઘ પાસે જવાનો પોતાનો નિશ્ચય સંભળાવ્યો. તેઓ બધાને નન્દાનો નિશ્ચય પસંદ ન આવ્યો. તેઓ બધા નંદા પ્રત્યે બોલ્યા ''હે નંદા! પોતાની રક્ષામાં શપત અને સત્યની દુહાઇ આપવી કર્તવ્ય હોય છે, અતઃ તુ ત્યાં નહીં જા, પરતુ સત્યવાદિનિ નદા પોતાના નિશ્ચય પર અટલ રહેતા બોલી ''અન્યના પ્રાણોને બચાવવા માટે અસત્ય બોલવું એ પાપ નથી, પરંતુ પોતાના પ્રાણોને બચાવવા માટે અસત્ય બોલવું એ પાપ છે. અમો સત્યની

રક્ષા કરવા ઇચ્છિએ છીએ. કારણ કે સત્ય છે તે જ ઉત્તમ તપ છે'' સત્યવાદિની નંદાએ અનુનય વિનંતી કરી બધાને મનાવી લીધા અને તે પછી તે વાઘ પાસે આવી. આ પ્રમાણે પોતાની માતાને વાઘ પાસે ગયેલી જોઇ નંદાનો બાળક પણ પુચ્છ ઉંચું કરી દોડતો દોડતો ત્યાં આવી વાઘ અને પોતાની માતા નંદાની મધ્યમાં આવી ઉભો રહ્યો જાણે તે વાઘને પ્રાર્થના કરતો કહેતો હોય કે ''તુ મારી માતાને છોડી મારૂ ભક્ષણ કરી જા.''

તે પછી નંદા વાઘ પ્રત્યે બોલી ''અમો સત્ય ધર્મનું પાલન કરતા તારી પાસે આવ્યા છીએ. માટે હવે તમો અમોને મારી અમારા માંસથી તમારી ક્ષુધા શાંત કરો.'' વાઘ તો નંદાની સત્યનિષ્ઠા જોઇને આશ્ચર્ય ચકિત થઇ ગયો અને તેના પ્રત્યે બોલ્યો ''નંદા! તારી શપથ સાંભળીને હુ પણ આશ્ચર્યચકિત થઇ ગયો હતો. આ પ્રમાણે જઇને કોઇ પાછું નહિ આવે સત્યની પરીક્ષા માટે જ અમોએ તને મોકલી હતી. અમો તારી અંદર સત્યની શોધ કરતા હતા. અને એ સત્ય અમોને તારી અંદર પ્રાપ્ત થયુ છે. આજથી તુ મારી બહેન થઇ આ તારૂ વાછરડુ મારો ભાણેજ થયો. તારી સત્ય નિષ્ઠાથી અમો ઘણા પ્રસન્ન થયા છે અને તને અભયદાન આપીએ છીએ. અને આજથી અમારૂ જીવન પણ પરિવર્તન થ ગયું છે. હવે અમો પણ હિંસાનો ત્યાગ કરી અહિંસા ધર્મને અપનાવીએ છીએ. માટે હે બહેન! હવે તમો જ અમોને ધર્મનો ઉપદેશ કૃપા કરી આપો.''

તદન્તર નંદાએ વાઘને બધા પ્રાણિઓને અભયદાન આપવા કહ્યું. કારણ કે જે અભયદાન આપે છે. તે બધા ભયોથી મુકત થઇ પરંબ્રહમને પ્રાપ્ત થાય છે. નંદાના સંગથી વાઘને પોતાના પૂર્વ જન્મનું જ્ઞાન થઇ ગયું. તે નંદા પ્રત્યે બોલ્યો ''બહેન! પૂર્વ જન્મમાં હું એક રાજા હતો. એક વાર આજ વનમાં હું શિકાર કરવા માટે આવેલો. ત્યારે મારાથી એક અધમ થઇ ગયો હતો. અમોએ એક

સ્તનપાન કરાવતી હરણીનો શિકાર કર્યો. તેના પરિણામે તે હરણીના શાપથી હું વાઘ બની ગયો. અને વાઘ થયા બાદ હું બધુ ભૂલી ગયો હતો કે હું એક રાજા હતો પરંતુ તારા સંગથી મને મારા પૂર્વ જન્મનું જ્ઞાન થવું. તુ પણ ધન્ય છે અને તારી સંગતિ પણ ધન્ય છે. સારૂ ત્યારે હે બહેન! હવે તુ તારૂ નામ સંભળાવી મને કૃતાર્થ કર.'' નંદાએ તેને પોતાનું નામ સ્મરણ કરાવ્યું. જે સ્મરણ કરી વાઘનું શરીર છૂટી ગયું અને તે વાઘ પુનઃ પોતાના મૂળ સ્વરૂપ (રાજાના સ્વરૂપમાં) આવી ગયો બરાબર તે જ સમયે નંદાની ધર્મનિષ્ઠા જોઇ ધર્મરાજ ત્યાં પ્રગટ થયા અને તઓ નંદા પ્રત્યે બોલ્યા ''નંદા! તારી ધર્મ નિષ્ઠાથી અમો ઘણા પ્રસન્ન થયા છીએ. તુ અમારી પાસે કોઇ મનોવાંછિત વર માંગ.''

ધર્મરાજની વાત સાંભળી નંદાએ ધર્મરાજની પાસે ત્રણ વર માંગ્યા (૧) અમો અમારા પુત્રની સાથે ઉત્તમ ગતિને પામિએ (૨) હે દેવ! આ સ્થાન તીર્થરૂપ બની જાય (૩) અહીં આવેલી સરસ્વતી નદીનું નામ મારા નામ ઉપરથી 'નંદા' પડે. નંદાની વાત સાંભળી ધર્મરાજે તેને તે ત્રણ વરદાન આપ્યા. અને વરદાનના પ્રભાવથી નંદા પોતાના વત્સ સાથે ઉત્તમ લોકમાં જતી રહી અને રાજાએ પોતાનું રાજય પ્રાપ્ત કર્યુ. (પદમ/સૃષ્ટિ/અ.૧૮) આ પ્રમાણે સત્યની રક્ષા કરી નંદાએ ધર્મની રક્ષા કરી માટે મનુષ્યએ હંમેશા સત્યરૂપ ધર્મનું પાલન કરવું.

નીતિકાર કહે છે ''યોગથી વિદ્યાની રક્ષા થાય છે.'' અહીં યોગનો અર્થ ''બ્રહ્મચર્ય'' થાય છે. બ્રહ્મચર્યના પાલન વગર વિદ્યાની રક્ષા થતી નથી. એટલે મનુષ્ય જીવનમાં પ્રથમ પચ્ચીસ વર્ષ બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી ગુરૂકુલમાં ગુરૂ સમિપ નિવાસ કરી વિદ્યા ઉપાર્જન કરવાની આજ્ઞા કરાય છે. ''ब्रह्मचारी गुरुं नित्यं विद्या कामो-जितेन्द्रियः। सेवते तद् ब्रह्मचर्यं चतुत्पादि त्युदीर्यते॥ વિદ્યાર્થી વર્ણી

વિજીતેન્દ્રિય થઇ નિત્ય ગુરૂની સેવા કરે. તે વિદ્યા ગ્રહણના અંતભૂત ગુરૂ ઉપાસના રૂપ બ્રહ્મચર્ય ચાર પાદોએ યુકત થતાં સંપૂર્ણ થાય છે. (સ.જી.પ્ર.પ.)

તે જ પ્રમાણે નીતિકાર કહે છે ''સ્નાન કરવાથી મનુષ્યના સૌન્દર્યની રક્ષા થાય છે.'' સ્નાન ક્રિયાનું તાત્પર્ય શારીરિક શુદ્ધિ સાથે છે. ''ष्णाशौचे'' ધાતુથી નિષ્પન્ન થવા વાળા સ્નાન શબ્દનો અર્થ જ ''સુચિતા સમ્પાદન'' છે. મનુષ્યની ત્વચામાં અસંખ્ય નાના નાના છીદ્ર હોય છે. વાયુના સ્પર્શથી સ્વેદ (પરસેવાનો) દ્રવ ભાગતો બાષ્પ બનીને ઉડી જાય છે. પરંતુ મળ આ છિદ્રોમાં સ્થિર થઇ જાય છે. જો આ મળને નિત્ય શુધ્ધ કરવામાં ન આવે તો કેટલાક કાળ પછી મળનો મોટો થર એકત્રિત થઇને છિદ્રોને સંપૂર્ણ રીતે આચ્છાદિત કરી દેશે. જેથી આંતરિક મળ અને દૂષિત વાયુ બહાર ન આવતા શરીરની અંદર જ રહી સળી જશે. જેથી શરીર દુર્ગંધથી યુકત થઇ અનેકો રોગોનું ઘર બની જશે. એટલે માટે પ્રતિદિન સ્નાન કરી ત્વચાને સંપૂર્ણ રીતે સ્વચ્છ કરી લેવી જોઇએ. આ મળનું માર્જન જ સ્નાનનો પ્રથમ ઉદ્દેશ્ય છે જેથી શરીરનું સંતુલન જળવાય રહે આ સંબંધમાં દક્ષ કહે છે. - प्रातः स्नानं चरित्वाथ शद्धे तीर्थे विशेषतः। प्रातः स्नाद्वतः शुद्धयेत् कायोऽयं मलिनः सदा॥ नोपसर्पन्तिवै दुष्टाः प्रातः स्नोयिजनं क्वचित्। द्रष्टादृष्टफलं तस्मात्॥ શુધ્ધ તીર્થમાં પ્રાતઃકાળે સ્નાન કરવું જોઇએ, કારણ કે આ મલપૂર્ણ શરીર શુધ્ધતીર્થમાં સ્નાન કરવાથી શુધ્ધ થાય છે. પ્રાતઃકાળે સ્નાન કરવા વાળા પાસે દુષ્ટ એવા ભૂતપ્રેત આદિ આવતા નથી. આ પ્રમાણે દૃષ્ટ-ફળ-શરીરની સ્વચ્છતા, અદૃષ્ટ ફળ-પાપનાશ તથા પુણ્યની પ્રાપ્તિ આબંને પ્રકારના ફળ પ્રાપ્ત થાય છે અતઃ પ્રાતઃ સ્નાન કરવું જોઇએ'' (દક્ષસ્મૃતિ) ''गुणादशस्नानपरस्यसाधो। रूपं च तेनश्चबलं च शौचम्। आयुष्यमारोग्यमलो लुप त्वं दुः स्वप्न नाशश्च त्यस्य मेधाः॥ રૂપ, તેજ, બળ, પવિત્રતા, આયુ, આરોગ્ય, નિર્લોભતા, દુઃસ્વપ્નનો નાશ, તપ

અને મેઘા આ દશ ગુણ સ્નાન કરવાવાળાને પ્રાપ્ત થાય છે. '' (દક્ષસ્મૃતિ)

''अत्यन्तमलिनः कायो नवच्छिद्रसमन्वितः। सवत्येष दिवारात्रौ प्रातः स्नानं बिशोधनम॥

આનવ છિદ્રોવાળા અત્યન્ત મલિન શરીર થકી દિવસ રાત્રી મળનિકળતો રહે છે. અતઃ પ્રાતઃ કાળ સ્નાન કરવાથી શરીરની શુધ્ધિ થાય છે.'' (દક્ષસ્મૃતિ)

અંતે નીતિકાર કહે છે ''મનુષ્યના ઉત્તમા ચરણથી વંશની રક્ષા થાય છે.'' નીતિકારના આ વચનને એક પ્રસંગથી નીહાળીએ એક સમયે વનવાસી એવા પાંડવો દ્વતવનમાં નિવાસ કરીને રહેતા હતા. ત્યારે એક બ્રાહ્મણની અરણી અને મથાની એક મૃગ પોતાના શિંગડામાં ભેરવી લઇ ગયો. બ્રાહ્મણ દોડતો દોડતો પાંડવો પાસે આવ્યો અને તેઓને બધી વાત કરી એટલે પાંચેય પાંડવો બ્રાહ્મણની અરણી મંથન લેવા મૃગ પાછળ દોડયા. ઘણુ શોધવા છતા તે મૃગનો કયાય પત્તો મળ્યો નહિ. ગીષ્મઋતુ અને તેમા પણ મધ્યાહનનો સમય હોય પાંચેય પાંડવો તૃષાથી અત્યંત કષ્ટ પામતા હતા એટલ યુધિષ્ઠિરે નકુલને જળ લાવવાની આજ્ઞા કરી એટલે નકુલ જળની શોધ કરતો એક સરોવર પર આવ્યો પરંતુ જેવો તે આ સરોવરમાં ઉતરો ત્યાં જ તેને એક વાણી સંભળાય 'આ સરોવરનું જળ પાન કરવાનું સાહસ ન કર, કારણ આ જલ પર પ્રથમથી અમો અધિકાર કરી ચૂકેલા છીએ. માટે પ્રથમ અમારા પ્રશ્નનો ઉત્તર આપો અને પછી જળ પાન કરો.'' નકુલ તૃષાથી અત્યંત પિડિત હતો. તેણે તે વાત પર કંઇ ધ્યાન ન આપ્યું અને તેણે જલપાન કર્યુ અને તે નિર્જીવ થઇ જમીન પર પડી ગયો.

આ તરફ નકુલ ને ગયાને ઘણો સમય થયો જાણી યુધિષ્ઠિરજીએ સહદેવને નકુલની ભાળ મેળવવા મોકલ્યો. સહદેવ પણ સરોવર પાસે આવી તે વાણી સાંભળી તેણે પણ તેના પર કાંઇ ધ્યાન ન આપ્યુ અને જલપાન કરતા તે પણ પ્રાણહીન થઇ ગયો. તે જ પ્રમાણે ધર્મરાજે અર્જુન તથા ભીમસેનને પણ એક

પછી એક નકુલ સહદેવની પાછળ મોકલ્યા. તેઓ પણ ત્યાં આવ્યા અને જળપાન કરવા જતા નિશ્ચત થઇ ગયા.

આ પ્રમાણે ચારે ભાઇઓ જળ લાવવા માટે ગયા અને પાછા ન આવ્યા ત્યારે સ્વયં મહારાજ યુધિષ્ઠિર સરોવર પાસે આવ્યા અને પોતાના દેવતુલ્ય ભાઇઓને ચેતના સૂન્ય થઇને પડેલા જોઇને અત્યંત દુ:ખી થયા. તેઓના શરીરને જોતાં શરીર પર કોઇ શસ્ત્ર અશસ્ત્રના પ્રહારના ચિહ્ન ન જોતા તેઓને સરોવરના જળ પર શંકા ગઇ. અને તેઓ સરોવરનું જળ પાન કરવા ગયા. ત્યારે એક યક્ષ બકરૂપ ધારણ કરી યુધિષ્ઠિર મહારાજને જળ પાન કરતાં અટકાવવ્યા. યુધિષ્ઠિર મહારાજે તેને તેનો પરિચય પુછતા તે અદૃશ્ય થઇ ગયો અને સરોવરની સામે રહેલા વૃક્ષ પર પોતાના મૂળરૂપે પ્રગટ થયો. ત્યારે ધર્મરાજ યુધિષ્ઠિર તેમના પ્રત્યે બોલ્યા ''યક્ષ! અમો અન્યના અધિકારની કોઇપણ વસ્ત કયારેય ઉપયોગમાં લેતા નથી. તમોએ સરોવરના જળ પર પ્રથમથી જ અધિકાર કરી લીધો છે. તો તે જળ ભલે તમારૂ રહે. તમે જે પ્રશ્ન પુછવા માંગો છો તે નિ:સન્દેહ અમોને પુછા અમો અમારી બુધ્ધિ પ્રમાણે તેનો ઉત્તમ આપવાનો પ્રયાસ કરશું.

તે પછી એક પછી એક યક્ષે યુધિષ્ઠિર મહારાજને પ્રશ્ન પુછયા અને યુધિષ્ઠિર મહારાજે તેના ઉચિત ઉત્તરો આપ્યા. તેમના ઉત્તરથી સંતુષ્ટ થયેલા યક્ષે યુધિષ્ઠિર ને કહ્યું ''રાજન્! તમે અમારા પ્રશ્નોના યથાર્થ ઉત્તર આપેલા છે. એટલે માટે તમારા આ બધા ભાઇઓમાંથી જ કોઇ એકને જીવિક કરવા ઇચ્છો તેને અમો જીવિત કરી દેશુ ત્યારે યુધિષ્ઠિર મહારાજ બોલ્યા ''દેવ! કૃપા કરીને આપ અમારા કનિષ્ટ ભ્રાતા નકુલને જીવિત કરી દો.'' તે સાંભળી યક્ષ આશ્ચર્ય સ્વરમાં બોલ્યો ''રાજન્! તમે રાજયથી ચ્યુત થઇને વનો વન ભટકી રહ્યા છો.

શત્રુઓ સાથે અંતમાં તમારો દારૂણ સંગ્રામ થવાનો છે. આવી સ્થિતિમાં તમો તમારા પરમ પરાક્રમી ભાઇ ભોમસેન અને શસ્ત્રજ્ઞ એવા વીરચુડામણી અર્જુનને છોડી નકુલને જીવિત કરવાનું કેમ કહો છો?''

યક્ષની વાત સાંભળી યુધિષ્ઠિર બોલ્યા - ''યક્ષ! રાજયનું સુખ તથા વનનું દુ:ખ તો ભાગ્ય અનુસાર પ્રાપ્ત થાય છે. પરંતુ મનુષ્યોએ પોતાના ધર્મનો ત્યાગ ક્યારેય પણ ન કરવો જોઇએ. જે ધર્મની રક્ષા કરે છે ધર્મ તેની રક્ષા કરે છે એટલે માટે અમો ધર્મનો ત્યાગ ક્યારેય ન કરશુ. માતા કુન્તિના એક પુત્ર એવા અમોતો જીવિત જ છીએ. અત: અમો ઇચ્છિએ છીએ કે અમારી બીજી માતા માદ્રીનો વંશ પણ નષ્ટ ન થાય. તેમનો પણ એક પુત્ર જીવિત રહે માટે આપ નકુલને જીવિત કરી બંને માતાના પુત્રને જીવિત કરી દો.''

યુધિષ્ઠિરની વાત શ્રવણ કરી યક્ષ બોલ્યો ''રાજન્! તમો અર્થ અને કામના વિષયમાં પરમ ઉદાર છો. અત: તમારાં ચારેય ભાઇઓ તમોને જીવિત પ્રાપ્ત થશે. અમો વાસ્તવમાં યક્ષ નથી પણ તમારા પિતા ધર્મ છીએ. તમોને જોવા ને તમારી ધર્મનિષ્ઠાની પરીક્ષા લેવા માટે તમારી પાસે આવેલા છીએ.'' ધર્મ પોતાના મૂળ સ્વરૂપમાં પ્રગટ થયા અને ચારેય પાંડવો જીવિત થઇ ગયા. (મહા.ભા.વન.અ. ૩૧૨થી ૩૧૪) આમ યુધિષ્ઠિર મહારાજના ઉત્તમ આચરણથી તેઓના વંશની રક્ષા થઇ. (શ્લોક-૩૬) પુન: નીતિકાર એ જ વાતને કહે છે.

<u>શ્લોક. ૪૦ :-</u> मानेन रक्ष्यते धान्यमश्वान् रक्षत्यनुक्रमः ।

अभीक्ष्णदर्शनं ग्राश्च स्त्रियो रक्ष्याः कुचैलतः ॥

<u>શ્લોકાર્થ :-</u> માપવા અને તોલવાથી ધાન્યથી રક્ષા થાય છે. ફેરવવાથી અશ્વની રક્ષા થાય છે. વારંવાર દેખભાળ રાખવાથી ગાયની અને દુષિત વસ્ત્રોથી સ્ત્રીની રક્ષા થાય છે.

ચ.ટી. :- પ્રતિકૂળ વાતાવરણથી અન્નમાં કીટઆદી પડી જાય તો તેનો ઉચિત ઉપાય કરવાથી અન્નને બચાવી શકાય તથા ચોર દસ્યુના ઉપદ્રવથી અન્ન ચોરાય જાય તો માપવા અને તોલવાથી વિદિત થાય છે. અનાજ કેટલું હતુ અને અત્યારે કેટલું છે માટે માપવા તોલવાથી અન્નની રક્ષા થાય.

પ્રાચિન કાળમાં યુધ્ધના પાયદળ, અશ્વ, હાથિ અને રથ આ ચાર અંગ પૈકી અશ્વ એક મહત્ત્વનું અંગ હતુ. અશ્વને ઉચિત શિક્ષા આપવામાં ન આવે તો તે પોતાના ઉચિત દાયિત્વથી પરાંગ મુખ થઇ જાય માટે તેને યોગ્ય રીતે શિક્ષિત કરવામાં આવે તો જ તે યુધ્ધમાં પોતાની યોગ્યતા સિધ્ધ કરી શકશે. આ સંબંધમાં મહારાણા પ્રતાપનો ઘોડો ચેતક દૃષ્ટાંતરૂપ છે. જે હલ્દિઘાટીના યુધ્ધમાં શત્રુઓથી ઘેરાયેલા મહારાણાને આબાદ બચાવી સુરક્ષિત સ્થાન પર લઇ ગયો હતો. જયારે રાણી લક્ષ્મીબાઇનો ઘોડો પૂર્ણ રીતે પ્રશિક્ષિત ન હોવાથી અંગ્રેજો સાથેના યુધ્ધમાં તે તેઓના મૃત્યુનું કારણ બનેલો. માટે અશ્વને ફેરવવાથી જ તેની રક્ષા થાય છે.

મનુષ્ય લોકમાં ગૃહિઓનો ગૃહસ્થાશ્રમ ગાય અને વૃષભ વડે જ શોભે છે. કેમકે તેમના થકી જ હવ્યકવ્યની નિષ્પત્તી થાય છે. દુગ્ધઘૃત અન્ન વડે તેની સિધ્ધિ થાય છે. માટે ગૃહસ્થ ગાયનું પ્રયત્નથી પાલન પોષણ કરવું ગાયના દુગ્ધાદિ હવિષો વડે દેવતાઓ તૃપ્ત થાય છે. અને તૃપ્ત થયેલા દેવતા મનુષ્યને તેની અભિષ્ટ વસ્તુ પ્રદાન કરે છે માટે ગાયની પ્રયત્નથી રક્ષા કરવી.

જે ગૃહમાં સ્ત્રીઓનો વસ્ત્રાદિકથી આદર કરાય છે. ત્યાં બધા દેવતાઓ રમણ કરતા હોય છે અને જયાં તેનો જીવન જરૂરિયાતની વસ્તુથી પણ અનાદર કરાય છે ત્યાં બધા કામો નિષ્ફળ થાય છે. આ સંબંધમાં મનુ મહારાજ કહે છે. ''शोचन्ति जामथो यत्रविनश्यत्याशु तत्कुलम्। न शोचिन्त तु यत्रैता वर्धते तद्धिसर्वदा॥ જે

કુળમાં જામિ (સ્ત્રી, પુત્રવધુ) શોક કરે છે તે કુળ શિઘ્રે જ નષ્ટ થઇ જાય છે. અને જયાં શોક નથી કરતી તે કુળ નિશ્ચય જ વૃધ્ધિ પામે છે.'' (મનુ.અ.૩/૫૮) ''जामयो यानि गेहानि शपन्त्यप्रति पूजिता:। तानि कृत्याहतानीव विनश्यन्ति समन्तत:। જે સ્ત્રિઓનો આદર થતો નથી તથા તેજે કુળને શાપ આપે છે. તે મારણથી મરવાની સમાન ચારેબાજુથી નષ્ટ થઇ જાય છે. (મનુ.અ.૩/૫૬) ''यदि हि स्त्री न रोचत पमांसं न प्रमोदयेत्। अप्रमोदात्पुन: पुंस: प्रजनं न प्रवर्तते॥ સ્ત્રી વસ્ત્રાભૂષણરૂપ શૃંગાર વગર પુરૂષને પ્રસન્ન કરી શકતી નથી અને પુરૂષન પ્રસન્ન ન કરવાથી યોગ્ય સંતાન થતા નથી'' (મનુ.અ. ૩/૬૧) આથી સ્ત્રીને સારા સારા વસ્ત્રો પ્રદાન કરવા જે ધારણ કરી તે પોતાના પતિને પ્રસન્ન કરી શકે.) ''स्त्रियां तु रोचमानायां सर्वं तद्रोचते कुलम्। तस्यां त्वरोचमानायां सर्वमेव न रोचते॥ સ્ત્રીના શૃંગાર ન કરવાથી બધુ ફિક્કુ લાગે છે અને શૃંગાર કરવાથી બધુ જ સુંદર લાગે છે.'' (મનુ.અ.૩/૬૨) (શ્લોક. ૪૦) હવે નીતિકાર નિમ્ન હોવા છતાં આચારવાન કુળની શ્રેષ્ઠતા બતાવે છે.

શ્લોક. ૪૧ :- न कुलं वृत्तहीनस्य प्रमाणमिति मे मति:।
अन्तोष्वपि जातानां वृत्तमेव विशिष्यते॥

શ્લોકાર્થ :- મારા વિચારથી સચિત્રહીન મનુષ્યનુ શ્રેષ્ઠ કુળ પ્રમાણ થઇ શકતુ નથી કારણ કે નિમ્નકુળમાં ઉત્પન્ન મનુષ્યનો આચાર શ્રેષ્ઠ હોઇ શકે છે.

ચ.ટી. :- મહર્ષિ વશિષ્ટજી કહે છે ''आचार हीनं न पुनन्ति वेदा यद्यप्यधीता: सहषडभिरङ्गै:। छन्दांस्येन मृत्यु काले त्यजति नीडं शकुन्ता इव जात पक्षा:॥ શિક્ષા, કલ્પ, નિરૂકત, છંદ, વ્યાકરણ અને જયોતિષ આ છ અંગો સહિત અધ્યયન કરેલો વેદ પણ આચારહીન મનુષ્યને પવિત્ર કરી શકતો નથી. અને અંતકાળે આચારહીન મનુષ્યને વેદ તેવી રીતે છોડી દે છે. જેમ પાંખો

ઉગવાથી પક્ષી પોતાના માળાને''(વશિષ્ટ સ્મૃતિ/૯-૩) મનુ મહારાજ કહે છે. ''आचाराल्लभते ह्यापुराचार दीप्सिताः प्रजाः । आचाराद्धनमक्षय्य माचारो हन्त्य लक्षणम् ॥ મનુષ્ય આચારથી આયુષ્ય પામે છે, આચારથી ઇચ્છિત સંતાનને પ્રાપ્ત કરે છે. આચારથી અક્ષય ધનને પ્રાપ્ત કરે છે અને આચાર અનિષ્ઠ લક્ષણને નષ્ટ કરી દે છે.'' (મનુ.સ્મૃ. ૪/૧૫૬) ભગવાન વેદ વ્યાસજી કહે છે. ''आचारः फलते धर्माचारः फलते धनम्। आचारच्छियमाप्नोति आचारो हन्त्य लक्षण॥ આચાર જ ધર્મને સફળ બનાવે છે. આચાર જ ધનરૂપી ફળ આપે છે. આચારથી મનુષ્યને સંપત્તિ પ્રાપ્ત થાય છે અને આચાર જ અશુભ લક્ષણોનો નાશ કરે છે.'' (મહા.ઉદ્યો.અ.૧૫) ''कुलानि समुपेतानी गोभिः पुरूषतोऽर्थतः । कुल संख्यां न गच्छन्ति योनि हीनानि वत्ततः ॥ वृत्ततस्त्व विहीतानि कुलान्यल्प धनान्यपि। कुल संख्यां च गच्छन्ति कर्षन्ति च महद्यशः॥ ગાયો, મનુષ્યો અને ધનથી સમ્પન્ન થઇને પણ જે કુળ સદાચારથી હીન છે તે સારા કુળની ગણત્રીમાં આવી શકતુ નથી. પરંતુ થોડી સંપત્તિવાળુ પણ કુળ જો સદાચારથી સમ્પન્ન છે. તો તે શ્રેષ્ઠ કુળની ગણનામાં આવી જાય છે અને મહાનયશ મેળવે છે.'' (મહા. ઉદ્યો.૩૬/૨૮-૨૯) ''वृत्तंयत्नेन संरक्षेद् वित्तमेति च याति च। अक्षीणोवित्ततः क्षीणो वृत्ततस्तु हतो हतः॥ સદાચારની રક્ષા યત્નપૂર્વક કરવી જોઇએ. ધન તો આવતુ અને જતું રહેશે. ધન ઘટી જવા છતાં પણ સદાચારી મનુષ્ય ક્ષીણ મનાતો નથી. પરંતુ જે સદાચારથી ભ્રષ્ટ થઇ ગયો તે મનુષ્ય તો નષ્ટ જ માનવો જોઇએ.'' (મહા.ઉદ્યો. ૩૬/૭૦) મહર્ષિ પરાશર કહે છે. ''सदाचारवता पुंसा जितौ लोकावुभावापि। साधवः क्षीणदोषास्तु सच्छब्दः साधवाचकः। तेषामाचरणं यत्तु सदाचारस्यउच्य ते॥ સદાચારી મનુષ્ય આ લોક પરલોક બંનેને જીતી લે

છે. સત્ - શબ્દનો અર્થ સાધુ છે અને સાધુ તે જ છે જે દોષ રહિત હોય છે. તે સાધુ પુરૂષનું આચરણ હોય તેને જ સદાચાર કહે છે.'' (વિ.પુ.૩/૧૧/૨-૩) નંદી પણ કહે છે. ''आचार हीन: पुरूषो लोके भवति निन्दित:। परत्र च सुखीन स्थात्तरमादाचारवान् भवेत्॥ આચારહીન મનુષ્ય સંસારમાં નિંદિત થાય છે અને પરલોકમાં પણ સુખ પામતો નથી એટલે માટે સૌએ આ ચારવાન બનવું જોઇએ.'' (શીવપુરાણ.વા.ઉ.૧૪/૫૬) માટે ઉચ્ચકુળમાં ઉત્પન્ન થવા માત્રથી કોઇ મહાન બનતુ નથી. સાથે તેને મહાન પણ માનવો નહિ. તે જ પ્રમાણે નીચ કુળમાં જન્મ લેવા માત્રથી કોઇ નીચ થઇ શકતુ નથી. ત્યાં ગુણ પણ હોઇ શકે છે. જેમ (પદમ પુરાણ/સૃષ્ટિખંડ/અ. ૫૨) માં મૂક ચાંડાળનું આખ્યાન આપે છે. જેનો જન્મ ચાંડાળને ત્યાં થયો હતો. પરંતુ તેનો આચાર એટલો ઉત્તમ હતો કે સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા તેના ઘરમાં અખંડ નિવાસ કરીને રહેતા હતા અને તેની ધર્મ નિષ્ઠાની વાત આકાશ વાણી દ્વારા સાંભળો જાજલી નામના બ્રાહ્મણ તેના દર્શન અને તેને ધર્મનું તત્ત્વ પુછવા તેની પાસે આવેલા. જમ પ્રહ્લાદજી પણ નીચે એવા અસુર કુળમાં જન્મેલા હતા છતા પોતાના પવિત્ર આચરણથી તેણે ભગવાન પોતાના વશમાં કરેલા હતા. માટે મનુષ્ય ભલે નિમ્ન કુળમાં જન્મેલો હોય પણ તેના આચાર દ્વારા તેને મહાનતા પાપ્ત થાય છે.

મહારાજા પૃથુના પિતા વેન સુરાસુર વંદિત એવા ધ્રુવજીના કુળમાં પ્રગટ થયા હતા પરંતુ પોતાની સ્વેચ્છાચારી પ્રવૃત્તિના કારણે અધર્મીમાં તેઓની ગણના થાય છે. દુર્યોધન પણ ભગવાનના અંશ એવા ભરત રાજાના કુળમાં પ્રગટ થયો હતો. પરંતુ તેની કુનીતિ ને અધર્મા ચરણથી

અધર્મી કહેવાયો. લંકાધિ પતિ રાવણનો જન્મ બ્રહ્માજીના પુત્ર પુલસ્તજીના કુળમાં થયો હતો. પરંતુ પોતાની રાક્ષસી પ્રવૃત્તિને કારણે તે મનુષ્ય હોવા છતા તેની ગણના રાક્ષસોમાં થાય છે. માટે ઉચ્ચકુળમાં જન્મ લેવા માત્રથી કોઇ મહાન થઇ જતો નથી. મનુષ્યનો આચાર જ તેને પ્રહલાદ, મુક ચંડાલ ઇત્યાદિની જેમ મહાન બનાવે છે અને તેઓ જેવું આચરણ કરે છે તેને અન્ય જનો પ્રમાણે તરીકે માને છે. મનુ મહારાજ કહે છે ''स्त्रियां तु रोचमानायां सर्वं तद्रोचत कुलम्। तस्यां त्वरोचमानाया सर्वमेव न रोचते॥ कुविवाहैः क्रियालपैर्वेदान ध्ययनेन च। कुलान्य कुलतां यान्ति ब्राह्मणाति क्रमण च॥ शिल्पेन व्यवहारेण शुद्रापत्यैश्च केवलैः। गोभिरश्वैश्च यानैश्चकृष्णा राजोपसेवया॥ સ્ત્રીના શૃંગાર કરવાથી બધુ જ સુંદર લાગે છે અને તેના શૃંગાર ન કરવાથી બધુ ફિક્કુ લાગે છે. નિંદિત (અસુરાદિ) વિવાહોથી (જાતિ કર્મ આદિ) ક્રિયાઓનો લોપ થવાથી, વેદને ન ભણવાથી અને બ્રાહ્મણોના અપમાનથી શ્રેષ્ઠ કુળ પણ નીચ બની જાય છે. શિલ્પ આદિ કર્મથી (ધનના આપવા લેવાથી), વ્યાપારથી, ફકત શુદ્ર સ્ત્રીના સંતાનથી, ગાય, ઘોડા સવારીનું મૂલ્ય આપવાથી, ખેતીથી અને રાજાની સેવાથી શ્રેષ્ઠ કુળ પણ નીચ બની જાય છે (મનુ. સ્મૃ-૧૩/૬૨-૬૫) (શ્લો. ૪૧) હવે નીતિકાર ઇર્ષ્યાળુના ઇર્ષ્યારૂપ અસાધ્ય રોગની વાત કરે છે-

શ્લોક. ૪૨ :- स ईर्षु परक्तिेषु रुपे वीर्य कुलान्यये।
सुख सौभाग्य सत्कारे तस्य व्याधि रन्तकः॥

શ્લોકાર્થ :- જે અન્યના ધન, રૂપ, વીરતા, કુલિનતા, સૌભાગ્ય અને સન્માન પર ઇર્ષ્યા કરે છે. તેનો આરોગ અસાધ્ય છે અર્થાત્ નિરન્તર બની રહે છે.

<u>ચ.ટી. :-</u> વેદ ભગવાન કહે છે. ''यथोत ममृषो मन एवेर्यो मृत-मनः। ઇર્ષ્યાળુનું અંતઃ કરણ મૃત પ્રાયઃ બની જાય છે. (અથર્વ/૬/૧૮/૨) આ સન્દર્ભમાં નિતિકાર જેને આ પવિત્ર નીતિનો ઉપદેશ આપે છે એવા ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધનના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે - યુધિષ્ઠિર આદી પાંડવોએ ઇન્દ્રપ્રસ્થ રાજયનું નિર્માણ કરી સમસ્ત ભૂતલ પર રહેલા રાજાઓને પરાજીત કરી રાજસૂય યજ્ઞ કર્યો. જે યજ્ઞમાં પાંડવોનો વૈભવ જોઇ દુર્યોધન મન માંને મનમાં અત્યંત ઉદ્વિગ્નતા પામ્યો રાજસૂય યજ્ઞની પૂર્ણાહુતિ બાદ તે હસ્તિનાપુર આવ્યો. અને પાંડવોની રાજ લક્ષ્મી તથા તેઓની નિરંતર ઉન્નતિ જોઇ મનમાંને મનમાં બળવા લાગ્યો અને તેને લઇ તેણે અન્ન જળનો પણ ત્યાગ કરી દીધા અને નિરંતર ઉદાસ રહેવા લાગ્યો. ધૃતરાષ્ટ્ર, કર્ણ, દુઃશાસન દ્વારા વારંવાર પુછાતા છતા દુર્યોધન તેઓને પોતાની ઉદ્વિગ્નતા વિશે કઇ પણ કહેતો નહિ.

તદન્તર એક દિવસ શકુનિએ ભારપૂર્વક તેને કહ્યુ - ''વત્સ! દુર્યોધન! તને આ દુઃખનું કારણ કયાંથી પ્રાપ્ત થયું. જેથી તુ અત્યંત ઉદ્વિગ્ન થઇ વારંવાર લાંબો લાંબો શ્વાસ લઇ રહ્યો છે.'' ત્યારે દુર્યોધન બોલ્યો - ''મામાજી! અમોએ જોયુ કે શ્વેત વાહન અર્જુને અસ્ત્રોના પ્રતાપથી જીતેલ સમસ્ત રાજાઓ યુધિષ્ઠિરના વશમાં થઇ ગઇ છે. મહા તેજસ્વિ યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ એવી રીતે સંપન્ન થયો જેમ દેવતાઓમાં દેવરાજ ઇન્દ્રનો યજ્ઞ સંપન્ન થાય છે. આ બધુ જોઇ હું દિવસ-રાત ઇર્ષ્યાથી એવ રીતે બળી રહ્યો છુ કે જેમ ગ્રીષ્મ ઋતુમાં થોડું જળ શીઘ્ર સુકાઇ જાય છે મામાજી! યદુ વંશ શિરોમણી શ્રીકૃષ્ણે શીશુપાલને મોતને ઘાત ઉતારી દીધો પરંતુ ત્યાં રહેલો કોઇ પણ વીર પુરૂષ તેમનો પ્રતિકાર કરવા તૈયાર થયો નહિ. પાંડવ જનિત અગ્નિથી દગ્ધ થયેલ રાજાઓએ તેઓનો

આ અપરાધ ક્ષમા કરી દીધો અન્યથા આટલા મોટા અપરાધને કોણ સહન કરી શકે? વાસુદેવ શ્રીકૃષ્ણે મહાન અનુચિત કાર્ય હતુ છતાંતે મહામના પાંડવોના પ્રતાપથી સફળ થઇ ગયું. જે પ્રમાણે કર આપવાવાળા વ્યાપારી વૈશ્યો નાના પ્રકારના રત્નોની ભેટ લઇને રાજાની સેવામાં ઉપસ્થિત થાય છે તે જ પ્રમાણે બધા રાજાઓ અનેક પ્રકારના ઉત્તમ રત્ન લઇને રાજા યુધિષ્ઠિરની સેવામાં ઉપસ્થિત થયા હતા. પાંડુ પુત્ર યુધિષ્ઠિરની પ્રકાશમયી રાજલક્ષ્મીને જોઇ હું ઇર્ષ્યા વશ બળી રહ્યો છું.''(યદ્યથી મારી આ દરવસ્થા યોગ્ય નથી. એવો નિશ્ચય કરીને દુર્યોધન ચિન્તાની આગથી દગ્ધ થઇને પાછો ગાન્ધાર રાજ શકુનિ પ્રત્યે બોલ્યો) હું આગમાં પ્રવેશ કરી જઇને, વિષ ખાઇ જઇને અથવા જળમાં ડૂબી જઇ, હવે હું જીવિત નહિ રહી શકીશ સંસારમાં કોણ એવો શક્તિ શાળી પુરૂષ હોય, જેણે શત્રુની વૃધ્ધિ અને પોતાની હીન દશા જોઇને પણ ચૂપચાપ સહન કર્યુ હોય. હું આ સમયે ન તો સ્ત્રી છુ, ન પુરૂષ, ન નપુંસક અને નથી તો અસ્ત્ર બળથી સંપણ્ન તો પણ મારા શત્રુ પાસે આવેલી ઉત્કૃષ્ટ સંપત્તીને જોઇને પણ ચૂપચાપ સહન કરી રહ્યો છું.? શત્રુઓની પાસે સમસ્ત ભૂમંડળનું સામ્રાજય એવી ધન રત્નોથી ભરેલી સંપત્તિ અને તેમનો આવો ઉત્કૃષ્ટ રાજસૂય યજ્ઞ જોઇને મારા જેવો કયો પુરૂષ ચિંતિત ન થાય? હું એકાકી તે રાજલક્ષ્મીને હડપ કરવા અસમર્થ છુ. અને મારી પાસે યોગ્ય સહાયક પણ નથી. એટલે હું મૃત્યુનું ચિંતન કરી રહ્યો છું. કુન્તિ પુત્ર યુધિષ્ઠિર પાસે તે અક્ષય વિશુધ્ધ લક્ષ્મીનો સંચય જોઇને હું દૈવને જ પ્રબળ માનું છું. પુરૂષાર્થ તો નિરર્થક જ જણાય છે. સુબલ પુત્ર! અમે પૂર્વે ધર્મરાજ યુધિષ્ઠિરને નષ્ટ કરવાનો પ્રયત્ન કરેલો, પરંતુ તે સમસ્ત સંકટને પાર કરીને જળમાં રહેલા કમળની જેમ ઉત્તરોત્તર વૃધ્ધિ પામવા લાગ્યા. એટલે માટે અમો દૈવને પ્રબલ માનીએ છીએ અને પુરૂષાર્થને નિરર્થક. કારણ અમો ધૃતરાષ્ટ્ર પુત્ર હાનિ ઉઠાવો

રહ્યા છીએ અને કુંતિ પુત્રોને નિરંતર પ્રગતિ કરતા જોઇએ છીએ. હું તેઓની રાજલક્ષ્મી, તે દિવ્ય સભામાં રક્ષકો દ્વારા કરાયેલો મારો ઉપહાસ જોઇને નિરંતર સંતપ્ત થઇ રહ્યો છું. જાણે અગ્નિમાં પ્રજવલિત થઇ રહ્યો છ. માટે મામાજી હવ આપ અમોને મરવાની આજ્ઞા આપો. કારણ અમો ઘણા દુ:ખી છીએ, મહારાજ ધૃતરાષ્ટ્રને અમારી આ અવસ્થાની સૂચના આપો.'' (મહા.સભા.અ.૪૭)

અહી આ પ્રસંગ પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે દુર્યોધન પોતે હસ્તિનાપુરનો યુવરાજ હતો. તેની પાસે સંપત્તિ પણ અઢળક હતી છતા તે પાંડવોનો વૈભવ જોઇને મનમાને મનમાં સંતાપ પામતો હતો. અને તેણે તે ઇર્ષ્યાને વશ થઇને જ ધૂતક્રીડાનું આયોજન કરાવ્યુ અને તેમા પાંડવોની બધી સંપત્તિ પડાવી લીધી. આટલેથી પણ ન અટકતા પાંડવોને તેર વર્ષના વનવાસ માટે મોકલ્યા. અને વન વાસમાં પણ ઘોષયાત્રાના નિમિત્તે પાંડવોને તે કષ્ટ આપવા માટે ગયો અને વનવાસની અવધી સમાપ્ત થયા બાદ પણ પાંડવોને ધુતમાં થયેલા કરાર મજબ તેઓનું રાજ પરત કરવાની સ્પષ્ટ પણે મનાઇ કરી. જેને લઇ પાંડવોએ અસ્ત્ર શસ્ત્રનો આશ્રય લેવો પડયો અને જેમાં દુર્યોધનનો સમસ્ત પરિવાર તેના સહાયકો સાથે યુધ્ધની અગ્નિમાં હોમાય ગયો. આમ ઇર્ષ્યારૂપ રોગ જ દુર્યોધનના પતનનું કારણ બન્યો. માટ જ ભગવાન વેદવ્યાસજી કહે છે. ''सत्यवादी लभेतायुरनायासमयार्जवम्। अक्रोधनोऽनसूयश्च निवृत्तिं लभते परम्॥ સત્યવાદી પુરૂપ આયુષ્ય, કલેશ હિતતા અને સરળતાને પ્રાપ્ત કરે છે. તથા ક્રોધ અને અસૂયાએ રહિત મનુષ્ય પરમ શાન્તિ પામે છે.'' (મહા.વન. ૨૫૯/૨૨) આમ ઇર્ષ્યાએ રહિત મનુષ્ય જ સાચી શાંતિ પ્રાપ્ત કરતો હોવાથી ઇર્ષ્યારૂપ દોષનો ત્યાગ કરવો. (શ્લો. ૪૨) હવે નીતિકાર કંઇ વસતુથી ભય પામતા રહેવું તે કહે છે.

શ્લો. ૪૩ :- अकार्यकरबाद् भीतः कार्याबाञ्च विवर्जनात् ।

अकोल मन्त्रभेदाश्च येनमाद्येन्न तत् चितेत् ॥

શ્લોકાર્થ :- ન કરવા યોગ્ય કાર્યને કરવાથી ડરતો રહે, તથા કરવા યોગ્ય કાર્યોને ન કરવાથી ડરતો રહે અને કાર્ય સિધ્ધિથી પૂર્વે મંત્ર ભેદનથી ડરતો રહે તથા મદ આપનાર વસ્તુને પાનન કરે.

ચ.ટી. :- સદાચાર રાખવો તથા અનુચિત કાર્યોથી પરાંગ મુખ રહેવુંએ સજજનોનો સ્વભાવ છે. આ સન્દર્ભમાં પદમ પુરાણમાં આવતુ અદ્રોહકનું ચરિત્ર અવલોક્નીય છે. અદ્રોહક જીતેન્દ્રિ અને ભગવાનનો પરમ ભકત હતો. તે જે રાજયમાં નિવાસ કરોને રહેતો તે રાજના પુત્રની પત્ની ઇન્દ્રાણી જેવી રૂપાળી હતી. અને એ સ્ત્રી રાજકુમારને પ્રાણ તુલ્ય પ્રિય હતી. તે અત્યંત સુંદરી હોયને તેનું નામ પણ ''સુંદરી'' હતુ. એક દિવસની વાત હતી રાજકુમાર કોઇ કાર્ય નિમિત્તે બહાર ગામ જવા માટે તૈયાર થયો. તે સમયે તેણે મનોમન વિચાર કર્યો. કે ''પ્રાણથી પણ અત્યંત પ્રિય એવી મારી પત્ની સુંદરીને કોની પાસે ધરોહરના રૂપમાં મૂકીને જાવ જેથી તેની રક્ષા થાય?'' આ પ્રમાણે વિચાર કરી તેને પોતાના રાજયમાં રહેતા અદ્રોહકની યાદ આવી એટલે તે અદ્રોહકની પાસે આવ્યો અને તેને બધી વાત કરી.

રાજકુમારનો વાત સાંભળી અદ્રોહક બોલ્યો ''હે રાજકુમાર અમો તમારા પિતા નથી. ભ્રાતા નથી. બાંધવ નથી તથા અમો તમારી આ સ્ત્રીમાં માતા પક્ષના કે પિતા પક્ષના કોઇ સંબંધી પણ નથી છતા પણ અમારા ઘરે તમારી સ્ત્રી ધરોહરમાં મુકીને જતા આપ સ્વસ્થ કેવી રીતે રહી શકશો?''

અદ્રોહકની વાત સાંભળી રાજકુમાર બોલ્યો કે ''આ લોકમાં તમારા જેવો ધર્મ જાણનારો અને વિશેષ કરીને જીતેન્દ્રિય કોઇ છે જ નહિ.'' તે સાંભળી

અદ્રોહક બોલ્યા. ''પ્રભો! આપ અમને સર્વજ્ઞ કહો છો તે યોગ્ય નથી કારણ કે તેમાં આ દૂષણ છે. ત્રણેય લોકને મોહ પમાડનારી તમારી આ પત્નીને સાચવવા કયો પુરૂષ સમર્થ છે?'' ત્યારે રાજકુમાર બોલ્યો ''અદ્રોહક! સમસ્ત પૃથ્વી પર વિચરણ કરી પછી જ અમે તમારી પાસે આવ્યા છીએ, મારી આ પત્ની ભલે તમારી પાસે રહે, અમે અમારા ઘરે જઇએ છીએ.'' તે પછી અદ્રોહક પુનઃ રાજકુમાર પ્રત્યે બોલ્યો - ''પ્રભો! આ નગર ઉત્તમ છે અહીં ઘણા કામો પુરૂષો રહે છે તો પછી તમારી સ્ત્રીની રક્ષા કેવી રીતે થઇ શકશે?'' ત્યારે રાજકુમાર પુનઃ બોલ્યો 'અદ્રોહક! આપ જ એની રક્ષા કરી શકો છો. માટે અમે જઇએ છીએ.''

રાજકુમારને જતો જોઇ અદ્રોહક આકુળ વ્યાકુળ થઇને બોલ્યો - ''બેટા! અમો અયોગ્ય કાર્ય કરવા જઇ રહ્યા છીએ. આના કરતાં તો અમોને અમારૂ દાસ પણું હિતકારી લાગે છે હે તાત! આવી આ તમારી પત્નીને અમારા ઘરે રાખવી એ ભય કારક છે. કારણ કે આની રક્ષા કરી શકાય તેમ નથી. તો પણ હે દેવ! તમારે તમારી પત્ની અમારી પાસે જ રાખવાની ઇચ્છા હોય તો ભલે તમ તમારૂ ઇષ્ટ કરો, અને અમારૂ પ્રિય કરો. અમારી શૈયામાં તે અમારી સાથ તથા અમારી પત્ની સાથે ભલે સૂઇ રહે. જો તમોને અમારી આ વાત માન્ય હોય તો ભલે તમારી સ્ત્રી અમારા ઘરે રહે. આ વાત માન્ય હોય તો તમારી પત્નીને અમારે ત્યાં મૂકી જાવ અન્યથા તમો તેને લઇ જઇ શકો છો.''

અદ્રોહકની વાત સાંભળી રાજકુમારે ક્ષણનો વિચાર કરી તેને કહ્યું - ''ભલે! હે તાત! તમારૂ આ વચન અમોને માન્ય છે. આપને જે પ્રિય લાગે તે કરો તદન્તર રાજકુમાર પોતાની પત્ની પ્રત્યે બોલ્યો ''પ્રિયે! આજથી આ અદ્રોહકની આજ્ઞા પ્રમાણે તેઓ જેમ કહે તેમ તમારે કરવું.'' આ પ્રમાણે કહી રાજકુમાર

પોતાના પિતાની આજ્ઞાથી બહાર ગામ ગયો. અને અદ્રોહકે રાત્રીને વીશે પોતે જેમ વર્તવા કહ્યું હતુ તેમ તેણે કરવા માંડયું.

અદ્રોહક રાત્રીને વિશે બે સ્ત્રીની મધ્યમાં સૂતો હતો છતા તે વેળા અદ્રોહક પોતાની પત્ની તરફના તથા પરસ્ત્રી તરફના ધર્મથી ચલિત થતો ન હતો. પોતાની પત્નીના જ સ્પર્શથી તેનું મન કામ વાસનાથી અભિલષિત થતુ હતુ. પરંતુ પેલા રાજપુત્રની સ્ત્રીના સ્પર્શને તે પોતાની પુત્રીનો સ્પર્શ જ માનતો હતો. જો કે એ રાજકુમારની સ્ત્રીનું વક્ષઃ સ્થળ તેનાં વાંસામાં વારંવાર સ્પર્શ થતુ છતા પણ તે સ્તનને પોતાના બાળકના તથા પોતાની માતાનાં જ એ સ્તન છે એમ તે માનતો હતો. તે જ પ્રમાણેએ રાજ પુત્રની સ્ત્રીના અન્ય અંગો પણ અદ્રોહકના શરીરને વારંવાર સ્પર્શ કરતા હતાં છતા પણ અદ્રોહક તેને પોતાની માતા તથા પુત્રના જ અંગો છે. એમ માનતો હતો. આ પ્રમાણેના વર્તનથી અદ્રોહકનો બીજી હરકોઇસ્ત્રી વિષેનો સંબંધ નિવૃત્ત થયો હતો. એમને એમ છ મહિના વ્યતિત થઇ ગયા બાદ રાજકુમાર પોતાના નગરમાં પરત થયો. તે વેળા લોકોમાં તેને કોઇ પુછતુ ન હતુ, તો પણ તે રાજપુત્રે પોતાની પત્નીનું તે અદ્રોહકની શરત પૂર્વકનું વૃત્તાંત પ્રજામાં જાહેર કર્યુ.

રાજકુમારની વાત સાંભળી કેટલાક યુવાનો તે અદ્રોહકને જ સજ્જન જાણતા હતા. છતા પણ તેના આ અત્યંત વિસ્મયકારક ચરિત્રને જોઇ સંશય ગ્રસ્ત થયા. જયારે અન્ય લોકો કહેવા લાગ્યા કે ''તે અદ્રોહકને તમે તમારી ભાર્યા ધરોહરના રૂપમાં આપી દીધી છે અને તે તેની સાથે શયન કરે છે. અને આ પ્રમાણે સ્ત્રી પુરૂષનો એક સંબંધ થવાથી અદ્રોહકનું જીતેન્દ્રિય પણું કેવી રીતે સ્થિર રહી શકે? વળી ત્યાં એક યુવાન બોલ્યો ક પરસ્ત્રી સાથે કોઇ પરપુરૂષ એક આસન પર શયન કરતો હોય અને તે તેને ભોગવ્યા વીના રહી શકે કે?''

આ પ્રમાણે લોકોની વાત પણ અદ્રોહકે પોતાના પુણ્ય બળથી જાણી લીધી અને પછી આ લોકાપવાદથી મુકત થવા માટે તેને એક ઉત્તમ બુધ્ધિ સુઝી એણે એક ઉત્તમ ચિતા તૈયાર કરી એવા સમયમાં પેલા રાજકુમાર અદ્રોહકના ઘરે આવ્યો. તેણે પોતાની પત્નીને જોય જેનું મુખ અત્યંત પ્રકુલ્લિત હતુ. પરંતુ રાજકુમાર અદ્રોહકથી ખિન્ન જણાતો હતો.

ત પછી રાજકુમાર અદ્રોહક પ્રત્યે બોલ્યો ''અદ્રોહક! અમો તમારા મિત્ર છીએ. અને દીર્ઘકાળ પછી અહીં આવેલા છીએ. તો આપ અમારી સાથે વાત કેમ કરતા નથી?'' ત્યારે અદ્રોહક બોલ્યો મિત્ર! અમો તમારૂ હીત કરનારા નથી કારણ અમારાથી એખ દુષ્કર્મ થઇ ગયુ છે જે કારણ થી અમો લોકોની નિંદાના પાત્ર થયા છે. તેથી અમો આકાશમાં સ્થિત દેવો અને જન સમાજના જોતાજ અગ્નિમાં પ્રવેશ કરીએ છીએ.'' આમ કહી અદ્રોહક સળગતિ ચિતામાં પ્રવેશી ગયો. પરંતુ અગ્નિમાં પ્રવેશ કરવા છતા તેના વાળના સ્થાન પર જે પુષ્પ હતું તે પણ બળ્યુ નહિ. અને તેના અંગને, વસ્ત્રને પણ અગ્નિ બાળી શકયો નહિ. તે સમયે બધા દેવો હર્ષથી વાહ-વાહ સારૂ - સારૂ કરી ચારેબાજુથી તેઓ પર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. અને જે જે લોકો તેના વીશે તથા પેલી સુંદરી સ્ત્રી વીશે મીથ્યા વાતો કરતા હતા. તેઓના મુખપર અનેકો પ્રકારના કોઢ ઉત્પન્ન થઇ ગયા.

તદન્તર બધા દેવતાઓ ત્યાં આવ્યા અને અદ્રોહકને અગ્નિમાંથી બહાર કાઢયા. બધા ઋષિઓ ત્યાં આવી અદ્રોહકની પૂજા કરવા લાગ્યા. આ ઉપરાંત બીજા મનુષ્યો પણ ત્યાં આવી અદ્રોહકની પૂજા કરવા લાગ્યા. તે પછી અદ્રોહકે પણ તે બધાની પૂજા કરી. ત્યારે તે બધા જે તે સ્થળે ઉપસ્થિત હતા. તેઓએ તેનું નામ ''સજજન અદ્રોહક'' પાડયુ. તે વેળા ત્યાંથી ભૂમિ પણ તે સજજન

અદ્રોહકના ચરણ રજથી પવિત્ર થઇને ધન-ધાન્યથી પૂર્ણ થઇ ગઇ. પછી ત્યાં આવેલા બધા દેવોએ તે રાજકુમારને સંબોધિને કહ્યું ''તમો તમારી ભાર્યાનો સ્વિકાર કરો.'' આ અદ્રોહક જેવો પણ્યાત્મા આ લોકમાં થયો નથી અને થશે પણ નહિ. તથા વર્તમાન કાળમાં પણ આના જેવો પુણ્યાત્મા પુરૂષ હમણા છે જ નહિ.'' તે પછી દેવોના કહેવાથી રાજકુમારે પોતાની ભાર્યાનો સ્વીકાર કર્યો. (પદમ/સૃષ્ટિ/અ.૫૩) આ ચરિત્ર પરથીએ વાત સ્પષ્ટ થાય છે કે સજજન પુરૂષ ગમે એટલી વિકટ પરિસ્થિતિ આવે છતા પણ તે તેનો સદાચારથી ક્યારેય ભ્રષ્ટ થતો નથી.

આચાર્ય ચણક કહે છે. ''मन्त्र रक्षणे कार्य सिद्धिर्भवति। અર્થાત્ મંત્રનું રક્ષણ કરવાથી કાર્યની સિધ્ધિ થાય છે. (ચાણ.સૂ.૨૩) માત્ર મંત્રણા કરવી એટલું પર્યાપ્ત નથી પરંતુ મહત્ત્વની મંત્રણા ગુપ્ત રહે તે પણ જરૂરી છે. કારણ કે ''मंत्र विस्राती कार्यं नाशयति'' (ચા.સૂ.૨૪) આમા કહ્યા મુજબ ગુપ્ત મંત્રણા ભંગ થવાથી કાર્ય નષ્ટ થઇ જાય છે. અને શત્રુઓ સુધી વાત પ્રસરી જતા યોજના નષ્ટ થઇ જાય છે. આ સન્દર્ભમાં સ્વતંત્ર સેનાની મંગલ પાંડેના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે ઇ.સ. ૧૮૫૭ માં અંગ્રેજોને ભારત દેશમાંથી બહાર કાઢવા ગુપ્ત રીતે બધી તૈયારી થઇ ગઇ. અને નિશ્ચત કરેલા દિવસે એક સાથે અંગ્રેજો પર હુમલો કરવાનો હતો. પરંતુ એવા સમયમાં એક અન્નિછનિય ઘટના બની. દૂર દેશ એવા વિલાયત થકી બંદૂકમાં ભરવા માટે નવા કારતૂસો આવ્યા. આ કારતૂસો પર ગાય અને સૂવરની ચરબી લગાડવામાં આવેલી અને તેને ફોડતા પૂર્વે દાંતથી કાપવું પડતુ હવે હિન્દુઓ ગાયને પવિત્ર માનતા. અને મુસલમાનો સૂવરના માંસને હરામ માનતા હતા એટલે અંગ્રેજ સેનામાં રહેલ તેઓએ આ કારતૂસનો ઉપયોગ કરવાની સ્પષ્ટ મનાઇ કરી અને

એને લઇ સેનામાં વિદ્રોહ થયો અને મંગલ પાંડેએ બે અંગ્રેજ અધિકારીઓને મોતને ઘાટ ઉતારી દીધા, અને એને લઇ મંગલ પાંડેને ફાસીની સજા થઇ પરંતુ અંગ્રેજોને પોતાની વિરૂધ્ધ થતા ષડયંત્રની ગંધ આવી ગઇ અને જેને લઇ તેઓએ વિપ્લવ થવા અગાઉ જ બધી તૈયારી કરી દીધી. અને વિપ્લવ થશે અને વિપ્લવકારીઓનો પરાજય થયો. આમ મંત્રણા ભંગ થઇ જવાના ફળરૂપ-૧૮૫૭ પછી વિલ્પવ થયો અને વિપ્લવ વિફળ રહ્યો. માટે ગુપ્ત મંત્રણા ક્યારેય પણ ભંગ ન થાય તે માટે સાવચેતિ રાખવી.

તે જ પ્રમાણે અપયપાન કરવાથી મનુષ્યની બુધ્ધિ નષ્ટ થઇ જાય છે. અને પછી તેનામાં સત અસતની વિવેક રહેતો નથી. આ સન્દર્ભમાં યાદવોનું દૃષ્ટાન્ત યર્થાપ્ત છે. જેઓ અયેયપાન કરવાના ફળરૂપે વિવેક દૃષ્ટિથી નિમૂળ થઇ ગયા અને પરસ્પર લડીને કાળના મુખમાં જતા રહ્યા. માટે જ ભગવાન વેદ વ્યાસજી કહે છે. ''धृतिं लज्जां च बुद्धि च पानं पीतं प्रणाशयेत्। तस्मान्नराः सम्भवन्ति निलंज्जा निरपत्रपाः॥ पानपस्तु सुरांपोत्वातदा बुद्धिप्रणासनात्। कार्याकार्यस्य चाज्ञानाद् यथेष्ट करणातस्त्वयम्। विद्षामविधेयत्वात् पापमेवाभिपद्यते॥ પાન કરેલી મદિરા મનુષ્યના ધૈર્યનો તથા તેની લજજા અને બુધ્ધિને નષ્ટ કરી દે છે. તેનાથી મનુષ્ય નિર્લજજ અને નિષ્કૃષ્ટ થઇ જાય છે. મદીરાપાન કરવાવાળો વ્યકિત તેનું પાન કરીને પોતાની બુધ્ધિનો નાશ કરી બેસે છે.તેનું પાન કરવાથી કર્તવ્યાકર્તવ્યનું જ્ઞાન ન રહેવાથી, સ્વેચ્છાનુસાર કાર્ય કરવાથી તથા વિદ્યાનોની આજ્ઞાને અધિનન રહેવાથી પાપની પ્રાપ્તિ થાયછે.'' (મહા/અનુ./૧૪૫) ''परिभूतो भवल्लोके मद्यपो मित्र भेदकः। सर्वकालमशुद्रश्चसर्वभक्षस् तथा भवेत्। गुरुनतिवदन्मत्तः परदारान् पघर्षयेत्। संविदं कुरूते शण्डर्न श्रृणोति हितं क्वचित्॥ મદિર પાન કરનારો મનુષ્ય જગતમાં અપમાનિત થાય છે, મિત્રોમાં ફૂટ પડાવે છે. સર્વભક્ષી હોય છે અને દરેક સમયે

અશુધ્ધ હોય છ, તે ઉન્મત્ત થઇને વડિલો-ગુરૂજનો સાથે પણ ન કરવા યોગ્ય વાતો કરે છે, પરાયી સ્ત્રીઓ સાથે બળાત્કાર કરે છે, ધૂર્ત અને જુગારીઓ સાથે બેસી મંત્રણા કરે છે અને ક્યારેય પણ કોઇએ કહેલી, હિતકારી વાતને પણ સાંભળ તો નથી (મહા.અનુ.અ.૧૪૫)'' માટે પોતાનું શ્રેય ઇચ્છનારા કોઇએ પણ અપેયપાન તથા અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ ન જ કરવું (શ્લો. ૪૩) હવેની નીતિકાર મદરૂપી દોષ વિશે કહે છે.

શ્લો. ૪૪ :- विद्यामदो धनमदस्तृतीयोऽभिजनो मद: ।

मदा एतेवलिप्तानामेत देव सतां दमा: ॥

શ્લોકાર્થ :- વિદ્યાનો મદ, સમ્પત્તિનો મદ, ઉચ્ચકુળમાં ઉત્પન્ન થવાનો મદ આ ત્રણેય ગર્વિષ્ઠોમાં મદરૂપ છે. પણ એજ સજજનોને ઇન્દ્રિય નિગ્રહરૂપ છે.

ચ.ટી. :- વિદ્યા આદી ત્રણનો મદ જેનામાં આસુરી તત્ત્વ વિશેષ પ્રમાણમાં હોય તેમાં જ હોય છે. આવા મનુષ્યનું હંમેશા પતન જ થાય છે આ બાબત દ્રષ્ટાંતથી અવલોકન કરવા યોગ્ય છે.

(૧) વિદ્યાનો મદ :- ભગવાન બુધ્ધના સમયની વાત હતી. એક બૌધ બ્રહ્માચારી ચતુર તો હતો જ પણ સાથે સાથે જ્ઞાનાર્જનમાં પણ કુશળ અને તત્પર. તે પોતાની પ્રશંસા માટે અનેક કળાઓનો અભ્યાસ કરવા માંગતો હતો અને તેને માટે તે અનેકો દેશમાં ફરતો હતો. એક વ્યકિતને તેણે બાણ બનાવતા જાયો તો તેણે તેની પાસે બાણ બનાવવાની કળા શીખી લીધી. એક દેશમાં જઇ તેણે ગૃહનિર્માણની કળા શીખી લીધી. આજ પ્રમાણે તે સોળ દેશમાં ગયો અને તે અનેકો પ્રકારની કળાઓ શીખી તેમાં વિશારદ થઇ ગયો. અને તે પછી તે પોતાના દેશમાં આવ્યો અને બધાને જ પુછતો કે ''પૃથ્વિ પર અમારા જેવો ચતુર વ્યકિત બીજો કોઇ હોઇ શકે કે?'' તેનો આ પ્રમાણેનો અહંકારી સ્વભાવ જોઇને

તે નગરમાં વિચરણ કરતા ભગવાન બુધ્ધને તેના પર દયા આવી. તેઓએ આ અહંકારીને એક ઉચ્ચતર કળા શિખવવાનો નિર્ણય કર્યો ભગવાન બુધ્ધિ એક વૃધ્ધ શ્રમણનો વેષ લીધો અને હાથમાં ભીક્ષા પાત્ર લઇને તેઓ આ ભીક્ષુક બ્રહ્મચારીની પાસે આવ્યા. ત્યારે આ ભીક્ષુકે અહંકાર વશ તેઓને પુછયુ કે ''તમો કોણ છો.?'' ત્યારે ભગવાન બુધ્ધ બોલ્યા 'અમો આત્મ વિજયક પથિત છીએ.' બુધ્ધનો ઉત્તર સાંભળી ભોક્ષુક બોલ્યો ''તમારા કથનનો શુ અર્થ છે?'' ત્યારે બુધ્ધ બોલ્યા ''બાણ બનાવનાર-બાણ બનાવી લે છે, જહાજ ચલાવનારો જહાજ પર પણ અંકુશ કરી શકે છે. ગૃહનિર્માણ કરનારો ઘર પણ બનાવી લે છે. પરંતુ આ તો મહાવિદ્યાનોનું જ કાર્ય છે, જે પોતાના શરીર તથા મન પર નિયંત્રણ કરી શકે. તે જ આત્મ વિજય કરી શકે.'' ત્યારે પેલા ભીક્ષુકે પુછયુ કે ''તે કેવી રીતે કરાય.?'' ત્યારે ભગવાન બુધ્ધ બોલ્યા કે ''સંસાર જેની પ્રશંસાના ગીત ગાવા છતા જેનું મન સ્થિર રહે અને નિંદા કરે તો પણ સ્થિર રહે, આવો સાધક વિજય કરી નિર્વાણ પ્રાપ્ત કરી શકે છે પણ પ્રશંસાનો ઇચ્છુક નહિ.'' ભીક્ષુક બુધ્ધ ભગવાનની વાત સાંભળી લજ્જા પામી ગયો તેને પોતાની ભૂલ સમજાય અને તેને વિદ્યાનો અહંકાર નિવૃત્ત થયો. (ધમ્મપાદ) માટે વિદ્યાનો અહંકાર કયારેય ન કરવો.

(૨) ધનમદ :- કોઇ ધનવાન પુરૂષ પોતાના મિત્ર સાથે કોઇક સ્થાન પર જઇ રહ્યો હતો. માર્ગમાં એક વિપત્તિમાં પડેલા કોઇ દરીદ્રને જોઇ તે મિત્રનો હાથ દબાવી વ્યંગપૂર્વક હસી પડયો. આ બંને મિત્રોની સમિપમા જ એક વિદ્વાન પુરૂષ પણ ચાલતો હતો. તેઓને આ ધની પુરૂષનો આ પ્રમાણેનો વ્યવહાર અનુચિત લાગ્યો એટલે તે તેના પ્રત્યે બોલ્યો - '' आयद् गतं हससि किं द्रविणान्धमूढ, लक्ष्मीः स्थिरा न भवतीह किमत्र चित्रम्। कि त्वं न पश्यति घटाज्जलयन्त्रचक्रे रिक्ता भवन्ति

भरिता भरिताश्च रिक्ताः॥ અરે ધનના અહંકારથી અંધ બનેલા મૂર્ખ! આપત્તીમાં પડેલા માનવને જોઇ હાસ્ય કરે છે. પરંતુ લક્ષ્મી ક્યારેય પણ એક સ્થાન પર સ્થિર રહેતી નથી, તેમાં કોઇના દરિદ્ર હોવામાં વિચિત્ર વાત શુ છે. શું તુ રહેંટની સામુ નથી જોતો કે તેમાં લાગેલી ડાલીઓ ખાલી થાય છે. અને પાછી ખાલી થયેલી ભરાય છે.'' તેઓની વાત સાંભળી પેલો ધનવાન ખૂબ લજ્જા પામી ગયો. તેને પોતાની ભૂલ સમજાય. માટે અન્યની દરિદ્રતા જોઇ ક્યારે પણ માનવે ધનના મદમા તેનો ઉપહારા ન કરવો. (સત્ કથા અંક/વાર્તા-૬૮૫)

(૩) ઉચ્ચકુળમાં ઉત્પન્ન થવાનો મદ :- એક રાજાની પુત્રી હતી જેનું નામ ''મન્દાકિની'' હતુ. તે રાજાની એક માત્ર સંતાન હતી એટલે અત્યંત લાડપૂર્વક ઉછરેલી હતી. તે રૂપવતી તો હતી જ પણ સાથે-સાથે તેનામાં સદાચાર પ્રતિભા આદિ સદ્ગુણો પણ હતા. પરંતુ આ બધા સદ્ગુણો, પિતાનો સ્નેહ તથા કુળની શ્રેષ્ઠતાને લઇને તેને અહંકારી બનાવી દીધી હતી. તેનો અહંકાર એટલો વધી ગયો કે તે પોતાની સામે અન્યને તો સાવ તુચ્છ સમજતી હતી. અનેક રાજકુમારોએ તેની સન્મુખ લગનનો પ્રસ્તાવ મૂક્યો, પણ તે કોઇને પોતાને યોગ્ય સમજતી જ ન હતી. પ્રત્યેક વાતની એક અવધિ હોય છે. કન્યાની અવસ્થા દિન પ્રતિદિન વધતી જતો હતી. રાજાને લોક નીંદાનો ભય હતો. લોકો વાતો પણ કરવા લાગ્યા હતા. પરંતુ આ મન્દાકિની તો પોતાના મદમાં જ મદમસ્ત હતી. તે કોઇને વરણ કરવા તૈયાર જ ન હતી. અન્તમાં રાજાએ પોતાના પાડોશી રાજા ''રંગમોહન'' સાથે કંઇક મંત્રણા કરી અને ઘોષણા કરાવી કે ''મારી પુત્રીના હવે પછીના જન્મ દિવસે પ્રાતઃકાળે જે મનુષ્ય નગરદ્વારમાં પ્રથમ પ્રવેશ કરશે. તેની સાથે અમારી રાજકુમારીના લગ્ન કરાવવામાં આવશે તે પછી ભલે તે કોઇપણ જાતિનો હોય.''

તદન્તર રાજકુમારીનો જન્મ દિવસ આવ્યો. પ્રાતઃકાળે નગરદ્વારમાં પ્રથમ પ્રવેશેલા પુરૂષને રાજ સેવકો પકડી રાજા પાસે લાવ્યા. તે પુરૂષ ભક્ષિુક હતો. જેણે ફાટેલા અને મલિન વસ્ત્ર ધારણ કરેલા હતા. પરંતુ તે યુવા હોય રૂપવાન પણ હતો. તેના મુખ પર હંમેશા પ્રસન્નતા રહેતી હતી મહારાજે રાજપુરોહિતને બોલાવ્યા અને કોઇપણ જાતની ધામધુમતા વગર તેના લગ્ન રાજકુમારી સાથે કરી દીધા. રાજકુમારી આનાકાની કરતી રહી પરંતુ રાજા આજે નિષ્ઠુર થઇ ગયો હતો. તેઓએ તેના પર કાંઇ ધ્યાન ન આપ્યુ. ભીક્ષુકને ફકત પાંચ સુવર્ણ મુદ્રા આપીને કહ્યું ''તમો તમારી ભાર્યાને લઇને જઇ શકો છે. અને હવે પછી અજાણતા વશ પણ તમો આ રાજયમાં આવશો તો તમોને પ્રાણ દંડ આપવામાં આવશે.'' રાજાની વાત સાંભળી ભીક્ષુક રાજકુમારીને લઇ જવા તૈયાર થયો. રાજકુમારી ખૂબ રડતી અને પિતાને વિનંતી કરતી પણ પિતાએ તેની એક વાત ન માની અને ભિક્ષુકને જવા માટે કહ્યુ. રાજકુમારીએ પગપાળા જ રાજયની બહાર જવું પડયું. ભીક્ષુક ખૂબ પ્રસન્ન હતો અને તે મધુર ભાષામાં બોલી રાજકુમારીને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરતો હતો. થોડો દૂર ગયા બાદ વનમાં નદી કિનારે એક ઘાસની બનાવેલી પર્ણકૂટી પાસે આવ્યા. ત્યારે ભીક્ષુક બોલ્યો ''પ્રિયે! આજથી આજ તારૂ ઘર છે. વનમાંથી કંદમૂળ લાવી તેનો જ ભોગ લગાવવાનો છે. તથા વનમાંથી તારે લાકડા લાવી તેને તારે સમિપના શહેરમાં વેચવા જવાના છે. અમારાથી પણ તારી જેટલી સહાય થશે એટલી કરશુ.'' રાજકુમારી માટે આવું જીવન વ્યતિત કરવું કેટલું કષ્ટપદ હશે એનું અનુમાન કરી શકાય પણ વિવસતા બધુ કરાવી શકે છે. તેને ફકત એક જ વાતનું સુખ હતુ તે એકે ભીક્ષુક તેની સાથે ખૂબ પ્રેમ પૂર્વક વ્યવહાર કરતો હતો. થોડા દિવસ બાદ ભીક્ષુકે તે પર્ણકૂટીનો ત્યાગ કર્યો ને રાજકુમારી મન્દાકિનીને સાથે લઇ તે

એક ગામમાં આવ્યો. અને ત્યાં તેઓ બંને એક ખંડેર જેવા ઘરમાં રહેવા લાગ્યા. ભીક્ષુક ભીક્ષામા કોઇક પાસેથી કેટલુક દ્રવ્ય લઇ આવ્યો અને તેનાથી તેણે માટીના વાસણો વેચાતાલીધા અને તેને ઘરે લાવી તે પત્નિ પાસે બોલ્યો ''પ્રિયે! આ માટીના વાસણો વેચી આવો.'' જે એક સમયે રાજકુમારી હતી તેને માટે માથા પર વાસણ ઉઠાવી લઇ જવાનું કેટલું કષ્ટ પદ થાય પણ જવું પડયું રાજકુમારીએ પ્રથમનો આનાકાની કરી પરંતુ ભીક્ષુકે તેને સ્પષ્ટ પણે કહી દીધુ કે ''જો અમારી આજ્ઞાનું પાલન ન કરશો તો અમો તમારો ત્યાગ કરી દેશું.'' બિચારો મન્દાકિની વાસણો ઉઠાવી બજારમાં આવી. તેને વાસણ વેચવાનું તો આવડતુ ન હતુ. બજારમાં વાસણો રાખી તે ઉભી રહી. ભૂમિ પર બેસવાનું તેને અયોગ્ય લાગ્યુ. તેવા સમયમાં એક યુવક ઘોડા પર સવાર થઇ તેની પાસે આવ્યો. તેણે મન્દાકિનીને વાસણનું મૂલ્ય પુછયું તેણે કચવાતા મુખે વાસણનું મૂલ્ય બતાવ્યું એટલે ઘોડે સવાર ત્યાંથી જતો રહ્યો પરંતુ જતા જતા તેનો ઘોડો અચાનક ભડકયો. ફલતઃ ઘોડાના પગની ઠોકરથી બધા વાસણો ફૂટી ગયા. ઘોડે સવારે તેના પર કંઇ ધ્યાન ન આપ્યું ને ત્યાંથી જતો રહ્યો. મન્દાકિની રડતી રહી પોતાનો પતિ તેને જોઇ ક્રોધિત થશે એવા ભયથી તે કાંપવા લાગી. ભીક્ષુક તેની પાસે આવ્યો તેને રડવાનું કારણ પુછયુ. મન્દાકિનીએ બધી વાત કરી. ભીક્ષુક કંઇ બોલ્યો નહિ. પરંતુ બીજા દિવસે તે બોલ્યો ''મન્દાકિની! તને કંઇ પણ કામ આવડતુ નથી, માટીના વાસણો ટૂટી ગયા હવે આપણો નિર્વાહ કેવી રીતે થશે.?''

તદન્તર તે કંઇક વિચારી મન્દાકિની પ્રત્યે બોલ્યો ''પ્રિય! એક ઉપાય છે. નગરમાં જઇએ. રાજા રંગ મોહનની પાક શાળામાં તને કોઇક કાર્ય અપાવવાનો પ્રયાસ કરશુ. તને કંઇક કાર્ય મળી જાય એટલે અમો પણ તારા તરફથી નિશ્ચિંત

થઇ જશુ. અમો પણ કંઇક કાર્ય કરી શકશુ. થોડું ધન પ્રાપ્ત થયા બાદ વ્યાપાર કરશુ અને તે પછી તમોને પણ અમો અમારી પાસે બોલાવી લેશું.'' રાજા રંગમોહનનું નામ લેતા જ મન્દાકિનીએ દીર્ઘ શ્વાસ લીધો. આ એ જ રંગમોહન રાજા છે જેણે એક દિવસ તેની સાથે વિવાહનો પ્રસ્તાપ રાખેલો. આજે તે રાજરાણી હતે. પણ હાય રે અહંકાર એ જ ભવનમાં દાસી બનીને જઇ રહો છું. જવા સિવાય કોઇ માર્ગ પણ નથી. તે પછી મન્દાકિની નગરમાં ગઇ અને રાજાની પાક શાળામાં તેને કામ મળી ગયુ. ભીક્ષુક તેને ત્યાં મૂકી અન્ય સ્થળ પર કાર્ય કરવા ગયો. મન્દાકિનીનો ઉચ્ચકુળમાં જન્મ લેવાનો મદ ઉતરી ગયો. તેનો સ્વભાવ પરિવર્તન થઇ ગયો. તે અત્યંત વિન્રમ પરિશ્રમી અને સાવધાન સવિકા બની ગઇ. રસોઇ ઘરની અધ્યક્ષા રમ્ભાકુમારી તેના કાર્યથી અત્યંત સન્તુષ્ટ થઇ. વસંત પંચમી આવી. રાજા રંગમોહનરાયનો જન્મ દિવસ હતો. બધા સેવકોને તેઓ આ દિવસે પોતાના હાથે પારિતોષિત પ્રદાન કરતા હતા. અન્ય સેવિકાની જેમ મન્દાકિનીએ પણ રાજ ભવનમાં જવું પડયું. જયારે બધા સેવક સેવિકાને પુરસ્કાર અપાય ચૂકયા ત્યારે મન્દાકિનીને બોલાવવામાં આવી. તે બે હાથ જોડી નટ મસ્તકે સિંહાસન પાસે આવીને ઉભી. રાજા બોલ્યા ''મન્દાકિની! અમો તમારા પર અત્યંત પ્રસન્ન છીએ માટે તને અમો અમારી ભાર્યા બનાવવા માંગીએ છીએ.'' મન્દાકિની તો વાત સાંભળી ચોકી પડી. તે બોલી ''મહારાજ! તમો આવી અધર્મ પૂર્વક વાત ન કરો અમો પરકીય સ્ત્રી છીએ. અમારા પતિ ભિક્ષુક છે. તેથી શુ થઇગયું. અમારે માટે તો તે સર્વસ્વ છે. તેઓનો ત્યાગ કરી અમો અન્ય પુરૂષની કામના પણ ન કરીએ. તેઓ અમારા સ્વામી છે. તમારી અમારા પર ઘણી કૃપા છે તો એટલો અનુગ્રહ કરો અને અમારા સ્વામીનો શોધ કરાવી તેઓને બોલાવી દો અમો પાક શાળામાં સેવા કરી પ્રસન્ન છીએ.'' રાજા

રંગ મોહન અંદર જતા રહ્યા અને થોડા સમયમાં ભીક્ષુક રાજ મહેલમાંથી બહાર આવ્યો મન્દાકિની દોડીને તેઓના પગમાં પડી ગઇ. ભીક્ષુક હસવા લાગ્યો અને તેણે મન્દાકિનીને કહ્યું ''મન્દાકિની! અમોને ધ્યાનપૂર્વક જો, તને અમારામાં અને રંગ મોહનમાં સાદૃશ્ય દેખાતુ નથી?'' ભેદ પ્રગટ થઇ ગયો. ભીક્ષુકના વેશમાં મન્દાકિનીનું પાણી ગ્રહણ કરનાર અન્ય કોઇ નહીં પણ રાજા રંગ મોહન જ હતા. રાજાએ કહ્યું ''મન્દાકિની! ક્ષમા કરજે તારા ઉચ્ચકુળનું માન ઉતારવાનો આનાથી બીજો કોઇ માર્ગ ન હતો, માટે આ કાર્ય કરવું પડયું.'' (સતકથાઅંક/પૃષ્ઠ-૫૦૧) માટે ઉચ્ચકુળનું માન કયારેય ન રાખવું વાસ્તવમાં ધન, ઐશ્વર્ય અને ઉચ્ચકુળ પ્રાપ્ત થવાથી કોઇ મહાન બનતુ નથી. મનુષ્યને મહાન તેના ગુણો બનાવે છે. ધન આદી મહાન નથી પણ ગુણવાન જ મહાન છે. જે મનુષ્ય ધનાદિથી સમ્પન્ન છે પણ ગુણ શૂન્ય છે તો તે અત્યન્ત તુચ્છ છે. તેનાથી વિપરીત જે વિનય, વિવેક, શીલ, સદાચાર, શોર્ય, સંતોષાદિ ગુણોથી સંપન્ન છે અને ધનાદિ સંપત્તિથી રહિત છે તો તે સત્ય અર્થમાં મહાન છે. મહાનતાનું કારણ ગુણો છે પણ ધનાદિ સંપત્તિ નથી. (શ્લો. ૪૪) હવે નીતિકાર દુષ્ટો પોતાને સજજન કેવી રીતે કહે છે તે કહે છે.

શ્લો. ૪૫ :- असन्तोऽभ्यार्थिताः सद्भिःक्वचित् कार्ये कदाचन।

मन्यते सन्तमात्मानमसन्तमपि विश्रुतम्॥

શ્લોકાર્થ :- કયારેક કોઇ કાર્યમાં સજજનો દ્વારા પ્રાર્થના કરાતા દુર્જનો પોતાને પ્રસિધ્ધ દુષ્ટ સમજતા રહેતા પણ સજજન માનવા લાગે છે.

ચ.ટી. :- સજજનોએ દુર્જનોની કયારેય પણ સહાય ન લેવી. કારણ તેઓ થકી સહાય લેવાથી ત્રણ ગતિ થાય છે. કયાં તો કાર્યની સિધ્ધિ ન થાય અથવા મધ્યમાં જ તેઓ વિધ્ન ઉપસ્થિત કરી દેશે અથવા કાર્ય પૂર્ણ થયા બાદ કાર્યનું

ફળ દુર્જનો સજજનોને આપ્યા વગર જ બળજબરીથી ગ્રહણ કરી લેશે. કારણ કે તેઓનો સ્વભાવ જ હંમેશા નીચતાથી ભરેલો હોય છે. સાથે સાથે તેઓ પોતાને માટે એટલી ઉચ્ચતા ઇચ્છે છે કે જેથી લોક મર્યાદા નષ્ટ થાય. આ સંદર્ભમાં શ્રીમદ્ ભાગવતમાં આવતી સમુદ્ર મંથનની કથા અવલોકનીય છે. વાત એવી હતી કે દુર્વાસા ઋષિએ આપેલી માળાનું અપમાન કરવાથી તેઓના શાપથી દેવરાજ ઇન્દ્રની સમસ્ત સંપત્તિ સમુદ્રનો આશ્રય કરીને રહી. તે સમયે લક્ષ્મીજીની તથા અમૃતની પ્રાપ્તિને અર્થે દેવતાઓએ સમુદ્ર મંથન કરવાનું વિચાર્યુ. પરંતુ સમુદ્રનું મંથન કરવું એ એકાકી દેવોના વસની વાત ન હતી. એટલે તેઓએ આ કાર્યમાં દુર્જન એવા અસુરોની સહાય લીધા. અને અસુરોએ એમાંથી જે પણ કંઇ નીકળે તેમાં બરાબર ભાગ આપવાની શરતે તેઓની સહાય કરવાનું સ્વીકાર્યુ.

તે પછી સમુદ્ર મંથનના પ્રારંભમાં જ દેવોને વસુકીનાગના મુખ પાસે ઉભા રહેલા જોઇ તેમાં તેઓએ વાંધો ઉઠાવ્યો કે ''અમો જ્ઞાન, તપ, બળ ઇત્યાદિથી, દેવો કરતા શ્રેષ્ઠ છીએ, એટલે અમો પુચ્છ પકડીને ન ઉભા રહીએ.'' (કાર્યના આરંભમાં વિઘ્ન) તેઓની વાત સાંભળી દેવો વસુકીના મુખ ભાગને ત્યાગ કરો પુચ્છ પાસે આવી ગયા અને અસુરો મુખ ભાગે આવીને ઉભા રહ્યા. તદન્તર સમુદ્ર મંથનનો પ્રારંભ થયો. અને જયાં એક પછી એક વસ્તુ તેમાંથી પ્રગટ થતી ગઇ. તેમાંથી સર્વ પ્રથમ વિષ શંકરજીએ ગ્રહણ કર્યુ. કામધેનું ગાય ઋષિઓએ ગ્રહણ કરી લક્ષ્મીજી, કૌસ્તુભમણી, સારંગધનુષ, પાંચજન્મશંખ, ભગવાન વિષ્ણુએ ગ્રહણ કર્યા. તથા ઐરાવત હાથી દેવરાજ ઇન્દ્રએ ગ્રહણ કર્યો. એટલે અસુરોએ મધ્યમાં જ મંથન રોકી વાંધો ઉઠાવ્યા કે ''બધી જ વસ્તુ તમોને મળી જતી હોય તો અમારે મંથન કરવું નથી.''(મધ્યમાં વિઘ્ન ઉપસ્થિત કર્યું) તેઓની વાત સાંભળી દેવોએ તેઓને કહ્યું ''હવે જે પણ કાંઇ નીકળે ત તમારૂ થશે''

તદન્તર ઉચ્ચેસ્વા ઘોડો અને વારૂણી દેવી પ્રગટ થયા. તે બંને અસુરોએ ગ્રહણ કર્યા ને અંતે અમૃત કળશ લઇ ધનવંતરી ભગવાન પ્રગટ થયા એટલે અસુરોએ પોતાના સ્વભાવ પ્રમાણે દુર્જનતા બતાવી. શરત મુજ બધી વસ્તુ વહેંચીને લેવાની હતી પણ અસુરો ભગવાન ધનવંતરીના હાથમાંથી અમૃત કળશને લઇ દેવતાઓને ભાગ આપ્યા વગર પલાયન થઇ ગયા. તે પછી દેવતાઓને અમૃતથી વંચિત રહેલા જોઇ ભગવાન શ્રીમન્નારાયણે સ્ત્રીરૂપ લઇ અસુરોને મોહિત કરી અમૃત લઇ દેવોને પાન કરાવી દીધુ. (કાર્ય પૂર્ણ થયા બાદ સંપૂર્ણ યશ પોતાના માથે) આમ દુર્જન મનુષ્યની ક્યારેય પણ સહાયતા લેવી નહિ. આ સંબંધમાં ગોસ્વામીજી કહે છે. ''નવનિ નીચ ક અતિ દુઃખદાઇ, જિમિ અંકુશ ધન ઉર બિલાઇ । ભય દાયક ખલ કૈ પ્રિય બાની, જિમિ અકાલ કે કુસુમ ભવાની ॥ અર્થાત્ નીચ મનુષ્યનું ઝુકવું પણ અત્યંત દુઃખદાયી હોય છે. જેમ અંકુશ, ધનુષ, સપ અને બિલાડીનું ઝુકવું. હે ભવાની ! દુષ્ટની મધુર વાણી પણ એક પ્રકારે ભય આપવાવાળી હોય છે. જેમ ઋતુ વગરના ફળ'' - (રામચરિત્રમાનસ/અરણયકાંડ/૨૪/૭-૮) (શ્લો. ૪૫) હવે નીતિકાર સત્પુરૂષની શ્રેષ્ઠતાની વાત કહે છે.

શ્લો. ૪૬ :- गतिरात्मवतां सन्त: सन्त एव सतां गति: ।

असतां च गति: सन्तो न त्वसन्त: सतां गति: ॥

શ્લોકાર્થ :- આત્મજ્ઞ મનુષ્યોનો સહારો સત્પુરૂષો જ હોય છે. સત્પુરૂષોનો સહારો પણ સત્પુરૂષ જ હોય છે. તથા અસત્પુરૂષોનો પણ સહારો સત્પુરૂષ જ હોય છે. પરંતુ અસત્પુરૂષો સત્પુરૂષોનો સહારો ક્યારેય હોતા નથી.

ચ.ટી. :- સજ્જન પુરૂષો બધાનો જ સહારો હોય છે. પરંતુ સત્પુરૂષો દ્વારા સહાય કરાયેલા કૃતદિન અસત્ પુરૂષો કષ્ટના સમયમાં સતપુરૂષની સહાય કરતા

નથી. અતઃ આ પ્રસ્તુત પ્રસંગના સંબંધથી નીતિકાર ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રને એવું કહે કે પાંડવો સમય આવતા તમારા ઉપકારી થઇ શકશે. પરંતુ તમો તેઓના સહાયક બની શકવાના નથી. અને વાસ્તવમાં થયું પણ એવું જ કે જીવનભર ધૃતરાષ્ટ્રે પોતાના દુષ્ટપુત્રોનો જ પક્ષ રાખી પાંડવો સાથે હંમેશા અન્યાય જ કર્યો. પરંતુ જયારે મહાભારતના યુધ્ધમાં પાંડવોનો વિજય થયો અને દુર્યોધન આદી ધૃતરાષ્ટ્રના પુત્રો યુધ્ધ રૂપી અગ્નિમાં સ્વાહા થઇ ગયા તે પછી જે ધૃતરાષ્ટ્રે જીવન ભર પાંડવો સાથે અન્યાય કરેલો તે જ યુધિષ્ઠિર આદી પાંડવોએ જીવન ભર ધૃતરાષ્ટ્રનું એક રાજાની જેમ પોષણ કરેલું. માટે નીતિકારે અહીં જે કહ્યું છે તે યથાર્થ જ છે. (શ્લો. ૪૬) હવે નીતિકાર શીલની શ્રેષ્ઠતાની વાત કહે છે.

શ્લો. ૪૭ :- जितासभा वस्त्रवता मिष्ठाशा गोमता जिता।

अध्वा जितो यानवता सर्वंशीलवता जितम्॥

શ્લોકાર્થ :- સુંદર વસ્ત્રવાળો બધાને જીતી લે છે. ગાયવાળો મનુષ્ય મધુર સ્વાદની ઇચ્છાને જીતી લે છે. સવારીથી ગમન કરવા વાળો માર્ગને જીતી લે છે. પરંતુ શીલ સમ્પન્ન બધાને જીતી લે છે.

ચ.ટી. :- સભામાં તે શોભે છે જે સુંદર વસ્ત્ર અને વાકય પટુ હોય એટલે તેની જીત સ્વાભાવિક છે. ગૌ સંપન્ન મનુષ્ય ગવ્યપદાર્થો થકી શ્રેષ્ઠ સામગ્રી નિર્માણ કરી તેનું ભક્ષણ કરી સ્વાદની ઇચ્છા જીતે એ સ્વાભાવિક છે. સવારીથી માર્ગ કાપનારા મનુષ્યને કષ્ટ પડતું નથી એટલે એ પગપાળા માર્ગ કાપવાના કષ્ટથી બચી જઇ માર્ગને જીતિ લેએ પણ સ્વાભાવિક છે. પરંતુ ચરિત્રવાન મનુષ્ય પોતાના સ્વભાવથી બધાને જીતી લે છે. આ સંબંધમાં ભર્તુહરિ કહે છે. ''वह्निस्तस्य जलायतेजलानिधिः कुल्यायते तत्क्षणान्, मेरुः स्वल्पशिलायत मुगपतिः संद्यः कुरूङ्गायते। व्यालो माल्य गुणायते विषरसः पीयूष वर्षायते।

यस्याङ्गेऽखिललोकवल्ल भतमं शीलं समुन्मीलति॥ જે પુરૂષના અંગમાં સંપૂર્ણ જગતમાં પ્રિય લાગે તેવું શીલ પ્રકટ થયું છે, તેને માટે અગ્નિ જળરૂપ બની જાય છે. સમદ્ર તેજક્ષણે નાનકડી નદી સમાન બની જાય છે. સિંહ હરણ સમાન બની જાય છે. સાપ ફુલની માળા સમાન બની જાય છે. અને વિષ પણ અમૃત સમાન થઇ જાય છે. (નીતિશતક - ૧૧૦)' ''ऐश्वरस्यविभूषणं सुजनता शैर्यस्य वाक्संयमो ज्ञानस्थोपसमः श्रुतस्यविनटो वित्तस्य पात्रे व्ययः। अक्रोधस्तपसः क्षमा प्रभवितुर्धर्मस्य निर्व्याजुता, सर्वेषामपि सर्वकारणमिदं शीलं परंभूषणम्॥ ઐશ્વર્યનું આભુષણ સજ્જનતા, શૂરતાનું વાણી પર સંયમ, જ્ઞાનનું શાન્તિ, શાસ્ત્રજ્ઞાનનું નમ્રતા, ધમનું સત્પાત્રમાં દાન, તપસ્યાનું ભૂષણ ક્રોધનો અભાવ, સમર્થનું ક્ષમા અને ધર્મનું આભુષણ નિરછલતા છે. પરંતુ શીલ અને સદાચાર તો બધાનું જ કારણ સ્વરૂપ આભૂષણ છે'' (નીતિશતક-શ્લો. ૮૩). ''आचाराल्लभते ह्यायुराचारादीप्सिताः प्रजाः। आचाशद्ध नमक्षय्यमाचारो हन्त्य लक्षणम्॥ સત્ આચારણ અર્થાત્ શીલ દ્વારા જ દીર્ઘ આયુષ્ય, મનોવાંછિત સંતાન તથા અક્ષય ધનની પ્રાપ્તિ થાય છે. અને શીલ દ્વારા જ અકલ્યાણકારી અશુભ લક્ષણોનો નાશ થાય છે.'' (મનુ. સ્મૃતિ. ૪/૧૫૬ આ પ્રમાણે મનુ મહારાજે શીલની મહત્તા કહી) ભગવાન શ્રીમન્નારાયણ પણ કહે છે. - ''विपाणां भषणं विद्या पृथिव्यां भूषणंनृपः। नभसो भूषणं चन्द्रः शीलं सर्वस्य भूषणम्॥ બ્રાહ્મણોનું ભૂષણ વિદ્યા છે, પૃથ્વીનું ભૂષણ રાજા છે, આકાશનું ભૂષણ ચંદ્રામાં છે અને શીલ બધાનું ભૂષણ છે.'' (ગરૂડ/૧૧૩/૧૩) આ સન્દર્ભમાં વાર્તા સાહિત્યમાં આવતુ હર દેવીનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે જેણે પોતાના શીલ સ્વભાવથી બધાને જીતિ લીધા હતા.

વાત એવી હતી કે વિશાલપુરી નામની નગરીમાં એક શેઠ રહેતા હતા. જેનું નામ હતું ''સ્થાનક દેવ'' શેઠ જેવા ધાર્મિક તેવા જ તેમના પત્ની ''ગજદેવી'' પણ અત્યંત સુશીલ, ધર્મ પરાયણ અને ભગવદ્ ભક્ત. જેવા માતા પિતા તેવી જ તેઓની પુત્રી ''હરદેવો'' માતા પિતાની શ્રધ્ધા ભકિતનો તેના પર પુરે પુરો પ્રભાવ પડેલો હતો. સ્થાનક દેવના ઘરમાં દિવસ ભર ભગવન્નામની પુણ્યેતા ગંગા કલકલ નિનાદ કરતી પ્રવાહિત થતી રહેતી હતી. ઉચિત શીક્ષા-દીક્ષા બાદ હરદેવી વિવાહ યોગ્ય થયા એટલે તેઓના વિવાહ સમ્પકપુરના શેઠ ગુણદેવના પુત્ર ''હર્ષદેવ'' ની સાથે સમ્પન્ન થયા. વિદાઇનો દિવસ હતો. અચાનક ગજદેવી ભયંકર જવરથી ગ્રસ્ત થયા અને તે વધતો ગયો. ગજદેવીએ કાંઇપણ ઔષધીગ્રહણ ન કરી. તેઓ સાહસ કરી શયામાંથી ઉભા થઇ પોતાના પૂજા ભવનમાં આવ્યા અને ભગવાનને પ્રાર્થના કરતા બોલ્યા ''પ્રભુ! લાગે છે આપ અમોને આપના ચરણમાં બોલાવવા માંગો છો, અમારૂ ઘણું સૌભગ્ય છે દેવ! અમારી પુત્રીનું ધ્યાન રાખજો, પભુ! આપ એને પોતાના ચરણથી પૃથક્ન કરતા નાથ! અમો તો તુચ્છ પ્રાણી છીએ. પણ આપના છીએ વધારે બીજુ શુ કહું પ્રિયતમ્!'' ગજદેવીના નેત્રમાંથી અશ્રુ વહેવા લાગ્યા ભકિત મતિ ગજદેવીની પ્રાર્થના સાંભળી અન્તર્યામી પરમાત્મા અત્યંત પ્રસન્ન થયા અને તેનું સામું જ પ્રગટ થયા અને તેઓ પ્રત્યે બોલ્યા. ''દેવી! તુ મારી ભકત છે. તુ મારા ધામમાં જઇ રહી છે. સતી નારીની પુત્રી તો આમ પણ મારી ભકત જ હોય છે. પરંતુ જયારે તે વર માંગી જ લીધો છે ત્યારે તો તે અવશ્ય મારા શરણમાં જ રહેશે. તારા પ્રતાપથી તારા પતિ પણ મારા પરમ ધામમાં જશે.''

ગજદેવીના પતિ સથાનકદેવ વિવાહ કાર્યમાં વ્યસ્ત હતા. પત્નીની બિમારીની વાત સાંભળી તેઓ ત્યાં દોડી આવ્યા. વૈદ્ય બોલાવવાની વાત સાંભળી

ગજદેવી બોલ્યા ''સ્વામી! હવે વૈદ્ય બોલાવવાની આવશ્યકતા નથી, મારા પ્રભુ મને બોલાવે છે.'' ગજદેવીની વાત સાંભળી સ્થાનકદેવ બોલ્યા ''પ્રિયે! તુ ધન્ય છે, જે તારૂ જીવન ભગવાનના ચરણમાં સમર્પિત થઇ ગયું, અને અમો પણ ધન્ય ભાગી છીએ જે તારી સાથે પવિત્ર થઇ ગયા.'' ત્યારે ગજદેવી બોલ્યા ''સ્વામી! આપ મારી પુત્રીને પ્રસન્નતાથી વિદાય કરો.'' તે પછી સ્થાનકદેવ ત્યાંથી જતા રહ્યા અને હરદેવી માતા પાસે આવ્યા અને માતાના તપ્ત મસ્તક પર હાથ ફેરવતાં બોલ્યા માતા! આશુ?'' ત્યારે ગજદેવી બોલ્યા ''બેટી! ચિંતા ન કર, પ્રભુ અમોને એમની પાસે બોલાવે છે. અમો તેની પાસે જઇ રહ્યા છીએ. તેઓની અમારા પર ઘણી કૃપા છે. ભગવાન શ્રીકૃષ્ણ તારી બધી જ વ્યવસ્થા કરતા રહેશે. તુ સહેજ પણ ભય પામતી નહિ, તારા પતિની સેવા ખૂબ પ્રેમથી કરજે.''

માતાની વાત સાંભળી હરદેવી પ્રસન્ન થઇ તેને પોતાની માતાના વચન પર દૃઢ વિશ્વાસ થઇ ગયો. તેના અશ્રુ સૂકાઇ ગયા તેના મુખ પર પ્રસન્નતા છવાઇ ગઇ તેઓ પોતાની માતા પ્રત્યે બોલ્યા ''માતે! આપ પ્રેમથી ભગવાનની પાસે જાવ, અમો ભગવાનની ઇચ્છામાં બાધ ન પહોચાડશુ. અમો અમારા સ્વામીની સાથે તારા ઠાકોરજીની સેવા ખૂબ પ્રેમથી કરશું.'' તે પછી હરદેવીએ પિતાજીને બોલાવ્યા અને તેઓના ચરણમાં મસ્તક મૂકી પ્રસન્ન મનથી સાસરાના ઘર તરફ ચાલી નીકળી. આ તરફ સસરા જઇ હરદેવીએ પોતાની માતાએ આપેલી ભગવાનની પ્રતિમાને એક ઉચિત સ્થાન પર પધરાવી અને નિયમપૂર્વક તેઓની પ્રેમપૂર્વક સેવા કરવા લાગી. હરદેવીના સસરા ખૂબ જ સજ્જન, સરળ અને ધાર્મિક હતા. તેઓના સ્વામી પણ ઘણા સજ્જન અને ધાર્મિક પરંતુ હરદેવીના સાસુ ''સુમલા'' નો સ્વભાવ ઘણો કઠોર. તે હરદેવી પાસે ઘણું કામ કરાવે. અકારણ જ ઉલટી -સીધી સંભળાવતી રહેતી અને કયારેય તો તે હાથથી પણ

કામ લેતી. તેઓની આ ક્રિયાથી તેના પતિ ગુણદેવ તેના પર અત્યંત અપ્રસન્ન રહેતા. પતિ અને સ્વસુરના સ્નેહને કારણે હરદેવી કોઇ કષ્ટ-દુઃખ મનમાં અનુભવતી નહિ. બીજુ સૌથી મોટુ પીછબળ ભગવાન શ્રીકૃષ્ણનું હતું.

આ તરફ થોડા દિવસ પછી હરદેવીના અત્યંત હિતેચ્છુ અવા તેના સ્વશુર પરલોક વાસી થઇ ગયા. એટલે સુમલાને કોઇનો ભય ન હતો. પુત્ર તેની માતાને કંઇ કહી શકતો ન હતો. એટલે તે હરદેવી સાથે ખોલીને દુર્વ્યવહાર કરવા લાગી બુહારી વળાવવી, રસોડુ કરાવવું, વાંસણ મંજાવા, ઇત્યાદિ બધા કામ ત હરદેવી પાસે જ કરાવતી. હરદેવી સંપન્ન ઘરમાં જન્મલી હોવાને કારણે તેને આ કામ કરવામાં કષ્ટ તો અવશ્ય પડતું હતુ પણ તેની માનસિક શાંતિમાં સહેજ પણ ખલેલ પડતો ન હતો. પત્ની પર માતાનો અત્યાચાર થતો જોઇને એક દિવસ સહન ન થવાને કારણે હર્ષદેવે હરદેવીને કહ્યું 'પ્રિય! તમોને અમારી માતા ઘણું કષ્ટ આપે છે. પરંતુ તમો તેનો કંઇ પ્રતિકાર કરતા નથી આ અમોને યોગ્ય લાગતુ નથી માટે એક કામ કરીએ આપણે માતાથી અલગ થઇ જઇએ તમારા જેવી સુશીલ પત્નીનું કષ્ટ અમારાથી જોવાતુ નથી.''

હર્ષદેવની વાત સાંભળી હરદેવ બોલી ''સ્વામી! તમો આ શુ બોલી રહ્યા છો, તમારી માતાએ તમારૂ લાલન-પાલન કરી તમોને મોટા કરેલા છે તેઓથી અલગ થવાનો વિચાર તમોને આવ્યો કેવી રીતે? તેઓ વૃધ્ધ છે, અલગ થતા તેઓને કેટલું કષ્ટ પડશે. અમો સત્ય કહીએ છીએ માતાના વ્યવહારથી અમો પ્રસન્ન છીએ. દુઃખ તો અમારા મનમાં ક્યારેય થતુ જ નથી. તમો વિશ્વાસ કરો ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવાથી અમો ઘણા સુખી છીએ. તમારો પૂર્ણ પ્રેમ અમોને પ્રાપ્ત જ છે. પછી મારા આનંદમાં કમી કેવી રીતે આવે.?''

પત્ની ની વાત સાંભળીને હર્ષદેવ ગદ-ગદ થઇ ગયા તેઓએ કહ્યું ''તમો માનવ નથી પણ દેવી છો'' એક દિવસની વાત હતી હરદેવી વાસણ સાફ કરતા મોડું થયું. તે જ સમયમાં સુમલા ત્યાં આવી અને હર્ષદેવીને અપશબ્દ બોલવા લાગી. તે સમયમાં હર્ષદેવ આવી ચઢયા. તેઓએ માતાને સમજાવવાની ચેષ્ટા કરી. પરંતુ પુત્ર દ્વારા વચ્ચે પડતા તે વધારે રાતીપીડી થઇ ગઇ અને હર્ષદેવને પણ તે અપશબ્દ બોલવા લાગી. પરંતુ પતી પત્ની બંને મૌન રહ્યા. જે પ્રમાણે પ્રજવલિત અગ્નિ તૃણાદિકને પ્રાપ્ત કરીને પોતાની મેળે જ શાંત થઇ જાય છે. તે જ પ્રમાણે સમુલા જે મનમા આવ તે બોલીને ચૂપ થઇ ગઇ. તે દિવસે દુઃખી થઇ હરબાઇએ ભગવાનને પ્રાર્થના કરી ''પ્રભુ! અમારા દ્વારા આપની પાસે કોઇ યાચના કરાય નથી. પરંતુ અમો આજે આપને પ્રાર્થના કરીએ છીએ કે અમારી સાસુનો સ્વભાવ સાત્વિક બનાવી દો. અમારા તો સર્વસ્વ આપ જ છો. દવ! અમારા તો એક માત્ર આશ્રય આપ જ છો. જીવનધન! આ અજ્ઞાનિ નારી તમારી પાસે બીજી કોઇ યાચના કરતી નથી, આપની જ કૃપાની ભીક્ષા માંગે છે, હે રાધાપતિ.''

પ્રાર્થના કરતા કરતા હરદેવી રડવા લાગી. તેનો શ્વાસ બંધ થઇ ગયો. તેટલામા તે શુ જુવે છે કે ભગવાનના વિગ્રહની સામે પ્રતિમાના સ્થાન પર સાક્ષાત્ દિવ્યરૂપે ભગવાન શ્રીકૃષ્ણ ઉભા છે હરદેવી ભગવાનના ચરણમાં પડી ગયા. ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા ''બેટી! અમો તમારા પર ઘણા પ્રસન્ન છીએ તારી શ્રધ્ધા, ભકિત, પ્રેમ અને અકૃત્રિમ સરળતાથી ઘણા સંતુષ્ટ છીએ. તારી સાસુના સ્વભાવમાં પરિવર્તન થવો એ તો તારા દ્વારા આઘરમાં આવ્યા બાદ જ નિશ્ચિત થઇ ગયુ હતુ. હવે તો તે અસાધારણ ભકત બની ગઇ છે. તુ તારા પતિ અને તારી સાસુ મારી અસાધરણ ભકિત પ્રાપ્ત કરીને થોડા સમયમાં મારા ધામમા

આવશે? તારા સસરા તો તારા ભજનના પ્રતાપથી મારા ધામમાં પહેલેથી જ આવી ચૂક્યા છે.''

આ પ્રમાણે કહી ભગવાન અંતર્ધાન થઇ ગયા. હરદેવી તો ભગવાનની વાણી સાંભળી સ્તબ્ધ થઇ ગઇ. તેણે જોયું તેની સામે તેની સાસુ પોતાના દુર્વ્યવહારથી ઘણી લજ્જા પામી તેની પાસે ક્ષમા માંગી રહી છે. હરદેવી સાસુના ચરણ પકડી રડવા લાગી. સમ્લાએ રડતા-રડતા તેને ગળે લગાવી દીધી. હરદેવ તો તે દિવસે માતાના સ્વભાવમાં એકાએક પરિવતન જોઇ આશ્ચર્ય પામ્યા. હવે તો ત્રણેયની જીવન ધારા એક જ દિશા તરફ પ્રવાહિત થવા લાગી. એક સાધન, એક લક્ષ્ય અને એક જ માર્ગ. આ પ્રમાણે ત્રણેય પરસ્પર પ્રેમ પૂર્વક રહીને ભગવદ્ ભકિત કરતા કરતા અન્તમાં ભગવાનના પરમ ધામમાં ગયા (નારી અંક/પૃષ્ટ-૬૩૫ થી ૬૩૭)

આ ચરિત્ર પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે શીલવાન માનવ પોતાના સ્વભાવથી બધાને જીતી લે છે. જેમ હરબાઇએ પોતાના સ્વભાવથી અજિત એવા પરમાત્માને પણ જીતી લીધા તથા પોતાની સાસુ જેનો સ્વભાવ અત્યંત દુષ્ટ હતો છતા પણ પોતાના વિવેક દ્વારા તેને પણ જીતી લીધી માટે નીતિકાર જે કહે છે તે યથાર્થ જ છે. (શ્લો. ૪૭) પુનઃ નીતિકાર શીલની જ શ્રેષ્ઠતાની વાત કરે છે.

શ્લો. ૪૮ :- शीलं प्रधानं पुरुषे तद् यस्येह प्रणश्यति।

न तस्य जीवितेनार्थो न धनेन न बन्धुभिः ॥

શ્લોકાર્થ :- મનુષ્યમાં શીલ જ પ્રધાન છે. એ જ કારણે આ લોકમાં તે શીલ જે મનુષ્ય માનષ્ટ થઇ જાય છે. તેનું ન તો જીવવાથી કોઇ પ્રયોજન છે. ન ધનથી અન ન તો બન્ધુઓથી અર્થાત્ તેનું જીવન વ્યર્થ છે.

<u>ચ.ટી. :-</u> ''स्वभावो मूर्ध्नि तिष्ठति'' અર્થાત્ સ્વભાવ બધાથી ઉપર રહે છે. તેની સામે અન્ય સાધન વ્યર્થ છે. માટે શીલવાળનો સ્વભાવ બધાથી શ્રેષ્ઠ મનાય છે અને શીલ વિહિન મનુષ્ય અતિ નિષ્કૃત. મહર્ષિ પરાશર કહે છે. ''सदाचार वता पुंसा जितौलोकावुभावपि। સદાચારી મનુષ્ય આ લોક પરલોક બંનેને જીતી લે છે.'' (વિ.પુ. ૩/૧૧/૨) દેવર્ષિનારદ કહે છે. ''आचार प्रभवो धर्मः धर्मस्य प्रभुरच्युतः। आश्रमाचारयुक्तेन पूजितः सर्वदा हरिः॥ આચારથી ધર્મ પ્રગટ થાય છે અમે ધર્મના સ્વામી ભગવાન વિષ્ણુ છે તેથી જ આશ્રમના આચારમાં સંલગ્ન છે. તેના દ્વારા ભગવાન શ્રીહરિ હંમેશા પૂજાય છે.'' (નારદ/પૂર્વ/૪/૨૨) ભગવાન વેદ વ્યાસજી કહે છે. ''आचाराल्लभते चायुराचारल्लभते प्रजाः। आचारादन्नम क्षप्यमाचारो हन्ति पातकम्॥ आचारः परमो धर्मो नृणां कल्याण कारकः। इहलोके सुखी भूत्वा परत्र लभते सुखम्॥ આચારથી જ આયુષ્ય, સંતાન તથા અઢળક અન્નની પ્રાપ્તિ થાય છે. આચાર સંપૂર્ણ પાપોને દૂર કરે છે. મનુષ્યને માટે આચારને કલ્યાણકારક પરમ ધર્મ માનવામાં આવ્યો છે. આચારવાન મનુષ્ય આ લોકમાં સુખ ભોગવીને પરલોકમાં પણ સુખી થાય છે.'' (દેવિ. ભાગ ૧૧/૧/૧૦-૧૧) ભગવાન શ્રીમન્નારાયણ કહે છે. ''आचारवान् सदा पूतः सदैवाचारवान् सुखी। आचारवान् सदा धन्यः सत्यं सत्यं च नारद॥ હે નારદ! આચારવાન મનુષ્ય સદા પવિત્ર સદા સુખી અને સદાય ધન્ય છે. આસત્ય છે સત્ય છે.'' (દેવી.ભાગ. ૧૧/૨૪/૯૮) અન્ય સ્થાન પર પણ કહ્યુ છે. ''सर्वस्य हि परीक्ष्यन्ते स्वभावा नेतरे गुणाः। अतीत्य हि गुणान् सर्वान् स्वभावो मूर्ध्नि वर्तते॥ મનુષ્યના અનન્ત સામાન્ય ગુણની અપેક્ષાએ તેમના સ્વભાવની જ વિશેષરૂપ પરીક્ષા કરાય છે. કારણ સ્વભાવ બધા ગુણોમાં શ્રેષ્ઠ છે. તાત્પર્થ સદ્ગુણો ન હોવા છતા શોભન સ્વભાવનો વ્યકિત જ સર્વત્ર લોકપ્રિય

થાય છે. તેનાથી વિપરીત સદ્‌ગુણોના રહેતા પણ ઉગ્રઅશોભન સ્વભાવનો વ્યકિત લોકપ્રિય નથી થતો. ''शीलं रक्षतु मेधावी प्राप्तुमिच्छु सखत्रयम्। प्रशंसा वित्तलाभं च प्रेत्य स्वर्गे चमोदनम्॥ પ્રશંસા, સમ્પત્તિ લાભ તથા મૃત્યુ પશ્ચાત સ્વર્ગીય આનંદની પ્રાપ્તિ આ ત્રણેયને ઇચ્છનાર બુદ્ધિમાન મનુષ્યે જીવનમાં સર્વદા પોતાના શીલ સુસ્વભાવ અને સદ્ વ્યવહારને સ્થિર રાખવો જોઇએ.'' માટે શીલ વીનાન જીવન વ્યર્થ છે. આ સન્દર્ભમાં પદમપુરાણમાં એક કથા આવે છે. તે અવલોકન કરવા યોગ્ય છે.

પૂર્વે ગંગા કિનારે એક બ્રાહ્મણ પરમહંસ સન્યાસ આશ્રમ ગ્રહણ કરી નિવાસ કરતા હતા. તેઓ હજારો મનુષ્યને સદ્ ઉપદેશ આપતા હતા. આસંન્યાસિ બધાને શાંતિ આપનાર, અને જીતેન્દ્રિય હતા. અને તેઓ એકાકી જ પોતે એક મંદિરમાં રહેતા હતા. એક સમયની વાત હતી એક યુવાન સ્ત્રી શરીરને વસ્ત્રા ભૂષણોથી અલંકૃત કરી પોતાના પતિના ઘરેથી નીકળી અન્યના ઘરે ઉત્સવ પ્રસંગે જતી હતી. તેવા સમયમાં અકસ્માત પેલા પરમહંસ તેની સામે આવ્યા અને આ સ્ત્રીને જોઇને તેઓ અકસ્માત કામદેવને આધિન થઇ ગયા અને તેઓએ સ્ત્રીને પોતાના આવાશમાં બોલાવી. સ્ત્રી આ પરમહંસને જાણતી હતી એટલે સરળ હૃદયા તે તેમના આવાશમાં ગઇ. અને ત્યાં આવી આ પરમહંસે પેલી સ્ત્રી પાસે અઘટિટ માંગણી કરી. એટલે તે સ્ત્રી આ પરમહંસને એક બાજુ કરી. તેના આવાસમાંથી બહાર નીકળી ગઇ અને તેના આવાસને બહારથી બંધ કરી દીધુ. પેલો પરમહંસ તે પાતળી કેડવાળી સ્ત્રીનું જ ચિંતન કરતો થકો તેના પ્રત્યે બોલ્યો ''પ્રિયે ! તુ દ્વારને ઉઘાડ, હુ તને આશીર્વાદ આપુ છુ તારો પતિ તને વશ થઇ જશે અને તે તેને પ્રિય થઇ જશે.''

તેની વાત સાંભળી પેલી સ્ત્રી બોલી ''હે તાત ! તમારી આ વાત અયોગ્ય છે. હે પ્રભો! તમો આમ કહેવાને યોગ્ય નથી, તે પછી પરમહંસ સ્ત્રી પ્રત્યે બોલ્યા ''હે વરાનને ! અમારી પાસે પુષ્કળ ધન છે. એ અમો તને અર્પણ કરશુ. માટે હે કલ્યાણિ! તુ કમાડઉઘાડ'' ત્યારે તે સ્ત્રી બોલી ''અમો આપની પુત્રી તુલ્ય છીએ માટે તમો તમારા આ વિચારનો ત્યાગ કરો.''

આ પ્રમાણેની વાત સાંભળી કામ જેના પર સવાર થયો છે એવો ત વૃધ્ધ પરમહંસ એક સાંકડા છિદ્રના માર્ગે બહાર જવા તૈયાર થયો. પરંતુ તેનું અડધુ માથુ પૈલા સાંકળા છિદ્રમાં ભરાય ગયુ. ઘણો પ્રયત્ન કરવા છતા તો તેમાંથી ન નીકળી શકયું એટલે અંતે તે પરમહંસ મૃત્યુ પામ્યો. પ્રાતઃ કાળ થતા સેવકો, દ્વારપાળ ત્યાં આવ્યા ત્યારે પેલી સ્ત્રીએ વિસ્તારીને બધી વાત તેઓને કરીએ. સાંભળી બધા જ લોકો આશ્ચર્યચકિત થઇ ગયા. (પદમ/સૃષ્ટિ/અ.૫૭) આમ શીલ વગરનો પેલો બ્રાહ્મણજીને જીતેન્દ્રિય હોવા છતાં અકારણ મૃત્યુના મુખમાં જતો રહ્યો. માટે શીલ યુકત મનુષ્ય જ જગતમાં શ્રેષ્ઠ છે. (શ્લો. ૪૮) હવે નીતિકાર ધનવાન આદીમાં કયું અન્ન પ્રધાન હોય છે તે કહે છે અને તેમા પણ દરીદ્ર હંમેશા અમૃતાન્ન જ ભક્ષણ કરે છે તેની વાત કરે છે.

શ્લો. ૪૯ :- आम्यानां मांस परमं मध्यानां गोरसोत्तरम्।

तैलोत्तरं दरिद्राणां भोजनं भरतर्षभ॥

શ્લોકાર્થ :- હે ધૃતરાષ્ટ્ર! ધનવાનોનું ભોજન માંસ પ્રધાન હોય છે. મધ્યમ સ્થિતિવાળાઓમાં દૂધ દહીની પ્રધાનતા હોય છે અને દરિદ્રના ભોજનમાં તેલની પ્રધાનતા હોય છે.

શ્લો. ૫૦ :- सम्पन्नतरमेवान्नं दरिद्राः भुञ्जतेसदा।

क्षुत्स्वाधुतां जनयति सा चाढयेषु सुदुर्लभा॥

શ્લોકાર્થ :- દરિદ્ર પુરૂષ સદા ઉત્તમ અન્નને જ જમે છે. કારણ કે તેની ક્ષુધાને કારણે અન્નમાં સ્વાદુત્વ રહે છે. ધનવાનોમાં આ દુર્લભ છે. કારણ કે તેને ક્ષુધા હોતી નથી. તેઓ પ્રાયઃ મન્દાગ્નિથી પીડિત હોય છે.

શ્લો. ૫૧ :- प्रायेण श्रीमतां लोके भाक्तुं शक्तिर्न विद्यते।

जीर्यन्त्यपि हि काष्ठानि दरिद्राणां महीपते॥

શ્લોકાર્થ :- હે રાજન્! પ્રાયઃ લોકમાં જોવા મળે છે કે ધનવાનોમાં અન્ન ભક્ષણ કરવાની શકિત નથી હોતી અને દરિદ્ર કાષ્ટ ભક્ષણ કરે તો તે પણ પચી જાય છે. અર્થાત્ તેઓ જે પણ ભક્ષણ કરે તેને પચાવી લે છે.

ચ.ટી. :- ઉપરોકત આ ત્રણેય શ્લોકો આ ચાલતા પ્રસંગને અનુરૂપ દેખાતા નથી. કારણ કે આ ત્રણ શ્લોકથી પૂર્વના શ્લોકમાં સત્પુરૂષ માટે શીલ અને મદનો પ્રસંગ છે અને આ ત્રણ શ્લોક પછી પણ પ્રકારન્તરથી શીલ અને મદના વિષયમાં જ કહેવાયું છે. અતઃ મહાભારત જેવા પંચમ વેદના પ્રસિધ્ધ ટીકાકાર નીલકંઠ દીક્ષિતે પણ આ શ્લોકનું સામંજસ્ય સ્થાપિત કરવાનો પ્રયાસ કરેલો છે. અહીં કહેવાનો અભિપ્રાય એવો છે કે - ''ઐશ્ચર્ય પ્રાપ્તિની એપેક્ષાએ શીલની રક્ષા કરતા થકા ધનનો અભાવ રહે તો તે પણ શ્રેષ્ઠ છે. કારણ કે દરિદ્ર મનુષ્યને ભોજનમાં જે સ્વાદ આવે છે તે ધનવાન પુરૂપને દુર્લભ છે.''

આ સન્દર્ભમા મહાભારતમાં આવતુ દ્રોપદીના જીવનનું એક ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે પાંડવો દુર્યોધન સાથે થએલી ધૃતક્રીડામાં પોતાનું સર્વસ્વ હારી ગયા. એટલે ધુતક્રીડામાં થયેલા. કરાર મુજબ તેઓ તેર વર્ષ માટે વનમાં જતાં રહ્યા. અને વનમાં પણ તેઓ એક વનવાસિને યોગ્ય જીવન વ્યતિત કરતા હતા. એક સમયની વાત હતી પાંચેય પાંડવો દ્રોપદીને પર્ણકૂટીમાં એકાકી છોડી એક બ્રાહ્મણની અરણોમંથન લેવા માટે એક

મૃગની પાછળ ગયા આ મૃગ આ બ્રાહ્મણની અરણી પોતાના શીંગળામાં ભેરવી પલાયન થઇ ગયુ હતું. તેવા સમયમાં દુર્યોધનનો બનેવી અને દુસ્સાલાનો પતિ સિંધુરાજ જયદ્રથ પાંડવોની પર્ણકૂટી પાસેથી પસાર થતો હતો. તે સમયે પર્ણકૂટીની બહાર તેણે દ્રોપદીને ઉભેલી જોઇ અને તેના રૂપ પર મોહિત થઇ જય દ્રથ જાત જાતના પ્રલોભન આપી દ્રોપદીને પાંડવોનો ત્યાગ કરી પોતાનો સ્વિકાર કરવા વિનંતી કરવા લાગ્યો. જયદ્રથના મનમાં એવી ભ્રમણા હતી કે રાજય સુખનો ઉપભોગ કરી ચૂકેલી વનના કષ્ટથી દુઃખી થતી દ્રોપદી મારા પ્રલોભનથી પાંડવોનો ત્યાગ કરી મારો સ્વિકાર કરી લેશે. પરંતુ પતિવ્રતા દ્રોપદીએ જયદ્રથના પ્રસ્તાવનો સ્પષ્ટ પણે અસ્વિકાર કરી દીધો. કારણ કે દ્રોપદીને પાંડવો દ્વારા લવાયેલા કંદમૂળ ફળમાં સંતોષ હતો પણ પોતાનું શીલ ભંગ કરી જયદ્રથ જેવા કામાન્ધની સાથ જવાનું મંજુર ન હતું. માટે ઐશ્વર્ય પ્રાપ્તિની અપેક્ષાએ શીલની રક્ષા કરવી જ ઉત્તમ છે. કહ્યું પણ છે. ''शीलं भूषणानाम् भूषण - શીલ ભૂષણોનું પણ ભૂષણ છે.'' (શ્લોક. ૪૯થી ૫૧) હવે નીતિકાર કોને સેનાથી ભય હોય છે. તે કહે છે.

<u>શ્લો. ૫૨ :-</u> अवृत्तिर्भयमन्त्यानां मध्यानां मरणाद् भयम्।

उत्तमानां तु मर्त्यानामवमामात् परं भयम्॥

<u>શ્લોકાર્થ :-</u> સાધારણ લોકોને જીવિકા નિવાહના સાધનનો ભય રહે છે. મધ્યમ લોકોને મૃત્યુનો ભય હોય છે. પરંતુ ઉત્તમ લોકોને અપમાનથી જ ભય થાય છે.

<u>ચ.ટી. :-</u> ''मानो हि महतां धनम्'' અર્થાત્ મહાજનોને માટે માન જ સૌથી મોટું ધન છે તેઓ માટે અપમાનએ વજપાત તુલ્ય દુઃખદાયક હોય છે એટલે માટે યાજ્ઞવલ્કય કહે છે. ''विद्याकर्मवयो बन्धुवित्तैर्मान्या यथाक्रमम्। एतैः प्रभूतैः शुद्रोऽपि वाधके मानमर्हति॥ કોઇ સારો વિદ્રાન, ઘણો પુરુષાર્થી, વયોવૃધ્ધ, મોટા કુટુંબવાળો

અને ધનિક આ પાંચને અનુક્રમે સમ્માનિત કરવા. ભલ માનવ જાતિથી શુદ્ર હોય પણ જાતિ, કુળ અને આચારથી સંપન્ન હોય તો તેને માન આપવું પણ તેનું અપમાન ન કરવું.'' (યાજ્ઞ.સ્મૃ.૧/૧૧૬) વ્યાસજી કહે છે. ''न जातु त्वमितिब्रूयादापन्नोऽपि महत्तरम्। त्वङ्कार नामधेयं च ज्येष्ठानां परिवर्जयेत्॥ ગમે તેવો આપત્કાળ આવે છતાં બહુ મોટા સત્પુરૂષ હોય તેને તુકારો કરીને ન બોલાવવો. તેવા મોટાને તુકારે બોલાવવા કે તેમનો વધ કરવો બેમાં કોઇ ભેદ નથી.'' શુકદેવજી મહારાજ કહે છે. ''आयु: श्रियं यशो धर्मँ लोकाना शिष एव च। हन्ति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रम:॥ જે લોકો મહાન સંતપુરૂષોનો અનાદર કરે છે તેના તે કુકર્મ તેની આયુષ, લક્ષ્મી-કીર્તિ, ધર્મ, લોક-પરલોક, વિષય ભોગ અને બધા જ કલ્યાણનાં સાધનો નષ્ટ કરી દે છે.'' (ભાગ. ૧૦/૪/૪૬) દેવગુરુ બૃહસ્પતિ પણ કહે છે. ''तपस्विनं भुजङ्गं च शास्त्रपाणिं पतिव्रताम्। व्राचोकोपयत: पुंसा मरण सद्य एव हि॥ તપસ્વી, સર્પ, શસ્ત્રધારી અને પતિવ્રતા સ્ત્રી આટલાને બોલાવવામાં પણ ખીજવે છે તેનું તત્કાળ મૃત્યુ થાય છે.'' ભગવાન સ્વામિનારાયણ પણ કહે છે. ''अपमानो न कर्तव्यो गुरूणां च वरीयसाम्। लोके प्रतिष्ठतानां च विदुषां शस्त्रधारिणाम्॥ અને ગુરૂનું અપમાન ન કરવું તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું. (શિક્ષાપત્રી/શ્લો. ૩૫)

આ સન્દર્ભમાં મહાભારતના ઉત્તરખંડ ખીલવંશ (હરિવંશ મહાપુરાણ) માં એક કથા આવે છે જે કથાનું અવલોક કરતાએ સ્પષ્ટતા થાય છે કે મહાપુરૂષોનું અપમાન કરવામાં આવે તો તે અપમાનથી દગ્ધ થએલા તેઓ એવું કાર્ય કરે છે કે જેનાથી અપરાજીત એવા મનુષ્યો પણ ભય પામી રણ મેદાનમાંથી પલાયન થઇ

જાય છે. જેમ યદુવંશી અતિરથિ વીરો પોતાના ગુરૂ ગર્ગાચાર્યનું અપમાન કરવાથી તેઓ દ્વારા પ્રગટ થએલા પુત્ર કાળ યવનથી ભય પામી મથુરાનો ત્યાગ કરી (રણ મેદાનનો ત્યાગ કરી) ભયના માર્યા પલાયન થઇ ગયા હતા.

વાત એમ હકી કે ત્રિગતરાજના પુરોહિત શશિરાયણ નામે હતા જેઓનું બીજુનામ ગર્ગ હતુ. એક દિવસ આગર્ગ યાદવોના રાજ દરબારમાં આવ્યા. ત્યારે યાદવોના પુરોહિક જેનું નામ 'શાલ' હતુ. તેણે ગાર્ગ્યના પુરૂષત્વની પરીક્ષા કરવાની ઇચ્છા થઇ. તેણે ગાર્ગ્યની ગૃહ્ય ઇન્દ્રિયને પોતાના હાથથી મસળી, પણ ગાર્ગ્યના પુરૂષપણારૂપે તેનું વીર્થ તેવેળાએ સ્ખલિત થયું ન હતું. કારણ કે ગાર્ગ્યનું બ્રહ્મચર્ય ઘણું જ દૃઢ હતુ તેથી તેની ઇન્દ્રિય ઉત્થાન પામી ન હતી અને વીર્થ પણ સ્ખલિત થયું હતું.

શાલ ના આ અસિષ્ટાચરણથી ગાર્ગ્ય મુનિ અત્યંત ક્રોપને લીધે કાળા લોઢા જેવા થઇ ગયા. વધારામાં આ શાલ નામના પુરોહિતે યાદવોને ઉદ્દેશી કહ્યું ''આ તો તૃત્રીયા પુરૂષ- નપુંસક છે'' પરોહિતની વાત સાંભળી સભામાં બેઠેલા યાદવો ગાર્ગ્યનું અપમાન કરતા થકા બોલ્યા કે ''આતો નપુંસક છે.'' તેઓના આ પ્રકારના અપમાનથી ગાર્ગ્ય અત્યંત કોપ પામી સભા છોડી જતા રહ્યા અને તેઓએ નિર્ણય કર્યો કે હું એક એવા પુત્રને પ્રગટ કરી શકે જે યાદવોથી અપરાજિત રહેશે.'' અને તેઓએ કેવલ લોઢાની ભષ્મ ગ્રહણ કરી ભગવાન શંકર પર ઉગ્ર તપશ્ચર્યા કરી. લાગ લગાત બાર વર્ષ સુધી ઉગ્ર તપસ્યા કરવાથી ભગવાન શંકર તેઓ પર પ્રસન્ન થયા ને તેઓના ઉદ્દશ્ય મુજબ તેઓ પ્રત્યે બોલ્યા કે ''ગાર્ગ્ય તમો કોઇ યવન રાજાની સ્ત્રી સાથે સમાગમ કરો જેથી તમારો મનોરથ પૂર્ણ થશે'' આટલુ કહી ભગવાન શંકર અંતરધાન થઇ ગયા.

તદન્તર ગાર્ગ્ય તપસ્યાની સમાપ્તિ કરી અને તેઓ એક યવન રાજા પાસે આવ્યા. આ યવન પણ અપ્રજ હતો તેને પણ એવી ઇચ્છા હકી તે ''મને એક અપ્રતિમવીર પુત્રની પ્રાપ્તિ થાય'' ગાર્ગ્ય યવન રાજા પાસે આવી તેના પ્રત્યે બોલ્યા કે ''હે યવનરાજ, હું મારી તપસ્યાના પ્રતાપથી તારી પત્ની થકી એક વીર પુત્ર પ્રગટ કરવા માંગુ છું.'' ગાર્ગ્યની વાત સાંભળી યવન રાજા ગાર્ગ્યને ના પાડી શક્યો નહિ કારણ કે તે મુનિના શાપથી ભય પામતો હતો. આ યવનની પત્ની પણ કોઇ સામાન્ય ન હતી. પરંતુ તે ''ગોપાલી'' નામની અપ્સરા હતી અને કોઇ શાપના કારણે તે મનુષ્ય યોનિમાં ગોવાળાણ નામે પ્રગટ થઇ હતી. તે મનુષ્યેરૂપે પ્રગટ થયેલી ગોપાલી સાથે ગાર્ગ્યનો સમાગમ થયો અને તેના ફલરૂપે ભગવાન શંકરની કૃપા અને ગાર્ગ્યના ઉદ્યોગથી તે ગોપાલીને કાલયવન નામનો એક મહા બળવાન પુત્ર થયો. જે યાદવો થકી અજય હતો. ગાર્ગ્ય ઋષિએ તેને સંપૂર્ણ અસ્ત્ર શસ્ત્રથી સુશિક્ષિત કર્યો અને તેને યાદવોને યુધ્ધમાં જીતવા સેના લઇ મથુરા મોકલ્યો અને તેણે આવી મથુરાને ઘેરો ઘાલ્યો તે સમયે ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામ આદિ યદુવંશીઓ મથુરાના જ હતા. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે બ્રાહ્મણ અને ભગવાન શંકરના વરદાનનો લાજ રાખવા યાદવોને દિવ્યરૂપે ઉચકીને દ્વારકામાં મોકલી દીધા અને સ્વયં એકાકી કોઇ પણ જાતના અસ્ત્ર શસ્ત્ર લીધા વીના ચતુર્ભુજરૂપ ધારણ કરી કાળ યવનની સામે જ નગરમાંથી બહાર નીકળી રણમાંથી પલાયન થઇ ગયા. કાળ યવન પણ તેમને જોઇ તેમની પાછળ દોડયો અને ભગવાન શ્રીકૃષ્ણ તેને ઘણા દુર સુધી દોડાવતા દોડાવતા લાવ્યા અને રાજા મુચકુંદની ક્રોધાગ્નિથી તેને યમલોકનો અતિથિ બનાવ્યો. (હરિવંશપુરાણ/અધ્યાય-૩૫/શ્રી નિલકંઠ ટીકા) આમ જાતિથી અને કુળથી તથા આચરણથી પ્રતિષ્ઠિત શ્રેષ્ઠ એવા ગાર્ગ્યનું અપમાન કરવાથી

અપરાજીત યાદવોએ પણ મેદાનમાંથી પલાયન થઇ જવું પડયું. (શ્લો. ૫૨) હવે નીતિકાર ઐશ્વર્યના મદ વિષે કહે છે.

શ્લો. ૫૩ :- ''ऐश्वर्यमदपापिष्ठ मदाः वातमदादयः।

ऐश्वर्यमदमत्तो हि नापतित्वा विबुध्यते॥

શ્લોકાર્થ :- મદિરાપાન કરવાથી પણ મદ થાય છે. પણ ઐશ્વર્યનો મદ બહુ ખરાબ છે. કારણ કે ઐશ્વર્યના મદથી મતવાલો પતિત થયા વિના બોધને પ્રાપ્ત કરતો નથી.

ચ.ટી. :- ''यौवनं धन सम्पतिः प्रभुत्वमविवेकता। एकै कमप्यनर्थाय किमु यत्र चतुष्टयम्॥'' યુવાવસ્થા, ધન સમ્પત્તિ, અધિકાર પ્રાપ્ત થવો તથા આવિવેકને થવો આ એક એકથી અનર્થનું કારણ છે. પરંતુ જયાં આચારેય એક સાથે હોય તો કહેવું જ શું?'' ઇત્યાદિ સ્થાનોમાં ઐશ્વર્યની નીંદા કરાયેલી છે. સાથે જ લક્ષ્મીજીનું વાહન પણ ઉભુક છે. તેનો અભિપ્રાય એ છે કે જે ઘરમાં લક્ષ્મીજીનો નિવાસ થાય છે. ત્યાં આવિવેક પ્રાયઃ આવી જ જાય છે. એટલે માટે આપ્ત પુરૂષોએ ઐશ્વર્યના મદથી સાવધાન થવાનો નિર્દેશ કરેલો છે. પરંતુ આ બધા નિર્દેશ અવિનીત પુરૂષો માટે જ છે પરંતુ વિનિતિપુરૂષો તો ઐશ્વર્ય પ્રાપ્ત કરીને લોકો પર ઉપકાર કરે છે. આ સમ્બન્ધમાં દુર્યોધનના જીવનની એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. દુર્યોધને શકુનિ જેવા ધૂર્તની સહાયતાથી પાંડવોની સમસ્ત રાજલક્ષ્મી ઘૂત ક્રિડામાં પડાવી લીધી. ઘૂતમાં થયેલા કરાર પ્રમાણે પાંડવો ભુમંડલનું સમસ્ત રાજપાટ ત્યાગ કરી વનમાં જતા રહ્યા કામ્યક વનમાં રહેતા થકા તેઓ પોતાના દિવસો આનંદપૂર્વક વિતાવતા હતા.

આ તરફ સમસ્ત ભૂમંડળનું રાજય પ્રાપ્ત કરી ઉન્મત્ત થયેલા. દુર્યોધનને પાંડવોને આટ આટલુ કષ્ટ આપવા છતા પણ તૃપ્તિ ન થઇ એટલે પાંડવોની અતિ

દારૂણ અવસ્થા પર તેઓનો ઉપહાસ કરવાને અર્થે ધૃતરાષ્ટ્રની અનુમતિથી ઘોષયાત્રાના નિમિત્તે પોતાના સહાયકોને સાથે લઇ કામ્યક વનમાં આવ્યો. દુર્યોધનના આ ષડયંત્રની જાણ પ્રથમથી જ અર્જુનજીના પરમમિત્ર ચિત્રસેન નામના ગંધર્વને થઇ ગયેલી એટલ તેઓ પણ પોતાના સહાયકોને લઇ કામ્યક વનમાં આવેલા અને ત્યાં રહેલા એક સરોવરના કિનારે પોતાનો પડાવ નાખેલો. દુર્યોધને જે સ્થાન પર પડાવ નાખેલો તેની સમિપમાં જ પાંડવોનો આશ્રમ હતો. ત્યાં રહેતો થકો દુયોધન નિત્ય પાડવોની દારૂણ પરિસ્થિતનો ઉપહાસ કરતો હતો.

એક દિવસની વાત હતી દુર્યોધનને વનમાં આવેલા સરોવરમાં જળક્રીડા કરવાની ઇચ્છા થઇ એટલે તેણે પોતાના સેવકોને મોકલી ચિત્રસેન ગંધર્વને ત્યાંથી જતા રહેવા કર્યું. પરંતુ ચિત્રસેન ગંધર્વએ તેની વાત પર કંઇ ધ્યાન ન આપ્યું. એટલે દર્યોધને કેટલાક સૈનિકોને તેની પાસે મોકલ્યા પણ ચિત્રસેન અને તેના સહાયકોએ દુર્યોધનના સૈન્ય સમુહને માર મારી ત્યાંથી ભગાડી દીધા. એટલે પોતાની રાજલક્ષ્મીથી અત્યંત ઉન્મત્ત થયેલા દુર્યોધને પોતાના સમસ્ત સૈન્યને ચિત્રસેન ગન્ધર્વને ત્યાંથી હટાવવા મોકલ્યા. તે સમયે અંગરાજ કર્ણના નેતૃત્વમાં તેઓ બધાએ ચિત્રસેન ગંધર્વ પર આક્રમણ કર્યુ. પરંતુ ચિત્રસેનના સૈન્યે દુર્યોધનના સૈન્યને માર મારી ભગાવી દીધા અને દર્યોધનને બંદી બનાવી દીધો. પરંતુ પાછળથી જયારે દુર્યોધનનાં અનુચરોએ જઇને યુધિષ્ઠિરને આ બાબતમાં વાત કરી ત્યારે દુર્યોધનને તેઓની કેદમાંથી મુકત કરાવ્યો અન અંતે દુર્યોધન યુધિષ્ઠિર મહારાજ પાસે આવી તેઓના અપરાધ બદલ ક્ષમાયાચના કરતો હતો. (મહાભારત/વનપર્વ) માટે જ શુકદેવજી કહે છે. ''मा राज्य श्रीरभूत पुंस: श्रेयस्कामस्यमानद। स्वजनानुत बन्धुन वा न पश्यति यथान्धदृक्॥ જે કલ્યાણ કામી છે.

તેને રાજય લક્ષ્મી ન મળે તેનાથી જ તેની ભલાઇ છ. કારણ કે રાજય લક્ષ્મીથી મનુષ્ય આંધળો થઇ જાય છે. અને પોતાના ભાઇ બન્ધુ સ્વજનો સુધીનાને પણ તે જોતો નથી.'' (ભાગ. ૧૦/૮૪/૬૪) ચાણક્ય પણ કહે છે. ''कोऽर्थान् प्राप्यन गर्वितो विषयिण: कस्यापदोऽस्तं गता: स्त्रीभि: कस्य न खण्डितं भुवि मन: को नाम राज्ञां प्रिय:। क: कालस्य न गोचरत्वमगमत्कोऽर्थी गतो गौरवं को वा दुर्जनवागुरासु पतित: क्षेमेण यात: पथि॥ આ જગતમાં એવી કોઇ વ્યક્તિ નથી જેને ધન અને ઐશ્ચર્ય મળ્યા પછી અભિમાન ન થયું હોય. ભોગવિલાસમાં ડૂબેલી કોઇ વ્યક્તિ એવી નથી જેણે મુશ્કેલી સહન ન કરવી પડી હોય. જગતમાં એવી કઇ વ્યક્તિ છે જેનું મન સુંદર રૂપવાન સ્ત્રીને કારણે ચલાયમાન ન થયું હોય કે સ્ત્રીને લીધે તૂટી ન ગયું હોય. રાજાને કોણ કાયમે માટે રૂચિકાર થયું છે? કાળ દેવતાએ કોને કાયમને માટે હેમ ખેમ રાખ્યા છે? ભીખ માંગનારા માનવને ક્યારેય સન્માન મળતુ નથી અને કઇ વ્યક્તિ એવી છે, જે દુરાચારી વ્યક્તિના સકંજામાં ફસાઇ કુશળતાપૂર્વક સંસારમાં રહી શકી હોય?'' (ચા. નીતિ.અ. ૧૬/૪) (શ્લો. ૫૩)

હવે નીતિકાર વશમાન થયેલી ઇન્દ્રિયથી થતા કષ્ટની વાત કરે છે.

શ્લો. ૫૪ इन्द्रियैरिन्द्रियार्थेषु वर्तमानैरनिग्रहै:।

तैरयं ताप्य ते लोको नक्षत्राणि ग्रहैरिव॥

શ્લોકાર્થ :- વશમાં ન રહેવાને કારણે ભોગોમાં રમણ કરનારી ઇન્દ્રિયોથી સંસાર એવી જ રીતે કષ્ટ પ્રાપ્ત કરે છે. જેમ ગ્રહોથી નક્ષત્રો.

ચ.ટી. :- ''न जातु काम: कामानामुपभोगेन शाम्यति। કામ ભોગથી ક્યારેય ઇચ્છાની શાંતિ થતી નથી'' (ગીતા) જેમ અગ્નિમાં ઘૃતની આહુતિ આપવાથી અગ્નિ પ્રજવલિત થાય છે પણ શાંત થતો નથી. તેમ ભોગ ભોગવવાથી ઇચ્છાઓ શાંત થતી નથી. પણ વધુ પ્રબળ બને છે. અત: જે વિષય ભોગમાં સમય વ્યતિત

કરે છે તેનો અંત દુઃખદ જ હોય છે. તેને સંસારમાં ક્યારેય શાંતિ પ્રાપ્ત થતી નથી. આ સન્દર્ભમાં ભાગવતમાં આવતુ હિરણ્યકશિપુનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે.

દીતિ પુત્ર હિરણ્યકશિપુએ કઠિન તપસ્યા કરી બ્રહ્માજીને પ્રસન્ન કરી તેઓ પાસે મનોવાંછિત વર પ્રાપ્ત કરી તે ત્રિલોકોનો એક છત્રિ શાસક થઇ ગયો તેણે સમસ્ત દેવતા, અસુર, નરપતિ, ગંધર્વ, ગરૂડ, સર્પ, સિધ્ધ, ચારણ, વિદ્યાધર, ઋષિ, પિતરોના અધિપતિ, મનુ, યક્ષ, રાક્ષસ, પિશાચરાજ, પ્રેત, ભૂતપતિ અને સમસ્ત પ્રાણિઓના રાજાઓને જીતીને પોતાને આધિન કરી લીધા. ત્યાં સુધી કે આવિશ્વ વિજયી દૈત્ય લોકપાલોની શકિત અને સ્થાન પણ પોતાના અધિકારમાં કરી લીધા. તે નંદનવન આદિ ઉદ્યાનોમાં, સૌન્દર્યથી યુકત સ્વર્ગમાં રહેવા લાગ્યો. સ્વયં વિશ્વકર્માએ બનાવેલો ઇન્દ્રનો મહેલ જ તેનું નિવાસ સ્થાન હતુ. તે સમગ્ર પ્રકારની સંપત્તિથી સંપન્ન હતું. એવા તે મહેલમાં સમસ્ત લોકને જીતિ હિરણ્ય કશિપુ સ્વતંત્રતાથી વિહાર કરતો હતો. તેનું શાસન એટલું કઠોર હતુ કે તેનાથી ભયભીત થઇને દેવ-દાનવ તેના ચરણોની વદના કર્યા કરતા હતા. તે ઉત્કટ ગન્ધવાળી મદિરાનું પાન કરીને ઉન્મત થઇ જતો હતો. તના નેત્રો હંમેશા લાલ અને ક્રોધથી પૂર્ણ રહેતા હતા. ત્રિદેવ સિવાય બધા જ દેવતાઓ પોત પોતાના હાથમાં ભેટ સામગ્રી લઇને તેની સેવામાં ઉપસ્થિત રહેતા હતા. તે સમયમાં હિરણ્ય કશિપુ તપસ્યા, યોગ, શારીરિક માનસિક બળનો ભંડાર હતો એટલે પોતાના પુરૂષાર્થથી તે ઇન્દ્રાસન પર બેઠો હતો ત્યારે વિશ્વવસુ તુંબસ તથા નારદ આદી દેવર્ષિ બધા તેની સામે ગાન કરતા અને ગન્ધર્વ સિધ્ધ, ઋષિગણ, વિદ્યાધર તથા અપ્સરાઓ વારંવાર તેની સ્તુતિ કરતા હતા. હિરણ્યકશિપુ એટલે તેજસ્વિ હતો કે વર્ણા શ્રમ ધર્મનું પાલન કરનારા પુરૂષ મોટી મોટી દક્ષિણાવાળા

જે યજ્ઞ કરતા હતા તે યજ્ઞની આહુતિ પણ તે સ્વયંગ્રહણ કરો લેતો. તના શાસનમાં ધરતી વગર ખેડયે અનાજ આપતી અને તે જે પણ કંઇ ઇચ્છા કરતો તે તેને અન્તરિક્ષ થકી મળી જતુ. આ ઉપરાંત આકાશ વિવિધિ પ્રકારના આશ્ચર્યકારી દૃશ્ય બતાવી તેનું મનોરંજન કરતુ હતુ. રત્નાકાર સમુદ્ર પણ પોતાની પત્ની નદી સાથે તેને રત્નોની રાશી પ્રદાન કરતો, પર્વતો પોતાની ઘાટીઓના રૂપમાં તેને માટે ક્રીડાનું સ્થાન ભેગુ કરતા અને ધરાદેવી બધી ઋતુમાં ફુલતા ફળતા હતા.

હિરણ્યશિપું એકાકી જ બધા જ લોકપાલોના વિવિધ ગુણોને ધારણ કરતો હતો. આ પ્રમાણે દિગ્વિજય અને એક છત્ર સમ્રાટ હોવાથી ત પોતાને પ્રિય લાગે તેવા વિષયનો સ્વચ્છંદ રીતે ઉપભોગ કરતો હતો. આમ ઇન્દ્રિયોનો દાસ હોવાને કારણે વિષયોનો ઉપભોગ કરતા-કરતા તેની તૃષ્ણા તે વિષયોથી શાંત ન થઇ પણ દિન પ્રતિદિન વધતી ગઇ અને અંતે તે જ વિષયોની તૃષ્ણા તેના પતનનું કારણ બની. (ભાગવત-સ્કં ૭/૪) માટે જ મનુ મહારાજ કહે છે. ''इन्द्रियानां प्रसङ्गेन दोषमृच्छत्यसंशयम्। संनियम्य तु तान्येव ततः सिद्धि नियच्छति॥ ઇન્દ્રિયોના વિષયોમાં આસકત થઇને મનુષ્ય અવશ્ય જ દોષનો ભાગી થાય છે. આઇન્દ્રિયોને વશમાં કરવાથી મનુષ્ય સિધ્ધિ પ્રાપ્ત કરે છે.'' (મનુ સ્મૃતિ૨/૯૩) ''न जातु कामः कामानामुप भोगेन शाम्यति। हविषा कृष्णवर्त्मेवभूप एवभिवर्धते॥ વિષયોના ઉપભોગથી ઇચ્છા કયારેય પણ શાન્ત થતી નથી. પરંતુ ઘીથી અગ્નિની જેમ તે ઇચ્છા વધતી જ રહે છે. અર્થાત્ અગ્નિમાં જેમ ઘી નાખવાથી અગ્નિ પ્રજવલિત થાય છે. તેમ વિષયોને ભોગવવાથી તેની તૃષ્ણા શાંત થવાને બદલે વધ્યાજ કરે છે. (મનુ. સ્મૃ. ૨/૯૪) શ્રીકૃષ્ણ પણ કહે છે. ''नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्यभावना। न चाभावयतः शान्तिर शान्तेस्य कुतः सुखम्॥ જે પુરૂષે મન અને ઇન્દ્રિયો જીત્યા નથી

તેનામાં નિશ્ચયાત્મિકા બુધ્ધિ હોતી નથી. તેમા ભાવના હીન માનવને શાંતિ નથી મળતી અને શાંતિ વિનાના માનવને સુખ ક્યાંથી મળે?'' (ગીતા-૨/૭૬) (શ્લો. ૫૪) હવે નીતિકાર જીતેન્દ્રિય વિશે કહે છે.

શ્લો. ૫૫ :- यो जित: पञ्चवर्गेण सहजेनात्मकर्षिता।

आपदस्तस्य वर्धन्ते शुक्लपक्षइवोदुराट्॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય વશમાં કરવા યોગ્ય ઇન્દ્રિયો દ્વારા સહજ જ જીતિ લેવાયો છે તેની વિપત્તિઓ શુક્લ પક્ષના ચંદ્રમાની જેમ વૃધ્ધિ પામે છે.

ચ.ટી. :- અહી ૫૩ થી ૫૫ પર્યન્તના શ્લોકમાં એ બતાવવાનો પ્રયાસ કરાયો છે. કે ધૃતરાષ્ટ્ર ઐશ્વર્યના મદમાં ડૂબેલા હોય અજિતેન્દ્રીય છે. અને તેઓનો વિનાશ નિશ્ચિત છે. અને થયું પણ એવુ જ ધૃતરાષ્ટ્રની મહત્વકાંક્ષાએ જ તેની ઉપસ્થિતિમાં તેના સમસ્ત ઐશ્વર્ય અને તેના પરિવારનો વિનાશ બતાવ્યો. (શ્લો. ૫૫) હવે નીતિકાર અજીતેન્દ્રિયના પતન વિશે કહે છે.

શ્લો. ૫૬ :- अविजित्य य आत्मानममात्यान् विजिगाषते।

अमित्रान् वाऽजितामात्य: सोऽवश: परिहीयते॥

શ્લોકાર્થ :- જે પોતાના મનઇન્દ્રિયોને જીત્યા વગર મન્ત્રિઓને જીતવા ઇચ્છે છે તથા મન્ત્રિઓને વશ કર્યા વગર શત્રુને જીતવા ઇચ્છે છે તે અવશ્ય નાશ પામે છે.

ચ.ટી. :- જે સ્વયં પર વિજય પ્રાપ્ત કરતો નથી તેના વશમાં બીજા કેવી રીતે રહી શકે? એટલે માટે આત્મવશ થવુંએ પ્રથમ જયનું કારણ છે આ સન્દર્ભમાં આ નીતિના શ્રોતા ધૃતરાષ્ટ્રનું દૃષ્ટાંત જ યથાર્થ છે કે જે સમસ્ત ઇન્દ્રિયોથી અંધ હતો. તેના પુત્રો સમ્પૂર્ણ રીતે તેના કહ્યાથી બહાર હતા. તેઓના ભાઇ અને મંત્રી વિદુરજી જેઓ પરમ જ્ઞાનિ અને નીતિ નિપૂણ હતા. તેમની મંત્રણા પણ ધૃતરાષ્ટ્રને અનુચિત લાગતી હતી. અને બલાબલનો વિચાર કર્યા વીના કેવલ

પોતાના અધર્મી પુત્ર પરના મમત્વને કારણે ધર્મથી અત્યંત બળવાન એવા પાંડવો માટે શત્રુતા લઇ લીધી હતી અને જેના પરિણામે તેઓનો સમસ્ત પરિવાર યુધ્ધરૂપી યજ્ઞમાં હોમાય ગયો. માટે જ ગંગા પુત્ર ભીષ્મ કહે છે કે ''आत्मानमेव प्रथमं विनयैरूपपादयेत्। રાજાએ પ્રથમ પોતાને વિનયથી સંપન્ન કરવો.'' (મહા.અનુ.અ.૧૪૫) ''इन्द्रियाणां जयोदेवि अत ऊर्ध्वमुदाहृत:। તે પછી સેવકો અને પ્રજાઓને વિનયની શિક્ષા આપે. વિનયની પ્રતિષ્ઠા થઇ જતા તેણે પોતાની ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરવો.'' (મહા.અનુ. ૧૪૫) ભગવાન સ્વામિનારાયણ પણ કહે છે. ''जितेन्द्रिय: स्वमात्मानदौ जित्वाततोरिपुन्। जेत, समिच्छेन्नृपति: प्रमत्तान जितेन्द्रियान्॥ રાજા સ્વયં જીતેન્દ્રિય અપ્રમત્ત થઇને અજીતેન્દ્રિય પ્રમત્ત અરિઓનો જીવવાની ઇચ્છા કરે'' (સ.જી.૫/૨૩/૧૫) (શ્લોક. ૫૭) હવે નીતિકાર જીતેન્દ્રિય રાજાને મળતી સફળતા વિશે કહે છે.

શ્લો. ૫૭ :- आत्मानमेव प्रथमं दृष्यरूपेण यो जयेत्।

ततोऽमा त्यानमित्रांश्च न मोघ विजिगोषते॥

શ્લોકાર્થ :- જો રાજા પોતાના ઇન્દ્રિયો સહિત મનને શત્રુ સમજી જીતી લે છે અને તે પછી મન્ત્રિઓ અને શત્રુઓને જીતવાની ઇચ્છા રાખે છે તેને અવશ્ય સફળતા મળે છે.

ચ.ટી. :- મનુ મહારાજ કહે છે. ''सर्व मात्मवशं सुखम् - મનને વશમાં રાખવું એ સૌથી મોટુ સુખ છે'' ''मन एव मलुष्याणां कारणं बन्धमोक्षयो:। મન જ મનુષ્યોના બંધ અને મોક્ષનું કારણ છે.'' (મનુ. સ્મૃતિ) આ સન્દર્ભમાં મહારાજા યુધિષ્ઠિરનું જીવન દ્રષ્ટાંતરૂપ છે. યુધિષ્ઠિર મહારાજ જીતેન્દ્રિય હતા. તેઓનું જીવન સદાચારથી સંપન્ન હતુ. અને તેને લઇ ભગવાન શ્રીકૃષ્ણ સહિત તેઓના ચારેય

ભાઇઓ તેમના વશમાં હતા. તઓની પ્રજા પણ તેઓની આજ્ઞા પ્રમાણે વર્તતી હતી. કૌરવો દ્વારા તેઓને કપટે કરી ધુતમાં હરાવી તેઓનું સર્વસ્વ હરી લઇ વનમાં મોકલાયા. ત્યાં પણ તેર વર્ષ પર્યન્ત રહી તેઓએ સંયમ પૂર્વક પોતાનું જીવન વ્યતિત કર્યુ અને પછી મહાભારતના યુધ્ધમાં તેઓએ પોતાના સમસ્ત શત્રુને જીતી લઇ પોતાનુ ખોવાયેલુ રાજય પરત મેળવ્યું માટે રાજાએ શત્રુઓને જીતતા પૂર્વે પોતાના મન અને ઇન્દ્રિયો જીતવા એ વાત યોગ્ય જ છે. (શ્લો. ૫૭) હવેની નીતિકાર કયા રાજાની લક્ષ્મી નિરંતર વધે છે તેની વાત કરે છે.

શ્લો. ૫૮ :- वश्यन्द्रियं जिताऽत्मानं धृतदण्डं विकारिषु।

परोक्ष्य कारिणं धीरमत्यन्तं श्रीर्निषेवते॥

શ્લોકાર્થ :- ઇન્દ્રિયો તથા મનને વશમાં કરનાર, અપરાધિઓને દંડ આપનાર તથા નિરીક્ષણ કરી કાર્ય કરનાર ધીરપુરૂષની લક્ષ્મી નિરંતર વૃધ્ધિ પામે છે.

ચ.ટી. :- ભૃગુપુત્ર શુક્રાચાર્ય કહે છે. ''यत्र नीतिबले चोभे तत्र श्री: सर्वतोमुखी। જે રાજાની પાસે નીતિ અને બળ (ધર્મનું બળ) આ બે હોવાથી તેની પાસે ચારે તરફથી લક્ષ્મી આવે છે.'' (શુક્ર નીતિ-૧/૧૭) અહીં નીતિકારનો ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રે કહેવાનો અભિપ્રાય એવો છે કે પાંડવો નીતિજ્ઞ, જીતેન્દ્રિય અને પૂર્વા પર વિચાર કરી કાર્યનો આરંભ કરનાર હોય તેઓને દાય ભાગમાં આપેલ ખાંડવ વનને પણ તેઓએ ઇન્દ્ર પ્રસ્થમાં પરિવર્તન કરી સંપૂર્ણ ધરાવતને જીતિ તેઓ ધરાવતલના એક છત્રી શાસક થયા અને તમારા પુત્રો અજીતેન્દ્રિય હોય કપટ દ્વારા તેઓનું બધુ પડાવી લઇ તેને પણ સાચવી શકતા નથી (શ્લો. ૫૮) હવે નીતિકાર જીતેન્દ્રિય પુરૂષના સુખ પૂર્વકના જીવનની વાત કરે છે.

શ્લો. ૫૯ :- रथ: शरीरं पुरूषस्य राजन

नात्मा नियन्तेन्द्रियाण्यास्य चाश्वा:।

तरै प्रमत्त: कुशली सदश्वैर्दान्तै:

सुख पति रथोव धीर: ॥

શ્લોકાર્થ :- હે રાજન્! મનુષ્યનું આ શરીર રથ છે બુધ્ધિ સારથી છે ઇન્દ્રિયો ઘોડા છે. આને વશમાં કરી સાવધાન રહેનારા કુશળ અને ધીર પુરૂષો રથીની જેમ વશમાં કરાયેલા અશ્વથી સુખ પૂર્વક યાત્રા કરે છે.

ચ.ટી. :- ઉપમાન- ઉપમેય ભાવથી વસ્તુઓને સરળ કરી સમજાવવાની શૈલી ઘણી પ્રાચિન છે. આનાથી ગહન વિષય પણ સરળ અને બોધ ગમ્ય થઇ જાય છે. અહી કહેવાનું તાત્પર્યએ છે કે જે માનવના ઇન્દ્રિયો અંતઃકરણ વશમાં હોય છે. તે માનવ જ જીવન યાત્રા સુખપૂર્વક વિતાવી શકે છે. અહીં નીતિકાર ધૃતરાષ્ટ્રને ગૂઢાર્થમાં કહી રહ્યા છે કે યુધિષ્ઠિર આદી પાંડવોના ઇન્દ્રિય અંતઃકરણ તેઓના વશમાં છે એટલે તેઓ જીવન યાત્રા સુખપૂર્વક વિતાવી રહ્યા છે. અને તમારા પુત્રો અજીતેન્દ્રિય હોય અનેકો ઘણુ ઐશ્વર્ય મેળવવા છતા વધુને વધુ તૃષ્ણા હોવાથી તેઓ સુખ પૂર્વક પોતાના જીવનની યાત્રા વિતાવી શકતા નથી. (શ્લો. ૫૯) હવે નીતિકાર અજીતેન્દ્રિય પુરૂષને આવતા દુઃખની વાત કરે છે.

શ્લો : ૬૦ :- एतानिगृहीतानि व्यापादयितुमप्यलम्।

अविधेया इवादान्ता हया: पथिकुसारथीम्॥

શ્લોકાર્થ :- ન સિખાયેલા તથા વશમા ન આવવાવાળો અશ્વ જે મુર્ખ સારથિને માર્ગમાં મોતને ઘાત ઉતારી દે છે. તે જ પ્રમાણે વશમાં ન કરાયેલી ઇન્દ્રિયોને મારવા માટે સમર્થ થાય છે.

ચ.ટી. :- જે મનુષ્યની ઇન્દ્રિયો વશમા નથી હોતી તે મનુષ્યનું અવસ્ય પતન થાય છે. માત્ર એક ઇન્દ્રિયના વિષયમાં આશકત થવાથી પતંગિયુ, હાથી, ભ્રમર, હરણ અને માછલી કાળનો ગ્રાસ બની જાય છે. જેમ પતંગિયુ રૂપ પર મોહિત થઇ

અગ્નિમા પડી પોતાના દેહનો પાત કરી દે છે. હાથી લાકડાની અથવા ચિત્રની હાથણીનો સ્પર્શ કરવા જતા અન્ય જનને આધિન થઇ જાય છે. ભ્રમર કમળની ગંધમાં લોભાઇ હાથી દ્વારા ગ્રસ્ત થાય છે. હરણ વ્યાધના ગીતમાં મોહિત થઇને વ્યાધ દ્વારા હણાય છે. અને મત્સ્ય માંસના ટુકડાના લોભથી પોતાના પ્રાણ ગુમાવે છે. આ હરણ, હાથી, કીટ, ભ્રમર તથા મત્સ્ય એક એક ઇન્દ્રિયને વશીભૂત થઇને નષ્ટ થઇ જાય છે. પરંતુ મનુષ્ય પાસ પાંચ ઇન્દ્રિયો છે. તેમાંથી એક પણ ઇન્દ્રિય વશમાં નથી રહેતી તો તે કેવી રીતે નષ્ટ ન થાય? માટે ઇન્દ્રિયોને અવશ્ય વશ કરવી. (શ્લો : ૬૦) હવે નીતિકાર પુનઃ અજીતેન્દ્રિય પુરૂષને આવતા કષ્ટની વાત કરે છે.

શ્લો : ૬૧ :- अनथमर्थत: पश्यन्नर्थं चैवाप्यनथत:।

इन्द्रियैरजितैर्बाल: सुदु:खं मन्यते सुखम्॥

શ્લોકાર્થ :- ઇન્દ્રિયો પર વિજય ન પ્રાપ્ત કરનાર અર્થને અનર્થ ને અનર્થને અર્થ સમજી મૂર્ખ પુરૂષ કષ્ટને પામે છે.

ચ.ટી. :- અજ્ઞાનને કારણે જ સુખમાં દુઃખ અને દુઃખમાં સુખનું જ્ઞાન થાય છે. પરંતુ મૃગમરીચિકાની જેમ અન્તમાં સમૂલ નષ્ટ થઇ જાય છે. મનુ મહારાજ કહે છે. ''इन्द्रियाणां प्रसङ्गेन दोषमृच्छत्व संशयम् ઇન્દ્રિયોના વિષયોમાં આશકત થઇને મનુષ્ય અવશ્ય જ દોષનોં ભાગી થાય છે.'' (મનુ.સ્મૃ. ૨/૯૩). ભગવાન વેદ વ્યાસજી પણ કહે છે. ''विद्यान् कूर्म इवाङ्गावनि कामान् संहत्व सर्वश:। विरजा: सर्वतो मुक्तो यो नर: स सुखी सदा॥ જે પોતાની બધી કામના પર વિજય પ્રાપ્ત કરી લે છે તે સદાને માટે સુખો થાય છે. કારણ કે કામના દુઃખ આપનાર તથા બંધનકારી છે.'' (મહા. અશ્વ. ૪૨/૪૬).

આ સન્દર્ભમાં મહાભારતમાં આવતુ સુન્દોપ સુન્દનું ચરિત્ર અવલોકનિય છે. હિરણ્ય કશિપુરના વંશમાં દૈત્ય નિકુમ્ભના પુત્ર સૂન્દ અને ઉપસુન્દ અત્યન્ત પ્રરાક્રમી તથા ઉધ્ધત હતા. તેઓ તેઓના સમયમાં દૈત્યોના મુખ્યા હતા. બંને પરસ્પર સગા ભાઇઓ હતા. બંનેમાં એકબીજા પ્રત્યે એટલો બધો પ્રેમ હતો કે ''એક પ્રાણ બેદેહ'' કહેવત તેઓ માટે સાર્થક હતી. બંનેની સમાન રૂચિ હતી. આચરણ સમાન હતુ. અભિપ્રાય સમાન હતો. તેઓ સાથે જ રહેતા હતા. અનેકો સાથે જ ખાતાપિતા અને સાથે જ ઉથતા બેસતા હતા. એકને મૂકી બીજો કયાંય જતો ન હતો. તે બંને પરસ્પર મધુરવાણી બોલતા હતા અને હંમેશા એક બીજાને સુખ પહોંચડવા અને સંતુષ્ટ કરવા પ્રયત્ન કરતા હતા. તેઓ બંનેએ અમર થવાની ઇચ્છાથી એક સમયે ઉગ્ર તપસ્યા કરી. વિંધાચલ પર્વત પર જઇ કેવલ વાયુપાન કરી તેઓ રહેવા લાગ્યા. બંનેના શરીર પર માટીનો ઢગલો જામી ગયો. અન્તમાં તેઓ બંને પોતાના શરીરનું જ માંસ કાપી કાપી અગ્નિમાં હોમવા લાગ્યા જ્યારે શરીરમાં કેવલ હાડકા બાકી રહ્યા ત્યારે બન્ને હાથ ઉપર કરી પગના અંગુઠાના બળ પર ઉભા રહી તેઓએ પુનઃ તપસ્યાનો આરંભ કર્યો અને દીર્ઘકાળ પર્યન્ત ચાલનારી તેઓની ત્પસ્યાથી વિંધ્યપર્વત તપ્ટ થઇ ગયો. દેવતાઓએ અનેકો પ્રકારનું વિઘ્ન તેઓની તપસ્યામાં કર્યુ પરંતુ બધા પ્રકારના પ્રલોભન, છલ બધુ જ વ્યર્થ થયું. અન્તે તેઓની તપસ્યાથી સંતુષ્ટ થયેલા બ્રહ્માજી તેઓ પાસે આવ્યા અને તેઓઅ વરદાન માંગવા કહ્યું ત્યારે તેઓ બંને બોલ્યા. 'પ્રભુ! અમો બંને માયાવી, સમસ્ત અસ્ત્ર શસ્ત્રોના જ્ઞાતા તથા અજર અમર થઇ જઇએ.'' પરંતુ બ્રહ્માજીએ તેઓના અજર અમર થવાની માંગણીનો અસ્વિકાર કર્યો. અન્તમાં તેઓએ વિચારી બ્રહ્મદેવને કહ્યું 'દેવ! અમે બંને ક્યારેય અન્યથી પરાજિત ન થઇએ અને ન તો અન્ય જનથી અમારૂ ક્યારેય

મૃત્યુ થાય જો અમારૂ મૃત્યુ થાય તો પરસ્પર એકબીજાના હાથતી જ થાય.' બ્રહ્માજી તથાસ્તુ કહી પોતાના લોકમાં સિધારી ગયા.

તદન્તર તપસ્યા પૂર્ણ કરી સૂન્દ અને ઉપસૂન્દ દૈત્યપુરીમાં આવ્યા અને બંને જણાએ ત્રિલોકી વિજયનો નિર્ણય કર્યો. ઉદ્યોગ પ્રારંભ કરતા જ તેઓ વિજય થયા. તેઓને જે વરદાન પ્રાપ્ત થયેલું તેને જાણી દેવતાઓ તેમની સાથે યુધ્ધ કરવાનું સાહસ કેવી રીતે કરી શકે? તેઓ તો તેમના આક્રમણના સમાચાર સાંભળી સ્વર્ગનો ત્યાગ કરી જતાં રહ્યા. યક્ષ, રાક્ષસ નાગ આદી બધાને આ બંનેએ જીતિ લીધા. ત્રિલોકીને જીત્યા બાદ આ બંનેએ પોતાના સેવકોને આજ્ઞા કરી કે 'કોઇ યજ્ઞ, પુજન, વેદાધ્યાયન ન કરે, જ્યાં આ ક્રિયા થાય તે ઘરનો નાશ કરી દો તથા ઋષિઓનો પણ શોધી શોધી નાશ કરો.' સ્વભાવથી જ ક્રૂર દૈત્યો એવી આજ્ઞા પ્રાપ્ત કરતા ઠેરઠેર ધરાતલ પર ફરી બ્રાહ્મણોનો વધ કરવા લાગ્યા. તેઓએ ઋષિના આશ્રમોને ઉજ્જડ કરી નાખ્યા કોઇક ઋષિએ શાપ આપ્યો તો તે પણ બ્રહ્માજીના વરદાનથી વ્યર્થ થઇ ગયો. ફળ એ આવ્યુ કે પૃથ્વી પર જેટલા તપસ્વી, વેદાપઠી, જીતેન્દ્રિય બ્રાહ્મણો હતા તથા ધર્માત્મા લોકો હતો તેઓ બધા ભય પામી પર્વતની કંદશઓમાં જતા રહ્યા પરંતુ દૈત્યો આટલાથી પણ સંતુષ્ટ ન થયા તેઓ ઇચ્છાનુસાર ક્રૂર સિંહ, સર્પ ઇત્યાદિનું રૂપ ધારણ કરી ગુફાઓમાં સંતાએલા, ઋષિઓનો વિનાશ કરવા લાગ્યા. આ અત્યાચારનો અન્ય કોઇ ઉપાય ન જોતા ઋષિઓ બ્રહ્માજીના લોકમાં આવ્યા અને દૈત્યોની બધી વાત તેઓએ બ્રહ્માજીને કહી.

દેવતાઓ અને ઋષિઓની વિપત્તિ સાંભળી લોક સષ્ટા બ્રહ્માજીએ બેક્ષણનો વિચાર કરી વિશ્વકર્માજીને બોલાવી તેઓને એક અત્યંત સુંદર નારીનું નિર્માણ કરવાનો આદેશ આપ્યો. બ્રાહ્માજીની આજ્ઞા થતાં. વિશ્વકર્માજીએ વિશ્વની

સમસ્ત સુંદર વસ્તુઓની સારભાગ ગ્રહણ કરીને એક સ્ત્રીનું નિર્માણ કર્યુ. તે નારીના શરીરમાં એક તિલ રાખવા જેવા પણ ભાગ એવો ન હતો કે અત્યંત આકર્ષિત ન હોય એટલે માટે તેનું નામ બ્રહ્માજીએ 'તિલોત્તમા' રાખ્યુ. તિલોત્તમા એટલી સુંદર હતી કે બધા દેવતાઓ અને લોકપાલો પણ તેને જોઇને મોહિત થઇ ગયા. તિલોત્તમા હાથ જોડી બ્રહ્માજી પ્રત્યે બોલી 'પિતામહ:! અમારે માટે શી આજ્ઞા છે?' ત્યારે બ્રહ્માજી બોલ્યા 'તિલોત્તમા! તું સુન્દ ઉપસુન્દની સમિપ માં જા અને તે બંને વચ્ચે શત્રુતા થઇ જાય એવો ઉપાય કર.'

તે પછી તિલોત્તમાએ બ્રહ્માજીની આજ્ઞા શિરોધાર્ય કરી તેઓને પ્રણામ કરી દેવતાઓને પ્રણામ કરી તેણે બ્રહ્મલોક થકી પ્રસ્થાન કર્યુ અને તે વિંધ્યાચલના ઉપવનમાં આવી. તે સમયે સૂન્દ ઉપસૂન્દ પોતાના અનુચરો સાથે તે સ્થાનમાં વિહાર કરતા હતા. ત્યાં ભોગની બધી સામગો એકત્રિત હતી. બંને ભાઇઓ મદિરાપાન કરી ઉત્તમાસન પર બેઠા હતા. સ્ત્રીઓ નૃત્ય કરી રહી હતી. ગાયક લોક ગીતો ગાતા હતા તથા વાદ્ય વાગતા હતા. ઘણા બધા લોકો તેઓની સ્તુતિ કરવા લાગ્યા હતા. તિલોત્તમાં નદીના કિનારે કરેણના પુષ્પોનું ચયન કરતી ત્યાં પહોચી તેને જોતા બંને ભાઇઓ આસન પરથી ઉભા થઇ ગયા. કામાસક્ત સૂન્દ અને ઉપસૂન્દ એક સાથએ ઉઠીને તિલોત્તમાની પાસે પહોચી ગયા. સુન્દે તેનો જમણો હાથ પકડયો અને ઉપસૂન્દે તેન ડાબો હાથ પકડયો અને બંને જણા તેને અનુનય વિનંતી કરવા લાગ્યા તિલોત્તમાએ બંનેની સામુ કટાક્ષ પૂર્ણ દૃષ્ટિથી જોયું અને તેઓ પ્રત્યે બોલી 'તમો બન્ને પ્રથમ એ નિર્ણય કરો કે તમો બંનેમાંથી અમો કોનું વરણ કરીએ.'

એક નારીની આશક્તિને કારણે બંને ભાઇઓ સોહાર્દ ભૂલી ગયા. તેઓ બંને તિલોત્તમા ને પોતાની ભાર્યા બનાવવા માંગતા હતા. એક તો તેઓ

મદિરાપાન કરી ઉતન્મત્ત થઇ ગયા હતા અને વળી કામદેવે તેઓને અઘ બનાવી દીઘા એટલે તેઓ પોતાના હિત અહિતને ભૂલી ગયા. સૂન્દે ક્રોઘ પૂર્વક ઉપસૂન્દને કહ્યું 'આ મારી પત્ની છે, તારે માટે માતા સમાન છે આનો હાથ છોડી દે.' ત્યારે ઉપસૂન્દ ગર્જના કરતો બોલ્યો 'આ મારી સ્ત્રી છે. તારી નથી. તારે માટે આ પુત્રવઘુ સમાન છે માટે તું શીઘ્રાતી શીઘ્ર આનો હસ્ત છોડી દે' બંને ક્રોઘિત થઇ ગયા. પ્રથમ તો બંને વચ્ચે ઉગ્ર વાગ્યુક્ત થયું અને એટલેથી ન અટકતા બંને એકબીજાને અપશબ્દો બોલવા લાગ્યા અને અંતે તેઓએ એકબીજાનો વઘ કરવાને અર્થે ગદા હાથમાં લીઘી અને બંને જણા મેદાનમાં ઉતરા અને યુદ્ધ કરવા લાગ્યા અને અંતે બંને જણા કાળના મુખમાં જતા રહ્યા. તિલોત્તમાનું કાર્ય પૂર્ણ થઇ ગયું એટલે તે સ્વર્ગમાં જતી રહી અને ત્યાં તે સ્વર્ગની સર્વોશ્રેષ્ઠ અપ્સરા બનીને રહી અને દેવરાજ ઇન્દ્ર પુનઃ સ્વર્ગના અધિપતિ બની ગયા (મહાભારત આદીપર્વ/અ.૨૧૩ થી ૨૧૫)

આ ચરિત્ર પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે જે મનુષ્ય પોતાની ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરી શકતો નથી તે માનવ અર્થને અનર્થ અને અનર્થને અર્થ સમજે છે. જેમ સૂન્દ ઉપસૂન્દ અજેય હતા બંને મઘ્યે અપાર આદર અને સ્નેહ હતો છતા એક સ્ત્રી રૂપી અનર્થમાં આશક્ત થઇ બંને જણાએ મૃત્યુનું આલિંગન કર્યુ. માટે માનવે ઇન્દ્રિયોને જીતિ પોતાને વશ કરવી અન્યથા અજીતેન્દ્રિય મનુષ્યનું અવશ્ય પતન થાય છે માટે જ કહ્યુ છે. 'इन्द्रियाणामनुसगोमृत्युनापिविशिष्यते। अत्यर्थं पुनरूत्सर्गः सादयेद् देवतामपि॥ ઇન્દ્રિયોને નિયંત્રણમાં રાખવી મૃત્યુ કરતા પણ ભયંકર કાર્ય છે, પરંતુ તેનો સ્વતન્ત્ર છોડવાથી દેવતા પણ કષ્ટમાં પડી જાય છે.'(મહા. ઉદ્યો. ૩૯/૫) 'इन्द्रियाण्येव तत्सर्वं यत्सवर्ण नकरावुभौ। निगृहीत विसृष्टानि स्वर्गाय नरकाय च॥ સ્વર્ગ અને નરકનું કારણ ઇન્દ્રિયો જ છે, જો તે વસમાં રહે

તો સુખદાયી થાય છે અને જો તે સ્વતંત્ર થઇ વિષયોમાં ભટકે તો તે દુ:ખનું કારણ બની જાય છે.' (અગ્નિપુરાણ/ખંડ-૨/૧૮૪/૧૬) (શ્લોક-૬૧) હવે નીતિકાર અજીતોન્દ્રિયને કોણ છોડીને જતુ રહે તનો વાત કરે છે.

શ્લોક- ૬૨ धर्मांथो यः परित्यज्य स्यादिन्द्रिय वशानुगः ।

श्री प्राण धनदारेभ्यः क्षिप्रं स परिहीयते ॥

શ્લોકાર્થ :- જે ધન તથા અર્થનો ત્યાગ કરી ઇન્દ્રિયોને વશીભૂત થઇ જાય છે, તે લક્ષ્મી, પ્રાણ, ધન, સ્ત્રી દ્વારા શીઘ્ર છોડી દેવાય છે.

ચ.ટી. :- જે ધર્મનો ત્યાગ કરી સ્વેચ્છાચારી થાય છે તે પોતાના ઐશ્વર્ય આદિથી અવશ્ય પતિત થાય છે. માટે ક્યારેય પણ ઇન્દ્રિયોને આધિન ન થવું. (શ્લોક-૬૨) હવે નીતિકાર અજીતેન્દ્રિય માનવ ઐશ્વર્યથી અવશ્ય ભ્રષ્ટ થાય છે તેની વાત કહે છે.

શ્લોક- ૬૩ अर्थानामीश्वरो यः स्यादिन्द्रियाणामनीश्वरः ।

इन्द्रियाणामनैश्वर्यादैश्वर्याद् भश्यते हि सः ॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય ધન સંપન્ન હોવા છતાં પણ ઇન્દ્રિયો પર અધિકાર પ્રાપ્ત કરતો નથી તે ઇન્દ્રિયને વશમાં નહિ રાખવાને કારણે ઐશ્વર્યથી ભ્રષ્ટ થઇ જાય છે.

ચ.ટી. :- મનુ મહારાજ કહે છે 'इन्द्रियणां प्रसङ्गेन दोषमुच्छत्य संशयम्। संनियम्य तु तान्येव ततः सिद्धिं नियच्छति॥ ઇન્દ્રિયોના વિષયોમાં આશક્ત થઇ મનુષ્ય અવશ્ય જ દોષનો ભાગી થાય છે.' (મનુ. ૨/૯૩) જેમ નહુષ રાજા દોષના ભાગી થઇ સ્વર્ગ થકી ભ્રષ્ટ થયા હતા. વાત એવી હતી કે પૂર્વે વૃત્રાસુરના વધથી થયેલી

બ્રહ્મહત્યાથી પીડા પામેલા શચી પતિ ઇન્દ્ર માનસ સરોવરમાં કમળનાળના તંતુમાં ગુપ્ત પણે રહ્યા હતા એટલે ત્રિલોકી અનીશ્વર લોકપાલક ઇન્દ્રિ રાજા વિનાની થતાં થયેલી અરાજકતામાં ભય આવવાની આશકાથી સર્વ દેવતાઓએ મહીર્ષઓની સાથે વિચાર કરી નૃપ શ્રેષ્ઠ આયુના પુત્ર નહુષને વિદ્યા, તપ, યોગ બળથી ઇન્દ્રાસનને યોગ્ય માનીને સુરાધિપતિપણામાં અભિષેક કર્યો. ધર્મવત્સલ નહુષ નરપતિ પણ ઇન્દ્રાસનને પામીને ધર્મથી ત્રિલોકીનું પાલન કરવા લાગ્યા. ઇન્દ્રદેવના સર્વે અનુચરો સર્વગંધર્વો, સર્વે અપ્સરાઓ અને સમસ્ત સમૃધ્ધિઓ નહુષ નપપાળની દેવરાજ ઇન્દ્રની ભાવનાતી ઉપાસના કરવા લાગ્યા.

આ પ્રમાણે ઐશ્વર્યથી સમ્પણ્ણ થયેલા નહુષ સ્વેચ્છા પ્રમાણે સ્વર્ગના ઐશ્વર્યનો ઉપભોગ કરવા લાગ્યા. આમ ઐશ્વર્યથી યુક્ત થયેલા અજીતેન્દ્રિય નહુષ એક ઇન્દ્રિાણી વીના ઇન્દ્રસંબન્ધિ સર્વવૈભવ સંપણ્ણ છે તથાપિ ઇન્દ્રિાણીના અલાભથી અતૃપ્ત એવા નહુષ રાજા શચીને સમીપે જઇ 'હે કમળલોચને! ઇન્દ્રપદમાં રહેતા એવા અમારૂ ત, વરણ કર' આ પ્રમાણે કહેવા લાગ્યા તે પછી ધર્મતત્ત્વને જાણનારા ઇન્દ્રાણી તેઓ પ્રત્યે બોલ્યા 'હે રાજન્! તમો ધર્મતત્ત્વને જાણનારા છો તો નિર્લજ્જ પણે પર સ્ત્રીનું પ્રધર્ષણ કરવાને યોગ્ય નથી માટે અમોને એકાકીને ત્યાગ કરી ઇન્દ્રના સુખને સુખેથી ભોગવો.

આ પ્રમાણે ઇન્દ્રાણીએ બહુધા બોધ આપવા છતા મદોદ્ધત કામવેગથી વ્યાકુળ મનવાળા નહુષે શચીનું વચન ન જ માન્યુ. આવા વિષમ સમયમાં કોઇફ્ણ ઉપાયથી પાતિવ્રત્યનું પરીરક્ષણ કરવા ઇચ્છતી ઇન્દ્રાણીએ નુહુષને સમય સમુચિત એક વચન કહ્યુ કે ''હે ભદ્ર! હાલના સમયમાં અમો કાંઇક વ્રત પરાયણા છીએ તો તે વ્રતને અંતે તમોને નિશ્ચે વરીશું, માટે હમણા સ્વસ્થાનમાં જાઓ.'' આ પ્રમાણે કહેલા નહુષ રાજા શચીના વચનથી જાણે મનોરથ પ્રાપ્ત

થયો હોય એમ માની સ્વ સ્થાનમાં ગયા. ઇન્દ્રાણી તો ગુરૂ બૃહસ્પતિના ઉપદેશથી 'ઉપશ્રુતિ' એવા નામથી પ્રખ્યાત કોઇપણ દેવની પૂજા કરી તેના અનુગ્રહથી પતિ ઇન્દ્રને એકાંત સ્થળમાં મળીને નહુષ રાજાનું સમસ્ત કુચરિત્ર નિવેદન કર્યુ તે પછી દેવરાજ ઇન્દ્રે કોઇપણ યુક્તિ ઉપાય નો બોધ દીધેલી પુલોમ દૈત્યની પુત્રી ઇન્દ્રાણી સ્વર્ગલોકમાં આવી અને પુનઃ પોતા પાસે આવેલા નહુષ પ્રત્યે બોલી 'હે રાજન્! તમારો મનોરથ અમો નિશ્ચે પૂર્ણ કરશુ પરંતુ મુખ્ય મહર્ષિઓએ ઉપાડેલા અપૂર્વ ઇન્દ્રપદને અસાધારણ એવા વાહનમાં બેસીને અમોને વરવા માટે આ સ્થાનમાં આવો.'

આ પ્રમાણે ઇન્દ્રાણીએ કહેલા નહુષ રાજા કામવેગને લીધે ધર્મમાર્ગ થકી ભ્રષ્ટ થતાં સત્વર મહામુનિઓને ઉપાડનારા તરીકે જોડીને તેઓને ઉપાડેલી શિબિકામાં બેસીને ઇન્દ્રાણીના અંતઃપુર તરફ ચાલ્યો. શિબિકાને વહન કરનારા મનિઓમાં ધીરે ધીરે ચાલતા અગત્સ્થ મુનિને જોઇને કામવેગથી વિભ્રાંત ચિત્તવાળા નહુષ રાજા ''સર્વ સર્પ શીઘ્ર ચાલો શીઘ્ર ચાલો' એમ કહેતા કહેતા વિવેક વિનિષ્ટ થએલો હોવાથી મુનિને વગથી તાડિત કરવા લાગ્યો. તે સમયે તત્કાળ કુપિત થએલા અગત્સ્થ મુનિએ કુમાર્ગમાં પ્રવર્તેલા નહુષને 'હે પાપાત્મન્! તુ આજ ક્ષણમાં ભૂતલમાં મહાસર્પ (અજગર) થઇને પડ' એમ શાપ આપ્યો. આ પ્રમાણે અગત્સ્ય મુનિએ શાપઆપેલો નહુષ તત્ક્ષણ સર્પ ભાવને પામીને ભૂતળમાં પડયો અને મહાકષ્ટને પામ્યો. (મહાભારત/અનુસાશન પર્વ) માટે જ મનુષ્ય ઐશ્વર્યાદિ પ્રાપ્ત કરી ઉન્મત્ત થઇ જાય છે તે મનુષ્યનું નહુષની જેમ અવશ્ય પતન થાય છે. (શ્લોક-૬૩) હવે નીતિકાર જીતેન્દ્રિય તઇને આત્માને જાણવાનું કહે છે.

<u>શ્લોક- ૬૪</u> आत्मानाऽऽत्मान न्विच्छेन्मनो बुद्धिन्द्रियैर्यतैः ।

आत्मा ह्यैवात्मानो बन्धुरात्मैव रिपुरात्मनः ॥

શ્લોકાર્થ :- મનબુધ્ધિ તથા ઇન્દ્રિયોને વસમાં કરીને પોતાનાથી જ આત્મા ને જાણવાની ઇચ્છા કરવી કારણ આત્મા જ પોતાનો બંધુ તથા આત્મા જ પોતાનો શત્રુ છે.

શ્લોક- ૬૫ बन्धुरात्माऽऽत्मनस्तस्य यनैवात्माऽऽत्मनाजित: ।

स एव नियतो बन्धु: स एव नियतो रिपु: ॥

શ્લોકાર્થ :- આત્મા તેનો જ મિત્ર છે, જેણે પોતે આત્માને જીતી લીધો છે. તેજ સાચો મિત્ર અને તે જ નિશ્ચિત રૂપથી શત્રુ છે.

ચ.ટી. :- શરીર અને ઇન્દ્રિયોના વિષયમાં આત્માને જ સાક્ષી અને નિશ્ચિત રૂપથી ઉધ્ધારક મનાયો છે. ઉપનિષદમાં ''आत्मा वाऽरे द्रष्व्य: श्रोतव्यो मन्तव्यो निर्दिध्यासितव्य'' (बुह.उ.२) આવચન દ્વારા આત્મા ને જોવો, મનન કરવો અને નિદિધ્યાસ કરવાનું કહ્યુ છે. ગીતામાં ''उध्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत्। आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मन:॥ મનુષ્ય આત્માથી (મનથી આત્માનો ઉધ્ધાર કર, આત્માને નીચે ન પાડે કારણ કે આત્મા (મન) જ આત્માનો બન્ધુ છે અને આત્મા (મન) જ આત્માનો શત્રુ છે. અર્થાત્ આત્મથી વિષયોમાં આશક્ત ન થવાવાળા મનથી આત્માનો ઉધ્ધાર કરવો જોઇએ એનાથી વિપરીત વિષયાસક્ત મનથી આત્માને નીચે ન પાડે કારણ કે આત્મા (મન) જ તો પોતાનો મિત્ર છે અને મન જ પોતાનો શત્રુ છે.'' (ગીતા-૬/૫) 'बन्धुरात्मगत्मनस्तस्य येनात्मैवात्मनाजित: । अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ જેણે આત્મા દ્વારા આત્મા(મન) ને જીતી લીધુ છે, નિસ્સંદેહ તેનો આત્મા (મન) તેનો મિત્ર છે, પરંતુ જેણે પોતાના મનને જીતેલું નથી તેના આત્મા (મન) શત્રુની જેમ શત્રુતામાં જ વર્તે છે. અર્થાત્ જે પુરૂષે પોતા દ્વારા જ પોતાના મનને વિષયો તરફતી હટાવીને જીતી લીધુ છે તે મન તો તેનું મિત્ર છે. અનાત્મા જેણે મનને

જીતેલુ નથી તેનું તે મન જ પોતાના શત્રુની જેમ શત્રુતાનો વર્તાવ કરે છે (ગીતા-૬/૬) પરાશર મુનિ કહે છે- ''मन एव मनुष्यणां कारणं बन्ध मोक्षयो:। बन्धाय विषयाङ्गिमुक्त्यै निर्विषयं मन:॥ મન જ મનુષ્યના બન્ધ તથા મોક્ષનું કારણ છે. વિષયાસક્ત મન બન્ધનનું અને વિષયાસક્તિ રહિત મન મુક્તિનું કારણ છે.'' (વિ.પુ. ૬/૭/૨૮) ભગવાન વેદ વ્યાસજી પણ કહે છે. ''रजोयुक्तस्य मनस: संकलप:सविकल्पक:। तत: कामो गुण ध्यानाद् दुस्सह: स्याद्धिदुर्मते:॥ करोति कामवशग: कर्माण्यविजितेन्द्रिय:। दु:खोदर्काणि सम्परयन रजोवेग विमोहित:॥ જ્યાં મનમાં રજોગુણની પ્રધાનતા થઇ કે તેમાં સંકલ્પ વિકલ્પની હારમાળાનો પ્રારંભ થઇ જાય છે. હવે તે વિષયોનું ચિંતન કરવા લાગે છે અને પોતાની દુર્બુધ્ધિને કારણે કામની જ પતમાં ફસાઇ જાય છે જેનાથી પછી છૂટવું અત્યંત કઠિન છે. હવે તે અજ્ઞાનિ કામવશ અનેક પ્રકારના કર્મો કરવા લાગે છે અને ઇન્દ્રયોને વશ થઇ એ જાણીને કે આ કર્મોનું અન્તિમ ફળ કેવળ દુ:ખ જ છે તેને જ કરે છે તે સમયે તે રજોગુણના તિવ્રવેગથી મોહિત થઇ જાય છે અને અંતે તેનું પતન થાય છે.'' (ભાગ-૧૧/૧૩/૧૦-૧૧) (શ્લો-૬૪, ૬૫) હવે નીતિકાર અંતઃ શત્રુ એવા કામ અને ક્રોધની દુષ્ટતા વિશે કહે છે -

શ્લોક- ૬૬ क्षुद्राक्षेणव जालेन झषावषि हितावरु।

कामाश्च राजन् क्रोधश्च तौ प्रजानं विलुम्पत:॥

શ્લોકાર્થ :- હે રાજન્! જેમ સૂક્ષ્મ દેહવાળી જાળમાં ફસાયેલી બે માછલી મળીન જાળને કાપી નાખે છે, તે જ પ્રમાણે કામ અને ક્રોધ બંને વિશિષ્ટજ્ઞાનને વિલુપ્ત કરી દે છે.

ચ.ટી. :- કામ અને ક્રોધ રજોગુણ સમુદ્ભવ હોવાને કારણે મનુષ્યને રાગાત્મિકા પ્રવૃત્તિ પ્રદાન કરે છે, અને સાથે સાથે તેમાં ફસાઇ મનુષ્યની બુધ્ધિ

અને વિવેક પણ વિલુપ્ત થઇ જાય છે માટે ગીતા ચાર્યે એની ઘોર નીંદા કરતા કહ્યુ છે કે ''ध्यायतो विषयान्पुंसः सङ्गास्तेषूपजायते। सङ्गात्संजायते कामः कामत्क्रोधोऽभिजायते॥ क्रोधोद्भवति संमोह संमोहात्स्मृति विभ्रमः। स्मृति भ्रंसाद बुद्धिनाशात्प्रणश्यति॥ વિષયોનું ચિંતન કરવાવાળા પુરૂષની તે વિષયમાં આસક્તિ થાય છે, આસક્તિથી કામ ઉત્પન્ન થાય છે, અને કામદ્વારા ક્રોધની ઉત્પત્તિ થાય છે. ક્રોધથી વિવેક શૂન્યતા થાય છે, અવિવેકથી સ્મૃતિ નો નાશ થાય છે, સ્મૃતિ નાશથી બુધ્ધિ નાશ થાય છે અને બુધ્ધિ ના નાશથી મનુષ્યનો નાશ થાય છે.'' (ગીતા/૨/૬૨-૬૩) ''काम एष क्रोध एष रजोगुण समुद्भवः। महारानो महापाप्मा विद्धयेन मिह वैरिणम्॥ રજોગુણથી ઉત્પન્ન આ કામ જ ક્રોધ છે- આ ઘણુ ખાવાવાળો અને મહાપાપી છે. અહી તુ એને જ શત્રુ જાણ'' (ગીતા/3/3૭) ''धूमनव्रिपते बहिनर्यथादर्शो मलेन च। यथोल्ब नावृतो गर्भस्तथा तनेदमावृतम्॥ જેમ ધુમાડાથી અગ્નિ અને મેલ દ્વારા દર્પણ ઢંકાઇ જાય છે તથા જેમ ઓરથી ગર્ભ ઢંકાયેલો રહે છે, તેમજ એ કામ વડે આ જ્ઞાન ઢંકાયેલુ રહે છે.'' (ગીતા-3/3૮) ''आवृत्तं ज्ञानमेतेन ज्ञानिनो नित्य वैरिणा। कामरुपेण कौन्तेय दुष्पूरेणानलेन च॥ અર્જન જ્ઞાન સ્વરૂપ આત્માનું જ્ઞાન આ ઘણી કઠિનાઇથી તૃપ્ત થવા વાળા અલંભાવથી રહિત કામરૂપ નિત્ય વેરથી ઢંકાયેલ છે.'' (ગીતા-3/૨૯) ''इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते। एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम्॥ મન અને બુધ્ધિ આ કામના અધિષ્ઠાન કહેવાય છે. આ ત્રણે દ્વારા આ કામ જ્ઞાનને ઢાંકી દઇ જીવાત્માને મોહિત કરી દે છે.'' (ગીતા-3/૪૬) ભગવાન વેદ વ્યાસજી પણ કહે છે ''मन्युस्तु हन्यात् पुरूषस्य धैर्यम्। ક્રોધ મનુષ્યના ધૈર્યનો નાશ કરી દે છે.'' (મહા. વન -3૪/૫) માટે ક્યારેય કામ ક્રોધને વશન થવું. (શ્લોક-૬૬) હવે નીતિકાર

ધર્મ અને અર્થને ધૈર્ય પૂર્વક પ્રાપ્ત કરનારા મનુષ્યની ઉન્નતિની વાત કરે છે-

શ્લોક- ૬૭ समवक्ष्येह धर्मार्थौ सम्भारान् योऽधिगच्छति।

स वै सम्भृत सम्भार: सततं सुखमेधते॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય આ જગતમાં ધર્મ અને અર્થ બંનેને સમ્યક્ પ્રકારથી યથાર્થ રીતે વિચારી કરી પોતાની ઉન્નતિના સાધનોને પ્રાપ્ત કરે છે તે વ્યક્તિ નિશ્ચિત રૂપથી એકત્રિત થયેલા સાધનથી સુખ પુર્વક વૃધ્ધિ પામતો રહે છે.

ચ.ટી. :- કામન્દકીય નીતિમાં કહ્યુ છે ''निर्गमे पञ्च वापिषट्। स विस्तृत व्ययो नूनं धर्मभ्रष्टो भवेदुत॥ જેને આવક ચારની હોય અન ખર્ચ પાંચ કે છનો હોય તો ઝાઝા ખર્ચવાળા તે મનષ્ય ચોક્કસ અને સત્વરે ધર્મભ્રષ્ટ થઇ જાય છે.'' ''यतस्त त उपानीय व्ययं कुर्वन्ति भरि ये। धनिकोपद्रवे जाति विषमश्नन्ति ते तत:॥ જે મનુષ્યો જ્યાંતી ત્યાંથી ધન લાવીને વધારે પડતો ખર્ચ કરે છે, પછી જ્યારે ધન આપનાર ધનવાન તરફથી ઉપદ્રવ થાય છે ત્યારે તેને વિષ ભક્ષણ કરવું પડે છે.'' માટે સૂક્ષ્મ બુધ્ધિ વાળા મનુષ્યે ધર્મ અને અર્થ બન્નેનો યોગ્ય રીતે વિચાર કરીને જ પોતાની ઉન્નતિના સાધનોને પ્રાપ્ત કરવા આ સન્દર્ભમાં મહાભારતમાં આવતુ તુલાધાર વણિકનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે.

વૈશ્ય વર્ણમાં પ્રગટ થયેલા તુલાધાર વણિક કાશીમાં નિવાસ કરીને રહેતા હતા કાશીમાં રહેતા થકા જ તેઓ પાતાનો મોદીખાનનો વ્યવસાય કરતા હતા. પોતાની દુકાને આવતા ગ્રાહકોને યથાર્થ રીતે તોલીને વસ્તુઓ આપતા હતા. નિંદિત પદાર્થોને ક્યારે વેચતા નહિ અને ક્યારેય પણ ગ્રાહકો ઠગતા નહિ. પોતાની દુકાન પર આવતા ગ્રાહકમા તેઓ ઇશ્વર બુધ્ધિ રાખતા અને યોગ્ય ભાવમાં ઓછા નફે વસ્તુઓ આપતા. રાગ અને દ્વેષથી દૂર રહી યથા શક્તિ દાન કરતા, અતિથિઓની સેવા કરતા અને જીવ પ્રાણી માત્રને સમાન દૃષ્ટિથી જોતા.

જેને લઇ તેઓની દિન પ્રતિદિન પ્રગટી થતી હતી અને ભગવાનની કૃપાથી તેઓ દૂરદર્શન, દૂર શ્રવણની સિધ્ધિને પણ પામતા હતા. (મહા. શાંતિ /અ. ૨૬૧-૨૬૪) આ ધર્મપથ પર આરૂઢ રહેવાને કારમે તુલાધાર આર્થીક અને ધાર્મિક બંને પ્રકારે ઉન્નતિને પામતા હતા. (શ્લોક-૬૭) હવે નીતિકાર જીતેન્દ્રિય થયા વિના શત્રુને જીતવાની ઇચ્છા રાખનારાનો પરાજય થાય એનું વર્ણન કરે છે-

શ્લોક- ૬૮ यः पञ्चाभ्यान्तरान् शत्रूनविजिव्य मनोमयात्।

जिगीषति रिपूनन्यान् रपिवोऽनि भवन्ति तम्।

શ્લોકાર્થ :- જે મનના વિકાર ભૂત પાંચ ઇન્દ્રિયોરૂપી આંતરિક શત્રુને જીત્યા વીના જ શત્રુઓને જીતવાની ઇચ્છા રાખે છે તેને શત્રુ પરાજિત કરી દે છે.

ચ.ટી. :- સૃષ્ટિની ઉત્પત્તિ પ્રક્રિયા પ્રમાણે શાસ્ત્રોમાં પ્રતિપાદિત અહંકાર રૂપ મનથી પાંચ ઇન્દ્રિયોની ઉત્પત્તિ મનાય છે. ''अहङ्कारात् पञ्चतन्मात्राण्युभयमिन्द्रियं च। '' ઉપનિષદ્ માં પણ કહ્યુ છે 'मन साहेयव यश्यति मनसा श्रृणोति। ઇત્યાદિ

મનુ મહારાજ કહે છે. 'मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः (મનુ સ્મુતિ) આ પ્રમાણે મન છે તે જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે તો આ સંકલ્પ વિકલ્પ રૂપ મન દ્વારા આવેલા ક્રોધાદિ વિકારને જીતી જે પ્રક્રિયા અપનાવાય તે યથાર્થ રહે છે. અન્યથા મનને વશીભૂત થઇને કરાયેલા કાર્યથી ન તો ઇષ્ટની સિધ્ધિ થાય છે કે ન તો આત્મ કલ્યાણ. આ સન્દર્ભમાં ધૃતરાષ્ટ્રના પુત્ર, દુર્યોધનનું દૃષ્ટાંત જ પર્યાપ્ત છે. દુર્યોધન સંપૂર્ણ રીતે અજીતેન્દ્રિય પુરૂષ હતો અને તેના મન પર ધુત નિપુણ એવા કપટી શકુનિએ અધિકાર કરી લીધો હતો અને તે તેની સલાહ મુજબ જ કાર્ય કરતો હતો. તેણે જેની સાથે શત્રુતા કરેલી એ પાંડવો પૂર્ણ રીતે જીતેન્દ્રિય ધર્મારૂઢ અને ભગવાનશ્રી કૃષ્ણના અનન્ય આશ્રિત હતા. આમ બલાબલનો વિચાર કર્યા વીના દુર્યોધને પાંડવો સાથે શત્રુતા મોલ

લીધેલી જેના પરીણામ સ્વરૂપ મહાભારતના યુધ્ધમાં દુર્યોધને પોતાના ભાઇઓ પુત્રો અને મિત્રો સાથે કાળનામુખમાં જતો રહ્યો. માટે ભગવાન સ્વામિનારાયણ કહે છે. ''जितेन्द्रिय: स्वमात्मानमादौजित्वा ततोरिपुन्। જેતું समिच्छेन्नृपति:प्रसत्तानजितेन्द्रियान॥ રાજા સ્વયં જીતેન્દ્રિય અપ્રમત્ત થઇને પછી અજીતેન્દ્રિય પ્રમત્ત અરિઓને જીતવાની ઇચ્છા કરે.'' (સ.જી. ૫/૨૩/૧૫, માટે આંતરિક શત્રુને જીતિને જ શત્રુને જીવતાનો આગ્રહ રાખવો અન્યથા દુર્યોધન જેવી વિપરીત પરિસ્થિતિ ઉપસ્થિત થાય.) (શ્લોક-૭૮) હવે નીતિકાર અજીતેન્દ્રિય મહાત્મા અને રાજાના પતનની વાત કરે છે.

શ્લોક- ૬૯ दृश्यन्ते हि महात्मानो वध्यमाना: स्वकर्मभि: ।

इन्द्रियाणामनीशत्वान् राजानो राज्यविभ्रमै: ॥

શ્લોકાર્થ :- ઇન્દ્રિયો પર વશ ન હોવાને કારણે મહાત્મા પોતાના કર્મોથી તથા રાજા પોતાના રાજ્યના ભોગ વિલાસથી બંધાઇ નષ્ટ થતા જોવા મળે છે.

ચ.ટી. :- ઇતિહાસ પુરાણોમાં ઋષિ વિશ્વામિત્ર, સૌભરી, ગૌતમ, કંડુ, વિભાડક ઇત્યાદિ ઋષિઓ પોતાની ઇન્દ્રિયોને વશમાં ન કરવાથી પોતાની તપસ્યાથીચ્યુત થતા જોવા મળે છે તથા ઐશ્વર્યના મધ્યથી અંધ બનેલા અજીતેન્દ્રિય એવા હિરણ્યકશિપુ, રાવણ, કંસ, ધનાનંદ જેવા દિગ્ગજ રાજાઓ પણ ઇન્દ્રિયોની લોલુપતાને કારણે નષ્ટ થયેલા જોવા મળે છે માટે અજીતેન્દ્રિય મનુષ્યનું અવશ્ય પતન થાય છે. કહ્યુ પણ છે ''आपदां कथि:पन्था इन्द्रियाणामसंयम:। तज्जयं: सम्पदां मार्गो येनेष्टं गम्यताम्॥ ઇન્દ્રિયોને વશનમાં ન રાખવાથી મનુષ્ય એનેકો સંકટોથી ઘેરાઇ જાય છે, ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરવાથી મનુષ્ય બધી બાજથી કલ્યાણ પ્રાપ્ત કરે છે, હવે તમો જે માર્ગે ચાલવા ઇચ્છો તે માર્ગ પર ચાલો તે તમારી ઇચ્છા પર આધારિત છે'' ''इन्द्रियाणांहि चरतां

यन् मनोऽनुविधीयते। तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि॥ ચંચળ ઇન્દ્રિયોની પાછળ જ્યારે મન જવા માંડે છે, તો તેનાથી મનુષ્યની બુધ્ધિ વિચલીત થઇ જાય છે. જેમ જળમાં નૌકા વાયુ દ્વારા ડગમગાત થાય છે. (મહા. ભી. ૨૬/૬૮) ''द्विषट्भि: शत्रुभ: कश्चित्कदाचित्पीडयते न वा। इन्द्रियै र्बाध्यते सर्व: सर्वत्र च सदैव च॥ દ્વેષિ શત્રુઓથી કોઇ ક્યારેક પિડીત થાય કે ન થાય પરંતુ ઇન્દ્રિયોથી બધા બધી જગાએ હંમેશા પિડીત થાય છે. (સૈન્દનન્દ/૧૩/૨૨) (શ્લો-૬૯) હવે નીતિકાર પાપીના સંગનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે-

શ્લોક- ૭૦ असन्त्यागात् पापयकृताम पपांस्तुल्यो दण्द: स्पृशते मिश्रभायात्।

शुष्केणाद्रं दह्यते मिश्रभावात्तस्मात्पापै: सहसंधिंनकुर्यात्॥

શ્લોકાર્થ :- પાપી દુષ્ટો ને પરિત્યાગ ન કરવાથી, તેની સાથે મિત્રતા રાખવાથી નિરપરાધિ પણ તેના સમાન જ દંડ પામે છે. જેમ સૂકા લાકડાની સાથે ભીના લાકડા પણ સળગી જાય છે. એટલે માટે પાપી સાથે મિત્રતા નહિ કરવી જોઇએ.

ચ.ટી. :- અહી નીતિકાર ધૃતરાષ્ટ્ર ને ગુઢાર્થમાં એવો બોધ આપી રહ્યા છે કે- હે રાજન્! યદ્યપિ તમારા હૃદયમાં પાંડવોના વિષયમાં કોઇ પણ પ્રકારનો દુરાભાવ નથી. પરંતુ દુર્યોધન આદિકના સંપર્કથી તમો પણ દુર્યોધનની જેમ પાપમાં ભાગી છો અને તે તમારી સહાયતાથી જ પાંડવો પર અત્યાચાર કરી રહ્યો છે પરિણામે તમારે પણ દુર્યોધનની જેમ કષ્ટનો અનુભવ કરવો પડશે અને થયુ પણ એમ જ મહાભારતના યુધ્ધમાં દુર્યોધન અને તેના સહાયકો તો યુધ્ધ રૂપી હોમાગ્નિમાં દગ્ધ થઇ ગયા પણ સાથે સાથે પ્રજ્ઞા ચક્ષુ એવા ધૃતરાષ્ટ્રે પણ જીવનભર પોતાના પત્રો, પૌત્રો પર અશ્રુવહાવતા થતા પાંડવોના આશ્રે રહી જીવન વ્યતિત કરવું પડયું. (શ્લો-૭૦) હવે ની તિકાર અજીતેન્દ્રિયના પતનની વાત કહે છે - હ્ય

શ્લોક- ૭૧ निजानुत्पततः शत्रुन पञ्च पञ्चप्रयो जनान्।

यो मोहन्न निगृह्णानि तमापदग्रसते नरम्॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય વિપરીત માર્ગે ચાલનારી ઇન્દ્રિયોના પાંચેય વિષયોને વશ કરતો નથી તેને વિપતિ ગ્રસી લે છે.

ચ.ટી. :- અહી નીતિકાર મર્મમાં ધૃતરાષ્ટ્રને કહી રહ્યા છે કે તમો પણ કુમાર્ગ ગામી મન આદી ઇન્દ્રિયોનો નિગ્રહ નહિ કરવાને કારણે દુ:ખી થઇ રહ્યા છો માટે પ્રથમ ઇન્દ્રિયોને વશીભૂત કરો. કહ્યુ પણ છે ''चला नि हीमानिषडिन्द्रियाणि, तेषां यद्य वर्धते यत्र यत्र। ततस्ततः स्रवते बुद्धिरस्य, छिद्रोदं कुम्भादिव नित्यमम्भः॥ મન સહિત આ છ ઇન્દ્રિયો ગણી ચંચળ છે, તેમાંથી જે પણ ઇન્દ્રિય જે જે વિષયમાં આગળ વધી ભોગ કરે છે. ત્યાં ત્યાંથી મનુષ્યની બુધ્ધિ એવી રીતે જ ક્ષીણ થઇ જાય છે, જેમ છિદ્ર પડેલા ઘડામાંથી નિરંતર જળ અખંડ વહ્યા કરે છે.'' ''इन्द्रियाणां विचरतां विषयेष्वपहारिषु। संयमे पत्नमातिष्ठेद् विद्वान यत्मेव वाजिनाम्॥ જ્યારે ઇન્દ્રિયો આકર્ષક વિષયો તરફ મનુષ્યને ખેંચી લે, ત્યારે તેને સંયમથી એવા પ્રકારે રાખવાનો પ્રયત્ન કરવો જોઇએ કે જેમ રથ ચાલક ઘોડાઓને વશમાં રાખે છે.'' (મનુ. ૨/૮૮) (શ્લો-૭૧) હવે નીતિકાર દુર્જનોમાં કયા ગુણો હોતા નથી તેનું વર્ણન કરે છે.

શ્લોક- ૭૨ अनसूयाऽऽर्जव शौचं सन्तोषः प्रियवादिना।

दमः सत्यमनायासौ न भवन्ति दुरात्मनाम्॥

શ્લોકાર્થ :- અસૂયાનો અભાવ, સરળતા, પવિત્રતા, સન્તોષ, પ્રિય બોલવું, ઇન્દ્રિયોનું દમન કરવું, સત્ય અને ચચલતાનો અભાવ એ દુર્જનોમાં હોતા નથી.

શ્લોક- ૭૩ आत्मज्ञान मनायासस्तितिक्षा धर्म नित्यता।

वाक् चैव गुप्तादानं च नैतान्यन्त्येषु भारत॥

શ્લોકાર્થ :- હે ધૃતરાષ્ટ્ર! આત્મજ્ઞાન, ખિન્નતાનો અભાવ, સહનશિલતા, ધર્મ નિષ્ઠ, વચનની રક્ષા તથા દાન આ ગુણો દુર્જનોમાં રહેતા નથી.

ચ.ટી. :- અહી પણ નીતિકાર ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રને કહી રહ્યા છે કે યુધિષ્ઠિરમાં ઉપર જણાવેલ સમસ્ત સદ્‌ગુણો છે અને તેનાથી વિપરીત તમારા પુત્રોમાં આ બધાજ ગુણોનો અભાવ છે. અતઃ દુર્યોધનમાં સજ્જનોના લક્ષણો દેખાતા નથી. અને સજ્જનતા થી રહિત થઇને વ્યવહાર કરવો એતો વિનાશનું કારણથી બને છે અને થયું પણ એમ જ ધુત ક્રિડામાં થયેલા કરાર મુજબ પાંડવોએ ચાર વર્ષનો વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસ માં પુર્ણ કરી ધરોહરના રૂપમાં રહેલું પોતાનું રાજ્ય દુર્યોધન પાસે પરત માંગ્યુ પરંતુ તેણે પાંડવોનો દાય ભાગ આપવાની સ્પષ્ટ મનાઇ કરી અને એને લઇ પાંડવોએ રાજના ચાર અંગ પૈકી દંડનો સહારો લેવો પડયોઅને દંડનીતિમાં દુર્યોધન પોતાના સહાયક સાથે કાળના મુખમાં જતો રહ્યો. ભતૃહરિ કહે છે ''अकरुणात्वमकारणविग्रहः परधने परयोषिति च स्पृहा। सुजन बन्धुजनेस्वसहिष्णुता प्रकृतिसिद्धिमिदं हि दुरात्मनाम्॥ ક્રુરતા, કારણ વીના દ્વેષ, પારકા ધનની અને પારકી સ્ત્રીની ઇચ્છા, સજ્જનો અને સંગાવાહલા તરફ ઇર્ષ્યા આ સઘળુ દુર્જનોને સ્વભાવથી જ સિધ્ધ છે.'' (નીતિશતક/શ્લો-૭૨, ૭૩) હવે નીતિકાર અપશબ્દ બોલનાર અને ક્ષમાભાવ રાખનારાને શાની પ્રાપ્તિ થાય છે તેનું વર્ણન કરે છે.

શ્લોક- ૭૪ आक्रोश परिवादाभ्यां विहिंसन्त्यबुधा बुधाम्।

वक्ता पापमुपादत्ते क्षममाणो विमुच्यते॥

શ્લોકાર્થ :- મુર્ખ લોકો વિદ્વાનોને અપશબ્દ તથા નિંદા દ્વારા કષ્ટ પહોંચાડે છે. અપશબ્દ બોલનારો પાપ યુક્ત થાય છે અને ક્ષમા કરનારો પાપ રહિત.

<u>ચ.ટી. :-</u> વિદૂરજી ધૃતરાષ્ટ્રને કહે છે દુર્યોધનમાં આ બંને દુર્ગુણો છે પરંતુ પાંડવો ક્ષમાશીલ છે માટે કદાચ યુધ્ધ થશે તો તેઓનો જ વિજય થશે કહ્યુ પણ છે. ''यः परेषां नरो नित्यमतिवादांस्तितिक्षते। देवयानि विजानीहि तेन सर्वमिदं जगत्॥ જે મનુષ્ય સદાબીજાના કઠોર વચનને સહન કરી લે છે તેણે આ સંપૂર્ણ જગત પર વિજય પ્રાપ્ત કરેલો છે.'' (મહા.આદિ. ૭૯/૧) ''सुखं ह्यवत:शेते सुखं च प्रतिबुध्यते। सुखं चरति लोकेऽस्मिन्नवमन्ता विनश्यति॥ અપમાન રૂપ અપશબ્દને સહન કરનારાને સુખ પૂર્વક નિદ્રા આવે છે અને તે સુખેથી જાગૃત થાય છે તથા સમાજમાં સુખેથી હરે ફરે છે. પરંતુ જે અપમાન કરનારો છે તેનો વિનાશ થાય છે.'' (મનુ. ૨/૧૬૩) ''असन्मानात्तपोवृद्धिः અસન્માનથી (અપશબ્દ સહન કરવાથી) તપની વૃધ્ધિ થાય છે.'' (જીવનમુક્તિ વિવેક/૧૦/૧૦) આ સન્દર્ભમાં યુધિષ્ઠિર મહારાજના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. યુધિષ્ઠિર મહારાજ દુર્યોધન સાથેના કપટ ધુતમાં પોતાનું સર્વસ્વ હારી ગયા અને દુર્યોધન દ્વારા તેઓને ન કહેવા યોગ્ય શબ્દો કહેવાયા છતા પણ યુધિષ્ઠિર મહારાજે મનથી પણ તેઓ પ્રત્યે દુર્ભાવ પ્રગટ ન કર્યો અને તેને લઇને કૌરવોનું રહ્યુ સહ્યુ પુણ્ય પણ તેઓમાં પ્રવેશ પામી ગયુ અને યુધિષ્ઠિર આદી નિષ્પાપ થઇ ગયા અને તે નિષ્પાપતાએજ તેઓને પુનઃ ભૂમંડલના અધિપતિ બનાવ્યા અને દુર્યોધન આદી દુષ્ટોને તેનું પાપ જ કાળનો ગ્રાસ બનાવતુ હતુ. (શ્લોક-૭૪) હવે નીતિકાર દુર્જનાદિનું બળ કયું છે તેનું વર્ણન કરે છે.

<u>શ્લોક- ૭૫</u> हिंसा बलमसाधुनां राज्ञांदण्डविधिर्बलम्।

शुजया तु बलं स्त्रीणां क्षमा गुणवतीबलम्॥

<u>શ્લોકાર્થ :-</u> દુર્જનનું બળ હિંસા છે, રાજાનું બળ દંડ વિધાન છે, સ્ત્રિઓનું બળ સેવા કરવી તે છે અને જે ગુણવાન છે તેનું બળ ક્ષમા છે.

ચ.ટી. :- દુર્જન અર્થાત્ આસુરી સંપદાને આરેલા જનન હિસા સ્વભાવથી પ્રિય હોય છે. જેમ કે ગીતામાં કહ્યું છે. ''एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः। प्रभवन्त्युग्रकर्मणः क्षपाय जगतोऽहिताः ॥ જેઓ શરીર અતિરિક્ત આત્માની સ્થિતિને માનતા જ નથી એવા તેઓ ઉગ્ર કર્મ કરવાવાળા. બધાની હિંસા કરવાવાળા, નષ્ટાત્મા અલ્પ બુધ્ધિ અને અહિત કરનારા મનુષ્ય જગતનો નાશ કરવા ઉત્પન્ન થયા કરે છે.'' (ગીતા-૧૬/૯) ''असौमया हतः शत्रुर्हनिष्ये चापरानपि। ईश्वरोऽहमहं भोगी सिध्योऽहं बालवान्सुखी॥।અમુક શત્રુનો મારા દ્વારા મરાયો છે અને બીજાને પણ હું મારીશ. હુ ઇશ્વર છ, હું ભોગી છ તથા હું સિધ્ધ છ. બલવાન અને સુખી છ.'' (ગીતા ૧૬/૧૪)

રાજાનું બળ દંડ વિધાન છે કારણ કે દંડ સમસ્ત પ્રજાને ધર્મ મર્યાદામાં સ્થાપિત કરે છે. દંડના ભયને લીધે જ લોકો પરસ્પર એક બીજાનું અનિષ્ય કરતા ભય પામતા હોય છે. માટે ધર્મ રક્ષા માટે રાજાએ દંડ માનનીય છે. કહ્યુ પણ છે ''ये हि संभिन्न मर्यादा नास्तिकाच्छिन्न संशयाः। तेऽपि भावाय कल्पन्ते राजदण्डनिपाडिताः। ધર્મ મર્યાદાને ભંગ કરનારા નાસ્તિક પણ રાજદંડથી પીડિત થઇ ને ઇશ્વરીય સત્તાપ્રતિ સંદેહ રહિત થઇને અસ્તિક બની જાય છે. '' (વા.રામા. ૨/૬૭/૨૨)

પતિવ્રતા સ્ત્રી પતિની સેવાથી બલવતી થઇ અસાધારણ કાર્ય કરવા માટે પણ સક્ષમ થઇ શકે છે. જેમ સાવિત્રીએ પોતાના પતિવ્રતાના પ્રભાવથી યમરાજ થકી પોતાના પતિ સત્યવાનની રક્ષા કરેલી. શંખચૂડની પત્ની તુલસીએ પોતાના પતિપ્રત્યેના જ પ્રભાવતી જગદના એક નાથ એવા ભગવાન વિષ્ણુ ને પણ પાસાણ બનાવી દીધા હતા. માતા અનસૂયા એ પોતા પાસે ભિક્ષા માંગવા આવેલા ત્રિભુવનના પ્રધાન દેવતા એવા ત્રિદેવોને બાળક બનાવી દીધા હતા. પિપલાદના

પત્નીએ પોતાના પતિવ્રતાના પ્રભાવથી ધર્મને પણ શાપ આપી દરેક યુગમાં એકપદથી ચ્યુત કરી દીધા હતા માતા રૂક્મણીના પતિ પ્રત્યેના પ્રભાવથી ભગવાન શ્રીકૃષ્ણ એક તુલસિના પત્ર પર તોલાઇ ગયા હતા. જલંધરની પત્ની વૃંદા એ પોતાના પતિવત્યના પ્રભાવથી પોતાના પતિને અજેય બનાવી દીધો હતો. આમ સ્ત્રીઓનું બળ પતિની સેવાજ છે.

''क्षमा धर्म: क्षमायत्र: क्षमावेद: क्षमा श्रुतम्। क्षमा हीनेन यत्पुण्यं क्रियते तन्निरर्थकम्॥ अतिक्रम्य क्रतुमतां अतिक्रम्य क्रतुमतां लोकान्वै क्षमिणोनर:। तत ऊर्ध्वं दिव्य लोकान् प्रान्वन्तिन संशय:॥ क्षमा तेजस्विनां तेज: क्षमा ब्रह्म तपस्विनाम्॥ क्षमा सत्यं सत्यवतां क्षमा शौचं क्षमाशम:॥ क्षन्तव्यमेव सततंपुरुषेण विजानता। यमा हि क्षमते सर्वं ब्रह्म सम्पद्यते तदा॥ क्षमा वतामयं लोक: परश्चव क्षमावताम्। सन्मानोऽस्तीह तेषांहि परत्र च शुभागति:॥ प्रशंसन्ति क्षमा नित्यं जगतामीश्वराअपि। वैकुण्ठनाथो ब्रह्मा च शंकरश्चातिवीर्यवान्॥ વેદો શાસ્ત્રો યજ્ઞો અને તેના કહેલા ધર્મો, આ સર્વે ક્ષમા જ છે. (એક ક્ષમાથી જ વેદાધ્યયન અધ્યાપન, યજ્ઞાદિ આચરણના ફળની સંપત્તિ મળે છે.) ક્ષમાહીને કરેલું સમગ્ર સત્કર્મ નિષ્ફળ જાય છે. ક્ષમાશિલ પુરૂષો યજ્ઞકર્તાઓને પામવાના સ્વર્ગાદિ લોકને ઉલ્લંઘન કરીને ઉપર આનંદમય અનુત્તમ લોકને પામે છે. એમા સંશય નથી માટે ક્ષમાશીલથવું. જે તેજસ્વિઓનું તેજ છે, જે તપસ્વિનું તપ છે. જે સત્યવાદીઓનું સત્ય છે, જે શોચનિષ્ઠોનું શૌચ છે, જે શમનિષ્ટોનું શમ છે તે સર્વ ક્ષમા જ છે. એટલે તેજ આદિક ગુણો ક્ષમાવાળાને જ તેતે ફલ આપનારા થાય છે શ્રેય સિદ્ધ કરનારા ઉપાયને અને હિતાહિતના ભેદને જાણતા પુરૂષે નિરંતર (બહુ પ્રબળ ક્રોધ નિમિત્ત હોય તો પણ) ક્ષમા જ રાખવી જ્યારે આ રીતે ક્ષમા સંપન્ન થાય ત્યારે આ બ્રહ્મ સાર્ધમ્યને પામે છે. આ લોક અને પરલોક ક્ષમાવાળાને સુગમ છે. આ લોક અને

પરલોકમાં ઉત્તમ સન્માન ક્ષમા વડે જ મળે છે આ લોક પરલોકમાં શુભ ઉત્તરોત્તર શુભકારી ગતિ પણ ક્ષમાથી જ મળે છે. બ્રહ્મા, વિષ્ણુ અને શીવા આ ત્રણ જગતના નિયંતાઓ પણ સર્વદા ક્ષમાથી જ સમસ્ત શ્રેયના સાધન પણે પ્રશંશા કરે છે.'' (સા.જી. ૨/૩૩/૪૪-૪૯) આમ ક્ષમારૂપિ ધર્મનું આચરણ કરવા માત્રથી મનુષ્ય સમસ્ત ગુણોથી અલંકૃત થઇ જાય છે એમ ભગવાન શ્રીહરિ કહે છે. (૭૫) હવે નીતિકાર વાણીના સંયમની વાત કરે છે-

શ્લોક- ૭૬ वाक् संयमो हि नृपते! सुदुष्कर तमोमतः ।

अर्थवच्य विचित्रञ्ज न शक्यं बहु भाषितुम ॥

શ્લોકાર્થ :- હે રાજન! વાણીનો સંયમ અતિ કઠિન છે, પરંતુ સારગર્ભિત અને ચમત્કાર પૂર્ણ વચન પણ વધુ નહિ કહી શકાય.

ચ.ટી. :- દેવ માનવ અને દાનવ બધા શરીર ધારીઓની પ્રાણ શક્તિ સીમિત છે પણ અસીમ નથી. ઠીક એ પ્રકારે જેમ દીપમાં તેલ. જે પ્રમાણે દીપમાં તેલ સમાપ્ત થતા પ્રકાશ પણ સમાપ્ત થવા લાગે છે. તેમ પ્રાણ શક્તિનો પૂર્ણ લાભ તેજ પ્રાપ્ત કરી શકે છે જે સંયમથી તેનો પ્રયોગ કરે છે. સંયમ જ સમસ્ત સિધ્ધિઓનો આધાર છે અને સંયમનું પ્રથમ સોપાન '' वचोगुप्ति' અર્થાત્ વાક્ સંયમ છે. સંયમ વિહિન જીહ્વા અનાવશ્યક શબ્દોનો પ્રયોગ કરવાની અભ્યાસી થઇ જાય છે અને આ પ્રકારેના નિરર્થક શબ્દ વિગ્રહ અને વૈમનસ્ય પ્રગટ કરે છે, જે પ્રમાણ શક્તિનું શોષક છે. સમસ્ત અનર્થ પરમ્પશને દગ્ધ બીજ કરવાનો હેતુ જ મૌનને કહ્યુ છે અને એટલે માટે તેને શાસ્ત્રમાં મૌનવ્રત ની સંજ્ઞાથી અલંકૃત કરાયુ છે. માનવના બે મધુર વાકયો કોઇના જીવનમાં વસન્તનું વાતાવરણ બનાવી દે તો સમઝવું તેનું હ્દય પૂજાના ધૂપની જેમ સ્નેહ અને પરદુઃખ કાતરતાનું સૌભાગ્ય બહાર કાઢી રહ્યુ છે. માટે જ વેદ ભગવાન મનુષ્ય

માત્રને આજ્ઞા આપતા કહે છે ''सम्यञ्चः सव्रता भूत्वा बाचं वदन भद्रया।' (अथर्व 3/30/3) સમાન ગતિ, કર્મ, જ્ઞાન અને સમાન નિયમવાળા બનીને પરસ્પર કલ્યાણકારી મધુરવાળી બોલવી. (શ્લોક-૭૬) હવે નીતિકાર કવી વાણી સુખ દુ:ખ ઉત્પન્ન કરે છે તેનું વર્ણન કરે છે -

(૧૭) <u>વાણી જ સુખને દુ:ખ કર્તા છે :-</u>

<u>શ્લોક-૭૭</u> अभ्यावहति कल्याण विविध वाक् सभुषिता।

सैव दुर्भाषिता राजन्ननर्थायोप पद्यते॥

<u>શ્લોકાર્થ :-</u> હે રાજન્! સુન્દર શબ્દોમાં કહેવાયેલી વાત અનેક કલ્યાણ કરે છે પરંતુ તે જો અસભ્ય શબ્દોમાં કહેવાય તો અનેકો અનર્થોને ઉત્પન્ન કરો શકે છે.

<u>ચ.ટી. :-</u> ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં વાણીના સંયમને તપની સંજ્ઞા આપી છે અને બતાવે છે કે 'જે વચન અન્યને ઉદ્વેગ ઉત્પન્ન કરનાર ન હોય તથા સત્ય, પ્રિયઅને હિતકારક હોય તે વાણીનું તપ કહેવાય છે- वाङ्मयं तप उच्यते ' (ગીતા-૧૭/૨૫) અને આવી હિતકારી વાણી ઉચ્ચારણ કરનારા ના શત્રુ પણ મિત્ર બની જાય છે અને ઉદ્વેગ ઉપજે એવી વાણીનું ઉચ્ચારણના કરનારા હિતેચ્છઓ પણ તેનાથી વિરુધ્ધ થઇ જાય છે. આ સન્દર્ભમાં ભગવાન શ્રીહરિના જીવનનો તથા સીતાના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે.

એક સમયની વાત હતી ભગવાનશ્રી હરિ વનવિચરણ કરતા થતા ગિરનાર પર્વત પર પધાર્યા, ગિરનાર પર્વત ચઢી દત્તાત્રેયના દર્શન કરી પાછા વળતા હતા ત્યાં માર્ગમાં બે દ્વેષિ વૈરાગીઓ હાથમાં કટાર લઇને શ્રીહરિ પાસે આવ્યા અને તેઓની કુખમાં અડાડીને મારવા તૈયાર થયા. ત્યારે શ્રીહરિ નિર્ભય થઇને હાસ્ય કરતા તેમના પ્રત્યે બોલ્યા 'આવો આવો વૈકુંઠનાથ પાર્ષદ પધારો' શ્રીહરિની વાત સાંભળી પેલા વૈરાગીઓ બોલ્યા 'અમો તો તમને મારવા માટે

આવેલા છીએ અને આપ તો નિર્ભય થઇને હાસ્ય કરો છો.' ત્યારે શ્રી હરિ બોલ્યા ''અમોને હસુ એટલે માટે આવે છે કે સાક્ષાત્ વૈકુંઠનાથના પાર્ષદોના હાથે આ ક્ષણભંગુર દેહ પડે છે તે પૂર્વના પુણ્યથી જ હશે. કારણ કે મહાપાપી અજામિલને યમના દૂતો મારતા હતા ત્યારે વૈકુંઠનાથના પાર્ષદો એ જ તેને યમના દૂતથી મૂકાવેલો હતો તે આ પ્રવર પાર્ષદોના વરદહસ્તે અમારો બાળ પણમાં દેહ પડે છે, એમ પરમ હિત સમઝીને અમોને હસુ આવે છે, અને કશો શોક કે ભય નથી.''

આ પ્રમાણે શ્રી હરિની વાણીમાંથી મધ ટપકતુ હતુ. આવા વિમોહક પ્રશંસા પરક પ્રિય વચનો સાંભળી બંને વૈરાગીઓ બહુમોહ પામ્યા હોય ને શુ? એવા થકા હાથમાંથી કટાર ને નાખી દઇને પગે લાગી બોલ્યા કે 'તમોતો સાચા સાધુ છો અને કોઇ ઇશ્વરના અવતાર છો, માટે અમારા અપરાધને ક્ષમા કરો.' એમ વિનંતી કરી પગે લાગી પોતાના સ્થાને ગયા. (અદ્ભૂતાનંદ સ્વામીની વાર્તા નં. ૧૫) આ પ્રમાણે શત્રુ ભાવથી શ્રીહરિને મારવા માટે આવેલા વૈરાગીઓ પણ શ્રીહરિની મધુર વાણી સાંભળી શત્રુભાવ ત્યાગ કરી તેમના ચરણમાં પડી ગયા.

તે જ પ્રમાણે અસભ્ય શબ્દોમાં ઉચ્ચારણ કરેલી વાણી અનેકો પ્રકારના કષ્ટો ઉત્પન્ન કરે છે આ સંબંધમાં સીતાજી દૃષ્ટાંત રૂપ છે. વાત એવી હતી કે પંચવટીમાં રહેતા થકા એક સમયે માતા સીતા એ માયાથી સુવર્ણ મૃગ બનેલા કોઇ એક મૃગને જોઇ શ્રીરામને તેને લાવી આપવા માટે પ્રાર્થના કરી. એટલે શ્રીરામ માયાથી મૃગ બનેલા મારીચને પકડા તેની પાછળ ગયા. મૃગ શ્રીરામને જંગલમાં દૂર સુધિ લઇ ગયો મૃગ જ્યારે હાથમાં ન આવ્યુ ત્યારે શ્રીરામે ધનુષ પર બાણ ચઢાવી તેની વિંધી નાખ્યુ. બાણ વાગતા જ મૃગ પોતાના મૂળ રૂપમાં આવી ગયું અને તેણે ભગવાન શ્રીરામની વાણીમાં જ લક્ષ્ણજીના નામની બૂમ પાડી અને

આ વાણી સીતાજીના કર્ણમાં સંભળાય એટલે તેઓએ લક્ષ્મણજીને શ્રીરામની સહાય કરવા માટે જવા કહ્યુ. લક્ષ્મણજી પોતાના ભાઇનો પ્રભાવ જાણતા હતા એટલે તેઓ માતા સીતા પ્રત્યે બોલ્યા. 'માતા! આ કોઇ અસુરનું ષડયંત્ર લાગે છે જે રામના સ્વરમાં મને બોલાવી રહ્યો છે. આ પ્રમાણે બોલી તે અમને અહીંથી દૂર કરવા માંગે છે. માટે આપ અશ્વસ્થ ન થાવ.'

લક્ષ્મણજીની વાત સાંભળી સીતાજી બોલ્યા ''લક્ષ્મણ! તમારા ભાઇ નક્કી કોઇ મોટી વિપત્તિમાં ફસાયા લાગે છે, કદાચ તેઓ કોઇ જંગલી પશુઓના અથવા કોઇ નિશાચરના વશમાં આવી ગયા હશે માટે તમારા નામનો પોકાર કરેલો છે માટે આપ શીઘ્ર તેઓની સહાયમાં જાવ.'' આ પ્રમાણે સીતાજીએ આજ્ઞા કરી છતા લક્ષ્મણજી પોતાના નિશ્ચય પર અડઘ રહ્યા.

આ પ્રમાણે લક્ષ્મણજીની સ્થિતિ જોઇ સીતાજી ક્રોધાયમાન થઇ લક્ષ્મણજી તરફ ઉંગલી નિર્દેશ કરી બોલ્યા ''સુમિત્રાનંદન! તુ મિત્રરૂપથી તારા ભાઇનો શત્રુ છે, એટલે જ તો તુ સંકતના સમયે પણ તારા ભાઇની સહાય કરવા જતો નથી. લક્ષ્મણ! હવે અમોને ખબર પડી કે તારી નજર અમારા પર છે, તુ અમારા પર અધિકાર પ્રાપ્ત કરવા માંગે છે અને એટલે જ તો તુ તારા ભાઇનો વિનાશ ઇચ્છે છે. મારે માટે તારા મનમાં લોભ ઉત્પન્ન થયો છે એટલે જ તો તુ રઘુનાથની પાછળ જતો નથી. અમો જાણીએ છીએ કે શ્રીરામનું સંકટમાં પડવું એ તને પ્રિય છે, તારા મનમાં તારા ભાઇ પ્રત્યે તને કોઇ સ્નેહ નથી. એજ કારણ છે કે તુ તે મહાતેજસ્વિ શ્રીરામે સંકટમાં પડેલા જાણીને તેઓને જોવા માટે જતો નથી ને અહીં ઉભો છે. અરે! જે તારા સેવ્ય છે, જેની રક્ષા તથા સેવા કરવા તુ અહીં આવેલો છે, જો તેના જ પ્રમાણ સંકટમાં પડી જશે તો અહીં મારી રક્ષાથી શુ થશે?''

માતા સીતાનાં આ પ્રકારના કટુ વચન શ્રવણ કરી લક્ષ્મણ જીએ તઓના સમજાવવાનો ઘણો પ્રયાસ કર્યો પરંતુ લક્ષ્મણજીના વચનથી તો સીતાજી વધુ ક્રોધિત થયા અને પુનઃ ક્રોધિત થઇ કઠોર વાણીમાં લક્ષ્મણજીને તાડિત કરતા બોલ્યા - ''અનાર્ય! નિર્દયી! ક્રુરકર્મી! કુલાંગર! અમો સારી રીતે સમઝીયે છીએ કે શ્રીરામ કોઇ ભારે વિપત્તિમાં પડી જાય એ જ તને પ્રિય છે એટલે માટે જ તુ શ્રીરામ પર સંકત આવેલું જોઇને પણ આવી વાતો કરે છે. હે લક્ષ્મણ! તારા જેવા ક્રુર અને હંમેશા ગુપ્ત રહેલા શત્રુઓના મનમાં આ પ્રકારનો પાપ પૂર્ણ વિચાર થવો એ કોઇ આશ્ચર્યની વાત નથી તુ ઘણો દુષ્ટ છે, શ્રીરામને એકાકી વન માં આવતા જોઇને અમને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી પોતાના ભાવને ગુપ્ત રાખીને જ એકાકી તેમની પાછળ ચાલી આવેલો છે અથવા એ પણ સંભવ છે કે ભરતે તને મોકલ્યો હોય. પરંતુ સુમિત્રાનંદન! તારો અને ભરતનો આ મનોરથ સિધ્ધ નહિ થઇ શકશે. નીલકમળના સમાન શ્યામ સુંદરકમળનયન શ્રીરામને પતિના રૂપમાં પ્રાપ્ત કરી બીજા કોઇ ક્ષુદ્ર પુરૂષની કામના કેવી રીતે કરી શકુ? સુમિત્રાનંદન! અમો તારી સામે જ નિ:સન્દેહ મારા પ્રાણનો ત્યાગ કરી દઇશુ પરંતુ શ્રીરામ વગર એક ક્ષણ પણ ભૂતલ પર જીવિત ન રહિશું.'

આ પ્રમાણે જેના નેત્રો માતા સીતાના ચરણ સિવાય અન્ય કોઇ સ્થાન પર પડેલા પણ ન હતા એવા લક્ષ્મણજીને સીતાજી એ ન સંભળાય એવા કઠોર વચનો સંભળાવ્યા. જે વચનોથી ક્ષુબ્ધ થયેલા લક્ષ્મણજી લક્ષ્મણ રેખા દોરી શ્રીરામની સહાય કરવા તેમની પાછળ ગયા અને જેવા લક્ષ્મણજી ગયા તેવો જ લંકાપતિ રાવણ સંન્યાસિનો વેશ ધારણ કરી સોતાજી પાસે આવ્યો અને ભીક્ષા આપવા આવેલા સીતાજીનું અપહરણ કરી લંકામાં લઇ ગયો. (વા.રામા./અર./ સર્ગ-૪૫) આમ સીતાજી દ્વારા કહેવાયેલા અસભ્ય શબ્દો તે પછી યુધ્ધના રૂપમાં પરિણીત

થયા જે યુધ્ધમાં અનેકો પ્રાણિ યુધ્ધ રૂપિ અગ્નિમાં હોમાય ગયા માટે અસભ્ય શબ્દોમાં ઉચ્ચારણ કરાયેલી વાણી અનેકો અનર્થો ઉત્પન્ન કરનાર છે તે રામાયણમાં આવેલા સીતાજીના ચરિત્ર પરથી સુસ્પષ્ટ થાય થાય છે (શ્લોક-૭૭) હવે નીતિકાર ભૂંડા વચનથી વિંધાયેલા મનની વાત કરે છે.

શ્લોક-૭૮ रोहते सायकैर्विद्ध व्रनं परशुना हतम्।

वाचा दुरुक्तंबोभत्सं न संरोहति वाक्क्षतम्॥

શ્લોકાર્થ :- બાણોથી વિંધાયેલું ફરસાથી કપાયેલું વન ફરીથી ઊગે છે પરંતુ નિંદા ભર્યા ભૂંડા વચનથી વિંધાયેલુ મન કદી પ્રસન્ન થતુ નથી.

ચ.ટી. :- શત્રુઓના બાણથી વિંધાઇ જતા પણ મનુષ્યને એવી વ્યથા થતી નથી જેવી કુટિલ બુધ્ધિ માનવોના કુટિલ વચનોથી તેમ નિદ્રા આવી જાય છે પરંતુ કુવાક્યોથી મર્મ સ્થાન વિંધાઇ જતા તો મનુષ્ય હૃદયની પીડાથી રાત્રિ અને દિવસ બેચેન રહે છે. આ સન્દર્ભમાં દુર્યોધન દ્રૌપદીના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. મહારાજા યુધિષ્ઠિર અને તેમના ભાઇઓએ ભગવાન શ્રીકૃષ્ણની સહાયતાથી ભૂમંડલના સમસ્ત રાજાઓને પરાજિત કરી રાજસૂર્ય યજ્ઞ કર્યો. જેમાં દુર્યોધન સહિત બધા રાજાઓ પધારેલા હતા. રાજસૂય યત્રની પૂર્ણાહૂતિ બાદ મહારાજ યુધિષ્ઠિર પોતાના મિત્ર અને બાંધવોની સાથે મયદાનવે નિર્માણ કરેલા સભા ભવનમાં બિરાજમાન હતા. મયદાનવે એ સભાભવનના નિર્માણમાં પોતાની સમસ્ત બુધ્ધિ ચાતુર્યનો પ્રયોગ કરેલો. મયદાનવે તે સભાભવનમાં એવી રચના કરેલી કે જ્યાં સ્થળ હોય ત્યાં જળ અને જ્યાં જળ હોય ત્યાં સ્થળનો ભ્રમ થતો હતો. એવા સમયમાં દુર્યોધન પોતાના ભાઇઓ સાથે એ સભાભવનમાં પ્રવેશ્યો અને સ્થલને જળ સમઝી તેણે પોતાનું અધોવસ્ત્ર ઉંચુ કરી દીધુ અને આગળ જતા જે જગાએ જળ હતુ તેને સ્થળ સમઝી ચાલવા

લાગ્યો ત્યાં ઉંધા માથે પડી ગયો. યુધિષ્ઠિર મહારાજ ના સેવકોએ તેને બહાર કાઢયો. પે પછી એક સ્થાન પર દ્વાર ન હતુ છતા તેને દ્વાર સમઝી ખોલવામ ાટે ગયો અને જ્યાં દ્વાર હતુ પણ દેખાતુ ન હતુ તો તેમાં પ્રવેશવા જતા તેનું માથુ દ્વાર સાથે પટકાયુ અને તેમાથી રક્તની ધારા વહેવા લાગી એટલે સભામાં બેઠેલા બધા લોકો તેને ઉપહાસ કરવા લાગ્યા તે સમયે ભીમસેન બોલ્યા 'धृतराष्ट्रात्मजति- ધૃતરાષ્ટ્રના પુત્ર અર્થાત આંધળા ના તો આંધળા જ હોય' (મહા. આ. ૫૦/૩૫)

ભીમસેનની આ વજ જેવી વાણી દુર્યોધન અત્યંત ઉદ્વિગ્ન થઇ ગયો અને સભા છોડી જતો રહ્યો અને પછી દુર્યોધને પાંડવોને ધુતનું નિમંત્રણ મોકલ્યુ અને તે ધુતમાં કપટ કરી પાંડવોની સમસ્તરાજ લક્ષ્મી પડાવી લીધી અને દ્રૌપદીને પણ ઘસડીને સભામાં લાવવામાં આવી અને દુર્યોધન દુ:શાસન અને મામા શકુનિ તેનો ઉપહાસ કરવા લાગ્યા. તે સમયે અંગરાજ કર્ણ દિવ્ય જન્મા દ્રૌપદીનું કઠોર વાણીમાં તાડન કરતા બોલ્યો ''एकोभर्ता स्त्रिया देवैर्विहित: करुनन्दन इय त्वने कवशगा बन्धकीतिविनिश्चिता॥ अस्या: सभामानयनंन चित्रमिति मे मति:। एकाम्बरधरत्वं वाप्यथ वापि विवस्त्रता॥ કુરૂનન્દન! દેવતાઓએ સ્ત્રીઓને માટે એકજ પતિનું વિધાન કરેલું છે, પરંતુ આ દ્રૌપદી અનેકો પતિઓન આધિન છે. અતઃ આ નિશ્ચય જ વેશ્યા છે અને તેને સભામાં લાવી એ કોઇ અનોખી વાત નથી. આ એક વસ્ત્રા અથવા નગ્ન હોય તો પણ અહીં લાવી શકાય એમ છે એવો અમારો અભિપ્રાય છે.'' (મહા. સભા. ૬૮/૩૫-૩૬)

આ પ્રમાણેના અંગરાજના વચન સાંભળી દ્રૌપદી અત્યંત ઉદ્વિગ્ન થઇ ગઇ અંતે ભીમસેન અને કર્ણની આજ કઠોરવાળી મહાભારતના યુધ્ધમાં પરિણમી જ્યાં બંનેવ પક્ષમાં ભયંકર ખુવારી થઇ મહાત્માઓ આ યુધ્ધ થવામાં કર્ણ અને

ભીમસેનની કઠોર વાણી જ કારણ માને છે. (શ્લોક-૭૮) હવે નીતિકાર કટુ વાણીરૂપી બાણની અસહ્યતા ની વાત કરે છે.

શ્લોક-૭૯ कणिनालीकनाराचन्नि र्हरन्ति शरीरत:।

वाकशल्यस्तु न निहर्तु राक्योह्रदिशयो हि स:॥

શ્લોકાર્થ :- કર્ણિ, નાલીક, નારાચ વગેરે બાણોને શરીરમાંથી કાઢી શકાય છે, પણ વાણીરૂપી બાણને બહાર કાઢી શકાતુ નથી. કારણ કે તે હ્રદયમાં ખૂંપી બેસે છે.

ચ.ટી. :- ''कर्णिना लीकनाराचान्'' કર્ણની આકૃતિ વાળુ બાણ, નળી દ્વાર જવાવાળુ બાણ અને 'नरान् आचामति स नाराच:' આવ્યુત્પત્તિ પ્રમાણે બાણ વિશેષ જ હોય છે, જેના દ્વારા મનુષ્યના પ્રમાણે સંદેહમાં પડી જાય છે. ધનુષ્ય દ્વારા કર્ણ પર્યન્ત ખેંચીને ફેંકવામાં આવેલું બાણ હ્રદયમાંથી કાઢી શકાય છે પરંતુ ક્રૂરતા પૂર્વક બોલાયેલી કટુવાણી ક્યારેય પણ હ્રદયમાંથી કાઢી શકાતી નથી. જેનાથી સંતપ્ત થયેલો મનુષ્ય રાતદિવસ ઉદ્વિગ્ન રહ્યા કરે છે. કહ્યુ પણ છે કે - ''नारून्तद: स्यान्न नृशंसवादी न हीनत: परमभ्याददीत। यथास्यवाचा पर उद्विजेत, न तां वदेदुषतों प्रापलोक्याम्॥ सम्मुच्चरन्त्यतिवादाश्च वक्त्राद्, यराहत: शोचति रात्र्यहानि। परस्य नामर्मसु ते पतन्ति, तान् पण्डितो नावृसृजेत्परेषु॥ કોઇને મર્મભેદી વાત ન કહેવી, કોઇને કઠોર વચન ન બોલવા. નીચ કર્મ દ્વારા શત્રુને વસમાં કરવાની ચેષ્ટા ન કરવી. જે વાતથી અન્યને ઉદ્વેગ થાય, જે અંતરમાં બળતરા ઉત્પન્ન કરનારી હોય અને નરકની પ્રાપ્તિ કરાવનારી હોય એવી વાત મુખથી ક્યારેય ન કરવી, મુખમાંથી જે કટુ વચન રૂપી બાણ નીકળે છે તેનાથી આહત થયેલો માનવ રાત્રી દિવસ શોક અને ચિંતામાં ડૂબેલો રહે છે. તે અન્યના મર્મ પર જ આઘાત કરે છે, અત: ગુણી જનોએ બીજા પ્રત્યે નિષ્ઠુર વચનના પ્રયોગથી બચવું જોઇએ.''

(મહા.સભા. ૬૬/૬-૭) (શ્લોક-૭૯) પુનઃ નીતિકરાર કટુવાણી રૂપી બાણની અસહ્યતાની વાત કરે છે -

શ્લોક- ૮૦ वाक्सायका वदनान्निष्पतन्ति

यराहत: शोचति रात्र्यहानि।

परस्य नमर्मसु ते पतन्ति तान्

पण्डितो नावसृजेत् परेभ्य: ॥

શ્લોકાર્થ :- વાક્રૂપી બાણ મુખથી નીકળી અન્યના કોમળ હૃદય પર પ્રહાર કરે છે, જેનાથી આહત માનવ દીવસ રાત્રી શોક કરતો રહે છે એટલે બુધ્ધિમાન, પુરષે અન્ય પર કુવચનનો પ્રયોગ ન કરવો.

ચ.ટી. :- અહીં નીતિકાર ધૃતરાષ્ટ્રને ગૂઢર્થમાં કહી રહ્યા છે કે દુર્યોધન દુઃશાસન, કર્ણ દ્વારા યુધિષ્ઠિર આદી ભાઇઓ તથા તેઓની ભાર્યા દ્રૌપદીને ધુતક્રીડાના સમયે જે દુર્વચનો કહેવાયેલા છે તેને તેઓ ક્યારેય પણ ભૂલસે નહિ શ્રીમદ્ ભગવતમાં ભગવાન શ્રીકૃષ્ણ ઉધ્ધવજીને કહે છે ''न तथा तप्यते विध: पुमान् बाणै: सुमर्मग: ! यथा तदन्ति मर्मस्था ह्सतां पुरूषेषव: ॥ મનુષ્યનું હૃદયમર્મ ભદી બાણોથી વિંધાવવા છતા એટલી પીડાનો અનુભવ કરવું નથી જેટલી પીડા તેને દુર્જનોના મર્માન્તક અને કઠોર વણબાણોથી પહોંચે છે.'' (ભાગ-૧૧/૨૩/૩) આધારાનંદ સ્વામી પણ કહે છે ''કટુ વચનમાં જેવું ઝેર રહ્યુ છે તેવ્ ઝેર કોઇ ઝેરી પદાર્થમાં પણ નથી.'' (હ.ચ.સાગર/પ/૬૬/૩૨) ''જે કડવું વેણ બોલે છે તેના મૃત્યુ પછી પણ તેનો યશ રહેતો નથી. મનુષ્યમાત્ર તેની નિંદા કરતા હોય છે કડવા વેણ સાંભળીને તો જગતમાં અમાપ નરનારીઓ મૃત્યુ પામે છે.'' (હ.ચ.સા. /પ/૬૬/૩પ) ''જેને મૃત્યુ સમિપ આવેલું હોય તે જ કટુ વચન બોલે છે કટુ વચન બોલવું તે વગર મૃત્યુએ મૃત્યુ છે એમ સમઝવું.'' (હ.ચ.સા.

૫/૬૬/૩૭) માટે ક્યારેય પણ કોઇને કટુવચન બોલી તાડીત ન કરવો. હંમેશા પ્રિય અને મધુર વાણી જ ઉચ્ચારણ કરવી વેદ ભગવાન કહે છે- ''मधुमतीः मधुमताभिः संपृच्यन्तां। મધુરવાણી બોલો, મધુર ભાષીઓ સાથે રહો.'' (યજ-૧/૨૧) ''घतास स्वादीयो मधुनश्चवोचत। ધૃત જેવી લાભદાયક અને સહદ જેવી મધુરવાણી બોલો''(અથર્વ-૨૦/૬૫/૨) '' अन्यो अन्यस्यै वल्गुवदन्त। પરસ્પર મધુર વચન બોલો.'' (અથર્વ-૩/૩૦/૬) ''अस्य सूनता विरप्शी गोमती मही। એવી વાણી ઉચ્ચારો જેનાથી સૌનું હીત થાય (ઋગ. ૧/૩/૮/૮) ''धूयासं मधु संदेशः। મધુરતાની મૂર્તિમાન પ્રતિમા બનો'' (યજ) ''मधुमन्ये निश्क्रमणं मधुमन्मे परयणम्। આવતા અને જતાં મધુરતા વરસાવો.'' (અથર્વ-૧/૩૪/૩) ''भद्रवाच्याय प्रेषितो मानुषः सूक्तवाकायसूक्ताबहि। પરમાત્માએ મધુર વચન બોલવા માટે જ મનુષ્યને ઉત્પન્ન કરેલા છે.'' (યજ-૨૧/૬૧) વેદ ભગવાન ''जिह्वामे मधुमत्तया। અમારી જીહવા મધુરવાળી બોલે'' (તૈત્તિરીય-૧/૪) ''मधुमतीं व्राचमुदेयम्। અમો સદા મધુર વચન બોલીએ'' (અથર્વ-૧૬/૨/૨) આ વચન દ્વારા મનુષ્યને મધુરવાણી બોલવા માટે પ્રાર્થના કરવાનું કહે છે. (શ્લોક-૮૦) હવે નીતિકાર દેવતા જેના પર અપ્રસન્ન થાય છે તેની વાત કરે છે-

શ્લોક-૮૧ यस्मै देवाः प्रयच्छन्ति पुरुषाय वराभवम्।

बुद्धि तस्यापकर्षन्ति सोऽवाचीनानि पश्यति॥

શ્લોકાર્થ :- જે મનુષ્યને દેવતા પરાજય આપે છે તેની બુધ્ધિને પ્રથમથી જ નષ્ટ કરી છે તે સદ્ બુધ્ધિ નહિ રાખવાને કારણે નીચ કર્મોને જ જોયા કરે છે.

ચ.ટી. :- અહી નીતિકાર ગૂઢાર્થમાં ધૃતરાષ્ટ્ર ને કહે છે તમામ પુત્રોનો દેવતાઓ પરાજય ઇચ્છે છે એટલે માટે તેઓની બુધ્ધિ તેઓએ વિપરીત કરી

દીધી છે અને તેને લઇ તેઓ બધા ભગવાન શ્રીકૃષ્ણના પ્રાણ એવા પાંડવોનું લકડપણથી અનિષ્ટ કરી રહ્યા છે અને અદ્યાપિ તેઓનું અનિષ્ટ કરી રહ્યા છે અને એને લઇ તેઓ બધા કાળનો કોળિયો બની જશે. આચાર્ય ચાણક્ય પણ કહે છે- ''न देवा यष्टिमदाय रक्षन्ति पशु पालवत्। यं हि रक्षन्ति पशुपालवत्। यं हि रक्षितुमिच्छन्ति धिया संयोजयन्ति तम्॥ દેવતાઓ રક્ષકોની જેમ લાઠી લઇને રક્ષા કરતા નથી. તેઓ જેઓની રક્ષા કરવા ઇચ્છે છે તેને સદ્બુધ્ધિથી યુક્ત કરી દે છે- અને જેની રક્ષા કરવા ઇચ્છતા નથી તેને દુર્બુધ્ધિથી યુક્ત કરી દે છે એવું અહિ અધ્યાહારથી જણાય છે. (ચાણક્ય રાજનીતિ ૭/૩૭)(૮૧) હવે નીતિકાર જેનો વિનાશકાળ ઉપસ્થિત થાય છે તેની બુધ્ધિ કેવી થાય છે તે કહે છે -

શ્લોક-૮૨ बुद्धौ कलुषभूतायं विनाशे प्रत्युपस्थिते।

अनया नवसङ्काशो हृदयान्नावसर्पति॥

શ્લોકાર્થ :- વિનાશકાળ ઉપસ્થિત થતા બુધ્ધિ નષ્ટ થઇ જાય છે. અતઃ અનીતિ જ નીતિ સમાન થતા હૃદયમાંથી નીકળતી નથી.

ચ.ટી. :- 'જા કે વિધિ દારૂણ દુઃખ દીન્હા, તાકર બુધ્ધિ પહલ હરલીન્હા' (રામ. મા) 'बुद्धिनाशात्प्रणश्यति' બુધ્ધિનો નાશ થતા વિનાશ થાય છે.' તે રજ્જમાં સર્પમાં ભ્રમની જેમ અનીતિને જ નીતિ માનવા લાગે છે. સાથે તેના સલાહકારો પણ તેવા જ હોય છે. નીતિ કાર અહી ધૃતરાષ્ટ્રન મર્મમાં કહી રહ્યા છે કે તમારા પુત્રોનો પણ વિનાશકાળ ઉપસ્થિત થયો છે એટલે તેઓની પણ બુધ્ધિ વિનિષ્ટ થઇ ગઇ હોય નીતિ પ્રમાણે અને ગણિતજ્ઞોની ગણના પ્રમાણે પાંડવો બાર વર્ષનો વનવાસ અને તેરમા વર્ષનો અજ્ઞાતવાસ પૂર્ણ કરી ચૂકેલ છે છતાં દુર્યોધન કહી રહ્યો છે કે અમોએ વિરાટના યુધ્ધમાં પાંડવોને અજ્ઞાતવાસ ભંગ કરી દીધો છે. આમ તે અનીતિને જ નીતિ સમઝતો હોવાથી તેનો વિનાશ

અવશ્યમ્ભાવી છે. (શ્લો-૮૨) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને તેના પુત્રોની જે વિપરીત બુધ્ધિ થયેલી છે તે વિશે કહે છે-

શ્લોક-૮૩ सेयं बुद्धिः परीता ते पुत्राणां भरतर्षभ।

पाण्डवानां विरोधेन न चैनानव बुध्यसे॥

શ્લોકાર્થ :- હે ધૃતરાષ્ટ્ર! તમારા પુત્રોની પણ બુધ્ધિ પાંડવો સાથે વિરોધ કરી નષ્ટ થઇ ગઇ છે આ મલિન બુધ્ધિવાળા તમારા પુત્રોને તમો નથી જાણતા.

ચ.ટી. :- મોહને કારણે તથા તમારી ઉચ્ચાકાંક્ષાઓને કારણે સત્ય કોને કહેવાય તથા અસત્ય કોને કહેવાય તેનું જ્ઞાન હે મહારાજ! આપ રાખતા નથી જેથી તમો અને તમારા પુત્રો પાંડવો પ્રત્યે અન્યાય કરી રહ્યા છે તેના પર તમારૂ ધ્યાન નથી. એ તરફ ધૃતરાષ્ટ્રનું મન મહાત્મા વિદુર આકૃષ્ટ કરવા માંગે છે. (શ્લો-૮૩) હવે નીતિકાર યુધિષ્ઠિરની શ્રેષ્ઠતાની વાત કરે છે -

શ્લોક-૮૪ राजा लक्षण सम्पन्नस्त्रैलोक्यस्यापि योभवेत्।

शिष्यस्ते शासितासोऽस्तु धृतराष्ट्र युधिष्ठिरः॥

શ્લોકાર્થ :- હે ધૃતરાષ્ટ્ર! રાજાઓના લક્ષણથી યુક્ત હોવાને કારણે જે ત્રિલોકીના પણ રાજા થઇ શકે છે, તે આપના આજ્ઞાકરી યુધિષ્ઠિર પૃથ્વિના શાસક થાય.

ચ.ટી. :- એક યોગ્ય રાજામાં કેવા લક્ષણ હોવા જોઇએ તેનું વર્ણન કરતા ભગવાની શ્રીરામ લક્ષ્મણજીને કહે છે ''कुलंशीलं वयः सत्यं दाक्षिव्यं क्षिप्रकारिता। अविसंवादिता सत्यं वृध्ध सेवा कृतज्ञता॥ दैव सम्पन्नता बुद्धिरशुद्र परिवारता। शक्यसामन्तता चैव तथा च दृढभक्तिता॥ दीर्घदर्शित्वमुत्साहः शचिता स्थूल लक्षिता। विनीतत्वं धार्मिकता गुणाः साध्वाभिगामिकाः॥ કુલિનતા, સત્ય (વ્યસન અને અભ્યુદયમાં પણ નિર્વિકાર રહેવું) યુવાવસ્થા, શીલ (સારો સ્વભાવ), દાક્ષિણ્ય

(બધાને જ અનુકૂળ રહેવું અથવા ઉદારતા) શીઘ્રકારિતા (દીર્ઘ સૂત્રતાનો અભાવ), અવિસંવાદિતા (વાક્ -છલનો આશ્રય લઇને પરસ્પર વિરોધી વાત ન કરવી), સત્ય (મોથ્યાભાષણનો અભાવ), વૃધ્ધ સવા (વિદ્યાવૃધ્ધોની સવામાં રહેવું અને તેઓની વાતોને માનવી), કૃતજ્ઞતા (કોઇકે કરેલા ઉપકારોના ન ભૂલીને પ્રતિ ઉપકાર કરવા ઉદ્યત રહેવું), દૈવ સમ્પન્નતા (પ્રબલ પુરૂષાર્થી દૈવને પણ પોતાને અનુકૂળ બનાવવું), બુધ્ધિ (શુશ્રુષા આદી આઠ ગુણોથી યુક્ત રહેવું), અક્ષુદ્ર પરિવારતા (દુષ્ટ પરિજનોથી રહિત) શક્ય સામાન્તતા (આજબાજના માંડલિક રાજાના વશમાં ન રહેવું, દીર્ઘદર્શિતા (દૃઢ અનુરાગ) ઉત્સાહ, શુધ્ધચિત્તતા (અત્યન્ત મનસ્વી હોવું), વિનીતતા (જીતેન્દ્રયતા) અને ધાર્મિકતા આ બધા સારા અભિગામિક ગુણ છે.'' (અગ્નિપુરાણ /અ. ૨૩૯) ''वाग्मि प्रगल्भ: स्मतिमानुत्रदग्रोबलवान वशी। नेता दण्डस्य निपुण: कतविद्य: स्ववग्रह:॥ पराभियोग प्रसह: सर्वदृष्ट प्रतिक्रिय:। परिच्छिद्रान्ववेक्षी च संधिविग्रहतत्त्ववित्॥ गढ मन्त्र प्रचारश्चदेशकाल विभागवित्। आदता सम्यगर्थानां विनियोक्ता च पात्रवित्॥ क्रोधलाभभयद्रोहस्तम्भचापलवर्जित:। परोपताप पैशुन्यमात्सर्योनुतातिग:। वृद्धोषदेशसम्पन्न: श्लक्ष्णो मधुरदर्शन:। गुणानुरागी मितवागात्मसम्पद् गुणा: स्मृता:॥ વાગ્મી (ઉત્તમ વક્તાં લલિત, મધુર અને અલ્પાક્ષરો દ્વારા જ ઘણા અર્થોને પ્રતિવાદન કરનાર), પ્રગલ્ભ (સભામાં બધાને નિગૃહીત કરીને નિર્ભય બોલનાર), સ્મૃતિમાન (સ્વભાવત: કોઇપણ વાતને ન ભૂલનાર) ઉદગ્ર (ઉંચાકદવાળો) બળવાન (શારીરિક બળથી સમ્પન્ન અને યુધ્ધ આદિમાં સમર્થ) વશી (જીતોન્દ્રિયી) દન્ડ નેતા (ચતુરંગીણી સેનાનું યોગ્ય રીતેથી સંચાલન કરવામાં સમર્થ) નિપુણ (વ્યવહાર કુશળ), કતવિદ્ય (શાસ્ત્રીય વિદ્યાથોં સમ્પન્ન) સ્વવગહ (પ્રમોદથી અનુચિત કર્મમાં પ્રવૃત્ત હોય ત્યા સુખ પૂર્વક નિવૃત્તી)

પરાભિયોગ પ્રસહ (શત્રુઓ દ્વારા કરાયેલા આક્રમણને દ્રઢતા પૂર્વક સહન કરવામાં સમર્થ-એકાએક આત્મ સમર્પણ ન કરનાર) સર્વદૃષ્ટ પ્રતિક્રિય (બધા પ્રકાસના સંકટોને નિવાર કરવાનાં અમોઘ ઉપાયને તત્કાળ જાણી લેનાર) પરિચ્છિદ્રાન્વવેક્ષી (ગુપ્ચર આદિ દ્વારા શુત્રઓના છિદ્રોના અન્વેષણમાં પ્રયત્નશીલ) સંધિવિગ્રહ તત્ત્વવિત (પોતાની તથા શત્રુની અવસ્થાને બલા બલભેદને જાણીને સંધિ વિગ્રહ આદિ છ ગુણોનો પ્રયોગ તથા તેના અવસરને યથાર્થ પણે જાણનારો), ગૂઢ મન્ત્ર પ્રચાર (મન્ત્રણા અને તેના પ્રયોગને સર્વથા ગુપ્ત રાખવાવાળો), દેશકાળ વિભાગ વિત (કયા પ્રકારની સેના કયા દેશ અને કયા કાળમાં વિજય થશે- આ વાતને વિભાગ પૂર્વક જાણનારો) આદાતાસમ્યગર્થાનામ્ (પ્રજા આદિ પાસે ન્યાય પૂર્વક ધન લેવું) વિનિયોક્તા (ધનને ઉચિત તથા યોગ્ય કાર્યમાં લગાવનાર), પાત્રવિત્ (સત્પાત્રનું જ્ઞાન રાખનારો) ક્રોધ, લોભ, ભય, સ્તમ્ભ (માન) અને ચપલતા (વિચારીને કામ કરનાર) આ દોષોથી દૂર રહેનાર, પરોપતાપ (અન્યને પીડા આપવી), પૈશુન્ય (ચાડી ચૂગલીથી મિત્રોમાં ફૂટ કરાવનારી), માત્સર્યા (ડાહી), ઇર્ષ્યા, અનૃત, આ બધા દુગુર્ણોને પાર કરનારો, વૃધ્ધોના ઉપદેશ પ્રમાણે ચાલનાર, શ્લેક્ષ્ણ (મધુર ભાષાણ કરનાર) મધુર દર્શન (આકૃતિથી સૌમ્ય સુંદર દેખાવનો) ગુણાનુરાગી (ગુણવાનના ગુણ જોઇ પ્રસન્ન થનાર) તથામિત ભાષી આ રાજા શ્રેષ્ઠ છે.'' (અગ્નિપુરાણ/અધ્યાય-૨૩૯) ગંગા પુત્ર ભીષ્મ પણ યુધિષ્ઠિરને કહે છે ''आत्मवांश्च जितक्रोधः शास्त्रार्थकृतनिश्चयः। धर्मेचार्थे च कामे चमोक्षे व सततं रतः॥ त्रय्यां संवृतमन्त्रश्च राजाभवित्रुमर्हसि॥ જેણે પોતાના મનને વસમાં કરી લીધુ છે, ક્રોધને જીતી લીધો છે, શાસ્ત્રના સિધ્ધાંતનું નિશ્ચયાત્મક જ્ઞાન પ્રાપ્ત કરવા નિરંતર લાગેલો કહે છે, જેને ત્રણય વેદોનું જ્ઞાન છે અને જે પોતાના ગુપ્ત

વિચારોને અન્યની પાસે પ્રગટ કરતો નથી તે જ રાજા થવાને યોગ્ય છે.'' (મહા. શાંતિ/૫૭/૧૩-૧૪)

ઉપરોક્ત બધા જ ગુણ યુધિષ્ઠિર મહારાજમાં ઉપલબ્ધ છે અને આ સદ્‌ગુણોથી દુર્યોધન રહીત હોવાથી યુધિષ્ઠિર કેવલ હસ્તિના પુરનું જ નહિ પરંતુ સમસ્ત ભૂમંડલનું રાજ્ય કરવા માટે સક્ષમ છે. તેના તરફ તમારૂ ધ્યાન નથી એ તરફ ધૃતરાષ્ટ્રનું મન નીતિકાર આકૃષ્ટ કરવા માંગે છે. (શ્લો-૮૪) પુનઃ નીતિકાર યુધિષ્ઠિરની શ્રેષ્ઠતાની વાત કરે છે-

શ્લોક -૮૫ अतीव सर्वान् पुत्रांस्ते भागधेय पुरस्कृतः।

तेजसा प्रज्ञया चैव युक्तौ धर्मार्थतत्त्ववित्॥

શ્લોકાર્થ :- આ રાજ્યાસથી પુરસ્કૃત ધર્મ અને અર્થના તત્ત્વ ને જાણવાવાળા યુધિષ્ઠિર તમારા બધા પુત્રોથી અધિક તેજ અને બુધ્ધિથી યુક્ત છે.

ય.ટી. :- અહીં નીતિકાર ગૂઢાર્થમાં ધૃતરાષ્ટ્રને કહે છે કે યુધિષ્ઠિરમાં રાજાને યોગ્ય સમસ્ત ગુણ હોવાથીતેઓ જ રાજા થવાને યોગ્ય છે જ્યારે તમારા પુત્રો તમારી જેમજ મોહાંધ હોવાથી તેઓ રાજા થવાને યોગ્ય છે જ નહિ. (શ્લોક-૮૫) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર દ્વારા યુધિષ્ઠિરને અપાતા કલેશની વાત કરે છે -

શ્લોક -૮૬ अनुक्रोशादानृशंस्याद् योऽसौ धर्मभृतांवरः।

गौरवात् तव राजेन्द्र बहून् क्लेशांस्तितिक्षते॥

इतिश्रीमहाभारते उधोगपर्वणि प्रजागर पर्वणि

विदुरनीतिवाक्ये द्वितीयोऽध्याय ॥२॥

શ્લોકાર્થ :- હે રાજેન્દ્ર! એ ધાર્મિક શ્રેષ્ઠ યુધિષ્ઠિર દયાળુપણાથી, કોમળપણાથી તથા તમારે વિશેના વડીલપણાની બુધ્ધિથી બહુ કલેશો સહન કરે છે.

આ પ્રમાણે શ્રીમહાભારતમાં ઉધોગ પર્વાંતર્ગત પ્રજાગર પર્વમાં વિદુરનીતિ વાક્યમાં દ્વિતીયોદયાયપૂર્ણ થયો.

ચ.ટી. :- અહીં નીતિકાર ધૃતરાષ્ટ્રને કહે છે કે હે મહારાજ! તમારા પ્રત્યે અત્યંત આદર બુધ્ધિ હોવાથી જ ધર્માત્મા યુધિષ્ઠિર લાક્ષાગૃહ, ધુતક્રિડામાં અન્યાય, પોતાનું પોતાના ભાઇઓનું અને પોતાની ભાર્યાનું અપમાન તથા વનવાસનું કષ્ટ આદી સહન કરતા આવેલા છે. દુર્યોધનના વ્યવહાર તથા વચન પર તેઓને સહેજ પણ વિશ્વાસ ન હતો. પરંતુ તમારા પ્રત્યે અત્યાદર અને વિશ્વાસ હોવાને કારણે યુધિષ્ઠિરે સમય પૂર્વે કોઇપણ માંગણી કરી નથી માટે હવે તેઓને કષ્ટ ન આપતા તેઓનું રાજ્ય તેઓને પરત કરો. (શ્લો-૮૬)

આ પ્રમાણે વિ. વેદાન્ત, પુરાણેતિહાસાચાર્ય શાસ્ત્રી રાકેશ કૃત મહાભારતના ઉધોગ પર્વ અન્તર્ગત પ્રજાગર પર્વમાં આવેલ વિદુર નીતિના દ્વિતીયાધ્યાયની ચંદ્રાવલી ટીકા પૂર્ણ થાય છે.

અધ્યાય-૩

-: તૃતીય અધ્યાયનો સાર :-

ધૃતરાષ્ટ્રનો ધર્માર્થ સમ્બન્ધી પુનઃ પ્રશ્ન, તેના પર વિદુરજી દ્વારા કેશિની, વિરોચન અને સુધન્વાના સંવાદરૂપ ઇતિહાસનું કથન, ભૂમિને માટે અસત્ય બોલવાનું ફળ, મદ્યપાનદિ નિષેધ સાક્ષ્ય, અયોગ્ય પુરૂષોનો નિર્દેશ, બ્રહ્મહત્ય સમાન પાપિઓની ગણના તથા સામાન્ય નીતિ વિષયક ઉપદેશ તૃતીયાધ્યાયમાં વર્ણિત છે. સર્વપ્રથમ ધૃતરાષ્ટ્ર પુનઃ પોતાને હિતોપદેશ આપવા માટે વિદુરજીને વિનંતી કરે છે.

धृतराष्ट्र उवाच : धृतराष्ट्र બોલ્યા

શ્લોક - ૧ ब्रूहि भयो महाबुद्ध धर्मार्थ सहितं वच: ।

श्रुण्वतो नास्ति में तृप्तिर्विचित्राणी भाषते ॥

શ્લોકાર્થ :- હે વિદ્વાન વિદુરજી! ધર્માર્થ યુક્ત વચનને પુનઃ સાંભળવા અમોને સાંભળતા સંતોષ થતો નથી માટે આપ આશ્ચર્ય યુક્ત સંભાષણ કરો.

ચ.ટી. :- યમરાજજીતના સાક્ષાત અવતાર એવા પરમ ભાગવત વિદુરજીના ધર્માર્થ સહિત વચનને શ્રવણ કરી પ્રજ્ઞાચક્ષુ એવા ધૃતરાષ્ટ્રજીનો મોહાન્ધકાર થોડો થોડો નષ્ટ થયો. અતઃ પોતાના હૃદયગત ભાવોને સ્પષ્ટ કરવામાટે અને જ્ઞાનપિયાસાને શાંત કરવા માટે પુનઃ વિદુરજીને ધર્માર્થ ઉપદેશ સંભળાવવા કહે છે. (શ્લો-૧) નીતિકાર સર્વપ્રથમ સરળતાની વાત કરે છે.

(૧૮) સર્વથી વધારે ઉત્તમ શું?

विदुर उवाच :

શ્લોક - ૨ सर्व तीर्थपु व स्नानं सर्वभूतेषु चार्जवनम् ।

उभे त्वेते समे स्थातामर्जवं वा विशिष्यते ॥

શ્લોકાર્થ :- વિદુરજીએ કહ્યુ સમસ્ત તીર્થોમા સ્નાન કરવું તથાસમસ્ત પ્રાણિઓની સાથે સરળતાનો વ્યવહાર કરવો એ બંને સમાન છે અથવા કહેવું જોઇએ સરળતા જ શ્રેષ્ઠ છે.

ચ.ટી. :- સરળતા હોવી એ સર્વશ્રેષ્ઠ ગુણ છે, સાથે સાથે તીર્થોમાં સ્નાન કરવાથી પણ અપૂર્વ પુણ્યોદય થાય છે. પરંતુ આ બંનેમાં શ્રેષ્ઠ કોણ તેને વિદુરજીએ અહીં બતાવલુ છે. ગૂઢાર્થમાં નીતિકાર ધૃતરાષ્ટ્રને એવું કહે છે કે, અજાત શત્રુ મહારાજા યુધિષ્ઠિર અત્યંત સરળ છે. તેઓ શત્રુ અને મિત્ર પ્રત્યે સમભાવ ધરાવે છે એટલે એઓ તમારા બધા પુત્રો કરતા શ્રેષ્ઠ છે. (શ્લોક-૨)

હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને પોતાના તથા પાંડુના પુત્રોમાં સમતાનો વ્યવહાર કરવાનું કહે છે.

શ્લોક - ૩ आर्जवं प्रतिपद्यस्व पुत्रेषु ससतं विभो।

इह कीति यशं प्राप्य पत्य स्वर्ग मवाप्स्यसि॥

શ્લોકાર્થ :- હે મહારાજ! તમો તમારા પુત્રો કૌરવો અને પાંડવોમાં નિરન્તર સરળતાનો વ્યવહાર કરો. તેનાથી આ સંસારમાં યશ અને મૃત્યુ બાદ સ્વર્ગની પ્રાપ્તિ થશે.

ચ.ટી :- ધૃતરાષ્ટ્ર અને તેના દુરાચારી પુત્રો હંમેશા પાંડવો સાથે દુર્વ્યવહાર જ કરતા ધૃતરાષ્ટ્ર જાણે છે કે મારા પુત્રો દુરાચારી અને પાંડવો સદાચારી છે છતા પુત્રો મોહને વશ થઇ ધૃતરાષ્ટ્ર કૌરવોનો જ પક્ષ લેતા. અહી નીતિકાર તેઓને સાવધાન કરવા કહે છે હે મહારાજ! તમો તમારા અને પાંડુના પુત્રો મધ્યે સમતાનો વ્યવહાર કરો. સમતાના વ્યવહારથી તેઓ બન્ને મધ્યે જે દ્વેષ વ્યવહાર થઇ રહ્યો છે તે નષ્ટ થઇ જશે અને સંસારમાં તમારા યશની વૃધ્ધિ થશે તથા મરણોપરાન્ત તમોને શ્રેષ્ઠ લોકની પ્રાપ્તિ થશે. માટે આપ આ પ્રમાણે ઉભય સુખકારી કાર્યમાં પ્રવૃત્ત થાવ. (શ્લોક-૩) દરેક સાથે સમતાનો વ્યવહાર રાખનારાને શાની પ્રાપ્તિ થાય છે તે વર્ણન કરતા કહે છે-

શ્લોક - ૪ यावत्कीर्तिर्मनुष्यस्य पुण्या लोके प्रगीयते।

तावत् स पुरुष व्याघ्र स्वर्गलोके महीपते॥

શ્લોકાર્થ :- હે નરશ્રેષ્ઠ! આ સંસારમાં જ્યાં સુધિ મનુષ્યમાં પુણ્યશાળી યશનું ગાન થતું રહે છે ત્યાં સુધિ તે સ્વર્ગમાં વાસ કરીને રહે છે.

ચ.ટી :- મનુષ્ય દ્વારા જન હિત માટે કરાયેલા સતકર્મોની કીર્તિ મૃત્યુ બાદ પણ તેને અજર અમર બનાવે છે. આવા મહાત્માઓના ચરિત્રો ઇતિહાસ

પુરાણોમાં જોવા મળે છે. જેમ રન્તિદેવ રાજાએ આતિથ્ય સત્કાર રૂપ યશથી, દ્રૌપદીજીએ ક્ષમા ધર્મ રૂપ યશથી, કર્ણરાજાએ દાનથી, દધિચી ઋષિએ જન હિત માટે કરાયેલા શરીર ત્યાગથી, હરિશ્ચન્દ્રે સત્યવ્રતથી, મયૂર ધ્વજે કરાવેલી પ્રતિજ્ઞાથી, ભીષ્મએ બૃહદ્ વ્રત પાળવાની પ્રતિજ્ઞાથી, શીબી રાજાએ શરણાગત રક્ષાના વ્રતથી જે યશની પ્રાપ્તિ કરેલી તે અદ્યાપિ માનવોના મનરૂપી સ્વર્ગમાં હંમેશા પ્રતિષ્ઠિત થયેલી છે અને ચિરકાળ સુધિ પ્રતિષ્ઠિત રહેશે. મહારાજા ભોજ કહે છે '' देहे पातिनिका रक्षो, यशो रक्ष्यमपातवत्। नरः पतितकपोऽपि, यशः का पेन जीवति॥ શરીર તો નષ્ટ થશે જ તેને બચાવી ન શકાય નષ્ટ થઇ જવા છતા પણ મનુષ્ય યશ રૂપી શરીરથી હંમેશા જીવિત રહે છે.'' (ભોજ પ્રબંધ-૫૨) અહી ગૂઢાર્થમાં નીતિકાર ધૃતરાષ્ટ્રને કહે છે કે તમો પણ તમારા અને તમારા મધ્યમ ભ્રાત પાંડુના પુત્રો વચ્ચે સમતા નો વ્યવહાર કરો જેથી તમારો યશ પણ આ ધરાતલ પર ચિરંજીવિ રહેશે. (શ્લોક-૪) હવે નીતિકાર કયા પુરૂષે સમતા રાખી કીર્તિની પ્રાપ્તિ કરી તેનું વર્ણન કરે છે-

શ્લોક- ૫ अत्राप्युदाहरन्ती मपितिहासं परातनम्।
विरोचनस्य संवादं केशिन्यथ सुधन्वता॥

શ્લોકાર્થ :- આ વિષયમાં પ્રાચિન ઇતિહાસનું દૃષ્ટાંત આપવામાં આવે છે કે જેમાં કોશિનીને માટે અંગિરા પુત્ર સુધન્વાનો સંવાદ છે.

ચ.ટી. :- 'दृष्टान्तः कुशलो भवेत्' અર્થાત્ વક્તાએ દૃષ્ટાન્ત કુશળ હોવું જોઇએ. જેનાથી પ્રાસંગિક અર્થ સ્પષ્ટ અને સંદેહ રહિત થાય છે. પ્રહલાદજીના પુત્ર વિરાચન અને અંગિરાજીના પુત્ર સુધન્વાના દૃષ્ટાંતથો પ્રકૃત અર્થ પણ સુસ્પષ્ટ રીતે થઇ જાય છે. જેમાં પ્રહલાદજીએ પોતાના સગા પુત્ર વિરોચનનો પક્ષ ન લઇને

સત્ય ભાષણ કરેલું અને અંગિરા ઋષિના પુત્ર સુધન્વાને પોતાના પુત્ર કરતા શ્રેષ્ઠ કહેલો. તેજ પ્રમાણે રાજ્યાદિકના વિષયમાં દુર્યોધનનો પક્ષ ન લઇને સત્યનો પક્ષ લઇ મહારાજા યુધિષ્ઠિર પર કૃપા કરો. એજ અભિપ્રાય નીતિનિપુણ વિદુરજીના આ દૃષ્ટાંતથી વ્યંજિત થાય છે (શ્લોક-૫) હવે આગળ અંગિરાપુત્ર સુધન્વા, વિરોચન અને કેશિનીનું દૃષ્ટાંત આપે છે તથા તેઓ વચ્ચે થયેલા વિવાદમાં પ્રહલાદજીએ જે ન્યાય આપેલો તેનું વર્ણન ઓગણચાલિસ શ્લોકથી કરાય છે-

(૧૯) <u>કેશિનીને પરણવા માટે સુધન્વા તથા વિરોચનનો સંવાદ :-</u>

<u>શ્લોક- ૬</u> स्वयंवरे स्थिता कन्या केशिनी नाम नामत:।

रुपेण प्रतिमा राजन् विशिष्ट पति काम्यया॥

<u>શ્લોકાર્થ :-</u> હે રાજન! કેશિની નામની અપ્રતિમ સુન્દરી કન્યા શ્રેષ્ટતમ પતિની પ્રાપ્તિ માટે સ્વયંવરમાં આવી.

<u>ચ.ટી. :-</u> પ્રાચિન કાળમાં કન્યા સ્વયંવરમાં પતિનું વરણ કરતી હતી. તેમાં પત્ની રૂપથી કન્યાને પ્રાપ્ત કરવા યુવકો ઉપસ્થિત થતા હતા ત્યાં કન્યા પોતાની ઇચ્છા પ્રમાણે પતિનું વરણ કરતી પરંતુ આ પરમ્પરા હાલમાં સમાપ્ત થઇ ગઇ છે. (શ્લોક-૬)

<u>શ્લોક- ૭</u> विरोचनोऽथ दैतेयस्तदा तत्राजगाम ह।

प्राप्तुमिच्छेस्ततस्तत्र दैत्यन्द्रं प्राह केशिनी॥

<u>શ્લોકાર્થ :-</u> તે પછી કેશિનીને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી દીતિનોજ પૌત્ર વિરોચન ત્યાં સ્વયંવરમાં આવ્યો. ત્યારે દૈત્યેન્દ્ર પ્રત્યે કેશિની બોલી.

<u>ચ.ટી. :-</u> વિરોચન ભક્તરાજ પ્રહલાદ ના પુત્ર અને ભક્તોત્તમ રાજર્ષિ બલિના પિતા હતા. જેઓનું વર્ણન પુરાણોમાં તથા છાન્દોગ્યોપનિષદમાં જોવા મળે છે

પરંતુ અહીં કેવળ પત્નીના રૂપમાં કેશિનીને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા યુવકના રૂપમાં તેમનું વર્ણન કરવામાં આવેલું છે. (શ્લોક-૭)

केशिन्युवाच :

શ્લોક - ૮ किं ब्राह्मणाः स्विच्छेयांसो दितिजाः वरोचन।

स्विद् अपकेन स्मपयङ्क सुधन्वानाधिरोहिति॥

શ્લોકાર્થ :- કેશિની બોલી- હે વિરોચન! બ્રાહ્મણ શ્રેષ્ઠ હોય છે કે દૈત્ય? જો બ્રાહ્મણ શ્રેષ્ઠ હોય તો શા માટે સુધન્વા અમારી શૈયા પર ચઢે અર્થાત્ અમારી સાથે તેનો વિવાહ કેમ ન થાય?

ચ.ટી. :- કેશિની એક બ્રાહ્મણ કન્યા છે અને સુધન્વા પણ મહર્ષિ અંગિરાના પુત્ર છે. જ્યારે પ્રહ્લાદ પુત્ર વિરોચન ક્ષત્રિય કુમાર છે માટે વર્ણાશ્રમની મર્યાદા સાચવવા માટે તથા ગુણે કરીને પણ અંગિરા પુત્ર વિરોચન કરતા શ્રેષ્ઠ છે માટે કેશિની એવું ઇચ્છે છે કે અમારા વિવાહ સુધન્વા સાથે જ થાય. (શ્લોક-૮)

विरोचन उवाच :

શ્લોક - ૯ प्रजापत्यास्तु व श्रेष्ठा केशिनि सत्तमाः।

अस्माकं खल्विमे लोकाः केदेवाः द्विजातयः॥

શ્લોકાર્થ :- વિરોચન બોલ્યો- અમો કશ્યપ પ્રજાપતિના સંતાન છીએ અને એટલે જ અમો સર્વશ્રેષ્ઠ છીએ. અમારી સામે દેવતા કોણ અને બ્રાહ્મણ કોણ? અર્થાત્ અમારી સામે આ બન્નેનું કાંઇપણ મહત્વ નથી.

ચ.ટી. :- પ્રજાપતિ કશ્યપની બે પત્ની છે. દીતિ અને અદીતિ. દીતિ ના પુત્રો દૈત્યો અને અદીતિના પુત્રો આદિત્ય કહેવાયા. આયુ અને બળના કારણે દીતિ

મોટા હોવાથી તેના થકી જન્મેલા દૈત્યો મોટા પુત્રો હતા અને તેને કારણે તેઓ સમસ્ત ધરાતલના સ્વામી થઇ ગયા. તેઓએ પોતાના નાના ભાઇ દેવોને કાંઇપણ ન આપ્યુ, તેના ફળ સ્વરૂપે દેવાસુર સંગ્રામ થયો બલાભિમાની અને દાયાંશ નહિ આપવાને કારણે દાનવનો પરાસ્ત થયા અને દેવો રાજાધિરાજ થયા. વિદુરજીએ આવાજ અભિપ્રાયથી ધૃતરાષ્ટ્રને આ પ્રસંગ કહ્યો છે તથા દુર્યોધન દ્વારા પાંડવોને દાયાંશ આપવા અને અહંકાર છોડવા માટે આગ્રહ કરેલો છે. (શ્લોક-૯)

શ્લોક - ૧૦ केशिन्युवाच-इहैवाचां प्रतीक्षाव उपश्ताने विरोचने।

सुधन्वानं च मां प्रातर्द्राष्टासि संङ्गतौ।

શ્લોકાર્થ :- કેશિનીએ કહ્યુ- વિરોચન! આપણ બન્ને અહીં જ પતિક્ષા કરીએ, પ્રાતઃ કાળે સુધન્વા આપશે ત્યારે હું તમારા બંને પાસે ઉપસ્થિત થઇશ.

ચ.ટી. :- વિશેષ ગુણોનો નિર્ણય સામ સામે થાય છે. સજ્જન લોકો કોઇના પણ ગુણદોષ તેની સામે જ કહે છે. દુર્જન લોકો પીઠ પાછળ નિંદા અને સામે પ્રશંશા કરી સુખ દુ:ખ પહોંચાડે છે. (શ્લોક -૧૦)

विरोचन उवाच:

શ્લોક - ૧૧ तथा भद्रेकरिष्यामि यथा त्वं भीरु भाषते।

सुधन्वा चमां चैव प्रातर्द्रष्ठासि सङ्गातौ॥

શ્લોકાર્થ :- વિરોચન બોલ્યા- હે ભદ્રે! જેમ આપ કહો છો તેજ પ્રમાણે અમો કરશું. હે ભીરૂ! તમો અમોને અને સુધન્વાને પ્રાતઃ કાળે એક સાથે જ જોશો.

ચ.ટી. :- વિરોચન સુરાસુર વંદિત પ્રહલાદજીના પુત્ર છે. કેશિનીએ તેઓને પ્રાતઃ કાળ સુધિ પ્રતિક્ષા કરવાનું કહ્યું અને તેઓએ કેશિનીને વાત સ્વિકારી પણ લીધી. અસુર હોવા છતા વિરોચન એક શિષ્ટ પુરૂષ છે અન્ય અસુરોની જેમ

તેઓમાં આસુરી ગુણ ન હતા. તેઓના સ્થાન પર રાવણ જેવા કોઇ અસુર હોત તો તે કેશિનીને અપહરણ કરી લઇ જતે પણ વિરોચનમાં તેઓના પિતા પ્રહ્લાદજીના સંસ્કાર હતા. આજ એક સજ્જન પુરૂષની ઓળખાણ છે. (શ્લોક - ૧૧)

विदुर उवाच:

શ્લોક - ૧૨ अतीताया च शर्वर्यामुदिते सूर्यमंडले।

अथा जगाम तं देशं सुधन्वा राजसत्तम॥

શ્લોક - ૧૩ विरोचना यत्र विभोकशिन्या सहित: स्थित:।

सुधन्वा च समागच्छत् प्रह्लादिंकेशिनीं तथा॥

શ્લોકાર્થ :- વિદુરજી બોલ્યા- રાજશ્રેષ્ઠ ધૃતરાષ્ટ! રાત્રી વ્યતિત થતા અને સૂર્યોદય થતા સુધન્વા એ સ્થાન પર આવ્યો, જ્યાં કેશિની અને પ્રહ્લાદપુત્ર વિરોચન હતા. સુધન્વા કેશિની અને પ્રહ્લાદના પુત્ર વિરોચન પાસે આવ્યા.

ચ.ટી. :- રાત્રિના સુખ પૂર્વક નિદ્રાનો આનંદ માણ્યા બાદ પ્રાત:કાળે બ્રહ્મ મુહૂર્તમાં જાગી, પોતાના સંધ્યાદિ નિત્ય કર્મોને પૂર્ણ કર્યા બાદ સુધન્વાએ સ્થાન પર પહોચ્યાં જ્યાં પોતાના પરંપરાગત શત્રુ વિરોચન અને કેશિની હતી. (શ્લોક - ૧૨) (શ્લોક -૧૩)

શ્લોક - ૧૪ समागतं द्विजं केशिनी भरतर्षभ।

प्रत्युत्यायासनं तस्मै पाद्यमर्ध्यं ददौ पुन: ॥

શ્લોકાર્થ :- હે ભરતકુળ શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્ર! સુધન્વાને આવેલા જોઇને કેશિની એ ઉભા થઇ તેને હાથ પગ અને પૂજા માટે જળ પ્રદાન કર્યુ.

ચ.ટી. :- ભારતીય વૈદિક સંસ્કૃતીમાં એ વ્યવસ્થા છે કે આવેલા અતિથીનો સર્વતો ભાવથી સત્કાર કરવો જોઇએ. કારણ કે ઘરે આવેલા અતિથી

દેવતાઓની જેમ પૂજનિય છે. 'अतिथिदेवो भव- અતિથિમાં દેવની ભાવના રાખવી.' (તૌત્તિ.ઉ.) 'गोदानेन च यत् पुण्यं पात्रयविधि पूर्वकम्। सत्कृत्य भिक्षवे भिक्षां दत्वा तत्कलमाप्यनायात्। કોઇ સત્પાત્રને વિધિપૂર્વક ગોદાન કરવામાં આવે તેનું જે ફળ થાય તે તો ભિક્ષુકોનો સત્કાર કરી તેને ભિક્ષા આપવાથી મળે છે.' (સ્કં.કા.ખં. ૩૮/૨૭) (શ્લોક -૧૪)

શ્લોક - ૧૫ સુધન્વોવાચઃ- अन्वालये हिरण्यमयं प्रहलादे ते वरासनम्।
एकत्वमुप सम्पन्नो न त्वासेऽहं त्वयासह॥

શ્લોકાર્થ :- (એટલામાં વિરોચનને 'સુવર્ણાસન ઉપર અમારી સાથે બેસો' એવી સુધન્વાને પ્રાર્થના કરી) એટલે સુધન્વા બોલ્યા હે પ્રહલાદ પુત્ર! અમો તમારા સુવર્ણમય શ્રેષ્ઠ આસનનો માત્ર સ્પર્શ જ કરશું, પણ તમારા સમાન થઇને અમો તમારી સાથે એક આસન પર બેસસું નહિ.

ચ.ટી. :- એક સાથે એક આસન પર સમાન ગુણ અવસ્થા અને ધર્મવાળા લોકો જ બેસે છે પણ ભિન્ન વર્ણવાળા નહિ. સુનધ્વા એ જન્મથી અને કર્મથી બ્રાહ્મણ છે એટલે તેમનામાં એક ઉત્તમ બ્રાહ્મણના બધા જ ગુણો વિદ્યમાન છે, જ્યારે વિરોચન જન્મ અને કર્મથી ક્ષત્રિય હતો એટલે બન્નેમાં ગુણે કરીને સામ્યતા ન હતી. અવસ્થામાં પણ એટલે જ્ઞાનની અવસ્થામાં પણ સુધન્વા એક વેદોની ઋચાઓનો સાક્ષાત્કાર કરનારા અંગિરા ઋષિના પુત્ર હતા એટલે તેનામાં સમસ્તવેદ તેના અંગો સહિત સમાહિત હતો. જ્યારે વિરોચનની જ્ઞાનની સ્થિતિ સુધન્વા જેવી નહતી. તેઓ દેહને જ આત્મા માનનારા વિજ્ઞાન વાળનવાળા હતા. (જઓ છાંદોગ્યોપનિષદ) અને ધર્મની દ્રસ્તિએ પણ સુધન્વાનો આચાર વિચાર વેદ મૂલક હતો જ્યારે સુધન્વાનો આચાર વિચાર અસુરના જેવો હતો. માટે ધર્મ દૃષ્ટિએ પણ બંનેમાં સમાનતા ન હતી. એટલે માટે આ વિશેષ દૃષ્ટિથી સુધન્વા

વિરોચન કરતા શ્રેષ્ઠ હોવાથી તેઓ બન્ને એક આસન પર ન બેસી શકે એ યોગ્ય જ છે માટે સુધન્વાએ વિરોચન સાથે એક આસન પર બેસવાની મનાઇ કરી. (શ્લોક -૧૫)

विरोचन उवाचः

શ્લોક - ૧૬ तवार्हते तु फलकं कूर्चं वाप्यथवाबृस।

सुधन्वन्नत्वमहाऽसि मया सह समासनम्॥

શ્લોકાર્થ :- વિરોચન બોલ્યો -હે સુધન્વા! તમોને તો પાટલો, સાદડી અથવા દર્ભનું સારૂં આસન જ યોગ્ય છે, તમો અમારી સાથે એક આસન પર બેસવાને યોગ્ય નથી.

सुधन्वोवाचः

શ્લોક - ૧૭ पितापुत्रौ सहासीतां द्वौ विप्रो क्षत्रियावपि।

वृद्धो वैश्यौ च शुद्रौ च न त्वन्यावितरेतरम्॥

શ્લોકાર્થ :- પિતા પુત્ર સાથે બેસી શક, બે બ્રાહ્મણ સાથે બેસી શકે, બે ક્ષત્રિય સાથે બેસી શકે, બે વૃદ્ધ વૈશ્ય એક આસને બેસી શકે છે, પરંતુ ભિન્ન ભિન્ન જ્ઞાતિના પુરૂષો એક આસન ઉપર સાથે બેસી શકે નહિ.

ચ.ટી :- સનાતન વૈદિક સંસ્કૃતિમાં આચાર વ્યવહારનો ઘણી સૂક્ષ્મતાથી નિર્ણય કરાયો છે, તેમાં સંપૂર્ણ જ્ઞાનની ગરિમા આના પર જ આધારિત છે. અતઃ શાસ્ત્રમાં ઉચ્ચાસન, સહાસન અને નિમ્નાસનનો ઘણો અધિક વિચાર કરાયો છે. (શ્લોક-૧૭)

શ્લોક - ૧૮ पिता हि ते समासीनमपासीतैव मामघः

बालः सुखैधितो गेहे न त्वं किञ्चन बुद्धयसे॥

<u>શ્લોકાર્થ :-</u> તમારા પિતા પ્રહલાજી અમારા ચરણમાં બેસીને જ અમારી સેવા કરે છે. તમો હજ સુધી બાળક છો, ઘરમાં સુખ પૂર્વક ઉછરેલા છો, અતઃ કંઇ પણ જાણતા નથી.

<u>ચ.ટી :-</u> વ્યવહારનું જ્ઞાન લોક અને શાસ્ત્રથી થાય છે. કેવલ ગૃહમાં રહેનારાઓને ક્યારેય લોક (ધર્મશાસ્ત્ર) અને શાસ્ત્રનું (વેદનું) જ્ઞાન થતું નથી. વસ્તુતાએ વ્યવહારનું જ્ઞાન લોક વ્યવહારથી જ સંભવ છે. સાથે સાથે અહીં શ્લોકમાં 'बालः' શબ્દ આવે છે તેનો અર્થ 'સ્તનપાન કરનાર બાળક' નથી. કારણ વિવાહને માટે વરના રૂપમાં આવેલા યુવકને બાળક ન કહેવાય માટે 'अशो भवति वै बालः' (મનુ. ૨/૧૫૩) આ વચનના આધાર પર અજ્ઞ અને વ્યવહાર શૂન્ય ને બાળક કહી શકાય છે. (શ્લોક-૧૮)

<u>विरोचन उवाच:</u>

<u>શ્લોક - ૧૯</u> हिरण्यं च गवाश्वं च युद्वित्तमसुरेषु नः।

सुधन्वन् विपणे तेन प्रश्नं पृच्छाव ये विदुः॥

<u>શ્લોકાર્થ :-</u> વિરોચન બોલ્યો- હે સુધન્વન્! અસુરોમાં અમારૂ જે સુવર્ણ ગો, અશ્વ આદિ પશુ તથા અન્ય ધન છે તેની શર્ત લગાવું છ કે જે વિદ્વાન હોય તેને આપણે પ્રશ્ન પુછિયે કે આપણા બન્નેમાં શ્રેષ્ઠ કોણ છે?

<u>ચ.ટી :-</u> શ્રેષ્ઠતાનો નિર્ણય તટસ્થ અને વિદ્વાન તથા આપ્ત પુરૂષ જ કરી શકે છે. કારણ કે વિદ્વાનો દોષજ્ઞ, ગુણજ્ઞ અને અનુભવી પણ હોય છે માટે તેઓના વચન પ્રમાણ ભૂત મનાય છે. (શ્લોક-૧૯)

<u>सुधन्वोवाच:</u>

<u>શ્લોક - ૨૦</u> हिरण्यं च वगाश्वं च तनैवास्तु बिरोचन।

प्रणयोस्तुपणं कृत्वा पश्नं पृच्छावये विदुः॥

શ્લોકાર્થ :- હે વિરોચન! સુવર્ણ, ગૌ, અશ્વ આદી પશુ તમારી પાસે જ રહે આપણે બન્ને પ્રાણોની હોડ લગાવીએ જે વિદ્વાન હોય તેને જ પુછીએ.

ચ.ટી :- સાંસારિક સમ્પતિ તથા ધનાદિ શરીર તથા પ્રાણ રક્ષાને માટે હોય છ, અત: ધનથી પણ શ્રેષ્ઠ મનુષ્યના પ્રાણ હોય છે, તેને માટે જ સમસ્ત વ્યાપાર તથા ક્રિયા કલાપ કરાય છે. એટલે માટે સુધન્વા એ પ્રાણની જ બાજી લગાવી. બીજી વાત એ પણ છે કે અંગિરા ઋષિના પુત્ર તપસ્વી બ્રાહ્મણ હોવાની સાથે અન્ય સાંસારિક ધનાદિ તેની પાસે હોડમાં રાખવા માટે હતુ જ નહિ. અતઃ તેઓએ પોતાના પ્રાણોને જ હોડમાં મુકયા. (શ્લોક-૨૦)

विरोचन उवाच:

શ્લોક - ૨૧ आवां कुत्र गमिष्याव: प्राणयो र्विपणकृते।

न तु देवेष्वहं स्थाता न मनुष्येषु कर्हिचित्॥

શ્લોકાર્થ :- વિરોચન બોલ્યા- પ્રાણોની બાજી લગાવી આપણે ક્યાં જઇએ? ન તો અમો દેવતા પાસે જઇ શકશુ કે ન તો અમો મનુષ્ય પાસે જઇ શકશુ કારણ કે એ બંને અમારા સમાન નથી.

ચ.ટી :- વિરોચન પ્રહલાદજીના પુત્ર હોય અસ઼ર કુળમાં પ્રગટ થયા છે એટલે તેઓ દેવતાઓને અને મનુષ્યોને પોતાની અપેક્ષાએ હીન સમઝતા હતા. એટલે માટે તેઓ બંને પાસે જવાનું વિરોચન અનુચિત સમજતા હતા એટલે તેઓ સુધન્વાને તેઓ પાસે જવાની મનાઇ કરે છે. (શ્લોક-૨૧)

सुधन्वोवाच:

શ્લોક - ૨૨ पितरं ते गमिष्याम: प्राणयोर्विपणे कृते।

पुत्रस्यापि स हेतोहि प्रह्लादो नानतं वदेत्॥

શ્લોકાર્થ :- સુધાન્વા બોલ્યા- પ્રાણોની હોડ લગાવીને આપણે બંને તમારા પિતા પ્રહલાદ પાસે જઇએ. પ્રહલાદ પોતાના પુત્ર માટે પણ અસત્ય ન બોલસે.

ચ.ટી :- તૈતિરિય ઉપનિષદ્‌ની શિક્ષા વલ્લીમાં 'सत्यवद' ની પ્રતિષ્ઠા કરાય છે. હરિશ્ચંદ, રઘુ, દશરથ, યુધિષ્ઠિર જેવા આપ્તજનોએ પ્રાણોની પરવા ન કરીને પણ સત્યની રક્ષા કરેલી. આજ દ્રઢતાથી સુધન્વાએ પ્રહલાદજી પાસે જવાનો નિર્ણય કર્યો. તેઓને એટલો વિશ્વાસ હતો કે પ્રહલાદજી ભલે અસુર વંશમાં પ્રગટ થયા છે છતા તેઓની સત્યવ્રતમાં નિષ્ઠા છે. એટલે માટે ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ 'प्रह्लाद:सर्व दैत्यानाम्' અસુરોમાં હું પ્રહલાદ છે.' (ગીતા. અ.૧૦) આ વચન દ્વારા પ્રહલાદને પોતાની વિભૂતિ તરીકે ગણાવે છે. શ્રીમદ્ ભાગવતમાં તેઓને અજાત શત્રુ કહ્યા છે. ધર્મશાસ્ત્રમાં પ્રહલાદજીની સો અશ્વમેઘ યજ્ઞની સાથે તુલના કરાય છે. આનાથી પ્રહલાદજી સત્યનિષ્ઠા, ન્યાય પ્રિયતા અને વિશ્વસનિયતા દૃષ્ટિ ગોચર થાય છે. (શ્લોક-૨૨).

विदुर उवाच:

શ્લોક - ૨૩ एलं कुतपणौ कुद्धौ तत्राभिजग्मतुस्तदा।

विरोचन सुधन्वानौ प्रह्लादो यत्र तिष्ठति॥

શ્લોકાર્થ :- વિદુરજી બોલ્યા- પ્રાણોની હોડ લગાવી ક્રોધિત થઇને વિરોચન અને સુધન્વા તે સ્થાન પર ગયા જ્યાં સુરાસુર વંદિત પ્રહલાદજી હતા.

ચ.ટી :- સુધન્વા અને વિરોચન બંનેમાં શ્રેષ્ઠ કોણ તેનો નિર્ણય કરાવવા અસુરોના અધિપતિ પ્રહલાદજી જ્યાં સુતલ લોકમાં રહેતા હતા તેની પાસે ગયા. (શ્લોક-૨૩).

प्रहलाद उवाच:

શ્લોક - ૨૪ इमौ तौ संपदृश्यते याभ्यां न चरितं सह।

आशीविषाविव क्रुद्धा वेकमार्गाविहागतौ ॥

શ્લોક - ૨૫ किं वै सहैवं चरयो न पुरा चरथः सह।

विरोचनैतत्पृच्छामि किं ते सख्यं सुधन्वा ॥

શ્લોકાર્થ :- તેઓ બંનેને એક સાથે આવતા જોઇ પ્રહ્લાદ મનો મનવિચાર કરવા લાગ્યા કે- અરે! આજ સુધી જે કદી સાથે ચાલ્યા નથી તે આ બંને, ક્રોધ પામેલા બે વિષધારી સર્પોની જેમ એક જ માર્ગે અહીં આવતા જણાય છે. હે વિરોચન! તમો બંને પહેલા કદી સાથે ફરતા ન હતા અને આજે આમ બંને સાથે કેમ? અમો તને પુછીએ છીએ કે સુધન્વાનો સાથે તારી મૈત્રી થઇ છે કે શું? (શ્લોક- ૨૪-૨૫).

ચ.ટી. :- સુધન્વા બ્રાહ્મણે અને વિરોચન અસુર કુળના છે તેઓ બંનેનો માર્ગ ભીન્ન હોય તેઓ વચ્ચે હંમેશા મતભેદ રહેતો હતો પણ આજે એ બન્નેને એક સાથે આવતા જોઇ આશ્ચર્ય પૂર્વક પ્રહ્લાદજી વિચારવા લાગ્યા કે આજે આ બન્ને સાથે કેમ આવી રહ્યા છે?

(૨૦) પ્રહ્લાદજી પાસે વિરોચને પોતાની શરત જણાવી :-

विरोचन उवाचः

શ્લોક- ૨૬ न मे सुधन्वना सख्यं प्राणयोर्विपणावहे।

प्रह्लाद तत्वं पृच्छामि मा प्रश्नमनृतं वदेः ॥

શ્લોકાર્થ :- વિરોચન બોલ્યા - પિતાજી! અમારી સુધન્વા સાથે મૈત્રી થઇ નથી પણ અમો બંને પ્રાણોની હોડ લગાવીને આવ્યા છીએ. અમો તમોને યથાર્થ પણે પુછીએ છીએ, અમારા પ્રશ્નના અસત્ય ઉત્તર આપતા નહિ. (શ્લોક-૨૬)

ચ.ટી. :- વિરોચનને પણ ખબર છે કે મારા પિતા ક્યારે અસત્ય બોલશે નહિ એટલે તેઓ ભારપૂર્વક તેઓને સત્ય ઉત્તર આપવા કહે છે.

प्रह्लाद उवाच:

શ્લોક - ૨૭ उदकं मधुपर्कं वाऽप्यानयन्तु सुधन्वने।

ब्रह्मन्नभ्यर्यनीयोऽसि श्वतागौः पीवरीकृता॥

શ્લોકાર્થ :- પ્રહલાદજી બોલ્યા- સુધન્વા માટે જળ અને મધુ પર્ક લાવો હે બ્રાહ્મણ! તમો પૂજાને યોગ્ય છો, તમારે માટે શ્વત વર્ણવાળી મોટી ગાય ઉપસ્થિત છે.

ચ.ટી :- ગૃહસ્થના ઘરે આવેલા અતિથીની સેવા એ સર્વોપરી મનાયેલી છે. તેમના સ્વાગત માટે અર્ધ્ય, પાદ્ય, આચમનીય અને મધુપર્ક અર્પણ કરવાનું વિધાન છે. તે સિવાય પણ વર્ણભેદથી દેય વસ્તુમાં પણ ભિન્નતા હોય છે કહ્યુ પણ છે 'गो ब्राह्मणस्य वरः ग्रामोराजन्यः अश्वो वैश्यस्य। બ્રાહ્મણને માટે ગાય, ક્ષત્રિયને માટે ગામ અને વૈશ્યને માટે અશ્વ આપવાનું નિવધાન છે.' અહીં સુધન્વા બ્રાહ્મણ હોવાને કારણે પ્રહ્લાદજીએ તેઓને ગાય આપવાનો આદેશ કર્યો (શ્લોક- ૨૭).

(૨૧) સુધવન્વાનો ઉત્તમતા વિષે પ્રશ્ન :

सुधन्वोवाच:

શ્લોક - ૨૮ उदकं मधुपर्कं च पथिष्वेवार्पितंमम।

प्रह्लाद त्वंतु में तथ्यं प्रश्नं प्रब्र्हि पृच्छतः।

किं ब्राह्मणाः स्विच्छ्रेयांस उताहोस्विद्विरोचनः।

શ્લોકાર્થ :- સુધાન્વા બોલ્યા- હે પ્રહ્લાદ! જળ તથા મધુપર્ક તો માર્ગમાં જ પ્રાપ્ત થઇ ગયું માટે આપ અમારા પ્રશ્નના યોગ્ય ઉત્તર આપો કે બ્રાહ્મણ (સુધન્વા) શ્રેષ્ઠ છે કે ક્ષત્રિય (વિરોચન) શ્રેષ્ઠ છે.

ચ.ટી :- જ્યારે સામે કોઇ સમસ્યા ઉપસ્થિત હોય ત્યારે તે સમયે તેનું સમાધાન જ આવશ્યક હોય છે. પણ અન્ય કાર્ય નહિ એટલે માટે સુધન્વાએ

પ્રહલાદજી થકી પ્રશ્નનો ઉત્તર જ પ્રાપ્ત કરવાનું જ યોગ્ય જાણ્યુ અને એટલે માટે તેઓએ જળ તથા મધુપર્ક ગ્રહણ કરવાનું ટાળ્યું. (શ્લોક-૨૮).

प्रह्लाद उवाच:

શ્લોક - ૨૯ पुत्र एकोमम ब्रह्मस्त्वं च साक्षादिहास्थित:।

तयोर्विवदतो: प्रश्नं कथमस्मद्विधो वदेत्॥

શ્લોકાર્થ :- હે બ્રાહ્મન્! મારો એક જ પુત્ર છે અને બીજા તમો સાક્ષાત્ અહીં ઉપસ્થિત છો. આ પ્રકારના વિવાદમાં અમારા જેવા લોકો કેવી રીતે બોલે. (જે એકનો પિતા તથા બીજો સામે ઉપસ્થિત હોય)

ચ.ટી :- ન્યાયાધિશ પોતાનો નિર્ણય ત્યારે જે આપી શકે કે તે જ્યારે નિષ્પક્ષ હોય. એક પક્ષ સાથે સમ્બન્ધ રાખનાર ન્યાયાધીશ પણ ક્યારેય યથાર્થ નિર્ણય નથી આપી શકતા. એજ વાતને ધ્યાનમાં રાખી પ્રહલાજીએ સમસ્યાના સમાધાનમાં પોતાનો દૃષ્ટિકોણ ઉપસ્થિત કર્યો. (શ્લોક- ૨૯)

सुधन्वोवाच:

શ્લોક - ૩૦ गां प्रदद्यास्त्वौद्रान्यत्स्यात्प्रियं धनम्।

द्वयोर्विवदतोस्तर्प्यवाच्यं च मतिमंस्त्वया॥

શ્લોકાર્થ :- સુધાન્વા બોલ્યા- હે પ્રહ્લાદ! તમારા પોતાના પુત્રને પૃથ્વી આપો અથવા અન્ય પ્રિયધન જે હોય તે તેઓને આપો. પરંતુ હે બુધ્ધિમાન! અમારા બંનેના વિવાદમાં તમારે યથાર્થ ઉત્તર આપવો જોઇએ.

ચ.ટી :- વિશેષજ્ઞોએ બુધ્ધિ પ્રમાણે નિર્ણય કરવો જોઇએ. જથી બે પરમ્પરાની રક્ષા થાય છે. એક તો વિવાદની શાન્તિ અને બીજી ન્યાયની રક્ષા અત: આ બન્ને પરંપરાઓને ધ્યાનમાં રાખીને ન્યાયની રક્ષા અને વિવાદની શાંતિ થવી જોઇએ. (શ્લોક-૩૦).

प्रह्लाद उवाच:

શ્લોક - ૩૧ अथ यो नैव प्रब्रूयात्सत्यं वा यदि वानृतम्।

एतत्सुधन्वन्पृच्छामि दुर्विवक्ता स्म किं वसेत्॥

શ્લોકાર્થ :- પ્રહલાદજી બોલ્યા- હે સુધન્વન્! તમોએ એ પુછયું હતુ કે સત્ય ન બોલે અને જે સત્યનો નિર્ણય ન આપ, એવા દુષ્ટ વક્તાની કંઇ સ્થિતિ થાય છે? તે ક્યાં નિવાસ કરે છે? તે કહો. (શ્લોક- ૩૧)

सुधन्वोवाच:

શ્લોક - ૩૨ या रात्रिमधिवन्ना स्त्री यां चैवाक्षपराजित:।

यां च भारा भितप्ताङ्गो दुर्विविक्ता स्म तां वसेत्॥

શ્લોકાર્થ :- સુધાન્વા બોલ્યા- સૌતવાળી સ્ત્રી, ધ્યુતમાં હારી ગયેલો જગારી તથા ભાર લઇને ચાલનારો અને તે ભારથી થાકેલાં મનુષ્યની રાત્રીમાં જે સ્થિતિ હોય તે જ સ્થિતિ અસત્ય નિર્ણય આપનારાઓની થાય છે.

ચ.ટી :- જે સ્ત્રિઓને સૌત હોય તેનો પતિ તેની સૌત પાસે ગયો હોય એટલે તેની આવવાની રાહ જોવામાં જ રાત્રી વ્યતિત થતી હોય છે, ધ્યુતક્રિડામાં સમસ્ત સંપત્તિ હારી જવાથી ધન ગુમાવ્યાના શોકને કારણે જગારીને નિદ્રા આવતી નથી, વધારે પડતો ભાર વહન કરનાર મનુષ્યને શરીરરમાં થતી પીડાથી રાત્રીએ નિદ્રા આવતી નથી તેમ અસત્ય નિર્ણય આપવાને કારણે ન્યાય આપનારનો આત્મા તેને પીડા આપતો હોવાથી રાત્રીને વિશે નિદ્રા આવતી રુનથી. જેનું દૃષ્ટાંત ધૃતરાષ્ટ્ર પોતે જ છે જેણે પાંડવો સાથે અન્યાય કરેલો હોવાથા રાત્રીને વિશે નિદ્રા આવતી નથી. કહ્યું પણ છે ''कुतो निद्रा दरिद्रस्य परप्रेष्टा वरस्य च। परनारी प्रसक्तस्य परद्रव्य हरस्य च॥ દરિદ્ર માનવને નિદ્રા ક્યાંથી આવે? પારકાના ઉત્તમ નોકરોને પણ નિદ્રા ક્યાંથી આવે? જે પુરૂષ પરાયી સ્ત્રીમાં આશક્ત રહેતો

હોય તેને નિદ્રા ક્યાંથી આવે? અને પરાયા ધનને હરણ કરનારાને પણ નિદ્રા ક્યાંથી હોય?'' (ગરૂડ/૧૧૫/૬૭) ''नानाद्वा यदि वा लोभात्क्रोधाद्वा यदि वा भयात्॥ यो न्यायमन्यथा ब्रूते स याति नरकं नर:॥ જે પુરૂષ પોતાનું સન્માન સ્થિર રાખવાને અર્થે અથવા લોભ કે ક્રોધને વશી ભૂત થઇ અથવા ભયથી યોગ્ય રીતે નિર્ણય આપતો નથી તે નરકગામી જાય છે.'' (પંચતંત્ર/કાકોલૂકીયમ્/શ્લો-૧૦૮ (શ્લોક-૩૨).

શ્લોક - 33 नगरे प्रतिरुद्ध: सन् बहिद्वारे बुभुक्षित:।

अमित्रान् भूयस: पश्येत् य: साक्ष्यमनृतं वदेत्॥

શ્લોકાર્થ :- નગરમાં પ્રવેશ કરવાથી રોકાયેલ, નગરની બહાર દરવાજા પર ક્ષુધાતુર અને પોતાના શત્રુઓને જોનારો જ અનુભવ કરે છે તેજ પ્રાપ્તિ અસત્ય બોલનારા સાક્ષીઓને થાય છે.

ચ.ટી :- અસત્ય બોલનારા સાક્ષીઓનો કોઇ વિશ્વાસ કરતુ નથી ત્યાં સુધિ કે તેનો આત્મા પણ તેને સત્ય માનતો નથી. તે પોતાને એકાકી અનુભવ કરવાને કારણે વધારે પડતો દુઃખીત થાય છે. તે જ પ્રમાણે અસત્ય નિર્ણય આપનારો પણ ઘણા કષ્ટને પામતો હોય છે. કહ્યુ પણ છે ''वितथ तु वदेयुर्थे धर्मं सवसि पच्छते। इष्टापूर्तं च ते घ्नन्ति सप्तसप्त परावरान्॥ ये पातककृतां लोका महापातकिनां तथा। अग्निदानां च ये लोका ये च स्त्रीबाल्यतिनाम्॥ तान् सर्वान्समवाप्नोति य: साक्ष्ये ह्यनृतं वदेत्। नस्यत्यशेषं सुकृतं सदस्यनृत भाषणात्॥ ન્યાયાધીશે રાજસભામાં ધર્મપ્રતિ પુછેલા જે સાક્ષિઓ અસત્ય બોલે તે મિથ્યા સાક્ષિઓનું ઇષ્ટાપૂર્તાદિ પુણ્ય બધુય નાશ પામી જાય છે અને તેઓના કુળમાં સાત પૂર્વના અને સાત પછીના અને પોત એમ મળીને પંદર પુરૂષો નાશ પામેલ છે. વળી જે સાક્ષી કર્મમાં અસત્ય બોલે તે જન પાતકીઓ, મહાપાપાતકીઓ, અગ્નિદાતાઓ અને સ્ત્રીબાળ ઘાતિઓને

પામવાના જે લોકો (નરકવિશેષો) છે તે સર્વલોકને પામે છે કેવળ એટલુ જ નહિ કિંતુ રાજસભામાં અસત્ય બોલવાથી સમગ્ર સુકૃત પણ નાશ થઇ જાય છે.'' (સ.જી. ૫/૨૬/૨૮-૪૦) ''यस्त्विह वा अनृतं वदति साक्ष्ये द्रव्य विनिमये दाने वाकथञ्चित्स वै प्रत्ये नरकेऽवीचिमत्यध: शिशनिरवकाशे योजनरातो च्छ्रायद् गिस्मिघ्न: सम्पात्यते यत्र जलमिव स्थलमश्मपृष्ठमव भासते तदवी विमत्ति लशो विशीर्यमाणशरीरो न म्रियमाण: पुनरारोपितो निपतति॥ આ લોકમાં જે પુરૂષ અસત્ય સાક્ષી આપવામાં વ્યાપારમાં કે ધનના સમયમાં કોઇપણ પ્રકારે અસત્ય બોલે છે તે મૃત્યુ બાદ આધાર શૂન્ય અવિચિમાન્ નરકમાં પડે છે. ત્યાં તેને સોયોજન ઊંચા પહાળ ના શિખરથી નીચે ફેંકાય છે. આ નરકની પથ્થરની ભૂમિ જળ જેવી જણાય છે એટલે માટે તેનું અવીચિમાન નામ છે ત્યાં પડતા તેના શરીરના કટકે કટકા થઇ જતા પણ તેના પ્રાણ જતા નથી. એટલે માટે તેને વારંવાર ઉપર લઇ જઇને ફેંકાય છે.'' ભાગ-૫/૨૬/૨૮) ''उपविष्ट: सभामध्ये यो न वक्ति स्फुटं वच:। तस्याद् दूरेणस त्याज्यो न्यायो वा कीर्तयेदृत्तम॥ જે મનુષ્ય ન્યાયાલય માં બેસી સત્ય બોલતો નથી. (નિર્ભય થઇ પોતાનો નિર્ણય આપતો નથી) આવા પુરૂષને દૂરથી જ છોડી દેવો જોઇએ (અર્થાત્ ન્યાયાસનથી હટાવી દેવો) કારણ કે સત્ય બોલવું એજ ન્યાય છે.'' (પંચતંત્ર/કાકોલૂ/શ્લો-૧૧૦) (શ્લોક-૩૩).

<u>શ્લોક - ૩૪</u> पञ्च पश्वनृते हन्ति दश हन्ति गवानृते।

शतमश्वानृते हन्ति सहस्रं पुरुषानृत्ते॥

<u>શ્લોકાર્થ :-</u> પશુ માટે અસત્ય ભાષણ કરવાવાળો પોતાની પાંચ પેઢીઓ સુધી, ગાય માટે અસત્ય બોલનારો દશ પેઢીઓને , અશ્વ માટે અસત્ય બોલનારો સો પેઢીઓ અને મનુષ્ય માટે અસત્ય બોલનાર એક હજાર પેઢીઓને નકરમાં નાથી દે છે.

ચ.ટી :- 'સત્ય બોલવું જોઇએ આ વાક્યનું કોઇપણ પ્રકારે ઉલ્લંઘન થઇ જતા લોક મર્યાદા રાખવા માટે પરલૌકિક ભય બતાવી રક્ષા કરવાનો પ્રયાસ કરાયો છે. જે કામ પ્રત્યક્ષ થતુ નથી, તે પરોક્ષ કોઇક કારણવશ થઇ જાય છે. લૌકિકમાં પણ દેખાય છે કે કોઇકના પૂર્વ જે કોઇક કારણવશ અસત્યનું શરણુ લીધુ તો તેના કૃત્યથી તેના વંશમાં ઉત્પન્ન થયેલા. લોકોને પણ સમાજ નિંદે છે. અર્થાત્ વંશાનુગત તેનો પ્રભાવ દેખાય છે. જેનું દૃષ્ટાંત આ નીતિ શાસ્ત્રના શ્રોતા ધૃતરાષ્ટ્ર પોતે જ છે. જેણે અસત્યનું શરણું લીધુ તો અદ્યાપિ પર્યન્ત બધા લોકો તેની અને તેની સંતતિની નિંદા કરે છે. એટલે જ માટે ભગવાન શંકર કહે છે ''नास्ति सत्यात् परोधर्मोनानृतात् पातकं परम्। સૌથી મોટો ધર્મ સત્ય છે અને સૌથી મોટુ પાપ અસત્ય છે. (મહા. અનુ./અ.૧૪૧) (શ્લોક-૩૪).

શ્લોક - ૩૫ हन्तिजाता न जातांश्च हिरज्यार्थेऽनत वदत्।

सर्वं भूम्यनृते हन्ति मा स्म भूम्यनृतं वदेः ॥

શ્લોકાર્થ :- સુવર્ણને માટે અસત્ય બોલનાર તે ભૂત અને ભવિષ્યમાં ઉત્પન્ન થનાર બધાને મારે છે. ભૂમી અને સ્ત્રી માટે અસત્ય બોલનાર પોતાનું સર્વસ્વ નષ્ટ કરી નાખે માટે આ ભૂમિ માટે ક્યારેય અસત્ય બોલવું નહિ.

ચ.ટી :- ભૂમી અને સ્ત્રી એક સમાન મનાયેલી છે ''माताभूमिः पुत्रोऽहं पृथिव्याः। ભૂમિ અમારી માતા છે અને પૃથ્વી પુત્ર છે. આનાથી એ તાત્પર્ય નીકળે છે કે પ્રહ્લાદજીવને સુધન્વા જાણે ઉદ્‌બોધિત કરે છે કે, 'પોતાના પુત્રને માટે કેશિનીને પુત્રવધુ બનાવવાના લોભથી અસત્ય ન બોલતા પણ ન્યાયાધિસના આસાન પર આરૂઢ થઇ સત્યનો જ પક્ષ ગ્રહણ કરજો.' અન્યથા એક સ્ત્રી માટે અસત્ય બોલશો તો તમારૂ સર્વસ્વ નષ્ટ થઇ જશે. અહી આ દૃષ્ટાંત દ્વારા વિદુરજી ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રને સાવધાન કરતા કહે છે કે ''હે મહારાજ! તમો પણ એક

ભૂમિના ટુકડામાટે અસત્ય ન બોલો, પાંડવો ગણિત શાસ્ત્રજ્ઞોની દૃષ્ટિએ બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાત વાસ પૂર્ણ કરી ચૂકેલા છે છતા તમો અને તમારા દુષ્ટ પુત્રો એને નકારો છો અને તેઓનો દાય ભાગ આપવાની મનાઇ કરો છો તો આ અસત્યના કારણે તમારો પણ સર્વનાથ થશે.'' (શ્લોક-૩૫).

प्रह्लाद उवाच:

શ્લોક - ૩૬ मत: श्रेयान् अङ्गिरा वै सुधन्वा त्वद् विरोचन।

माताऽस्य श्रेयसीं मातुस्तस्मात्त्वं तैन वै जित: ॥

શ્લોકાર્થ :- પ્રહ્લાદજી બોલ્યા- હે વિરોચન! અમારાથી સુધન્વાના પિતા અંગિરા શ્રેષ્ઠ છેઅને તમારાથી સુધન્વા. સુધન્વાથી માતા તમારી માતાથી શ્રેષ્ઠ છે એટલે માટે તમો સુધન્વા દ્વારા જીતાયા છો અર્થાત્ સુધન્વાની જીત થઇ છે.

ચ.ટી :- ઇતિહાસ સાક્ષી છે કે આ પ્રકારે પોતાના પુત્રને માટે પણ અસત્યનો પક્ષ નહિ લેનારા પ્રહ્લાદજી જેવા ભાગ્ય જ કોઇ બીજા હશે. એટલે માટે અસુર કુળમાં જન્મ લેવા છતા પણ પ્રહલાદજી સુરાસુર વંદિત મનાય છે આજ એમની વિશેષતા છે. (શ્લોક- ૩૬)

શ્લોક - ૩૭ विरोचन सुधन्वाऽयं प्राणानामीश्वरस्तव।

सुधन्वन् पुनरिच्छामि त्वयादत्तं विरोधनम्॥

શ્લોકાર્થ :- હે વિરોચન! સુધન્વા તમારા પ્રાણોના સ્વામી છે હે સુધન્વન્! તમારા દ્વારા જીતાયેલા વિરોચનને અમો પુનઃ ઇચ્છિએ છીએ અર્થાત્ પ્રાણોને જીતીને પણ તમો તેને અભયદાન આપો.

ચ.ટી :- મહનિય જનો કોઇના પ્રાણ લેતા નથી. એટલે માટે સુધન્વા વિરોચન થકી પ્રાણો પર અધિકારની શર્ત જીવતા છતા પણ પ્રહ્લાદજી સુધન્વાને વિરોચનને અભયદાન આપવા વિનંતી કરે છે. (શ્લોક- ૩૭)

सुधन्वोवाचः

શ્લોક - ૩૮ यद्धर्ममवृणीथास्त्वं न कामादनृतं वदीः।

पुतददामि ते पुत्रं तस्मात् प्रह्लाद दुर्लभम्॥

શ્લોકાર્થ :- સુધાન્વા બોલ્યા- હે પ્રહલાદ! જે કારણે તમોએ ધર્મનો સ્વિકાર કર્યો છે અને પુત્ર લોભને લીધે પણ અસત્ય બોલ્યા નથી, તેથી તમારો દુર્લભ પુત્ર અમો તમોને પાછો આપીએ છીએ.

ચ.ટી :- 'पुं नाम नरकात् त्रायते स पुत्र- અર્થાત પુત્ નામના નરક થી બચાવી લે તેને પુત્ર કહેવાય છે.' 'अपुत्रस्यगतिनास्ति- અપુત્રની ગતિ (સ્વર્ગ) થતી નથી.' આ પ્રકારના શાસ્ત્રીય વચનો પ્રમાણ હોવાથી પુત્રને દુર્લભ કહેવાયો છે. દુર્લભ વસ્તુની રક્ષા કરાય છે ન કે તેને નષ્ટ થવા દેવાય. અતઃ સુધન્વાએ 'દુર્લભ પુત્ર પ્રદાન કરીએ છીએ.' એમ કહ્યું (શ્લોક-૩૮).

શ્લોક - ૩૯ एषः प्रह्लादपुत्रस्ते मयादत्तो विरोचनः।

प्राद प्रक्षालनं कुर्य्यात् कुमार्याः सन्निधौ मम॥

શ્લોકાર્થ :- હે પ્રહલાદ! અમારા દ્વારા અપાયેલ તમારો આ પુત્ર વિરોચન કુમારી કેશિની સમીપ મારા પગ ધોઇ અર્થાત્ અમારી શ્રેષ્ઠતા સ્વિકારે.

ચ.ટી :- સનાતન વૈદિક સંસ્કૃતિમાં વરને નારાયણ અને કન્યાને લક્ષ્મીના રૂપમાં માનીને વિવાહના સમયે કન્યાપક્ષવાળા પાદ્ય અને અર્ધ્ય દ્વારા વર અને કન્યાયના પગ પ્રક્ષાલન કરતા હોય છે 'वरोनारायणा साक्षात् कन्या लक्ष्मी वदाचरेत्' આ કારણથી કન્યા પક્ષ ની અપેક્ષાએ વર પક્ષને શ્રેષ્ઠ મનાય છે. વિરોચન અને સુધન્વામાં શ્રેષ્ઠતાનો પ્રશ્ન હતો, એટલે માટે જ પ્રાણોની બાજી લાગેલી પ્રહ્લાદજીએ તેનો નિર્ણય આપેલો, અતઃ સુધન્વાને શ્રેષ્ઠ સ્વીકાર કરી પાદપ્રક્ષાલન કરવાથી

સુધન્વાની શ્રેષ્ઠતા અને ભારતીય સનાતન સંસ્કૃતિ પ્રમાણ મર્યાદાનું રક્ષણ બન્ને થાય છે. (શ્લોક-૩૯) હવે નીતિકાર આ દૃષ્ટાંત દ્વારા ધૃતરાષ્ટ્રને રાજ્ય માટે અસત્ય ન બોલવાની પ્રેરણા આપે છે.

विदुर उवाच:

શ્લોક - ૪૦ तस्माद्राजेन्द ! भूम्यर्थे नानृतं वक्तृमर्हसि ।

मा गमः संसुतामात्यो नाशं पुत्रार्थमब्रुवन् ॥

શ્લોકાર્થ :- વિદુરજી બોલ્યા- હે રાજેન્દ્ર ધૃતરાષ્ટ્ર! રાજ્યને માટે અસત્ય બોલવું ઉચિત નથી. પુત્રને માટે અસત્ય નહિ બોલતા રહેતા મન્ત્રી, પુત્ર સહિત નાશને પ્રાપ્ત ન થાઓ.

ચ.ટી :- ઇતિહાસ પુરાણ કેવલ અતીત કાલિન રાજાઓના જ ચરિત્રનું વર્ણન નથી કરતા, પરંતુ તેમના દ્વારા કર્તવ્યાકર્તવ્યનો પરિચય અને વ્યાવહારિક જ્ઞાન પણ પ્રાપ્ત થાય છે. અતઃ પ્રાચીન પ્રહ્લાદ વિરોચન અને સુધન્વાના દૃષ્ટાંત દ્વારા ધૃતરાષ્ટ્રને પુત્ર મોહલમાં અસત્ય ભાષણ તથા મોહ ત્યાગવાનો આગ્રહ કરાયો છે, જેનાથી અમલ કીર્તિ પ્રાપ્ત થઇ શકે. અન્યથા ઇતિહાસ દ્વારા નિન્દિત ચરિત્ર હોવાને કારણે ઉપેક્ષા પ્રાપ્ત કરશો. આ પ્રમાણે નીતિકારે કહ્યા છતા ધૃતરાષ્ટ્ર એ એઓની ઉપેક્ષા કરી પુત્ર દુર્યોધનના મોહમાં તેનો જ પક્ષ લઇ પાંડવો સાથે અન્યાય કર્યો અને પરિણામે મહાભારતનું યુધ્ધ થયુ જેમાં ધૃતરાષ્ટ્રનું સર્વસ્વ સ્વાહા થઇ ગયુ અન ઇતિહાસકારોએ આ યુધ્ધ માટે ધૃતરાષ્ટ્રને જ દોષી ઠેરવ્યા. (શ્લોક-૪૦) હવે નીતિકાર દેવતાઓ કુરાજી થાય ત્યારે શુ કરે છે તેનું વર્ણન કરે છે -

(૨૨) સારી મતિ સુખકારી છે :-

શ્લોક - ૪૧ न देवा दण्द मादाय रक्षन्ति पशुपालवत् ।

यं तु रक्षितुमिच्छन्ति बुद्धया संविभजन्ति तम्॥

શ્લોકાર્થ :- દેવતાઓ હાથમાં દંડ લઇને કોઇની રક્ષા નથી કરતા. જેની રક્ષા કરવા ઇચ્છે છે તેને બુધ્ધિથી યુક્ત કરી દે છે.

ચ.ટી :- બુધ્ધિ જ સુખ અને દુઃખનું કારણ છે. સુમતિ અને કુમતિ બધાની પાસે છે. જ્યાં સુમતિ છે ત્યાં બધા પ્રકારની સમ્પત્તિ પ્રાપ્ત થઇ જાય છે અને જ્યાં કુમતિ આવી જાય ત્યાં સમસ્ત દુઃખ પોતાની મેળે આવી જાય છે એટલે માટે તુલસી દાસજી રામચરિત માનસમાં કહે છે. ''સુમતિ કુમતિ સબકે ઉપર રહહીં । નામ પુરાન નિગમ અસ કહહીં ॥ જહાં સુમતિ તહં સમ્પતિ નાના । જહાં કુમતિ તહં વિપતિ નિધાના ॥'' તથા ''જાકે વિધિ દારૂણ દુઃખ દીન્હા । તાકે મનિ પરિલે હરિ લીન્હા ॥'' ''यस्मै देवा: प्रयच्छन्ति पुरूषाय पराभवम्। बुद्धि तस्यापकर्षन्ति सोऽवाचीतानि पश्यति॥ જે મનુષ્યને દેવતા પરાજય આપે છે તેમની બુધ્ધિને પહેલેથી જ નષ્ઠ કરી દે છે તે યોગ્ય બુધ્ધિ ન રહેવાને કારણે નીચ કર્મોને જ જએ છે.'(વિ. નીતિઃ ૨/૮૧) દેવતાઓ મનુષ્યોને કર્માનુસાર યોગ્ય અને અયોગ્ય ફળ આવે છે એટલે જે ધર્મમાં રહી શાસ્ત્રોક્ત કર્મોનું અનુષ્ઠાન કરે છે તેને તેજ પ્રમાણેની મતિ આપે છે અને જે ધર્મ વિરુધ્ધ અશાસ્ત્રીય કર્મમાં પ્રવૃત્ત થાય છે તેને તેવી જ બુધ્ધિ આપે છે. (શ્લોક-૪૧). હવે નીતિકાર શુભકર્મમાં મન લગાવવાથી બધા પ્રયોજનો પૂર્ણ થયાનું કહે છે.

શ્લોક - ૪૨ यथा यथा हि पुरूष: कल्याणे कुरुते मन:।

तथा तथाऽस्य सर्वार्था: सिध्यन्ते नात्र संशय:॥

શ્લોકાર્થ :- જેમ જેમ માનવ શુભ કર્મોમાં મન લગાવે છે, તેજ પ્રમાણે તેના બધા પ્રયોજન પૂર્ણ થઇ જાય છે. આ વિષયમાં કોઇ શંકા નથી.

ચ.ટી :- ''नहि कल्याणाकृत कश्चिद् दर्गति तात गच्छति॥ અર્થાત્ કલ્યાણકારી કર્મો કરનારો ક્યારેય દુ:ખાવસ્થાને પ્રાપ્ત થતો નથી એટલે હંમેશા કલ્યાણકારી કાર્યમાં જ પ્રવૃત્ત થવું. આ સંબંધમાં પાંડવોનું દૃષ્ટાંત જ પર્યાપ્ત છે કે જેઓ પોતે સમસ્ત જીવન પર્યંત શુભ કર્મોમાં જ પ્રવૃત્ત થયેલા. જેના પરિણામે તેઓ જે જે કાર્ય કરવાનો સંકલ્પ કરેલો તે કાર્ય ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી પૂર્ણ થયેલા. માટે હંમેશા શુભ કર્મમાં જ પોતાનું મન લગાવવું (શ્લોક-૪૨). હવે નીતિકાર કપટી મનુષ્યની વેદો પણ રક્ષા કરતા નથી તે વાતને કહે છે.

(૨૩) કપટીની વહાર કોઇપણ કરતુ નથી.

શ્લોક - ૪૩ नैनं छंन्द्रांसि वृजनात् तास्यन्तिमायाविनं मायया वर्तमानम् ।

नीड शकुन्ता इव जातपक्षाश्छान्दांस्येनं प्रजहत्यन्तकाले॥

શ્લોકાર્થ :- છલથી વ્યવહાર કરનારા માયાવી પુરૂષની વેદ પણ રક્ષા કરી શકતા નથી. જેમ પાંખ આવતાં પક્ષી માળો છોડીને ઉડી જાય છે તેમ એ કપટી મનુષ્યને વેદો પણ અંતકાળે છોડી જાય છે.

ચ.ટી :- વેદા દયયનથી બધા પાપો નષ્ટ થઇ જાય છે, પરંતુ વેદાધ્યયન કર્યાબાદ જ્ઞાનાવસ્થામાં પાપાચરણ કરવાવાળાને વેદાધ્યયનનું ફળ ન મળતા પાપાચરણનું ફળ પ્રાપ્ત થાય છે. અતઃ જ્ઞાન પ્રાપ્ત કરીને પણ વિપરિત કાર્યમાં મન ન લગાવવું જોઇએ. આ સન્દર્ભમાં આ નીતિના શ્રોતા ધૃતરાષ્ટ્રના પુત્રો કૌરવોનું દૃષ્ટાંત પર્યાપ્ત છે. મહાભારતના આદિપર્વમાં ભગવાન વેદ વ્યાસજી કહે છે કે ધૃતરાષ્ટ્રના પુત્રો વેદોના પારગામિ વિદ્વાન હતા. છતા તેઓનું મન હંમેશા પાંડવઆદિ ભાઇઓનું અનિષ્ઠ કરવામાં જ લાગેલું રહેતુ અને જેને કારણે મહાભારતના સંગ્રામમાં તેઓ બધા કાળના મુખમાં જતા રહ્યા. તે સમયે તેઓની

રક્ષા તેઓનું શાસ્ત્રાધ્યયન પણ ન કરી શક્યું. (શ્લોક-૪૩). હવે વિદુરજી યમમાર્ગે લઇ જનારા કર્મો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે-

(૨૪) ત્યાગ કરવા લાયક વસ્તુઓ.

શ્લોક - ૪૪ मद्यपानं कलहं पूगवैरं

भार्या पत्योरन्तरं ज्ञातिभेदम्।

राजद्विष्टं स्त्रीपुंस योर्विवादं

वर्ज्यांरयान्याहुर्यश्च पन्या:प्रदुष्ट: ॥

શ્લોકાર્થ :- મદિરાપાન, કલેશ, વિવાદ કરવો, સમુદાય સાથે વૈર કરવું, પતિ પત્ની વચ્ચે વિયોગ પડાવવો, જ્ઞાતિમાં ભદ પડાવવો, રાજાના શત્રુની સંગતિ, સ્ત્રીપુરૂષનો કલેશ અને નિંદનીયમાર્ગનો ત્યાગ કરવો એમ વિદ્વાનો કહે છે.

ચ.ટી :- અહિ નીતિકાર ધૃતરાષ્ટ્રને સમઝાવવાનો પ્રયાસ કરી રહ્યા છેકે સગા સંબંધિઓમાં ભેદ રાખવો એ યોગ્ય નથી કારણ કે આપ્ત પુરૂષો આને નિંદનિય માર્ગ કહે છે. આ માર્ગ પર જવાથી અંતે અશાંતિની જ પ્રાપ્તિ થાય છે કહ્યુ પણ છે ''परस्वानां च हरणं परदासभिमर्शनम्। सुहृयमतिशङ्का च त्रयो दोषा: क्षयावहा: ॥ અન્યના ધનનું અપહરણ , પરસ્ત્રીની સાથે સંસર્ગ અને પોતાનું હિત કરનારા સહ્રદો પ્રતિ ઘોર અવિશ્વાસ આ ત્રણ દોષો જીવનો નાશ કરનારા છે.' (વા.રામા. લંકા ૮૭/૪૪) (શ્લોક-૪૪) હવે વિદુરજી કોને સાક્ષીમાં ન લેવા તેનો ઉપદેશ આપે છે.

(૨૫) સાક્ષીમાં કોને લેવા નહિ :-

શ્લોક - ૪૫ सामुद्रिकं वणिजं चोरपूर्वं

सलाकधूर्तं च चिकिसकं च।

अरिं च मित्रं च कुशीलवं च

नैतान्साक्ष्ये त्वधिकुर्वीत सप्त॥

શ્લોકાર્થ :- જે હાથની રેખા જોવાનો વ્યવસાય કરતો હોય, જે પૂર્વે ચોર હોય પણ પાછળથી વેપારી બન્યો હોય, જે સળી અથવા પાસાથી શુકન કહીને ધૂતી ખાતી હોય, જે વૈદ્ય હોય, શત્રુ હોય, મિત્ર હોય અને જે ભાંડ ભવાયો હોય, આ સાતને સાક્ષી ન રાખવા કારણ કે આ સાત પર્વ સંસ્કાર તથા અન્ય કારણોથી અસત્ય સાક્ષી આપી શકે છે.

ચ.ટી :- સાક્ષીથી સમસ્યાઓનું સમાધાન તથા તથ્ય નિર્ણય થાય છે પરંતુ આ બધા લોભાદિને કારણે અસત્ય ભાષણ કરે તો તથ્ય સામે આવે નહિ માટે આ બધાને પ્રમાણ ભૂત નહિ માનવા જોઇએ. ચાણક્ય કહે છે ''प्रतिषिद्धाः स्यालसहायान्वर्थिधनिकधारणिकवैरिन्यङ्गधृतदण्डाः।पूर्वचाव्यववहार्याःराजश्रोत्रियग्रामभृतक कुष्ठिव्रणिनः पतित चण्डालकुत्सिकर्माणोऽन्धबधिरमकाहंवादिनः स्त्रीराजपुरुषाश्च। अन्यत्र स्ववर्ग्येभ्यः। સાળાઓ, ભાગીદારો, કેદીઓ, લેણદારો, દેવાદારો, વૈરીઓ, આશ્રિત, કોઢિયો, વ્રણ વ્યાધિવાળા મનુષ્યો, પતિત, કુત્સિતકર્મ કરનાર, નેત્રહિન, બધિર, મૂક, અંહવાદી, સ્ત્રીઓ અને રાજપુરૂષ આ સર્વને તેમના પોતાના વર્ગને લગતા વ્યવસાય સિવાય અન્ય બાબતમાં સાક્ષીઓ રૂપે સ્વીકાર ન કરવા.'' (કૌટિલ્ય અર્થશાસ્ત્ર/તૃતિય અધિકરણ/અ.૧૧) ભગવાન સ્વામિનારાયણ પણ કહે છે ''नौते तु साक्षिणो ग्राह्या राज्ञा धर्मविदा क्वचित्। स्त्री बालश्चाति वृद्धोऽपिमत्तोमनत्ताक्षदे विनः॥ अभिशस्तश्चपतितोधूर्तश्च विकलेन्द्रियः। तस्करः साहसी शत्रुः पाषण्डीकूतकृत्सुहृत्॥ बन्धुत्यक्तो दृष्टदोषः सहायश्चारणस्तथा। साक्ष्यानर्हा इम ज्ञेयाः कार्य ध्वंस विधापिनः॥ ધર્મતત્વને જાણવા રાજાએ સ્ત્રિયો, બાળકો અને વૃધ્ધો, મદિરાપાનથી મત્ત થયેલા, ભૂતા વેશાદિકથી ઉન્મત્ત વર્તતા, ધૂત રમનારા

બ્રહ્મ હત્યા આદિ પાતકના અપવાદથી દુષિત થયેલા, ધૂર્તો, શ્રોતાદિ ઇન્દ્રિયોની વિકળતાવાળા (અપંગ), ચોર, સાહસિકો, (પોતાના બળાવલંબનથી અન્યના દ્રવ્યાદિકને અપહરનારા), શત્રુઓ, પાખંડીઓ, કપટી, ખોટા દસ્તાવેજ આદિકને આપનારા, સુહૃદો, બંધુઓએ ત્યાગ કરી દીધેલા, એક કામ કરવાવાળાના સહાયકો, ચારણો, તેઓ સર્વને સાક્ષિ કર્મમાં ક્યારેય લેવા નહિ કેમ? તે આ બધા કાર્ય નિર્ણયના વિનાશ કરનારા છે.'' (સ.જી. ૫/૨૬/૨૯-૩૨) અહીં ગુઢાર્થમાં નીતિકાર ધૃતરાષ્ટ્રને કહી રહ્યા છે કે પાંડવો ગણિત શાસ્ત્રીઓના કહ્યા પ્રમાણે અજ્ઞાતવાસ પૂર્ણ કરી ચૂકેલા છે છતા તમારો પુત્ર દુર્યોધન કહે છે કે અમોએ વિરાટના યુદ્ધમાં પાંડવોનો અજ્ઞાત વાસ ભંગ કરી દીધો છે અને તેમા સાક્ષી તરીકે દ્યુત કુશળ શકુનિ અને તેના મિત્ર કર્ણને ગ્રહણ કરે છે. જેઓ સાક્ષીઓ માટે અયોગ્ય છે (શ્લોક-૪૫) હવે નીતિકાર ભય આપનારી ચાર વસ્તુનું વર્ણન કરે છે.

(૨૬) માન ખાતર કરેલા કર્મનું ફળ :-

શ્લોક - ૪૬ मानाग्नि होत्रहोत्रमुत मानमौनं

मानेनाधीमुत मान यज्ञः ।

एतानि चत्वार्थभयङ् कराणि

भयं प्रयच्छन्त्ययथाकृतानि ॥

શ્લોકાર્થ :- સન્માનપૂર્વક કરાયેલ અગ્નિહોત્ર, માનપૂર્વક કરાયેલ મૌનાવલમ્બન, આદરપૂર્વક કરાયેલ અધ્યયન અને સ્વાધ્યાય વિધિથી કરાયેલ યજ્ઞનું અનુષ્ઠાન આ ચાર અભય આપવનારાં છે, પરંતુ એ જ ચાર જો ઊલટી રીતે

દંભથી અથવા માનની લાલસાથી કરવામાં આવ્યા હોય તો તે દુઃખ આપનારા થાય છે.

ચ.ટી :- આ શ્લોક આગળ વિદુરનીતિમાં (અ. ૧/૭૮) માં આવી ગયો છે ફક્ત શ્લોકના ચરણમાં જ પરિવર્તન કરાયું છે. ૧/૭૮ માં જે પ્રથમ ચરણ હતુ તે અહીં બીજ છે અને બીજ ચરણ અહીં પ્રથમ છે માટે આ શ્લોકનું વિવેચન ત્યાંથી જોઇ લેવું (શ્લો-૪૬) હવે નીતિકાર ત્રણ શ્લોકથી બ્રહ્મહત્યા સમાન પાપને કહે છે-

(૨૭) બ્રહ્મહત્યા કોને કહેવાય :-

શ્લોક - ૪૭ अगारादाही गरदः कुण्डाशी सोमविक्रयी।

पर्वकारश्च सूची च मित्रध्रुक परदारिकः॥

શ્લોક - ૪૮ भ्रूगहा गुरुतलपी च यश्चस्यात् पानपाद्विजः।

अतितीक्ष्णश्च काकश्च नास्तिको वेदन्दिकः।।

શ્લોક - ૪૯ स्त्रुवपग्रहणो वात्यः कीनाशश्चात्मवानपि।

रक्षेत्युक्तश्च यो हिंस्यात् सर्वे ब्रह्महभिः समाः॥

ચ.ટી :- વગર અપરાધ બીજાના ઘરને સળગાવનાર, વિષ આપનાર, બધી વસ્તુ ભક્ષણ કરનાર, સોમરસ વેચનાર, અસ્ત્ર શસ્ત્ર બનાવનાર, ગુરૂ પત્નીગામી, ગર્ભપાત કરનાર, મદ્યપાન કરનાર બ્રાહ્મણ, અતિક્રોધી, કાગડા સમાન કઠોર ભાષણ કરનાર, વેદની નિંદા કરનાર નાસ્તિક, સર્વ સ્થાનમાં યજ્ઞ કરાવનાર પતિત ક્રૂર અને સમર્થ હોવા છતા 'રક્ષા કરો' એમ કહેનાર તથા હિંસા કરનાર આ બધા બ્રહ્મહત્યારા સમાન કહેવાય છે.

ચ.ટી. :- સૃષ્ટિના પ્રારમ્ભ કાળથી જ ઋષિઓએ અનુચિત કાર્ય તથા તેના નિષેધને માટે પાપોની વ્યવસ્થા અને તેના ભેદો કરેલા છે. બુદ્ધિ પ્રધાન સમાન

અને રાષ્ટ્રના શુભ ચિંતક હોવાને કારણે બ્રાહ્મણનું મહત્વ સર્વોપરિ છે. અતઃ તેમની હત્યા કરવાવાળો બ્રહ્મ હત્યારો સૌથી મોટો પાપી કહેવાય છે. પ્રસ્તુત નિતિવાકયમા વિદુરજીએ આ બધા કાર્યો કરનારાઓને બ્રહ્મઘાતી સમાન માનેલા છે. તથા તેનાથી બચવાનો આગ્રહ કરેલો છે. નીતિ શ્રવણ કરનારા શ્રોતા ધૃતરાષ્ટ્રના પુત્રો નીતિકારે ગણાવેલા બ્રહ્મ હત્યાના પાપોમાંથી 'બીજાના ઘરને સળગાવનાર (લાક્ષાગૃહ) વિષ આપનાર (ભીમસેનને દુર્યોધન દ્વારા અપાયુ) અને ગુરૂપત્નો સાથે વ્યભિચાર કરનાર (દ્રૌપદી વસ્ત્રા હરણ)આ ત્રણ પાપ કરી ચૂકેલા છે. એટલે નીતિકાર તેઓને -ધૃતરાષ્ટ્રને સાવધાન કરી રહ્યા છે. (શ્લોક-૪૯) હવે વિદુરજી અગ્નિ, વર્તન, શૂરવીર આદીની પરીક્ષા ક્યારે થાય છે તેનું વર્ણન કરે છે-

(૨૮) પરીક્ષા કરવાનાં સાધનો :-

શ્લોક - ૫૦ तणोल्क्या ज्ञायते जातरुपं
वृत्तेन भदो व्यवहारेण साधुः ।
शूरो भवेष्वथकृच्छ्रेषु धीरः
कृच्छ्रेष्वापत्सु सहृदश्चारयश्च ॥

શ્લોકાર્થ :- તરણાના અગ્નિથી અંધારામાં રહેલી વસ્તુ જણાય છે, વર્તન ઉપરથી મનુષ્યની ધામિંકતા પરખાય છે અને વ્યવહારથી તેની સાધુતા વરતાય છે. શૂરવીરની પરીક્ષા ભયના પ્રસંગે થાય છે ધીરજની પરીક્ષા આર્થિક આપત્તિમાં થાય છે, મિત્રોની પરીક્ષા સંકટના સમયે થાય છે અને શત્રુઓની પરીક્ષા આપત્તિમાં થાય છે.

ચ.ટી :- અંધકારમાં રહેલા પદાર્થો ચક્ષુની સમિપ હોવા છતાં પણ અગોચર થઇ પડે છે તેને જોવાને અર્થે પ્રકાશની જરૂર પડે છે. તેમ મનુષ્યના આચરણથી તેની ધામિંકતા જણાઇ આવે છે. આ સન્દર્ભમાં યુધિષ્ઠિર મહારાજના જીવનનો

એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે વાત એવી હતી કે કુરૂક્ષેત્રના રણમેદાનમાં કૌરવ પાંડવો સામસામે આવી ઉભા રહ્યા હતા. રણમેદાનની મધ્યમાં દેવકીનંદને અર્જનને ગીતાની જ્ઞાન આપી તેનું કર્તવ્ય સમજાવ્યુ અર્જનજીનો રથ પુનઃ પાંડવોના પક્ષમાં આવી ઉભા રહ્યો. યુધ્ધને માટે યોધ્ધાઓમાં તળવળાટ થઇ રહ્યો હતો એવાજ સમયમાં ધર્મરાજ યુધિષ્ઠિરે પોતાનું કવચ ઉતારી નીચે મુકી દીધુ, અસ્ત્ર શસ્ત્ર નીચે મૂકી દીધા અને તેઓ પગપાળા એકાકી ગંગાપુત્ર ભીષ્મ તરફ જવા લાગ્યા. મોટાભાઇને પગપાળા શત્રુઓ તરફ જતા જોઇ ભીમસેન, અર્જન, નકુલ, સહદેવ તથા ભગવાન શ્રીકૃષ્ણ પણ તેઓનું અનુસરણ કરતા થતા તેઓની પાછળ પાછલ જવા લાગ્યા. ભીમસેન આદી ઘણાં ચિંતિત હતા પણ મોટાભાઇ યુધિષ્ઠિને પુછી શકતા ન હતા કે તેઓ શું કરવા માંગે છે? ભગવાન શ્રીકૃષ્ણે તેઓને સંકેતમાં શાંત રહેવા માટે કહ્યું અને કહ્યુ 'ધર્માત્મા યુધિષ્ઠિ સદા ધર્મા ચરણ જ કરે છે, તેઓઆ સમયે પણ ધર્માચરણમાં જ સ્થિત છે.' આ તરફ કૌરવ પક્ષમાં ખળભળાત થવા લાગ્યો બધા કહેવા લાગ્યા કે 'યુધિષ્ઠિર ડરપોક છે તેઓ આપણી સૈન્ય શક્તિથી ભય પામી ભીષ્મના શરણમાં આવી રહ્યા છે.' તો કેટલાક ને એવો પણ સદેહ હતો કે 'ગંગાપુત્ર ભીષ્મને પોતાના પક્ષમાં ભેળવવા માટે પાંડવો કોઇચાલ ચાલો રહ્યા છે.' સૈનિકો પ્રસન્નતા પૂર્વ કૌરવોની પ્રશંસા કરવા લાગ્યા. યુધિષ્ઠિર મહારાજ સીધા ગંગાપુત્ર ભીષ્મની સમીપમાં આવ્યા અને તેઓને પ્રણામ કરી બે હાથ જોડીને બોલ્યા 'પિતામહ! અમો આપ સાથે યુધ્ધ કરવાન વિવશ થઇ ગયા છીએ એટલે આપ અમોને તમારી સાથે યુધ્ધ કરવાની આજ્ઞા અને આશીર્વાદ આપો.' તેઓનો વિનય વિવેક જોઇ ભીષ્મ બોલ્યા ''ભરત શ્રેષ્ઠ! જો તમો બધા આ પ્રકારે આવી અમારી પાસે યુધ્ધ કરવાની અનુમતી ન માંગતે તો અમો અવશ્ય તમોને પરાજયનો શાપ આપી દેતે.

હવે અમો તમારા પર પ્રસન્ન છીએ માટે અમારા આશીર્વાદ છે તમો વિજય પામો અને યુધ્ધ કરો તથા અમારી પાસે વરદાન માંગો. પાર્થ! મનુષ્ય ધનનો દાસ છે પણ ધન કોઇનું પણ દાસ નથી. કૌરવોએ અમોનો પોતાના વશમાં કરી દીધા છે એટલે અમો નપુંસકની જેમ કહીએ છીએ કે તમારા પક્ષમાં યુધ્ધ કરવા સિવાય તમો બીજા કોઇપણ વર માંગો તે અમો પ્રદાન કરશું પણ યુધ્ધ તો અમો કૌરવોના પક્ષમાં રહીને જ કરશુ.''

પિતામહની વાત સાંભળી યુધિષ્ઠિરજી બોલ્યા ''પિતામહ! તમો અજેય છો તો તમોને અમો યુધ્ધમાં કેવી રીતે જીતિ શકશુ. ત્યારે ભીષ્મએ તેઓને અન્ય સમયે આ વાત આવી પુછવા કહ્યુ. તે પછી યુધિષ્ઠિર આદી ભાઇ દ્રોણાચાર્ય પાસે આવ્યા અને તેઓને પ્રણામ કરી તેઓ પાસે યુધ્ધ કરવાની આજ્ઞા માંગી. આચાર્ય દ્રોણ પણ તેઓને ભીષ્મએ જે વાત કહી હતી તેજ વાત કહી અને તેઓને વિજય શ્રીના આશીર્વાદ આપ્યા તે પછી યુધિષ્ઠિર મહારાજે તેઓને તેમના પરાજયનો ઉપાય પુછયો ત્યારે આચાર્ય બોલ્યા કે ''જ્યાં સુધિ મારા હાથમાં ધનુષ છે ત્યાં સુધિ તો મારો પરાજય અસંભવ છે, પરંતુ અમારો સ્વભાવ છે કે કોઇ વ્યક્તિ અમોને કોઇ અપ્રિય ઘટનાના સમાચાર સંભળાવી દેશે તો અમો અમારા શસ્ત્રોનો ત્યાગ કરી ધ્યાનસ્થ થઇ જશુ તે સમયે અમારો વધ કરી શકાશે.''

તે પછી યુધિષ્ઠિર મહારાજ દ્રોણાચાર્યજીને પ્રણામ કરી કુલ ગુરૂ કૃપાચાર્ય પાસે આવ્યા અને તેઓને પ્રણામ કરી તેઓ પાસે યુધ્ધની અનુમતિ માંગી. કૃપાચાર્યજી પણ તેઓને ભીષ્મજીએ જે વચન કહ્યા હતા તે જ વચન યુધિષ્ઠિરને કહ્યા અને તેઓને આશીર્વાદ આપ્યા પરંતુ ધર્મરાજ યુધિષ્ઠિર કુલગુરૂને તેઓના મૃત્યુનો ઉપાય પુછી ન શકયા. આ દારૂણ વાત પૃછતા પુછતા દુઃખને કારણે તેઓ અચેત જેવા થઇ ગયા. કૃપાચાર્યજી તેઓના તાત્પર્યને સમજી ગયા અને યુધિષ્ઠિર

પ્રત્યે બોલ્યા 'રાજન્! અમો અવધ્ય છીએ કોઇના પણ દ્વારા અમારો વધ થઇ શકે એમ નથી. પરંતુ અમો તમોને વચન આપીએ છીએ કે અમો નિત્ય પ્રાતઃ કાળે ભગવાન પાસે તમારા વિજયને માટે કામના કરશુ અને યુધ્ધમાં તમારા વિજયમાં અમો બાધક ન બનશુ.' તે પછી યુધિષ્ઠિર પોતાના મામા શૈલ્યની પાસે ગયા. શૈલ્યે પણ ભીષ્મની જેમ જ કહ્યુ અને આશીર્વાદ આપ્યા તથા સાથે સાથે એ પણ વચન આપ્યું કે 'પોતે જ્યારે યુધ્ધમાં કર્ણના સારથી બનશે ત્યારે કર્ણને નિષ્ઠુર વચન કહી, તેનો ઉત્સાહ ભંગ કરી દેશ.' આ પ્રમાણે ગુરૂજનોને પ્રણામ કરી તેઓની અનુમતિ તથા વિજયના આશીર્વાદ મેળવી યુધિષ્ઠિર પોતાના ભાઇઓ સાથે પોતાના સૈન્યમાં પાછા આવ્યા(મહા. ભીષ્મ/અ.૪૩) આમ યુધિષ્ઠિર મહારાજ પોતાની વિનમ્રતાથી ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય અને શૈલ્યના હૃદયમાં સહાનુભૂતિ ઉત્પન્ન કરતા હતા અને જેને લઇ તેઓએ પાંડવોના માર્ગ સરળ કરી દીધો જેથી તઓ મહાભારતના યુધ્ધમાં વિજયીશ્રીને પ્રસાદ આપી શક્યા અન્યથા તેઓના આશીર્વાદ વગર પાંડવોનો વિજય અશક્ય હતો.

તે જ પ્રમાણે શીલ સ્વભાવથી સાધુ પુરૂષોની ઓળખાણ થાય છે આ સન્દર્ભમાં મહાભારમાં આવતું ઉત્તંગનું ચરિત્ર અવલોન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે મહર્ષિ આયોદ ધોમ્યના વેદ નામના એક શિષ્ય હતા અને એ વેદના ઉત્તંગ નામના શિષ્ય હતા. વેદ મુનિને રાજા જનમેજય તથા પૌષ્યે પોતાના રાજગુરૂ બનાવ્યા હતા. એક સમયે મુનિ એ ક્યાંક બહારગામ જવાનું હતુ હંમેશની જેમ તેઓ પોતાના શિષ્ય ઉત્તંગ પ્રત્યે બોલ્યા 'બેટા ઉત્તંગ! અમારી અનપસ્થિતિમાં તુ આશ્રમની દેખરેખ રાખજે અને અમારી ધર્મપત્નીને જે જે વસ્તુની આવશ્યકતા પડે તેનો પ્રબંધ કરજે.' ઉત્તંગે કહ્યું 'ભલે' આ પ્રમાણે ઉત્તંગને આજ્ઞા કરી ગુરૂ બહારગામ જતા રહ્યા ગુરૂ જતા રહ્યા એટલે ગુરૂપત્નીને

યુવા બ્રહ્મચારી એવા ઉત્તંગના બ્રહ્મચર્યવ્રતની પરીક્ષા લેવાની ઇચ્છા થઇ એટલે તેઓ ઉત્તંગ પ્રત્યે બોલ્યા ''ઉત્તંગ! અમો ઋતુકાળનું સ્નાન કરી ચૂક્યા છીએ. તમારા ગુરૂ પણ હાલમાં અહીં ઉપસ્થિત નથી તેઓ તને આજ્ઞા કરી ગયા છે કે પોતાની અનુપસ્થિતિમાં તારે અમરી જરૂરીયાત પૂર્ણ કરવાની છે માટે અમારો ઋતુકાળ વ્યર્થ ન જાય એવું તારે કરવું જાઇએ.''

ઉત્તંગે આ પ્રમાણે ગુરૂપત્નીની અઘટિત વાત સાંભળી તેઓને સમજાવતા થકા બોલ્યા- ''માત! જેમ પુત્ર માતાના ભરણ પોષણ તથા સેવાનો યથાશક્તિ પ્રયાસ કરે છે, ત પ્રમાણે તમારી સેવામાં તત્પર રહેવાનો અમારો ધર્મ છે. પરંતુ કોઇ પણ અનુચિત વાતની આજ્ઞા તમારે અમોને ન આપવી અમો અનુચિત કર્મ ક્યારેય પણ ન કરશુ માટે આપ અમોને અમારા પુત્ર સમઝી કૃપા કરો.'' તદન્તર કાર્યપૂર્ણ થઇ ગયા બાદ ગુરૂદેવ પાછા આવ્યા અને પોતાના ધર્મપત્ની થકી ઉત્તંગની સંયમ સદાચારની વાત સાંભળી ગુરું અત્યંત પ્રસન્ન થયા (મહાભારત/આદીપર્વ) આમ નીતિકાર જે કહે છે કે 'ભદ્ર પુરૂષોની ઓળખાણ શિલ સ્વભાવથી થાય છે.' તે ઉચિત જ છે મનુ મહારાજ પણ કહે છે 'आचारः परमो धर्मः श्रुत्युक्तः स्मार्तएव च। तस्मादस्मित् सदायुक्तो नित्यं स्यादात्मवान् द्विजः॥ વેદ તથા ધર્મ શાસ્ત્ર દ્વારા બતાવાયુ છે કે આચાર જ પરમ ધર્મ છે, એટલે માટે જે દ્વિજ આત્માની ઉન્નતિ ઇચ્છે તેણે સદાચારનું પાલન કરવું જોઇએ.' (મનુ/૧/૧૦૮) 'वृत्तं यत्नेन संरक्षेद- મનુષ્યે પોતાના ચરિત્રની યત્નપૂર્વક રક્ષા કરવી.' (મહા. ઉદ્યો.૩૬/૩૦)

તેજ પ્રમાણે શૂરવીરની ઓળખાણ સંકટ ઉપસ્થિત થતા થાય છે. આ સન્દર્ભમાં મહાભારતના વિરાટ પર્વમાં આવતો ઉત્તર અને અજંનજીનો પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે પાંડવો દ્યુત ક્રિડામાં પરાજિત

થયા બાદ ધુતમાં થયેલા કરાર મુજબ બાર વર્ષ માટે વનવાસ અને એક વર્ષ અજ્ઞાત વાસમાં વ્યતિત કરવા કામિયક વનમાં પ્રવેશતા હતા. બાર વર્ષ વનમાં વિતાવ્યા બાદ તેઓ એક વર્ષ અજ્ઞાત વાસમાં વિરાટ નગરમાં વિતાવતા હતા. એવા સમયમાં દુર્યોધનને સમાચાર પ્રાપ્ત થયા કે વિરાટ રાજાનો સેનાપતિ કિચકનો કોઇના હાથ વધ થઇ ગયો છે. દુર્યોધન અને તેના સાક્ષીઓએ વિચાર કર્યો કે 'કિચક વધની યોગ્યતા બળદેવજી, ભીમસેન, દ્રોણાચાર્ય, ગંગાપુત્ર ભીષ્મ, અંગરાજ કર્ણ અને દુર્યોધન આ છ વ્યક્તિઓમાં જ છે. તેમાંથી બળદેવજી તો હાલમાં દ્વારકામાં બિરાજે છે અને દુર્યોધન આદી ચાર હસ્તિનાપુરમાં છે, તો નક્કી કિચકનો વધ ભીમસેન જ કરેલો હોવો જોઇએ.' એ પ્રમાણે નક્કી કરી દુર્યોધને પાંડવોનો અજ્ઞાત વાસ ભંગ કરવાને અર્થે ભીષ્મ આદી શૂરવીરોને લઇ વિરાટ નગર પર આક્રમણ કર્યુ દુર્યોધનને નિશ્ચય હતો કે 'આપણે વિરાટ નગર પર આક્રમણ કરશું એટલે વિરાટ રાજાનું ઋણ ચૂકવવા અર્થે પાંડવ અવશ્ય તેઓ વતી યુધ્ધ કરવા આવસે અને પાંડવો યુધ્ધ કરવા આવશે એટલે તેઓનો અજ્ઞાત વાસ ભંગ થઇ જશે અને તેઓએ પુનઃ ધુતમાં થયેલા કરાર મુજબ બાર વર્ષ માટે વનમાં અને એક વર્ષ અજ્ઞાત વાસ માં જતા રહેવું પડશે.'

તદન્તર કૌરવોએ વિરાટ નગર પર આક્રમણ કરી સૌ પ્રથમ તેઓના ગો ધનને હરી લીધુ. આ સમાચાર જ્યારે વિરાટ નરેશને પ્રાપ્ત થયા. ત્યારે તેઓ અત્યંત ભયભીત થઇ ગયા પણ વિરાટ રાજાનો પુત્ર ઉત્તર પોતાના પિતા પાસે ડિંગ મારતા બોલ્યો- ''પિતાજી! તમો ભય ન પામે અમો એકાકી જ જઇને આપણા ગો ધનને કૌરવો થકી મુક્ત કરાવીસ તથા કુરૂ સેનાને પણ પરાજિત કરીશ.'' આ પ્રમાણે કહી અસ્ત્ર-શસ્ત્રથી સજ્જ થઇ રણમેદાનમાં જવા તૈયાર થયો ત્યારે સૈરેન્દ્રિ નામ ધારણ કરી વિરાટ રાજાને ત્યા રહેલી દ્રોપદીએ

બૃહન્નલા નામ ધારણ કરી રહેલા અર્જુનને તેના સારથિ તરીકે લઇ જવા માટે કહ્યું. પ્રથમ તો ઉત્તરે સૈરેન્દ્રિય ની વાત હાસ્ય કરતા થકા ઉડાવી દીધો. પણ જ્યારે સૈરેન્દ્રિએ ઘણો આગ્રહ કર્યો ત્યારે ઉત્તર તેને સારથિ તરીકે લઇ જવા તૈયાર થયો. માર્ગમાં જતા ઉત્તર બૃહન્નલા પ્રત્યે ડિંગ મારતો થકો બોલ્યો ''બૃહન્નલા! અમો કૌરવોની વિશાળ વાહિની જેમાં ગંગાપુત્ર ભીષ્મ વગેરે મહારથીઓ છે તેને મારા અસ્ત્ર શસ્ત્રથી ક્ષણવારમાં જીતી લઇશ.'' આ પ્રમાણ કહેતો થકો તે રણમેદાનમાં આવ્યો અને ત્યાં કૌરવોની વિશાળ સેના જોઇ તે અત્યંત ભયભીત થઇ ગયો અને પોતાના રથ પરથી ઉતરી તે રણમેદાન છોડી ભાગવા લાગ્યો. પરંતુ બૃહનલ્લા બનેલા અર્જુને તેને સમઝાવી ઉત્તરને સારથીના સ્થાન પર સ્થાપિ તેના વતી પોતે યુધ્ધમાં પ્રવૃત્ત થયા અને થોડા જ સમયમાં તેણે પોતાના દિવ્યાસ્ત્રોથી કૌરવ સેનાને રણમેદાનમાંથી પલાયન કરી વિરાટ રાજાનું બધુ ગો ધન પરત મેળવી લીધું. (મહા/વિરાટ) ભગવાન વેદ વ્યાસજી કહે છે. ''हन्यमानेष्व भिघ्नत्सु शरेषु रणसंकटे। पुष्ठ दत्त्वा च ये तत्र नायकस्य नरविमाः। अनाहता निवनन्ते नायके चाप्यनीप्सति॥ ते दुष्कृतं प्रपद्यन्ते नायकस्याखिलं नराः। य चवास्ति सकृतं तेषां युज्यते तेन नायकाः ॥ જ્યારે ઘોર સંગ્રામમમાં શૂરવીર એક બીજાને મારે છે અને મૃત્યુ પામે છે તે સમયે જે નરાધમ સૈનિક પીઠ બતાવી સેના નાયકની ઇચ્છા ન હોવા છતા પણ ઘાયલ થયા વગર યુધ્ધ મેદાનમાંથી પલાયન થઇ જાય છે, તે સેનાપતિના પૂર્ણ પાપોને સ્વયં જ ગ્રહણ કરી લે છે અને તે ભાગનાર પાસે જે સત્કર્મ હોય છે, તે સેનાપતિન પ્રાપ્ત થાય છે.'' (મહા.અનુ.અ. ૧૪૫) ભગવાન વેદવ્યાસજી તો ત્યાં સુધિ કહે છે. ''तस्मात् सगाममासाद्य प्रहर्तव्यमभीतवत्। निर्भयो यस्तु संग्रामे प्रहरेदुद्यतायुधः॥ यथा नदी सहस्राणि प्रविष्टानि महोदधिम्। तथा सर्वे न संदेहो धर्मो धर्म भृतां वरम्॥ સંગ્રામ

ભૂમિમાં પહોંચી ગયા બાદ નિર્ભય થઇને શત્રુ પર પ્રહાર કરવો જોઇએ. જે હથિયાર ઉથાવીને સંગ્રામમાં નિર્ભય થઇને પ્રહાર કરે છે, ધર્માત્માઓમાં શ્રેષ્ઠ તે વીરને નિરસંદેહ બધા ધર્મ પ્રાપ્ત થાય છે. જે પ્રમાણે મહાસાગરમાં સહસો નદી આવી મળે છે.'' (મહા. અનુ./અ. ૧૪૫)આમ રણમેદાનમાં જે નિર્ભય થઇને પ્રહાર કરનારો છે તે બધા જ ધર્મના ફળને પામે છે.

તેજ પ્રમાણે ધીર પુરૂષોની કસોટી આર્થિક સંકટ ઉપસ્થિત થતા થાય છે. આ સંદર્ભમાં મહારાણા પ્રતાપના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે હલદીઘાટીના યુધ્ધમાં મહારાણા પ્રતાપ અકબરના યોધ્ધાઓને હાથ ટાળી આપી પલાયન થઇ ગયા અને અરાવલિના જંગલનું શરણ લેતા હતા તે સમયે મહારાણી ફુલકુંવરી અને બે બાળકો પણ સાથે હતા અકબરના સિપાઇઓ તેઓને ભૂખ્યા શ્વાનની જેમ ચારે તરફ શોધતા હતા. આજે આ સ્થાન પર તો કાલે અન્ય સ્થાન પર એક સમયમાં મેવાડના અધિપતિ પાસે પોતાના પરિવારનું પોષણ કરવા ફૂટી કોળી પણ નથી. અકબરે વારંવાર શરણે આવી જવા માટે સંદેશો મોકલ્યો પરંતુ મહારાણાને એ માન્ય ન હત. સમસ્ત પરિવારે ઘાસની રોટી ખાઇને પોતાનો નિર્વાહ ચલાવ્યો પરંતુ અધર્મિ એવા યનવ શાસક સન્મુખ પોતાનું મસ્તક ન જ ઝુકાવ્યું અને આર્થિક સંકતમાં પણ પોતાનું સ્વમાન જાળવી રાખ્યું.

આ ઉપરાંત મિત્રોની ઓળખાણ પણ સંકટ સમયમાં થાય છે આ સંદર્ભમાં કર્ણ રાજાના જીવનનો એક પ્રસંગ અવલોનક કરવા યોગ્ય છે. વાત એવી હતી કે- કૌરવો અને પાંડવો વચ્ચે થનારા સંભવિત યુધ્ધને ટાળવાને અર્થે ભગવાન શ્રીકૃષ્ણ શાંતિદત બની હસ્તિનાપુર પધાર્યા પરંતુ ભગવાનનો પ્રયાસ નિષ્ફળ નિવડયો. ભગવાને સામ, દામ અને દંડ આ ત્રણેય ઉપાયોનો પ્રયોગ કર્યો છતાં

દુર્યોધન માનવા તૈયાર ન થયો એટલે અંતે દુર્યોધને જેના વિશ્વાસ પર યુધ્ધનો આરંભ કરેલો એવા કર્ણ રાજાને ભગવાને તેની વાસ્તવિકતાનો પરિચય કરાવી તેને પોતાના ભાઇઓના પક્ષમાં રહી યુધ્ધ કરવા માટે આવાહન કર્યુ અને કૌરવોના પક્ષમાં ભેદ પડાવવાનો પણ પ્રયાસ કર્યો જેથી આ યુધ્ધ ટળી જાય.

પરંતુ શ્રી કૃષ્ણની વાત સાંભળીને પણ કર્ણ રાજા પોતાના નિર્ણય પર અડગ રહ્યા અને તેઓ પ્રત્યે બોલ્યા ''હે પ્રભુ! જ્યારે આ કર્ણને સંપૂર્ણ જગતમાં અનાદાર પ્રાપ્ત થતો હતો ત્યારે એક દુર્યોધને જ અમારા તરફ મિત્રતાનો હાથ લંબાવેલો. હવે તેણે કેવલ મારા વિશ્વાસ પર આ મહાન યુદ્ધનો આરંભ કરેલો છે તો આ સંકતના સમયમાં અમો તેનોત્યાગ ન કરી શકિયે. માટે કૃપા કરી આપ અમોને ક્ષમા કરો.'' આ પ્રમાણે કર્ણએ ભગવાનનો પ્રસ્તાવ છકરાવી દીધો અને તે પોતે જાણ છે કે પાંડવો મારા સગા ભાઇ છે એઓના પક્ષમાં હું સમ્મલિત થઇ જઇશ તો તેઓ અમારા શીશ પર ઇન્દ્રપ્રસ્થનો રાજ મુકુટ મૂકીદેશે છતા તેમણ દુર્યોધન સાથેની મિત્રતાનો વિચાર કરી કૌરવોના પક્ષમાં રહીને જ યુધ્ધ કરવાનો નિર્ણય કર્યો અને તેના પક્ષમાં રહેતા થકા જ તેઓ યુધ્ધમાં અત્યંત વીરતાથી લડી અંતે વીરગતિને પામ્યા. આમ મિત્ર દુર્યોધન પર સંકત ઉપસ્થિત થતા કર્ણએ ઢાલ બની ને તેની રક્ષા કરી.

શત્રુની પરિક્ષા પણ આપત્તિ કાળમાં જ થાય છે. જેમ પાંડવોએ રાજસૂર્ય યજ્ઞમાં અડચણ રૂપ બનતાજરાસંઘનો વધ કર્યો અને મગધના સિંહાસન પર તેના પુત્ર સહદેવનો અભિષેક કર્યો. તદન્તર જ્યારે કૌરવો અને પાંડવો મધ્યે યુધ્ધનો આરંભ થયો ત્યારે સહદેવ પાંડવોના પક્ષમાં આવી યુધ્ધ કરવા માટે તૈયાર થયો. સહદેવ જાણતો હતો કે પાંડવોઅ અમારા પિતા જરાસંઘનો વધ કરેલો છે છતા પણ સહદેવ જાણતો હતો કે પાંડવો ધર્મના માર્ગ પર આરૂઢ છે

એટલે તેણે ધર્મનો પક્ષ ગ્રહણ કર્યો અને તે પાંડવોના પક્ષમાં રહીને યુધ્ધ કરતો હતો. માટેજ ગોસ્વામીજી કહે છે. 'ધીરજ ધર્મ મિત્રઅરુનારી/આપતકાલ પરિખિ અહિંચારી. વાલ્મિકીજી પણ કહે છે. '' धनत्याग: सुखत्यागो देशत्वागोऽपिवानघ वयवस्यार्थे प्रवर्तन्ते स्नेहं दृष्टवा तथाविधम्॥ સાધુ પુરૂષ પોતાના મિત્રનો અત્યંત ઉત્કૃષ્ટ પ્રેમ જોઇને આવશ્કતા પડતા તેને માટે ધન, સુખ અને દેશનો પણ પરિત્યાગ કરે છે.'' (વા. રામા. ૪/૮/૯/) આ ઉપરાંત ભર્તૃહરિ પણ કહે છે ''य: प्रीण्यत्सु चरितै: पितरंस पुत्रो, यद्भतरेव हितामिच्छति तत्फलम्। तन्मित्रमापदि सुखे च समक्रिचं च देतत्त्रयं जगति पुण्यकृता लभन्ते॥ જે પોતાના આચરણથી પોતાને પ્રસન્ન કરે છે તે જ પુત્ર છે, જે પોતાના પતિની ભલાઇ ઇચ્છે છે તે સ્ત્રી છે, જે પોતાના મિત્રના દુ:ખમાં એકસમાન રહે છે તે મિત્ર છે. જગતમાં પુણ્યાત્મા જ આ ત્રણેને પ્રાપ્ત કરે છે.' (નીતિ સતક/૮૬) (શ્લોક-૫૦) હવે વિદુરજી કોનાથી કોનો નાશ થાય છે તેનું વર્ણન કરે છે-

(૨૯) રૂપાદિનો નાશ કરનારી વસ્તુ :-

શ્લોક - ૫૧ जरा रुपंहरति हि धर्यमाशा

मृत्य: प्रागान्धर्मचर्यामसूया।

क्रोध: श्रियं शीलमनार्थ सेवा

हियं काम: सर्ममेवाभिमान: ॥

શ્લોકાર્થ :- વૃધ્ધાવસ્થા રૂપને નષ્ટ કરી છે, આશા ધૈર્યનો નાશ કરે છે અસૂયા ધર્માચરણને સમાપ્ત કરી દે છે, ક્રોધ ધનનો નાશ કરે છે, દુષ્ટોની સેવાથી સ્વભાવ નષ્ટ થઇ જાય છે, કામથી લજ્જા દૂર થઇ જાય છે અને અહંકાર બધુ જ નષ્ટ કરી દે છે.

ચ.ટી :- પૂર્વ શ્લોકમાં શૂરવીર, મિત્ર અને શત્રુની કસોટી આપત્તિ કાળમાં થાય છે એમ કહ્યુ હવે આ શ્લોકમાં કયો દુર્ગુણ કોનો નાશ કરે છે, તે નિર્દેશ કરાયું છે લાભાદિક દુર્ગુણો માનવમાં હોય તો મનુષ્યના બધા ગુણો આચ્છાદિક કરી દે છે. ભર્તૃહરિ કહે છે ''लोभश्येदगुणेन किं पिशुनता यद्यस्ति किं पातकैः । જો માનવમાં લોભ હોય તો પછી બીજા અવગુણોની શી જરૂર છે? જો ચાડી ચુગલીની ટેવ છે તો પછી બીજા પાપોની શી જરૂર છે?'' (નીતિશતક/૫૫) વિહારીલાલજી મહારાજ કહે છે ''ગર્વ સર્વસુખ નાશકાર છે, ગર્વમાહિ દુઃખ તો અપાર । ગર્વવાન તૃણ તુલ્ય થાય છે, ગર્વગંજન હરી ગણાય છે ॥ જોગધારિ અભિમાન જે ધરે, તો ભવાબ્ધિ કહિયે ન તે તરે । માનથી જ સદ્‌બુધ્ધિ જાય છે, જાપ યજ્ઞ તપ નાશ થાય છે ॥ કામ ક્રોધ થકિ માન નષ્ટ છે, માન સર્વ થકિ શત્રુ શ્રેષ્ઠ છે । કામક્રોધ જિતતાં જિતાય છે, માન પાસ જન જન હરિ જાય છે ॥રાવણાદિ જગ જીતિ જામિયા, માનથી જ પણ મૃત્યુ પામિયા । દેવ દૈત્ય નર નાગ મુખી, માનથી જ બહુ થાય છે દઃખી ॥ ભક્તિ સાધી જન ધામમાં, ચડે, માનશત્રુ જઇને તહાં નડે । કામ લોભ નહિ ધામમાં, નડયા માનથી જ જયને વિજે પડયા ॥ જે પુરાણ શ્રુતિશાસ્ત્રને ભણે, શ્રેષ્ઠ થાય કદી સદ્‌ગુણે ગણે । તોય હોય અભિમાન તો નડે, જેમ ઝેર પર માંકડી પડે ॥ જો અજાણિ કશિ વારતા નથી, માનિમન તજિને પુછે નહિ, જેમ થેલિ રસ લોકમાં ધરી, આપ બુધ્ધિ રસ રોટલી કરી ॥ કાંઇ હોય કદિ પાત્રતાવાળું, માનરૂપી પણ થાય ઢાંકણું । તો ન થાય ગુણ પ્રાપ્ત તે વિષે, હોય માંહિ ગુણ તે નહિ દીસે ॥ મૂઢ ડાઢિ મુખથી મુંડાવિયા, વસ્ત્ર અંગ ભગવા ધરાવિયાં । નાત જાત તજિ નીકળ્યો અરે, મૂર્ખ દેહાભિમાન શું ધરે ॥ ત્યાગિ લાજક તુંબડું ગુહ્યું, રાખચોળિ પછિમાન ક્યાં રહ્યું । ભીખ માગી નિજપેટ તો ભરે,

મૂર્ખ વ્યર્થ અભિમાન ધરે ॥ એક એક થી શ્રેષ્ઠ છે, ક્યાં અનન્ય ગુણવાન હોય છે । ચંદ્ર ઇન્દ્ર અલ્પ થાય છે, તો મનુષ્ય જન કોણ માત્ર છે ॥'' (હરિલીલામૃત-૫/૨૧/૧૧ થી ૨૧) ''कोऽर्थान् प्राप्य न गर्वितो। આ જગતમાં એવી કોઇ વ્યક્તિ નથી જેને ધન અને ઐશ્વર્ય મળ્યા પછી અભિમાન નથયું હોય.'' (ચા.ની. ૧૬/૪) ''पञ्चैवावस्य जेतव्याः सन्ति दोषष्वमीष्वपि। जितेषु येषु सर्वेऽपिजिताः स्युर्मात्र संशयः॥ लोभःकामो रसास्वादः स्नेहोमानश्च पञ्चमः अन्तः शत्रवएते हि विजेतव्याः प्रयत्नतः॥ અનેક દોષોમાં પણ પાંચ જ દોષો પ્રધાન પણે અવશ્ય જીવતાના છે, જે પાંચ દોષોના જયશ્રી બીજા બધાય દોષો જીતાય છે એમાં સંશય નથી. તે આ પાંચ છે લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માન (પાંચમો 'માન' એમ વિશેષ નિદર્શન કર્યો છે.) માટે લોભાદિ ચારની અપક્ષાએ માનનું પ્રબલપણુ જણાવ્યુ છે કેમકે મનુષ્ય માને કરીને મોટાઓનું અપમાન કરે છે તેનાથી અધોગતિ થાય છે જેમ દક્ષ પ્રજાપતિ આદિકની થઇ હતી.'' (સ.જી. ૨/૧૦/૪૨/૪૩) આ સન્દર્ભમાં એક ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે.

વાત એમ હતી કે કોઇ એક નગરમાં એક ધનવાન વૈશ્યના પુત્રએ એક કાગળો પાળી રાખેલો. આ વૈશ્ય કાગડાને યથા યોગ્ય પોતાના ભોજનથી બચેલું અન્ન જમાડતો હતો અને તેને લઇને તે કાગડો અત્યંત હ્રષ્ટ પુષ્ટ થઇ ગયો હતો અને કાગડાનો અહંકાર અત્યંત વધી ગયો હતો જેથી તે પોતાનાથી પણ શ્રેષ્ઠ પક્ષીઓને પોતા કરતા તુચ્છ સમઝતો હતો અને જ્યાં ત્યા જેનું તેનું અપમાન કરતો રહેતો એક સમયની વાત હતી, સમુદ્ર તટ પર કોઇક સ્થાન પરથી કેટલાક હંસો ઉડતા ઉડતા ત્યાં આવેલા. વૈશ્યના પુત્ર તે હંસોની પ્રશંસા કરતા હતા, આ પ્રશંસા કાગડાથી સહન ન થઇ અને તે પેલા હંસો પાસે આવ્યો અને તેઓ પ્રત્યે બોલ્યો 'રે હંસો! તમારી સાથે પ્રતિયોગિતા કરી ઉડવા માંગીએ

છીએ.' હંસોએ તેને સમઝાવતા કહ્યુ 'ભાઇ! અમો તો દૂર દેશ પર્યન્ત ઉડનારા છીએ, અમારૂ નિવાસ સ્થાન માનસરોવર છે જે અહીંથી ઘણું દૂર છે. અમારી સાથે સ્પર્ધા કરવાથી તને શો લાભ થશે? તું અમારી સાથે ત્યાં સુધિ કેવી રીતે ઉડી શકશે?'

હંસની વાત સાંભળી કાગડો અહંકાર વશ બોલ્યો કે 'હંસો અમો સો પ્રકારની ઉડવાની ગતિને જાણીએ છીએ, અને પ્રત્યેક ગતિ દ્વારા સોયોજન પર્યન્ત ઉડવાની ક્ષમતા રાખીએ છીએ. ' ઉડ્ડીન, અવડીન, પ્રડીન, ડીન, આદિ અનેકોગતિ ઓના નામ ગણાવી તે બકવાદી કાગડો પુનઃ બોલ્યો 'બતાવો અમાથી તમો કઇ ગતિ જાણો છો?' ત્યાં હંસો બોલ્યા ''કાક! તુ તો ઘણો નિપુણ છે, અમો તો બધા પક્ષીઓ જે ગતિ જાણે છે તે ગતિએ ઉડિયે છીએ અને તે ગતિએ ઉડી તમારી સાથે સ્પર્ધામાં ઉતરશુ.'' હંસની વાત સાંભળી કાગડાનો અહંકાર ઘણો વધી ગયો અને તે બોલ્યો 'ભલ તમો જે ગતિ જાણો છે તેજ ગતિએ ઉડો.'

કાગડો અને હંસ આ પ્રમાણે વાત કરતા હતા ત્યાં બીજા પણ કેટલાક પક્ષીઓ તે સ્થાન પર ઉપસ્થિત હતા. તેઓની સામે જ હંસ અને કાગડો બંને જણા સમુદ્ર તરફ ઉડયા સમુદ્રની ઉપર કાગડો નાના પ્રકારની કલા બતાવતો થકો પૂરી શકિત લગાવીને ઉડયો અને હંસ કરતા કંઇક આગળ નીકળી ગયો. પેલી બાજ હંસ તો સ્વાભાવિક રીતે પોતે મંદગતિથી ઉડતો હતો. આ જોઇ બીજા કાગડાના જાતિ ભાઇઓ કાગડાની પ્રશંસા કરવા લાગ્યા પરંતુ થોડે દૂર જતા અત્યંત ત્વરિત ગતિ પર ઉડતો કાગડો અત્યંત થાકી ગયો તેની પાંખો દુઃખવા લાગી. તે વિશ્રામને અર્થે આમતેમ વૃક્ષ યુક્ત દ્વિપની શોધ કરવા લાગ્યો. પરંતુ ત્યાં તેને અનંત મહાસાગર સિવાય કંઇપણ દેખાયુ નહિ. તેટલા માતો હંસ ઉડતા

ઉડતા તેની આગળ નીકળી ગયો. કાકની ગતિ મંદ પડી ગઇ તે અત્યંત થાકી ગયો હતો અને અંતે ઉંચી ઉંચો તરંગો વાળા ભયંકર જીવ જંતુઓથી ભવેલા સમુદ્રની લહેલો પાસે પડવાની દસામાં પહોંચી ગયો હંસે જોયુ કે ''કાગડો ઘણો પાછળ પડી ગયો છે'' એટલે તે કાગડાની સમિપમાં ગયો અને તેના પત્યે બોલ્યો 'કાક! તારી ચાંચ અને પાંખ વારંવાર પાણીમાં ડૂબી રહે છે, તો બતાવ આ તારી ઉડવાની કંઇ ગતિ છે.?'

આ પ્રમાણેની હંસની વ્યગ ભરેલી વાત સાંભળી કાગડો ગણી દીનતા પૂર્વક હંસ પ્રત્યે બોલ્યો 'મિત્ર! અમો કાક કવલ કા કા કરવા નુ જ જાણીએ છોએ, અમો વળો દૂર દેશ પર્યન્ત કેવી રીતે ઉડી શકીયે? ભાઇ! અમને અમારી મૂર્ખતા તથા અહંકારનો દંડ મળી ગયો છે માટે કૃપા કરી અમારા પ્રાણની રક્ષા કરો.'

તદન્તર કાગડાની વાત સાંભળી જળથી પલડેલા અને મૃત પ્રાયઃ થઇ પડેલા કાગડા પર હંસને દયા આવી અને તેને પગથી ઉઠાવી હંસે તેને પોતાની પીઠ પર બેસાડી દીધો અને તે લઇને તે પુનઃ ત્યાં પાછો આવી ગયો કે જ્યાંથી તેઓએ ઉડવાનો આરંભ કરેલો હતો, ત્યાં આવી તેણે કાગડાને તેના સ્થાન પર મુકી દીધો. (મહા/કર્ણપર્વ/અ.૪૭) આમ અહંકાર કરવાથી બધુ નષ્ટ થઇ જાય છે એવું જ નીતિકારે કહેલુ છે તે આ હંસને કાગડાના દૃષ્ટાંતથી સ્પષ્ટ થઇ જાય છે. માટે અહંકાર ક્યારેય ન કરવો. અહીં નીતિકાર ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રને કહી રહ્યા છે કે તમારા પુત્રો પણ ઐશ્વર્ય અને બળના ગર્વમાં અત્યંત ઉન્મત્ત થઇ ગયા છે માટે તેને તમો નિયત્રણમાં કરો અન્યથા તેઓ બધાનો પણ તેમના પુત્રો અને મિત્ર સહિત વિનાશ અવશ્યમ્ભાવી છે. (શ્લોક-૫૧)

<u>**શ્લોક - ૫૨**</u> श्रीमङ्गलात्प्रभवति प्रागल्भ्यात्संप्रवर्धत।

दाक्ष्यात्तु कुरुते मूलं संयमात्प्रतितिष्ठति ॥

શ્લોકાર્થ :- લક્ષ્મી ઉત્તમ કાર્યોથી ઉત્પન્ન થાય છે, ચતુરાઇથી વૃધ્ધિ પામે છે, દક્ષતાથી દૃઢમૂલ થાય છે તથા સંયમથી દીર્ઘકાળ સુધી સ્થિર થાય છે.

ચ.ટી :- પ્રાચિન શાસ્ત્રીય વિવેચન પ્રમાણે લક્ષ્મીજીનું વાહન ઉલુક (ઘુવડ) મનાયુ છે. એનો અભિપ્રાય એ છે કે લક્ષ્મી પ્રાપ્ત કરી ઉન્મત્ત નહિ બનવાની અને ધૈર્ય તથા સંયમ દ્વારા તેની રક્ષા કરવાની વાત કરી છે અન્યથા ધૈર્ય અને સંયમના અભાવમાં આ ચંચલા લક્ષ્મી માનવનો કપિથ્થની જેમ ત્યાગ કરી જતી રહે છે. આચાર્ય ચાણક્ય કહે છે. ''कुचैलिनं दन्तमलोपसुष्टं बहनाशिनं निष्ठुर भाषिणां च। सूर्योदये चास्तमिते शयानं, विमुञ्चति श्रीर्यदि चक्रपाणि: ॥ અશુધ્ધ વસ્ત્ર ધારણ કરનાર, અશુધ્ધ દતવાળો, અતિશય ખાનારો, નિષ્ઠુર વેણ બોલનાર, સૂર્યોદય અને સૂર્યાષ્ટ સમયે સૂઇ રહેનાર વ્યક્તિને લક્ષ્મી, આરોગ્યતા, સુંદરતા અને શોભા ત્યજી દે છે આ વ્યક્તિ ભલે વિષ્ણુ પણ કેમ ન હોય' (ચા. ની. ૧૫/૪) ''मूर्खा यत्र न पूजयन्ते धान्यं यत्र सुसञ्चितम्। दम्पत्ये: कालहोनाऽस्ति तत्र श्री: स्वयमागता॥ જ્યાં મૂર્ખ લોકોની પૂજા થતી નથી, અન્ન વગેરેના ભંડાર ભરેલા રહે છે, પતિ પત્ની મધ્યે કોઇપણ પ્રકારનો વિવાદ થતો નથી ત્યાં મહાલક્ષ્મી માતા સ્વયં આવીને નિવાસ કરે છે.'' (ચા. ની. ૩/૨૧) અહીં ગૂઢાર્થમાં નીતિકાર ધૃતરાષ્ટ્રને સાવધાન કરતા કહે છે કે તમારી લક્ષ્મી ઉત્તમ કાર્યોથી ઉપાર્જિત થયેલી નથી, ધ્રુત ક્રીડાથી એને વૃધ્ધિ પમાડાય છે એટલે એ દૃઢ મૂળ થયેલી નથી અને તમારા પુત્રોમાં સંયમનો અભાવ હોવાથી એ દીર્ઘકાળ પર્યન્ટ સ્થિર રહેવાની નથી. જ્યારે પાંડવોની લક્ષ્મી ઉત્તમ કાર્યોથી સંપન્ન થઇ તેઓના સંયમ સદાચારથી ચિરકાળ પર્યન્ત સ્થિર રહેશે. અને થયુ પણ એમ જ મહાભારતના યુધ્ધમાં દુર્યોધન તેના સહાયકો સાથે કાળના મૂખમાં જતો રહ્યો

અને પાંડવો દીર્ઘકાળ પર્યન્ત પોતાની સંપત્તિનો ઉપભોગ કરતા રહ્યા. (શ્લોક-૫૨) હવે નીતિકાર પુરૂષને પ્રકાશિત કરનારા આઠ ગુણોનું વર્ણન કરે છે-

શ્લોક - ૫૩ अष्टौ गुणाः पुरूषं दीषयन्ति

प्रज्ञा च कौल्यं च दमः श्रुतं च।

पराक्रमश्च बहुभाषिता च

दानं यथाशक्ति कृतज्ञता च॥

શ્લોકાર્થ :- પ્રજ્ઞા, કુલીનતા, ઇન્દ્રિય દમન, જ્ઞાન, ઓછુ બોલવું, શક્તિ પ્રમામે દાન આપવું અને કૃતજ્ઞતા આ અષ્ટ ગુણો પુરૂષને પ્રકાશિત કરે છે.

ચ.ટી :- 'गुणाः पूजास्थानं गुणिषु लिङ्ग न च वयः' મનુષ્ય ના ગુણ જ પૂજાનું સ્થાન હોય છે, પણ લિંગ કે અવસ્થા નહિ તે ગુણો જેમાં રહે છે તે મનુષ્યની મહત્તા વધે છે. કેટલાક લોકોના મતે કુલિનતાનો અર્થ ધનસમ્પન્નતા છે, પરંતુ પોતાના કુળની પ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખનારા નિર્ધન અને ધન સંપન્ન બંને હોઇ શકે છે. આપ્ત પુરૂષોએ ધર્મશાસ્ત્ર આદીમાં કુલિનતા ની જ મહત્તા સર્વત્ર સ્થાપિત કરી છે, કારણ કે તેનાથી જ મનુષ્ય પોતાની નૈતિકતાના આધાર પર નિર્ણય લે છે તેને પોતાનો લાભ તથા હાનીનું ક્યારેય ધ્યાન રહેતુ નથી. એટલે માટે તે શ્રેષ્ઠ કહેવાયો છે આચાર્ય ચાણક્ય કહે છે- 'गुणाः सर्वत्र पूजयन्ते, न महत्योऽपि सम्यदः । पूर्णेन्दुःकिं तथा वन्द्यो निष्कलङ्गा यथाकुशः॥ ગુણોનું જ બધ માન હોય છ વધારે ધન સંપત્તિનું પણ એવું માન નથી હોતુ. જેમ સંપૂર્ણચંદ્રની પ્રતિષ્ઠા થતી નથી જેટલી કલંક હીન પ્રથમાના દુર્બળ ચંદ્રની હોય છે.'' (ચા.નીતિ- ૧૬/૬) ''गुणैरुत्तमतां यान्ति नौच्चैरासनः संस्थिताः। प्रसादशिखरस्थोऽपि किं काको गरुडायते॥ મનુષ્યો ગુણો દ્વારાજ ઉન્નતિ કરી શકે છે, પણ ઉચ્ચાસન પર બેસવાથી નહિ શું મહેલના શિખર પર બેઠેલો કાક ગુરૂડની તુલના કરી શકે કે? અર્થાત્ ક્યારેય

પણ નહિ.'' (ચા.ની. ૧૬/૭) ''पर प्राक्तगुणो यस्तु निर्गुणोऽपिगुणी भवेत्। इन्द्रोऽपि लघुतां याति स्वयं प्रख्यापितैर्गुणैः॥ જે વ્યક્તિના ગુણોના વખાણ અન્યના મુખે સાંભળવા મળે છે, તે વ્યક્તિ ગુણવાન ન હોવા છતાંય ગુણી માનવામાં આવે છે. પરંતુ જો ઇન્દ્રદેવ પણ પોતાના જ મુખે પોતાના વખાણ કરે છે તો તેને તુચ્છ માનવામાં આવે છે.'' (ચા.ની. ૧૬/૮) ''दरिद्रता धीरतयाविराजते कुवस्त्रता शुभ्रतया विराजते। कदन्नता चोष्णतया विराजते॥ દરિદ્ર અવસ્થામાં મનુષ્ય ધૈર્યનો ગુણ કેળવ તો તે પુનઃ પ્રગતિ સાધી શકે છે, સામાન્ય વસ્ત્ર પણ જો સ્વચ્છ હોય તો શોભે છે. પૌષ્ટિક તત્વો વિનાના ભોજનને પણ જો તાજ અને ગરમ કરી ને લેવામાં આવેલો તે સારૂ લાગે છે તે જ રીતે સુશીલ વ્યક્તિ કદ્રુપિ હોવા છતાં પણ બધાને પ્રિય લાગે છે.'' (ચા. નીતિ-૯/૧૪) અહીં ગૂઢાર્થમાં નીતિકાર ધૃતરાષ્ટ્રને એવું કહી રહ્યા છે કે યુધિષ્ઠિર મહારાજમાં આ પ્રજ્ઞા કુલિનતા આદી આઠેય ગુણો હોય તેઓનો યશમાત્ર ધરા તલ પર જ નહિ પણ દેવલોક પર્યન્ત વ્યાપેલો છે જ્યારે તમારા પુત્રો ની અપકીર્તિ પણ દિગંતમાં વ્યાપેલી છે (શ્લોક-૫૩) હવે નીતિકાર બધા ગુણોથી અપેક્ષાએ એક સર્વોત્તમ ગુણણનું વર્ણન કરે છે -

શ્લોક - ૫૪ एतान्गुणांस्तात महानुभावाने

को गुणः संश्रयते प्रसह्य।

राजा यदा सत्कुरुते मनुष्यं

सर्वान्गुणानेष गणो विभाति॥

શ્લોકાર્થ :- હે તાત (ધૃતરાષ્ટ્ર) આ મહત્વપૂર્ણ ગુણોથી પણ વધારે રાજ્ય સન્માન રૂપ ગુણ શ્રેષ્ઠ થઇ જાય છે. કારણ કે રાજ સન્માન રૂપ ગુણ બધાથી વધારે શોભાયમાન હોય છે અર્થાત્ રાજ સત્કારથી બધા જ ગુણ વિકસિત થઇ જાય છે.

ચ.ટી :- વિષ્ણુશમાં કહે છે 'अमृत राजसन्मान - રાજ્ય સન્માન અમુત સમાન (પંચતંત્ર/મિત્ર/શ્લો-૧૩૮) અહી અભિપ્રાય એવો છે કે અગાઉ કહેલા પ્રજ્ઞા કુલિનતા આદિ ગુણોથી મનુષ્ય સ્વાભાવિક રીતે ખ્યાતિને પામેલ છે, પરંતુ આ ગુણોના અભાવમાં પણ રાજ સન્માનથી સંપૂર્ણ ગુણ વિકસિત થઇ જાય છે. અગાઉ '૫૧ થી ૫૪' સુધીનો પ્રાસંગિક અર્થ કરતા, એકાવનમાં શ્લોકમાં ભાવોને વ્યંજિત કરાવતા નીતિકારે અહંકારને પતનનું કારણ બતલાવેલ છે. બાવનમાં શ્લોકમાં લક્ષ્મીજીની ચંચળતા બતાવી સંયમ દ્વારા તેના નિયંત્રણ નો માર્ગ બતલાવેલો છે અને ત્રેપન તથા ચોપનમાં શ્લોકમાં વિશિષ્ટગુણ રાજ્ય સત્કાર દ્વારા પ્રાપ્ત થાય છે એમ કહ્યું છે પરંતુ ગૂઢાર્થમાં નીતિકાર એવું કહે છે કે દુર્યોધને અધર્મના માર્ગે કરી લક્ષ્મીનું ઉપાર્જન કરેલું હોય તે લક્ષ્મીની પ્રાપ્તિથી તેનો અહંકાર પણ અત્યંત વૃધ્ધિ પામેલો છે કર્ણ જેવા રાજસત્કાર પ્રાપ્ત કરી તેના વિશિષ્ટગુણો પણ તેના સહાયક થશે નહિ. (શ્લોક-૫૪) હવે નીતિકાર સજ્જન અને સાધુમાં જે આઠ ગુણો હોય છે તેનું વર્ણન કરે છે -

(૭૦) સ્વર્ગ આપવનારી આઠ વસ્તુઓ :-

શ્લોક - ૫૫ अष्टौ नृपेमानि मनुष्यलोके

स्वर्गस्य लोकस्य निदर्शनानि।

चत्वार्येषामन्ववेतानि सद्भिः

चत्वारि चैषामनुयान्ति सन्तः॥

શ્લોકાર્થ :- હે રાજન્! આ આઠ ગુણ મનુષ્ય લોકમાં સ્વર્ગનું જ્ઞાન કરાવનારા છે, તેમાંથી ચાર ગુણો સજ્જનોમાં સદા રહે છે તથા ચાર ગુણોનું સાધુજન નિત્ય સેવન કરે છે.

ચ.ટી :- અહીં આ શ્લોકમાં 'सद्भिः' તથા 'सन्तः' શબ્દ આવે છે જે શબ્દો વ્યવહારમાં એક જ અર્થના વાચક છે. પરંતુ નીતિકાર પ્રમાણે આ બંને શબ્દના અલગ અલગ અર્થ પ્રેરીત છે. 'सद्भिः' નો અર્થ 'સજ્જન' થાય છે. પરંતુ 'सन्तः' નો અર્થ 'સાધુ' લીધેલો છે. અથાત્ આગળના શ્લોકમાં બતાવાશે એવા ગુણો સજ્જનમાં આવે અને જાય છે પરંતુ સાધુમાં આ ગુણ સ્વભાવિક જ રહે છે. (શ્લોક-૫૫) હવે નીતિકાર સજ્જન અને સાધુમાં કયા ગુણો રહે છે તેનું વર્ણન કરે છે -

શ્લોક - ૫૬ यज्ञो दाममध्ययनं तपश्च

चत्वार्ये तान्यन्वेलानिसद्भिः।

दमः सत्यार्जवमानुशंस्यं

चत्वायंतान्यनुयन्ति सन्तः।

શ્લોકાર્થ :- યજ્ઞ, દાન, અધ્યયન, તપ આ ચાર ગુણો સજ્જન પુરૂષોની સાથે રહે છે તથા દમ, સત્ય, આર્જવ અને કોમળતા આ ચાર ગુણો સાધુની સાથે રહે છે.

ચ.ટી. :- યજ્ઞ, દાન, અધ્યયન, તપ આ ચાર ગુણો સજ્જન પુરૂષોની સાથે રહે છે તથા દમ, સત્ય, આર્જવ અને કોમળતા આ ચાર ગુણો સંત દ્વારા જ આચરણમાં લવાય છે. આ સન્દર્ભમાં દુર્યોધન અને યુધિષ્ઠિર જ દૃષ્ટાંતરૂપ છે. દુર્યોધન અને યુધિષ્ઠરમાં યત્ર દાન આદી ચારેય ગુણો તો હતા જ પરંતુ દમ (આંતરઇન્દ્રિયોનો નિગ્રહ) સત્ય (પારકાનો અદ્રોહરૂપ વચન) આર્જવ (મન, વાણી અને વર્તનની એકતા), કોમળતા (દયાળુતા) આ ચાર ગુણો કેવળ યુધિષ્ઠિરમાં જ હતા અને તે તેઓના જીવનમાં પદે પદે જોવા મળતા હતા. (શ્લોક-૫૬) હવે નીતિકાર ધર્મના આઠ પ્રકારના માર્ગનું વર્ણન કરે છે -

(૩૧) ધર્મના આઠ માર્ગ :-

શ્લોક - ૫૭ इज्याध्ययन दानानि तपः सत्यं क्षमा घणा।

अलोभ इति मार्गोऽयं धर्मस्थाष्टविधः स्मृतः ॥

શ્લોકાર્થ :- યજ્ઞ, અધ્યયન, દાન, તપ, સત્ય ભાષણ, ક્ષમા, ધૃણા (દયા) અને અલોભ આધર્મના આઠ પ્રકારના માર્ગ મનાઇ છે.

ચ.ટી :- અહીં 'घणाः' શબ્દનો અર્થ ધૃણા નહિ કરવો પરંતુ 'घ क्षरणदीप्त्योः' ધાતુથી 'न' પ્રત્યય થઇને બનેલો છે જેનો અર્થ 'દુઃખીને જોઇને દ્રવીત થઇ જવું' ના અર્થમાં પ્રયુક્ત થયેલો છે તથા ('અધ્યાય. ૧/૯૫)' માં 'घणा' શબ્દ એ 'ધૃણા કરવાના' અર્થમાં પણ પ્રયોગ થયેલો છે. મનુ મહારાજ પણ ધર્મના દસ લક્ષણ બતાવતા કહ્યુ છે ''धतिक्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः । धीर्विद्या सत्यक्रोधो दशकं धर्मलक्षणम्॥ ધૃતિ- ધૈર્ય, ક્ષમા (ક્ષમાવાન) દમ (મનબુધ્ધિ આદો અન્તઃકરણનો નિગ્રહ) અસ્તેય (ચોરી ન કરવી), શૌચ (બાહ્ય આભ્યાંતર શુધ્ધિ), ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો, ધો (આસ્તિક્ય બુધ્ધિ) વિદ્યા, સત્ય (યથાર્થ કથન્) અક્રોધ (ક્રોધનો અભાવ) આ ધર્મના દશ લક્ષણ છે'' (મનુ. ૬/૯૨) (શ્લોક-૫૭) હવે વિદુરજી આગળના શ્લોકમાં કહેલા આઠ ગુણો સજ્જન અને દુર્જન કેવી રીતે સેવે છે તે વાત વર્ણવે છે -

શ્લોક - ૫૮ तत्र पूर्वचतुर्वर्गो दम्भार्थमपसिव्यते।

उत्तरश्चचतुर्वर्गो नामहात्मसु तिष्ठति॥

શ્લોકાર્થ :- ઉક્ત આઠ ગુણોમાંથી ચાર યજ્ઞ, અધ્યયન, દાન અને તપ આને દુર્જન લોકો દંભથી પણ સેવન કરે છે, પરંતુ પછીના સત્ય, ક્ષમા, દયા અને લોભનો પરિત્યાગ આ ચાર ગુણો દુર્જનોમાં રહેતા નથી.

ચ.ટી :- અહીં નીતિકારનો ધૃતરાષ્ટ્રને ગૂઢાર્થમાં કહેવાનો અભિપ્રાય એવો છે કે તમારા પુત્રમાં યજ્ઞ, અધ્યયન, દાન અને તપ આ ચાર ગુણો તો છે પણ તેનુ તેણે દંભથી આચારણ કરેલું છે અને પછીના સત્ય ક્ષમા આદી ચાર ગુણો તો તેનાથી યોજનો દૂર છે. જ્યારે યુધિષ્ઠિરમાં યજ્ઞ આદી ચાર અને સત્ય ક્ષમા આદી ચાર ગુણો પૂર્ણ રીતે સમાહિત છે અને આ બધા ગુણો તેઓ બંનેનું જીવન અવલોકન કરવાથી સ્પષ્ટપણે પ્રતિત થાય છે. મહાભારતકારે આ બાબતની સ્પષ્ટતા પણ કરી છે જેમ કે યુધિષ્ઠિર મહારાજે રાજસૂય યજ્ઞ કર્યો એટલે કેવલ લોકોને બતાવવા સારુ દુર્યોધને પણ વૈષ્ણવ યજ્ઞ કર્યો (જઓ મહા. વન. ૨૫૫-૨૫૬) અને તે યજ્ઞમાં તેણે પોતાની ઘણી સંપત્તિ બ્રાહ્મણોને દાનમાં આપી તથા જે પ્રમાણે યુધિષ્ઠિર મહારાજે પૂર્ણ સંયમનું પાલન કરતા થકા દ્રોણાચાર્ય પાસે શાસ્ત્રનું અધયન કર્યુ. તે જ પ્રમાણે દુર્યોધને પણ સંયમ પાડવા પૂર્વક દ્રોણાચાર્ય પાસે શાસ્ત્રનું અધ્યયન કર્યુ. આમ નીતિકારે કહેલા યજ્ઞ, અધ્યયન આદી ચાર ગુણોનું આચરણ દુર્જન એવા દુર્યોધને પણ કરેલું. પરંતુ પછીના સત્ય આદી ચાર ગુણો કેવલ સજ્જન એવા યુધિષ્ઠિરમાં જ જોવા મળતા હતા પણ દુર્યોધનમાં નહિ કેમ કે સત્યતો તેનાથી યોજનો દૂર હતુ. (જેમ દ્યુતમાં થએલા કરાર મુજબ પાંડવો ધર્મ પૂર્વક બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાત વાસ પૂર્ણ કરી આ વેલા અને વનવાસ બાદ તેઓને તેમનું રાજ્ય આદી પરત કરવાનું હતુ, છતા તે પરત કરવા તૈયાર નથી) ક્ષમા નામનો શબ્દ તો તેના શબ્દકોષમાં હતો જ નહિ, લોભ નામનો પ્રબલ શત્રુ તો તેના પર એટલો હાવી હતો કે રાજસૂય યજ્ઞમાં પાંડવોનું ઐશ્વર્ય જોઇ તેને પ્રાપ્ત કરવાને અર્થે તેણે કપટ દ્યુતનો આશ્રય લીધો. દયા કોને કહેવાય તેનાથી પણ તે અજાણ હતા. કારણ કે કેટલી વખત તેણ પાંડવોને મોતને ઘાત ઉતારવાના પ્રયાસ કરેલા. આમ સત્ય આદી ચારેય ગુણો

તો દુર્યોધનમાં પૂર્ણ રીતે અભાવ જોવા મળતા. જ્યારે યુધિષ્ઠિર મહારાજ જે પણ કંઇ ધર્મનું આચરણ કરતા તે દંભરહિત થઇને કરતા. સત્ય તો તેઓમાં ચરમસીમાએ વિકસિત હતુ કે જેને લઇ તેઓ લોકમાં ધર્મરાજાના નામે વિખ્યાત હતા. ક્ષમા નામનો ગુણતો તેઓમાં પૂર્ણ રીતે વિકસેલો ત તેમના જીવનમાં પદે પદે જોવા મળતો હતો તે ત્યાં સુધિ કે પોતાની ભાર્યાનું અપમાન કરનારા દુર્યોધનને પણ તેઓ ક્ષમા કરવાનો આગ્રહ રાખતા. દયાના તો તેઓ મૂર્તિમાન સ્વરૂપ હતા કેજ્યારે જયદ્રજ જેવા અધર્મિએ પોતાની ભાર્યાન્ અપહરણ કર્યુ અને ભીમસેને તેને પકડી ખૂબ તાડિત કર્યો અને તેને પકડી યુધિષ્ઠિર મહારાજ પાસે ઉપસ્થિત કર્યો. ત્યારે તેઓએ 'આ અમારી બહેન દુ:શલાનો પતિ છે.' એમ જાણી દયાએ કરીને તેના આ મૃત્યુદંડ તુલ્ય અપરાધને પણ જતો કર્યો અને લોભનો તો તેઓએ એટલે દૂરથી ત્યાગ કરેલો કે કૌરવ પાંડવો મધ્યે સંધિ પ્રસ્તાવ લઇ જનારા ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે પણ તેઓએ કહેલું કે જો દુર્યોધન અમારો દાય ભાગ આપવાની મનાઇ કરે તો તેની પાસ અમારી આજીવિકા સારૂ કેવલ પાચ ગામ માંગી લેજો. એમાં પણ અમો અમારો નિર્વાહ કરી લઇશું. આમ નીતિકારે કહેલા સત્ય આદી ચાર ગુણો કવલ યુધિષ્ઠિરમાં જોવા મળતા હતા. (શ્લોક-૫૮) હવે નીતિકાર વૃધ્ધોની અને સત્યની મહત્તાનું વર્ણન કરે છે -

(૩૨) સભા વગેરેની ઓળખાણ :-

શ્લોક - ૫૯ न सा सभा यत्र न सन्ति वृद्धा

न ते वृद्धा ये न वदन्ति धर्मम्।

नासौ धर्मो यत्र न सत्यमस्ति

न तत्सत्यं यच्छलेनाभ्युपतम्॥

શ્લોકાર્થ :- એ સભા જ નથી જેમાં વૃધ્ધો નથી, તે વૃધ્ધો નથી જે ધર્મ કહેતા નથી. તે ધર્મ નથી જેમાં સત્ય નથી અને તે સત્ય નથી જે છળથી મુક્ત નથી.

ચ.ટી :- વયોવૃધ્ધ અને જ્ઞાનવૃધ્ધ એ અનુભવ અને શાસ્ત્ર જ્ઞાનથી યુક્ત હોય સભા ભવનમાં તેઓની ઉપસ્થિતિ અત્યંત જરૂરી હોય છે કારણ કે તેઓ જ પોતાના અનુભવ અને જ્ઞાનના આધારે સભાસદોનું ઉચિત માર્ગદર્શન કરી શકે છે. પરંતુ એ વૃધ્ધો પણ ગંગાપુત્ર ભીષ્મ અને આચાર્ય દ્રોણની જેમ મૌન થઇ બેસી રહી અધર્મ ને જોયા કરે પણ અધર્મનો વિરોધ ન કરે તો તે વાસ્તવમાં વૃધ્ધ છે જ નહિ. કહ્યુ પણ છે ''उपविष्ट: सभामध्ये यो न वक्ति स्कुटंवच:। तस्माद् दूरेण स त्याज्यो, न्यायं वा कीर्तियेदतम्॥ જે મનુષ્ય સભામાં બેસી સ્પષ્ટ વાત કહેતો નથી તેન સભામાંથી બહાર કાઢી નાંખવો અથવા તેણે સત્ય બોલવું.'' (પંચતંત્ર/કાકો./૧૦૬)

તેમ ધર્મચારપાદ એવા સત્ય શૌચ દયા અને દાનથી યુક્ત છે અને તેમા સત્ય જ મુખ્ય છે. જે ધર્મમાં સત્ય જ નથી તો તે ધર્મ જન કહેવાય અને સત્ય પણ જે છે તે કપટથી રહિત હોવું જોઇએ અન્યથા કપટ થી યુક્ત જે હોય તે અસત્ય જ કહેવાય (શ્લોક-૫૯) હવે નીતિકાર દશસ્વર્ગ પ્રાપ્તિના હેતુ કહે છે -

(૩૩) સ્વર્ગમાં લઇ જનારી દશ વસ્તુઓ :-

શ્લોક - ૬૦ सत्यं रुपं श्रुतं विद्या कौल्यं शीलं बलं धनम्।

शौर्यं च चित्र भाष्यं च दशेमे स्वर्गयोनय:॥

શ્લોકાર્થ :- સત્ય, સૌમ્યરૂપ, શાસ્ત્રાભ્યાસ, દેવોપાસના, કુલીનતા, શીલ, બળ, ધન, શૌર્ય અને યુક્તિ વચન આ દશર્સ્વગ પ્રાપ્તિ ના હેતુ છે.

ચ.ટી :- 'दशेमें स्वग योनय:' ના પાઠાન્તરમાં 'दश: संसर्गजा गुणा: પણ છે. તેનો અભિપ્રાય એવો છે કે દશગુણ ઉત્તમ પુરૂષોના સંસર્ગથી પ્રાપ્ત થાય છે. અત:

સત્પુરૂષોનો સંગ અવશ્ય કરવો જોઇએ. કહ્યુ પણ છે 'मोहजालस्य योनिर्हि मूढैरेवसमागमः। अहन्यहनि योनिः साधु समागमः॥ મુર્ખોનો સંગ જ મોહ જાળની ઉત્પત્તિનું કરાવવાળો છે.' (મહા.વન./૧/૨૫) આમ સાધુના સંગથી મનુષ્યમાં શ્રેષ્ઠગુણોનો આવિર્ભાવ થાય છે અને એથી માનવનું નિઃશ્રેયસ થાય છે. (શ્લોક-૬૦) હવે નીતિકાર પુણ્ય અને પાપ કરનારાની ગતિનું વર્ણન કરે છે -

(૩૪) પુણ્યપાપનાં ફળ :-

શ્લોક - ૬૧ पापं कुर्वन्पापकीर्तिः पापमेवाश्नुते फलम्।
पुण्यं कुर्वन्पुण्य कीर्तिः पुण्यमत्यन्तमश्नुते॥

શ્લોકાર્થ :- પાપ કર્મ કરનાર પુરૂષ (માનવ) કલંકિત થઇને દુષ્ટ ફળને જ ભોગવે છે અને પુણ્ય કર્મ કરનાર માનવ અત્યંત પુણ્ય ને જ ભોગવે છે.

ચ.ટી :- જે માનવ જેવી ક્રિયા કરે છે તેને અનુરૂપ જ તેને ફળની પ્રાપ્તિ થાય છે. લીમડાનું વૃક્ષ રોપવનારને તેના થકી આમ્ર ફળની પ્રાપ્તિ થતી જ નથી. તેમ અધર્મમાં મન લગાવનારને તેના કર્મ દ્વારા વિપરીત ગતિની જ પ્રાપ્તિ થાય છે અને ધર્મમાં મન લગાવનારાને તેના કર્મ દ્વારા ઉત્તમગતિ જ પ્રાપ્ત થાય છે માટે જ વાલ્મિકીજી કહે છે- 'कर्म चैव हि सर्वेषां करणानां प्रयोजनम्। श्रेयः पापीयशां चात्र फलं भवाति कर्मणाम॥ બધી ઇન્દ્રિયોનું પ્રયોજન કર્મ જ છે. સારાનરસા કર્મોનું ફળ આ સંસારમાં જ સારૂ નરસુ જોવાય છે.'' (વા.શ.યુ.૬૪/૭) 'गुणदोषकृतं जन्तुः सर्वकर्म फल हेतुकम्। अव्यग्रस्तदवाप्नोति सर्वं प्रेत्यशुभाशुभम्॥ પ્રાણી પોતાના કર્મફળને આપનારા સારા અને નરસા કર્મોનું સારૂ નરસુ ફળ અન્ય જન્મમાં નિશ્ચિત રૂપે પ્રાપ્ત કરે છે.'' (વા.રામા. કિષ્કિન્ધા/૨૧/૨) વ્યાસજીના પિતા પરાશરજી પણ કહે છ 'कर्मणा जायतसर्वं कर्मैव गति साधनम्। तस्मात् सर्वप्रयत्नेन साधु कर्म समा चरेत्॥ કર્મદ્વારા જ બધુ ઉત્પન્ન થાય છે, અને

કર્મજ આગળ વધવાનું સાધન છે. અતઃ મનુષ્યે યથાશક્તિ શ્રેષ્ઠ કર્મ જ કરવા જોઇએ.' (વિ.પુરાણ/૧/૧૮/૩૨) ઇતિ. (શ્લોક-૬૧) નીતિકાર પુનઃ ત્રણ શ્લોકથી પાપી પુણ્યશાળીની ગતિ કહી પુણ્ય કર્મ કરવા માટે જ ભાર આપે છે.

(૩૫) બુધ્ધિનાશનો હેતુ (૩૬) સુમતિનું ફળ :-

શ્લોક - ૬૨ तस्मात् पापं न कुर्वीत पुरूषः शसितव्रतः।

पापं प्रज्ञां नाशयति क्रियमाणं पुनः पुनः ॥

શ્લોક - ૬૩ नष्टप्रज्ञः पापमेव नित्यमारभत नरः।

पुण्यं प्रज्ञां वर्धयति क्रियमाणं पुनः पुनः ॥

શ્લોક - ૬૪ वृध्ध प्रज्ञः पुण्यमेव नित्यमारभतेनरः।

पुण्यं कुर्वन् पुण्य कीर्तिः पुण्यं स्थानं स्म गच्छति।

तस्मात् पुण्यं निषेवेत पुरुषःसुसमाहितः ॥

શ્લોકાર્થ :- એટલે માટે પુણ્યાચરણ કરનાર માનવ ક્યારેય પણ પાપા ચારણ ન કરે કારણ પાપાચરણ કરવાવાળાની બુધ્ધિ નષ્ટ થઇ જાય છે. જેનાથી તે સદા પાપા ચરણ જ કરે છે. પુણ્યાચરણ કરવાથી બુધ્ધિ વૃધ્ધિ પામે છે, વૃધ્ધિ પામેલી બુધ્ધિ વાળો સદા પુણ્યાચરણ જ કરે છે. ઉત્તમ કર્મ કરનારો ઉત્તમ લોકોને પ્રાપ્ત કરતા ઉત્તમ યોનિમાં જાય છે. એટલે માટે માનવે એકાગ્ર ચિત્ત થઇ પુણ્યાચરણ જ કરવું જોઇએ.

ચ.ટી :- અહીં આ શ્લોકોમાં નીતિકાર ગૂઢાર્થમાં ધૃતરાષ્ટ્રને એવું કહે છે કે તમારો દુષ્ટ અધર્મી પુત્ર દુર્યોધન અને તેના ભાઇઓ જે દિવસથી સમજતા થયા છે તે દિવસથી શ્રીકૃષ્ણના આશ્રિત એવા પાંડવોનું અનિષ્ટ કરતા આવે છે અને પાંડવો જેવા ધર્મનિષ્ઠનો અપરાધ કરવાને કારણે તેની બુધ્ધિ ભ્રષ્ટ થઇ ગઇ હોય હજ પણ તે પાંડવોનું અનિષ્ટ કરતા રહે છે. જ્યારે પાંડવોની બુધ્ધિ હંમેશા

ધર્માનુષ્ઠાનમાં આરૂઢ છે અને તમારા પુત્રો દ્વારા આટઆટલા અપરાધ કરવા છતા તેઓ ક્ષમા રૂપી ધર્મને આચરેલા છે તેનું કારણ પણ એ જ છે કે ધર્માચરણ કરવાથી તેઓની બુધ્ધિ નિર્મળ થઇ ગયેલી છે અને આ પ્રકારના પુણ્ય કર્મોને લઇ અંતે તેઓ ઉત્તમોત્તમલોકની પ્રાપ્તિ કરશે. જ્યારે તમારા પુત્રો દુષ્ટા ચરણના ફળ રૂપે અધોગતિને પામશે (શ્લોક-૬૨-૬૩-૬૪) હવે નીતિકાર દ્વેષ કરનાર શીઘ્ર જ મોટી આપત્તિને પામે છે તે વાત કહે છે -

જે માનવ જેવી ક્રિયા કરે છે તેને અનુરૂપ જ તેને ફળની પ્રાપ્તિ

(૩૭) કોણ મહા આપત્તિમાં આવે છે?

શ્લોક - ૬૫ असूयको दंदशूको निष्टुरो चैरकृच्छठः।

सकृच्छ्रं महदाप्नोति न चिरत्पापमाचरन ॥

શ્લોકાર્થ :- જે દ્વેષ રાખવાવાળો, મર્મસ્થાન પર પ્રહાર કરવાવાળો, કઠોર વાણી બોલનારો, વિરોધ રાખવાવાળો તથા ધૂત છે તે પાપ કરતો રહેતો શીઘ્ર જ મોટી આપત્તિને પ્રાપ્ત કરે છે.

ચ.ટી :- નીતિકાર અહીં સાંકતિક ભાષામાં ધૃતરાષ્ટ્રને કહે છે અમોએ ગણાવેલા આ બધા જ દોષો તમારા પુત્ર દુર્યોધનમાં જોવા મળે છે જે સમયથી તેને પાંડવોનો મેળાપ થયો તે દિવસથી હસ્તિનાપુરના સિંહાસનને પ્રાપ્ત કરવાને અર્થે તે પાંડવો સાથે દ્વેષ કરતા આવેલો છે, ધૂતક્રિડા ના સમયે તેણે પંડવો અને દ્રૌપદીને કઠોરવાણીમાં તાડિત કરી તેઓના મર્મ સ્થાન પર પ્રહાર કરેલો છે, આ ઉપરાંત તે ધુર્તે કપટ કરી પાંડવોને ધુતક્રિડામાં પરાજીત કરી તેઓનું તથા તેમની ભાર્યાનું માન ભંગ કરી તેઓ સાથે વિરોધ તો કરી જ લીધો છે અને હજ પણ ધુતમાં થએલા કરાર પ્રમાણે વનવાસ પૂર્ણ કરી આવેલા પાંડવોને તેઓનું રાજ્ય પરત ન કરી હજ પણ પાપ કર્મમાં પ્રવૃત્ત હોય તેના પર શીઘ્ર મહાવિપત્તિ આવીને

ઉપસ્થિત થશે માટે હે મહારાજ! તેના વિનાશ થકી તેને તમો રોકો. (શ્લોક-૬૫) હવે નીતિકાર દ્વેષ ન કરનારો કેવા સુખને પામે છે તે કહે છે-

શ્લોક - ૬૬ अनसयुः कृतप्रज्ञः शोभनान्याचरन सदा।

न कृच्छं महदाप्नोति सर्वत्र च विरोचते॥

શ્લોકાર્થ :- દ્વેષ નહિ કરનારો બુધ્ધિમાન પુરૂષ પુણ્ય કર્મોને કરતો થકો મહદ સુખને પ્રાપ્ત કરે છે અને સર્વત્ર શોભિત થાય છે.

ચ.ટી :- નીતિકાર અહીં સાંકતિક ભાષામાં ધૃતરાષ્ટ્રને કહે છે કે હે ભ્રાતા! યુધિષ્ઠિર મહારાજ સાથે તમારા દુષ્ટ પુત્ર દુર્યોધને કેટલો અન્યાય કરેલો છે છતા તેઓનું હ્દય દુર્યોધન પ્રત્યે દ્વેષ ભાવનાથી રહિત છે. આ ઉપરાંત યુધિષ્ઠિર મહારાજનું મન ધર્મમાં લાગેલુ છે અને તેઓ હંમેશા જીવમાત્રના હિતનો વિચાર કરતા રહે છે તેઓનો કોઇ શત્રુ ન હોવાથી સદા તેઓને અજાત શત્રુના નામથી ઓળખતા છે માટે તેઓ શીઘ્ર જ મહદ્ સુખને પામતા થતા સુશોભિત થશે, કહ્યુ પણ છે. 'ज्ञेयः स नित्य संन्यासी यो न द्वेष्टि न काङ्क्षति। निद्वन्द्वो हि महाबाहो सुखं बन्धात प्रमुच्यते॥ જે પુરૂષ ન કોઇની સાથે દ્વેષ કરે છે અને ન કોઇ પદાર્થની આકાંક્ષા કરે છે, તેને સદા સંન્યાસી જ સમઝવો જોઇએ. કારણ કે રાગદ્વેષ આદી દ્વન્દ્વોથી રહિત પુરૂષ સુખ પૂર્વક સંસાર બંધનથી મુક્ત થાય છે.' (ગીતા -૫/૩) (શ્લોક-૬૬) હવે નીતિકાર વિદ્વાન પાસેથી બુધ્ધિ પ્રાપ્ત કરી મનુષ્ય કેવી રીતે જીવન વિતાવે છે તે કહે છે -

(૩૮) પંડીત કોને જાણવો? :-

શ્લોક - ૬૭ प्रज्ञामेवागमयति यः याज्ञे भ्यः स पण्डितः।

प्राज्ञो हयवाप्य धमार्थौ शफ्नोति सुखमेधितुम्॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય વિદ્વાનોથી બુધ્ધિ પ્રાપ્ત કરે છે તે વિદ્વાન થાય છે. વિદ્વાન પુરૂષ ધર્મ અને અર્થને સંપાદન કરીને સુખ પૂર્વક જીવન વિતાવે છે.

ચ.ટી :- 'बुध्धि यस्य बलं तस्य' અર્થાત્ જેની પાસે બુધ્ધિ છે તેની પાસે જ બળ છે. બુધ્ધિના બળ પર જ સંસાર માં બધુ પ્રાપ્ત કરી શકાય છે. એટલે માટે વિદુરજી પ્રજ્ઞાને જ સૌથી વધારે માની તેને જ પ્રાપ્ત કરવાની સલાહ આપેલ છે. ભગવાન શ્રીમન્નારાયણ ગુરૂડજીને કહે છે- 'अन्धो हि राजाभवति यस्तु शास्त्र विवर्जित:। अन्ध: पश्यति चारणे शस्त्रहीनो न पश्यति॥ કોઇપણ રાજા શાસ્ત્રના જ્ઞાન વગરનો કે નિરક્ષર હોય તો તે વાસ્તવમાં નેત્રહીન જ છે. કારણ કે કોઇ માનવ ભલે અંધ હોય તો તે કોઇ સેવક રાખી તે દ્વારા પણ બધુ જોઇ શકે છે પણ જો શાસ્ત્ર જ્ઞાન શૂન્ય હોય તો તે છતી આંખે નેત્ર હીન જ છે.' (ગરૂડ-૧૧૧/૧૯) (શ્લોક-૬૭) હવે નીતિકાર કેવું કાર્ય કરવું જેથી મરણ સુધરે તેની વાત બે શ્લોક થકી કરે છે -

(૩૯) કામ ક્યારે કરવું, તેનો વિચાર :-

શ્લોક - ૬૮ दिवसेनैव तत् कुर्य्याद् येन रात्रौ सुखं वसेत्।
अष्टमासेन तत् कुर्य्याद् येन वर्षा: सुखं वसेत्॥

શ્લોકાર્થ :- દિવસ દરમ્યાન એવું કાર્ય કરવું કે જેથી રાત્રીએ સુખેથી સૂઇ શકાય તથા અષ્ઠ માસ પર્યન્ત એવું કાર્ય કરવું જેથી વર્ષા કાળમાં સુખપુર્વક રહેવાય.

ચ.ટી :- પૂર્વકાળમાં જવા આવવાની સુવિધા ન રહેવાને કારણે અન્નાદિક સામગ્રી વર્ષાકાળ માટે સુરક્ષિત રખાતી હતી જેથી ચાતુર્માસ પર્યન્ત સુખ પૂર્વક રહેવાતુ હતુ. (શ્લોક-૬૮)

શ્લોક - ૬૯ पूर्व वयसि तत्कुर्याद् येन वृद्ध: सुखं वसेत्।
यावज्जीवेन तत्कुर्याद् यन प्रेत्य सुखं वसत्॥

શ્લોકાર્થ :- મનુષ્યે બાલ્યાવસ્થામાં એવું કરવું કે જેનાથી વૃધ્ધાવસ્થામાં સુખ પૂર્વક નિવાસ કરાય અને સંપૂર્ણ જીવનર્યન્ત એવું કરવું કે જેનાથી મૃત્યુ બાદ પણ સુખ પ્રાપ્ત થાય.

ચ.ટી :- જીવનની ચાર અવસ્થાઓ હોય છે બાલ્ય, યૌવન, પ્રૌઢ અને વૃધ્ધાવસ્થા અને આ બધી અવસ્થામાં આ બધાનુ કાર્ય પણ પૃથક્ પૃથક્ વહેચાયેલું છે. આ સંબંધમાં મનુ મહારાજ કહે છે ''प्रथमे नाधीता विद्या द्वितीये नार्जितं धनम्। तृतीये न तपस्तप्टं चतुर्थे किं करिष्यति॥ અર્થાત્ બાલ્યકાળમાં વિદ્યા પ્રાપ્ત કરી નથી, યુવાવસ્થામાં ધન નથી કમાયા, પ્રૌઢાવસ્થામાં તપસ્યા કરી નથી તો પછી વૃધ્ધાવસ્થામાં જઇ સમસ્ત ઇન્દ્રિયો શિથિલ થયા બાદ શુ કરી શકે?'' અતઃ અવસ્થા પ્રમાણે કાર્ય કરવાથી સંતોષ તથા સુખ પ્રાપ્ત થાય છે.

અહીં નીતિકાર મર્મમાં ધૃતરાષ્ટ્રને એવું કહી રહ્યા છે કે તમારા પુત્રો એ બાલ્યાવસ્થાથી એવા એવા કાર્ય કરેલા છે કે મૃત્યુ બાદ તેઓ અત્યંત કષ્ટમય ગતિ પ્રાપ્ત કરશ અને પાંડવો એ જીવન પર્યન્ત ધર્મનું આચરણ કરેલું છે જેને લઇ દેહાન્તે તેઓ સર્વોત્તમ ગતિને પ્રાપ્ત કરશે (શ્લોક-૬૯) હવે નીતિકાર ડાહ્યા મનુષ્યો કોની પ્રશંસા કરે છે તેનું વર્ણન કરે છે-

(૪૦) પરિણામે વખાણ થાય છે :-

શ્લોક - ૭૦ जीर्णमन्नं प्रशंसन्ति भार्यं च गतयौवनाम्।

शूरं विजित संग्रामं गतपारं तपस्विनम्॥

શ્લોકાર્થ :- ડાહ્યા મનુષ્યો સારી રીતે પચેલા અન્નની, યુવાવસ્થા વિતાવી ચૂકેવી પત્નીની, સંગ્રામમાં વિજયશ્રીને વરી આવેલા શૂરવીરની અને તત્ત્વના પારને પામેલા તપસ્વીની પ્રશંસા કરે છે.

ચ.ટી. :- કોઇપણ સુસ્વાદુ અન્ન ગ્રહણ કર્યા બાદ વૈશ્વનર અગ્નિ (જઠરાગ્નિ) દ્વારા યથાર્થ રીતે પચાવવામાં આવે ત્યારે જ તેની પ્રશંસા થાય છે, આઠ ઘણો કામ જેના હોય છે એવી યુવાવસ્થાવાળી પત્ની પ્રતિવ્રતાના ધર્મનું આચરણ કરતી થકી જીવન વિચારે ત્યારે જ તેની પ્રશંશા થાય છે, અત્યંત વીરતા પૂર્વક શત્રુઓને પરાજિત કરેલા શૂરવીરની પ્રશંસા સંગ્રામ પર્ણ થયા બાદ જ થાય છે તેમ તત્ત્વના પારને પામેલો તપસ્વી જ્યારે ભૂત પ્રાણી માત્ર પ્રત્યે સમત્વનો વ્યવહાર કરે ત્યારે તેની પ્રશંસા થાય છે. (શ્લોક-૭૦) હવે નીતિકાર અધર્મથી પ્રાપ્ત થયેલા ધનની વાત કરે છે -

(૪૧) પાપીમાં છિદ્રો વધારે ઉઘાડાં પડે :-

શ્લોક - ૭૧ धनेनाधर्मलब्धेन यच्छिद्रमपिधीयते।

असंवृतं तद्‌भवति ततोऽन्यदवदीर्यते॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય અધર્મથી મળેલા ધન વડે પોતાનું છિદ્ર ઢાંકવા જાય છે, તેનું છિદ્ર ધકાતુ નથી જ, ઉલટું તેથી તેનુ છિદ્ર ઉઘાડું પડે છે.

ચ.ટી. :- અધર્મી મનુષ્ય કંઇક સત્કર્મ કરી પોતાના પાપને છપાવવાનો પ્રયાસ કરે છતા પણ તેનું પાપ પ્રગટ થઇ જાય છે. આ સંબંધમાં ઉધ્ધવ સંપ્રયાદના બનેલા એક પ્રસંગ નિહાળવા યોગ્ય છે. વાત એવી હતી કે એક મનુષ્ય ધન કમાવવાને અર્થે વિદેશ ગયો હતે અને વિપલ પ્રમાણમાં ધન કમાઇ પોતાન મૂળ વતન આવતો હતો ત્યાં માર્ગમાં રાત્રી પડતા તે ભૂજનગરમાં રહેતી પોતાની બહેનના ઘરે આવ્યો પોતાના ઘરે ઘણા વર્ષો પછી પોતાના ભાઇને આવેલો જોઇ બહેન તો અત્યાધિક પ્રસન્ન થઇ અને પોતાના ભાઇનો ઉમળકાભેર સત્કાર કર્યો. ભોજન આદીથી વિરામ પામી ભાઇ બહેન વાતે લાગ્યા ત્યારે વાત વાતમાં ભાઇએ બહેનન પોતે કેટલું ધન કમાયો એ વાત પણ કહી અને પછી પેલો ભાઇ

તો નિરાંતે સૂઇ ગયો આ તરફ પોતાના ભાઇ પાસે વિપુલ માત્રમાં ધન છે એ વાત સાંભળી બહેનના મનમાં લોભ જાગ્યો અને તેણે પોતાના પતિને વાત કરી પોતાના ભાઇને મોતને ઘાત ઉતારી બધુ ધન લઇ લેવાની યોજના બનાવી.

તદન્તર પેલા પતિ પત્નીએ નિદ્રાવસ્થામાં જે પેલા યુવકને મોતને ઘાત ઉતારી દીધો અને તેનું શબ પોતાના ઘરમાંજ દાંટી દીધુ અને બધુ ધન લઇ લીધું. તે પછી આ પતિ પત્નીએ વિચાર્યુ કે 'આપણે ભાઇને મોતને ઘાત ઉતાર્યો એ તો મોટો અપરાધ થઇ ગયો માટે એક કામ કરીએ ભુજ નગરમાં સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન નરનારાયણ દેવને રસોઇ આપી દઇએ જેથી આપણા પાપનું પ્રાયશ્ચિત પણ થઇ જશે અને આપણા ભાઇને શાંતિ પણ મળી જશે.' આ પ્રમણે વિચાર કરી આ બાઇ સ્વામિનારાયણ મંદિરમાં આવી અને તેણે નરનારાયણ દેવને રસોઇ આપી બ્રહ્મચારીજીએ ઠાકોરજી માટે રસોઇ બનાવી અને જેવા તેઓ થાળ લઇને ઠાકોરજીને ધરાવવા જતા ત્યાં તેઓ પડી ગયા અટલે તેઓ પુનઃ ભંડારામાં ગયા અને પુનઃ થાળ બનાવી ઠાકોરજીને ધરાવવા માટે જતા હતા પરંતુ પુનઃ તેઓ પડી ગયા અને બધો થાળ ઘોળાઇ ગયો એટલે તેઓ પુનઃ થાળ બનાવવા ગયા અને પાછા થાળ લઇ પાછા ઠાકોરજીને ધરાવવા જતા હતા ત્યાં તેઓ પુનઃ પડી ગયા.

આ તરફ મંદિરમાં હાહાકાર મચી ગયો કે ત્રણ ત્રણ વખત બ્રહ્મચારીજી થાળ લઇને ગયા પણ પડી ગયા. બધા સંતો બ્રહ્મચારીજીને થપકો આપવા લાગ્યા પરંતુ બ્રહ્મચારીજી બોલ્યા કે આમા અમારો વાંક નથી. તે પછી શ્રીનરનારાયણ દેવ અર્ચાસ્વરૂપમાંથી પ્રગટ થઇ પૂજારીને પ્રભુએ પેલી બાઇની બધી વાત કરી અને કહ્યું 'આવા પાપી મનુષ્યનો થાળ અમો ક્યારેય ગ્રહણ ન કરશું.' તે પછી પૂજારીએ બધી વાત મહંત સ્વામીને કહી એટલે સ્વામીએ રાજાના સિપાઇ બોલાવી

પેલી બાઇ માણસને કેદ કરાવી. માટે અધર્મી મનુષ્ય ગમે તેટલું પોતાનું પાપ છપાવવાનો પ્રયાસ કરે છતા તે પ્રગટ થઇ જ જાય છે.

અહીં નીતિકાર ધૃતરાષ્ટ્રને મર્મમાં એવું કહે છે કે હ રાજન! તમારા પુત્ર એ કપટ કરીને પાંડવોનું રાજ્ય પડાવી લીધે છે અને વળી કેવલ દખાવ પુરતા વૈષ્ણવ યાગ આદીનું અનુષ્ઠાન કરી પોતાના પાપને છપાવવાનો પ્રયાસ કરે છે પરંતુ તેનું છિદ્ર પાંડવોને દ્યુતમાં થયેલા કરાર મુજબ તેમનું રાજ્ય પરતન કરી ઉઘાડું થઇ ગયુ છે અને અધર્મપૂર્વક પાપ્ત કરેથી તેની લક્ષ્મી પણ તેનો ત્યાગ કરવા માટે તૈયાર થઇ ગઇ છે કહ્યુ પણ છે. 'अधर्मेणेधते नावद्दशवर्षाणि तिष्ठति। प्राप्ते त्वेकादशे वर्षे समूलं विनश्यति ॥ અર્થાત્ અધર્મથી દશ વર્ષ વૃદ્ધિ પમાય છે અને અગિયારનુ વર્ષ પ્રાપ્ત થતા સમૂળ નષ્ટ થઇ જાય છે. 'अन्यायोपार्जितंद्रव्य दश वर्षाणि तिष्ठति। प्राप्ते चैकादशे वर्षे समूलं तद् विनश्यति॥ અન્યાય થકી મેળવેલુ ધન વધુમાં વધુ દસ વર્ષ સુધી મનુષ્ય પાસે રહે છે. અગિયારમાં વર્ષના પ્રારંભમાં જ વ્યાજ અને મૂડી સાથે તે નાશ પામે છે. (ચાણક્ય નીતિ /૧૫/૬) (શ્લોક-૭૧) હવે નીતિકાર કોઇ કોનું શાસન કરનાર છે તેનું વર્ણન કરે છે-

(૪૨) કોણ કોને શિક્ષા કરી શકે છે?

શ્લોક - ૭૨ गुरुरात्मवतां शास्ताशास्ता राजा दुशत्मनाम्।

अय प्रच्छन्न पापानां शास्ता वैवस्वतो यम: ॥

શ્લોકાર્થ :- સજ્જનોને માર્ગોપદેશ કરનારા ગુરૂ છે, દુષ્ટોનું સાશન કરનાર રાજા અને પ્રચ્છન્ન પાપોનો દંડ કરનારા સૂર્ય પુત્ર યમરાજ છે.

ચ.ટી. :- દ્રયોપનિષદ્‌માં ગુરૂ શબ્દમની વ્યાખ્યા કરતા કહ્યુ છે કે 'गुं शब्दस्त्वन्धकार:स्यात्रूशब्दस्तन्निरोधक:। अन्धकार निरोधि त्वाद् गुरु रित्यभिधीयते॥ અર્થાત્ ગુરૂ શબ્દની અંદર આવતો 'ગુ' અક્ષર અંધકારનો વાચક છે અને 'रु'

અક્ષર નિશેધનો વાચક છે અતઃ અજ્ઞાનરૂપી અજ્ઞાનને રોકનાર હોવાથી ગુરૂ નામથી કહેવાય છે.' દ્વયો. ઉ./૪) શાસ્ત્રો પોતે જ્ઞાનજનક છે પરંતુ તે ગુરૂના ઉપદેશ રૂપ સંસ્કારની અપેક્ષા રાખે છે. સદ્ગુરૂ દ્વારા મેળવેલું જ્ઞાન જ મુમુક્ષુને ઉપકારક થાય છે.

શ્રીમદ્ ભાગવતમાં રાજાની વ્યાખ્યા કરતા શુકદેવજી કહે છે- 'रञ्जयिष्यति यल्लोकमयमात्म विचेष्टितैः। अथामुमाहूराजानं मनोरञ्जनकैः प्रजाः॥ જે પોતાના કાર્યોથી સર્વજનોને સુખે પહોંચાડશે- તેનુ રંજન કરશે, તેના આ મનોરંજાત્મક વ્યાપારો ને કારણે પ્રજા તેને રાજા કહે છે.' (ભાગ ૪/૧૬/૧૫) આમ જે રાજા દુષ્ટોનો નિગ્રહ કરી પ્રજાનું રંજન કરનાર જ રાજા છે.

યમરાજ નિત્ય દેવ હોવા છતા ભગવાન સૂર્યદેવના પુત્ર છે. ભગવાન બ્રહ્માજીની આજ્ઞાથી સંયમિનિ પુરીમાં રહતા થકા પ્રાણિઓને તેમના કર્મો અનુસાર દંડ આપે છે. સૂર્યપુત્ર યમ કોઇપણ પ્રાણીને દંડ આપે એ પૂર્વે તે પ્રાણીના કર્મોના સાક્ષી એવા 'સૂય, અગ્નિ, આકાશ, વાયુ, ઇન્દ્રિઓ, ચન્દ્રમાં, સંધ્યા, રાત, દિવસ, દિશાઓ, જળ, પૃથ્વિ, કાળ અને ધર્મ' આ ચૌદ જણાવને ઉપસ્થિત કરે છે જેથી પ્રાણીએ પ્રચ્છન્ન રીતે પાપ કરેલુ હોય તો તેના સાક્ષો તરીકે આ ચૌદ જણા યમરાજને સાક્ષી આપે છે અને તે મુજબ યમરાજ દંડનું વિધાન કરે છે.

અહી ગુઢાર્થમાં નીતિકાર ધૃતરાષ્ટ્રને કહે છે કે રાજન! તમારા દુષ્ટ પત્રોએ પાંડવોને પ્રત્યક્ષ રીતે અથવા પ્રચ્છન રીતે જે કષ્ટ આપેલુ તેમા તે અપરાધનો દંડ તમારે આપવો જોઇએ પરંતુ તમો તેનાતે અપરાધની ઉપેક્ષા કરી છે પણ સૂર્ય પુત્ર યમરાજ તેના તે અપરાધની ઉપેક્ષા ન કરી તેના કર્મ પ્રમાણે અવશ્ય તેને દંડ કરશે. માટે હજ પણ સમય છે તમો તમારા પુત્રોનું નિયમન કરો

અન્યથા દેવતાઇ કોમ તેઓને જડમૂળમાંથી ઉખાડી ફેકશે. માટે દેવતાઓ તેઓ બધાને દંડિત કરે એ પહેલા તમો તમારા પુત્રોને તેમના અપરાધ બદલ દંડિત કરો. (શ્લોક-૭૨) હવે નીતિકાર કોનું કુલ અને મૂળ શોધવું ન જોઇએ તેનું વર્ણન કરે છે-

(૪૩) કોનું સ્વરૂપ જાણાવું નથી :-

શ્લોક - ૭૩ ऋषोणां च नदीनां च कुलानां च महात्मनाम्।

प्रभवो नाधिगन्तव्यः स्त्रीणां दुश्चरितस्य च॥

શ્લોકાર્થ :- ઋષિઓનું, નદીઓનું, કુળોનું, મહાત્માઓનું અને સ્ત્રીઓના દુશ્ચરિત્રનું મૂળ શોધવું જોઇએ નહિ.

ચ.ટી. :- ઋષિઓ અને મહાત્માઓનું મૂળ શોધવું એ યોગ્ય નથી. કારણ કે પ્રારંભમાં તેઓનું ચરિત્ર યોગ્ય ન પણ રહ્યું હોય અને પછી ઉજ્જવળ રહ્યું હોય એટલે તેના ઉજ્જવળ ચરિત્રથી લાભ લેવો જોઇએ. જેમ પ્રારંભમાં દસ્યુ રત્નાકર વાલ્મિકી થઇ ગયા, જોબનપત્રી ભક્તરાજ થઇ ગયા. ઉંગલિમાર મહાત્મા થઇ ગયા.

નદીને પણ આ પ્રમાણે જ સમઝવી જોઇએ. એક હાથ ઊંડી અને દોઢ હાથ પહોળી ગંગા નદી પ્રારંભમાં અને અંતે મેદાનમાં વિસ્તૃત રૂપ ધારણ કરી લે છે.

તેમ સ્ત્રી પણ પુરૂષવર્તિની હોય છે, અતઃ તેના ચરિત્રનું અન્વેષણ કરવાથી કોઇ લાભ નથી. (શ્લોક-૭૩) હવે નીતિકાર કયો રાજા ચિરકાળ પર્યન્ત પૃથ્વીનું રાજ્ય કરે છે તે કહે છે-

(૪૪) કયો રાજા ઘણા કાળ સુધી રાજ્ય કરી શકે? :-

શ્લોક - ૭૪ द्विजाति पूजाभिरतो दाता ज्ञातिषु चार्जवी।

क्षत्रियः शील भाग्राजंश्चिरं पालयते महीम्॥

શ્લોકાર્થ :- હે રાજન્! બ્રાહ્મણોની પૂજા કરવામાં તત્પર, દાતા, પોતાની જ્ઞાતિના લોકો સાથે સરળતાથી વર્તનાર શીલ સંપન્ન ક્ષત્રિય ચીર કાળપર્યન્ત પૃથ્વીનું રાજ્ય કરે છે.

ચ.ટી. :- અહીં નીતિકારનો ભાવ એવો વિદિત થાય છે કે યુધિષ્ઠિર મહારાજા ઉપરોક્ત બધા ગુણોથી અલંકૃત હોવાથી તે દીર્ઘકાળ પર્યન્ત ધરાતલનું રાજ કરશે અને દુર્યોધનમાં આ બધા ગુણોનો અભાવ હોવાથી તે શીઘ્ર પોતાના રાજ્યથી ચ્યુત થશે માટે તેણે પણ ચિરકાળ પર્યન્ત આ ધરાતલનું રાજ કરવું હોય તો તેણે પણ પોતામાં આ ગુણો કેળવવા પડશે. (શ્લોક-૭૪) હવે નીતિકાર પૃથ્વી થકી સુવર્ણ રૂપી પુષ્પનું સંચય કરનારા ની વાત કરેલ છે-

(૪૫) ક્યો માણસ કમાઇ શકે છે? :-

શ્લોક - ૭૫ सुवर्णपुष्पां पृथिवीं चिन्वन्ति पुरुषास्त्रय:।

शूरश्च कृतविश्च यश्च जानाति सेवितुम्॥

શ્લોકાર્થ :- ત્રણ પ્રકારના મનુષ્ય પૃથ્વીમાંથી સુવર્ણરૂપી પુષ્પનું સંચય કરે છે. વીર, વિદ્વાન અને સેવા ધર્મને જાણવાવાળો.

ચ.ટી. :- નીતિકાર કહે છે યુધિષ્ઠિર આદી પાંડવો વીર, વિદ્વાન અને સેવા ધર્મને જાણનારા હોય તેઓ અવશ્ય પૃથ્વીમાંથી સુવર્ણ રૂપી પુષ્પનું સંશય કરશે પરંતુ તમારા દુષ્ટ પુત્રો વીર અને વિદ્વાન તો છે પણ તેઓ અહંકારી હોય પૃથ્વીમાંથી સુવર્ણ રૂપી પુષ્પનું સંચન ન કરી શકશે (શ્લોક-૭૫) હવે નીતિકાર કરવા યોગ્ય ત્રણ કર્મોની વાત કરે છે -

શ્લોક - ૭૬ बुध्धि श्रेष्ठानि कर्माणि बाहुमध्यानि भारत।

तानि जङ्घाजघन्यानि भारप्रत्यवराणिच॥

શ્લોકાર્થ :- હે ધૃતરાષ્ટ્ર! બુધ્ધિ પ્રધાન બાહુ પ્રધાન અને જંઘા સમાન દાકીને કરવા યોગ્ય કર્મ ત્રણ પ્રકારના હોય છે. તેમાં બુધ્ધિ પ્રધાન ઉત્તમ, બલ (બાહુ) પ્રધાન મધ્યમ, કપટ વડે સાધ્ય અધમ અર્થાત્ સંકટથી સાધ્ય કામો અધમા ધમ છે.

ચ.ટી. :- અહીં નીતિકાર ધૃતરાષ્ટ્રને ગુદાર્થમાં કહે છે કે પાંડવોએ પોતાના જીવનમાં બુધ્ધિ પ્રધાન અને બલ પ્રધાન કર્મો કરેલા છે. જ્યારે તમારા પુત્ર દુર્યોધને કપટથી જ સાધ્ય એવા અધમા અધમ કર્મો કરેલા છે. બુધ્ધિ અને બલથી શ્રેષ્ઠ કર્મો કરતા થકા પાંડવો ઉન્નિતિ શીલ જ થયા છે અને થતા રહેશે જ્યારે તમારા પુત્રો કપટ વડે ધુત ક્રીડા જેવા અધમાધમ કર્મો કરી દુર્ગતિને જ પામલશે. (શ્લોક-૭૬) હવે નીતિકાર પુનઃ ધૃતરાષ્ટ્રને દુર્યોધનાદિ પર રાજ્યભાર નાખવાની મનાઇ કરતા કહે છે-

શ્લોક - ૭૭ दुर्योधनेऽथ शकुनौ मूढे दु:शासने तथा।

कर्णे चैश्वर्य माधाय कथं त्वं भूतिमिच्छसि॥

શ્લોકાર્થ :- હે રાજન્ ! દુર્યોધન, શકુનિ, મૂર્ખ દુઃશાસન અને કર્ણ પર ઐશ્વર્યનો ભાર (રાજ્યનો ભાર) રાખી તમો કેવી રીતે કલ્યાણ ઇચ્છો છો? અર્થાત્ આ લોકોના કર્મો યોગ્ય નથી.

ચ.ટી. :- અહીં નીતિકારનો ધૃતરાષ્ટ્રને કહેવાનો અભિપ્રાય એ છે કે જે રાજાના સલાહકારો વિચક્ષણ બુધ્ધિના હોય તેનાજ રાજ્યની ઉન્નતિ થાય છે. હે રાજન્! તમારા સલાહકારો દુષ્ટ તથા કપટી છે તો તેઓના માથે રાજ્યનો ભાર રાખી તમો કેવી રીતે રાજ્યની ઉન્નતિ કરી શકશો. કારણ આ લોકોના બધા જ કાર્યો ધર્મ વિરુધ્ધ છે. (શ્લોક-૭૭) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને પાંડવો પ્રત્યે યોગ્ય વ્યવહાર કરવાનું કહે છે-

શ્લોક - ૭૮ सर्वेंगुणै रुपे तास्तु पाण्डवा भरतर्षभ।

पिवयत् त्वयि पवन्ते तेषु वर्तस्व पुत्रवत्॥

इति श्री महाभारते उद्योगपर्वणि प्रजागर पर्वणि।

विदरनीति वाक्ये तृतीयोऽध्याय: ॥3 ॥

શ્લોકાર્થ :- હે ભરતકુલ શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્ર! સમસ્ત ગુણોથી યુક્ત પાંડુપુત્ર તમારા પ્રતિ પિતા સમાન વ્યવહાર કરે છે, અતઃ આપ પણ પુત્ર સમાન તેઓની રક્ષા કરો.

આ પ્રમાણે શ્રી મહાભારતમાં ઉધોગ પર્વાન્તર્ગત પ્રજાગર પર્વમાં વિદુર નીતિ વાક્યમાં અધ્યાય-ત્રીજો સમાપ્ત.

ચ.ટી. :- જે લોકો જેવો વ્યવહાર કરે તેના પ્રતિ તેવો જ વ્યવહાર કરવો એવો નિયમ છે. પાંડવો ધૃતરાષ્ટ્ર પ્રતિ પિતાનો વ્યવહાર કરે છે તો તેઓએ પણ પાંડવો પ્રતિ પિતાનો વ્યવહાર કરવો જોઇએ અને તેનું હિત કરવું એજ ધર્મ છે એમ નીતિકાર કહે છે. (શ્લોક-૭૮)

આ પ્રમાણે વિ. વદાન્ત,પુરાણેતિહાસાચાર્ય શાસ્ત્રી રાકેશકૃત મહાભારતના ઉધોગ પર્વ અન્તરગત પ્રજાગર પર્વમાં આવેલ વિદુર નીતિના તૃતીયાધ્યાય ની ચંદ્રાવલી ટીકા પૂર્ણ થાય છે.

અધ્યાય-૪

ચર્તુથ અધ્યાયનો સાર

ચતુર્થ અધ્યાયમાં વિદુરજી દ્વારા આત્રેય અને સાધ્યોના સંવાદ રૂપ ઇતિહાસ ધૃતરાષ્ટ્રના કથનાનુંસાર મહાકુળોના લક્ષણ તથા તેના દૂષિત કર્મોનો નિર્દેશ , હિતકારી વચનોનો ઉપદેશ, ધૃતરાષ્ટ્રની ઉદ્વિગ્નતા દૂર કરવાને અર્થ પ્રશ્ન તથા તેના સમ્બન્ધિત વિદુરજી દ્વારા નીતિનો ઉપદેશ વર્ણવવામાં આવ્યો છે.

તેમાં પ્રથમ વિદુરજી ધૃતરાષ્ટ્રને આત્રેય અને સાધ્યના દૃષ્ટાંત દ્વારા હિતની વાતનો ઉપદેશ આપે છે.

विदुर उवाच :-

શ્લોક - ૧ अत्रवोदाहरन्तीममितिहासं पुरातनम् ।

आत्रेयस्य च संवादं साध्यानां चेतिन: श्रुतम्॥

શ્લોકાર્થ :- વિદુરજી ધૃતરાષ્ટ્ર પ્રત્યે બોલ્યા -હે રાજન્! આ પ્રસંગમાં આત્રેય અને સાધ્યોના સંવાદ રૂપ પુરાતન ઇતિહાસ દૃષ્ટાંત રૂપે કહેવામાં આવે છે. એ અમોએ પર્વજો પાસેથી સાંભળ્યો છે.

ચ.ટી. :- 'दन्तान्त: कुशलो भवेत्' અર્થાત્ વક્તાએ દૃષ્ટાંત કુશળ હોવું જોઇએ, જેથી પાસંગિક અર્થ સ્પષ્ટ અને સંદેહ રહીત થાય. (શ્લોક-૧)

શ્લોક - ૨ चरन्तं हंस रुपेण महर्षि संशित व्रतम्।

साध्यादेवा महाप्रज्ञां पयपृच्छन्त वै पुरा॥

શ્લોકાર્થ :- સંન્યાસી રૂપમાં વિચર કરનારા, કઠોર તપસ્યા કરવાવાળા બુધ્ધિમાન મહર્ષિ આત્રય સાધ્ય દેવો એ પૂર્વે પુછેલું હતુ.

ચ.ટી. :- ઇતિહાસ- પુરાણો દ્વારા કોઇ વસ્તુની પ્રમાણિકતા સિધ્ધ થાય છે, તથા વિષય પણ નિશ્ચિત થાય છે. એટલે માટે વિદુરજી એ ધૃતરાષ્ટ્રને દૃષ્ટાંત દ્વારા સમઝાવવાનો પ્રયાસ કર્યો. જેમ ભગવાન શ્રીકૃષ્ણે પૃથા પુત્ર અર્જનજીને સમઝાવવા તથા વસ્તુનિ પ્રામાણિકતા સિધ્ધ કરવા માટે પ્રાચિન ઇતિહાસ સંભળાવેલો ''इमं विवस्वते योगं प्रोक्तवान हम व्ययम्। विवस्वान्मनवप्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत्॥ एवं परम्परा प्राप्त मिमं राजर्षयो विदु:। .... स एवायं मया तेऽद्य योग: प्रोक्त: प्रातन:। भक्तोऽसि मे सखाचेति रहस्यं ह्येतदुत्तमम्।. શ્રીકૃષ્ણ અર્જન પ્રત્યે બોલ્યા- આ અવિનાશી યોગ અમે સૂર્યને કહ્યો હતો, સૂર્યે પોતાના પુત્ર

વૈવસ્વત મનુ ને કહ્યો અને મનુએ પોતાના પુત્ર રાજા ઇશ્વાકુને કહ્યો. હે પરંતપ! આમ પરંપરાથી પ્રાપ્ત આ યોગને રાજાર્ષિઓએ જાણ્યો... તુ મારો ભક્ત અને પ્રિય સખા છે, માટે જ આ પુરાતન યોગ આજે અમે તને કહ્યો છે, કારણ કે આ ઘણુ ઉત્તમ રહસ્ય છે, એટલે કે ગુપ્ત રાખવા યોગ્ય વિષય છે.'' (ગીતા-૪/૧-૩) (શ્લોક-૨)

(૪૬) સાધ્ય દેવોનો પ્રશ્ન :-

साध्या उवाच : **સાધ્ય દેવો બોલ્યા :-**

શ્લોક - ૩ साध्या देवा वयमे ते महर्षे

दृष्टवा भवन्तं न शक्तनुमोऽनु मातुम्।

श्रुतेन धीरो बुध्धिमांस्त्वंमतो

न काव्यां वाचं वक्तुमर्हस्युदाराम्॥

શ્લોકાર્થ :- હે મહર્ષે! અમો સાધ્ય દેવો છીએ. તમને જોઇને 'તમે અમુક છો' એવું અમો અનુમાન કરી શકતા નથી. તમો શાસ્ત્ર જ્ઞાન વડે ધીર તથા બુધ્ધિમાન છો, એમ અમો માનીએ છીએ. આથી તમે અમને વિદ્વાનનાં લક્ષણને કહેનારી ઉદારવાણી કહેવાને યોગ્ય છો.

ચ.ટી. :- 'आकृत्तिः गुणान् कथयति- મનુષ્યના દેખાવ પરથી તેના ગુણો કહેવાય છે.' જેમ સાધ્ય દેવોને બ્રહ્માજીના અયોનિજ પુત્ર અને દત્તાત્રેય ચંદ્રદેવ અને દુર્વાસાના પિતા મહર્ષિ અત્રીના દેખાવા પરથી ખબર પડી ગઇ કે આ કોઇ ધીર તથા બુધ્ધિ માન પુરૂષ છે. એટલે તેઓ તેમની સમીપમાં જઇ અત્રીને પ્રશ્ન કરતા હતા. (શ્લોક-૩) હવે નીતિકાર આગળ સાધ્ય અને અત્રિ મુનિના સંવાદથી ધૃતરાષ્ટ્ર ને ઉપદેશ આપે છે કે તેમાં પ્રથમ તેઓ સમતાનો ઉપદેશ આપે છે-

(૪૭) અવશ્ય કરવા લાયક કર્મ :-

हस उवाच : હંસ બોલ્યા :-

શ્લોક - ૩ एततकार्य ममरा: संश्रुतं मे

धृति: राम: सत्य धर्मानुवृत्ति: ॥

ग्रन्थिं विनीय हृदयस्य सर्व

प्रियाप्रिय चात्मसमं नयीत ॥

શ્લોકાર્થ :- હે દેવતાઓ! અમે સાંભળેલુ છે કે ધૈર્ય તથા મનને વશમાં કરવું, સત્ય ધર્મનું પાલન કરવું જ કર્તવ્ય છે હૃદયની ગાંઠોને ખોલી પ્રિય અને અપ્રિયને સમાન માનો.

ચ.ટી. :- સજ્જનો માટે સુખ દુઃખ, માન અપમાન, હાનિ લાભ એ એક સમાન હોય છે એટલે માટે તેઓને સુખના કારણથો સુખ અને દુઃખના કારણથી દુઃખ થતું નથી. મનુ મહારાજ કહે છે 'एवं च सर्वभूतेषु पश्यत्यात्मानमात्मना। स सर्व समतामेत्य ब्रह्मभ्येति परं पदम्।. જે બધા મનુષ્યોને સમભાવતી જએ છે, સંપૂર્ણ જીવ પ્રાણી માત્રમાં પરમાત્મા તત્વનો અનુભવ કરે છે અને પોતાના સમાન જ બધા સાથે વ્યવહાર કરે છે તે જ માનવ કહેવાય છે તથા તે જ શાંતિ તથા મોક્ષ પ્રાપ્તિનો અધિકારી થાય છે.' (મનુ. ૧૨/૧૨૫) ભગવાનશ્રી કૃષ્ણ કહે છે 'ज्ञेय: स नित्यसंन्यासी यो न द्वष्टि न काङ्क्षति। निद्वन्द्वोहि महाबाहो सुखं बन्धात् प्रमुच्यते॥ જે પુરૂષ ન તો કોઇની સાથે દ્વેષ કરે છે અને ન આકાંક્ષા કરે છે. તેને સદા સન્યાસી જ સમઝવો જોઇએ, કારણ રાગદ્વેષાદિથી રહિત પુરૂષ જ સંસાર બંધ નથી મુક્ત થાય છે' (ગીતા-૫/૩) વ્યાસજી કહે છે ' आनृशंस्यं परो धर्म: -વસ્તુતા એ સમતા એજ પરમ ધર્મ છે.' (મહા. વન. ૩૧૩/૧૩૨) ભીષ્મ પણ કહે છે- 'यमर्थसिद्धि: परमान मोहयेत, तथैव काले व्यसनं न मोहयेत। सुख च दु:संच तथैव मध्यमं, निषेवते य:

स धुरंधरोनर: ॥ વિપુલ ધન સંપત્તિની પ્રાપ્તિ માં જે હર્ષિત થતો નથી, અન વધ, પડતા કષ્ટમાં પણ જે દુ:ખોત થતો નથી, સુખ દુ:ખની અવસ્થામાં જે સ્થિરતા બનાવી રાખે છે તે જ સર્વોત્તમ પુરૂષ છે.' (મહા. શાંતિ. ૨૨૬/૧૬) (શ્લોક-૪) હવે નીતિકાર ગાળ આદી સહન કરવાનો ઉપદેશ આપે છે.

(૪૯) ક્ષમાશીલ પુણ્ય, ભાગી થાય છે. :-

શ્લોક - ૫ आक्रुश्यमानो नाक्रोशेन्मन्युरेव तितिक्षत: ।

आकोष्टारं निर्दहति सुकृतं चास्य विन्दति ॥

શ્લોકાર્થ :- કોઇ ગાળો દે તો પણ તેને સામી ગાળ દેવી નહિ, આમ જે ગાળને સહન કરે છે, તેનો ક્રોધ જ ગાળ દેનારાને બાળી મૂકે છે, તેમ તેના પુણ્યને લઇ લે છે.

ચ.ટી. :- નીતિકારે કહેલા આ શબ્દો તેઓના જીવનમાં અક્ષેરશ: સત્ય થએલા જોવા મળે છે આ પવિત્ર નીતિનો ઉપદેશ સંભળાવ્યા બાદ પ્રાત: કાળે દુર્યોધનને પોતાના ગુપ્તચરો દ્વારા એ વાતની ખબર પડી કે ગઇ કાલે રાત્રીને વિષે મહામંત્રી વિદુરજીએ મારા વિરુધ્ધ મારા પિતા ધૃતરાષ્ટ્રની ખૂબ કાન ભંભેરણી કરી છે ત્યારે તે સભામાં બેઠેલા વિદુરજીને અપશબ્દો સંભળાવતો બોલ્યો 'અરે, આ કુટિલ દાસી પુત્રીને અહીં કોણે બોલાવ્યો છે? આ જેમના ટુકડા ખાઇ ખાઇને જીવે છે તેમનો જ વિરોધિ થઇને શત્રુનું કામ સાધવા માગે છે એના પ્રાણ તો ન લો, પણ તેને અમારા નગરમાંથી તરત બહાર કાઢી મૂકો' આ પ્રમાણે પોતાના ભાઇ ધૃતરાષ્ટ્રની સામે જ દુર્યોધનમહાત્મા વિદુરને કટુ વચન કહ્યા પરંતુ વિદુરજી એ દુર્યોધનને કંઇ પ્રત્યુત્તર ન આપ્યો અને કૌરવોનું સમસ્ત સુકૃત લઇને તેઓ રાજ ભવનની બહાર નીકળો તીર્થ યાત્રા માટે જતા રહ્યા અને તે પછી મહાભારત યુધ્ધ થયું જેમાં કૌરવોનું સર્વસ્વ સમાપ્ત થઇ ગયુ. આ

સંબંધમાં મનુ મહારાજ કહે છે 'सुखं ह्यवमत:शेतेसुखं व प्रतिबध्यते। सुखं चरति लोकेऽस्मिन्नवमन्ता विनश्यति॥ જે અપમાન સહન કર છે તે નરને સુખેથી નિદ્રા આવે છે અને તે સુખેથી જાગૃત થાય છે અને સુખેથી સમાજમાં હરે ફરે છે પણ જે અપમાન કરનારો છે તેનો વિનાશ થાય છે.' (મનુ સ્મૃતિ/૨/૧૬૩) (શ્લોક-૫) હવે નીતિકાર કેટલોક આચારનો ઉપદેશ આપે છે -

શ્લોક - ૬ नाक्रोशी स्यान्ना वमानी परस्य

मित्रद्रोही नोत नीचोपसेवी।

न चाभिमान्त न च हीनवृत्तो

रुक्षां वाचं रुपतीं वर्जयीत॥

શ્લોકાર્થ :- બીજાની નીંદા ન કરવી, ન અપમાન, મિત્ર દ્રોહ તથા નિમ્ન પુરૂષોની સેવા ન કરી. અભિમાની તથા સદાચાર હિન ન થાય અને રૂખી કથા ક્રોધ યુક્ત વાણીનો ત્યાગ કરવો.

ચ.ટી. :- શાસ્ત્રકારોએ સામાન્ય મનુષ્યની પણ નીંદા કરવાનો મનાઇ કરી છે. 'न निन्दा ताडने कुर्यात्- કોઇની નીંદા તથા તાડના ન કરવું (યાજ્ઞ. ૧/૧૧૫૫) જો સામાન્ય મનુષ્યની નીંદા ન કરવાની આપ્ત પુરૂષો એ મનાઇ કરે છે તો વિશેષ એવા બ્રાહ્મણ, ગુરૂ, રાજા આદીની તો કેવી રીતે થાય? અને થાય તો દક્ષ પ્રજાપતિની જેમ વિપરીત પરિણામ ભોગવવા માટે તૈયાર રહેવું પડે. એટલે જ માટે પાર્વતી પુત્ર સ્કન્દ કહે છે- 'श्रुति भूदेव देवानां नृपसाधुतपस्विनाम्। पतिव्रतानां नारीणां निन्दा कुर्यात् कर्हिचित्॥ શ્રતિ-વેદ, બ્રાહ્મણ, દેવતા, રાજા, સાધુ, તપસ્વી અને પતિવ્રતાસ્ત્રી, આટલાની નિંદા ક્યારેય પણ ન કરવી.' (સ્કન્ધ. કા. ખં. ૩૮/૯૧) શ્રીયાજ્ઞવલ્ક્યઋષિ તો 'गुरुणामध्यापिक्षेपो वेदनिन्दा सुहृद्वध:। ब्रह्महत्यासमं ज्ञयमधीतस्य च नाशनम्॥ ગુરૂજનોની અધિક નિંદા, મિત્રોનો વધ અને ભણેલા

વેદનો નાશ આ બધા બ્રહ્મ હત્યા સમાન થાય છે.' (યાજ્ઞ. સ્મૃ. ૩/૨૨૮) આ વચનથી વેદાદિની નિદા કરનારને બ્રહ્મ હત્યારા સમાન કહે છે અને નરનારાયણ દેવ 'तीर्थानि देवप्रतिमा निन्देयुर्येकुबुद्धयः। तेषां तु जार जातानां वंशोच्छेदो भवेद् ध्रुवम्॥ તીર્થોની તથા દેવતાઓની મૂર્તિઓની જે કુબુધ્ધિ લોકા નીંદા કરે છે તે વ્યભિચારથી જન્મેલા મનુષ્યના વંશનો ચોક્કસ નાશ થાય છે.' (વા.મા.૨૦/૪૯) આ વચનથી તીર્થાદિક ની નિંદા કરનારાને વ્યભિચારથી જન્મેલા કહે છે. તથા સુમન્તુ મુનિતો 'देवर्षिब्राह्मणाचार्य मातृपितृ नरेन्द्र साधुसतीनां। परिवाद न आक्रोश वोल्मुकेन जिह्वां दहेद्धिरण्यंदद्यात्॥ દેવ, ઋષિ, બ્રાહ્મણ, આચાર્ય, માતાપિતા, રાજા, સાધુ અને પતિવ્રતા સ્ત્રી, આટલાની જો નિંદા કરી હોય અથવા બૂમરાણ કરીને તેઓનું અપમાન કર્યુ હોય તો તેની જીભને સળગતા કાષ્ટથી દઝાડવી અને નિંદા કરનારા મનુષ્યે પ્રાયશ્ચિતરૂપે સુવર્ણનું (સોનું) દાન કરવું. (સુમન્તુ મુનિ.) આ વચનથી આવા નિંદકોને દંડ કરવાનું કહે છે.

તેજસ્વી પુરૂષનું અપમાન કરવાથી શ્રેષ્ઠ અને અજેય કુળ પણ યાદવો અને ધનાનંદનો જેમ નાશ પામે છે. શુકદેવજી કહે છે 'आयुःश्रियं यशोधर्मं लोकानाशिष एव च। हन्ति श्रेयांसि सर्वाणिपुंसो महद तिकमः॥ જે લોકો મહાન સંતપુરૂષોનો અનાદર કરે છે, તેના તે કુકર્મ તેની આયુષ, લક્ષ્મી, કીર્તિ, ધર્મ, લોક-પરલોક, વિષય ભોગ અને બધા કલ્યાણના સાધનો નાશ કરી દે છે.' (ભાગ ૧૦/૪૨/૪૬)

સુખ અને દુઃખમાં ઢાલની જેમ પોતાની રક્ષા કરનાર મિત્ર નો દ્રોહ કરનારા ને કૃતાદિન તથા બ્રહમ હત્યારો કહ્યો છે આ સબંધમાં વિષ્ણુશર્મા કહે છે- 'यस्त्यक्त्वा सापदं मित्रं याति निष्ठरतासुहृद्। कृतघ्नस्तेन पापेन नरके यात्यसंशयम्॥ જે મિત્ર કષ્ટમાં ફસાયેલા મિત્રનો ત્યાગ કરી કઠોરતા બતાવે છે તે કૃતઘ્ન તે

પાપને કારણે નિ:સંદેહ નરકમાં પડે છે.' (પંચતંત્ર/અપરિક્ષિત/૩૯) યાજ્ઞ વલ્કય પણ કહે છે - 'गुरुणामध्यपिक्षेपो वेद निन्दा सुहृद्वधः। ब्रह्महत्यासमं ज्ञेयमधीतस्य च नाशनम्॥ ગુરૂજનોની અધિક નીંદા મિત્રનો દ્રોહ અને ભણેલા વેદનો નાશ આ બધા બ્રહ્મ હત્યા સમાન થાય છે.' (યાજ્ઞ.સ્મૃ.૩/૨૫૮) 'अपिब्रह्मवधंकृत्वाप्रायश्चित्तेन शध्यति। तदेर्हेण विचार्येण न कथञ्चित्सुहृद्रुहः॥ મનુષ્ય બ્રાહ્મણનો વધ કરી પ્રાયશ્ચિત કરવાથી શુધ્ધ થાય પણ મિત્ર દ્રોહી કોઇપણ પ્રકારના અનુષ્ટાનથી શુધ્ધ થતો નથી. (પંચતંત્ર/મિત્ર/૨૯૮)

નીચ પુરૂષોનો સંગ અને તેવાઓની સેવા કરનાર હંમેશા કષ્ટના ભાજી થાય છે માટે જ એવાઓનો સંગ તથા તેવાઓની સેવાનો ત્યાગ કરવા માટે આપ્ત પુરૂષો કહે છે. 'उत्तमानेव सेवत प्राप्तकाले तु मध्यमान्। अधमांस्तु न सेवेत य इच्छेद भूमिमात्मनः॥ પોતાનું કલ્યાણ ઇચ્છનારા મનુષ્યે ઉત્તમ પુરૂષનું જ સેવન કરવું, કોઇ કાર્ય વિશેષ આવતા મધ્યમ પુરૂષની સેવા કરવી, પરંતુ અધમ પુરૂષની સેવા ક્યારેય પણ ન કરવી.' (વિ. નીતિ. ૪/૨૦) 'वनेऽपि सिंहान नमन्ति पर्णँ बभुक्षितानाशनिरीक्षणञ्च। धनैविहीनाः सकलेषु माता न नाचकर्माणिं समाचरन्ति॥ સિંહો ભલે વન વગડામાં રહ્યા હોય , ત્યારે ક્ષુધાતુર થઇ નાશ પામવા તૈયાર થયા હોય છતાં પાંડાદા કે ઘાસ તરફ નમી પડતા નથી. એટલે નીચા કુળમાં જન્મેલા મહાન લોકો ધનહીન થયા હોવા છતા નીચોની સેવા કરતા નથી' (ગરૂડપુરાણ/ ૧૧૫/ ૧૪)'किमशुभं प्रात्रेतरोपाश्रयः અસુભ શુ છે? અજ્ઞાનિઓનું શરણ' (કવિતામૃતકૂપ/૫૩) 'उद्भासिताखिलखलस्यविश्रृङ्खलस्य, प्राग्जातविसृतनिजाधमकर्मवृत्तेः। दैवैदवाप्तविभवस्यगुणाद्विषोऽस्य, नीचस्य गौचरतैः सुखमास्यते कैः॥ જેણે પોતાની સંપૂર્ણ દુર્જનતા બહેલાવી છે, જે નિરંકુશ છે, જેનાં પૂર્વ જન્મમાં કરેલા અધમ કર્મોની વૃત્તિ આ સમયે વિસ્તાર પામી છે. જેણે પ્રારબ્ધવશાત્ વૈભવપ્રાપ્ત કરેલો છે અને

જે ગુણોનો દ્વેષ કરે છે, તેવાનીચ પુરૂષને પાલે પડેલા ક્યા માનવો સુખ પૂર્વક બેસી શકે? અર્થાત્ જેઓનો સંગ કે સેવા કરવાથી માનવ દરેક પ્રકારે ખૂબ કષ્ટ પામેલ છે.'' (નીતિશતક/૫૯)

અહંકારી મનુષ્યનું રાવણ હિરણ્યકશિપુ અને દેવરાજ ઇન્દ્રી જેમ પતન થાય છે માટે ક્યારે જાતિ, કુળ, ઐશ્વર્ય તથા સામર્થ્યાદિનો અહંકાર ન કરવો ભગવાન શ્રીકૃષ્ણ કહે છે ''जन्मकर्मवयोरुप विद्वश्वर्यधनादिभिः। यद्यस्य न भवेत स्तम्भस्तत्रायं मदनुग्रहः॥ मानस्तम्भनिमित्तानां जन्मादीनां समन्ततः। सर्व श्रेष्ठः प्रतीवानां हन्न मुण्येन्नमत्परः॥ મનુષ્ય યોનિમાં જન્મ લઇ જો કુલીનતા, કર્મ, અવસ્થા, રૂપ, વિદ્યા, ઐશ્વર્ય અને ધન આદિને કારણે અહંકાર ન આવે તો સમજવું જોઇએ કે મારી ઘણી કૃપા છે કુલીનતા આદિ ઘણા કારણ છે જે અભિમાન અને જડતા આદિ ઉત્પન્ન કરીને માનવને કલ્યાણના સમસ્ત સાધનોથી વંચિત કરી દે છે. પરંતુ મારા શરણાગત હોય છે તે આનાથો મોહિત થતા નથી.'' (ભાગ ૮/૨૦/૨૫-૨૬) 'क्रोध श्रियं सर्वमेवाभिमानः। ક્રોધ ધનનો અને અભિમાન સર્વસ્વનો નાશ કરે છે.'

મનુ મહારાજ કહે છે 'आचारः परमो धर्म श्रुत्युक्तः स्मार्तएवच! વેદ અને ધર્મ શાસ્ત્ર દ્વારા બતાવવામાં આવેલો આચાર પરમ ધર્મ છે.' એટલે જેને આત્માની ઉન્નતિ ઇચ્છવી હોય તેણે હંમેશા આચારનું પાલન કરવું કહ્યુ પણ છે. ''आचारः प्रभवो धर्मः धर्मस्य प्रभुरच्युतः। आश्रमाचार युक्तेन पूज्ञितः सर्वदाहरिः॥ આચાર થી ધર્મ પ્રગટ થાય છે અને ધર્મના સ્વામો ભગવાન વિષ્ણુ છે તેથી જે પોતાના આશ્રમના આચારમાં સંલગ્ન છે તેના દ્વારા ભગવાન શ્રીહરિ હંમેશા પૂજાય છે.'' (નારદપુ.પૂ.૪/૨૨) ''आचाराद्लभतेचायुराचारल्लभतेप्रजाः। आचारादन्नमक्षय्यमाचारोहन्ति पातकम्। आचारः परमो धर्मो नृणां कल्याण कारकः। इह लोके सुखी भूत्वा परत्र लभते

सुखम्॥ આચારથી જ આયુષ્ય, સંતાન તથા અઢળક અન્નની પ્રાપ્તિ થાય છે. આચાર સંપૂર્ણ પાપને દૂર કરી દે છે. મનુષ્યને માટે આચારને કલ્યાણ કારક પર ધર્મ માનવામાં આવ્યો છે. આચારવાન મનુષ્ય આ લોકમાં સુખ ભોગવીને પરલોકમાં પણ સુખી થાય છે.'' (દેવી. ભાગ-૧૧/૧/૧૦-૧૧) ''आचारवान् सदा पूतः सदैवाचारवान सुखी। आचारवान् सदा धन्यः सत्यं सत्यं च नारद॥ હે નારદ! આચારવાન મનુષ્ય સદાપવિત્ર, સદાસુખી અને સદાય ધન્ય છે આ સત્ય છે સત્ય છે.'' (દેવી ભા. ૧૧/૨૪/૯૯)

વાણીની કઠોરતા ઉદ્વેગનું કારણ હોય છે અતઃ અપ્રિય વાણીનું ઉચ્ચારણ ક્યારેય પણ ન કરવું કારણ કે પ્રિય વાણી દ્વારા જ લોકોને પોતાના વશમાં કરી શકાય છે કહ્યુ પણ છે ''क्रुद्धः पापनकुर्यात् क्रुद्धो हन्याद् गुरुनपि। क्रुद्धः परुषयावाचा नरः साधूनधिक्षिपेत्॥ ક્રોધ આવતા કોઇનું પણ અનિષ્ટ ન કરવું કારણ કે ક્રોધ યુક્ત માનવ મોટા પુરૂષોને પણ મોતને ઘાત ઉતારી દે છે અને ક્રોધતી યુક્ત માનવ કઠોર વાણીથી શ્રેષ્ઠ લોકોનું પણ અમાન કરી બેસે છે. (વા.રામા.સું. ૫૫/૫) (શ્લોક-૬) હવે નીતિકાર કઠોર વાણી ઉચ્ચારણ ન કરવાનો ઉપદેશ બે શ્લોકથી આપે છે -

શ્લોક - ૭ मर्माण्यस्थीनि हृदयं तथा सून्
रुक्षावाचोनिर्दहन्तीह पुंसाम्।
तस्माद् वाचमुषतीमुग्ररुपां
धर्मरामो नित्यशो वर्जयीत॥

શ્લોક - ૮ अरुन्तुद पुरुषं रुक्षवाचंवाक्
कण्टकैर्वितुदन्तं मनुष्यवान्।
विद्यादलक्ष्मी कतमं जनानां

मुखे निबद्धां निर्ऋतिं वै वहन्तम्॥

શ્લોકાર્થ :- કઠોર વાત મનુષ્યના મર્મસ્થાન, આસ્થ, હૃદય તથા પ્રાણોને બાળી નાખે છે માટે ધાર્મિક વ્યક્તિ દાહ કરનારી દોષયુક્ત કઠોરવાણીને હંમેશને માટે છોડી દે. મર્મ સ્થાનોને વિદિર્ણ કરનાર કઠોર અને દોષ ભરી વાણી તથા વાક્ બાણોથી મનુષ્યને દુઃખ પહોચાડવા વાળા મનુષ્યને અતિ દરિદ્ર સમજે અર્થાત્ તે પોતાના મુખથી દરિદ્રતા અને મૃત્યને વહન કરી રહ્યો છે.

ચ.ટી. :- બાણોથી વિધ્ધ અંગ આદિ ઉપચાર કરવાથી ભરાઇ જાય છે. પરંતુ વાણીથી વિંધાયેલું હૃદય ક્યારેય પણ કોઇ ઔષધથી પણ ભરાતુ નથી. એટલે માટે દુર્વાચ્ય અને કઠોર વચન ક્યારેય પણ ન બોલવું. ભગવાન વેદ વ્યાસજી કહે છે. ''नारुन्तुदः स्यान्ननृशंसवादी न हीनतः परमभ्याददीत। वयास्य वाचा पर उदिजेतन तां वदेद् रुशतीं पाप लोक्याम्॥ वाक्सायका वदनान्तिष्यतन्ति यराहतः शोचति राज्यहानि। परस्य वा मर्मसु येपतन्ति तान् पण्डितो नावसृजेत् परेषु॥ બીજાના મર્મ પર આઘાત ન કરવો, ક્રૂરતા પૂર્ણ વાત ન ઉચ્ચારવી, અન્યને નીચો ન બતાવે, જેના કહેવાથી અન્યને ઉદ્વેગ થાય એવી કડવી વાત પાપીઓના લોકમાં લઇ જાય છે, અતઃ એવી વાત ક્યારેય ન બોલે. વચન રૂપિ બાણ મુખમાંથી નીકળે છે જેનાથી આહત થયેલો મનુષ્યરાત્રી દિવસ શોકમાં પડયો રહે છે અતઃ અન્યના મર્મ સ્થાનને પીડા પહોંચાડેલ એવા વચનો વિદ્વાન પુરૂષે બીજા પ્રત્યે ક્યારેય પણ ન કહેવા.' (મહા.અનુ. ૧૦૪/૩૧-૩૨) (શ્લોક-૭, ૮) હવે નીતિકાર સજ્જનની સજ્જનતા વીશે કહે છે.

(૪૯) સજ્જનતા ક્ષમાશીલ જ હોય :-

શ્લોક - ૯ परश्चदेन मभिविध्येत बाणै

भृसं सुतीक्ष्णैरनलार्कदीपैः॥

स विध्यमानोऽप्यतिदह्यमानौ

विद्यात्कविः सुकृत मे दुधाति॥

શ્લોકાર્થ :- સાચો મનુષ્ય કોઇ સજ્જનને અગ્નિ તથા સૂર્ય જેવા અત્યંત તીક્ષ્ણ અને પ્રદીપ્ત વાગ્બાણોથી અતિશય વીંધો નાખે તો પણ તે વિદ્વાન તો આમ વીંધાયા છતાં અને આમ અતિશય દાહલાગ્યા છતા એમ જ જાણે કે આ તો મારા પુણ્યમાં વધારો કરે છે.

ચ.ટી. :- આજ અધ્યાયમાં શ્લો-૫ માં પણ નીતિકારે 'आकुश्यमानो नाक्रोशेन्मन्युरव तितिक्षतः। आक्रोष्टारं निर्दहति सुकृतं चास्य विन्दति॥ કોઇ ગાળો દે તો પણ તેને સામી ગાળ દેવી નહિ, આમ જે ગાળને સહન કરે છે, તેનો ક્રોધ જ ગાળ દેનારાને બાળી મૂકે છે, તેમ તેના પુણ્યને પ્રાપ્ત થાય છે' આ વચનથી આજ વાત કહી છે અને પુનઃ તે વાતની તેઓ અહી પુષ્ટી કરે છે. આ સંબન્ધમાં તેઓનું જ દૃષ્ટાંન પર્યાપ્ત છે કે જેઓએ દુર્યોધન દ્વારા અત્યંત કટુ વચન કહેવા છતા તેને કંઇ પ્રત્યુત્તર ન આપો તેના બધા સુકૃતને ખેંચી લીધા (શ્લોક-૯) હવે નીતિકાર જેવો સંગ કરે તેવા જ મનુષ્યમાં ગુણ આવે તે કહે છે -

(૫૦) જેવો સંગ તેવો રગ :-

શ્લોક - ૧૦ यदि सन्तं सवति यद्य सन्तं

तपस्विनं यदि वा स्तेनमेव।

वासो यथा रङ्गवशं प्रयाति

तथा स तेषां वशमभ्युपति॥

શ્લોકાર્થ :- વસ્ત્ર જેવા રંગનો સંગ કર છે તેવા રંગ વાળ તે થાય છે તેમ મનુષ્ય પણ સાધુ, અસાધુ, તપસ્વી તથા ચોર એ પૈકી જેની સંગતિ કરે છે તના જેવો થાય છે.

<u>ચ.ટી. :-</u> સંગ તેવો રંગ એ કહેવત પ્રમાણે મનુષ્ય જેનો સંગ કરે છે તેવો થઇ જાય છે સજ્જન મનુષ્ય દુર્જનનો સંગ કરે તો તેના રંગે રંગાઇ જાય છે અને દુષ્ટ જન પણ જો સાધુનો સંગ કરે તો તે તેના જેવો થઇ જાય છે. આ સંબંધમાં દુર્યોધનનું દૃષ્ટાંત પર્યાપ્ત છે તેણે કપટી અને જગારી એવા મામા શકુનિનો સંગ કર્યો તો તેના જેવો કપટી અને જગારી થઇ ગયો અને પાંડવોએ મહાત્મા વિદુરનો સંગ કર્યો તો તેઓ બધા તેઓના જેવો નીતિનિપુણ અને ધર્માત્મા થઇ ગયા આ સંબંધમાં શ્રી હરિ કહે છે - ''यादक्संगो भवेत्पसस्तादृशं हि मनोभवेत्॥ सप्त भौमे महासौधे दर्पणालिविराजिते॥ सत्गंध वासोऽलंकार जुष्टस्त्रसभाभवेत्॥ वेश्यानृत्यं सवादित्रं चषकाश्च सुरा भृताः। तत्रस्युरुपदंशाश्चधूपाश्चा गुरुजा अपि॥ भक्तोऽपि तत्रगत्वा चेन्निषीदेन्तर्हि तन्मनः। शुद्धमप्यन्यथैव स्यादोषात्संसर्ग सभवात्॥ धर्मज्ञान विरागाढ्य भक्ति वार्ता च कुर्वताम्। कथांजीर्णा बरधृतां सभा स्यादुढजे सताम्॥ तत्र गत्वा निषीदेत् चेदृसचारोऽपि कश्चन। तदा तस्यमनोदुष्टमपि स्यादन्यथैव हि॥ 'પુરૂષને જેવો સંગ થાય તેવુ જ તેનું મન થાય દર્પણોની લાઇનથી સુશોભિત એવી સાત માળવાળો મોટી મહલાતમાં પુષ્પોના હારો, સુગંધી ચંદન, ઉત્તમ વસ્ત્રો અને અલંકારથી યુક્ત સ્ત્રૈણ પુરૂષો ની સભા હોય અને તેમાં વાજીંત્રે સહિત વૈશ્યાઓનું નૃત્ય થતું હોય એવી જગ્યાએ જો પ્રત્યક્ષ ભગવાનનો ભક્ત પણ જઇને બેસે તો તે ભક્તનું માનસ નિર્મળ હોવા છતાં પણ સંસર્ગના દોષથી બીજી રીતનું થઇ જાય છે. તેવો દુઃર્સગ છે અને સાધુની પર્ણ શાળામાં ધર્મજ્ઞાન વૈરાગ્ય યુક્ત ભક્તિની વાર્તા કરનારા જીર્ણ વસ્ત્રોની કંથા ધારી સંતોની સભા ભરાઇને બેઠી હોય તે સભામાં જઇને જો કોઇ દુરાચારી પુરૂષ પણ બેસે ત્યારે તેનું મન મલીન હોવા છતા પણ પવિત્ર થઇ જાય છે (હરિવાક્ય સુધા સિંધુ તરંગ/૧૮/૩૮ થી ૪૩) વિષ્ણુ શર્મા પણ કહે છે ''काचः काञ्चनसंसर्गाद्धते मारकतीं द्युतिम्। तथा

सत्सन्नि धानेन मूर्खो याति प्रवीणताम्॥ કાંચ સોનાની સાથે રહેવાથી મરકતમણીની શોભા પ્રાપ્ત કરે છે તેજ પ્રમાણે મુર્ખ પણ (દુર્જન પણ) શ્રેષ્ઠ લોકોના સંગથી નિપુણ બની જાય છે.'' (હિતોપદેશ) (શ્લોક-૧૦) હવે નીતિકાર સ્વર્ગમાં જનારા મનુષ્યના લક્ષણ કહે છે -

(૫૧) દેવતાઓ કોને ચાહે છે (પ્રેમ કરે છે)

શ્લોક - ૧૧ अतिवादं न प्रवदेन्नवाद्ययेद्यो

नाऽहत: प्रतिहन्यान्नघातयेत्।

हन्तुं च यो नेच्छति पापकं वै

तस्मै देवा: स्पृह्यन्त्यागताय॥

શ્લોકાર્થ :- કોઇ મર્યાદા ઓળંગીન વાદ કરે, તો પણ જે તેની સાથે વાદ કરતો નથી, તેમજ બીજાને વાદ કરવા ઉશ્કેરતો નથી, કોઇ તાડન કરે તો પણ જે તેને તાડન કરતો નથી તેમજ અન્ય પાસે તાડન કરાવતો નથી અને જે પાપીને હણવા ઇચ્છતો નથી, તે સ્વર્ગમાં જાય છે અને દેવો પણ તેને ચાહે છે અર્થાત્ તેના આગમનની પ્રતિક્ષા કરે છે.

ચ.ટી. :- અત્રી ઋષિ એ અહીં સ્વર્ગ પ્રાપ્તિ કરવા માટે યોગ્ય અને દેવતાઓની કૃપા પ્રાપ્ત કરવા યોગ્ય જે પણ કોઇ લક્ષણો બતાવેલા છે એ બધા જ લક્ષણો મહારાજા યુધિષ્ઠિરમાં ઘટતા આવે છે. ધર્મરાજ યુધિષ્ઠિર કૌરવ અને પાંડવ ભાઇમાં ગુણે કરીને અને વયે કરીને જયેષ્ઠ હતા તેઓ સત્યવાદો, ધર્મમૂર્તિ, સરળ, વિનયી, મદમાન, મોહવર્જિત, દભ, કામ, ક્રોધ રહિત, દયાળુ ગૌ બ્રાહ્મણ પ્રતિપાલક, મહાનવિદ્વાનજ્ઞાનિ, ધર્મ સમ્પન્ન, ક્ષમાશીલ, તપસ્વી, પ્રજાવત્સલ, માતૃ-પિતૃ ગુરૂ ભક્ત અને ભગવાન શ્રીકૃષ્ણના આશ્રિત હતા. ધર્મના અંશથી ઉત્પન્ન થયા હોય ધર્મના ગૂઢ તત્વને તેઓ યથાર્થ રીતે જાણતા હતા.

ધર્મ અને સત્યની સૂક્ષ્મતર ભાવનાઓનો જો કોઇ કૌરવ પાંડવ ભાઇઓમાં પૂર્ણ વિકાસ થયો હોય તો તે મહારાજ યુધિષ્ઠિરમાં જ હતો સત્ય અને ક્ષમાં તો તેઓમાં સહજાત સ્વાભાવિક સદ્ગુણો હતા. મોટામોટા વિકટ પ્રસંગોમાં તઓએ સત્ય અને ક્ષમાનો ક્યારેય ત્યાગ ન કરલો. દ્રૌપદીના વસ્ત્ર પ્રસંગમાં ભોમ અને અર્જન જેવા યોદ્ધા માત્ર તેઓના સંકેત માત્રથી સમસ્ત કુરૂકુળનો વિધ્વંશ કરવા માટે તૈયાર હતા. ભીમ વાક્ પ્રહાર કરતા હોવા છતા પણ મોટા ભાઇના સંકોચથી મન મસળીને બેસી રહ્યા, પરંતુ ધર્મરાજ ધર્મને માટે ચુપચાપ બધુ સાંભળી રહ્યા હતા અને બધુ સહન કરતા હતા (અહીં અત્રિઋષિ એ કહ્યા પ્રમાણે 'કોઇ મર્યાદા ઓળંગીને વાદ કરે, તો પણ જે તેની સાથે વાદ કરતો નથી, તથા બીજાને વાદ કરવા ઉશ્કેરતો નથી.' આ ગુણ યુધિષ્ઠિરમાં જોવા મળે છે.)

નિત્યનો શત્રુ એવો દુર્યોધન વનવાસ દરમ્યાન પોતાનું ઐશ્વર્ય બતાવી પાંડવોને ઉશ્કેરવા માટે દ્વૈતવનમાં આવેલો. અર્જનજીના પ્રિય મિત્ર ચિત્રસેન ગંધર્વ તેનો કુભાવ જાણી લીધો એટલે તેઓ બધાને યુધ્ધમાં લલકારી પરાજીત કરી સ્ત્રીઓ સાથે કેદ કરી લીધા. ત્યારે તેમાંથી કેટલાક આમાત્યો ત્યાં સમિપમાં નિવાસ કરીને રહેલા યુધિષ્ઠિર મહારાજ પાસે આવ્યા અને તેઓને બધો વાત કરી તે સમયે તેઓ બધાની વાત સાંભળી ભીમસેન પ્રસન્ન થઇને બોલ્યા કે 'સારૂ થયું અમારૂ કરવાનું કાર્ય બીજાએ કરી દીધું.' પરંતુ ધર્મરાજ કંઇક બીજી જ વાત વિચારતા હતા તેઓને ભીમસેનના આ વાક્યો યોગ્ય ન લાગ્યા અને તેઓ ભીમસેન પ્રત્યે બોલ્યા ''ભાઇઓ! આ સમય કઠોર વચન કહેવાનો નથી. પ્રથમ તો આ લોકો આપણાં શરણમાં આવેલા છે, ભયભીત આશ્રિતોની રક્ષા કરવી એ ક્ષત્રિયોનો ધર્મ છે બીજ આપણી જાતીમાં અંદરો અંદર ભલે ગમે એટલો કલહ હોય પરંતુ જ્યારે કોઇ બહારનો બીજો આવી આપણે શતાવે

અથવા અપમાન કરે ત્યારે તેઓનો આપણે બધાએ મળીને પ્રતિકાર કરવો જોઇએ આપણા ભાઇઓ તથા કુરૂકુળની પવિત્ર સ્ત્રીઓને ગન્ધર્વોએ કેદ કરી લીધી છે અને આવા સમયમાં આપણે હાથ પર હાથ મૂકી બેસી રહેવું એ સર્વદા અનુચિત છે- 'ते शतं हि वयं यञ्च परस्पर विवाद न। परैस्तु विग्रहे प्राप्ते वयं पञ्चाधिकं शतम्॥ અંદરો અંદર વિવાદ થતા તેઓ સો ભાઇઓ અમે આપણે પાંચ ભાઇઓ છીએ પરંતુ બીજાનો પ્રતિકાર કરવાને અર્થે આપણે ભેગા થઇ એકસોને પાંચ થવું જોઇએ.' માટે ભાઇઓ! પુરૂષસિંહો! ઉભા થાવ અને જઇ શરણાગતની રક્ષા કરો અને કુળની કામિનિઓ સહિત દુર્યોધનને છોડાવી લાવો.''

અજાતશત્રુ ધર્મરાજના વચન સાંભલી અર્જુનજી ધર્મરાજ સમિપ પ્રતિજ્ઞા કરતા બોલ્યા કે 'જો દુર્યોધનને ગંધર્વોએ શાંતિ અને પમાધીન થઇને મુક્ત ન કરશે તો આજે ગન્ધર્વરાજના તપ્ત રૂધિરથી પૃથ્વની તૃષા શાંત થશે.' આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી અર્જુનજી અને ભીમસેન દુર્યોધન અને તેમની સ્ત્રીઓને ગંધર્વો થકી મુક્ત કરાવે છે.

વનવાસ દરમ્યાન દ્રૌપદી અને ભીમ ધર્મરાજને યુદ્ધ કરવા માટે કેટકેટલી વખત ઉત્તેજીત કરે છે અને મુખમાં જેવા આવે તેવા કટુવચન બોલી તાડિત કરે છે, પરંતુ ધર્મરાજ યુધિષ્ઠિર પોતાના સત્ય પર સ્થિત હતા તેઓ કહેતા કે 'બાર વર્ષ વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસની શર્ત અમોએ સ્વિકાર કરેલી છે તેનો ભગ અમો ક્યારેય ન કરીએ.' 'मम प्रतिज्ञां च निबोध सत्यां वृणे धर्ममृताज्जीविताच्च। राज्य च पुत्राश्च यशो धनं च सर्वं न सत्यस्य कलामुपेति॥ અમારી સત્ય પ્રતિજ્ઞા સાંભળો અમો ધર્મને અમરતા અને જીવનથી પણ શ્રેષ્ઠ માનીયે છીએ. સત્યની સામે રાજ્ય, પુત્ર, યશ અને ધનાદિનું કાંઇ પણ મૂલ્ય નથી.'

તદન્તર એકદિવસ દ્રૌપદિ એ યુધિષ્ઠિરને એ પણ કહ્યું 'પ્રિય! અમો ધર્મનું પાલન એટલે માટે નથી કરતા કે તેના થકી અમોને યથાર્થ ફળ પ્રદાન થાય. પરંતુ વેદાદિ શાસ્ત્રોની આજ્ઞા હોવાથી અમો ધર્મનું આચરણ કરીએ છીએ. ફલને માટે ધર્મનું આચરણ કરનારો સાચો ધાર્મિક નથી, પરંતુ ધર્મને તેના ફળની લેવડ દેવડ કરનારો કેવલ વ્યાપારી છે.'

વનમાં યક્ષરૂપ ધર્મના પ્રશ્નોનાના યથાર્થ ઉત્તર આપ્યા બાદ યક્ષ યુધિષ્ઠિર પ્રત્યે બોલ્યા કે 'તમારા આ મૃત ભાઇઓમાંથી કોઇપણ એકને અમો જીવિત કરી દેશુ.' ત્યારે યુધિષ્ઠિર મહારાજે નકુલને જીવિત કરવાનું કહ્યુ. ત્યારે યક્ષ બનેલા ધર્મ તેઓ પ્રત્યે બોલ્યા 'હે નર શ્રેષ્ઠ! આગળ જતા તમારે કૌરવો સાથે લડવાનું છે અને તેમા તમોને ભીમ અન અર્જન અત્યંત સહાય રૂપ થઇ પડશે તો તેમાંથી એકને જીવિત કરવાનું ન કરી તમોએ નુકલને જીવિત કરવાનું કેમ કહ્યુ?' ત્યારે યુધિષ્ઠિર બોલ્યા 'હે યક્ષ! અમારી બે માતા છે કુન્તિ અને માદ્રી અમારો એ બંને પ્રત્યે સમાન ભાવ છે કુંતાજીનો એક પુત્ર હું તો જીવિત છ જ, માતા માદ્રિનો પણ એક પુત્ર જીવિત રહેતો જ જોઇએ, અમોન રાજ્યની પરવા નથી.' યુધિષ્ઠિર મહારાજની સમબુધ્ધિ જોઇ ધર્મ પોતાના મૂળરૂપમાં આવી ગયા અને તેઓએ તેમના બધા ભાઇઓ જીવિત કરી દીધા છે.

વનવાસ દરમ્યાન એક દિવસ કમ્યવનમાં ભગવાન શ્રીકૃષ્ણ સત્યભામા સાથે પાંડવોને મળવા માટે આવ્યા અને તેઓને ઉપદેશ આપ્યો ત્યારે યુધિષ્ઠિર મહારાજ બે હાથ જોડી તેઓ પ્રત્યે બોલ્યા કે 'કેશવ! નિસ્સંદેહ પાંડવોની તમે જ ગતિ છો અમો બધા આપના શરણમાં છીએ. અમારા જીવનની અનન્યતા તમો જ છો. (અહીં યુધિષ્ઠિરની અનન્યતા જોવા મળે છે.)

દુર્યોધન દ્વારા લાક્ષાગૃહ ધુતક્રીડા, દ્રોપદી માનભંગ, ઘોષયાત્રા આદિ અમાનુષિ કસ્ટ અપાયા જે મૃત્યુદંડ સમાન હતા છતા યુધિષ્ઠિર મહારાજને દુર્યોધન ઉપર સહેજ પણ દુર્ભાવ ન હતો અને મહાભારતના યુધ્ધના અંતિમ સમય પર્યન્ત તેની સામે સંધિ માટે તથા કુળનો સંહાર અટકાવવાનો પ્રયાસ કરતા રહ્યા પરંતુ તેઓના આ પ્રયાસો નિષ્ફળ રહ્યા (અહીં અત્રી ઋષિએ કહ્યા પ્રમાણે 'મારખાઇન પણ મારવાનો પ્રયાસ કરતો નથી તથા બીજા પાસે માર ખવડાવતો નથી' યુધિષ્ઠિરના જીવનમાં જોવા મળે છે.)

ભગવાન શ્રીકૃષ્ણ સ્વધામ જતા રહ્યા એ વાત અર્જનના મુખ થકી સાંભળી યુધિષ્ઠિર મહારાજે હસ્તિનાપુરના સિંહાસન પર અભિમન્યુ પુત્ર પરિક્ષિતને સ્થાપિ પોતે અવધૂતનો વેશ ધારણ કરી મહાપ્રયાણ માટે નીકળી પડયા તે સમયે દ્રોપદી અને ભીમ આદોએ જોયું કે અમારા ભાઇ બધો વસ્તુનો ત્યાગ કરી અવધૂતનો વેશ ધારણ કરી મહાપ્રયાણ કરવા નીકળી પડયા છે ત્યારે તેઓ પણ તેમની સાથે થઇ ગયા. તે સમયે તેઓ સાથે એક શ્વાન પણ જોડાઇ ગયો મહાપ્રયાણના માર્ગમાં એકપછી એક દ્રૌપદી આદી પાંચય જણ પડી ગયા. ધર્મરાજ તેઓની ઉપેક્ષા કરી પેતા કૂતરાને લઇને આગળ વધી જાય છે. તે પછી દેવરાજ ઇન્દ્ર સ્વયં રથમાં સવાર થઇ ધર્મરાજને લેવા માટે આવે છે અને તેઓને કહે છે 'રાજન! આપ અમારી સાથે સ્વર્ગમાં પધારો તમામ ભાઇઓ તથા બધા દેવતાઓ તમારા આવવાની રાહ જએ છે.' ત્યારે ધર્મરાજ કહે 'ભલે' એમ કહી તઓએ પોતાની સાથે આવેલા શ્વાનને પણ રથમાં ચઢવા કહ્યુ. એટલે દેવરાજ યુધિષ્ઠિર પ્રત્યે બોલ્યા 'રાજન્! આ મોહ કેવો? તમો તો સિધ્ધ છો અને અમરત્વને પ્રાપ્ત કરી ચૂકેલા છો માટે આ કૂતરાનો અહિજ ત્યાગ કરી દો.' ત્યારે યુધિષ્ઠિર બોલ્યા 'દેવેન્દ્ર! આ પ્રમાણે કરવું એ આર્ય પુરૂષનો ધર્મ નથી. કારણ આ શ્વાન

અમારો શરણાગત ભક્ત છે તેનો ત્યાગ કરીને અમારે સ્વર્ગમાં પણ આવવાની ઇચ્છા નથી.' દેવારજ તો યુધિષ્ઠિર મહારાજની વાત સાંભળો આશ્ચર્ય ચકિત થઇ ગયા એવા જ સમયમાં પેલો કૂતરો અદૃશ્ય થઇ ગયો અને તેના સ્થાન પર ધર્મરાજ પ્રગટ થઇ ગયા અને તેઓ યુધિષ્ઠિર પ્રત્યે બોલ્યા કે- 'રાજન્! અમો તો તમારી ધર્મનિષ્ઠા તથા સત્યની પરીક્ષા જોવા માટે જ કૂતરાનું રૂપ ધારણ કરી તમારી પાસે આવેલા તમો પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છો માટે હવે આપ સંદેહે સ્વર્ગમાં પધારો.' તે પછી યુધિષ્ઠિર મહારાજ રથમાં બિરાજમાન થયા અને સ્વર્ગમાં તેઓનો દેવતાઓએ ખૂબ સત્કાર કર્યો આમ ઋષિ અત્રીએ જે લક્ષણો અહી કહેલા છે એ બધાજ લક્ષણો મહારાજ યુધિષ્ઠિરમાં યથાર્થપણે જોવા મળે છે. શ્લો-૧૧) હવે નીતિકાર ધર્માનું કુળ બોલવાની સલાહ આપે છે-

(૫૨) ચાર જાતનું બોલવું :-

શ્લોક - ૧૨ सव्याहृतं व्याहृताच्छ्रेय आहु :

सत्यं वदेद् व्याहृत तद्वितीयम्।

प्रियं वदेद् व्याहृतं तत्तृतीयं

धर्म ववेद् व्याहृतं तच्चतुर्थम्॥

શ્લોકાર્થ :- બોલવા કરતાં મૌન રાખવું શ્રેષ્ઠ કહ્યું કે, મૌન કરતાં સત્ય બોલવું તે શ્રેષ્ઠ છે, તે કરતાં સત્ય તથા પ્રિય બોલવું એ વધુ શ્રેષ્ઠ છે અને તે કરતા ધર્માનું રૂપ બોલવું સૌથી શ્રેષ્ઠ છે.

ચ.ટી. :- આ સમ્બન્ધમાં નીતિકાર સ્વયં દૃષ્ટાંત રૂપ છે કે જેઓ હંમેશા સત્ય, પ્રિય અને ધર્માનું રૂપ જ વચન બોલતા હતા અને એટલે જ માટે જ્યારે જ્યારે ધૃતરાષ્ટ્ર પર સંકત ઉપસ્થિત થતુ ત્યારે તેઓ મંત્રણા માટે પોતાના દુષ્ટ પુત્રોને ન બોલાવતા વિદુરજીને જ આમંત્રિત કરતા હતા અને વિદુરજી પણ તેઓન

ધર્મયુક્ત વચન સંભળાવી તેઓની શંકાનું સમાધાન કરતા હતા ધૃતરાષ્ટ્રને મનમા એ વાતનો નિશ્ચય હતો કે વિદુરજી ધર્મમાં આરૂઢ હોય અમને ધર્મ સંબંધિત જ ઉપદેશ આપશે. અને એટલે જ માટે હાલમાં પણ જ્યારે તેઓ પર કષ્ટ આવી પડયું ત્યારે તેઓએ મધ્યરાત્રીએ વિદુરજીને જ પોતાની પાસે બોલાવી તેમના થકી ધર્મનો ઉપદેશ શ્રવણ કર્યો. કહ્યુ પણ છે. 'सक्त्यं ब्रूयात् प्रियं ब्रूयात् न ब्रूयात् सत्यम प्रियम्। सत्यं न नानतं ब्रयादेष धर्मः सनातनः। સત્ય બોલવું પરંતુ તે સત્ય પ્રિય બોલો. જો સત્ય અપ્રિય હોય તો તેને ન બોલો. સત્ય હોવા છતા પણ જો તે અસત્ય હોય તો તેને ન બોલો આજ સનાતન અર્થાત્ પરમ્પરા પ્રાપ્ત વાસ્તવિક ધર્મ છે.' (શ્લો-૧૨) હવે નીતિકાર કાર જેવો સંગ કરે છે તેવો જ તે થાય છે તેની વાત કહે છે -

(૫૩) પુરૂષ સ્વતંત્ર છે :-

શ્લોક - ૧૩ याद्दशैः सन्निविशते याद्दशां श्चोयसेवते।
याद्गिच्छेच्च भवितुं ताद्ग भक्ति पूरूषः ॥

શ્લોકાર્થ :- મનુષ્ય જેવા વ્યક્તિના સંગ માં બેસે છે, જેવાઓનો સંગ કરે છે, અને જેવા બનવા ઇચ્છે છે તેવો થઇ જાય છે.

ચ.ટી. :- 'संसर्गजा दोष गुणाः भवन्ति' સંગથી જ મનુષ્યમાંગુણ દોષ આવે છે અને સાથે મનુષ્ય પણ તેવો જ બની જાય છે. દુષ્ટોના સંગથી શ્રેષ્ઠ મનુષ્ય પણ દુષ્ટ બની જાય છે. દુર્યોધન ના સંગથી ભીષ્મ પણ વિરાટ રાજાની ગાયોનું અપહરણ કરવા તેની સાથે ગયા એવું વિષ્ણુશર્મા પંચતંત્રમાં '' असतां सङ्गदोषेण साधवोयान्ति विक्रियाम्। दुर्योधन प्रसङ्गन भीष्मो गोहरणे गतः ॥'' (મિત્રભેદ/૧૯૫) આ વચનથી કહે છેઃ આ સંબંધમાં ચાણક્ય કહે છે 'आचनाच्छयनाच्यैव संजल्यात् सह भोजनात्। पुंसां संक्रमते पापं घटाद् घटमिवोदकम्॥ સાથે બેસતા, સાથે સુતા, સાથે

વાતચિત કરતા અનેસ ાથે ભોજન કરવાથી એકબીજાની બુરાઇઓ એક બીજાને પ્રાપ્ત થાય છે, જેમ એક ઘડમાંથી બીજા ઘડામાં જળ ઉલેચાય છે.'' (ચાણક્ય રાજનીતિ) ''बुद्धिश्चहुहीयते पुंसा नीचैः सह समागमात्॥ सा मध्यैर्मध्यतांयाति श्रेष्ठतां याति चौत्तनैः॥ નીચ લોકોની સંગતિથી પુરૂષોની બુધ્ધિનો હ્રાસ થાય છે, મધ્યમ કોટીના લોકોની સંગતિથી તે મધ્ય તથા ઉત્તમ લોકોની સંગતિથી તે શ્રેષ્ઠ બની જાય છે.'' ''हीयते हि मतिस्तात् होनैः सहसमागमात्। समैश्च समतामेति विशिष्टैश्च विशिष्ताम्॥ નીચના સંગથી મનુષ્ય નીચ બની જાય છે, પોતાના જેવાના સંગથી તે તેવો બની રહે છે અને વિશેષ વ્યક્તિઓની સંગતિથી તે વિશેષતા પ્રાપ્ત કરી લે છે.'' (શ્લો-૧૩) હવે નીતિકાર વિષયથી વિરક્ત થવાનો ઉપદેશ આપે છે -

(૫૪) વિષયનો ત્યાગ તે જ દુઃખનો ત્યાગ

શ્લોક - ૧૪ यतो यतो निवर्त ते ततस्ततो विमुच्यते।

निवर्तनाद्धि सर्वतो न वेत्ति दुःखमण्वपि॥

શ્લોકાર્થ :- પુરૂષ જે જે વિષયથી દૂર થાય છે, તે તે વિષયનાં દુઃખ થી તે મુક્ત થાય છે એ પ્રકારે સર્વ વિષયથી મુક્ત થતાં તેને લગાર પણ દુઃખ રહેતુ નથી.

ચ.ટી. :- સંસારનો એ નિયમ છે કે અન્તમાં વિષય છૂટી જાય છે, અતઃ જો વિષય મનુષ્યનો ત્યાગ કરે ત્યારે તને કષ્ટ થવું સ્વાભાવિક છે એટલે જ્ઞાનિ મનુષ્ય વિષય તેનો ત્યાગ કરે છે તે પૂર્વે જ તે વિષયનો ત્યાગ કરી દે છે. જેનાથી તેઓને કષ્ટનો અનુભવ કરવો પડતો નથી. જે માનવ પોતાની સમસ્ત કામનાઓ પર વિજય પ્રાપ્ત કરી લે છે તે સદા ને માટે સુખિ થાય છે કારણ કામનાઓ દુઃખ અને બંધનમાં હેતુ થાય છે જેમ કૂર્મ પોતાના બધા અંગોને સંકોચી લે છે તેજ પ્રમાણે જે જ્ઞાનિ પુરૂષ પોતાની સમસ્ત કામનાઓને બધી બાજએથી સંકેલી લે છે

અને રજોગુણથી રહિત થઇ જાય છે ત્યારે તે બધા પ્રકારના બંધનથી મુક્ત થઇ સુખનો અનુભવ કરે છે. આ સંદર્ભમાં બ્રહ્માજી પોતાની પ્રજાને ઉદ્દેશીને કહે છે. ''विद्वान कूर्म इवाङ्गा नि कामान्संहृत्य सर्वशः। विरजाः सर्वतो मुक्तो यो नरः स सुखी सदा॥ જે પોતાની સમસ્ત કામનાઓ પર વિજય પ્રાપ્ત કરી લે છે, તે સદાને માટે સુખી થાય છે કારણ કામનાઓ દુઃખ અને બંધનકારી છે. માટે જેમ કૂર્મ બધીબાજઓથી પોતાના અંગને સમેતિ લે છે તેજ પ્રમાણ વિદ્વાન મનુષ્ય પોતાની સમસ્ત કામનાઓ બધી બાજએથી સંકુચિત કરી રજોગુણથી રહિત થઇ બન્ધનોમાંથી મુક્ત થઇ સુખી થઇ જાય છે. (મહા/આશ્વ/૪૨/૪૬) આ સંબંધમાં શ્રીમદ્ ભાગવતમાં આવતા યયાતિ રાજાના જીવન ચરિત્રને અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે નહુષના પુત્ર યયાતિના લગ્ન શુક્રાચાર્યની પુત્રી દેવયાનિ સાથે થયા હતા. લગ્ન થયા ત્યારે દેવયાનિના કહેવાથી શુક્રાચાર્યજીના શિષ્ય વૃષપર્વાએ પોતાની પુત્રી શર્મિષ્ઠાને તેની સેવામાં સમપર્તિત કરી. મહારાજા યયાતિ પણ વર્ષો પર્યન્ત દેવયાનિ સાથે રમણ કરતા રહ્યા અને તેના થકી યયાતિ રાજાને સંતાનોની પ્રાપ્તિ થઇ તદન્તર એક દિવસ શર્મિષ્ઠાના અનુરોધથી યયાતિ રાજાએ શર્મિષ્ઠા સાથે પણ વિવાહ કરી તેના થકી સંતાનો ને ઉત્પણ્ન કર્યા. પરંતુ જ્યારે દેવયાનિને યયાતિ અને શર્મિષ્ઠાના સંબંધની ખબર પડી એટલે તે યયાતિનો ત્યાગ કરી પોતાના પિતા શુક્રાચાર્યના ઘરે જતી રહી અને પોતના પિતાને જઇ તેણે બધી વાત કરી. યયાતિ પણ તને લેવા માટે તેની પાછળ આવ્યા. પોતાની પુત્રીની વાતમાં ભળી શુક્રાચાર્ય ક્રોધાયમાન થયા અને તેઓએ યતાતીને શરીરથી વૃધ્ધ થઇ જવાનો શાપ આપ્યો. પરંતુ જ્યારે યયાતિએ શુક્રાચાર્યની પોતાના અપરાધ બદલ ક્ષમા માંગી ત્યારે શુક્રાચાર્યજીએ તેઓ પર અનુગ્રહ કરતા કહ્યું 'રાજન્! તમારા જે પુત્રો છે તેમાથી જે પણ કોઇ

તમારી વૃધ્ધાવસ્થા લઇ બદલામાં તમોને યૌવન પ્રાપ્ત કરાવશે તેનાથી તમો પુનઃ યૌવનત્વ પ્રાપ્ત કરશો.' તે પછી યયાતિના કહેવાથી શર્મિષ્ઠાના પુત્ર પુરૂએ યયાતિની વૃધ્ધાવસ્થા સ્વિકારી તેમને પોતાનું યૌવન પ્રદાન કર્યું અને તેના દ્વારા યયાતિ વિષયોનું સેવન કરવા લાગ્યા અને લાગ લગાટ એક હજાર વર્ષ પર્યન્ત વિષયો ભોગવવા છતા તેઓને તૃપ્તિ ન થઇ ત્યારે તેઓની પોતાના અધઃ પતન તરફ દૃષ્ટિ ગઇ ત્યારે તેઓને સંસાર થકી તીવ્ર વૈરાગ્ય થયો અને તેઓ પોતાની પત્ની દેવયાનિને સંબોધિ કહેવા લાગ્યા ''દેવયાનિ! પૃથ્વિમાં મારા સમાન વિષથી જીવનો આ સત્ય ઇતિહાસ છે. આવાજ ગ્રામવાસી વિષયી પુરૂષોના સમ્બન્ધમાં વનવાસી જીતેન્દ્રિય પુરૂષ દુઃખની સાથે વિચાર કરતા રહે છે કે આનુ કલ્યાણ કેવી રીતે થશે? એક બકરો હતો, તે વનમાં એકાકી જ પોતાની પ્રિય લાગવાવાળી વસ્તુને શોધતો ફરી રહ્યો હતો. તેણે જોયું કે પોતાના કર્મવશ એક બકરી કુવામાં પડેલી છે. તે બકરો ઘણો કામી હતી. તે વિચારવા લાગ્યો કે આ બકરીને કુવામાંથી કયા પ્રકારે કાઢી શકાય? તેણે પોતાના શીંગડાથી કુવાની પાસે રહેલી જમીન ખોડી નાથી અને માર્ગ તૈયાર કર્યો જ્યારે તે સુંદર બકરી કુવામાંથી બહાર નીકળી ત્યારે તેણે તે બકરાની સાથે સ્નેહ કરવાની ઇચ્છા કરી ને દાઢી મુછ મંડિત બકરો હુષ્ટપુષ્ટ અને યુવાન બકરીને સુખ આપનાર, વિહાર કુશળ તથા ઘણો પ્રેમી હતો. જ્યારે અન્ય બકરીઓએ જોયું કે કુવામાં પડેલી બકરીએ તે બકારીને પોતાનો પ્રેમ પાત્ર બનાવી લીધો છે, ત્યારે તે બકરીઓએ પણ તે બકરાને પોતાનો પતિ બનાવી દીધો. તેઓ બધો તો પ્રથમથીજ પતિની શોધમાં હતી તે બકરાના શીશ પર કામરૂપ પિશાચ સવાર હતો. તે એકાકી જ ઘણી બકરીઓ સાથે વિહાર કરવા લાગ્યો અને પોતાનો વિવેક ખોઇ બેઠો. તે સમયે તેની કુવામાંથી નિકળેલી બકરીએ જોયું કે મારો પતિ તો પોતાની પ્રિયતમા

બકરીની સાથ વિહાર કરી રહ્યો છે, તો તેનાથી બકરીની આ કરતુત સહન નથઇ. તેણે જોયું આતો ઘણો કામી છે, આના પ્રેમનો કોઇ વિશ્વાસ નથી અને મિત્રના રૂપમાં શત્રુનું કાર્ય કરી રહ્યો છે. અતઃ તે બકરી બકરાનો ત્યાગ કરી પોતાને પાલન પોષણ કરી મોટી કરનારને ત્યાં જતી રહી. તે દીન કામી બકરો તેને મનાવવા માટે મે મે કરતો તેની પાછળ ગયો. પરંતુ તેને માર્ગમાં મનાવી ન શક્યો તે બકરીના સ્વામી એક બ્રાહ્મણ હતા. તેઓએ ક્રોધમાં આવી બકરાના લટકતા અંડકોષને પાકી નાખ્યા, પરંતુ પાછા તે બકરાનું હિત કરવા તેને જોડી દીધા કારણ તેને આ પ્રકારના ઘણા ઉપાયો આવડતા હતા. પ્રિય! આ પ્રકારે અંડકોષ જોડાઇ જતા તે બકરો પાછો કુવામાંથી બહાર કાઢેલી બકરીની સાથે ઘણા દિવસ સુધિ રમણ કરવા લાગ્યો, પરંતુ આજસુધિ તેને સંતોષ થયો નથી સુંદરી અમારી પણ આજ દશા છે. તારા પ્રેમ પાસમાં બંધાઇને અમો પણ ઘણા દીન થઇ ગયા છીએ. પ્રિય! તારી માયા પર મોહિત થઇને અમો પોતાને ભૂલી ગયા છીએ. પ્રિય! પૃથ્વિમાં જેટલા ધાન્ય, સુવર્ણ, પશુ અને સ્ત્રીઓ છે તે બધા મળીને પણ એક પુરૂષના મનને સંતોષ આપી શકતા નથી, જે કામનાઓના પ્રવાહથી જર્જરિત થઇ ગયો હોય છે તેની વિષયોને ભોગવવાથી ભોગવાસના ક્યારેય પણ શાંત થતી નથી. પરંતુ ધૃતની આહુતિ આપતા અગ્નિ જેમ ભડકે બળે છે તેમ ભોગવાસના પણ ભોગથી પ્રબળ થાય છે. જ્યારે મનુષ્ય કોઇપણ પ્રાણિ અને કોઇપણ વસ્તુની સાથે રાગ દ્વેષનો ભાગ નથી રાખતો, ત્યારે તે સમદર્શી થઇ જાય છ તથા તેને માટે બધી દિશાઓ સુખમય થઇ જાય છે. વિષયોની તૃષ્ણા જ દુ:ખોનું ઉદ્ગમ સ્થાન છે. મન્દબુધ્ધિના લોકો ઘણા કષ્ટથી તેનો ત્યાગ કરી શકે છે. શરીર વૃધ્ધ થતાં તૃષ્ણા નિત્ય નવીન જ થતી રહે છે. અતઃ જે પોતાનું કલ્યાણ ઇચ્છે તેણે શગ્રાતિશીઘ્ર આ તૃષ્ણા (ભોગવાસના)નો

ત્યાગ કરવો જોઇએ. વધારે શું કહેવું પોતાની માતા, બહેન અને પુત્રી સાથે પણ એકાન્તમાં એકાશને ભેગા થઇ બેસવું નહિ જોઇએ કારણ કે ઇન્દ્રિયો એટલી બળવાન છે કે મોટા મોટા વિદ્વાનો ને પણ તે વિચલિત કરી દે છે. વિષયોનું વારંવાર સેવન કરતા કરતા અમારા એક હજાર વર્ષ પૂર્ણ થઇ ગયા, તે છતા ક્ષણ પ્રતિ ક્ષણ વિષયોની તૃષ્ણા વધતી જ જાય છે. એટલે માટે હવે અમો વાસનાનો પતિ ત્યાગ કરી અમારૂ મન પરમાત્માને સમર્પિત કરી દઇશું અને શીત -ઉષ્ણ, સુખ-દુઃખ આદિના ભાગોથો ઉપર ઉઠી અહંકારથી મુક્ત થઇ હરણોની સાથે વનમાં વિચરણ કરશુ. લોક અને પરલોકના ભાગો નરશ્વર છે, એવું સમઝી ન તો તે ભોગોનું ચિંતન કરવું જોઇએ કે ન તો તેના તરફ દૃષ્ટિ કરવી જોઇએ. તથા એવું સમઝવું જોઇએ કે ભોગના ચિંતન થી જ જન્મ મૃત્યુ રૂપ સંસારની પ્રાપ્તિ થાય ચે અને તેના ભોગથી આત્મનાશ થાય છે, વાસ્તવમાં તેનું રહસ્ય જાણી તેનાથી પૃથક રહેનારા જ વાસ્તવમાં જ્ઞાનિ છે.''

આ પ્રમાણે કહી યયાતિ સમસ્ત વિષયોનો તથા સમ્પત્તિનો ત્યાગ કરી વનમાં જતા રહ્યા પરંતુ જતા પહેલા પોતાના પુત્ર પુરૂને તેનું યૌવનત્વ પાછ આપી તેની પાસેથી પોતાનું વૃધ્ધત્વ પાછ લઇ લીધું અને વનમાં જઇ યયાતિ રાજાએ પોતાનું મન પરમાત્મા માં લગાવી દીધુ અને સમસ્ત આસક્તિથી છટકારો મેળવી પરમાત્માની પ્રાપ્તિ કરી લીધી.(ભાગ-સ્કં. ૯/૨૦) આમ વિષયો પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરાતા માનવને સહેજ પણ કષ્ટ પડતુ નથી અને તેનો ત્યાગ કરતા માનવને પોતાના વાસ્તવિક લક્ષ્યની જાણ થાય છે અને તે લક્ષ્યની પ્રાપ્તિને અર્થે માનવ પ્રયત્નશિલ બને છે જેમ યયાતિ રાજા બન્યા હતા. માટે જ દત્તાત્રેય ભગવાન કહે છે ''परिग्रहो हि दु:खाय यद् यात्प्रियतमं नृणाम। अनन्तं सुखमाप्नोति तद् विद्वान् यत्त्वकिंचन:॥ મનુષ્યને જે વસ્તુઓ પ્રિય લાગે છે, તેને

સંગ્રહ કરવી તે તેના દુ:ખનુ કારણ બને છે. જે બુધ્ધિમાન મનુષ્ય આ વાત સમઝી અકિંચન ભાવથી રહે છે- શરીરની વાત તો દૂર રહી મનથી પણ કોઇ વસંતુનો સંગ્રહ કરતો નથી તેને અનંત સુખની પ્રાપ્તિ થાય છે.'' (ભાગ.૧૧/૯/૧) સુભાપિત પણ કહે છે-'' विषस्य विषयाणां हि दृश्यते महदन्तरम्। अपभुक्तं विषं हन्ति विषया: स्मणादपि॥ વિષ અને વિષયોમાં ઘણું અંતર છે વિષતો ભક્ષણ કર્યા પછી મૃત્યુ પમાય છે જ્યારે વિષયતો ચિંતન માત્રથી નષ્ટ કરી દે છે.'' વેદ વ્યાસ પણ કહે છે ''दोषदर्शी भवत् तत्र यत्र स्नेह: प्रवर्तते। अनिष्टेनन्वितं पश्येद यथाक्षिप्र विरज्यते॥ જ્યા જે વ્યક્તિ, પરિસ્થિતિ ઘટના આદિમાં આસક્તિ થઇ રહી હોય તેમાં દોષ દૃષ્ટિ કરવી જોઇએ અને એમ સમઝવું જોઇએ કે તે આપણા માટે અત્યંત અનિષ્ટ પ્રદ છે અને અભ્યુદયમાં બાધક છે. આ પ્રમાણે ધીરે ધીરે કરવાથી પ્રભુની કૃપાથી વૈરાગ્ય થઇ જશે તથા ભગવાનમાં મન પણ લાગી જશે.'' (મહાભારત) (શ્લોક-૧૪) હવે નીતિકાર પરહંસની સ્થિતિમાં આરૂઢ થનારાના લક્ષણ કહે છે-

શ્લોક - ૧૫ न जीयते चानुजिगीषतेऽन्यायन्।

न वैरकृच्चाप्रतिघातकश्च।

निन्दा प्रशंसासु समस्वभावो

न शोचते हृष्यति नैव चायम्॥

શ્લોકાર્થ :- તે મનુષ્ય બીજાથી ન તો પરાજિત થાય છે અને ન તો કોઇને પરાજિત કરે છે. નિંદા અને પ્રશંસામાં સમાન રહે છે તથા તે શોક કરતો નથી અને હર્ષ પણ કરતો નથી.

ચ.ટી. :- નીતિકારે કહેલી આ સ્થિતિમાં આરૂઢ થયેલો માનવ પરમહંસ થઇ જાય છે કે જેને સુખ દુ:ખ સાથે કોઇ સંબંધ રહેતો નથી કારણ તે દ્વન્દ્વાતીત

અથવા પરમનિર્વાણાવસ્થા છે આ સમ્બન્ધમાં શ્રીમદ્ ભાગવતમાં આવતું એક તિતુક્ષુ બ્રાહ્મણનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. જેથી આ બાબત સ્પષ્ટરૂપે વિદિત થશે વાત એવી હતી કે પ્રાચિન સમયમાં ઉજ્જૈન નગરીમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તે ઘણો કૃપણ હતો તથા કામી અને લોભી પણ હતો તેણે ખેતી વ્યાપાર કરીને ઘણુ બધુ ધન ભેગુ કરેલું હતુ પરંતુ તે ધન ન તો તે સ્વયં ઉપયોગ કરતો હતો અને ન તો ક્યારેય પોતાના સગાસમ્બન્ધિઓને ઉપયોગ કરવા દેતો તેના આવા કૃપણ સ્વભાવથી તેના સગા સમ્બન્ધિ અત્યંત દુઃખી રહેતા હતા અને મનોમન તેના અનિષ્ટની ચિંતા કરતા હતા. એક સમયની વાત હતી તેનું સમસ્તધન તેના નેત્ર સામે જ નષ્ટભ્રષ્ટ થઇ ગયું તેમાંથી કેટલુક ધન તો તેના સબન્ધિઓએ લઇ લીધુ કેટલુક રાજાએ દંડના રૂપમાં લઇ લીધુ કેટલુક ધન ચોર લોકો ચોરી ગયા તથા કેટલુક ધન દૈવિકોપને કારણે નષ્ટ થઇ ગયુ.

આ પ્રમાણે ધન નાશ થઇ જવાથી આ કદર્યના નામના બ્રાહ્મણને કષ્ટતો ઘણું થય, તેનુ મન શોક પણ કરવા લાગ્યુ પરંતુ આમ ચિંતા કરતા કરતા તેને સંસાર પરથી વૈરાગ્ય થઇ ગયો. હવે ક બ્રાહ્મણ મનોમન વિચાર કરવા લાગ્યો કે ''હાય! ઘણા ખેદની વાત છે તે અમારા દ્વારા આટલા દિવસો વ્યર્થ જ ગયા જે ધન માટે અમોએ અથાગ પરીશ્રમ કર્યો તે ધન ન તો અમોએ ધર્મકાયમાં લગાવ્યુ કે ન તો તે અમોને ઉપયોગમાં આવ્યું. પ્રાયઃ દેખાય છે કે કૃણપ પુરૂપોને ધનથી ક્યારેય સુખ પ્રાપ્ત થતું નથી. તેઓ આ લોકમાં ધન કમાવવાની અને રક્ષા કરવાની ચિંતામાં જ બળતા રહે છે અને મૃત્યુ બાદ ધર્મ ન કરવાને કારણે નરકમાં જાય છે. એમાં સન્દેહ નથી કે સર્વદેવ સ્વરૂપ ભગવાને કૃપા કરી અમોને આવી દશામાં પહોચાડયો કે જેનાથી અમોને જગત પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો

હવે અમો અમારૂ શેષ જીવન કેવળ પરમાર્થના લાભ માટે જ વિતાવશુ અને આ મારા શરીરને તપસ્યા દ્વારા સુખ પહોચાડશુ.

આ પ્રમાણે કદર્ય એ વિચાર કરી તેણે પોતાની અહંપણાની ગાંઠ ખોલી નાંખી તે પછી તે શાંત થઇ મૌની સંન્યાસી થઇ ગયો. તેના ચિત્તમાં કોઇપણ સ્થાન, વસ્તુ અથવા પરિવાર માટે આસક્તિ ન રહી તેણે પોતાનું મન, ઇન્દ્રિય અને પ્રાણોને વશમાં કરી લીધા. તે ધરાતલ પર સ્વચ્છંદ રૂપે વિચરણ કરવા લાગ્યો. કદર્ય શરીરે પણ અત્યંત વૃધ્ધ થઇ ગયો હતો. દુષ્ટ લોકો તેને જોઇને તેના પર ટૂટી પડતા હતા અને ઘણા પ્રકારે તેનો તિરસ્કાર કરી તેને ખૂબ સતાવતા કોઇ તેનો દંડ લઇ લેતુ, કોઇ તેનુ કમંડલ લઇ લેતું, કોઇ આસન, કોઇ રૂદ્રાક્ષની માળા તથા કંઠા લઇ જતુ હતુ તો કોઇ તેના વસ્ત્ર તથા લંગોટી પણ લઇ જતુ હતુ. કોઇ વખત તો તે ભીક્ષા માંગી અન્ન ગ્રહણ કરવા બેસતો તો પાપી લોકો તેના પર લઘુશંકા કરતા તો ક્યારેક થૂંકતા આ દુષ્ટ લોકો મૌન ધારણ કરીને રહેલા કદર્ય ને બોલવા માટે ઘણો વિવશ કરતા પરંતુ તે કાંઇ બોલતો નહિ. આ પ્રમાણે કદર્ય તેઓના બોલાવવા છતા પણ ન બોલતો ત્યારે આ દુષ્ટ લોતો તેનું તાડન કરવા તત્પર થતા હતા. કોઇક તો તેને ચોર કહીને ધમકાવતુ હતુ. કોઇ કહેતુ આને બાંધી લો બાંધી લો પછો તેને દોરડાથી બાંધી લેતા હતા. કોઇ તેનો તિરસ્કાર કરી આ પ્રકારે કડવી વાત કહેતા કે ''હવે આ કૃપણે ધર્મનો ઢોંગ રચેલો છે. ધન સંપત્તિ જતી રહી, સ્ત્રી પુત્રોએ ઘરમાંથી કાઢી મૂક્યો એટલે ભાઇએ ભીક્ષા માંગવાનો રોજગાર અપનાવ્યો છે. અરે જઓ તો ખરા આ મોટો તગડો ભિખારી ધૈર્યમાં પણ મોટા પર્વત સમાન છે. આ મૌન રહી પોતાનું કામ બનાવે છે. ખરેખર આતો બગલાની જેમ ઢોંગી અને દ્રઢ નિશ્ચયિ છે.''

કોઇ તે અવધુતની હાંસી ઉડાવતા હતા, કોઇ તેના પર અધોવાયુ છોડતા હતા. જેમ કોઇ મનુષ્ય પોપટ, મેના, આદિ પાલતુ પક્ષિઓ ને બાંધી પીંજરામાં બંધ કરી દે છે, તે જ પ્રમાણે તેને પણ લોકો બાંધી ઘરમાં બંધ કરી દેતા હતા પરંતુ તે બધુ જ ચૂપચાપ સહન કરી લેતો હતો તેને ક્યારે ક જવર આદિને કારણે દૈહિત પીડા સહન કરવી પડતી, ક્યારેક ગર્મી શરદી આદિથી દૈહિક કષ્ટ ઉઠાવવું પડતુ અને ક્યારેક દુર્જન લોકો અપમાનાદિ દ્વારા તેને ભૌતિક પીડા પહોચાડતા હતા પરંતુ ભિક્ષુકના મનમાં તેઓ પ્રત્યે ક્યારેય તિરસ્કાર આવતો ન હતો તે એવું સમઝતો હતો કે આ મારૂ કોઇ પૂર્વ જન્મના કર્મોનું ફળ છે અને તેને મારે અવશ્ય ભોગવવું પડશે. યદ્યપિ નીચ મનુષ્ય વારંવાર તિરસ્કાર કરી તેને તેના ધર્મથી પાડવાની ચેષ્ટા કરતા હતા. તે છતા તે ઘણી દ્રઢતાથી પોતાના ધર્મમાં સ્થિત હતો (ભાગ-૧૧/૨૩)' કહ્યુ પણ છે ''ऋतेऽजितादात्मन उत्पथ स्थितात् तद्धिह्यनन्तस्य महत् समर्हजम्॥ મનમાં બધાના પ્રત્યે સમતાનો ભાવ લાવવો એજ ભગવાનની સૌથી મોટી સેવા છે.'' (ભાગ. ૭/૮/૧૦) ''भिन्नस्य लिङ्गस्यगुणप्रवाहो द्रव्यक्रियाकारक चेतनात्मनः। दृष्टासु सम्पत्सु विपत्सु सूरयोन विक्रियन्ते मयि ब्रह्म सौहृदाः॥ ગુણપ્રવાહરૂપ અવાગમન તો ભૂત ઇન્દ્રિય, ઇન્દ્રિયાભિમાની દેવતા અને ચિદા ભાસ-આ બધાની સમસ્તિ રૂપ પરિચ્છિન્ન લિગ શરીરનું જ કરેલુ છે આનો સર્વ સાક્ષી આત્મા સાથે કોઇ સમ્બન્ધ નથી. મારામા દ્રઢ અનુરાગ રાખનાર બુધ્ધિમાન પુરૂષ સમ્પત્તિ અને વિપત્તિ પ્રાપ્ત થતા ક્યારેય હર્ષ શોકાદિ વિકારોને વશીભૂત થતો નથી.'' (ભાગ ૪/૨૦/૧૨) (શ્લો-૧૫) હવે નીતિકાર ઉત્તમ પુરૂષના લક્ષણ કહે છે-

(૫૫) ઉત્તમ પુરૂષના લક્ષણો :-

શ્લોક - ૧૬ भावमिच्छति सर्वस्य नाभाव कुरुते मनः।

सत्यवादी मुदुर्दान्तो यः स उत्तमपुरुषः ॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય બધા પ્રાણીઓને યથાસ્થિતિ પ્રેમ કરે છે, કોઇનો વિનાશ ઇચ્છતો નથી, સત્યવાદી, કોમળ સ્વભાવવાળો, જિતોન્દ્રિય છે તે- ઉત્તમ પુરૂષ છે.

ચ.ટી. :- અહીં અત્રી ઋષિએ બતાવેલા ઉત્તમ પુરૂષના બધા લક્ષણો યુધિષ્ઠિરમાં પૂર્ણરૂપે જોવા મળે છે. ધર્મરાજ યુધિષ્ઠિર સત્યવાદી, ધર્મમૂર્તિ, સરળવિનયી, મદ-માન મોહ વર્જિત, દમ્ભ-કામ-ક્રોધ રહિત, દયાળુ, ગૌ બ્રાહ્મણ પ્રતિપાલક, મહાજ્ઞાનિ, વિદ્વાન ધૈર્ય સમ્પન્ન, ક્ષમાશીલ, તપસ્વી, પ્રજાવત્સલ, માતૃ-પિતૃ-ગુરૂ ભક્તિ આદી ગુણોથી અલંકૃત હતા જે ગુણો અન્યમાં ભાગ્યે જ જોવા મળતા હતા એટલે તેઓ ઉત્તમ પુરૂષ હતા. ભર્તુહરિ આ સંબંધમાં કહે છે- ''तृष्णां छिन्धिभज क्षमां जहि पदं पापे रतिमां कृथाः सत्यं बूह्यनुयाहिसाधुपदवीं सेवस्य विद्वज्जनम्। मान्यान्मानयं विद्विषोऽप्यनुनय प्रच्छादय स्वान्गुणान् कीर्तिं पालय दुःखिते कुरुदयामेतत् सतां लक्षणम्॥ તૃણનું છેદન ન કર, ક્ષમાનું સેવન કર, મદનેહણ, પાપમાં પ્રેમ ન કર, સત્ય બોલ, સજ્જનોને પગલે ચાલ, વિદ્વાનોની સેવા કર, માન આપવા યોગ્ય જનોને માન આપ, શત્રુઓને પણ પ્રસન્ન રાખ, પોતાના ગુણોને ઢાંક, કીર્તિનું રક્ષણ કર, દુઃખી પર દયા રાખ આ સંતોના લક્ષણ છે.'' (નીતિશતક/શ્લો-૭૮) ''विपदिधैर्यमयाभ्युदये क्षमा सदसि वाकपटुता युधिविकमः। यशसिचाभिरूचिर्व्यसनं श्रुतौ प्रकृति सिद्धमिदं हि महात्मनाम्॥ વિપ્રત્તિમાં ધૈર્ય, અભ્યુદ્યમાં ક્ષમા, સભામાં વાક્ પટુતા, યુધ્ધમાં પરાક્રમ, કીર્તિમાં વિશેષ રૂચિ તથા વેદાદયયનમાં આસક્તિ આ મહનિય ગુણ મહાપુરૂષોમાં સ્વભાવથી જ હોય છે.'' (નીતિશતક/૬૩) ''प्रदानं प्रच्छन्नं गह्यमपगते समभ्रमविधि, प्रियंकृत्या मौनं सदसि कथनं चाप्युपकृतेः। अनतसको लक्ष्म्या निरभि भवसाराः परकथाः सतां केनोद्दिष्टं विषममसिधाराव्रतमिदम्॥ ઘોષણા કર્યા વિના ધન પ્રદાન કરવું ઘરે

આવનારાઓનો આદર કરવો, કોઇનું ભલુ કરીને પણ તેનું કંઇ જ કર્યુ નથી એમ માનવું, કોઇકે કરેલા ઉપકારને બીજાને ન બતાવવો, ધન પ્રાપ્ત કરીને પણ અહંકાર ન કરવો તથા અન્યની વાત કરીને પણ અપમાન જનક શબ્દ ન કહેવો આ પ્રકારે તલવારની ધારપર ચાલવાવાળા કથિનતાથી નિભાવી શકાય એવા ગુણ સજ્જનને કોણે આપ્યા? કોઇએ નહિ અર્થાત્ તેના સ્વભાવમાં જ આવા ગુણો હોય છે.'' (નીતિશતક/શ્લો-૬૦) વિષ્ણુ શર્મા પણ કહે છે ''स्तिमितोन्नत सञ्चारा: जनसन्ता पहारिण:।   जायन्ते विरलालोके जलदा इव सज्जना: ॥ જેમ જળતી પરિપૂર્ણ આકાશમાં વિચરનારો, લોકોના તાપને નષ્ટ કરવાવાળા વાદળ કોઇક જ હોય છે તેજ પ્રમાણે પ્રેમાર્દ્ર ઉદાર હૃદય અને લોકોના કષ્ટને નષ્ટ કરવાવાળા સજ્જન પણ સંસારમાં વિરલા જ હોય છે.'' (પંચતંત્ર/મિત્રભેદ/શ્લો-૨૮) (શ્લોક-૧૬) હવે નીતિકાર મધ્યમ પુરૂષના લક્ષણ કહે છે -

(૫૬) મધ્યમ પુરૂષનાં લક્ષણો :-

શ્લોક - ૧૭ नानर्थकं सान्त्वयति प्रतिज्ञाय ददाति च।
रन्ध्रं परस्य जानाति य: स मध्यम पुरुष:।

શ્લોકાર્થ :- જે મિથ્યા શાન્ત્વના આપતો નથી, પ્રતિજ્ઞાકરી આપવા કહેવી વસ્તુ આપે છે અને બીજાના દોષોને જાણે છે, તે મધ્યમ પુરૂષ છે.

ચ.ટી. :- મધ્યમ પુરૂષમા ઉત્તમ એવા સજ્જન પુરૂષ કરતા કંઇક અંશે ન્યૂનતા હોય છે. મધ્યમ પુરૂષ અન્યના દોષને જાણે છે જ્યારે ઉત્તમ એવા સજ્જન પુરૂષ તો બીજામાં રહેલા દોષોમાં પણ ગુણ જવે છે - અહીં અત્રી ઋષિએ કહેલા મધ્યમ પુરૂષના લક્ષણો ભીમ સેનમાં યથાર્થ રૂપે જોવા મળે છે. ભીમસેન કોઇને મિથ્યા શાન્ત્વના આપતા ન હતા અને પ્રતિજ્ઞા કરી આપવા કહેલી વસ્તુ આપતા પણ હતા જે તેમના જીવનમાં દુ:સાશનની છાતી ફાડી તેનું અંજલી ભર રક્ત લઇ

દ્રૌપદીના કેશ ધોવામાં અને દુર્યોધનની જંઘા તોડવાના પ્રશંગમાં જોવા મળે છે. તથા તેઓ અન્યના દોષને પણ યથાર્થ પણે જાણતા હતા તે તેમના જીવનમાં યુધિષ્ઠિર અને તેઓના વાર્તાલાપમાં તે તે સ્થાનમાં જોવા મળે છે. (શ્લોક-૧૭)

હવે અધમ પુરૂષના લક્ષણ નીતિકાર કહે છે -

(૫૭) અધમ પુરૂષોના લક્ષણો :-

શ્લોક - ૧૮ दु:शासनस्तूपहतोऽभिरास्तो

नावर्तते मन्युवशात् कृतघ्न ॥

न कस्य चिन्मित्रमयो दुरात्मा

कलाश्चेता अधमस्येह पुंसः ॥

શ્લોકાર્થ :- દુ:શાસન ગન્ધર્વો દ્વારા તાડન કરાયો, શસ્ત્રથી ઘવાયો તો પણ કૃતઘ્નતાને કારણે દુષ્ટતાને મનથી હટાવવો નથી. તે દુષ્ટાત્મા કોઇનો મિત્ર નથી આ પ્રકારની ચિત્તવૃત્તિવાળા લોકો અધમ કહેવાય છે.

ચ.ટી. :- અહીં નીતિકાર અધમ પુરૂષના લક્ષણો કહેતા દુ:શાસનને અધમ પુરૂષ તરીકે ગણાવે છે' તો તેણે એવું કયું કૃત્ય કરેલું કે નીતિકાર તેને અધમ પુરૂષ કહે છે? તો આ સન્દર્ભમાં મહાભારતના વન પર્વમાં એક કથા આવે છે એક સમયે વનમાં રહેતા પાંડવોને ખિન્ન કરવાને અર્થે દુર્યોધન દુ:શાસન આદી ઘોષયાત્રાના નિમિત્તે વનમાં આવ્યા તે સમયે ચિત્રસેન નામનો ગંધર્વ પણ તે વનમાં પોતાની પ્રિયતમાઓ સાથે વિહાર કરવા માટે આવેલો. નવમાં આવેલા એક સરોવર પર વિહાર કરવાને અર્થે તેનો અને કૌરવોનો વિવાદ થયો અને તે વિવાદ યુધ્ધમાં પરિણિત થઇ ગયો અને તે યુધ્ધમાં તેણે દુર્યોધન દુ:શાસને તેના અનુચર સહિત કેદ કરી લીધા પરંતુ યુધિષ્ઠિરના કહેવાથી ભીમ અને અજને જઇ તેઓ બધાને કેદમાંથી મુક્ત કરાવ્યા અને તેઓને જીવનદાન અપાવેલુ છતા

આ કૃતઘ્નિ તેઓની તે કૃતજ્ઞતાને ભૂલી જઇ પુનઃ પાંડવો સાથે વૈર પરાયણ થયો હોય અધમોમાં પણ અધમ છે. આવા કૃતદિનઓ માટે આપ્ત પુરૂષો કહે છે ''ब्रह्मघ्ने च सुरापे च चोरेभग्नव्रते शठे। निष्कृतिर्विहिता सद्भिः कृतघ्ने नास्तिनिष्कृतिः ॥ બ્રહ્મહત્યા કરનાર મદ્યપાન કરનાર, ચોર, પોતાનું વ્રત ભંગ કરનારા માટે સાધુ પુરૂષોએ પ્રાયશ્ચિત બતાવેલું છે પરંતુ કૃતદિનને માટે કોઇ પ્રાયશ્ચિત બતાવેલું નથી.'' (પંચતંત્ર/લબ્ધ/૭૧) આપ્ત પુરૂષો તો આવાઓનો સંગ કરવાની પણ મનાઇ કરે છે. જેમ વિહારી લાલાજી મહારાજ કહે છે. ''કૃતઘ્નિનું પોષણ જો કરાય, તથાપિ તે શત્રુ જરૂર થાય । ઉછેરિયા જો અહિદૂધ પાઇ, કોઇ સમે તે કરડે જ ભાઇ ॥ કૃતઘ્નિને સંકટથી મુકાવે તેને જવે તે અતિ વૈરભાવે ॥ જે વાઘને પિંજરામાંથી કાઢે, તેને કરેચર્વણ ચાવિ કાઢે ॥ જોદુષ્ટને ભોજન મિષ્ટ દૈયે, તથાપિ ત દ્વેષ તજ ન હૈયે । જો દૂધને સાકરથી સિંચાય, તો લીંબડો મિષ્ટ કરી ન થાય ॥ સ્વાર્થે બગાડે પરકેર કોઇ, કોઇ વિના સ્વારથ ક્રૂર હોઇ । કોઇ કરે કષ્ટ ઉપાય આપે, બૈઠા તણી ડાળ કુબુધ્ધિ કાપે ॥'' (હરિલાલમૃતમ્ /૭/૭૨(

(૧૮) હવે નીતિકાર અધમ પુરૂષના લક્ષણ બતાવે છે.

<u>શ્લોક - ૧૯</u> न श्रद्धातिकल्याणं परेभ्यो:ऽप्यात्मशक्तित: ।

निराकरोति मित्राणि यो वै सोऽधम पूरुष: ॥

<u>શ્લોકાર્થ :-</u> જે માનવ ઉત્તમ કાર્ય અને કરનારાઓમાં વિશ્વાસ નથી કરતો, સ્વભાવથી શંકાકુળ રહેવાને કારણે કોઇના પર પણ વિશ્વાસ કરતો નથી, મિત્રોને પણ પોતાથી દૂર કરે છે, તે અધમ પુરૂષ કહેવાય છે.

<u>ચ.ટી. :-</u> અધમ પુરૂષ ઘાત -પ્રતિઘાતમાં લાગેલો રહે છે તે સિવાય શુભ કાર્યો અને સજ્જનોને તો તે દૂરથી નમસ્કાર કરતો રહે છે તો આવા લક્ષણો જેમા

જોવા મળે તેને અધમ પુરૂષ જાણવો. (શ્લોક-૧૭) હવે નીતિકારે કલ્યાણ ઇચ્છનારા મનુષ્યે કેવા પુરૂષનું સેવન કરવું તે કહે છે.

(૫૮) કોનો સંગ કરવો? :

શ્લોક - ૨૦ उत्तमानेव सेवेत प्राप्त काले तु मध्यमान्।

अधमांस्तु नसेवेत च इष्टछेद् भुतिमात्मनः ॥

શ્લોકાર્થ :- પોતાનું કલ્યાણ ઇચ્છનારા મનુષ્યે સદા ઉત્તમ મનુષ્યોનું જ સેવન કરવું, કોઇક કાર્ય વિશેષ આવે તો મધ્યમ પુરૂષની પણ સેવા કરવી પરંતુ અધમ મનુષ્યની સેવા ક્યારેય ન કરવું.

ચ.ટી. :- નીચની સેવા કરવાથી સદા અકલ્યાણ જ થાય છે, તેનાથી થતા ક્ષણિક લાભથી પણ અંતે તો અપકીર્તિ અને કષ્ટનો જ અનુભવ થાય છે. આ સંબંધમાં કર્ણ રાજા દૃષ્ટાંત રૂપ છે. અંગરાજ કર્ણ ધર્મનિષ્ઠ, સાધક અને દાનેશ્વરી હતા પરંતુ નીચે એવા દુર્યોધન અને તેના ભાઇઓની સેવા કરવાને કારણે અને તેના એક અધર્મમાં ભાગી થવાને કારણે કર્ણને પણ અપયશના ભાગી થવું પડયુ માટે જ આપ્તજનો કહે છે ''मित्र द्रोहो नीत् नीचोपसेवी। મિત્ર દ્રોહી તથા નિમ્ન પુરૂષોની સેવા ન કરવી.'' (મહા. ઉદ્યોગ) ''हीयते हि मतिस् तात हीनैः सह समागमात्। समैश्चसमतामेति विशिष्टैश्च विशिष्ताम्॥ નીચેની સંગતિથી મનુષ્ય નીચ બની જાય છે, પોતાના જેવાની સંગતિથી તેવોજ બની રહે છે, અને વિશેષ વ્યક્તિની સંગતિથી તે વિશેષતા પ્રાપ્ત કહે છે.'

આ સન્દર્ભમાં એક અન્ય પ્રસંગ પણ અવલોકન કરવા યોગ્ય છે વાત એવી હતી કે એખ ચિત્રકાર એક વ્યક્તિનું ચિત્ર બનાવવા ઇચ્છતો હતો કે જેના મુખ પર સરળતા અને દીનતાનો ભાવ સ્પષ્ટ પ્રગટ થતો હોય. વર્ષોના પરિશ્રમ બાદ તેને એક એવો બાળક જોવા મળ્યો ચિત્રકારે બાળકને બેસાડી તેનું ચિત્ર

બનાવ્યું. તે ચિત્રની એટલી બધી પ્રત વિક્રય થઇ કે ચિત્રકાર અત્યંત ધન ધાન્યથી સંપન્ન થઇ ગયો. તદન્તર દસ પંદર વર્ષ પછી ચિત્રકાર ના મનમા એક દુષ્ટતાનો ભાવ પ્રકટ કરવાવાળું ચિત્ર બનાવવાની ઇચ્છા થઇ તે એવા વ્યક્તિનું ચિત્ર બનાવવા માંગતો હતો કે જેના મુખ પર ધુર્તતા, ક્રુરતા, સ્વાર્થ, લિપ્સા ફૂટેલી હોય સ્પષ્ટ હતુ આવો વ્યકિત તેને કારાગારમા જ મળી શકે તે કારાગારમાં આવ્યો અને તેને એક અપરાધિ મળી પણ ગયો. ચિત્રકારે તેનેકહ્યુ 'ભાઇ! અમો તારૂ ચિત્ર બનાવવા માંગીએ છીએ.' કેદીએ પુછ્યું 'મારૂ ચિત્ર? તે ભય પામી ગયો. ચિત્રકારે તેને પોતાનું પહેલુ ચિત્ર બતાવ્યુ અને તેણે પોતાનો વિચાર રજ કર્યો પેલા ચિત્રને જોઇ કેદી ચોધાર આંસુએ રડવા લાગ્યો. ચિત્રકારે તેને રડવાનું કારણ પુછ્યુ. ત્યારે તે બોલ્યો- 'આ ચિત્ર મારુ જ છે.' ત્યારે ચિત્રકારે તેને આવી દશામાં પહોંચવાનું કારણ પુછ્યું ત્યારે તે બોલ્યો 'દુષ્ટોનો સંગ અને તેઓનું સેવન કરવાથી અમો આ દશામાં પહોચિ ગયા છીએ.' કેદીના પશ્ચાતાપના અશ્રુ રોકાતા ન હતા (સત્કથા અંક/ પ્રસંગ-૭૩૭)

આ બંને પ્રસંગનું અવલોકન કરવાથી એ વાતની સ્પષ્ટા થાય છે કે માનવે નીચ મનુષ્યનું સેવન ક્યારેય ન કરવું કહ્યુ પણ છે ''अगाम्यान् यः पुमान् याति असेव्याश्च निषेवते। समृत्युमुपगृह्यातिगर्भमज्वतरी यया॥ જે પુરૂષ અગમ્યો (સાથ ન કરવાવાળાનો સાથ) કર છે અને સેવાને અયોગ્ય એવા મનુષ્યની સેવા કરે છે તે તેજ પ્રકારે મૃત્યુ ને પ્રાપ્ત કરે છ જે પ્રકારે ખચ્ચરી પોતાના મૃત્યુને માટે ગર્ભ ધારણ કરે છે.'' (પંચતંત્ર/મિત્ર/શ્લો-૪૦૧) (શ્લોક-૨૦) હવે નીતિકાર નીંદિત ઉપાયોથી ધન મેળવનારાની અપકિર્તી વિશે કહે છે-

(૫૯) કોનો અપયશ થાય છે? :

શ્લોક - ૨૧ प्राप्नोति वै चित्तमसद्बलेन

नित्योत्थानात्प्रज्ञया पौरुषेण।

न त्वेव सम्यग्लभते प्रशंसा

न वृत्तमाप्नोति महाकुलानाम्॥

શ્લોકાર્થ :- મનુષ્યોને નિંદિત બળ વડે નિત્ય ઉદ્યોગ વડે, બુધ્ધિની યુક્તિ વડે તથા પુરૂષાર્થ વડે ધન મળે છે ખરૂ, પરંતુ તેથી તે સારી પ્રશંસા પામતો નથી, તેમજ મહાકુલિનોના આચારને પ્રાપ્ત થતો નથી.

ચ.ટી. :- અહીં નીતિકાર ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રને કહે છે કે રાજન! તમારી પાસે જે ધન છે દ્યુત જેવી નિંદિત વૃત્તિથી પ્રાપ્ત થયેલું છે છે, માટે તમારી પણ શ્રેષ્ઠ લોકો પ્રશંસા કરતા નથી અને એટલે જ માટે તમારા દુર્યોધન દુઃશાસન આદી પુત્રો અનાર્યના માર્ગ પર આરૂઢ થએલા છે. આ સન્દર્ભમાં એક ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે જથી આ, વિષય સુદૃઢ થશે. વાત એવી હતી કે એક ઇશ્વર વિશ્વાસી ત્યાગી મહાત્મા હતા. તેઓ કોઇની પાસે ભિક્ષા માંગતા નહિ કેવલ ટોપીઓ સીવીને પોતાનો નિર્વાહ ચલાવતા હતા અને એક ટોપીનું મૂલ્ય કેવલ બે આના લેતા તે બે પૈસા માંથી પણ એક પૈસો કોઇ યાચક મળે તેને આપી દેતા અને બચેલા એક પૈસામાંથી પોતાનું ઉદર પોષ કરતા હતા. આ પ્રમાણે જ્યાં સુધિ બે પૈસા પૂર્ણ ન ત્યા સુધિ તેઓ બીજી ટોપી બનાવતા પણ ન હતા.

આ મહાત્માના એક ધનાઢ્ય શિષ્ય હતા. તેઓ પાસે ધર્માદામાંથી નિકળેલી કેટલીક રકમ હતી. તેઓએ એક દિવસ મહાત્માને પુછ્યું 'ભગવાન! આ રકમ અમો કોને દાનમાં આપીએ?'મહાત્માએ કહ્યું 'જે ને સુપાત્ર સમજો તેમને જ દાન કરો?! શિષ્યએ માર્ગમાં એક દરિદ્ર પ્રજ્ઞાચક્ષુને જોઇ તેને સુપાત્ર જાણી એક સોનામહોર અર્પણ કરી. બીજા દિવસે તે જ માર્ગ પરથી શિષ્ય જતો હતો ત્યારે

આગળના દિવસે જેમ દાન આપેલ અંધ મનુષ્ય અન્ય અન્ધને કહી રહ્યો હતો. 'મિત્ર ગઇ કાલે એક સજ્જને અમોને સોનામહોર આપેલી હતી તેની અમોએ ખૂબ મદિરાપાન કરી અને અમુક વેશ્યાના ઘરે જઇ ખૂબ આનંદ લૂટયો' શિષ્યે આ વાત સાંભલી એટલે તે ખૂબ દુઃખી થયો તે પછી તે મહાત્મા પાસે આવ્યો અને તેઓને બધી વાત કરી.

તે પછી પેતા મહાત્માએ પોતાના શિષ્યને પોતા પાસે એક પૈસો હતો તે આપ્યો અને તેના પ્રત્યે બોલ્યા 'બેટા! આ એક પૈસો જે સામે મળે તેને અર્પણ કરજે.' આ પૈસો અમોએ ટોપી બનાવી કમાયેલો છે.' શિષ્ય પૈસો લઇને નીકળ્યો તેને સામે એક મનુષ્ય મળ્યો તેને તેણે મહાત્માએ આપેલો પૈસો અર્પણ કર્યો અને પછી તેને ખબર ન પડે તેમ તેની પાછળ જોવા માટે કે તે પૈસાનું શું કરે છે જવા લાગ્યો. તે મનુષ્ય તે પછી એક નિર્જન સ્થાનમાં ગયો અને તેણે પોતાના કપડામાં છવાપેલા એક મૃત પક્ષીને કાઢી ફેંકી દીધું ત્યારે પેલો શિષ્ય એની પાછળ હતો તેણે તેને પુછયું 'ભાઇ! તમાએ પક્ષીને કેમ ફેંકી દીધુ.' ત્યારે તે બોલ્યો ''દેવ! આજે સાત દિવસથી અમોને તથા અમારા પરીવારને અન્ન પ્રાપ્ત થયુ નથી, ભીક્ષા માંગવી એ અમોને યોગ્ય લાગતુ ન હતુ આજે આ સ્થાન પર આ પક્ષી પડેલુ જોઇને અમોને લાલચ થઇ અને અમારા પરિવારની ક્ષુધા મિટાવવાને અર્થે અમોએ આ પક્ષીને ઉઠાવી લીધુ હતુ અને આને લઇને અમો ઘરે જતા હતા ત્યારે આપે અમોને વગર માંગ્યે પૈસા અર્પણ કર્યા એટલે હવે અમારે આ પક્ષીની જરૂર નથી એટલે એને જ્યાંથી લીધેલું ત્યા પાછ મુકી દીધુ.''

આ પ્રમાણે શિષ્ય તેની વાત સાંભળી આશ્ચર્યચકિત થઇ ગયો. તેણે મહાત્માની પાસે જઇ બધો વાત કરી ત્યારે મહાત્મા બોલ્યા ''બેટા! આના પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે, તે દુરાચારથી અને અન્યાયના માર્ગથી ધન કમાયેલુ

છે, એટલે એ ધનનું દાન તે દુરાચારી અંધને આપ્યુ હતુ અમે તેણે તેનાથી દુરાચાર કર્યુ. જ્યારે અમોએ ન્યાય પૂર્વક કમાયેલા એક પૈસાએ કુટુંબને નિષિધ્ધ અન્ન ભક્ષણથી બચાવી લીધું આવુ થયુ એ સ્વાભાવિક છે કારણ કે નીતિથી કમાયેલું ધન જ સારા કાર્યમાં ઉપયોગી થાય છે.'' (સતકથા અંક/પ્રસંગ-૬૩૫)

(શ્લોક-૨૧) હવે ધૃતરાષ્ટ્ર નીતિકારને મહાકુળના લક્ષણ વિશે પુછે છે-

(૬૦) કુળવાનનાં લક્ષણો :-

धृतराष्ट्र उवाच : ધૃતરાષ્ટ્ર બોલ્યા :-

શ્લોક - ૨૨ महाकुलभ्यः स्पृहयन्ति देवा
धर्मार्थनित्याश्च बहुश्रुताश्च।
पृच्छामित्वा विधुर प्रश्नमेतं
भवन्ति वै कानि महाकुलानि॥

શ્લોકાર્થ :- બહુશ્રુત તથા ધર્મ અને અર્થમાં નિષ્ઠાવાળા દેવો પણ મહાકુળોની સ્પૃહા કરે છે, માટે હે વિદુર! અમો તમોને પુછીએ છીએ કે મહાકુળ કોને કહેવાય?

ચ.ટી. :- વિદુરજીના મુખ થકી ઉત્તમ,મધ્યમ અને અધમ પુરૂષના લક્ષણ સાંભળી, પોતાના પુત્રો અધમા અધમ જ છે એમ જાણી ભય પામેલા ધૃતરાષ્ટ્ર વિદુરજીને ઉત્તમ કુળના લક્ષણ પુછે છે (શ્લો-૨૨) ધૃતરાષ્ટ્રના પુછવાથી વિદુરજી તેઓને મહાકુળના લક્ષણો કહે છે -

विदुर उवाच : વિદુરજી બોલ્યા :-

શ્લોક - ૨૩ तपो दमो ब्रह्मवित्त विताना:
पुण्या विवाहा: सततान्नदानम्।
येष्वेवैते सप्त गुणा वसन्ति
सम्यग्वृत्तास्तानि महाकुलानि॥

શ્લોકાર્થ :- જેમાં તપસ્યા, ઇન્દ્રિયોનો જપ, બ્રાહ્મણોના વેદાતિ અધ્યયન રૂપિ ધન, યજ્ઞાદિ, ઉત્તમ વિવાહ, નિરન્તર દાન અને ઉત્તમ આચરણ યુક્ત આ સાત ગુપ્ત રહે છે તેને મહાકુળ કહે છે.

ચ.ટી. :- નીતિકારે કહેલા લક્ષણો જે કુળમાં હોય તેજ મહાકુળ કહેવાય છે અને આવા કુળમાં જ મહાપુરૂષોનું પ્રાગટ્ય થાય છે. આ સંદર્ભમાં બાલશર્મા દ્રષ્ટાંત રૂપ છે. બાલશર્મા ઋગાદિ ચાર વેદો તેમાં ઉપબૃંહણરૂપમીમાંશાદિ શાસ્ત્રોમાં પ્રવિણ, તેમાં કહેલા ધર્મોમાં અતિ પ્રિતિમાન માનુ માટે જ ધર્માનુષ્ટાનથો વિશુધ્ધ (કામાદિદોષ રહિત) અંતઃ કરણવાળા, જીતેન્દ્રિય, સત્યવાદી, સામ્યાદિ ગુણો વડે બ્રહ્માસમાન અથવા ગુણોવડે બ્રહ્માના અંશભૂત હોય ને શું? એવા પિતા પિતામહઃ, માતા માતામહાદિ પરંપરાથી વિશુધ્ધ એવા વંશમાં જન્મેલા, યાજ્ઞિક-મહાયજ્ઞને કરનારા, ઉદાર હ્દયવાળા, વિદ્યા અને તેને અનુગુણ એવી શાંતિ એ સમ્પન્ન, શાસ્ત્રગર્હિત આચરણમાંજ જેમ એમ લોક ગર્હિત આચરણમાં પણ લજ્જાવાળા અને પરનુ હિત કરનારા, કારૂણ્ય, શૌશિલ્ય, વાત્સલ્ય, ઔદાર્ય આદિક ગુણોએ સમ્પન્ન હતા. આવા બાળ શર્માએ પ્રતિવ્રતો ચિત ગુણોને સોભાયમાન ભાગ્યવતી નામની ભાયા હર્તી. બાળશર્મા વિપ્રતે ધર્મપત્ની સાથ સદા સ્વધર્મને આચારતા પણ ધર્મ વિરુધ્ધ કાંઇપણ કરતા નહિ. તો આવા મહાકુળમાં સાક્ષાત્ ધર્મના અવતાર એવા હરિ પ્રસાદજી પ્રગટ થયા હતા. (.જી. ૧ /૧૧/૩-૮) કહ્યુ પણ છે. ''वृत्ततस्त्व विहीनानि कुलान्यल्पधनान्यपि। कुलसंख्यां च गच्छन्ति कर्षन्ति च महद्यश: ॥ જે કુળમાં ચરિત્ર બની રહે છે ભલે તેની પાસે અલ્પધન હોય, તો પણ તે શ્રેષ્ઠ કુળ કહેવાય છે અને મહાનયશને પ્રાપ્ત કરે છે.'' (મહા ઉદ્યો. ૨૮/૨૯)નીતિકારે કહેલા આ સાત ગુણો રઘુકુળના રાજાઓમાં પણ પર્ણરૂપે જોવા મળતા હોય રઘુકુળની ગણના પણ મહાનકુળમાં થાય છે અને આવા

મહાન કુળમાં જ સર્વકારણના કારણ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન વિષ્ણુ રામરૂપે પ્રગટ થયા હતા. (શ્લોક-૨૩) પુનઃ તેજ વાત ધૃતરાષ્ટ્રને કહે છે-

શ્લોક - ૨૪ येषां हि वृत्तं व्यघते न योनि
श्चित प्रसादेन चरन्ति धमम्।
ये की र्तिमिच्छन्ति कुल विशिष्टां
त्यक्तानृतास्तानि महाकुलानि॥

શ્લોકાર્થ :- જેનું સદાચરણ ચલિત થતું નથી, જેમનું આચરણ માતા પિતાને દુઃખી કરતુ નથી, જેઓ પ્રસન્ન ચિત્તથી ધર્માચરણ કરે છે, કુળની કીર્તિ વધારવા ઇચ્છે છે અને અસત્યનો ત્યાગ કરે છે, તેઓને મહાકળ જાણવા.

ચ.ટી. :- જેના ઉત્પન્ન થતા જાતિ અને વંશની ઉન્નતિ ન થાય, તે તો કેવળ માતાના યૌનનાશક જ પુત્ર મનાઇ છે અતઃ પુત્રએ પોતાના શ્રેષ્ઠ કર્મો દ્વારા માતાપિતાના યશને ફેલાવવો જોઇએ. 'योनि न व्यतत' નો અર્થ એ પણ થઇ શકે છે કે જેની યોનિ (માતાપિતા) દુષિત નથી અર્થાત્ માતાપિતા સામાજિક નિયમાનુસાર સમ્બન્ધ થઇને પ્રજોત્પાદન કરે છે પરંતુ કામને વશ થઇને ધર્મ શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરીને નહિ એટલે માટે ચાણક્ય કહે છે ''एकेनापि सुवेक्षेण पुष्पितेन सुगन्धिना। वासितं तद्वनं सर्व सुपुत्रेण कुलं तथा॥ જે પ્રમાણે એક સારા સુંદર પુષ્પિત અને સુગન્ધિત વૃક્ષથી સમસ્ત વન સુગંધથી સુરભિત થાય છે, તેજ પ્રમાણે એક જ સુપુત્રથી સમસ્ત પરિવાર ઉજાગર થાય છે.'' (ચા.ની.દ. ૩/૧૪) ભગવાન નારાયણ પણ કહે છે- ''एकेनापि सुपुत्रेण विद्यायुक्तेन धीमता। कुलं पुरुष सिंहेन चन्द्रेण गगनं यथा॥ કોઇપણ એક જ પુત્ર વિદ્વાન તથા બુધ્ધિમાન ન હોય અથવા પુરૂષોમાં સિંહજેવો એક જ મહાપરાક્રમી પુત્ર હોય તેનાથી સમસ્તકુળ દીપી ઉઠે છે. અથવા વિખ્યાત થાય છે. જેમ કે એક જ ચંદ્રથી આખુ

આકાશ અને પથ્વિ પ્રકાશી રહે છે.'' (ગરૂડ/૧૧૪/૫૬) માટે પુત્રએ સદ્‌ગુણોથી યુક્ત થઇ માતાપિતા તથા કુળની કીર્તિને પ્રસારવી તો જ તે વાસ્તવમાં પુત્ર કહેવાનેલાયક થશે. (શ્લોક-૨૪) હવે નીતિકાર ક્યા કર્મો ન કરવાથી ઉત્તમ કુળ પણ નીચ કુળ થઇ જાય છે તેને કહે છે-

શ્લોક - ૨૫ अनिज्ययाकुविवाहैर्वदस्योत्सादनेन च।

कुलान्यकुलतां यानित धर्मस्यति क्रमेणे च॥

શ્લોકાર્થ :- યજ્ઞોને નહિ કરવાથી, વેદાનું કુળ આચરણ નહિ કરવાથી તથા ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી ઉત્તમ કુળ પણ નીચ કુળને પ્રાપ્ત થાય છે.

ચ.ટી. :- અગાઉ શ્લો-૨૩, ૨૪ માં મહાકુળના લક્ષણ બતાવ્યા આ શ્લોકમાં મહાકુળ પણ બતાવેલા કારણોથી નીચ કુળ બની જાય છે. આ સન્દર્ભમાં બ્રહ્માજીના પૌત્ર કશ્યપજીનું ચરિત્ર અવલોકનીય છે. કશ્યપઋષિ મહર્ષિ મરિચિના પુત્ર તથા બ્રહ્માજીના પૌત્ર છે. તેઓના વિવાહ દક્ષ પ્રજાપતિની પુત્રી દિતિ સાથે થયા હતા. એક સમયની વાત હતી. કશ્યપ ઋષિ સંધ્યા સમયે અગ્નિહોત્ર આદી નિત્ય કર્મો કરતા હતા. તેવા સમયમાં કામપીડાથી પિડિત થયેલી દિતિ કશ્યપજી પાસે આવી અને અસમયમાં તેઓ પાસે અઘટિત માંગણી કરી કશ્યપજીએ તેને વારંવાર સમઝાવી કે આ સંધ્યાકાળ છે અને અત્યારે ગગનતલમાં નિશાચરોનું વિચરણ હોય છે માટે તુ થોડીવાર ઉભી રહે' પરંતુ જેના પર કામે અધિકારી કરી લીધો છે એવી દિતિએ નિર્લજ્જ થઇ કશ્યપજીન, અધોવસ્ત્ર પકડી લીધુ અંતે સ્ત્રી હઠ પાસે વિવસ થયેલા કશ્યપજીએ દિતીને એકાન્ત સ્થલમાં લઇ જઇ તેની ઇચ્છા પૂર્ણ કરી.

તદન્તર રતિક્રિડા થઇ નિવૃત્ત થયેલા કશ્યપજી દિતિ પ્રત્યે બોલ્યા 'રે નિર્લજ્જ! તુ અયોગ્ય સમયમાં અમારી સાથે આ અયોગ્ય ક્રિયામાં પ્રવૃત્ત થઇ છે.

તેના ઉપલક્ષ્માં તારા ગર્ભ થકી બે મહાભયાનક અસુરો પ્રગટ થશે.'' અને થયુ પણ એમ જ થોડા સમય બાદ દિતિના ગર્ભ થકી મહાભયાનક એવા હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ નામના બે અસુરનું પ્રાગટ્ય થયું. જે પોતે તો ધર્મ વિરુધ્ધ આચરણ કરતા જ હતા પરંતુ તેના થકી પ્રગટ થયેલા સંતાનોમાં પ્રહલાદજીને બાદ કરતા બધા જ સંતાનો અને તેના પણ વંશજો વેદ વિરુધ્ધ આચરણ કરતા હતા આમ અધર્મચરણ કરવાના ફળ રૂપે બ્રહ્માજીના પૌત્ર કશ્યપજીનું શ્રેષ્ઠ કુળ પણનીચ કુળને પ્રાપ્ત થતું હતુ.

પુલત્સ્ય ઋષિનું પ્રાગટ્ય પણ બ્રહ્માજી થકી થયુ હતુ. પરંતુ તેઓના પુત્ર વિશ્રવા થકી રાવણ, કુંભકર્ણ, ખર, દુસણ અને ત્રિશરા નામના દુર્દાન્ત દૈત્યો પ્રગટ થવાને કારણે તેઓનું મહાનકુળ પણ નીચ કુળમાં પરિણિત થયું હતુ.

અહીં ગુઢાર્થમાં વિદુરજી ધૃતરાષ્ટ્રને કહી રહ્યા છે કે તમારા દુષ્ટ પુત્રો પણ ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન કરી સ્વચ્છંદ રીતે વર્તે છે તો તમારૂ શ્રેષ્ઠ કુળ પણ નીચ કુળમાં પરિવર્તિત થઇ જશે માટે હજ પણ સાવધાન થઇ તમારા પુત્રોને નિયંત્રણમાં રાખો. (શ્લોક-૨૫) પુનઃ તેજ વાત નીતિકાર કહી રહ્યા છે.

<u>શ્લોક - ૨૬</u> देव द्रव्य विनाशेन ब्रह्मस्वहरणेन छ च।

कुलान्य कुलतां यान्ति ब्राह्मणा तिक्रमेण च।

<u>શ્લોકાર્થ :-</u> દેવ દ્રવ્યના વિનાશથી, બ્રાહ્મણનું દ્રવ્ય હરણ કરવાથી અને બ્રાહ્મણનું અપમાન કરવાથી મહાકુળો પણ નીચ કુળ થઇ જાય છે.

<u>ચ.ટી. :-</u> સાર્વજનિક તથા ઉત્તમ કાર્યને માટે રખાયેલા ધનથી ક્યારય પણ ઉન્નતિ થતી નથી. સાથે તેનું વિપરીત ફળ પણ મળે છે અને તેનો પ્રભાવ કુળ અને સન્તાન પર પણ પડે છે જેથી મહાકુળ પણ નીચ કુળ બની જાય છે. જેમાં દૃષ્ટાંત રૂપ દુર્યોધન, સહસ્રાર્જન અને રાજા દ્રપદ છે જેમ દુર્યોધને ધર્મ, મરૂત,

ઇન્દ્ર અને અશ્વિનિકુમારના તેજથી પ્રકટ થયેલા દેવરૂપ પાંડવોન, ધન છળકપટથી હરણ કરી લીધુ જેથી ધૃતરાષ્ટ્રનું મહાકુળ પણ નીચકુળમાં પરિવર્તિત થઇ ગયુ. સહસ્રાર્જને જમદગ્નિ ઋષિની કામધેનું ગાય બળજબરીથી હરી લીધી અને તેને લઇને સહસ્રાર્જન અને તેના અનુચરોએ પરશુરામજીનાં ક્રોધના ભાજી થવું પડયુ આમ બ્રાહ્મણના દ્રવ્યનું અપહરણ કરવાના ફળ રૂપે અજેય તથા પ્રતિષ્ઠિત એવા હૈહૈતવંશની નીંદા અદ્યાપી થાય છે. તથા પોતાની પાસે આજીવિકાને અર્થે એક ગાય લેવા આવેલા દ્રોણનું અપમાન કરવાથી દ્રુપદનું કુળ નિદાને પાત્ર ઘયું હતુ માટે જ ભગવાનશ્રીમન્નારાયણ ગુરૂડજીને કહે છે ''देवद्रव्य विनाशेन ब्रह्मस्वहरणेन च। कुलान्यकुलतां यान्ति ब्राह्मणातिक्रमेण च॥ દેવ દ્રવ્યનો વિનાશ કરવાથી, બ્રાહ્મણનું ધન હરી લેવાથી અને બ્રાહ્મણનં અપમાન કરવાથી કુળ નાશ પામે છે.'' (ગરૂડપુરાણ /૧૧૪/૬૮) ભગવાન સ્વામિનારાયણ પણ કહે છે. ''ब्रह्मस्यमघ देव स्वं प्राणन्नेऽपिन चाहरेत। अधिकं कालकूटादि तद्विषं परिचक्षते॥ બ્રાહ્મણ ધનને તથા દેવ દ્રવ્યને પ્રાણાં તે પણ ગ્રહણ કરે નહિ કેમકે તે કાળકૂટ વિષ થકી પણ અધિક ઉગ્રવિષ જ છે.'' (સ.જી. ૫/૧૮/૬૨) (શ્લો-૨૬) હવે નીતિકાર કયા કર્મો કરવાથી ઉચ્ચકુળ નીચકુળમાં પરિવર્તન થઇ જાય છે તેનું વર્ણન કરે છે-

શ્લોક - ૨૭ ब्राह्मणानां परिभवात् परिवादाच्चभारत।

कुलान्यकुलतां यान्ति न्यासायहरणेन च॥

શ્લોકાર્થ :- હે ભારત! બ્રાહ્મણોનો તિરસ્કાર કરવાથી, તેની નિંદા કરવાથી તેમજ ન્યાસવસ્તુ (થાપણ) અપહરણ કરવાથી ઉત્તમ કુળ પણ નીચ કુળને પ્રાપ્ત થાય છે.

ચ.ટી. :- 'दुःखं न्यासस्य रक्षणम्'- અર્થાત્ ન્યાસ-અનાતમની રક્ષા કરવાથી દુઃખ થાય છે.' પરંતુ વીર વ્રતી આ કાર્યનું સંપાદન અવશ્ય કરે છે. દેવતા, દ્વિજ અને બ્રાહ્મણની વૃત્તિ અપહરણ કરવા વાળો ક્યારેય પણ ઉન્નતિને પામતો નથો. આ સમ્બન્ધમાં નૃગરાજા નું દૃષ્ટાંત પર્યાપ્ત છે કે જેણે અજાણતાથી બ્રાહ્મણની ગાયનું અપહરણ કરેલું જેના ફળરૂપે તેણે દેહાન્ત ગીરગીટની યોનિમાં જવ પડેલુ.

જે અસજ્જનોથી ભરપુર સભામાં બ્રાહ્મણોની નીંદા પ્રવર્તતી હોય ત્યાં વિવેકી અસમર્થ પુરૂષે પ્રત્યુત્તર આપવો. સામર્થ્ય ન હોય કે દેશકાળની વિષમતા હોય તો નીચુ મુખ રીને મૌન થઇને બેસે સહન કરવા અને ઉત્તર આપવા અશક્ત પુરૂષ તો ત્યાંથી ઉઠીને અન્ય સ્થળમાં જતો રહે પણ વિપ્રોની નિંદા કોઇપણ પ્રકારે સાંભળવી નહી કારણ કે જે જન વિપ્રોની સાથે વિરોધ કરીને ભૂમિમાં સ્વયં સુખેથી જીવવાનો ઉત્સાહ રાખે છે એવો કોઇ પુરૂષ થયો જ નથી. આ સન્દર્ભમાં દક્ષ પ્રજાપતિ દ્રષ્ટાંત રૂપ છે કે જેણે પ્રજાપતિ બ્રહ્માની સભામાં બ્રાહ્મણોમાં મુખ્ય એવા મહાદેવની નિંદા કરી હતી જેને લઇને તેણે નંદિના શાપના ભાજી થઇ અંતે બકરાના મુખવાળા પોતાના દેહનો ત્યાગ કરી દશ પ્રચેતાઓ મધ્યે એક પત્નીએવી મારિચાના ગર્ભ થકી જન્મ લેવો પડેલો કે જે જન્મમાં દક્ષને આ દશપિતામાંથી તેના પિતા કયા તેની પણ ખબર ન હતી. માટે જ સ્કંદ કહે છે. ''श्रुति भूदेवदेवानां नृप साधुतपस्विनाम्। पति व्रतानां नारीणां निन्दां कुर्वान्न कर्हिचित्॥ દેવ, વેદ, બ્રાહ્મણો, સાધુ, તીર્થ, મહાત્મા પુરૂષો, ગુરૂ, પતિવ્રતા સ્ત્રી, યાત્રિક અને તપસ્વિઓ આટલાની નિંદા હાસ્ય રમુજમાં પણ ન કરવી.' (સ્કંધ. પુ. કાશી-૩૮/૯૧) ''तीर्थानि देवप्रतिमा निन्देयुर्थे कुबुद्धयः। तेषां तु जार जाताना वंशोच्छेदो भवेद् ध्रुवम्॥ શ્રુતિ, બ્રાહ્મણે, દેવતા, રાજા, સાધુ, તપસ્વિ અને પતિવ્રતા સ્ત્રી

આટલાની નિંદા ક્યારેય કરવી નહિ. જે તેઓની નિંદા કરે છે તેવ્યભિચારથી ઉત્પન્ન થયેલા મનુષ્યના વંશનોઅવશ્ય નાશ થાય છે.'' (સ્કં.વૈ.ખંડવા.મા. ૨૦/૪૯)

વેદ ભગવાન કહે છે. ''ब्राह्मणं यत्र हिसन्ति तद्राष्ट्रं दुच्छुना। જ્યાં બ્રાહ્મણની ઉપેક્ષા થાય છે તે રાષ્ટ્ર દુ:ખી થાય છે (અથર્વ/૫/૧૯/૮)'' ''न ब्राह्मणस्य जग्ध्वाराष्ट्रे जणारकश्चन। જ્યા બ્રાહ્મણોનો તિરસ્કાર થાય છે ત્યાં સુખ શાંતિ રહેતી નથી.'' (અથર્વ/૫/૧૯/૧૦) આ સન્દર્ભમાં રોમપાદરાજા અને જય વિજય દૃષ્ટાંતરૂપ છે. રોમપાદ રાજાએ કોઇ યાચક બ્રાહ્મણને અમુક વસ્તુ આપવાનું વચન આપી મંત્રીના કહેવાથી તેઓ પોતાના વચનથી પરાંગ મુખ થઇ ગયા. એટલે નારાજ થએલા બ્રાહ્મણો તેઓના રાજ્યનો ત્યાગ કરી જતા રહ્યા અને પરિણામે તેઓના રાજ્યમાં દેવરાજે વૃષ્ટિ કરવાની બંધ કરી દીધી. ભારતવર્ષ પર થતા યવનોના આક્રમણનો સામનો કરવાને અર્થે ધનાનંદ પાસે સહાય માંગવા આવેલા ચાણક્ય નામના પવિત્ર બ્રાહ્મણનો ઉપહાસ કરી તેની શીખા પકડી બહાર કાઢી મૂકનાર ધનાનંદનો તેના પરિવાર સહિત નાશ થયો. બ્રહ્માજીના પુત્ર સનકાદિ મુનિઓનો વૈકુંઠમાં પ્રવેશ અટકાવી તેઓને ધક્કો મારી બહાર કાઢનાર જય વિજયને સનકાદિકના શાપના ભાજી થવુ પડેલુ. મટે બ્રાહ્મણોનું અપમાન ક્યારેય પણ ન જ કરવું. (શ્લોક-૨૭) ધન ધાન્યથી સંપન્ન હોવા છતાં સદાચારથી રહિત કુળ પણ ઉચ્ચ કુળમાં ગણતરી નથી પામતા તે વાત કહેવાય છે-

<u>**શ્લોક - ૨૮**</u> कुलानि सुमपेतानि गोभि: पुरुषतोऽर्थत:।
कुलसंख्यां न गच्छन्ति यानि हीनानि वृत्तत:॥

શ્લોકાર્થ :- જે કુળો પુરૂષો, પશુ તથા ધન સંપન્ન હોય છતા જો સદાચારથી રહિત હોય, તો તે કુળો ઉચ્ચ કુળોની ગણનામાં રહેતા નથી.

ચ.ટી. :- મનુ મહારાજ કહે છે 'आचारो परमो धर्मः- આચાર એ શ્રેષ્ઠ ધર્મ છે.' માનવ ધનધાન્યથી પરીપૂર્ણ હોવા છતા તેમા સદાચારનો અભાવ હોય તો તની શોભા 'ઇન્દ્રમણ' ના ફળ જેવી છે. જે દેખાવમાં તો સુંદર છે પરંતુ સ્વાદમાં અતિ કટુ હોય છે. તેમ સદાચાર હીન માનવ પણ આવો જ હોય છે માટે જ કહ્યુ છે. ''वृत्ततस्त्वविहीनानि कुलान्यल्पधनान्यपि। कुलसंख्यान गच्छन्ति कर्षन्ति च महाद्यशः॥ જે કુળમાં સચ્ચરિત્ર બની રહે છે, ભલે તેની પાસે થોડુ ધન હોય તો પણ તે શ્રેષ્ઠ કુલ કહેવાય છે અને મહાયશને પામે છે.'' (મહા. ઉદ્યો. ૨૮/૨૯) (શ્લોક-૨૮) હવે કયુ કુળ મહાન યશને પામે છે તેનું વર્ણન કરાય છે -

શ્લોક - ૨૯ वृत्ततस्त्वविहीनानि कुलान्यल्पधनान्यपि।
कुलसंख्यां च गच्छन्ति कर्षन्ति च महद्यशः॥

શ્લોકાર્થ :- જ કુળ અલ્પધનવાળુ છે, પરંતુ આચાર વ્યવહારથી સંપન્ન છે તેની ગણના શ્રેષ્ઠ કુળમાં થાય છે અને તે કુળ મહાન યશને પ્રાપ્ત કરે છે.

ચ.ટી :- સદાચારથી હીન મનુષ્યનું કેવળ ઊંચું કુલ શ્રેષ્ઠ માની શકાતુ જ નથી કારણ કે હીન કુળમાં ઉત્પન્ન થયેલા મનુષ્ય ના સદાચારથી તે કુળ શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકે છે. આ સન્દર્ભમાં ધર્મવ્યાધ અને તુલાધાર વણિક દૃષ્ટાંત રૂપ છે. ધર્મવ્યાધ અત્યંતજ જાતિમાં પ્રગટ થયા હતા પરંતુ તેઓનું આચરણ ધર્મમય હતુ. જેને લઇ અનંતકોટી બ્રહ્માંડ નાયક ભગવાન શ્રીહરિ પોતાના એક રૂપે મનુષ્ય વિગ્રહ ધારણ કરી તેના ઘરે રહ્યા હતા અને કૌશિક નામનો બ્રાહ્મણ ધર્મનું તત્વ જાણવા તેના ઘરે આવેલો હતો. (મહા. વન) તુલાધાર વણિક કાશીમાં નિવાસ કરીને રહેતા હતા. જેઓનો જન્મ તૃતિય વર્ણ એવા વૈશ્ય

જ્ઞાતિમાં થયો હતો. વ્યવસાયે કરીને તેઓ મોદિનું કાર્ય કરતા હતા પોતાની દુકાન પર આવનારા ગ્રાહકમાં તેઓનો ભગવદ્ ભાવ હતો. આવનારા ગ્રાહક પાસે ઓછો નફો લઇ વસ્તુઓ આપતા હતા. પોતાના આ ધર્મમય આચરણને કારણે તેઓને ધર્મના સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ તત્વનું પણ જ્ઞાન થઇ ગયું હતુ જેને લઇ જાજલિ નામનો તપસ્વિ બ્રાહ્મણ પણ તેની પાસે ધર્મનું તત્વ જાણવા માટે આવતો હતો. (મહા. શાંતિ) માટે જ કહ્યુ છે- ''वृत्तंयत्नेन संरक्षेद् वित्तमेति च याति च। अक्षीणो वित्तत:क्षीणो वृत्ततस्तुहतोहत:॥ સદાચારની રક્ષા યત્નપૂર્વક કરવી જોઇએ ધન તો આવતુ અને જતું રહેશે. ધન ઘટી જવા છતાં પણ સદાચારી મનુષ્ય ક્ષીણ નથી મનાતો, પરંતુ સદાચારથી ભ્રષ્ટ થઇ ગયો, તેને તો નષ્ટ જ માનવો જોઇએ.'' (મહા. ઉદ્યો.૩૬/૩૦) (શ્લો-૨૯) હવે નીતિકાર પ્રયત્ન પૂર્વક સદાચારની રક્ષા કરવાનું કહે છે-

શ્લોક - ૩૦ वृत्तं यत्नेन संरक्षेद् वित्तमेति च याति च।
अक्षीणो वित्तव: क्षीणो वृत्ततस्तु हतोहत:॥

શ્લોકાર્થ :- સદાચારની રક્ષા યત્ન પૂર્વક કરવી જોઇએ ધનતો આપવુ અને જતું રહેશે ધન ઘટી જવા છતાં પણ સદાચારી મનુષ્ય ક્ષીણ નથી મનાતો પરંતુ સદાચારથી ભ્રષ્ટ થઇ ગયો, તેને તો નષ્ટ જ માનવો જોઇએ.

ચ.ટી. :- 'आचारहीनं न पुनन्ति वेदा: – આચાર વ્યવહારથી હીન વ્યક્તિને વેદોપણ પવિત્ર કરી શકતા નથી.' કહેવત પણ પ્રસિધ્ધ છે. 'ધન નષ્ટ હુઆ કુછ નષ્ટ હુઆ, શરીર નષ્ટ હુઆ બહુત કુછ નષ્ટ હુઆ, કિન્તુ ચરિ ચરિત્ર નષ્ટ હુઆ સબ કુછ નષ્ટ હો ગયા' વ્યાસજી કહે છે - 'धर्मकृत्वा कर्मणां ताल मुख्यम् महाप्रताप: सवितेव भाति। हीनो हि धर्मेण महीमपीमाम् लब्ध्वा नर: सीदति पापबुद्धि॥ કર્મોમાં મુખ્ય ધર્મ જ છે, જેનું આચરણ કરવાથી મનુષ્ય મહાપ્રતાપિ બની સૂર્યની

જે પ્રકાશિત થાય છે. જે દુષ્ટ બુધ્ધિવાળો ધર્મથી હીન છે. તે સમ્પૂર્ણ પૃથ્વિને પ્રાપ્ત કરીને પણ અસંતુષ્ટ અને દુઃખીજ રહે છે.' (મહા. ઉ. ૨૭/૬) ભીષ્મજી કહે છે- 'पुलाका इव धान्येषु पूतिका इव पक्षिषु। महाकाइव मर्त्येषु येषां धर्मो न कारणम्॥ જે ધર્મની ઉપેક્ષા કરે છે તે અન્નમાં પુલાકનામના નિકૃષ્ટ અન્ન સમાન છે, પક્ષીઓમાં પાંખવાળા દિમક સમાન છે તથા અન્ય પ્રાણિઓમાં મચ્છર સમાન છે.' (મહા.સા.૧૮૧/૭) વાલ્મિકીજી કહે છે 'निर्मर्यादस्तु पुरुषः पापाचार समन्वितः। मानंन लभते सत्सुभिन्न चरित्र दर्शनः॥ જે માનવ ધર્મ અથવા વેદની મર્યાદાનો ત્યાગ કરી બેસે છે તે પાપ કર્મમાં પ્રવૃત્ત થાય છે અને આચાર વિચારથી ભ્રષ્ટ થવાથી સત્પુરૂષોમાં સમ્માન પામતો નથી.' (વા.રામા. અયો. ૧૦૯/૩) ભર્તહરિ કહે છે 'वहिनस्तस्य जलायते जलनिधिः कुल्यायते तत् क्षाणान्मेरुः स्वल्प शिलायते मृगपतिः सद्यः कुरङ्गायते। व्यालो माल्यगुणायते विषरसः पीयुषवर्षायते यस्याङ्गनेऽखिल लोकवल्लभतमं शीलं समुन्मीलति॥ મનુષ્યની સર્વાધિક સ્પૃહણીય વસ્તુ છે શીલ, જે તેનું સર્વશ્રેષ્ઠ આભૂષણ કહેવાયું છે. જે મનુષ્યમાં વિશ્વની સર્વશ્રેષ્ઠ વસ્તુશીલ છે તેને માટે અગ્નિ જળ બની જાય છે, સમુદ્ર સામાન્ય નદી બની જાય છે, મેરૂપર્વત સમાન્ય શિલાખંડ બની જાય છે સિંહ હરણની જેમ વ્યવહાર કરવા લાગે છે અને સર્પ ફૂલોની માળા બની જાય છે.' (નીતિશતક/૧૦૯) વિષ્ણુ શર્મા પણ કહે છે- 'दानेन तुल्योनिधिरस्तिनान्यो लोभाच्च नान्योऽस्ति रिपुः पृयिव्याम्। विभूषणं शीलसमं न चान्यत् संतोष तुल्यं धनमस्ति नान्यत्॥ સંસારમાં દાન સમાન બીજો કોઇ ખજાનો નથી, લોભ સમાન કોઇ શત્રુ નથી. સદાચાર સમાન કોઇ ભૂષણ નથી અને સંતોષ સમાન બીજ કોઇ ધન નથી (પંચતંત્ર/મિત્ર/૧૬૩) 'यथा हि मलिनैर्वस्त्रैर्यत्र तत्रोपविश्यते। एवं चलित वित्तस्तु वित्तशेषं न रक्षशि॥ જે પ્રમાણે મલિન વસ્ત્રધારી પુરૂષ જ્યાં ત્યાં (ધૂળ આદિમાં) બેસી જાય છે, તે જ પ્રમાણે સદાચાર થી ભ્રષ્ટ

થયેલ પુરૂષ અન્ય આચારોની પણ પરવા કરતો નથી અને બધા દુરાચારોમાં પ્રવૃત્ત થાય છે.'' એટલે જ માટે આચાર્ય શંકર કહે છે 'અધમ કોણ? તો ચરિત્રહીન' (મણિરત્ન માળા) (શ્લોક-૩૦) હવે નીતિકાર સદાચારથી હીન કુળની વાત કરે છે-

શ્લોક - ૩૧ गोभि: पशुभिरश्वैश्च कृष्या च सुसमृध्धया।
कुलानि न प्ररोहन्ति यान्ति हीनानि वृत्तत: ॥

શ્લોકાર્થ :- ગાય, અશ્વ, અજ તથા ભેંસાદિ પશુઓની અધિકતાથી અને કૃષિથી સંપન્ન હોવા છતા કુળ વૃદ્ધિ પામતુ નથી અર્થાત્ શ્રેષ્ઠતાને પામતુ નથી જે કુળ સદાચારથી હીન હોય છે.

ચ.ટી. :- ગાયની મહત્તા બીજા બધા પશુઓથી અધિક છે, એટલા માટે ગાયને અન્ય પુશઓ કરતા પૃથક બતાવેલ છે. કોઇ સ્થાન પર અહીં આવતા ગો શબ્દનો અર્થ વિદ્યાપણ કરેલો છે. પરંતુ વિદ્યા સાથે તેનો કોઇ સમ્બન્ધ બનતો નથી. કારણ વિદ્યા ઉચ્ચવંશની સાથે હીનવંશમાં પણ જતી રહે છે. આ સન્દર્ભમાં રાક્ષસરાજ લંકાધિપતિ રાવણ દૃષ્ટાંત રૂપ છે. બ્રહ્માજીના પુત્ર પુલસ્ત અને તેના પુત્ર વિશ્રવામુનિ અને કૈકસિ થકી પ્રગટ થયેલા રાવણે પોતાની તપસ્યાથી બ્રહ્માજીને પ્રસન્ન કરી વાનર અને મનુષ્ય સિવાય બધા થકી અજેયતા મેળવી તથા પોતાના સામર્થ્યની ત્રિલોકીનું રાજ્ય પ્રાપ્ત કર્યુ તે પછી પોતાના જયેષ્ઠ ભ્રાતા કુબેરને સુવર્ણ ની લંકામાંથી હાકી કાઢી નવનિધિઓથી પૂર્ણ એવા રાજ્યની પ્રાપ્તિ કરી કે જેના વૈભવ આગળ સ્વર્ગની અમરાવતીનો વૈભવ પણ તુચ્છ લાગતો હતો આ ઉપરાંત તેનામાં શાસ્ત્રનું જ્ઞાન તો અટલું હતુ કે એક મસ્તક તેનું તે જ્ઞાન ધારણ ન કરી શકવાના કારણે તેના દશ મસ્તક પ્રગટ થઇ ગયા પરંતુ આટ આટલો વૈભવ હોવા છતા રાવણનો આચાર વેદ વિરુધ્ધ તથા આપ્ત પુરૂષોના આચારથી વિરુધ્ધ હતો એના કુળમાં પ્રગટ થયેલા બધાજ લોકો તેના આચારને આશ્રેલા હોય તેઓ બધા પુલસ્તના કુળમાં જન્મેલા હોવા છતાં

પણ અદ્યાપિ તેઓના કુળને બધા હીન કુળ તરીકે જએ છે. (શ્લોક-૩૧) હવે નીતિકાર ગૃહસ્થને પાળવા યોગ્ય સદાચારનું વર્ણન કરે છે-

શ્લોક - ૩૨ मा न: कुले वैरकृत्कश्चिदस्तु
राजमात्यो मा परस्वापहारी।
मित्रद्रौही नैकृतिकोऽनृती वा
पूर्वाशी वां पितृदेवातिथिभ्य: ॥

શ્લોકાર્થ :- અમારા કુળમાં કોઇ વેર કરનાર ન થાઓ, પર દ્રવ્યને હરણ કરનારો રાજા અથવા અમાત્ય ન થાઓ, મિત્ર દ્રોહી ન થાઓ, કપટી ન થાઓ, અસત્ય બોલનારો ન થાઓ અને પિતૃ, દેવતા તથા અતિથિને ભાગ અર્પણ કર્યા પહેલાં જમનારો કોઇ ન થાઓ!

ચ.ટી. :- એક સદ્ ગૃહસ્થનું પ્રતિદિન એ કાર્ય કરે છે કે તે પ્રતિદિન દેવતાઓ અને પિતરોને માટે અગ્નિમાં હોમ અને તર્પણ કરે. ઘર દ્વાર પર આવેલા અતિથિ અને અભ્યાગતોને તૃપ્ત કરી અન્નને ગ્રહણ કરે આ નિયમનું હંમેશા પાલન કરવું જોઇએ. એક સદ્ગૃહસ્થ સદા કામના કરે છે કે અમારા કુળમાં આ નિયમનું ઉલ્લંઘન કરનારા કોઇ ન થાય. આ પ્રમાણેનું આચારણ કરનારો જ કુલિન પુરૂષ છે. (શ્લોક-૩૨) હવે નીતિકાર કેવા મનુષ્યને સભામાં પ્રવેશ ન આપવો તેનું વર્ણન કરાય છે.

શ્લોક - 33 यश्च नो ब्राह्मणान्हन्याद्
यश्च नो ब्राह्मणान्द्विषेत् ।
न न: स समितिं गच्छेद्
यश्च नो निर्वपेत् कृषिम् ॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય બ્રાહ્મણોની હિસા કરે અથવા બ્રાહ્મણો સાથે દ્વેષ કરે અને અમારી ફસલને કાપી લે એવો હોય તે અમારી સભમાં ન આવે!

ચ.ટી. :- 'न नःस' ના સ્થાન પર 'न तस्य' પાઠાન્તર છે. તે અવસ્થામાં અર્થ થશે 'તેવાઓની સભાને અમે પ્રાપ્ત ન થઇએ' અર્થાત્ બ્રાહ્મણો સાથે દ્વેષ કરનાર, તની હિંસા કરનાર તથા પ્રજાનું ધન હડપનારા રાજાની સભાને અમો પ્રાપ્ત ન થઇએ તથા મુળમાં જે 'यश्च नो निर्वयेत् कृषिम्' નો બીજો અર્થ થાય છે. 'જે પિતરોને અન્ન જલ વસ્ત્ર આદીથી શ્રધ્ધા પૂર્વક તર્પણ કરનાર ન હોય તેની સભાને અમો પ્રાપ્ત ન થઇએ.' (શ્લોક-૩૩) હવે નીતિકાર કેવા પદાર્થ સજ્જના ઘરમાંથી સમાપ્ત થતા નથી તેનું વર્ણન કરે છે-

શ્લોક - ૩૪ तृणादि भूमिरुदकं

वाक् चतुर्थी च सूनृता।

सतामेतानि गेहेषु

नोच्छिद्यन्ते कदाचन॥

શ્લોકાર્થ :- સજ્જનોના ઘરમાં અન્ન, જળ, ભૂમિ અને પ્રિય સત્ય વચન ક્યારેય પણ સમાપ્ત થતા નથી અર્થાત્ અતિથિઓ માટે એ સદા ઉપલબ્ધ હોય છે કારણ તેઓ સ્વયં ક્ષુધાને સહન કરી અતિથિ સેવા કરે છે.

ચ.ટી. :- જે ગૃહસ્થ અતિથિ સેવા સાચા મનથી કરે છે તેના ઘરમાં કોઇ વાતની અપૂર્તિ રહેતી નથી. તેના કાર્ય સ્વતઃ પૂર્ણ થઇ જાય છે અને તે દેહાન્તે પરમ ગતિ પામે છે કહ્યુ પણ છે 'सम्प्राप्तो योऽतिथिःसायं सूर्योढे गृहमेधिनाम्। पूजया तस्यदेव त्वं प्रयान्ति गहमेधिनः॥ स्वाग तेनाग्नयस्तृप्ता आसनेन शतक्र तुः। पादशौचेन पितरः अर्धाच्छम्भुस्तथाऽतिथे॥ જે અતિથિ સન્ઘ્યાએ સૂર્યાસ્તના સમયે ગૃહસ્થના ઘરે આવી પહોંચે છે તેની પૂજા કરવાથી ગૃહસ્થજન દેવતાતુલ્ય થાય છે. અતિથિને 'સારૂ થયું તમે આવ્યા તમારૂ સ્વાગત છે.' આ પ્રમાણે બોલી તેને આસન પ્રદાન કરવાથી ઇન્દ્ર, ચરણ પ્રક્ષાલન કરવાથી પિતર અને અર્ધ્યપ્રદાન

કરવાથી મહાદેવ પ્રસન્ન થાય છે.'' (પંચતંત્ર/મિત્ર/૧૮૧-૧૮૩) ''प्रियो वा यदि वा द्वेष्यो मूर्खो वा यदि पण्डितः। वैश्वदेवान्तमापन्नः सोऽतिथिः स्वर्गसङ्क्रमः॥ જો અતિથિ પ્રિય હોય અથવા શત્રુ, મુર્ખ હોય કે પંડિત, વૈશ્વ દેવના અંતમાં ઉપસ્થિત થાય તો તેનો સત્કાર કરવાથી ગૃહસ્થ સ્વર્ગમાં જાય છે.'' (પંચતંત્ર/લબ્ધ/શ્લો-૨) 'न पृच्छेच्चरणं गोत्र न च विद्यां कुलं न च। अतिथिं वैश्वदेवान्ते श्राद्धे च मनुरब्रवीत्॥ બલીવૈશ્વ દેવ કર્મના અંતમાં તથા શ્રાધ્ધમાં સમુપસ્થિત અતિથિને તેનું ચરણ (શાખા) ગોત્ર, વિદ્યા અને બીજ કાંઇપણ ન પુછવું એવું મનુમહારાજનું કહેવું છે.' (પંચ/લબ્ધ/શ્લો-૩) ''दूरमार्गश्रम श्रान्तां वैश्वदेवान्तमागतम्। अतिथिं पूजयेद्यस्तु स याति परमांगतिम्॥ બલીવૈશ્વદેવકર્મના અન્તમાં જે મનુષ્ય વિશાળ પથં કાપી શ્રમ પૂર્વક થાકેલો ઉપસ્થિત અતિથિ નો સત્કાર કરે છે તે શ્રેષ્ઠ ગતિને પામે છે.'' (પંચ/લબ્ધ/શ્લો-૪) પરંતુ જે ગૃહસ્થ અતિથિની ઉપેક્ષા કરે છે તેનાથી દેવતાઓ પિતરો તથા પરમપિતા પરમાત્મા અપ્રસન્ન થાય છે કહ્યુ પણ છે ''अपूजितोऽतिथिर्यस्य गृहाद्यातिविनिःश्वसन्। गच्छन्ति विमुखास्तस्य पितृभिः सह देवताः॥ જે ગૃહસ્થના ઘર દ્વારા થકી અતિથિ આદર પ્રાપ્ત કર્યા વિના, પોતાનું અપમાન સહન કરી, દીર્ઘ નિઃસ્વાસ લેતો થકો પાછો જાય છે, તે ગૃહસ્થ પુરૂષ તરફથી દેવતા અને પિતરો પોતાનું મુખફેરવી જતા રહે છે.'' (પંચ/લબ્ધ/શ્લો-૫) ''गृहेषु येष्वनार्चिताः शलिलैरपि। यदि निर्यान्तिते नूनं फेरुराजगृहोपमाः॥ જે ઘરમાં આવેલા અતિથિનું કેવલ જળ દ્વારા પણ સત્કાર થતું નથી અને તે આમ જ જતા રહે છે તે ઘર અવશ્ય જ શિયાળોના ઘર સમાન છે.'' (ભાગ-૮/૧૬/૭)

ઇતિહાસમાં એવા પણ દૃષ્ટાંતો જોવા મળે છે કે જેઓએ પોતે ક્ષુધાનુ કષ્ટ સહન કરી ઘર દ્વાર પર આવેલા અતિથિની સર્ભરા કરી હતી. આ સમ્બન્ધમાં હિન્દૂ કૂલ સૂર્ય મહારાણા પ્રતાપના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય

છે. વાત એવી હતી કે મહારાણા પ્રતાપે ચિત્તોડનો ત્યાગ કરી મહારાણી કુલવતી અને નાના રાજકુમાર તથા રાજકુમારી સાથે અરાવલ્લીના વનનું શરણ ગ્રહણ કર્યુ. અકબરની શક્તિશાળી સેના પાછળ પડી હતી. ગુફમાં, વનમાં, નાળાઓમાં ક્યારેક ક્યાંય અને ક્યારેક ક્યાંય રાત્રિ વ્યતિત કરવી પડતી હતી. વનમાં ન તો કંદ હતા ન તો ફળ, ભક્ષણ કરી શકાય એવા પાંદડા પણ ન હતા. ઘાસના મધ્યે પથ્થર પર પીસી રોટલી સેકતા હતા અને તે પણ કેટલા દિવસે મળતી હતી. સમગ્ર પરિવાર સૂકાઇને કંગાળ થઇ ગયો હતો. આજ વિપત્તિના દિવસોની વાત છે કેટલાય દિવસો સુધી સળંગ ઉપવાસ બાદ ઘાસના થોડા બીયાઓ એકત્રિત થયેલા તેને પીસીને એક રોટલી બનાવી મહારાણા અને મહારાણીને તો ઉપવાસ કરવાનો જ હતો. તેઓએ પોતાના બંને બાળકોને અડધી રોટલી વહેંચી આપી. રાજકુમાર તો અબોધ બાળક હતા તેણે તો તે સમય પોતાની અડધી રોટલી ખાઇ લીધી રાજકુમારી પણ બાળકી હતી, પરંતુ તે પરિસ્થિતિ સમઝતી હતી તેઓએ પોતાની રોટલી એક પથ્થર નીચે દબાવીને મૂકી રાખી એ આશયથી કે મારા નાના ભાઇને ભૂખ લાગશે તો તેને આપીશ.

તદન્તર વનમાં રહેતા રાણાજીના દ્વાર પર એક અતિથિ આવ્યો રાણાજીએ તેઓને બસવા માટે દર્ભાસન આપ્યુ. હવે તેઓ આમ તેમ જોવા લાગ્યા. મેવાડના અધિપતિ પાસે આજે અતિથિને જળ આપવા સિવાય તેની ક્ષુધા શાન્ત કરવા કરવા અન્નના બે દાણા પણ ન હતા. પરંતુ પાસે બેઠેલી તેઓની પુત્રીએ પોતાના પિતાનો ભાવ સમઝી લીધો. તેણે પોતાના ભાગની રોટલી જે પથ્થર નીચે દબાવીને રાખી હતી તેમાથી અડધો ટુકડો અતિથિ માટે પત્તર પર લાવી તેની સામે મુકયો અને તે બોલી 'પ્રભુ! આજે અમારી પાસે તમારો સત્કાર કરવા આનાથી વધું બીજ કંઇ નથી.' અતિથિ તૃપ્ત થઇ જતા રહ્યા તેના ગયા

બાદ તે બાળકી મુર્છા ખાયને ઢળી પડી. કારણ નિરન્તર ઉપવાસના કારણે તે દુર્બળ થઇ ગઇ હતી તે તેની અન્તિમ મુર્છા હતી. તે અડધી રોટલી તેનું જીવન હતુ તે તેણે અતિથિને અર્પણ કરી દીધી હતી. તેના અતિથિ ધર્મને ધન્યતા છે (ધર્માંક)

બીજ એક ચરિત્ર રામાનુજાચાર્યના શિષ્ટ વરદાચાર્યની ધર્મપત્ની લક્ષ્મીના સંબંધમાં જોવા મળે છે. કથા એવી છે કે- એક દિવસ આચાર્ય રામાનુજસ્વામી વિચરણ કરતા થકા પોતાના શિષ્યો સાથે પોતાના એક શિષ્ય વરદાચાર્યજીના ઘરે પધાર્યા તે સમયે તેઓ ભિક્ષાર્થે અન્ય ગામ માં ગયા હતા તેઓના પત્ની લક્ષ્મીબાઇ ઘરમાં ઉપસ્થિત હતા દરિદ્ર અતિશય હોવાથી ઘરમાં ફાટેલા ટૂટેલા વસ્ત્ર શરીર પર ધારણ કરી તેઓ બેઠા હતા શરીર પર પહેરેલા વસ્ત્ર પણ પુરતા ન હોવાથી તે આચાર્યશ્રીની અગવાની કરવા અસમર્થ હતી. એટલે તેણે મનોમન વિચાર કર્યો કે 'જો અમો આચાર્યનો સત્કાર કરવા ન જઇશુ તો તેઓ અસત્કૃત રહી જશે.' એટલે તેણે ઘરમાં બેઠા થકા જ બે હાથથી તાળી વગાડીઆ પ્રમાણે તેનો સંકેત જાણી આચાર્યશ્રીને સમઝતા વાર ન લાગી એટલ તેઓએ પોતાનો ઉપર્ણો ઘરમાં ફેંકયો. જે વસ્ત્ર ઓઢી લક્ષ્મીબાઇ બહાર આવ્યા અને તેણે આચાર્ય અનેતેઓના શિષ્યોનો સત્કાર કર્યો. તે પછી તેને આચાર્યશ્રીના આતિથ્યની ચિંતા થઇ. ઘરમાં અનાજનો એક દાણો પણ હતો નહિ હવે શું કરવું? એવામાં તેણે વિચાર કર્યો કે 'આ શરીરનો વિક્રય કરોને પણ ગુરૂદેવની સેવા કરવી.'

આ પ્રમાણે વિચાર કરી તે પોતાના ગામમાં રહેતા મહાજનની પાસે આવી. આ મહાજન હંમેશા આ બાઇને પામવા માટે મનસુબા કર્યા કરતો હતો. લક્ષ્મીબાઇથી આ વાત અજાણ ન હતી, તે મહાજન પાસે જઇ પ્રસન્ન થઇને બોલી 'દેવ! આજે અમારા ઘરે અમારા ગુરૂ પધારેલા છે અટલે તેઓના આતિથ્ય માટે

ઉચિત માત્રમાં આવશ્યક સામગ્રી જોઇએ છે તો તે સામગ્રી મોકલી આપો તે પછી તમો તમારે મોનુકૂળ વ્યવહાર અમારી સાથે કરી શકો છો' મહાજને તો પોતાની મનોઅભિલાષાને અચાનક સિધ્ધ થતી સાંભળીને તે તો અત્યંત પ્રસન્ન થયો અને તેણે વિપુલ માત્રમાં સામગ્રી પોતાના સેવકો સાથે તેના ઘરે મોકલી આપી. લક્ષ્મીબાઇએ સામગ્રી સિધ્ધ કરી આચાર્યશ્રીને નિવેદિત કરી આચાર્યે ઠાકોરજીને ભોગ લગાવી સ્વયં પ્રસાદ ગ્રહણ કરી પોતાના શિષ્યો સાથે લક્ષ્મીબાઇને પણ પ્રસાદ આપ્યો અને તે પછી તેઓ જ્ઞાનની વાતો કરવા લાગ્યા. એવા સમયમાં વરદાચાર્ય પોતાના ઘરે આવ્યા અને આવીને જોયું તો આચાર્ય પોતાના ઘરે બિરાજે છે તેણે આચાર્યને પ્રણામ કર્યા અને પછી એકાંતમાં પોતાના પત્ની થકી સમસ્ત વૃત્તાંત સાંભળ્યુ. પોતાના પત્નીની આતિથ્ય સત્કારમાં આવી નિષ્ઠા જોઇ તેઓ અત્યંત પ્રસન્ન થયા.

તે પછી વરદા ચાર્યના પત્નીએ વિચાર્યુ કે 'આ ભગવદ્ પ્રસાદ છે તે હું મહાજનને અર્પણ કરી આવ, પછી તેણે અમારી સાથે જે વ્યવહાર કરવો હોય તે કરે' આ પ્રમાણે વિચારી તે સ્વયં મહાજનને પ્રસાદ આપવા ગઇ. અભિલષિત નાયિકાના હાથથી ભગવાનનો પ્રસાદ પ્રાપ્ત કરીને તો મહાજન અત્યધિક પ્રસન્ન થયો અને તે પ્રસાદ તરત જ ભક્ષણ કરી ગયો.જેવો ભગવત્ પ્રસાદ ઉદરમાં જતા તેના વિચારમાં પરિવર્તન આવી ગયુ તેની બુધ્ધિ નિર્મળ થઇ ગઇ. તેના હૃદયમાં જ્ઞાન ઉત્પન્ન થઇ ગયુ અને તે પછી જ્યારે આચાર્ય પોતાના ગંતવ્ય સ્થાન પર જતા રહ્યા ત્યારે વરદાચાર્ય પોતાની પત્ની લક્ષ્મીને લઇ મહાજન પાસે આવ્યા. ત્યારે મહાજન તો બાઇના પગમાં પડી ગયો અને બોલ્યો 'માતા! અમો અજ્ઞાનિ છીએ, અમારા અજ્ઞાનને કારણે તમારી સાથે અનુચિત વ્યવહાર કરવાની ઇચ્છા પ્રગટ કરી. પરંતુ અમો હમણા મોહવિહિન થઇ ગયા છીએ, આપ અમારી માતા

છો અને તમારા પતિ અમારા પિતા છે.' તે પછી તો વરદાચાર્યજી તેને લઇ આચાર્યની પાસે આવ્યા અને આચાર્યે તેને દીક્ષા આપી પોતાના આશ્રિત કર્યા. (પ્રપન્નામૃતમ્) આમ આ બંને પ્રસંગોનું અવલોકન કરતા એવાત વિદિત થાય છે કે આપ્ત પુરૂષોએ સંકતના સમયમાં પણ આતિથ્ય ધર્મ નિભાવતા થકા અતિથિની સેવા કરી હતી માટે દરેક ગૃહસ્થે આ પરમ ધર્મનું પાલન કરવું. (શ્લોક-૩૪) આગળના શ્લોકમાં અન્ન, જળ આદિ પદાર્થ કોના ઘરમાં ઉપલબ્ધ હોય છે તેનું વર્ણન કરાય છે-

શ્લોક - ૩૫ श्रद्धया परया राजन्

नुपनीतानि सत्कृतिम्।

प्रवृत्तानि महाप्राज्ञा

धर्मिणां पुण्यकर्मिणाम्॥

શ્લોકાર્થ :- હે મહાપ્રજ્ઞા શાળી! ધાર્મિક તથા પુણ્ય કર્મ કરવાવાળી વ્યક્તિઓને ત્યાંજ ઉપર્યુક્ત વસ્તુઓ પરમ શ્રધ્ધાથી સત્કારને માટે પ્રસ્તુત કરાય છે.

ચ.ટી. :- જે અતિથિ સત્કારની મહત્તાને જાણનારા હોય તેઓને ત્યાં જ આ ઉપર્યુક્ત વસ્તુઓ ઉપલબ્ધ થાય છે પરંતુ અન્યને ત્યાં નહિ. (શ્લોક-૩૫) હવે વિદુરજી કેવા કુળમાં ઉત્પન્ન થયેલો પુરૂષ મોટા ભારને પણ સહન કરે છે તે દૃષ્ટાંત દ્વારા કહે છે-

શ્લોક - ૩૬ सूक्ष्मोऽपि भारं नृपते स्यन्दनो वै

शक्तो वोढुंन तपान्ये महीनाः।

एवं युक्ता भारसहा भवन्ति

महाकुलीना न तथान्ये मनुष्याः॥

<u>શ્લોકાર્થ :-</u> જેમ નાના એવા કાષ્ટનો રથ પણ ભારને ખેંચવા સમર્થ હોય છે, પરંતુ લાંબા વૃક્ષ નહિ તેમ મહાન કુળમાં ઉત્પન્ન થયેલો મનુષ્ય મોટા ભારને સહન કરે છે અન્ય મનુષ્ય નહિ.

<u>ચ.ટી. :-</u> કુલીન મનુષ્ય પોતે કષ્ટ સહેવા છતા અન્યને કષ્ટ આપવાનું ઉચિત નથી સમઝતો જ્યારે સામાન્ય મનુષ્ય ભય લોભ ઇત્યાદિ કારણોને લઇને કોઇનો ભાર ગ્રહણ કરવા ઉધત થતા નથી. આ સંબંધમાં એક પ્રસંગ અવલોનક કરવા યોગ્ય છે. જેથી આ વાતની સ્પષ્ટતા થશે. વાત એવી હતી કે સ્વર્ગની દેવ સભામાં દેવરાજને તેમના અનુચરોએ કોઇ રાજાની દયાળુતાનું વર્ણન કર્યુ એટલે એક દેવતાના મનમાં આ રાજાની પરીક્ષા લેવાની ઇચ્છા થઇ એટલે તેઓ ધરાતલ પર આવ્યા અને રાજા પ્રત્યે બોલ્યા 'રાજા! તમો અમોને પ્રતિદિન એક મનુષ્યની બલી આપો, નહિતર અમો તમારા નગરના બધા મનુષ્યોને મોતને ઘાત ઉતારી દેશું.

તેની વાત સાંભળી રાજાએ શાંતચિત્તે તેને કહ્યું 'જે પણ થવાનું હશે ત થશે અમો જાણી જોઇને કોઇપણ પ્રાણીની બલી નહિ જ આપીએ. ત્યારે દેવતાએ એવું દૃશ્ય ઉપસ્થિત કર્યુ કે જેનાથી પ્રત્યેક નગરવાસીઓને આકાશમાં એક વિશાળ પથ્થરની શીલા દેખાવા લાગી અને બધાને એવું લાગવા લાગ્યું કે આ પથ્થરની શીલા નગર પર પડવાની છે અને જે પડતા સમ્પૂર્ણ નગર ધ્વંશ થઇ જશે, આ દૃશ્ય જોઇ નગરના બધા લોકો રાજાની સમિપમાં આવ્યા અને તેઓ પ્રત્યે પ્રાર્થના કરતા થકા બોલ્યા કે 'રાજન્! સંપૂર્ણ નગરની રક્ષા માટે એક બલિદાન આપવું જરૂરી છે.'

નગર જનોની વાત સાંભળી રાજાએ સ્થિર ભાવથી સ્પષ્ટ કહી દીધુ કે 'જે થવાનું હોય તે થાય અમો જાણી જોઇને કોઇની હત્યા નહિ જ કરીએ.' તે પછી

નગરના લોકોએ અંદરો અંદર મંત્રણા કરી બધાએ ધન એકત્રિત કર્યું અને તેનાથી એક સુવર્ણ મનુષ્યની પ્રતિમાં બનાવડાવી અને પછી નગરમાં ઘોષણા કરાવી કે 'જે કોઇ પ્રસન્નતાથી પોતાના ઘરના કોઇ એક વ્યક્તિનું બલિદાન આપશે, તેઓને આ સુવર્ણની પ્રતિમાં તથા બીજ પણ ધન ધાન્ય દાન કરી દેવામાં આવશે.'

આ પ્રમાણેની ઘોષણા સાંભળી એક લોભી મનુષ્યે પોતાના એક બાળકને બલિદાન માટે આપવા તૈયાર થયો એટલે નગર વાસીઓ તે સુવર્ણ મૂર્તિ તથા બીજ ધન ધાન્ય તે વ્યક્તિને અર્પણ કરી દીધુ અને પછી પેલા બાળકને બલિ આપવાના સ્થાનક પર લઇ જવામા આવ્યો.- ત્યારે તે બાળક હસિ રહ્યો હતો રાજાએ તેને હસવાનું કારણ પુછ્યુ ત્યારે બાળક બોલ્યો 'અમારા માટે આજે પરમ મંગલનો દિવસ છે કારણ અમારા એકના પ્રાણ જવાથી સમસ્ત નગરના લોકોની રક્ષા થશે.' રાજાને પોતાના કર્તવ્યની સમજ થઇ. તેઓએ ત્યાંથી તે બાળક હતાવી દીધો અને તેઓ સ્વયં પોતાની બલી આપવા તૈયાર થયા. રાજાની દયાવૃત્તિ જોઇ દેવતા પ્રસન્ન થયા. નગર પર જે શીલા પડવાની હતી તે એકાએક અદૃશ્ય થઇ ગઇ અને દેવતા રાજાને આશીર્વાદ આપી પોતાના લોકમાં જતા રહ્યા (સતકથા અંક/પ્રસંગ-૧૮૦) આમ કુલિન લોકો પોતે કષ્ટ સહન કરી અન્યને સુખી કરે છે આ બાબત આ દૃષ્ટાંત પરથી સ્પષ્ટ થાય છે. રતિદેવ રાજા પણ આવા જ કુલિન પુરૂષ હતા જેઓને અને તેમના સમસ્ત પરિવારને દુષ્કાળના સમયમાં લાગલગાટ અડતાલિસ દિવસ ઉપવાસ કરવા પડયા અને ઓગણપચાસમાં દિવસે તેઓને કોઇ સ્થાન પરથી અન્ન પ્રાપ્ત થયું તે પણ તેઓએ ક્ષુધાનુ કષ્ટ વેઠી પોતાના ઘર દ્વાર પર આવેલા અતિથિને અર્પણ કર્યું તે સમયે તેઓના મુખમાંથી ભગવાનને પ્રાર્થના કરતા શબ્દો સરી પડયા કે 'ન

कामयेऽहं गतिमीश्वशत् मष्टर्द्रियुक्तामपुनर्भवंवा। आर्तिप्रपद्येऽखिलदेहभाजा, मन्तः स्थितो येन भवन्त्युदुःखः॥ હે પ્રભુ! અમો તમારી પાસે અષ્ટ સિદ્ધિઓથી યુક્ત પરમ ગતિ નથી ઇચ્છતા, અને મોક્ષની કામના પણ કરતો નથી અમો તો કેવલ એટલું જ ઇચ્છિએ છીએ કે અમો સમસ્ત પ્રાણિઓના હૃદયમાં સ્થિતિ થઇ જઇએ અને તેઓનું સમસ્ત દુ:ખ અમો સહન કરીએ જેથી બીજા કોઇપણ પ્રાણિને દુ:ખ સહન ન કરવું પડે.'' (ભાગ. ૯/૨૧/૧૨) (શ્લોક-૩૬) હવે વિદુરજી શ્રેષ્ઠ મિત્રનું લક્ષણ આપે છે-

(૬૧) મિત્રામિત્રનો વિચાર :-

શ્લોક - ૩૭ न तन्मित्रं यस्य कोपद्विभेति

यद्वा मित्रं शङ्कितेमोपचर्यम्।

य स्मिन्मित्रे पितरीवाश्वसीत

तद्व मित्रं सङ्कतानीतराणि॥

શ્લોકાર્થ :- તે મિત્ર નથી જેના કોપથી ભય લાગે છે, મિત્ર તેજ છે જેમા પિતા સમાન વિશ્વાસ હોય, પરંતુ અન્ય એકત્રિત થયેલા મિત્ર નથી.

ચ.ટી. : મિત્રનું લક્ષણ બતાવતા ભર્તુહરિ કહે છે ''पापान्निवारयति योजयते हिताय गुह्यं निगृह्यति गुणान् प्रकटी करोति। आपद्गतञ्च ददाति न जहति काले सन्मित्रलक्षणमिदं निगदन्ति सन्ति॥ પાપોથી નિવારણ કરાવી હિતમાં લગાવે, ગુપ્ત વસ્તુને છપાવી ગુણોને પ્રગટ કરે તથા આપત્કાળ આવતા કશુક આપે અને સમય પર ત્યાગ ન કરનાર શ્રેષ્ઠ મિત્રોના લક્ષણો સંતોએ કહ્યા છે'' (નીશ. શ્લો-૬૯) વિષ્ણુ શર્મા મિત્રનો મહિમાં બતાવતા કહે છે- ''प्राप्ते भये परित्राणं प्रति विश्रम्भ भाजनम्। केन रत्नमिदं सृष्टं मित्र मित्यक्षरद्वयम्॥ મિત્ર આ બે અક્ષરવાળા

રત્ન રૂપી શબ્દ કોણે રચેલો છે, જે ભય આવતા રક્ષા કરે છે અને પૂર્ણ રૂપે વિશ્વાસનું પાત્ર છે.'' (પંચ/મિત્ર/શ્લો-૧૮૧) ''सर्वेषामेव मर्त्यानां व्यसने समुपस्थिते। वाङ् मात्रेणापि सहाप्यं मित्रादन्यो न संदधे॥ બધા મનુષ્યને વ્યસન-વિપત્તિ આવતા મિત્ર સિવાય બીજો કોઇ મનુષ્ય વાણી માત્રથી જાણ સહાય કરતો નથી.'' (પંચ મિત્ર/શ્લો-૧૨) ''किं चन्दनैः सपर्पूरैस्तु हितैः किं च शीतलैः। सर्वे ते मित्रणात्रस्य कलां नार्हन्ति षोऽशीम्॥ કપૂર મિશ્રિત ચંદન તથા હિમકણોથી શુ લાભ? આ બદા મિત્રના શરીરની સોળમી કળાની પણ બરોબરી નથી કરી શકતા'' (પંચુ/મિત્ર/૬૦)

આ સન્દર્ભમાં ભગવાન શ્રીકષ્ણ અને અર્જનનું મિત્રતાનું અવલોકન કરવા યોગ્ય છે- અર્જન સાથે શ્રીકૃષ્ણની મૈત્રી એટલી પ્રસિદ્ધ હતી કે સ્વયં દુર્યોધને પાંડવોના રાજસૂય યજ્ઞના વૈભવનું વર્ણન કરતા ધૃતરાષ્ટ્રને કહ્યું ''आत्माहि कृष्णः पार्थस्य कृष्णस्यात्मा धनंजयः॥ यद् ब्रूयादर्जुनः कृष्णं सर्वं कुर्वादसंशयम्। कृष्णो धनंजयस्यार्थे स्वर्गलोक मपि त्यजेत्॥ तथैव पार्थः कृष्णार्थे प्राणानपि परित्यजेत्॥ શ્રીકૃષ્ણ અર્જનના આત્મા છે. અને અર્જન શ્રીકૃષ્ણના આત્મા છે અર્જન શ્રીકૃષ્ણને કંઇક કરવાને કહે તો શ્રીકૃષ્ણ નિસ્સંદેહ રૂપથી તે કરે છે. શ્રીકૃષ્ણ અર્જન માટે દિવ્યધામનો પણ ત્યાગ કરી શકે છે અને અર્જન પણ શ્રીકૃષ્ણ માટે પ્રાણોનો ત્યાગ કરી શકે છે.'' (મહા/સભા/૫૨/૩૧-૩૩) શ્રી કૃષ્ણ નો અર્જન પ્રત્યે સહજ સખ્ય પ્રેમ હતો. ખાંડવવન દાહ પશ્ચાત જ્યારે ઇન્દ્રે સ્વર્ગથી આવી અર્જનને વર માંગવા કહ્યુ ત્યારે તેઓએ દેવરાજ પાસે દિવ્યાસ્ત્રોની માંગણી કરી અને દેવરાજે અર્જનજીને દિવ્યાસ્ત્ર પ્રદાન કરવાનું વરદાન આપ્યુ અને પછી દેવરાજે શ્રીકૃષ્ણને પોતા પાસે વરદાન માંગવા કહ્યુ ત્યારે શ્રીકૃષ્ણે તેઓ પાસે 'અર્જનની સાથે અમારો પ્રેમ નિરંતર વૃધ્ધિ પામે' એવો વર માંગ્યો અને દેવરાજે

તેઓને તે વર આપ્યો. જેનું વર્ણન કરતા વૈશમચાપનજી કહે છે. ''वासुदेवोऽपि जग्राहप्रीतिं पार्थेन शाश्वतीम्। ददौसुरपतिश्चव वरं कृष्णाय धीमते॥ (મહા. આદિ. ૨૩૩/૧૩).

પોતાના આત્માની જેમ પ્રિય મિત્ર અર્જન માટે કોઇપણ નાના મોટા કાર્ય કરવામાં શ્રીકૃષ્ણે ક્યારે પણ અસમર્થતા બતાવી નહતી. પાંડવો ના રાજસૂર્ય યજ્ઞમાં જ્યાં સમસ્ત મોટા વૃધ્ધોની સમક્ષ એક માત્ર તેઓને જ અગ્ર પૂજાને યોગ્ય સમજ્યા અને તેઓની અગ્રપૂજા થતી હતી. ત્યાં જ રાજસૂય યજ્ઞમાં સમાગત અતિથિઓના ચરણ પ્રક્ષાલન કરવાનું કાર્ય સ્વયં શ્રીકૃષ્ણ કરતા હતા અને અર્જનજી સન્માનને માટે અન્યાન્ય રાજાઓની જેમ યુધિષ્ઠિરને તેઓએ ચૌદ હજાર શ્રેષ્ઠ હાથિઓ પણ ભેટ સ્વરૂપે આપેલા હતા આનો ઉલ્લેખ કરતા વ્યાજી કહે છે- ''वासुदेवोऽपि वार्ष्णेयो मानंकुर्वन् किरीटिनः॥ अददद् गज मुख्यानां सहस्त्राणि चतुर्दश॥'' (મહા.સભા. ૫૨/૩૦-૩૧)

સંજય પાંડવોના અહીંથી જ્યારે પરત આવી ધૃતરાષ્ટ્રને ત્યાંા સમાચાર સંભળાવે છે અને અર્જન પ્રત્યે શ્રીકૃષ્ણના વિલક્ષણ પ્રેમનું વર્ણન કરતા કહે છે- ''હુ તે બન્ને સાથે વાત કરવા માટે અત્યંત વિનિત ભાવથી અંતઃપુરમાં ગયો. ત્યાં જઇને જોયું કે એક રત્નજડિત મહામૂલ્યવાન સ્વર્ણાસન પર શ્રીકૃષ્ણ અને અર્જન વિરાજમાન છે. શ્રીકૃષ્ણના ચરણ અર્જુનજીની ગોદમાં અને અર્જનના બન્ને ચરણ દેવી દ્રોપદી અને સત્યભામા ની ગોદમાં હતા. ત્યાં શ્રીકૃષ્ણે સ્વયં પોતાના મુખથી અર્જનની પ્રસંસા કરતા કહ્યુ તથા અર્જનને પોતાના સમાન બતાવતા કહ્યું ''देवसुरमनुष्येषु यक्षगन्धर्वभोगिषु। न त पश्याम्यहं युद्धपाण्डवं योऽभ्ययादरणे॥ बृलवीर्यं च तेजश्च शीघ्रता लघुहस्तता। अविषादश्च धैर्यं च पार्थन्नान्यत्रविधते॥ દેવતા, અસુર, મનુષ્ય, યક્ષ, ગન્ધર્વ અને નાગોમાં મને કોઇ

એવો વીર દેખાતો નથી, જે પાંડુ નન્દન અર્જુનનો સામના કરી શકે, બલ, પરાક્રમ, તેજ, શીઘ્ર કારિતા, હાથોની સ્ફુર્તિ, વિષાદહીનતા અને ધૈર્ય આ બધા સદ્ગુણ અર્જુન સિવાય બીજા કોઇપણ પુરૂષમાં એક સાથે દેખાતા નથી.'' (મહા. ઉદ્યોગ/૫૧/૨૬, ૨૯)

મહાભારતના યુદ્ધમાં ઘણી ચતુરાઇથી ભગવાન શ્રીકૃષ્ણે દુર્યોધનને પોતાની નારાયણી સેના આપી દીધી અને સ્વયં સારથી બની મિત્ર અર્જુનના રથ હાકવાનું કાર્ય કરવા લાગ્યા અને યુદ્ધમાં આવતી અનેકો વિપત્તિ થકી બચાવ્યા. ઇન્દ્રએ આપેલી શક્તિનો ઘટોત્કચ પર પ્રયોગ કરી જ્યારે કર્ણે ઘટોત્કચને કાળના મુખમાં ધકેલી દીધો ત્યારે શ્રીકૃષ્ણ અત્યંત પ્રસન્ન થયા અને શોકના સમયમાં પોતાની પ્રસન્નતાનું કારણ બધાને જણાવ્યું જેનાથી સ્પષ્ટપણે વિદિત થાય છે કે શ્રીકૃષ્ણનો અર્જુન પ્રત્યે કેટલો આદર્શ પ્રેમ હતો તે સમયે તેઓ સાત્યકિતને ઉદેશી બધાને સંભળાવતા બોલ્યા ''સાત્યકિ! ઇન્દ્રની આપેલી શક્તિનો ફક્ત અકવાર જ પ્રયોગ થઇ શકે છે. કર્ણ આ શક્તિ કેવલ અર્જુન પર પ્રયોગ કરવા માંગતો હતો એટલે જ્યારે જ્યારે કર્ણનો સામનો અર્જુન સાથે થતો ત્યારે હું કર્ણને મોહિત કરી દેતો, જેનાથી તેને ઇન્દ્રે આપેલી શક્તિનું સ્મરણ જ થતુ ન હતુ. જે શક્તિને લઇ અમો કર્ણને અર્જુનના કાળ સમઝતા હતા અને રાત્રીએ અમોને નિદ્રા પણ આવતી ન હતી તથા મનમાં હર્ષ પણ થતો ન હતો હે યુયુધાન! હું અમારા માતાપિતાની તમારા બધાની અમારા ભાઇઓની અને અમારા પ્રાણોની રક્ષા પણ એટલી આવશ્યક સમઝતો ન હતો જેટલી રણમેદાનમાં અર્જુનની રક્ષા કરવાની આવશ્યકતા સમઝતા હતા. સાત્યકિ! ત્રણેય લોકના રાજ્યની અપેક્ષાએ પણ જો કોઇ વસ્તુ અધિક દુર્લભ હોય તો અમો અર્જુનને છોડી તેને પણ ઇચ્છતા નથી. આજે મને એજ વાતની અત્યંત

પ્રસન્નતા છે કે મારો અર્જન મૃત્યુના મુખમાંથી બચી ગયો.'' આ ઉપરાંત બીજા પણ અનેકો પ્રસંગો એવા છે જેમાં શ્રીકૃષ્ણનો અર્જન પ્રત્યે વિલક્ષણ પ્રેમ સ્પષ્ટ થાય છે (મહાભારત)

બીજો એક પ્રસંગ કર્ણ અને દુર્યોધનનો જોવા મળે છે કર્ણ અને દુર્યોધનની મિત્રતા કોઇ શરત પર થઇ ન હતી પરંતુ તેઓ મધ્યે સહજ જ મિત્રતા હતી. જ્યારે સમાજના બધા લોકો કર્ણને સૂત પુત્ર કહી ઉપેક્ષા કરતા હતા ત્યારે દુર્યોધને તેની સામુ મિત્રતાનો હાથ લંબાવી તેને અંગદેશનો રાજા બનાવેલો અને કર્ણ પણ હંમેશા દુર્યોધનનું પ્રિય કરવામાં જે પોતાનું ધ્યેય માનતો હતો.

એક સમયની વાત હતી કૌરવો પાંડવો મધ્યે નિશ્ચતપણે થતા યુધ્ધને રકવાને અર્થે ભગવાન શ્રીકૃષ્ણનો સામ દામથી સમજાવવાનો પ્રયાસ વિફળ રહ્યો. દુર્યોધને સોંયની અણી જેટલી પણ ભૂમિ યુધ્ધ વગર પરત કરવાની સ્પષ્ટ પણે મનાઇ કરી એટલે હવે યુધ્ધ નિશ્ચિત થઇ ગયુ. પુનઃ વિરાટ નગર જતા શ્રીકૃષ્ણને વળાવવા માટે ભીષ્મ આદી સાથે આવેલા તેઓ બધાને પાછા વળાવી ભગવાન શ્રીકૃષ્ણે કર્ણને પોતાના રથ ઉપર બેસવા માટે કહ્યુ એટલે કર્ણ રાજા રથ પર બેઠા અને તેઓનો ખાલી રથ તેમનો સારથિ પાછળ ચલાવતો હતો. થોડે દૂર જતા શ્રીકૃષ્ણ કર્ણ પ્રત્યે બોલ્યા ''વસુષેણ! તમો વીર ધર્માત્મા અને વિચારવાન છો. અમો એક ગુપ્તવાત તમોને બતાવીએ છીએ. તમો અધિરથ સૂતના પુત્ર નથી, બીજા પાંડવોની જેમ તમો પણ દેવપુત્ર છો. ભગવાન સૂર્ય તમારા પિતા છે અને દેવી કુંતિ તમારી માતા છો, તમો જ્યેષ્ઠ પાંડુ પુત્ર છો, તમો યુધિષ્ઠિરના જયેષ્ઠ ભ્રાતા છો, માટે અન્યાયિ દુર્યોધનના પક્ષનો ત્યાગ કરી અમારી સાથે ચાલો અમો આવતી કાલે જ તમારો રાજ્યભિષેક કરશુ. યુધિષ્ઠિર તમારા યુવરાજ થશે. પાંડવો તમારી પાછળ ચાલશે, અમો સ્વયં તમારૂ

અભિવાદન કરશુ. તમારી સાથે અમો છ ભાઇઓ ઉભા રહેશું તો ત્રિલોકમાં તમારો સામનો કરવાનું સાહસ કોની પાસે હશે?''

કર્ણ મસ્તક ઝુકાવી બધુ સાંભળતો રહ્યો ભગવાન શ્રીકૃષ્ણ બોલી રહ્યા એટલે કર્ણે મસ્તક ઉઠાવ્યું અને ઘણી ગમ્ભીરતાથી ભગવાન શ્રીકૃષ્ણને કહ્યુ ''વાસુદેવ! અમને એ વાતની ખબર છે કે સૂર્યદેવ અમારા પિતા છે અને દેવી કુન્તિ મારી માતા. અમો ધર્મતઃ મહારાજા પાંડવના પુત્ર છીએ. પરંતુ દુર્યોધને એ સમયે મને અપનાવેલો, તે સમયે એણે અમોને સન્માન આપેલું કે જ્યારે બધા લોકો અમારો તિરસ્કાર કરતા હતા અમારા ભરોસો જ તેણે યુધ્ધ રૂપી યજ્ઞનો આરંભ કરેલો છે. અમો તેની સાથે વિશ્વાસઘાત ક્યારે પણ નહિ કરીએ. માટે આપ અમને તના પક્ષમાં યુધ્ધ કરવાની આજ્ઞા આપો, થશે એ જ જે તમો ઇચ્છો છો. પરંતુ ક્ષત્રિય વીર યુધ્ધમાં જ વીરગતિને પ્રાપ્ત કરે પણ પલંગ પર સૂતા સૂતા ન મરે એ જ મારી ઇચ્છા છે.'' જ્યારે તમો અમારો પ્રસ્તાવ નથી માનતા તો યુધ્ધ હવે અનિવાર્ય છે. શ્રી કૃષ્ણે રથ રોકી દીધો.

તદન્તર રથપરથી નીચે ઉતરતા સમયે કર્ણે શ્રીકૃષ્ણને કહ્યું ''વાસુદેવ! અમારી એક પ્રાર્થના છે, અમો માતા કુંતિના પુત્ર છીએ એ વાત તમો ગુપ્ત રાખજો, યુધિષ્ઠિર ધર્માત્મા છે તેને જ્યારે ખબર પડશે કે હું તેઓનો જ્યેષ્ઠ ભ્રાતા છ ત્યારે તે મારા પક્ષમા રાજ્ય - સ્વત્વ નો પણ ત્યાગ કરશે અને હું દુર્યોધનને રાજા માની લઇશ. હું દુર્યોધનનો કૃતદન છ. અતઃ યુધ્ધ એના જ પક્ષમા રહીને કરીશે, પરંતુ ઇચ્છ એવું છ કે ધર્મનો વિજય થાય. ધર્માત્મા પાંડવો પોતાનું રાજ્ય પ્રાપ્ત કરે. તમો જે પક્ષમાં છો તેનો વિજય તો નિશ્ચિત જ છે.'' શ્રીકૃષ્ણે કર્ણનો પ્રસ્તાવ સ્વિકાર કર્યો અને કર્ણ પોતાનો રથ લઇને જતો રહ્યો.

યુધ્ધની તિથિ નિશ્ચિત થઇ ગઇ હતી. શ્રીકૃષ્ણ પાછા આવી ગયા હતા. દેવી કુન્તિને વિદુરજી થકી બધા સમાચાર મળી ગયા હતા. તેઓના મનમાં ઘણી વ્યાકુળતા હતી. કુંતિ દેવીએ કર્ણને સમઝાવવાનો નિશ્ચય કર્યો. કર્ણ ગંગા સ્નાન કરી સૂર્યદેવની આરાધના કરતો હતો. દેવી કુંતિ ત્યાં આવ્યા તેઓએ થોડી ક્ષણ પ્રતિક્ષા કરવી પડી. સૂર્યદેવની આરાધના પૂર્ણ થઇ એટલે કર્ણની દૃષ્ટિ કુંતાજી પર પડી કુંતાજીને જોતા જ કર્ણ હાથ જોડી તેઓ પાસે આવ્યો અને બોલ્યા 'આ અધિરથ પુત્ર કર્ણના પ્રણામ સ્વિકાર કરો.' કુંતાજી બોલ્યા 'વત્સ! અમારી સામે તુ પોતાને સૂતપુત્ર ન બતાવ અમો એ જ કહેવા માટે આવ્યા છીએ કે અમો તારી માતા છીએ અને જગત સાક્ષી આ આદિત્ય દેવ તારા પિતા છે. અમો તારી પાસે એક વસ્તુની ભિક્ષા માંગવા આવેલા છીએ તે એ છે કે તુ દુષ્ટ એવા દુર્યોધનના પક્ષનો ત્યાગ કરી તારા સગા ભાઇ પાંડવોના પક્ષમાં આવી યુધ્ધ કર.'

કુંતા દેવીની વાત સાંભળી કર્ણ ગંભિર વાણીમાં બોલ્યો 'દેવી! અમોને જ્ઞાત છે કે આપ અમારી માતા છો, અમો એ પણ જાણીએ છીએ કે પાંડવો અમારા ભ્રાતા છે પરંતુ દુર્યોધન અમારો એ સમયનો મિત્ર છે કે જ્યારે અમોને કોઇ પુછનાર પણ ન હતુ અમો તે મિત્રનો આપત્તિના સમયમાં ક્યારેય ત્યાગ ન કરી શકીએ, માટે યુધ્ધ તો અમો તેના પક્ષમા રહીને કરશું.' ત્યારે કુંતાજી બોલ્યા કે 'તો શુ અમો તારી પાસેથી નિરાશ થઇને જઇશું.' ત્યારે કર્ણ બોલ્યો- ''અમો કર્તવ્યથી વિવશ છીએ, પરંતુ અમો તમોને એ વચન આપીએ છીએ કે યુધ્ધમાં અર્જનને બાદ કરતા તમારો કોઇપણ પુત્ર અમારી સામે આવશે તો અમો તેનો વધ ક્યારેય પણ ન કરશું. તમારા પાંચ પુત્રો કાયમ રહેશે. અમો વિરગતિને પ્રાપ્ત થાશુ તો અર્જુન અને અર્જન વીર ગતિને પ્રાપ્ત થશે તો અમો'' કુંતાજી કર્ણને આશીર્વાદ આપી જતા રહ્યા.

પિતામહ ભીષ્મ સદા કર્ણનો તિરસ્કાર કરતા રહેતા હતા. તેઓ કર્ણને 'અર્ધરથી' ત્યારે બતાવતા હતા કે જ્યારે યુધ્ધના આરંભમાં મહારથી, અતિરથી વિરોનો તેઓ દુર્યોધનને પરિચય કરાવતા હતા. આ અપમાનથી ખિન્ન થયેલા કર્ણએ પ્રતિજ્ઞા કરી કે ''જ્યાં સુધિ ગંગાપુત્ર ભીષ્મ કૌરવ સેનાના પ્રધાન સેનાપતિ રહેશે ત્યાં સુધિ પોતે શસ્ત્ર ન ઉઠાવશે.'' દશ દિવસના યુધ્ધમાં કર્ણ તટસ્થ દર્શક રહ્યો. દશમાં દિવસે ગંગાપુત્ર યુધ્ધમાં પડયા. અર્જનના બાણે તેઓને શર શૈયા આપી. તે સમયે સ્વજન વર્ગ પ્રાયઃ બધા તેઓની સમક્ષ આવ્યા ભીડ સમાપ્ત થયા બાદ કર્ણ પિતામહની સમિપમાં આવ્યો અને આવી તેણે ગગાપુત્રને પ્રણામ કર્યા. પિતામહે સ્નેહ પૂર્વક કર્ણને પોતાની સમિપ બોલાવ્યો અને તેના પ્રત્યે બોલ્યા કે 'બેટા અમો જાણીએ છીએ કે તું અદ્‌ભુતવીર તથા શ્રેષ્ઠ મહારથી છે, પરંતુ તને હતોત્સાહ કરવાને અર્થે જ અમો સદા તારો તિરસ્કાર કરતા હતા. જો તુ યુધ્ધમાં ઉત્સાહ ન બતાવતે તો દુર્યધન યુધ્ધની હઠ છોડી દેતે. તે તારા બળ પર જ યુધ્ધ માટે ઉત્તેજીત છે, તુ અમારી વાતને હ્દય પર ન લેતો. બેટા અમો એ પણ જાણીએ છીએ કે તુ અધિરથ સૂતનો પૂત્ર નથી પણ દેવી કુન્તિ અને સૂર્યદેવનો પુત્ર છે અને પાંડવોનો જયેષ્ઠ ભ્રાતા છે આ વાત અમોને નારદજીએ બતાવી હતી માટે તુ અધર્મિ એવા દુર્યોધનના પક્ષના ત્યાગ કરી તારા ધર્માત્મા ભાઇઓનું પાલન કર.''

પિતામહની વાત સાંભળી કર્ણે નમ્રતા પૂર્વક પિતામહને ઉત્તર આપતા કહ્યું -''પિતામહ! જે કર્તવ્થી વિવશ થઇ તમારે દુર્યોધનના પક્ષમાં રહી યુધ્ધ કરવું પડયું તે જ કર્તવ્ય અમને પણ વિવશ કરે છે. દુર્યોધન મારો મિત્ર છે, તેણે હંમેશા અમારી સાથે સન્માન પૂર્વક વ્યવહાર કરેલો છે, આજે તે યુધ્ધમાં ઘેરાયો છે, તો જીવનભર મારા પર ઉપકાર કરનાર તેનો સાથ અમો કેવી રીતે છોડી શકીએ?

આપતો અમોને એવા આશીર્વાદ આપો કે અમો કૌરવ પક્ષમાં યુધ્ધ કરતા થકા વીરગતિને પામીએ'' ગંગાપુત્રે આશીર્વાદ આપ્યા કે 'તારી કામના પૂર્ણ થાવ.' તે પછી કર્ણે દુર્યોધનના પક્ષમાં રહ્યા થકા રણમેદાનમાં ભયાનક પરાક્રમ પ્રગટ કરી યુધ્ધ કર્યુ. તે જાણતો હતો કે સામાપક્ષમાં અમારા સગા ભાઇઓ છે છતા ઇતિહાસ કારોનો તેણે એ વાત લખવાનો અવકાશ ન આપ્યો કે તેણે પોતાના ભાઇઓ સાથેના પક્ષપાતને લઇ યુધ્ધ કરવામાં ન્યૂનતા બતાવી અને અંત સમય પર્યન્ત દુર્યોધનના જ પક્ષમાં રહ્યા થકા તેને વિજય અપાવવાનો પૂર્ણ પ્રયાસ કર્યો અને એક સાચા મિત્રનો ધર્મ નિભાવતા થકા અંતે વિરગતિને પામ્યો. આમ એક વિશ્વાસુ મિત્રના બધા ગુણ કર્ણમાં જોવા મળતા હતા. (શ્લોક-૩૭) હવે નીતિકાર સાચા મિત્રનું લક્ષણ આપે છે-

<u>શ્લોક - ૩૮</u> य कश्चिदप्य सम्बद्धो

मित्रभावेन वर्तते।

स एव बन्धुस्तन्मित्रं

सा गतिस्तत्परायणम्॥

<u>શ્લોકાર્થ :-</u> જે મનુષ્ય કોઇપણ પ્રકારનો સમ્બન્ધ નહિ રાખવા છતા ભાવથી વ્યવહાર કરે છે, તે જ મિત્ર, બન્ધુ, આશ્રય અને સહારો છે.

<u>ચ.ટી. :</u> આવા મિત્રના સંગથી જ માનવની ઉન્નતિ થાય છે તથા વિપત્તિમાંથી મુક્તિ મેળવે છે. વિષ્ણુ શર્મા કહે છે ''सुहृद व्यसने यः स्यादन्यजाप्युद् भवोऽपि सन्! वृद्धौ सर्वोऽपि मित्रं स्यात् सर्वेषामेवदेहिनाम्॥ મિત્ર તેજ છે જે સંકતમાં સાથ નિભાવે છે. ભલે તે નીચે જાતિમાં ઉત્પન્ન થયો હોય. ઉન્નતિના સમયે તો બધા પ્રાણિઓના બધા મિત્ર બની જાય છે.'' (પંચ/મિત્ર/૨૮૮) ''दयित जन विप्रयोगोवित्तवियोगश्चकेन सहयाः स्युः। यदि समुहौषधकल्ये वयस्य जनसङ्गमोनस्यात्॥

જો ઉત્તમ ઔષધની જેમ પીડા હરનાર મિત્રોનો સંસર્ગ ન હોય તો પ્રિય બન્ધુઓનો વિયોગ અને ધનનો નાશ કોઇનાથી સહન થાય અર્થાત્ તેને કોઇ સહન કરી શકે? કોઇપણ નહિ. (પંચ/મિત્ર/૧૮૧- બન્ધુઓનો વિયોગ અને ધનનાશનો શોક મિત્રના સંસર્ગથી જ દૂર થઇ શકે છે.) વાલ્મિકીજી પણ કહે છે ''आढयोवापि दरिद्रो वा दु:खित: सुखितोऽपि वा। निर्दोषश्च सदोषश्च वयस्य: परमागति:॥ મિત્ર ચાહે ધની હોય કે નિર્ધન, દુઃખી હોય કે સુખી, વગર ત્રુટિયોનો હોય કે ત્રુટિયોવાળો હોય છતા તે જ સહારો છે.'' આ સન્દર્ભમાં એક બે દૃષ્ટાંત અવલોકન કરવા યોગ્ય છે જેથી આ વિષયની સ્પષ્ટતા થશે.

વાત એવી હતી કે હિષ્મક રાષ્ટ્રમાં એક ઉત્તમ સરોવર હતુ. તેમાં અનેક જળપક્ષીઓ વિહાર કરતા હતા. કેટલાક હંસો આકાશમાંથી ઉડતા હતા તેઓની દૃષ્ટિમાં આ સરોવર આવ્યુ. એટલે તેઓએ પોતાના રાજા પાસે જઇ તે સરોવરની પ્રશંશા કરી અને આગ્રહ પૂર્વક તેઓને ત્યાં લઇ આવ્યા. તે સરોવાર પાસે એક વ્યાધે પોતાની જાળ પાથરેલી હતી. હંસોનો રાજા ત્યાં ઉતરો તેવો જ તે જાળમાં ફસાઇ ગયો અને બીજા હંસો સરોવર પર જળમાં ઉતરી પડયા. ધૈર્યશાળી હંસરાજ જાળમાં પડીને પણ શાન્ત રહ્યો તે ઇચ્છતો ન હતો કે તેના ખળભળાતથી બીજા હંસો ભય પામી ભૂખ્યા ત્યાંથી પલાયન થઇ જાય. સંધ્યાના સમયે જ્યારે જવાનો તૈયારી થઇ ત્યારે તેણે પોતાની સ્થિતિ બતાવી, તે જાણી બધા હંસો તો ત્યાંથી ઉડી ગયા, પરંતુ 'સુમુખ' નામનો તે રાજાનો મંત્રી તો ત્યાંજ રહ્યો. ત્યારે હંસરાજે કહ્યુ 'સુમુખ! અહીં રહી તમો તમારા પ્રાણ આપો આનાથી કોઇ લાભ નથી અત: આપ અહીંથી જાવ.'

હંસરાજની વાત સાંભળી મંત્રી સુમુખ બોલ્યો- 'રાજન્! અમો અહીંથી જઇને કાંઇ અમરતો નથી થઇ જવાના સુખમાં અમો તમારી સાથે રહ્યા છીએ,

હવે આપ કષ્ટમાં છો તો તમારો ત્યાગ કરી જવું એ અમારો ધર્મ નથી.' તે પછી પ્રાંત કાળ થતા વ્યાધ આવ્યો તેને એ જોઇ આશ્ચર્ય થયું કે એક સ્વતંત્ર હંસ પણ જાળની સમીપ બેઠો છે, એને પોતાને જોઇ ઉડતો પણ નથી. ત્યારે તે વ્યાધ તેના પ્રત્યે બોલ્યો 'રે હંસ! તું અહીં કેમ બેઠો છે? શું તુ ઘાયલ થયો છે?' ત્યારે સુમુખ બોલ્યો 'વ્યાધ! અમો ઘાયલ થયા નથી, પરંતુ અમો અહી અમારા રાજા જાળમાં ફસાયા છે એટલે બેઠા છીએ. તુ તેઓને છોડી દે અને તેઓના બદલમાં અમોને પકડી લે. જો તુ અમોને વેચવા માંગતો હોય તો વેચી દેજે અને મારીને અમારૂ ભક્ષણ કરવા માંગતો હોય તો ભક્ષણ કરી જજે.' સુમુખની વાત સાંભળી વાઘનું હૃદય દ્રવિત થઇ ગયુ. તેણે બંને હંસોને છોડી દીધા અને તે તેઓ પ્રત્યે બોલ્યો 'તમારા જેવા મિત્રો જેને મળે તેને મારવાનું પાપ અમો કરવા માંગતા નથી.' (ધર્માંગ. પૃષ્ઠ-૬૫૨)

આ સન્દર્ભમાં ગ્રીકના ડેમનનું ચરિત્રણ પણ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે ડેમન નામનો એક યુવાન સિસલીના સિરાક્યુજ નગરમાં રાજા ડિયોનિસિને ત્યાં દાસના રૂપમાં નિયુક્ત હતો. એક દિવસ સામાન્ય અપરાધને કારણે રાજા ડિયોનિશે ડેમનને પ્રાણદંડની સજા આપો. તે સમયે ડેમને રાજાને પ્રાર્થના કરતા કહ્યું 'રાજન્! કૃપા કરી અમોને એક વર્ષનો અવકાશ આપો અમો ગ્રીક જઇ અમારા પરિવારનો પ્રબંધ કરી આવીએ.' તેની વાત સાંભળી રાજા બોલ્યા 'ડેમન! કોઇ તારી જમાનત લે અને તારા પાછા ન આવતા તે શૂળી પર ચઢવા તૈયાર હોય તો અમો તને જવાની રજા આપોએ.' ત્યારે ડેમનનો મિત્ર પિથિયસ આગળ આવ્યો અને રાજા પ્રત્યે બોલ્યો 'રાજન્! અમો જમાનતમાં રહેવા તૈયાર છીએ.' એટલે રાજાની આજ્ઞાથી પિથિયસ નજર કેદ કરાયો અને ડેમન સ્વદેશ જતો રહ્યો.

આ તરફ દિવસો વિતતા ગયા, વર્ષ પૂર્ણ થવા આવ્યું પરંતુ ડેમન પાછા આવ્યો નહિ જેથી લોકો કહેવા લાગ્યા કે 'ડેમન હવે શા માટે પોતાના પ્રાણ આપવા અહીં આવે? પિથિયસ તો મહા મૂર્ખ છે જે તેણે ડેમનની જમાનત આપી.' પરંતુ પિથિયસ ને વિશ્વાસ હતો કે 'ડેમન અવશ્ય પાછો આવશે' તે વિચારતો હતો કે 'સમુદ્રમાં કોઇક કારણવશાત સંકત આવી જાય અને ડેમનનું જહાજ માર્ગમાં અટવાઇ જાય અને તે સમય પર ન આવે તો સારૂ, જેથી તેના પ્રાણ બચી જાય અને તેના સ્થાન પર અમે શૂળી પર ચઢી જઇએ.' આ તરફ ડેમન સમય પર આવવા નિકળેલો પરંતુ તેનું જહાજ સમુદ્રી તોફાનમાં ફસાઇ ગયુ. કિનારે આવ્યા બાદ જે પણ કોઇ વાહન મળ્યુ તેના પર સવાર થઇ તે દોડયો કેટલાયે દિવસનો ક્ષુધાતુર, દોડવાથી તેના પગમાં ફફોલા પડી ગયા અંતે કેમેય કરીને ડેમન ત્યાં આવ્યો, તે સમયે પિથિયસને શૂળી પર ચઢાવવાની આજ્ઞા થઇ ચૂકેલી. તેને વધ સ્થંભ પરા ચઢાવવાની તૈયારી કરાતી હતી ત્યાંજ દૂરથી ડેમને ઉચ્ચ સ્વરે સાદ કરી પોતાને આવવાની સૂચના આપી વધ કરનારાઓને સ્તબ્ધ કરી દીધા. રાજાને જ્યારે આ બાબતના સમાચાર પ્રાપ્ત થયા ત્યારે તેઓ પણ આ બંનેની મૈત્રીથી પ્રભાવિત થઇ ગયા અને તેઓએ ડેમનને ક્ષમા કરી દીધો અને પોતે તે બંનેનો મિત્ર બની ગયો. (ધર્માંક/પૃષ્ઠ-૬૫૦) આમ આ ચરિત્ર પરથી એ વાત વિદિત થાય છે કે બધા જ સંબંધો કરતા મિત્રતાનો સંબંધ સર્વોત્તમ સંબંધ છે. (શ્લોક-૩૮) હવે નીતિકાર ન કરા યોગ્ય મિત્રનું લક્ષણ કહે છે-

શ્લોક - ૩૯ चलचित्तस्य वै पुंसो

वृद्धाननु पसोवतः ।

परिप्लवमते र्नित्यम्

अध्रुवो मित्रसङ्ग्रहः ॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય ચંચળ ચિત્તવાળો છે, વૃધ્ધોના સંગથી વિમુખ છે તેની સાથે મિત્રતા કરવી એ અનિત્ય અને અસ્થિર છે. આવા મનુષ્ય સાથે મિત્રતા પણ કાલને માટે શત્રુતાનું કારણ થઇ શકે છે.

ચ.ટી. : દુષ્ટો અને સજ્જનોની મિત્રતા દિવસના પૂર્વાધ અને ઉત્તરાર્ધની છાયા સમાન પૃથક્ પૃથક્ છે જેમ દુષ્ટોની મૈત્ર પ્રાતઃ કાલિન છાયા સમાન પ્રારંભ માં મહત્ અને ધીરેધીરે ક્ષય પામનારી હોય છે જ્યારે સજ્જનની મિત્રતા મધ્યાહ્નવર્તિ છાયાની જેમ પ્રારંભમાં સામાન્ય અને અંતે વૃધ્ધિ પામનારો હોય છે આ સંબંધમાં ઇશપ નીતિમાં આવતું એક ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે કોઇ એક ગામમાં બે મિત્રો રહેતા હતા. એક દિવસ તેઓ બંને ભ્રમણ કરવા માટે નિકળ્યા હતા. સંજોગવશ તેજ સમયમાં ત્યાં એક રીછ આવી પહોંચ્યુ એક મિત્રતો રીછને જોઇ અત્યંત ભયભીત થઇને બીજા મિત્રની પરવા કર્યા વિના વૃક્ષ પર ચઢી ગયો. બીજા મિત્રને એકાકી રીંછની સામે લડવું અશક્ત હોય અન્ય કોઇ ઉપાઇ ન જોતા તે શબની જેમ જમિન પર સૂઇ ગયો. તેણે પૂર્વે સાંભળેલું હતુ કે 'રીંછ મૃત પામેલાને કોઇ હાનિ પહોચાડતું નથી.' રીંછ ત્યાં આવ્યુ અને સૂતેલા મિત્રના નાક, કાન, મુખ, નેત્ર તથા મસ્તકની પરીક્ષા કરી અને તેને મૃત જાણી, ત્યાંથી અન્યત્ર જતુ રહ્યું. રીછના ગયા બાદ જે મિત્ર વૃક્ષ પર ચઢેલો તે નીચે ઉતરો અને તેણે પોતાના મિત્રને પુછ્યું 'ભાઇ! રીંછ તને શુ કહી ગયો? અમે જોયું કે તે ઘણા સમય સુધિ તારા કાન પાસે મુખ લગાવી તને કંઇક કહેતો હતો.

મિત્રની વાત સાંભળી પેલો બીજો મિત્ર બોલ્યો- 'રીંછ અમને એવું કહી ગયો કે જે સંકતના સમયે ત્યાગ કરી પરાંગમુખ થઇ જાય છે તેની સાથે ક્યારેય વાતચિત કે મિત્રતા ન કરવી જોઇએ.' (ઇસપનીતિ) માટે અયોગ્ય

મનુષ્યને ક્યારેય પણ મિત્ર ન બનાવવો. આ સન્દર્ભમાં વિષ્ણુ શર્મા કહે છે કે ''इक्षोरग्रात्क्रमश: पर्वणि पर्वणि यथारस विशेष:। तद्वत्सज्जनमैत्री विपरीतानां तु विपरीता॥ જે પ્રમાણે શેરડીની ભોઇમાં ઉપરથી નીચે તરફ રસ અધિક હોય છે. તેજ પ્રકારે સજ્જનોની મિત્રતા હોય છે તથા દુષ્ટોની આનાથી વિપરીત હોય છે.'' (પંચ/મિત્ર/૩૮- આથી દુષ્ટોની મિત્રતાનો નિષેધ કર્યો) ''यस्य न ज्ञायते वीर्यं न कुलं न विचेष्टिम्। न तेन सङ्गति कुर्यादित्युवाच बृहस्यति:॥ જેનું સામર્થ્ય, વંશ અને કાર્ય વિશે કઇપણ જ્ઞાન ન હોય તેની સથે મેળ ન કરવો એવું વૃહસ્પતિજીએ કહ્યુ છે.!! (પંચ/મિત્ર/૭૨ અર્થાત્ આવા વ્યક્તિ સાથે મિત્રતા ન કરવી.) વાલ્મિકીજી પણ કહે છે- '' यथा पूर्वं गज:स्नात्वा गृह्य हस्ते न वैरज:। दूषयत्यात्मनोदेहं तथाऽनायेषु सौहृदम्॥ જેમ હાથી પહેલા સ્નાન કરીને પછી સૂંડથી ધૂળ ઉડાવી પોતાના શરીરને મલિન કરી લે છે, આ જ પ્રમાણેની દુષ્ટોની મિત્રતા હોય છે અર્થાત્ દુષ્ટોપણ પહેલા પ્રેમ દેખાડે છે અને પછી વિવાદ કરે છે.'' (વા. રામા. /યુધ્ધ/૧૬/૧૫) ''यथा मधुकरस्तर्षात् काशपुष्पं पिबन्नपि। रसमत्रन विन्देत तथाऽनार्येषु सौहृदम्॥ જેમ ભમરાને તરસ લાગતા તે કાસના પુષ્પોનું પાન કરે છે પરંતુ ત્યાંથી રસ તો પ્રાપ્ત થતો નથી, તેજ પ્રમાણે દુષ્ટોની મિત્રતા હોય છે જેનાથી કોઇને સુખ પ્રાપ્ત થતું નથી.'' (વા. રામા./યુધ્ધ/૧૬/૧૪) (શ્લો-૩૯) હવે કેવા મનુષ્યને સંપત્તિ ઘેરી રહે છે પણ સમિપ આવતી નથી તેનું લક્ષણ કહેવાય છે.

<u>શ્લોક - ૪૦</u> चलचित्तमनात्मान

मिन्द्रियाणां वशानुगम्।

अर्था: समभि वर्तन्ते

हंसा: शुष्कं सरो यथा॥

શ્લોકાર્થ :- ચંચળ ચિત્તવાળા, અજ્ઞાનિ, ઇન્દ્રિયોના વશમાં રહેવાવાળા મનુષ્યને ધન સંપત્તિ ઘેરી રહે છે, પરંતુ સમિપ આવતી નથી. જેમ સૂકાયેલા સરોવરમાં હંસ ઉપર ફર્યા કરે છે, પરંતુ નીચે નથી આવતા.

ચ.ટી. : કેટલાક ટીકાકારો મૂળમાં જે 'समभिवर्तन्ते' ને બદલે પાઠ ભેદથી 'समतिवर्तन्ते' ગ્રહણ કરે છે અને તેનો અર્થ થાય છે 'આવા પુરૂષને ધન સમ્પત્તિ છોડી દે છે' કહેવાનું તાત્પર્ય એ છે કે આવા દુર્ગુણોજેમાં હોય છે એવા આચારહિન મનુષ્યની પાસે લક્ષ્મી હોય તો પણ તે તેનો ત્યાગ કરી જતી રહે છે. કહ્યું પણ છે ''कुचैलिनं दन्तमलोपसृष्टं व्हनाशिनं निष्ठुर भाषिणं च। सूर्योदये चास्तामिते शयानं, विमुञ्चति श्रीर्यदि चक्रपाणि :॥ ગંદા વસ્ત્ર ધારણ કરનાર, મલિન દાંતવાળો, અતિશય ખાનાર, નિષ્ઠુર વેણ બોલનાર, સૂર્યોદય સમયે અને સૂર્યાસ્ત સમય સૂઇ રહેનાર વ્યક્તિ ને લક્ષ્મી, આરોગ્ય, સુંદરતા અને શોભા ત્યજી દે છે. આ વ્યક્તિ ભલેને વિષ્ણુ પોતે જ કેમ ન હોય '' (ચા. નીતિ. ૧૫/૨) અહી ગુઢાર્થમાં નીતિકાર ધૃતરાષ્ટ્રને કહે છે કે તમારા પુત્રો દુર્ગુણ યુક્ત હોય અસન્માર્ગથી તેઓએ લક્ષ્મીનું ઉપાર્જન કરેલું છે જેથી એક દિવસ લક્ષ્મી તેનો ત્યાગ કરી જતી રહેશે. જ્યારે યુધિષ્ઠિર આદી ભાઇઓ ધર્મના માર્ગ પર આરૂઢ છે, ભલે અત્યારે તેઓ વનવાસિ છે પણ એકદિવસ તેઓ પુનઃ પોતાની સંપત્તિને પ્રાપ્ત કરશે. આ સંબંધમાં ભીષ્મજી યુધિષ્ઠિરને કહે છે- ''गृह्यं मन्त्रं श्रुतवतः सुसहायस्य चानघ। परीक्ष्यकारिणो ह्यर्थास्तिष्ठन्तीह युधिष्ठिर॥ હે નિષ્પાપ યુધિષ્ઠિર! જે વ્યક્તિ ગોપનીય સલાહને ધ્યાનથી સાંભળે છે, જેના સહાયકો શ્રેષ્ઠ છે, અને વિચારીને કાર્ય કરે છે, તેમની પાસે જ ધન સમ્પત્તિઓ સ્થાયિ રૂપથી રહે છે.'' (મહા ભારત) (શ્લોક-૪૦) હવે નીતિકાર દુર્જનનું લક્ષણ બતાવે છે-

શ્લોક - ૪૧ अक्स्मादेव कुप्यन्ति

प्रसीदन्त्य निमित्तत:।

शीलमेतदसाधूनामभ्रं

पारिप्लवं यथा।

શ્લોકાર્થ :- જે વગર કારણ ક્રોધિત થઇ જાય છે તથા વગર કારણે પ્રસન્ન થાય છે એવો સ્વભાવ દુર્જનનો હોય છે. જેમ જળ વગરનું વાદળ સર્વત્ર ફરે છે. પરંતુ તેનો ઉપયોગ થઇ શકતો નથી. તેજ પ્રમાણે આવા વ્યક્તિનો ક્રોધ તથા પશન્નતાનું કોઇ મૂલ્ય હોતુ નથી.

ચ.ટી. : જે મનુષ્ય જે કારણથી ક્રોધિત થાય તથા જે કારણથી પ્રસન્ન થાય તે તેનું કારણ નાશ પામતા નિશ્ચય જ શાંત થઇ જાય છે. પરંતુ જે વગર નિમિત્તે જ દ્વેષ કરનારો હોય તેને કોણ કયા પ્રકારે સંતોષ પ્રદાન કરી શકે આવા દુર્ગુણી વ્યક્તિની તો છાયાથી પણ દુર રહેવું એમાંજ માનવનું હિત છે. અન્યથા અનિષ્ટ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. કહ્યુ પણ છે. ''स्तोकेनोन्नतिमायति स्तोके नायात्य धोगतिम्। अहो सुसदृशी वृत्तिस्तुला कोटे: खलस्य च॥ ત્રાજવાની ડાંડીના એક પલડામાં જો ભાર ઓછો થઇ જાય તો તે એક બાજથી ઉપર જતુ રહે છે, અને જોકાંઇ વધુ ભાર પડી જાય તો તે એક બાજથી ઉપર જતુ રહે છે, અને જો કાંઇ વધુ ભાર પડી જાય તો નીચે આવી જાય છે. આ પ્રકારે નીચ પુરૂષ થોડા થોડી અનુકૂળ તથા પ્રતિકૂળ વાતોથી પ્રસન્ન તથા રૂસ્ત રહે છે તે ધૈર્યશાલી નથી હોતા'' (પંચ/મિત્ર/૧૬૧)

હવે નીતિકાર કૃતઘ્નિનું લક્ષણ અને તેની ગતિ કહે છે-

શ્લોક - ૪૨ सत्कृताश्च कुतार्याश्च

मित्राणां न भवन्ति ये ।

तान मृतानपि क्रव्यादा:

कृत घ्नानोप भुञ्जते॥

શ્લોકાર્થ :- જે વ્યક્તિ મિત્રોથી સત્કાર પ્રાપ્ત કરી અને પ્રયોજન સિધ્ધ કરીને પણ મિત્રોના હિતકારી નથી થતા આવા વ્યક્તિ મૃત પામે ત્યારે આવા કૃતહિન ઓને ગીધો પણ નથી ખાતા.

ચ.ટી. : બધાનો નિસ્તાર થઇ જાય છે પરંતુ 'कृतघ्नि नास्तिनिष्कृतिः। અર્થાત્ વિશ્વાસઘાતી અને ઉપકારીના પ્રત્યે કૃતજ્ઞતા નહિ કરનારાનો નિસ્તાર નથી થતો એટલે તેના બચવાનો કોઇપણ ઉપાય નથી.' એટલે માટે માનવે કૃતજ્ઞ થવુ પણ કૃતઘ્નિ નહિ. વાલ્મિકીજી કહે છે ''गोघ्ने च सुरापे च चौरे भग्नव्रते तथा। निष्कृतिर्विहिता सद्भिः कृतघ्ने नास्ति निष्कृतिः॥ ગૌઘાત કરવાવાળો, મદિરાપાન કરનાર, ચોર તથા વ્રત ભંગ કરવાવાળા માટે આપ્ત પુરૂષોએ પ્રાયશ્ચિત વિધાન કરેલું છે પરંતુ કૃતઘ્નિને માટે કોઇફણ પ્રાયશ્ચિત નથી બતાવ્યુ- તે તો અવશ્ય નરકમાં જ જશે.'' (વા. રામા. /किष्कि/૩૪-૧૨) ગંગાપુત્ર કહે છે. ''कृतः कृतघ्नस्य यशः कृतः स्थानं कृतः सुखम्। अश्रद्धयः कृतघ्नो हि कृतघ्ने नास्ति निष्कृतिः॥ કૃતઘ્નિ માટે યશ, સુખ અને સ્થાન ક્યા છે? કૃતઘ્નિ સદા અશ્રધ્ધેય રહે છે અને તેની નિષ્કૃતિ થતી નથી.'' (મહા શાંતિ /૧૭૭/૨૦) વિષ્ણુ શર્મા પણ કહે છે ''मित्रद्रोही कृतघ्नश्च यश्च विश्वासघातकः। ते नरा नरकं यान्ति यावच्चनद्र दिवाकरः॥ જે મિત્ર દ્રોહી કૃતઘ્નિ અને વિશ્વાસઘાતી જ્યાં સુધિ સૂર્ય અને ચંદ્ર વિધમાન રહે છે ત્યાં સુધિ નરકમાં જઇને પડે છે.'' (પંચ/મિત્ર/૪૫૪) આ સંબંધમાં શ્રીહરિના જીવનનું એક ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે વાત એવી હતી કે - એક સમયે તીર્થાતન કરતા થકા શ્રી નિલકંઠ વર્ણી વેંકેટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા ત્યાં તેઓને માર્ગમાં એક સેવક રામ નામનો સાધુ મળ્યો જે શ્રીમદ્ ભાગવત આદિ પુરાણ ભણ્યો હતો તે શ્રીહરિ સાથે રામેશ્વર

જતા માર્ગમાં બિમાર પડયો, અને દુઃખી થઇ રડવા લાગ્યો. આ સેવક રામ પાસે રૂપિયા હજારની સોના મહોર હતી પણ તેની ચાકરી કરનારો કોઇ ન હોવાથી રડવા લાગ્યો. ત્યારે શ્રીહરિ તેના પ્રત્યે બોલ્યા કે- 'કાંઇ ચિંતા કરશો નહિ, તમારી સેવા અમો કરશુ.'

તે પછી શ્રીનિલકંઠવર્ણી એ ગામની બહાર એક કેળાની ફૂલવાડીમાં આવેલા એક વડના વૃક્ષ નીચે તે સાધુને લાવી એક હાથ કેળાના પત્રની પથારી પર સૂવડાવ્યો. સેવકરામ સાધુને લોહિ ખંડ પેટ બેસણું થયું હતુ ભગવાન શ્રીહરિ સાથે સેવકરામનો કોઇ સબન્ધ ન હતો પણ તેને સાધુ જાણી 'રોગી મનુષ્યની સેવા કરવી જોઇએ' એ આદર્શ પ્રસ્થાપિત કરવા તેની સેવા કરવા લાગ્યા આ સેવકરામ પાસે થોડુ દ્રવ્ય હતુ એટલે તે દ્રવ્ય આપી પોતાને જોઇએ તેટલુ સીધુ સામગ્રી ભગવાન શ્રીહરિ પાસે મંગાવી લેતો અને શ્રીહરિ પણ તેઓને રસોઇ બનાવી જમાડતા હતા પણ કોઇ દિવસ સેવકરામ એમ ન કહે કે 'હે શ્રીહરિ, તમો પણ અમારી સાથે અન્ન ગ્રહણ કરો.' ભગવાન શ્રીહરિ તો વસ્તીમાં જઇ ભિક્ષા માંગી લાવતા અને ઠાકોરજીને નિવેદન કરી ગ્રહણ કરતા અને કોઇ સમયે તો ભિક્ષા ન મળે તો તેઓને ઉપવાસ પણ કરવો પડતો પણ કોઇ દિવસ સેવકરામ શ્રીહરિને પોતા સાથે અન્ન ગ્રહણ કરવા માટે કહેતો નહી.

તદન્તર આમને આમ સેવા કરતા બે મહિને સેવકરામ સારો થયો અને સારો પણ કેવો તો 'એક શેર ઘી ને જમીને પચાવી શકે તેવો સારો થયો.' તે પછી શ્રીહરિ અને સેવકરામ સેતુબંધ રામેશ્વરના માર્ગે ચાલ્યા ત્યારે સેવકરામે પોતાની પાસે જે સામાન હતો જેનો ભાર એકમણ જેટલો હતો તે પણ શ્રીહરિ પાસે ઉપડાવ્યો અને પોતે તો એક માળા લઇને આગળ આગળ ચાલવા લાગ્યો અને શ્રીહરિની પ્રકૃતિ તો એવી કે, 'ભાર નામે તો એક રૂમાલ પણ રાખતા

નહીં.' આમ સાધુ જાણીને શ્રીહરિએ સેવકરામની સેવા કરી. છતા આ સેવકરામે શ્રીહરિને ભોજન માટે અન્નનો એક દાણો પણ ન આપ્યો એટલે શ્રીહરિએ તેને કૃતઘ્નિ જાણી તેના સંગનો ત્યાગ કર્યો. (ગ.પ્ર.વ.મૃ. ૧૦)

તદન્તર ઘણા વર્ષો પછી આ સેવકરામે ભૂતપુરી નામના સ્થાનમાં પોતાનો દેહ મૂક્યો અને પર્વૂ જન્મમમાં પણ અજાણતાથી ભગવાન શ્રીહરિના યોગમાં આવેલો હોવાથી તેનો ઝીંઝરમાં ખોડાભાઇ નામે જન્મ થયો અને સંતાના યોગમાં આવતા તેણે સત્સંગના વ્રતમાન ધાર્યા અને એકાંતિક ભક્ત થયા.

એક સમયે સદ્ ગોપાળાનંદ સ્વામી દુર્ગપુર થકી બોટાડ પધાર્યા અને ત્યાંથી ભીમનાથ મહાદેવના દર્શન કરવા ગયા. ત્યાના મહંત સંતો પ્રત્યે સદ્ભાવના વાળા હોય ત્રીસ સાધુને શેર શેર લોટ સદાવ્રત માંથી અપાવ્યો તે લોટ સંતોએ ગ્રહણ કરી બધા ઝીંઝરગામ પધાર્યા અને ત્યાં મંદિરમાં ઉતર્યા. સ્વામીના આવવાની ખબર ખોડાભાઇને પડી એટલે તેઓ શીઘ્ર મંદિરમાં આવ્યા અને સ્વામીના પગમાં પડયા અને તેઓ પ્રત્યે બોલ્યા 'સ્વામી, રસોઇ કરો' ત્યારે સ્વામી બોલ્યા 'ખોડા ભાઇ, અમો ભીમનાથ દર્શન કરવા ગયા હતા ત્યારે ત્યાંના મહંતે લોટ આપેલો છે તે લેતા આવેલા છીએ. જો દાળ હોય તો લેતા આવો તો દાળ બાટી બનાવી ભગવાન શ્રીહરિને અર્પણ કરીએ.

પૂર્વ જન્મમાં ભગવાને અન્ન ન આપેલું એટલે ખોડાભાઇ વ્યવહારે ઘણા દુર્બળ, તેથી ઘરમાં તેટલી દાળ નહોતી તેથી પોતા પાસે જે તલવાર હતી તેને વણિકની ઘરે ગિરવે મૂકી અને તેના ત્રણ રૂપિયા લઇ ઘી-ગોળ તથા દાળ લઇ મંદિરમાં આવ્યા અને બધો સામાન સ્વામીની સાથે આવેલા 'પુરૂષાનંદ સ્વામી' ને આપ્યો, તેની સંતોએ રસોઇ કરી, ઠાકોરજીને અર્પણ કરી બધા જમ્યા, તે પછી સાંજે ગોડી, આરતી વગરે કરીને રાત્રીએ સભામાં કથા વાર્તા કરી, પછી નિયમ

કરી રહ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું 'સહુ પચીશ પચીશ માળા ફેરવજો' ત્યારે શુકાનંદ સ્વામી બોલ્યા 'હે સ્વામી! શાની માળાઓ ફેરવવાની છે?' ત્યારે સ્વામી બોલ્યા કે - 'દરબાર દુર્બળ હોવાથી, તેઓ વ્યવહારે સુખી થાય તે માટે' ત્યારે શુકમુનિએ પુછયું 'સ્વામી દરબાર સત્સંગી ને સારા છે તો પછી તેઓ વ્યવહારે દુર્બણ કેમ છે?'

ત્યારે સદ્ ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે 'દરબાર ખોળાભાઇ પૂર્વ જન્મમાં શ્રીજી મહારાજ ને વનમાં મળેલા સેવકરામ નામ ના સાધુ છે, તેઓએ તે સમયે મહારાજ પાસે સેવા કરાવીને તેઓને એક અન્નનો દાણો ન આપ્યો હતો એટલે આ જન્મમાં તેઓને અન્ન ને દાંતને વેર છે.' તે પછી સંતોએ માળા ફેરવી અને ખોળાભાઇનું દરિદ્ર દૂર થયું (હરિચરિત્ર ચિંતામણી/ ભાગ-૨/ વાર્તા-૨૧૮) આમ કૃતઘ્નિ ને આવું વિપરિત ફલ પ્રાપ્ત થાય છે.

હવે નીતિકાર શ્રેષ્ઠ મિત્રનો આદર કરવાનો ઉપદેશ આપે છે.

શ્લોક - ૪૩ अर्चयेदेव मित्राणि

सति वासऽति वा धने।

नानर्थपन्प्रजानाति

मित्राणां सारफलगुताम्॥

શ્લોકાર્થ :- ધન ન રહેલા પણ મિત્રોનો આદાર કરવો જોઇએ, મિત્રોથી વિશેષ પ્રયોજન નહિ રહેવા છતાં પણ મિત્રોની સહાયતા કરવી જોઇએ.

ચ.ટી. : મિત્રોની સહાયતા કરવા માટે લોભાંશ અથવા પ્રસ્તાવની અપેક્ષા નહિ કરવી જોઇએ અવસ્થા અને અવસર પર વિચાર કરવો જોઇએ પણ લોભાંસનો નહિ. લોભાંસનો વિચાર કરનારો મિત્રતાનો નિર્વાહ કરી શકતો નથી લોભાંસનો વિચાર એ તો વણિકવૃત્તિ છે. વિષ્ણું શર્માનું કહેવું છે કે, 'स सुहृद्य

सने यः स्यादेन्यजात्युद् भवोऽपि सन्। वृद्धो सर्वोऽपि मित्रं स्यात् सर्वेषामेवदहिनाम्॥ બીજી જાતિમાં હોવા છતાં પણ જે સંકટમાં સહાયતા કરે તે જ મિત્ર છે, આમતો ઉન્નતિ માં શરીર ધારીઓના ઘણા મિત્રો હોય છે.'' (પંચ/મિત્ર/૩૬૭) ''पुनःप्रत्युपका राय मित्रणां क्रियते प्रियम्। प्रत्युनर्मित्र मित्रस्य कार्यं मित्रैर्न किं कृतम्॥ જો લોકો ઉપકારના બદલામાં પ્રત્યુપકાર મેળવવાની આશાથી પોતાના મિત્રના કાર્યો કરે છે, તો પછી મિત્રનું મહત્વ શું રહી ગયું? માટે પોતાના મિત્રનું કાર્ય તો કોઇપણ પ્રકારના પ્રત્યુપકાર મેળવવાની અભિલાષા ન રાખીને જ કરવું જોઇએ. જો કોઇ મિત્રએ એ પણ ન કર્યુ તો કહો મિત્રએ શું કર્યુ? અર્થાત્ કંઇપણ નહિ. (પંચ/મિત્ર/૩૬૯ વાસ્તવમા આવી મિત્રતાએ મિત્રતા નથી પણ વ્યાપાર છે.) વૈશમપાયન પણ કહે છે ''य कश्चिदप्य सम्बुद्धो मित्रभावेन वर्त्तते। स एव बन्धुस्तन्मित्रं सा नतिस्तत्परायणम्॥ વગર કોઇ સંબંધે પણ જે વ્યક્તિ મિત્રતાનો વ્યવહાર કરે છે, તે જ સમ્બન્ધિ અને તે જ મિત્ર છે, તે જ ઉન્નતિમાં સહાયક છે અને તે જ કાય સાધક છે.'' (મહા/ઉધો./૩૩/૩૮)

આ સંદર્ભમાં ભગવાન શ્રીકૃષ્ણ અને સુદામાની મિત્રતા દૃષ્ટાંત રૂપ છે. વિપ્રવર સુદામા જન્મથી જ દરિદ્ર હતા. ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે ઉજ્જૈનમાં સાંદિપનિ ઋષિને ત્યાં વિધા અભ્યાસ કરવા માટે ગયા હતા ત્યારે સુદામાપુરીમાં રહેતા સુદામા નામના બ્રાહ્મણ પણ ત્યાં વિદ્યાધયન કરવા માટે આવેલા અને ત્યાંજ શ્રીકૃષ્ણ અને સુદામા વચ્ચે મૈત્રી થઇ હતી. દીનબન્ધુને છોડી દીનોનો કોણ મિત્ર હોય. શ્યામ સુંદર તો અમુક દિવસો જ ગુરૂના ઘરે રહ્યા અને અમુક દિવસો માં જ સમસ્ત વિધા પ્રાપ્ત કરી પાછા પોતાના ઘરે આવ્યા અને દ્વારકાધીશ થઇ ગયા હતા. પેલી તરફ સુદામાની પણ શિક્ષા પૂર્ણ થઇ ત્યારે તેઓ પણ ગુરૂની આજ્ઞા લઇને પોતાના ઘરે આવ્યા અને વિવાહ કરી તેઓએ

ગૃહસ્થાશ્રમ સ્વિકાર્યો. એક તુટેલી પર્ણ કૂટી, તૂટેલા ફૂટેલા બેચાર વાસણો અને શરીર ઢાંકવા માટે બે ચાર કપડા બસ આટલી જ ગૃહસ્થી સુદામાની હતી. જન્મથી સરળ, સંતોષી એવા સુદામા કોઇની પાસે કંઇ યાચના કરતા નહિ જે કાંઇ વગર માંગ્યે મળી જાય, પ્રભુને અર્પણ કરી તેના પર જ પોતાનો તથા પોતાના પરિવારનો નિર્વાહ કરતા હતા. પ્રાયઃ પતિ પત્નિને ઉપવાર કરવો પડતો એટલે બંનેના દેહ પણ અત્યંત ક્ષીણ પ્રાય થઇ ગયા હતા.

જે સાધકે શ્યામ સુંદરની સ્વપ્નાવસ્થામાં પણ એક વાર જાખી કરી લીધી તેના હ્દયમાંથી મનને હરનારી મૂર્તિ ક્યારેય વિસ્મૃત થતી નથી તેમાં પણ સુદામાજી તો તે ભુવન મોહનના સહપાઠી હતા. એ વનમાળી સાથે અનેકો દિવસ રહ્યા હતા, સાથે ગુરૂની સેવા કરેલી, વનમાં સાથે કુશ, સમિધા, ફળ, ફૂલ એકત્ર કરેલા હતા. તે મયૂરમુકુટ ધારીએ સુદામાનું ચિત્ત ચોરી લીધું હતુ એટલે તેઓ અખંડ એમનું જ ધ્યાન કરતા હતાઅને તેઓના જ ગુણગાન કરતા હતા પત્નીને પણ પોતાના મિત્રના રૂપ, ગુણ, ઉદારતા આદિ ના વખાણ કરતા થાકતા ન હતા. સુદામાજીની પત્ની પણ સાધ્વી અને પતિવ્રતા હતી. જેવુ તેનું નામ સુશિલા તેવા જ તેના ગુણ. તેને પોતાના કષ્ટની કોઇ ચિંતા ન હતી, પરંતુ જ્યારે પોતાના ધર્માત્મા પતિને ઉપવાસનું કષ્ટ સહન કરવું પડતુ ત્યારે તેને અપાર કષ્ટ થતું. એક સમયે તેઓ બંનેને કેટલાએ દિવસો ઉપવાસ કરવા પડયા ત્યારે સુશિલા એ ડરતા ડરતા પોતાના સ્વામીને કહ્યું ''મહાભાગ! બ્રાહ્મણોના પરમ ભક્ત, સાક્ષાત્ લક્ષ્મી પતિ, શરણાગત વત્સલ, યાદવેન્દ્ર શ્રીકૃષ્ણ તમારા મિત્ર છે. તમો એક વખત તેઓની પાસે જઇ આવો. તમો કુટુમ્બી છો, દરિદ્રતાને કારણે ક્લેશ પામી રહ્યા છો, તેઓ તમને અવશ્ય પ્રચુર માત્રામાં ધન આપશે. તે કૃપાનીધિ પોતાના શ્રીચરણોની સેવા કરવાવાળાને સ્વયં પોતાને પણ આપી દે છે,

તો તમો ધનની યાચના કરશો તો તમોને પણ ધન પણ પ્રદાન કરશે. સ્વામી અમો જાણીએ છીએ કે તમારા મનમાં ધનની સહેજ પણ કામના નથી પરંતુ આપ કુટુંબી છો, તમારૂ કુટુંબનો આ પ્રમાણે કેટલા દિવસ નિર્વાહ થશે માટે આપ દ્વારકા પધારો.''

સુદામાએ જોયું મારી પત્ની ક્ષુધાના કષ્ટથી વ્યાકુળ થઇ ગઇ છે, દરિદ્રતાથી ભય પામી અમોને દ્વારકા મોકલવા માટે આગ્રહ કરી રહી છે ત્યારે તેઓ પોતાની પત્ની પ્રત્યે બોલ્યા ''પ્રિયે! આપણે બ્રાહ્મણ છીએ આપણુ ધન તપસ્યા છે, તુ કહે તો અમો ભિક્ષા માંગી લાવીએ પરંતુ લૌકિક ધનની યાચનાથી દ્વારકા જવું અમને યોગ્ય લાગતુ નથી, અમને તો અયાચકવૃત્તિથી જે પણ કંઇ મળે તેમાં સંતોષ મનાય છે, અને સંતોષ પૂર્વક ભગવાનનું સ્મરણ થાય છે તેમાંજ સુખ છે.'' સુદામાની વાત સાંભળી સુશિલાએ ઘણો આગ્રહ કર્યો એટલે સુદામાજીએ મનોમન વિચાર્યુ કે 'ધનની યાચનાથી તો જવાની ઇચ્છા નથી પણ એક વખત તેઓના દર્શન થઇ જાય એજ પરમ સૌભાગ્યની વાત છે. પરંતુ મિત્ર પાસે ખાલી હાથે કેવી રીતે જઉ' સુદામાએપોતાની મનોવ્યથા સુશિલાને કહી એટલે સુશિલા આડોશ પડોશમાંથી ચાર મુઠ્ઠી પૌવા માંગી લાવી અને તે પૌવાને એક ચિથડામાં બાંધી સુશિલાએ સુદામાને આપ્યા અને સુદામા તેને કાખમાં દબાવીને ચાલી નિકળ્યા.

તે પછી કેટલાએ દિવસો પછી સુદામા દ્વારકા આવ્યા, ત્યાં આવી દ્વારકાધિશનું ઐશ્વર્ય જોઇને તેઓ સ્તબ્ધ થઇ ગયા. ગગનચુંબી સુવર્ણના મહેલ, રત્નજડિત દિવાસો, સુવર્ણના કળશ જાણે વૈકુંઠનો વૈભવ હોય સ્વર્ગનો વૈભવ પણ આની આગળ નગણ્ય હતો. કેમેય કરી સુદામા પોતાના મિત્રના મહેલ પાસે પહોંચવાનું સાહસ કરી શક્યા. એક નાગરિકે શ્રીકૃષ્ણચંદ્રનો મહેલ બતાવ્યો.

કંગાળ અને શરીર પર અત્યંત મલિનફાટેલા વસ્ત્ર ધારણ કરેલા બ્રાહ્મણને જોઇ દ્વારપાલને આશ્ચર્ય થયું. પણ તેણે સુદામાનો ઉપહાસ ન કર્યો કારણ કે તેને યથાર્થ પણે વિદિત હતું કે ''મારા સ્વામી આવા દીનોના જ સ્વામી છે' તેણે સદુમાને પ્રણામ કર્યા પરંતુ જ્યારે સુદામાએ તેને એમ કહ્યુ કે 'હું શ્રીકૃષ્ણનો મિત્ર છ' ત્યારે તે આશ્ચર્ય પામી ગયો દેવરાજ ઇન્દ્ર પણ જ્યાં પોતાને ઘણા સંકોચ પૂર્વક દ્વારકાધિશના દાસ કહેતા ત્યાં આ કંગળા પોતાને દ્વારકાધિશનો મિત્ર બતાવે છે. પરંતુ તે અશરણ્ય કૃપાસિંધુનો કોણ કેવો મિત્ર છે, એ કોણ કેવી રીતે જાણે? નિયમાનુસાર સુદામાને દ્વાર પર ઉભા રાખી દ્વારપાલ આજ્ઞા લેવા માટે અંદર ગયો.

દ્વારપાલ મહેલમાં આવ્યો તે સમયે દ્વારકાધિશ શૈયા પર બેઠા હતા. ત્રિભુવનની સામ્રાજ્ઞિ પોતાના કરકમળ દ્વારા ત્રિભુવનના સ્વામી, સર્વેશ્વરને રત્ન જડિત ચામરથી વ્યજન કરી રહ્યા હતા. યાદવેન્દ્રને ભૂમિ પર મસ્તક રાખી દ્વારપાલે પ્રણામ કર્યા અને કહ્યું ''સ્વામી! એક ફાટેલા વસ્ત્ર ધારણ કરેલો, ખુલ્લા મસ્તકવાળો, ખુલ્લા શરીર વાળો, ઘણોજ કૃશકાય બ્રાહ્મણ દ્વારપર આવી ઉભો છે, ખબર નથી તે કોણ છે અને ક્યાંથી આવેલો છે? ઘણા કુટુહલ પૂર્વક તે ચારેબાજ જોઇ રહ્યો છે અને પોતાને આપનો મિત્ર બતાવે છે, તમારૂ નિવાસ સ્થાન પુછે છે અને પોતાનું નામ સુદામા બતાવે છે.'' આ પ્રમાણે સેવક દ્વારા સુદામા નામ કાનમાં પડતા જ દ્વારકાધિશ સુબબુધ ભૂલી ગયા મુકુટ ત્યાંજ પડી રહ્યો, ઉપરણો ભૂમિ પર પડી ગયો, ચરણોમાં પાદુકા પણ નથી અને વિહ્વલ દોડી પડયા. દ્વાર પર આવી બંને હાથો ફેલાવી સુદામાને એવી રીતે હ્રદયે લગાવી દીધા કે જાણે ચિરકાલથી ખોવાયેલી નીધિ મળી ગઇ હોય બંને મિત્રોના નેત્રોમાંથી અશ્રુ પ્રવાહ વહેવા લાગ્યો બંને એક શબ્દ બોલતા નથી. નગરવાસી, રાણીઓ,

સેવકો બધા ચકિત થઇને જોઇ રહ્યા છે દેવતાઓ પુષ્પવર્ષા કરતા બ્રાહ્મણના સૌભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા.

તે પછી થોડા સમય પછી ઉધ્ધવાદિએ સાવધાન કર્યા ત્યારે શ્યામસુંદર સુદામાને લઇને પોતાના મહેલમાં પધાર્યા પ્રિયમિત્રને તેઓએ પોતાના પલંગ પર બેસાડયો અને સ્વયં તેઓના ચરણ પ્રક્ષાલન કરવા લાગ્યા. 'અરે! મારા મિત્રના ચરણમાં આટલા બધા ઘા પડયા? આટલી દરિદ્રતા છે કે પગમાં પદત્રાણ-પગરખા પણ નથી આટલું બધુ કષ્ટ ભોગવે છે મારો મિત્ર? પ્રભુના નેત્રોમાં આંસુ આવી ગયા અને નેત્રોના જળથી જ સુદામા ના ચરણ ધોવાઇ ગયા. પ્રિય મહિષિ રૂક્મિણીજી પ્રભુની આભાવ વિહવલ અવસ્થા જોઇ પોતે આશ્ચર્યચકિત થઇ ગયા અને સ્વયં તેઓ સુદામાને સુવર્ણના ડાંડાવાળા ચામરથી વ્યજન કરવા લાગ્યા. ચરણ ધોયા બાદ દ્વારકાધિશે પવિત્ર બ્રાહ્મણના ચરણોદકને પોતાના મસ્તક પર ધારણ કર્યું અને પોતાના મહેલમાં પણ છિડકાવ કરાવ્યો તે પછી દિવ્ય ગંધ યુક્ત ચંદન, પુષ્પ, અગુર, કુંકુમ, ધૂપ, દીપ આદિ દ્વારા દ્વારકાધિશે સુદામાની પૂજા કરી અને નાના પ્રકારના પકવાન જમાડી તૃપ્ત કર્યા.

જ્યારે ભોજન કરી સુદામાજી બેઠા ત્યારે ભગવાનની પટરાણી સ્વયં પોતાના કરકમળ દ્વારા તેઓને પંખો નાખવા લાગી. તે પછી દ્વારકાધિશ સુદામાની પાસે બેઠા અને તેઓનો હાથ પોતાના હાથમાં લઇ વાતો કરવા લાગ્યા આમ સુંદ તેઓ સાથે ગુરૂગૃહમાં રહેલા સમયની ચર્ચા કરવા લાગ્યા, પોતાના મિત્રતાના મધુર સંસ્મરણ કહેવા લાગ્યા તથા સુદામાના ઘરની કુશળતા પુછવા લાગ્યા સુદામાજીના મનમાં કોઇ વાતની કામના ન હતી. તેઓ દ્વારકાધિશ પ્રત્યે બોલ્યા ''દેવ દેવ! આપતો જગદ્ગુરૂ છો, તમોને વળી ગુરૂગૃહે જવાની શું આવશ્યકતા હતી એતો અમારૂ સૌભાગ્ય હતુ કે અમોને તમારો સાથ મળ્યો.

બધાજ મંગલોની ઉત્પત્તિ તમારા થકી જ છે. વેદમય બ્રહ્મ તમારી જ મૂર્તિ છે, તમારે ગુરૂઘરે જઇ અધ્યયન કરવું એ તો કેવલ લોક સંગ્રહ જ છે.''

સુદામાની વાત સાંભળી લીલામય હસતા હસતા તેમના પ્રત્યે બોલ્યા ''હે બ્રહ્મન્! તમો અમારા માટે કંઇક ભેટ લાવ્યા? પ્રેમીજનો એ આપેલી થોડી વસ્તુ પણ અમોને ઘણી પ્રિય લાગે છે અન અભક્તોનો વિપુલ ઉપહાર પણ અમોને સંતોષ નથી કરી શકતો.'' સુદામાનું સાહસ કેવી રીતે થાય કે દ્વારકાના અતુલ ઐશ્વર્યના સ્વામીને કોરા પૌવા આપવાનુ તેઓ મસ્તક ઝુકાવી મૌન થઇ ગયા સર્વાન્તર્યામી ભગવાન બધુ જાણી ગયા અને મનોમન નિશ્ચય કરી લીધો કે ''આ મારો નિષ્કામ ભક્ત છે, પહેલા પણ આણે કોઇ પણ કામના રાખ્યા વિના મારૂ ભજન કરેલું છે, અત્યારે પણ એને કોઇ કામના નથી પણ પોતાની પતિવ્રતા પત્નીના કહેવાથી જ્યારે આ અહીં આવેલો જ છે ત્યારે હું પણ એને એજ સમ્પત્તિ પ્રદાન કરીશ જે દેવતાઓને પણ દુર્લભ છે.'' તેપછી શ્રીકૃષ્ણ કુતુહલવશ સુદામા પ્રત્યે બોલ્યા ''અરે આ શુ છે? ભાભીએ મારે માટે જે કાંઇક ભેટ મોકલેલી છે તેને તુ શા માટે સંતાળે છે?'' આમ કહી ભગવાને સ્વયંમ જ પૌવાની પોટલી ખેંચી લીધી, જનુ જીર્ણ વસ્ત્ર ફાટી ગયુ પૌવા બધા વેરાઇ ગયા શ્રીકૃષણે પોતાના પીતાંબર પર પડેલા બધા પૌઆ શીઘ્ર સમેતી લીધા અને એક મુઠ્ઠી લઇને મુખમાં મૂકી અને સુદામા પ્રત્યે બોલ્યા ''મિત્ર! આતો મને પરમ પ્રસન્ન કરનારી ભેંટ છે, આ પૌવા તો મારી સાથે સમસ્ત ત્રિલોકીને તુપ્ત કરશે. આ પૌવા તો ઘણા મધુર અને સ્વાદિષ્ટ છે'' પરમાત્માના નેત્રમાં આંસુ આવી ગયા તેઓ કહેવા લાગ્યા ''મિત્ર! જ્યારે હું ગોકુળમાં હતોઅને મને જ્યારે ભૂખ લાગતી ત્યારે મારી માતા યશોદા મને આવા જ પૌવા આપતી હતી તે પછી આજસુધિ કોઇએ પણ આવા પૌવા મને આરોગાવ્યા નથી.'' આ પ્રમાણે પ્રશંસા કરતા જ્યાં બીજી મુઠ્ઠી લઇને

ભગવાન મુખમાં મુકવા ગયા ત્યાં જ સમિપમાં ઉભેલા ભગવતિ લક્ષ્મીરૂપા રૂકિમણીજીએ પ્રભુનોહાથ પકડી લીધો અને તેમના પ્રત્યે બોલ્યા ''પ્રભુ! બસ કરો! મારી કૃપાથી આલોક અને પરલોક માં મળવા યોગ્ય સમસ્ત સંપત્તિ એક મુઠ્ઠી પૌવામાં આ બ્રાહ્મણને મળી ગઇ તો હવે બીજી મુઠ્ઠી જમીને આપ શું કરવા તૈયાર થયા છો? માટે હવે આપ અમારા પર કૃપા કરશો.'' ભગવાને મુઠ્ઠી છોડી હસવા લાગ્યા.

સુદામા તે રાત્રી શ્રીકૃષ્ણના મહેલમા જ રહ્યા. જ્યાં તેઓને એવો અનુભવ થયો કે 'હું જાણે સ્વર્ગમાં આવી ગયો' બીજે દિવસે તેઓ પોતાના મિત્રની અનુમતિ લઇ પોતાના ઘર તરફ ચાલી નીકળ્યા. લીલાધારીએ દુરસુધિ તેની સાથે જઇ તેને વિદાય આપી. સુદામાને ધનની સહેજ પણ ઇચ્છા ન હતી. શ્રીકૃષ્ણ વગર માંગ્યે બધુ જ આપી દેશે અવી પણ ઇચ્છા તેઓના મનમા ન હતી. દ્વારકાથી પોતાને કાંઇ પ્રાપ્ત ન થયું તેનો તેઓને સહેજ પણ શોક ન હતો. ઉલટું તેઓ મનમાને મનમાં એવો વિચાર કરતા હતા કે, ''અહો! અમે અમારા પરમ ઉદાર મિત્રની બ્રાહ્મણ ભક્તિ જોય. હું એક દરિદ્ર પાપી અને ક્યાં તે લક્ષ્મીપતી પુણ્ય ચરિત્ર પરંતુ તેઓએ મને ઉત્સાહપૂર્વક પોતાના હ્દયે લગાવ્યો અને પોતાની પ્રિયાના પલંગ પર બિરાજમાન કરી મારા પગ પણ ધોયા. સાક્ષાત્ લક્ષ્મીજીના અવતાર રૂકિમણીજી મારા પર ચામર ઢાળતા હતા. મારા પર સુહ્દ શ્રીકૃષ્ણ કેટલા કૃપાળુ છે મનુષ્યને કેવળ તેઓના ચરણ કમળોની સેવા કરવા માત્રથી જ ત્રણેય લોકની સંપત્તિ, સમસ્ત સિધ્ધિ અને મોક્ષ સુધ્ધાની પ્રાપ્તિ થઇ જાય છે. એવા તેઓ માટે મને ધન આપવું કેટલું સરળ હતુ પરંતુ તે દયામયે વિચાર્યુ કે આ નિર્ધન ધન પ્રાપ્ત કરી ઉન્મત્ત થઇ જશે અને મારૂ સ્મરણ નહિ કરશે અતઃ કલ્યાણ માટે તેઓએ મને ધન ન આપ્યુ.''

ધન્ય સુદામાં, ઘરમાં ક્ષુધાતુર સ્ત્રીને છોડીને આવ્યા, અન્ન, વસ્ત્રના ઠેકાણ નથી, પત્નીને શુ ઉત્તર આપીશ, તેની ચિન્તા નથી રાજ રાજેશ્વર મિત્રને મળીને આવ્યા તો પણ ખાલી હાથે તેની ગ્લાનિ નથી. ધનને માટે ધનના ભક્ત ભગવાનની આરાધના કરે છે અને ધન ન મળતા પ્રભુને અનાપ સનાપ બોલે છે, પરંતુ સુદામા જેવા ભગવદ્ ભક્ત તો ભગવાનને જ ઇચ્છે છે. ભગવાન પાસે સુદામા પોતાની પત્નીના આગ્રહથી ગયા હતા. પરંતુ તેઓના મનમાં કામના ન હતી તેઓના પત્નીએ ધન મેળવવાની ઇચ્છાથી જ તેમને પ્રેરિત કરેલા હતા. ભકતવાંછા કલ્પતરૂ ભગવાને વિશ્વકર્માને પ્રેરણા કરી તેમની સુદામાપુરીને દ્વારકા જેવી ભવ્ય નગરી બનાવી દીધી. એક રાત્રીમાં પર્ણકૂટીના સ્થાન પર દેવ દુર્લભ ઐશ્વર્યથી પૂર્ણ મણિમય ભવનો તૈયાર થઇ ગયા હતા.

તે પછી સુદામા પોતાના ઘરે આવ્યા. ત્યારે તેઓ જાણી પણ ન શકયા કે હું જાગુ છ કે સ્વપ્ન જોવ છ. ક્યા માર્ગ ભૂલીને અન્ય સ્થાન પર આવી ગયુ છ. તેઓ કાંઇ સમઝી ન શકયા એટલામાં ઘણા સેવકોએ તેમનો સત્કાર કર્યો અને આદર સહિત ભવનમાં લાવ્યા. તેમની પત્ની હવે સ્વર્ગની અપ્સરા જેવી દેખાતી હતી. અનેકો દાસીઓ સાથે આવી તેણે સુદામાને પ્રણામ કર્યા અને તેઓને ઘરમાં લઇ આવ્યા સુદામાજી પહેલા આશ્ચર્ય પામી ગયા પરંતુ પાછળથી બધુ રહસ્ય સમઝી ગયા અને ભાવ ગદગદ થઇ કહેવા લાગ્યા ''મારા સખા ઉદારચક્ર ચુડામણી છે તેઓ મારા માંગવાથી મને લજ્જીત ન થવુ પડે એટલે ગુપ્ત રીતે બધુ કાર્ય કરી દીધુ પરંતુ અમને તો આ સમ્પત્તિની કોઇ આવશ્યકતા નથી. જન્મોજન્મમાં તે સર્વગુણ સાગરની વિશુધ્ધ ભક્તિ માં જ અમો લાગેલા રહીએ અમોને તો એજ અભિષ્ટ છે.'' (ભાગવત/સ્કંધ-૧૦) આ પ્રમાણે નીતિકારે અહીં

જે પણ કહ્યું છે તે ભગવાન શ્રીકૃષ્ણના ચરિત્રમાં અક્ષરેક્ષર સત્ય સિધ્ધ થાય છે. (શ્લોક-૪૩) હવે નીતિકાર શોક કરવાથી શુ થાય છે તે કહે છે.

(૬૨) સંતાપના ફળ :-

શ્લોક - ૪૪ सन्ता पाद् भ्रश्यते रुपं

सन्ता पाद् भ्रश्यते बलम्।

सन्ता पाद् भ्रश्यते ज्ञानं

सन्ता पाद् त्याधि मृच्छति॥

શ્લોકાર્થ :- સન્તાપથી રૂપ નષ્ટ થઇ જાય છે, સન્તાપ (શોક) થી બલ નષ્ટ થઇ જાય છે, સન્તાપથી જ્ઞાન નષ્ટ થઇ જાય છે તથા સન્તાપથી રોગ ઉત્પન્ન થાય છે માટે સન્તાપ ક્યારેય ન કરવો.

ચ.ટી. : ચિંતા અર્થાત્ શોક સમાન શરીરને સુકવનારી બીજી કોઇ વસ્તુ નથી. શોક ધૈર્ય અને જ્ઞાનને નષ્ટ કરી દે છે માટે શોક સમાન અન્ય કોઇ શત્રુ નથી આ સન્દર્ભમાં શ્રીમદ્ ભાગવતમાં આવતુ ચિત્રકેતુ રાજાનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે સૂરસેન દેશમાં પ્રાચિન સમયમાં ચિત્રકેતુ નામના રાજા હતા. તેઓ બુધ્ધિ, વિદ્યા, બલ, ધન, યશ, સૌન્દર્ય, સ્વાસ્થ્ય આદિક બધુજ તેઓ પાસે પૂર્ણ રૂપે હતુ. તેઓમાં ઉદારતા, દયા, ક્ષમા, પ્રજાવત્સલતા આદિ સદ્‌ગુણો પણ પૂર્ણરૂપે હતા રાજાના સેવકો નમ્ર અને વિવેક તથા અનુકૂળ હતા. મંત્રીઓ પણ નીતિ નિપૂર્ણ તથા સ્વામી ભક્ત હતા. રાજ્યની બહાર તથા અંદર કોઇ શત્રુ ન હતા. રાજાની ઘણી બધી સુંદર રાણીઓ હતી. આટ આટલું હોવા છતા ચિત્રકેતુ રાજા દુ:ખી રહેતા હતા કારણ તેઓની કોઇપણ રાણીને કોઇ સંતાન ન હતુ. વંશ નષ્ટ થઇ જશે આ ચિંતાથી રાજાને રાત્રિને વિશે સારી રીતે નિદ્રા પણ આવતી ન હતી.

એક દિવસની વાત હતી ચિત્રકેતુના ઘરે અંગિરા ઋષિના ઘરે આવ્યા રાજાએ મહર્ષિનો સત્કાર કર્યો તે પછી મહર્ષિએ એકાંતમાં રાજાને તત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો છતા રાજાનો શોક દૂર ન થયો. મહર્ષિ એ જોયુ કે 'મોહવશરાજાને પુત્ર પ્રાપ્ત કરવાની ઇચ્છા છે અને આને જ્યાં સુધિ પુત્રનો વિયોગ ન થશે ત્યાં સુધિ તેને સંસાર પરથી વૈરાગ્ય ન થશે અને સંસાર પરથી વૈરાગ્ય થશે ત્યારે જ આ કલ્યાણના માર્ગ પર અગ્રેસર થશે.' એટલે ચિત્રકેતુ રાજાએ પ્રાર્થના કરતા ઋષિએ ત્વષ્ટા દેવતાનો યજ્ઞ કર્યો અને તે યજ્ઞમાં બચેલુ અન્ન રાજાને આપ્યુ અને તેઓને કહ્યું 'આ અન્ન તમો તમારી કોઇપણ એક રાણીને આપજો જેનાથી તેને એક પુત્ર થશે જે પુત્ર તમોને હર્ષ અને શોક બન્ને આપશે.' ચિત્રકેતુ રાજા એ યજ્ઞનો પ્રસાદ પ્રસન્નાતાથી ગહણ કર્યો અને તે પોતાની એક રાણીને પ્રદાન કર્યો. તે પછી તે પ્રસાદ ગ્રહણ કરવાથી રાણી ગર્ભવતી થઇ અને સમય જતા તેને એક પુત્રની પ્રાપ્તિ થઇ. રાજા અને પ્રજાને અપાર હર્ષ થયું. હવે પુત્ર સ્નેહ વશ રાજા તે જ રાણી સાથે અનુરાગ કરવા લાગ્યા. બીજી રાણીઓની તો તેને યાદ જ આવતી ન હતો. રાજાની આ પ્રમાણેની ઉપેક્ષાથી તે રાણીઓમાં ઇર્ષ્યાનો ઉદય થયો અને બધી રાણીઓએ ભેગા મળી નાના બાળકને વિષ આપી મોતને ઘાત ઉતારી દીધો.

બાળકના મૃત્યુના સમાચાર રાજા ચિત્રકેતુને મળ્યા તેવો જ તેતો પાગલ થઇ ગયો. એવા જ સમયમાં દેવર્ષિ નારદજીની સાથે અંગિરાઋષિ ચિત્રકેતુ પાસ આવ્યા અને રાજાને મૃત બાળક પાસે પડેલો જોઇ તેઓને સમઝાવતા બોલ્યા ''રાજન્ ! તમો જેને માટે આટલા દુઃખી થઇ રહ્યા છો તે તમારો કોણ છે? આ જન્મથી પહેલ તે તમારો કોણ હતો? અને હવે આગળ તે તમારો કોણ થશે? જેમ રેતીના કણો જળના પ્રવાહમાં ક્યારેક એકત્રિત થઇ જાય છે. તેજ પ્રમાણે

કાળદ્વારા વિવશ થયેલા પ્રાણી મળે છે અને અલગ થાય છે. આ પિતાપુત્રનો સંબંધ કલ્પિત છે. આ શરીર ન તો જન્મની પૂર્વ હતુ, ન મૃત્યુ પશ્ચાત રહેશે અતઃ તમો આને માટે શોક ન કરો.'' રાજાને આ વચનોથી કાંઇક શાન્તવના પ્રાપ્ત થઇ. તે પછી તેઓ તેમના પ્રત્યે બોલ્યા 'હે ઋષિઓ! આપ કોણ છો? કારણ મારા જેવા વિષયમાં ફસાયેલા મન્દ બુધ્ધિ લોકોને જ્ઞાન આપવાને માટે જ આપ જેવા ભગવદ્ નિષ્ઠ સિધ્ધ પુરૂષો ધરાતલ પર ગુપ્ત રીતે વિચરણ કરતા હોય છે. માટે આપ બન્ને જણા અમારા પર કૃપા કરી અમને જ્ઞાન આપો આ શોકથી બચાવો.'

રાજાની વાત સાંભળી અંગિરા બોલ્યા ''રાજન્! અમો તમો ને પુત્ર પ્રદાન કરનારા અંગિરાઋષિ છીએ. અને આ બ્રહ્માજીના પુત્ર દેવર્ષિ નારદ છે. તમો બ્રાહ્મણના અને ભગવાનના ભક્ત છો. અતઃ તમોને ક્લેશ નહિ થવો જોઇએ અમો પ્રથમ પણ તમોને જ્ઞાન આપવા આવેલા હતા પરંતુ તે સમયે તમારૂ ચિત પુત્ર પ્રાપ્તિમાં હતુ. હવે તમોએ પિત્રુ વિયોગનો ક્લેશ જોઇ લીધો આજ પ્રમાણે સ્ત્રી, ધન, ઐશ્વર્ય બધુ જ નશ્વર છે તેમનો વિયોગ પણ અવશ્યમ્ભાવિ છે અને તે પણ આમ જ દુઃખી કરનાર છે. આ રાજ્ય, ગૃહુ, ભૂમિ, મિત્ર, સેવક, પરિવાર આદિ બધા શોક, મોહ, ભય અને પીડા જ આપનાર છે. આ બધુ જ સ્વપ્ન ના દૃશ્ય સમાન છે. તેઓની વાસ્તવમાં સત્તા નથી. પોતાની ભાવનાનુસાર જ આ બધા સુખદાયિ પ્રતિત થાય છે. દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાથી બનેલું આ શરીરનું અહંપણુ જ જીવોને ક્લેશ આપે છે. એકાગ્રતાચિત્તથી વિચાર કરો અને એક માત્ર ભગવાનને જ સત્ય સમજી તેઓમાં જ ચિત્ત લગાવી શાન્ત થઇ જાવ.''

તદન્તર રાજાને બોધ આપવા માટે દેવર્ષિ નારદે જીવને પાછો બોલાવ્યો. જીવનું આવાહન થતા જ પરલોકમાં ગયેલો જીવાત્મા તેના દેહમાં પાછો આવ્યો

ત્યારે દવર્ષિનારદે જીવાત્માને સંબોધિ કહ્યું ‘હે જીવાત્મા! જો આ તારા માતા-પિતા, બન્ધુ બાન્ધવ તારા માટે વ્યાકુળ થઇ રહ્યા છે તો તુ તેની પાસે કેમ જતો નથી.''

દેવર્ષિની વાત સાંભળી જીવાત્મા બોલ્યો ''આ ક્યા ક્યા જન્મમાં મારા માતા-પિતા થયા હતા? અમો તો અમારા કર્મોનું ફળ ભોગવવા માટે દેવતા મનુષ્ય, પશુ, પક્ષી આદિયોનિઓમાં અનંત કાળથી જન્મ લેતા રહીએ છીએ. બધા જીવાત્માઓ પરસ્પર ક્યારેક પિતા, ક્યારે પુત્ર, ક્યારેક મિત્ર શત્રુ, ક્યારેક સજાતિય, ક્યારેક વિજાતિય, ક્યારેક રક્ષક, ક્યારેક વિનાશક અને ક્યારેક ઉદાસિન બને છે. આ બધા અમને પુત્ર માની રૂદન કેમ કરી રહ્યા છે? શત્રુમાની પ્રસન્ન કેમ થતા નથી? જેમ વ્યાપારિઓ પાસે વસ્તુ આવે છે અને જતી રહે છે, એક પદાર્થ આજે આનું જે અને આવતી કાલે શત્રુનું થઇ જશે તે જ પ્રમાણે કર્મવશ જીવાત્મા નાના પ્રકારની યોનિઓમાં જન્મ લે છે જટલા દિવસ જે શરીરનો સાથ હોય તેટલા જ દિવસો તેના સમ્બન્ધિઓ તેના પોતાના છે. આ સ્ત્રી, પુત્ર, ઘર આદિનો સંબંધ યથાર્થ નથી. આત્મા તો નથી જન્મતો કે નથી મરતો તે તે નિત્ય અવિનાશી, સૂક્ષ્મ, સર્વાધાર તથા સ્વયંપ્રકાશ જ છે. વસ્તુતઃ ભગવાનની માયાથી ગુણો દ્વારા જીવાત્મા બંધનમાં પડે છે. આત્મા માટે નથી કોઇ પોતાનું કે નથી કોઇ પરાયું. તે હિત અહિત કરવાવાળા શત્રુ મિત્ર આદિ નાની બુધ્ધિઓનો સાક્ષી છે. સાક્ષી આત્મા કોઇપણ સંબંધ તથા ગુણદોષને ગ્રહણ કરતો નથી. આત્મા ક્યારેય મરતો નથી એતો નિત્ય છે અને શરીર અનિત્ય તો પછી અનિત્ય શરીર માટે આ બધા રૂદન કેમ કરે છે.''

આ પ્રમાણે રાજાના પુત્રનો જીવાત્મા રાજાને આ પ્રમાણે કહી જતો રહ્યો. એની વાત સાંભળી ચિત્રકેતુ અને તેના સંબંધિઓનો મોહ દૂર થઇ ગયો. અને

તેઓ બધા મૃત બાળકને સંસ્કાર કરી શાંત થઇ ગયા. (ભાગ /સ્કં-૬) માટે જ શ્રીમન્નારાયણ ભગવાન સ્વમુખે ગરૂડજીને કહે છે કે- ''एकवृक्षे सदारात्रौ नानापक्षि समागतः। प्रभातेऽन्यदिशं यान्ति का तत्र परिवेदना॥ અનેક દિશાઓમાંથી અનેક જદાજદા પક્ષીઓ આવીને કોઇ એક વૃક્ષ પર રાત્રિવાસ કરે અને પ્રભાત થતાં ફરી તે પક્ષીઓ જદી જદી દિશામાં જતા રહે છે તેમાં શોક શો કરવો. (ગરૂડ પુ./૧૧૩/૪૫) ''अयाचितो मया लब्धो मत्प्रेषितः पुनर्गतः। यत्रागतस्तत्र गतस्तत्रकापरिदेवना॥ હરકોઇ પદાર્થ અમારા કર્મયોગે અમે માગ્યો ન હતો, છતા અમોને પ્રાપ્ત થયો હતો અને પછી અમે તે જ પદાર્થને વિદાય કર્યો, તેથી જ્યાંથી તે જેમ આવ્યો હતો તેમ તે ત્યાં પાછો ગયો તેમાં મારે શોક શો કરવો.'' (ગરૂડ.પુ.૧૭૩/૪૪) ''अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि शौनक। अव्यक्त निधनान्यव का तत्र परिवेदना॥ આ સર્વ પ્રાણી -પદાર્થો, અવ્યક્ત અપ્રકટ માયા કે મૂળ પ્રકૃતિમાંથી પ્રથમ પ્રકટીને મધ્ય સૃષ્ટિમાં વ્યક્ત પ્રકટ સ્વરૂપે થયેલા જણાય છે અને અંતે પ્રલયકાળે પાછા એ અવ્યક્ત પ્રકૃતિમાં જ લય પામી જાય છે તે તેમાં શોક શો? (ગરૂડ ૧૧૩/૪૭) (શ્લોક-૪૪) હવે પુનઃ વિદુરજી શોક કરવાની મનાઇ કરે છે.

(૬૩) સુખનો માર્ગ :-

શ્લોક - ૪૫ अनवाप्यं च शोकेन

शरीरं चोपतप्यते।

अमित्राश्च प्रहृष्यन्ति

मास्मशोके मनः कृथा॥

શ્લોકાર્થ :- શોક કરવાથી કો અપેક્ષિત વસ્તુ પ્રાપ્ત થતી નહિ હોવાથી શરીરમાં કષ્ટ થાય છે અને શત્રુ પ્રસન્ન થાય છે એટલે માટે શોકમાં મનન લગાવો અર્થાત્ શોક ન કરો.

ચ.ટી. : ચિંતા અને શોકમાં અંતર છે. ''કોઇ અપ્રાપ્ય વસ્તુને પ્રાપ્ત કરવા માટે ચિંતા કરાય છે અને પ્રાપ્ત વસ્તુ નષ્ટ થયા બાદ શોક થાય છે.'' આ પ્રમાણે ચિંતા અને શોકમાં અન્તર છે. પરંતુ ચિંતા અચિંતામાં ચિંતા છે તે જ બલવતી છે કારણ કે ચિતા મૃત્યુ બાદ સળગાવે છે જ્યારે ચિંતા જીવિત ને સળગાવે છે ''चितो दहित निर्जीवं चिन्ता दहति सजीवकम्'' વિષ્ણું શર્મા કહે છે ''नष्टं मृतमति क्रन्तं नामुशोचन्ति पण्डिता:। पण्डितानां च मूर्खाचां विशेषोऽयं यत: स्मृत:॥ જે નષ્ટ થઇ ગયું, જે મૃત થઇ ગયું, જે વ્યતિત થઇ ગયું આ ત્રણ વિષયને માટે વિદ્વાનો શોક કરતા નથી, કારણ કે વિદ્વાનો અને મૂર્ખોમાં આટુલ જ અંતર છે. (પંચ /મિત્ર/૩૭૪) શ્રુતિ ભગવદી કહે છે - ''इन्द्रियाणां पृथग्भात्र मुदयास्तमयौ च यत्। पृथगुत्पद्यमानानां मत्वा धीरो न शोचति॥ આત્માથી પૃથક પોતાના કારણથી ઉત્પન્ન થયેલી જે ભિન્નભિન્ન સત્તા છે અને જે તેઓને ઉદય અને અસ્તને જાણી તેનાથી આત્માનું સ્વરૂપ ભિન્ન જાણનારો ધીર પુરૂષ શોક કરતો નથી.'' (કઠ.ઉ.૨/3/૬) ''मा गतानामादीधीया। ગુજરી ગયેલા માટે શોક ન કરો.'' (અથર્વ/૧૧/૨/૨૦) ''मा विदीध्य:- ચિંતા કરવી નકામી છે.'' (કારણ ચિંતામાં રક્ત બાળવા અને સમય નષ્ટ કર્યા વગર મુશ્કેલીનો ઉપાય વિચારવો- અથર્વ/૮/૧૯) આચાર્ય ચાણક્ય કહે છે- ''अर्थातुराणां न गुरुर्नबन्धु:, कामानुराणां न भयं न लज्जा। चिन्तातुराणां न सुखं न निद्रा, क्षुधातुराणां न बलं न तेज:॥ ધનના લોભિ માટે ન કોઇ મોટો હોય છે ન કોઇ સમ્બન્ધિ, કામથી પીડિત લોકો ન તો કોઇનાથી ભય પામતા કે નથી કોઇની શરમ રાખતા, ચિંતાથી ગ્રસ્ત મનનુષ્યને

નથી તો સુખ મળતુ કે નથી નિદ્રા આવતી તેમ ક્ષુધાથી વ્યાકુળ લોકોમાં નથી બળ રહેતુ કે ન તો પ્રભાવ'' (ચાણક્ય રાજનીતિ) કાર્તિક સ્વામી કહે છે ''चिन्तांज्वरो मनुष्याणां क्षुधां निद्रा बलं हरेत्। रुपमुत्साह बुद्धि श्रीं जीवितं च न संशयः॥ ચિંતારૂપી જવર મનુષ્યોની ક્ષુધા, નિદ્રા, શક્તિ, સૌન્દર્ય, ઉત્સાહ, બુધ્ધિ, લક્ષ્મી અને જીવન બધાને નષ્ટ કરી દે છે, એમાં સહેજ પણ સંદેહ નથી.'' (સ્કંદપુરાણ) આચાર્ય શંકર કહે છે ''संसारमूलं हि किमस्ति चिन्ता - સંસાર રૂપ વૃક્ષનું મૂળ શુ છે? ચિંતા જ સંસારનું મૂળ છે.'' (મણિરત્નમાળા/૧૪) ભવાન શ્રીમન્નારાયણ પણ કહે છે ''यद् गतं तद तिक्रान्तं यदिस्यात्तच्चदूरतः। वर्तमानेन वर्तेत न च शोकेन बाध्यते।। જે કંઇગયુ હોય છે તે તો ભૂતકાળનું જ બની ગયું હોય છે અર્થાત્ તે આપણે ત્યાગ જ કરી ગયું છે અને જો દુર ગયુ હોય તો તે પણ ગયુ જ છે એમ જાણી જે વર્તમાનમાં આરંભેલું હોય કે દુર રહ્યું હોય તેનાથી ચલાવી લઇ તેને અનુસરી વર્તવું જોઇએ તેમ કરવાથી કોઇપણ મનુષ્ય શોકથી પીડાતો નથી.'' (ગરૂડ/૧૧૪/૬૨) (શ્લોક-૪૫) હવે નીતિકાર સંસારમાં થતી મનુષ્યની હાની વધ્ધિ, સુખ દુઃખ આદીમાં તેણે શોક ન કરવાનો ઉપદેશ બે શ્લોકથી આપે છે.

શ્લોક - ૪૬ पुनर्नरो म्रियते जायते च

पुनर्नरो हीयते वर्धते च।

पुनर्नरो याचति याच्यते च

पुनर्नरः शोचति शोच्यते च॥

શ્લોકાર્થ :- વારંવાર મનુષ્ય જન્મ લે છે અને મૃત્યુ પામે છે, વારંવાર મનુષ્ય નષ્ટ થાય છે અને વૃધ્ધિ પામે છે, વારંવાર મનુષ્ય યાચના કરે છે અને યાચિત થાય છે અને વારંવાર મનુષ્ય શોક કરે છે અને શોક કરાવે છે.

ચ.ટી. : જ્યાં સુધિ મનુષ્યના સંચિત કર્મો સમાપ્ત ન થાય તથા તેની વિષયો પ્રત્યેની આસક્તિ નિવૃત્ત ન થાય ત્યાં સુધિ મનુષ્યે આ લોક પરલોકમાં વિભિન્ન યોનિઓમાં તેના કર્મો અનુસાર વિવશ થઇને જન્મ ધારણ કરવો પડે છે અને જન્મ ધારણ કર્યા બાદ અમુક સમય વ્યતિત થયા બાદ ઇચ્છા ન હોવા છતા વિવશ થઇ મૃત્યુનું વરણ કરવું પડે છે. દેહ ધારણ કર્યા બાદ વારંવાર દેશકાલાદિકના વિષમ પણામાં તેનો હ્રાસ થાય છે અને દેશકાળના ઉચિતપણામાં તેની વૃધ્ધિ પણ થાય છે પોતાના અંતરનો ઇચ્છાની પૂર્તિ કરવા અથવા કોઇક કારણ વસાત તેણે અન્ય પાસે સહાયતાની યાચના કરવી પડે અથવા કોઇ અન્ય જન તેની સમિપમાં યાચના કરવા આવે તો તેની પૂર્તિ પણ કરવી પડે છે તથા પ્રિય વસ્તુનો વિયોગ થતા શોકમાં ગરકાવ થવું પડે છે અને કોઇક સમયે પોતાની અમુક ક્રિયાથી તે અન્ય જનોને શોકમાં પણ મુકી દે છે (શ્લોક-૪૬)

શ્લોક - ૪૭ सुखं च दु:खं च भवभवौ च

लाभा लाभौ मरणं जीवनं च।

पयां यश: सर्वमे तें स्पृशन्ति

तस्माद् धीरो न हृष्येन्न शोचत्॥

શ્લોકાર્થ :- સુખ દુ:ખ, લાભ હાનિ જીવન મરણ તથા ચડતી પડતી આ બધુ વારફરથી' બધાને સ્પર્શ કરે છે એટલે માટે બુધ્ધિ માન મનુષ્યોએ આનાથી ન તો પ્રસન્ન થવું જોઇએ કે ન દુ:ખી થવું જોઇએ અર્થાત્ આ બધુ સંસારનો સ્વાભાવિક ક્રમ છે એટલે માટે તે બધાને પ્રભાવિત કરે છે.

ચ.ટી. : સમ્પત્તિ હોય કે વિપત્તિ હોય બંને સ્થિતિમાં મહાપુરૂષો એક સમાન જ જોવા મળતા હોય છે. તેઓના અંત: કરણ પર સમ્પત્તિ કે વિપત્તિનો કોઇ પ્રભાવ જોવા મળતો નથી. આ સન્દર્ભમાં મહાભારતમાં આવતા વૃત્રાસુરતના

જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે વાત એવી હતી કે- વિશ્વરૂપનો વધ થયા બાદ ત્વષ્ટા પ્રજાપતિએ કરેલા યજ્ઞાનુષ્ઠાનથી હવન કુંડમાંથી વૃત્તાસુરનો જન્મ થયો. જન્મ થયા બાદ તેણે સાહિઠ હજાર વર્ષ કઠોર તપસ્યા કરી અમિત શક્તિ ઉપાર્જન કરી જેને લઇ તેણે ત્રણેય લોક પર વિજય પ્રાપ્ત કર્યો અને દેવતાઓને તેઓના સ્થાન પરથી ચ્યૂત કર્યા. વત્રાસુર જન્મે કરીને અસુર હતો તેનું શરીર પણ અસુર જેવું હતુ. પરંતુ તેનું હૃદય નિષ્પાપ હતુ એટલે તેને સંસાર પ્રત્યે પૂર્ણ વૈરાગ્ય અને પરમાત્મા પ્રત્યે નિર્મળ નિષ્કામ એવો અનુરાગ હતો ભોગનો નશ્વરતાને જાણતો હતો.

એક સમયની વાત હતી સંયોગ વશ દેવતાઓના હાથે તેનો પરજય થયો. તે સમયે અસુરોના ગુરૂશુક્રાર્યા તેની પાસે આવ્યા. તે સમયે શુક્રાચાર્યને એ જોઇને આશ્ચર્ય થયું કે ‘વૃત્રાસુરના મુખ મંડલ પર રાજ્ય ચ્યુત થવાનો તથા પરાજિત થવાનો કોઇ શોક નથી.'' તેઓએ વત્રાસુરને તેનું કારણ પુછયું ત્યારે વૃત્રાસુર ગુરૂપ્રત્યે બોલ્યો- ''ભગવન્! સત્ય અને તપના પ્રભાવથી જીવોના જન્મ મરણ તથા સુખ દુ:ખના રહસ્યને અમો યથાર્થ રીતે જાણી ગયા છીએ એટલે અમોને કોઇપણ અવસ્થામાં હર્ષ કે શોક થતો નથી. જીવ પોતાના કર્મ પ્રમાણે પુણ્યનું ફળ ભોગવવા યમાલયમાં જાય છે, અને ત્યાં યાતનાઓ સહન કરી બચેલા કર્મોના પરિણામે મનુષ્ય, પશુ, પક્ષી આદિ વિભિન્ન યોનિમાં જન્મ લે છે. મૃત્યુ બાદ તે પુન: આજ પ્રમાણે સ્વર્ગ નરક આદીમાં જાય છે. ગુરૂદેવ! ભગવાને કૃપા કરી અમોને તત્વજ્ઞાન કરાવેલું છે એટલે માટે જીવના અવાગમન તથા ભાગોને મળવાથી અને નહિ મળવાથી અમોને વિકાર થતો નથી. અમોએ ઘોર તપ કરીને ઐશ્વર્યની પ્રાપ્તિ કરી અને ત્યારબાદ પોતાના જ કર્મોથી તેનો નાશ થયો એટલે તે ઐશ્વર્ય સમાપ્ત થવાનો અમોને સહેજ પણ શોક નથી. ઇન્દ્ર સાથે યુધ્ધ કરતા

સમયે અમોએ શ્રીહરિના દર્શન કરેલા. ભગવાનની કૃપાથી અને તપસ્યાના અવશિષ્ટ પ્રભાવથી અમારી બુધ્ધિ હજ શુધ્ધ છે. ગુરૂદેવ! અમો તમારી પાસેથી અન્ય કોઇ ઇચ્છા રાખતા નથી. પરંતુ આપને એજ પ્રાર્થના કરીએ છીએ કે અમોને કોઇક કર્મથી કોઇપણ પ્રકારે ભગવાનની પ્રાપ્તિ થાય એવો ઉપદેશ આપો.''

આ પ્રમાણે વૃત્રાસુર કહેતો હતો ત્યાંજ એકાએક સમસ્ત જગતમાં સ્વરછંદ પણે વિચરણ કરતાસનકાદિક ઋષિઓ ત્યાં પધાર્યા. તેઓને આવેલા જોઇ ગુરૂશિષ્યે તેઓનું વિધિવત પૂજન કર્યુ અને તેઓને ભગવત્ તત્વવિશે પુછયું ત્યારે ચારેય મુનિઓએ તેઓને ઉત્તમ અધિકારી જાણી ભગવત્ તત્વનો ઉપદેશ આપ્યો તે પછી વૃત્રાસુર દૃઢ નિશ્ચયથી સર્વત્ર સર્વ પદાર્થોમાં એક ભગવાનનો જ અનુભવ કરવા લાગ્યો તે એવો ભગવદ્ ભક્ત થયો કે તેની તુલના કરવી પણ સન્ભવ ન હતી. રાજ્યહીન થવા છતા પણ તે પોતાના શત્રુ દેવતાઓની મધ્યમાં નિર્ભય થઇને રહેવા લાગ્યો (મહા-શાન્તિ) માટે જ ભર્તુહરિ કહે છે. ''सम्पत्सु महतां चेतां भवत्युत्पलकोमलम्। आपत्सु च महाशैल शिलासंघातकर्कशाम्॥ મહાન પુરૂષોનું હૃદય સમૃધ્ધિના સમયમાં તો કમળની સમાન કોમળ હોય છે પરંતુ તે જ આપત્તિકાળમાં મહાન્ પર્વતશિલા સમૂહ સમાન કઠોર થઇ જાય છે'' (નીતિશતક શ્લો-૬) (શ્લોક-૪૭) હવે છ ઇન્દ્રિયોથી અત્યંત ભોગ ભોગવનારની બુધ્ધિ નષ્ટ થઇ જાય છે તેનું વર્ણન કરાય છે-

શ્લોક - ૪૮ चलानि हीमानि षडिन्द्रियाणि

तेषां यद्वद्वर्धते यत्र यत्र।

ततस्ततःस्रवते बुद्धिरस्य

छिद्रोदकुम्भादिव नित्यमम्भः॥

શ્લોકાર્થ :- મનથી યુક્ત આ છ ઇન્દ્રિયો અત્યંત ચંચળ છે. આ ઇન્દ્રિયો દ્વારા જેમ જેમ ભોગ વધે છે, તેમ તે ભોગ કરવાવાળા પુરૂષની બુદ્ધિ નષ્ટ થઇ જાય છે. જે પ્રમાણે છિદ્ર યુક્ત ઘટમાંથી જળ વહી જાય છે.

ચ.ટી. : મનુષ્યએ પોતાનું જીવન સફળ બનાવવા માટે સંયમની નીતિનો આશ્રય ગ્રહણ કરવો કારણ કે- માવન જીવનની ધન્યતા માટે ઇન્દ્રિય સંયમ અને વિષય પ્રત્યે વિરક્ત અત્યાવશ્યક છે. મનુ મહારાજ કહે છે ''इन्द्रियाणां प्रसङ्गेन दोषमृच्छत्यसंशयम्। संनियम्य तु तान्येव ततः सिद्धिं नियच्छति॥ ઇન્દ્રિયોના વિષયોમાં આશક્ત થઇને મનુષ્ય અવશ્ય જ દોષનો ભાગી થાય છે. આ ઇન્દ્રિયોને વશમાં કરવાથી જ મનુષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે.'' (મનુ.૨/૧૩) '' न जातु कामः कामानामुप भोगेन साम्यति। हविषाकृष्णवर्त्मेव भूय एवाभिवर्धते॥ વિષયોમાં ઉપભોગની ઇચ્છા ક્યારેય પણ અંત થતી નથી. પરંતુ ઘૃતથી અગ્નિની જેમ તે ઇચ્છા વધતી જ જાય છે. (મનુ. ૨/૯૪- આ પ્રમાણે કહી મનુ મહારાજે માનવ માત્રને શાંતિ અને સુખની પ્રાપ્તિ માટે સંતોષ તથા અનાસક્ત ભાવની નીતિ અપનાવવાની કહી છે.) ભવાન શ્રીકૃષ્ણ કહ છે. '' वाचं यच्छमनो यच्छ प्राणं यच्छेन्द्रियाणि च। आत्मानमात्मना यच्छन भूयः कल्पसेऽध्वने॥ માયિક પંચ વિષયોમાં અનિયમિત ઇન્દ્રિયોનું દોડવું તેજ બંધન છે અને ઇન્દ્રિયોનો જેસંયમ તે જ મોક્ષ છે'' (ભાગ. ૧૧/૧૬/૪૨) ધર્મવ્યાધ કહે છે. ''तपोमूलमिदं सर्वं यन्मां विप्रानु पृच्छसि। इन्द्रियाण्येव संयम्य तयो भवतिनान्यया॥ इन्द्रियाण्येव तत्सर्वं यत्स्वगनरकावुभौ॥ निगृहीतविसृष्टानि स्वगाय नरकाय च॥ इन्द्रियाणां प्रसङ्गेन दोषमृच्छन्त्य संशयम्। सन्नियम्यतु तान्येव ततः सिध्धिमवाप्नुयात्॥ षण्णामात्मनि नित्यानामैश्वर्यं षोडधिगच्छति। न स पापैः कुतोऽनर्थैर्युज्यते विजितेन्द्रियः। હે વિપ્રવર જાજલી! બધાનું મૂળ તપસ્યા છે અનેતે તપસ્યા ઇન્દ્રિયોના સંયમથી થાય છે,

બીજી રીતે નહી સ્વર્ગ કે નરક જે કાંઇ છે તે બધું ઇન્દ્રિય જ છે. વશ કરાયેલી ઇન્દ્રિયો સ્વર્ગ આપે છે અને વિષયોમાં સ્વચ્છંદ મૂકેલી ઇન્દ્રિયો નરકમાં લઇ જાય છે. ખરો યોગ વિધિ આજ છે કે મને સહિત ઇન્દ્રિયોને વશ રાખવી. ઇન્દ્રિયોને વશ માં રાખવી એ જ તપ છે અને તેવશમાં ન રહે તો તે નરકનું કારણ બને છે. ઇન્દ્રિયાસક્તિને લીધે મનુષ્યોમાં નિ:સંદેહ, દુર્ગુણો, આવીને રહે છે પણ તો જે ઇન્દ્રિયોને વશમાં કરી લેવામાં આવે તો તે સિધ્ધિ પ્રાપ્ત થાય છે. પાંચ ઇન્દ્રિયય અને છઠ્ઠુ મન આપણા શરીરમાં જ રહે છે તેના પર જે અધિકાર મેળવી લે છે તે જિતેન્દ્રિય પુરૂષ ક્યારેય પણ પાપ કરતો નથી. જો તે પાપ કરતો નથી તો તેની સાથે જોડાયેલા બીજા અનર્થ નો તેનાથી થાય જ કેમ?'' (મહા.વન/૨૧૧/ શ્લો-૧૮, ૧૯, ૨૧, ૨૨) નારાયણ પંડિત કહે છે- ''अवशेन्द्रिय चित्तानां हस्तिस्नानमिव क्रिया। दुर्भगाभरण प्रायो ज्ञानं भार: क्रियां विना॥ જેની ઇન્દ્રિયો અને મન વશમાં નથી તેના બધા ધાર્મિક કૃત્ય હાથીના સ્નામની જેમ વ્યર્થ છે જેમ વ્યર્થ છે. જેમ હાથી સ્નાન કરી પછી પોતાના પર જ માટી નાખી દે છ એવી જ દશા તેની હોય છે. તે જ પ્રમાણે વ્યવહારમાં ન લાવેલું જ્ઞાન વિધવા નારીના આભૂષણોની સમાન શોભા નથી આપતુ તે તો કેવલ ભારરૂપ છે.''(હિતોપદેશ/ મિત્ર/૧૮) ગંગાપુત્ર ભીષ્મ કહે છે ''इन्द्रियाणां हिचरतां यन्मनोऽनु विधीयते। तदस्य हरति प्रज्ञां वापुर्नावमिवान्भसि॥ ચંચળ ઇન્દ્રિયોની પાછળ જ્યારે મન જાય છો તેનાથી માનવની બુધ્ધિ વિચલીત થઇ જાય છે, જેમ જળમાં નૌકા ડગમગવા લાગે છે.'' (મહા/ભીષ્મ/૨૬/૨૭) આ સંબંધમાં રાવણ દૃષ્ટાંત રૂપ છે જગમોહન રામાયણ પ્રમાણે રાવણના ઘરમાં દેવ, દાનવ તથા મનુષ્ય દ્વારા પ્રગટ થયેલી સાત લાખ સ્ત્રીઓ હતી તે બધી જ કન્યાઓ રૂપરૂબનો અંબાર હતી રાવણે તે બધી જ કન્યાઓનું અપહરણ કરેલુ છતાં તેને તે સ્ત્રીઓ થકી સંતોપ ન હોવાથી તેણે માતા જાનકીનું અપહરણ કરેલુ

કારણ કે અંતે તો ઇન્દ્રિયોનો ગુલામ જ હતો અને એ સીતાજી ને લઇને જ તેણે કાળના મુખમાં જવું પડેલું. માટે જ અગ્નિ પુરાણમાં ભગવાન શ્રીરામ કહે છે ''इन्द्रियाण्येव तत्सर्वं यत्स्वर्गनरकावुभौ। निगृहीतविसृष्टानि स्वर्गाय नरकाय च॥ સ્વર્ગ (સુખ) અને નરક (દુ:ખ) નું કારણ આ ઇન્દ્રિયો જ છે જો આ વશમાં થઇ જાય તો સુખદાયી થાય છે અને જો સ્વતંત્ર થઇ વિષયોમાં ભટકે તો તેજ દુ:ખનું કારણ બની જાય છે.'' (અગ્નિ/દ્વિ.ખં/અ. ૧૮૪/૧૬) માટે જ મનુ મહારાજ ''इन्द्रियार्थेषु सर्वेषु न प्रसज्जेतकामत:। अति प्रसक्तिं चैतेषांमनसासन्निवर्तयेत्॥ ઇન્દ્રિયોના વિષયોમાં રૂચિ પૂર્વક વ્યસ્ત નહિ થવું જોઇએ. વિષયોમાં તેની વધારે પડતી રૂચિ મનમાં સંયમ દ્વારા દૂર કરવી જોઇએ.'' (મનુ/૪/૧૬) આ વચન દ્વારા સંયમ કરવાનું કહે છે. અન્યથા તે મનુષ્યને લક્ષ્યથી વિચલિત કરી દે છે આ સંબંધમાં ભતૃહરિ કહે છે ''शिर: शार्वं स्वर्गात्य शुपति शिरस्त: क्षितिधरं महीध्रादुत्तुङ्गादवनिमवनेश्चपि जलाधिम्। अधोऽधोगङ्गयं पदमुपगता स्तोकमथवा विवेक भ्रष्टानां भवतिविनिपात: शतेमुख:॥ ગંગાનદી સ્વર્ગમાંથી શિવજીના મસ્તક પર પડે છે. શિવના મસ્તકપરથી હિમાલય પર પડે છે, ઉંચા પર્વતથી ધરાતલ પર પડે છે, પૃથ્વી પરથી તે સમુદ્રમાં જઇ પડે છે આ પ્રમાણે ગંગા એક પછી એક નીચાપદને પ્રાપ્ત થઇ. આમ આમા કોઇ આશ્ચર્યની વાત નથી કારણ કે વિવેક ભ્રષ્ટ થયેલા મનુષ્યની અધોગતિ સેંકડો રીતે થાય છે.'' (નીતિશતક/૧૨) ભગવાન શ્રીમન્નારાયણ ગરૂડજીને કહે છે ''वनेऽपि दोषा: प्रभवन्ति रागिणां गृहेऽपि पञ्चेन्द्रियनिग्रहस्तप:। अकुत्सिते कर्मणि य: प्रवर्तते निवृत्तरागस्य गृहं तपोवनम्॥ જેઓ રાગી અથવા વિષયો પર પ્રેમ ધરાવતા હોય, તેઓ વનમાં જાય તોય ત્યાં પણ તેઓ પર દોષો પોતોનો પ્રભાવ પાડે જ છે રાગી લોકોને વનમાં પણ દોષો લાગુ જ રહે છે, પરંતુ જે માનવ ઘરમાં રહીને પંચ ઇન્દ્રિયો પર અંકુશ ધરાવે છે, તોયે

તે તપશ્ચર્યાજ કરી રહ્યો છે. એકંદરે જ માનવ અનિંદનીય કર્મોમાં પ્રવૃત્તિ કરે છે એટલે કે અનિંદનિય માર્ગે જીવન વ્યતિત કરે છે, તેવા માનવોનો વિષય પ્રેમ દૂર થતા ઘર પણ તપોવન જેવું લાભદાયિ નિવડે છે.'' (ગરૂડ/૧૧૩/૯) (શ્લોક-૪૯)

નીતિકારનો આ પ્રમાણેનો ઉપદેશ શ્રવણ કરી ભય પામેલા ધૃતરાષ્ટ્ર પોતાના વિનાશને સ્વમુખે બે શ્લોકથી કહે છે.

શ્લોક - ૪૯ धृतराष्ट्र उवाच : तनुरुद्धः शिखीराजा

मिथ्योपचरितो मया।

मन्दानां मम पुत्राणां

युद्धेनान्तं करिष्यति॥

શ્લોકાર્થ :- ધૃતરાષ્ટ્ર બોલ્યા- શરીરમાં છપાયેલો અગ્નિ સંઘર્ષણ દ્વારા પ્રગટ થઇ જાય છે, તે જ પ્રમાણે અગ્નિ સમાન રાજા યુધિષ્ઠિર પ્રતિ (ધુત, દ્રાપદિ વસ્ત્રાહરણ જેવા) કપટ વ્યવહાર અમોએ કરેલા છે. એટલે માટે તે અમારા પુત્રોનો યુધ્ધના દ્વારા વિનાશ કરી દેશે.

ચ.ટી. : ચન્દનનું કાષ્ટ અત્યંત શીતળ હોય છે પણ જો તેનું પણ ઘર્ષણ કરવામાં આવે તો તમાથી અગ્નિ પ્રગટ થાય છે, તે જ પ્રમાણે અત્યંત નિર્મળ વ્યવહાર અને ધર્મપ્રિય યુધિષ્ઠિર પ્રતિ ધુત, દ્રોપદિ અપમાન આદિ દ્વારા જે અનુચિત વ્યવહાર થયો છે તેને લઇ મૂર્ખ એવા અમારા પુત્રોને યુધ્ધમાં તેઓ અવશ્ય વધ કરી યમરાજના અતિથી બનાવશે (શ્લોક-૪૯)

શ્લોક - ૫૦ नित्योद्धिग्नमिदं सर्वं

नित्योद्धिग्नमिदं मनः।

यत् तत् पदमनुद्धिग्नं

तन्मे वद महामने॥

શ્લોકાર્થ :- આ બધા નિત્ય ભયથી ઉધ્ધિગ્ન છે, અમારૂ મન પણ ભયથી યુક્ત છે, એટલે માટે હે બુધ્ધિશાળી વિદુર! જે ઉદ્વેગ રહિત તથા શાન્તમાર્ગ હોય તે અમોને બતાવો.

ચ.ટી. : ''अशान्तस्य कृतः सुखम्- અર્થાત્ અશાન્તિ યક્ત મનુષ્યને સુખની પ્રાપ્તિ થતી નથી.' એટલે માટે અમો અશાંત છીએ તો અમને શાંતિનો જે માર્ગ હોય તે બતાવો એવો ધૃતરાષ્ટ્રનો કહેવાનો અભિપ્રાય છે. (શ્લોક-૫૦) અત્યંત વ્યથિત થયેલા ધૃતરાષ્ટ્ર પુનઃ વિદુરજીને હિતોપદેશ આપવાનું કહે છે અને વિદરજી તેઓને શાંતિનો ઉપાય આપે છે.

(૬૪) શાંતિનો માર્ગ :-

શ્લોક - ૫૧ विदुर उवाच :- नान्यत्र विद्यातपसो

नान्यत्रेन्द्रिय विग्रहात्।

नान्यत्र लोभ सन्त्यागा

च्छांन्ति पश्यामितेऽनघ॥

શ્લોકાર્થ :- વિદુરજી બોલ્યા - હે પાપરહિત ધૃતરાષ્ટ્ર! વિધા, તપસ્યા, ઇન્દ્રિય સંયમ તથા લોભ ત્યાગ સિવાય તમારા માટે અન્ય કોઇ શાન્તિનો ઉપાય અમો જોતા નથી.

ચ.ટી. : નીતિકારનું કહેવાનું તાત્પર્ય એ છે કે- હે ધૃતરાષ્ટ્ર! તમો તમારામાં રહેલા લોભાદિ દોષોનો ત્યાગ કરો અને તપસ્યા તથા ઇન્દ્રિય સંયમ દ્વારા મનને પરમાત્મા માં સ્થિત કરો તોજ તમોને વાસ્તવિક શાંતિનો અનુભવ થશે તે સિવાય તમારા માટે અન્ય શાન્તિનો કોઇ ઉપાય અમો જોતા નથી. કહ્યુ પણ છે ''नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना। न चाभावयतः शान्तिरशान्तस्य कृतः सुखम्॥ જે પુરૂષે મન અને ઇન્દ્રિયો જીત્યા નથી તેનામાં નિશ્ચયાત્મિકા બુધ્ધિ હોતી નથી તેમ

જ એ અયુક્ત માનવના અન્તઃકરણ માં ભાવના પણ હોતી નથી તેથી ભાવના હીન માનવને શાંતિ નથી મળતી અને શાંતિ વિનાના માનવને સુખ ક્યાંથી મળે.'' (ગીતા-૨/૬૬) '' विहाय कामान् यः सर्वान् पुमांश्चरति निःस्पृहः। निर्ममो निरहङ्काकः सं शान्तिमधिगच्छति॥ જે પુરૂષ સઘળી કામનાઓનો ત્યાગ કરી મમતા વિનાનો, અહંકાર વિનાનો અને સ્પૃહા વિનાનો થઇ વિચરે છે તે જ શાંતિ પામ છે.'' (ગીતા-૨/૭૧) ''ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन् देवा अधिविश्वे निषेदुः। यस्तन्नवेद किमुचा करिष्यति य इत्तद विदुस्त इमेसमासते॥ જે અનસ્વર, બધાથી ઉત્કૃષ્ટ, આકાશ સમાન વ્યાપક એવા પરમેશ્વરમાં સૂર્ય, ચન્દ્ર, પૃથ્વી, વાયુ આદિ દેવતા સ્થિત છે, એવા એ પરમાત્માને મનુષ્ય નથી જાણી શકયો, તો તે વેદાદિ શાસ્ત્રો ભણી શો લાભ ઉઠાવી શકયો? અર્થાત્ તેનો વેદ પાઠ વ્યર્થ છે જે તે બ્રહ્મ તત્વને જાણી લે છે તે તેઓમાં સ્થિત થઇ પરમાનંદનો અનુભવ કરે છે.'' (ઋગ.૧/૧૬૪/૩૯) ''तं दुर्दशं गूढमनुप्रविष्टं गृहाहितं गुह्वरेव पुराणम्। अध्यात्म योगाघि गमेन देवं मत्वा धीरो हर्षशोको जहाति॥ જે દેવ સનાતન દુર્લભ દર્શનવાળા, બધામાં છપાયેલા, સર્વ વ્યાપક, હૃદયરૂપી ગુફામાં રહેવાવાળા અને બધામાં બિરાજમાન છે એવા એ બ્રહ્મદેવને આધ્યાત્મિક યોગ દ્વારા સમઝી ઉપાસના કરે છે તે ઉપાસક હર્ષ અને શોક આદિથી મુક્ત થાય છે.'' (ખઠોપનિષદ્-૨/૧૨) ''यदा चर्मवदा काशंवेष्टयिष्यन्ति मानवाः। तदादेवमविज्ञाय दुःखस्यान्तो भविष्यति॥ જે સમયે લોકો આકાશને ચામડાથી લપેટવા માટે સમર્થ થઇ શકશે ત્યારે જ પરમાત્માને જાણ્યા વગર દુઃખોનો અંત થઇ શકશે અર્થાત્ પરમાત્માને જાણ્યા વગર દુઃખોનો નાશ કદાપિ થઇ શકતો નથી.'' (શ્વેત/શ્વેત/૬/૨૦) આમ કેવળ પરમાત્માને જાણવાથી જ મનુષ્યના દુઃખોનો અંત આવે છે. (શ્લોક-૫૧) હવે

નીતિકાર ભય સમાપ્ત કેવી રીતે થાય તથા મહાનપદ, જ્ઞાન અને શાંતિ કેવી રીતે પ્રાપ્ત થાય તેનો ઉપાય બતાવે છે.

<u>શ્લોક - ૫૨</u> बुद्धया भयं प्रणुदति

तपसा विन्दते महत्।

गुरुशुजषया ज्ञानं

शांति योगेन विन्दति॥

<u>શ્લોકાર્થ :-</u> બુધ્ધિથી મનુષ્ય ભય સમાપ્ત કરે છે, તપસ્યા દ્વારા મહાન પદને પ્રાપ્ત કરે છે, ગુરૂ સેવા દ્વારા જ્ઞાન અને યોગ દ્વારા શાન્તિ અથવા મોક્ષને પ્રાપ્ત કરે છે.

<u>ચ.ટી. :</u> જે માનવમાં બુધ્ધિરૂપી ધનનો કોષ છે તેજ સાસો બળવાન છે તે પોતાની બુધ્ધિરૂપી કૌશલથી બળવાન વ્યક્તિપણને પણ પરાજિત કરી દે છે. આ સંબધમાં એખ સસલાની અને સિંહની કથા અવલોકન કરવા યોગ્ય છે જેમા એક સસલાએ પોતાના બુધ્ધિ ચાતુર્યથી બળવાન એવા સિંહને મોતને ઘાત ઉતારી બધાને નિર્ભય કર્યા હતા.

વાત એવી હતી કે- એક વનમાં ભાસુર નામનો એક સિંહ રહેતો હતો તે ઘણો ક્રુર અને નિર્દય હતો અને પ્રતિદિન તે અનેકો પશુઓનો વધ કરતો હતો તેથી એક દિવસ બધા પશુઓએ ભેગા થઇ વિચાર કર્યો કે, '' આ પ્રમાણે તો આપણી વંશ પરંપરા જ સમાપ્ત થઇ જશે. અતઃ કોઇ ઉપાય કરવો જોઇએ આપણે બધા સિંહ પાસે જઇને વાત કરીએ ''આ પ્રમાણે પરસ્પર વિચાર કરી બધા પશુઓ સિંહની પાસે આવ્યા અને તેના પ્રત્યે બોલ્યા ''સ્વામિન્! તમો જો આવી જ રીતે અમારો સંહાર કરતા રહેશો તો અમો બધા શિઘ્ર સમાપ્ત થઇ જશુ. એટલે અમો બધા પ્રતિદિન તમારા માટે એક પશુનો આહાર મોકલતા

રહેશુ. કારણ તમારી તૃપ્તિ તો એક જ પશુથી થઇ જાય છે અને તમારી ક્ષુધા પણ શાંત થઇ જશે અને અમો પણ ઘણા દિવસો પર્યન્ત જીવિત રહી શકશું.'' તેઓની વાત સાંભળી સિંહ પ્રસન્ન થયો અને તેઓનો પ્રસ્તાવ સ્વિકાર કરી લીધો અને સાથે સાથે એ વાતથી પણ બધાને સાવધાન કર્યા કે 'જો આમ ન થશે તો અમો એક સાથે બધાને મોતને ઘાત ઉતારી દેશુ.' સિંહની આ પ્રમાણેની વાત સ્વિકારવાથી બધા પ્રસન્ન થઇ ગયા અને બધા પોત પોતાના સ્થાનકે ગયા.

આ તરફ સિંહના દિવસો સુખ પૂર્વક વ્યતિત થવા લાગ્યા પ્રતિદિન એક પશુ તેની પાસે આવી જતુ અને તે તેનું ભક્ષણ કરી જતો. એક દિવસ સિંહ પાસે જવાનો ક્રમ એક સસલાનો આવ્યો, બધા પશુઓ દ્વારા પ્રેરણા કરાયેલા તે ઘણા ખિન્ન મનથી સિંહની પાસે તેનો આહાર બનવા ચાલી નીકળ્યો. સસરો આમતો શરીરથી દુર્બળ હતો પણ તેની બુધ્ધિ ઘણી તીક્ષ્ણ હતી. તે મનમાને મનમા સિંહ થકી છટકારો મેળવવા યોજના ઘડવા લાગ્યો. ત્યાં માર્ગમાં તેને એક કૂવો દેખાયો કૂવાની સમિપ જતા કૂવામાં તેને પોતાનું પ્રતિબિંઘ દેખાયુ. ત્યારે સસલાએ મનમાં વિચાર આવ્યો કે ' આ દુષ્ટ સિંહને આ કૂવામાં પાડીને મોતને ઘાતકેમ ન ઉતારી નાખવો?' આમ વિચારમાંને વિચરામાં પુરો દિવસ વિતાવી તે સાયંકાળે સિંહ પાસે આવી પહોચ્યો. આ તરફ ક્ષુધાથી પીડા પામેલો સિંહ ક્રોધાઇમાન થઇ હોઠ ચાવતો હતો. તેણે મનોમન નિર્ણય કરી ચૂકયો હતો કે 'આના દંડ સ્વરૂપે કાલે બધા જ પશુઓને મોતને ઘાત ઉતારી દઇશ.

તે પછી સાયંકાલે એક નાના સસલાને પોતાની પાસે આવતો જોઇ ક્રોધથી ઉમ્મત્ત થયલો સિંહ ગર્જના કરી સસલાને કહેવા લાગ્યા ''રે નીચ શશક! એક તો તુ આમ પણ નાનો છે અને બીજી બાજ તુ આટલો મોડો આવેલો છે, તારા આ અપરાધને કારણે અમો તને આજે મારી ન આવતી કાલે સમસ્ત પશુઓને

કાળના ગળામાં નાખી દઇશું.'' સિંહની વાત સાંભળી સસલો બોલ્યો ''સ્વામિન્! આમાં અમારો તથા અન્ય પશુઓનો કોઇ વાંક નથી અમને નાના સમજી અમારી સાથે બીજા ચાર સસલાને તમારા આહાર માટે તમારી પાસે સમયસર મોકલેલા પરંતુ માર્ગમાં એક અન્ય સિંહે ગુફામાંથી નોકળી અમને બધાને રોકી રાખ્યા અને તે પોતાને જંગલનો રાજા કહેતો હતો ને તે તમારા વિશે કહેતો હતો કે 'ભાસુરમાં જો કાંઇ શક્તિ હોય તો આવીને અમારી સાથે યુધ્ધ કરે અને આ ચાર સસલાઓને લઇ જાય, અન્યથા તમો બધા અમોને પ્રતિદિન એક પશુ આહાર તરીકે મોકલાવતા રહેજો.'' આટલું જ સાંભળતા ક્રોધથી પાગલ બનેલો ભાસુર ગર્જના કરી બોલ્યો 'કયા છે તે સિંહ? અમને તેની પાસે લઇ જાવ' સસલો તો એવું જ ઇચ્છતો હતો એટલે તે સિંહને લઇને કુવા પાસે આવ્યો અને તેના પ્રત્યે બોલ્યો- 'સ્વામિન્! તે દુષ્ટ સિંહ આ કુવામાં છપાયેલો છે.' મુર્ખ ભાસુર તે કવામાં જોવા લાગ્યો કવામાં દેખાતા પોતાના પ્રતિબિંબને બીજો સિંહ સમજી તેણે ઘણા પ્રબળ વેગથી ગર્જની કરી. તેને એમ કે ગર્જના સાંભળવાથી કુવામાં રહેતો સિંહ ભય પામી જશે. પરંતુ તેની ગર્જનાની પ્રતિધ્વનિ કુવામાંથી અધિક વેગથી તેને સંભળાય એટલે તે તો ક્રોધથી ઉન્મત્ત થઇ ગયો અને કંઇપણ જાતનો વિચાર કર્યા વીના કવામાં કુદી પડયો અને કવાના અગાધ જળમાં ડૂબીને મૃત્યુ પામ્યો. આ પ્રમાણે નાના એવા સસલાએ પોતાના બુધ્ધિ કૌશલ્યથી દુર્દાન્ત સિંહનું કામ તમામ કર્યુ. માટે જ આચાર્ય ચાક્ય કહે છે - ''बुद्धिर्यस्य बलं तस्य निर्बुद्धे स्तकुतो वलम्। वने सिंहो मदोन्मत: शशकेन निपातित:॥ જે માનવની પાસે બુધ્ધિરૂપી ધન છે, તેજ સાચો બળવાન છે. બુધ્ધિ હીનનું બળ પણ નિરર્થક છે, કારણ કે બુધ્ધિ હોય તો જ તે બળનો ઉપયોગ કરી શકે છે. બુધ્ધિના બળે જ

એક સસલાએ અહંકારી સિંહને કુવામાં પાડી મોતને ઘાત ઉતાર્યો હતો. (ચાણ. ની. ૧૦/૧૬)

તત્વને જાણવાને અર્થે જે કાય કલેશ સહન કરવામાં આવે તેને તપ કહેવાય અને તપસ્યા દ્વારા માનવ અપ્રાપ્ય વસ્તુને પણ પ્રાપ્ત કરી શકે છે. આ સંબંધમાં ધ્રુવ બાળકનું ચરિત્ર અવલોકન ન કરવા યોગ્ય છે. સ્વાયમ્ભુવ મનુના બે પુત્ર હતા પ્રિયવત અને ઉત્તાનપાદ મહારાજ ઉત્તાન પાદની બે રાણિઓ હતી સુનીતિ અને સુરૂચિ સુનિતિના પુત્ર હતા ધ્રુવ અને સુરૂચિના પુત્ર હતા ઉત્તર. ઉત્તાનપાદ સુરૂચિને અત્યંત સ્નેહ કરે અને સુનીતિ પ્રત્યે પ્રાયઃ તેઓ ઉદાસિન રહેતા હતા. એક દિવસની વાત હતી મહારાજ ઉત્તાનપાદ સુનિતાના પુત્ર ઉત્તરને ગોદમાં લઇ દુલાર કરી રહ્યા હતા એવા જ સમયમાં રમતા રમતા ધ્રુવ ત્યાં આવ્યો અને પિતાની ગોદમાં બેસવા માટે ઉત્સુકતા પ્રકટ કરવા લાગ્યો. રાજાએ તેઓને ગોદમાં ન લીધા એટલે તેઓ અકળાવા લાગ્યા ત્યાં બેઠેલી સુરૂચિએ ધ્રુવની આ ક્રિયા જોય એટલે તે ઇષ્યાને વશ થઇ ધ્રુવ પ્રત્યે બોલી ''બેટા! તે મારા ગર્ભ થકી તો જન્મ લીધો નથી, તો પછી મહારાજની ગોદમાં બેસવાનો પ્રયાસ કેમ કરી રહ્યો છે? તારી આ ઇચ્છા દુર્લભ વસ્તુ માટે છે, હજ બાળક હોવાથી તુ આ વાત નહિ સમઝી શકે કારણ કે કોઇ અન્ય સ્ત્રીનો બાળક રાજ્યાસન પર નહિ બેસી શકે. જો ઉત્તમની જેમ તારે પણ રાજ્યાસન અથવા પિતાની ગોદમાં બેસવું હોય તો પહેલા જઇને તપસ્યા કરી ભગવાનને પ્રસન્ન કર અને એમની કૃપાથી મારા ગર્ભ થકો જન્મ લે'' નાના બાળક ધ્રુવ ને વિમાતાના આ વચન બાણ જેવા લાગ્યા. તેનું મુખ ક્રોધથી લાલ થઇ ગયુ અને તે રડતા રડતા પોતાની માતા પાસે આવ્યો. મહારાજ ઉત્તાનપાદ સુરૂચિની વાત સાંભળી પ્રસન્ન તો ન થયા પણ તેઓ તેને આધિન હોવાથી કંઇપણ બોલી ન શક્યા.

ધ્રુવનો માતા સુનીતિએ પોતાના બાળકને ગોદમાં ઉઠાવી લીધો તેણે પુચકારી ધ્રુવન રડવાની કારણ પુછ્યું. બધી વાત સાંભળી સુનીતિને ઘણી વ્યથા થઇ તે પણ રડતા થકા ધ્રુવ પ્રત્યે બોલી, ''બેટા! બધા લોકો પોતાના ભાગ્યથી જ સુખ દુઃખ પ્રાપ્ત કરે છે, અતઃ અન્યને પોતાના અમંગળનું કારણ ક્યારેય ન માનવું જોઇએ. તારી વિમાતા યથાર્થ જ કહે છે કે તે દુર્ભાગ્ય ને કારણે જ મારા જેવી અભાગિણીના ગર્ભ થકી જન્મ લીધેલો છે. મારૂ અભાગ્ય આનાથી મોટું શું હોય કે મારા આરાધ્ય મહારાજ મને પોતાની ભાર્યાની જેમ રાજભવનમાં પણ રાખવામાં લજ્જા અનુભવે છે. પરંતુ બેટા! તારી વિમાતાએ જે શિક્ષા આપી છે તે નિદોષ જ છે, માટે તુ તેનુ જ આચરણ કર. જો તારે ઉત્તમની જેમ રાજ્યાસન જોઇએ, તો તુ કમલનયન અધોક્ષજ ભગવાનના ચરણોની આરાધના કર, અનન્ય ભાવે પોતાના મનને તેઓમાંજ લગાવી તેઓનું ભજન કર તે કમલ લોચન સિવાય તારૂ દુઃખ દુર કરનાર અન્ય કોઇ નથી. તેઓતો સમસ્ત ઐશ્વર્યના સ્વામી છે. અતઃ તુ એજ દયામય નારાયણના જ ચરણનો આશ્રય લે'' માતાની વાત સાંભળી ધ્રુવે પોતાના ચિત્તને સ્થિર કર્યુ અને તે પિતાના નગરનો ત્યાગ કરી વન તરફ જવા લાગ્યો. જ્યારે કોઇ ભગવાન પર વિશ્વાસ રાખી તેઓના માર્ગ પર ચાલી નીકળે છે, ત્યારે તે દયામય તેની બધી ચિન્તા સ્વયં કરે છે. ધ્રુવ બાળક ઘરનો ત્યાગ કરી વનમાં જઇ રહ્યા હતા ત્યારે તેને માર્ગમાં નારદજીનો ભેટો થયો. દેવર્ષિએ ધ્રુવને સમઝાવી તેને લોભ તથા ભય બતલાવી ઘરે પાછા વળવા જણાવ્યુ. પરંતુ ધ્રુવની દ્રઢ નિષ્ઠા અને નિશ્ચય જોઇ દેવર્ષિએ તેને દ્વાદશાક્ષર મંત્રની દીક્ષા આપી અને ભગવાનની પૂજા તથા ધ્યાન વિધિ બતાવી યમુના તટ પર આવેલા મધુવનમાં જવાની આજ્ઞા કરી દેવર્ષિ ત્યાંથી વિદાય થયા અને ધ્રુવજી મધુવનમાં આવ્યા. ત્યાં આવી શ્રી કાલિન્દીના પાપ હારી

પ્રવાહમાં સ્નાન કરી જે કાંઇ ફળ -પુષ્પ પ્રાપ્ત થયા તેનાથી ભગવાનની પૂજા કરતા થતા નારદજી થકી પ્રાપ્ત દ્વાદશાક્ષર મંત્રનો જપ કરવા લાગ્યો. પ્રથમ મહીને ત્રણ ત્રણ દિવસ ઉપવાસ કરી ચતુર્થ દિવસે કૈથ(કોથુ) અને બોર તેઓ પ્રસાદના રૂપમાં ગ્રહણ કરી લેતા. બીજા મહીને સપ્તાહમાં એક વાર વૃક્ષથી સ્વયં પડેલા પાંદડા અથવા સૂક્કા તૃણ નું ભોજન કરી ધ્રુવ ભગવાનના ધ્યાનમાં તન્મય થઇ જતા. ત્રીજ મહિને નવ દિવસ વ્યતિત થયા બાદ કેવલ એક સમય એક વખત વાયુનો આહાર કરી પરમાત્માના ધ્યાનમાં તન્મય રહેવા લાગ્યા અને પાંચમો મહિનો આવતા શ્વાસ લેવાનો પણ છોડી દીધો અને પ્રાણને વશ કરી ભગવાનનું ધ્યાન કરતા થકા બાળક ધ્રુવ એક પગે નિશ્ચલભાવથી ઉભા રહેવા લાગ્યા. પાંચ વર્ષના બાળક ધ્રુવે સમસ્ત લોકના આધાર, સમસ્ત તત્વોના અધિષ્ઠાન ભગવાનને હૃદયમાં સ્થિર રૂપે ધારણ કરી લીધા હતા. તેઓ ભગવાનના ચિંતનમાં તન્મય થઇ ગયા છે. જ્યારે તેઓ એક પગ બદલી બીજો મુકતા ત્યારે તેના ભારથી પૃથ્વિ જળમાં નૌકાની જેમ ડગમગવા લાગતી હતી. તેઓએ જ્યારે શ્વાસ રોકી દીધો ત્યારે સમસ્ત જગતમાં રહેતા બધા ભૂતિપ્રાણી માત્રનો શ્વાસ રોકાઇ ગયો. શ્વાસાવરોધની પોડાથી કષ્ટ પામેલા બધા દેવતાઓ ભગવાનના શરણમાં ગયા. ભગવાન શ્રીમન્નારાયણે દેવતાઓને આશ્વાસન આપતા કહ્યું ''બાળક ધ્રુવ સંપૂર્ણ રૂપથી અમારામાં ચિત્ત લગાવી પ્રાણ રોકીને ઉભા છે, અતઃ તેના પ્રાણાયામથી જ તમારા બધાના શ્વાસ રોકાયેલા છે, માટે હવે અમો જઇને તેઓને તપસ્યામાંથી નિવૃત્ત કરશું.'' તે પછી ભગવાન શ્રીમન્નારાયણ પણ ગરૂડ પર સવાર થઇ ધ્રુવ પાસે આવ્યા. પરંતુ ધ્રુવ એટલા તન્મય થઇને ધ્યાને કરતા હતા કે તેઓન પ્રભુના આવવવાની પણ ખબર પડી નથી. શ્રી હરિએ પોતાના સ્વરૂપને ધ્રુવના હૃદયમાંથી અન્તર્હિત કરી દીધુ.

હ્રદયમાં ભગવાનના દુર્શન ન થવાથી વ્યાકુળ થયેલા ધ્રુવજીએ નેત્ર ખોલ્યા તો અનન્ત સૌન્દર્ય માધુર્યના ધામ ભગવાનને સામે જોયા એટલે તેઓના આનંદની કોઇ સીમા ન રહી હાથ જોડી ભગવાનની સ્તુતિ કરવા માટે ઉત્સુક થયા પણ શુ સ્તુતિ કરે તે સમજમા નથી આવતુ. દયામય પ્રભુએ ધ્રુવની ઉત્કંઠતા જોય પોતાના નિખિલ શ્રુતિ રૂપ શંખનો તેના કપોળ પર સ્પર્શ કર્યો. સ્પર્શ થતા ધ્રુવ સમસ્ત વિદ્યાથી સંપન્ન થઇ ગયાઅનેતેઓએ ઘણી ભાવપૂર્વક ભગવાનની સ્તુતિ કરી સ્તુતિથી પ્રસન્ન થયેલા પ્રભુએ તેને વરદાન આપતા કહ્યુ ''બેટા ધ્રુવ! તે માંગ્યુ નથી, પરંતુ અમો તારી હાર્દિક ઇચ્છાને જાણીએ છીએ એટલે તને એ પદ પ્રદાન કરીએ છીએ જે પદ અન્યને માટે દુર્લભ અને દુષ્પ્રાપ્ય છે, એ પદ પર આજ સુધિ કોઇ પહોંચી પણ શકયુ નથી બધાજ ગ્રહ નક્ષત્ર, તારા મંડળ તેની પ્રદક્ષિણા કરતા રહે છે આ ઉપરાંત તારા પિતા વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર કરતા તુ સંપૂર્ણ ધરાતલનો એક છત્રી શાસક થશે અને અંતે મારૂ સ્મરણ કરતા થકા તે સર્વશ્રેષ્ઠ બ્રહ્માન્ડના કેન્દ્રભત્ ધામમાં જશે કે જે ધામમાં ગયેલો મનુષ્ય આ સંસારમાં પાછો આવતો નથી.'' આ પ્રમાણે કહી પ્રભુ અંતર્ધાન થઇ ગયા અને ધ્રુવ તપસ્યા પૂર્ણ કરી ઘરે આવ્યા. માતા-પિતાએ તેને પોતાના અંકમાં લઇ લીધા. સમય જતાં ધ્રુવજી સપ્તદ્વિપવતી પૃથ્વિના એક છત્રીસાશક થયા અને દીર્ઘકાળ પર્યન્ત પૃથ્વીન્ સુચારૂ રૂપથી સાશન કરી સમય આવતા સદેહે વિષ્ણુપદને પ્રાપ્ત કરતા હતા. (ભાગ સ્કં-૪) આમ ધ્રુવજીએ તપસ્યા દ્વારા અપ્રાપ્ય એવા મહાન પદની પ્રાપ્તિ કરી.

વિદ્યા ગ્રંથોના અધ્યયનથી આવે છે, પરંતુ તેનો વાસ્તવિક પ્રકાશ ગુરૂ સેવા તિતિક્ષા અને સંયમનું પાલન કરવાથી થાય છે આ સન્દર્ભમાં અયોદ ધૌમ્યના શિષ્ય ઉપમન્યુનું જીવન ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. ઉપમન્યુ

નામના બ્રાહ્મણ ધૌમ્યની પાસે વિદ્યાધ્યયન કરવા માટે આવેલા પોતા પાસે વિદ્યાધ્યયન કરવા માટે આવેલા શિષ્યોને તિતિક્ષામાં દક્ષ બનાવવા પર ધૌમ્ય વિશેષ ધ્યાન આપતા હતા. બ્રહ્મચારી બાળકોને ભોજન પર પ્રતિબંધ હોતો નથી. કોણે કેટલો વખત આહાર ગ્રહણ કરવો જોઇએ આ નિયમ બનાવતા સમયે શાસ્ત્રોકારોએ કહ્યુ છે ''यथेच्छे ब्रह्मचारिणाम्'' પરંતુ એક મર્યાદા છે- ગુરૂ આદેશથી અને જે પદાર્થ જેટલો તેઓ આપે એટલો જ ભોજનના રૂપમાં ગ્રહણ કરવો. પ્રાચિન કાળમાં રાજા, રંક બધાના જ દ્વિજાતિ બાળકો ઋષિઓના ગુરૂકુળમાં જઇ રહેતા હતા. ઘરથી તેઓનો કંઇપણ સંપર્ક અધ્યયન કાળ દરમ્યાન રહેતો ન હતો. બધા જ સમાન રીતે જ રહેતા હતા અને સમાન આહાર આદી ગ્રહણ કરતા હતા. ભિક્ષાન્ન લાવી બધા જ શિષ્યો ગુરૂ સન્મુખ ઉપસ્થિત કરતા અને ગુરૂદેવ કોઇકની ભિક્ષા જોળીમાંથી કંઇક કાઢી લેતા અથવા કંઇક વધારે તેમાં રાખી દેતા. મહર્ષિ આચોદધોમ્ય પોતાના શિષ્ય ઉપમન્યુ ને ગાયો ચરાવવાની સેવા આપી હતી. ઉપમન્યુ ગાયો દોહયા બાદ પ્રાતઃ કાળે ગાયોને લઇને વનમાં જતો અને સાયંકાળ થતા ગાયોને લઇને વનમાંથી પાછો આવતો. ભિક્ષા માંગવાનો તેને અવસર જ પ્રાપ્ત થતો નહિ. ગુરૂ દેવ પણ તેને ગૌચારણ સમયે ભોજન માટ કંઇપણ આપતા નહિ. એક દિવસ ગુરૂએ તેને પુછયું. ''વત્સ! તુ ભોજનમાં શુ ગ્રહણ કરે છે?'' ત્યારે ઉપમન્યુએ કહ્યું 'ગુરૂદેવ! ભિક્ષા કરી લાવું છે એનાથી મારો નિર્વાહ ચલાવું છ.' ત્યારે ગુરૂદેવ બોલ્યા ''વસ્ત! ભિક્ષાન્ન ગુરૂદેવને નિવેદન કર્યા વીના ગ્રહણ ન કરાય.'' ઉપમન્યુ બોલ્યો 'ભલે' થોડા દિવસ વ્યતિત થયા બાદ ગુરૂદેવે પુનઃ ઉપમન્યુ ને પુછયું ''વત્સ! તારૂ શરીર તો હ્ષ્ટપુષ્ટ દેખાય છે, ભોજન વગર પણ તારૂ શરીર આમ સ્વસ્થ કેમ છે? તુ જે ભિક્ષા માંગીને લાવે છે તે તો ભિક્ષા તો તુ અમોને આપી દે છે, તો

પછી તું આજ કાલ તારા શરીરનો નિર્વાહ કેવી રીતે કરે છે?'' ત્યારે ઉપમન્યુ બોલ્યો 'દેવ! અમે બીજી વખત ભીક્ષા માંગી લાવીએ છીએ.' ત્યારે ગુરૂજી બોલ્યા ''બેટા! આતો તુ ઘણો અન્યાય કરી રહ્યો છે આનાથી તો બીજા ભિક્ષુકોનું સ્વત્વ સમાપ્ત થઇ જાય છે અને ગૃહસ્થને અધિક ભાર પણ પડશે માટે આવું કાર્ય ન કરવું.'' ઉપમન્યુ બોલ્યો 'ભલે' તદન્તર થોડા દિવસ વ્યતિત થયા એટલે ગુરૂદેવે સાયંકાલે ગૌ લઇને આવતા ઉપમન્યુને પુછયું - ''ઉપમન્યુ! વત્સહવે તુ તારો નિર્વાહ કેવી રીતે કરે છે?' ત્યારે ઉપમન્યુ બોલ્યો 'દેવ! ગાયનું દુગ્ધ પાન કરી નિર્વાહ ચલાવુ છ.'' ત્યારે ગુરૂદેવ બોલ્યા ''તું જે ગાય ચરાવવા માટે જાય છે તે ગાયો તો અમારી છ, તો તુ અમારી આજ્ઞા વગર દૂધ કેમ પાન કરે છે? માટે તુ એ કાર્ય બંધ બંધ કર'' ઉપમન્યુ બોલ્યો 'ભલે' તે પછી થોડા દિવસ વ્યતિત થયા એટલે ગુરૂદેવે પુનઃ ઉપમન્યુને પુછયું ''બેટા! હવે તુ તારો નિર્વાહ કેવી રીતે ચલાવે છે?' ત્યારે ઉપમન્યુ બોલ્યો- દેવ! વાછરડા દુગ્ધ પાન કર્યા બાદ તેના મુખમાંથી જે ફીણ નીકળે છે તેના દ્વારા અમો અમારો નિર્વાહ ચલાવીએ છીએ, ત્યારે ગુરૂજી બોલ્યા ''વત્સ! વાછરડાઓ ઘણા દયાળુ હોય છે તેઓ વધારે ફીણ બનાવી પાડી દેતા હશે અને સ્વયં ક્ષુધાતુર રહેતા હશે. માટે આવું કાર્ય પણ તારે ન કરવું અર્થાત્ વાછરડાના મુખમાંથી જે ફીણ પડ છે તે પણ તારે ગ્રહણ ન કરવું.'' ઉપમન્યુ બોલ્યો- 'ભલે' તદન્તર આ વાતને ઘણા દિવસ વ્યતિ થઇ ગયા એક દિવસ સંધ્યા સમય થઇ ગયો છતા પણ ઉપમન્યુ ગાયો ચરાવી આશ્રમમાં ન આવ્યો એટલે ગુરૂદેવ પોતાના અન્ય શિષ્યો પ્રત્યે બોલ્યો ''ઉપમન્યુ હજ સુધી આવ્યો નથી?'' ત્યારે શિષ્યો બોલ્યા 'હા ગરૂદેવ! અમો પણ એજ વિચારીયે છીએ.' ત્યારે ગુરુદેવ મનોમન વિચાર કરવા લાગ્યા ''અમે તેનું ભોજન બંધ કરી દીધુ એટલે કદાચ રૂષ્ટ થઇને જતો ન રહ્યો

હોય?'' ગુરૂદેવને તેની ચિંતા થવા લાગી તેઓ પોતાના શિષ્યને લઇને તેને શોધવા માટે નિકળ્યા વનમાં જઇ ઉચ્ચ સ્વરે તેના નામનો પોકાર કરતા ગરૂદવેને એક જળહિન કુવામાંથી ઉપમન્યુનો ધ્વનિ પ્રત્યુત્તર રૂપે સંભળાયો, ગુરૂ પોતાના શિષ્યને લઇને કુવા પાસે આવ્યા અને તેના પ્રત્યે બોલ્યા ''બેટા! તુ કવામાં શું કરે છે?' ત્યારે ઉપમન્યુએ કુવામાં રહેતા થકા ઉત્તર આપ્યો 'દેવ! અમો ક્ષુધાતુર થયા હોવાથી આકનાપાન ભક્ષણ કરેલા એટલે અમારા નેત્રની જ્યોતિ જતી રહી અમો ગાયને લઇ આશ્રમમાં આવતા હતા તે સમયે અમો આ કુવામાં પડી ગયા.' ઉપમન્યુની વાત સાંભળી ગુરૂદેવ બોલ્યા 'બેટા! તું અશ્વનિકુમારોની સ્તુતિ કર.' ઉપમન્યુએ તેઓની સ્તુતિ કરી એટલે અશ્વનિકુમારો કુવામાં પ્રગટ થયા અને તેને આશીર્વાદ આપતા બોલ્યા ''વત્સ! તારા બધા દાંત સુવર્ણના થઇ જાય અને તારા નેત્રની જ્યોતિ તને પુનઃ પ્રાપ્ત થાય.'' તે પછી ઉપમન્યુને નેત્રની જ્યોતિ પુનઃ પ્રાપ્ત થતા તે કુવામાંથી બહાર આવ્યો અને ગુરૂના ચરણોમાં પડી ગયો. ગુરૂદેવે તેને ઉઠાવી પોતાના હ્રદયે લગાવ્યો અને તેના પ્રત્યે બોલ્યા ''વત્સ! અમારા દ્વારા તને આટ આટલું કષ્ટ અપાયું છતા પણ તે સહેજપણ ખિન્ન થયા વગર સહન કર્યુ માટે જા અમો તને આશીર્વાદ આપીએ છીએ કે તને સમસ્ત વેદવેદાંગનું જ્ઞાન થઇ જાવ અને તારા જ્ઞાનનેત્રો હંમેશા પ્રકાશિત રહે.'' (મહા/આદી) આમ ગુરૂ સેવાથી ઉપમન્યુને અભ્યાસ વગર જ બધુ જ્ઞાન પ્રાપ્ત થઇ ગયુ. કહ્યુ પણ છે. '' स्वर्गोधनं वा धान्यं व्रा विद्यां पुत्राः सुखानि च। गुरुवृत्यनुरोधेन न किंचिदपिदुर्लभम्॥ ગુરૂની સેવાથી ધન, ધાન્ય, વિધા પુત્ર અને સુખ કંઇપણ દુર્લભ નથી.'' (વારા. /અયો. ૩૦/૩૭)' ''आस्वाधीनं कथं दैवं प्रकारैराभिराध्यते। स्वाधीनं समतिक्रम्य मातरं पितरं गुरुम्॥ यत्र त्रयं त्रयो लोका: पवित्रं तत्समं भुवि नान्यदस्ति शुभापाङ्ग तेनेदमभिराध्यते॥ ભગવાન

શ્રીરામ સીતાજીને કહે છે- પ્રિયે! માતા પિતા અને ગુરૂ આ ત્રણ પ્રત્યક્ષ દેવતા છે, તેઓની ઉપેક્ષા કરી પરોક્ષ દેવતાઓની વિવિધ ઉપચારોથી આરાધના કરવી એ કેવી રીતે યોગ્ય ગણાય? જેમની સેવાથી ધર્મ અર્થ અને કામ એ ત્રણેયની પ્રાપ્તિ થાય છે, જેની આરાધનાથી ત્રણેય લોકની આરાધના થઇ જાય છે તે માતા પિતા સમાન પવિત્ર આ સંસારમાં બીજ કોઇ નથી એટલે માટે લોક આ પ્રત્યક્ષ દેવતા એવા માતા, પિતા અને ગુરૂની આરાધના કરે છે.'' (વા. રામા. અયો. ૩૦/૩૩-૩૪) યયજ્ઞવલ્ક્ય કહે છે. ''गुरु चैवाप्युपासीत्- ગુરૂની સેવા ઉપાસના કરવી.''

ભગવાન શ્રીકૃષ્ણ સુદામાજીને પણ ગુરૂ સેવાથી જ્ઞાનની પ્રાપ્તિ થઇ હતી. આ સંબંધમાં તેઓના જીવનનું એક ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે યજ્ઞોપવિત સંસ્કાર થયા બાદ ભગવાન શ્રી કૃષ્ણ અને બળદેવજી વિદ્યાધયન કરવાને અર્થે કશ્યપગોત્રી સાદિપનિ મુનિના આશ્રમમાં આવ્યા અને ત્યાં વિદ્યા અધ્યયન કરનારા વિદ્યાર્થીએ ગુરૂની સેવા કેવી રીતે કરવી તેનો ઉચ્ચાદર્શ પ્રસ્થાપિત કરતા થકા ગુરૂની સેવા કરતા હતા. ગુરૂ સાંદિપનીજી તેઓની શુધ્ધ ભાવાત્મક સેવાથી ઘણા પ્રસન્ન રહેતા હતા. બ્રાહ્મણ કુમાર સુદામાજી પણ ત્યાં જ વિદ્યાધયન કરતા હતા. શ્રી કૃષ્ણ સાથે તેઓની ગાઢ મૈત્રી થઇ ગઇ હતી. એક દિવસની વાત હતી સાંદિપનિજી કોઇક કાર્ય પ્રસંગ અર્થે બહાર ગામ ગયા હતા. આશ્રમમમાં ગુરૂ પત્ની એકાકી હતા અને રસોઇ માટે લાકડા જોઇતા હતા. ગુરૂમાતાએ શ્રીકૃષ્ણ અને સુદામાંને વનમાં લાકડા લેવા મોકલ્યા. તેઓ જ્યારે વનમાંથી લાકડા લઇ આશ્રમમાં આવતા હતા ત્યાં અચાનક જ ઋતુ વગર ભયંકર પવન સાથે મુશળધાર વરસાદ વરસવા લાગ્યો. રાત્રી થઇ ગઇ હતી, ચારે બાજ અંધકારનું સામ્રાજ્ય ફેલાય ગયુ હતું. સર્વત્ર પાણી ભરાઇ ગયુ હતુ. ક્યાં શુ છે તેની પણ ખબર પડતી ન હતી. આ પ્રમાણે

અચાનક વરસાદ પડવાથી તેઓ ઘણા કષ્ટમાં પડી ગયા. દિશાનું પણ જ્ઞાન ન રહ્યું. તેઓ બંનેએ એક બીજાના સહારે રાત્રી વિતાવી. આ તરફ શિષ્ય વત્સલ સાંદિપનિ ઘરે આવ્યા અને તેઓને બધી વાતની ખબર પડી જેથી તેઓ અત્યંત ચિંતિત થયા અને વરસાદ બંધ થતા તેઓ પોતાના શિષ્યોને શોધવા નીકળ્યા ત્યારે તેઓએ શ્રીકૃષ્ણ સુદામા ને કાષ્ટ લઇન સામેથી આવતા હતા. બંને શિષ્યોની દૃષ્ટિ ગુરૂજી પર પડી. બંને જણા દોડતા જઇ ગુરૂના ચરણોમાં આળોતવા લાગ્યા. ગુરૂજીએ બંને શિષ્યોને ઉઠાવી પોતાના કંઠે લગાવ્યા અને તેઓને આશીર્વાદ આપતા બોલ્યા ''પુત્રો! તમો બંને એ અમારા માટે ઘણું જ કષ્ટ ઉઠાવ્યુ, બધાજ પ્રાણિઓને પોતાનું શરીર સૌથી વધુ પ્રિય હોય છે પરંતુ તમો બંનેએ તેની પણ પરવા ન કરી અને અમારી સેવામાં લાગી રહ્યા માટે જાવ મારા આશીર્વાદ છે કે અંગો સહિત સંપૂર્ણવેદ તમારામાં સમાહિત થઇ જાવ.'' (ભાગ. સ્ક. ૧૦) આમ ગુરૂસુશ્રુશાથી શ્રીકૃષ્ણ સુદામા ને જ્ઞાનની પ્રાપ્તિ થઇ હતી.

નીતિકાર અંતે 'યોગ દ્વારા શાંતિ અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરે છે' એવું કહે છે, અહીં યોગનો અર્થ 'ભક્તિ' છે. દર્શન શાસ્ત્રમાં ક્રિયા યોગ, સ્મૃતિમાં ધ્યાન, વેદાન્ત મા જ્ઞાન તરીકે, ભક્તિને જ કહેલી છે. તે જ ભક્તિ નીતિકાર અહીં યોગ તરીકે સંબોધે છે. જે ભક્તિરૂપી નાવનો આશ્રય ગ્રહણ કરી માનવ સંસારથી પાર થઇ જાય છે કહ્યુ પણ છે. ''न युज्यमानया भक्त्या भगवत्यखिलात्मनि। सद्दशोऽस्ति शिव्रः पन्यायोगिनां ब्रह्मसिद्धये॥ યોગીઓએ ભગવાનને મેળવવામાટે તે શ્રીહરિના સ્વરૂપમાં કરેલી ભક્તિના જેવા બીજો કોઇ (ભાવ-૩/૨૫/૧૯) ''एतावानेन लोकेऽस्मिन् पुंसां निःश्रेयसोदयः। तीव्रेण भक्तियोगेन मनो मय्यर्पितं स्थितम्॥ આ સંસારમાં મનુષ્યોને માટે સહુથી કલ્યાણકારી પ્રાપ્તિ તો એ છે કે

એનું ચિત્ત તીવ્ર ભક્તિ યોગથી મારા-પરમાત્માના સ્વરૂપમાં સ્થિર થઇ જાય'' (ભાગ-૩/૨૫/૪૪) ભગવાન સ્વામિનારાયણ પણ કહે છે.'' तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि। निःश्रेयस्करं किञ्चित्ततोऽन्यन्नेति दृश्यताम्॥ અને એવા જ તે તે શ્રીકૃષ્ણ ભગવાન તેની જે ભક્તિ તે જેતે પૃથ્વી પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે કરવી અને તે ભક્તિ થકી બીજ કલ્યાણકારી સાધન કાંઇ નથી એમ જાણવું.'' (શીક્ષા-૧૧૩) (શ્લો-૫૨) હવે નીતિકાર મોક્ષાધિકારી જન સંસારમાં કેવી રીતે વિચરણ કરે છે તેનું વર્ણન કરે છે-

શ્લોક - ૫૩ अनाश्रिता दानपुण्यं

वेद पुण्यमना श्रिताः।

रागद्वष विनिर्मुक्ता

विचरन्तीह मोक्षिणः॥

શ્લોકાર્થ :- મોક્ષાધિકારી જન-દાન-પુણ્યના તથા વેદાધ્યયનના પુણ્યની કામનાનો ત્યાગ કરી, રાગદ્વેષથી વિમુક્ત થઇ આ સંસારમાં વિચરણ કરે છે.

ચ.ટી. : મોક્ષાધિકારી મનુષ્ય આ સંસારમાં રહેવા છતાં પણ પુષ્કર પલાશવત્ નિર્લેપ થઇ જાય છે. તેઓ પોતાના સમસ્ત કર્મો ભગવાનને અર્પણ કરી સુખ દુઃખ રાગદ્વેષ મોહ ઇત્યાદિ સાંસારિક બંધનોથી મુક્ત થઇ પરમહંસના રૂપમાં વિચરણ કરતો હોય છે. આ અવસ્થામાં આરૂઢ થયા બાદ મનુષ્ય દ્વન્દ્વાતીત થઇ જાય છે. આ સંબંધમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે- '' बुद्धिर्युक्तो जाहातीय उभे सुकृतदुष्कृते। तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम्॥ સમબુધ્ધિથી યુક્ત માનવ પુણ્ય અમે પાપ બેયને આ લોકમાં ત્યાગી દે છે. માટે તુ સમત્વરૂપ યોગમાં જોડાઇ જા આ સમત્વરૂપ યોગ એજ કર્મોમાં કુશળતા છે અર્થાત્ કર્મબંધનથી છટવાનો ઉપાય છે.'' (ગીતા-૨/૫૦) ''कर्मनं बुद्धियुक्ता हि

फलंत्यक्त्वा मनीषिणः। जन्म बन्धविनिर्मुक्ताः पदंगच्छन्त्यनामयम्॥ સમબુધ્ધિથી યુક્ત જ્ઞાનિ જનો કર્મોથી ઉત્પન્ન થનારા ફળોનો ત્યાગ કરી જન્મ રૂપી બંધનથી મુક્ત થઇ નિર્વિકાર પરમપદને પામે છે.''(ગીતા. ૨/૫૧) '' इहैव तैर्जितः सर्गोयेषां साम्ये स्थितंमनः। निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः॥ જેમનું મન સમભાવમાં સ્થિત છે, તેમણે આ જીવંત અવસ્થામાં જ સકળ સંસારને જીતી લીધો છે, કેમ કે સચ્ચિદાનંદ ધન પરમાત્મા નિર્દોષ અને સમ છે, માટે તેઓ સચ્ચિદાનંદ ધન પરમાત્મામાં જ સ્થિત છે.'' (ગીતા-૫/૧૯) ''न प्रहृष्येत्प्रियं प्राप्यनोद्वित्प्राप्यचाप्रियम्। स्थिरबुद्धिरसम्मूढो ब्रह्मवि‍त्र ब्रह्मणि स्थितः॥ જે માનવ પ્રિયને પામીને હર્ષ પામતો નથી તેમજ અપ્રિયને પામીને શોક કરતો નથી, તે સ્થિર બુધ્ધિનો અને સંશય વિનાનો બ્રહ્મવેત્તા માનવ સચ્ચિદાનંદ ધન પરંબ્રહ્મ પરમાત્માનાં એકાત્મ ભાવે કાયમ સ્થિત છે.'' (ગીતા-૫/૨૦) '' ब्राह्य स्पर्शेष्वसक्तात्मा विन्दत्यात् मनि यत्सुखम्। स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षयमश्नुते॥ બહારના વિષયોમાં આસક્તિ વિનાના અંતઃકરણવાળો સાધક આત્મામાં સ્થિત જે ધ્યાન જનિત સાત્વિક આનંદ છે તેને પામે છે, તે પછી એ સચ્ચિદાનંદ પરંબ્રહ્મ પરમાત્માના ધ્યાન સ્વરૂપ યોગમાં સ્થિત માનવ અક્ષય આનંદને અનુભવે છે.'' (ગીતા-૫/૨૧) ''योऽन्तः सुखोऽन्तराशमस्तथान्तर्ज्योतिरेव यः। स योगी ब्रह्म निर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति॥ જે માનવ અંતરાત્મા માં જ આનંદ અનુભવનારો છે, આત્મામાંજ રમનારો છે, એ સચ્ચિદાનંદઘન પરંબ્રહ્મ પરમાત્માની સાથે ઐક્ય પામેલો સાંખ્ય યોગી શાન્ત બ્રહ્મને પામે છે.'' (ગીતા-૫/૨૪) ''मानवमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः। सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते। જે માન અને અપમાનમાં સમ છે, મિત્ર અને શત્રુપક્ષમાં પણ સમ છે તેમજ સર્વ કર્મોમાં કર્તા પણાના અભિમાન વિનાનો છે, એ પુરૂષ ગુણાતીત કહેવાય છે.''

(ગી. ૧૪/૨૫) (શ્લોક-૫૩) હવે નીતિકાર સુખ કેવી રીતે પ્રાપ્ત થાય તેનો ઉપાય બતાવે છે -

શ્લોક - ૫૪ स्वधीतस्य सुयुद्धस्य

सुकृतस्य च कर्मणः ।

तपसश्च सुतप्तस्य

तस्यान्ते सुखमेधते ॥

શ્લોકાર્થ :- યોગ્ય રીતે કરાયેલ અધ્યયન, ન્યાયોચિત્ત રીતે કરાયેલ યુધ્ધ, પુણ્ય કર્મ તથા યથાર્થ રીતે કરાયેલી તપશ્ચર્યાના અન્તમાં સુખની પ્રાપ્તિ થાય છે.

ચ.ટી. : આ પ્રમાણે કહી નીતિકાર ધૃતરાષ્ટ્રને એવું કહી રહ્યા છે કે જે કારણોથી મનુષ્યને સુખની પ્રાપ્તિ થઇ શકે છે, તેનો સમુદાય યુધિષ્ઠિર પાસે વર્તમાન કાળમાં ઉપસ્થિત છે. તેઓ નિરંતર તપસ્યામાં આરૂઢ રહે છે, સમસ્ત ઇન્દ્રિયોને જીતી ચૂકેલા છે, રાગદ્વેષથી મુક્ત, નિત્ય સ્વાધ્યાય પરાયણ તથા નિરંતર ધર્માનુષ્ઠાન માં લાગેલા છે. જેથી અંતે તેઓ સુખની પ્રાપ્તિ કરશે. જ્યારે તમારા પુત્રો આ બધાથી વિપરીત હોવાથી અંતે દુઃખના ભાજી થશે. (શ્લો-૫૪) હવે વિદુરજી કેવો મનુષ્ય સુખ પ્રાપ્ત કરી શકતો નથી. તેવું વર્ણન કરે છે-

(૬૫) જ્ઞાતિ સાથે શત્રુતા કરનારની દશા :-

શ્લોક - ૫૫ स्वास्तीर्णानि शयनानि प्रसन्ना

न वै भिन्ना जातु निद्रां लभन्ते।

न स्त्रीपु राजन् रतिमाप्नुवन्ति

ना मागधैः स्तूपमाना न सूतैः ॥

શ્લોકાર્થ :- હે રાજન્! અંદરો અંદર મતભેદ રાખનારો વ્યક્તિ સુંદર ચાદર યુક્ત પલંગ પર નિદ્રા નથી લઇ શકતો સ્ત્રીઓ પાસ રહેવા છતાં પણ રતિ સુખ તથા સૂત માધોની સ્તુતિથી પણ તે સુખ પ્રાપ્ત નથી કરી શકતો.

ચ.ટી. : વિદુરજીનો કહેવાનો અભિપ્રાય એ છે કે- હે ધૃતરાષ્ટ્ર! તમારી કૂટનીતિને કારણે જ પાંડવો અને કૌરવો મધ્યે વિષનું બીજ રોપાય વૃક્ષના રૂપમાં પરિણમેલું છે અને તેને લઇને જ આપ શાંતિથી નિદ્રા પણ લઇ શકતા નથી અને મધ્યરાત્રીએ અમને તમો અહીં પાંડવો હવે પછી શું કરવાના છે તથા તેઓની ભાવી યોજના શું છે? આ બધુ જાણવા માટે બોલાવેલો છે. વેદ ભગવાન કહે છે. ''असंवाध्यं मध्यतो मानवानाम्। મનુષ્યો અંદરોઅંદર લડાઇ ઝઘડો ન કરે'' (યજ.૩૦) ''मा युष्महि मनसा दैव्येन। દિવ્ય મનને લડાઇ ઝગડામાં ન ફસાવો'' ''देवो न विपन्ति नो च त्रिद्विषतेमियः। સત્પુરૂષો લડાઇ ઝઘડા અને ઇર્ષ્યા દ્વેષ કરતા નથી.'' (અથર્વ-૩/૩૦) કારણ કે તેઓ જાણે છે કે પરસ્પર કલહ કરવાથી કંઇ લાભ થતો નથી કેવલ અહિત જ થાય છે. (શ્લોક-૫૫) હવે નીતિકાર ભેદ દૃષ્ટિ રાખનારાને આવતા દુઃખન્ વર્ણન કરે છે-

શ્લોક - ૫૬ न वै भिन्ना जातु चरन्ति धर्मं

न वै सुखं प्राप्नुवन्तीह भीन्नाः।

न वै सुखं भिन्ना गौरवं प्राप्तुवन्ति,

न वै भिन्ना प्रशमं रोचयन्ति॥

શ્લોકાર્થ :- ભેદ દૃષ્ટિવાળાઓ કદી ધર્માચરણ કરતા નથી, ભેદ દૃષ્ટિવાળાઓ આ જગતમાં સુખ પામતા નથી, ભેદ દૃષ્ટિ વાળા ગૌરવ પામતા નથી અને એ ભેદ દૃષ્ટિવાળાઓ શાંતિ મેળવી સુખ પામતા નથી.

ચ.ટી. : નીતિકારનું કહેવાનું તાત્પર્ય એ છે કે- હે રાજન્! તમારા પુત્રો અને તમારા મધ્યમ ભ્રાતા પાડુંના પુત્રોનું લાલન પાલન કરવાનું ઉત્તર દાયિત્વ તમારૂ હતુ. છતા તમોએ તેઓ બંને વચ્ચે ભેદ રાખેલો અન તેને લઇને જ તમારાથી સમતા રૂપી ધર્મનું આચરણ થયુ નથી. તમારા ભેદભાવ વાળા વર્તનને લઇને જ બળવાન એવા પાંડવો થકી તમોને ભય થતો રહે છે અને તેને લઇને જ તમો હંમેશા ઉદ્વિગ્ન રહો છો. જે પણ કોઇ તમોને હિતકારી ઉપદેશ આપતા તે તમોને રૂચિકર લાગતો નથી. તમોને કેવલ તમારા દુષ્ટ પુત્રોનો ઉપદેશ જ રૂચિકર લાગે છે અને તેઓના કહ્યા પ્રમાણે આચરણ કરવાથી આપ સંસારમાં નિંદાને પ્રાપ્ત થયા છે. (શ્લોક-૫૬) પુનઃ નીતિકાર ભેદ દૃષ્ટિ રાખનારાને વિનાશની વાત કરે છે-

શ્લોક - ૫૭ न वै तेषां स्वदते पथ्यमुक्तं

योगक्षेमं कल्पते नैव तेषाम्।

भिन्ना नां वै मनुजेन्द्र परायणं

न विद्यते किंचिदन्य द्विनाशात्॥

શ્લોકાર્થ :- ભેદને પ્રાપ્ત થયેલા મનુષ્યને હિતકારી વાત પણ રૂચિકર લાગતી નથી અને તેનું યોગ ક્ષેમ પણ ચાલતુ નથી તથા હે રાજન્! ભિન્નમતિ વાળા મનુષ્યનો વિનાશ થયા વીના તેની અન્ય કોઇ ગતિ નથી.

ચ.ટી. : વિદુરજીનો ધૃતરાષ્ટ્રને કહેવાનો અભિપ્રાય એવો છે કે - રાજન્! તમોને તમારા પિતા ભગવાન વેદ વ્યાસજીએ પરમ ભાગવત અંક્રૂરજીએ આચાર્ય દ્રોણે, આચાર્ય કૃપે. તથા ગંગાપુત્ર ભીષ્મએ પણ પાંડવો સાથે અન્યાય કરતા અટકાવ્યા તથા અમોએ પણ તમોને કેટલીએ વખત આમ કરતા અટકાવ્યા છતા તમોને અમારા બધાની વાત હિતકારી મનાતી નથી અને તેને લઇને જ તમોને

હંમેશ પાંડવો તરફથી ભય તથા રાજ્ય સબંધી અનિષ્ટ થવાની ચિંતા લાગી રહે છે અને આને લઇને જ તમારૂ તથા તમારા પુત્રોનું પતન નિશ્ચિત છે. (શ્લોક-૫૭) હવે નીતિકાર સમ્બન્ધિઓ થકી આવતા ભયને દૃષ્ટાંત થી કહે છે-

શ્લોક - ૫૮ सम्पन्नं गोपु सम्भाव्यं

सम्भाव्य बह्मणे तप: ।

सम्भाव्यं चापलंस्त्रीषु

सम्भाव्यं ज्ञातिनो भयम् ॥

શ્લોકાર્થ :- ગાયોમાં દૂધ સમ્ભવ છે, બ્રાહ્મણોમાં તપસ્યા સમ્ભવ છે. સ્ત્રીયોમાં ચપળતા સમ્ભવ છે, તથા સગા સબન્ધિઓથી ભય સમ્ભવ છે.

ચ.ટી. : નીતિકાર ધૃતરાષ્ટ્રને કહે છે- રાજન્! ગાયોમાં દૂધ, બ્રાહ્મણોમાં તપસ્યા અને સ્ત્રીઓમાં ચપળતા સમ્ભવે છે કારણ કે-તે તેઓનો સ્વાભાવિક ગુણ છે. તેમ સગા સમ્બન્ધિઓથી ભય પણ સ્વભાવિક છે કારણ કે એક સમ્બન્ધિ અન્ય સમ્બન્ધિની ઉન્નતિ જોઇ શકતા નથી. તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત તમારા જ પુત્રો છે. જેઓને પાંડવોની ઉન્નતિ પર હંમેશા ઇર્ષ્યા થતી હતી અને ઇર્ષ્યાવસ જ તેઓએ ધુતમાં કપટ કરી પાંડવોની સર્વ સંપત્તિ અપહરણ કરી લીધી. ધુતક્રીડા સમયે થયેલા કરાર મુજબ તેર વર્ષ પછી પાંડવોને તેઓથી સંપત્તિ પરત કરવાની હતી છતા તમો અને તમારા પુત્રો તે પરત કરવા તૈયાર નથી એને લઇ પાંડવો હવે દંડનો સહારો લેવા તૈયાર થયા છે અને તેઓનું સામર્થ્ય વિચારી તમો અત્યંત ભયભીત થઇ ગયા છો. (શ્લોક-૫૮) હવ નીતિકાર પાંડવોને ધૃતરાષ્ટ્ર દ્વારા અપાતા કષ્ટની વાત કરે છે-

શ્લોક - ૫૯ तन्यतवोप्यायिता नित्यं

तनवो बहुला: समा: ।

बहून् बहुत्वादायासान्

सहन्तीत्युपमा सताम् ॥

શ્લોકાર્થ :- કુલ તન્તુની સમાન બાળક પાંડવો તમારા તરફથી અપાતા ઘણા કષ્ટોને પણ સહન કરે છે, અતઃ તેઓ સજ્જન સમાન છે.

ચ.ટી. : વિદુરજી કહે છે- હે રાજન! ધર્માત્મા એવા પાંડવોને તમોએ અને તમારા દુષ્ટ પુત્રએ લાક્ષાગૃહમાં જીવિત સળગાવી દેવાનું ષડયંત્ર, ભીમસેનને વિષ આપી મોતને ઘાત ઉતારી નાખવાનો તથા તેની શૈયા પર વિષધર સર્પ છોડવાનો અસફળ પ્રયાસ કર્યો, ધુતક્રીડામાં કપટ દ્વારા તઓને હરાવી તેમનું તથા તેમની ધર્મપત્ની યાજ્ઞ સેની દ્રૌપદીનું માન ભંગ કર્યુ, ઘોષ યાત્રાના નિમિત્તે વનમાં જઇ તેઓનો ઉપહાસ કરવાનો પ્રયાસ કર્યો ઇત્યાદિ કેટકેટલા અપરાધો જે મૃત્યુદંડને લાયક હતા છતા ધર્માત્મા પાંડવો તેને સહન કરી રહ્યા છે કારણ કે તેઓ સજ્જન છે. કહ્યુ પણ છે- ''सज़नो न कुप्यत्येन कुप्यति विप्रियं न चिन्तयति। अय चिन्तयति न जल्पति अथजल्पति लज्जितो भवति॥ સજ્જન ક્રોધ કરતા નથી, જો ક્રોધ કરે છે તો ક્યારે અનિષ્ટનું ચિંતન કરતા નથી. જો એવું ચિંતન કરે પણ છે તો બોલતા નથી અને જો બોલી દે તો લજ્જિત થઇ જાય છે.'' ''स्तिमितोन्नत सञ्जाराः जनसन्ताप हारिणः। जायन्ते विरला लोके जलदा इव सज्जनाः॥ જેમ જળથી પરિપૂર્ણ આકાશમાં વિચરવાવાળા લોકોના તાપને નષ્ટ કરવાવાળા વાદળો અમુક જ હોય છે, તે જ પ્રમાણે પ્રેમાર્દ્ર, ઉદાર હ્દય, લોકોના કષ્ટને દુર કરનારા સજ્જનો પણ સંસારમાં વિરલાજ હોય છે.'' (પંચ.મિત્ર/૨૮) (શ્લોક-૫૯) હવે નીતિકાર પૃથક્ રહેવામાં દુઃખ અને ભેગા રહેવામાં સુખની વાત કરે છે-

શ્લોક - ૬૦ धूमायन्ते व्यपेतानि

ज्वलन्ति सहितानि च।

धृतराष्ट्रोल्मु कानीव

ज्ञातयो भरतर्षम॥

શ્લોકાર્થ :- હે ભરત કુલ શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્ર! જેમ સળગતી લાકડી અલગ થઇ જતા ધુમાડો આપે છે અને એકઠી થતા સળગે છે, તે જ પ્રમાણે સમ્બન્ધિ જન પણ પૃથક્ રહેતા દુઃખ સહે છે અને ભેગા થતા સુખ ભોગવે છે.

ચ.ટી. : નીતિકારનો ધૃતરાષ્ટ્રને કહેવાના ભાવાર્થ એ છે કે- હે- રાજન્! તમારા અને તમારા મધ્યમ ભ્રાતા મહારાજ પાંડુ ના પુત્રો મધ્યે આપસી તનાવને લઇને જે મત ભેદ છે અને તે મત ભેદને લઇને ઇર્ષ્યાવશ તેઓ બધા કષ્ટ પામે છે. પરંતુ તેઓ બધા જ એકત્રિત થઇ જાય તો સંપૂર્ણ ત્રિલોકી પર તેઓનું આધિપત્ય થઇ શકે છે કહ્યુ પણ છે- ''अन्योऽन्य समुपष्टम्भा दन्योऽन्यापा श्रयेण च। ज्ञातय: सम्प्रवर्धन्ते सरसीवोत्यलान्युत्॥ એક બીજાના સહારે, એકબીજાના સહયોગથી સમ્બન્ધિ પણ વૃધ્ધિ પામે છે. જેમ કમળ સરોવરમાં ખીલે છે.'' (મહા.વિ.ની. ૪/૬૫) ''तन्तवोऽप्यामता नित्यं तन्तवो बाहुला:समा:। बहून्वहुत्वादायासान्सहन्तीत्युपमा सताम्॥ તન્તુ સૂક્ષ્મ અને દીર્ઘ હોવા છતાં પણ ઘણા વ્યવસ્થિત હોય તો તે બહુ હોવાને કારણે ઘણા ઝાટકા અથવા ભારને સહન કરી લે છે, આજ સજ્જનોને માટે દૃષ્ટાંત છે. અર્થાત્ શ્રેષ્ઠ મનુષ્ય નિર્બળ હોવા છતાં પણ એકબીજા સાથે મળીને કામ કરે તો કલેશોને પાર કરી સફળતા પ્રાપ્ત કરે છે.'' (પંચમિત્રસમ્/શ્લો-૮) ''महानप्यकजो वृक्ष: बलवान्सुप्रतिष्ठित:। प्रसह्य वातेन शक्योघर्षयितुं यत:॥ વિશાળ, મજબુત અને દૃઢ મૂળવાળુ વૃક્ષ પણ વાયુ દ્વારા બળજબરીથી ઉખાડી લેવાય છે એટલે માટે માનવે ક્યારેય એકાકી ન રહેવું પણ સમુહમાં જ રહેવું.'' (પંચકાકો/૫૩) ''अथ ये संहता वृक्षा: सर्वत: सुप्रतिष्ठिता:। तेन रौद्र निलेनापि हन्यन्ते ह्येकसंश्रयात्॥ જે વૃક્ષો અંદરોઅંદર મળેલા

છે અને બધી તરફથી મજબુત જડવાળા હોય છે તે તીવ્રવાયુથી પણ ઉખાડી શકાતા નથી.'' (પંચ.કાકો/૫૪) ''बहुनामप्यसाराणां समवायो हि दुर्जयः। तृणैरावेष्टयते रज्जुर्येन नागोऽपि बध्यते॥ તુચ્છ પ્રાણીઓનું સંગથન કઠિનાઇથી જીતી શકાય છે. તેમ પાતાળ પાતાળ તન્તુથી બનેલી દોરડીથી બલવાન હાથિ પણ બંધાઇ જાય છે.''(પંચ/મિત્ર)

આ સન્દર્ભમાં એક ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે- વાત એવી હતી કે - એક વનમાં એક પ્રદેશમાં એક ચટક પક્ષીનું જોડુ તમાલ વૃક્ષ પર માળો બનાવી રહેતુ હતુ. કેટલાક દિવસો બાદ તેઓને સંતાનની પ્રાપ્તિ થઇ. એક સમયની વાત હતી. ગીષ્મ ઋતુમાં ગરમીથી વ્યથિત થયેલો એક હાથી તે તમાલ વૃક્ષની નીચે આવીને તેની છાયામાં બેઠો. મદના આધિક્યને કારણે તેણે તે વૃક્ષની શાખાને જેના પર ચટકા ચટકી એ તેના ઇંડા હતા તે તોડી નાખી શાખાને તોડવાથી ચટકા ચટકી ના ઇંડા તો તૂટી ગયા પણ આયુ શેષ રહેવાને કારણે તેઓ બંને બચી ગયા ચટકી તો પોતાના ઇંડા ફૂટી જવાને કારણે કિંકર્તવ્ય વિમૂઢ થઇ રૂદન કરવા લાગી, કોઇપણ પ્રકારે તેને શાંતિ મળતી ન હતી. આજ સમયે તેનુંરૂદન સાંભળી 'કાઠફોરવા' નામનું પક્ષી ત્યાં આવ્યુ આ પક્ષી ચકવીનો મિત્ર હતો તે ચકવીને શાન્તવના આપતા બોલ્યો ''દુષ્ટ હાથીએ અહંકાર વશ તારા બાળકોને મારી નાખ્યા.'' ત્યારે ચકવી બોલી ''હે મિત્ર! જો તુ વાસ્તવમાં મારો મિત્ર હોય તો આ અધમ હાથીને મારવાનો ઉપાય વિચાર જેથી બાળકો ના નષ્ટ થવાથી ઉત્પન્ન થયેલો મારો કલેશ શાંત થાય.''

તેની વાત સાંભળી કાઠફોરવા બોલ્યો- ''દેવી! તમો યોગ્ય કહો છો, હવે તમો અમારી બુધ્ધિનો પ્રભાવ જઓ અમો હમણાજ અમારી સખી 'વિણારવા' નામની મધુમખ્ખીને બોલાવુ છ, જેનાથી આ દુષ્ટ હાથીનો વધ કરી શકાય.'' તે

પછી કાદફોરવા ચટકીને લઇને વીણા નામની માખી પાસે આવ્યો અને તેને ઉદ્દેશની બોલ્યો- ''ભદ્રે! આ અમારી મિત્ર ચટકી છે, કોઇક દુરાત્મા હાથીએ આના ઇંડાને નષ્ટ કરી દીધા છે અને આને વ્યથિત કરી દીધી છે. તો તે હાથી નો વધ કરવાને અર્થે અમારે તારી સહાયની આવશ્યકતા છે.'' કાઠફોરવાની વાત સાંભળી મધુ મખ્ખી વિણારવા બોલી ''ભલે, આ વિષયમાં આપ અમોને જે આદેશ આપશો તે જ પ્રમાણે અમો કરશું પરંતુ અમારી એક વાત સાંભળો મારો 'મેઘનાદ' નામનો એક મેધક (દેડકો) મિત્ર છે તેને અમો અહી બોલાવીએ છીએ, તેના દ્વારા જે સમજાવાય તે પ્રમાણે આપણે કરશું.'' તે પછી મેઘનાદને બોલાવવામાં આવ્યો અને તેઓએ બધી વાત મેઘનાદને કરી તેઓની વાત શ્રવણ કરી મેઘનાદ બોલ્યો. ''મિત્રો! ક્રોધિત થયેલા આપણા બધા જીવ સમુદાય પાસ આ ક્ષુદ્ર હાથી કંઇ ગણનામા? માટે અમો જે પ્રમાણે નિર્દેશ કરીએ તે પ્રમાણે આપ કરો.'' ત્યારે તેઓ બધા બોલ્યા 'ભલે'.

તદન્તર મેઘનાદ વીણારવાને ઉદ્દેશીને બોલ્યો ''વીણા! આવતિકાલે મધ્યાહ્ન સમયે તુ તે હાથી પાસે જઇ તેના કર્ણમાં વીણા સમાન શબ્દનું ઉચ્ચારણ કરજે, જેથી શ્રવણ સુખ પામવાની અત્યધિક અભિલાષાથી જ્યારે તે પોતાના નેત્રો બંધ કરે ત્યારે કાઠફોરવા તારે જઇને તેના નેત્રો ભંગ કરી દેવા તે પછી અંધ થયેલો તે દુષ્ટાત્મા તૃષાથી વ્યાકુળ થશે ત્યારે તે મારા કુટુંબિઓની સાથે અમારા શબ્દ શ્રવણ કરી ખાડાની સમિપમાં આવશ અને જળપાન કરવાના ઉદ્દેશ્યથી ખાળામાં પડી જશે અને તમારો પ્રતિશોધ લેવાઇ જશે.'' આ પ્રમાણેની યોજના બનાવ્યા બાદ મધુમાખીએ હાથી પાસે જઇ ગુંજન કર્યુ. જેથી ગાયનના સુખથી હાથીએ નેત્રો બંધ કરી દીધા એટલે કાઠફરવાએ તેના નેત્રો વિદિર્ણ કરી દીધા તે પછી મધ્યાહ્ન સમયે તૃષાથી વ્યાકુળ થયેલો હાથી આમતેમ ફરતા

મેઘકનો સ્વર સાંભળી તે દિશા તરફ ગયો અને એક ખાડાને મોટુ સરોવર સમઝી તેમા પડી ગયો અને અંતે મૃત્યુ પામ્યો. (પંચતંત્ર /મિત્રભેદ) આ પ્રમાણે આ બધા ક્ષુદ્ર જીવોએ ભેગા મળી ચકવીનું અનિષ્ટ કરનારા બળવાન હાથીને પણ મોતને ઘાત ઉતારી દીધો માટે એકતાથી ધાર્યુ અને અશક્ય કાર્ય પણ પાર પડે છે. (શ્લોક-૬૦) હવે નીતિકાર બ્રાહ્મણ, ગાય અને સમ્બન્ધિ પર વિરતા બતાવનારા વિશે કહે છે-

(૬૬) જલમીને મળતુ ફળ :-

શ્લોક - ૬૧ ब्राह्मणेषु च ये शूरा:

स्त्रीषु ज्ञातिषु गोषु च।

वृन्तादिय फलं पक्वं

धृतराष्ट्रऐ पतन्ति ते ॥

શ્લોકાર્થ :- હે ધૃતરાષ્ટ્ર! બ્રાહ્મણો, ગાયો અને સમ્બન્ધિ જનો પર જે વિરતા બતાવે છે, તેઓ પાકેલા ફળની જેમ નષ્ટ થઇ જાય છે.

ચ.ટી. : ગાય અને બ્રાહ્મણો સ્વભાવથી જ સત્યગુણી પ્રકૃતિ હોય છે, અને સ્વભાવથી જ જનસામાન્યનું હિત કરનારા હોય છે તેના પર જે પોતાની વિરતા બતાવે છે તેનું અવશ્ય પતન થાય છે. વેદ ભગવાન કહે છે- ‘परातत सिच्यते राष्ट्रं ब्राह्मणे यत्र जीयते। જ્યાં બ્રાહ્મણ હારે છે તે દેશ ખખડી જાય છે. ’’ (અથર્વ/૫/૧૯/૮) ‘‘ब्राह्मणं यत्रहिंसन्ति तद् राष्ट्रं दुच्छुना। જ્યાં બ્રાહ્મણની ઉપેક્ષા થાય છે તે રાષ્ટ્ર દુ:ખી થાય છે.’’ (અથર્વ/૫/૧૯/૮) ‘‘न ब्राह्मणस्य गां जगध्वा राष्ट्रे जागार कञ्छन! જ્યાં બ્રાહ્મણનો તિરસ્કાર થાય છે ત્યાં સુખ શાંતિ રહેતી નથી.!! (અથર્વ/૫/૧૯/૧૦) ભગવાન શ્રીહરિ કહે છે- ‘‘न सा जातो जनिक्यन् वा

पृथिव्यामिह कञ्चन। यो ब्राह्मण विरोधेन सुखं जीवितुमुत्सहेन॥ જે જન વિપ્રોની સાથે વિરોધ કરીને ભૂમિ ઉપર સ્વયં સુખેથી જીવવાનો ઉત્સાહ રાખે છે એવો કોઇ પુરૂપ થયો જ નથી અને થશે પણ નહિ અર્થાત્ વિપ્રોની સાથે વિરોધ કરીને સુખ ભોગવવાનો ઇચ્છા આ જગતમાં દુર્ઘટ છે.'' (સ.જી. ૨/૪૯/૧૯) શ્રુતિ ભગવદી કહે છે- ''अध्न्याइति गवांनाम क एताहन्तुमर्हति। महच्चकाशकुशलं वृषं गां वाऽडा लभेत तु यः॥ ગાયોને અવધ્ય કહી છે પછી કોણ તેને મારવાનો પણ વિચાર કરે. જે માનવ ગાય તથા બળદને મારે છે તે મહાન પાપ કરે છે.'' (ઋગ. ૧/૩૭/૫) આ સંબંધમાં વસુદેવતાનાજીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે.

વાત એવી હતી કે- પૂર્વકાળમાં વરૂણે જેને પુત્ર ભાવે પ્રાપ્ત કરેલા વશિષ્ટમુનિ 'આપવ' નામથી વિખ્યાત હતા. ગિરિરાજ મેરૂના પાર્શ્વભાગમાં જ તેઓનો પવિત્ર આશ્રમ હતો. તે આશ્રમમાં રહી મુનિ વશિષ્ટ તપસ્યા કરતા હતા. મહારાજ દક્ષ પ્રજાપતિની પુત્રી જે દેવી સુરભો ના નામથી પ્રસિધ્ધ હતી જેના લગ્ન મહર્ષિ કશ્યપની સાથે થયા હતા જેના સહવાસથી તેણે એક ગાયને જન્મ આપ્યો. આ ગાય સમસ્ત જગત પર કૃપા કરવા માટે પ્રગટ થઇ હતી તથા તે સમસ્ત કામનાઓ આપનારી હતી તેને વશિષ્ટમુનિએ હોમધેનું તરીકે પ્રાપ્ત કરી હતી. આ ગાય મુનિ દ્વારા સેવિત હોય તે પવિત્ર અને રમણીય તાપસવનમાં બધી બાજ નિર્ભય થઇને વિચરણ કરતી હતી. એક સમયની વાત હતી દેવર્ષિ દ્વારા સેવિત આ વનમાં પૃથુ આદિ વસુદેવતાઓ પોત પોતાની પ્રેયસિઓને લઇ વિહાર કરવા માટે આવ્યા તે અષ્ટ વસુઓમાના એક એવા 'ઘો' નામના વસુનીપત્નિ એ વનમાં વિચરણ કરતી આ વશિષ્ટજીની હોમ ધેનુને જોઇ અને તે શીલસમ્પન્ન ગાયને જોઇ તે આશ્ચર્ય ચકિત થઇ ગઇ. આ ગાય યોગ્ય રીતે હ્રષ્ટ પુષ્ટ હતી, દૂધથી ભરેલા તેના થનો ઘણા સુંદર હતા. તેની પુચ્છ અને ખુર પણ નયન રમ્ય

હતા. આમ આ ગાય બધા જ સદ્ગુણોથી સંપન્ન જોઇ તેણે પોતાના સ્વામી પાસે આ ગાય લાવી આપવાની માંગણી કરી.

આ પ્રમાણે પોતાની પ્રેયસિની વાત સાંભળી, ઘો નામના વસુ બોલ્યા ''પ્રિયે! આ સર્વોત્તમ ગાય તો વરૂણનન્દન વશિષ્ટઋષિની છે, અને આની વિશેષ્ટા એ છે કે જે પણ કોઇ જન આના સ્વાદિષ્ટ દુગ્ધનું પાન કરે છે તો તે દશ સહસ્ર વર્ષ પર્યન્ત જીવિત રહે છે.' પોતાના સ્વામીની વાત સાંભળો વસુની પ્રિયતમા બોલી- ''પ્રાણનાથ! મનુષ્ય લોકમાં એક રાજકુમારી મારી સખી છે, તેનુ નામ 'જીતવતી' છે, જે સુન્દર રૂપ અને યુવાવસ્થા થી સંપન્ન છે. તે સત્ય પ્રતિજ્ઞ અને બુધ્ધિમાન મહારાજા ઉશીનરની પુત્રી છે, તેને માટે જ વાછરડા સહિત આ ગાય લેવાની મારી ઇચ્છા છે. સુરશ્રેષ્ઠ! આપ પુણ્યની વૃધ્ધિ કરનારા છો તો કૃપા કરી આ ગાય શીઘ્રતા પૂર્વક અમારે માટે લઇ આવો. જેથી આ ગાયનું દુગ્ધપાન કરી તે મારી સખી જરાવસ્થા અને રોગ-વ્યાધિતી બચી રહે. હે મહાભાગ! આપ નિંદાથી રહિત છો માટે કૃપા કરી અમારી આ અભિલાષા પૂર્ણ કરો. અમારે માટે આનાથી વધાર કોઇ પ્રિય કાર્ય નથી.''

આ પ્રમાણે પોતાની પ્રિયતમાના વચન સાંભળી તેનું પ્રિય કરવાની ઇચ્છાથી ઘો નામના વસુએ પૃથુ નામના તેના ભાઇઓની સહાયતાથી વશિષ્ટ મુનિની તે હોમ ધેનુ નું અપહરણ કર્યુ. પરંતુ તે સમયે તે મહર્ષિ વસિષ્ટની તીવ્ર તપસ્યાના પ્રભાવથી તેઓ બધા બચી ન શક્યા અને તેઓ વિચારી પણ ન શક્યા કે મહર્ષિના તીવ્ર કોપથી અમારા બધાનું સ્વર્ગથી પતન થશે. તદન્તર કેટલોક સમય વ્યતિત થયા બાદ વશિષ્ટ ઋષિ ફળ મૂળ સમિધા લઇ આશ્રમ પર આવ્યા પરંતુ તેઓએ આશ્રમ પર પોતાની હામધેનું ન જોતા તેઓ વન્ય પ્રદેશમાં તેની શોધ ખોળ કરવા લાગ્યા. ઘણો સમય શોધખોળ કરવા છતાં પણ ગાયનો કોઇ

પત્તો ન લાગતા વશિષ્ટજીએ પોતાની દિવ્ય દૃષ્ટિથી જોયુ તો તેઓને વિદિત થયું કે વસુ દેવતા ઓએ મારી ગાયનું અપહરણ કરી લીધુ છે. ત્યારે તેઓ ક્રોધને વશીભૂત થઇ વસુઓને શાપ આપતા બોલ્યા ''વસુઓ એ સુંદર પુચ્છવાળી મારી કામધેનુનું અપહરણ કરેલુ છે એટલે આ અપરાધને લઇએ તઓએ મનુષ્ય યોનિમાં જન્મ ધારણ કરવો પડશે અને મનુષ્ય લોકના કષ્ટ ભોગવવા પડશે.'' આ પ્રમાણે શાપ આપવાથી જ આઠેય વસુ મનુષ્ય યોનિમાં શન્તનુ દ્વારા ગંગાજીના ગર્ભ થકી જન્મ લેતા હતા અને ગંગાજી દ્વારા એક પછી એક તેઓને ગંગાના જળમાં વહેવડાવી દેવાયા પરંતુ તે આઠમાંથી જે સાક્ષાત્ વશિષ્ટજીની ગાયનું અપહરણ કરનાર ધો નામના વસુને દીર્ઘ કાળ પર્યન્ત મનુષ્ય લોકમાં રહી કષ્ટનો અનુભવ કરવો પડયો. આ ધો નામના વસુ હતા તે જ ગંગા પુત્ર ભીષ્મજી હતા. (મહા. ભા. આદિ./૯૯) આ પ્રમાણે વસુઓએ બ્રાહ્મણ વશિષ્ટ અને તેઓની હોમ ધેનુનો અપરાધ કર્યો તો તેઓનું પતન થયું.

અહીં નીતિકાર સમ્બન્ધિઓ પર વિરતા બતાવનારાનું પતન થાય છે આ પ્રમાણે કહી જાણે તેઓ ધૃતરાષ્ટ્રને સાવધાન કરી એવું કહેવા માંગે છે કે 'રાજન્! ધર્માત્મા પાંડવો સમ્બન્ધમાં તમારા સગા ભાઇના પુત્રો છે પાંડુના પરલોક વાસ પછી આપે જ એઓનું લાલન પાલન કરેલુ છે. તેઓ હંમેશા તમારી આજ્ઞા અનુસાર જ વર્તનારા હોય તમારૂ હિત કરવામાં જ તત્પર રહે છે છતાં તમો અને તમારા ઉછૃંખલ પુત્રો તેઓને કષ્ટ આપવામાં જ તત્પર રહો છો. તમારી આ ક્રિયા જ તમારૂ પતન કરનાર થશે અને અંતે નીતિકારે કહેલી વાત અક્ષરેશઃ સત્ય પણ થઇ ધૃતરાષ્ટ્રે અને તેના દુષ્ટ પુત્રોએ ધ્રુતમાં થએલા કરાર મુજપ પાંડવોનો દાય ભાગ આપવાની સ્પષ્ટ મનાઇ કરી અને જેને લઇ પાંડવોએ દંડનો આશ્રય લેવો પડયો અને પાંડવોની દંડનીતિથી ધૃતરાષ્ટ્રનું સમસ્ત કુળ કાળના મુખમાં

હોમાય ગયું. આમ સમ્બન્ધિ જનો પર વિરતા બતાવનારા ધૃતરાષ્ટ્રના પુત્રો પક્વફળની જેમ નષ્ટ થઇ ગયા. (શ્લોક-૬૧) હવે નીતિકાર એકાકી રહેવામાં અને સમુમા રહેનારની સ્થિતિ દૃષ્ટાંત દ્વારા બે શ્લોક થી કહે છે.

(૬૭) એકલવાઇ સ્થિતિ :-

શ્લોક - ૬૨ महानप्येकजो वृक्षो।

बलवान् सुप्रतिष्ठितः।

प्रसह्य एव वातेन

सस्कन्धो मार्दितुक्षणात्॥

શ્લોકાર્થ :- એકાકી વૃક્ષ મોટુ તથા સારી રીતે મૂળ પકડલ હોવા છતા પણ ક્ષણભરમાં આંધી દ્વારા બળપૂર્વક ઉખાડાય છે.

શ્લોક - ૬૩ अय येसहिता वृक्षाः

सङ्घशः सुप्रतिष्ठिताः।

ते हि शीघ्रतमान् वातान्

सहन्तेऽन्योन्य संश्रयात्॥

શ્લોકાર્થ :- અને જે વૃક્ષ સમુહ રૂપમાં સારી રીતે ઉભા છે, તે એકબીજાના આશ્રયથી ભયંકર આંધિ-તોફાનોને પણ સહી લે છે.

ચ.ટી. :- સમુહમાં જ બળ છે, એકત્રિત થએલી અસાર વસ્તુઓને પણ તોડી શકાતી નથી, પરંતુ અલગ અલગ શક્તિ સંપન્નને પણ નષ્ટ કરી શકાય છે. આ સંદર્ભમાં ઇસપ નીતિમાં આવતી કેટલીક કથા અવલોન કરવા યોગ્ય છે. વાત

એવી હતી કે- એક વનમાં રહેતા કબૂતરો પર બાજ પક્ષીનોહંમેશા ભય તોળાતો હતો એકલ દોકલ તો કેટલાયે કબુતરોને બાજ પક્ષીએ ઘાણ કાઢી નાખ્યો હતો આનો ઉપાય કરવાને અર્થે એક સમયે કબુતરોની એક સભા ભરાઇ તેમાં સર્વાનુમતે એ નક્કી કરવામાં આવ્યું કે ''કોઇપણ કબુતરે એકાકી ન ફરવું, જ્યાં જવું ત્યાં બધાએ સાથે જ જવું. એટલું જ નહિ પણ નિદ્રાના સમયે પણ બધાએ સાથે જ સુવું અને બધા સુઇ જાય ત્યારે વારા ફરથી કેટલાકે જાગતા રહેવું. જો કદાચ બાજ પક્ષી આવે તો શીઘ્ર બધાને સૂચિક કરી સાવધાન કરી દેવા.'' આ પ્રમાણે અંદરો અંદર સંપ થવાથી બાજ પક્ષીના પગ પાછા પડયા તેને કેટલાએ દિવસ એક કબુતર પણ પ્રાપ્ત ન થય, અને પરિણામે તેણે ભૂખ્યા રહેવાનો સમય આવ્યો.

તદન્તર સામ, દામ, દંડ એમ ત્રણેય પ્રકારે બાજે ઉપાય અજમાવી જોયા, છતા તેમા તે ફાવ્યો નહિ. અંતે તેણે ભેદ નામનું શસ્ત્ર ગ્રહણ કર્યુ. તેણે યુક્તિ પ્રયુક્તિથી કામ લેવા વિચાર્યુ. તે પછી તે કબુતરના સમુહ પાસે આવ્યો અને તેઓ પ્રત્યે બોલ્યો ''મિત્રો! તમારા આ પ્રમાણેના સંપ અને સંગથનથી અમો ઘણા પ્રસન્ન થયા છીએ, તમારા આવા આદર્શ સંપ આગળ અમો અમારો પરાજય સ્વિકારીએ છીએ. છતા અમો તમારા હિત માટે એક સૂચન કર્યા વિના રહી શકતા નથી. તમારા સંગઠનમાં બસ એક જ ત્રુટિ છે તે ત્રુટિ અમોને નેત્રમાં કણની જેમ ખુચે છે તે એ કે તમો બધાએ કબુતરનો સમુહ રહ્યો, પરંતુ તેમાં એક મધ્યસ્થ સત્તાની આવશ્યકતા છે અર્થાત્ તમારી મધ્યસ્થામાં રાજાની ખામી છે. જો આપ બધાની રજા હોય તો આપનો રાજા તરીકે અમો સેવા આપવા તૈયાર છીએ. અમારે અમારી આ પાછલી જીંદગી તમારી સેવામાં જ વિતાવવી.

કબુતરો અંદરો અંદર સંપી ગયા હતા, પરંતુ એમને એમ સંપવામાં પણ એમને અંદરો અંદર સંઘર્ષ થતો, તેથી તેઓને લાગતુ કે આપણામાં કોઇ મધ્યસ્થ સત્તા (રાજા) હોય તો સારૂ એટલે તેઓ બાજ પક્ષીની વાતમાં ભેળવાય ગયા અને પ્રસન્નતાપૂર્વક તેઓ બધાએ બાજ પક્ષીનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. અને બાજ પક્ષીને સર્વાનુ મતે રાજા તરીકે નીમવામાં આવ્યા. રાજ સિંહાસન પર બેસતા જ રાજા બનેલા બાજ પક્ષીએ આદેશ જારી કર્યો કે 'રાજા તરીકે ના મારા ઉપભોગ અર્થે તમારે નિત્ય અમને એક કબુતર ભેટ આવું પડશે.' અને આમ આદેશ જારી થતા નિત્ય રાજા પાસે એક કબુતર ભેટ જવા લાગ્યુ અને જોત જોતામાં બધા જ કબુતરો બાજનો શિકાર થઇ ગયા (ઇ.નીતિ.) આ કથાનો કહેવાનો ભાવાર્થ એ છે કે કબુતરો જ્યાં સુધિ એક સમુહમાં હતા, ત્યાં સુધિ બાજ પક્ષી તેઓનું કાંઇ અનિષ્ટ ન કરી શક્યું પણ જ્યાં તેઓમાં ભેદ પડી ગયો ત્યાં બધા કાળરૂપિ બાજના મુખમાં પ્રવેશ થઇ ગયા.

આવી જ એક કથા એક ખેડૂતનો છે વાત એવી હતી કે એક ખેડૂતને ત્રણ દિકરા હતા. પરંતુ ત્રણેયમાં સંપ નહિ દિવસ ઉદય થયો નથી ને આ ત્રણેયમાં વિવાદનો પ્રારંભ થયો નથી. ખેડૂત નિત્ય ચિંતિત રહેતો કે 'મારા પરલોક ગમન બાદ મારા પુત્રોમાં સંપ નહિ રહે તો તેઓનું અનિષ્ટ થશે, રળ્યુ કર્યુ બધુ ધુળધાણી કરી બેસશ. જદેજ વાળ કરશે, એકલા પડશે તો ઘરનો મોભો નહિ રહે અને ઘરનું બળ ઘટી જશે તદન્તર કાળે કરી ખેડૂત મૃત્યુ શૈયા પર પડયો. પિતાને મરણ શૈયા પર પડેલા જોઇ દિકરાઓ ગળગળા થઇ ગયા. તેઓનું હૃદય કંઇક કુણુ બન્યુ. એમનું થયુ 'આખું જીવન તો પિતાની શિખામણ માની નહિ હવે અંતકાળે કંઇક શિખામણ માની લઇએ' આ પ્રમાણે વિચારી તેઓ પિતાના પલંગની સમિપમાં જઇને બેઠા અને તેઓ પ્રત્યે બોલ્યા 'પિતાજી! આખી જીંદગી

અમે આપની શિખામણ માની નથી, આપના આ અંતકાળે અમને સદ્‌બુધ્ધિ સુઝી છે, માટે તમારી જે અંતિમ શિખામણ હોય તે કહો, અમે તેને મસ્તકે ધારણ કરશું.

પોતાના પુત્રોનો શુધ્ધ ભાવ જોઇને ખેડૂતનું હ્દય પ્રસન્ન થઇ ગયુ પરંતુ આ સમયે એ જદી રીતે દીકરાઓને ઉપદેશ આપવા માંગતા હતો. એટલે દીકરાઓને પોતાના ઘરમાં જેટલી હતી તેટલી લાકડીઓ પોતા પાસે લાવવા કહ્યુ. ત્રણે દિકરાએ શીઘ્ર ઘરના ખૂણે ખૂણામાંથી વીસ પચ્ચીસ લાગડીઓ ભગી કરી પિતા પાસે લાવ્યા એટલે પિતાજીએ આજ્ઞા કરી કે 'તમો આ લાકડીનો એક ભારો બનાવો.' દિકરાઓએ તે પ્રમાણે કર્યુ. પછી ખેડૂતે પોતાના પુત્રો કહ્યું 'હવે તમો વારાફરથી આ લાકડીના ભારાને તોડો' ત્રણેય દિકરાઓએ વારાફરથી લાકડીઓના ભારાને હાથમાં લીધો અને તેને તોડવા માટે ઘણો પ્રયાસ કર્યો પણ કોઇ રીતે ભારામાંથી એક પણ લાકડી ભાંગી નહિ.' તે પછી ખેડૂતે પોતાના પુત્રોને ભારો છોડી નાખવા માટે આજ્ઞા કરી અને તેઓને કહ્યું 'હવે એક એક લાકડી હાથમાં લઇ તોડો' અને તેઓએ તેમ કર્યુ એટલે લાકડી ટૂટી ગઇ. ત્યારે ખેડૂત તેઓ પ્રત્યે બોલ્યો- ''પુત્રો! હવે તમો અમારી વાતનો સાર સમઝયા જો લાકડીના ભારાની માફક તમો અંદરો અંદર સંપની રહેશો, તો તમારૂ બળ ઘણુ વધી જશે, અને તમારા બળને કોઇ તોડી શકશે નહિ પરંતુ અંદરો અંદર વિવાદ કરીને ભારામાની લાકડીની જેમ પૃથક રહેશો તો તમારૂ બળ એકદમ ઘટી જશે અને જોત જોતામાં તમો હતા ન હતા થઇ જશો.'' આ પ્રમાણે કહી ખેડૂત મૌન થઇ ગયો અને તેના ત્રણેય દિકરાઓ પિતાજીની વાતનો મર્મ સમઝી ગયા અને પછી વિવાદનો ત્યાગ કરી એક થઇને રહેવા લાગ્યા (ઇ.નીતિ) માટે જ શ્રુતિ ભગવતિ ''स गच्छध्वं स वद ध्वं सं वो समांसि जीनताम्। देवा भागं यथा पूर्वे संजानाना

उपासते। समानो मन्त्रः समितिः समानी समानं मनः सह चित्तमेषाम्। समानं मन्त्रमभि मन्त्रये वः समानेन वो हविषा जुहोमि। समानी च आक्रूतिः समाना हृदयनि वः। समानमस्तु वो मनोयथा व सुराहासति॥ હે વીર મનુષ્યો! તમો સંગઠિત થઇને એક સાથે મળીને પ્રગતિ કરો, ઉન્નતિ તરફ વધો, રાગદ્વેષ તથા વેરભાવ આદિથી રહિત થઇ પ્રેમપૂર્વક પરસ્પર સંવાદ કરો. તમારા બધાના મન પવિત્ર અને ઉત્તમ સંસ્કારથી યુક્ત થાય જેમ પૂર્વકાળના મોટા મોટા જ્ઞાની લોક પોત પોતાના કર્તવ્યના વિભાગ કરતા આવ્યા છે તેજ પ્રમાણે તમો પણતમારા કર્તવ્યનો વિભાગ ઉત્તમ રીતથી કરો. આ પ્રમાણે વ્યવહાર કરવાથી તમોને અપેક્ષિત. ઉન્નતિ અવશ્ય પ્રાપ્ત થશે. તમારા બધાના ઉદ્દેશ્ય, વિચાર, ચિંતન અને ભાવના એક હોય તમારી આયોજિત સભા એક જેવી હોય અને સભામાં જવાનો બધાને એક સમાન અધિકાર હોય. તમારા બધાનું મન એક જ વિચારથી યુક્ત હોય, અર્થાત્ એક વિચાર વાળું હોય. બધાનું ચિત્ત એક જેવું હોય, તમો એક સાથે સંગઠિત બનીને રહેવાવાળા હોય. અતઃ તમો બધા એક વિચાર વાળા હોય અને ઉપભોગ હેતુ અન્નાદિ પ્રાપ્તિનો પણ સમાન અધિકાર પ્રાપ્ત કરવાવાળા હોવ તમારા બધાનો ધ્યેય-લક્ષ્ય એક સમાન હોય. તમારા બધાનો વિચાર હૃદયના ધબકારાની જેમ એક સમાન હોય. તમારા બધાનું મન એક સમાન મનન ચિંતન કરનારૂં હોય જેનાથો તમારા બધાનું બળ, પરાક્રમ તથા સામર્થ્ય પ્રબળ અને દુર્નિવાર બની જાય'' (ઋગ.૧૦/૧૯૧/૨-૪)'' આ પ્રમાણે માનવને ઉપદેશ આપે છે. (શ્લોક-૬૩) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને એકાકી રહેનાર તથા સમુહમાં રહેનાર કેવી અવનતિ તથા ઉન્નતિ પામે છે તેનું વર્ણન બે શ્લોક થી કરે છે.

શ્લોક - ૬૪ एवं मनुष्यमप्येकं
गुणैरपि समन्वितम्।
शक्यं द्विषन्तोमन्यन्ते

वायुर्द्रमनिवैकजम् ॥

શ્લોકાર્થ :- આ પ્રમાણે એકાકી મનુષ્ય ગુણોથી યુક્ત રહેતા પણ શત્રુઓ તેને નષ્ટ કરી દે છે જેને એકાકી વાયુવૃક્ષ ને નષ્ટ કરી દે છે.

શ્લોક - ૬૫ अन्योऽन्य समुपष्टम्भा

दन्यो न्यापाश्रयण च।

ज्ञातयः सम्प्रवर्धन्ते

सरसीवोत्पलान्युत ॥

શ્લોકાર્થ :- પરંતુ એક બીજાના સહારે એકબીજના સહયોગથી સમ્બન્ધિ પણ ઉન્નતિને પામે છે, જેમ કમળ સરોવરમાં ખીલે છે.

ચ.ટી :- અહીં આ બે દૃષ્ટાંતો દ્વારા નીતિકાર ભ્રાંત એવા ધૃતરાષ્ટ્રને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે અત્યંત દૃઢ મૂળ વૃક્ષપણ પ્રચંદ વાયુના વેગથી હાલી જાય છે અને અત્યંત કોમળ કમળના ફૂલ પણ એકબીજાને સહારે પ્રસન્ન રહે છે. એટલે માટે પરસ્પર ભેદભાવ છોડી પ્રસન્નતા પૂર્વક એકબીજા સાથે રહેવાનો વિચાર કરો અને દ્વેષભાવ છોડી દો. આ સંદર્ભમાં પંચતંત્રમાં એક કથા આવે છે જે અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે એક રાફડામાં હૃષ્ટ પુષ્ટ શરીરવાળો 'અતિદર્પ' નામનો કાળો સર્પ રહેતો હતો. એક સમયે તે બિલમાં નિકળવાના ઉત્તમ માર્ગને છોડી અન્ય નાના માર્ગમાંથી નીકળવા લાગ્યો શરીરથી વિશાળ હોવાથી તથા બિલનો માર્ગ સાકડો હોવાથી નિકળતા સમયે તેના શરીર પર ઘાવ પડી ગયો. ઘાવ પર પડેલા રૂધિરની ગંધ સુધી ચારે બાજએથી કીડીઓ આવી તેના શરીર પર વળગી પડી અને તેને લઇ તે અતિ વ્યાકુળ થઇ ગયો. તેણે કેટલીક કીડીઓને મારી નાંખી પરંતુ કીડીઓની સંખ્યા વધુ હોવાથી તેનો ઘા વધી ગયો અને અન્તે તે મૃત્યુ પામ્યો (પંચ/કાકો લૂકીયમ્)

કથાનો કહેવાનો તાત્પર્ય એ છે કે ભગામળી ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુ પણ બળવાનમાં બળવાન પ્રાણીને પરાસ્ત કરી શકે છે. જેમ અનેક કીડીઓએ બળવાન સર્પને પણ મોતને ઘાત ઉતારી દીધો માટે એકબીજાની સહાયથી જ કોઇપણ મહત્ કાર્ય શક્ય બને છે પણ એકાકી નહિ. માટે જ વિષ્ણુ શર્મા કહે છે કે- ''महानप्येकजोवृक्षः बलवान्सप्रतिष्ठितः। प्रसह्य इववातेन शक्यो धर्षयितुं यतः॥ વિશાળ, મજબૂત અને દૃઢમૂળ વૃક્ષ પણ વાયુથી બળ પૂર્વક ઉખાડી દેવાય છે એટલે માટે મનુષ્યે એકાકી ન રહેવું જોઇએ. (પંચ.કાકો.૫૩) '' अथ ये संहता वृक्षाः सर्वतः सुप्रतिष्ठिताः। तेन रौद्रानिलेनापि हन्यन्ते ह्येकसंस्रयात्॥ જે વૃક્ષ અંદરોઅંદર મળેલા છે, બધી બાજએથી મજબુત જડવાળા છે તે તેજ હવાથી પણ ઉખાડી શકાતા નથી. (પંચ. કાકો. ૫૪) ''एवं मनुष्यमप्येकं शौर्यणापि सम्बन्वितम। शक्यं द्विषन्तो मन्यन्वे हिंसन्ति च ततः परम्॥ એજ પ્રકારે પરાક્રમી પણ એકાકીને શત્રુ લોકો મારવાને યોગ્ય સમઝી લે છે અને ત્યારબાદ મારી પણ નાંખે છે.'' (પંચ કાકો. ૫૫) ''असहायः समर्योऽपितेजेस्वी किं करिष्यति। निर्वाते ज्वलितो वाह्निः स्वयमेव्र प्रशाम्यति। सङ्गतिः श्रेयसिमुंसां स्वपक्षे च विरोषतः। तुषैरपि परिभ्रष्टान परोहन्तिु तुण्डुलाः॥ પ્રતાપિ અને શક્તિશાળી પણ મનુષ્ય એકાકી શુ કરી શકે છે? કંઇ પણ નહિ. વાયુ શૂન્ય સ્થાનમાં સળગતિ અગ્નિ પણ હોલવાય જાય છે.'' (પંચ. કોકો. ૫૬) ''संङ्गति श्रेयसि पुंसां स्वपक्षे च विशेषतः। तुषैरपि परिभ्रष्टान परोहति तण्डुलाः॥ પુરૂષોનું પરસ્પર મળીને રહેવું ઉત્તમ છે, વિશેષ કરી પોતાના સજાતિયો સાથે રહેવું શ્રેષ્ઠ છે. જેમ તૃષ રહિતધાન તુષથી પૃથક્ થઇ જતા ઉગતા નથી.'' (પંચ. કોકો. ૫૭) ગંગાપુત્ર ભીષ્મ કહે છે- ''कश्चित्तरति काष्ठेन सुगभीरां महानदीम्। स तारयति तत्काष्ठं स च काष्ठेन तार्यते॥ કોઇક વ્યક્તિ ઉંડી અને

વિશાળ નદીને કાષ્ઠ દ્વારા પાર કરી શકે છે. તે વ્યક્તિ તે કાષ્ઠને પણ પાર કરી દે છે. અને તે કાષ્ઠ દ્વારા તેને પણ પાર કરાવાય છે. અર્થાત્ પરસ્પર સહયોગથી એકબીજાના કાર્ય થયા કરે છે.''(મહા.શાં. ૧૩૮/૬૨) શ્રુતિ ભગવદી પણ માનવને ઉપદેશ આપતા કહે છે- ''सगच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम्। તમો હળીણલીને ચાલો મળીને બોલો, તમારા વિચારોમાં હાર્દિક એકતા હોય'' (ઋગ.-૧૦/૧૧૧/૨) ''समानो मन्त्रः समितिः समानी समानं मनः सहचित्तमषाम्। તમારી મન્ત્રણા તમારી સભા સમિતિ, તમારૂ મન અને ચિત્તમાં એકતા થાય.'' (ઋગ-૧/૧૯૧/૩) ''समानी वआक्रूतिः समाना हृदयानिवः। समानमस्तु वो मनो यथा वः सुसहासति। તમારા વિચાર, હૃદય અને મનમાં એકતા હોય જેનાથી તમો સહ-અસ્તિત્વનું સુખ પ્રાપ્ત કરો.'' (ઋગ-૧/૧૯૧/૪) ''सहभक्षाः स्यात्-હળીમળીને ભોજન કરો. (અથર્વ-૬/૪૭/૧)'' ''सखयाविव सचाव है- પરસ્પર મિત્રની જેમ રહો.'' (અથર્વ-૬/૪૨/૧) यवाकु हि शचीनां युवाकु समतीनाम्। શક્તિઓનું સંગઠન કરો સદ્ વિચારોનું સંગઠન કરો.'' (ઋગ-૧/૧૭/૬/૪) '' तत् कृण्मो ब्रह्मो वोगृहे। ઘરમાં બધા મનુષ્યમાં એકતા અને સદ્વિચાર વધારો.'' (અથર્વ-3/30/૪) (શ્લોક- ૬૪-૬૫) હવે કોણ અવધ્ય છે તેનું વર્ણન કરાય છે-

શ્લોક - ૬૬ अवध्या ब्राह्मणो गावो

ज्ञातवः शिशवः स्त्रियः

येषां चान्नानि भुञ्जीत

ये च स्युः शरणागताः ॥

શ્લોકાર્થ :- બ્રાહ્મણ, ગાયો, સમ્બન્ધિજન, બાળકો, સ્ત્રિઓ, જેનું અન્ન ભક્ષણ કરાય છે અને શરણાં આવેલા હોય તે આ બધા જ અવધ્ય છે અર્થાત્ મારવા યોગ્ય નથી માટે આનો વધ ક્યારેય ન કરવો.

ચ.ટી :- સનાતન વૈદિક સંસ્કૃતિની આજ વિશેષતા છે કે બ્રાહ્મણ ગાય આદી પર પોતાના બળનો પ્રયોગ કરતા નથી અને તે બધાની રક્ષા કરે છે. આ સંબંધમાં દેવગુરૂ કહે છે ''यस्तु ब्रह्मध्नः स्त्रीघ्नो वा यस्तु वै पितृ घातकः। गवां शतसहस्त्रणां हन्ता भवति दुष्कृति॥ જે બ્રાહ્મણ સ્ત્રી હન્તા અથવા પિતૃઘાતક છે, તે દુષ્ટ કૃત્ય વાળો હજારો ગાયોનો હન્તા હોય છે.'' (બૃહસ્મ-. ૧/૨૭) વિષ્ણુ શર્મા કહે છે ''अवध्या ब्राह्मणो बाल:स्त्री तपस्वी च रोग भाक्। विहिता व्यङ्गिता तेषामपराधे महत्यपि॥ બ્રાહ્મણ, બાળક, સ્ત્રી, તપસ્વી અને રોગી આ બધા વધ કરવાને યોગ્ય નથી. આમાંથી કોઇનાથી પણ મોટો અપરાધ થઇ જાય તો પણ તેઓના ફક્ત અંગભંગ જ કરવા એવું ધર્મ શાસ્ત્રોએ બતાવેલું છે.'' (પંચ -મિત્ર-૨૧૪) વ્યાસજી કહે છે- ''मत्तं प्रमत्तमुन्मत्तं सुप्तं बालं स्त्रियं जडम्। प्रपन्नं विरयं भीतं न रिपुंहन्ति धर्मवत्॥ ધર્મવેત્તા પુરૂષ અસાવધાન ઉન્મત્ત, પાગલ, સૂતેલા, બાળક, સ્ત્રી, વિવેક જ્ઞાન શૂન્ય શણાગત, સથહિન અને ભયભીત શત્રુને ક્યારેય પણ મારતા નથી (ભાગ.૧/૭/૩૬) આ સન્દર્ભમાં કેટલાક ચરિત્રો અવલોકન કરવા યોગ્ય છે.

વાત એવી હતી કે મહાભારતના યુધ્ધના અઢારમાં દિવસે મધ્યે રાત્રીના સમયે અશ્વથ્થામાં એ કૃપાચાર્ય અને કૃત વર્માની સહાયથી યુધ્ધથી વિરામ પામી રાત્રીને વિશે ગાઢ નિદ્રામાં પોઢેલા પાંડવ પક્ષના સૈનિકો ધ્યુસ્તદ્યુમ્ન આદી મહારથિઓ તથા દ્રૌપદીના પાંચ પુત્રોને મોતને ઘાત ઉતારી દીધા અને તે ત્યાંથી પલાયન થઇ ગયો. પાછળથી પાંડવોને અશ્વથ્થામાંના આ કૃત્યની જાણ થતા

તેઓ અશ્વથ્થામાંને પકડી દ્રૌપદીની સન્મુખ ઉપસ્થિત કરે છે તે સમયે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને મૃત્યુ દંડ આપવાની આજ્ઞા કરે છે પરંતુ અશ્વથ્થામાં એક તો બ્રાહ્મણ અને ગુરૂપત્ર હોય અંર્જુનજી એને મૃત્યુદંડ આપવાને બદલે તેના મસ્તકનો મણી કાઢી લઇ તેને અપમાનિત કરી કાઢી મુકે છે. આમ અર્જુનજી જેવા શિષ્ટ પુરૂષે પણ બ્રાહ્મણ અશ્વથ્થામાંએ મૃત્યુ દંડને તુલ્ય અપરાધ કરેલો હોવા છતાં તેનો વધ ન કરેલો. (ભાગ.સ્કં. ૧)

મહાભારતના યુધ્ધનો દશમો દિવસ હતો. આજે અર્જુનના રથ પર શિખંડી ઉપસ્થિત હતો. શિખંડી જન્મે સ્ત્રી હતો પણ એક મહાદેવજીના સેવક યક્ષની કૃપાથી તે સ્ત્રીમાંથી પુરૂપ થઇ ગયો હતો. ગંગાપુત્ર ભીષ્મ હજ પણ તેને સ્ત્રી રૂપે જ જોતા હતા એટલે મહાભારતના યુધ્ધમાં શિખંડીની આડ લઇને અર્જુને ભીષ્મ પણ બાણોની વૃષ્ટિ કરી છતા શિખંડી અર્જુનની ઢાલ બની ઉભો રહ્યો હોવાથી ભીષ્મ તેના પર બાણ ચલાવતા નથી. આ પ્રમાણે આપ્ત પુરૂષ એવા ગંગાપુત્ર ભીષ્મ એ પણ સ્ત્રીનો વધ કરેલો ન હતો. (મહા. ભીષ્મ)

નલ અને નીલ બાલ્યાવસ્થામાં પોતાના સ્વભાવવશ અતિ ચંચળ પ્રકૃતિના હતા ઋુષઓના આશ્રમમાં જઇ ઘણો ઉત્પાદ મચાવતા ઋષિઓની નાની મોટી વસ્તુઓ લઇ એઓ જળમાં પધરાવી દેતા અને પછી કિલકિલાટી કરતા. ઋષિમુનિઓ તેઓની આ સ્વાભાવિક ક્રિયાથી તેઓ પર ક્રોધ ન કરતા પણ જ્યારે તેઓનો ઉપદ્રવ અતિશય વધી ગયો ત્યારે ઋષિમુનિઓએ તેઓને પસસ્પર મંત્રણા કરી એક શાપ રૂપ આશીર્વાદ આપ્યો કે 'હવે તમો જળમાં જે પણ કંઇ વસ્તુ નાખશો તે જળમાં તરતી રહેશે.' અને તેઓ તે પછી જળમાં કંઇપણ નાખતા તે તરતી રહેતી. આમ ઋષિઓએ બાળ નલ અને નીલ ના

અપરાધને પણ મનમાં ન લાવી તેને તેના અપરાધ બદલ શીક્ષા ન કરી હતી (કૃતવાસ રામાયણ)

પાંચેય પાંડવો અને મહારાણી દ્રોપદી ધુતમાં થયેલા કરાર મુજબ બાર વર્ષનો વનવાસ પૂર્ણ કરી એક વર્ષનો અજ્ઞાતવાસ વિરાટ રાજા ને ત્યાં વિતાવતા હતા. અજ્ઞાતવાસ દરમ્યાન મહારાજ યુધિષ્ઠિર કંકનો વેશ ધારણ કરી વિરાટ રાજને ધુતક્રીડા શિખવતા હતા અને અર્જન બ્રિહન્નલાનો વેશ ધારણ કરી વિરાટ નરેશની પુત્રી ઉત્તરાને નૃત્ય શિખવતા હતા. જ્યારે ભીમસેન બલ્લવનો વેશ ધારણ કરી વિરાટ રાજાની પાકશાળા સાચવતા હતા. તે સમય દરમ્યાન સૈરેન્દ્રિના વેશમાં રહેતી દ્રોપદી પર કુદૃષ્ટિ કરવાના ફળ રૂપે વિરાટ નરેશનો સાળો કિચક ભીમસેનના હાથે માર્યા જાય છે. કિચક વધના સમાચાર કૌરવોને ગુપ્તચરો દ્વારા પ્રાપ્ત થાય છે ત્યારે તેઓને કિચક વધ કર્યાની શંકા પાંડવો પર જાય છે અને તેને લઇ તેઓ સૈન્ય લઇ વિરાટ નગર પર આક્રમણ કરે છે. અને વિરાટ રાજાની ગોધનનું અપહરણ કરી લે છે. તે સમયે વિરાટ નરેશ અન્ય સ્થાનપર યુદ્ધમાં રોકાયા હોય છે તેમનો પુત્ર ઉત્તર કુરૂ સેનાનો સામનો કરવા તયાર થાય છે તે સમયે યુધિષ્ઠિર મહારાજના કહેવાથી ઉત્તર બ્રિહન્નલાને સારથિ તરીકે નિયુક્તિ કહે છે. પરંતુ રણમેદાનમાં આવતા જ કુરૂસેના રૂપી સમુદ્રને જોઇ ઉત્તર ભય પામી રણમેદાન છોડી પલાયન કરવાની તૈયારી કરવા લાગ્યો. ત્યારે બ્રિહન્નલા બનેલા અર્જને તેને શાન્ત્વના આપી અને તેને સારથી તરીકે નિયુક્ત કરી તેના સ્થાન પર પોતે રથીના સ્થાન પર રહી યુદ્ધ કરવા લાગ્યો અને સંપૂર્ણ કુરૂસેનાનો પરાજિત કરી વિરાટ રાજાના ગોધનને પરત લઇ આવ્યો. આ તરફ યુદ્ધમાં શત્રુને પરાજિત કરી વિરાટ નેરશ મહેલમાં આવતા તેઓને સમાચાર મળ્યા કે વિરાટ નગર પર કુરૂસેનાએ આક્રમણ કરેલુ છ અને

બ્રિહન્નલાને સારથિ બનાવી ઉત્તર તેઓનો સામનો કરવા માટે ગયો છે ત્યારે તેઓ શોકાતુર થઇ ગયા પરંતુ જ્યારે તેઓના એવા સમાચાર મળ્યા કે ઉત્તરે કુરૂસેનાને પરાસ્ત કરી દીધી ત્યારે તેઓ અત્યંત પ્રસન્ન થયા. ત્યારે રાજાની પાસે ઉપસ્થિત રહેલા કંક તેઓ પ્રત્યે બોલ્યા કે- 'રાજન! બ્રિહન્નલા જેની સારથી હોય તેનો વિજય તો નિશ્ચિત જ હોય' આ પ્રમાણે જ્યારે કંક યુધિષ્ઠિર બોલ્યા એટલે રાજા વિરાટ ક્રોધાયમાન થઇ ગયા અને કંક પ્રત્યે બોલ્યા 'દુષ્ટ! મારા પુત્રના વિજયમાં તુ એક નપુંસકને નિમિત્ત માને છે.' આ પ્રમાણે કહી રાજાએ પોતાના હાથમાં રહેલા પાસાનો ઘા કંકના મુખ પર કર્યો જેને લઇ કંકના મુખમાંથી રક્ત વહેવા લાગ્યુ. ત્યારે સમિપમાં ઉભેલી સૈરેન્દ્રિએ જળનું પાત્ર લાવી કંકને આપ્યુ અને કંકે શીઘ્ર જળથી પોતાના મુખને ધોઇ નાખ્યુ અને પછી તેઓ સરેન્દ્રિ પ્રત્યે બોલ્યા- ''સૈરેન્દ્રિ! બ્રિહન્નલા - અર્જન હમણા ઉત્તર ને સાથે લઇ આવી લાગશે અને તે મારા રક્તને જોશે તો રાજાને મોતને ઘાત ઉતારી દેશે. આપણે વિરાટ રાજાનું અન્ન ખાધુ છે. અજ્ઞાતવાસ દરમ્યાન આપણે તેના ઘરે સુરક્ષિત રહ્યા છીએ માટે આપણે એના ઋણી છીએ અને અન્નદાતાનો વધ એ યોગ્ય નથી માટે તુ અર્જનને કંઇ કહેતી નહિ.'' (મહા. વિરાટ) આમ યુધિષ્ઠિર મહારાજે પણ અન્નદાતાનો વધ કરેલો નથી.

પોતાના માતા-પિતાની આજ્ઞાથી ભગવાન શ્રીરામ, લક્ષ્મણ અને માતા જાનકી વનવાસ દરમ્યાન ચિત્રકુટમાં વાસ કરતા હતા એક દિવસ ની વાત હતી ભગવાન શ્રીરામ જાનકીજીની ગોદમાં મસ્તક મૂકી સુતા હતા એવા સમયમાં દેવરાજ ઇન્દ્રનો પુત્ર જયંત સીતાજીના સૌન્દર્ય પર મુગ્ધ થઇ કાગડાનું રૂપ લઇ તેમની પાસે આવી પોતાની ચાંચથી તેના વક્ષઃ સ્થલને વિદિર્ણ કરી દે છે. પોતાના સ્વામીની નિદ્રા ભંગ ન થાય એટલે માટે સીતાજી તેની આ ચેષ્ટા સહન કરી લે છે

પણ માતાના હ્રદયમાં કાકના ચંચુ પ્રહાર થી વ્રણ પડી ગયો અને તેમાથી રક્તની ધારા વહેવા લાગી અને તે રક્તની ધારા ભગવાન શ્રીરામનો સ્પર્શ થયો એટલે તેઓ જાગી ગયા અને તેઓએ સીતાજીનું સામું જોયું તો તેઓ રડતા હતા. ભગવાનશ્રીરામે આજબાજ જોયુ અને પછી તેઓની નજર સામે વૃક્ષ પર બેઠેલા કાગડા પર ગઇ અને કાગડાની લોહીથી ભિંજાયેલી ચાંચ જોઇ શ્રીરામને સમઝતા વાર ન લાગી તેઓએ ક્રોધાયમાન થઇ એક દર્ભની સળી હાથમાં લઇ તેને બ્રહ્માસ્ત્રના મંત્રથી અભિમંત્રિત કરી કાકરૂપ ધારી જયંત પર છોડી જયંતે જોયું કે રામનું બ્રહ્માસ્ત્ર મારો ઘાત કવા મારી સમિપમાં આવી રહ્યુ છે એટલે તે ત્યાંથી પલાયન થઇ ગયો. પરંતુ તે જ્યાં જાય ત્યાં બ્રહ્માસ્ત્રએ તેનો પીછો છોડયો નહિ. તે બ્રહ્માસ્ત્ર થી બચવા જે જે દેવતા પાસ ગયો તે બધાએ જ તેની રક્ષા કરવાની સ્પષ્ટ મનાઇ કરી દીધી. અંતે હારી થાકી તે નારદજીના કહેવાથી શ્રી સીતારામ ના જ શરણને પામ્યો. ત્યારે પોતાના શરણને પામેલા જયંતનો શ્રીરામે વધ ન કર્યો પણ બ્રહ્માસ્ત્રનું માન રાખવાને અર્થે જયંતનું એક નેત્ર ભંગ કરી એક નેત્રમાં બે નેત્રની જોવાની શક્તિ આપી તેને જવા દીધો. (વા. રામા.) આમ શ્રીરામે પણ શરણાગતનો વધ કરેલો ન હતો.

વૈવસ્વત મનુના ઇક્ષ્વાકુ આદિ દશ પુત્રો માંથી એક 'પૃષધ્ર'નામના પુત્ર હતા. ગુરુ વશિષ્ટજીએ તેને ગાયોની રક્ષાનું કાર્ય સોપેલુ એક સમયે રાત્રી વેળાએ તે ઘણી સાવધાની પૂર્વક વીરાસનમાં બેસી ગાયોની રક્ષા કરતા હતા તે સમયે અચાનક ગાયોના ટોળામાં એક વાઘ ઘૂસી આવ્યો. તેનાથી સૂઇ ગયેલી ગાયો ગભરાઇને ઊભી થઇ ગઇ અને ગૌશાળામાંજ આમ તેમ દોડવા લાગી તે વખતે બળવાન વાઘે એક ગાયને પકડી લીધી એટલે એ ઉચ્ચ સ્વરે રંભાવા લાગી તેનું રંભાવાનું સાંભળીને પુષધ્ર ગાય પાસે દોડો આવ્યો. તે દિવસે ઘોર

રાત્રી નો સમય અને વરસાદ પણ વરસતો હોય તારા પણ દેખાતા ન હતા તેણે બે હાથમાં તલવાર ઉઠાવી પ્રહાર કર્યો પણ તેના તલવારથી વાઘને બદલે ગાય મૃત્યુ પામી પુષધ્રને એમ કે મારા પ્રહારથી વાઘ મૃત્યુ પામ્યો છે. પણ પ્રાતઃ કાળે સૂર્યના પ્રકાશમાં જોયું તો ગાય મૃત્યુ પામેલી. તેણે આ કર્મ અજાણ્યે કર્યુ છતા તેના કુળપુરોહિત વશિષ્ટ તેને શાપ આપતા બોલ્યા 'રે દુષ્ટ! તુ તારા આ કર્મથી ક્ષત્રિયત્વ છોડી શુદ્ર થઇ જા.' (ભાગ. સ્કં. ૯) આમ અજાણતાથી પણ પુષધ્રએ અવધ્ય એવી ગાયનો વધ કર્યો તો તેણે ગુરૂના શાપના ભાજી થવુ પડયું.

ભગવાન શ્રીરામને ધરાતલ પર અવતાર ધારણ કરી અગિયાર હજાર વર્ષનો સમય પૂર્ણ થઇ ગયો હતો. ત્રેતાયુગમાં મનુષ્યની જેટલી આયુમર્યાદા તેઓએ નક્કી કરેલી હતી તેનાથી પણ અધિક સમય વ્યતિત થઇ ચૂકયો હતો. એટલે બ્રહ્માજીની પ્રેરણાની કાળ દેવતા બ્રાહ્મણ નું રૂપ ધારણ કરી શ્રીરામ પાસે આવ્યો અને તેમના પ્રત્યે બોલ્યો 'પ્રભુ! બ્રહ્માજીએ અમોને તમારી પાસે ગુપ્ત મંત્રણાને અર્થે મોકલેલા છે, પરંતુ આપણી આ મંત્રાણામાં કોઇ મધ્યમાં આવે તો તમારે તેને મૃત્યુ દંડની સજા આપવી.' રામે કહ્યુ 'એવમસ્તુ' તે પછી શ્રીરામે લક્ષ્મણજીને દ્વાર ઉપર ચોકસી માટે ઉભા રાખ્યા અને કાળની સાથે મંત્રણા કરવા લાગ્યા એવા સમયમાં મહર્ષિ દુર્વાસા શ્રીરામના દર્શનના ઉદ્દેસ્યથી અયોધ્યા આવ્યા અને તેઓશ્રી રામના મહેલમાં પ્રવેશ કરવા જતા હતા ત્યાં દ્વાર પર લક્ષ્મણજીએ તેઓને રોકયા અને કહ્યુ 'દેવ! શ્રીરામ હાલમાં જરૂરી મંત્રણામાં રોકાયા છે એટલે આપ થોડીવાર પ્રતિક્ષા કરો.' ત્યારે દુર્વાસા ક્રોધાયમાન થઇ લક્ષ્મણજી પ્રત્યે બોલ્યા 'લક્ષ્મણ! તુ શીઘ્ર જઇ શ્રીરામને ખબર આપ કે મહર્ષિ દુર્વાસા આવેલા છે. જો તુ આમ ન કરશે તો હું સમસ્ત રઘુકુળને શાપ આપી દઇશ.' લક્ષ્મણજી મનોમન વિચારવા લાગ્યા કે 'જો હ્ દુર્વાસા આવ્યાની ખબર

આપવા ન જાવ તો મહર્ષિ, રઘુકુળને શાપ આપી દેશે અને જાવ તો મંત્રણામાં ભંગ પડતા શ્રીરામ મને મૃત્યુદંડ આપી દેશે માટે સમસ્ત રઘુકુળને મહર્ષિનો શાપ થાય એના કરતા મને એકને જ મૃત્યુદંડ મળતો હોય તો તે ઉચિત છે.' આ પ્રમાણે નિશ્ચય કરી લક્ષ્મણજી શ્રીરામની પાસે આવ્યા તે સમયે કાળ પોતાના મૂળરૂપે શ્રીરામ સાથે મંત્રણા કરતો હતો. અચાનક લક્ષ્મણજીને આવેલા જોઇ કાળ અદૃશ્ય થઇ ગયો અને લક્ષ્મણજીએ શ્રીરામને દુર્વાસાના આવ્યાના સમાચાર આપ્યા શ્રીરામે દુર્વાસાને પોતાના દર્શન આપ્યા અને દુર્વાસા વિદાય થયા તે પછી શ્રીરામે કાળ પાસે જે પ્રતિજ્ઞા કરી હતી તે સત્ય કરવા લક્ષ્મણજીને મૃત્યુદંડ આપવા તૈયાર થયા. પરંતુ લક્ષ્મણજી એક તો સમ્બન્ધમાં પોતાના સગા ભાઇ અને અનન્ય સેવક છે તેને તેઓ મૃત્યુ દંડ આપતા સંકોચ અનુભવ કરતા હતા. તેઓએ પોતાના મનનો ભય પોતાના ગુરૂને નિવેદન કર્યો ત્યારે ગુરૂવશિષ્ટ બોલ્યા 'રાજન્! કોઇને મૃત્યુ દંડ આપવામાં આવે કે તેનો ત્યાગ કરવામાં આવે એ બંને સમાન હોય છે, લક્ષ્મણ તમારા કનિષ્ટ ભ્રાતા છે તેઓને મૃત્યુ દંડ આપવો એ યોગ્ય નથી માટે આપ એનો ત્યાગ કરો' ગુરૂની વાત સાંભળી ભગવાન શ્રીરામે તેમજ કર્યુ અને તેઓએ લક્ષ્મણજીનો ત્યાગ કર્યો. (વા. રામા./ઉત્તર) આમ શ્રીરામે પણ વાંકમાં આપવવા છતા પોતાના સંબંધિનો વધ કરેલો ન હતો.

અહી ગૂઢાર્થમાં વિદુરજી ધૃતરાષ્ટ્રને એવું કહે છે કે 'રાજન્! પાંડવો પણ સંબંધમાં તમારા અનુજ પાંડુના પુત્રો હોય તમારે પણ તેઓની રક્ષા કરવાની છે પણ વધ નહિં. (શ્લોક-૬૬) હવે નીતિકાર નિરોગીતા અને રોગી વિશે તાવ કરે છે-

<u>**શ્લોક - ૬૭**</u>   न मनुष्ये गुण: कश्चिद्

राजन राधनता मुते।

अनातुरत्वाद् भद्रं ते

मृतकल्पा हि रोगिण: ॥

શ્લોકાર્થ :- હે રાજન્! નિરોગીતા અને ધનિકતાને ત્યાગ કરી મનુષ્યમાં કોઇ ગુણ નથી. હે રાજન્! તમારૂ કલ્યાણ થાવ, રોગી તો મૃત થયેલા બરાબર જ છે.

ચ.ટી :- સ્વાસ્થ પ્રમાણે ભોગ કરવા માટે સામગ્રી મળી જાય તો તેના સિવાય સંસારમાં કોઇ વસ્તુ શ્રેષ્ઠ નથી. એટલે માટે સ્વાસ્થની સાથે ધનનું મહત્વ બતાવેલુ છે. સ્વાસ્થ પણ ત્યારેજ સારૂ રહી શકે છે કે જ્યારે માનવ પાસે ધન હોય કારણ કે ધન દ્વારા જ માનવ ઉપભોગની સામગ્રી એકઠી કરી શરીરને સ્વસ્થ રાખી શકે છે માટે ધન હોવું પણ જરૂરી છે પરંતુ કેટલીક વખત એવું પણ જોવા મળે છે કે માનવ પાસે ધન હોવા છતાં તે અસ્વસ્થ હોય છે માટે બીજા કોઇ પાસે ધનનો અભાવ હોવા છતા તે સ્વસ્થ હોય છે માટે જ વેદ ભગવાન ''त्रायन्तामिमं देवास्त्रायन्तां मरुतां गणा:। त्रायन्तां विश्वा भूतानि यथायमरपा असत्॥ હે દેવા! આ રોગીની રક્ષા કરો, હે મરૂતોના સમુહ! રક્ષા કરો બધા પ્રાણિઓની રક્ષા કરો, જેનાથી આ રોગી દોષ રહિત થાય.'' (અથર્વ કા. ૪/૧૩) આ પ્રમાણે રોગી રોગ મુક્ત થવાની પ્રાર્થના કરે છે. કારણ કે રોગી તો મૃત સમાન જ હોય છે. વિષ્ણુ શર્મા કહે છે- ''जीवन्तोऽपिमृता:- पञ्चश्रूयन्ते किलभारते। दरिद्रो व्याधितो मूर्ख: प्रवासी नित्य सेवक: ॥ મહાભારતમાં પાંચ પ્રકારના જીવો જીવતા હોવા છતા પણ મૃત કહેલા છે દરિદ્ર, રોગથી પીડિત, મૂર્ખ, પ્રવાસી અને નિત્ય સેવા કરનારો.'' (પંચ.મિત્ર. ૨૮૯) માટે રોગની ઉપેક્ષા કરવાની મનાય કરેલ છે. કારણ કે રોગી રોગની ઉપેક્ષા કરે અને માનવ શત્રુની ઉપેક્ષા કરે તો તે અંતે ઘાતક સિધ્ધ થાય છે. કહ્યુ પણ છે - ''य उपेक्षेत शत्रुं स्वं पसरन्तं यदृच्छया। रोगं

चालस्य संयुक्तः स शनैस्तेन हन्यते। જો માનવ આળશ વશ મનમાની રીતે વધતા પોતાના શત્રુ અને રોગની ઉપેક્ષા કરી દે છે તો તે ધીરે ધીરે એટલા પ્રભાવ પૂર્ણ થઇ જાય છે કે તેના દ્વારા તે મરાય છે.'' (પંચ.કા.કો. ૩-૨) ''हिताशी स्यान्मिताशीस्यात् कालभोजी जितेन्द्रियः। पश्यन् रोगान् बहुकष्टान् बुद्धिमान् विषमाशनात्॥ બુદ્ધિમાન મનુષ્ય પ્રતિકૂળ ભોજનને અનેક રોગો અને કષ્ટોનું જનક સમઝતો રહી હિતકારી અને પરિમિત ભોજન સમય અનુસાર કરે અને પોતાની ઇન્દ્રિયોને નિયંત્રણમાં રાખે.'' (ચરકસંહિતા/નિદાન સ્થાન/૬/૧૨- આમ પ્રતિકુળ ભોજન અનેક રોગોના ઘર રૂપ થાય છે માટે અનુકુળ ભોજન કરવાનું કહ્યું.) (શ્લોક-૬૭) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને ક્રોધ ને ત્યાગ કરવાનું કહે છે-

(૬૯) ક્રોધનું સ્વરૂપ :-

શ્લોક - ૬૮ अव्याधिजं कटुकं शीर्षरोगि
पापबन्धुं पुरुषं तीक्ष्णमुष्णम्।
सतां पेयं यन्न पिबन्त्यसन्तो
मन्यु महाराज पिब प्रशाम्य॥

શ્લોકાર્થ :- હે ધૃતરાષ્ટ્ર! જે વગર વ્યાધિએ ઉત્પન્ન, કટુ, મસ્તકમાં પીડા ઉત્પન્ન કરનાર, પાપાથી લિપ્ત કઠોર, તીક્ષ્ણ અને ઉષ્ણ તથા જેનો સજ્જનો જ પાન કરી શકે છે પણ દુર્જન નહિ, એવા તે ક્રોધને આપ પી જાવ તથા શાન્ત થઇ જાવો.

ચ.ટી :- અહીં નીતિકારનું કહેવાનું તાત્પર્ય એ છે કે- ધૃતરાષ્ટ્ર એક તો જન્મથી જ પ્રજ્ઞાચક્ષુ- અંધ હતા ભલે તેઓ વિચિત્રવિર્યના જયેષ્ઠ પુત્ર હતા પરંતુ રાજનીતિ પ્રમાણે કોઇપણ નેત્રહીન માનુષ્યરાષ્ટ્રનો નાયક બનવાને યોગ્ય નથી

કારણ જે રાજા પોતે નેત્રહીન હોય તે પ્રજાનું માર્ગદર્શન ન કરી શકે એટલે માટે જ્યારે ગંગાપુત્ર ભીષ્મે જયેષ્ટ હોવાથી ધૃતરાષ્ટ્રને હસ્તિનાપુરના રાજસિંહાસન પર બેસાડવાનું વિચાર્યુ ત્યારે વિદૂરજીએ તેઓના આ નિર્ણય પર પ્રશ્ન ઉઠાવ્યો એટલે ભીષ્મે ધૃતરાષ્ટ્રના સ્થાન પર પાંડુ ને રાજા બનાવ્યા અને પાંડુ જ્યારે એક દુર્ઘટના વશ પરલોક વાસી થયા ત્યારે અન્ય કોઇ વિકલ્પ ન હોવાથી પ્રજ્ઞાચક્ષુ એવા ધૃતરાષ્ટ્રને રાજ્યાસિંન કરવા પડયા રજ્યાસિન થયા બાદ ધૃતરાષ્ટ્ર એવું ઇચ્છતા હતા કે મારા પછી મારો પુત્ર દુર્યોધન હસ્તિનાપુરનો ઉત્તરાધિકારી થાય જ્યારે બીજી બાજ પ્રજાજનો અને કુરૂકુલના વૃધ્ધ પુરૂષો એવું ઇચ્છતા હતા કે ધૃતરાષ્ટ્ર પછી સર્વ પ્રકારે યોગ્ય એવા પાંડુના જયેષ્ઠ પુત્ર યુધિષ્ઠિર રાજા બને અને તેને લઇ દુર્યોધને યુધિષ્ટિર આદિ પાંડવો પર લાક્ષાગૃહ, ધુતક્રીડા ભવનમાં કપટ આદી અમાનવિય જલમ કર્યા અને એ બધા ષડયંત્રોમાં આડકતરીતે ધૃતરાષ્ટ્રની સંમતિ હતી અને હજ પણ ધુતમાં થએલા કરાર મુજબ તે પાંડવોને તેનો દાય ભાગ આપવા તૈયાર નથી અને તેઓ પર દ્વેષભાવ ધરાવે છે એટલે નીતિકાર તેઓને ક્રોધનો ત્યાગ કરી શાંત રહેવા જણાવે છે કારણ કે ક્રોધના આવેશથી આવૃત્ત થયેલો માનવ ન કરવા યોગ્ય કાર્ય કરી બેસે છે. આ સંબંધમાં રાવણના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે રાવણની બહેન સૂર્પણખાના લગ્ન કાલકેયના પુત્ર વિદ્યુત જીહ્વા સાથે થયા હતા જે કાલકેય નામના દાનવનો સેનાપતિ હતો. એક સમયની વાત હતી રાવણે કાલકેય નામના દાવનો પર આક્રમણ કર્યુ તે સમયે વિદ્યુત જીહ્વા સેના સજ્જ કરી રાવણ સાથે લડવા આવ્યો તે સમયે ક્રોધથી અત્યંત ઉન્મત્ત થયેલો રાવણ જાણતો હોવા છતા તેણે સમારાંગણમાં પોતાના બનેવી વિદ્યુત જિજહવાને તલવારથી કાપી નાખ્યો અને પોતાની બહેનને વિધવા બનાવી દીધી અને પછી

તેને સુપર્ણખાએ ખૂબ ખરી ખોટી સંભળાવી હતી. (વા. રામા. ઉત્તર/સર્ગ-૨૩) માટે જ હનુમાનજી મહારાજ કહે છે ''वाच्यां वाच्यं प्रकुपितो न विजानतिकर्हिचित्। नाकार्यमस्ति क्रुद्धस्य नाऽवाच्यं विद्यते क्वचित्॥ ક્રોધ આવિષ્ટ વ્યક્તિને માટે ક્યાંક પણ કથનિય તથા અકથનિય કંઇપણ થતુ નથી ક્રોધથી પૂર્ણ વ્યક્તિ માટે કંઇપણ એવું નથી કહી શકાતુ જેને તે ક્યાંયપણ નહિ કહી શકે અને ન કરી બેસે અર્થાત્ ક્રોધાવિષ્ટ બધાનુ જ અનિષ્ટ કરી શકે છે તથા બોલી શકે છે.'' (વા.રામા/સુંદર/૫૫/૫) વંશમપાયન કહે છે- ''हिंस्यात् क्रोधादवध्यांस्तु वध्यान् सम्पूजयेत च। आत्मानमपि च क्रूद्धः प्रेषयेद् यमसादनम्॥ ક્રોધથી પરિપૂર્ણ વ્યક્તિ ન મારવા યોગ્ય વ્યક્તિને મારી શકે છે અને મારવા યોગ્ય લોકોને પુજી શકે છે અને પોતે પોતાને પણ આત્મહત્યાદિ કરી મારી શકે છે.'' (મહા.વન. ૨૯/૬) મતસ્ય ભગવાન કહે છે. ''क्रोधेन नस्य ते कीर्तिः क्रोधोहन्ति स्थिरां श्रियन्। ક્રોધ કરવાથી કીર્તિ નષ્ટ થઇ જાય છે અને ક્રોધ સુસ્થિર લક્ષ્મીનો પણ વિનાશ કરી દે છે.'' (મત્સ્ય પુ. ૧૫૮/૪) આચાર્ય શંકર કહે છે ''अन्धी करोमि भुवनं भुवनं बधिरोकरोमि धीरं सचेतनमचेतनतां नयामि। कृत्यं न पश्यति न येन हितं श्रुणोति धीमान धीतमपि न प्रतिसन्दधाति॥ ક્રોધ આવવાથી માનવ અંધ થઇ જાય છે, તે પોતાની કે પારકાની ઓળખાણ કરી શકતો નથી. તે જ પ્રમાણે બધીર થઇને કોઇપની પણ હિતકારી વાત સાંભળવા તૈયાર થતો નથી. ક્રોધ સમઝદાર અને ધૈર્યશાળી માનવને પણ અવિવેકી બનાવી છે, જેનાથી તે ન તો કર્તવ્યને જવે છે અને ન તો લાભપ્રદ વાતને સાંભળે છે. ક્રોધથી યુક્ત બુધ્ધિમાન વ્યક્તિ પણ પોતાના અધ્યયન દ્વારા ઉપાર્જિત જ્ઞાન પર ધ્યાન આપતો નથી.'' (પ્રોબધ સુ.સા. ૨/૨૯) ભગવાન સ્વામિનારાયણ પણ કહે છે- ''જેમ સોનીના છોકરા, સ્ત્રી હોય તે પારસ્ત કરી તેને હાથ આવે તો કાંઇક સોનુ ચોરી જાય તેમ ઇન્દ્રિયો

અંતઃકરણ એ સર્વેમાયારૂપે જ સોની તેના છોકરાં સ્ત્રી છે તે કંચન રૂપ જે ચૈતન્ય તેને વિષે ત્રણ ગુણ તથા પંચ વિષયમાં આશક્તિ તથા દેહાભિમાન તથા કામ, ક્રોધ, લોભાદિક એ રૂપ રૂપુ તેને ભેંળવીને જ્ઞાન વૈરાગ્યાદિક ગુણ રૂપ જે સોનુ તેનેકાઢી લે છે.'' (વ.મૃત. ગ.મ. ૫૬) એટલે જ માટે સુભાષિત ''क्रोधो मूलमनर्थानां क्रोध: संसारबन्धनम्। धर्मक्षयकर: क्रोधस्तस्मात् क्रोधं विवर्जयेत्॥ ક્રોધ બધા સંકટોની જડ છે, ક્રોધ જ જન્મ મરણના ચક્કરમાં ફસાવનાર છે, ક્રોધ ધર્મનો વિનાશ કરી દે છે, અંતઃ ક્રોધ ક્યારેય પણ ન કરવો.!! આ વચનથો ક્રોધને સર્વ સંકટોની જડ કહી તેને ત્યાગવાનો ઉપદેશ આપે છે. (શ્લોક-૬૮) હવે નીતિકાર રોગીની વિકળતા વિશે ધૃતરાષ્ટ્રને કહે છે-

(૭૦) રોગીની અવસ્થા :-

શ્લોક - ૬૯ रोगार्दिता न कलान्यान्द्रियन्ते

न वै लभन्ते विषयेषु तत्त्वम्।

दु:खो पेता रोगिणो नित्यमेव

न बुध्यन्ते धनभोगान्न शौरव्यम्॥

શ્લોકાર્થ :- રોગથી વ્યાકુળ થયેલો માનવ ફળોનો પણ આદર કરતો નથી, તથા વિષયોના ભાગોમાં પણ તેને કોઇસાર મળતો નથી. રોગી નિત્ય દુઃખી રહે છે, તે ધનનો તથા સુખોને પણ જાણતો નથી.

ચ.ટી :- અહીં નીતિકારનો કહેવાનો અભિપ્રાય એવો છે કે હે રાજન! તમો વંશપરંપરાથો પ્રાપ્ત એવા સમૃધ્ધ રાજ્યના રાજા હોવા છતા અસંતુષ્ટ છો. તમારી વધુ પડતી તૃષ્ણા અને ઉચ્ચાકાંક્ષાને કારણે જ તમો આ સમૃધ્ધ રાજ્ય સંપત્તિનો ઉપયોગ કરી શકતા નથી. તમારી આ વધુ પડતી તૃષ્ણા અનેઉચ્ચાકાક્ષા રૂપી

રોગ જ તમારા પતન નું કારણ બનશે. (શ્લોક-૬૯) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને ધુતક્રીડામાં ઘટેલી ઘટના સ્મરણ કરાવે છે-

શ્લોક - ૭૦ पुरा ह्यक्तं नकरोस्त्वं वचो मे

द्यूते जितां द्रौषदीं प्रेक्ष्य राजन्।

दुर्योधन वारयेत्यक्षवत्यां

कितवत्वं पण्डिता वर्जयन्ति॥

શ્લોકાર્થ :- હે રાજન્! ધુતમાં દ્રોપદીને જીતાયેલી જોઇ અમે પહેલા જ કહેલુ હતુ કે ધુતક્રીડામાં આસક્ત એવા દુર્યોધનને રોકો. વિદ્વાન લોકો ધુત જગારનો નિષેધ કરે છે. પરંતુ તમોએ અમારા વચન માન્યા નહિ.

ચ.ટી :- જે સ્થાન પર ધુતક્રીડા થતી હોય ત્યાં કલિનો પ્રવેશ હોય છે કારણ કલિને રહેવાનું સ્થાન તે જ છે એટલે કલિના નિવાસથી દુષિત થયેલ સ્થાનમાં વિવાદ અવશ્ય થાય જ. અને વિવાદ થતા તે સ્થાન અનિષ્ટતાનું કારણ બને છે. આ સન્દર્ભમાં એક કથા અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે ભગવાન શ્રીકૃષ્ણ ના પૌત્ર અનુરૂધ્ધના વિવાહ રૂકિમ એ પોતાની પૌત્રી રોચના સાથે કર્યા હતા. ખરેખર જોવા જાય તો આ વિવાહ ધર્મ અનુકુળ ન હતો પરંતુ રૂકિમ એ કેવળ પોતાની બહેન રૂકિમણીને પ્રસન્ન કરવા ને અર્થે આ વિવાહ કરેલો. આ વિવાહમાં દ્વારકાથી બધા યાદવો રૂકિમના નગર એવા ભોજકટ આવેલા. જ્યારે વિવાહ સમાપ્ત થઇ ગયા ત્યારે રૂકિમના મિત્રો એવા કલિંગ નરેશ આદિ ઘમંડિ નરપતિઓએ રૂકિમને કહ્યું ‘તમો બળદેવજીને પાસાની રમત એવ ધુત્ત ક્રીડામાં જીતી લો. બલરામજીને પાસા નાખતા તો આવડતા નથી, પણ તેઓને ધુત રમવાનું વ્યસન છે.’

આ પ્રમાણે તે લોકોએ ઉત્તેજીત કરવાથી રૂક્મિએ બલરામજીને પોતા સાથે ધુત રમવા માટે કહ્યુ રૂક્મિના આવાહન પર બલરામજી ધુત રમવા આવ્યા અને સર્વ પ્રથમ તેઓએ સો, પછી હજાર મહોરનો દાવ લગાવ્યો. તેને રૂક્મિએ જીતી લીધો. રૂક્મિની જીત થતા કલિંગ રાજ દાંત બતાવી બલરામજીની હાંસી ઉડાવવા લાગ્યો. બલરામજીથી તેનું હસવું સહન ન થયું તેઓ કાંઇક ચિઢાઇ ગયા. તે પછી રૂક્મિએ એક લાખ મહોરોનો દાવ લગાવ્યો. તેને બલરામજીએ જીતી લીધો પરંતુ રૂક્મિ ધુર્તતાથી કહેવા લાગ્યો કે 'આ દાવ અમે જીત્યો છે.' તેની આ વાતથી બલરામજી અતિશય ક્રોધિત થઇ ગયા. તેમના હ્દયમાં એટલો ક્ષોભ થયો કે જાણે પુર્ણિમાને દિવસે સમુદ્રમાં ભરતી આવી હોય. તેઓના નેત્રો એક તો સ્વભાવતી જ લાલ હતા. અને વળી તેમા ક્રોધનો સંચાર થયો એટલે તે વધુ લાલ થઇ ગઇ હવે તેઓએ દશ કરોડ મુદ્રાનો દાવ લગાવ્યો અને આ વખતે ધુતક્રીડાના નિયમ મ઼જબ બલરામજીની જીત થઇ. પરંતુ રૂક્મિ છલ કરી ને કહ્યુ 'આમા મારી જીત છે અને આ બાબતમાં ધુતક્રીડાના વિશેષજ્ઞ એવા કલિંગ નરેશ આદિ સભાસદો નિર્ણય કરે' તે સમયે આકાશવાળી થઇ અને તેણે કહ્યુ 'જો ધર્મ પૂર્વક કહેવાય તો બલરામજી એ જ આ દાવ જીત્યો છે, રૂક્મિનું કહેવું અસત્ય છે કે તે જીતેલો છે.' એક તરફ તો રૂક્મિના મસ્તક પર મૃત્યુ નૃત્ય કરી રહ્યુ હતુ અને તેમા વળી તેના મિત્ર રાજાઓએ પણ તેને ઉત્તેજી કરેલો એટલે તેણે આકાશવાણી પર કોઇ ધ્યાન ન આપ્યુ અને બલરામજી ની હાંસી ઉડાવડા તે બોલ્યો ''બલરામજી! અંતે તો તમો વનવાસી હોય વન વન ભટકનારા ગોવાળો જ ને, તમો ધુત રમવાનું શુ જાણો ધુત ક્રીડા અને અસ્ત્ર શસ્ત્રથી તો રાજા લોકો જ રમ્યા કરે છે, તમારા જેવા નહિ.''

રૂક્મિના આવા પ્રકારના આક્ષેપ અને રાજાઓના ઉપહાસથી બલરામજી અત્યંત ક્રોધિત થઇ ગયા. તેઓએ એક મદ્ગર ઉઠાવ્યુ અને તે મદ્ગરથી તેઓએ માંગલિક સભામા જ રૂક્મિ ને મોતને ઘાત ઉતારી દીધો. પહેલા કલિંગ નરેશ દાંત બતાવી બતાવીને હસતો હતો, હવે રંગમાં ભંગ પડવાથી તે ત્યાંથી પલાયન થયો હતો તે બલરામજીએ પણ તેને પણ દશ પગલા દૂર જઇ પકડી લીધો અને ક્રોધના આવેશમાં તેના પણ બત્રીશ દાંત તોડી નાખ્યા આ ઉપરાંત બલરામજી એ પોતાના મુદ્ગર દ્વારા રૂક્મિના બીજા મિત્રોના હાથ તો કોઇના પગ તો કોઇનું મસ્તક તોડી ફોડી નાખ્યુ. એટલે તેઓ બધા ત્યાંથી ભાગી ગયા. (ભાગ. ૧૦/૬૧) આમ ધ્યુતક્રીડામાં વિવાહ કરવાથી રૂક્મિ અને તેના મિત્રો અકારણ કાળના મુખમાં જતા રહ્યા માટે જ વેદ ભગવાન કહે છે- 'अक्षास इदङ्कुशिनो नितोदिनो निकृत्वानस्तपना स्तापयिष्णव:। कमारादेष्णा जयत: पुनर्हणो, मध्व: संपृक्ता: कितवस्य बर्हणा:॥ આ પાશા અણીદાર અંકુશવાળા તીક્ષ્ણ તથા પીડા આપનારા છે. કાપવાવાળા, તપાવવાવાળા અને સંતાપ ઉત્પન્ન કરવાવાળા છે. જીતવાવાળા જગારીને માટે ધનાદિ આપનારા, તનમાં મધુ જેવા મધુર લાગનારા હોવાછતાં એ સર્વસ્વ હરણ કરી સર્વથા નષ્ટ કરનારા છે.'' (ઋગવેદ-૧૦/૩૪/૭- માટે તેને ક્યારેય પણ ન રમવા) ''अक्षैर्मा दीव्य: कृषिमित्कृषस्व वित्तेस्मस्व बहुमन्यमान:। तत्र गाव: कितव तत्र जाता तन्मे विचष्टे सवितायमर्य:॥ અરે જગારીઓ! પાસાથી ન રમો. ખેડીવાડી જેવા પરીશ્રમના કામને કરો અને તે પરિશ્રમથી પ્રાપ્ત ધનને ઘણુ સમઝતા તેમાં જ આનંદ લો. પરિશ્રમથી પ્રાપ્ત ધનમાં જ તમારી ધર્મપત્ની તમારી સંગીની બની રહે. આ ઉપદેશ બધાના પ્રેરક છે અને સકળ જગતના સ્વામી પ્રભુ આપણે બધાને આપી રહ્યા છે.'' (ઋગ-૧૦/૩૪/૧૩ આમ વેદ ભગવાન માનવને ધ્યુત રમતા અટકાવે છે.) ''अन्ये जायं परिमृशन्त्य स्य,

यस्यागृधद्वदने वाज्यक्ष:। पिता माता भ्रातर एनमाहुर्न जानीमो नयता बद्धमेतम्॥ જેના ઘરમાં શક્તિ શાળી પાસા (જગાર) લોભની સાથે ચાલે છે, તે વ્યક્તિની પત્નીનો સંસર્ગ અન્ય લોકોની સાથે થવા લાગે છે. તેના વિષયમાં માતા-પિતા અને ભાઇ ત્યાં સુધી કહી દે છે કે 'અમો આને જાણતા નથી આને બાંધીને લઇ જાઓ' (ઋગ-૧૦/૩૪/૪)

નીતિકાર કહે છે હે મહારાજ! અમો એ ધુતક્રીડાના આરંભમાં જ તમોને કહ્યુ હતુ કે ધુત માનવ માટે યોગ્ય નથી પરંતુ આપે પુત્ર મહોને વશ થઇ અમારી હિતકારી વાત પણ માની નહિ અને ધુત ક્રીડામાં પોતાની સમત્તિ આપી અને તેના પરિણામે વાત ત્યાં સુધી વણસી ગઇ કે હવે બંધ બારણે થતી ધુતક્રીડા ખુલ્લા મેદાનમાં યુધ્ધના રૂપમાં પરિણિત થઇ ગઇ છે. ફરક કેવલ એટલો જ છે કે બંધ બારણે થતી ધુતક્રીડા પાસાથી રમાતી હતી અને હવે એજ પાસા શસ્ત્રનું રૂપ ધારણ કરી ચૂકેલા છે જેની અંદર કેટલાયે મનુષ્યાદિ નો કચ્ચર ઘાણ નીકળી જશે. (શ્લોક-૭૦) (આમ નીતિકાર અને વેદ ભવાન માનવને ધુત રમવાની સ્પષ્ટ પણે મનાઇ કરે છે માટે તેમાં ક્યારેટ પ્રવૃત્ત ન થવું) હવે નીતિકાર અસન્માર્ગથી તથા સન્માર્ગ થી ઉપાર્જિત કરેલી લક્ષ્મીની વાત કરે છે-

(૭૧) સત્ય વસ્તુનો વિચાર :-

શ્લોક - ૭૧ न तद् बलं यन्मृदुना विरुध्यते

सूक्ष्मो धर्मस्तरसा सेवितव्य:।

प्रध्वंसिनी क्रूर समाहिता श्रो

मृदु प्रौढा गच्छति पुत्र पौत्रान्॥

શ્લોકાર્થ :- તે બળ નથી જ્યાં કોમળતાથી વિરોધ થાય, સુક્ષ્મધર્મ શીઘ્રતાથી સેવન કરવો જોઇએ. ક્રુરતાથી ઉપાર્જિત કરેલી લક્ષ્મી નાશ કરનારી હોય છે

અને કોમળતા પૂર્વક આર્જિત કરેલી લક્ષ્મી પુત્ર અને પૌત્રો સુધી જાય છે અર્થાત્ રહે છે.

<u>ચ.ટી :-</u> નીતિકારનો કહેવાનો અભિપ્રાય એવો છે કે- લક્ષ્મી બે પ્રકારે મનષ્યની પાસે આવે છે એક લક્ષ્મી ગરૂડ પર બિરાજમાન થઇને અને બીજી લક્ષ્મી ઉલુકપર બેસીને. ગરૂડ પર બિરાજમાન થઇને આવેલી લક્ષ્મી સાત્વિક હોય છે સન્માર્ગથી ઉપાર્જિત કરેલી હોવાથી ચિરકાળ પર્યન્ત મનુષ્યની પાસે રહે છે અને તેની પેઢી દર પેઢીને સુખી કરે છે. જ્યારે ઉલુક પર બેસીને આવેલી લક્ષ્મી અસન્માર્ગે ઉપાર્જિત કરેલી હોવાથી વધારેમાં વધારે દશ વર્ષ પર્યન્ત જ રહે છે અને જ્યારે જાય ત્યારે બધુ લઇને જ જાય છે. નીતિકાર ગુઢાર્થમાં એવું કહી રહ્યા છે કે- રાજન્! તમારા પુત્રો પાસે જે લક્ષ્મી આવેલી છે તે લક્ષ્મી અસન્ માર્ગ એવી દ્યુતક્રીડા એ કરીને આવેલી છે અને એ લક્ષ્મી તમારા પૌત્રાદિકનો વિનાશ કરશે.'' અને થયુ પણ એમ જ મહાભારતના યુધ્ધમાં દુર્યોધનની અસન્ લક્ષ્મી તેના સમસ્ત પરિવારનો નાશ કરી પુનઃ પાંડવોનો આશ્રય કરતી હતી અને પાંડવોની તે લક્ષ્મી તેઓની તથા તેઓના પુત્ર પૌત્રાદિક પાસે ચિરકાળ પર્યન્ન રહેતી હતી માટે જ આચાર્ય ચાણક્ય કહે છે- ''अन्योयापार्जितं द्रव्यं दश वर्षाणि तिष्ठति। प्राप्ते चेकादशे वर्षे समूलं तद् विनश्यति॥ અન્યાય થકી મેળવેલું ધન વધુમાં વધુ દસ વર્ષ પર્યન્ત માનવ પાસે ટકે છે. અગિયારમાં વર્ષના પ્રારંભમાં જ વ્યાજ અને મૂળ રકમ સાથે નાશ પામે છે.'' (ચા.નીતિ. ૧૫/૬) (શ્લોક-૭૧) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને કૌરવ પાંડવો ભેગામળી રહે તેનો ઉપદેશ આપે છે-

<u>શ્લોક - ૭૨</u> धार्त राष्ट्रा: पाण्डवान् पालयन्तु

पाण्डो: सुतास्तव पुत्रांश्च पान्तु।

एकारिमित्रा: कुरवो ह्येक कार्या

जीवन्तु राजन् सुखिनः समुद्धः ॥

શ્લોકાર્થ :- હે રાજન્! દુર્યોધનાદિ પાંડવોની રક્ષા કરે અને પાંડવો તમારા પુત્રો દુર્યોધનાદિની રક્ષા કરે. બન્ને એક જ શત્રુ, મિત્ર તથા સમાન કાર્ય કરવા વાળા થઇ સુખ અને સમૃધ્ધિ પ્રાપ્ત કરી ચિરકાલ સુધી જીવિત રહે.

ચ.ટી :- વિદુરજીનો કહેવાનો અભિપ્રાય એવો છે કે હે ધૃતરાષ્ટ્ર! દુર્યોધન આદી કોરવો તમારે આધિન રહી પાંડુ પુત્રોની રક્ષા કરે અને તેઓનો દાય ભાગ જે તેઓ પાસે ધરોહરના રૂપમાં છે તે તેઓને આપી દે તથા પાંડુ પુત્રો પોતાના બાહુબળ તથા સમજદારીથી તમારા દુર્યોધન આદી પુત્રોની રક્ષા કરે અને તેઓ બંને ભેગા મળી દીર્ઘકાળ પર્યન્ત આ ધરાતલનું પાલન કરતા રહે પરંતુ તેઓ બંને એકબીજાના બાધક ન બંને પણ સહભાવથી ઉન્નતિને પ્રાપ્ત કરે (શ્લોક-૭૨) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને કુરુકુળની રક્ષા કરવાની સલાહ આપે છે-

શ્લોક - ૭૩ मेढी भूतः कौरवानां त्वमद्य

त्वय्याधीनं कुरुकुलमाजमीढ।

पार्थान् बालान् बनवास प्रतप्तान्

गोपायस्व स्वं यशस्तात रक्षन् ॥

શ્લોકાર્થ :- જેમ મેઢ ખેતરોનો રોધક છે, તેમજ ભ્રાતા ધૃતરાષ્ટ્ર તમો તમારા પુત્રો અને તમારા ભાઇ પાંડુના પુત્રો એવા યુધિષ્ઠિર આદીના રક્ષક છો માટે તમારે સંપૂર્ણ કુરૂકૂળની રક્ષા કરવી જોઇએ. આજ એક માત્ર ઉપાય છે.

ચ.ટી :- નીતિકારનો કહેવાનો તાત્પર્ય એ છે કે જેમ મેઢ ખેતરોની રક્ષા કરે છે, તેમ હે ધૃતરાષ્ટ્ર! તમો જ કૌરવો અને પાંડવોના રક્ષક છો જો તમો તે બંને વચ્ચે થયેલા વેરભાવથી રક્ષા ન કરશો તો અવશ્ય તમો અંદરો અંદર લડીને મૃત્યુનો ગ્રાસ થઇ જશો. માટે એક વયોવૃધ્ધ તથા રાજા તરીકે તેઓની રક્ષા

કરવી એ તમારો ધર્મ છે. અન્યથા તેઓનો ઉપેક્ષા કરવાથી જે પરિણામ આવશે તે તમારા હિતમાં ન હશે. (શ્લોક-૭૩) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને પાંડવો સાથે સંધિ કરી લેવાની સલાહ આપે છે-

શ્લોક - ૭૪ संधत्स्व त्वं कौरव पाण्डुपुत्रैर्मा तेऽन्तरं रिपवः प्रार्थयन्तु।

सत्ये स्थितास्ते नरदेव सर्वे दुर्योधनं स्थापय त्वं नरेन्द्र॥

इति श्रीमहाभारते उद्योगपर्वाणि प्रजागर पर्वणि

विदुर नीति वाक्ये चतुर्थोऽध्यायः ॥ 4 ॥

શ્લોકાર્થ :- હે કૌરવ રાજ! તમો પાન્ડુપુત્રોની સાથે સંધિ કરો. શત્રુજનો તમારો ભેદ ન જાણે. હે રાજન્! મહારાજા પાંડુના પુત્રો યુધિષ્ઠિર આદી સત્યના માર્ગ પર સ્થિત છે માટે તમો તમારા પુત્ર દુર્યોધનને વશમાં રાખો.

આ પ્રમાણે ઇતિ શ્રી મહાભારતમાં ઉદ્યોગપર્વાંતર્ગત પ્રજાગરપર્વમાં-

'વિદુરનીતિવાક્ય' માં અધ્યાયચાર સમાપ્ત

ચ.ટી :- વિદુરજીનો કહેવાના અભિપ્રાય એવો છે કે હે રાજન્! જો પાંડુપુત્રો સાથે સંધિ ન કરશો તો અન્ય શત્રુઓ અંદરોઅંદર થયેલા તમારા મતભેદને જાણી લેશે અને બેદ જાણેલો શત્રુ તમારૂ અનિષ્ટ કરી શકે છે. વળી પાંડુ પુત્રો ધર્મના માર્ગ પર આરૂઢ છે તથા યાદવોના અધિપતિ એવા શ્રીકૃષ્ણ પણ તેઓના પડખે ઉભા છે વલી મહારાજા દ્રુપદ, વિરાટ, કુંતિભોજ અને શૈલ્ય તેઓના સહાયક છે માટે તેઓ સાથે યુધ્ધ કરવામાં અનિષ્ટ જ થશે. એટલે યુધ્ધ વગર પાંડવોના દાય ભાગ નહિ આપવા તૈયાર થયેલા દુર્યોધનન તમો સમઝાવો અને ન સમઝે તો તેને કેદ કરી જેલમાં નાંખો. (શ્લોક-૭૪)

આ પ્રમાણે વિ. વિદાન્ત, પુરાણેતિહાસાચાર્ય શાસ્ત્રી રાકેશ કૃત મહાભારતના ઉધોગ પર્વ અન્તર્ગત પ્રજાગર પર્વમાં આવેલ વિદુર નીતિના ચતુર્થ અધ્યાયની ચદ્રાવલી ટીકા પૂર્ણ થાય છે.

અધ્યાય-૫

-: પંચમ અધ્યાયનો સાર :-

પાંચમાં ધ્યાયમાં વિદુરજી દ્વારા સત્તર પ્રકારના મુર્ખોની ગણના, યોગ્ય અને વ્યવહાર ધર્મ, રૂપ આદિ નાશનું કારણ, ધૃતરાષ્ટ્રના આયુ વિશયક પ્રશ્ન, આયુનાશક કારણો નો વિદુર દ્વારા ઉપદેશ તથા નીતિ વિષિયક પ્રસંગોનું વર્ણન આ અધ્યાયમાં કરવામાં આવેલું છે. પુનઃ નીતિકાર ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપતા સત્તર મુર્ખના લક્ષણ કહે છે.

(૭૨) સત્તર મૂર્ખોનો નરકવાસ :-

विदुर उवाच :-

શ્લોક - ૧ सप्त दशेमान् राजेन्द्र

मनुः स्वायम्भुवोऽब्रवीत्।

वैचित्रवर्य पुरूषान्

आकाशं मुष्टिभिर्घ्नतः॥

શ્લોકાર્થ :- વિદુરજી બોલ્યા- હે વિચિત્ર વીર્યના પુત્ર રાજાઓમાં શ્રેષ્ઠ ધૃતરાષ્ટ્ર! બ્રહ્માજીના પુત્ર સ્વાયંભુ મનુએ આ સત્તર પુરૂષોને આકાશમાં મુઠ્ઠીથી મારવાવાળા અર્થાત્ મુર્ખ કહ્યા છે.

ચ.ટી :- આ સત્તર મુર્ખ કોણ તેની ગણના આગળ કરાયેલી છે. આકાશ શૂન્ય હોય છે, તેના પર મુષ્ઠિકાથી પ્રહાર કરી શકાય નહિ અતઃ આ કાર્યને કરનારો અર્થાત્ અસંભવને સંભવ કરવામાં તત્પર રહેનાર મહામુર્ખ છે. (શ્લોક-૭૧) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને પાંચ શ્લોકથી સત્ત મુર્ખના લક્ષણ કહે છે -

શ્લોક - ૨ दानवेन्द्रस्य च धनुर

नाम्यं नमतोऽब्रवीत्।

अथोमरीचिनः पादान

ग्राह्यान् गृहणतस्तथा॥

શ્લોકાર્થ :- મેઘમાં ઉત્પન્ન ઇન્દ્ર ધનુષ જે કોઇનાથી નમતુ નથી તેને નમાવવાની ઇચ્છા રાખનાર અને સૂર્ય તથા ચન્દ્ર કીરણો જે ગ્રહણ કરાતી નથી તેને ગ્રહણ કરવાની ઇચ્છા રાખવાવાળો મુર્ખ છે.

ચ.ટી :- ઇન્દ્ર ધનુષ મેઘમાં ઉત્પન્ન થઇ થોડી જ ક્ષણોમાં વિલીન થઇ જાય છે. અતઃ તેને નમાવવાનો કોઇ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તે જ પ્રમાણે સૂર્ય ચન્દ્રની કિરણો અગ્રાહ્ય હોય છે તેને પકડવાવાળો પણ અસમ્ભવને સમ્ભવ કરવા ઇચ્છે છે અતઃ મુર્ખ છે. (શ્લોક-૨)

શ્લોક - 3 यश्चा शिष्यं शास्त्रि व यश्च

तुष्येद् यश्चातिवेल भजतेद्विषन्तम्।

स्त्रियश्च यो रक्षमतिभद्रमश्नुते

यश्चायाच्यं याच्यते कथ्यते च॥

શ્લોકાર્થ :- જે શાસન નહિ કરવા યોગ્ય ને શાસિત કરે છે અને મર્યાદાનું અતિક્રમણ કરવાવાળા શત્રુની સેવા કરે છે, તથા જે સ્ત્રીની રક્ષા કરી કલ્યાણ

ઇચ્છે છે અને જે નહિ માંગવા યોગ્ય વસ્તુની માંગણી કરે છે તથા જે આપવડાઇ કરે છે તે મનુષ્ય મૂર્ખ હોય છે.

<u>ચ.ટી :-</u> ભગવાનના ભક્તો અને બ્રાહ્મણો પર કેવલ ભગવાનનું જ સાશન ચાલે છે તેના પર હિરણ્ય કશિપુની જેમ શાસન કરવા ઇચ્છે છે તે મુર્ખ છે. જે અંગરાજ કર્ણની જેમ મર્યાદાનું ઉલ્લંઘન કરનારા અધર્મી દુર્યોધનની સેવા કરે છે તે મુર્ખ છે. જે ચંદ્રવંશમાં જન્મેલા કામી પુરૂરવાની જેમ સ્ત્રીની સેવા કરે છે અને સ્ત્રીમાં આસક્ત થઇને પણ પોતાનું કલ્યાણ ઇચ્છે છે તે મુર્ખ છે (જૂઓ ભાગ-૯/૧૪) જે સૃંજય નામના રાજાની જેમ ન માંગવા યોગ્ય વસ્તુની માંગણી કરે છે તે મુર્ખ છે. મહાભારતમાં સૃંજય રાજાનું ચરિત્ર આવે છે જેણે પુત્ર પ્રાપ્તિ અર્થે બ્રાહ્મણોની ખૂબ સેવા કરી. સેવાથી પ્રસન્ન થયેલા બ્રાહ્મણો પાસે વરદાનના રૂમાં એવા પુત્રની માંગણી કરી કે જેના મળ મૂત્ર સુવર્ણના થઇ જાય.' બ્રાહ્મણોના આશીર્વાદથી તેને તેના પુત્રની પ્રાપ્તિ થઇ અને તેના દ્વારા જાણે ઘણા ધનની પ્રાપ્તિ થઇ. પરંતુ કેટલાક દસ્યુઓની કુદૃષ્ટિ આ બાળક પર પડી અને તેને તેઓ હરણ કરી લઇ ગયા અને શીઘ્ર ઘણા સુવર્ણની પ્રાપ્તિ અર્થે તેઓ બધાએ આ બાળકનો ઘાત કરી નાખ્યો પરંતુ તેઓ બધાને એકકણ જેટલું પણ સુવર્ણ પ્રાપ્ત ન થયુ આમ લોભને વશ થઇ રાજા સૃંજયે એવી વસ્તુની માંગણી કરી કે તે તેની રક્ષા ન કરી શક્યો. કહ્યું પણ છે- ''आत्मनो बलमविज्ञाय धर्मार्थ परिवर्जितम्। अलभ्य मिच्छन् नैष्कर्म्यान्मूढ बुद्धिरिहोच्यते।। જે માનવ ધર્મ અને અર્થની વિરુધ્ધ ન પામવા યોગ્ય વસ્તનું પોતાની શક્તિને સમજ્યા વિના અને પરિશ્રમ વીના મેળવવા ઇચ્છે છે તે મૂઢબુ બુધ્ધિ કહેવાય છે - મહા. ઉ. ૩૩/૩૮) તથા જે યયાતિ રાજાની જેમ આપવડાઇ કરે છે તે મુર્ખ છે (મહાભારતના આદી પર્વમાં કથા આવે છે કે- મહારાજ યયાતિ પોતાના પુણ્ય કર્મોથી સ્વર્ગમાં ગયા અને

ઇન્દ્રની સમાન સ્થાન પ્રાપ્ત કરતા હતા. પરંતુ પોતાના મુખે પોતાની બડાઇ કરવાને લઇ પોતાના પુણ્ય કર્મોને ક્ષીણ કરી સ્વર્ગ લોકથી ચ્યુત થતા હતા) (શ્લોક-૩)

શ્લોક - ૪ यश्चा भिजात: प्रकसेत्यकार्यं

यश्चा बलो बलिना नित्य वैरी ।

अश्रद्दधानाय च वो ब्रवीति

यश्चाकाम्यं कामयते नरेन्द्र ॥

શ્લોક - ૫ वध्वावहासं श्वशुरो मन्यते

यो वध्वाऽवसन्नभयो मनकाम: ।

परक्षेत्रे निर्वपति पश्च बीजं

स्त्रियं च य: परिवदतेऽतिवेलम् ॥

શ્લોકાર્થ :- હે રાજન્! જે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થઇને પણ ન કરવા યોગ્ય કાર્યમાં પ્રવૃત્ત થાય છે, નિર્બળ હોવા છતા બળવાન સાથે નિત્યવેર રાખે છે, જે શ્રધ્ધા નહિ રાખનાર પ્રત્યે બોલે છે, જે કામના નહિ કરનારાઓની કામના કરે છે. જે શ્વસુર પુત્ર વધુ સાથે મજાક કરે છે, જે પુત્રવધુ સાથે એકાન્તમાં રહીને પણ સમાજમાં માન મેળવવાની ઇચ્છા રાખે છે, જે અન્યના ખેતરમાં બીજ વપન કરે છે અથવા અન્યની સ્ત્રીમાં ગર્ભાધાન કરે છે તથા જે સ્ત્રીનું મર્યાદાનું ઉલ્લંઘન કરી નિંદા કરે છે તે મુર્ખ મનાયેલા છે.

ચ.ટી :- જે રાવણની જેમ શ્રેષ્ઠ એવા પુલસ્તના કુળમાં ઉત્પન્ન થઇ પતિવ્રતા સ્ત્રીનું અપહરણ કરે, જે ભરતકુળ જેવા શ્રેષ્ઠ કુળમાં જન્મ લઇ દુર્યોધનની જેમ પરમ પતિવ્રતા અને ધર્મપ્રમાણે પોતાની માતા સમાન ભાભીને ભરી સભામાં પૂજ્યજનોની સન્મુખ નગ્ન કરવાનો આદેશ આપે તે મૂર્ખ છે.

જે જરાસંઘની જેમ નિર્બળ હોવા છતા બલવાન એવા યદુવંશી સાથે વેર રાખે તે મુર્ખ છે.

વિષ્ણુ શર્મા કહે છે ''अपृष्टोऽत्रा प्रधानो यो ब्रूवे राज्ञः पुरः कुधीः। न केवलम सम्मानं लभते च विडम्बनम्॥ જે અપ્રધાન કુબુધ્ધિ પ્રાણી વગર પુછયે આલોકમાં રાજાની સામુ બોલે છે, તે કેવલ અસમ્માનને જ નહિ પરંતુ તેની વિડમ્બના પણ થાય છે.'' (પંશ/મિત્ર/૩૩) આમ પોતાની વાતમાં શ્રધ્ધા નહિ રાખનારા પ્રત્યે પણ પછયા વગર સલાહ આપનાર મુર્ખ છે.

જે રાક્ષસ રાજ રાવણની જેમ પોતા પ્રત્યે કામના નહિ રાખનારી રંભાની કામના કરે છે તે મુર્ખ છે (વા. રામાયણમાં કથા આવે છે એક સમયે કુબેરના પુત્ર નલકુબેરે રંભા નામની અપ્સરાનું વરણ કરેલું અને રંભાએ પણ નલ કુબેરનો પ્રસ્તાવ સ્વિકાર કરી તેની પાસે તે જતી હતી. પરંતુ માર્ગમાં પુષ્પક વિમાનમાં વિચરણ કરતા રાવણની દૃષ્ટિ રંભા પર પડી અને તેણે રંભા પ્રત્યે પ્રણયનો પ્રસ્તાવ મુકયો. ત્યારે રંભાએ કહ્યું ''રાક્ષસ રાજ! અમારૂ વરણ પ્રથમથી જ તમારા ભત્રિજા નલકુબેરે કરેલુ છે માટે આપ અમોને ક્ષમા કરો.' છતાં રાવણે રંભાનો બળજબરી ઉપભોગ કર્યો જેને લઇ તેને નલકુબેરના શાપના ભાજી થવું પડયું.

મનુ મહારાજ કહે છે- '' मात्रा स्वस्रादुहित्रा त्रा ना विविक्तासनो भवेत्। बलवान् इन्द्रियामो विद्वांसमपि कर्षति॥ માતા, ભગિની અથવા પોતાની પુત્રી સાથે પણ અંકાંતમાં ન રહેવું કારણ ઇન્દ્રિયોનું બળ એટલું હોય છે ક તે બુધ્ધિમાન માનવને પણ પોતા તરફ ખેંચી લે છે. (મનુ. ૨/૨૧૫) આ પ્રમાણે મર્યાદા હોવા છતા જે શ્વસુર પોતાની પુત્રી સમાન પુત્રવધુ સામે હસી મઝાક કરી તેની સાથે એકાંતમાં રહી સમાજમાં પ્રતિષ્ઠા મેળવવા ઇચ્છનારો મહામુર્ખ છે.

અન્યના ક્ષેત્રમાં બીજા રોપણ કરવાથી લાભ બીજારોપનારને નહિ પણ જેનું ક્ષેત્ર છે તેને થવાનો આથી આ પ્રમાણેની ક્રિયા કરનારો મુર્ખ છે. અથવા જે ચંદ્રદેવની જેમ પોતાના ગુરૂ બૃહસ્પતિની પત્ની તારાનું બળ જબરીથી અપહરણ કરી તેમાં ગર્ભ ધારણ કરનારો પણ મહામુર્ખની પંક્તિમાં ગણાય છે.

સ્મૃતિઓમાં સ્ત્રીઓને લક્ષ્મીનો અંશ કહ્યો છે. છતા શાસ્ત્રોમાં સ્ત્રી નીંદાના વચનો જોવા મળે છે. પરંતુ તે સ્ત્રીઓની નીંદા માટે નથી પણ પુરૂષને અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધથી નિવૃત્ત કરવા માટે છે છતા તેને મુખ્ય પણે ગ્રહણ કરી સ્ત્રીઓની વધુ પડતી નીંદા કરનારો પણ મુર્ખ છે. (શ્લોક-૪, ૫)

શ્લોક - ૬ यश्चपि लब्ध्वान स्मरामीति वादी
दत्त्वा च य: कत्यतियाच्यमान: ।

यश्चासत: सत्त्वमुपानयोत
एतान् नयन्ति निरयं पाशहस्ता: ॥

શ્લોકાર્થ :- જે કોઇકની પાસે વસ્તુ લઇને પણ 'અમને સ્મરણ નથી' એવું કહે છે, તથા દાન આપી આત્મ પ્રશંસા કરાવે છે અને જે અસત્ય ને સત્ય સિધ્ધ કરવાનો પ્રયાસ કરે છે. આ સત્તર મનુષ્યોને યમરાજા દૂતો હાથમાં પાસ બાંધી નકરમાં લઇ જાય છે.

ચ.ટી :- જે રામાનંદ સ્વામીની શિષ્યા પુતળીની જેમ કોઇની પાસે વસ્તુ લઇને પણ 'અમને સ્મરણ નથી' એવું કહે છે તે મુર્ખ છે. આ સંબંધમાં વાત એવી હતી કે એક સમયે સદ્ રામાનંદ સ્વામીને કોઇક ભક્તે ભગવાન અર્થે વિનિયોગ કરવા માટે સુવર્ણના કડા આપ્યા. ત્યારે સ્વામીએ તે કડા પોતાની શિષ્યા પુતળીને ધરોહરના રૂપમાં સાચવવા માટે આપ્યા અને કહ્યુ કે 'જ્યારે જરૂર પડશે ત્યારે માંગી લેશું' પરંતુ સુવર્ણની ચમક જોઇ પુતળી ના મનમાં લાલચ જાગી અને પછી થોડા સમય પછી સ્વામીએ તે કડા પાછા માંગ્યા ત્યારે તે બોલી 'અમોને તો

કડા આપ્યાનું સ્મરણ જ નથી.' એમ કહી તે પોતાની વાતથી ફરી ગઇ જેને લઇ તેનો અંતકાળ આવ્યો ત્યારે યમદુતો તેને લેવા આવ્યા અને તેને પાસથી બાંધી નકરમાં નાખી યાતના આપતા હતા)

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે ''यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्यवा पुनः। दीयते च परिक्लिष्टं तद्दानं राजसम् स्मृतम्॥'' જે દાન કલેશ પૂર્વક તથા પ્રત્યુપકારની અપેક્ષાથી કે ફળની દૃષ્ટિમાં રાખીને એટલે માન, પ્રતિષ્ઠા અને સ્વર્ગાદિની પ્રાપ્તિ અર્થે કે રોગ વગેરે ની નિવૃત્તિ અર્થે આપવામાં આવે છે એ દાન રાજસ દાન છે.'' (ગીતા ૧૭/૨૧) આમ આત્મ પ્રશંશા અર્થે કરવામાં આવેલું દાન રાજસ છે અને તને તેનું ફળ આલોકમાં પોતાની કીર્તિ રૂપમાં પ્રાપ્ત થઇ જતું હોવાથી પરલોકમાં પુણ્યના અભાવમાં આવા મનુષ્યને યમદૂતો નરકમાં લઇ જાય છે.

મહાભારતના યુધ્ધના પંદરમાં દિવસે કૌરવ સેનાના પ્રધાન સેનાપતિ આચાર્ય શ્રેષ્ઠ દ્રોણાચાર્યજીના અસહ્ય પરાક્રમથી ત્રાહિતમામ પોકારી ઉઠેલા પાંડવોએ અશ્વથ્થામા નામના હાથીનો વધ કરી એવી વાત પ્રચલિત કરી કે 'અશ્વથ્થામા મરાયો, અશ્વથ્થામાં મરાયો.' જ્યારે દ્રોણાચાર્યજીના કર્ણમાં આ વાત સંભળાય ત્યારે તેઓ આ વાતની સત્યતાને અર્થે મહારાજા યુધિષ્ઠિર પાસે આવ્યા અને તેઓને આ બાબતમાં સત્ય જણાવતા કહ્યુ ત્યારે યુધિષ્ઠિર બોલ્યા 'અશ્વથ્થામા હતઃ - અશ્વથ્થામાં હણાયો છે.' યુધિષ્ઠિરના મુખ થકી આ અપ્રિય સમાચાર સાંભળી દ્રોણાચાર્યે પોતાના અસ્ત્ર શસ્ત્રનો ત્યાગ કરી દીધો અને એજ અવસ્થામાં ધ્યુષ્ટદ્યુમ્ને તેનો વધ કર્યો. તદન્તર યુધિષ્ઠિર મહારાજ પોતાનું આયુ પૂર્ણ થતા સદેહે સ્વર્ગમાં ગયા ત્યારે તેઓને આ અસત્ય વાતને સત્ય કરવાના ફળરૂપે દેવ દૂતો એ કેટલોક કાળ માટે નરકના દર્શન કરાવેલા. (મહા. સ્વર્ગ. અ.૩) આમ આવા સત્તર મનુષ્યને યમરાજના દૂતો પાસથી બાંધી નરકમાં લઇ

જાય છે. (શ્લોક-૬) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને જેવા સાથે તેવો વ્યવહાર કરવાનું કહે છે-

(૭૩) ધર્મ એટલે શું? :-

શ્લોક - ૭ यस्मिन् यथा वर्तते यो मनुष्य

स्तस्मिंस्तथा वर्तितव्यं स धर्मः।

मायाचारो मायया वर्तितव्यः

साध्वाचारः साधुना प्रत्युपेयः॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય જેવો વ્યવહાર કરે તેની સાથે તેવો જ વ્યવહાર કરવો જોઇએ એજ ધર્મ છે, કપટ વ્યવહાર કરવાવાળા સાથે કપટથી વ્યવહાર અને સજ્જનની સાથે સાધુતાનો વ્યવહાર કરવો જોઇએ.

ચ.ટી :- અહીં જે ધર્મનું વર્ણન કરે છે તે લૌકિક છે સજ્જનોનો વ્યવહાર આનાથી વિપરીત છે સાથે સાથે આ શ્લોક દ્વારા નીતિકાર ધૃતરાષ્ટ્રને એવું કહે છે કે હે રાજન્! તમારો પુત્ર દુર્યોધને કપટ કરી પાંડવોની સમસ્ત સંપત્તિ હડપ કરી લીધી છે. તો હવે યુધિષ્ઠિર પણ તેની સાથે કપટ કરે તો તેમાં કાઇ ગલત નથી કારણ એ જ સનાતન ધર્મ છે આ સંબંધમાં દેવગુરૂ બૃહસ્પતિ કહે છે- ''कृते प्रतिकृतं कुर्य्याद्धिंसिते प्रति हिंसितम्। न तत्र दोषं प्रश्यामि दृष्टे दोषं समाचरत्॥ કોઇકે કોઇ ઉપકાર કે અપકાર કર્યો હોય તો તે સામે તે જ પ્રમાણે ઉપકાર તથા અપકાર કરવો જાઇએ મારની સાથે માર મારવો જ જોઇએ એમાં હુ દોષ જોતો જ નથી. કારણ દુષ્ટ સાથે દુષ્ટ થવુ જ જોઇએ.'' (ગરૂડ /૧૧૫/૪૬) મહાકવિ ભારવી પણ કહે છે- '' वृजन्ति ते मूढधियः पराभवम् भवन्तिमायाविषु येन मायिनः। प्रविश्य हि घ्वन्ति शठास्तथा विधा नसंवृताङ्गन्निशिता इवेषवः॥ જે લોકો ધૂર્તની સાથે ધૂર્ત જેવો વ્યવહાર કરતો નથી, તે બુધ્ધિહીન માનવ પરાજિત થઇ જાય છે- દુષ્ટ

લોકો અંદર પ્રવેશ કરી આવામૂઢ લોકોને એવા પ્રકારે મારે છે કે જેમ તિક્ષ્ણ બાણ ખુલ્લા અંગને કાપે છે.'' (કોરાતાજન-૧/૩૦) (શ્લોક-૭) હવે નીતિકાર કોણ કોનો નાશ કરે છે તે કહે છે-

(૭૪) કોણ કોનો નાશ કરે છે? :-

શ્લોક - ૮ जरा रुपं हरति हि धैर्यमाशा

मृत्यु: प्राणान्धर्मचर्यामसूया।

कानो ह्रिवं बत्तमनार्यसेवा

क्रोध: श्रियं सर्वमेवा भिमान: ॥

શ્લોકાર્થ :- વૃધ્ધાવસ્થા રૂપને નષ્ટ કરે છે, આશા ધૈર્યને, મૃત્યુ જીવનને, અસૂયા ધર્મા ચરણને, લજ્જા કામને, દુષ્ટોનો સંગ સદાચારને, ક્રોધ લક્ષ્મીને અને અભિમાન સર્વસ્વનો નાશ કરે છે.

ચ.ટી :- અભિમાનનો આવિર્ભાવ થવા માત્રથી મનુષ્યના સમ્પૂર્ણ ગુણ, ગુણ સમુદાય નષ્ટ થઇ જાય છે માટે આ અહંકાર રૂપી વિષનો સદૈવ ત્યાગ કરવો જોઇએ. આ સન્દર્ભમાં બ્રહ્માજી અને શકુન્તલા પુત્ર ભરતજીના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે એક સમયે સ્વર્ગની રત્ન સમાન અપ્સરા માહિની બ્રહ્માજી પર અત્યંત આસક્ત થઇ ગઇ અને તે એકાન્તમાં તેઓની પાસે ગઇ અને તે બ્રહ્માજીના આસન પર જઇ બેસી પ્રેમદાનની યાચના કરવા લાગી. બ્રહ્માજીએ તે સમયે ભગવાન શ્રીહરિનું સ્મરણ થઇ આવ્યું અને ભગવાનની કૃપાથી બ્રહ્માજીનું મન નિર્વિકાર રહ્યું અને તેઓ મોહિની ને જ્ઞાનની વાત સમઝાવવા લાગ્યા. પરંતુ તેનો તેણે અનાદર કર્યો અને તે બ્રહ્માજી સાથે અવાચ્છનીય ચેષ્ટા કરવા લાગી. તે સમયે બ્રહ્માજીએ ભગવાનનું સ્મરણ કર્યુ અને ત્યાં સુધિમાં સપ્તપિર્ષગણ સનકાદિક ઋષિઓની સાથે ત્યાં

આવી પહોચ્યા. પરંતુ દુર્દૈવવશાત હવે બ્રહ્માજીને પોતાની ક્રિયા ભક્તિ તથા શક્તિનો ગર્વ થઇ ગયો ઋષિઓએ જ્યારે મોહિનીનું એક આસન પર બેસવાનું કારણ પુછ્યું ત્યારે બ્રહ્માજી એ ગર્વ પૂર્વક હસતા હસતા તેઓને કહ્યું કે ''આ નૃત્ય કરતા કરતા થાકીને પુત્રીના ભાવથી મારી પાસે બેઠી છે.'' ઋષિ લોકો સમજી ગયા અને થોડા સમય બાદ તેઓ બધા ત્યાંથી જતા રહ્યા.

તદન્તર બ્રહ્માજીનું આ પ્રમાણેનું વચન સાંભળી મોહિની ક્રોધીત થઇ ગઇ અને તે બ્રહ્માજીને શાપ આપતા બોલી ''બ્રહ્મ દેવ! તમોને તમારી નિષ્કામતા પર અત્યંત ગર્વ છે અને મુજ શરણાગતનો ઉપહાસ કર્યો છે એટલે માટે હવે પછી સંસારી લોકો તમારી ક્યારેય પણ પુજા ન કરશે, તમો હંમેશા અપુજ્ય રહેશો અને તમારો આ ગર્વ પણ રહેશે નહિ.'' આ પ્રમાણે કહી તે ત્યાંથી જતી રહી. હવે બ્રહ્માજીને પોતાની ભૂલ સમઝાય તેઓ શીઘ્રાતી શીઘ્ર વૈકુંઠ લોકમાં રહેતા ભગવાન જર્નાદનની પાસે આવ્યા. તેઓ આવી હજ પોતાની ગાથા તથા શાપાદિની વાત સંભળાવી રહ્યા હતા, ત્યાં પ્રભુનો દ્વારપાલ આવી તેઓ પ્રત્યે બોલ્યો 'પ્રભુ! બહાર દ્વારપર અમુક બ્રહ્માંડના સ્વામી અષ્ટ મુખ બ્રહ્માજી આવ્યા છે અને શ્રી ચરણોના દર્શનની ઇચ્છા રાખે છે.'' વૈકુંઠ નાથની અનુમતિ થઇ એટલે અષ્ટ મુખવાલા બ્રહ્માજી તેઓ પાસે આવ્યા અને અત્યંત શ્રધ્ધાપૂર્વક તેઓની સ્તુતિ કરી અને ત્યાંથી પોતાના લોકમાં ગયા. ચતુમુર્ખ બ્રહ્માજી એ જોયુ કે અષ્ટમુખ બ્રહ્માજીમાં તો મારા કરતા પણ વધુ બુધ્ધિ, વિદ્યા, શક્તિ અને ભક્તિ છે.

તે પછી પુનઃ દ્વારપાળ જર્નાદન ભગવાન પાસે આવ્યો અને તેઓ પ્રત્યે બોલ્યો 'પ્રભુ! દ્વારપર ષોળ મુખવાળા બ્રહ્માજી આવેલા છે અને તમારા ચરણોના દર્શનની અભિલાષા રાખે છે.' ભગવાનની આજ્ઞા થતાં તેઓ પણ આવ્યા અને

તેઓએ પૂર્વે આવેલા બ્રહ્માજી કરતા પણ શ્રેષ્ઠ શ્રેણીની સ્તુતિ કરી અને તેઓ પોતાના લોકમાં ગયા તે પછી તો એકપછી એક એમ સહસ્રમુખવાળા બ્રહ્માજી જનાર્દન ભગવાનના દર્શન કરવા આવ્યા અને તેઓની સ્તુતિ કરી જતા રહ્યા અને તેઓ બધાની સ્તુતિ પણ ઉત્તરોત્તર એકબીજાથી શ્રેષ્ઠ હતી. તેઓની યોગ્યતા અને નિરાભિમાનીતા જોઇને પોતાને જનાર્દન ભગવાન સમાન માનનારા બ્રહ્માજીનો ગર્વ ગળાઇને પાણી થઇ ગયો. (બ્રહ્મવૈવર્ત/કૃષ્ણ જન્મખંડ)

ચંદ્રવંશી ચક્રવર્તી સમ્રાટ ભરતની ધારણા એવી હતી કે પોતે સમસ્ત ભૂમંડલના પ્રથમ ચક્રવર્તી સમ્રાટ છે અને તેઓ પોતાની કીર્તિ વૃષભાચલ પર અંકિત કરવા માંગતા હતા અને તેઓ વૃષભાચલ પર આવ્યા પરંતુ તે પર્વતના ઉચ્ચ શિખર પર ગયા બાદ તેઓના પગ જકડાઇ ગયા. તેઓએ ઉપરથી નીચે પર્યન્ત પર્વતના શિખરને યથાર્થ રીતે જોયો તથા જ્યાં સુધી જવાય ત્યાં સુધી શિખરની અન્ય દિશાઓમાં પણ તેઓ ગયા શિખર પર એટલા બધા નામો અંકિત હતા કે ક્યાંક પણ એક નામ લખી શકાય એટલું પણ સ્થાન રહ્યું ન હતુ. આનામાંથી એવું એક પણ નામ ન હતુ, જે ચક્રવર્તી રાજાનું ન હોય. અર્થાત્ આ શિખર પર પૂર્વે પણ ઘણા રાજાઓ આવી પાતોનું નામ અંકિત કરી ગયા હતા. આ જોઇ રાજા ભરતનું મન ખિન્ન થઇ ગયું. તેઓએ વિવશ થઇ ત્યાં એક નામને ભૂંસી નાખી અને તેના સ્થાન પર પોતાના સેવકો પાસે પોતાનું નામ અંકિત કરાવ્યું પરંતુ જ્યારે તેઓ પાછા આવતા હતા ત્યારે તેમના પુરોહિત તેમના પ્રત્યે બોલ્યા ''રાજન્! નામને અમર કરવાનો આધાર જ તમોએ નષ્ટ કરી દીધો. હવે તો નામને મિટાવી નામને લખવાની પરંપરાનો તમોએ આરંભ કરી દીધો. હવે પછી કોણ કહી શકે કે ત્યાં તમારૂં નામ પણ કોઇ મિટાવી પોતાનું નામ લખાવી દે.'' આ પ્રમાણે પોતાના પુરોહિતની વાત સાંભળી ભરતજીનો બધો અહંકાર

ગળી ગયો તેઓને પોતાની ભૂલ સમઝાય. (સત્ કથા અંક /ગીતાપ્રેસ) માટે જ ''यो न पूजयते गुर्वादुत्तमाघ ममध्यमान्। भूपसंमान मान्योऽपि भ्रश्यते दन्तिलोयथा॥ જે અહંકારને કારણે ઉત્તમ, મધમ અને અધમ શ્રેણીના લોકોનુ સમ્માન નથી કરો, તે રાજા દ્વારા સમ્માનિત હોવા છતાં દન્તિલની જેમ પતિત થાય છે.''(પંચતંત્ર-મિત્ર (શ્લો-૧૪૧)વિષ્ણુ શર્મા જેવા નીતિ નિપુણ આ પ્રમાણે અહંકારી નું પતન થવાનું કહે છે. માટે ક્યારેય પણ અહંકાર ન જ કરવો. (શ્લોક-૮) હવે ધૃતરાષ્ટ્રને વિદુરજી આયુષ્યનો હાસ કર્યા કર્મથી થાય છે તે પુછે છે-

<u>**શ્લોક - ૯**</u> <u>धृतराष्ट्र उवाच :-</u>शतायुरुक्तः पुरुषः

सर्वव्वेदेषु वै यदा।

नाप्रोत्यथ च तत्सर्व

मायुः केनेह हेतुना॥

<u>**શ્લોકાર્થ :-**</u> ધૃતરાષ્ટ્ર બોલ્યા :- સર્વ વેદોમાં પુરૂષને સો વર્ષની આયુષ્યવાળો કહ્યો છે, ત્યારે કયા કારણથી તે પૂર્ણ આયુને પ્રાપ્ત થતો નથી.

<u>**ચ.ટી :-**</u> અહી ધૃતરાષ્ટ્ર એ વિદુરજીને એ પ્રશ્ન કરેલો છે કે ''જ્યારે તમોએ એવું કહ્યું કે 'सर्वमेवाभिमान:- અભિમાન સર્વસ્વનો નાશ કરે છે.' તો અમારં દુર્યોધન આદી પુત્રો તો અત્યધિક અહંકાર માં જીવી રહ્યા છે, તેઓએ અહંકાર ત્યાગ કર્યા બાદ પણ સો વર્ષની આયુષ્ય મળશે અથવા નહિ? કારણ કે 'शतं जीवेम शरद:' ઇત્યાદિ વાક્યોમાં સો વર્ષની કામના કરાય છે. (શ્લોક-૯) નીતિકાર ધૃતરાષ્ટ્રના પ્રશ્નના ઉત્તર રૂપે આયુષ્યના હ્રાસના કારણે બે શ્લોકથી બતાવે છે.

<u>(૭૫) આયુષ્ય ઘટવાનું કારણ :-</u>

<u>**શ્લોક - ૧૦**</u> <u>विदुर उवाच :-</u> अतिमानोऽतिवादश्च

तथाऽत्यागो नराधिप।

क्रोधश्चात्म विधित्सा च

मित्रद्रोहश्च तानिषद्॥

<u>**શ્લોકાર્થ :**</u> વિદુરજી બોલ્યા :- હે રાજન્! અતિ અભિમાન ઘણુ બોલવું, ત્યાગનો અભાવ, ક્રોધ, એકલપેટા પણુ અને મિત્ર દ્રોહ આ છ કોણોને લઇને પૂર્ણ આયુષ્યની પ્રાપ્તિ થતી નથી.

<u>**શ્લોક - ૧૧**</u> एत एवासयस्तीक्ष्णाः

कृन्तन्त्यायूंषि देहिनाम्।

एतानि मानवाघ्नन्ति

न मृत्युर्भद्रमस्तु ते॥

<u>**શ્લોકાર્થ :**</u> આ છ જ તીક્ષ્ણ તલવાર છે અને એજ શરીર ધારીઓની આયુને કાપી નાંખે છે, મનુષ્યોને તઓ જ મારે છે પણ મૃત્યુ મારતુ નથી.

ચ.ટી : 'अति सर्वत्र वर्जयेत् અર્થાત્ અત્યધિક બધુ જ ત્યાજ્ય છે. કારણ કે એના દ્વારા આત્માકલ્યાણ તો થતુ નથી પરંતુ બધુ નષ્ટ થઇ જાય છે કહ્યુ પણ છે. 'भक्तैर्नारायणस्येह क्रोधोख्यो बलवान्सिपुः। सर्वयैव विजेतव्यः सुकृत क्षयकारणम्॥ આ લોકમાં ભગવાનના ભક્તો એ બળવાન એવો ક્રોધરૂપ શત્રુ સર્વ પ્રકારે જીતવો જોઇએ. તે તે પુરૂષ ને વિરૂપ બનાવી તત્કાળ દુર્દશાને પમાડે છે.'' (હરિ. સુધા. તરં. ૧૧૫/૭) ''तपः क्रोधेन नस्यति। ક્રોધ કરવાથી તપ નાશ પામેલ છે. '' (ગરૂડ-૧૧૫/૭) '' शतं जीवितमत्यल्पं रात्रिस्तस्यार्द्धहारिणी। व्याधिशोकजराया सैरधं

तदपि निष्फलम् ॥ માનવનું આયુષ્ય સો વર્ષનું ગણાય છે, પરંતુ તે ઘણું ઓછ છે, કેમ કે તે આયુષ્યમાંથી બરાબર અર્ધભાગને તો નિદ્રા દ્વારા રાત્રિઓ હરિ લે છે, બાકીનું જે અર્ધ આયુ હોય છે તેને રોગો, શોક, ઘડપણ તથા બીજા પરિશ્રમો સમાપ્ત કરી નાખે છે એટલે ત નિષ્ફળ વેડફાઇ જાય છે.'' (ગરૂડ/૧૧૫/૨૭)

(શ્લોક-૧૦, ૧૧) હવે નીતિકાર કોનો સંગ કરવાથી પ્રાયશ્ચિત્ત કરવું તે બે શ્લોકથી કહે છે-

(૭૬) કોનો સંગ ન કરવો :-

શ્લોક - ૧૨ विश्वस्तस्यैति यो दारान्

यश्चापि गुरुतल्पगः ।

वृषलीपतिर्द्धिजो यश्च

पान पश्चैव भारत ॥

શ્લોક - ૧૩ आदशकृद् वृत्ति हन्ता

द्विजानां प्रेषकश्च यः ।

शरणागतहा चैव

सर्वे ब्रह्मणः समाः

एतैः समेत्य कर्तव्यं

प्रायश्चित्तमिति श्रुतिः ॥

શ્લોકાર્થ : હે ધૃતરાષ્ટ્ર! જે મનુષ્ય વિશ્વાસુની સ્ત્રીનો સંગ કરે છે, જે ગુરૂપત્ની સાથે ગમન કરે છે, જે બ્રાહ્મણ થઇને શુદ્ર જાતિની સ્ત્રી સાથે સમાગમ કરે છે, જે બ્રાહ્મણ મદિરા પાન કરે છે, જે મજર પાસે વેઠે મફત કામ કરાવે છે, જે બ્રાહ્મણની આજીવિકાનો નાશ કરે છે, જે બ્રાહ્મણો પાસે દાસપણું કરાવે છે અને જે શરણે આવેલાને હણે છે, તે સર્વે બ્રહ્મહત્યારા સમાન જાણવા. એમનો સંસર્ગ થાય તો પ્રાયશ્ચિત્ત કરવું એવી વેદની આજ્ઞા છે.

ચ.ટી. : લૌકિકમાં એક કહેવત છે 'સંગ તેવો રંગ' ઉપરોક્ત નીતિકારે કહેલા અધર્મી પુરૂષોનો સંગ કરવાથી માનવ પણ તેના રંગે રંગાઇ જાય છે. માટે આવાઓનો સંગ આપત્કાળમાં પણ ન કરવો કારણ એના સંસર્ગથી સંગ કરનારો પણ પાપથી આવૃત્ત થાય છે. માટે જ ભગવાન શ્રીહરિ કહે છે - ''महापातकि संसर्गो जायते यस्य वत्सरम्। भोजनासन शय्याद्यैः स महापातकी भवेत्॥

જે જન મહા પાતકીની સાથે એક વર્ષ પર્યન્ત જમવું, સુવું, બેસવું, બોલવું આદિ વડે સંસર્ગને કરે છે તે આ પાંચમો મહાપાતકી થાય છે (સ. જી. ૫/૪૪/૬૧) વિષ્ણ્ શર્મા પણ કહે છે- ''गुरोः सतां मित्र भार्यां स्वामि सवक गेहीनाम्। यो गच्छति पुमांल्लोके तमार्ब्रह्मघातिनम्॥ જે મનુષ્ય ગુરુ પુત્રી, મિત્ર, સ્વામી અને ભૃત્યની સ્ત્રી સાથ સમાગમ કરે છે, તે સંસારમાં બ્રહ્મઘાતી કહેવાય છે. અર્થાત્ બ્રહ્મ હત્યા કરનવાથી જે પાપ થાય છે તે પાપ તેને લાગે છે. '' (પંચ. મિત્રસં. અ. ૪૫) માટે જ ભગવાનશ્રીહરિ પાપીનો સંસર્ગ થતાં ''यत्पापिनोऽस्य संसर्गस्तस्य यद्व्रतमीरितम्। तद्वादशाब्दं कुर्वीत ततः कालेन शुद्धति॥ જે મહાપાતકીનો સંસર્ગ થાય છે તેને જે વ્રત કરવાનું કહ્યુ છે તે વ્રત બાર વર્ષ પર્યન્ત તેનો સંસર્ગી પણ કરે અર્થાત્ બ્રહ્મઘાતિનો સંગ થાય તો બ્રહ્મ હત્યાનું પ્રાયશ્ચિત અન સુરાપાન કરનારાનો સંસર્ગ થાય તો સુરાપાન કર્યાનું પ્રાયશ્ચિત કરવું.''(સ.જી.પ્ર.પ./૪૪/૬૨) આ વચનથી પ્રાયશ્ચિત કરવાનું કહે છે. (શ્લોક-૧૨, ૧૩) હવે નિતીકાર સ્વર્ગમાં જનારાના લક્ષણ બતાવે છે-

(૭૭) સ્વર્ગમાં જનાર :-

શ્લોક - ૧૪ गृहीतवाक्यो नयविद्वदान्यः

शेषान्भोक्ता ह्यविहिंसकश्च।

नानर्थकृत्याकुलितः कृतज्ञः

सत्यो मृदुःस्वर्गमुपैति विद्वान्॥

શ્લોકાર્થ : ગુરૂજનોની આજ્ઞા માનનારો, નીતિવેત્તા, દાતા, પંચ યજ્ઞ કર્યા પછી શેષ અન્ન ગ્રહણ કરનાર, કોઇને દુઃખ ન આપનાદર, અનર્થકારી કૃત્ય કરનાર, કરેલા ઉપકારની બૂઝ રાખનાર, સત્યનિષ્ઠ અને સૌમ્ય એવો વિદ્વાન સ્વર્ગલોકમાં જાય છે.

ચ.ટી. : અહીં નીતિકાર સ્વર્ગને પ્રાપ્ત કરનારા પુરૂષના લક્ષણ વર્ણવી ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રને એવું કહે છે કે- પાંડવોમાં આ બધાજ ગુણો જોવા મળે છે. એટલે તેઓ અવશ્ય સ્વર્ગમાં જશે. જ્યારે તમારા પુત્રો આ બધા ગુણોથી રહિત હોવાથી તેઓ અવશ્ય અધોગતિ પામશે. શ્રુતિ ભગવદી કહે છે- ''स्वयतो धियादिवम्। સદ્‌બુદ્ધિથી જ સ્વર્ગ મળે છે.'' (યજુર્વેદ આનાથી વિપરીત જેની બુદ્ધિ શુધ્ધ નથી થઇ તે સ્વર્ગીય સુખથી વંચિત રહે છે.) ''शतं सत्यस्य पतयो भवन्तु। સત્યવ્રત ધારી જ સર્વત્ર સુખ શાંતિ ઉત્પન્ન કરે છે.'' (અથર્વ-૧૯/૧૭/૧) ''सग: पन्था अनक्षरआदित्यास ऋतं यते। સન્માર્ગ પર ચાલનારાઓનું જીવન સરળ બની જાય છે.'' (ઋણ-૧/૪૧/૧૪) ભગવાન શ્રીકૃષ્ણ કહે છે- ''ज्ञेय: स नित्य संन्यासी यो न द्वेष्टि न काङ्क्षति। निर्द्वन्द्वो हि महाबाहो सुखं बन्धात् प्रमुच्यते॥ જે પુરૂષ ન કોઇની સાથે દ્વેષ કરે છે અને ન કોઇ વસ્તુની આકાંક્ષા રાખે છે, તેને સદા સંન્યાસિ જ સમઝવો જોઇએ કારણ સગ દ્વેષાદિ દ્વન્દ્વોથી રહિત પુરૂષ સુખ પૂર્વક સંસાર બંધનથી મુક્ત થાય છે.'' (ગીતા-૫/૩) ભગવાન શ્રીહરિ કહે છે- '' ये पालयन्ति मनुजा: सच्छास्त्र प्रतिपादितान्। सदाचारान्सदा तेऽत्र परत्र च महासुखा:॥ શ્રીમદ્ ભાગવત આદિક સચ્છાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવો જે અહિંસા આદી સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે આ લોકને પરલોકને વિષે મહાસુખિ થાય છે.'' (શીક્ષા શ્લો-૮) આની વિરુધ્ધ જે સદાચારથી હીન છે તે અધોગતિને પામે છે. જેમ યાજ્ઞવલ્ક્ય કહે છે- ''विहितस्यातनुष्ठानाम्निन्दि तस्यच सवनात्। अनिग्रहाच्चेन्द्रियाणां नर: पतनमृच्छति॥ જે શાસ્ત્રોક્ત આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, નિષેધ કરેલ હોવા છતાં પણ પાપમય આચરણ કરે છે અને પોતાની ઇન્દ્રિયો અંતઃ કરણને વિષય ભોગથી રોકતો નથી. આવા મનુષ્યની નિશ્ચિતપણે અધોગતિ થાય છે.'' (યાજ્ઞ. સ્મૃ. ૩/૨૧૯)

(શ્લોક - ૧૪) હવે નીતિકાર અપ્રિય અને હિતકારી વચન બોલનારાની દુર્લભતા બતાવે છે.

(૭૮) દુર્લભ મનુષ્ય :-

શ્લોક - ૧૫ सुलभाः पुरुषा राजन्

सततं प्रियवादिनः ।

अप्रियस्य तु पथ्यस्य

वक्ताश्रोता च दुर्लभः ।

શ્લોકાર્થ : હે રાજન્! આ સંસારમાં પ્રિય બોલવા વાળા લોકો સુલભ હોય છે. પરંતુ અપ્રિય હોવા છતાં પણ હિતકારી વચન બોલવાવાળા ઘણા દુર્લભ હોય છે. (આ શ્લોક વાલ્મિકી રામાયણ ૬/૧૬/૨૨ મા પણ જોવા મળે છે.)

ચ.ટી. : આ સંદર્ભમાં નીતિકાર પોતે જ દૃષ્ટાંત રૂપ છે. જેઓએ જીવન પર્યન્ત ધૃતરાષ્ટ્રને અપ્રિય અને હિતકારી વચનો કહી તેઓને સન્માર્ગ પર ચાલવાનો ઉપદેશ આપેલો અને ધૃતરાષ્ટ્ર પણ વિદુરજીએ કહેલા ઉપદેશને હિતકારી જ માનતા હતા. પરંતુ પુત્ર મોહને લઇ તેઓ દુર્યોધને કહેલા માર્ગનું અનુસરણ કરતા હતા પણ તેઓએ ક્યારેય વિદુરજીની વાણીનો વિરોધ ન કરેલો કારણ ધૃતરાષ્ટ્ર જાણતા હતા વિદુરજી અમારૂ હીત જ ઇચ્છે છે અને વિદુરજી પણ તેઓનું હિત ઇચ્છિતા થકા તેઓને કહ્યા વગર હિતનો ઉપદેશ આપતા કહ્યુ પણ છે ''प्रियं वा यदि वा द्वेष्यं शुभं वा यदि वा शुभम्। अपृष्टोपिहितं वक्ष्येद्यस्य नेच्छेत्परा भवम्॥ જે જેનો પરાજય નહિ ઇચ્છતો હોય તેણે પ્રિય અથવા દ્વેષ સંયુક્ત સારી અથવા નરસી હિતકારી વાત વગર પુછયે કહેવી.'' (પંચ/મિત્ર/૨૬૨ (શ્લોક - ૧૫) હવે નીતિકાર રાજાનો પ્રિય મિત્ર કોણ તેનું વર્ણન કરે છે.

શ્લોક - ૧૬ यो हि धर्म समाश्रित्य

हित्वा भर्तुः प्रियाप्रिये।

अपियाण्याह पथ्याहि

तेन राजा सहायवान्॥

શ્લોકાર્થ : જે વ્યક્તિ રાજાને પ્રિય કે અપ્રિય લાગવાની ચિંતા છોડીને પ્રિય લાગવાવાળી હિતકારી વાણી કહે છે તે જ પુરૂષ રાજાનો વાસ્તવમાં મિત્ર હોય છે.

ચ.ટી. : નીતિકારે કહેલા વચનમાં તેઓ પોતે જ દૃષ્ટાંત રૂપ છે કે જેઓએ કોઇનો પણ ભય રાખ્યા વીના ધૃતરાષ્ટ્રને હંમશા હિતતમનો ઉપદેશ આપેલો અને ધૃતરાષ્ટ્ર પણ વિદુરજીની અપ્રિય પણ પથ્યરૂપ હિત કરનારા ઉપદેશનું પ્રેમપૂર્વક ગ્રહણ કરતા હતા. ધૃતરાષ્ટ્ર રાજ્ય સંબંધિ અથવા વ્યવહાર સંબંધી કોઇપણ કાર્ય કરવામાં વિદુરજી સાથે મંત્રણા અવશ્ય કરતા કારણ તેઓ જાણતા હતા કે વિદુરજી અમારા સારા હિતેચ્છ છે. એટલે માટે ધૃતરાષ્ટ્ર પોતાના કોઇપણ કાર્યમાં દુર્યોધન આદી પોતાના દુસ્ત પુત્રો અને શકુનિ આદી જઆરીઓને એક બાજ રાખી મહાત્મા વિદુરજી સાથે મંત્રણા કરતા. અને હાલના સમયમાં પણ પાંડવો દ્વારા ઉપસ્થિત થયેલા યુધ્ધરૂપી ભયમાં ધૃતરાષ્ટ્રએ મધ્યરાત્રીના સમયમાં વિદુરજીને જ આ સમ્બન્ધમાં મંત્રણા કરવા આમંત્રિત કરેલા છે અને વિદુરજી પણ તેઓને પ્રિય અપ્રિયની ચિંતા છોડી નિર્ભય થઇ ધૃતરાષ્ટ્રને તેઓના હિતની જ વાત કરી રહ્યા છે માટે જ મહર્ષિ વાલ્મિકીજી કહે છે ''सुलभाः पुरुषाः राजन् सततं प्रिय वादिनः। अप्रियस्य च पथ्यस्य वक्ताश्रोता च दुर्लभः॥ હે રાજન્! નિરન્તર મધુર બોલવાવાળા લોકો તો સરળતાથી મળી આવે છે. પરંતુ અપ્રિય અને હિતકારી વાત કહેવાવાળા દુર્લભ છે અને તે વાત સાંભળવાવાળો પણ દુર્લભ છે.'' (વા.

રામા. યુધ્ધ-૧૬/૨૨) (શ્લોક-૧૬) હવે નીતિકાર કોનો ત્યાગ કરવો જોઇએ એનો ઉપદેશ આપે છે-

શ્લોક - ૧૭ त्यजेत् कुलार्थे पुरुषं

ग्राम स्यार्थे कुलं त्यजेत्।

ग्रामं जनपद स्यार्थे

आत्मार्थे पृथिवीं त्यजेत्॥

શ્લોકાર્થ : મનુષ્યે કુળની ઉન્નતિ માટે અહિતકારી વ્યક્તિનો ત્યાગ કરી દેવો, ગામના હિત માટે કુળનો ત્યાગ કરી દે, જનપદમાં હિત માટે સમસ્ત પૃથ્વીના રાજ્યનો ત્યાગ કરી દે અને આત્મ કલ્યાણ અર્થે સંપૂર્ણ પૃથ્વીનો ત્યાગ કરી દેવો અર્થાત્ આત્મા કલ્યાણ સર્વવિધ કરવું જોઇએ.

ચ.ટી. : એ સાર્વભૌમ નિયમ છે, કે જે નાયક, નેતા અથવા રાજા નીતિકારે કહેલા આ નિયમનું પાલન નથી કરતો તે દેશની, સમાજની અને જાતિની સર્વવિધ ઉન્નતિ નથી કરી શકતો આ નીયમના અભાવમાં તેનો કોઇપણ જન દુઃખિત અથવા ઉપેક્ષિત રહેશે. જે પરિવારનો નાયક આ નિયમથી પરાંગ મુખ રહે છે તે પોતે પોતાની હાનિ તો કરશે જ, પરંતુ સાથે સાથે પોતાના કુળને, ગામને, નગરને અને સમસ્ત રાષ્ટ્રને પણ દુઃખમાં કારણ બનાવશે. દુર્યોધનના જન્મ સમયે અપશુકન બતાવતા થકા ગધેડા ભોંકતા હતા. ત્યારે જ વિદુરજી એ ધૃતરાષ્ટ્રને સાવધાન કરેલા કે 'આ બાળકનો તમો ત્યાગ કરો. અન્યથા આ તમારા સમસ્ત કુળનો નાશક બનશે.' આ ઉપરાંત દ્યુત ક્રીડા સમયે પણ વિદુરજીએ ધૃતરાષ્ટ્રને દુર્યોધનનો ત્યાગ કરવા જણાવેલું. છતા પણ પુત્ર મોહમાં અંધ બનેલા ધૃતરાષ્ટ્રે વિદુરજીના હિતકારી વચનોની ઉપેક્ષા કરેલી. જેના પરિણામ મહાભારતના યુદ્ધમાં દુર્યોધનનના નિમિત્તથી સમસ્ત કુરૂકુળનો નાશ

થયો. (મહાભારત સભાપર્વ /અ. ૬૨/શ્લો-૧૧ માં પણ આ નીતિના વચનો જોવા મળે છે અને ત્યાં પણ નીતિકારે આ વચન ધૃતરાષ્ટ્ર ને કહેલા.) (શ્લોક-૧૭)

હવે નીતિકાર કોની રક્ષા પ્રયત્નથી કરવી તેનું વર્ણન કરે છે.

શ્લોક - ૧૮ आपदर्थे धनं रक्षेद्

दारान् रक्षेद् धनैरपि।

आत्मानं सततं रक्षेद्

दरौरपि धनैरपि॥

શ્લોકાર્થ : સંકટકાળ માટે ધનની રક્ષા કરવી ધન દ્વારા સ્ત્રીની રક્ષા કરવી અને ધન તથા સ્ત્રી દ્વારા સદૈવ પોતાની રક્ષા કરવી. અર્થાત્ સ્વયં ધન અને સ્ત્રીમાં ક્યારે લિપ્ત ન થવું.

ચ.ટી. : ગૃહસ્થે ધનની રક્ષા આપત્કાળ માટે અવશ્ય કરવી. કારણ કે ધન દ્વારા જ સ્ત્રીઓની રક્ષા થાય છે અન્યથા નલરાજા જેવી સ્થિતિ ઉત્પન્ન થાય. જેમ નલ રાજા પોતાના અનુજ પુષ્કર સાથે થયેલ દ્યુત ક્રિડામાં પોતાનું સર્વસ્વ હારી ગયા ત્યારે એક નવો પૈસો પણ તેઓ પાસે રહ્યો ન હતો. અને પહેરેલા વસ્ત્રે જ બંને દંપતિઓ વનમાં ગયા હતા અને વનમાં અન્ન ધનના અભાવમાં નલ રાજાએ પોતાની ભાર્યા દમયંતિનો પણ એક સમયે ત્યાગ કરવો પડેલો. માટે આપત્કાળ અર્થે ધનનો અવશ્ય સંગ્રહ કરવો. જેથી માનવ પોતાની તથા પોતાની ભાર્યાની રક્ષા કરી શકે. કહ્યું પણ છે. '' धनैर्निष्कुलीनाः कुलीनाः क्रियन्ते धनैरापदो मानवानिस्तरन्ति। धनेभ्यो न कश्चित् सुहृदिद्यतेऽन्यो, धनान्यर्जयध्वं धनान्यर्जयध्वम्॥ ધનથી અકુલની પણ કુલિન બની જાય છે ધનથી મનુષ્ય વિપત્તિ ને પાર કરી શકે છે. ધનથી વધારે બીજો કોઇ મિત્ર નથી, અતઃ ધન કમાવો ધન કમાવો. (કવિતામૃતકૂપ/૪૭) ''न हि तद्विद्यते किंचिद् यदर्थेन न सिध्यति।

यत्नेनमतिमांस्तस्मादर्थमैकप्रसाधयेत्॥ કોઇપણ કાર્ય એવું નથી જે ધન દ્વારા સિધ્ધ ન થઇ શકે. અતઃ બુધ્ધિમાને મુખ્ય રૂપથી ધન જ કમાવવું.'' (પંચ/મિત્ર-૨ માટે આપત્કાળને અર્થે બુધ્ધિમાન માનવે ધન કમાવવું) ''शूरः सुरुपः शुभगश्चवाग्मी, शास्त्राणि शस्त्राणि विदांकरोतु।अर्थं विना नैव यशश्च मानं, प्राप्नोति मर्त्योऽत्र मनुष्य लोके॥ મનુષ્ય શુરવિર હોય, વાક્પટુહોય, શાસ્ત્રવિદ્યા તથા શસ્ત્ર વિદ્યા બંનેમાં નિપુણ હોય, તો પણ આ માનવ જગતમાં ધનવગર ન યશ પ્રાપ્ત કરી શકે છે અને ન તો માન મેળવી શકે છે.'' (શ્લોક-૧૮) હવે નીતિકાર ગમ્મતમાં પણ ધુત ન રમવાનો ઉપદેશ આપે છે.

(૭૯) ધુત- જગારનો નિષેધઃ

શ્લોક - ૧૯ द्युतमेतत्पुराकल्पे

दृष्टवैरकरं नृणाम्।

तस्माद्यूतं न सेवेत

हास्यार्थमपि बुद्धिमान्॥

શ્લોકાર્થ : ધુત એ મનુષ્યોને વેર કરાવનારૂં છે, એવું પૂર્વ કલ્પમાં જોવાયું છે, માટે બુધ્ધિમાન મનુષ્ય ગમ્મતમાં પણ ધત રમવું નહિ.

ચ.ટી. : વિદુરજી અહીં રાજા નલ તરફ સંકેત બતાવતા ધૃતરાષ્ટ્રને કહે છે કે રાજન્! પૂર્વે પરમ ધર્માત્મા એવા રાજા નલ પોતાના ભાઇની સાથે ધુતં રમવામાં પ્રવૃત્ત થયેલા તો તેઓ બંને વચ્ચે વૈમનસ્ય થયેલું. વાત એવી હતી કે- નૈષેધિય દેશના અધિપતિ મહારાજ નલ ઘણા ધર્માત્મા, નીતિમાન અને પ્રજાપાલક નરપતિ હતા તેઓના રાજ્યમાં સર્વત્ર ધર્મનું સામ્રાજ્ય વિસ્તાર પામેલું અને કળયુગ માટે સહેજ પણ સ્થાન ન હતુ. બધા યુગોમાં ચારે યુગ ન્યુનાધિક રૂપમાં રહે છે, પરંતુ નલ રાજાએ તો કલિયુગને પોતાના રાજ્યમાંથી બહાર જ કાઢી મૂકેલો. જેથી

કલિએ નલ રાજા સાથે વેર વાળવાની પ્રતિજ્ઞા લીધી હતી. એક સમયની વાત હતી રાજા નલ વનમાં વિહાર કરવા ગયા હતા, ત્યાં તેઓની દૃષ્ટિ એ એક હંસ પડયો એટલે તેઓએ તે હંસને પકડી લીધો. ત્યારે હંસ બોલ્યો ''મહારાજ! આપ અમોને છોડી દો, અમો આપનું પ્રિય કાર્ય કરશું'' મહારાજે તેને છોડી દીધો એટલે તે હંસ વિદર્ભ દેશમાં આવ્યો ત્યાં વિદર્ભ દેશમાં રાજકુમારી દમયંતિ રહેતી હતી જે સમસ્ત સંસારની બધી નારીઓમાં રૂપ, શીલ અને સ્વભાવથી સર્વોત્તમ હતી. દેવતાઓ પણ તેને પ્રાપ્ત કરવાને અર્થે લાલાયિત રહેતા હતા. હંસ દમયંતિની સમિપમાં આવ્યો અને તેણે તેની પાસે રાજા નલના ગુણોની પ્રશંસા કરી જે શ્રવણ કરી દમયંતિ એ મનોમન જ નલનું વરણ કરી લીધું. દેવતાઓએ વિવિધ પ્રકારના નિશ્ચયથી તેને ડગાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે પોતાના નિશ્ચય પર દૃઢ રહી અને અંતે તેણે પોતાની સખીઓ દ્વારા પોતાના મનની વાત પોતાના પિતા સુધી પહોચાડયો એટલે પિતાજીએ સ્વયંવરનું આયોજન કર્યુ જેમા પધારેલા નલ રાજાનું દમયંતિએ વરણ કર્યુ અને તેઓના કંઠમાં જયમાળા પહેરાવી અને નલ રાજા સાથે દમયંતિનો વિવાહ સંપન્ન થયો. વિવાહ બાદ દમયંતિ અને નલનું દામ્પત્યજીવન અત્યંત આનંદમાં પ્રસાર થતું હતુ. દમયન્તિ તન અને મનથી નલની સેવા કરતી હી. પોતાના સ્વામીની આજ્ઞા વિરુધ્ધ તે કોઇ કાર્યમાં પ્રવૃત્ત થતી નહતી રાજા નલ પણ દમયંતિને ઘણો સ્નેહ કરતા હતા સમય જતા દમયંતિના ગર્ભ થકી એક પુત્ર અને એક પુત્રી નો જન્મ થયો.

પેલી તરફ કલયુગ તો રાજા નલને પથ ભ્રષ્ટ કરવાનો અવસર જોતો હતો. એક સમયની વાત હતી નલ રાજા પોતાના ભ્રાતાના આવાહન પર તેની સાથે દ્યુત રમવા પ્રવૃત્ત થયા રાજા નલને એ વાતની ખબર ન હતી કે દ્યુતમાં કલિનો વાસ છે. કલિયુગ ને સારો અવસર મળી ગયો, તે દ્યુત રમવાના પાસામાં પ્રવેશી

ગયો. એટલે નલ રાજા બરાબર હારતા રહ્યા અને તે ત્યાં સુધિ કે તેઓ રાજપાટ, ધન ધાન્ય, મહેલ, રથ ઘોડા બધુ જ હારી ગયા અને અંતે પહેરેલા વસ્ત્રે તેઓને અને તેમની ભાર્યાને તેઓના ભાઇએ ઘરમાંથી બહાર કાઢી મુક્યા અને રાજ્યની પ્રજાને પણ તેણે આદેશ આપ્યો કે 'કોઇએ પણ નલ દમયંતિને આશ્રય આપ્યો તો તેને મૃત્યુદંડ આપવામાં આવશે.' દમયંતિએ સમય સૂચકતા વાપરી પોતાના પુત્રોને તો પ્રથમથી જ પોતાના પિતાને ત્યાં વિદર્ભ મોકલી આપેલા અને પોતે નલની સાથે ક્ષુધા તૃષાથી યુક્ત વનવન ભટકવા લાગી.

એક દિવસની વાત હતી. ક્ષુધાના કષ્ટથી દમયંતિ એક વૃક્ષ નીચે સૂતી હતી અને નલરાજા તેની સપિમાં બેઠા બેઠા ઉદાસ મનથી વિચારતા હતા કે 'હવે શુ કરવું' એવા સમયમાં નલરાજાની દૃષ્ટિ એ એક સુવર્ણ પક્ષી પડયું. એટલે તેઓએ તેને પકડવા પોતાની ધોતી કાઢી તેના પર ફેંકી પરંતુ તે પક્ષી નલરાજાની શરીર ઢાકવાની એક માત્ર ધોતી લઇને ઉડી ગયો. હવે નલ રાજા પાસે શરીરઢાકવા માટે પણ વસ્ત્ર રહ્યુ નહિ એટલે તેઓએ સૂતેલી પોતાની ભાર્યાની સાડીનો કેટલોક ભાગ ફાડી તેને પોતાના શરીર પર લપેટી દીધો અને પછી નલરાજા દમયંતિને નિસહાય અવસ્થામાં ભગવાનના ભરોસે છોડી ત્યાંથી જતા રહ્યા. આગળ જતાવનમાં નલ રાજાએ એક સ્થાનમાં આગ લાગેલી જોઇ અને તે આગમાં એક નાગ બળતો જોયો. તેણે નલરાજાને પ્રાર્થના કરી કે 'હે દેવ! અમોને આ આગમાંથી બહાર કાઢો.' રાજાએ તે નાગને આગમાંથી બહાર કાઢયો એટલે તરત જ તે નાગે રાજાને દંસ દીધો. દંસ દેવાથી રાજા નલનું શરીર શ્વેતમાંથી શ્યામ રંગનું થઇ ગયુ ત્યારે રાજા બોલ્યા 'હે ભુજંગ! તે અમારી સાથે આ કેવી કૃતજ્ઞતા કરી?' ત્યારે નાગ બોલ્યો ''દેવ! અમારૂ નામ કર્કોટક નાગ છે, અમોએ તમોને દંસ દઇ તમારો ઉપકાર જ કરેલો છે કારણ કે તમારા

શરીરમાં કલયુગ આવીને બેઠો છે તેઓ વિષ જ્વાળાથી અત્યંત કષ્ટ પામશે અને બીજ દંસ દેવાથી તમારૂ રૂપ પણ પરિવર્તન થઇ ગયુ હોય હવે તમોને કોઇ ઓળખી પણ ન શકશે.'' આ પ્રમાણે કહી કર્કોટક નાગે નલ રાજાને એક વસ્ત્ર પ્રદાન કર્યુ અને કહ્યું 'આ વસ્ત્ર ધારણ કરવા માત્રથી તમારૂ રૂપ પુનઃ પુર્વવત થઇ જશે.' તે પછી નલ રાજા કર્કોટકથી વિદાય લઇ ફરતા ફરતા અયોધ્યા આવ્યા અને ત્યાંના રાજા ઋતુ પર્ણના સારથી ના કાર્યમાં જોડાઇ ગયા.

નલના ગયા પછી થોડા સમયમાં દમયંતિ જાગી અને નલને ન જોતા તેઓને શોધતી થકી વનમાં આમતેમ ફરવા લાગી અને પછી આમ તેમ અફડાતી કુટડાતી કેમેય કરી અપાર કષ્ટ વેઠતી થકી પોતાના પિતાને ત્યાં વિદર્ભ દેશમાં આવી. અને પોતાના પિતાને તેણે બધી વાત કરી અને કહ્યું 'પિતાજી ! કૃપા કરી અમારા સ્વામીની શોધખોળ કરાવો.' પોતાની પુત્રીની વાત સાંભળી વિદર્ભ નરેશે પોતાના ગુપ્તચરોને નલની શોધખોળ કરવાને અર્થે ચારેય દિશામાં મોકલ્યા અને તેમાથી એક ગુપ્તચરે આવી દમયંતિને કહ્યું ''દેવી તમોએ જેવા લક્ષણ નલ રાજાના કહ્યા હતા તેવા લક્ષણો અયોધ્યાના રાજા ઋતુપર્ણના સારથી 'બાહુક' માં જોવા મળે છે. પરંતુ હાલમાં તેઓનું રૂપ કંઇક બીજા પ્રકારનું જ છે.''

ગુપ્તચરની વાત સાંભળી દમયંતિએ પરીક્ષા નિમિત્તે પિતાની કહી પોતાના સ્વયંવરની ઘોષણા કરાવી અને તે સ્વયંવરના એક દિવસ પહેલા અયોધ્યાનરેશ ઋતુપર્ણને નિમંત્રણ મોકલ્યુ નિમંત્રણ પત્રિકા વાંચી ઋતુપર્ણે અશ્વવિદ્યાના જાણકાર એવા બાહુક રૂપ ધારી નલને પોતાની પાસે બોલાવ્યો અને તેને સાથે લઇ ઋતુપર્ણ એક જ રાત્રીમાં વિદર્ભ દેશ આવી પહોંચ્યા. તે પછી દમયંતિ એ કેટલીએ યુક્તિ દ્વારા નલને ઓળખી લીધા. ત્યારે વિદર્ભ નરેશે તેઓનો યથાર્થ રીતે સત્કાર કર્યો રાજા ઋતુપર્ણ ને પણ ખબર પડી કે 'મારે ત્યાં મારા સારથી

નું કાર્ય કરનારા નલ રાજા છે.' ત્યારે તેઓ પણ નલ રાજાને સ્નેહ પૂર્વક મળ્યા અને ઋતુપર્ણે નલ રાજા પાસેથી અશ્વવિદ્યા શીખો અને બદલામાં તેઓએ નલને ધુતક્રીડાનું રહસ્ય બતાવ્યું. આ પ્રમાણે ઋતુપર્ણ પાસેથી ધુત વિદ્યાની જાણકારી મેળવી નલરાજા પુનઃ પોતાના ભાઇ પાસે આવ્યા અને તેઓએ તેને ધુતમાં પરાજીત કરી પુનઃ પોતાનું રાજપાત્ મેળવ્યું. (મહાવન) આમ ધુતક્રીડા કરવાને લઇ નલ તથા તેમનો સમસ્ત પરીવાર અત્યંત કષ્ટમાં મુકાઇ ગયો હતો. માટે જ વેદ ભગવાન મનુષ્યને ઉપદેશ આપતા કહે છે- ''अक्षास इदङ्कुशिनो नितोदिनोनिकृत्वानस्तपनास्तापयिष्णवः। कुमारदेष्णा जयतः पुनर्हणो, मध्वं संपृक्ताः कितवस्य बर्हणाः॥ આ પાસા પોતે અણીદાર અંકુશ વાળા, પીડા આપનાર, કરડવાવાળા, બાળનારા અને સન્તાપ ઉત્પન્ન કરનારા છે. જીતનાર જગારી માટે ધનાદિ આપનાર અને મુધ જેવા મધુર લાગનારા હોવા છતાં આ ખાસ સર્વસ્વ હરણ કરી સર્વથી નષ્ટ કરી દે છે.''(ઋગ ૧૦/૩૪/૭-માટે ક્યારેય પાસાથી રમત ન રમવી ''अक्षैर्मा दीव्यः कृषिमित्कृषस्व, वित्तेस्मस्व बहुमन्यमानः। तत्रगावःकितवः तत्र जाता तन्मे विचष्टे सवितायमर्थः॥ અરે જગારી! પાસાથી ન રમો ખેતીવાડી જેવા પરિશ્રમના કાર્યો કરો અને તે પરિશ્રમથી પ્રાપ્ત ધનને જ બધુ સમઝતા તેમાંજ આનંદમાણો પરિશ્રમથી પ્રાપ્ત ધન તથા તમારી પત્ની તમારી સંગિની બની રહે. આ ઉપદેશ બધાના પ્રેરક અને સકળ જગતના સ્વામી પ્રભુ આપણે આપી રહ્યા છે.'' (ઋગ-૧૦/૩૪/૧૩) ભીષ્મપિતામહ કહે છે ''नाक्षैः दींव्येन्नाददीतान्य वित्तम्। પાસાની ન રમવું તથા પારકુ ધન ન લેવું.'' (મહા. સાં. ૨૭૦/૨૪) યમરાજ કહે છે- ''द्यूतसंव्यवहारी च प्राणिहिंसारताश्चये। वैतरव्यां नियात्यन्ते ये नरा बन्धु घातका॥ ધુત રમનારા, ધુત જેવો વ્યવહાર કરનારા, પ્રાણીઓની હિંસામાં આસક્ત રહેનારા, આત્મીય બંધુઓના હત્યારા આ બધાને વૈતરણી

નામના નરકમાં નાખુ છ.'' મનુ મહારાજ પણ કહે છે - '' नाक्षैः कीडेत्कदाचित्- ક્યારેય પાસાથી દ્યુત ન રમવું.'' (મનુ. ૪/૭૪) ''द्युतं समाह्वयं चैव यः कुर्यात् कारयेत वा। तान्सर्वान् घातयेद्राजा शुद्राश्चद्विजलिङ्गिन्नः॥ જે કોઇ દ્યુત રમે કે સમાહ્વય (પશુઓને પરસ્પર લડાવી બાજી રમનારા) રમે અને રમાડે, શુદ્ર હોવા છતા બ્રાહ્મણાદિના જેવી વેશભૂષા વિગેરે રાખનારાનો રાજાએ વિનાશ કરવો.'' (મનુ. ૯/૨૨૪- આ પ્રમાણે મનુ મહારાજ દ્યુત રમનાર રમાડનારાને દંડ કરવાનું કહે છે.) (શ્લો-૧૯) હવે નીતિકાર પોતે દ્યુત ક્રિડા સમયે દ્યુતનો વિરોધ કરેલો તેનું સ્મરણ ધૃતરાષ્ટ્રને કરાવે છે.

શ્લોક - ૨૦ उक्तं मया द्यूतकालेऽपि

राजन्नेदं युक्त वचनं प्रातिपेय।

तदौषधं पथ्यमिवातुरस्य

न रोचते तव वैचित्र वीर्य॥

શ્લોકાર્થ : હે પ્રતીપવંશી રાજા! ધૂત રમતી વખતે પણ 'આ યોગ્ય નથી' એવું વચન અમે કહ્યું હતું, પરંતુ હે વિચિત્રવીર્યના પુત્ર! જેમ મરવાની તૈયારીવાળાને પથ્ય ઔષધ રૂચે નહિ, તેમ તમોને અમારૂ વચન રૂપી પથ્ય રૂચિકર ન લાગ્યુ.

ચ.ટી. : મૂળમાં અહીં 'प्रतिपेय' શબ્દ છે તેનો અર્થ 'વિપરીત' થાય છે. ધૃતરાષ્ટ્રની બુધ્ધિ પોતાના અધર્મિપુત્ર દુર્યોધન પરના સ્નેહને કારણે વિપરીત થઇ ગઇ છે. જેમ હિતકારી કડવી ઔષધિ રોગી મનુષ્યને રૂચિકર લાગતી નથી. તેજ પ્રકારે વિદુરજીએ પણ દ્યુતક્રીડાના આરંભમાં કહેલા ''नाभिनन्दे नृपते प्रैषमेतं मैवं कृथाः कलनाशाद् विभेमि। पुत्रैर्भिन्नैः कलहस्ते ध्रुव स्यादेतच्छङ्के द्यूतकृते नरेन्द्र॥ અમો તમારા આ આદેશનું અભિનંદન નહિ કરશુ, આપ આવું કાર્ય નહિ કરો. આનાથી તો અમો ને સમસ્ત કુળના વિનાશનો ભય છે. નરેન્દ્ર! પુત્રોમાં ભેદ થતા

નિશ્ચિત પણ આપને કલહ નો સામનો કરવો પડસે આ દ્યુતને કારણે અમોને આવી આશંકા થઇ રહી છે.!! (મહા.સભા. ૫૭/૭) આ વચનો ધૃતરાષ્ટ્રને હિતકારી લાગ્યા નહિ. તેજ વચનોનું નીતિકાર અહીં ધૃતરાષ્ટ્રને સ્મરણ કરાવે છે. (શ્લો-૨૦) વિદુરજી પુનઃ ધૃતરાષ્ટ્રને અધર્મિ એવા કૌરવોના પક્ષને ત્યાગવાનું કહે છ-

(૮૦) હિતવચનઃ-

શ્લોક - ૨૧ काकौरिमांश्चित्रबर्हान् मयूरान्

पराजयेथाः पान्डवान् धार्तराष्ट्रैः ।

हित्वा सिंहान् कोष्टुकान् गूहमानः

प्राप्ते काले शोचिता त्वं नरेन्द्र ॥

શ્લોકાર્થ : હે રાજન્! તમો કાગડા રૂપી કૌરવો દ્વારા વિચિત્ર પૂછડી વાલા મયૂર રૂપી પાંડવોને પરાજિત કરવા ઇચ્છો છો. સિંહ રૂપી પાંડવો ને મારી શિયાળોની રક્ષા કરવાથી સમય આવતા શોકમાં ઘરકાવ થશો.

ચ.ટી. : મોરની ઉત્પતિ ગરૂડ દ્વારા થઇ છે અર્થાત્ તે પક્ષી શ્રેષ્ઠ ગરૂડનો પુત્ર છે. (જૂઓ ગર્ગસંહિતા/વૃંદાવનખંડ/ અ.૧૪/શ્લો-૭૫ થી ૨૦) એટલે સ્વાભાવિક રીતે તેનામાં ગરૂડ જેવી શક્તિ હોય. જ્યારે કાકપક્ષી સમસ્ત પક્ષીઓમાં અધમ કહેલો છે. તેનામાં બળની પણ ન્યૂનતા હોય છે. અહીં વિદુરજીનો કહેવાનો ભાવાર્થ એ છે કે ''હે રાજન્! તમો દેવો દ્વારા પ્રગટ કરાયેલા પાંડવોને પરાજિત કરવાનું વિચારો છો. જેના સહાયક સ્વયં ભગવાનશ્રી કૃષ્ણ છે. જે અશક્ય છે તેને શક્ય કરવાનું વિચારો છો માટે આ તમારૂ વિચારવું અયોગ્ય છે.'' (શ્લો-૨૧) હવે નીતિકાર કેવા સેવકો સ્વામિનો ત્યાગ કરતા નથી તેનું વર્ણન કરે છે-

શ્લોક - ૨૨ यस्तात न क्रुध्यति सर्वकालं

भृत्यस्य भक्तस्य हिते रतस्य।

तस्मिन् भृत्या भर्तरि विश्वसन्ति

न चैतमापत्सु परित्यजन्ति॥

શ્લોકાર્થ : હે ભાઇ! જે સ્વામીના હિતમાં લાગેલા ભક્ત સેવક પ્રતિ હર સમયે ક્રોધ નથી કરતો, તે સ્વામીના પ્રતિ સેવક વિશ્વાસ કરે છે. અને આપત્તિઓના સમયે પણ તે પોતાના સ્વામીનો પરિત્યાગ કરતા નથી.

ચ.ટી. : પરંતુ આનાથી વિપરીત જે સ્વામી ઉન્મત હોય છે તેને તેના સેવકો ત્યાગ કરી જતા રહે છે. કહ્યુ પણ છે- ''कुलहीनं नृपं भृत्याः कुलीनमपि चोन्नतम्। सन्त्यज्यान्यत्र गच्छन्ति शुष्कं वृक्षमिवाण्डजाः॥ ઉચ્ચકુળમાં ઉત્પન્ન તથા ઉન્નત રાજાને પણ રૂપહીન સમઝીને તેમના અનુચરો એ પ્રકારે છોડી અન્ય સ્થાને જતા રહે છે કે જે પ્રમાણે સૂકા અને સારા તથા ઉન્નતવૃક્ષને ફળ હીન સમઝી ત્યાગ કરી પક્ષી ગણ જતા રહે છે.'' (પંચ મિત્રભેદ-૧૬૩) પરંતુ જે રાજા સેવકને યોગ્ય સમય પર યોગ્ય રીતે તેની સરભરતા કરે છે તે રાજાથી તાડિત થવા છતા પણ તેનો ત્યાગ કરતા નથી કહ્યુ પણ છે- ''कालातिक्रमणं वृतेर्या न कुर्वीत भूपतिः। कदाचितं न मुञ्चन्ति अपि सेवकाः॥ જે રાજા વૃત્તિ આપવામાં સમયનું અતિક્રમણ કરતો નથી, તે રાજા દ્વારા ભર્ત્સના (વિવાદ કરવો તાડન કરવું) કરવા છતાં પણ સેવકો તેનો ત્યાગ ક્યારેય પણ કરતા નથી.'' (પંચ-મિત્ર-૧૬૫) (શ્લોક-૨૨) હવે નીતિકાર આજીવિકા વિનાના સેવકો રાજાની વિરુધ્ધ થઇ જાય છે તે વાત કહે છે -

શ્લોક - ૨૩ न भृत्यानां वृत्तिसंरोधनेन

राज्यं धनं सज्जिधृक्षेदपूर्वम्।

त्यजन्तिह्येनं वञ्चिता वै विरुद्धा:

स्निग्धा ह्यमात्मा: परिहीनभोगा: ॥

શ્લોકાર્થ : સેવકોની જીવિકા હરણ કરી અન્યના રાજ્ય તથા ધનને લઇ લેવાની ઇચ્છા કરવી નહિ, કારણ કે એ રીતે છેતરાયેલા અમાત્યો પ્રીતિવાળા હોય છે છતાં પણ આજિવિકા વિનાના થવાથી વિરુધ્ધ થઇને પોતાના સ્વામીનો ત્યાગ કરે છે.

ચ.ટી. : વિષ્ણુ શર્મા પણ આ બાબતનું સમર્થન કરતા કહે છે કે - ''अपि सम्मान संयुक्ता: कुलिना भक्ति तत्परा:। वृत्ति भङ्गान्महीपालं त्यजन्त्येव हि सेवका: ॥ સમ્માન યુક્ત કુલિન અને ભાવિતમાં તત્પર સેવક પણ વૃત્તિ ભંગ થતા રાજાનો ત્યાગ કરી દે છે.'' (પંચ/મિત્રભેદ/૧૬૪) માટે રાજાએ પોતાના સેવકોને સમય સર વેતન આદીથી તૃપ્ત કરવા અન્યથા આજીવિકાના અભાવમાં સેવકો રાજાની વિરુધ્ધ કાર્ય કરવામાં તત્પર થશે. (શ્લોક-૨૩) હવે નીતિકાર સહાયતોની સહાયથી જ કાર્ય સિધ્ધ થાય છે માટે સંવકોનો સંગ્રહ કરવાનો ઉપદેશ આપે છે.

શ્લોક - ૨૪ कृत्यानि पूर्वं परिसंख्याय

सर्वाज्यायव्यये चानुरुपां च वृत्तिम्।

सङ् गृह्णीयादनुरुपान् सहायान्

सहाय साध्यानि हि दुष्कराणि॥

શ્લોકાર્થ : આથી પ્રથમ પોતાનાં સર્વ કાર્યોની સાધ્યતા તથા અસાધ્યતા વિશે નિર્ણય કરવો, તેમજ આવક જાવકને અનુલક્ષીને સેવકો માટે વેતનની ગોઠવણી

કરવી. એ પછી યોગ્ય સહાયકોનો સંગ્રહ કરવો, કારણ કે દુષ્કર કાર્યો સહાયતાથી જ સાધ્ય થાય છે.

ચ.ટી. : કોઇપણ દુષ્કર કાર્યો સહાયકોથી સરળતાથી પાર પડી જાય છે. સહાયકોના અભાવમાં કાર્યની સિધ્ધિમાં સંશય ઉત્પન્ન થાય છે. માટે જ વિષ્ણુ શર્મા કહે છે કે - ''असहाय: समर्थोऽपि तेजस्वी किं करिष्यति। निवाते ज्वलितोऽप्यग्नि: स्त्रयमेव प्रशाम्यति॥ તેજસ્વિ પુરૂષ પણ જો એકાકી હોય તો કાંઇ કરી શકતો નથી, જેમ વાયુ રહિત સ્થાન પર સળગતો અગ્નિ પણ હોલવાય જાય છે તાત્પર્ય એજ છે કે પ્રત્યેક જીવને સહાયકોની આવશ્યકતા હોય છે.'' (પંચ કાકો. ૫૫) '' बहूनाम्प्यसाराणां समवायो हि दुर्जय:। तृणरावेष्ट्रयते रज्जुर्येन नागोऽपि बध्यते॥ તુચ્છ પ્રાણિઓનું પણ સંગઠન કઠિનાઇથી જીતાય છે, પાતાળા પાતળા તાટણાથી બનાવેલ દોરડાથી હાથી પણ બંધાય જાય છે.'' (પંચ. મિત્રભેદ/૨૪) હવે નીતિકાર યોગ્ય સેવકો પર રાજાએ અનુગ્રહ કરવો તેનો ઉપદેશ આપે છે-

શ્લોક - ૨૫ अभिप्रायं यो विदित्वा तु भर्तु:

सर्वाणि कायाणि करोत्य नरेन्द्र।

वक्ता हितानामनुस्वत आर्य :

शक्तिज्ञ आत्मेव हिसोऽनुकम्प्य:॥

શ્લોકાર્થ : જે સેવક સ્વામીનો અભિપ્રાય સમઝીને સર્વ કાર્યો આળસ રહિત થઇને કરે છે, જે હિતકારી વચન કહે છે, જે પ્રેમ રાખે છે, જે પોતાની શક્તિને જાણે છે અને જે ઉત્તમ આચરણ રાખે છે, તેને સ્વામી એ પોતાના જેવો સમજીને તેના ઉપર અનુગ્રહ કરવો.

ચ.ટી. : હરરોજ રાજાની વૃધ્ધિ અને હ્રાસ એ તેના સેવકો દ્વારા કરવામાં આવેલા શુભાશુભ કાર્યોથી જ છે. આ સન્દર્ભમાં હનુમાનજી દૃષ્ટાંત રૂપ છે કે જેઓએ શ્રીરામનો અભિપ્રાય જાણી સીતા અન્વેષણ, લક્ષ્મણજી માટે સંજીવની ઔષધિ, વિશિલ્ય કરણ ઔષધિ લાવવી તથા ઇન્દ્રજીતનો યજ્ઞ ભંગ વગેરે કાર્યો કર્યા. વિભિષણ જ્યારે રાવણથી અપમાનિત થઇ શ્રીરામના શરણમાં આવ્યા ત્યારે સુગ્રીવ આદી બધા તેઓને શત્રુનો ભેદિઓ જાણી શ્રીરામને તેને અપનાવવાની મનાઇ કરતા હતા ત્યારે હનુમાનજીએ જ તે સમયે હિતકારી વચન કહી શ્રીરામને વિભિષણને શરણ આપવા માટે કહ્યુ હતુ. શ્રી હનુમાનજી મહારાજ પોતાની શક્તિ સામર્થ્ય પણ જાણતતા હતા કે જ્યારે લક્ષ્મણજી ઇન્દ્રજીવની શક્તિ લાગવાથી મુર્છિત થઇ ગયા હતા ત્યારે હનુમાનજી હ્રદયમાં રામચંદ્રજીનાં ચરણોને ધારણ કરી લઇ પોતાના બળનો પ્રકાશ કરી ત્યાથી ચાલ્યા. 'રામ ચરન સરસિજ ઉર રાખી/ચલા પ્રભંજન સુત બલ ભાષી' (રા.ચ.મા. લં. ૫૬) આ પ્રમાણે હનુમાનજીની સેવા જોઇ સ્વામી એવા રામે તેઓને પોતાનું સર્વસ્વ સોપી દીધું 'हनूमंस्ते कृतं कार्यं देवैरपि सुदुष्करम्। उपकारं न पश्यामि तव प्रत्युपकारिण:। इदानी ते प्रयच्छामि सर्वस्वं मम मारुते। इत्यालिङ्य सनाकुष्य गाढंवानर पुङ्गवम्। હે હનુમન્! તમોએ જે કાર્ય કર્યુ તે કાર્ય દેવતાઓથી થવુ પણ કઠિન છે અમો આના બદલામાં તમારો શો ઉપકાર કરીએ એ નથી જાણતા તો અમો હમાણા તમોને પોતાનું સર્વસ્વ સોપી દઇએ છીએ એ પ્રમાણે કહી શ્રીરામજીએ હનુમાનજીને ખેંચી તેઓનું ગાઢ આલિંગન કર્યુ.'' (અધ્યાત્મ. સામા. સં. ૫/૬૧-૬૧) ભોજ પ્રબંધમાં ભોજરાજ કહે છે- ''राजातुष्टोहि भृत्यानां मानामात्रं प्रयच्छति। ते तु सम्मानितास्तस्य प्राणैरप्यु पकुर्वत॥ રાજા પ્રસન્ન થતા સેવકોને સમ્માન તથા પુરસ્કાર આપે છે. પરંતુ સેવક સમ્માનિત થતા રાજા માટે પોતાના પ્રાણ સુધ્ધા આપી તેનું હિત કરે

છે.'' (ભો.પ્ર. ૧૭) શ્રીમન્ નારાયણ પણ કહે છે- ''यक्तिञ्चित्कुरुते कर्म शुभं व्या यदि वाऽशुभम्। तेन स्म वर्द्धते राजा सूक्ष्म तो भृत्य कार्य्यत:॥ હરકોઇ રાજા જે પણ કંઇ શુભ કે અશુભ કર્મ કરે છે, તે દ્વારા સૂક્ષ્મ દૃષ્ટિએ તે પોતાના સેવકોના તે તે કાર્યો દ્વારા જ પોતાની વૃધ્ધિ કે આબાદી પ્રાપ્ત કરે છે. અર્થાત્ સેવકોના કાર્યોથી જ રાજાની વૃધ્ધિ થાય છે.'' (ગરૂડ. ૧૧૩/૨૩) (શ્લોક-૨૫) હવે કેવા સેવકોનો રાજાએ ત્યાગ કરવો તેનો ઉપદેશ આપે છે.

શ્લોક - ૨૬ वाक्यं तु यो नाद्रियतेनुऽशिष्ट:

प्रत्याह यश्चापि नियुज्यमान:।

प्रज्ञाभिमानी प्रतिकूलवादो।

त्याज्य: स ताद्वक् त्वरयैव भृत्य:॥

શ્લોકાર્થ : જે સેવક કહેલાં વચનોનો અનાદર કરે છે, કામ કરવાનું કહેતાં ઊલટો ઉત્તર આપે છે, પોતાની બુધ્ધિ માટે અભિમાની રહે છે અને આજ્ઞાની વિરુધ્ધ બોલે છે, તેવા સેવકને એકદમ કાઢી મૂકવો.

ચ.ટી. : ઉપરોક્ત લક્ષણોવાળો સેવક જે રાજાપાસે હોય છે તે સમય આવતા રાજાનું અવશ્ય અહિત કરે છે માટે તેવાઓનો ત્યાગ કરવામા જ રાજાનું હિત સમયેલુ છે. ભગવાન શ્રીમન્ નારાયણ ગરૂડને કહે છે- ''मुर्खान्नियोजयेद्यस्तु त्रयोऽप्येतेमहीपते:। अयशश्चार्थ नाशश्च नरके चैव पातनम्॥ હે ગરૂડ! જે રાજા પોતાની પાસે મૂર્ખ સેવકોને રાખી તેને કાર્યમાં જોડે છે તે રાજાને અંતે અપયશ, ધનનાશ, કાર્યનાશ તથા અંતે મૃત્યુ બાદ પણ નરકમાં જ પડવું પડે છે.'' (ગરૂડ-૧૧૩/૨૩) (શ્લોક-૨૬) હવે રાજાએ કેવા મનુષ્યને દૂત કરવો તેના લક્ષણ કહેવાય છે-

(૮૧) દૂત કેવો જોઇએ :-

શ્લોક - ૨૭ अस्तब्ध धनमक्लीबमदीर्घसूत्रं

सानुक्रोशं श्लक्ष्णमहार्यमन्यैः।

अरोगजातीयमुदारवाक्यं

दूतं वदन्त्यष्टगुणोपपन्नम्॥

શ્લોકાર્થ : ગર્વ રહિત, સામર્થ્યવાન, શીઘ્ર કાર્ય કરનાર, દયાળુ, મધુર સ્વભાવનો, બીજાથી અભેદ્ય, નીરોગી અને યુક્તિ ભરેલું અને મહાન અર્થવાળુ બોલનારો આ આઠ ગુણોથી જે સંપન્ન હોય તેને દૂત કહે છે. અર્થાત્ આવા આઠ ગુણો જેમાં હોય તેને જ દૂત કરવો.

ચ.ટી. : ઉપરોક્ત આઠ લક્ષણો ગવલગણ પુત્ર સંજયમાં જોવા મળતા હતા એટલે ધૃતરાષ્ટ્રે સંજયને દુત બનાવી પાંડવો પાસે મોકલ્યો હતો. દૂતના લક્ષમો બતાવતા મત્સ્ય ભગવાન કહે છે. ''यथोक्तवादी दूतः स्याद् देश भाषा विशारदः। शक्तःक्लेश सहो वाग्मी देश काल विभाग वित्॥ विज्ञात देशकालश्च दूतः स्यान्महाक्षितः। वक्ता नयस्य यः काले स दूतो नृपर्ते भवेत्॥ જે સત્યવાદી, દેશીભાષામાં પ્રવિણ, સામર્થ્યશાલી, સહિષ્ણુ, વક્તા, દેશકાળના વિભાગને જાણનારો, દેશ કાળન જાણનારો, અને અવસર મળતા નીતિની વાત કહેવાવાળો હોય તે રાજાનો દૂત થઇ શકે છે.'' (મત્સ્ય/૨૧૫/શ્લો-૧૨-૧૩) ભગવાન શ્રીરામ કહે છે ''प्रगल्भः स्मृतिमान वाग्मी शास्त्रे शास्त्रे च निष्ठितः। अभ्यस्तकर्मा नृपतेर्दूतो भवितुमर्हति॥ निसृष्टिार्थो मितार्थश्च तथा शासनहारकः। सोमर्थ्यात्पादतो हीनो दूतस्तु त्रिविधः स्मृतः॥ સભામાં નિર્ભિક બોલનારો, સ્મરણ શક્તિથી સમ્પન્ન, પ્રવચન કુશળ, શસ્ત્ર અને શાસ્ત્રમાં પરિનિષ્ઠ તથા દૂતોચિત કર્મમાં અભ્યાસથી સમ્પન્ન પુરૂષ રાજદૂત થવાને યોગ્ય હોય છે. નિસૃષ્ટાર્થ (જેના પર સંધિ, વિગ્રહ આદી કાર્યને

ઇચ્છાનુસાર કરવાનો પુરો ભાર સોપાયેલો હોય તે), મિતાર્થ (જેને પરિમિત કાર્યનો ભાર સોંપાયો છે તે જેમ આટલું જ બોલવું જોઇએ.) તથા સાશન હારક (લખેલા આદેશોને પહોંચાડનારો) આ દૂતના ત્રણ ભેદ કહેવાયા છે.'' (અગ્નિ પુ. અ. ૨૪૧) વિષ્ણુ શર્મા કહે છે- ''साकारो निःस्पृहो वाग्मी नानाशास्त्र विचक्षणः। परिचित्ताबगन्ताच साज्ञोदूतः स इष्यते॥ સુંદર, લોભરહિત, ભાષણ ચતુર, અનેક વિદ્યાઓમાં નિપૂણ અને અન્યના મનની વાત સમઝવાવાળો પુરૂષ રાજાના દૂત કાર્ય માટે અભિષ્ટ હોય છે.'' (પંચ. કાકો. શ્લો. ૮૭) ભગવાન સ્વામિનારાયણ પણ કહે છે. ''कुलीनः शील सम्पन्नो वाग्मी दक्षः प्रियंवदः। यथोक्तवादी स्मृतिवान् दूतः स्यात् सप्तभिगुणैः॥ સતકુળમાં જન્મેલો અને સદ્વૃત્તિએ સંપન્ન, વચનમાં કુશળ, કાર્ય અકાર્યમાં ચતુર, પ્રિય બોલવાના સ્વભાવાળો, યથાસ્થિત બોલવાના સ્વભાવવાળો પૂર્વાપર કાર્યના સ્મરણવાળો આ સાત સદ્‌ગુણોએ સંપન્ન હોય તે દૂત જાણવો.'' (સ.જી. ૫/૩૭) માટે રાજાએ આવા સદ્‌ગુણોથી સંપન્ન મનુષ્યને જ દૂતના કાર્યમાં નિયોજવો તો તે રાજાની વાતને યથાર્થ પણે રજ કરી કાર્યને સંપન્ન કરી શકે. કારણ કે રાજાના કાર્ય અકાર્યનો ભાર દૂતના ઉપર જ નિર્ભર હોય છે. (શ્લોક-૨૭) હવે નીતિકાર કેવા લોકો સાથે રાજાએ વ્યવહાર ન કરવો તેને ત્રણ શ્લોકથી કહે છે.

(૮૨) સામાન્ય નીતિ :-

શ્લોક - ૨૮ न विश्वासाज्जातु परस्य गेहे

गच्छेन्नरश्चेत्तयानो विकाले।

न चत्वरे निशि तिष्ठेन्निगूढो न

राजकाम्यां योषितं प्रार्थयीत॥

શ્લોક - ૨૯ न विह्नवं मन्त्रगतस्य गच्छेत्

संसृष्टमन्त्रस्य कुसङ्ग तस्य।

न च ब्रूयान्नाश्वसिमि त्वयीति

सकारणं व्यपदेशं तु कुर्यात्॥

શ્લોક - ૩૦ घृणी राजा पुंश्चली राजभृत्यः

पुत्रो भ्राता विधवा बालपुत्रा।

सेनाजीवी चोद्धृतभूति रेव

व्यवहारेषु वर्जनीयाः स्युरे ते॥

શ્લોકાર્થ : જે અન્યના ઘરે ક્યારે વિશ્વાસ પૂર્વક ન જઇ શકે અને અ સમયમાં જતો રહે, ચબુતરા ઉપર રાત્રીના સમયે ગુપ્ત ન રહી શકે તથા રાજાની ઇચ્છા પ્રમાણે સ્ત્રીન પ્રાર્થના ન કરી શકે, જે મંત્રણા ને ગુપ્ત રાખી ન શકે, કુમંત્રનો વિરોધ ન કરી શકે, 'તમારામાં વિશ્વાસ ક્યારેય ન કરીશ' આ પ્રકારે કહેનાર, લજ્જાવાન રાજા, વેશ્યા, રાજ સેવક, પુત્ર, ભાઇ, વિધવા સ્ત્રી, સૈનિક અને અધિકારથી ચ્યુત કરાયેલા એવા અધિકારી આ બધા જ રાજા દ્વારા વ્યવહારને યોગ્ય નથી.

ચ.ટી. : નીતિકારનું કહેવાનું તાત્પર્ય છે કે આ ગણાવેલ વ્યક્તિને રાજાએ વ્યવહાર કાર્યમાં (સભાસદ તરીકે) ક્યારેય પણ નિયોજવા નહિ પરંતુ જે સત્યવાદી તથા ધર્મનિષ્ટ હોય તેને જ સભાસદ તરીકે નિયોજવા. આ સબંધમાં સદ્ શતાનંદ સ્વામી કહે છે- ''श्रूताध्यन सम्पन्ना धर्मज्ञाः सत्यवादिनः। राज्ञा सभासदः कार्यारिपो मित्रे च ये समाः॥ (शिक्षा अर्थ -१५८) અર્થાત્ જેઓ શાસ્ત્ર શ્રવણ અને અધ્યયનથી સંપન્ન હોય, ધર્મને જાણનારા, સત્યવાદી અને શત્રુ તથા મિત્રમાં કોઇ જાતના રાગ દ્વેષ વિનાના હોય તેમને રાજાએ રાજ સભામાં સભાસદ

કરવા.'' (શી. અર્થ ૧૫૮) હવે કયા ગુણો મનુષ્યને પકાશિત કરે છે તેના લક્ષણ કહેવાય છે-

શ્લોક - ૩૧ अष्टौगुणाः पुरुषं दीपयन्ति
प्रज्ञा च कौल्यं च श्रुतं दमश्च।
पराक्रमश्चा बहुभाषिता च
दानं यथाशक्ति कृतज्ञता च॥

શ્લોકાર્થ : પ્રજ્ઞા, કુલિનતા, ઇન્દ્રિય દમન, જ્ઞાન, ઓછ બોલવું, શક્તિ પ્રમાણે દાન આવું અને કૃતજ્ઞતા આ આઠ ગુણો પુરૂષને પ્રકાશિત કરે છે.

ચ.ટી. : 'गुणाः पूजास्थानं गुणिषु लिंङ्ग न च वयः' મનુષ્યના ગુણ જ પૂજાનું સ્થાન હોય છે પરંતુ લિંગ કે અવસ્થા નહિ. તે ગુણ જ્યાં રહે છે, તે મનુષ્યની મહત્તા વધે છે કેટલાક લોકોના મત પ્રમાણે કુલિનતાનો અર્થ ધનસમ્પન્ન છે, પરંતુ પોતાના કુળનો પ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખનારા નિર્ધન અને ધનસંપન્ન બંને હોઇ શકે છે પ્રાચિન શાસ્ત્રકારોએ કુલિનતાની જ મહત્તા સર્વત્ર સ્થાપિત કરી છે, કારણ કે તેનાથી જ માનવ પોતાની નૈતિકતાના આધાર પર નિર્ણય લે છે. તેને પોતાનો લાભ તથા હાનીનું ધ્યાન ક્યારેય પણ રહેતુ નથી એટલે તે શ્રેષ્ઠ મનાયો છે. વિષ્ણુ શર્મા કહે છે- ''कौशेयं कृमिजं सुवर्ण मुपलाद् दुर्वापि गोरोमतः पङ्क्त्तामरसं शशाङ्क उदधेरिन्दीवरं गोमयात्। काष्टिादग्निरहेः कणादपि मणिर्गोपित्ततो रोचना प्रकाश्यं स्वगुणोददेन गुणिनो गच्छन्ति किं जन्मना॥ રેશમ કિડાથી, સુવર્ણ પાષાણથી, દૂબ ગાયના રોમમાંથી, કમળ પંકથી, ચંદ્ર સમુદ્રથી નીલકમળ ગોબરથી, અગ્નિ કાષ્ઠથી, મણી સર્પના ફણથી અને રોચના નામની ઔષધિ ગાયના પિત્ત થકી ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે બધા ગુણી પોતાના ગુણોથી જ પ્રસિધ્ધિ પ્રાપ્ત કરે છે. કોનો જન્મ કોનાથી થાય છે એ મહત્વનું નથી.'' (પંચ.મિત્રભેદ/૯૯)

નારાયણ પડિત કહે છે- ''शरीरस्य गणानां च दूरमत्यन्तमन्तरम्। शरीरं क्षणविध्वंसि कल्पान्त रस्यायिनो गुणाः॥ શરીર તથા ગુણોમાં ઘણુ અન્તર છે શરીર તો ક્ષણભંગુર છે, પરંતુ ગણ તો અન્ય કલ્પ સુધિ પણ સાથે રહે છે.'' (હતો.મિત્ર./૪૯) અન્ય સ્થાને પણ કહેવાયું છે- ''गुणेषुक्रियतांयत्नः किमायेपैः प्रयोजनम्। विक्रीयन्ते न घण्टाभिर्गावः क्षीरविवर्जिताः॥ ગુણોનો સંગ્રહ કરવામાં પ્રયત્નશીલ રહેવું જોઇએ, વ્યર્થનોદેખાવ કરવાથી કોઇ લાભ નથી. જેમ દુધ ન આપવાવાળી ગાયના કંઠમાં ગંટડી બાંધી સજાવવાથી તેવેચવાને યોગ્ય થતી નથી.'' (શ્લો-૩૧) શ્લો-૩૧ માં કહેલા આ છ ગુણ કરતા પણ રાજ સન્માન રૂપગુણ શ્રેષ્ઠ છે તેનું પ્રતિપાદન નીતિકાર દ્વારા કરાય છે.

શ્લોક - ૩૨

एतान् गुणांस्तात महानुभावान्
एकोगुणः संश्रयते प्रसह्य।
राजा यदा सत्कुरुते मनुष्य
सर्वान् गुणानेषगुणो विभर्ति॥

શ્લોકાર્થ : ધૃતરાષ્ટ્ર! આ મહત્વ પૂર્ણ ગુણોથી પણ વધુ રાજ સમ્માનરૂપ ગુણ શ્રેષ્ઠ થઇ જાય છે કારણ કે રાજ સન્માન રૂપ ગુણ બધાથી વધારે શોભાયમાન હોય છે અર્થાત્ રાજ સત્કારથી બધા જ ગુણ વિકસિત થઇ જાય છે.

ચ.ટી. : શ્લોકનો ભાવાર્થ એ છે કે આગળ કહેલા આઠ ગુણોથી માનવ સ્વાભાવિક સત્કારને પ્રાપ્ત કરે છે પરંતુ આ સ્વાભાવિક ગુણોના અભાવમાં પણ રાજ સન્માન થી સંપૂર્ણ ગુણ વિકસિત થઇ જાય છે. વિષ્ણુ શર્મા કહે છે- ''अमृतं शिशिरे वह्निस्मृतं प्रियदर्शनम्। अमृतं राज सम्मानममृतंऽक्षीर भोजनम्॥ શિશિર ઋતુમાં અગ્નિ અમૃત સમાન સુખાવહ છે, પ્રિયજનનું દર્શન અમૃત છે રાજ સમ્માન અમૃત

છે તથા દુગ્ધ ભોજન અમૃત છે.'' (પંચ મિત્રભેદ/શ્લોક-૧૩૯) (શ્લોક-૧૩૨) હવે નીતિકારનીત્ય સ્નાન કરનારાને પ્રાપ્ત થતા લાભનું વર્ણન કરે છે-

(૮૩) દસલાભ :-

શ્લોક - 33 गुणा दश स्नान्त शीलं भजन्ते

बलंरुपं स्वरवर्ण प्रशुद्धिः।

स्पर्शश्च गन्धश्चविशुद्धता च

श्रीः सौकुमार्य प्रवराश्चनार्यः॥

શ્લોકાર્થ : નિત્યસ્નાન કરવાવાળા મનુષ્યને દશ લાભ પ્રાપ્ત થાય છે. શક્તિ, સુન્દરતા, મધુર સ્વર, સુંદર રંગ, કોમળતા, સુગન્ધ, પવિત્રતા, શોભા, સુકુમારતા તથા સુંદર સ્ત્રીઓ.

ચ.ટી. : નીતિકારે કહેલી આ વાતોનું આપ્તજનો પણ પૂર્ણ રૂપ સમર્થન કરે છે. જેમ દક્ષ પ્રજાપતિ કહે છે- ''प्रातः स्वानंपरित्वाथ शुद्धे तीर्थे विशेषतः। प्रातः स्नानाद्यतः शुद्धयेत् कायोऽयमलिनः सदा॥ नोपसर्पन्ति वै दुष्टा:प्रातः स्नायिजनं क्वचित्। दृष्टादृष्टफलं तस्मात् प्रातः स्नानं समाचरेत्॥ શુધ્ધ તીર્થમાં પ્રાતઃ સ્નાન કરવું જોઇએ, કારણ કે આ મલપૂર્ણ શરીર શુધ્ધ તીર્થમાં સ્નાન કરવાથી શુધ્ધ થાય છે. પ્રાતઃકાળ સ્નાન કરવાવાળાની પાસે દુષ્ટ ભૂતપ્રેતાદિ આવતા નથી. આ પ્રમાણે દૃષ્ટફળ-શરીરની સ્વચ્છતાં, અદૃષ્ટફળ- પાપ નાશ તથા પુણ્યની પ્રાપ્તિ આ બંને પ્રકારના ફળ પ્રાપ્ત થાય છે. અતઃ પ્રાતઃ સ્નાન અવશ્ય કરવું જોઇએ.'' (દક્ષ સ્તુતિ) ''गुणादस स्नान परस्य साधो! रुपंच तेजश्च बलं च शोचम्। आयुष्य मारोग्यमलोलु पत्यं दुःस्वप्ननाशरच तपश्चमेधाः॥ રુપ, તેજ, બળ, પવિત્રતા, આયુ, આરોગ્ય, નિર્લોભતા, દુઃખસ્વપ્ના નાશ, તપ અને મધા આ દશ ગુણો સ્નાન કરવનારાને પ્રાપ્ત થાય છે.'' (દક્ષ સ્મૃતિ- ૨/૧૩) વાધૂત સ્મૃતિકાર કહે છે- ''

स्नान मूला:क्रिया सर्वा: श्रुति स्मृत्युदिता नृणाम्। तस्मात् स्नानं निषेवेत् श्रीपुष्टया रोग्यवर्धनम्॥ વેદ સ્મૃતિઓમાં કહેવાયેલા સમસ્ત કર્મો સ્નાન મૂલક છે, અત એવ લક્ષ્મી પુષ્ટિ અને આરોગ્યની વૃધ્ધિ રાખનારા મનુષ્યે સ્નાન હંમેશા કરવું.'' (વાઘુલસ્મૃતિ) ભગવાન શ્રીહરિ કહે છે- ''उत्साहमेधासौभाग्य रुप सम्पत्प्रवर्तकम्। मनः प्रसन्नता हेतुः प्रातः स्नानं प्रशस्यते॥ प्रातः स्नानं हरत्यजे दारिद्र ग्लानिमेव च। अशुचित्वं च दुःस्वप्नं तुष्टिं पुष्टिं प्रयच्छिति॥ નિત્ય એવા પણ પ્રાતઃ સ્નાનનું ઉત્સાહ, બુધ્ધિ, સૌભાગ્ય, રૂપ, સંપત્તિ, મનઃ પ્રસન્નતા આદિક દૃષ્ટ ફળમાં હેતુ પણું હોવાથી પ્રાશસ્ત્ય જાણવું પ્રાતઃ સ્નાન પાપને હરે છ તથા દારિદ્રય, ગ્લાનિ, અપવિત્રતા, દુ:સ્વપ્ન ઇત્યાદિકને હરે જ છે અને તૃષ્ટિ પુષ્ટિ ને આપે છે.'' (સ.જી. ૫/૧૭/૫૧ થી ૫૩) આનાથી વિપરિત સ્નાન નહિ કરનારે દશ અવગુણ સ્વતઃ પ્રાપ્ત થાય છે અને તેના પુણ્ય કર્મો નષ્ટ થઇ જાય છે. કહ્યુ પણ છે ''स्नानमूलाः क्रियाः सर्वाः सन्ध्योपासनमेव च। स्नानाचार विहीन स्य सर्वाःस्युः निष्फलाः क्रियाः॥ સ્નાન કર્યા વિના સન્દયા વેદન આદી જે પણ કંઇ પુણ્ય કર્મો કરવામાં આવે છે તે નિષ્ફળ થઇ જાય છે. કારણ કે સંધ્યા વંદન આદી સર્વ ક્રિયાઓનું મૂળ સ્નાન છે.'' વાધૂલ સ્મૃતિ-૬૯) (શ્લોક-૩૩)

(૮૪) છ લાભ :-

શ્લોક - ૩૪ गुणाश्च षण्मित भक्तं भजन्ते

आरोग्य मायुश्च बलं सुखं च।

अनाविलंचास्य भक्त्यपत्यं

न चैनमाद्यून इति क्षिपन्ति॥

શ્લોકાર્થ : પરિમિત ભોજન કરનારા મનુષ્યને આરોગ્ય, આયુષ્ય, બળ, સુખ, સારી સંતતિ અને ખાઉધરાપાણાની નિંદાથી બચાવ આ છ ગુણો પ્રાપ્ત થાય છે.

ચ.ટી. : નીતિકારની આ વાતનું સમર્થન કરતા મનુ મહારાજ અને કાર્તિક સ્વામી કહે છે ''अनारोग्यमनायुष्ययमस्वर्ग्यं चाति भोजनम्। अपुण्यंलोक विद्विष्टं तस्मात् तत्परिवर्जयेत्॥ વધારે પડતુ ભોજન કરવું એ આરોગ્ય, આયુષ્ય, સવર્ગ અને પુણ્યનો નાશ કરનારૂ તથા લોકમાં નિંદા કરનારૂ છે. એટલા માટે વધારે પડતા ભોજનનો પરિત્યાગ કરવો જોઇએ.'' (મનુ. ૨/૫૭, સ્કન્દ. કાશી પૂ. ૩૬/૧૯) માટે મિતાહારી રહેવું તેજ સ્વાસ્થ માટે શ્રેષ્ઠ છે. કારણ કે સ્વાદિયા લોકો તો કમોતે મરે છે એવું શ્રુતિ ભગવદિ ''वियातविश्च मत्रिणम् '' (ઋગ-૧/૮૬/૧૦) આ વચનથી કહે છે (શ્લો-૩૪) હવે નીતિકાર કોને ઘરમાં વાસ ન આપવો તેનું વર્ણન કરે છે-

(૮૫) કોને ઘરમાં આવવા દેવો નહિ :-

શ્લોક - ૩૫ अकर्मशीलं च महाशनं च

लोकद्विष्टं बहुमायं नृशंसम्।

अदेशकालज्ञमनिष्टवेष

मेतान्गृहे न प्रातिवासयेत॥

શ્લોકાર્થ : આળશું, અતિશય ભોજન કરનાર, લોકોને અણગમતો, મહાકપટી, ક્રૂર, દેશકાળને ન જાણનાર અને નિન્દિત વેશ ધારણ કરનાર- આટલાને ઘરમાં વાશ આપવો નહિ.

ચ.ટી. : નીતિકારની આ વાતનું સમર્થન કરતા ભગવાન શ્રીમન્નારાયણ કહે છે ''क्षान्तिसत्यविहीनश्च क्रूर बुद्धिश्च निन्दित:। दाम्भिक: पटुकश्चैव शठश्च स्युहयाऽन्वित:। अशक्तो भयभीतश्च राज्ञा त्यक्तव्य एव स:॥ જે સેવક ક્ષમા તથા સત્યથી રહિત હોય, દભિ, ચતુર તથા શઠ પણ હોય, તેમજ સ્પૃહાયુક્ત- લાલચુ અશક્ત તથા ભયભીત રહેતો હોય એવા સેવકનો રાજાએ ત્યાગ કરવો

જોઇએ.'' (ગરૂડ. પુ. ૧૧૩/૨૦) કારણ કે આવો સેવક રાજાનું અવશ્ય અનિષ્ટ કરે છે. માટેજ ભગવાન શ્રીમન્નારાયણ ''मुर्खान्नियोजयेद्यस्तु त्रयोऽप्येते महीपतेः। अपशश्चार्थनाशश्च नरके चैव पातकम्॥ જે રાજા પોતાની પાસે મુર્ખ સેવકોને રાખી તેઓને કાર્યમાં યોજે છે, તે રાજાને આખરે અપયશ, ધન નાશ, કાર્યનાસ તથા અંતે મૃત્યુ બાદ નરકમાં જવું પડે છે.'' (ગરૂડ.પુ. ૧૧૩/૨૩) આવચનથી અયોગ્ય સેવકોને સંગ્રહવાથી રાજાનું અનિષ્ટ થવાનું કહે છે. (શ્લો-૩૫) હવે નીતિકાર કોની પાસે યાચન કરવી તેનું વર્ણન કરે છે-

(૮૬) કોનો પાસે યાચના કરવી નહિ :-

શ્લોક - ૩૬ कदर्यमाक्रो शकमश्रुतं च

वनैकसं धूर्तममान्यमानिनम्।

निष्ठूरिणं कृतवैरं कृतघ्न

मेतान्भृशार्तोऽपि नजातु याचेत्॥

શ્લોકાર્થ : કંઠે પ્રાણ આવ્યા હોય તોપણ કંજશ, ગાળ ભાંડનાર, મુર્ખ, માછી, ધૂર્ત, હલકાને માન આપનાર, નિર્દય, વેરકર્તા અને કૃતઘ્નિ આટલાની પાસે ક્યારે પણ યાચના ન કરવી.

ચ.ટી. : આપ્ત જનો તો માંગનારા ને તો રૂ કરતા હલકો કહે છે અને તેમાં પણ નોતિકાર કહેલા મનુષ્ય પાસે યાચના કરવી એતો દુઃખમાં પણ અતિ દુઃખ આપનાર છે યાચના કરનારાએ હંમેશા નીચા જ રહેવું પડે છે અને યાચનાના ભાવમાં મૂલતઃ માનવની કામના જ કારણ બને છે અને આ ભાવથી દેવતાઓ પણ વંચિત નથી. આ સંબંધમાં ઋગવેદના એકાવનમાં સૂક્ત માં આવતા દેવરાજ ઇન્દ્રના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી ક- એક સમયે દેવરાજ ઇન્દ્ર લોભને વશ થઇ કણ્વ પુત્ર મહર્ષિ મેધાતીથિ પાસે

સોમપાન કરવા યાચના કરી. ત્યારે મેઘાતીપિ બોલ્યા ''દેવરાજ! જો તમે મેષનું રૂપ ધારણ કરો તો તમોને સોમપાન કરવા મળશે.'' આ સમયે દેવરાજ સોમપાન કરવા માટે લોલુપ હતા એટલે તેઓએ પોતાના દેવ રૂપનો પરિત્યાગ કર્યો અને મેષનું રૂપ ધારણ કરી લીધુ. દેવરાજ ઇન્દ્ર એ પોતાના ઐશ્વર્ય સ્વરૂપનો ત્યાગ કરી અત્યંત કનિષ્ટ એવા મેષનું રૂપ ધારણ કરવું પડયું અર્થાત્ અત્યંત લઘુ બનવું પડયુ કહેવાનું તાત્પર્ય એ છે કે જ્યારે ઐશ્વર્ય સંપન્ન શક્તિ સંપન્ન દેવતાએ પણ યાચના કરતા ક્ષુદ્ર બનવું પડે છે તો સામાન્ય મનુષ્યની શી વાત કરવી માટે જ વિષ્ણુ શર્મા કહે છે - '' शक्तस्व कीतस्वातस्य वहिन दग्धस्य सर्वतः। तरोरप्यूत्तर स्पस्य वरं जन्म न चार्थिनः॥ સૂક્કા, કીડાથી ખરાવાતા, ચારે તરફથી બળતા તથા ઉસર ભૂમિમાં સ્થિત વૃક્ષોનો જન્મ એ યાચકની અપેક્ષાએ ઘણો શ્રેષ્ઠ છે.'' (પંચ મિત્ર સમ-૯૫) (શ્લોક - ૩૬) હવે નીતિકાર કોનો સંગ ન કરવો તેનું વર્ણન કરે છે-

શ્લો-૩૭ सङ्कविलष्ट कर्माणिमति प्रमादं

नित्वानृतं चादृढभक्तिकं च।

विसृष्टरागं पटुमानिनं चाप्ये

तान्न सेवेत नराधमान्षट्॥

શ્લોકાર્થ : આતતાથી, અતિપ્રમાદી, સદાઅસત્ય બોલનાર, દેખાવ પુરતી ભક્તિ કરનારો, નષ્ટ સ્નેહ વાળો અને પોતાને બુધ્ધિ શાળી માનનારો આ છ પુરૂષોનો સંગ ન કરવો.

ચ.ટી. મહર્ષિ વશિષ્ટ કહે છે- ''अग्निदो गरदश्चैव शस्त्रपाणिर्धमापहः। क्षेत्रदारापहर्ता... च षडेते ह्याततायिनः॥ આગ લગાડવાવાળો, વિષ આપનાર, હાથમાં શસ્ત્ર લઇને મારવા માટે તૈયાર થયેલો, ધન હરણ કરવાવાળો , જમિન

હડપ કરનારા અને સ્ત્રીનું અપહરણ કરનાર આ છ ને આતતાયી કહે છે'' (વ.સ્મૃ. ૩/૧૯) નીતિકાર અહીં ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રને કહે છે- હે રાજન્! તમારો પુત્રો દુર્યોધન એ આતતાયી જ છે. પ્રથમ તો તેણે લાક્ષાગૃહમાં પાંડવોને જીવતા બાળી નાખવાનું ષડયંત્ર કર્યુ. ભીમસેનને વીષ આપી જળમાં ફેકાવી દીધા, શસ્ત્ર ધારણ કરી કેટલીયએ વખત પાંડવોને મારવા ઉદ્યુત થયો, ધૂત ક્રીડામાં છલ કપટ કરી પાંડવોનું ધન અને રાજ્ય અપહરણ કરી લીધુ તથા પરમ પતિવ્રતા દ્રોપદિનું વસ્ત્રાહરણ અપહરણ કર્યુ. આ છ એ પ્રકારના આતતાથીના લક્ષણો દુર્યોધનમાં જોવા મળે છે. તો તમો તેના સંગનો ત્યાગ કરો. આ ઉપરાંત તેની બદી ઇન્દ્રિય કુમાર્ગે પ્રવર્તતિ હોવાથી પ્રમાદિ છે, સત્ય તો તેનાથી કેટલુએ દુર છે, રાજ્યના લોભથી જ કેવલ તમારામાં એ ભક્તિ રાખે છે સજ્જન એવા પાંડવોમાં સ્નેહનો ત્યાગ કરી જુગારી એવા શકુનિમાં સ્નેહ કરનારો અને પોતે કાર્યાકાર્યના વિવેકથી રહિત હોયને પણ પોતાને અત્યંત બુધ્ધિશાળી માનનારો હોય તમો તત્કાળ તના સંગનો ત્યાગ કરો અને તેને બેડીઓથી જકડી કેદખાનામાં નાથો. કહ્યું પણ છે- ''त्यजेद् दुर्जन संगनम्- દુર્જનોના સંગનો પરિત્યાગ કરવો જોઇએ'' (શુક્રનીતિ-૧/૧૬૩) ''मोहजालस्य, योनिर्हि मूढैरवसमागमः મૂર્ખોનો સંગ મોહ જાળની ઉત્પત્તિ કારણ છે.'' (મહા. વન. ૧/૨૫) ''सद्भिःसङ्गं प्रकुर्वीर्त सिद्धिकामः सदानरः। नासद्भिःरिह लोकाय परलोकाय वाहितम्॥ આ લોકમાં તથા પરલોકમાં પોતાને હિત થાય તે માટે દરેક વ્યક્તિએ પોતાની સિધ્ધિ કે સંસારથી મુક્તિ થાય તે માટે સર્વકાળ સજ્જનનો જ સંગ કરવો. અર્થાત્ દુષ્ટોનો સંગ ક્યારેય કરવો નહિ'' (ગરૂડપુરાણ- ૧૦૮/૨) ''सद्भिरासीत सततं सद्भिः कुर्वीत सङ्गतिम्। सद्भिर्विवादं मैत्रीञ्च नासद्भिः किञ्चिदाचरेत्॥ સજ્જનો સાથે જ નિરંતર બેસવું અને સજ્જનોની સાથે જ સંગતિ કે સોબત કરવી તથા

સજ્જનોની સાથે જ વિવાદ કે મિત્રતા કરવી પરંતુ અસત્ એવા દુર્જનોની સાથે કોઇપણ વ્યવહાર કરવો નહિ તેનાથી તો દુર જ રહેવું.'' (ગરૂડ/૧૧૩/૨) '' नोद्वृत्तोन्मत्तमत्तैश्च नाविनीतैश्च पण्डित:। गच्छेत मैत्रीं नाशीलैर्न च चोर्यादि दूषितै:॥ न चातिव्ययशीलैश्च न लुब्धैर्नाति वैरिभि:। नानृतकैस्तथा क्रूरै: सहातीत् कदाचन॥ सार्धंन बलिभि: कार्या न नि:स्वैर्नचनिन्दितै:। न सर्वशङ्किभिर्नित्यं न च दैवपरैर्नृभि:॥ જે સ્વભાવથી જ હીનવર્તનતા હોય, મદિરા આદિ વ્યનથી જેમાં ઉત્મત્ત પણુ આવતુ હોય કે આવ્યુ હોય, મિથ્યાગર્વથી ઉધ્ધત થયેલો હોય તથા અવિનયી હોય આવા લોકોની સાથે વિવેકી ડાહ્યા માનવે મિત્રતાન કરવી તેમજ ચરિત્ર ભષ્ટ, ચોરી આદિ દુર્ગણોથી ભરેલા, અતિખર્ચ કરનારા, અત્યંત લોભી, જેને ઝાઝા શત્રુ હોય, મન વચન અને કર્મથી જે અસત્ય પરાયણ તથા અતિક્રૂર આવા લોકોની સાથે ક્યારે બેઠ ઉઠ ન રાખવી પોતાનાથી વધારે બળવાન, અત્યંત નિર્ધન, લોકોમાં ખરાબ રીતે વગોવાયેલો, સર્વત્ર શંકાના સ્વભાવવાળો અને હંમેશા ભાગ્યના આધારે રહેનારો અર્થાત્ પુરૂષાર્થ હીન માનવનો વધારે પડતો સંપર્ક ન રાખવો.'' (માર્કન્ડેય પ. ૩૪/૮૭ થી ૮૯) '' यादृशां यस्य सङ्गस्याच्छास्त्राणां वा नृणामपि। बुद्धि स्यात्तादृशी यस्य कार्योऽतो नासतां हि स:॥ જે મનુષ્યને જેવો શાસ્ત્ર કે જેવા મનુષ્યનો સમાગમ થાય તે માનવની તેવી બુધ્ધિ થઇ જાય છે માટે અસચ્છાસ્ત્ર તથા અસત્ પુરૂષોનો સમાગમ ન કરવો.'' (સ્કં. વૈ. વા. મા. ૨૦/૪૨) (શ્લો-૩૭) હવે નીતિકાર મિત્ર અને અર્થ કેવી રીતે બંધાય છે તેનું વર્ણન કરે છે -

(૮૭) સામાન્ય ઉપદેશ :-

શ્લો-૩૮ सहाय बन्धनाह्याथा:

सहायाश्चार्थ बन्धना: ।

अन्योन्यबन्धनावेतौ

विनान्योन्यं न सिध्यत: ॥

શ્લોકાર્થ : મિત્રોને બાંધવાવાળો અર્થ હોય છે અને અર્થોને બાંધવાવાળો મિત્ર. આ બન્ને એક બીજાને બાંધનારા છે અને આ બન્ને એક બીજા વગર સિધ્ધ થતા નથી.

ચ.ટી. નીતિકારની આ વાતનું સમર્થન કરતા વિષ્ણુશર્મા કહે છે- ''नोपकारं विनाप्रीति: कथं चित्कस्य विद्‌भवेत्। उपयाचितदानेन यतो देवा अभीष्टदा: ॥ ઉપકાર વિના કોઇપણ પ્રકારે પ્રીતિ થતી નથી, દેવતા લોકો પણ ઉપયાચિત વસ્તુને આપવાથી મનોરથ પૂર્ણ કરે છે.'' (પંચ/મિત્રસમ/૫૨) આ સંબંધમાં અંગરાજ કર્ણ દૃષ્ટાંત રૂપ છે. જ્યારે કૌરવો અને પાંડવો શસ્ત્ર શાસ્ત્ર નું અધ્યન કરી હસ્તિનાપુરની પ્રજા અને કુરૂકુળના વૃધ્ધો સન્મુખ રંગમંચ પર પોતાની કલાનું પ્રદર્શન કરતા હતા તેવા સમયમાં અધિરથ સૂતનો પાલિત પુત્ર કર્ણ રંગમંચમાં આવી અર્જનને ધનુર્વિદ્યાની સ્પર્ધાને અર્થે ચુનોતિ આપે છે. તે સમયે કૃપાચાર્યજી દ્વારા તેનો પરિચર પુછાતા કર્ણે પોતાનો અધિરથ સૂતના પુત્ર તરીકે, પરિચર આપ્યો. જે સાંભળી ભીમસેન તેનો ઉપહાસ કરતા બોલ્યા કે, ''તારા હાથાં તો રથની લગામ હોવી જોઇએ અને તું તો હાથમાં ધનુષ ધારણ કરી એક રાજકુમાર સાથે દ્વન્દ્વ યુધ્ધ કરવા તૈયાર થયો છે. જે અનુચિત છે કારણ કે સ્પર્ધા તો બરાબર વાળામાં હોવી જોઇએ.''

આ પ્રમાણે ભીમસેનની વાત સાંભળી કર્ણ અત્યંત ગ્લાનિ પામી ગયો ત્યારે રાજકુમાર દુર્યોધન ઉભો થઇ કર્ણને પોતાના મિત્ર તરીકે ઘોષિત કરી તેને અંગ દેશનો અધિપતિ બનાવે છે જેને લઇ દુર્યોધનના અર્થ રૂપિ ઋણથી બંધાએલા કર્ણે જીવન ભર દુર્યોધનનો પક્ષ લીધો અને તે ત્યાં સુધિ કે જ્યારે તેને પોતાની અને પાંડવોની વાસ્તવિકતાની જાણ થઇ છતાં પણ કૌરવો અને પાંડવો મધ્યે થનારા સંગ્રામમાં તેણે પોતાના સગા ભાઇ પાંડવોના પક્ષમાં રહી યુધ્ધ કરવાનું ટાળી દુર્યોધને કરેલા પ્રત્યુપકારને ધ્યાનમાં લઇ તેના જ પક્ષમાં રહી યુધ્ધ કરવાનો નિર્ણય લીધો. આમ નીતિકારના ઉપરોક્ત વચન કર્ણ અને દુર્યોધન વચ્ચેના સંબંધમાં ચરિતાર્થ થાય છે. (શ્લોક-૩૮) હવે વિદુરજી વાનપ્રસ્થાશ્રમ ક્યારે ગ્રહણ કરવો તેનું વર્ણન કરે છે-

શ્લો-૩૯ उत्पाद्य पुत्राननृणांश्च कृत्वा

कृत्वा वृत्तिं च तेभ्योऽनुविधाय किंचित्।

स्थाने कुमारीः प्रतिपाद्य सर्वा

अपरण्य संस्थोऽय मुनिर्बभूषेत्।

શ્લોકાર્થ :- પુત્રોને ઉત્પન્ન કરી, તેઓને ઋણ રહિત કરી તેઓના જીવન નિર્વાહની વ્યવસ્થા કરી તથા કન્યાઓનો યોગ્ય વરથી વિવાહ કરાવી વાનપ્રસ્થાશ્રમમાં રહી વનમાં મુનિ રૂપ થવાની ઇચ્છા કરે.

ચ.ટી. :- સનાતન વૈદિક સંસ્કૃતિમાં મનુષ્યની આયુ સો વર્ષની માનવામાં આવી છે, તેમા પ્રથમના પચ્ચીસ વર્ષમાં ઉપનયન સંસ્કાર કર્યા બાદ ગુરૂકુળમાં નિવાસ કરી વિદ્યાનો અભ્યાસ કરવો જે આશ્રમને બ્રહ્મ ચર્યાશ્રામ કહેવામાં આવે છે. તે પછી અર્થાત્ વિદ્યા ઉપાર્જન કર્યા બાદ ગુરૂને યથાયોગ્ય દક્ષિણ પ્રદાન કરી મનુષ્યએ દેવતા, પિતૃ, ઋષિ અને મનુષ્ય ઋણમાંથી ઉઋણ થવા માટે

ગૃહસ્થાશ્રમનો સ્વિકાર કરવો. સવર્ણની સુશિલ કન્યા સાથે લગ્ન કરી ગૃહસ્થાશ્રમમાં પચ્ચીસ વર્ષ રહી ધનાદીકનું ઉપાર્જન કરી, પ્રજોત્પત્તિ કરી સંતાનોનું પોષણ કરી મુક્ત થઇ પચાસમાં વર્ષે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી તપસ્યા કરવા માટે વનમાં જાય, વનમાં પોતાનું જીવન તપસ્યામય જીવી તે આશ્રમનો પણ પરિત્યાગ કરી આયુષ્યના અંતિમ વર્ષમાં સંન્યાસ ધારણ કરે, આ રીતે ક્રમ પ્રમાણે મનુષ્યે પોતાનું જીવન જીવવાનો આદેશ વેદાતિ શાસ્ત્રોએ કરેલો છે અહીં ગુઢાર્થમાં નીતિકાર ધૃતરાષ્ટ્રને કહે છે હે રાજન્! તમારી આયુ પણ વાનપ્રસ્થાશ્રમ સ્વિકારવાની થઇ છે તો આ રાજ્યાદિકની મોહમાયાનો ત્યાગ કરી સંયમ પૂર્ણ જીવન વ્યતિત કરવા આપ પણ વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરો. કહ્યુ પણ છે- ''वनं विविक्षुः पुत्रेषु भार्यां न्यस्य सहैव वा। वन एव वसेच्छान्त स्तृतीयं भागमापुषः॥ જો ગૃહસ્થ મનુષ્ય વાનપ્રસ્થ આશ્રમમાં જવા ઇચ્છે, તો પોતાની પત્નીને પુત્રોના હાથમાં સોંપી દે અથવા પોતાની સાથે લઇ લે અને પછી શાંત ચિત્તથી આયુનો ત્રીજો ભાગ વનમાં રહી વિતાવે.'' (ભાગ ૧૧/૧૮/૧) ''हित्वा गृहाश्रमं विप्रो द्वितीया दाश्रमात् परम्! तृतीय आयुषोभागे तृतीयाश्रममाश्रेयेत्॥ વિપ્ર આપુષના ત્રીજા ભાગમા ગૃહાશ્રમમને ત્યાગ કરી દ્વિતીય ગૃહસ્થાશ્રમન ત્રીજા વાનપ્રસ્થાશ્રમનો આશ્રય કરે.'' (સ.જી. ૫/૩૮/૨) (શ્લોક-૩૯) હવે નિતીકાર કર્યુકર્મ પોતાને અને પારકાને માટે હિતકારી હોય છે તેનું વર્ણન કરે છે-

<u>શ્લો-૪૦</u> हितं यत् सर्व भूता नामा

त्मनश्च सुखावहम्।

तत् कुर्यादीश्वरे ह्येतन्

मूलं स्वार्थ सिद्धये॥

શ્લોકાર્થ :- જે બધા માટે હિતકારક છે અને પોતાના માટે પણ સુખદાયક હોય, તે કર્મ ઇશ્વરાર્પણ બુધ્ધિથી કરવું, કારણ કે સર્વફળની સિધ્ધિને માટે એ પ્રકારના કર્મ જ મૂળ સાધન રૂપ છે.

ચ.ટી. :- નીતિકારે કહેલા આ વચનને પૂર્વે થયેલા આપ્ત પુરૂષોએ પણ સમર્થન આપેલુ છે જેમ વેદ ભગવાન કહે છે ''उपप्रयन्तो अध्वरं બીજાને જેનાથી કષ્ટ ન થાય તેવું કાર્ય કરો. ઋણ-૧/૭૪/૧ એટલે અન્યને કષ્ટ ન થાય એવા કાર્ય કરવાની વેદ આજ્ઞા કરે છે.) ગંગાપુત્ર ભીષ્મ કહે છે ''न तत परस्य संदध्यात् प्रतिकूलं यदात्मनः। एष संक्षेपतो धर्मः कामादन्यः प्रवर्तते॥ જે વાત પોતાને અનુચિત લાગે તેનું અન્ય પ્રત્યે ક્યારેય પણ આચરણ ન કરવું આજ ધર્મનું સૂક્ષ્મ લક્ષણ છે. આનાથી ભિન્ન જે વર્તન થાય છે તે કામના મૂલક છે અને સ્વાર્થવશ છે.'' (મહા. અનુ. ૧૧૩/૮) ભગવાન શ્રીમન્નારાયણ પણ કહે છે - ''सहत्सवजनबन्धर्नबुधः बुद्धिर्यस्य न चात्मनि। यस्मिन् कर्मणि सिद्धऽपि न दृश्येत् कलोदयः॥ विपत्तौ च महद्दुःखं तद् बुधः कथमाचरेत्॥ જે કાર્ય કરવામાં કોઇ મિત્ર કે સ્વજન સંબંધિ અથવા કોઇ કુટુંબી ભાગ ન લઇ શકે, તેવું કામ સમજ માનવ કેમ કરે? ન જ કરે. જેની બુધ્ધિ આત્મા માં આસક્ત ન હોય તેનો સંગ સમજ માનવ કેમ કરે? ન જ કરે? જે કામ ભલે સિધ્ધ થાય પણ તેથી જે ફલ મળવું જોઇએ તે જો ન મળે તો તે કામ કયો સમજુ માનવ પ્રારંભ કરે? વળી જે કામ કરવાથી વિપત્તિ પ્રાપ્ત થાય અને મહાદુ:ખ આવી પડે તે કાર્ય સમજુ માનવ કેમ કરે? કદી ન જ કરે.'' (ગરૂડ/૧૦૯/૧૯) ''निः शङ्कं किं मनुष्याः कुरुते परिहिते युक्तमग्रे....। જે મનુષ્યોને તમો નિ:શંક થઇને અન્ય લોકાનું હિત કરવાને અર્થે જે કંઇ યોગ્ય લાગે તે પ્રથમ કરો, તેમજ પોતાના હિત માટે પણ જે કાંઇ યોગ્ય લાગે તે કરતા રહો.'' (ગરૂડ - ૧૧૧/૧૧) માટે માનવે હંમેશા પોતાનું તથા

અન્યનું હિત થાય એવા કાર્યમાં જ મન લગાવવું. (શ્લોક-૪૦) હવે નિતીકાર કોને જીવિકા ચલાવવાનો અભાવ પડતો નથી તેનું વર્ણન કરે છે.

શ્લો-૪૧ बुद्धिः प्रभावेस्तेजश्च

सत्वमुत्यानमेव च।

व्यवसाया श्च यस्यस्यात्

तस्यावृत्ति भयं कुतः।।

શ્લોકાર્થ :- ધનાદિની વૃધ્ધિ, પ્રભાવ, તેજ, ધર્મ તથા જ્ઞાનના ઐશ્વર્ય રૂપ સત્વ, ઉદ્યોગ અને નિશ્ચય આટલુ જેને હોય તેને જીવિકાનો અભાવનો ભય ક્યાંથી હોય?

ચ.ટી. :- અહિં નીતિકાર ધૃતરાષ્ટ્રને ગુઢાર્થમાં કહી રહ્યા છે કે રાજન! પાંડવોમાં અમોએ કહેલા આ બધા જ ગુણો છે માટે તેઓને જીવિકાનો ભય ક્યારે પણ સતાવશે નહિ. (શ્લો-૪૧) હવે નીતિકાર પાંડવો સાથે વિરોધ કરવામાં આવતા કષ્ટનું વર્ણન કરે છે-

શ્લો-૪૨ यस्य दोषान् पाण्डवै र्विग्रहे

त्वंयत्र व्यथेयरपि देवाः सशक्राः।

पुत्रैर्वैरं नित्यमुद्विग्न वासो

यशः प्रमाणो द्विषत्तां च हर्षः॥

શ્લોકાર્થ :- હે રાજા! પાંડવોની સાથે વિરોધ કરવામાં કેટલા દોષ છે, તે તમો જઓ! એ વિરોધ છતાં ઇન્દ્ર સહિત સર્વે દેવો વ્યથા પામશે, પુત્રો સાથે વેર થશે, નિત્ય ચિંતાતુર રહેવું પડશે, યશ નાશ પામશે અને શત્રુઓ હર્ષ પામશે.

ચ.ટી. :- અહી નીતિકાર ધૃતરાષ્ટ્રને સમઝાવતા કહે છે- રાજન્! પાંડવો ધર્મના માર્ગ પર સ્થિર છે. ધર્મના માર્ગ પર સ્થિત એવા તેઓ સાથે વેર વિરોધ

કરવામાં દેવતાઓ અત્યંત ઉદ્વેગ પામી તમારી વિરુધ્ધ તેઓની સહાય કરશે, (થયું પણ એવું જ સમસ્ત દેવોમાં અગ્રગણ્ય એવા મહાદેવ તથા દેવરાજ ઇન્દ્રએ અર્જનજીને દિવ્યાસ્ત્ર પ્રદાન કર્યા અને દુર્ગાએ તેને વિજયશ્રીનો આશીર્વાદ આપ્યો તથા પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ તેઓના સહાયક થયા) પુત્ર સાથે શત્રુતા થશે (થયુ પણ એમ જ દુર્યોધનનો પક્ષ અધર્મનો પક્ષ જાણી તેના ભાઇ યુયુત્સે જ તેના પક્ષનો ત્યાગ કરી પાંડવોનો પક્ષ ગ્રહણ કર્યો) નિત્ય ઉદ્વેગ પામવું પડશે (થયું પણ એમ જ કૌરવ પાંડવો મધ્યે થયેલા યુધ્ધમાં કૌરવોનો ઘોર પરાજય થયો અને જે ધૃતરાષ્ટ્રે જીવન ભર પાંડવો પર અત્યાચાર કરેલા તેઓના જ આશ્રયે ધૃતરાષ્ટ્રે ઉદ્વેગ પામતા થકા પોતાનું શેષ જીવન વિતાવવું પડેલું) યશનો નાશ થશે (થયું પણ એમજ કૌરવ પાંડવો મધ્યે થયેલા યુધ્ધમાં ઇતિહાસકાર વેદ વ્યાજીએ ધૃતરાષ્ટ્રને જ જવાબદાર ઠેરવો) અને શત્રુઓ હર્ષ પામશે. (થયું પણ એમજ કૌરવો પાંડવો મધ્યે થયેલા યુધ્ધમાં ધૃતરાષ્ટ્ર ના પુત્રોની હાર થતા તેઓના શત્રુઓ હર્ષ પામ્યા.) માટે ભ્રાતાશ્રી આવા મુર્ખતા પૂર્ણ કર્મથી આપ વિરક્ત થાવ. (શ્લો-૪૨) પુનઃ નીતિકાર એજ વાત કહે છે-

<u>શ્લો-૪૩</u> भीष्मस्य कोपस्तव चैवेन्द्र कल्प

द्रोणस्य राज्ञश्च युधिष्ठिरस्य।

उत्सादयेल्लोकमिमं प्रवृद्धः

श्वेतो ग्रहस्तिर्यगिवापतन्स्त्र॥

<u>શ્લોકાર્થ :-</u> હે ઇન્દ્ર તુલ્ય ધૃતરાષ્ટ્ર! ભીષ્મનો, તમારો, દ્રોણનો અને યુધિષ્ઠિર મહારાજનો કોષ વૃધ્ધિ પામશે, તો તે આકાશમાં આડા ઉધ્ય પામતા ધૂમકેતુની પેઠે આ લોકોનો નાશ કરશે.

ચ.ટી. :- વિદુરજી મહારાજ ધૃતરાષ્ટ્રને ભાવી અનર્થનો અહી સંકેત કરે છે અને તેઓને સાવધાન કરે છે. પરંતુ અંતે ધૃતરાષ્ટ્રે વિદુરજીના આ ઉપદેશ, વચનોનો અનાદર કર્યો જેના પરિણામે કુરૂક્ષેત્રના મેદાનમાં તેઓની અને પાંડવોની સેવા વચ્ચે અત્યંત દારૂણ સંગ્રામ થયો અને એ સંગ્રામમાં કૌરવ પક્ષમાંથી અશ્વથ્થામાં કૃપાચાર્ય કૃતવર્મા અને સંજય તથા પાંડવ પક્ષમાંથી શ્રીકૃષ્ણ, સત્યાકી, પાંચ પાંડવો, યુયુત્સુ આ આઠ એમ કુલ બાર જણાને બાદ કરતા બધા જ લોકો કાળના મુખમાં જતા રહ્યા આ યુધ્ધમાં એટલા બધા ક્ષત્રિયો નો સંહાર થયો કે ક્ષત્રિય જાતિ નામ શેષ થઇ ગઇ એને એટલા ધનનો વ્યય થયો કે યુધ્ધ બાદ થયેલા નરસંહારના પ્રાયશ્ચિત અર્થે પણ પાંડવો અને કૌરવોનો કોષ રીક્ત થઇ ગયો હતો. (શ્લોક-૪૩) હવે નિતીકાર પાંડવો સાથે સંધિ કરવાથી થતા લાભનું વર્ણન કરે છે-

(૮૮) શાંતિનું ફળ :-

શ્લો-૪૪ तव पुत्रशतं चैव

कर्ण पञ्च च पाण्डवाः।

पृथिवी मनुशासे यु

रखिलां सागराम्बराम्॥

શ્લોકાર્થ :- હે ભ્રાતા ધૃતરાષ્ટ્ર! તમો આ વિરોધને શાંત કરો તો તમારા સો પુત્રો, કર્ણ અને પાંચ પાંડવો આ સમુદ્ર પર્યંત ની સમસ્ત પૃથ્વી નું શાસન કરશે.

ચ.ટી. :- અહીં નીતિકાર ધૃતરાષ્ટ્રને કહે છે હે રાજન! પાંચ પાંડવોમાં જયેષ્ઠ એવા યુધિષ્ઠિર ધર્મના સૂક્ષ્મ નિર્ણય કરવામાં સક્ષમ હોય ભાલો ચલાવવામાં પણ સર્વોત્તમ છે, ભીમસેન બાહુબળમાં તથા ગદા થી યુધ્ધ કરવામાં સવોત્તમ છે, ભગવાન શ્રીકૃષ્ણના ભાઇ બળદેવજી ને બાદ કરતા તેને ગદાયુદ્ધમાં ચુનોતિ

આપી શકે એવું પણ કોઇ નથી. અર્જન જેણે તપસ્યા કરી મહેશ્વર અને દેવેશ્વની કૃપાથી દિવ્યાસ્ત્રોની પ્રાપ્તિ કરી યુધ્ધમાં દેવતાઓથી પણ અજેય એવા નિવાત કવચ અને કાલકેય અસુરોનો સંહાર કરેલો છે જેણે યુધ્ધમાં મહેશ્વરને પણ સંતુષ્ટ કરેલા છે તથા નકુળ અને સહદેવ જેઓ ખંગ ચલાવવામાં અત્યંત કુશળ હોય સંસારનો કોઇ યોધ્ધા તેની સમાનતા કરી શકે એમ નથી. જેઓએ રાજસૂર્ય યજ્ઞ દરમ્યાન પશ્ચિમ અને દક્ષિણ દિશાના રાજાઓને પરાજિત કરી વિપુલ ધનરાશી યુધિષ્ઠિરના ચરણોમાં ન્યોછાવર કરી હતી. આ ઉપરાંત તમારા પક્ષના યોધ્ધાઓમાં તમારો પુત્ર દુર્યોધન જેને ગદાયુધ્ધની વિશેષ તાલીમ બળદેવજી પાસેથી લીધી હોય બળદેવજી પણ તેના ગદાયુધ્ધના અભ્યાસથી અત્યંત સંતુષ્ટ થઇ પોતાને દુર્યોધનના ગુરૂ કહેડાવતા ગર્વનો અનુભવ કરે છે. ગંગા પુત્ર ભીષ્મ જેઓનું મૃત્યુ સ્વયં પોતાની મુષ્ટિકામાં કેદ છે, જેઓએ યુધ્ધમાં ભગવાન પરશુરામને સંતુષ્ટ કરેલા છે. દ્રોણાચાર્ય જેઓને સ્વયં ભગવાન ભાર્ગવે દિવ્યાસ્ત્રો સહિત સમસ્ત ધનુર્વેદ પ્રદાન કરેલો છે, જેઓ યુધ્ધમાં અજેય છે. અશ્વથ્થામાં જે બ્રહ્મ બળ અને તપસ્યાના બળથી સંપન્ન હોય ચિરંજીવિ છે અને જેની પાસે અસ્ત્રમાં સર્વોત્તમ એવું અમોઘ નારાયણાસ્ત્ર છે. કૃપાચાર્ય જેઓ ચિરંજીવી હોય બ્રહ્મબળ અને સંપૂર્ણ ધનુર્વેદ થી સુસજ્જિત છે. તથા અંગરાજ કર્ણ જે જન્મ થી જ દિવ્ય કવચ કુંડળથી સંપન્ન હોય ભાર્ગવ પરશુરામની કૃપાથી સમસ્ત દિવ્યાસ્ત્રોથી સુસજ્જિત છે. જેણે પોતાની વિજય પાત્રામાં ભારત વર્ષના બધાજ યોધ્ધાઓને પરાજિત કરેલા છે અને જે ધનુર્વિદ્યામાં અર્જનજીની સ્પર્ધા કરનાર છે. આ બધા મહારથિ અને અતિરથિ વિરોથી હસ્તિનાપુરની સભા અત્યંત સુશોભિત થઇ રહી છે. આ બધાજ યોધ્ધાઓ ભેગા મળી સમસ્ત ત્રિભુવને પણ પોતાને આધિન કરી શકે છે માટે આ બધામાં મનમેળાપ રહે તો જ અત્યંત

હિતાવહ છે. અન્યથા તેઓ મધ્યે યુધ્ધ થતા શુ પરિણામ આવશે, કોણ જીતશે કોઇ હારશે તે કહેવું પણ અત્યંત મુશ્કેલ છે માટે આપ આ બંને મધ્યે શાંતિ રહે એવા ઉપાય કરો. (શ્લોક-૪૪) હવે નિતીકાર બે શ્લોક દ્વારા રૂપકના માધ્યમથી ધૃતરાષ્ટ્રને પાંડવો અને કૌરવની મહત્તા વર્ણવે છે-

શ્લો-૪૫ धार्तराष्ट्रा वनं राजन्

व्याघ्राः पाण्डुसुता मताः।

मा वनं छिंधिसव्याघ्र

मा व्याघ्रा नीनशन्वनात्॥

શ્લો-૪૬ न स्याद् वनमृते र्व्याघ्रा

न स्युर्ऋते वनम्।

वनं हि रक्ष्यते व्याघ्रे

व्याघ्रान् रक्षति काननम्।

શ્લોકાર્થ :- હે રાજન્! અમારા મત પ્રમાણે તમારા દુર્યોધનાદિ પુત્રો વનરૂપ છે અને પાંડવો તેમાંના વાઘ છે. માટે તમો વાઘ સાથે વનનો નાશ કરશો નહિ અને વનમાંથી વાઘનો નાશ થાઓ નહિ વાઘ વિના વન રહેતું નથી અને વન વિના વાઘ રહેતા નથી, કારણ કે વાઘોથી વનનું રક્ષણ થાય છે અને વન વાઘોનું રક્ષણ કરે છે.

ચ.ટી. :- નીતિકારે કરેલા આ વચનોની પણ અંતે ધૃતરાષ્ટ્રે ઉપેક્ષા જ કરી. તેઓએ પોતાની મહત્વાકાંક્ષાની પુર્તિ હેતુ આ વન સહિત વાઘનો અંતે મહાભારતના યુધ્ધમાં વિનાશ કરાવી જ દીધો દુર્યોધન આદિ વનતો વિનિષ્ટ થઇ જ ગયુ. સાથે સાથે વનમાં રહેતા વ્યગ્ર એવા પાંડવોએ પણ પોતાનું સર્વસ્વ ઘુમાવો દીધુ અર્થાત્ દુર્યોધન તો યુધ્ધમાં પરાજિત થઇ જ ગયો સાથે સાથે પાંડવો

પણ જીતિને બધુ હારી ગયા અને આ બધુ ધૃતરાષ્ટ્ર ની મહત્વાકાંક્ષાનું જ વિપરિણામ હતુ. (શ્લોક-૪૫-૪૬) હવે નિતીકાર દુષ્ટોની કુટિલતાની વાત કરે છે-

શ્લો-૪૭ न तथेच्छन्ति कल्याणान्

परेषां वेदितुं गुणान्।

पथैषां ज्ञातुमिच्छन्ति:

नैर्गुण्यं पापचेतस: ॥

શ્લોકાર્થ :- દુષ્ટ બુધ્ધિ લોકો બીજાના દોષો જોવાની જેવી ઇચ્છા રાખે છે, તેવી તેઓના ઉત્તમ ગુણો જાણવાની ઇચ્છા રાખતો નથી.

ચ.ટી. :- કોઇક આપ્ત જને કહ્યુ છે- 'क्रमेलकं केलिवनं प्रविश्यान्विष्यते कण्टकजालमेव। અર્થાત્ ઉંટ વનમાં પ્રવેશ કરીને બબુલના કાંટાઓને જ શોધે છે.' તેમ દુર્યોધનાદિ દુષ્ટ લોકો પાંડવોમાં ગુણોને તથા શિશુપાલ આદી આસુરિવૃત્તિના મનુષ્યો ભગવાન શ્રીકૃષ્ણના ગુણોને જોવાની ઇચ્છા નથી કરતા પરંતુ તેઓના ગુણોમાં પણ દોષને જોઇ બતાવે છે. કહ્યુ પણ છે ''सन्त्यज्य शूर्पवद्दोषान् गुणान् गृह्णाति सज्जन:। दोषग्राही त्यागी पल्लोलीव हि दुर्जन: ॥ સજ્જનો સૂપ સમાન હોય છે, જેઓ દોષનો ત્યાગ કરી ગુણોને જ ગ્રહણ કરે છે. તેનાથી વિપરીત દુર્જન ચલનીના સમાન હોય છે જે ગુણોને ત્યાગ કરી દોષોને ગ્રહણ કહે છે. તાત્પર્ય એ છે કે જેમ સુપ જે પ્રમાણે અનાવશ્યક વસ્તુઓને કાઢી આવશ્યક ધાન્યાદિ વસ્તુઓનો સંગ્રહ કરે છે, તે જ પ્રમાણે સજ્જનો પણ દોષોનો ત્યાગ કરી અન્યના ગુણોને જ અંગિકાર કરે છે. ચલની જે પ્રકારે અપેક્ષિત ધાન્યાદિ વસ્તુઓને કાઢી અનપેક્ષિત કંકણઆદિને પોતાનામાં રાખી લે છે તે જ પ્રમાણે દુર્જન પણ ગુણોનો ત્યાગ કરી દોષોને જ ગ્રહણ કરે છે.'' ''दुर्जनो दोष मादत्ते

दुर्गन्धिमिव सूकरः। सज्जनश्च गुणग्राही हंसः क्षीरमिवाम्भसः॥ જે પ્રમાણે શોભન સુસ્વાદુ ખાદ્ય પદાર્થોને ત્યાગ કરી સૂકર ઘૃણિત વિષ્ઠાને જ ગ્રહણ કરે છે તેજ પ્રમાણે દુર્જન ગુણોને અંગીકૃત ન કરી દોષોને જ ગ્રહણ કરે છે. આનાથી વિપરિત હંસ જળથી દુગ્ધ ને પૃથક્ કરી કેવળ દુગ્ધને ગ્રહણ કરી જલાંશનો ત્યાગ કરે છે.'' તેમ સજ્જન સર્વદા ગુણોને ગ્રહણ કરી દોષોનો પરિત્યાગ કરે છે. '' अनुकुरुतः खल सुजनाव ग्रिम पाश्चात्य भागयोः सूच्याः। विद घाति रन्ध्रमेको गुणवानन्यस्तु पिदध्राति॥ દુર્જન અને સજ્જન સોઇના આગળના અને પાળછના ભાગનું અનકરણ કરે છે. જે પ્રમાણે સોઇનો આગળનો ભાગ છિદ્ર બનાવે છે તેમ દુર્જન યોગ્ય રીતે બીજાના દોષોનું અન્વેષણ કરે છે તથા જે પ્રમાણે દોરાની સાથે સોંયનો પાછળનો ભાગ છિદ્રને ઢાંકે છે.'' ''खलः सर्षपमात्राणि परच्छिद्राणि पश्यति। आत्मानो विल्वमात्राणि पश्यन्नपि न पश्यति॥ દુષ્ટજન અન્યના રાયના દાણા જેટલી પણ ત્રુટિયોને વધારી વધારીને બતાવે છે, પરંતુ પોતાની આમળા જેટલી ત્રુટિઓને જોવા છતા પણ જોતા નથી.'' '' पदद्वयस्यसंधानं कर्तुमप्रतिभाः खलाः। तथापि परकाव्येषु दुष्करेष्वप्यसंभ्रामाः॥ પ્રતિભા શૂન્ય દુષ્ટ જન સ્વયં તો બે પદોની પણ રચના કરવામાં અસમર્થ હોવા છતાં પણ અન્યએ શ્રમ પૂર્વક રચેલા એવા કાવ્યમાં પણ દોષ કાઢવામાં તત્પર રહેતા હોય છે.'' ''स्वभावं दोषं दृष्टवाऽथतेषामल्पं च दैहिकम्। तं तु स्वीय कुबुद्धयाऽसौ महान्त मन्यते हुदि। ततोऽसद् वासना विष्टहृदया दपसर्पति॥ દુર્જન સત્પુરૂષોનો અલ્પ સરખો પણ દૈહિત સ્વભાવ સિધ્ધ દોષ જોઇને પુરૂષ પોતાની કુબુધ્ધિથી તે અલ્પ દોષને પણ હૃદયમાં મોટો માને છે તેથી સત્પુરૂષોમાં તેની પ્રીતિ દિવસે દિવસે ક્ષય પામી જાય છે અને અસદ્ વાસનાથી યુક્ત હૃદયમાંથી તે પ્રીતિ જતી રહે છે.'' (હ.વા.સુ.સિં. ત. ૭૮/૭૧/૭૨) માટે માનવે અન્યના દુર્ગુણો જોતા પૂર્વે પોતાના દુર્ગુણો જોવા અને

દરેક માનવમાંથી ગુણ ગ્રહણ કરવાનો પ્રયાશ કરવો. આ સંબંધમાં ભગવાન શ્રીકૃષ્ણના જીવનનો એક પ્રસંગ ઐતેહ્ય પ્રમાણથી જાણવા મળે છે જે અવલોકન કરવા યોગ્ય છે.

વાત એવી હતી કે એક સમયે ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન રથ પર સવાર થઇને જઇ રહ્યા હતા. ત્યાં માર્ગમાં એક શ્વાન તેઓના જોવામાં આવ્યો શ્વાન કોઇ કારણસર મૃત્યુ પામેલો અને તેના મૃત દેહમાંથી દુર્ગંધ આવતી હતી તેને જોઇ અર્જુને પોતાનું મુખ ફેરવી લીધુ. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણની નજર શ્વાનના દાંત ઉપર પડી એટલે તેઓ અર્જુન પ્રત્યે બોલ્યા ''પાર્થ! જો આ શ્વાનના દાંત કેટલા સુંદર છે.'' આમ મૃત અને દુર્ગંધ મારતા શ્વાનમાં પણ ભગવાનને સારી વસ્તુ દેખાય (શ્લોક-૪૭) હવે નીતિકાર ધર્માચરણથી જ અર્થની પ્રાપ્તિનું વર્ણન કરે છે-

(૮૯) ધનનું મૂળ ધર્મ :-

શ્લો-૪૮ अर्थसिद्धि परामिच्छन्

धर्म मेवादि तश्चरेत्।

न हि धर्मादपैत्यर्थः

स्वर्ग लोका दिवा मृतम्॥

શ્લોકાર્થ :- જેને ઘણું ધન મેળવવા ની ઇચ્છા હોય, તેણે પ્રથમથી જ ધર્માચરણ કરવું કારણ કે જેમ અમૃત સ્વર્ગ લોકમાંથી દૂર જતું નથી, તેમ અર્થ-ધન ધર્મથી દૂર થતું નથી.

ચ.ટી. :- સુરાસુરે ભેગા થઇ ક્ષીર સાગરનું મંથન કર્યુ અને તેમાંથી ચૌદ રત્ન ની સાથે ધનવંતરી ભગવાન અમૃત કુંભ લઇને બહાર આવ્યા. જે કુંભ લઇને દાનવો પલાયન થઇ ગયા. ત્યારે ભગવાન વિષ્ણુ એ મોહિની રૂપ ધારણ કરી

અસુરોને મોહ પમાડી તેની પાસેથી અમૃતનો કુંભ લઇ બધા દાવનોને અમૃત પાન કરાવી દીધું તે પછી દેવો અને દાવનો મધ્યે અતિદારૂણ દેવાસુર સંગ્રામ થયો જેમાં અમૃતપાન કરી અમર થયેલા દેવોઅસુરો પર ભારી પડયા અને તેઓ અમૃત લઇ સ્વર્ગમાં આવ્યા જે અધાપિ તેઓ પાસે સુરક્ષિત છે ભગવાન વિષ્ણુ એ દેવતાઓને જ અમૃતપાન કેમ કરાવું અને દાનવોને કેમ નહિ? તો દેવતાઓ ધર્મમાં સ્થિત હોય અને અમૃતપાન કરી અમર થવા છતાં તેઓ સંસારને નડતર રૂપ ન થશે. જ્યારે અસુરો સ્વભાવથી જ ઉધ્ધત જશે એમ અમૃતપાન કરી વધુ ઉધ્ધત થઇ જશે એમ જાણી પરમાત્માએ તેઓને અમૃતથી વંચિત રાખ્યા આમ દેવતાઓ ધર્મમાં સ્થિત હોવાથી તેઓ અમૃત રૂપ અર્થની પ્રાપ્તિ કરતા હતા અને અસુરો અધર્મમાં સ્થિત હોવાથી અમૃતરૂપી અર્થથી વંચિત રહ્યા માટે જેણે સાત્વિક ધનની ઇચ્છા હોય તેણે અક્ષુણ ધર્મનું આચરણ કરવું કારણ કે ભગવાન વેદ વ્યાસજી કહે છે. '' धर्मस्य मलम्अर्थः ધર્મનું મૂળ અર્થ છે.'' આચાર્ય કાવ્ય પણ કહે છે ''सुखं च न विना धर्मात् तस्मात्त धर्मपरो भवेत्। ધર્મ વિના સુખ પ્રાપ્ત થતું નથી અતઃ સર્વદા ધર્મપરાયણ રહેવું જોઇએ.'' (શુકનીતિ-૨/૨) સૂતજી પણ કહે છે. '' नार्थस्य धर्मैकान्तस्य कामोलाभाय हि स्मतः। અર્થોપાર્જનુ લક્ષ્ય ધર્મ સાધન છે, પણ કામપૂર્તિ નથી.' (ભાગ-૧/૨/૯) સ્કન્દ પણ કહે છે -''धर्मात् सुखं च ज्ञानं च यस्मादुभयामाप्नुयात्। तस्मा त् सर्वं परित्याज्य विद्वान धर्मं समाचरेत्॥ ધર્મથી સુખ અને જ્ઞાન બન્ને પ્રાપ્ત થાય છે એટલે માટે બધાનો ત્યાગ કરી વિદ્વાનોએ ધર્મનું આ ચરણ કરવું જોઇએ (સ્કંદ. પુ.) ''धर्मादर्थः प्रभवति धर्मात् प्रभवते सुखम्। धर्मेण लभते सर्वं धर्मसार मिदं जगत्॥ ધર્મથી અર્થ પ્રાપ્તિ થાય છે, ધર્મથી સુખ પ્રાપ્ત થાય છે. ધર્મથી જ બધુ પ્રાપ્ત થાય છે. આ સંપૂર્ણ જગત ધર્મનો સાર છે.'' (વા. સામા. અ. ૯/30) '' विद्यावित्तं वपुः शौर्यं कुले जन्म विरोगिता। संसार सङ्कटोद्धारो धर्मदेव

प्रवर्तते॥ शब्दे स्पर्शे च रुपे च रसे गन्धे च देहिनाम्। प्रभुत्वं जायते यत्तद्धर्मस्यैव फलं विदु:॥ સદ્વિદ્યા, અધિક ધન, શરીર સૌન્દર્ય, શૌર્ય, સત્કુળમાં જન્મ અને નિરોગિતા આ સર્વે જે સંપત્તિ પ્રાપ્ત થાય છે, તેમજ શબ્દાદિ પંચ વિષયોમાં પ્રાણિઓનું પ્રભુત્વ સંકલ્પ માત્રથી સુલભ અતિશય અધિક વિષય સંપત્તિ રૂપ ઐશ્વર્ય મળે છે, આ સર્વ પ્રાચિન ધર્મનું જ ફળ છે.' (સ. જિ. ૨/૧/૧૬-૧૭) આમ વાલ્મિકીજી અને ભગવાન સ્વામિનારાયણ પણ ધર્મથી જ અર્થરૂપી પુરૂષાર્થની પ્રાપ્તિ થવાનું સમર્થન કરે છે. (શ્લોક-૪૮) હવે નીતિકાર ધર્મમાં પોતાના મનને જોડનારાની વાત કરે છે-

શ્લો-૪૯ यस्यात्म विरत: पापात्

फल्याणे च निवेशित:।

तेन सर्वमिदं बुद्धि

प्रकृति विकृतिश्च या॥

શ્લોકાર્થ :- જેણે પાપથી પૃથક થયેલા પોતાના મનને ધર્મમાં જોડેલુ છે તેણે પ્રકૃતિથી લઇને વિકૃતિ (મહત્તત્યાદિ) એટલે સારૂ નરસુ સર્વ જાણ્યું છે.

ચ.ટી. :- અહીં વિદૂરજી ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રને કહી રહ્યા છે કે- રાજા યુધિષ્ઠિર આદી પાંડવોનું મન હંમેશા ધર્મમા જ આશક્ત છે અને તેને લઇ તેઓ નરાકૃતિ એવા પરમાત્મા શ્રીકૃષ્ણને જાણી શક્યા છે જ્યારે તમારા પુત્રોનું મન હંમેશા અધર્મ પરાયણ છે એટલે તેઓ નરાકૃતિ ધારણ કરીને આવેલા પરમાત્માને પણ જાણી શકતા નથી અને તેઓને પણ માયાવિ કહે છે. આમ પાંડવોનું મન ધર્મમાં લાગેલુ હોવાથી તેઓને સત્ અસત્ નો વિવેક છે. (શ્લોક-૪૯) હવે નીતિકાર ધર્માદિ ત્રણને યથા સમયે સેવન કરનારાની વાત કહે છે -

શ્લો-૫૦ यो धममर्थं कामं च

यथाफलं निषेवते।

धर्मार्थकाम संयोग

सोऽमुत्रेह च विन्दति॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય ધર્મ, અર્થ અને કામનું યથા સમય સેવન કરે છે તે આ લોક પરલોકમાં પણ ધર્મ, અર્થ અને કામને પ્રાપ્ત કરે છે.

ચ.ટી. :- વિદુરજી ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રને કહે છે કે હે રાજન્! મહારાજા યુધિષ્ઠિરે અક્ષુણ્ણ ધર્માચરણ કરેલુ છે, રાજસૂયાદિ ક્રતુઓ કરી અર્થનો પણ યોગ્ય સમયે ઉપયોગ કરેલો છે, તથા શાસ્ત્રોક્ત મર્યાદામાં રહી વિષયનો ઉપભોગ કરી પોતાના જેવી સંતતિ પ્રગટ કરેલી છે માટે તેઓ આ લોકમાં તો સુખી છે જ પણ પરલોકમાં પણ સુખી થશે. જ્યારે તમારા પુત્રોએ અધર્મના વંશજ કુડકપટનો આશ્રય ગ્રહણ કરેલો છે, ધુતક્રીડાથી અર્થનું ઉપાર્જન કરેલું છે તથા પરાયિ સ્ત્રીમાં આસક્ત રહ્યા થકા ધર્મ વિરુધ્ધ કામનું ઉપાર્જન કરેલું હોવાથી તેઓ આ લોકમાં અને પરલોકમાં અવશ્ય દારૂણ કષ્ટ પામશે. ભગવાન્ સ્વામિનારાયણ કહે છે- ''शब्दे स्पर्शेच रुपे च रसे गन्धे च दहिनाम्। प्रभुत्वं जायये यते यत्तद्धर्मस्यैव फलं विदु:॥ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ વિષયોમાં પ્રાણિઓને પ્રભુત્વ- સંકલ્પ માત્રથી સુલભ અતિશય અધિક વિષય સંપત્તિરૂપ ઐશ્વર્ય મળે છે, આ સર્વે પ્રાચિન ધર્મનું અધિક વિષય સંપત્તિ જ ફળ છે. માટે પુરૂષાર્થની અભિલાષાવાળાઓએ અવશ્ય ધર્મનું આચરણ કરવું જોઇએ.'' (સ.જિ. ૨/૧/૧૭)'' येऽर्था धर्मेण ते सत्या येऽधर्मेण धिगस्तु तात्। धर्मो वै शाश्वतो लोके न हेयोधनकाङ्क्षया॥ જે અર્થ ધન ધર્મમાં વિરોધ ન આવે એવી રીતે સંપાદન કર્યો હોય તે સત્ય છે એટલે અનર્થ કરનાર નથી અર્થાત્ આ લોકમાં અને

પરલોકમાં પોતાના સુખ ના હેતુ ભૂત છે. જેઅર્થ અધર્મથી એટલે ધર્મનો ત્યાગ કરી સંપાદન કર્યો છે તેને ધિક્કાર છે એટલે અનર્થ કરનાર છે.'' (સ.જી. ૨/૧/૧૯) ''धर्म: प्रजां वर्धयति क्रियमाण: पुन: पुन:। धर्मादर्थश्च कामश्च सुखं ज्ञानं च जायते॥ જનોએ વારંવાર પાળેલો ધર્મ પ્રજા- સંપતિ ને વધારે છે એટલે તેના વંશનો વિચ્છેદ થતો નથી. ધર્માચરણથી સંપતિ કામ (વિષય સુખ)અને આત્યંધિક કલ્યાણ સંબંધિ સુખને પણ પામ છે(સ.જી. ૨/૧/૨૧) ''अर्थसिद्धिं परामिच्छन्नपि धर्मपरो भवेत्। नहि धर्मादपैत्यर्थ: स्वर्ग लोका दिवामृतम्॥ જે અર્થ કામ પરાયણ હોય તેને ધર્મથી સુપ્રયોજન છે? તો સામ્રાજ્યદિક સર્વોષ્કૃષ્ટ અર્થ સિધ્ધિને ઇચ્છતો પણ ધર્મપરાયણ થાય, કારણ કે ધર્મ થકી અર્થની સિદ્ધિ દૂર ખસી જતી નથી તે આવે જ છે કેમ કે અવિનાભૂત- પૃથક્ રહી શકતો નથી. તેમાં દૃષ્ટાંત- જેમ સ્વર્ગ થકી અમૃત દૂર ખસી જતુ નથી પણ તેની સાથે જ સદા રહે છે તેમ એમ કહેવાથી જે કેવળ અર્થ પરાયણ છે તેનો અધર્મથી પરાભવ થાય છે. (દુર્યોધન ની જેમ) અને તેથી તેના અર્થનો પણ નાશ થાય છે પણ જે ધર્મ પરાયણ છે તેને તો ધર્મ અર્થ બંનેની સિધ્ધિ થાય છે.'' (યુધિષ્ઠિરને જે પ્રમાણે થઇ હતી. સ.જિ. ૨/૧/૩૫) (શ્લોક-૫૦) હવે નીતિકાર ક્રોધ અને હર્ષના વેગને જ્ઞાન પૂર્વક શાંત કરનારાને શાની પ્રાપ્તિ થાય છે તે કહે છે -

શ્લો-૫૧ सन्ति यच्छति यो वेगमु

त्थितं क्रोध हर्षयो:।

स श्रियो भोजनं राजन्

यश्चापत्सु नमुध्यति॥

શ્લોકાર્થ :- હે રાજન્! જે મનુષ્ય ક્રોધ અને હર્ષના વેગને જ્ઞાન પૂર્વક શાંત કરી લે છે, તે લક્ષ્મી નો પાત્ર બને છે તથા વિપત્તિઓમાં પણ મોહ પામતો નથી.

ટીકા :- વિદુરજીનું કહેવાનું તાત્પર્યએ છે કે- હે રાજન્! યુધિષ્ઠિર જીતેન્દ્રિય છે, તથા તેઓએ પોતાના સમસ્ત દુર્ગુણ જીતેલા છે તેઓમાં જીવ પ્રાણિ માટે સમતા છે, સુખ દુઃખને તેઓ ભગવાનનો પ્રસાદ સમઝે છે માટે તેઓ વાસ્તવમાં લક્ષ્મીના પાત્ર છે કહ્યુ પણ છે- ''उत्साह सम्पन्नमदीर्घ सूत्रं क्रियाविधिज्ञं व्यसनोवसक्तम्। शूरं कृतज्ञं दृढसौहृदं च लक्ष्मीः मार्गति वासुहेतोः॥ ઉદ્યોગી, કાર્યમાં મોડુ ન કરનારો, કાર્યના સિધ્ધાંત તથા નિર્માણ પધ્ધતિને જાણનારો, મદ્યપાનાદિના દુષ્ટ વ્યસનોથી પૃથક્, વીર, ઉપકાર માનનારો અને સ્થિર મનવાળા પુરૂષને લક્ષ્મી સ્વયં પોતાના નિવાસ સ્થાન માટે શોધિ લે છે.'' (પંચમિત્રસમ/શ્લો-૧૨૬) (શ્લોક-૫૧) હવ નીતિકાર પાંચ પ્રકારના બળમાં બુધ્ધિબળની શ્રેષ્ઠતા કહે છે.

(૯૦) પાંચ પ્રકારના બળ :-

શ્લો-૫૨ बलं पञ्चविधं नित्यं
पुरुषाणां, निबोध मे।
यत्तु बाहुबलं नाम
कनिष्ठं बलमुच्यते॥

શ્લો-૫૩ अमात्यलाभो भद्रं ते
द्वितीयं बलमुच्यते।
तृतीयं धनलाभं तु
बलमाहुर्मनीषिणः॥

શ્લો-૫૪ यत्त्वस्य सहजं राजन्
पितृपैतामहं बलम्।
अभिजात बलं नाम
तच्चतुर्थ बलं स्मृतम्॥

શ્લો-૫૫ येन त्वेतानि सर्वाणि

संग्रहीतानि भारत।

यद्बलानां बलं श्रेष्ठ

तत्प्रज्ञाबलमुच्यते ॥

શ્લોકાર્થ :- હે રાજન્! પુરૂષોનું બળ, નિત્ય પાંચ પ્રકારનું છે તે તમો મારી પાસેથી સાંભળો. જે બાહુબળ છે તે તો નિમ્નસ્તરનું છે. તમારૂ કલ્યાણ થાવ. આમાત્યનો લાભ એ બીજ બળ કહેવાય છે વિદ્યા વિદ્વાનો ધનલાભને ત્રીજ બળ છે. મનુષ્યનું બાપ દાદાની ચાલતું આવેલું જે સ્વાભાવિક કુળબળ તેને ચોથુ બળ કહેલ છે. હે ભારત જે બળમાં આ ચારેય બળો જેમાં સમાવેશ થઇ જાય છે, અને જે સર્વબળમાં સર્વશ્રેષ્ઠ છે, તેને બુધ્ધિ નામનું બળ કહે છે.

ચટી :- નીતિકાર અહીં વિવિધ પ્રકારના બળોનું વર્ણન કરી અંતમાં બુધ્ધિ બળની શ્રેષ્ઠતા બતાવે છે. આચાર્ય ચાણક્ય પણ ''बुद्धिर्यस्य, बलं तस्य निर्बुद्धेस्ते कुतो बलम्। पश्य सिंह मदोन्मतः शशकेन निपातीतः ॥ જેની પાસે બુધ્ધિરૂપી બળ છ તેની પાસે જ વાસ્તવમાં બળ છે. જેની પાસે બુધ્ધિ નથી, તેની પાસે બળ ક્યાં?'' આ વચનથી બુધ્ધિ બળની શ્રેષ્ઠતા બતાવે છે, આ સંબંધમાં પંચતંત્રમાં આવતી એક કથા અવલોલન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે- કોઇ એક સ્થાન પર વડનું એક મોટું વૃક્ષ હતુ તેમાં એક કાગડાનું જોડું રહેતુ હતુ તેના પ્રસવના સમયે વૃક્ષમાં આવેલા બીલમાંથી એક કાળો સર્પ બહાર આવ્યો અને તેણે આ કાક પક્ષીના ઈંડાને ભક્ષણ કરી લીધા. જેથી કાકદંપતિ અતિકષ્ટ પામ્યા. તેઓએ પોતાની સમિપ બીજા વૃક્ષના મૂળમાં રહેતા પોતાના પરમ મિત્ર શિયાળને જઇને કહ્યુ 'મિત્ર! આ કાળા સર્પે અમારા બાળકોનું ભક્ષણ કરી લીધુ તો હવે અમારે શું કરવું.

પોતાની મિત્રની વાત સાંભળી શિયાળ બોલ્યો ''મિત્ર! તું કોઇ રાજાની રાજધાનિમાં જા, ત્યાં જઇ કોઇક અસાવધાની ધની રાજા અથવા મંત્રીનો સુવર્ણનો કિંમતી હાર લઇ આવી સર્પના બીલ સમીપમાં લાવીને મુકી દે, જેનાથી તે આભુષણ ગ્રહણ કરવાને કારણે ત સર્પ માર્યો જશે.'' કાગ દંપતિએ પોતાના મિત્રની વાત માની અને તેઓ તેજ સમયે ઉડી ગયા અને ઉડતા ઉડતા એક જાળશયની સમિપમાં આવ્યા. ત્યાં કાગડાની પત્નીએ જોયું કે 'કોઇક રાજ્યના અત:પુરની સ્ત્રીઓ પોત પોતાના વસ્ત્રાભૂષણો ઉતારી જળાશયમાં ક્રીડા કરી રહી છે.' એટલે તેમે કેવલ તે આભ્ષણોમાંથી એક સુવર્ણનો કિંમતી હાર લઇ પોતાના માળા તરફ પ્રસ્થાન કર્યુ. તે સમયે રાજાના સેવકની દૃષ્ટિ કાગડી પર પડી એટલે તેઓ શીઘ્ર સુવર્ણનો હાર લેવા માટે તેની પાછળ ગયા કાગડાની સ્ત્રી ઉડતી ઉડતી સર્પના બિલ પાસે આવી અને તેણે સુવર્ણની માળા સર્પના ડર પાસે મૂકી દીધી અને પોતે દૂર જઇ એક વૃક્ષ પર જઇ બેસી લઇ.

તદન્તર રાજપુરૂષો તે સ્થાન પર આવ્યા અને તેઓએ જોયું કે 'સુવર્ણની માળા પાસે એક સર્પ કુંડાળુ વાળીને બેઠો છે.' એટલે તેઓ બધાએ પોતાના હાથમાં લાકડીઓ લીધી અને તેના દ્વારા સર્પને મોતને ઘાત ઉતારી દીધો તે પછી સુવર્ણનો હાર લઇને જતા રહ્યા. આમ કાક દંપતિએ શિયાળની બુધ્ધિથી બળવાન એવા સર્પને પણ દંડિત કર્યો માટે જ વિષ્ણુ શર્માકહે છે- ''एकं हन्यान्न वा हन्यादिषुर्मुक्तो धनुष्मता। बुद्धिर्बुद्धिमतः सृष्टाहन्ति राष्ट्रं सनायकम्॥ ધર્નુધારીના ધનુષથી છટેલું બાણ કોઇક એકને મોતને ઘાત ઉતારે છે પણ નીતિને જાણનારા બુધ્ધિમાનની બુધ્ધિથી કરાયેલ કાર્ય રાજા સહિત સમસ્ત રાજ્યને નસ્ત કરી દે છે.'' (પંચતંત્ર/મિત્રભેદ/૨૧૫) ''औषधार्थ सुमन्त्राणा बुद्धेश्चैव महात्मनाम्। असाध्यं नास्ति लोकेऽत्र यद् ब्रह्माण्डस्य मध्यगम्॥ આ લોકમાં અથવા સમસ્ત બ્રહ્માંડમાં

એવો કોઇ પદાર્થ નથી જે ઔષધિ, ધન, સુંદર મંત્રણા અને મહાત્મા પુરૂષોની બુધ્ધિની આગલ અસાધ્ય હોય'' (પંચ/મિત્રભેદ/૨૧૯) ''उपायेन जयो यादृग् रिपोस्ताङ् न हेतिभि: । उपायज्ञोऽल्पकायोऽपि न शूरै: परिभूयते ॥ ઉપાય દ્વારા શત્રુ પર જેવો વિજય મેળવી શકાય છે એવો અસ્ત્ર શસ્ત્રોથી મેળવી શકાતો નથી. કારણ કે ઉપાય જાણનારો લઘુ શરીરવાળો હોવા છતા પણ શૂરવીર દ્વારા જીતિ શકાતો નથી'' (પંચ/મિત્રભેદ/૨૩૧) અહીં ગૂઢાર્થમાં નીતિકાર ધૃતરાષ્ટ્ર ને એવું કહી રહ્યા છે કે રાજન્! ભલે તમારી પાસે બાહુબળ આદીચાર બળ છે પરંતુ પાંડવો પાસે બુધ્ધિબળ છે. બુધ્ધિમાનો પણ પરબુધ્ધિમાન યદુનંદન શ્રીકૃષ્ણ તેઓના સહાયક છે. એટલે તેઓ પોતાની બુધ્ધિ દ્વારા ચલાવાયેલા તીરથી તમારા પર હાવી થઇ જશે. અને થયુ પણ એમજ મહાભારતના યુધ્ધમાં કૌરવપક્ષના ભીષ્મ આદી જેઓ કાળને પણ ચુનોતિ આપતા હતા તેઓ બધા શ્રીકૃષ્ણના બુધ્ધિબળથી કાળના મુખમાં હોમાય ગયા (શ્લોક- ૫૨ થી ૫૬)હવે નીતિકાર સમર્થ પુરૂષ સાથે શત્રુતા કરવાની મનાઇ કરે છે-

શ્લો-૫૬ महते योऽपकाराय

नरस्य प्रभवेन्नर: ।

तेन वैरं समासज्य

दूरस्थोऽस्मीति नाश्वसेत् ॥

શ્લોકાર્થ :- મહા અનિષ્ટ કરવા સમર્થ હોય, એ એવા મનુષ્યની સાથે શત્રુતા કરીને 'અમો તેનાખી દૂર છીએ.' એમ મનમાં વિશ્વાસ કરવો નહિ.

ચટી :- ગોસ્વામીજી કહે છે. ''રિપુ તેજસ્વી એકલ અપિ, લઘુ કરિ અનિઅ ન તાહુ । અજહું દેત દુખરવિ સસિહ, શિરઅપસેષિત રાહુ ॥ તેજસ્વી શત્રુ એકાકી પણ હોય તો તેને નિર્બળ ન સમઝવો. જેમ રાહુ દૈત્યનું માત્ર મસ્તક

બચેલુ છે. તે આજદિન પર્યન્ત સૂર્યચંદ્ર ને કષ્ટ આપે છે.'' (રા.ચ.મા.બા. ૧૭૦) વ્યાસજી કહે છે. ''प्रत्युपस्थितकालस्य सुखस्य परिवर्जनम्। अनागत सुखाशा च नैव बुद्धिमतां नयः॥ જે શત્રુ સાથે સંધિ કરી વિશ્વાસ પૂર્વક સુખથી સૂઇ જાય છે. તે એવા મનુષ્ય સમાન છે કે જે વૃક્ષની શાખા પર ગાઢ નિદ્રામાં સૂઇ ગયો છે. આવો મનુષ્ય નીચે પડતા (શત્રુ દ્વારા સંકટમાં પડતા) જ સજાગ છે સચેત થાય છે.''(મહા આદિ મહાકવિ માઘ પણ કહે છે ''विधाय वैरं समार्थ्ये नरोऽरोष उदायते। प्रक्षिप्तोदर्चिषं कक्षे शेरते तेऽभिमासतम्॥ જ મનુષ્ય શત્રુ સાથે શત્રુતા કરી તતસ્થ થઇ જાય છે, તે સૂકા ઘાસ માં આગ લગાવી વાયુની અભિમુખ થઇને સુવે છે. અર્થાત્ તે આગ તેને શીઘ્ર બાળી નાંખે છે તેમ શત્રુતા કરી તટસ્થ રહેવાવાળો નષ્ટ થઇ જાય છે.'' (શિશુપાલ વધ-૨/૪૨)

આ સન્દર્ભમાં પૃથ્વિ રાજચૌહાણ દૃષ્ટાંત રૂપ છે કે જેણે શત્રની ઉપેક્ષા કરવાથી કષ્ટના ભાજી થવું પડેલું. વાત એવી હતી કે- સન્-૧૧૬૧ ની સાલમાં તરાઇના મેદાનમાં યુધ્ધ સ્થળમાં વિધર્મી સેનાના નાયક મહોમ્મદ ઘોરીનો સામનો કરવા પૃથ્વિરાજ બે લાખ ઘોડેસવાર તથા ત્રણ હજાર હાથિઓની સેના લઇ આવી પહોચ્યા. ધમાસાન સંગ્રામમાં મહોમ્મદ ઘોરીની સેના સમાપ્ત થઇ ગઇ પૃથ્વિરાજ વિજયિ થયા અને મહોમ્મદ ઘોરીને જીવિત પકડી કેદ કર્યો પરંતુ દયાવશ તેને થોડી દીધો. તે પછી તેણે પુનઃ સેના ભેગી કરી ભારત પર આક્રમણ કર્યુ તેમાં પણ તેનો પરાજય થયો. આમને આમ લાગલગાટ તેર વખત ઘોરીએ ભારત પર આક્રમણ કર્યુ અને દરેકમાં તેનો પરાજય થયો અને દરેક સમયે પૃથ્વિરાજે તેની ઉપેક્ષા કરી તેને જીવિત છોડી દીધો પરંતુ ચૌદમી વખત કન્નોજના રાજા જયચંદની સહાય લઇ ઘોરીએ પુનઃ ભારત પર આક્રમણ કર્યુ અને આ વખતે ઘોરીની શક્તિ પૃથ્વિરાજ કરતા વધુ હોવાથી યુધ્ધમાં પૃથ્વિરાજનો પરાજય થયો.

પરંતુ ઘોરીએ પૃથ્વિરાજને જીવિત ન છોડતા તેને બંદિ બનાવી અફઘાની સ્થાન લઇ ગયો. (પૃથ્વિરાજરાશો) કહેવાનું તાત્પર્ય એ છે કે પૃથ્વિરાજે તેર વખત ઘોરીને પરાજય આપી ઉપેક્ષા કરી પરંતુ ચૌદમી વખત ઘોરીએ પુરી શક્તિથી આક્રમણ કરી પૃથ્વિરાજ ને પરાજિત કરી દીધો. માટે શત્રુની ક્યારે પણ ઉપેક્ષા ન કરવી. (શ્લોક- ૫૬) હવે નીતિકાર કોનો વિશ્વાસ ન કરવો તે કહે છે -

શ્લો-૫૭ स्त्रीषु राजषु सर्पेषु

स्वाध्याय प्रभुशत्रुषु।

भोगेत्वायुषि विश्वासं

कः प्राज्ञः कर्तुमर्हति॥

શ્લોકાર્થ :- સ્ત્રી, રાજા, સર્પ, સ્વાધ્યાય, સ્વામી શત્રુ, ભોગ અને આયુષ્યના વિષયમાં કયો બુધ્ધિમાન વિશ્વાસ કરી શકે છે?

ચટી :- સ્ત્રિ અને રાજા સ્વભાવથી ચંચળ હોય છે, સર્પનો સ્વભાવ ક્રોધી હોય છે, અનાભ્યાસથી વિદ્યા વિષ સમાન થઇ જાય છે, અગ્નિમાં ઘી નાખવાથી તે વધુ પ્રજવલીત થાય છે તેમ ભોગ ભોગવવાથી તૃષ્ણા શાંત થતી નથી પણ વધુ પ્રબળ બને છે, સ્વામીનો કોઇ વિશ્વાસ હોતો નથી કે તે ક્યારે કુરાજી થાય, શત્રુનો પણ વિશ્વાસ નહિ કે તે ક્યારે અનિષ્ટ કરે તેમ જળની અંદર ઉદય પામતા બુલબુલની જેમ આયુનો પણ કોઇ ભરોસો હોતો નથી, અતઃ વિચારવાન આ બધાના વિષયમાં દૃઢ ચિત્ત ક્યારેય પણ રહે નહિ. (શ્લોક- ૫૭) હવે નીતિકાર બુધ્ધિરૂપી બળ ની શ્રેષ્ઠતા કહે છે -

શ્લો-૫૮ प्रज्ञाशरेणा भिहत स्यजन्तो

श्चिकित्सकाः सन्ति न चौषधानि।

न होममन्त्रान च मङ्गलानि

नार्थवणा नाप्यगराः सुसिद्धाः॥

શ્લોકાર્થ :- બુધ્ધિરૂપી બાણથી હણાયેલા પ્રાણીને સ્વસ્થ કરવા વૈદ્યો, ઔષધો, મંત્રો, પુણ્ય કર્મો, અર્થવેદ ના પ્રયોગો અથવા સિધ્ધ રસાયણો પણ સમર્થ થતાં નથી.

ટીકા :- બુધ્ધિની મહત્તા મહાત્મા વિદુરજીએ અગાઉ '૧/૪૮ અને ૫/૫૫' માં વર્ણવી છે. વિષ્ણુ શર્મા ''शस्त्रैर्हता न हि हता रिपवो भवन्ति प्रज्ञाहतास्तु रिपवः सुहता भवन्ति। शस्त्रं निहन्ति पुरपस्य शरीररमेकं प्रज्ञाकुलं च विभवश्च यशश्चहन्ति॥ શસ્ત્રોથી મરાયેલ શત્રુ વાસ્તવમાં મરતાનથી, પરંતુ બુદ્ધિથી મરાયેલા શત્રુઓ જ વસ્તુતાએ મરાયેલા છે. કારણ કે શસ્ત્રથી એક જ શત્રુનું શરીર કાપિ શકાય છે પરંતુ બુધ્ધિથી ચતુરાઇથી શત્રુનો વંશ, વૈભવ યશ, કીર્તિ આદી બધુ નષ્ટ થઇ જાય છે.'' (પંચ. કાકો. ૨૪૬) આ સન્દર્ભમાં શ્રી રામ ચરિત માનશમાં આવતુ પ્રતાપભાનુ નું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે.

વાત એવી હતી કે- કૈકઇ નામનો જગત પ્રસિધ્ધ દેશ છે એ દેશમાં સત્યકેતુ નામનો રાજા રાજ્ય કરતો હતો. એ રાજા ધર્મ ધરુંધર, નીતિના નિધાનરૂપ, તેજસ્વી, પ્રતાપી, સરાશીલવાળો અને બળવાન હતો. એ રાજાને ત્યાં સુર્વગુણોના સ્થાનરૂપ અને મોટા રણમાં ધીરજ રાખનારા બે પુત્રો જનમ્યા. વયસ્ક થતા મોટા પુત્રને રાજગાદી મળી તેનું નામ હતુ 'પ્રતાપભાનુ' અને બીજા પુત્રનું નામ 'અરીમર્દન' તે પણ પોતાના ભાઇ પ્રતાપભાનુ ની જેમ અત્યંત બળવાન અને સંગ્રામથી પાછી પાની ન કરે એવો હતો આ બંને ભાઇઓમાં પરસ્પર બધી જાતના દોષથી રહિત તથા છળકપટ વગરની પ્રીતિ હતી. સત્યકેતુ એ મોટા પુત્રને રાજ્યનો ભાર સુપ્રત કરી પોતે ઇશ્વરની આરાધના કરવા વનમાં ગયો. પ્રતાપભાનુ સિંહાસનાધિન થયા બાદ તે પોતાના પુત્રની જેમ પ્રજાનું પાલન

કરતો હતો અને તે પોતાની દિગ્વિજય યાત્રામાં સમસ્ત ધરાતલના રાજાઓને જીતિ લઇને તે પૃથ્વિનો એક છત્રી શાસક થય ગયો.

એક સમયની વાત હતી પ્રતાપભાનુ રાજા પોતાના સૈન્યને સજ્જ કરી ઉત્તમ ઘોડા પર અસ્વાર થઇ વિંધ્યાચલના ગહન વનમાં આખેટ કરવા માટે ગયો અને ત્યાં જઇ તેણે ઘણા પવિત્ર મૃગોને માર્યા અને વનમાં વિચરતા તેની દૃષ્ટિ એક સૂવર પર પડી. એટલે રાજાએ પોતાના ઘોડાને તેની તરફ દોડાવ્યો. રાજાને પોતા તરફ આવતો જોઇ સૂવર વાયુવેગે દોડવા લાગ્યો. રાજા પ્રતાપભાનુ તેને મારવા માટે બાણ છોડતો પણ તેનાથી બચતો થકો સુવર તેને ગહન વનમાં લઇ ગયો અને પછી તે સૂવર પર્વતની એક ઉંડી ગુફામાં પેસી ગયો. એટલે રાજા નિરાશ થઇ પાછો ફર્યો પણ પાછા ફરતા તે વનમાં ભૂલો પડી ગયો અને ક્ષુધા તથા તૃષા વગરનો તે અચેત જેવો થઇ ગયો. વનમાં આમતેમ ફરતા તેની દૃષ્ટિ એક આશ્રમ આવ્યો. આ આશ્રમમાં એક કપટી મુનિ રહેતો હતો. વાસ્તવમાં એ મુનિ ન હતો પણ એક રાજા રહો. જેને આજ પ્રતાપભાનુ એ રણ મેદાનમાં પરાજિત કરેલો. યુદ્ધમાં પરાજિત થયા બાદ અભિમાનને લીધે તેણે અન્ય રાજાની જેમ પ્રતાપભાનુ નું શરણ ન લઇ તે ત્યાંથી પલાયન થઇ વનમાં જતો રહ્યો હતો અને અહીં આશ્રમ બાંધીને રહેતો હતો. અને પોતે જાણે તપસ્વી હોય એવા કાર્યો કરતો હતો. પ્રતાપભાનું અન્ન જળની આશાથી આશ્રમમાં આવ્યો. આશ્રમમાં આવી તે પેલા કપટી મુનિને મળ્યો અને તેઓને પ્રણામ કરી તેની પાસે જળની યાચના કરો. પ્રતાપભાનુ એ તે કપટી મુનિવેશધારી રાજાને ન ઓળખ્યો પણ તે મુનિ પ્રતાપભાનુને ઓળખી લીધો. તેણે પ્રતાપભાનુ ને એક તળાવ બતાવ્યુ એટલે પ્રતાપભાનુ એ તળાવ પર જઇ ઘોડા સહિત સ્નાન તથા જળપાન કર્યુ એટલે તે સઘળા શ્રમથી મુક્ત થયા અને કપટિ મુનિ પાસે આવ્યા. તે સમયે

સૂર્યાસ્ત થયલો જાણી મુનિએ રાજાને આસન આપી પોતાપાસે બેસાડયો અને તેના પ્રત્યે હોલ્યો કે ''તમો કોણ છો? અને વનમાં એકાકી શા માટે ફરો છો? સુંદર જવાન છતાં તમો જીવનનો અનાદર શા માટે કરો છો? તમારા ચક્રવર્તીના લક્ષણ જોઇને તમારા પર દયા આવે છે.''

આ પ્રમાણે કપટી મુનિની વાત સાંભળી પ્રતાપ ભાનું બોલ્યા કે ''હે મુનીશ્વર! તમો સાંભળો અમો પ્રતાપભાનુ નામના રાજાના મંત્રી છીએ અને શિકાર ખેલવાને અર્થે વનમાં એકલા છીએ. પણ એક મૃગનો પીછો કરતા થકા અમો માર્ગ ભૂલી ગયા અને અહીં આવી ચુકયા પણ અમારા અહો ભાગ્ય કે અમો આપના ચરણના દર્શન પામ્યા. આપના દર્શન કે જે જન સાધારણ ને દુર્લભ છે તેને પ્રાપ્ત કરી અમો કૃતાર્થ થયા. અમો હવે એવું સમઝીયે છીએ કે અમારૂ હવે જરૂર શ્રેય થવાનું છે.'' ત્યારે કપટી મુનિ બોલ્યો કે 'તાત!હવે અંધારૂ થયુ છે અને તમારૂ નગર અહીંથી સિત્તેર યોજન દુર છે. વળી રાત્રી પણ ભયંકર છે અને વન પણ ગંભીર છે તથા માર્ગ પણ સુઝ એમ નથી એમ જાણી આજની રાત આપ અહીજ રહો. પ્રાતઃકાળ જતા રહેજો.' ત્યારે પ્રતાપભાનું બોલ્યા 'ભલે! સ્વામી જી' એમ કહી તેઓની આજ્ઞા શીરો ધાર્ય કરી ઘોડાને એક વૃક્ષ સાથે બાંધી પ્રતાપ ભાનું મુનીનીપાસે બેઠાઅને તેઓએ મુનિની ઘણી ઘણી પ્રશંશા કરી અને પછી તે કપટી મુનિ પત્યે બોલ્યો 'હે સ્વામી! અમો આપને અમારા પિતા તુલ્ય જાણીને ધૃષ્ટતા કરીએ છીએ. હે મુનીશ્વર! અમોને આપના પુત્ર તથા સેવક જાણીને આપનું નામ તથા હકિકત કહો ''પ્રતાપભાનુ એ તેને ઓળખ્યો નહિ પણ તે પ્રતાપભાનુ ને ઓળખી ગયો. પ્રતાપભાનું સરળ ચિત્તવાળા હતા અને આ મુનિ કપટી હતો પતાપભાનુ ની વાત સાંભળી તે બોલ્યો 'મારું નામ ભિખારી છે અને હુ નિર્ધન છ તથા ઘરબાર વગરનો છ.' ત્યારે પ્રતાપ ભાનુ બોલ્યા કે ''જ્ઞાનના

ભંદાર રૂપ આપ સરખા પુરૂષો અહંકાર શૂન્ય હોય પોતાના સ્વરૂપને ગુપ્ત રાખતા હોય છે અને સર્વ પ્રકારે ચતુર હોવા છતાં કુવેષ ધારીને રહેતા હોય છે. આપ ગમે તે હોય પણ અમો આપના ચરણોમાં વંદન કરીએ છીએ હે સ્વામી! હવે આપ અમારા પર કૃપા કરો.''

પ્રતાપભાનુ ની સહેજ પ્રીતિને તથા પોતાની ઉપરના પાકા વિશ્વાસને જોઇ સર્વપ્રકારે તેને પોતાનો કરી લઇને અધિક સ્નેહ બતાવી તે કપટી મુનિ બોલ્યો કે ''હે તાત! સાંભલો અમો સાચા ભાવથી કહોએ છીએ અમોને રહેતા રહેતા અહીં ઘણો કાળ વ્યતિત થયો છે, છતા અમોને પુછનાર કોઇ મળ્યો નથી અને અમો એ પણ કોઇને જણાવ્યુ નથી, કેમ કે લોક માન્યતા અગ્નિની પેઠે તપરૂપી વનને બાળી નાંખે છે જેમ મયૂર પક્ષી રૂપાળુ અને અમૃત જેવું મધુર વચન બોલનારૂ હોવા છતાં પણ સર્પોનું ભક્ષણ કરવમાં તત્પર હોય છે, તેમ કપટી લોકો પણ સારા વેષવાળા તથા અમૃત જેવુ મધુર બોલનારા હોય અન્યને પાયમાલ કરવામાં તત્પર હોય છે, એવા લોકોને જોઇ મૂઢ લોકો જ ભૂલે છે અમે નહિ, પરંતુ ચતુર નરો પણ ભૂલે છે આ કારણથી અમો જગતમાં ગુપ્ત રહીએ છીએ. અમારૂ પ્રભુ ભજન સિવાય અન્ય કોઇ તાત્પર્ય નથી. આપણા જણાવ્યા વીના પણ પ્રભુ બધુ જાણે છે, લોકોને રીઝાવવાથી શો ફાયદો?'' આ પ્રમાણે તે કપટી મુનિ જેમ જેમ ઉદાસીન વાત કરતો ગયો તેમ તે પ્રતાપભાનુ ને તેના પર વધારે ને વધારે વિશ્વાસ આવતો ગયો. આ પ્રમાણે પ્રતાપ ભાનુ ને મન વચન અને ક્રીયાથી પોતાને વશવર્તિ થયેલો જોઇ તે કપટી પુનઃ તેના પ્રત્યે બોલ્યો 'હે ભાઇ! અમારૂ નામ એક તનુ છે.' એ સાંભળી પ્રતાપભાનુ બોલ્યો 'હે મુનિ! અમોને આપનો અત્યંત સેવક જાણી આપના નામનો અર્થ કહો.'

ત્યારે તપસ્વી બોલ્યો- ''જે સમયે પ્રથમ સૃષ્ટિ થઇ હતી તે સમયે અમારી ઉત્પત્તિ થઇ હતી અને તે પછી અમોએ બીજો દેહ ધર્યો નથી તેથી અમારૂ નામ એક તનુ છે. હે પુત્ર! આ સાંભળી મનમાં કશુ આશ્ચર્ય પામશો નહિ કેમકે તપસ્યાથી કશુ દુર્ભલ નથી.'' આ પ્રમાણેની વાત સાંભળી પ્રતાપ ભાનુને તેના પર સ્નેહ થયો અને પછી તે તપસ્વી પૌરાણિક કથા કહેવા લાગ્યો એ સાંભલી તે તપસ્વીને વશ થઇ ગયેલા પ્રતાપ ભાનુએ તેને પોતાનો વાસ્તવિક પરીચય આપ્યો. તે સાંભળી મુનિ બોલ્યા 'રાજન્! અમો તમોને જાણીએ છીએ. તમોએ પ્રથમ અમારી પાસે આપનું નામ ગુપ્ત રાખી કપટ કર્યુ તે અમોને રૂચિરકર લાગ્યુ કારણ કે રાજાએ જ્યાં ત્યાં પોતાનું નામ જાહેર ન કરવું. આ પ્રમાણે તારી પરમ ચતુરાઇ જોઇ અમોને તારા ખૂબ પ્રેમ ઉપજે છે. તારૂ નામ પ્રતાપ ભાનુ છે અને તારા પિતાનું નામ સત્યકેતુ છે. કારણ કે અમો ગુરૂની કૃપાથી બુધી જાણીએ છીએ. તારી સ્વભાવિક સરળતા, પ્રીતિ, વિશ્વાસ તથા નીતિ નિપુણતાને જોઇ તારા પર અમને મમતા ઉત્પન્ન થઇ છે અને તારા પર ઘણા પ્રસન્ન છીએ માટે તારા મનમાં જે પણ કંઇ માંગવાનો ઇચ્છા હોય તે માંગ તે વસ્તુ દુર્લભ હશે તો પણ તે અમો પ્રદાન કરશું.''

આ પ્રમાણે કપટી મુનિના વચનો સાંભળી રાજી થયેલા પ્રતાપ ભાનુ મુનિના ચરણો પકડી અનેક પ્રકારની વિનંતી કરતા બોલ્યો- ''હે કૃપાસિંધુ! જો કે આપના દર્શનથી ચારેય પુરૂષાર્થો હાથમાં છે. તો પણ આપને પ્રસન્ન થયેલા જોઇને અગમ્ય વર માંગી ને શોક રહિત થવા ઇચ્છિએ છીએ. મારૂ શરીર જરાથી મેરણથી તથા દુઃખોથી રહિત થાય અને યુધ્ધમાં અમોને કોઇ પરાસ્ત ન કરી શકે તથા પૃથ્વી પર એક છત્ર વાળુ નિષ્કંટક અમારૂ રાજ્ય સો કલ્પ પર્યન્ટ અખંડ રહે એવું વરદાન આપો.'' ત્યારે તપસ્વી બોલ્યો- ''હે રાજા! એ પ્રમાણે જ

થશે પણ એક કઠણ કારણ છે તે સાંભળ કાળ પણ તારા પગમાં માથુ નમાવશે, ત્યારે બીજાની તો વાત જ શી કરવી? કેવલ બ્રાહ્મણોના કુળ તમને નમશે નહિ. કારણ કે બ્રાહ્મણો તપોબળને લીધે સર્વદા બળવાન છે અને જેના પર બ્રાહ્મણો કોપે તેનું રક્ષણ કોઇનાથી કરી શકાતુ નથી હે રાજા! બ્રાહ્મણોને વશ કરો તો ત્રિદેવો પણ તારા વશમાં થઇ જશે. અમો બંને હાથ ઉંચા કરી સાચુ કહીએ છીએ કે- બ્રાહ્મણોના કુળ પર જોર ચાલતું નથી. હે રાજા! સાંભળ બ્રાહ્મણોના શાપ વીના તારા કોઇ કાળે નાશ નહિ થાય.''

આ પ્રમાણે કપટી મુનિના વચનો સાંભળી પ્રસન્ન થઇ પ્રતાપ ભાનું બોલ્યો કે ''હવે મારો નાશ નહિ થાય. હે કૃપા નિધાન પ્રભુ! આપની કૃપાથી મારૂં સર્વકાળમાં કલ્યાણ થશે એમ સમજુ છ.'' કપટી મુનિ બોલ્યો ''એમ જ થાવ'' તે પછી તે પુનઃ બોલ્યો 'રાજન્! તમો વનમાં ભૂલા પડયાની તથા અમારા સમાગમની વાત કોઇને કહેતા નહિ અને જો કરશો તો તેથી અમારૂ કોઇ અનિષ્ટ થશે નહિ પરંતુ તમારૂ અનિષ્ટ જરૂર થશે. પ્રતાપભાનુ! અમો સત્ય વચન કહીએ છીએકેઆ વાત છઠ્ઠા કાને જશે તો અવશ્ય તારો વિનાશ થશે હે રાજન્! આ વાત પ્રગટથઇ જશે અથવા બ્રાહ્મણોનો શાપ થશે, તો તેથી તારો વિનાશ થશે જો વિષ્ણું અને સદાશીવ બંને તારા પર મનમાં કોપશે તો પણ આ બેકારણો સિવાય તારા મરવાનો એકેય ઉપાય રહેશે નહિ.'' ત્યારે પ્રતાપ ભાનું કપટી મનિના ચરણ પકડી બ્લ્યો ''હે નાથ! સત્ય કહો છો બ્રાહ્મણો અને ગુરૂના કોપથી કોણ બચાવી શકે? જો વિધાતા કોપે તો ગુરૂ બચાવે પરંતુ ગુરૂ કોપે તો જગતમાં કોઇપણ રક્ષણ કરતું નથી. જો હું આપના કહેવા પ્રમાણે નહીં ચાલુ અને મારો નાશ થાય તો તેમા મારે શોક કરવા જેવું કશુ નહી. હે સ્વામી! એક બ્રાહ્મણોથી મારૂ મન ભય પામે છે કારણ કે બ્રાહ્મણોનો શાપ અત્યંત ભયંકર છે, માટે કૃપા

કરી આપ અમોને બ્રાહ્મણોને વશ કરવાનો ઉપાય બતાવો. કારણ હું આપ સિવાય કોઇને મારૂ હિત કરનારો દેખતો નથી. ''

પ્રતાપભાનુ ની વાત સાંભળી કપટી તપસ્વી બોલ્યો કે ''હે રાજા! સાંભળ, જગતમાં બ્રાહ્મણોને વશ કરવા ઘણા ઉપાયો છે પણ તે કષ્ટ સાધ્ય છે અને વળી સિધ્ધ થાય કે ન થાય એવો છે. પરંતુ હે રાજા! એ યુક્તિ અમારા હાથમાં છે, પરંતુ તમારા નગરમાં અમારૂં આવવું બને નહિ કારણ કે જે સમયથી અમારો જન્મ થયો છે તે દિવસથી અમો કોઇના ઘરે કે ગામમાં ગયા નથી. પરંતુ જો તારા નગરમાં ન આવું તો તારૂ કામ પાર ન પડે'' કપટીની વાત સાંભળી પ્રતાપભાનુ કોમળ વાણીમાં બોલ્યો કે ''હે નાથ! વેદમાં એવી નીતિ વર્ણવી છે કે મોટાઓએ નાનાઓ પર પ્રેમ રાખવો જોઇએ જેમ કે પર્વત પોતાના મસ્તક પર ખળ ધારણ કરે છે અને પૃથ્વી પોતાના મસ્તક પર સર્વદા રજ ધારણ કરે છે માટે આપ અમારા પર કૃપા કરો અને અમારૂ કાર્ય પૂર્ણ કરાવો.'' હવે પ્રતાપભાનુ ને બરાબર પોતાના સાણસામાં આવેલો જોઇએ કપટ કરવામાં પ્રવિણતા ધરાવનારો તપસ્વી બોલ્યો કે- ''હે રાજા! અમો તમને સત્ય કહીએ છીએ અમને જગતમાં કશુ દુર્લભ નથી અમો અવશ્ય તમારૂ કાર્ય સંપન્ન કરાવશુ. કારણ કે તમો મન, વચન અને કાર્યથી અમારા ભક્ત છો કારણ કે જ્યારે ઉપાય કરીએ ત્યારે જ યોગ યુક્તિ અને તપ અને મંત્ર એ બધાના પ્રભાવ ફલિત થાય છે. હે રાજન્! જો અમો રસોઇ બનાવીએ અને અમારી કોઇને પણ ખબર ન પડે તથા તુ તે રસોઇ બ્રાહ્મણોને પિરશે તો જે જે કોઇ અન્નનું ભક્ષણ કરશે તે તે તારી આજ્ઞાને અનુસરશે એટલુ જ નહિ પણ તે અન્ન જમનારાઓને ઘરે પણ જે જે કોઇ ભોજન કરશે તે પણ તારે વશ થઇ જસે માટે તુ જઇનેએ ઉપાય કર અને એવો સંકલ્પ કર કે નિત્ય નવા નવા એક લાખ બ્રાહ્મણોને પરિવાર સહિત જમાડવા

અમો તારા તે સંકલ્પ ની પૂર્તિ હેતુ તમને નિત્ય રસોઇ કરી આપીશું હે રાજા! આ પ્રમાણે કરવામાં પરીશ્રમ બહુ થોડો છે અને તેતી બધા બ્રાહ્મણો તને વશ થઇ જશે. બ્રાહ્મણો હોમ, યજ્ઞ અને સેવા કરે છે, તેથી તઓને દેવતાઓ સહજ વશ રહે છે. આ ઉપરાંત હે રાજા! બીજી એક વાત તને કહુ છ કે આ વેશથી અમો તારી પાસે કદાપી આવશુ નહિ, તારો જે પુરોહિત છે તેને અમો અમારી માયાથી અહીં હરી લાવશુ અને તેને અમો અમારા તપોબળથી અમારા જેવો બનાવશુ, અને એક વર્ષ પર્યન્ત તેને અમારી પાસે રાખશુ અને તેના સ્થાન પર અમો તારા પુરોહિતનો વેષ ધારણ કરી ત્યાં રહીતારૂ કાર્ય સર્વ પ્રકારે સુધારીશું. હવે ઝાઝી રાત વ્યતિત થઇ ગઇ છે માટે હે રાજા! હવે તુ શયન કર. હવે તારો અને અમારો મેળાપ ત્રીજે દિવસે થશે. તુ સૂતેલો હશે ત્યારે અમો અમારા તપોબળથી તને તારા ઘોડા સાથે તારા ઘરે પહોચાડી દઇશું. અમો તારા પુરોહિતનો વેષ ધારણ કરીને આવી તને એકાંતમાં બોલાવી સઘળી વાત સંભળાવું ત્યારે તુ અમને ઓળખજે.''

આ પ્રમાણે કપટી મુનિના વચન શ્રવણ કરી તેની આજ્ઞા શીરો ધાર્ય કરી પ્રતાપ ભાનુ શયન કરવા લાગ્યા અને કપટી મુનિ પોતાના આસન પર જઇને બેઠો. પ્રતાપભાનુ થાકી ગયા હતા એટલે શીઘ્ર જ નીદ્રા વશ થઇ ગયા. પરંતુ જેના મનમાં અત્યંત ખેદ હતો, તેવા કપટી મનિને તો નિદ્રા આવે જ કેમ? કાલકેતુ નામનો રાક્ષસ છે જેણે સુવર થઇને પ્રતાપભાનુ ને ભુલાવ્યો હતો, જે આ કપટી મુનિનો મિત્ર હતો તથા તે ઘણાં છલ કપટ જાણતો હતો અને પ્રતાપ ભાનુએ દેવતાઓને, બ્રાહ્મણોને તથા સંતોને દુઃખ પામતા જોઇ પ્રથમ જેના ખલ, કોઇથી નહિ જીતાયેલા અને દવતાઓને દુખ દેનારા સો પુત્રોને તથા દશભાઇઓને મોતને ઘાત ઉતાર્યા હતા તે રાક્ષસ કપટી મુનિ પાસે આવ્યો. તે

દુષ્ટે પાછલું વેર સંભારી આ કપટી મુનિ સાથે મળીને મંત્રણા કરી હતી 'જેથી આપણા શત્રુ પ્રતાપ ભાનુ નો ક્ષય થાય એવો ઉપાય ગોઠવીશું' દુર્ભાગ્યને લીધે પ્રતાપભાનું કશુ જાણવામાં આવ્યુ ન હતું. ''તેજસ્વી શત્રુ એકાકી હોય તો પણ તેને કદી હલકો ગણવાની ભૂલ ન કરવી. જઓને રાહુ કાયાનો ભાગ માત્ર અવશેષ રહ્યો હોવા છતાં પણ આજ દિવસ સુધિ સૂર્ય અને ચંદ્રને દુઃખીયા કરે છે.'' કપટી મુનિ પોતાના મિત્રને આવેલો જોઇ હર્ષ પામી મળ્યો અને બહુ જ સુખ પામ્યો અને કપટી મુનિએ તેને સઘળી હકીકટ કહી સંભળાવી.

આ પ્રમાણે પોતાના મિત્રની વાત સાંભળી આનંદ પામી તે રાક્ષસ બોલ્યો- ''હે રાજન! સાંભળો, તમોએઅમારા કહ્યા પ્રમાણે કર્યુ, તેથી હવે શત્રુને હસ્તગત થયેલો સમજો માટે હવે શોક છોડીને તમો સૂઇ જાવ. વિધાતાએ ઔષધ વિના જ આપણા વ્યાધિને શાંત કર્યો છે. હવે શત્રુને તેના કુળ સહિત જડમુખથી ઉખેડી નાખી તમોને ચોથા દિવસે મળીશ'' આ પ્રાણે મહાકપટી અને અતિક્રોધી કાલકેતુ રાક્ષસ તપસ્વી રાજાને ઘણી રીતે ધન્યવાદ આપી ત્યાંથી ચાલ્યો ગયો અને તેણે કપટી મુનિના કહ્યા પ્રમાણે પ્રતાપ ભાનુ ને તેના ઘોડા સહિત તેના મહેલમાં પહોંચાડી દીધો અને તેને તેની મહિષિ પાસે સુવાડી દીધો અને ઘોડાને ઘોડશાળામાં મજબૂત રીતે બાંધી દીધો. પછી તે રાક્ષસે પ્રતાપભાનુ ના પુરોહિતને તે નગરમાંથી હરી જઇને તેની બુધ્ધિને ભ્રમિત કરી નાખીને તેને પર્વતની ગુફામાં રાખી મુકયો. અને પોતે પુરોહિતનું રૂપ ધારણ કરોને પુરોહિતની શૈય્યામાં જઇને સૂતો. પ્રતાપભાનુ પ્રાતઃ કાળ થતા વહેલો જાગ્યો અને પોતાને પોતાના મહેલમાં જોઇ અત્યંત આશ્ચર્ય પામ્યો અને મનમાં મુનિ મહિમાંનો વિચાર કરી, શયનમાંથી જાગૃત થઇ પોતાની ભાર્યાને ખબર ન પડે એમ એજ ઘોડા પર ચઢીને વનમાં ગયો અને તેપછી બેપહોર વિત્યાબાદ તે પુનઃ વનમાં આવ્યો. નગરમાં આપતા

ઘરે ઘરે ઉત્સવ થવા લાગ્યા, વધાઇના વાજા વાગવા લાગ્યા તદન્તર પ્રતાપભાનુ એ પુરોહિતને જોયો એટલે તે આશ્ચર્ય ચકિત થઇ ગયો અને કાર્યનું સ્મરણ કરી તેની સામે જોઇ રહ્યો. તે પછી ત્રીજા દિવસે પુરોહિત પ્રતાપભાનુ પાસે આવ્યો અને તેણે પ્રતાપભાનુ ને એકાંતમાં લઇ જઇ સમજાવ્યો. એટલે પ્રતાપભાનુ રાજી થયો પરંતુ બુધ્ધિ ભ્રમિત થઇ જવાથી ચેતી શકયો નહિ.

તદન્તર કપટી મુનિએ કહ્યા પ્રમાણે પ્રતાપભાનુ એ એક લાખ બ્રાહ્મણોને કુટુંબ સહિત ભોજન અર્થે નિમંત્રણ આપ્યુ અને પેલી બાજ પેલા પુરોહિત બનેલા કાલકેતુએ છએ રસોવાળી ચારેય પ્રકારની રસોઇ બનાવી અને એ માયામય રસોઇમાં શાક, પત્રાદિકતો એટલા બધા બનાવ્યા કે તેની કોઇ ગણના જ ન કરી શકે. આ ઉપરાંત તેણે અનેકો પ્રકારના મૃગોના માંસ રાધ્યા અને તે માંસોમાં તે દુષ્ટે બ્રાહ્મણોનું માંસ મેળવી દીધુ તે પછી રાજા બ્રાહ્મણો ને ચારેય પ્રકારનું અન્ન પિરસવા તૈયાર થયો અન પિરસેલા અન્ન બ્રાહ્મણો ગ્રહણ કરવા તૈયાર થયા ત્યાંજ આકાશવાળી થઇ કે ''હે બ્રાહ્મણો! ઉભા થાવ અને ઘરે જાવ, આ અન્ન ખાસો નહિ આ રસોઇમાં બ્રાહ્મણનું માંસ ભેળવાયેલુ છે.'' આ પ્રમાણે આકાશવાણી સાંભળી તેના પર સર્વે બ્રાહ્મણોએ વિશ્વાસ રાખી બધા બ્રાહ્મણો ક્રોધાયમાન થયા પ્રતાપભાનુ ને શાપ આપતા બોલ્યા ''હે મૂઢ રાજા! તે કોઇપણ જાતનો વિચાર ન કર્યો માટે તે તારા પરિવાર સહિત રાક્ષસ થઇ જા. હે ક્ષત્રિયા ધર્મ! તે અમોને બોલાવીને અમારા પરિવાર સહિત વટલાવવાનું ધાર્યું હતુ પરંતુ ઇશ્વરે અમારો ધર્મ રાખ્યો માટે તુ તારા પરિવાર સહિત નષ્ટ થઇ જશે તારા કુળમાં કોઇ જળ આપનારો પણ નહિ રહે.''

પ્રતાપભાનું બ્રાહ્મણનો શાપ સાંભળી અતિત્રાસથી વિહવળ થઇ ગયો. તે સમયે પુનઃ આકાશવાણી થઇ કે 'હે બ્રાહ્મણો! તમોએ શાપ વિચારીને આપ્યો

નથી, રાજાએ કોઇ અપરાધ કર્યો નથી', આકાશવાણીની વાત સાંભળી બધા બ્રાહ્મણો ચકિત થઇ ગયા અને પ્રતાપભાનુ જે સ્થાન પર રસોઇ બનતી હતી ત્યાં આવ્યો અને ત્યાં આવી તેણે જોયુ તો તે સ્થાન પર રસોઇ કે રસોઇ કરનારો બ્રાહ્મણ કશુ જોવામાં આવ્યુ નહિ. મનમાં બહુ જ શોક પામેલો રાજા, પાક શાળામાંથી પાછો આવી બ્રાહ્મણોને સઘળો પ્રસંગ કહી સંભળાવ્યો અને ત્રાસ પામી વ્યાકુળ થઇ ધરતી પર પડી ગયો.

તદન્તર બ્રાહ્મણો બોલ્યા ''હે રાજન્! જે ભાવિ હોય તે ટળે જ નહિ, જો કે તારો કશો અપરાધ નથી, તો પણ બ્રાહ્મણોનો શાપ એતો અતિ દારૂણ છે કે તે મુખમાંથી નીકળ્યા પછી ફેરવ્યો ફેરવી શકાય એમ નથી.'' એમ કહી બ્રાહ્મણો જતા રહ્યા. નગરના લોકોને જ્યારે આ વાતના સમાચાર મળ્યા ત્યારે તેઓ શોકાતુર થઇ ગયા, અને દૈવ કે જેણે હંસને કાગડો કરી નાખ્યો તેને દોષ આપવા લાગ્યા. તે પછી કાલકેતુ એ પ્રતાપભાનુ ના પુરોહિતને ઘરે પહોંચાડી દીધો અને પછી પેલા કપટી મુનિને ખબર આપી એટલે ખલે જ્યાં ત્યાં પત્રો પાઠવ્યા અને તે પત્રો વાંચી પ્રતાપભાનુ થી હતાહત થયેલા રાજાઓએ સેના સજ્જ કરી અને બધાએ પ્રતાપભાનુ ના નગર પર આક્રમણ કરી તેનો ઘેરો ઘાલ્યો. પ્રતાપભાનુ પણ સેના સજ્જ કરી નગરની બહાર નીકળ્યો. નિત્ય અનેક પ્રકારની લડાઇ થવા લાગી તે લડાઇમાં પ્રતાપભાનું સહિત તેના બધા સુભતો પોત પોતાના ધર્મને પાળતા થકા રણમેદાનમાં વિરગતિને પામ્યા સત્યકેતુના કુળમાં કોઇ ન બચ્યુ બ્રાહ્મણોનો શાપ મિથ્યા કેમ જાય? રાજાઓએ પ્રતાપસિંહને જીતી લઇ પોતાના મિત્ર પેલા કપટી રાજાને તેના સિંહાસન પર બેરાજમાન કરી પોત પોતાની રાજધીનીમાં ગયા (રામ.માનસ. બાલ)

આમ આ પ્રતાપભાનુ ની કથા પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે પેલા કપટી તપસ્વી રાજા ને પ્રતાપભાનુ એ યુધ્ધમાં હરાવી રાજ્ય ચ્યુત કરેલો પરંતુ તે બુધ્ધિમાન હતો. સમય આવતા તેમે પોતાની બુધ્ધિના કૌશલથી પ્રતાપભાનુ ને પોતાની કપટ જાળમાં એવો તો ફસાવ્યો કે પ્રતાપભાનુ પોતાના અનુચરસહિત મૃત્યુના મુખમાં પ્રવેશી ગયો. આમ નીતિકારે કહેલા વચનો અક્ષરેક્ષર પ્રતાપભાનુ ના ચરિત્રમાં સ્પષ્ટ થાય છે. (શ્લોક- ૫૮) હવે નીતિકાર કોનો તિરસ્કાર કરવો નહિ તે વિશે ધૃતરાષ્ટ્ર ને કહે છે -

<u>શ્લો-૫૯</u> सर्पश्चाग्निश्च सिंहश्च

कुलपुत्र श्च भारत।

नावज्ञेया मनुष्येण

सर्वे ह्येतेऽति तेजस: ॥

<u>શ્લોકાર્થ :-</u> હે ભારત! સર્પ, અગ્નિ, સિંહ તથા કુળપુત્ર નો ક્યારેય તિરસ્કાર કરવો નહિ. કારણ કે આ બધા અત્યંત તેજસ્વિ હોય છે.

<u>ટીકા :-</u> સર્પ તિરસ્કારનો પ્રતિશોધ અવશ્ય લે છે, સિંહ પણ તેમજ કરે છે. અગ્નિની એક ચિનગારી બધુ ભષ્મિભૂત કરવા સક્ષમ હોય છે. એક કુળપુત્ર નો તિરસ્કાર સમસ્ત કુળને ભોગવવો પડે છે. જેમાં વિભિષણ દૃષ્ટાંત રૂપ છે. જેના તિરસ્કારતી સંપૂર્ણલંકાપુરી નષ્ટ થઇ ગઇ. અહીં નીતિકાર ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્ર ને સાવધાન કરતા કહે છે કે રાજન્! યુધિષ્ઠિર કુળપુત્ર હોય તેના તિરસ્કારથી તમારા પુત્રનો વિનાશ અવસ્યંભાવી છે અને થયુ પણ એમ જ યુધિષ્ઠિરની ઉપેક્ષાનુ જ પરિણામ મહાભારતના યુધ્ધમાં કૌરવોએ ભોગવવું પડયુ. (શ્લોક- ૫૯) હવે નીતિકાર કુળપુત્રની તેજસ્વિતા ને દૃષ્ટાંત દ્વારા ત્રણ શ્લોકથી કહે છે-

(૯૧) સ્વતેજ નો પ્રતાપ

શ્લો-૬૦ अग्निस्तेजो महल्लोके

गुढस्तिष्ठति दारुषु।

न चोपयुङ्क्ते तद्वारु

यावन्नोद्दोप्यते परैः॥

શ્લો-૬૧ स एव खलु दारुभ्यो

यदा निर्मथ्य दीप्यते।

तद्दारु च वनं चान्यन्

निर्दहत्याशु तेजसा॥

શ્લો-૬૨ एवमेव कुले जाता

पावकोपमतेजसः।

क्षमावन्तो निराकाशः

काष्ठेऽग्निरिवशेरते॥

શ્લોકાર્થ :- લોકમાં અગ્નિરૂપ તેજ કાષ્ઠમાં ગુપ્ત રહે છે. તે બીજાએ ચેતવ્યું ન હોય ત્યાં સુધી પોતાના રહેવાના કાષ્ઠને પણ બાળતું નથી. પરંતુ તેને જ જ્યારે લાકડાઓનું મંથન કરીને પ્રજ્વલિત કરવામાં આવે છે, ત્યારે તે પોતાના તેજ વડે પેલાં લાકડાંને તથા બીજા વનને પણ સપાટા બંધ બાળીને ભસ્મ કરી નાંખે છે એ પ્રમાણે જ કુળપુત્ર અગ્નિ જેવા તેજસ્વી હોય છે, ક્ષમાશીલ હોય છે અને બહારથી પોતાના આકારને ઢાંકીને કાષ્ટમાં રહેનારા અગ્નિની પેઠે રહ્યા હોય છે.

ચટી :- અહીં નીતિકાર ધૃતરાષ્ટ્ર ને કહી રહ્યા છે કે - હે રાજન્! પાંડવો દેવતાઓના અંશથી પ્રગટ થયા હોય અત્યંત સામર્થ્યવાન છે. છતા ક્ષમાવાન છે અમે તેઓની ક્ષમાશીલતાનો જ લાભ તમો તથા મારા પુત્રો ઉઠાવતા રહો છો.

પરંતુ કાષ્ટમાં રહેલા સુષુપ્ત અગ્નિની જેમ તેઓનો ક્રોધ જે સમયે પ્રગટ થશે ત્યારે જેમ દાવાનળ સમસ્ત વનને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે તેમ તેઓ પણ તમારા અધર્મિ દુષ્ટ પુત્રોને બાળીને ભષ્મ કરી દેશે અને થયું પણ એમ જ જ્યારે દુર્યોધન આદીના અત્યાચારની પરાકાષ્ટા થઇ ત્યારે તેઓ બધા પાંડવોની ક્રોધાગ્નિમાં બળીને ભષ્મ થઇ ગયા. (શ્લોક- ૬૦ થી ૬૨) હવે નીતિકાર રૂપક દ્વારા કૌરવ પાંડવ બંનેની મહત્તા બતાવે છે -

(૯૨) સંપ ત્યાં જંપ

શ્લો-૬૩ लताधर्मा त्वं सपुत्रः

शालाः पाण्डुसुता मताः ।

न लता वर्धते जातु

महाद्रुममना श्रिता ॥

શ્લો-૬૪ वनं राजंस्तव पुत्रोऽम्बिकेन

सिंहान् वने पाण्डवांस्तात विद्धि ।

सिंहै विहीनं हि वनं विनश्यत्

सिंहाः विनश्येयुर्ऋते वनेन् ॥

इति श्रीमहाभारते उद्योगपर्वणि प्रजागर पर्वणि विदुर नीतिवाक्ये पंचमोऽध्यायः ॥

શ્લોકાર્થ :- અમારા માનવા પ્રમાણે તમો પુત્રો સહિત લતારૂપ છો અને પાંડવો મહાવૃક્ષરૂપ છે. મહાવૃક્ષનો આશ્રય કર્યા વિના લતા કદી વૃધ્ધિ પામતી નથી. હે અંબિકાપુત્ર! તમારા પુત્રો વનને ઠેકાણે છે અને પાંડવો તે વનમાં રહેતા સિંહ છે હે રાજન્! એમ તમો જાણો હે તાત્! સિંહ વિનાનું વન વિનાશ જ પામે છે અને વન વિનાના સિંહો પણ વિનાશ પામે છે.

આ પ્રમાણે શ્રી મહાભારતમાં ઉધોગ પર્વાંતર્ગત પ્રજાનગર પર્વમાં 'વિદુરનીતિ વાક્ય' માં અધ્યાય પાંચો સમાપ્ત.

<u>ટીકા :-</u> વિદુરજીએ અહીં ધૃતરાષ્ટ્ર સામે સ્પષ્ટતા કરી છે કે તમારા પુત્રો ભીષ્મ, દ્રોણ, કૃપ અને કર્ણ વગેરે દ્વારા ગણા પરાક્રમી હોવા છતાં પણ લતા સમાન છે. પરંતુ પિતૃવિહિન પાંડવો શાલવૃક્ષ સમાન છે એટલે માટે તમો તથા તમારા પુત્રો તથા પાંડવોની સહાય વિના અગ્રગામી નહિ થઇ શકશો. માટે તમારા પુત્રો ભેગા મળીને ઉન્નતિ કરે. હે અંબિકાનંદન! તમારા પુત્રો વનની જેમ છે અને પાંડવો સિંહ સમાન છે. સિંહ ના અભાવમાં વન નષ્ટ થઇ જાય છે અને સિંહ વગર વન. જેમ સિંહ અને વન પરસ્પર એકબીજાના રક્ષક છે. તેમ પાંડવો અને કૌરવો એકબીજાના રક્ષક છે. અતઃ એકબીજાની તેઓ રક્ષા કરે કારણ કે એકબીજાની રક્ષા કરવાથી જ તેઓ કલ્યાણના ભાજી થશે. અન્યથા તેઓ બધાનો વિનાશ અવશ્યમ્ભાવિ છે. (શ્લોક- ૬૩, ૬૪)

આ પ્રમાણે વિ. વેદાન્ત, પુરાણેતિહાસાચાર્ય શાસ્ત્રી રાકેશ કૃત મહાભારતના ઉધોગપર્વ અન્તરગત પ્રજાગર પર્વમાં આવેલ વિદુરનીતિના પાંચમાં અધ્યાયની ચંદ્રાવલી ટીકા પૂર્ણ થાય છે.

<u>અધ્યાય-૬</u>

<u>ષષ્ઠ અધ્યાયનો સાર</u>

ષષ્ઠ અધ્યાયમાં વિદુરજી દ્વારા વૃધ્ધોનો સત્કાર, સત્કારને અયોગ્ય વ્યક્તિ, વેચવા અને ન વેચવા યોગ્ય વસ્તુ નો નિર્દેશ ભિક્ષુકનું લક્ષણ, તાપસનું લક્ષણ અને રાજનીતિનો ઉપદેશ સામાન્ય રીતે જર્ણવાયો છે.

विदुर उवाच: વિદુરજી બોલ્યા :-

શ્લો-૧ ऊर्ध्वं प्राण ह्युत्क्रामन्ति

यूनः स्थविर आयति।

प्रत्युत्थाना भिवादाभ्यां

पुनस्तान् प्रतिपद्यते॥

શ્લોકાર્થ :- વૃધ્ધ અને શ્રેષ્ઠ લોકોના આવવાતો યુવકોના પ્રાણ ઉપર ઉઠે છે, પરંતુ ઉભા થઇ તેમનું અભિવાદન કરવાથી પુનઃ પોતાના સ્થાનને પ્રાપ્ત કરે છે.

ટટી :- મનુષ્યનું જીવન જ પ્રાણ છે, અતઃ શ્રેષ્ઠ જનોના દર્શનથી તેમાં આવેગ આવે છે, પરંતુ પ્રત્યુત્થાન અને અભિવાદન થી તે સ્વાભાવિક થઇ જાય છે તે સિવાય પણ અનેકો ફળ બતાવેલા છે જેમ કે ''अभिवादनशीलस्य नित्यं वृद्धोपसेवितः। चत्वारि तस्य वर्धन्ते आयुर्विद्या यशो बलम्॥ નિત્ય વૃધ્ધોની સેવા કરવાથી તથા અભિવાદન કરવાથી આયુ, યશ, વિદ્યા અને બળ આ ચારની વૃધ્ધિ થાય છે.'' વાસ્વતમાં આ લોકમાં વ્હવારિક દૃષ્ટિથી આ ચારેયને બાદ કરતા શુ બચે છે, જેને માટે પ્રયાસ કરાય? અતઃ તેને પ્રાપ્ત કરવા તેનું સેવન અવશ્ય કરવું. (શ્લોક- ૧) હવે નીતિકાર અતિથિ સેવાની મહત્તા બતાવતા કહે છે-

શ્લો-૨ पीठं दत्वासाधवेऽभ्यागताय

आनीयापः परिनिर्णिज्य पादौ

सुखं पृष्ट्वा प्रतिवेद्यात्मसंस्थां

ततो दद्यादन्नमवेक्ष्य धीरः॥

શ્લો-૩ यस्योदकं मधुपर्कं च गां च न

मन्त्रवित् प्रतिगृह्याति गेहे।

लोभाद् भयादय कार्यकार्पण्य तो वा

तस्यानथं जीवित माहुशर्याः॥

શ્લોકાર્થ :- પોતાના ઘરે કોઇ સત્પુરૂષ આવે, ત્યારે ધીર પુરૂષે પ્રથમ તેને બેસવા માટે આસન આપવું. પછી જળ લાવીને તેના ચરણ ધોવા, તે પછી તેનું કુશળ પુછીને પોતાની સ્થિતિ નિવેદન કરવી અને પછી તેને આદરપૂર્વક ભોજન કરાવવું. જે ગૃહસ્થાશ્રમીના ઘરમાં તેના લોભને લીધે રજ્યાદિમાં ધનવાન પણાની ખ્યાતિ થવાના ભયથી કે કૃપણતાને કારણે મંત્ર વેત્તા પુરૂષને જળ, મધુપર્ક અને ગાય ન મળે, તે ગૃહસ્થનું જીવન વ્યર્થ છે એવું આર્ય પુરૂષો કરે છે.

ચટી :- 'अतिथि देवोभव' અર્થાત્ ઘરે આવેલો અતિથિ દેવ હોય તેની દેવની જેમ સેવા કરવી. આ રાજાજ્ઞાની જેમજ વેદ આજ્ઞા છે. એટલે માટે ગૃહસ્થ ને અતિથી સેવા કરવાની આજ્ઞા 'अतिथ्यं ग्रहमेधिनाम्' આ વચનથી અપાય છે. વિષ્ણુ શર્મા કહે છે ''स्वागते नाग्नयस् तृप्ता आसनेन शतक्रतुः। पादशौचेन पितरः अर्धाच्छमुभुस्तथाऽतिथेः॥ અતિથિને 'સારૂ થયું આપ આવ્યા તમારૂ સ્વાગત છે' આ પ્રકારે પુછવાથી અગ્નિ, આસન પ્રદાન કરવાથી ઇન્દ્ર, ચરણ ધોવાથી પિતર અને અર્ધ્ય આપવાથી મહાદેવજી પ્રસન્ન થાય છે. ''(પંચમિત્ર-૧૮૩) ''सम्प्राप्तो योऽतिथि सायं सूर्यांढे गृहमेधिनाम् । पूजया तस्य देवत्व प्रयान्ति गृहमेधिनः॥ જે અતિથિ સંઘ્યાએ સૂર્યાસ્તના સમયે ગૃહસ્થોના ઘરે આવી પહોંચે તેની પૂજા કરી ગૃહસ્થ લોકો દેવતુલ્ય થઇ જાય છે.'' (પંચ.મિત્ર.૧૮૧) મનુ મહારાજ પણ કહે છે- ''अप्रणोद्योऽतिथिः सायं सूर्याढो गृहमेधिना। काले प्राप्तस्त्वकाले वा नास्यानश्नन् गृहे वसेत्। સાયંકાળે સૂર્યાસ્તના સમયે આવેલ અતિથિને ગૃહસ્તે અપનાવી લેવો, અતિથિ સમય પર આવે કે સમય વિતી ગયાબાદ આવે પરંતુ અતિથિને ભોજન કરાવ્યા વગર રહેવા ન દે અર્થાત્ ભોજન કરાવ્યા બાદ જ ઘરમાં રહેવા દે'' (મનુ. ૩/૧૦૫) આ પ્રમાણે અતિથિ સેવાથી દેવતાઓ કૃપા પ્રસાદ પ્રાપ્ત થાય છે પણ તેની ઉપેક્ષા કરવાથી ગૃહસ્થને પ્રત્યવાયની પણ પ્રાપ્તિ થાય છે. જેમ ગંગા

પુત્ર ભીષ્મ કહે છે ''अतिथिर्यस्य भग्नाशो गहात्प्रतिनिवर्त्तते। स दत्वा दुष्कृतं तस्मै पुण्य मादाय गच्छति॥ જે ગૃહસ્થ ના દ્વારથી અતિથિ નિરાશ થઇને જાય છે તે તેને પોતાનું પાપ આપી બદલામાં તેનું પુણ્ય લઇ જાય છે.'' મહા.શાંતિ ૧૯૧/૧૨) વિષ્ણુ શર્મા કહે છે ''यः सायमतिथिं प्राप्यं यथा शक्ति न पूजयेत्। तस्यासौ दुष्कृतं दत्वा सुकृतं चाप कर्षति॥ જે મનુષ્ય સાયં કાળના સમયે ઘરે આવેલા અતિથિ નો સત્કાર કરતો નથી, તે અતિથિ તેને પોતાનું દુષ્કૃત આપી બદલામાં તેનું સુકૃત લઇ જાય છે.'' (પંચ કાકો. ૧૫૪) ''एकस्थाप्यतिथेरन्नं यः प्रदातुं न शक्तिमान्। तस्यानेकपरि क्लेशे गृहे किं वसतः फलम्॥ જે ગૃહસ્થ એક અતિથિ ને પણ ભોજન કરાવવામાં અસમર્થ છે તેણે અનેક કષ્ટથી પૂર્ણ એવા ઘરમાં રહેવાનો શો લાભ છે?'' (પંચ કાકો. ૧૬૦) શુકદેવજી મહારાજ કહે છે ''यस्त्विह वा अतिथीनमभ्याग तान्वा गृहपति रसकृदुपगत मन्युर्दिघक्षुरिव पापेन चक्षुषा निरीक्षते तस्य चापि निरये पापदृष्टे रक्षिणी व्रजतुण्डा गृध्राः कङ्कवटादयः प्रसह्योरुबलादुत्पाटयन्ति॥ જે ગૃહસ્થ પોતાને ઘરે આવેલા અતિથિ કે અભ્યાગતોને ક્રોધ ભરેલી દ્રષ્ટિથી વારંવાર જએ છે તો માનો એને તે ભસ્મ કરી નાખશે. તે જ્યારે નરકમાં પડે છે ત્યારે એ પાપ દૃષ્ટિવાળા પુરૂષની આંખોને વ્રજ જેવી મજબૂત ચાચ વાળા ગીધ, કાગડા અને વટ જેવા પક્ષીઓ પરાણે ખેંચી કાઢે છે.'' (ભાગ ૫/૨૬/૩૫) પરાશરમુનિ પણ કહે છે- '' अनर्चितोऽतिथिर्गेहाद् भग्नाशो यस्य गच्छति। आजन्मसञ्चितात्पुण्यात्क्षणात्स हि बहिर्भवेत्॥ જે ગૃહસ્થના ઘર દ્વારથી સત્કાર નહિ પામેલો અને નિરાશ થયેલો અતિથિ ચાલ્યો જાય છે તો તે ગૃહસ્થે પોતાના જન્મથી આરંભી વર્તમાન સમય પર્યન્ત સમ્પાદન કરેલા બધા જ પુણ્ય કર્મોનો તેજ ક્ષણે વિનાશ થઇ જાય છે. (પરાશર-૧/૫૧) માટે ગૃહસ્થે અતિથિની ઉપેક્ષા ક્યારેય ન કરવી.

વિતેલા સમયના ઇતિહાસમાં એવા પણ દૃષ્ટાંતો જોવા મળે છે કે જેમાં ગૃહસ્થે કષ્ટ વેઠીને પણ અતિથિ સેવા કરેલી. અને એમાં પણ મૂયર ધ્વજ રાજા દૃષ્ટાંત રૂપ છે. વાત એવી હતી કે મહાભારતનું યુદ્ધ પૂર્ણ થઇ ચૂકેલુ અને તે પછી સમ્રાટ યુધિષ્ઠિરે અશ્વમેધ યજ્ઞ માટે અશ્વ છોડેલો. તેજ સમયમાં રત્નપુર નરેશ પરમ ધાર્મિક અને ભગવદ્ ભક્ત રાજા મયૂર ધ્વયે પણ અશ્વમેઘ યજ્ઞનો પ્રારંભ કર્યો અને તેઓએ પણ યજ્ઞનો અશ્વ છટો મૂક્યો તે અશ્વની રક્ષા મયૂર ધ્વજના પુત્ર રાજકુમાર તામ્રધ્વજ કરી રહ્યા હતા. યુધિષ્ઠિરજીના યજ્ઞીય અશ્વની રક્ષા કરતા થકા અર્જનજી મણિપુર આવ્યા ત્યારે રત્નપુરનો યાજ્ઞીય અશ્વ પણ પહોચ્યો. ફલ સ્વરૂપ બંને દલ મધ્ય યુધ્ધનો આરંભ થયો.

અર્જનજી મનમાં એવું સમઝતા હતા કે 'અમારા જેવો કોઇ વીર છે જ નહિ અને અમારી ભક્તિ એટલી પ્રબળ છે કે શ્રીકૃષ્ણ અમારા વસમાં છે. અમારા જેવા ભક્ત કોઇ હોય?' ભગવાન તો ગર્વહારી છે. પોતાના ભક્તના ચિત્તમાં તેઓ ગર્વ રહેવા જ દેતા નથી. મણિપુર ના આ યુદ્ધમાં ગાંડિવ ધન્વા અર્જન પરાજિત થઇ ગયા. શ્રીકૃષ્ણ અને અર્જન મુર્છિત થઇ ગયા રાજકુમાર તામ્ર ધ્વજ બંને અશ્વોને પિતાજીની સમિપ લઇ ગયા. મંત્રીએ ગણા ઉત્સાહથી આ વિજયના સમાચાર આપ્યા.

'તુ મારો પુત્ર નથી, શત્રુ છે.' પ્રસન્ન થવાના સ્થાન પર મયૂર ધ્વજ અત્યન્ત ક્ષુબ્ધ તથા દુઃખી થયા સાક્ષાત્ ભવભયહારી શ્રીહરિના દર્શન પ્રાપ્ત કરીને પણ તુ તેઓની સેવામાં ન ગયો, અન અશ્વને લઇ આવ્યો મહારાજ યુધિષ્ઠિરના યજ્ઞમાં તે તો વિઘ્ન ઉપસ્થિત કર્યુ. તું એટલું પણ સમઝતો નથી કે યજ્ઞ પૂર્ણ કરી લેવો એ મારો ઉદ્દેશ્ય નથી. અમો તો આ યજ્ઞ દ્વારા તેઓની પૂજા કરતા હતા. તેઓની પ્રસન્નતા જ અમોને ઇષ્ટ છે.'

પેલીબાજ યુધ્ધભૂમિમાં મૂર્છા નિવૃત્ત થતા અર્જનજી ઘણા દ:ખી થયા અશ્વ વગર ધર્મરાજનો યજ્ઞ અપૂર્ણ રહેશે, આ ચિંતા તેઓને વ્યાકુળ કરતી હતી તેઓના બળનો ગર્વ તો નિવૃત્ત થઇ ગયો હતો, પરંતુ ભક્તિનો ગર્વ હજ નિવૃત્ત થયો ન હતો. શ્રી કૃષ્ણે તેઓને આશ્વાસન આપ્યુ. અને સ્વયં બ્રાહ્મણના રૂપ ને ધારણ કર્યુ અને ધનંજયને શિષ્ય બનાવી સાથે લીધા તથા એક માયામય સિંહ પણ સાથે લીધો અને બ્રાહ્મણ રૂપ ધારી તેઓ બંને રત્નપુર આવ્યા.

'સ્વસ્તિક રાજન્!' આવતા જ આશીવાર્દ આપ્યા મયૂરધ્વજ ને. 'ભગવન્! આપ આ અનુચિત આચરણ કેમ કરો છો! બ્રાહ્મણે તો પ્રમાણ કર્યા બાદ જ આશિર્વાદ આપવા જોઇએ અમો તો આપના સેવક છીએ આજ્ઞા આપો.' મયૂર ધ્વેજે શ્રધ્ધા પૂર્વક પ્રણામ કરી નિવેદન કર્યુ.

'રાજન્! અમો તમારા અતિથિ છીએ અને ઘણી મહત્વકાંક્ષા લઇને આવેલા છીએ.' બ્રાહ્મણ વેશ ધારી શ્રીકૃષ્ણ એ કહ્યું 'આ તરફ અમો અમારા પુત્રને લઇને આવી રહ્યા હતા. ત્યારે એક ક્ષુધાતુર સિંહ આનું ભક્ષણ કરવા તૈયાર થયો. પરંતુ અમારી અનનય વિનંતી કરતા તે માની ગયો કે જો પોતાની પત્ની તથા પુત્ર તમારા શરીરને આરામથી ચીરી દેહનો દક્ષિણ ભાગ (જમણો ભાગ) અર્પણ કરે તો તેને ખાઇ તૃપ્ત થઇ જશે.

'મારૂ પરમ શૌભાગ્ય કે નાશવંત દેહ બ્રાહ્મણના કામમાં આવશે.' મયુરધ્વજે તુરંત સ્વીકાર કરી લીધુ. 'અમો મહારાજની અર્ધાગિની છીએ.' રાણીએ કહ્યુ 'સિંહ અમારૂ ભક્ષણ કરો લે તો નરેશનું અડધુ અંગ તેને મળેલું મનાસે' 'દેવી! તમો સત્ય કહો છો પણ' - બ્રાહ્મણે આપત્તિ પ્રગટ કરી 'રાણી પુરૂપનું વામાંગ છે અને સિંહને રાજાનું દક્ષિણ અંગ જોઇએ છે.

'પુત્ર પિતાનું જ સ્વરૂપ હોય છે, અમો મહારાજનું સ્વરૂપ છીએ, અન દિક્ષિણાંગ પણ છીએ.' રાજકુમારે કહ્યું ''સિંહ અમારૂ ભક્ષણ કરે, મહારાજ જીવિત રહે.' 'ભદ્ર! તમોએ સાંભળુ કે તમો અને તમારી માતા આરાથી ચીરે તે અર્ધાંગ સિંહનું ભોજન થશે.' બ્રાહ્મણે કહ્યુ 'તમો પિતાના પ્રતિક છો, પરંતુ તમારૂ અંગ તમો તો ચીરી નહિ શકો.' રાજા ના મંત્રિઓએ, સભાસદોએ આપત્તિ જણાવી પરંતુ રાજાએ બધાને કહ્યું 'જે અમારૂ કલ્યાણ ઇચ્છતો હોય તેણે આ બાબતમાં હસ્ત ક્ષેપન કરવો.' આરો લાવવામાં આવ્યો 'માધવ, ગોવિંદ, મુકન્દ' બોલતા થકા મહારાજ મયૂરધ્વજ આરાની નીચે શાન્ત, સ્થિર બેસી ગયા. તેઓએ મુકુટ ઉતારી દીધો રાણી તથા રાજકુમારે આરો પકડયો મયુરધ્વજ નું મસ્તક ચિરાવવા લાગ્યુ રક્તની ધારા વહેવા લાગી અને સાથે સાથે રાજાના વામ નેત્રથો અશ્રુ પડવા લાગ્યા 'અમો દુઃખ પૂર્વક અપાયેલ દાન સ્વિકાર કરતા નથી. બ્રાહ્મણ રૂષ્ટ થઇ ગયા. 'ભગવન્! મારા વાન નેત્રમાં અશ્રુ પડે છે' મયૂરધ્વજે કહ્યુ 'આ વામ ભાગને દુઃખ છે કે તે અભાગ્યુ રહી ગયું શરીર નો દક્ષિણ ભાગ તમારી સેવામાં લાગી સાર્થક થઇ ગયો અને વામ ભાગ એનાથી વંચિત રહી ગયો.'

'રાજન! તમો ધન્ય છો' એકાએક ચતુર્ભુજ ધારી ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ થઇ ગયા આરો ઉઠાવી તેઓએ ફેંકી દીધો. તેમનો કર સ્પર્થ થતા મયૂર ધ્વજનું શરીર સ્વસ્થ થઇ ગયું. અર્જન પોતાના વેશમા દેખાવવા લાગ્યા અને સિંહ અદ્રશ્ય થઇ ગયો. ભગવાને વરદાન માંગવા માટે કહ્યું 'તમારા ચરણમાં મારી અવિચળ ભક્તિ રહે અને હવે પછી તમો કોઇની આટલી કઠિન પરીક્ષા ન લેતા મયૂર ધ્વજે કહ્યુ. ભગવાને કહ્યુ 'એવમસ્તું' તે પછી મયૂર ધ્વજે યાજ્ઞિક અશ્વ અર્જનજીને અર્પણ કયો અને કહ્યુ મારા પુત્રના અપરાધને ક્ષમા કરો તે પછી

ધનંજય અને શ્રીકૃષ્ણ અશ્વ લઇ રવાના થયા (જૈમિનિ અશ્વમેધિય) માટે ગૃહસ્થે તેના આશ્રમના પ્રધાન ધર્મ એવા અતિથિ ધર્મનું અવશ્ય પાલન કરવું. (શ્લોક-૨, ૩) હવે નીતિકાર બે શ્લોક દ્વારા કોણ અતિથ્થિને યોગ્ય નથી છતા તે આવે તો તેનો સત્કાર કરવો તેનું વર્ણન કરે છે -

(૯૩) આતિથ્યને પાત્ર કોણ નથી? :-

શ્લો-૪ चिकित्सक: शल्यकर्तावकीर्णी

स्तेन: क्रूरो मद्यपो भ्रूणहा च।

सेनाजीवी श्रुति विक्राय श्च

भृशं प्रियोप्यतिथिर्नोदकार्ह: ॥

શ્લોકાર્થ :- વૈદ્ય, શસ્ત્ર ઘડનાર, બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલો, ચોર, ક્રૂર મદ્યપાન કરનારો, સેનાજીવી (સેનામાં ભરતી થઇ તે પર જીવિકા ચલાવનારો) અને વેદવિક્રય કરનારો એટલા જણા જો કે જળને માટે પણ યોગ્ય નથી તો પણ તેમાંનો કોઇ અતિથિ તરીકે પોતાને ત્યાં આવ્યો હોય, તો તેનું પ્રેમથી સ્વાગત કરવું.

ટીકા :- પોતાના અનુભવના આધાર પર કોઇના જીવનની રક્ષા કરવી ઉચિત છે, પરંતુ દ્રવ્ય લઇ ઔષધિ આપવી યોગ્ય નથી અર્થાત્ અતિશય દ્રવ્ય લઇ ઔષધિ આપવી યોગ્ય નથી એટલે માટે જ કોઇક આપ્તજને કહ્યુ છે 'वैद्य राज नमस्तुभ्यं यमराज सहोदर:। यमस्तु हरते प्राणान् वैद्य: प्राणधनानि च। હે વૈદ્યરાજ! તમોને નમસ્કાર કરીએ છીએ, તમો યમરાજના ભાઇ અથવા તેમના જેવા જ છો. કારણ કે યમરાજ તો કેવલ પ્રાણનું હરણ કરે છે, પરંતુ વૈદ્ય તો પ્રાણ અને ધન બંનેનું હરણ કરે છે.''

સેનામા ભરતી થઇ માતૃ ભૂમિ અને દેશની અસ્મિતાની રક્ષા કરનારો વંદનીય છે, પરંતુ જે કેવલ ધન અર્થે સૈન્યમાં પ્રવેશ કરે છે તે તો ગર્હિત છે, તેના વિષયમાં તો નિંદા કરાય છે.

વેદવાણી જાણી તે પ્રમાણે આચરણ કરવું શ્રેષ્ઠ છે પરંતુ કેવલ ધન અર્થે વેદનું અધ્યયન અધ્યાપન કરાવવું યોગ્ય નથી.

તેમ લોકોને કષ્ટ આપનારો, વ્યભિચારી, અત્યંત ઘાતકી, સુવર્ણની ચોરી કરનાર તથા મધ્યપાન કરનાર આ બધામાં કેટલાક સુવર્ણની ચોરી કરનાર અને મધ્યપાન કરનાર મહાપાતકી અને બાકીના ઉપઘાતકીમાં ગણના પામેલા છે. આ બધા પણ જો પ્રિય હોય અને ગૃહસ્થના ઘરે અતિથિના રૂપમાં આવે તો તેઓનો સત્કાર કરવો પણ તેઓને મધુપર્ક અર્પણ ન કરવું. (શ્લોક-૪) હવે નીતિકાર કંઇ વસ્તુઓ વેચવા યોગ્ય નથી તેનું વર્ણન કરે છે છતા તે વિક્રય કરનાર અતિથિ તરીકે આવે તો તેનો પણ સત્કાર કરવાનું કહે છે.

(૯૪) આતિથિ કોણ કહેવાય? :-

શ્લો-૫ अविक्रयं लवणं पक्वमनं

दधी क्षीरं मधु तैलं घ्रतं च।

तिलामांसं फल मूला निशाकं

रक्तंवासः सर्वगन्धा गुडाश्च॥

શ્લોકાર્થ :- મીઠુ, રાંધેલ અન્ન, દહી, દૂધ, મદ, તેલ, ઘી, તલ, માંસ, ફળ, મૂળ, શાક, રક્ત, વસ્ત્ર, બધા પ્રકારના ગન્ધ અને ગોળ વેચવા યોગ્ય નથી હોતા અર્થાત્ આ બધાનો વિક્રય કરવો નહિ (એ વેચનારો પણ અતિથિ તરીકે આવ્યો હોય તો તેનું પણ સ્વાગત કરવું.)

ચટી :- નીતિકારે કહેલા પદાર્થોના વિક્રયમાં પ્રાયશ્ચિતનું વિધાન કરાયું છે. જેમ ભગવાન સ્વામિનારાયણ કહે છે '' विक्रीगीत् यदा विप्रोऽपण्यं पकवान्नमेव च। गुडंतिलं पुण्यफलं सोम्यकृच्छ्रं तदाचरेत्॥ लाक्षालवण तैलानि पयोदधिधृतानि च। विक्रीत्वा चर्मपासश्च द्विजाश्चान्द्रयणं चरेत्॥ अथोमनः शिलाशुक्ति गुग्गुल्वञ्जानगैरिकान्। हिङ्गर्गाधेनु श्रृङ्गारमशास्त्रास्थि नखरान् गृहम्। मणिमुक्ताप्रवालांश्चवणुवणुवणुवमृन्मयान्। विक्रीत्वा च भूवं विप्रस्तप्तकुच्छ्रं व्रतं चरेत्॥ જો વિપ્ર ન વેચવા યોગ્ય પકવ અન્નને વેચે અથવા ગોળ, તેલ, પુષ્પ, મૂળને વેચે તો તે સૌમ્ય કૃચ્છ પ્રાયશ્ચિતને કરે, લાખ, લવણ, તેલ, ધૃત, દહી, દુધ, ચર્મ અને વસ્ત્ર ને જો વેચે તો ચંદ્રાયણ વ્રત ને આચરે (મૂળ મા ચકાર છે તેનાથી મધ, છાસ, ચંદનાદિ, પણ લઇ લેવું) તથા મનસલ, છીપ, ગુગ્ગલ, અંજન ગૈરિકનામનો ધાતુ વિશેષ, હીંગ, કામળી, ધેનુ, શીંગડા, પાષાણ, શસ્ત્ર, ગુંજનાદિકનાં અસ્તિ નખ, ઘર, મણિ, મુક્તા ફળ, પ્રવાળ, વેણુ, વૈણવ- વેણુથી બનાવેલા પાત્રો, મૃતિકામય ઘટ કોઠી વગેરે અને ભૂમિને વિપ્ર જો વેચે તો તપ્ત કૃચ્છવ્રતને કરે'' (સ.જી. ૫/૪૫/૩૩-૩૬)

ક્યારેક એવો સમય પણ હતો કે જ્યારે મનુષ્ય કેવળ પોતામાં જ રહેતો હતો. પરંતુ વર્તમાન સમયમાં સમસ્ત વિશ્વ એક થઇ ગયુ છે એટલા માટે એકબીજાના હિત માટે આવી વસ્તુ વેચવી એ અનુચિત નથી મનાતી, પરંતુ આજે પણ માંસ તથા રક્ત વેચવું એ યોગ્ય નથી મનાતુ અને તેમાં પણ રક્ત વહેંચવું તે તો તદ્દન અયોગ્ય છે કારણ કે એક બીજાના અસાધ્ય રોગ પણ રક્તના માધ્યમથી એક બીજામાં પ્રવેશી જાય છે અતઃ વર્તમાન સમયમાં પણ આ વ્યાપાર ને યોગ્ય મનાતુ નથી. છતા આવા મનુષ્ય પણ જો અતિથિ તરીકે આવે તો તેનો પણ સત્કાર કરવો. (શ્લોક-૫) હવે નીતિકાર સર્વોત્તમ અતિથિનું વર્ણન બે શ્લોકથી કરે છે-

શ્લો-૬ अशेषणो यः समलोष्टाश्म कांचनः

प्रहीण शोको गतसन्धि विग्रहः ।

निन्दाप्रशंसोपरतः प्रियाप्रिये

त्यजन्नुदासीनव देष भिक्षुकः ॥

શ્લો-૭ नीवारमूलेङ्कुदशाकवृत्ति

सुसंयतात्माग्नि कार्येषु चोद्यः ।

वने वसन्नतिथिष्व प्रमत्तो

धुरन्धरः पुण्यकृदेष तापसः ॥

શ્લોકાર્થ :- જે રોષ રહિત છે, માટી નું દેફું, પથ્થર તથા સુવર્ણને સમાન ગણે છે, સ્નેહ તથા શત્રુતાથી પર છે, નિંદા તથા પ્રશંસાથી ઉપરામ પામ્યો છે, સુખ અને દુઃખને સમાન લખે છે અને જે ઉદાસીન ની પેઠે રહે છે, તેને ખરો ભિક્ષુ જાણવો.- સામો વગેરે ધાન્ય, મૂળ, ઇગોરિયાં તથા શાકભાજી ઉપર નિર્વાહ કરનાર, મનને સારી પેઠે વશ રાખનાર, અગ્નિ હોમના કાર્યમા કુશળ, વનમાં વાસ કરનાર, અતિથિ સત્કામાં સાવધાન અને પુણ્યકર્મ કરનાર પુરૂષને મહાતપસ્વી (અતિથિ) જાણવો જોઇએ.

ચ.ટી.:- આગળના શ્લોકમાં નહિ વેચવા યોગ્ય વસંતુનો પણ વિક્રય કરનારો અતિથિ આવે તો તેનો સત્કાર કરવાનું કહ્યુ તો પછી જે સરળ, તપસ્વિ અને ધર્મનિષ્ઠ છે તે જો અતિથિ તરીકે ગૃહસ્થના ઘરે આવે તો તેનો સત્કાર કેમ ન કરવો? અવશ્ય કરવો કારણ કે અતિથિ સંતુષ્ટ થતા ત્રિલોકી સંતુષ્ટ થાય છે કહ્યુ પણ છે- ''अतिथौ स्वगृहं प्राप्ते समुत्थायादरेणतम्। नमस्कृत्यासनं दत्वापूजयेच्च पथो चितम्॥ वाक्यैः समुधुरैः पृष्टवा स्वागताद्यथ भोजयेत्। तस्मिंस्तुष्टे विजानोयायास्त्तुष्टं त्रैलोक्यामि त्यसौ। यद्वेवं गृहिणा न स्यात्किमर्थं विलश्यते तदा।

गृहान्ध कूपे विषमेपतित्वातेन भूतले॥ ગૃહસ્થ ધર્મને સમજી વિવેકી જને અતિથિ પોતાના ઘરે આપવા એકદમ આદરથી અભિસમુખ ઉઠીને તેને નમસ્કાર કરી તેને આસન આપીને તેની યથોચિત યથાવિધિ પૂજા કરવી. સ્વાગત તો તેમનું પ્રથન પૂજન છે, તે તો મધુર વાક્યો વડે થાય, તો પ્રથમ મૃદુ મધુર વચન વડે સ્વાગત કરી પછી તેને યથા સંપન્ન અન્ન વડે જમાડે તે અતિથિ સંતુષ્ટ થતાં ત્રિલોકી સંતુષ્ટ થઇ એમ આ ગૃહસ્થ જાણે. જો ગૃહસ્થ હોઇને પૂર્વોક્ત અતિથિ સેવાદિ ન કરે તો ગૃહમિષથી રહેલા અંધ કૂપમાં આપડેલો જ છે. કેમ કે દુઃખૈક મૂળ આ કમળપત્ર ભરણાદિ રૂપ ધર્મજીવન બધો ભાર વર્તે છે. તો આવા ગૃહાંધ કૂપમાં પડી શા માટે ક્લેશ પામવો જોઇએ.'' (સ.જી. ૫/૧) (શ્લોક-૬,૭) હવે નીતિકાર બુધ્ધિમાનો નું અનિષ્ટ કરવાથી દુષ્ટ પરિણામ આવે છે તેવું વર્ણન કરે છે-

(૯૫) ન કરવા યોગ્ય અને કરવા યોગ્ય :-

શ્લો-૮ अपकृत्य बुद्धिमतो

दूरस्योऽस्मीति नाश्वसेत्।

दीर्धौ बुद्धिमतो बाहू

याभ्यां हिंसति हिंसतः॥

શ્લોકાર્થ :- બુધ્ધિમાન પુરૂષોનો અપકાર કરીને 'હુ તેનાથી દૂર છ' એવા વિશ્વાસથી બેસી રહેવું નહિં, કારણ કે બુધ્ધિમાનના બુધ્ધિરૂપી હાથ ઘણા દીર્ઘ હોય છે, એટલે તે હાથથી તે અપકાર કરનાનારો નાશ કરે છે.

ચટી :- નીતિકારની આ વાતનું સમર્થન ગંગાપુત્ર ભીષ્મ એ પણ કરેલું છે તેઓ કહે છે ''पण्डितेन विरुद्धः सन् दुरस्थोऽस्मीतिनाश्चरेत्। दीर्घौ बुद्धिमतो बाहुयाभ्यां हिंसति हिंसतः॥ વિદ્વાન પુરૂષ સાથે વિરોધ કરી 'હુ દૂર છ' એમ સમઝી નિશ્ચિન્ત

નહિ થવું જોઇએ કારણ કે બુધ્ધિમાનોની ભુજાઓ ઘણી વિશાળ હોય છે (તેના દ્વારા કરાયેલ પ્રતિકારનો ઉપાય દુરસુધિ પ્રભાવ કરે છે.) અતઃ જો બુધ્ધિમાન પુરૂષ પર વાર કરાયો હોય તો તે પોતાની વિશાળ ભૂજાઓ દ્વારા દૂરથી જ શત્રુનો વિનાશ કરી શકે છે.''(મહાશાન્તિ-૧૪૦) ''बुद्धिर्दीया बलवन्तं हिनस्ति। તીવ્ર બુધ્ધિ બળવાન શત્રુને પણ મારી નાખે છે'' (મહા. શા. ૧૨૦/૪૨) આ સંન્દર્ભમાં કુસુમપુરના રાજા નંદના મંત્રી શકતારના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે.

વાત એવી હતી કે કુસુમપુરમાં નંદ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેના મંત્રીનું નામ હતુ શકટાર કોઇક કારણ વશ મંત્રી શકટાર નો નંદ રાજા સાથે વિરોધ થયો. ફલ સ્વરૂપ રાજાએ શકટારની બધી સંપત્તિ જપ્ત કરી તેને તેના પરીવાર સાથે કારાવાસમાં પુરી દીધો અને કારવાસ દરમ્યાન શકતાર અને તેના પરિવાર ને આહારના રૂપમાં કેવલ અડધો શેર સત્તુ આપવામાં આવતુ જે કેવલ એક વ્યક્તિની ક્ષુધા શાંત કરવા માટે પણ પર્યાપ્ત ન હતુ. તે સમયે પરિવારના બધા સભ્યોએ વિચાર કર્યો કે 'રાજા સાથે પ્રતિશોધ લેવા માટે શકટારનું જીવિત રહેવું જરૂરી છે.' અતઃ રાજા તરફથી આપવામાં આવતો આહાર તો તેઓ શકતારને આપી દેતા જેના પરિણામે તેઓ બધા ક્ષુધાના કષ્ઠથી પરલોકવાસી થઇ ગયા પરંતુ શકટાર રાજા સાથે પ્રતિશોધ લેવાની પ્રતિક્ષામાં જીવીત રહ્યો તે મંત્રી તો રાજાના જ હતા, અતઃ ક્યારેક ક્યારેક રાજ્યની કેટલીક સમસ્યાઓને તેઓ પોતાની બુધ્ધિ ચાતુર્યથી નિવારણ કરતા હતા. રાજા નંદને જ્યારે એ વાતની ખબર પડી કે 'શકતાર હજ જીવિત છે અને તેણે જ રાજ્યની કેટલીક સમસ્યાનો ઉકેલ કરેલો છે ત્યારે તેણ પ્રસન્ન થઇ ચકટારને બંધનથી મુક્ત કર્યા અને તેઓ ને પોતાના આમાત્ય રાક્ષસના સહાયકના રૂપમાં નિયુક્ત કર્યો.

તદન્તર દુર્લભ પદ પ્રાપ્ત કરી શકતાર પ્રસન્ન તો થયા પરંતુ સાથે સાથે રાજાની દુનીતિપર વિચારવા લાગ્યા કે ''उत्कटं वैरमुत्पाद्य पुनः सोहृदमिच्छति यमपत्तन यात्राया: स पन्यानमवेक्षते॥ પ્રથમ પ્રબલ વેર બાંધી પછી તેની સાથે મિત્રતાની ઇચ્છા કરે તે જાણે પ્રબલ યમપુરીના માર્ગને જ જવે છે.'' શકતારે મનોમન નિશ્ચય કરી લીધો કે- 'આ દુષ્ઠ રાજા વિશ્વાસને યોગ્ય નથી' કારણ કે, ''दुष्टा वैरक्रीया यस्य परापर्यन्तपातिनी। तस्मिन् विश्वासमायान्तं मृत्युर्जिघ्रति मत्सके॥ જેનો પ્રથમ શત્રુના જેવો વ્યવહાર જોવાયો છે તેના પર વિશ્વાસ કરનારનું તો જાણે મૃત્યુ મસ્તક સુંધી રહ્યુ છે.'' આ પ્રમાણે પૂર્વની શત્રુતા અને વર્તમાનની પ્રસન્નતાથી શકતાર સંદેહમાં પડી ગયો. તેણે વિચાર્યુ - અમારા પરિવારના બધા સદસ્યો એ રાજાનન્દ સાથે પ્રતિશોધ લેવાના નિમિત્ત થી પોતપોતાના આહારનો ત્યાગ કરી અમારા પ્રાણ બચાવ્યા હવે ઉચિત સમય આવેલો છે તો શા માટે તેની સાથે વેરનો પ્રતિશોધ ન લેવો. યોગ્ય સમય મળવા પ્રતિશોધ ન લેવાય તો સમાજમાં અપયશ થઇ જસે અને સાથે અમો કાયર પણ કહેવાશુ કહ્યુ પણ છે- ''पापत त्रास्यति स: एव परुष: स्यादुत्तमो भूतले, पापात्मा च बिभति योऽपयश: स ज्ञायते मध्यम:। त्रासो यस्य न पापादपि न वा लज्जापवादादपि प्रज्ञावाद्भिरुदाहृतोऽयमध्यम: सर्वत्र निन्दास्पद:॥ આ ધરાતલ પર જે હંમેશા પાપોથી ભય પામતો રહે છે તેના ફળ સ્વરૂપે ઉત્તમ કાર્યોને કરે છે તે તો ઉત્તમ કોટીનો પુરૂષ છે. જે માત્ર અપયશના ભયથી પાપ કરતો નથી તે મધ્યમ કોટીનો પુરૂષ છે તેનાથી વિપરીત જે ન પાપથી ભય પામે છે કે ન લજ્જાથી ડરે છે અને ન લોકાપવાદથી ભય પામે છે તેને વિદ્વારા પુરૂષો અધમ કોટીનો મનુષ્ય કહે છે અને તે સર્વત્ર નિન્દાનો પાત્ર બને છે.''

આ પ્રમાણે નીતિનો વિચાર કરી શકતાર નગરની બહાર ભ્રમણ કરવા ગયો ત્યાં તેણે ભ્રમણ કરતા જોયુ કે એક બ્રાહ્મણ બાળ કુશને ઉખાડી તેની જળમાં તક્ર (છાસ) નાખી રહ્યો છે. આ જોઇ મંત્રી શકતારે તે બાળકને પુછયું કે 'બ્રાહ્મણ દેવતા! આપ કોણ છો અને આ શુ કરી રહ્યા છો?' ત્યારે બ્રાહ્મણ બાળક બોલ્યો- ''અમો ચાણક્ય શર્મા નામના બ્રાહ્મણ છીએ અંગો સહિત વેદનું અધ્યયન કરી વિવાહાર્થ અમો આ સ્થાન પર થી પસાર થતા હતા ત્યારે અમારા પગમાં આ કુશાંકુર ખૂપી ગયુ આ ઘાવના ફળ રૂપે અમારા વિવાહમાં વિઘ્ન ઉપસ્થિત થયું એટલે અમોએ ક્રોધાયમાન થઇ પ્રતિજ્ઞા કરી કે 'અમો આ સ્થળને કુશોથી નિર્મુળ કરી દેશુ' અને આયુર્વેદ શાસ્ત્રમાં વાંચેલુ છે કે કુશની જડમાં તક્ર (છાશ) નાખવાથી કુશનો નાશ થઇ જાય છે એટલે અમો આ ક્રીયા કરીએ છીએ.'' બ્રાહ્મણની વાત સાંભળી શકતાર બોલ્યો ''બેટા! જો તુ આયુર્વેદ ન જાણતો હતે તો આના વિનાશ માટે કયો ઉપાય કરતે? ત્યારે ચાણક્ય એ ઉત્તર આપ્યો કે ''અભિચાર કર્મ દ્વારા કુશના વિનાશનો કયો ઉપાય કરતે?'' શકટાર તો આ બ્રાહ્મણ બાળકની પ્રતિશોધની ભાવના અને ઉપાયોને જાણી આશ્ચર્યચકિત થઇ ગયા અને તેઓએ મનોમન વિચાર કર્યો કે ''જો આ બ્રાહ્મણ કોઇ પણ ઉપાયે મારા શત્રુ રાજા નંદનો શત્રુ થઇ જાય તો અમને નંદ સાથે પ્રતિશોધ લેવામાં કોઇ કઠિનાઇ નહિ પડે.'' આ પ્રમાણે વિચાર કરી શકટાર બ્રાહ્મણને તેને અનુકૂળ વાતો કરી ઘરે લઇ આવ્યા અને રાજપુરોહિત સાથે મળી ઘણી જ યુક્તિથી તેને રાજાનંદના પિતાના ક્ષયાહશ્રાધમાં થનારા ભોજમાં નિમંત્રિત કરાવ્યો શકતાર જાણતા હતા કે ''અવિવાહિત, કપિશવર્ણ, શ્યામનખ તથા શ્યામ દાંત વાળા અને અમારા દ્વારા નિમંત્રિત આ બ્રાહ્મણને જોઇને અમારા વિરોધી મન્ત્રી રાક્ષસ આને શ્રાધ્ધના ભોજનમાં અયોગ્ય સમઝીને આનુ અપમાન

કરશે'' અને થયુ પણ એવું જ, રાજા નન્દ શ્રાધ્ધના સ્થાન પર આવ્યો અને ત્યાં આવી જોયુ તો ત્યાં એક કદરૂપો બ્રાહ્મણ બેઠેલો હતો એટલે તેણે આમાત્ય રાક્ષસને પોતાની પાસે બોલાવી કહ્યુ 'આ બાળક શ્રાધ્ધ કર્મને યોગ્ય નથી.'

તે પછી રાક્ષસની મન્ત્રણાથી રાજાએ ચાણક્યને અપમાનિત કરી પંગતની બહાર કાઢી મુક્યો. અપમાનિત થયેલા બ્રાહ્મણ ચાણક્યે ક્રોધાયમાન થઇ પ્રતિજ્ઞા લીધી કે 'જ્યા સુધિ રાજા નંદનો અને તેના વંશનો નાશ નહિ કરીશ ત્યાં સુધી મારી શીખાને ગાઠ નહિ બાંધીશ.' ચાણક્યની પ્રતિજ્ઞા સાંભળી મંત્રી શકતાર કૃતકૃત્ય થઇ ગયો અને રાજા નંદ સાથે પોતાના પરિવારના વિનાશનો પ્રતિશોધ લેવામાં સફળ થયો પેલી તરફ ચાણક્ય એકાન્ત સ્થળમાં જઇ અભિચાર મંત્રથી અનુષ્ઠાન કરવા લાગ્યો જેને લઇ થોડા જ કાળમાં નંદ સહિત તેનો સમસ્ત પરિવાર કાળના મુખમાં હોમાય ગયો. આમ શકટાર જેવા બુધ્ધિમાન મનુષ્યનું અનિષ્ટ કરી ઉપેક્ષા કરવાથી નંદ રાજાનો સમસ્ત પરિવાર કાળનો ભોગ બની ગયો. માટે જ વિષ્ણુ શર્મા કહે છે- ''एकं हन्यान्न वा हन्यादिषु र्मुक्तो धनुष्मता। बुद्धिर्बुद्धिमतः सृष्टाहन्ति राष्ट्रं सनायकम्॥ ધનુર્ધારીના ધનુપથી છટેલું બાણ કેવલ એકનો વધ કરે છે ન કરે, પરંતુ નીતિજ્ઞ બુધ્ધિમાનો ની બુધ્ધિથી કરાયેલ કાર્ય રાજા સહિત સમસ્ત રાજ્યને નષ્ટ કરી દે છે. (પંચ મિ.ભે. ૨૧૫) ''शस्त्रैहता न हि हता रिपवो भविन्त प्रज्ञाहतास्तु रिपवः सुहताः भवन्ति। शस्त्रं निहन्ति पुरुषस्य शरीरमेकम् प्रज्ञां कुलं च विभवं च यशस्व हन्ति॥ શસ્ત્રથી મરાયેલ શત્રુ ન મરાયેલો જ સમઝવો જોઇએ. જે શત્રુ બુધ્ધિ દ્વારા મરાય છે, તેજ વાસ્તવમાં પૂર્ણતઃ મરાયેલો કહેવાય છે. કારણ કે શસ્ત્ર તો કેવલ એક જ શરીરને નષ્ટ કરે છે. પરંતુ બુધ્ધિથી મરાયેલ પરિવાર, ધન અને કીર્તિ બધાને જ નષ્ટ કરી દે છે.' (પંચ. કાકો.

/૨૧૯) (શ્લોક-૮) હવે નીતિકાર વિશ્વાસુનો પણ અત્યધિક વિશ્વાસ કરવાની મનાઇ કરે છે -

શ્લો-૯ न विश्व सेद विश्वस्ते

विश्वस्ते नीतिविश्वसेत्।

विश्वासाद् भयमुत्पन्नं

मूलान्यपि निकृन्तति॥

શ્લોકાર્થ :- અવિશ્વાસુ મનુષ્યનો વિશ્વાસ કરવો નહિ, તેમ વિશ્વાસુનો પણ અતિ વિશ્વાસ રાખવો નહિ કારણ કે વિશ્વાસથી ઉત્પન્ન થયેલો ભય મૂળને કાપી નાખે છે.

ચટી :- વિશ્વાસી મનુષ્ય પણ કદાચિત અવિશ્વાસી બની જાય છે અતઃ વ્યવહારમાં અત્યન્ત વિશ્વાસ કરવા માટે નીતિકારે મનાઇ કરી છે. સાથે જ આ શ્લોકમાં તૃતિય અને ચતુર્થ ચરણનો 'कदाचित कुपितं मित्रं सर्वे गृह्यं प्रकाशयेत्। કદાચિત કોઇ કારણ વશ વિશ્વાસી મિત્ર પણ કુપિત થઇ જાય છે તો બધી ગોપનીય વાતોને પ્રકાશિત કરી દેશે.'' આ પ્રમાણે જોવા મળે છે એટલે માટે અત્યંત વિશ્વાસ ને માટે નિષેધ કરાયેલો છે. કહ્યુ પણ છે- '' न वध्यन्ते ह्यविश्वस्ता बलिभिर्दुर्भला अपि। विश्वस्तास्त्येव वध्यन्ते बलवन्तोऽपि दुर्बलैः॥ કોઇનો વિશ્વાસ નહિ કરવાવાળા દુર્બળને પણ સબળ મારી શકતો નથી પરંતુ બધા પર વિશ્વાસ રાખનારા બળશાલી ને દુર્બળો પણ મારી શકાય છે.'' (પંચ.મિ.ભે.- ૧૨૩)

આ સન્દર્ભમાં પંચતંત્રમાં આવતી એક કથા અવલોકન કરવા યોગ્ય છે કથા એવી હતી કે- કોઇ એક સમુદ્રના તીર પર સદા ફળવાળુ જાંબુ નું વૃક્ષ હતુ તેના પર રક્ત મુખ નામનો વાનર રહેતો હતો. કોઇક સમયે તે વૃક્ષ નીચે કોમળ રેતીથી પૂર્ણ તટ પર 'કરાલ મુખ' નામનો મગર સમુદ્રના જળમાંથી નીકળી

આવી બેઠો. ત્યારે રક્ત મુખ તેના પ્રત્યે બોલ્યો ''આપ અમારા પ્રિય અતિથિ છો એટલે આ અમૃત તુલ્ય જામ્બુ ફળ તમોને અર્પણ કરીએ છીએ તેને આપ આરોગો.'' આમ કહી વાનરે મગરને જાંબુના ફળો આપ્યા તે ફળો ભક્ષણ કરી તેની સાથે વાર્તાલાપ કરી મગર પોતાના આવાશમાં જતો રહ્યો તે પછીનો તેઓ બંને વચ્ચે ગાઢ મિત્રતા થઇ ગઇ અને બંને મિત્રો નિત્ય વૃક્ષ તળે બેસી ભાતભાતની ચર્ચા કરી સમય વિતાવતા પૂર્વક સુખ પૂર્વક રહેવા લાગ્યા. મગર જ્યારે ઘરે જતો ત્યારે વાનર કોઇક વાર જાંબુના ફળ તેની પત્ની માટે પણ મોકલાવતો. એક દિવસની મગરની ભર્યા તેના પ્રત્યે બોલી 'નાથ! આવા અમૃત તુલ્યફળ આપ ક્યાંથી લાવો છો?' ત્યારે મગર બોલ્યો 'ભદ્રે! રક્તમુખ નામનો વાનર મારો પરમ મિત્ર છે, તેજ પ્રેમ પૂર્વક અમોને આ ફળ અર્પણ કરે છે' ત્યારે તે પોતાના સ્વામી પ્રત્યે બોલી ''કૃપાનાથ! જે નિત્ય આવા અમૃતતુલ્ય ફળ ભક્ષણ કરે છે તેનું હ્રુદય અવશ્ય અમૃત તુલ્ય હશે, માટે આપ જો અમોને પોતાની ભાર્યા તરીકે રાખવા માંગતા હોવ તો તેનું હ્રુદય (કાળજ) લાવીને અમોને આપો. જેથી તેનું કાળજ ભક્ષણ કરી અમો વૃધ્ધાવસ્થા અને મૃત્યુથી મુક્ત થઇ તમારી સાથે ભોગ ભોગવતી રહું.''

પોતાની ભાર્યાની વાત સાંભલી મગર બોલ્યો, ''ભદ્રે! આપ આવું ન બોલો કેમ કે અમોએ વાનરને અમારો ભાઇ માનેલો છે, બીજી વાત એ પણ છે કે તે વાનર અમારો ફળદાતા છે. એટલે અમો તેને મારી નહિ શકીએ.'' ત્યારે મગરી બોલી ''પ્રાણનાથ! તમોએ અમારી વાત ક્યારેય પણ ટાળી નથી અમને લાગે છે કે આપ અમારી સાથે પ્રેમ નથી કરતા.'' ત્યારે મગર બોલ્યો 'પ્રાણપ્રિય! તુ અમને કહે અને અમો તારી વાત ટાળીએ કે? અમે અવશ્ય તારી ઇચ્છા પૂર્ણ કરશુ વાનરનું કાળજ લાવી તમોને અવશ્ય આપશુ પરંતુ તેને મારૂ કેવી રીતે?'

આ પ્રમાણે વિચારી કરતા કરતા મગર વાનર પાસે આવ્યો વાનર પણ તેને મોડેથી આવેલો જોઇ બોલ્યો 'મિત્ર આજે આવવામાં આમ વિલંબ કેમ કર્યો? વળી તુ આજે આનંદ પૂર્વક વાત પણ કરતો નથી?' ત્યારે મગર બોલ્યો ''મિત્ર! આજે તારી ભાભીએ અમોને કઠોર શબ્દોમાં કહ્યુ કે રે કૃતાદિન! તને મારૂ મુખ ન બતાવ કારણ કે તુ કેટલીયે વખત તારા મિત્ર દ્વારા લાવેલા ફળો અમોને આપ છે તથા તુ પણ નિત્ય ફળ ખાઇને આવે છે પણ પોતાનું ઘર દેખાડવા માત્રથી પણ તેનો પ્રત્યુપકાર કરતો નથી તો તારા આ પાપનું તો કોઇ પ્રાયશ્ચિત પણ નથી એટલે આજે તુ પ્રત્યુપકારના રૂપમાં મારા દિયરને ઘરે લઇને આવે નહિ તો તું પરલોકમાં જ મારા દર્શન કરજે અર્થાત્ હું મારા પ્રાણ ત્યાગ કરી દઇશ તેના દ્વારા આ પ્રમાણેના વચન કહેવાથી અમને તારી પાસે આવવામાં વિલંબ થયો માટે મિત્ર! અમો તને વિનંતી કરીએ છીએ કે તુ મારા ઘરે ચાલ, તારી ભાભી તારી રાહ જોતી થકી દ્વાર પર ઉભી હશે.

આ પ્રમાણે પોતાના મિત્રની વાત સાંભળી વાનર બોલ્યો ''મિત્ર! વાતતો તુ યોગ્ય જ કરે છે, પરંતુ અમો વનમાં રહેનારા અને તમો જળમાં રહેનારા છો, એટલે તમારૂ ઘર તો જળમાં જ છે એટલે અમો ત્યાં કેવી રીતે આવી શકીએ? અતઃ તુ અમારી ભાભીને અહીં જ લઇ આવ, જેથી અમો તેમને પ્રણામ કરી તેઓના આશીર્વાદ ગ્રહણ કરી શકીએ.'' ત્યારે મગર બોલ્યો ''મિત્ર! અમારૂ ઘર સમુદ્ર તળમાં મનોહર બાલુકા મય તટ પર છે, અતઃ તુ અમારી પીઠ પર ચઢી નિર્ભય પૂર્વક ચાલ'' મગરની વાત સાંભળી વાનર આનંદ પૂર્વક બોલ્યો ''મિત્ર! જો એમ વાત હોય તો મોડુ શા માટે? શિઘ્ર ચાલો, આ તારી પીઠ પર ચઢી ગયો'' તે પછી મગર વાનરને પોતાની પીઠ પર ચઢાવી જળમાં પ્રવેશ્યો અને સમુદ્રના અગાઢ જળમાં આવ્યો ત્યારે વાનર ભયભીત થઇને બોલ્યો- ''ભાઇ! તુ

ધીરે- ધીરે ચાલ, આ સમુદ્રના મહાતરંગો મને ડૂબાડી રહ્યા છે.'' આ વાત સાંભળી મગર મનોમન વિચાર કરવા લાગ્યો ''આ સમયે અગાઢ જળમાં પહોચેલ આ વાનર અમારે આધિન છે, અમારી પીઢથી તલમાત્ર પણ આમ તેમ થઇ શકે તેમ નથી, એટલે તેને હવે અમોએ અમારો અભિપ્રાય કહી દેવો જોઇએ, જેથી પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરી લે.''

આ પ્રમાણે મનોમન વિચાર કરી તે દુષ્ટ વાનર પ્રત્યે બોલ્યો ''હે મિત્ર! અમો અમારી ભાર્યાના કહેવાથી તને વિશ્વાસ આપી મારવામાટે તને અહીં લાવેલા છીએ.'' ત્યારે વાનર બોલ્યો- ''ભાઇ! અમે તારી ભાર્યા તથા તારૂ તો કોઇ દિવસ અનિષ્ટ કરેલું નથી તો પછી કયા કારણથી તે અમને મારવાનો ઉપાય કર્યો.'' ત્યારે મગર બોલ્યો ''હે મિત્ર! અમારી ભાર્યા અમૃત તુલ્ય જાંબુના ફળના રસાસ્વાદની સ્વાદિષ્ટ તારૂ કાળજ આરોગવા માંગે છે એ માટે અમોએ આમ કર્યુ છે.'' તેની વાત સાંભળી સમય પર જેને ઉપાય સુઝેલો છે તે વાનર મગર પ્રત્યે બોલ્યો- ''ભદ્ર! જો એ વાત છે તો તે અમોને પહેલા આ વાત કેમ ન કહી અમો તો અમારૂ કાળજ વૃક્ષના કોટરમાં સુરક્ષિત રાખીએ છીએ, માટે આપણે પુનઃ ત્યાં જઇએ અને કાળજ લઇ આવીએ ને તુ ભાભીને અર્પણ કરી દેજે. હૃદય રહિત અમને મારીને તુ શુ કરશે?'' તેની આ પ્રમાણેની વાત સાંભળી સાનંદ મગર બોલ્યો કે ''ભદ્રે! જો એવી વાત છે તો તારૂ હૃદય અમોને આપી દે જેથી અમારી દુષ્ટ પત્નિ તેને ખાઇ પોતાના અનશન વ્રતનો ત્યાગ કરે. માટે અમો તને પુનઃ તે જાંબુડાના વૃક્ષ નીચે મુકી આવીએ છીએ.''

તદન્દર તેઓ બન્ને તે સમુદ્રના તટ પર આવેલા જાંબુડાના વૃક્ષ પાસે આવ્યા એટલે વાનર એક છલાંગ મારીને વૃક્ષ પર ચઢી ગયો અને મનોમન વિચારવા લાગ્યો કે 'ચાલો પ્રાણ બચી ગયા' અને પછી તે મગર વાનર પ્રત્યે

બોલ્યો 'હે મિત્ર! તારૂ કાળજ લઇ આવ એટલે તે લઇ જઇ તારી ભાભીને અર્પણ કરી એના અનશનનો ત્યાગ કરાવું.'' ત્યારે હસતા હસતા ધમકાવતા વાનર મગર પ્રત્યે બોલ્યો ''મુર્ખ! વિશ્વાસ ઘાતિન! તને ધિક્કાર છે શુ કોઇના બે હ્રુદય (કાળજા) હોય ક? માટે શીઘ્ર અહીંથી જતો રહે અને પુનઃ ક્યારેય અહીં આવતો નહિ.'' આ વાત સાંભળી મગર તો ડઘાઇ ગયો અને વિચારવા લાગ્યો કે 'હ, મુર્ખ છ શા માટે અમે અમારો અભિપ્રાય આને કહ્યો? જો આ કોઇપણ પ્રકારે પાછો મારો વિશ્વાસ કરે એવું કાંઇક કરૂં એ પ્રમાણે વિચાર કરી તે બોલ્યો- 'મિત્ર! અમો તો ગમ્મત કરતા હતા, અને ગમ્મતમાં તારા હ્દયનો ભાવ જોતા હતા અર્થાત્ તુ મારો વિશ્વાસ કરે છે કે નથી કરતો એ જાણવા ઇચ્છતા હતા. અમારી ભાર્યાને તારા કાળજાની કાંઇ જરૂર નથી. માટે તુ અતિથિના રૂપમાં અમારા ઘરે ચાલ તારી ભાભી તારી રાહ જોતી હશે.''

તેની વાત સાંભળી વાનર બોલ્યો- ''અરે દુષ્ટ! અહીથી જતો રહે હવે હું તારી સાથે ક્યારેય નહિ આવુ અને તુ પણ ક્યારેય આ વૃક્ષ નીચે આવતો નહિ.''(પંચ લબ્ધપ્રમાણશ વાર્તા-૧) આ કથાનું તાત્પર્ય એટલુ જ છે કે કોઇપણ મનુષ્યે કોઇના પર વધુ વિશ્વાસ ન કરવો, ભલે તે પછી પોતાનો ગાઢ મિત્ર કેમ ન હોય કારણ કે વધુ વિશ્વાસ કરવાથી અનિષ્ટના ભોગ બનવું પડે છે જેમ અહીં વાનરે મગર પર અતિ વિશ્વાસ કર્યો તો તેણે અમુક કાળ માટે તો કષ્ટના ભાજી થવું જ પડયું. (શ્લોક-૯) હવે નીતિકાર સામાન્ય સદાચારની સાથે સ્ત્રીઓનો આધિન નહિ થવાનો ઉપદેશ આપે છે -

<u>શ્લો-૧૦</u> अनीषुर्गुप्तदारश्च
संविभागी प्रियंवदः ।
श्लक्ष्णो मधुरवाक्
स्त्रीणां न चासां वशगो भवेत् ॥

શ્લોકાર્થ :- મનુષ્યે કોઇની ઇર્ષ્યા કરવી નહિ, પોતાની સ્ત્રીની રક્ષા કરવી, જે મળે તે પોષ્યવર્ગને વહેંચી આપવું, પ્રિય બોલવું, સ્ત્રીઓની સાથે કોમળ રહેવું, મધુર બોલવું પણ તેઓને વશ થઇ જવું નહિ.

ટટી :- અહી નીતિકારે ધૃતરાષ્ટ્રના નોમિત્તથી મનુષ્યો ને ક્યાં દોષથી બચવું અને જીવનમાં ક્યા સદ્ગુણો અપનાવવા તેનો ઉપદેશ આપેલો છે. વેદ ભગવાન ''एतामेतस्येर्ष्यां मुद्राग्नि मिवशमय'' (અથર્વ-૭/૪૫/૨) આ વચનથી ઇર્ષ્યાના અગ્નિને શાંત કરવાનું કહે છે. ભગવાન સ્વામિનારાયણ પણ 'इर्ष्या तु न कार्या सर्वथा क्वचित्' (હ.સુ.સિં.ત. ૪/૩) આ વચનથી પરસ્પર ઇર્ષ્યાનો સર્વપ્રકારે ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે. કારણ કે ઇર્ષ્યાળુનું અંતઃકરણ મૃતપ્રાયઃ બની જાય છે એવું વેદ ભગવાન 'यथोत मम्रुषो मन एवेर्षोमृतः।' (અથર્વ-૭/૪૫/૩) આ વચનથી કહે છે.

સ્ત્રીઓની રક્ષા કરવી અ બધા વર્ણનો પરમ ધર્મ છે એવું મનુ મહારાજ 'इमं हि सर्ववर्णानां पश्यन्तो धर्ममुत्तमम्। पतन्ते रक्षितु भार्या भर्तारो, दुर्बला, अपि॥ (મનુ. ૯/૬) આ વચનથી કહે છે. મહર્ષિ યાજ્ઞવલ્કર્ય પણ 'रक्षेत्कन्यां पिता विन्नां पति:पुत्रास्तु वार्धके। સ્ત્રી કન્યા અવસ્થામાં હોય ત્યારે તેની રક્ષા પિતા કરે, યુવા અવસ્થામાં તેની રક્ષા પતિ કરે અને વૃધ્ધાવસ્થામાં તેની રક્ષા પુત્રએ કરવી' (યાજ્ઞ.સ્મૃ. ૧/૮૫) આ વચન દ્વારા યુવાવવસ્થાવાળી પત્નીની રક્ષા પતિને કરવાનું કહે છે.

ગૃહસ્થના અન્ન પર પ્રથમ અધિકાર દેવતાઓ, પિતૃઓ, ભિક્ષુકો અને અતિથિઓનો હોવાથી ગંગાપુત્ર ભીષ્મ ''देवमषीन् मनुष्यांश्च पितृन् गृह्याश्च देवता:। पूजयित्वात्ततः पश्चाद् गृहस्थो भोक्तुमर्हति॥ ગૃહસ્થીએ ભોજન કરતા પહેલા દેવતાઓ, ઋષિઓ, અતિથિઓ, પિતૃઓ અને ઘરના દેવતાઓનું પૂજન કરવું

જોઇએ'' (મહા. શાંતિ. ૩૬/૩૪-૩૫) પણ આ પ્રમાણે આ લોકોનું પૂજન કરીને જ ગૃહસ્થને અન્ન ગ્રહણ કરવાનું કહે છે અને ગીતાકાર તો ''तैर्दत्तान प्रदायैभ्यो दो भुङ्क्तेस्तेन एव सः।'' (ગીતા-૩/૧૨) આ વચન દ્વારા દેવતાઓ દ્વારા અપાયેલા ભાગોને જે દેવતાઓને નહિ આપી એકાકી ભોગવનાર ને ચોર કહે છે.

વેદ ભગવાન મનુષ્ય માત્ર ને ''जिह्वा ने मधुमत्तमा'' (તૈતિ. ૧/૪) મીઠી વાણી બોલવાનું કહે છે તથા ''मधुमन्मे निष्क्रमण मधुमन्मे परायणम्'' (અથર્વ. ૧/૩૪/૩) આ વચનથી આવતા જતા મધુરતા વરસાવવાની આજ્ઞા કરે છે.

મનુ મહારાજ કહે છે ''यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः। જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં બધા દેવતાઓ સદા આનંદ કરે છે.''(મનુ. ૩/૫૫) આમ નારી સાથ કોમળતા પૂર્વક વર્તાવ કરવાથી અને તેની સાથે મધુર ભાષામાં સંભાષણ કરવાથી દેવતાઓનો કૃપા પ્રસાદ પ્રાપ્ત થાય છે. પરંતુ ક્યારેય તેને વશ ન થવું કારણ તેના ચરિત્રને કોઇ જાણી શકતુ નથી કહ્યુ પણ છે ''पाता लतलवसिन्य उच्च प्राकारछादिताः। यदिनो चिकुरोद्भेदः स्त्रीयाः केनोपलभ्यते॥ હરકોઇ સ્ત્રી જાણે કે પાતાળના તળિયે વસવાટ કરતી હોય કે ઉંચા કિલ્લા વડે જાણે ઢંકાયેલી રહેતી હોય એવી જણાય છે. એજ કારણે વાળનું ઉગવું તે જેમ જાણી શકતા નતી તેમ સ્ત્રીનો આંતરિક ભાવ કોણ જાણી શકે? કોઇ નહિ. માટે તેને વશ ન થવું'' (ગરૂડ. ૧૧૪/૧૬) (શ્લોક-૧૦) હવે નીતિકાર સ્ત્રીનું વિશેષ પણે રક્ષણ કરવાનો ઉપદેશ આપે છે -

શ્લો-૧૧ पूजनीया महाभागाः

पुण्याश्च गृहदीप्तयः।

स्त्रियः श्रियो गहस्योक्ता

स्तस्माद्रक्ष्या विशेषतः॥

શ્લોકાર્થ :- પૂજવા યોગ્ય, મહાભાગ્યવાળી, પવિત્ર અને ઘરને અજવાળનારી સ્ત્રીઓ ઘરની લક્ષ્મી કહેવાય છે, માટે તેમનું વિશેષ પ્રકારે રક્ષણ કરવું જોઇએ.

ચટી :- સ્ત્રીઓથી જ ધર્માર્થ ત્રણ કાર્ય સિધ્ધ થાય છે એટલે માટે તેને 'त्रिवर्ग साधिका' કહેવાય છે. વિવાહ સંસ્કાર સમયમાં પણ પતિ પાસે પ્રતિજ્ઞા કરાય છે કે 'धर्म अर्थे कामे च अनया सह वर्तितव्यम्- ધર્માર્થ કામનું સેવન હું આની સાથે કરીશ.' યજ્ઞ યાગાદિ કોઇપણ કાર્ય સ્ત્રિ વગર થઇ જ શકતુ નથી એટલે માટે મનુમહારાજ ''पितृभिर्भ्रातृभिश्चैता: पतिभिर्देवरैस्तथा। पूज्याभूषयितव्याश्च बहुकल्याणमीप्सुभि:॥ અધિક કલ્યાણ ઇચ્છનાર પિતા, ભાઇ, પતિ તથા દિયરે સ્ત્રિઓનો આદાર કરવો અને તેને વસ્ત્રાદિ આભરણોથી વિભૂષિત કરે'' (મનુ. ૩/૫૫) આ વચનથી સ્ત્રીઓનું સન્માન કરવાનું કહે છે અને જ્યાં તેનો આદર થાય છે ત્યાંજ દેવતાઓનો વાસ હોય છે- ''यत्रनार्यस्तु पूजयन्ते रमन्ते तत्र देवता:।'' (મનુ. ૩/૫૬) અને જ્યાં તેનો અનાદર ઉપેક્ષા થાય છે ત્યાં બધાજ કામો નિષ્ફળ થાય છે કહ્યુ પણ છે ''जामयो यानि गेहानि शपन्त्यपति पूजिता:। तानि कृत्याहता नीव विनश्यन्ति समन्तत:॥ જ્યાં સ્ત્રીઓનો આદાર થતો નથી તે કુળને તે શાપ આપે છે. જેથી તે કુળ મારણથી મરાયેલાની જેમ ચારે બાજથી નષ્ટ થઇ જાય છે. (મનુ. ૩/૫૮) એટલે માટે મનુ મહારાજ ''तस्मादेता: सदा पूज्या भूषणाच्छादनाशनै:। भूतिकामैर्नरैर्नित्यं सत्कारेषूत्सवेषु च॥ સંપત્તિ ઇચ્છનારા મનુષ્યોએ ઉત્સવોમાં વસ્ત્રા ભૂષણ અને ભોજનથી સદા સ્ત્રિઓનો આદર કરવો'' (મનુ. ૩/૫૯) આ વચનથી સ્ત્રીઓનો આદર કરવાનું કહે છે. (શ્લોક-૧૧) હવે નીતિકાર કોની પાસે કયુ કાર્ય કરાવવું તેની વાત કરે છે -

શ્લો-૧૨ पितृरन्तःपुरं दद्यान्

मार्तुदद्यान्महानसम्।

गोषु चात्मसमं दद्यात्

स्वयमेव कृषिं व्रजेत्॥

भृत्यैर्वाणिज्यचारं च

पुत्रैः सेवते च द्विजान्॥

શ્લોકાર્થ :- પિતાને અંતઃપુરનું રક્ષણ સોંપવું, માતાને રસોઇનો ભાર સોંપવો, ગાય વગેરે પશુઓ પર પોતાની પેઠે કાળજી રાખનારો હોય એવાની નિમણું નિમણૂક કરવી અને કૃષિકાર્યને પોતે જ કરવું જોઇએ સેવકો પાસે વ્યાપાર કાર્ય કરાવવું અને પુત્રો દ્વારા બ્રાહ્મણોની સેવા કરાવવો.

ચટી :- જે કાર્યમાં જેની દક્ષતા, યોગ્યતા હોય તેને તેજ કાર્યમાં પેરેવો. જે વ્યક્તિ કોઇ કાર્યથી અપરિચિત હોય તેને તે કાર્યમાં નિયોજવાથી વિપરિત પરિણામ આવે છે. માટે વૈશમપાયન કહે છે ''धर्मकृत्येषु धर्मज्ञानर्थ कृत्येषु पण्डितान्। स्त्रीषु क्लीवान्निपुञ्जीत नीचान्नीचेषु कर्मषु॥ રાજાએ ધર્મના કામમાં ધર્મજ્ઞને મૂકવા, આર્થિક કાર્યોમાં અર્થના નિષ્ણાંતોને મૂકલા, સ્ત્રીઓની સુરક્ષા માટે નપુંસકોને રાખવા અને નિમ્ન કાર્યમાં નીચ મનુષ્યોને રાખવા'' (મહા. વન. અ ૧૬૦/૪૬) નારદજી પણકહે છે-''कच्चिद्विदित्वा पुरुषानुत्तमाधम मध्यन्। त्वं कर्मस्वनुरुपेषु नियोजयासि भारत॥ હે ભારત! ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ આ ત્રણ પ્રકારના પુરૂષોને ઓળખીને તેને તમો યોગ્ય કાર્યમાં જ પ્રેરો છો ને?'' (મહા.સભા.અ. ૫/૭૪) (શ્લોક-૧૨) હવે નીતિકાર જેમાંથી જે ઉત્પન્ન થયું હોય તે તેની સામે આવતા શાંત થઇ જાય છે તેનું વર્ણન કરે છે.

(૯૬) જેનું જે કારણ તે તેમાં લય પામે :-

શ્લો-૧૩ अद्‌भयोग्नि ब्रह्मल:

क्षत्रमश्मनोलाह्मुत्थितम्।

तेषां सर्वमगं तेज:

स्वासु योनिषु शाम्यति॥

શ્લોકાર્થ :- જળની અગ્નિ ઉત્પન્ન થયો છે, બ્રાહ્મણો થકી ક્ષત્રિયોની ઉત્પત્તિ થઇ છે. પાષાણથી લોઢાની ઉત્પત્તિ થઇ છે તેમનું તેજ સર્વ વ્યાપક છે. પરંતુ તે પોતાના ઉત્પત્તિ સ્થાનમાં શાંત થઇ જાય છે.

ટીકા :- સમસ્તિ સૃષ્ટિમાં જળની ઉત્પત્તિ તેજ થી થઇ છે પરંતુ વ્યસ્તિ સૃષ્ટિમાં તેજનું પ્રાગટ્ય જળ થકી થયું છે. કાર્યકારણ ના નિયમ પ્રમાણે કારણમાંથી જે કાર્ય ઉત્પન્ન થયું હોય તે કારણ કાર્યની સન્મુખ ઉપસ્થિત થતા તે તેને દબાવી દે છે પુરાણોનું અવલોકન કરતા એ વાત સ્પષ્ટ થાય છે કે ક્ષત્રિયોની ઉત્પત્તિનું કારણ બ્રાહ્મણ છે જ્યારે જ્યારે ક્ષત્રિય અને બ્રાહ્મણો સામ સામે ઉપસ્થિત થયા છે ત્યારે ક્ષત્રિય કરતા બ્રાહ્મણનું સામર્થ્ય અધિક જોવા મળેલું છે. જેનુ દૃષ્ટાંત કાર્તવીર્ય અર્જન અને પરશુરામ, વિશ્વામિત્ર અને વશિષ્ટ, તથા દુર્વાસા અને ઇન્દ્રના પસંગ માં જોવા મળે છે. (શ્લોક-૧૩) હવે નીતિકાર ઉત્તમકુળમાં ઉત્પન્ન થયેલા સજ્જન પુરૂષની તેજસ્વિતાનું વર્ણન કરે છે.

શ્લો-૧૪ नित्य सत: कुले जाता:

पापकोपम तेजस:।

क्षमावन्तो निराकारा:

काष्ठेऽग्निरिवशेरते॥

શ્લોકાર્થ :- ઉત્તમકુળમાં ઉત્પન્ન થયેલા સજ્જનો નિત્ય અગ્નિના જેવા તેજસ્વી હોય છે, છતાં તેઓ કાષ્ઠમાં ગુપ્ત રહેલા અગ્નિની પેઠે બહારથી શાંત તથા ગુપ્ત રહે છે.

ચટી :- નીતિકાર અહી ધૃતરાષ્ટ્રને ગૂઢાર્થમાં એવું કહે છે કે રાજન્! યુધિષ્ઠિર મહારાજનો જન્મ ઉત્તમ એવા ચંદ્રવંશમાં થયો છે. તેઓ સમ દમાદિ સાધમ સંપત્તિથી પૂર્ણકામ હોય અગ્નિ જેવા તેજસ્વી છે, સામર્થ્યવાન હોવા છતાં પણ ક્ષમાવાન છે. આવા સાધુ સમાન ગુપ્ત બ્રહ્મતેજ વાળા તેઓ કાષ્ઠમાં રહેવા અગ્નિ સમાન શાંત છે પરંતુ જેમ કાષ્ટનો અગ્નિ પ્રગટ થતા કાષ્ટને બાળીને ભસ્મ કરી દે છે તેમ તેઓ પણ પોતાનું સામર્થ્ય પ્રગટ કરે એ પૂર્વે જ તેઓનો દાય ભાગ તેઓને આપી દો. (શ્લોક-૧૪) હવે કયો રાજા દિર્ગકાળ પર્યન્ત પૃથ્વીનું રાજ કરી શકે છે તેનું બે શ્લોકથી વર્ણન કરે છે.

શ્લો-૧૫ यस्य मन्त्रं न जानन्ति

बाह्याश्चाभ्यन्तराश्च ये।

स राजा सव्रतश्चक्षु

श्चिरमैश्वर्यमश्नुते ॥

શ્લોકાર્થ :- જેના વિચારોને દૂર રહેવાવાળા અને સમિપ રહેવાલાળા શત્રુ તથા મિત્ર જાણી શકતા નથી તથા જે બધી બાજ દૃષ્ટિ રાખનારા છે તે જ રાજા ચિરકાળ પર્યન્ત રાજલક્ષ્મીનો ઉપભોગ કરી શકે છે.

ચટી :- રાજાએ મંત્રણા ગુપ્ત રાખવી તથા પોતાના ગુપ્તચોરી દ્વારા શત્રુ તથા મિત્રો પર પણ દ્રષ્ટિ રાખવી કારણ કે રાજા ગુપ્તચરો દ્વારા જ બધુ જવે છે. ગુપ્તચરો સક્ષમ હોય અને જેના ગુપ્ત વિચારો અન્ય કોઇના દ્વારા જણાતા નથી તે જ રાજા ચિરકાલ પર્યન્ત રાજલક્ષ્મીનો ઉપભોગ કરી શકે છે અન્યથા મંત્રણા

ગુપ્ત ન રહેતા રાજા કષ્ટનો ભાજી થાય છે કહ્યુ પણ છે ''अम्भ सा भिद्यते सेतुस्तथा मन्त्रोऽप्यरक्षितः। पैशुन्याद् भिद्यते स्नेहो भिद्यते स्नेहो भिद्यते वाग्भिरातुरः॥ પાણીના વેગથી બંધ કે પુલ તુટી જાય છે, ગુપ્ત સલાહ અર્થાત્ વિચાર જો બધા સન્મુખ પ્રગટ થઇ જાય તો યોજના સફળ થતી નથી, ચુગલખોરીથી સ્નેહ સમાપ્ત થઇ જાય છે અને વાતો કરવાથી રોગી વ્યક્તિ વ્યાકુળ થઇ જાય છે.'' (પંચ.મિ.ભે. ૧૦૭) ''षटकर्णो भिद्यते मन्त्रश्चतुष्कर्णः स्थिरो भवेत्। तस्मान् सर्वप्रयत्नेन षट्कर्णं वर्जयेत् सुधीः॥ છ કાનો દ્વારા ગુપ્ત મંત્રણા પ્રગટ થઇ જાય છે, અને ચાર કાનો દ્વારા સ્થિર રહે છે. એટલે માટે વિદ્વાને એવો ઉદ્યોગ કરવો જેથી મંત્રણા છ કાનો સુધી ન પહોંચે.'' (પંચ.મિ.ભે. ૧૦૮) ''आयुर्वितं गृहच्छिद्रं मन्त्रमौषधसमागमाः। दानमानापमानाश्च सदागोप्यामनीषिनिः॥ વિચાર શીલ વ્યક્તિઓએ પોતાની આયુ, ધન, ઘરની ત્રૃટિ, ગુપ્ત મંત્રણા, દવાઓનું મિશ્રણ, દાન, માન અને અપમાનની વાત કોઇની પાસે પ્રગટ ન કરવી.'' (શ્લોક-૧૫)

<u>શ્લો-૧૬</u> किरिष्यन्न प्रभाषेत

कृतान्येव तु दर्शयेत्।

धर्मकामार्थ कार्याणि

तथा मन्त्रो न भिद्यते॥

<u>શ્લોકાર્થ :-</u> ભવિષ્યમાં કરવા યોગ્ય કાર્યોને પ્રકટ ન કરે અને કર્યા પછી જ જાહેર કરે તથા ધર્મ, અર્થ અને કામ સમ્બન્ધિ કાર્યોને અને મન્ત્રને પ્રગટ ન કરવો

<u>ચટી :-</u> ભવિષ્યમાં કરવા યોગ્ય ધર્મ, અર્થ અને કાન સમ્બન્ધિ કોઇપણ કાર્યો જે તેની સન્મુખ પ્રગટ કરવાથી તેની ગોપનીયતા જળવાતી નથી કદાચ આ ત્રિવર્ગ સમ્બન્ધિ કાર્ય શત્રુને વિદિત થઇ જતાં તે કાર્યમાં વિઘ્ન ઉત્પન્ન કરી

શકે છે, માટે તેની ગુપ્તતા રાખવી (શ્લોક-૧૬) હવે નીતિકાર મંત્રણા કયા સ્થાનમાં જઇ કરી તેનું વર્ણન કરે છે.

(૯૭) ગુપ્ત વિચાર કરવાના સ્થાનો :-

શ્લો-૧૭ गिरिपृष्ठ मुपारुह्य

प्रासादं वा रहोगत: ।

अरण्ये नि:शकाले वा

तत्र मन्त्रो विधीयते ॥

શ્લોકાર્થ :- પર્વતના શિખર પર બેસી, મહેલામાં અથવા એકાન્ત સ્થાનમાં જઇ તથા ઘાસ રહિત સ્થાનમાં જઇ મંત્રણા (વિચાર) કરવો જોઇએ.

ટીકા :- મંત્રના ભેદનથી રાજા તથા પ્રજા પર અનેક પ્રકારના કષ્ટ આવી શકે છે, પ્રજામાં તે માત્સ્યન્યાય (મોટો મત્સ્ય નાના મત્સ્યનું ભક્ષણ કરી જાય તે માત્સ્ય ન્યાય) આવી શકે છે. અતઃ મન્ત્ર વિચાર માટે તથા તેની ગોપનિયતાને અર્થે વિદુરજીએ મંત્રણા કયા સ્થળ પર કરવી તે બતાવેલ છે, વિષ્ણુ શર્મા કહે છે ''यच्च वेदेशु शास्त्रेषु न दृष्टं न च संश्रुतम्। तत्सर्ववेत्ति लोकोऽयं यत्स्याद् ब्रह्मोण्ऽमध्यगम् ॥ જે વાત શાસ્ત્રોમાં પણ જોવાઇ નથી તથા સંભાળાય નથી તે બધી વાતોને લોકો જાણે છે. એ વાત પછી બ્રહ્માંડના ખુણામાં પણ કેમ ન કહેવાય- માટે એકાંતમાં મંત્રણા કરવી.'' (પંચ. કા. -૧૯૫)) ભગવાનશ્રી હરિ પણ કહે છે- ''प्रसादे गिरिपृष्ठे वा नि: शलाके वने रह:। मन्त्रं कुर्यान्महीपाल: समड्रीतिरहाविदा ॥ પ્રાસાદ (હવેલી, મહેલ) પર્વતનો પુષ્ટ બાગ, નિ:શલાક (ચક્ષુની ગતિને રોકનાર), તૃણાદિક ના આવરણને રહિત એવું વન ઇત્યાદિ નિર્જન સ્થાનો જાણવા આવા સ્થાનોમાં રાજાનીતિ શાસ્ત્રના રહસ્યને જાણનારા જનની

સાથે મંત્રણાને રૂડી રીતે કરે.'' (સ.જી. ૫/૨૫/૯) (શ્લોક-૧૬) હવે નીતિકાર કેવાને મંત્રી ન કરવા તેની વાત કરે છે-

(૯૮) મંત્રીની પરીક્ષા :-

શ્લો-૧૮ नासुहृ परमं मन्त्रं

भार तार्ह ति वेदेतुम्।

अपण्डितो वापि सुहृत्

पण्डितो वाप्यनात्मवान्॥

नापरीक्ष्य महीपाल:

कुर्यात्सचिवमात्मन: ॥

શ્લોકાર્થ :- હે ભરત કુલોત્પન્ન ધૃતરાષ્ટ્ર! જે મિત્ર નથી તે મંત્રને જાણવાનો અધિકારી નથી હોતો. તેજ પ્રમાણે જે મિત્ર છે છતાં અપંડિત હોય અને પંડિત હોય છતાં બહુ બોલકણો હોય, તેને પણ ગુપ્ત વિચાર જણાવવા નહિ એટલે માટે રાજાએ પરીક્ષા કર્યા વિના કોઇને પણ મંત્રી કરવો નહિ.

ચટી :- નીતિકારે કહેલા ઉપરોક્ત લક્ષણો જેમાં હોય તેવા મનુષ્યને મંત્રી પદમાં નિયોજનવાથી તે અવશ્ય રાષ્ટ્રનું અહિત કરે છે માટે રાજાએ યથાર્થપણે પરીક્ષા કરીને જે મંક્ષીને બનાવવા જોઇએ કહ્યુ પણ છે ''रुपवर्ण स्वरोपेतस्तितिक्षुरनसूयक:। कुलीन: स्मृतिमान् धीमान्नीतिज्ञश्चानृशंस्यवान्॥ मानितोऽमानितोवापि न च दूष्येत्कदाचन। शूरो विद्वान् हितैषो य: कार्यो मन्त्री स भूभुजा॥ જે વર્ણથી અને કુળથી ઉત્તમ હોય તથા રૂપથી પણ ઉત્તમ હોય, સ્નિગ્ધ ગંભીર સ્વરવાળો હોય, સહન શીલ હોય અસૂયાએ રહિત હોય, અતિસ્મરણ શીલ હોય, પ્રતિભાએ સંપન્ન હોય, રાજામાન આપે કે અપમાન કરે પણ સુદા પ્રસન્નચિત્ત હોય, પ્રકૃતિથી સૂર હોય, સકળ શાસ્રના વિજ્ઞાનને પામેલો હોય, નિરંતર

રાજાનું હિત કરવામાં પ્રવર્તેલો હોય, આ પ્રમાણેના સ્વભાવ વાળો જે હોય તેજ રાજાએ મંત્રી પદમાં યોજવા યોગ્ય છે અર્થાત્ આનાથી વિપરીત સ્વભાવનાને મંત્રી ન બનાવવો.'' (સ.જી. ૫/૨૫/૧-૨) કારણ કે વિપરીત સ્વભાવના વ્યક્તિને મંત્રી પદમાં યોજવાથી રાજા સહિત રાષ્ટ્રનું પતન થાય છે. આ સન્દર્ભમાં કંસના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે.

વાત એવી હતી કે- યોગમાયાએ કંસને તેના મૃત્યુ સંબંધી વાત કરતા કહ્યું કે 'તને મારનારો તો અન્ય સ્થાન પર પ્રગટ થઇ ચૂકેલો છે.' તે વાત સાંભળતા કંસે પોતાના મંત્રીઓને મંત્રણા કરવા પોતા પાસે બોલાવ્યા અને તેઓને યોગમાયાએ જે પણ કહ્યું તે બધુ કહી સંભળ્યાવ્યુ. કંસના મંત્રીઓ પૂરાનીતિ નિપૂણ ન હતા દૈત્ય હોવાને લીધે તેઓ સ્વભાવથો જ દેવતાઓની સાથે શત્રુતાનો ભાવ રાખતા હતા. પોતાના સ્વામીની વાત સાંભળી તેઓ પ્રથમતો દેવતાઓ પર ઘણા ક્રોધિત થયા અને પછી કંસ પ્રત્યે બોલ્યા ''ભોજરાજ! જો એવી વાત છે તો અમે આજે જ મોટા મોટા નગરોમાં, નાના ગામોમાં આહીરોની વસ્તીઓમાં અને બીજા સ્થાનોમાં જેટલા બાળકો જનમ્યા હોય તે ચાહે દશ દિવસની ઉપરના હોય કે ઓછા બધાને આજેજ મારી નાખશુ આ ઉપરાંત અમો દેવતાઓની જડ વિષ્ણુ છે અને તે ત્યાં રહે છે જ્યા સનાતન ધર્મ છે અને સનાતન ધર્મની જડ છે. વેદ, ગાય, બ્રાહ્મણ, તપસ્યા અને યજ્ઞ જેમાં દક્ષિણા આપવામાં આવે છે, તેથી ભોજરાજ અમો વેદવાદી બ્રાહ્મણો, તપસ્વીઓ, યાજ્ઞિકો અને યજ્ઞને માટે ઘી વગેરે હવિષ્ય પદાર્થોને આપવાવાળી ગાયોનો સંપૂર્ણ નાશ કરી નાખશુ. બ્રાહ્મણો, ગાયો, વેદો, તપસ્યા, સત્ય, ઇન્દ્રિયદમન, મનોનિગ્રહ, શ્રધ્ધા, દયા. તિતિક્ષા અને યજ્ઞ વિગેરે વિષ્ણુના અંગ છે, તે વિષ્ણુ જ બધા દેવતાઓના સ્વામી તથા અસુરોનો મુખ્ય શત્રુ છે, પરંતુ તે ક્યાંક ગુફામાં

છપાઇને રહે છે. મહાદેવ, બ્રહ્મા અને બધા દેવતાઓનું મૂળ એજ છે તેને મારી નાખવાની ઉપાય એજ છે કે ઋષિઓને મારી નાખવા.''

આ પ્રમાણે કહી કંસના મંત્રીઓ મૌન થઇ ગયા. એકતો કંસની બુધ્ધિ સ્વયં બગડેલી હતી અને તેમા પણ તેને મંત્રીઓ એવા મળેલા કે જે તેનાથી પણ દુષ્ટ પ્રકૃતિના હતા તેઓની સાથે વિચાર વિમર્શ કરી કંસે તેના કહ્યા પ્રમાણે જ કર્યુ અને તેના દુષ્ટ કૃત્યોને લઇ અંતે જતા તેણે પણ શ્રીકૃષ્ણના હાથે કાળના મુખમાં જવું પડયુ. (ભાગ-૧૦/૪) માટે જ વિષ્ણુશર્મા કહે છે ''न दीर्घदर्शिनो यस्य मन्त्रिणः स्युर्महीपतेः। क्रमायाताध्रुवं तस्य न चिरात्स्यात्परिक्षयः॥ જે રાજાના મંત્રી વંશ પરંપરાગત હિતૈષી અને દુરદર્શી નથી હોતા તે રાજાનો શીઘ્ર જ નાથ થાય છે.'' (પંચ.કાકો. ૨૧૯) ''मन्त्रिरुपा हि रिपवः समभाव्यास्तेविचक्षणैः। ये सन्तं नयमृत्सृज्य सेवन्ते प्रतिलोमतः॥ જે મંત્રી ઉત્તમ નીતિના માર્ગનો ત્યાગ કરી વિપરીત નીતિથી કામ લે છે એને મંત્રીરૂપ ધારી શત્રુ જ સમઝવા જોઇએ.'' (પંચ કાકો. ૨૨૦) માટે યોગ્ય વ્યક્તિને જ મંત્ર કરવા.

અહીં ગૂઢાર્થમાં નીતિકાર ધૃતરાષ્ટ ને કહે છે કે- ''રાજન્! તમારા પુત્ર રાજા દુર્યોધનના મંત્રીઓમાં શકુનિ જગારી, કર્ણ અહંકારી અને દુઃશાસન અધર્મિ હોય તેઓ બધા જ તમારા પુત્રને ખોટી સલાહ આપી પાંડવો વિરુધ્ધ ભડકાવે છે જેને લઇ ભવિષ્યમાં તેઓનું પતન થશે.'' (શ્લોક-૧૮) હવે નીતિકાર મંત્રણાની ગોપનિયતા વિશે કહે છે -

શ્લો-૧૯ अमात्ये ह्यर्थ लिप्सा

स मन्त्र रक्षणमेव च।

कृतानि सर्वकार्याणि

यस्य पारिषदा विदु :॥

શ્લો-૨૦ धर्मे चार्थे च कामे च

स राजाराज सत्तमः ।

गूढमन्त्रस्य नृपतेस्

तस्य सिद्धिर संशयम् ॥

શ્લોકાર્થ :- અર્થ પ્રાપ્તિ અને મંત્ર રક્ષણ એ બંને મંત્રીને અધીન હોય છે જે રાજાના ધર્મ, અર્થ અને કામ સંબંધી સર્વ કાર્યો સિધ્ધ થયા પછી જ સભાસદોના જાણવામાં આવે છે, તે રાજા રાજાઓમાં શ્રેષ્ઠ છે, એવા ગુપ્ત મંત્રણાવાળા રાજાના બધા કાર્યો અવશ્ય સિધ્ધ થાય છે.

ચટી :- જે પ્રમાણે જળના વેગથી સેતુ ટૂટી જાય છે તે જ પ્રમાણે અરક્ષિત મન્ત્ર પણ ભેદને પાપ્ત થઇ શકે છે. માટે મંત્રણા પ્રયત્ન કરીને પણ ગુપ્ત રાખવી. જેથી રાજાના બધા કાર્યો સિધ્ધ થઇ શકશે. કહ્યુ પણ છે- ''षट्कर्णो भिद्यते मन्त्र श्चतुष्कर्णः स्थिरो भवेत्। तस्मात् सर्वप्रयत्नेन षट्कर्म वर्जयेत् सुधीः॥ છ કાનો (ત્રણ મનુષ્ય) દ્વારા ગુપ્ત મંત્રણા પ્રગટ થઇ જાય છે અને ચાર કાનો (બે મનુષ્ટ) દ્વારા સ્થિર રહે છે એટલે માટે વિદ્વાને એવો ઉદ્યોગ કરવો જેથી પટ્કર્ણને જ્ઞાત ન થાય.'' (પંચ. મિત્રભે. ૧૦૮) ''गुणालयोऽप्यसन्मन्त्री नृपर्तिनाधिगम्यते। प्रसन्न स्वादुसलिलो दुष्टग्राह्यो यथा ह्रदः॥ સમસ્ત ગુણોનો સમુદ્ર રાજા પણ જો અસાધ, મન્ત્રિઓ (દુષ્ટમંત્રીઓ) થી સવિત હોય તો તે મગરથી પરિપૂર્ણ સ્વચ્છ અને સુસ્વાદુ જળવાલા જળાશયની જેમ અસેવનીય છે.'' (પંચ. મિત્ર ૪૧૫) ''एकं विषरसो हन्ति शास्त्रेणैकश्च वध्यते। सराष्ट्रं हन्ति, राजानं मन्त्र विप्लवः॥ કોઇને તો વિષ અથવા સર્પ મારે છે અને કોઇ હથિયાર દ્વારા મરાઇ છે પરંતુ યોજનાઓનો ભેદ ખુસતા રાષ્ટ્ર અને પ્રજાસહિત રાજા જ કાળના મુખમાં જતો રહે છે.'' (મહા.ઉધો . ૩૬/૪૫) ''मनसा चिन्तितं कार्यं वचसा न प्रकाशयेत्। मन्त्रेण रक्षयेद् गूढं

कार्ये चापि नियोजयेत्॥ જે યોજનાઓને મનમાં વિચારી હોય, તેને વાણી દ્વારા બીજાને નહિ બતાવવી જોઇએ, તેને રહસ્ય રૂપે ગુપ્ત રાખવી અને તે યોજનાને કાર્યાન્વિત કરવી તો જ યોજના સફળ થશે.'' (ચાણક્યનીતિ-૨/૭) હવે નીતિકાર નિંદનીય કાર્ય કરનારા વિષે કહે છે-

શ્લો-૨૧ अप्रशस्तानि कार्याणि

यो मोहादनु तिष्ठति।

स तेषां विपरि भ्रंशाद्

भ्रंश्यते जीविता दपि॥

શ્લોકાર્થ :- જે પુરૂષ નિન્દિત કાર્યોને મોહવશ કરે છે, તે તે કર્મોથી દૂષિત થવાથી જીવનથી નષ્ઠ થઇ જા છે.

ચટી :- નિન્દિત તથા શાસ્ત્ર વિરુધ્ધ કર્મોમાં પૃથુ રાજાના પિતા વેન દૃષ્ટાંત રૂપ રૂપ છે કે જે સન્ગમાર્ગનો ત્યાગ કરી વિપરીત માર્ગમાં આરૂઢ થતા તેણે સપ્તર્ષિઓના કોપના ભાજી થવું પડયુ માટે માનવે હંમેશા સન્માર્ગ પર જ સ્થિત રહેવું. અહીં નીતિકાર સંકેતમાં ધૃતરાષ્ટ્રને કહે છે- રાજન્! તમારા પુત્રો પણ અસન્માર્ગ પર આરૂઢ હોવાથી ભવિષ્યમાં તેઓનું પણ પતન થશે માટે હજ પણ સમય છે તેઓને તે માર્ગ પર જતા રોકો. (શ્લો-૨૧) હવે નીતિકાર કેવા કર્મો કરવાથી મનુષ્ય સુખની પ્રાપ્તિ થાય તે કહે છે-

(૯૯) સુખ દુઃખના કારણ :-

શ્લો-૨૨ कर्मणां तु प्रशस्तानाम्

अनुष्ठानं सुखावहम्।

तेषामेवाननुष्ठा नं

पश्चात्ताप करं मतम्॥

શ્લોકાર્થ :- પ્રશંસા પાત્ર કાર્ય કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે અને તેનાથી પરાંગ મુખ રહેવાથી પશ્ચાતાપ થાય છે એવું વિદ્વાનોનું માનવું છે.

ચ.ટી. :- ઉત્તમ કર્મો કરવાથી માનવ આ લોકો પરલોકમાં સુખનો ભાજી થાય છે અને તેનાથી પરાંગ મુખ થતા આ લોક પરલોકમાં મહદ્ કષ્ટના ભાજી થવુ પડે છે માટે જ મનુ મહારાજ કહે છે ''तेषु सम्यग्वर्तमानो गच्छत्यमरलोकताम्। यथा सङ्कल्पितांश्चेह सर्वान् कामान्समश्नुते॥ નૈતિક અને શાસ્ત્રોક્ત કર્મોમાં સમ્યક રીતે લાગેલો મનુષ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે અને આ સંસારમાં બધી વાંચ્છિત કામનાઓને ભોગવે છે એટલે શાસ્ત્ર વિરૂધ્ધ કર્મોમાં રત ઉભય ભ્રષ્ટ થાય છે.'' (મનુ.૨/૫) (શ્લો-૨૨) હવે નીતિકાર કોણ મંત્રણા સાંભળવાને યોગ્ય નથી તે વિશે કહે છે-

શ્લો-૨૩ अनधीत्य यथा वेदान्

न विप्र: श्राद्धमर्हति।

एवम श्रुत षाड्गुण्यो

न मन्त्रं श्रोतमर्हति॥

શ્લોકાર્થ :- જેમ વેદને ભણ્યા વિના બ્રાહ્મણ શ્રધ્ધાનો પાત્ર નથી હોતો તેમ જ રાજનીતિના સંધિ, વિગ્રાહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સુમાશ્રય આ છ અંગોની સમજ વિનાનો પુરૂષ મંત્રણા સાંભળવાનો અધિકારી ગણતો નથી.

ચ.ટી. :- શ્રાધ્ધનો અર્થ શ્રધ્ધાથી પિતરોને અર્થે અપાયેલી વસ્તુઓથી લેવાયો છે. પરંતુ પ્રાચિન કાળમાં આનો સમ્બન્ધ શ્રધ્ધાયુક્ત કર્મો સાથે લેવાયો છે તથા સન્માનઅર્થે મધુપર્ક આપવાનું વિધાન છે મધુપર્કના અધિકારી છ જણા છે- સ્નાતક, આચાર્ય (પુરોહિત), રાજા, જમાત્રા, શ્રેષ્ઠજન અને મિત્ર તેમ રાજ્યના પણ સન્ધિ, વિગ્રહ, યાન, આસન દ્વૈધીભાવ અને સમાશ્રય આ છ અંગો છે આ

અંગોને યથાર્થપણે જાણનારો મનુષ્ય જ મંત્રણા જાણવાનો, સાંભળવાનો અધિકારી છે. કારણ કે તે મંત્રણા સાંભળી રાજાને કાર્યાકાર્યનો યથાર્થ ઉપદેશ આપી શકશે. (શ્લો-૨૩) હવે નીતિકાર પૃથ્વિ કોને સ્વાધિન થાય તેનો ઉપદેશ આપે છે -

(૧૦૦) પૃથ્વી કોને વરે છે?

શ્લો-૨૪ स्थान वृद्धिक्षय यज्ञस्य

षाड् गुण्य विदितात्मनः ।

अनवज्ञातशीलस्य

स्वाक्षना पृथिवी नृपः ॥

શ્લોકાર્થ :- જે રાજા સ્થાન (સ્થિતિ), વૃધ્ધિ તથા ક્ષયને જાણનારો, સંધિ આદી છ ગુણના જ્ઞાન વડે પોતાના સ્વરૂપને ઓળખનારો અને સત્કાર પાત્ર શીલવાળો રાજા સમસ્ત પૃથ્વિને સ્વાધીન કરે છે.

ચ.ટી. :- નીતિકારની આ વાતનું સમર્થન કરતા વિષ્ણુશર્મા પણ કહે છે. ''सुवर्णपुष्पितां पृथ्वीं विचिन्यन्ति नरास्त्रयः। शूरश्च कृतविद्यश्च यश्च जानाति सेवितुम्॥ પરાક્રમી, વિદ્વાન અને સેવાવૃત્તિને જાણનારા આ ત્રણ પ્રકારના લોકો સુવર્ણરૂપી ફલફૂલ વાળી અર્થાત્ સુવર્ણથી પરિપૂર્ણ પૃથ્વીને ખોળી અને પ્રાપ્ત કરી લે છે.'' (પંચ. મિ. ભે.૪૬) ''गुणेषुरागो व्यसनेष्वनादरो रतिः सभृत्येषु च यस्य भूपतेः। चिरंस भुङ्क्ते चल चामरां शुकां सितातपत्राभरणां नृपश्रियम्॥ જે રાજાની શૂરતા આદિ ગુણોમાં પ્રીતિ, ધૂત આદિ વ્યસનોમાં અપ્રીતિ અને યોગ્ય સેવકોમાં સ્નેહ હોય છે તે રાજા ચિરકાળ પર્યન્ત ચંચળ, ચામર રૂપી વસ્ત્ર વાળી તથા છત્ર રૂપી ભૂષણ થી સુશોભિત રાજલક્ષ્મીને ભોગવે છે.'' (પંચ. કાકો. શ્લો. ૨૫૫) માટે રાજાએ રાજ્યના અંગો ઉપાયો તથા પોતાના વાસ્તવિક સ્વરૂપને યથાર્થપણે જાણવ, જેથી

તે ધરાતલનો યથાર્થ પણે ઉપભોગ કરી શકે. અહીં નીતિકાર ગૂઢાર્થમાં ધૃતરાષ્ટ્ર ને કહે છે રાજન્! યુધિષ્ઠિરમાં ઉપરોક્ત બધા લક્ષણો જોવા મળે છે અટલે તેઓએ ભૂતકાળ માં પણ સમસ્ત પૃથ્વિને આધિન કરેલી અને ભવિષ્યમાં પણ તેઓ સમસ્ત ધરાતલને પોતાને આધિનિ કરશે જ્યારે તમારા પુત્ર ઉક્ત બધા ગુણોથી રહિત હોવાથી તેઓ ધરાતલનો ઉપયોગ ક્યારેય પણ નહિ કરી શકશે. અને થયુ પણ તેમજ મહાભારતના યુધ્ધમાં ધૃતરાષ્ટ્રના બધા પુત્રો ધર્મનિષ્ઠ યુધિષ્ઠિર મહારાજના ક્રોધના ભાજી થયા અને કાળના મુખમાં જતા રહ્યા અને યુધિષ્ઠિર મહારાજ ધરાતલના એક છત્રિ શાસક થયા (શ્લો-૨૪) હવે નીતિકાર કેવા રાજાને વસુંધરા નિરંતર ધન આપે છે તે કહે છે -

શ્લો-૨૫ अमोघक्रोध हर्षस्य

स्वयं कृत्यान्ववेक्षिण: ।

आत्म प्रत्यपकोशस्य

वसुदव वसुन्धरा ॥

શ્લોકાર્થ :- જે રાજાનો ક્રોધ તથા હર્ષ વ્યર્થ જતો નથી પણ સફળ થાય છે, જે પોતે કામ કરીને તેની વારંવાર દેખરેખ રાખે છે અને જે પોતે જ ભંડારની સંભાળ લે છે, તેને આ વસુંધરા ધન આપ્યા જ કરે છે.

ચ.ટી. :- નીતિકારની આ વાતનું સમર્થન કરતા મહાકવિ ભારવી કહે છે ''अवन्ध्यकोपस्य विहरन्तु रापदो भवन्ति वश्या: स्वयमेवदेहिन: ॥ જે વ્યક્તિનો ક્રોધ વ્યર્થ જતો નથી એવા વ્યક્તિની આપત્તિઓ સ્વયં વશમાં થઇ જાય છે.'' (કીરાત અર્જન-૧/૩૩) ''उद्योग: साहसं धैर्य्यं बुद्धि: शक्ति: पराक्रम: । षड्विधेयस्य उत्साहस्तस्य देवोऽपिशङ्कते ॥ ઉદ્યમ, સાહસ, ધીરજ, બુધ્ધિ, શક્તિ તથા પરાક્રમ આ છ પ્રકારના ગુણો માટે જે રાજાને ઉત્સાહ રહ્યા કરે છે, તેનાથી કોઇ દેવને

પણ શંકા ઉપજે છે કે કદાચ આ રાજા અમને- દેવોને પણ વશ કરશે કે શુ?''(ગરૂડ-પુ. ૧૧૧/૩૨) આમ શ્રીમન્ નારાયણે પણ આ વાતનું સમર્થન કરેલુ છે (શ્લો-૨૫) હવે નીતિકાર રાજાએ ઐશ્વર્યનો ઉપભોગ વહેચીને કરવાનું કહે છે-

શ્લો-૨૬ नाममात्रेण तुष्येत

छत्रेण च महीपतिः।

भृत्येभ्यो विसृजेदर्थान्

नैकः सर्वहरो भवेत्॥

શ્લોકાર્થ :- રાજા રાજ પદથી તથા રાજ ચિહ્ન થી જ સંતુષ્ટ રહે તથા સેવકોને ધનને વહેંચી ઐશ્વર્યનો ભોગ કરે પણ એકાકી સર્વસ્વનો ભોગ ન કરે અન્યથા તેના સેવકો જ તેનો વિરોધ કરી તેનો વિનાશ કરી શકે છે.

ચ.ટી. :- પોષ્ય વર્ગનું પોષણ કરીને જ રાજાએ ઐશ્વર્યનો ઉપભોગ કરવો અન્યથા એકાકી ઐશ્વર્યનો ઉભોગ કરનારા રાજાને તેના સેવકો ત્યાગ કરીને જતા રહેશે કહ્યુ પણ છે ''अपि सम्मानं संयुक्ताः कुलीना भक्तितत्पराः। वृत्ति भङ्गान्महीपालं त्यजन्त्येव हि सेवकाः। સન્માન યુક્ત, કુલીન અને ભાવિતમાં તત્પર સેવક પણ વૃત્તિ ભંગ (વેતન ન મળવાને કારણે) રાજાનો ત્યાગ કરી જતા રહે છે.'' (પંચ.મિ.ભે. ૧૬૪) ''फलहीनं नृप भृत्याः कुलीनमपि चोन्नतम्। सन्त्यज्यान्यत्र न्यत्रगच्छन्ति शुष्कं वृक्षमिवाण्डना॥ ઉચ્ચ કુલોત્પન્ન તથા ઉન્નત રાજા ને પણ ફલહીન સમઝી તેમના અનુચરો તેને એવા પ્રકારે છોડી બીજા સ્થાને જતા રહે છે જે પ્રમાણે સૂકકા, સારા અને ઉન્નત વૃક્ષને ફળ હિન સમઝીને પક્ષીઓ છોડી ચાલ્યા જાય છે.'' (પંચ. મિ.ભે. ૧૬૩) સ્કંદ પુરાણમાં ''माता पिता गुरुःपत्नी चापत्यानि समाश्रिताः। अभ्यागतः प्रपन्नोऽग्निः पोष्यवर्गा अभी नव॥ માતા, પિતા,

ગુરૂ, પત્ની પોતાના સંતાન પોતાના આશરે જીવન નિર્વાહ કરનાર, અતિથિ, શરણાગત અને નિત્ય હોમ માટેનો અગ્નિ આ નવપોષ્ય વર્ગ છે.'' (સ્ક. કા.ખં. ૪૦૦/૬૩) આ વચનથી આ નવને પોષ્ય વર્ગ કહ્યા છે અને આ પોષ્ય વર્ગના ભરણ પોષણના અભાવમાં પ્રત્યવાયનો સમાનો કરવો પડે છે જેમ ''स जीवति पुनान्योऽत्र वहुभिश्चोपजीव्यते। जीवन्मृतोऽय विज्ञेयः पुरुषः स्वोदरम्भरः॥ જે પુરૂષને આધારે બીજા ઘણાનો જીવન નિવાર્હ ચાલતો હોય તો તે આધાર રૂપ પુરૂષ જ વાસ્તવમાં જીવે છે. પણ જે કેવળ પોતાના એકનું જ પાલન પોષણ કરે છે તે માનવ જીવિત હોવા છતાં મૃત જેવો જ છે એમ સમઝવું'' (સ્કં. કા.ખં. ૪૦/૬૮) ''एकः सम्पन्नश्नाति वस्ते वासश्च शोभनम्। असंविभज्यः भृत्येभ्यः को नृशंसस्ततः परः॥ જે પોતાના પોષ્યવર્ગને યોગ્ય રીતે આપ્યા સિવાય સ્વય એકાકી જ સુસ્વાદુ ભોજન કરે છે અને સારાસારા કપડા ધારણ કરે છે તો તેનાથી બીજો ક્રુર કોણ હોઇ શકે?'' (મહા.ઉ.૩૩/૪૧) માટે એકાકી ક્યારેય પણ સર્વસ્વનો ઉપયોગ ન કરવો બધાને વહેંચીને જ વધેલ વસ્તુનો ઉપભોગ કરવો. (શ્લો-૨૬) હવે નીતિકાર કોણ કોની પરીક્ષા કરે છે તે વાતને કહે છે-

(૧૦૧) કોણ કોની પરીક્ષા કરી શકે? :

શ્લો-૨૭ ब्राह्मणं ब्राह्मणो वेद
भर्तावेद स्त्रियं तथा।
आमात्यं नृपति र्वेद
राजा राजानमेव च॥

શ્લોકાર્થ :- બ્રાહ્મણને બ્રાહ્મણ જ જાણે છે, પતીને પત્ની જાણે છે, રાજા મંત્રીને જાણે છે અને રાજાને રાજા જ જાણે.

ચ.ટી. :- અહીં નીતિકારનો કહેવાનો અભિપ્રાય એવો છે કે જેનો જેની સાથે સાક્ષાત્ સમ્બન્ધ હોય છે તે જ તેને જાણે છે પણ અન્ય નહિ. (શ્લો-૨૭)હવે નિતિકાર શત્રુની ઉપેક્ષા કરવાની મનાય કરે છે-

શ્લો-૨૮ न शत्रुर्वशमापन्नो मोक्ताव्यो वध्यतां गत:।

न्यग्भूत्वा पर्युपासीत वध्यं हन्याद्बले सति।

अहताद्धि भयं तस्माज्जायते न चिरादिव॥

શ્લોકાર્થ :- વધ કરવા યોગ્ય શત્રુ વશમાં આવ્યો હોય તો તેને જતો કરવો નહિ. શક્તિ ન હોય તો નીચાવાળીને તેની સેવા કરવી, પણ સમય આવતાતેનો સમૂલ નાશ કરવો, કારણ કે તેવો શત્રુ જીવિત જાય તો થોડા જ સમયમાં તેનાથી ભય ઉત્પન્ન થાય છે.

ચ.ટી. :- ''ऋणशेषंचाग्नि शेषं शत्रुशेषं तथैव च। व्याधि शेषं च नि:शेष कृत्वा प्राज्ञो न सीदति॥'' આમા કહ્યા પ્રનાણે ઋણ, અગ્નિ, શત્રુ, અને રોગના બચેલા અંશને પણ નષ્ટ કરી દેવો તેની ઉપેક્ષા કરવામાં આવતા કષ્ટના ભાજી થવું પડે છે. આ સન્દર્ભમાં પૃથ્વિરાજ ચૌહાણ દ્રષ્ટાંત રૂપ છે કે જેણે મહમ્મદ ઘોરીની તેર વખત ઉપેક્ષા કરી હતી પરંતુ ચૌદમી વખત તેણે પૃથ્વીરાજને પરાજિત કરી દીધો જેના પરિણામે પવિત્ર ભારત ભૂમિ પર યવનોનું આધિપત્ય થઇ ગયુ. માટે ગંગાપુત્ર ભિષ્મ કહે છે ''अञ्जलिं शपथं सान्त्वं प्रणम्यशिरसावदेत्। अश्रु प्रमार्जनं चैव कर्तव्यं भूर्तिमिच्छता।. बहेदमित्रं स्कन्धेन यावत्कालस्य पर्यय:। प्राप्तकालं तु विज्ञाय भिन्द्याद् घटमिवाश्मनि॥ ઐશ્વર્ય ઇચ્છનારા રાજાએ અવસર જોઇને શત્રુની સામે હાથ જોડવા, સોગંધખાવા, આશ્વાસન આપવું અને ચરણમાં શીશ ઝુકાવી વાતચીત કરવી એટલું જ નહિ તેને ધિરજ આપી આંસુ પોછવા. જ્યાં સુધિ સમય પોતાને અનુકૂળ ન થઇ જાય ત્યાં સુધિ શત્રુને ખભા પર ઉઠાવવવો પડે તો તે પણ કરવું.

પરંતુ જ્યારે સમય અનુકૂળ આવે એટલે તેને એવી રીતે નષ્ટ કરવો કે જેમ ઘટને પથ્થર પર પછાડી ફોડી નંખાય છે.'' (મહા.શાન્તિ/૧૪૦) વિષ્ણુ શર્મા પણ કહે છે- ''य उपेक्षेत शत्रुं स्वं प्रसरन्तं षदृच्छया। रोगं चाऽलस्य संयुक्तः सनैस्तेन हन्यते॥ જે મનુષ્ય આળસમાં પડો સ્વચ્છન્દતાથી વધતા શત્રુ અને રોગની ઉપેક્ષા કરે છે તે ક્રમશઃ તે જ શત્રુ અને રોગથી મરાય છે.''(પંચ. કાકો. શ્લો-૨ માટે શત્રુ અને રોગની ઉપેક્ષા ક્યારેય પણ ન કરવી અન્યતા તે ઉપેક્ષા કરનારનું અનિષ્ટ કરે છે.) ''नवनीत समां वाणीं कृत्वा चित्तं तु निर्दयम्। तथा प्रबोध्यते शत्रुः सान्वयो मियत्रे यथा। વાળીને નવનીતની જેમ કોમળ અને ચિત્તને નિષ્ઠુર કરી શત્રુને એ પ્રકારે સમઝાવે કે જેનાથી તે કુળ સહિત વિનાશને પ્રાપ્ત થઇ જાય.'' (પંચ.મિ.ભે. ૪૪૦) ''शत्रु मुन्मूलयेत प्राज्ञस्तीक्ष्णं तीक्ष्णेन शत्रुणा। व्यथापारं सुखार्थाय कष्टकेनेव कण्टकम्॥ બુધ્ધિમાન વ્યક્તિ એ પોતાના ઉગ્ર કષ્ટ દાયક શત્રુને તેના ઉગ્ર શત્રુ દ્વારા પોતાના સુખ અર્થે એ પ્રકારે નષ્ટ કરાવવો કે જેમ કાંટાથી કાંટો કઢાય'' (પંચ. લબ્ધ. શ્લો-૧૬) (શ્લો-૨૮) હવે નીતિકાર ક્રોધ કોના પર રોકવો તે કહે છે-

શ્લો-૨૯	देवतेषु प्रयत्नेन

राजसु ब्राह्मणेषु च।

नियन्तव्य:सदा क्रोधो

वध्ध्र बालातुरेषु च॥

શ્લોકાર્થ :- રાજાએ દેવતાઓ, બ્રાહ્મણો, રાજાઓ, વૃધ્ધો, બાળકો અને રોગીઓ પર ક્રોધ ને પ્રયત્ન પૂર્વકરોકવો અર્થાત્ આ બધા પર ક્રોધ ન કરવો.

ચ.ટી. :- દેવતાઓ, બ્રાહણો અને રાજા તો ભગવદ્ સ્વરૂપ હોવાથી તેઓ કોઇ અપરાધમાં આવે તો તેઓ મહાદંડને યોગ્ય નથી વૃધ્ધો અને બાળકો અલ્પજ્ઞ

હોય કાર્યકાર્યના વિવેકથી શૂન્ય હોવાથી તેઓ દંડનીય નથી તથા રોગી રૂગ્ણાવસ્થામાં અત્યંત કષ્ટ પામતો હોવાથી તે પણ દંડનીય નથી ભગવાન શ્રીહરિ કહે છે ''वधार्हानपिनोहन्याद् धार्मिको नृपतिर्द्विजान्। विष्णवादिदेव भक्त्यङ्कननाथां स्त्यागिनस्तथा॥ महापापादिके दोषे राजद्रेषादि कृत। किञ्चिच्चिह्नं विधायैतान्स्वदेशान्तेविसर्जयेत्॥ आततायिनमायान्तमपि विप्रादिकंरणे। निगृह्य स्थापयेद्राजा धार्मिको न तु घातयेत्॥ રાજા વધ યોગ્ય અપરાધ કર્યો હોય તો પણ વિપ્રને વધ દંડ તો કરે જ નહિ તથા જેઓ વિષ્ણુમાં અને વૈષ્ણવોમાં ભક્તિ નિષ્ઠાવાળો હોય, તથા જેઓ અનાથ હોય, જેઓ ગૃહનો ત્યાગ કરી વૈરાગ્ય નિષ્ઠ ત્યાગી હોય તેઓ સર્વે વધ દંડને યોગ્ય નથી. યદ્યપી એમને તેવા અપરાધનો પ્રસંગ નથી, અથાપિ પ્રામાદિક પ્રસંગમાં જાણવો ત્યાં તેઓને દંડ શો કરવો? તેઓ સર્વદા દંડના અપાત્ર છે? તો એમ નહિ, કેમ કે તેઓ પણ અપરાધી તો છે તો તેઓ અલ્પ અપરાધમાં દંડવા યોગ્ય નથી. જો તેઓ મહાઅપરાધ-મહાપાપાદિ કરે તો તે પાપને સૂચવનારા ચિહ્નોથી મુખાદિકમાં ચિહ્નિત કરી તે મને પોતાના દેશ થકી પાર કરવા (સ.જી. ૫/૨૭/૨૧-૨૪) જો બ્રાહ્મણ આદિને દંડ કરવામાં આવે તો રાજા તેજોહિન થઇ જાય કે કહ્યુ પણ છે કે ''अदण्या ब्राह्मणराज्ञा यतोराजा तदुद् भव:। अन्यथा साम्पतिक्षात्रं तेजस्तेष्वप्सु बह्निवत्॥ બ્રાહ્મણો તો રાજાએ ન જ દંડવા કેમ કે રાજા બ્રાહ્મણો થકી સમુદ્ ભવ્યા છે. બ્રાહ્મ તેજને સમુવજીવિને ક્ષાત્રતેજ પ્રવૃધ્ધિ પામે છે. તો અગ્નિનું જળ જ જેમ એમ ક્ષત્રિયની પ્રકૃતિ (નિદાન) બ્રાહ્મણ છે. જો ઉલ્લંઘન કરીને બ્રાહ્મણને દંડે તો રાજા પોતે જ વીર્ય રહીત થઇને પ્રણાશ પામી જાય છે. જળમાં પ્રવેશતો અગ્નિ જ જેમે એમ બ્રાહ્મણ માં પ્રવેશતુ ક્ષાત્ર તેજ પ્રશમી જાય છે.'' (સ.જી. ૫/૨૭/૩૦) (શ્લો-૨૯) હવે નીતિકાર પ્રયોજન વગર કરાતા વિવાદનો ત્યાગ કરવાનું કહે છે-

(૧૦૨) સુખસાધન :-

શ્લો-૩૦ निरर्थं कलहं प्राज्ञो

वर्जयेन्मूढसेवितम् ।

कीर्तिं च लभते लोके

न चानर्थेन युज्यते ॥

શ્લોકાર્થ :- વગર પ્રયોજને કરાતા વિવાદને બુધ્ધિમાને ત્યાગ કરવો કારણ કે એવા ત્યાગથી લોકમાં કીર્તિ પ્રાપ્ત થાય છે અને કોઇ અનર્થ થતો નથી.

ચ.ટી. :- પ્રયોજન વગર કરાયેલા વિવાદથી માનવને અનર્થની પ્રાપ્તિ થાય છે અને તેના પરિણામે માનવે જીવન ભર પશ્ચાતાપ કરવો પડે છે. આ સંદર્ભમાં મહારાણા પ્રતાપના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે રાજપૂતોમાં વિજયા દશમીના દિવસે શિકાર ખેલવાની પ્રથા ચાલતી આવતી રાણાપ્રતાપ અને તેઓના નાનાભાઇ શક્તિસિંહ આ દિવસે આખેટ અર્થે વનમાં વિચરતા હતા તે સમયે તેઓ બંનેની દૃષ્ટિ એક મૃગ પર પડી અને તેઓએ એક સાથે તેના પર બાણ છોડયુ અને મૃગ બાણ વાગતા ધરાશાયી થઇ ગયુ. બંને ભાઇઓ મૃગ પાસે આવી પરસ્પર દાવો કરવા લાગ્યા કે, 'આ મૃગ મારા બાણથી મરાયુ છે.' અને આ વાત એટલી હદે પહોંચી ગઇ કે બંને જણાએ મ્યાનમાંથી તલવાર ખેંચી અને કેવલ એક મૃગ અર્થે બંનેમાં યુધ્ધ છેડાઇ ગયુ. તે સમયેરાજપુરોહિત પણ તેઓ સાથે હતા. તેઓએ મધ્યમાં પડી તેઓ બંનેને સમજાવતા બોલ્યા ''રાજકુમારો! હાલના સમયમાં દેશ અસમયમાં સંકતમા છે, વિધર્મીઓના પ્રતિદિન આક્રમણ થતા રહે છે, આવા સમયમાં આ તે કેવી મુર્ખતા છે કે મેવાડની આશાના બે આધાર પરસ્પર વિવાદ કરી ઉધ્ધત થઇ રહ્યા છે.'' રાજપુરોહિત પ્રતાપને સમઝાવતા બોલ્યા કે ''પ્રતાપ! શક્તિ સિંહતો બાળક છે,

તેઓને બાળક સમઝી તમો તેને વિજયીમાની લો'' તે પછી તેઓ શક્તિ સિંહને સમઝાવતા બોલ્યા કે ''શક્તિ સિંહ તમો તમારા મોટાભાઇનું સન્માન કરો.'' તેઓ બંનેને સોગંધ પણ આપ્યા પરંતુ ક્રોધાવેશમાં સજ્જન પુરૂષ પણ વિવેક શૂન્ય થઇ જાય છે બંને ભાઇઓમાંથી કોઇ નમતુ જોખવા તયાર નથી. અંતે કોઇ ઉપાય ન રહેતા પુરોહિતજી ખુલ્લી તલવાર લઇને પરસ્પર આઘાત કરવા ઉદ્યત બંને ભાઇઓની મધ્યે ઉભા રહી બોલ્યા કે ''જો રક્તપાન વગર તમારો ક્રોધ રૂપી પિશાચ શાંત થવા તૈયાર નથી. તો તે આ બ્રાહ્મણનું રક્તપાન કરે. અમોએ મેવાડનું અન્ન ગ્રહણ કરેલુ છે, મેવાડની માટીથી આ શરીર નિર્માણ થયુ છે તો અમો એક મૃગના નિમિત્તે આમ મેવાડના વંશને નષ્ટ થતા નહિ જોઇ શકિયે'' આમ કહી પુરોહિતે કટાર કાઢી પોતાના વક્ષઃ સ્થળમાં મારી દીધી. બંને ભાઇઓ મધ્યમાં પુરોહીતનું શરીર શાંત થઇ ગયુ. બંને ભાઇઓના મસ્તક લજ્જાથી ઝુકી ગયું. (સતકથા અંક/પ્રસંગ-૩૦૫) આમ અહીં વિવાદનું કોઇ પ્રયોજન હતુ છતા એક મૃગને અર્થે પ્રતાપ અને શક્તિસિંહ વિવાદ કરતા હતા. જો મહારાણા પ્રતાપ પોતાની મહાનતા બતાવી શક્તિસિંહ પાસે નમી ગયા હતે અને શક્તિસિંહ પણ પોતાની જીદ છોડી પોતાના જયેષ્ઠ ભ્રાતાનો આદર કરતે તો તેઓ બન્નેમાં શિરે એક નિર્દોષ બ્રાહ્મણની હત્યાનું કલંક ન લાગતે કારણ કે આ બન્ને ના સંઘર્ષમાં જ બ્રાહ્મણના પ્રાણ ગયા. જે ઘટનાથી મહારાણા પ્રતાપ જીવનભર પસ્તાયા હતા. માટે ભર્તુહરિ કહે છે. ''अकरुणत्वमकारणविग्रहः परधने परयोषिति च स्पृहा। सुजन बन्धुजनेष्वसहिष्णुता प्रकृतिसिद्धिमिदं हि दूरात्मनाम्॥ दुर्जनः परिहर्तव्यो विद्यया भूषितोऽपिसम्। मणिनालं कृतःसपः किमसौ न भयङ्करः॥ નિર્દયતા , અકારણ કલહ, પરધન પરસ્ત્રીની લાલસા, સ્વજનો પ્રતિ અસહનશીલતા આદિ વ્યવહાર એ દુષ્ટોના સ્વાભાવિક લક્ષણ છે. આવા દુષ્ટો કેટલાએ વિદ્વાન અને ગુણી કેમ

ન હોય મણિધર સર્વની જેમ દૂર રાખવા અર્થાત્ આવા સ્વભાવવાળાનો ત્યાગ કરવો'' (નીતિશતક. શ્લો- ૫૨-૫૩)વિષ્ણુ શર્મા પણ કહે છે. ''कुत्रिमं नाशमभ्येति वैरं द्राक्कृत्रिमैगुणै:। प्राणदानं विनावैरं सहजं याति न क्षयम्॥ કૃત્રિમ વેર શીઘ્ર જ ઉપરાકરાદિ અન્ય સાધનોથી નષ્ટ થઇ જાય છે, પરંતુ સ્વાભાવિક વેર પ્રાણદાન આપ્યા વિના નષ્ટ થતુ નથી. (પંચ. મિ. સ. શ્લો-૩૨) માટે પ્રયોજન વગર વાદ વિવાદ નો ત્યાગ કરવો.) માટે જ વેદ ભગવાન ''ना ना द्विक्षत्त कश्चन'' (अथर्व- ૧૨/૧/૧૮) આ વચનથી માનવને કોઇની સાથે શત્રુતા ન થાય એમ પ્રાર્થના કરવાનું કહે છે. (શ્લો-૩૦) હવે નીતિકાર કેવા રાજાને પ્રજા ત્યાગ કરે છે તે કહે છે -

શ્લો-૩૧ प्रसादो निष्कलो यस्य :

क्रोधाश्चापि निरर्थक:।

न तं भर्तारमिच्छन्ति

षण्ढं पतिमिव स्त्रिय:॥

શ્લોકાર્થ :- જેની પ્રસન્નતા અને ક્રોધ નિરર્થક છે, તે સ્વામીને પ્રજાજન સ્નેહ કરતા નથી, જેમ સ્ત્રીઓ નપુંસક પુરૂષને સ્નેહ કરતી નથી.

ચ.ટી. :- વિષ્ણુ શર્મા કહે છે ''स्तोकेनोन्न तिमायाति स्तोकेनायात्यधोगतिम्। अहोसुसमदृशी चेष्टा तलाषष्टे: खलस्य च॥ જે પ્રકારે તોલવાના કાંટાની ડાંડી થોડામાં ઉપર ચાલી જાય છે અને થોમાં નીચે ચાલી આવે છે તેજ પ્રમાણે દુષ્ટની ચેષ્ટા પણ એવી જ છે જે થોડામાં ઉપર થઇ જાય છે અને થોડામાં નીચે આવી જાય છે. અર્થાત્ જેને કુપિત થતા તથા પ્રસન્ન થતા ઘણી વાર લાગતી નથી'' (પંચ. નિ. ભે. ૧૬૧) શ્રીમન્નારાયણ તો ''कारणेन विनाभृत्ये यस्तु कुप्यति भूपति:॥ स गृहणाति विषोन्मादं कृष्णसर्प विसर्जितम्॥ જે રાજા પોતાના નોકર ચાકર અથવા

સેવકો ઉપર કારણ વગર કોપે છે, એ કાળા સર્પના દંશ વિના પણ વિષથી ઉત્પન્ન થતા 'ઉન્મદ' નામના ગાંડાપણાના રોગનો જ સ્વિકાર કરી રહ્યો છે.'' (ગરૂડ. અ. ૧૧૧/૨૭) આ વચનથી આ પ્રકારના મનુષ્યને ઉત્મત્ત (ગાંડો) કહે છે તથા ''हुंकार भ्रकुटी नैव सदा कुर्वीत पार्थिवः। विना दोषेण यो भृत्यान्राजाऽ धर्मेण शास्ति च॥ દરેક રાજાએ પોતાના નોકરો તરફ તેઓના દોષ કે અપરાધ વિના હાકોટા ન કરવા. તેમજ તેઓ તરફ ક્રોધ કરી ભ્રમરો પણ ન ચઢાવવી કેમ કે જે રાજા તેઓ તરફ જો એવું વર્તન કરે તો અધર્મથી જ તે પોતાનુ શાસન ચલાવે છે એમ જાણવું'' (ગરૂડ.અ.૧૧૧/શ્લો-૩૦) આ વચનથી આવાઓને અધર્મ પૂર્વક શાસન ચલાવનારા કહે છે. માટે રાજાએ કારણ વગર પ્રસન્ન પણ ન થવું અને કારણ વગર ક્રોધ પણ ન કરવો. (શ્લો-૩૧) હવે નીતિકાર પ્રયોજન વગર કરાતા વિવાદનો ત્યાગ કરવાનું કહે છે-

<u>**શ્લો-૩૨**</u> न बुद्धिर्धनलाभाय

न जाड्यमसमृद्धये।

लोकपर्याप वृत्तान्तं

प्राज्ञो जानाति नेतरः॥

<u>**શ્લોકાર્થ :-**</u> બુધ્ધિ કાંઇ ધનનો લાભ કરાવતી નથી અને મૂર્ખતા કંઇ ધનની હાનિ કરાવતી નથી, પણ બુધ્ધિમાન આલોક તથા પરલોકના વૃતાંતને (અર્થાત્ તે કર્મફળને આધિન છે એ વાતને) જાણે છે અને મૂર્ખ તે જાણતો નથી.

<u>**ચ.ટી. :-**</u> નીતિકારનો કહેવાનો અભિપ્રાય એવો છે કે સુખ અને દુઃખથી બુધ્ધિમાન અને મુર્ખની ઓળખાણ થતી નથી કારણ કે સુખ અને દુઃખ પૂર્વકૃત કર્મોને કારણે જ આવતુ હોય છે. આ વાતને બુધ્ધિમાન મનુષ્ય જ જાણે છે પણ મુર્ખ નહિ, આ બાબત એક દૃષ્ટાંતથી અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી

હતી કે - પૂર્વ કાળમા ગૌતમી નામની એક બ્રાહ્મણી હતી. તેને એક પુત્ર હતો, જે તેને ખૂબ પ્રિય હતો એક દિવસની વાત હતી તેના એકના એક પુત્રને સર્પે દંશ દીધો. સર્પ ઝેરી હોય તેના દ્વારા દંશ મારવાથી તત્કાળ જ બાળનું મૃત્યુ થયું. તે સમયે તે બ્રાહ્મણીના ઘરની સમિપમાં રહેતા અર્જુનામના શિકારીએ સર્પે બાળકને દંશ દેતા જોયો એટલે આ શિકારીએ યુક્તિ પૂર્વક સર્પને પકડી લીધો અને પછી ગૌતમી પાસે આવી તે તેના પ્રત્યે બોલ્યો ''મહાભાગે! આ એજ નીચ સર્પ છે. જેણે તારા પુત્રને દંશ દીધો છે અમો હમણા જ તેને યમલોકના અતિથિ બનાવીએ છીએ.''

તેની વાત સાંભળી ગૌતમી બોલી ''હે અર્જનક! તુ આ સર્પને છોડી દે, આ તો નાદાન છે, એમાં આ બિચારાનો કોઇ દોષ નથી. જે થવાનું છે તેને કોઇ રોકી શકવાનું? તો પછી આ સર્પને મારીને તુ તારા પર પાપનો બોજ શા માટે લાડવા માંગે છે? સંસારમાં ધર્માચરણ કરીને જે પોતાને સામાન્ય રાખે છે, તેતો પાણી ઉપર ચાલવાવાળી નૌકાની જેમ ભવસાગર થી પાર થઇ જાય છે. પરંતુ જે પોતાને પાપના બોઝથી બોઝિત બનાવી લે છે, તેતો જળમાં ફેંકેલા હથિયારની જેમ નરક સમુદ્રમાં ડૂબી જાય છે અને આ સર્પ તારા દ્વારા મરાતા મારો પુત્ર જીવિત થઇ જવાનો નથી. અતઃ તુ એને માર નહિ પણ છોડી દે. હે અર્જનક! ધર્માત્મા પુરૂષ સદા ધર્મમા જ લાગેલા રહે છે, અમારો બાળક તો મરવાનો જ હતો, એટલે મૃત્યુ પામ્યો પણ હવે તારા થકી આ સર્પને મારવાથી શો લાભ?''

ગૌતમીની વાત સાંભળી વ્યાધ બોલ્યો- ''દેવી! આ સર્પ ઘણો ભયંકર છે, આણે અગણિત લોકોને દંશ દીધેલો હશે, અને અગણિત લોકોને મોતને ઘાત ઉતારેલા હશે. એટલે આને મોટને ઘાત ઉતારવો જ ઉચિત છે.'' આ પ્રમાણે કહેવા છતા પણ ગૌતમીએ વ્યાધની વાત સ્વિકારી નહિ.

તદન્તર પેલો સર્પ જે વ્યાધના સકંજામાં ફસાયેલો હોય ઘણા કષ્ટથી શ્વાસ લઇ રહ્યો હતો તે ઘણો દુ:ખી થયો થકો મનુષ્ય વાણીમાં બોલ્યો ''અરે નાદાન વ્યાધ! આમા મારો શો દોષ છે? કારણકે અમો તો પરાધીન છોએ. મૃત્યુ દેવે વિવશ કરીને અમોને આ કાર્યમાં પ્રેરીત કરેલો. તેઓની જ પ્રેરણાથી અમોએ આ બળકને ડંસેલો પરંતુ ક્રોધે કરીને કે કોઇ કામે કરીને નહિ, જો આમા કોઇ અપરાધ થયો હોય તો તે અપરાધ મારો નથી પણ મને પ્રેરણા કરનારા મૃત્યુ નો છે, વ્યાધ! જેમ માટીનું વાસણ બનાવવા માટે દંડ, ચક્ર આદિ બધા કારણો પરાધિન હોય છે- તેજ પ્રમાણે હું પણ મૃત્યુને આધિન છ એટલે મારા પર દોષનો આરોપ કરવો તે યોગ્ય નથી.''

તેની વાત સાંભળી વ્યાધ બોલ્યો ''હે સર્પ! ભલે તુ અપરાધિ નથી, તો પણ આ બાળકનું મૃત્યુ તો તારા જ કરડવાથી થયુ ને'' ત્યારે સર્પ બોલ્યો- ''વ્યાધ! પ્રયોજનથી પ્રયોજક (પ્રેરક) વધારે અપરાધી હોય છે. યદ્યપી બંને જણા કોઇ કાર્યમાં હેતુ હોય છે, પરંતુ પ્રેરણા આપનારો જ અપરાધી હોય છે, મૃત્યુની પ્રેરણાથી જ અને આ કાર્ય કર્યુ છે એમાં અમારો કોઇ અપરાધ નથી.'' તે સમયે મૃત્યુ દેવતા આ સંવાદ સાંભળતા હતા તેઓ ત્યાંજ ઉપસ્થિત હતા તેઓ તેઓ બંને પ્રત્યે બોલ્યા ''અરે સર્પ! હું સ્વયં તને પ્રેરણા આપનારો નથી, હું પણ કાળને આધિન છ. કાળની આજ્ઞાથી જ અમે તને બાળકને દંશવા માટે પ્રેરણા કરી હતી અતઃ બાળકના મૃત્યુમાં ન તો તુ કારણ છે અને ન તો હું કારણ છ, કાળ જ બધાનો સંહારક છે તો આ પરિસ્થિતિમાં તુ શા માટે મારા પર દોષારોપણ કરે છે.?''

તેઓની આ વાત સાંભળી વ્યાધ તેઓ પ્રત્યે બોલ્યો 'તો આ બાળકના મૃત્યુમાં તમો બંને- સાંપ અને મૃત્યુ જ કારણ છો અતઃ તમો 'વ્યાધ! અમો બન્ને

પણ કાળને આધિન હોવાને કારણે વિવશ છીએ. અમો તો કેવલ તેઓના આદેશનું પાલન કરીએ છીએ અતઃ અમારા પર દોષારોપણ કરવું યોગ્ય નથી.'

તેઓના આ સંવાદને કાળ દેવતા પણ સાંભળી રહ્યા હતા. યોગ્ય સમય જાણી તેઓ પણ ત્યાં ઉપસ્થિત થયા અને વ્યાધને લક્ષ્ય કરી તેઓ બોલ્યા ''વ્યાધ! આ બાળકના મૃત્યુ માં ન તો અમો, ન તો આ મૃત્યુ અને ન તો આ સર્પ કારણ છે. અમો બધા કોઇના મૃત્યુના પ્રયોજક પણ નથી. વ્યાધ! આ બાળકે જે કર્મ કરેલું હતુ તે જ તેના મૃત્યુ માં પ્રેરક છે, બીજ કોઇપણ આના મૃત્યુમાં કારણ નથી. જીવ પોતાના કર્મથી જ મૃત્યુને પ્રાપ્ત થાય છે. ''अकसेद् यदयं कर्म तन्नोऽर्जुनक चोदकम्। विनाश हेतुर्नान्योऽस्यबध्यतेऽयं सर्व कर्मणा॥ સંસારમાં કર્મ જ મનુષ્યનું પુત્ર અને પૌત્રની જેમ અનુગમન કરનાર છે કર્મ તેજ સુખદુઃખ ના સંબંધનુ સૂચક છે આ જગતમાં કર્મ જ જેમ એક બીજાને પ્રેરિત કરે છે તેમ અમો પણ કર્મોથી પ્રેરીત થયા છીએ.' 'कर्मदा यादवांल्लोक: कर्मसम्बन्ध लक्षण:। कर्माणि चोदयन्तीह यथान्योन्यं तथा वचम्॥'' જેમ કભાર માટીથી જે જે વાસણો બનાવવા ઇચ્છે છે તેજ બનાવે છે તેજ પ્રમાણે મનુષ્ય પોતાના કરેલા કર્મ પ્રમાણે જ બધુ પ્રાપ્ત કરે છે.' જેમ તડકો અને છાયદો એક બીજા સાથે નિરંતર મળતા રહે છે, તેજ પ્રમાણે કર્મનો અને કર્તાનો પણ પોતાના કર્મ અનુસાર એકબીજા સથે સમ્બન્ધ થાય છે. આ પ્રમાણ વિચાર કરતા ન હું ન મૃત્યુ ન સર્પ ન તો તુ (વ્યાધ) કે ન આ વૃધ્ધ બ્રાહ્મણી આ બાળકના મૃત્યુમાં કારણ બનેલા છે.

તદન્દતર ગૌતમીએ પણ વ્યાધને કહ્યુ કે ''પોતના કર્મથી પ્રેરિત થઇ કાળ દ્વારા જ મારો બાળક મૃત્યુને પ્રાપ્ત થયો છે, અતઃ તું આ સર્પને છોડી દે'' તે પછી વ્યાધે સર્પને છોડી દીધો તે પછી સર્પ, વ્યાધ, મૃત્યુ અને કાળ પોત પોતાના સ્થાનકે જતા રહ્યા. આ બધુ સમઝી ગૌતમી બ્રાહ્મણીએ પોતાના શોકનો ત્યાગ

કર્યો (મહા. બા. અનુ.) માટે જ કહ્યું છે કે ''येन येन यद्वत्पुरा कर्मसुनिश्चितम्। तत्त देवान्तरा भुङ् क्ते स्वयमाहितमात्मनः॥ જે જે મનુષ્ય ને પૂર્વ જન્મમાં જે પ્રકારે જેવું કર્મ સારી રીતે નક્કી કરી રાખ્યુ હોય છે, તે તેજ સંચિત કર્મને હરકોઇ મનુષ્ય પોતે ઉપાર્જન કરેલું જ વચ્ચે વચ્ચે ભોગવ્યા કરે છે. (અર્થાત્ 'अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम्-' એમ અન્ય સ્થળે જે કહેલું છે, તે જ અહીં પૂર્વ જન્મકૃત કર્મ ભોગવવું પડે છે એ સૂચવ્યું છે- ગરૂડ-૧૧૭/૧૭) ''न चान्तरिक्षे न समुद्रमध्ये न पर्वतानां विवधेप्रदेशे। न मातृमर्ध्नि प्रधृतस्तथाङ्क्त्यक्तु क्षत्रः कर्मकृतं नरोहि॥ હરકોઇ મનુષ્ય કે જીવાત્મા અંતરિક્ષમાં ગયો હોય અથવા પર્વતોના વિવિધ પ્રદેશમાં ભલે ભટક્યાકરે, તેમજ માતાના મસ્તક પર કે માતાના ખોળામાં ભલે રહ્યો હોય તોય ગમે ત્યાં પોતે કરેલા કર્મ ત્યજી દેવા સમર્થ થઇ શકતો નથી. (અર્થાત્ હરકોઇ સ્થળે પોતે કરેલનું કર્મ ભોગવ્યા જ કરે છે, કરેલા કર્મને ભોગવવું જ પડે છે ગરૂડ-૧૧૭/૨૦) ''पराधीता च या विद्या पुरा दत्तञ्च यद्धनम्। पुरा कृतानि कर्माणि अग्ने धावन्ति धावतः॥ જે વિદ્યા પૂર્વજન્મમાં ભણાયેલી હોય છે, જે જન્મમાં ધનરૂપે જ ધન આપ્યું હોય છે અને જે કર્મો પૂર્વજન્માં કરેલા હોય, તે જ હરકોઇ મનુષ્ય જ્યાં જ્યાં દોડી જાય ત્યાં આગળનાં આગળ દોડયા જ આવે છે.'' (ગરૂડ ૧૧૩/૨૪) ''न पिण्ड कर्मणा पुत्रः पिता वा पुत्रकर्मणा। कर्म जन्यशरींरेषुरोगां सारीर मानसाः। હરકોઇ પુત્ર પિંડકર્મ કે-શાસ્ત્ર વિધિ અનુસાર ભલે પિતૃક્રિયા કરે તેથી પિતા પોતાના કર્મફળ થી કદી છૂટતા જ નથી, અથવા પુત્રે કરેલા તે પિતૃક્રિયા કે તર્પણાદિ કર્મથી પિતા પોતાના કર્મથો છૂટતો નથી એકંદરે હરકોઇ શરીરે કર્મજન્ય છે અને તે કર્મો ભોગવવા જ પડે છે'' (ગરૂડ ૧૧૩/૨૭) ''शीलं कुलं नैव न चैव विद्याज्ञानं गुणानैव न बीज शुद्धिः। भाग्यानि पूर्वं तपसःजितानि काले फलन्ति

पुरूषस्य यथैव वृक्षा: ॥ જેમ યોગ્ય સમયે વૃક્ષો ફળોને ઉત્પન્ન કરે છે, તે જ પ્રમાણે હરકોઇ પુરૂષ કે મનુષ્યના પૂર્વ જન્મ માં તપ દ્વારા ઉપાર્જિત કરેલા કે મેળવેલા ભાગ્યો અથવા કર્મો તે તે કર્મો જ યોગ્ય સમયે તે તે પોતાના ફળોને અર્પણ કરવા નિત્ય તત્પર જ રહે છે પરંતુ તે તે કર્મફળની પ્રાપ્તિમાં કોઇપણ મનુષ્યનું શીલ કે સદ્ વર્તન કે સદાચાર અથવા કુળ, વિદ્યા, જ્ઞાન્ુ ગણો અથવા બીજ શુધ્ધિ એટલે ઉત્તમ પુરૂષના ઉત્તમ વીર્યને શુધ્ધિ કારણ ભૂત છે જ નહિ અર્થાત્ હરકોઇ ફળની પ્રાપ્તિમાં સર્વ પ્રાણીનાં પૂવંજન્મમાં કરેલા કર્મો જ કારણ હોય છે.'' (ગરૂડ ૧૧૩/૫૧) '' तथा कर्मकृतं चैव कत्तारं प्रतिपद्यते। देवत्वमथमानुष्यं पशुत्वं पक्षि तथा॥ तिर्यक्त्वं स्थावरत्वं वायाति जन्तु: स्वकर्मभि:स एव तुतथा भुङक्ते नित्यं विहितमात्मन:॥ आत्मना विहि तंदु:खमात्मना विहितं सुखम्॥ गर्भशय्यामुपादाय भुञ्जेत पूर्वं देहिकम्॥ पूर्वं पूर्वं देहकृतं कर्मनकश्चित्पुरुषोत्तम:। वलेन प्रज्ञयावापि समर्थ:कतमन्यथा। स्वकृतान्येव भुञ्जन्तिदु:खानिचसुखानि च। हेतुत: कारणैर्वापिसोऽहङ्कारेण वाध्यते॥ કરેલું કર્મ તેના તેના કર્તાને પોતાનું ફળ આપવા પ્રાપ્ત થાય છે તેથી તે કર્મ અનુસાર જીવાત્મા દેવપણુ, મનુષ્યપુણુ, પશુપણુ, પક્ષીપણુ, તિર્યક પણુ કે સ્થાવરપણુ પામે છે એટલે એ જીવાત્માએ પોતે કરેલા કર્મનું જ ફળ ભોગવ્યા કરે છે. એમ જીવાત્માએ પોતે કરેલા કર્મ અનુસાર જ સુખ તથા દુખઃને તૈયાર કરેલું છે. એમ જીવાત્મા પોતાના પૂર્વ જન્મના દેહથી કરેલા કર્મફળને ભોગવ્યા કરે છે, ભલેને કોઇ ઉત્તમ પુરૂષ હોય તે પણ પોતે કરેલા કર્મના ફળને પોતાની બુધ્ધિના બળતી ઉલટાવી શકવા સમર્થ થતો નથી એમ બધાએ જીવાત્માઓ પોતે કરેલા કર્મોના ફળને દુ:ખ કે સુખ રૂપે ભોગવે છે છતા તે તે જીવાત્મા અમુક કર્મફળ અમે કર્યુ છે એમ માની તે પીડાય છે. (પદ્મ.

ભૂમિ ૯૪/૧૪-૧૮) હવે નીતિકાર વિદ્યા આદીથી હિન મુર્ખ મનુષ્યનું વર્તન કહે છે-

શ્લો-33 विद्याशील बयोवृद्धान्

बुद्धिवृद्धांश्च भारत।

धनाभिजातवृद्धांश्च

नित्यं मूढोऽवमन्यते॥

શ્લોકાર્થ :- હે ભારત! મુર્ખ મનુષ્ય સદા વિદ્યા, શીલ અને અવસ્થામાં જયેષ્ઠ, વળી ધનમાં અને જાતિમાં શ્રેષ્ઠ એવા પુરૂષોનું અપમાન કરતા રહે છે.

ચ.ટી. :- મુર્ખ મનુષ્યમાં બુધ્ધિ તો હોતી નથી છતા પોતાને બુધ્ધિમાન માની અહંકાર વશ તે અન્યને તુચ્છ જ સમઝતો હોય છે માટે આવોઓને દુરથી જ ત્યાગવા જોઇએ. કહ્યુ પણ છે ''अकरुणात्वमकारणविग्रहः परधने परयोषिति च स्पृहा। सुजन बन्धु जनेष्वसहिष्णुता प्रकृति सिद्धमिदं हि दुरात्मनाम्॥ दुर्जनः परिहर्तव्यो विद्यया भूषितोऽपि सन्। मणिनालंकृतःसर्पः किमसौ न भयङ्करः॥ નિર્દયતા, અકારણ કલહ, પર ધન, પરસ્ત્રીની લાલસા, સ્વજનો પ્રતિ અસહન શીલતાનો વ્યવહાર આદિ દુષ્ટોના સ્વાભાવિક લક્ષણ છે. આવા દુષ્ટો કેટલાએ વિદ્વાન અને ગુણી કેમ ન હોય મણિધર સર્પની જેમ દુર રાખવા યોગ્ય છે- આવાઓનો ત્યાગ જ કરવો.''(નીતિશતક/શ્લો-પર-પ૩) કારણ કે આવાઓનો કોઇ ઉપચાર નથી. કહ્યુ પણ છે. ''सर्पःक्रूरःखलः सर्पात् क्रुर तरः खलः। मन्त्रौषधिशः सर्पः खलः केन निवार्यते॥ સર્પ અને દુષ્ટ આ બન્ને ક્રૂર કર્મ કરવાવાળા છે, તેમાં સર્પનું વિષ તો મંત્ર ઔષધિથી દૂર થઇ જાય છે પરંતુ ખલ-દુષ્ટનું વિષ તાળવાનો નથી મંત્ર કે નથી કોઇ ઔષધી.'' (શ્લોક-33) હવે નીતિકાર કોની પાસે દુઃખ અને દારિદ્ર શીઘ્ર આવી જાય છે તેના લક્ષણો કહે છે-

શ્લો-૩૪ अनार्य वृत्तम प्रज्ञाम

सूयकम धार्मिकम्।

अनर्था: क्षिप्रमायन्ति

वाग्दुष्टं क्रोधनं तथा॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય દુરાચારી, મૂર્ખ, ઇર્ષ્યાળુ, અધર્મી, દુષ્ટવાણી વાળો તથા ક્રોધી હોય છે તેના પર શીઘ્ર દારીદ્ર અને સંકટો આવે છે.

ચ.ટી. :- આના દ્વારા વિદુરજીએ સ્પષ્ટપણે ધૃતરાષ્ટ્રને નિર્દેશ કરેલો છે કે ધાર્મિક પાંડવોને દુર્યોધન સદા અપમાનિત કરતો રહે છે અને જુઆરી શકુનિ આદી પ્રમાણે વ્યવહાર કરે છે એટલે માટે તેનો વિનાશ અવસ્યંભાવી છે. (શ્લોક-૩૪) હવે નીતિકાર શત્રુને પણ મિત્ર કેવી રીતે બનાવવો તેનો ઉપાય બતાવે છે-

(૧૦૩) શત્રુ પણ મિત્ર થાય છે?

શ્લો-૩૫ अविसंवादनं दानं

समयस्याव्यतिक्रम:।

आवर्तयन्ति भूतानि

सम्यक्प्रणिहिता च वाक्:॥

શ્લોકાર્થ :- છેતરપીંડી ન કરવી અર્થાત્ છલ ન કરવું. દાન આપવું, ઠરાવેલી મર્યાદાનું પાલન કરવું તથા મધુર વાણી બોલવી એટલાથી વિપક્ષીને પણ પોતાના બનાવી લેવાય છે.

ચ.ટી. :- છેતરપીંડી ન કરવી, દાન આપવું, ઠરાવેલી મર્યાદાનું પાલન આ ત્રણથી કદાર શત્રુ વશ થાય કે ન થાય એમા સંશય છે પણ મધુર વાણીથી શત્રુ પણ મિત્ર થઇ જાય છે. આ સન્દર્ભમાં એક દૃષ્ટાંત અવલોકનિય છે વાત એવી હતી કે- એક સમયે કોઇક બુધ્ધિમાન બ્રાહ્મણ નિર્જન વનમાં કોઇક કાર્ય પ્રસંગે

ફરી રહ્યો હતો. તે સમયે એક રાક્ષસે તેનું ભક્ષણ કરવાની ઇચ્છાથી તેને પકડી લીધો. આ બ્રાહ્મણ વિદ્વાન તો હતો જ પણ સાથે સાથે ન તો ઉદ્વિગ્ન થયો. તેણે તેના પ્રત્યે સામ નીતિનો પ્રયોગ કર્યો અને તે રાક્ષસની પ્રશંસા કરતા ઘણા પ્રભાવશાળી શબ્દોમાં બોલ્યો ''હે રાક્ષસ! તમો દુર્બળ કેમ છો? લાગે છે તમો ગુણવાન, વિદ્વાન અને વિનીત હોવા છતા પણ સમ્માન નથી પામતા કારણ કે તમો મૂઢ તથા અયોગ્ય વ્યક્તિઓને સમ્માનિત થતા જઓ છો એટલે દુર્બળ અને ક્રોધિત રહો છો. યદ્યપિ તમો ઘણા બુધ્ધિમાન છો તથાપિ અજ્ઞાનિ લોકો તમારો ઉપહાસ કરતા હશે એટલે જ આપ ઉદાસ તથા દુર્બળ છો.'' આ પ્રમાણે મધુરવાણીમાં બ્રાહ્મણ દ્વારા રાક્ષસનું સન્માન કરાતા રાક્ષસે તેને પોતાનો મિત્ર બનાવી ઘણું ધન આપી વિદાય કર્યો (મહા. શાંતિ. આપદ્ધર્મ) આમ મધુરવાળી બોલવાથી ક્રુર શત્રુ પણ મિત્ર બની જાય છે. હવે નીતિકાર કયા લક્ષણવાળો મનુષ્ય ધનાદિવસ્તુને પ્રાપ્ત કરે છે તે કહે છે-

શ્લો-૩૬ अविसंवादको दक्षः

कृतज्ञो मतिमानृजुः ।

अपिसंक्षीणकोशोऽपि

लभते परिवारणम् ॥

શ્લોકાર્થ :- જે અવળુ બોલતો નથી, ચતુર કે, કૃતજ્ઞ છે, બુધ્ધિમાન છે અને સરળ પ્રકૃતિનો છે તેનો ભંડાર ક્ષીણ થઇ ગયો હોય તો પણ તેને સેવક, મિત્ર વગેરે પરિવાર આવી મળે છે.

ચ.ટી. :- અહી ગૂઢાર્થમાં વિદુરજી ધૃતરાષ્ટ્રને કહે છે- ''રાજાન્! યુધિષ્ઠિર સત્ય વાદી છે, કાર્ય કરવામાં દક્ષ છે, પોતા પર કરેલાં ઉપકારને જાણતા હોય કૃતજ્ઞ છે, સત્ અસત્ ના વિવેકથી સમ્પન્ન છે અને અત્યંત સરળ પ્રકૃતિના છે

ભલે વર્તમાન સમયમાં તેઓ રાજ્યથી ચ્યુત છે, છતા તેઓ પોતાના સદ્ વ્યવહાર અને સદ્ગુણોથી પનઃ પોતાના અધિકારને પ્રાપ્ત કરી લેશે. જ્યારે આનાથી વિપરીત તમારા પુત્રો સમસ્ત દુર્ગુણોથી યુક્ત હોય તેઓ પાસે જે છે તેનાથી પણ તેઓ વિહિન થઇ જશે.'' અને થયુ પણ એમ જ આ નીતિનો ઉપદેશ આપ્યા બાદ થોડા જ સમયમાં કરૂક્ષેત્રના રણમેદાનમાં ધૃતરાષ્ટ્ર અને પાંડુના પુત્રો વચ્ચે ભયાનક સંગ્રામ થયો અને તે સંગ્રામમાં ધૃતરાષ્ટ્રના બધા પુત્રો યુધ્ધ રૂપી યજ્ઞમાં હોમાઇ ગયા અને તેઓની સમસ્ત સંપત્તિ પર પાંડવોનો અધિકાર થઇ ગયો અને ધૃતરાષ્ટ્ર એ પોતાનું શેષ જીવન પાંડવોના આશ્રયે વિતાવવું પડયુ. આધારાનંદ સ્વામી કહે છે ''જેમા સરળતા છે તેમાં ભગવાન સાક્ષાત્ વસી રહ્યા છે, અને જેમાં સરળતા ન હોય ત્યાં અધર્મસર્ગના દોષ રહે છે. જે આત્મદર્શી છે તેને આ વાત સમજાય છે પણ જે દેહદર્શી છે તેને આ વાત સમજાતી નથી. તેને તો નીરમાં પણ સ્થળ દેખાય છે.'' (હ.રા.સા. ૧૫/૮/૩૫-૪૦ માટે સરળતા આદી ગુણો કેળવવાથી જ શ્રેય અને પ્રેયની પ્રાપ્તિ થાય છે (શ્લોક-૩૬) હવે નીતિકાર વિદુરજી ધૃતરાષ્ટ્રને લક્ષ્મીની વૃધ્ધિ થનાર સાત ઉપાય કહે છે.

શ્લો-૩૭ धृति: समो दम: शौचं

कारुण्यं वाग निष्ठुरा।

मित्राणां चानभिद्रोक:

सप्तैता: समिध:श्रिय: ॥

શ્લોકાર્થ :- ધૈર્ય, શાન્તિ, ઇન્દ્રયજ્ય, વ્યવહારમાં શુદ્ધતા, કરૂણા કોમળ, વાણી તથા મિત્ર સાથે દ્રોહ નહિ રાખવો આ સાત વાત લક્ષ્મીને વધારનારી હોય છે.

ચ.ટી. :- જેમ અગ્નિમાં સમિધા (લાકડા) અને ધૃત હોમવાથી અગ્નિ પ્રજ્વલિત થાય છે, તેજ પ્રમાણે નીતિકારે કહેલી વાતને આચરણમાં લાવવાથી

ધનસંપત્તિની વૃદ્ધિ થાય છે. ગૂઢાર્થમાં નીતિકાર અહીં ધૃતરાષ્ટ્રને કહે છે કે પાંડવો આ બધા ગુણોથી પરીપૂર્ણ હોવાથી તેઓને દાય ભાગમાં મળેલ ખાંડવપ્રસ્થનું ઉજ્જવળ વન પણ ઇન્દ્રપ્રસ્થ ના રૂપમાં પરિણિત કરી ધરાતલના બધા રાજાઓને પરાજિત કરી તેઓ સમ્પૂર્ણ પૃથ્વિના એક ચક્રીસાશક થયા તેઓની આ પ્રમાણે ઉન્નતિમાં તેઓના સદ્ગુણો કારણ છે. જ્યારે તમારા પુત્રો ઉપરોક્ત સદ્ગુણોથી રહિત હોય તેઓની સંપતિ વૃદ્ધિ પામતી નહતી. (શ્લોક-૩૭) હવે નીતિકાર કેવા રાજાનો ત્યાગ કરવો તે કહે છે-

(૧૦૪) ત્યાગ કરવા લાયક રાજા :-

શ્લો-૩૮ असंविभागी दुष्टात्मा

कृतघ्नो निरपत्रपः ।

काद्दङ्नराधिपोलोके

वर्जनीयो नराधिप ॥

શ્લોકાર્થ :- હે ભારત! જે રાજા પોષ્યર્ગને આપ્યા વિના જ એકાકી ખાય છે, જે દુષ્ટ મનનો છે, કૃતઘ્ની અને જે નિર્લજ્જ છે, તેનો ત્યાગ કરવો.

ચ.ટી. :- ઉપરોક્ત લક્ષણવાળા રાજાના રાજ્યમાં વશવાત કરવાથી માનવ કલેશનો ભાજી થાય છે માટે આવા રાજાનો ત્યાગ કરવો. અહી નીતિકાર ગુઢાર્થમાં કહે છે- રાજન્! તમારા પુત્ર દુર્યોધનને તથા પાંડુ પત્ર યુધિષ્ઠિરને હસ્તિનાપુરનું રાજ્ય જે પ્રાપ્ત થયું છે જેના પર તેઓ બન્નેનો સમાન અધિકાર છે છતા તમારા પુત્ર દુર્યોધનને પાંડવોનો દાય ભાગ પણ હરણ કરી લેવો છે. (અર્થાત્ એકાકી જ બધુ ખાઇ જવું છે) તથા તેના હ્રુદયમાં ધર્મપરાયણ પાંડવો પ્રત્યે અત્યંત દ્વેષ છે જેથી તેણે આજીવન પાંડવોને પારાવાર કષ્ટ આપેલું છે.

(આથી તેની દુષ્ટ હ્દયતા જોવા મળે છે) આ ઉપરાંત ગન્ધર્વરાજ ચિત્રરથ સાથે થયેલા વિવાદમાં તેને મૃત્યુના મુખમાંથી પાંડવોએ બચાવેલો છતા તે તેઓનો પ્રત્યુપાકાર ભૂલી તેઓનો અપકાર કરવા તૈયાર રહે છે. (આથી તેનું કૃતઘ્નિ પણુપણ સ્પષ્ટ થયું છે.) અન લજ્જાને તો તેણે તિલાંજલિ આપી દીધે છે કારણ કે જે પોતાની માતા સમાન ભાભીને વસ્ત્ર ઉતારી પોતાની જંઘા પર બેસાડવાની આજ્ઞા આપતો હોય તેમાં લજ્જા કેવી? માટે આવા દુષ્ટનો ત્યાગ કરવો જ ઉચિત છે. અન્યતા અનર્થનો પ્રસંગ ઉપસ્થિત થશે. નીતિકારે આપેલા આ ઉપદેશની પણ ધૃતરાષ્ટ્રે ઉપક્ષા કરી જેના પરીણામે મહાભારતના યુધ્ધમાં તેઓા સમસ્ત બંધુ બાંધવો યુધ્ધની અગ્નિમાં હોમાય ગયા. (શ્લોક-૩૭) હવે નીતિકાર કોણ સુખથી નીદ્રા પામતો નથી તે કહે છે-

શ્લો-૩૯ न च शत्रौ सुखं शेते

संसर्प इव वेश्मनि।

यः कोषयति निर्दोषं

स दोषोऽभ्यन्तरं जनम्॥

શ્લોકાર્થ :- પોતે દોષવાન છતાં જે ઘરમાંના દોષ રહિત મનુષ્યોને કોપાવે છે, તે જાણે સર્પવાળા ઘરમાં રહેતો હોય તેમ રાત્રીને વિશે નિદ્રા પામતો નથી.

ચ.ટી. :- જેમ સર્પવાળા ઘરમાં સુવું મૃત્યુ નું કારણ છે તેમ નિર્દોષ એવા સજ્જનોને ક્રોધિક કરવા એ મૃત્યુ સમાન છે અહીં ગૂઢાર્થમાં વિદૂરજી ધૃતરાષ્ટ્ર ન કહે છે કે તમારો પુત્ર દુર્યોધન પણ નિર્દોષ એવા પાંડવો ને કષ્ટ આપી કુપિત કરી પોતાના કાળને નિમંત્રણ આપ છે. (શ્લોક-૩૯) હવે નીતિકાર કોને પ્રસન્ન રાખવા તે કહે છે-

(૧૦૫) કોને રાજી રાખવો? :-

શ્લો-૪૦ येषु दुष्टेषु दोष:स्याद्योगक्षेमस्य भारत।

सदा प्रसादानं तेषां देवतानामिवाचरेत्॥

શ્લોકાર્થ :- હે ભારત! જે મનુષ્યનું યોગક્ષેમ દોષ યુક્ત છે. તેને સદા પ્રસન્ન કરવાનો પ્રયાસ કરવો જેમ દેવતા પોતાના ભક્તોનો દોષ નહિ દેખતા થકા સદા તેનું રક્ષણ કરે છે. અર્થાત્ જેનું ભરણ અર્થાભાવને કારણે નથી થઇ શક્યુ તેનું ભરણ પોષણ કરવું.

ચ.ટી. :- અહીં વિદ્દ્રજી ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્ર ને કહે છે કે હે રાજન્! પાંડવો તમારા સંબંધિ છે અને તમારા દુષ્ટ પુત્રોએ ધુત ક્રિડામાં કપટ કરી તેઓને રાજ્ય ચ્યુટ કરેલા છે, જેઓ પાસે ભરણપોષણ કરવાને અર્થે કાંઇ નથી, માટે તેઓનું રાજ્ય પરત કરી તેઓનું ભરણ પોષણ કરી આપ તેઓને પ્રસન્ન કરો. (શ્લોક-૪૦) હવે વિદુરજી ધનાદિ સંપત્તિ કોની પાસે સ્થિત રહેતી નથી તે કહે છે-

શ્લો-૪૧ येऽर्था: स्त्रीषु समायुक्ता:

प्रमत्त पतितेषु च।

ये चनार्ये समासक्ता:

सर्वे ते संशयं गता: ॥

શ્લોકાર્થ :- જે સંપત્તિ સ્ત્રીયો અને ઉન્મત્તોની પાસે જતી રહે છે તથા જે સંપત્તિ દુષ્ટોની પાસે સ્થિત છે તે સંપત્તિ સંદેહ યુક્ત છે.

ચ.ટી. :- સ્ત્રીઓ સ્વભાવથી ચંચળ હોય છે અને ઉન્મત્ત મનુષ્ય સત્ અસત્‌ના વિવેકથી રહિત હોય આ બંને પાસે સંપત્તિ ક્યારેય પણ સ્થિર રહેતી નથી હવે રહ્યા દુષ્ટો તો તેઓએ ઉપાર્જન કરેલી સંપત્તિ કુમાર્ગી હોવાથી તેઓ પાસે પણ સંપત્તિ ચિરકાલ પર્યન્ત સ્થિર રહેવામાં સંદેહ છે. જેનું દૃષ્ટાંત દુર્યોધન છે. જેણે

પોતાની સંપત્તિ દ્યુતક્રિડા દ્વારા ઉપાર્જિત કરેલી હોય તે તેની પાસે ચિરકાલ પર્યન્ત રહેવામાં સંદેહ છે (શ્લોક-૪૧) હવે નીતિકાર કોના શાસનમાં મનુષ્ય કષ્ટ પામે છે તે કહે છે-

શ્લો-૪૨ यत्रस्त्री यत्र कितवो

बालो यत्रानुशासिता।

मज्जन्ति तेऽवशा राजन्

नद्यामश्मप्लवा इव॥

શ્લોકાર્થ :- હે રાજન્! જે દેશમાં સ્ત્રી, ધૂર્ત-જગારી અને બાળક અથવા મૂર્ખની સત્તા ચાલતી હોય, ત્યાંના લોકો નદીમાં પથ્થરની નાવ માં બેઠેલાની પેઠે ડૂબી જાય છે એટલે કે દુઃખી થાય છે.

ચ.ટી. :- જે પ્રકારે પથ્થરની નૌકાથી નદી પાર કરી શકાતી નથી. તેજ પ્રકારે સ્ત્રી (જે સ્વભાવથી ચંચળ હોય છે), ધૂર્ત -જગારી (જે સ્વભાવથી સાહસિક હોય છે) અને બાળ અથવા મૂર્ખ [જેમાં બુધ્ધિનો અભાવ હોવાથી સત્ અસત્‌ના વિવેકથી રહિત હોય છે] જે રાજ્યનું શાસન કરતા હોય તે રાષ્ટ્ર અવશ્ય પતનના માર્ગ પર સ્થિત થઇ ગયુ હોવાથી આવા રાજ્યમાં વસવાટ નો શીઘ્રાતિ શીઘ્ર ત્યાગ કરવો અન્યતા કષ્ટના ભાજી થવાય છે. કહ્યુ પણ છે ''त्यजद्देशमसद् वृत्तं वासंसोपद्रवं त्यजेत्। त्येजत कृपण राजानां मित्र मायामयं त्यजेत्॥ જ્યાં સદ્ વર્તન કે સદાચાર ન હોય એવા દેશનો ત્યાગ કરવો. જ્યાં ઉપદ્રવ કે હેરાનગતિ ચાલું હોય તેવા વસવાટ કે નિવાસનો ત્યાગ કરવો, જ્યા નો રાજા લોભી અને લાલચુ હોય તેવા રાજ્યનો ત્યાગ કરવો અને જ મિત્ર પ્રપંચી તથા કપટી હોય તેવા મિત્રનો ત્યાગ કરવો. (ગરૂડ ૧૦૯/૫) कुराज्यं नास्ति जीवितम्। ખરાબ રાજ્યમાં જીવન જીવી શકાતું નથી તે કારણે આવા રાજ્યનો ત્યાગ કરવો. (ગરૂડ.

૧૧૫/૪). अनायके न वस्तव्यं न वा च बहुनायके। स्त्री नायके न वस्तव्यं तथा च बालनायके॥ જ્યાં કોઇ નાયક ન હોય ત્યાં કદી ન રહેવું અને જ્યાં ઘણા નાયકો કે નેતા હોય તેવા પ્રદેશમાં વસવું નહિ અને જ્યાં સ્ત્રી નાયક અથવા સ્ત્રી રાજ્ય કરતી હોય તથા જ્યાં બાળક નાયક અથવા રાજા હોય ત્યાં પણ વસવું નહિ.'' (ગરૂડ ૧૧/૩૧) (શ્લોક-૪૨) હવે નીતિકાર પંડિતના લક્ષણ કહે છે-

(૧૦૬) પંડિત ..

શ્લો-૪૩ पयो जनेषु ये सक्ता

न विशेषेषु भारत।

तानहं पण्डितान्मन्ये

विशेषो हि प्रसङ्गिनः॥

શ્લોકાર્થ :- હે ધૃતરાષ્ટ્ર! જે મનુષ્ય પોતાના પ્રયોજનની સિધ્ધિ માટે જ લાગેલો છે અને વધારેમાં ભાંજગડમાં પડતો નથી. તેઓને અમો પંડિત માનીએ છીએ કારણ વ્યર્થની વાતોમાં પડનારો તો ક્લેશકારી થઇ પડે છે.

ચ.ટી. :- માનવ હંમેશા પોતાના લક્ષ્યપ્રતિ જ એકાગ્ર રહેવું, જે માનવ પોતના લક્ષ્ય પ્રત્યે એકાગ્ર રહે છે તેને જ સફળતા પ્રાપ્ત થાય છે. જે માનવ પોતાના લક્ષ્ય પ્રત્યે સાવધાન નથી તે માનવ હંમેશા અસફળ રહે છે અને એટલે માટે નીતિકાર આવા મનુષ્યનું જીવન ક્લેશકારી થાય છે એમ કહે છે. આ સન્દર્ભમાં મહાભારતનો એક પ્રસંગે અવલોકન કરવા યોગ્ય છે વાત એવી હતી કે પાંડવોને દ્રોણાચાર્ય અસ્ત્ર શસ્ત્ર ચલાવવાની શીક્ષા આપતા હતા અને મધ્યમા કોઇ વખત હસ્ત લાઘવ, લક્ષ્યવેધ અને શસ્ત્ર ચાલનની પરીક્ષા પણ લેતા હતા. એક સમયની વાત હતી આચાર્યે એક લાકડાનું પક્ષી બનાવી એક સઘન વૃક્ષની ઉંચી ડાળી પર રખાવી દીધુ અને પછી આચાર્યે શિષ્યોને બોલાવી કહ્યું 'આ

પક્ષીની જમણી આંખ વિંધવાની છે'. બધા રાજકુમારોમાં જયેષ્ઠ એવા યુધિષ્ઠિરે ધનુષ ઉઠાવી તેના પર બાણ ચઢાવ્યુ તે સમયે આચાર્યે તેના પ્રત્યે બોલ્યા 'યુધિષ્ઠિર! તુ શું જોઇ રહ્યો છે?' ત્યારે યધિષ્ઠિરે સહજતાથી ઉત્તર આપ્યો 'ગુરૂદેવ! અમો તમોને અમારા ભાઇઓને તથા વૃક્ષને જોઇ રહ્યા છીએ.' ત્યારે આચાર્ય બોલ્યા 'બેટા, તુ ધનુષ્ય નીચે મુકી એક બાજ ઉભો રહે.' યુધિષ્ઠિરે ચૂપચાપ ધનુષ મૂકી દીધુ અને તેઓ એક બાજ ઉભા રહી ગયા. તે પછી દુર્યોધન ઉભો થયો બાણ ચઢાવતા જ તેને પણ આચાર્યે યુધિષ્ઠિરને જે પ્રશ્ન કરેલો તે જ પ્રશ્ન કર્યો ત્યારે દુર્યોધન બોલ્યો 'ગુરૂદેવ! અમો તો બધુ જ જોઇએ છીએ એમાં પુછવાની શી વાત?' ત્યારે તેને પણ આચાર્યે ધનુષ મુકી દેવાનો આદેશ આપ્યો. આજ પ્રમાણે વારાફરતી બીજા પાંડવો તથા કૌરવ રાજ કુમારો ઉભા થયા. બધાએ ધનુષ ચઢાવ્યુ આચાર્યે એજ પ્રશ્ન પુછયો અને બધાએ લગાતાર એક જ ઉત્તર આપ્યો અને આચાર્યે બધાને બાણ ચલાવ્યા વગર જ ધનુષ મુકી દેવાની આજ્ઞા આપી. એંતે આચાર્યે અર્જનજીને આજ્ઞા આપી એટલે આચાર્યે તેને પણ તેજ પ્રમાણે પુછયું ત્યારે તેઓ બોલ્યા 'ગુરૂદેવ! હું કેવલ વૃક્ષને જ જોવુ છ' ત્યારે આચાર્યે કહ્યું 'શુ તુ અમને બધાને નથી જોતો?' ત્યારે અર્જન બોલ્યો 'ગુરૂદેવ! અમો અત્યારે તમારામાંથી કોઇને જોતા નથી.' ત્યારે આચાર્યે પુછયું ' આ વૃક્ષ તો તુ પુરૂ જવે છે ને?' ત્યારે અર્જન બોલ્યો 'આચાર્ય! હવે તો મને વૃક્ષ, વૃક્ષની ડાળી, પક્ષી એ કાંઇ દેખાતુ નથી, પણ કેવલ પક્ષીની જમણી આંખ જ દેખાય છે' ત્યારે આચાર્યે કહ્યું 'વત્સ! હવે તુ લક્ષ્ય વેધી શકે છે માટે બાણ છોડ' એટલે અર્જને બાણ છોડયુ અને તેના દ્વારા છોડાયેલા બાણથી પક્ષીનું ડાબુ નેત્ર વિંધાય ગયું. ત્યારે આચાર્ય શિષ્યો પ્રત્યે બોલ્યા 'શિષ્યો! જ્યાં સુધિ લક્ષ્ય પર દૃષ્ટિ એકાગ્ર ન થાય કે લક્ષ્ય સિવાય બીજ કાંઇપણ દેખાય જ નહિ, ત્યાં સુધિ

લક્ષ્યવેધ યથાર્થ રીતે થતુ નથી. તેજ પ્રમાણે જીવનમાં જ્યાં સુધિ લક્ષ્ય પ્રાપ્તિમાં પુરી એકાગ્રતા ન હોય ત્યાં સુધિ સફળતા સંદિગ્ધ જ રહે છે.'' (મહા. આદિ ૧૩૫-૧૩૬) કહ્યુ પણ છે ''रत्नैर्महाब्धेस्तुतुषुर्नदेवा: न भेजिरे भीमविषेण भीतिम्। सुधांविना न प्रययुर्विरामं न निश्चितार्थाद्विरमन्ति धीरा:॥ મહાસમુદ્ર થી પ્રાપ્ત થયેલા રત્નોથી દેવતાઓની તૃપ્તિ થઇ, ન તો તેઓ ભયંકર વિષથી ભયભીત થયા પણ અમૃતની પ્રાપ્તિ સુધિ તેઓ રોકાયા નહિ તેમ ધીર પુરુષ જે જે વસ્તુ માટે પોતાનું મન બનાવી લે છે, તેને પ્રાપ્ત કરી નેજ છોડે છે પરંતુ મધ્યમાં રોકાતા નથી.'' (નીતીશતક/૭૯) ''आर भन्तेऽल्पमेवाज्ञा:कामंव्याग्रा: भवन्ति च। महारम्भा: कृतधियस्तिष्ठन्ति च निराकुला:। મુર્ખ લોકો અલ્પ કાર્યનો આરંભ કરી વ્યાકુળ થઇ જાય છે. પરંતુ બુધ્ધિમાન લોકો મહાન કાર્યનો આરંભ કરીને પણ શાન્ત બની રહે છે વ્યાકુળ થતા નથી- કારણ તેઓ લક્ષ્ય તરફ એકાગ્ર હોય છે.'' (હિતોપદશ) (શ્લો-૪૩) હવે કયો મનુષ્ય શીઘ્ર નષ્ટ થાય તે કહેવાય છે-

શ્લો-૪૪ यं प्रशंसन्ति कितवा

यं प्रशंसन्ति चारणा:।

यं प्रशंसन्ति बन्धक्यो

न स जीवति मानव:॥

શ્લોકાર્થ :- જે મનુષ્યની જગારી ચાટુકારી અને વેશ્યાઓ પ્રશંસા કરે છે, તે મનુષ્ય કદી જીવી શકતો નથી અર્થાત્ તેનો શીઘ્ર જ નાશ થાય છે.

ચ.ટી. :- અહીં નીતિકાર ગૂઢાર્થમાં ધૃતરાષ્ટ્ર ને કહે છે કે રાજન્! તમારા પુત્ર દુર્યોધન માં સદ્ગુણોનો અભાવ છે છતા શકુનિ જેવા જગારી અને અંગરાજ કર્ણ અને દુ:શાસન જેવા ચાટુકારીઓ તેની પ્રશંસા કરી રહ્યા હોય તેનો શીઘ્ર જ નાશ થશે. (શ્લો-૪૪) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને રહસ્યનો ઉપદેશ આપે છે-

(૧૦૭) રહસ્ય :-

શ્લો-૪૫ हित्वा तान्परमेष्वासान्

पाण्डवानमितौजसः ।

आहितं भारतैश्वर्यं

त्वया दुर्योधने महत् ॥

શ્લો-૪૬ तं द्रक्ष्यसि परिभ्रष्टं

तस्मात्त्वमचिरादिव ।

ऐश्वर्यमदसम्मूढं

बलिं लोकत्रयादिव ॥

ईति श्रीमहाभारते उद्योग पर्वणि प्रजागरपर्वणि

विदुरनीति वाक्ये षष्ठोऽध्याय: ॥ ६ ॥

શ્લોકાર્થ :- હે ભારત! તમે મહાધુનર્ધારી તથા અમાપ પરાક્રમી પાંડાવોનો ત્યાગ કરીને, દુર્યોધનને મોટું ઐશ્વર્ય આપ્યુ છે. પરંતુ ઐશ્વર્યના મદથી મૂઢ થયેલા બલિરાજા જેમ ત્રણ લોકના રાજ્યથી ભ્રષ્ટ થયા હતા, તેમ તમે પણ દુર્યોધનને થોડા સમયમાં રાજ્યથી ભ્રષ્ટ થયેલો જોશો.

ઇતિશ્રી મહાભારતમાં ઉધોગ પૂર્વાતર્ગત પ્રજાગરપર્વમાં 'વિદુર નીતિ વાકય' માં અધ્યાય છઠ્ઠો સમાપ્ત.

ચ.ટી. :- અહીં નીતિકાર ગૂઢાર્થમાં ધૃતરાષ્ટ્ર ને કહે છ- રાજન્ ! પાંડવો ધર્માત્મા તથા જીતેન્દ્રિય છે, આ ઉપરાન્ત રાજકાજમાં દક્ષ છે. તેઓએ પોતાને મળેલા ઐશ્વર્યથી રહિત એવા ઉજ્જડ વેરાન ઇન્દ્રપ્રસ્થના નાનકડા રાજ્યનો પોતાના બાહુબળથી વિસ્તાર કર્યો અને સમગ્ર ધરાતલના એક છત્રી શાસક થયા. જ્યારે દુર્યોધન અને તેના ભાઇઓ અધર્મિ અને સ્વેચ્છાચારો છે. તેઓના સલાહકાર પણ શકુનિ જેવા જગારી અને દુ:શાસન તથા કર્ણ જેવા ચાટુકારી

છે. આવા અયોગ્ય વ્યક્તિ પર રાજકાજનો ભાર સોંપવાથી તમારૂ શીઘ્ર જ બલિરાજાના જેમ પતન થશે. (જે પ્રમાણે ઐશ્વર્યના મદમાં બલિરાજા પોતાને સર્વે સર્વામાની ભગવાન શ્રીહરિની નિંદા પરાયણ થયા હતા જેથી તેઓએ તેના પિતામઃ પહ્લાદજીના શાપના ભાજી થવું પડેલું અને પોતાના ઐશ્વર્યથી ભ્રષ્ટ થવું પડેલું (વામન. પુ) તેમ તમારા પુત્રનું પણ પતન થશે) નીતિકારે કહેલા આ વાક્યો અંત જતા અક્ષરેશઃ સત્ય થયા. મહાભારતના યુધ્ધમાં ધૃતરાષ્ટ્રના બધાજ પુત્રો તેના અનુચરો સહિત કાળ ના મુખમાં હોમાય ગયા અને તેઓનું હસ્તિનાપુરનું રાજ્ય પણ પાંડવોના હાથમાં જતુ રહ્યુ. (શ્લો-૪૫, ૪૬).

આ પ્રમાણે વિ. વેદાન્ત, પુરાણેતિહાસાચાર્ય, શાસ્ત્રી રાકેશ કૃત મહાભારતના ઉધોગર્વ અન્તર્ગત પ્રજાગર પર્વમાં આવેલા વિદુરનીતિના છઠ્ઠા અધ્યાયની ચંદ્રાવલી ટીકા પૂર્ણ થાય છે.

અધ્યાય-૭
સપ્તમ અધ્યાય નો સાર

સપ્તમ અધ્યાયમાં ભાગ્યવાદી ધૃતરાષ્ટ્રનો પ્રશ્ન અસામયિક વિષયોની નિન્દા, પ્રિય-અપ્રિય, ક્ષય-વૃદ્ધિ ની વિવેચનના, દુર્યોધન પ્રતિ ધૃતરાષ્ટ્રનો મહામોહ, નીચોના સંગનો ત્યાગ, જ્ઞાન વિગ્રહ થી દોષ, અને સામાન્ય નીતિનો ઉપદેસ વિદુરજી દ્વારા વર્ણવવામાં આવ્યો છે.

ધૃતરાષ્ટ્ર ઉવાચ :- ધૃતરાષ્ટ્ર બોલ્યા :-

શ્લો-૧ अनीश्वरोऽयं पुरषो भवाभवे

सूत्रपोतः दारुमयीव योषा।

धात्रा तु दिष्टस्य वशे कृतोऽयं

तस्माद् वद श्रवणे धृतोऽहम्॥

શ્લોકાર્થ :- સૂતર પરોવેલી લાકડાની પૂતળીની પેઠે વિધાતાએ આ પુરૂષને દૈવને અધીન કરેલો છે, તેથી એ ઐશ્વર્ય અને અનૈશ્વર્યના સંબંધમાં સ્વતંત્ર નથી. આથી તમો અમોને બોધ વચનો કહો, અમો તે ધૈર્ય પૂર્વક સાંભળવા બેઠા છીએ.

ચ.ટી. :- કર્મવાદના સિધ્ધાંત પ્રમાણે પ્રારબ્ધ, ક્રિયામાણ અને સંચિત કર્મ વિપાક ના પરિણામ સ્વરૂપ જીવ ભવાટવીમાં સુખ દુઃખનો ભોક ચક્રારપંક્તિ સમાન કરતો રહે છે. અતઃ એનું સમાપન મુક્તિ પ્રાપ્ય કર્યા બાદ જ સંભવે છે સાથે આગળ છઠ્ઠા અધ્યાયના વીસમાં શ્લોકમાં પણ આજ પ્રકારની વાત બતલાવી હતી. પરંતુ ધૃતરાષ્ટ્રે એનાથી વિપરીત સિધ્ધાંત તથા પોતાના વિપરીત પક્ષના સમર્થનમાં જ યુક્તિ યુક્ત માની તે પક્ષ અને તેઓ કહેતા હતા કે 'અમો જે પણ કંઇક કરીએ છીએ તે ભાગ્યાધિન થઇ પૂર્વકૃત કર્મનો જ ઉપભોગ કરી રહ્યા છીએ. અતઃ આમા અમારો કોઇ દોષ નથી.'(શ્લો-૧) આ પ્રમાણે જ્યારે ધૃતરાષ્ટ્રએ કહ્યું ત્યારે વિદુરજી તેમના પ્રત્યે બોલ્યા -

विदूर उवाच :- વિદુરજી બોલ્યા :-

શ્લો-૨ अप्राप्तकालं वचनं

बृहस्पतिरपि ब्रुवन्।

लभते बुद्ध्यवज्ञानम

वमानं च भारत ॥

શ્લોકાર્થ :- હે ભારત! સ્વયં દેવગુરૂ બૃહસ્પતિ પણ જો અસમયે બોલતા રહે તો તેઓનું પણ અપમાન થાય છે અને તેની બુધ્ધિ પણ લેખામાં લેવાતી નથી.

ચ.ટી. :- મનુષ્યએ સમય સંજોગ જોઇને જ કોઇક વાત કરવી અન્યથા તેનો ઉપહાસ થાય છે કહ્યુ પણ છે ''अपृष्टोऽत्राप्रधानौ या ब्रते राज्ञः पुरः कुधाः। न केवलमसम्मानं लभते च विडम्बनम्॥ જે અપ્રધાન કુબુધ્ધિપ્રાણી વગર પૂછયે આ

લોકમાં રાજાની સન્મુખ બોલે છે, તે કેવલ અસમ્માનને જ નથી પ્રાપ્ત થતો પરન્તુ તેની વિડમ્બના પણ થાય છે.'' (પંચમિ.ભે. શ્લો-૩૩) (શ્લો-૨) હવે નીતિકાર મિત્ર કેવી રીતે થાય છે તે કહે છે -

(૧૦૮) મિત્ર :-

શ્લો-૩ प्रियो भवति दानेन

प्रियवादेन चापर: ।

मन्त्रमूल बलेनान्यो

य: प्रिय: प्रिय एव स: ॥

શ્લોકાર્થ :- કોઇ વસ્તુ આપવાથી મિત્ર થાય છે, કોઇ પ્રિય ભાષણથી મિત્ર બને છે, તથા કોઇ મંત્ર તથા મૂળના બળથી મિત્ર થાય છે, પરંતુ જે સહજ મિત્ર છે તેજ વાસ્તવમાં મિત્ર છે. તે જ વાસ્તવમાં મિત્ર છે.

ચ.ટી. :- કોઇકને કોઇક વસ્તુ આપી મિત્ર કરવો એમાતો બનિયાગીરીના દર્શન થાય, બળવાન અને સામર્થ્યશાળીને પ્રિય ભાષણ બોલી મિત્ર કરવો એમાં ચાટુકારીતા આવે છે. દુર્બળને મંત્ર અથવા બળથી વશ કરી મિત્ર બનાવવામાં ભય દેખાય છ. પરંતુ પરસ્પર ગુણથી આકર્ષાયને મિત્ર બનાવનારમાં સહજતા દેખાય છે. આચારમાંથી પ્રથમના ત્રણથી મિત્રતા કાયમને માટે સ્થિર રહેશે એમાં સંશય છે પણ સહજતાથી થયેલી મિત્રતા ચિરકાળ પર્યન્ત ટકી રહે છે. (શ્લો-૩)

શ્લો-૪ द्वेष्यो न साधुर्भवति

न मेघावी न पंडित : ।

प्रिये शुभानि कार्याणि

द्वेष्ये पापानि चैव ह ॥

શ્લોકાર્થ :- જે દ્વેષપાત્ર છે, તે મિત્ર થતો નથી, બુદ્ધિમાન જણાતો નથી, તેમ પંડિત જણાતો નથી જેટલાં કામ મિત્ર કરે છે, તેટલાં સારા લાગે છે અને જેટલાં કામ શત્રુ કરે છે તેટલા કામ અવશ્ય નકામાં લાગે છે.

ચ.ટી. :- પ્રિય વ્યક્તિના પાપ કર્મો પણ માનવને શુભ જ લાગે છે અને દ્વેષી જો સારા કાર્ય કરે તો તે પણ પાપમય જ પ્રતીત થાય છે જેમ દુર્યોધન દ્વારા કરાયેલા પાંડવો પણ અનેક અત્યાચાર ધૃતરાષ્ટ્રને પ્રિય લાગે છે કારણ કે દુર્યોધન ધૃતરાષ્ટ્રને પ્રિય નથી કારણ કે ધૃતરાષ્ટ્ર પાંડવો સાથે દ્વેષ કરે છે અને પાંડવોના ગુણ પણ તને દોષ રૂપ લાગે છે અને દુર્યોધનના દોષ પણ તેને ગુણ રૂપ દેખાય છે કારણ કે દુર્યોધન થકી તેને સ્વાર્થ સાધવાનો હોવાથી તેના દોષ પણ ગુણ રૂપ લાગે છે. ભગવાન સ્વામિનારાયણ પણ કહે છે- ''સંસારમાં પણ જે મનુષ્યને જે સંધાયે સ્વાર્થ હોય તેનો કોઇ રીતે અવગુણ લે નહિ. શા માટે જે એને પોતાના સ્વાર્થનું હેત છે.'' (વ.મૃ.ગ.અ.૧) (શ્લો-૪) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને દુર્યોધનના જન્મ સમયે જે કહેલું તે યાદ અપાવતા કહે છે-

શ્લો-૫ उक्तं मया जातमात्रेऽपि राजन्

दुर्योधनं त्यज पुत्रं त्वमेकम्।

तस्य त्यागात्पुत्र शतस्य

वृद्धिरस्यात्यागात्पुत्र शतस्यनाशः॥

શ્લોકાર્થ :- હે રાજન્! દુર્યોધનનો જન્મ થયો તે સમયે જ અમે આપને કહ્યું હતુ કે 'તમે આ એક પુત્રને ત્યજી દો, કારણ કે એના ત્યાગથી સો પુત્રની વૃદ્ધિ થશે અને એનો ત્યાગ ન કરવાથી તમારા સો પુત્રો નાશ થશે.

ચ.ટી. :- દુર્યોધનના જન્મની કથા મહાભારતના આદિપર્વમાં જોવા મળે છે. વાત એવી હતી કે- એક સમયે ભુખ અને તરસથી ખિન્ન થઇ મહર્ષિવેદ વ્યાસજી

ધૃતરાષ્ટ્રના ઘરે પધાર્યા. તે સમયે ગાન્ધારીએ તેઓના ભોજન તથા વિશ્રામની વ્યવસ્થા કરી એટલે મહર્ષિએ ગાન્ધારીને વરદાન માંગવા કહ્યુ ત્યારે ગાંધારીએ મુનિપાસે સો પુત્રો થવાનું વરદાન માંગ્યુ. ત્યારે વ્યાસજીએ તથાસ્તુ કહ્યુ. તે પછી થોડા દિવસ રહી ગાન્ધારી અન્તરવત્ની (ગર્ભવતી) થઇ અને પેલી બાજ અન્તરવત્ની થયેલી રાજરાણી કુંતીએ સર્વપ્રથમ પુત્રને જન્મ આપ્યો. જે વાત સાંભળી અત્યંત ઉદ્વિગ્ન થયેલી ગાન્ધારીએ પોતાના ઉદર પર આઘાત કર્યો. ત્યારે તેના ગર્ભ થકી એક માંસનો પિંડ પ્રગટ થયો. જે પિંડ લોખંડના પિંડ જેવો સખત હતો. ત્યારે ગાન્ધારીએ તે પિંડને ફેંકી દેવાનો વિચાર કર્યો આ વાત વ્યાસજીને ખબર પડી ત્યારે તેઓ શીઘ્ર ત્યાં પધાર્યા અને તેઓએ ગાન્ધારીને તેમ કરતા રોકયા અને પછી ગાંધારી પાસે ઘીના એકસો ઘડા મંગાવ્યા અને પછી પેલા માંસ પિંડના સો કટકા કરી એક એક કટકો અક એક ઘડામાં પધરાવ્યો. અને પછી વ્યાસજીએ ગાંધારીને તે ઘડા સાચવવા માટે જણાવ્યું. તદન્તર બે વર્ષ પૂર્ણ થયા બાદ ઘડાનું ઢાંકણું ખોલતા તેમાંથી એક બાળકનું પ્રાગટય થયું જે બાળક દુર્યોધન હતો. દુર્યોધન પ્રગટ થતા ગધેડાની ધ્વનિમાં રૂદન કરવા લાગ્યા. તેના રડવાની ધ્વનિ સાંળળી બીજા ગધેડા પણ રડવા લાગ્યા; ઘણાજોરથી પવન ફુંકાવા લાગ્યો, સમ્પૂર્ણ દિશાઓમાં દાહ ફેલાવવા લાગ્યો આ બધા અપશુકનોને જોઇ વિદુરજી ધૃતરાષ્ટ્ર પ્રત્યે બોલ્યા. ''નરશ્રેષ્ઠ નરેશ્વર! તમારા જયેષ્ઠ પુત્ર જન્મ લેતા ભયંકર અપશુકન પ્રગટ થઇ રહ્યા છે, આનાથી સ્પષ્ટરૂપે જાણી શકાય છે કે તમારા પુત્રના નિમિત્તથી સમસ્ત કુળનો સંહાર થઇ જશે માટે જો આપ આનો ત્યાગ કરી દેશો તો તમારા બધા વિઘ્નોની શાંતિ થશે અને જો આની રક્ષા કરવામાં આવશે તો આગળ જતા આ અત્યંત ઉપદ્રવ કરશે. માટે હે મહિપતે! તમારા નવ્વાણું પુત્રો ભલે રહે પણ તમો તમારા આ પુત્રના ત્યાગ કરી

દો અતઃ કેવલ એક પુત્રના ત્યાગ દ્વારા સમસ્ત કુળ તથા સમસ્ત જગતની રક્ષા કરો.'' (મહા.આદિઅ ૧૧૫) આ પ્રમાણે કહેવા છતા પણ પુત્ર મમત્વને કારણે ધૃતરાષ્ટ્રએ દુર્યોધનનો ત્યાગ ન કર્યો અને અંતે જતા આ દુર્યોધનના નિમિત્તથી જ સમસ્ત કુળનો સંહાર થયો. (શ્લો-૫). હવે વિદુરજી કયા વિનાશને શ્રેષ્ઠ માનવો ને કહે છે-

(૧૦૯) ઘટાડો પણ ઉત્તમ :-

શ્લો-૬ न वृद्धिर्बहु मन्तव्या

या वद्धिः क्षयमावहेत्।

क्षयोऽपि बहु मन्तव्यो

यः क्षयो बुद्धिमावहेत्॥

શ્લોકાર્થ :- જે વૃધ્ધિ બાદમાં નાશનું કારણ બને છે, તેને સારી નહિ માનવી જોઇએ તે વિનાશને શ્રેષ્ઠ માનવો કે જેનાથી વૃધ્ધિની પ્રાપ્તિ થાય છે.

ચ.ટી. :- વિદુરજી દ્વારા પ્રથમથી 'તમારા આ પુત્રના નિમિત્તથી સમસ્ત કુળનો સંહાર થશે માટે આપ આનો ત્યાગ કરી દો.' આ પ્રમાણે સાવધાન કરાતા છતાં દુર્યોધન રૂપી અધર્મિ વૃક્ષને ધૃતરાષ્ટ્રે પાળી પોસી વૃધ્ધિ પમાડેલું અને આ વૃધ્ધિ પામેલુ વૃક્ષ હવે બંને કુળનો વિનાશ કરવાન્ અને થયુ પણ તેમજ આ દુર્યોધન રૂપી વૃક્ષે જીવનભર પાંડવો પ્રત્યે વિષ ઓકેલુ અને એનાજ પરિણામે સમસ્ત કુરૂકુળ યુધ્ધરૂપિ અગ્નિમાં હોમાઇ ગયું. જો વિદુરજીના કહ્યા પ્રમાણે ધૃતરાષ્ટ્રે દુર્યોધન રૂપી અધર્મિ છોડનો પ્રથમથી જ ત્યાગ કરી દીધો હતે તો સમસ્ત કુરૂકુળ નો વિધ્વંશ ન થતે. (શ્લો-૬) આજ વાતને નીતિકાર પુન કહે છે-

શ્લો-૭ न स क्षयो महाराज

य: क्षयो वृद्धिमावहेत्।

अय: सत्विह मन्तव्यो

यं लब्ध्वा बहु नाशयेत्॥

શ્લોકાર્થ :- હે મહારાજ! જે ક્ષય છેવટે વૃધ્ધિ કરાવે છે તે ક્ષય જ નથી, પણ જે મેળવ્યા પછી ઘણાનો નાથ થાય, તેને જ આ લોકમાં ક્ષય માનવો.

ચ.ટી. :- વિદુરજીનું કહેવાનું તાત્પર્ય એ છે કે રાજન! તમોએ દુર્યોધન રૂપી વિષવૃક્ષને લાલન પાલન કરી વૃધ્ધિ પમાડેલું છે. તે વૃક્ષના મૂળ એટલા ઉંડા ઉતરી ગયા છે કે દશ હજાર હાથીનું બળ ધરાવનાર તમારા ઉખાડવાથી પણ ઉખડશે નહિ અને તે વૃક્ષ હવે તમારા સમસ્ત કુળનો સંહાર કરશે. (શ્લો-૭) હવે નીતિકાર કોનો ત્યાગ કરવો તે કહે છે -

શ્લો-૮ समृद्ध गुणत: केचित्

भनन्ति धनतोऽ परे।

धनवृद्धानुगुणैर्हीनान्

धृतराष्ट्र विवर्जय॥

શ્લોકાર્થ :- હે મહારાજ! કેટલા એક ગુણથી સમૃધ્ધિ વાળા હોય છે, તો કેટલા એક ધનથી સમૃધ્ધિવાળા હોવા છતાં ગુણથી રહિત છે, તેનો તમે ત્યાગ કરો.

ચ.ટી. :- નીતિકાર અહીં ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રને કહે છે કે- હે રાજન્! દુર્યોધન ભલે ઐશ્વર્યથી સમ્પન્ન છે છતા પણ તે ગુણોથી હીન હોવાથી તેનો ત્યાગ કરવાનું કહ્યુ હતું પણ તમોએ તેનો ત્યાગ ન કર્યો તો હવે તેનો ત્યાગ કરો.

અન્યથા તેનું પરિણામ ભોગવવા તૈયાર રહેજો. (શ્લો-૮) હવે નીતિકારને ધૃતરાષ્ટ્ર પોતાની અસમર્થતા બતાવે છે -

<u>ધૃતરાષ્ટ્ર उवाच :- ધૃતરાષ્ટ્ર બોલ્યા :-</u>

શ્લો-૯ सर्वं त्वमायती युक्तं

भाषते प्राज्ञसम्मतम्।

न चेष्त्सहे सुतं त्यक्तुं

यतो धर्मस्ततो जय:॥

શ્લોકાર્થ :- હે વિદુરજી! તમો આ બધુ બુધ્ધિમાનોને માન્ય એવું તથા હિતકારી વચન બોલો છો, પરંતુ અમો અમારા પુત્રનો ત્યાગ કરવા અસમર્થ છીએ. બાકી જ્યાં ધર્મ છે ત્યાં જ જય છે.

ચ.ટી. :- અંબિકા નંદન ધૃતરાષ્ટ્ર કેવલ નેત્રથી અંધ નથી પણ બુધ્ધિ આદી બધાથી અંધ છે, 'सर्वात्मना अन्धो धृतराष्ट्र: સર્વ પ્રકારે અંધ ધૃતરાષ્ટ્ર' (ગીતા ભાગ-રામાનુજ અ ૧/૧) તેની ઇન્દ્રિય અંતઃકરણ પર અધર્મિ દુર્યોધનરૂપિ પુત્રનો મોહ એટલો વ્યાપિ ગયો હતો કે સાક્ષાત્ યમરાજજી ના અવતાર પરમ ભગવાન નીતિનિપૂણ એવા વિદુરજીના સમઝાવવા છતા તથા આ નીતિનો ઉપદેશ આપ્યા બાદ વિદુરજી દ્વારા સનકાદિ ઋષિઓનું આવાહન કરી તેઓ દ્વારા આત્મા અનાત્માનો ઉપદેશ અપાવવા છતા અને પોતે પણ 'જ્યાં ધર્મ છે ત્યાં જ જય છે.' આ પ્રમાણે જાણવા છતા અને 'દુર્યોધન અધર્મના માર્ગ પર આરૂઢ છે.' એમ યથાર્થ પણે વિદિત હોવા છતા પણ ધૃતરાષ્ટ્ર પુત્ર મોહને કારણે દુર્યોધનનો ત્યાગ કરવા સમર્થ થતા નથી. આ એક વિચારવા લાયક છે. (શ્લો-૯)

विदूर उवाच :- વિદુરજી બોલ્યા :-

શ્લો-૧૦ अतीव गुण सम्पन्नो

न जातु विनयान्वितः।

सुसूक्ष्ममपि भूतानामु

पमर्दमुपेक्षते ॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય ઘણો ગુણવાન તતા વિનયવાન હોય છે, તે પ્રાણીઓના અતિ અલ્પ દુ:ખ તરફ પણ કદી ઉપેક્ષા કરતા નથી.

ચ.ટી. :- અહીં નીતિકાર ધૃતરાષ્ટ્રને કહે છે - રાજન્! ધર્મરાજ યુધિષ્ઠિર ઘણા ગુણવાન અને તમારા પ્રત્યે ઘણો આદર ભાવ ધરાવે છે તમારો અધર્મિપુત્ર વનમાં પણ તેઓની ઠેકડી ઉડાવવા ગયો ત્યારે ચિત્રસેન સાથે થયેલા વિવાદમાં ચિત્રસેન દ્વારા દુર્યોધનને કેદ કરાતા યુધિષ્ઠિરને આ બાબતના સમાચાર મળતા તેઓએ ભીમ અને અર્જનને મોકલી તેને ચિત્રસેનની કેદમાંથી મુક્ત કરાવેલો. યુધિષ્ઠિર ધારતે તો દુર્યોધનની ઉપેક્ષા કરી શક્યા હોત પરંતુ તેઓને મન જગતનો કોઇપણ પ્રાણી તેઓનો શત્રુ નથી અને એટલે જ માટે તેઓ દુર્યોધનનું કષ્ટ જોઇ દ્રવિત થયા હતા. (શ્લો-૧૦) હવે નીતિકાર કોના સંગનો ત્યાગ કરવો તે કહે છે -

(૧૧૦) નિંદિતસંગ :-

શ્લો-૧૧ परापवादनिरताः

परदुःखोदयेषु च।

परस्पर व्रिरोधे च

यतन्ते सततोत्थिताः ॥

શ્લો-૧૨ स दोषं दर्शनं येषां

संवासे सुमहद् भयम्।

अर्थदाने महान्दोष

प्रदाने च महद् भयम्॥

શ્લો-૧૩ ये वै भेदनशीलास्तु

स कामा निस्त्रपा:शठा:।

ये पापा इति विख्याता:

संवासे परिगर्हिता:।

युक्ताश्चान्यैर्महादोषै

र्ये नशस्तान् विवर्जयेत्॥

શ્લોકાર્થ :- જેઓ પરનિંદા કરવામાં તથા અન્યને કષ્ટ આપવામાં તત્પર રહે છે, તેમ જ જેઓ પરસ્પર વિરોધ જગાવવાનો સતત પ્રયાસ કરે છે, જેમના દર્શન પાપકારી છે, જેમનો સહવાર મહા ભયંકર છે, જેમની પાસેથી ધન લેવાથી મોટો અનર્થ થાય છે, જેને ધન આપવામાં મોટો ભય રહે છે, જેમનો વ્યવસાય એકબીજામાં ભેદ પાડવાનો છે, જે કામી, નિર્લજ્જ તથા સઠ છે, જેઓ પાપી તરીકે વિખ્યાત છે, જેમની સાથે સહવાસ નિંદાપાત્ર ગણાય છે અને જેઓ બીજા મહાદોષથી ભરેલા છે. તે મનુષ્યોનો ત્યાગ કરવો.

ચ.ટી.:- ઉપરોક્ત દોષ જેમાં દેખાય તે મનુષ્ય ત્યાગ કરવો યોગ્ય જ છે કારણ તેનો સંસર્ગ કરવાથી કષ્ટ ઉત્પન્ન થાય છે અહીં ગુઢાર્થમાં નીતિકાર ધૃતરાષ્ટ્રને સાવધાન કરતા કહે છે તમારો પુત્ર દુર્યોધન આ બધાજ દુર્ગુણોથી યુક્ત થી માટે તેનો ત્યાગ કરવા મા જ તમારૂ શ્રેષ્ઠ યોગ્ય છે. (શ્લો-૧૧ થી ૧૩) હવે નીતિકાર કયા મિત્રનો ત્યાગ કરવો તે કહે છે -

શ્લો-૧૪ निवर्तमाने सौहार्दे

प्रीतिर्नीचे प्रणश्यति।

या चैव कलानिर्वृतिः

सौहुदे चैव यत् सुखम्॥

શ્લો-૧૫ यतते चापवादाय

यत्नमारभते क्षये।

अल्पेऽप्यपकृतेमोहान्

न शांतिमधिगच्छति॥

શ્લો-૧૬ तादृशैः सङ्गतं नीचै

र्नृशंसैरकृतात्मभिः।

निराम्य निपुणं बुद्धया

विद्वान् दूराद् विवर्जयेत्॥

શ્લોકાર્થ :- મિત્રતાનું કારણ સમાપ્ત થતાં જ નીચ મનુષ્યમાં પ્રેમ, મિત્રતાનું ફળ અને સ્નેહનું સુખ નાશ પામેલ છે. વળી નીચનું થોડું સરખું પણ બુરૂ કરવામાં આવે, તો તે મિત્રને અપવાદ આપવાનો તથા તેનો વિનાશ કરવાનો પ્રયત્ન કરે છે અને મૂર્ખતાને લીધે કોઇ રીતે શાંત થતો નથી આવા નીચે કઠોર, દુષ્ટ જનોને યથાર્થ રીતે જાણીને તની સંગતિ દૂરથી જ વિદ્વાનોએ છોડી દેવી જોઇએ.

ચ.ટી. :- '' यथा पूर्वंगजःस्नात्वा गृह्य हस्तेनवै रजः। दूषयत्वात्मनो देहं तथाऽनार्येषु सोहृदम्॥ જેમ હાથી પહેલા સ્નાન કર્યા બાદ સૂંઢથી ધૂળ ઉછાળી પોતાનું શરીર દુષિત કરી લે છે એવી જ રીતે દુષ્ટોની મિત્રતા હોય છે'' માટે આવા મિત્રનો ત્યાગ કરી દેવો અન્યથા કષ્ટના ભાજી થવું પડે છે. કહ્યુ પણ છે.

''वर्जयेत्कौलिकाकारं मित्रं प्रज्ञतरोनरः। आत्मनः सम्युखंनित्यं य आकर्षति लोलुपः॥ જે લોભી મનુષ્ય પોતાના મિત્રની ધનાદિ વસ્તુ પોતા તરફ ખેંચે છે, બુધ્ધિમાન મનુષ્યે તન્તુ વાય તલ્યુ તેવા મિત્રનો ત્યાગ કરી દેવો.'' (પંચ. લ. ૧૨) ''परोक्षे कार्यहन्तरं प्रत्यक्षे प्रियवादिनम्। वर्जयेत्तादृशं मित्रं मायामयमरिन्तथा॥ જે મિત્ર પરોક્ષમાં આપણા કાર્યનો નાશ કરતો હોય અને પ્રત્યક્ષમાં પ્રિય બોલકો હોય એવા માયામય કપટી મિત્રનો શત્રુની જેમ ત્યાગ કરવો.'' (ગરૂડ. ૧૧૫/૪૩) ''कुपुत्रे निर्वृतिर्नासिकुभार्यायां कुतोरतिः। कुमित्रेनास्ति विश्वासः कुराज्ये नास्तिजीवितम्॥ દુષ્ટ પુત્ર હોય તો શાંતિ મળતી નથી, સ્ત્રી પણ દુષ્ટા હોય તો પ્રસન્નતા ક્યાંથી પ્રાપ્ત થાય? કુમિત્ર પર વિશ્વાસ રખાય જ નહિ અને ખરાબ રાજ્યમાં જીવન જીવી શકાતુ નથી.'' (એકારણે તે ત્યજવા યોગ્ય છે- ગરૂડ- ૧૧૫/૪) હવે નીતિકાર કોનો સંગ કવો તે કહે છે -

(૧૧૧) સંગ કરવા યોગ્ય :-

શ્લો-૧૭ यो ज्ञातिमनुगृह्ययाति

दरिद्रं दीनमातुरम्।

स पुत्र पशुभिर्वृद्धिं

श्रेयश्चानन्त्यमश्नुते॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય પોતાના દીન, દુઃખી તથા દરિદ્રી જ્ઞાતિબંધુ પર દયા કરે છે, તેના પશુપુત્ર વધ્ધિ પામે છે અને તે પરમ કલ્યાણ ભોગવે છે.

ચ.ટી. :- અહીં વિદુરજી ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રને કહે છે- રાજન્! પાંડવો તમારા સગાભાઇ પાંડુના પુત્રો છે એટલે તમારા સમ્બન્ધિ છે, બીજ તેઓ રાજ્યથી વંચિત છે, વળી તમારા પુત્રોએ દ્યુતક્રીયામાં કપટ કરી તેઓનું રાજ્ય પડાવી લીધુ હોય તેઓ દરીદ્ર પણ છે અને વનવાસ દરમ્યાન તેઓ અત્યંત કષ્ટ પામી ચૂકેલા છે માટે આપ એઓ પર કૃપા કરો જેથી તમો આલોક પરલોકમાં શ્રેયના ભાગી

થસો. કહ્યુ પણ છે ''ग्रासादपि तदर्धं च कस्मान्न दीयतेऽर्थिषु। इच्छानुरुपो विभवः कदाकस्य भविष्यति॥ હે માનવ! માંગવાવાળા દીન-હીન વ્યક્તિયોને ગ્રાસભર અથવા તેનાથી પણ અડધો પદાર્થ કેમ નથી આપતા? બતાવો તો ઇચ્છાનુસાર ધન કોનું ક્યારે હોય છે? અર્થાત્ મનની ઇચ્છા પૂર્ણ નથી થઇ શકતી એટલે અસમર્થ લોકોને યથાશક્તિ કંઇને કંઇ આપતા રહેવું જોઇએ'' (પંચ. મિત્રસમ. ૧૭૨) ''उतोरयिः पृणतो नोपदस्यति। દાન દેનારની સંપત્તિ ઘટતી નથી, વધે છે.'' (ઋણ-૧૦/૧૧૭/૭) ''दारिद्रष्व, कत्याऽनेषुविपन्नोष्वामयाविषु। शषुत्याउनुकम्पां कुर्वीत स्त्रीफु दैवहतेषु चै। દરિદ્ર, અપંગ, વિપત્તિથી ઘેરાયેલા, રોગી, સ્ત્રીઓ અને ભાગ્યહીન, આટલા ઉપર યથાશક્તિ દયા કરવી અર્થાત્ તેઓની સહાયતા કરવી.'' (શી. અર્થ. શ્લો-૮૪) (શ્લો-૧૭) હવે નીતિકાર કોનો સત્કાર કરવાથી કલ્યાણ થાય છે તે કહે છે-

શ્લો-૧૮ ज्ञातयो वर्धनीयास्तैर्य

इच्छन्त्यात्मनः शुभम्।

कुलंवृद्धिं च राजेन्द्र

तस्मात्साधु समाचर॥

શ્લો-૧૯ श्रेयसा योक्ष्यते राजन्

कुर्वाणो ज्ञाति सत्क्रियाम्।

विगुणाह्यपि संरक्ष्या

ज्ञातयो भरतर्षभ।

किं पुनर्गनवन्तस्ते

त्वत्प्रसादाभिकाङ्क्षिणः॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય પોતાનું શુભ ઇચ્છતા હોય, તેઓએ જ્ઞાતિજનોની ઉદયવૃદ્ધિ કરવી, એટલે હે રાજેન્દ્ર! તમે પણ સારી રીતે કુળની વૃદ્ધિ થાય તે પ્રમાણે આચરણ કરો. હે રાજન્! જ્ઞાતિને સત્કારનારો કલ્યાણથી યુક્ત થાય છે. હે ભરત શ્રેષ્ઠ! જ્ઞાતિજનો ગુણ રહિત હોય, તો પણ તેમનું રક્ષણ કરવું જોઇએ, ત્યારે ગુણ સંપન્ન અને તમારી કૃપાના આકાંક્ષી એવા પાંડવો માટે તો કહેવું જ શું?

ચ.ટી. :- વિદુરજી કહે છે- હે મહારાજ! પાંડવો રાજ્યચ્યુત તથા એક તમારા જ સહારે રહેવાવાળા છે અને તમારી એકની જ કૃપાની ઇચ્છા રાખે છે. તથા તેઓ ધર્મના માર્ગ પર સ્થિત છે અને સદાચારથી યુક્ત છે માટે તેઓ વિશેષ રીતે રક્ષણીય છે. તેઓ જે દિવસથી હસ્તિનાપુર આવ્યા છે તે દિવસથી લઇ અદ્યાપિ પર્યન્ત તમારા અને તમારા દુષ્ટ પુત્રોના અતિમાનુષ કષ્ટ સહન કરતા આવ્યા છે છતાં હજ તેઓ શાંત છે, માટે આપ એઓના દબાયેલા કોપને નિમંત્રણ ન આપો અન્યથા તેઓનો પ્રગટ થયેલો કોપ તમારા સમસ્ત પરિવારને દગ્ધ કરી દેશે. (શ્લો-૧૮, ૧૯) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને પાંડવોને તેઓની આજીવિકા ચલાવવાને અર્થે કંઇક આપવાનું કહે છે-

શ્લો-૨૦ प्रसादं कुरु वीराणां

पाण्डवानां विशाम्पते।

दीयतां ग्रामका: केचित्

तेषां वृत्त्यर्थमीश्वर॥

શ્લોકાર્થ :- હે પૃથ્વી પતિ! તમે વીર પાંડવો ઉપર કૃપા કરો, હે પ્રભુ! તમો તેમને આજીવિકા માટે કેટલાક ગામો આપો.

ચ.ટી. :- વિદુરજીએ અંતે ધૃતરાષ્ટ્ર ને એવું પણ સમઝાવતા કહ્યુ કે રાજન! ભલે તમો પાંડવોને તેઓનો દાયભાગ ન આપો તો પણ કાંઇ નહિ તેઓને અમુક ગામ તેઓના નિર્વાહ કરવા માટે આપી દો. જેથી તેઓનું ગુજરાન ચાલી શકે અને આમ કરવાથી આ સંભવિત યુધ્ધ ને તમો ટાળી દેવ અન્યથા યુધ્ધમાં પાંડવો ના પક્ષમાં ધર્મ હોવાથી તેઓનો જ વિજય થશે અને તમારા હસ્તિનાપુરના રાજ્ય સહિત સમ્પૂર્ણ પૃથ્વિ તેઓના અધિકારમાં થઇ જશે. (શ્લો-૨૦) હવે વિદુરજી ધૃતરાષ્ટ્ર ને તેના પુત્રોને અંકુશમાં લેવા માટે કહે છે-

શ્લો-૨૧ एवं लोके यश: प्राप्तं

भविष्यति नराधिप।

वृद्धेन हि त्वया कार्यं

पुत्राणां तात शासनम्॥

શ્લોકાર્થ :- હે નરપતિ! આ પ્રમાણે કરવાથી લોકોમા તમોને યશ પ્રાપ્ત થશે. હે તાત! તમો વૃધ્ધ છો માટે તમોએ તમારા પુત્રો પર શાસન કરવું જોઇએ. અર્થાત્ તેઓને સન્માર્ગે ચલાવવા જોઇએ.

ચ.ટી. :- નીતિકાર કહે છે કે- રાજન્! તમારા પુત્રો જે અધર્મના માર્ગ પર આરૂઢ થઇ ઉછૃંખલ રીતે વર્તે છે, તેને તમો પિતા અને રાજા હોવાથી સામનીતિથી સમઝાવી ધર્મ માર્ગ પર લાવો. જો સામનીતિ થી સમઝાવવા છતા તે સન્માર્ગ પર આરૂઢ ન થાય તો તેને દંડ આપી કેદ કરો તેમા જ તમારૂ અને તમારા કુળનું કલ્યાણ થશે. (શ્લો-૨૧) હવે નીતિકાર સંપત્તિ વહેચીને ઉપભોગ કરવાનું કહે છે-

શ્લો-૨૨ मया चापि हितं वाच्यं

विद्धि मां त्विद्धितैषिणम्।

ज्ञातिभिर्विग्रहस्तात

न कर्तव्य: शुभार्थिना।

सुखानि सहभाजयानि

ज्ञातिभिर्भरतर्षभ॥

શ્લોકાર્થ :- હે રાજન્ અમારે પણ આપને હિતબોધ આપવો જોઇએ. તમો અમોને આપના હિતેષી જાણો હે ભરત શ્રેષ્ઠ! શુભેચ્છક મનુષ્યે પોતાનાં જ્ઞાતિજનો સાથે વિગ્રહ ન કરવો જોઇએ. હે તાત! તેણે તો તેમની સાથે રહીને સુખ ભોગવવનું જોઇએ.

ચ.ટી. :- કટુ અને હિતકારી વચન કહેનારા ઘણા જજ મનુષ્યો જ હોય છે અને વિદુરજી તેઓમાના એક છે. વિદુરજી હંમેશા ધૃતરાષ્ટ્ર અને તેઓના પુત્રોનું હિત જ ઇચ્છતા હતા. તેથી તઓએ જીવનભર ધૃતરાષ્ટ્રને સત્ય અને હિતકારી ધર્મયુક્ત વચનો જ કહ્યા છતા ધૃતરાષ્ટ્ર અને તેઓના પુત્રોને તેઓના વચન અહિતકારી જ લાગતા હતા. કહ્યુ પણ છે ''सुलभा: पुरुषा राजन् सततं प्रियावादिन:। अप्रियस्स च पथ्थस्य वक्ताश्रोता च दुर्लभ:॥ સદાપ્રિય લાગવાવાળી મીઠી વાતો કહેનારા તો સુગમતાથી મળી શકે છે, પરંતુ સાંભળવામાં અપ્રિય પરંતુ પરિણામમાં હિતકારી હોય એવી વાત કહેનારા તથા સાંભળનારા દુર્ભલ હોય છે.'' (વા. રા.યુ. ૧૬/૨૧)

અહીં વિદુરજી ધૃતરાષ્ટ્રને બીજી વાત પણ કહે છે કે ''રાજન્! તમો તમોને ધરોહરના રૂપમાં મળેલા રાજ્યનો ઉપભોગ એકાકી જ કરવા ઇચ્છો છો. પરંતુ તમારી આ ક્રીયા અયોગ્ય છે હસ્તિનાપુરના રાજ્ય પર પાંડવોનો પણ સમાન

અધિકાર છે, માટે આપ તેઓને તેમનો દાય ભાગ અર્પણ કરી રાજ્યનો ઉપભોગ કરો અર્થાત્ હળીમળીને આ પિતૃક સંપત્તિનો ઉપભોગ કરો પરંતુ તેઓ સાથે વિવાદ કરવાનું છોડી દો (શ્લો-૨૨) હવે નીતિકાર સમ્બન્ધિઓ સાથે વિવાદ ન કરવાનું કહે છે-

શ્લો-૨૩ सम्भोजनं सकथनं

सम्प्रीति श्च परस्परम्।

ज्ञातिभिः सहकार्याणि

न विरोधः कदाचन॥

શ્લોકાર્થ :- હે ભ્રાતા! જ્ઞાતિજનોની સાથે ભોજન કરવું, વાત ચિત કરવી તથા પરસ્પર પ્રેમ રાખવો, પણ કદી તેમની સાથે વિરોધ કરવો નહિ.

ચ.ટી. :- ''જદપિ જગ દારૂન દુઃખ નાના । સબતે કઠિન જાતિ અવમાના ॥ જો કે જગતમાં દારૂણ દુઃખો અનેક છે, તો પણ સ્વજાતિ તરફથી અપમાન સર્વે દુઃખોથી વધારે દારૂણ છે.'' (રા.ચ.મા.બા. ૭૨/૪)'' સગાસંબંધિઓ સાથે વિરોધ કરવાનું પરિણામ્ કેટલું દારૂણ આવે છે ત રાવણ અને વિભિષણના દૃષ્ટાંતથી સ્પષ્ટ થાય છે. વિભિષણજીએ રાવણને ઘણો સમજાવ્યો કે ''તેઓ સિતાજીને શ્રીરામને પરત કરી દે અને સમસ્ત રાક્ષસ જાતિને રામના કોપથી બચાવે. અન્યથા રામની ક્રોધાગ્નિમાં સમસ્ત રાક્ષસ જાતિ હોમાઇ જશે.'' પરંતુ વિભિષણના હિતકારી વચનો રાવણને અપ્રિય થઇ પડયા અને ભરી સભામાં તેણે વિભિષણજીને અપમાનિત કરી કાઢી મુકયા. જેના પરિણામે વિભિષણ રામના પક્ષમાં ભળી ગયા. જેને લઇ રાવણના પક્ષની જે પણ કોઇ ગુપ્ત વાત જેનાથી વિભિષણ પરિચિત હતા તે બધી જ ગુપ્ત વાત તેઓએ શ્રીરામની સામે પ્રગટ કરી દીધી જેને લઇ રાવણ તેના સહાયકો સાથે કાળના મુખમાં જતો રહ્યો. માટે

સંબંધી સાથે ક્યારેય વિરોધ ન કરવો. (શ્લો-૨૩) હવે નીતિકાર સગા સમ્બન્ધિઓની શ્રેષ્ઠતા નિષ્કૃષ્ટતાની વાત કરે છે-

(૧૧૨) જ્ઞાતિજનો સાથે તરવું ડૂબવું :-

શ્લો-૨૪ ज्ञातयस्तारयन्तीह

ज्ञातयो मज्जयन्ति च।

सुवृत्तास्तारयन्तीह

दुर्वृत्ता मज्जयन्ति च॥

શ્લોકાર્થ :- આ લોકમાં જ્ઞાતિજનો જ તારે છે અને જ્ઞાતિ જનો જ ડુબાડે છે. સંસારમાં સદ્ વર્તનવાળા જ્ઞાતિજનો તારે છે અને દુર્વર્તનવાળા જ્ઞાતિજનો (સમ્બન્ધિજનો) ડુબાડે છે.

ચ.ટી. :- અહીં વિદુરજી ગૂઢાર્થમાં ધૃતરાષ્ટ્ર ને કહે છે કે હે રાજન્! તમારા પુત્ર દુર્યોધનના સમ્બન્ધિ એવા દુઃશાસન આદિ ભાઇઓ તથા તેમના કપટી ધુતકુળશ માતુલ શકુનિ જેને તે પોતાનાં હિતેચ્છ માને છે પરંતુ વાસ્તવમાં તેઓ તેના હિતેચ્છ નથી તેઓની બુધ્ધિ પ્રમાણે આચરણ કરવાથી તો તે કષ્ટનો ભાજી થશે. જ્યારે પાંડવોના સમ્બન્ધિ આદી છે તેઓ ધર્મનિષ્ઠ છે અને તેઓના માર્ગદર્શન અનુસાર પાંડવો કાર્ય કરવા તત્પર થાય છે જેને લઇ તેઓ આલોક અને પરલોકમાં સુખના ભાજી થશે. અને અંતે થયુ પણ એમજ શકુનિ આદીની બુધ્ધિથી ચાલનારા દુર્યોધનનું પતન થયુ જ્યારે શ્રીકૃષ્ણ આદીની બુધ્ધિથી ચાલનારા પાંડવો આ લોક પરલોકમાં સુખના ભાજી થયા. (શ્લો-૨૪) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને પાંડવો પ્રત્યે સદ્ વ્યવહાર કરવાની સલાહ આપે છે-

શ્લો-૨૫ सुवृत्तो भव राजेन्द्र

पाण्डवान् प्रति मानद।

अघर्षणीयः शत्रूणां

तैर्वृतस्त्वं भविष्यसि॥

શ્લોકાર્થ :- હે માનયોગ્ય ધૃતરાષ્ટ્ર! તમો પાડવો પ્રત્યે શ્રેષ્ઠ વ્યવહાર કરનારા થાવ. પાંડવો દ્વારા તમારો સ્વીકાર કરાતા તમો શત્રુઓ થકી પણ અપરાજીત થઇ જશો.

ચ.ટી.:- નીતિકાર કહે છે રાજન્! અત્યાર પર્યન્ત તમો પાંડવો સાથે લાક્ષાગૃહ, ધુતક્રીડા ભવન, દ્રોપદીવસ્ત્રા હરણ આદી દ્વારા દુર્વ્યવહાર કરતા આવેલા છો અને હાલના સમયમાં પણ ધૃતમાં થયેલા કરાર મુજબ તેઓનું રાજ્ય પરત કરવા તૈયાર નથી. તો તેઓનો દાય ભાગ અર્પણ કરી તમો તેઓ સાથે શ્રેષ્ઠ વ્યવહાર કરો. આમ કરવાથી દેવતાઇ શક્તિથી પરિપૂર્ણ પાંડવો અને તેમના સહાયકો તમારા પક્ષમાં ભળી જશે જેની સહાયતાથી તમો તમારા દુર્જય શત્રુ પર પણ વિજય પ્રાપ્ત કરી શકશો. (શ્લો-૨૫) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને સમ્બન્ધિઓને દુઃખી કરવાથી શુ થાય છે તે કહે છે-

શ્લો-૨૬ श्रीमन्तं ज्ञातिमासाद्य

यो ज्ञातिरवसीदति।

दिग्धहस्तं मृग इव

स एनस्तस्य विन्दति॥

શ્લોકાર્થ :- કોઇ જ્ઞાતિજન શ્રીમંત જ્ઞાતિજનને આશ્રયે જાય અને છતાં તેને દુઃખ ભોગવવાનું આવે, તો હાથમાં ઝેરી બાણવાળા પારધીને આશ્રયે ગયેલા

મૃગનો વધ થવાથી જેમ એ મૃગ વધનું પાપ પેલા પારધીને લાગે છે તેમ જ્ઞાતિજનોને તે દુ:ખ પડયાનું પાપ પેલા શ્રીમંતને લાગે છે.

ચ.ટી. :- આ નીતિ વાક્ય દ્વારા મહાત્મા વિદુરે ધૃતરાષ્ટ્રને સ્પષ્ટ રૂપે કહ્યુ છે કે વૃધ્ધ પુરૂષોએ પોતાના સગાસંબંધિઓનું ધ્યાન રાખવું જોઇએ. ઐશ્વર્યનો ઉપભોગ હળીમળીને કરવો જોઇએ. જે એકાકી તેનો ઉપભોગ કરે છે તે પાપનો ઉપભોગ કરે છે. માટે જ શ્રુતિ ભગવદી તથા ભગવદ્ વચન કહે છે ''केवलाघो भवतिकेवलादी'' તથા ''भुञ्जन्ते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात्- જે કેવલ પોતા માટે રાંધે છે તે પાપને ખાય છે.'' (શ્લો-૨૬) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને યુધ્ધના પરિણામ પર વિચાર કરવાની સલાહ આપે છે.

(૧૧૩) નીતિઃ

શ્લો-૨૭ पश्चादपि नरश्रेष्ठ

तव तापो भविष्यति।

तान्वा हतान्सुतावपि

श्रुत्वा तदनुचिन्तय॥

શ્લોકાર્થ :- હે નરશ્રેષ્ઠ! યુદ્દમાં પાંડવો કે તમારા પુત્રો હણાય ગયા છે, અ સાંભળીને તમને પછી સંતાપ થશે. તો તમે આગળથી જ વિચાર કરો.

ચ.ટી.:- મહાત્મા વિદુરજી ધૃતરાષ્ટ્રને કહે છે- રાજન્! જેમ દુર્યોધન આદી તમારા પુત્રો છે તેમ પાંડવો પણ તમારા પુત્રો છે. તેઓમાંથી કોનું પણ મૃત્યુ થશે તો તમે તેને શત્રુનું મૃત્યુ થયું એમ સમઝી પ્રસન્ન થશો? નહિ તમારા માટે તો તમારા કે પાંડુના પુત્રના મૃત્યુ ના સમાચાર શોકનું કારણ જ બનશે માટે તેના પર પૂર્વા પર વિચાર કરી આસંભવિત યુધ્ધને ટાળો (શ્લો-૨૭) હવે નીતિકાર ભવિષ્યમાં કરવાના કાર્યોનો વિચાર કરવાનું કહે છે-

શ્લો-૨૮ येन खट्वां समारुढः

परि तप्येत कर्मणा।

अदावेव न तत्कुर्याद

ध्रुवे जीविते सति॥

શ્લોકાર્થ :- આવરદા પરપોટા જેવી છે. એટલે જે કામ કરવાથી પલંગ પર પડયા પડયા પશ્ચાતાપ કરવો પડે તે કાર્ય પ્રથમથી જ ન કરવું. અર્થાત્ આવા કાર્યોને સુદુરથી જ ત્યાગ કરવા.

ચ.ટી.:- જે કાર્ય કરવાથી લોક નીન્દા અને સંતાપ થાય તેને પ્રથમથી જ ન કરવ, અન્યથા પસ્તાવાનો વારો આવે છે કહ્યુ પણ છે ''दृढं विमुश्य कर्तुणां सदा वदनमुज्ज्वलम्। निन्दा पङ्कावृतंचापि! कार्ये साहसकारिणाम्॥ સારી રીતે વિચાર વિમર્શ કરીને કાર્ય કરવાવાળાનું મુખ સદા ઉજ્જવળ રહે છે, પરંતુ તેના કાર્યમાં જે વિઘ્ન નાખે છે તેનુ મુખ નિન્દારૂપી કાદવથી ઢંકાય જાય છે.'' (નીતિકલ્પતરૂ-૬/૪૫) ''अपरीश्य न कर्तव्यं कतव्यं सुपरीक्षितम्। पश्चाद् भवति सन्तापो...॥ વગર જાણ્યે તથા સમઝયા વિના અને પરીક્ષા કર્યા વિના કોઇ કાર્યને નહિ કરવું જોઇએ, અન્યથા કાર્ય કર્યા બાદ મનુષ્યને પશ્ચાતાપ કરવો પડે છે.'' (પંચ.આપરિ.૧૭) આ સન્દર્ભમાં એક ચરિત્ર અવલોકનીય છે. વાત એવી હતી કે- કોઇ એક નગરમાં દેવશર્મા નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેની ગર્ભવતી સ્ત્રીએ એક પુત્રને જન્મ આપ્યો. જે દિવસે આ બ્રાહ્મણીએ પુત્રને જન્મ આપ્યો એજ દિવસે આ બ્રાહ્મણના આંગણામાં રહેતી એક નેવલીએ પણ એક નેવલાને જન્મ આપ્યો અને જન્મ બાદ તે મૃત્યુ પામી ત્યારે પુત્ર પર સ્નેહ કરવાવાળી આ બ્રાહ્મણીએ પુત્રની જેમ જ નેવલાને (નોળીયાને) પણ દુગ્ધપાન, ઉબતન તથા તેલ માલિશ આદી ક્રિયા દ્વારા તેનું પણ પોષણ કર્યુ. પરંતુ તે વિશ્વાસ કરતી ન

હતી પુત્ર સ્નેહ સર્વોપરી હોવાને કારણે તે હંમેશ તેનાથી ભય પામતી રહેતી હતી કે - 'ક્યારેક આ પોતાના જાતિગત દોષને કારણે મારા પુત્રનું અનિષ્ટ ન કરી બેશે.'

એક દિવસની વાત હતી આ બ્રાહ્મણીએ પોતાના પુત્રને શય્યા પર સુવાડી જળ ભરવા જતી હતી પરંતુ જતા જતા તે પોતાના પતિ પ્રત્યે બોલી 'સ્વામી! અમો જળ લેવા માટે તળાવ પર જઇએ છીએ, તો આપ આ નોળિયા દ્વારા આપણા બાળકનો રક્ષા કરજો.' ત્યારે બ્રાહ્મણે કહ્યું 'ભલે' આ તરફ બ્રાહ્મણ ને ભીક્ષા લેવા જવાનો સમય થયો એટલે તે બાળકને છોડીને ભીક્ષા લેવા માટે ગયો. તેવા સમયમાં એક કાળો સર્પ બીલમાંથી નીકળ્યો નોળીયાએ કાળા સર્પને જોયો એટલે જોતા જ તેને પોતાનો સ્વાભાવિક શત્રુ જાણી બાળની રક્ષાના નિમિત્તે સર્પ ને મારી ટુકડે ટુકડા કરી નાખ્યા.

તદન્તર પેલી બ્રાહ્મણીને પાણી લઇ ઘરે આવતી જોઇ પ્રસન્નતા પૂર્વ પોતાના કાર્યને પ્રગટ કરવા રક્તથી લીપ્ત મુખવાળો નોળિયો તે બ્રાહ્મણી સમિપ આવ્યો. બ્રાહ્મણી તેનું રક્તાર્દ્રમુખ જોઇ સંકિત થઇ ગઇ અને એ વિચાર લાગી કે 'આ દુષ્ટે મારા પુત્રને મારી નાખ્યો અને તે તેનું ભક્ષણ કરી ગયો.! એટલે ક્રોધાતુર થઇ તેને જળથી ભરેલો ઘડો નોળિયા પર પટકયો એટલે નોળિયો મૃત્યુ પામ્યો. નોળિયાને મરેલો જોઇ બ્રાહ્મણી વિલાપ કરતી ઘરમાં આવી અને ત્યાં આવી જોયું તો પોતાના પુત્રને શૈયા પર સૂતેલો દીઠો અને તેની સમીપમાં ટુકડે ટુકડા થયેલા સર્પને જોયો અને તેને જોતા જ બ્રાહ્મણીને પોતાની ભૂલ સમજાય અને તે નોળિયાના મૃત્યુથી શોકાતુર થઇ ગઇ અને પોતાની છાતી તથા મસ્તકને તાડીત કરતી થકી રૂદન કરવા લાગી (પંચતંત્ર) માટે જે કાર્ય કરી પલંગ પર બેસી રડવું પડે તેવું કાર્ય ક્યારેય ન કરવું. અહીં નીતિકાર ધૃતરાષ્ટ્રને ગુઢાર્થમાં

કહી રહ્યા છે કે, રાજન્! તમો પણ તમારા દુષ્ટ પુત્રોની વાતમાં આવી જઇ ભીષ્મ, દ્રોણ, કૃપ, અશ્વથ્થામાં અને કર્ણની વીરતાના બાહુબળ પર પાંડવો સાથે યુધ્ધ કરવાનું વિચારી રહ્યા છો પરંતુ પાંડવોના પક્ષમાં ધર્મ છે એટલે નિશ્ચિત પણે વિજય તેઓનો જ થશે અને અંતે તમારે તમારા આ કાય પર પશ્ચાતાપ કરવો પડશે. (શ્લો-૨૮) પુનઃ પણ નીતિકાર ધૃતરાષ્ટ્રને ભવિષ્યમાં થવાવાળા કાર્ય પર વિચાર કરવાનું કહે છે.

શ્લો-૨૯ न कश्चिन्नापनयते पुमानन्यत्र भार्गवात।

शेष सम्प्रति पत्तिस्तु बुद्धिमत्स्वेवतिष्ठति॥

શ્લોકાર્થ :- સંસારમાં નીતિશાસ્ત્રના આચાર્ય દૈત્યગુરૂ શુક્રાચાર્ય સિવાય બીજો કોઇ અન્યાય કરતો નથી એમ સમઝવું નહિ, પણ અન્યાય ધ્યાનમાં આવ્યા પછી બાકી રહેલાં કાર્યમાં વિચાર પૂર્વક વર્તવું એ બુધ્ધિમાનોનું લક્ષણ છે.

ચ.ટી.:- શુક્રાચાર્ય દૈત્ય ગુરૂના રૂપમાં ઇતિહાસમાં પ્રસિદ્ધ છે, તેઓએ દેવતાઓની વિરુધ્ધ દાવનોને સદા સંરક્ષણ પ્રદાન કરેલું છે અને તેઓનો પક્ષ લીધેલો છે. પુરાણોમાં કશ્યપ ઋષિની બે પત્નીઓનું વર્ણન છે. દિતિ, અદિતિ. દિતિના પુત્ર દૈત્ય અથવા દાવન કહેવાયા અને અદિતિના પુત્રો આદિત્ય-દેવતા કહેવાયા એક સમયની વાત હતી દૈત્યો અને દેવો વચ્ચે મહાદારૂણ સંગ્રામનો આરંભ થયો તે સંગ્રામમાં દેવતાઓનો પક્ષ લઇ ભગવાન વિષ્ણુ દાનવોનો સંહાર કરવા લાગ્યા એટલે દાનવો રણમેદાન છોડી પલાયન થઇ ગયા અને બધા ઋષિ ભૃગુના આશ્રમમાં આવ્યા તે સમયે આશ્રમમાં ભૃગુ ન હોવાથી દૈત્યોએ તેમના ભાર્યા ખ્યાતિ પાસે પોતાના રક્ષણની પ્રાર્થના કરી. દૈત્યની પ્રાર્થના સાંભળી ખ્યાતિએ દૈત્યોને અભયદાન આપ્યુ. તેવા સમયમાં દેવતાઓ દૈત્યોને શોધતા થકા ભૃગુ ઋષિના આશ્રમમાં આવ્યા અને જ્યાં તેઓ દૈત્યો પર આક્રમણ કરવા

જતા હતા ત્યાંજ ખ્યાતિએ પોતાના પાતિવ્રત્યના બળ પર બધાજ દેતવાતઓને સ્તંભિત કરી દીધા. સ્તંભિત થયેલા દેવતાઓએ મનોમન ભગવાન વિષ્ણુનું સ્તવન કર્યુ જેથી ભગવાન વિષ્ણુ ત્યાં પ્રગટ થઇ દેવતાઓને ખ્યાતિ થકી આવેલા કષ્ટથી મુકાવી સુદર્શન ચક્ર દ્વારા ખ્યાતિ નું મસ્તક ધડથી અલગ કરતા હતા.

તદન્તર ભૃગુ ઋષિ આશ્રમમાં આવ્યા અને તેઓએ જોયું કે મારી ભાર્યા ખ્યાતિ મરણ પામી છે તેઓએ પોતાની દિવ્ય દૃષ્ટિથી બધુ જાણી લીધુ અને પછી પોતાના સામર્થ્યથી પોતાની ભાર્યા ને જીવિત કરી ક્રોધાયમાન થઇ ભગવાન વિષ્ણુને શાપ આપતા બોલ્યા ''વિષ્ણુ! તમોએ અમારી ભાર્યાનો શિરોચ્છેદ કરેલો છે માટે જાવ અમો તમોને શાપ આપીએ છે કે તમારે વારંવાર ધરાતલ પર જન્મ લઇ મનુષ્ય સંબંધિત કષ્ટ સહન કરવા પડશે.'' આને લઇ ભૃગુપુત્ર શુક્રાચાર્ય પણ દેવતાઓના વિરોધી થઇ ગયા અને દૈત્યોના ગુરૂનું પદ સ્વિકારી દૈત્યોના પક્ષનું પોષણ કરવા લાગ્યા. દૈત્યો એ અત્યાચારો કર્યા અન્યાય કર્યો છતા દૈત્યગુરૂ હોવાને કારણે શુક્રાકાર્યે તેઓને જ શાપ આપ્યો અને સંસાર પ્રત્યે અન્યાય કર્યો. નીતિકાર કહે છે કે જે પ્રમાણે શુક્રાચાર્યે અન્યાય કર્યો તેમ હે ધૃતરાષ્ટ્ર! આપ પણ પ્રથમથી જ પાંડુ પુત્ર સાથે લાક્ષાગૃહ, ધુતક્રીડા, દ્રોપદી વસ્ત્રાહણ, વનવાસ તથા ઘોષયાત્રા આદી દ્વારા અન્યાય જ કરતા આવેલા છે અને અત્યારે પણ તેઓ ધુતમાં થયેલા કરાર મુજબ બાર વર્ષ વનવાસ અને એક વર્ષ અજ્ઞાત વાસ પૂર્ણ કરી આવી પોતાના દાય ભાગ માંગે છે છતાં તેને તમો આપવા તૈયાર નથી. અને એને લઇ પાંડવો તમારી સાથે યુધ્ધ કરવા તૈયાર થાય છે અને તમો પણ ભીષ્મ, દ્રોણ આદીના બળ પર તેઓ સાથે યુધ્ધ કરવા તૈયાર થયા છે. પરંતુ પાંડવોના પક્ષમાં ધર્મ છે માટે યુધ્ધ થશે તો નિશ્ચિત પણે પાંડવોનો

વિજય થશે માટે આ કાર્ય કરવામાં આપ વિચાર કરો. (શ્લો-૨૯) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને દુર્યોધન દ્વારા થયેલા પાપનું નિરાકણ કરવાનું કહે છે-

શ્લો-૩૦ दुर्योधनेन यद्येतत्

पापं तेषु पर कृतम्।

त्वया तत्कुलवृद्धेन

प्रत्यानेयं नरेश्वर॥

શ્લોકાર્થ :- હે નરેશ્વર! પૂર્વે દુર્યોધને પાંડવો પ્રત્યે જે પાપ પૂર્ણ વર્તન કરેલું છે, તે વર્તનનો બદલો કુરૂકુળમાં વૃધ્ધ એવા તમારે વાળી આપવો જોઇએ.

ચ.ટી.:- નીતિકાર કહે છે રાજન્! દુર્યોધને પૂર્વે ભીમસેનને વિષ આપી મોતને ઘાત ઉતારવાનો પ્રયાસ કર્યો, લાક્ષાગૃહમાં પાંડવોને જીવતા બાળી નાખવાનો પ્રયાસ કર્યો, ધુતક્રીડામાં કપટ કરી તેઓનું સર્વસ્વ અપહરણ કરી તેઓની પરમ પતિવ્રતા ભાર્યા દ્રોપદીનું વસ્ત્રાહરણ કરી તેનુ માન ભંગ કરી તેઓ બધાને વનવાસમાં મોકલી દીધા, આ ઉપરાંત વનમાં પણ ઘોષાયાત્રાના નિમિત્તે તેઓનો ઉપહાસ કરવાનો પ્રયાસ કર્યો તો તમો આ કુરૂકુળમાં વૃધ્ધ છો વળી રાજ સિંહાસન પર આસીન છો અને વળી દુર્યોધન ના આ બધા જ પાપ પૂર્ણ કર્મો પાંડવોને તેઓના દાય ભાગ પરત કરી ઢાંકી શકો છો. એમાજ આપનું તથા તમારા પુત્રોનું હિત છે. (શ્લો-૩૦) હવે વિદુરજી પુનઃ પણ ધૃતરાષ્ટ્રને પાંડવોને તેઓનો દાય બાગ પરત કરવા માટે કહે છે -

શ્લો-૩૧ तास्त्वं पदे प्रतिष्ठाप्य लोके विगतं कल्मषः।

भविष्यसि नरश्रेष्ठ पूजनीयो मनीषिणाम्॥

શ્લોકાર્થ :- હે નર શ્રેષ્ઠ! પાંડવોને રાજ્ય પદ પર બેસાડીને તમો લોકમાં નિર્દોષ થશો અને વિદ્વાનોમાં પણ પૂજ્ય થશો.

ચ.ટી. :- નીતિકાર કહે છે રાજન્! આપે અને આપના દુષ્ટ પુત્રોએ અદ્યાપિ પર્યન્ત પાંડવો ને અનેકો કષ્ટ આપેલા છે જેને લઇ તમો અને તમારા પુત્રોની સમસ્ત સંસારમાં અપકીર્તિ થઇ છે તો આ અપકીર્તિ થી બચવાનો એકજ ઉપાય છે કે આપ પાંડવોને એમનો દાય ભાગ પરત કરી દો જેથી આપ સંસારમાં નિર્દોષ થશો અને વિદ્વાનોમાં પણ આદર પાત્ર થશો (શ્લો-૩૧) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર વિચારીને કાર્ય કરવાનો ઉપદેશ આપે છે -

શ્લો-૩૨ सुव्याहृतानि धीराणां

फलत: परिचिन्त्य य: ।

अध्यवस्यति कार्येषु

चिरं यशसि तिष्ठति ॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય ધીર પુરૂષોના સારાં વચનોનાં પરિણામનો વિચાર કરીને કાર્ય કરવાનો નિશ્ચય કરે છે, તે ચિર કાળ સુધી યશસ્વી રહે છે.

ચ.ટી. :- કોઇપણ કાર્યનો આરંભ વિદ્વાન પુરૂષો સાથે પરામર્શ કરીને જ કરવો કારણ કે જગતમાં પ્રાયઃ એવું જોવા મળે છે કે વગર વિચાર્યે કાર્યમાં પ્રવૃત્ત થનારાને મોટી વિપત્તિનો સામનો કરવો પડે છે. વિષ્ણુ શર્મા કહે છે ''अव्यापारेषु व्यापारं यो नर: कर्तुमिच्छति। स एव निधनं यातिकीलो त्पाटीववानर: ॥ જે મનુષ્ય વ્યર્થનું કાર્ય કરવા ઇચ્છે છે તે તેજ પ્રકારે નષ્ટ થઇ જાય છે, જે પ્રમાણે ખૂંટીને ઉખાડવા જતાં વાનર નષ્ટ થઇ ગયો હતો.'' (પંચ.મિ.ભે. ૨૧) આ સંબંધમાં કથા એવી છે કે કોઇ એક નગરની સમિપમાં કોઇક વણિક્પુત્રે બગીચાના મધ્યમાં દેવ મંદિર બનાવવાનો પ્રારંભ કર્યો ને મંદિરમાં કામ કરતા શિલ્પી આદી મધ્યાહન સમયે પોતાનું કાર્ય પૂર્ણ કરી ભોજન કરવા ને અર્થે નગરમાં જતા રહતા. એક દિવસની વાત હતી પોતાની જાતિ સ્વભાવાનુસાર વાનરોનું ટોળુ આમ તેમ ફરતુ

ત્યાં આવી પહોંચ્યું ત્યાં એક કારિગર દ્વારા અડધા ચિરેલા અંજનવૃક્ષના કાષ્ટના થાંભલાની મધ્યમાં ખેરની ખૂંટ લગાવાય હતી. તે સમયે પેલા બધા વાનરો વૃક્ષો તથા મંદિરના શિખર અને કાઠની ચારે બાજ સ્વેચ્છા પૂર્વક ક્રીડા કરવા લાગ્યું. તેમાથી એક વાનર જેનું મૃત્યુ સમિપમાં આવેલું તે પોતાની ચપળતાને કારણે તે અડધા ચિરાયેલા સ્તમ્ભ પર બેઠો અને હાથથી ખૂંટીને પકડી જ્યાં તેને ઉખાડવા માટે ગયો ત્યાંજ પોતાના સ્થાન પરથી નીકળેલી ખૂંટીને કારણે સ્તંભના છેદમાં લટકતા તેના અન્ડકોષો દબાતા તેની જે દુર્દશા થઇ તે કહી શકાય એમ ન હતી માટે માનવે વગર વિચાર્યે કોઇ કાર્યમાં પ્રવૃત્ત ન થવું માટે આચાર્ય ચાણક્ય કહે છે- ''अनालोक्य व्ययं कर्ता ह्यनर्थः कलहप्रियः। आतुरः सर्व क्षेत्रेषुनरः शीघ्रं विनश्यति॥ આગળ પાછળ જોયા વગર ખર્ચ કરનારો, નિરર્થક વાતમાં વિવાદ કરનારો તથા બધા કાર્યોમાં શીઘ્રતા કરનારો મનુષ્ય થોડા સમય સુધિ જીવિત રહે છે'' (ચા.ની.તિ.)અહીં વિદુરજી પણ ધૃતરાષ્ટ્રને ગુઢાર્થમાં કહે છે કે હે રાજન્! આપ પણ ગંગા પુત્ર ભીષ્મ આદીની સાથે વિચાર વિમર્શ કરી પાંડવોની બાબતમાં નિર્ણય કરો, તો તમો ચિરકાળ પર્યન્ત સુખી રહી શકશો પણ તમારા દુષ્ટ પુત્રો સાથે વિચાર વિમર્શ કરી પાંડવોની વિરુધ્ધ પ્રવૃત્ત થશો તો નિશ્ચત પણે તમારૂ પતન થશે. (શ્લો-૩૨) હવે નીતિકાર કુળશ મનુષ્ય દ્વારા અપાયેલા જ્ઞાન દ્વારા આચરણ ન કરવાથી માનવનું પતન થાય છે તે કહે છે -

શ્લો-33 असम्यगुपयुक्तं हि

ज्ञानं सुकुशलैरपि।

उपलभ्यं चाविदिनं

विदितं चाननुष्ठितम्॥

<u>શ્લોકાર્થ :-</u> મહાકુશળ પુરૂષોએ ઉપદેશેલા જ્ઞાનમાંથી જાણવા જેટલુ જાણ્યું નહિ અથવા જાણ્યા છતા તે પ્રમાણે વર્તન કર્યુ નહિ, તો તે ઉપરેશનું જ્ઞાન નિષ્ફળ છે.

<u>ચ.ટી. :-</u> જો જ્ઞાન પ્રાપ્ત થવા છતા તેને આચરણમાં ન લવાય તો તેવું જ્ઞાન વ્યર્થ છે ત્યાં એક કહેવત છે 'જ્ઞાનની ગંગા કરતા ચરિત્રની ચપટી શ્રેષ્ઠ' એક કવીએ પણ કહ્યુ છે ''કહેણી મિસરી ખાંડ હે, રહેણી તાતા લોહ, કહેણી કહેને રહેલી રહે એવા વિરલા કોક'' ભગવાન શંકર યમરાજને કહે છે ''यैस्त्यक्तो ममता भावो लोभमोहौ निराकृतौ। ये यान्ति परमंस्थानं कामक्रोधविवर्जिता:॥ यावत् कामश्च लोभश्च रागद्वेष व्यवस्थिति:। नाप्नुवन्ति परां सिद्धिं शब्दमात्रैक बोधका:॥ ''હે યમ! જેઓ જેણે મમતાનો ત્યાગ કરેલો છે અને લોભ તથા મોહને છોડી દીધા છે, તે કામ ક્રોધથી રહિત માનવ પરમપદને પામે છે. જ્યાં સુધિ મનમાં કામ, ક્રોધ, લોભ રાગ અને દ્વેષ ઘર કરી બેઠા છે ત્યાં સુધિ કેવલ શબ્દ માત્રનો બોધ રાખવાવાળા વિદ્વાન પરમ સિધ્ધિ (મોક્ષ) ને પ્રાપ્ત કરી શકાતા નથી'' (સ્કંદ. માહે. કેદાર અ. ૩૧/શ્લો- ૬૩-૬૪ આ ઉપદેશથી ભગવાન શંકર એવું કહે છે કે જ્ઞાન જાણવા માત્રથી કંઇ નથી તેને આચરણાં લાવવુ આવશ્યક છે. કામ ક્રોધાદિ પરમ શત્રુ છે આટલું જાણવાથી કામ નથી બનતુ જ્યાં સુધિ તેનો પરિ ત્યાગ ન કરાય) અહીં નીતિકાર ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રને કહે છે કે- રાજન્! ગંગાપુત્ર ભીષ્યમ એ જે પ્રમાણે અમોને નીતિનું જ્ઞાન આપેલું છે તે જ પ્રમાણે આપને પણ આપેલુ છે આ ઉપરાંત દ્રોણ, કૃપ અને અમોએ પણ આપને વારંવાર નીતિનો ઉપદેશ આપી પુત્ર મોહનો ત્યાગ કરી પાંડવો સાથે ન્યાય કરવા જણાવ્યુ છતા આપ એ પ્રમાણે વર્તવા તૈયાર જ નથી અને હાલમાં મધ્યરાત્રીના સમયે પણ આપ અમોને બોલાવી પોતાના હિતનો ઉપદેશ શ્રવણ કરો છો પરંતુ તમોને અપાયેલો આ બધો ઉપદેશ નિષ્ફળ જ છે કારણ કે આપ તે પ્રમાણે વર્તન કરવા તૈયાર નથી. (શ્લો-૩૩) હવે

નીતિકાર પાપ પૂર્ણ કર્મ કરનાર અને પાપ પૂર્ણ કર્મનો ત્યાગ કરનારની ગતિ વિશે વાત કરે છે -

શ્લો-૩૪ पापोदयफलं विद्वान्।

यो नारभति वर्धते।

શ્લો-૩૫ चस्तु पूर्वकुतं पापम

विमुश्यानु वर्तते।

आगाध पङ्के दुनेद्या

विषमे विनिपात्यते॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય પરિણામે પાપ ફળ આપનારાં કર્મ ને જાણીને તેનો આરંભ કરતો જ નથી, તે અભ્યુદય પામે છે પરંતુ જે પૂર્વે કરેલા પાપનો વિચાર કર્યા વિના પાપજ કર્યા કરે છે, તે દુર્બુધ્ધિવાળા મનુષ્યને અગાધ ભયંકર નરકમાં નાખવામાં આવે છે.

ચ.ટી. :- અહીં નીતિકાર ધૃતરાષ્ટ્ર ને ગુઢાર્થમાં કહી રહ્યા છે કે રાજન! યુધિષ્ઠિર આદી પાંડવો ધર્મના માર્ગ પર સ્થિત છે આજ સુધિ તેઓ માના એકથી પણ પાપ પૂર્ણ કર્મ થયુ નથી એટલે માટે જ તેઓની દિનપ્રતિદિન વૃધ્ધિ થતી રહી છે અને તમારા પુત્રોએ ધર્માત્મા પાંડવોને અનેકાનેક કષ્ટ આપેલા છે અને હજ પણ તેનાથી વિરામ પામતા નથી તેથી તેઓ એક દિવસ અવશ્ય મહાવિપત્તિમાં પડશે. કહ્યું પણ છે ''धर्मादपेतं यत्कर्म यद्यपि स्यान्महाफलम्। न तत्कुर्वीत मेधावी न तद्धितमिहोत्यते॥ ધર્મ રહિત કાર્ય લૌકિક દૃષ્ટિ થી ઘણુ લાભકારી હોય પણ બુધ્ધિમાન પુરુષ તેવા કાર્યને ન કરે, કારણ કે આ જગતમાં તે કાર્યને હિતકારી કહ્યુ નથી.'' (મહા.શાં.મો. ૨૯૩/૮) ''ऐहिकं तु सुखं यत्तद्य च्चाप्यामुष्किमं सुखम्। धर्मेणैव तदाप्नोति धर्म श्रेष्ठो विनश्यति। જે કોઇ લૌકિક સુખ હોય કે પરલૌકિક

સુખ તે બંધુ ધર્મ પાળવાથી જ મળે છે. ધર્મ ભ્રષ્ટ મનુષ્યનો વિનાશ થાય છે.'' (પરાશર સ્મૃતિ) માટે જે કર્મો શાસ્ત્રોમાં કરવાના કહ્યા છે તે જ કર્મમાં પ્રવૃત્ત થવું પણ નિસિધ્ધ કર્મમાં ક્યારેય પ્રવૃત્ત ન થવું. (શ્લો-૩૪-૩૫) હવે નીતિકાર કોને વશ કરવાથી રાજા ચિરકાલ પર્યન્ત રાજ્યનો ઉપભોગ કરી શકે છે તે કહે છે-

શ્લો-૩૬ मन्त्र भेदस्य षट् प्राज्ञो

द्वाराणीमानी लक्षयेत्।

अर्थसन्ततिकामस्तु

रक्षेदेतानि नित्यश: ॥

શ્લો-૩૭ मदं स्वप्नमविज्ञाना

माकारं चात्मसम्भवम्।

दुष्टामात्मेषु विश्रम्भं

दूता च्चाकुशलादपि ॥

શ્લો-૩૮ द्वारण्येतानि यो ज्ञात्वा

संवृणोति सदानृप।

त्रिवर्गाचरणे युक्त:।

स शत्रूनधितिष्ठति ॥

શ્લોકાર્થ :- ડાહ્યા મનુષ્યે મન્ત્રણા કરવાનાં આ છ દ્વાર લક્ષમાં રાખવા અને સંપત્તિની વૃધ્ધિની ઇચ્છાવાળાએ એ દ્વારોનું નિત્ય રક્ષણ કરવું. મદિરાપાનથી થયેલો મદ, નિદ્રા, અન્યના ગુપ્ત દૂતાદિને ઓળખવા તે, પોતાના મુખનો તથા નેત્રાદિનો વિકાર, દુષ્ટમંત્રીનો વિશ્વાસ અને મુર્ખદૂત આ દ્વારાને જાણીને હે રાજા! જે તેને સાચવી રાખે છે અને ધર્મ અર્થ તથા કામના સેવનમાં જોડાયેલો રહે છે તે શત્રુને તાબે કરે છે.

ચ.ટી. :- મદ્યપાનાદિ દુર્ગુણો તથા દુષ્ટ વ્યક્તિ પર વિશ્વાસ રાખી તેની સાથે ગુપ્ત મંત્રણા કરવાથી મન્ત્રની ગોપનિયતા જળવાતી નથી માટે ઉક્ત પ્રકારે કહેલા વ્યક્તિઓ સાથે મંત્રણા કરવાથી રાજાનું પતન થાય છે. પરંતુ જે રાજા ઉક્ત કહેલા દોષોનો ત્યાગ કરી ધર્માદિ ત્રણ પુરૂષાર્થમાં સંલગ્ન રહે છે તે જ રાજા શત્રુઓને વશ કરી ચિરકાલ પર્યન્ત રાજ્યાદિકનો ઉપભોગ કરી શકે છે. (શ્લો-૩૬ થી ૩૮) હવે નીતિકાર કોને ધર્મ તથા અર્થનું જ્ઞાન થતુ નથી તેનો ઉપદેશ આપે છે-

શ્લો-૩૯ न वै श्रुतम विज्ञाय

वृद्धाननुप सेव्य वा।

धमार्थौ वेदितुं शक्यौ

बृहस्पति समैरपि॥

શ્લોકાર્થ :- બૃહસ્પતિ જેવાને પણ શાસ્ત્રા અધ્યયન વિના અથવા વૃધ્ધોની સેવા કર્યા વિના ધર્મ તથા અર્થનું જ્ઞાન થતું નથી.

ચ.ટી. :- ''धर्मस्य तत्त्वं निहितं गहायां- ધર્મનું તત્ત્વ અત્યંત ગૂઢ છે' જેનો નિર્ણય કરવામાં યુધિષ્ઠિર જેવા આપ્તજન પણ અસમર્થ હતા. વાત ઔ હતી કે- મહાભારતના યુધ્ધનો પંદરમો દિવસ હતો, દ્રોણાચાર્યજી કૌરવપક્ષના સેનાપતિ હતા અને રણ મેદાનમાં ઉન્મત્ત થઇ યુધ્ધ કરતા હતા. કોઇપણ પાંડવ પક્ષી યોધ્ધા તેઓને રોકવા અસમર્થ હતોઃ હવે દ્રોણાચાર્યને યુધ્ધમાંથી રોકવા કેવી રીતે? તો તેઓ બધાને દ્રોણાચાર્યની એ વાત સંભારી આવી જે તેઓએ યુધ્ધના પ્રારભમાં ''જો અમને કોઇ અપ્રિય વાતના સમાચાર સંભળાવી દે તો અમો અમારા અસ્ત્ર શસ્ત્રનો ત્યાગ કરી દેશુ.'' આ પ્રમાણે કહી હતી. ત્યારે તેઓએ એક ઉપાય કર્યો કૌરવોના સૈન્યમાં એક અશ્વથ્થામાં નામનો હાથી હતો તેને

ભીમસેને મોતને ઘાત ઉતારી દીધો અને પછી એણે રણમેદાનમાં વાત વહેંતી કરી કે 'ભીમસેને અશ્વથ્થામાનો વધ કરી દીધો.' હવે આ વાત દ્રોણાચાર્યના કાને સંભળાય એટલે તેઓ આ વાતની સત્યતાને અર્થે યુધિષ્ઠિર પાસે આવ્યા.

હવે આ તરફ દ્રોણાચાર્ય યુધિષ્ઠિર પાસે આવે એ પૂર્વ ભગવાન શ્રીકૃષ્ણે યુધિષ્ઠિર ને કહ્યુ હતુ કે ''રાજન્! આ વાતની સત્યતા જાણવા આચાર્ય તમારી પાસે જ આવશે કારણ કે તેઓ જાએ છે કે ધર્મરાજ યુધિષ્ઠિર ક્યારેય પણ અસત્યનું ઉચ્ચારણ ન કરશે એટલે તેઓ આવે એટલે તેઓને કહેજો કે અશ્વથ્થામાં મરાયો છે.'' તદન્તર દ્રોણ જ્યારે સત્ય વાત જાણવા યુધિષ્ઠિર પાસે આવ્યા અને યુધિષ્ઠિર પ્રત્યે બોલ્યા 'હે યુધિષ્ઠિર! શું અશ્વથ્થામાં મરાયો છે?' ત્યારે યુધિષ્ઠિર મહારાજ બોલ્યા 'अश्वथ्थामां हतः- અશ્વથ્થામાં મરાયો છે અને પછી તેઓ બોલ્યા 'नरोवा कुञ्जरो वा- નર અથવા હાથી એ ખબર નથી.' યુધિષ્ઠિર મહારાજે જ્યાં પાછળના વાક્યનું ઉચ્ચારણ કર્યુ ત્યાંજ ભગવાન શ્રી કૃષ્ણે પાંચ જન્મ શંખ વગાડ્યો એટલે દ્રોણને પાછળના શબ્દો સભળાયા નહિ એટલે તેઓએ આ અશુભ સમાચાર સાંભળી પોતાના અશસ્ત્ર સસ્ત્રનો ત્યાગ કર્યો અને તેવી જ અવસ્થામાં ધૃષ્ટધૃમ્ને દ્રોણનો વધ કર્યો. પરંતુ આ પ્રમાણે બોલવાથી યુધિષ્ઠિર મહારાજનો રથ તેઓના સત્યના પ્રભાવથી ધરતીથી ચાર આંગળ ઉંચો ચાલતો હતો તે નીચે આવી ગયો. તેનું કારણ આપતા મહાપુરૂષો કહે છે કે ''યુધિષ્ઠિર તો 'अश्वथ्थामा हत नरोवा कुञ्जरो वा' આ પ્રમાણે સત્ય વચન બોલેલા છતાં એમનો રથ ધરાતલ પર કેમ આવી ગયો?'' તો તે સમયે યુધિષ્ઠિર મહારાજ ધર્મનો નિર્ણય ન કરી શક્યા કારણ તે તે સમયે તેઓ અસત્ય પણ બોલતે તો તે પણ ધર્મ હતો કારણ કે દ્રોણાચાર્યજી બ્રાહ્મણના ધર્મનો ત્યાગ કરી અશસ્ત્ર શસ્ત્ર ને ધારણ કરી ક્ષત્રિય ધર્મમાં સ્થિત થયા થકા પર

ધર્મનું આચરણ કરતા થકા સાધારણ લોકોને પણ બ્રહ્માસ્ત્રાદિ દિવ્યાસ્ત્ર દ્વારા મોતને ઘાત ઉતારતા હતા અને તઓને પરશુરામ ભગવાનનો આશીર્વાદ હતો કે 'જ્યાં સુધિ તેઓના હાથમાં અસ્ત્ર શસ્ત્ર હશે ત્યાં સધિ તમો અવધ્ય રહેશો.' વળી તે વખતે સ્વયં ભગવાન શ્રી કૃષ્ણે પણ તેઓને અસત્ય બોલવા કહ્યુ હતુ આપ્તજનો કહે છે. ''જ્યારે ભગવાન પ્રકટ હોય છે ત્યારે શાસ્ત્ર પણ તેમના સંકલ્પ પ્રમાણે જ વર્તે છે. ભગવાનની વાણી શાસ્ત્ર કહેવાય છે અને શાસ્ત્ર રૂપવાણી પણ ભગવાનની મરજી પ્રમાણે જ કાર્ય કરે છે.'' (હ.ચ. સાગર-૪/૨૯/૨૪) છતા યુધિષ્ઠિર મહારાજ પોતાનું ડહાપણ વાપરી સત્ય બોલવા ગયા અને એને લઇ તેઓનો રથ જે ધરતી થી ચાર આંગળ ઉંચે ચાલતો હતો તે ધરાલત પર આવી ગયો. આમ ધર્મકર્મનો નિર્ણય કરવામાં ધર્મરાજ યુધિષ્ઠિર ની બુધ્ધિ પણ સામાન્ય ગણાય માટે ધર્મનો યથાર્થ નિર્ણય કવલને કેવલ પરમાત્મા જ કરી શકે છે.(શ્લો-૩૯) હવે નીતિકાર કઇ વસ્તુ નષ્ટ થઇ જાય છે તે કહે છે -

શ્લો-૪૦ नष्टं समुद्रे पतितं

नष्टं वाक्यम श्रृण्वति।

अनात्मनि श्रुतं नष्टं

नष्टं हुतमनग्निकम्॥

શ્લોકાર્થ :- સમુદ્રમાં વસ્તુ નષ્ટ થઇ જાય છે, સાવધાની પૂર્વક ન સાંભળેલ વ્યક્તિ પ્રતિ કહેવાયેલ વાક્ય નષ્ટ થઇ જાય છે, બુધ્ધિ હીન પુરૂષોમાં શાસ્ત્ર નષ્ટ થઇ જાય છે અને અગ્નિ વગર કરાયેલ હવન નષ્ટ થઇ જાય છે.

ચ.ટી. :- સમુદ્રએ જળનો સ્રોત છે તેમાં પડેલી વસ્તુ તે પોતાની ઉત્તાંગ તરંગો દ્વારા ક્યાને ક્યાં ઘસડી જાય માટે તેમા પડેલી વસ્તુ નષ્ટ થઇ જાય એ સ્વાભાવિક છે. અસ્થિર મતિના મનુષ્ય પ્રત્યે કહેલા હિતકારી વચનો પણ

ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનની જેમ નષ્ટ થઇ જાય એ સહજ વાત છે. અલ્પમતિના મનુષ્યમાં બુધ્ધિની જડતાને લઇ તે શાસ્ત્રના ગુઢાર્થને ધારણ કરવા અસમર્થ હોય છે. તેમ અગ્નિ એ દરેક દેવતાઓનું મુખ છે બધા જ દેવતાઓ આહુતિ તે પોતાના મુખ દ્વારા પહોંચાડી જ તૃપ્ત કરે છે. હવે અગ્નિ પ્રગટાવ્યા વીના જ આહુતિ આપવામાં આવે તો અગ્નિ દેવતાઓને આહુતિ કેવી રીતે પહોચાડે? અને આહુતિના અભાવમાં દેવતા તૃપ્ત કેવી રીતે થાય? અને તૃપ્ત ન થએલા દેવતાઓ યજમાનનું પ્રિય કેવી રીતે કરી શકે? (શ્લો-૪૦) હવે નીતિકાર મિત્રતાનું લક્ષણ કહે છે -

(૧૧૪) મિત્રતાનું લક્ષણ :-

શ્લો-૪૧ मत्वा परीक्ष्य मेधावी

बुद्धया सम्पाद्य चासकृत्।

श्रुत्वा दृष्ट्वाथ विज्ञाय

प्राज्ञैर्मैत्रीं समाचरेत्॥

શ્લોકાર્થ :- બુધ્ધિમાન મનુષ્યે બુધ્ધિપૂર્વક પરીક્ષા કરવી, અનુભવ પૂર્વક વારંવાર યોગ્યતા વિચારવી, બીજા પાસેથી ગુણદોષો સાંભળવા અને જાતે જોઇને તપાસ કરવી એ પછી જ તેણે ડાહ્યાઓ સાથે મૈત્રી બાંધવી.

ચ.ટી. :- મનુષ્યે મિત્રતા જોઇ વિચારીને જ કરવી અયોગ્ય વ્યક્તિ ને મિત્ર બનાવનારાને અંતે જતા કષ્ટનો અનુભવ કરવો કહે છે. કહ્યુ પણ છે. ''अवलिप्तेषुमुर्खेषु रौद्रसाहसिकेषु च। तथैवापेत धर्मेषु न मैत्रीमाचरेद् बुधः॥ અભિમાનીઓ મૂર્ખો, ભયંકર હિમ્મત બતાવવાવાળા બધા ધર્મહીનો સાથે બુધ્ધિમાન મનુષ્યોએ મિત્રતા નહિ કરવી જોઇએ.'' (મહા ઉ. ૩૯/૪૯) માટે આવા સાથે મિત્રતા ક્યારેય ન કરવી.) ''आरम्भ गुर्वी क्षयिणी क्रमेण लघ्वी पुरा

वृद्धिमती च पश्चात्। दिनस्य पूर्वार्द्ध परार्द्धभिन्ना धायेव मैत्री खल सज्जनानाम्॥ જેમ છાયા દિવસ થતા જ લાંબી થતી જાય છે અને ત્યારબાદ ઘટતી જાય છે, તેજ પ્રમાણે દુષ્ટોની મિત્રતા પ્રથમ ઉંડી હોય છે અને પછી ઘટતી જાય છે. સજ્જનોની મિત્રતા આનાથી વિપરીત મધ્યાહન સમયની છાયા સમાન નિરન્તર વૃધ્ધિ પામનારી છે. જેમ મધ્યાહન સમયની છાયા પ્રથમ સૂક્ષ્મ હોય છે અને પછી વૃધ્ધિ પામતી જાય છે એજ પ્રમાણે સજ્જનોની મિત્રતા પ્રથમ સામાન્ય અને પછી ઘનિષ્ટ થતી જાય છે.'' (પંચ. મિ.સ. ૪૦- માટે સજ્જનતા સાથે જ મૈત્ર સંબંધ જોડવો) ''तया तिव्ययशीलैश्च परिवादरतैरशठै:। बुधो मैत्रीं न कुर्वीत नैक: पन्यानमा श्रयेत्॥ જે બહુ અપવ્યયી (ખોટો ખર્ચ) કરનારો છે અને જે દુષ્ટબીજાની નિન્દા કરવામાં જ લાગેલો રહે છે તેની સાથે બુધ્ધિમાને મિત્રતા ન કરવી જોઇએ અને એકાકી પણ ક્યાંય જવું નહિ.'' (વિ.પુ. ૩/૧૭/૭) ''शुचित्वं त्यागिता शौर्यं सामान्यं सुखदु:खयो:। दक्षिण्यं चामुरक्तिश्च सत्यता च सहृद्गुणा:॥ પતિવ્રતા, ત્યાગી, વીરતા, સુખ દુ:ખમાં સમભાવ, ઉદારતા, પ્રીતિ અને સરચાઇ આ મિત્રના શ્રેષ્ઠ ગુણો છે.'' (હિતો. મિ. લા. ૯૬ અર્થાત્ આવા મનુષ્ય ને જ મિત્ર કરવા) ''सर्वथा सुकरं मित्रं दुष्करं प्रतिपालनम्। अनित्यत्वात्तु चित्तानां प्रीतिरल्पेऽपिभिद्यते॥ મિત્રતા બનાવવી તો ઘણી આસાન છે પરંતુ નિભાવવી કઠિન છે. કારણ કે ચિત્ત ની અસ્થિરતાને કારણે સામાન્ય વાત પર પણ સ્નેહ તુટી જાય છે.'' (વા. રા. કિં. ૩૨/૭ માટે એવા ગુણિયલને મિત્ર બનાવવો જે મિત્રતાને નિભાવી શકે.) ''सप्त पदीनं सख्यं भवेत् प्रकृत्या विशुद्ध चित्तानाम्। किमुतान्योऽन्यगुण कथा विस्रम्भनिबद्ध भावनाम्॥ જેમ સ્વભાવત: નિચ્છલ હૃદય વાળાઓની મિત્રતા ફક્ત સાત પગલા સાથે ચાલવાથી થઇ જાય છે તો પરસ્પર ગુણોની ચર્ચા બાદ વિશ્વાસ પર્વક પ્રેમમાં આબુધ્ધ લોકોની મિત્રતાના વિષયમાંતો કહેવું જ શુ? અર્થાત્ તે વધારે સુદૃઢ થઇ જાય

છે.'' ''विकारं याति नो चित्तं वित्ते यस्ये कदाचन। मित्रं स्यात् सर्वकाले च कारयेन्मित्रमुत्तमम्॥ विद्वद्भि सहृदामत्र चिह्नमरेतैर संशयम्। परीक्षाकरणं प्रोक्तं होमाग्नेरिव पण्डितैः॥ જે નું મન ઐશ્વર્ય કરીને વિકારને પામતું નથી અર્થાત્ બદલાતું નથી જે બધી અવસ્થામાં સાચો મિત્ર હોય તે ઉત્તમ પુરૂષને મિત્ર બનાવવો જોઇએ. આ ચિહ્ન થી યુક્ત વિદ્વાનોએ હોમાગ્નિની જેમ મિત્રની પરીક્ષા અવશ્ય કરવાની કહી છે.'' (પંચ.મિ.સ. ૧૧૪-૧૧૫) ''आपत्काले त संप्राप्त मित्रमेव तत्। वृद्धिकाले तु संप्राप्ते दुर्जनोऽपि सुहृद् भवेत्॥ વિપત્તિ સમય આવતા મિત્ર રહે તેજ મિત્ર કહેવાને યોગ્ય છે. કારણ વૃધ્ધિ સમયમાં તો દુષ્ટ પણ મિત્ર બની જાય છે.'' (પંચ. મિ. સ. ૧૧૬ માટે મિત્ર જોઇ વિચારીને જ કરવો.) (શ્લો-૪૧) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને કયો સદ્ગુણ કયા દુર્ગુણનો નાશ કરે છે તે કહે છે -

શ્લો-૪૨ अकीर्तिं विनयो हन्ति

हन्त्यनर्थं पराक्रमः।

हन्ति नित्यं क्षमा क्रोध

माचारो हन्त्य लक्षणम्॥

શ્લોકાર્થ :- વિનય અપકીર્તિનો નાશ કરે છે, પરાક્રમ અનર્થનો નાશ કરે છે, ક્ષમા નિત્ય ક્રોધનો નાશ કરે છે અને સદાચાર કુલક્ષણનો નાશ કરે છે.

ચ.ટી. :- નીતિકારનું કહેવાનું તાત્પર્ય એ છે કે આવા ગુણોને અપનાવનારો જ આલોક પરલોકમાં સુખી થાય છે. (શ્લો-૪૨) હવે નીતિકાર કુળની પરીક્ષા કરવાના લક્ષણો બતાવે છે -

શ્લો-૪૩ परिच्छेदेन क्षेत्रेण

वेश्मना परिचर्यया।

परीक्षेत कुलं राजन्

भोजनाच्छादनेन च॥

શ્લોકાર્થ :- હે રાજન્! ભોગ્ય વસ્તુની સામગ્રી, જન્મ સ્થાન, ઘર, આચરણ, ભોજન અને વસ્ત્ર એ ઉપરથી કુળની પરીક્ષા કરવી.

ચ.ટી. :- મનુષ્યનો આચાર અને વ્યવહાર તેના કુળને સુચિત કરે છે, તેનું સમ્ભાષણ તથા મુખ વિકાર તેના નિશ્વાસ-દેશને પ્રગટ કરે છે, તેનો સંપૂર્ણ વિનિત વ્યવહાર તેનો સ્નેહ અને આત્મિયતાને ઇંગિત કરે છે, તેનું શરીર તેના દૈનિક વ્યવહાર અને વિકારને સૂચિત કરે છે માટે તેની આ પ્રમાણેની પરીક્ષા થાય છે. (શ્લો-૪૩) હવે નીતિકાર અનાયાસે પ્રાપ્ત થતી વસ્તુ બધાને પ્રિય હોય છે તે કહે છે -

શ્લો-૪૪ उपस्थितस्य कामस्य

प्रतिवादो न विद्यत।

अपि निर्मुक्तदेह स्य

कामशक्तस्य किं पुनः ॥

શ્લોકાર્થ :- જીવન મુક્ત પુરૂષ પણ સમીપ આવેલી ઇષ્ટ વસ્તુનો નિષેધ કરતા નથી, તો પછી વિષયાસક્ત માટે તો કહેવું જ શું?

ચ.ટી. :- જે મનુષ્યની પોતાની દેહમાંથી સંપૂર્ણ રીતે આસક્તિ નિવૃત્ત થઇ ગઇ છે એવા જીવન મુક્ત મહાત્મા જેઓ પૂર્ણ રૂપે બ્રહ્મતત્વ માં સ્થિત છે એવા જ્ઞાનિ મહાત્માનેપણ જો કોઇ પ્રિય પદાર્થ સ્થતઃ પ્રાપ્ત થઇ જાય તો તેઓ કેવલ તે વસ્તુને શરીર નિર્વાહ અર્થે જ ગ્રહણ કરે છે, પરંતુ તે પ્રિય વસ્તુ પ્રાપ્ત થવા છતા પણ તેઓ તેમા આસક્ત નથી જ્યારે ઇન્દ્રિયાસક્ત મનુષ્યને કોઇ પ્રિય વસ્તુ પ્રાપ્ત થાય ત્યારે તે તો કેવળ પોતાની ઇન્દ્રિયોને લાડ લડાવવાને અર્થેજ ગ્રહણ કરે છે આમ જ્ઞાનિ અજ્ઞાનિમાં ભેદ છે. (શ્લો-૪૪) હવે નીતિકાર કોનું પાલન કરવું તે કહે છે -

શ્લો-૪૫ प्राज्ञोपसेवितं वैद्यं

धार्मिकं प्रियदर्शनम्।

मित्रवन्तं सुवाक्यं च

सुहृदं परिपालयेत्॥

શ્લોકાર્થ :- વિદ્વાનોને સેવનાર, શાણો, ધાર્મિક, સ્વરૂપવાન, મિત્રવાળા અને મધુરવાણી વાળા સ્નેહીનું પાલન કરવું.

ચ.ટી. :- ઉપરોક્ત વ્યક્તિનું લાલન પાલન કરવાથી મનુષ્યનું જીવન ઉન્નતિશિલ બને છે માટે તેઓનું પાલન પ્રયત્નથી કરો. અહી નીતિકાર ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્ર ને કહે છે- રાજન્! પાંડવો આવા ગુણોવાલા હોય તમારા જીવનની ઉન્નતિ માટે તેઓનું પાલન કરો અને જગારી તથા ચાટુકારોને પાલન પોષણ કરવાનું ટાળો. (શ્લોક-૪૫) હવે નીતિકાર મર્યાદા પાલકની પ્રશંસા કરે છે.

શ્લો-૪૬:- दुष्कुलीनः कुलनो वा

मर्यादां यो न लङ्घयेत्।

धर्मापेक्षी मृदुर्ह्रीमान्

स कुलीनसतादूरः॥

શ્લોકાર્થ :- જે મનુષ્યે ઉત્તમ કુળમાં જન્મ લીધો હોય કે અધમકુળમાં જે મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી, જે ધર્મની અપેક્ષા રાખે છે. જે સરળવૃત્તિ રાખે છે અને જે દુષ્કાર્યથી લજ્જા સેવે છે તે સેંકડો કુલીનો કરતાં પણ શ્રેષ્ઠ છે.

ચ.ટી. :- માનવ ઉત્તમ કુળમાં જન્મ લે એ મહત્વનું નથી પણ તે શાસ્ત્રોક્ત મર્યાદામાં છે કે નહિ તે મહત્વનું છે રાવણ અને કુંભકર્ણ શ્રેષ્ઠ એવા પુલસ્ત ઋષિના કુળમાં જન્મેલા હતા પરંતુ પોતાના દુષ્ટ કર્મોથી અને નિમ્ન ચરિત્રથી

રાક્ષસ કહેવાયા જ્યારે પ્રહ્લાદજી અુસર કુળમાં જન્મેલા પણ પોતાના સત્ ચરિત્રથી તેઓ પરમ ભાગવતોમાં શિરોમણીનું સ્થાન પ્રાપ્ત કરતા હતા માટે કહ્યું છે ''ज्यार्या समिप शीलेन् विहीनं नैव पूजयेत्। अपि शूद्रं च धर्मज्ञं सदवृत्तमपि पूजयेत्॥ શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થયેલ વ્યક્તિ જો સુશિલ અને સદાચારી નથી તો તેનું સન્માન ન કરવું જોઇએ. તેનાથી વિપરીત જો શુદ્ર કુળમાં ઉત્પન્ન થયેલો વ્યક્તિ સત્ચરિત્ર અને ધર્મકર્મનો જ્ઞાતા છે તો તેનો અવશ્ય આદાર કરવો જોઇએ.'' 'रुप यौवन सम्पन्ना: विशालकुल सम्भवा:। विद्याहीना न शोभन्ते निर्गिन्धा इव किंशुका:॥ સુંદર યુવાન ઉચ્ચકુળમાં જન્મ, વિદ્યા રહિત મનુષ્ય અર્થાત્ આચાર રહિત મનુષ્ય સુગંધ વિનાના કેસૂડાના ફુલની જેમ ઉપેક્ષિત રહે છે.'' (ચા.ની.દ ૩/૮) હવે નીતિકાર ઉત્તમ મૈત્રોનું લક્ષણ કહે છે-

શ્લો- ૪૭ पयोश्चित्तेन वा चितं

निभृतं निभृतेन क।

समेति प्रज्ञया प्रज्ञा

तयोर्मैत्रीन जीर्यति।

શ્લોકાર્થ :- જે બે મનુષ્યમાં એકનું મન બીજાનામન સાથે, એકનો ગુપ્તવિચાર બીજાના ગુપ્ત વિચાર સાથે અને એકની બુધ્ધિ બીજાની બુધ્ધિ સાથે મળતાં આવેલ છે, તે બંનેની મૈત્રી કદી નાશ પામતો નથી.

ચ.ટી. :- વિદુરજીએ કહેલા લક્ષણો અર્જન અને શ્રીકૃષ્ણની મિત્રતામાં જોવા મળે છે. જેની આ મિત્રતા દેહના અંત સમય સુધિ પણ રહી હતી. અર્જનજી સાથે શ્રીકૃષ્ણની મૈત્રી એટલી પ્રસિધ્ધ હતી કે સ્વયં દુર્યોધન પાંડવોના રાજસૂર્ય યજ્ઞના વૈભવનું વર્ણન કરતા પોતાના પિતા ધૃતરાષ્ટ્ર ને કહે છે. ''आत्मा हि कृष्ण: पार्थस्य कृष्णस्यात्मा धनं जय:॥ यद् ब्रूयादर्जुन: कृष्णं सर्वं कुर्याद संशयम्। कृष्णो धनं

जयस्वार्थे स्वर्ग लोकमपित्यजेत्॥ तथैव पार्थः कृष्णार्थे प्राणानपि परित्यजेत्॥ श्री કૃષ્ણ અર્જનના આત્મા છે અર્જન શ્રીકૃષ્ણના આત્મા છે અર્જન શ્રીકૃષ્ણને જે કાંઇપણ કરવાનું કહેતા શ્રીકૃષ્ણ નિઃસન્દેહ રૂપથી તે કરતા હતા શ્રીકૃષ્ણ અર્જનને માટે દિવ્ય ધામનો પણ ત્યાગ કરી શકે છે અને અર્જન પણ શ્રીકૃષ્ણ માટે પોતાના પ્રાણ શુધ્ધા ત્યાગ કરી શકે છે.'' (મહા. સભા. ૫૨/૩૧-૩૩) (શ્લો-૪૭) હવે નીતિકાર મૂર્ખ મનુષ્યને ત્યાગ કરવાનું કહે છે.

શ્લો- ૪૮ दुबुद्धिमकृतप्रज्ञं

छन्नं कूपं तृणैरिव।

विवर्जयीव मेघावी

तस्मिन्मैत्री प्रणश्यति॥

શ્લોકાર્થ :- વિદ્વાન મનુષ્યે દુર્બુધ્ધિ વાળા મૂર્ખ મનુષ્યનો ઘાસથી ઢંકાયેલા કૂવાની પેઠે ત્યાગ કરવો, કારણ કે તેવાથી મૈત્રી નાશ પામેલ છે.

ચ.ટી. :- તૃણથી ઢંકાયેલા કુવાનું ઉલ્લંઘન કરવા જતા માનવ અનિષ્ટનો ભાગી થાય છે તેમ દુર્બુધ્ધિ માનવની સાથે કરાયેલી મૈત્રી અનિષ્ટ કરનારી હોવાથી તેનો ત્યાગ કરવો. કહ્યું પણ છે ' त्यजेन्मायाविनंमित्र – કપટી, ધૂર્ત મિત્રને સર્વથા દૂર કરવો જોઇએ.'' '' खरं श्वानं गजं मत्तंखण्डा च बहुभाषिणीम्। राजपुत्र कुमित्रं च दूरतः परिवर्जयेत्। ગંદર્ભ, શ્વાન, ઉત્મત્ત હાથી, ઘણુ બોલવાવાળી રાંડ, રાજપુત્ર અને દુષ્ટમિત્ર આમાંથી કોઇપણ સમિપ આવતા મનુષ્યને કોઇપણ પ્રકારની હાની કરી શકે છે.'' '' तथाऽतिव्ययशीलैश्च परिवादरतैश्शठैः। बुधो मैत्रीं न कुर्बीत नैकः पन्यानमाश्रेयत्॥ જે બહુ અપવ્યવ (બહુખર્ચ) કરનારો છે અને જે દુષ્ટ બીજાઓની નિન્દા કરવામાં જ લાગેલો રહે છે, તેવાઓની સાથે બુધ્ધિમાન મનુષ્યે મિત્રતા ન કરવી અને એકાકી પણ ક્યાંય જવું નહિ.'' (વિ.પુ. ૩/૧૨૭)

'' मृद्घट इव सुखभेद्यो दु:खधानश्चदुर्जनो भवति। सुजनस्तु कनकघट दुर्भेद: सुकर संधिश्च॥ દુષ્ટ પુરૂષ માટીના ઘડાની સમાન સરળતાથી ટૂટી શકે છે અને કઠિનાઇથી જોડાઇ શકે છે અને સજ્જન પુરૂષ સુવર્ણના ઘડાની જેમ કઠિનાઇથી ટૂટી શકે છે અને સરળતાથી જોડાઇ શકે છે.'' (પંચ.મિ./સ. ૩૭) (શ્લો-૪૮)

હવે નીતિકાર કોની સાથે મૈત્રી ન કરવી તેને કહે છે-

શ્લો- ૪૯ अविलप्तेषु मूर्खेनु

शैद्रसाहसिकेष च।

तथैवापेतधर्मेषु

न नैत्री माचरेदुध॥।

શ્લોકાર્થ :- બુધ્ધિશાળી મનુષ્યે ગર્વિષ્ઠ, મૂર્ખ, ક્રોધી, સહસિક (વગરવિચાર્યે કરનાર) અને ધર્મભ્રષ્ટ મનુષ્યની મૈત્રી કરવી નહિ.

ચ.ટી. :- ઉક્ત લક્ષણવાળા મનુષ્યને મિત્ર બનાવવાથી અનર્થની પ્રાપ્તિ થતી હોવાથી તેઓને ક્યારેય પણ મિત્ર ન કરવા આ સન્દર્ભમાં દ્રોણાચાર્યજીના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. પાંચાલ રાજ દ્રુપદ બાળપણમાં ભારદ્વાજ ઋષિના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરતા હતા ત્યાં તેઓની ભારદ્વાજ પુત્ર દ્રૌણ સાથે મિત્રતા થઇ હતી. તે સમયે દ્રુપદે દ્રોણને કહ્યુ હતુ 'મિત્ર! મારી પાસે જે છે તે તારૂ જ છે' તે પછી વિદ્યા ધ્યયન કરી બંન્ને મિત્રો છટા પડયા. આ તરફ દ્રોણાચાર્યના લગ્ન કૃપચાર્યના બહેન કૃપિની સાથે થયા અને તેના થકી દ્રોણાચાર્યને અશ્વથ્થામાં નામના પુત્રની પ્રાપ્તિ થઇ. બાળપણમાં એક દિવસ અન્ય બ્રાહ્મણ બાળકોને દુગ્ધપાન કરતા જોઇ અશ્વથ્થામાએ પોતાની માતા પાસે દુગ્ધપાન માટે જીદ કરી. ત્યારે ગાયના અભાવમાં કૃપિએ અશ્વથ્થામાને પાણીમાં લોટ ભેળવી પાન કરવા માટે આપ્યુ. અશ્વથ્થામા તેને દુગ્ધ સમઝી તે પાન કરી

પ્રસન્ન થયો. પરંતુ દ્રોણા ચાર્યજી પોતાની દરિદ્રતાથી ઉદ્વિગ્ન થઇ ગયા અને તેઓએ પોતાના મિત્ર દ્રુપદને ત્યાં જવાનો નિર્ણય કર્યો અને તેઓ દ્રુપદને ત્યાં આવ્યા અને ત્યાં આવી તેઓ દ્રુપદ પ્રત્યે બોલ્યા 'રાજન્! તમોને જ્ઞાત થવું જોઇએ કે અમે તમારા મિત્ર દ્રોણ તમોને મળવા માટે આવેલા છીએ.'

આ પ્રમાણે પોતાના મિત્ર દ્રોણ દ્વારા પ્રેમપૂર્વક કહેવાતા વાક્યને દ્રુપદ સહન ન કરી શક્યા ક્રોધ અને અમર્ષમાં તેના ભવા ચઢી ગયા. નેત્ર રક્ત થઇ ગયા ધન અને ઐશ્વર્ય મદથી ઉન્મત્ત થઇ તેઓ દ્રોણ પ્રત્યે બોલ્યા ''બ્રાહ્મણ! તારી બુધ્ધિ સર્વથા સંસ્કાર શૂન્ય હોય અપરિપક્વ છે. તારી આ બુધ્ધિ યથાર્થ નથી ત્યારે જ તો તુ આ પ્રમાણે ધૃષ્ટતા પૂર્વક બોલે છે કે 'રાજન્! હુ તારો મિત્ર છ.' અરે મૂઢ! મોટા-મોટા રાજાઓની તારા જેવા શ્રીહીન અને નિર્ધનમુષ્ય સાથે મિત્રતા હોય કે? સમય પ્રમાણે જેમ જેમ મનુષ્ય વૃધ્ધ થઇ જાય છે તેમ તેમ મૈત્રી પણ ક્ષિણ થતી જાય છે. પૂર્વે તારી સાથે મારી જે મૈત્રી હતી તે સામર્થ્યને લઇને હતી. તે સમયે અમો અને તુ બન્ને સમાન શક્તિ સમ્પન્ન હતા. લોકમાં કોઇ મનુષ્યના હ્દયમાં મૈત્રી અમિત થઇને રહેતી નથી. સમય એક મિત્રને બીજાથી વિલગ કરી દે છે. અથવા ક્રોધ મનુષ્યને મિત્રતાથી હતાવી દે છે. આ પ્રમાણે ક્ષિણ થતી મિત્રતાનો ભરોસો ન કર. દ્વિજશ્રેષ્ઠ! આપણા બન્ને મધ્યે પહેલા મિત્રતા હતી તે તો સાથે સાથે રમવા અને અધ્યયન કરવું આદિ સ્વાર્થને લીધે થઇ હતી. સત્ય વાત તો એ છે કે દરિદ્ર મનુષ્ય ધનવવવનો, મુર્ખ વિદ્વાનનો અને કાયર શૂરવીરનો મિત્ર થઇ શકતો નથી. અતઃ પહેલાની મિત્રતાનો શુ ભરોસો કરે છે? જેનું ધન સમાન હોય જેની વિદ્યા એક જેવી હોય તેમાં વિવાહ અને મૈત્રી નો સમ્બન્ધ થઇ શકે છે. ધનવાન અને નિર્ધનમાં ક્યારેય મિત્રતા થઇ શકતી નથી. જે ક્ષત્રિય નથી તે શ્રોત્રિયનો મિત્ર શઇ શકતો નથી. જે રથી નથી તે રથીનો મિત્ર

થઇ શકોત નથી તેમ જે રાજા નથી તે રાજાનો મિત્ર ક્યારેય પણ થઇ શકતો નથી. તો પછી તું પ્રાચિન મિત્રતાનું કેમ સ્મરણ કરે છે?''

આ પ્રમાણે દ્રુપદે કહ્યુ ત્યારે દ્રોણાચાર્ય અત્યંત ક્રોધથી વ્યાકુળ થઇ ગયા અને ઉંડી ચિન્તામાં તેઓ ત્યાંથી જતા રહ્યા. (મહા. આદી) માટે જ વાલ્મિકીજી કહે છે ''यथा पूर्वं गजः स्नात्वा गुह्य हस्तेन वै रजः। दूषयत्यांत्मनो देहं तथाऽनायषु सौहृदम्॥ જેમ હાથી પ્રથમ સ્નાન કરી તે પછી સૂંડથી રજ ઉડાવી પોતાના શરીરને મલિન કરી લે છે એ જ રીતે દુષ્ટોની મિત્રતા હોય છે અર્થાત્ તેઓ પ્રથમ પ્રેમ બતાવે છે અને ત્યારબાદ વિવાદ કરે છે.'' (વા.રામા. ય. ૧૬/૧૫) ''यथा मधुकर स्तर्षात काशपुष्यं पिबन्नापि। रसमत्र न विन्देत तथाऽनायषु सौहृदम्॥ જેમ ભ્રમર તૃષિત થતા કાસના ફૂલોનું પાન કરે છે પરંતુ ત્યાંથી તેને રસની પ્રાપ્તિ થથી નથી. તેજ પ્રમાણે દુષ્ટોની મિત્રતા હોય છે. જેનાથી કાંઇપણ સુખ પ્રાપ્ત થતું નથી.'' (વા. રા. ય. ૧૬/૧૪) (શ્લો-૪૯)હવે નીતિકાર કોને મિત્ર કરવા તે કહે છે-

શ્લો- ૫૦ कृतज्ञं धार्मिकं सत्य

मक्षुद्रं दृढ भिक्तकम्।

जितेन्द्रियं स्थितं स्थित्वां

मित्रम त्यागि चेष्यते॥

શ્લોકાર્થ :- કૃતજ્ઞ, ધાર્મિક, સત્ય નિષ્ઠાવાળા, મોટા મનના, દ્રઢ ભક્તિવાળા, જિતેંદ્રિય, મર્યાદામાં રહેનારા અને દગો ન દેનારા જ મિત્ર કરવો.

ચ.ટી. :- ઉક્ત લક્ષણવાળો જ વાસ્તવમાં મિત્ર થવાને લાયક છે કારણ આવો મિત્ર સંકત ઉપસ્થિત થતા ઢાલ બનીને રક્ષા કરનારો હોય છે. (શ્લો-૫૦) હવે નીતિકાર વિષયોમાં સ્વચ્છંદ રીતે પ્રવૃત્ત થયેલી ઇન્દ્રિયોને નિગ્રહ કરવાનો ઉપદેશ આપે છે-

શ્લો- ૫૧ इन्द्रियाणामनुत्सर्गो

मृत्युनापि विशिष्यते।

अत्यर्थं पुनरुत्सर्गः

सादयेद् दैवतान्यिप॥

શ્લોકાર્થ :- ઇન્દ્રિયોને વિષયયોમાં ન જવા દેવી, એ મૃત્યુ કરતાં વધારે દુષ્કર છે. ત્યારે ઇન્દ્રિયોને અતિશય છૂટી મકવાથી દેવતાઓનો પણ નાશ થાય છે.

ચ.ટી. : માનવને પણ અત્યંત ક્ષુદ્ર બનાવી તેને પતનના માર્ગ પર આરૂઢ કરી દે છે આ સંબંધમાં મહાભારતમાં આવતુ કન્ડુ મહર્ષિ નું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે - પ્રાચિન કાલમાં કન્ડુ નામના એક મહર્ષિ ગોમતી નદીના તીરે પર એકાન્તમાં સ્યાન કાળમાં તપસ્યા કરતા હતા. તેમનું તપોવન ફુલો તથા ફળોથી ભરેલા વક્ષ લતાઓના સમહુથી ઘણું સુંદર લાગતુ હતુ. ત્યા તે મુનિ વ્રત, ઉપવાસ, મૌન આદિ નિયમોનું પાલન કરતા થકા કઠોર તપ કરતા હતા. ગરમીમાં તે પંચાગ્નિ તાપતા, વર્ષાઋતુમાં ખુલ્લા સ્થાનમાં ભૂમિ પર પડી રહેતા શીત કાળમાં ભીના વસ્ત્ર પહેલી જળમાં ઉભા રહેતા. મુનિની આવી કઠિન તપસ્યા જોઇ ઇન્દ્ર ભય પામી ગયા. તેઓએ મુનિની તપસ્યામાં વિઘ્ન ઉપસ્થિત કરવા પ્રમ્લોચાનામની અપ્સરાને કામાદિ સાથે મુનિના આશ્રમમા મોકલી. મુનિના આશ્રમમાં મોકલી. મુનિના આશ્રમમાં આવી તે અપ્સરા ઋષિની સામે નૃત્ય કરવા લાગી અને મધુર સ્વરમાં ગાવા લાગી આમ કરતા તે મુનિને પોતા તરફ આકર્ષિત કરવા લાગી તે સમયે કામદેવે બાણ ચલાવી મુનિના મનમાં ક્ષોભ ઉત્પન્ન કરી દીધો. મુનિ અત્યાર સુધિ તો પોતાના તપોબળ પર રહેતા હતા તેઓને ભગવાનો આશ્રય ન હતો એટલે તેઓ અપ્સરાના વશમાં થઇ ગયા અને કામવશ થઇ તેઓએ પ્રમ્લોચનાને પોતાના આશ્રમમાં રાખી તથા તેઓ

પોતાના તપોબળથી કિશોર વયના થઇ ગયા અન અપ્સરા સાથે રમણ કરવા લાગ્યા. અપ્સરામાં આશક્ત થવાના કારણે તેઓના નિત્યકર્મો એવા સ્નાન, સંધ્યા હવન, તર્પણ, વત, નિયમ, ઉપવાસ બધુ જ છટી ગયુ. આ પ્રમાણે એકાન્તમાં સ્ત્રીની સાથે રહેવાથી મોટા મોટા ઋષિઓની જેમ કન્ડુ ઋષિનું પણ પતન થયુ.

કન્ડ઼ ઋષિ કામવશ તે અપ્સરામાં એટલા આશક્ત થઇ ગયા કે તેઓને દીવસ રાત્રી, પક્ષ-માસ તો શુ વર્ષોની પણ ખબર ન રહી. આ પ્રમાણે સો વર્ષ વ્યતિત થયા. અપ્સરા પ્રમ્લોચનાએ પુનઃ સ્વર્ગમાં જવા માટે ઇચ્છા કરી મુનિએ થોડા દિવસ વધુ પોતાની પાસે રહેવા તેને કહ્યુ. તે પછી સો વર્ષ વધુ વ્યતિત થયા. પ્રમ્લોચનાએ પુનઃ જવા માટે ઇચ્છા કરી. ત્યારે પણ ઋષિએ તેને કહ્યુ ‘હજ થોડા દિવસ માટે રોકાઇ જા.’’ આમને આમ સેકડો વર્ષ વ્યતિત થઇ ગયા મુનિ આજ્ઞા આપતા નથી અને તેમના શાપથી ભયથી પ્રમ્લોચા સ્વર્ગમાં જતી નથી એક દિવસ પૂર્વકૃત પુણ્યોના પ્રભાવથી મુનિને કંઇક જ્ઞાન થયુ. તેઓ શિઘ્રતા પૂર્વક પર્ણકુટીની બહાર આવ્યા. અપ્સરાએ પુછયું ‘મુને! આપ ક્યાં જાવ છો?’ ત્યારે મુનિ બોલ્યા ‘સૂર્યાસ્ત થઇ ગયો છે માટે નિત્ય કર્મ કરવા જાવ છ, કારણ કે નિત્ય સન્ધ્યાદિ કર્મો ન કરવાથી કર્મનો લોપ થઇ જશે માટે સન્ધ્યાદિ કર્મો કરવા જાવ છ.’

મુનિની વાત સાંભળી અપ્સરા બોલી ‘ભગવન્! આજે શું નવો સૂર્યોદય થયો છે? તે તો નિત્ય થાય છે, કેટલોએ સમય વ્યતિત થઇ ગયો તમોએ બીજા કોઇ દિવસ તો સંધ્યા કરી નથી તો આજે કેમ?’ અપ્સરાની વાત સાંભળી મુનિ આશ્ચર્યચકિત થઇ તેના પ્રત્યે બોલ્યા ‘તુ આ શ઼ કહી રહી છે? આજે પ્રાતઃ કાળે તો તુ આવી?’ ત્યારે અપ્સરા બોલી ‘આપની વાત યથાર્થ છે હું જ્યારે તમારી

પાસે આવી ત્યારે પ્રાતઃ કાળનો સમય હતો, પરંતુ તેને તો નવસો વર્ષ છ મહિના અને સાત દિવસ થઇ ગયા છે.' મુનિને અપ્સારની વાત પર વિશ્વાસ ન આવ્યો. અપ્સરાએ તેઓને સમઝાવ્યા કે 'તમારી પાસે અસત્ય બોલવાનું સાહસ કોણ કરી શકે? છતા આપ પુનઃ સત્યના માર્ગ પર આરૂઢ થયા છો તે સમયે અમો તમારા પ્રત્યે અસત્ય કેવી રીતે બોલી શકીએ ?

પ્રમ્લોચાની વાત સાંભળો મુનિને ખૂબ દુઃખ થયું અને તેઓ અપ્સરા પ્રત્યે બોલ્યા ''પાપિણિ! તે ઘણું અનિષ્ટ કર્યુ, તે તો મારી તપસ્યાનો નાશ કર્યો, તને અમો શાપ આપી શકીએ છીએ,પરંતુ સત્પુરૂષ જેની સાથે સાત પગ ચાલે છે તેને પોતાનો મિત્ર બનાવી લ છે હું તો તારી સાથે વર્ષો પર્યન્ત રહ્યો છ. આમા તારો કોઇ દોષ નથી. હું જ ઇન્દ્રિયોનો દાસ છ મને ધિક્કાર છે. મારૂ મન જ માસવશમાં ન રહ્યુ. વિષયની લોલુપુતામાં ફસાઇને મે સ્વયં મારૂ સર્વસ્વ નાશ કરી દીધુ. હવે તુ અહીંથી જતી રહે.'' પ્રમ્લોચાના પ્રાણ બચાવીને પલાયન થઇ ગઇ.(મહાભારત) માટે ભર્તુહરી કહે છે- 'अवश्यं यातारश्चिरतरमुषित्वाऽपिवषयाः। वियोगे को भेदस्त्य जाति न जनोयत्स्वयममून्॥ व्रजन्तः स्वातन्त्र्यादतुलपिरनापयमानसः स्वयं त्यक्त्वास्त्वे ते रामसुखमनन्तं विदधित॥ કોઇપણ ગમે એટલા સમય સુધિ રહી વિષયોનો ઉપભોગ કરી લે. તો પણ એક દિવસ તે અવશ્ય છ઼ટિ જાય છે. મનુષ્ય સ્વયં જો આ વિષયો પરિત્યાગ કરે તો તેના મનમાં ઘણું દુઃખ થાય છે પરંતુ કોઇ સ્વયં આ વિષયનો ત્યાગ કરી દે છે તો તે વિષયોનો ત્યાગ કરવાવાળો અનંત શાન્તિનો અનુભવ કરે છે. વિષયો છ઼ટે અને તેને છોડવામાં આજ અંત છે.'' (વૈરાગ્ય શતક- શ્લો-૧૬) '' क्षिपसि शुकं वृषदं शक वदने मृगमर्षय सिमृगाद नरदने। वितरिस तुरगं महिष विषाणे निदधच्चे तोभोगिबताने॥ હે માનવ જો તુ ભોગોના વિસ્તારમાં મન લગાવી બેઠો છે તો તુ પોપટને બિલાડાના મુખમાં આપી રહ્યો છે,

હરણને વાઘના મુખમાં આપી રહ્યો છે અને ઘોડાને ભેંસના સિંગડા પર મુકી રહ્યો છે. અર્થાત્ તુ પોતાનું સર્વસ્વ વિનાશ કરી રહ્યો છે, એટલે જ માટે માર્કન્ડેય મુનિ ' संग: सर्वात्मना त्याज्य: ' (માર્કન્ડે.પુ.) આ વચનથી આસક્તનો બધી રીતે ત્યાગ કરાવનું કહે છે. (શ્લો-૫૧) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને આયુષ્યને વૃધ્ધિ પામવાના ઉપાયો કહે છે-

(૧૧૫) આયુષ્ય વર્ધક વસ્તુઓ :-

શ્લો- ૫૨ मार्दवं सर्व भुतानाम

नसूया क्षमा धृति: ।

आयुष्याणि बुधा: प्राहु

र्मित्रणां चाविमानना ॥

શ્લોકાર્થ :- બધા પ્રાણિઓ પ્રત્યે કોમળ વ્યવહાર, બધા પ્રત્યે અદેખાયનો અભાવ, ક્ષમા, ધૈર્ય અને મિત્રનો આદર એમને વિદ્વાનો આયુષ્ય વધારનારાં કહે છે.

ચ.ટી. : ઉપરોક્ત ગુણો કેળવવાથી મનુષ્યની આયુ અવશ્ય વૃધ્ધિ પામે છે. આ સન્દર્ભમાં માર્કન્ડેય ઋષિ દૃષ્ટાંતરૂપ છે. મૃકુંડના પુત્ર માર્કન્ડેય અલ્પ આયુષ્યના હતા તેઓના પિતાન આ વાતનું જ્ઞાન હતુ એટલે તેઓએ પોતાના પુત્ર માર્કન્ડેયને કહ્યુ હતુ કે 'તને કોઇપણ મહાત્મા દેખાય તો તારે તેઓનો આદાર કરી દંડવત પ્રમાણ કરવા' એટલે બાળક માર્કન્ડેય જ્યાં ત્યાં જએ અને તેને મહાત્મા દેખાય એટલે તે તે મહાત્માને દંડવત પ્રણામ કરે. એક દિવસ ભૃગુ વશિષ્ટાદિ સપ્તર્ષિઓ ભૂતલ પર વિચરણ કરતા હતા. ત્યારે બાળક માર્કન્ડેયના જોવામાં આવ્યા ત્યારે તેઓએ સપ્તર્ષિઓને ભાવપૂર્વક દંડવત પ્રણામ કર્યા એટલે તેઓએ બાળકને આશીર્વાદ આપ્યા કે 'ચિરંજીવી ભવ' આ પ્રમાણે સપ્તર્ષિઓએ

ચિરંજીવી રહેવાનો આશીર્વાદ આપ્યા એટલે બાળકના પિતા સપ્તર્ષિ પ્રત્યે બોલ્યા, 'પ્રભુ તમારા આશીર્વાદ વ્યર્થ છે કારણ કે આ બાળક અલ્પાયુ છે.' ત્યારે સપ્તર્ષિઓ વિચારવા લાગ્યા કે 'અમારા વચન અસત્ય કેમ થાય' તેઓ બાળકને લઇ સત્યલોકમાં બ્રહ્માજી પાસે આવ્યા અને તેમના પ્રત્યે બોલ્યા ''હે બ્રહ્મદેવ! આ બાળકનું આયુષ્ય પૂર્ણ થવાને આર છે પણ અજાણતા અમોએ આને ચિરંજીવી રહેવાનો આશીર્વાદ આપ્યો છે તો અમારૂ વચન મિથ્યા ન થાય એવી કૃપા કરો.'' તેઓની વાત સાંભળી બ્રહ્મદેવે પણ સપ્તર્ષિઓનું વાક્ય સત્ય રાખવા બાળક માર્કન્ડેયને ચિરંજીવિ કરી દીધો. આમ કેવળ સપ્તર્ષિઓનો આદર કરવાથી માર્કન્ડેય દીર્ઘજીવી થઇ ગયા. (શ્લો-૫૨) હવે નીતિકાર ગુઢાર્થમાં તે ધૃતરાષ્ટ્ર દ્વારા થયેલા અન્યાયને સુધારવાનું કહે છે-

શ્લો- ૫૩ अपनीतं सुनीतेन

योऽर्थं प्रत्यानिनीषते।

मतिमास्थाय सुदृढां

तदकापुरुष व्रतम्॥

શ્લોકાર્થ :- જે માણસ અન્યાયથી નષ્ટ થયેલા ધનને સ્થિર બુધ્ધિનો આશ્રય લઇ શ્રેષ્ઠ નીતિથી પુનઃ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે તે વીરોનું આચરણ કરે છે.

ચ.ટી. : અહીં નીતિકાર ધૃતરાષ્ટ્ર ને ગૂઢાર્થમાં કહે છે- રાજન્! પાંડવો સાથે છળ કરી આપના પુત્રોએ દ્યુતક્રીડામાં તેઓની સમસ્ત સંપત્તિ હણી લીધી છે. જેથી પાંડવો દ્યુતમાં થયેલા કરાર મુજબ બાર વર્ષ વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ વેઠી તમારી પાસે સામનીતિથી ધરોહરના રૂપમાં રહેલ રાજ્ય પ્રાપ્ત કરવા માંગે છે, તેઓ દેવતાઇ અંશો હોય પોતાની સંપત્તિ યુધ્ધ કરીને મેળવી શકે

છે માટે આપ એમને એનો દાય ભાગ આવી દો. (શ્લો-૫૩) હવે નીતિકાર કોણ ધનથી સહિત થતો નથી તે કહે છે-

શ્લો- ૫૪ आयत्यां प्रितकारज्ञस

तदात्वेदृढनिश्चय:।

अतीते कार्यशेषज्ञो

नरोऽर्थैऽर्न प्रहीयते।

શ્લોકાર્થ :- આગામી કાળમાં આપનારા દુ:ખોના પ્રતિકારને જાણવાવાળો, વર્તમાનકાળામાં પડતાં દુ:ખમાં દ્રઢ નિશ્ચય રાખવાવાળા અને પડી ચૂકલાં દુ:ખ પછી બાકીનું કાર્ય કેમ કરવું તે જાણનારો અર્થથો ભ્રષ્ટ થતો નથી.

ચ.ટી. : નીતિકારનું કહેવાનું તાત્પર્ય છે છે કે જે ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળનો વિચાર કરી પુરૂષાર્થમાં પ્રવૃત્ત થનારા પાસે લક્ષ્મી હંમેશા સ્થિર થઇને રહે છે. વિષ્ણુશર્મા કહે છે ''यत्रोत्साह समारम्भो यत्रालस्य विहीनता। न च विक्रम संयोगस्तत्र श्रीरचलाध्रुवम्॥ સમ્પતિ ત્યાં જ અચળ રહીને વાસ કરે છે જ્યાં ઉત્સાહની સાથે કામ કરાય છે, જ્યાં આળસનો પરિત્યાગ છે. અને નીતિ તથા પુરૂષાર્થનો મેળ છે.'' (પંચ મિસ/૧૪૪) ''तद्धविमिति सिञ्चन्त्य त्यजेन्नोद्योग मात्मन:। अनुयोगं विना तैलं तिलानांनोपजायते॥ એ ભાગ્ય જ છે જે કાર્ય કરે છે, એવું વિચારો મનુષ્ય પોતાનો પુરુષાર્થ નહિ છોડવો જોઇએ. યન્ત્ર ચલાવવા રૂપ પુરૂપ વ્યાપાર વિના તિલોનું તેલ નથી અને શકતુ.'' (પંચ. મિ.સ. ૧૪૫) ''य:क्तोकेनापि सन्तोषं कुरुते मन्दधीर्जन:। तस्य भाग्य विहीनस्य दत्ता श्रीरपिचमार्ज्यते॥ જે મૂઢ થોડુ પ્રાપ્ત થતા સંતુષ્ટ થઇ જાય છે તે ભાગ્યહીન મનુષ્યે મેળવેલી લક્ષ્મી પણ નષ્ટ થઇ જાય છે.''(પંચ. મિ. સ. ૧૪૬) (શ્લો-૫૪) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને કલ્યાણ કારક કર્મો કરવાની પ્રેરણા કરે છે-

શ્લો- ૫૫ कर्मणा मनसा वाचा

यद भीक्ष्णं निषेवते।

तदेवाय हरत्येनं

तस्मात्कल्यागमाचरेत्॥

શ્લોકાર્થ :- મનુષ્ય મનવાણી અને કર્મથી જે કાર્ય વારંવાર કરે છે તે કામ તેને પોતા તરફ ખેંચી જાય છે. એટલે માટે માનવે હંમેશા શુભ કાર્યમાં જ પ્રવૃત્ત થવું

ચ.ટી. : અહીં નીતિકાર ધૃતરાષ્ટ્રને ગુઢાર્થમાં કહી રહ્યા છે કે રાજન્! તમો એ અને તમારા પુત્રોએ જીવન પર્યન્તર મન, વાણી અને કર્મથી પાંડવોનું અનિષ્ટ કરવાનો જ પ્રયાસ કરેલો છે એટલે હજ પણ તમો તેઓ સાથે અન્યાય કરવામાં જ પ્રવૃત્ત થાવ છો માટે આપ આપના દુષ્ટ કાર્યોમાંથી પરાંગ મુખ થઇ પોતાને શુભ કાર્યમાં જોડો. ભર્તુહરિ કહે છે- ''कुमिकुलचितं लालाक्लिन्नं विगन्ध जुगुप्सितं निरुपमरसं प्रीत्या खादन्नरास्थि निरामिषम्। सुरपतिमिप श्वापार्श्वस्यं विलोक्य न शङ्कते न हि गणयित क्षुद्रो जन्तुः परिग्रहकल्गुताम्॥ અનેક કીડાઓથી ખડબદતા, લાળવળે પળલેલા, દુર્ગંધવાળા, નિંદાયોગ્ય, તદન નિરશ, માંસ વગરના મનુષ્યના હાડકાને પ્રીતિ પૂર્વક ખાતો શ્વાન પાસે ઉભેલા દેવરાજ ઇન્દ્રને જોઇને પણ લાજ પામતો નથી. ખરેખર ક્ષુદ્ર વિષયો મનુષ્યો તે સ્વીકારેલો વસ્તુ- વિષય પદાર્થની તુચ્છતા ઉપર ધ્યાન આપતા નથી. અર્થાત્ વિષથી મનુષ્યને પોતાના વિષય પદાર્થોની નીચતા નજરે ચઢતી નથી અને પુનઃ પુનઃ તેનુ જ સેવન કરવા જાય છે. માટે શુભ કાર્યમાં જ મન લગાવવું.' (નીતિશતક. શ્લો-૯) (શ્લો-૫૫) હવે નીતિકાર સુખ આપનારા પદાર્થોને કહે છે-

(૧૧૬) સુખકર વસ્તુઓ :-

શ્લો- ૫૬ मङ्गलालम्भनं योग:

श्रुतमुत्थानमार्जवम्।

भूतिमेतानि कर्वन्ति

सता चाभीक्ष्णदर्शनम्॥

શ્લોકાર્થ :- મંગળ વસ્તુઓનો સ્પર્શ, ચિત્તવૃત્તિનો નિરોધ, શાસ્ત્ર શ્રવણ, ઉદ્યોગ, સરલતા અને સત્પુરૂષોનું પુન:પુન: દર્શન આ કલ્યાણ આપનારા છે.

ચ.ટી. : પ્રાત: કાળે ઘીનો સ્પર્શ, સુવર્ણનો સ્પર્શ તથા દર્પણમાં મુખના દર્શન કરવા આ બધુ મંગળ કરનાર છે. અષ્ટાંગ યોગ દ્વારા ચિત્ત નિરોધ થી સમાધિની સિધ્ધિ અનંત સુખ આપનારી થાય છે, શાસ્ત્રના શ્રવણથી માનવને સત્ અસત્ નો વિવેક સંપન્ન થવાથી માનવ સન્માર્ગ તરફ પ્રવૃત્ત થવાથી કલ્યાણનો ભાજી થાય છે. પુરૂષાર્થ(ઉદ્યોગ) કરવાથી કોઇપણ કાર્ય સિધ્ધ થઇ શકે છે. એટલે માટે પુરૂષાર્થને પારસમણિની ઉપમા અપાય છે. સરળતાથી (નિષ્કપટતાથી) પરમાત્માની કૃપા પ્રાપ્ત થાય છે. કહ્યું પણ છે ''सर्वभूतानुकम्पी य: सर्वभूतार्जवव्रत:। सर्वभूतात्मभूतश्च स वै धर्मेण युज्यते॥ सर्ववेदेषु वा स्नानं सर्व भूतेषु चार्जवम्। उभे एते समे स्यातामार्जवं वा विशिष्यते॥ आर्जवं धर्ममित्याहुरधर्मो जिह्म उच्यते। आर्जवेनेह संयुक्तो नरो धर्मेण युज्यते॥ आर्जवे तु रतो नित्यं वसत्यमरसंनिधौ। तस्मादार्जवयुक्त: स्याद् य इच्छेद् धर्ममात्मन:॥ જે બધા પ્રાણીઓ ઉપર દયા રાખે છે, બધાની સાથે સરળતાનો વર્તાવ કરે છે અને પ્રાણીમાત્રને આત્મભાવથી જએ છે તે ધર્મના ફળથી યુક્ત થાય છે. ચારોવેદોમાં નિષ્ણાંત થવું અને બધા જીવો પ્રત્યે સરળતાનો વર્તાવ કરવો એ બંને એકસમાન સમજાય છે અથવા સરળતાની મહત્તા અધિક મનાય છે. સરળતાને ધર્મ કહે છે અને કુટીલતાને અધર્મ કહે છે.

સરળ ભાવથી યુક્ત મનુષ્ય જ અહીં ધર્મફળ નો ભાગી થાય છે. જે હંમેશા સરળવર્તાવમાં તત્પર રહે, તે દેવતાઓની સમીપ નિવાસ કરે છે. એટલે માટે જે પોતાના ધર્મના ફળને પ્રાપ્ત કરવા ઇચ્છતા હોય તેણે સરળતા પૂર્વક વર્તાવથી યુક્ત થવું જોઇએ.'' (મહાભારત /શાંતિપર્વ) તથા સત્પુરૂષોના દર્શન તત્કાળ પવિત્ર કરનાર છે કહ્યુ પણ છે. ''न हयम्मयानि तीर्थानि न देवामृच्छिलामया ते पुनन् त्युरुकालेन दर्शनादेव साधनः॥ માત્ર જળવાળા જ તીર્થો કહેવાતા નથી અને માત્ર માટી પથ્થરની પ્રતિમાઓ જ દેવતા નથી હોતા, પરંતુ વાસ્તવમાં સત્પુરૂષો જ તીર્થ છે અને દેવતા છે કેમ કે તીર્થ અને પ્રતિમા ની તો ચિરકાલ સુધી સેવા કરવામાં આવે ત્યારે પવિત્ર કરે છે. પરંતુ સત્પુરૂષો તો દર્શન માત્રથી કૃતાર્થ કરે છે.'' (ભાગ-૧૦/૮૪/૧૧) ''नाग्निर्न सूर्यो न च चन्द्र तारका न भूर्जलं खंश्वसनोऽथवाङ्मनः। उपा सिता भेदकृतो हरन्त्यघं विपश्चितो घ्नन्तिमुहूर्त सेवया॥ यस्यात्मबुद्धिः कृपणे त्रिधातु के स्वधीः कलत्रादिषु भैम इज्यधीः। यत्तोर्थबुद्धिः सलीले न कर्हिचिज्जनेष्वभिज्ञेषुस एव गोखरः॥ અગ્નિ, સૂર્ય, ચન્દ્રમાં, તારા, પૃથ્વી, જળ, આકાશ, વાયુ, વાણી અને મનના આધિષ્ઠાતૃ દેવતા ઉપાસના કરવા છતાં પણ પાપનો સંપૂર્ણ નાશ કરી શકતા નથી. કારણ કે તેની ઉપાસનાથી ભેદ બુધ્ધિનો નાશ થતો નથી પણ તે તો વિશેષ રૂપે વૃધ્ધિ પામે છે. પરંતુ જો બે ઘડી પણ મહાપુરૂષોની સેવા કરવામાં આવે તો તેઓ સંપૂર્ણ પાપ તાપનો નાશ કરી દે છે. કેમ કે તેઓ ભેદ બુધ્ધિના વિનાશક છે.'' (ભાગ ૧૦/૮૪/૧૧-૧૨) (શ્લો-૫૬) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને સુખ અને લાભનું મૂળ કહે છે-

શ્લો- ૫૭ अनिर्वेदः श्रियोमूलं
लाभस्य च सुभस्य च।
महान भवत्य निर्विण्णः
सुखं चानन्त्यमसन्नुते॥

શ્લોકાર્થ :- કર્મથી નિવૃત્ત નહિ થવુ અને સદા પ્રસન્ન રહેવું એ સુખ અને લાભનું મૂલ છે. મહાન લોકો ક્યારેય દુઃખી થતા નથી અને અનંત સુખનો ઉપભોગ કરે છે.

ચ.ટી. : ભગવત્ આજ્ઞા પ્રમાણે કર્મમાર્ગમાં પ્રવૃત્ત થયેલો માનવ ક્યારેય પણ દુઃખને પામતો નથી પરંતુ અંતે અનંતાનંદ સુખને જ પામે છે. કહ્યુ પણ છે- ''द्वयक्षरस्तु भवेन्मृत्युरत्र्यक्षरं ब्रह्म शाश्वतम्। ममेति च भवेन्मृत्युर्न ममेति च शाश्वतम्॥ પિતાજી બ્રહ્મા પોતાની પ્રજાને ઉપદેશ આપનાર કહે છે કે નિષ્કામ ભાવથો કર્મ કરતા રહેતા તે કર્મો ભગવાનને અર્પણ કરી દેવા જોઇએ, કારણ કે 'मम' આ મારૂ છે આવો ભાવ રાખવાથી બંધન થાય છે અને તે બન્ધન મૃત્યુ રૂપ છે. તેનાથી વિપરીત 'न मम' આ મારૂ નથો આવો ભાવ રાખવાથી કર્તાપણાનું અભિમાન રહેતુ નથી અને આસક્તિ પણ દુર થઇ જઇ તેને સનાતન બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.'' (મહા. અશ્વ. અ. ૫૧/૨૯) ભગવાન પણ કહે છે - ''यस्त्विन्द्रियाणि मनसा नियमम्यारभतेऽर्जुन। कर्मेन्द्रियैः कर्मयोगम सक्तः सविशिष्यते॥ હે અર્જન જે પુરૂષ મનવડે ઇન્દ્રિયોને વશમાં કરી અનાસક્ત થઇને સઘળી ઇન્દ્રિયો દ્વારા કર્મયોગનું આચરણ કરે છે તે યોગી શ્રેષ્ઠ છે.'' (ગીતા-૩/૭) ''तस्मादसक्तः सततं कार्यं कर्म समाचार। अशक्तो ह्यचरन्कर्म परमाप्नोति पूरुषः॥ આથી તુ નિરંતર આસક્તિ વિનાનો થઇ હંમેશા કર્તવ્ય કર્મોને સમ્યક્ રીતે કરતો રહે. કેમ કે આસક્તિ વિનાનો થઇ કર્મ કરતો માનવ પરમાત્માને પામે છે.'' (ગીતા-૩/૧૮) ''त्यक्त्वा कर्म फलासङ्गनित्य तुप्तो निराश्रयः। कर्मण्यभिपवृत्तोऽङ्गपि नैव किञ्चित्कोरति सः॥ જે માનવ સર્વ કર્મો પ્રત્યેની તેમજ એમના ફળ પ્રત્યેની આસક્તિન બધો રીતે ત્યાગીને સંસારના આશ્રયથી રહિત થઇ ગયો છે તથા પરમાત્મામા સદાય તૃપ્ત છે, તે કર્મોમાં યોગ્ય રીતે વર્તતો હોવા

છતાં વાસ્તવમાં કંઇ જ કરતો નથી.'' (ગી.૪/૨૦) ''गतसङ्गस्य मुक्तस्य ज्ञानावस्थित चेतसः। यज्ञायाचरतः कर्म समग्रं पविलीयते॥ જેની આસક્તિ સર્વથા નાશ પામી ચૂકી છે, જે દેહાભિમાન તથા મમત્વ વિનાનો થઇ ચૂકેલો છે, જેનું ચિત્ત નિરંતર પરમાત્માના: જ્ઞાનમાં સ્થિત રહે છે, એવા કેવળ જ્ઞાન સંપાદનને અર્થે કર્મ કરનાર મનુષ્યના સમસ્ત કર્મો પૂર્ણ રીતે વિલીન થઇ જાય છે.'' (ગીતા. ૪/૨૩) ''योगयुक्तो विशुद्धात्मा विजिन्तात्माजितेन्द्रियः। सर्व भूतात्म भूतात्मा कुर्वन्नपि न लिप्यते॥ જેનું મન પોતાને વશ છે, જે જિતેન્દ્રિય છે. જેનું અંતઃકરણ વિશુધ્ધ છે તથા સઘળા પ્રાણીઓના આત્મ સ્વરૂપ પરમાત્મા જ જેના આત્મા છે એવો કર્મયોગી કર્મ કરતો હોવા છતા પણ તેનાથી લેપાતો નથી.'' (ગીતા ૫/૭) (શ્લો-૫૭) હવે નીતિકાર સમર્થ મનુષ્યના ક્ષમાગુણની મહત્તા કહે છે-

શ્લો- ૫૮ नातः श्रीमत्तरं किंचिद

न्यत्पथ्यतमं मतम्।

प्रभविष्णोर्यथा तात

क्षमा सर्वत्र सर्वदा॥

શ્લોકાર્થ :- હે તાત! સમર્થ મનુષ્યે સદૈવ સર્વના ઉપર ક્ષમા રાખવી એના જેવું કલ્યાણકારક અને પરમ હિતકારી બીજ કશું જ નથી.

શ્લો- ૫૯ क्षमेदशक्तः सर्वस्य

शक्तिमान्धर्मकारणात्।

अर्थानर्थौ समौ यस्य

तस्य नित्यं क्षमां हिता॥

<u>શ્લોકાર્થ :-</u> શક્તિહીન મનુષ્યે સર્વ ઉપર ક્ષમા રાખવી અને સમર્થ મનુષ્યે ધર્મને અર્થે ક્ષમા રાખવી, જેને અર્થ તથા અનર્થ સમાન છે, એવા ઉદાસીન મનુષ્યને પણ ક્ષમા નિત્ય હિતાવહ છે.

<u>ચ.ટી. :</u> અસમર્થ મનુષ્ય તો પોતાને કષ્ટ આપનારા ને ક્ષમા કરે એમા કોઇ આશ્ચર્ય નથી કારણ કે તે દુર્બળ છે પરંતુ જે સમર્થ છે અને કષ્ટ આપનારાનો પ્રતિકાર કરે કરૂણા દર્શાવે છે તેવો માનવ જગતમાં વિરલા છે મનુ મહારાજે મનુ સ્મૃતિમાં દશમાનવ ધર્મ બતાવેલા છે તેમાં ક્ષમાને દ્વિતિય ક્રમે કહેલો છે. સમર્થ હોવા છતાં પણ પોતાનું અહિત કરવાવાળા પર ક્રોધ ન થવો એ અક્રોધ કહેવાય છે. પરંતુ તેમાં પ્રતિશોધની ભાવના મનમાં રહી શકે છે. પરંતુ ક્ષમાશીલ માતો પ્રતિશોધની ભાવના રહી જ શકતી નથી તેના દ્વારા અપરાધીનો પણ ઉપકાર કરાય છે અથવા તેને મહત્વ અપાય છે આ સંદર્ભમાં ભગવાન વિષ્ણુ અને ભૃગુઋષિનો પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે.

વાત એવી હતી કે એક સમયે મહર્ષિ ભૃગુ શીવલોક, બ્રહ્મલોક આદિમાં ફરતા ફરતા અને મોટા મોટા દેવતાઓની પરીક્ષા લેતા વિષ્ણુ લોકમાં આવી પહોંચ્યા તે સમયે ભગવાન વિષ્ણુ શેષ શૈયા પર પોઢેલા હતા અને ભગવદી શ્રી ચરણ દાબતા હતા. ભૃગુજીએ ત્યાં આવી ભગવાન વિષ્ણુના વક્ષઃ સ્થળ પર પાદનો પ્રહાર કર્યો પાદ પ્રહાર કરતા જ ભગવાન વિષ્ણુ ઉભા થઇ મહર્ષિ, ભૃગુને પોતાની શૈયા પર બેસાડી પોતાના કરકમળ દ્વારા ઋષિના પગ સહેલાવવા લાગ્યા અને નમ્રતાથી તેમના પ્રત્યે બોલ્યા 'નાથ! અમારૂ વક્ષઃ સ્થળતો ઘણુ કઠોર છે અને આપના ચરણ તો અત્યંત સુકોમળ છે. ક્યાંક તમારા ચરણમાં વ્રણ(ઘા) તો નથી પડી ગયોને? આપ અમોને ક્ષમા કરો. આપના આવવાનો જાણ અમોને થઇ નહિ.' ભૃગુજી તો ભગવાન વિષ્ણુની ક્ષમા શીલતાની પરીક્ષા

કરવા આવેલા હતા પરંતુ ભગવાન વિષ્ણુ નો આ પ્રમાણેનો વ્યવહાર જાઇ ભૃગુઋષિતો આશ્ચર્યચકિત થઇ ગયા અને તેઓ ભગવાનના ચરણમાં પડી પ્રાર્થના કરતા બોલ્યા. ''નાથ! તમો ઇચ્છતે તો અમોને કઠોરમાં કઠોર દંડ આપી શક્યા હોત છતા આપે અમારી સાથે વિલક્ષણ વ્યવહાર કર્યો ધન્ય છે તમારી આ મહાનતા, આતો ક્ષમાનો ઉચ્ચ આદર્શ છે.'' (વિષ્ણુપુરાણ) આ પ્રમાણે સમર્થ એવા ભગવાન વિષ્ણુએ ભૃગુઋષિના અક્ષમ્ય અપરાધને પણ ક્ષમા કરી, ક્ષમાનો ઉચ્ચાદર્શ પ્રસ્થાપિત કર્યો. (શ્લો-૫૮, ૫૯) હવે નીતિકાર વિષયોમાં આશક્ત ન થવાનો ઉપદેશ આપે છે-

શ્લો- ૬૦ यत् सखं सेवमानोऽपि

धर्मार्थाभ्यां न हीयते।

कामं तदुपसवते

न मुढव्रतमाचरेत्॥

શ્લોકાર્થ :- જે સુખનું સેવન કરતાં મનુષ્ય ધર્મ અને અર્થથી ભ્રષ્ટ થતો નથી, તે સુખ ભલે સેવવું પણ મૂઢની જેમ કદી આચરણ કરવું નહિ. અર્થાત્ વિષયમાં અત્યંત આસક્ત ન થવું.

ચ.ટી. : વિષયો પ્રત્યેની અત્યધિક આશક્તિ જ માનવને બંધનનું કારણ થાય છે. 'प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः વિવેકી મનુષ્યો વિષયોનો સંગ અને આશક્તિને જ આત્માનું અકાટ્ય બંધન માને છે.' (ભાગ. ૩/૨૫/૨૦) અને એનાથી જ માનવનું પરમાર્થ થકી પતન થાય છે. આ સન્દર્ભમાં ઋષભદેવ ભગવાનના પુત્ર રાર્જર્ષિ ભરતજીનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે ધ્રુવજીના વંશમાં પ્રગટ થયેલા ઋષભ દેવ ભગવાન વનમાં જતા પહેલા પોતાના સો પુત્રોમાંથી મોટા પુત્ર ભરતજીનો અજનાભખંડના રાજ્ય પર અભિષેક

કર્યો દીર્ઘકાળ પર્યત્ન ભરતજીએ પૃથ્વીનું એક ચક્રી શાસન કર્યુ તથા ધર્મ પૂર્વક પ્રજાનું પાલન કર્યુ. તેમના ભાર્યા પરમપતીવ્રતા હતા તથા પુત્રો પણ પિતૃભક્ત અને ગુણવાન હતા. સેવક સચિવ બધા ભરતજીની સેવામાં તત્પર રહેતા હતા પરંતુ મનુષ્ય જીવનનું લક્ષ્ય ભોગતો છે જ નહિ, ભરતજી સ્વયં વિદ્વાન ભગવદ્ ભક્ત અને વિષોયમાં અનાશક્ત હતા અને પોતાના પિતા ઋષભદેવ થકી પણ તેઓને દૈવી સમ્પત્તિ જ પ્રાપ્ત થઇ હતી. પ્રજા પાલનને પિતૃ આજ્ઞામાની ને કર્તવ્ય બુધ્ધિથી તેઓ તે કાર્ય કરતા હતા. જ્યારે પુત્રો વયસ્ક થઇ ગયા ત્યારે ભરતજીએ રાજ્યનો બધો ભાર તેઓને સોંપી પોતે એકાકી નિષ્પરીગ્રહ વ્રત ધારણ કરી ભગવાનની આરાધના કરવાને અને પોતાની રાજધાની થી સુદુર પુલહાશ્રમ નામના ક્ષેત્રમાં આવ્યા અને પોતાના મનને તીવ્ર તપસ્યામાં જોડતા હતા. વનમાંથી પુષ્પ ફળાદિ એકત્ર કરી લાવવું અને તેનાથી ભગવાનનું પૂજન કરવું આજ ભરતજીનું દૈનિક જીવન બની ગયું હતુ. તેઓની સમસ્ત ક્રીયા ભગવન્મય હતી. ભરતજી વિવેકી અને ભગવદ્ ભક્ત હતા. સંસારથી સંપૂર્ણ રીતે વિરક્ત હતા અને હવે તપસ્યા એ તો તેમના ચિત્તમાં રહેલો થોડો પણ જે મળ હતો તે સમાપ્ત કરી દીધો હતો.

એક દિવસની વાત હતી ભરતજી પોતાના આશ્રમની સમિપમાં રહેલી ગંડકી નદીમાં સ્નાન કરી જળમાં ઉભા ઉભા પ્રણવનો જાપ કરી રહ્યા હતા એવા જ સમયમાં પોતાના જથથી વિખુટી પડી ગયેલી એક મૃગી ત્યાં નદીમાં જળ પાન કરવા આવી. તે હજ થોડુ જળ પાન કરી પણ ન શકી હતી ત્યાં જ નજીકમાં કોઇક સિંહની ગર્જના સંભળાય. ભયથી વ્યાકુળ મૃગો પોતાની તૃષા શાંત કર્યા વિના જ નદીમાં કુદી પડી અને કુદતા જ તેનો ગર્ભ નદીના જળમાં સ્રવી ગયો અને નદીના પ્રવાહમાં વહેવા લાગ્યો. મૃગી આ ધક્કાને સહન ન કરી શકી અને

કોઇ પ્રકારે પરીશ્રમ કરી કિનાર પર આવી પણ કિનારા પર આવતા જ તેનો પ્રાણ છટી ગયો. આ તરફ જળમાં ઉભા ઉભા ભરતજી આ બધુ જોતા હતા. મૃગીના ગર્ભમાંથી જળમાં પડેતુ મૃગ બાળક જળના પ્રવાહમાં વહેવા લાગ્યુ ત્યારે તેઓને દયા આવી એટલે તેઓએ તે નવજાત શીશુ ને ગોદમાં ઉઠાવી લીધુ અને તેઓ તેને પોતાની કુટીમાં લઇ આવ્યા.

ભરતજી હરણના બચ્ચાને લઇ તો આવ્યા, પરંતુ એક સમસ્યા ઉત્પન્ન થઇ કે તેની જીવન રક્ષા કેવી રીતે થાય કોઇક પ્રકારે સતત સાવધાની પૂર્વક ભરતજીએ તેને બચાવી લીધુ અને પાલી તપોષિત થતા તે મૃગ સાવક મોટુ થયુ અને તૃણ ચરવા લાગ્યુ. અહી સુધિ તે વાત યોગ્ય હતી કે એક મૃત્યુના મુખમાં પડેલા પ્રાણીના પ્રાણ બચાવવા એ કર્તવ્ય હતુ પુણ્ય હતુ અને નદીમાંથી બહાર કાઢયા બાદ તે કર્તવ્ય પૂર્ણ થતુ ન હતુ પણ મૃગ શાવક સ્વયં આહાર લેવા માટે અને દોડવામાં સમર્થ ન થઇ જાય ત્યાં સુધિ તેનું પાલન અને રક્ષણ તો સર્વથા ઉચિત હતુ, પરંતુ મનનો અંદર જે માયાના સેવકો ગુપ્ત રૂપે રહેલા છે તેઓ તો જીવને બાંધવાનો સમય જોતા જ રહે છે કોઇક સમય ના સમ્રાટ ભરત જે સામ્રાજ્યના વૈભવનો પોતાના પુત્રાદિકનો પણ ત્યાગ કરી ચૂકેલા હતા, જેમની સમસ્ત આસક્તિ નિવૃત્તિ થઇ ગઇ હતી. તેઓને મૃગ સાવકમા આસક્તિ થઇ ગઇ.

મનઘણુ ધૂર્ત છે. તે પોતાના દોષોને, કર્તવ્ય, ધર્મ, આવશ્ક આદિના તર્કોથી સિધ્ધ કરતુ જ રહે છે ભરતજીના મન પણ તેઓને કહેવાનો પ્રારંભ કર્યો 'આ મૃગ સાવક અનાથ છે, તેની માતા મૃત્યુ પામી છે આનુ પાલન પોષણ કરવં આપણું કર્તવ્ય છે,' મનના દોષો એક વખત અવસર પ્રાપ્ત કરી લે છે. ત્યારપછી તરંગથી સમુદ્ર બનતા સમય લાગતો નથી. મૃગના બાળકમાં ભરતજીનો મોહ

વધવા લાગ્યો જ્યારે સંધ્યા વંદન કરવા બેસતા કે હોમ કરવા બેસતા મધ્યમાં ઉભા થઇ તેને જોઇ લેતા પૂજન કર્યા બાદ તેને આશીર્વાદ આપતા, જો કદાચ મૃગ સાવક વનમા રહેતુ તો ભરતજી તેની રાહ જોતા જોતા આકુળ વ્યાકુળ થઇ જતા. તથા તેની સકુશળ આવવા માટે દેવતાઓને પ્રાર્થના કરતા.

આ તરફ કાળ તો કોઇની પ્રતિક્ષા કરતો નથી એટલે ભરતજીનો પણ જીવનકાળ સમાપ્તિ થવાની તૈયારીમાં હતો મૃત્યુનો સમય આવી ગયો મૃગનું બચ્ચુ હવે મોટુ મૃગ બની ગયુ હતુ. તે પણ ભરતજીને અત્યંત સ્નેહ કરતુ હતુ. તે મૃત્યુ સમયે ભરતજીની સમીપમાં જ હતુ. ભરતજી તેની સન્મુખ ઘણા પ્રેમભાવથી જોતા હતા અને વ્યાકુળ થઇને વિચાર કરતા હતા કે 'મારા વગર આ બિચારૂ કેવી રીતે રહેશે?' આજ દશમાં તેઓનો દેહ છૂટી ગયો ગીતાચાર્ય કહે છે ''यं यं वापि स्मरन्भावंत्यजत्यन्ते कलेवरम्। तं तमेवैति कोन्तेय सदा तद्भावभावित:॥ હે કુન્તિપુત્ર! માનવ અંતકાળે જે પણ ભાવને સ્મરણ કરતો શરીર ત્યાગ કરે છે તે ને તેને જ પામે છે, કેમકે એ સદા તેજ ભાવથી ભાવિત રહે છે.'' (ગી. ૮/૬) સામ્રાજ્ય ત્યાગી, વિરક્ત, શાસ્ત્રજ્ઞ, જ્ઞાનિ, દીર્ઘકાળ પર્યન્ત ભગવાન ની આરાધના કરવાવાળા ભરતજી મૃગ સાવકનું ચિંતન કરતા કરતા મૃત્યુ પામ્યા જેથી તેઓએ બીજા જન્મમાં મૃગની યોનિમાં જન્મ લેવો પડયો (ભાગ. સ્કં. ૫) કહ્યુ પણ છે કે- ''ध्याय तो विषयान् पुंस: सङ्गस्तेषूपजायते। सङ्ग गात्सज्यायते काम: कामत्क्रोधोऽभिजायते। क्रोधाद् भवति सम्मोह: सम्होहात्स्मृति विभ्रम: स्मृति भ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति॥ વિષયોનું ચિંતન કરનારા પુરૂષને તે વિષયોમાં આસક્તિ જન્મે છે, આસક્તિથી તે વિષયોની કામના ઉત્પન્ન થાય છે અને કામનામાં વિઘ્ન આવવાથો ક્રોધ જન્મે છે. ક્રોધથી ઘણી મૂઢતા આવે છે, મૂઢતાથી સ્મૃતિમાં ભ્રમ ઉત્પન્ન થાય છે, સ્મૃતિમાં ભ્રમ ઉત્પન્ન થવાથી બુધ્ધિ

અર્થાત્જ્ઞાન શક્તિનો નાશ થઇ જાય છે અને બુધ્ધિનો નાશ થવાથી એ પુરૂષનું પોતાની સ્થિતિથી પતન થાય છે.'' (ગીતા-૨/૬૨-૬૩) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને કયા મનુષ્ય પાસે લક્ષ્મી સ્થિર થઇને નથી રહેતી તે કહે છે-

શ્લો- ૬૧ दु:खार्तेषु प्रमत्तेषु

नास्ति केष्व लसेषु च।

न श्री र्वसत्यदान्तेषु

ये चोत्साहाविवर्जिता।।

શ્લોકાર્થ :- દુ:ખથી પીડાતો મનુષ્ય, પ્રમત્ત, નાસ્તિક, આળસુ, ઇન્દ્રિયાધીન અને નિરૂત્સાહી એટલાઓને વિશ લક્ષ્મી કાયેર પણ વસતી નથી.

ચ.ટી. : નીતિકાર રહે છે કે આા દુર્ગુણો જેમાં જોવા મળે તેઓ પાસે ક્યારેય લક્ષ્મી આવતી નથી અને કદાર પ્રારબ્ધવશ આવી પણ હોય તો પણ તેનો ત્યાગ કરીને જતી રહે છે. વિદુરજી ગૂઢાર્થમાં ધૃતરાષ્ટ્રને કહે છે- રાજન્! તમારા પુત્ર દુર્યોધનમાં આ દુર્ગુણ માંથી પ્રમાદ અને ઇન્દ્રિયાધીન આ બે દુર્ગુણો છે માટે ભવિષ્યમાં તેની પાસે લક્ષ્મી ટકશે નહિ જ્યારે યુધિષ્ઠિરમાં આમાનો એક પણ દુર્ગુણ નથો એટલે તેની પાસે લક્ષ્મી સ્થિર થઇને રહેશે. (શ્લોક-૬૧) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને સરળ મનુષ્યને સામર્થ્યહીન સમઝી દુષ્ટ તેનો તિરસ્કાર કરતા રહે છે તે કહે છે-

શ્લો- ૬૨ आर्जवेन नरं युक्त

मार्जवात्सव्यपत्रयम्।

अशक्तं मन्यमानास्त

धर्षयन्ति कुबुद्धय: ॥

શ્લોકાર્થ :- સરળતાવાળો પુરૂષ પોતાની સરળતાથી અયોગ્ય કામ કરતા લજાય છ, ત્યારે દુષ્ટ બુધ્ધિવાળાઓ તેને અશક્ત માનીને સતાવ્યા કરે છે.

ચ.ટી. : વિદુરજી ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્રને કહે છે- રાજન્! તમારા દુષ્ટ પુત્રો પાંડવોને લજ્જાશિલ અને સરળ સમઝીને તિરસ્કાર કરતા રહે છે પરંતુ પાંડવો તેવું કાર્ય કરતા લજાય છે. પાંડવો અશક્ત નથી પરંતુ શહનશીલ છે અને તેનો જ લાભ તમારા પુત્રો ઉઠાવે છે પણ જે સમયે તેઓનો દબાયેલો ક્રોધ પ્રગટ થશે ત્યારે તેઓની ક્રોધાગ્નિમાં તમારા બધા જ પુત્રો બળીને ભષ્મથઇ જશે માટે હજપણ સમય છે તેઓને અંકુશમાં રાખો. કહ્યું પણ છે. ''एक क्षमा वतां दोषो द्वितीयो नोपपद्यत। क्षमया युक्तमशक्तं मन्यते जना:॥ સહનશીલ લોકો નો એક જ દોષ ગણાય છે. બીજા કોઇપણ દોષો તેઓમાં ઘટતા નથી કારણ કે તેઓને બધા આશક્ત માને છે.'' (ગરૂડ. ૧૧૪/૬૨) ''जाऽयंहोमति गण्यत व्रतरुचौ दम्भ: शुचौ कैतवं शूरे निर्घुणता ऋजौविमतितादैन्यं प्रियालापिनि। तेज स्विन्यवलिप्ता मुखरता वक्तय शक्ति: स्थिरे तत्कोनाम गुणो भवेत् स गुणिनां योदुर्जनैर्नाङ्कित:॥ દુર્જનોની સ્વભાવિક પ્રવૃત્તિ હોય છે સજ્જનો પર દોષારોપણ કરવું અને એટલે માટે જ તેઓ લજ્જા શિલ મનુષ્યને જડ, ધાર્મિક અને વ્રતીન પાખંડી, પવિત્રાત્માને ઠગ, શૂરને નિબળ સરળ લોકોને બુધ્ધિહીન, મધુર ભાષીને દીન, તેજસ્વીને અહંકારો વક્તાને વાચાળ અને ધીરને નિર્બળ સમઝે છે.'' (નીતિ શતક/૫૪) (શ્લોક-૬૨) હવે નીતિકાર કોનો ત્યાગ કરી લક્ષ્મી જતી રહે છે તે કહે છે-

(૧૧૭)લક્ષ્મી ક્યાં જતી નથી?

શ્લો- ૬૩ अत्यार्थमतिदातार
मतिशूरमतिव्रतम्।
प्रज्ञाभिमानिनं चैव
श्रीभंयान्नोपसपति॥

<u>શ્લોકાર્થ :-</u> જે અતિશ્રેષ્ઠ, અતિશય દાની, અત્યધિક શૂરવીર અને અતિશય વ્રતો છે તથા જે બુધ્ધિનું અભિમાન કરનારો છે, તેની પાસે ક્ષ્મી ભયથી ફરકતી નથી.

<u>ચ.ટી. :</u> અતિશય શ્રેષ્ઠ પાસે તો પોતાના યશ રૂપિ લક્ષ્મી હોય છે, અત્યધિક દાનશીલ તો જેને તેને દાન કરતો રહે છે, શૂરવીર પાસે તો પોતાની શૂરતા રૂપી લક્ષ્મી હોય છે. તપસ્વી પાસે તો તપરૂપ ધન હોય છે અને બુધ્ધિશાળી પાસે તો લક્ષ્મીજીની સોત સરસ્વતી ઉપસ્થિત હોવાથી તે ત્યાં જતા પણ ભય પામે છે. આમ લક્ષ્મીજીને ભય સેવાતો રહે છે કે કદાર અમો આની પાસે જશું તો આ બદા અમારો અનાદર કરી દેશે એટલે તેઓ આ બધાથી પરાંગમુખ રહે છે. (શ્લોક-૬૩) હવે લક્ષ્મી કોની પાસે વાસ કરે છે તે કહેવાય છે-

<u>શ્લો- ૬૪</u> न चातिगुण वत्स्वेषा

नात्यतं निर्गुणेषु च।

नैषा गुणैन्कामयते

नैर्गुण्यान्ना नुरज्यते।

उन्म ना गौरिवान्धाश्री:

क्वचिदेवावतिष्ठते॥

<u>શ્લોકાર્થ :-</u> લક્ષ્મી અતિ ગુણવાન પાસે રહેતી નથી, તેમ અતિ શયગુણહીનની પાસે પણ રહેતી નથી. તે ગુમને ચાહતી નથી તે ગુણ હીનતાથી પણ રિઝતી નથી. ઉન્મત્ત ગાયની જેમ એ લક્ષ્મી તો કોઇક જ ઠેકાણે કોઇકની પાસે જ સ્થિર થઇને રહે છે.

<u>ચ.ટી. :</u> ગુણવાન માનવ પોતાના સદ્ગુણોથી પરીપૂર્ણ હોવાથી તે લક્ષ્મીજીનો આદર કરતા નથી. એટલે સ્વાભાવિક રીતે લક્ષ્મીજીનું સંચરણ ત્યાં હોતુ નથી.

ગુણ રહિત તો પોતાના દુર્ગુણોને કારણે પોતા પાસે આવેલી લક્ષ્મીનો પણ કુમાર્ગે વ્યય કરશે એવા ભયથી લક્ષ્મીજી એનો દુરથી જ ત્યાગ કરી દેશે તો લક્ષ્મીજી રહેશે કોની પાસે? તો શ્રીમન્નારાયણ જેવા કોઇકની પાસે જ સ્થિર થઇને રહેશે (શ્લોક-૬૪) હવે નીતિકાર કઇ વસ્તુનું કયું ફળ છે તે કહે છે-

(૧૧૮)લક્ષ્મી નિવાસ અને વેદાદિનું ફળ :-

શ્લો- ૬૫ अग्निहोत्र फला वेदा:

शील वृत्तफलं श्रुतम्।

रति पुत्रफला नारीं

दत्त भुक्त फलं धनम्॥

શ્લોકાર્થ :- અગ્નિહોત્રનું પાલન એ વેદા ધ્યયનનું ફળ છે, સુશીલતા અને સદાચરણ એ શાસ્ત્રાધ્યાયનનું ફળ છે, રતી સુખ અને પુત્ર પ્રાપ્તિ એ સ્ત્રી સાથે લગ્ન કર્યાનું ફળ છે અને દાન તથા ભોગ એ ધનનું ફળ છે.

ચ.ટી. : અગ્નિહોત્ર દ્વારા દેવતાઓ તૃપ્ત થાય છે અને તૃપ્ત થયેલા દેવતા મનુષ્યની તૃપ્તિ કરે છે એ વેદાધ્યયનું ફળ છે. શાસ્ત્રોક્ત આચારના પાલનથી માનવ આ લોક પરલોકમાં શ્રેય અને પ્રેયની પ્રાપ્તિ કરે છે. એ શાસ્ત્રાધ્યાયનનું ફળ છે. વિવાહ બાદ નારી દ્વારા ઉત્પન્ન કરાયેલી સંતતિ દ્વારા મૃત્યુ બાદ પ્રેતાદિ કાર્ય કરી પિતૃ ની તૃપ્તિ કરાય એ વિવાહ કર્યાનું ફળ છે અને ધન પ્રાપ્ત કર્યાનું ફળ દાન અને ભોગ છે અન્યથા તે બંનેની ઉપેક્ષામાં ધનની ત્રીજી ગતિ નાશ અવશ્યમ્ભાવી છે. (શ્લોક-૬૫) હવે નીતિકાર અધર્મના માર્ગથી આવેલ લક્ષ્મીનું ફળ કહે છે-

શ્લો- ૬૬ अधर्मोपार्जितरर्थै

यः करत्यौर्ध्वदेहिकम्॥

न स तस्य फल प्रेत्य

भुङ्क्तेऽर्थस्य दुरागमात्॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય અધર્મથી સંપાદન કરેલા ધન વડે પરલોકના સાધન ભૂત યજ્ઞ, દાન વગેરે કર્મો કરે છે તે મરણ પછી, ધન કુમાર્ગથી આવેલું હોવાને લીધે યજ્ઞ, દાન વગેરેનું ફળ ભોગવતો નથી.

ચ.ટી. : અધર્મના માર્ગથી ચંપાદન કરેલા ધનથી જો સત્કર્મ કરવામાં આવે તો તેનું ફલ દાતાને તો મળતુ જ નથી પણ જેની સાથે તેણે કપટ કરેલું છે તેને પ્રાપ્ત થાય છે અને દાન કરનારાને પરલોકમાં તેણે કરેલા કપટનું ફળ ભોગવવું પડે છે એમ આપ્ત જનોનું કહેવું છે. ભગવાન સ્વામિનારાયણ કહે છે કે ''न्यायार्जितनैव धनन कुर्याद्दानं यथाशक्ति गृही द्विजेन्द्र!। न क्लेश यित्वा निजपोष्यवर्गं नान्यायलब्धेन धनेन चापि॥ ગૃહસ્થ જન ન્યાયમાર્ગથી મેળવેલા જ ધનથી યથાશક્તિ દાન કરે. પોતાના પોષ્યવર્ગ ને કલેશ કરીને તે થકી મળેલા ધનથી કે અન્ય માર્ગથી સંપાદન કરેલા ધનથી પણ દાન ન કરે'' (સ.જી. ૫/૧૧/૬૫) સ્કન્દ પણ કહે છે ''न्यायोपार्जित वित्तेन दशमांशेन धीमता। कर्तव्यो विनियोगश्च इराश्रीत्यर्थहेतव॥ પોતાના ન્યાય પૂર્વક મેળવેલા દનનો દસમો ભાગ ભગવાનની પ્રસન્નતા માટે કોઇ સતકર્મમાં વાપરવો જોઇએ.'' (સ્કં. મા. કે. ૧૨/૩૨) અહીં ગુઢાર્થ માં નીતિકાર ધૃતરાષ્ટ્રને કહે છે કે રાજન્! તમારી પાસે જે ધન છે તે પણ અન્યાયથી સંપાદન કરાયેલું હોય તમો તેનો ઉપયોગ સત્કર્મમાં કરશો તો પણ

તેનું ફલ તમોને પરલોકમાં મળવાનું નથી. (શ્લોક-૬૬) હવે નીતિકાર નિર્ભય કોણ રહે છે તેને વિશે કહે છે-

શ્લો- ૬૭ कान्तारे वनदुर्गेषु

कृच्छ्रास्वापत्सु सम्भ्रमे।

उद्यतेषु च शास्त्रेषु।

नास्ति सत्त्ववत्तां भयम्।

શ્લોકાર્થ :- વનમાં, ભયંકર ઝાડીમાં, મોટી આપત્તિમાં, ભય ના સમયમાં અને હથિયારો ઉગામેલા હોય તે વખતે બળવાનને ભય લાગતો નથી.

ચ.ટી. : ભલે ઉત્કૃષ્ટ મનોબળવાળા મનુષ્ય પાસે શારીરિક બળની ન્યૂનતા હોય પણ તેનું મનોબળ મજબુત હોય તો તેને યુધ્ધાદિક જેવી વિપરિત પરોસ્થિતિમાં પણ ભય ઉત્પન્ન થતો નથી. નીતિકાર મર્મમાં ધૃતરાષ્ટ્રને કહી રહ્યા છે કે રાજન્! ભલે પાંડવો તમારા પક્ષમાં રહેલા ભીષ્માદી અતિરથિ વિરોથી ન્યૂન છે છતા પણ તેઓ સુદૃઢ મનોબળથી સંપન્ન છે માટે ભવિષ્યમાં યુધ્ધની પરિસ્થિતિ ઉત્પન્ન થશે તો પણ તેઓ તમારા પક્ષના યોધ્ધાઓનો દૃઢતાથી સામનો કરશે. (શ્લોક-૬૭) હવે નીતિકાર વૈભવનું મૂળ કહે છે-

(૧૧૯) વૈભવનું મૂળ :-

શ્લો- ૬૮ उत्थानं संयमो द्राक्ष्यम

प्रमादो धृतिः स्मृतिः।

समीक्ष्य च समारम्भो

विद्धि मूलं भवस्व तु॥

શ્લોકાર્થ :- ઉદ્યોગ, ઇન્દ્રિય નિગ્રહ, દક્ષતા, સાવધાની, ધૈર્ય, સ્મરણ શક્તિ અને વિચાર પૂર્વક કાર્યારંભ, એમન ઐશ્વર્યનું કારણ જાણો.

ચ.ટી. : ઉદ્યોગ, સંયમ, નિપુણતા, સાવધાની, ધૈર્ય, સ્મરણ શક્તિ અને વિચાર કરી કાર્યોને પ્રારંભ આ બધા ગુણો મહારાજા યુધિષ્ઠિરમાં જોવા મળે છે અને એને લઇ તેઓની હંમેશા ઉન્નત થાય છે અને આ બધા ગુણો નો દુર્યોધનમાં અભાવ જોવા મળતો હોય તેઓની વાસ્તવિક રીતે ઉન્નતિ થતી નથી એવું વિદુરજી ધૃતરાષ્ટ્રને મર્મમાં કહી રહ્યા છે. (શ્લોક-૬૮) હવે નીતિકાર કોનું કયું બળ છે તે કહે છે-

શ્લો- ૬૯ तपोबलं तापसानं

ब्रह्म ब्रह्मविदां बलम्।

हिंसा बलम साधूनां

क्षमा गुणवतां बलम्॥

શ્લોકાર્થ :- તપસ્વિઓનું બળ તપસ્યા છે, બ્રહ્મ ન જાણવાવાળા નું બળ બ્રહ્મ છે, દુર્જનોનું બળ હિંસા છેઅને ગુણવાનોનું બળ ક્ષમા છે.

ચ.ટી. : ક્ષમાં નામના કવચમાં બધા અસ્ત્ર શસ્ત્રો લીન થઇ જાય છે. ઇતિહાસ પુરાણમાં એવા કેટલાયે મહાપુરૂષો તથા સ્ત્રીઓ ના ચરિત્ર જોવા મળે છે કે જેઓ સમર્થ હોવા છતાં તેઓએ પોતાના જઘન્ય અપરાધ કરનારાઓને ક્ષમા કરેલા. આ સન્દર્ભમાં દ્રોપદીજીના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે- વાત એવી હતી કે મહાભારતના યુધ્ધના અઢારમાં દિવસે મધ્યરાત્રીના સમયમાં અશ્વથ્થામાએ પાંડવોની અનુપસ્થિતમાં તેઓના શિબિરમાં પ્રવેશી નીદ્રાવસ્થામાં રહેલા બધા યોધ્ધાઓને મોતને ઘાત ઉતારી દીધા તે યોધ્ધાઓમાં દ્રોપદીના પાંચ પુત્રો પણ હતા. અશ્વથ્થામાએ તેઓને પાંડવો સમઝી મોતને ઘાત

ઉતારી દીધા. પાંડવોના પક્ષમાં રહેલા પાંચ પાંડવો, સાત્યકિ, યુયુત્સુ અને શ્રીકૃષ્ણ એટલા માટે જીવિત રહ્યા કે તે દિવસે યુધ્ધમાં વિજય પ્રાપ્ત કર્યા બાદ તેઓ બધાને લઇને શ્રીકૃષ્ણ અન્ય સ્થાન પર જતા રહ્યા હતા અને પ્રાતઃ કાળે તેઓ પાછા આવ્યા ત્યારે તેઓએ શિબિરમાં લાશોથી ભરાયેલી ભૂમિના દર્શન કાર્ય મહારાણી દ્રોપદીના પાચ પુત્રોના શરીર તથા મસ્તક પૃથક પૃથક પડેલા હતા. સ્ત્રીઓના આકંડથી જાણે રડી રહ્યુ હોય એવું લાગતુ હતુ. દ્રોપદીજીની વ્યથાનો પાર ન હતો. તેઓ એક આકાર સાથે પડલા પાંચ પુત્રોના મૃતદેહને જોઇને મુર્છિત થઇ ગયા હતા અર્જને તેને ધિરજ આપતા કહ્યુ 'આ બધાના હત્યારાના કાપાયલા મસ્તક જાઇને જ તુ સ્નાન કરજે.'

તદન્તર અર્જન આદી પાંડવોને ખબર પડી કે આ બધુ કરનાર અશ્વથ્થામાં છે એટલે ગાન્ડિવ ધન્વા પોતાના સખા શ્રી કૃષ્ણને સાથે લઇ અશ્વથ્થામાની પાછળ પડયા, અશ્વથ્થામાં જ્યાં હતો ત્યાથી ભાગ્યો પણ પાર્થના દિવ્યરથ થી કેટલે દૂર જઇ શકવાનો? બ્રહ્માસ્ત્રનો પ્રયોગ પણ તેને બચાવી ન શક્યો. અર્જને તેને પકડી દોરડાથી બાંધી લીધો અને બંદી અવસ્થામાં જ તેને લઇ દ્રોપદી સન્મુખ ઉપસ્થિત કરવામાં આવ્યો. ભીમસેને તેને જોઇ કહ્યું 'આ દુષ્ટને તત્કાળ મોતને ઘાત ઉતારી દો.' ત્યારે મહારાણી દ્રોપદી બધાને રોકતા થકા બોલ્યા ''અરે! આ શું કર્યુ તમોએ ? છોડો આને હમણાને હમણા આને મુક્ત કરો, મારા પુત્રો મૃત્યુ પામ્યા છે એટલે પુત્રના મૃત્યુનું કેટલું દુઃખ માતાને થતું હશ એ હું અનુભવું છે. આની માતા કૃપિ ગુરૂપત્ની છે. તેઓને પુત્ર વિયોગનું દુઃખ નહિ થવું જોઇએ. જેઓએ તમોને અસ્ત્ર શસ્ત્ર ચલાવતા શિખવ્યુ તે દ્રોણાચાર્ય જ આ પુત્રના રૂપમાં અહીં ઉપસ્થિત છે તેઓને જોઇને આપ આટલા નિષ્ઠુર કેમ થઇ શકો? માટે આને અત્યારે જ મુક્ત કરી દો.''

જેના પાંચ પુત્રો મરાયા છે, પુત્રોના મૃત શરીર સામે પડેલા છે અને તેના હત્યારા પ્રત્યે આટલી દયા? એટલી દયા પોતાના પુત્રનો શોક ભૂલી તે હત્યારાના લજ્જિત મુખને જોઇને હૃદય દ્રવિત થઇ ગયુ. દ્રોપદીની ક્ષમાનો વિજય થયો. માતાએ પુત્ર ઘાતોને ક્ષમા કરી દીધો તો બીજો કોણ અશ્વથ્થામાને દંડ આપે? ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞાથી અર્જુને અશ્વથ્થામાના મસ્તકમાં રહેતો મણી કાઢી તેને અપમાનિત કરી કાઢી મુકયો (ભાગ.સ્કં. ૧) કહ્યુ પણ છે. ''द्वाविमौ पुरुषौ लोके स्वर्गस्योपरितिष्ठत:। प्रभुश्च क्षमया युक्तो दरिद्रश्च प्रदानवान्॥ આ બે વ્યકિત સ્વર્ગથી પણ ઉપર સ્થિત થાય છે. એક તો ક્ષમા શીલ સમર્થ વ્યક્તિ અને બીજો નિર્ધન હોવા છતાં પણ દાન આપનારો. (શ્લો-૬૯) હવે નીતિકાર કંઇ આઠ વસ્તુ વ્રત ભંગ કરનાર નથી તે કહે છે-

<u>શ્લો- ૭૦</u> अष्टौ तान्य व्रतघ्नानि

आपो मूलं फलं पय:।

हवि र्ब्राह्मण काम्या च

गुरोर्वचन मौषधम्॥

<u>શ્લોકાર્થ :-</u> જળ, મૂળ, દૂધ, ઘી, બ્રાહ્મણની કામના ઇચ્છા, ગુરૂનું વચન અને ઔષધિ આ આઠ વ્રતને ભંગ કરનારા નથી.

<u>ચ.ટી. :</u> નીતિકારે કહેલા આ વચનને ગૌતમ ઋષિએ તથા યાજ્ઞવલ્કય સંહિતામાં બ્રહ્માજીએ પણ ''अष्टौ तान्य व्रतघ्नानि आपोमूलं घतं पय:। हविर्बाह्मणकाम्या च गुरोर्वचनमौपधम्''(વૃધ્ધ ગૌતમ સ્મૃ-૧૪/૮, યાજ્ઞવલ્કય સંહિતા-૯/૨૭-૨૮)આ વચનથી સમર્થન કરેલું. આ વિષય એક બે દ્રષ્ટાંતથી સમજવા યોગ્ય છે જેથી વાતની દૃઢતા થશે. વાત એવી હતી કે સૂર્ય વંશમાં પ્રગટ થયેલા પરમ ભાગવત અમ્બરીશ રાજાએ પોતાની ભાર્યા સાથે ભગવાન

શ્રીકૃષ્ણની આરાધન કરવા માટે એક વર્ષ પર્યન્ત દ્વાદશી પ્રધાન એકાદશી વ્રત કરવાનો નિયમ લીધો વ્રતની સમાપ્તિ થયા પછી કારતક મહિનામાં તેઓએ ત્રણ રાત્રિ ઉપવાસ કર્યા અને એક દિવસ યમુનાજીમાં સ્નાન કરીને મધુવનમાં ભગવાનની પૂજા કયા બાદ પ્રથમ બ્રાહ્મણોને સ્વાદિષ્ટ અને અત્યંત ગુણકારી ભોજન કરાવી યથા યોગ્ય દક્ષિણા આપી પ્રસન્ન કર્યા જ્યારે બ્રાહ્મણો ને તૃપ્ત કર્યા બાદ રાજા તેઓની આજ્ઞા લઇ પારણા કરવા બેઠા તેજ સમયે શાપ અને વરદાન આપવામાં સમર્થ એવા દુર્વાસા ત્યાં અતિથિના રૂપમાં પધાર્યા.

દુર્વાસાને આવેલા જોઇ રાજા અમ્બરીશ ઉભા થયા અને તેઓનો ઉચિત સત્કાર કર્યો અને ભોજન ગ્રહણ કરવા વિનંતી કરી. દુર્વાસાજીએ તેઓની વિનંતી સ્વિકારીઅને તેઓ આવશ્યક કર્મોની નિવૃત્તિ માટે યમુના કિનારે પધાર્યા દુર્વાસા યમુના તટે આવી પરમાત્માનું ધ્યાન કરતા થકા સ્નાન કરવા વાગ્યા. આ તરફ દ્વાદશી માત્ર ઘડીભર બાકી હતી ધર્મજ્ઞ અંબરીસે ધર્મ સંકટમાં પડી બ્રાહ્મણો સાથે પરામર્શ કરતા તેઓને કહ્યું ‘બ્રહ્મદેવો! બ્રાહ્મણને ભોજન કરવ્યા વિના સ્વયં ભોજન કરવું એ અનુચિત છે, અને દ્વાદશી રહે ત્યાં સુધિમાં પારણા કરવા એવ્રતને નિષ્ફળ કરનાર છે તો આ સમયમાં જેવું કરવાથી અમારૂ હિત થાય અને અમો અપરાધમાં પણ ન પડીએ એવો નિર્ણય કરો.'' ત્યારે બ્રાહ્મણોએ પરસ્પર વિચાર વિમર્શ કરી તેઓને કહ્યું ''રાજન્! શ્રુતિઓમાં એવું કહેવામાં આવેલું છે કે જાળપાન કરી લેવું એ ભોજન કર્યું પણ ગણાય અને ભોજન ન પણ કર્યું કહેવાય માટે આપ જળ પાન કરી પારણા કરો.'' તેઓની વાત સાંભળી અમ્બરીશ બોલ્યા ‘અમો પણ આ વાતને જાણતા હતા તો હવે આપ આજ્ઞા આપો તો અમો કેવલ જળપાન કરી પારણા કરીએ.’ ત્યારે બ્રાહ્મણોએ આજ્ઞાઆપી

એટલે રાજાએ જળપાન કરી પારણા કર્યા. જેથી તેઓનું વ્રત ભંગ ન થયું (ભાગ. ૯/૪)

ભગવાન સ્વામિનારાયણના સમયમાં પણ એક પ્રસંગ બેનેલો ત અવલોકન કરવા યોગ્ય છે વાત એવી હતી કે- એક સમયે ભગવાન સ્વામિનારાયણ ગઢપુરમાં બિરાજમાન હતા ત્યારે વાલજીભાઇ મહારાજની સમપિ આવ્યા અને મહારાજ પ્રત્યે બોલ્યા 'પ્રભુ! કોઇ હરિભક્ત ને અમારી સાથે મોકલો બાગમાં કામ ઘણું છે તો અમને સહાય થાય' ત્યારે મહારાજે ભગાભાઇને મૂળાભાઇને દરબારમાંથી પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું 'આપ બંને ભાઇઓ આ વાલજીભાઇની સાથે સેવામાં જાવ.' ભગાભાઇ અને મૂળાભાઇ જ્યારે શ્રીહરિ પાસે પધારેલા ત્યારે તેઓ સાથે બીજા પણ હરિભક્તો સાથે આવેલા તેઓ બધા પણ ભગા મૂળાભાઇ સાથે લક્ષ્મી બાગ સેવા કરવા માટે ગયા. જતા જતા મહારાજ બોલ્યા 'આજે ભીમ એકાદશી છે તો શુ કરશો?' ત્યારે તઓ બધા બોલ્યા 'પ્રભુ! અમારી પાસે તલના લાડુ છે તે જમશુ ત્યારે મહારાજ કહે 'ભલે આપ જાવ' તે પછી તેઓ બધા વાડીએ આવી વાલજી ભક્ત જે પ્રમાણે કામ બતાવ્યુ તે પ્રમાણે કરવા લાગ્યા.

તદન્તર મહારાજ આપરહણ કાળમાં અશ્વ પર સવાર થઇ વાડીએ પધાર્યા અને ત્યાં વિધાત્રાનંદ સ્વામીની ઓરડીની પાછળ બદામ નું વૃક્ષ હતુ ત્યાં જઇ અશ્વ ઉભો રાખ્યો ત્યારે વાલજીભાઇ મહારાજ પાસે આવ્યા. અન પગ લાગી ઉભા રહ્યા. ત્યારે મહારાજ બોલ્યા ''વાલજીભાઇ! આપે શું કરાવ્યું?' ત્યારે વાલજીભાઇએ આથમણી તરફ હાથ બતાવી કહ્યું 'મહારાજ! આદ્યો ખોદાવી છે.' તે જોઇ મહારાજ ઘણા રાજી થયા. તે પછી મહારાજે ભગાભાઇ મૂળાભાઇને પોતા પાસ બાલાવ્યા એટલે તેઓ ત્યાં આવ્યા અને મહારાજ ને પગે લાગ્યા. ત્યારે

મહારાજ બોલ્યા 'તમને થાક લાગ્યો હશે' ત્યારે ભગાભાઇ બોલ્યા 'પ્રભુ! અમો તો પટેલના દિકરા અમને તો કંઇ થાક લાગ્યો નથી કારણ આટલો મહેનત તો અમો નિત્ય કરીએ છીએ.' ત્યારે મહારાજ બોલ્યા 'કંઇક જમ્યા?' ત્યારે ભગાભાઇ બોલ્યા કે 'પ્રભુ! આજે તો એકાદશી છે એટલે તલના લાડુ અને રાતડીયા બાફ્યા હતા તે જમ્યા.'

તદન્તર મહારાજ રઘુવીરજી મહારાજ પ્રત્યે બોલ્યા કે 'તમારે ત્યાં પાકના લાડું બનાવ્યા છે તે મંગાવીને આ ઘો ખોડનારા ને આપો. એઓ બધા ક્ષુધાતુર છે ત્યારે રઘવીરજી મહારાજે વાલજીભાઇને બોલાવ્યા અને કહ્યું 'તમો કેટલા જણા છો?' ત્યારે તેઓ બોલ્યા અમે ચૌદ જણા છીએ. ત્યારે મહારાજે કહ્યું 'ચોવીસ પચ્ચીસ લાગુ મંગાવો.' તે પછી રઘુવીરજીએ રતનજી અને ગુમાનજીને મોકલ્યા એટલે તેઓ રઘુવીરજીના ભાર્યા વિરજાદેવી પાસે આવ્યાઅને તેમના પ્રત્યે બોલ્યા કે 'મહારાજે લાડવા મંગાવ્યા છે.' ત્યારે તેઓએ લાડવા આપ્યા તે લઇને તેઓ વાડીએ આવ્યા ત્યારે મહારાજે કરસન દાસજીને કહી કેળના પત્ર મંગાવ્યા કેળના પત્ર આવી ગયા એટલે મહારાજે ભગા મુળજીભાઇ આદીને બોલાવ્યા અને કહ્યુ તમો બધા જમવા બેસો ત્યારે તેઓ કહે 'પ્રભુ! આજે તો એકાદશી છે.' ત્યારે મહારાજ બોલ્યા કે 'એકાદશી શેમાંથી પ્રગટ થઇ છે? તે જેમાંથી થઇ તેજ તમોને જમવા કહે છે માટે બેસો.' મહારાજની આજ્ઞા થતાં તેઓ જમવા બેઠા અને મહારાજે લાડુ પિરસ્યા અને બધાને લાડુ જમાડયા (હ.ચ.ચિંતા/ ભા-૨/૨૨૨ થી ૨૨૨-૪) આમ ભગવાન શ્રી હરિ જેવો સ્વયં પરમાત્માં અને ઉધ્ધવ સંપ્રદાયના આચાર્યના સ્થાન પર હતા તેઓની આજ્ઞાથી બધા એકા દશી એ લાડુ જમ્યા છતા તેઓની એકાદશી નો ભંગ ન થયો.

(શ્લોક-૭૦) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને સારમાં પરમ સાર એવા ધર્મનું લક્ષણ કહે છે-

શ્લો- ૭૧ न तत् परस्य सन्दध्यात्।

प्रति कूलं यदान्मनः।

सङ्हेणष धर्म स्वात्।

कामादन्यः प्रवर्तते॥

શ્લોકાર્થ :- જે પોતાને માટે પ્રતિકુળ હોય તે બીજાને માટે ન કરવું આજ સારમાં સાર એવો ધર્મ છે કારણ કે કામનાઓથી તો અધર્મ થાય છે.

ચ.ટી. : નીતિકારની આ વાતનું સમર્થન પુલસ્ત અને બૃહસ્પતિએ પણ કરેલુ છે તેઓ કહે છે - ''श्रूयतां धर्म सर्वस्वं श्रुत्वा चैतत्प्रधार्यताम्। आत्मनः प्रतिकुलानि परेषां न समाचरेत्॥ ધર્મનો સાર સાંભળો અને તે સાંભળો ધારણ કરો જે વાત પોતાને પ્રતિકૂળ જણાય તેને અન્યને માટે આચરણમાં ન લાવવી.'' (પદ્મ/સૃ/અ.૧૯, મહા. અનુ.) અહીં વિદ્દરજી ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્ર ને કહે છે કે રાજન આપ પણ તમને પ્રતિકુળ લાગે એવું આચરણ પાંડવો પ્રત્યે ન કરો જેમ તમો તમારા પુત્ર પ્રત્યે વ્યવહાર કરો છો તેવા જ વ્યવહાર પાંડવો પ્રત્યે કરો (શ્લોક-૭૧) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને ક્યા સ્વભાવથી કયા દુર્ગુણને જીતવો તે કહે છે.

શ્લો- ૭૨ अक्रोधेन जयेत्क्रोध

मसाधुं साधुना जयेत्।

जयेत्कदर्यं दानेन

जयत्सत्येन चानृतम्॥

<u>શ્લોકાર્થ :-</u> શાંતિથી ક્રોધને જીતવો, સજ્જનતાથી દુર્જનને જીતવો, દાનથી કૃણપતાને જીવતી અને સત્યથી અસત્યને જીતવું.

<u>ચ.ટી. :</u> સંસારમાં સફળ થવા માટે આ આવશ્યક આચરણ છે આ વાત દૃષ્ટાંત થી સમજવા યોગ્ય છે. જેથી વિષયની દૃઢતા થશે. વાત એવી હતી કે, પૂર્વે ત્રણ મિત્ર હતા. જેનું નામ હતુ શ્રી વાસુદેવ, બળદેવ અને સાત્યકિ આ ત્રણેય જણા એક સમયે વનમાં વિહાર કરતા ભૂલા પડી ગયા. આમ તો આ ત્રણેય નગરમાંથી સૈન્ય સેવકો સાથે નીકળેલા પરંતુ શિઘ્ર અશ્વ ચલાવવાને કારણે તે ત્રણેય પોતાના સૈન્ય સેવકથી વિખુતા પડી ગયા હતા. સંધ્યા તો ક્યારની થઇ ગય હતી. રાત્રીનો અંધકાર પઠરાઇ ગયો હતો એટલે આગળ કે પાછા જવાનું સંભવ ન હતુ. એટલે વનમાં એક ઘટાદાર વક્ષ જોઇ તેના પર રાત્રી વિતાવવાનો તેઓએ નિર્ણય કર્યો. ઘોડાને બાંધી દેવામાં આવ્યા અને તેના પર કશીને બાંધવામાં આવેલ જીન ભૂમિ પર ઉતારી દેવાય. તદન્તર રાત્રીનો પ્રથમ અડધા પ્રહર વ્યતિત થયો અન્તિમ અડધા પ્રહરની પૂર્વે તો ત્રણેય પ્રાતઃ કૃત્ય કરવા ઉભા થવાનું જ હતું. વાત કેવલ ત્રણ પ્રહર વ્યતિત કરવાની હતી એટલે તેઓ ત્રણય નિર્ણય કર્યો કે, 'વારા ફરતી એક એક વ્યક્તિએ જાગતા રહેવું અને બાકીના બે જણાએ નિદ્રા લેવી.' સર્વ પ્રથમ સાત્યકિ જાગતા રહ્યા થકા રક્ષા કરવા લાગ્યા અને બળદેવ અને વાસુદેવ સૂઇ ગયા. તેવા સમયમાં ત્યાં એક ભયંકર પિશાચ પ્રગટ થયો અને સાત્યકિ પ્રત્યે બોલ્યો 'હું તને તો છોડી દઇશ પણ મને આ બંનેનું ભક્ષણ કરવા દે.'

પિશાચની વાત સાંભળી સાત્યકિ ક્રોધિત થઇ ગયો અને તેના પ્રત્યે બોલ્યો 'પ્રાણ બચાવવા હોય તો અહિંથી જતો રહે અન્યથા તારા પ્રાણ લઇ લઇશ.' પિશાચ તેની આવી વાત સાંભળી ક્રોધાયમાન થયો અને તેના પ્રત્યે બોલ્યો 'જો

તું નથી માનતો તો આવી જા' તે પછી પિશાચ અને સાત્યકિ વચ્ચે હાથાપાઇ થઇ. પરંતુ સાત્યકિ જેટલો ક્રોધ કરતો હતો, પિશાચ પોતાનો આકાર અને બળ એટલું જ વૃધ્ધિ પમાડતો હતો. પિશાચ સાત્યકિને અનેક વાર પકડીને ફેંક્યો જેથી સાત્યકિનું શરીર અત્યંત ઘાયલ થઇ ગયુ આમ યુધ્ધ કરતા કરતા જ્યારે એક પ્રહર વ્યતિત થયો એટલે પિશાચ અદ્દશ્ય થઇ ગયો પરંતુ સાત્યકિ જેવા સુતા એટલે પેલો પિશાચ પુનઃ પ્રગટ થયો અને તેણે સાત્યકિની જેમ બળદેવજી સાથે પણ વેતી જ વાત કરી અને પછી બંને મધ્યે દ્વન્દ્વ યુધ્ધ થવા લાગ્યુ, અને એક પ્રહર પર્યન્ત બંને મધ્યે દ્વન્દ્વ યુધ્ધ થતુ રહ્યુ. પિશાચ અને બળદેવ મધ્યે થતા યુધ્ધમાં પિશાચનું બળ અને આકાર વધતો જ જતો હતો અંતે બળદેવ પણ તેની સાથે યુધ્ધ કરતા કરતા થાકી ગયો અને તેણે વાસુદેવને ઉઠાડી પોતે નિદ્રાધિન થઇ ગયા.

બળદેવ જેવા નિદ્રાધિન થયા એટલે પેલો પિશાચ પુનઃ પ્રગટ થયો અને તેણે વાસુદેવને પણ બળદેવને જે પ્રમાણે કહ્યુ હતુ તેમજ કહ્યુ એટલે વાસુદેવ તેના પ્રત્યે બોલ્યા 'ભલે આપ આવ્યા! તમારી સાથે દ્વન્દ્વ કરવામાં એક પ્રહર સુખ પૂર્વ વ્યતિત થશે એટલે ન નિદ્રા આવસે કે ન આળશ.' પિશાચ વાસુદેવ સાથે પણ દ્વન્દ્વ યુધ્ધ કરવા લાગ્યો પણ આ વખતે તેની દુર્ગતિ થવા લાગી. તે જ્યારે ક્રોધ કરીને મુષ્ઠિ તથા થપ્પડનો પ્રહાર કરતો ત્યારે વાસુદેવ હસવા લાગ્યા અને તેના પ્રત્યે બોલતા 'અહો તુ તો સારો વીર છે, તારામા ઉત્સાહ પણ છે.' આનું પરિણામ એ આવ્યુ કે પિશાચનું બળ બરાબર ઘટતુ ગયુ અને તેનો આકાર પણ નાનો થતો રહ્યો અને અંતમાં તે એક નાના કીડા જેવો જ રહી ગયો. અંતે વાદેસુદેવે તેને ઉઠાવી પોતાના ઉત્તરીય વસ્ત્રના છેડામાં બાંધી દીધો પ્રાતઃ કાળે સાત્યકિ અને બળદેવજી જાગ્યા ત્યારે સાત્યકિનું મુખ અને ઘૂંટણ ફુલેલા હતા,

તેને એટલા બધા ઘા લાગેલા હતા કે તેને જોતા જ વાસુદેવે પુછ્યું ‘તને આ શુ થયુ?’ ત્યારે સાત્યકિ એ પિશાચની બધી વાત બતાવી તેની વાત સાંભળો બળદેવજી બોલ્યા ‘અરે! એતો ભયંકર પિશાચ હતો તેણે અમોને પણ ઘણા હેરાન કરેલા’ ત્યારે વાસુદેવ પોતાના ઉત્તરીય વસ્ત્રના છેડાને છોડી પિશાચને બતાવ્યો અને બોલ્યા ‘આ રહ્યો પિશાચ, તમે આને ઓળખ્યો કે નહિ?’ આ તો ક્રોધ છે, જેટલો ક્રોધ તમો કરતા ગયા એટલે તે વધતો ગયો તથા બળવાન થતો ગયો આજ આનુ સ્વરૂપ છે, જો ક્રોધ ન કરાય તો આનું બળ અને વિસ્તાર સમાપ્ત થઇ જાય.’’(સત્કથાઃ અંક પ્રસંગ-૨૩૪) આમ વાસુદેવે ક્રોધને શાંતિથી જીત્યો જેથી પેલો પિશાચ રૂપિ ક્રોધ તેઓને વશ થઇ ગયો.

દક્ષિણ ભારતના પૈઠણ નગરમાં ગોદાવરીના સ્નાન કરવાના માર્ગમાં એક ગલી પડતી હતી તે ગલીમાં એક પચાણ રહેતો હતો. માર્ગમાં સ્નાન કરી આવતા હિન્દુઓને તે ખુબ હેરાન કરતો હતો. અન્યને કષ્ટ આપવામાં તેને ખૂબ આનંદ આવતો હતો. શ્રી એકનાથજી પણ આજ માર્ગેથી નિત્ય ગોદાવરી સ્નાન કરવા જતા હતા. આ પઠાણ તેઓને પણ ખૂબ હેરાન કરતો હતો અન્ય લોકો તો તેની આ ક્રીયા પર તેને ઠપકો પણ આપતા પરંતુ એક નાથ તો કંઇ બોલતા જ નહિ. એક દિવસની વાત હતી આ પઠાણ તેઓ પર ઠકયો એકનાથ પુનઃ સ્નાન કરવા ગોદાવરીએ ગયા. પરંતુ એઓ સ્નાન કરી આપ્યા તેયારે તે પઠાણ પાછો એકનાથ પર ઠુકયો આમ એકનાથજી એ ચાર પાંચ વખત સ્નાન કરવા જવું પડયુ. ‘આ કાફીર કંઇ બોલતો કેમ નથી, એક દિવસ તો આ પઠાણ એકનાથ જી પાછળ પડી ગયો તે દિવસે એકનાથજી સ્નાન કરીને આવ્યા એટલે પઠાણ તેઓ પર ઠુકયો. એકનાથજી સ્નાન કરીને પાછા આવ્યા એટલે પઠાણ તેઓ પર પાછો થુકયો. એકનાથજી પુનઃ સ્નાન કરવા માટે ગયા પુનઃ પઠાણ થુંકયો એટલે

એકનાથજી પુનઃ સ્નાન કરવા માટે ગયા. આમ એકસો આઠ વખત પઠાણ એકનાથજી પર થુકયો અને એકનાથજી એકસો આઠ વખત ગોદાવરી એ સ્નાન કરવા ગયા. અંતે સંતની સજ્જનતાના વિજય થયો. પઠાણને પોતાના કૃત્ય પર લજ્જા આવી. તે એકનાથજીના ચરણમાં પડયો અને પોતાના કૃત્ય બદલ તેઓની ક્ષમા માંગવા લાગ્યો. અને તેમના પ્રત્યે બોલ્યો 'મહાત્મન્! હવે પછી અમો કોઇને પણ હેરાન ન કરશું.' ત્યારે એકનાથજી બોલ્યા 'આમા ક્ષમા ની શી વાત તમારી કૃપાથી આજે અમને એકસો આઠ વાર ગોદાવરી સ્નાનનું પુણ્ય પ્રાપ્ત થયું.' આ પ્રમાણે કહી એકનાથજી ત્યાંથી વિદાય થયા. ત્યારબાદ તે પઠાણ ક્યારેય કોઇને હેરાન કરતો ન હતો આમ એકનાથજી એ પોતાની સજ્જનતાથી દુર્જનને પણ સજ્જનો બનાવ્યો. કહ્યુ પણ છે 'सद् भावेन हरेन्मित्रं सम्भमेण च बान्धवान्। स्त्री भृत्यान् प्रेमदानाभ्यां दाक्षिण्ये नेतसज्जनान्। સદ્ભાવથી મિત્રને આદરથી બન્ધુઓને પ્રેમથી સ્ત્રીને, નોકર ચાકરોને આપીને અને શાલીનતાથી અન્ય લોકોને વશમાં કરવા જોઇએ.'' (કામન્દકીય/3/33)

શ્રી ગોપાલ કૃષ્ણ ગોખલે જ્યારે બાળક હતા અને વિદ્યાલયમા અભ્યાસ કરતા હતા, તે સમયે એક દિવસ તેમના અધ્યાપકે કેટલા અંક ગણિતના પ્રશ્નો વિદ્યાર્થીઓને ઘરેથી ગણી લાવવા માટે કહ્યા તેમાંથી એક પ્રશ્ન ગોખલેને આવડતો ન હતો. જેથી તેઓએ તે પ્રશ્નનો ઉત્તર પોતાના સહપાઠી મિત્ર થકી મેળવ્યો. વિદ્યાલયમાં પ્રદ્યાપકે વિદ્યાર્થીઓના ઉત્તર તપાસ્યા તો કેવળ ગોપાલ કૃષ્ણ ના ઉત્તરો જ યોગ્ય હતા પ્રદ્યાપકે પ્રસન્ન થઇ તેઓની પ્રશંસા કરી અને તેઓને પુરસ્કાર આપવા લાગ્યા ત્યારે ગોપાલ કૃષ્ણ તો ચોધાર આંસ એ રડવા લાગ્યા પ્રદ્યાપકે તેઓને રડવાનું કારણ પુછતા તેઓ બોલ્યા ''ગુરૂદેવ! આપ એવું સમઝો છો કે આ બધા પ્રશ્નોના ઉત્તર અમોએ અમારા મિત્રની સહાયતાથી લખો આપની

સાથે કપટ કર્યુ છે. માટે અમોએ પુરસ્કારના સ્થાન પર દંડ મળવો જોઇએ.'' પ્રધાપક ગોપાલ કૃષ્ણની સત્ય પ્રિયતાથી ઘણા સંતુષ્ટ થયા અને બોલ્યા 'ગોપાલ! હવે આ પુરસ્કાર અમો તમોને તમારી સત્યપ્રિયતા માટે આપીએ છીએ.' આમ કહી પ્રધાપકે ગોપાલને પુરસ્કાર આપી તેઓની સત્ય નિષ્ઠાની પ્રશંસા દકરી. (સત્ કથા અંક/વાર્તા પ્રસંગ-૪૩૮) આમ ગોપાલ કૃષ્ણે અસત્યને સત્યથી જીત્યુ.

દુર્વાસાના શાપ થી ત્રીલોકની સમસ્ત સંપત્તિ, સમસ્ત વૈભવ સમુદ્રમાં લીન થઇ ગયો. ત્યારે ભગવતીશ્રીને પુનઃ પ્રાપ્ત કરવાને અર્થે દેવતાઓએ સમુદ્ર મંથન કરવાનું વિચાર્યુ. પરંતુ આ ભગીરથ કાર્ય તેઓ દ્વારા એકાકી થઇ શકે એમ ન હતુ. એટલે દેવતાઓએ ભગવાન શ્રીહરિના નિર્દેશથી અસુરોની આ કાર્ય માટે સહાય માગી. પરંતુ તો અસુરો તો તામસ પ્રકૃતિના હોય આમતો સહાય કરવા તૈયાર થાય એમ ન હતા. એટલે દેવતાઓએ 'સમુદ્ર મંથન કરતા તેમાંથી જે કાંઇ રત્ન પ્રાપ્ત થાય તે બધુ જ સરખે ભાગે વહેંચી લેવું.' એવો ઠરાવ કરી સમુદ્ર મંથન કરવા તેઓને મનાવી લીધા. પ્રથમ તો અસુરોએ દેવતાઓની સહાય કરવાની સ્પષ્ટ મનાઇ કરી હતી પણ સમુદ્રમાંથી નીકળતા બધા રત્નો સરખે ભાગે વહેંતી લેશુ આ વાત સાંભળી અસુરો દેવતાઓની સહાય કરવા તૈયાર થયા આમ કૃપણ એવા અસુરોએ દવતાઓએ ધનની લાલચ આપી જીતી લીધા માટે જ ભર્તુહરિ કહે છે- ''दाक्षिण्यं स्वजने दयापरिजने शाठ्य सदा दुर्जने प्रीतिः साधुजले नयो नृपजने विद्वज्जने चार्जवम्। शौर्यं शत्रुजने क्षमा गुरुजने नारी जने धृष्टता न चैवंपुरुषाः कलासु कुशलास्तेष्वेव लोक स्थितिः॥ પોતાના કુટુંબીઓ તરફ વિવેક યુક્ત ઉદાર વર્તન, નોકર ચાકર તરફ દયા, દુર્જન તરફ શઠતા, સજ્જનો તરફ પ્રેમ, રાજાઓ સાથે નીતિ, વિદ્વાનો સાથે સરળતા, શત્રુઓ સાથે શૌર્ય, વડીલો સાથે ક્ષમાભાવ અને સ્ત્રીઓ સાથે ધૃષ્ટતા જે પુરૂષો ઉપર પ્રમાણે કળાઓમાં

કુશળ હોય તેઓ જ સંસાર વ્યવહાર સફળતાથી ચલાવી શકે છે.'' (નીતિશતક/૨૨) (શ્લોક-૭૨) હવે નીતિકાર કોના પર વિશ્વાસ ન કરવો તે કહે છે)

(૧૨૦) અવિશ્વાસ કરવા યોગ્ય વસ્તુ :-

શ્લો- ૭૩ स्त्री धूर्त्तकेऽलसे भीरो

चण्डे पुरुषमानिति।

चौरे कुतघ्ने विश्वासो

न कार्यो न च नास्तिके॥

શ્લોકાર્થ :- સ્ત્રી, ધૂર્ત-ઠગ, આળસુ, બીકણ, ક્રોધી, અભિમાની, ચોર, કૃતઘ્ની અને નાસ્તિક આટલાં નો વિશ્વાસ ક્યારે ન કરવો.

ચ.ટી. : નીતિકારનું કહેવાનું તાત્પર્ય એ છે કે આ બધા પર વિશ્વાસ રાખી તેની સાથે ગુપ્ત મંત્રણા કરવામાં આવે તો અવશ્ય મંત્રણા ભંગ થવાનો ભય રહે છે કારણ કે સ્ત્રી સ્વભાવથી ચંચળ હોય યુધિષ્ઠિરના શાપ વશ તેના મુખમાં વાત ટકી શકતી નથી, ધુર્તતો દ્રવ્યનો લોભી હોય તેને શત્રુ પક્ષ તરફથી દ્રવ્યાદિનો લોભ આપવામાં આવતા મંત્રણાની ગોપનીયતઃ રહેવી અશક્ય છે, આળશુ તો પોતાના આળસુ સ્વભાવને વશ હોય છે, ડરપોકને ભય બતાવતા ભયને લીધે તે ગુપ્ત વાર્તા શત્રુ સન્મુખ પ્રગટ કરી શકે છે. ક્રોધિ મનુષ્યનું અનિષ્ટ કરનારનું અનિષ્ટ કરે છે એટલે તે પણ ગુપ્ત મંત્રણા માટે વિશ્વાસ કરવા યોગ્ય નથી. પોતાના પુરુષતત્વનું અભિમાન રાખનારો અહંકારવશ ગુપ્ત મંત્રણા શત્રુ સન્મુખ પ્રગટ કરી શકે છે, ચોરને તો દ્રવ્ય સાથે સંબંધ હોય દ્રવ્યની લાલચમાં ગુપ્ત વાત પ્રકાશ કરી શકે છે, તેમ કર્યા કૃત્યને ને જાણનારો કૃતઘ્નિ તો પોતાના કૃતઘ્નિ

સ્વભાવને વશ હોવાથી તે પણ વિશ્વાસને યોગ્ય નથી અને નાસ્તિકને તો શાસ્ત્ર મર્યાદા હોતી નથી એટલે એપણ વિશ્વાસ કરવા યોગ્ય નથી. (શ્લોક-૭૩) હવે નીતિકાર આયુ બલ આદિની વૃધ્ધિ કેવી રીતે થાય છે તે કહે છે-

શ્લો- ૭૪ अभिवादन शीलस्य

नित्यं वृद्धोपसेविनः ।

चत्वारि संप्रवर्धन्ते

कीर्तिरायुर्यशो बलम् ॥

શ્લોકાર્થ :- જે મનુષ્ય નિત્ય અભિવંદન કરવાના સ્વભાવવાળા હોય છે તથા વૃધ્ધોનો સેવા કરે છે, તેના કીર્તિ, આયુષ્ય, યશ તથા બળ એ ચાર સારી રીતે વૃધ્ધિ પામે છે.

ચ.ટી. : આ સંબંધમાં શ્રી રામ દૃષ્ટાંત રૂપ છે. જેઓ પ્રાતઃકાળ ઉભા થઇ માતા પિતા ગુરૂને પ્રણામ કરતા હતા. 'પ્રાતઃકાળ ઉઠિ કૈરઘુનાથ માતા પિતા ગુરૂ નાવહિં માથા' (માનસ) અને એને લઇ તેઓની કીર્તિ આયુષ્ય આદી સીરી રીતે વૃધ્ધિ પામેલા મનુ પણ કહે છે '' अभिवादन शीलस्य नित्यं वृद्धोपसेविनः । चत्वारि तस्य बर्धन्ते आयुर्विद्या यशोबलम् ॥'' (મનુ-૨/૧૨૧) વ્યાસજી પણ કહે છે ''मातापितरमुत्थाय पूर्वमेवाभिवादयेत् ॥ आचार्य मथवाप्यन्यं तथायुर्विन्दते महत् ॥ નિત્ય પ્રાતઃ કાળે સૂઇને ઉઠયા બાદ પ્રથમ માતા પિતાને પ્રણામ કરવા અને પછી આચાર્ય તથા અન્ય ગુરૂજનોનું અભિવાદન કરવું આનાથી દીર્ઘાયુ પ્રાપ્ત થાય છે.'' (મહા. અનુ. ૧૦૪/૪૩-૪૪) હવે નીતિકાર કયા ધનમાં મન ન લગાવવું તે કહે છે -

(૧૨૧) મનન કરવા યોગ્ય વસ્તુ :-

શ્લો- ૭૫ अतिक्लेशेन योऽर्था

स्युर्धर्मस्यातिक्रमेण वा।

अरेर्वा प्रणिफपातेन

मास्म तेषु मन कृथाः ॥

શ્લોકાર્થ :- જે ધન અત્યંત કષ્ટથી, ધર્મનું ઉલ્લંઘન કરી, તથા શત્રુઓને પગે પાડવાથી મળતું હોય તે ધનમાં તમે મન રાખો નહિ.

ચ.ટી. : ધર્મનું ઉલ્લંઘન કરી અધર્મથી પ્રાપ્ત કરાયેલા ધનમાં કળિનો વાસ હોય તેમાં મન લગાવવાથો ધર્મ નિષ્ઠ મનુષ્યની બુધ્ધિ પણ વિપરીત થઇ જાય છે. આ સન્દર્ભમા અતહ્ય પ્રમાણથી સંભળાતુ મહારાજા પરીક્ષિતના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે- પાંડવોના સ્વર્ગારોહણ બાદ હસ્તિનાપુરના સિંહાસન પર બિરાજમાન પરીક્ષિતને જીજ્ઞાસા થઇ કે, 'ચાલો જોઇએ મારા દાદાએ મારા માટે ઘરમાં શું શું રાખ્યું છે.' તેઓએ એક પેટીમાં સુવર્ણનો મુગટ જોયો અને તેઓએ તે મુગટને વગર વિચાર્યે પોતાના મસ્તક પર ધારણ કર્યો આ મુગટજરાસંઘનો હતો. જરાસંઘનો વધ કર્યા બાદ તેના પુત્ર સહદેવે માંગણી કરેલી કે 'અમારા પિતાનો મુગટ અમોને આપી દો.' મુગટ ન લેવાની સલાહ ધર્મરાજ યુધિષ્ઠિરે આપેલી. પરંતુ જરાસંઘના પુત્ર સહદેવની ઇચ્છા જરાસંઘનો અતિ સુંદર મુગટ આપવાની ન હતી તેમ છતાં સહદેવને રડાવી બળજબરી પૂર્વક આ મુગટ ભીમસેને લઇ લીધો. પરંતુ આ અનીતિનું ધન હતુ અનીતિનું ધન કમાનારાને દુઃખ થાય છે અને વારસમાં રાખી જાય તો વારસદારોને દુઃખી કરી જાય. એટલે યુધિષ્ઠિર મહારાજે તેને એક પેટીમાં બંધ કરી એક તરફ મૂકી રાખેલો. આજે પરિક્ષિત ની દૃષ્ટિએ તે પડતાં

તેઓને તે મુગટ ધારણ કર્યો. અધર્મથી મુગટ લાવેલા એટલે તેમાં કળિએ પ્રવેશ કરેલો. પરીક્ષિતે મુગટ ધારણ કર્યો એટલે તેની બુધ્ધિમાં કલિનો પ્રવેશ થઇ ગયો.

તદન્તર જે રાજા કોઇ દિવસ શિકાર કરવાનું વિચાર સુધ્ધા ન કરતા તેઓ બ્ધ્ધિ વિપરીત થઇ જવાથો શિકાર કરવા વનમાં ગયા ત્યાં અનેક જીવોની હિંસા કરી અને ક્ષૂધા તૃષાથી અત્યંત વ્યાકુળ થઇ સમકિ ઋષિના આશ્રમમાં આવ્યા તે સમયે ઋષિ સમાધિમાં હતા પરીક્ષિતે ઋષિ પાસે જળની માંગણી કરી. પરંતુ ઋષિ સમાધિમાં ભગવાનના ચિંતનમાં તન્મય હોય પરીક્ષિતને કંઇ ઉત્તર આપતા નથી. જેથી ક્રોધાયમાન થઇ પરીક્ષિતે ઋષિની સમીપમાં પડેલા એક મૃત સર્પને બાણની નોકથી ઉઠાવી ઋષિના ગળામાં પહેરાવી દીધી અને તે પછી તેઓ પોતાની રાજધાનિમાં આવી ગયા. તે પછી રાજાના આ દુષ્ટ કૃત્યના સમાચાર શમિક ઋષિના પુત્ર શૃંગી બાળકને મળ્યા એટલે તેઓ ક્રોધાયમાન થઇ પરીક્ષિતને શાપ આપતા બોલ્યા કે જે રાજાએ મારા નિર્દોશ પિતાનું આ પ્રમાણે અપમાન કરેલું છે તેને આજથી સાતમાં દિવસ તક્ષક નાગ કરડશે અને તેનાથી તેનું મૃત્યુ થશે.' કહેવાનું તાત્પર્ય એ છે કે જો ભીમસેનનું અધર્મ રૂપો ધનમાં મન લાગ્યુ તો તેઓએ જરાસંઘના પુત્રને કષ્ટ આપી તેનો મુગટ લઇ લીધો અને તે મુગટે અંતે તેઓના વંશ ધરનું અનિષ્ટ કર્યુ. માટે અધર્મના ધનમાં મન ન લગાવવું.

તેમ જે ધન પ્રાપ્ત કરવાને અર્થે પ્રાણ પણ સંકટમાં આવી જતા હોય તેવા ધનને પ્રાપ્ત કરવાનો વિચાર પણ માનવે ત્યાગ કરવો. તથા શત્રુ દ્વારા ઉપેક્ષા પૂર્વક અપમાન પૂર્વક કે કૃપા પૂર્વક આપવામાં આવેલા ધનથી મનુષ્ય એવું અનુભવતો હોય છે કે 'આ ધન મને શત્રુની કૃપાથી પ્રાપ્ત થયેલું છે' આ પ્રમાણે

વિચારી તે ઉદ્વિગ્ન થતો રહે છે માટે આપ્રકારના ધનમાં પણ મન ન લગાવવું (શ્લોક-૭૫) હવે નીતિકાર કઇ વસ્તુના અભાવમાં માનવ વિચારણિય થઇ જાઇ છે તે કહે છે-

શ્લો- ૭૬ अविद्य: पुरुष: सोच्य:

सोच्यं मैथुनमप्रजस्।

निराहारा: प्रजा: शोच्या:

शोच्यं राष्ट्रमराजकम्॥

શ્લોકાર્થ :- વિદ્યા વગરનો મનુષ્ય વિચારવા લાયક છે, સંતાન વિના મૈથુન વિચારવા લાયક છે, ભોજન વિના પ્રજા વિચારણીય છે અને રાજા વગર રાષ્ટ્ર વિચારણીય છે.

ચ.ટી. : જે મનુષ્યની પાસે વિદ્યારૂપી ધન છે તે ક્યારે પણ દરીદ્ર હોતો નથી એવો વ્યક્તિ દરિદ્ર હોવા છતા પણ પોતાની વિદ્યારૂપી ગુણથી દેદિપ્યમાન થતો હોય છે પરંતુ જેની પાસે ધન છે પણ વિદ્યા નથી અથવા ધન પણ નથી કે વિદ્યા પણ નથી તે વાસ્તવમાં વિચારવા લાયક છે. આચાર્ય ચાણક્ય કહે છે- ''रुप यौवन सम्पन्ना: विशाल कुल सम्भवा:। विद्याहीना न सोभन्ते निर्णन्धा इव किंशुका:॥ સુંદર યુવાન ઉચ્ચકુળમાં જન્મેલ વિદ્યા રહિત મનુષ્ય સુગંધ વિનાના કે સૂડાના ફૂલની જેમ ઉપેક્ષિત રહે છે. (ચા.ની. દર્પણ. ૩/૮) ''शुन: पुच्छमिवव्यर्थं जीवितं विद्ययाविना। न गुह्य गोपने शक्तं न च दंश निवारणे॥ જેમ શ્વાનની પુછ ન તો પોતના ગુપ્તાંગો ઢાકી શકે છે અને ન તો મચ્છરોને મારી શકે છે, તેમ વિદ્યા રહિત મનુષ્યનું જીવન પણ શ્રાનની પુચ્છ વિનાનું વ્યર્થ છે.'' (ચા.ની. દર્પણ ૨૭/૧૯) ''येषां न विद्या न तपो न दानं न ज्ञानं न शोलं न गुणो न धर्म:। ते मर्त्यलाके भुविभारभुता मनुष्य रुपे मृगाश्चरन्ति॥ જે મનુષ્ય પાસે કોઇ વિદ્યા નથી અને કોઇપણ

પ્રકારનું તપ કરવાનું સામર્થ્ય નથી, જેનામાં દાન કરવાની વૃત્તિ નથી અને હૃદયમાં જરાપણ કરૂણા નથી, આ પ્રમાણેના ગુણ વિનાના અજ્ઞાનિ અને અધર્મિ મનુષ્ય સંસારમાં પશુ સમાન છે.(ચા. ની. દર્પણ/૧૦/૭)

ગૃહસ્થ ધર્મ પ્રજાના શેષપણે ઋતુ કાળમાં ભાર્યા સંગમનને 'ऋतौ भार्यामयपेयात्' એમ શાસ્ત્ર વિધાન કરે છે. અતઃ ઋતુકાળ, ઋતુ પ્રાપ્તિ દિવસ થકી સોળ રાત્રિ રૂપ માન્યો છે તે રાત્રિઓમાં પણ પ્રથમના ત્રણ દિવસ વર્જ્ય છે અને પછીના તેર દિવસમાં ગૃહસ્થ પુરૂષ પોતાની ગૃહીણી સાથે મૈથુનમાં પ્રવૃત્ત થાય તો તેને સંતાનની પ્રાપ્તિ થાય છે પણ આ તેર દિવસને બાદ કરતા જે ગૃહસ્થ પોતાની ભાર્યા સાથે મૈથુનમાં પ્રવર્તે તો તે મૈથુનથી તેને કોઇ લાભ પ્રાપ્ત ન થતો હોવાથી તેનું મૈથુન વિચારણીય છે.

નીતિકાર અહીં 'ભોજન વિના પ્રજા વિચારણીય છે' એમ કહે છે. અહીં 'પ્રજા' તરીકે 'પોષ્ય વર્ગ' કહેલ છે એ પોષ્ય વર્ગ નું પોષણ કરવું એ ગૃહસ્થનો ધર્મ છે અને એના પોષણના અભાવમાં ગૃહસ્થને ક્લેશમાં ભાજી થવું પડે છે કહ્યુ પણ છે ''मातापिता गुरुः पत्नी स्वस्थायत्वानि चाश्रिताः। अभ्यागतोऽतिथिश्चाग्निः पोष्यानित्यममीनव॥ दीनानाथ विशिष्टेभ्यो दातव्यं भूति काम्यया। अदत्तदाना जायन्त परभाग्योप जीविनः॥ પોતાના માતાપિતા, ગુરૂ, પત્ની, અપત્ય (પુત્ર પત્ર્યાદિક) સમાશ્રિત, અતિથિ, અભ્યાગત, અગ્નિ, આ નવ પ્રતિદિન પોષણીય છે જે પોતાનું અભ્યુદય ઇચ્છતો હોય તે દીન જનો, અનાથ જનો અને વિદ્યા તપાદિક વડે શ્રેષ્ઠ એવા જનોને આદરપવૂર્ક અન્નાદિ દાન આપે એમને અન્નાદિ નહિ આપનારા જનો પર જન્મમાં જીવનોપાય નહિ મળતાં ક્લેશ પામી પરમ ભાગ્યોપજીવી થાય પરના અન્નાદિક વડે જ યથા કથંચિત દુઃખથી દેહ યાત્રાને પામે છે.'' માટે આમનું પોષણ અવશ્ય કરવું.

તેજ પ્રમાણે રાજા વગરની પ્રજા બળદ વગરના ગાડા જેવી છે. એક કુશળ રાજા જ પોતાની મેધા શક્તિથી રાજ્યનું સંચાલન કરી પ્રજાને ઉન્મતિના માર્ગે લઇ જાય છે રાજાના અભાવમાં પ્રજાની સ્થિતિ વેનના રાજ્ય જેવી થાય છે. જેમ વેન રાજા પોતાના કુકર્મોને લઇ સપ્તર્ષિઓની ક્રોધાગ્નિમાં બળીને ભષ્મ થઇ ગયો. પરંતુ રાજા વેન ના અભાવમાં દેશમાં અરાજકતા ફેલાઇ ગઇ દસ્યુલોકો-ચોર દાકુઓ પ્રજાને પિડવા લાગ્યા અને પ્રજા ત્રાહિમામ પોકારવા લાગી માટે રાજાના અભાવમાં પ્રજા વિચારણીય છે (શ્લોક-૭૬) હવે નીતિકાર કંઇ વસ્તુ વધુ કરવાથી કંઇ વસ્તુનો ઉપયોગ ન કરવાથી ક્ષીણ થઇ જાય છે તથા કંઇ ક્રિયા તથા દેશમળરૂપ છે તે કહે છે-

શ્લો- ૭૭ अध्वा जरा देहवतां

पर्वतानां जलं जरा।

असम्भोगो जरा स्त्रीणां

वाक्शलयं मनसो जरा॥

શ્લો- ૭૮ अनाम्नाथमला वेदा

बाह्मणस्याव्रतं मलम्।

मलं पृथिव्या बाहलीकाः

पुरुष स्यानतं मलम्।

कैतूहल मलाः साध्वी

विप्रवासमलाःस्त्रियः॥

શ્લો- ૭૯ सुवर्णस्य मलं रुप्यं

रुप्यस्यपिमलं त्रपु।

ज्ञेयं त्रपुमलं सीसं

सीसस्यापि मलं मलम्॥

શ્લોકાર્થ :- વધારે પડતુ ચાલવું એ મનુષ્યના આયુષ્યની હાની કરી દે છે, જળ પર્વતોને ક્ષીણ કરી દે છે, ઇચ્છા રહેવા છતા મૈથુન ન કરવું સ્ત્રીઓની આયુષ્ય ઓછી કરી દે છે, કટુ વચન મનને કષ્ટ આપે છે. વેદોનો અભ્યાસ ન કરવો એ વેદનો મળ છે, વ્રતોનું પાલન ન કરવું એ બ્રાહ્મણનો મળ છે. બાહ્લિક દેશ પૃથ્વિનો મળ છે, અસત્ય ભાષણ પુરૂષનો મળ છે, હાસપરિહાસ એ સ્ત્રીઓનો મળ છ, સુવર્ણનો મળ રૂપુ છે, રૂપાનો મળ તાંબુ, તાંબાનો મળ શીશુ છે અને શીશાનો મળ માટી છે.

ચ.ટી. : વધારે પડતુ ચાલવું એ મનુષ્યના આયુષ્ય ની હાની કરી દે છે (કારણ વધુ ચાલવાથી શક્તિનો વ્યય થાય છે) જળ પર્વતોને ક્ષીણ કરી દે છે. (કારણ જળનો પ્રવાહ અખડ પવંત પર વહેતો રહે તો પર્વત ધીરે ધીરે ક્ષીણ પ્રાય થઇ જાય છે.) ઇચ્છા રહેવા છતા મૈથુન ન કરવું સ્ત્રોયોની આષ્યુષ્ય ઓછી કરી દે છે. સ્ત્રિયો પુરૂષ કરતા આઠ ઘણો કામ હોય છે સંયમ વિહિમ નારી અન્ય કારણ વશ મૈથનનો મનોમન ઇચ્છા હોવા છતાં સ્વભર્તાથી દૂર રહે તો ગ્લાનિ પામી વૃક્ષવેલીની જેમ મુર્છાય જાય) કટુ વચન મનને કષ્ટ આપે છે (કારણ કોઇકના પ્રત્યે કટુ વચન બોલાઇ જાય તે તેણ કમાનથી ચલાવેલા તોર કરતા પણ વધ, પિડાદાયક હોય છે જેનાથી મનુષ્ય હંમેશા ઉદ્વિગ્ન રહે છે.) વેદોનો અભ્યાસ ન કરવો એ વેદનો મળ છે. (કારણ ભણેલા વેદોનો અભ્યા ન કરવાતી તે વિશરાય જાય છે તે મળ રૂપ છે.) વ્રતોનું પાલન ન કરવું એ બ્રાહ્મણનો મળ છે. (કારણ જેમ ક્ષત્રિય પોતાની શૂરવીરતાથી, વૈશ્ય ધનથી, શુદ્ર સેવાથી સુશોભિત થાય છે. તેમ બ્રાહ્મણ તપસ્યાથી સુશોભિત થાય છે. તપસ્યાથી વિહિન બ્રાહ્મણ મળ સમાન છે.)બાહ્લિક દેશ પૃથ્વિનો મળ છે. [આ દેશ હિમાલય, ગંગા, સરસ્વતી, યમુના અને કુરૂક્ષેત્રનો સીમાનો બહાર છે તથા જે સતલજ, વ્યાસ,

રાવી, ચિનાબ અને જેલમ આ પાંચ અને છઠ્ઠી સિંધુ નદીનામ ધ્યમાં સ્થિત હોય તેને બાહ્લિકના નામથી ઓળખવામાં આવે છે. આ દેશ ધર્મ બાહ્ય અને અપવિત્ર છે. આ દેશના લોકો સૂવર, કુકડા, ગદેડા, ઉંટ જેવા અપવિત્ર પશુઓનું તથા ગાય અને બકરી જેવા પવિત્ર પશુનું પણ માંસ ભક્ષણ કરે છે અને પરસ્પર વાતો કરે છે કે જેણે આનું માંસ નથી ખાધુ તેનો જન્મ વ્યર્થ છે. આ દેસના લોકો ઉંટ, ગધેડા અને ખચ્ચર જેવા સ્પર્શહીન પશુઓની પણ સવારી કરે છે. મદીરા પાનમાં અતિ આસક્ત મૈથુનમાં પણ મર્યાદા શૂન્ય એવા સ્ત્રી પુરૂષ નગ્ન થઇ વિચરણ કરતા તથા થકા નૃત્ય કરતા હોય છે આ દેશ જે વ્યાસ (વિપાશા) નદીના કિનારે આવેલો છે ત્યા પૂર્વે બે પિશાચ રહેતા હતા તે બન્નેની સંતાન બાહ્લિક કહેવાય. બ્રહ્માજીએ તેઓની સૃષ્ટિ કરી નથી તેઓની ઉત્પત્તિની નીચ યોનીથો હોય તેઓ બધા યજ્ઞાદિકર્મોથી અને નાના પ્રકારના ધર્મોથી બહિર્મુખ હોય પૈશાચ ધર્મમાં આરૂઢ હોવાથી આ દેશ વૃથ્વીના મળ રૂપ છે. (મહા/કર્ણ અ. ૪૪)] અસત્યભાષણ પુરૂષોનો મળ છે. (કારણ એવા પુરૂષોનું લોકમાં કોઇ સ્થાન નથી) હાસ પરિહાસ એ પતિવ્રતાનો મળ છે. (કારણ પરપુરૂષ સાથે હાસ પરિહાસ કર તો પતિવ્રતાના ધર્મથી સ્યુત થવાની સંભવ હોય તે મળ રૂપ છે) પરદેશમાં રહેવું એ સ્ત્રીઓનો મળ છે (કારણ કે પોતાના બન્ધુ બાંધવ આજ્ઞા આપે કે આજ્ઞા વગર પણ જે સ્ત્રી એકાકી પરદેશમાં રહે તો તેમાં સ્વતંત્રતા આવી જાય અને સ્વતંત્રતા સ્વરપણાનું ચિહ્ન છે માટે મળ રૂપ છે.) સુવર્ણનો મળ રૂપુ છે (કારણ મૂલ્યની દૃષ્ટિએ સુવર્ણ કરતા રૂપાની કિંમત ન્યૂન છે), રૂપાનો મળ તાંબુ છે (કારણ રૂપા કરતા તાંબાની કિંમત ન્યૂન છે) તાંબાનો મળ શીશુ છે (કારણ તાંબા કરતા શીશાનું મૂલ્ય ન્યૂન છે) અને શીશા નો મળ માટી છે (કારણ શીશા

આગળ માટીની કોઇ કિંમત નથી) (શ્લોક-૭૭, ૭૮, ૭૯) હવે નીતિકાર કોણ કોનાથી વશ થતુ નથી તે કહે છે-

શ્લો- ૮૦ न स्वप्नेन जयेन्निद्रां

न कामेन जायते स्त्रियः।

नेन्धनेन जयेदग्निं

न पानेन सुराजयेत्॥

શ્લોકાર્થ :- વધુ પડતી નીદ્રાથી નીદ્રા વશ નથી કરી શકાતી, કામ ભોગથી સ્ત્રીઓન વશ કરી શકાતી નથી, અગ્નિમાં કાષ્ટ નાખવાતી તે શાંત કરી શકાતો નથી અને મદિરા પાન કરવાથી તેના વ્યસનને નહિ બચાવી શકાય.

ચ.ટી. : न जातु कामः कामानामुपभोगेन शाम्यति। हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते॥ વિષયો ભોગવવાથી ભોગ વાસના ક્યારે શાંત થઇ શકતી નથી, પરંતુ જેમ ઘી ની આહુતિ આપવાથી અગ્નિ પ્રજ્જવલિત થાય છે તેજ પ્રમાણે ભોગ વાસનાઓ પણ ભોગોથી પ્રબળ બની જાય છે પણ શાંત થતી નથી.'' પણ તે સંયમથી જ શાંત કરી શકાય છે. (શ્લોક-૮૦) હવે નીતિકાર કોનું જીવન સફળ છે તે કહે છે-

શ્લો- ૮૧ यस्य दानजितं मित्रं

शत्रवो युधि निर्जिताः।

अन्नपानजिता द्वाराः

सफलं तस्य जीवितम्॥

શ્લોકાર્થ :- જેણે દાન આપી મિત્રને વશ કર્યો છે, જેણે યુધ્ધ થી શત્રુઓને જીત્યા છે અને જેણે ખાનપાનથી સ્ત્રીઓ ને વશ કરી છે, તેનું જીવતર સફળ છે.

ચ.ટી. : ધન આપીને મિત્રને વશ કરવાથી આપત્તકાળમાં તે જ સહાય કરનાર થશે યુધ્ધ દ્વારા શત્રુને જીતવાથી તે ક્યારેય અનિષ્ટ કરી શકશે નહિ અને અન્નાદિ દ્વારા સ્ત્રીઓને વશ કરવાથી તે સ્ત્રીઓ ભર્તાને હંમેશા આધિન રહે છે અને તેના પર દેવતાઓની પ્રસન્નતા રહે છે. કહ્યુ પણ છે '' यत्र नार्यस्तु पूज्यतं रमन्ते तत्र देवता: । જે પરિવારમાં સ્ત્રીઓનું સન્માન થાય છે તે પરિવાર પ્રત્યે દેવોની પ્રસન્નતા ઉતરે છે.'' (મનુ) અને એટલે જ માટે આપ્તજનો નારીના પરિવાર જનોને ''पितृभिर्भातुभिश्चैता: पति भिर्देवरस्तथा। पूज्या भूषयितव्याश्च बहुकल्याणमीप्सुभि: ॥ પોતાના પિતા, ભાઇ, પતિ, દિયર વગેરે પરિવારજનો પ્રત્યે હંમેશા વફાદાર રહેનાર પોતાના પરિવારની બધી જ સ્ત્રીઓનું દરકે હંમેશા સન્માન કરવું અને તેઓને સુંદર વસ્ત્રો તથા અલંકારો આપવા'' આ વચનથી નારીઓનું સન્માન કરવાનું કહ્યુ છે- (શ્લોક-૮૧) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને ઇચ્છા ત્યાગ કરવાનું કહે છે-

શ્લો- ૮૨ सहस्त्रिणोऽपि जीवन्ति

जीवन्ति शतिनस्तथा।

धृतराष्ट्र विमुञ्चेच्छां

न कथञ्चिन्नजीव्यते॥

શ્લોકાર્થ :- હજારો રૂપિયા જેની પાસે હોય તે પણ જીવે છે, અને જેની પાસે સો રૂપિયા છે તે પણ તે જ પ્રમાણે જીવે છે, પરંતુ હે ધૃતરાષ્ટ્ર! ઇચ્છાનો ત્યાગ કર્યા વગર કોઇપણ પ્રકારેજીવી શકાતુ નથી.

ચ.ટી. : સુખ અને સંપન્ન વ્યક્તિના મનમાં પણ વધુને વધુ સંપત્તિ મેળવવાની ઇચ્છા સ્ફૂર્યા કરે છે અને એને લઇ તે પોતા પાસે રહેલી સંપત્તિનો પણ યથાર્થ રીતે ઉપભોગ કરી શકતો નથી. આ સન્દર્ભમાં દુર્યોધનના જીવનનો એક

પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. દુર્યોધન સહિત સુબલ પુત્ર શકુનિ રાજા યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞના ઉત્સવ માંથી હસ્તિનાપુર પરત આવ્યા તે પછી એક દિવસ શકુનિ ધૃતરાષ્ટ્ર પાસે આવ્યા અને તેમના પ્રત્યે બોલ્યા ''મહારાજ! દુર્યોધનની કાંતિ ફીકી પડી રહી છે, તે શ્વેત તથા દુર્બળ થઇ રહ્યો છે, તેની ઘણી દયનિય દશા છે, આ ઉપરાંત તે નિરંતર ચિંતામાં ડૂબેલો છે માટે નરેન્દ્ર! તનો મનો ભાવ સમજો તેને શત્રુઓ તરફથી કોઇ અસહ્ય કષ્ટ પ્રાપ્ત થયુ છે તેથો આપ તેની પાસે જાવ અને તેની સારી રીતે પરીક્ષા કરો અને તેની ખબર લેવ.''

શકુનિની વાત સાંભળી ધૃતરાષ્ટ્ર દુર્યોધન પાસે આવ્યા અને તેના પ્રત્યે બોલ્યા ''બેટા દુર્યોધન! તારા દુઃખનું શું કારણ છે? સાંભળ્યુ છે કે તુ ઘણા કષ્ટ માં છે માટે કુરૂનન્દન! જો મારા સાંભળવા લાયક હોય તો મને બતાવ શકુનિ કહે છે તારી કાંતિ ફીક્કી પડી ગઇ છે તુ શ્વેત તથા દુર્બળ થઇ ગયો છે પરંતુ અમો ઘણું વિચારવા છતા તારા શોકનું કારણ નથી જાણી શકતા બેટા! આ સંપૂર્ણ ઐશ્વર્યનો ભાર તારા પર જ છે શુ તારા ભાઇઓ અને સંબંધીઓ તારી વિરુધ્ધમાંતો આચરણ કરતા નથી ને? તુ કિમતિ વસ્ત્ર પહેરે છે તથા ઓઢે છે, સારૂ સારૂ અન્ન જમે છે તથા સારી જાતિના અશ્વાદિ વાહનો તારી સેવામાં છે તો પછી કયાં દુઃખથી તુ દુર્બળ થઇ ગયો છે. બહુમુલ્ય શૈયાઓ, મનને પ્રિય લાગે એવી યુવતીઓ, બધી ઋતુઓમાં લાભદાયક ભવન અને ઇચ્છાનુસાર સુખ આપનારા વિહાર સ્થાનો દેવતાઓની જેમ આ બદી વસ્તુઓ નિઃસંદેહ તારા બોલવા માત્રથી જ તને સુલભ છે. મારા દુર્દ્ધર્ષ પુત્ર! તો પછી તુ દીન જનની માફક શા માટે શોક કરે છે જેમ સ્વર્ગમાં ઇન્દ્રને મનોવાંછિત ભોગો સુલભ છે. તેજ પ્રમાણે બધા અભિલષિત ભોગ અને ખાવા પિતાની વિવિધ ઉત્તમ વસ્તુઓ તારા માટે સદા હાજર રહે છે, તો પછી તુ શા માટે શોક કરે છે. તે કૃપાચાર્ય પાસે

ચારેય વેદો સહિત વેદાંગો તથા આર્ષશાસ્ત્ર તથા આઠ પ્રકારના વ્યાકરણ શાસ્ત્ર નો અભ્યાસ કરેલો છે. હલાયુધ, કૃપાચાર્ય તથા દ્રોણાચાર્ય થકી તે અસ્ત્ર વિદ્યા શીખેલી છે માટે બેટા! તુ આ રાજ્યનો સ્વામી થઇ ઇચ્છાનુસાર વસ્તુઓનો ઉપયોગ કર સૂત અને માગદ સદા તારી સ્તુતિ કરતા રહે તારી બુધ્ધિની પ્રખરતા પ્રસિધ્ધ છે તો પછી તુ શા માટે ચિન્તા કરી રહ્યો છે? બેટા તારા આ શોકનું કારણ શુ છે?

ધૃતરાષ્ટ્રનું વચન સાંભળી દુર્યોધન તેઓ પ્રત્યે બોલ્યો- 'પિતાજી! અમો સારૂ સારૂ ખાઇએ છે પાન કરીએ છીએ, તથા વસ્ત્ર ધારણ કરીએ છીએ પરંતુ તે કાયરોની જેમ અમો સમયના પરિવર્તનની પ્રતિક્ષામાં રહી હ્રદયમાં ભારે ઇર્ષ્યા ધારણ કરી બેઠા છીએ જે શત્રુઓ પ્રત્યે અમર્ષ રાખી તેને પરાજિત કરીને જ શાંત પડે છે અને પોતાની પ્રજાને શત્રુ જનીત ક્લેશથી છોડાવવાની ઇચ્છા રાખે છે તે જ પુરૂષ છે. ભારત! સંતોષ એ લક્ષ્મી અને અભિમાનનો નાશ કરી દે છે દયા અને ભય પણ એવા જ છે. અસંતોષાદિથી યુક્ત મનુષ્ય ક્યારેય ઉચુંપદ પ્રાપ્ત કરી શકતો નથી કુન્તિનંદન યુધિષ્ઠિરની અત્યંત પ્રકાશમાન રાજ લક્ષ્મી જોઇને અમને ભોજન સારૂ લાગતુ નથી. તે જ અમારી કાંતિને નષ્ટ કરી દે છે. શત્રુઓની વૃધ્ધિ અને પોતાને હીન દશમાં જતો જોઇ તથા યુધિષ્ઠિરની તે અદૃશ્ય લક્ષ્મી પર પણ પ્રત્યક્ષની જેમ દૃષ્ટિપાત કરીને અમો ચિંતિત થયા છીએ. આનું કારણ છે કે અમારી કાંતિ ફીકી પડી ગઇ છે તથા અમો દીન, દુર્બળ અને શ્વેત થઇ ગયા છીએ.

રાજા યુધિષ્ઠિરના ઘરમાં રહેવાવાળા આઠ્યાસી હજાર બ્રાહ્મણોનું તેઓ ભરણ પોષણ કરે છે અને તેઓમાંના એકની પણ સવા કરવા ત્રીશ ત્રીશ દાસીઓ ઉપસ્થિત રહે છે એ સિવાય યુધિષ્ઠિરના મહેલમાં દશ હજાર અન્ય

બ્રાહ્મણો પ્રતિદિન સુવર્ણની થાળીમાં ભોજન કરે છે(અને ભોજન બાદ તે થાળી આદી તેઓને દક્ષિણાના રૂપમાં પ્રદાન કર છે. આ એઓનો નિત્યનો ક્રમ છે.) કમ્બોજ રાજે નીલા તથા લાલ રંગના કદલી મૃગના ચર્મના તથા અનેક બહુ મૂલ્ય કમ્બલ યુધિષ્ઠિર રાજાને ભેટમાં મોકલ્યા. તેઓએ મોકલેલી સેકડો હથિનીઓ, સહસ્ર ગાયો, અનેકો અશ્વો, ત્રીસ ત્રીસ હજાર ઉંટો અને એટલી જ ઘોડિઓ ત્યાં વિચરતી હતી ધરાતલના બધા રાજાઓને પાંડવોએ યુદ્ધમાં પરાજિત કરેલા તે બધા રાજાઓ ભેંટ લઇને યુધિષ્ઠિરના ભવનમાં ઉપસ્થિત થયા હતા પૃથ્વિ પતે! તે મહાન રાજા સૂય યજ્ઞમાં ભૂપાલ ગણો કુન્તિ પુત્ર મહારાજ યુધિષ્ઠિર માટે વિવિધ પ્રકારના કિંમતી રત્ના લાવેલા હતા. (યુધિષ્ઠિર મહારાજના રાજ સૂય યજ્ઞમાં અમો કોષાધ્યક્ષના પદ પર નિયુક્ત હતા. આ બધી જ વસ્તુ અમોએ અમારી નજરે જોયેલી.)

બુધ્ધિમાન પાંડુ પુત્ર યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ માં તેઓને જેવી ધનની પ્રાપ્તિ થઇ છે, તેવી તો પૂર્વે ક્યાંય જોવા મળી નથી અને સાંભળવામાં પણ મળી નથી મહારાજ! શત્રુની તે અનન્ત ધનરાશી જોઇને અમો અત્યંત ચિંતિત થઇ રહ્યા છીએ, અમોને શાંતિ મળતી નથી.

યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં બ્રાહ્મણ લોકો તથા લીલાછમ ખેતી ઉપજાવી જીવન વ્યતિત કરનારા અને ઘણી પ્રકારની ગાયો તથા બળદો રાખનારા વૈશ્યોના અનેકો દળો ભેગા થઇ ત્રણ ખર્વ ભેટ લઇને રાજાના દ્વારા પર રોકાયેલા થકા ઉભા હતા તેઓ બધા સુવર્ણના સુંદર કળશ અને અપાર ધન લઇને આવલા હોવા છતાં પણ તેઓનો રાજ દ્વારમાં પ્રવેશ થતો ન હતો. દેવાંગનાઓ જેવી રીત દેવરાજ ઇન્દ્ર માટે કળશમાં મધુ લઇ રહી હોય તે જ પ્રમાણે વરૂણ

દેવતા દ્વારા અપાયેલ અને કાંસાના પાત્રમાં રાખેલ મધુને સમુદ્રદેવ યુધિષ્ઠિર રાજાને ઉપહારના રૂપમાં આપતા હતા.

યુધિષ્ઠિર મહારાજના યજ્ઞમાં છીકા પર એક હજાર સુવર્ણ મુદ્રા માથી બનાવેલો કળશ રાખવામાં આવેલો, જેમા અનેક પ્રકારના રત્નો જડેલા હતા તે પાત્રમાં રહેલા ઉત્તમ સમુદ્ર જળને ઉત્તમ શંખમાં લઇ શ્રી કૃષ્ણે મહારાજા યુધિષ્ઠિરનો અભિષેક કરેલો હતો. આ બધુ જોઇને તો અમોને જવર આવી ગયો. તેવાજ સુવર્ણ કળશને લઇને પાંડવો જળ લાવવા માટે પૂર્વ, પશ્ચિમે, દક્ષિણ દિશામાં તો જતા જ હતા, પરંતુ સંભળાયું છે કે સમુદ્ર સમિપ જ્યાં કેવળ પક્ષિઓ સિવાય મનુષ્યો પણ જઇ શકતા ન હતા ત્યાં પણ જઇને અર્જન કરના રૂપમાં અપાર ધન લઇ આવ્યો હતો.

યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં એક અદ્‌ભૂત વાત એવી પણ બની હતી જે અમો કહીએ છીએ- ''જ્યારે એક લાખ બ્રાહ્મણોને રસોઇ પિરસાઇ જતી, ત્યારે તેને માટે સંકેત નિયત કરાયો હતો પ્રતિદિન લાખની સંખ્યા પૂર્ણ થાય એટલે શંખ વગાડવામાં આવતો. ભારત! આવો શંખ દિવસમાં વારંવાર વાગતો હતો. અમો નિરંતન તે ધ્વનિને સાંભળતા હતા. જેનાથી અમો રોમાંચિત થઇ જતાં'' પાંડુનદન યુધિષ્ઠિરની ઉત્કૃષ્ટ રાજલક્ષ્મી જોઇને અમારા હૃદયમાં દાહ થાય છે. અતઃ અમને ક્ષણ ભર પણ શાંતિ મળતી નથી. પાંડવોનું ઐશ્વર્ય જો અમોને પ્રાપ્ત ન થયું તો અમોને શાંતિ નહિ જ મળે ક્યાંતો અમો અસ્ત્ર સસ્ત્રને ધારણ કરી રણ ભૂમિમાં ઉપસ્થિત થઇ શત્રુઓની સંપત્તિ પર અધિકાર પ્રાપ્ત કરી લઇએ અથવા શત્રુઓ દ્વારા વિરગતિને પ્રાપ્ત થઇએ. હે પરંતપ! આવી સ્થિતિમાં અમારા જીવનનો શો લાભ? પાંડવો દિવસે દિવસે વૃધ્ધિ પામી રહ્યા છે, અને અમારી ઉન્નતિ રોકાઇ ગઇ છે. (મહા ધૂતપર્વ/અ. ૪૯)અહીં દુર્યોધનના ચરિત્ર

પરથી એ વાતની સ્પષ્ટતા થાય છે કે દુર્યોધન પાસે અપાર સંપત્તિ હોવા છતાં તે પાંડવોની સંપત્તિ જોઇને મનમાને મનમાં ઉદ્વેગ પામતો હતો અને તેને મેળવવાની કામનામાં પોતાના ઐશ્વર્યનો પણ ઉપભોગ કરી શકતો ન હતો માટે જ ગોસ્વામીજી કહે છે- ''પર સુખ સંપતિ દેખિ સુનિ જરહિં જે જડ બિન આગિ । તુલસી તિન કે ભાગ તે ચલૈ ભલાઇ ભાગિ ॥ અન્યની સુખ સંપત્તિને જોઇને જે મૂર્ખ મનુષ્ય અગ્નિ વગર જ બળવા લાગ છે, તુલસીદાસ કહે છે કે તેના ભાગ્યથી ભલાઇ પલાયન થઇ જાય છે. તેનું ક્યારેય શ્રેય થતુ નથી.'' (દોહાવલિ. ૩૮૮) (શ્લોક-૮૨) નીતિકાર પુનઃ ધૃતરાષ્ટ્ર ને તૃષ્ણાના ત્યાગનો ઉપદેશ આપે છે-

<u>શ્લો- ૮૩</u> यत् पृथिव्यां श्रीहियवं

हिरण्यं पुशवः स्त्रियः ।

नालमेकस्य तत्सर्व

मिति पश्यन्न मुह्यनि ॥

<u>શ્લોકાર્થ :-</u> આ પૃથ્વિમાં જે કાંઇ સુવર્ણ, ડાંગર, જવ, પશુઓ અને સ્ત્રીઓ છે, તે બધું કોઇ એકને મળે, તો પણ તેને તૃપ્તિ થતી નથી. આ જોઇને ડાહ્યો મનુષ્ય મોહ પામતો નથી.

<u>ચ.ટી. :</u> તૃષ્ણાનો ક્યારેય અંત આવતો નથી, માનવને એક વસ્તુની પ્રાપ્તિ થાય કે તરત જ બીજી વસ્તુ પ્રાપ્ત કરવાની ઇચ્છા અંતઃ કરણમાં સ્ફુરે છે. રાક્ષસ રાજ સાવણને ભગવાન શંકરની કૃપાથી સ્વર્ગની અમરાવતીથી પણ સર્વોત્તમ એવી સુવર્ણની લંકા પ્રાપ્ત થઇ હતી, તથા ત્રિલોકમાં અદ્વિતીય સુંદર એવી મન્દોદરી તેની ભાર્યા છતાં પણ તે તેને પુરતુ માનતો ન હતો અને એટલે જ તેણે સ્વર્ગનું રાજ્ય અને વેદવતીને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરી. પરંતુ એવા વિરલ

પુરૂષો જ હોય છે જે એ ત્રિલોકીનું ઐશ્વર્ય પણ કાખના મુવાળા બરાબર હોય છે. તેઓ આ બધાની નશ્વરતા તથા તૃષ્ણાની અનંતતાનો વિચાર કરી આમા મોહ પામતા નથી. કહ્યુ પણ છે- ''कामास्यान्तं चक्षुत्तृड्भ्यां क्रोधस्यैतत्फलोदयात्। जनो याति न लोभस्यजित्वा भुक्त्वा दिशो भुवः॥ ક્ષુધા તથા તૃષાની નિવૃત્તિ થયા પછી ખાવા પિવાની કામનાનો અંત થઇ જાય છે, ક્રોધ પણ પોતાનું કાર્ય પૂર્ણ થયા બાદ શાંત થઇ જાય છે, પરંતુ મનુષ્ય પૃથ્વિની સમસ્ત દિશાઓને જીતીલે અને ભોગવીલે ત્યારપછી પણ લોભ તૃષ્ણાનો અંત આવતો નથી. (ભાગ-૭/૧૫/૨૦) ''यत् पृथिव्यां व्रीह्यिवं पशवः स्त्रियः। न दह्यन्ति मनः प्रीतिं पुंसः कामहतस्य ते॥ પૃથ્વિમાં જેટલા પણ અન્નકણો, સુવર્ણ, પશુઓ અને સ્ત્રીઓ છે, તે બધા મળીને પણ તે પુરૂષને સંતુષ્ટ કરી શકતા નથી કે જે કામની અને તૃષ્ણાથી ઘેરાયેલા છે.'' (ભાગ-૯/૧૯/૧૩) (શ્લોક-૮૩) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને પોતાના તથા પાંડુપુત્રોમાં સમતા રાખવાનો ઉપદેશ છે-

શ્લો- ૮૪ राजन् भूपो ब्रवीमि

त्वां पुत्रेषु सममाचर।

समता यदि ते राजन्

स्वेषु पाण्डुसुतेषु बा॥

इति श्री महाभारते उद्योग पर्वणि प्रजागर पर्वणि

विधुरनीति वाक्ये सप्तमोऽध्यायः ॥ ७ ॥

શ્લોકાર્થ :- હે રાજન્! અમો તમોને પુનઃ કહોએ છીએ કે આપને આપના પુત્રોમાં અને પાંડુપુત્રોમાં સમભાવ હોય તોતમે બંને પ્રત્યે સમાન ભાવથી વર્તો.

ઇતિ શ્રી મહાભારત ઉદ્યોગ પર્વાન્તરર્ગત પ્રજાગરપર્વમાં
વિદુર નીતિ વાકયમાં અધ્યાય સાતમો સમાપ્ત

ચ.ટી. : ધૃતરાષ્ટ્ર કેવલ મુખથી જ બોલે છે કે ''અમોને અમારા દુર્યોધન આદી પુત્રો તથા અમારા કનિષ્ટ ભ્રાતા પાંડુના યુધિષ્ઠિર આદી પુત્રો સમાન છે'' પણ તેઓના મનમાં તથા વ્યવહારમાં સમાનતા ન હતી, એટલે માટે નીતિકાર મર્મમાં તેઓને કહે છે કે- રાજન્! તમો જેવું બોલો છો એવું આચરણ કરો.' (શ્લોક-૮૪)

આ પ્રમાણે વિ. વેદાન્ત પુરણેતિહાસાચાર્ય, શાસ્ત્રી રાકેશ કૃત મહાભારતના ઉધોગ પર્વ અન્તર્ગત પ્રજાગર પર્વમાં આવેલ વિદુર નીતિમાં સાતમાં અધ્યાયની ચંદ્રાવલી ટીકા પૂર્ણ થાય છે.

અધ્યાય-૮

-: અષ્ટમ અધ્યાય નો સાર :-

અષ્ટમ અધ્યાયમાં વિદ્યાર્થીઓના સાત દોષ, આશાદિ દ્વારા ધૃત્યાદિનો નાશ થવો, ઘરમાં નિત્ય રાખવા યોગ્ય પદાર્થ, વૈરાગ્ય પરક વચન, ધૃતિ આદીથી ઇન્દ્રિયજય અને ચારેય વર્ણના ધર્મો નીતિકારે વર્ણવેલા છે.

(૧૨૩) સહજ શત્રુ :-

વિધુર ઉવાચ : વિદુર બોલ્યા :-

શ્લો- ૧ योऽभर्चितः सद्भिरसज्जमानः

करोत्यर्थं शक्ति महापयित्वा ॥

क्षिप्रं यशस्तं समुपैत सन्त

मलं प्रसन्ना हि सुखायसन्तः ॥

શ્લોકાર્થ :- સજ્જનોથો માન પામ્યા છતાં જે મનુષ્ય અભિમાન રહિત રહીને પોતાની શક્તિ પ્રમાણે કાર્ય કરે છે. તે સત્પુરૂષને તત્કાળ યશ પ્રાપ્ત થાય છે, કારણ કે પ્રસન્ન થયેલા સજ્જનો સુખ આપવા સમર્થ છે.

ચ.ટી. : દેહની નશ્વરતા ધ્યાનમાં રાખી અનાશક્ત ભાવથી કર્મ કરવાથી અવશ્ય યશની પ્રાપ્તિ થાય છે જેમ રાજા નીમિને પ્રાપ્ત થઇ હતી વાત એવી હતી કે ઇશ્વાકુના પુત્ર નીમિ એ એક યજ્ઞ કરવાનો નિર્ણય લીધો અને તેના ઋત્વિજ તરીકે પોતાના કુળગુરૂ વશિષ્ટનું વરણ કર્યુ. ત્યારે વશિષ્ટે કહ્યું કે 'રાજન્! દેવરાજ ઇન્દ્રએ યજ્ઞ માટે પ્રથમથી જ અમારૂ વરણ કરેલું હોય તેમનો યજ્ઞ કરાવી અમો તમારી પાસે આવીત મારો યજ્ઞ પૂર્ણ કરાવીશું ત્યાં સુધી આપ અમારી પ્રતિક્ષા કરશો.' આ વાત સાંભળી નીમિ કાંઇ બોલ્યા નહિ અને વશિષ્ટજી ઇન્દ્રનો યજ્ઞ કરાવવા માટે ચાલ્યા ગયા પરંતુ વિચાર શીલ તથા દેહને ક્ષણ ભંગુર માનનારા સમસ્ત આ સક્તિ રહીત એવા નોમિએ વિચાર્યુ કે 'જીવન તોક્ષણ ભંગુર છે, વિલંબ કરવો એ અયોગ્ય છે.' એમ માની તેઓએ યજ્ઞનો પ્રારંભ કરી દીધો જ્યાં સુધિ વશિષ્ટઆવી ન જાય ત્યાં સુધી અન્ય બ્રાહ્મણનું ઋત્વિજ તરીકે વરણ કરી લીધુ. ગુરૂ વશિષ્ટજી જ્યારે ઇન્દ્રનો યજ્ઞ સંપન્ન કરાવી પાછા આવ્યા ત્યારે જોયુ કે તેમના શિષ્ય નિમિ એ તો તેમની વાત ન માનીને યજ્ઞનો પ્રારંભ કરી દીધો છે, ત્યારે તેઓ પોતાના શિષ્ય નીમિને શાપ આવતા બોલ્યા 'રે દુષ્ટ! તને તારી વિચાર શીલતા અને પંડિતાઇનું બહુ અભિમાન છે તેથી તારૂ શરીર નષ્ટ થઇ જાવ.'

આ પ્રમાણે વશિષ્ટજીઅ શાપ આપ્યો ત્યારે નીમિ ને લાગ્યુ કે અમારા ગુરૂનો શાપ છે તે ધર્મને અનુકુળ નથી પરંતુ પ્રતિકુળ છે તેથી તેઓ પણ ગુરૂને શાપ આપતા બોલ્યા કે 'તમોએ લોભવશ પોતાના ધર્મનો આદર કરેલો નથી તેથી તમારૂ શરીર પણ નષ્ટ થઇ જાય'આવું કહી આત્મવિદ્યા વિશારદ નીમિ નું શરીર પડી ગયુ અને વશિષ્ટનું શરીર પણ પૂર્ણ થયુ. તે સમયે નીમિ યજ્ઞમાં નિયુક્ત થયેલા અત્રી આદી શ્રેષ્ઠ મુનિઓએ નીમિના શરિરને સુગંધિત તેલમાં

મૂકી સાચવી રાખ્યુ. અને જ્યારે યજ્ઞ સત્રની સમાપ્તિ થઇ ત્યારે આવેલા દેવતાઓને મુનિઓએ પ્રાર્થના કરી નીમિને જીવિત કરવા જણાવ્યું. ત્યારે દેવોએ કહ્યું 'એવમસ્ત્' તે સમયે જીવિત થયેલા નીમિએ કહ્યું 'મારે દેહનું બંધન ન જોઇએ વિચારશીલ મુનિઓ પોતાની બધ્ધિને ભગવાનમાં જોડી દે છે એ તેમના ચરણકમળોની ભક્તિ કરે છે, એકને એક દિવસ તો આ શરીર અવસ્ય છૂટી જશે આવા ભયથી ભીત હોવાને લીધે તેઓ આ શરીર નો ત્યાગ ક્યારેય ઇચ્છતા નથી, તેઓનો મુક્ત થવા જ ઇચ્છે. તેથી હું હવે દુ:ખ શોખ અને ભયનું કારણ એવા આ શરીરને ધારણ કરવા નથી ઇચ્છતો.''

નીમિની આ પ્રમાણેની વાત સાંભળી દેવતાઓ બોલ્યા 'હે મુનિઓ!આ રાજા નીમિ શરીર વિના જ પ્રાણિઓના નેત્રોમાં પોતાની ઇચ્છા પ્રમાણે નિવાસ કરે. તેઓ ત્યાં રહી સૂક્ષ્મ શરીર દ્વાર પરમાત્માનું ચિંતન કરતા રહે આંખની પાપણ ઉઘડે અને બંધ થાય એનાથી રાજા નીમિના અસ્તિત્વની ખબર પડશે.'' (ભાગ ૯/૧૩) (શ્લોક-૧) હવિ નીતિકાર મહારાજા ધૃતરાષ્ટ્રને અધર્મ યુક્ત અર્થ ને ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે-

<u>શ્લો- ૨</u> महान्तमप्यर्थमर्धयुक्तं

य: सन्त्यजत्यनपाकृष्ट एवं।

सुखं सुदु:रवान्यवमुच्यशेते

जीर्णां त्वचं सर्प इवाववमुच्य॥

<u>શ્લોકાર્થ :-</u> જે મનુષ્ય અધર્મ યુક્ત મહાન ધનને તેમાં આકૃષ્ટ થયા વિના છોડી દે છે, તે મનુષ્ય જૂની કાચડીનો ત્યાગ કરનારા સર્પની જે દુ:ખોથી મુક્ત થઇને સુખથી નિદ્રા લે છે.

ચ.ટી. : ધર્મથી પ્રાપ્ત કરાયેલ અલ્પ પણ ધન મનુષ્યને આ લોક પરલોકમાં સુખ શાંતિ પ્રદાન કરનારૂ થાય છે. પરંતુ અનીતિથી પ્રાપ્ત કરાયેલ અલ્પ કે મહદ્ ધન માનવને આલોક પરલોકમાં હાની પ્રદાન કરનારૂ થાય છે માટે તેવા ધનનો ત્યાગ કરવો એ જ હિતાવહ છે. આ સન્દર્ભમાં વિઠ્ઠલનાથજીના આશ્રિત એવા રાંકા બાંકા ભક્તના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા કરવા યોગ્ય છે કે જે ચરિત્ર પરથી સ્પષ્ટ વિદિત થશે કે વિપરીત પરીસ્થિતિ ઉપસ્થિત થવા છતાં પણ આ ભક્તનું મન અધર્મના ધન પર આસક્ત ન થયુ હતું. વાત એવી હતી કે પંઢરપુરમાં લક્ષ્મી દત્ત નામના એક ઋગ્વેદી બ્રાહ્મણ રહેતા હતા તેઓ સંતોની ઘણી પ્રેમ પૂર્વક સેવા કરતા હતા. એક દિવસ સાક્ષાત્ નારાયણ તેઓના ઘરે સંતના રૂપમાં પધાર્યા અને આશીવાર્દ આપી ગયા 'તમારા ઘરે એક પરમ વિરક્ત પુત્ર ભગવદ્ ભક્ત પુત્રનો જન્મ થશે.'

ભગવાનના આશીર્વાદના પ્રતાપથી લક્ષ્મીદત્ત બ્રાહ્મણની પત્ની રૂપાદેવીના ગર્ભ થકી એક બાળકનો જન્મ થયો જે બાળકનું નામ તેઓએ 'રાકાજી' પાડયુ. આજ પંઢરપુરમાં એક હરદેવ નામના બ્રાહ્મણ રહેતા હતા. તેના ઘરે એક કન્યાએ જન્મ લીધો જેનું નામ તેઓએ 'બાકાજી' પાડયુ આજ કન્યાના વિવાહ સમય જતા રાકાજી સાથે થયા. રાકાજી વ્યવહારે અત્યંત દરીદ્ર અને આ દરીદ્રતાને બન્ને પતિ-પત્નીએ ભગવાનનો કૃપા પ્રસાદ માની ઘણા હર્ષથી અપનાવી લીધી, કારણ કે દયામય પ્રભુ પોતાના પ્રેમી ભક્તોને અનર્થોની જડરૂપ અર્થથી (ધનથી) દૂર જ રાખે છે. બન્ને જણા વનમાં જઇ વણી વણીને સૂકી લાકડીઓ લાવવા અને તેનો વિક્રય કરી તેનાથી ઠાકોરનું પૂજન કરી પ્રભુની શેષ પ્રસાદથી જીવન નિર્વાહ કરતા હતા. તેઓના મનમાં ક્યારેય પણ કોઇપણ પ્રકારના ભોગ ભોગવવાની કલ્પના શુધ્ધા પણ થતી ન હતી.

શ્રી રાંકાજી જેવા ભગવાનના ભક્ત આ પ્રમાણે દરિદ્રતાનું કષ્ટ ભોગવે એ જોઇ એ જ પંઢરપુરમાં રહેતા શ્રી વિઠ્ઠલનાથના અત્યંત કૃપાપાત્ર એવા નામદેવજી ને વિચાર આવ્યો કે, 'રાંકાજી આટ આટલી દરીદ્રતા હોવા છતાં કોઇકંઇક ને કંઇ આપે તો લેતા પણ નથી.' તેઓએ ભગવાન વિઠ્ઠલ ને આસંબંધમાં પ્રાર્થના કરી કે 'પ્રભુ! આપ રાંકા ભક્તની દરીદ્રતા દુર કરો. ત્યારે વિઠ્ઠલનાથજી બોલ્યા 'નામદેવ! રાંકા ભક્ત તો મારૂ હૃદય છે તે સહેજ પણ ઇચ્છા કરે તો શુ ધનનો અભાવ રહી શકે? પરંતુ અર્થમાં રહેલા અનર્થને જાણી તેઓ તેનાથી દુર રહેવા ઇચ્છા છે. તમારે જો જોવું હોય તો પ્રાતઃ કાળે વનના માર્ગે છપાઇને જોજો.'' બીજા દિવસે ભગવાને સોના મહોર ભરેલી થેલી વનના માર્ગમાં ડાટી દીધી. અને કેટલીક બહાર વેરી દીધીઅને નામદેવને લઇ એક વૃક્ષ પાછળ છપાઇને પોતાના ભક્તનું ચરિત્ર નિહાળવા લાગ્યા. રાંકા તો નિત્યની જેમ ભગવાનનું નામ લઇ ચાલ્યા આવતા હતા તેમની ભાર્યા પાછળ પાછળ આવી રહી હતી. માર્ગમાં તેઓએ સુવર્ણ મહોરોની થેલી પડેલી જોઇ તેઓ પહેલા તો આગળ જવા લાગ્યા પરંતુ કંઇક વિચારીને તેઓ ત્યાંજ રોકાઇ ગયા અને સોના મહોર પર ધૂળ નાખવા લાગ્યા ત્યાં જ તેઓની પત્ની સમપિ આવ્યા તેઓ પ્રત્યે બોલ્યા કે 'આપ ધુળથી શું ઢાંકો છો?' રાંકાજીએ ઉત્તર ન આપ્યો. બીજી વખત પુછતા બોલ્યા 'અહોં સોના મહોરથી ભરેલી થેલી પડી છે, એટલે અમોએ એમ વિચાર્યુ તુ પાછળ આવે છે, ક્યાંક સુવર્ણ જોઇ તને મનમાં લોભ ન આવી જાય એટલે પરાયા ધનને ધુળથી ઢાંકી રહ્યો હતો, ધનનો લોભ એક વખત તમનમાં આવી જાય પછી ભગવાનનું સ્મરણ છટી જાય છે.'

તેઓની વાત સાંભળી તેઓની પત્ની હસવા લાગી અને પોતાના પતિ રાંકા પ્રત્યે બોલી 'સ્વામી! સુવર્ણ પણ માટી જ છે ને, તમે ધુળ ઉપર ધુળ શા માટે

નાંખો છો.' રાંકાજી શીઘ્ર ઉભા થઇ ગયા અને પત્નીની વાત સાંભળી પ્રસન્ન થઇ બોલ્યા 'તુ ધન્ય છે! તારો વૈરાગ્ય પણ ધન્ય છે. મારી બુધ્ધિમાં તો આ બધુ માટી રૂપ જ છે. તુ તો મારા કરતા પણ આગળ છે' વૃક્ષની પાછળ ઉભા રહલા નામદેવ તો રાંકા બાકાનો વૈરાગ્ય જોઇ ભગવાનને ઉદ્દેશીને કહેવા લાગ્યા ''પ્રભો! જેના પર આપની કૃપા હોય તેઓને તો તમારા સિવાય ત્રિભુવન નું રાજ્ય પણ સઝતુ નથી. જેને અમૃતનો સ્વાદ મળી ગયો તે સડેલા ફળની સામે શા માટે જવે? આ દંપત્તિ ધન્ય છે.''

ભગવાને આજ દિવસે રાંકા બાકા ભક્ત માટે વનમાં રહેલી બધી સૂકી લાકડીઓના ભારાઓ બાંધી બાંધી એકત્રીત કર્યા. દમ્પતિએ જોયુ કે વનમાં તો ક્યાંય પણ લાકડીઓ નથી, ભારાઓ બંધાયેલી લાકડીઓ તેઓએ કોઇક બીજાની જોય અન્યની વસ્તુઓની સામે આંખ ઉઠાવી જોવું એ પણ પાપ છે. બંને ખાલી હાથે ઘરે પાછા આવ્યા. રાંકાજી પોતાની પત્ની પ્રત્યે બોલ્યા 'જઓ! સુવર્ણને જોવાનું ફળ આજે આપણે ઉપવાસ કરવો પડયો કદાચ તેનો સ્પર્શ કરતે તો ખબર નહિ કેટલું કષ્ટ પડતે.' પોતાના ભક્તની આ પ્રમાણેની નિષ્ઠા જોઇ ભગવાન પ્રગટ થઇ ગયા અને તેઓને દર્શન આપી કૃતાર્થ કર્યા અને સમય આવતા તેઓ બંને પણ દેહ ત્યાગ કરી ભગવાન ના ધામમાં પ્રવેશ કરતા હતા અહીં નીતિકાર ધૃતરાષ્ટ્રને સંકેત દ્વારા કહે છે- રાજન્ આપ પણ પાંડવો ના ધનમા મન ન લગાવી તેઓનો દાય ભાગ તેઓને આપી સુખિ થાવ. (શ્લોક-૨) હવિ નીતિકાર બહ્મ હત્યા સમાન પાપ ને કહે છે-

શ્લો- 3 अनृते च समुक्तर्षो
राजगामि च पैशुनम्।
गुरोश्चालीक निर्बन्धः।
समनि ब्रह्महत्यया॥

<u>શ્લોકાર્થ :-</u> અસત્ય બોલી વિજય મેળવવો, રાજા પાસે ચાડી ખાવી અને ગુરૂ આગળ મિથ્યા આગ્રહ કરવો, એ બ્રહ્મ હત્યા કરવા બરાબર છે.

<u>ચ.ટી. :</u> નીતિકાર અહીં ગૂઢાર્થમાં ધૃતરાષ્ટ્રને કહે છે રાજન્ તમારો પુત્ર દુર્યોધન આ ત્રણેય દુર્ગુણોથી યુક્ત છે પ્રથણ તો તેણે દ્યુતમાં કપટ કરી પાંડવોને પરાજિય કર્યા આ ઉપરાંત તે નિત્ય પાંડવો વિરુધ્ધ તમારી પાસે કાન ભંભેરણી કરતો રહે છે અને હંમેશા ભીષ્મ, દ્રોણ, કૃપ જેવા ગુરૂઓને પોતાની સાથે રહેવાનો મિથ્યા આગ્રહ કરે છે એટલે એનો એ અપરાધ બ્રહ્મ અપરાધ સમાન છે ભગવાન સ્વામિનારાયણ પણ કહે છે ''गुरुणामध्यधिक्षेपो नास्तिक्याद्वद निन्दनम्। ..... पातकानीति विद्धि त्वं ब्रह्महत्यासमानिहि॥ પિતા, આચાર્ય આદીક ગુરૂઓનો અધિક આક્ષેપ (તિરસ્કાર કે નિંદા) કરવો, નાસ્તિક ભાવના, અભિનિવેશ થી વેદની નિંદા કરવી, આપાતકો બ્રહ્મહત્યા સમાન સમઝો (સ.જી. ૫/૪૪) (શ્લોક-૩) હવિ નીતિકાર કયા દોષથી માનવની હાનિ થાય છે તે કહે છે-

<u>શ્લો- ૪</u> असूयैक पदं मृत्यु

रतिवाद: श्रियोवध:।

अशुश्रुषा त्वश्लाधा

विधाया: शयवस्त्रय:॥

<u>શ્લોકાર્થ :-</u> અન્યના ગુણમાં દોષ જોવા રૂપ અસૂયા એ મૃત્યુ સમાન છે, વધારે પડતુ બોલવું એ લક્ષ્મીનો નાશ કરનાર છે અને ગુરૂની સેવા ન કરવી, ઉતાવળ કરવી તથા આત્મશ્લાઘા એ ત્રણ વિદ્યાના શત્રુ છે.

<u>ચ.ટી. :</u> અન્યના ગુણાં દોષ જોવા એ શીશુપાલની જેમ મૃત્યને આમંત્રણ આપવા બરાબર છે. આવા મનુષ્યના સ્વભાવમાં આ દોષને કારણે બીજા ચોરી,

હિંસા, અનીતિ આદી બધા દુષ્કર્મો પોતાના પરિવાર સાથે આવીને નિવાસ કરે છે. માટે કલ્યાણકામી માનવે ક્યારેય પણ આ દુષ્કર્મમાં પ્રવૃત્ત ન થવું.

વધારે પડતું બોલનાર જ્યાં ત્યાં પોતાના ઐશ્વર્યનો પ્રકાશ કરતો રહે છે જેને લઇ શત્રુ, રાજા કે ચોરની તેના પર દૃષ્ટિ પડતા તેના ઐશ્વર્યની હાની થવાનો પ્રસગ ઉપસ્થિત થાય છે.

જે ગુરૂ કૃપા કરી વિદ્યા અર્પણ કરતા હોય તેઓની સેવા ન કરવાથી ગુરૂની યથાર્થ પણે પસન્નતા શિષ્ય પર થશે નહિ અને જેથો શિષ્ય શાસ્ત્રોના ગુઢાર્થથી વંચિત રહેશે માટે તે વિદ્યાનો શત્રુ છે, ગુરૂ દ્વારા અપાયેલા જ્ઞાનનું સતત મનન અને નિદિધ્યાસ કરવાથી જ્ઞાન દીર્ઘકાળ પર્યન્ત મનુષ્યમાં સમાહિત રહે છે પરંતુ તેની પ્રાપ્તિ માં શીઘ્રતા કરવાથી વિદ્યા યથાર્થ રીતે પ્રાપ્ત થશે નહિ માટે તે પણ વિદ્યાની શત્રુ છે. આત્મા પ્રશંશા કરવાથી પણ વિદ્યાથી વંચિત રહી ગુરુના કોપના ભાજી થવુંપ ડે છે. આ સમ્બન્ધમાં યાજ્ઞવલ્કયના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા લાયક છે. મહર્ષિ યાજ્ઞવલ્કય પોતાના મામા વૈશમ્પાયન ઋષિને ગુરૂ બનાવી એમના થકી વિદ્યાધ્યન કરતા હતા. એક સમયની વાત હતી કોઇક વેળાએ મુનિ ગણોએ એવો એક ઠરાવ કર્યો કે 'જે ઋષિ આજે મેરૂ પર્વત પર નિશ્ચિત કરેલા સમયાનુસાર આવશે નહિ તેને સાત રાત્રિમાં બ્રહ્મ હત્યા લાગશે.' એ ઠરાવ વૈશમ્પાયન થકી કોઇ કારણ વશ ભંગ થઇ ગયો અને તેને લઇ વંશમ્પાયન પાસે અભ્યાસ કરતા પોતાના ભાણેજને લગાર તેમનો પગ અડતાજ ત મૃત્યુ પામ્યો અને તેને લઇને તેઓને બ્રહ્મ હત્યા લાગી. ત્યારે તેઓ પોતાના શિષ્યોને ઉદ્દેશીને બોલ્યા કે 'હે શિષ્યો! તમો બધા અમારી બ્રહ્મ હત્યાન અર્થે પ્રાયશ્ચિત કરો.' ત્યારે યાજ્ઞવલ્કય બોલ્યા ''ગુરૂદેવ! આ ઓછા તેજવાળા અશક્ત બ્રાહ્મણોને હેરાન કરવાની જરૂર નથી, આપ માટે અમો એકાકી જ

પાયશ્ચિત કરશું.'' આ પ્રમાણે પોતાના ભાણેજ અને શિષ્ય યાજ્ઞવલ્કયની વાત સાંભળી મહાબુધ્ધિમાન ગુરૂ વૈશમ્પાયન અત્યંત ક્રોધાયમાન થયા અને તેમના પ્રત્ય બોલ્યા ''અરેઓ! બ્રાહ્મણોનું અપમાન કરનારા તુ આ ઉત્તમ બ્રાહ્મણોને નિસ્તેજ અને પોતાને પ્રબળ કહે છે માટે અમારી પાસે જે પણ કંઇ વિદ્યા ભણો છે તે ત્યાગ કરી જતો રહે, મને તારા જેવા શિષ્યની જરૂર નથી.'' આ પ્રમાણે ગુરૂની આજ્ઞા થતા યાજ્ઞવલ્કયે તેઓ પાસે ઉપાર્જિત બધી વિદ્યાનો ત્યાગ કર્યો અને ત્યાંથી જતા રહ્યા. (વિ.પુ.૩/૫) આ પ્રમાણે પ્રશંસા કરવાથી યાજ્ઞવલ્કય વિદ્યાનો ત્યાગ કરી જતા રહેવું પડયું માટે આત્મ પ્રશંસા પણ વિદ્યાની શત્રુ છે. (શ્લોક-૪) હવે નીતિકાર વિદ્યાર્થીઓ માટે વિદ્યા પ્રાપ્તિમાં આવતા સાત દોષ બતાવે છે.

શ્લો- ૫ आलस्यं मद मोहौ च

चापलं गोष्ठिरेव च।

स्तब्धता चाभिमानित्यं

तथा त्यागि त्वमेव च॥

एते वैसप्तदोषाःस्यु

विद्यार्थीनां मताः॥

શ્લોકાર્થ :- આળસપુણુ, મદ્યપાન-મદમોહ, ચપળતા, વાતોડિયાપણું, ઉદ્ધતાઇ, અભિમાન અને લોભ આ સાત સર્વદા વિદ્યાર્થીઓના દોષ મનાય છે.

ચ.ટી. : આ સાતેય દોષ જેમાં હોય તે વિદ્યાર્થી વિદ્યાથી વંચિત રહે છે માટે વિદ્યાભ્યાસ કરવાવાળાએ આ સાતેય દોષ પ્રયત્ન પૂર્વક ત્યાગ કરવા કહ્યુ પણ છે ''आलस्योपहता विद्या परहस्त गताः स्त्रियः। આળસથી વિદ્યા અને પર પુરૂષ હસ્તક પડેલી સ્ત્રીનો નાશ થઇ જાય છે.'' (ચા.ની. ૫/૭) ''अनभ्यासाच्च वेदानाम्

आचारस्य च वर्जनाम्। आलस्यादन्नदोषाच्च मृत्यु र्विप्रान् जिघांसति॥ વેદોનું પઠન પાઠન નકરવાથી, સદાચારનો ત્યાગ કરવાથી, આળસ કરવાથી અને દુષિતાન્નભક્ષણ કરવાથી વિદ્વાનોને મૃત્યુ કષ્ટ આપે છે.'' ''अनभ्यासेन विद्यानामसंसर्गेण धीमताम्। अनिग्रहेण चाक्षाणां जायते व्यसनंनृणाम्॥ વિદ્યાઓનો અભ્યાસ ન કરવો, બુધ્ધિમાનોની સંગતિનો ત્યાગ કરવો અને ઇન્દ્રિઓને વશમા ન રાખવાથી મનુષ્ય સંકટમાં પડી જાય છે.'' (કાવ્યાલંકાર) ''अन् अभ्यासेन विषं विद्या। અભ્યાસ ન કરવાથી વિદ્યા નષ્ટ થઇ જાય છે.'' (હિતોપદેશ પ્ર. ૨૨) (શ્લોક-૫) હવે વિદ્યાર્થીઓના હિતમાં નીતિકાર તેઓને હિતની વાત બતાવે છે-

<u>શ્લો- ६</u> सुखार्थित: कुतो विद्या

नास्ति विद्यार्थीन: सुखम्।

सुखार्थी वा त्येजेत् विद्या

विद्यार्थी वा त्यजेत् सुखम्॥

<u>શ્લોકાર્થ :-</u> સુખની ઇચ્છાવાળાને વિદ્યા ક્યાથી હોય? અને વિદ્યાની ઇચ્છાવાળાને સુખ ક્યાંથી હોય? માટે સુખની ઇચ્છા રાખનારે વિદ્યાનો ત્યાગ કરવો અને વિદ્યાની ઇચ્છા રાખનારે સુખનો ત્યાગ કરવો.

<u>ચ.ટી. :</u> વિદ્યા ઉપાર્જનને અર્થે અત્યંત પરિશ્રમ કરવો પડે છે એટલે પરિશ્રમ કરનારાને સુખ ક્યાંથી હોય? જે સુખની ઇચ્છા રાખે તેણે વિદ્યાની ઇચ્છાનો ત્યાગ કરવો. કારણ કે વિલાસી જીવન જીવનારાને વિદ્યાથી વંચિત રહેવું પડે છે. માટે સરસ્વતીના ઉપાસકે સુખાદિકનો ત્યાગ કરવો જ જોઇએ. આચાર્ય ચાણક્ય કહે છે. ''सुखार्थी वा त्यजेद्विद्यां विद्यार्थी वात्यजेत् सुखम्। सुखार्थिन: कुतो विद्या विद्यार्थीन:। कुतो सुखम्। જો માનવે વિદ્યા પ્રાપ્ત કરવી હોય તો સુખનો ત્યાગ કરવો જોઇએ. કારણ કે સુખની ઇચ્છા હોય તેને ક્યારેય વિદ્યા પ્રાપ્ત થતી નથી

અને વિદ્યા પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાને ક્યારે સુખ મળતું નથી.'' (ચા.ની. ૧૦/૩) આ સમ્બન્ધમાં છન્દોગ્યોપનિષદ્ માં આવતું દેવરાજ ઇન્દ્ર અને વિરોચનનું ચરિત્ર અવલોકન કરવા યોગ્ય છે.

એક સમયની વાત હતી પ્રજાપતિ બ્રહ્માએ કહ્યુ કે ''આ આત્મા પાપથી રહિત, વૃધ્ધપણાથી રહિત, મૃત્યુ તથા શોકથી રહિત, ક્ષુધા પિપાસાથી રહિત અને સત્યકામ અને સત્ય સંકલ્પ છે, તે આત્માની શોધ કરવી જોઇએ તે જજાણવા યોગ્ય છે. જે તે આત્માને જાણી અનુભવ કરે છે. તે સંપૂર્ણ ભોગને પ્રાપ્ત કરે છે.'' પ્રજાપતિ ના આ વચન શ્રવણ કરી દેવતા અને અસુર બન્ને એ આત્માને જાણવાની ઇચ્છા કરી એટલે દેવતાઓએ દેવરાજ ઇન્દ્ર અને અસુરોએ વિરોચનને પોતાના પ્રતિનિધિ બનાવી પ્રજાપતિ પાસે મોકલ્યા તેઓ બંને હાથમાં સમિધા લઇને વિનય પૂર્વક પ્રજાપતિ પાસે આવ્યા અને ત્યાં આવી તેઓની આજ્ઞાથી બત્રીસ વર્ષ પર્યન્ત બ્રહ્મચર્ય વ્રત પાળી તેઓ પાસે રહ્યા તે પછી એક દિવસ પ્રજાપતિ તેઓ પ્રત્યે બોલ્યા ''હે સુરાસુર! આપે જે કહ્યુ હતુ તે આ આત્મા પાપરહિત, જરારહિત, મૃત્યુ રહિત, શોક રહિત, ક્ષુધાઅને વિપાસાથી રહિત સત્યકામ અને સત્યસંકલ્પ છે. તે જાણવા તથા અનુભવ કરવા યોગ્ય છે, જે તેને જાણે છે તે સંપૂર્ણ લોક અને ભોગને પ્રાપ્ત કરે છે તે આત્મા વિષે અમો જાણવા ઇચ્છિએ છીએ.''

તેઓની વાત સાંભળી પ્રજાપતિ બોલ્યા ''આંખોમાં આજે પુરૂષ દ્વારા-અતન્તર્યામી અન્તર્મુખી દૃષ્ટિવાળાને જએ છે, તેજ આત્મા છે.' આજ અમૃત છે, આજ અભય છે, આજ બ્રહ્મ છે, ઇન્દ્ર અને વિરોચનની બુધ્ધિ અશુદ્ધ હોવાથી તેઓએ આ કથન અક્ષરશઃ જેમનું તેમ ગ્રહણ કર્યુ તેઓ બંને એવું સમજ્યા કે ''નેત્રોમાં જે મનુષ્ય પ્રતિબિંબ પડે છે તેજ આત્મા છે આજ નિશ્ચયને દૃઢ કરવા

માટે તેઓ પુનઃ પ્રજાપતિ પ્રત્યે બોલ્યા કે- 'ભગવન્ જળમાં જે પુરૂષનું પ્રતિબિંબ પડે છે અર્થાત્ જે પુરૂષનું પ્રતિબિંબ દેખાય છે તથા દર્પણમાં શરીરનું પ્રતિબિંબ પડે છે, આ બન્નેમાં તમારા દ્વારા બતલાવેલ બ્રહ્મ કયું છે? શું આ બન્ને એક જ છ?'' ત્યારે પ્રજાપતિ બોલ્યા ''હાહા તે બંને માં જે દેખાય છે તે જ પ્રત્યેક વસ્તુમાં છે માટે આપ આ જળમાં ભરેલા કુંડમાં જઓ અને જો ત્યાં આત્માને ન ઓળખી શકો તો પછી અમોને આવીને પુછજો અમો તમને સમઝાવશું''

પ્રજાપતિના કહેવાથી તેઓએ કુંડમાં પોતાનું પ્રતિબિંબ જોયું. ત્યારે પ્રજાપતિ બોલ્યા 'તમો બંને શું જઓ છો?' ત્યારે તેઓ બંન્ને બોલ્યા 'ભગવન્ ! મુખથી લઇ શિખા પર્યન્ત અમો સમસ્ત આત્માને જોઇએ છીએ.' ત્યારે બ્રહ્માજી પુનઃ બોલ્યા ''સારૂ ત્યારે જાઓ અને શરીરને સ્નાન સારા વસ્ત્ર આભૂષણ પહેરાવો અને ત્યારબાદ પ્રતિબિંબ ને જઓ નખ અને કેશની જેમ આ શરીર પણ આત્મા છે,'' આ વાતને સમઝાવવા માટે પ્રજાપતિએ આમ કહ્યું હતુ. પરંતુ બંને જણાએ પ્રજાપતિની ગૂઢ વાતને સમઝી નહિ. તેઓ બંને સારી રીતે નાહિ ધોઇને વસ્ત્રાલંકારથી પોતાના શરીરને વિભુષિત કરી કુંડ પર આવ્યા અને પોતાનું પ્રતિબિંબ જોવા લાગ્યા ત્યારે પ્રજાપતિએ કહ્યુ ''શું જઓ છો?'' ત્યારે તેઓ બોલ્યા ''ભગવન્! જેમ અમે સુન્દર સુન્દર આભૂષણો ધારણ કરેલા છે તેમ અમારા આ આત્માએ પણ સુંદર સુંદર વસ્ત્ર તથા આભૂષણ ધારણ કરેલા છે.''

તે સમયે પ્રજાપતિએ વિચાર્યુ કે ''અન્તઃ કરણની અશુદ્ધિને કારણે આત્માનું યથાર્થ સ્વરૂપ સ્વરૂપ આ લોકોની સમઝમાં આવતું નથી. સંભવતઃ અમારા વચનોનું મનન કરવાથી આ બંને ના પ્રતિબન્ધક સંસ્કાર દૂર થતા તેઓને આત્માનું યથાર્થ જ્ઞાન થશે'' આમ વિચારી પ્રજાપતિ એ કહ્યું - 'આજ આત્મા છે, આ જ અવિનાશી છે, આજ અભય છે અને આજ બ્રહ્મ છે'

પ્રજાપતિના વચન સાંભલી સંતોષ પામેલા તેઓ બન્ને પોતપોતાના ઘર તરફ ગયા. તેઓને આમ જતા જોઇ પ્રજાપતિ વિચારવા લાગ્યા કે ''આ બિચારાઓ આત્માને જાણ્યા વિના અને તેનો સાક્ષાત્ અનુભવ કર્યા વિના જ જઇ રહ્યા છે. માટે આ દેવ અને અસુરોમાં જે કોઇ પણ આ પ્રતિબિંબના આધાર સ્વરૂપ શરીરને જ બ્રહ્મ માનવાવાળા હશે તેઓનો તો પરાજય થશે.''

પેલી બાજ તો વિરોચન પોતાના જ્ઞાતિ ભાઇઓની પાસે આવી તેના પ્રત્યે બોલ્યો ''હે જના:! આ શરીર જ આત્મા છે કારણ પ્રજાપતિએ શરીરને જ આત્મા બતાવેલો છે એટલે આ શરીર રૂપી આત્મા જ પૂજા કરવા યોગ્ય છે, આજ સેવા કરવા યોગ્ય છે માટે તમો બધા આ આત્માની જ સેવા પૂજા કરો અને તેની સેવાથી જ તમો આલોક પરલોકમાં સુખી થશો.'' (આ દેહાત્માવાદ ને કારણે જે દાન નથી કરતો, સત્ કાર્યમાં શ્રધ્ધા નથી કરતો તથા યજ્ઞાદિ નથી કરતો તેને આજે પણ અસુર કહેવામાં આવે છે. આ દેહાત્માવાદી જ્ઞાનનો પ્રચાર પ્રસાર અસુરો એ જ કરેલો છે અને તેને જ વસ્ત્રાભુષણોથી વિભુષિત કરતા રહે છે અને સમસ્ત જીવન શરીરની સેવા પૂજા કરવામાં જ વ્યતિત કરતા રહે છે. અન્તમાં આવા લોકોમૃત શરીરને પણ વસ્ત્રા ભરણથી વિભૂષિત કરી એવું સમઝે છે કે અમો સ્વર્ગને પરાજિત લઇશું, 'अमुं लोकं जेष्यन्त:'

આ તરફ દેવી સમ્પદાવાળા ઇન્દ્રને સ્વર્ગમાં જતા પહેલા માર્ગમાં વિચાર આવ્યો કે ''પ્રજાપતિ એ તો આત્માને અભય કહેલો છે, પરંતુ આ પ્રતિબિંબ રૂપ આત્માને તો અનેક ભય રહે છે, જ્યારે શરીર વસ્ત્રાલંકારથી વિભૂષિત હોય છે, ત્યારે આ પ્રતિબિંબ પણ તેનું જ હોય છે શરીર પર સુન્દર વસ્ત્ર હશે તો પ્રતિબિંબ પણ સુંદર વસ્ત્ર વસ્ત્રવાળુ દેખાશે, અને શરીર નખ અને કેશથી રહિત હશે તો પ્રતિબિંબ પણ સ્વચ્છ દેખાશે. તેજ પ્રમાણે શરીર અંધ રહેશે, કાળુ હશે,

લંગડૂ હશે તો પ્રતિબિંબ પણ તેવું જ દેખાસે. શરીરનો નાશ થશે તો પ્રતિબિંબનો પણ નાશ થશે એટલે આમા તો અમને આત્મતત્ત્વ જેવું કાંઇ દેખાતુ નથી.'' આ પ્રમાણે વિચાર કરી ઇન્દ્ર પુનઃ સમોત્પાણો થઇ પુનઃ પ્રજાપતિની પાસે ગયા એટલે તેમના પ્રત્યે પ્રજાપતિ બોલ્યા 'દેવરાજ! તમો તે અસુરરાજ વિરોચનની સાથે જ શાંત હ્દયે પાછા ગયા હતા. તો હવે પુનઃ કઇ ઇચ્છાથી આવેલા છો.''

પ્રજાપતિની વાત સાંભળી દેવરાજ બોલ્યા ''ભગવાન! જેવું શરીર હોય છે, એવું જ પ્રતિબિંબ પડે છે શરીર વસ્ત્રાલંકારોથી વિભૂષિત હોય તો પ્રતિબિંદ તેવું જ દેખાય છે. શરીર અંધ અથવા અંગહિન હોય તો પ્રતિબિંબ પણ તેવું જ દેખાય છે શરીર નો નાશ થઇ જાય તેની સાથે પ્રતિબિંબ નો પણ નાશ થઇ જાય છે. અતઃ એવ આમા અમને કોઇ આનંદ દેખાતો નથી.'' ત્યારે પ્રજાપતિ બોલ્યા ''ઇન્દ્ર! એવી વાત છે અને વાસ્તવમાં પ્રતિબિંબ આત્મા નથી. તો અમો તન આત્મા સમ્બન્ધિ વાત પછી સમઝાવશુ. પણ હાલમાં તમો અહીજ રહ્યા થકા બત્રિશ વર્ષ બ્રહ્મચર્યનું પાલન કરો.'' દેવરાજ ઇન્દ્ર પુનઃ બત્રિશ વર્ષ પર્યન્ત બ્રહ્મચર્ય પાળતા થકા ત્યાં રહ્યા. ત્યારે પ્રજાપતિ પુનઃ તેમના પ્રત્યે બોલ્યા કે 'દેવરાજ! જે આ સ્વપ્નમાં પૂજિત થઇ વિચરે છે, સ્વપ્નમાં અનેકો ભોગને ભોગવે છે, તે જ આત્મા છે, તે જ અભય છે, તે જ અમૃત છે તે જ બ્રહ્મ છે.'

આ પ્રમાણેની પ્રજાપિતની વાત સાંભળી દેવરાજ ઇન્દ્ર શાન્ત હ્દયથી પોતાને કૃતાર્થ સમજી ત્યાંથી જતા રહ્યા પરંતુ દેવતાઓની પાસે પહોંચતા પહેલા જ તેઓ વિચાર કરવા લાગ્યાં કે ''સ્વપ્નના દૃષ્ટા આત્મામાં પણ દોષ છે. યદ્યપિ શરીર અંત થતા આ સ્વપ્નદૃષ્ટા અન્ધ થતો નથી, શરીર વ્યાધિ પીડિત થતા આ પીડા પામતો નથી, શરીરના દોષથી આ દુષિત થતો નથી, શરીરના વધથી આનો વધ થતો નથી, છતા પણ આ નાશ થતો રહે છે, ભાગતો રહે છે, શોક ગ્રસ્ત

થતો રહે છે, અને રડતા જેવો દેખાય છે આમાંથી મને આમા કોઇ આનંદ દેખાતો નથી'' આ પ્રમાણે વિચારી દેવરાજ પુનઃ હાથમાં સમિધા લઇને પ્રજાપતિની સમીપમાં આવ્યા અને પ્રજાપતિ દ્વારા પુછાતા તેઓને પુનઃ પોતાની શંકા વ્યક્ત કરી ત્યારે પ્રજાપતિ એ કહ્યું ''ઠીક! આ જ વાત છે, સ્વપ્ન નો દ્રષ્ટા પણ આત્મા નથી, તો અમો તને પુનઃ ઉપદશ કરશુ, તો તમો પુનઃ અહીં બત્રીશ વર્ષ પર્યન્ત બ્રહ્મચર્યવ્રત પાડતા થકા અહીં નિવાસ કરો તે પછી ઇન્દ્ર ત્રીજી વખત બત્રીશ વર્ષ પર્યન્ત બ્રહ્મચર્યવ્રત પાડતા થકા ત્યાં રહ્યા.

તે પછી પ્રજાપતિ તેના પ્રત્યે બોલ્યા ''જેમાં આ જીવ નિદ્રાને પ્રાપ્ત કરી સંપૂર્ણ વ્યાપાર શાન્ત થઇ જવાને કારણે સમ્પૂર્ણ રીતીએ નિર્મળ અને પૂર્ણ થાય છે, તથા સ્વપ્નનો પણ અનુભવ કરતો નથી એ જ આત્મા છે, અભય છે, અમૂલ છે આ જ બ્રહ્મ છે.'' આત્માનું યથાર્થ સ્વરૂપ સમજમાં આવી ગયું એ પ્રમાણે માની ઇન્દ્ર દેવ સ્વર્ગ તરફ ગયા. પરંતુ દેવતાઓની પાસે પહોંચે એ પહેલા જ તેઓ માર્ગમાં વિચાર કરતા તઓને સુષુપ્તિ અવસ્થામાં પડેલા જીવને આત્મા સમઝવામાં દોષ દેખાયો તેઓએ વિચાર્યુ- ''સુષુપ્તિ અવસ્થામાં જાગૃત તથા સ્વપ્નની જેમ જ 'આ હું છ' એમ પોતાને નથી જાણતો અને ન તો ભૂતોને જાણે છે પ્રત્યુત આમા તો વિનાશ ને જ પ્રાપ્ત થાય છે. અર્થાત્ સુષુપ્તિ અવસ્થાનું સુખ પણ નિરંતર ભોગવાતુ નથી, એટલે આમાં પણ અમને કોઇ આનંદ દેખાતો નથી.'' આ પ્રમાણે વિચાર કરી ઇન્દ્ર પુનઃ સમિત્પાણિ થઇ પુનઃ પ્રજાપતિ પાસે આવ્યો. તેને જોઇ પ્રજાપતિ બોલ્યા 'દેવેન્દ્ર! તમો તો શાન્ત હૃદયથી જતા રહ્યા હતા તો પછી પાછા આપવાનું શુ કારણ છે?' ત્યારે દેવરાજ બોલ્યા ''ભગવન્! આ સુષુપ્તિમાં સ્થિત આ આત્મા જાગ્રત અને સ્વપ્નમાં જેવો પોતાને જાણે છે તેવો તે 'હું આ છ' આ પ્રમાણે નથી જાણતો. તે ત્યાં ભૂતોને પણ નથી જાણતો અને તે અવસ્થામાં તેનો

વિનાશ પણ થઇ જાય છે એટલે અમો આમાં કંઇ આનંદનો અનુભવ કરતા નથી.''

દેવરાજની વાત સાંભળી પ્રજાપતિ બોલ્યા- ''દેવરાજ! ભલે! આપના કહ્યા પ્રમાણે સુષુપ્તિમાં પડેલો જીવ એ વાસ્તવમાં આત્મા નથી તો એ સંબંધમાં અમો તમને પુનઃ ઉપદેશ આપશું પણ આપ પુનઃ અહીં પાંચ વર્ષ પર્યન્ત રહી બ્રહ્મચર્યનું પાલન કરતા થકા નિવાસ કરો.'' આમ ત્રણવખત બત્રીશ વર્ષનું બ્રહ્મચર્ય વ્રત પાલન કરાવ્યા બાદ પુનઃ થોડો ઘણો શરીરનો મળ કઢાવવા પ્રજાપતિએ પુનઃ દેવરાજ પાસે પાંચ વર્ષ પર્યન્ત બ્રહ્મચર્ય પળાવ્યુ. આમ પુરા એકસો ને પાંચ વર્ષ પર્યન્ત બ્રહ્મચર્ય વ્રત પાલન કર્યા બાદ પ્રજાપતિ બ્રહ્માજી દેવરાજ પ્રત્યે બોલ્યા ''દેવેન્દ્ર! આ શરીર મર્ત્ય છે. સર્વદા મૃત્યુથી ગ્રસ્ત છે, તો પણ તે અમૃતરૂપ તથા અશરીરી આત્માનું અધિષ્ઠાન (રેહવાનું અને ભોગ ભોગવવાનું સ્થાન) છે. આ શરીરો આત્મા જ્યારે અવિવેકથી સશરીર અર્થાત્ શરીરમાં આત્મા ભાવ રાખવાવાળો હોય છે. ત્યારે જ તે સુખ દુઃખનો ભાગી થાય છે. જ્યાં સુધિ દેહાત્મ બોધ છે ત્યાં સુધિ સુખ દુઃખથી છટકારો મળતો નથી. વિજ્ઞાનથી જેનો દેહભાવ નષ્ટ થઇ ગયો છે તે અશરીરીને નિઃસંદેહ સુખદુઃખ ક્યારેય સ્પર્શ કરી શકતુ નથી.'' તદન્તર વાયુ, આભ્ર અને વિદ્યુતાદિનું દૃષ્ટાંત આપી અન્તમા પ્રજાપતિએ કહ્યુ ''આ શરીરમાં જેહું જોઇ રહ્યો છ, આવી રીતે જાણુ છ તે આત્મા છે અને નેત્ર તેના રૂપના જ્ઞાનનું સાધન છે જે આ ગંધને સુંગુ છ એને જાણુ છ એજ આત્મા છે અને ગંધના ગુણ માટે નાસિકા છે. જે આ વાણીનુ ઉચ્ચારણ કરુ છ, એને જાણ છ તે આત્મા છે અને તેના ઉચ્ચારણ માટેવાણી છે જે હું સાંભળું છે તે આત્મા છે અને તેના સાંભળવા માટે શ્રોત છે. જે જાણે છે કે હું આત્મા છ તે આત્મા છે અને મન તેનું દૈવી ચક્ષુ છે. પોતાના સ્વરૂપને પ્રાપ્ત મુક્ત તે અપ્રાકૃત

ચક્ષુરૂપી મન દ્વારા આ ભોગોને જ જોતો થકો આનંદને પ્રાપ્ત કરે છે. એજ આત્મા સ્વરૂપ છે.''

આ પ્રમાણીની વાત સાંભળી દેવરાજ આનંદમાં આવી ગયા અને પ્રજાપતિનું પૂજન કરી દેવલોકમાં આવ્યા અને તેઓએ દેવતાઓને આત્મા અનાત્માનો યથાર્થ ઉપદેશ આપ્યો તે પછી દેવતાઓએ આ આત્મ તત્વની આરાધના કરી જેનાથી તેઓને સ્વર્ગલોક અને સમ્પૂર્ણ ભોગોની પ્રાપ્તિ થઇ (છાન્દોગ્ય ઉપનિષદ)

આમ જે મુમુક્ષુના મનમાં તીવ્ર જીજ્ઞાસા અને અટલ શ્રધ્ધા હોય તેને જ સાચુ જ્ઞાન પ્રાપ્ત થાય છે. સ્વર્ગના દુર્લભ ભોગોનો ત્યાગ કરી એકસોને પાંચ વર્ષ પર્યતન્ત બ્રહ્મચર્યનું પાલન કર્યા બાદ જ દેવરાજ ઇન્દ્ર ને પ્રજાપતિ એ વાસ્તવિક આત્મ તત્વનોઉપદેશ આપ્યો અને પછીજ દેવોને આત્મ તત્વનું જ્ઞાન થયું. માટે વિદ્યાનીઇચ્છાવાળા વિદ્યાર્થી એ દેવરાજ ઇન્દ્રની જેમ ભોગાદિકનો ત્યાગ કરવો અત્યંત જરૂરી છે તો જ તેના મનમાં સરસ્વતિ સમાહિત થઇ શકશે (શ્લોક-૭)

હવે નીતિકાર કોણ કોનાથી તૃપ્ત થતુ નથી તેનું વર્ણન કરે છે-

શ્લો- ૭ अग्निस्तृप्यति काष्ठानां

नापगानां महोदधिः।

नान्तकः स्र्वभूतानां

न पुंसां व्राम लोचना॥

શ્લોકાર્થ :- અગ્નિ લાકડાથી તૃપ્ત થતો નથી, મહા સમુદ્ર નદીઓથી તૃપ્ત થતો નથી. મૃત્યુ સર્વ પ્રાણીઓથી તૃપ્ત થતુ નથી અને સ્ત્રી પુરોષોથી તૃપ્ત થતી નથી.

ચ.ટી. : જેમ કાષ્ટ અગ્નિમાં નાખવાથી તે શાંત થતો નથી પણ વધુ પ્રજ્વલિત થાય છે ભૂતલ પર નવસોને નવ્વાણું સરિતાઓ છે તે બધી જ સમુદ્રમાં

સમાય જાય છે છતા સમુદ્રને તૃપ્તિ થતી નથી. મૃત્યુ દેવતાને પરમાત્માએ પ્રાણિઓના સંહારના કાર્યમાં નિયુક્ત કરેલા છે અને અનંત કાળથી તે આ કાર્યપર નિયુક્ત છે છતા તેઓને આ કાર્યથી તૃપ્તિ થઇ જ નથી તેમ કામ ઉપભોગ કરવાથી શાંત થતો નથી પણ તે ઉપભોગ કરવાથી વૃદ્ધિ પામતો રહે છે. સ્ત્રીઓ પુરૂષથી તૃપ્ત થતી નથીઅને કામપિશાચો સ્ત્રીઓથી તૃપ્ત થતા નથી એટલે માટે આપ્તજનો એ સ્ત્રીઓને પાતિવ્રત્યનો અને પુરૂષને એક પત્ની વ્રતનો ઉપદેશ આપેલો છે જેથી કામના વેગની રોકો માનવ શાંતિનો અનુભવ કરી શકે મહર્ષિ પુલસ્ત કહે છે- ''कामं कामयमानस्य यदिकाम: समृध्यति। अथैनमपर: कामो भूयो विद्यति बाणवत्॥ न जातु: काम: कामानामुप भोगेन शाम्यति। हविषाकृष्णवर्त्मेव भूय एवाभिवर्धते॥ कामान भिलषन्मोहन्न नर: सुखमेधते॥ કોઇ કામનાની પૂર્તિ ઇચ્છનારા મનુષ્યની જો એક કામના પૂર્ણ થાય તો બીજી નવી કામના ઉત્પન્ન થઇ તેને બાણની જે વિંધવા લાગે છે. ભોગોની ઇચ્છા ઉપભોગ દ્વારા શાંત થતી નથી, પરંતુ ઘી નાખવાથી પ્રજ્વલિત થવાવાળી અગ્નિની જેમ તે વધુનેવધુ વધતી જ રહે છે. ભોગોની અભિલાષા રાખવાવાળો મનુષ્ય ક્યારેય પણ સુખ પામતો નથી.'' (પદમ/સૃષ્ટિ/અ.૧૯/શ્લો ૨૬૨-૨૬૪) (શ્લોક-૭) હવે વિદુરજી ધૃતરાષ્ટ્રને કોણ કોનો નાશ કરે છે તે વાતને કહે છે.

(૧૨૩) નાશ કરનાર વસ્તુ :-

શ્લો- ૮ आशाधृति हन्ति समृद्धिमन्तक:

क्रोध: श्रियंहन्ति यश: कदर्यता।

अपालनं हन्ति पशूंश्च राजन्

नेको क्रुद्धो ब्राह्मणो हन्ति राष्ट्रम्॥

શ્લોકાર્થ :- હે રાજન્! આશા ધૈર્યનો નાશ કરે છે કાળ સમૃધ્ધિનો નાશ કરે છે, ક્રોધ લક્ષ્મીનો નાશ કરે છ. કૃપણતા યશનો નાશ કરે છે, અરક્ષણ પશુઓનો નાશ કરે છે અને કોપયમાન થયેલો એક બ્રાહ્મણ સંપૂર્ણ રાષ્ટ્રનો નાશ કરે છે.

ચ.ટી. : ઇતિહાસ સાક્ષી છે કે વેશ્યા પિંગળાની આશાએ તેના ધૈર્યનો નાશ કરી દીધો, રાજા નદનું નાણું કાળના મુખમાં સ્વાહા થઇ ગયુ. નલ કુબેર અને મણિગ્રીવને અપાયેલા શાપથી દેવર્ષિ નારદની તપસ્યા- લક્ષ્મી ક્ષીણ પ્રાય થઇ ગઇ ઉજ્જૈન નિવાસી કદર્યની કૃપણતાને તેના યશને સમાપ્ત કરી દીધો ગાયની રક્ષામાં પ્રમાદ કરવાથી અને અજાણતા તેને વધ કરવાથો વૈવસ્વત મનુના પુત્ર પૃષધ્ર જે ગુરૂ વશિષ્ટના શાપથી શુદ્રત્વ પ્રાપ્ત કરવું પડયુ અને એકજ વિપ્ર શ્રેષ્ઠ પરશુરામે પોતાના પિતાના વધના નિમિત્તથી અકવિસ વખત ક્ષત્રિયોનો સંહાર કરેલો. એકાકી ક્રોધિત થએલા ચાણક્યએ મહાબલશાળી નંદ વંશનો નાશ કરીમોર્ય વંશની સ્થાપવના કરી ચંદ્રગુપ્તને મગધના સિંહાસન પર આરૂઢ કર્યો બ્રહ્મ વર્ચસ્વ સમ્પન્ન બ્રહ્મા પુત્ર વશિષ્ટે સમ્પૂર્ણ સેના સહિત વિશ્વામિત્રના દિવ્યસ્ત્રનો ઉપસંહાર કરી દીધો. બધાજ કુરૂવીરોની સામે ભારદ્વારજ પુત્ર દ્રોણ દેવરાજ ઇન્દ્રની સમસ્ત સંપત્તિ ને નષ્ટોનાબુત કરી દીધી. એકાકી મહિર્ષ ગૌતમે દેવરાજ ઇન્દ્રને શાપ આપી કુરૂપી બનાવી દીધા. આ બધુ એકાકી બ્રાહ્મણે જ કરેલુ એટલે માટે બ્રાહ્મણ રાષ્ટ્રના ઉન્નાયક અને ક્રોધિત થતા વિધ્વંસક પણ થઇ શકે છે. માટેજ સ્વામિનારાયણ કહે છે - 'राजानो राजलक्ष्म्यान्धानात्मपाते भगवान प्रचक्षते। निरयंयेऽभिमन्यन्ते ब्रह्मस्वं साधु बालिशाः॥ જે રાજાઓ મદથો અંધ થઇ બ્રહ્મધનને સાધુ સમુચિત ભોગ્ય માને છે તે આ અજ્ઞો પોતાના નરકને જ માને છે તેઓ અન્ધ હોવાથી આત્મ નાશને જોતા નથી.'' (સ.જી. ૨/૪૯/૩૮) '' दुर्वे दावासुवेदा वा प्राकृताः संस्कृतास्तया। ब्राह्मणानावमन्तव्या भस्मच्छन्ना इवाग्नयः॥

બ્રાહ્મણ દુર્વેદ- યથાર્થ વેદને નહિ ભણેલા અને નહિ ભણાવનારા કે સુવેદ- યથાર્થ વેદને ભણલો કે ભણાવનારો હોય, પ્રાકૃત કે સંસ્કૃત-વેદાર્થ જ્ઞાને રહિત કે વેદાર્થ જ્ઞાને સહિત હોય તે આ બ્રાહ્મણો ભસ્મથી ઢંકાયેલા નિગૂઢ તેજસ્વી અગ્નિ ઓની પેઠે ગુપ્ત બ્રહ્મ તેજવાળા હોવાથી અવજ્ઞા કરવા યોગ્ય નથી.'' (સ.જી. ૨/૪૯/૪૭) ગોસ્વામી પણ કહે છે ''તિન્હે કે કોપન કોઉરખવાસ -જેના પર બ્રાહ્મણ કોપે તેનું રક્ષણ કોઇથી કરી શકાતુ નથી.'' (રા.મા. બા. ૧૬૫/૨) માટે બ્રાહ્મણની અવજ્ઞા ક્યારેય ન કરવી (શ્લોક-૮) હવે ગૃહસ્થના ઘરનાં કંઇ વસ્તુ રહેવી જોઇએ તેનું વર્ણન કરાય છે-

(૧૨૪) મંગળ વસ્તુઓ :-

શ્લો- ૯ अजाश्च कांस्यं रजतं च नित्यं

मध्वाकर्षः शकुनिः श्रोत्रियश्च।

वृद्धोज्ञातिरवसन्नः कुलीन

एतानि ते सन्तु गृहे सदैव॥

શ્લોકાર્થ :- હે રાજન્! બકરાં, કાંસું, રૂપું, મધ, વિષ ચૂસનારૂં મહોરૂં, પક્ષી, વૈદિક બ્રાહ્મણ, વૃધ્ધ જ્ઞાતિ જન અને પડતી માં આવેલો કુલીન, આટલા પદાર્થો તમારા ઘરમાં- ગૃહસ્થના ઘરમાં સદૈવ રહો.

ચ.ટી :- નીતિકાર કહેલ આ બધા પદાર્થો દરેક ગૃહસ્થાના ઘરે હોવા જોઇએ. જેનાથી કોઇનું પણ કલ્યાણ થઇ શકે છે. વેદવિદ્ બ્રાહ્મણ માનવને અધર્મ પથમાંથી નિવૃત્ત કરી ધર્મ માર્ગ પર આરૂઢ કરે છે, કુળ વૃધ્ધનું અનુશાસન સ્વિકારણીય હોય છે. કુલીન હોય કષ્ટ પામેલાને આશ્રય આપવાથી તે હંમેશા પોતાનું હિત ઇચ્છનારો થસે માટે આ બધાને રાખવાથી ગૃહસ્થનું કલ્યાણ થશે. (શ્લોક-૯) હવે નીતિકાર ગૃહસ્થાશ્રમના પ્રધાન ધર્મ પણે માનેલ અતિથિ સત્કાર

માટે ગૃહસ્થને પોતાના ઘરમાં કંઇ કંઇ વસ્તુઓનો સંગ્રહ કરવો તેનો ઉપદેશ આપે છે- ગૃહસ્થના ઘરનાં કંઇ વસ્તુ રહેવી જોઇએ તેનું વર્ણન કરાય છે-

શ્લો- ૧૦ अजोक्षा चन्दनं वीणा

आदर्शो मधुसर्पिषी।

विषमौदुम्बरं सङ्खः

स्वर्णनाभोऽथराचना॥

શ્લો- ૧૧ गृहे स्थापयितव्यानि

धन्यानि मनुरब्रवोत्।

देव ब्राह्मण पूजार्थ

मतिथीनां च भारत्॥

શ્લોકાર્થ :- હે ભારત! બકરો, બળદ, ચંદન, વીણા, અરસો, મધ, ઘી, લોઢું, તાંબાનું પાત્ર, દક્ષિણાવર્તશંખ, શાલિગ્રામ અને ગૌરચન આટલી મંગલકારક વસ્તુઓ દેવ બ્રાહ્મણ તથા અતિથિઓની પૂજાને માટે ઘરમાં રાખવી એમ આદી સમ્રાટ બ્રહ્માજીના પુત્ર એવા સ્વાયંભૂવ મનુનું કહેવું છે.

ચ.ટી :- મનુ મહારાજે કહેલી આ બધી વસ્તુઓ સમૃતિ ધોતક તથા સમય પર કામમાં આવવાવાળી વસ્તુઓનો સંગ્રહ છે. જેનાથી અનેકો પ્રકારની સમસ્યાનું સમાધાન થતું હોય છે. અતઃ ગૃહસ્થના ઘરે આ સંગ્રહણીય મનાઇ છે. (શ્લોક-૧૧) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને સર્વોત્તમ વાત કહે છે -

શ્લો- ૧૨ इदं च त्वां सर्वपरं ब्रवीमि

पुण्यं पदं तात महाविशिष्टम्।

न जातु कामान्न भयान्न लोभाद्

धर्मं जह्याज्जीवितस्यापिहेतोः॥

<u>શ્લોકાર્થ :-</u> હે તાત! અમો તમોને આ સર્વોત્તમ, પુણ્યદાયક અને મંગળદાયી વાત કહીએ છીએ કે કામ, ભય કે લોભથી જીવિત ને માટે પણ કદી ધર્મનો ત્યાગ કરવો નહિ.

<u>ચ.ટી :-</u> '' धर्मो रक्षित रक्षितः' અર્થાત્ ધર્મની રક્ષા કરતા ધર્મ માનવની રક્ષા કરે છે પૂર્વે થયેલા માહાત્માઓએ પોતાના પ્રાણ જીવન અને સંપતિ ને પણ દાવ પર લગાવી ધર્મની રક્ષા કરેલી હતી આ સન્દર્ભમાં ભગવાન શ્રીરામના પ્રવિતામહઃ સમ્રાટ દિલીપના જીવનનો એક પ્રસંગ અવલોકન કરવા યોગ્ય છે. વાત એવી હતી કે રાજર્ષિ દિલીપ ધર્માત્મા અને પ્રજાપાલક રાજા હતા. તેઓના રાજ્યમાં ચારેય વર્ણના લોકો તેઓના રાજ્ય શાસનથી સંતુષ્ટ હતા મહારાજને અનેકો પ્રકારનું સુખ હતુ. પરંતુ એક જ વાતનું દુઃખ હતુ તેઓને કોઇ સંતાન ન હતુ. એટલે તેઓ પોતાની ભાર્યાને લઇને વશિષ્ટ ઋષિના આશ્રમમાં આવ્યા અને તેઓએ પોતાના આવવાનું કારણ મહર્ષિને જણાવ્યું.

તદન્તર મહષિંએ પોતાની દિવ્ય દૃષ્ટિથી જોઇ રાજાને કહ્યુ ''રાજન્! એક દિવસ તમો દેવાસુર સંગ્રામમાં દેવતાઓની સહાય કરવા ગયા હતા. ત્યાંથી જ્યારે તમો પાછા આવતા હતા ત્યારે માર્ગમાં સુરનન્દિની કામધેનુ ઉભી રહી હતી તમારી દૃષ્ટિ સામે હોવા છતા પણ તમારી દૃષ્ટિ તેના પર પડી નહિ એટલે તમોએ તેને પ્રણામ ન કર્યા. કામધેનુએ આને તમારો અવિનય સમઝીને તમોને સન્તાન હીનતાનો શાપ આપ્યો તે સમયે આકાશ ગંગાનો ઘણો તીવ્રનાદ થતો હોવાથી તે શાપ તમોને સંભળાયો નહિ માટે તે શાપ તાળવાનો એક જ ઉપાય છે કે આપ કામધેનું ગાયને કોઇપણ પ્રકારે પ્રસન્ન કરો. કામધેનું ગાય તો હમણા અહીં નથી પણ તેનું વાછરડુ અમારા આશ્રમમાં છે, તો આપ તેની સેવા કરો. ભગવાનની ઇચ્છા હશે અને કામધેનુ ની કૃપા થશે તો તમારો મનોરથ શીઘ્ર પૂર્ણ થશે.''

આ પ્રમાણે ગુરૂદેવની વાત શ્રણવ કરી તેઓની આજ્ઞા શીરો ધાર્ય કરી રાજા પોતાની મહારાણી સાથે ગાયની સવામાં લાગી ગયા. તેઓ પ્રાતઃ કાળે ઉભા થઇ પોતાના હાથે વાછરડાને દૂધ પાન કરાવતા, ઋષિ ના હવન માટે દૂધને દોહતા અને પછી ગાયને લઇ તેને ચરાવવા માટે વનમાં જતા ગાય જ્યાં જતી રાજા તેની પાછળ જતાં, તે બેસે ત્યારે બેસતા અને તેના શરીરને પંપાળતા લીલલીલુ કુણુ ઘાસ કાપી તેને ખવડાવતા હતા સારાંશ એ કે રાજા છાયાની જેમ ગાયની પાછળ રહેતા હતા. આમને આમ ગાયની સેવા કરતા રાજાના એકવિશ દિવસ વ્યતિત થઇ ગયા અને દિવસની વાત હતી રાજા દિલીપ ગાયની પાછળ પાછળ જઇ રહ્યા હતા, ત્યારે ગાય ગહનવનમાં જતી રહી. રાજા પણ તેની પાછળ પાછળ ધનુષ દ્વારા લતાઓને હતાવતા થકા એક વૃક્ષ પાસે આવ્યા આવીને તેઓએ જોયું કે તે ગાય ઉપર એક સિંહ તેનો દબોચિને બેઠેલો છે અને તે ગાયનો વધ કરવા ઇચ્છે છે.

આ પ્રમાણેની સ્થિતિ જોઇ મહારાજે પોતાના તૃણીર માંથી બાણ કાઢયું અને સિંહ પર જેવા તેઓ છોડવા તૈયા થયા ત્યાંજ તેઓનો હાથ જડવત થઇ ગયો. હવે તેઓ શુ કરે તેઓ અત્યંત દીન ભાવે સિંહ પ્રત્યે બોલ્યા ''આપ કોઇ સામાન્ય સિંહ નથી પણ કોઇ દેવતા લાગો છો, માટે કૃપા કરી આપ આ ગાયને છોડી દો અને તેના બદલામાં આપ અમોને જે આજ્ઞા આપશો તે અમો કરવા તૈયાર છીએ.'' રાજાની વાત સાંભળી સિંહ બોલ્યો ''હે રાજન્! આ વૃક્ષ માતા પાર્વતિને અત્યંત પ્રિય છે અને ભગવાન શંકરે આને પોતાની ઇચ્છાથી ઉત્પન્ન કરી આની રક્ષામાં અમોને નિયુક્ત કરેલા છે અને અહીં જે કોઇ આવે તેને તેઓએ અમારો આહાર નક્કી કરેલો છે, આજે આ ગાય અહીં આવેલી છે એટલે

તેનું ભક્ષણ કરી અમો અમારા ઉદરની પૂર્તિ કરશુ માટે આ વિષયમાં આપ કંઇપણ કરી શકશો નહિ.''

સિંહની વાત સાંભળી મહારાજ દિલિપ સિંહ પ્રત્યે બોલ્યો ''હે મૃગેન્દ્ર! આ ગાય અમારા ગુરૂદેવ વશિષ્ટની છે, અમો તેના બદલામાં બીજ કંઇપણ આપવા તૈયાર છીએ, આપ અમારૂ ભક્ષણ કરી જાવ પણ આને છોડી દેવ'' સિંહે રાજાને ઘણું સમજાવ્યા ''આપ મહારાજ છો, પ્રજાના પ્રાણ છો, ગુરૂને આવી લાખો ગાયો આપી સન્ટુષ્ટ કરી શકો છો.'' પરંતુ મહારાજે તેની એકપણ વાત સાંભળી નહિ. અન્તમાં સિંહ તૈયાર થયો એટલે મહારાજ ધનુષ બાણ એકબાજ મૂકી ભૂમિ પર બેસી ગયા થોડા સમય બાદ રાજાએ જોયું કે ત્યાં સિંહ ન હતો અને ન તો પેલુ વૃક્ષ હતુ પણ તે સ્થાન પર કામધેનું ગાય ઉભી હતી. તે રાજા પ્રત્ય બોલી 'રાજન્! અમો તમારા પર અત્યંત પ્રસન્ન થયા છીએ, આ બધી મારી જ માયા હતી માટે આપ અત્યારે જ અમારૂ દૂધ દોહી પાન કરો, તમારે ત્યાં એક પુત્ર રત્નનો જન્મ થશે'.

કામધેનુની વાત સાંભળી દિલીપ રાજા બોલ્યા ''દેવી! તમારી આજ્ઞા શીરોધાર્ય છે, પરંતુ જ્યાં સુધિ તમારૂ વાછરડુ તમારૂ દુગ્ધપાન કરી ન કરી લે તથા ગુરૂના યજ્ઞ માટે દૂધ ન દોહવાય અને જ્યાં સુધી અમારા ગુરૂની આજ્ઞા ન થાય ત્યાં સુધી અમો કેવી રીતે દુગ્ધ પાન કરી શકીએ'' આ પ્રમાણે રાજાની ધર્મ યુક્ત વાણી સાંભળી કામધેનું અત્યંત સન્તુષ્ટ પામી અને તે પછી ગાય મહારાજની આગળ આગળ ચાલતી વશિષ્ટજીના આશ્રમમાં આવી. સર્વજ્ઞ ઋષિતો પ્રથમથી જ બધુ જાણતા હતા મહારાજ દિલિપે બધી વાત ગુરૂદેવને કરી. ત્યારે ગુરૂદેવ પ્રસન્ન થઇને બોલ્યા ''રાજન્! તમારો મનોરથ અવશ્ય પૂર્ણ થશે ગાયની કૃપાથી તમારે ત્યાં એક સર્વગુણ સંપન્ન પુત્રનો જન્મ થશે અને આગળ

તમારો વંશ પણ તેના નામથી ચાલશે. નિયત સમય પર ઋષિએ નન્દનીનું દૂધ રાજા અને રાણીને આપ્યુ રાજા અને રાણીએ દુગ્ધ પાન કર્યુ અને પછી તેઓ પોતાની રાજધાનીમાં આવ્યા અને સમય જતા રાણીના ગર્ભ થકી એક પુત્રનો જન્મ થયો જે બાળકની કીર્તિને લઇ જે કુળ ઇશ્વાકુકુળના નામથીઓળખાતુ હતુ જે રઘુકુળના નામથી ઓળખાવા લાગ્યુ. અને સમય જતા આજ કુળમાં અનંત કોટી બ્રહ્માંડ નાયક શ્રીમન્નારાયણ શ્રીરામ રૂપે પ્રગટ થયા અને રઘુકુળમાં પ્રગટ થયા હોવાથી ભગવાન શ્રીરામનું પણ રાઘવ એવું અપરનામ પડેલું (રઘુવંશ/સર્ગ-૧)

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે રાજા દિલિપે પોતાના પ્રાણોની પણ પરવા ન કરી ગૌરક્ષા રૂપ ધર્મનું પાલન કર્યુ તો તેઓ કામધેનું ગાયની કૃપાનું પાત્ર થયા. કામધેનુંએ તેને તેના ધર્મમાંથી ચલાયમાન કરવા ના ઘણા પ્રયાસ કર્યા પણ રાજા પોતાના ધર્મમાં સ્થિત રહ્યા માટે માનવે ક્યારેય પણ ધર્મનો ત્યાગ ન જ કરવો. મનુ મહારાજ કહે છે. ''धर्म एव हतो हिन्त धर्मो रक्षित रक्षितः। तस्माद्धर्मो न हन्तव्यो मानो धर्मो हतो वधीत्॥ ઉલ્લંઘન કરેલો ધર્મ જ વ્યક્તિને નષ્ટ કરી દે છે અને ધર્મ પાલનથી રક્ષિત ધર્મ જ મનુષ્યને સુરક્ષિત રાખે છે અતઃ 'નષ્ટ કરાયેલો ધર્મ આપણે નષ્ટ ન કરે' આ ભાવથી ધર્મનો ત્યાગ ન કરવો.' (મનુ. ૮/૧૫) ''अधर्म प्रभवं चैव दुःख योगं शरीरिणा। धर्मार्थप्रभवं चव सुख संयोग मक्षयम्॥ શરીર ધારીઓના બધા દુખઃ અધર્મથી થાય છે અને અક્ષય સુખનો અનુભવ ધર્મથી જ થાય છે.'' (માટે ધર્મનો ત્યાગ ન કરવો. મનુ. ૬/૪૬) મહાત્મા સ્કન્ધ કહે છે ''धर्मात् सुखं च ज्ञानं च यस्मादु भयमाप्नुयात्। तस्मात् सर्वं परित्यज्य विद्वान धर्मं समाचरेत्। ધર્મથી સુખ અને જ્ઞાન બંને પ્રાપ્ત થાય છે. એટલે માટે બધુ ત્યાગ કરીને વિદ્વાનો ધર્મનું આચરણ જ કરવું જોઇએ.'' (સ્કં. પુ.) ગંગાપુત્ર ભીષ્મ

કહે છે- ''पुलाका इव धान्येषु पूतिका इव पक्षिषु। मशका इव मर्त्येषु येषां धर्मो न कारणम्॥ જે ધર્મની ઉપેક્ષા કરે છે, તે અનાજમાં પુલાક નામના નિષ્કૃષ્ટ અન્નની સમાન પક્ષિઓમાં પાંખ વગરના દિપક સમાન અને અન્ય પ્રાણિઓમાં મચ્છર સમાન હોય છે.'' (મહા. શા-૧૮૧/૭) વિષ્ણુ શર્મા કહે છે. ''नाच्छादयति कौपीनं नदंशमशकापहम्। शुनः पुच्छमिव व्यर्थं पण्डित्यं धर्मवर्जितम्॥ કૂતરાની પુછડી ન તો અંગને ઢાકી શકે છે અને ન તો માખી અને મચ્છરને ઉડાવી શકે છે. જે પ્રમાણે તે વ્યર્થ છે, એજ પ્રાણે ધર્મથી રહિત વિદ્યતા પણ સારહિત છે.'' (પંચ.કાકો. ૯૪) અન્ય સ્થાન પર પણ કહ્યું છે- ''एक एव सुहृद् धर्मो निधनेऽप्यनुयातियः। शरीरेण समं नासं सर्वमन्यत्त गच्छति॥ પ્રાણિમાત્રનો એક સાચો સજગ સાથી ધર્મ જ છે, જે મૃત્યુ પછી પણ તેનું અનુશરણ કરે છે ધર્મને છોડી બધી વસ્તુઓ શરીર સાથે જ નષ્ટ થઇ જાય છે.'' (શ્લોક-૧૨) પુનઃ વિદુરજી ધર્મની જ શ્રેષ્ઠતા બતાવતા કહે છે-

(૧૨૬) અવિનાશીનો આશ્રય :-

શ્લો- ૧૩ नित्यो धर्मः सुखदुःखे त्वनित्ये

जीवो नित्यो हेतुरस्य त्वनित्यः।

त्यक्तवाऽनित्यं प्रतिष्ठिस्व नित्ये

सन्तुष्य त्वं तोष परोहिलाभः॥

શ્લોકાર્થ :- ધર્મનિત્ય છે અને સુખ દુઃખ અનિત્ય છે, કેમ કે જીવ નિત્ય છે અને તેના કારણ રૂપ અવિદ્યા અજ્ઞાન અનિત્ય છે માટે તમો અનિત્યનો ત્યાગ કરીને નિત્ય વસ્તુમાં નિષ્ઠા રાખો અને સંતુષ્ટ રહો, કારણ કે સંતોષ એ સૌથી મોટો લાભ છે.

<u>ચ.ટી :-</u> '' संतोष एव सुखस्य परं निदानम् અર્થાત્ સંતોષ જ સુખનું પરમ નિદાન છે કારણ કે સંતુષ્ટ હોવું એજ સર્વોત્તમ કારણ મનાયુ છે. દેવર્ષિનારદજી કહે છે ''सनुतष्टस्य निरीहस्य स्वात्मारामस्य यत्सुखम्। कुतस्तत्कामलोभेन धावतोऽर्थे ह्या दिशः। शर्कराकण्टकादिभ्यो। यथोपान त्वदः शिवम्॥ सन्तुष्टः केन वा राजन्न वर्तेतापि वारिणा। औपस्थ्य जैह्वयकार्पण्याद् गृहपालायतेजनः॥ असन्तुष्टस्य विप्रस्य तेजो विधातपो यशः। स्रवन्तीन्द्रिय लोल्येन ज्ञानं चवावकीर्यते॥ कामस्यान्तं च क्षुत्तृड्भ्यां क्रोधस्यैतफलोदयात्। जनो याति न लोभस्य जित्वा भुक्त्वा दिशो भुवः॥ હે યુધિષ્ઠિર! જે સુખ પોતાના આત્મામાં રમણ કરનારા નિષ્ક્રિય સંતોષી મનુષ્ય ને મળે છે તે સુખ તે મનુષ્યને કેવી રીતે મળી શકે કે જે કામના અને લોભથી ધન માટે ફાંફા મારતો ફરે છે. જેમ પગરખા પગમાં પહેરીને ચાલનારાને કાંટા કાકરાનો કોઇ ભય રહેતો નથી તેવી જ રીતે જેના મનમાં સતોષ છે તેને માટે સર્વદા અને સર્વત્ર સુખ જ સુખ છે, દુઃખ છે જ નહિ હે રાજન્! કોણ જાણે મનુષ્ય શા માટ માત્ર જળથી જ સંતુષ્ઠ રહીને પોતાના જીવન નિર્વાહ કેમ કરી લેતો નથી? રસનેન્દ્રિય અને જનનેન્દ્રિયના ચક્કરમાં પડીને બિચારો ઘરની ચોકી કરનારા કૂતરા જેવો થઇ જાય છે જે બ્રાહ્મણ સંતોષી નથી તેના તેજ, વિદ્યા તપ અને યશ ઇન્દ્રિયોની લોલુપતાને કારણ ક્ષીણ થઇ જાય છે અને તે વિવેક ગુમાવો દે છ. ક્ષુધા અને તૃષા મટી ગયા પછી તેની કામનાનો અંત થઇ જાય છે, પરંતુ મનુષ્ય પૃથ્વીની સમસ્ત દિસાઓને જીતી લે અને ભોગવી તે ત્યાર પછી પણ તેના લોભનો અંત આવતો નથી.'' (ભાગ ૭/૧૫/ ૧૬ થી ૨૦) ભગવાન વમાન કહે છે - '' त्रिभिः क्रमैरसन्तुष्टो द्वोपेनापि न पूर्यते। नव वर्ष समेतेन सप्तद्वीप वरेच्छया॥ सप्तद्वीपाधिपतयो नृपा वैन्यगयादयः। अर्थैः कामैर्गता नान्तं तृष्णाया इति नःश्रुतम्॥ यहच्छयोपन्नेन सन्तुष्टो वर्तते सुखम्। नासन्तुष्टस्त्रिभिर्लोकैरजितात्मोपसादितैः॥ पुंसोऽयं संसृते

हेतुरसन्तोषोऽथकामयो:। यदृच्छयोपन्ने न सन्तोषो मुक्तये स्मृत:॥ यदृच्छालाभतुष्टस्य तेजोविप्रस्य वर्धते। तत्प्रशाम्यत्य सन्तोषादम्भ सेवाश् शुक्षणि:॥ तस्मात्त्रीणि पदान्येव वृणे त्वद्धरदर्षभात्। एतावतैव सिद्धोऽहंवित्त यावत्प्रयोजनम्॥ જે ત્રણ ચરણ ભૂમિ મેળવીને સન્તુષ્ટ થતા નથી તેને નવખંડમાંથી એક દ્વિપ આપવામા આવે તો પણ તે સંતુષ્ટ થતો નથી, કારણ કે તેના મનમાં સાતેય દ્વિપ મેળવવાની કામના કાયમ રહે છે અને સાંભળ્યુ છે કે પૃથુ, ગય વગેરે રાજાઓ સાતે દ્વિપના અધિપતિ હતા, પરંતુ તેટલી ધન સંપતિ તથા ભોગ સામગ્રીઓ તેમને પ્રાપ્ત હોવા છતાં તેઓ તૃષ્ણાનો પાર પામી શક્યા ન હતા. જે કાંઇ પારબ્ધથી થાય તેમાં જ સંતુષ્ટ રહેનારા મનુષ્ય પોતાનું જીવન સુખ પુર્વક વ્યતિત કરે છે પરંતુ પોતાની ઇન્દ્રિયોને વશ નહિ રાખનારો ત્રણેય લોકનું રાજ્ય મેળવવા છતા પણ દુઃખી જ રહે છે, કારણ કે તેના અંતઃકરણમાં અસંતોષની આગ ભભૂક્તી રહે છે. ધન સંપત્તિ અને ભોગો થી સંતોષ ન થવો એજ જીવ માટે જન્મમૃત્યુના ચક્રાવામાં પડવાનું કારણ છે. જ્યારે જે કાંઇ પ્રાપ્ત થાય તેનાથી જ સંતોષ થવો એ મુક્તિનું કારણ છે, જે બ્રાહ્મણ આપો આપ આવી મળેવી વસ્તુથી જ સન્તુષ્ટ થઇ રહે છે તેના તેજની વૃધ્ધિ થાય છે, જ્યારે તેના અસંતુષ્ટ થઇ રહેવાથી તેનું તેજ એવી જ રીતે સમી જાય છે કે જેમ પાણીથી અગ્નિ સમી જાય છે. એ તો નિઃ સન્દેહ છે કે તમો (બલીરાજા) અભિષ્ટ વસ્તુઓનું દાન કરનારાઓમાં શ્રેષ્ઠ છે, તેથી અમો (વમાન ભગવાને) તમારી પાસે ત્રણ ચરણ ભૂમિ જ માંગીએ છીએ એટલાથી જ મારૂં કાર્ય સિધ્ધ થશે, ધન એટલું જ સદા સંઘરવું જોઇએ કે જેટલાની જરૂર હોય.'' (ભાગ-૮/૧૯/ ૨૨ થી ૨૩) હિન્દીના એક કવિએ પણ કહ્યુ છે- ''ગોધન ગજધન વાજિધન ઔર રતનધન ખાન જો । આવે સન્તોષ ધન સબ ધન ધૂલિ સમાન'' (શ્લોક-૧૩) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને સંસારની અનિત્યતાનો ઉપદેશ આપે છે-

શ્લો- ૧૪ महाबलान् पश्य महानुभवान्

प्रशास्य भूमिं धन धान्य पूर्णाम्।

राज्यनि हित्वा विपुलांश्च

भोगान् गतान्नरेन्द्रान् वशमन्तकम्॥

શ્લોકાર્થ :- હે રાજન્! એ મહાબલવાન, ઉદાર ચેતા રાજાઓને જઓ કે જેઓ ધન ધાન્યથી પરિપૂર્ણ આ પૃથ્વિનું શાસન કરી રાજ્ય અને મહાન ભાગોનો ત્યાગ કરી મૃત્યુના વશમાં જતાં રહ્યા.

ચ.ટી :- પૃથ્વી ને અનેક ચક્રવતી સમ્રાટ ભોગવીને જતા રહ્યા પંરતુ કોઇની સાથે પૃથ્વી ગઇ નથી. પરંતુ તેઓના નિર્મળ યશ અવિચલરૂપથી અદ્યાપી રહ્યો છે. તેમ હે ધૃતરાષ્ટ્ર! આ પૃથ્વી તમારી સાથે પણ નહિ જસે એટલે આપ બધાની સાથે સમાનતાનો વ્યવહાર કરો અને ધર્માનુસાર યુધિષ્ઠિરનો દાયભાગ તેઓને આપી દો એમાજ તમારૂ તથા તમારા પુત્રોનું અને સમસ્ત કુરૂકુળનું હિત છે. (શ્લોક-૧૪) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને 'પરલોકમાં કેવલ પાપ પુણ્ય જ માનવ સાથે જાય છે પણ બીજ નહિ' એવો ઉપદેશ આપે છે-

શ્લો- ૧૫ मृतं पुत्रं दु:खपुष्टं मनुष्या

उत्क्षिप्य राजन् स्वगृहान्निर्हरन्ति।

त मुक्तकेशा: करुणं रुदन्ति

चिता मध्ये काष्टमिव क्षिपन्ति॥

શ્લો- ૧૬ अन्यो धनं प्रेतगतस्य भुङ्क्ते

वयांसि चाग्निश्च शरीरघातून्।

द्राभ्यामयं सह गच्छत्यमुत्र

पुण्येन पापेन च वेष्टय मान:॥

શ્લોકાર્થ :- હે રાજન્! કષ્ટ વેઠીને મોટો કરેલો પુત્ર પણ મરણ પામે છે, તને પણ મનુષ્યો ઉપાડી પોતાના ઘરમાંથી દૂર લઇ જાય છે તેઓ કેશ છૂટા મૂકીને કરૂણ સ્વરે રૂડન કરે છે, પછી તેને કાષ્ટની જેમ ચિતામાં નાખી દે છે. તે મરણ પામેલા મનુષ્યના ધનને બીજા લોકો ભોગવે છે. તેના શરીરને ગીધ કાગડા આદી પક્ષીઓ તથા અગ્નિ ખાય છે, અને તે મરનાર તો પુણ્ય અને પાપ એ બંનેથી વીંટાઇને તેમની સાથે પરલોકમાં જાય છે.

ચ.ટી :- આ ધરાતલ એ મૃત્યુ લોક છે, અહીં જેનો જન્મ થાય છે તેનું નિશ્ચિત કાળની અવધિપૂર્ણ થતા મરણ અવશ્ય થાય છે. મૃત્યુ થયા બાદ માનવ પોતાની સાથે કેવલ પોતે કરેલા સારા નરસા કર્મો જ લઇ જાય છે આવી સ્થિતિમાં શાશ્વત સુખના વિષયમાં માનવે ચિંતન કરવું જોઇએ પણ ક્ષણ ભંગુર એવા વિષયોનું નહિ આ પ્રમાણેનો ઉપદેશ આપી નીતિકાર ધૃતરાષ્ટ્રને પરમાર્થમાં મન લગાવવાનું કહે છે. (શ્લોક-૧૫-૧૬) પુનઃ નીતિકાર એજ વાત નું પુનરાવર્તન કહે છે -

શ્લો- ૧૭ उत्सृज्य विनिवर्तन्ते

ज्ञातयः सुहृदः सुताः ।

उपुष्पानफलान्वृक्षान्

यथा तात पतत्रिणः ॥

શ્લો- ૧૮ अग्नौ प्रास्तं पुरुषं

कर्मान्वेति स्वयंकृतम् ।

तस्मात्तु पुरुषो यत्नाद्

धर्मं सञ्चिनुयाच्छनैः ॥

<u>શ્લોકાર્થ :-</u> હે તાત! ફળફૂલ વિનાના વૃક્ષનો જેમ પક્ષીઓ ત્યાગ કરી દે છે, તેમ જ્ઞાતિ જનો, સ્નેહીઓ અને પુત્રો મરનારના દેહને છોડીને પાછા વળે છે. અગ્નિમાં નાખેલ પુરૂષની પાછળ તેનું પોતાનું કરેલું કર્મ જાય છે, માટે પુરૂષે પ્રયત્નથી ધીરે ધીરે ધર્મનો સંગ્રહ કરવો. (કારણ કે કરલો ધર્મ જ મનુષ્યની પાછળ પાછળ જાય છે.)

<u>ચ.ટી :-</u> ધર્મનો સંગ્રહ હઠપૂર્વક ક્યારે ન કરવો એનાથી માનવને કષ્ટનો અનુભવ થશે. પરંતુ ધીરેધીરે ધર્મનો સંગ્રહ કરવાથી માનવના સ્વભાવમાં ધર્મ પ્રત્યે દૃઢતા અને અંતે તેનું આચરણ પરિપક્વ થઇ જશે. હઠાત્ કરવામાં આવેલ ધર્માચરણ દુઃખ આવતા એક જ વારમાં તેનાથી પૃથક થઇ જશે. એટલે જ માટે એક કવિએ ગાયુ છે 'ધીરે ધીરે મના ધીરે સબ કુછ હોયો માલી સીંચેસે ઘડા ઋતુ આયે ફલ હોય.' આ પ્રમાણે કરાયેલ ધર્મ સંગ્રહ માનવ સાથે જઇ તેને પર લોકમાં ઉંચનીચ ગતિ અપાવે છે માટે માનવે સાવધાન થઇને હંમેશા ધર્મ કાર્યમાં પોતાના મનને લગાવવું સ્કંધ કહે છે ''धर्म एव सहायी स्यात्परलोकेन चेतर:। પરલોકમાં એક ધર્મ જ સહાય કરે છે, બીજ કોઇ સહાય કરતું નથી. (સ્કં.કાશી-૩૫/૩૯) ભગવાન શ્રી હરિ કહે છે- '' एक एव सुहृदधर्मोनिधनेऽप्युनुयाति य:। शरीरेण समंनाशं सर्वमन्यद्धि गच्छत्ति॥ धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षित:। कर्मणा मनसा वाचा ततो धर्मं चरेत्पुमान्॥ આ મનુષ્ય લોકમાં 'અમારો સુહૃદ છે' એવો વ્યવહાર કેવળ વૃથા છે, કમકે કોઇપણ એનું મરણ થતા માનવની પાછળ જતુ નથી એકાકી ધર્મ જ તેનું સેવન કરનારાની પાછળ જાય છે અને એને શ્રેય સાથે જાડે છે. બીજ પિતા, માતા, પુત્ર કલત્ર આદિક તો પોતાના શરીરની સાથે નાશ પામે છે. તેઓ જીવે છે તથાપિ તે સર્વે પોતાના શરીરની પેઠે અનુપ યોગી થાય છે એજ એનો નાશ સમઝવો, માટે ધર્મ એકાકી

જ સુહ્દ-હિતૈષી છે, બીજાતો વ્યવહારીયા વૃથા છે. લોકમાં પણ કોઇ કોઇને હણતો નથી તેમજ કોઇ કોઇનું રક્ષણ પણ કરતો નથી 'આ મને હણે છે આ મારૂ રક્ષણ કરે છે' આવો કેવળ વૃથા જ પ્રવાદ પ્રવર્ત્યો છે. ત્યારે કોઇ હણે છે? અને કોણ રક્ષણ કરે છે? તો પુરૂષે પર હરેલો ધર્મ જ પોતાને પાળનારા પુરૂષનું પરિરક્ષણ કરે છે, તેમ કે અર્થાનર્થની પ્રાપ્તિ અનુક્રમે ધર્માધર્મના સવનથી થાય છે, માટે મનુષ્યએ કાય, વાણી અને મનથી ધર્મનુ જ આચરણ કરવું.'' (સ.જી. ૨/૧/૨૭-૨૮) અન્ય સ્થાને પણ કહેવાયુ છે ''धनानि भूमौ पशवो हि गोष्ठ नारी गृहद्वारि सखास्मशाने। देहश्चितायां परलोकमार्गे धर्मानुगो गच्छति जीव एकः॥ મનુષ્ય પંચ ભૌતિક શરીર છોડયા બાદ તેનું ધન ભૂમિમા અથવા તિજોરીમાં પડી રહે છે, પશુ પશુ શાળામાં બંધાય રહે છે, પરમ પ્રિય સ્ત્રી શોકાગ્નિથી વિહવલ ઘરના દરવાજા સુધિ સાથ આપે છે. મિત્ર તથા પરિવાર વર્ગ સ્મશાન સુધિ તથા શરીર જેનું આટલુ પાલન પોષણ કરેલું તે ચિતા સુધિ જ સાથે રહે છે પરંતુ પર લોકમાં પાલન કરેલો ધર્મ જ સાથે જાય છે માટે ધર્માચરણ કરવું'' ''विद्यामित्रं प्रवासे च भार्या मित्र गृहेषु च। व्याधितस्यौषधं मित्रं धर्मो मित्रं मृतस्य च॥ પરદેશમાં મનુષ્યને માટે વિદ્યા જ મિત્ર છે, ઘરમાં આજ્ઞાકારિણી સ્ત્રી મિત્ર છે, રોગી થતા ઔષધિ મિત્ર થશે તથા મૃત્યુગ્રસ્ત મનુષ્ય માટે કેવલ એક માત્ર ધર્મ જ સાચો મિત્ર છે. માટે માનવે અધર્મથી દૂર રહી હંમેશા ધર્માચરણ કરવું'' (શ્લોક-૧૭-૧૮) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર ને તેણે કરેલા અન્યાયથી સાવધાન કરે છે-

શ્લો- ૧૯ अस्माल्लोकादूर्ध्वममुष्यचाद्यो

महत्तमस्तिष्ठति ह्यन्धकारम्।

तदै महामोहनमिन्द्रियाणां

बुध्यस्वमात्वां प्रलभेत राजन्॥

શ્લોકાર્થ :- આ લોકથી ઉપર રહેલા સ્વર્ગથી તથા આલોકથી નીચે પાતાળમાં મહાન અંધતામિસ્ત્ર નામનું નરક ઇન્દ્રિયોને મહામોહ કરનારૂં છે એમ જાણો હે રાજન્! રખે તમને એ નકર મળે.

ચ.ટી :- નીતિકારનું કહેવાનું તાત્પર્ય એ છે કે હે રાજન્! આ પૃથ્વી લોક છે, તેની ઉપર ભુવઃ, સ્વઃ, મહઃ, જન, તપ અને સત્યાદિ લોકનું વર્ણન છે તેમ પૃથ્વી તળની નીચે અતલ, વિતળ, સુતળ, તલાતળ, મહાતળ, રસાતળ અને પાતાળ ઇત્યાદિ લોક છે. ધરાતલ પર શુભ કર્મો કર્યાનું ફળ ઉપરના શ્રેષ્ઠ લોકમાં મળે છે અને અશુભ કર્મો કર્યાનું ફળ પૃથ્વી તળની નીચેના લોકમાં પ્રાપ્ત થાય છે. આ પૃથ્વી લોકમાં આવેલ ભારત ભૂમિમાં જ ધર્માધર્મનો વિચાર અને કર્મ સંચય થાય છે અન્યત્ર નહિ એટલે સર્વોત્તમ લોક પૃથ્વી લોક જ છે, જ્યાં દેવતાઓ પણ જન્મ લેવાની ઇચ્છા રાખે છે. તેવા સર્વોત્તમ લોકમાં રહી હે ધૃતરાષ્ટ્ર! તમો પાંડવો સાથે અન્યાય ન કરો, તેઓ સાથે ધર્મ પૂર્વક વ્યવહાર કરો અન્યથા તમારી ઉર્ધ્વગતિ થવાને બદલે અધોગતિ થશે. (શ્લોક-૧૯) હવે નીતિકાર ધૃતરાષ્ટ્ર પોતાના આ નીતિયુક્ત વચન માનવાનો આગ્રહ કરે છે-

શ્લો- ૨૦ इदं वच: शक्ष्यसि चेद्ययावन्

निशम्य सर्वं प्रतिपत्तुमेव।

यश: परं प्राप्स्यसि जीवलोकं

भयं न चामुत्र न चेह तेऽस्ति॥

શ્લોકાર્થ :- અમારાં આ વચન સાંભળીને તમે જો તે સર્વ સમજવા સમર્થ થશો તો તમે મનુષ્યલોકમાં ઉત્તમ યશ પામશો અને તમને આ લોકમાં તથા પરલોકમાં ભય થશે નહિ.

ચ.ટી :- નીતિકાર ધૃતરાષ્ટ્રને અહી પોતાના નીતિયુક્ત વચન માનવા માટ આગ્રહ કરે છે પણ ધૃતરાષ્ટ્રનું દુર્ભાગ્ય કે વિદુરજી જેવા બુધ્ધિમાન મનુષ્યના વચનો ને પણ તેણે ગ્રહણ ન કર્યા જેને કારણે મહાભારત જેવો દારૂણ સંગ્રામ થયો અને જેમાં ભારત વર્ષનું સર્વસ્વ સ્વાહા થઇ ગય, અને તેને માટે ભગવાન શ્રીકૃષ્ણે ધૃતરાષ્ટ્ર ને જ જવાબદાર ઠરાવ્યા જેથી તેની અપકીર્તિ અદ્યાપિ ચિરંજીવી છે. (શ્લોક-૨૦) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને પોતાના આત્મા સ્વરૂપને ઓળખવાનો ઉપદેશ આપે છે.

શ્લો- ૨૧ आत्मा नदी भारत पुण्यतीर्था

सत्योदकाधृतिकूला दयोर्मि: ।

तस्यांस्नात: पूयते पुण्यकर्मा

युक्यो ह्यात्मा नित्यमलोभ एव ॥

શ્લોકાર્થ :- હે ભારત! આત્મારૂપી નદીન, પુણ્ય તીર્થ છે, સત્ય જળ છે, ધૈર્ય કિનારો છે તથા દયા લહેર છે. જે પુણ્ય કર્મવાળો પુરૂષ તેમાં સ્નાન કર છે અર્થાત્ પોતાના આત્મ સ્વરૂપને ઓળખે છે તે પવિત્ર થાય છે. નિત્ય લોભ રહિત સ્થિતિ એજ પુણ્ય છે.

ચ.ટી :- અહીં નીતિકાર ના કહેવાનું તાત્પર્ય એ છે કે અનાદિકાળથી આત્મા માં જે મલિનતા છે તે મલિનતા સદાચાર રૂપી તિર્થમાં સ્નાન કરવાથી જ ધોવાય છે પરંતુ બીજાથી નહિ, માટે માનવે હંમેશા ધર્મ કાર્યમાં જ મન લગાવવું જોઇએ. આત્મા છે એ સનાતન અને દુર્ગુણોથી રહિત છે, પરંતુ અનાદી કાળથી માયાનાં પાશથી બધાયલો હોય ભગાટવીમાં ભ્રમણ કરતો રહે છે. શ્રુતિ ભગવદી કહે છે. ''न जायते म्रियते वा विपश्चिन्नाय कुतश्चिन्नबभूव कश्चित। अजो नित्य: शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे॥ જ્ઞાનગુણ વાળો આત્મા જન્મ તો નથી,

મરતો નથી, ઉત્પન્ન થતો નથી, એક સ્વરૂપવાળો અનાદી છે. આ આત્માથી કોઇ ઉત્પન્ન થતું નથી. આ આત્મા જન્મથી રહિત, અવિનાશી નિરંતર એક સ્વરૂપવાળો અને અનાદી છે. શરીરનો નાશ કરવામાં આવે તો પણ આત્માનો નાશ થતો નથી.'' (કઠ. ઉપ.-૧/૨/૧૯) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને સંસાર રૂપી નદીને તરવાનો ઉપાય બતાવે છે -

શ્લો- ૨૨ कामक्रोध ग्राह्यतीं

पञ्चेन्द्रिय जलांनदीम्।

नावं धृतिमयीं कृत्वा

जन्मदुर्गाणि सन्तर॥

શ્લોકાર્થ :- હે રાજન્! કામ ક્રોધ રૂપી મગર વાળી પાંચ ઇન્દ્રિયો રૂપી જળવાળી સંસાર નદીમાં તમે ધૈર્યરૂપી નૌકાનો આશ્ર કરીને જન્માદિ દુ:ખને તરી જાઓ.

ચ.ટી :- પંચ જ્ઞાનેન્દ્રિયો રૂપી જળવાળી આ સંસાર રૂપી નદીમાં કામ ક્રોધ જેવા મગર મચ્છો જીવાત્માને તેના લક્ષ્ય થકી ભ્રષ્ટ કરે છે. માટે આ કામ, ક્રોધ રૂપી મગર મચ્છને ધૈર્ય રૂપી નૌકા અને વિવેક રૂપી નાવિક નો સાથ લઇ જન્મ મરણ રૂપી આ સંસાર સાગરને તરવો જોઇએ. (શ્લોક-૨૨) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને કાર્યાકાર્યને જ્ઞાન વૃધ્ધોની સલાહ લઇને જ કરવાનું કહે છે-

(૧૨૬) કોણ દુ:ખી થાય નહિ? :-

શ્લો- ૨૩ प्रज्ञावृद्धं धर्मवृद्धं स्वबन्धुं

विद्यावृद्धं वयसा चापि वृद्धम्।

कार्याकार्ये पूर्जयित्वाप्रसाद्य

यः संस्पृच्छेन्न समह्येत्कदाचित्॥

શ્લોકાર્થ :- કયું કાર્ય કરવું અને કયું ન કરવું આ સંબંધમાં જે મનુષ્ય જ્ઞાનમાં, ધર્મમાં, વિદ્યામાં અને વયમાં વૃધ્ધ એવા પોતાના સંબંધીને માન આપીને તથા પ્રસન્ન થઇને પુછે ચે તે કોઇ દિવસ મુંઝાતો નથી.

ચ.ટી :- જો લૌકિક યત્કિંચિત્ કાર્યમાં શંકા થાય તો પોતાની બુધ્ધિથી સારી રીતે વિચારી અથવા વિદ્યા અને જ્ઞાનમાં વૃધ્ધ પુરૂષો સાથે મંત્રણા કરી નિર્ણય લેવો. પરંતુ અકસ્માત કોઇ કાર્યમાં પ્રવૃત્ત ન થવું અન્યથા મહા અનર્થનો પ્રસંગ ઉપસ્થિત થશે. અહીં વિદુરજી ગુઢાર્થમાં ધૃતરાષ્ટ્ર ને કહે છે હે રાજન્! આપ પણ કાર્યાકાર્યમાં જ્ઞાન વૃધ્ધ અને વયોવૃધ્ધ એવા ગંગાપુત્ર ભીષ્માદિની સાથે મંત્રણા કરી પ્રવૃત્ત થાય પણ દુર્યોધન આદી દુષ્ટોનાં કહેવા પ્રમાણે નહિ અન્યથા તમો પણ કષ્ટના ભાજી થશો. અહીં નીતિકારે ધૃતરાષ્ટ્રને સાવધાન કરેલા છતા તે દૂર્યોધનની સલાહ પ્રમાણે ચાલ્યા જેથી તેઓનું પતન થયું (શ્લોક-૨૩) હવે નીતિકાર ઇન્દ્રિયોને જીતવાનો ઉપાય બતાવે છે.

શ્લો- ૨૪ धृत्या शिश्नोदरं रक्षेत्

पाणिपादं च चक्षुषा।

चक्षुः श्रात्रे च मानसा

मनो वाचं च कर्मणा॥

શ્લોકાર્થ :- ધૈર્યથી શિશ્ન તથા ઉદરની રક્ષા કરવી, નેત્રો થી હાથો તથા પગોની રક્ષા કરવી, મનથી આંખ તથા કાનની રક્ષા કરવી અને કર્મથી મન તથા વાણીની રક્ષા કરવી.

ચ.ટી :- કહેવાનું તાત્પર્યએ છે કે- ઉદરપૂર્તિ અને કામવાસનાઓનું દમન ધૈર્ય થી કરવું, નેત્ર દ્વારા જોઇ ને જ હાથ અને પગથી કોઇ કાર્યમાં પ્રવૃત્ત થવું, નિન્દનિય કર્મને જોવામાં તથા સાંભળવામાં નેત્ર અને કર્ણને ન લગાવી તેની

રક્ષા કરવી તથા મન અને વાણીથી અનુચિત કર્મનું ચિંતન અને કવનથી વિમુખ રહી તે બંનેની રક્ષા કરવી. (શ્લોક-૨૪) હવે નીતિકાર ચારેય વર્ણના ધર્મનું વર્ણન કરતા પ્રથમ બ્રાહ્મણના ધર્મને કહે છે-

શ્લો- ૨૫ नित्योदकीनित्ययज्ञोपवीती

नित्यस्वाध्यायी पतितान्नवर्जी।

सत्यं ब्रुवन्गुरवे कर्म कुर्वन्न

ब्राह्मणश्चय वते ब्रह्मलोकात्॥

શ્લોકાર્થ :- જે બ્રાહ્મણ નિત્ય યોગ્ય સમયે સ્નાન સંધ્યા કરે છે નિત્ય યજ્ઞોપવિત ધારણ કરે છે, નિત્ય વેદાધ્યયન કરે છે, પતિતના અન્નનો ત્યાગ કરે છે, સત્ય બોલે છે અને ગુરૂની સવા કરે છે, તે બ્રહ્મલોકથી ભ્રષ્ટ થતા નથી.

ચ.ટી :- બ્રાહ્મણોનું કર્મ પ્રસધ્ધ છે, તે હંમેશા લોકોપકાર કરવાનું જ વિચારતો રહે છે. કહ્યું પણ છે. ''ब्राह्मण्य हि देहोऽयं क्षुद्र कामाय नेष्यते। ज्ञानाय तपसे चैव प्रत्यानन्त् सुखायच॥ બ્રાહ્મણનું શરીર ક્ષુદ્ર કાર્યોને માટે નથી થયુ. તેનો ઉદ્દશ્ય જ્ઞાન, તપસ્યા, અન્નત સુખ અને મોક્ષ પ્રાપ્તિ માટે હોય છે.'' બ્રાહ્મણ પોતાના કર્મોથી પૂજિત છે. તેના સ્નાનાદિ ષટ્ કર્મો પ્રસિધ્ધ છે. આ ષટ્ કર્મો માટે યજ્ઞોપવિત ધારણ કરવું એ પણ અત્યાવશ્યક છે. કારણ તેના વગર તો તે બધા કર્મોથી બહિષ્કૃત રહે છે. આમ ષટ્ કર્મોથી યુક્ત બ્રાહ્મણ મૃત્યુ બાદ બ્રહ્મલોકમાં જાય છે અને ત્યા ગયેલો તે ક્યારેય પણ આ સંસારમાં પુનરાગમ કરતો નથી. પરંતુ જે બ્રાહ્મણ પોતાના બ્રાહ્મણો ચિત ધર્મથી વિમુખ છે તે કાળનો ગ્રાસ બની જાય છે. કહ્યુ પણ છે - ''अनभ्यासनवेदनामाचारस्यचवर्जनात्। आलस्यादन्नदोषाश्च मृत्युर्विप्राञ्जिघांसति॥ વેદના અન્ અભ્યાસથી, આચાર પાલનના અભાવથી,

આળસ અને અન્નદોષ થી બ્રાહ્મણને મૃત્યુ મારે છે'' માટે બ્રાહ્મણે પોતાના ધર્મમાં રહેવું. (શ્લોક-૨૫) હવે નીતિકાર ક્ષત્રિય ના ધર્મને કહે છે-

શ્લો- ૨૬ अधीत्य वेदान्तपरिसंस्तीर्थ

चाग्नी निष्टवा यज्ञैः पालयित्वा प्रजाश्च।

गोब्रह्मणार्थे शस्त्र पूतान्तरात्मा

हतः संग्राणे क्षत्रियः स्वर्गमेति॥

શ્લોકાર્થ :- જે ક્ષત્રિય વેદનો અભ્યાસ કરી, અગ્નિહોત્ર કરી, યજ્ઞોથી દેવોનું યજન કરી તથા પ્રજાનું પાલન કરી, ગો બ્રાહ્મણને માટે શસ્ત્રથી હણાય છે અથવા સંગ્રામમાં પ્રાણ ઓવારે છે, તે પવિત્ર ચિત્તવાળો થઇને સ્વર્ગમાં જાય છે.

ચ.ટી :- ક્ષત્રિયનો પોતાની સ્વાભાવિક અને સંગૃહિત શક્તિ દ્વારા પ્રજાપાલન અને રાષ્ટ્રની રક્ષા માટે રણ ભૂમિમાં પ્રાણ ત્યાગ કરવો એ શ્રેયસ્કર મનાય છે. તેમ દેવતાઓની તૃપ્તિ અર્થે યજ્ઞ કરવો તે પણ તેને માટે ઉચિત છે.

ગાય અને બ્રાહ્મણ સનાતન વૈદિક ધર્મનું મહત્વનું અંગ છે કારણ કે એકથી કૃષિકાર્ય અને પ્રજાપાલન અને બીજાથી રાષ્ટ્ર રક્ષણમાં સહાયતા મળે છે. અતઃ આ બન્નેની રક્ષાનો ભાર ક્ષત્રિય પર છે. કહ્યુ પણ છે ''शौर्यं वीर्यं धृतिस्तेजस्त्याग आत्म जयः क्षमा। ब्रह्मण्यता प्रसादश्च रक्षाय क्षत्रलक्षणम्॥ યુધ્ધ માટે ઉત્સાહ, વીરતા, ધીરતા, તેજસ્વીતા, ત્યાગ, આત્મસંયમ, ક્ષમા, બ્રાહ્મણ ભક્તિ, અનુગ્રહ અને પ્રજાનું રક્ષણ આ ક્ષત્રિયના લક્ષણ છે. (ભાગ. ૭/૧૦/૨૩) (શ્લોક-૨૬) હવે નીતિકાર વૈશ્યવર્ણનો ધર્મને કહે છે-

શ્લો- ૨૭ वैश्योऽधीत्य ब्राह्मणान्क्षत्रियांश्च

धनैः काले संविभज्याश्रितांश्च।

त्रेता पूतं धूममाघ्रा पुण्यं

प्रत्ये स्वर्गे दिव्य सुखानि भुङ्क्ते॥

શ્લોકાર્થ :- જે વૈશ્ય વેદાધ્યયન કરી યોગ્ય સમયે બ્રાહ્મણો ક્ષત્રિય તેમ જ આશ્રિતોને ધનનો વિભાગ આપી અને ત્રણ અગ્નિનો પુણ્ય પવિત્ર ધુમાડો સુંગી શરીર ત્યાગ કરે છે, તે સ્વર્ગમાં દિવ્ય સુખ ભોગવે છે.

ચ.ટી :- આહવનીય, ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ, આવસથ્ય અને અસભ્ય આ પાંચ પ્રકારની અગ્નિઓ છે. એમાં બ્રાહ્મણને પાંચ પ્રકારની અગ્નિનું અનુષ્ટાન કરવાનું વિધાન છે, પરંતુ વૈશ્યો માટે ત્રણ પ્રકારના અગ્નિનો ઉપયોગ કરવાનું વિધાન છે પ્રથમ ત્રણ અગ્નિથી તેના નિત્ય નૈમિત્તિક શ્રોતયજ્ઞ અને આવસથ્ય અગ્નિથી તેના સંસ્કાર કરાય છે અને અધ્યયાન્ત આચાર્ય વિદ્યા દાન બાદ જેનો પ્રયોગ કરાય તે સભ્યાગ્નિ મનાયો છે. આવો વૈશ્ય ધર્મ પમાણે ધન કમાય તેનો યથાર્થ પણે વિભાગ કરી ત્રણ અગ્નિનું સેવન કરે છે તે દેહ ત્યાગ બાદ સ્વર્ગમાં જઇ આનંદ પ્રાપ્ત કરે છે. (શ્લોક-૨૭) હવે નીતિકાર શુદ્રના ધર્મને કહે છે-

શ્લો- ૨૮ ब्रह्मक्षत्रं वैश्यवर्गं च शुद्रः

क्रमेणेतान्नयायतः पूजयानः ।

तुष्टेष्वेतेष्व व्यथोदग्ध पापस्

त्यक्त्वा देहं स्वर्ग सुखानि भुङ्क्ते ॥

શ્લોકાર્થ :- જે શુદ્ર બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યની અનુક્રમે યથાયોગ્ય સેવા કરે છે, એ બ્રાહ્મણાદિ સંતુષ્ટ થવાથી દુઃખ રહિત તથા પાપ રહિત થાય છે અને દેહ ત્યાગ પછી સ્વર્ગ સુખ ભોગવે છે.

ચ.ટી :- સનાતન ધર્મની વર્ણવ્યવસ્થા ઘણી યુક્તિ સંઘટ છે, તેમાં કોઇપણ કર્મનાનું મોટુ નથી હોતુ, પરંતુ 'स्वस्वकर्मव्यभिरतः श्रेयः परमवाप्स्यथ- અર્થાત્ પોત પોતાના કર્મથી અભિરત મનુષ્ય પરમ શ્રેય ને પ્રાપ્ત કરે છે.' જે પ્રમાણે ધન સંગ્રહ વૈશ્યનું કર્મ મનાયુ છે, પરંતુ તે ધન પોતાના માટે નહિ પરંતુ ત્રણેય વર્ણની

રક્ષા માટે અને રાષ્ટ્રની રક્ષા માટે હોય તેમ શુદ્ર પણ ત્રણ વર્ણની સેવા કરી રાષ્ટ્રની સેવા જ કરે છે. અહી રાષ્ટ્રીય કરણ નહિ પણ સમાજી કરણ છે. વર્ણ, સમાજ અને રાષ્ટ્ર એક બીજાના પૂરક છે. બાધક છે. (શ્લોક-૨૮) હવે નીતિકાર ધૃતરાષ્ટ્રને પાંડવોને તેનું રાજ્ય આપી દેવા આગ્રહ કરે છે-

(૧૨૯)યધિષ્ઠિરને રાજ્યાસન પર બેસાડવા માટે વિનંતી :-

શ્લો- ૨૯ चातुर्वर्ण्यस्यष धर्मस्तवोक्तो

हेतुं चानुब्रवतो ते निबोध।

क्षात्रद्धर्माद्धीयते पाण्डुपुत्रस्

तं, त्वं राजन् राजधर्मे नियुक्ष्व॥

શ્લોકાર્થ :- આ અમ તમોને ચારેય વર્ણનો ધર્મ કહ્યો, તે કહેવાનું કારણ તમો એ સમઝો કે પાંડુ પુત્ર યુધિષ્ઠિર પૃથ્વી પાલન રૂપી ક્ષાત્ર ધર્મથી ભ્રષ્ટ થયા છે, માટે હે રાજન્! તમે તેને રાજધર્મમાં જોડો

ચ.ટી :- નીતિકાર ધૃતરાષ્ટ્ર ને કહે છે- રાજન્! ક્ષત્રિયરાજા નો ધર્મ પ્રજાનું પાલન કરવાનો છે, પરંતુ તમારા પુત્રોએ દ્યુત ક્રીડા માં કપટ કરી પાંડવોનું સર્વસ્વ હરણ કરી તેઓન તેમના ધર્મથી ચ્યુટ કરેલા છે. દ્યુતક્રીડા માં થયેલા કરાર મુજબ યુધિષ્ઠિર આદી પાંડવો બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ પણ ભોગી આવ્યા છે તો હવે ન્યાય પ્રમાણે તેઓ ક્ષત્રિય ધર્મનું પાલન કરવા પોતાનો દાયભાગ માંગે છે તો તે ભાગ તેઓને પરત કરી તેઓને ક્ષત્રિય ધર્મ પર આરૂઢ કરો. (શ્લોક-૨૯) આ પ્રાણે ધૃતરાષ્ટ્રે નીતિકારના મુખથી હિતતમ ઉપદેશ સાભળ્યા હવે તે પોતાની પ્રતિક્રિયા રૂપે કહે છે-

(૧૨૮) દૈવનું સામર્થ્ય :-

શ્લો- ૩૦ एवमेतद्यथा त्वं माम

नुशाससि नित्यदा।

ममापि च मतिः सौम्य

भवत्येवं यथाऽऽत्थमाम्॥

શ્લો- ૩૧ सा तु बुद्धिः कृताप्येवं

पाण्डवान्प्रति मे सदा।

दुर्योधनं समासाद्य

पुनर्विपरिवर्तते॥

શ્લો- ૩૨ न दिष्टमभ्यतिक्रान्तुं

शक्यं भूतेन केनचित्।

दिष्टमेव ध्रुवं मन्ये

पौरुषं तु निरर्थकम्॥

इति श्री महाभारते उद्योगपर्वणि प्रजागर पर्वणि

विदुरनीतिवाक्ये आष्टमोऽध्याय: ॥ ८ ॥

શ્લોકાર્થ :- હે સૌમ્ય! તમો અમન નિત્ય આવો સત્ય ઉપદેશ આપો છો અમને પણ મનમાં એમજ થાય છે કે આપ અમને જે પ્રમાણે કહો છે તે પ્રમાણે કરીએ! પાંડવો પ્રત્યે અમને હંમેશા એવી બુધ્ધિ થાય છે પણ દુર્યોધન અમને મળે છે અને તે બુધ્ધુ બદલાઇ જાય છે અર્થાત્ પાંડવોને રાજ્ય આપવા ઇચ્છિએ છીએ પણ દુર્યોધનનો સંગ થયા તે બધુ વિસરાઇ જાય છે કોઇપણ પ્રાણી દૈવને ઓળંગી શકે એમ નથી. અમને લાગે છે દૈવ એજ સાચું છે અને પુરૂષાર્થ તો નિરર્થક છે.

આ પ્રમાણે શ્રી મહાભારતમાં ઉદ્યોગપર્વાન્તર્ગત પ્રજાગરપર્વમાં

'વિદુર નીતિ વાક્ય'માં અધ્યાય આઠમા સમાપ્ત

ચ.ટી :- અહી સર્વ પ્રકારે અંધ એવા ધૃતરાષ્ટ્રનું કથન યોગ્ય નથી કારણ કે કર્મ (પુરૂષ પ્રયત્ન) અને ભાગ્યમાં અન્યોન્યાશ્રય સંબંધ છે. કારણે પૂર્વ જન્મોમાં કરેલ કર્મ આ જન્મમાં પ્રારબ્ધ-ભાગ્યના રૂપમાં સાથે આવે છે એટલો પ્રારબ્ધ પૂર્વ જન્મનકૃત કર્મ જ છે પરંતુ ભાગ્યના ભરોસે જીવિત રહેનાર કર્મ વિમુખ મનુષ્ય શુ આ સંસારમાં કંઇપણ મળવી શકશે ક્યારેય પણ નહિ અતઃ ઉદ્યોગી પુરૂષ યથાશક્તિ કર્મોનો નિર્વાહ કરી તે પછી ભાગ્યાશ્રિત થાય છે. આજ કર્મનો સિધ્ધાંત છે. કારણ કે યથાશક્તિ કર્મ કર્યા બાદ પણ ક્યારે ફલ પ્રાપ્ત થતું નથી. ત્યારે તેને ભાગ્યાધીન કહેવાય છે. પરંતુ ત્યાં પણ કાર્ય કારણ સિધ્ધાંત સામે આવે છે. અર્થાત્ કારણ વગર કાર્ય સિધ્ધ થતું નથી. કારણ રહેતા કાર્ય અવશ્ય થાય છે, અતઃ પૂર્વમાં કરાયેલા કારણોમાં ક્યાંક દોષ મનાવવાથી ફળ પ્રાપ્તિમાં બાધકતા આવે છે એવું માનવું જોઇએ.

અહીં પવિત્ર નીતિના શ્રોતા અંબિકા નંદન ધૃતરાષ્ટ્ર દુર્યોધન જેવા દુષ્ટ પુત્રના મોહમાં અત્યંત લિપ્ત છે. તથા રાષ્ટ્ર પ્રત્યે રાજાના કર્તવ્યથી પરાંગમુખ છે, જેનું પરિણામ તેની સામે છે. તેના જ પુત્ર મોહને કારણે ભવ્ય ભારત વર્ષનું સર્વસ્વ યુધ્ધમાં સ્વાહા થઇ ગયું. તેણે પોતાની સામે જ પોતાના દુષ્ટ પુત્રોની વિનાશલીલા સંજયના મુખથી સાંભળી અને પળપળ એ કષ્ટ પામતો રહ્યો. ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે કોઇ અધર્માચરણ કરે છે તેણે તેનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. ધૃતરાષ્ટ્રે પણ પોતાના અધર્માચરણનું ફળ ભોગવવું પડયું. ધૃતરાષ્ટ્ર જ્યાં સુધિ જીવીત રહ્યો ત્યાં સુધી ક્ષણે ક્ષણે તેણે મરવું પડયું. ભગવાન વેદ વ્યાસે મહાભારત યુધ્ધ માટે જવાબદાર પોતાના પુત્ર ધૃતરાષ્ટ્ર ને જ ઠેરાવ્યો.

ધૃતરાષ્ટ્રના આ પુત્ર મોહનું પરિણામ કેવળ તેને જ નહિ પણ સંપૂર્ણ ભારત વર્ષે ભોગવવું પડ્યું. ભારત વર્ષે ધૃતરાષ્ટ્રનો પુત્ર મોહ અને દુર્યોધનની હઠવાદિતામાં પોતાનું અસ્તિત્વ ખોપી નાખ્યુ અને એ ખોવાયેલ અસ્તિત્વ ભારતને પુનઃ ક્યારેય પ્રાપ્ત થયુ નથી અને કદાચ પ્રાપ્ત થશે પણ નહિ જો આ ભાગ્ય હોય તો શાસ્ત્રકારોને એ ક્યારેય સ્વિકાર્ય નથી કારણ કે શાસ્ત્રો મંગલમય ભવિષ્યની શુભ કામના કરે છે. (શ્લોક-૩૦ થી ૩૨)

આ પ્રમાણે વિ. વેદાન્ત, પુરાણેતિહાસાચાર્ય શાસ્ત્રી રાકેશકૃત મહાભારતના ઉધોગપર્વ અન્તર્ગત પ્રજાગર પર્વમાં આવેલ વિદુરનીતિ માં આઠમા અધ્યાયની ચંદ્રાવલો ટીકા પૂર્ણ થાય છે.

આમ ગુજરાત પ્રાંત અન્તર્ગત સૂરત શહેર નિવાસિ વિ. વેદાંત, પુરાણ ઇતિહાસ આચાર્ય શાસ્ત્રી રાકેશ કૃત વિદુર નીતિની ચંદ્રાવલી ટીકા વિ.સં. ૨૦૭૮ ના શ્રાવણ સુદ-૧૧ ના પવિત્ર દિવસે સૂરત, રામપુરા સ્વામિનારાયણ મંદિરમાં અપરોક્ષ રૂપે બિરાજમાન શ્રીનારાયણ મુની, શ્રોરાધા રાધાવિહારી લાલ ના ચરણકમળમાં બિરાજમાન થઇ પૂર્ણ કરવામાં આવે છે.

ॐ तत् सत् ब्रह्मणोऽपर्णमस्तु

સંદર્ભગ્રંથ

(૧) શ્રી સત્સંગિજીવન (સદ્ શતાનંદ સ્વામીકૃત)

(૨) શ્રી સર્વમંગળ સ્તોત્રમ્ (સદ્ શતાનંદ સ્વામીકૃત)

(૩) શ્રી વશિષ્ટ સ્મૃતિ (શ્રી વશિષ્ટમુનિ કૃત)

(૪) શ્રી સર્વમંગળ સ્તોત્રમ્ (શ્રી રઘુવીરાચાર્યકૃત ભાવ પ્રબોધિની ટીકા)

(૫) શ્રી મહાભારત (શ્રી વેદ વ્યાસજી કૃત)

(૬) શ્રી ચાણક્ય નીતિ (શ્રી આચાર્ય ચાણક્ય કૃત)

(૭) શ્રીમદ્ ભગવદ્ ગીતા (શ્રી વેદ વ્યાસજી કૃત)

(૮) શ્રી મનુસ્મૃતિ (મનુમહારાજ કૃત)

(૯) શ્રી સ્કંધ પુરાણ (શ્રી વેદ વ્યાસજી કૃત)

(૧૦) શ્રીવાલ્મિકિ રામાયણ (શ્રી વાલમિકી ઋષિ કૃત)

(૧૧) શ્રી શુક્રનીતિ (શ્રી શુક્રાચાર્ય કૃત)

(૧૨) શ્રી ઋગવેદ

(૧૩) શ્રી નીતિ શતક (શ્રી ભર્તૃહરિ કૃત)

(૧૪) શ્રી શિક્ષાપત્રી (શ્રી સહજાનંદ સ્વામી કૃત)

(૧૫) શ્રી માર્કન્ડેય પુરાણ (શ્રી વેદ વ્યાસજી કૃત)

(૧૬) શ્રી વચનામૃતમ્ (શ્રી સહજાનંદ સ્વામી વાગામૃત)

(૧૭) શ્રી શિક્ષાપત્રી અર્થ દીપિકા ટીકા (સદ્ શતાનંદ સ્વામી કૃત)

(૧૮) શ્રી હિતોપદેશ (શ્રી નારાયણ પંડિત કૃત)

(૧૯) શ્રી મિત્ર કલ્પ

(૨૦) શ્રી દેવી ભાગવત (શ્રી વેદ વ્યાસજી કૃત)

(૨૧) શ્રીમદ્ ભગવદ્ ગીતા (શ્રી વેદ વ્યાસજી કૃત આચાર્ય રામાનુજ કૃત ટીકા)

(૨૨) શ્રી મત્સ્યપુરાણ (શ્રી વેદવ્યાસજી કૃત)

(૨૩) શ્રી રામચરિત માનસ (શ્રી ગોસ્વામી તુલસી દાસજી કૃત)

(૨૪) શ્રી કઠોપનિષદ્

(૨૫) શ્રી ચાણક્ય સૂત્ર (શ્રી આચાર્ય ચાણક્યકૃત)

(૨૬) શ્રી પંચતંત્ર (શ્રી વિષ્ણુશર્મા કૃત)

(૨૭) શ્રી કૃત્ય ચિંતામણી

(૨૮) શ્રી અથર્વવેદ

(૨૯) શ્રી ધિરજાખ્યાન (સદ્. નિષ્કુળાનંદ સ્વામીકૃત)

(૩૦) શ્રી ભક્ત ચિંતામણી(સદ્. નિષ્કુળાનંદ સ્વામીકૃત)

(૩૧) શ્રી મજકેશાનંદ કાવ્ય (સદ્. મંજકેશાનંદ સ્વામીકૃત)

(૩૨) શ્રીમનુસ્મૃતિટીકા. (કુલ્લકભટ્ટ કૃત)

(૩૩) શ્રી શિક્ષાપત્રી (ભગવાન શ્રી સહજાનંદ સ્વામી કૃત, રઘુવીરાચાર્ય કૃત ભાષ્ય)

(૩૪) શ્રી હરિવાક્યસુધાસિંધુ (સદ્ શતાનંદ સ્વામી કૃત)

(૩૫) શ્રી યજ઼ુવેદ

(૩૬) શ્રી કામદંક નીતિ શાસ્ત્ર

(૩૭) શ્રી યતિધર્મ સંગ્રહ

(૩૮) શ્રી આદર્શ ભક્ત ગાથા

(૩૯) શ્રી સ્તોત્રરત્ન (શ્રી યામુનાચાર્યજી કૃત)

(૪૦) શ્રી ભવિષ્ય પુરાણ (શ્રી વેદ વ્યાસ કૃત)

(૪૧) શ્રી યમસ્મૃતિ (શ્રી યમદેવ કૃત)

(૪૨) શ્રી પરાશર સ્મૃતિ (શ્રી પરાશર મુનિ કૃત)

(૪૩) શ્રી ગરૂડ પુરાણ (શ્રી વેદ વ્યાસ કૃત)

(૪૪) શ્રી જાબાલ ઉપનિષદ્

(૪૫) શ્રી હરિલીલા કલ્પતરૂ (શ્રી રઘુવીરાચાર્યકૃત)

(૪૬) શ્રી ચોસઠ પદી (શ્રી નિષ્કુળાનંદ સ્વામી કૃત)

(૪૭) શ્રી આનંદ રામાયણ (શ્રી વાલ્મિકી કૃત)

(૪૮) શ્રી શંકર દિગ્વિજય (શ્રી માદવાચાર્ય કૃત)

(૪૯) શ્રી નારદ પુરાણ (શ્રી વેદ વ્યાસ કૃત)

(૫૦) શ્રી પાંચ રાત્ર - શ્રી શાંડિલ્ય સંહિતા

(૫૧) શ્રી પાણિની અષ્ટાધ્યાય (મહર્ષિ પાણિની કૃત)

(૫૨) શ્રી ઇસાવાસ્યોપનિષદ

(૫૩) શ્રી શંખલિખિત સ્મૃતિ (મહર્ષિ શંખ લિખિત કૃત)

(૫૪) શ્રી બ્રહ્મપુરાણ (શ્રી વેદ વ્યાસ કૃત)

(૫૫) શ્રીમદ્ ભાગવત (શ્રીધર સ્વામીકૃત ભાવાર્થદીપિકા ટીકા)

(૫૬) શ્રી હરિવાક્ય સુધા સિંધુ (સદ્ શતાનંદમુનિકૃત, રઘુવીરાચાર્ય કૃત સેતુમાલાટીકા)

(૫૭) શ્રી પ્રપ્રન્નામૃતમ્ (શ્રી અનન્તાચાર્ય કૃત)

(૫૮) શ્રી ઉત્તર રામચરિત (શ્રી ભવભુતીકૃત)

(૫૯) શ્રી છાન્દોગ્યોપનિષદ્

(૬૦) શ્રી કાવ્યાલંકાર

(૬૧) શ્રી પદમપુરાણ

(૬૨) શ્રી મણિરત્નમાળા (આદિ શંકરાચાર્ય કૃત)

(૬૩) શ્રી હરિબળગીત (સદ્. નિષ્કુળાનંદ સ્વામી કૃત)

(૬૪) શ્રી હરિલીલામૃતમ્ (આચાર્ય વિહારીલાલજી કૃત)

(૬૫) શ્રીહરિચરિત્ર ચિંતામણી (સદ્ રૂઘનાથ ચરણ દાસ કૃત)

(૬૬) શ્રી ઇસપનીતિ કથા.

(૬૭) શ્રી સાધન પંચક (શ્રી આદ્ય શંકરા ચાર્ય કૃત)

(૬૮) શ્રી સત્ કથાઅંક (શ્રી ગોરખપુર પ્રકાશિત)

(૬૯) શ્રી હરિબળગીતા (સદ્. નિષ્કુળાનંદ સ્વામીકૃત)

(૭૦) શ્રી મત્સ્ય પુરાણ (શ્રી વેદ વ્યાસ કૃત)

(૭૧) શ્રી અગ્નિ પુરાણ (શ્રી વેદ વ્યાસ કૃત)

(૭૨) શ્રી ગીતગોવિંદ (શ્રી જયદેવ કવિકૃત)

(૭૩) શ્રી ગોપાલપૂર્વતાપનિયોપનિષદ્

(૭૪) શ્રી નૃસિંહ પુરાણ (શ્રી વેદ વ્યાસ કૃત)

(૭૫) શ્રી ચૈતન્ય ચરિત્રામૃતમ્ (કૃષ્ણદાસકવિરાજ કૃત)

(૭૬) શ્રી બૃહદ્આચરણકોપનિષદ્

(૭૭) શ્રી ભક્તચિંતામણી (શ્રી નિષ્કુળાનંદ સ્વામી કૃત)

(૭૮) શ્રી કાવ્યપ્રકાશ (શ્રી મમ્મટ્ કૃત)

(૭૯) શ્રી રઘુવંશ મહાકાવ્ય (શ્રી કાલિદાસજી કૃત)

(૮૦) શ્રી કૌટિલ્ય અર્થ શાસ્ત્ર (શ્રી ચાણક્ય કૃત)

(૮૨) શ્રી નાનક ચરિત્ર

(૮૩) શ્રી હનુમાન નાટક (શ્રી હનુમાનજી કૃત)

(૮૪) શ્રી કિરાટ અર્જન (શ્રી ભારવી કૃત)

(૮૫) શ્રી ઉત્તરરામ ચરિત્ર (શ્રી ભવભુતિ કૃત)

(૮૬) શ્રી વ્યાકરણ મહાભાષ્ય (શ્રી પાતંજલિ કૃત)

(૮૭) શ્રી દક્ષસ્મૃતિ (શ્રી દક્ષ પ્રજાપતિ કૃત)

(૮૮) શ્રી વિષ્ણુપુરાણ (શ્રી વેદ વ્યાસ કૃત)

(૮૯) શ્રી શીવ પુરાણ (શ્રી વેદ વ્યાસ કૃત)

(૯૦) શ્રી ધમ્મપટ

(૯૧) શ્રી સૈન્દરનન્દ

(૯૨) શ્રી જીવન મુક્તિ વિવેક

(૯૩) શ્રી અદ્ભૂતાનંદ સ્વામીની વાર્તા (સદ્ અદ્ભૂત નંદ સ્વામી કૃત)

(૯૪) શ્રી હરિચરિત્રામૃતસાગર (સહ. આધારાનંદ સ્વામીકૃત)

(૯૫) શ્રી ભોજ પ્રબંધ (મહારાજા ભોજ કૃત)

(૯૬) શ્રી તૈતિરિયોપનિષદ્

(૯૭) શ્રી હ્રયોપનિષદ્

(૯૮) કવિતામૃત કૂપ

(૯૯) શ્રી વૃધ્ધ ગૌતમ સ્મૃતિ

(૧૦૦) શ્રી મણિરત્નમાળા (આધ શંકરાચાર્યજી કૃત)

(૧૦૧) શ્રી ધર્માંક (ગોરખપુર ગીતાપ્રેસ)

(૧૦૨) શ્રી બૃહસ્પતિ સ્મૃતિ (આચાર્ય બૃહસ્પતિ કૃત)

(૧૦૩) શ્રી કૃતિવાસ રામાયણ (શ્રી કૃતિવાસ મુનિ કૃત)

(૧૦૪) શ્રી ચરક સંહિતા (આચાર્ય સુશ્રુત સ્વામી કૃત)

(૧૦૫) શ્રી દોહવલી (શ્રી ગોસ્વામી તુલસીદાસ કૃત)

(૧૦૬) શ્રી યાજ્ઞ વલ્ક્યસંહિતા

(૧૦૭) શ્રી મત્સ્ય પુરાણ (શ્રી વેદ વ્યાસ કૃત)

(૧૦૭) શ્રી આધ્યાત્મ રામાયણ (શ્રી વેદ વ્યાસજી કૃત)

(૧૦૮) શ્રી વાધુલ સ્મૃતિ

(૧૦૯) શ્રી પૃથ્વિરાજ રાસૌ (શ્રી ચંદ બારોટ કૃત)

(૧૧૦) શ્રી જૈમિનિ અશ્વમેઘ (શ્રી મહર્ષિ જૈમિનિકૃત)

(૧૧૧) શ્રી નીતિ કલ્પતરૂ

विदुरनीति- श्लोकानुक्रमणिका

श्लोकार्ध अ	अ०	श्लो०	श्लोकार्ध	अ०	श्लो०
अकर्मशीलं च महाशनं	५	३५	अनथर्कं विप्रवासं गृहेभ्य:	१	११३
अकस्मादेव कुप्यन्ति	४	४१	अनर्थमर्थत: पश्यन्	२	६१
अकामान् कामयति य:	१	३७	अनवाप्यं च शोकेन	४	४५
अकार्यकरणाद् भीत:	२	४३	अनसूयाऽऽर्जवं शौचं	२	७२
अकीर्तिं विनयो हन्ति	७	४२	अनसूयु: कृतप्रज्ञ:	३	६६
अक्रोधेन जयेत् क्रोधम्	७	७२	अनाम्नायमला वेदा	७	७८
अगारदाही गरद:	३	४७	अनारम्भा भवत्यर्था:	२	२०
अग्निस्तेजो महल्लोके	५	६०	अनार्यवृत्तमप्राज्ञम्	६	३४
अग्निहोत्रफला वेदा:	७	६५	अनाश्रिता दानपुण्य	४	५३
अग्नौ प्रास्तं तु पुरुषम्	८	१८	अनाहूत: प्रविशति	१	४१
अजाश्व कांस्यं रजतं	८	९	अनिज्यया कुविवाहै:	४	२५
अजोक्षा चन्दनं वीणा	८	१०	अनिर्वेद: श्रियो मूलं	७	५७
अतिक्लेशेन येऽर्था: स्यु:	७	७५	अनीर्षुर्गुप्तदारश्च	६	१०
अतिमानोऽतिवादश्च	५	१०	अनुक्रोशादानृशंस्यात्	२	८६
अतिवादं न प्रवदेत्	४	११	अनुबन्धं च सम्प्रेक्ष्य	२	९
अतीतायां शर्वयाम्	३	१२	अनुबन्धान् अपेक्षेत	२	८
अतीवगुणसम्पन्नो	७	१०	अनृते च समुत्कर्षो	८	३
अतीव सर्वान् पुत्रांस्ते	२	८५	अन्यो धनं प्रेतगतस्य	८	१६
अतृणे पतितो वह्नि:	१	५६	अन्योऽन्यसमुपष्टम्भात्	४	६५
अत्यायमतिदातारम्	७	६३	अन्वालभे हिरण्मयं	३	१५
अत्राप्युदाहरन्तीमम्	३	५	अपकृत्य बुद्धिमतो	६	८
अत्रैवोदाहरन्तीमम्	१	१०८	अपनीतं सुनीतेन	७	५३
अत्रैवोदाहरन्तीमम्	४	१	अप्युन्मत्तात् प्रलपतो	२	३२
अथ ये सहिता: वृक्षा:	४	६३	अप्रशस्तानि कार्याणि	६	२१
अथ यो नैव प्रब्रूयात्	३	३१	अप्राप्तकालं वचनं	७	२
अथ सन्त्यजतो धर्मम्	२	२९	अभिप्रायं यो विदित्वा	५	२५
अद्भ्योऽग्निब्रह्यत: क्षत्रम्	६	१३	अभियुक्तं बलवता	१	१३
अधीत्य वदान् परिसंस्तीर्य	८	२६	अभिवादनशीलस्य	७	७४
अध्वा जरा देहवतां	७	७७	अभ्यावति कल्याणं	२	७७
अनधीत्य यथा वेदान्	६	२३	अमात्यलाभो भद्रं ते	५	५३
			अमात्ये ह्यर्थलिप्सा च	६	१

श्लोकार्ध	अ0		श्लोकार्ध	अ0	श्लो0
अमित्रं कुरुते मित्रं	१	३८	आत्मज्ञानमनायास:	२	७३
अमोघक्रोधहर्षस्य	६	२५	आत्मज्ञानं समारम्भ:	१	२०
अरक्षितारं राजानं	१	८५	आत्मनाऽऽत्मानमन्विच्छेत्	२	६४
अरुन्तुदं परुषं रूक्षवाचं	४	८	आत्मनो बलमज्ञाय	१	४३
अरोषणो य: समलोष्टा	६	६	आत्मा नदी भारत पुण्यतीर्था	८	२१
अर्चयेदेव मित्राणि	४	४३	आत्मानमेव प्रथमं	२	५७
अर्थं महान्तमासाद्य	१	४५	आदेशकृद् वृत्तिहन्ता	५	१३
अर्थसिद्धिं परामिच्छन्	५	४८	आनृशंस्यादनुक्रोशात्	१	१८
अर्थागमो नित्यमरोगिता च	१	८७	आपदर्थे धनं रक्षेत्	५	१८
अवध्या ब्राह्मणा गावो	४	६६	आयत्यां प्रतिकारज्ञ:	७	५४
अवलिप्तेषु मूर्खेषु	७	५१	आरोग्यमानृण्यमविप्रवास:	१	९४
अविकयं लवणं पक्वम्	६	५	आर्जवं प्रतिपद्यस्व	३	३
अविद्य: पुरुष: शोच्य:	७	७६	आर्जवेन नरं युक्तम्	७	६२
अविसंवादको दक्ष:	६	३६	आर्यकर्मणिरज्यन्ते	१	३०
अविसंवादनं दानं	६	३५	आलस्यंमहामोहोच	८	५
अवृत्तिभंय मन्त्यानां	२	५२	आवां कुत्र गमिष्याव:	३	२१
अव्याधिजं कटुकं शीर्ष	४	६८	आशाधृतिंहन्तिसमृद्धि	८	८
अशिष्यं शास्ति यो राजन्	१	४४	**इ**		
अश्रुतश्च समुन्नद्धो	१	३५	इज्याध्ययनदानानि	३	५७
अष्टो गुणा: पुरुषं दीपयन्ति	१	१०४	इदं च त्वां सर्वपरं	८	१२
अष्टो गुणा: पुरुषं दीपयन्ति	३	५३	इदं वच: शक्यसि चेद्	८	२०
अष्टो गुणा: पुरुषं दीपयन्ति	५	३१	इन्द्रियाणामनुत्सर्गो	७	५१
अष्टो नृपेमानि मनुष्यलोके	३	५५	इन्द्रियैरिन्द्रियार्थेषु	२	५४
अष्टो पूर्वनिमित्तानि	१	९८	इमो तो सम्प्रदृश्येते	३	२४
असंविभागी दुष्टात्मा	६	६८	इहैवावां प्रतीक्षाव	३	१०
असन्तोऽभ्यर्थिता: सद्‌भि	२	४५	**ई**		
असन्त्यागात् पापकृताम्	२	७०	ईर्ष्या घृणी नसन्तुष्ट:	१	९५
असम्यगुपयुक्तं हि	७	३३	**उ**		
असूयको दन्दशूको	३	६५	उक्तं मया जातमात्रेऽपि	७	५
असूयैकपदं मृत्यु:	८	४	उक्तं मया द्यूतकालेऽपि	५	२०
अस्माल्लोकादूर्ध्वम मुष्य	८	१९	उत्तमानेव सेवेत	४	२०
आ			उत्थानं संयमो दाक्ष्यम्	७	६८
आनुश्यमानो नाक्रोशेत्	४	५	उत्पाद्य पुत्राननृणांश्च	५	३९
आक्रोश परिवादाभ्यां	२	७४	उत्सृज्य विनिवर्तन्ते	८	१७
आढयानां मांसपरमं	२	४९			

श्लोकार्ध	अ०	श्लो०	श्लोकार्ध	अ०	श्लो०
उदकं मधुपर्कं वा	३	२७	कदर्यमाक्रोशकमश्रुतं च	५	३६
उदकं मधुपर्कं च	३	२८	करिष्यन्न प्रभाषेत	६	१६
उपस्थितस्य कामस्य	७	४४	कणिनालीकनाराचान्	२	७९
ऊ			कर्मणा तु प्रशस्तानाम्	६	२२
ऊर्ध्वं प्राणा ह्युत्क्रामन्ति	६	१	कर्मणा मनसा वाचा	७	५५
ऋ			कांश्चिदर्थान् नर: प्राज्ञो	२	२२
ऋजु: पश्यति य: सर्वं	२	२३	काकैरिमांश्चित्रबर्हान्	४	२१
ऋषीणां च नदीणां च	३	७३	कान्तारे वनदुर्गेषु	७	६७
ए			कामक्रोधग्राहवतीं	८	२२
एकं विषरसो हन्ति	१	५०	कि वे सहैवं चरथो	३	२५
एकं हन्यान्न वा हन्यात्	१	४८	किन्नु मे स्यादिदं कृत्वा	२	१९
एक: क्षमावतां दोषो	१	५३	कृतज्ञं धार्मिकं सत्यम्	७	५०
एक: पापानि कुरुते	१	४७	कृत्यानि पूर्वं परिसंख्याय	५	२४
एक: स्वादु न भुञ्जीत	१	५१	क्रोधो हर्षश्च दर्पश्च	१	२२
एको धर्म: परं श्रेय:	१	५७	क्षमेदशक्त: सर्वस्य	७	५९
एकमेवाद्वितीयं तद्	१	५२	क्षिप्रं विजानाति चिरं	१	२७
एकया द्वे विनिश्चित्य	१	४९	क्षुद्राक्षेणेव जालेन	२	६६
एत एवासयस्तीक्ष्णा:	५	११	ग		
एतत् कार्यममरा: संश्रुतं	४	४	गतिरात्मवतां सन्त:	२	४६
एतयोपमया धीर:	२	३७	गन्धेन गाव: पश्यन्ति	२	३४
एतान् गुणांस्तात महानु	३	५४	गां प्रदद्यास्त्वौरसाय	३	३०
एतान् गुणांस्तात महानु	५	३२	गिरिपृष्ठमुपारुह्य	६	१७
एतान्यनिगृहीतानि	२	६०	गुणा दश स्नानशीलं	५	३३
एवं कृतपणो क्रुद्धो	३	२३	गुणाश्च षणिमतभुक्तं	५	३४
एवं मनुष्यमप्येकं	४	६४	गुरुरात्मवतां शास्ता	३	७२
एवं लोके यश: प्राप्तं	७	२१	गृहीतवाक्यो नयविद्	५	१४
एवमुक्तस्तु विदुर:	१	३	गोभि: पशुभिरश्वैश्च	४	३१
एवमेतद् यथा त्वं माम्	८	३०	घ		
एवमेव कुले जाता	५	६२	घृणी राजा पुंश्चली राज	५	३०
एष: प्रह्लाद पुत्रस्ते	३	३९	च		
ऐ			चक्षुषा मनसा वाचा	२	२५
ऐश्वर्यं मदपापिष्ठा	२	५३	चत्वारि कर्माण्यभयङ्कराणि	१	७८
क			चत्वारि ते तात गृहे वसन्तु	१	७५
कच्चिदेत महादोषैर्न	१	१४			

श्लोकार्ध	अ०	श्लो०	श्लोकार्ध	अ०	श्लो०
चत्वारि राज्ञा तु महाबलेन	१	७४	तस्माद्राजेन्द्र ! भूम्यर्थे	३	४०
चत्वार्याह महाराज	१	७६	तस्माद् वक्ष्यामि ते राजन्	२	५
चरन्तं हंसरूपेण	४	२	तस्याद्य कुरुवीरस्य	१	१०
चलचित्तमनात्मानम्	४	४०	तांस्त्वं पदे प्रतिष्ठाप्य	७	३१
चलचित्तस्य वै पुंसो	४	३९	तादृशैः सङ्गतं नीचैः	७	१६
चलानि हीमानि षडिन्द्रियाणि	४	४८	तृणानि भूमिरुदकं	४	३४
चातुर्वर्ण्यस्यैष धर्मस्तवोक्तो	८	२९	तृणोत्कया ज्ञायते जातरूप	३	५०
चिकित्सकः शल्यकर्त्ता	६	४	त्यजेत् कुलार्थे पुरुषं	५	१७
चिकीर्षितं विप्रकृतं च	१	१२४	त्रय एवाधना राजन्	१	६९
ज			त्रयोपाया मनुष्याणा	१	६७
जरा रूपं हरति हि	३	५१	त्रिविधं नरकस्येदं	१	७१
जरा रूपं हरति हि	५	८	त्रिविधाः पुरुषा राजन्	१	६८
जाग्रतो दह्यमानस्य	२	१	त्वं मां यथावद् विदुर	२	२
जाग्रतो दह्यमानस्य	१	११	त्वरमाणश्च लुब्धश्च	१	१०७
जानाति मात्रां च तथा	१	११०	**द**		
जानाति विश्वासयितुं	१	११०	दम्भं मोहं मात्सर्यं	१	१२०
जिता सभा वस्त्रवता	२	४७	दानं होमं दैवतं मङ्गलानि	१	१२१
जीर्णमन्नं प्रशंसन्ति	३	७०	दिवसेनैव तत् कुर्याद्	३	६८
ज्ञातयस्तारयन्तीह	७	२४	दुःखार्तेषु प्रमत्तेषु	७	६१
ज्ञातयो वर्धनीयास्तैः	७	१८	दुःशासनस्तू पहतोऽभिशस्तो	४	१८
त			दुर्बुद्धिमकृतप्रज्ञं	७	४८
तं द्रक्ष्यसि परिभ्रष्टं	६	४६	दुर्योधने सोबले च	१	१९
ततः प्रविश्य विदुरो	१	७	दुर्योधनेन यद्येतत्	७	३०
तत्त्वज्ञः सर्वभूतानां	१	३२	दुष्कुलीनः कुलीनो वा	७	४६
तत्र पूर्व चतुर्वर्गो	३	५८	दृश्यन्ते हि महात्मानो	२	६१
तथा भद्रे करिष्यामि	३	११	देवतानां च सङ्कल्पम्	१	७७
तथैव योगविहितं	२	७	देवद्रव्यविनाशेन	४	२६
तन्तवो प्यायिता नित्यं	४	५९	देशाचारान् समयाञ्चाजाति	१	११९
तपो दमो ब्रह्मवित्तं वताना:	४	२३	दैवतेषु प्रयत्नेन	६	२९
तपो बलं तापसानां	७	६९	द्यूतमेतत् पुराकल्पे	५	१९
तव पुत्रशतं चैव	५	४४	द्वाःस्थं प्राह महाप्राज्ञो	१	१
तवार्हते तु फलकं	३	१६	द्वाराण्येतानि यो ज्ञात्वा	७	३८
तस्मात् पापं न कुर्वीत	३	६२	द्वाविमौ न विराजेते	१	६२
			द्वाविमौ पुरुषो राजन्	१	६३

श्लोकार्ध	अ०	श्लो०	श्लोकार्ध	अ०	श्लो०
द्वाविमो पुरुषव्याघ्र	१	६६	न विश्वासाज्जातु परस्य	५	२८
द्वाविमो पुरुषव्याघ्र	१	६०	न वृद्धिर्बहु मन्तव्या	७	६
द्वे कर्मणी नरः कुर्वन्	१	५९	न वै भिन्ना जातु चरन्ति	४	५६
द्वेष्यो न साधुर्भवति	७	४	न वैरमुद्दीपयति प्रशान्तं	१	११७
ध			न वै श्रुतमविज्ञाय	७	३९
धनेनाधर्मलब्धेन	३	७१	न शत्रुर्वशमापन्नो	६	२८
धर्ममाचरतो राज्ञः	२	२८	न श्रद्दधाति कल्याणं	४	१९
धर्मेण राज्यं विन्देत	२	३१	नष्टं समुद्रे पतितं	७	४०
धार्तराष्ट्राः पाण्डवान्	४	७२	न सा सभा यत्र न सन्ति	३	५९
धूमायन्ते व्यपेतानि	४	६०	न स्याद् वनमृते व्याघ्रान्	५	४६
धतिः शमो दमः शौचं	६	३७	न स्वप्नेन जयेन्निद्रां	७	८०
धृत्या शिश्नोदरं रक्षेत्	८	२४	न स्वे सुखे वै कुरुते	१	११८
न			न हृष्यत्यात्मसम्माने	१	३१
न कश्चिन्नापनयते	७	२९	नाक्रोशी स्यान्नावमानी	४	६
न कुलं वृत्तहीनस्य	२	४१	नाग्निस्तृप्यति काष्ठानां	८	७
नगरे प्रतिरुद्धः सन्	३	३३	नातः श्रीमत्तरं किञ्चित्	७	५८
न च रात्रौ सुखं शेते	६	३९	नानर्थकं सान्त्वयति	४	१७
न चातिगुणवत्स्वेषा	७	६४	नान्यत्र विद्यातपसोः	४	५१
न जीयते चानुजिगीषते	४	१५	नासुहृत् परमं मन्त्र	६	१८
न तत् परस्य सन्दध्यात्	७	७१	निजानुत्पतः शत्रून्	२	७१
न तथेच्छन्ति कल्याणान्	५	४७	नित्यं सन्तःकुले जाताः	६	१४
न दिष्टमभ्यतिक्रान्तुं	८	३२	नित्योदकी नित्ययज्ञोपवीती	८	२५
न तद् बलं यन्मृदुना	४	७१	नित्योद्विग्नमिदं सर्वं	४	५०
न तन्मित्रं यस्य कोपाद्	४	३७	निरर्थं कलह प्राज्ञो	६	३०
न देवा दण्डमादाय	३	४१	निश्चित्य यः प्रक्रमते	१	२९
न निह्नवं मन्त्रगतस्य	५	२९	निषेवते प्रशस्तानि	१	२१
न बुद्धिर्धनलाभाय	६	३२	नीवारमूलेङ्गदशाकवृत्तिः	६	७
न भृत्यानां वृत्तिसंरोधनेन	५	२३	नैनं छन्दांसि वृजनात्	३	४३
न मनुष्ये गुणः कश्चिद्	४	६७	नैनान् स्मरति कृत्येषु	१	१००
न मे सुधन्वना सख्यम्	३	२६	न्यायागतस्य द्रव्यस्य	१	६४
न योऽभ्यसूयत्यनुकम्पते च	१	११५	**प**		
न राज्यं प्राप्तमित्येव	२	१२	पञ्च त्वानुगमिष्यन्ति	१	८१
नवद्वारमिदं वेश्म	१	१०५	पञ्च पश्चनते हन्ति	३	३४
न विश्वसेदविश्वस्ते	६	९	पञ्चाग्नयो मनुष्येण	१	७९

श्लोकार्ध	अ०	श्लो०	श्लोकार्ध	अ०	श्लो०
पञ्चेन्द्रियस्य मर्त्यस्य	१	८२	प्रहितो धृतराष्ट्रेण	१	२
पञ्चैव पूजयंल्लोके	१	८०	प्राज्ञोपसेविनं वैद्यं	७	४५
परं क्षिपति दोषेण	१	४२	प्राप्नोति वै वित्तमसद्बलेन	४	२१
परश्चेदेनमभिविध्येत	४	९	प्राप्यापदं न व्यथते	१	११२
परापवादनिरता:	७	११	प्रायेण श्रीमतां लोके	२	५१
परिच्छदेन क्षेत्रेण	७	४३	प्रियो भवति दानेन	७	३
पर्जन्यनाथा: पशवो	२	३७	**ब**		
पश्चादपि नरश्रेष्ठ	७	२७	बन्धुरात्माऽऽत्मनस्तस्य	२	६५
पश्य दोषान् पाण्डवै:	५	४२	बलं पञ्चविधं नित्यं	५	५२
पापं कुर्वन् पापकीर्ति:	३	६१	ब्रह्म क्षत्रं वैश्यवर्णं च	८	२८
पापाशङ्की पापमेवानु	२	३	ब्राह्मणं ब्राह्मणो वेद	६	२७
पापोदयफलं विद्वान्	७	३४	बुद्धिश्रेठानि कर्माणि	३	७६
पितरं ते गमिष्याव:	३	२२	बुद्धया भयं प्रणुदति	४	५२
पितापुत्रौ सहासीतां	३	१७	ब्राह्मणस्वानि चादत्ते	१	९९
पिता हि ते समासीनम्	३	१८	ब्राह्मणानां परिभवात्	४	२७
पितुरन्त:पुरं दद्यात्	६	१२	ब्राह्मणेषु च ये शूरा:	४	६१
पीठं दत्त्वा साधवेऽभ्या	६	२	ब्रूहि भूयो महाबुद्धे	३	१
पुत्र एको मम ब्रह्मन्	३	२९	**भ**		
पुनर्नरो म्रियते जायते च	४	४६	भक्तं च भजमानं च	१	७३
पुरा ह्युक्तं नाकरोस्त्वं	४	७०	भक्ष्योत्तमप्रतिच्छन्नं	२	१३
पुष्पं पुष्पं विचिन्वीत	२	१८	भावमिच्छति सर्वस्य	४	१६
पूजनीया महाभागा:	६	११	भीष्मस्य कोपस्तव चैवेन्द्र	५	४३
पूर्वे वयसि तत् कुर्यात्	३	६९	भूयांसं क्लेशं लभते	२	३५
प्रज्ञामेवागमयति य:	३	६७	भ्रूणहा गुरुतल्पी च	३	४८
प्रज्ञाशरेणाभिहस्तस्य	५	५८	**म**		
प्रदायैतेषामुचितं तात	१	१२८	मङ्गलालम्भनं योग:	७	५३
प्रमदा: कामयानेषु	१	९०	मत्या परीक्ष्य मेधावी	७	४१
प्रयोजनेषु ये सक्ता	६	४३	मत्त: श्रेयान् अङ्गिरा वै	३	३६
प्रविशान्त:पुरं क्षत्तर्	१	६	मदं स्वप्नमविज्ञानम्	७	३७
प्रवृत्तवाक् चित्रकथ	१	३३	मद्यपानं कलहं पूगवैरं	३	४४
प्रवेशय महाप्राज्ञं	१	५	मन्त्रभेदस्य षट् प्राज्ञो	७	३६
प्रसादं कुरु वीराणां	७	२०	मया चापि हितं वाच्यं	७	२२
प्रसादो निष्फलो यस्य	२	२१	मर्माण्यस्थीनि हृदयं	४	७
प्रसादो निष्फलो यस्य	६	३१	महते योऽपकाराय	५	५६

श्लोकार्ध	अ०	श्लो०	श्लोकार्ध	अ०	श्लो०
महाकुलेभ्य: स्पृहयन्ति	४	२२	यद्धर्ममवृणीथास्त्वं	३	३८
महान प्यकजो वृक्षो	४	६२	ययोश्चित्तेन वा चित्तं	७	४७
महान्तमप्यर्थमधर्मयुक्तं	८	२	यश्च नो ब्राह्मणान् हन्याद्	४	३३
महाबलान् पश्य महानु	८	१४	यश्चापि लब्ध्वा न स्मरामी	५	६
मा न: कुले वैरकृत् कश्चित्	४	३२	यश्चाभिजात: प्रकरो	५	४
मानाग्निहोत्रमुत मानमौनं	३	४६	यश्चाशिष्यं शास्ति वै यश्च	५	३
मार्दवं सर्वभूतानाम्	७	५२	यस्तात न क्रुध्यति सर्व	४	२२
मितं भुङ्क्ते संविभज्या	१	१२३	यस्तु पक्वमुपादत्ते	२	१६
मिथ्योपेतानि कर्माणि	२	६	यस्तु पूर्वकृतं पापम्	७	३५
मृतं पुत्रं दु:खपुष्टं	८	१५	यस्त्वेतानि प्रमाणानि	२	११
मेढीभूत: कौरवार्णा	४	७३	यस्मात् श्रस्यन्ति भूतानि	२	२६
य			यस्मिन् यथा वर्त्तते यो	५	७
यं प्रशंसन्ति कितवा	६	४४	यस्य कृत्यं न जानन्ति	१	२३
य: कश्चिदप्यसम्बद्धो	४	३८	यस्य कृत्यं न विघ्नन्ति	१	२४
य: काममन्यू प्रजहाति	१	१०९	यस्य दानजितं मित्रं	७	८१
य: पञ्चाभ्यन्तरान् शत्रून्	२	६८	यस्य मन्त्रं न जानन्ति	६	१५
य: प्रमाणं न जानाति	२	१०	यस्य संसारिणी प्रज्ञा	१	२५
य: सर्वभूतप्रशमे निविष्ट:	१	१२५	यस्यात्मा विरत: पापात्	५	४९
य आत्मनाऽपत्रपते भृशं नर:	१	१२६	यस्योदकं मधुपर्कं च	६	३
य एव यत्न: क्रियते	२	३०	यां रात्रिमधिविन्ना स्त्री	३	२२
यच्छक्यं ग्रसितुं ग्रस्यं	२	१४	यादृशै: सन्निविशते	४	१३
यज्ञो दानमध्ययनं तपश्च	३	५६	यावत् कीर्तिर्मनुष्यस्य	३	४
यत: प्राप्त: सञ्जय:	१	१२	येन त्वेतानि सर्वाणि	५	५५
यतते चापवादाय	७	१५	ये पापा इति विख्याता	७	१३
यतो यतो निवर्तते	४	१४	येऽर्था: स्त्रीषु समायुक्ता:	६	४१
यत्त्वस्य सहजं राजन्	५	५४	येषां हि वृत्तं व्यथते	४	२४
यत् पृथिव्यां व्रीहियवं	७	८३	येषु दुष्टेषु दोष: स्यात्	६	४०
यत्र स्त्री यत्र कितवो	६	४२	यो जित: पञ्चवर्गेण	२	५५
यत् सुखं सेवमानोऽपि	७	६०	यो ज्ञातिमनुगृह्णाति	७	१७
यथा मधु समादत्ते	२	१७	यो धर्ममर्थं कामं च	५	५०
यथा यथा हि पुरुष:	३	४२	यो नोद्धतं कुरुते जातु	५	११६
यथाशक्ति चिकीर्षन्ति	१	२३	योऽभ्यचित: सद्भिरसज्ज	८	१
यदतप्तं प्रणमति	२	३६	**र**		
यदि सन्तं सेवति यद्य	४	१०	रथ: शरीरं पुरुषस्य राजन्	२	५९

श्लोकार्ध	अ०	श्लो०	श्लोकार्ध	अ०	श्लो०
राजन् भूयो ब्रवीमि त्वां	७	८४	श्राद्धं पितृभ्यो न ददाति	१	४०
राजा लक्षणसम्पन्नस्	१	१६	श्रीमन्तं ज्ञातिमासाद्य	७	२६
राजा लक्षणसम्पन्नस्	२	८४	श्रीमङ्गलात् प्रभवति	३	५२
रोगार्दिता न फलान्याद्रियन्ते	४	६१	श्रुतं प्रज्ञानुगं यस्य	१	३४
रोहते सायकैर्विद्धं	२	७८	श्रोतुमिच्छामि ते धर्म्यं	१	१५
ल			**ष**		
लताधर्मा त्वं सुपुत्रः	५	६३	षडिमानि विनश्यन्ति	१	९१
व			षडिमान् पुरुषो जह्यात्	१	८४
वध्वावहासं श्वसुरो	५	५	षडिमे षट्सु जीवन्ति	१	८९
वनं राजंस्तव पुत्रो	५	६४	षडेते ह्यवमन्यन्ते	१	९२
वनस्पतेरपक्वानि	२	१५	षडेव तु गुणाः पुंसा	१	८६
वने जाताः शापदग्धस्य	१	१२७	षड् दोषाः पुरुषेणेह	१	८३
वरप्रदानं राज्यं च	१	७२	षण्णामात्मनि नित्यानाम	१	८८
वश्येन्द्रियं जिताऽऽत्मानम्	२	५८	**स**		
वाक्संयमो हि नृपते	२	७६	संसारयति कृत्यानि	१	३९
वाक्सायका वदनान्निष्प	२	७०	सङ्क्लिष्टकर्माणमति	५	३७
विदुरोऽहं महाप्राज्ञ	१	८	सञ्जयो विदुर प्राप्तो	१	९
विदुरोऽयमनुप्राप्तो	१	४	सत्कृताश्च कृतार्थाश्च	४	४२
विद्याशीलवयोवृद्धान्	६	३३	सत्यं रूपं श्रुतं विद्या	३	६०
विपरीततरश्च त्वं	१	१७	सत्येन रक्ष्यते धर्मो	२	३६
विरोचन सुधन्वाऽयं	३	३७	सदोषं दर्शनं येषां	७	१२
विरोचनोऽथ दतेयस्तदा	३	७	सन्तापाद् भ्रश्यते रूपं	४	४४
विरोचनो यत्र विभो	३	१३	सन्धत्स्व त्वं कौरव पाण्डु	४	७४
वृत्तं यत्नेन संरक्षेत्	४	३०	सन्नियच्छति यो वेगम्	५	५१
वृत्ततस्त्वविहीनानि	४	२९	सप्तदशेमान् राजेन्द्र	५	१
वृद्धप्रज्ञः पुण्यमेव	३	६४	सप्त दोषाः सदा राज्ञा	१	९६
वृद्धिः प्रभावस्तेजश्च	५	४१	समये च प्रियालापः	१	१०३
वैश्योऽधीत्य ब्राह्मणान्	८	२७	समवेक्ष्येह धर्मार्थौ	२	६७
श			समागमश्च सखिभिः	१	१०२
शतायुरुक्तः पुरुषः	५	९	समविवाहं कुरुते न हीनैः	१	१२२
शीलं प्रधानं पुरुषे	२	४८	सम्पन्नं गोषु सम्भाव्यं	४	५८
शुभं वा यदि वा पापं	२	४	सम्पन्नतरमेवान्नं	२	५०
श्रद्धया परया राजन	४	३५	सर्पाश्चाग्निश्व सिंहश्च	५	५९
			सर्वं त्वमायतोयुक्तम्	७	९

श्लोकार्ध	अ०	श्लो०	श्लोकार्ध	अ०	श्लो०
सर्वतीर्थेषु वा स्नानं	३	२	सोऽस्य दोषो न मन्तव्यः	१	५४
सवर्गुणैरुपेतास्तु	३	७८	स्त्रीधूर्तकेऽलसे भीरौ	७	७३
सहायबन्धना ह्यर्थाः	५	३८	स्त्रीषु राजसु सर्पेषु	५	५७
सा तु बुद्धिः कृताप्येवम्	८	३१	स्थानवृद्धिक्षययज्ञस्य	६	२४
साध्या देवा वयमेते महर्षे	४	३	स्त्रुवप्रग्रहणो व्रात्यः	३	४९
सामुद्रिकं वणिजं चोरपूर्वं	३	४५	स्वधीतस्य सुयुद्धस्य	४	५४
सुखं च दुःखं च भवाभवौ च	४	४७	स्वमर्थं यः परित्यज्य	१	३६
सुखाधिनः कुतो विद्या	८	६	स्वास्तीर्णानि शयनानि	४	५५
सुदुर्बलं नावजानाति कञ्चिद्	१	१११	**ह**		
सुपुष्पितः स्यादफलः	२	२४	हन्ति जातानजाताश्च	३	३५
सुलभाः पुरुषा राजन्	५	१५	हरणं च परस्वानां	१	७०
सुवर्णपुष्पां पृथिवीं	३	७५	हिंसाबलमसाधूनां	२	७५
सुर्वणस्य मलं रूप्यं	७	७९	हितं यत् सर्वभूतानाम्	५	४०
सुव्याहृतानि सूक्तानि	२	३३	हित्वा तान् परमेष्वासान्	६	४५
सूक्ष्मोऽपि भारं नृपते स्यन्दनो	४	३६	हिरण्यं च गवाश्वं च	३	१९
सेयं बुद्धिः परीता	२	८३	हिरण्यं च गवाश्वं च	३	२०